# શ્રી જવાહિર વ્યાખ્યાન સંગ્રહ

## અનાથી મુનિ અને સુદર્શન ચરિત્ર

[રાજકોટ—ચાતુર્માસ]

卐

પ્રકાશક:
શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી
રાજકોટ

કિંમત રૂ. ૨—૪—૦

# શ્રી જવાહિર વ્યાખ્યાનસંગ્રહ

શ્રીમજ્જૈનાચાર્ય
પૂજ્યશ્રી જવાહિરલાલજી મહારાજશ્રીનાં
અનાથીમુનિ તથા સુદર્શન શેઠના
અધિકાર વિષે વ્યાખ્યાનો

[રાજકોટ—ચાતુર્માસ]

: પ્રકાશક :
શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી
રાજકોટ

કીંમત રૂા. ૨-૪-૦

: પ્રકાશક :
શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી તરફથી
ચુનીલાલ નાગજી વોરા
રાજકોટ ( કાઠિયાવાડ )

પ્રથમાવૃત્તિ — પ્રત ૧૨૦૦

વિક્રમ સંવત્ ૧૯૯૩ — વીર સંવત્ ૨૪૬૩

અમદાવાદ ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું

# પ્રસ્તાવના

શ્રમણ ભગવાન મહાવીરના સમગ્ર જીવનનો અને ઉપદેશનો સંક્ષિપ્ત સાર આચારમાં સંપૂર્ણ અહિંસા અને તત્ત્વજ્ઞાનમાં અનેકાન્તવાદ છે. ભગવાન મહાવીરના સંપ્રદાયના આચારને અને શાસ્ત્રના વિચારને આ બે તત્ત્વોના–અહિંસા અને અનેકાન્તવાદના ભાષ્યરૂપે સમજવા જોઇએ એવો વિદ્વાનોનો નિષ્પક્ષ મત છે.

આ દૃષ્ટિએ જૈનધર્મ આચારવિચારપ્રધાન છે. આચારધર્મને જીવનમાં ઉતારવા માટે વિચારબળને કેળવવાની જરૂર રહે છે. વિચારબળને કેળવવાનાં અને લોકજીવનને વિચારશીલ બનાવવાનાં અનેક કારણોમાં વ્યાખ્યાનપદ્ધતિ એ એક કારણ છે.

વ્યાખ્યાનનું વર્ચસ્વ ટકાવવા માટે અને વ્યાખ્યાનનો પ્રભાવ જનસમાજ ઉપર પાડવા માટે વ્યાખ્યાતાએ આચારધર્મને જીવનમાં ઉતારવો પડે છે અને જ્યારે વ્યાખ્યાતા આચારધર્મી બને છે ત્યારે જ તેમના વચનનો લોકસમાજ ઉપર પ્રભાવ પડે છે. બાકી આચાર વિનાનો વિચાર પ્રાયઃ નિષ્ફળ જાય છે.

પ્રસ્તુત વ્યાખ્યાનસંગ્રહ સ્થા૦ જૈન સમુદાયના ગૌરવસમા શ્રીમદ્ જૈનાચાર્ય પૂજ્યશ્રી જવાહિરલાલજી મહારાજશ્રીએ રાજકોટ ચાતુર્માસમાં આપેલાં ક્રમિક વ્યાખ્યાનોનો શુભ સંગ્રહ છે. આ વ્યાખ્યાનોને જનસમાજ સમક્ષ ઉપસ્થિત કરનાર અને જૈનધર્મનો મર્મ સમજાવનાર મહારાજશ્રીની વ્યાખ્યાનશૈલી અને પ્રતિપાદનશૈલી કેવી યુગાનુસારી, બોધક, પ્રેરક અને સચોટ અસર કરનારી છે તે આ શાસ્ત્રીય વ્યાખ્યાનોના વાચન–મનન ઉપરથી સ્પષ્ટ જણાઈ આવશે.

પ્રત્યેક વ્યાખ્યાન ત્રણ વિભાગમાં વિભક્ત થએલ છે. આદિમાં પરમાત્માની પ્રાર્થના વિષે, મધ્યમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાંના મહાનિર્ગ્રન્થીય-અનાથીમુનિના અધ્યયન વિષે અને અંતમાં ચરિતાનુવાદરૂપે શ્રી સુદર્શન ચરિત્રનું નિરૂપણ કરવામાં આવેલ છે.

પ્રારંભમાં કવિ વિનયચંદ્રજી કુંભટ કૃત ૨૪ તીર્થંકર–પ્રાર્થના વિષે આધ્યાત્મિક રીતે પ્રકાશ પાડવામાં આવ્યો છે અને પ્રાર્થનાનું જીવનવિકાસમાં કેટલું મહત્ત્વનું સ્થાન છે તે બતાવવામાં આવેલ છે.

જીવનને નિયમિત અને પ્રભુમય બનાવવામાં પ્રાર્થના એક અમોઘ સાધન છે. જો કે, આજના બુદ્ધિવાદના જમાનામાં શ્રદ્ધાભાવનો લોપ થતો જાય છે અને તેનું સ્થાન તર્ક લેતો જાય છે પણ જે તત્ત્વની શોધમાં બુદ્ધિ પણ બુઠ્ઠી થઈ જાય છે અને તર્ક પણ પાછો ફરે છે તે તર્ક અને બુદ્ધિથી પર અગમ્ય આત્માના અસ્તિત્વ વિષે પણ નાસ્તિકતા ઉદ્ભવે છે તો પછી પરમાત્માની પ્રાર્થના વિષે આસ્તિકતા ક્યાંથી હોય ? ભલે નાસ્તિકવાદની દૃષ્ટિએ પરમાત્માની પ્રાર્થનાનું મૂલ્ય કાંઇ ન હોય પણ જેમને પરમાત્મા અને આત્મા પ્રતિ અચલ શ્રદ્ધા છે તેમને માટે પ્રાર્થના એ તો વિકારવિષને દૂર કરવાનું જીવન-ઔષધ છે. પૂજ્યશ્રી પણ પ્રાર્થનાને જીવનસાધનાનું એક મુખ્ય અંગ સમજી પ્રત્યેક કાર્યમાં તેને મહત્ત્વ આપે છે. પૂજ્યશ્રીએ પ્રાર્થના વિષે પોતાનાં જે મૌલિક વિચારો વર્ણવ્યા છે તે પ્રત્યે વાચકોનું અમે ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું શ્રી જિનાગમમાં ઘણું જ મહત્ત્વનું સ્થાન છે. ભગવાન મહાવીરે જગતકલ્યાણ માટે અંત સમયે જે અમૃતવાણી ઉપદેશેલી છે અને જે ઉત્તરાધ્યયનસૂત્રને નામે ઓળખાય છે, તે ઉત્તરાધ્યયનસૂત્રને સમસ્ત પ્રવચનનો સાર કહેવામાં આવે તો તેમાં કાંઇ ખોટું નથી. આ ઉત્તરાધ્યયન સૂત્રમાં મહાનિર્ગ્રન્થીય અધ્યયનનું સ્થાન તો કોઇ અપૂર્વ જ છે. સિદ્ધાન્તસાગરને આ અધ્યયનરૂપી ગાગરમાં ભરી દેવામાં આવેલ છે. આ અધ્યયનમાં જે કાંઇ કહેવામાં આવ્યું છે, તેનો સાર માત્ર એટલો જ છે કે, 'દ્રવ્યથી અને ભાવથી તમારા ડૉક્ટર તમે પોતે બનો.' આ પ્રમાણે પોતાના ડૉક્ટર પોતે બનવાથી કોઈના શરણે જવાની-કોઈની લાચારી કરવાની જરૂર નહિ રહે. આત્માની શક્તિથી આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એ ત્રણે પ્રકારનાં સંતાપ શમી જાય છે. આ રીતે આ અધ્યયનમાં આત્મિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું-અનાથ છતાં વિચારણાના બળે સનાથ બનવાનું-દૃષ્ટિબિંદુ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવેલ છે. અનાથી મુનિએ શ્રેણિક રાજાને આત્મિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો-પરપદાર્થોની અનાથતાને દૂર કરી 'સનાથ' બનવાનો જ ઉપદેશ આપ્યો હતો. જ્યાંસુધી આત્મા પરપદાર્થોની ગુલામી છોડતો નથી ત્યાંસુધી તે સ્વતંત્ર બની શકતો નથી પણ પરપદાર્થોને પરવશ રહે છે અને પરવશતા-પરાધીનતા એ જ મોટું દુઃખ છે. દરેક પ્રકારના સુખનું મૂળ કારણ આત્મિક સ્વતંત્રતા છે અને દુઃખનું કારણ આત્મિક પરતંત્રતા છે અને એટલા જ માટે સનાથ મુનિએ રાજા શ્રેણિકને આત્મિકસ્વતંત્રતાનો બીજમંત્ર સંભળાવ્યો હતો કેઃ—

**अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य।**
**अप्पा मित्तममित्तं य, दुप्पट्ठिय सुप्पट्ठियो ॥**

—( ઉ. અ. ૨૦-૩૭ )

અર્થાત—આ આત્મા જ સુખ-દુઃખનો કર્તા તથા હર્તા છે. અને આત્મા જ પોતાનો મિત્ર કે શત્રુ છે. ગીતામાં કહ્યું છે તે પ્રમાણેઃ—

**उद्धरेदात्मनात्मानं, नात्मानमवसादयेत्।**
**आत्मैव ह्यात्मनो बन्धु-रात्मैव रिपुरात्मनः ॥**

અર્થાત્—આત્માદ્વારા જ આત્માનો ઉદ્ધાર કરો. આત્માદ્વારા આત્માનું પતન ન કરો. આત્માના સંકલ્પદ્વારા જ પદાર્થોની પરવશતા છોડી આત્માને સ્વતંત્ર-સનાથ બનાવો અને નિષ્કામ સંકલ્પદ્વારા આત્મસિદ્ધિ સાધો એ જ આ અધ્યયનનો સંક્ષિપ્ત સાર છે.

આત્માને સ્વતંત્ર-સનાથ બનાવવાનો સનાથ મુનિએ જે વિજયમંત્ર સંભળાવ્યો છે તે વિજયમંત્રને જીવનમાં તાણાવાણાની માફક વણવા માટે જીવાત્માઓએ આધ્યાત્મિક વિકાસ કેવી રીતે કરવો જોઇએ તે વિષે પૂજ્યશ્રીએ વ્યવહાર અને નિશ્ચયની દૃષ્ટિએ જે શાસ્ત્રીય ગવેષણા અને વિદ્વતાપૂર્વક પ્રવચન કરેલ છે તે ઉપરથી શાસ્ત્રની ગહનતા અને તેની અપૂર્વતા ખ્યાલમાં આવ્યા વગર નહિ રહે. શાસ્ત્રના આ ગહન વિષયને પૂજ્યશ્રીએ ગીતા, ઉપનિષદ્, શાંકરભાષ્ય, બૌદ્ધદર્શન, કુરાન આદિના પ્રમાણોદ્વારા અનેકાન્તવાદની દૃષ્ટિએ સ્પષ્ટ રીતે પરિસ્ફુટ કરી પોતાના અનુભવજ્ઞાનનો આ વ્યાખ્યાનસંગ્રહમાં નિચોડ-મૂકી દીધો છે એમ કહીએ તો કાંઈ અતિશયોક્તિભર્યું નથી.

વ્યાખ્યાનના અંતમાં, ધર્મતત્ત્વને સરલતાપૂર્વક સમજાવવા માટે સુદર્શન શેઠની ચરિત્રકથા આલેખવામાં આવી છે. ભગવાનની ગંભીર વાણી જ્યારે સીધી રીતે સમજમાં આવતી ન હોય ત્યારે સાધારણ જનસમાજ સમજી શકે એ માટે ચરિત્રકથાનો આશ્રય લેવો પડે છે. ચરિત્રને પ્રથમાનુયોગ કહેવામાં આવે છે અર્થાત્ પહેલી શ્રેણિના બાળ જીવોને માટે આ ચરિતાનુયોગ બહુ લાભપ્રદ છે. આ ચરિત્રકથામાં ગૃહસ્થશિરોમણિ સુદર્શન શેઠની શીલ કથા આપવામાં આવી છે. આ કથામાં મુખ્યત્વે જો કે શીલનું વર્ણન છે પણ તેની સાથે સંબંધ ધરાવતા દાન, તપ અને ભાવનું પણ ગૌણરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. આ કથાત્મક ચરિત્રકથનમાં ગૌરક્ષા, નગરવ્યવસ્થા, સંતતિનિયમન, બ્રહ્મચર્ય, શિક્ષાપ્રણાલી, માનવજીવન, જૈનધર્મની વ્યાપકતા આદિ જીવનસ્પર્શી વિષયોને એવી રીતે પ્રાસંગિક ચર્ચવામાં આવ્યાં છે કે જાણે સુદર્શન શેઠ સમાજસુધારક, રાષ્ટ્ર-વિધાયક અને ધર્મનાયક તરીકે સમાજસુધારણા, રાષ્ટ્રવિકાસ અને ધર્મવિષયક અનેક વાતોનો જનસમાજને કર્તવ્યબોધ કરાવતો હોય એમ લાગે છે.

આ રીતે સુદર્શન શેઠની ચરિત્રકથાદ્વારા સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક જીવનને સ્પર્શતા વિષયોનો, વ્યવહાર અને નિશ્ચયની દૃષ્ટિએ મર્યાદિત સાધુભાષામાં, સર્વાંગીણ વિચાર કરવામાં આવ્યો છે.

આ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના, સનાથ-અનાથ વિષે શાસ્ત્રવિચાર અને સુદર્શન શેઠના ચરિત્રનો એવો સુંદર સુમેળ સાધવામાં આવ્યો છે કે જાણે એ ત્રણેય વિષયોનો પારસ્પરિક સંબંધ સંકળાએલો જ હોય એમ જણાય છે.

જૈનધર્મ કેટલો બધો વ્યવહાર્ય અને વ્યાપક છે અને વિશ્વધર્મમાં તેનું કેટલું મહત્ત્વનું સ્થાન છે તે આ વ્યાખ્યાનસંગ્રહમાં પ્રતિપાદિત અહિંસા અને એકાન્તવાદના સિદ્ધાંતથી જણાઇ આવશે. જૈનધર્મ એ કોઇ ધર્મનો પ્રતિસ્પર્ધી ધર્મ નથી પણ તે ધર્મ આચારમાં ઉતારવાનો ધર્મ છે અને એ દૃષ્ટિએ જૈનધર્મ અમુક જાતિનો કે અમુક વ્યક્તિનો ધર્મ નહિ પણ બધાનો આચારણીય-આદરણીય ધર્મ છે. જૈનધર્મનો અહિંસાવાદ એક બાજુ પ્રાણીમાત્રને સુખી જીવન ગાળવાનું અભયદાન આપે છે અને બીજી બાજુ તેનો અનેકાન્તવાદ બધાંનો આંતરકલહ શાન્ત કરે છે. અહિંસા અને અનેકાન્તવાદ એ જૈનધર્મની બન્ને બાજુઓ છે. અહિંસા અને અનેકાન્તવાદ એ બે જૈનધર્મના મહાન્ સિદ્ધાન્તોનું આ વ્યાખ્યાનસંગ્રહમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પુનર્જન્મ, આત્મસિદ્ધિ, લેશ્યા આદિ આધ્યાત્મિક વિષયો ઉપર પણ સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

સંક્ષેપમાં ધર્મ, નીતિ, સમાજસુધારણા, રાષ્ટ્રીયવિકાસ આદિ વિષયોદ્વારા જીવનવિકાસનો રાજમાર્ગ બતાવવામાં અને જૈનદર્શનનાં પ્રાણભૂત સિદ્ધાન્તોદ્વારા જૈનત્વનું રહસ્ય સમજાવવામાં સહાયભૂત નીવડે એવો આ વ્યાખ્યાનસંગ્રહ છે. જૈનધર્મ કેટલો બધો વ્યવહાર્ય અને વ્યાપક છે તેનો સ્પષ્ટ ખ્યાલ, આ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનોના વાચન-મનન કરવાથી આવ્યા વગર નહિ રહે.

આ વ્યાખ્યાનસંગ્રહના પ્રકાશનનો મુખ્ય હેતુ જૈનધર્મનાં મૂળભૂત સિદ્ધાન્તોનો પ્રચાર થાય એ છે. અને સાથે સાથે સાધુસમુદાય ઓછો હોવાને કારણે જે નાનાં ગામડાંઓમાં

કે નગરોમાં કે જ્યાં સાધુઓનાં ચાતુર્માસ થતાં નથી અને દરિયા પારના દેશોમાં કે જ્યાં સાધુઓનું આવાગમન થઈ જ શકતું નથી ત્યાં વસતા જૈનબંધુઓ આ વ્યાખ્યાનોનો લાભ લઈ ધર્મબોધ પામી શકે અને સામાયિકમાં નિવૃત્તિજીવનનો સદુપયોગ કરી શકે એ દષ્ટિએ પણ આ પ્રકાશન પ્રકાશિત કરવામાં આવ્યું છે. આશા છે કે પ્રકાશનના હેતુને બર લાવવામાં આ પુસ્તક થોડું કે ઘણું સહાયભૂત નીવડશે તો પણ તેની પાછળ સેવવામાં આવેલો શ્રમ સાર્થક જ છે.

આ જે વ્યાખ્યાનસંગ્રહ જનસમાજ સમક્ષ મૂકવામાં આવે છે તે કાંઈ તૈયાર કરેલ વ્યાખ્યાનો નથી પરંતુ રાજકોટ ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીએ જે વ્યાખ્યાનો ફરમાવેલ, તેની હિંદી નોંધ શ્રી રતલામ હિતેચ્છુ શ્રાવક મંડલ તરફથી પંડિત શંકરપ્રસાદજી દીક્ષિતે લીધેલ તે ઉપરથી તેનો ગુજરાતી અનુવાદ શ્રી શાન્તિલાલ વનમાળી શેઠ ન્યાયતીર્થદ્વારા કરાવી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. એટલે વ્યાખ્યાનોની મૂળ નોંધ લેવામાં કોઈ કોઈ જગ્યાએ વિચારબદ્ધતા જળવાઈ ન હોય કે પ્રાસંગિક કહેવામાં આવેલાં વિષયોના ભાવોની પરિસ્ફુટતા થઈ શકી ન હોય તો તે સ્વાભાવિક છે.

તેમ છતાં શ્રી શાન્તિલાલે ખંત અને શ્રમપૂર્વક અનુવાદનું કાર્ય કરી પૂજ્યશ્રીના મૂળ ભાવોને જાળવી, વ્યાખ્યાનોને સ્પષ્ટતાપૂર્વક જનસમાજ સમક્ષ રજુ કરવા બનતું કરેલ છે તેની નોંધ લેતાં આનંદ થાય છે.

આ પુસ્તકના પ્રકાશન અંગેની વ્યવસ્થા કરવામાં શ્રી હરખચંદ કેશવજી વોરાએ તથા પ્રૂફશોધન કરવામાં શ્રી વાડીલાલ કાકુભાઇ સંઘવીએ ઉમંગભેર સહકાર આપી જે સંતોષ આપ્યો છે, તેની નોંધ લેતાં હર્ષ થાય છે.

આ પ્રકાશનમાં વ્યાખ્યાનોની નોંધ લેવામાં દૃષ્ટિદોષથી કે સમજફેરથી કોઈ ભૂલ રહેલી માલુમ પડે તો તે માટે પ્રકાશક ક્ષમાર્થી છે.

શ્રાવણ શુદ પૂનમ
સંવત્ ૧૯૯૩
**રાજકોટ**

**ચુનીલાલ નાગજી વોરા**
વ્યવસ્થાપક

# વિષયસંક્ષેપ

[ વ્યાખ્યાનોની સંક્ષિપ્ત વિષયનોંધ ]

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૨ સોમવાર**

**પ્રાર્થના**. ભગવાન કુન્થુનાથ. પ્રાર્થનાનું મહત્ત્વ. **અનાથી મુનિ**. સૂત્ર પ્રવચનનો સાર–શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગ. ત્રિવિધ સંતાપ. અર્થ અને ધર્મ. ધર્મજ્ઞાન. સિદ્ધના અર્થી. દ્રવ્યમંગલ અને ભાવમંગલ. કુરાનનો સાર– 'રહિમાને રહિમ' દયા–બધાં ધર્મોનો સાર. આત્મધર્મ. પાપનું મૂળ–હિંસા. મોમિન અને કાફિરની વ્યવસ્થા. સૂર્યનો પ્રકાશ અને ભગવદ્વાણી **સુદર્શન**. ચરિતાનુવાદની આવશ્યકતા અને તેની મુશ્કેલી. ધર્મનાં ચાર અંગો. શીલની પ્રધાનતા. શીલની વિસ્તૃત વ્યાખ્યા. પ્રવૃત્તિ અને નિવૃત્તિ. ( પૃષ્ઠ ૧–૧૧ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૩ મંગળવાર**

**પ્રાર્થના**. ભગવાન અરહનાથ. **અનાથી મુનિ**. મહાનિર્ગ્રન્થીય અધ્યયનનો અર્થ. મહાન્‌ના આઠ પ્રકાર અને તેનું વિવેચન. નિર્ગ્રન્થનો સ્પષ્ટાર્થ. દ્રવ્ય ગ્રન્થિ અને ભાવ ગ્રન્થિ. નિર્ગ્રન્થ પ્રવચન. 'અનુબંધ ચતુષ્ટય' શાસ્ત્રને સમજવાની ચાવી. ઉદ્દેશ અને પ્રવૃત્તિ. મોક્ષનું દ્વાર. ચિત્તની સમતોલવૃત્તિ. સમચિત્તનું લક્ષણ. આત્મવાદી અને જડ-વાદી. સાચા મહાન્ કોણ ? સંસારમાં શાન્તિ કેમ સ્થપાય ? ક્રોધ અને પ્રેમ. પુદ્ગલોની ગુલામી–દુઃખ. **સુદર્શન**. ધન્યવાદને પાત્ર–ધર્મ. ક્ષેત્ર અને ક્ષેત્રવિપાકી ગુણ. ભારતીયતાને ન ભૂલો. નગરવ્યવસ્થા. ( પૃ૦ ૧૧–૨૦ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૪ બુધવાર.**

**પ્રાર્થના**. ભગવાન મલ્લિનાથ. સ્ત્રીઓનો ગુણવિકાસ. **અનાથી મુનિ**. અનુબંધ-ચતુષ્ટય. 'નિસ્સહી' નો ઉદ્દેશ. પાંચ અભિગમન. સાધુજીવનની શિક્ષા. ધર્મોપદેશકનું લક્ષણ. જ્ઞાનીજનોનો સદ્બોધ. સુષુપ્તિ–જાગૃતિ વિષે બે મિત્રોની કથા. ભગવદ્ભક્તિ–પરમાત્માનું નામ અને નિયમોનું પાલન. **સુદર્શન**. રાજાનું ગુણવર્ણન. નાટકનું ભૂત. સુદર્શનની શીલરક્ષા. ( પૃ૦ ૨૧–૩૦ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૬ ગુરુવાર.**

**પ્રાર્થના**. ભગવાન મુનિસુવ્રતનાથ. આત્મદોષદર્શી બનો. પાપનું પ્રાયશ્ચિત્ત. **અનાથી મુનિ**. સિદ્ધ અને સાધક, પુરુષપ્રયત્ન અને મહાપુરુષોની સહાયતા. આત્માનો નિરન્વય નાશ. બૌદ્ધસિદ્ધાન્તનું ખંડન. આત્માનો સાન્વય નાશ–તત્ત્વનિરૂપણ. રત્નનો વ્યાપક અર્થ. ધર્મરત્ન. ઉદ્દેશપૂર્તિ વિષે ચોરની કથા. આપત્તિનો ઉપદેશ. 'રામ'નો આધ્યાત્મિક અર્થ. **સુદર્શન**. દ્રવ્ય અને ભાવશીલ. શીલની શક્તિ. વીર્યરક્ષા એ જીવન. વીર્યનાશ મૃત્યુ. સંતતિનિરોધનાં કૃત્રિમ ઉપાયો–હત્યારો રિવાજ. પાપાચારની વૃદ્ધિ. વીર્યરક્ષા વિષે તત્ત્વવેત્તા ડૉ. થૉરનું મન્તવ્ય. બ્રહ્મચર્યપાલન વિષે પવનસુતનું દૃષ્ટાંત. (પૃ૦ ૩૦–૪૧)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૧૦ સોમવાર**

**પ્રાર્થના.** ભગવાન પાર્શ્વનાથ. આત્માનું ચિદાનંદસ્વરૂપ. કલ્પનાનો ભ્રમ. જૈનદર્શનની અપૂર્વતા અને સંપૂર્ણતા. આત્મા-શરીરનો ભિન્ન સ્વભાવ. **અનાથી મુનિ.** સંસાર-વ્યવહાર તથા નિશ્ચય દૃષ્ટિએ. સનાથ-અનાથનું રહસ્ય. શ્રેણિકના-બિંબિસાર નામ વિષે પ્રસિદ્ધ કથા. ધર્મસંપદા. સાચી વીરતા. કામદેવની ધર્મદૃઢતા. ભૂતાદિનો ભય. દૈવી અને આસુરી પ્રકૃતિનું વર્ણન. ધર્મદૃઢતાથી પિશાચને દેવ બનાવ્યો. **સુદર્શન.** પ્રાચીન-અર્વાચીન નગરવ્યવસ્થા. પાશ્ચાત્ય સભ્યતા. પુનર્જન્મસિદ્ધિ. ચતુર્ભુજ અને ચતુષ્પાદની સરખામણી. પતિ-પત્નીધર્મ. ( પૃ૦ ૪૧-૫૨ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૧૧ મંગળવાર**

**પ્રાર્થના.** ભગવાન મહાવીર. આત્મોન્મુખ થવાનો સરલ માર્ગ. પ્રાર્થના. દ્રવ્ય અને પર્યાય. આત્માની સમાનતા. શરીર અને આત્માની ભિન્નતા **અનાથી મુનિ.** સમકિત-રત્નની રક્ષા. તીર્થંકરગોત્ર. શ્રદ્ધાપૂર્વક ક્રિયા. ચેલના રાણીની ધર્મભાવના. ગુરુની પરીક્ષા. ધર્મ અને સંઘ **સુદર્શન.** 'વિહારયાત્રા' નો સ્પષ્ટાર્થ. વાયુસેવન. હવાના ભેદો ગોપાલનની આવશ્યકતા. ગોપાલક કૃષ્ણ. ગૌચરભૂમિની મુશ્કેલી. આશ્રિતોની રક્ષા. મહાત્માદર્શન. ( પૃ૦ ૫૨-૬૨ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૧૨ બુધવાર.**

**પ્રાર્થના.** ભગવાન આદિનાથ. સાંસારિક કામનાનો ત્યાગ. ભગવદ્ભક્તિની નૌકા. **અનાથી મુનિ.** વૃક્ષનો ઉપકાર. જીવનમાં મિત્ર કરતાં વૃક્ષોની વિશેષ આવશ્યકતા. અજાતશત્રુ વૃક્ષ. વૃક્ષ અને પક્ષીઓ. મોજશોખ માટે પક્ષીઓની હત્યા. ત્યાગદ્વારા અભયદાન આપો. દયાનો વાસ. સ્વાભાવિક અને કૃત્રિમ સુગંધ. જીવનસુધાર. **સુદર્શન** પ્રકૃતિનો બોધપાઠ. ઝરણાની શિક્ષા. પ્રકૃતિની મૂંગી સહાયતા. પુણ્યાનુબંધી પુણ્ય. તપોધની મહાત્મા. ધ્યાનમગ્નતા. ( પૃ. ૬૨-૭૨ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૧૩ ગુરુવાર**

**પ્રાર્થના.** ભગવાન અજિતનાથ. અનન્ય ભક્તિ. આનંદ શ્રાવકનો આદર્શ. ધર્મમાં ઉદારતા. પ્રવૃત્તિ અને નિવૃત્તિ. **અનાથી મુનિ.** નંદનવન અને મંડિકુક્ષ બાગની સરખામણી. મહેલ અને ખેતરનું ઉદાહરણ. પવિત્ર રાજકોટ કે સ્વર્ગ. રાજગૃહી અને રાજકોટ. સકામનિષ્કામ ક્રિયા. સત્યસ્વામિત્વ. સંસારનું સુખ. ઉત્તમ ભૂમિ વિષે સંવાદ. **સુદર્શન.** જંગલમાં મંગલ. સંતસમાગમ. નવકારમંત્ર. આદર્શ શેઠ. શીલવ્રતને ધન્યવાદ. ( પૃ૦ ૭૨-૮૨ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૧૪ શુક્રવાર.**

**પ્રાર્થના.** ભગવાન સંભવનાથ. પારમાર્થિક પ્રાર્થના. સાચું સુખ. આદર્શદાન **અનાથી મુનિ.** વિજ્ઞાનની દૃષ્ટિએ પુષ્પોનાં રંગ. ગુરુનું મહત્ત્વ. વિજ્ઞાન અને લેશ્યા. કુલ અને લેશ્યાનું સામ્ય. દ્રવ્ય સાથે ભાવ. આહાર તેવો ઓડકાર. દારૂમાંસનિષેધ. ભોગોપભોગોમાં વિવેક. ભાવ ધન. **સુદર્શન.** ગોપાલનનું મહત્ત્વ-ગોરક્ષા. અનુમોદનાનું ફળ. નિર્ગ્રન્થ-પ્રવચન. ધાર્મિકભાવનાનો પ્રચાર. પ્રભુનામની સાર્થકતા. નવકારમંત્રનો મહિમા. તે વિષે શ્રીમતિની કથા. (પૃ. ૮૨-૯૩)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૦)) શનિવાર.**

**પ્રાર્થના**. ભગવાન અભિનંદનનાથ. દુઃખનિકંદન. આધ્યાત્મિક સુખ. **અનાથીમુનિ**. ભૌતિક સુખ. સંયમનું વાતાવરણ. સાધુ અને વૃક્ષની સમાનતા. સહિષ્ણુતા વિષે ભીષ્મનો ઉપદેશ. વેત્રવતી નદીની પ્રાચીનકથા. વૃક્ષનો આદર્શ. વૃક્ષોની દયા. **સુદર્શન**. શ્રાવકોનું કર્ત્તવ્ય. ધર્માભ્યાસ વિષે જિતશત્રુ રાજાની કથા. સમકિતીનું લક્ષણ. સત્યની ઉપાસના વ્રતવિચાર. સત્યની અનિવાર્ય આવશ્યકતા. જીવનમાં સત્યનું સ્થાન. પુદ્ગલોનું પરિવર્તન. આત્મસુધાર. ધર્મનો સાર–નવકારમંત્ર. વહેમ અને ભૂતનો ભય. ભૂતનાં સંસ્કાર. ધર્મશ્રદ્ધા અને નિર્ભયતા કેળવો. (પૃ. ૯૩–૧૦૩)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૧ રવિવાર.**

**પ્રાર્થના**. ભગવાન સુમતિનાથ. પરમાત્મા સાથે પ્રીતિસંબંધ. આગારધર્મ–અનગારધર્મ. **અનાથીમુનિ**. ચૈત્યનો અર્થ. સાધુની વ્યાખ્યા. મુક્તિનો માર્ગદર્શક–સાધુ. ઉદારતા કેળવો. ઉદારતા વિષે હાથીનું દૃષ્ટાંત. સાધુતા અને તત્ત્વશ્રદ્ધા. ગુણ અને રૂપ. સૌંદર્યનો સંબંધ–હૃદય સાથે **સુદર્શન**. સંસ્કાર અને સંસ્કૃતિ. માતાપિતાનું સંતાનો પ્રત્યે કર્ત્તવ્ય. નિર્ભયતાનાં સંસ્કારો. બુદ્ધિનો સદુપયોગ. સચ્ચરિત્રતા અને પરોપદેશ. સમયની કીંમત. સદાચાર–રામનો રંગ. 'હરિ'ની વ્યાખ્યા. ભક્તની પરીક્ષા. સુભગના પ્રેમભાવની કસોટી. (પૃ. ૧૦૩–૧૧૩)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૩ મંગળવાર.**

**પ્રાર્થના**. ભગવાન પદ્મનાથ. પરમાત્માનું નામસ્મરણ–સરલ પ્રાર્થના. **અનાથીમુનિ**. નામ અને રૂપનો સંબંધ. ચાર પ્રકારનાં સત્યો. રૂપવર્ણન. મોહાંધતા. સ્ત્રીરૂપ અને પુરુષરૂપની સરખામણી. દૃષ્ટિ તેવી સૃષ્ટિ. રૂપસૌંદર્યની કલ્પના. રુચિ અને મોહાંધતા. અનાથી મુનિનું હૃદયસૌંદર્ય. **સુદર્શન**. નવકારમંત્રનો પ્રતાપ. આધ્યાત્મિક વિકાસશ્રેણિ. શરીરનું પરિવર્તન. તર્કબુદ્ધિ અને શ્રદ્ધાબુદ્ધિ. સાચી સંપત્તિ અને વિપત્તિ. (પૃ. ૧૧૩–૧૨૧)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૪ બુધવાર.**

**પ્રાર્થના**. ભગવાન સુપાર્શ્વનાથ. ભક્તિનું સ્વરૂપ **અનાથીમુનિ**. કામવિકારનાં ચશ્માં. વર્ણ અને રૂપનો તફાવત. સુવર્ણની વિશેષતા. દ્રવ્યરૂપ અને ભાવરૂપ. પૌદ્‌ગલિક ચીજોની નશ્વરતા. દૃષ્ટિફેર વિષે રામની કથા. મોટો જુલ્મી સ્નેહ–રાગ **સુદર્શન**. બાળકોનો આત્મવિશ્વાસ. બાળકો અને જ્ઞાનીજનોની સમતુલના. ધર્મનો મર્મ. કાર્યકારણનો સંબંધ. કામવિકારને જીતવાની ચાવી–આત્મવિશ્વાસ. ભાવશુદ્ધિનું દાન. દાનનો બદલો. પતિપત્નીની જુદી પથારીની વ્યવસ્થા. સ્વપ્નસિદ્ધિ. પુત્રનાં લક્ષણ પારણે (પૃ. ૧૨૧–૧૩૧)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૫ ગુરુવાર.**

**પ્રાર્થના**. ભગવાન ચંદ્રપ્રભુ. ૐકારનું મહત્ત્વ. મંત્રીભાવના અને પરમાત્માની પ્રીતિ **અનાથીમુનિ**. 'આર્ય'નો સ્પષ્ટાર્થ. દ્રવ્યસંગ્રહનું દુષ્પરિણામ. સિક્કાના પ્રચલનથી અશાન્તિ. કંચન-કામિનીનો મમત્વત્યાગ. સૌમતા વિષે વૈજ્ઞાનિક વિચાર. આર્યતા અને સૌમતાનો પારસ્પરિક સંબંધ. વિજ્ઞાનદ્વારા ધર્મનું સંશોધન. પુનર્જન્મની અનુમાનદ્વારા સિદ્ધિ. આત્મજાગૃતિ. સ્વર્ગ અને નરકગમનની ખાત્રી. વૈરત્યાગ અને મૈત્રીજીવન. સંવત્સરીનો આદર્શ. **સુદર્શન**. માતાનો દોહદ અને બાળકનું ભવિષ્ય. ગર્ભવતી

સ્ત્રીનું કર્ત્તવ્ય. સંતતિનિરોધનો સાચો માર્ગ-બ્રહ્મચર્ય. ગર્ભવતી સ્ત્રીને માટે તપશ્ચર્યા અયોગ્ય છે. ધર્મની ખોટી સમજણ. બાળકોની સંસ્કારશુદ્ધિ. (પૃ. ૧૩૧-૧૪૦)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૬ શુક્રવાર.**

**પ્રાર્થના.** ભગવાન સુબુદ્ધિનાથ. **અનાથીમુનિ.** આત્માનો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થનો સ્પષ્ટાર્થ. આર્યમુનિની સૌમતા. ક્ષમાના સ્વરૂપ વિષે ત્રણ મિત્રોનું ઉદાહરણ. તમોગુણી અને સત્ત્વગુણી ક્ષમા. ગુણપરીક્ષા. નમસ્કાર અને વિવેક. સાચો ગણગણાટ. મધમાખીની કાર્યકૌશલતા. **સુદર્શન.** ધર્મકથાનો ઉદ્દેશ. માતાપિતાનું કર્ત્તવ્ય. વર્તમાન પ્રસૂતિગૃહો. ગર્ભની અનુકંપા. પ્રસૂતાની સુશ્રૂષા વિષે ગેરસમજણ. અમેરીકન નર્સોનું પ્રશસ્ત કાર્ય. જન્મોત્સવ અને સહધર્મીવાત્સલ્ય. પુણ્યવાનની પરીક્ષા. સુદર્શનનું નામકરણ. (પૃ. ૧૪૦-૧૪૯)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ સુદી ૭ શનિવાર**

**પ્રાર્થના.** ભગવાન શીતલનાથ. અસલી અને નકલી પ્રાર્થના. સદ્ગુણપ્રેમ એ જ પરમાત્માનો જયકાર. **અનાથીમુનિ.** ક્ષત્રિયોની ગુણપૂજા. પ્રદક્ષિણાનો અર્થ અને તેનું મહત્ત્વ. વિનયની આવશ્યકતા. વિષયભોગ વિરુદ્ધ ધર્મ. મનુષ્યભવની દુર્લભતા વિષે ભિન્ન ભિન્ન વિચાર. પાશવિક જીવન અને માનવી જીવન. ધર્મની વિશેષતા. **સુદર્શન.** પાંચ ધાત્રીઓ અને ૧૮ દેશની દાસીઓ. બાળકનું સંરક્ષણ અને સંવર્દ્ધન. દુધ અને માંસ વિષે તાત્ત્વિક વિચાર. પ્રેમ અને ક્રોધનું સ્વરૂપ. પાંચ ધાત્રીઓનાં કર્ત્તવ્ય. બાળકનો શરીરવિકાસ. જીવનસુધારની પ્રાથમિક શિક્ષા. સંસ્કારનો પ્રભાવ. (પૃ૦ ૧૪૯-૧૫૯)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ સુદી ૧૦ મંગળવાર**

**પ્રાર્થના.** ભગવાન વાસુપૂજ્ય. ભક્તની ધર્મદૃઢતા. પ્રાર્થનામાં નિર્ભયતાની આવશ્યકતા. **અનાથી મુનિ.** સાધુ અને અસાધુનો નિર્ણય. વિવેકબુદ્ધિની જરૂર. સાધુસમાજને આહ્વાહન. 'નાથ'ની વ્યાખ્યા. ધર્મના આધાર વિષે પક્ષી અને વાંદરાની કથા. **સુદર્શન.** સદાચારનો અર્થ. પુરુષાર્થની આવશ્યકતા. સાચી શિક્ષા. વર્ત્તમાન દૂષિત શિક્ષાપ્રણાલી. વિદ્યાનો આદર્શ. બાળકોનો શક્તિસંચય. ૭૨ કલાનું શિક્ષણ. ધર્મ અને શિક્ષા વિષે સમુદ્રપાલનો શાસ્ત્રોલ્લેખ. ધર્મનું જીવનમાં સ્થાન. ધર્મ અને નીતિ. ધર્માત્માઓની ઉદારતા. (પૃ૦ ૧૫૯-૧૬૮)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ સુદી ૧૧ બુધવાર.**

**પ્રાર્થના.** ભગવાન વિમલનાથ. પરમાત્માને મુખ્ય અને સંસારને ગૌણ માનો. **અનાથી મુનિ.** ઋદ્ધિનો અર્થ અને તેના પ્રકાર. ત્યાગનો મહિમા. મનુષ્યજન્મની સાર્થકતા વિષે ભોગી અને ત્યાગીની યુક્તિપ્રયુક્તિ. કરોળીયા અને મધમાખીની કળા. **સુદર્શન.** કળાની સાધના. મનુષ્યજન્મની દુર્લભતા. સાધુઓ ભારરૂપ નથી. મહાત્માઓને ભેદભાવ હોતો નથી. બાળવિવાહથી આધ્યાત્મિક તથા વ્યાવહારિક હાનિ. કુશિક્ષાનું દુષ્પરિણામ. બાળલગ્નનો નિષેધ. માતૃદેવો ભવ. માતૃભાષાનો આદર. સ્ત્રી-પુરુષનો સહચાર. પુરુષોની ૭૨ કલા. સ્ત્રીઓની ૬૪ કલા. ગુરુનું સન્માન. વરકન્યાની રૂપ-યૌવન-ગુણ વગેરેની સમાનતા. વૃદ્ધવિવાહનું દુષ્પરિણામ. સ્વયંવરની પ્રાચીન પ્રથા. (પૃ૦ ૧૬૮-૧૭૯)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ સુદી ૧૨ ગુરુવાર**

**પ્રાર્થના.** ભગવાન અનંતનાથ. પરમાત્માનો પરિચય. વિવેકજ્ઞાન. **અનાથી મુનિ.** મનુષ્યજન્મ ભોગોના ઉપભોગ માટે નથી. મનુષ્યજન્મની મહત્તા. તપઃસાધના. ઉપવાસની ઉપયોગિતા. પરવસ્તુની અનાથતા. અનાથ બીજાના સનાથ બની ન શકે તે વિષે મીરાં અને તેની સખીઓનો સંવાદ. સાચો પ્રીતિસંબંધ **સુદર્શન.** વિવાહની યોગ્યતા. બ્રહ્મચર્ય અને વિવાહ લગ્નસંબંધ. કન્યાની પસંદગી. કન્યાની સલાહ લેવી યોગ્ય છે ? સ્ત્રીઓની બ્રહ્મચર્યપાલનની શક્તિ. બ્રહ્મચારિણીની જનસેવા. (પૃ૦ ૧૭૯–૧૮૮)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ સુદી ૧૩ શુક્રવાર**

**પ્રાર્થના.** ભગવાન ધર્મનાથ. લૌકિક અને પારલૌકિક પ્રીતિ. **અનાથી મુનિ.** બે પ્રકારના મહારાજા. સ્પષ્ટ કથન અને વાણિયાશાહી. રાજાની વિવેકબુદ્ધિ. અનાથતાનું આશ્ચર્ય. ઋદ્ધિસિદ્ધિની સરખામણી. રાજાની નમ્રતા. વિવેકપૂર્ણ વાણી વદવા વિષે રાજા ભોજનું દૃષ્ટાંત અમૃત વાણી. જીભ કોદાળી સમાન છે. તે વડે સોનું અને કોલસો બન્ને ખોદી શકાય. સત્સંગતિ. મીઠી વાણી બોલવા વિષે બંગડીવાળાનું દૃષ્ટાંત. **સુદર્શન.** લગ્નનો આદર્શ. વિવાહપ્રથાના પ્રચારક ભ૦ ઋષભદેવ. કજોડાવિવાહમાં કંકાસ. વરવિક્રય હાનિકારક. સ્ત્રીજાતિની પૂજ્યતા. સ્ત્રીપુરુષની સહકારભાવના. અસમાન સ્વભાવથી જીવનવ્યવહાર બરાબર ચાલતો નથી તે વિષે એક બ્રાહ્મણની કથા. અતિથિસત્કારમાં વિવેક. પતિપત્નીમાં ધર્મભાવના. (પૃ૦ ૧૮૮–૧૯૮)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૨ મંગળવાર**

**પ્રાર્થના.** ભગવાન અરહનાથ. નિર્વિકલ્પ-સવિકલ્પ પ્રાર્થના. **અનાથી મુનિ.** આત્માની અનાથતા શેઠ અને પુત્રવધૂનું દૃષ્ટાંત. સામાયિકમાં ચિત્તની એકાગ્રતા. સનાથ-અનાથ. પરમાત્માને આત્મસમર્પણ ભાવના. અભિમાન છોડો. દીન બનો. સોપાધિક–નિરુપાધિક દીનતા. કપિલનું દૃષ્ટાંત. દાસીની સાથે ભ્રષ્ટતા. ચોર તરીકે પકડાવું. લોભની પરંપરા. તૃષ્ણાનો અવરોધ. ત્યાગ. મોહનું દૂર થવું. રાજાને ઉપદેશ અને ચોરને પ્રતિબોધ. **સુદર્શન.** વ્યાવહારિક–આધ્યાત્મિક શક્તિ. સ્વપ્ન અને પુનર્જન્મ. મોટી ઉંમર સુધી સંસાર વ્યવહારનો ભાર અને તેનો ત્યાગ. બૌદ્ધ સાધુઓ માટે પ્રશંસનીય નિયમ. સારા ગુરુ મેળવવાનો ઉપાય. (પૃ૦ ૧૯૮–૨૦૮)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૩ બુધવાર**

**પ્રાર્થના.** ભગવાન મલ્લિનાથ. સગુણ અને નિર્ગુણ પ્રાર્થના. **અનાથીમુનિ.** દુઃખ અને મધ્યસ્થ દૃષ્ટિ. પ્રાચીન નગરીની વિશેષતા. અર્થાપત્તિ અલંકાર. પૂર્વજોની પ્રતિષ્ઠા. અનાથી ધનાઢ્યના પુત્ર. પુત્રધનને કારણે અનાથતા. **સુદર્શન.** નગરશેઠનું સ્થાન–રાજા અને પ્રજા વચ્ચેનો વિશ્વાસપાત્ર પુરુષ. ઉદયપુરના નગરશેઠનું ઉદાહરણ. કર્ત્તવ્યનું ભાન. સંપત્તિ અને શક્તિનો સદુપયોગ. (પૃ૦ ૨૦૮–૨૧૬)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૫ શુક્રવાર**

**પ્રાર્થના.** ભગવાન મુનિસુવ્રત. **અનાથીમુનિ.** મળેલાં સાધનોનો દુરુપયોગ. આંખોની વેદના અને પોતાની અનાથતા. આંતરિક શત્રુઓ. શરીરની પરવશતા. **સુદર્શન.** ધર્મકથાનો ઉદ્દેશ. પરોપકારવૃત્તિ. વૃક્ષ અને માનવજીવનની સરખામણી પશુપાલન અને શ્રાવકધર્મ. કૃપણતા અને ઉદારતા. પરોપકારવૃત્તિ અને આદરસત્કાર. વૃક્ષછાયાની

શાન્તિ. મૈત્રીસંબંધનાં પ્રકારો. દુર્ગુણો કેમ છોડાવી શકાય એ વિષે કાલકસૂરિ કસાઈની કથા. માનસિક પ્રવૃત્તિ. સંસ્કારોનો સુધાર. મતિ તેવી ગતિ અને ગતિ તેવી મતિ. અભયકુમારની ચતુરતા અને સુલકનો અહિંસાપ્રેમ. (પૃ૦ ૨૧૬–૨૨૬)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૬ શનિવાર**

**પ્રાર્થના.** ભગવાન નેમિનાથ. સુજ્ઞાનીપણું. જડચૈતન્યનો વિવેક. **અનાથીમુનિ.** વીરતા અને કાયરતા આંખોના ઉપયોગ વિષે સૂક્ષ્મદર્શક યંત્રનું ઉદાહરણ. કાર્મણ શરીરના સંસ્કાર વિષે વડવૃક્ષનું ઉદાહરણ. સુજ્ઞાની અને અજ્ઞાની. **સુદર્શન.** મિત્રતાનો સંબંધ. સાચો મિત્ર–ધર્મ. મહાશતક શ્રાવકની ધર્મદઢતા. કપિલ અને કપિલાની વિચારભિન્નતા. ભ્રષ્ટતાના પ્રકાર. દુર્જનોની દુર્જનતા. આત્મવંચના અને છળકપટ. ભાવનાની પરીક્ષા. (પૃ૦ ૨૨૬–૨૩૬)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૮ રવિવાર**

**પ્રાર્થના.** ભગવાન અરિષ્ટનેમિ. આત્મદર્શન અને પ્રભુભક્તિ. આત્મસાક્ષાત્કાર એ જ સાચું તત્ત્વજ્ઞાન. **અનાથીમુનિ.** શરીર અને આત્માની પૃથક્તા. શરીરનો અધ્યાસ. ગણધરવાણી. આંખોનું અમૃત–તેનો સદુપયોગ. આત્માની અનાથતા અને શારીરિક પીડા. આત્મોદ્ધાર. નિર્બળતા અને સબળતા. રોગોત્પત્તિનું કારણ. રોગનાશનાં કારણો. સાચી દવા. ઉપવાસની ઉપયોગિતા. બુદ્ધિ અને તર્ક. **સુદર્શન.** સત્યનો વિજય. શીલ-પાલન અને એકાન્તવાસ. આત્માની સલાહ. બ્રહ્મચર્યનો બોધપાઠ. (પૃ૦ ૨૩૬–૨૪૬)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૧૦ મંગળવાર**

**પ્રાર્થના.** ભગવાન પ્રાર્શ્વનાથ. વીતરાગતા-સમાધિનું શ્રેષ્ઠ સાધન. પાર્શ્વનાથના પૂર્વ-ભવનું વર્ણન. કમઠ તાપસની અંધક્રિયા. સમાધિભાવની સાધના. **અનાથીમુનિ.** આત્માનો આત્માદ્વારા ઉદ્ધાર. સાવધાનતાની આવશ્યકતા. પૈસાની પરવશતા. પિતા અને પુત્રની વ્યાખ્યા. અનાથતાનું ઔષધ–આત્મનિશ્ચય. **સુદર્શન.** પરસ્ત્રી પ્રત્યે માતૃભાવના. વેશ્યાનું વિષ. અંતરાત્મા અને બહિરાત્મા. ભારતીય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ. આજની શિક્ષા 'મિઠુંવિષ.' પુણ્યભૂમિનો પુનરુદ્ધાર. (પૃ૦ ૨૪૬–૨૫૫)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૧૧ બુધવાર**

**પ્રાર્થના.** ભગવાન મહાવીર. આત્મતત્ત્વવિચાર. દ્રવ્ય અને પર્યાય. 'સોઽહં' નો સ્પષ્ટાર્થ. **અનાથીમુનિ.** ઇબ્ભશેઠનું વર્ણન. માતૃપ્રેમ. નિષ્ઠુર માતા વિષે બ્રહ્મદત્ત ચક્રવર્તીની માતાની કથા. સંતાનો ઉપર માતાપિતાનો ઉપકાર. માતાપિતાની સેવા કે દયા કરવી એ શું પાપ છે? આ ભ્રામક પ્રશ્નનો સચોટ ઉત્તર. માતાપિતાનો સંવાદ. મુનિએ કરેલું શંકાસમાધન. પુત્ર ઉપર માતાનો અનહદ ઉપકાર. ત્રણ પ્રકારનું ઋણ. ઉપાદાનના સુધારદ્વારા ઋણમુક્તિ. માતાપિતાના કલ્યાણમાં સંતાનોનું કલ્યાણ. **સુદર્શન.** સ્વાર્થ અને પરમાર્થ. ઉત્સવની ઉપયોગિતા. ઇન્દ્રોત્સવ. રાજાજ્ઞા અને ધર્મપાલન. (પૃ૦ ૨૫૫–૨૬૩)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૧૨ ગુરુવાર**

**પ્રાર્થના.** ભગવાન ઋષભદેવ અને તેમનું જનસમાજનું સ્થાન. ધર્મની પુનઃસ્થાપના. વેદવ્યાસે કરેલી ભગવત્સ્તુતિ. પરમાર્થી પુરુષો. ધર્મપર્વ–પર્યુષણપર્વ. **અનાથીમુનિ.** ભ્રાતૃભાવ. મહાવીર નંદિવર્ધન અને રામલક્ષ્મણ–બંધુબેલડી વિષે સંવાદ. સનાથ–અનાથ.

સ્વરાજ્ય માટે સબળ બનો. **સુદર્શન.** ઉત્સવનો દુરુપયોગ. ચાર પ્રકારના શ્રાવકોનું વર્ણન. કપિલાનું કપટ અને મનોરમાની સરલતા. રાણીની હઠ. (પૃ૦ ૨૬૩–૨૭૦)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા શુદી ૧૨ શનિવાર**

**પ્રાર્થના.** ભગવાન શ્રેયાંસનાથ. મનની ચંચલતા અને ગાઢનિદ્રાનો ત્યાગ. શાસ્ત્રની પ્રામાણિકતા. શાસ્ત્રનું માપ બુદ્ધિથી માપી ન શકાય. વીતરાગવાણી. પુદ્‌ગલત્યાગ. **અનાથીમુનિ.** આત્માનો ઉપદેશ. મહામુનિનું પ્રવચન. બ્યાધ–સંયમનું કારણ. પુત્ર-પુત્રી પ્રત્યે સમાનભાવ. કન્યાનો અધિકાર. સંતતિનિરોધ અને વિષયવાસના. દુષ્કર્મનું દુષ્પરિણામ. સંયમમાર્ગ. મનુષ્યનું જીવનસત્ત્વ-વીર્ય. બ્રહ્મચર્યનો આદર્શ. **સુદર્શન.** પ્રતિજ્ઞાનું પાલન. ખોટું અભિમાન. અભયા અને પંડિતાનો વાદવિવાદ. ત્રિયાચરિત્ર. (પૃ૦ ૨૭૦–૨૭૮)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૨ બુધવાર**

**પ્રાર્થના.** ભગવાન અનંતનાથ. પરમાત્માનો સાક્ષાત્કાર-પરમપુરુષાર્થ. પરમાત્મા અને આત્માના સામીપ્ય વિષે ઉપનિષત્‌ની કથા. બ્રહ્મ–સ્વરૂપ. ઉપાસ્યની ઉપાસના. **અનાથીમુનિ.** હૃદયમંથનની આવશ્યક્તા. સુખ અને દુઃખ. આજનો કહેવાતો સુખી સમાજ. અનાથાવસ્થા–પતિતાવસ્થા. ધર્મવૃદ્ધિનો આશીર્વાદ. 'ફકીર' શબ્દનું તાત્પર્ય. સાચો ફકીર અને સાચો સાધુ. ઈશ્વરમય જીવન. **સુદર્શન.** પૌષધનો અર્થ. ઉપવાસની આવશ્યક્તા. સંયમનું સાધન. વિષયવાસના વિરુદ્ધ ભગવદ્‌ભક્તિ. ધર્મી અને પાપી વિષે એક બ્રાહ્મણની કથા. દેવપૂજાના નામે ધૂર્તતા. (પૃ૦ ૨૭૮–૨૮૮)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૪ શુક્રવાર**

**પ્રાર્થના.** ભગવાન શાન્તિનાથ. પૂર્ણતા પ્રાપ્ત કરવી–પ્રાર્થનાનો ઉદ્દેશ. **અનાથીમુનિ.** પરપદાર્થોનું બંધન. આત્મા અને સંસારની અનાદિપણું. સંકલ્પસિદ્ધિ. કર્મફળના નિયામક ઈશ્વર છે? એ વિષે દાર્શનિક ચર્ચા. સંકલ્પ પ્રમાણે કર્મનું ફળ. સુખનો સંકલ્પ હોઇ શકે પણ દુઃખનો સંકલ્પ સંભવી શકે ખરો? એ વિષે વિચાર. પૂર્વજોનાં સંસ્કાર. **સુદર્શન.** સંકલ્પના બલાબલની પરીક્ષા. સુદર્શનની નિશ્ચયપ્રિયતા. વ્રતનું પાલન. રાણીનાં પ્રલોભનો. દૃઢ સંકલ્પનું બળ. (પૃ૦ ૨૮૮–૨૯૭)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૫ શનિવાર**

**પ્રાર્થના.** ભગવાન કુંથુનાથ. ઉચ્ચકોટિની પ્રાર્થના. વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ. **અનાથીમુનિ.** સત્સંકલ્પ. આત્મજાગ્રતિ. કર્મો અને સંકલ્પ. ભૂલનું ભાન. અનાથતાનું સ્વરૂપ. નિર્ગ્રન્થપ્રવચન **સુદર્શન.** આસુરી સંકલ્પ અને દૈવી સંકલ્પનું યુદ્ધ. સાચું લગ્ન. વિચારદૃઢતા અને શીલરક્ષા. ગાળોમાંથી સત્યની શોધ વિષે પિતાપુત્રનું ઉદાહરણ. વૈરાનુબંધ. (પૃ૦ ૨૯૭–૩૦૫)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૮ મંગળવાર**

**પ્રાર્થના.** ભગવાન અરહનાથ. ભક્તનું માર્ગદર્શન. ચૈતન્યનો સ્વભાવ. ચંચલતા અને સ્થિરતા **અનાથીમુનિ.** ક્ષમા અને ક્ષમાશીલ. યતિધર્મ. અપકારીને ઉપકારી માનો. શ્રમણ અને શ્રમણોપાસક. રોવા-કૂટવાનો રીવાજ ત્યાજ્ય છે. સત્સંકલ્પનો પ્રભાવ. સત્ય એ જ ભગવાન. **સુદર્શન.** ધર્માત્મા સુદર્શન. પાણીનો વેગ અને કામ-

વેગની તુલના. મુંગસલિયા પત્થર અને મેઘની કથા. સ્ત્રીઓનું રુદન અને શીલવ્રતનું પાલન. જિનઋષિ અને જિનપાલની કથા. ધર્મનું પાલન. (પૃ૦ ૩૦૫–૩૧૪)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૯ બુધવાર**

**પ્રાર્થના.** ભગવાન મલ્લિનાથ. ભક્તિ અને પ્રાર્થના. મલ્લિનાથ ભગવાનનું ચરિત્ર. કામાંધ રાજાઓને પ્રતિબોધ. આશાતૃષ્ણા વિરુદ્ધ સત્યકથન વિષે અદ્વૈતાચાર્યની કથા. દેવીમાતાને પશુઓનું બલિદાન હોઈ શકે ? **અનાથીમુનિ.** કર્મોનો કર્તા અને ભોક્તા–આત્મા. સંકલ્પ મહિમા. સત્સંકલ્પની સિદ્ધિ. **સુદર્શન.** દયાભાવનો પરિચય. પાંચ પ્રકારની માતાઓ. વિપરીત મતિ. 'નિર્બલ કે બલ રામ.' શીલરક્ષાની દઢતા. (પૃ૦ ૩૧૪–૩૨૩)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૯ બુધવાર**

**પ્રાર્થના.** ભગવાન મુનિસુવ્રતનાથ. આત્મતત્ત્વનું જ્ઞાન અને ચિત્તની નિર્મલ સમાધિ. વર્ત્તમાન શિક્ષાનું દુષ્પરિણામ. આત્મતત્ત્વ વિષે આત્મા અક્રિય છે, આત્મા બ્રહ્મ-સ્વરૂપ છે, આત્મા કૂટસ્થ નિત્ય છે, આત્મા ક્ષણિક છે, આત્મા પાંચભૂતોનું પૂતળું છે; એવાં ભિન્ન ભિન્ન મતવાદીઓના મતો અને તેનું નિરાકરણ. **અનાથીમુનિ.** અનાથતાને દૂર કરવાનું ઔષધ–આત્મતત્ત્વજ્ઞાન. અનાથતા અને દઢ સંકલ્પ. આજની પાંગળી શ્રદ્ધા. સ્વતંત્રતા અને પરતંત્રતા. સત્સંકલ્પની વ્યાખ્યા. **સુદર્શન.** દુર્જનોનો દુર્વ્યવહાર. આત્માની અમરતા અને શરીરની નશ્વરતા. સત્સંકલ્પી સુદર્શન. વિકારભાવના અને વીતરાગતા. કદાગ્રહનું કડવું ફળ. (પૃ૦ ૩૨૩–૩૩૧)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨–પ્રથમ ભાદરવા વદી ૧૦ ગુરુવાર**

**પ્રાર્થના.** ભગવાન નમિનાથ. સાકાર–નિરાકાર પ્રાર્થના. નવતત્ત્વનો તાત્ત્વિક વિચાર. પુણ્ય અને પાપ. **અનાથી મુનિ.** પ્રાતઃકાલની અપૂર્વતા, નિત્યનૂતન સૂર્ય. પહેલું સુખ તે જાતે નર્યા. સંકલ્પશક્તિ. મહાશક્તિની આરાધના. સંયમ અને કુટુંબીજનોની આજ્ઞા. સુભદ્રા અને ધના શેઠનો સંવાદ. સંયમનું પાલન. **સુદર્શન.** ઊલટી પ્રકૃતિ. વિચારોની ભિન્નતા. સાચો વીર. રહસ્યની શોધ. (પૃ. ૩૩૧–૩૪૧)

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૧૧ શુક્રવાર**

**પ્રાર્થના.** ભગવાન અરિષ્ટનેમિ. યોગ્યતા અને પુરુષાર્થ. ભગવતી રાજીમતિનો આદર્શ. પ્રેમભાવનો પ્રભાવ. **અનાથી મુનિ.** સંયમની સાધનામાં નિશ્ચય અને વ્યવહારની આવશ્યકતા. દીક્ષા અને કુટુંબીજનોની સ્વીકૃતિ. સાચો નાથ. સંસારસર્પથી બચવા માટે ધર્મનું શરણ લો. **સુદર્શન.** સજ્જનોનો સ્વભાવ. વ્યવહાર અને ધર્મ. સુદર્શનનો અચલ નિશ્ચય. મર્યાદાની રક્ષા. ( પૃ. ૩૪૧–૩૪૯ )

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૦)) મંગળવાર**

**પ્રાર્થના.** ભગવાન પાર્શ્વનાથ. આત્મા અને પરમાત્માની એકતા. આત્માનું નિજ-સ્વરૂપ. જીવ અને આત્મા. **અનાથીમુનિ.** પરવસ્તુની અનાથતા. સનાથ બનવાની યોગ્યતા. વ્યાવહારિક અને આધ્યાત્મિક સ્વતંત્રતા. સનાથ કોણ ? સમદષ્ટિ શ્રાવક સનાથ કહેવાય ? સમદષ્ટિનું લક્ષણ. **સુદર્શન** સુદર્શનની ધર્મપરીક્ષા. પુણ્ય–પાપનું ફળ વિષે તાત્ત્વિક વિચાર. દ્રવ્ય અને ભાવ પુણ્ય. અભયા રાણીની કપટજાળ. વ્યક્તિની નિંદા નહિ પણ વ્યક્તિમાં રહેલા વિકારની નિંદા. (પૃ૦ ૩૪૯–૩૫૮)

# વિષયસંક્ષેપ

[ વ્યાખ્યાનોની સંક્ષિપ્ત વિષયનોંધ ]

## [ દ્વિતીય ભાગ ]

### વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૧ બુધવાર

**પ્રાર્થના.** આદીશ્વર ભગવાન. આત્મા અને પરમાત્માનું એકીકરણ. તોફાનની ગતિ બદલાવો. ભરત અને તેના ૯૮ ભાઈઓની રાજ્યલિપ્સા. ઋષભદેવ ભગવાનનો ઉપદેશ. સંયમનો પ્રભાવ. આત્મજ્ઞાન. પરમજ્યોતિસ્વરૂપ પરમાત્મા. આત્માની અમરતા. **અનાથી મુનિ.** નિર્ગ્રન્થ પ્રવચનની વિશેષતા. ત્રસ અને સ્થાવરનો 'નાથ' કોણ બની શકે? અનાથી મુનિનો અમોઘ ઉપદેશ. દ્વાદશાંગી વાણીનો સાર. આત્મા જ સુઃખ–દુઃખનો કર્તા તથા હર્તા. આત્મા જ મિત્ર કે શત્રુ. પુણ્ય અને પાપ પ્રકૃતિ. **સુદર્શન.** વિષમકાલ. સાધુઓનું કર્તવ્ય. સત્યનો જય અને અસત્યનો ક્ષય. પાપ પાપરૂપે જ પ્રગટશે. પ્રજાપ્રિય સુદર્શન. દાનવીરનાં લક્ષણો. ત્રણ પ્રકારનાં દાન. છૂપું દાન. રાણા ભીમસિંહની દાનવીરતા. (૩૬૩–૩૭૨)

### વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૨ ગુરુવાર

**પ્રાર્થના.** અજિતનાથ ભગવાન. પરમાત્માના નામની શક્તિ. ભગવાનનું ગુણનિષ્પન્ન નામ. નમ્રતા ધારણ કરો. પાપને પાપ સમજી તેને દૂર કરો. મિથ્યાદૃષ્ટિ. આત્મશોધન. અન્તર્મુખી પ્રાર્થના કરો. **અનાથી મુનિ.** આત્મા વૈતરણી નદી સમાન કેમ છે? સુખદુઃખનું તંત્ર આત્માના હાથમાં. આત્માની સનાથતા શામાં છે? આત્મશોધ. આત્મપ્રતીતિ. આત્મૈક્ય. આત્માને જાગ્રત કરો. ( શીલવ્રતનો સ્વીકાર અને તેની મંગલસ્મૃતિ. ) **સુદર્શન.** મહાપુરુષનો પુણ્યપ્રભાવ. સુદર્શનનું બહુમાન. સ્વરાજ્યના પ્રશ્નનો ઉદ્ભવ. મૌન અને ધર્મની રક્ષા. વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને સમાજ સ્વાતંત્ર્ય, ધર્મમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનું સ્થાન. સમાજ રક્ષા.(૩૭૨–૩૮૦)

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૩ શુક્રવાર

**પ્રાર્થના.** સંભવનાથ ભગવાન. પરમાત્માની ભક્તિમાં દંભાદિનો ત્યાગ. આત્મસમર્પણ. પોતાની અપૂર્ણતાનો સ્વીકાર કરવો એ કાંઈ ઓછો ઉપકાર નથી એ વિષે એક ઝવેરીનું દૃષ્ટાંત. ગુણોનો આદર. વિવેકજ્ઞાન પ્રગટાવો. **અનાથી મુનિ.** સંસારમાં સુખ અને દુઃખ એ બે સ્થિતિ છે. કામધેનુ અને નંદનવનનો અર્થ. આત્માને લીધે જ ઋદ્ધિસિદ્ધિ સુખદાયક છે. આત્મા અમર છે. એના માટે રોવું–કૂટવું ઉચિત નથી. હૃદયથી રુદન આવતું અટકી શકતું નથી. પ્રથારૂપે રુદન કરવું કે કૂટવું અનુચિત છે. **સુદર્શન.** સત્યધર્મનો મર્મ. વ્યક્તિસ્વાતંત્ર્યને નામે સ્વચ્છંદતા સેવવી અનુચિત છે. સત્યમૂર્તિ હરિશ્ચંદ્રનું સત્યપાલન. સંઘ સમક્ષ પ્રતિજ્ઞા લેવાનો ઉદ્દેશ. શેઠની મૌનદૃઢતા. શેઠને શૂળીએ ચડાવવાનો હુકમ. (૩૮૦–૩૮૮)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૪ શનિવાર**

**પ્રાર્થના.** અભિનંદન ભગવાન. પ્રાર્થનાનો ચમત્કાર. જ્ઞાનસમુદ્રની અગાધતા. પરમાત્માનો પ્રતાપ. દુઃખનિકંદન કરનાર ભગવાન. ઉપાદાન અને નિમિત્ત વસ્તુશોધનનાં બે અંગો. ત્રિવિધ દુઃખ. **અનાથી મુનિ.** સુખ–દુઃખનો કર્ત્તા આત્મા છે. કાળ, સ્વભાવ, ઈશ્વર, પુરુષાર્થ અને પૂર્વકર્મ એ કર્ત્તારૂપ છે એમ ભિન્ન ભિન્ન માન્યતા વિષે દાર્શનિક ચર્ચા અને તેનું સ્પષ્ટ વિવરણ. જૈનદર્શનની મૌલિકતા. જૈનદર્શન બધાં મતોનો સમન્વય કેવી રીતે કરે છે, એ વિષે અંધજનો અને હાથીનું દૃષ્ટાંત. અનેકાન્ત દૃષ્ટિની ખૂબી. સત્યતત્ત્વના આગ્રહ વિષે કામદેવનું દૃષ્ટાંત. આત્મા સુખ–દુઃખનો કર્ત્તા નથી એમ ન માનવું એ કુતરો પોતાનું પ્રતિબિંબ જોઈ ભસે એના જેવું છે. આત્માનો ઉદ્ધાર આત્મા જ કરી શકે એ વિષે ગીતાનું સમર્થન. **સુદર્શન.** શેઠને વિચલિત કરવાનાં નગરજનોનાં પ્રયત્નો. મનોરમાની શેઠ પ્રત્યે અપૂર્વ પ્રીતિ. સત્ય કોઈ દિવસ મરતું નથી. મનોરમાનો સત્યશીલ પ્રેમ. બાળકોને ધૈર્યપ્રદાન. દયાધર્મ–વીરનો ધર્મ. પૌષધશાળામાં ધર્મકાર્ય .(૩૮૮–૩૯૭)

**વ્યાખ્યાન : સંવત ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૫ રવિવાર.**

**પ્રાર્થના.** સુમતિનાથ ભગવાન. પ્રાર્થનાનો આદર્શ. જ્ઞાન અને અજ્ઞાન. પ્રકૃતિનાં ઉદાહરણોદ્વારા ભક્તિનું નિરૂપણ. પરમાત્માની શક્તિનો સદુપયોગ. **અનાથી મુનિ.** સાધુધર્મના પાલન વિષે ટકોર. ચિત્તની પાંચ પ્રકારની વૃત્તિઓ. એકાગ્રવૃત્તિ દ્વારા શાસ્ત્રશ્રવણ સફલ નીવડે છે. શ્રોતા અને વક્તાની એકાગ્રવૃત્તિ. ચિત્તવૃત્તિનો સંયમ. **સુદર્શન.** સત્ય ઉપર મનોરમાનો અટલ વિશ્વાસ. ધર્મનો સાચો સંબંધ. પુત્રો ઉપર માતાનો પ્રભાવ. સંસ્કારશુદ્ધિ. બાળકોની વાતોની ઉપેક્ષા ન કરો. ધર્મદૃઢતાનો પરિચય. (૩૯૭–૪૦૪)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૭ બુધવાર.**

**પ્રાર્થના.** સુપાર્શ્વનાથ ભગવાન. પરમાત્માનો આધાર. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનું અંતર. જ્ઞાનીજનો પરમાત્માને અને અજ્ઞાનીજનો સંસારને આધારભૂત માને છે. પરમાત્મા પાસે ' સનાથ ' બનવાની આશા રાખો. **અનાથી મુનિ.** ગૃહસ્થોની આગળ સાધુઆચાર કહેવાની આવશ્યકતા શા માટે છે ? ગૃહસ્થો નિર્ગ્રન્થપ્રવચનના દાસ છે. શાસ્ત્રને પ્રમાણભૂત માનો. નિશ્ચય અને વ્યવહાર કેમ જાણી શકાય ? નિશ્ચય સાથે વ્યવહારની આવશ્યકતા. કાયર લોકો સંયમનું પાલન કરી શકતા નથી. સાધુઓની જવાબદારી. સંયમના પાલનમાં આવતાં પ્રલોભનોથી બચવા વિષે ધનાવા શેઠનું ઉદાહરણ. ' મીઠા વિષ 'થી બચો. સંસારનાં પ્રલોભનોમાં લોભાઈ ન જાઓ. ભગવાનની વાણી ઉપર વિશ્વાસ રાખો. **સુદર્શન.** પતિ–પત્ની વચ્ચે અભેદભાવ. સંસારમાંથી સમ્યક્ સાર શોધવો જોઈએ. બાળકની શ્રદ્ધા આદરણીય છે. પતિના પગલે પત્ની. પરસ્ત્રીને માતાસમાન માનો. (૪૦૪–૪૧૩)

**વ્યાખ્યાનઃ સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૮ ગુરુવાર**

**પ્રાર્થના.** ચંદ્રપ્રભુ ભગવાન. હૃદયના ભાવો પ્રાર્થનારૂપે નીકળે છે. યથાશક્તિ ભક્તિ કરો. ભક્તિને ભગવાન જરૂર સ્વીકારશે. પરમાત્માના જયમાં તમારો જય માનો. **અનાથી મુનિ.** વેશ ધારણ કરે છે અને સાધુતાનું પાલન કરતો નથી તેની સ્થિતિ અતોભ્રષ્ટસ્તતોભ્રષ્ટ જેવી બને છે. તમે સાધુતાના પૂજારી છો. ગુણપૂજા. આત્માની સલાહની ઉપેક્ષા ન કરો. સાધુતાના સુધારમાં સંસારનો સુધાર રહેલો છે. સાધુ થઈને સાધુતાનું પાલન ન કરવું એ

વધારે કાયરપણું છે. સાધુતા ખરાબ નથી જ એ વિષે સૈનિકનું ઉદાહરણ. મહાવ્રતનો સ્પષ્ટાર્થ. મહાવ્રત અને અણુવ્રતની તરતમતા. 'મહા' અને 'અણુ' વિષે વજીરના પુત્રની ગુણપરીક્ષા. ગૃહસ્થ અને શ્રાવક. ગુરુ-શિષ્ય. **સુદર્શન.** રોવા-કૂટવાનો રીતરિવાજ ત્યાજ્ય. તિલકની દૃઢતા. લોકપ્રવાહમાં તણાઈ ન જાઓ. ઈશ્વરીયબળ. બહુમત અને વ્યક્તિસ્વાતંત્ર્ય. ગાંધીજીનું પ્રતિજ્ઞાપાલન. ઈંડાં માંસમાં ગણાય. ક્ષમાપના અને પાપોનો ત્યાગ. ( ૪૧૩-૪૨૧ )

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૯ શુક્રવાર

**પ્રાર્થના.** સુબુદ્ધિનાથ ભગવાન. પ્રાર્થનાનો મહિમા. આત્મા અને પરમાત્મા વચ્ચે અભિન્નતા. આત્મતત્ત્વનું જ્ઞાન એ સાચું જ્ઞાન. આત્માનંદ. નાસ્તિકપ્રધાન યુગમાં ચમત્કાર. **અનાથી મુનિ.** ધર્મ તુચ્છ અને મહાન્ બન્નેને માટે સમાન. બીજાને સંતોષવા માટે બાહ્ય સાધુક્રિયા વણિકવૃત્તિ છે. અણુવ્રત અને મહાવ્રત વચ્ચેનું અંતર અને સ્પષ્ટીકરણ. પાંચ મહાવ્રત અને પાંચ યામોની સરખામણી. જૈનદર્શનની વિશેષતા. મહાવ્રતોના પાલનમાં અપવાદ નથી. મહાવ્રતોનું પૂર્ણરૂપે પાલન કરનાર જ 'સનાથ' છે. મહાવ્રત સાર્વભૌમ છે. **સુદર્શન.** સંસારની વિચિત્રતા. સત્યધર્મની દૃઢતા. નિશ્ચય અને વ્યવહારનું ધર્મમાં સ્થાન. અપકારી ઉપર ઉપકાર. નવકારમંત્રનો મહિમા. ( ૪૨૧-૪૨૯ )

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૧૦ શનિવાર

**પ્રાર્થના.** શીતલનાથ ભગવાન. ઉપાધિઓને શાન્ત કરવાનો અમોઘ ઉપાય-પ્રાર્થના. આત્મજાગૃતિ. ભાવનિદ્રાનો ત્યાગ. ઈશ્વર થઈને ઈશ્વરને ભજો. પ્રભુમય બનો. ( સંગ્રહનયમાંથી નીકળી એવંભૂતનયમાં જાઓ તો તમે પણ પરમાત્મામય બની શકો છો. ) **અનાથી મુનિ.** મનુષ્યજન્મને ગુમાવો નહિ. બીજાને પતિત થતાં જોઈ તમે સાવધાન બનો. વિતર્કોને દૂર કરી પ્રતિપક્ષી ભાવના ભાવો. મહાવ્રતોમાં સ્થિર કેમ રહી શકાય! સાચો વીર જ અહિંસક છે. વિપક્ષને દૂર કરવાની ભાવના એ જ અહિંસકનું શસ્ત્ર છે. ચાર ભાવનાનો સ્પષ્ટાર્થ. પ્રમોદ-ભાવના. મધ્યસ્થભાવના વિષે કામદેવ શ્રાવકનું દૃષ્ટાંત. કરુણા ભાવના. અનુકંપાનો અર્થ. કરુણાનો આદર્શ. મૈત્રીભાવનાને જીવનમાં ઉતારો. **સુદર્શન.** અપકારી ઉપર મૈત્રીભાવ. શરીરનો સદુપયોગ. શરીરમંદિરમાં રહેલા ચૈતન્યપ્રભુને ભૂલો નહિ. ભક્તિની પરીક્ષા. ધર્માત્મા સુદર્શન. પાપોને છુપાવો નહિ, પ્રકટ કરો. ( ૪૨૯-૪૩૬ )

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૧૧ રવિવાર

**પ્રાર્થના.** શ્રેયાંસનાથ ભગવાન. પરમાત્માનું નામસ્મરણ. ભગવદ્ભજન. વિકારોને દૂર કરો અને આત્મજ્યોતિને પ્રગટાવો. **અનાથી મુનિ.** મહાવ્રત અને અણુવ્રત વિષે વિચાર અહિંસા મહાવ્રતનો નાશ કેવી રીતે થાય છે? હિંસા કરવામાં વધારે પાપ કે કરાવવામાં! પ્રશ્નોત્તર. મિથ્યાત્વ એ હિંસાનું કારણ. હિંસાના ભેદો. ઉદાસીનતા અને તેજસ્વિતા. અર્જુનના પક્ષમાં કૃષ્ણ અને દુર્યોધનના પક્ષમાં કૃષ્ણની સેના. શ્રી કૃષ્ણને પોતાના કેમ કરી શકાય! દૈવી પ્રકૃતિ અને આસુરી પ્રકૃતિ. સત્ય એ જ ભગવાન. નર-નારાયણની જોડી. જ્ઞાનયોગ. ઈશ્વરનાં ગુણોને અપનાવો. **સુદર્શન.** તીવ્ર વૈરાગ્યની સિદ્ધિ. નવકારમંત્રની અદૃશ્ય શક્તિ. અદૃશ્ય શક્તિનો પ્રભાવ. સત્યશીલની સાધના. શૂળીનું સિંહાસન. ( ૪૩૬-૪૪૪ )

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૧૪ મંગળવાર

**પ્રાર્થના.** વાસુપૂજ્ય ભગવાન. પરમાત્માને પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ-પ્રાર્થના. શત્રુ પ્રત્યે પણ મિત્રભાવના. પ્રાર્થનાનું બળ. સત્યનું પાલન અને કષ્ટસહન. ભક્તનું કર્તવ્ય.

લક્ષ્યને પકડો. **અનાથી મુનિ.** લક્ષ્યને ભૂલે નહિ તે સનાથ બની શકે છે. સનાથના સેવક બનો. જૈનદર્શનની મૌલિકતા. ગુરુનું લક્ષણ–પાંચ મહાવ્રતોનું પાલન. લક્ષણનાં ત્રણ દોષો. પાંચ મહાવ્રતોને સ્વીકાર કરે તે ગુરુ કે પાંચ મહાવ્રતોનું પાલન કરે તે ગુરુ? આ પ્રશ્નનો સ્પષ્ટ જવાબ. શિષ્યસ્ફેટિકાનો અપરાધ. બ્રહ્મચર્ય મહાવ્રતની રક્ષા માટે નવ વાડ અને દશમા કોટનું રક્ષણ. જિતાચારની મર્યાદા. મમત્વભાવનો ત્યાગ કરો. **સુદર્શન.** સત્યનો વિજય. સુદર્શનનો જયજયકાર. રાજાની નમ્રતા. ઉત્કૃષ્ટ ભાવનાનો પ્રતાપ. આત્માની એકતા. આત્મશોધન. વીતરાગના શાસ્ત્રની તટસ્થતા. સત્યવક્તા અને સત્ય વાતને સાંભળનાર દુર્લભ. વ્રતપાલનમાં દઢતા રાખો. ( ૪૪૪–૪૫૭ )

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૨ શુક્રવાર

**પ્રાર્થના.** ધર્મનાથ ભગવાન. આત્માની શુદ્ધ ભાવના–પ્રાર્થના. ભાવ્ય અને ભાવના. ભાવ્યના બે પ્રકાર. ભગવાનની સાથે એકતાનતા સાધો. **અનાથી મુનિ.** મુનિના બે માર્ગો-સુમતિ અને ગુપ્તિ. સમિતિના પાંચ પ્રકાર અને તેનું સ્વરૂપ. ઇર્યાસમિતિ એ સાધુતાનું ચિન્હ. ભાષાનો વિવેક. રસગૃદ્ધિનો ત્યાગ. સુખશીલ ન બનો. **સુદર્શન ચરિત્ર.** સદ્‌ભાવનાનો આદર. આત્માનું ઉત્થાન કરો. ઇશ્વરની શક્તિ. ગૃહવાસનો ત્યાગ અને ધર્મની સેવા. દીક્ષાનું મહત્ત્વ. ( ૪૫૭–૪૬૫ )

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૩ શનિવાર

**પ્રાર્થના.** શાન્તિનાથ ભગવાન. શાન્તિની ઇચ્છા. ભક્તિરૂપી શાન્તિ. કર્માવરણોને દૂર કરો. આત્મશાન્તિ. **અનાથી મુનિ.** સાધુતાને નિંદો નહિ. સાધુતા–ભગવાન અર્હન્તની યુનિવર્સિટી. વ્યવહારદ્વારા નિશ્ચયમાં જવું. વીરનો માર્ગ. દ્રવ્ય અને ભાવ ઇર્યાસમિતિની રક્ષા. આરાધક અને વિરાધક. મહાવ્રતોનું શુદ્ધ રીતે પાલન. શહેરી જીવન અને ગ્રામ્યજીવન. ઉપવાસની મહિમા. તપ–નિયમનું પાલન. સાધુતાનો સદુપયોગ. **સુદર્શન.** મહાપુરુષનો સમાગમ. અતિથિઓનો આદર. સત્કાર. ગૃહિણીનું ઘરમાં સ્થાન. મનોરમાની અતિથિસેવા. ( વિનંતીપત્ર. વિનંતીનો ઉત્તર. ) ( ૪૬૫–૪૭૪ )

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૫ સોમવાર

**પ્રાર્થના.** અરહનાથ ભગવાન. પ્રાર્થનાની યોગ્યતા, સત્યાચરણ. ધર્મપરિવર્તન વિષે હરીલાલ ગાંધીનું દષ્ટાંત. **અનાથી મુનિ.** સંયમનું મૂલ્ય. કેશલુંચનનો ઉદ્દેશ. કેશલુંચનથી થતો ફાયદો. કેશલુંચનમાં અહિંસાની રક્ષા. તપઃસાધના. ચારિત્ર વિના વેશધારણ કરવો એ કેવળ ઢોંગ છે. દ્રવ્ય અને ભાવથી સાધુતાનું પાલન. **સુદર્શન.** સાચી શ્રાવિકાનાં લક્ષણો. મૂળવ્રત ગુણવ્રત અને શિક્ષાવ્રત. મનોરમાનો વિવેક. શ્રાવકનું ઘર કેવું હોય! સ્વર્ગની ભૂમિ સારી કે રાજકોટની ભૂમિ? ભાવનાની શક્તિ. તલવાર વૈર બાંધે છે, ભાવના વૈર કાપે છે. અપકારીનો પણ ઉપકાર. ( ૪૭૪–૪૮૧ )

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૮ ગુરુવાર

**પ્રાર્થના.** મુનિસુવ્રતનાથ ભગવાન. દીનદયાળુ દેવાધિદેવ. પરમાત્માની સિદ્ધિ. ભગવાનની અમૃતવાણી. વીર અને કાયર. પાપને દબાવો નહિ પણ પ્રગટ કરો. આત્માની સિદ્ધિદ્વારા પરમાત્માની સિદ્ધિ. **અનાથી મુનિ.** સાધુતા–અસાધુતાનો વિવેક. લૌકિક દષ્ટાંતો. અસાધુને સાધુ માનવામાં આવે એ વિષમકાળ. અધર્મને કારણે ધર્મની નિંદા કરો નહિ એ વિષે રીંછ અને માણસનું દષ્ટાંત. ધર્મની વ્યાખ્યા. ધર્મ એ ઢોંગ નથી. **સુદર્શન.** ધર્મપાલનદ્વારા

ધર્મનું મંડન અને પાપનું ખંડન. ભાવનાનો વિજય. રાજાનો પ્રશ્ચાત્તાપ. પાંચ જણાનો ઉપકાર. અભયવચન. ( ૪૮૧–૪૮૭ )

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૯ શુક્રવાર

**પ્રાર્થના.** નમિનાથ ભગવાન. તત્ત્વનું જ્ઞાન. સાચી જિજ્ઞાસા. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કેમ થાય તે વિષે ઉપનિષત્‌માં આવેલી રાજાની કથા. સંસારનાં વૈભવો મોટાં નહિ, પણ ધર્મ મોટો છે. ક્ષત્રિય અને શૂદ્રની વ્યાખ્યા. આત્મભાન. **અનાથી મુનિ.** સાધુતાના નામે અસાધુતા સેવવી એ વિષે ખોટા સિક્કાનું તથા કાચનાં ટૂકડાનું ઉદાહરણ. ધર્મને માટે દરેકને સ્વતંત્રતા હોવી જોઈએ. સત્પુરુષોની સેવાનો લાભ. મિથ્યાદષ્ટિ અને સમદષ્ટિ. ધર્મને નામે કોઈને ઠગો નહિ. સાધુઓ ચમત્કાર બતાવી કોઈને ઠગે નહિ. અહંકાર જીતવાનો ચમત્કાર બતાવો. **સુદર્શન.** અભયાનો અહંકાર અને સુદર્શનનો ઉપકાર. જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ. સાપેક્ષ અને નિરપેક્ષ સત્ય. સત્ય તત્ત્વનાં આગ્રહ વિષે શંકરાચાર્યનું દૃષ્ટાંત. જીવદયાની સંસ્થા. જીવદયા માટે આત્મભોગ. ( ૪૮૭–૪૯૫ )

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૧૧ રવિવાર

**પ્રાર્થના.** અરિષ્ટનેમિ ભગવાન. સાચી પ્રાર્થનાનો આદર્શ. ભક્ત અને ભગવાન. જૈન-દર્શન–નયવાદ. રાજીમતિની મૂર્છા. વૈરાગ્યનો ઉદ્‌ભવ. મૂર્છા ઇન્દ્રિયોની નિઃસ્તબ્ધતા. જાતિ સ્મૃતિજ્ઞાનનું કારણ. સ્વપ્ન વિષે વિચાર. પૂર્વજન્મનાં સંસ્કારનું દર્શન. જીવનનું ધ્યેય. સાચી શિક્ષા. **અનાથી મુનિ.** સાધુતા–અસાધુતાનો વિવેક. ધર્મની શાળા. ધર્મની રક્ષા. સાધુ–સંગઠન અને નિયમોનું પાલન. કેવળ વેશધારણથી સાધુતા આવતી નથી. સાધુઓમાં જાતિનો નહિ પણ આચારનો ભેદ છે. કુશીલની વ્યાખ્યા. લિંગનું પ્રયોજન. સાચી દીક્ષા. લિંગની આવશ્યકતા શા માટે છે? સંયમનું પાલન. **સુદર્શન,** કામવિકાર ઉપર વિજય. મહાવીરતા. વીરનો ધર્મ. ગુણોની કદર. ક્ષમા વીરનું ભૂષણ. ખરું દાન. ખોટી ક્ષમા ધારણ કરવી તે કાયરતા છે. મહાજનનો મહામાર્ગ. ( ૪૯૫–૫૦૬ )

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૧૪ બુધવાર

**પ્રાર્થના.** મહાવીર ભગવાન. પરમાત્માને પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ. આત્માની પ્રાર્થના. આત્માને ભૂલી જાઓ નહિ. સક્રિય વિદ્યા. **અનાથી મુનિ.** ધર્મનો આધાર લઈ વિષય-લાલસાને પોષો એ કાલકૂટ વિષનું પાન કરવા સમાન છે. ધર્મરક્ષા અને મોહનો ત્યાગ. ક્રોધ–અધર્મનું મૂળ. નમ્રતા ધારણ કરવા વિષે નાસિરૂદ્દીન બાદશાહનું ઉદાહરણ. પ્રતિજ્ઞાનું પાલન. સાધુની સાચી સેવા. સાંસારિક ભાવના ન રાખવા વિષે ગવાલિકા સતીનું શાસ્ત્રીય દૃષ્ટાંત. ધર્મની શક્તિ. **સુદર્શન.** વ્યવહાર સાથે ધર્મસાધના. શેઠની કરુણાદષ્ટિ. મૈત્રીભાવના. *રાજકોટ સંઘનો રોવા કૂટવાની પ્રથા બંધ કરવાનો ઠરાવ. ધાર્મિક ક્રિયા. પાપનું પરિણામ અને* તેનું પ્રક્ષાલન. અનુકંપાનો અર્થ. ઉચ્ચ ભાવનાની શિક્ષા. ( ૫૦૬–૫૧૩ )

### વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૦)) ગુરુવાર

**પ્રાર્થના.** આદિનાથ ભગવાન. સાદી પ્રાર્થના. સાદી વસ્તુઓનું મહત્ત્વ. **અનાથીમુનિ.** પ્રભુમય જીવન બનાવવું—સંયમનો ઉદ્દેશ. ધ્યેય ભૂલી ન જાઓ. નિમિત્તજ્ઞાનનો સદુપયોગ કરો–દુરૂપયોગ નહિ. લક્ષણ જ્ઞાનદ્વારા ધર્મોદ્યોત. લક્ષણજ્ઞાનના દુરૂપયોગથી યતિસમાજનું પતન. સંઘહિતના નામે લક્ષણાદિનો ઉપયોગ અનુચિત. કુત્સિત વિદ્યા. સંયમની ભાવનાનો પ્રભાવ.

સાધુઓની સંગતિ. રોગો તો મિત્રસમાન છે એ વિષે સનત્કુમાર ચક્રવર્તીનું દષ્ટાંત. ભાવનાનો ચમત્કાર. **સુદર્શન.** સંયમ ધારણ કરવાનો નિશ્ચય. મનોરમા, પ્રજાજનો તથા રાજાનો સંસારમાં શાન્તિપૂર્વક રહેવાનો સુદર્શનનો અનુનય. શરીર મોટું કે ધર્મ મોટો ? ધર્મની સેવા. સંયમનો સ્વીકાર અને દીક્ષોત્સવ. ( ૫૧૩–૫૨૧ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો શુદી ૧ શુક્રવાર**

**પ્રાર્થના.** અજિતનાથ ભગવાન. ઉત્કૃષ્ટ ભાવના અને અનન્ય ભક્તિ, સાધક દશા. આત્મા અને પરમાત્મા સમાન. પરમાત્માની શોધ. સાચી વિશ્રાંતિનું સ્થાન–આત્મા. આત્મતત્ત્વસ્વરૂપ. **અનાથીમુનિ.** દ્રવ્યલિંગીની અજ્ઞાનતા. 'આત્મા જ પોતે વૈતરણી નદી સમાન દુઃખદાયક છે એવું આત્મભાન થાય તો હસવું કેમ આવે ?' એ વિષે બહુરૂપિયાનું અને રાજાનું દૃષ્ટાંત. મોહજનિતદશા–અજ્ઞાન. અમૃત ભાવના. અજ્ઞાન દુઃખદાયક છે. સુખ-દુઃખની કલ્પના. નૈતિક જીવન અને આધ્યાત્મિક જીવન. **સુદર્શન.** જીવનસાધના. સુદર્શનમુનિની શાન્તિ. પંડિતાની વૈરદૃષ્ટિ. હરિણીવેશ્યાનું મિથ્યાભિમાન. ( ૫૨૧–૫૨૮ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો શુદી ૨ શનિવાર**

**પ્રાર્થના.** સંભવનાથ ભગવાન, ભક્તની પ્રાર્થના. પરમાત્માનાં ગુણગાન શા માટે કરવાં ? મનુષ્ય શરીરની મહત્તા, જૈનધર્મ–સ્યાદ્વાદ. જીવનશુદ્ધિ અને મનુષ્યજન્મની પ્રાપ્તિ. પરમાત્માનો ઉપકાર. **અનાથીમુનિ.** સાધુની વ્યાખ્યા. કલ્પનીય–અકલ્પનીય આહાર વિષે વિચાર. ઉદ્દેશિક, ક્રીતકૃત, નિત્યપિંડ તથા અનૈષણિક આહાર શા માટે અકલ્પનીય છે ? તે વિષે વિચાર. અગ્નિ જેમ સર્વભક્ષી છે તેમ કુશીલ સાધુ કલ્પ–અકલ્પ ખાનપાન વિષે વિચાર કરતો નથી. ઉચ્ચ ભાવના રાખો. ભગવાનની આજ્ઞાનું આરાધન. દૃઢધર્મી બનો. **સુદર્શન.** દુઃસંગ સર્વથા ત્યાજ્ય છે. હરિણી વેશ્યાની કપટજાળ. સુદર્શનની નિશ્ચળતા. જીભને વશમાં રાખો. અભયા વ્યન્તરીનાં ઉપસર્ગો અને સુદર્શનની ધર્મદૃઢતા. પરમાત્મા પ્રત્યે એકાંગી પ્રીતિ. ( ૫૨૮–૫૩૬ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો શુદી ૫ મંગળવાર**

**પ્રાર્થના.** સુમતિનાથ ભગવાન. પ્રાર્થના એ આધ્યાત્મિક વિષય. આધ્યાત્મિકતાનો વિષય અવ્યાવહારિક નથી. એકનિષ્ઠ પ્રીતિ. પરમાત્માની સુગંધ–આત્મા. આત્માનો સાક્ષાત્કાર સાધુઓની ભ્રમરવૃત્તિ. 'ચૈત્ય' શબ્દનો અર્થ. **અનાથિમુનિ.** આધ્યાત્મિકતા અને સંસારભાવના સુઆત્મા અને દુરાત્મા. દુરાત્માની અધોગતિ. મહમ્મૂદ ગજનવીનો પશ્ચાત્તાપ. 'કોઈ જીવની હિંસા ન કરવી'—શાસ્ત્રનો સાર. અનાથી મુનિનો મુનિઓને ઉપાલંભ. જૈનધર્મની દૃષ્ટિ. જૈનધર્મનું ધ્યેય–મૈત્રીભાવ. **સુદર્શન.** મૈત્રીભાવનાદ્વારા આત્મવિકાસ અને બીજાનો ઉદ્ધાર. અભયા વ્યંતરીને જાતિસ્મૃતિજ્ઞાન. દૈવીશક્તિ વિરુદ્ધ માનવીશક્તિ. દેવની શક્તિ. (૫૩૬–૫૪૫)

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો શુદી ૬ બુધવાર.**

**પ્રાર્થના.** પદ્મપ્રભુ ભગવાન. પરમાત્માનું નામસંકીર્તન. પતિતપાવન પરમેશ્વર. **અનાથીમુનિ.** સાધુતાથી સંસારમાં શાન્તિ. ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સંબંધ. આધ્યાત્મિકતા વિષે ગેરસમજુતી. સ્થૂલતા અને સૂક્ષ્મતા વિષે વિચાર. સૂક્ષ્મના આધારે સ્થૂલ છે. આત્માની સૂક્ષ્મતા. 'ઉત્તમાર્થ'નો સ્પષ્ટાર્થ. વરવિક્રયની કુરુઢિના ત્યાગનો ઉપદેશ. **સુદર્શન.** દેવ-દેવી કરતાં મનુષ્યની શ્રેષ્ઠતા. શ્રાવકના ઘરની મહત્તા. મનુષ્યજન્મની ઉત્તમતા. 'મીંડુ

વિઘ્ન'—અનુકૂલ પરિષહ. તપઃસાધનાની પરીક્ષા. આત્મતત્ત્વના જ્ઞાન વિના અરણ્યવાસ નકામો. રાગદ્વેષ ઉપર વિજય. ( ૫૪૫–૫૫૩ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો શુદી ૭ ગુરુવાર**

**પ્રાર્થના.** સુપાર્શ્વનાથ ભગવાન. પ્રાર્થનાને હૃદયમાં ઉતારો. સ્યાદ્વાદદૃષ્ટિ. સાંસારિક આશા કરવી તે મોહજનિત વ્યવહાર. હૃદયમંદિરમાં ઘુસી ગએલા મોહાદિ ચોરોને બહાર કાઢો. 'નિસ્સહી' નો ઉદ્દેશ. કુસંગનો ત્યાગ. **અનાથીમુનિ.** સંસારભાવના અને અનાથતા. કુશીલની વ્યાખ્યા. સાધુતા–અસાધુતાનો વિવેક. 'પાસત્થા' કોણ કહેવાય ? પાસત્થા સાધુને વંદન–નમસ્કાર કરવાથી હાનિ. કુરરીપક્ષીનો પરિચય. કુશીલોને ઉપાલંભ આપવાનું કારણ–પ્રેમભાવ. શુભાશય. **સુદર્શન.** અનુકૂલ–પ્રતિકૂલ પરિષહોની સહનશીલતા. આત્માનું સ્વરૂપ, શિવ તે જ આત્મા. સુદર્શનની ઉચ્ચ ભાવના. શ્રીકૃષ્ણે વૃદ્ધને આપેલી સહાયતા. તીવ્ર વૈરાગ્યની સિદ્ધિ. પુણ્યનો પ્રભાવ. સુદર્શનનો જયકાર. ( ૫૫૩–૫૬૨ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો શુદી ૧૨ મંગળવાર**

**પ્રાર્થના.** શ્રેયાંસનાથ ભગવાન. પરમાત્માનું સ્મરણ. આત્માએ પરમાત્માની પ્રાર્થના શા માટે કરવી ? ચૈતન્યની પ્રાર્થના ચૈતન્યે શા માટે કરવી ? ચૈતન્યનો મહાઉપકાર. વિકારી આત્મા અવિકારી પરમાત્માની સેવા કેવી રીતે કરી શકે ? વિકારના નાશ માટે અવિકારીની ઉપાસના. **અનાથી મુનિ.** મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલો. બુદ્ધિમાન માણસોના બે પ્રકાર. વિવેકબુદ્ધિ પ્રગટાવો. ત્રણ પ્રકારના શ્રોતાઓનું શાસ્ત્રમાં વિસ્તૃત વર્ણન. ઉપદેશમાં સાવચેતી. ઉપદેશકનું કર્તવ્ય. નવકારમંત્રની શક્તિ, સાધ્વીઓની જવાબદારી. શ્રદ્ધા અને સ્પર્શના. **સુદર્શન.** ભગવાનની અમોઘ વાણી. એકતાની ભાવના. ગુણોનો આદર. "આત્મા જ બ્રહ્મ છે." એ વિષે ભગવતી સૂત્રનું પ્રમાણ. આત્મદેવની પૂજા. આત્મસ્વરૂપ જ્ઞાન અને ચારિત્ર. પાર્શ્વનાથ ભગવાન અને કમઠ તાપસ. દુષ્કૃત્યોનાં પશ્ચાત્તાપ. ( ૫૬૨–૫૭૩ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો વદી ૨ રવીવાર**

**પ્રાર્થના.** શાન્તિનાથ ભગવાન. શાન્ત આત્માને અશાન્તિ કેમ વળગે છે ? કામવાસનાથી અશાન્તિ. પરમાત્મા 'સત્યં શિવં સુંદરમ્' છે. શરીર અને આત્માનો વિવેક. શ્રદ્ધા તેવી ભાવના. ધર્મને માટે શરીરનું બલિદાન. મેઘરથ રાજાનો આદર્શ. **અનાથીમુનિ.** તમે શરીરના છો કે શરીર તમારું છે ! શરીરને આધીન બનો નહિ. કુશીલોના માર્ગને છોડી દો. કુશીલપણું શામાં છે ? તે વિષે સ્પષ્ટ સમજુતી. રામરાજ્ય અને સ્વરાજ્ય. સાધુની વ્યાખ્યા. મહાનિર્ગ્રન્થનો માર્ગ. **સુદર્શન.** નિષ્કામ પ્રાર્થનાનો વિજય, શૂળીનું સિંહાસન. અદશ્ય શક્તિનો પ્રતાપ. અધમોદ્ધારક સુદર્શન. પશ્ચાત્તાપનું સુફળ. ( ૫૭૩–૫૮૩ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો વદી ૫ મંગળવાર**

**પ્રાર્થના.** કુન્થુનાથ ભગવાન. વીતરાગના ધ્યાનદ્વારા યોગસિદ્ધિ. વીતરાગ દેવ. પરિવર્તનશીલ સંસાર. ત્રણ પ્રકારના રાગ. ધર્મરાગ પ્રશસ્ત. કામરાગ અને સ્નેહરાગ ત્યાજ્ય. સાચી ભક્તિ. **અનાથી મુનિ.** પંચવિધ આચારની વ્યાખ્યા. ત્રણ પ્રકારની આરાધના. ચારિત્રનું ફળ. સંયમ અને તપનાં ફળ વિષે પ્રશ્નોત્તર. સાધુઓ સ્વર્ગે કેમ જાય છે ! દેવભૂમિ વિશ્રામ–સ્થાન. સરાગતાને કારણે સ્વર્ગ. મુક્તિસ્વરૂપ. સંસાર અને મુક્તિ. અનાથી મુનિનો ઉપદેશ સાધુ તથા ગૃહસ્થોને સમાન ઉપયોગી. ધર્મનું બળ. સત્યથી વ્યવહાર ચાલે છે. **સુદર્શન.**

આત્મબળનાં કારણો. ફૂડકપટની નિંદા. પાપને દબાવો નહિ. હૃદયમાં પાપશલ્ય કાઢી નાંખો. સત્સંગનો લાભ. પ્રભવચોર અને ચિલાયતી ચોરનો આત્મસુધાર. મિથ્યાત્વી અને સમદષ્ટિ. સુદર્શનનો ધર્મોપદેશ. જનપદવિહાર. ( ૫૮૩–૫૯૧ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો વદી ૬ બુધવાર**

**પ્રાર્થના.** અરહનાથ ભગવાન. પ્રાર્થનાનું સાચું રહસ્ય. આત્મસ્વરૂપ. આત્મા કોને અધીન થઈ રહ્યો છે એ વિષે પૂર્વાચાર્યોએ કરેલી સુંદર કલ્પના. એ વિષે ઉપનિષત્‌નું પ્રમાણ. ધર્મસારથિ-ભગવાન. મનુષ્યજીવનની સાર્થકતા વિષે મુનિશ્રી રઘુનાથજી મહારાજે સિંધીજીને કરેલી ટકોર. **અનાથી મુનિ.** મોક્ષની અભિલાષા. चलमाणे चलिए, कडमाणे कडे એ સિદ્ધાંતનું નિરૂપણ. મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલો. જ્ઞાન અને ક્રિયાનો સમન્વય. તે વિષે અંધ અને પંગુનું પ્રસિદ્ધ ઉદાહરણ. 'પોપટીયા જ્ઞાન' વિષે પોપટ અને બિલાડીનું ઉદાહરણ. આજનું પોપટીયું શિક્ષણ. ૭૨ પ્રકારની કલાનું શિક્ષણ આપવાનો ઉદ્દેશ–સ્વતંત્રજીવન. સાચો પુણ્યવાન કોણ ! સ્વતંત્ર કે પરતંત્ર ! ઉચ્ચ અને નીચ કોણ ? જ્ઞાન અને ક્રિયાનો સમન્વય એ જ સમ્યગ્જ્ઞાન. **સુદર્શન.** મીઠા મૂળનાં મીઠાં ફળ. પુત્રનું લક્ષણ. સાચી મિત્રતા. કુસંગતિનું દુષ્પરિણામ. સુદર્શન મુનિનો પ્રતાપ. ( ૫૯૧–૬૦૧ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો વદી ૮ શુક્રવાર**

**પ્રાર્થના.** મુનિસુવ્રત ભગવાન. ભાવનાની આવશ્યકતા. સંસારનાં આઘાતો સહેવાની તાલીમ. નમસત્ય પ્રગટ કરવા વિષે દુર્યોધનનું દૃષ્ટાંત. વચનબાણનો આઘાત. મહાવીરની સાચી ભક્તિ શામાં છે ? બ્રાહ્મણત્વ અને ક્ષાત્રત્વ. ક્ષમાગુણને અપનાવો. પરમાત્માનું સ્વરૂપ— 'સત્યં શિવં સુન્દરમ્.' **અનાથી મુનિ.** મહાસૂત્ર બધાને સૂર્ય પ્રકાશની સમાન હિતકારી છે. 'ઉગ્ર' નો અર્થ. વીરપુરુષની વીરતા. ઇન્દ્રિયદમનમાં ઉગ્રતા. ક્ષત્રિયોને બાહુની ઉપમા કેવી રીતે સાર્થક છે : ઉપવાસ–તપનું એક અંગ. તપોમહિમા, **સુદર્શન.** હરિણી વેશ્યાનો પશ્ચાત્તાપ. સાચું ચિત્તરંજન. સાચો શ્રૃંગાર. ( ૬૦૧–૬૦૯ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો વદી ૯ શનિવાર**

**પ્રાર્થના.** નમિનાથ ભગવાન. અભેદ સંબોધન. જડવિજ્ઞાને ઉપાધિઓને આપેલો જન્મ. પરમાત્માનું ભજન એ સરળ કામ છે. યોગસાધનાનો સરળ ઉપાય—ઈશ્વર પ્રણિધાન, ઈશ્વર-સ્વરૂપ. ઈશ્વર ક્લેશ, કર્મ, વિપાક અને આશયાદિથી રહિત હોય છે. ક્લેશનું મૂળ કારણ–અવિદ્યા. વિદ્યા અને અવિદ્યાનો વિવેક. ત્રણ પ્રકારનાં કર્મો. વિપાક કર્મફળ. કર્મ ન હોય તો કર્મફળ ક્યાંથી સંભવે ? આશયનું બીજું નામ—સંસ્કાર. પરમાત્માની ભક્તિ. **અનાથી-મુનિ.** સાચું ગુણવર્ણન. સાચું ધન—તપોધન. તપોધનની વિશેષતા. અનશન તપનું મહત્ત્વ. બાર પ્રકારનાં તપ. જીવનમાં તપનું સ્થાન. સાચી દવા. વિષયવાસના ઉપર વિજય મેળવવાનું સાધન—ઉપવાસ. ઉપવાસની વ્યાખ્યા. **સુદર્શન.** સાચો શ્રૃંગાર. કામી કુતરાઓની લાલસા. હરિણી વેશ્યાનો પંડિતો ઉપર પાડેલો પ્રભાવ. ( ૬૦૯—૬૧૬ )

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો વદી ૧૩ બુધવાર**

**પ્રાર્થના.** મહાવીર ભગવાન. આત્મસાક્ષાત્કારનું શ્રેષ્ઠ સાધન—પ્રાર્થના. દૃશ્ય અને દૃષ્ટા. આત્મબોધ. ઉચ્ચ ભાવના ભાવો. આત્મસાક્ષાત્કારદ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કેવી રીતે થાય ? આત્મજાગૃતિદ્વારા વિઘ્નોનો નાશ. આ વિષે શિવાજી અને દેશપાંડેનું ઐતિહાસિક

ઉદાહરણ. **અનાથીમુનિ.** સાચી વીરતા. ક્ષત્રિયોનું સ્વાભિમાન અને તેમની નમ્રતા. સાચો સનાથ કોણ? નીતિનું પહેલું પગથીયું. અજ્ઞાનનો દોષ. **સુદર્શન.** હરિણી વેશ્યાનું જીવન પરિવર્તન. પંડિતાનો જીવનસુધાર. મહાત્મા સુદર્શનના આદર્શનું અનુસરણ ( ૬૧૬-૬૨૩ ).

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક સુદી ૧ રવિવાર

**પ્રાર્થના.** સંભવનાથ ભગવાન. લક્ષ્યપૂર્વક પ્રાર્થના કરો. બુદ્ધિના વિકાસની સાથે પ્રાર્થનાનો વિકાસ કરો, સંભવનાથના નામની સાર્થકતા. માતૃશક્તિ અને પિતૃશક્તિ. અન્ન અને પ્રાણનો પારસ્પરિક સંબંધ. જૈનદર્શનનું રહસ્ય. **અનાથમુનિ.** સુપાત્રનું લક્ષણ. મનુષ્યજન્મની સાર્થકતા શામાં છે? મનુષ્યજીવનનો સાચો લાભ. ( ૬૨૩-૬૨૯ )

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૩ મંગળવાર

**પ્રાર્થના.** અભિનંદન ભગવાન. સરળ અને મધુર આશા. જે દ્વારા બધાને પોષણ મળે તે જ મધુર વસ્તુ છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ શ્રદ્ધા. ઉપાદાન અને નિમિત્ત. **અનાથમુનિ.** સત્સમાગમદ્વારા તીર્થંકર ગોત્રનું ઉપાર્જન. કૃતજ્ઞ બનો. શરીરનાં સુલક્ષણોનો સદુપયોગ અને દુરુપયોગ. મનુષ્યજન્મની સફળતા. આત્માની ભૂલ કયાં થાય છે એ જુઓ. સંયમ ધારણ કરવામાં મનુષ્યજીવનની સાર્થકતા. યોગક્ષેમ કરે તે નાથ. ઉપાદાન અને નિમિત્તની આવશ્યકતા.( ૬૨૯-૬૩૩ )

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૫ ગુરુવાર

**પ્રાર્થના.** પદ્મનાથ ભગવાન. પરમાત્માના નામનું માહાત્મ્ય. કલિયુગનો પ્રભાવ. જ્ઞાનનો માર્ગ. સંકટો આત્મવિકાસમાં સહાયક છે. ઉત્કૃષ્ટ મંગળ—ધર્મ. ધર્મોપાસનાનું બળ. પાપની ગતિ બહુ ધીમી છે. પાપનું પ્રાયશ્ચિત્ત કરો. કામલોલુપ્ત મનને કાબુમાં રાખો. પાપ કે ધર્મમાં મનની સહાયતા. નામ અને નામીને અભેદ બનાવો. પરમાત્મા સમક્ષ આત્માનું નગ્ન સ્વરૂપ પ્રકટ કરો. **અનાથિમુનિ.** પરવસ્તુની પરતંત્રતા છોડી આત્માને સ્વતંત્ર બનાવો—સનાથ બનવાનો આજ માર્ગ છે. મમત્વ છે ત્યાં અનાથતા છે. સનાથ મુનિનું શરણ સ્વીકારો. નિર્મમ રહેવું એ સાધુઓનો ધર્મ છે. સાધુઓએ સુખશીલ બનવું ન જોઈએ. ( ૬૩૩-૬૪૦ )

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૭ શનિવાર

**પ્રાર્થના.** ચન્દ્રપ્રભુ ભગવાન. જગતશિરોમણિ પરમાત્મા. જગતનું સ્વરૂપ. જગત્ પ્રભુમય છે. પરમાત્માના સેવકનું કર્ત્તવ્ય. પાંચ મહાવ્રતોનું પાલન—સાધુઓનું કર્ત્તવ્ય. પાંચ અણુવ્રતોનું પાલન—શ્રાવકોનું કર્ત્તવ્ય. પરમાત્માની સાચી ભક્તિ. પ્રામાણિક બનો. આહાર તેવો ઓડકાર. **અનાથિમુનિ.** અજ્ઞાન જેવું એકેય પાપ નથી. આજની વિદ્યા—કુવિદ્યા છે. આત્માનું અસ્તિત્વ. પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાન પ્રમાણ. ઇન્દ્રિયપ્રત્યક્ષ કરતાં અનુમાન પ્રમાણનો વધારે આધાર લેવો પડે છે. પ્રત્યક્ષપ્રમાણ અને પરોક્ષપ્રમાણ—બન્નેની આવશ્યકતા. અનુમાનપ્રમાણદ્વારા આત્માની સિદ્ધિ. ભૂતકાળની ભૂલનો પશ્ચાતાપ કરો. ( ૬૪૦-૬૪૬ )

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૮ રવિવાર

**પ્રાર્થના.** સુવિધિનાથ ભગવાન. પ્રાર્થનાના સાધનદ્વારા ઈશ્વરત્વ—સાધ્યની સિદ્ધિ સાધો. કર્માવરણોને દૂર કરવાં એ અસાધ્ય નથી. દૃઢ વિશ્વાસનું સુફળ. ક્ષમાથી પારલૌકિક લાભ થાય છે તેમ તાત્કાલિક લાભ પણ થાય છે. ક્રોધનું મૂળ શોધો. ક્ષમાદ્વારા માનસિક શાન્તિ. અપરાધનો બદલો અપરાધ કરીને ન આપો. સંસારની શાન્તિનું કારણ ક્ષમા—અહિંસા છે. **અનાથિમુનિ.** શ્રેણિકની નમ્રતા. માતાપિતાનો ઉપકાર. પાશ્ચાત્ય દેશની સંસ્કૃતિની ખરાબ અસર. સાચી શિક્ષા. સદ્ગુરુનું મહત્ત્વ. મહાન્ પુરુષોની નાની ભૂલ પણ મોટી ગણાય છે.

ભાવદયાનું મૂળ—અનુકંપા. અનુકંપાથી આત્મલાભ કેવી રીતે થાય છે તે વિષે અમેરિકાના એક ન્યાયાધીશનું દૃષ્ટાંત. દરેક જીવ ઉપર દયાભાવ રાખો. ( ૬૪૬–૬૫૪ )

**વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૧૦ મંગળવાર**

**પ્રાર્થના.** શીતલનાથ ભગવાન. સાચા કલ્પવૃક્ષ સમાન પરમાત્મા છે. બુદ્ધિને અન્તર્મુખી બનાવો. આત્મસ્વરૂપ. દૃષ્ટા અને દૃશ્ય. આત્મા પંચભૂત નથી. આત્મા સચ્ચિદાનંદ છે. જડ કલ્પવૃક્ષથી જડ વસ્તુ મળે છે. પરમાત્માની આરાધનાનું ફળ. **અનાથી મુનિ.** ગુરુને ઓળખવાનું સાધન–સનાથતા. સંસારથી વિમુખ રહે તે ગુરુ છે. રાજસિંહ અને અનગારસિંહ. સિંહની વિશેષતા. સિંહવૃત્તિ અને શ્વાનવૃત્તિ વચ્ચેનું અંતર. કામદેવનો સિંહસ્વભાવ. ઉપાસ્ય અને ઉપાસક. સિંહની સેવા સિંહ જ કરી શકે છે. ( ૬૫૪—૬૬૧ ).

**વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૧૧ બુધવાર**

**પ્રાર્થના.** શ્રેયાંસનાથ ભગવાન. 'પરમાત્માનું સ્મરણ કર.' બધી વસ્તુઓ આત્માને લઈને પ્રિય છે. વસ્તુઓના બે પ્રકાર. અર્પિત વસ્તુ અને અનર્પિત વસ્તુ. **અનાથી મુનિ.** શ્રેણિક રાજાની રાજપરિવાર સહિત ક્ષમાયાચના. કેશી મુનિ અને પરદેશી રાજાનું તે વિષે ઉદાહરણ. શ્રેણિક રાજાનો પ્રભાવ. સંસ્કૃતિનું સંરક્ષણ કરે તે વિદ્યા. ગ્રામ્યસુધારની આવશ્યક્તા. ગાંધીજીની સાદાઈ. અનાવશ્યક કપડાં પહેરો નહિ. શ્રેષ્ઠ લોકોનું કર્ત્તવ્ય. લોકોની બુદ્ધિમાં ભેદ ન પાડો. પ્રદક્ષિણાનો આશય. ગુણોનો સ્વીકાર કરવો એ પ્રદક્ષિણાનો હેતુ. ભક્તિનો આવેગ. શ્રેણિક રાજાનો આત્મસંતોષ. ( ૬૬૧—૬૬૮ ).

**વ્યાખ્યાન : સંવત ૧૯૯૩ કારતક શુદી ૧૪ શુક્રવાર**

**પ્રાર્થના.** વિમલનાથ ભગવાન. આત્મદર્શન–પ્રાર્થના. આજનો વિકાસવાદ. ચૈતન્યનો વિકાસ. **અનાથી મુનિ.** ઉપદેશ શ્રવણથી પ્રસન્નતા. 'જેનો અંત સારો તેનું બધું સારૂં'. ગુણસમૃદ્ધિ. ત્રિગુપ્તિદ્વારા આત્માનું રક્ષણ. ત્રિવિધ દંડથી આત્મા દંડાય છે. પક્ષીઓની માફક મુનિઓનો વિહાર. પક્ષીઓનો આધાર–આકાશ. **ઉપસંહાર.** જ્ઞાન અને ક્રિયાનું સાહચર્ય. જ્ઞાન અને ક્રિયા વિષે વીરસેન અને ઉદયસેનની શાસ્ત્રીય કથા. જ્ઞાન વિનાની ક્રિયા પાંગળી છે અને ક્રિયા વિનાનું જ્ઞાન આંધળું છે. રોગ પેદા થવાનાં નવ કારણો વિષે સ્થાનાંગ-સૂત્રનો ઉલ્લેખ. નિરોગી જ ધર્મની સેવા કરી શકે છે. ( ૬૬૮–૬૭૫ )

**અન્તિમ વ્યાખ્યાન: સંવત ૧૯૯૩ કારતક વદી ૧ રવિવાર**

**પ્રાર્થના.** ધર્મનાથ ભગવાન. સાદી વસ્તુનું મહત્ત્વ. પ્રાર્થના–પરમાત્માને ઓળખવાનો સાદો અને સરળ ઉપાય. ધર્મપ્રભુને હૃદયમાં સ્થાન આપો. પરમાત્મા ઉપર વિશ્વાસ રાખો. પરમજ્યોતિ પરમાત્માના ઉપાસક બનો. આ જ અંતિમ ઉપદેશ છે. પ્રશંસાથી ફુલાઈ જવું ન જોઈએ. પ્રાણસંજીવની જડીબુટ્ટી જેવા સાધુઓને સાચવવાની જવાબદારી શ્રાવકો ઉપર છે. રાજકોટ ચાતુર્માસની ઈચ્છા. ઋણ મુક્તિ. ચારે તીર્થોનું કર્તવ્ય. રોવા–કૂટવાની પ્રથાનો ત્યાગ કરો. વર વિક્રયની પ્રથા દૂર કરો. ધર્મસાહિત્યનો પ્રચાર કરો. ખાનપાનમાં વિવેક રાખો. પશુધનની રક્ષા કરો. સરકારના સહકારનો લાભ લો. ક્ષમાપના (૬૭૫–૬૮૪)

પરિશિષ્ટ પહેલું—વિહાર નોંધ. ... ... ... ... (૬૮૫—૬૮૭)

પરિશિષ્ટ બીજું—રાજકોટના ચાતુર્માસ દરમ્યાન થએલ દાનની સંક્ષિપ્ત નોંધ. ...૬૮૮

પરિશિષ્ટ ત્રીજું—ચાતુર્માસ દરમ્યાન સજોડે શીયળવ્રત અંગીકાર કરનારાઓની શુભ નામાવળી. ... ... ... ... ... ...૬૯૧

પરિશિષ્ટ ચોથું—ચાતુર્માસ દરમ્યાન મોટી તપશ્ચર્યાની નોંધ. ... ... ૬૯૨

શ્રીમાન્ વિનયચંદજી કુંભટવિરચિત

# ચોવીશ જિનસ્તવનાવલી

[ ચતુર્વિંશતી-જિનસ્તવન ]

---

[ પૂજ્યશ્રી જવાહિરલાલજી મહારાજશ્રી હમેશાં વ્યાખ્યાનના પ્રારંભમાં ઘણાં વર્ષોથી જે જિનસ્તવન પ્રાર્થનારૂપે બોલે છે અને તે ઉપર પોતાનાં ભાવપૂર્ણ વિચારો વ્યક્ત કરે છે તે જિનસ્તવનો અત્રે આપવામાં આવે છે. ]

## ૧—ઋષભદેવ સ્તવન

[ ઉમાં દે ભટિયાણી હો—એ દેશી ]

શ્રી આદીશ્વર સ્વામી હો,
પ્રણમૂં સિર નામી તુમ ભણી, પ્રભુ અંતરયામી આપ; ।
મો[૧] પર મ્હેર કરીજે હો,
મેટીજે[૨] ચિંતા મન તણી, મારાં કાટો[૩] પુરાકૃત[૪] પાપ; ॥ શ્રી૦ ૧ ॥
આદિ ધરમકી કીધી હો,
ભર્ત ક્ષેત્ર સર્પણી[૫] કાલ મેં, પ્રભુ જુગલ્યા[૬] ધર્મ નિવાર[૭]; ।
પહલા નરવર[૮] મુનિવર હો,
તીર્થંકર જિન હુઆ કેવલી, પ્રભુ તીર્થ થાપ્યાં ચાર. ॥ શ્રી૦ ૨ ॥
મા 'મરુદેવી' દેવ્યા થારાં[૯] હો;
ગજ હોદે મોક્ષ પધારીયાં, તુમ જન્મ્યા હિ પ્રમાણ; ।
પિતા 'નાભિ' મહારાજા હો,
ભવ દેવ તણો કરી નર થયા, પછે પામ્યા પદ નિરવાણ. ॥ શ્રી૦ ૩ ॥
ભરતાદિક સો નન્દન[૧૦] હો,
બે પુત્રી 'બ્રાહ્મી' 'સુન્દરી', પ્રભુ એ થારા[૧૧] અંગજાત;[૧૨] ।
સઘલાઈ કેવલ પાયા હો,
સમાયા અવિચલ જોત મેં, પ્રભુ ત્રિભુવન મેં વિખ્યાત. ॥ શ્રી૦ ૪ ॥
ઇત્યાદિક બહુ તાર્યા હો,
જિણકુલમેં પ્રભુ તુમ ઉપન્યા, કોઈ આગમમેં અધિકાર; ।
અવર અસંખ્યા તાર્યા હો,
ઉધાર્યા સેવક આપરા[૧૩], પ્રભુ સરણા સાધાર[૧૪]. ॥ શ્રી૦ ૫ ॥

---

૧—મારા પર; ૨ મટાડો; ૩—કાપ; ૪—પહેલાં કરેલાં; ૫—હાલ વર્તી રહ્યો છે તે છ આરાવાળો અવસર્પિણી ( ઉતરતો ) કાળ; ૬—જુગલિયાં મનુષ્યનાં કર્ત્તવ્ય; ૭—ટાળીને; ૮—નરપતિ—રાજા. ૯—તારી; ૧૦—પુત્ર; ૧૧—તારાં; ૧૨—સંતાન; ૧૩—આપના; ૧૪—આધાર સહિત.

અશરણ શરણ કહીજે હો,
પ્રભુ બિરદ વિચારો સાહિબા, કાંઈ અહો ગરીબ નિવાજ; ।
શરણ તિહારી આયો[1] હો,
હું ચાકર જિન ચરણાં તણો, મ્હારી સુનિએ અરજ અવાજ ॥ શ્રી૦ ૬ ॥
તુમ કરુણાકર ઠાકુર હો,
પ્રભુ ધર્મ દિવાકર જગગુરુ, મારાં ભવદુઃખ દુષ્કૃત ટાલ; ।
'વિનયચન્દ'ને આપો હો,
પ્રભુ નિજ ગુણસંપત શાશ્વતી, પ્રભુ દીનાનાથ દયાલ. ॥ શ્રી૦ ૭ ॥

## ૨—શ્રી અજિતનાથ સ્તવન

**[ કુવ્યસન મારગ માથેરે ધીક ધીક—એ દેશી ]**

શ્રી જિન અજિત નમો જયકારી, તું દેવનકો દેવજી; ।
"જિતશત્રુ" રાજા ને "વિજયા" રાણીકો, આતમજાત ત્વમેવજી; ।
શ્રી જિન અજિત નમો જયકારી. ॥ શ્રી૦ ૧ ॥
દૂજા દેવા અનેરા જગમેં, તે મુજ દાય[2] ન આવેજી; ।
તહ મને તહ વચને હમને, તુંહી જ અધિક સુહાવેજી. ॥ શ્રી૦ ૨ ॥
સેવ્યા દેવ ઘણા ભવભવમેં, તો મુજ ગરજ ન સારીજી ।
અબ કૈ શ્રી જિનરાજ મિલ્યો તૂ, પૂરણ પર ઉપકારજી. ॥ શ્રી૦ ૩ ॥
ત્રિભુવનમેં જસ ઉજ્જવલ તેરો, ફૈલ રહ્યો જગ જાણેજી; ।
વંદનીક પૂજનીક સકલકો, આગમ એક વખાણેજી. ॥ શ્રી૦ ૪ ॥
તૂ જગજીવન અંતરજામી, પ્રાણ આધાર પિયારોજી; ।
સબ વિધિ લાયક સંતસહાયક, ભક્ત વછલ બિરુદ[3] થારોજી. ॥ શ્રી૦ ૫ ॥
અષ્ટસિદ્ધિ નવ નિધિકો દાતા, તો સમ અવર ન કોઈજી; ।
વાધે તેજ સેવકકો નિશદિન, જૈથ તૈથ[4] જ હોયજી. ॥ શ્રી૦ ૬ ॥
જ્ઞાન દર્શન સંપત્તિ લે, ઈશ ભયો અવિકારીજી; ।
અવિચલ ભક્તિ 'વિનયચંદ'કુ, દ્યો તો જાણું રીઝ તુસારીજી ॥ શ્રી૦ ૭ ॥

## ૩—શ્રી સંભવનાથ સ્તવન

**[ આજ મારા પાસજી ને ચાલો બંદન જઈએ—એ દેશી ]**

આજ મ્હારા સંભવ જિનકે, હિતચિત્તસું[5] ગુણ ગાસ્યાં,
મધુર મધુર સ્વર રાગ અલાપી[6], ગહરે[7] શબ્દ ગુંજાસ્યાં[8] રાજ;
આજ મ્હારા સંભવ જિનકે, હિતચિત્તસું ગુણ ગાસ્યાં. ॥ ૧ ॥

---

૧—આવ્યો; ૨ પસંદગીમાં, નજરમાં. ૩ લાયકાત, ભૂષણ. ૪ જ્યાંત્યાં. ૫ શુભ મનથી. ૬ લલકારી. ૭—ગંભીર. ૮ ધૂન લગાવીશું.

નૃપ " જિતારથ " " સેન્યા " રાણી, તસ સુત સેવક થાસ્યાં ।
નવધા[1] ભક્તિ ભાવસોં કરને, પ્રેમ મગન હુઇ જાસ્યાં, રાજ. ॥ આ૦ ૨ ॥
મન બચ કાય લાય[2] પ્રભુ સેતી,[3] નિસ દિન સાસ ઉસાસ્યાં ।
સંભવ જિનકી મોહની મૂરતિ, હિયે નિરંતર ધ્યાસ્યાં, રાજ. ॥ આ૦ ૩ ॥
દીન દયાલુ દીન-બંધવ કે, ખાનાજાદ[4] કહાસ્યાં; ।
તન ધન પ્રાણ સમર્પી પ્રભુકો, ઇન પર બેગ[5] રીઝાસ્યાં, રાજ. ॥ આ૦ ૪ ॥
અષ્ટ કર્મદલ અતિ જોરાવર, તે જીત્યાં સુખ પાસ્યાં ।
જાલમ મોહ માર કો જામેં, સાહસ કરી ભગાસ્યાં, રાજ. ॥ આ૦ ૫ ॥
ઉબટ[6] પંથ તજી દુરગત કો, શુભ ગતિ પગ સંભાસ્યાં[7];
અગમ અર્થ તણે અનુસારે, અનુભવ દશા અભ્યાસ્યાં, [8]રાજ. ॥ આ૦ ૬ ॥
કામ, ક્રોધ, મદ, લોભ, કપટ, તજી, નિજ ગુણસું લવલાસ્યાં[9]; ।
' વિનયચંદ ' સંભવ જિન તૂઠયાં[10] આવાગમન મિટાસ્યાં રાજ. ।
આજ મ્હારા સંભવ જિન કે હિત ચિત્તસું ગુણ ગાસ્યાં, રાજ. ॥ આ૦ ૭ ॥

## ૪—શ્રી અભિનન્દનનાથ સ્તવન

[ આદર જીવ ક્ષમા ગુણ આદર—એ દેશી ]

શ્રી અભિનન્દન દુઃખનિકન્દન, વંદન પૂજન જોગજી; ।
આશા પૂરો ચિંતા ચૂરો, આપો સુખ આરોગજી. ॥ શ્રી૦ ૧ ॥
' સંબર ' રાય ' સિદ્ધારથા ' રાણી તેહનો આતમજાતજી; ।
પ્રાણ પિયારો સાહબ સાંચો, તુંહી માત ને તાતજી. ॥ શ્રી૦ ૨ ॥
કેઈ એક સેવ કરે શંકરકી, કેઈએક ભજે મુરારીજી; ।
ગનપતિ સૂર્ય ઉમા[11] કેઈ સુમરે, હું સુમરું અવિકારીજી[12]. ॥ શ્રી૦ ૩ ॥
દૈવ કૃપાસું પામે લક્ષ્મી, સો ઇન ભવનકો સુખજી; ।
તો તૂઠયાં ઇન ભવ-પરભવમેં, કદેઈ[13] ન વ્યાપે દુઃખજી. ॥ શ્રી૦ ૪ ॥
જદપિ ઇન્દ્ર નરેંદ્ર નિવાજે,[14] તદપી કરત નિહાલજી. ।
તૂ પૂજનિક નરેંદ્ર ઇંદ્ર કો, દીનદયાલ કૃપાલજી. ॥ શ્રી૦ ૫ ॥
જબ લગ આવાગમન ન છૂટે, તબ લગ એ અરદાસજી;[15] ।
સંપત્તિ સહિત જ્ઞાન-સમકિત ગુણ, પાઉં દઢ વિશવાસજી. ॥ શ્રી૦ ૬ ॥
અધમ ઉધારન બિરુદ તિહારો, ચાવો[16] ઇણ સંસારજી; ।
લાજ ' વિનયચન્દ ' કી અબ તો તે, ભવનિધિ પાર ઉતારજી. ॥ શ્રી૦ ૭ ॥

---

૧ નવ પ્રકારની. ૨ લાવીને, આણીને, લગાવીને, ૩—થી, થકી. ૪ અસલ, કુલીન. ૫ તરત. ૬ ઉલટો. વિપરીત. ૭ પ્રકાશ કરીશું. ૮ અભ્યાસ કરીશું. ૯ લવલીન થઈશું. ૧૦ પ્રસન્ન થયે. ૧૧—પાર્વતી. ૧૨—નિર્વિકાર સિદ્ધદેવ. ૧૩—ક્યારેય પણ. ૧૪—પ્રસન્ન થાય. ૧૫—અરજ, પ્રાર્થના. ૧૬—પ્રખ્યાત, જાહેર.

## ૫—શ્રી સુમતિનાથ સ્તવન

**[ શ્રી શીતલ જીન સાહિબાજી–એ દેશી ]**

સુમતિ જીણેસર સાહિબાજી, 'મેઘરથ' નૃપ નો નંદ; ।
'સુમંગલા' માતા તણો, તનય સદા સુખ–કન્દ ।
પ્રભુ ત્રિભુવન તિલોજી. ॥ ૧ ॥
પ્રભુ ત્રિભુવન તિલોજી, સુમતિ સુમતિ દાતાર; ।
મહા મહિમા નીલોજી,[૧] પ્રણમું વાર હજાર. ॥ પ્રભુ૦ ૨ ॥
મધુકરનો મન મોહિયોજી, માલતી કુસુમ સુવાસ; ।
ત્યું મુઝ મન મોહ્યો સહી, જીન–મહિમા સુવિમાસ.[૨] ॥ પ્રભુ૦ ૩ ॥
જ્યું પંકજ[૩] સુરજમુખીજી, વિકસે સૂર્ય પ્રકાશ; ।
ત્યું મુજ મનડો ગહ ગયો, સુન જિન ચરિત હુલ્લાસ. ॥ પ્રભુ૦ ૪ ॥
પપઈયો પિયુપિયુ કરેજી, જાન વૃષા ઋતુ મેહ; ।
ત્યું મો મન નિશદિન રહો, જિન સમરનસું નેહ. ॥ પ્રભુ૦ ૫ ॥
કામભોગની લાલસારે, થિરતા ન ધરે મન્ન; ।
પિણ તુમ ભજન–પ્રતાપથી, દાઝે દુરમતિ વન્ન. ॥ પ્રભુ૦ ૬ ॥
ભવનિધિ પાર ઉતારિયેરે, ભક્ત વચ્છલ[૪] ભગવાન; ।
'વિનયચન્દ' ની વીનતી, તુમ[૫] માનો કૃપાનિધાન. ॥ પ્રભુ૦ ૭ ॥

## ૬—શ્રી પદ્મપ્રભુ સ્તવન

**[ નાથ કૈસે ગજકો બંધ છુડાયો–એ દેશી ]**

પદ્મ પ્રભુ પાવન નામ તિહારો, પતિત ઉધારન હારો;
જદપિ ધીવર[૬] ભીલ કસાઈ, અતિ પાપિષ્ટ જમારો;
તદપિ જીવહિંસા તજ પ્રભુ ભજ, પાવૈ ભવનિધિ પારો. ॥ પદ્મ૦ ૧ ॥
ગો બ્રાહ્મણ પ્રમદા બાલક કી, મોટી હત્યાચ્યારો; ।
તેહનો કરણહાર પ્રભુ ભજને, હોત હત્યાસું ન્યારો. ॥ પદ્મ૦ ૨ ॥
વેશ્યા ચુગલ છિનાર જુવારી, ચોર મહાવટ[૭] મારો; ।
જો ઇત્યાદિ ભજે પ્રભુ તોને, તો નિવૃત્ત સંસારો. ॥ પદ્મ૦ ૩ ॥
પાપ પરાલ કો પુંજ બન્યો અતિ, માનું મેરુ આકારો; ।
તે તુમ નામ હુતાશન સેતી, સહસા પ્રજ્વલત સારો. ॥ પદ્મ૦ ૪ ॥
પરમ ધરમકો મરમ મહારસ, સો તુમ નામ ઉચ્ચારો; ।
યા સમ મંત્ર નહિ કોઈ દૂજો, ત્રિભુવન મોહનગારો. ॥ પદ્મ૦ ૫ ॥
તો સમરન બિન ઇણ કલિયુગમેં, અવર ન કોઈ આધારો; ।
મેં બલિ[૮] જાઉં તો[૯] સમરન પર, દિન દિન પ્રિત વધારો. ॥ પદ્મ૦ ૬ ॥
"સુષિમા" રાણીકો અંગજાત તું, "શ્રીધર" રાય કુમારો; ।
"વિનયચન્દ" કહે નાથ નિરંજન, જીવન પ્રાણ હમારો. ॥ પદ્મ૦ ૭ ॥

---

૧–ઘર, ધામ. ૨–સારીરીતે વિચારીને. ૩–કમળ. ૪–જેને ભક્તો પ્રિય છે એવા. ૫–તમે. ૬–મચ્છીમાર. ૭–મોટો વાટપાડુ. ૮–વારી જાઉં. ૯–તારા.

## ૭—શ્રી સુપાર્શ્વનાથ સ્તવન

**[ પ્રભુજી દીનદયાલ, સેવક શરણે આયો—એ દેશી ]**

'પ્રતિષ્ઠસેન' નરેશ્વર કો સુત, 'પૃથ્વી' તુમ મહતારી; ।
સુગણ સ્નેહી સાહબ સાચો, સેવકને સુખકારી. ॥
શ્રી જિનરાજ સુપાસ પૂરો આશ હમારી. ॥ ટેર ॥ શ્રી૦ ૧ ॥
ધર્મ કામ ધન મોક્ષ ઇત્યાદિક, મનવાંછિત સુખ પૂરો; ।
બાર-બાર મુઝ યેહી બિનતી, ભવ-ભવ ચિંતા ચૂરો. ॥ શ્રી૦ ૨ ॥
જગત શિરોમણિ ભક્તિ તિહારી, કલ્પવૃક્ષ સમ જાણું; ।
પૂરણ બ્રહ્મ પ્રભુ પરમેશ્વર, ભવ-ભવ તોય પિછાણું. ॥ શ્રી૦ ૩ ॥
હું સેવક તું સાહબ મેરો, પાવન પુરુષ વિજ્ઞાની; ।
જનમ-જનમ જિત[1] તિત જાઉં તો, પાલો પ્રીતિ પુરાની. ॥ શ્રી૦ ૪ ॥
તારણ-તરણ અશરણ-શરણકો, બિરુદ ઇસ્યો તુમ સોહે; ।
તો સમ દિન-દયાલ જગતમેં, ઇન્દ્ર નરેન્દ્ર ન કોહે. ॥ શ્રી૦ ૫ ॥
શંભુ રમણ બડો સમુદ્રો મેં, શૈલ[2] સુમેરુ વિરાજે; ।
તું ઠાકુર ત્રિભુવનમેં મોટો, ભક્તિ કીયાં દુઃખ ભાજે ॥ શ્રી૦ ૬ ॥
અગમ અગોચર તું અવિનાશી, અલખ અખંડ અરૂપી; ।
આહત દરસન 'વિનયચંદ' તેરો, સચ્ચિદાનંદ સ્વરૂપી. ॥ શ્રી૦ ૭ ॥

## ૮—શ્રી ચંદ્રપ્રભુ સ્તવન

**[ ચોકની દેશી ]**

જય જય જગત શિરોમણિ, હૂં સેવક ને તૂં ધની, ।
અબ તૌસું ગાઢી બણી, પ્રભુ આશા પૂરો હમ તણી; ॥
મુઝ મ્હેર કરો ચંદ્ર પ્રભુ, જગજીવન અંતર જામી,
ભવ દુઃખ હરો, સુનિએ અરજ હમારી ત્રિભુવન સ્વામી. ॥ મુઝ૦ ૧ ॥
'ચંદપુરી' નામે નગરી હતી, 'મહાસેન' નામે નરપતિ;
રાણી શ્રી 'લખમા' સતી, તસુ નન્દને તૂ ચઢતી રતિ. ॥ મુઝ૦ ૨ ॥
તૂ સર્વજ્ઞ મહાજ્ઞાતા, આતમે અનુભવ કો દાતા; ।
તો તૂઠીં લહિયે સાતા, ધન્ય ધન્ય જે જગમેં તુમ ધ્યાતા ॥ મુઝ૦ ૩ ॥
શિવ-સુખ પ્રાર્થના કરશું, ઉજ્જવલ ધ્યાન હિયે ધરશું; ।
રસના તુમ મહિમા પરશું[3], પ્રભુ ઇન બિધ ભવસાગરસે તરસું. ॥ મુઝ૦ ૪ ॥
ચંદ્ર ચકોરન ટે મનમેં, ગાજ અવાજ હુએ ઘનમેં; ।
પ્રિય અભિલાષા જ્યોં ત્રિય[4] તનમેં, પ્રભુ જ્યું વસિએ મો ચિત્ત મનમેં ॥ મુઝ૦ ૫ ॥
જો સુજનર સાહબ તેરી, તો માનો વિનતી મેરી; ।
કાટો કરમ ભરમ બેરી, પ્રભુ પુનરપિ ન ફરું ભવ-ફેરી. ॥ મુઝ૦ ૬ ॥
આતમજ્ઞાન દશા જાગી, પ્રભુ તુમ સેતી લગ્યા લાગી; ।
અન્ય દેવ ભ્રમના ભાંગી, 'વિનયચન્દ' તિહારો અનુરાગી. ॥ મુઝ૦ ૭ ॥

---

૧-જયાં ત્યાં, ૨-પર્વત. ૩-સ્પર્શ કરશું. ૪-સ્ત્રી.

## ૯—શ્રી પુષ્પદંત સ્તવન

**[ બુઢાપો વેરી આઇઓ—એ દેશી ]**

'કાકંદી' નગરી ભલી હો, શ્રી 'સુગ્રીલ' નૃપાલ, ।
'રામા' તસુ પટરાયની[1] હો, તસ સુત પરમ કૃપાલ ॥
શ્રી સુવિધિ જિણેસર વંદિએ હો. ॥ ટેર ॥ શ્રી૦ ૧ ॥
ત્યાગી પ્રભુતા રાજની હો, લીધો સંજમ ભાર; ।
નિજ આતમ–અનુભવથી હો, પાયા પદ અવિકાર. ॥ શ્રી૦ ૨ ॥
અષ્ટકર્મનો રાજવી હો, મોહ પ્રથમ ક્ષય કીન; ।
શુદ્ધ સમકિત ચારિત્રનો, હો પરમ ક્ષાયક ગુણ લીન. ॥ શ્રી૦ ૩ ॥
જ્ઞાનાવરણી દર્શનાવરણી હો, અંતરાય કિયો અંત; ।
જ્ઞાન દર્શન બલ એ ત્રિહૂં હો, પ્રગટ્યા અનંતા અનંત. ॥ શ્રી૦ ૪ ॥
અવ્યાબાહ[2] સુખ પામિયો હો, વેદની કરમ ખપાય; ।
અવગાહના[3] અટલ[4] લહીયો, આયુ ક્ષય કરે જિનરાય. ॥ શ્રી૦ ૫ ॥
નામ કરમનો ક્ષય કરી હો, અમૂરતિક કહાય; ।
અગુરુલઘુપણો અનુભવ્યો હો, ગોત્ર કરમથી મૂકાય. ॥ શ્રી૦ ૬ ॥
અષ્ટગુણાકાર ઓળખ્યો હો, જોતી સ્વરૂપ ભગવંત; ।
'વિનયચંદ' કે ઉર વસો હો, અહો નિજ પ્રભુ પુષ્પદંત. ॥ શ્રી૦ ૭ ॥

---

## ૧૦—શ્રી શીતલનાથ સ્તવન

**[ જીંદવારી—દેશી ]**

શ્રી 'દઢરથ' નૃપતિ પિતા, 'નન્દા' થારી માય; ।
રોમ રોમ પ્રભુ મો ભણી, શીતલ નામ સુહાય. ॥ જય૦ ૧ ॥
જય જય જિન ત્રિભુવન ધણી, કરુણાનિધિ કીરતાર; ।
સેવ્યાં સુરતરુ જેહવો, વાંછિત સુખ દાતાર. ॥ જય૦ ૨ ॥
પ્રાણ પિયારો તૂ પ્રભૂ, પતિવરતા પત્ની જેમ; ।
લગન નિરંતર લગ રહી, દિન–દિન અધિકો પ્રેમ. ॥ જય૦ ૩ ॥
શીતલ ચંદનની પરે, જપતાં નિશ દિન જાપ; ।
વિષય કષાયથી ઉપની, મેટો ભવ–દુઃખ તાપ. ॥ જય૦ ૫ ॥
આર્ત્ત રૌદ્ર પરિણામથી, ઉપજે ચિંતા અનેક; ।
તે દુઃખ કાપો માનસી, આપો અચલ વિવેક. ॥ જય૦ ૫ ॥
રોગાદિક ક્ષુધા તૃષા, શસ્ત્ર અશસ્ત્ર પ્રહાર; ।
સકલ શરીરી દુઃખ હરો, દિલ શું વિરુદ્દ વિચાર. ॥ જય૦ ૬ ॥
સુપ્રસન્ન હો શીતલ પ્રભુ, તૂ આશા વિસરામ; ।
'વિનયચન્દ' કહે મો ભણી, દેજે મુક્તિ મુકામ. ॥ જય૦ ૭ ॥

---

૧–પટ્ટરાણી. ૨–બાધા ન આવે એવું. ૩–અવકાશ, જગ્યા રોકવી તે. ૪–ટળે નહિ એવી, શાશ્વત, અખંડ.

## ૧૧–શ્રી શ્રેયાંસનાથ સ્તવન

[ રાગ કાફી—દેશી હોલી ]

ચેતન જાણું કલ્યાણ કરન કો, આન મિલ્યો અવસર રે, ।
શાસ્ત્ર પ્રમાન પિછાન પ્રભુ ગુન, મન ચંચલ થિર કર રે; ॥
શ્રેયાંસ જિણંદ સુમર રે. ॥ ટેર ॥ શ્રે૦ ૧ ॥

સાસ ઉસાસ વિલાસ ભજનકો, દઢ વિશ્વાસ પકર રે; ।
અજપાભ્યાસે[૧] પ્રકાશ હિયે બીચ, સો સમરન જિનવર રે. ॥ શ્રે૦ ૨ ॥

કંદર્પ[૨] ક્રોધ લોભ મદ માયા, યે સબહિ પરિહર રે; ।
સમ્યક્‌દષ્ટિ સહજ સુખ પ્રગટે, જ્ઞાન–દશા અનુસર રે. ॥ શ્રે૦ ૩ ॥

જૂઠ પ્રપંચ જોબન તન ધન અરુ, સજન સનેહી ઘર રે; ।
છિનમેં છોડ ચલે પર ભવકો, બાંધ શુભાશુભ થર રે. ॥ શ્રે૦ ૪ ॥

માનસ જનમ પદારથ જિનકી, આશા કરત અમર રે;
તે પૂરવ સુકૃત કરિ પાયો, પરમ ધરમ દિલ ધર રે. ॥ શ્રે૦ ૫ ॥

'વિશ્વસેન' નૃપ 'વિશ્રા' રાણીકો, નંદન તૂ ન વિસર રે; ।
સહજે મિટે અજ્ઞાન અવિદ્યા, મોક્ષ પંથ પગભર રે. ॥ શ્રે૦ ૬ ॥

તૂ અવિકાર વિચાર આત્મ ગુન, ભ્રમ–જંજાલ ન પર રે; ।
પુદ્‌ગલ ચાય[૩] મિટાય 'વિનયચન્દ', તે જિન તૂં ન અવર રે. ॥ શ્રે૦ ૭ ॥

## ૧૨–શ્રી વાસુપૂજ્ય સ્તવન

[ તેરી કુલસી દેહ પાલક મેં પલટે—એ દેશી ]

પ્રણમૂં વાસુ પૂજ્ય જિન નાયક, સદા સહાયક તૂ મેરો, ।
વિષમ વાટ ઘાટ ભય થાનક, પરમ શ્રેય સરનો તેરો; ॥ પ્રણમું૦૧ ॥

ખલ દલ પ્રબલ દુષ્ટ અતિ દારુણ, જ્યોં ચૌ તરફ દિયે ઘેરો, ।
તો પિણ કૃપા તુમ્હારી પ્રભુજી, અરિયન હોય પ્રગટે ચેરો; ॥ પ્રણમું૦૨ ॥

વિષમ પ્રહાર ઉજાર વિચાલે, ચોર કુમાત્ર કરે હેરો,[૪] ।
તિણ વિરિયાં[૫] કરિએ તો સમરણ, કોઈ ન છીન[૬]સકે ડેરો; ॥ પ્રણમું૦૩ ॥

રાજા પાદશાહ જો કોઈ કોપે, અતિ તકરાર કરે છેરો,[૭] ।
તદપિ તૂ અનુકૂલ હુવે તો, છિનમેં છૂટ જાય કેરો;[૮] ॥ પ્રણમું૦૪ ॥

રાક્ષસ ભૂત પિશાચ ડાકિનિ, સાકિનિ ભય નાવે નેરો, ।
દુષ્ટ મુષ્ટ છલ છિદ્ર ન લાગે, પ્રભુ તુમ નામ ભજે ગહેરો[૯] ॥ પ્રણમું૦૫ ॥

---

૧–પ્રભુ નામનું અખંડ રટણ કરવાનો અભ્યાસ. ૨–કામદેવ. ૩–ઇચ્છા. ૪ હુમલો કરવો તે. ૫ વેળાએ, વખતે. ૬ છીનવી. ૭–છેડ, રંજાડ. ૮–પાછળ પડવું તે. ૯–બહુ જ વધારે.

વિસ્ફોટક કુષ્ટાદિક સંકટ, રોગ અસાધ્ય મિટે દેહરો[1] ।
વિષ પ્યાલા અમૃત હો પ્રગમે, જો વિશ્વાસ જિનેંદ્ર કેરો; ॥ પ્રણમું૦ ૬ ॥
માત 'જયા' 'વસુ' નૃપ કે નંદા, તત્ત્વ જથારથ બુધ પ્રેરો ।
બે કર જોડ 'વિનયચન્દ' વિનવે, વેગ મિટાવો મુઝ ભવ ફેરો; ॥ પ્રણમું૦ ૭ ॥

## ૧૩–શ્રી વિમલનાથ સ્તવન

**[ અહો શિવપુર નગર સોહામણો—એ દેશી ]**

વિમલ જિણેસર સેવિએ, થારી[2] બુદ્ધિ નિર્મલ હો જાય રે, ।
જીવા ! વિષય–વિકાર વિસારને, તૂ મોહની કર્મ ખપાયરે; ॥
જીવા ! વિમલ જિણેસર સેવિએ. ॥ જીવા૦ ૧ ॥
સૂક્ષ્મ[3] સાધારણપણે,[4] પ્રત્યેક[5] વનસ્પતિ માંય રે ।
જીવા ! છેદન ભેદન તેં સહ્યા, મર-મર ઉપજ્યો તિણ[6] કાય રે; ॥ જીવા૦ ૨ ॥
કાલ અનંત તિહાં ગયો, તેહના દુ:ખ આગમથી સંભાલ રે, ।
જીવા ! પૃથ્વી અપ તેઉ વાયમેં, રહ્યો અસંખ્યાસંખ્ય કાલ રે. ॥ જીવા૦ ૩ ॥
એકેન્દ્રીસું બેઇન્દ્રી થયો, પુન્યાઇ અનંતી વૃદ્ધ[7] રે, ।
જીવા ! સંજ્ઞી[8] પંચેંદ્રી લગે પુન્ય બંધ્યાં, અનન્તાનન્ત પ્રસિદ્ધ રે. ॥ જીવા૦ ૪ ॥
દેવ નરક તિર્યંચ મેં, અથવા માનવ ભવ નીચ રે; ।
જીવા ! દીનપણે દુ:ખ ભોગવ્યાં, ઇણ પર ચારો ગતિ બિચ રે; ॥ જીવા૦ ૫ ॥
અબકે ઉત્તમ કુલ મિલ્યો, ભેટ્યા ઉત્તમ ગુરુ સાધ રે; ।
જીવા ! સુણ જીન બચન સનેહસું, તું સંમકિત વૃત્ત શુદ્ધ આરાધ રે. ॥ જીવા૦ ૬ ॥
પૃથિવીપતિ "કૃતભાનુ" કો "સામા" રાણી કો કુમાર રે, ।
જીવા ! 'વિનયચન્દ' કહે તે પ્રભૂ, સિરસેહરો[9] હિયડારો[10] હારરે; ॥ જીવા૦ ૭ ॥

## ૧૪–શ્રી અનન્તનાથ સ્તવન

**[ વેગા પધારો રે મ્હેલથી—એ દેશી ]**

અનંત જિનેસર નિત નમો, અદ્‌ભૂત જ્યોતિ અલેખ, ।
ના કહીયે ના દેખીયે, જાકે રૂપ ન રેખ; ॥ અનંત૦ ૧ ॥
સૂક્ષ્મથી સૂક્ષ્મ પ્રભુ ચિદાનન્દ ચિદ્‌રૂપ, ।
પવન શબ્દ આકાશથી, સૂક્ષ્મ જ્ઞાન સ્વરૂપ; ॥ અનંત૦ ૨ ॥
સકલ પદારથ ચિંતવું, જે જે સૂક્ષ્મ હોય, ।
તિણથી તૂ સૂક્ષ્મ મહા, તો સમ અવર ન કોય; ॥ અનંત૦ ૩ ॥
કવિ પંડિત કહી કહી થકે, આગમ અર્થ વિચાર, ।
તો પણ તુમ અનુભવ તિકો, ન સકે રસના ઉચાર; ॥ અનંત૦ ૪ ॥

---

૧–દેહનો. ૨–તારી., ૩–૪–૫–વનસ્પતિની ત્રણ જાત. ૬–તે શરીરમાં. ૭–વૃદ્ધિ. ૮–સંજ્ઞી–મનવાળા. ૯–મોતીની કલગી. ૧૦–હૃદયનો.

પભણે[1] શ્રી મુખ સરસ્વતી, દેવી આપો આપ ।
કહી ન શકે પ્રભુ તુ સત્તા, અલખ અજપાજાપ; ॥ અનંત૦ ૫ ॥
મન બુદ્ધિ વાણી તો ભણી, પહુચે નહીં લગાર, ।
સાક્ષી લોકાલોકનો, નિર્વિકલ્પ નિર્વિકાર. ॥ અનંત૦ ૬ ॥
માત 'સુયસા' 'સિંહરથ' પિતા, તસુ સુત 'અનંત' જિનંદ ।
'વિનયચન્દ' અબ ઓલખ્યો, સાહબ સહજાનન્દ; ॥ અનંત૦ ૭ ॥

## ૧૫–શ્રી ધર્મનાથ સ્તવન

**[ આજ ન હેજો રે દીસે નાહલો–એ દેશી ]**

ધરમ જિનેસર મુઝ હિયડે બસો, પ્યારા પ્રાણ સમાન, ।
કબહું ન વિસરું હો ચિતારું[2] નહીં, સદા અખંડિત ધ્યાન; ॥ધરમ૦ ૧॥

જ્યું પનિહારી[3] કુંભ ન વિસરે, નટવો નૃત્ય નિદાન,[4] ।
પલક ન વિસરે પદ્મની પિઉ ભણી, ન ચકવી ન વિસારે ભાન[5]; ॥ધરમ૦૨॥

જ્યું લોભી મન ધનકી લાલસા, ભોગી કે મન ભોગ ।
રોગી કે મન માને ઔષધી, જોગી કે મન જોગ; ॥ધરમ૦૩॥

ઈણ પર લાગી હો પૂરણ પ્રીતડી, જાવ જીવ પરિયંત, ।
ભવ ભવ ચાહૂં હો ન પડે આંતરો, ભય ભંજન ભગવંત; ॥ધરમ૦૪॥

કામ ક્રોધ મદ મચ્છર લોભથી, કપટી કુટીલ કઠોર, ।
ઇત્યાદિક અવગુણ કર હું ભર્યો, ઉદય કરમ કે જોર; ॥ધરમ૦૫॥

તેજ પ્રતાપ તુમારો પરગટે, મુજ હયડા મેં આય, ।
તો હું આતમ નિજ ગુણ સંભાલને, અનંત બલિ કહેવાય; ॥ધરમ૦૬॥

'ભાનુ' નૃપ 'સુવ્રતા' જનની તણો, અંગજાત અભિરામ,[6] ।
'વિનયચન્દ' ને વલ્લભ તૂ પ્રભૂ, શુદ્ધ ચેતન ગુણ ધામ; ॥ધરમ૦૭॥

## ૧૬–શ્રી શાંતિનાથ સ્તવન

**[ પ્રભુજી પધારો હો નગરી હમ તણી–એ દેશી ]**

'વિશ્વસેન' નૃપ 'અચલા' પટરાનીજી, તસુ સુત કુલ–સિણગાર હો, સુભાગી; ।
જન્મતાં શાંતિ કરી નિજ દેશ મેં, મૃગી[7] માર[8] નિવાર હો, સુભાગી;
શાંતિ જિનેશ્વર સાહબ સોલમા. ॥ શાં૦ ૧ ॥

શાંતિ જિનેશ્વર સાહબ સોલમા, શાંતિદાયક તુમ નામ હો,
તન મન વચન શુદ્ધ કર ધ્યાવતાં, પૂરે સઘલી હામ હો, સુભાગી. ॥ શાં૦ ૨ ॥

---

૧–કહે, વર્ણન કરે. ૨–ક્યારેય વિસરું નહિ તેથી યાદ શા માટે કરું એટલે યાદ કરવાની જરૂર નથી એવા. ૩–પાણી ભરનારી સ્ત્રી. ૪–નક્કી. ૫–સૂર્ય. ૬. મનોહર. ૭–વાઇનો રોગ. ૮–મરકી.

વિઘ્ન ન વ્યાપે તુમ સમરણ કિયાં, નાસે દારિદ્ર દુ:ખ હો, સુભાગી ।
અષ્ટ સિદ્ધિ નવ નિધિ પગ-પગ મિલે, પ્રગટે નવલાં સુખ હો, સુભાગી. ॥ શાં૦ ૩ ॥
જેહને સહાયક શાંતિ જિનંદ તૂ, તેહને કમીય[1] ન કાંય હો, સુભાગી ।
જે જે કારજ મનમાં તેવડે[2], તે તે સફલા થાય, હો સુભાગી. ॥ શાં૦ ૪ ॥
દૂર દેશાવર દેશ પરદેશ મેં, ભટકે ભોલા લોક હો સુભાગી ।
સાન્નિધ્યકારી[3] સુમરણ આપરો, સહજ મીટે સબ શોક, હો સુભાગી. ॥ શાં૦ ૫ ॥
આગમ સાખ સુણી છે એહવી, જે જિનસેવક હોય, હો સુભાગી ।
તેહની આશા પૂરે દેવતા, ચૌસઠ ઈન્દ્રાદિક સોય, હો સુભાગી. ॥ શાં૦ ૬ ॥
ભવ-ભવ અંતરજામી તૂ પ્રભુ, હમને છે આધાર, હો સુભાગી ।
બે કર જોડી 'વિનયચન્દ' વિનવે, આપો સુખ શ્રીકાર, હો સુભાગી. ॥ શાં૦ ૭ ॥

## ૧૭—શ્રી કુંથુનાથ સ્તવન

**[ રેખતા—એ દેશી૦ કવ્વાલી ગઝલમાં પણ ગવાય ]**

કુંથુ જિણરાજ તૂં ઐસો, નહિ કોઈ દેવ તો જૈસો, ।
ત્રિલોકી નાથ તૂ કહીએ, હમારી બાંહ દૃઢ ગહિએ; ॥ કુંથુ૦ ૧ ॥
ભવોદધિ ડૂબતો તારો, કૃપાનિધિ આસરો થારો, ।
ભરોસો આપકો ભારી, વિચારો બિરુદ ઉપકારી; ॥ કુંથુ૦ ૨ ॥
ઉમા[4] હો મિલનકો તોસે,[5] ન રાખો આંતરો મોસો, ।
જૈસી સિદ્ધ અવસ્થા તેરી, તૈસી ચૈતન્યતા મેરી; ॥ કુંથુ૦ ૩ ॥
કર્મ-ભ્રમ જાલકો દપટયો[6], વિષય સુખ મમતમેં લિપટયો, ।
ભમ્યો હું ચહું ગતિ માંહી, ઉદય કર્મ ભ્રમકી છાંહી[7]; ॥ કુંથુ૦ ૪ ॥
ઉદયકો જોર હૈ જોલોં, ન છૂટે વિષય સુખ તોલોં, ।
કૃપા ગુરુદેવકી પાઈ, નિજામત ભાવના આઈ. ॥ કુંથુ૦ ૫ ॥
અજબ અનુભૂતિ[8]ઉર જાગી, સૂરતિ નિજ રૂપમેં લાગી, ।
તૂમહિ હમ એકતા જાણું, દ્વૈત[9] ભ્રમ કલ્પના માનું; ॥ કુંથુ૦ ૬ ॥
'શ્રી દેવી' 'સુર' નૃપ નંદા, અહો સર્વજ્ઞ સુખ કંદા, ।
'વિનયચન્દ' લીન તુમ ગુનમેં, ન વ્યાપે અવિદ્યા ઉનમે; ॥ કુંથુ૦ ૭ ॥

## ૧૮—શ્રી અરહનાથ સ્તવન

**[ ઢાલ અલગી ગિરાની—એ દેશી ]**

અરહનાથ અવિનાશી, શિવ-સુખ[10] લીધો: ।
વિમલ વિજ્ઞાન-વિલાસી, સાહબ સીધો. ॥ સાહબ૦ ૧ ॥

---

૧—જશએ કમી નહીં, એટલે ઇચ્છા પૂર્ણ થાય. ૨—વધારે, ઇચ્છે, ઘડે. ૩—પોતાના ઘરમાં, નજીક છે તેવું. ૪—ઉમંગી થયો છું. ૫—તારાથી. ૬—દબાયો. ૭—છાયામાં; આધારે. ૮—આત્મ-અનુભવ-રસ. ૯—આત્મા ને પરમાત્મા એ બે ભિન્ન છે એ ભાવ. ૧૦—મોક્ષસુખ.

તૂ ચેતન[1] ભજ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાયા ।
તાત 'સુદર્શન' 'દેવી' માતા, તેહનો નન્દ[2] કહાયા. ॥ સાહબ૦ ૨ ॥
ક્રોડ જતન કરતાં નહીં પામે, એહવી મોટી મામ;[3] ।
તે જિન ભક્તિ કરીને લહિએ, મુક્તિ અમોલક ઠામ. ॥ સાહબ૦ ૩ ॥
સમકિતસહિત કિયાં જિન-ભક્તિ, જ્ઞાન દર્શન ચારિત્ર; ।
તપ વીરજ[4] ઉપયોગ તિહારા, પ્રગટે પરમ પવિત્ર. ॥ સાહબ૦ ૪ ॥
સ્વ ઉપયોગ સ્વરૂપ ચિદાનંદ, જિનવર ને તૂ એક; ।
દ્વૈત અવિદ્યા વિભ્રમ મેટો, વાધે શુદ્ધ વિવેક. ॥ સાહબ૦ ૫ ॥
અલખ અરૂપ અખંડિત અવિચલ, અગમ અગોચર આપ; ।
નિર્વિકલ્પ નિષ્કલંક નિરંજન, અદ્‌ભુત જ્યોતિ* અમાપ. ॥ સાહબ૦ ૬ ॥
ઓલખ અનુભવ અમૃત યાકો, પ્રેમ સહિત રસ પીજે; ।
હૂં-તૂં છોડ 'વિનયચન્દ' અંતરસે[5], આતમ રામ રમીજે. ॥ સાહબ૦ ૭ ॥

## ૧૯-શ્રી મલ્લિનાથ સ્તવન

[ લાવણી ]

મલ્લિ જિન બાલ બ્રહ્મચારી, 'કુંભ' પિતા 'પરભાવતિ' મૈયા,
તિનકી કુમારી; મલ્લિ જિન બાલ બ્રહ્મચારી. ॥ ટેક ॥
માનિની કુખ કંદરા[6] માંહી, ઉપના અવતારી; ।
માલતી કુસુમ-માલની વાંચ્છા, જનની ઉરધારી. ॥ મલ્લિ૦ ૧ ॥
તિણથી નામ મલ્લિ જિન થાપ્યો, ત્રિભુવન પ્રિયકારી; ।
અદ્‌ભુત ચરિત તુમારો પ્રભુજી, વેદ ધર્યો નારી. ॥ મલ્લિ૦ ૨ ॥
પરણુન કાજ જાન સજિ આએ, ભૂપતિ છહૂં ભારી; ।
મિથિલાપુરી ઘેરી ચૌ તરફા, સેના-વિસ્તારી. ॥ મલ્લિ૦ ૩ ॥
રાજા 'કુંભ' પ્રકાશી તુમપૈ, બીતક વિધ સારી; ।
તુમરે પરણુન કાજ છહૂં નૃપ, આયા અહંકારી. ॥ મલ્લિ૦ ૪ ॥
શ્રીમુખ ધીરપ દીધી પિતાકો, રાખો હુશિયારી; ।
પુતલી એક રચી નિજ આકૃતિ, થોથી[7] ઢકણારી[8]. ॥ મલ્લિ૦ ૫ ॥
ભોજન સરસ ભરી સા પુતલી, શ્રી જિન સિણગારી; ।
ભૂપતિ છહૂં બુલાયા મંદિર, બીચ બહૂ દીન ટારી. ॥ મલ્લિ૦ ૬ ॥
પુતલી દેખી છહૂં નૃપ મોહ્યા, અવસર વિચારી; ।
ઢંક[9] ઉઘાર લિનો પુતલીકો, ભભકયો[10] અન્ન ભારી. ॥ મલ્લિ૦ ૭ ॥
દુઃસહ દુર્ગંધ સહિ નહીં જાવે, ઉઠયા નૃપ હારી; ।
તબ ઉપદેશ દિયો શ્રીમુખસે, મોહ દશા ટારી. ॥ મલ્લિ૦ ૮ ॥

૧-હે જીવ. ૨-પુત્ર. ૩-દ્રવ્ય, મિલકત. ૪-વીર્યશક્તિ. ૫-અંતરમાં. *છઠ્ઠા છંદમાં પરમાત્માનાં ઘણાં ગુણિયલ નામો છે તે સરળ છે છતાં ન સમજાય તો અનુભવીને પૂછવું. ૬-ગુફા. ૭-પોલી. ૮-ઢાંકણાવાળી. ૯-ઢાંકણું. ૧૦-દુર્ગંધ છૂટી.

મહા અસાર ઉદારિક દેહી, પુતલી ઇવ પ્યારી; ।
સંગ કિયા પટકૈ ભવ દુઃખમેં નારી નરક-વારી[1]. ॥ મલ્લિ૦ ૯ ॥
ભૂપત છહૂઁ પ્રતિબોધ[2] મુનિ હો, સિદ્ધ ગતિ સંભારી ।
'વિનયચન્દ' ચાહત ભવ-ભવમેં, ભક્તિ પ્રભુ થારી. ॥ મલ્લિ૦ ૧૦ ॥

## ૨૦-શ્રી મુનિસુવ્રતનાથ સ્તવન

**[ ચેતરે ચેતરે માનવી-એ દેશી ]**

શ્રી મુનિસુવ્રત સાહબા, દીનદયાલ દેવાં તણા દેવ કે, ।
તરણતારણ પ્રભૂ મો[3] ભણી, ઉજ્જ્વલ ચિત્ત સમરૂઁ નિત્યમેવકે. ॥ શ્રી૦૧ ॥
હૂં અપરાધી અનાદિ કો, જનમ-જનમ ગુન્હા કિયા ભરપૂર કે; ।
લૂટિયા પ્રાન છકાય ના, સેવિયાં પાપ અઢારહ કરૂર[4] કે. ॥ શ્રી મુ૦ ૨ ॥
પૂરબ અશુભ કર કર્ત્તવ્યતા[5] તેહને પ્રભુ તૂમ ન વિચારકે; ।
અધમ ઉધારણ બિરુદ છે, સરન આયો અબ કીજીએ સારકે ॥ શ્રી મુ૦ ૩ ॥
કિંચિત્ પુણ્ય પ્રભાવથી, ઇન ભવ ઓલખ્યો શ્રી જિન ધર્મ કે; ।
નિવર્તુ નરક નિગોદથી, એહવો અનુગ્રહ[6] કરો પરિબ્રહ્મ કે; ॥ શ્રી મુ૦ ૪ ॥
સાધુપણો નહીં સંગ્રહ્યો, શ્રાવક વ્રત ન કિયાં અંગીકાર કે; ।
આદર્યા તો ન આરાધિયાં, તેહથી રૂલિયો[7] હૂં અનંત સંસાર કે; ॥ શ્રી મુ૦ ૫ ॥
અબ સમકિત વ્રત આદર્યો, તદપિ આરાધી ઉતરું ભવપાર કે; ।
જનમ જીતવ[8] સફલો હુવે, ઇણ પર વિનવું વાર હજાર કે. ॥ શ્રી મુ૦ ૬ ॥
'સુમતિ' નરાધિપ તુમ પિતા, ધનધન શ્રી 'પદ્માવતિ' માય કે;
તસુ સુત ત્રિભુવન તિલક તૂં, વંદત 'વિનયચન્દ' સીસ નમાય કે. ॥શ્રી મુ૦૭॥

## ૨૧-શ્રી નમિનાથ સ્તવન

**[ સુણીયો રે બાલા કુટિલ મંજારી તોતા લે ગઈ-એ દેશી ]**

'વિજયસેન' નૃપ 'વિપ્રા' રાણી, નમિનાથ જિન જાયો,
ચૌસઠ ઇન્દ્ર કિયો મિલ ઉત્સવ, સુર-નર આનંદ પાયો રે; ।
સુજ્ઞાની જીવા, ભજલે રે જિન ઇકિવિસવાં. ॥ ટેર ॥ ॥ સુ૦ ૧ ॥
ભજન કિયાં ભવ-ભવનાં દુષ્કૃત, દુઃખ દુર્ભાગ્ય મીટ જાવે, ।
કામ ક્રોધ મદ મત્સર તૃષ્ણા, દુર્મતિ નિકટ ન આવે. ॥ સુ૦ ૨ ॥
જીવાદિક નવતત્ત્વ હિયે ધર, હેય[9] જ્ઞેય[10] સમજીજે, ।
તીજી ઉપાદેય[11] ઓલખીને, સમકિત નિર્મલ કીજે. ॥ સુ૦ ૩ ॥
જીવ અજીવ બંધ એ તીનો, જ્ઞેય જથારથ[12] જાણો; ।
પુણ્ય પાપ આસ્રવ પરહરિએ, હેય પદારથ માનો. ॥ સુ૦ ૪ ॥
સંવર મોક્ષ નિર્જરા નિજ ગુણ, ઉપાદેય આદરિએ, ।
કારન કારજ સમઝ ભલી વિધ, ભિન્ન ભિન્ન નિરણો કરીએ. ॥ સુ૦ ૫ ॥

---

૧-વારી; નરકમાં લઈ જનારી. ૨-સમજ્યા; બૂઝ્યા. ૩-મારા પ્રત્યે. ૪-ઘાતકી; નિર્દય. ૫-કામ; કર્તવ્ય. ૬-મહેર; કૃપા. ૭-ભટક્યો; ફર્યો. ૮-જીવિતવ્ય; જીવતર. ૯-ત્યાગવા યોગ્ય. ૧૦-જાણવા યોગ્ય. ૧૧-મેળવવા યોગ્ય. ૧૨-જેમ હોય તેમ.

કારણ જ્ઞાન સ્વરૂપ જીવકો, કાજ ક્રિયા પસારો, ।
હોનું કો સાખી શુદ્ધ અનુભવ, આપો ખોજ[1] તિહારો. ॥ સુ૦ ૬ ॥
તૂં સો પ્રભુ, પ્રભુ સો તૂં હૈ, દ્વૈત કલ્પના મેટો, ।
સત્ ચેતન આનન્દ 'વિનયચન્દ', પરમાતમ પદ ભેટો. ॥ સુ૦ ૭ ॥

## ૨૨–શ્રી નેમિનાથ સ્તવન

**[ નગરી ખુબ ઘણી છે જી–એ દેશી ]**

'સમુદ્રવિજય' સુત શ્રી નેમીશ્વર, જાદવ કુલકો ટીકો[2], ।
રતનકુખ ધારણી 'સિવાદે', તેહનો નન્દન નીકો; ।
શ્રી જિન મોહનગારો છે, જીવન પ્રાણ હમારો છે. ॥શ્રી૦ જિ૦૧॥
સુનિ પુકાર પશુ કી કરુણા કર, જાણ જગત સુખ ફીકો, ।
નવ ભવ નેહ તજ્યો જોબનમેં, ઉગ્રસેન નૃપ ધી[3] કો. ॥શ્રી જિ૦૨॥
સહસ્ર પુરુષ સંગ સંજમ લીધો, પ્રભુજી પર ઉપગારી, ।
ધન–ધન નેમ–રાજુલ કી જોડી, મહા બાલ બ્રહ્મચારી. ॥શ્રી જિ૦૩॥
બોધાનન્દ સ્વરૂપાનન્દમેં, ચિત્ત એકાગ્ર લગાયો, ।
આત્મ–અનુભવ દશા અભ્યાસી, શુક્લ–ધ્યાન જિન ધ્યાયો. ॥શ્રી જિ૦૪॥
પૂર્ણાનન્દ કેવળી પ્રગટે, પરમાનન્દ પદ પાયો, ।
અષ્ટ કરમ છેદી અલવેસર[4] સહજાનંદ સમાયો. ॥શ્રી જિ૦૫॥
નિત્યાનન્દ નિરાશય નિશ્ચલ, નિર્વિકાર નિર્વાણી, ।
નિરાતંક નિરલેપ નિરાશ્રય, નિરાકાર વરનાણી. ॥શ્રી જિ૦૬॥
એવો જ્ઞાન સમાધી–સંયુત, શ્રી નેમીશ્વર સ્વામી, ।
પૂરણકૃપા 'વિનયચન્દ' પ્રભુ તો, અબ તો ઓલખ પામી. ॥શ્રી જિ૦૭॥

## ૨૩–શ્રી પાર્શ્વનાથ સ્તવન

**[ જીવ રે તું શીયલ તણો કર સંગ–એ દેશી ]**

'અશ્વસેન' નૃપ કુલ તિલોરે[5], 'વામા' દેવીનો નન્દ,
ચિન્તામણિ ચિત્તમેં બસેરે, દૂર ટલે દુઃખ દ્વંદ ।
જીવ રે તૂં પાર્શ્વ જિનેશ્વર વંદ. ॥ જીવ૦ ૧ ॥
જડ–ચેતન મિશ્રિત પણે રે, કરમ શુભાશુભ થાય, ।
તે વિભ્રમ જગ કલ્પના રે, આતમ અનુભવ માંય. ॥ જીવ૦ ૨ ॥
બ્હેમી ભય માને જથા રે, સૂને ઘર વૈતાલ,[6] ।
ત્યોં મુરખ આત્મ વિષે રે, માન્યો જગભ્રમ જાલ. ॥ જીવ૦ ૩ ॥
સરપ અંધેરી રાસડી રે, રૂપો છીપ મુઝાર, ।
મૃગ તૃષ્ણા, અંબુ[8] મૃષા[9] રે, ત્યું આતમ મેં સંસાર. ॥ જીવ૦ ૪ ॥

૧–શોધ, તપાસ; ૨ ટીકો=તિલક સમાન; શિરોમણી ૩ ધી=પુત્રી. ૪ માલેક ધણી; અલબેલો સ્વામી. ૫ કુળમાં તિલક રૂપ. ૬–હલકા દેવનું નામ ૭–અંધારી રાત ૮–પાણી; ૯–ફોગટ; મિથ્યા.

અગ્નિ વિષે જ્યોં મણી નહીં રે, મણી મેં અગ્નિ ન હોય, ।
સુપને કી સમ્પત્તિ નહીં જ્યું, આતમ મેં જગ જોય. ॥ જીવ૦ ૫ ॥
વાંઝ પુત્ર જનમે નહિં રે, સીંગ સસે[1] શિર નાંહિ, ।
કુસુમ ન લાગે વ્યોમ મેં રે, જ્યું જગ આતમ માંહિ. ॥ જીવ૦ ૬ ॥
અમર અજોણી આત્મા રે, હૈ ચેતન તિહું કાલ, ।
'વિનયચન્દ' અનુભવ જગી રે, તૂ નિજરૂપ સંભાલ. ॥ જીવ૦ ૭ ॥

## ૨૪–શ્રી મહાવીર સ્તવન

**[ શ્રી નવકાર જપો મન રંગે–એ દેશી ]**

ધન–ધન જનક 'સિધારથ' રાજા ધન 'ત્રિશલા' દે માત રે પ્રાણી, ।
જ્યાં સુત જાયો ને ગોદ ખિલાયો, 'બર્દ્ધમાન' વિખ્યાત રે પ્રાણી; ।
શ્રી મહાવીર નમો વરનાણી; ॥ શ્રી૦ ૧ ॥

શ્રી મહાવીર નમો વરનાણી, શાસન જેહનો જાણ રે પ્રાણી ।
પ્રવચન–સાર વિચાર હિયા મેં, કીસ-અરથ પ્રમાણ રે પ્રાણી; ॥ શ્રી૦ ૨ ॥
સૂત્ર[2] વિનય[3] આચાર[4] તપસ્યા[5], ચાર પ્રકાર સમાધ રે પ્રાણી, ।
તે કરીએ ભવસાગર તરીએ, આતમભાવ આરાધ રે પ્રાણી; ॥ શ્રી૦ ૩ ॥
જ્યું કંચન તિહું કાલ કહીજે, ભૂષન નામ અનેક રે પ્રાણી, ।
જ્યું જગજીવ ચરાચર જોની, હૈ ચેતન ગુણ એક રે પ્રાણી; ॥ શ્રી૦ ૪ ॥
આપણો આપ વિષે થિર આતમ, "સોહં[6] હંસ[7]" કહાય રે પ્રાણી, ।
કેવલ ધર્મ પદારથ પરચે,[8] પુદ્ગલ ભરમ મિટાય રે પ્રાણી; ॥ શ્રી૦ ૫ ॥
શબ્દ[9] રૂપ[10] રસ[11] ગંધ[12] ન જામે, નાય ફરસ[13] તપ[14] છાંહ[15] રે પ્રાણી, ।
તિમિર[16]ઉદ્યોગ[17]પ્રભા[18]કછુ નાંહિ હૈ, આતમ–અનુભવ માંહિ રે પ્રાણી,॥શ્રી૦૬॥
સુખદુઃખ જીવન મરણ અવસ્થા, એ દસ પ્રાણ સંગાત રે પ્રાણી, ।
ઇનથી ભિન્ન 'વિનયચન્દ' રહિયે, જ્યોં જલમેં જલ જાત રે પ્રાણી; ॥ શ્રી૦ ૭ ॥

## કલશ

**ચોવીશ તિરથનાથ કીરતિ, ગાવતાં મન ગન ગહગહે;[19] ।**
**કુમટકો કુલચંદ નંદન, 'વિનયચન્દ' ઇન પર કહે; ।**
**ઉપદેશ પૂજ્ય 'હમીર મુનિ' કો, તત્ત્વ નિજ ઉર મેં ધરી, ।**
**ઉગણીસ સો છે કે છમછર,[20] મહાસ્તુતિ પૂરણ કરી. ।**

૧–સસલાને. ૨–૩–૪–૫ એ ચાર પ્રકારની સમાધિ છે. ૬–" તે હું " એવો મંત્ર, ૭–જીવ, આત્મા ૮–પરિચય; અનુભવ, ૯ થી ૧૮ એ દશ અજીવ પુદ્ગલના ગુણ છે. ૧૯–અતિ પ્રસન્ન થાય; ૨૦–સંવત્સર; સાલ.

॥ असिआउसाय नमः ॥

# શ્રી જવાહિર વ્યાખ્યાન સંગ્રહ

## [ પ્રથમ ભાગ ]

[ અષાડ વદી ૨ થી પ્રથમ ભાદરવા વદ ૦)) સુધીમાં
અનાથી મુનિ અને સુદર્શન ચરિત્રનાં વ્યાખ્યાનો ]

पूज्यपाद आचार्यश्री विजयनेमिसूरीश्वर पट्टालंकार
शास्त्रविशारद कविदिवाकर श्रीमद्विजयपद्मसूरिनो
ज्ञान भंडार. पु० नं०.......... प्रत नं०..........

卐

[ રાજકોટ ચાતુર્માસ ]

સંવત ૧૯૯૨

## નિર્ગ્રન્થ-પ્રવચન

" अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं य, दुप्पट्ठिय सुप्पट्ठियो ॥ "

અર્થાત્—આ આત્મા જ સુખ અને દુઃખનો ઉત્પાદક તેમજ વિનાશક — કર્ત્તા તથા હર્ત્તા છે. આ આત્મા જ મિત્ર કે શત્રુ છે અને આ આત્મા જ દુઃખપાત્ર કે સુખપાત્ર છે.

卐

### નોંધ

આ પુસ્તકના પ્રકાશન અર્થે રાજકોટનિવાસી
શ્રી. ચુનીલાલ નાગજી વોરાએ
રૂા. ૧૦૦૧)ની આર્થિક સહાયતા
આપી છે.

# શ્રી જવાહિર વ્યાખ્યાન સંગ્રહ

## [ રાજકોટ–ચાતુર્માસ ]

### વ્યાખ્યાન: સંવત ૧૯૯૨ અષાડ વદી ૨ સોમવાર

### ( પ્રાર્થના )

**કુંથુ જિણરાજ તૂ ઐસો, નહિ કોઈ દેવ તો જેસો,**
**ત્રિલોકીનાથ તૂ કહીએ, હમારી બાંહ દઢ ગહિએ. ॥ કુંથુ૦ ૧ ॥**

શ્રી કુન્થુનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભગવાનની પ્રાર્થના, હું મારી બુદ્ધિની અનુસાર કહું કે, પ્રાચીન સાધુ–મહાત્માઓએ પ્રાકૃત ભાષામાં જે કાંઈ કહ્યું છે, તે પ્રમાણે કહું, એ બન્ને એક જ વાત છે. પ્રાચીન સાધુ–મહાત્માઓએ પ્રાકૃત ભાષામાં જે પ્રાર્થના કરી છે, તે પ્રાર્થનાતત્ત્વને દૃષ્ટિ સમક્ષ રાખી હું પરમાત્માની પ્રાર્થના કર્યા કરું છું. શાસ્ત્રાનુસાર પરમાત્માની પ્રાર્થના કરવી, એને હું ઠીક સમજું છું. શાસ્ત્રનાં પાને પાને પરમાત્માની પ્રાર્થના વર્ણવેલી છે, એવો મારો મત છે. મારા આ મતની સાથે કોઈનો મતભેદ પણ હોઈ શકે પરંતુ એ વિષે ઊંડો વિચાર કરવાથી એમાં કાંઈ મતભેદ જેવું જણાશે નહિ. કારણ કે, પરમાત્માની પ્રાર્થનાનો વિષય જ એવો છે કે, તેમાં મતભેદને સ્થાન નથી. હું તો એમ માનું છું કે, ભગવાનની ઉપદેશિત દ્વાદશાંગીમાં જે એકાદશાંગી ઉપલબ્ધ છે, તેમાં પ્રાર્થના જ ભરેલી છે.

ભગવાન મહાવીરે જગતકલ્યાણ માટે જે અન્ત સમયે અમૃત વાણી ઉપદેશેલી છે અને જે ઉત્તરાધ્યયનને નામે ઓળખાય છે, તે ઉત્તરાધ્યયનસૂત્રને સમસ્ત પ્રવચનનો સાર કહેવામાં આવે તો તેમાં મારી દૃષ્ટિએ કાંઈ ખોટું નથી. આ ઉત્તરાધ્યયનસૂત્રના ૩૬ અધ્યયનો છે. સંપૂર્ણ ઉત્તરાધ્યયનસૂત્રને ક્રમશઃ વાંચી તેનો ભાવ સમજાવવા માટે બહુ લાંબા સમયની આવશ્યકતા રહે છે તો પછી એકાદશાંગી વાણીને સમજાવવામાં કેટલો બધો સમય જોઈએ? આપણી શક્તિ તો નાનકડી ગાગર ઉપાડવા જેટલી છે તો પછી સાગરને કેમ ઉપાડી શકીએ? પણ પ્રાચીન સાધુ–મહાત્માઓએ ભગવાનની વાણીરૂપ સાગરને આ ઉત્તરાધ્યયન-સૂત્રરૂપી ગાગરમાં ભરી દીધો છે અને એ રીતે આપણા જેવા અલ્પશક્તિવાળા લોકો પણ જિનાગમને સંક્ષેપમાં સમજી શકે એવો પ્રયત્ન કર્યો છે. તે મહાત્માઓએ તો આવો હિતકારી પ્રયત્ન કર્યો છે, પણ પ્રત્યેક વાતને સમજવાનું ઉપાદાન કારણ તો આ આત્મા જ છે. શાસ્ત્ર તો નિમિત્ત કારણ છે. જેમકે, પુસ્તકોનું વાચન તો બધા કરે છે પણ

જેમની બુદ્ધિ જેવી વિકસિત થએલી હોય છે તેવી તે પુસ્તકના વિષયને સમજી શકે છે. આ વાતને લક્ષ્યમાં રાખી પાઠ્યક્રમ પણ કક્ષા પ્રમાણે તૈયાર કરવામાં આવે છે. સાતમ ક્લાસમાં ચાલતી પુસ્તકો પે'લી ચોપડી ભણનારને વાંચવા આપવામાં આવે તો તેની સમજમાં તે આવશે નહિ, કારણકે તેની બુદ્ધિ એટલી બધી વિકસિત થએલી હોતી નથી. શાસ્ત્રના વિષયમાં પણ એવું જ છે. જેમનો આત્મા જેટલો વિકસિત થએલો હોય છે તેટલો તે શાસ્ત્રના ભાવને સમજી શકે છે.

આખા ઉત્તરાધ્યયનસૂત્રનું વર્ણન કરવું અને તેનો ભાવ બતાવવો એ બહુ જ મુશ્કેલ છે, એટલે અહીં ઉત્તરાધ્યયનસૂત્રના વીસમા અધ્યયનનું વર્ણન કરવામાં આવે છે. આ વીસમું અધ્યયન આ યુગના લોકોને માટે નૌકાની સમાન છે. હૃદયમાં જે શંકાઓ ઉદ્ભવે છે, એ શંકાનું સમાધાન આ વીસમા અધ્યયનમાંથી મળી આવે છે એવી મારી ધારણા છે. આ અધ્યયનનું વર્ણન મેં બીકાનેરમાં કર્યું હતું. પણ મારા શિષ્યોનો એવો આગ્રહ છે કે, એ અધ્યયનનું વર્ણન ફરીથી કરું એટલે અત્રે એનો પુનઃ પ્રારંભ કરું છું.

ઓગણીશમા અધ્યયનમાં મૃગાપુત્રનું વર્ણન છે. તેમાં સાધુ-મહાત્માઓએ વૈદ્યોનું શરણ ન લેતાં પોતાના આત્માનો જ સુધાર કરવો જોઈએ, એમ કહેવામાં આવ્યું છે. પોતાના આત્માને જ જાગ્રત રાખવો જોઈએ એ કથનનો એવો અર્થ નથી કે, સ્થવિરકલ્પી સાધુઓએ વૈદ્યોની સહાયતા ન લેવી. સ્થવિરકલ્પી સાધુઓ વૈદ્યોની સહાયતા લે છે પણ એમ કરવું તે અપવાદમાર્ગ છે, એ ઉત્સર્ગમાર્ગ નથી. વૈદ્યોની સહાયતા ન લેતાં પોતાના આત્માને જ જાગ્રત કરવો, એ ઉત્સર્ગમાર્ગ છે. આ જ વાતને આ વીસમા અધ્યયનમાં વિસ્તારપૂર્વક બતાવવામાં આવેલ છે. આત્મામાં અનંત શક્તિસામર્થ્ય રહેલું છે. એ આત્મા અત્યારે ભલે ગમે તે સ્થિતિમાં હોય, ભૂતકાળમાં ભલે તે ગમે તેવી સ્થિતિમાં રહ્યો હોય અથવા ભવિષ્યમાં ભલે તે ગમે તેવી સ્થિતિમાંથી પસાર થાય પણ જો આત્મા આ સ્થિતિમાંથી અળગો થઈ જાય તો પોતાનામાં રહેલી અનંત શક્તિનો તે સાક્ષાત્કાર કરી શકે અને પોતાનામાં પોતાના માટે બધું કરવાનું શક્તિસામર્થ્ય રહેલું છે તેનું પણ તેને ભાન થઈ શકે!

આ વીસમા અધ્યયનમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે, તેનો સાર માત્ર એટલો જ છે કે, 'તમારા ડૉકટર તમે પોતે બનો.' આ પ્રમાણે પોતાના ડૉકટર પોતે બનવાથી કોઈના શરણે જવાની જરૂર નહીં રહે. આત્માની શક્તિથી આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એ ત્રણે પ્રકારનાં તાપ શમી જાય છે! પછી આત્માને માટે કોઈ પ્રકારનો સંતાપ બાકી રહેતો નથી. સાધારણ રીતે સંસારમાં કોઈપણ આત્મા સંતાપને સહેવા ચાહતો નથી. કોણ એવો હશે કે જે અશાન્તિને ચાહતો હોય! બધા જીવો સુખશાન્તિને ચાહે છે! પણ વાસ્તવિક શાન્તિ મેળવવા માટે કેટલો બધો પ્રયત્ન કરવો પડે છે એ શાસ્ત્રની દૃષ્ટિએ જુઓ; પછી તમારા પ્રયત્નમાં કેટલી ખામી છે એ તપાસો અને પ્રયત્ન કરવા છતાં પણ શાન્તિ કેમ મળતી નથી એનું બાધક કારણ શોધો અને એને દૂર કરવાનો પ્રયત્ન કરો!

## અનાથી મુનિનો અધિકાર

આ વીસમા અધ્યયનનું વર્ણન કેવી રીતે કરવામાં આવ્યું છે એ બતાવતાં હું શાસ્ત્રના શબ્દોમાં જ પરમાત્માની પ્રાર્થના કરું છું. આ અધ્યયનનો પ્રારંભ કરતાં પહેલાં કહેવામાં આવ્યું છે કેઃ —

**सिद्धाणं नमो किच्चा संजयाणं च भावओ ।**
**अत्थधम्मगइं तच्चं अणुसिट्ठिं सुणेह मे ॥ १**

આ મૂળ શ્લોક છે. ગુરુ શિષ્યને કહે છે કે, હું તમને શિક્ષા આપું છું અને મુક્તિનો માર્ગ બતાવું છું. પણ એ હું મારી શક્તિથી નહિ પણ સિદ્ધ અને સંયતિને નમસ્કાર કરી, તેમને શરણે જઈ, તેમની પાસેથી શક્તિ મેળવી તમને બતાવું છું.

સાધારણ રીતે જ્યાંનો માર્ગ પૂછવામાં આવે ત્યાંનો માર્ગ બતાવવામાં આવે છે. પણ આ તો મુક્તિનો માર્ગ બતાવવામાં આવે છે એટલે એના માટે એમ કહેવામાં આવે છે કે, હું અર્થ અને ધર્મનો માર્ગ બતાવું છું: અર્થ એટલે શું ! એની વ્યાખ્યા નીચે પ્રમાણે કરવામાં આવેલ છે :—

**अर्थ्यते प्रार्थ्यते धर्मार्थिभिरित्यर्थः स च प्रकृते मोक्षः संयमादिर्वा स एव धर्मः तस्य गतिः ज्ञानं यस्याम् ताम् अनुशिष्टि माम् शृणुत इत्यर्थः ।**

જે વસ્તુની ઇચ્છા કરવામાં આવે તેનું નામ અર્થ છે. સામાન્ય લોકો અર્થનો અર્થ ધન કરે છે અને તેની પ્રાપ્તિ માટે અહીંતહીં દોડધામ પણ કરે છે; પણ અહીં 'અર્થ'નો અર્થ ધન નથી. તમે લોકો અત્રે ધનને માટે આવ્યા નથી. ધનને માટે તો તમે દોડધામ કર્યા કરો છો. પણ અહીં ધન મળતું નથી છતાં અત્રે આવ્યા છો એટલે એ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે, અર્થનો ધનની સિવાય પણ બીજો કોઈ અર્થ છે અને તેને માટે તમે અત્રે આવ્યા છો ! કેટલાક ગૃહસ્થોની કદાચ એવી ઇચ્છા હોઈ શકે કે, અમે સાધુઓ પાસે જઈશું તો, બીજા કોઈ બહાને અમને ધન મળી જશે પણ સાધુ કે સતીની એવી ભાવના હોતી નથી. અત્રે ધનની પ્રાપ્તિ થતી નથી છતાં તમે લોકો ધર્મશ્રવણ કરવા આવો છો એથી એ સ્પષ્ટ થાય છે કે, અર્થનો અર્થ કેવળ ધન જ નથી.

જે વસ્તુની ઇચ્છા કરવામાં આવે તેનું નામ અર્થ છે. પણ અત્રે એ વાત સ્પષ્ટ કરવામાં આવે છે કે, ધાર્મિક લોકો જે વસ્તુની ઇચ્છા કરે છે તેને અર્થ કહેવામાં આવે છે. ધાર્મિક લોકો ધર્મની જ ઇચ્છા રાખે છે. આ પ્રમાણે અત્રે 'અર્થ'નો અર્થ ધર્મ વિષે વિવક્ષિત થએલો છે. એ જ શ્લોકમાં આગળ જતાં કહેવામાં આવ્યું છે કે, ધર્મરૂપી અર્થમાં જે દ્વારા ગતિ થાય છે તેની હું શિક્ષા આપું છું. ધર્મરૂપી અર્થમાં જ્ઞાનદ્વારા ગતિ થાય છે અને જ્ઞાનદ્વારા જ ધર્મરૂપી અર્થને પ્રાપ્ત કરી શકાય છે એટલા માટે આ કથનનો ભાવાર્થ એ થાય છે કે, 'હું જ્ઞાનની શિક્ષા આપું છું.'

જ્ઞાનનો અર્થ પણ વિસ્તૃત છે. સંસારવ્યવહારનું જ્ઞાન પણ જ્ઞાન જ કહેવાય છે પણ અહીં એમ કહેવામાં આવ્યું છે કે, ધર્મરૂપી અર્થમાં ગતિ કરાવનાર તત્ત્વનું જ્ઞાન આપું છું અર્થાત્ તત્ત્વનું જ્ઞાન આપું છું. આ જ્ઞાન તમારામાં રહેલું છે પણ તે જાગ્રત નથી એટલા માટે હું શિક્ષા આપી તે જ્ઞાન જાગ્રત કરવાનો પ્રયત્ન કરું છું.

દીપકમાં તેલ પણ હોય અને બત્તી પણ હોય તેમ છતાં અગ્નિના સંયોગ વિના તે પ્રકાશ આપી શકતો નથી. આ જ પ્રમાણે આત્મામાં પણ જ્ઞાન રહેલું છે પણ તે જ્ઞાન મહાપુરુષના સત્સંગ વિના વિકસિત થઈ શકતું નથી. જો પોતાનામાં જ્ઞાન જ ન હોય તો મહાપુરુષનો સત્સંગ પણ કોને વિકસિત કરે ? જેમકે, કોઈ દીવામાં તેલ કે બત્તી જ ન હોય અને બીજો બળતો દીવો તેને ભટકાવવામાં આવે તો તેનું શું પરિણામ આવે ? એ જ કે, ખાલી ચૂલામાં ફુંક મારવાથી આંખમાં રાખ જ પડે છે તેવું જ તેનું દુષ્પરિણામ આવે. આ જ પ્રમાણે જ્યાંસુધી પોતાના આત્મામાં શક્તિ ન હોય ત્યાંસુધી મહાપુરુષોની સંગતિ કે તેમની શિક્ષા પણ વ્યર્થ જાય છે.

આ શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે, 'હું શિક્ષા આપું છું.' એથી એમ સમજવું જોઈએ કે, મહાપુરુષોએ આપણામાં શક્તિ જોઈ છે એટલા માટે તેઓ શિક્ષા આપે છે. આપણામાં એવી શક્તિ રહેલી છે, આપણામાં તે જ્ઞાન પણ છે જે મહાપુરુષોની શિક્ષાદ્વારા વિકસિત થઈ શકે એમ છે માટે આપણે તેમની શિક્ષાને સાવધાન થઈ સાંભળવી જોઈએ.

શિક્ષા આપનાર મહાપુરુષે કહ્યું છે કે, 'હું સિદ્ધ અને સંયતિને નમસ્કાર કરી શિક્ષાનો પ્રારંભ કરું છું; પણ સિદ્ધ એટલે શું એ આપણે અત્રે જાણવું જોઈએ! નમસ્કાર મંત્રમાં એક પદમાં સિદ્ધને અને ચાદ પદમાં સાધુને નમસ્કાર કરવામાં આવેલછે.

સિદ્ધ શબ્દમાંનો **सित्** શબ્દ '**सिञ् बन्धने**' એ ધાતુમાંથી બનેલ છે. આ **सित** શબ્દનો અર્થ આઠ કર્મરૂપી બાંધેલી લાકડીના ભારાને જેમણે **ध्मातम्** અર્થાત્ શુકલ ધ્યાનની જવાજલ્યમાન અગ્નિદ્વારા ભસ્મીભૂત કરી નાંખેલ છે તે સિદ્ધ છે. અથવા **षिधु गतौ** અર્થાત્ ગતિ અર્થમાં સિત્ શબ્દનો અર્થ કરવામાં આવે તો જે સ્થાનથી પાછું ફરવાનું નથી એવા સ્થાને જેઓ પહોંચી ગયા છે તે પણ સિદ્ધ કહેવાય છે.

કેટલાક લોકો એમ કહે છે કે, સિદ્ધ થવા છતાં પણ સિદ્ધો સંસારનું અભ્યુત્થાન કરવા માટે સંસારમાં ફરીવાર અવતરે છે પણ જો આમ માનવામાં આવે તો, તે સિદ્ધ-સ્થાન પણ એક પ્રકારનું સંસાર જ બની જશે. જે સ્થાનેથી ફરીવાર સંસારમાં આવવુંજ ન પડે તે જ સાચી સિદ્ધિ છે. જેમકે ગીતામાં કહ્યું છે કેઃ—

**'यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम'**

અર્થાત્—જ્યાં ગયા પછી પાછું ફરવાનું નથી તે જ પરમ ધામ છે. આવું ધામ જ સિદ્ધિ છે, પણ જ્યાં ગયા પછી પાછું સંસારમાં આવવું પડે છે તે તો એક પ્રકારનો સંસાર જ છે

વ્યુત્પત્તિના આધારે સિદ્ધ શબ્દનો ત્રીજો અર્થ પણ કરવામાં આવે છે. '**षिधु संराद्धौ**' એ અર્થમાં જે કૃતકૃત્ય થઈ ગયા છે, જેમને હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી, તે પણ સિદ્ધ કહેવાય છે.

જેમ પાકેલી ખીચડીને કોઈ ફરીવાર પકાવતું નથી તેમ જેમણે આત્માના બધાં કામો સાધી લીધાં છે અને જેમને બાકી કાંઇ કરવાનું રહેતું નથી તે સિદ્ધ છે. આ પ્રમાણે એક જ શબ્દના ત્રણ અર્થો થાય છે પણ એ બધાનો ભાવાર્થ તો સરખો જ છે.

**'षिधून शास्ते मांगल्ये'** એ અર્થમાં સિદ્ધ શબ્દનો બીજાને ઉપદેશ આપી જેઓ મોક્ષે ગયા છે એવો સિદ્ધનો ચોથો અર્થ પણ કરવામાં આવે છે. શાસિતાનો અર્થ બીજાને ઉપદેશ આપવો એવો થાય છે એટલા માટે જે બીજાને ઉપદેશ આપી મોક્ષ પામ્યા છે તેઓ સિદ્ધ છે.

આ ઉપરથી એમ કહી શકાય કે, જેઓ અરિહન્ત થયા પછી સિદ્ધ થાય છે તેમને શાસિતા કહેવું એ તો ઠીક છે કારણ કે, બીજાઓને કલ્યાણનો ઉપદેશ આપીને તો તેઓ જ મોક્ષે જાય છે પણ સિદ્ધ તો પંદર પ્રકારના હોય છે. શું એ સિદ્ધોને માટે પણ આ શાસિતા અર્થ ઘટી શકે છે! જે મહાત્માઓ ધ્યાનમૌનદ્વારા મોક્ષે જાય છે તેઓ પણ જગતનો કાંઈ ઉપદેશ આપે છે! જો નહીં તો પછી આ શાસિતાનો અર્થ તેમને કેવી રીતે ઘટી શકે?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જે મહાત્માઓ ધ્યાનમૌનદ્વારા મોક્ષે જાય છે તેઓ પણ સંસારને કોઈ પ્રકારની શિક્ષા આપનાર હોય છે! એટલા માટે શાસિતા શબ્દ તેમને પણ લગાડી શકાય કારણ કે, તેઓ મૌન સેવીને પણ શિક્ષા આપે છે અને આવી શિક્ષાની સંસારને આવશ્યકતા પણ છે. આ સંસાર વિશેષતઃ મૌન સેવનારાઓની સહાયતાથી જ ચાલે છે. મૂંગી સૃષ્ટિના આધારે જ આ સૃષ્ટિ બોલતી છે. પૃથ્વી પાણી વગેરેના જીવો મૂંગા છે પણ એ મૂંગા જ આ બોલતી સૃષ્ટિનું પાલન કરે છે. આ જ પ્રમાણે જે મહાત્માઓ બોલતા નથી પણ ધ્યાનમૌનદ્વારા જ કલ્યાણ કરે છે તેઓ સંસારને કોઈ ઉપદેશ કે શિક્ષા આપતા નથી એમ નથી, તેઓ પણ જગતના ઉપકાર કરનારા હોય છે.

સિદ્ધ ભગવાન મોક્ષે ગયા છે અને તેથી જ લોકો મોક્ષના ઇચ્છુક છે. જો તેઓ મોક્ષે ગયા ન હોત તો કોઈ મોક્ષની ઇચ્છા કરત નહીં. તે મહાત્માઓ મન, વચન અને કાયાની સંશુદ્ધિ સાધીને મોક્ષે ગયા અને એ પ્રમાણે તેમણે સંસારના લોકોને મોક્ષનો માર્ગ બતાવ્યો તથા સાંસારિક લોકોમાં મોક્ષે જવાની ઇચ્છા ઉત્પન્ન કરી એટલા માટે તેમને પણ 'શાસિતા' કહી શકાય!

શાસિતાની સાથે જ કહેવામાં આવ્યું છે કે જે માંગલિક છે તે સિદ્ધ છે. માંગલિકનો અર્થ પાપનો નાશ કરનાર એવો થાય છે. જેઓ પાપનો નાશ કરનાર છે તે સિદ્ધ છે. આ પ્રમાણે જે શાસિતા અને માંગલિક છે તે સિદ્ધ છે.

અત્રે એવો પ્રશ્ન થઈ શકે કે, જો સિદ્ધ ભગવાન માંગલિક છે તો મોટા મોટા મહાત્માઓને રોગ અને દુઃખ કેમ સહેવાં પડયાં? ગજસુકુમાર મુનિના મસ્તક ઉપર ધગધગતાં અંગારા રાખવામાં આવ્યાં અને આ જ પ્રમાણે બીજા મહાત્માઓને પણ અનેક રોગો-દુઃખો સહેવાં પડયાં તો પછી તેઓમાં સિદ્ધોની માંગલિકતા આડે કેમ ન આવી? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, મંગલનો અર્થ પાપનો નાશ કરનાર એવો થાય છે. જો કષ્ટ આપનાર ઉપર કષ્ટ સહેનારને રાગદ્વેષ આવે તો તેઓમાં મંગલ નથી એમ કહી શકાય પણ જો રાગદ્વેષ આવે નહીં તો તેઓમાં મંગલ છે એમ સમજવું જોઈએ. ગજસુકુમાર મુનિના મસ્તક ઉપર ધગધગતાં અંગારા સોમલ બ્રાહ્મણે મૂકયાં તોપણ તેમને શત્રુ ન માનતાં, મારામાં મંગલભાવને જગાડનાર મારા મિત્ર છે એમ જ તેમણે માન્યું.

આ પ્રમાણે સિદ્ધ ભગવાન ભાવમંગલ છે. તમે લોકો દ્રવ્ય મંગલ જુઓ છો. જેઓમાં ભાવમંગલ છે તેઓ દ્રવ્ય મંગલના ચમત્કાર પણ બતાવી શકે છે પણ તે મહાત્માઓ એવું કરવા ચાહતા નથી. તેઓ તો આત્માની શાન્તિ જ રાખવા ચાહે છે. જો તેઓ કોઈ પ્રકારનો દ્રવ્ય ચમત્કાર બતાવવા ચાહતા હોય તો ચક્રવર્તીનું રાજ્ય અને સોળ સોળ હજાર દેવોની સેવાને શા માટે છોડી દે અને સંયમને ધારણ કરે ! જ્યારે દેવો જ સેવક થઈને રહેતા હોય ત્યારે દ્રવ્ય ચમત્કારમાં શું ખામી રહી શકે ? પણ તે મહાત્માઓ એ પ્રકારના ચમત્કારને ચાહતા જ નથી. જે પ્રમાણે કોઈ સૂર્યની પૂજા કરે છે તો કોઈ તેને ગાળો ભાંડે છે તોપણ તે સૂર્ય ગાળો ભાંડનાર ઉપર નારાજ થઈને તેને ઓછો પ્રકાશ આપતો નથી તેમ પૂજા કરનાર ઉપર ખુશ થઈને તેને વધારે પ્રકાશ આપતો નથી. તે તો બધાને સમાન જ પ્રકાશ આપે છે. આ જ પ્રમાણે સિદ્ધ ભગવાન છે.

સિદ્ધનો પાંચમો અર્થ એ પણ છે કે, જે સિદ્ધ થવાથી તેની આદિ તો છે, પણ જેમનો અંત નથી તે પણ સિદ્ધ છે.

ગુરુ મહારાજ શિષ્યને કહે છે કે, સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી, ધર્મરૂપી અર્થનો સાચો માર્ગ કયો છે તે હું બતાવું છું. સિદ્ધને નમસ્કાર કરી હું ભાવથી સંયતિને પણ નમસ્કાર કરું છું.

અહીં એક વિચારણીય વાત છે કે, સંયતિ, સંયતિને નમસ્કાર કરે છે કે અસંયતિને ! આ પ્રકારના બીજા પણ પ્રશ્નો ઉદ્‌ભવી શકે છે ! સૂત્રના રચનાર ગણધરો ચાર જ્ઞાનના સ્વામી હતા. તેમ છતાં તેઓ કહે છે કે, જે ભાવથી સંયતિ છે તેમને હું નમસ્કાર કરું છું. આ ઉપરથી સાધુઓએ સમજવું જોઈએ કે, ' જો અમારામાં ભાવથી સાધુતાનો ગુણ હશે તો અમને ગણધર પણ નમસ્કાર કરે છે પણ જો અમારામાં સાધુતાનો ગુણ નહિ હોય તો પછી અમારામાં કાંઈ નથી. '

આ વીસમા અધ્યયનમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તે આ પહેલી ગાથામાં સંક્ષેપમાં કહી દીધું છે. આ પહેલી ગાથામાં આખા અધ્યયનનો સાર કેવી રીતે સમાવવામાં આવ્યો છે એ વાતને વિશેષજ્ઞ જ સમજી શકે છે. આ વાત કેવળ જૈનશાસ્ત્રના વિષયને જ લાગુ પડતી નથી પણ બીજા ગ્રન્થોમાં પણ આખા ગ્રન્થનો સાર આદિ સૂત્રમાં કહી દેવામાં આવ્યો હોય એવું જોવામાં આવે છે. મેં કુરાનનો અનુવાદ જોયો હતો. તેમાં કહ્યું છે કે, ૧૨૪ ઇલાહી પુસ્તકોનો સાર તૌરેત, અંજિલ, જબુર અને કુરાન એ ચાર પુસ્તકોમાં સમાવવામાં આવ્યો છે અને પછી એ ચારેય પુસ્તકોનો સાર કુરાનમાં લાવવામાં આવ્યો છે અને કુરાનનો સાર તેની આ પહેલી આયાતમાં સમાવવામાં આવ્યો છે કેઃ—

' બિસમિલ્લાહ રહિમાને રહીમ.'

આ એક આયાતમાં જ કુરાનનો સાર કેવી રીતે સમાવવામાં આવ્યો છે એ એક વિચારવા જેવી વાત છે. જ્યારે આ આયાતમાં 'રહિમાન અને રહીમ' એ બન્ને આવી ગયાં તો પછી કુરાનમાં બાકી શું રહ્યું ? આપણામાં પણ કહ્યું છે કે, ' દયા ધર્મનું મૂળ છે ' દયા શબ્દ તો બે જ અક્ષરનો છે તો પછી શું એમાં બધાં ધર્મોનો સાર ન આવી ગયો ? દયા એ બધાં ધર્મોનો સાર છે; એ વાત કુરાન, પુરાણ કે વેદશાસ્ત્રથી જ નહિ પણ પોતાના આત્માથી પણ જાણી શકાય છે. માની લો કે, તમે જંગલમાં છો અને કોઈ માણસ

તલવાર લઈને આવે અને તમારી જાન લેવા ચાહે ત્યારે તમે એ માણસમાં શું ખામી જોશો ? એ જ કે તેનામાં દયા નથી. એટલામાં જો કોઈ બીજો માણસ આવે અને પે'લા દુષ્ટ માણસને કહે કે, ભાઇ, એને માર નહિ! તારે જો મારવું જ છે તો ભલે મને મારી નાંખ, પણ એને માર નહિ! આવા સમયે તમે બીજા માણસમાં શું વિશેષતા જોશો! તમે એમ જ કહેશો કે, આ પુરુષમાં ખરેખર દયાની વિશેષતા છે. તેનામાં દયાનો ગુણ છે એ તમે કેવી રીતે જાણી શકયા ? જવાબમાં તમે એમ જ કહેશો કે, અમારા આત્માદ્વારા એ જાણ્યું. એ માણસમાં દયા છે એની સાક્ષી અમારો આત્મા જ આપી રહ્યો છે. આત્મા જ પોતાનું રક્ષણ ચાહે છે એટલા માટે તેણે બીજા માણસમાં દયાનો ગુણ છે એ પારખી લીધું. આ પ્રમાણે દયા એ આત્માનો ધર્મ છે. જો તમારે ધર્માત્મા બનવું હોય તો દયાને તમારા જીવનમાં વણી લેવી જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

" **एवं खु नाणिणो सारं जं न हिंसइ किंचणं.** " [સૂયગ૦સૂ૦અ૦૧ગા૦]

અર્થાત્–કોઈ જીવને મારવો નહિ એ જ જ્ઞાનીઓનો સાર છે. જેમ પોતાનો આત્મા છે તેમ બીજાનો પણ આત્મા છે. જેમ પોતે મરવા ચાહતો નથી તેમ બીજાનો આત્મા પણ મરવા ચાહતો નથી. જેમ પોતાને ખરાબ વસ્તુ ગમતી નથી તેમ બીજાને પણ ગમતી નથી. આ પ્રમાણે પોતાને જે પ્રતિકૂલ લાગે છે તેમ બીજાના આત્માને પણ પ્રતિકૂલ લાગે છે એમ ધારી બીજાને દુઃખ આપવું નહિ પણ દયાભાવ ધારણ કરવો. એક ફારસી કવિએ કહ્યું છે કેઃ—

"ખ્વાહિ કિ તુરા હેચ બદી ન આયદ પેશ,
તાત્વાની બદી મકુન અજ કમો બેશ."

અર્થાત્—જો તું એમ ચાહે છે કે, મારી ઉપર કોઈ જુલ્મ ગુજારે નહિ તો, જેને તું જુલ્મ માને છે તેને તું બીજા ઉપર પણ ગુજાર નહિ. કોઈ તમને માર,મારી તમારી પાસેથી ચીજ લૂંટી લેવા ચાહે કે ખોટું બોલી તમને ઠગવા ચાહે કે, તમારી સ્ત્રી ઉપર ખરાબ નજર નાંખે તો તેને તમે જુલ્મી માનશો ને ! આ વાત એવી સાદી છે કે, તેની ખાત્રી માટે પુસ્તકોની પણ સહાયતા લેવાની જરૂર રહેતી નથી. જ્ઞાનીજનો કહે છે કે, જે વાતને તું જુલ્મ ગણે છે તે જુલ્મને તું બીજા ઉપર ગુજાર નહિ. કોઈની હિંસા ન કરવી. અસત્ય ન બોલવું, કોઈની સ્ત્રી ઉપર ખરાબ નજર ન ફેંકવી અને કોઈની ચોરી ન કરવી. આ પ્રમાણે કરશો તો તમે જુલ્મી રહી નહિ શકો. જ્યારે તમે પોતે જુલ્મી નહિ રહો તો પછી શું બીજાઓ તમારી ઉપર જુલ્મ ગુજારી શકશે ! આ વાતને ઊંડા ઊતરીને વિચારો, તો તમને સ્પષ્ટ જણાશે કે, દયા એ ધર્મનું અને હિંસા એ પાપનું મૂળ છે. કરીમામાં ઠીક જ કહ્યું છે કે,

"ચહલ ચાલ ઉમ્રે અજી જસ્ત ગુજિસ્ત,
મિજાજે તો અજહાલ તિફ્લી ન જસ્ત."

અર્થાત્—તું ચાલીશ વર્ષનો થયો છતાં તારું છોકરવાદીપણું ગયું નહિ. હવે તો એ છોકરવાદીપણું છોડીને વાતને સમજ. જેને તું જુલ્મ ગણે છે તેને બીજા ત્યાગે કે ન ત્યાગે પણ જો તારે ધર્મી બનવું છે તો તું તો તેને છોડી દે. કોઈ રાજા એમ વિચારતો નથી કે, હું જ કેમ રાજા છું? આ બધા લોકો રાજા કેમ થઈ જતા નથી ! તો પછી બીજાએ જુલ્મનો ત્યાગ કર્યો છે કે નહિ એ તમારે શા માટે જોવું જોઈએ ! બીજાએ જુલ્મનો

ત્યાગ નથી કર્યો તો તે તેનું ફોડી લેશે પણ જો તમારે ધર્માત્મા બનવું છે તો તમારે જુલ્મનો ત્યાગ કરી દેવો જોઈએ.

સિદ્ધને નમસ્કાર કરીને કે બિસમિલ્લા કહીને કોઇ વાતનો પ્રારંભ કરવામાં આવે છે. શું સિદ્ધથી કોઈ વાત છાની રહી શકે ખરી? કોઈ કામને સિદ્ધના નામથી શરૂ કરીને પછી હૃદયમાં પાપ રાખવામાં આવે તો સિદ્ધના સ્વરૂપને તે સમજી શક્યો નથી એમ કહેવું જોઈએ. 'રહેમ અને રહિમાન'ને જાણી લીધા બાદ કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. વિદ્વાન લોકો કહે છે કે, કયામતના સમયે કે કોઈ બીજા સમયે જે મોમિન અને કાફીર ઉપર રહેમ–દયા કરે છે તે રહિમાન છે. તે બધા ઉપર દયા કરે છે એટલા માટે તે રહિમાન કહેવાય છે. કોઈ કહે કે, રહિમાન જ મોમિનો ઉપર દયા કરે એ તો ઠીક છે પણ જે કાફિર છે તેમની ઉપર દયા શા માટે કરે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, મુસલમાન મોમિન છે અને હિન્દુ કાફિર છે એવી વાત નથી. જો કોઈ બે મુસલમાનો પરસ્પર લડતા હોય ત્યારે કોઈ હિન્દુ વચમાં પડી તેમને છુટા પાડે તો શું લડનારા મુસલમાનો મોમિન અને હિન્દુ કાફિર કહેવાશે! કાફિર અને મોમિનની આ વ્યવસ્થા નથી. પણ જેનામાં 'રહેમ' છે, 'શૈતાનિયત' નથી તે જ ખરો મોમિન છે અને જેનામાં રહેમનો છાંટો નથી અને શેતાન છે તે જ કાફિર છે.

'હું કલ્યાણની શિક્ષા આપું છું.' એમ શાસ્ત્રમાં કહ્યું છે. આ કલ્યાણની શિક્ષા તેઓ કેવળ સાધુઓ કે શ્રાવકોને જ નહિ પણ બધા લોકોને આપે છે. જ્યારે સૂર્ય બધાને સરખો પ્રકાશ આપે છે, કાંઇ ભેદભાવ રાખતો નથી તો પછી જે ભગવાનને એમ કહેવામાં આવે છે કે,

**सूर्यातिशायि महिमाऽसि मुनीन्द्र! लोके** ।—શ્રી ભક્તામર સૂત્ર

અર્થાત્—જેમનો મહિમા સૂર્યથી પણ વિશેષ છે તે ભગવાન પોતાની શિક્ષા આપવામાં કોઈ પ્રકારનો ભેદભાવ રાખી શકે? તે અનન્ત મહિમાવાળા ભગવાનની વાણી કોઈ માટે નહિ પણ બધાને માટે સમાન કલ્યાણકારી છે.

સૂર્ય બધાને પ્રકાશ આપે છે છતાં કોઈ કહે કે, સૂર્ય અમને પ્રકાશ આપતો નથી પણ અંધકાર આપે છે તો શુ તેમનું આ કથન સાચું કહેવાશે? જેમકે ચામાચીડ કે ઘુવડ એમ કહે કે, સૂર્ય શા કામનો? એ તો અમને વધારે આંધળા બનાવી મૂકે છે! આ પ્રશ્નના જવાબમાં એ જ કહેવામાં આવશે કે, એમાં સૂર્યનો દોષ નથી! પણ પોતાની પ્રકૃતિનો જ દોષ છે. સૂર્યના કિરણોમાં તો પ્રકાશ જ છે, અંધકાર નથી; પણ પોતાની પ્રકૃતિ જ ઊલટી છે કે જેથી પ્રકાશ પણ તેમને માટે અંધકારના રૂપમાં પરિણત થઈ જાય છે. સૂર્યના પ્રકાશની માફક ભગવાનની વાણી પણ બધાને માટે કલ્યાણકારી છે પણ જેમની પ્રકૃતિ ઊલટી છે તેઓ ભલે ભગવદ્વાણીનો લાભ લઈ શકતા ન હોય બાકી ભગવાનની વાણીનો લાભ બધા લઈ શકે છે અને પોતાનું કલ્યાણ સાધી શકે છે.

ભગવાનની વાણીનું શ્રવણ કરી તેને જીવનમાં ઉતારવાથી કેવી રીતે લાભ પહોંચે છે એ વાત હું ચરિત્રકથાદ્વારા સમજાવું છું કે જેથી બધાની સમજમાં આવી શકે! ચરિત્ર કથામાં બધા સમજી શકે એવી રીતે દરેક પ્રકારની શિક્ષા આપી શકાય છે! જે લોકો દ્રવ્યાનુયોગને સીધીરીતે સમજી શકતા નથી તેમને માટે ચરિત્રાનુવાદ બહુ સહાયભૂત

નીવડે છે. જેમકે કોઇ માણસ હાથમાં રંગ લઈને કહે કે, મારા હાથમાં હાથી કે ઘોડો છે; તો એટલી વાતથી એનો અર્થ બધાની સમજમાં ન પણ આવી શકે, પણ જ્યારે તે માણસ એ રંગદ્વારા હાથી કે ઘોડાનું ચિત્ર કરી બતાવે છે ત્યારે બધાની સમજમાં સહેલાઇથી આવી શકે છે. જો કે, જે ચિત્ર બનાવવામાં આવ્યું છે તે રંગનું જ બનાવવામાં આવ્યું હોય છે. રંગની સાથે કર્ત્તાની શક્તિ વિશેષ રહેલી છે પણ રંગમાં હાથી કે ઘોડો છે એ વાત જનસાધારણને તુરત સમજમાં આવી શકતી નથી. એ જ પ્રમાણે ભગવાનની વાણી જ્યારે સીધી રીતે સમજમાં આવતી ન હોય ત્યારે જનસાધારણ સમજી શકે એ માટે ચરિત્રકથાનો આશ્રય લેવો પડે છે. ચરિત્રને પ્રથમાનુયોગ કહેવામાં આવે છે અર્થાત્ પહેલી શ્રેણીના લોકોને માટે ચરિતાનુયોગ બહુ લાભપ્રદ છે. તેમ છતાં ચરિતાનુયોગને સમજાવવો એ સરલ છે એમ હું નથી માનતો. ચરિતાનુયોગને સમજાવવો બહુ મુશ્કેલ છે. કારણ કે, ચરિત્રદ્વારા સુધાર પણ થઈ શકે છે તેમ ખરાબી પણ થઈ શકે છે માટે ચરિતકથનમાં બહુ જ સાવધાની રાખવાની જરૂર રહે છે.

ધર્મતત્ત્વને સરલતાપૂર્વક સમજાવવા માટે હું એક ચરિત્રકથા કહું છું. આ ચરિત્રકથાના નાયક સાધુ નહિ, પણ પહેલી અવસ્થામાં ગૃહસ્થ છે. આ ગૃહસ્થનું ચરિત્રચિત્રણ કરી મહાપુરુષોએ સાધુઓને એ સૂચના આપી છે કે, જ્યારે ગૃહસ્થ પણ આ પ્રમાણે ધર્મનું પાલન કરે છે તો પછી પંચમહાવ્રતધારી સાધુઓએ કેવી રીતે ધર્મનું પાલન કરવું જોઈએ એ વિચારવા જેવું છે.

## સુદર્શન–ચરિત્ર

હું જે ચરિત્રકથા કહેવા ચાહું છું એ ચરિત્રના નાયકનું નામ સુદર્શન છે. સુદર્શનના ચરિત્રને કહેવાની મારી ઇચ્છા છે અને તેનો પ્રારંભ પણ આજથી જ કરવામાં આવે છેઃ—

> ધન શેઠ સુદર્શન શીયલ શુદ્ધ પાલી તારી આતમા—॥ ટેક ॥
> સિદ્ધ સાધુકો શીષ નમાકે, એક કરૂં અરદાસ ।
> સુદર્શન કી કથા કહું મૈં, પૂરો હમારી આસ ॥ ૧ ॥

ધર્મના દાન, શીલ, તપ અને ભાવ એ ચાર અંગ છે. એ ચારેય અંગોનું વર્ણન એક સાથે થઈ શકે નહિ એટલા માટે કેવળ એક શીલ–અંગની કથા કહેવામાં આવે છે. શીલની સાથે સાથે દાન, તપ અને ભાવ વિષે પણ ગૌણરૂપે વર્ણન કરવામાં આવશે પણ આ ચરિત્રમાં પ્રધાનતા તો શીલની જ રહેશે. જેમ નાટક કરનારાઓ કહે છે કે, આજે રામના રાજ્યાભિષેકનું નાટક થશે, પણ નાટકમાં કેવળ રામનો રાજ્યાભિષેક જ બતાવવામાં આવતો નથી પણ સાથે સાથે બીજાં દૃશ્યો પણ બતાવવામાં આવે છે તેમ છતાં તેમાં પણ રાજ્યાભિષેકનું દૃશ્ય પ્રધાનપણે અને બીજાં દૃશ્યો ગૌણરૂપે બતાવવામાં આવે છે. એ જ પ્રમાણે આ ચરિત્રમાં પણ ગૌણરૂપે તો દાન, તપ અને ભાવનું પણ વર્ણન કરવામાં આવશે પણ પ્રધાનતા તો શીલગુણની જ રહેશે. આ કથાના નાયકે મુખ્યતઃ શીલનું પાલન કર્યું છે એટલા માટે તેમને પ્રત્યેક કડીમાં ધન્યવાદ આપવામાં આવ્યો છે અને

કટોકટીના સમયે પણ તેમણે શીલવ્રતનું બરાબર પાલન કરી, લોકો માટે તે એક નૂતન આદર્શ ઉપસ્થિત કરી ગયા છે એ પણ બતાવવામાં આવ્યું છે.

શીલવ્રતનું પાલન કરી જે અનેક જીવો પોતાનું કલ્યાણ કરી ગયા છે એ બધા ધર્માત્માઓનું ચરિત્રવર્ણન અત્રે થઈ શકે નહિ પણ કોઈ એકના ચરિત્રનું જ વર્ણન કરી શકાય એમ છે. પોતાની પાસે રંગ હોય તો જેટલા હાથી-ઘોડા ચિતરવા હોય તેટલા ચીતરી શકાય છે પણ જે સમયે જેટલાની આવશ્યકતા હોય અથવા એક સમયમાં જેટલા બનાવી શકાય તેટલા જ બનાવવામાં આવે છે. તે પ્રમાણે શીલવ્રતના પાલનદ્વારા અનન્ત જીવો કલ્યાણ કરી ગયા છે. પરન્તુ એક સમયમાં બધાનું ચરિત્ર આલેખી શકાય નહિ, એક સમયમાં તો એક જ ધર્માત્માનું ચરિત્ર વર્ણવી શકાય એટલા માટે અત્રે સુદર્શનનું ચરિત્ર કહેવામાં આવે છે.

સ્ત્રીપ્રસંગદ્વારા કે કોઈ બીજા ઉપાયે વીર્યને નષ્ટ ન કરવું એવો સાધારણ રીતે શીલનો અર્થ કરવામાં આવે છે. પણ આ અર્થ એકાંગી છે. શીલનો અર્થ આટલો જ થતો નથી પણ તેની વ્યાખ્યા વિસ્તૃત છે. ખરાબ કામમાંથી નિવૃત્ત થઈ સત્કાર્યમાં પ્રવૃત્ત થવું એનું નામ શીલ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બન્ને કાર્યનાં અંગો છે. પ્રવૃત્તિ વિના નિવૃત્તિ થઈ શકતી નથી તેમ નિવૃત્તિ વિના પ્રવૃત્તિ થઈ શકતી નથી. સાધુમાં જો સુમતિ હોય અને ગુપ્તિ ન હોય અથવા ગુપ્તિ હોય અને સુમતિ ન હોય તો કામ ચાલી શકતું નથી. કારણ કે સુમતિ અને ગુપ્તિ એ બન્નેની આવશ્યકતા રહે છે. સુમતિ એ પ્રવૃત્તિ છે અને ગુપ્તિ એ નિવૃત્તિ છે. માટે એ બન્નેયની આવશ્યકતા છે. આ જ પ્રમાણે પ્રત્યેક કામમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેયની આવશ્યકતા રહે છે.

જો સૂર્ય તમને પ્રકાશ ન આપે, પાણી તમારી તરસ ન છીપાવે અને અગ્નિ જો તમારું ભોજન ન પકાવે તો તેની પ્રશંસા કોઈ કરતું નથી. તે પ્રમાણે જો મહાપુરુષ પોતાનું જ કલ્યાણ સાધી લે અને તમારું કલ્યાણ કરવામાં પ્રવૃત્ત ન થાય તો તમે તેમને વંદન પણ કેમ કરો? આ પ્રમાણે જો મહાપુરુષો તમારા કલ્યાણના કામમાં પ્રવૃત્ત ન થાય તો ગજબ જ થઈ જાય! અને પોતાનું કામ સાધવામાં પણ બહુ મુશ્કેલી આવી પડે.

શીલનો અર્થ ખરાબ કામનો ત્યાગ કરી સત્કાર્યમાં પ્રવૃત્ત થવું એવો થાય છે. તો ખરાબ કામો કયાં કયાં છે તે આપણે જોવું જોઈએ! હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, મદિરાપાન વગેરે દુર્વ્યસનો એ બધાં ખરાબ કામો છે. આ કથનમાં બીડી, તમાકુ, ભાંગ, શરાબ વગેરે દુર્ગુણોનો પણ સમાવેશ થઈ જાય છે. આ દુર્ગુણોનો ત્યાગ કરવો એટલે ખરાબ કામોમાંથી અળગા થવું. બીજાઓની સાથે કોઈ પણ પ્રકારનું ખરાબ કામ કરવું એનો અર્થ પોતાના આત્માની સાથે દુર્વ્યવહાર કરવા સમાન છે. બીજાને ઠગવો એટલે પોતાના આત્માને ઠગવો. એટલા માટે હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, બ્હેન-બેટી ઉપર ખરાબ નજર ન ફેંકવી, બીડી, તમાકુ, ભાંગ વગેરે દુર્વ્યસનોનું સેવન ન કરવું-વગેરે દુર્વ્યસનોથી બચવું એટલે ખરાબ કામોથી અળગા થવું, એ નિવૃત્તિ છે. અને દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, ખાવાપીવામાં ગૃદ્ધિ ન રાખવી તથા ધર્મકાર્ય કરવું એ પ્રવૃત્તિ છે. અત્યારે શીલનો અર્થ કેવળ સ્ત્રીપ્રસંગ ન કરવો એટલો જ કરવામાં આવે છે. જે પરસ્ત્રીપ્રસંગ કરતો નથી પણ સ્વ-સ્ત્રીનો ત્યાગી નથી તે આંશિક શીલ પાળ-

નારો છે અને જે પરસ્ત્રી તથા સ્વસ્ત્રી બન્નેનો ત્યાગી છે તે પૂર્ણ શીલ પાળનારો છે. શીલની વ્યાખ્યા એટલી બધી વિસ્તૃત છે કે, તેમાં પાંચ મહાવ્રતોનો પણ સમાવેશ થઈ જાય છે.

સુદર્શન શેઠ કરોડો રૂપિયાની સંપત્તિવાળો હતો છતાં તેમણે શીલવ્રતનું પાલન કેવી રીતે કર્યું ! એ વાત આ કથામાં યથાશક્તિ બતાવવાનો પ્રયત્ન કરવામાં આવશે. આ કથાને સાંભળી જે લોકો અશુભ કાર્યોથી નિવૃત્ત થશે અને શુભ કાર્યોમાં પ્રવૃત્ત થશે તે લોકો પોતાનું કલ્યાણ સાધી શકશે અને સુખના ભાગી બની શકશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૩ મંગળવાર

### પ્રાર્થના

**અહરનાથ અવિનાશી, શિવ-સુખ લીધો; ।**
**વિમલ વિજ્ઞાન-વિલાસી, સાહબ સીધો. ॥ ૧ ॥**
**તૂ ચેતન ભજ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાય;**
**તાત 'સુદર્શન' 'દેવી' માતા, તેહનો નન્દ કહાય. ॥ સાહબ. ૨ ॥**

શ્રી અરહનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

સમય ઓછો છે એટલે આ પ્રાર્થના ઉપર વિશેષ વિચાર ન કરતાં, શાસ્ત્રીય પ્રાર્થના ઉપર વિચાર કરું છું.

### અનાથી મુનિનો અધિકાર

કાલે ઉત્તરાધ્યયનનું વીશમું અધ્યયન શરૂ કરેલ છે. આ વીશમા અધ્યયનનું નામ 'મહાનિર્ગ્રન્થીય' અધ્યયન છે. મહાન્ અને નિર્ગ્રન્થ એ બન્ને શબ્દોનો શો અર્થ છે તે અત્રે જોવાનું છે. પૂર્વાચાર્યોએ મહાન્ શબ્દનો અર્થ બતાવતાં અનેક વાતો સમજાવેલ છે. એ બધી વાતોને કહેવાનો તો અત્યારે સમય નથી; કારણ કે સૂત્ર સમુદ્રની માફક અમાપ છે. એનું માપ આપણા જેવા જીવો કેવી રીતે માપી શકે ? છતાં યથામતિ એ વિષે થોડું કહેવું જરૂરી છે એટલે કહું છું.

પૂર્વાચાર્યોએ આઠ પ્રકારના મહાન્ બતાવ્યા છે. નામથી, સ્થાપનાથી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, પ્રધાનથી, પડુચ્ચ અર્થાત્ અપેક્ષાથી, અને ભાવથી એમ આઠ પ્રકારે મહાન્ થાય છે. આ વીશમા અધ્યયનમાં કેવા પ્રકારના મહાન વર્ણવવામાં આવેલ છે એ જોવાનું છે; પણ તે પહેલાં ઉપર્યુક્ત આઠ પ્રકારના મહાનનો અર્થ જાણી લેવો ઉચિત છે.

પહેલો નામથી મહાન છે. જેઓમાં મહાનતાનો એકેય ગુણ નથી પણ કેવળ નામથી જ મહાન્ છે, તે નામથી મહાન્ છે. જૈન શાસ્ત્રોએ પ્રારંભ અને અન્ત સમજાવવાનો બહુ

પ્રયત્ન કર્યો છે. સાધારણ રીતે પ્રત્યેક વસ્તુને નામથી જ જાણી શકાય છે. પણ કેવલ નામને જ જાણવા કરતાં તેના સ્વરૂપને પણ જાણવું જોઈએ.

બીજો સ્થાપનાથી મહાન્ છે. કોઈ વસ્તુમાં મહાનતાનું આરોપણ કરી લેવું એ સ્થાપનાથી મહાન્ છે.

ત્રીજો દ્રવ્યથી મહાન્ છે. જ્યારે કેવલજ્ઞાની અન્ત સમયે કેવલિ—સમુદ્દઘાત કરે છે ત્યારે તેમના કર્મપ્રદેશ ચૌદ રાજુલોકમાં ફેલાઈ જાય છે અને તેમના શરીરમાંથી નીકળેલો મહાસ્કન્ધ ચૌદ રાજુલોકમાં સમાઈ જાય છે તે દ્રવ્યથી મહાન્ છે.

ચોથો ક્ષેત્રથી મહાન્ છે. સમસ્ત ક્ષેત્રોમાં આકાશ જ મહાન્ છે કારણ કે આકાશ સમસ્ત લોકમાં વ્યાપ્ત છે.

પાંચમો કાળથી મહાન્ છે. કાળમાં ભવિષ્યકાળ મહાન્ છે. જેમનું ભવિષ્ય સુધર્યું છે તેમનું બધું સુધર્યું છે. ભૂતકાળ ગમે તેવો ઉજ્જવળ રહ્યો હોય પણ તે વ્યતીત થઈ ગયો છે. એટલા માટે ભવિષ્ય કાળ જ મહાન્ છે.

છઠ્ઠો પ્રધાન મહાન્ છે. અર્થાત્ જે પ્રધાન માનવામાં આવે છે તે મહાનના સચિત્ત અચિત્ત અને મિશ્ર એમ ત્રણ પ્રકારના ભેદ પાડવામાં આવ્યાં છે. સચિત્તમાં દ્વિપદ, ચતુષ્પદ અને અપદ એ ત્રણ પ્રકાર છે. દ્વિપદોમાં તીર્થંકર મહાન્ છે. ચતુષ્પદોમાં સરલ અર્થાત્ અષ્ટાપદને મહાન્ ગણવામાં આવે છે અને વૃક્ષાદિ અપદમાં પુંડરિક અર્થાત્ કમલને મહાન્ કહેવામાં આવે છે. અચિત્તમાં ચિન્તામણિ રત્ન મહાન્ છે. મિશ્રમાં તીર્થંકરનું રાજ્યસંપદાયુક્ત શરીર મહાન્ છે. તીર્થંકરનું શરીર દિવ્ય તો હોય જ છે પણ રાજ્યાભિષેકના સમયે તેઓ જે વસ્ત્રાભૂષણો પહેરી બેસે છે તે પણ મહાન્ હોય છે. સ્થાનને લીધે વસ્તુનું પણ મહત્ત્વ વધી જાય છે. આ કારણે મિશ્રમાં તીર્થંકરનું વસ્ત્રાભૂષણ યુક્ત શરીર મહાન્ છે.

સાતમો, અપેક્ષાથી મહાન્ છે. જેમકે સરસવ કે રાઇથી ચણાનો દાણો મહાન્ છે અને ચણાના દાણાથી બોર મહાન્ છે.

આઠમો, ભાવથી મહાન્ છે. ટીકાકાર કહે છે કે, પ્રધાનતાની અપેક્ષાએ ક્ષાયકભાવ મહાન્ છે. અને આશ્રયની અપેક્ષાએ પારિણામિક ભાવ મહાન્ છે. કારણકે પારિણામિક ભાવના આશ્રિત જીવ અને અજીવ બન્નેય હોય છે. કોઈ કોઈ આચાર્યનો એવો પણ મત છે કે, આશ્રયની દૃષ્ટિએ ઉદયભાવ મહાન્ છે; કારણ કે અનંત સંસારી જીવો ઉદય ભાવને જ આશ્રિત છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન મત છે; પણ વિચાર કરવાથી આશ્રયની અપેક્ષાએ પારિણામિક ભાવ જ મહાન્ છે. કારણ કે, પારિણામિક ભાવમાં સિદ્ધ અને સંસારી એ બન્નેય પ્રકારના જીવો આવી જાય છે. આ પ્રમાણે પ્રધાનતાની અપેક્ષાએ ક્ષાયકભાવ મહાન્ છે.

અત્રે મહાન્ નિર્ગ્રન્થનો અધિકાર છે. નિર્ગ્રન્થને દ્રવ્ય, ક્ષેત્ર આદિની દૃષ્ટિએ મહાન્ કહ્યા નથી પણ જે મહાપુરુષ પારિણામિક ભાવથી ક્ષાયિક ભાવમાં પ્રવર્તે છે તેમને મહાન્ કહેલ છે.

નિર્ગ્રન્થ કોને કહેવાય અને નિર્ગ્રન્થનો શો અર્થ છે તે વિષે વિચાર કરીએ. જે દ્રવ્ય અને ભાવથી, બન્ધનકર્તા પદાર્થોમાંથી નિવૃત્ત થાય છે; અર્થાત્ જે દ્રવ્ય અને ભાવ

ગ્રન્થિથી મુક્ત થાય છે તે નિર્ગ્રન્થ કહેવાય છે. દ્રવ્ય ગ્રન્થિ ૯ પ્રકારની અને ભાવગ્રન્થિ ૧૪ પ્રકારની છે. જે આ બન્ને ગ્રન્થિઓને છોડી નાંખે છે તે નિર્ગ્રન્થ કહેવાય છે.

કોઈ વ્યક્તિ દ્રવ્ય ગ્રન્થિને તો છોડી દે પણ જો કષાયાદિ ભાવગ્રન્થિને છોડે નહિ તો તે નિર્ગ્રન્થ કહેવાય નહિ. નિર્ગ્રન્થે તો નિશ્ચય અને વ્યવહાર બન્ને પ્રકારની ગ્રન્થિઓ છોડવાની જરૂર છે. પંદર પ્રકારે સિદ્ધ થાય છે તેમાં ગૃહલિંગી પણ સિદ્ધ થાય છે અને અન્યલિંગી પણ સિદ્ધ થાય છે પણ તેઓ ભાવની અપેક્ષાએ સિદ્ધ થાય છે. દ્રવ્યની અપેક્ષાએ તો સ્વલિંગી જ સિદ્ધ થાય છે; એટલા માટે દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારની ગ્રન્થિઓથી જે વિમુકત થાય છે તે જ નિર્ગ્રન્થ કહેવાય છે. અને જેઓ સંપૂર્ણપણે દ્રવ્ય અને ભાવ ગ્રન્થિઓથી છૂટી જાય છે તે જ મહાનિર્ગ્રન્થ કહેવાય છે. કોઈ દ્રવ્ય ગ્રન્થિથી જ મુક્ત થાય છે તો કોઈ ભાવ ગ્રન્થિથી જ છૂટો થાય છે પણ જે બન્ને પ્રકારની ગ્રન્થિઓથી છૂટો થાય છે તેઓ જ મહાનિર્ગ્રન્થ કહેવાય છે. આવા મહાનિર્ગ્રન્થના ચરિત્રનો આશ્રય લઈ ગુરુ શિષ્યને શિક્ષા આપતાં કહે છે કેઃ—

**सिद्धाणं नमो किच्चा संजायाणं च भावओ ।**
**अत्थधम्मगतिं तच्चं अणुसिट्ठो सुणेह मे ॥**

અર્થાત્—હું અર્થની શિક્ષા આપું છું. સાધારણ રીતે ગૃહસ્થો 'અર્થ'નો અર્થ ધન કરે છે પણ અહીં અર્થ ધનના અર્થમાં નહિ પણ ધર્મ અર્થમાં વિવક્ષિત થએલો છે. હું નિર્ગ્રન્થધર્મરૂપી અર્થની શિક્ષા આપું છું.

આજકાલ લોકો જે કોઈ આવે છે તેના બની જાય છે. પણ શાસ્ત્ર કહે છે કે, તમે નિર્ગ્રન્થ ધર્મના અનુયાયી છો. કોઈ વ્યક્તિ વિશેષના નહિ. જે કોઈ નિર્ગ્રન્થધર્મની વાત કહે તેને માનો અને જે નિર્ગ્રન્થધર્મની વાત ન કહે તેને ન માનો. નિર્ગ્રન્થધર્મનું પ્રતિપાદન નિર્ગ્રન્થપ્રવચન કરે છે. જે દ્વાદશાંગી નિર્ગ્રન્થપ્રવચનની વાણી છે, તેને સજીવન કરનાર, તેનું પ્રતિપાદન કરનાર ગ્રન્થ અને શાસ્ત્ર નિર્ગ્રન્થપ્રવચન જ છે. પણ જે દ્વાદશાંગીનું ખંડન કરે છે અને તેની વિરુદ્ધ કોઈ સિદ્ધાન્તનું પ્રતિપાદન કરે છે તે નિર્ગ્રન્થ પ્રવચન નથી. જે નિર્ગ્રન્થધર્મનો અનુયાયી હશે તે નિર્ગ્રન્થપ્રવચનના સિદ્ધાન્તની વિરુદ્ધ જનારા ગ્રન્થ કે શાસ્ત્રને કદાપિ માનશે નહિ, પણ તે તો એ જ કહેશે કે, મારે માટે તો નિર્ગ્રન્થ પ્રવચન જ પ્રમાણ છે.

'નિર્ગ્રન્થધર્મની શિક્ષા તત્ત્વાર્થરૂપે કહું છું તે સાંભળો' એવું અત્રે કહેવામાં આવ્યું છે.

શાસ્ત્રના પ્રારંભમાં પ્રવૃત્તિ, પ્રયોજન, સંબંધ અને અધિકાર આ ચાર વાત અવશ્ય હોવી જોઈએ. આ ચાર વાતો 'અનુબન્ધ ચતુષ્ટય' એ નામથી ઓળખાય છે.

કોઈપણ કાર્યમાં પ્રવૃત્તિ કરવા વિષે પહેલાં વિચાર કરવામાં આવે છે. જેમકે કોઈ નગરમાં પ્રવેશ કરવો હોય તો તેના દ્વારની તપાસ સર્વ પ્રથમ કરવી પડે છે. જો દરવાજાની ખબર ન હોય તો પછી નગરમાં પ્રવેશ કેવી રીતે થઈ શકે? એટલા માટે પ્રવૃત્તિ વિષે વિચાર પહેલો કરવો પડે છે. પ્રવૃત્તિના વિષે કરવામાં આવતા વિચારને 'અનુબન્ધ ચતુષ્ટય' કહેવામાં આવે છે. અનુબન્ધ ચતુષ્ટયમાં કહેવામાં આવેલી ચાર વાતોનું ધ્યાન રાખવાથી સુખપૂર્વક પ્રવૃત્તિ થઈ શકે છે. આ અનુબન્ધ ચતુષ્ટયથી જ શાસ્ત્રની પરીક્ષા થઈ શકે છે. જેમ લાખો મણ અનાજની અને હજારો ગજ કપડાંની પરીક્ષા તેના નમૂના

માત્રથી થઈ જાય છે. શાસ્ત્રમાં જે કાંઈ કહેવામાં આવ્યું હોય છે તેનો સારાંશ પહેલી ગાથામાં બતાવી દેવામાં આવે છે કે જેથી આ શાસ્ત્રમાં શું છે? તેની ખબર પડી શકે!

અનુબન્ધ ચતુષ્ટયદ્વારા શાસ્ત્રનો મૂળ ઉદ્દેશ જાણી શકાય છે. ઉદ્દેશ વિના પ્રવૃત્તિ થતી નથી. જ્યારે તમે ઘરની બહાર નીકળો છો ત્યારે અમુક ઉદ્દેશ નક્કી કરીને નીકળો છો. ઉદ્દેશ બધાના જુદા જુદા હોય છે એ વાત જુદી છે પણ કોઈ ને કોઈ ઉદ્દેશ તો અવશ્ય દરેક પ્રવૃત્તિ પાછળ રહેલો હોય છે. જેમકે દૂધ ખરીદનારો માણસ જ્યાં દૂધ વેચાય તે તરફ જાય છે તે જ પ્રમાણે શાકપાન ખરીદનારો માણસ શાક મારકીટ તરફ જાય છે. આ પ્રમાણે દરેક પોતાના ઉદ્દેશને લક્ષ્યમાં રાખી પ્રવૃત્તિ કરે છે. એટલા માટે શાસ્ત્રનો ઉદ્દેશ શો છે, તેનો વિષય શું છે એ પહેલાં બતાવવામાં આવે છે. બાદ એ શાસ્ત્રદ્વારા કયા પ્રયોજનની સિદ્ધિ થવાની છે! શાસ્ત્રના કોણ કોણ અધિકારી છે! એ બતાવવામાં આવે છે. અને ત્યાર બાદ શાસ્ત્રનો પૂર્વાપર સંબંધ શું છે એટલે કે શાસ્ત્રમાં કથિત વસ્તુનો કહેનાર અને સાંભળનાર સાથે શું સંબંધ છે એ બતાવવામાં આવે છે.

આ ચાર વાતોદ્વારા શાસ્ત્રની પરીક્ષા થઈ જાય છે. આ ચારેય વાતો આ મહાનિર્ગ્રન્થીય અધ્યયનમાં છે એ એના નામ નિર્દેશથી જ સ્પષ્ટ જણાય છે. આ ચારેય વાતોનો આ અધ્યયનમાં કેવી રીતે સમાવેશ કરવામાં આવ્યો છે તે યથાવસરે બુદ્ધિ અનુસાર આગળ બતાવવામાં આવશે.

હવે આ વાતને વ્યાવહારિક રીતિએ વિચાર કરીએ કે, જેથી બધા સમજી શકે! મહાન્ પુરુષોની સેવા કરવાની બધાની ઇચ્છા હોય છે પણ મહાન્ કોને કહેવા! એ વિષે ભાગવતમાં કહ્યું છે કેઃ—

**महत्सेवां द्वारमाहुर्विमुक्तेः तमोद्वारं योषितां संगिसंगम् ।**
**महान्तस्ते समचित्ताः प्रशान्ता विमन्यवः सुहृद् साधवो ये ॥**

અર્થાત્—આ સંસારમાં મોક્ષનું દ્વાર મહાન્ પુરુષોની સેવા, સંગતિ અને ઉપાસના છે અને નરકનું દ્વાર એ સ્ત્રીના ઉપાસક–કનકકામિનીના ભોગોની સેવા કરવી એ છે.

આ પ્રમાણે મહાન્ પુરુષોની સેવા–સંગતિને મોક્ષનું દ્વાર બતાવ્યું પણ મહાન્ પુરુષ કહેવા કોને! એ એક મોટો પ્રશ્ન છે. જેઓ મોટા જાગીરદાર છે, જેઓ મૂલ્યવાન્ કપડાં દાટથી પહેરે છે અને અક્કડબાજ થઈને ફરે છે, જેઓ મોટી મોટી હવેલીઓમાં રહે છે તેઓને મહાન્ કહેવા કે બીજા કોઈને? મહાન્ કોને કહેવા એનો નિર્ણય શાસ્ત્રદ્વારા તો કરવામાં આવશે જ, પણ ભાગવત–પુરાણકાર કહે છે કે, આવી ઉપાધિ ધારણ કરનારને અમે મહાન્ માનતા નથી. પણ જેમનું ચિત્ત સમ છે, જેમનું મન સમતોલ છે તેમને જ અમે મહાન્ માનીએ છીએ. જેમનું મન આત્મામાં છે, પુદ્ગલોમાં રચ્યું પચ્યું રહેતું નથી તે જ મહાન્ છે. મહાન્ પુરુષનું મન હમેશાં સમતોલ રહેવું જોઈએ. ચિત્તને સમતોલ રાખવું એટલે કે આત્માના સ્વભાવને ભૂલી જઈ પુદ્ગલોમાં રમણ ન કરવું. જડ અને ચેતનનો વિવેક કરી જડસ્વભાવને દૂર કરવો અને ચેતનસ્વભાવને અપનાવવો, અર્થાત્ જડનો ધર્મ નશ્વર અને અજ્ઞાન છે અને ચેતનનો ધર્મ અવિનાશી અને જ્ઞાનસ્વરૂપ છે એમ માનવું એ ચિત્તની સમસ્થિતિ છે.

કોઈ એમ કહે કે, કાર્મણ શરીરની અપેક્ષાએ જીવની પાછળ અનાદિકાળથી ઉપાધિઓ વળગેલી છે. આ મારા કાન છે, આ મારું નાક છે, આ મારું શરીર છે; આ પ્રમાણે જડને પોતાનું માની આત્મા શરીરને અધીન બની રહ્યો છે. આવી દશામાં ઉપાધિને કારણે કોઈનું ચિત્ત સમ છે એમ કેમ કહી શકાય? આ પ્રશ્ન બરાબર છે કે, અનાદિકાળથી આત્માને ઉપાધિ લાગેલી છે પણ ઉપાધિને ઉપાધિ માનવી એ પણ સમચિત્તનું લક્ષણ છે.

જો કોઈ કાંકરાને રત્ન અને રત્નને કાંકરો કહે તો તે મૂર્ખ ગણાય છે. જો કે, રત્ન અને કાંકરો એ બન્ને જડ છે છતાં પણ રત્ન અને કાંકરાને એક માનનાર મૂર્ખ ગણાય છે, તો પછી જે ચૈતન્યને જડ અને જડને ચૈતન્ય માને છે તેને સમચિત્તવાળો કેમ કહી શકાય? અજ્ઞાનને કારણે લોકો ચેતનને જડ અને જડને ચેતન માને છે, પણ કોઈના કહેવા કે માનવાથી જડ ચેતન બનતું નથી અને ચેતન જડ બનતો નથી. જેમકે એક માણસ જંગલમાં જઈ રહ્યો હતો, જતાં જતાં તેણે દૂર એક છીપ દીઠી. તે મનમાં છીપને ચળકતી હોવાથી ચાંદી માની રહ્યો હતો એટલે તે છીપને ચાંદી કહેવા લાગ્યો. જ્યારે બીજો માણસ ચાંદીને છીપ કહેવા લાગ્યો. તેમના કહેવાથી છીપ ચાંદી ન બની અને ચાંદી છીપ ન બની. છતાં આ પ્રમાણે છીપને ચાંદી અને ચાંદીને છીપ માનનાર મૂર્ખ તો ગણાશે ને! આ જ પ્રમાણે કોઈના કહેવાથી જડ કે ચૈતન્ય પોતાનો સ્વભાવ છોડતા નથી. પણ જે લોકો જડને ચેતન કે ચેતનને જડ માને છે તે તેમનું અજ્ઞાન જ છે. આ પ્રમાણે અજ્ઞાનને કારણે જીવ જડને પોતાનું માની બેઠો છે અને આ મારું છે, આ મારું છે એમ માની રહ્યો છે.

કહેવાનો આશય એટલો જ છે કે, આવી ઉપાધિઓમાં જેઓ અટવાઈ પડયા છે તેઓ મહાન નહિ પણ જડના ગુલામ છે. તેઓ આત્મવાદી નહિ પણ જડવાદી છે. મહાન્ પુરુષો તો તે છે કે, જેઓ પોતાના શરીરને પણ પોતાનું માની બેસતા નથી. તો પછી સંસારની બીજી ચીજોને પોતાની ન માનતા હોય તો એ વિષે કહેવું જ શું?

હવે મહાન્ પુરુષોની સેવા શા માટે કરવી જોઈએ? "જો મહાન્ પુરુષોની સેવા કરીશું તો આપણને કાનમાં તેઓ મન્ત્ર ફુંકી દેશે અથવા માથા ઉપર હાથ ફેરવી આશીર્વાદ આપશે તો આપણે ઋદ્ધિ-સમૃદ્ધિથી સંપન્ન બનીશું" એ વિચારથી મહાન્ પુરુષોની સેવા કરતા હો તો, તે મહાત્માઓની સેવા નહિ પણ એ તો માયાની સેવા છે. પણ જે "હું સંસારની ઉપાધિમાં ફસાએલો છું અને તેથી જડને પોતાનું માની બેઠો છું પણ મહાન્ પુરુષોની સેવા-સંગતિથી મારી ઉપાધિમાંથી છૂટો થઈ શકીશ" એવી ભાવનાથી મહાત્માઓની સેવા કરે છે તે જ સાચી સેવા છે અને એવી જ સેવા મોક્ષનું દ્વાર છે.

જેમનું મન સમતોલ છે તેમને કોઈ લાખો ગાળો ભાંડે તોપણ તેમના મનમાં રોષ કે વિકારભાવ પેદા થતો નથી. તેમ કોઈની પ્રશંસા સાંભળી તેમનું મન ફુલાતું નથી. આ પ્રમાણે જે પ્રશંસાથી ફુલાતા નથી અને નિંદાથી ક્રોધી થતા નથી તે લોકો જ સાચા મહાન્ છે.

એકવાર પૂજ્ય ઉદયસાગરજી મહારાજ રતલામમાં સેઠજીના બજારમાં અને કદાચ તેમના જ ઘરમાં બિરાજમાન હતા. તે વખતે રતલામ શહેર ઉન્નત દશામાં હતું અને ત્યારે શેઠ ભોજાજી ભગવાનજીનો પ્રભાવ સારો હતો. પૂજ્યશ્રીની પ્રશંસા સાંભળી એક

મુસલમાને તેમની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. અને એક દિવસ અનુકૂળ સમય જોઈને તે પૂજ્યશ્રીની પાસે આવ્યો અને મનમાં ફાવે એવી કર્ણકટુ ગાળો ભાંડવા લાગ્યો. પૂજ્યશ્રી તે વખતે સ્વાધ્યાય કે ધર્મધ્યાન કરી રહ્યા હતા. તે મુસલમાન તો કાનમાંથી કીડા ખરે એવી કઠોર ગાળો ભાંડયે જતો હતો પણ પૂજ્યશ્રી મહારાજ કશું સાંભળતા જ ન હોય એમ શાન્ત બેઠા રહ્યા અને હસતા રહ્યા. તેમના મનમાં જરા પણ ક્રોધ ન આવ્યો. જ્યારે મુસલમાનને લાગ્યું કે, પૂજ્યશ્રી મારી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે ત્યારે તેમના પગે પડી ગયો અને હાથ જોડી કહેવા લાગ્યો કે, આપની મેં જેવી પ્રશંસા સાંભળી છે આપ તેવા જ શાન્ત છો. વાસ્તવમાં આપ સાચા ફકીર છો.

વ્યાખ્યાનમાં પ્રશાન્ત રહેવાનો ઉપદેશ આપવો એ તો સરલ છે પણ ક્રોધ થવાના પ્રસંગે શાન્ત રહેવું બહુ જ મુશ્કેલ છે. મહાન્ તો તે જ છે કે, જેઓ ક્રોધના સમયે પણ પ્રશાન્ત રહી શકે છે. કોઈ ત્યારે એમ કહી શકે કે, કોઈ ગાળો ભાંડે તો શું મૂંગે મોઢે સહી લેવી? મહાપુરુષો ગાળોને પોતાના માટે ગાળ જ માનતા નથી. તેઓ તો ઊલટું એ ગાળોમાંથી પોતાને ઉપયોગી સાર તત્ત્વને જ ખેંચી લે છે. કોઈ તેમને 'દુષ્ટ' કહે તો તેઓ એમ જ વિચારે છે કે, આ મને બોધ આપી રહ્યો છે. સંસારમાં જે વસ્તુ દુષ્ટ ગણવામાં આવે છે તેને મારે આ દુષ્ટ કહી રહ્યો છે. એટલા માટે મારે તો એ જ જોવું જોઈએ કે, મારામાં તો કયાંય દુષ્ટતા આવી નથી ગઈ ને? જો મારામાં દુષ્ટતા પેસી ગઈ હોય તો વિના વિલંબે તેને દૂર કરવી જોઈએ! જો પોતાનામાં દુષ્ટતા નથી તેમ છતાં જો સામો પુરુષ પોતાને દુષ્ટ કહે છે ત્યારે તો તેઓ હસતા જ રહે છે અને એમ વિચારે છે કે, આ માણસ કોઈ બીજાને દુષ્ટ કહેતો હશે! જો તે મને દુષ્ટ કહેતો હોય તો તે તેનું અજ્ઞાન છે. તેણે મારા આત્માને ઓળખ્યો નથી. મારા જેવા કોઈ બીજા દુષ્ટતા કરતા હશે તેમને કારણે મને પણ તે દુષ્ટ કહી રહ્યો છે; પરન્તુ મારામાં જ્યારે દુષ્ટતા જ નથી તો પછી મારે નારાજ થવાની શી જરૂર છે!

તમે સફેદ પાઘડી પહેરી હોય અને કોઈ કહે કે, 'એ! કાળી પાઘડીવાળા!' તો શું તમે તેના ઉપર નારાજ થશો! તમે તો ત્યારે એમ જ વિચારશો કે, મેં તો સફેદ પાઘડી પહેરી છે, કાળી પાઘડી પહેરી નથી એટલે તે બીજા કોઈને કહેતો હશે! આ પ્રમાણે વિચાર કરવાથી શું ક્રોધ આવી શકે? ક્રોધ ન આવે. પણ જો તમે એમ વિચારો કે, મેં તો સફેદ પાઘડી પહેરી છે છતાં તે કાળી કેમ કહે છે! એમ વિચારી તમે ક્રોધ કરો તો તે તમારી જ ભૂલ છે. કારણકે તમને તમે બાંધેલી પાઘડી ઉપર જ વિશ્વાસ ન રહ્યો.

જો ક્રોધીની તરફ પ્રેમ કરવાનો સિદ્ધાન્ત લોકો જીવનમાં ઉતારે તો સંસારમાં શાન્તિ સ્થાપિત થાય અને કોઈ પ્રકારની અશાન્તિ રહે નહિ. પિતાપુત્ર કે સાસુવહુની વચ્ચે લડાઈ થવાનું કારણ એ જ છે કે, "હું એવો નહિ હોવા છતાં મને એવો શા માટે કહે છે!" પણ આને બદલે "હું જ્યારે એવો નથી જ તો પછી તેની ઉપર નારાજ થવાની શી જરૂર છે!" એમ લોકો સમજવા લાગે તો અશાન્તિનું કારણ જ રહેવા ન પામે. તમે નિર્ગ્રન્થ-ગુરુની સેવા કરનારા છો એટલા માટે તમે લોકો તો આ શાન્તિનો ગુણ તો અવશ્ય અપનાવો અને તમારું પોતાનું કલ્યાણ કરો. સંસારમાં કોઈ કોઈનું અપમાન કરી શકતો નથી. પોતાનો આત્મા જ પોતાનું અપમાન કરે છે.

કહેવાનો આશય એ છે કે જે ક્રોધના પ્રસંગે પણ પ્રશાન્ત રહી શકે છે અને ક્રોધી પુરુષને પણ જે પ્રેમવર્ષાથી નવરાવે છે એવા સમચિત્તવાળા જ મહાન્ પુરુષ હોય છે. મહાન્ પુરુષો જડને કોઈ દિવસ વશ થતા નથી. તેઓ તો એ જ વિચારે છે કેઃ—

" **जीव नवि पुग्गली नैव पुग्गल कदा पुग्गलाधार नहीं तास रंगी ।**
**पर तणो ईश नहीं अपर ए ऐश्वर्यता वस्तुधर्मे कदा न परसंगी ॥"**

—શ્રી દેવચંદજી ચોવીશી.

જેમની પરમાત્માની સાથે લગની લાગી છે તેઓ તો એમ જ વિચારે છે કે, હું પુદ્ગલ નથી અને જ્યારે હું પુદ્ગલનો નથી, અરે ! હું પુદ્ગલનો માલીક પણ રહેવા ચાહતો નથી તો પછી તેનો ગુલામ થઈને કેમ રહી શકું ?

આજે લોકોને જે દુઃખ છે તે પુદ્ગલોનું જ છે. લોકો પુદ્ગલના ગુલામ બની રહ્યા છે પણ જો તેઓ થોડું ધૈર્ય ધારણ કરે તો, પુદ્ગલો ઊલટા તેમના ગુલામ બની જાય; પણ લોકો તો ધૈર્યને ગુમાવી પુદ્ગલના ગુલામ બની અને દુઃખના ભાગી બની રહ્યા છે. આ દુઃખ તેમના પોતાના અજ્ઞાનનું જ પરિણામ છે. કહેવત પણ છે કેઃ—

કહે એક સખી સયાની સુનરી સુબુદ્ધિ રાની તેરો પતિ દુઃખી
લગ્યો ઔર ચાર હૈ ।
મહા અપરાધી છહોં માહિં એકનર સોઈ દુઃખ દેત લાલ
દીસે નાના પર હૈ ।
કહે આલી સુમતી કહા દોષ પુદ્ગલકો આપની હો ભૂલ લાલ
હોતા આપા બાર હૈ ।
ખોટો નાનો આપકો શરાફ કહા લાગે વીર કાહૂકો ન દોષ મેરો
ભોંદુ ભરતાર હૈ ॥

—શ્રી સમયસાર નાટક.

આ પ્રમાણે બધો દોષ આત્માનો પોતાનો છે. એમાં પુદ્ગલનો શો દોષ છે ? એટલા માટે પુદ્ગલોની મમતા છોડો. પુદ્ગલો માટે હાયવોય કરવાથી કાંઈ વળવાનું નથી.

## સુદર્શન–ચરિત્ર

પુદ્ગલની મમતા છોડી જે મહાત્માઓ આગળ વધ્યા છે તેમને નમસ્કાર કરવાથી પોતાનો આત્મા પવિત્ર થાય છે અને આગળ વધે છે. સુદર્શને પુદ્ગલોની મમતા છોડી હતી અને તેથી જ તેની કથા કહેવામાં આવે છેઃ—

ચંપા પુરી નગરી અતિ સુંદર, દધિવાહન તિહાં રાય ।
પટરાની અભિયા અતિ પ્યારી, રૂપ કલા શોભાય ॥ ધન૦ ॥ ૨ ॥

સુદર્શનને કેવળ મેં જ નહિ પણ તમે બધાએ ધન્યવાદ આપ્યો છે; પણ શા માટે તેમને ધન્યવાદ આપ્યો છે એ વિષે વિચાર કરો. જો તે મોટો શેઠ હતો તો, તે તેના ઘરનો હતો. તેની શેઠાઈથી આપણને શું મળ્યું ? પણ આપણે એ મોટો શેઠ હતો એટલા

માટે ધન્યવાદ નથી આપ્યા પણ તેમણે પોતાનો પ્રાણપ્રિય ધર્મ પાળ્યો હતો એટલા માટે તેના ધર્મને ધન્યવાદ આપીએ છીએ. આપણે સુદર્શનને ધન્યવાદ આપીએ છીએ પણ તે પ્રમાણે આપણે કાંઈ ન કરીએ તો તે આપણું દુર્ભાગ્ય જ ગણાશે.

એક ભૂખ્યો તરસ્યો માણસ એક શેઠને ત્યાં ભિક્ષાર્થે ગયો. ત્યાં શેઠ એક સુવર્ણ થાળમાં અનેક ભોગ્યપદાર્થો લઈ ભોજન કરવા બેઠો હતો. તે ભૂખ્યો માણસ શેઠને ભિક્ષાન્ન આપવા માટે કરગરવા લાગ્યો. તે કડકડતી ભૂખથી પીડાતો હતો એટલે કહેવા લાગ્યો કે, "શેઠજી! તમે તો બહુ ભાગ્યવાન છો કે, આટલી બધી ભોજન સામગ્રી લઈ ભોજન કરવા બેઠા છો. મારા જેવા અભાગાને ખાવાનાં પણ સાંસાં છે, માટે મને થોડું ભોજન આપો."

આ સાંભળી શેઠનું મન પીગળ્યું અને તે ભિખારીને નજદીક બોલાવી કહ્યું કે, "ભાઈ! તું ઉપર આવ, મારી સાથે જમવા બેસી જા અને તારી ક્ષુધાને શાન્ત કર." શેઠની આવી ઉદારતા જોઈને પણ જો તે ભૂખ્યો માણસ એમ કહે કે, ના, ના, મારે જોઈતું નથી, હું ખાઈશ નહિ, તો પછી આવા માણસને કમનશીબ સિવાય બીજું શું કહી શકાય!

સુદર્શને ધર્મનું પાલન કર્યું તે માટે ધન્યવાદ આપવામાં આવે છે, માટે ધર્મ એ જ ધન્યવાદાર્હ છે. જે ધર્મને તમો ધન્યવાદ આપો છો તે ધર્મને પણ અપનાવો. કેવળ ધન્યવાદ આપવાથી આત્માની ભૂખ મટી શકતી નથી. સુદર્શને જે પ્રમાણે ધર્મનું પાલન કર્યું તે પ્રમાણે તમે ધર્માચરણ કરી ન શકો તો તમારી શક્તિ અનુસાર ધર્મને જીવનમાં ઉતારો તો પણ ઠીક છે. સંસારની બધી વસ્તુઓ નાશવંત છે તો પછી આ અવિનાશી ધર્મને શા માટે અપનાવતા નથી! સુદર્શનની માફક તમે ધર્મનું સંપૂર્ણ આચરણ કરી ન શકો તો થોડા અંશમાં તો આચરો!

કીડી, હાથી જેટલું ચાલી શકતી નથી એટલે કાંઈ પોતે જેટલું ચાલી શકે છે તે પણ છોડી દેતી નથી. કીડી ભલે હાથી જેટલું શીઘ્ર ગતિએ ચાલી શકતી ન હોય તો પણ શક્તિ અનુસાર ચાલે છે અને ધીમે ચાલતાં ચાલતાં તે પોતાના ખાવા માટે તથા ઘર માટે એવો પ્રયત્ન કરે છે કે જેને જોઈ વૈજ્ઞાનિકો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. તમે પણ તમારી શક્તિ અનુસાર ધર્માચરણમાં પ્રયત્ન કરતા રહો તો તેમાં તમારું શ્રેય રહેલું છે.

સુદર્શનની કથાનો પ્રારંભ કરતાં પહેલાં ક્ષેત્રનો પરિચય આપવામાં આવે છે. ક્ષેત્રીનું વર્ણન કરવા માટે ક્ષેત્રનો પરિચય આપવો જ પડે છે. જૈનશાસ્ત્રોમાં ભગવાન મહાવીરનું વર્ણન કરતાં—

**"तेणं कालेणं तेणं समयेणं चम्पा नामं नगरी होत्था."**

આ પ્રમાણે ક્ષેત્રનો પણ પરિચય આપવામાં આવ્યો છે. સુદર્શન કયાં થયા હતા? એ બતાવવા માટે પણ ક્ષેત્રનો પરિચય આપવો આવશ્યક છે.

કોઈ એમ કહે કે ક્ષેત્રની સાથે એવો શો સંબંધ છે કે જેનો પરિચય આપવો આવશ્યક ગણાય છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ક્ષેત્રની સાથે પણ ક્ષેત્રીનો ઘણો સંબંધ

જોડાએલો છે. ક્ષેત્રવિપાકી પ્રકૃતિ સૂત્રમાં પણ આવે છે. જેમકે એક ભારતનો નિવાસી છે અને બીજો યુરોપનો છે. ક્ષેત્રવિપાકી ગુણ બન્નેમાં રહે છે જ. કોઈ એ ગુણને વિકસાવે એ જુદી વાત છે, પરંતુ સાધારણ રીતે ક્ષેત્રવિપાકી ગુણ રહે છે જ. મનુષ્ય અને પશુમાં જે ભેદ છે તે ક્ષેત્રને લીધે છે. બાકી બન્નેના આત્મા સમાન જ છે. મનુષ્ય અને પશુનો ક્ષેત્રી આત્મા તો સમાન જ છે; આ ક્ષેત્રવિપાકી ગુણને કારણે કોઈ મનુષ્યને પશુ અને પશુને મનુષ્ય કહી શકતું નથી.

તમે ભારતમાં જન્મ્યા છો એટલે તમારામાં ભારતનો ક્ષેત્રવિપાકી ગુણ હોય એ સ્વાભાવિક છે. છતાં તમારા અત્યારના રંગઢંગ, ખાનપાન તથા પહેરવેશ કેવાં પ્રકારનાં છે તે જુઓ. તમે ભારતીય છો પણ શું તમને ભારતીય ભાષા પ્યારી લાગે છે? જો પ્રિય નથી લાગતી તો તે તમારું અભાગ્ય જ છે ને? પરદેશીઓ ભારતની પ્રશંસા કરે અને તમે પોતે ભારતીય હોવા છતાં ભારતની અવહેલના કરો, એ કાંઈ ઓછા દુર્ભાગ્યની વાત નથી. અત્યારે ભારતીયો પરદેશની અનેક લોભાવનારી ચીજો ઉપર મુગ્ધ થઈ, પોતાના ભારતદેશને જ ભૂલી રહ્યા છે, પણ એટલું જોતા નથી કે અમે જે વસ્તુ ઉપર મુગ્ધ બનીએ છીએ એ વસ્તુ ક્યાંની છે? એ વસ્તુ ભારતની જ છે પણ ભારતીયો પોતાનું ઘર જોઈ શકતા નથી. એ તો એના જેવી વાત થઈ કે, એક માણસ બીજા માણસના ઘેરથી થોડાં બીજ લઈ આવ્યો અને પોતાના ખેતરમાં વાવ્યાં. એક દિવસ બીજો માણસ પે'લા માણસને ત્યાં આવ્યો અને તેના ખેતરમાં સુંદર ફૂલવાળા વૃક્ષને જોઈ કહેવા લાગ્યો કે, આપ તો બહુ ભાગ્યશાળી છો કે, આપના ખેતરમાં આવાં સુંદર ફુલ ઊગે છે! પે'લા માણસે કહ્યું કે, એ બધું આપનું જ છે. બીજા માણસે કહ્યું કે, મારા ભાગ્યમાં એવું ક્યાંથી? ત્યારે પે'લા માણસે કહ્યું કે, અમુક સમયે હું આપને ઘેર આવ્યો હતો ત્યારે તમારા ઘરમાંથી રખડતાં થોડાં બીજને હું લઈ આવ્યો અને ખેતરમાં વાવ્યાં, અને એ બીજમાંથી આ ફુલ થયાં છે! આ સાંભળી બીજો માણસ પોતાને ઘેર પડેલાં બીજની કીંમત સમજી શક્યો.

આ જ પ્રમાણે જે તત્ત્વ વિદેશોમાં આજે જોવામાં આવે છે, તે તત્ત્વ ભારતનું જ છે. હા, પરદેશીઓએ એ તત્ત્વોની વિશેષ શોધ અવશ્ય કરી છે, પણ બીજરૂપે તો એ તત્ત્વ ભારતનું જ છે. એટલા માટે પરદેશની લોભાવનારી ચીજો ઉપર મુગ્ધ ન બનતાં તમે તમારા ઘરને ભૂલી ન જાઓ, પણ તમારા ઘરમાં કઈ કઈ ચીજો આડીઅવળી રખડે છે તેની તપાસ કરો.

સુદર્શન ચંપાનગરીનો રહેવાશી હતો. જૈન અને બૌદ્ધ સાહિત્યમાં ચંપા વિષે બહુ વર્ણન મળી આવે છે. ચંપાનું વિસ્તૃત વર્ણન ઉવવાઈ સૂત્રમાં છે પણ તેમાં કહેવામાં આવેલી મુખ્ય ત્રણ જ વાતો ઉપરથી ચંપા નગરી કેવી હતી તેનો હાલ જાણી શકાય છે. ચંપાના વર્ણનમાં કહેવામાં આવ્યું છે કે,

**तेणं कालेणं तेणं समयेणं चम्पा नामं नगरी होत्था, रिद्धीय ठिम्मिय समिद्धे।**

—શ્રી ઉવવાઈ સૂત્ર

આ ત્રણ શબ્દોમાં ચંપાનું સંક્ષેપમાં પૂરું વર્ણન આવી જાય છે. નગરમાં ત્રણ વસ્તુઓ હોવી જરૂરી છે. પહેલાં ઋદ્ધિ. હાટ, મહેલ, મન્દિર, બાગ વગેરે જલ અને સ્થલની જ્યાં સુંદર વ્યવસ્થા હોય તે નગરની ઋદ્ધિ છે. ઋદ્ધિ હોય પણ તેની સાથે જો સમૃદ્ધિ ન હોય તો નગરની શોભા વધતી નથી; પણ ચંપાનગરીના લોકો ધનધાન્યથી સમૃદ્ધ હતા. ધનની સાથે ધાન્યની પણ આવશ્યક્તા રહે છે, કારણ કે જો ધન હોય અને ધાન્ય ન હોય તો "સોનાનો ચકચકાટ અને અન્નનો કલકલાટ"ની કહેવત જેવું થઈ જાય. એટલા માટે જીવનને ટકાવવા માટે ધાન્યની પણ આવશ્યક્તા રહે છે. ધન અને ધાન્યની સમૃદ્ધિમાં જીવનને ટકાવવાની બધી આવશ્યક વસ્તુનો સમાવેશ થઈ જાય છે. જીવનની આવશ્યક વસ્તુઓ માટે ચંપાને પરદેશનું મુખ તાકવું પડતું ન હતું. કારણ કે, પ્રાચીન સમયમાં ભારતનાં પ્રત્યેક ગામમાં જીવનોપયોગી દરેક વસ્તુઓ તૈયાર કરી લેવામાં આવતી અને એ દૃષ્ટિએ ભારતનાં દરેક ગામો ત્યારે સ્વતન્ત્ર હતાં. દરેક ગામમાં અન્નની પેદાશ તો થતી જ, પણ પહેરવાને માટે વસ્ત્ર પણ દરેક ગામમાં તૈયાર કરી લેવામાં આવતાં. આ પ્રમાણે દરેક ગામો સ્વતંત્ર હતાં તો પછી નગર સ્વતંત્ર હોય એમાં કહેવું જ શું?

ચંપાનગરીમાં ઋદ્ધિ અને સમૃદ્ધિ બન્ને હતાં. ઋદ્ધિ અને સમૃદ્ધિ હોવા છતાં પણ જો સ્વચક્રી–સ્વતંત્ર રાજા ન હોય તો નગરનિવાસીઓને કષ્ટ પહોંચે છે; પણ ચંપામાં એવું કષ્ટ પણ ન હતું કારણ કે, ચંપાનગરીની વ્યવસ્થા જ એવા પ્રકારની હતી કે, તેના પ્રજાજનોને સ્વચક્રી કે પરચક્રી રાજા કોઈ લૂંટી શકે એમ ન હતું. એટલા માટે ચંપા-નગરીને 'ત્થિમિઆ' એવું વિશેષણ આપવામાં આવ્યું છે. જ્યારે પોતે નિર્બળ હોય છે ત્યારે જ બીજા લોકો પોતાનું જોર અજમાવે છે. જે સબળ હોય છે તેમની ઉપર કોઈ જોર અજમાવતું નથી. લોકો કહે છે કે, દેવી બકરાનું બલિદાન માગે છે, પણ દેવી બકરાનું જ બલિદાન કેમ માગે છે, સિંહનું બલિદાન કેમ નથી માગતી? બકરો નિર્બળ છે અને સિંહ સબળ છે, એટલે જ એવું બને છે.

કહેવાનો આશય એ છે કે, ચંપાનગરી ઋદ્ધિસમૃદ્ધિથી સમૃદ્ધ હતી અને તેની વ્યવસ્થા પણ એટલી બધી સુંદર હતી કે, પ્રજાજનોને રાજા તરફથી કોઈ પ્રકારનું કષ્ટ ન હતું. કોઈ કહે કે, ત્યાગીઓને આ પ્રકારે નગરનું વર્ણન કરવાની શી જરૂર છે? પણ ફળ બતાવવામાં આવે અને વૃક્ષનું મૂળ બતાવવામાં ન આવે તો કાંઈ ઠીક કહેવાય! જ્યારે ફળ બતાવવામાં આવે છે ત્યારે વૃક્ષનું મૂળ પણ બતાવવું જોઈએ. એટલા માટે શીલની સાથે ચંપાનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. આ વર્ણન સાંભળીને તમે પણ સાચા નાગરિક બનો અને શીલ પાળો તો કલ્યાણ છે.

## વ્યાખ્યાન : સંવત ૧૯૯૨ અષાડ વદી ૪ બુધવાર

### પ્રાર્થના

**મલ્લિ જિન બાલ બ્રહ્મચારી, 'કુંભ' પિતા 'પરભાવતિ' મૈયા ।**
**તિનકી કુમારી, મલ્લિ જિન બાલ બ્રહ્મચારી ॥ ટેક ॥**

શ્રી મલ્લિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

જો આ પ્રાર્થના વિષે કોઈ મહાવક્તા વ્યાખ્યાન આપે તો ઘણા લોકોની ઊલટી માન્યતા દૂર થઈ જાય અને આ પ્રાર્થનાની પાછળ રહેલા સિદ્ધાન્તનું રહસ્ય પણ સમજી શકાય એવો મારો ખ્યાલ છે. મારે શાસ્ત્રનો ઉપદેશ આપવાનો છે એટલે આ વિષે વિશેષ વિચાર ન કરતાં કેવળ એટલું જ કહીશ કે, ભક્તિ અને પ્રાર્થનાના માર્ગમાં પુરુષોએ અહંકારને ભૂલી જવો જોઈએ. અહંકારને ભૂલી જવાથી જ ભક્તિના માર્ગે જઈ શકાય છે. 'અમે પુરુષ છીએ' એ અભિમાનને ભૂલી જઈ સ્ત્રી કે પુરુષ જે મહાત્માઓ થઈ ગયા છે તેમની બધાની ભક્તિમાં તલ્લીન થઈ જવું જોઈએ. ઘણા પુરુષો સ્ત્રીઓને તુચ્છ ગણે છે અને પોતાને મહાન્ માની અભિમાન કરે છે પણ એ તેમની ભૂલ છે. જ્યારે મોટામાં મોટું તીર્થંકરનું પદ પણ સ્ત્રીઓ પ્રાપ્ત કરી શકે છે તો પછી સ્ત્રીઓને તુચ્છ કેમ કહી શકાય ? માટે પુરુષોએ અભિમાનને છોડી સ્ત્રીઓના ગુણવિકાસ ઉપર પણ વિચાર કરવો જોઈએ.

### અનાથી મુનિનો અધિકાર

હવે હું, ભગવાન મલ્લિનાથને નમસ્કાર કરી વીસમા અધ્યયનની વાત કહું છું. કાલે મહાન્ અને નિર્ગ્રન્થ શબ્દોના અર્થ વિષે વિચાર કર્યો હતો. આ દ્વાદશાંગી વાણીને સાંભળવાથી શું લાભ થાય છે એ સમજાવવા માટે પૂર્વાચાર્યોએ ઘણો પ્રયત્ન કર્યો છે. તેમણે શાસ્ત્રની સમજણ અને ઓળખાણ માટે 'અનુબન્ધ ચતુષ્ટય'ની ચાવી બતાવેલ છે. હવે એ અનુબન્ધ ચતુષ્ટય આ વીશમા અધ્યયનમાં કેવી રીતે ઘટે છે એ અત્રે જોવાનું છે, આ અધ્યયનમાં વિષય, પ્રયોજન, અધિકારી અને સમ્બન્ધની સંયોજના કેવી રીતે કરવામાં આવી છે એ વિષે પણ અત્રે વિચાર કરવાનો છે.

આ 'મહાનિર્ગ્રન્થીય' અધ્યયનનો વિષય શું છે, એ તો એના નામથી જ પ્રકટ છે. આ અધ્યયનના નામ પ્રમાણે મહાન્ નિર્ગ્રન્થ વિષે ચર્ચા કરવામાં આવશે એ સ્પષ્ટ છે. આ અધ્યયનની પ્રથમ ગાથામાં એ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, "હું ધર્મરૂપ અર્થમાં ગતિ કરાવનાર તત્ત્વની શિક્ષા આપું છું." આ ઉપરથી આ અધ્યયનમાં સાંસારિક વાતો વિષે નહિ પણ ધાર્મિક તત્ત્વો વિષે ચર્ચા કરવામાં આવશે એ સ્પષ્ટ જણાય છે.

આ ધાર્મિક તત્ત્વોની ચર્ચાથી સંસારને શું લાભ પહોંચશે, એ પણ વિચારવા જેવું છે. કારણ કે સંસારમાં મલિન વિચારોનું વાતાવરણ ફેલાઈ જવાને કારણે ધાર્મિક

વિચારોનો ઉપદેશ અને પ્રભાવ ઓછો થઈ રહ્યો છે. ગંદાં કપડાં ઉપર રંગ ચડતો નથી. રંગ ચડાવવા માટે તો મેલાં કપડાંને સાફ કરવાં જ પડે છે. તેજ પ્રમાણે જ્યાંસુધી હૃદય ઉપર વસ્ત્ર મેલું હોય છે ત્યાંસુધી ધર્મોપદેશનો રંગ તેની ઉપર ચડે નહિ એ સ્વાભાવિક છે. પણ મને વિશ્વાસ છે કે, તમારાં બધાંય કપડાં મેલાં નથી અર્થાત્ તમારું હૃદય તદ્દન મલિન નથી. જો બિલકુલ મલિન જ હોય તો તમે લોકો અત્રે ઉપદેશ સાંભળવા આવો જ શા માટે? તમે અત્રે આવ્યા છો એ ઉપરથી એમ જણાય છે કે, તમારું હૃદય તદ્દન મલિન નથી. પણ જ્યાંસુધી હૃદયમાં થોડીઘણી મલિનતા હોય છે ત્યાંસુધી ધર્મનો રંગ બરાબર ચડતો નથી એ વાત નક્કી છે

શાસ્ત્રકારોનું એવું કથન છે કે, ધર્મસ્થાનકે જતાં પહેલાં ઘરમાંથી નીકળતાં 'નિસ્સહી' કરવું, પછી ધર્મસ્થાનકે પહોંચતાં 'નિસ્સહી' કરવું અને ગુરુની પાસે જતાં 'નિસ્સહી' કરવું; આ પ્રમાણે ત્રણવાર 'નિસ્સહી' શા માટે કરવામાં આવે છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ઘેરથી નીકળતાં 'નિસ્સહી' કરવાનો ઉદ્દેશ સાંસારિક બધાં કામોનો નિષેધ કરી ધર્મસ્થાનકે જવાનો છે; કારણ કે જે સાંસારિક કામોને છોડીને ધર્મસ્થાનકે જાય છે તે જ ધર્મોપદેશનો પૂરેપૂરો લાભ લઈ શકે છે અને જે સાંસારિક પ્રપંચોને સાથે લઈ ધર્મસ્થાનકે જાય છે તે ત્યાં પણ પ્રપંચ જ કરશે, તો પછી ધર્મનો લાભ શું લેશે? ઘેરથી નીકળતાં 'નિસ્સહી' કરવાનો આ ઉદ્દેશ છે. ધર્મસ્થાનકે પહોંચ્યા બાદ 'નિસ્સહી' કરવાનો આશય એ છે કે, ઘેરથી તો ગાડી-ઘોડા આદિ દ્વારા નીકળે છે પણ ધર્મસ્થાનકે તો ગાડી-ઘોડા ચાલી શકતા નથી, ત્યાં તો તેમને લઈ જઈ શકાતા નથી, એટલા માટે ધર્મસ્થાનકે પહોંચ્યા બાદ ગાડી-ઘોડાનો નિષેધ કરવા માટે "નિસ્સહી" કહેવામાં આવે છે.

ધર્મસ્થાનકમાં કેવી રીતે પ્રવેશ કરવો જોઈએ એ વિષે શાસ્ત્રમાં એવું વર્ણન મળે છે કે, ભગવાન કે કોઈ મહાત્માના દર્શન કરવા કોઈ જાય છે ત્યારે તેઓ પાંચ અભિગમન કરી પ્રવેશ કરે છે. સચેત દ્રવ્યનો ત્યાગ કરવો એ પહેલું અભિગમન છે. સાધુની પાસે પાન-ફુલ વગેરે સચેત દ્રવ્ય લઈ જઈ શકાય નહિ એટલા માટે એનો ત્યાગ કરી ભગવાન કે સાધુના દર્શને જવું તે પહેલું અભિગમન છે. અસ્ત્ર-શસ્ત્રાદિ જેવાં અનુચિત અચેત દ્રવ્યને સાધુની પાસે લઈ ન જવાં અને વસ્ત્રોનો સંકોચ કરવો એ બીજું અભિગમન છે. વસ્ત્રનો સંકોચ કરવો એટલે નગ્ન રહેવું એમ નહિ, પણ જે લાંબા વસ્ત્રોના સંઘટ્ટનથી કોઈની આશાતના થતી હોય, તેનો સંકોચ કરવો. સાધુની પાસે જતાં ઉત્તરાસન ધારણ કરવું એ ત્રીજું અભિગમન છે. સાધુની દૃષ્ટિ પડે તે પ્રમાણે બે હાથ જોડવાં એ ચોથું અભિગમન છે અને મનને એકાગ્ર કરવું એ પાંચમું અભિગમન છે.

ધર્મસ્થાનકમાં સાધુની પાસે જઈ ફરી 'નિસ્સહી' કહેવાનો આશય એ છે કે, "હું બધાં સાંસારિક પ્રપંચોનો નિષેધ કરું છું." આ પ્રમાણે મનને એકાગ્ર કરી અને સાંસારિક પ્રપંચોને છોડી, ધર્મોપદેશ સાંભળવામાં આવે તો લાભદાયક નીવડે છે; પણ જો ધર્મસ્થાનકે જઈ ચારેય પ્રકારના અભિગમન વગેરે કરવામાં આવે અને મનને એકાગ્ર કરવામાં ન આવે તો કશો આત્મલાભ થતો નથી. માટે જો ધર્મસિદ્ધાન્તને જાણવાની

રુચિ હોય, તો મનને સ્વચ્છ કરીને ધર્મોપદેશ સાંભળવો જોઇએ. મારી ઉપર તમારા મનરૂપી કપડાંનો મેલ ઉતારવાનો ભાર મૂકો નહિ. ધોબીનું કામ ધોબી કરે છે અને રંગવાનું કામ રંગરેજ કરે છે. હું તમારી ઉપર સિદ્ધાન્તરૂપી ધર્મનો રંગ ચડાવવા ચાહું છું અને તે રંગ ત્યારે જ ચડી શકે કે, જ્યારે તમારું મનરૂપી કપડું સાફ હોય. તમારી જ માફક મારામાં પણ જો માન–પ્રતિષ્ઠાની ઇચ્છા રહી તો હું પણ તમને સાચો ધમ કહી ન શકું. સત્યધર્મ કહેવા માટે મારે પણ સાફ થવું જોઈએ અને સાંભળવા માટે તમારે સાફ થવું જોઈએ.

આ અધ્યયનનો વિષય શું છે તે તો બતાવવામાં આવ્યું પણ તેનું પ્રયોજન શું છે એ અત્રે જોવાનું છે. આ અધ્યયનનું પ્રયોજન ધર્મમાં ગતિ કરવાનું છે અર્થાત્ સાધુ-જીવનની શિક્ષા આપવાની છે.

તમે કહેશો કે, સાધુજીવનની શિક્ષાની આવશ્યકતા તો સાધુઓને જ હોય છે પણ અમને ગૃહસ્થોને એ શિક્ષાની શી જરૂર છે? પણ આ શિક્ષાને સાંભળવાની તમને પણ જરૂર છે કે નહિં તે વિષે તમે વિચાર કરો. તમે ગૃહસ્થાશ્રમમાં છો અને સાધુ સાધુ–આશ્રમમાં છે. પોતપોતાના આશ્રમમાં બધી ક્રિયા પોતાના આશ્રમાનુસાર જ થાય છે. પણ ગૃહસ્થ હોવાનો અર્થ એ નથી કે, ગૃહસ્થ ધર્મ પાળી જ શકતો નથી. જો ગૃહસ્થ ધર્મ પાળી શકતો ન હોય તો પછી ભગવાન જગદ્‌ગુરુ કહેવાત નહિ પણ સાધુ-ઓના જ ગુરુ કહેવાત. ભગવાન જગદ્‌ગુરુ કહેવાય છે એટલે જગતમાં ગૃહસ્થોનો પણ સમાવેશ થઈ જાય છે, માટે ગૃહસ્થો પણ ધર્મ પાળી શકે છે. શ્રેણિક જેવો રાજા પણ સાધુજીવન ધારણ ન કરવા છતાં પણ તેની શિક્ષા સાંભળીને ગૃહસ્થ હોવા છતાં તીર્થંકર ગોત્ર બાંધી શકયા તો પછી તમને એ શિક્ષાની કેમ જરૂર ન હોય! તમે પણ અત્રે ધન–ધાન્યાદિ માટે નહિ પણ ધર્મના પ્રેમને લીધે આવો છો. આ પ્રમાણે આ શિક્ષાનું પ્રયોજન તમને પણ છે. જો કેવળ સાધુઓ માટે જ આ શિક્ષા હોત તો સાધુઓ આ શિક્ષાને ધારણ કરી એક બાજુ બેસી જઈ ચર્ચા કરી લેત, અને ગૃહસ્થોની સામે એ વિષે ચર્ચા ન કરત; પણ આ શિક્ષાની ગૃહસ્થોને પણ જરૂર છે. રાજા શ્રેણિક તો એક નોકારશી પણ કરી શકયા ન હતા છતાં આ શિક્ષાના પ્રતાપે તેઓ તીર્થંકર ગોત્ર બાંધી શકયા હતા. આ પ્રમાણે તમને ગૃહસ્થોને પણ સાધુજીવનની શિક્ષાની જરૂર છે.

અધ્યયનના પ્રયોજન વિષે વિચાર કરવામાં આવ્યો. હવે તેના અધિકારી કોણ છે એ વિષે વિચાર કરીએ. જે પ્રમાણે સૂર્ય બધાનો છે અને બધા તેનો પ્રકાશ ઝીલી શકે છે, કોઈને એની મના નથી, તેમ છતાં પ્રકાશ તો તે જ ઝીલી શકે છે કે, જેમને આંખો છે. જેમને આંખો જ નથી અથવા જેમની આંખોમાં ઘુવડની માફક કોઈ વિકૃતિ આવી છે તેવા લોકોની સિવાય બધા સૂર્યના પ્રકાશનો લાભ લઈ શકે છે. આ પ્રમાણે જેમનાં હૃદયનાં ચક્ષુ ખુલ્લાં છે તે દરેક આ શિક્ષાનો લાભ લઈ શકે છે. કોઈના હૃદયની આંખો ખુલેલી હોય છે તો કોઇની આંખો ઉપર આવરણ હોય છે તેમ છતાં જે તે આવરણને દૂર કરવા ચાહે છે તે પણ આ શિક્ષાનો લાભ લઈ શકે છે. તે પણ શિક્ષાનો અધિકારી છે. આ શિક્ષા હૃદયચક્ષુના આવરણને પણ દૂર કરે છે પણ જો આવરણ દૂર

કરવાની ઇચ્છા હોય તો. આ શિક્ષાનો લાભ લેવાની જેમની ઇચ્છા છે તે બધાં આ શિક્ષાના અધિકારી છે, એમ કહેવાનો અભિપ્રાય છે.

હવે આ અધ્યયનનો સંબંધ શું છે તે જોઈએ. સંબંધ બે પ્રકારનો હોય છે. એક ઉપાયોપાય સંબંધ અને બીજો ગુરુશિષ્ય સંબંધ. ગુરુશિષ્યના સંબંધમાં આ અધ્યયન કોણે કહ્યું છે અને કોણે સાંભળ્યું છે એ જોવાનું હોય છે.

ધર્મોપદેશક ગુરુ કેવા હોય એ માટે શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કેઃ—

**आयगुत्ते सया दन्ते छिन्नसोये अणासवे ।**
**ते धम्मं सुद्धमक्खंति पडिपुण्णं मडेसियं ॥**

અર્થાત્—ધર્મના ઉપદેશક તે જ છે કે, જે આત્માનું દમન કરતા હોય અને ગોપતા હોય. જેઓ ઇન્દ્રિયોને સંયમની ઢાલમાં કાચબાની માફક છુપાવી રાખતા હોય, અર્થાત્ ઇન્દ્રિયોનું દમન કરતા હોય તેઓ જ ધર્મના ઉપદેશક છે.

ઇન્દ્રિયોનું દમન કરવું એટલે કાંઈ ઇન્દ્રિયોનો નાશ કરવો એમ નથી પણ જે પ્રમાણે ઘોડાને જેમ તેમ ઇચ્છા પ્રમાણે દોડવા ન દેતાં તેને લગામદ્વારા કાબુમાં રાખવામાં આવે છે તે જ પ્રમાણે ઇન્દ્રિયોને વિષયોની તરફ જવા ન દેવી એ જ ઇન્દ્રિઓનું દમન છે. આ પ્રમાણે ધર્મોપદેશક આત્મસંયમી, ગુપ્તેન્દ્રિય અને હિંસા, ચોરી, અસત્ય, મૈથુન અને પરિગ્રહ આદિથી નિવૃત્ત હોય છે; ટૂંકામાં તે બધી સ્ત્રીઓને માતા બહેન સમાન ગણે છે, ધર્મોપકરણ સિવાય કોઈ પ્રકારનો પરિગ્રહ રાખતા નથી. આ પ્રમાણે કંચન–કામિનીનો ત્યાગ કરી જે આશ્રવરહિત થાય છે તેવા ધર્મોપદેશક જ અનુપમ ધર્મને શુદ્ધ અને પ્રતિપૂર્ણ રીતે કહી શકે છે.

મેં હિન્દુ ધર્મ વિષે ગાંધીજીનો એક લેખ જોયો હતો. ગાંધીજીએ તે વખતે જૈનશાસ્ત્રો જોયાં હતાં કે નહિ એ હું કહી શકતો નથી, પણ જે વાત સત્ય હોય છે તે શાસ્ત્રમાંથી પણ નીકળી જ આવે છે. એ લેખમાં તેમણે લખ્યું હતું કે, ' હિન્દુ ધર્મનો ઉપદેશ કોણ આપી શકે ? જે કોઈ પંડિત કે શંકરાચાર્ય હોય તે જ હિન્દુ ધર્મનો ઉપદેશ આપી શકે એમ ન હોવું જોઈએ, પણ જેઓ પૂર્ણ અહિંસાવાદી, સત્યવાદી, બ્રહ્મચારી અને નિષ્પરિગ્રહી હોય તે જ હિન્દુ ધર્મનો ઉપદેશ આપવાનો અધિકારી હોઈ શકે. ' ગાંધીજીએ એ લેખમાં શું શબ્દો લખ્યા હતા એ મને યાદ નથી પણ એ લેખનો ભાવાર્થ તો આ જ હતો. આ લેખનો સંબંધ ભગવાનના કથનની સાથે કેટલો બધો મળતો છે તે જુઓ!

સ્થવિરો કે ગણધરોએ આ ધર્મ કહ્યો છે એ ગુરુ-શિષ્ય સંબંધ છે; પણ ઉપાયોપેય સંબંધ શું છે તે વિષે પહેલાં વિચાર કરીએ. રોગને દૂર કરવો એ ઉપય છે અને દવા કરવી એ ઉપાય છે. આ પ્રમાણે આ અધ્યયનમાં ઉપાયોપેય સંબંધ શું છે ? મોક્ષ પ્રાપ્ત કરવો એ તો ઉપય છે અને આ અધ્યયનદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવું એ ઉપાય છે. આ અધ્યયનનો ઉપાયોપેય સંબંધ એ પ્રમાણે છે.

સંસારમાં ઉપાય મેળવવો જ મુશ્કેલ છે. જ્યારે ઉપાય હાથમાં આવી જાય છે ત્યારે રોગ પણ જતો રહે છે. ડૉક્ટર આવે અને રોગનાશક દવા આપે તો રોગ પણ ચાલ્યો

જાય છે. આ પ્રમાણે કોઈ ઉપાય મળી જાય છે તો કામ પણ પાર પડે છે. જેમકે કોઈ બહેન પાસે રોટલી બનાવવાનાં સાધનો જ ન હોય તો રોટલી કેવી રીતે બનાવી શકે? પણ બધાં સાધનો પાસે હોય તો રોટલી બનાવવામાં કાંઈ મુશ્કેલી પડતી નથી. માનો કે, કોઈને બધાં સાધન અને ઉપાય મળી ગયાં, છતાં જો તે ઉદ્યોગ ન કરે તો તેનું કાર્ય સિદ્ધ થશે? એટલા માટે તમે તમારો વિચાર કરો કે, તમારે શું કરવું જોઈએ? આ પ્રશ્નનો ઉત્તર એ જ મળશે કે, ગફલતની નિદ્રા છોડી જાગ્રત થવું અને મળેલાં સાધનોનો ઉપયોગ કરવો. તમને આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ અને દુર્લભ મનુષ્યજન્મ મળેલ છે તે શું ઓછાં સાધનો છે? વળી તમે સિદ્ધાન્તતત્ત્વને સમજી શકો એટલી ઉંમર પણ છે તો પછી આ ઉંમરમાં મળેલાં સાધનોનો જેટલો ઉપયોગ થઈ શકે તેટલો કરી લેવો જોઈએ. કારણ કે બાળવયમાં તો સિદ્ધાંતતત્ત્વને સમજી શકાય એટલી બુદ્ધિ વિકસિત થએલી હોતી નથી અને વૃદ્ધાવસ્થામાં શક્તિ ક્ષીણ થઈ જાય છે એટલે જ્ઞાનીઓ કહે છે કે, "ઓ! ગાફિલ મુસાફરો! નિદ્રાને છોડી, જાગો. કયાંસુધી સુતા રહેશો?" જેમ માતા પોતાના પુત્રને સૂર્ય ચડી ગયો છે માટે બેટા! જાગ, કયાં સુધી સૂતો રહેશે! એમ કહી ઢંઢોળે છે; તેમ જ્ઞાનીઓ પણ સુતેલાં જીવોને જગાડતાં કહે છે કે,

**मा सुयह, जग्गियव्वं, पल्ला इयव्वंमि किस्स विस्समिह।**
**तिन्नि जणा अणुलग्गा रोगो जराए मच्चुए ॥ ३ ॥** —વૈરાગ્ય શતક.

"હે! જીવાત્માઓ! રોગ, જરા અને મૃત્યુ તમારી પાછળ પડયા છે, તો તમે કેમ હજી ગફલતમાં પડયા છો. જાગો! સુતા રહો નહિ!" આ વાત બહુ જ વિચારવા જેવી છે, માટે એક કથાદ્વારા એ વાતને સરલ કરી તમને સમજાવું છું:—

એકવાર બે મિત્રો જંગલમાં જઈ રહ્યા હતા. રસ્તામાં એક મિત્ર થાકી ગયો અને થાક ઉતારવા માટે તેને આશરો પણ મળી ગયો. તેણે જોયું કે, જંગલમાં ખૂબ ઘટાદાર સુંદર વૃક્ષો છે. નદી પણ કલકલ કરી વહી રહી છે, ઠંડી હવા ચાલી રહી છે અને સુવા માટે પત્થર પણ પથરાએલા છે. આ બધું જોઈ પે'લો થાકેલો મિત્ર ત્યાં વિશ્રામ લેવા લલચાયો અને વિચારવા લાગ્યો કે, અહીં ખાવા માટે સુંદર ફળ છે, સૂંઘવા માટે સુગંધી ફૂલ છે, પીવા માટે નદીનું મીઠું પાણી છે, હવાપાણી સારાં છે, વાતાવરણ પણ શાન્ત છે માટે આ સ્થાન ખાવા-પીવા-સુવા દરેક રીતે અનુકૂળ છે. આ પ્રમાણે વિચાર કરી પેલો થાકેલો મિત્ર ત્યાં વિશ્રામ લેવા બેઠો, પણ બીજો મિત્ર પ્રકૃતિનો જ્ઞાની હતો. અહીંના હવાપાણી કેવાં છે, ફળફૂલ કેવાં છે વગેરે તે જાણતો હતો એટલે તે પેલા થાકેલા મિત્રને કહેવા લાગ્યો કે, "ભાઈ! અત્રે વિશ્રામ લેવો યોગ્ય નથી, કારણ કે આ સ્થળ ઉપદ્રવી છે. અત્રે એક ક્ષણ પણ વિશ્રામ લેવો લાભપ્રદ નથી. માટે અત્રે વિશ્રામ ન લેતાં જલ્દીથી આગળ જવું જોઇએ કારણ કે આપણા જીવનના ત્રણ શત્રુઓ આપણી પાછળ પડયા છે. આ જે સુંદર ફળફૂલ ઉપર તમે લલચાયા છો તે ઝેરી છે અને તેથી અહીંની હવા પણ ઝેરીલી થઈ ગઈ છે. અત્યારે ફળ ફૂલ દેખાવમાં તો બહુ સુંદર લાગે છે પણ થોડીવારમાં જ તમને બેભાન કરી દેશે, પછી તમે ચાલી પણ નહિ શકો! આ કલકલ અવાજ કરતી વહેતી નદી પણ

એ જ શિક્ષા આપે છે કે, જે પ્રમાણે મારું પાણી વહેતું ચાલ્યું જાય છે તેમ તમારું આયુષ્ય પણ વહેતું ચાલ્યું જાય છે! માટે હે ભાઈ! અત્રે વિશ્રામ ન કરતાં આગળ જલ્દી ચાલો."

કયા સોવે ઉઠ જાગ બાઉરે.
અંજલિ જલ જ્યોં આયુ ઘટત હૈ, દેત પહરિયા ઘરિય ઘાઉ રે–કયા૦
ઈંદ્ર ચંદ્ર નાગેન્દ્ર મુનીન્દ્ર ચલે કોણ, રાજાપતિ સાહ રાઉ રે;
ભમત ભમત ભવજલધિ પાયકે, ભગવન્ત ભક્તિ સુભાઉ નાઉ રે–કયા૦
કયા વિલંબ કરે અબ બાઉરે, તર ભવજલનિધિ પાર પાઉ રે,
આનન્દઘન ચેતનમય મૂરતિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે–કયા૦

શાસ્ત્રકારો, ગ્રંથકારો, કવિઓ, મહાત્માઓ વગેરેનું એ જ કહેવું છે કે, "હે! જીવાત્માઓ! કેમ સુતા છો? ઉઠો! જાગો!"

તમે કહેશો કે, શું અમને સાધુ બનાવવા છે! પણ શું સાધુતા કાંઈ ખરાબ વસ્તુ છે? જો તે ખરાબ હોય તો તમે સાધુનું વ્યાખ્યાન જ શા માટે સાંભળો! સાધુતા તો શક્તિ હોય તો જ ધારણ કરી શકાય છે. પણ આપને ઉપર્યુક્ત સાધનો સાંપડયા છે તો તેનો ઉપયોગ કરજો પણ નિંદ્રામાં પડયા રહેશો નહિ. જે લોકો દીક્ષા લઈ શકતા નથી તેઓને માટે જ્ઞાનીજનો કહે છે કે,—

'ભગવન્ત ભક્તિ સુભાઉ નાઉ રે'।

અર્થાત્—તમને ભગવદ્‌ભક્તિની નૌકા મળી છે તો તેમાં શા માટે બેસતા નથી? બીજો મિત્ર પે'લા થાકેલા મિત્રને કહે છે કે, તમે આ પાસે ઉભેલી નૌકામાં બેસી જાઓ, તમારે ચાલવું પણ નહિ પડે. હું હોડીને હંકારીશ અને આ નદીના પાણીની સહાયે હોડીને નદીપાર લઈ જઈશ. હવે તો થાકેલા મિત્રને ચાલવું પણ પડે એમ નથી તેમ છતાં જો તે હોડીમાં બેસે નહિ અને ચેતવણી આપવા છતાં ત્યાં સૂતો રહે તો તેના જેવો બીજો કોણ અભાગી! આ જ પ્રમાણે તમારી સામે ભગવાનની ભક્તિરૂપ હોડી ઉભેલી છે. તમે બીજું કાંઈ કરી શકો એમ ન હો તો એ હોડીમાં બેસી જાઓ, પણ નિદ્રામાં પડયા ન રહો!

સાધુનું સ્થાન સારું છે, પણ જે સ્થાન સારું ગણવામાં આવે છે તે સાધુના સ્થાને જવા છતાં પણ જો ખરાબ વિચાર આવે તો તે કેટલું બધું ખરાબ કહેવાય! કદાચિત જેટલી વાર સાધુની પાસે બેઠા હો તેટલો સમય જો સદ્‌વિચાર રાખવામાં આવે અને પછી બહાર જતાં જ સદ્‌વિચારને એક બાજુ મૂકવામાં આવે તો તેથી શો લાભ! તમે કહેશો કે, એટલી અમારી અપૂર્ણતા છે, પણ હું કહું છું કે, એ મારી જ અપૂર્ણતા છે. કારણ કે તમે મારી કહેલી વાતને ભૂલી જાઓ છો. હું મારી અપૂર્ણતાને દૂર કરવાનો પ્રયત્ન કરીશ, પણ હું તો નિમિત્ત માત્ર છું, પણ ઉપાદાન કારણ તમે છો. જો ઉપાદાન કારણ સારું હશે તો નિમિત્ત કારણથી લાભ પહોંચી શકશે પણ જો ઉપાદાન કારણ સારું ન હોય તો નિમિત્ત કારણથી શું લાભ થઈ શકે? નિમિત્તની સાથે ઉપાદાન પણ શુદ્ધ

હોવું જોઈએ. ઘડીયાળને જ્યાંસુધી ચાવી આપ્યા કરીએ ત્યાંસુધી ઘડીયાળ બરાબર ચાલે છે પણ ચાવી દેવી બંધ કરતાં જ ઘડીયાળ બંધ થઈ જાય તો તમે એ ઘડીયાળને કેવી કહેશો ? જવાબમાં, આ ઘડીયાળ ખોટી છે એમ તમે કહેશો. આ જ પ્રમાણે જ્યાં સુધી હું તમને ઉપદેશની ચાવી આપતો રહું ત્યાંસુધી તો તમે '**तहत**' કહો પણ પછી ઉપદેશને ભૂલી જાઓ તો શું તે ઠીક કહેવાય ?

તમારી સામે ભગવદ્‌ભક્તિની નૌકા ઉભેલી છે. જો તેમાં તમે બેસી જાઓ તો તમારો બેડો પાર થઈ જાય. તુલસીદાસજીએ ઠીક કહ્યું છે કેઃ—

જગ નભ વાટિકા રહી હૈ ફૂલિફૂલિ રે ।
ધુઆં કૈસ ધૌરહર દેખિ તૂં ન ભૂલિ રે ।।

આ સંસારની વાડી, આકાશમાં જેમ તારાઓ પથરાએલાં છે, તેમ ફાલીફુલી છે, પણ તે સ્થાયી નથી. એટલા માટે સંસારની ભૂલભૂલામણિમાં ન પડતાં પરમાત્માના ભજનની નૌકામાં બેસી સંસારસમુદ્રની પાર જવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ કહે કે, અમને ભગવાનની ભક્તિ કરવાની જરૂર જણાતી નથી. કારણ કે, ભગવાનની ભક્તિ નહિ કરનાર સુખી અને ભગવાનની ભક્તિ કરનાર દુઃખી જણાય છે એવો ઊલટો ક્રમ ઘણીવાર જોવામાં આવે છે. આ કથનનો ઉત્તર એ છે કે, કેટલાક લોકો પરમાત્માની ભક્તિ પ્રગટરૂપે કરતા નથી પણ તેનાં નિયમોપનિયમો પાળે છે અને કેટલાક લોકો પરમાત્માનું નામ પ્રગટરૂપે લે છે પણ તેનાં નિયમોનું પાલન કરતા નથી. જે લોકો પ્રકટરૂપે પરમાત્માનું નામ લેતા નથી પણ નિયમોનું પાલન કરે છે તે કોઈ દિવસ દુઃખી બની શકતા નથી. એ ઉપરથી પરમાત્માનું નામ નથી લેતા એટલે જ સુખી છે એ કથન ઠીક નથી, કારણ કે તે લોકો ભલે પ્રગટરૂપે પરમાત્માનું નામ ન લેતા હોય પણ તેમનાં નિયમોનું પાલન કરે છે એટલે તેઓ સુખી છે. પરમાત્માનું નામ નથી લેતા એટલે તે લોકો સુખી છે એ વાત એના જેવી થઈ કે, કોઈ ગાડીમાં બેઠેલા પહેલવાનને જોઈ કહેવા લાગ્યો કે, ગાડીમાં બેસવાથી શરીર બળવાન બને છે. આમ કહેનાર માણસ એટલું પણ જાણતો નથી કે ગાડીમાં બેસવાથી નહિ પણ અંગ કસરત કરવાથી તેનું શરીર બળવાન બન્યું છે. આ પ્રમાણે નિયમોનું બરાબર પાલન કરનાર પરમાત્માનું નામ પ્રકટરૂપે લેતો નથી એટલે એમ કહેવું કે પરમાત્માનું નામ ન લેવાથી તે માણસ સુખી છે, એ એક ભૂલ છે. આ જ પ્રમાણે પ્રકટરૂપે પરમાત્માનું નામ લેવું અને તેમના નિયમોપનિયમોનું પાલન ન કરવું એ પણ ઠીક નથી. પ્રકટરૂપે તો પરમાત્માનું નામ લેવું પણ નિયમોનું પાલન ન કરવું એ કેવું કામ છે એ એક ઉદાહરણદ્વારા સમજાવું છુંઃ—

એક શેઠને બે સ્ત્રીઓ હતી. મોટી સ્ત્રી હાથમાં માળા ધારણ કરી ગાદી ઉપર બેસી 'મોતીલાલજી મોતીલાલજી' એ નામનો જાપ કર્યા કરતી. આ સિવાય પતિસેવાનું બીજું કાંઈ કામ કરતી નહિ. પણ નાની સ્ત્રી એમ માનતી કે, પતિનું નામ તો મારા હૃદયમાં રમી રહ્યું છે એટલે ભલે તેમનું નામ પ્રગટરૂપે ન લઉં પણ મારા પતિ જે કામથી પ્રસન્ન રહે તે કામ કરતી રહું, એમાં જ પતિની સેવા રહેલી છે.

એક દિવસ મોટી શેઠાણી શેઠના નામની માળા જપતી હતી, એટલામાં શેઠ બહારથી થાકીને લોથપોથ થઇ ઘેર આવ્યા. તેને તરસ ખૂબ લાગી હતી, એટલે ઘેર આવતાં જ મોટી શેઠાણીને પાણી લાવવાનું કહ્યું. મોટી શેઠાણીએ કહ્યું કે, " ગામમાં આટલું બધું ફર્યા ને થાક ન લાગ્યો અને પાણીયારેથી પાણીનો પ્યાલો લેવો છે એમાં થાક આવી ગયો ! પાણીયારેથી પાણી પી શકતા નથી કે મને પાણી લાવવાનું કહી મારા કામમાં ખલેલ પહોંચાડો છો ? હું પણ તમારું જ કામ અને તમારું જ નામ લઈ રહી છું એ જોતા નથી ? હું કાંઇ બીજાનું નામ લેતી નથી ! "

મોટી શેઠાણીના આ વર્ત્તનથી શેઠને સંતોષ થાય ખરો કે ? શેઠે તો શેઠાણીને એ જ કહ્યું કે, તારી એ નામની માળા જપવામાં ધૂળ પડી. એ બધું વ્યર્થ છે. આ વાત નાની સ્ત્રીએ સાંભળી. તેને માલુમ પડયું કે, પતિ બહારથી થાકીને આવ્યા છે અને બહુ તરસ્યા છે, એટલે તે એક સાફ કરેલ લોટામાં ઠંડુ પાણી લાવી અને શેઠને પાણી પાયું.

આ બે સ્ત્રીઓમાં કઈ સ્ત્રી શેઠના આદરને પામી ? એ કહેવાની જરૂર નથી કે નાની સ્ત્રીનું કામ આદરણીય હતું. આ જ પ્રમાણે એક ભક્ત મોટી સ્ત્રીની જેમ પ્રગટ રૂપે પરમાત્માનું નામ જપે છે અને નિયમોનું પાલન કરતો નથી, જ્યારે બીજો ભક્ત *નાની સ્ત્રીની જેમ પ્રગટરૂપે પરમાત્માનું નામ જપતો નથી પણ નિયમોનું પાલન કરે છે.* કેટલાક લોકો પરમાત્માનું નામ તો લે છે પણ તે એટલા માટે કેઃ—

**રામ નામ જપના, પરાયા માલ અપના ।**

રામનું નામ બીજાના માલને હજમ કરવા માટે જપે છે. આ પ્રમાણે પરમાત્માના નામની માળા લોકોને ઠગવા માટે જપવી એ ઢોંગ જ છે. નામ લેવાનું મહત્ત્વ નિયમના પાલનમાં રહેલું છે. કહેવાનો આશય એ છે કે, શુદ્ધ મનથી નિયમોનું પાલન કરવામાં આવે તો એ ભગવાનનું ભજન જ છે. તમે પણ ભગવદ્‌ભક્તિની નૌકામાં બેસી જાઓ અને ભવસાગરની પાર જાઓ. ભગવદ્‌ભક્તિના રંગથી હૃદયને એવું રંગી લો કે જે પાછો ઉતરી જ ન શકે.

**ઐસા રંગ બના લો, દાગ ન લાગે તેરે મનકો ।**

મનને સ્વચ્છ રાખો અને ભક્તિનો રંગ ચડાવો તો તેમાં કલ્યાણ જ છે.

## સુદર્શન—ચરિત્ર

સાચો ભક્ત કેવો હોય છે એ વાત ચરિત્રદ્વારા સમજાવું છું. કાલે કહ્યું હતું કે, સુદર્શનને જે ધન્યવાદ આપવામાં આવે છે તે ભક્તિના બાહ્ય ઢોંગને કારણે નહિ પણ ભક્તિના અંગનું બરાબર તેણે પાલન કર્યું હતું એટલા માટે જ તેને ધન્યવાદ આપવામાં આવે છે.

જે ચંપાપુરીમાં સુદર્શનનો જન્મ થયો હતો તે ચંપાપુરીનો રાજા દધિવાહન હતો. સુદર્શનની કથાની સાથે જે જે વ્યક્તિઓને સંબંધ છે એ વ્યક્તિઓનો પણ પરિચય આપવો આવશ્યક છે.

રાજા કેવો હોવો જોઈએ એ માટે એમ કહેવામાં આવે છે કે, જે ક્ષેમંકર અને ક્ષેમંધર હોય તે જ સાચો રાજા છે. હાથીની મોટી અંબાડી ઉપર બિરાજનાર જ રાજા

હોય એમ નથી પણ જે રાજ્યની મર્યાદાનું પાલન કરે છે અને રાજ્યની સુવ્યવસ્થા કરે છે તે જ સાચો રાજા છે. ક્ષેમનો અર્થ કુશળ થાય છે. જે પ્રજાનું કુશળ મંગળ ચાહે છે અર્થાત્ પ્રજા સુખી રહે એ પ્રકારનો રાજ્યમાં સુધારો કરે છે તે રાજા ક્ષેમંકર છે. દધિવાહન રાજા જેવો ક્ષેમંકર–પ્રજાનું કુશળ કરનારો–હતો તેવો જ તે ક્ષેમંધર–અર્થાત્ રાજ્યની મર્યાદા જે પ્રજામાં કુશળમંગળ કરનારી હતી, તે મર્યાદાનું પોતે પાલન પણ કરનારો–હતો.

દધિવાહન રાજા, રાજાના સર્વ ગુણોથી સંપન્ન હતો. તેને અભયા નામની પટરાણી હતી. અભયા રૂપસૌંદર્યમાં અપ્સરા સમાન હતી. રાજા તેને સ્ત્રીઓમાં રત્નની સમાન માનતો હતો. આ અપ્સરા જેવી અભયા રાણી કે જેમના ઉપર રાજા બહુ મુગ્ધ હતો તે જ રાણી સુદર્શનના શીલની કસોટીરૂપ બની હતી. જે રાણીના રૂપસૌંદર્યની પાછળ રાજા ગુલામ બન્યો હતો તે રાણીના રૂપસૌંદર્યને જે વશ ન થયો તે સુદર્શન શેઠ કેવો શીલવાન હશે એ પણ વિચારવા જેવી વાત છે.

નાટકમાં પુરુષો સ્ત્રીઓનો વેશ ધારણ કરે છે અને સ્ત્રીની માફક કૃત્રિમ હાવભાવ બતાવવાની શિક્ષા લે છે. આ કરવામાં તેઓ બહુ અંશે પોતાનું પુરુષત્વ પણ ગુમાવી દે છે. તમે લોકો સ્ત્રીનો વેશ ધારણ કરેલ પુરુષનો હાવભાવ નાટકમાં જોઈ પ્રસન્ન થાઓ છો પણ જે પોતે પોતાનું પુરુષત્વ પણ ગુમાવી બેઠા છે તેઓ શું તમારા હૃદયમાં કોઈ સારો ભાવ પેદા કરી શકે ખરા ?

આજકાલ નાટકનો રોગ લોકોની પાછળ ભૂતની માફક વળગેલો છે. ઘરમાં ભલે એક દિવસનું ખાવાનું ન હોય તો પણ નાટક–સિનેમામાં બે રૂપિયા સુધી ખર્ચ કરી નાખવા લોકો તૈયાર થઈ જાય છે પણ રૂપિયા ખરચવા છતાં નાટક–સિનેમા જોવાથી કેટલી હાનિ થાય છે તેનો પણ જરા વિચાર કરી જુઓ !

જ્યારે લોકો નકલી સ્ત્રી ઉપર મોહિત થઈ જાય છે ત્યારે અભયા રાણી નકલી સ્ત્રી તો હતી નહિ તેમ છતાં તે પોતાના અનુપમ રૂપસૌંદર્યથી સુદર્શનને શીલવ્રતથી ચલિત કરવા સમર્થ થઈ શકી નહિ. તો પછી તમે લોકો નકલી સ્ત્રી ઉપર કેમ મુગ્ધ થઈ જાઓ છો ?

હું અહમદનગરમાં હતો ત્યારે એક નાટકમંડળી ત્યાં આવી હતી. ત્યાંના લોકો મારી પાસે આવી મને કહેતા કે, અહીં નાટકમંડળી આવી છે તે બહુ જ સુંદર નાટક ભજવે છે. આ પ્રમાણે લોકોએ નાટકમંડળીની બહુ પ્રશંસા કરી. મેં તો તે વખતે એ લોકોને એ જ કહ્યું કે, ઠીક છે. એ વિષે કોઈ દિવસ વિચાર જણાવીશ. યથાસમયે હું જંગલ ગયો હતો. ત્યાં નાટક કરનારાઓ-પણ ફરવા માટે આવ્યા હતા. મેં તેમની ચેષ્ટા જોઈ અને વાતચીત સાંભળી. તેમની ચેષ્ટા અને વાતચીત એટલી બધી ગંદી અને બેહૂદી હતી કે, એ વિષે કાંઈ કહી શકાય એમ નથી. મને તે વખતે લાગ્યું કે, આ લોકો સીતા–રામ કે હરિશ્ચંદ્ર–તારાનું નાટક બતાવે છે પણ શું તેમના ખરાબ વિચારોની અસર લોકો ઉપર પડતી નહિ હોય !

કોઈ કહે કે, અમારે તો તેમના ગુણ જોવા છે, એ નકલી નાટકીયાઓ સાથે અમારે શો સંબંધ ? તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જો તમારે ગુણ જ જોવા છે, તેમનું આચરણ જોવું નથી તો પછી નાટકમાં સાધુ બનેલાને સાધુ કેમ માનતા નથી ? તમે કહેશો

કે, એ તો નકલી છે. જ્યારે તે નકલી છે તો નાટકનાં બીજાં પાત્રો ક્યાં અસલી હોય છે? બધાંય નકલી જ હોય છે! જંગલથી પાછા ફરી, મેં વ્યાખ્યાનમાં ત્યાંના લોકોને ખૂબ કહ્યું કે, તમને આથી શું કલ્યાણ થવાનું છે?

રાજા દધિવાહનની પટરાણી અભયા બહુ સુંદર હતી અને રાજા તેની ઉપર મુગ્ધ હતો, તેમ છતાં સુદર્શન તેના ફંદામાં ફસાયો ન હતો. આવા મહાપુરુષને શરણે જઈ એવી શુભ ભાવના ભાવો કે, 'આવા મહાપુરુષના ચરિત્રનો થોડો અંશ મારા જીવનમાં ઉતરે તો મારું કલ્યાણ જ થઈ જાય.'

**तुल्या भवन्ति भवतो ननु तेन किं वा।**

જે લક્ષ્મીવાનની સેવા કરે છે તે શું ભૂખ્યો રહી શકે? એ જ પ્રમાણે સુદર્શન જેવા શીલવ્રત પાળનારની શરણે જવાથી શું શીલ પાળવાની ક્ષમતા ન આવે? અવશ્ય આવે. માટે તેમની શરણે જાઓ અને શીલને જીવનમાં ઉતારો.

આ ચરિત્ર મનરૂપી કપડાંને સાફ કરવાનું કામ પણ કરશે. લોકનીતિ, શરીરરક્ષા અને સંસારવ્યવહારની વાતો પણ આ ચરિત્રમાં આવશે.

આજે જે કુરીતિઓ સમાજમાં ઘર ઘાલી બેઠી છે અને જેને લીધે અનેક પ્રકારની હાનિ થઈ રહી છે તેની વિરુદ્ધ પણ આ ચરિત્રમાં થોડું કહેવામાં આવશે, અને સુરીતિનો પ્રચાર કેમ થાય તે પણ બતાવવાનો પ્રયાસ કરવામાં આવશે; માટે આ ચરિત્રને સાવધાન થઈને સાંભળો અને શીલવ્રતને જીવનમાં ઉતારો તો કલ્યાણ છે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૬ ગુરુવાર

### પ્રાર્થના

**શ્રી મુનિસુવ્રત સાહબા, દીનદયાલ દેવતણા દેવ કે, ।**
**તરણ તારણ પ્રભુ મો ભણી, ઉજ્જ્વલ ચિત્ત સમરું નિત્ય મેવ કે ।।**
**શ્રી મુનિ સુવ્રત સાહબા.**

શ્રી મુનિસુવ્રત ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આત્માએ પરમાત્માની પ્રાર્થના કેવી રીતે કરવી જોઈએ એ વિષે અનેક વિધિઓ બતાવવામાં આવી છે. પ્રભુનાં અનેક નામો છે એટલે ભક્તોએ એ નામોને લઈને અનેક રીતિએ પ્રભુની પ્રાર્થના કરેલ છે. આ પ્રાર્થનામાં આત્માએ દોષદર્શી બનવું જોઈએ એમ કહેવામાં આવ્યું છે. બધા લોકો પોતાની પ્રશંસા સાંભળવાની અને નિંદા નહિ સાંભળવાની ઇચ્છા રાખે છે; પણ જ્ઞાનીજનો એથી ઊલટું કહે છે કે, "પોતાની પ્રશંસા સાંભળવાને બદલે પોતાના દોષોને સાંભળવાની અને જોવાની ઇચ્છા રાખો. મારામાં કેટલાં ગુણ છે એ જુઓ નહિ પણ મારામાં કયા કયા દોષો છે એ જોવાનો પ્રયત્ન કરો. કદાચ

તમને તમારા દોષો જોવામાં ન આવે તો પણ એમજ માનો કે, મારામાં પહેલાનાં અનેક દોષો છે અને અનાદિકાળથી હું જ્ઞાનાવરણીયાદિ દોષોથી યુક્ત છું, એમ માનીને પરમાત્મા પ્રત્યે એવી પ્રાર્થના કરો કે, "હે પ્રભો! હું પાપનો સાગર છું, મારામાં અનન્ત પાપ ભરાએલાં છે, પણ હવે હું એ પાપોમાંથી મુક્ત થવા માટે આપના શરણે આવેલ છું માટે મને પાપથી મુક્ત કરો."

જે પાપને પાપ અને પોતાને પાપનો અપરાધી માને છે તથા તે પોતાના ગુણને નહિ પણ દોષોને જોવાની ઇચ્છા રાખે છે તે જ આ પ્રમાણે પરમાત્માની પાસે પ્રાર્થના કરી શકે છે. જે પોતાના ગુણની જ પ્રશંસા સાંભળવા ચાહે છે, પોતાના દોષોને સાંભળવા કે જોવા ચાહતો નથી તે પરમાત્માની પ્રાર્થનાથી દૂર છે એમ સમજવું જોઈએ.

## અનાથી મુનિનો અધિકાર

હવે શાસ્ત્રની વાત ઉપર આવું છું. કાલે મેં કહ્યું હતું કે,

**सिद्धाणं णमो किच्चा संजयाणं च भावओ ।**
**अत्थधम्मगइं तच्चं अणुसिट्ठिं सुणेह मे ॥ [ –उ० २०–१ ]**

આ વીશમા અધ્યયનમાં જે કાંઈ કહેવાનું છે તે આ પહેલી ગાથામાં પીઠિકા, પ્રસ્તાવના કે ભૂમિકારૂપે કહી દેવામાં આવ્યું છે. આ ગાથાનો સાધારણ અર્થ તો કરવામાં આવ્યો છે પણ એ ગાથાનો વ્યાકરણની દૃષ્ટિએ એનો પરમાર્થ શું છે એ અત્રે વિચારવાનું છે. આ ગાથામાં જે શબ્દો આવ્યા છે તેમાં કયા તત્ત્વનો બોધ આપવામાં આવ્યો છે એ વાત ટીકાકાર બતાવે છે.

પહેલાં મેં કહ્યું છે કે, નમસ્કારમન્ત્રમાં અરિહન્ત, સિદ્ધ આદિ પાંચ પદોમાં એક સિદ્ધ છે અને બાકીના ચાર સાધક છે. આ વાત એક દૃષ્ટિએ ઠીક જ છે પણ ટીકાકાર કહે છે કે, અરિહન્તની ગણના પણ સિદ્ધમાં કરવામાં આવે છે. આ દૃષ્ટિએ બે સિદ્ધ છે અને ત્રણ સાધક છે. અરિહન્તની ગણના પણ સિદ્ધમાં થઈ શકે એનું પ્રમાણ બતાવતાં ટીકાકાર શાસ્ત્રનું પ્રમાણ ટાંકે છે કેઃ—

**एवं सिद्धा वदन्ति परमाणु** —અનુયોગદ્વાર

અર્થાત્—સિદ્ધ પરમાણુની વ્યાખ્યા કરે છે. શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે; પણ સિદ્ધ તો બોલતા કે વ્યાખ્યા કરતા નથી પણ અરિહન્ત એમ કરે છે એ ઉપરથી એ સ્પષ્ટ જણાય છે કે, અરિહન્તની ગણના પણ સિદ્ધમાં કરવામાં આવી હશે. આ દૃષ્ટિએ અરિહન્તને સિદ્ધ માની નમસ્કાર કરવામાં આવેલ છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ તો સાધુ જ છે એટલા માટે એમને સાધુ ગણી નમસ્કાર કરવામાં આવેલ છે.

અત્રે બીજો પ્રશ્ન ઉભો થાય છે કે, જ્યારે અરિહન્તને નમસ્કાર કરવામાં આવ્યાં તો પછી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર શા માટે કરવામાં આવ્યાં? જ્યારે રાજાને નમસ્કાર કરવામાં આવ્યાં તો પછી શું તેની પરિષદ બાકી રહે ખરી? અરિહન્ત રાજા છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ તેમની પરિષદ્‌માં છે, તો પછી તેમને જુદાં જુદાં નમસ્કાર કરવાની શી જરૂર છે?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પ્રત્યેક કાર્ય બે પ્રકારે થાય છે.–એક પુરુષપ્રયત્નથી અને બીજું મહાપુરુષોની સહાયતાથી. આ બન્નેના સહકારથી જ કાર્યની સિદ્ધિ થાય છે. જો કે, મહાપુરુષોની સહાયતાની આવશ્યકતા રહે છે પણ પ્રધાનરૂપે તો પોતાના પુરુષાર્થની જ આવશ્યકતા રહે છે. પોતાનો પુરુષાર્થ હોય તો જ મહાન્ પુરુષોની સહાયતા પણ મળી શકે છે અને કામમાં પણ સફળતા ત્યારે જ મળી શકે છે. કહેવત પણ છે કેઃ–

'હિમ્મતે મર્દા મદદે ખુદા'

અરિહન્તને નમસ્કાર કરવા છતાં પણ આચાર્ય આદિને નમસ્કાર કરવાનું કારણ એ છે કે, ઇષ્ટ કાર્યની સિદ્ધિમાં તેમની મદદની પણ જરૂર રહે છે. પ્રત્યેક કાર્ય પોતાના પુરુ-પાર્થદ્વારા જ સિદ્ધ થાય છે તોપણ તેમાં મહાપુરુષોની સહાયતાની જરૂર રહે જ છે. જેમકે, કાંઈ પણ લખવાનું કામ પોતાના હાથથી જ થાય છે પણ સૂર્ય કે દીપકની સહાયતા વિના લખી શકાતું નથી, કારણ કે લખવામાં પ્રકાશની પણ સહાયતા લેવી પડે છે. માણસ પોતાના પગે જ ચાલે છે પણ જો પ્રકાશની સહાયતા ન હોય તો ખાડામાં પડી જવાય. આ પ્રમાણે પ્રત્યેક કાર્યની સિદ્ધિ માટે પુરુષાર્થની સાથે મહાપુરુષોની સહાયતાની પણ આવશ્યકતા રહે છે.

આ જ વાત પરમાત્માની પ્રાર્થના વિષે સમજવાની છે. જો હૃદયમાં પરમાત્માનું ધ્યાન હોય તો દુર્વાસના પેદા થઈ જ ન શકે. જ્યારે હૃદયમાં કોઈ પ્રકારની દુર્વાસના ન રહે ત્યારે એમ સમજવું કે, હૃદયમાં ઇશ્વર છે પણ હૃદયમાં દુર્વાસના હોય અર્થાત્ જાણી જોઈને હૃદયમાં દુર્વાસના રાખે અને ઉપરથી પરમાત્માનું નામ લે, તો એ કેવળ એનો ઢોંગ છે એમ સમજવું જોઈએ.

કહેવાનો આશય એ છે કે, સિદ્ધ તો સિદ્ધ જ છે અને આચાર્યાદિ સાધક છે. આપણને બન્નેયની સહાયતાની આવશ્યકતા રહે છે એટલા માટે બન્નેને નમસ્કાર કરવામાં આવ્યાં છે.

વીશમા અધ્યયનની જે પહેલી ગાથા કહેવામાં આવી છે તેમાં એક સિદ્ધાન્ત–તત્ત્વનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એ ગાથામાં કહેવામાં આવ્યું છે કે, "હું સિદ્ધ અને સંયતિ-ને નમસ્કાર કરી તત્ત્વની શિક્ષા આપીશ." આ કથનમાં બે ક્રિયા છે. જ્યારે એક સાથે બે ક્રિયા આવે છે ત્યારે પહેલી ક્રિયાને 'ત્વા પ્રત્યયાન્તિક' ક્રિયા કહે છે. આ ક્રિયાનો પ્રયોગ અપૂર્ણ કામને માટે કરવામાં આવે છે. જ્યારે કોઈ એમ કહે કે, "હું એ કામ કરીને તે કામ કરીશ" આ વાક્યમાં જેમ બે ક્રિયા છે તેમ "હું સિદ્ધ અને સંયતિને નમસ્કાર કરી, તત્ત્વની શિક્ષા આપીશ" આ વાક્યમાં પણ બે ક્રિયા છે. આ બન્ને ક્રિયાનો સંબંધ જોડી એક મોટા પરમાર્થની સૂચના આપવામાં આવી છે. જેમ સૂર્યને અંધકાર પ્રતિ દ્વેષ નથી, તેમ તે અંધકારનો નાશ કરવા માટે જ ઉદય પામ્યો નથી તેમ છતાં સૂર્યના ઉદયથી અંધકારનો નાશ થઈ જ જાય છે તે જ પ્રમાણે જ્ઞાનીને અજ્ઞાની કે અજ્ઞાન પ્રતિ દ્વેષ હોતો નથી પણ સત્ય તત્ત્વનું પ્રતિપાદન કરવા જતાં અજ્ઞાનનું ખંડન થઈ જ જાય છે. અર્થાત્ જ્ઞાનીજનોના જ્ઞાનપ્રકાશથી અજ્ઞાન અંધકારનો નાશ થઈ જ જાય છે.

આ ગાથામાં જે બે ક્રિયાઓ કહેવામાં આવી છે તેના વિષે પણ એવું જ બન્યું છે

આત્માનો નિરન્વય નાશ છે એમ બૌદ્ધોનું કથન છે, પણ જ્ઞાનીઓ કહે છે કે એમ નથી. કારણ કે આત્માનો નિરન્વય નાશ નહિ પણ સાન્વય નાશ થાય છે. આત્મા પર્યાયથી નષ્ટ થાય છે, દ્રવ્યથી નહિ. જેમકે માટીની માટીપર્યાય નષ્ટ થઈ જાય છે અને તે ઘડાની પર્યાયમાં પરિણત થાય છે પણ માટીનો સર્વથા નાશ થતો જ નથી. જો માટીનો નિરન્વય નાશ થાય છે અર્થાત્ દ્રવ્યથી પણ તે નષ્ટ થઈ જાય છે એમ માનવામાં આવે તો તો પછી ઘડો કોઈ પણ રીતે બની જ ન શકે! આ જ પ્રમાણે પ્રત્યેક વસ્તુ અને આત્મા પર્યાયથી તો નષ્ટ થાય છે પણ દ્રવ્યથી નષ્ટ થતાં નથી, એવું જ્ઞાનીઓનું કથન છે અને આત્માનો નિરન્વય નાશ થઈ જાય છે, અર્થાત્ આત્મા ક્ષણે ક્ષણે નષ્ટ થાય છે એવું બૌદ્ધોનું કથન છે. પણ જ્ઞાનીઓ કહે છે કે, આત્મા દ્રવ્યથી નષ્ટ થતો નથી, કેવળ પર્યાયથી નષ્ટ થાય છે. જો દ્રવ્ય નષ્ટ જ થઈ જાય તો પર્યાય કોની થાય?

આ ગાથાથી બૌદ્ધોના આ (આત્માના નિરન્વય નાશના) સિદ્ધાન્તનું ખંડન થઈ જાય છે. ટીકાકાર કહે છે કે, આ ગાથામાં બે ક્રિયાઓ છે. જો આત્માનો નિરન્વય નાશ માનવામાં આવે તો આ ગાથામાંની બન્ને ક્રિયાઓ વ્યર્થ જાય. કારણ કે, સિદ્ધને અને સંયતિને નમસ્કાર કરનાર આત્મા પોતે નષ્ટ થઈ જાય છે તો એ ક્રિયા પણ વ્યર્થ સિદ્ધ થાય અને જ્યારે પહેલી ક્રિયા નકામી થાય તો બીજી ક્રિયા પણ નકામી થાય એ દેખીતું છે. જ્યારે શિક્ષા દેવા માટે નમસ્કાર કરનાર જ કોઈ ન રહે તો પછી "હું શિક્ષા આપું છું" એમ કહેનાર આત્મા જ કયાં રહ્યો? પણ આત્માનો બૌદ્ધમતાનુસાર નાશ નથી એટલા માટે આ બન્ને ક્રિયાઓ સાર્થક છે. કારણ કે જેમણે નમસ્કાર કરવાનું કહ્યું એ આત્માની પર્યાય બદલી છે પણ દ્રવ્યથી તો આત્મા તે જ છે એટલા માટે બન્ને ક્રિયાઓ સાર્થક છે.

આત્માનો નિરન્વય નાશ માનવામાં અનેક હાનિઓ રહેલી છે અને આ સિદ્ધાન્ત પણ યુક્તિપ્રયુક્તિદ્વારા સ્થિર પણ રહી શકતો નથી. આ તાત્ત્વિક વાતને હું ઉદાહરણ-દ્વારા સરલ કરી તમને સમજાવું છું:—

કોઈ એક માણસે બીજા માણસ ઉપર કોર્ટમાં દાવો કર્યો કે, "પ્રતિપક્ષી માણસ ઉપર મારું આટલું લેણું છે તે મને અપાવવામાં આવે." પ્રતિપક્ષી માણસે ન્યાયાધીશને કહ્યું કે, "એ દાવો ખોટો છે, કારણ કે રૂપિયા દેનાર અને રૂપિયા લેનાર કોઈ રહ્યું જ નથી, એ તો કયારના નાશ પામ્યા છે, એટલા માટે એ દાવો ખોટો છે." ન્યાયાધીશે વિચાર્યું કે, આ માણસ ચાલાકી કરે છે અને સિદ્ધાન્તના બહાના નીચે તે છટકવા ચાહે છે. આ પ્રમાણે વિચાર કરી ન્યાયાધીશે તે માણસને કહ્યું કે, "હું તને કેદની સજા આપું છું." આ સાંભળી તે માણસ રોવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, "હું લેણા નીકળતા રૂપિયા આપી દઉં છું, મને કેદની સજા ન કરો."

ન્યાયાધીશે કહ્યું કે, તું શા માટે રડે છે? તું તો કહે છે કે, આત્મા ક્ષણે ક્ષણે નાશ પામે છે અને બદલાય છે પછી તને દુઃખ શેનું છે?

તે માણસે કહ્યું કે, 'હું લેણા નીકળતા રૂપિયા ભરી દઉં છું, મને છોડી દો.' આ પ્રમાણે તે પોતાના સિદ્ધાન્ત ઉપર સ્થિર રહી ન શકયો.

આ ઉપરથી કહેવાનો આશય એ છે, કે જ્યારે તમને ભાવિ પર્યાયનો અનુભવ થાય છે તો ભૂત પર્યાયનો અનુભવ કેમ ન થાય ? જો ભાવિ પર્યાયનો અનુભવ થાય છે અને ભૂત પર્યાયનો અનુભવ થતો નથી એમ માનવામાં આવે તો બધી ક્રિયાઓ નિરર્થક જશે અને મોક્ષ પણ કોઈ દિવસ થશે નહિ. કારણ કે આત્માનો નાશ થવાની સાથે જ ક્રિયા પણ નષ્ટ થઈ જશે, પછી પુણ્ય કે પાપ કાંઈ રહેશે નહિ અને મોક્ષ પણ થશે નહિ. આ પ્રમાણે આત્માનો નિરન્વય નાશનો સિદ્ધાન્ત યુક્તિસંગત નથી. એટલી માટે જ્ઞાનીઓ કહે છે કે, આત્માનો નિરન્વય નાશ નહિ પણ સાન્વય નાશ થાય છે. આ પ્રમાણે ટીકાકારે ગાથામાં રહેલા મર્મને બતાવ્યો છે.

આ અધ્યયનમાં એક મહાપુરુષનો અધિકાર છે. આ અધિકારને કહેનાર અને સાંભળનાર બન્ને મહાપુરુષ હતા. વક્તા તો મહાનિર્ગ્રન્થ છે અને શ્રોતા પણ રાજાઓમાં પ્રધાન રાજા છે. આ મહાપુરુષો વચ્ચેનો વિચારવિનિમય આપણને કેટલો બધો લાભદાયક છે એ તમે વિચારી શકો છો. આ અધ્યયનનો અધિકાર સાંભળનારનો પરિચય આપતાં કહ્યું છે કેઃ-

**प्रभूयरयणो राया, सेणिओ मगहाहिवो ।**
**विहारजत्तं निज्जाओ, मंडिकुच्छिंसि चेइए ॥ २०-२ ॥**

અર્થાત્—ઘણા રત્નોનો સ્વામી મગધાધિપ શ્રેણિક રાજા વિહારયાત્રા માટે બહાર નીકળ્યો અને મંડિકુક્ષ નામના બાગમાં આવ્યો.

પહેલાં એ જોવું જોઈએ કે રત્ન એટલે શું ? તમે લોકો હીરા–માણેક આદિને જ રત્ન માનો છો પણ કેવળ એ જ રત્નો નથી, બીજાં પણ રત્નો છે. મનુષ્યમાં પણ રત્ન હોય છે, હાથીમાં પણ રત્ન હોય છે, ઘોડામાં પણ રત્ન હોય છે અને સ્ત્રીઓ વગેરેમાં પણ રત્ન હોય છે. આ પ્રમાણે રત્નનો અર્થ ઘણો વ્યાપક છે. રત્નનો વ્યાપક અર્થ શ્રેષ્ઠ થાય છે. જે શ્રેષ્ઠ હોય તેને રત્ન કહેવામાં આવે છે. રાજા શ્રેણિકને ત્યાં આવાં અનેક રત્નો હતાં એમ કહી થોડામાં જ તેની સંપદાનું વર્ણન કરવામાં આવ્યું છે.

શાસ્ત્રકારોએ શ્રેણિક બહુ રત્નોનો સ્વામી હતો એમ શા માટે કહ્યું ? તેમનો એમ કહેવાનો શો આશય છે તે વિચારવું જોઈએ ! ભલે ગમે તેટલાં રત્નો હોય પણ જો આત્માને ઓળખ્યો નથી તો એ બધાં રત્નો વ્યર્થ છે; કારણ કે બધાં રત્નો તો મળી શકે છે પણ ધર્મરૂપી રત્નની પ્રાપ્તિ થવી બહુ જ મુશ્કેલ છે. જો ધર્મરૂપી રત્ન મળી જાય તો બીજાં રત્નો લેખામાં પણ ગણાય. નહિ તો તે કશા કામનાં નથી એમ શાસ્ત્રકારોનો કહેવાનો આશય છે.

તમને મોટામાં મોટી સંપદા આ મનુષ્યજન્મની મળી છે. તમે તેની કીંમત સમજતા નથી. જો તમે મનુષ્યજન્મની કીંમત સમજતા હોત તો તમે એમ જ વિચારત કે " મને આ બહુમૂલ્ય રત્ન મળેલ છે તો હવે કાંકરાને બદલે આ રત્ન આપી દેવાની હું મૂર્ખતા કેમ કરું છું ! " જો તમે મનુષ્ય–રત્નની કીંમત સમજતા હો તો એક પણ ક્ષણ વ્યર્થ નકામી જવા ન દેતાં પરમાત્માની ભક્તિમાં સમયનો સદુપયોગ કરો તો તમારો આત્મા ઈશ્વરીય બનશે અને તમારા મનુષ્યરત્નની કીંમત પણ અંકાશે.

તમે કહેશો કે, આત્માને પરમાત્મામય કેમ બનાવી શકાય? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સંસારમાં કાલ્પનિક અને વાસ્તવિક એમ બે પ્રકારના પદાર્થો છે. વાસ્તવિક પદાર્થ તો ન હોય પણ તે વિષે કલ્પના કરવામાં આવે, એ અજ્ઞાન છે. અજ્ઞાનને લીધે કરવામાં આવતી કલ્પના જ તમને મુશ્કેલીમાં નાંખી દે છે. કાલ્પનિક પદાર્થ અને વાસ્તવિક પદાર્થ બન્ને જુદાં જ હોય છે. જ્યાંસુધી વાસ્તવિક પદાર્થો જોવામાં નથી આવતાં ત્યાંસુધી કલ્પનાનું અજ્ઞાન મટી શકતું નથી. જેમકે, કોઈ દિવસે છીપમાં ચાંદીની કલ્પના કરી, પણ જ્યારે તે છીપને પાસે જઈ જોયું અને તે છીપ છે એમ ખાત્રી કરી ત્યારે જ તે ચાંદી નહિ પણ છીપ છે એમ સમજી શકયા. છીપમાં જેમ ચાંદીની કલ્પના કરવામાં આવે છે એવી કલ્પનાને છોડો અને પરમાત્માની સાથે એકતાનતા કરો અને આ મારાં નાક, કાન અને શરીર છે તે 'હું' નથી એમ વિચારો તો તમને જે મનુષ્યજન્મરૂપી રત્ન મળેલ છે તે સાર્થક થશે.

જ્યારે તમે સુઈ જાઓ છો ત્યારે આંખ, કાન વગેરે બધાં બંધ થઈ જાય છે તો પણ સ્વપ્નામાં આત્મા સાંભળે છે અને જુવે છે પણ ખરો. સ્વપ્નાવસ્થામાં ઇન્દ્રિયો સુઈ જાય છે અને મન જાગતું રહે છે. આ અવસ્થાનું નામ પણ સ્વપ્નાવસ્થા છે. ઇન્દ્રિયો સુતેલી હોય છતાં સ્વપ્નમાં ઇન્દ્રિયોનું કામ ચાલુ જ હોય છે. જ્યારે ઇન્દ્રિયો સુતેલી હોય છે તો પછી સ્વપ્નામાં ઇન્દ્રિયોનું કામ કોણ ચલાવે છે તેનો ઊંડો વિચાર કરો તો તમને જણાશે કે, એ બધું કામ આત્મા કરી રહ્યો છે. આત્મા અનંત શક્તિવાળો છે પણ તે ભ્રમમાં પડી ગયો છે અને શરીરાદિને 'પોતે' છે એમ માની બેઠો છે. આત્મા અત્યારે કલ્પનાના વમળમાં ગોથાં ખાય છે, માટે કલ્પનાને છોડી આત્માના વાસ્તવિક તત્ત્વને સમજો અને સાંસારિક પદાર્થોનું મમત્વ છોડો. આત્મામાં અનંત શક્તિ છે. તે સ્વપ્નાવસ્થામાં કાન સુષુપ્ત હોવા છતાં સાંભળે છે અને આંખ બંધ હોવા છતાં જોઈ શકે છે. ત્યાં ઇન્દ્રિયોના પદાર્થ નથી, છતાં કલ્પનાના બળે આત્મા બધું કરી શકે છે! તે સ્વપ્નાવસ્થામાં ગંધ, રસ, સ્પર્શ વગેરેની કલ્પના કરી આનંદ પણ માણે છે. સ્વપ્નામાં ક્રોધ પણ કરે છે, લોભ પણ કરે છે અને સિંહાદિને જોઈ ભય પણ પામે છે. આ પ્રમાણે આત્મા સ્વપ્નમાં સુખ પણ માણે છે અને દુઃખ પણ અનુભવે છે.

સ્વપ્નની આ વાતોથી આત્મામાં કેટલી શક્તિ છે તેનું માપ કાઢી શકાય છે. તે ઇન્દ્રિયોની સહાયતા વિના પણ કામ ચલાવી શકે છે. આ પ્રમાણે આત્માની અનંત શક્તિ જાણી તેનો પરમાત્માની ભક્તિમાં ઉપયોગ કરો તો તમારું આ મનુષ્યજન્મરૂપી રત્ન સાર્થક જ છે.

પ્રત્યેક કામ ઉદ્દેશાનુસાર બરાબર કરવું જોઈએ. ઉદ્દેશ પ્રમાણે કામ કરવામાં ન આવે તો પરિણામ સારું આવતું નથી, માટે પ્રત્યેક કામ યોગ્ય રીતિએ કરવું જોઈએ. આ વાત એક ઉદાહરણથી બરાબર સમજાશે.

એકવાર એક બાહોશ ચોરે સાહસ કરી રાજાના ઘરમાં પ્રવેશ કર્યો, પણ ઘરમાં પ્રવેશ કરતાં જ રાજા જાગી ગયો. રાજાને જાગેલો જોઈ ચોર ડર્યો અને જો 'હું પકડાઈ જઈશ તો માર્યો જઈશ' એમ વિચાર કરી તે જીવ લઈને ભાગ્યો. રાજાએ પણ ચોરને જોઈ લીધો હતો અને ચોરને જો નહિ પકડું તો મારી બદનામી થશે એમ વિચાર કરી

રાજાએ પણ તેનો પીછો પકડયો. ચોર આગળ અને રાજા પાછળ દોડયે જતા હતા. રાજાને ચોરની પાછળ દોડતા જોઈ સીપાઇઓ પણ દોડયા. આખરે ચોર દોડતાં દોડતાં થાકયો પણ જો હું પકડાઇ જઈશ તો જાનથી માર્યો જઈશ એ વિચારે તે ભાગ્યો જતો હતો. એટલામાં જ શ્મશાન આવ્યું. તેણે વિચાર્યું કે, જો હું રાજાના હાથમાં પકડાઈશ તો માર્યો તો જવાનો જ છું. હવે તો બચવાનો એક જ ઉપાય છે. જો હું આ શ્મશાનમાં મડદાંની માફક પડયો રહું તો રાજા મને મડદું ગણી છોડી દેશે. હવે તો મડદું થઈને પૂરેપૂરો સ્વાંગ રચવો જોઈએ.

આ પ્રમાણે વિચાર કરી ચોર શ્મશાનમાં જઈ નીચે પડયો અને મરેલાની માફક પોતાની નાડીઓનો સંકોચ કરી નીચે ઢળી પડયો. એટલામાં તો રાજા અને સિપાઈઓ પણ ત્યાં આવી પહોંચ્યા અને ચોરને નીચે ઢળી પડેલો જોઈ જોવા લાગ્યા. સિપાઇઓ રાજાને કહેવા લાગ્યા કે, 'મહારાજા ! જુઓ તો ખરા, આ ચોર આપના ભયથી નીચે ઢળી પડયો છે અને મરણ પામ્યો છે.' રાજાએ સિપાઈઓને કહ્યું કે, 'એ ચોર મરણ પામ્યો નહિ હોય, પણ ઢોંગ કરીને પડયો હશે. તેની બરાબર તપાસ કરો !'

સિપાઈઓ ચોરને ખૂબ ઢંઢોળવા લાગ્યા પણ તે તો મડદાંની માફક નિશ્ચેષ્ટ પડયો રહ્યો.

આપત્તિ પણ મનુષ્યને અપૂર્વ શિક્ષા આપે છે અને ઉન્નત બનાવે છે. રામને જો વનમાં જવાની આપત્તિ માથે પડી ન હોત તો આજે તેમને કોઈ જાણત નહિ ! ભગવાન મહાવીરે પણ જો આપત્તિઓને સહી ન હોત તો તેમનું કોઈ નામ ન લેત ! તેમ તેમને કોઈ મહાવીર પણ કહેત નહિ ! સીતા, ચંદનબાળા, અંજના, સુભદ્રા વગેરેએ આપત્તિઓને ધૈર્યપૂર્વક સહી હતી એટલે જ તેમની પ્રશંસા થાય છે. માટે આપત્તિ-ઓથી ન ગભરાતાં ધૈર્યપૂર્વક તેને સહેવી જોઈએ. સિપાઈઓએ ચોરને ખૂબ ઢંઢોળ્યો પણ તે હાલ્યો ચાલ્યો નહિ એટલે તેમણે રાજાને કહ્યું કે, 'મહારાજા ! આ ચોર તો બિલકુલ મરી જ ગયો છે.' રાજાએ કહ્યું કે, બરાબર જુઓ ! એ કપટ કરીને પડયો હશે ! સિપાઈઓ તો એ મડદું થઈને પડેલા ચોરને સખ્ત માર મારવા લાગ્યા એટલે ચોરના શરીરમાંથી લોહીની ધાર વહેવા લાગી. તોપણ ચોરે ચૂં કે ચાં ન કર્યું, એટલે સિપાઈઓએ તેને મરેલો જાણી રાજાને કહ્યું કે, 'મહારાજા ! ચોર તો મરી જ ગયો છે. અમે તેને ખૂબ માર માર્યો અને તે એટલે સુધી કે તેના શરીરમાંથી લોહીની ધાર વહેવા લાગી છે તોપણ તે વેદનાની ચીસ પણ પાડતો નથી.'

રાજાએ કહ્યું કે, તે મરેલો નથી પણ જીવતો છે; કારણ કે મરેલા શરીરમાંથી લોહી નીકળતું નથી. તે ઢોંગ કરીને નીચે પડયો છે, માટે તે ચોરના કાનમાં એમ કહો કે 'રાજાએ તારા બધા ગુન્હા માફ કરી દીધા છે, એમ કહી તેને ધીરેથી અહીં ઉપાડી લાવો.'

સિપાઈઓએ રાજાની આજ્ઞા પ્રમાણે જ કર્યું. ચોર પણ ઉઠી બેઠો થયો અને રાજાની સામે હાજર થયો. રાજા ચોરને જોઈ વિચારવા લાગ્યો કે, "જ્યારે આ મારા ભયથી મડદું બની ગયો તો મારે સાક્ષાત્ મૃત્યુના ભયથી શું કરવું જોઈએ ! " આ પ્રમાણે વિચાર કરી રાજાએ ચોરને પૂછયું કે, 'તું આ પ્રમાણે શા માટે મડદું થઈને ઢળી પડયો હતો ?'

ચોરે જવાબ આપ્યો કે, 'આપના ભયથી મેં એમ કર્યું હતું.'

રાજાએ ફરી પૂછ્યું કે, 'તને આટલો બધો માર મારવામાં આવ્યો તોપણ તું શા માટે બોલ્યો નહિ?'

ચોરે કહ્યું કે, જ્યારે મેં મડદાનો સ્વાંગ રચ્યો હતો તો પછી હું કેવી રીતે બોલી શકું?'

રાજાએ કહ્યું કે, ત્યારે તો તું મોટો ભક્ત જણાય છે?

ચોરે જવાબ વાળ્યો કે, 'મહારાજા! હું ભક્ત નથી. કેવળ આપના ભયથી જ મેં મડદાનો સ્વાંગ સજ્યો હતો.'

રાજાએ કહ્યું કે, તું જેમ મારા ભયથી ધરતી ઉપર ઢળી પડયો હતો તેમ જો સંસારના ભયથી ડરે અને પૂરેપૂરો સ્વાંગ સજે તો તારું કલ્યાણ જ થઇ જાય!

ચોરે કહ્યું કે, મહારાજા! હું એવી વાતોને તો જાણતો નથી. એવું જ્ઞાન તો આપને છે, મને નથી.

આ ઉપરથી કહેવાનો આશય એ છે કે, એક ચોરે પણ પોતાના ઉદ્દેશાનુસાર કાર્યની સિદ્ધિ માટે માર ખાઈને પણ પોતાના ઉદ્દેશની રક્ષા કરી. એ ચોરની માફક તમે પણ તમારા ઉદ્દેશની રક્ષા કરતાં શીખો. તમે ઉપરથી તો એમ કહો છો કે, અમારા હૃદયમાં પરમાત્મા વસેલા છે પણ જો તમે અંદર વિકાર રાખો તો પરમાત્મા તમારા હૃદયમાં વસે ખરા! જો તમારા મનમાં પરમાત્મા વસેલા છે અને તમે પરમાત્માના સાચા ભક્ત છો તો તમારે તમારા ધ્યેય ઉપર દૃઢ રહેવું જોઈએ. કહ્યું પણ છે કેઃ—

**તૂ તો રામ સુમર જગ લડવા દે**
**કોરા કાગજ કાલી સ્યાહી, લિખત પઢત વાકો પઢવા દે।**
**હાથી ચલત હૈ અપની ચાલસે કુતર ભુકત વાકો ભુકવા દે-તૂ૦**

—આશ્રમ ભજનાવલિ.

તમે કહેશો કે, અત્યારે રામ કયાં છે કે તેમનું સ્મરણ કરીએ! રામ તો દશરથના પુત્ર હતા કે જેમને થયાં હજારો વર્ષ ચાલ્યાં ગયાં. પણ તમારા હૃદયમાં જ રામ છે એમ જ્ઞાનીઓ કહે છે.

**रमन्ति योगिनो यस्मिन् इति रामः**

અર્થાત્—જ્યાં યોગિઓ રમે છે તે જ રામ છે. બીજો કોઈ નહિ પણ તમારો આત્મા જ રામ છે. એ આત્મારામનું સ્મરણ કરો પણ તેનું સ્મરણ કેમ કરવું તેનો પણ જરા વિચાર કરો! જો માર ખાઈને ચોર બોલી જાત તો તેનો સ્વાંગ પૂરો ન થાત તેમ તમે પરમાત્માનું સ્મરણ કરી ફરી પાછા સંસારના ઝગડામાં પડી જાઓ તો શું ભક્તનો એ સ્વાંગ પૂરો કહેવાય? તમે એમ માનો કે, આ આત્મા હાથીની સમાન છે, જેની પાછળ સંસારના ઝગડારૂપી કુતરાઓ ભસતા હોય તો ભલે ભસ્યા કરે પણ તેથી મને શું? અથવા કોઈ કોરા કાગળ ઉપર શાહીથી લખ્યા કરે છે તો ભલે લખ્યા કરે એમાં મને શું હાનિ છે! આ પ્રમાણે વિચાર કરી જો તમે પરમાત્માના શરણે જાઓ તો તમારા ઉદ્દેશની પૂર્તિ અને કાર્યની સિદ્ધિ થશે. જ્યારે ચોરે પૂરો સ્વાંગ કરીને રાજાનું હૃદય

પલટાવી નાંખ્યું તો પછી તમારાથી બીજાનું હૃદય પલટાવી કેમ નહિ શકાય ? તમે પણ તમારા ધ્યેયનું ધ્યાન રાખશો તો તમારો આત્મા પણ મહાન્ પદને પ્રાપ્ત કરી શકશે. તમે સંસારી છો એટલે અહીંથી ઘેર જતાં જ તમને સાંસારિક ઉપાધિઓ ઘેરી લેશે, તો તે વખતે જો આ ઉપદેશ ધ્યાનમાં રાખશો તો તમારું આ ભવમાં અને પરભવમાં પણ કલ્યાણ થશે.

## સુદર્શન—ચરિત્ર

અગ્નિ શીતલ શીલસે હૈરે, વિષધર ત્યાગે વિષ;
શશક સિંહ અજ ગજ હો જાવે, શીતલ હોવે વિષ રે--ધન૦
સત્ય શીલકો સદા પાલતે, શ્રાવક સુરશ્રૃંગાર;
ધન્ય ધન્ય જો ગૃહસ્થાવાસમેં, પાલે દુર્ધર ધાર- ધન૦ ૩

આજે સુદર્શન વિદ્યમાન નથી, તે તો મોક્ષે ગયા છે પણ તેમનું ચરિત્ર તો અત્યારે વિદ્યમાન છે એટલે તે પ્રત્યક્ષ જ છે. જે શીલને કારણે તેમનું વ્યાખ્યાન કરવામાં આવે છે તે શીલ પણ અત્યારે વિદ્યમાન છે. એ શીલવ્રતનો એવો પ્રતાપ છે કે, ધગધગતિ આગ પણ શીતલ બની જાય છે. એને માટે સીતાની અગ્નિપરીક્ષા પ્રસિદ્ધ જ છે. કદાચિત આ ઉદાહરણને પ્રાચીન માનવામાં આવે પણ યુરોપ અને ભારતનાં એવાં અનેક ઐતિહાસિક ઉદાહરણો પણ મળે છે કે, ધર્મની પરીક્ષા માટે ધર્મિષ્ઠોને આગમાં હોમવામાં આવ્યા પણ આગ તેમને બાળી ન શકી !

આગ કહે છે કે, હું કુશીલોને બાળું છું, સદાચારીને નહિ. જ્યારે દ્રવ્ય શીલની આવી શક્તિ છે તો પછી ભાવ શીલની વાત જ શી કરવી ? આ કથનનો કોઈ એવો અર્થ ન કરે કે એકાદ બે દિવસ શીલવ્રતનું પાલન કરી અગ્નિમાં હાથ નાંખી શીલમાં શક્તિ છે કે નહિ તેની પરીક્ષા કરવા મંડી પડે ! જો કોઈ આમ કરે તો તે તેની ભૂલ છે. શીલની શક્તિનું માપ શીલવાન જ કાઢી શકે. હવામાં વજન હોય છે એમ કહેવામાં આવે છે, પણ જો કોઈ કવરમાં હવા ભરી ત્રાજવાથી તોળવા લાગે તો હવા તોળી શકાશે ? આ ઉપરથી હવા તોળનાર એમ કહેવા લાગે કે, હવામાં વજન છે એ વાત ખોટી છે તો એ એની ભૂલ ગણાશે ! હવા તોળી શકાય છે પણ તેને તોળવાનાં સાધન જુદાં પ્રકારનાં હોય છે; એમ કોઈ કહે તો પછી હવા તોળી શકાય છે એ વિષયમાં કોઈ પ્રકારની શંકા રહી શકે !

આ જ પ્રમાણે શીલની શક્તિથી પણ અગ્નિ શીતલ થઈ જાય છે પણ ક્યારે અને ક્યાં સુધી શીલ પાળવાથી અગ્નિ શીતલ થાય છે તેનું પણ અધ્યયન કરવું જોઈએ; કેવળ શીલવ્રતની બાધા લઈ લીધી અને પરીક્ષા કરવા લાગે તો તે માણસની બુદ્ધિની જ પરીક્ષા થઈ જશે. શાસ્ત્રમાં કહ્યું છે કે:-

**देवदाणवगन्धव्वा जक्खरक्खसकिन्नरा।**
**बम्भयारीं नमस्सन्ति दुक्करं जे करंति तं॥** —ઉત્તરાધ્યયન સૂત્ર.

અર્થાત્—જે દુષ્કર બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ વગેરે નમસ્કાર કરે છે. બ્રહ્મચર્યમાં એટલી બધી શક્તિ બતાવવામાં આવે છે કે, જે શુદ્ધ

મનથી બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને માટે કોઈ કાર્ય અસાધ્ય નથી. મહાપુરુષોના આ કથન ઉપર વિશ્વાસ રાખો અને આગળ વધતા જાઓ તો એવી શક્તિ તમે પણ પ્રાપ્ત કરી શકશો.

શીલની શક્તિથી અગ્નિ પણ શાન્ત થઈ જાય છે અને સર્પ પણ નિર્વિષ થઈ જાય છે. 'સાપ કોઈનો સગો નહિ' એવી કહેવત છે, પણ એ સાપનું વિષ શીલવાનને ચડી શકતું નથી.

એવાં પણ ઐતિહાસિક ઉદાહરણો મળે છે કે, સાપે કરડવાને બદલે સહાયતા કરી હોય! એવું સાંભળવામાં આવે છે કે, નૂરજહાં બેગમ મુહમ્મદ નામના સિપાઈની પુત્રી હતી. મુહમ્મદ અને તેની સ્ત્રી ભૂખ્યા મરતા હતા એટલે તેઓ અફઘાનથી ભારત આવી રહ્યા હતા. મુહમ્મદની સ્ત્રી ગર્ભવતી હતી. રસ્તામાં તેણીએ એક પુત્રીને જન્મ આપ્યો. મુહમ્મદે તેની સ્ત્રીને કહ્યું કે, 'અત્યારે આપણે આપણો ભાર જ ઉપાડી શકતા નથી તો પછી આ બાળકીનો ભાર કેમ ઉપાડી શકીશું? એટલા માટે આ છોકરીને અહીં જ મૂકી દઈએ!' મુહમ્મદની સ્ત્રીએ તે વખતે તો પતિની વાત માની, છોકરીને એક વૃક્ષની નીચે મૂકી દીધી અને પતિની સાથે આગળ ચાલવા માંડયું. પણ થોડે દૂર જતાં જ તેનું માતૃહૃદય બાળકી માટે રડી ઉઠયું અને તે આગળ ચાલી ન શકી. તેણીએ આ વાત મુહમ્મદને કહી અને આખરે મુહમ્મદ તેની સ્ત્રીને લઈને તે વૃક્ષની નીચે પાછો આવ્યો. ત્યાં તેમણે જોયું કે, તેમની પુત્રી ઉપર એક મોટો સર્પ પોતાની ફેણની છાયા કરીને બેઠો છે.

જ્યારે કોઈ કનડગત કરે છે ત્યારે જ સર્પ કરડે છે. જો કોઈ કનડગત કરે નહિ તો સર્પ કરડે પણ નહિ.

સિંધિયાના પૂર્વજ મહાદજીને વિષે પણ એમ કહેવામાં આવે છે કે, તેઓ પહેલાં પેશવાને ત્યાં જોડા સાચવવાની નોકરી કરતા હતા. એકવાર પેશવા કોઈ સભામાં ગયા હતા, ત્યારે મહાદજી તેમના જોડાને પોતાની છાતી ઉપર મૂકી સૂઈ ગયા. જ્યારે પેશવા સભામાંથી પાછા આવ્યા ત્યારે તેમણે જોયું કે, મહાદજી ઉપર એક સર્પ પોતાના ફેણ–દ્વારા છાયા કરી બેઠેલો છે. પેશવાએ વિચાર્યું કે, જેમના ઉપર સર્પે છાયા કરેલી છે, તેમની પાસે હું કેવું હલકું કામ કરાવું છું. હું સર્પથી પણ ઊતરતો છું. આ પ્રમાણે વિચાર કરી, પેશવાએ મહાદજીને ઊંચી પાયરીએ ચડાવવાનું શરૂ કર્યું આખરે મહાદજી ઊંચી પાયરીએ ચડયો, તે એટલે સુધી કે તેના વંશજો આજે કરોડો રૂપિયાની જાગીર ભોગવી રહ્યા છે! અત્યારે પણ ત્યાંના સિક્કા તથા દફતરી કાગળ ઉપર સાપનું ચિત્ર રાખવામાં આવે છે.

કહેવાનો આશય એ છે કે, જ્યારે પૂર્ણ શીલનું પાલન કરવામાં આવે છે ત્યારે અગ્નિ પણ શાન્ત થઈ જાય છે અને સર્પ પણ નિર્વિષ બની જાય છે. શીલની શક્તિ અમાપ છે. જે લોકો સુદર્શનની માફક સંકટના સમયે પણ શીલનો ભંગ થવા દેતા નથી પરંતુ વિષમ પરિસ્થિતિમાં પણ શીલનું રક્ષણ કરે છે તેમનું જ શીલ સાચું શીલ છે.

જો તમારામાં શીલની શ્રદ્ધા દૃઢ હોય તો પછી એ વિષે કાંઈ કહેવાની જરૂર રહેતી નથી પરંતુ વર્ત્તમાન સમયમાં લોકોમાં સારાં કામ કરવાની શ્રદ્ધા ડગમગી ગઈ છે એટલા જ માટે થોડું ઘણું કહેવાની જરૂર રહે છે.

જે લોકો શીલનું પૂર્ણ રીતે પાલન કરે છે, તે લોકો કોઈ પ્રકારનો ચમત્કાર બતાવતા નથી. તમે કહેશો કે, ચમત્કાર જોયા વિના અમને વિશ્વાસ કેમ થઈ શકે ? અને વાસ્તવમાં જો અમે પણ ચમત્કાર બતાવવા માંડીએ તો અહીં લોકો આવવા લાગે પણ ચમત્કાર બતાવવા એ સાધુઓનું કામ નથી ! એ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું:-

એક માણસ જલતરણની વિદ્યા શીખી લોકોને ચમત્કાર બતાવવા લાગ્યો કે, હું જલમાં આ પ્રમાણે રહી શકું છું-આટલું તરી શકું છું-વગેરે. ત્યાં એક યોગી પણ આવ્યો. તે પણ તે જ પ્રકારનો ચમત્કાર બતાવવા લાગ્યો. ત્યારે એક ત્રીજા માણસે તે યોગીને કહ્યું કે, 'તમે ત્રણ પૈસાની વિદ્યા શીખી શું ફુલી રહ્યા છો ?' યોગીએ કહ્યું કે, મેં સાઠ વર્ષ સુધી યોગ કર્યો અને છતાં ત્રણ પૈસાની વિદ્યા કેમ કહો છો ? તે માણસે કહ્યું કે, ત્રણ પૈસા આપીને નદી પાર કરી શકાય છે ! સાઠ વર્ષના યોગથી જો એટલું જ કામ કર્યું તો શું કર્યું ? તમે તમારું કલ્યાણ કેમ સાધતા નથી ? સાઠ વર્ષ સુધી યોગસાધના કર્યા પછી પણ જો આવો ખેલ જ બતાવ્યા કરો તો હું એમ જ કહીશ કે, સાઠ વર્ષના યોગમાં નૌકા જ બનાવી શકાય પણ ભવસાગરને પાર જઈ ન શકાય !

આ પ્રમાણે સાધુ બની, શીલ પાળી, આત્મકલ્યાણ સાધવાને બદલે ચમત્કાર બતાવવામાં જ પ્રવૃત્ત રહે તો બધું વ્યર્થ જ જાય ! એટલા માટે સાધુઓ શીલના જળમાં જ ડૂબ્યા રહે છે, કોઈને ચમત્કાર બતાવવાની તરખટમાં પડતા નથી.

સાધુઓ તો શીલનું પાલન કરવા માટે જ નીકળ્યા છે એટલે તેઓ તો શીલનું પાલન કરે જ છે પણ સુદર્શને ગૃહસ્થ હોવા છતાં પણ પાલન કર્યું એટલે તે વિશેષ ધન્યવાદને પાત્ર છે.

શીલનું પાલન કેવી રીતે કરવામાં આવે છે એને માટે શાસ્ત્રમાં અનેક ઉદાહરણો મળી આવે છે, તેને તમે ધ્યાનમાં રાખો. કેવળ સ્ત્રી પ્રસંગ ન કરવો કે પરસ્ત્રીનું સેવન ન કરવું એ જ શીલ છે એમ ન માનો. વાસ્તવમાં જ્યાંસુધી વીર્યની રક્ષા કરવામાં ન આવે ત્યાંસુધી તેજસ્વિતા પ્રગટતી નથી. એટલા માટે સ્વસ્ત્રી કે પરસ્ત્રીના પ્રસંગથી નષ્ટ થતાં વીર્યની રક્ષા કરો; કારણ કે વીર્યરક્ષા એ જીવન છે અને વીર્યનાશ એ મૃત્યુ છે.

એક માણસની વીંટીમાં રત્ન જડેલું હતું. તે માણસ એ રત્નને વીંટીમાંથી કાઢી પાણીમાં ફેંકવા ચાહતો હતો અને બીજો માણસ તેની રક્ષા કરવા ચાહતો હતો. આ બે માણસોમાં કોને તમે ચાલાક કહેશો ? જે માણસ રત્નની રક્ષા કરવા ચાહે છે તેને જ સૌ કોઈ હોશિયાર કહેશે. તે જ પ્રમાણે જે વીર્યથી આ શરીર ટકી રહ્યું છે એ વીર્ય-રત્નને અહીં તહીં વેડફી નાંખવું એ મૂર્ખતા છે. જો એ વીર્યની રક્ષા કરવામાં આવે તો શરીરની રક્ષાની સાથે બળ-બુદ્ધિ પણ વધવા પામે. આજે લોકો વીર્યહીન બની ડૉકટરોની દવા પીધા કરે છે પણ મૂળ રોગ જ્યાંથી પેદા થાય છે તે વીર્યનાશને અટકાવતા નથી. પહેલાના લોકો વીર્યવાન હતા એટલે તેઓ બળવાન અને બુદ્ધિવાન પણ હતા.

વર્તમાન સમયમાં સંતતિનિરોધના નામે સ્ત્રીના ગર્ભાશયને નષ્ટ કરવાનો હત્યારો રિવાજ ચાલુ થઈ પડયો છે ! સ્ત્રીના ગર્ભાશયને નષ્ટ કરાવ્યા બાદ ગમે તેટલી વાર વિષય-સેવન કરવામાં આવે તોપણ કોઈ પ્રકારની હાનિ થતી નથી એમ માનવામાં આવે

છે, આ એક ગંભીર ભૂલ છે. આમ કરવાથી વિષયલાલસા વધે છે, વીર્યનો નાશ થાય છે, એટલું જ નહિ પણ આ પદ્ધતિ સ્વીકારવાથી અનેક પ્રકારના પાપાચારો વધવા પામે છે. વીર્યની રક્ષા કરવી એમાં જ શીલવ્રતનો મહિમા રહેલ છે. વીર્યને શરીરમાં પચાવી જવું એમાં જ ખરી બુદ્ધિમત્તા છે.

ડૉકટરોનું કથન છે કે, યુવાન માણસો વીર્યને શરીરમાં પચાવી શકતા નથી પણ શાસ્ત્રકારો કહે છે કે, બ્રહ્મચર્યની જે નવ વાડો બતાવવામાં આવી છે તેની સહાયતાથી વીર્યને પચાવી શકાય છે. વીર્યનું પાચન કરવું એટલે જીવનમાં તેજસ્વિતા પ્રગટાવવી, એ છે.

અમેરિકન તત્ત્વવેત્તા ડૉકટર થોર, પોતાના શિષ્યોને લઈને એક વાર જંગલમાં ગયા હતા. તેમના એક શિષ્યે તેમને એવો પ્રશ્ન કર્યો કે, જો કોઈ માણસ પોતાના શરીરમાં વીર્યને પચાવી ન શકે તો તેણે શું કરવું જોઈએ ? થોરે ઉત્તર આપ્યો કે, તેવા માણસને માટે જીવનમાં એક વાર સ્ત્રીપ્રસંગ કરવો અનુચિત નથી. એમ કરવું એ વીરનું કામ છે. જેમ સિંહ એક વાર સ્ત્રીપ્રસંગ કરે છે તેમ જીવનમાં એકવાર સ્ત્રીપ્રસંગ કરવો. શિષ્યે ફરી પૂછ્યું કે, એમ કરવા છતાં પણ જો મન કાબુમાં ન રહે તો શું કરવું ? થોરે જવાબ આપ્યો કે, તો વર્ષમાં તેણે એક વાર સ્ત્રીપ્રસંગ કરવો. શિષ્યે બીજીવાર પૂછ્યું કે, તેમ કરવા છતાં પણ વિષયસેવનનું મન થાય તો ? થોરે કહ્યું કે, તો તેણે મહિનામાં એકવાર સ્ત્રીપ્રસંગ કરવો. શિષ્યે ફરી પૂછ્યું કે, તેમ કરવા છતાં પણ મન કાબુમાં ન રહે તો ? થોરે જવાબ આપ્યો કે, તો 'મરી જવું.'

હનુમાનજી પવનજીના એકના એક પુત્ર હતા. જો કે પવનજી અંજનાથી રુષ્ટ થઈ સ્ત્રીપ્રસંગથી જુદા રહેતા હતા પરંતુ ક્રોધી થઈને તેમણે બીજો વિવાહ કર્યો ન હતો પણ શીલ પાળ્યું હતું. તેમણે બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળ્યું હતું અને ત્યાર બાદ સ્ત્રીપ્રસંગ કર્યો હતો, ત્યારે જ તેમને ત્યાં હનુમાનજી જેવા બળવાન પુત્રનો જન્મ થયો હતો. અત્યારે તમે લોકો સશક્ત સંતાન તો ચાહો છો પરંતુ તે માટે વીર્યરક્ષા કરવાનો પ્રયત્ન કરતા નથી.

ડૉકટર થોરે કહ્યું કે, જ્યારે મહિને એક વાર સ્ત્રીપ્રસંગ કરવા છતાં પણ મન કાબુમાં ન રહે તો મરી જવું જોઈએ; કારણકે જ્યારે વીર્યનાશ વિશેષ કરશે તો પછી તેને મરવા સિવાય બીજો માર્ગ જ શું છે ?

અત્યારે તો તમને આઠમ–પાખીને દિવસે શીલ પાળવાની અમારે શિક્ષા આપવી પડે છે અને લોકો એ દિવસે શીલને ભંગ ન કરવાની પ્રતિજ્ઞા લઈ અમારા ઉપર જાણે ઉપકાર કરે છે ! પણ જે સાચો શ્રાવક હોય છે તે તો સ્વસ્ત્રીનો આગાર હોવા છતાં શીલવ્રતનું પાલન કરે છે. વાસ્તવમાં બધા સુધારાઓનું મૂલ શીલ જ છે. તમે તમારા જીવનમાં શીલને સ્થાન આપો તો કલ્યાણ છે.

સુદર્શન કોનો પુત્ર હતો, ક્યાં તેનો જન્મ થયો હતો, એ વાત યથા અવસરે આગળ કહેવામાં આવશે.

## **વ્યાખ્યાન:** સંવત ૧૯૯૨ અષાડ વદ ૧૦ સોમવાર

### પ્રાર્થના

'અશ્વસેન' નૃપ કુલ તિલો રે, 'વામા' દેવીનો નન્દ ।
ચિન્તામણિ ચિત્ત મેં બસે રે, દૂર ટલે દુઃખ દ્વંદ; ।
જીવ રે તૂં 'પાર્શ્વ' જિનેશ્વર વંદ ॥ ૧ ॥

શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ પ્રાર્થનામાં આત્માનું નિજ સ્વરૂપ આત્મા પોતે કેમ ભૂલી ગયો છે અને પોતાનું આત્મભાન તેને ફરી કેમ થાય એ બતાવવામાં આવ્યું છે. આત્મા પોતે ચિદાનંદસ્વરૂપ છે છતાં પોતે પોતાનું રૂપ કેમ ભૂલી ગયો છે અને ભૂલી ગયો છે તો ફરી તે સ્વરૂપ કેમ જાણી શકે એવો પ્રશ્ન ઉભો થાય છે. આ પ્રશ્નનો ઉકેલ કરવો મુશ્કેલ જણાય છે, પણ જ્ઞાનીઓ કહે છે કે, જો હૃદય ખોલીને આ પ્રશ્ન ઉપર વિચાર કરવામાં આવે તો તેનો ઉકેલ કરવો પણ સરલ છે.

આત્મા પોતે ભ્રમજાળમાં ફસાઈ ગયો છે અને પોતે જ એ ભ્રમજાળમાંથી છૂટો થઈ શકે છે, પણ તેમાં પુરુષાર્થની જરૂર રહે છે. જો આત્મા પુરુષાર્થ કરે તો ભ્રમજાળને ભેદી આત્મસ્વરૂપ જાણવું તેને માટે મુશ્કેલ કામ નથી. આત્મા ભ્રમજાળમાં કેવી રીતે ફસાઈ ગયો છે એના માટે પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કેઃ—

સર્પ અન્ધારે રાસડી રે, સૂને ઘર વૈતાલ ।
ત્યોં મૂરખ આતમ વિષે રે, માન્યો જગ ભ્રમજાલ ॥

અંધારામાં પડેલી દોરીને જોઈ સાપનો ભય પેદા થાય છે. જો કે વાસ્તવમાં તે સર્પ હોતો નથી પણ પોતાની કલ્પનાથી દોરીને સાપ માનવામાં આવે છે અને એ રીતે પોતાની કલ્પનાથી જ દોરીનો એ સર્પ થતો નથી અને સર્પની દોરી બનતી નથી પણ એવી કલ્પનાથી ભય પેદા કરવામાં આવે છે. તે કલ્પના ભ્રમમાંથી પેદા થાય છે. આ ભ્રમનો અંધકાર તો આત્મભાનનો પ્રકાશ થાય ત્યારે જ દૂર થઈ શકે છે.

કલ્પનાથી ભય કેવી રીતે પેદા થાય છે અને પછી એ ભય કેવી રીતે દૂર થાય છે એનો મને સ્વાનુભવ થયો છે. હું જ્યારે દક્ષિણમાં વિચરતો હતો ત્યારે ઘોડનદી નામના ગામમાં રાત્રે લોકો સાથે જ્ઞાનચર્ચા કરતો હતો. હું છાયામાં બેઠેલો હતો અને લોકો ખુલ્લામાં પણ બેઠેલા હતા અને જ્ઞાનચર્ચા કરતા હતા. છાપરા ઉપર ચાંદનીની થોડી છાયા પડતી હતી. તે છાપરા ઉપર થોડી તરાડ પડેલી હતી. તે તરાડ છાયામાં જાણે સાપ છાપરા ઉપર બેઠેલો હોય એવી જણાતી હતી. એટલે ત્યાં બેઠેલા લોકોને ભય થયો કે, જો આ સર્પ આખી રાત અહીં રહેશે તો તે કોઈને હાનિ પહોંચાડે એવો સંભવ રહે છે. એ માટે બધા લોકો એ સર્પને પકડવા માટે પ્રબન્ધ કરવા લાગ્યા. કોઈ તેને પકડવા માટે પકડ લાવ્યા અને કોઈ બત્તી લાવ્યા પણ જેવો પ્રકાશ આવ્યો અને જોયું તો જણાયું કે, તે સાપ નહિ પણ છાપરા ઉપર પડેલી તરાડ હતી.

આ પ્રમાણે તડના વિષે સર્પનો ભ્રમ પેદા થયો હતો તે પ્રકાશ વડે દૂર થયો. જો પ્રકાશ કરવામાં આવ્યો ન હોત તો ભ્રમનું નિવારણ થાત નહિ. જે પ્રમાણે ભ્રમથી તરાડને પણ સાપ માનવામાં આવ્યો તે પ્રમાણે સંસારમાં પણ ભ્રમ ફેલાઈ રહ્યો છે! જો કે કોઈ પ્રકારના ભ્રમથી આત્મા જડ બની શકતો નથી તેમ જડ પદાર્થો ચૈતન્ય બની શકતા નથી પણ ભ્રમને કારણે આત્મા કલ્પનાની ભ્રમજાળમાં ફસાઈ જઈ આત્મસ્વરૂપ ભૂલી જાય છે અને જન્મમરણનાં ફેરા ફર્યા કરે છે.

મેં શંકરાચાર્યકૃત વેદાન્તનું ભાષ્ય હમણાં જોયું છે, તેમાં મને તો જૈનદર્શનના જ વિચારો જોવામાં આવ્યા અને તે ઉપરથી હું એ નિશ્ચય ઉપર આવી પહોંચ્યો કે, જૈન દર્શનની સહાયતા વિના વસ્તુનું બરાબર પ્રતિપાદન થઈ શકતું નથી. જૈનદર્શનનો તેમાં સમાવેશ કેવી રીતે થાય છે તે વિષે કોઈ શાન્તિથી બેસી વિચાર કરે તો તેને સમજાવી શકું.

વેદાન્તીઓ '**एको ब्रह्म द्वितीयो नास्ति**' અર્થાત્ 'એક બ્રહ્મ જ છે, બીજું કાંઈ નથી' એમ કહે છે પણ ભાષ્યમાં કહ્યું છે કેઃ—

**युष्मदस्मत्प्रत्ययगोचरयोः विषयविषयिणोः तमःप्रकाशवद्विरुद्धस्वभावयोः**

—શંકરભાષ્ય.

અર્થાત્-યુષ્મત્ અને અસ્મદ્ અર્થાત્ વિષય અને વિષયીને જાણનારા પરસ્પર અંધકાર અને પ્રકાશની માફક પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા છે.

આ પ્રમાણે ભાષ્યકારે એ બન્નેનો સ્વભાવ ભિન્ન માન્યો છે અને એક બીજાને અંધકાર અને પ્રકાશની માફક ભિન્ન સ્વભાવવાળા માની એમ પ્રતિપાદન કર્યું છે કે, એ બન્ને એક સ્વભાવવાળા થઈ શકતા નથી. જૈન સિદ્ધાન્ત પણ એ જ વાત કહે છે કે, જડ તથા ચૈતન્યનો સ્વભાવ તથા ધર્મ ભિન્ન છે અને તેથી જડ ચૈતન્ય થતું નથી અને ચૈતન્ય જડ બની શકતું નથી. આ દૃષ્ટિએ ભાષ્યનું આ કથન જૈનશાસ્ત્ર અને જૈનદર્શનનું પ્રતિકૂલ નહિ પણ સમર્થક છે, પરંતુ વેદાન્તીઓના '**एको ब्रह्म द्वितीयो नास्ति**' એ સિદ્ધાન્તથી પ્રતિકૂલ જાય છે; કારણ કે જ્યારે એક બ્રહ્મની સિવાય બીજું કાંઇ નથી ત્યારે અંધકાર અને પ્રકાશની માફક વિરુદ્ધ સ્વભાવવાળા યુષ્મદ્ અને અસ્મદ્ એકમાં મળી જવાં જોઈએ પણ એ ભિન્ન સ્વભાવના હોવાથી એક બ્રહ્મમાં મળી શકતા નથી તો પછી એક બ્રહ્મની સિવાય બીજું કાંઇ નથી એ સિદ્ધાંત કયાં રહ્યો! અહીં તો બે હોવાને કારણે એક બ્રહ્મની સિદ્ધિ થઈ નહિ. આ પ્રમાણે વિચાર કરવાથી જૈન તત્ત્વની સર્વવ્યાપકતા જણાશે અને નિશ્ચય થશે કે, જૈનદર્શનની સહાયતા વિના વસ્તુસ્વરૂપનું બરાબર પ્રતિપાદન થઈ શકતું નથી.

મતલબ કે, જે પ્રમાણે દોરીના વિષે સર્પની કલ્પના કરવામાં આવે છે તે પ્રમાણે હું દુબળો છું, હું લંગડો છું. વગેરે કલ્પનાઓ કરવામાં આવે છે પણ વિચાર કરવાથી જણાશે કે એ બધી કેવળ કલ્પનાઓ જ છે.

શરીરનાં અંગોપાંગો દુબળાં, લૂલાં કે લંગડાં છે પણ આત્મા એવો નથી. આત્મા અને શરીર બન્નેનો સ્વભાવ ભિન્ન છે, છતાં આત્મા ભ્રમને કારણે એક માની રહ્યો છે અને એવી અનેક કલ્પનાઓ કરી રહ્યો છે! આ ભ્રમણાને ભાંગવા માટે અને જન્મ

મરણનાં ફેરાઓ બંધ કરવા માટે જ્ઞાનીઓ કહે છે કે, "હે જીવ! તું પાર્શ્વ જિનેશ્વરના શરણે જા અને તેમની પ્રાર્થના કર." જો તું ભગવાનની ભક્તિ કરીશ તો તારો બધો બધો ભ્રમ ભાંગી જશે અને આત્મસ્વરૂપ સમજી શકીશ, તો પછી તું કોઈ દિવસ દુઃખી પણ થઈશ નહિ.

## અનાથી મુનિનો અધિકાર

આ સંસાર કેવો છે! ભ્રમરૂપ છે કે બીજા પ્રકારનો છે? એ વિષે શાસ્ત્ર કહે છે કે, આ સંસાર નિશ્ચયની દૃષ્ટિએ ભ્રમરૂપ છે પણ વ્યવહારની દૃષ્ટિએ જુદા પ્રકારનો છે. આ વાતનો વિશેષ ખુલાસો ઉત્તરાધ્યયન સૂત્રના વીશમા અધ્યયનમાં કરવામાં આવ્યો છે. તેમાં નાથ–અનાથની વ્યાખ્યા કરવામાં આવી છે અને બતાવવામાં આવ્યું છે કે, આ જીવ પોતાના ભ્રમના કારણે જ પોતાને 'અનાથ' માની રહ્યો છે અને પોતાના અભિમાનથી જ પોતાને 'નાથ' માની રહ્યો છે, પણ વાસ્તવમાં સનાથ કોણ છે અને અનાથ કોણ છે! એ વાતનો નિર્ણય રાજા શ્રેણિકને સમજાવી તેનો ભ્રમ દૂર કરવામાં આવ્યો છે અને સનાથ–અનાથનો ભેદ સમજવાને કારણે જ રાજા શ્રેણિક કાંઈ ત્યાગ કરી ન શકયા, તોપણ તીર્થંકર ગોત્ર બાંધી શકયા હતા! મહાનિર્ગ્રન્થ અને શ્રેણિકની વાતચીતને ધ્યાનપૂર્વક સાંભળશો તો સનાથ–અનાથતાનું રહસ્ય તમને પણ સમજવામાં આવી શકશે! હું અનાથી મુનિના ચરણની રજની સમાન પણ નથી અને તમે શ્રેણિકની સમાન નથી; તો પણ એ મુનિ મહાત્માની વાતચીત કહેવા માટે જેમ મારા આત્માને તૈયાર કરવો પડશે તેમ તમે પણ એ વાતચીત સાંભળવાની તૈયારી કરો તો આ કથાનું રહસ્ય કહેવામાં અને સમજવામાં આવી શકશે.

આ કથામાં રાજા શ્રેણિકનો પરિચય આપતાં કહેવામાં આવ્યું છે કે:–

**पभूयरयणो राया, सेणिओ मगहाहिवो ।**
**विहारजत्तं निज्जाओ, मंडिकुच्छिसि चेइए ॥ २ ॥**

રાજા શ્રેણિક આ કથાના પ્રધાન પાત્ર છે એટલે એમનો પરિચય આપતાં કહેવામાં આવ્યું છે કે, તેઓ અનેક રત્નોના સ્વામી હતા અને મગધદેશના રાજા હતા.

શાસ્ત્રમાં શ્રેણિકને બિમ્બિસારના નામે પણ વર્ણવામાં આવેલ છે. શ્રેણિક રાજાનું નામ બિમ્બિસાર કેમ પડયું અને તેઓ કેવા બુદ્ધિમાન હતા એના માટે એક પ્રસિદ્ધ કથા આ પ્રમાણે છે:—

શ્રેણિક રાજાના પિતા પ્રસન્નચંદ્રને સો પુત્રો હતા. એ બધા પુત્રોમાં કોણ બુદ્ધિમાન છે એ જાણવા તેમના પિતા ચાહતા હતા. એક દિવસ બધા પુત્રોની પરીક્ષા કરવા માટે પ્રસન્નચંદ્રે કૃત્રિમ આગનો પ્રયોગ કર્યો અને પુત્રોને કહ્યું કે, "આગ લાગી છે માટે જે સાર ચીજ હોય તે લઈને બહાર નીકળી જાઓ!" પિતાની આજ્ઞા થતાં જ બધાં પુત્રો પોતપોતાની રુચિ અનુસાર જે સારી ચીજ લાગી તે ચીજ ઉપાડી બહાર નીકળવા લાગ્યા. શ્રેણિક તે વખતે દુંદુભિ લઈને બહાર નીકળ્યા. આ જોઈને બધા ભાઈઓ હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, "આ કેવો છે! કે નગારું લઈને બહાર નીકળ્યો? શું નગારું લઈને વગાડયા કરશે! રત્નનો ભંડાર ભરેલો હોવા છતાં આ નગારું શું ઉપાડી લાવ્યો!"

આ પ્રમાણે બધા ભાઈઓ શ્રેણિકની મશ્કરી કરતા હતા પણ નગારું લઈ બહાર નીકળવાની પાછળ શું રહસ્ય રહેલું હતું એ કોણ જાણતું હતું! પ્રસન્નચંદ્ર આ વાતને જાણતા હતા પણ તેમણે વિચાર્યું કે, જો હું બધાની વચ્ચે શ્રેણિકની પ્રશંસા કરીશ તો એક બાજુ બધા ભાઈઓ છે અને બીજી બાજુ શ્રેણિક એકલો છે, એટલે કલેશ કંકાસ થશે. આ પ્રમાણે વિચાર કરી તેમણે બધા છોકરાઓને પોતાની પાસે બોલાવી પૂછ્યું કે, શું છે! ૯૯ છોકરાઓએ શ્રેણિકને મૂર્ખ બનાવતાં શ્રેણિક નગારાને સાર તરીકે ઉપાડી લાવ્યો છે! વગેરે હકીકત પિતાને કહી સંભળાવી. પ્રસન્નચંદ્રે શ્રેણિકની પરીક્ષા કરવા માટે શ્રેણિકને પૂછ્યું કે, "કેમ બેટા! રત્નોને ન લેતાં તું આ નગારું શા માટે ઉપાડી લાવ્યો?"

શ્રેણિકે કહ્યું કે, "પિતાજી! આ નગારું અને આ 'ભંભો' એ રાજ્યના ચિન્હો છે. આ બળીને ખાખ થઈ જાય તો રાજ્યચિન્હ બળી જાય. રત્નો તો રાજ્યચિન્હોદ્વારા રાજાને ફરી મળી શકે પણ આ રાજ્યચિન્હ મળી ન શકે! એટલા માટે મેં એ રાજ્યચિન્હોની રક્ષા કરી છે."

આજે પણ નગારાની રાજ્યચિન્હ તરીકે બહુ રક્ષા કરવામાં આવે છે. રાજ્યચિન્હની રક્ષા માટે હોશિયાર રક્ષકો ખાસ રોકવામાં આવે છે; કારણ કે જો રાજ્યચિન્હ ચાલ્યું જાય તો તેની હાર માનવામાં આવે છે!

શ્રેણિકની આ વાત સાંભળી પ્રસન્નચંદ્ર બહુ પ્રસન્ન તો થયા પણ તેની વિશેપ પરીક્ષા કરવા માટે શ્રેણિકને કહ્યું કે, રાજ્યચિન્હદ્વારા રત્નો કેમ પ્રાપ્ત કરી શકાય છે એ બતાવી આપ. શ્રેણિક બહાર ચાલ્યો ગયો અને અનેક રત્નો મેળવી પાછો આવ્યો. પ્રસન્નચંદ્ર શ્રેણિકની બુદ્ધિમત્તા જોઈ ખૂબ પ્રસન્ન થયા અને ભેરી અને ભંભા-એ સારભૂત-રાજ્યચિન્હને તેણે બચાવ્યાં હતાં એટલે તેનું નામ ભંભાસાર (પ્રાકૃત નામ બિમ્બિસાર) પાડી તેને રાજ્યાસન ઉપર બેસાડયો અને તે બિમ્બિસારના નામે પ્રસિદ્ધ થયો.

શ્રેણિકનો શબ્દાર્થ પણ શ્રીસમ્પન્ન એવો કરવામાં આવે છે. ઘરથી બહાર કાઢવામાં આવ્યા છતાં રાજકુમારની માફક જ રહ્યા અને શ્રીસમ્પન્ન થઈ શ્રેષ્ઠ જ રહ્યા એટલા માટે શ્રેણિક જ કહેવાયા.

શ્રેણિક સંસારની બધી સંપદાથી યુક્ત હતા પણ તેમની પાસે જ્ઞાનની સંપદા ન હતી. તેમને ધન વગેરેની સમ્પદા આપનાર અને ધર્મની સંપદા આપનાર એ બન્નેમાં કોણ મોટું લાગે છે? એક માણસ તમને ધનધાન્ય આપે અને બીજો કેવળ ધર્મનું તત્ત્વ સમજાવે એ બન્નેમાં તમારી દૃષ્ટિએ કોણ મોટું છે? જેમણે તમને આત્માની ઓળખાણ કરાવી છે અને આત્મા અને શરીર એ તલવાર અને મ્યાનની માફક જુદાં જુદાં છે એવી પ્રતીતિ કરાવી છે એ મહાત્મા કાંઈ બીજાથી ઊતરતા નથી.

તમે લોકો આત્મા અને શરીરને તલવાર અને મ્યાનની માફક ભિન્ન સમજતા હો તો શું જોઈએ? આ વાત ઉપર તમારી શ્રદ્ધા દૃઢ થાય અને અટલ વિશ્વાસ પેદા થાય તો બસ! તમારા હાથમાં આત્મવિજયની ચાવી મળી ગઈ છે પણ વ્યવહારજીવનમાં એવો દૃઢ વિશ્વાસ કાયમ રહેતો નથી એ જ મોટી ખામી છે.

કોઈ વીર પુરુષની સામે શત્રુ લડવા આવે તો તે તલવારને સંભાળશે કે મ્યાનને! જો તે તલવારને હાથમાં નહિ લેતાં મ્યાનને હાથમાં લે તો તે વીર કહેવાશે અને શત્રુથી પોતાના શરીરની રક્ષા કરી શકશે? આ જ પ્રમાણે જ્યારે તમારા ઉપર કોઈ આપત્તિઓ તૂટી પડે ત્યારે તલવારની માફક આત્માની તરફ ન જોતાં મ્યાનની માફક શરીરને જોવા લાગો તે વીર શ્રાવકને છાજે ખરું?

ગમે તેટલી આપત્તિઓ માથે તૂટી પડે તો પણ શરીરની નશ્વરતા જાણી, આપત્તિઓને ધૈર્યપૂર્વક સહેવી અને ધર્મની રક્ષા કરવી એમાં જ સાચી વીરતા છે. કામદેવ શ્રાવકે પોતાના ધર્મની રક્ષા કેવી રીતે કરી, તે તમને ટૂંકમાં સમજાવું છું:—

કામદેવ શ્રાવક પૌષધશાળામાં ધર્મારાધન કરતા હતા. તે વખતે તેમની ધર્મપરીક્ષા કરવા માટે એક દેવ પિશાચનું ભયંકર રૂપ ધારણ કરી, હાથમાં તલવાર લઈ કામદેવની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, "હે કામદેવ! હું તને કહું છું કે, તું તારો ધર્મ છોડી દે, નહિ તો તારે તેનું કડવું ફળ ભોગવવું પડશે! જો આ તલવાર! એની દ્વારા તારાં ટૂકડેટૂકડા કરી નાંખીશ! મારું કહ્યું તું માની જા."

આ પ્રમાણે દેવ લાલ આંખ કરી કામદેવને ડરાવવા લાગ્યો પણ કામદેવ જરાપણ ડર્યા નહિ! શાસ્ત્રમાં તો ત્યાંસુધી કહેવામાં આવેલ છે કે, પિશાચનાં કઠોર શબ્દો સાંભળીને કામદેવનું રૂંવાડું પણ ફરક્યું નહિ! તે જરાપણ ડગ્યા નહિ તેમ તે જરાપણ ભય કે ત્રાસ પામ્યા નહિ! અહીં જરા વિચારવું જોઈએ કે, કામદેવ ભય કે ત્રાસ કેમ ન પામ્યા! શું તેમને શરીર વહાલું ન હતું! શું તેમને સંપત્તિનો મોહ ન હતો! કામદેવની પાસે અઢાર કરોડ સોના મહોરો અને આઠ હજાર ગાયો હતી. આટલી બધી શ્રીમંતાઈ હોવા છતાં જ્યારે ધર્મનો ત્યાગ કરવા માટે પિશાચ મારી નાંખવાની ધમકી આપતો હતો ત્યારે ધર્મની રક્ષા આગળ તેમની શ્રીમંતાઈનો મોહ કે શરીરનો મોહ આડે આવ્યો નહિ! તેમના ધર્મપ્રેમની આગળ શ્રીમંતાઈનો અને શરીરનો મોહ તુચ્છ હતો.

કામદેવ ભગવાનનો ભક્ત અને સાચો શ્રાવક હતો. પિશાચ પોતાને ધર્મથી ચ્યુત કરવા માટે આવ્યો હતો એમ કામદેવ જાણતા હતા અને એટલા માટે ધર્મપરીક્ષાના સમયે ન ગભરાતાં ધૈર્ય રાખી તેમાંથી પસાર થવા માટે પરમાત્માની પ્રાર્થના કરતા હતા કે, "હે પ્રભો! જો મેં ધર્મ અને આત્માને જાણ્યો ન હોત અને તારા શરણે આવ્યો ન હોત તો આ ધર્મપરીક્ષા કોણ લેત! મારા માટે તો આનંદનો વિષય છે કે, મને ધર્મ અને આત્મા વિષે દૃઢ વિશ્વાસ છે કે નહિ તેની પરીક્ષા કરવા માટે આ મારો મિત્ર આવ્યો છે તો ધર્મપરીક્ષામાં ઉત્તીર્ણ થવા જેટલી મારામાં શક્તિસામર્થ્ય આવે એજ મારી પ્રાર્થના છે."

પરીક્ષા એમની જ લેવામાં આવે છે જેઓ નિશાળે ભણવા જાય છે. જો કોઈ નિશાળે જ જતો ન હોય તેની પરીક્ષા કોણ લે! કામદેવ ધર્મની પાઠશાળામાં-પૌષધશાળામાં-ધર્મપાઠ ભણવા જતા હતા અને તેથી જ પિશાચ પરીક્ષક બની ધર્મપરીક્ષા લેવા આવ્યો હતો. એક પરીક્ષક તરીકે તે પિશાચે કામદેવની એવી સખત પરીક્ષા લીધી

હતી કે, જો ધર્મપરીક્ષા આપવા માટે પહેલેથી બરાબર તૈયારી કરવામાં આવી ન હોય તો એ ધર્મપરીક્ષામાં ઉત્તીર્ણ થવું સરલ ન હતું. પિશાચે કામદેવને ધર્મથી ચ્યુત કરવા માટે અનેક ભયંકર રૂપ ધારણ કર્યાં, પણ કામદેવ તેથી જરા પણ ચલિત ન થયો ત્યારે પિશાચ હાથમાં તલવાર લઈ શરીરના ટૂકડે ટૂકડા કરી નાંખવા માટે તૈયાર થયો તેમ છતાં કામદેવ જરાપણ ન ડગ્યા.

આજે તો તમે ભયથી–કલ્પિત ડાકણ ભૂતથી–ડરો છો પણ કામદેવ સાક્ષાત્ ભયંકર પિશાચથી પણ ડર્યા નહિ. તમે કહેશો કે 'અમે ગૃહસ્થ છીએ એટલે ભૂત વગેરેથી ડરવું પડે' તો પછી કામદેવ શું ગૃહસ્થ ન હતા? તેઓ તો ડરતા ન હતા અને તમે કેમ ડરો છો? એમ કહોને કે, 'અમે કાયર છીએ અને આત્મા અને અમને શરીર તલવાર અને મ્યાનની માફક જુદાં છે એ વાત ઉપર દૃઢતા નથી.'

જ્યારે પિશાચ કામદેવના તલવારથી ટૂકડે ટૂકડા કરી નાંખવાનું કહેવા લાગ્યો ત્યારે કામદેવ શું વિચારે છે તે જુઓ. કામદેવ વિચારવા લાગ્યા કે, "આ પિશાચ મારા ટૂકડે ટૂકડા કરી નાંખવાનું કહે છે પણ અનન્ત ઇન્દ્રો પણ મારા ટૂકડા કરી શકે એમ નથી તો આ શું કરશે? હું આત્મતત્ત્વને સમજું છું એટલે મને વિશ્વાસ છે કે, ટૂકડાં થશે તો શરીરના થશે, આત્માને તેથી કશી હાનિ થવાની નથી. શરીરનાં તો પહેલેથી જ ટૂકડાં થએલાં છે. તો જો તે તેનાં વધારે ટૂકડાં કરવા ચાહે છે તો ભલે કરે, એથી મને કશું નુકશાન થવાનું નથી! આ તો મારો મિત્ર છે કે મને આત્મા અને મહાવીરકથિત ધર્મ ઉપર વિશ્વાસ છે કે નહિ તેની કસોટી કરે છે. મને વિશ્વાસ છે કે આત્માનાં ટૂકડાં થઇ શકતાં નથી તો પછી હું તેનાથી શા માટે ભય પામું?"

હું આ વાત પહેલાં સાધુ–સાધ્વીઓને કહેવા ચાહું છું કે, જો તમારા શ્રાવક–શ્રાવિકાઓમાં ભૂતાદિનો ભય રહ્યો તો એ તમારી નબળાઈ ગણાશે. જે પ્રમાણે વિદ્યાર્થી નાપાસ થાય તો માસ્તરને પણ શરમાવું પડે છે તે જ પ્રમાણે શ્રાવક–શ્રાવિકાઓમાં ભૂતાદિનો ભય રહેશે તો તે આપણા માટે પણ શરમજનક ગણાશે. જો ભગવાનનો ધર્મ મળ્યો ન હોય અને આત્માને ઓળખ્યો ન હોય તો ભય પામે એ જુદી વાત છે પણ ભગવાનનો ધર્મ પામીને પણ ભય પામવો એ કેમ ઠીક કહેવાય?

કામદેવે હસતા હસતા પિશાચને કહ્યું કે, "શરીરનાં ટૂકડાં કરવા હોય તો કર, પણ આ આત્માના તો ટૂકડા કરી શકે એમ નથી." આ પ્રમાણે કહી કામદેવ જરા પણ ડર્યા કે ડગ્યા નહિ! કામદેવ શા માટે ડર્યા કે ડગ્યા નહિ તેનું એક બીજું કારણ પણ મને જણાય છે. કામદેવ વિચારે છે કે, "મેં આની કાંઈ હાનિ કરી નથી છતાં પણ તે ટૂકડા કરવાનું કહે છે તેનું શું કારણ? એનું કારણ એ જ છે કે, તેણે ધર્મને જાણ્યો નથી. એ તો ધર્મને પામ્યો નથી પણ મેં તો ધર્મને મેળવ્યો છે માટે એની પણ તપાસ કરું કે તે કેવો છે? તેનો અધર્મ મને નિષ્કારણ વૈરનો ભાગી બનાવે છે અને મારો ધર્મ વૈરી ઉપર પણ ક્રોધ ન કરવાનું કહે છે! એ મને ધર્મ છોડવાનું કહે છે એનો અર્થ એ છે કે હું મારો ધર્મ છોડી તેના જેવો પિશાચ બની જાઉં!"

દૈવી અને આસુરી એવી બે પ્રકારની પ્રકૃતિઓ હોય છે. અહીં પણ એ બન્ને પ્રકૃતિઓ છે. એ બન્ને પ્રકૃતિઓની પરસ્પર લડાઇ થાય છે. કામદેવ દૈવી પ્રકૃતિવાળો અને પિશાચ આસુરી પ્રકૃતિવાળો છે. આ બન્ને પ્રકૃતિનું સ્વરૂપ કેવું છે એ વિષય બહુ વિસ્તૃત છે પણ ગીતામાં આ બન્ને પ્રકૃતિઓનું સ્વરૂપ બહુ ટૂંકામાં આ પ્રમાણે બતાવ્યું છેઃ—

दम्भो दर्पो अभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ ! सम्पदमासुरीम् ॥

દંભ, દર્પ, અભિમાન, કઠોરતા, નિર્દયતા અને અજ્ઞાન એ આસુરી પ્રકૃતિનાં લક્ષણ છે. જેઓમાં આવી આસુરી પ્રકૃતિ હોય છે તે અસુર કહેવાય છે. દૈવી પ્રકૃતિ વિષે કહેવામાં આવ્યું છે કેઃ—

अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥
अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलौलुप्यं मार्दवं हीरचापलम् ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत ! ॥ —ભગવદ્ગીતા.

નિર્ભયતા, સત્વસંશુદ્ધિ, દાન, દમ, સ્વાધ્યાય, તપ, આર્જવતા, અહિંસા, સત્ય, ક્ષમા, ત્યાગ, શાન્તિ, દયા, અલોલુપતા, માર્દવતા, તેજસ્વિતા, ધૈર્ય આદિ દૈવી–પ્રકૃતિનાં લક્ષણ છે. દૈવી પ્રકૃતિનું પહેલું લક્ષણ નિર્ભયતા છે. પોતાની પાસે જો ચીજ હોય તો બીજાને તે આપી શકાય. તે જ પ્રમાણે પોતે અભય હોય તો બીજાને અભય કરી શકે! પણ પોતે જ ભયથી કાંપતો હોય તો પછી બીજાને અભયદાન શું આપે? ભયભીત માણસ બીજાને અભયદાન આપવાને માટે યોગ્ય નથી. જે આત્મા અને શરીરને તલવાર અને મ્યાનની માફક ભિન્ન માને છે અને એ માન્યતાને જેણે જીવનમાં સ્થાન આપ્યું છે તે જ અભયદાન આપી શકે છે. કામદેવ નિર્ભય હતો. તેને આત્માના સિદ્ધાન્ત ઉપર અટલ વિશ્વાસ હતો. તે પોતાના ધર્મ ઉપર દૃઢ હતો.

કામદેવને ધર્મની ઉપર આવી દૃઢતા હતી, પણ આજે તો તમે લોકો તમારા ધર્મ ઉપર દૃઢ નથી અને તેથી જ ક્યાંય કોઈ દેવને પૂજે છે તો ક્યાંય કોઈ. પણ સ્ત્રીઓમાં આ વાત વધારે જોવામાં આવે છે. જો અમે પણ એવો ઢોંગ કરવા લાગીએ તો અમારી પાસે પણ એવા બહુ લોકો આવે પણ એવો ઢોંગ કરવો એ સાધુનો ધર્મ નથી! અમે તો ભગવાન મહાવીરનો ધર્મ સંભળાવીએ છીએ. જેમને પસંદ પડે તે સાંભળે, ન પસંદ પડે તો નહિ. ધર્મ ઉપર જો દૃઢતા થશે તો બધી જગ્યાએ દૃઢતા રહેશે. કામદેવે ધર્મ ઉપર જેવી દૃઢતા ધારણ કરી તેવી તમે પણ આત્મા ઉપર વિશ્વાસ રાખી દૃઢતા ધારણ કરો!

કામદેવની ધર્મદૃઢતા જોઈ પિશાચ વિચારવા લાગ્યો કે, “ તારા ટૂકડે ટૂકડા કરી નાંખીશ ” એમ કહેવા માત્રથી જ આની પરીક્ષા થશે નહિ! કેવળ શબ્દથી તે ભય પામશે નહિ! એ પ્રમાણે વિચાર કરી તે કામદેવના શરીર ઉપર પ્રહાર કરી શરીરના ટૂકડા કરવા લાગ્યો તોપણ કામદેવ પ્રસન્ન જ રહ્યા. તેઓ તો એમ જ વિચારતા હતા કે,

"આ પિશાચના પ્રહારની મને વેદના થતી નથી પણ મારા જન્મોજન્મની વેદનાઓ નાશ પામી રહી છે!"

જે વખતે ઑપરેશન કરવામાં આવે છે ત્યારે દુઃખ થાય છે કે નહિ ? પણ જેમની છાતી કઠણ હોય છે, જેઓ દૃઢ હોય છે તેઓ તે વખતે પણ પ્રસન્ન જ રહે છે ! રતલામમાં મારા હાથનું ઑપરેશન કરવા માટે ડૉક્ટરે જ્યારે કહ્યું ત્યારે મેં મારો હાથ તેની આગળ લાંબો કર્યો. તેણે કહ્યું કે, દુઃખ થશે માટે ક્લૉરોફૉર્મ સુંઘાડું ! મેં કહ્યું કે, તેની જરૂર નથી. આ પ્રમાણે ક્લૉરોફૉર્મ સુંઘાડયા વિના મારા હાથનું ઑપરેશન કરવામાં આવ્યું પણ પ્રસન્નતાને લીધે મને વેદનાનું દુઃખ ન થયું. સાંભળવામાં આવે છે કે ફ્રાન્સમાં એક માણસ શરીરની નસો કાપી નાંખવાથી કેવું દુઃખ થાય છે એ અનુભવ કરવા માટે પોતાની નસો કાપવા લાગ્યો. જો કે તે નસો કાપતાં મરી ગયો પણ અન્ત સમય સુધી તે હસતો જ રહ્યો.

કામદેવ પણ શરીરનાં ટૂકડે ટૂકડાં થઈ ગયા ત્યાંસુધી હસતા જ રહ્યા. આખરે પિશાચ થાકયો અને તેને ખાત્રી થઈ કે, વાસ્તવમાં આ કામદેવ પોતાના ધર્મ ઉપર દૃઢ છે, તેને આત્માની શક્તિ ઉપર અટલ વિશ્વાસ છે એટલે તે ડગાવ્યો ડગે એમ નથી. આખરે દેવ હાર્યો. તેણે પોતાનું પિશાચરૂપ છોડી દેવરૂપ પ્રકટ કર્યું. આ પ્રમાણે કામદેવે પિશાચને પણ દેવ બનાવી દીધો.

દેવ કામદેવને કહેવા લાગ્યો કે, "ઇન્દ્રે જે કાંઈ કહ્યું હતું તે બધું સત્ય સિદ્ધ થયું, વાસ્તવમાં તમારી ધર્મદૃઢતાને કોઈ ડગાવી શકે એમ નથી. તમે ધર્મની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છો ! હું તમારા શરીરનાં ટૂકડાં કરવા ગયો ત્યાં તો મારા પાપનાં ટૂકડાં થઈ ગયાં. જેમ લોઢાની છરી પારસમણિને કાપવા જતાં પોતે જ સોનાની બની જાય છે તેમ તમારી પરીક્ષા કરવા જતાં મારી જ પરીક્ષા થઈ ગઈ. આપના ચરણ સ્પર્શથી મારા પાપ પણ ધોવાઈ ગયાં. અત્યાર સુધી મેં પાપ બહુ કર્યા છે પણ હવે એવાં પાપો નહિ આદરૂં !" આ પ્રમાણે કામદેવે એ દેવને સુધારી દીધો.

ભગવાન મહાવીર દેવાધિદેવ છે. અનન્ત ઇન્દ્રો પણ તેમના એક રોમને ચલિત કરી શકયા ન હતા. તમે એવાં મહાવીર ભગવાનના શિષ્ય છો, તો થોડી તો ધર્મદૃઢતા રાખો ! જે પાણી સાગરમાં હોય છે તે પાણી થોડા પ્રમાણમાં ગાગરમાં પણ આવે છે. તે જ પ્રમાણે ભગવાનનો થોડો પણ ગુણ તમારા જીવનમાં ઉતારશો તો પછી તમને જરા પણ ભય રહેવા પામશે નહિ.

શ્રેણિક બહુ રત્નોનો સ્વામી હતો, પણ તેની પાસે ધર્મરૂપી રત્નની ખામી હતી. તે જલતારિણી, વિષહારિણી તથા ઉપદ્રવાદિને શાન્ત કરવાની વિદ્યાઓ પણ જાણતો હતો. આ પ્રમાણે તે અનેક વિદ્યારત્નોનો સ્વામી હતો પણ તેની પાસે ધર્મરૂપી રત્ન ન હોવાને કારણે અનાથ હતો.

આજે જેમની પાસે ખાવા–પીવાનું ન હોય, જેને ઘરબાર ન હોય, જેમનો કોઈ રક્ષક ન હોય, તેમને અનાથ કહેવામાં આવે છે પણ મહાનિર્ગ્રન્થ નાથ અને અનાથ કોને કહે છે તે વિષે યથાવસરે આગળ કહેવામાં આવશે.

## સુદર્શન ચરિત્ર—૫

હવે પરમાત્મરૂપ માનીને પરમાત્માનું ભજન કરનાર એક ભક્તની વાત કહું છું.

ચંપાનગરીનું વર્ણન આગળ કરવામાં આવ્યું છે. તે નગરીના રાજા-પ્રજા વિષે ઘણું કહી શકાય પણ અત્યારે એટલું જ કહું છું કે, તે નગરી જેવી બહારથી હતી તેવી જ અંદરથી પણ સુંદર હતી.

વર્તમાન સમયમાં નગરનો બહારનો દેખાવ તો બહુ સારો હોય છે પણ અંદરખાને બહુ ખરાબ હોય છે. પ્રાચીન સમયમાં મોટર, ટ્રામ, વીજળી વગેરે સાધનો ન હતાં તેમ છતાં તે વખતની સ્થિતિ બહુ સારી હતી. તમે કહેશો કે, પ્રાચીન સમય કરતાં અત્યારે સુખસાધનો વધારે છે, તો પછી ત્યારે અત્યાર કરતાં વધારે સુખ કેમ હોઈ શકે ? જો અત્યારનાં સુખસાધનોનું પરિણામ જોશો અને અત્યારની સ્થિતિ ઉપર દૃષ્ટિપાત કરશો તો તમને સ્પષ્ટ જણાશે કે, અત્યારનાં સુખસાધનો ભયંકર દુઃખરૂપ છે. અત્યારનાં બાહ્ય ભપકાઓ સુખની છાયા બતાવે છે, પણ વાસ્તવમાં તે સુખ નહિ પણ દુઃખનું જ કારણ છે. જેમકે એક સ્ટીમરમાં બાગ, મકાન, નાચરંગ, તથા મોજશોખનાં બધા સાધનો છે, પણ જ્યારે તે સ્ટીમર મધ્ય દરીએ પહોંચી ત્યારે તેનું એન્જીન બંધ થઈ ગયું; તે વખતે સ્ટીમરમાં બેઠેલા લોકોની સ્થિતિ કેવી ગભરાટભરી બને ? મોજશોખ અને નાચરંગ ત્યારે કેવા ખરાબ લાગે ! એક સ્ટીમર તો આવી મોજશોખનાં સાધનોવાળી છે પણ તેનું એન્જીન ખરાબ થઈ ગયું છે અને બીજી સ્ટીમર તો એવી છે કે તેમાં મોજશોખનાં સાધનો નથી પણ તેનું એન્જીન બરાબર કામ કરે છે ! તમે આ બે સ્ટીમરોમાં કઈ સ્ટીમરને પસંદ કરશો ?

બરાબર આ જ સ્થિતિ અત્યારનાં સુખસાધનોની છે. આજની પાશ્ચાત્ય સભ્યતાને લોકો આનંદનું કારણ માને છે પણ એ સભ્યતાનું એન્જીન કેવું ખરાબ છે એ જોતા નથી. એ પાશ્ચાત્ય સભ્યતા માનવજીવનનો કેટલો બધો હ્રાસ કરી રહી છે એનું પરિણામ લોકો જોતા નથી. જે દેશમાં વ્યભિચારને પાપ જ માનવામાં આવતું નથી તે દેશની સભ્યતા કેટલી બધી ભયંકર હશે ! પેરિસ બહુ સુંદર શહેર માનવામાં આવે છે પણ તે શહેરની સભ્યતા વિષે એવું સાંભળવામાં આવે છે કે, જો પોતાની સ્ત્રીને કોઈ બહારનો બીજો પુરુષ મળવા આવ્યો હોય તો તેના પતિને બહાર ચાલ્યા જવું પડે ! અમેરિકા દેશ ઘણો સુધરેલો દેશ ગણવામાં આવે છે પણ તેના વિષે પણ એવું સાંભળવામાં આવે છે કે ત્યાં સોમાંથી પંચાણું લગ્ન તૂટી જાય છે. આ તે પાશ્ચાત્ય દેશોની સભ્યતા છે !

ચંપાનગરી જેવી બહારથી રમણીય હતી તેવી અંદરથી પણ રમણીય હતી. જેમ કોઇ ખાણમાંથી એક હીરો નીકળવાથી તે હીરાની ખાણ કહેવાય છે, તેમ કોઈ નગરમાં એક જ મહાપુરુષ પાકયો હોય તો તે નગર પણ પ્રસિદ્ધ થઈ જાય છે. અવતારો વધારે થતા નથી પણ એક જ અવતાર આખા સંસારને પ્રસિદ્ધ કરી દે છે.

**તિન પુર શેઠ શ્રાવક દ્રઢ ધર્મી, યથા નામ જિનદાસ,**
**અર્હદાસી નારી અતિ ખાસી, રૂપ શીલ ગુણ ખાસ. ।। ધન૦ ।। ૫ ।।**

ચંપાનગરીમાં જિનદાસ નામનો શેઠ રહેતો હતો. આ નગરીને ભગવાન મહાવીરે પણ અનેકવાર પાવન કરી હતી. કોણિક જેવો ભક્ત રાજા પણ ચંપામાં જ થયો હતો.

ભગવાન મહાવીરના સમયમાં ચંપાના રાજા તરીકે કોણિક અને દધિવાહન બન્નેને કહેવામાં આવે છે, એટલા માટે ચંપાનગરી એક હતી કે બે, એ વિષે કાંઈ નિશ્ચિત કહી શકાતું નથી. આ ઇતિહાસ કહેવાતો નથી, પણ ધર્મકથા કહેવાય છે. ધર્મકથામાંથી અનેક ઇતિહાસ નીકળે છે એટલા માટે ધર્મકથામાં ઇતિહાસને નહિ પણ તત્ત્વને જુઓ.

જિનદાસ ચંપામાં રહેતો હતો. તે શ્રાવક હતો. તેની સ્ત્રી અર્હદ્દાસી શ્રાવિકા હતી. આ બન્ને નામો વાસ્તવિક છે કે કલ્પિત એ વિષે કાંઈ નક્કી કહી શકાતું નથી, પણ આ બન્ને નામો અવશ્ય સાર્થક છે. પહેલાંના લોકો નામ પ્રમાણે ગુણવાળા હતા અને તેથી જ તેમને ત્યાં સુદર્શન જેવો ચારિત્રવાન પુત્ર પેદા થયો હતો. 'બાપ તેવા બેટા અને વડ જેવા ટેટા' એ લોકોક્તિ પ્રસિદ્ધ જ છે. તમે પણ જો સુદર્શન જેવો સુપુત્ર ચાહો તો જિનદાસ અને અર્હદ્દાસી જેવા શુદ્ધાત્મા બનો. આમ કરશો તો તેમાં તમારું કલ્યાણ જ છે.

**દાસ સુભગ બાલક અતિ સુંદર, ગૌવે ચરાવનહાર; ।**
**શેઠ પ્રેમસે રખે નેમસે, કરે સાલ સંભાર- રે. ॥ ધન૦ ॥ ૬ ॥**

સુદર્શનના પૂર્વભવનું ચરિત્ર જે કથામાં વર્ણવવામાં આવ્યું છે તે ઉપરથી પોતાનું ચરિત્ર સુધારવાની શિક્ષા લેવી જોઈએ. સુદર્શનનો પરિચય આપવા માટે તેમના માતા-પિતાનો તો પરિચય આપ્યો પણ તેના પૂર્વભવનો પરિચય પણ આપવામાં આવે છે. આજના અનેક તરુણોને પૂર્વ ભવની વાત ઉપર ઓછી શ્રદ્ધા બેસે છે. તેમને શ્રદ્ધા બેસે કે ન બેસે પણ પૂર્વભવ કે પુનર્જન્મ છે એ વાત નિર્વિવાદ છે. શાસ્ત્રમાં તો પુનર્જન્મની પુષ્ટિ કરવામાં આવી જ છે પણ અત્યારે પુનર્જન્મને સિદ્ધ કરનારાં પ્રત્યક્ષાદિ અનેક પ્રમાણો પણ મળે છે. આ કામમાં પણ જાતિસ્મૃતિનું જ્ઞાન થયું હોય અને પૂર્વજન્મનું વૃત્તાન્ત કહ્યું હોય એવાં દાખલાઓ પણ મળે છે. હમણાં જ દિલ્હીમાં એક કુમારીએ પોતાના પૂર્વજન્મની વાત કહી હતી એવાં વૃત્તાન્ત બહાર આવ્યાં છે.

ચંપાનગરીમાં જિનદાસ નામનો શેઠ રહેતો હતો. તેની પત્નીનું નામ અર્હદ્દાસી હતું. બન્નેની જોડી કેવી હતી એ કહેવાનો અત્યારે સમય નથી. જ્યાં એક અંગમાં તો ધર્મ હોય અને બીજા અંગમાં ન હોય તો જીવન અધૂરું જ રહે છે. તમારે બે હાથ છે અને તે દ્વારા બધું કામ કરી શકો છો છતાં વિવાહ કરી ચતુર્ભુજ કેમ બનો છો! એટલા જ માટે કે જીવનને પૂર્ણ બનાવવા. ઈશ્વરને પણ ચતુર્ભુજ કહેવામાં આવે છે. જો જીવનને પૂર્ણ બનાવવાનો વિવાહનો ઉદ્દેશ સમજવામાં આવે તો, જીવન પૂર્ણ બની શકે છે અને ચતુર્ભુજ શબ્દ સાર્થક થઈ શકે છે પણ જો જીવનને પૂર્ણ બનાવવાનો વિવાહનો ઉદ્દેશ ભૂલાઈ જવામાં આવે તો, જીવન ચતુર્ભુજ જેવું બનવાને બદલે ચતુષ્પદ જેવું બની જાય છે. અર્થાત્ જીવન ઉન્નત થવાને બદલે વિષયવાસનામાં જ લુપ્ત બની અવનતિને પામે છે.

જિનદાસ અને અર્હદ્દાસી બન્નેનું ધાર્મિક જીવન ચતુર્ભુજ જેવું ઈશ્વરીય હતું. બન્ને પ્રેમપૂર્વક ધર્મારાધન કામ કરતા હતા. એક દિવસ અર્હદ્દાસીને મનમાં ચિન્તા થવા લાગી કે, મારે દરેક વાતનું સુખ છે પણ એક વાતની ખામી છે. આજે તો અમે આ ઘરમાં ધર્મનું પાલન કરીએ છીએ પણ અમારા મૃત્યુ બાદ ધર્મનું પાલન કોણ કરશે! મારા ઘરમાં મારો ધર્મ રહેવો જ જોઈએ! પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓમાં ધર્મની લાગણી વધારે

હોય છે ! એટલા જ માટે ' અમારા મૃત્યુ બાદ અમારા ઘરમાં ધર્મનું પાલન કોણ કરશે ' એવી અર્હદ્દાસીને ચિન્તા થઈ.

આ પ્રમાણે અર્હદ્દાસી ચિન્તાને કારણે તેને બધી ચીજો ખરાબ લાગવાથી ઉદાસ રહેવા લાગી. શેઠે ઉદાસ રહેવાનું કારણ પૂછ્યું પણ શેઠાણીએ તે કારણ ન બતાવ્યું. શેઠ તેને પ્રસન્ન રાખવા માટે બાગબગીચામાં લઈ ગયો અને એવાં બીજાં અનેક પ્રયત્નો કર્યાં પણ તેનું કાંઈ પરિણામ ન આવ્યું. શેઠાણી ચિન્તા વધવાના કારણે કૃશ થવા લાગી.

વિદ્વાનોનું કથન છે કે, સ્ત્રીઓને ઉદાસ રાખવી ન જોઈએ. સ્ત્રીઓને ઉદાસ રાખવી એ પોતાના અંગને જ ઉદાસ રાખવા સમાન છે. આ વિચારને મનમાં રાખી શેઠે પણ શેઠાણીને પ્રસન્ન રાખવા અને તેની ચિન્તા દૂર કરવા માટે અનેક પ્રયત્નો કર્યાં પણ બધાં નકામાં ગયાં. આખરે શેઠને લાગ્યું કે, આને રોગ બીજો છે માટે એને શી ચિન્તા છે એ તેની પાસેથી જ જાણવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી શેઠે શેઠાણીને પૂછ્યું કે, આજે તું આટલી બધી ઉદાસ કેમ જણાય છે તે મને સમજાતું નથી. ઉદાસ થવાનું જે કારણ હોય તે મને જણાવો.

શેઠનું આ કથન સાંભળી શેઠાણીથી રહેવાયું નહિ ! મને આવા સુયોગ્ય પતિ મળ્યા છે એટલે જ મને ઉદાસ થવાનું કારણ પૂછે છે, નહિ તો એવા પણ પતિ હોય છે કે, જેઓ સ્ત્રીઓના દુઃખ તરફ જોતા પણ નથી !

*આજે પણ એવા અનેક પતિઓ હોય છે કે જેઓ પોતાની સ્ત્રીને ઉદાસ જોઈને* તેની ચિન્તા દૂર કરવાને બદલે નાટક-સીનેમા જોવા ચાલ્યા જાય છે અને એમ વિચારે છે કે, સ્ત્રીઓનો ઉદાસ રહેવાનો એવો સ્વભાવ જ હોય છે.

શેઠાણી શેઠને કહેવા લાગી કે, મને એક ચિન્તા છે. તે ચિન્તા કપડાંલત્તાં કે ઘરેણાંની નથી પણ આપણા મૃત્યુ બાદ આપણા ઘરની સંભાળ રાખનાર અને આપણા ધર્મનું પાલન કરનાર કોઈ કુળદીપક નથી એની ચિન્તા છે ! કુળદીપક વિના બધું સૂનું સૂનું લાગે છે.

શેઠાણીની વાત સાંભળી જિનદાસ વિચારવા લાગ્યો કે, આ મારી ચિન્તા કરે છે પણ હું તો જિનભક્ત છું એટલે મારે તો મારા યોગ્ય જ કામ કરવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી શેઠે શેઠાણીને કહ્યું કે, " પ્રિયે ! એ કાંઈ આપણા હાથની વાત નથી કે તે વિષે તમે ચિન્તા કરો છો ! આપણે જિનભક્ત છીએ એટલા માટે આવી ચિન્તા કરવી એ ઠીક નથી, માટે એ ચિન્તા છોડી ધર્મધ્યાન કરો અને આપણી સમ્પત્તિને દાનાદિ સત્કાર્યોમાં વાપરો. જો સંતાન વિષયક અંતરાય તૂટવાની હશે તો તૂટી જશે ! નહિ તો આપણી ધનસંપત્તિને કોઈ નાલાયકના હાથમાં જવા ન દેવી પણ દાનાદિ સત્કાર્યોમાં વાપરી તેનો સદુપયોગ કરવો અને પહેલાં કરતાં અધિક ધર્મધ્યાન કરવું. માટે ઉઠો અને ચિન્તા છોડો ! "

આ પ્રમાણે કહી શેઠે શેઠાણીની ચિન્તા દૂર કરી અને બન્ને જણા ખૂબ ધર્મધ્યાન કરવા લાગ્યા તેમને ઘેર જે સુભગ દાસ છે તે જ ભાવિ સુદર્શન થવાનો છે. તે શું કરે છે અને કેવી રીતે સુદર્શન બને છે તે વાત યથાવસરે કરવામાં આવશે.

# વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અશાડ વદી ૧૧ મંગળવાર

## પ્રાર્થના.

*ધન-ધન જનક 'સિધારથ', ધન 'ત્રીસલા' દે માત રે પ્રાણી, ।*
*જ્યાં સુત જાયો ને ગોદ ખિલાયો, 'વર્દ્ધમાન' વિખ્યાત રે પ્રાણી; ॥*
**શ્રી મહાવીર નમો વરનાણી. ॥ ૧ ॥**

શ્રી મહાવીર ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

એક એક વસ્તુને સુલટી કરવામાં આવે તો બધી વસ્તુઓ સુલટી થઈ જાય છે, અને જો તેને ઊલટી કરવામાં આવે તો બધી ઊલટી થઈ જાય છે! આ જ પ્રમાણે આ આત્મા પણ આ સંસારમાં ઊલટો જઈ રહ્યો છે; આ ઊલટા આત્માને સુલટો કરવાનો અને તેને સરલ બનાવવાનો માર્ગ તે પરમાત્માની પ્રાર્થના કરવી, એ છે.

આત્મા કયાં ગોથાં ખાઈ રહ્યો છે એ અત્રે જોવાનું છે. આત્માની એ ભૂલ થઈ રહી છે કે, તે દ્રવ્યને ભૂલી જઈ પર્યાયની કદર કરે છે અને એને જ સાચી વસ્તુ માની બેસે છે. આત્મા ઘાટને તો જુએ છે પણ એ ઘાટ જે સોનાનો બનેલો છે, તે સોનાને જોતો નથી. તે સોનાની કદર કરતો નથી પણ ઘાટની કદર કરે છે? અને તેથી જ તે દ્રવ્યનું મૂલ્યાંકન આંકી શકતો નથી.

સંસાર–વ્યવહારમાં જો કોઈ સોનાને ન જોતાં કેવળ ઘાટને જ જુએ અને તેના જ આધારે ક્રયવિક્રય કરે તો શું તે નુકશાનીમાં નહિ ઉતરે? જે ચતુર હશે તે ઘાટને તો ગૌણરૂપે જોશે, પણ દ્રવ્યને તો મુખ્યરૂપે જોશે. જે પ્રમાણે તમે લોકો શરાફને ત્યાં ઘાટ જોઈને જ વસ્તુનું મૂલ્ય આપી દેતા નથી પણ ઘાટની સાથે દ્રવ્ય–વસ્તુ કેવી છે તે બરાબર જુઓ છો અને પછી તેની કિંમત આંકો છો અને મૂલ્ય આપો છો, તે જ પ્રમાણે જ્ઞાનીઓ પણ કહે છે કે, કેવલ પર્યાયને જ શું જુઓ છો, દ્રવ્યને પણ જુઓ. તેઓ કહે છે કેઃ—

જ્યોં કંચન તિહું કાલ કહીજે, ભૂષણ નામ અનેક રે પ્રાણી ।
ત્યોં જગ જીવ ચરાચર યોનિ, હૈ ચેતન ગુણ એક રે પ્રાણી ॥

જે પ્રમાણે સોનું તો ત્રણેય કાળમાં સોનું જ રહે છે પછી ભલે તેના સોનાનાં બનેલાં આભૂષણોનાં નામ અનેક હોય! તે જ પ્રમાણે જીવ ભલે ગમે તે યોનિનો હોય પણ એ બધાં જીવોમાં આત્મા તો સમાન જ છે. જીવની પર્યાય–દેવ, નારકીય, મનુષ્ય કે તિર્યક–ગમે તે હોય પણ એ બધાંય જીવોમાં આત્મા તો સમાન જ છે. તમે દેવ અને નારકીય જીવો પ્રત્યક્ષ જોયાં નથી પણ શાસ્ત્રદ્વારા સાંભળ્યા તો છે! પછી ભલે તે જીવોને તમે પ્રત્યક્ષ જોયા ન હોય પણ મનુષ્ય અને તિર્યક્ જીવો તો પ્રત્યક્ષ જુઓ છો! આ બધી જીવોની પર્યાય છે. આત્માની એ ભૂલ થઈ રહી છે કે, તે પોતે પર્યાયોમાં પડી રહ્યો છે, છતાં પણ પર્યાયોમાં પડી રહેલા આત્મદ્રવ્યને જોઈ શકતો નથી. વાસ્તવમાં

કીંમત તો દ્રવ્યની થવી જોઈએ, પર્યાયોને કારણે દ્રવ્યની ઉપેક્ષા થવી ન જોઈએ ! પણ આ વિષયમાં આત્માની દ્વારા ઘાટને જોઈ સોનાને ભૂલી જવા જેવી ભૂલ થઈ રહી છે.

આત્મા પોતાનું સ્વરૂપ સમજે એ માટે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય આદિ વ્રતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે ! બધાં જીવોને પોતાના આત્માની સમાન માનવા, પર્યાયોને કારણે તે જીવોમાં ભેદભાવ ન માનવો, એ જ અહિંસાવ્રતમાં કહેવામાં આવ્યું છે. જ્યાંસુધી પોતાના આત્માની માફક બધાં જીવોને સમાન માનવામાં આવતાં નથી ત્યાંસુધી અહિંસાનું પાલન થઈ શકતું નથી. જેમને પૂર્ણ અહિંસાનું પાલન કરવું હશે તે તો દ્રવ્યની દૃષ્ટિએ બધા જીવોને આત્મતુલ્ય ગણશે. પર્યાયની દૃષ્ટિએ જીવોમાં જરાપણ ભેદભાવ માનશે નહિ. જો ભગવાન મહાવીરના ધર્મને જીવનમાં સ્થાન આપવું હોય તો પર્યાયને ભૂલી દ્રવ્યરૂપે બધા જીવોને આત્મતુલ્ય માનવા જોઈએ. ભગવાન મહાવીરને માનવા અને તેમની વાણીને ન માનવી એ બન્ને વાતો પરસ્પર વિરોધી છે. ભગવાન કહે છે કે, " ભલે કોઇ મારું નામ ન લેતા હોય પણ જો તે મારી વાણીને જીવનમાં ઉતારે છે અને છકાયના જીવોને આત્મતુલ્ય માને છે તે મને જ માને છે, પણ જો છકાયના જીવોને આત્મતુલ્ય માનતો નથી તો તે મને પણ માનતો નથી."

તમારાથી આજે કાંઈ વધારે બની ન શકે તો એટલું તો અવશ્ય માનો કે છકાયનાં બધાં જીવો મારા આત્માની સમાન જ છે. જો આ પ્રમાણે બધા જીવોને આત્મતુલ્ય માનશો તો તેમાં તમારું કલ્યાણ જ છે. જે લોકો ભગવાન મહાવીરના ભક્ત છે તેઓ તો બધા જીવોને આત્મતુલ્ય જ માને છે.

બધાં જીવોનો આત્મા સમાન છે છતાં શરીર તથા આત્મા જુદાં જુદાં છે એ વાત અનેક પ્રમાણોથી સિદ્ધ થઈ શકે છે ! ગીતામાં શ્રી કૃષ્ણે પણ અર્જુનને કહ્યું છે કેઃ—

**वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।**
**तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥**

અર્થાત્—જે પ્રમાણે મનુષ્ય જૂનાં કપડાંને ઉતારી નવાં કપડાં ધારણ કરે છે, તે જ પ્રમાણે શરીરમાં રહેલો આત્મા પણ એક શરીરનો ત્યાગ કરી બીજું શરીર ધારણ કરે છે.

આ પ્રમાણે આત્માની શરીરરૂપી પર્યાયો તો બદલાતી રહે છે, પણ આત્મા તો તે જ રહે છે. જૂનાં કપડાં પહેરવાથી માણસ કાંઈ બદલાઈ જતો નથી, માણસ તો તેનો તે જ હોય છે.

કૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે, જેમ માણસ જૂનાં કપડાંનો ત્યાગ કરી નવાં કપડાં ધારણ કરે છે તેમ આ આત્મા એક શરીરનો ત્યાગ કરી બીજા શરીરને ધારણ કરે છે. આત્મા તો એનો એ જ છે, કેવળ તેની પર્યાયો બદલાય છે.

નાટકમાં સ્ત્રી પુરુષનો અને પુરુષ સ્ત્રીનો પોષાક ધારણ કરે છે એથી કરીને સ્ત્રી એ પુરુષ બનતી નથી અને પુરુષ સ્ત્રી બનતી નથી. પણ દર્શક લોકો બાહ્ય પોષાકને લીધે સ્ત્રીનો પોષાક ધારણ કરનાર પુરુષને સ્ત્રી, અને પુરુષનો વેશ ધારણ કરનાર સ્ત્રીને

પુરુષ માનવાની ભૂલ કરી બેસે છે પણ સૂત્રધાર તો સ્ત્રીને સ્ત્રી અને પુરુષને પુરુષ માને છે એટલું જ નહિ પણ સ્ત્રીનો પોષાક ધારણ કરનાર પુરુષને પુરુષના નામથી અને પુરુષનો વેશ ધારણ કરેલ સ્ત્રીને સ્ત્રીના નામથી જ બોલાવે છે. આ જ પ્રમાણે જ્ઞાની લોકો પર્યાયને ન જોતાં તેમાં રહેલા દ્રવ્યને જ જુએ છે. કોઈ વિદ્યાર્થી પોતાના પુસ્તક ઉપરથી જુનું પૂંઠું ઉતારી નાંખી નવું પુઠું ચડાવે છે એથી કાંઈ પુસ્તક બદલી જતું નથી. પુસ્તક તો તે જ હોય છે. આ જ પ્રમાણે આત્મા ભલે ગમે તે પર્યાયમાં હોય પણ આત્મા તો બધાનો સરખો જ છે. '**एगे आया**' એ સૂત્રાનુસાર આત્મામાં કાંઈ અંતર નથી, અંતર તો કેવળ પર્યાયોમાં જ છે. આત્મા પર્યાયો બદલવાને કારણે કાંઈ અનિત્ય બની જતો નથી, તે તો નિત્ય અને અજર અમર છે. આ જ વાત ઉત્તરાધ્યયન સૂત્રના વીશમા અધ્યયનમાં કહેવામાં આવી છે. કાલે રાજા શ્રેણિકનો પરિચય આપતાં કહેવામાં આવ્યું હતું કેઃ—

## અનાથી મુનિનો અધિકાર—૬

**पभूयरयणो राया, सेणिओ मगहाहिवो ।**
**विहारजत्तं निज्जाओ, मंडिकुच्छिसि चेइए ॥ २ ॥**

હવે આગળ કહેવામાં આવે છે કેઃ—

**नाणादुमलयाइण्णं, नाणापक्खिनिसेवियं ।**
**नाणाकुसुमसंछन्नं, उज्जाणं नंदणोवमं ॥ ३ ॥**

મહારાજા શ્રેણિકની પાસે દરેક પ્રકારનાં રત્નો હતાં, પણ તેની પાસે સમકિત-રૂપી રત્ન ન હતું-તત્ત્વોનું જ્ઞાન ન હતું અને તે તેની શોધમાં રહેતા હતા.

તમે લોકો પૈસા કરતાં સમકિત રત્નને મોટું માનો છો ? તમારો એક પૈસો ખોવાઇ જાય તો તેની ચિન્તા કરો છો પણ સમકિત રત્નના વિષયમાં એટલી ચિન્તા કરતા નથી. તમે જાણો છો કે, "પીર-પેગમ્બર, ભૂત-ભવાનીને ત્યાં જવાથી મારા સમકિત રત્નને દૂષણ લાગશે છતાં સ્ત્રી-પુત્ર આદિની પ્રાપ્તિ માટે 'અમે ગૃહસ્થ છીએ' એમ કહી સ્વાર્થપૂર્તિને માટે તમે ત્યાં જાઓ છો કે નહિ ?" આ પ્રમાણે 'અમે ગૃહસ્થ છીએ' એ બહાને તમે બચવા ચાહો છો પણ શું કામદેવ ગૃહસ્થ ન હતો ? પણ તેના જેટલી સમકિત રત્નની તમને પરવા ક્યાં છે ! પૈસાને સાચવવાની જેટલી ચીવટ રાખવામાં આવે છે તેટલી સમકિત રત્નને સાચવવામાં ચીવટ રાખતા નથી. કોઈ રત્ન આપી કોડી ખરીદે તો તે મૂર્ખ ગણાય છે તે પ્રમાણે સમકિત રત્નના વિષયમાં સમજો. સ્વાર્થપૂર્તિ માટે સમકિત રત્નને દૂષણ લગાડવું એ ઠીક નથી. સમકિત ઉપર દઢતા રહેશે તો બધા કામોમાં દઢતા રહેશે. કામદેવના શરીરનાં ટૂકડાં કરી નાખવામાં આવ્યાં, છતાં તેણે ધર્મની રક્ષા માટે શરીરની પણ પરવા ન કરી. કામદેવની આ ધર્મદઢતાને કારણે ભગવાને તેમનું ઉદાહરણ લઈ અમને સાધુઓને પણ એ જ કહ્યું છે કે, "જ્યારે કામદેવ શ્રાવક આ પ્રમાણે ધર્મમાં દ્રઢ રહ્યો તો પછી તમારે કેવા દ્રઢ રહેવું જોઈએ, એનો વિચાર કરો."

રાજા શ્રેણિકને મહાનિર્ગ્રન્થની પાસેથી અન્તે સમકિત રત્ન મળ્યું હતું. એટલા જ માટે તેણે વ્રત-પ્રત્યાખ્યાન ન કરવા છતાં ભવિષ્યમાં તે પદ્મનાથ તીર્થંકર થશે. જો કે તે ચાહતો હતો કે, 'હું ધર્મક્રિયા કરું' પણ તે કરી ન શક્યો !

તમે લોકો જે ધર્મક્રિયા કરો છો તે જો દૃઢ શ્રદ્ધા રાખી તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક કરવામાં આવે તો બહુ જ લાભદાયક નીવડે, પણ શ્રદ્ધાપૂર્વક જો ધર્મક્રિયા કરવામાં ન આવે તો તે આંકડા વિનાનાં મીડાં જેવી નિરર્થક નીવડે છે! માટે કષાયોને પાતળાં પાડી અન્તરાત્મામાં જાગ્રતિ લાવો અને ધર્મક્રિયા કરો તો આનંદ અને કલ્યાણ જ છે.

જો કે શ્રેણિક ધર્મક્રિયા કરી ન શકયો પણ તે ધર્મતત્ત્વનો જિજ્ઞાસુ તો હતો. તેની રાણી ચેલના ચેડા રાજાની પુત્રી હતી. ચેડા રાજાને સાત પુત્રીઓ હતી અને સાતેય સતીઓ હતી. ચેલનાની રગેરગમાં ધર્મ ભાવનાનો પ્રવાહ વહેતો હતો. રાજા શ્રેણિકને ધર્મમાં દૃઢ કરવા માટે ચેલના રાણી પ્રયત્ન કરતી હતી. "મારા પતિ સમદષ્ટિ અને ધાર્મિક બને અને હું એક ધર્માત્મા રાજાની પત્ની કહેવાઉં" એવી ઉન્નત ભાવના તે ભાવતી હતી. જ્યારે શ્રેણિક રાજા એમ ચાહતો હતો કે, "આ રાણી ધર્મનો ઢોંગ છોડી મારી સાથે મોજમઝા કરે તો કેવું સારું !"

આ પ્રમાણે બન્ને જણા એક બીજા ઉપર પોતાની ઇચ્છાનુસાર પ્રભાવ પાડવા ચાહતા હતા. રાજા શ્રેણિક, રાણી ચેલનામાં ધર્મભાવના કેવી છે તેની મીઠી પરીક્ષા હમેશાં કર્યા કરતો, પણ ચેલના રાણી પોતાની ધર્મભાવનાનો પરિચય આપી તેના ઉપર ધર્મનો પ્રભાવ પાડવા પ્રયત્ન કરતી. આ પ્રમાણે બન્ને જણા એક બીજાની પરીક્ષા લેતા હતા. બીજા ઉપર ધર્મનો પ્રભાવ પાડવા માટે નમ્રતા અને સરલતાની બહુ જરૂર રહે છે. બળજબરીથી ધર્મનો પ્રભાવ પડી શકતો નથી એટલા માટે પોતાનું જીવન જ એવું ધાર્મિક બનાવવું પડે છે કે જેથી પોતાની ધાર્મિકતાનો પ્રભાવ બીજા ઉપર પડે.

ધર્મની પરીક્ષા કરતાં કરતાં એક દિવસ રાજા શ્રેણિક હદ ઉપર આવી ગયા ! એક વાર તેણે એક મહાત્માને મહેલની પાસેથી નીકળતા જોયા ત્યારે ચેલનાને બોલાવી કહેવા લાગ્યા, કે, "જો, આ તારા ગુરુ નીચી નજર કરી ચાલ્યા જાય છે ! કોઈ તેને મારે છે તોપણ કાંઈ કરી શકતા નથી ! જો કે મારા રાજ્યમાં એવો કાયદો છે કે, કોઈ કોઈને કષ્ટ આપે નહિ પણ આને તો કોઈ મારે છે તો સામે મારતા નથી અને ફરિયાદ પણ કરતા નથી એવા તે કાયર છે. આવા કાયર ગુરુ હોવાથી તારામાં પણ કાયરતા જ આવશે. આપણા ગુરુ તો વીર હોવા જોઈએ કારણ કે આપણે વીર છીએ, એટલા માટે ઢાલ-તલવાર બાંધનાર અને ઘોડા ઉપર બેસી ફરનાર એવા આપણા ગુરુ હોવા જોઈએ."

ચેલના રાણીથી ગુરુનું અપમાન સહેવાયું નહિ. તેણીએ રાજાને કહ્યું કે, "મહારાજ ! આપ કહો છો તેવા મારા ગુરુ કાયર નથી પણ વીર છે. હું કાયર ગુરુની શિષ્યા નથી. મારા ગુરુની વીરતા આગળ તમારા જેવા સો વીરો પણ ટકી શકે નહિ ! તમારા મોટામાં મોટા સેનાપતિઓ કે જેમના ઉપર કામે વિજય મેળવ્યો છે એ વિજયી કામને પણ મારા ગુરુ જીતી લે છે. જે દસ લાખ સુભટો ઉપર વિજય મેળવે છે, તે વિજયી સેનાપતિને જીતનાર કામ ઉપર વિજય મેળવવો એ કાંઈ ઓછી વીરતા છે ! મારા ગુરુ કામવિજયી

છે. જે કામ તમારા મોટા મોટા સેનાપતિને પણ જીતી લે છે એ કામને જીતનાર તો વીરનો પણ વીર છે. આ વાત તો બાળકથી પણ સમજાય એવી છે તો પછી તમે મારા ગુરુને કાયર કેમ કહો છો!"

ચેલના રાણીદ્વારા ગુરુમાહાત્મ્ય સાંભળી રાજા શ્રેણિકે વિચાર કર્યો કે, આ એમ માનશે નહિ. માટે કોઈ વેશ્યાને એ સાધુ પાસે મોકલી ભ્રષ્ટ કરાવું તો જ તે માનશે! આ પ્રમાણે વિચાર કરી તેણે ચેલનાને કહ્યું કે, ઠીક છે. ચેલના રાણી, રાજાનો અભિપ્રાય સમજી ગઈ કે, રાજા જરૂર મારા ગુરુની પરીક્ષા લેશે; પણ તેને વિશ્વાસ હતો કે, પરીક્ષાનું પરિણામ સારું જ આવશે. એટલે તેણી ધૈર્ય ધારણ કરી પરમાત્માની પ્રાર્થના કરવા લાગી કે, "હે પ્રભો! મારી અને મારા ગુરુની લાજ રાખવી એ તારા હાથમાં છે! હું તારા શરણે આવેલ છું, શરણાગતની રક્ષા કરજો"--આ પ્રમાણે પ્રાર્થના કરી તે ધર્મધ્યાન કરવા બેસી ગઈ.

રાજાએ એક વેશ્યાને બોલાવીને કહ્યું કે, 'તું પેલા સાધુના સ્થાને જઈ તેને કોઈ પણ ઉપાયે ભ્રષ્ટ કરી પાછી અહીં આવ; જો તું મારું કામ પાર પાડીશ તો તું જે માંગીશ તે ઇનામમાં આપીશ'. વેશ્યા તો રાજાનું મફત જ કામ કરવા તૈયાર જ હતી, તેમ છતાં રાજાની સહાયતા અને ઇનામ મળવાની આશા મળતાં સાધુની પાસે જવા તેણે તરત જ હા પાડી. તે શૃંગાર સજી અને કામોત્તેજક બીજો સામાન લઈ સાધુના સ્થાને ગઈ. સાધુએ એ સ્ત્રીને જોતાં જ કહ્યું કે, "ખબરદાર! રાત્રીના સમયે અમારા સ્થાને સ્ત્રીઓ આવી શકતી નથી. આ કોઈ ગૃહસ્થનું મકાન નથી, અહીં તો સાધુઓ રહે છે!" વેશ્યાએ કહ્યું કે, મહારાજ! 'આપની વાત સાચી છે, પણ આપનું કહ્યું તે જ માની શકે કે, જે આપની આજ્ઞા માથે ચડાવતી હોય; પણ હું તો કોઈ બીજા જ કારણસર અત્રે આવી છું. હું આપને કોઈ પ્રકારનું કષ્ટ આપવા આવી નથી પણ આપનું મનોરંજન કરવા અને આનંદ આપવા માટે આવી છું.' આમ કહેતી તે વેશ્યા સાધુના સ્થાનમાં ઘુસી ગઈ. સાધુ સમજી ગયા કે, મને ભ્રષ્ટ કરવાની બુદ્ધિએ આ આવી છે! જો કે, હું મારા શીલવ્રત ઉપર દૃઢ છું પણ જ્યારે તે બહાર નીકળશે અને એમ કહેશે કે, 'હું સાધુના શીલવ્રતનો ભંગ કરીને આવી છું ત્યારે મારું કહ્યું કોણ સાંભળશે?'

ચેલનાએ એ પહેલાંથી જાણી લીધું હતું કે, આ સાધુ લબ્ધિધારી છે, માટે કોઈ જાતનો વાંધો આવશે નહિ!

મહાત્માએ તે વખતે પોતાની લબ્ધિદ્વારા વિકરાળ રૂપ ધારણ કર્યું. આ જોઈને વેશ્યા ગભરાઈ અને મહાત્માને કહેવા લાગી કે, 'મહારાજ! ક્ષમા કરો, મને નષ્ટ ન કરો! મને તો શ્રેણિક રાજાએ મોકલી છે એટલે આવી છું. હું તો અહીંથી હમણાં જ ભાગી જાત, પણ શું કરું! બહાર તાળું દીધેલ છે એટલે બહાર કેવી રીતે જઈ શકું? આપ મારી ઉપર દયા કરો!

તે મહાત્માએ પોતાનો વેશ જ બીજો બદલાવી લીધો હતો. શાસ્ત્રમાં કારણવશાત્ વેશપરિવર્તન કરવાનું કહેલ છે. સાધુલિંગને બદલવાનું શાસ્ત્રમાં અપવાદરૂપે બતાવવામાં

આવેલ છે. ચારિત્રની રક્ષા તો તે વખતે પણ કરવામાં આવે છે પણ લિંગ અવસર ઉપર બદલી નાંખવાનું અપવાદ માર્ગમાં બતાવવામાં આવેલ છે.

એક બાજુ આ ઘટના બની ત્યારે બીજી બાજુ રાજા રાણીને કહી રહ્યા છે કે, તારા ગુરુની તું આટલી બધી પ્રશંસા કરતી હતી તો હવે તેના હાલ જો ! કે તે કેવા છે? તેઓ એક વેશ્યાને રાખી બેઠા છે ! ચેલના રાણીએ આશ્ચર્યપૂર્વક કહ્યું કે, " શું એમ છે! પણ એ વાત જ્યાંસુધી મારી આંખે જોઉં નહિ ત્યાંસુધી માની શકું નહિ! જો તમે કહ્યું તેવું જ હું જોઈશ તો હું તેમને કદાપિ ગુરુ માની શકું નહિ! આપણે તો સત્યના ઉપાસક છીએ માટે આપ જેવું કહો છો તેવું બતાવી આપો."

રાજાએ કહ્યું કે, " એ તો મેં જોયું જ છે, શા માટે વાતને વધારો છો !"

રાણીએ ઉત્તર આપ્યો કે, "જ્યાંસુધી મારી આંખે હું જોઉં નહિ ત્યાંસુધી તમે કહો છો તેવું માની શકું નહિ ! જ્યારે એવું જોઈશ તે જ ઘડીએ હું તેમને સાધુરૂપે માનવું છોડી દઈશ."

આખરે રાજા, ચેલના રાણીને સાથે લઈ સાધુના સ્થાને આવી દરવાજો ખોલ્યો. ખોલતાં જ જેમ પાંજરામાંથી પક્ષી બહાર ભાગે તેમ વેશ્યા બહાર નીકળી આવી અને રાજાને કહેવા લાગી કે, "આપ મને ભલે બીજું કોઇ કામ સોંપો પણ સાધુની પાસે જવાનું કહેશો નહિ ! આજે તો આ મહાત્માના તપસ્તેજના પ્રભાવથી મરી જાત પણ તેમની દયાથી જ આજે જીવતી રહી છું."

વેશ્યાની વાત સાંભળી રાણી રાજાને કહેવા લાગી કે, " મહારાજ ! આ વેશ્યા શું કહે છે ? એના કહેવા ઉપરથી તો એમ જણાય છે કે, તમે જ તેને અહીં મોકલી છે ! ભલે તમે તેને મોકલી હોય પણ મેં તો પહેલાં જ કહી દીધું હતું કે, મારા ગુરુને ઇન્દ્રાણી પણ ડગાવી શકે નહિ ! પરન્તુ આ મારી બહેન શું કહે છે તે ઉપર તો વિચાર કરો !"

રાજા રાણીની વાત સાંભળી શરમાઈ ગયો. તે કહેવા લાગ્યો કે, "વેશ્યાની વાતમાં વધારે પડવું સારું નથી, હવે એ વાતને પડતી મૂકો."

રાણીએ કહ્યું કે, ઠીક છે. આ વેશ્યા આત્માના સંબંધે મારી બહેનની સમાન છે, તોપણ હું એની વાત છોડી દઉં છું, પરંતુ હવે આપ પણ એ વાતને પડતી મૂકો ! ઠીક ! ચાલો આપણે એ મહાત્માની પાસે તો જઈએ. બન્ને જણા મહાત્માની પાસે ગયા અને જોયું તો મહાત્મા કોઈ બીજા જ વેશમાં હતા. આ જોઈને રાણીએ રાજાને કહ્યું કે, "આ જુઓ ! તે મારા ગુરુ જ નથી ! હું તો દ્રવ્ય અને ભાવ બન્નેથી યુક્ત હોય તેને ગુરુ માનનારી છું. આ મહાત્માનો વેશ મારા ગુરુનો વેશ નથી! રજોહરણ, મુહપત્તિ આદિથી સુવિહિત વેશ નથી ! જ્યારે મારા ગુરુનું લિંગ જ નથી તો પછી તેમને મારા ગુરુ કેવી રીતે માની શકું !"

રાજા ફરી લજ્જિત થઈ વિચારવા લાગ્યો કે, રાણી ઠીક કહે છે. મારે એ ધર્મનું તત્ત્વ જાણવું જોઈએ. આ રીતે રાજાના મનમાં તત્ત્વ જાણવાની અભિલાષા પેદા થઈ.

કહેવાનો આશય એ છે કે, ધર્મદ્વારા જ ધર્મની ઓળખાણ થાય છે. ધર્મનો સંબંધ

સંઘની સાથે પણ છે; કારણ કે સંઘના સહકારથી જ ધર્મતત્ત્વ જાણી શકાય છે અને સંઘમાં શ્રમણનો પણ સમાવેશ થઈ જાય છે. ભગવાને કહ્યું છે કે:—

**'चत्तारि समणसंघे पण्णत्ते-तंजहा-समणाए, समणीए, सावयाए, सावियाए '।**

—સ્થાનાંગ સૂત્ર.

સંઘમાં શ્રમણનું સ્થાન પ્રથમ છે. એટલા માટે શ્રમણસંઘ કહેવામાં આવે છે. સંઘના સહકારથી ધર્મતત્ત્વ જાણી શકાય છે માટે સંઘનો સહકાર સાધી શ્રદ્ધાપૂર્વક ધર્મ-ક્રિયા કરો તો તમારા કલ્યાણની સાથે બધાનું પણ કલ્યાણ થાય!

રાજા શ્રેણીક એક મોટો રાજા હતો એટલે તેને બીજા રાજાઓ કરતાં રાજમહેલો વધારે અને સારાં પણ હશે પણ તે આખો દિવસ રાજમહેલમાં જ ગોંધાઈ ન રહેતાં જંગલની હવા ખાવા બહાર નીકળતો હતો.

જંગલની હવા લીધા વિના જીવન સ્વસ્થ રહી શકે નહિ એમ તે સમજતો હતો અને એ વિચારથી તે હવા ખાવા માટે જતો હતો. શાસ્ત્રમાં એને માટે 'વિહારયાત્રા' શબ્દ વાપરવામાં આવ્યો છે. આ શાસ્ત્રીય શબ્દનો ભાવાર્થ શું છે તે સમજવાનું છે.

જેની યાત્રા કરવામાં આવે છે તે તેની રક્ષા માટે કરવામાં આવે છે. જેમકે શરીરયાત્રા, ધર્મયાત્રા, ધનયાત્રા વગેરે. જેવી યાત્રા હોય છે તેવો જ તેનો લાભ જોવામાં આવે છે. ધર્મની યાત્રામાં ધર્મની રક્ષા અને ધનની યાત્રામાં ધનની રક્ષા કરવામાં આવે છે. આ જ પ્રમાણે શરીરયાત્રાનો અર્થ શરીરની રક્ષા કરવી એ છે.

આજે શરીરયાત્રાના નામે એવાં કામો કરવામાં આવે છે કે જેથી શરીર વધારે બગડે છે! તમે લોકો બહારની યાત્રા કરવા નીકળો છો પણ તમારી એ યાત્રા કેવી નકામી જાય છે તેનો જરા વિચાર કરો. આજે પાયખાના વિનાનું કોઈક જ મકાન ખાલી જોવામાં આવશે. પહેલાંના મકાનો ગમે તેટલા મોટા હતા પણ તેમાં પાયખાનું જોવામાં આવતું નહિ પણ આજે તો નાના નાના મકાનોમાં પણ પાયખાનું હોવું આવશ્યક મનાય છે. અને પાયખાનાને કારણે મકાનોમાં એવી દુર્ગંધ ફેલાઈ જાય છે કે ન પૂછો વાત! હું અહીં તો અશક્તિને કારણે ગોચરી માટે નીકળતો નથી પણ દિલ્હીમાં ગોચરી કરવા જતો ત્યારે એવું કોઈક જ ઘર જોવામાં આવ્યું હશે કે, જ્યાં પ્રવેશ કરતાં પાયખાનાના દર્શન થયાં ન હોય! મુંબઈ અને કલકત્તાની, પાયાખાનાને લીધે કેવી ખરાબ સ્થિતિ હશે એ તો સમજી શકાય એમ છે. એક મારવાડી ભાઈ પાસેથી કલકત્તાની સ્થિતિ વિષે ગીત ગાતાં સાંભળ્યું છે કે:—

'કલકત્તા નહી જાના, યારો કલકત્તા નહીં જાના,
જહર ખાય મર જાના, યારો કલકત્તા નહીં જાના.
કલકા આટા નલકા પાની, ચર્બીંકા ઘી ખાના, યારો૦'

આ ગીતનો સાર એ છે કે, "કલકત્તા કોઈપણ રીતે ન જવું, જો આજીવિકા મળતી ન હોય તો ઝેર ખાઈને મરી જવું પણ કલકત્તા તો ન જ જવું! કારણ કે, ત્યાં તો ચક્કીનો લોટ, નળનું પાણી અને ચરબીનું ઘી મળે છે. માટે કલકત્તા ન જવું."

આજે તો ' વેજીટેબલ ઘી ' ચાલુ થયું છે. ગાય રાખવામાં તો કેટલાક લોકો 'પાપ' માને છે પણ વેજીટેબલ ઘી ખાવામાં ' પાપ ' માનતા નથી. આ પ્રમાણે આજના લોકો જાણે જીવનયાત્રાને ભૂલી જ ગયા છે અને જીવનને નષ્ટ કરનાર એવાં ખાન-પાનનું સેવન કરે છે !

રાજા શ્રેણિક ભલે બીજાં કામો ભૂલી ગયો હોય પણ વિહારયાત્રા કરવાનું કામ તે ભૂલ્યો ન હતો. ભલે રાજા શ્રેણિક, શરીર રક્ષા માટે નીકળ્યો હોય કે જંગલની હવા ખાવા માટે નીકળ્યો હોય પણ તે ' વિહારયાત્રા ' માટે બહાર નીકળ્યો હતો એવું શાસ્ત્રમાં કહેલું છે !

આજના લોકો કહે છે કે, અમે શાસ્ત્રને શું સાંભળીએ ! તેમાં તપસ્યા કરવાનું જ કહેવામાં આવે છે તો તે સાંભળી શું અમે ભૂખે મરીએ ! આમ કહેનાર શાસ્ત્રનો અર્થ ન સમજવાને કારણે શાસ્ત્રની અવજ્ઞા કરે છે. વાસ્તવમાં શાસ્ત્રમાં કેવાં કેવાં ગંભીર તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે તો શાસ્ત્રના અભ્યાસી પાસેથી સાંભળે ત્યારે ખબર પડે ! બાકી શાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના તેની અવજ્ઞા કરવી તે મહાપાપ છે. શાસ્ત્રનું મુખ્ય ધ્યેય તો મોક્ષ છે પણ મોક્ષને પ્રાપ્ત કરવાનાં જે સાધનોની આવશ્યક્તા હોય છે તે તત્ત્વોને પણ શાસ્ત્રકારો ભૂલ્યાં નથી; પણ સંયમ ધર્મને વહન કરવાનું એક સાધન છે, એટલા માટે શરીરરક્ષા માટે શ્રેણિક વિહારયાત્રા કરવા બહાર નીકળ્યો હતો એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે.

ગમે તેવું ગામ કે નગર હોય પણ ગામ બહાર જવાથી જરૂર હવાનું પરિવર્તન થાય છે. શ્રેણિક આ વાતને જાણતો હતો. શાસ્ત્રમાં હવાના સાત લાખ ભેદ બતાવવામાં આવ્યાં છે. હવાના પ્રત્યેક ભેદની સાથે પ્રકૃતિનો જુદો જુદો સંબંધ બતાવવામાં આવેલ છે. સમુદ્રની હવા જુદી હોય છે, દ્વીપની હવા જુદી હોય છે અને આ પ્રમાણે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વગેરે દરેક દિશાની હવા જુદા જુદા પ્રકારની હોય છે. આ હવાને લગતી વાતો જે જાણતો હશે તે વૈજ્ઞાનિક હવા જોઈને એમ પણ કહી શકે છે કે, ' આવી હવા ચાલી છે એટલે આમ થશે.' આ પ્રમાણે શાસ્ત્રમાં હવાના ભેદોનું પણ વર્ણન છે.

રાજા શ્રેણિક વિહારયાત્રા માટે બહાર નીકળી મંડિકુક્ષિ બાગમાં આવ્યો. તે બાગ શાસ્ત્રના કથનાનુસાર નન્દનવનની જેવો હતો. આ બાગનું વર્ણન શાસ્ત્રમાં કેવી રીતે કરવામાં આવ્યું છે એ વાત યથાવસરે ફરી કહેવામાં આવશે.

## સુદર્શન ચરિત્ર—૬

**દાસ સુભગ બાલક અતિ સુંદર, ગૌવે ચરાવનહાર; ।**
**શેઠ પ્રેમસે રખે નેમસે, કરે સાલ સંભાર. ।। ધન૦ ।। ૬ ।।**
**એક દિન જંગલમેં મુનિ દેખે, તન મન ઉપજ્યો પ્યાર; ।**
**ખડા સામને ધ્યાન મુનિ મેં, વિસર ગયા સંસાર. ।। ધન૦ ।। ૭ ।।**

શેઠ શેઠાણીને પુત્રની જરૂર હતી છતાં પણ તેઓ કેવા ધીર ગંભીર હતા કે, પોતાનો

ધર્મ છોડી અને પોતાના ધર્મને કલંક લગાડી પુત્રને પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ રાખતા નહિ એ વિષે કાલે કહેવામાં આવ્યું છે.

પહેલાંના લોકો, કોઈ ચીજની આવશ્યકતા હોવા છતાં પણ પોતાના ધર્મના ભોગે તે ચીજને લેવા ચાહતા નહિ. અરણક શ્રાવકને ધનની આવશ્યકતા હતી અને તે માટે વહાણ લઈને પણ નીકળ્યો હતો; પણ જ્યારે દેવે તેને ધર્મત્યાગ કરવાનું કહ્યું અને નહિ તો વહાણ સમુદ્રમાં ડુબાડી દેવાની ધમકી આપી, તો તે વખતે અરણક શ્રાવકે વહાણની જરાપણ ચિન્તા ન કરી અને પોતાના ધર્મ ઉપર દૃઢ રહ્યો. ધર્મનો ત્યાગ કરવાથી જ કલ્યાણ થતું હોય તો, જેમની સેવામાં સોળ હજાર દેવો રહેતા હતા તે મહાપુરુષો પરિસહ શા માટે સહેત ?

પહેલાંના પ્રાયઃ બધાય શ્રાવકોના વર્ણનમાં એવો ઉલ્લેખ મળે છે કે, તેઓને ત્યાં ગાયો પાળવામાં આવતી ! તેઓનું જીવન ગાયોની સહાયતા વિના ચાલી શકતું નહિ ! અને તે માટે વિવાહના સમયે પણ ગો દાન આપવામાં આવતું. વાસ્તવમાં ગાયોની સહાયતા વિના જીવન નભી પણ શકતું નહિ અને પવિત્ર રહી શકતું નહિ ! આ વાત આજે અમેરિકાના લોકો સમજી શકયા છે ! 'ગો' શબ્દનો અર્થ પૃથ્વી થાય છે અને પૃથ્વીના એ અર્થ ઉપરથી ગાય પશુનું નામ પણ 'ગો' રાખવામાં આવ્યું છે. પૃથ્વીની સહાયતા વિના શું કોઈ જીવિત રહી શકે છે ? કોણ એવો છે કે, જે પૃથ્વીની સહાયતા વિના જીવિત રહી શકે ? આ જ પ્રમાણે જીવનને માટે 'ગાય' પણ આધારભૂત છે એમ વિચારીને જ ગાયનું નામ 'ગો' રાખવામાં આવ્યું છે. જે પ્રમાણે જીવનને માટે પૃથ્વીની સહાયતાની આવશ્યકતા છે તે જ પ્રમાણે ગાયની સહાયતાની પણ આવશ્યકતા છે. ઘી, દૂધ વગેરે ગાયમાંથી જ પેદા થાય છે અને તે દ્વારા જ જીવનનો વ્યવહાર ચાલે છે; પણ આજના લોકો જીવન સુધારવાની કળા ભૂલી રહ્યા છે ! જો ન ભૂલ્યા હોય તો જે તમારા માટે ઘી–દૂધ આપે છે તે અથવા તેનાં સંતાનો કપાય, અને તમે તે ગાયનું દૂધ પીને પણ તેની રક્ષા ન કરો એ કેમ સહન થઈ શકે ?

જિનદાસ શેઠને ત્યાં ઘણી ગાયો હતી. તે એ ગાયોને આત્મતુલ્ય માની તેમની રક્ષા કરતો હતો. ગાયોને માટે ભારતના પ્રાચીન લોકોની કેવી ઊંચી દૃષ્ટિ હતી તે વિષે કહેવું જ શું ? કૃષ્ણને ભલે કોઈ ગમે તે દૃષ્ટિએ જોતા હોય પણ તેઓ મહાન્ પુરુષ હતા એમ તો બધા માને છે. તે કૃષ્ણ પણ હાથમાં લાકડી લઈ ગાયો ચરાવતા હતા. આ વાત ગાયોનું મહત્ત્વ સમજાવવા માટે શું ઓછી છે ?

ગાયોની બરાબર સારસંભાળ રાખવા માટે જિનદાસે સુભગ નામના એક વિશ્વાસપાત્ર ગોવાળના છોકરાને પોતાને ત્યાં રાખ્યો હતો. તે છોકરાને જિનદાસ શેઠ ઘરના માણસની જેમ રાખતો. સુભગ જિનદાસની ગાયોને હંમેશાં સવારમાં ચરાવવા લઈ જતો અને સાંજે ચરાવીને પાછો લાવતો.

આજે ગાયો માટે ગોચરભૂમિનો બહુ જ મુશ્કેલી છે. પણ એની ફરિઆદ કોણ કરે અને કોણ સાંભળે ! બીજાં કામોને માટે તો વકીલો તૈયાર થઈ જાય છે પરન્તુ આ

કામની ચિન્તા તેમને પણ નથી ! કારણ કે તેઓ ગાયોને પાળતા નથી, એટલે તેમને એ વિષે ચિન્તા ક્યાંથી હોય ? અને ભરવાડ રબારી વગેરે જે લોકો ગાયોને પાળે છે તેઓ ફરીઆદ કરવાનું જાણતા નથી; આ રીતે જેઓ ફરિયાદ કરવી જાણે છે તેઓ ગાયો પાળતા નથી અને ફરિયાદ પણ કરતા નથી ? આજે ગાયોને ચરાવવા માટે ગોચર-ભૂમિની બહુ જ મુશ્કેલી છે અને તેથી ગાયોની કેવી ખરાબ સ્થિતિ છે તે તો બિચારી ગાયો જ જાણે છે. પણ તેઓ પોતાની મૂકવાણી કોને સંભળાવે ? પહેલાં જંગલમાં પ્રજાનો અધિકાર રહેતો હતો અને પ્રજા જંગલમાં ગાયોને ચરાવીને ત્યાંની ઊપજમાંથી પોતાનું પેટ ભરતી હતી; પણ આજે તો 'ફોરેસ્ટ ટેક્સ' (Forest Tax) પ્રજાના હક ઉપર લગાડવામાં આવ્યો છે એટલે હવે બિચારી ગાયોને ઊભી રાખવા માટે પણ જગ્યા મુશ્કેલીથી મળે છે.

સુભગનું મુખ્ય કામ ગાયોને જંગલમાં ચરાવવાનું હતું. શેઠ સુભગને પોતાના પુત્રની માફક પાળતા-પોષતા. તેને કોઈ પ્રકારનું કષ્ટ ન થાય, ટાઢ તડકો સહેવો ન પડે તથા ખાવા પીવાની મુશ્કેલી ન પડે તે માટે શેઠ બધો પ્રબંધ કરી આપતા. આ પ્રમાણે સુભગ જિનદાસ શેઠને ત્યાં આનંદપૂર્વક રહેતો હતો.

મુસલમાનના ધર્મમાં કહ્યું છે કે, જેના ઘરમાં રહેનારા મનુષ્ય કે પશુ-પક્ષી દુ:ખી હોય તે પાપી છે. આ પ્રમાણે કહી પોતાના આશ્રિત જીવોની સાર સંભાળ રાખવાનું કર્ત્તવ્ય બતાવવામાં આવ્યું છે ! આજના લોકો પોશાક-ફરનીચર વગેરેની જેટલી સંભાળ રાખે છે તેટલી સંભાળ પોતાના આશ્રિતોની રાખતા નથી.

આશ્રિતો પાસેથી પ્રેમપૂર્વક કામ લેવું એ જુદી વાત છે અને માર મારીને કે લાલ આંખ કાઢીને કામ લેવું એ પણ જુદી વાત છે. પ્રેમ વ્યવહારથી જે કામ લેવામાં આવે છે તેમાં નોકર અને શેઠ બન્નેને સંતોષ રહે છે જ્યારે માર મારીને કે લાલ આંખ બતાવીને કામ લેવામાં અને કરવામાં હમેશાં અસંતોષ રહે છે. કોઈને મારમારીને સુધારી શકાતા નથી. પોતાનો છોકરો પણ માર મારવાથી સુધરી શકતો નથી. આ વાત આજના લોકોને હવે ગળે ઉતરવા લાગી છે અને તેથી જ વિદ્યાર્થીઓને ભણાવતી વખતે માર મારવામાં આવતો નથી, એ સારી વાત છે.

પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ કહેતા હતા કે, "માણસે ન તો પાણીની માફક નરમ ઘેંસ જેવા બનવું જોઈએ તેમ પથ્થરની માફક કઠોર હૃદયી પણ બનવું ન જોઈએ પણ બીકાનેરી સાકરના ગોળાના જેવા બનવું જોઈએ. જો તે સાકરનો ગોળો કોઈને મારવામાં આવે તો તેની ચોટ લાગે છે પણ જો કોઈ તેને મોઢામાં રાખે તો પાણી થઈ જાય છે અને મીઠાશ આપે છે."

અર્થાત્ સાકરનો ગોળો પત્થર તરીકે વ્યવહાર કરવો હોય તો તેમાં કામ લાગે છે અને જો કોઈની સાથે સીધો વ્યવહાર કરવો હોય તો તેમાં પણ કામ લાગે છે. આ પ્રમાણે મનુષ્ય કઠોર અને નરમ બન્ને પ્રકારનો સ્વભાવ રાખે છે ત્યારે જ તેનો જીવન-વ્યવહાર બરાબર ચાલી શકે છે.

જિનદાસ સુભગને પ્રેમપૂર્વક રાખતા હતા અને પ્રેમથી તેનો સુધાર કરતા હતા.

સુભગ પણ જિનદાસને પોતાના પિતાની માફક પોતાનું પાલણ–પોષણ કરે છે માટે પિતાતુલ્ય છે એમ માનતો. જિનદાસ શેઠ સાધુ–સંત પાસે ધર્મધ્યાન કરવા જતો ત્યારે સુભગને પણ કોઇ કોઈવાર સાથે લઈ જતો, તે વખતે સુભગ ધર્મકરણીને ધ્યાનપૂર્વક જોતો. એક દિવસ જંગલમાં તે ગાયો ચરાવતો હતો ત્યાં તેણે વૃક્ષની નીચે એક ધ્યાનસ્થ મહાત્માને જોયા. આ બન્નેનો સંગમ કેમ થયો એ વાત યથાવસરે ફરી કહેવામાં આવશે પણ અત્યારે તો એટલું જ કહું છું કે, મહાત્મા લોકોના દર્શનની પણ કેવી અસર થાય છે અને માણસ પોતાનું કલ્યાણ કેવી રીતે સાધે છે ! મહાત્માઓનું દર્શન ખરેખર કલ્યાણકારી હોય છે.

## વ્યાખ્યાન : સંવત ૧૯૯૨ અષાડ વદી ૧૨ બુધવાર

### પ્રાર્થના

**શ્રી આદીશ્વર સ્વામી હો,**
**પ્રણમૂં સિર નામી તુમ ભણી, પ્રભુ અંતરયામી આપ ।**

શ્રી આદિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

સંસારના બધાં પ્રાણીઓને પ્રાર્થના કરવાનો અભ્યાસ ઓછાવત્તા પ્રમાણમાં હોય જ છે. પણ પ્રભુપ્રાર્થના, ઇશ્વિરપ્રાર્થના કે પારમાર્થિક પ્રાર્થના બધી પ્રાર્થનાઓમાં ઉત્કૃષ્ટ છે. જ્યારે આ પ્રાર્થના બધાથી ઉત્કૃષ્ટ છે તો આ પ્રાર્થનામાં ઉત્કૃષ્ટ વસ્તુનો વિચાર પણ કરવો જોઈએ ! ઉદાહરણ તરીકે સામાન્ય વસ્તુના ગ્રાહક કરતાં રત્નનો ગ્રાહક ઉત્કૃષ્ટ ગણાય છે; તે જ પ્રમાણે જે ઉત્કૃષ્ટ પ્રાર્થના કરે છે તેના ભાવ પણ ઉત્કૃષ્ટ જ હોવા જોઈએ. એટલા માટે પ્રાર્થના કરતી વખતે ઉત્કૃષ્ટ ભાવ અને ઉત્કૃષ્ટ ઇચ્છા રાખવી જોઈએ; પણ ઇચ્છાનું પણ પરિવર્તન થયા કરે છે. અત્યારે કઈ ઇચ્છા થાય છે અને પછી કઈ ઇચ્છા થાય છે ! આ પ્રમાણે ઇચ્છાનું પરિવર્તન ભલે થયા કરે પણ જ્યારે આગળ વધતાં વધતાં ઇચ્છા નિર્વિકાર થઇ જાય ત્યારે એ ઇચ્છા પરમાત્માની પ્રાર્થનાને યોગ્ય છે એમ કહી શકાય ! એટલા માટે ઇચ્છા નિર્વિકાર બને એવી રીતે આગળ વધવું જોઈએ; અર્થાત્ અશુભ ઇચ્છાનો ત્યાગ કરી, શુભ ઇચ્છા કરવી અને એમ આગળ વધતાં વધતાં શુદ્ધ ઇચ્છામાં પહોંચવું જોઈએ. પહેલાં અશુભ ઇચ્છાથી પ્રાર્થના કરવાનું છોડી દઈ ધીરે ધીરે શુદ્ધ ઇચ્છાથી પરમાત્માની પ્રાર્થના કરતાં શીખવું અને જ્યારે એ શીખાઈ જાય ત્યારે સમજવું કે, હું પ્રાર્થનાની ઉત્કૃષ્ટતા જાણી એ ઉત્કૃષ્ટતાને અનુરૂપ પ્રાર્થના કરવા લાગ્યો છું.

ભગવાન આદિનાથની પ્રાર્થના અનેક રીતિએ કરવામાં આવી છે. એ વાત જુદી છે કે, પ્રાર્થના પોતપોતાની રુચિ અને ઢબ પ્રમાણે કરવામાં આવે પણ પ્રાર્થના તો પહેલાં-

ની જ છે. જે પ્રાર્થના પહેલાં પ્રાકૃતમાં હતી તે જ સંસ્કૃતમાં થઈ અને પછી તે જુદી જુદી બાલભાષામાં પરિવર્તિત થઈ. આમ રુચિ પ્રમાણે ભાષા અને ભાવોનું પરિવર્તન લોકોએ અવશ્ય કર્યું છે પણ પ્રાર્થના તો પહેલાની જ છે, વસ્તુ તો તેમાં તે જ છે. પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કેઃ—

"હે ! પ્રભો ! હું ઘણા લોકોની શરણે ગયો પણ મારા મનની ચિન્તા દૂર ન થઈ અને મારી આશા સફળ ન થઈ ! હવે હું તારા શરણે આવ્યો છું માટે મારી આશા સફળ કર અને મારી ચિન્તાને દૂર કર."

ભગવાનની પાસે આશાને સફળ કરવાની પ્રાર્થના તો કરવામાં આવે છે પણ તેમની પાસેથી કેવી આશા કરવામાં આવે છે એ પણ વિચારવા જેવી વાત છે.

તમે લોકો સાધુઓની પાસે કઈ આશાએ આવો છો ? તમે ધન કે સંસારની ચીજોની આશા પૂરી કરવા માટે તો અત્રે આવતા નથી ને ? જો તમે ધનાદિ સાંસારિક ચીજો મળવાની આશાએ આવતા હો તો તમારું અત્રે આવવું નિરર્થક જશે. આ જ પ્રમાણે જે પરમાત્મા, સંસારના વિકલ્પથી દૂર છે તેમની પાસેથી સંસારની કોઈ કામના પૂરી કરવા માટે પ્રાર્થના કરવામાં આવે તો તે મોટી ભૂલ છે; માટે પરમાત્માની પાસે સાંસારિક ચીજની આશા પૂરી કરવા માટે પ્રાર્થના ન કરતાં એવી પ્રાર્થના કરો કે, "હે ! પ્રભો ! સંસારના સંકલ્પ વિકલ્પ કરતાં અનન્ત કાળ ચાલ્યો ગયો, છતાં મારો પાર આવ્યો નહિ, માટે મારા સંસારના સંકલ્પવિકલ્પો દૂર થાય એ આશાએ હું તારા શરણે આવ્યો છું, મારી એ આશા પૂરી કર કે જેથી ફરી મારામાં કોઈ પ્રકારની આશા જ ન રહે !"

કોઈ માણસ પાણીમાં ડૂબતો હોય ત્યારે તેને કોઈ રાજ્ય આપવા માંડે તો રાજ્ય પસંદ કરશે કે નૌકા ! તે રાજ્ય નહિ પણ નૌકા જ ચાહશે એ દેખીતું છે. આ જ પ્રમાણે જે આ સંસારસમુદ્રને તરવા જ ચાહે છે, તેઓ તો પરમાત્માના ચરણ—શરણરૂપી નૌકા જ પસંદ કરશે, બીજું કાંઈ માંગશે નહિ. તમે પણ એજ ભાવનાએ પ્રાર્થના કરો કે, 'હે ! પ્રભો ! મને તમારા ચરણનું જ શરણ મળે.' આ ભાવનાથી કરવામાં આવેલી પ્રાર્થના જ ઠીક અને વાસ્તવિક છે.

મનુષ્ય સાચી પ્રાર્થના ક્યારે કરી શકે એ વાત હું સિદ્ધાન્તથી બતાવું છું. રાજા શ્રેણિકને સંસારની કોઈ વસ્તુની ખામી ન હતી. અનેક લોકોને તે આશ્રય આપતો હતો; એટલે તે અનાથનો નાથ ગણાતો. આવા શ્રેણિક રાજાને મહામુનિ અનાથીએ 'અનાથ' કહ્યો ! તેમણે કેવળ એમ કહ્યું એટલું જ નહિ પણ તેમને સમજાવી ખાત્રી કરાવી આપી કે, "જે પોતાને અનાથનો નાથ માને છે તે પોતે જ અનાથ છે." જે મહાત્માએ આ પ્રમાણે સનાથતા અને અનાથતાનો નિર્ણય કરી આપ્યો તે મહાત્માના શરણે તમે જાઓ ત્યારે જ પરમાત્માની સાચી પ્રાર્થના ક્યારે કરી શકાય ? તે જાણી શકશો ! એટલા માટે જે પ્રમાણે રાજા શ્રેણિકે એ મહાત્માનું શરણ લીધું હતું તે પ્રમાણે તમે પણ શરણ લો ! પણ "હું સનાથ છું" એવું અભિમાન ન કરો. જ્યારે રાજા શ્રેણિક જેવો પણ અનાથ હતો તો તમે પોતાને સનાથ માનો એ અભિમાન નહિ તો બીજું શું ?

## અનાથી મુનિનો અધિકાર—૭

શ્રેણિક વિહારયાત્રા માટે નગરની બહાર નીકળ્યો હતો. પ્રકૃતિના નિયમોનું પાલન અને તેની રક્ષા કરવી આવશ્યક છે. આમ કરવામાં આવે તો જ આગળ જતાં ઉન્નતિ થઇ શકે! રાજા શ્રેણિક પોતે પણ ૭૨ કલાનો જાણકાર હતો અને તેને ત્યાં તો અનેક શરીરશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર તથા ભૌતિકશાસ્ત્ર આદિ શાસ્ત્રના જાણનાર પંડિતો રહેતા હતા અને તેમના ચરણની સેવા કરતા હતા. તેમ છતાં તે શ્રેણિક રાજા શરીર-રક્ષાને માટે મંડિકુક્ષ બાગમાં ફરવા જતો હતો. તે બાગ નંદનવનની જેવો હતો એવું વર્ણન કરવામાં આવ્યું છે.

જ્યાં અનેક પ્રકારનાં વૃક્ષો તથા લતાઓ હોય તેને બાગ કહેવામાં આવે છે. વૃક્ષ અને લતાઓમાં એ અંતર હોય છે કે, વૃક્ષ કોઈની સહાયતા લીધા વિના પોતાની મેળે જ વધતું જાય છે અને ફળફૂલ આપે છે પણ લતાઓ કોઈની સહાયતા લીધા વિના સીધી કે ઊંચી થતી નથી પણ ફેલાતી જાય છે અને ફળફૂલ આપે છે. જ્યાં અનેક વૃક્ષો અને લતાઓ હોય છે તે બાગ કહેવાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે, મંડિકુક્ષ બાગમાં અનેક વૃક્ષો અને લતાઓ હતાં. આ ઉપરથી એવો પ્રશ્ન થાય છે કે, મોક્ષનું વિધાન કરનારા શાસ્ત્રોમાં આ પ્રકારે બાગનું વર્ણન કરવાની શી જરૂર હતી? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, તમે લોકો જીવનનો હેતુ ભૂલી ગયા છો, પણ શાસ્ત્રકારો જીવનના આવશ્યક અંગોને ભૂલી ગયા નથી. સાધુ હોવા છતાં પણ કોઈ સાધુ વન અને વૃક્ષને ભૂલી શકે નહિ. બૌદ્ધસાહિત્યમાં જોવામાં આવ્યું છે કે, જ્યારે બુદ્ધ ગયાના જંગલમાં ગયા ત્યારે તેમણે કહ્યું કે, “અમારા જેવા યોગીઓના ભાગ્યથી જ જંગલ સુરક્ષિત છે–નષ્ટ કરવામાં આવ્યું નથી. જો જંગલ ન હોત તો આત્મસાધના માટે યોગીઓને બહુ જ મુશ્કેલી પડત.” આ પ્રમાણે યોગી લોકો જંગલનું મહત્ત્વ સમજે છે અને યોગ કરવા છતાં પણ જંગલનું મહત્ત્વ ભૂલી જતા નથી! મોટા મોટા સિંહો પણ મોટા જંગલમાં જ વસે છે. જંગલ કે વૃક્ષોમાંથી સિંહની ઉત્પત્તિ કાંઇ થતી નથી પણ તેમનું રક્ષણ ત્યાં જ થાય છે. જ્યાં કેવલ રેતીની ટેકરીઓ હોય છે ત્યાં મોટા સિંહો પણ જોવામાં આવતા નથી!

કહેવાનો આશય એ છે કે, જીવનને માટે જે આવશ્યક વસ્તુઓ છે તે ન બતાવતાં, કેવળ મોક્ષની વાતો કરવી એ તો આકાશનું ફુલ બતાવવા જેવું છે. કોઈ વૃક્ષને બતાવવું હોય તો તેના મૂળને પણ બતાવવું આવશ્યક છે. જીવનને વૃક્ષોની આવશ્યકતા બહુ છે.

આજના કેટલાક લોકો એમ સમજે છે કે, જીવનમાં મિત્રનું સ્થાન મહત્ત્વનું હોઈ શકે પણ જીવનમાં વૃક્ષોની શી આવશ્યકતા છે? આ પ્રશ્નનો જવાબ વૈજ્ઞાનિકો આપે છે કે, ‘જીવનમાં મિત્ર કે ભાઈબંધ કરતાં વૃક્ષોની આવશ્યકતા વિશેષ છે’ કારણકે વૃક્ષોની સહાયતાથી જ જીવન ટકી શકે છે. વૃક્ષોની સહાયતાથી જીવન કેવી રીતે ટકે છે? એને માટે તેઓ કહે છે કે, મનુષ્ય જે હવા છોડે છે તે ઝેરી કારબન ગેસ છે. જો મનુષ્ય ઝેરી હવા છોડે નહિ અને બીજી હવા લે નહિ તો મનુષ્ય મરી જાય! મનુષ્ય જે ઝેરી હવા છોડે છે તેને વૃક્ષ પોતાનામાં સીંચી લે છે અને તેનાં બદલામાં ઓક્સિજન હવા

આપે છે, કે જેના વડે મનુષ્ય જીવિત રહી શકે છે. પ્રકૃતિની રચના જ કોઈ એવા પ્રકારની છે કે, જે હવા મનુષ્ય છોડે છે તે જ હવા વૃક્ષોને માટે અમૃત સમાન નીવડે છે અને વૃક્ષ જે હવા છોડે છે તે મનુષ્યને માટે અમૃત સમાન નીવડે છે. આ દૃષ્ટિએ વૃક્ષ જો મનુષ્યે છોડેલી ઝેરી કારબન ગેસ પચાવીને ઓક્સીઝન હવા છોડે નહિ તો, મનુષ્ય જીવિત કેવી રીતે રહી શકે?

આ પ્રમાણે વૃક્ષો મનુષ્યને માટે જીવનોપયોગી છે છતાં લોકો કહે છે કે, જીવનમાં વૃક્ષોની શી આવશ્યકતા છે? પણ જો વૃક્ષો ન હોત તો તમારી જીવનરક્ષા માટે ઓક્સિઝન હવા પણ કોણ પૂરી પાડત? વૃક્ષો લોકોની જીવનરક્ષા કરે છે, તોપણ આજકાલ તેમની ઉપર દયા કરવામાં આવતી નથી! પહેલાંના લોકો વૃક્ષોની આત્મીયજનની માફક રક્ષા કરતા હતા અને જો કોઈ વૃક્ષને કાપવામાં આવતું તો તેમને બહુ દુઃખ થતું હતું; પરંતુ આજના લોકોએ તો વૃક્ષોની દયા જ છોડી દીધી છે અને કહે છે કે, 'અમે સુધરેલા છીએ!' જે ઝેર લઈને બદલામાં અમૃત આપે છે તેની દયા ન કરવી એ કૃતઘ્નતા છે. મહાભારતમાં વૃક્ષને અજાતશત્રુ કહેવામાં આવે છે. અજાતશત્રુ એટલે તેને કોઈ શત્રુ નથી. જો કોઈ તેને પત્થર મારે છે કે, તેની ઉપર કુહાડીનો માર મારે છે તેને બદલામાં તે પોતાનાં મીઠાં ફળ કે પોતાનું સર્વસ્વ પણ આપી દે છે. આવા જીવનોપયોગી વૃક્ષની જીવનમાં આવશ્યકતા કોણ નહિ સ્વીકારે!

દિલ્હીના લોકો કહેતા હતા કે, જુની દિલ્હીમાં બહુ વૃક્ષો હતા પણ જ્યારે લૉર્ડ હાર્ડિન્જ ઉપર કોઈએ બૉમ્બ ફેંક્યો હતો ત્યારે બૉમ્બ ફેંકનાર પકડાયો નહિ એટલે બજારના બધાં વૃક્ષો કાપી નાંખવામાં આવ્યાં. અહીં એક વિચારવાની વાત છે કે, બૉમ્બ ફેંક્યો કોણે અને દંડ મળ્યો કોને? જે ઓક્સિઝન હવા આપી મનુષ્યને જીવિત રાખે છે તે વૃક્ષોને કાપવાની કૃતઘ્નતા કરી લોકો પોતાને સુધરેલા માને છે, પણ આ સુધાર કહેવાય કે કુધાર!

આજે જંગલને કાપી વેરાન બનાવી મૂકવામાં આવે છે, પણ એને લીધે વરસાદ ઓછો થતો જાય છે એ કોણ જાણે છે! જ્યારે મોટાં મોટાં જંગલો અને બાગો હતાં ત્યારે કેસરી સિંહની માફક મહાત્મા લોકો પણ ત્યાં જ રહેતા, પણ હવે તો અમારે સાધુઓએ પણ નગરનું શરણ લેવું પડે છે!

રાજા શ્રેણિક, બાગને પોતાની બધી સમ્પત્તિઓમાં મોટી સમ્પત્તિ માનતો હતો; અને એ કારણે તે બાગને નવપલ્લવિત રાખવા પ્રયત્ન કરતો હતો.

આ પ્રમાણે બાગના વૃક્ષોનું વર્ણન કરી, એ બાગમાં અનેક પ્રકારનાં પક્ષીઓ રહેતા હતા એમ આગળ કહેવામાં આવ્યું છે. તે બાગ અનેક પ્રકારના પક્ષીઓથી સેવિત હતો. એ કથન ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે, તે વખતે આજની માફક પક્ષીઓની હત્યા કરવામાં આવતી ન હતી. આજે તો પોતાની મોજમઝાને પુરી કરવા માટે પક્ષીઓની પાંખો-પીછાં માટે હત્યા કરવામાં આવે છે. મેં એક લેખમાં વાંચ્યું હતું કે, યુરોપ અને અમેરિકામાં લોકોની શિકારવૃત્તિને કારણે ત્યાં અનેક પક્ષીઓની જાતિ જ નષ્ટ થઈ ગઈ છે. આ પ્રમાણે આજના સુધારાએ અને આજની ફેશને વેર જ પેદા કર્યું છે. પક્ષીઓની રક્ષા માટે

શું એવી પ્રતિજ્ઞા કરી શકો છો કે, જે ચીજોમાં પક્ષીઓની પાંખોનો–પીછાંનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે ચીજોને પોતાના મોજશોખ માટે કામમાં નહિ લઈએ ! કદાચ તમે એવી ચીજોનો ઉપયોગ ન પણ કરતા હો તેમ છતાં ત્યાગ કરવો એ તે જીવોને અભયદાન આપવા જેવું છે. આજે મોજશોખની પાછળ કેટલા જીવોની હત્યા કરવામાં આવે છે એ લોકો જોતા નથી! અનેક બુદ્ધિમાન્ લોકોએ જે વસ્ત્રોમાં હિંસા થાય છે એવાં રેશમનાં કે ચર્બીવાળાં કપડાંનો ત્યાગ કર્યો છે તો શું તમે લોકો જે ચીજોમાં પીછાંનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, તેનો ત્યાગ કરી નહિ શકો ?

તે બાગમાં અનેક પક્ષીઓ સ્વતંત્રતા અને નિર્ભયતાપૂર્વક કલ્લોલ કરતા હતાં. ત્યાં તેમને કોઈ પ્રકારનો ભય ન હતો. જ્યાં પક્ષીઓ આ પ્રમાણે નિર્ભયતાપૂર્વક કલ્લોલ કરતાં હોય છે ત્યાં દયા છે એમ સમજવું જોઈએ ! પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ કહેતા હતા કે, 'મેં ટોંક રાજ્યમાંથી નીકળી જયપુર રાજ્યમાં પ્રવેશ કર્યો અને પક્ષીઓને કલ્લોલ કરતાં જોયાં ત્યારે મને ખૂબ પ્રસન્નતા થઈ, કારણ કે, ટોંક રાજ્યમાં પક્ષીઓનો શિકાર કરવામાં આવતો એટલે ત્યાં પક્ષીઓ પણ બહુ નજરમાં આવતા નથી !'

પક્ષીઓથી જીવનને લાભ છે કે નહિ એ વાતને તમે શું જાણો ? પણ તમારા ન જાણવાથી કાંઈ કોઈ ચીજ નિરુપયોગી થઈ શકતી નથી. હીરાની ઉત્પત્તિ કેવી રીતે થાય છે એ કદાચ તમે જાણતા નહિ હો ! એ તો જાણનારા જ જાણે છે. એવી કહેવત છે કે, જે દેશનાં રત્નો મોટાં હોય છે ત્યાં જ મહાપુરુષો પાકે છે. ગંગા, હિમાલય વગેરે ભારતમાં જ છે એ કારણે અહીં મહાપુરુષો પણ અનેક પાકયા છે. પ્રકૃતિની જેવી રક્ષા કરવામાં આવે છે, પ્રકૃતિ પણ તેવો લાભ આપે છે.

તે બાગમાં અનેક પ્રકારનાં ફૂલો ખીલેલાં હતાં. ફૂલોની સુગંધથી બાગ મહેકતો હતો. આજના લોકો સુગંધ માટે 'સેન્ટ'નો ઉપયોગ કરતાં જણાય છે. એ લોકોને ભારતનું અત્તર પસંદ પડતું નથી. પણ એટલું એ સેન્ટના શોખીનો જાણતા નથી કે, સેન્ટમાં મેળવેલો સ્પીરીટ મગજમાં જઈ કેટલી હાનિ કરે છે !

ભારતીય થઈ ને ભારતીય વસ્તુ પસંદ પડતી નથી અને વિદેશી વસ્તુઓ કેવી રીતે બને છે એનો ખ્યાલ સરખો પણ હોતો નથી, એ ખરેખર દેશને માટે અને પોતાને માટે નીચું જોવા જેવી વાત છે. તમે લોકો અનેક પ્રકારનાં તેલો પણ વાપરતા હશો પણ કયું તેલ કેવી રીતે બન્યું છે ! અને એ તેલ પોતાની પ્રકૃતિને અનુકૂળ છે કે પ્રતિકૂળ એ વિષે વિચાર કરો છો ખરા ? આજનો પોશાક જ એવો પાપી છે કે તેલ, લવન્ડર અને સેન્ટ વિના કામ જ ચાલી શકતું નથી. ખાવાની વસ્તુ કરતાં પહેરવાની વસ્તુઓ ભારે થઈ પડી છે !

જીવનોપયોગી વાસ્તવિક ચીજોનો ત્યાગ કરી જીવનભ્રષ્ટ ચીજોને સ્થાન આપવાથી જ અત્યારની સ્થિતિ કઢંગી બની રહી છે ! આ બધું પ્રકૃતિની સાથે વૈર કરવા જેવું છે. પ્રકૃતિની સાથે વૈર કરવાને કારણે જ કોઈ દિવસ ન સાંભળેલા રોગો પણ ફાટી નીકળ્યાં છે.

અત્તર, સેન્ટ વગેરે માટે અનેક પ્રકારનાં પાપો કરવામાં આવે છે. તે કૃત્રિમ સુગંધથી મન તથા બુદ્ધિમાં વિકૃતિ આવે છે પણ પ્રાકૃતિક સુગંધમાં રોગ પેદા કરવાની

કે વિકૃતિ થવાની કાંઈ ખરાબી હોતી નથી. જો હું કાનમાં અત્તરનું પુંમડું નાંખું તો તમે લોકો શું કહેશો ? તમે લોકો મને ઉપાલંભ આપશો, પણ જો પ્રાકૃતિક રીતિએ નાકમાં સુગંધ આવતી હોય તો તમે લોકો શું મને ઉપાલંભ આપશો ? અત્તર લગાવવાથી ઉપાલંભ આપવાનું કારણ એ જ છે કે, અત્તર લગાવવું એ કુદરતની સાથે લડાઇ કરવા જેવું છે; પણ ફૂલની જે પ્રાકૃતિક સુગંધ આવે છે એ કાંઈ પ્રકૃતિની સાથે લડાઈ કરવા જેવું નથી. એ સુગંધ તો પ્રકૃતિ પોતે આપે છે. તેને કોઈ રોકી શકતું નથી. અનાથી મુનિ બાગમાં બેઠા હતા છતાં કોઈ 'તમે મોજશોખ માટે બાગમાં બેઠા છો' એમ કહી શકતું નહિ; કારણ કે ત્યાં જે સુગંધ આવતી હતી તે પ્રાકૃતિક સુગંધ હતી.

મંડિકુક્ષ બાગને નંદનવનની ઉપમા આપવામાં આવી છે. આ બન્નેનો સંબંધ ઉપમા ઉપમેયનો છે. અર્થાત્ નંદનવન જેવો સુંદર મંડિકુક્ષ બાગ હતો. આવા નંદનવન જેવા મંડિકુક્ષ બાગમાં તે મહામુનિ બીરાજતા હતા.

ઉદયપુરના રાણા સજ્જનસિંહજી એમ કહ્યા કરતા કે, 'બુદ્ધિનું ઘર આરામ છે. જ્યારે આરામ હોય છે ત્યારે જ બુદ્ધિ પેદા થાય છે ! પણ આરામનું સ્થાન કાંઈ શહેર જ નથી. કોઈવાર તમે મને કહો કે, નગર તો તમને પણ સારું લાગે છે ! તમે પણ ગામડાઓમાં રહેવાનું પસંદ કરતા નથી ! પણ તમને એ ખબર નથી કે, અમારે આ ઉપાલંભ શહેર વાળાઓને કારણે જ સાંભળવો પડે છે. જ્યાં રોગીઓ વધારે હોય છે ત્યાં જ ડૉક્ટરોને વધારે વાર જવું પડે છે ! આ જ પ્રમાણે અમારે પણ નગરોમાં વધારે આવવાનું થાય છે. કારણ કે, નગરોમાં જેટલો વિકાર ઘર ઘાલી બેઠો છે તેટલો વિકાર ગામડાઓમાં નથી. શહેરો જેટલી ગામડાંઓની ખરાબી નથી. આ જ કારણે અમારે પણ નગરોમાં વધારે આવવાનું થાય છે. હું તમને આજે જ નગર છોડી દેવાનું કહેતો નથી પણ એટલું તો અવશ્ય કહું છું કે, તમે પણ જીવન સુધારાનું ખાસ ધ્યાન રાખો. મને દયા, પૌષધ વગેરે પ્રિય છે, છતાં એ વિષે બહુ ભાર નહિ આપતાં શરીર અને આત્માના કલ્યાણની વાતો ઉપર એટલા માટે વિશેષ ભાર મૂકું છું કે, શરીરને સ્વસ્થ અને સારું રાખવાથી જ ધર્મકાર્યો પણ સારી રીતે થઈ શકે છે. એટલા માટે તમે પ્રત્યેક વસ્તુની લાભ-હાનિને વિવેકદૃષ્ટિએ જુઓ અને હાનિકારક વસ્તુનો ત્યાગ કરી લાભદાયક વસ્તુને જીવનમાં ઉતારો. ધર્મને પવિત્ર રાખવા માટે જ હું જીવનને પવિત્ર અને સ્વસ્થ રાખવાની વાત ઉપર ખાસ ભાર મૂકું છું.

જીવનનો સુધાર કેવી રીતે થઈ શકે એ વાત હવે હું સુદર્શનની કથાદ્વારા કહું છું:—

## સુદર્શન—ચરિત્ર—૭

**એક દિન જંગલમેં મુનિ દેખે, તન મન ઉપજ્યો પ્યાર ।**
**ખડા સામને ધ્યાન મુનિ મેં, વિસર ગયા સંસાર. ॥ ધન૦ ॥૭॥**
**ગગન ગયે મુનિરાજ મંત્ર પઢ, બાલક ઘરકો આયા ।**
**શેઠ પૂછતે મુનિ દર્શનકે, સભી હાલ સુનાયા. ॥ ધન૦ ॥ ૮ ॥**

સુભગ બાળક ગાયો ચરાવવા માટે હમેશાં જંગલમાં જતો હતો અને પ્રકૃતિની રચનાદ્વારા નવું નવું જ્ઞાન પણ મેળવતો હતો.

તમે એમ કહેશો કે, જ્ઞાન તો હાઈસ્કૂલ કે કૉલેજમાં પુસ્તકો વાંચવાથી મળી શકે પણ જંગલમાંથી જ્ઞાન કેવી રીતે મળી શકે ? તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પ્રકૃતિની પાઠશાળામાંથી જે સંસ્કારી જ્ઞાન મળે છે તે કૉલેજ કે હાઈસ્કૂલમાંથી મળવું મુશ્કેલ છે ! જે મહાપુરુષો જંગલમાં જઈને રહે છે તેઓ પ્રકૃતિ પાસેથી કેવી રીતે શિક્ષા મેળવે છે એ વાતને પૂર્ણરૂપે કહેવાનો અત્યારે અવકાશ નથી પણ અત્યારે એ વિષે એક જ વાત કહી પ્રકૃતિની બધી વસ્તુઓ કેવી શિક્ષા આપનારી હોય છે એ સમજાવું છું:—

જંગલમાં ઝર્-ઝર્ અવાજ કરતા વહેતા ઝરણાને જોઈ મહાપુરુષો શું વિચારે છે તે જુઓ. તેઓ ઝરણાનો 'ઝર્-ઝર્' અવાજ સાંભળી એવો વિચાર કરે છે કે, "જ્યારે હું આ ઝરણાની પાસે આવ્યો ન હતો, ત્યારે પણ આ ઝરણું 'ઝર્-ઝર્' અવાજ કરતું હતું. અત્યારે હું આવ્યો છું ત્યારે પણ એવો જ અવાજ કરે છે અને હું અહીંથી ચાલ્યો જઈશ ત્યારે પણ એવો અવાજ કરતું રહેશે ! ભલે કોઈ રાજા આવે કે ગરીબ આવે અથવા કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે તોપણ આ ઝરણું એ કારણે પોતાના ઝર્-ઝર્ અવાજમાં વધારો-ઘટાડો કરતું નથી અને પોતાનો અવાજ બદલતું નથી. જે પ્રમાણે આ ઝરણું એ પોતાનો ધર્મ બદલતું નથી તે જ પ્રમાણે હું પણ મારો ધર્મ બદલું નહિ તો મારું જીવન જ સાર્થક થઈ જાય ! પણ હું તો વેશ્યા જેવું આચરણ કરું છું. જેમ વેશ્યા ગરીબને જોઈ તેને ધુત્કારે છે અને રાજાને જોઈ તેનું સન્માન કરે છે તે જ પ્રમાણે હું પણ કરું છું. પણ આ ઝરણામાં એવો રાગદ્વેષ નથી. જે પુરુષમાં ઝરણાનો આ ગુણ છે તે વાસ્તવમાં મહાપુરુષ છે !

"આ ગુણ સિવાય ઝરણામાં એક ધારાએ વહેવાનો બીજો ગુણ છે. આ ઝરણું જે ધારાએ વહે છે તે જ ધારાએ વહેતું રહે છે. જ્યારે મારા જીવનની ધારા વહેતી જોઉં છું તો થોડી થોડી વારમાં મારી ધારા બદલતી જ રહે છે. આજે મારી જીવનધારા આ બાજુ વહે છે તો કાલે બીજી બાજુ. આ પ્રમાણે મારી જીવનધારા એક સરખી વહેતી નથી. ધન્ય છે આ ઝરણાને કે તે હમેશાં એક સરખી ધારાએ જ વહેતું રહે છે.

"આ ઝરણામાં ત્રીજો પણ ગુણ છે, જે મારા માટે ખાસ અપનાવવા યોગ્ય છે. આ ઝરણું પોતાનું બધું પાણી કોઈ મોટી નદીને સોંપી દે છે અને તેની સાથે મળી જઈ સમુદ્રમાં લય થઈ જાય છે અને ત્યાં પોતાનું નામ શેષ પણ રાખતું નથી. એ જ પ્રમાણે હું પણ કોઈ મહાપુરુષની સંગતિ કરી પરમાત્મામાં લીન થઈ જાઉં તો પછી મારે જોઈએ જ શું ?"

આ એક ઝરણા પાસેથી મહાપુરુષો પ્રાકૃતિક શિક્ષા મેળવે છે તો પછી બીજી પ્રાકૃતિક રચનાઓમાંથી કેટલો બધો તેઓ બોધપાઠ મેળવતા હશે ! પ્રકૃતિની પ્રત્યેક રચનામાંથી માહપુરુષો કોઈને કોઈ પ્રાકૃતિક શિક્ષા મેળવ્યા જ કરે છે.

સુભગ જંગલમાં જઈ પ્રકૃતિની પાઠશાળામાંથી પ્રાકૃતિક શિક્ષા લેતો. જો કે તે આજના લોકોની માફક લખવું, વાંચવું, ગાવું-બજાવવું વગેરે સાંસારિક વિષયોથી અજ્ઞાત હતો, પણ પ્રાકૃતિક રચનાનો તે બહુ રસિક હતો; એટલા માટે તે પ્રકૃતિનાં સુંદર દશ્યો જોઈ આનંદ પામતો હતો. જે પ્રકૃતિના ખોળે બેસે છે, પ્રકૃતિ તેને જરૂર સહાયતા આપે છે ! તમે એમ સમજતા હશો કે, આ મૂંગી પ્રકૃતિ સહાયતા શું કરતી હશે ! પણ આ માન્યતા ખોટી છે. પ્રકૃતિ પણ મૂંગી મૂંગી સહાયતા આપ્યા જ કરે છે. ઘણીવાર ઘેર શું ભોજન બન્યું હશે તેની તમને પહેલેથી ખબર હોતી નથી પણ તૈયાર થએલું ભોજન તમારી સામે આવે છે ત્યારે જો તમારી ઇચ્છાનુસાર ભોજન બન્યું હોય તો એમ સમજશો કે, તેમાં પ્રકૃતિનો પણ હાથ છે ! શાસ્ત્રકારો કહે છે કે, પુણ્યના યોગે જ ઇષ્ટ ગંધ, ઇષ્ટ રૂપ, ઇષ્ટ રસ વગેરે મળે છે. આ પ્રમાણે પ્રકૃતિ પણ ન જાણવા છતાં છૂપીરીતે કામ કર્યા જ કરે છે. તમારો વિવાહ થયો હશે. તમને સારી સ્ત્રી મળી કે ખરાબ, પણ તે મળવામાં તમારા પુણ્યપાપનો પ્રભાવ છે કે નહિ ! તમને જો ખરાબ સ્ત્રી મળી છે, તો તેને સારી બનાવવી એ તો તમારું કર્તવ્ય જ છે, પરન્તુ સારી કે ખરાબ સ્ત્રી મળવામાં તમારા પુણ્ય-પાપનો પ્રભાવ પડે છે એ તો માનવું પડશે.

સુભગ પ્રકૃતિની રચના ઉપરથી બોધપાઠ લેતો હતો. તેને પ્રકૃતિ શું સહાયતા આપતી હતી એ તો કહી શકાય એમ નથી પણ આગળ જતાં તેણે જે કાર્યો કર્યાં છે તે ઉપરથી એમ તો કહી શકાય છે કે, તેણે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું હતું અને એ જ કારણે તેને જંગલમાં એક મહાત્માનો ભેટો થયો હતો.

તમે લોકો સત્તા કે પૈસાના બળે કોઈ વેશ્યાને તમારે ત્યાં બોલાવી શકો છો પણ કોયલને શું પૈસાના બળે બોલાવી શકો છો ? આ પ્રમાણે કોઈ બીજાને ગમે તે કારણે બોલાવી શકો છો, પરંતુ મહાત્મા લોકો તો સ્વેચ્છાએ જ આવે છે, કોઈના બોલાવ્યા આવતા નથી.

તે જ વનમાં એક તપોધની મહાત્મા હતા, જેઓ એક વૃક્ષની નીચે ધ્યાનસ્થ બેઠા હતા. તે મહાત્મા કેવા હતા, એના માટે એક કવિ કહે છે કેઃ—

**"જ્ઞાનકે ઉજાગર સહજ સુખસાગર, સુગુન રતનાગાર વિરાગ રસ ભરયો હૈ ।**
**શરણકી ભીતિ હરે મરણકો ન ભય કરે, કરન સૌં પીઠિ દે ચરન અનુસરયો હૈ ।**
**ધર્મકો મંડન કરે ભર્મકો વિહંડન કરે, પરમ નરમ હોકે કર્મસે લરયો હૈ ।**
**ઐસે મુનિરાજ ભુવિ લોકમેં બિરાજમાન,નિરખિ બનારસી નમસ્કાર કરયો હૈ ।।"**

કવિ કહે છે કે, મહાત્માઓ જ્ઞાનનો ઉદ્યોત કરે છે, શાસ્ત્રને સુશાસ્ત્ર બનાવે છે અને જગતને તીર્થ બનાવે છે. તેઓ સહજ સુખી છે અર્થાત્ કોઈનું સુખ લઇને સુખી બન્યા નથી પણ કુદરતી રીતે જ સુખી છે. તેમના સુખને ઇન્દ્ર પણ છીનવી શકતા નથી.

તમે કહેશો કે, ખાનપાન તથા મોજશોખ માણવામાં સુખ હોય છે, પણ સહજ

સુખ એટલે સ્વાભાવિક સુખ, જેમાં દુઃખનો અંશ પણ ન હોય ! એવું સુખ તમારામાં પણ છે પણ તમે એને ભૂલી ગયા છો ! માનો કે, એક માણસ પાસે ખાનપાન તથા મોજમઝા માણવાનાં બધાં સુખસાધનો છે, પણ કોઈ બીજો માણસ આવીને તેને કહે કે, 'તમે કાલે મરી જશો !' તો શું તે વખતે તે સુખસાધનો તેને સુખકારક લાગશે ! તે તો એમ જ કહેશે કે, 'આ સુખસાધનોમાં સાચું સુખ નથી.' જો સુખસાધનોમાં સુખ હતું તો કયાં ગયું ? સાધારણ માણસો મરણના ભય આગળ સંસારની કોઇપણ ચીજમાં સુખ માનતા નથી પણ દુઃખ જ માને છે; પણ મહાત્માઓને તમે હમણાં મરી જશો ! એમ કોઈ કહે તો તેઓ તો એમ જ કહેશે કે એમાં શું ! એ તો આનંદની વાત છે !

'મરનેસે જગ ડરત હૈ, મો મન બડો આનન્દ ।
કબ મરિહોં કબ ભેટિહોં, પૂરણ પરમાનન્દ ॥'

આ પ્રમાણે મહાત્માઓ સહજ સુખી છે. વાસ્તવમાં ઇન્દ્રિયોનાં વિષયવિકારમાં સુખ નથી. સાચું સુખ તો તે છે કે, જે સહજ-વાસ્તવિક હોય અને જે સુખને કોઈ છીનવી શકતું ન હોય !

મહાત્માઓ ગુણના ભંડારરૂપ અને વૈરાગ્યના સાગરરૂપ હોય છે. જે સાચા વૈરાગ્યવાન હોય છે તેઓ કોઇના શરણે જતા નથી તેમ કોઇથી ડરતા નથી. તેઓ તો ઇન્દ્રિયોના વિષયને જીતી ચારિત્રને અપનાવે છે. તેઓ જ્યાં જાય છે ત્યાં ધર્મનું મંડન જ થાય છે. ભલે તેઓ બોલે કે ન બોલે પરન્તુ ધ્યાનમાં મસ્ત ઉભા રહેવા માત્રથી પણ ધર્મનું મંડન જ થાય છે ! તેઓ મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરી સમ્યક્ત્વનો પ્રકાશ ફેલાવે છે. તેઓ હંમેશાં દુષ્કર્મોની સાથે યુદ્ધ જ કર્યા કરે છે.

જે પ્રમાણે કુતરાઓ જે ઘરમાં હળી જાય છે ત્યાં વારંવાર આવે છે તે જ પ્રમાણે કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે વિકારરૂપી કુતરાઓ જેમની સાથે હળી જાય છે તેમને ત્યાં વારંવાર આવ્યા કરે છે. પણ મહાત્માઓ એ વિકાર-કુતરાઓને હાંકી કાઢે છે અને કહે છે કે, 'મારામાં હવે સદ્ભાવ આવ્યો છે એટલે તને હવે મારે ત્યાં આવવા નહિ દઉં.' તે મહાત્માઓ નમ્ર થઈને કર્મનો નાશ કરે છે. વાસ્તવમાં કર્મનો નાશ નમ્ર થવાથી જ થઇ શકે છે, બીજી રીતે નહિ. આવા તપોધની મહામુનિ એક વૃક્ષની નીચે ધ્યાનસ્થ બેઠા હતા, ત્યાં સુભગ પણ આવ્યો.

જિનદાસ અને અર્હદ્દાસીને પુત્ર જોઈતો હતો અને ગૃહસ્થને ધન, સ્ત્રી, પુત્ર વગેરેની આવશ્યકતા પણ હોય જ છે, છતાં જિનદાસ અને અર્હદ્દાસીએ એ ઇચ્છાને પૂરી કરવા માટે ધર્મનો ત્યાગ કરી બીજાનું શરણ ન લેતાં, ધર્મનું જ શરણ લીધું.

સુભગ, તે મહાત્માને જોઈ પ્રસન્ન થયો અને વિચારવા લાગ્યો કે, આ મારા ગુરુ છે. જ્યારે હું શેઠની સાથે ગુરુની પાસે જતો હતો ત્યારે શેઠ કહેતા હતા કે, 'આ મારા ગુરુ છે.' પણ અહીં શેઠ નથી એટલે આ તો મારા જ ગુરુ છે; આ પ્રમાણે વિચાર કરી સુભગે તે મહાત્માને નમસ્કાર કર્યા.

આજના કેટલાક લોકો મહાત્માઓને નમસ્કાર કરવામાં સંકોચ પામે છે પણ કોઈ અમલદાર કે સાહેબને જુએ છે તો નીચા નમીને નમન કરે છે! અને કહે છે કે, 'જો તેમને નમસ્કાર ન કરીએ તો સાહેબ નારાજ થઈ જાય-અને અમારી અસભ્યતા પણ દેખાય !' આ પ્રમાણે પૈસાના ગુલામ બનેલા લોકો ત્યાં તો સભ્યતાનો વિચાર કરે છે પણ મહાત્માઓની પાસે સભ્યતાપૂર્વક જઈ નમસ્કાર કરવાનો વિચાર સરખો પણ કરતા નથી. આનું કારણ એ છે કે મહાત્માઓને વંદન કરવાથી શું લાભ થાય છે તે તેઓ જાણતા નથી !

મહાત્માને વંદન કરી, સુખશાતા પૂછી સુભગ તેમની સામે નજર માંડી ધ્યાનમાં ઉભો રહ્યો. તે ધ્યાનમાં એવો લીન થઈ ગયો કે, "પોતે કયાં છે અને તેની ગાયો કયાં છે" તેનું ભાન જ ભૂલી ગયો! તેના આ ધ્યાનના પ્રતાપથી શું થયું તે વિષે યથાવસરે આગળ કહેવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૧૩ ગુરુવાર

### પ્રાર્થના

**શ્રી જિન અજિત નમૂં જયકારી, તું દેવનકો દેવજી; ।**
**'જિતશત્રુ' રાજા ને 'વિજયા' રાણીકો, આતમજાત ત્વમેવજી;**
**શ્રી જિન અજિત નમો જયકારી. ॥ ૧ ॥**

શ્રી અજિતનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્ત લોકો ભગવાનની પ્રાર્થના અનન્ય ભક્તિપૂર્વક કરે છે. જેમની પ્રાર્થના કરવામાં આવે તેમને સર્વોત્કૃષ્ટ માનવા, તેમના ગુણો ઉપર મુગ્ધ થઈ જવું અને જે તેમની નિંદા કરતા હોય તેમના પ્રતિ ઉદાસીન રહેવું એનું નામ અનન્ય ભક્તિ છે. જે નિંદા કરતા હોય તેમના ઉપર ક્રોધ પણ ન કરવો અને તેમની સાથે સંબંધ જ ન રાખવો એ અનન્ય ભક્તનું લક્ષણ છે. આ પ્રાર્થનામાં ભક્ત પોતાની અનન્ય ભક્તિ બતાવતાં કહે છે કે:—

શ્રી જિન અજિત નમૂં જયકારી, તૂ દેવનકો દેવજી ।
પૂજે દેવ અનેરા જગમેં તે મુઝ દાય ન આવેજી ।
તહ મને તહ ચિત્તે હમને, તૂ હીજ અધિક સુહાવેજી ॥ શ્રી૦ ॥

આ પ્રાર્થના ઉપર વિચાર કરવામાં આવે તો અનન્ય ભક્તિ અને પ્રાર્થનાનો મર્મ સમજમાં આવી જાય. આ વિષે વિસ્તારથી સમજાવવાનો અત્યારે સમય નથી છતાં તે વિષે થોડામાં કહું છું:—

પ્રાર્થના કરનારા ભક્તો કહે છે કે, 'હે! પ્રભો! મને તો તું જ પસંદ છે. બીજો કોઈ દેવ પસંદ નથી!' આ કથન ઉપરથી એવો પ્રશ્ન થાય છે કે, બીજા દેવો ભક્તને શા માટે પસંદ નથી! શું બીજા દેવોમાં શક્તિસામર્થ્ય નથી! બીજા દેવો પાસેથી તો સાંસારિક વસ્તુઓની સહાયતા પણ મળે છે જ્યારે ભગવાન અજિતનાથ વીતરાગ હોવાથી તેમની પાસેથી એવી સહાયતા પણ મળતી નથી; છતાં ભક્તને બીજા દેવો શા માટે પસંદ નથી અને ભગવાન અજિતનાથ કેમ પસંદ છે!

આ પ્રશ્નનો ઉત્તર કોઇ પતિવ્રતા સ્ત્રીને પૂછો તો તમને જણાશે કે, પોતાના પતિ સિવાય અન્ય પાસેથી સાંસારિક કામોની સહાયતા મળવા છતાં અન્ય તેને પસંદ કેમ નથી અને ભગવાન અજિતનાથ પાસેથી સાંસારિક વસ્તુની કાંઈ સહાયતા ન મળવા છતાં તેઓ શા માટે પસંદ છે?

રાવણને ત્યાં સાંસારિક સુખનાં સાધનોમાં કાંઈ ખામી ન હતી. તેની લંકા નગરી જ સોનાની હતી એવું કહેવામાં આવે છે તો પછી બીજાં પદાર્થોની ખામી શું હોય! બીજી બાજુ રામચંદ્રજીને જુઓ તો તેઓ વનમાં રહેતા હતા, વનફળ ખાતા હતા, વલ્કલ વસ્ત્ર પહેરતા હતા અને જમીન ઉપર સુતા હતા. આમ હોવા છતાં સીતા રામને પસંદ કરશે કે રાવણને? રાવણની પાસે સાંસારિક સુખનાં વિપુલ સાધનો હોવા છતાં તેને પસંદ ન કરતાં સીતા રામચંદ્રજીને જ પસંદ કરશે. આ જ પ્રમાણે તમે પણ વિચાર કરો. આજના લોકોને સાંસારિક પદાર્થો પ્રિય લાગે છે અને તેથી જ તેઓને આવો પ્રશ્ન થાય છે! જો જો સાંસારિક પદાર્થો સાથે પ્રેમ ન હોય તો પરમાત્માની સાથે અનન્ય પ્રેમસંબંધ જોડાય અને આવો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય નહિ. સીતાને રાવણની સાથે કાંઈ દ્વેષભાવ ન હતો પણ રાવણ રામની સાથેનો પ્રેમસંબંધ તોડાવી પોતાની સાથે પ્રેમસંબંધ જોડાવવા ચાહતો હતો અને તે કારણે જ સીતા રાવણથી નારાજ થઈ હતી! આ જ પ્રમાણે બીજા જે દેવો પરમાત્માની સાથેનો પ્રેમસંબંધ તોડાવવા ચાહે છે તે દેવોને માટે જ ભકતોએ એમ કહ્યું છે કે:—

'દૂજા દેવ અનેરા જગમેં તે મુઝ દાય ન આવેજી।'

સીતા કહેતી હતી કે, મને તે વ્યક્તિ પ્રિય નથી, જે રામની સાથેનો મારો પ્રેમ સંબંધ તોડવા ચાહે છે! પણ જે રામની સાથેનો મારો પ્રેમસંબંધ વધારે મજબૂત કરે છે તે મને પ્રિય છે. આ દૃષ્ટિએ જટાયુ પક્ષી અને હનુમાન સીતાના પ્રેમપાત્ર બન્યાં હતાં; આ જ પ્રમાણે ભકતોને બીજા દેવોની સાથે દ્વેષભાવ ન હતો પણ જે દેવો પરમાત્મા સાથેના પ્રેમભાવને તોડે છે, તે દેવોને ભક્તો ચાહતા નથી. જો સીતા સંસારવ્યવહારનાં પદાર્થોને જ ચાહતી હોત તો રામની સાથે પ્રેમસંબંધ ટકી ન શકત; પણ સીતા તો રામને ચાહતી હતી, સાંસારિક પદાર્થોને નહિ! આ જ પ્રમાણે ભકતો સાંસારિક પદાર્થોને ચાહતા નથી તેમ તે જ માટે પરમાત્માની ભક્તિ કરતા નથી; એટલા માટે બીજા દેવો પાસેથી સાંસારિક પદાર્થોની સહાયતા મળવા છતાં પણ ભકત લોકો એ દેવોને પસંદ કરતા નથી. તમે પણ એ જ પ્રમાણે સાંસારિક પદર્થોનો મોહ છોડી પરમાત્માની ભક્તિ કરો તો જ પરમાત્માની અનન્ય ભકિત કરી શકશો.

શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરમપાખંડ પ્રશંસા અને પરપાખંડ સંસ્તવ એ અતિચારો એટલા માટે બતાવવામાં આવ્યાં છે કે તમે કયાંય સાંસારિક પદાર્થોના મોહમાં ફસાઈ જઈ બીજા દેવોને માની તમારી અનન્ય ભક્તિને દૂષિત ન કરો! પહેલાં જે આદર્શ શ્રાવકો થઈ ગયા છે તેમનું ચરિત્ર જો તમે તમારા હૃદયમાં ધારણ કરો તો તમે પણ આગળ વધી, પરમાત્માની અનન્ય ભક્તિ કરી શકશો! એ વાત જુદી છે કે, તમે આજે તેમના જેવા બની ન શકો પણ પ્રયત્ન ચાલુ રાખશો તો કોઈ દિવસ એ પ્રયત્ન સફળ નીવડશે. ચિત્રકાર, ચિત્ર કાઢતાં શીખવા માટે પોતાની સામે આદર્શ ચિત્ર રાખે છે, તેને જોઈને તે એકદમ તેવું જ ચિત્ર બનાવી શકતો નથી; તોપણ તે પોતાનો પ્રયત્ન તો ચાલુ જ રાખે છે, જે આગળ જતાં સફળ નીવડે છે. આ જ પ્રમાણે તમે પણ તે શ્રાવકોનો આદર્શ તમારી સમક્ષ રાખશો અને તે પ્રમાણે પ્રયત્ન કરશો તો તમે પણ ક્રમશઃ આગળ વધી શકશો.

આનંદ શ્રાવકના વિષે એક એવો પ્રશ્ન ઉભો થાય છે કે, જ્યારે તેણે સંપત્તિ વધારવા વગેરેનો ત્યાગ જ કર્યો હતો તો પછી તેણે નિવૃત્તિ જ કેમ ન લીધી? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, આજે તો થોડી ઘણી સંપત્તિ હોવા છતાં જીવનને આગળ વધારવું મુશ્કેલ થઈ પડયું છે! પણ આનંદ શ્રાવક તો બાર કરોડ સોનામહોરોનો ધણી હતો. ભગવાન પણ એ જાણતા હતા કે, આનંદ શ્રાવક, વાણિયા ગામનો મેઢીભૂત, પ્રમાણભૂત, આધારભૂત અને આલંબનભૂત છે, એટલા માટે તેને કેવો ઉપદેશ આપવો એ વિષે ભગવાને પણ વિચાર્યું હતું. ભગવાને તેને એમ ન કહ્યું કે, નિવૃત્તિ માટે તું કુટુમ્બનો મોહ છોડી દે. કુટુંબનો મોહ છૂટયા પહેલાં જ એકદમ તેને વૈરાગ્યની શિક્ષા આપી નિવૃત્ત બનાવવાથી સંભવ છે કે તે કયાંયનો રહેત નહિ! એટલા જ માટે તેણે એકદમ વૈરાગ્ય ધારણ ન કરતાં બાર વ્રતો અંગીકાર કર્યાં અને ભગવાને પણ તેને એકદમ વૈરાગ્યનો ઉપદેશ ન આપતાં બાર વ્રતોને અંગીકાર કરવાનો ઉપદેશ આપ્યો.

આનંદ શ્રાવકને ત્યાં ચાર કરોડનો વેપાર ચાલતો હતો. તેના આ વેપારદ્વારા અનેક લોકોની રોજી ચાલતી હતી! જો તે વેપાર બંધ કરી દેત તો અનેક લોકોની રોજી બંધ થઈ જાત! એટલા જ માટે તેણે મધ્યમ માર્ગ લીધો, અર્થાત્ તેણે એવો માર્ગ લીધો હશે કે, કોઈની સાથે વિશ્વાસઘાત ન કરવો તેમજ વધારે નફો લઈને પુંજીને વધારવી નહિ. આનંદ શ્રાવકે આવો મધ્યમ માર્ગ લીધો હશે એ હું મારી બુદ્ધિએ કહું છું.

આનંદ શ્રાવકને ઘેર ચાલીશ હજાર ગાયો હતી. તે શ્રાવક હતો એટલે ગાયોને કેવી રીતે પાળતો હશે અને તેનો કેવી રીતે સુધાર કરતો હશે એ સહેજે સમજી શકાય એવી વાત છે. ભારતમાં તો અત્યારે ગાયોને પાળવાનો ધંધો હલકો માનવામાં આવે છે પણ અમેરિકા વિષે એવું સાંભળવામાં આવે છે કે, ત્યાંના દુગ્ધાલયોમાં (ડેરીઓ)માં ગાયોને પાળી તેમનો બહુ સુધાર કરવામાં આવ્યો છે! આ સુધારનું સુપરિણામ એવું આવ્યું સાંભળ્યું છે કે, ત્યાં એક ગાય ૧૬૦ રતલ જેટલું દૂધ આપે છે અને એક સાંઢની કીંમત સાડાચાર લાખ રૂપિઆ જેટલી આંકવામાં આવે છે. તે લોકોએ ગાયોનો કેટલો સુધાર કર્યો હશે! તે ગાયોનાં શરીર કેવાં સ્વસ્થ હશે! એ એક વિચારવા જેવી વાત છે.

આજે ધર્મનો અર્થ બહુ જ સંકુચિત કરી નાંખવામાં આવ્યો છે અને એ સંકુચિતતા શ્રાવકોના બાર વ્રતોમાં પણ ઘુસેડી દેવામાં આવી છે! પણ જો વ્રતોમાં એવી સંકુચિતતા હોત તો મોટા મોટા રાજા–મહારાજાઓ બાર વ્રતોનો સ્વીકાર કરી ન શકત, તેમ તેનું પાલન પણ કરી ન શકત. આજે ધર્મમાં જે સંકુચિતતા આવી ગઈ છે તેથી ધર્મની હાનિ જ થવા પામી છે.

આનંદ શ્રાવકને ત્યાં ચાલીશ હજાર ગાયો હતી. તેને ત્યાં ગાયો વધારવાનું કારણ મને તો એ જણાય છે કે, તે જ્યાં સહાયતા દેવાની જરૂર જણાતી ત્યાં પૈસા ન આપતાં, ગાયો જ આપતો હશે. પૈસા દેવાથી તો આળસ વધે છે પણ ગાય આપવાથી તેને ગાયને માટે આળસ છોડી ઉદ્યોગ કરવો પડે છે. આ પ્રમાણે બીજા લોકોને પણ સુખી બનાવવાના ઉદ્દેશથી તેણે પૈસા આપવાને બદલે ગાય આપવાનો માર્ગ પકડ્યો હશે! આગળ જતાં આનંદે કુટુંબની મમતાનો પણ ત્યાગ કર્યો છે પણ જ્યાંસુધી કુટુંબની મમતા છૂટી નથી ત્યાંસુધી કેવળ બીજા જીવોની મમતા કે કરુણાનો ત્યાગ કરવો એ અનુચિત છે! જ્યારે કુટુંબની પણ મમતા છોડી દેવામાં આવે ત્યારે બધા ઉપરથી મમતા ઉતારી દેવી ઠીક છે પણ જ્યાંસુધી કુટુંબની મમતા છોડી શકાઈ ન હોય તે પહેલાં બીજા જીવોની મમતા અને કરુણા છોડી દેવી, એ ઠીક નથી.

નિવૃત્તિ ક્રમશઃ કરવી જોઈએ. પૂર્વ ભૂમિકા તૈયાર કર્યા વિના લેવામાં આવતી નિવૃત્તિ સાર્થક નીવડતી નથી. નિવૃત્તિ કેવી હોય એ જ વાત હું મહાનિર્ગ્રન્થના ચરિત્રદ્વારા બતાવું છું.

## અનાથી મુનિનો અધિકાર—૮

કાલે મંડિકુક્ષ બાગ નંદનવનની સમાન ફળફૂલોથી સુશોભિત હતો એ કહેવામાં આવ્યું છે.

દેવોનું વર્ણન કરવામાં નંદનવનને ભલે મોટું માનવામાં આવતું હોય પણ અમુક દૃષ્ટિએ જોઈએ તો તે નંદનવન મંડિકુક્ષ બાગથી નાનું જ કહી શકાય. મંડિકુક્ષ બાગના જેવું નંદનવન હોઈ શકે નહિ! તમે કહેશો કે, નંદનવન મંડિકુક્ષ બાગની સમાન કેમ ન હોઈ શકે? આ પ્રશ્નનો ઉત્તર એક કલ્પનાચિત્રદ્વારા આપું છું. કલ્પના કરો કે, એક રાજાનો મહેલ છે. તેમાં સંગેમરમરની લાદી પાથરવામાં આવી છે. ચારેય બાજુ ચિત્રોદ્વારા સુંદર શણગાર કરવામાં આવ્યો છે અને તે સિવાય અનેક પ્રકારનાં સુખસાધનો ત્યાં તૈયાર રાખવામાં આવ્યાં છે.

બીજી બાજુ એક નાનકડું ખેતર છે. એ ખેતરમાં કાળી માટી છે. જળભર્યો નાનકડો કુવો છે અને એ ખેતરમાં નાનાં નાનાં છોડવાંઓ ઊગેલાં છે.

આ બેમાં તમે કોને પસંદ કરશો? મહેલને કે ખેતરને? કોઈ માણસને એ મહેલમાં રહેવા દેવામાં આવે અને તેની સાથે એવી શરત કરવામાં આવે કે, ખેતરમાં પેદા થએલી કોઈ ચીજ એ મહેલમાં આપવામાં આવશે નહિ તો શું તેને મહેલમાં રહેવું પસંદ પડશે? અને જો કોઈ માણસને એમ કહેવામાં આવે કે, તને ખેતરમાં પેદા થએલી બધી ચીજો ખાવા માટે આપવામાં આવશે પણ રહેવા માટે તો એક નાનકડું ઝુંપડું જ મળશે!

તો તે માણુસ ઝુંપડામાં રહેવાનું પસંદ કરશે કે મહેલમાં રહેવાનું ? આ પ્રશ્નનો ઉત્તર સ્પષ્ટ છે કે, તે માણુસ ખેતરમાં જ રહેવાનું પસંદ કરશે. કારણ કે, મહેલ ગમે તેવો મોટો હોય કે સારો હોય પણ તેમાં શરીરને ટકાવવાનાં સાધનો પેદા થઈ શકતાં નથી; અને ખેતર ગમે તેવું નાનું કે ખરાબ હોય પણ તેમાં શરીરરક્ષાનાં સાધનો પેદા થઇ શકે છે. આમ જાણવા છતાં કોઈ ખેતરમાં ન રહેતાં-મહેલમાં જ રહેવાનું પસંદ કરે તો તે તેનો વ્યામોહ જ ગણાશે.

આ જ વાત નંદનવન અને મંડિકુક્ષ બાગ વિષે સમજો. નંદનવનની માફક મંડિકુક્ષ બાગમાં જો કે બહારની શોભા નહિ હોય તો પણ તે બન્નેમાં મહેલ અને ખેતરના જેવું અંતર રહેલું છે! નંદનવનમાં જે શોભા છે તે દેવોના રમણ માટે જ છે. ત્યાં સુગંધી સારાં ફળ કે ફૂલ નથી, પણ મંડિકુક્ષ બાગમાં તો અનેક પ્રકારનાં ફળફૂલ છે એમ કહેવામાં આવે છે! નંદનવન વિષે કહેવાય છે કે, ત્યાં જે કાંઈ છે તે બધું રત્નોનું બનેલું છે. એટલા માટે ત્યાંના પક્ષીઓને મંડિકુક્ષ બાગમાં જેવું પોષણ મળી શકે તેવું પોષણ મળી શકે નહિ. મંડિકુક્ષ બાગમાં અનેક પ્રકારનાં પક્ષીઓ કલ્લોલ કરતાં હતાં એમ કહેવામાં આવે છે. જ્યાં પક્ષીઓને આનંદ મળતો હોય ત્યાં મનુષ્યોને શું આનંદ મળતો નહિ હોય! જ્યાં પક્ષીઓને ફળાદિ ખાવાનો આનંદ મળે છે ત્યાં મનુષ્યોને આનંદ મળતો હોય એમાં શું આશ્ચર્ય ! જે ફળને પક્ષી પસંદ કરતું નથી તે ફળને શું તમે પસંદ કરશો ? આકડાના ફળને વાંદરા કે પક્ષીઓ ખાતાં નથી તે જ પ્રમાણે મનુષ્યો પણ ખાતા નથી. આ પ્રમાણે ફળાદિની પરીક્ષા પ્રથમ પક્ષીઓ કરે છે. કહેવાનો આશય એ છે કે, જે ફળો પક્ષીઓને આનંદ આપતા હતા તે શું મનુષ્યોને આનંદ આપતા નહિ હોય !

બીજી એક વાત એ છે કે જે પશુ-પક્ષીઓ ફળ ખાય છે અર્થાત્ ફલાહારી છે, તેઓ માંસ ખાતા નથી; પણ મનુષ્ય કેવા છે કે તે ફળ પણ ખાય છે અને માંસ પણ ખાય છે. વાંદરાઓ ફળ તો ખાય છે, પણ માંસ ખાતા નથી. કબુતરો અનાજના દાણાં ચરે છે, પણ જીવ ખાઈ જતાં નથી. આ પ્રમાણે તેઓ ફળ ખાવાની મર્યાદાનું પણ પાલન કરે છે પણ મનુષ્યોએ તો ફળાહારની મર્યાદાનું ઉલ્લંઘન કરી નાંખ્યું છે! જ્યાં પશુ-પક્ષીઓને સહજ પોષણ મળી જાય છે ત્યાંના મનુષ્યો પણ સુખી થાય છે; અને જ્યાં પશુ-પક્ષીઓ દુઃખી રહે છે ત્યાં મનુષ્યો પણ દુઃખી રહે છે એવો કુદરતનો નિયમ છે.

મંડિકુક્ષ બાગમાંથી આ પ્રમાણે જીવોને ફળાહાર મળતો હતો પણ નંદનવનમાં એવું કાંઈ હતું નહિ. આ સિવાય મંડિકુક્ષ બાગમાં અનાથીમુનિ બિરાજતા હતા અને કદાચ ત્યાં ભગવાન મહાવીરના પણ ચાતુર્માસો થયાં હશે! પણ નંદનવનમાં સાધુઓ શું મળી શકે! આ પ્રમાણે નંદનવન કરતાં મંડિકુક્ષ બાગ અનેક દષ્ટિએ ચડે છે.

તમે લોકો સ્વર્ગનું વર્ણન સાંભળી લલચાઈ ન જાઓ ! હું તમને પૂછું છું કે, તમારું રાજકોટ મોટું છે કે સ્વર્ગ ? તમે કદાચ સ્વર્ગને મોટું કહેશો, પણ રાજકોટમાં જે ધર્મ-જાગૃતિ થઈ રહી છે તેવી જાગૃતિ સ્વર્ગમાં હોઈ શકે નહિ! ત્યાં મુનિઓ પણ મળી ન શકે. પણ રાજકોટમાં તો મુનિઓની પણ જમાવટ થઈ રહી છે અને આનંદ

મંગળ વર્તાઈ રહ્યો છે. આવી દશામાં સ્વર્ગને મોટું કેમ કહી શકાય? આ વિષયને સમજાવવા માટે એક ભક્તિનું ઉદાહરણ આપું છું:—

કહેવામાં આવે છે કે, એકવાર ગોપીઓની ભક્તિથી પ્રસન્ન થઈ ઇન્દ્રે તેમને સ્વર્ગમાં લાવવા માટે વિમાન મોકલ્યું અને કહેવડાવ્યું કે, " તમે નંદલાલની બહુ ભક્તિ કરી છે માટે ચાલો, તમને સ્વર્ગમાં રાખવામાં આવશે." આના ઉત્તરમાં ગોપિઓએ શું કહ્યું તે ભકતોની વાણીમાં જ કહું છું:—

" વ્રજ વ્હાલું મ્હારે વૈકુંઠ નથી જાવું ।
ત્યાં નંદનો લાલ ક્યાંથી લાવું ! ॥ વ્રજ૦ ॥ "

ગોપીઓએ કહ્યું કે, અમને સ્વર્ગની વાત ન કરો. અમને તો વ્રજ જ પ્રિય છે." આ સાંભળી વિમાન લાવનારાઓએ કહ્યું કે, "શું તમે બધા ગાંડા થઈ ગયા છો? એટલો તો વિચાર કરો કે, ક્યાં સ્વર્ગ અને ક્યાં આ વ્રજ? જો અહીં દુષ્કાળ પડે તો તણખલું પણ ન મળે, આ સિવાય અહીં સિંહ, વાઘ આદિનો ભય છે, અનેક પ્રકારનાં રોગો છે અને મરણનો ભય હમેશાં રહ્યા કરે છે; પણ સ્વર્ગમાં તો દરેક રીતે આનંદ જ છે! ત્યાં રત્નોનો મહેલ છે અને કેવળ ઇચ્છા કરવા માત્રથી જ પેટ ભરાઈ જાય છે. ભોજન કરવાની પણ જરૂર રહેતી નથી અને જીવન સુખપૂર્વક વ્યતીત થાય છે. આમ હોવા છતાં તમે સ્વર્ગમાં આવવા કેમ ચાહતી નથી અને વ્રજમાં રહેવાનું કેમ પસંદ કરો છો?" ગોપીઓએ જવાબ આપ્યો કે, "અમે કાંઈ ગાંડા થઈ ગયા નથી; પણ તમે જ ગાંડા થઈ ગયા હો એમ લાગે છે! એ તો કહો કે, તમે શા કારણે અમને વિમાન લઈ તેડવા આવ્યા છો? અમે નંદલાલની ભક્તિ કરી એટલા જ માટે સ્વર્ગમાં તેડી જવા તમે આવ્યા છો ને? હવે તમે જ વિચારો કે, જે ભક્તિને કારણે તમે સ્વર્ગમાં અમને લઈ જવા આવ્યા છો તે ભક્તિ સ્વર્ગ કરતાં કેટલી બધી ચડીયાતી છે! તો એ ભક્તિને છોડી અમે સ્વર્ગમાં શા માટે આવીએ! અમે અમારી ભક્તિનો વિક્રય કરવા ખુશી નથી. તમે સ્વર્ગને વ્રજથી ચડીયાતું માનો છો પણ જો એમ જ હોય તો નંદલાલનો જન્મ ત્યાં ન થતાં અહીં કેમ થયો?"

ગોપીઓનો ઉત્તર સાંભળી દેવો ચુપ થઈ ગયા અને કહેવા લાગ્યા કે, વાસ્તવમાં અમારું સ્વર્ગ વ્રજની આગળ કાંઈ વિસાતમાં નથી. તમારી શ્રદ્ધા અને ભક્તિને ધન્ય છે! અમારું શરીર તો રૂપરંગે સુંદર છે પણ શા કામનું? તમારા જેવી ભક્તિ આ શરીરમાં નથી!

તમે પણ સ્વર્ગને માનતા હો, તો શું ત્યાં શ્રાવક કે સાધુ મળી શકે ખરા! અને શું ત્યાં કોઈ તીર્થંકર થયા છે? આ બધી દૃષ્ટિએ વિચારો તો રાજકોટનું મહત્ત્વ કેટલું છે તે જણાશે! અહીં રહેતાં ધર્મની જેવી અને જેટલી સાધના તમો કરી શકો છો અને સમજી શકો છો તેવી અને તેટલી ધર્મની સાધના સ્વર્ગમાં તમે કરી શકો નહિ તેમ સમજી પણ શકો નહિ!

મુસલમાનોના હદીસોમાં કહ્યું છે કે, જ્યારે અલ્લાએ આ દુનિયાને બનાવી લીધી ત્યારે ફીરસ્તાઓને બોલાવી કહ્યું કે, 'તમે ઇન્સાનની પ્રાર્થના અને બંદગી કરો.' આ

આજ્ઞા પ્રમાણે બીજા ફીરસ્તાઓએ તો ઇન્સાનની બંદગી કરી પણ એક ફીરસ્તાએ આજ્ઞા માની નહિ અને તેણે અલ્લાને કહ્યું કે, "આપ એવી કેમ આજ્ઞા આપો છો! કયાં અમે ફીરસ્તા અને કયાં આ ઇન્સાન. અમે ફીરસ્તા થઈ ઇન્સાનની-બંદગી કેમ કરી શકીએ? ઇન્સાન 'ખાક'નો બનેલો છે અને અમે 'પાક' છીએ. તે નાપાક છે વગેરે." આ પ્રમાણે કહી તેણે અલ્લાનું કહ્યું ન માન્યું, એટલે અલ્લા મિયાંએ તેને ખૂબ ઠપકો આપ્યો.

આ ઉપરથી વિચારવા જેવી વાત એ છે કે, જ્યારે ફિરસ્તાઓ પણ ઇન્સાનની બંદગી કરે છે ત્યારે મોટું કોણ? ફિરસ્તા કે ઇન્સાન! આમ હોવા છતાં તમે સ્વર્ગની ઈચ્છા શા માટે કરો છો! આ રાજકોટ સ્વર્ગથી પણ ચડીયાતું છે અને અહીંની ભૂમિ જેવી આનંદ મંગળ આપનારી છે, તેવી સ્વર્ગની ભૂમિ નથી અને ધર્મની સાધના જેવી અહીં થઈ શકે છે તેવી ધર્મની સાધના સ્વર્ગમાં થઈ શકતી નથી, માટે નંદનવન કરતાં મંડિકુક્ષ બાગ ચડીયાતો છે એમ માનો. દેવો પણ મંડિકુક્ષ બાગની ઇચ્છા કરે છે અને તેઓ ત્યાં આવી ઉભા પણ રહે છે, પણ અહીંના જીવો ત્યાંની ઇચ્છા રાખતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

"न इहलोयट्ठयाए तव महट्ठिज्जा न परलोयट्ठयाए तव महट्ठिज्जा।"

આ પ્રમાણે ભક્ત લોકો સ્વર્ગની પણ ઇચ્છા કરતા નથી! તેઓ તો કહે છે કે, અમે સ્વર્ગની ઇચ્છા કરી અમારી ભક્તિનું વેચાણ કરવા ચાહતા નથી!

આજે અહીં રાજગૃહી નથી પણ રાજકોટ તો છે ને! નામરાશિની દૃષ્ટિએ તો બન્નેયમાં સામ્ય છે જ. અહીં અનાથી મુનિના જેવા મુનિવર નથી એટલી જ ખામી છે; અને તમે લોકો પણ શ્રેણિકના જેવા નથી; તેમ છતાં અહીં ધર્મનો રંગ કેવો જામ્યો છે! અનાથી મુનિ જેવા નહિ પણ સાધારણ સાધુ તો અહીં છે અને તપ, ત્યાગ પણ થાય છે. પણ સ્વર્ગમાં તો કોઈ સાધુ નથી અને તપ-ત્યાગ પણ ત્યાં થતા નથી. એટલા માટે રાજગૃહમાં અનાથી મુનિ અને શ્રેણિક રાજાનો જેવો સમાગમ આ રાજકોટમાં પણ થયો છે એમ માનો. આવો અવસર મળી ન શકે; સ્વર્ગને માટે તમારી ધર્મ-કરણીનો વિક્રય ન કરો!

તમે એમ કહો કે, અમે તો સંસારી છીએ એટલે બધી ચીજોની ઇચ્છા કરીએ તો હું જ્ઞાનીઓના વચનના આધારે તમને વિશ્વાસ આપું છું કે, કોઈ ચીજની ઇચ્છા ન રાખતાં નિષ્કામભાવે ધર્મકાર્ય કરો તો તમને હજારગણો લાભ થશે. ઇચ્છા કરવાથી લાભ થશે, એમ સમજવું એ ભૂલ છે.

તમારો વિવાહ તો થયો જ હશે! હવે જો તમારી સ્ત્રી તમને એમ કહે કે, હું તમારા માટે ભોજન બનાવું છું તો એનું મહેનતાણું મને શું આપશો? આમ કહેનાર તમારી સ્ત્રીને તમે શું કહેશો? એ જ કહેશો કે, તું કાંઈ મારે ત્યાં ભાડે આવી છો કે મહેનતાણું માંગે છે? તમે તમારી સ્ત્રીને તો આમ કહો છો અને ભગવાનની પાસે, "આ આપો, તે આપો" એવી માંગણી કરો છો, એ કયાંસુધી ઠીક છે તેનો વિચાર કરો. જો તમે આ પ્રમાણે માંગતા રહ્યા તો તમે પરમાત્માના ઘરના અધિકારી બની શકો નહિ! અધિકારી બનવા માટે પરમાત્માની પ્રાર્થના કરશો, તો તમને આ સંસારની ઇચ્છા

તુચ્છ જણાશે. આ વિષયમાં બધા શાસ્ત્રોનું મન્તવ્ય એક સરખું છે; કેવળ અર્થ કરવામાં ભેદ હોય છે; પણ સ્યાદ્વાદદૃષ્ટિએ એ વિષે વિચારવામાં આવે તો બધાં શાસ્ત્રો સત્યના પ્રતિપાદક છે એમ જણાશે! આ વાત એક પ્રમાણદ્વારા સમજાવું:–

મીરાને કોઈએ કહ્યું કે, તમને રાણા કેમ પ્રિય નથી લાગતા? ત્યારે મીરાએ જવાબ આપ્યો કે:—

"સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું;
તેને તુચ્છ કરી ફરી રે મોહન પ્યારા!"

આની વ્યાખ્યા કરવામાં વાર લાગશે છતાં તે વિષે થોડું કહું છું. મેં શંકર ભાષ્યમાં જોયું તો તેમાં પણ એમ જ કહ્યું છે કે, "સંસારના જીવો મૃગજળની માફક ભ્રમમાં પડી જઈ ભટકયા કરે છે. જેમ સૂર્યના કિરણો રેતી ઉપર પડવાથી પાણીનો ભ્રમ થાય છે અને તેને પાણી માની મૃગલાઓ તેની પાછળ દોડે છે પણ પાણી ન મળતાં તૃષા શાન્ત થતી નથી અને હતાશ થાય છે. તેમ આત્મા પણ સંસાર અને શરીરના વિષયમાં 'આ મારું છે' એવું માની બેસે છે અને એ ભ્રમને કારણે સંસારમાં તે ભટકે છે. રેતીને પાણી માનવાથી જેમ વાસ્તવમાં પાણી મળતું નથી અને તૃષા શાન્ત થતી નથી, તેમ સંસારના વિષયમાં સુખની ઇચ્છા કરવાથી વાસ્તવિક સુખ મળતું નથી, પણ કેવળ સુખનો આભાસ થાય છે. મીરા પણ એ જ વાત કહે છે કે, "સંસારનું સુખ મૃગજળ જેવું છે. એટલા માટે હું સંસારના સુખના ભ્રમમાં ભટકવા ચાહતી નથી." જેમ રેલના બે પાટા ઉપર ચાલી શકાતું નથી તેમ પરમાત્માની ભક્તિ કરવી અને સંસારની મોજ માણવી એ બન્ને કામ એક સાથે બની શકતાં નથી. જ્યારે સંસારની વસ્તુઓનું મમત્વ છોડી દેવામાં આવે છે ત્યારે જ પરમાત્માની ભક્તિ થઈ શકે છે.

કહેવાનો આશય એ છે કે, સ્વર્ગથી આ ભૂમિ કાંઈ ઊતરતી નથી તેમ જ નંદનવનથી મંડિકુક્ષ બાગ પણ ઊતરતો ન હતો. તમારું કલ્યાણ તો અહીં થઈ રહ્યું છે છતાં તમે સ્વર્ગની પ્રશંસા અને તેની ઇચ્છા કેમ કરો છો?

અમેરિકન ડૉકટર થૉર કે, જે એક આધ્યાત્મિક વિદ્વાન હતો, તે એક દિવસ પોતાના શિષ્યોની સાથે જંગલમાં ગયો. ત્યાં તેમના શિષ્યોએ તેમને પૂછયું કે, સ્વર્ગની ભૂમિ સારી કે અહીંની ભૂમિ? થૉરે જવાબ આપ્યો કે, "જે ભૂમિ ઉપર તું તારા બે પગ રાખી ઊભો રહ્યો છે અને જે ભૂમિ તારું વજન ઉપાડી રહી છે તે ભૂમિને જો તું સ્વર્ગની ભૂમિ કરતાં ઊતરતી માનતો હો તો, આ ભૂમિ ઉપર પગ મૂકવાનો પણ તું અધિકારી નથી." આ જ પ્રમાણે તમારું કલ્યાણ આ ભૂમિદ્વારા થઈ શકે છે અને થઈ રહ્યું છે તેમ છતાં તમે સ્વર્ગના ગુણ જ ગાયા કરો તો તે તમારો વ્યામોહ જ છે.

## સુદર્શન–ચરિત્ર—૮

હવે સુદર્શનની કથા હું કહું છું. અત્યાર સુધી તો મેં બાગની વાત કહી છે. તે બાગને કદાચિત શ્રેણિકે બનાવ્યો હશે પણ જંગલને જુઓ અને વિચાર કરો તો માલુમ પડશે કે, અહીંના જંગલની સરખામણી સ્વર્ગ પણ કરી શકે નહિ. અહીંના જંગલ કરતાં

સ્વર્ગને કોઈ ઊંચું માનતો હોય તો, એ તો એના જેવી વાત છે કે, કોઈ માણસ નાટક-સીનેમામાં મોઢે પાવડર લગાવી પરી બનેલી સ્ત્રીને જોઈ ઘેર આવ્યો. ઘરમાં તો સાધારણ કપડાં પહેરેલી તેની ગરીબ સ્ત્રી હતી. આમ છતાં ઘરની સ્ત્રી, સીનેમાની નટી કરતાં સારી જ છે. તે નટી તો થોડા વખત માટે છે, મોહની કારણભૂત છે અને જીવનને માટે જંજાલસ્વરૂપ છે, પણ ઘરની સ્ત્રી તો સ્વદારસંતોષ શીખડાવે છે તથા પોતે શીલનું પાલન કરી, અગ્નિને પણ શીતલ કરી શકે એવી શક્તિ પેદા કરી શકે છે! આમ હોવા છતાં જો કોઈ પોતાની સ્ત્રી કરતાં નટીને સારી માને તો તે તેની અયોગ્યતા ગણાશે કે નહિ? આ જ પ્રમાણે સારા–નરસાની પારખ કરવામાં જે યોગ્ય નહીં હોય તે જ અહીંની ભૂમિને સ્વર્ગની ભૂમિ કરતાં ઊતરતી માનશે. સ્વર્ગ ગમે તેટલું સારું હોય પણ તે તમારે શા કામનું? રાજાનો મહેલ ગમે તેટલો સારો અને સુંદર હોય પણ તે તમને શા કામનો! આમ છતાં કોઈ મહેલની સુંદરતા જોઈ પોતાના ઝુંપડાની નિંદા કરવા લાગે તો એમાં મૂર્ખતા પોતાની જ ગણાય! ચંપાની તે ગૌચરભૂમિ હતી છતાં તેનો પ્રતાપ કેવો હતો તે જુઓઃ—

જે જંગલમાં સુભગ ગાયો ચરાવવા લઈ ગયો હતો, તે જ જંગલમાં એક વૃક્ષ નીચે એક મહાત્મા ધ્યાન લગાવી બેઠા હતા. જેમના દર્શન અને વંદન ઇન્દ્ર પણ કરે છે તે મહાત્મા જંગલમાં જ બિરાજતા હતા. ભારતના જંગલનો આવો પ્રતાપ હતો!

મહાત્માને જોઈ સુભગ ઘણો પ્રસન્ન થયો અને હાથ જોડી સામે ઉભો રહ્યો. તે મુનિની તરફ એટલો બધો આકર્ષાયો કે, તે બધું ભૂલી ગયો. જેમ ચુંબકથી લોઢું આકર્ષાય છે તેમ તે આકર્ષાયો.

પરમાત્માનું આકર્ષણ પણ ભક્તને માટે ચુંબક જેવું છે. પણ તે તમને ત્યારે જ આકર્ષી શકે કે જ્યારે તમે લોઢુ બનો. લોઢું પણ ત્યાંસુધી જ હલકું માનવામાં આવે છે જ્યાંસુધી તેનો પારસમણિ સાથે સ્પર્શ થયો હોતો નથી. પારસમણિનો સ્પર્શ થતાં જ તે લોઢું જ સોનું બની જાય છે. આ જ વાતને તમે તમારા અને પરમાત્માના વિષે ઘટાવી શકો.

સુભગને પ્રાકૃતિક શિક્ષા મળેલી હતી, તે વિકારી શિક્ષા શીખ્યો ન હતો. એટલે તેનું મન સ્વચ્છ હોવાથી તેના ઉપર મહાત્માનો પ્રભાવ કેવો પડયો હશે એ જુઓઃ—

સુભગ, તે મહાત્માની આગળ એકાગ્ર મને ધ્યાનસ્થ ઉભો હતો. યોગશાસ્ત્રનું કથન છે કે પોતાના મનનો પ્રભાવ બીજાના મન ઉપર પાડી શકાય છે અને પડે પણ છે.

મેસ્મેરેઝિમ યોગની એક સામાન્ય ક્રિયા છે, છતાં તે ક્રિયાદ્વારા જે માણસને પ્રભાવિત કરવામાં આવે છે તે માણસ ઉપર ગમે તેટલો પ્રહાર કરવામાં આવે તોપણ તેના શરીર ઉપર તેની કશી અસર થતી નથી. જ્યારે મેસ્મેરેઝિમનો આવો પ્રભાવ પડી શકે છે, તો પછી તપઃસંયમનો પ્રભાવ કેટલો બધો પડતો હશે! મેસ્મેરેઝિમનો પ્રભાવ સ્ત્રી અને બાળક ઉપર વિશેષ પડે છે. આ જ પ્રમાણે ભોળા સુભગ ઉપર મહાત્માનો પ્રભાવ બહુ પડયો અને તે તેમની સામે ઉભો રહેતાં બધું ભૂલી ગયો. 'તેની ગાયો કયાં ગઇ હશે! સાંજ પડી કે નહિ!' તેનું પણ તેને ભાન રહ્યું નહિ.

**ગગન ગયે મુનિરાજ મંત્ર પઢ, બાલક ઘરકો આયા ।**
**શેઠ પુછતે મુનિ દર્શન કે, સભી હાલ સુનાયા ॥ ધન૦ ॥ ૮ ॥**

ધ્યાન સમાપ્ત થતાં જ તે મહાત્મા, નવકાર મંત્ર બોલી આકાશમાં ઉડી ગયા. ભગવતી સૂત્રમાં જંઘાચરણ-વિદ્યાચરણનું વર્ણન મળે છે. મહાત્માને આકાશમાં ઉડતા જોઇ, સુભગ "મહાત્મા" એમ કહેવા લાગ્યો, પણ તે નિસ્પૃહ મહાત્મા એમ કયાં રોકાય એવા હતા ! જે પ્રમાણે સૂર્ય અસ્ત થતાં કમલ પણ બંધ થયા વિના રહેતાં નથી તે પ્રમાણે સમય પૂરો થતાં મહાત્મા રોકાઈ શકે એમ કયાં હતા ! તેઓ તો ચાલ્યા ગયા; પણ સુભગ વિચારવા લાગ્યો કે, તેઓ જે '**नमो अरिहंताणं**' એવો મંત્ર બોલ્યા હતા તે સારો હતો. તે બાળકને આખો મંત્ર તો યાદ રહ્યો નહિ પણ "**नमो अरिहंताणं**" એ એક પદ યાદ રહ્યું હતું. તે વિચારવા લાગ્યો કે, જે મંત્રના પ્રભાવથી મહાત્મા ઉડી આકાશમાં ચાલ્યા ગયા તે મંત્રમાં અવશ્ય કોઈ મોટી શક્તિ રહેલી હશે.

આમ વિચારતાં તેણે સાંજ પડી જવાથી ગાયોને લઈ ઘેર જવા ધાર્યું. તે ગાયોને શોધવા લાગ્યો, પણ દરરોજની ટેવાએલી ગાયો સાંજ પડતાં જ ઘેર ચાલી ગઈ હતી. ગાયો તો આવી ગઈ પણ સુભગને આવેલો ન જોઈ, શેઠ ચિંતા કરવા લાગ્યા. શું થયું હશે ! કોઈ ચોર તો સુભગને ઉપાડી લઈ ગયો નહિ હોય ને ! વગેરે અનેક પ્રકારના તર્કવિતર્ક કરી શેઠ ચિંતા કરવા લાગ્યા અને આકુળદૃષ્ટિએ સુભગની પ્રતિક્ષા કરવા લાગ્યા.

જે માણસ કેવળ પોતાનો જ સ્વાર્થ જુએ છે, તે માણસ પોતાના સ્વાર્થનો જ નાશ કરે છે અને આથી વિપરીત જે બીજા ઉપર ઉપકાર કરે છે તે પોતાના ઉપર જ ઉપકાર કરે છે. આ જ પ્રમાણે શેઠ પોતાના ખોવાએલા પુત્રની માફક સુભગની ચિંતા કરતાં પ્રતીક્ષા કરતા હતા, એટલામાં જ સુભગને ઘર તરફ આવતો જોઈ, શેઠ દોડી જઈ તેને પોતાની છાતી સરસો ચાંપ્યો અને પછી પૂછવા લાગ્યા કે, "આજે આટલું બધું મોડું કેમ થયું ?"

સુભગ મોડું થઈ જવાથી ગભરાએલો હતો, પણ શેઠને જોવાથી તેનો ગભરાટ ઓછો થયો અને મોડા થવાનું કારણ જણાવતાં તેણે કહ્યું કે, આજે મોડું થવાનું બીજું તો કશું કારણ નથી, પણ આજે જંગલમાં મને બહુ જ આનંદ આવવાથી રોકાઈ ગયો એટલે મોડું થઇ ગયું.

શેઠે કહ્યું કે, જંગલમાં એવો શું આનંદ મળ્યો ?

સુભગે જવાબ આપ્યો કે, આજે જંગલમાં મને એક મહાત્માના દર્શન થયા. તે મહાત્માનું હું શું વર્ણન કરું ! વર્ણન કરવાની મારામાં તો શક્તિ જ નથી ! મને એ મહાત્મા જેમ વાછરડાને ગાય પ્રિય લાગે છે એવા પ્રિય લાગ્યા. તેમને જોઈને હું મને પોતાને જ ભૂલી ગયો ! અને તેમના મુખ ઉપર જે શાન્તિ ટપકતી હતી તે ઉપર જ હું એવો મુગ્ધ બની ગયો કે સાંજ પડી છે કે નહિ તેની પણ મને ખબર ન રહી !

આ સાંભળી શેઠે કહ્યું કે, ધન્ય છે, કે તને મહાત્માના દર્શન થયા. જો તે મહાત્મા હજી ત્યાં હોય તો હું પણ તેમના દર્શન કરી આવું !

સુભગે કહ્યું કે, મહાત્મા હવે ત્યાં કયાં છે! તેઓ તો **'अरिहन्त–अरिहन्त'** એવો મંત્ર ભણી આકાશમાં ઉડી ગયા. તેઓ ત્યાં હતા ત્યાંસુધી તો મને કોઈ વાતનું ધ્યાન જ ન રહ્યું. જ્યારે તેઓ ઉડી ચાલ્યા ગયા ત્યારે જ તમારું અને ગાયોનું ધ્યાન આવ્યું.

સુભગની વાત સાંભળી શેઠ તેની પ્રશંસા કરી ધન્યવાદ આપવા લાગ્યા. કોઈ સારું કામ પોતાથી થઈ ન શકે તો સત્કાર્ય કરનારની પ્રશંસા કરવી અને તેમને ધન્યવાદ આપવો જોઈએ.

સુબાહુકુમાર પૌષધમાં બેઠા હતા છતાં તેમણે કહ્યું હતું કે, " તે લોકોને ધન્ય છે કે, જેઓ ભગવાનની વાણી સાંભળે છે, તે લોકોને પણ ધન્ય છે કે જેઓ સાધુ બને છે, તે લોકોને પણ ધન્ય છે કે, જેઓ સંયમ પાળે છે, તે લોકો પણ ધન્યવાદને પાત્ર છે કે, જેઓ વ્રત ધારણ કરી શ્રાવક બને છે અને તે ભૂમિને પણ ધન્ય છે કે જે ભૂમિ ઉપર ભગવાન વિચરે છે."

આ જ પ્રમાણે તમારાથી કોઈ સત્કાર્ય થઈ ન શકે તો જે સત્કાર્ય કરતા હોય તેમની પ્રશંસા કરો, તેમને ઉત્સાહિત કરો, તેમને ધન્યવાદ આપો અને તેમના ગુણગાન કરો; આમ કરો તો પણ કલ્યાણ છે.

સુભગ પણ સુદર્શનનો જીવ છે. તેને ધન્યવાદ આપવો કે શીલવ્રતને ધન્યવાદ આપવો એ, પોતાના આત્માને જ ધન્યવાદ આપવા બરાબર છે.

આ પ્રમાણે શેઠે પણ સુભગને ધન્યવાદ આપ્યો. હવે આગળ શું થાય છે તે યથા-અવસરે કહેવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ અષાડ વદ ૧૪ શુક્રવાર

### પ્રાર્થના

**આજ મ્હારા સંભવ જિનકે, હિતચિતસું ગુણ ગાસ્યાં, ।**
**મધુર મધુર સ્વર રાગ અલાપી, ગહરે સાદ ગુંજાસ્યાં રાજ; ॥ આજ૦ ૧ ॥**

શ્રી સંભવનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના કરવા માટે કેવી ભાવના રાખવી જોઈએ એ વિષે હું વારંવાર કહું છું અને તમે લોકો સાંભળો છો; પણ જે હૃદયપૂર્વક પરમાત્માની પ્રાર્થના કરે છે તે જ પોતાની ભાવના પ્રાર્થનામાં ઉતારી શકે છે.

પરમાત્માની પ્રાર્થના કેવા ભાવો સામે રાખીને કરવી જોઈએ, એ વિષે આ જ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કેઃ—

તન ધન પ્રાણ સમર્પી પ્રભુને, ઈન પર બેગ રિઝાસ્યાં, રાજ.

અર્થાત્-પ્રાર્થના કાંઈ લેવા માટે નહિ પણ દેવા માટે જ કરવી જોઈએ. પરમાત્મા પાસે "મને આ આપો, મને તે આપો" એવી માંગણી કરવી અને એ ભાવનાએ પ્રાર્થના કરવી એ તો સ્વાર્થી પ્રાર્થના છે, આવી સ્વાર્થી પ્રાર્થના ન કરતાં એવી પ્રાર્થના કરવી જોઈએ કે "હે! પ્રભો! તન, મન અને ધન એ તારે ચરણે સમર્પણ કરવાની મારામાં યોગ્યતા આવે એ માટે તારી પ્રાર્થના કરું છું. મને એવી શક્તિ પ્રદાન કરો કે, જેથી હું મારી શારીરિક, માનસિક, કૌટુમ્બિક કે બીજી મારી બધી શક્તિઓ તારી સેવામાં સમર્પણ કરી શકું."

'લેવામાં' સુખ માનનારા લોકો તો સંસારમાં ઘણાય હશે, પણ એવા પણ લોકો છે કે જેઓ 'દેવામાં' પણ સુખ માને છે. અને એવા પણ ઉદારચિત્ત લોકો હોય છે કે, જેઓ પોતે ભૂખ્યા રહે છે પણ બીજાને ભોજન આપે છે; એટલું જ નહિ પણ બીજાની રક્ષા માટે પોતાના પ્રિય પ્રાણોને પણ સમર્પી દે છે.

મેઘરથ રાજાએ કબુતરની રક્ષા માટે પોતાનું શરીરસુદ્ધાં આપી દીધું હતું. મુહમ્મદ સાહેબને માટે પણ એમ કહેવામાં આવે છે કે, તેઓ એક ફાખતા માટે પોતાના ગાલનું માંસ પણ દેવા તૈયાર થઈ ગયા હતા. આ જ પ્રમાણે મહાભારતમાં શિબી રાજા અને રાજા રન્તિદેવની પણ કથા આવેલ છે. રાજા રન્તિદેવ ચાલીશ દિવસના ભૂખ્યા હતા છતાં જ્યારે તેમની આગળ ખાવાનું આવ્યું ત્યારે એક ચાંડાલ "હું ભૂખ્યો મરી રહ્યો છું, કોઈ ખાવાનું આપો" એમ રાડો પાડતો ત્યાં આવી પહોંચ્યો. રન્તિદેવે પોતાનું ભોજન તે ચાંડાલને આપી દીધું. આવા દાની લોકો પણ થયા છે અને એવા દાની લોકો જ પ્રાર્થનાનો આનંદ લઈ શકે છે. આ પ્રમાણે જે કાંઈ લેવા માટે નહિ પણ દેવા માટે પ્રાર્થના કરે છે, અને "હે! પ્રભો! હું મારી બધી શક્તિ તમારા ચરણે સમર્પી શકું એવી મને શક્તિ આપ" એવી ભાવના ભાવે છે તે ધીમે ધીમે પોતાનું અભિમાન નષ્ટ કરે છે અને પછી પોતે જ મહાપુરુષ બની જાય છે.

હવે હું શાસ્ત્ર વિષે વિચાર કરું છું. શાસ્ત્રના વિચારની સાથે વ્યાવહારિક વિચાર પણ થઈ જાય છે; કારણ કે ઉદ્દેશ તો આત્મામાં જાગૃતિ લાવવાનો છે, એટલા માટે જે પ્રકારનો ઉપદેશ આપવાની જરૂર જણાય છે તેવો ઉપદેશ આપવામાં આવે છે.

## અનાથી મુનિનો અધિકાર—૯

રાજગૃહી નગરના મંડિકુક્ષ બાગનું વર્ણન કરતાં બે દિવસો લાગ્યા છે અને કદાચ આજનો દિવસ પણ તેમાં જ લાગી જાય! બાગનું વર્ણન કરી આગળ કહેવામાં આવ્યું છે કે, ફુલોની સુગંધથી સુવાસિત થએલા એ બાગમાં મહાત્મા અનાથી બીરાજ્યા હતા, કે જેમની સાથે શ્રેણિક રાજાનો ભેટો થયો હતો. આ કથનમાં ઘણું રહસ્ય રહેલું છે, જેને કોઈ પૂર્ણ પુરુષ જ સંપૂર્ણ રીતે સમજાવી શકે, હું તો અપૂર્ણ છું, એટલે મારું કથન તો અપૂર્ણ જ હશે, તેમ છતાં તે વિષે થોડું કહું છું.

ફૂલ અને મનુષ્યનો કેવો નિકટ સંબંધ છે એ વિષે વિચાર કરવનો છે. હું પોતે તો વૈજ્ઞાનિક નથી પણ મેં ફૂલના વિષે વૈજ્ઞાનિકોનાં જે વિચારો સાંભળ્યાં છે એ વિચારોને

શાસ્ત્રની વાતમાં ઉતારી ફરી કહું છું. મેં જે કાંઈ સાંભળ્યું છે તેની વિરુદ્ધ જો કોઈ વાત હોય તે મને કોઈ બતાવશે તો હું માનવા તૈયાર છું.

ફૂલોમાં અનેક રંગો હોય છે. વૈજ્ઞાનિકોનું કથન છે કે આ રંગોની વિભિન્નતા સૂર્યના કિરણોની સાથે સંબંધ ધરાવે છે! સૂર્યના કિરણોને લીધે જ ફૂલોમાં જુદાં જુદાં રંગો આવે છે. આ ઉપરથી એવો પ્રશ્ન ઉભો થાય છે કે, સૂર્યના કિરણો તો બધાં ફૂલો ઉપર સમાન રૂપે પડે છે તો પછી ફૂલોનાં રંગોમાં વિભિન્નતા હોવાનું શું કારણ છે? આ પ્રશ્નનો ઉત્તર વૈજ્ઞાનિકો એવો આપે છે કે કિરણોને ગ્રહણ કરવામાં વિભિન્નતા હોવાને કારણે ફૂલોનાં રંગમાં પણ વિભિન્નતા જોવામાં આવે છે. અર્થાત્ જે ફૂલ સૂર્યના કિરણો પોતાનામાં લઈને પોતાનો વધારેમાં વધારે ત્યાગ કરે છે તે ફૂલનો રંગ બિલકુલ સફેદ થાય છે, જે થોડો ત્યાગ કરે છે તેનો આછો ગુલાબી રંગ થાય છે, જે એનાથી પણ ઓછો ત્યાગ કરે છે તેનો રંગ પીળો થાય છે, જે એનાથી પણ ઓછો ત્યાગ કરે છે તેનો રંગ લાલ થાય છે; જે કિરણો વધારે લે છે પણ પોતાનો ત્યાગ ઓછો કરે છે તેનો રંગ લીલો થાય છે અને જે ફુલ સૂર્યનાં બધાં કિરણોને પોતાનામાં હજમ કરી જાય છે અને ત્યાગ બીલકુલ કરતું નથી તેનો રંગ બીલકુલ કાળો થાય છે.

કાળો રંગ કિરણોને હજમ કરી જાય છે એ વાત પ્રત્યક્ષ પ્રમાણથી પણ સ્પષ્ટ જણાય છે. ફોટોના કેમેરા ઉપર કાળું કપડું રાખવામાં આવે છે. બીજા રંગનું કપડું રાખવામાં આવે તો સૂર્યનાં થોડાંઘણાં કિરણો અંદર પેસી જાય છે અને ફોટાને નુકશાન પહોંચે છે પણ કાળો રંગ સૂર્યના કિરણોને અંદર પેસવા દેતો નથી. તે બધાં કિરણોને હજમ કરી જાય છે એટલે ફોટો બગડતો નથી. આ પ્રત્યક્ષ પ્રમાણ ઉપરથી પણ કાળું ફૂલ પણ કિરણોને હજમ કરી જાય છે એ વાત સ્પષ્ટ થાય છે.

મંડિકુક્ષ બાગમાં અનેક પ્રકારના ફૂલો હતાં એમ કહેવામાં આવ્યું છે. આ કથનનો આશય એ છે કે, ફૂલોમાં કિરણોને ગ્રહણ કરવાની અને છોડવાની તારતમ્યતા બતાવવામાં આવી છે. જૈન શાસ્ત્રના કોઈ અભ્યાસીને સમજાવવામાં આવે તો એમાં કેવી કેવી સામગ્રી રહેલી છે એ જાણવામાં આવે. આજે લોકો પોપટ–પંડિત તો બની જાય છે અને પછી જૈનશાસ્ત્રોમાં કાંઈ નથી એમ કહેવા લાગે છે; પણ વાસ્તવમાં તેઓએ જૈન-શાસ્ત્રમાં ઊંડા ઊતરી સમજવાનો પ્રયત્ન ક્યારે કર્યો? કેવળ પોથી ભણી જવાથી જ કાંઈ જ્ઞાન મળી જતું નથી, પણ કોઈ ગુરુ પાસે સમજવાથી જ શાસ્ત્રાર્થ સમજી શકાય છે. ગુરુની કૃપા વિના વસ્તુ પૂરી રીતે સમજી શકાતી નથી. એક કવિએ એ વિષે કહ્યું છે કે:—

"પઢકે ન બૈઠે પાસ અક્ષર વાંચ સકે,
બિના હી પઢે કહો કૈસે આવે ફારસી;
જાહરી કે મિલે બિન હાથ નંગ લિયે,
ફિરો બિના જૌહરી વાકી સંશય ન ટારસી;
સુન્દર કહત સુખ રંચ હૂ ન દેખ્યો જાય,
ગુરુ બિન જ્ઞાન જૈસે અન્ધેરે તમે આરસી."

અર્થાત્–પુસ્તકમાં અક્ષરો તો બધાંય છે પણ ઉસ્તાદ વિના ફારસી આવડી શકે ? હાથમાં નંગ છે પણ ઝવેરીની સહાયતા વિના તે નંગની કીંમત કોણ આંકી આપે ! બુટી તો અનેક પ્રકારની હોય છે પણ એનો ઉપયોગ જાણ્યા વિના તે બૂટી પણ શા કામની ? દવા હોય પણ દવાનો ઉપયોગ કેમ કરવો તે બતાવનાર ડૉક્ટર ન હોય તો તે દવા શા કામની ! આ જ પ્રમાણે પુસ્તક હોવા છતાં તેનું જ્ઞાન ગુરુ પાસેથી મેળવવું જોઈએ ! ગુરુ વિના જ્ઞાન મેળવવું એ અંધારામાં આરસી લઈ મોઢું જોવા જેવું છે.

આજે યોગ્ય ગુરુની સહાયતા લીધા વિના પુસ્તકોદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવા ચાહો છો એ જ ખરાબી છે. જો કોઈ યોગ્ય ગુરુની સહાયતાથી જૈનશાસ્ત્રોને સમજવામાં આવે તો તેમાં છૂપાં રહેલાં રહસ્યો પણ માલુમ થાય. તમે પ્રત્યેક વાતને ગુરુ પાસેથી સમજી વિશ્વાસ કરો તો ભ્રમમાં ન પડો અને આત્માનું કલ્યાણ પણ કરી શકો.

શાસ્ત્રોમાં લેશ્યા વિષે અનેક સ્થાને ઉલ્લેખ કરવામાં આવ્યો છે. લેશ્યા દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારની હોય છે. પહેલાં તો લેશ્યા એટલે શું એ જોવું જોઈએ. **लेश्यति इति लेश्या** અર્થાત્ એ કાગળને જેમ ગુંદ ચીપકાવે છે તેમ આત્મા અને કર્મને જે પરસ્પર ચીપકાવે તેને શાસ્ત્રકારો લેશ્યા કહે છે. કોઈ આચાર્યનો એવો પણ મત છે કે, **योगप्रवृत्तिः लेश्या** અર્થાત્ મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિ એ લેશ્યા છે. કોઈ એમ પણ કહે છે કે, **कृष्णादिद्रव्यसाचव्याद् आत्मनो परिणामविशेषः लेश्या**–અર્થાત્ કૃષ્ણાદિ દ્રવ્યના સંયોગથી આત્માનું જે પરિણામ વિશેષ હોય છે તે 'લેશ્યા' કહેવાય છે.

શુક્લ, પીત, તેજો, કાપોત, નીલ અને કૃષ્ણ; આ છ પ્રકારની લેશ્યાઓ છે. શુક્લનો રંગ સફેદ હોય છે, પીતનો રંગ પીળો હોય છે, તેજોનો રંગ લાલ હોય છે, કાપોતનો રંગ કબુતરના રંગ જેવો હોય છે, નીલનો રંગ લીલો અને કૃષ્ણનો રંગ કાળો હોય છે.

હવે આપણે ફુલ અને લેશ્યા વચ્ચે શું સામ્ય છે તે જોવાનું છે. આ આત્મા બીજા કોઇની પાસેથી નહિ તો પ્રકૃતિ પાસેથી તો કાંઈને કાંઈ ગ્રહણ કરે છે. હવા, પાણી આદિ પ્રાકૃતિક સહાયતા લીધા વિના તો જીવન જ ટકી શકતું નથી, એટલા માટે પ્રકૃતિની સહાયતા લેવી પડે છે. જે પ્રમાણે ફુલ સૂર્યના કિરણો લે છે તે જ પ્રમાણે આ આત્મા પણ કોઇને કોઈની સહાયતા લે છે. જે આત્મા જેટલી સહાયતા લે છે તેથી પણ વિશેષ ત્યાગ કરે છે તે શુક્લ લેશ્યાવાળો છે. પછી ત્યાગમાં ઊણપ આવતી જાય છે તેમ લેશ્યા પણ બદલાતી જાય છે. અંતમાં જે કેવળ બીજાની સહાયતા જ લેવાનું જાણે છે, દેવાનું જાણતો જ નથી તે કૃષ્ણ લેશ્યાવાળો છે.

વર્ણની સાથે જ લેશ્યાના વર્ણ, ગંધ, રસનો પણ સંબંધ છે. એનું શાસ્ત્રમાં વર્ણન મળે છે. હવે કોઈ કહે, કે કૃષ્ણ લેશ્યાવાળાના ભાવ ખરાબ હોય છે એટલે તેની ગંધ પણ ખરાબ હોવી જોઈએ પણ જો તેનો નિર્ણય પોતાના નાકદ્વારા સુંઘીને કરવા ચાહે તો એ તેની ભૂલ છે. પ્રત્યેક વાત તેનાં સાધનોદ્વારા જ જાણી શકાય છે. જેમકે, કહેવામાં આવે છે કે મનનો પણ ફોટો ઊતરે છે. હવે કોઇ સાધારણ કેમેરાદ્વારા મનનો ફોટો લેવા ચાહે તો કેવી રીતે ફોટો ઊતરી શકે ? મનનો ફોટો લેવા માટે કેમેરો પણ કોઇ વિશેષ

પ્રકારનો હોવો જોઈએ ! આ જ પ્રમાણે લેશ્યાના વર્ણ, રસ, ગંધ, સ્પર્શ વગેરેને જાણવા માટે ઉપયુક્ત સાધનો જોઇએ. આ તો દ્રવ્ય લેશ્યાની વાત થઈ. દ્રવ્ય લેશ્યા અને ભાવ લેશ્યા પરસ્પર સંબંધિત છે એટલા માટે દ્રવ્ય લેશ્યાની માફક ભાવ લેશ્યા પણ સમજવી જોઈએ.

જે પ્રમાણે ફુલોનો સુધાર કરી શકાય છે, તે જ પ્રમાણે લેશ્યાનો પણ સુધાર કરી શકાય છે. ગુલાબ સફેદ પણ હોય છે અને કાળું પણ હોય છે. જે કાળું ગુલાબ છે તેનો પણ સુધાર થઇ શકે છે, તે જ પ્રમાણે અશુભ લેશ્યાનો પણ સુધાર કરી શકાય છે. માટે તમે પણ લેશ્યાને સુધારવાનો પ્રયત્ન કરો !

તમે પૂછશો કે, લેશ્યાનો સુધાર કેવી રીતે થઈ શકે અને સુધાર કરવાથી શો લાભ થાય? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, આજકાલને માટે સાધુઓ સફેદ વસ્ત્ર પહેરે એવું ભગવાન મહાવીરે વિધાન કર્યું છે. છતાં કોઈ રંગીન વસ્ત્ર પહેરે તો તેમાં તમે વાંધો માનશો કે નહિ ? રંગમાં ભાવનો પણ સંબંધ છે, અને તેથી રંગીન વસ્ત્રોના પરિધાનથી ભાવોમાં પણ પરિવર્તન થઈ જાય છે. સફેદ રંગ સ્વાભાવિક છે એટલા માટે ભગવાને સફેદ વસ્ત્ર પહેરવાનું વિધાન કર્યું છે. સ્વાભાવિક રંગમાં ભાવોની પણ સ્વાભાવિકતા રહેશે. ભાવોમાં અસ્વાભાવિકતા આવી ન જાય એટલા માટે ભગવાને સાધુઓ કઈ કઈ ચીજો ન ખાય એ ખાન-પાનાદિનો વિધિ પણ બતાવ્યો છે. કેટલાક લોકો કહે છે કે, જેમાં જીવો છે, જેવાં કે વનસ્પતિ વગેરે તેને છોડી કોઈ પણ ચીજ ખાવામાં આવે તો શું વાંધો છે ? આનો ઉત્તર એ છે કે, ખાવાની કેટલીક ચીજો તો રજોગુણી હોય છે, કેટલીક તમોગુણી હોય છે, તો કેટલીક સતોગુણી હોય છે. ખાનપાનમાં કેવળ જીવનો જ વિચાર કરવામાં આવ્યો નથી, પણ તેની સાથે જ પ્રકૃતિનો પણ વિચાર કરવામાં આવ્યો છે. ગીતામાં પણ કહ્યું છે કે, જે જેવું ભોજન કરે છે, તેની પ્રકૃતિ પણ તેવી જ બને છે. કૃષ્ણની મૂર્તિની આગળ દારુ, માંસ, કાંદા કે લસણનો ભોગ કેમ ચડાવવામાં આવતો નથી ! આ ચીજો તમોગુણને પેદા કરનારી છે એટલા માટે તેનો નિષેધ છે. કાંદા વગેરે તમોગુણી ચીજો ખાવાનો મહાત્માઓ નિષેધ કરે છે. તેઓ કેવળ જીવની જ દૃષ્ટિએ નહિ પણ પ્રકૃતિની દૃષ્ટિએ પણ તેનો નિષેધ કરે છે. જીવના વિચારની સાથે જ પ્રકૃતિનો પણ વિચાર કરવામાં આવ્યો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, સાધુઓએ તમોગુણી ચીજો ખાવામાં બહુ જ વિવેક અને વિચાર રાખવો જોઈએ. શાસ્ત્રમાં વિકાર કરનારી ચીજોને 'વિગય' કે 'વિકૃતિ' ગણવામાં આવી છે.

અને જે સાધુ, આચાર્ય કે ઉપાધ્યાયને ગોચરી બતાવ્યા વિના 'વિગય' ખાય છે તે દંડનો ભાગી બને છે. દૂધ, ઘી, દહીં વગેરે વિષયમાં જીવનો વિચાર કરવામાં નથી આવ્યો, પણ આ ચીજો કોને કેવી રીતે વિકૃતિ કરે છે તેનો વિચાર કરવામાં આવ્યો છે. એટલા માટે ખાવામાં પણ વિચાર અને વિવેક રાખવાની જરૂર છે, અને ખાન-પાન ઉપર નિયંત્રણ કરી પોતાની પ્રકૃતિને સતોગુણી બનાવવી જોઈએ. આમ કરવાથી લેશ્યામાં પણ સુધાર થશે.

આજના કેટલાક લોકો શરાબને લાલ શરબતનું નામ આપી, એને પીવામાં શો વાંધો છે એમ વિચારે છે; પણ વાસ્તવમાં આવી ચીજો કેટલી બધી હાનિકારક છે એનો પણ વિચાર સાથે કરવો જોઇએ. કુરાન અને હદીસોમાં કહ્યું છે કે, જે વસ્તુ બુદ્ધિમાં

વિકૃતિ લાવે છે તે વસ્તુ ખાવી–પીવી ન જોઈએ. તે ચીજો હરામ છે. આ જ પ્રમાણે પ્રત્યેક વસ્તુ વિષે વિધિ–નિષેધ પ્રાયઃ બધાં શાસ્ત્રોમાં મળશે; એ વાત જુદી છે કે, કોઇ ઠેકાણે દેશ–કાળને જોઈ, કોઈ વસ્તુનો એકદમ નિષેધ કરવાનું ન પણ કહ્યું હોય, પણ એનો અર્થ એ નથી કે, તે ચીજોની છૂટ છે. આમ માની લેવું એ ભૂલ છે. મેં કુરાનમાં જોયું છે કે, "અલ્લાએ જમીન અને આસમાનને બનાવી ઇન્સાનને માટે ફળ–વૃક્ષ વગેરે બનાવ્યાં" આ ઉપરથી એ સ્પષ્ટ જણાય છે કે, ઇન્સાનને માટે ફળ, ધાન્યાદિ બનાવવામાં આવેલ છે. મનુષ્યો માટે ફળ–ધાન્યાદિ ખાવાની ચીજો છે, પણ મનુષ્ય મનુષ્યને કે પશુને ખાઇ જાય એ કોઈ પણ રીતે યોગ્ય નથી. આ પ્રમાણે અલી સાહેબે તો જીવનું માંસ ખાવાનો નિષેધ કર્યો છે અને કહ્યું છે કે, 'પોતાના પેટમાં કોઈની કબર બનાવો નહિ.'

કહેવાનો આશય એ છે કે, જુદાં જુદાં ખાન–પાન તથા પહેરવેશમાં પણ અંતર પડે છે માટે એમાં પણ વિવેક અને વિચાર રાખવો જોઈએ. આજની સ્ત્રીઓમાં ફેશન ચાલી છે અને કેટલાક લોકો એ ફેશન અપનાવવામાં શું વાંધો છે ? એમ કહે છે; પણ આમ કહેનારાઓ એ વિચારતા નથી કે એ ખાનપાન તથા પહેરવેશનું પરિણામ કેવું આવે છે ! તેનાથી સંસ્કૃતિ, સ્વભાવ અને પ્રકૃતિ ઉપર કેવી અસર પડશે ? તમે લોકો સામાયિકમાં વસ્ત્રો ઉતારીને શા માટે બેસો છો ? એટલા માટે કે વસ્ત્રો ઉતારવાથી ભાવમાં પણ પરિવર્તન થાય છે. મુસલમાન લોકો નમાજ વખતે સાદાં કપડાં પહેરે છે, એનું કારણ એ છે કે તેથી અહંકાર દૂર થાય છે. કપડાંથી પણ અહંકાર પેદા થાય છે. ખાદી અને વિલાયતી વસ્ત્રમાં અહંકારની દૃષ્ટિ છે કે નહિ ? દારુ અને દૂધ પીનારની બુદ્ધિમાં અંતર હોય છે કે નહિ ? આ વાતને જે જાણે છે તે જ સમજી શકે છે પણ જેમની આદત પડી ગઈ હોય છે તેમને કોઈ ચીજ ખરાબ હોય તો પણ સારી જ લાગે છે. મેં ગાંધીજીનું 'આરોગ્ય વિચાર' નામનું પુસ્તક જોયું છે. તેમાં લખ્યું છે કે, 'કોઈ એક દેશના લોકો વિષ્ટા પણ ખાઇ જાય છે ! તે લોકો વિષ્ટા ખાય છે, એટલા માટે વિષ્ટા એ ખાવાની ચીજ છે એમ કહી શકાય નહિ !' જેપુરના ભંગીઓ વિષ્ટાને સડાવી તેમાંના કીડાઓનું રાયતું બનાવી ઘણા શોખપૂર્વક ખાય છે. તેઓ ખાય છે એટલે શું વિષ્ટાના કીડાઓ એ ખાવાની ચીજ છે ? પનવેલમાં મેં જોયું કે, માછલીઓની દુર્ગંધ ચારે બાજુ ફેલાએલી હતી. એક ભાઈએ મને કહ્યું કે, આ માછલીઓને ખાનારા લોકો બહુ આનંદપૂર્વક ખાય છે. એટલા માટે કોઈ માણસ પોતાની આદતને કારણે ખરાબ ચીજને પણ સારી માનવા લાગે તો એ વાત જુદી છે પણ એથી કાંઈ ખરાબ ચીજ છે તે કાંઈ સારી થઈ શકે નહિ; એટલા માટે તમે ખાન–પાન અને પહેરવેશ ઉપર ઊંડો વિચાર કરો અને જે હાનિકારક ચીજો હોય તેનો ત્યાગ કરો અને સાત્ત્વિક વસ્તુને ગ્રહણ કરો તો લેશ્યામાં પણ સુધાર થશે.

રાજા શ્રેણિકે અનેક માળીઓને રાખી તે બાગનો સુધાર કરાવ્યો હશે, પણ તેના પોતાના આત્માનો સુધાર તો તે મહાત્માએ જ કર્યો. એ મહાત્માનું તમે પણ શરણ લો તો તમારો પણ સુધાર થશે. શાસ્ત્રમાં લેશ્યા વિષે ખૂબ ઝીણવટપૂર્વક વિચાર કરવામાં

આવ્યો છે. ભલે પોતાની પાસે ધન-સંપત્તિ વગેરે બધું હોય પણ લેશ્યા ખરાબ હોય તો આ લોકમાં અને પરલોકમાં ખરાબી છે પણ પોતે જો ગરીબ હોય પણ તેની લેશ્યા સારી હોય તો તેને દેવો પણ નમસ્કાર કરે છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**देवा वि तं नमस्सन्ति जस्स धम्मे सया मणो ।**— દશવૈકાલિક સૂત્ર.

અર્થાત્—જેમનું મન ધર્મમાં ચોંટેલું છે, તેમને દેવો પણ નમસ્કાર કરે છે.

આ પ્રમાણે આ આત્મામાં દેવોને પણ જીતવાની શક્તિ છે એટલા માટે તમે તમારા આત્માના પરિણામ-લેશ્યા-ને સુધારો તો તેમાં કલ્યાણ જ છે.

## સુદર્શન ચરિત્ર—૯

હવે સુદર્શનની કથાદ્વારા ભાવોની શુદ્ધિ કરી, કેવી રીતે કલ્યાણ સાધી શકાય છે તે બતાવું છું:—

**પ્રમુદિત ભાવે શેઠ કહે ધન, મુનિ દર્શન તે પાયા ।**
**અપૂર્ણ મંત્રકો પૂર્ણ કરકે, શુદ્ધ ભાવ સિખલાયા ॥ ધન૦ ॥ ૯ ॥**

મુનિ મહાત્માએ સુભગને કોઈ પ્રકારનો પ્રત્યક્ષ ઉપદેશ આપ્યો ન હતો, પણ તેમના તપસ્તેજનો પ્રભાવ તે સુભગ બાળક ઉપર પડ્યો હતો. સુભગ હર્ષિત થતો ઘેર આવ્યો અને શેઠને બધી વાત કહી. શેઠે તે વૃત્તાન્ત સાંભળી સંતોષ વ્યક્ત કર્યો અને "તું બહુ પુણ્યશાળી છે કે તને મહાત્માના દર્શન થયા" એમ કહી ધન્યવાદ આપ્યો. સુભગે જ્યારે કહ્યું કે, એ મહાત્મા કાંઈ મંત્ર ભણી આકાશમાં ઉડી ગયા ત્યારે શેઠે કહ્યું કે, "તારા કહેવા ઉપરથી તો શાસ્ત્રમાં જે જંઘાચરણ અને વિદ્યાચરણ મુનિ કહેવામાં આવ્યા છે તેમાંના તે મહાત્મા હશે! જે ચીજ ઘરમાં મળતી નથી તે વનમાં મળે છે એ કહેવત આજે સાચી પડી. જો હું, કૃષ્ણ પણ ગાયને ચરાવતા હતા એ વાતનું મહત્ત્વ ભૂલ્યો ન હોત અને તારી સાથે ગાયો ચરાવવા આવ્યો હોત તો મને પણ તે મહાત્માના દર્શન થાત !"

આજના લોકો ગોરક્ષાનું કામ ભૂલી રહ્યા છે એટલું જ નહિ પણ ઊલટા ગૌરક્ષાના કામમાં બાધા ઊભી કરે છે. હમણાં સાંભળ્યું છે કે, કોઇ માણસે ગોરક્ષા માટે પોતાની ભૂમિ દાનમાં આપી દીધી હતી. પણ તે માણસ જ્યારે મરી ગયો ત્યારે તેના વારસદારો કહેવા લાગ્યા કે, ગોરક્ષાનું કામ તો મરનારની સાથે ગયું, આ તો અમારી જમીન છે. આખરે દાવો મંડાયો અને વકીલો એને માટે લડી રહ્યા છે. આ વાત વિચારવા જેવી છે કે, ભલે તે જમીન તેની જ હોય પણ જ્યારે તે જમીનનો ગોરક્ષાના કામમાં સદુપયોગ થઈ રહ્યો છે તો પછી તે જમીનનું મમત્વ છોડી દેવામાં શો વાંધો છે ! લોકો ગોરક્ષાની વાતો મોઢેથી તો કરે છે, પણ કેવળ મોઢેથી વાતો કરવાથી કાંઈ ગોરક્ષાનું કામ થઈ શકતું નથીને ? તેને માટે થોડો ત્યાગ પણ કરવો પડે છે. જો તમે બધા ગૌરક્ષા કરવાનો વિચાર કરી લો તો એક પણ ગાય કપાઇ ન શકે. સાંભળ્યું છે કે મોટા મિયાંએ હમણાં જાહેર કર્યું છે કે, 'ગાયોને બચાવવી એ હિંદુ કે મુસલમાન બધાનું કામ છે.' વાસ્તવમાં આ વિષે વિચાર કરવામાં આવે તો ગાય હિંદુઓને મીઠું અને મુસલમાનોને કડવું દુધ આપતી નથી,

તે તો જેવું દુધ હિંદુઓને આપે છે તેવું જ દુધ મુસલમાનોને આપે છે. આ દષ્ટિએ ગાય જે પોષણ આપે છે તેની રક્ષા કરવી એ હિન્દુ કે મુસલમાન બધાનું કર્ત્તવ્ય છે. જો હિન્દુ અને મુસલમાન બન્ને ગાયોનું રક્ષણ કરવા તૈયાર થઈ જાય તો ગાય કેમ કપાય? આજના ઘણા લોકો પોતાના મકાનની કે માલ મિલ્કતની તો ચિન્તા કરે છે પણ ગાયના રક્ષણની કોઈ ચિન્તા કરતું નથી! તેઓ તો એમ જ વિચારે છે કે, અમારી પાસે પૈસા હશે તો દુધ મળશે જ તો પછી અમે ચિન્તા શા માટે કરીએ!

જિનદાસ શેઠ સુભગને કહેવા લાગ્યા કે "હું અભાગી છું કે મને મહાત્માના દર્શન ન થયા. તું ખરેખર સદ્‌ભાગી છો કે, તને મહાત્માના દર્શન થયા!" આ પ્રમાણે સાંભળી સુભગ વધારે આનંદિત થયો અને વિચારવા લાગ્યો, કે હું પોતે જ પોતાને ધન્ય માનતો હતો પણ પિતાએ પણ મને ધન્યવાદ આપ્યા!

પાપના કામને ઉત્તેજન આપવાથી તો પાપ થાય છે પણ ધર્મના કામને ઉત્તેજન આપવાથી ધર્મ થાય છે. આજના યુવકો તો પૂર્વાપર વિચાર કર્યા વિના ધર્મને અનુપયોગી કહેવા તત્પર થઈ જાય છે, પણ એટલો વિચાર કરતા નથી કે ધર્મનું જીવનમાં કેટલું બધું મહત્વનું સ્થાન છે! પહેલાનાં શ્રાવકો વિષે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**अयमायुसो! निग्गन्थे पावयणे अट्ठे अयमाउसो!**
***निग्गन्थे पावयणे परमट्ठे सेस अणट्ठे॥***

અર્થાત્-હે! આયુષ્યમાનો! નિર્ગ્રન્થ-પ્રવચન અર્થયુક્ત છે, પરમાર્થયુક્ત છે, બાકી બધું અનર્થયુક્ત છે.

આ પ્રમાણે પહેલાનાં શ્રાવકો નિર્ગ્રન્થધર્મની બધે ઠેકાણે પ્રશંસા કરતા હતા. ધર્મની પ્રશંસા કરવાથી ધર્મનો પ્રચાર થાય છે અને લોકોને લાભ પહોંચે છે. મક્કા-મદીના હજ કરીને આવનારાઓને મુસલમાનો ગળે ગળુ લગાવીને શા માટે ભેટે છે! એટલા માટે કે 'અમે તો હજ કરવા આવી ન શકયા પણ તમે જઈ આવ્યા એટલે તમને ધન્ય છે.' આ જ પ્રમાણે જે લોકો વ્યાખ્યાનમાં આવી શકતા નથી તેઓ વ્યાખ્યાન સાંભળનારાઓની પ્રશંસા કરી તેમને ઉત્સાહિત કરે અને જેઓ વ્યાખ્યાન સાંભળવા આવે છે તેઓ વ્યાખ્યાનમાં ન આવનારાઓને વ્યાખ્યાનનો સાર સંભળાવે તો ધર્મનો કેટલો બધો પ્રચાર થાય અને અમારું કામ પણ કેટલું બધું હલકું થઈ જાય!

સુભગ શેઠને કહેવા લાગ્યો કે, પિતાજી! તમારું કહેવું સાંભળી મને ઘણો જ આનંદ થયો પણ મારાથી એક ભૂલ થઈ ગઈ છે. તે મહાત્મા આકાશમાં ઉડતી વખતે જે મન્ત્ર બોલ્યા હતા તે મન્ત્ર મને યાદ ન રહ્યો. જો તે મન્ત્ર મને યાદ રહ્યો હોત તો હું પણ તેમની જેમ આકાશમાં ઉડી જાત!

શેઠે પૂછ્યું કે, એ મન્ત્ર કયો હતો, તને કાંઈ યાદ છે?

સુભગે કહ્યું કે, એ મન્ત્ર તો મને પૂરો યાદ નથી, પણ તેઓ "નમો અરિહંતાણં—નમો અરિહંતાણં" એવું કાંઈ બોલ્યા હતા!

શેઠે કહ્યું કે, ઠીક, હું સમજી ગયો! એ નવકારમંત્ર હતો. સાંભળ, હું તને તે મંત્ર સંભળાવું છું.

**नमो अरिहन्ताणं ।**
**नमो सिद्धाणं ।**
**नमो आयरियाणं ।**
**नमो उवज्झायाणं ।**
**नमो लोए सव्व साहूणं ।**
**एसो पंच नमोक्कारो, सव्व पावपणासणो ।**
**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥**

આ મન્ત્ર સંભળાવી શેઠે સુભગને કહ્યું કે, આ જ મંત્ર હતો ને? સુભગે કહ્યું કે, હા, એ જ 'મંતર' હતો. શેઠે કહ્યું કે, તારા કાનમાં એ પરમાત્માનું એક વાક્ય પણ રહી ગયું એ સારું થયું!

હું જંગલ ગયો હતો ત્યાં એક ફકીર કાંઈ આપવા માટે કહેતો હતો કેઃ—

યાદસે આબાદ, ભૂલસે બરબાદ.

આ ફકીર કોને યાદ કરવા માટે કહેતો હતો! ધન, પુત્ર, સ્ત્રી વગેરેને લોકો કહેવા ન છતાં પણ યાદ કરે જ છે પણ પરમાત્માને યાદ કરો, તેને ભૂલો નહિ, જે પરમાત્માને ભૂલતો નથી, તેના હાથે પાપ થતું જ નથી, તે બરબાદ થતો નથી!

'બિસમિલ્લાહિ રહિમાને રહીમ'

અર્થાત્—અલ્લાના નામની સાથે હું પ્રારંભ કરું છું. આ પ્રમાણે જે 'અલ્લા'ના નામ સાથે કાર્યનો પ્રારંભ કરે છે તેની દ્વારા શું ખરાબ કામ થઈ શકે? શું તે કોઈના ગળા ઉપર છરી ફેરવી શકે? કોઈ માણસ અહીંના ઠાકોર સાહેબનું નામ લઈ કોઈના ગળે છરી ફેરવે અથવા ચોરી કરે અને પછી ઠાકોર સાહેબને કહે કે, મેં આપનું નામ લઈ આવું કાર્ય કર્યું છે! તો ઠાકોર સાહેબ શું તેની ઉપર પ્રસન્ન થશે? નહિ જ. આજ પ્રમાણે પરમાત્માનું નામ લઈ કોઈ ખરાબ કામ કરે, અથવા કોઈના ગળા ઉપર છરી ફેરવે તો શું પરમાત્મા તેના ઉપર પ્રસન્ન થાય ખરા? આ પ્રમાણે પરમાત્માનું નામ યાદ કરી ખરાબ કામ કરવું એ બન્ને વાત કેમ બની શકે?

કેટલાક લોકો કહે છે કે, પરમાત્માનું નામ લેવાથી શું થાય છે? આમ કહેનારને એ ખબર નથી કે, જો નામ લેવામાં ન આવે તો કાંઈ કામ પણ થતું નથી! તમે કોર્ટમાં જઈને કહો કે, "અમારા દશ હજાર રૂપિયા લેણા છે તે અપાવવામાં આવે." જ્યારે કોર્ટ તેને પૂછે કે કોની પાસે લેણા છે? ત્યારે તમે એમ કહો કે, 'મને તેના નામની ખબર નથી' તો શું દાવો ચાલી શકશે? તમે પોતે તમારું નામ કેટલી વાર લ્યો છો! મારું નામ તો હજારો લોકો જાણે છે એમ તમે પણ કહો છો; જ્યારે તમને હજારો માણસો જાણે છે અને નામ જાણવાથી જ કામ ચાલે છે તો પછી નામથી શું કામ, એમ કેમ કહી શકાય?

નામ પણ બે રીતે લેવામાં આવે છે. એક તો વ્યવહારના સંબંધે અને બીજું જીવનના સંબંધે. જેમકે વર કન્યાનું અને કન્યા વરનું સગાઇ પહેલાં નામ લે છે તેમાં, અને સગાઇ થયા બાદ નામ લે છે, તેમાં અંતર છે કે નહિ ? આ જ પ્રમાણે ઇશ્વિરનું નામ પણ વ્યવહારની રીતિએ લેવામાં આવે છે, અને બીજું તેમની સાથે સંબંધ જોડી નામ લેવામાં આવે છે. જો તમે પરમાત્માની સાથે સંબંધ જોડી તેમનું નામ સ્મરણ કરો તો તમને જણાશે કે તેમાં કેવો આનંદ રહેલો છે !

શેઠ સુભગને નવકાર મંત્ર સંભળાવી તેનો મહિમા બતાવવા લાગ્યા કે, ભગવાન પાર્શ્વનાથે ઝેરી સાપને નવકાર મંત્ર સંભળાવ્યો હતો, તેના પ્રભાવે તે ધરણેંદ્ર નામનો દેવ થયો. એક ચોરને ફાંસીએ ચડાવવામાં આવ્યો પણ ફાંસીએ ચડતાં તે ચોરને ખૂબ જ તરસ લાગી; પણ રાજાના ભયથી કોઈ તેની પાસે જતું નહિ. એટલામાં ત્યાંથી એક શેઠ નીકળ્યો. ચોરે તેમને કહ્યું કે એ-શેઠ ! મને બહુ જ તરસ લાગી છે, મારાથી એ દુઃખ સહેવાતું નથી, રાજાના ભયથી કોઈ મારી પાસે આવતું નથી, માટે આપ મને થોડું પાણી પીવા આપો. શેઠે કહ્યું કે, પાણી તો આપું પણ હું પાણી લેવા જાઉં એટલામાં જ તારા પ્રાણ નીકળી જાય તો તારી ગતિ શું થાય ? માટે તું પહેલાં નવકાર મંત્ર સાંભળી લે. આમ કહી શેઠે તેને નવકાર મંત્ર સંભળાવ્યો અને કહ્યું કે, આ મંત્રનો જાપ કર ત્યાં હું પાણી લઈને આવું છું. આમ કહી શેઠ તો પાણી લેવા ગયા, પણ ચોરને તે મન્ત્ર યાદ રહ્યો નહિ એટલે તે એમ બોલવા લાગ્યો કેઃ—

"આનૂ તાનૂ કછૂ ન જાનૂ, શેઠ વચન પરમાણૂ"

અર્થાત—શેઠે જે કહ્યું તે મને યાદ નથી પણ તેમણે જે કાંઈ કહ્યું છે તે પ્રમાણ છે એમ તે જપવા લાગ્યો. શેઠ પાણી લઈને આવ્યા તે પહેલાં જ ચોર મરણ પામ્યો હતો. ચોર મરણ તો પામ્યો, પણ નવકાર મંત્રના પ્રતાપે તે દેવ થયો.

રાજાઓના સિપાહીઓ શેઠને પકડી રાજા પાસે લાવ્યા અને કહ્યું કે, આ શેઠે આપની આજ્ઞા વિરુદ્ધ ફાંસીએ ચડેલા ચોરને સહાયતા આપી છે ! રાજાએ કહ્યું કે, મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનારને હું મૃત્યુદંડ આપું છું માટે એને પણ ફાંસીએ ચડાવો ! આ સાંભળી શેઠ હસવા લાગ્યા ! રાજાએ પૂછયું કે, કેમ હસે છે ? શેઠે જવાબ આપ્યો કે, મેં ચોરી કરી નથી છતાં મને ફાંસીએ ચડાવો છો તો હસું નહિ તો શું રોઉં ? એકવાર મરવું તો છે જ. આ સાંભળી રાજાએ કહ્યું કે, આ તો બહુ વિચિત્ર લાગે છે માટે એને તો ફાંસી આપવી જ જોઈએ ! શેઠને ફાંસીએ લઈ ગયા. શેઠને રાજા ફાંસીએ ચડાવે છે એ જાણી ચોર કે જે મરીને દેવ થયો હતો, તેનું આસન કંપાયમાન થયું અને તેણે તુરત જ શૂળીને બદલે સિંહાસન બનાવી દીધું.

શ્રીમતી પણ નવકાર મન્ત્ર જપ્યા કરતી હતી, પણ તેની સાસુને એ ગમતું ન હતું એટલે તે નારાજ રહેતી હતી. શ્રીમતીના પતિએ તેને કહ્યું કે, મારી માતા તારા મંત્ર-જાપથી નારાજ રહે છે તો શા માટે તું મંત્ર જપવાનું બંધ કરતી નથી ! શ્રીમતીએ ઉત્તર આપ્યો કે, એ મંત્ર તો મારા જીવનની સાથે વણાઈ ગયો છે એટલે તે મંત્રને કેમ છોડી શકું ? હું જે કામ કરું છું તે મંત્રના પ્રતાપથી જ કરું છું. વળી આ મંત્રના પ્રતાપથી જ

કામ કરવા છતાં ગાળ સાંભળું છું અને તેમ છતાં મને ક્રોધ આવતો નથી. હું મન્ત્ર પણ એ જ જપું છું કે 'નમો અરિહંતાણં'—અર્થાત્ જેમણે કર્મશત્રુઓનો નાશ કર્યો છે તેમને નમસ્કાર કરું છું. મારા ગુરુએ આવા ભગવાનને નમસ્કાર કરી કામ-ક્રોધ વગેરે કર્મ શત્રુઓને જીતવાની શિક્ષા આપી છે. તમે મારી પરીક્ષા કરી જુઓ કે મારી સાસુ ગાળો ભાંડે છે તો પણ હું શાન્ત રહી ક્રોધને જીતી શકું છું કે નહિ?

શ્રીમતીના પતિએ વિચાર્યું કે, આ એમ માનશે નહિ માટે તેને ગમે તે ઉપાયે મારી નાંખવી. પણ તેને એવી રીતે મારવી કે તે મરી જાય અને મારી ઉપર મારી નાંખવાનો આરોપ પણ ન આવે એ વિષે વિચાર કરવા લાગ્યો. એક દિવસ એક મદારી મોટો સાપ લઈને આવ્યો. શ્રીમતીના પતિએ વિચાર્યું કે, આ સાપને લઈ તેની દ્વારા પત્નીને મારી નાંખવી ઠીક છે. સર્પ કરડશે એટલે તે મરી જશે અને મારા ઉપર લોકો મારી નાંખવાનો આરોપ પણ નહિ આવે! આ પ્રમાણે વિચાર કરી તેણે મદારી પાસેથી સાપ ખરીદી લીધો અને એક ઘડામાં તે સર્પને પૂરી પોતાના શયનાગારમાં મૂકી આવ્યો. રાત્રે તે શયનાગારમાં આવ્યો ત્યારે શ્રીમતીએ પૂછ્યું કે શું આજ્ઞા છે! તેના પતિએ કહ્યું કે, જા, પે'લા ઘડામાં મેં ફુલની માળા મૂકી છે તે લઈ આવ. માળા પહેરવાનું આજે મારું મન થયું છે.

મન્ત્ર બડો નવકાર, સુમર લો મન્ત્ર બડો નવકાર,
કૃષ્ણ ભુજંગકો ઘાલા ઘટમેં, મારણ કો હાર ।
નાગ મિટકે ભઈ પુલકી માલ, મન્ત્ર જપા નવકાર—સુમર૦

શ્રીમતી પ્રસન્ન થતી ગઈ અને ઘડામાં હાથ નાંખ્યો. તેના પતિની ઇચ્છા ઘડામાં રાખેલા સર્પદ્વારા શ્રીમતીનું મૃત્યુ નીપજાવવાની હતી, પણ શ્રીમતીએ ઘડામાં ફુલની માળા લેવા માટે હાથ નાંખ્યો ત્યાં નવકાર મંત્રના પ્રભાવે કે પોતાના આત્મબળના પ્રભાવે એ સાપ ફુલની માળા બની ગયો. શ્રીમતીએ ફુલની માળા લઈ તેના પતિને આપી. આ જોઈ તેના પતિને આશ્ચર્યનો પાર રહ્યો નહિ! તેણે વધારે પરીક્ષા કરવા માટે કહ્યું કે, જા, બીજી માળા લઈ આવ! શ્રીમતી ફરી ગઈ અને માળા લઈ આવી. પતિ માળા જોઈ ખૂબ આશ્ચર્ય પામ્યો અને વિચારવા લાગ્યો કે, હું ઘડામાં તો સર્પ લાવ્યો છું અને આ માળા કયાંથી લાવી!

માટે ચાલ, હું જોઉં કે ઘડામાંથી સર્પ કયાં ગયો? જેવો તે ઘડામાં જોવા ગયો ત્યાં સર્પે ફુંફાડો માર્યો. શ્રીમતીના પતિએ વધારે પરીક્ષા કરવા માટે શ્રીમતીને કહ્યું કે, જા, બીજી માળા લઈ આવ! શ્રીમતીએ ફરી ઘડામાં હાથ નાંખ્યો તો તેના હાથમાં ફરી માળા જ આવી. પતિએ પૂછ્યું કે, શું તું કાંઈ મંત્ર જાણે છે! શ્રીમતીએ કહ્યું કે, હા, હું નવકાર મંત્ર જાણું છું. પતિએ કહ્યું કે, તેનો તો આ ઝગડો જ છે.

શ્રીમતીનો પતિ પોતાની માતાની પાસે ગયો અને કહ્યું કે, "તમે હવે નવકારમંત્રનો ઝગડો છોડી દો, તે સ્ત્રી નહિ પણ દેવી છે, મેં તેની આજે પરીક્ષા કરી જોઈ છે."

આ સાંભળી માતાએ વિચાર્યું કે, છોકરો બગડી ગયો છે! તે તેની સ્ત્રીના વશમાં આવી ગયો છે એટલે જ આમ કહે છે.

શ્રીમતીના પતિને લાગ્યું કે, મારી માતાને મારી વાત ઉપર વિશ્વાસ આવતો નથી માટે તેમને મંત્રનો પરિચય બતાવવો જોઈએ. એમ વિચારી તેણે માતાને કહ્યું, કે માતાજી! મારી સાથે ચાલો. માતા સાથે ગઈ. પુત્રે કહ્યું કે, આ ઘડામાં શું છે તે જુઓ! માતાએ ઘડામાં જોયું ત્યાં રાડ પાડી કહેવા લાગી કે, બાપ રે! એમાં તો મોટો સર્પ છે. પુત્રે કહ્યું કે, માતાજી! થોડી વાર ઉભા રહો! એમ કહી તેણે શ્રીમતીને બોલાવી કહ્યું કે, આ ઘડામાં એક બીજી માળા છે તે કાઢી માતાજીને પહેરાવ. શ્રીમતી ગઈ અને ઘડામાં હાથ નાંખ્યો ત્યાં તેના હાથમાં સર્પને બદલે માળા જ આવી, તે માળા લઈ માતાજીના ગળામાં પહેરાવી દીધી. આ જોઈ તેની સાસુ ઘણું આશ્ચર્ય પામી. શ્રીમતીના પતિએ તેની માને કહ્યું કે, માતાજી! તમે આને આટલાં બધાં કઠોર વચનો કહ્યાં છે છતાં તે કોઈ દિવસ ક્રોધે ભરાય છે?

માતાએ કહ્યું કે, ના, તે કોઈ દિવસ મારા ઉપર ક્રોધી થઈ નથી.

પુત્રે કહ્યું કે, આ બધો પ્રતાપ નવકારમંત્રનો જ છે, માટે એનો ઝગડો છોડો.

શેઠે આ પ્રમાણે સુભગને નવકારમંત્રના પ્રભાવની કથા કહી સંભળાવી અને નવકારમંત્ર પણ શીખડાવ્યો. સુભગ વિચારવા લાગ્યો કે, મને નવકારમંત્ર યાદ થઈ ગયો છે એટલે હવે ગમે ત્યાં જાઉં–હું નિર્ભય છું.

સુભગ નવકારમંત્ર શીખ્યો, પછી શું થયું તે વિષે યથાવસરે કહેવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ અષાડ વદી ૦)) શનીવાર

### પ્રાર્થના.

**શ્રી અભિનન્દન દુઃખનિકન્દન વંદન પૂજન જોગજી,**
**આશા પૂરો ચિંતા ચૂરો, આપો સુખ આરોગજી. ॥ શ્રી૦ ॥ ૧ ॥**

શ્રી અભિનંદન ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્ત લોકો પરમાત્માની પ્રાર્થના કયા ભાવે કરે છે, એ વાત હું વારંવાર કહું છું. આ વિષય એવો લાંબો અને સરસ છે કે આ વિષય ઉપર જેટલો વધારે વિચાર કરવામાં આવે અને હૃદયમાં જેટલો તેને ઉતારવામાં આવે તેટલો જ તે આત્માને આનંદકારી અને ચમત્કારી જણાય છે.

આ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે, 'હે! પ્રભો! તું દુઃખનો નાશ કરનાર છે માટે મારા દુઃખનો નાશ કર, એવી હું તને પ્રાર્થના કરું છું.' આ ઉપરથી કોઈ એમ કહી શકે કે, પરમાત્મા તો પ્રત્યક્ષ દેખાતા નથી અને દુઃખનો નાશ કરવા માટે સંસારમાં

અનેક સાધનો છે તો પછી પરમાત્મા કે જે પ્રત્યક્ષ નથી તેમની પ્રાર્થના શા માટે કરવી જોઈએ ? વળી દુઃખનિકંદન કહી પરમાત્માને પોકારવાની પણ શી જરૂર છે ?

કેવળ પ્રત્યક્ષને જ પ્રમાણ માનનારા લોકો, આ પ્રમાણે કહી દલીલો કરે છે કે, જેમ રોગનું દુઃખ દૂર કરવા માટે દાક્તર છે; દાક્તરની પાસે જવાથી દવાદ્વારા રોગનું દુઃખ દૂર કરી શકાય છે. માનાપમાનનું દુઃખ હોય, તો વકીલ કે બેરીસ્ટર પાસે જવાથી સન્માનની રક્ષા કરી શકાય છે. જો સ્ત્રી કે પુરુષને પરણવાની આવશ્યકતા હોય, તો વિવાહ કરી શકાય છે. આ પ્રમાણે આ સંસારમાં દુઃખ છે, તો એ દુઃખોને દૂર કરવાનાં ઉપાયો પણ છે; અને આ ઉપાયોદ્વારા દુઃખ દૂર કરી શકાય છે, તો પછી પરોક્ષ પરમાત્મા માટે એમ શા માટે કહેવામાં આવે છે કેઃ—

શ્રી અભિનંદન દુઃખનિકન્દનં, વંદન પૂજન જોગજી ।
આશા પૂરો ચિંતા ચૂરો, આપો સુખ આરોગજી ॥

અર્થાત્—" હે ! પ્રભો ! તું દુઃખનો નાશ કરનાર છે, તારા સિવાય બીજો કોઈ દુઃખનો નાશ કરનાર નથી, એટલા માટે મારું દુઃખ દૂર કર અને મારી ચિન્તાનો નાશ કર."

પ્રત્યક્ષવાદીઓ કહે છે કે, જ્યારે દુઃખને દૂર કરવાનાં પ્રત્યક્ષ સાધનો છે, તો પછી પરોક્ષ પરમાત્માની દુઃખ દૂર કરવા માટે પ્રાર્થના શા માટે કરવામાં આવે છે! આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓએ ઘણો વિચાર કર્યો છે. તેઓ કહે છે કે, તમે દુઃખ દૂર કરવાનાં જે પ્રત્યક્ષ ઉપાયો સમજી રહ્યા છો તે ઉપાયો એકાન્તિક કે આત્યન્તિક નથી; અર્થાત્ એ ઉપાયોદ્વારા દુઃખ કાયમને માટે દૂર થઈ જાય છે એવો કોઈ નિશ્ચય નથી. આ જ પ્રમાણે મટી ગયેલું દુઃખ ફરી નહિ આવે એવો પણ નિશ્ચય નથી. જે દાક્તરદ્વારા તમે રોગ દૂર કરવા ચાહો છો તે જ દાક્તરદ્વારા બીજો રોગ પેદા થઈ શકે છે કે નહિ! જે વકીલદ્વારા તમે તમારો કેસ જીતવા ચાહો છો તે જ વકીલદ્વારા તમે કેસમાં હારી જાઓ છો કે નહિ ! આ જ પ્રમાણે સ્ત્રી કે પુત્ર કે જેમને દુઃખ દૂર કરનારા માનો છો, શું તેમની દ્વારા દુઃખ પેદા થતું નથી ! બીજા ઉપાયોની વાત તો એક બાજુ મૂકો પણ તમારા જ શરીરની વાત લ્યો કે જે શરીરને તમે સુખનું કારણ માનો છો તે શરીર પણ કેવું કેવું દુઃખ આપે છે ! આ પ્રમાણે જેમને તમે દુઃખને દૂર કરવાનાં ઉપાયો માનો છો તે ઉપાયો એકાન્તિક કે આત્યન્તિક નથી. વાસ્તવમાં એ ઉપાયોદ્વારા દુઃખ મટી સુખ મળતું નથી પણ સુખનો આભાસ થાય છે. એકાન્તરૂપે દુઃખનો નાશ તો પરમાત્માના શરણે જવાથી જ થાય છે ! એટલા જ માટે જ્ઞાનીજનો પરમાત્માના શરણે જઈ પ્રાર્થના કરે છે કેઃ—

શ્રી અભિનંદન દુઃખનિકંદન, વંદન પૂજન જોગજી ।
આશા પૂરો ચિન્તા ચૂરો, આપો સુખ આરોગજી ॥

તમે લોકો પુસ્તકો તો વાંચતા હશો, પણ કેવળ પુસ્તકોના વાંચન ઉપર જ વિશ્વાસ રાખો નહિ; કારણ કે પુસ્તકમાંની કેટલીક વાતો તો આત્માને લાભદાયક હોય છે અને કેટલીક હાનિકારક પણ હોય છે. એટલા માટે પુસ્તકો એકાન્તિક લાભ કરનારા ન હોવાથી તેના વિશ્વાસે જ ન રહેતાં જ્ઞાનીઓના વચન ઉપર વિશ્વાસ કરો. જ્ઞાનીઓનું કથન છે કે,

કર્મના વિગ્રહની બધી વસ્તુ નાશવાન્ છે. અર્થાત્ સારી વસ્તુ હોય કે ખરાબ વસ્તુ હોય પણ જેનો સંબંધ કર્મની સાથે છે તે વસ્તુ નાશવાન છે; એટલા માટે સ્વર્ગ અને નરક બન્નેની આશા-દુરાશા છોડો અને પરમાત્માના શરણે જાઓ! પરમાત્માના શરણે જવાથી તમારું જે દુઃખ દૂર થશે તે પાછું આવશે નહિ અને તેમને શરણે જવાથી તમારું દુઃખ દૂર થશે જ એ વાત નિશ્ચિત છે. જ્ઞાનીઓના આ કથન ઉપર વિશ્વાસ રાખો. તેમનું આ કથન એકાન્ત સત્ય અને ઠીક છે. આ કથન ઉપર વિશ્વાસ કરી તે પ્રમાણે ચાલશો તો તેમાં કલ્યાણ છે.

તમે કહેશો કે, આ તો આધ્યાત્મિક સુખની વાત થઈ, પણ અમે તો સંસારી છીએ એટલે અમારે તો ભૌતિક સુખની આવશ્યકતા છે! આના ઉત્તરમાં જ્ઞાનીઓ કહે છે કે, આધ્યાત્મિક સુખની આગળ ભૌતિક સુખ તો દાસની સમાન છે. પરમાત્માના શરણે જવાથી તમારામાં એક પ્રકારની આકર્ષણ શક્તિ પેદા થશે કે જેની દ્વારા સમસ્ત ભૌતિક ચીજો પણ તમારી પાસે ખેંચાતી ચાલી આવશે અને તમે તે ચીજોને તુચ્છ માનવા લાગશો! એમ માનો, કે કોઈ માણસને એક અમૂલ્ય રત્નની પ્રાપ્તિ થઈ. જો કે, એ રત્નમાં ખાવા-પીવાની કે પહેરવાની કોઈ ચીજ પ્રત્યક્ષ દેખાતી નથી; પણ જેમની પાસે એવું અમૂલ્ય રત્ન હોય છે તેને શું ખાવા-પીવા-પહેરવાની વસ્તુની ઊણપ રહી શકે! આ જ પ્રમાણે જેઓમાં આધ્યાત્મિક સુખ છે તેમને ભૌતિક સુખની ઊણપ રહી શકતી નથી. આધ્યાત્મિક સુખ મળતાં બધાં સુખો મળી જશે. એટલા માટે સાંસારિક વસ્તુઓ મેળવવાનાં સંકલ્પવિકલ્પો છોડી દઈ સ્થિરતા ધારણ કરો અને પરમાત્માના શરણે જાઓ તો કલ્યાણ જ છે.

## અનાથી મુનિનો અધિકાર—૧૦

ઉત્તરાધ્યયન સૂત્રના વીશમા અધ્યયન ઉપર વિચાર ચાલી રહ્યો છે. આ અધ્યયનમાં આત્મકલ્યાણની જે વાત કહેવામાં આવી છે તેને સમજી જો હૃદયમાં સ્થાન આપવામાં આવે તો બધાં સંકલ્પવિકલ્પો મટી જાય અને આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ થાય! આત્મા ભ્રમમાં પડી જઈ ઘણીવાર ભૌતિક સુખોની પાછળ ભટકયા કરે છે અને એ સુખના અભિમાને તે પોતાને નાથ અને બીજાને અનાથ માનવા લાગે છે; પણ આમ માનવા જતાં 'હું બધાનો નાથ છું' એ અભિમાનમાં પોતે જ 'અનાથ' બની જાય છે. રાજા શ્રેણિક પણ ભૌતિક સુખના અભિમાનમાં પોતાને બધાનો 'નાથ' સમજતો હતો. શ્રેણિકની આ મોટી ભૂલ હતી. આ ભૂલને જે મહામુનિ અનાથીએ પોતાના ઉપદેશદ્વારા દૂર કરી, અને શ્રેણિક જે પોતાને બીજાના 'નાથ' સમજતો હતો પણ વાસ્તવમાં તે પોતે જ 'અનાથ' હતો, એ ભૂલ સમજાવી, તેને આધ્યાત્મિક સુખનો માર્ગ બતાવ્યો. તે મહામુનિ કેવા હતા તેનો પરિચય આપતાં શાસ્ત્રમાં કહ્યું છે કે:—

**तत्थ सो पासई साहुं, संजयं सुसमाहियं ।**
**निसन्नं रुक्खमूलम्मि, सुकुमालं सुहोइयं ॥ ४ ॥**

રાજા શ્રેણિક, તે મંડિકુક્ષ બાગમાં વિહારયાત્રા માટે આવ્યો હતો. તે રાજશાહી દાદમાદથી આવ્યો હશે પણ શાસ્ત્રમાં એ વિષે કાંઈ વર્ણન મળતું નથી, એટલા માટે

એમજ કહેવામાં આવે છે કે, જે પ્રમાણે રાજાને આવવું શોભતું હશે એ જ પ્રમાણે રાજા શ્રેણિક પણ આવ્યો હશે! રાજા શ્રેણિક અહીંતહીં બાગમાં ફુલોની સુગંધ લેતો ફરતો હતો. ફરતાં ફરતાં તેણે એક મહાપુરુષ સાધુને જોયા. તે મહાત્મા સંયતિ અર્થાત્ સમ્યક્ પ્રકારે આત્માનું જતન કરનાર અને સંયમના ધારક હતા એ વાત તેમના ચહેરા ઉપર ટપકતા સમાધિભાવ ઉપરથી સ્પષ્ટ જણાતી હતી. તે મહાત્મા એક વૃક્ષની નીચે બેઠા હતા. તેઓ સુકુમાર અને સુખી હતા. એવા મહાત્મા સાધુને શ્રેણિક રાજાએ જોયા.

આ કથન ઉપર વિશેષ વિચાર કરવામાં આવે તો બહુ લાંબું થાય અને અનેક વાત જાણવાની પણ મળે. પણ એટલો અત્યારે અવકાશ નથી એટલા માટે એ વાતને સંક્ષેપમાં જ કહું છું. રાજાએ બાગમાં મહાત્માને જોયા. મુનિ બાગમાં બિરાજતા હતા, એટલે બાગમાં પણ કોઈ વિશેષતા આવી ગઈ હશે! શાસ્ત્રકારો કહે છે કે, મહાત્માઓના સંયમનો પરિચય તો તેમના આસપાસનું વાતાવરણ જ આપી દે છે. તે મહાત્માઓ જ્યાં બિરાજે છે ત્યાં તેમની શાન્તિના પ્રતાપે વૈર–વિરોધ રહેવા જ પામતો નથી. જે જીવોની વચ્ચે સ્વાભાવિક વૈર-વિરોધ હોય છે તેવા સિંહ અને બકરી જેવા પ્રાણીઓ પણ નિર્વૈર થઈ એક સાથે શાન્તિપૂર્વક રહે છે; અને ભય પામનારા જીવો પણ નિર્ભય થઈ વિચરે છે. આ પ્રમાણે મહાત્માઓના સંયમનો પ્રભાવ ચૈતન્ય ઉપર તો પડે જ છે, પણ જડ પદાર્થો ઉપર પણ પડે છે. આ નિયમાનુસાર તે મહાત્માનો પ્રભાવ મંડિકુક્ષ બાગ ઉપર પડયો જ હશે અને તેથી બાગમાં આજે વિશેષતા હોવાનું શું કારણ છે? એમ વિચારતો રાજા શ્રેણિક બાગમાં ફરતો હતો ત્યાં તેની નજર એક વૃક્ષ નીચે બેઠેલા મુનિ ઉપર પડી.

સાધુની સાથે વૃક્ષનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. જો સાધુ અને વૃક્ષોની પરસ્પર તુલના કરવામાં આવે તો બન્નેની વચ્ચે ઘણું સામ્ય જણાશે. ગ્રન્થકારોએ મુનિ અને વૃક્ષનું સામ્ય બતાવ્યું છે. વૃક્ષો ઉપર ટાઢ અને તાપ પડે છે છતાં તેઓ કોઈની પાસે ફરીયાદ કરતા નથી પણ સમભાવપૂર્વક સહન કરે છે! જે પ્રમાણે વૃક્ષો પવનનો આઘાત સહન કરે છે તે જ પ્રમાણે તમે પણ સહનશીલ બનો, તો સંસારની ગમે તેવી વિપત્તિઓ માથે આવી પડે તો પણ તમે દૃઢ રહી શકશો. સહિષ્ણુતા કેળવવી એ કલ્યાણનો માર્ગ છે. જે સહનશીલ હોય છે તે આગળ જતાં ઉન્નતિ સાધી શકે છે.

મહાભારતમાં કહ્યું છે કે, યુધિષ્ઠિરે ભીષ્મને કહ્યું કે, હવે આપનો અંત સમય નજદીક આવી પહોંચ્યો છે એટલા માટે હું તમને એક વાત વધારે પૂછવા ચાહું છું. તમે ધર્મ અને રાજનીતિની અનેક વાતો મને બતાવી છે, પણ એક વાત પૂછવી બાકી રહી ગઈ છે! તે પૂછવા ચાહું છું.

ભીષ્મે ઉત્તર આપ્યો કે, તમે જે પૂછવા ચાહો છો તે ખુશીથી પૂછો! હું તમારી તિજોરીમાં શિક્ષાની જેટલી વાતો મૂકું તેટલી સુરક્ષિત જ છે!

યુધિષ્ઠિરે પૂછ્યું કે, કોઈ પ્રબલ શત્રુ ચડી આવે ત્યારે રાજધર્મને અનુસરી શું કરવું જોઈએ?

ભીષ્મે જવાબ આપ્યો કે, એ માટે હું તમને એક પ્રાચીન કથા સંભળાવું છું, તે ધ્યાનપૂર્વક સાંભળો.

નદીઓનો સ્વામી સમુદ્ર, બધી નદીઓના વર્તાવથી પ્રસન્ન રહેતો હતો પણ વેત્રવતી નદીના વર્તાવથી નારાજ થયો અને કહેવા લાગ્યો કે, "તું બહુ જ કપટી નદી છે! તું નિષ્કપટ થઈ મારી બરાબર સેવા કરતી નથી."

વેત્રવતી નદીએ કહ્યું કે, મારો શો અપરાધ છે? સમુદ્રે કહ્યું કે, 'તારા કાંઠે નેતર બહુ થાય છે પણ તેં કોઈ દિવસ નેતરનો કટકો પણ લાવીને મને આપ્યો નથી! બીજી નદીઓ તો કાંઠે જે વસ્તુઓ થાય છે તે લઈને મને આપે છે, પણ તું તો ભારે કપટી છો! તેં મને કોઈ દિવસ નેતર લાવીને આપેલ નથી!'

સમુદ્રનું કથન સાંભળી વેત્રવતી નદીએ કહ્યું કે, એમાં મારો કાંઈ અપરાધ નથી. જ્યારે હું જોસબંધ પુરની સાથે દોડતી આવું છું ત્યારે બધાં નેતરો નીચા નમીને પૃથ્વી સાથે લાગી જાય છે અને જ્યારે મારું પૂર ઊતરી જાય છે ત્યારે પાછા જેવા હતા તેવા ઊભા થઇ જાય છે. આ પ્રમાણે હું એક પણ નેતરને તોડી શકતી નથી; એટલા માટે તમે જ બતાવો કે એમાં મારો શો અપરાધ છે?

સમુદ્રે કહ્યું કે, ઠીક છે. હું એ જાણું છું પણ મારી સાથે થએલો તારો સંવાદ બીજા લોકોને હિતકારી નીવડશે!

આ સંવાદ કહી ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું કે, "હે! યુધિષ્ઠિર! પોતાથી વધારે બળવાન શત્રુ સામે આવે ત્યારે શું કરવું તે બાબતમાં નેતરની પાસેથી શિખામણ લ્યો. જ્યારે શત્રુ પ્રબળ હોય ત્યારે નીચા નમી જવું એ જ ઠીક છે. નેતર નદીના પૂર સામે નીચાં નમી જાય છે પણ પોતાની જડને ઉખેડવા દેતાં નથી અને જ્યારે પૂર ઊતરી જાય છે ત્યારે પહેલાંની માફક પાછા ટટાર ઊભા થઈ જાય છે. આ જ પ્રમાણે પોતાની જડ મજબૂત રાખીને પ્રબળ શત્રુની આગળ નીચા નમી જવું. જે બહુ જોસબંધ ધમધોકારથી આવે છે તે બહુ વધારે વાર ટકી શકતા નથી એટલા માટે શત્રુ આવે તે વખતે નીચા નમી જવું, અને શત્રુઓ ચાલ્યા જાય ત્યારે હોઈએ તેવા થઈ જવું. જો અક્કડ થઈ રહીએ તો કોઈ દિવસ જડ પણ ઉખડી જાય અને પછી ઉભા પણ થઈ ન શકાય. એ માટે નમ્ર થઈને પોતાની જડને ઉખેડવા દેવી ન જોઈએ. તું તો અજાતશત્રુ છો એટલે તારે માટે એવો વખત જ નહિ આવે પણ આ શિક્ષા બીજા લોકોને માટે હિતકારી થશે.

યુધિષ્ઠિરને ધર્મરાજ કે અજાતશત્રુ પણ કહેવામાં આવે છે. તેઓ કોઈને પોતાના શત્રુ માનતા ન હતા. આ જ પ્રમાણે વૃક્ષો પણ અજાતશત્રુ છે. તેઓ પણ કોઈને પોતાના શત્રુ માનતા નથી. યુધિષ્ઠિરની અજાતશત્રુતા વિષે કોઈ તર્કવિતર્ક પણ કરી શકે છે પણ વૃક્ષોની અજાતશત્રુતા વિષે કોઈને સંદેહ થઈ શકે નહિ! વૃક્ષો પવન, ઠંડી, તાપ, તડકો વગેરે કષ્ટો સહેવા છતાં પણ અડોલ–અચળ રહે છે. આ સિવાય તેની કોઈ ડાળી વિજળીથી ખરી પડે કે ટાઢથી બળી જાય કે કોઈ કાપી જાય તો પણ વૃક્ષ રોતું નથી પણ ઊલટું જે ડાળો બાકી હોય છે તેમાં ઋતુ અનુસાર ફળ–ફુલને પોષણ આપ્યા કરે છે.

લોકો ઉપર એક દુઃખ તો પુત્ર–માતા કે કોઈ સ્વજનનું મરણ થતાં ઉભું થાય છે અને બીજું દુઃખ તેઓ રોઈ–કકળાટ કરી પોતે પેદા કરી લે છે. પણ જો તેઓ, હાનિ

થવાથી પોતાની શક્તિનો અધિક હ્રાસ ન કરતાં વિકાસ કરવો જોઈએ એવી વૃક્ષો પાસેથી શિક્ષા લેતા હોય તો કેટલો બધો લાભ થાય !

એક કવિ કહે છે કેઃ—

**રે મન! વૃક્ષકી મતિ લેહુરે,**
**કાટનવાલે સે નહીં વૈર કછુ, સીંચનવાલેસે નહીં હૈ સ્નેહરે.**

કવિ મનને સંબોધન કરી કહે છે કે, "હે! મન! તું વૃક્ષની પાસેથી શીખામણ કેમ લેતું નથી! જો એ વૃક્ષને કોઈ કુહાડાથી કાપે છે તો તેની સાથે વૈરભાવ રાખતું નથી ઊલટું તેને શીતળ છાયા અને ખાવા માટે ફળફુલ આપે છે; તેમ તેને પાણી પાનાર ઉપર રાગ રાખતું નથી. આ પ્રમાણે વૃક્ષ દરેક ઉપર સમભાવ રાખે છે. હે! મન! તું એ સમભાવ કેમ કેળવતું નથી ?"

વૃક્ષમાં રહેલો આ સમભાવનો ગુણ તમે કેમ ધારણ કરતા નથી! વૃક્ષથી પણ હલકા કેમ બનો છો ? તમે વૃક્ષને જડ કહો છો પણ જડમાં આવા ગુણો છે તો તમે ચૈતન્ય થઈને તે ગુણ કેમ ધારણ કરતા નથી. જે પ્રમાણે વૃક્ષ કોઈને દુઃખ આપતું નથી તેમ મનુષ્ય કોઈને દુઃખ ન આપે તો પછી સંસારમાં કોઈ કોઈનો શત્રુ જ રહે નહિ!

કદાચ તમે એમ કહો કે, અમે એવા સરલ બની જઈએ તો શત્રુ અમને મારી જ નાંખે ને ? પરંતુ આ વિષે વૃક્ષ શું કહે છે તે જુઓઃ–વૃક્ષ કહે છે કે, 'હું બીજા કોઈની દ્વારા કપાતો નથી પણ મારા વંશજો દ્વારા જ કપાઉં છું. જો કુહાડીમાં લાકડીનો હાથો ન હોય તો કેવળ કુહાડીથી વૃક્ષ ઉપર ઘા પડશે પણ વૃક્ષ કાપી શકાશે નહિ. વૃક્ષ કુહાડીદ્વારા ત્યારે જ કપાય છે કે જ્યારે કુહાડીને વૃક્ષના વંશજ લાકડાની સહાયતા મળે છે. આ જ પ્રમાણે તમારી સાથે કોઈ વૈર રાખતું હોય તો પણ જ્યાંસુધી તમે તમારા મનની સહાયતા આપો નહિ ત્યાંસુધી તે તમારું કાંઈ કરી શકે નહિ! તમે શત્રુને તમારા મનનો હાથો આપો છો ત્યારે જ તે કુહાડીરૂપી વૈર તમારું નુકશાન કરી શકે છે. જો તમે તમારા મનને વૈર તરફ જવા જ ન દો તો કોઇ તમને કાંઈ કરી શકે નહિ. વૃક્ષને અજાતશત્રુ કહેલ છે એ આ દષ્ટિએ કહેલ છે. વૃક્ષો કેવાં ઉપકારી છે, છતાં લોકો કેવળ પોતાના મોજશોખ માટે તેને કાપી નાંખે છે! ઘાટકોપરમાં હું જંગલ ગયો હતો. પાછા ફરીને જોયું કે, જે વૃક્ષ થોડીવાર પહેલાં લીલુંછમ હતું, તે જ ધરતી ઉપર કપાએલું પડયું હતું. મારા સાધુએ વૃક્ષ કાપનારાઓને પૂછયું કે, આ વૃક્ષને તમે શા માટે કાપ્યું ? તેમણે જવાબ આપ્યો કે, આ વૃક્ષના કોયલાથી ચુનાની ભઠ્ઠી પકાવવામાં આવશે, પછી એ પકાવેલા ચુનાને બંગલા બનાવવા માટે વાપરવામાં આવશે. આ પ્રમાણે પોતાના બંગલાઓ બનાવવા માટે આવા ઉપકારી લીલાંછમ વૃક્ષોને કાપી નાંખવામાં આવે છે!

મેં 'હદીસો'માં જોયું છે કે, 'કતિલુલ હાજર'ને મહાપાપ માનવામાં આવે છે. અર્થાત્ લીલાં વૃક્ષોને કાપી નાંખવાં એ અપરાધ છે. લીલાં વૃક્ષો બધાંને શાન્તિ આપે છે, પણ બંગલાઓ બધાને શાન્તિ આપી શકતા નથી! કેવળ મકાનો માટે જ વૃક્ષોનો નાશ કરવામાં આવતો નથી, પણ આજકાલ તો મશીનોને કારણે વૃક્ષોનો વિનાશ થઈ રહ્યો છે! એન્જીનમાં પણ લાકડા અને કોલસા વપરાય છે અને તે માટે વૃક્ષો કાપી નાંખવામાં આવે

છે. આ પ્રમાણે યંત્રોએ વૃક્ષોનો વિશેષ નાશ કર્યો છે. વૃક્ષોના નાશની સાથે પ્રકૃતિના સૌંદર્યનો અને તમારા સુખનો પણ નાશ થયો છે !

બાગમાં વૃક્ષની નીચે જે મહાત્મા બેઠેલા હતા તે મહાત્મા પણ વૃક્ષની જેવા જ સહનશીલ હતા. ગમે તેટલી આપત્તિઓ આવી પડે તો પણ સમતાપૂર્વક સહન કરે એવા હતા. તમે પણ વૃક્ષની જેવા સહનશીલ બનો તો તમારો આત્મા ગુણશીલ બનશે અને તેથી તમારું કલ્યાણ થશે.

## સુદર્શન-ચરિત્ર—૧૦

કાલે કહ્યું હતું કે, જિનદાસ શેઠે સુભગને નવકાર મંત્ર સંભળાવી, તેનું મહત્ત્વ બતાવ્યું. વાસ્તવમાં શ્રાવકના સંપર્કમાં આવનાર વ્યક્તિનો સુધાર થવો જ જોઈએ; પણ આજે તો લોકોદ્વારા પોતાના સ્ત્રી-પુત્રનો પણ સુધાર કરવામાં આવતો નથી. વકીલ-બેરિસ્ટરો વગેરે બીજા કામોમાં તો પોતાના સમયનો અને શક્તિનો ભોગ આપે છે પણ પોતાના સ્ત્રી-પુત્રને સુધારવા માટે સમય આપતા નથી અને કહે છે કે, " એ એનું જાણે, અમે શું કરીએ ! " પણ શ્રાવકોનું કર્ત્તવ્ય છે કે પોતાનામાં જે ગુણો હોય તે પોતાના સાથીને પણ આપે. ઉવવાઈ સૂત્રમાં શ્રાવકને **धम्मक्खाई** અર્થાત્ ધર્મના કહેનાર-તરીકે વર્ણવેલ છે. જો શ્રાવક પોતે જ ધર્મનો અભ્યાસી ન હોય તો બીજાને શું કહે ? જો પોતાને ધર્મનો અભ્યાસ હોય તો બીજાથી ઠગાય નહિ, નહિ તો અયોગ્યને પણ સાધુ માનવા પડે. એટલા માટે શ્રાવકનો ધર્માભ્યાસનો ગુણ તમારામાં પણ હોવો જોઇએ. જો ધર્મના અભ્યાસી બની તમે તમારું અંગ પણ સુધારી શકો અર્થાત્ તમારા ઘરને પણ સુધારી શકો તોય ઘણું છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે, જિતશત્રુ રાજાને સુબુદ્ધિ નામનો પ્રધાન હતો. સુબુદ્ધિ શ્રાવક હતો. જિતશત્રુ ધર્મને માનતો ન હતો, પણ સુબુદ્ધિએ તેને ધાર્મિક બનાવી દીધો. કહેવાનો આશય એ છે કે, શ્રાવક ધર્માભ્યાસી-ધાર્મિક હોય તો બીજાને ધાર્મિક બનાવી શકે. શ્રાવક કેવો હોય એના માટે કહ્યું છે કેઃ—

**સ્વારથ કે સાચે પરમારથ કે સાચે ચિત્ત સાચે, બૈન કહે સાચે જૈનમતી હૈ,**
**કાહૂ કે વિરુદ્ધ નાહિં પરજાય બુદ્ધિ નાહિં, આતમગવેષી, ન ગૃહસ્થ હૈ ન જતી હૈ;**
**સિદ્ધિ ઋદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમેં પ્રકટ સદા, અન્તર કી લચ્છિ સો અજાચિ હૈ,**
**દાસ ભગવાનકે ઉદાસ રહે જગત સોં સુખિયા, સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.**

શ્રાવકો આવા હોય છે. તેઓ વિચારે છે કે, હું સાધુ પણ નથી અને ગૃહસ્થ પણ નથી. તે સત્યને દૃષ્ટિમાં રાખી સ્વાર્થ સાધે છે. જો સત્યને આંચ આવતી હોય તો લાખોની સંપત્તિને પણ તે ગણકારતો નથી અને સત્યનો નાશ થવા દેતો નથી; પોતે અપમાન સહી લે છે, પણ સત્યને જરાપણ આંચ આવવા દેતો નથી.

ઇતિહાસ જોવાથી જણાય છે કે, બાદશાહની બેગમ એક નરવીરને પોતાની સાથે સુખોપભોગ કરવા પ્રાર્થના કરે છે છતાં એ નરવીર પોતાનું નૈતિક પતન થવા ન દેતાં બેગમને માતાની દૃષ્ટિએ જુએ છે અને તેની પ્રાર્થનાનો અસ્વીકાર કરે છે.

ઇતિહાસમાં જ્યારે આવી ઘટના ઘટેલી છે તો પછી જેઓ શ્રાવક કે ભક્ત છે, તેમણે પોતાનું નૈતિક બળ કેટલું બધું કેળવવું જોઈએ એ કલ્પી શકાય એમ છે. કેટલાક લોકો વિષયભોગમાં જ ભક્તિ માને છે પણ વાસ્તવમાં ભક્તિ વિષયભોગમાં નહિ પણ વિષયત્યાગમાં જ છે.

શ્રાવક, સત્યનો ઉપાસક હોય છે આ સાંભળી કદાચ તમે કહેશો કે, ઉપાશ્રયમાં હોઈએ ત્યાંસુધી તો સત્યના ઉપાસક રહી શકીએ પણ દુકાન ઉપર કે વકીલાત કરતી વખતે સત્યનું પાલન કેવી રીતે થઈ શકે? આ પ્રશ્નના ઉત્તરમાં શાસ્ત્રકારો કહે છે કે, સત્યનું પાલન ત્યાં પણ થઈ શકે છે. અહીં તો સત્યની કેવળ શિક્ષા આપવામાં આવે છે પણ વ્યવહારમાં તેનો ઉપયોગ તો ત્યાં જ થઈ શકે. અહીંથી શિક્ષા લઈ બહાર ભૂલી જાઓ તો તે શિક્ષા શા કામની? આ જ પ્રમાણે અહીંથી તો સત્યની શિક્ષા લ્યો અને બહાર જઈ, વ્યવહારમાં તેને ન ઉતારો તો તે કયાંસુધી બરાબર છે તેનો વિચાર કરો!

શ્રાવકો બાર વ્રતનો સ્વીકાર કરી વ્યવહારમાં તેનું પાલન કરે છે. કેટલાક લોકો કહે છે કે, **कन्नाली** એટલે કન્યા સંબંધી અસત્ય ન બોલવું એ તો ઠીક છે પણ કન્યાનું ઉપલક્ષણ કરી બધાં મનુષ્યો સંબંધી અસત્ય ન બોલવું, એ અમારાથી કેમ બની શકે? આ જ પ્રમાણે **गोवाली** એટલે ગાય સંબંધી અસત્ય ન બોલવું, એ તો ઠીક છે પણ ગાયનું ઉપલક્ષણ કરી બધાં પશુઓ સંબંધી અસત્ય ન બોલવું એ અમારાથી કેમ બની શકે? ભૂમિના વિષે પણ ભૂમિથી ઉત્પન્ન સમસ્ત પદાર્થોના વિષે અસત્ય ન બોલવું એ અમારાથી કેમ બની શકે? તેમના કહેવાનો આશય એ છે કે, અમારાથી સત્ય પૂર્ણ રીતે પાળી શકાતું નથી માટે વ્રતોમાં થોડી છૂટ હોવી જોઈએ! પણ આમ કહેનારાઓએ એમ સમજવું જોઈએ કે, કન્યાના વિષે જુઠું બોલવું પાપ છે તો મનુષ્યમાત્રની સાથે જુઠું બોલવું પાપ નથી? આ જ પ્રમાણે ગાયના વિષે જુઠું બોલવું પાપ છે તો પશુ માત્રની સાથે જુઠું બોલવું પાપ નથી?

હવે તમે એમ કહો કે, આજનો વ્યાપાર જ એવો છે કે અસત્ય વિના કામ જ ચાલી શકતું નથી! તો આ તો એક ખોટી ધારણા છે. યુરોપના લોકો ચારસો ગજ કપડું આપવાનું કહી ત્રણસો ગજ કપડું કેમ આપતા નથી? જો તેઓ તેમ કરે તો તેમની સત્તા હોવાથી તમે વધારે કાંઈ બોલી પણ શકો નહિ તેમ છતાં તેઓ સત્યથી વ્યાપાર ચલાવે છે કે નહિ? આવી દશામાં તમારો વ્યાપાર અસત્ય વિના કેમ ચાલી ન શકે? આથી ઊલટું સત્ય વિના અવશ્ય કામ ચાલી ન શકે! કોઈ માણસ એવી પ્રતિજ્ઞા કરે કે, 'હું સત્ય બોલીશ જ નહિ' તો તેનું જીવન થોડા દિવસ પણ ચાલી શકે નહિ! ઉદાહરણ તરીકે, એક સત્યત્યાગી માણસ ઘેર ગયો, તેની માએ કહ્યું કે, બેટા! જમવા બેસી જા! હવે એ માણસને સત્ય નહિ બોલવાની તો પ્રતિજ્ઞા હતી એટલે તેણે ભૂખ લાગી હોવા છતાં એમ કહ્યું કે, મને ભૂખ લાગી નથી. તો આમ કેટલા દિવસ ભૂખ્યો તે રહી શકે? આખરે પેટમાં લાગેલી ક્ષુધાને શાંત કરવા માટે તેણે સત્ય બોલવું જ પડે. આ જ પ્રમાણે તે કોઈની પાસે રૂપિયા માંગતો હોય પણ સત્ય ન બોલવાની પ્રતિજ્ઞા લીધી હોવાથી તે કહે, કે ના, હું તો રૂપિયા માંગતો નથી તો અસત્ય બોલવાનો બદલો કેવો મળે? આ પ્રમાણે સત્ય વિના જીવનનો વ્યવહાર ચાલી શકતો નથી!

જિતશત્રુ રાજા ધર્મને માનતો નહિ, તે નાસ્તિક રાજાનો પ્રધાન હોવા છતાં સુબુદ્ધિ રાજ્યનું કામ કરવાની સાથે ધર્મનું પાલન કરતો હતો; પણ તમારામાં કેવી નબળાઈ આવી ગઈ છે કે 'સત્યથી વ્યવહારનું કામ ચાલી શકતું નથી' એમ કહો છો.

એક દિવસ જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ પ્રધાન બન્ને સાથે ફરવા નીકળ્યા. રસ્તામાં એક ખાઇમાં પાણી સડી ગયું હોવાથી દુર્ગન્ધ આવતી હતી. ત્યાંથી પસાર થતાં રાજાએ નાક બંધ કરી કહ્યું કે, આ પાણી તો બહુ ગંધાય છે!

સુબુદ્ધિએ કહ્યું કે, આ તો આપણી જ ભૂલનું પરિણામ છે. આપણી બેદરકારીને કારણે જ આ પાણીમાં દુર્ગન્ધ પેદા થઇ છે. જો પ્રયત્ન કરવામાં આવે તો આ દુર્ગન્ધી પાણીને પણ સુધારી શકાય!

રાજાએ કહ્યું કે, પ્રધાનજી! આ તમારી ભૂલ છે. દુર્ગન્ધ કોઇ દિવસ સુગંધ બની શકે નહિ અને સુગંધ કોઈ દિવસ દુર્ગંધ બની શકે નહિ!

સુબુદ્ધિએ વિચાર્યું કે, રાજા હઠે ચડયા છે એટલે એમ માનશે નહિ પણ તેમને પ્રત્યક્ષ પ્રયોગદ્વારા જ સાબીત કરી બતાવવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી સુબુદ્ધિએ એક વિશ્વાસપાત્ર નોકરદ્વારા તે પાણીનો એક ઘડો ભરી મંગાવ્યો! અને તે પાણીમાં ક્ષારાદિ દ્રવ્યનો ઉપયોગ કરી બીજા ઘડામાં એ પાણી ભરી લીધું. આ પ્રમાણે પાણીને શુદ્ધ કરવા માટે તેમણે ૪૯ દિવસ સુધી પ્રયત્ન કર્યો અને પાણીને પીવા જેવું શુદ્ધ બનાવ્યું. બાદ એ શુદ્ધ પાણીનો એક લોટો ભરી તેણે રાજાના રસોયાને આપ્યો અને કહ્યું કે, મહારાજ ભોજન કરવા બેસે ત્યારે પીવા માટે આ પાણીનો લોટો આપજે. રસોયાએ પ્રધાનની સૂચનાનુસાર કર્યું. રાજાએ પાણી પીધું તો બહુ મીઠું લાગ્યું. તેમણે રસોયાને કહ્યું કે, આ પાણી બહુ મીઠું છે! દરરોજ આ પાણી પીવા કેમ આપતો નથી! રસોયાએ કહ્યું કે, આ પાણી તો પ્રધાનજીએ લાવી આપ્યું છે. રાજાએ પ્રધાનને બોલાવી કહ્યું કે, પ્રધાનજી! તમે તો બહુ કપટી જણાઓ છો? તમે આવું મીઠું પાણી પીઓ છો અને મને પીવડાવતા પણ નથી!

સુબુદ્ધિએ ઉત્તર આપ્યો કે, એમાં કઈ વાત છે! આ તો પુદ્ગલોનું પરિવર્તન છે. દુર્ગન્ધમાંથી સુગંધ અને સુગંધમાંથી દુર્ગંધ થઈજ જાય છે!

રાજાએ કહ્યું કે, પ્રધાનજી! એ જ તમારી ભૂલ છે. સુબુદ્ધિએ જવાબ આપ્યો કે, મહારાજ! હું ઠીક કહું છું. આ પાણી તે જ છે કે જેની દુર્ગંધ ન સહેવાને કારણે આપે નાક બંધ કર્યું હતું?

રાજાએ કહ્યું કે, તમે ખોટું બોલો છો? દુર્ગંધમાંથી સુગંધ કેમ પેદા થઈ શકે? રાજાનું આ કથન સાંભળી સુબુદ્ધિ પ્રધાને તે ખરાબ પાણી મંગાવ્યું અને તેમની સામે જ ક્ષારાદિ દ્રવ્યોદ્વારા સુધાર્યું. આ જોઇ રાજાએ માન્યું કે, વાસ્તવમાં દુર્ગંધને પણ સુગંધ બનાવી શકાય છે.

જો 'આ પાણી બહુ દુર્ગંધી છે' એમ કહી નાક દબાવી ઉપેક્ષા કરવામાં આવી હોત અને પાણી સુધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો ન હોત તો પાણી સુધરી શકત નહિ. પણ સુધાર કરવામાં આવ્યો તો તે પાણી પણ સુધર્યું. આ જ પ્રમાણે કોઇ વસ્તુ

તરફ ઘૃણા કે ઉપેક્ષા કરવાથી કોઈ વસ્તુ સુધરી શકતી નથી પણ સુધારવાનો પ્રયત્ન કરવામાં આવે તો સુધરી શકે છે. જ્યારે પાણીનો પણ સુધાર કરી શકાય છે તો શું મનુષ્યનો સુધાર કરી ન શકાય?

રાજાએ સુબુદ્ધિને કહ્યું કે, તમે મને કેવલિપ્રરૂપિત ધર્મ સંભળાવો! જો સુબુદ્ધિ પોતે જ ધર્મ જાણતો ન હોત તો રાજાને તે શું સંભળાવત? અને કેવી રીતે તેને સુધારી શકત?

પ્રધાને રાજાને કહ્યું કે, આપ પાણીને શું જુઓ છો! તમે તમારા આત્મા તરફ જુઓ અને તે આત્માને સુધારવાનો પ્રયત્ન કરો! જ્યારે મૂળ જ ખરાબ હોય છે ત્યારે બધું ખરાબ હોય છે. આ પ્રમાણે જ્યારે મૂળ આત્મા જ ખરાબ હશે તો બધું ખરાબ થશે માટે આત્માને સૌથી પહેલાં સુધારો! આ પ્રમાણે પ્રધાને રાજાને ધર્મબોધ આપી સુધાર્યો.

શેઠે પણ સુભગને નવકાર મંત્ર સંભળાવ્યો અને તેના ઉપર વિશ્વાસ પેદા કરાવ્યો. આ પ્રમાણે તમે પણ બીજાને સુધારો અને પરમાત્માને યાદ રાખો. જે પરમાત્માને યાદ રાખે છે તેના હાથે પાપ થતું નથી; એક ફારસી કવિએ કહ્યું છે કે, "તમે તમારા દિલમાં અસત્યને સ્થાન આપો નહિ પણ નેકીને-પ્રામાણિકતાને સ્થાન આપો." આ પ્રમાણે તમે પણ તમારા દિલમાં ખરાબીને સ્થાન આપો નહિ પણ પ્રામાણિકતાને સ્થાન આપો.

સુભગને નવકાર મંત્ર ઉપર દૃઢ શ્રદ્ધા હતી. તે ઉઠતા-બેસતાં આખો દિવસ નવકાર મંત્રનો જ જાપ કરતો હતો! ભોળા લોકોમાં શ્રદ્ધા વધારે હોય છે એટલે સુભગ પણ શ્રદ્ધાપૂર્વક નવકાર મંત્રનો આખો દિવસ જાપ કર્યા કરતો.

શેઠ પણ નવકાર મંત્રનો મહિમા બતાવતાં સુભગને કહેતા કે, આ મંત્રમાં બધા ધર્મનો સાર આવી ગયો છે. સુભગ શેઠની આ વાત ધ્યાનપૂર્વક સાંભળતો અને પોતાને નિર્ભય માની પ્રસન્ન થતો હતો.

ગાંધીજીની બીજી વાતોમાં ભલે કોઈને મતભેદ હોય પણ તેમના સત્યના વિષે કોઈને સંદેહ નથી! પોતાની આત્મકથામાં તેમણે લખ્યું છે કે, મારી મા મને કહ્યા કરતા કે, "રામનું નામ લે તો તને કોઇ પ્રકારનો ભય રહેશે નહિ! મારા કોમલ મનમાં તેમની વાતનો વિશ્વાસ જામી ગયો, અને તેથી મને એવો ભય થયો નહિ."

નવકાર મંત્રનું મહત્ત્વ અને તેનો પ્રભાવ તો તમે પણ જાણતા હશો, પણ તમારા હૃદયમાં ભૂત વગેરેનો ભય તો નથી ને? જો કોઈ તમને સ્મશાનમાં રહેવાનું કહે તો તમને ભય તો નહિ થાય ને? તમે કહેશો કે, ભૂતની વાત તો શાસ્ત્રમાં પણ આવી છે. પણ શાસ્ત્રમાં જે દેવયોનિના ભૂત વિષે કહેવામાં આવ્યું છે, તે ભૂત અને તમારી કલ્પનાનું ભૂત જુદું જ છે. તમે કલ્પના કરો કે, તે ભૂત તો થપ્પડ મારવાથી ભાગી જાય છે! હવે કહો કે તે ભૂત મોટું કે થપ્પડ મારી ભૂતને ભગાવી મૂકનાર મોટા! એક શેરડીને બાંધી લેવાથી ભૂત ભાગી જાય છે તો એ ભૂત વળી કેવું? શાસ્ત્રમાં જે ભૂત દેવનું વર્ણન છે, તેને માટે તો એમ કહેવામાં આવ્યું છે કે:—**क्रोड चक्को एक सुर कह्यो**—આવી તે દેવની શક્તિ કહી છે પણ તમારી કલ્પનાનું ભૂત તો થપ્પડ મારવાથી જ ભાગી જાય છે!

અમેરિકામાં ભૂતોની લીલાનો ઢોંગ ચાલ્યો હતો! બે મિત્રોએ વિચાર્યું કે, આ ભૂતની વાત સાચી છે કે ખોટી! જોઈએ તો ખરા? તેઓએ ભૂતને બોલાવી લાવનારને કહ્યું કે, મારી બહેનનું ભૂત મંગાવી લાવ! જે મિત્રે આમ કહ્યું તેની બહેન જીવતી જ હતી! ભૂત બોલાવી લાવનાર થોડીવાર અગડંબગડં બોલ્યો અને કહ્યું કે, તમારી બહેનનું ભૂત આવ્યું છે! તે મિત્ર આ સાંભળી આશ્ચર્યમાં પડી ગયો કે, આ તો મરેલાનું ભૂત બોલાવી લાવવાનું કહેતો હતો, પણ મારી બહેન તો જીવતી છે તો એનું ભૂત કયાંથી આવી ગયું? તે મિત્ર તો ચૂપ થઇને ત્યાં બેસી રહ્યો. એટલે બીજા મિત્રે કહ્યું કે, નેપોલીયનનું ભુત બોલાવી આપ! તે નેપોલીયનનું ભૂત લઈ આવ્યો. તે બીજો મિત્ર નેપોલીયનના ભૂતની સામે તલવાર લઇને દોડયો. ત્યાં તો તે ભૂત ભાગ્યું. મિત્રો વિચારવા લાગ્યા કે, જે નેપોલીયને આખા યુરોપને પોતાની તલવારના બળે ધ્રુજાવ્યું હતું તે શું આમ ભાગી જાય? મિત્રો સમજી ગયા કે, આ બધો ઢોંગ છે. તેઓએ એ ઢોંગને ખુલ્લો કર્યો અને લોકોને બતાવ્યું કે આ કેવળ ધૂર્ત્તતા છે, વાસ્તવમાં ભૂત કે બૂત કાંઈ નથી. આ ધૂર્ત્ત મનની વાત જાણી લે છે અને પછી મનમાં જે હોય છે તે કહી દે છે એટલે લોકોને તેની ઉપર વિશ્વાસ આવે છે પણ વાસ્તવમાં એ બધો ઢોંગ છે.

કહેવાનો આશય એ છે કે, આ પ્રમાણે ભૂતનો ઢોંગ પણ બહુ ચાલે છે; અને તમે લોકો એ ઢોંગમાં સપડાઈ જાઓ છો! જો તમે નવકારમંત્ર ઉપર વિશ્વાસ રાખો અને કોઈ પ્રકારનો વહેમ ન રાખો તો પછી તમને ભય કોઈ દિવસ ન થાય. પુરુષોની અપેક્ષા સ્ત્રીઓમાં વહેમ વિશેષ હોય છે! સ્ત્રીઓ બાળકોને બચપણમાં જ ભૂતનો ભય બતાવે છે અને કહે છે કે, "ત્યાં જતો નહિ, ત્યાં ભૂત છે." બાળકોના કોમલ મગજમાં તે કલ્પનાનું જ ભૂત સંસ્કારરૂપે ઘર ઘાલી જાય છે, જે કોઇક દિવસે સાચા ભૂતનું રૂપ ધારણ કરી ભય પેદા કરે છે. તમે લોકો તમારા મગજમાંથી આવો વહેમ કાઢી નાંખો. જો ભૂતના ભયથી આમ કર્યા કરશો તો ધર્મની આબરૂ કેમ સાચવી શકશો!

શેઠે સુભગની રગેરગમાં નવકારમંત્રની શ્રદ્ધા ઉતારી દીધી અને તેથી તે નિર્ભય થઈ રહેવા લાગ્યો. તમે પણ આ પ્રમાણે પરમાત્માના નામ ઉપર વિશ્વાસ રાખી નિર્ભય બનો તો કલ્યાણ છે.

## વ્યાખ્યાન : સંવત ૧૯૯૨ શ્રાવણ શુદી ૧ રવીવાર

### પ્રાર્થના

સુમતિ જિનેશ્વર સાહિબાજી, 'મેઘરથ' નૃપનો નંદ,
'સુમંગલા' માતા તણો, તનય સદા સુખકંદ;
પ્રભુ ત્રિભુવન તિલોજી. ॥ ૧ ॥

શ્રી સુમતિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના કેવી રીતે કરવી જોઈએ ! એ વાત આ પ્રાર્થનામાં ઉદાહરણપૂર્વક બતાવવામાં આવી છે. તે ઉદાહરણો તો સ્પષ્ટ છે છતાં થોડું વધારે સ્પષ્ટ કરું છું. જો આ ઉદાહરણોને દૃષ્ટિ સમક્ષ રાખી પ્રાર્થના કરવામાં આવે તો જરૂર તેમાં સફળતા મળી શકે.

ભ્રમર અને ફૂલ, સૂર્ય અને કમલ, પપૈયો અને મેઘ; એ ત્રણેયનો જેવો પરસ્પર પ્રેમસંબંધ છે તેવો પરમાત્માની સાથે પ્રેમસંબંધ જોડી, પ્રાર્થના કરવામાં આવે તો જ તે સાચી પ્રાર્થના કહેવાય.

ભ્રમરની પ્રીતિ ફૂલની સાથે છે અને તે ફૂલની સુગંધનો રસિક છે. તે પુષ્પનો રસ લે છે. તે પુષ્પની સુગંધ છોડી દુર્ગંધ લેવા ક્યાંય જતો નથી. ભ્રમરનો પ્રીતિસંબંધ પુષ્પની સુગંધ સાથે છે, ભ્રમરની આ પુષ્પપ્રીતિ જોઈ તમે પણ તમારા માટે વિચાર કરો કે, "હે ! આત્મા ! તું પરમાત્માની સાથે પ્રીતિ જોડી કઈ બાજુ આથડે છે. જે પ્રમાણે ભ્રમર પુષ્પની સાથે અનન્ય પ્રીતિ રાખે છે તેવી જ રીતે પરમાત્માની સાથે તારે પણ અનન્ય ભક્તિ રાખવી જોઈએ. એમ થવું ન જોઈએ કે, પરમાત્માની ભક્તિ કરી ફરી પાછા કામોમાં લાગી જાઓ. એ વાત જુદી છે કે, લાંબા સમયથી પડેલાં સંસ્કારો એકદમ છૂટી શકતાં નથી તેમ છતાં પ્રયત્ન તો પરમાત્માની પ્રીતિ જોડવાનો તથા તેમની ભક્તિ કરવાનો જ હોવો જોઈએ અને એને જ પોતાનું કર્ત્તવ્ય સમજવું જોઈએ.

હમણાં યુવક પરિષદ્‌ના મંત્રીએ તમને યુવક પરિષદ્ માટે આમંત્રણ આપ્યું છે અને તેઓ યુવક પરિષદ્ ભરવાનું કહે છે; તેમને પણ મારું એ જ કહેવું છે કે, પહેલાં યુવકો પોતે સુધરે અને પછી પોતાના વિચારો બીજાઓની સામે મૂકે એ ઉચિત છે. પોતાના ચારિત્રનો પ્રભાવ બીજાઓ ઉપર પડે જ છે, એટલા માટે પહેલાં પોતાનું આચરણ સુધારવું અને પછી પોતાના વિચારો બીજાઓના સામે મૂકવાથી પોતાના વિચારોની અસર બીજાઓ ઉપર અવશ્ય પડશે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, સચ્ચરિત્ર બની પરમાત્માની પ્રાર્થના કરવી જોઈએ ! પ્રાર્થના પણ કરો અને દુરાચાર પણ સેવો એ ઠીક કહેવાય નહિ. આ ઉપરથી તમે એમ પૂછી શકો કે, શું ત્યારે અમારે 'સાધુ' બની જવું જોઈએ ! હું બધાને સાધુ થવાનું કહેતો નથી. સાધુ થવું એ પોતાની શક્તિની વાત છે; પણ જે પદના અધિકારી હો એ પદને

યોગ્ય સચ્ચરિત્ર તો બનવું જ જોઈએ. તમે ગૃહસ્થ છો એટલા માટે ગૃહસ્થને યોગ્ય સચ્ચરિત્ર બનવું જોઈએ. ગૃહસ્થ કેવી રીતે સચ્ચરિત્ર બની શકે એનું વર્ણન ઉપાસકદશાંગસૂત્રમાં આપવામાં આવેલ છે. એ શિક્ષાના આધારે તમે પણ સચ્ચરિત્ર બની શકો છો. જો સાધુ થયા વિના સચ્ચરિત્ર બની શકાયું ન હોય અને ધર્મનું પાલન થઈ શકતું ન હોય તો ભગવાન એમ ન કહેત કેઃ—

**दुविहे धम्मे पण्णत्ते तंजहा–आगारधम्मे, अणगारधम्मे ।** —શ્રી સ્થાનાંગસૂત્ર.

અર્થાત્—ધર્મ બે પ્રકારના છે. એક સાધુધર્મ અને બીજો ગૃહસ્થધર્મ. ગૃહસ્થો માટે જે ધર્મ બતાવવામાં આવ્યો છે તે ધર્મને ધ્યાનમાં રાખી, તમે સચ્ચરિત્ર બની શકો છો. શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં જે ગૃહસ્થધર્મની મર્યાદા બતાવવામાં આવી છે તેને ધ્યાનમાં રાખી જીવનમાં ઉતારવાથી તમે તમારો ઘણો આત્મસુધાર કરી શકો છો. ગૃહસ્થોમાં ધર્મ હોય તો સાધુઓથી પણ ધર્મ પાળી શકાય છે. જો તમારામાં ધર્મ ન હોય તો અમારો ધર્મ પણ ટકી શકે નહિ! અર્થાત્ અનગારધર્મ આગારધર્મ સાથે સંબાન્ધત છે. અનગારધર્મ આગારધર્મની સહાયતા વિના ટકી શકે નહિ, માટે તમે તમારા પદને યોગ્ય ધર્મનું શુદ્ધ આચરણ કરો એ તમારું કર્ત્તવ્ય છે.

## અનાથી મુનિનો અધિકાર—૧૧

હવે હું શાસ્ત્રની વાત કરું છું. અનાથી મુનિની કથાના સંબંધની ગાથામાં એક ચર્ચા રહી ગઈ છે જેને સ્પષ્ટ કરવી ઉચિત સમજું છું. રાજા શ્રેણિકનો પરિચય આપતાં કહેવામાં આવ્યું છે કેઃ—

**पभूयरयणो राया, सेणिओ मगहाहिवो ।**
**विहारजत्तं निज्जाओ, मंडिकुच्छिंसि चेइए ॥ २ ॥**

અહીં મંડિકુક્ષ બાગ ન કહેતાં મંડિકુક્ષ ચૈત્ય કહેવામાં આવ્યું છે. ચૈત્ય શબ્દનો શો અર્થ છે એ અત્રે જોવાનું છે. આ વિષે ટીકાકાર એમ લખે છે કેઃ—

**चैत्य इति उद्यान**

અર્થાત્—ચૈત્યનો અર્થ બાગ છે. શ્રેણિક ચૈત્યમાં જાય છે અર્થાત્ બાગમાં જાય છે. ચૈત્ય શબ્દ **चिय चयने, चिति संज्ञाने** એ ધાતુ ઉપરથી બનેલ છે. જ્યાં પ્રકૃતિનો બહુ ઉપચય હોય, જ્યાં પ્રકૃતિની સુંદરતા હોય તેને ચૈત્ય કહે છે; અથવા આત્માના જ્ઞાનને પણ ચૈત્ય કહે છે. મનને પ્રસન્ન કરવાનું જે કારણ હોય તે પણ ચૈત્ય કહેવાય છે. આ વાત કાંઈ હું મારા તરફથી જ કહેતો નથી પણ પૂર્વાચાર્યોએ પણ એમ જ કહેલ છે. રાયપસેણી સૂત્રમાં વર્ણન છે કે, સૂર્યાભદેવે ભગવાનને '**देवियं चेइयं**' કહી વંદના કરી. ભગવાનને 'ચેઇય' શા માટે કહ્યા એ વિષે મલયગિરિ ટીકામાં ટીકાકાર કહે છે કે, **सुप्रसन्नमनहेतुत्वादिति चैत्य** અર્થાત્–મનને પ્રસન્ન કરવાનું જે કારણ હોય છે તેને ચૈત્ય કહે છે. કોઈને સંસારનો વ્યવહાર મનને પ્રસન્ન કરવાનું કારણ હોય છે, તો કોઈને ભગવાન મનને પ્રસન્ન કરવાના કારણ જણાય છે. સૂર્યાભદેવને દેવલોકનાં સુખો મનપ્રસન્નનું કારણ જણાયું નહિ પણ

ભગવાન જ મન પ્રસન્નના કારણભૂત જણાયા; એટલા જ માટે તેણે ભગવાનને **चेइयं** કહી વંદન કર્યું.

ચૈત્ય શબ્દ રૂઢ નથી પણ વ્યુત્પન્ન પ્રાતિપદિક છે. એટલે તેના અનેક અર્થ થાય છે. ચૈત્યનો અર્થ બાગ પણ થાય છે, જ્ઞાન પણ થાય છે અને મનને પ્રસન્ન કરવાનું કારણ એવો પણ અર્થ થાય છે. ચૈત્ય શબ્દનો અર્થ વ્યુત્પત્તિથી મૂર્તિ એવો થતો નથી પણ મૂર્તિને માટે 'પડિમા' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. પડિમા અને ચૈત્યનો અર્થ જુદો છે અને બન્ને શબ્દો પણ જુદા છે. ચૈત્ય શબ્દ જ્યાં આવેલ છે ત્યાં બાગ, જ્ઞાન કે સાધુના અર્થમાં આવેલ છે.

અહીં એક પ્રશ્ન થાય છે કે, ચૈત્ય શબ્દનો અર્થ બાગ થાય છે એનું શું પ્રમાણ છે ! તો આનો ઉત્તર એ છે કે, શાન્ત્યાચાર્યકૃત પાઇ ટીકામાં **चैत्य इति उद्यान** એમ સ્પષ્ટ કહેલ છે. અર્થાત્ શ્રેણિક રાજા બાગમાં ગયો અમે ઉલ્લિખિત છે.

કાલે આ ચર્ચા બાકી રહી ગઈ હતી જે આજે કહી દીધી છે.

બાગનું વર્ણન કરી અને મુનિ મહાત્માને જોઇ આગળ શું થયું તેનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કેઃ—

**तत्थ सो पासई साहुं, संजयं सुसमाहियं ।**
**निसन्नं रुक्खमूलम्मि, सुकुमालं सुहोइयं ॥ ४ ॥**
**तस्स रूवं तु पासित्ता, राइणो तंमि संजए ।**
**अच्चंतपरमो आसी, अउलो रूवविम्हिओ ॥ ५ ॥**
**अहो वण्णो कहो रूवं, अहो अज्जस्स सोमया ।**
**अहो खंती अहो मुत्ती, अहो भोगे असंगया ॥ ६ ॥**

આ ગાથાઓનો પૂર્ણ વિચાર તો કોઇ યોગીશ્વર જ કરી શકે. હું તો યોગમાર્ગને પણ જાણતો નથી એટલા માટે આ ગાથાનો પૂરો અર્થ હું કેવી રીતે કરી શકું ? છતાં પૂર્વાચાર્યોએ જે વ્યાખ્યાન કરેલ છે તેના આધારે હું મારી બુદ્ધિ અનુસાર થોડામાં કહું છું.

આ ગાથામાં પહેલાં એમ કહેવામાં આવ્યું છે કે, રાજાએ સાધુને જોયા. એટલા માટે સાધુ કોને કહે છે એ જોવાનું છે. સાધુની વ્યાખ્યા કરતાં કહ્યું છે કેઃ—

**'साधयति स्व-परकार्याणि इति साधुः'** ।

જે પોતાનું અને બીજાનું કાર્ય સાધે છે તે સાધુ કહેવાય છે. જેમ નદીઓ જાય છે તો સમુદ્ર તરફ પણ જ્યાંથી જાય છે ત્યાંના આસપાસના પ્રદેશને સીંચતી અને ફળદ્રુપ બનાવતી જાય છે. તેમ સાધુઓ પણ પોતાનું કાર્ય સાધતાં, બીજાઓનું પણ કાર્ય સાધે છે. પોતાનું કાર્ય છોડી બીજાનું કાર્ય સાધતા નથી; પણ પોતાનું કાર્ય સાધવાની સાથે જ બીજાનું કાર્ય સાધે છે. જેમ વૃક્ષો સ્વભાવતઃ પોતે ફુલેફાલે છે, બીજાના માટે ફુલતા-ફાલતા નથી છતાં બીજાને ઉપકારી નીવડે છે, તે જ પ્રમાણે સાધુઓ પણ પોતાનું કાર્ય સાધતાં

બીજાનો ઉપકાર કરે છે, અને વૃક્ષોની કોઈ પ્રશંસા કરે તો ફુલાતું નથી તેમ નિંદા કરે તો દુઃખી થતું નથી, તેમ સાધુઓ પણ નિંદા કે પ્રશંસાથી દુઃખી થતા નથી તેમ ફુલાતા નથી. પણ વૃક્ષ પત્થર મારનારને ફળ-ફુલ કે છેવટે છાંયા આપે છે તેમ સાધુઓ પણ નિંદા કરનારને પણ તત્ત્વ સંભળાવે છે અને પોતાના આત્માની સમાન તેને માની જ્ઞાન પણ આપે છે.

આ પ્રમાણે જે, પોતે મુક્તિ સાધે છે અને પાસે આવનારને મુક્તિનો માર્ગ બતાવે છે તે સાધુ છે. અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે, ગાથામાં જ્યારે 'સાધુ' શબ્દ વપરાયો છે તો પછી તેની સાથે જ સમાનાર્થક 'સંયત' શબ્દ શા માટે વાપરવામાં આવ્યો છે! આ પ્રશ્નના ઉત્તરમાં ટીકાકાર જણાવે છે કે, સાધુતા ગૃહસ્થોમાં પણ હોઇ શકે છે. આરંભ-સમારંભમાં રહેવા છતાં પણ ગૃહસ્થ સ્વપરનું કલ્યાણ સાધી શકે છે! સાહિત્યમાં ગૃહસ્થને પણ સાધુ શબ્દથી સંબોધન કરવામાં આવેલ છે. જે પોતાનો સ્વાર્થ સાધતાં પરમાર્થને ભૂલી જતો નથી તે ગૃહસ્થને પણ સાહિત્યમાં સાધુ કહેલ છે.

ગૃહસ્થની સાધુતા તમારે પણ શીખવી જોઇએ અને વૃક્ષો પાસેથી પણ શિક્ષા લેવી જોઈએ. વૃક્ષો પોતાને કાપનારને પણ ઠંડી છાયા આપે છે એ જ પ્રમાણે તમે પણ બીજાનો ઉપકાર કરો! સ્ત્રી-પુત્ર વગેરે કુટુમ્બીજનોને તો તમે છાયા આપો જ છો-તેમની સાર-સંભાળ રાખો જ છો પણ કોઈ ગરીબ તમારે ત્યાં આવી તમારી છાયા માંગે તો એને ધુત્કારો નહિ! જો તમે આશ્રિતોને ધુત્કારો તો તમને કેવા કહેવા?

શ્રી જ્ઞાતાસૂત્રમાં મેઘકુમારનું વર્ણન આવે છે. તેમાં હાથીનું વર્ણન આવે છે કે, એ હાથીએ પોતાને રહેવા માટે જંગલમાં ચાર કોશનું મંડલ બનાવ્યું હતું; પરંતુ જ્યારે જંગલમાં દાવાનળ લાગ્યો એટલે બીજા જીવો સ્વરક્ષા માટે તે મંડલમાં આવ્યા, ત્યારે હાથીએ તે જીવોને બહાર કાઢી મૂકયા નહિ પણ તેમને પણ સ્થાન આપ્યું. જે જીવો તે મંડલમાં આવ્યા હતા તે તેના આત્મીય કે સજાતીય ન હોવા છતાં તેણે તો એમ જ વિચાર્યું કે, "જે પ્રમાણે મને આશ્રયની આવશ્યકતા છે તે જ પ્રમાણે આ જીવોને પણ આશ્રયની આવશ્યકતા છે. અને આશ્રય લેવા માટે જ આ જીવો અત્રે આવ્યા છે, માટે તેમને આશ્રય આપવો જ જોઇએ!" આ તેની કેટલી બધી ઉદારતા! તેણે કેટલાં શાસ્ત્રો અને પુસ્તકો વાંચ્યા હતાં કે તેનામાં આટલી બધી ઉદારતા આવી ગઇ? અને તમે શાસ્ત્ર તથા પુસ્તકો વાંચ્યા છે છતાં તમારામાં એવી ઉદારતા કેમ નથી? તમે ભણેલા છો, કોઈએ બી. એ; એમ. એ. કે એવી ઉંચી ડીગ્રી પણ પ્રાપ્ત કરી છે, અને કોઈ કોઈએ 'રાવબહાદુર'નો ખીતાબ પણ સરકાર પાસેથી મેળવ્યો છે, છતાં આવી ઉદારતાનો વિચાર તમને કેમ નથી આવતો?

હાથીએ તે જીવોને પોતાના મંડલમાં સ્થાન આપ્યું, એટલું જ નહિ પણ કેટલાક જીવો તેના પગની વચ્ચે જે જગ્યા હતી ત્યાં પણ ઘુસીને બેસી ગયા હતા છતાં તેને ક્રોધ ન આવ્યો એટલું જ નહિ પણ તેને ખંજવાળ આવવાથી તેણે પોતાનો પગ ઊંચો કર્યો એટલામાં તો એક સસલું તેના પગ નીચે બેસી ગયું. હવે હાથીને ક્રોધ આવે કે નહિ? જો તે ચાહત તો પોતાના પગ વડે તે સસલાને કચડી નાંખત કે પોતાની સુંઢ વડે બહાર

ફેંકી દેત; પણ તેણે એમ ન કરતાં એમ જ વિચાર્યું કે, આ સસલું અગ્નિના ભયને લીધે અહીં આવ્યું છે માટે તેને આશ્રય આપવો જ જોઈએ, આમ વિચાર કરી તેણે પોતાનો પગ ઊંચો જ રાખ્યો. આ મહા ઉદારતાને કારણે જ તે હાથી કળ ચડવાથી નીચે ઢળી પડતાં મરણ પામ્યો અને તે શ્રેણિકના પુત્ર તરીકે જન્મ પામ્યો. હવે તમે વિચાર કરો કે, જ્યારે હાથીમાં પણ આટલી ઉદારતા હતી તો તમારે કેટલા ઉદાર બનવું જોઈએ !

કહેવાનો અભિપ્રાય એ છે કે, આ પ્રમાણે ગૃહસ્થો પણ સાધુતાને ધારણ કરી શકે છે. રાજા શ્રેણિકે જે સાધુને જોયા હતા. તે શું ગૃહસ્થ સાધુ હતા ? આ વાતનો નિષેધ કરવા માટે અને તેઓ ગૃહસ્થ સાધુ નહિ પણ આત્માનું જતન કરનારા સંયમી હતા એ બતાવવા માટે 'સંયતિ' શબ્દ આપવામાં આવ્યો છે.

હવે સાધુ, સંયતિ એ બે શબ્દોને સાથે મહાત્માના વિશેષણ તરીકે **સુસમાહિયં**– **અર્થાત્ સમાધિવાળા** હતા એમ શા માટે કહેવામાં આવ્યું છે ! એ વિચારવાનું છે. સાધુ, સંયતિ શબ્દની સાથે 'સમાધિવાળા' એ પદ આપવાનો અભિપ્રાય એ છે કે, કેટલાક લોકો સંયતિ તો હોય છે અને બધી ક્રિયાઓ પણ સંયતિની જ પાળે છે, પણ તત્ત્વોની ઊલટી શ્રદ્ધા રાખે છે. જેમકે ગોશાલક અને જમાલી. જમાલીની બહારની કરણી દરેક રીતે ઊંચી હતી પણ તેની તત્ત્વ શ્રદ્ધા ઊલટી હતી; એટલે સાધુ–સંયતિ હોવા છતાં પણ તે સમાધિવાળા ન હતા. ક્યાંય આ સાધુ–સંયતિ ઊલટી તત્ત્વશ્રદ્ધા રાખતા હતા નહિ ને ? તેમને કોઇ પ્રકારનો ભ્રમ તો હતો નહિં ને ? એ વાતને સ્પષ્ટ કરવા માટે કે, તેઓને યથાથ તત્ત્વશ્રદ્ધા હતી એ બતાવવા માટે ત્રીજું સુસમાધિપદ આપવામાં આવ્યું છે.

રાજા શ્રેણિકે આવા સુસમાધિયુક્ત સંયતિ સાધુને જોયા હતા. તે સાધુ વળી 'સુકુમાર' હતા એમ કહેવામાં આવ્યું છે. સુકુમારનો અર્થ ' જે કામદેવને બરાબર જીતી લે ' એવો થાય છે. 'જે કામદેવને પણ કુત્સિત કરે, તેને પણ જીતી લે' એને સુકુમાર કહે છે. તેમનું શરીર કામદેવને પણ જીતી લે એવું હતું એટલા માટે તેમને સુકુમાર કહેવામાં આવ્યા છે. 'સુકુમાર'ની સાથે જ 'સુહોઇય' પદ આપવામાં આવ્યું છે. 'સુહોઈય'નો અર્થ 'સુખને યોગ્ય' એવો થાય છે. અર્થાત્ જેમનું શરીર સુખમાં ઉછર્યું હોય, કષ્ટ પામ્યું ન હોય તે શરીરે સુખી કહેવાય છે. કોઈ માણસે જો પહેલાં કષ્ટો ભોગવ્યાં હોય છે તો કષ્ટો ન હોવા છતાં પણ તેની છાયા તો શરીર ઉપર રહી જાય છે અને તે ઉપરથી તેણે પહેલાં કષ્ટો ભોગવ્યાં છે એમ જણાઈ આવે છે. પણ પહેલાં કષ્ટ ભોગવ્યાં હોવા છતાં તેમના શરીર ઉપર તે દુ:ખનું કાંઇપણ ચિન્હ રહેવા પામ્યું ન હતું એ કારણે તે મુનિનું શરીર સુખી જણાતું હતું. આ સિવાય 'સુહોઇય'નો બીજો અર્થ તેમનું શરીર સુખને યોગ્ય હતું અર્થાત્ તેઓ સુખને ભોગવવા યોગ્ય રૂપવાન હતા એવો પણ થાય છે.

આજકાલ ગુણની અપેક્ષા રૂપને વધારે મહત્ત્વ આપવામાં આવે છે, અને એટલા જ માટે ગુણવાન બનવાનો પ્રયત્ન કરવા કરતાં અંગે તેલ ફૂલેલ લગાવી વાળબાળ ઓળી રૂપવાન બનવાનો વધારે પ્રયત્ન થતો જોવામાં આવે છે. સંસારમાં ગુણ કરતાં રૂપની કદર વધારે થાય છે એમ લોકો માને છે. રૂપવાન બનવાના પ્રયત્નને લીધે જ હિન્દુઓના માથે રાખવામાં આવતી ચોટલી પણ વાળની શોભા વધારવાના રૂપમાં ફેરવી દેવામાં આવી

છે! સ્ત્રીઓમાં પણ લેડી–ફેશન ઘુસી ગઈ છે! અને તેથી ફેશનવાળી સ્ત્રીઓ પોતાના પતિને પણ 'સાહેબ' બનાવવા પ્રયત્ન કરે છે. શ્રૃંગારથી સ્ત્રીઓ પુરુષોને મુગ્ધ અને વશ કરવા ચાહે છે. એટલા માટે તેઓ રૂપ વધારવાનો પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે, પણ એ લોકો વાસ્તવિક રૂપ કેવું હોય છે! અને તે રૂપ કેવી રીતે વધી શકે છે તે જાણતા હોતા નથી! સૌંદર્યનો સંબંધ શરીર સાથે નહિ પણ હૃદય સાથે છે. રાજા શ્રેણિક એ મુનિને જોઇ આશ્ચર્યપૂર્વક બોલી ઉઠયા કે, "અહા! કેવું રૂપ! કેવું વર્ણ!" મુનિના શરીર ઉપર કોઈ પ્રકારની શ્રૃંગાર સામગ્રી ન હોવા છતાં શ્રેણિક જેવા રાજાએ તે મુનિના વર્ણ રૂપની પ્રશંસા શા માટે કરી તેનો વિચાર કરો! આ વિષે વિશેષ ન કહેતાં એટલું જ કહું છું કે, લોકો વાસ્તવિક રૂપ ન જોતાં બહારનું જ રૂપ જુએ છે! અને બહારનું રૂપ જોવા પાછળ બીજું કશુંય જોતા નથી. વાસ્તવિક રૂપ કોને કહેવાય એનો વિશેષ ખુલાસો કદાચ આ જ ચરિત્રમાં આગળ સ્પષ્ટ કરવામાં આવશે.

## સુદર્શન ચરિત્ર—૧૧

**શિખા મંત્ર નવકાર બાલ, મનમેં કરતા ધ્યાન; ।**
**ઊઠત બૈઠત સોવત જાગત, અસ્તી ઔર ઉદ્યાન. ।। ધન૦ ૧૦ ।।**

શેઠે સુભગને નવકાર મંત્ર શીખડાવી તેનું મહત્ત્વ બતાવતાં કહ્યું કે, "ભલે કરોડોની સંપત્તિ મળે પણ જો નવકારમંત્ર પાસે ન હોય તો તે કાંઈ વિસાતમાં નથી, એથી ઊલટું જો ગરીબાઇનું દુઃખ માથે આવી પડે તોપણ જો પોતાની પાસે નવકારમંત્ર હોય તો બધુંય છે."

આજે તમે લોકો, તમારા પુત્રોનાં સંસ્કારો સુધારવા તરફ બહુ ઓછું ધ્યાન આપો છો. તમે તેનામાં જેવાં ચાહો તેવાં સંસ્કારો ઉતારી શકો છો; છતાં તેઓમાં સારાં સંસ્કારો ન રેડતાં ખરાબ સંસ્કારો રેડો, તો એ એમનું અહિત કરવા બરાબર છે. આજે બાળકોમાં ભયનાં સંસ્કારો વધારે રેડવામાં આવે છે, એથી કેટલી હાનિ થાય છે એની મને ખબર છે! મારી માતા મને બે વર્ષનો છોડી કાળ પામી હતી અને મારા પિતા મને પાંચ વર્ષનો છોડી કાળ પામ્યા હતા. મારું પાલન પોષણ મારા મામાને ત્યાં થયું હતું, ત્યાં થોડે દૂર એક મકાન હતું જે નીચું હોવાને કારણે તેમાં અંધારું રહેતું હતું. સ્ત્રીઓ એ મકાનમાં ભૂત રહે છે એમ કહ્યા કરતી. હું આ વાત સાંભળી ડરતો હતો અને એટલા માટે દુકાનેથી રાતે ઘેર જતો હતો ત્યારે એ મકાનની પાસેથી ન જતાં મોટું ચક્કર ખાઇને પણ બીજે રસ્તેથી ઘેર જતો હતો. મારામાં ભૂતના ભયના જે સંસ્કારો પડયાં હતાં તે દીક્ષા લીધા બાદ પણ ગયા નહિ. મારી દીક્ષા થયા પછી જેમની નેશ્રાયમાં હું શિષ્ય થયો હતો તે ગુરુ પણ દોઢ જ મહિનામાં કાળ પામ્યા. તે વખતે હું પાંચ મહિના સુધી પાગલ જેવો રહ્યો. મારામાં ભૂતના ભયનાં જે સંસ્કારો પડયાં હતાં તેને કારણે મને તે વખતે એમ જ લાગતું હતું કે, કોઇ પ્રત્યક્ષ જ મારી ઉપર જંતર-મંતર કરે છે, પણ જ્યારે હું ઠીક થયો ત્યારે મને જણાયું કે, વાસ્તવમાં એ બધો મારો ભ્રમ હતો, બીજું કાંઈ ન હતું.

બાળકોમાં આ પ્રકારનાં ભયનાં સંસ્કારો રેડવાથી તેમની કેટલી હાનિ થાય છે તેનો વિચાર બહુ ઓછા લોકો કરતા હશે ! બાળકોમાં નિર્ભયતાનાં સંસ્કારો રેડવા જોઈએ. પહેલાના સમયમાં જ્યારે ભૂતના ભયનું સામ્રાજ્ય હતું તે વખતના સાહિત્યમાં પણ આ ભ્રમની છાપ પડેલી જણાય છે. કદાચિત શાસ્ત્રમાં પણ ભૂતના વિષે વર્ણન છે એમ કહો તો શાસ્ત્રમાં જે વર્ણન છે તે બીજા પ્રકારનું છે. તેમાં આવો ભય પેદા કરનારું વર્ણન નથી.

શેઠે સુભગમાં સારાં સંસ્કારો રેડી, તેને નિર્ભય બનાવ્યો. શેઠે પોતાના પુત્રની માફક સુભગને સંસ્કારી બનાવ્યો. કોઈના હાથમાં હથોડી હોય પણ બુદ્ધિ ન હોય તો તે, એ હથોડી વડે પોતાનું માથું પણ ફોડી શકે છે અને બુદ્ધિ હોય તો તેની સહાયતાથી દાગીનો પણ ઘડી શકે છે. આ દૃષ્ટિએ હથોડી મોટી નહિ પણ બુદ્ધિ મોટી ઠરે છે. શેઠે પોતાની બુદ્ધિશક્તિરૂપી હથોડી વડે સુભગના સંસ્કારોને ઘડી પોતાને જોઈતો હતો તેવો પુત્ર બનાવ્યો. શેઠે સુભગને આ પ્રમાણે સુધાર્યો એટલા જ માટે એમ કહેવામાં આવે છે કેઃ—

**ધન શેઠ સુદર્શન શીલ પાલીને તારી આત્મા ।**

જો શેઠે સુધાર કર્યો ન હોત તો તેમને માટે આમ કહેવામાં ન આવત ! કોઈ કામની સિદ્ધિ એક જ જન્મમાં સાધી શકાતી નથી પણ કાર્યસિદ્ધિ સાધવામાં અનેક જન્મો પણ લાગી જાય છે. ગીતામાં કહ્યું છે કેઃ—

**अनेकजन्मसंसिद्धिस्ततो याति परां गतिम् ।** —ગીતા.

અનેક જન્મનાં સંસ્કારો હોય ત્યારે આત્મા ધીરે ધીરે સુધરે છે. જે પ્રમાણે કુંભારદ્વારા માટીનો સુધાર થાય છે અને સોનીદ્વારા સોનાનો સુધાર થાય છે; તે જ પ્રમાણે અમારો અને તમારો સમાગમ થયો છે, તો તેથી કાંઈ સારો સુધાર થાય તો સારું છે; પણ બીજાનો સુધાર કરતાં પહેલાં પોતાનો સુધાર થવો આવશ્યક છે એ વાત ભૂલેચૂકે પણ ભૂલવી ન જોઈએ. જો શેઠ પોતે સુધરેલા ન હોત અને સુભગને સુધારવા લાગી જાત તો સુભગનો સુધાર થાત કે નહિ એ એક પ્રશ્ન છે ! બીજાને સુધારવા માટે સર્વ પ્રથમ પોતાએ સુધરવું પડે છે. તમે પોતે સુધરી બીજાને સુધારવાનો પ્રયત્ન કરો અને પ્રયત્ન કરવા છતાં પણ કોઈ ન સુધરે તો એમાં કાંઇ તમારી હાનિ થશે નહિ !

શેઠ પોતે પણ સુધરેલ હતા અને તેની શ્રદ્ધા પણ નવકારમંત્ર ઉપર દૃઢ હતી અને તે કારણે જ તેણે સુભગને એવો સુધાર્યો કે જાણે પોતાનું કાળજું જ તેનામાં મૂકી દીધું ન હોય ! કોઈ કવિની કવિતા બહુ સારી હોય તો તે વિષે એમ કહેવાય છે કે, આ કવિએ તો જાણે કવિતામાં પોતાનું કાળજું જ કાઢી મૂકી દીધું છે ! જો આ વાત ઉપર કવિને પોતાને શ્રદ્ધા જ ન હોય તો તેનાથી એવી સુંદર કવિતા બની શકે ખરી !

આજકાલ લાંબા લાંબા વ્યાખ્યાનો આપવામાં આવે છે પણ તદનુસાર પોતે કાંઈ કરતા નથી, તો શું આવા વ્યાખ્યાનોની કાંઈ કોઈની ઉપર અસર થઈ શકે ? એક વ્યાખ્યાતા વિષે સાંભળ્યું છે કે, તેમણે વ્યાખ્યાન તો ઘણું સરસ આપ્યું, પણ વ્યાખ્યાન પૂરું કરી આવ્યા બાદ તેમણે 'લાવો–લાવો'ની ધૂન મચાવી દીધી અને "જલેબી આવી નથી, દૂધ આવ્યું નથી" વગેરે કહેવા લાગ્યા. આ પ્રમાણે પોતે સુધર્યા વિના બીજાને જ ઉપદેશ આપવો એ નાટકના ખેલ જેવું જ છે.

શેઠે સુભગને પોતાના પુત્રની માફક શિક્ષા આપી. સુભગ પણ મનમાં વિચારતો હતો કે, આ મારા પિતા તો મારા માટે સાધુની માફક જ છે એ બીજા મહાત્મા જ છે. શેઠે શીખડાવેલો મંત્ર તે આખો દિવસ જપતો હતો.

આજના લોકો અજપાજાપનો અભ્યાસ ભૂલી રહ્યા છે. તેમને પરમાત્માનું નામ જપવામાં કઠિનતા જણાય છે! હું એમ નથી કહેતો કે, તમે બહાર મોટે સ્વરે બૂમ-બરાડા પાડો પણ અજપાજાપ તો કર્યા કરો એમ કહું છું. તમારું ધન ચાલ્યું જાય છે તો તેની ચિંતા કરો છો પણ તમારો સમય કેટલો વ્યર્થ જાય છે તેની ચિંતા કરતા નથી. અંગ્રેજોના થોડા રૂપિયા ચાલ્યા જાય તો તેઓ એટલી બધી ચિન્તા કરતા નથી જેટલી ચિન્તા તેઓ સમય વ્યર્થ જવાથી કરે છે. તેમનો એક કલાક નકામો જાય તો તેની તેઓ ચિંતા કરે છે. તેઓ તો એક કલાકની ચિંતા કરશે પણ ભગવાને તો કહ્યું છે કે,

**समयं गोयम ! माप्पमायए ।** —શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

અર્થાત્—હે ગૌતમ! એક સમય માત્રનો પણ પ્રમાદ ન કર. ભગવાનના આ કથનને તમારા ધ્યાનમાં લઇ, તમારા મનને ભગવાનના નામરૂપી તારની સાથે જોડી દો. તારની સાથે નહિ પરોવેલું મોતી પડી જાય છે; એ જ પ્રમાણે પરમાત્માના નામના તારની સાથે મનને પરોવશો નહિ તો મન અહીં તહીં ભટકશે, માટે મનને પરમાત્માના ભજનની સાથે એકતાર કરી લો.

સ્ત્રીઓને ગાતાં સાંભળ્યું છે કે, જેના મોઢા ઉપર રામનો રંગ ચડેલો નથી તે મોઢું જોવું નહિ. તે બહેનો કેવળ આમ ગાય જ છે કે એમ કરે પણ છે એ નિશ્ચિત કહી શકાય નહિ, પણ બહેનો જે ગાય છે તે રામનો રંગ શું છે?

જે ચોરી, વ્યભિચાર આદિ ખરાબ કામ કરતો નથી તેના મુખ ઉપર કોઇ જુદા જ પ્રકારનું તેજ હોય છે; અને તે તેજ જ રામનો રંગ છે. જેમના મુખ ઉપર રામનો આવો રંગ ચડેલો નથી, પણ જેમની દૃષ્ટિ ખરાબ છે તેવા લોકો માટે બહેનો કહે છે, કે અમે તેમનું મોઢું પણ જોતા નથી! આ પ્રમાણે સદાચાર જ રામનો રંગ છે. પરંતુ આજે તો રામનાં ગીત તો ગાવામાં આવે છે પણ રામને જ ભૂલી જવામાં આવે છે. રામનું રટણ કરવામાં સમય લગાવતા નથી. જે થયું તે થયું. પણ હવે,

'ગઇ સો ગઈ. અબ રાખ રહી કો.'

એ કથનાનુસાર પ્રત્યેક સમયે પરમાત્માનું સ્મરણ કર્યા કરો, એક પણ શ્વાસ નકામો જવા દો નહિ. એક ભક્ત કહે છે કે:—

**'દમ પર દમ હર ભજ નહિ ભરોસા દમકા, એક દમમેં નિકલ જાવેગા દમ આદમકા।**
**દમ આવે ન આવે ઇસકી આશ મત કર તૂ, એક નામ સાંઇકા જપ હિરદેમેં ધર તૂ॥**
**'નર ઈસી નામસે તર જા ભવસાગર તૂ, એક નામ સાંઇકા જપ હિરદેમેં ધર તૂ॥**
**છલ કરતા થોડે જીનેકી ખાતિર તૂ, વહ સાહબ હૈ જલ્લાલ જરા તો ડર તૂ।**
**વહાં અદલ પડા ઇન્સાફ ઈસી દમદમકા'–દમ૦**

જ્યાંસુધી દમ છે ત્યાંસુધી આદમ છે. આદમનો અર્થ મનુષ્ય થાય છે. તું આદમ છો એનું પ્રમાણ શું ! એના માટે કવિ કહે છે કે, દમે દમે-શ્વાસે શ્વાસે તું હરિને ભજ. **हरति दुःखान् इति हरिः** અર્થાત્ જે દુઃખોને હરે છે તે હરિ છે. ગમે તે નામ હોય પણ જે નામ ઉપર વિશ્વાસ છે તે નામની સાથે દમનો-શ્વાસનો સંબંધ જોડી દેવો જોઈએ. એક પણ ક્ષણ ન ગુમાવતાં પ્રભુ-સ્મરણ જ કર્યા કરો. એક કવિએ કહ્યું છે કે:—

> તો સ્મરણ બિન યા કલયુગમેં, અવર નહીં આધારો ।
> મૈં વારી જાઉં તો સમરણ પર, દિન દિન પ્રીતિ વધારો ॥

તમે લોકો પરમાત્માનું નામ ભૂલી રહ્યા છો. હું તમને પૂછું છું કે, તમે એ વિચારથી તો પરમાત્માને ભૂલી જતા નથી ને, કે, "જો અમે પરમાત્માને યાદ કરીશું તો અમારાથી છળ-કપટ કરી શકાશે નહિ અને પરિણામે અમારો રોજગાર બંધ થઈ જશે." જો આ જ વિચારથી પરમાત્માને ભૂલી ગયા હો તો એ તમારી ભૂલ છે. જે પરમાત્માનું સ્મરણ કરતા હશે તે ખોટી વાત પણ હાથ ધરે નહિ છતાં તે ભૂખે મરે નહિ ! જો પરમાત્માનું સ્મરણ કરનાર ભૂખે મરતા હોય તો પછી તમને પરમાત્માનું સ્મરણ કરવા માટે કહેવામાં ન આવે. એ વાત જુદી છે કે તમારી કસોટી થાય પણ તમે ભુખે તો મરી શકો નહિ ! પરમાત્માનું નામ લેનાર કોઈ ભુખે મર્યું નથી તેમ મરી પણ શકે નહિ.

સુભગને નવકાર મંત્ર ઉપર દૃઢ વિશ્વાસ બેઠો હતો, એટલા માટે તે એનો જ જાપ કર્યા કરતો હતો. હવે તેની કસોટીનો દિવસ નજદીક આવે છે.

એક દિવસ સુભગ જંગલમાં ગાયો ચરાવવા ગયો હતો, એટલામાં જંગલમાં જ મૂસળધાર વરસાદ વરસવા લાગ્યો. સુભગ વિચારવા લાગ્યો, કે આજે મારી પરીક્ષા થઈ રહી છે. ભક્ત લોકોએ બરાબર કહ્યું છે કે:—

> ગરજિ તરજિ પાષાણ વરસિ, પવિ પ્રીતિ પરખિ જિય જાને ।
> અધિક અધિક અનુરાગ ઉમંગ, ઉર પર પરમિતિ પહિચાને ॥

ભક્તો કહે છે કે, આકાશ ગર્જે છે, વરસાદ વરસે છે, વિજળી ચમકે છે, કરા પડે છે, એ બધું મારી પરીક્ષા લેવા માટે થાય છે. મને પરમાત્માની પ્રાર્થના ઉપર વિશ્વાસ છે કે નહિ એની પરીક્ષા પણ હોવી તો જોઈએ ને ? પપૈયો સ્વાતીનું જ પાણી પીએ છે, બીજું નહિ; એટલા માટે જ્યારે મેઘ ગર્જે છે અને વીજળી ચમકે છે ત્યારે તે પ્રસન્ન થાય છે કે, આ પરીક્ષા થયા પછી મને પાણી મળશે. આ મારી પરીક્ષા છે.

આ જ પ્રમાણે ભક્ત લોકો સંકટના સમયે ગભરાતા નથી, પણ પોતાની પરીક્ષા થઈ રહી છે એમ સમજે છે.

સુભગ પણ મૂસળધાર વરસાદ વરસતો જોઇ વિચારવા લાગ્યો કે, આજે મારી પરીક્ષા થઇ રહી છે. સુભગના મનમાં આવા વખતે એવી શંકા પેદા થાત કે, હું નવકાર મંત્રનો જાપ કરું છું છતાં મારા ઉપર આ સંકટ ક્યાંથી આવી પડયું ? જો સંકટ માથે

પાડવાનું જ હતું, તો તેની મને સૂચના પહેલેથી કેમ ન મળી! આ પ્રમાણે સુભગ મનમાં સંદેહને સ્થાન આપી શકત, પણ તેના નિર્મળ મનમાં એવો કોઇ પ્રકારનો સંદેહ પેદા થયો નહિ. પણ એ તો એ જ વિચારવા લાગ્યો કે આજે મારી પરીક્ષા થઈ રહી છે!

તમને ખૂબ તરસ લાગી હોય ત્યારે કોઈ માણસ પાણી પાતો જાય અને ગાળો ભાંડતો જાય તો તે વખતે તમે ગાળો ઉપર ધ્યાન આપશો કે પાણી પીવા ઉપર? આ જ પ્રમાણે કોઈ વિદ્યાર્થી પરીક્ષા દેવા જતો હોય ત્યારે કોઈ કહે કે તું, નાપાસ થઈશ અને બીજી ગાળો ભાંડે તો તે વિદ્યાર્થી ગાળો ઉપર ધ્યાન આપશે? પાણી પીનારો અને પરીક્ષા આપનારો વિદ્યાર્થી ગાળો ઉપર ધ્યાન નહિ આપે પણ પોતાની કાર્યસિદ્ધિ કેમ થાય એ વાત ઉપર જ ધ્યાન આપશે. આ જ પ્રમાણે તમે લોકો પણ બીજાઓ ગમે તે ખરાબ કહે તે ઉપર ધ્યાન ન આપો તો સંસારની પરીક્ષામાં તમે પણ પસાર થઈ શકશો!

સુભગ મનમાં એ જ વિચારતો હતો કે, મને નવકારમંત્ર ઉપર કેવો પ્રેમભાવ છે તેની આ કસોટી થઈ રહી છે. આ તો મારા માટે સારું જ થાય છે. આ પ્રમાણે આનંદ પામતો સુભગ ગાયોને લઈ ઘર તરફ પાછો ફર્યો; પણ રસ્તામાં આવતી નદીઓમાં ખૂબ પૂર આવ્યું હતું. ગાયો તો તરીને નદીપાર ચાલી ગઈ, પણ સુભગ નદીને પાર શી રીતે જઈ શકે! તે કાંઠે ઉભો રહી વિચારવા લાગ્યો કે, આવા સમયે મારે શું કરવું જોઈએ? વિચારતાં વિચારતાં આખરે તે એ નિશ્ચય ઉપર આવ્યો કે, જ્યારે મારી પાસે નવકારમંત્ર છે તો પછી મને નદીનો ભય શો? નદીનું ગમે તેવું પૂર હોય પણ મારું સાહસ પણ કાંઈ ઓછું નથી. આ પ્રમાણે વિચાર કરી તે વૃક્ષ ઉપર ચડી નદીમાં કૂદી, પાર જવાના નિશ્ચય ઉપર આવ્યો. આ સંબંધમાં અનેક સંદેહ પેદા થઈ શકે છે અને તેનું સમાધાન કરવા માટે સામગ્રી પણ છે, પણ અત્યારે શંકા સમાધાન કરવા જેટલો અવકાશ નથી; એટલા માટે એટલું જ કહેવામાં આવે છે કે સુભગ વૃક્ષ ઉપર ચડી ગયો અને નદીમાં કૂદવાના વિચાર ઉપર આવ્યો. હવે આગળ શું થાય છે તેનો યથાવસરે વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૩ મંગળવાર

### પ્રાર્થના

પદ્મપ્રભુ પાવન નામ તિહારો, પતિત ઉધારનહારો;
જદપિ ધીવર ભીલ કસાઈ, અતિ પાપીષ્ટ જમારો;
તદપિ જીવહિંસા તજ પ્રભુ ભજ, પાવેં ભવનિધિ પારો. ।। પદ્મ૦૧ ।।

શ્રી પદ્મનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના અનેક વિધિએ કરવામાં આવે છે, પણ પરમાત્માના નામ-સ્મરણની પ્રાર્થના એવી છે કે, તે વિદ્વાન્ કે મૂર્ખ, બળવાન કે નિર્બળ, ધનવાન કે ગરીબ, રાજા કે રંક, સ્ત્રી કે પુરુષ, સાધુ કે ગૃહસ્થ બધાને માટે એક સરખી ઉપયોગી છે. પરમાત્માનું નામસ્મરણ કરવું એ માર્ગ બધાને માટે સુલભ અને સરળ છે.

સંસારમાં જેટલાં આસ્તિક દર્શનો છે તેમાં બીજી વાતોમાં ભલે મતભેદ હોય પણ 'પરમાત્માનું નામસ્મરણ ઉપયોગી છે' એ વાત બધાને માન્ય છે અને બધાંય દર્શનોએ કોઈને કોઈ રૂપમાં પરમાત્માના નામનું મહત્ત્વ બતાવેલ છે. બધાં દર્શનોએ પરમાત્માના નામસ્મરણને એક મોટી સંપત્તિ માની એની જે પ્રશંસા કરી છે તે વિષે વિશેષ કાંઈ ન કહેતાં, અત્યારે તો એટલું જ કહું છું કે, જે કોઈ નિષ્કામભાવે પરમાત્માના નામમાં તલ્લીન થઈ જાય છે, તેના શરીરમાં અનેક અલૌકિક ગુણો પ્રકટ થઇ જાય છે; પણ પ્રત્યેક કામો આચરણમાં ઉતારવાથી જ સિદ્ધ થાય છે. જે કેવળ સાંભળી લે છે અને સાંભળીને કાર્યમાં ઉતારવાને બદલે તેની હાંસી કરે છે તેને માટે તો નામ કાંઈ હિસાબમાં જ નથી કારણ કે આ તો શ્રદ્ધાનો વિષય છે, એટલા માટે જે શ્રદ્ધાપૂર્વક નામસ્મરણ કરે છે તેનો લાભ તેને અવશ્ય મળે છે.

પરમાત્માનું નામસ્મરણ, પરમાત્મામાં તલ્લીન થઈ કરવું જોઇએ. પરમાત્માની સાથે અભિન્ન થઇ જે પરમાત્માનું નામસ્મરણ કરે છે તે ખરેખર પ્રભુમય બની જાય છે.

હવે શાસ્ત્રની વાત કહું છું. શાસ્ત્રમાં પણ પરમાત્માની જ પ્રાર્થના વિશેષતઃ કરવામાં આવી છે, એમ મને જણાય છે.

## અનાથી મુનિનો અધિકાર-૧૨

રાજા શ્રેણિક, સાધુની પાસે જવાના ઉદ્દેશે બહાર નીકળ્યો હતો છતાં આત્માના કલ્યાણનું સાધન કોણ જાણે ક્યારે અને કેવી રીતે મળી જાય છે! આ બાજુ રાજા શ્રેણિકનું બાગમાં ફરવા જવું અને બીજી બાજુ અનાથી મુનિનું આગમન થવું. આ કેવો સુંદર યોગ! આ સુયોગ થવામાં પણ કોઈ ગુપ્ત શક્તિ રહેલી હતી એમ તો માનવું જ પડશે! તમે ભલે આ વાતને પ્રત્યક્ષથી માનતા ન હો પણ અનુમાનથી તો તમારે એ માનવું જ પડશે!

રાજા શ્રેણિકે તે મુનિને જોયા. મુનિને જોઈ જેમ ચુંબકથી લોઢું આકર્ષાય છે તેમ રાજા શ્રેણિક આકર્ષાયો.

**तस्स रूवं तु पासित्ता, राइणो तंमि संजए।**
**अच्चंतपरमो आसी, अउलो रूवविम्हिओ ॥ ५ ॥**

**अहो वण्णो! अहो रूवं! अहो अज्जस्स सोमया!**
**अहो खंती! अहो मुत्ती! अहो भोगे असंगया ॥ ६ ॥**

રાજા શ્રેણિક બાગમાં ઘોડા ઉપર કે કોઈ વાહનમાં બેસી ગયો હતો તેનો શાસ્ત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કાંઈ નથી પણ તે ઠાઠમાઠપૂર્વક ગયો હશે એમ અનુમાનથી જાણી શકાય છે. આ બાજુ સંયતિ, સુસમાધિસ્થ, સુકુમાર અને સુખોચિત મુનિ વૃક્ષની નીચે બેઠા હતા. '**सुहोइयं**' શબ્દનો અર્થ સુખોચિત અને શુભોચિત બન્નેય થાય છે. સુખોચિતનો અર્થ સુખને યોગ્ય કે સુખી થાય છે, અને શુભોચિતનો અર્થ શુભ ગુણોનું હોવું એ થાય છે. મુનિનું શરીર–સૌષ્ઠવ જોઈ રાજાએ જાણી લીધું કે, આ મુનિમાં બધાંય શુભ ગુણો રહેલાં છે, એમ તેમના રૂપ ઉપરથી જણાય છે.

નામનો તો મહિમા ગાવામાં આવે છે પણ નામની સાથે રૂપનો પણ સંબંધ છે. સાધારણ રીતે કોઈને ઓળખવા માટે નામનો ઉપયોગ કરવામાં આવે છે, પણ કોઈ કોઈ વાર રૂપથી પણ નામ જાણી શકાય છે. રાજા પણ રૂપ જોઈને જ જાણી ગયા કે, આ મુનિ સંયતિ અને સુસમાધિવાન્ છે.

સ્થાનાંગ સૂત્રમાં ચાર પ્રકારનાં સત્યો કહ્યાં છે. નામથી પણ સત્ય હોય છે, સ્થાપનાથી પણ સત્ય હોય છે, દ્રવ્યથી પણ સત્ય હોય છે અને ભાવથી પણ સત્ય હોય છે! નામથી પણ સત્ય હોય છે, તેમાં પણ સમજવાની જરૂર છે! કોઈએ પોતાનું નામ જ ખોટું બતાવ્યું હોય તો રૂપથી પણ સત્ય સિદ્ધ કરી શકાય છે; પણ કોઈએ રૂપ જ ખોટું બનાવ્યું હોય તો? એટલા માટે નામ કે રૂપ સત્ય છે કે નહિ એની પણ કસોટી કરવાની જરૂર રહે છે. કારણ કે, લોકો છળથી પણ કામ લે છે માટે સાવધાની રાખવી જોઈએ.

જેમકે કોઈ માણસ તમારી પાસે આવી ખોટું નામ લઈ તમને છેતરે તો તે ખોટું કામ કહેવાય કે નહિ, અને તે અપરાધી ગણાય કે નહિ? આ જ પ્રમાણે સાધુ ન હોવા છતાં સાધુ હોવાનો ડોળ કરે તો તે ખોટું કહેવાય કે નહિ? પીત્તળ હોવા છતાં કોઈ તેને સોનું કહી છેતરે તો તે ખોટું કહેવાય કે નહિ? કેટલાક લોકો જેમ 'કલચર' મોતીને અસલી મોતી કહી વેચે છે તેમ ભાવમાં પણ ખોટું ચાલે છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**तवतेणे वयतेणे रूवतेणे य जे नरा।**
**आयारभावतेणे य हवइ देवकिब्बिसं ॥**

તપ, રૂપ, વય, આચાર, વિચાર આદિમાં ચોરી કરવી, ખોટું બોલવું એ ભાવ ચોરી છે. જે ભાવ પોતાના ન હોય, બીજાના ભાવ હોય, છતાં પોતાના ભાવ છે એમ બતાવવું એ પણ ભાવ ચોરી છે. જેમકે બીજાએ કવિતા બનાવી હોય તે કવિતા પોતે બનાવી છે એમ કહેવું, અથવા કવિતાના ભાવ લઈ તે ઉપર પોતાનું નામ આપવું એ પણ ભાવ

ચોરી છે. એટલા માટે ભગવાને કહ્યું છે કે, નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર સાચાં પણ હોય છે અને ખોટાં પણ હોય છે. માટે એ વિષે બહુ જ સાવચેતી રાખવી જોઈએ.

તે મુનિ વાસ્તવમાં રૂપવાન હતા. જેવું તેમનું રૂપ હતું તેવાં જ તેમનામાં ગુણો હતાં. રૂપ બનાવટી છે કે વાસ્તવિક તે તો મુખાકૃતિ જોતાં જ જણાઈ આવે છે. બનાવટી રૂપ છૂપું રહી શકતું નથી. મુનિની મુખાકૃતિ જોઈ રાજા આશ્ચર્યમાં પડી ગયો અને મનમાં કહેવા લાગ્યો કે, આ મુનિ કેવા અતુલ રૂપવાન છે? આવા રૂપવાન મેં કોઈને જોયા નથી!

રાજા પોતે પણ કેવો સુંદર હતો એના વિષે શાસ્ત્રમાં વર્ણન આવે છે કે, 'એક વાર તે પોતાની રાણી ચેલના સાથે સુંદર વસ્ત્રાભુષણ પહેરી, ભગવાન મહાવીરના સમવશરણમાં ગયો હતો. ભગવાનના સમવશરણમાં સ્વાભાવિક રીતે વીતરાગભાવ રહે છે, છતાં શ્રેણિક રાજાની સુંદરતા જોઈ સાધ્વીઓ પણ અંજાઈ જઈ કહેવા લાગી કે, "આ કેવો સુંદર પુરુષ છે! અમારા તપ સંયમના ફલસ્વરૂપ અમને આવો જ સુંદર પુરુષ પ્રાપ્ત થાય." આ જ પ્રમાણે ચેલના રાણીને જોઈ સાધુઓએ પણ એવું નિદાન કર્યું હતું કે, "અમારા તપ સંયમના ફલસ્વરૂપ અમને આવી સુંદર સ્ત્રીની પ્રાપ્તિ થાય." કહેવાનો આશય એ છે કે, રાજા શ્રેણિક આવો સ્વરૂપવાન હતો.

અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે, વાસ્તવમાં રૂપ સ્ત્રીઓમાં વધારે હોય છે કે પુરુષોમાં? ગ્રન્થોમાં કવિઓએ સ્ત્રીઓના રૂપનું વર્ણન કરતાં બધા પદાર્થોને સ્ત્રીઓના રૂપ આગળ તુચ્છ બતાવ્યાં છે; પણ ભર્તૃહરિ એને કામાંધતા તરીકે વર્ણવી કહે છે કે:-

**स्तनौ मांसग्रन्थीकनककलशावित्युपमितौ,**
**मुखं श्लेष्मागारं तदपि च शशाङ्केन तुलितम् ।**
**स्रवन्मूत्रक्लिन्नं करिवरकरस्पर्धिजघनम्;**
**अहो ! निन्द्यं रूपं कविजनविशेषैर्गुरुकृतम् ॥**

કોઈને, કોઈ વસ્તુ તરફ રાગ હોય અને તે તેની પ્રશંસા કરે એ સ્વાભાવિક છે, પણ ભર્તૃહરિ તો વૈરાગી હતા એમ કહેવામાં આવે છે. તેઓ કહે છે કે, જે રૂપ અનેક પ્રકારે નિંદ્ય છે તે સ્ત્રીઓના રૂપને કવિઓ નકામા મહત્ત્વ આપે છે અને તેની આગળ બીજાં પદાર્થોને તુચ્છ ગણે છે. સ્ત્રીઓના રૂપને જે કારણે મહત્ત્વ આપવામાં આવે છે તે કારણનું નિરાસન કરતાં ભર્તૃહરિ કહે છે કે, 'સ્ત્રીઓના સ્તનો માંસગ્રન્થિના લોચા સિવાય બીજું શું છે? પણ કવિઓ તો તે સ્તનોને કનકકલશ તરીકે વર્ણવી મહત્ત્વ આપે છે. આ તેમની મોહાંધતા જ છે!

મોહાંધ માણસ ખરાબ વસ્તુને પણ સારી કહે એ સ્વાભાવિક છે. યુરોપીય કવિઓ પણ કહે છે કે, 'જ્યારે માણસ કામાંધ બની જાય છે ત્યારે તે ખરાબ ચીજને પણ સારી કહે છે અને માનવા લાગે છે.'

ભર્તૃહરિ આગળ કહે છે કે, સ્ત્રીઓનું મુખ પણ કફ-પિત્ત અને થૂંક-લાળના ઘર સિવાય બીજું શું છે? છતાં કવિઓ સ્ત્રીઓના મુખને ચંદ્રમાની ઉપમા આપે છે! એટલું

જ નહિ પણ સ્ત્રીઓના મુખ આગળ ચંદ્રમાને પણ તુચ્છ ગણે છે. સ્ત્રીઓને કવિઓએ હંસગામિની અને ગજગામિની તરીકે વર્ણવેલ છે. આ પ્રમાણે કવિઓએ સ્ત્રીઓનું અંગ પ્રત્યંગનું વર્ણન કરી તેમના રૂપને ઘણું જ મહત્ત્વ આપેલ છે. આ ઉપરથી પ્રશ્ન એ થાય છે કે, શું વાસ્તવમાં સ્ત્રીઓમાં જ રૂપ છે? પુરુષોમાં રૂપ નથી? આ વિષે કવિઓ કહે છે કે, બીજી વાતોમાં પુરુષો સ્ત્રીઓ કરતાં ચડી જાય પણ રૂપની દૃષ્ટિએ તો સ્ત્રીઓ જ પુરુષો કરતાં ચડિયાતી છે. કારણ કે, સ્ત્રીઓ જ વાસ્તવમાં સ્વરૂપવાન હોય છે. સ્ત્રીઓના રૂપની પાછળ પુરુષો પતંગની માફક પોતાનું જીવન પણ સમર્પી દે છે. સ્ત્રીઓના રૂપની મોહિની જ પુરુષોને પોતાના કાબુમાં લઈ લે છે.

સીતાની રૂપમોહિનીએ જ રાવણનો સહકુટુંબ સત્યાનાશ વાળ્યો. હોલકર રાજાને પણ સ્ત્રીની રૂપમોહિનીએ જ રાજ્યત્યાગ કરાવ્યો અને દામોદરલાલજી પણ એક વેશ્યાના રૂપની પાછળ પાયમાલ થયા. આ પ્રમાણે કવિઓના કથનાનુસાર સ્ત્રીઓના રૂપને કારણે જ પુરુષો તેમના ગુલામ બની રહ્યા છે, પણ જો વાસ્તવમાં સ્ત્રીઓમાં વધારે રૂપ છે અને પુરુષોમાં ઓછું સ્વરૂપ છે તો પ્રશ્ન એ થાય છે કે, સ્ત્રીઓ રૂપને વધારવા માટે શા માટે કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરે છે? સ્વાભાવિક રીતે જેમનાં દાંત સારાં અને મજબૂત હોય તે લોકો શું નકલી દાંતોનું ચોકઠું ચડાવશે ખરા? જેમની આંખો તેજસ્વી છે તે શું આંખે ચશ્મા ચડાવશે ખરા? જેમને પ્રાકૃતિક સાધનોની ઊણપ હોય છે તે લોકો જ કૃત્રિમ સાધનોની સહાયતા લે છે. આ જ પ્રમાણે જો સ્ત્રીઓમાં સ્વાભાવિક પૂર્ણ સૌંદર્ય છે તો પછી તેઓ સૌંદર્યવૃદ્ધિ માટે કૃત્રિમ સાધનોનો ઉપયોગ શા માટે કરે છે? જ્યારે સ્ત્રીઓ પોતાનામાં સૌંદર્યની ઊણપ જુએ છે ત્યારે જ કૃત્રિમ સાધનોદ્વારા શૃંગાર સજે છે અને શૃંગારદ્વારા પોતાનું રૂપ વધારવાનો પ્રયત્ન કરે છે.

કહેવાનો આશય એ છે કે, સ્ત્રીઓમાં રૂપની ઊણપ છે એટલા જ કારણે રૂપ વધારવા માટે કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરે છે. આ દૃષ્ટિએ વિચારતાં સ્ત્રીઓમાં પુરુષોની અપેક્ષા વધારે રૂપસૌંદર્ય નથી. પ્રાકૃતિક રચનાની દૃષ્ટિએ પણ પુરુષો સ્ત્રીઓ કરતાં વધારે સુંદર હોય છે, તેમ છતાં મોહાંધતાને કારણે જ સ્ત્રીઓને પુરુષો કરતાં વધારે રૂપવતી ગણવામાં આવે છે. મોર અને ઢેલની સુંદરતા જોવામાં આવશે તો મોરની જ સુંદરતા ચડી જશે. મોરની ડોક અને પાંખના જેવી ઢેલની ડોક અને પાંખ સુંદર હોતી નથી, તેમ મોરના વિચિત્ર રંગ જેવી શોભાયમાન પણ હોતી નથી. મરઘા અને મરઘીને જુઓ તો, જેવી લાલ ચાંચ મરઘાને હોય છે તેવી સુંદર લાલ ચાંચ મરઘીને હોતી નથી, ગાય અને સાંઢને જોવામાં આવે તો ગાયની અપેક્ષાએ સાંઢ વધારે સુંદર જણાશે. હરણને સુંદર શીંગડાં હોય છે તેવાં હરિણીને હોતાં નથી. સિંહને ડોક ઉપર જેવી સુંદર કેશવાળી હોય છે તેવી સિંહણને હોતી નથી. હાથીને જેવાં સુંદર લાંબા દાંત હોય છે તેવાં હાથીણીને લાંબા અને સુંદર દાંત હોતા નથી. આ પ્રમાણે પશુ–પક્ષીઓમાં પણ માદા કરતાં નર જ વધારે સુંદર હોય છે તો પછી મનુષ્ય કે જે બધાં પ્રાણીઓમાં ઉત્કૃષ્ટ ગણાય છે તેમાં પુરુષો ઓછા સુંદર અને સ્ત્રીઓ વધારે સ્વરૂપવાન એમ કેમ હોઈ શકે? વાસ્તવમાં

સ્ત્રીઓ કરતાં પુરુષો વધારે સ્વરૂપવાન હોય છે પણ કામાંધ લોકો પુરુષો કરતાં સ્ત્રીઓને વધારે સ્વરૂપવાન માને છે અને કહે છે.

સ્ત્રીઓમાં વધારે સૌંદર્ય છે એમ જે મહાપુરુષો પહેલાં માનતા હતા તેઓ પણ સ્ત્રીઓની જંજાળમાંથી છૂટયા બાદ "સ્ત્રીઓમાં એવું શું રૂપ છે, કે જેની કવિઓ આટલી બધી પ્રશંસા કરે છે" એમ કહે છે. વાસ્તવમાં સ્ત્રીઓમાં એવું કાંઈ રૂપસૌંદર્ય નથી પણ કામાંધ લોકો તેમનાં રૂપને વધારે મહત્ત્વ આપી પ્રશંસા કરે છે. જે પ્રમાણે અવસર મળતાં જ, માછલી જાળમાંથી ભાગી છૂટે છે, તે જ પ્રમાણે મહાપુરુષો પણ અવસર મળતાં જ, સ્ત્રીઓની જાળમાંથી ભાગી છૂટે છે; અને જ્યારે તેમના પંજામાંથી છૂટી જાય છે ત્યારે સ્ત્રીઓમાં કાંઈ સૌંદર્ય નથી એમ સ્પષ્ટ કહે છે.

ભર્તૃહરિ પણ પહેલાં પિંગલાને જ પોતાની સર્વસ્વ માનતા હતા, પણ જ્યારે પિંગલાની જાળમાંથી મુક્ત થયા ત્યારે તેઓ પણ કહેવા લાગ્યા કે, 'સ્ત્રીઓમાં વાસ્તવમાં કાંઇ રૂપ નથી. કેવળ કામી જનો તેઓમાં રૂપ માને છે.' સાંભળવામાં આવે છે કે, લયલા કે જેની પાછળ મજનૂએ પોતાના પ્રાણ પણ પાથરી દીધા હતા; તે દેખાવમાં ઘણી કુરૂપ હતી, છતાં મજનૂને મોહાંધતાને કારણે તે એટલી બધી પ્રિય લાગી કે તેની પાછળ તેણે પોતાના પ્રાણ પણ પાથરી દીધા. વાસ્તવમાં મોહને કારણે જ સ્ત્રીઓમાં અધિક રૂપ માનવામાં આવે છે અને જ્યાં રૂપસૌંદર્ય હોતું નથી ત્યાં પણ રૂપસૌંદર્યની કલ્પના કરવામાં આવે છે.

મોહાંધતાને કારણે ભિન્ન ભિન્ન દેશોમાં ભિન્ન ભિન્ન પ્રકારની સ્ત્રીઓને સુંદરી માનવામાં આવે છે. યુરોપમાં ચમકીલી આંખોવાળી અને ભૂરા રંગના વાળવાળી યુવતીને, ચીનમાં ચપટા નાકવાળી યુવતીને, સોમાલીલેન્ડમાં જાડા હોઠવાળી યુવતીને રૂપવતી અને સુંદરી માનવામાં આવે છે. હવે ભારતમાં જો કોઈ સ્ત્રી ચમકીલી આંખોવાળી, જાડા હોઠવાળી, ચપટા નાકવાળી યુવતી હોય તો તેને કોઇ રૂપવતી કે સુંદરી કહેશે? ભારતમાં એવી સ્ત્રીની પ્રશંસા કરવામાં આવતી નથી. આ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે, મોહાંધતાને કારણે જ પોતપોતાની રુચિ પ્રમાણે સ્ત્રીઓને રૂપવતી અને સુંદરી માનવામાં આવે છે.

કહેવાનો આશય એ છે કે, વાસ્તવમાં સ્ત્રીઓમાં પુરુષો કરતાં વધારે રૂપસૌંદર્ય નથી પણ મોહને કારણે તેઓમાં વધારે રૂપસૌંદર્ય છે એમ માનવામાં આવે છે. આ મોહાંધતા છે. આવી મોહાંધતાને કારણે જ શ્રેણિક રાજાને જોઈ સાધ્વીઓએ અને ચેલના રાણીને જોઇ સાધુઓએ પોતાના તપ-ચારિત્રને વેચીને રૂપસૌંદર્યની ઇચ્છા કરી હતી. પછી તો સર્વજ્ઞ ભગવાને બધો ભેદ જાણી, એ સાધુ-સાધ્વીઓને નવનિદાનનું સ્વરૂપ સમજાવી, પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કર્યાં હતા; અને સાધુ સાધ્વીઓએ પણ પ્રાયશ્ચિત્તદ્વારા પાપની શુદ્ધિ કરી હતી. પણ કહેવાનો આશય એ છે કે, જે શ્રેણિકનું રૂપ જોઇ સાધ્વીઓ પણ રૂપની મોહાંધતાના પંજામાં સપડાઇ ગઈ હતી. તે શ્રેણિક રાજા પણ મુનિનું અતુલ રૂપ જોઈ આશ્ચર્યમાં પડી ગયો.

જ્યારે શ્રેણિક જેવો સ્વરૂપવાન રાજા મુનિના રૂપની પ્રશંસા કરવા લાગ્યો, ત્યારે તે મુનિ કેવા સ્વરૂપવાન હશે તેનું અનુમાન થઇ શકે છે. તે મુનિએ રૂપવૃદ્ધિ માટે વસ્ત્રાભૂષણો પહેર્યાં ન હતાં છતાં તેમનું કેવું અતુલ રૂપસૌંદર્ય હતું! આ ઉપરથી સ્ત્રી–પુરુષોએ સમજવું જોઈએ કે, શરીરની ચામડી ઉપર રહેલું રૂપસૌંદર્ય તે જ સાચું રૂપસૌંદર્ય નથી. સાચું રૂપસૌંદર્ય તો હૃદયમાં રહેલું છે. એટલા માટે કેવળ ચામડીના રૂપસૌંદર્યના ભ્રમમાં પડો નહિ. હૃદયમાં જે રૂપસૌંદર્ય હોય છે તે જ રૂપસૌંદર્ય મુખ ઉપર ખીલી નીકળે છે. મુનિ વૃક્ષ નીચે બેઠા હતા, તેમણે આભૂષણો પણ પહેર્યાં ન હતાં. છતાં વસ્ત્રાભૂષણોથી સુશોભિત થએલા સ્વરૂપવાન રાજા શ્રેણિકે મુનિમાં એવું શું અતુલ રૂપસૌંદર્ય જોયું કે, તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જે જેનો પરીક્ષક હોય છે તે જ તેની પરીક્ષા કરી શકે છે. હીરાની પરીક્ષા ઝવેરી જ કરી શકે છે. સાંભળવામાં આવે છે કે, કોહિનૂર હીરો કે જે અત્યારે દુનિયામાં સર્વશ્રેષ્ઠ હીરો માનવામાં આવે છે, તે હીરો એક ખેડુતને કૃષ્ણા નદીના કિનારા ઉપરથી મળ્યો હતો. તે ખેડુત તે કોહિનૂર હીરાની કીંમત આંકી ન શકયો. તેનું મૂલ્યાંકન તો ઝવેરી જ કરી શકયો. આ જ પ્રમાણે રૂપ બહારની ચામડી ઉપર નહિ, પણ હૃદયમાં રહેલું છે. પણ એ રૂપને તો હૃદયનો પરીક્ષક જ જાણી–જોઈ શકે છે. રાજા શ્રેણિક હૃદયનો પરીક્ષક હતો, અને તે કારણે જ મુનિના હૃદયનું અતુલ રૂપ મુખાકૃતિ અને આંખોમાં જોઈ તે આશ્ચર્ય પામ્યો.

એ તો તમે પણ જાણો છો કે, જે દયાળુ, સત્યવાદી અને સદાચારી હોય છે તેમની આંખો કેવી હોય છે અને જે હિંસક, અસત્યવાદી અને દુરાચારી હોય છે તેમની આંખો કેવી હોય છે! આંખો જોવા માત્રથી માણસ કેવો છે તેની પરીક્ષા થઈ જાય છે. દયાળુ અને સદાચારીના રૂપ ઉપર દેવો પણ મુગ્ધ થઈ જાય છે. દેવો પોતે રૂપવાન અને વૈક્રિય રૂપ ધારણ કરનાર હોય છે, પણ તેઓ પણ સત્યવાદી અને સદાચારી મનુષ્યના હૃદયનું રૂપ જોઈ તેમના ઉપર મુગ્ધ બની જાય છે. તમે પણ હૃદયના રૂપને પ્રાપ્ત કરો અને કદાચ પ્રાપ્ત કરી ન શકો તો જેઓ હૃદયના રૂપને ધારણ કરે છે તેમની પ્રશંસા કરો. જો આમ કરશો તો પણ તમારું કલ્યાણ થશે.

## સુદર્શન–ચરિત્ર—૧૨

**એક દિન જંગલસે ઘર આતા, નદિયા આઇ પૂર;**
**પેલી તીર જાનેકો બાલક, હુઆ અતિ આતુર. ॥ ધન૦ ૧૧ ॥**

**ધરકે ધ્યાન નવકાર મંત્રકા, કૂદ પડા જલધાર;**
**એર ખૂંટ ઘુસ ગયા ઉદરમેં, પીડા હુઈ અપાર. ॥ ધન૦ ૧૨ ॥**

**છોડા નહીં નવકાર ધ્યાનકો, તત્ક્ષણ કર ગયા કાલ;**
**જિનદાસ ઘર નારી કુંખે, જન્મા સુંદર લાલ. ॥ ધન૦ ૧૩ ॥**

વૃક્ષ ઉપર ચડી જઇ સુભગ, નદીના પૂરને જોવા લાગ્યો. નદીનાં તરંગો જોઈ તે વિચારવા લાગ્યો કે, "નવકારમંત્રની શક્તિથી જ્યારે તે મુનિ મહાત્મા આકાશમાં ઉડી ગયા હતા તો હું તે મંત્રદ્વારા નદીને પાર પણ જઈ શકીશ નહિ! શેઠે નવકારમંત્રની

શક્તિ બતાવતાં મને કહ્યું હતું કે, "નવકારમંત્ર એ તો નૌકા સમાન છે. તો એ મંત્રની નૌકાવડે હું નદી પાર જઈ શકીશ, તો પછી ઢીલ શા માટે કરું! શેઠ પણ મારી રાહ જોતા હશે અને મારા વિષે ચિંતા કરતા હશે!"

આ પ્રમાણે વિચાર કરી, સુભગ વૃક્ષ ઉપરથી નદીમાં કૂદી પડયો; પણ નદીમાં પડતાં એક મોટો ખીલો તેના પેટમાં ખૂંચી ગયો. સુભગને તેથી બહુ વેદના થવા લાગી પણ 'એ તો મારી પરીક્ષા થઈ રહી છે' એમ માની તે નવકારમંત્રનું એકાગ્ર ચિત્તે સ્મરણ કરવા લાગ્યો.

જે પરમાત્માનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરે છે અને સંકટના સમયે પણ કષ્ટોથી ન ગભરાતાં જે પોતાનું ધ્યાન અવિચલ રાખે છે તે જ મહાપુરુષ કહેવાય છે. સુભગ સંકટના સમયે પણ નવકારમંત્રનું ધ્યાન ચૂકયો નહિ અને પરમાત્માનું ધ્યાન ધરતાં ધરતાં તે પેટમાં ખીલો ખૂંચી જવાને કારણે કાળને પામ્યો.

નવકારમંત્રની શક્તિના પ્રતાપથી શૂળી પણ સિંહાસન બની જાય છે, એમ કહેવામાં આવે છે; તો પછી સુભગને નવકારમંત્રની શક્તિએ કેમ ન બચાવ્યો એવો પ્રશ્ન ઉભો થાય છે. આ પ્રશ્નનું સમાધાન કર્યા વિના લોકોની શંકાનું નિવારણ થાય નહિ. માટે શંકાના સમાધાન માટે થોડું કહું છું.

ગજસુકુમાર મુનિના મસ્તક ઉપર ધગધગતાં અંગારાં મૂકવામાં આવ્યાં હતાં, પણ શા કારણે! તેમણે એવો શું અપરાધ કર્યો હતો! તેમણે તો ભગવાન અરિષ્ટનેમિની પાસે સંયમ ધારણ કર્યો હતો, તેમ છતાં તેમના મસ્તક ઉપર જે ધગધગતાં અંગારાં મૂકવામાં આવ્યાં તે શું સંયમને કારણે મૂકવામાં આવ્યાં હતાં? ગજસુકુમાર મુનિ તો એમ સમજતા હતા કે, 'આ ધગધગતાં અંગારાં તો મારા માથા ઉપર ચડેલું કરજ ઉતારે છે.' આ પ્રમાણે તેઓ તો અંગારાંને પણ પોતાના કરજને ચુકવવાનું એક સાધન માને છે. એવી અવસ્થામાં જો આપણે તેને ખરાબ કહીએ તો તે ઠીક કેમ કહી શકાય!

કોઈ દર્દીને સાકર પણ કડવી લાગે છે અને કોઈને લીંબડો પણ મીઠો લાગે છે. તો શું એ કારણે સાકર કડવી અને લીંબડાને મીઠો કહી શકાય ખરો? તમે તો એમ જ કહેશો કે, લીંબડો મીઠો હોતો નથી અને સાકર કડવી હોતી નથી. પોતાની વિકૃતિને કારણે ભલે કોઈને સાકર કડવી લાગતી હોય પણ વાસ્તવમાં સાકર કડવી નહિ પણ મીઠી જ હોય છે.

આ ભૌતિક દૃષ્ટાંત છે. આ દૃષ્ટાંતને આધ્યાત્મિક વાત ઉપર લાગુ પાડવું જોઈએ. ગજસુકુમાર મુનિ અંગારાને અંગારારૂપે સમજતા ન હતા. તેઓ તો તેને જન્મમરણના રોગને મટાડનારી દવા સમજતા હતા. તે જ પ્રમાણે બાળક સુભગ ઉપર જે આપત્તિ આવી પડી હતી તે તેના ભાવિજીવનના વિકાસમાં સાધનભૂત હતી.

કોઈ માણસે મેલી પાઘડી માથા ઉપર પહેરી હતી તેના કોઈ સંબંધીએ એ મેલી પાઘડી ઉતારી નવી પાઘડી પહેરવા તેને આપી. મેલી પાઘડી ઉતારી નવી પાઘડી પહેરવી સારી છે કે ખરાબ? પણ જુની મેલી પાઘડી ઉતાર્યા વિના નવી પાઘડી પહેરી શકાશે ખરી? નહિ. તે જ પ્રમાણે બાળક સુભગને ભાવિજીવનના વિકાસ માટે, શેઠને ઘેર જન્મ

લેવો છે, પણ વર્તમાન શરીરનો ત્યાગ કર્યા વિના, શેઠને ઘેર કેમ જન્મ લઈ શકાય! એટલા માટે શેઠને ત્યાં જન્મ લેવા માટે સુભગના વર્ત્તમાન શરીરનો ત્યાગ ખીલાના નિમિત્તદ્વારા થયો એમાં શંકા કરવાનું કશું કારણ રહેતું નથી.

કેટલાક લોકો પુનર્જન્મ વિષે શંકા કરે છે, પણ પુનર્જન્મની સિદ્ધિના અનેક પ્રત્યક્ષ પ્રમાણો મળે છે. સુભગને પણ પુનર્જન્મ ધારણ કરવાનો છે એટલા માટે વર્ત્તમાન શરીરનો ત્યાગ થયા વિના તે પુનર્જન્મ કેમ ધારણ કરી શકે?

મેં એક લેખમાં વાંચ્યું હતું કે, કોઈ પાશ્ચાત્ય વૈજ્ઞાનિકે પોતાના સાથીઓને કહ્યું કે, "હું આ કાચની પેટીમાં પેસું છું. થોડીવારમાં મારા શરીરનું પરિવર્તન થઈ જશે માટે અમુક સમય સુધી આ કાચની પેટીને ઉઘાડશો નહિ. આ પ્રમાણે કહી તે કાચની પેટીમાં પેસી ગયો. પણ તેના સાથીઓનું ધૈર્ય રહ્યું નહિ અને તેમણે નિયત સમય પહેલાં જ એ કાચની પેટી ખોલી નાંખી અને તેથી પે'લા માણસના શરીરનું થોડું પરિવર્તન થયું અને થોડું નહિ, પણ આ ઉપરથી શરીરનું પરિવર્તન થાય છે એ વાત તો સિદ્ધ થઈ." આ જ પ્રમાણે સુભગને શરીરનું પરિવર્તન કરવું પડયું. એમાં ખોટું શું થયું! સુભગનું આયુષ્ય બળ ઓછું હતું એટલે તેનું નિમિત્ત કારણ નદી બની. આ પ્રમાણે સુભગના મૃત્યુ વિષે કોઈ પ્રકારનો સંદેહ રહેતો નથી.

આજે બુદ્ધિવાદનો જમાનો ચાલે છે અને બુદ્ધિના બળે અનેક તર્કવિતર્કો કરવામાં આવે છે; પણ કેવળ તર્કબુદ્ધિથી કામ ચાલતું નથી. તર્કબુદ્ધિની સાથે શ્રદ્ધાબુદ્ધિ પણ હોવી જોઈએ.

નવકારમંત્રના પ્રતાપે સાપ પણ ફુલની માળા બની જાય છે તો પછી સુભગ કેમ મૃત્યુ પામ્યો! એમ લોકો કહે છે પણ મૃત્યુ બાદ તેને શું પ્રાપ્ત થયું તેનો વિચાર કરતા નથી. આસ્તિક લોકો એક જ જન્મ ઉપર નહિ પણ પુનર્જન્મ ઉપર પણ વિશ્વાસ રાખે છે.

સુભગ મરીને અર્હદ્દાસીની કુક્ષીએ પુત્રરૂપે જન્મ્યો. હવે તે કેવી રીતે મોટો થાય છે તેનો હવે પછી વિચાર કરવામાં આવશે. હમણાં તો એટલું જ કહેવાનું છે કે, તમે આપત્તિને આપત્તિ ન માનતાં એમ વિચારશો કે, પરમાત્માનું વિસ્મરણ થવું એ જ આપત્તિ છે અને પરમાત્માનું સ્મરણ થવું એ જ સંપત્તિ છે તો તમારું પણ કલ્યાણ થશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૪ બુધવાર

### પ્રાર્થના

**'પ્રતિષ્ઠસેન' નરેશ્વર કો સુત, 'પૃથ્વી' તુમ મહતારી;**
**સુગુણ સ્નેહી સાહબ સાચો, સેવકને સુખકારી.**
**શ્રી જિનરાજ સુપાર્શ્વ, પૂરો આશ હમારી. ॥૧॥**

શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્ત લોકો એમ માને છે કે પ્રાર્થનાદ્વારા સકળ સંસારનો નિર્વાહ થઈ શકે એવો સંભવ છે અને તેથી સકળ સંસારનું ધ્યેય એક જ છે, પણ આ ઉપરથી એવો પ્રશ્ન થાય છે કે, સાંસારિક લોકોની મનોદશા, બુદ્ધિ અને રુચિ ભિન્ન ભિન્ન હોય છે; અને તે પ્રમાણે કોઈ ધન ચાહે છે, કોઈ ધર્મ ચાહે છે, કોઇ કામ ચાહે છે અને કોઈ મોક્ષ ચાહે છે. તો આવી દશામાં એક જ પ્રાર્થનાદ્વારા બધાનો નિર્વાહ કેમ થઈ શકે? અને બધાની ઇચ્છા કેમ પાર પડી શકે? આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓ કહે છે કે, પરમાત્માની પ્રાર્થનાને જીવનમાં અપનાવવાથી કોઈ પણ ચીજની ખામી રહી શકતી નથી. જ્યારે કલ્પવૃક્ષ જ મળી જાય ત્યારે કઈ ઇચ્છા પાર પડી ન શકે? ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થવાથી કઈ ચીજની ખામી રહી શકે? ન જ રહે. આ જ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના કરવાથી બધી ઇચ્છાઓનું એકીકરણ થઈ જાય છે. ભક્ત લોકો પરમાત્માની પ્રાર્થના એ જ ઇચ્છાએ કરે છે કે, "અમારી બધી ઇચ્છાઓનું પરમાત્માની પ્રાર્થનામાં જ એકીકરણ થઈ જાય અને એ જ અમારું ધ્યેય બની જાય." આ ઇચ્છાની પ્રેરણાથી જ તેઓ પ્રાર્થના કરે છે.

પ્રાર્થના પૂર્ણ છે અને હું અપૂર્ણ છું એટલે એનું હું પૂર્ણ વર્ણન કેવી રીતે કરી શકું? જે પ્રાર્થનાને કલ્પવૃક્ષ અને ચિંતામણિની ઉપમા આપવામાં આવે છે તેનું વર્ણન હું કેવી રીતે કરી શકું! એટલે વર્ણનમાં અપૂર્ણતા રહી જ જશે છતાં એ વિષે થોડુંક કહું છું:—

ભક્તિ કેવી રીતે કરવામાં આવે છે એ ભક્તિશાસ્ત્ર જોવાથી જાણી શકાય છે. ભક્તિશાસ્ત્રમાં કહ્યું છે કે,

**सा तस्मिन् परमप्रेमरूपा।**

અર્થાત્—હૃદયની બધી ઇચ્છાઓને દૂર કરી તેના પ્રેમમાં તલ્લીન થઈ જવું એ જ ભક્તિ છે. તેના એટલે આત્માના પ્રેમમાં તલ્લીન થઈ જવાથી જ ભક્તિ થઈ શકે છે. વસ્તુ તો તમારી પાસે જ છે પણ વિવેકની જરૂર છે. વિવેકપૂર્વક ભક્તિ કરો તો કાંઈ પણ ખામી રહી ન શકે!

### અનાથી મુનિનો અધિકાર—૧૩

હૃદયમાં જ્યારે ભક્તિ હોય છે ત્યારે કેવા ઉન્નત વિચારો આવે છે એ જ વાત હવે હું શાસ્ત્રદ્વારા કહું છું. રાજા શ્રેણિક બુદ્ધિમાન હતો, બધા ભાઈઓમાં બધાથી વિશેષ

ગુણવાન અને સમજદાર હતો, વિદ્વાન હતો તથા રૂપવાન પણ હતો, તેમ છતાં તે મુનિને જોઈ શું કહે છે તે જુઓ! આ વિષે શાસ્ત્રમાં જે ગાથાઓ આવી છે એ ગાથાઓને વારંવાર કહેવાની ઈચ્છા થઈ આવે છે અને ગણધરોએ જાણે આપણા કલ્યાણ માટે જ એ ગાથાઓ મૂકી ન હોય એમ લાગે છે!

**तस्स रूवं तु पासित्ता, राइणो तंमि संजए।**
**अचंतपरमो आसी, अउलो रूवविम्हिओ ॥ ५ ॥**
**अहो वण्णो अहो रूवं, अहो अज्जस्स सोमया।**
**अहो खंती अहो मुत्ती, अहो भोगे असंगया ॥ ६ ॥**

આ ગાથાઓમાં શ્રેણિકના હૃદયના ભાવોનું ચિત્ર ચીતરવામાં આવ્યું છે. આ ગાથાઓ ઉપર ઊંડો વિચાર કરવામાં આવે તો શ્રેણિક શું કહે છે તેનો મર્મ જાણવામાં આવશે. શ્રેણિક જેવો વિચક્ષણ અને બુદ્ધિમાન રાજા પણ મુનિનું અતુલ રૂપ જોઈ વિસ્મય પામ્યો. મુનિનું રૂપ એવું અનુપમ હતું કે કોઈના રૂપની સાથે તેની તુલના થઈ શકતી ન હતી!

ઉપમા અને ઉપમેયના વિષે લોકો બહુ ભૂલ કરી બેસે છે. સ્ત્રીઓના રૂપવર્ણન કરતાં જે ઉપમા દેવામાં જે ભૂલ થઈ છે તે વિષે કાલે વિચાર કર્યો હતો. પણ રાજા શ્રેણિક, મુનિના રૂપ વિષે કોઇ પણ પ્રકારની ભૂલ કરતો નથી. તે પોતાના રૂપની સાથે મુનિના રૂપની તુલના કરે છે. તેમાં મુનિનું રૂપ જ વધારે જણાય છે. આ પ્રમાણે જ્યારે મુનિના રૂપની તુલનામાં કોઈનું રૂપ ટકી ન શક્યું ત્યારે તે કહે છે કે, આ મુનિનું રૂપ તો અતુલ છે!

જેમની આંખો ઉપર કામવિકારના ચશ્મા ચડેલા હોય છે, તેઓ ખરાબ સ્ત્રીમાં પણ સુંદરતા જ જુએ છે. જેમકે 'લૈલાં' ના વિષે કહેવામાં આવે છે કે, તે બહુ રૂપવતી ન હતી તેમ છતાં તેના માટે 'મજનૂએ' પોતાનાં પ્રાણ સુદ્ધાં પણ આપી દીધાં. જે પ્રમાણે પુરુષોએ સ્ત્રીને માટે પ્રાણ આપ્યાં છે તે જ પ્રમાણે સ્ત્રીઓએ પણ પુરુષો માટે પ્રાણ આપ્યાં છે. પરંતુ વિચારવાનું એ છે કે, જ્યારે લૈલાં બહુ રૂપવતી ન હતી તો પછી મજનૂએ તેના માટે પ્રાણ કેમ આપ્યાં! એટલા માટે કે, તેની આંખો ઉપર કામવિકારનાં ચશ્માઓ ચડેલાં હતાં અને તેથી તે લૈલાંને બહુ રૂપવતી માનતો હતો. પણ મુનિને જોવામાં રાજાની આંખો ઉપર કામવિકારનાં ચશ્માઓ ચડેલાં ન હતાં તેમ છતાં તેણે મુનિના રૂપને અતુલ-અનુપમ કહ્યું.

કોઈ તરસ્યા માણસની આગળ ખુશબોદાર તેલની એક સુંદર શીશી મૂકવામાં આવે, અને બીજા માટીના વાસણમાં પાણી મૂકવામાં આવે, તો એ બેમાંથી એ તરસ્યો માણસ શું લેશે? જો તેને તરસ લાગી ન હોય તો તે વખતે ભલે તે તેલની શીશી લઈ લે પરંતુ જો તેને તરસ લાગી હશે તો તો તે તેલની શીશી લેવાને બદલે પાણીનું જ ઠામ લેવાનું પસંદ કરશે! પછી ભલેને તે પાણી માટીના વાસણમાં કેમ ન હોય! આ જ પ્રમાણે ભૂખ્યા માણસને સૂકો બાજરીનો કે જારનો રોટલો અને દાળ આપવામાં આવે, અને

બીજી બાજુ માટીનાં બનેલાં સુંદર કેળાં, દાડમ વગેરેનાં રમકડાં મૂકવામાં આવે તો એ એમાંથી પેલો ભૂખ્યો માણુસ શું પસંદ કરશે ! જવાબ સ્પષ્ટ છે કે, તે ભૂખ્યો માણુસ રોટલાને જ પસંદ કરશે અને કેળાં દાડમ વગેરે કીંમતી રમકડાંને તુચ્છ ગણુશે. આ જ પ્રમાણે રાજા પણુ તે મુનિના રૂપની આગળ બધાં રૂપને તુચ્છ માની રહ્યો છે. તે એમ વિચારે છે કે, બીજાના રૂપથી મારી ભૂખ–તરસ શાંત થઈ શકે એમ નથી પણુ આ મુનિનું રૂપ તો મારી ભૂખતરસને શાંત કરનાર છે. આ પ્રમાણે વિચાર કરી તે અહો વર્ણ ! અહો રૂપ ! એમ કહી રહ્યો છે !

વર્ણ અને રૂપમાં શું તફાવત છે તે અત્રે જોવાનું છે. શરીરના સુંદર આકાર પ્રમાણે જેનો રંગ સુંદર હોય છે તેને સુવર્ણ કહેવામાં આવે છે. જેમકે સોનાને સુવર્ણ કહેવામાં આવે છે પણુ શા કારણે ? જો રંગને કારણે જ સોનાને સુવર્ણ કહેવામાં આવતું હોય તો સોનાની માફક પિત્તળનો પણુ રંગ પીળો હોય છે ! તો પછી તેને પણુ સુવર્ણ કેમ કહેવામાં નથી આવતું ? કેવળ રંગને કારણે જ સોનાને સુવર્ણ કહેવામાં આવતું નથી પણુ તેનામાં રંગની સાથે બીજી પણુ વિશેષતા રહેલી છે. સોનાના પરમાણુમાં એવી વિશેષતા હોવાનું કહેવામાં આવે છે કે, સોનાને ભલે હજારો વર્ષ સુધી જમીનમાં રાખી પાછું કાઢી તોળવામાં આવે તો તે સમયે પહેલાંના જેટલું જ વજનમાં થશે. ઓછું નહિ થાય ! તેમ તેની ઉપર કાટ ચડશે નહિ. પીતળનો રંગ તો સોનાના જેવો હોય છે પણુ સોનામાં જે વિશેષતા છે તે તેમાં નથી ! જો પીતળને પાંચ–દશ વર્ષ જ જમીનમાં દાટવામાં આવે તો તેની ઉપર કાટ ચડી જશે અને તે સડી જશે. સોનામાં એવી ચીકાશ હોય છે કે તે સડતું નથી. બીજું તે વજનમાં ભારી હોય છે, ત્રીજું તેના પરમાણુમાં એવી ચીકાશ હોય છે કે તેમાંથી ઝીણામાં ઝીણો તાર પણુ કાઢી શકાય છે. આ પ્રમાણે સોનામાં રંગની સાથે બીજી વિશેષતાઓ હોવાથી તેને સુવર્ણ કહેવામાં આવે છે.

રાજા શ્રેણિક પણુ બીજાના વર્ણની સાથે મુનિના વર્ણની તુલના કરી ફરી કહે છે કે, એ વર્ણ તો અતુલ-અનુપમ છે. અહો ! આ કેવો વર્ણ છે ? બીજાના વર્ણમાં તો વહેલો મોડો કાટ પણુ ચડી જાય છે, પણુ આ મુનિનો વર્ણ તો એવો છે તેના ઉપર કાટ ચડી જ શકતો નથી. આ પ્રમાણે વિચાર કરી રાજા મુનિના વર્ણ વિષે આશ્ચર્ય પામ્યો.

તમે કહેશો કે, મુનિના રૂપમાં અને બીજાના રૂપમાં એવી શું વિશેષતા હતી ? તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, મુનિના રૂપમાં, બીજી ધાતુઓની અપેક્ષા સોનામાં જે વિશેષતા હોય છે, તેવી વિશેષતા હોય છે. તમે વળી કદાચ પૂછશો કે, સોનાની માફક મુનિને પણુ પૃથ્વીમાં દાટવામાં આવે તો શું તેમના શરીર ઉપર ડાઘ ન પડે ? શું તેમનો કાળ થઈ ન જાય ? આનો ઉત્તર એ છે કે, જે નાથ છે એવા તે મુનિને પૃથ્વીમાં દાટવા જ કોણુ સમર્થ છે ! સોનું તો જડ છે એટલે જ તેને પૃથ્વીમાં દાટી શકાય છે અને ભઠ્ઠીમાં તપાવવાથી તે પીગળી પણુ જાય છે, પણુ મુનિને કોણુ દાટી શકે અને કોણુ સોનાની માફક તપાવી શકે ! તેમને અગ્નિ તપાવી શકતી નથી તેમ પવન ડગાવી શકતો નથી. તેમનું એવું રૂપ શા કારણે હતું એ તો આગળ કહેવામાં આવશે પણુ તેમનું રૂપ અતુલ–અનુપમ હતું એટલું જ અત્રે કહેવાનું છે. તેમના રૂપની આગળ દેવનું રૂપ પણુ તુચ્છ

હતું. દેવનું રૂપ તો વહેલું કે મોડું બગડી જાય છે પણ મુનિનું રૂપ એવું હતું કે તે કોઈ દિવસ બગડી શકે જ નહિ.

બીજા લોકો તો રૂપના ગુલામ બની જાય છે પણ તે મુનિ તો રૂપના નાથ હતા. લોકો તો રૂપ બગડી ન જાય એ માટે તેલ-પાવડર વગેરેનો ઉપયોગ કરે છે. જો કોઈ સ્ત્રીને શૃંગારની સામગ્રી ન મળે તો તે મારું રૂપ બગડી જશે એમ કહી રડવા લાગે છે. જો રૂપના ગુલામ ન હોય તો આમ શા માટે રડવું પડે? પણ તે મુનિ એવા રૂપના ગુલામ ન હતા પણ રૂપના નાથ હતા.

રાજા શ્રેણિક પણ વિચારતો હતો કે, "અમે લોકો તો રૂપના ગુલામ છીએ પણ આ મુનિ તો રૂપના નાથ છે. તેમની આંખોમાં આંજણ આંજેલું નથી, શરીર ઉપર કોઈ આભૂષણો નથી તેમ તેમણે સુંદર કપડાં પણ પહેરેલાં નથી છતાં તેમનું રૂપ કેવું સુંદર છે! એમના રૂપની આગળ મારું રૂપ તો તુચ્છ છે."

તમારા હાથમાં હીરાની વીંટી પહેરેલી હોય તો તમે બીજાના હાથમાં સોનાની વીંટી પહેરેલી જુઓ તો તેમાં તમને કાંઈ આશ્ચર્ય થશે નહિ તેમ તમારી વીંટીને તુચ્છ માનશો નહિ! પરંતુ જો તમારા હાથમાં ચાંદીની વીંટી પહેરેલી હોય અને તમે બીજાના હાથમાં હીરાની પહેરેલી જુઓ તો તમારી વીંટી તમને તુચ્છ જણાશે. તમે એમ જ કહેશો કે, મારી પાસે તો કાંઈ નથી, જે કાંઈ છે તે તો તેની પાસે છે. આ પ્રમાણે રાજાના જે રૂપને જોઈ સાધ્વીઓ પણ લલચાઈ હતી, એ પોતાના રૂપને મુનિના રૂપ આગળ રાજા તુચ્છ માની વિચારવા લાગ્યો કે, મારામાં જે દ્રવ્ય રૂપ અને ભાવ રૂપ છે તે તો વિકારી છે પરંતુ આ મુનિમાં જે દ્રવ્ય રૂપ અને ભાવ રૂપ છે તે નિર્વિકારી છે.

આજના લોકો દ્રવ્ય રૂપની આગળ ભાવ રૂપને ભૂલી રહ્યા છે. આખરે તો ભાવ-રૂપને જ શરણે જવું પડે છે. પણ વાસ્તવમાં ભાવ રૂપની આગળ દ્રવ્ય રૂપ તુચ્છ છે. દ્રવ્ય રૂપ હોય પણ ભાવ રૂપ ન હોય તો તેની કદર થતી નથી.

અહીં નદીને કિનારે જંગલ જતાં મેં જોયું છે કે, એક બ્રાહ્મણ માટીના શંકર-પાર્વતી, નાગ-ગણેશ વગેરેને કલાપૂર્વક બનાવે છે પણ બીજે જ દિવસે તે શંકર-પાર્વતી ગણેશ વગેરેને નદીમાં પધરાવતાં જોવામાં આવે છે. આ જ પ્રમાણે ગણગોરને ખૂબ કલા-પૂર્વક સજાવવામાં આવે છે અને સુંદર વસ્ત્રાભૂષણ પણ પહેરાવવામાં આવે છે, પણ ખેલ સમાપ્ત થતાં જ ગણગોરને પાણીમાં ફેંકી દેવામાં આવે છે. ગણગોરને તો રાણી વગેરે પણ સન્માન આપે છે, પણ તેની પાસે ઊભેલી સ્ત્રીને એટલી આદરની દૃષ્ટિએ જોતી નથી, તો શું સ્ત્રી ગણગોરથી પણ ઊતરતી છે? ગણગોરને તો નદીમાં ફેંકી દેવામાં આવે છે કારણ કે તેનામાં કેવળ દ્રવ્ય રૂપ જ છે, ભાવ રૂપ નથી; પણ તે સ્ત્રીમાં કદાચ દ્રવ્ય રૂપ ન પણ હોય તોપણ તેનામાં ભાવ રૂપ તો હોય જ છે અને એટલા માટે તેને નદીમાં કોઈ ફેંકી દેતું નથી. એટલું જ નહિ પણ ફેંકી દેવાનો કોઈને અધિકાર પણ નથી. જો કોઈ માણસ કોઈ સ્ત્રીને નદીમાં નાંખી દે તો તે તેનો અપરાધ ગણવામાં આવે છે. કદાચ કોઈ કહે કે એ મારી સ્ત્રી છે એટલે મારો તેના ઉપર અધિકાર છે. તો પણ સરકાર તો તેને એ જ કહેશે કે એ સ્ત્રી તારી હોવા છતાં તેને નદીમાં ફેંકવાનો

અધિકાર નથી. આ પ્રમાણે દ્રવ્ય રૂપની અપેક્ષા ભાવ રૂપ જ ચડિયાતું છે પણ આજના લોકો ભાવ રૂપને ભૂલી રહ્યા છે અને દ્રવ્ય રૂપમાં ફસાઈ પડયા છે! આ ભૂલને દૂર કરી સમજવું જોઈએ કે, પૌદ્દગલિક ચીજો નાશવાન છે. જેમ ગણગોરમાં પુદ્દગલજ છે, ભાવ નથી, એટલા માટે તેને નદીમાં ફેંકી દેવામાં આવે છે. તે જ પ્રમાણે બધી પૌદ્દગલિક ચીજો નાશવાન્ છે.

વર્ણ અને રૂપમાં શું તફાવત છે એ હવે જોઈએ. જેમ સારો કારીગર સોનાના દાગીનાને સારો ઘાટ બનાવે છે, અને ખરાબ કારીગર એ જ સોનાનો ખરાબ દાગીનો બનાવે છે તે જ પ્રમાણે દ્રવ્ય તો એક સરખું હોવા છતાં કારીગીરીને લીધે તેની આકૃતિમાં અંતર પડી જાય છે! આ જ પ્રમાણે રંગ તો સારો હોય પણ આકૃતિ સારી ન હોય–નાક, કાન વગેરે અંગો બેડોળ હોય–તો રંગ શું સારો લાગશે ખરો? રંગ ત્યારે જ સારો લાગે છે જ્યારે તેની સાથે જ આકૃતિ પણ સારી હોય! મુનિનો રંગ પણ સારો હતો અને આકૃતિ પણ સારી હતી એ બતાવવા માટે જ વર્ણની સાથે રૂપનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કોઈ માણસની આંખો નાની હોય છે, તો કોઈની આંખો મોટી હોય છે. કોઈની આંખોમાં લાલ રેખા હોય છે અને કોઈની આંખોમાં લાલ રેખા હોતી નથી. આ બન્ને પ્રકારની આંખોમાં કોઈ પ્રકારનું અંતર મનાય છે કે નહિ? જો એ બન્ને પ્રકારની આંખોને માપવામાં આવે તો કોઈ પ્રકારનું ખાસ અંતર જણાશે નહિ, તેમ છતાં જેમની મોટી અને દિવ્ય આંખો હોય તેમનામાં તથા નાની આંખોવાળાઓમાં અંતર હોય છે કે નહિ!

સીતાના સ્વયંવરમાં મોટા મોટા રાજાઓ પણ આવ્યા હતા અને ત્યાં રામ પણ આવ્યા હતા. માપની દૃષ્ટિએ જોવામાં આવે તો તો રામની આંખોમાં અને બીજા રાજાઓની આંખોમાં ખાસ અંતર જણાશે નહિ પણ તે વિષે ઊંડો વિચાર કરવાથી અવશ્ય તેમાં અંતર જણાશે. સીતાને રામ બીજી દૃષ્ટિએ જોતા હતા અને બીજા રાજાઓ પણ જુદી દૃષ્ટિએ જોતા હતા. બીજા રાજાઓ સીતાને જોઈ તેના રૂપમાં અંજાઈ ગયા હતા પણ રામ જરા પણ લલચાયા ન હતા. પણ તેઓ તો આનંદપૂર્વક બેસી એમ જ વિચારતા હતા કે, સીતાને ગરજ હશે તો તે સ્વયં આવશે. જે અપૂર્ણ હોય છે તે જ લલચાય છે પણ જે પૂર્ણ હોય છે તે લલચાતો નથી. જો તમે પૂર્ણ બનવા ચાહો છો તો કોઈ સ્ત્રીને જોઈ કેમ લલચાઈ જાઓ છો!

રામ લલચાયા નહિ પણ આનંદપૂર્વક સ્વસ્થાને બેઠા રહ્યા. બીજા રાજાઓની માફક ધનુષ્યદ્વારા લક્ષ્યવેધ કરવા દોડયા નહિ. સીતાને બીજો કોઈ રાજા વરી જશે માટે હું પહેલાં બાણ છોડવા દોડયો જાઉં એવી ઉત્સુકતા તેમને ન થઈ. તેઓ તો એમ જ વિચારતા હતા કે, જો કોઈ બીજો ધનુષ્યદ્વારા લક્ષ્યવેધ કરી સીતાને વરી જાય તો એમાં મને શો વાંધો છે! કોઈની ઇચ્છા પુરી થાય એ તો સારું જ છે. આ પ્રમાણે તેઓ આનંદમાં બેઠા રહ્યા, પણ જ્યારે કોઈ રાજા ધનુષ્યને લક્ષ્યવેધ કરી તોડી ન શકયા ત્યારે જનક રાજાએ કહ્યું કેઃ—

" વીરવિહીન મહી મૈં જાની "

જનક રાજાએ એવી શરત કરી હતી કે, 'આ ધનુષ્યદ્વારા જે લક્ષ્યવેધ તોડશે તેને હું મારી પુત્રી સીતા આપીશ.'

આ શરતને જીતવા માટે અનેક રાજાઓએ પ્રયત્ન પણ કર્યો, પરંતુ જ્યારે કોઈ લક્ષ્યવેધ કરી ન શક્યું ત્યારે જનક રાજાએ કહ્યું કે, આ પૃથ્વી વીરોથી ખાલી થઈ ગઈ છે, એમ આજે મને લાગે છે. જનકનું આ કથન સાંભળી લક્ષ્મણે રામને જોરથી કહ્યું કે, 'આપ અહીં બેઠા છો અને જનક રાજા આ શું કહી રહ્યા છે? જો આપ મને આજ્ઞા આપો તો હું આખા બ્રહ્માણ્ડને ઉપાડી લઉં.' લક્ષ્મણે આમ કહ્યું છતાં રામને ઉત્સુકતા થઈ નહિ, પણ ઊલટું તેમને ઈશારા વડે લક્ષ્મણને શાન્ત રહેવાનું કહ્યું અને પોતે ઉઠી બધા રાજાઓને કહ્યું કે, જો કોઈ પોતાનું જોર અજમાવવા ચાહતા હોય તો ભલે અજમાવે કે જેથી કોઈની મનની વાત મનમાં રહી ન જાય! આમ કહેવા છતાં જ્યારે કોઇ રાજા ઉઠયા નહિ ત્યારે રામે ધનુષ્ય ચડાવ્યું અને લક્ષ્યવેધ કર્યું. અને શરત પ્રમાણે સીતાએ વરમાળા રામના ગળામાં પહેરાવી દીધી.

આ પ્રમાણે બીજા રાજાઓની આંખોમાં અને રામની આંખોમાં અંતર જણાય છે કે નહિ? તમે પણ એમના જેવા સ્વતંત્ર અને શુદ્ધ દૃષ્ટિવાળા બનો તો ઇન્દ્ર પણ તમારા ગુલામ બની રહેશે. તમે તમારામાં અપૂર્ણતા જુઓ છો એટલા માટે જ સ્ત્રીના ગુલામ બની રહ્યા છો! આ પ્રકારની ગુલામી છોડો અને સ્વતંત્ર બનો! તમને જે વ્યાખ્યાનો સંભળાવવામાં આવે છે તે બધાં તમને સ્વતંત્ર બનાવવા માટે જ સંભળાવવામાં આવે છે, એટલા માટે તમે સ્વતંત્ર બનવાનો પ્રયત્ન કરો!

મેં એક લેખમાં વાંચ્યું હતું કે, ક્યાંય રાજાનો તો ક્યાંય પ્રજાનો બીજા ઉપર જુલમ ગુજારવામાં આવે છે પણ સૌથી મોટો જુલ્મી સ્નેહ-રાગ છે અને સ્નેહરાગની વિરુદ્ધ વિરોધ કરનાર સુશાસ્ત્ર જ છે. બીજું કોઈ એમની વિરુદ્ધ વિરોધ કરી શકતું નથી. સ્નેહ-રાગની વિરુદ્ધ વિદ્રોહ કરવાની રાજાની પણ શક્તિ નથી. એ શક્તિ તો વીતરાગપ્રણીત શાસ્ત્રોમાં જ છે. શાસ્ત્રો સ્નેહરાગની વિરુદ્ધ કેવી રીતે બળવો કરે છે એ વાત તો બહુ લાંબી છે, એટલા માટે એ વિષે અત્રે વિચાર ન-કરતાં એટલું જ કહું છું કે, રાજાનો સ્નેહરાગ મુનિને જોતાં પલટાઈ ગયો અને તે કહેવા લાગ્યો કે, રૂપ તો આ મુનિમાં જ છે, મારામાં કે બીજા કોઈનામાં એવું રૂપ નથી.

શેષ પદોનો શો અર્થ છે તેનો વિચાર હવે પછી યથાવસરે કરવામાં આવશે.

## સુદર્શન ચરિત્ર—૧૩

**છોડા નહીં નવકાર ધ્યાનકો, તત્ક્ષણ કર ગયા કાલ ।**
**જિનદાસ ઘર નારી કુંખે, જન્મા સુંદર લાલ. ॥ રે ધન૦ ॥ ૧૩ ॥**

બાળકોમાં જેવી દૃઢતા અને જેવો વિશ્વાસ જોવામાં આવે છે તેવી દૃઢતા અને તેવો વિશ્વાસ મોટાઓમાં જોવામાં આવતો નથી. કોઈ બાળકને જો તેના માતાપિતા 'છાપરા ઉપરથી બેટા! કૂદી જા' એમ કહે તો તેઓ તેમ કરવા તૈયાર થઈ જાય છે, પણ મોટા માણસોમાં એવી તત્પરતા જોવામાં આવતી નથી. આ જ પ્રમાણે કોઈ મોટા માણસને વૃક્ષ ઉપરથી કૂદવું વગેરેના સંબંધમાં અનેક સંદેહ ઉદ્‌ભવી શકે પણ બાળક સુભગને

તો એવો કોઈ પ્રકારનો સંદેહ ન થયો ! તે તો એમ જ વિચારતો રહ્યો કે, હું મારી પરીક્ષા આપી રહ્યો છું. આ પ્રમાણે વિચાર કરી તે નદીમાં કૂદી પડયો, ત્યાંસુધી તેનામાં પહેલાના જ જેટલો જ ઉત્સાહ અને ઉમંગ હતો.

કેટલાક લોકોને તો જ્યાંસુધી કોઈ પ્રકારની હાનિ થતી નથી ત્યાંસુધી ઘણો ઉમંગ રહે છે પણ જ્યાં થોડી હાનિ થાય છે ત્યાં તેમનો બધો ઉમંગ ચાલ્યો જાય છે ! પણ સુભગનો તો ઉમંગ પહેલાના જેવો જ કાયમ રહ્યો.

જ્ઞાની લોકો પણ પોતાની દશા બાળકોની જેવી બનાવી લે છે. તેઓ એ જ ચાહે છે કે, "અમે પણ બાળકોના જેવા નિર્મળ બની જઈએ ! કોઈ છ મહિનાના બાળકને ગાળો ભાંડે તો શું તેને માઠું લાગશે ? તે તો નિર્મળ હાસ્યથી બધાને ઊલટો આનંદ આપશે. તેનામાં કોઈ વિકારી ભાવના ત્યારે હોતી નથી એટલે તે કોઈ પણ સ્ત્રીને જુએ છે તો તેને પોતાની માતા જ માને છે."

આ પ્રમાણે જ્ઞાની લોકો પણ બાળકોના જેવા નિર્વિકારી બનવા ચાહે છે. વાસ્તવમાં જે જ્ઞાની હોય છે તેઓ પોતાની દશા બાળકોના જેવી બનાવી પણ લે છે. તેઓ કોઈપણ સ્ત્રીને જુએ છે તેને માતાની સમાન જ માને છે અને કોઈ ગાળો ભાંડે છે તો તેઓ નિર્દોષ હાસ્ય વડે એ ગાળોને હસી કાઢે છે.

તે સુભગ બાળક પણ પૂરેપૂરો શ્રદ્ધાળુ હતો એટલા માટે નદીમાં કૂદી પડવાથી કષ્ટ થવા છતાં પણ તેણે નવકાર મંત્રનો જાપ જપવો છોડયો નહિ.

તમારા કાનમાં દશ વીશ હજારની કીંમતના મોતી હોય કે ગળામાં કીંમતી હાર પહેરેલો હોય એટલામાં કોઈ દુષ્ટ આવીને તમારા પેટમાં છરીનો ઘા કરે અને લોહી નીકળવાથી તમને કષ્ટ થતું હોય તેમ છતાં શું તમે એ મોતીઓની કે હારની કીંમત ઓછી માનશો ? વેદના થવા છતાં પણ મોતીઓને અને હારને સાચા જ માનશો ! કોઈને સખ્ત તાવ આવ્યો હોય અને તેને કોઈ કહે કે, તારા કાનમાં જે કીંમતી મોતી છે તે અમને આપી દે તો અમે તારો તાવ મટાડી દઈશું, તો શું તે દર્દી મોતી કાઢી આપશે ! તે તો એમ જ વિચારશે કે, શરીર અને મોતીને શો સંબંધ છે !

આ જ પ્રમાણે સુભગ બાળક પણ એ જ વિચારતો હતો કે, મને જે વેદના થઈ રહી છે તેનો નવકાર મંત્ર સાથે શો સંબંધ છે ? તેને હું ખોટો કેવી રીતે માની શકું !

આ પ્રમાણે વિચાર કરવાથી તેને નવકાર મંત્ર વિષે કોઈ પ્રકારનો સંદેહ રહ્યો નહિ !

કેટલાક લોકો ધર્મ પ્રતિ કૃત્રિમ પ્રેમ રાખે છે. વાસ્તવમાં તો તેઓ ધનમાલ ઉપર જેટલો વિશ્વાસ કરે છે તેટલો વિશ્વાસ ધર્મ ઉપર કરતા નથી. કષ્ટો માથે પડવા છતાં મોતી વગેરેની કીંમત તો ઓછી માનતા નથી, પણ ધર્મ કરતાં જરાક કષ્ટ માથે આવી પડે છે તો કહેવા લાગે છે કે, ધર્મ કરતાં દુઃખ માથે આવી પડયું. આ પ્રમાણે ધર્મ ઉપર બધી ખરાબી ઢોળી દે છે. આવી દશામાં ધર્મ ઉપર વિશ્વાસ જ કયાં રહ્યો ? કષ્ટો પડવા છતાં ધર્મનો કષ્ટની સાથે શો સંબંધ છે ! એ વિષે કશો વિચાર કરતા નથી. કષ્ટના સમયે પણ જો ધર્મ ઉપર દઢતા રહે તો સમજવું કે ધર્મનો મર્મ સમજાયો છે !

તમારું શરીર ખરાબ હોય અને તમે હીરાને લઈ ઝવેરીને પાસે ગયા હો તો શું તમારું શરીર ખરાબ છે એ કારણે ઝવેરી હીરાની કીંમત ઓછી આપશે ! અથવા શરીર

સારું હોય એટલે કાંઈ હીરાની કીંમત વધારે આપશે! કદાચ કોઈ ઝવેરીને એમ કહે કે, મારું શરીર બહુ સારું છે માટે મારા હીરાની કીંમત વધારે આપો તો ઝવેરી એનો જવાબ એ જ આપશે કે, શરીર અને હીરાને શો સંબંધ! આ જ પ્રમાણે ધર્મને અને સંસારવ્યવહારને સંબંધ નથી એમ સમજવું જોઈએ! ધર્મ તો આત્માને માટે છે, પણ લોકોને ધર્મ ઉપર વિશ્વાસ રહેતો નથી. જ્ઞાનીઓના માથે ગમે તેટલું કષ્ટ આવી પડે તો પણ તેઓ પોતાના ધર્મતત્ત્વથી વિમુખ થતા નથી! પ્રહ્લાદ જો રામનું નામ જપવાનું છોડી દેત તો તેને પિતાનું રાજ્ય મળત અને રામનું નામ છોડયું નહિ તો તે કારણે તલવાર મળી; છતાં શું તેણે ધર્મને દોષ આપ્યો હતો! જ્ઞાની લોકો કષ્ટના સમયે ગભરાઈ જઈ ધર્મને દોષ આપતા નથી પણ એ કષ્ટને ધર્મની કસોટી ગણી સમતાપૂર્વક સહન કરે છે. પ્રહ્લાદ પણ એમ જ વિચારી રહ્યો હતો કે, હું રામનું નામ પોતાના આત્માને માટે જપું છું, તેનો શરીરની સાથે કશો સંબંધ નથી. તમે પણ એવો વિચાર કરો તો ધર્મ ઉપર કોઇ દિવસ તમને અવિશ્વાસ પેદા થશે નહિ.

બાળક સુભગે નવકારમંત્રનું ધ્યાન છોડયું નહિ અને નવકારમંત્રનો જાપ જપતાં કાળધર્મને પામ્યો. તમે કહેશો કે, સુભગ કાળને પામ્યો એ શું ધર્મનું ફળ છે? આના જવાબમાં એ જ કહેવાય કે એ ધર્મનું ફળ છે. તમે લોકો કેવળ કાર્યને જુઓ છો અને અમે કારણ સુધારવાનો ઉપદેશ આપીએ છીએ. તમે લોકો જે વિજળીનો પ્રકાશ મેળવો છો એ વિજળીનું પાવરહાઉસ જો બંધ થઈ જાય તો શું પ્રકાશ મળશે? જો પ્રકાશ ન મળે તો ગ્લોબ મોટો કે પાવરહાઉસ મોટું! પાવરહાઉસમાં દુર્ગન્ધ હોય છે અને ત્યાં ભડભડ એવો કર્ણકટુ પણ અવાજ થાય છે જ્યારે ગ્લોબમાં તો સાફ પ્રકાશ હોય છે તેમ છતાં જો પાવરહાઉસ ન હોય તો પ્રકાશ મળે ખરો? તમે જે સોનાને પસંદ કરો છો તેની ખાણમાં કેટલી બધી ધમાલ હોય છે! પણ જો ત્યાં એટલી ધમાલ ન હોય તો શું તમને સોનું મળી શકે? તમે લોકો તૈયાર ભાણે જમવા બેસી જાઓ છો પણ સામગ્રી તૈયાર કરવા માટે કેટલું કષ્ટ સહન કરવું પડે છે એ વાત તો બહેનો જ જાણે છે! આ જ પ્રમાણે તમે લોકો કેવળ કાર્ય જુઓ છો, કારણ જોતા નથી! પણ જ્ઞાની લોકો પહેલાં કારણ જુએ છે અને કહે છે કે, સુદર્શન બનવાનું જે કાર્ય થયું તેનું કારણ તો એ જ હતું. તમે સુદર્શનને જ જુઓ છો, પણ સુદર્શન બનવાનું કારણ તો "સુભગનું નવકારમંત્રને ન છોડવું" તે જ છે. સુદર્શન બનવાનું કારણ તો તે ખીલો જ હતો એ ખીલો લાગવા છતાં નવકારમંત્રનું ધ્યાન છૂટયું નહિ એ જ કારણે તે સુદર્શન થયો. કહેવત છે કે:—

હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, પછી લેવું નામ જોને.

શૂરવીરના માર્ગે જવા માટે આત્મભોગ આપવો પડે છે. શૂરવીરતા કાંઇ તલવાર ચલાવવામાં નહિ પણ કામક્રોધાદિને જીતવામાં છે. આત્મવિશ્વાસ એ ક્રોધાદિને જીતવાની ચાવી છે.

બાળક સુભગ નવકારમંત્રનો જાપ જપતો રહ્યો. જીનદાસ શેઠે તેને નવકારમંત્રનું દાન આપ્યું હતું. દાન ધન-ધાન્યાદિનું પણ આપવામાં આવે છે પણ ભાવશુદ્ધિ માટે આપવામાં આવેલું આ નવકારમંત્રનું દાન કોઇથી જરા પણ ઊતરતું નથી!

તમે એમ સમજો છો કે, દાન આપવાથી ધન ખૂટી જાય છે અને તેથી તમને દાન આપવાની રુચિ બહુ ઓછી છે. સાધુમાર્ગી સમાજના જેવી કૃપણતા તો કોઇકજ સમાજમાં હશે ! બીજી સમાજના લોકો કોઈ ને કોઈ રૂપમાં થોડુંઘણું તો આપે છે પણ આ સમાજ તો દાનને જ ભૂલી રહ્યો છે ! એનું કારણ ધન ખૂટી જવાનો ભય છે; પરંતુ દાન આપવાથી ધન ખૂટી જાય છે એ ધારણા સાચી નથી. શેઠે સુભગને નવકારમંત્રનું દાન આપ્યું હતું. નવકારમંત્રનું દાન આપવાથી તે ઘટતું નથી પરંતુ તે ઉત્તરોત્તર વધે જ છે. શેઠે નવકારમંત્રનું દાન આપી પોતાને ત્યાં પુત્રની જે ખામી હતી તે પુરી કરી હતી. એમ તો ત્યાંનો રાજા પણ એ જ ચાહતો હશે કે, નગરશેઠને પુત્રની પ્રાપ્તિ થાય અને પ્રજા પણ એ જ ચાહતી હશે કે, નગરશેઠને ત્યાં તેમના જેવો શ્રેષ્ઠ પુત્ર થાય પણ શેઠને ત્યાં પુત્રની ખોટ કોઇએ પૂરી કરી નહિ. નવકારમંત્રના દાનથી તે ખોટની પૂર્તિ થઈ.

રાતના સમયે શેઠાણી સુતાં હતાં ત્યારે તેમણે સ્વપ્નમાં કલ્પવૃક્ષ જોયું. સ્વપ્ન જોઈ તે જાગી ઊઠયા અને વિચારવા લાગ્યા કે, આજે જ સુભગને ગુમાવ્યો છે અને આજે જ મને આવું સ્વપ્ન કેમ આવ્યું ? તેના મૃત્યુથી મારા દિલમાં બહુ દુઃખ થયું છે, છતાં મેં આજે આવું સુખદાયક સ્વપ્ન જોયું છે એ ઉપરથી એમ જણાય છે કે, પ્રકૃતિનું કોઈ ગંભીર રહસ્ય આ સ્વપ્નમાં રહેલું છે. શેઠાણી ઉઠીને ધીરેધીરે પોતાના પતિના ઓરડામાં ગઈ.

આજે રાગને વશ થઈ પતિ-પત્ની ન જાણે કેવી કેવી અનીતિ પોષી રહ્યાં છે ! પણ પ્રાચીન સાહિત્ય જોવાથી એ સ્પષ્ટ જણાય છે કે, પહેલાંના સમયમાં પતિ-પત્ની જુદા જુદા ઓરડામાં સુતા હતા. એક જ જગ્યાએ સુતા ન હતા. આજે જુદા જુદા ઓરડામાં સુવાનું તો દૂર રહ્યું પણ જુદી જુદી પથારીમાં પણ કદાચ કોઈક જ સુતા હશે ! આ કારણે વિષયવાસનાને કેટલો બધો વેગ મળે છે એ થોડામાં કહી ન શકાય ! અગ્નિ ઉપર ઘી મૂકવામાં આવે તો તે ઠરી શકતું નથી તે જ પ્રમાણે એક પથારીમાં શયન કરવાથી અનેક પ્રકારની ખરાબીઓ પેદા થવા પામે છે, અને તેથી વ્યવહારનું કામ પણ પૂરેપૂરું સધાતું નથી તો પછી બીજું કામ તો શી રીતે સાધી શકાય ?

શેઠાણી પતિની પાસે ગઈ. શેઠ શેઠાણીને જોઇ કહેવા લાગ્યા કે, અત્યારે કેમ આવવું પડયું ? આજે સુભગનું મૃત્યુ થયું છે એટલે ચિંતા થવી જોઇએ અને એને બદલે તમારા મુખ ઉપર પ્રસન્નતા જણાય છે એનું શું કારણ ?

શેઠાણીએ ઉત્તર આપ્યો કે, મેં આજે સ્વપ્નમાં કલ્પવૃક્ષ જોયું છે. આ સાંભળી શેઠે પ્રસન્ન થતાં કહ્યું કે, આજે જ સુભગનું મૃત્યુ થયું છે અને આજે જ તમે સ્વપ્નમાં કલ્પવૃક્ષ જોયું છે, એ ઉપરથી જણાય છે કે, તમારી પુત્રવિષયક આશા પૂર્ણ થશે ! સુભગ કલ્પવૃક્ષની સમાન જ હતો. તેનું શરીર મેં નદીમાંથી બહાર કઢાવી બાળ્યું ત્યારે તેના મુખ ઉપર ગ્લાનિની જરા પણ છાયા ન હતી. પરંતુ તેનું મુખ પ્રસન્ન જ હતું એમ મેં જોયું. આ ઉપરથી હું તો એમ અનુમાન કરું છું કે, સુભગ મરીને તમારા ગર્ભમાં આવ્યો છે. તમે કલ્પવૃક્ષનું ફળ નહિ પણ વૃક્ષ જોયું છે. વાસ્તવમાં તે કલ્પવૃક્ષની સમાન જ હતો. એટલા માટે હું તો એમ સમજું છું કે, તમારી કુક્ષીએ નવ માસ ને સાડા સાત દિવસ વ્યતીત થયે તે પુત્રરૂપે જન્મશે. શેઠાણી ગર્ભવતી થઈ. કહેવત છે કેઃ-

"**होनहार बिरवान के होत चिकने पात**" આ કહેવત પ્રમાણે શેઠાણીને દોહદ પણ શુભ-સૂચક સારાં થયાં.

શેઠાણીની ધર્મભાવના દિવસે દિવસે વધવા લાગી. આ બાજુ શેઠે પણ દાન દેવા માટે પોતાનો ખજાનો પણ ખોલી દીધો અને શેઠ વિચારવા લાગ્યા કે જ્યારે મારે ત્યાં કલ્પવૃક્ષ જ ઉગવાનું છે તો પછી સંગ્રહ શા માટે કરું! લોકો જ્યાંસુધી સંતાનો હોતાં નથી ત્યાં સુધી તો થોડા ઘણા ઉદાર પણ રહે છે, પણ સંતાન થતાં જ સંતાનોને માટે ધનસંચય કરવો જોઈએ એ વિચાર આવતાં જ તેમની ઉદારતા ઓછી થઈ જાય છે. પણ આવો ક્ષુદ્ર વિચાર શેઠના મનમાં આવ્યો નહિ; તેમણે તો પોતાનો ખજાનો દાન માટે ખોલી દીધો. હવે આગળ શું થાય છે તે વિષે યથાવસરે વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૫ ગુરુવાર

### પ્રાર્થના

**જય જય જગત શિરોમણિ, હું સેવક ને તૂં ધની;**
**અબ તૌસું ગાઢી બણી, પ્રભુ આશા પૂરો હમ તણી.**
**મુઝ મ્હેર કરો, ચંદ્રપ્રભુ, જગજીવન અંતર જામી;**
**ભવ દુઃખ હરો, સુનિએ અરજ હમારી ત્રિભુવન સ્વામી. ॥ ૧ ॥**

શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માનું ધ્યાન ધરવા માટે ભક્ત લોકો અનેક પ્રકારે પ્રાર્થના કરે છે તેઓ કહે છે કેઃ—

"હે! જગત શિરોમણિ! તારો જય જયકાર થાઓ!" ભક્તલોકો પરમાત્માને જગત શિરોમણિ કહે છે, એ કથનમાં ગંભીર અર્થ રહેલો છે. જો એ કથન ઉપર ઊંડા ઉતરી વિચાર કરવામાં આવે તો ગહન શાસ્ત્રો પણ ગતાર્થ થઈ જાય! તમે ૐ શબ્દ જોયો હશે, એ શબ્દ ઉપર અર્ધચન્દ્રાકાર ઉપર બિન્દુ કરેલું હોય છે. એ સાડાત્રણ માત્રાના શબ્દમાં ઘણું રહસ્ય રહેલું છે. જ્ઞાની લોકો એ શબ્દનું ઘણું મહત્ત્વ બતાવે છે, અને પંચ પરમેષ્ટિ મંત્ર પણ એ ૐ માં રહેલો જણાવે છે. આ પ્રમાણે એ ૐ કારનું ઘણું મહત્ત્વ છે, પણ જો એ ૐ શબ્દમાંથી ૐ કે અર્ધચન્દ્ર કે બિન્દુને પૃથક્ કરી જુદા કાઢી લેવામાં આવે તો એના અર્થનો પણ અનર્થ થઈ જાય છે, અર્થાત્ બધી માત્રાઓના સંબંધથી જ પૂરેપૂરો અર્થ નીકળે છે.

જે પ્રમાણે ૐમાં બિન્દુની સાથે અક્ષરનો સંબંધ છે, તે જ પ્રમાણે આ જગતનો અને જગતશિરોમણિનો પણ સંબંધ છે. જગતશિરોમણિ પરમાત્મા નજીકમાં નજીક હોવા છતાં તેને દૂર માનવામાં આવે છે, અને દૂર માનવામાં આવે છે એ કારણે જ તે દૂર થઈ રહ્યા છે, નહિ તો તે બહુ જ નજીક છે. પરમાત્મા દૂર છે એમ માનતાં આત્માને અનંત કાલ ચાલ્યો ગયો છે અને એમ માનવાથી જ આત્માને સંસારમાં ભટકવું પડે છે. એટલા માટે પરમાત્મા દૂર છે એમ ન માનતાં એમ માનો કે, પરમાત્મા નજીકમાં નજીક છે. અને ૐકારમાં જેમ બિન્દુની સાથે અક્ષરનો નિકટ સંબંધ છે તેમ પરમાત્માનો જગતની સાથે પણ સંબંધ છે. જેમ ૐ શબ્દ ઉપર બિન્દુ હોય છે તેમ આ જગત છે તો તેના શિરોમણિ પરમાત્મા પણ છે જ. એ જગતશિરોમણિ પરમાત્માને આત્માના સામીપ્યમાં લાવવા માટે બધા જીવો પ્રતિ વૈરભાવનાનો ત્યાગ કરી મૈત્રીભાવના જોડવાની જરૂર છે. જો બધા જીવોની સાથે વૈરભાવ ન રાખતાં તેમની સાથે પ્રેમભાવ રાખવામાં આવે તો જ જગતશિરોમણિની સમીપ જઈ શકાય છે, નહિં તો નહિં. જ્યારે તમને બધા પ્રાણીઓ સ્વજન કે મિત્રની માફક પ્રિય લાગશે ત્યારે પરમાત્માને ઓળખવામાં જરા પણ વાર નહિ લાગે. એમ ન બનવું જોઈએ કે, જગતશિરોમણિ પરમાત્માની સાથે પ્રેમભાવ રાખો, અને પરમાત્મા, જે જગતના શિરોમણિ છે એ જગતના જીવોની સાથે વૈરભાવ રાખો! જે પ્રમાણે બિન્દુ વિના ૐ વ્યર્થ છે અને ૐ વિના બિન્દુ વ્યર્થ છે, તે જ પ્રમાણે જગતને તો માનો અને પરમાત્માને ન માનો, અથવા પરમાત્માને માનો અને જગતને ન માનો તો એ પણ વ્યર્થ છે. જગતનો પરમાત્માની સાથે સંબંધ છે. એટલા માટે જ્યારે પરમાત્માને માનો છો તો જે જગતના તે શિરોમણિ છે, એ જગતને પણ માનવું પડશે, અને એ જગતના જીવોની સાથે મિત્રતા પણ કરવી પડશે. જ્યારે આ પ્રમાણે બધા જીવોની સાથે મિત્રતા થશે ત્યારે પરમાત્મા દૂર નહિ, પણ નજીક જ જણાશે.

## અનાથી મુનિનો અધિકાર—૧૪

રાજા શ્રેણિકે તે મુનિને જોઈ કહ્યું કેઃ—

**अहो वण्णो अहो रुवं, अहो अज्जस्स सोमया ।**
**अहो खंती अहो मुत्ती, अहो भोगे असंगया ॥ ६ ॥**

**तस्स पाए उ वंदित्ता, काऊण य पयाहिणं ।**
**नाइदूरमणासन्ने, पंजली पडिपुच्छई ॥ ७ ॥**

આ સિદ્ધાન્તનો પાઠ છે. વર્ણ અને રૂપનું વર્ણન તો આગળ કરવામાં આવ્યું છે પરંતુ એ ગાથામાં આગળ કહેવામાં આવ્યું છે કે, 'અહો ! એ આર્યની સૌમ્યતા કેવી છે!' તો આર્ય અને સૌમ્યતાનો શો અર્થ છે તે હવે વિચારવાનું છે.

'આર્ય' શબ્દના વિષયમાં શ્રીપન્નવણા સૂત્રમાં વિસ્તારપૂર્વક ખુલાસો કરવામાં આવ્યો છે. આર્ય અનેક પ્રકારના હોય છે. કોઈ કર્મ-આર્ય હોય છે, કોઈ ક્ષેત્ર આર્ય હોય છે,

અને કોઈ ધર્મ આર્ય હોય છે. આ પ્રકારે અનેક પ્રકારના આર્યો હોય છે. તે મુનિ ધર્માર્ય હતા. જે આર્ય કર્મ-વાણિજ્ય વગેરે કરે છે તે કર્માર્ય છે; અને જે આર્યધર્મનું પાલન કરે છે તે ધર્માર્ય છે. આજે તો ઘણા લોકો પોતાને આર્ય કહેવડાવે છે પણ વાસ્તવમાં આર્ય કોને કહેવાય એને માટે કહ્યું છે કેઃ-**आरात् सकलहेयधर्मेभ्योऽइत्यार्यः** જે ત્યાગવા યોગ્ય કામો છે એ કામોનો ત્યાગ કરી જે દૂર રહે છે તે આર્ય કહેવાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે, ત્યાગવા યોગ્ય કયાં કામો છે ! ગૃહસ્થો માટે જે બાર વ્રતો કહેવામાં આવ્યાં છે, એ વ્રતોમાં જે દોષોથી દૂર રહેવાનું કહેવામાં આવ્યું છે, એ દોષોથી જે ગૃહસ્થ દૂર રહે છે તે ગૃહસ્થ આર્ય છે. આ વાત તો ગૃહસ્થની થઈ. પણ અહીં તો મુનિને આર્ય કહેલ છે, એટલા માટે મુનિએ કેવાં કામોનો ત્યાગ કરવો જોઈએ એ અત્રે જોવાનું છે. સાધુએ કેવાં કામોથી દૂર રહેવું જોઈએ એ વિષય બહુ લાંબો છે એટલે સંક્ષેપમાં એટલું જ કહું છું કે, સાધુએ કનક-કામિની આદિ વર્જિત દૂષિત વસ્તુઓથી દૂર રહેવું આવશ્યક છે; કારણ કે કનક-કામિનીને અપનાવવાં એ સાધુને માટે ત્યાજ્ય અને અયોગ્ય છે. જે સાધુ કનક-કામિનીથી દૂર રહે છે તે સાધુ આર્ય છે.

કનક અને કામિની માટે સંસારમાં અનેક પ્રકારનાં ઝગડાઓ થાય છે. આજકાલ મુદ્રાદેવીએ-સોના, ચાંદી અને તાંબાના સિક્કાએ-કેટલી બધી અશાન્તિ ફેલાવી દીધી છે ! તમને તો એ વિષેનો અનુભવ જ હશે ! તમે લોકો દિવસ રાત પૈસા માટે દોડયા કરો છો અને પૈસાનો સંગ્રહ કરી સુખી થતા નથી. પૈસા માટે પરસ્પર લડાઈ પણ થાય છે અને હજારો માણસોના લોહીની નદીઓ પણ વહેવડાવામાં આવે છે. આને માટે ભલે બહારનું ગમે તે કારણ બતાવવામાં આવતું હોય, પણ હૃદયમાં રહેલી દ્રવ્યસંગ્રહની ભાવના જ મુખ્ય કારણભૂત છે. સંસારમાં જ્યારથી પૈસાનો આદર વધવા પામ્યો છે ત્યારથી સંસારની કેવી અવદશા થવા પામી છે એ તો ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ જણાય છે ! હું મારા બચપણની વાત કહું છું. તે વખતે ગ્રામીણ લોકો અન્નાદિ આપી શાક, ભાજી કે મસાલો લઈ આવતા અને આ પ્રમાણે વસ્તુના બદલામાં વસ્તુ લેવાની ત્યારે પ્રાયઃ પ્રથા ચાલતી હતી. ત્યારે સિક્કાનું પણ પ્રચલન તો હતું જ પણ અત્યારના જેટલું વધારે પ્રચલિત ન હતું. પ્રાચીન સમયમાં વસ્તુનું જ પરસ્પર પરિવર્તન કરવામાં આવતું હતું. તે સમયે અત્યારના જેવી અશાન્તિ ન હતી; પણ જ્યારથી સિક્કાનું પ્રચલન વધવા પામ્યું છે ત્યારથી ઝગડાઓ પણ વધવા પામ્યાં છે અને પરિણામે અશાન્તિ પણ વધી છે. સિક્કાને સંગ્રહ કરવાની વૃત્તિએ અશાન્તિને પોષણ આપ્યું છે અને અત્યારે તો સિક્કાને બદલે નોટનું પ્રચલન થઈ ગયું છે એટલે સંગ્રહ કરવાની વૃત્તિને વિશેષ વેગ મળ્યો છે, અને તેથી અશાન્તિને પણ એટલો જ વેગ મળ્યો છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, સંસારમાં ઝગડાઓ વધવાનાં કારણોમાં કંચન પણ એક પ્રધાન કારણ છે. સાધુ લોકો કંચન વગેરેથી દૂર રહે છે. સિક્કાને પોતાની પાસે પણ રાખતા નથી એટલે જ તેમને આર્ય કહેલ છે.

તમે લોકો સિક્કા કે કંચન વગેરેનો સંગ્રહ તો કરો છો પણ શું તેને તમે અન્ન કે

શાકની માફક તેને કામમાં લઈ શકો છો ? પૈસો ખાવાના કામમાં આવતો નથી છતાં લોકોને તેના ઉપર કેટલો બધો મમત્વભાવ છે !

સાધુઓને માટે જેમ કંચનથી દૂર રહેવું આવશ્યક છે તેમ કામિનીથી પણ દૂર રહેવું અનિવાર્ય આવશ્યક છે. કામિનીને કારણે પણ સંસારમાં અશાન્તિ અને ઝગડાઓ વધવા પામ્યાં છે. કામિનીના મમત્વને કારણે અશાન્તિ રહે છે પણ આજે તો પુરુષોને કારણે પણ અશાન્તિ થઈ રહી છે ! પહેલાં કન્યાવિક્રય વિષે બહુ સાંભળવામાં આવતું પણ હવે તો વરવિક્રય પણ થવા લાગ્યો છે અને વરને માટે પૈસા પણ લેવામાં આવે છે. જ્યાં છોકરો થોડું વધારે ભણ્યો કે તે છોકરાની કીંમત વધે છે. આ પ્રમાણે વરવિક્રયનો પણ ઝગડો વધવા પામ્યો છે ! સાધુઓ તો કંચન અને કામિની બન્નેથી દૂર રહે છે. જે પોતાની પાસે કંચન-કામિની રાખતો નથી પણ બીજાની પાસે રખાવે છે તે બન્ને એક જ વાત છે. માટે જે સાધુ પોતાની પાસે કંચન-કામિની રાખતો નથી કે બીજાની પાસે રખાવતો નથી તે જ સાધુ આર્ય છે. આજે તો કેટલાક કહેવાતા સાધુઓ પણ જ્ઞાનપ્રચારના નામે શ્રાવકોની પાસે પૈસા રખાવે છે અને જ્ઞાનપ્રચાર માટે દલાલી કરવામાં શું વાંધો છે એમ કહે છે; પણ જે આ પ્રમાણે જે પૈસો રાખે છે અને બીજાની પાસે રખાવે છે તે સાધુ નથી તેમ ધર્માર્ય પણ થઈ શકે નહિ.

સાધુઓને માટે કનક-કામિની પોતાની પાસે રાખવાં કે બીજાને ત્યાં રખાવવાં તે બન્ને ત્યાજ્ય અને અયોગ્ય છે. તે મુનિ એ બન્નેથી દૂર હતા એટલા માટે તેમને આર્ય કહેલ છે.

હવે સૌમ્યતાનો શો અર્થ છે એ જોવાનું છે. ચંદ્રની સામું ગમે તેટલો વખત એકીટશે જોવામાં આવે તો પણ આંખોને ગરમી લાગશે નહિ ! ચંદ્રમાં ગરમીનાં પુદ્ગલો જ નથી. ચંદ્ર તો રસસાગર પણ કહેવાય છે. સમસ્ત ફળો વગેરેમાં રસ પેદા કરનાર ચંદ્ર જ છે એમ કહેવાય છે. સૂર્યને આતાપ અને ચંદ્રને ઉદ્યોત કહેવામાં આવે છે. ચંદ્રમાં એવી સૌમ્યતા હોય છે કે તેની સામે ગમે તેટલો વખત જોવામાં આવે તો પણ આંખોમાં ગરમી જણાતી નથી. આ જ પ્રમાણે તે મુનિમાં પણ સૌમ્યતા હતી; તેમના મુખ ઉપરથી એવી સૌમ્યતા ટપકતી હતી કે તેમને જોવાની ઇચ્છા જ રહ્યા કરતી.

આજના વૈજ્ઞાનિકો અને ખગોળશાસ્ત્રીઓનું કહેવું છે કે, ચંદ્ર પોતે પ્રકાશિત નથી પણ સૂર્યના પ્રકાશથી તે પ્રકાશમાન છે; પણ શાસ્ત્રમાં કહ્યું છે કે ચંદ્ર પોતે પ્રકાશમાન છે અને તે સૂર્યથી ભિન્ન છે. સૂર્યના પ્રકાશનું નામ આતાપ અને ચંદ્રના પ્રકાશનું નામ ઉદ્યોત છે. ચંદ્રમાં શીતલતાનો ગુણ છે અને સૂર્યમાં ઉષ્ણતાનો ગુણ છે. એટલા માટે ચંદ્ર અને સૂર્ય વચ્ચે સંબંધ નથી, પરંતુ બન્ને જુદા જુદા પોતે પ્રકાશમાન છે. ચંદ્રમાં ગરમી ન હોવા વિષે ખગોળવેત્તાઓનું એવું કહેવું છે કે, જે પ્રમાણે કાચ ઉપર સૂર્યનું પ્રતિબિંબ પડવાથી ગરમી જણાતી નથી તે જ પ્રમાણે ચંદ્રમાં પણ સૂર્યનું પ્રતિબિંબ પડે છે છતાં ગરમી જણાતી નથી; પણ આ વિષે ઊંડો વિચાર કરવાથી જણાશે, કે ખગોળશાસ્ત્રીઓનું એ કથન ભૂલભરેલું છે. સૂર્યના કિરણોને જો કોઈ કાચ ઉપર કેન્દ્રિત કરવામાં આવે અને તે કાચની નીચે રૂ રાખવામાં આવે તો રૂ બળવા લાગશે. જો કાચમાં પ્રતિબિંબ પડવાથી ગરમી થતી નથી તો પછી કાચ ઉપર કિરણોને કેન્દ્રિત કરવાથી રૂ કેમ

બળે છે? આ જ પ્રમાણે જ્યારે ચંદ્ર ઉપર સૂર્યનું પ્રતિબિંબ પડવાથી જ ચંદ્ર પ્રકાશિત છે, તો પછી ચંદ્રમાં પણ કાચની માફક ગરમી પેદા થવી જોઈએ. આ સિવાય જો ચંદ્ર કાચની માફક પારદર્શક છે અને સૂર્યના કિરણોથી જ તે પ્રકાશિત છે તો પછી દિવસના સમયે ચંદ્ર કલાવિહીન કેમ દેખાય છે?

અગ્યારશ કે બારશને દિવસે દિવસના સમયે ચંદ્ર અને સૂર્ય બન્ને સાથે દેખાય તો છે, પણ ચંદ્ર નિસ્તેજ જણાય છે. જ્યારે સૂર્યના કિરણોના પ્રતિબિંબથી જ ચંદ્ર પ્રકાશિત છે તો તે વખતે તે ફીકો કેમ દેખાય છે? તે વખતે તો તે વધારે પ્રકાશમાન દેખાવો જોઈએ કારણ કે નજદીક હોવાથી તેના ઉપર સૂર્યના કિરણો વધારે પડે છે. ખગોળવેત્તાઓ કહે છે કે, દિવસના સમયે ચંદ્રના કિરણો સૂર્યના પ્રકાશમાં દબાઈ જાય છે એ કારણે તે ફીકો દેખાય છે, પણ જો આમ છે તો પછી ચંદ્ર સૂર્યને આશ્રિત કયાં રહ્યો! જો ચંદ્રમાં સૂર્યદ્વારા જ પ્રકાશ આવતો હોય તો તો જે પ્રમાણે હીરા ઉપર સૂર્યનાં કિરણો પડવાથી તે અધિક પ્રકાશ આપે છે, તે જ પ્રમાણે ચંદ્રમાં પણ દિવસના સમયે અધિક પ્રકાશ હોવો જોઈએ. કારણ કે, ચંદ્ર સૂર્યની નજીક હોવાથી તેના ઉપર સૂર્યનાં કિરણો કે સૂર્યનું પ્રતિબિંબ વધારે પડે છે છતાં ચંદ્ર દિવસના સમયે વધારે પ્રકાશિત થતો નથી એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ચંદ્રમાં સૂર્યનો પ્રકાશ આવતો નથી પણ ચંદ્ર પોતે જ સ્વતંત્ર પ્રકાશિત છે.

કહેવાનો આશય એ છે કે, જેવી ચંદ્રમાં સૌમ્યતા હોય છે તેવી સૌમ્યતા તે મુનિમાં પણ હતી. આર્ય અને સૌમ્ય વચ્ચે પારસ્પરિક સંબંધ છે. જે આર્ય હોય છે તે જ સૌમ્ય હોય છે, અને જે આર્ય હોતો નથી તે સૌમ્ય પણ હોતો નથી! જે અનાર્ય કામોથી અળગો રહે છે તેનામાં જ સૌમ્યતા વસી શકે છે, બીજામાં નહિ. તે મુનિ આર્ય હતા એટલે તે સૌમ્ય પણ હતા.

તમે વૃક્ષનાં ફળ–ફુલ તથા પાંદડાં વગેરે જોઈ અનુમાનથી જેમ આ વૃક્ષનું મૂળ સારું છે, અહીંની ભૂમિ સારી છે, વગેરે જાણી શકો છો તે જ પ્રમાણે શ્રેણિક રાજા એ મુનિની સૌમ્યતા જોઈ આ આર્યમુનિ ક્ષમાશીલ, નિર્લોભી, શાન્ત તથા ઇન્દ્રિયોનું દમન કરનાર છે એવું અનુમાનથી જાણી લીધું.

આજે વિજ્ઞાન ઘણું આગળ વધેલું છે. પહેલાં ન જાણેલી ઘણી વાતો પણ આજે જાણવામાં આવી છે. પહેલાંનાં અનેક ગુણો પણ આજે વિકસિત થએલાં છે; એટલા માટે એની સહાયતાદ્વારા શાસ્ત્રમાં પણ વિકાસ કરો અને શાસ્ત્રોની વાતો પણ જાણો તો તમને પોતાને તથા બીજાને કેટલો બધો લાભ થાય! આમ કરવાથી તમને શાસ્ત્ર ઉપર વિશ્વાસ પણ થશે તથા શાસ્ત્રમાં કેવાં ગૂઢ તત્ત્વો રહેલાં છે તેની પણ તમને પ્રતીતિ થશે. તમે જો વધારે સમજી ન શકો તો અનુમાન પ્રમાણને સમજી લો તો પણ ઘણો લાભ થાય! જો અનુમાન પ્રમાણને સમજી લેશો તો તમારા અનેક સંશયોનું સમાધાન તમે પોતે કરી શકશો.

આજે ઘણા લોકો કહે છે કે, અમે પુનર્જન્મને કેવી રીતે માનીએ? આ પ્રશ્નના ઉત્તરમાં અમે કહીએ છીએ કે, અનુમાન પ્રમાણદ્વારા માનો. પુનર્જન્મને અનુમાન પ્રમાણ-

દ્વારા કેવી રીતે માનવો ? તો આને માટે એમ અનુમાન કરો કે, તમે હજારો સ્ત્રી પુરુષોને જુઓ છો છતાં તમારું મન કોઈ એકના તરફ કેમ આકર્ષાય છે ? અથવા કોઈ માણસને જોતાં જ મનમાં વૈરભાવ કેમ જાગે છે અને કોઈ સ્નેહીને જોતાં સ્નેહભાવ કેમ જાગે છે ! જરા વિચાર કરો કે, આમ કેમ બને છે ? આ વિષે અનુમાન કરશો તો જણાશે કે, એનું કારણ પૂર્વ ભવનાં સંસ્કારો જ છે. ભગવાન નેમિનાથ અને રાજીમતિને નવ ભવનો પૂર્વનો સંબંધ જોતાં જ જાગ્રત થયો હતો. લૈલાં અને મજનૂનો પ્રેમ પવિત્ર હતો એમ કહેવાય છે. લૈલાં કોઈ સુંદરી ન હતી છતાં મજનૂએ તેના માટે પોતાના પ્રાણ પણ સમર્પી દીધાં હતાં. એનું કારણ પૂર્વભવનો સંબંધ જ હતો. આ પ્રમાણે અનુમાન પ્રમાણદ્વારા પુનર્જન્મની સિદ્ધિ થાય છે. શ્રી સૂયગડાંગ સૂત્રમાં પુનર્જન્મ માટે અનેક પ્રમાણો આપવામાં આવ્યાં છે. તેમાં કહ્યું છે કે, બાળક જન્મતાં જ સ્તનપાન કરવા લાગે છે. તે સ્તનપાન કરવાનું, બાળક ક્યાં અને કોની પાસેથી શીખ્યું ? તે, જન્મતાં જ સ્તનપાન કરવા લાગે છે એ ઉપરથી 'તેને પહેલાંનો એવો અભ્યાસ હોય છે' એમ સ્પષ્ટ જણાય છે. બાળક જન્મતાં જ ઊંઘ લે છે અને હસે પણ છે એ ઉપરથી પણ પૂર્વજન્મની સિદ્ધિ થાય છે. આઘાતનો પ્રત્યાઘાત થવો એ સંસારનો નિયમ જ છે. તમે કોઈ શબ્દ સાંભળો અને બોલનાર જોવામાં ન આવે તો તમે એમ જ માનશો કે એ શબ્દ આગળથી આવ્યો છે ? આ જ પ્રમાણે આજે જન્મેલું બાળક પણ જ્યારે સ્તનપાન કરે છે, નિદ્રા લે છે, હસે છે ત્યારે એને પહેલાંનો અભ્યાસ હશે એમ જ માનવું પડે છે.

તમે કહેશો કે, પૂર્વજન્મને માનવાથી અમને શો લાભ ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પૂર્વજન્મ માનવાથી પોતાના કર્ત્તવ્યનું ભાન થાય છે કે, 'હું આજનો જ નથી, પરંતુ પહેલાં પણ હતો અને ન જાણે આ પ્રમાણે ક્યારથી ભટકી રહ્યો છું. એટલા માટે મારે હવે શું કરવું જોઈએ ? આ પ્રમાણે તમે તમારું કર્ત્તવ્ય સમજવામાં સમર્થ થશો.'

અનુમાન પ્રમાણદ્વારા તમે એ પણ જાણી શકશો કે, 'આત્મા છે અને તે અમર છે.' આ પ્રમાણે આત્મા ઉપર વિશ્વાસ થવાથી આત્માનો સુધાર કરવાની ચાવી મળી આવે છે. આત્માનો સુધાર જ બધા સુધારાઓનું મૂળ છે. આજના લોકો આત્માને ભૂલી રહ્યા છે અને તેથી જ બધી ખરાબી થઈ રહી છે.

દારૂ પીવો, માંસ ખાવું કે વર કે કન્યાનો વિક્રય કરવો, વગેરે ખરાબ પ્રવૃત્તિઓ આત્માને ભૂલવાથી જ વધવા પામી છે. જો આત્માને જાગ્રત રાખવામાં આવે તો એવી પ્રવૃત્તિઓ વધે નહિ; એટલા માટે આત્માને જાગ્રત કરી તેને સુધારવાનો પ્રયત્ન કરો ! કહેવત છે કે, જેનો આ લોક સુધર્યો છે તેનો પરલોક પણ સુધર્યો છે. આ વિષે પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ એક વાત કરતા હતા કેઃ—

એક વૃદ્ધ સ્ત્રીનું ઘર સ્મશાનના માર્ગે આવેલું હતું. એટલે મૃતાત્માને-મડદાંને સ્મશાનમાં તે માર્ગેથી લઈ જવામાં આવતાં. તે ઘરડી સ્ત્રી ધર્મપરાયણા હતી અને પ્રાયઃ તે ધર્મની વાતો કર્યા કરતી; એટલે કોઈ ને કોઈ તેની પાસે વાતો કરવા બેઠેલા જ હોય ! જ્યારે કોઈ મડદું તેના ઘર આગળથી પસાર થતું ત્યારે એ ઘરડી સ્ત્રી કહેતી કે, આ

જીવ સ્વર્ગમાં ગયો છે. પાસે બેસનારા લોકો પૂછતા કે, તમે એ કયારે જોયું કે, તે સ્વર્ગમાં ગયો છે? તે ઘરડી સ્ત્રી જવાબમાં કહેતી કે, મેં એ જોયું તો નથી પણ તેના મૃત શરીરને સ્મશાનમાં લઈ જતી વખતે જે લોકો સાથે હતા તેઓ જે વાત કરતા જતા હતા તે ઉપરથી મેં જાણી લીધું કે તે સ્વર્ગમાં ગયો છે. તે લોકો એ મૃતાત્મા 'આવો પરોપકારી હતો, આવો સારો માણસ હતો' એમ પ્રશંસા કરતા જતા હતા. હવે જો આવા પરોપકારી જીવો સ્વર્ગમાં નહિ જાય તો શું પાપી માણસો સ્વર્ગમાં જશે!

આ પ્રમાણે જે સંસારને પણ સત્કાર્યોદ્વારા સ્વર્ગ બનાવી લે છે અને જેની લોકો પ્રશંસા કરે છે તેને જ સ્વર્ગ પણ મળે છે. રામદાસે કહ્યું છે કે:—

"જની નિન્દતિ સર્વ સોડૂન દયાવા;
જની વન્દતિ સર્વ ભાવે કરાવા."

અર્થાત્—લોકો જે કામની નિંદા કરે છે એ કામ છોડી દેવું, અને લોકો જે કામની પ્રશંસા કરે છે એ કામ કરવું; એ જ સ્વર્ગનો માર્ગ છે.

આ પ્રમાણે જેમનો આ લોક સુધરેલો છે તેનો પરલોક પણ સુધર્યો છે. એટલા માટે જે કામો નિન્દનીય હોય તેનો ત્યાગ કરવો જોઈએ.

આ ઉપરથી એ પ્રશ્ન થાય છે કે, નિન્દનીય કામો કોને ગણવા? કારણ કે, કેટલાક લોકો સારાં કામોની પણ નિન્દા કરે છે; એટલા માટે નિંદાના ભયે સારાં કામો પણ કરવાં છોડી દેવાં? આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓ જણાવે છે કે, શ્રેષ્ઠ લોકો જે કામની નિંદા કરે તે કામોને છોડી દેવાં પણ મહાન્ પુરુષો જે કામની પ્રશંસા કરે તે કામની લોકો નિંદા કરે તોપણ તેથી ડરી ન જતાં સત્કાર્યો કરવાં જોઈએ. આ પ્રમાણે આત્માને ઓળખવાથી સારા નરસાં કામો કયાં છે તેનો વિવેક પેદા થશે. એટલા માટે આત્માને ઓળખી વૈરભાવનો ત્યાગ કરો અને બધા પ્રાણીઓ સાથે પ્રેમસંબંધ જોડો. બધા જીવોની સાથે મૈત્રી કરવાનો સંવત્સરીનો પવિત્ર દિવસ આવી રહ્યો છે માટે બધાની સાથે પ્રેમસંબંધ સ્થાપિત કરો. જેમની સાથે કલેશ કંકાસ થયો હોય એવાં શત્રુઓની સાથે પણ પ્રેમભાવ રાખો. જો આ પ્રમાણે સાચા હૃદયથી બધાની સાથે મૈત્રીભાવ રાખશો—વૈર નહિ રાખો—તો પરમાત્મા પણ પ્રસન્ન થશે. પરમાત્મા તો જગતશિરોમણિ છે એટલા માટે જ્યાંસુધી જગતના બધા પ્રાણીઓ સાથે મૈત્રીભાવ રાખશો નહિ ત્યાંસુધી પરમાત્મા પ્રસન્ન થશે નહિ માટે આત્માને ઓળખી બધા જીવોની સાથે મિત્રભાવ રાખશો તો પરમાત્મા પણ પ્રસન્ન થશે અને તમારા આત્માનું પણ કલ્યાણ થશે.

## સુદર્શન ચરિત્ર—૧૪

શેઠે અનુમાનથી જાણી લીધું કે સુભગ મારી સ્ત્રીની કૂક્ષીમાં આવ્યો છે. શેઠે જોકે સુભગના જીવને શેઠાણીની કુક્ષીએ આવતાં જોયો ન હતો પણ સુભગના મૃત શરીરના મુખ ઉપર ટપકતી પ્રસન્નતા ઉપરથી અને શેઠાણીના સ્વપ્ન ઉપરથી "સુભગ શેઠાણીની કુક્ષીએ આવ્યો છે" એવું અનુમાનથી એણે જાણી લીધું. તેણે શેઠાણીને કારણ બતાવતાં કહ્યું કે, મારું હૃદય પણ એમ જ કહે છે કે, સુભગ જ આપણા ઘરનો સ્વામી થશે.

આજે પ્રાચીન તત્ત્વોની અવહેલના કરવામાં આવે છે, પણ જો તેની અવહેલના કરવામાં ન આવે અને તે ઉપર ઊંડો વિચાર કરવામાં આવે તો પ્રાચીન તત્ત્વો કેવાં છે અને શાસ્ત્રમાં કેવી કેવી મહત્ત્વની વાતો વર્ણવવામાં આવી છે તેનો ખ્યાલ આવ્યા વગર ન રહે!

જ્યારે સ્ત્રી ગર્ભવતી હોય છે ત્યારે તેના પેટમાં એક તો પોતાનું હૃદય હોય છે અને બીજું ગર્ભસ્થ બાળકનું હૃદય હોય છે. આ પ્રમાણે બે હૃદય હોવાને કારણે ગર્ભવતી સ્ત્રીને દોહદ કહેવામાં આવે છે, અને ત્યારે સ્ત્રીને જે ઇચ્છા થાય છે તેને ગર્ભની ઇચ્છા માનવામાં આવે છે, અને એટલા માટે સ્ત્રીને આવો દોહદ થયો છે એમ કહેવામાં આવે છે. ગર્ભમાં જેવો જીવ હોય છે, દોહદ પણ તેવો જ થાય છે. શ્રેણિકને દુઃખ આપનાર તેનો પુત્ર કોણિક જ્યારે ગર્ભમાં આવ્યો હતો ત્યારે તેની માતાને હું મારા પતિનું કલેજું ખાઉં એવી ઇચ્છા થઈ હતી. દુર્યોધન જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની માતાને પણ 'હું કૌરવ વંશના લોકોનું કલેજું ખાઉં' એવી ઇચ્છા થઈ હતી. આ પ્રમાણે જેવું બાળક ગર્ભમાં હોય છે, દોહદ પણ તેવો જ પેદા થાય છે, અને તેથી દોહદ ઉપરથી જ બાળક કેવું છે એ જાણી શકાય છે. બાળકનો ભૂતકાળ પણ દોહદથી જણાઈ આવે છે અને તેના ભવિષ્યની પણ તેથી ખબર પડી જાય છે.

આ બાળક કેવું થશે તેનો ઘણોખરો ખ્યાલ માતાને આવેલાં સ્વપ્નો ઉપરથી પણ આવી જાય છે. એ વાત જુદી છે કે આજે સંસારની ધમાલ બહુ રહે છે એ કારણે સ્વપ્ન આવ્યું હોય તો પણ તેની ખબર ન રહે, નહિ તો માતાના સ્વપ્નદ્વારા બાળકના ભાવિ જીવનનો પણ ખ્યાલ આવી જાય છે. જ્યારે કોલાહલ થાય છે ત્યારે પણ હું બોલું તો છું જ છતાં મારા શબ્દો કેટલાક લોકોને કેમ સાંભળવામાં આવતાં નથી? એટલા માટે કે કોલાહલને કારણે મારા શબ્દો સંભળાતા નથી. પાછલી રાતે નદીનો અવાજ બહુ સંભળાય છે તો શું ત્યારે નદી વધારે અવાજ કરે છે અને દિવસમાં ઓછો અવાજ કરે છે? વાસ્તવમાં એમ થતું નથી પણ દિવસે ઘોંઘાટ થવાને કારણે અવાજ સંભળાતો નથી પણ રાતે ઘોંઘાટ કે કોલાહલ હોતો નથી એટલે નદીનો અવાજ સ્પષ્ટ સંભળાય છે. આ જ પ્રમાણે શાસ્ત્રમાં કહેલાં સ્વપ્નો તો તે જ છે પણ સંસારની ધમાલને કારણે સ્વપ્ન યાદ રહેતું નથી; નહિ તો શાસ્ત્રમાં તો એવાં એવાં તત્ત્વો બતાવવામાં આવ્યાં છે કે જેથી ભૂત ભવિષ્યની પણ ખબર પડી શકે.

કેટલાક લોકો એમ કહે છે કે જૈનશાસ્ત્રમાં તો કેવળ તાત્ત્વિક વાતો જ ભરેલી છે, બાકી કાંઈ નથી. જૈનશાસ્ત્રમાં તાત્ત્વિક વાતો તો છે જ અને તેથી જ તે શાસ્ત્ર ગણાય છે પણ તેની સાથે જીવનોપયોગી બીજી વાતો પણ આવે છે. ઘરમાં પ્રકાશ હોય પણ સામગ્રી ન હોય તો તે ઘર શું કામમાં આવી શકે! પ્રકાશની સાથે સામગ્રી હોય તો જ ઘર કામનું ગણાય. આ જ પ્રમાણે શાસ્ત્રમાં તત્ત્વરૂપ પ્રકાશ છે અને તે પ્રકાશ સંસારનાં પદાર્થોને બતાવે છે. એ વાત જુદી છે કે પોતાની અપૂર્ણતાને કારણે, પોતાની સમજણ શક્તિ ઓછી હોવાને કારણે તેને શાસ્ત્રો અપૂર્ણ લાગતા હોય પણ વાસ્તવમાં શાસ્ત્રમાં બધી વાતોનો નિર્દેશ કરવામાં આવેલો હોય છે.

શાસ્ત્રમાં મેઘકુમારના અધ્યયનમાં ગર્ભવતી સ્ત્રીનું શું કર્ત્તવ્ય છે તે સ્પષ્ટ બતાવવામાં આવેલ છે. બાળકને પેદા કરવું એ તો હિંસા જ છે; પણ ઉત્પન્ન કર્યા પછી તેનું પાલન કરવું એ દયાનું કામ છે. આજના કેટલાક લોકો સંતાનોની વૃદ્ધિ થઈ ગઈ છે એટલા માટે સંતાનોને રોકવા માટે કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરે છે પણ પોતાની વિષયભોગની વૃત્તિને રોકતા નથી; પણ વિષયભોગની વૃત્તિને રોકવી નહિ ને સંતાનોને કૃત્રિમ ઉપાયોદ્વારા રોકવાં એ દયાથી દૂર રહેવા જેવું દુષ્કૃત્ય છે. કૃત્રિમ ઉપાયોદ્વારા સંતાનોત્પત્તિ રોકવી એ અનુચિત છે.

સંતાનોને રોકવાનો સાચો માર્ગ બ્રહ્મચર્ય છે. કુટુમ્બનો ભાર વહન કરવાની શક્તિ ન હોય અને સંતાનોને ઉત્પન્ન કરવા અને પોતાની વિષયવાસનાને અંકુશમાં ન રાખવી તે તો કષ્ટોને વધારવા જેવું છે. આવા સમયે તો બ્રહ્મચર્યના અમોઘ ઉપાયદ્વારા સંતાનોત્પત્તિનો નિરોધ કરવો એ જ ઉચિત છે. પણ બ્રહ્મચર્યનું પાલન થઈ ન શકવાને કારણે સ્ત્રીના પેટમાં ગર્ભ રહી જાય ત્યારે ગર્ભની રક્ષા માટે માતાનું શું કર્ત્તવ્ય છે એ વિષે શાસ્ત્રમાં મેઘકુમારના અધ્યયનમાં ધારિણી રાણીનું વર્ણન કરતાં બતાવવામાં આવેલ છે. મેઘકુમાર જ્યારે ગર્ભમાં આવ્યો ત્યારે ધારિણી રાણીને માટે એમ કહેવામાં આવ્યું છે કે, તે ગર્ભની રક્ષા માટે બહુ ઠંડા, બહુ ગરમ, બહુ તીખાં, બહુ ખાટાં કે બહુ મીઠાં પદાર્થોનું ભોજન કરતી નહિ. ભલે તેને એવાં તીખાં તમતમતાં પદાર્થોનું ભોજન કરવાનો શોખ પણ હોય, તોપણ તે ગર્ભની અનુકંપા માટે એવાં ગરિષ્ટ પદાર્થો ખાતી નહિ. તે વધારે જાગતી નહિ તેમ વધારે સુતી નહિ. આ જ પ્રમાણે તે વધારે ચાલતી પણ નહિ, તેમ વધારે પથારીમાં પડી પણ રહેતી નહિ. આ પ્રમાણે ધારિણી રાણી ગર્ભની કરુણા માટે ગર્ભને કોઈ પ્રકારે કષ્ટ ન થાય તેવી રીતે રહેતી હતી.

ગર્ભની રક્ષા કરવી એ માતાનું કર્ત્તવ્ય છે. બ્રહ્મચર્ય તો પાળી શકાય નહિ અને જ્યારે ગર્ભ રહે ત્યારે તેની સારસંભાળ ન રાખતાં, 'બાળકનું પુણ્ય હશે તો જીવશે નહિં તો નહિ' એમ કહેવું એ તો પોતાની હલકાઈ બતાવવા જેવું છે. જેમકે તમારી પાસે કોઇ પાંચ રૂપિયા માંગતું હોય તો તમે તેને એમ કહો કે તારું પુણ્ય હશે તો રૂપિયા મળી જશે અને પુણ્ય નહિ હોય તો રૂપિયા નહિ મળે. લેણદારને આવો જવાબ આપવો તે પોતાની હલકાઈ બતાવવા જેવું છે.

હું તપનો અને તેમાં વિશેષરૂપે અનશન તપનો બહુ પક્ષપાતી છું, પણ ગર્ભવતી સ્ત્રી તપ કરે એને હું અનુચિત સમજું છું. શાસ્ત્રમાં કહ્યું છે કે, ગર્ભવતીનો આહાર જ ગર્ભનો આહાર છે. જ્યારે ગર્ભવતી ઉપવાસ કરશે તો ગર્ભને પણ આહાર મળશે નહિ. તમે ઉપવાસ કરો અને તમારી ગાય ભેંશને પણ ઘાસ ન આપતાં તેમને પણ ઉપવાસ કરાવો તો શું તે ઠીક કહેવાય ? ભગવાનનો આ માર્ગ નથી. કોઇના ખાનપાનનો વિચ્છેદ કરવો એને ભગવાને અતિચાર કહેલ છે, એને હિંસા કહેલ છે. આ જ વાત ગર્ભના વિષે પણ સમજો. ગર્ભવતી જો ઉપવાસ કરે તો ગર્ભના આહારપાણીનો વિચ્છેદ થાય છે કે જે હિંસારૂપ ગણવામાં આવે છે. એટલા માટે ગર્ભની કરુણાનો ત્યાગ કરી ઉપવાસ કરવો એ ગર્ભવતી સ્ત્રીને માટે યોગ્ય નથી. કારણ કે તેમ કરવામાં હિંસા થાય છે. આ જ પ્રમાણે જેમને ધાવણાં બાળકો હોય તેવી માતાઓએ પણ બાળકને દૂધ ઓછું મળશે કે

તેને ભૂખ્યા રહેવું પડશે એમ ધારી ઉપવાસ ન કરવા જોઈએ. પણ જો બાળક ગાય કે બકરીનું દૂધ પીતું હોય તો તે વાત જુદી છે.

અર્હદ્દાસીના પેટમાં જ્યારથી ગર્ભ આવ્યો ત્યારથી તે દરેક વાતમાં બહુ સાવચેતી રાખતી. તે કહેતી કે હવે હું સ્વતંત્ર નથી; હવે મારે ગર્ભને અનુકૂલ થઈ વર્તવાનું છે.

કદાચ કોઈ કહે કે, ધર્મનાં કામમાં ઢીલ કરવી તે ઠીક નથી અને ગર્ભને કારણે ઉપવાસ ન કરવો તે તો ધર્મના કામમાં ઢીલ કરવા બરાબર છે. તો આનો ઉત્તર એ છે કે, જો કોઈ ગર્ભવતી સ્ત્રી દીક્ષા લેવા ચાહે તો શું તેને દીક્ષા આપવામાં આવશે ! જો દીક્ષા દેવામાં ન આવે તો એ પણ ધર્મના કામમાં ઢીલ ગણાશે ને ? પણ શાસ્ત્રમાં ગર્ભવતી સ્ત્રીને દીક્ષા આપવાની મના કરવામાં આવી છે. આ જ પ્રમાણે જે સ્ત્રી ધર્મના કામમાં ઢીલ કરવા ચાહતી નહિ હોય તે તો પહેલેથી જ બ્રહ્મચર્યનું પાલન કરશે. શું ધર્મના કામમાં ઢીલ ન કરવી એ વિચારથી અનુકંપા છોડી દેવી જોઈએ ? એક પંથ તો એવો છે કે, જે અનુકંપાને પાપ માને છે; અને એ રીતે તે અનુકંપાને છોડી બેઠો છે. એ પંથની એક સ્ત્રીની સામે જ તેનો પુત્ર અફીણ ખાઈ ગયો છતાં, તે સ્ત્રીએ પોતાના પુત્રને તેમ કરતાં રોકયો નહિ. તે કહેતી હતી કે, ' હું તો સામાયિકમાં બેઠી હતી અને સામાયિકમાં કોઈની અનુકંપા ન કરવી એ અમારા પંથના ગુરુનું કહેવું છે.' આખરે તે છોકરો મરણ પામ્યો. જ્યારે તે મરી ગયો ત્યારે તેની માતા રોવા-કૂટવા લાગી પણ પહેલાં છોકરાને અફીણ ખાતાં અટકાવ્યો નહિ. આ જ પ્રમાણે અનુકંપાને પાપ માનનારો મત પ્રચલિત છે પણ ભગવાનનું એવું કહેવું નથી. ભગવાન તો કહે છે કે, જ્યારે બ્રહ્મચર્ય પાળી શકાતું નથી ત્યારે સંતાનની પણ કરુણા કરવી જોઈએ. જે પ્રમાણે નાના છોડને સુધારી શકાય છે તેમ મોટા વૃક્ષોને સુધારી શકાતા નથી. આ જ પ્રમાણે ભગવાન કહે છે કે, ગર્ભસ્થ બાળક ઉપર માતા પોતાના આચરણ દ્વારા પોતાના સંસ્કારોનો પ્રભાવ પાડી શકે છે. આ નિમિત્ત કારણની વાત છે; ઉપાદાનની વાત જુદી છે; પણ ઉપાદાનની સાથે નિમિત્ત કારણની પણ જરૂર રહે છે. સૂયગડાંગ સૂત્રમાં કહ્યું છે કે, સહકારી કારણની પણ આવશ્યકતા રહે છે. માટીમાં ઘડો બનવાની શક્તિ છે પણ કુંભાર જો ઘડો ન બનાવે તો પોતાની મેળે માટીમાંથી ઘડો બની શકશે ખરો ? સોનામાંથી ઘરેણાં બની શકે છે પણ સોની ઘરેણાં ન બનાવે તો શું ઘરેણાં બનશે ખરાં ! એટલા માટે કેવળ ઉપાદાન કારણથી કામ ચાલતું નથી, સહકારી કારણની પણ જરૂર રહે છે. બાળકને માટે માતા સહકારી કારણ છે માટે તે જેમ ચાહે તેમ બાળકને બનાવી શકે છે.

ગર્ભસમયની સ્થિતિ ઘણી વિષમ-મુશ્કેલ હોય છે. જ્યારે બાળક અને માતાનું પૂરેપૂરું પુણ્ય હોય છે ત્યારે જ બાળકનો સુખપૂર્વક જન્મ થાય છે. આજે તો પ્રસૂતિ-ગૃહ ખુલ્યાં છે પણ પહેલાં તો બધાં માતાપિતા પ્રસૂતિ સંબંધી વાતોથી પરિચિત રહેતા હતા. જે પિતા બાળકના જન્મ વખતે કોઇ પ્રકારની સહાયતા કરી શકતો ન હતો તે પિતા થવાને યોગ્ય માનવામાં આવતો નહિ.

અર્હદ્દાસીની કૂક્ષીએ બાળકનો સુખપૂર્વક જન્મ થયો. હવે આગળ શું થાય છે તેનો હવે પછી વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૬ શુક્રવાર

### પ્રાર્થના.

'કાકંદી' નગરી ભલી હો, શ્રી 'સુગ્રીવ' નૃપાલ;
'રામા' તસુ પટરાની હો, તસ સુત પરમ કૃપાલ.
શ્રી સુવિધિ જિનેશ્વર વંદિયે હો. ॥૧॥

શ્રી સુબુદ્ધિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આત્માનો પરમાત્માની સાથે શો સંબંધ છે અને આત્મા પરમાત્માની પ્રાર્થના શા માટે કરે છે એ અત્રે જોવાનું છે. આત્મા જ્યારે પરમાત્માની પ્રાર્થના કરે છે ત્યારે પરમાત્માની સાથે તેનો કોઈ સંબંધ પણ હોવો જ જોઈએ. પરમાત્માની સાથેનો સંબંધ જાણી લીધા બાદ પ્રાર્થના કરવાથી આત્માને વિશેષ લાભ થાય છે.

પરમાત્માનું માહાત્મ્ય કેવી રીતે જાણી શકાય એને માટે આ પ્રાર્થનામાં જ ઉપાય બતાવવામાં આવ્યો છે. આ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે, "હે! પ્રભો! મારો તારી સાથે જેવો સંબંધ છે તેવો સંબંધ બીજા કોઈની સાથે નથી. જો કે આ વિષે એવી ભ્રાન્તિ થાય છે કે, હું જડ બુદ્ધિવાળો, પાપી અને પામર પ્રાણી છું અને તું મલરહિત પવિત્ર છે. એવી દશામાં મારો અને તારો સંબંધ કેવી રીતે હોઈ શકે? પણ જ્ઞાનીજનો કહે છે કે આવી ભ્રાન્તિ થવી એ ભૂલ છે. વાસ્તવમાં પરમાત્માની સાથે આત્માનો ઘનિષ્ટ સંબંધ છે. જો આત્મા વાચ્યાર્થ અને લક્ષ્યાર્થને ભૂલે નહિ અને પરમાત્માની સાથે પોતાનો ઘનિષ્ટ સંબંધ છે એમ જાણી તેની પ્રાર્થના કરે તો જરૂર તેની ઇષ્ટસિદ્ધિ થાય."

વાચ્યાર્થ અને લક્ષ્યાર્થનો શો અર્થ છે એને જો ન્યાયમાં કહેલાં પાંચ અંગોદ્વારા સમજાવવામાં આવે તો વધારે સમય જોઈએ-એટલા માટે એ વિષે વધારે ન કહેતાં એક લૌકિક ઉદાહરણદ્વારા વાચ્યાર્થ અને લક્ષ્યાર્થને સમજાવું છું જેથી બધાની સમજમાં આવી શકે.

માનો કે, એક સોની પાસે સોનું છે. સોનું એ વાચ્યાર્થ છે, પણ સોની કહે છે કે એ સોનાનાં હું ઘરેણાં બનાવીશ કારણ કે આ સોનામાંથી હાર-વીંટી વગેરે ઘરેણાં બની શકે છે. આ પ્રમાણે સોનીનું વિચારવું તે લક્ષ્યાર્થ છે.

કુંભાર માટીનો પીંડો લઈ બેઠો છે એ તો વાચ્યાર્થ છે પણ તે માટીમાંથી ઘડો બનાવવાનો વિચાર કરે છે એ લક્ષ્યાર્થ છે. આ જ પ્રમાણે કોઈ સ્ત્રી રોટલીનો કણ બાંધે તે તો વાચ્યાર્થ છે પણ તે કણ બાંધીને બેસી રહેતી નથી પણ એ કણમાંથી રોટલી બનાવવા ચાહે છે એ લક્ષ્યાર્થ છે.

આ જ પ્રમાણે આપણો આત્મા વાચ્યાર્થ છે અને પરમાત્મા બનવું એ લક્ષ્યાર્થ છે. જેમ સોનામાંથી આભૂષણો બનાવવાં, રોટલીના કણમાંથી રોટલીઓ બનાવવી અને

માટીમાંથી ઘડાં બનાવવાં એ લક્ષ્યાર્થ સિદ્ધ થયો કહેવાય છે, તેમ આત્મામાંથી પરમાત્મા બનવું એ લક્ષ્યાર્થ સિદ્ધ થયો કહેવાય છે. અત્યારે આપણે વાચ્યાર્થમાં જ છીએ, આપણો લક્ષ્યાર્થ પરમાત્મા બનવાનો છે. આત્મામાં પરમાત્મા બનવાનો લક્ષ્યાર્થ સિદ્ધ કરવાની શક્તિ છે એમ જ્ઞાનીઓ કહે છે; માટે આત્માએ પોતાનો લક્ષ્યાર્થ ભૂલવો ન જોઈએ! જે આત્મા પોતાનો લક્ષ્યાર્થ ભૂલી જાય છે તે વિચારવાન કહેવાતો નથી. જે પ્રમાણે કોઈ કુંભાર પોતાના હાથમાં માટીનો પિંડો લઈ, સોની હાથમાં સોનું લઈ અને સ્ત્રી પોતાના હાથમાં રોટલીનો કણુ લઈ નિષ્ક્રિય બેસી રહે અને ક્રમશઃ ઘડો, આભૂષણ કે રોટલી બનાવે નહિ તો તે બધાં મૂર્ખની કોટીમાં ગણાશે. જ્યારે માટીમાં ઘડો બનવાની, સોનામાં ઘરેણાં બનવાની અને રોટલીના કણમાં રોટલી બનવાની શક્તિ છે છતાં પોતાના લક્ષ્યાર્થને ભૂલી જઈ જો ઘડો, આભૂષણ કે રોટલી બનાવવામાં ન આવે તો તો તેઓ ઉપાલંભને પાત્ર ગણાય છે. તે જ પ્રમાણે જો આત્મા પરમાત્મા બનવાનો પોતાનો લક્ષ્યાર્થ ભૂલી જાય તો તે વિચારવાન નહિ પણ મૂર્ખ જ ગણાય છે.

તમે લોકો વ્યવહારનાં કામોમાં તો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થને કદાચ જ ભૂલી જાઓ છો પણ આત્માનો લક્ષ્યાર્થ ભૂલી રહ્યા છો એ કારણે આત્માને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે એ જોતા નથી. જ્ઞાનીઓનું કહેવું છે કે આપણા આત્મામાં પણ પરમાત્મા બનવાની શક્તિ છે માટે પરમાત્મા બનાવાનો આપણો લક્ષ્યાર્થ ભૂલી જવો ન જોઈએ. જે આવરણોને દૂર કરી પરમાત્મા સિદ્ધ થયા છે તે આવરણોને દૂર કરી આપણે પણ લક્ષ્યાર્થ સિદ્ધ કરી શકીએ છીએ. જે આવરણોને તેમણે દૂર કર્યાં છે તે જ આવરણોને દૂર કરી આપણો આત્મા પણ પરમાત્મા બની શકે છે માટે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોને કારણે આપણી પરમાત્માની શક્તિ દબાઈ ગઈ છે તે આઠ કર્મોનાં આવરણોને દૂર કરી પરમાત્માની શક્તિ પોતાના આત્મામાં પણ પ્રગટાવવી જોઈએ. જે આવરણોને દૂર કરી પરમાત્મા સિદ્ધ થયા છે–પરમાત્મપદને પ્રાપ્ત કર્યું છે એ આવરણોને દૂર કરવા માટે તેમના આદર્શ કાર્યદ્વારા આપણને સહાયતા મળે તે માટે પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે છે.

## અનાથી મુનિનો અધિકાર—૧૫

આ જ વાતને શાસ્ત્રદ્વારા વધારે સ્પષ્ટ કરું છું. અહીં રાજા શ્રેણિક પણ વાચ્યાર્થ પ્રમાણે લક્ષ્યાર્થ જોઈ રહ્યો છે. તે જુએ છે કે, આ મુનિ જેવા છે, તેવો જ તેમનો લક્ષ્યાર્થ છે. મુનિનો લક્ષ્યાર્થ જોઈ રાજા પોતે પણ મુનિના લક્ષ્યાર્થનું ધ્યાન કરી રહ્યો છે. અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે, જેમનું ધ્યાન ધરવામાં આવે છે, ધ્યાન કરનાર પોતે પણ તેના જેવો જ બની જાય છે. આ પ્રમાણે રાજા શ્રેણિક પણ મુનિના લક્ષ્યાર્થનું ધ્યાન ધરતાં પોતે પણ તેમના જેવો બની રહ્યો છે. મુનિને જોઈ તે કહે છે કેઃ—

अहो वण्णो अहो रूवं, अहो अज्जस्स सोमया ।
अहो खन्ती अहो मुत्ती, अहो भोगे असंगया ॥ ६ ॥

तस्स पाए उ वन्दित्ता, काऊण य पयाहिणं ।
नाइदूरमणासन्ने, पंजली पडिपुच्छइ ॥ ७ ॥

રાજા વિચારે છે કે, આ આર્ય મુનિનું રૂપ–વર્ણ વગેરે આશ્ચર્યજનક છે. તેમની સૌમ્યતા પણ આશ્ચર્યજનક છે. સંસારના સમસ્ત શીતલતા આપનાર પદાર્થો તેમની સૌમ્યતા આગળ તુચ્છ છે. ચન્દ્ર સૌમ્ય માનવામાં આવે છે પણ તેની સૌમ્યતા પણ આ આર્ય મુનિની સૌમ્યતા આગળ તો તુચ્છ છે.

સામાન્ય રીતે જેવી વસ્તુ પોતાને લાગે છે, લોકો તેને તેવી કહે છે, પણ કેવળ મોહ કે ભ્રમને કારણે વસ્તુને વધારે મહત્ત્વ આપવું એ વાત જુદી છે અને વાસ્તવમાં વસ્તુ સારી હોય અને તેને મહત્ત્વ આપવું એ વાત જુદી છે. આ પ્રમાણે વસ્તુનું મૂલ્યાંકન કરવામાં પણ અંતર પડી જાય છે. જેમકે કવિઓ સ્ત્રીઓના મુખ આગળ ચન્દ્રને પણ તુચ્છ બનાવી દે છે. અને સ્ત્રીઓના મુખની ઉપમા દેવા માટે ચંદ્રને અયોગ્ય માને છે એટલું જ નહિ, પણ કેટલાક કવિઓ તો ત્યાંસુધી કહે છે કે, સ્ત્રીઓના ઉજ્જવલ મુખની આગળ એ કલંકિત ચંદ્ર ઉભો જ કેમ રહી શકે ? એટલા જ માટે ચંદ્ર દિવસે છુપાઈ રહે છે અને રાત્રે ઊગે છે. આ પ્રમાણે સ્ત્રીઓના મુખને ચંદ્રથી પણ વધારે ઉજ્જવલ માને છે પણ એ તેમની મોહાંધતા જ છે. મોહાંધતાને વશ થઈ કોઈ વસ્તુનું મહત્ત્વ વધારી દેવું એ વાત જુદી છે અને વસ્તુનું વાસ્તવિક મૂલ્યાંકન કરવું એ પણ જુદી વાત છે.

રાજા તે મુનિની સૌમ્યતા વિષે જે કાંઈ કહી રહ્યો છે તે વાસ્તવિકતા જોઈને કહી રહ્યો છે કે, "ચન્દ્રનાં કિરણો અને તેની સૌમ્યતા વડે કમલિની વિકસિત થઈ શકે અને બીજી વનસ્પતિઓને પણ રસ મળી શકે; પણ ચંદ્રનાં કિરણો કે તેની સૌમ્યતા વડે આત્મા વિકસિત થઈ શકતો નથી, તેમ આત્મામાં રસ પેદા થઈ શકતો નથી. પણ એ આર્ય મુનિની સૌમ્યતા તો આત્માનો વિકાસ કરનારી હતી. આત્મા ભલે ગમે તેવો ક્રોધ, માન, માયા કે લોભથી યુક્ત હોય પણ આર્ય મુનિનું સૌમ્ય મુખ જોતાં જ તેનો આત્મા શાન્ત થઈ જાય છે. ક્રોધી માણસ ક્રોધાદિથી ગમે તેટલો સંતપ્ત હોય પણ મુનિના સૌમ્ય મુખ ઉપર ટપકતી શીતળતાથી તેનો સંતાપ શાન્ત થઈ જાય છે. મારા પોતાના હૃદયનો ત્રિવિધ તાપ પણ આ આર્ય મુનિની સૌમ્યતા જોતાં જ શાન્ત થઈ ગયો છે, એટલા જ માટે હું તેમની સૌમ્યતાની પ્રશંસા કરું છું અને સંસારનાં બધાં શીતલતા આપનાર પદાર્થો પણ આ મુનિની સૌમ્યતા આગળ તુચ્છ છે એમ કહું છું."

રાજા શ્રેણિક મુનિની સૌમ્યતાની પ્રશંસા કર્યા બાદ તેમની ક્ષમાની પ્રશંસા કરી રહ્યો છે કે, "અહા ! આ મુનિમાં કેવી ક્ષમા છે ! કદાચ કોઈ કહે કે, આ મુનિમાં ક્ષમા છે એ રાજાએ કેવી રીતે જાણ્યું ? તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જેમ મૂલને ન દેખવા છતાં વૃક્ષને જોવાથી મૂળનું અનુમાન થઇ શકે છે, તે જ પ્રમાણે મુનિના મુખ ઉપરની સૌમ્યતા જોઈ રાજાએ અનુમાનથી જાણી લીધું કે, આ મુનિમાં કેવો આશ્ચર્યજનક ક્ષમાભાવ છે ? રાજા પણ વિચક્ષણ હતો એટલે મુનિના મુખ ઉપર ટપકતી શાન્તિ ઉપરથી એ કળી ગયો કે, આ મુનિમાં ક્ષમાભાવ છે.

ક્ષમા એટલે શું ? એ વિષે અત્રે વિચાર કરવો પણ પ્રાસંગિક છે. આજે લોકો કાયરતાને ક્ષમાનું રૂપ આપે છે, પણ એ તેમની ભૂલ છે. ક્ષમાનું વાસ્તવિક સ્વરૂપ શું છે એ એક ઉદાહરણદ્વારા સમજાવું છું.

માનો કે ત્રણ મિત્રો ફરવા જઈ રહ્યા છે. રસ્તામાં કોઈ ચોથા માણસે તેમને ગાળો ભાંડી. તે ત્રણ મિત્રોમાંથી એક મિત્ર વિચારવા લાગ્યો કે, 'મેં આ માણસનું કાંઈ બગાડયું નથી છતાં મને ગાળો શા માટે ભાંડે છે ? શું કરું ? જો મારામાં શક્તિ હોત તો તેને ઠીક કરી દેત. પણ મારા કરતાં તે બળવાન છે એટલે જો કાંઈ બોલીશ તો ઊલટો હું માર ખાઈશ.' આ પ્રમાણે વિચાર કરી તે ચૂપ રહ્યો; પણ તેના હૃદયમાં ગાળો ભાંડનારને દંડ આપવાની ભાવના છે અને તે મનમાં તેની ઉપર ક્રોધ પણ કરી રહ્યો છે પણ અશક્તિને કારણે કાંઈ બોલી શકતો નથી અને ચૂપચાપ ગાળો સહી લે છે. બીજો મિત્ર ગાળો ભાંડનારની સામે થયો, અને 'નિષ્કારણ શા માટે ગાળો ભાંડે છે' એમ કહી પોતાની શક્તિનો પરિચય આપી સામા માણસને દબાવ્યો. હવે ત્રીજો મિત્ર વિચારવા લાગ્યો કે, 'આ માણસ મને દુષ્ટ, બેવકૂફ, નાલાયક કહી ગાળો ભાંડે છે તો શું મારામાં કાંઈ દુષ્ટતા કે નાલાયકી તો આવી ગઈ નથી ને ? તે મારે જોવું જોઈએ ! જો વાસ્તવમાં મારામાં દુષ્ટતા આવી ગઇ છે તો મારે તેની ઉપર ક્રોધી શા માટે થવું જોઈએ ! ઊલટો તેનો ઉપકાર માની દુષ્ટતાને દૂર કરવાનો મારે પ્રયત્ન કરવો જોઈએ. પણ જો મારામાં દુષ્ટતા નથી તો પછી આ માણસ મને દુષ્ટ કે બેવકૂફ કહી ગાળો આપે છે એમ માનવાની કે નારાજ થવાની મારે શી આવશ્યકતા છે. જ્યારે હું દુષ્ટ જ નથી એવો મને વિશ્વાસ છે તો પછી તે માણસ મને જ દુષ્ટ કહે છે એમ શા માટે માનવું જોઈએ !'

આ પ્રમાણે એક મિત્રે તો ગાળોને અસમર્થતાને કારણે સાંભળી લીધી અને મનમાં વૈર લેવાની વૃત્તિ હોવા છતાં ચૂપ બેસી રહ્યો. બીજા માણસે પોતાની શક્તિનો પરિચય આપી ગાળો ભાંડનારને દબાવ્યો અને ત્રીજા મિત્રે તો પોતાને ગાળો ભાંડે છે એમ જ માન્યું નહિ. હવે આ ત્રણેય મિત્રોમાં કોણ ક્ષમાશીલ છે એ જોવું જોઈએ ! જો ત્રીજા મિત્રને ક્ષમાશીલ કહેવામાં આવે તો પહેલા મિત્રે પણ તે ગાળો ભાંડનારને કાંઈ કહ્યું નથી તો તેને ક્ષમાશીલ શા માટે કહેવામાં ન આવે ? પહેલા મિત્રને ક્ષમાશીલ એટલા માટે કહેવામાં આવતો નથી કે તેના હૃદયમાં તો વૈર લેવાની વૃત્તિ હતી પણ પોતાની અશક્તિને કારણે ગાળો ભાંડનારને કાંઈ કહી શક્યો નહિ; આજના લોકો આવી કાયરતાને—અશક્તિને જ ક્ષમા માની બેઠા છે પણ શાસ્ત્રકારો કહે છે કે, આ પ્રકારની ક્ષમા તો તમોગુણી ક્ષમા છે, સતોગુણી ક્ષમા તો ત્રીજા મિત્રમાં છે કે જેણે શક્તિ હોવા છતાં વિચારપૂર્વક ક્ષમા ધારણ કરી.

રાજાએ મુનિને જોતાં જ જાણી લીધું કે, આ મુનિમાં ક્ષમાભાવ છે. જેમ શાક વેચનારો હીરા માણેકનું મૂલ્યાંકન આંકી શકતો નથી તેમ જે ગુણોનો પરીક્ષક હોતો નથી તે મુખાકૃતિ જોતાં જ આ મુનિમાં ક્ષમાભાવ છે એમ કહી શકતોન થી. પણ રાજા તો ગુણોનો પરીક્ષક હતો એટલા માટે મુનિને જોતાં જ તેમનામાં ક્ષમાભાવ છે એ કળી ગયો. ઘણા લોકો રૂપિયાને પત્થર ઉપર ખખડાવી સાચો છે કે ખોટો છે તેની પરીક્ષા કરે છે પણ કેટલાક વેપારીઓ રૂપિયાના એવા પરીક્ષક હોય છે કે રૂપિયાને જોતાં જ કહી દે છે કે આ રૂપિયો સાચો છે અને આ રૂપિયો ખોટો છે ! હું પણ મારી સંસાર અવસ્થાની વાત કહું છું કે, જયારે હું મારા મામાની કાપડની દુકાને બેસતો હતો ત્યારે

અંધારી રાતે પણ કેવળ હાથથી સ્પર્શ કરતાં કહી દેતો કે, આ છીંટ આટલા વાર ઓછી છે અને આ છીંટ આટલા વાર વધારે છે ! '

કહેવાનો આશય એ છે કે, જે ખરો પરીક્ષક હોય છે તે મુખાકૃતિ જોતાં જ પારખુ કરી લે છે. રાજા પણ પરીક્ષક હતો એટલે મુનિને જોતાં જ આ મુનિ ક્ષમાશીલ અને નિર્લોભી છે તે જાણી લીધું. તે મુનિ રૂપ અને વર્ણમાં અનુપમ હોવા છતાં કામભોગોથી વિરકત હતા, એ પણ આશ્ચર્યજનક છે !

અહીં એક પ્રશ્ન થાય છે કે, જ્યારે રાજાએ મુનિને ક્ષમાશીલ અને નિર્લોભી કહ્યા છતાં તેમને ભોગોથી અસંગતિ અર્થાત્ કામભોગોથી વિરક્ત હતા એમ શા માટે કહ્યું ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સર્વથી નહિ તો દેશથી ગૃહસ્થો પણ ક્ષમાશીલ અને નિર્લોભી હોઈ શકે છે; પણ આ તો ગૃહસ્થ નહિ પણ મુનિ હતા એ સ્પષ્ટ કરવા માટે ક્ષમાશીલ અને નિર્લોભીની સાથે કામભોગોથી વિરકત આ મુનિ હતા–સંયમના ધારક હતા–એમ રાજાએ કહ્યું.

રાજાને, મુનિનો કામભોગોનો ત્યાગ એટલો બધો આશ્ચર્યજનક એટલા માટે લાગ્યો કે તે ભોગોનો ત્યાગ કરવો બહુ મુશ્કેલ માનતો હતો. જેમકે તમને ધન બહુ પ્રિય છે એટલે ધનનો ત્યાગ કરવો મુશ્કેલ લાગે છે, અને તેથી કોઈ માણસને લાખો રૂપિયાનો ત્યાગ કરતા જુઓ, તો તમારા આશ્ચર્યનો પાર રહેતો નથી. આ જ પ્રમાણે રાજા પણ કામભોગોને પ્રિય માનતો હતો અને તેનો ત્યાગ કરવો મુશ્કેલ સમજતો હતો અને તેથી મુનિને કામભોગોથી વિરકત થએલા જોઈ તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

રાજામાં પણ સ્વાર્થને માટે પણ થોડા ઘણા અંશમાં ક્ષમા અને નિર્લોભતાનાં ગુણો વિદ્યમાન હશે, પણ જ્યારે મુનિમાં નિઃસ્વાર્થ ક્ષમા અને નિર્લોભતાનાં ગુણો જોયાં ત્યારે તે પોતાનામાં રહેલાં ક્ષમા અને નિર્લોભતાનાં ગુણો ભૂલી ગયો અને " આ મુનિ તો સાક્ષાત્ ક્ષમા અને નિર્લોભતાના મૂર્તિસમા છે અને મારામાં તો કાંઈ નથી, " એમ પ્રશંસા કરવા લાગ્યો.

રાજાએ જેમ મુનિની સાથે સંબંધ જોડી લીધો તેમ તમે પણ ગુણીજનોની સાથે સંબંધ જોડો અને તમે કદાચ ગુણોને જીવનમાં અપનાવી શકો નહિ, તો જેઓ ગુણોને જીવનમાં અપનાવતા હોય તેમની પ્રશંસા કરો તો પણ કલ્યાણ છે. ગાડીને ખેંચી જવાની શક્તિ તો કેવળ ઍન્જિનમાં જ હોય છે, બીજા ડબાઓમાં એ શક્તિ હોતી નથી, તેમ છતાં ઍન્જિનની સાથે જે ડબાઓ જોડાએલાં હોય છે, તે ડબાઓમાં દોડવાની શકિત ન હોવા છતાં, ઍન્જિનની સાથે જોડાએલાં હોવાને કારણે ઍન્જિન જે સ્ટેશને જાય છે તે સ્ટેશને જઈ શકે છે, તે જ પ્રમાણે તમે પણ મહાત્મા લોકોની સાથે સંબંધ જોડશો તો તેમની સાથે તમારું પણ કલ્યાણ થઈ જશે !

રાજા ક્ષત્રિય હતો. તે વાણીયાઓની માફક પ્રસન્ન થઈને કેવળ મૌખિક પ્રશંસા જ કરી જાણતો ન હતો, એટલે તેણે વિચાર્યું કે જ્યારે મેં આ આર્ય મુનિમાં ગુણો જોયાં છે તો તેમનો નમસ્કારાદિદ્વારા વિવેક પણ કરવો જોઈએ. જ્યાંસુધી ગુણો જાણ્યા નથી

ત્યાંસુધી નમસ્કારાદિદ્વારા વિવેક કરવો એ પણ ઠીક નથી, પણ જ્યારે મેં તેમનામાં ગુણો જોયાં છે ત્યારે મારે તેમનો નમસ્કારાદિદ્વારા વિવેક પણ કરવો જ જોઈએ. વાસ્તવમાં નમસ્કાર તે સાચાં છે કે જે ગુણો જાણ્યા બાદ કરવામાં આવે છે. કેવળ બહારનાં રૂપરંગ જ જોવાં ન જોઈએ, પણ ગુણો જોવા જોઈએ. રાજાએ પહેલાં મુનિનાં ગુણો જ જોયાં. જેઓમાં ગુણો નથી તેમને નમસ્કાર કરવા પણ અનુચિત છે. જેમને નમન કરવામાં આવે, તેમનાં ગુણો પણ જોવાં જોઈએ અને ગુણદર્શન કર્યા પછી જ નમન કરવું જોઈએ.

રાજાએ પહેલાં મુનિનાં ગુણ જોયાં, ગુણોની પ્રશંસા કરી અને પછી તેમને નમન કરવાનો વિચાર કર્યો. આ પ્રમાણે રાજા કેવળ પ્રશંસા કરીને જ બેસી ન રહ્યો પણ નમન પણ કર્યું. તમે લોકો પણ કેવળ વાતો જ ન કરો પણ કાર્ય કરી બતાવો. કોંગ્રેસના નેતાઓ પહેલાં લાંબા લાંબા ભાષણો કરતાં હતાં, પણ જ્યારે તેમને લાગ્યું કે કેવળ ભાષણ કરવાથી કાંઈ વળવાનું નથી ત્યારે તેઓએ સક્રિય કાર્ય હાથ ધર્યું, કે જેનું આજે પ્રત્યક્ષ પરિણામ જોવામાં આવે છે. કામ કરવું નહિ અને ભાષણ કર્યા કરવું એ કેવળ એક પ્રકારનો ગણગણાટ જ છે.

ગણગણાટ પણ બે પ્રકારનો થાય છે. એક તો ઘરમાં માખીઓ ગણગણાટ કરે છે અને બીજો મધમાખીઓ ગણગણાટ કરે છે. ઘરની માખીઓ ગણગણાટ કરીને આસપાસની ગંદકી ઘરમાં લાવે છે અને રોગને પેદા કરે છે; પણ મધમાખીઓ એવી ગંદકી કરતી નથી, પણ ફુલો ઉપર જઈ ગણગણાટ કરે છે અને જાણે ફુલોને કહેતી હોય કે, "હું જે કાંઈ અહીંથી લઈ જાઉં છું તે કાંઈક જનોપયોગી વસ્તુ બનાવવા માટે લઈ જાઉં છું, અને બનાવું પણ છું." આ પ્રમાણે ઘરની માખીઓ અને મધમાખીઓના ગણગણાટમાં કાંઈ અંતર છે કે નહિ? એક રોગ પેદા કરે છે અને બીજી જનોપયોગી મધ પેદા કરે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, મધના જેવી કોઈ મિઠાઈ નથી. વૈદ્યો પણ કહે છે કે, મધના જેવી બીજી કોઈ નિરોગ મિઠાઈ નથી!

કહેવાનો આશય એ છે કે, તમે કેવળ ખોટો ગણગણાટ–બકવાદ કરો નહિ પણ સક્રિય કાર્ય કરો. કેવળ બહારથી એવી પ્રશંસા જ ન કર્યા કરો કે મુનિ બહુ સારા છે. પણ તેમના ગુણોને પણ જીવનમાં ઉતારો! જો તમે ઘરની માખીની માફક અહીંતહીંની ગંદકી એકઠી કરી એક બીજાની કુથલી કરવામાં જ રચ્યાપચ્યા રહેશો અને જનોપયોગી કાંઈ કામ નહિ કરો તો તમારી સ્થિતિ એના જેવી થશે કે:—

'ન ખુદા હી મિલા ન વિશાલે સનમ, ન ઇધરકે રહે ન ઉધરકે સનમ.'

અર્થાત—કુથલી કરનારો માણસ પરમાત્માનું ભજન પણ કરી ન શકયો તેમ દુનિયાનું ભલું પણ કરી ન શકયો. વાસ્તવમાં અર્ધદગ્ધ મનુષ્યો ધોબીના કુતરાની માફક ઘરના કે ઘાટના રહી શકતા નથી. તે લોકો ઘરની માખીની માફક લોકોની કુથલી કરી ખોટો ગણગણાટ કર્યા કરે છે અને નિંદાનો રોગ ચારે બાજુ ફેલાવે છે. એટલા માટે ખોટો બકવાદ છોડો અને જો બકવાદ છોડી શકતા ન હો તો મધમાખીઓની માફક બકવાદની સાથે કાંઈ જનોપયોગી કાર્ય પણ કરો!

## સુદર્શન ચરિત્ર—૧૫

**કર મહોત્સવ દિયા નામ સુદર્શન, વર્ત્યા મંગલાચાર ।**
**ઘર ઘર હર્ષ વધાવના સરે, પુરમેં જયજયકાર ॥ ધન૦ ॥ ૧૪ ॥**

ચરિત્ર સંભળાવવાનો ઉદ્દેશ ધર્મકથાની સાથે જ્ઞાનશિક્ષા આપવાનો છે. લૌકિક અને લોકોત્તર વિચાર સુધારવા માટે જ ચરિત્ર કહેવામાં આવે છે. કાલે ગર્ભની રક્ષા કરવા વિષે કહેવામાં આવ્યું હતું. એ સંબંધમાં ઘણું કહી શકાય એમ છે પણ સમય વધારે નથી એટલે એ વિષે વિશેષ ન કહેતાં એટલું જ કહું છું કે, આજના લોકો કાર્યની વિધિ ભૂલી જઈ પરતંત્ર બની રહ્યા છે! ગર્ભ રહ્યા બાદ માતાપિતાનું શું કર્ત્તવ્ય છે અને તેમણે કેવાં કામો કરવા જોઈએ અને કેવાં કામો કરવાં ન જોઈએ એ વાત આજના લોકો ભૂલી રહ્યા છે! આજે અનેક માણસો એવા પતિત હોય છે કે જેઓ ગર્ભવતી સ્ત્રીની સાથે પણ વિષયસેવન કરતાં પણ શરમાતા નથી ગર્ભ રહ્યાનાં ચિન્હો જણાયાં છતાં જે માતાપિતા વિષયસેવન કરે છે તેઓ માતાપિતા બનવાને પણ યોગ્ય નથી! શું એવા વિષયલોલુપી સ્ત્રીપુરુષો માતાપિતા બનવાને યોગ્ય કહેવાય!

આજે અનેક જગ્યાએ પ્રસૂતિગૃહો ખોલવામાં આવે છે પણ પહેલાંના જમાનામાં પ્રસૂતિગૃહો ન હતાં, છતાં સુખપૂર્વક સુંદર બાળકો જન્મતાં હતાં અને તેમનું બરાબર પાલન પણ કરવામાં આવતું હતું. પણ આજે તો ગર્ભવતી સ્ત્રીને પ્રસૂતિગૃહમાં મોકલી દેવામાં આવે છે પછી ત્યાં એ ગર્ભવતી સ્ત્રીને શું ખવડાવવામાં અને શું પીવડાવવામાં આવે છે તેનો વિચાર કરવામાં આવતો નથી. તેઓ તો એમ જ વિચારે છે કે, આપણે મૅડમને સ્ત્રી સોંપી દીધી છે. હવે તો સ્ત્રી ઘેર આવશે ત્યારે જોઈશું! પ્રસૂતિગૃહ વિષે એવું સાંભળવામાં આવે છે કે, ત્યાં પણ પૈસાવાળાઓને સારી સગવડતા આપવામાં આવે છે અને બીજા સાધારણ લોકોની સગવડતા ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. પણ ધનિકોની દેખાદેખી કરી ગરીબો પણ ઘસડાતા જાય છે. ધનિકો એમ વિચારે છે કે, જેમ કોઈની સાથે વાંધો કે ઝગડો થાય છે તો તે ઝગડાનું કામ વકીલને સોંપી દઈશું તો તે લડયા કરશે, ઘરમાં કોઈ માંદુ પડે છે તો તેનો કેસ ડાક્તરને સોંપી દઈએ છીએ, તે જ પ્રમાણે સ્ત્રીને પ્રસૂતિ આવવાનો સમય આવશે ત્યારે તેને પ્રસૂતિગૃહમાં મોકલાવી આપશું. આ પ્રમાણે પ્રસૂતિગૃહની પાછળ લોકો ભાન ભૂલી રહ્યા છે. સ્ત્રીઓ પણ એમ વિચારે છે કે, હવે તો પ્રસૂતિગૃહો ઠેકઠેકાણે ખોલવામાં આવ્યાં છે તો પછી પ્રસવ સંબંધી કાર્યને શીખવાની, જાણવાની તથા તે ઉપર ધ્યાન આપવાની શી જરૂર છે! એક ભાઈના મોઢેથી એ સાંભળી ઘણું આશ્ચર્ય થયું કે, પ્રસૂતા સ્ત્રીને પીવા માટે પાણી આપવાથી અઠ્ઠમનો દંડ આવે છે! આ વાત કયા શાસ્ત્રની છે તે સમજમાં આવ્યું નહિ. શાસ્ત્રમાં તો એને અનુકંપાનું કાર્ય બતાવવામાં આવ્યું છે. મેઘકુમારના અધ્યયનમાં કહ્યું છે કેઃ—

**' तस्स गब्भस्स अणुकम्पट्ठयाए। '**

અર્થાત્—ધારિણીએ ગર્ભની અનુકંપા માટે એમ કર્યું. શાસ્ત્ર તો આ પ્રમાણે ગર્ભની અનુકંપા માટે સ્પષ્ટ કહે છે પણ કોઇ પ્રસૂતા સ્ત્રીને પાણી આપવાથી અઠ્ઠમનો

દંડ આવે છે એમ જેઓ કહે છે એ વાત સત્યથી કેટલી વેગળી છે એ સમજી શકાય એમ છે! શાસ્ત્ર તો એમ કહેતું નથી.

ધનવાનો ધનનો દુરુપયોગ કરી ગરીબોને માટે અનેક મુશ્કેલીઓ ઊભી કરી દે છે. જેમકે ધનવાનો વિવાહ–લગ્ન આદિમાં હજારો રૂપિયાનો ખર્ચ કરે છે એટલે ગરીબોને પણ દેખાદેખી કરી તેમની પાછળ ખર્ચમાં ઘસડાવું પડે છે અને પરિણામે પોતાનાં રહેવાનાં મકાનો પણ વેચી નાંખવા પડે છે! આ જ પ્રમાણે ધનવાનો પોતાની સ્ત્રીઓને પ્રસવ માટે પ્રસૂતિગૃહમાં મોકલે છે એટલે ગરીબો પણ દેખાદેખી કરી પોતાની સ્ત્રીઓને પ્રસૂતિગૃહમાં મોકલે છે. પરિણામે ગરીબ લોકો પ્રસવક્રિયાનું જ્ઞાન ભૂલી રહ્યા છે. એનું એક કારણ એ પણ છે કે, જેમ પ્રસૂતા સ્ત્રીને પાણી દેવામાં પણ પાપ મનાવવા લાગ્યું તેમ પ્રસૂતા સ્ત્રીની પાસે જવામાં પણ પાપ મનાવવા લાગ્યું; જ્યારે આ પ્રમાણે પાપના નામે પ્રસવક્રિયા તરફ ઉપેક્ષા થવા લાગી એટલે યુરોપ–અમેરિકાની નર્સોએ એ મહત્ત્વનું કામ પોતાના હાથમાં ધર્યું. હવે તો તેઓને જેમ સારું લાગે તે જ રીતિએ પોતાનું કામ કરશે. તમે કહેશો કે તેઓ તો શરાબ પીવડાવે છે તો પણ તેઓ તો પોતાની ઢબે જ કામ કરશે. જ્યારે પરતંત્ર દશા આવે છે ત્યારે પરતંત્રમાં એમ જ ચાલે છે.

શાસ્ત્રમાં તો ગર્ભથી લઈ જન્મ સુધીની બધી ક્રિયા મેઘકુમારના અધ્યયનમાં બતાવવામાં આવી છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે પ્રસવ સંબંધી ક્રિયા માતાપિતા બન્નેએ જાણવી જોઈએ. જો કોઈ પુરુષ એ ક્રિયાને જાણતો નથી તો તેણે વિચારવું જોઈએ કે, જ્યાંસુધી હું એ ક્રિયાને જાણતો નથી ત્યાંસુધી મારે બ્રહ્મચર્ય પાળવું જોઈએ, મને વિવાહ કરવાનો અધિકાર નથી. જ્યારે એ ક્રિયા જાણી લઈશ ત્યારે વિવાહ કરીશ. શાસ્ત્રમાં બાળકના જન્મ વખતે એવો પાઠ આવે છે કે:—

'आरोग्गा आरोग्गं दारयं पयाया'

અર્થાત્—આનંદપૂર્વક બાળકનો જન્મ આપ્યો. બાળકનો જન્મ પણ આનંદપૂર્વક થયો અને માતા પણ કુશલ રહી. જ્યારે પ્રસવક્રિયા સંબંધી જ્ઞાન હોય અને ગર્ભાવસ્થામાં નિયમોપનિયમોનું બરાબર પાલન કરવામાં આવે ત્યારે જ માતા બાળકને સુખપૂર્વક જન્મ આપી શકે છે.

શેઠને ઘેર સુખપૂર્વક બાળકનો જન્મ થયો. શેઠે બાળકનો જન્મોત્સવ પણ ઊજવ્યો. આજે ઉત્સવ જુદી રીતે ઊજવવામાં આવે છે પણ પહેલાં જુદી રીતે ઊજવવામાં આવતો હતો! પહેલાં ઉત્સવમાં આજની માફક ધનનો દુરુપયોગ કરવામાં આવતો નહિ પણ ગરીબોની સહાયતા કરવા માટે પૈસાનો સદુપયોગ કરી ઉત્સવને સાર્થક કરવામાં આવતો હતો! સ્વધર્મી ગરીબ ભાઈ બહેનોને સહાયતા પહોંચાડવી એ સહધર્મીવાત્સલ્ય છે. આજે તો એક ટંક ભોજન જમાડી સહધર્મી વાત્સલ્ય કરવામાં આવે છે પણ એક ટંક ભોજન કરાવવું એમાં કાંઈ સહધર્મી–વાત્સલ્ય નથી. સહધર્મી વાત્સલ્ય તો પોતાના સહધર્મીની ઉચિત સહાયતા કરવામાં છે. સહધર્મીની સહાયતા અનેક પ્રકારે કરી શકાય છે પણ એમાં પણ વિવેકની જરૂર રહે છે.

પહેલાંના લોકો પુત્રનો જન્મોત્સવ આજની માફક ઊજવતા ન હતા, પણ તેઓ પુત્રના જન્મોત્સવ વખતે કેદીઓને મુક્ત કરાવતા હતા કે જેઓ નાની પાયરીએ હોય

તેમને મોટી પદવી આપી તેમનું સન્માન કરતા હતા. શાસ્ત્રમાં કહ્યું છે કે, પુત્રજન્મની વધાઇ આપનાર દાસીનું રાજાએ પોતાના હાથે મસ્તક ધોયું અને તેને દાસીત્વથી મુક્ત કરી. જે રાજાએ હોય છે તેઓ તો આ પ્રમાણે પુત્રનો જન્મોત્સવ ઊજવતા પણ જેઓ ધનવાનો હતાં તેઓ ગરીબોને દાન આપી કે તેમની આજીવિકાની પૂર્તિ કરી પુત્રનો જન્મોત્સવ ઊજવતા. આજની માફક પહેલાનાં લોકો વ્યર્થ ખર્ચ કરતા ન હતા.

પુત્રનો જન્મ થવાથી જિનદાસ શેઠને ત્યા અને આખા નગરમાં ઘેર ઘેર ઉત્સવ થવા લાગ્યો. જિનદાસ નગરશેઠ હતા એટલે નગરમાં તેનું બહુ માન હતું. રાજા પણ નગરશેઠની વાતને માનતો હતો. સાંભળ્યું છે કે, ઉદયપુરના રાણા જેવા પણ નગરશેઠની સ્વીકૃતિ વિના કાંઇ કરતા નહિ! નગરશેઠ, રાજા અને પ્રજા વચ્ચેનો પ્રતિનિધિ પુરુષ ગણાય છે. રાજા દ્વારા પ્રજાને કોઈ પ્રકારનું કષ્ટ ન થાય અને પ્રજાદ્વારા રાજ્યના નિયમોનું ઉલ્લંઘન પણ ન થાય એ વાતની જવાબદારી નગરશેઠ ઉપર રહે છે. જિનદાસ પણ નગરશેઠ હતો. એટલા માટે તેમને ત્યાં પુત્રનો જન્મ થવાથી નગરમાં ઘેર ઘેર ઉત્સવ મનાવવા લાગ્યો. જેમના જન્મથી બીજાને પણ સુખ પહોંચે એ જ વ્યક્તિ પુણ્યવાન મનાય છે, પણ આજે તો જેમને ત્યાં વાડી-ઘોડી-ગાડી અને લાડી હોય છે તે જ પુણ્યવાન મનાય છે, પણ વાસ્તવમાં પુણ્યવાન તો તે જ છે કે જેમની દ્વારા વધારેમાં વધારે લોકોને આનંદ મળે અને બધા લોકો તેના તરફ પ્રેમની દૃષ્ટિએ જુએ. આખી ગાડી લાકડાંની ભરી હોય અને તેમાં કેવળ ચંદનની એક જ લાકડી હોય તોપણ ચંદનની એક જ લાકડીનું મહત્ત્વ ગણાય છે. આ જ પ્રમાણે ભલે કોઈ ધનવાનની પાસે ઘણું ધન હોય પણ જો તે ધનવાન પોતાના સત્કાર્યની સુવાસદ્વારા લોકોનો પ્રેમપાત્ર બને નહિ તો તે પુણ્યવાન મનાતો નથી. પણ જો પોતાની પાસે થોડું જ ધન હોય પણ તે જનસેવા દ્વારા લોકોનો પ્રેમપાત્ર બન્યો છે તો તે પુણ્યવાન મનાય છે.

જિનદાસ શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો છે. એ શુભ ખબર શહેરમાં ફેલાતાં જ બધાં નગરજનો પ્રસન્ન થયા અને ઉત્સવ મનાવવા લાગ્યા. રાજાએ પણ સાંભળ્યું કે, શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો છે એટલે રાજા પણ બહુ પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો કે, શેઠની સહાયતા વિના મારું રાજ્ય ચાલી શકતું નથી. શેઠને ત્યાં પુત્રનો જન્મ થવાથી મારા રાજ્યને અને મને પણ લાભ થયો છે. આ પ્રમાણે કહી રાજાએ પણ નગરશેઠના પુત્રનો જન્મોત્સવ ઊજવ્યો. તેમણે શેઠને વધાઈ મોકલી અને નગરશેઠના પુત્રના જન્મના ઉપલક્ષ્યમાં કેદીઓને મુક્ત કર્યા, કેટલાંક કરો માફ કર્યા અને રાજ્યના કાયદાઓમાં પણ સુધારો કર્યો. કહેવત છે કે એક પુણ્યવાન વ્યક્તિનો જન્મ થવાથી ન જાણે કેટલાય લોકોને સુખ પહોંચે છે, અને એક પાપી વ્યક્તિનો જન્મ થવાથી ન જાણે કેટલાય લોકોને દુઃખ પહોંચે છે!

પુત્રનો જન્મોત્સવ આખા નગરમાં ઊજવાયો. પુત્રના જન્મથી અને તેના દર્શનથી નગરમાં દરેક પ્રકારનો આનંદમંગલ વર્તાઇ રહ્યો હતો એટલે શેઠે તે બાળકનું નામ સુદર્શન પાડયું.

જિનદાસ નગરશેઠ હતો એટલે તેનો પુત્ર બધાને પ્રિય લાગતો હતો. તે જ પ્રમાણે તમે પણ પરમાત્માના પુત્રો છો. તો પરમપિતા પરમાત્માને શોભે નહિ એવાં કામો કરો નહિ અને જે કામોથી પરમાત્માનો પ્રકાશ વધે તેવાં કામો કરો તો કલ્યાણ જ છે.

## વ્યાખ્યાન : સંવત ૧૯૯૨ શ્રાવણ શુદી ૭ શનીવાર

### પ્રાર્થના

**શ્રી 'દૃઢરથ' નૃપતિ પિતા, 'નન્દા' થારી માય;**
**રોમ રોમ પ્રભુ મો ભણી, શીતલ નામ સુહાય.**
**જય જય જિન ત્રિભુવન ધણી. ॥ ૧ ॥**

**શ્રી** શીતલનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

સામાન્ય બુદ્ધિવાળા લોકો એમ સમજે છે કે, પ્રાર્થના કયાંય બહારથી લાવી કરવામાં આવે છે પણ જ્ઞાનીજનો કહે છે કે, એમ નથી. દુનિયામાં સાધારણ રીતે અસલી અને નકલી એમ બન્નેય પ્રકારની ચીજો ચાલે જ છે; અને કાળના પ્રભાવે અસલી ચીજ કરતાં નકલી ચીજ વધારે ચાલે છે, પણ અસલી ચીજમાં જે વિશેષતા હોય છે તે વિશેષતા નકલી ચીજમાં હોતી નથી. પહેલાં અસલી સોનાનું પ્રચલન વધારે હતું પણ હવે તો સોનું પણ નકલી ચાલ્યું છે, ચાંદી પણ નકલી ચાલે છે અને હીરા માણેક પણ નકલી ચાલે છે. આ પ્રમાણે નકલી ચીજોનું પ્રચલન જરૂર વધારે થયું છે, પણ જે વિશેષતા અસલી ચીજમાં હોય છે તે વિશેષતા નકલી ચીજમાં હોતી નથી.

આ પ્રમાણે પ્રાર્થના પણ બે પ્રકારની હોય છે. એક તો નકલી પ્રાર્થના અને બીજી અસલી પ્રાર્થના. જે પ્રાર્થના હૃદયથી કરવામાં આવે છે તે અસલી પ્રાર્થના છે અને જે લોકોને બતાવવા માટે ઉપરછલી પ્રાર્થના કરવામાં આવે છે તે નકલી પ્રાર્થના છે. આ બન્ને પ્રાર્થનામાં અંતર રહેલું છે. જે વિશેષતા હૃદયથી કરવામાં આવતી પ્રાર્થનામાં હોય છે તે વિશેષતા ઉપરછલી બનાવટી પ્રાર્થનામાં હોતી નથી. કેટલાક લોકો ખોટાં નકલી ઘરેણાં પહેરી લોકોને ભ્રમમાં નાંખી દે છે પણ એ નકલી ઘરેણાં પહેરનારનો આત્મા તો સારી રીતે જાણે જ છે કે, પોતે પહેરેલાં નકલી ઘરેણાંની કીંમત કેટલી છે! આ જ પ્રમાણે કેટલાક લોકો અમે ભક્ત કહેવાઈએ એટલા માટે ઉપરથી પરમાત્માની પ્રાર્થના કરે છે, પણ જ્ઞાનીજનો કહે છે કે, જે પ્રાર્થના હૃદયપૂર્વક કરવામાં આવતી નથી તે પ્રાર્થના નકલી છે. આ પ્રમાણે બનાવટી પ્રાર્થનાથી ભલે લોકોનું મન રંજન થાય, ભલે પોતાની ગણના ભકતોમાં કરાવે પણ આ પ્રકારની ઉપરછલી પ્રાર્થનાથી પરમાત્માને પ્રસન્ન કરી શકાતા નથી. એવી પ્રાર્થના તો સંસારને માટે જ હોય છે. જ્યારે સંસારની ઉપાધિમાંથી દૂર થઈ પરમાત્માની હૃદયપૂર્વક એવી પ્રાર્થના કરવામાં આવે કે:-

જય જય જીન ત્રિભુવન ધણી, કરુણાનિધિ કરતાર;
સેવ્યા સુરતરુ જેહવો, વાંછિત ફલ દાતાર. જય૦

અર્થાત—હે પ્રભો! તારો જયજયકાર થાઓ! જો હૃદયથી પરમાત્માનો જય ચાહવામાં આવે તો પછી પોતાની ઇચ્છાને છોડી દેવી જોઈએ. આત્મા અનંતકાળથી

પોતાનો જય ચાહે છે અને તે માટે જ કામ–ક્રોધાદિનો આશ્રય લે છે, પણ આ પ્રયત્નથી આત્માને સફળતા મળી નથી અને તેનો જયકાર થયો નથી. એટલા માટે પોતાના જયની ઇચ્છા છોડી, પરમાત્માના જયમાં જ પોતાનો જય રહેલો છે એમ માની પરમાત્માની પ્રાર્થના કરવી જોઈએ કે, "હે! પ્રભો! મને જય મેળવતાં અનન્તકાળ ચાલ્યો ગયો, છતાં મને જય મળ્યો નહિ. ઊલટો હું કામ–ક્રોધાદિમાં ફસાઈ ગયો એટલા માટે હું મારા જયની ઇચ્છા છોડી તારો જ જય ચાહું છું તારો જય ચાહવામાં કામ–ક્રોધાદિને જરા પણ સ્થાન નથી પણ ત્યાં તો ક્ષમા, શાન્તિ અને નિર્લોભતાને જ સ્થાન છે. એ ક્ષમાદિ ગુણોની મને પ્રાપ્તિ થાય એટલા માટે હે! પ્રભો! હું તારો જ જય ચાહું છું. હે! પ્રભો! મારામાં એવી ભાવના દૃઢ થાય કે, જ્યાં હું ક્ષમા, શાન્તિ, નિર્લોભતા આદિ ગુણોને જોઉં ત્યાં તારો જ જય થઈ રહ્યો છે એમ માની પ્રસન્ન થાઉં અને એ સદ્‌ગુણો તરફ દ્વેષ કરવો એ તારો દ્વેષ કરવા સમાન છે અને સદ્‌ગુણો તરફ પ્રેમ રાખવો એ તારી સાથે પ્રેમ કરવા બરાબર છે, એમ માની સદ્‌ગુણોને જોઈ હું દ્વેષ ન કરું પણ સદ્‌ગુણો જોઈ તારો જય માનું એ વાતનું મને હમેશાં ધ્યાન રહે. આ પ્રમાણે હે! પ્રભુ! તારા જયમાં જ મારો જય રહેલો છે એમ માનું તો તેમાં મારું કલ્યાણ જ છે."

ઘરનો દીવો તો કેવળ ઘરમાં જ પ્રકાશ આપે છે પણ સૂર્ય તો બધાને પ્રકાશ આપે છે. હવે સૂર્યની પાસે જેઓ પ્રકાશને માટે પ્રાર્થના કરે છે, તેઓ બધાની સાથે પોતાને પણ પ્રકાશ મળે એમ ચાહે છે! જો દીવો બુઝાઈ જાય તો ઘરમાં જ અંધારું થાય પણ જો સૂર્ય ઊગે નહિ તો બધે ઠેકાણે અંધારું થઈ જાય. એટલા માટે સૂર્ય સદા પ્રકાશિત રહે એમાં બધાની સાથે પોતાને પણ પ્રકાશ મળે એમ ચાહવામાં આવે છે. આ જ પ્રમાણે પરમાત્માનો જય માની, બીજાનાં સદ્‌ગુણો જોઈ પ્રસન્ન થવું, એ બીજાનાં સદ્‌ગુણોને પોતાનામાં અપનાવવા જેવું છે; અને બીજાનાં સદ્‌ગુણો જોઈ ઈર્ષ્યા કરવી એ બીજાનાં દુર્ગુણોને પોતાનામાં અપનાવવા જેવું છે. એટલા માટે બીજામાં સદ્‌ગુણો જોઈ પ્રસન્ન થાઓ અને એમ કહો કે, હે! પ્રભો! આ તારો જયજયકાર થઈ રહ્યો છે! આ પ્રમાણે પોતાના જયની ચાહના છોડી દઈ, પરમાત્માના જયમાં તલ્લીન થઈ જાઓ તો એમાં તમારો પણ જય થશે અને એ જ સાચી પ્રાર્થના પણ છે.

## અનાથીમુનિનો અધિકાર—૧૬

રાજા શ્રેણિક પણ અનાથી મુનિના જયમાં પોતાનો જય માનવા લાગ્યો. તે મુનિની ક્ષમા, શાન્તિ અને નિર્લોભતા જોઈ પોતાને ભૂલી ગયો અને કહેવા લાગ્યો કે, આ મુનિની આગળ હું તો કાંઈ વિસાતમાં નથી, આ પ્રમાણે તે પોતાનો અહંભાવ પણ ભૂલી ગયો. તમે પણ અહંભાવને છોડી દઈ પરમાત્માનો જય ચાહો તો તેમાં પણ તમારો જ જય રહેલો છે! રાજા શ્રેણિક પોતાનો અહંભાવ છોડી દઈ મુનિને પ્રકટ રૂપે વંદન–નમન કરે છે.

**तस्स पाए उ वंदित्ता, काऊण य पयाहिणं ।**
**नाइदूरमणासन्ने, पंजलि पडिपुच्छई ॥ ७ ॥**

ગણધરોએ અત્યાર સુધી રાજાના માનસિક ભાવોનું વર્ણન કરેલ છે, પણ હવે રાજાના પ્રકટ ભાવોનું વર્ણન કરે છે.

રાજા ક્ષત્રિય હતો. ક્ષત્રિયોનું હૃદય વાસ્તવિકતા જાણ્યા બાદ વિનમ્ર બની જાય છે. સાધારણ રીતે ક્ષત્રિયો કષ્ટો માથે પડવા છતાં પણ માથું નમાવતા નથી, પણ ગુણો જાણી લીધા બાદ માથું નમાવવામાં જરા પણ સંકોચ કરતા નથી ! રાણા પ્રતાપે અકબરને માથું નમાવ્યું નહિ તો છેવટ સુધી નમાવ્યું નહિ ! સાંભળવામાં આવ્યું છે કે, અકબરે રાણા પ્રતાપને ત્યાંસુધી કહેવડાવ્યું હતું કે, તું જો મને માથું નમાવ તો હું તને મારા રાજ્યનો છઠ્ઠો ભાગ આપીશ; પણ સ્વમાનની રક્ષા માટે રાણાએ તે વાતનો સ્વીકાર ન કર્યો અને જંગલમાં પોતાના દિવસો પસાર કરવા લાગ્યો. પણ બાદશાહને પોતાનું માથું છેવટસુધી ન જ નમાવ્યું. આથી વિરુદ્ધ રાણો પ્રતાપ જેને પોતાનો ઇષ્ટ માનતો હતો તેની હૃદયપૂર્વક ભક્તિ કરતો હતો, અને તેમને પગે પણ પડતો હતો–જેનાં ચિત્રો આજે પણ ઉદયપુરમાં છે. આ પ્રમાણે ક્ષત્રિયો કષ્ટો સહી લે છે પણ કોઈને મસ્તક નમાવતા નથી, પણ જ્યારે કોઇનામાં ગુણો જુએ છે ત્યારે મસ્તક નમાવતાં પણ સંકોચ પામતા નથી. રાજા શ્રેણિક પણ મુનિનાં ગુણો જોઈ વાહન ઉપરથી ઊતરી મુનિની પાસે ગયો અને તેમની આગળ પોતાનું મસ્તક નમાવ્યું એટલું જ નહિ પણ મુનિની પ્રદક્ષિણા કરવા લાગ્યો.

આજે પ્રદક્ષિણાનો અર્થ કાંઈ બીજો જ કરવામાં આવે છે પણ હું એનો અર્થ જૂદો જ કરું છું. હું પ્રદક્ષિણાનો જે અર્થ કરું છું તેની વિરુદ્ધ કોઈ બીજો અર્થ મને સમજાવશે તો હું માની પણ લઈશ. એ વાત જુદી છે કે આજે પરંપરાને કારણે પ્રદક્ષિણાનો અર્થ અનેક લોકો જુદો જ માને છે, પણ પરંપરાની વાત જુદી છે અને શાસ્ત્રની વાત જુદી છે. શાસ્ત્રમાં જ્યાં વર્ણન આવે છે ત્યાં પહેલાં પગવંદન કર્યું એમ કહેવામાં આવ્યું છે.

**आलोय पणामं करेई ।** —શ્રી ભગવતી સૂત્ર.

અર્થાત—જ્યાંથી દૃષ્ટિમાં પડયા ત્યાંથી પગવંદન કર્યું, અને પાસે આવીને તેમની પ્રદક્ષિણા કરી, એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે. વાસ્તવમાં પ્રદક્ષિણાનો અર્થ તેમની આસપાસ આવર્તન કરવું એ થાય છે. જે જગ્યાએથી આવર્તન શરૂ કરી તેમની આસપાસ ફરી પાછા તે જ જગ્યાએ આવવું એ એક પ્રદક્ષિણા થઈ, પણ આ પ્રમાણે આવર્તન કરવું અને પ્રદક્ષિણા કરવી એમાં અંતર છે. આવર્તન તો હાથ જોડી એક કાનથી બીજા કાન સુધી ફેરવવું એ જ છે પણ પ્રદક્ષિણા તો જેમની પ્રદક્ષિણા કરવામાં આવે છે તેમની આસપાસ ભમી તેમના ગુણોને વરવું એ છે. આવર્તનનું વર્ણન સમવાયાંગ સૂત્રમાં કરવામાં આવ્યું છે. મુનિને વંદન કરતી વખતે "આયાહિણં–પયાહિણં" નો પાઠ ભણવામાં આવે છે તેમાં 'પયાહિણં'નો અર્થ પ્રદક્ષિણા કરવી એ થાય છે.

લગનના સમયે અગ્નિની પણ પતિ–પત્ની પ્રદક્ષિણા કરે છે. પતિની સાથે અગ્નિની પ્રદક્ષિણા કર્યા બાદ સાચી હિન્દુબાળા પોતાના પ્રાણોને સમર્પી દે છે, પણ જે પ્રતિજ્ઞા તે વખતે કરે છે તેથી જરાપણ વિમુખ થતી નથી. પ્રદક્ષિણા તો તમે પણ કરી હશે અને પ્રતિજ્ઞા પણ લીધી હશે ! તો પછી સ્ત્રીઓનું જે કર્તવ્ય માનવામાં આવે છે, તે

કર્તવ્ય પુરુષોનું નથી શું ? જે સદાચારિણી સ્ત્રી હશે તે તો પ્રદક્ષિણા કર્યા બાદ પોતાના પતિ સિવાય પુરુષોને ભાઈ કે પિતાની સમાન માને છે અને આ જ પ્રમાણે જે સદાચારી પુરુષ હોય છે તે પોતાની પત્નીની સિવાય બીજી બધી સ્ત્રીઓને પોતાની માતા કે બહેન સમાન માને છે !

આ લૌકિક વ્યવહારની વાત થઈ. અહીં તો શ્રેણિક રાજાએ મુનિની પ્રદક્ષિણા કરી તેનો શો અર્થ છે તે વિચારવાનું છે. મુનિની પ્રદક્ષિણા કરવાનો અર્થ મુનિના ગુણોને અપનાવવા એ છે. રાજાએ મુનિના ગુણોની પ્રશંસા તો પહેલાં જ કરી હતી પણ વ્યવહારમાં તેમની પ્રદક્ષિણા કરી તેમના ગુણોનો સ્વીકાર કર્યો અને તેમને પોતાના ગુરુ માન્યા. આ પ્રમાણે તેમના ગુણોને અપનાવી, તે હાથ જોડી બહુ નજદીક નહિ તેમ બહુ દૂર નહિ એ રીતે મુનિની સામે બેઠો. બહુ નજદીક બેસવાથી તો મુનિની આશાતના પણ થઈ જાય, અને બહુ દૂર બેસવાથી વાત પણ બરાબર સંભળાય નહિ, એટલા માટે તે બહુ દૂર નહિ તેમ બહુ નજદીક નહિ એ રીતે બેઠો. સુખાસને બેસી તેણે વિનયપૂર્વક મુનિને પ્રશ્ન કર્યો.

*આજે મુનિને પ્રશ્ન કરતી વખતે શું થાય છે ! લોકો પ્રશ્ન તો પૂછવા ચાહે છે* પણ તેમનો વિનય કરવા ચાહતા નથી. પણ વિનય કર્યા વિના પ્રશ્ન પૂછવો એ તો જેમ પપૈયો પિયૂ પિયૂ કરી મેઘને બોલાવે છે, પણ જ્યારે મેઘ વરસે છે ત્યારે પોતાનું મોઢું નીચું કરી લે છે, જેથી પાણી મોઢામાં ન પડતાં નીચે પડી જાય છે; તેમ વિનય વિના પૂછવામાં આવતો પ્રશ્ન આ પ્રમાણે વ્યર્થ જાય છે. એ પ્રશ્નનો ઉત્તર વિનયના અભાવે ધારણ પણ થઈ શકતો નથી. ગણધરોએ રાજાદ્વારા કરવામાં આવેલ વિનયનું વર્ણન કરી પ્રશ્ન કરતી વખતે કેવો વિનય કરવો જોઈએ એ બતાવ્યું છે.

વિનયપૂર્વક બેસી રાજાએ મુનિને પ્રશ્ન કર્યો કેઃ—

**तरुणो सि अज्जो पव्वईओ, भोगकालम्मि संजया ।**
**उवट्ठिओ सि सामण्णे, एयमट्ठं सुणेमिता ॥ ८ ॥**

રાજા પોતે અનેક કલા–કૌશલ, વિજ્ઞાન–દર્શન આદિ તત્ત્વોના જાણકાર હોવાથી એને લગતો પ્રશ્ન પૂછી શકતો હતો, પણ તેણે એવો કોઈ પ્રશ્ન ન પૂછતાં એક સાદો પ્રશ્ન કર્યો. પ્રશ્ન પૂછતાં પહેલાં તેણે મુનિને કહ્યું કે, આપ સ્વીકૃતિ આપો તો હું આપને એક પ્રશ્ન પૂછવા ચાહું છું. જ્યારે મુનિએ કહ્યું કે તમે જે પૂછવા ચાહો તે પૂછી શકો છો ત્યારે તેણે મુનિને કહ્યું કે, હું એ જાણવા ચાહું છું કે, આપે આ ભર જુવાનીમાં દીક્ષા કેમ લીધી ? આ જુવાનીમાં તો ભોગોનો ઉપભોગ કરવો સારો લાગે છે, તો પછી આવી યુવાવસ્થામાં આપ વિરક્ત થઈ ચારિત્રનું પાલન કરવા કેમ નીકળ્યા છો ! આપની યુવાવસ્થા તો ભોગ ભોગવવાને લાયક છે, તો પછી આપ વિરક્ત થઈ વિચરો છો એ ઠીક નથી. જો આપ વૃદ્ધ હોત અને વૃદ્ધાવસ્થામાં દીક્ષા લઈ સંયમ ધારણ કર્યો હોત તો તે ઠીક કહેવાત, અને તમે સંયમ શા માટે ધારણ કર્યો એમ પૂછત પણ નહિ; પણ આપે યુવાવસ્થામાં સંયમ ધારણ કર્યો છે એટલે આપને એવો પ્રશ્ન પૂછવા તૈયાર

થયો છું. જો આપની માફક બધા લોકો યુવાવસ્થામાં સંયમ ધારણ કરે તો તો ગજબ જ થઈ જાય ને? હું બધાને આવો પ્રશ્ન કરી શકું નહિ, પણ મારી સામે જેણે યુવાવસ્થામાં સંયમ ધારણ કર્યો હોય તેનું સંયમ લેવાનું કારણ જાણવું એ મારું કર્તવ્ય છે. હું બધી ચોરીઓને તાત્કાલિક રોકી શકતો નથી પણ જે ચોરી મારી સામે થતી હોય તેને રોકવી એ તો મારું કર્તવ્ય જ છે. જો હું મારા કર્તવ્યનું પાલન ન કરું તો પછી હું રાજા કેમ કહેવાઉં? અનુચિત અને અસ્થાનીય કામ રોકવું એ મારું કર્તવ્ય છે. આપે આ અવસ્થામાં સંયમ લીધો છે એ અસ્થાનીય કામ છે. તેમ છતાં આપના એ અસ્થાનીય કામને એકદમ ન રોકતાં, આપની પાસે પહેલાં આ યુવાવસ્થામાં સંયમ લેવાનું કારણ જાણવા ચાહું છું. આપ ભોગ ભોગવવાની અવસ્થામાં બુદ્ધિમાન હોવા છતાં પણ સંયમમાં શા માટે પ્રવૃત્ત થયા અને કામભોગોથી શા માટે નિવૃત્ત થયા, એનું કારણ હું જાણવા ચાહું છું. જો હું પ્રશ્ન કરવામાં કાંઈ ભૂલ કરતો હોઉં તો મને સમજાવો, નહિ તો મને સંયમ લેવાનું કારણ બતાવો; જો તમે કોઈ કષ્ટને કારણે, કે કોઈના ભમાવવાને કારણે સંયમ લીધો હોય તો તે પણ મને નિઃસંકોચ થઈ જણાવો, કે જેથી તમારું દુઃખ દૂર કરવામાં સહાયક નીવડી શકું!

રાજાની માફક આજનો નવયુવક વર્ગ પણ એવી શંકા કરે છે. એ શંકાના સમાધાન માટે જ જાણે આ અધ્યયન કહેવાયું ન હોય! એમ લાગે છે. પોતાના મનમાં કોઈ પ્રકારની શંકા હોય તો, જેમ રાજાએ નમ્ર થઈને પ્રશ્ન કર્યો તેમ પ્રશ્ન પૂછવામાં આવે તો શંકાનું સમાધાન પણ થઈ જાય; પણ જ્યારે તેઓ પોતે પંડિતમન્ય બની જાય અને પોતે બધું જાણે છે એમ માની બેસે તો પછી શંકાનું સમાધાન કેમ થઈ શકે! આજે પોતાને પંડિત માનવાને કારણે તથા શંકાનું સમાધાન કરવા માટે પ્રશ્ન ન પૂછવાને કારણે જ ખરાબી થવા પામી છે!

આજના યુવકોનું જે કથન છે તે જ કથન રાજા પણ મુનિની સમક્ષ રજુ કરી રહ્યા છે. શાસ્ત્ર ત્રિકાલદર્શી છે અને એટલા જ માટે આજના યુવકોની શંકાનું સમાધાન આ અધ્યયનમાં કરવામાં આવ્યું છે!

આજે પણ ઘણા લોકો સંસારમાં જે કાંઈ છે તે બધું ભોગ ભોગવવા માટે જ છે, પણ ધર્મે ભોગ ભોગવવામાં બાધા ઊભી કરી છે એમ માને છે. આ કથનનું શાસ્ત્રમાં સમાધાન કરવામાં આવ્યું છે! શાસ્ત્ર કાંઈ મોઢેથી તો બોલતું નથી એટલે શાસ્ત્રના જાણકારોએ સતર્ક થઈ શાસ્ત્રનું પ્રતિપાદન કરવું જોઈએ! મારામાં તો એવી શક્તિ નથી કે જ્ઞાનીઓએ કહેલી પ્રત્યેક વાત વિષે કહી શકું, પણ આ સંસાર કાંઈ ભોગોપભોગ જ માટે નથી, એ વાત હું મારી બુદ્ધિ અનુસાર કાંઈક કહું છું:—

સંસારમાં બે પ્રકારના લોકો છે, એક તો વસ્તુનો સદુપયોગ કરે છે અને બીજા દુરુપયોગ કરે છે. તમને આ મનુષ્ય શરીર મળ્યું છે. કેટલાકો આ દુર્લભ મનુષ્ય શરીર મેળવીને એમ વિચારે છે કે, બીજી યોનિઓમાં જે સુખ સામગ્રી મળી શકી ન હતી તે સુખ સામગ્રી અહીં મળી છે, માટે આ શરીરનો ભોગોપભોગમાં ખૂબ ઉપયોગ કરવો જોઈએ! પણ જ્ઞાનીઓ કહે છે કે, ભોગો ભોગવવાથી મનુષ્ય શરીરનો સદુપયોગ થયો છે

એમ કહી શકાય નહિ ! ભોગો ભોગવવાથી પાશવિક જીવન ઉન્નત બને છે પણ માનવી જીવન કે મનુષ્ય શરીરનો સદુપયોગ થતો નથી. પશુઓની અપેક્ષાએ વિશેષ ભોગો ભોગવવાને કારણે જ કોઇને મનુષ્ય માનવો એ ઠીક નથી. ભોગોનો ઉપભોગ કરવો એ કાંઈ કોઇ વિશેષતાનું કામ નથી. એ તો પશુ પણ કરે છે. કહ્યું છે કે:—

**आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत्पशुभिर्नराणाम् ।**
**धर्मो हि तेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिः समानाः ॥** —હિતોપદેશ

જ્ઞાનીજનો કહે છે કે, તમે જે કામોદ્વારા મનુષ્યજીવનનો સદુપયોગ થયો માનો છો અને જે ભોગોનો ઉપભોગ કરવાથી મનુષ્યજન્મને સાર્થક થએલું સમજો છો તે કામ અને તે ભોગો શું પશુઓ આચરી શકતા નથી ! તમે ભલે ઉત્તમ ખાન–પાન ખાતા–પીતા હો પણ એ ઉત્તમ ખાન–પાન પશુઓની સામે મૂકો તો શું તેઓ ખાશે–પીશે નહિ ? એ વાત જુદી છે કે, પશુઓને એવું મળતું નથી અને ન મળવાને કારણે તેવું ખાતાં પીતાં નથી, પણ જો મળે તો શું તેઓ નહિ ખાય ? ખાવાનું ન મળવાથી કેટલાક મનુષ્યો એવું ખાય છે કે તેવું પશુઓ પણ ખાતા નથી. આ પ્રમાણે ન મળવાથી પશુઓ સારૂં ખાવાનું ખાઈ ન શકે એ વાત જુદી છે, પણ જો મળે તો મનુષ્યો જેને પોતાનું ઉત્તમ ભોજન માને છે અને જે ખાઇને પોતાનું મનુષ્યજીવન સાર્થક માને છે તે ભોજન શું પશુ ન ખાય ? તમે રેશમી કે જરીનાં કપડાં તથા આભૂષણો પહેરો છો તો પશુઓને એવાં વસ્ત્રાભૂષણો પહેરાવવામાં આવે તો શું તેઓ પહેરી ન શકે ? તમે મહેલમાં રહો છો અને ગાડીઘોડામાં ફરો છો તેમ પશુઓને મહેલમાં રહેવા અને ગાડી ઘોડામાં બેસવા દેવામાં આવે તો પશુઓ મહેલમાં રહી કે ગાડીઘોડામાં બેસી ન શકે ? સાંભળ્યું છે કે, કોઈ લોર્ડે પોતાના કુતરા–કુતરીનો વિવાહ કર્યો હતો અને તેમાં લાખો રૂપિયાનો ખોટો ખર્ચ કર્યો હતો; પણ શું એથી કાંઈ કુતરો મનુષ્ય કહી શકાશે ? જો નહિ તો પછી તમે ભોગોને ઉપભોગ કરવામાં જ મનુષ્ય જન્મને સાર્થક કેમ માની શકો છો ? તમે જેમ ખાઈ–પી શકો છો તેમ પશુ પણ ખાઇ–પી શકે છે, અને તમારી જ માફક તે પણ ભોગોનો ઉપભોગ કરી શકે છે, તો પછી તમારામાં અને તેમાં અંતર શું રહ્યું ? આ પ્રમાણે ભોગ ભોગવવાને કારણે જ મનુષ્ય જન્મ સાર્થક છે એમ કહી શકાય નહિ, પણ મનુષ્યમાં જો ધર્મ હોય તો જ તેનામાં પશુ કરતાં વિશેષતા છે અને તેમાં જ મનુષ્ય જન્મની સાર્થકતા છે.

**'धर्मो हि तेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिः समानाः ।'**

પશુઓને જો ધર્મ કરવાનું કહેવામાં આવે તો તે ધર્મ આચરી શકતા નથી. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે ગુણોનું પાલન મનુષ્ય જ કરી શકે છે, પશુ નહિ; એટલા માટે એ સદ્ગુણોનું પાલન કરવાથી જ મનુષ્ય જન્મ સાર્થક થઈ શકે છે. માટે ભોગોપભોગમાં જ મનુષ્ય જીવનની સાર્થકતા માનો નહિ પણ અહિંસા–સત્યાદિ સદ્ગુણોનું પાલન કરવામાં જ સાર્થકતા માનો. રાજા શ્રેણિકે મનુષ્ય જન્મ ભોગો ભોગવવા માટે જ છે એમ

માનીને જ મુનિને ભરજુવાનીમાં ભોગોને ઉપભોગ કરવાને બદલે સંયમ શા માટે ધારણ કર્યો ? એવો પ્રશ્ન કર્યો હતો. આ પ્રશ્નનો ઉત્તર મુનિ શું આપે છે તેનો વિચાર યથાવસરે હવે પછી કરવામાં આવશે.

## સુદર્શન ચરિત્ર-૧૬

**પંચ ધાય હુલરાવે લાલકો, પાલે વિવિધ પ્રકાર ।**
**ચન્દ્રકલા સમ બઢે કુંવરજી, સુંદર અતિ સુકુમાર. ।। ધન૦ ।। ૧૫ ।।**

આ એક પુણ્યવાનની કથા છે. લોકો પોતાને પુણ્યવાન કહેડાવવામાં પોતાનું મહત્ત્વ માને છે, પણ વાસ્તવમાં પુણ્યવાન કોણ અને કેવી રીતે બને છે એ વાત આ ચરિત્ર ઉપરથી જુઓ. નવકાર મંત્રની થોડા મહિમાથી સુભગ સુદર્શન તરીકે શેઠને ત્યાં જન્મ્યો. આજે તો અનેક લોકોને બાળક જન્મવાથી દુઃખ થાય છે, પોતાને એક કષ્ટ વધ્યું છે એમ માને છે, અને એ કષ્ટમાંથી બચવા માટે સંતતિનિગ્રહના કૃત્રિમ ઉપાયોનો ઉપયોગ કરે છે, પણ એ પુણ્યની ન્યૂનતાનું કારણ છે. જો બાળકોને પાળવા-પોષવાની શક્તિ ન હોય તો બ્રહ્મચર્યનું પાલન કરી દૈવી ગુણો પ્રાપ્ત કરવાં જોઇએ ! પણ જ્યારે બ્રહ્મચર્ય પાળી શકાતું નથી ત્યારે એવાં નિન્દિત ઉપાયોદ્વારા સંતતિનો નિરોધ કરવામાં આવે છે, એ ઠીક નથી.

જિનદાસ શેઠે સુદર્શનના પાલન-પોષણ-સંરક્ષણ માટે પાંચ ધાત્રીઓ અને ૧૮ દેશની દાસીઓ રાખી. પાંચ ધાત્રીઓ ઘરમાં અને ૧૮ દેશની દાસીઓ બહાર સુદર્શનનું સંરક્ષણ કરતી હતી.

એક બાળકની રક્ષા માટે પાંચ ધાત્રીઓ અને ૧૮ દેશની દાસીઓ રાખવાની શી જરૂર છે ? એવો પ્રશ્ન થઈ શકે છે. આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પાંચ ધાત્રીઓને હસ્તક પાંચ કામો સોંપવામાં આવતાં હતાં. એક ધાત્રી દૂધ પીવડાવતી, બીજી સ્નાનાદિ કરાવતી, ત્રીજી શરીરને શણગારતી, ચોથી ખોળામાં રમાડતી અને પાંચમી રમકડે રમાડતી અને આંગળી ઝાલી ચલાવવાનું શીખડાવતી. આ બધાં કામો તો એક જ ધાત્રી કરી શકે, તો પછી પાંચ ધાત્રીઓને રાખવાની શી જરૂર છે એવો પ્રશ્ન થાય છે. આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જુદી જુદી ધાત્રીઓને જુદું જુદું કામ સોંપવામાં આવે તો બાળકોનો વિકાસ વધારે થઈ શકે છે. જો કોઈને એવી જોગવાઈ ન હોય તો તે વાત જુદી છે ! પણ જોગવાઈ હોય તો જુદી જુદી ધાત્રીઓ અને ૧૮ દેશની દાસીઓદ્વારા બાળકનો વિકાસ શા માટે સાધવામાં ન આવે ! દૂધ પાનારી ધાત્રી કેવી હોય એ પણ વિચારણીય વાત છે. કદાચ કોઈ કહે કે માતા શું દૂધ ન પીવડાવે કે તે માટે જુદી ધાત્રી રાખવામાં આવે ! આનો ઉત્તર એ છે કે, જો માતા બાળકને દૂધ પીવડાવે તો તે પણ ધાત્રી છે. સ્ત્રીના દૂધમાં પશુના દૂધ કરતાં વધારે વિશેષતા હોય છે. કહેવત છે કે, જેવો આહાર હોય છે તેવો જ ઉદ્દગાર હોય છે. એટલા માટે બાળકને કેવું દુધ પાવું જોઈએ એ પણ વિચારવું જોઈએ.

કદાચ કોઈ કહે કે, દૂધ પણ પશુનું અંગ છે અને માંસ પણ પશુનું અંગ છે તો પછી માંસ ખાવામાં શો વાંધો છે ? તો આનો ઉત્તર એ છે કે દૂધ અને માંસ બન્ને પશુઓનાં અંગ હોવા છતાં પણ બન્નેમાં બહુ અંતર રહેલું છે. દૂધ તો બાળક પણ પીએ છે અને માતા તેને પ્રેમથી દૂધ પીવડાવે છે. દૂધ પીવડાવવામાં માતાને કોઈ પ્રકારનું કષ્ટ થતું નથી, પણ જો કોઈ બાળક દૂધ પીતાં પીતાં માતાનું સ્તન કરડી ખાવા લાગે તો માતા તેને થપાટ પણ મારી દે છે. માતા આમ શા માટે કરે છે ? એટલા માટે કે તે વખતે તેને ક્રોધ આવી જાય છે, તેને કષ્ટ થાય છે અને ક્રોધમાં બાળકને થપાટ પણ મારી દે છે; કારણ કે સ્તનને કરડી ખાવાથી બાળકને દૂધદ્વારા પોષણ પણ મળતું નથી અને માતાને કષ્ટ થાય છે. આ પ્રમાણે જે સ્તનમાંથી દૂધ પીવા મળે છે એ સ્તનને કરડી ખાનારને હરામખોર માનવામાં આવે છે. જે માતાના સ્તનને કરડી ખાય છે તે કેવો નીચ કહેવાય !

આ પ્રમાણે દૂધ પ્રેમથી આવે છે અને માંસ ક્રોધથી આવે છે. જ્યારે માતાના સ્તનને કરડી ખાવાથી માતાને પોતાના બાળક ઉપર ક્રોધ આવે છે ત્યારે જે પશુને માંસ માટે કાપવામાં આવે છે તે પશુઓને શું ક્રોધ આવતો નહિ હોય ! તેને પણ ઘણો ક્રોધ આવે છે અને તેના ક્રોધના પરમાણુ માંસમાં પણ આવી જાય છે. પરિણામે માંસ ખાવાથી મનુષ્યમાં શેતાનીયત આવી જાય છે !

પાંચેય ધાત્રીઓનું કામ જુદું જુદું હોવાથી બાળકનો વિકાસ કરવામાં દરેક ધાત્રી બરાબર ધ્યાન આપી શકે છે. એક ધાત્રી દૂધ પીવડાવે છે, બીજી ધાત્રી બાળકને ખોળામાં રમાડે છે. જે પ્રમાણે વૃક્ષનો છોડ જે ભૂમિમાં રોપવામાં આવે તેવું વૃક્ષ ઊગે છે, તે જ પ્રમાણે બાળક જેના ખોળામાં રમે છે તેનાં સંસ્કારો બાળકમાં પણ ઊતરે છે. ત્રીજી ધાત્રી બાળકને નવડાવે-ધોવડાવે છે અને ચોથી ધાત્રી શરીરને શણગારે છે. બાળકનાં આંખ, કાન-નાક વગેરે અંગોને કેવી રીતે સાફ રાખવાં અને તેનો વિકાસ કેવી રીતે કરવો એમાં પણ વિવેકની ખાસ જરૂર રહે છે. પાંચમી ધાત્રી બાળકને રમકડે રમાડે છે.

બાળક ઉપર રમકડાંઓનાં પણ સંસ્કાર પડે છે. એક જગ્યાએ જોયું છે કે, એક બાઈ એક રબ્બરના છોકરાને ખોળામાં લઈ બાળકની માફક પ્યાર કરતી હતી. તે પુતળું ભૂરા રંગનું હતું. એ ઉપરથી એમ જણાય છે કે લોકોને ભૂરા રંગનું કે સફેદ બાળક પસંદ પડે છે ! કાળું બાળક કોઈને પસંદ નથી. આ પ્રમાણે આજે વિદેશી રમકડાઓ-દ્વારા બાળકને રમાડવામાં આવે છે પણ વાસ્તવમાં રમકડાંઓમાં પણ બાળક ઉપર સંસ્કારો પડે છે ! આ વિદેશી રમકડાંઓથી કેટલી હાનિ થાય છે એ કહી શકાય નહિ. રમકડાંઓદ્વારા બાળકના શરીરનો વિકાસ પણ સાધી શકાય છે. માતા કે ધાત્રી બાળકને રમકડાંઓ વડે રમાડે છે. જ્યારે બાળક રમકડાંને પકડવા જરા ચાલે છે, ત્યાં માતા રમકડાંને જરા આગળ ખસેડી લે છે. આ પ્રમાણે કરવાથી બાળક ચાલતાં પણ શીખે છે અને તેના શરીરનો વિકાસ પણ થાય છે. બાળકની શક્તિનો અને શરીરનો વિકાસ થાય એ માટે રમકડાંઓની સહાયતા લેવામાં આવે છે !

બાળકને ચાલતાં શીખડાવતી વખતે માતાએ પણ ધીમે ચાલવું પડે છે. બાળક જેમ ડગલીઓ ભરે છે તેમ માતા પણ ધીમે ધીમે તેની સાથે ચાલે છે. આ પ્રમાણે ચલન-ક્રિયા અને પોષણક્રિયા ઉપર ધ્યાન આપવામાં આવે તો બાળકના શરીરનો અને તેની શક્તિનો ઘણો વિકાસ થઈ શકે !

કહેવાનો આશય એ છે કે, સુદર્શન બાળકના શરીર વિકાસ માટે પાંચ ધાત્રીઓ રાખવામાં આવી હતી. તેઓ સુદર્શન બાળકની શક્તિને અને તેના શરીરનો કેવી રીતે વિકાસ થાય તે માટે ખાસ ધ્યાન રાખતી હતી. આ જ પ્રમાણે જ્ઞાનીજનો પણ બાળ-જીવો તત્ત્વજ્ઞાનને કેમ સમજી શકે, તેમનો વિકાસ કેમ થાય એ માટે ખાસ ધ્યાન રાખે છે. જે પ્રમાણે બાળકો માતાની ચાલે ચાલી શકતા નથી, તેમ બાળજીવો પણ જ્ઞાનીઓના તત્ત્વને બરાબર સમજી શકતા નથી. એટલા માટે જ્ઞાનીજનોએ બાળજીવો પણ તત્ત્વ-જ્ઞાનને સમજી શકે એવો પ્રયત્ન કર્યો છે. એ તેમની કરુણા છે.

ભગવાન તીર્થંકરમાં મેરુ પર્વતને ડોલાવવાની શક્તિ હોય છે, અને તેઓ કેવળ અંગૂઠાથી મેરુ પર્વતને ડોલાવી પણ શકે છે. તો પણ જ્યારે તેઓ બાળક હોય છે ત્યારે તેમનું પાલન-પોષણ પાંચ ધાત્રીઓદ્વારા થાય છે. તેઓ કહે છે કે, અમારે આ બાલ અવસ્થામાં બાળકને યોગ્ય કામો કરવાં છે અને એ પ્રમાણે જગતને શિક્ષા આપવી છે. તેઓ ઉતાવળા હોતા નથી. તેમનામાં શક્તિ હોવા છતાં, શક્તિને ગોપવી રાખે છે, પણ ઉતાવળા થઈ અવસ્થાની વિરુદ્ધ જતા નથી. આ ઉપરથી તમે પણ અવસ્થાનો વિચાર કરો અને ઉતાવળા ન બનો. આજે તમારી ઉતાવળથી બાળકો ઉપર ભણવાનો બોજો કેટલો બધો વધી ગયો છે, જે બાળકોને માટે અસહ્ય છે; પણ તમે તો એમ ચાહો છો કે, કોઈ પણ હિસાબે અમારો છોકરો જલ્દી ભણી જાય તો અમને સહાયક નીવડે ! પણ તમારી એ ઉતાવળથી તમારા બાળકનો વિકાસ કેટલો બધો અધૂરો રહે છે, તેની કેટલી બધી શરીરની હાનિ થાય છે અને તેનું ચારિત્ર કેટલું બધું શિથિલ થઈ જાય છે તેનો તમે વિચાર કરતા નથી.

સુદર્શનના જીવનવિકાસ માટે પાંચ ધાત્રીઓ સિવાય અઢાર દેશની દાસીઓ પણ રાખવામાં આવી હતી. આ ઉપરથી પ્રશ્ન એ થાય છે કે, શું એક દેશની ૧૮ દાસીઓથી કામ ચાલી શકતું નહિ હોય કે અઢાર દેશની દાસીઓ રાખવામાં આવી હતી ? જુદા જુદા અઢાર દેશની દાસીઓ રાખવામાં પણ રહસ્ય રહેલું છે. પ્રત્યેક દેશની દાસી પોત-પોતાના દેશના રીતરિવાજ અને પોતાના દેશની-ભાષા બાળકને રમતગમ્મતમાં જ શીખ-ડાવી દેતી, કે જેથી બાળક રમતાં રમતાં જુદા જુદા દેશની ભાષા શીખી લેતો પછી તેને જુદી જુદી ભાષા શીખવા માટે પુસ્તકો ભણવા પડતાં નહિ ! આ પ્રમાણે આઠ વરસની ઉંમર થતાં સુધીમાં તો બાળક અનેક વાતોથી પરિચિત થઈ જતો, અને પછી આઠ વરસથી વધારે ઉંમર થતાં તે આગળ ભણવા માટે પાઠશાળામાં જતો.

સુદર્શન પાંચ ધાત્રીઓ અને ૧૮ દેશની દાસીઓના સંરક્ષણ નીચે શરીરનો વિકાસ કરતો વૃદ્ધિ પામવા લાગ્યો. આ પ્રમાણે સુદર્શનના જીવનસુધારની ભૂમિકા તૈયાર થવા લાગી.

લોકો કહે છે કે, જૈનશાસ્ત્રોદ્વારા લોકોનો ઉપકાર નહિ પણ અપકાર થયો છે, પણ આ શાસ્ત્રને સમજનાર અને સમજાવનાર બન્નેની ભૂલ છે. જૈનશાસ્ત્રો લૌકિક અને લોકોત્તર દરેક પ્રકારનો સુધાર બતાવે છે, પણ ઉપર જે કાંઈ કહેવામાં આવ્યું છે તે તો કેવળ સુધારની ભૂમિકા છે. સાચો સુધાર તો આગળ થવાનો છે.

સુદર્શન આઠ વરસનો થયો. તેનું સુંદર શરીર અને સરળ સ્વભાવ જોઈ બધા લોકો પ્રસન્ન થવા લાગ્યા અને આ આપણી આશાને સફળ કરશે એમ કહેવા લાગ્યા. બાળકનાં લક્ષણ પારણામાંથી પરખાય છે, એ નીતિ પ્રમાણે સુદર્શનનો સરળ સ્વભાવ અને તેનાં સંસ્કારો જોઈ આ બાળક કેવો ભાગ્યવાન થશે ! એમ સૌ કોઈ કહેતું.

પુત્ર તો તમે પણ ચાહતા હશો ! પણ સંસ્કારી પુત્રની પ્રાપ્તિ માટે તમારે પણ સંસ્કારી બનવું પડશે ! પુત્ર એવો સંસ્કારી હોવો જોઈએ કે જેથી દેશ, સમાજ અને ધર્મનું રક્ષણ થાય ! જો તમે પોતે સંસ્કારી બની તમારા પુત્રમાં ધર્મનાં સંસ્કારો અત્યારથી પાડવાનો પ્રયત્ન કરશો તો તેમાં તમારું પણ કલ્યાણ છે અને તમારા બાળકનું પણ કલ્યાણ છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૧૦ મંગળવાર

### પ્રાર્થના

**પ્રણમૂં 'વાસુપૂજ્ય' જિન નાયક, સદા સહાયક તૂ મેરો;**
**વિષમ વાટ ઘાટ ભય થાનક, પરમાશ્રય સરણો તેરો—પ્રણમું૦ ॥ ૧ ॥**

શ્રી વાસુપૂજ્ય ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પ્રાર્થનાનો વિષય ઘણો વિશાળ છે. કોઇ કહે છે કે, "અમે પ્રાર્થના કરવા તો ચાહિએ છીએ પણ પ્રાર્થનાનો વિષય વિશાળ હોવાથી પ્રાર્થના અમારી સમજણમાં આવતી નથી ! આવી દશામાં અમે કેવી રીતે પ્રાર્થના કરીએ ? પણ જે, પ્રાર્થનાને પોતાની માને છે, તેના હૃદયમાં એવો વિચાર જ આવતો નથી. જેમ કે, તમારા હાથમાં એક વીંટી છે અને તેમાં એક રત્ન જડેલું છે. એ રત્નની કીંમત કેટલી છે તે તમે જાણતા નથી, પણ તમને કોઇ ઝવેરી એમ કહે કે, તમને આ રત્ન ક્યાંથી મળ્યું ? એ તો બહુ અમૂલ્ય છે. ઝવેરીનું આ કથન સાંભળી તમને પ્રસન્નતા થશે કે દુઃખ ? તમને પ્રસન્નતા જ થશે અને એ પ્રસન્નતાનું કારણ તમે એ અમૂલ્ય રત્નને તમારું પોતાનું માનો છો એ છે. જો રત્નને તમારું માનતા ન હોત તો, તમને પ્રસન્નતા કદાચ જ થાત. પણ રત્નને તમે તમારું માનો છો એ કારણે જ તમને ઝવેરીનું કથન સાંભળી પ્રસન્નતા થશે.

તમે જો કે રત્નની કીંમત કેટલી છે તે જાણતા નથી પણ ઝવેરી એ રત્નની કીંમત આંકે છે. એટલું તો જાણો જ છો ! આ જ પ્રમાણે પ્રાર્થનામાં રહેલાં વિશાળ તત્ત્વોને

તમે સમજી ન પણ શકતા હો, તો પણ જો પ્રાર્થનાને તમે તમારી માનતા હશો, તો તમને પણ પ્રસન્નતા થશે. તમે ભલે પ્રાર્થનાનાં વિશાળ તત્ત્વોને સમજતા ન હો, પણ જ્ઞાનીઓ તો પ્રાર્થનાનું એવું મહત્ત્વ બતાવે છે એ તો તમે જાણો જ છો, આ જ પ્રમાણે જો પરમાત્માની પ્રાર્થનાને તમે તમારી માનતા હશો, તો તેમાં રહેલાં વિશાળ તત્ત્વને ન સમજવા છતાં, જ્ઞાનીઓના કથન ઉપર વિશ્વાસ રાખવાથી અતુલ આનંદ મેળવી શકશો.

ભગવાન વાસુપૂજ્યની પ્રાર્થનામાં કેવાં વિશાળ તત્ત્વો રહેલાં છે એને વર્ણવવાની મારામાં શક્તિ નથી. તેમ છતાં પોતપોતાની શક્તિ અનુસાર કાર્ય કરવાનો અધિકાર બધાને છે. જેમ કોયલ આમ્રમંજરીના ગુણોને કહી શકતી નથી, તેમ છતાં યથાસમયે પોતાની શક્તિ અનુસાર કૂજે છે અને પોતાનો ભાવ વ્યક્ત કરે જ છે; તે જ પ્રમાણે સાચો ભક્ત પણ પરમાત્મા અને તેની પ્રાર્થનાનાં બધાં તત્ત્વોને કહી ન શકે, તો પણ પોતાની શક્તિ અનુસાર ગુણગ્રામ કરે છે અને પોતાની ભક્તિનો પરિચય આપે છે. અને જે પ્રમાણે કોયલ નિંદા-પ્રશંસાનો ભય છોડી કૂજે છે અને પોતાનો ભાવ વ્યક્ત કરે છે તે જ પ્રમાણે ભક્ત પણ કોઈની નિંદા-પ્રશંસાની પરવા ન કરતાં પોતાના મનના ભાવો વ્યક્ત કરે છે.

આજે આ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે:—

**ખલ દલ પ્રબલ દુષ્ટ અતિ દારુણ, જો ચોતરફ દિયે ઘેરો ।**
**તદપિ કૃપા તુમ્હારી પ્રભુજી, અરિયન હોય પ્રકટે ચેરો ॥**

સંસારમાં જેમને દુષ્ટ કહેવામાં આવે છે અને જેમનો ઉદ્દેશ બીજાને કષ્ટ આપવાનો જ હોય છે, એવા દુષ્ટો પણ જો ભક્તને તલવાર દ્વારા ડરાવવા ચાહે છે તો પણ સાચા ભક્તો ડરતા નથી. તેઓ તો નિર્ભય થઇ એમ જ વિચારે છે કે, આ દુષ્ટ લોકો તલવાર બતાવી મને શિક્ષા આપે છે. જે પ્રમાણે સાચો વિદ્યાર્થી શિક્ષકની સોટીને પોતાની વિદ્યોન્નતિમાં સહાયભૂત માને છે તે પ્રમાણે સાચા ભક્તો પણ દુષ્ટોની તલવારની ધમકીને પરમાત્માની પ્રાપ્તિમાં સહાયભૂત માને છે, અને પોતાના આત્માને શિક્ષા આપે છે કે "હે! આત્મા! તું સંકટના સમયે ડર નહિ. કારણ કે તું તો અભય છે, અવિનાશી છે અને આ શરીર નાશવાન છે. શરીરનો નાશ થવાથી તને કાંઈ હાનિ પહોંચવાની નથી." સંકટના સમયે જો આ પ્રમાણે આત્માનો વિચાર કરવામાં આવે અને પોતાના નિશ્ચય ઉપર દૃઢ રહેવામાં આવે, તો શત્રુ પોતાની શત્રુતા છોડી મિત્ર તથા શિષ્ય બની જાય છે! એ વાત જુદી છે કે કોઈ આ જ ભવમાં દાસ હોય છે, તો કોઇ *પરભવમાં દાસ હોય છે, પણ જેઓમાં દૃઢ નિશ્ચય હોય છે તેમનું કોઇ કાંઇ બગાડી* શકતું નથી!

પિશાચે કામદેવના શરીરનાં ટૂકડે ટૂકડાં કરી નાંખ્યા હતાં, છતાં તે પોતાના વિચારમાં દૃઢ રહ્યો કે, એ તો મારો મિત્ર છે અને મને ધર્મમાં દૃઢ કરનાર છે, તો પિશાચ પણ દેવ બની તેના શરણમાં આવ્યો અને કહેવા લાગ્યો કે, "હું ઇન્દ્રદ્વારા પણ સુધરી ન શક્યો પણ તમે મને સુધારી દીધો." ધર્મદૃઢતાનાં આવાં બીજાં ઉદાહરણો અન્ય શાસ્ત્રમાંથી પણ મળે છે. પ્રહ્લાદની ઉપર પણ તલવારના ઘા કરવામાં આવ્યા, પણ તે તો તલવારના

ઘા કરનારને પણ પોતાનો મિત્ર માનવા લાગ્યો, એટલે અંતે તલવાર પણ બુઠ્ઠી થઇ ગઇ. આ પ્રમાણે મુનિઓને ઘાણીમાં પીલાવવામાં આવ્યા અને તેમના શરીરની ખાલ પણ ઉતારી લેવરાવવામાં આવી, છતાં એ કષ્ટ આપનારાઓને મુનિઓએ પોતાના મિત્ર માન્યા, તો તેઓને આખરે પોતાના દુષ્કૃત્ય માટે પશ્ચાત્તાપ કરવો પડયો. સાચા ભકતો તો એમ જ વિચારે છે કે, અમને કષ્ટ આપનારાઓ તો અમારા પરીક્ષક છે અને અમારા કામમાં સહાયક છે એટલા માટે તેઓ અમારા સાચા મિત્ર જ છે.

કહેવાનો આશય એ છે કે, જેઓ પરિષહને–સંકટોને ધર્મની કસોટી માને છે અને સંકટોથી ગભરાઇ જતા નથી તેઓ જ પરમાત્માની સાચી પ્રાર્થના કરી શકે છે! જે કષ્ટના સમયે પણ ગભરાતો નથી અને પરમાત્માની એકનિષ્ઠાએ પ્રાર્થના કરે છે તેનું કલ્યાણ જ થાય છે.

જેઓ પરમાત્માની અખંડ પ્રાર્થના કરે છે, તેઓ પ્રાર્થનામાં કેટલાં ગુણો રહેલાં છે તે જાણી શકે છે. પ્રાર્થનામાં સર્વ પ્રથમ દૃઢતાની આવશ્યક્તા રહે છે! જે ગભરાઈ જાય છે તે કાંઈ કરી શકતો નથી. જે દૃઢતાપૂર્વક પરમાત્માની પ્રાર્થના કરે છે, તે પોતાનું પણ કલ્યાણ કરી શકે છે, તથા બીજાનું પણ કલ્યાણ કરી શકે છે! ભયભીત માણસ કાંઇ કરી શકતો નથી; પણ જે નિર્ભય વીર પુરુષ હોય છે તે નિર્ભયતાપૂર્વક પરમાત્માની પ્રાર્થના કરે છે અને પોતાનું તથા બીજાનું કલ્યાણ સાધી શકે છે. એવો નિર્ભય વીરપુરુષ જે ભૂમિ ઉપર પગ મૂકે છે તે ભૂમિ પણ ધન્ય માનવામાં આવે છે અને જે તેમના દર્શન કરે છે કે તેમની વાણી સાંભળે છે, તે પણ ધન્ય માનવામાં આવે છે. એટલા માટે નિર્ભય થઈ પરમાત્માની અખંડ પ્રાર્થના કરો તો તમે પ્રાર્થનામાં રહેલાં તત્ત્વોને પણ જાણી શકશો અને દુઃખથી વિમુક્ત પણ થઈ શકશો.

## અનાથી મુનિનો અધિકાર—૧૭

રાજા શ્રેણિકે મુનિની પાસે બહુ દૂર નહિ તેમ બહુ નજદીક નહિ એમ મર્યાદા-પૂર્વક બેસી મુનિને પ્રશ્ન પૂછયો કે, આપની આ અવસ્થા તો ભોગ ભોગવવાને લાયક છે, છતાં આપે સંયમ શા માટે ધારણ કર્યો? રાજા મુનિની યોગ્યતા જાણતો હતો કે, આ મુનિ ક્ષમાશીલ, નિર્લોભી અને વિચારક છે તો મારી શંકાનું સમાધાન કરશે એમ ધારીને જ રાજાએ ઉપરનો પ્રશ્ન પૂછયો હતો.

રાજાના પ્રશ્ન ઉપરથી તો એવું લાગે છે કે, જાણે તે સંયમને ઠીક સમજતો ન હોય! આજે પણ કેટલાક લોકો સંયમને ખરાબ માને છે, સાધુઓની નિંદા કરે છે અને સાધુઓનો સમાજ ઉપર ભાર છે એમ સમજે છે. આનું એક કારણ એ પણ છે કે, કેટલાક લોકો સંયમ ધારણ કરી પછી સાધુવેશમાં રહેવા છતાં ખરાબ કામો કરે છે! આવા ભ્રષ્ટ લોકોની પાછળ, જેઓ સંયમનું બરાબર પાલન કરે છે, તેઓની પણ નિંદા થાય છે, પણ એમ કરવું તે અનુચિત છે. એ વાત ખરી છે કે સાધુવેશ ધારણ કરનારાઓ કેટલાંક ખરાબ કામો કરે છે, પણ જેઓ એમ કરે છે તેઓ સાધુઓ નથી, 'તેઓ તો પાપશ્રમણ છે.' તેમને કારણે સાચા સાધુઓની શા માટે નિંદા થવી જોઈએ? કદાચ

કોઇ કહે કે સાચો સાધુ કોણ છે અને પાપશ્રમણ કોણ છે, એની અમને શી ખબર પડે? તો આનો ઉત્તર એ છે કે, કયો સાધુ સારો છે અને કયો સાધુ ખરાબ છે એનો વિવેકબુદ્ધિએ નિર્ણય કરો!

દૂધ અને પાણીની માફક જે સત્ય અને અસત્યનો નિર્ણય કરે છે તે વિવેક છે. વિવેક કરવાથી સાચા સાધુ અને ખરાબ સાધુની પરીક્ષા થઈ જશે! વિવેક કર્યા વિના બધા સાધુઓ ખરાબ જ હોય છે અને સાધુઓ કરતાં ગૃહસ્થો સારાં હોય છે, એમ એકતરફી નિર્ણય કરી લેવો એ અનુચિત છે. સાચા સાધુની નિંદા કરવી એ સદ્‌ગુણોની નિંદા કરવા બરાબર છે. જે સાધુની નિંદા કરે છે તે શું અહિંસાની નિંદા કરતો નથી? જે હિંસા કરે છે, અસત્ય બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે, કે દ્રવ્યસંગ્રહ કરે છે તે સાધુ છે કે જે અહિંસા પાળે છે, સત્ય બોલે છે, ચોરી કરતા નથી, બ્રહ્મચર્ય પાળે છે, અને જેઓ પોતાની પાસે એક પાઈ પણ રાખતા નથી તે સાધુ છે? સાચા સાધુ તો પાંચ મહાવ્રતધારી હોય છે. આવી દશામાં જે સાધુની નિંદા કરે છે તે શું અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય કે અપરિગ્રહની નિંદા કરતો નથી? કદાચ કોઈ કહે કે કેટલાક સાધુઓ હિંસા કરે છે, અસત્ય બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે કે પૈસો પોતાની પાસે રાખે છે, પણ જેઓ આવું અસદાચરણ સેવે છે, તેઓ શું સાધુ છે? જો નહિ તો, પછી એવા અસાધુઓને કારણે સાધુઓની નિંદા કેમ કરો છો? તમે એમ કહો કે અસાધુઓ ખરાબ હોય છે, પણ સાધુઓ ખરાબ હોય છે એમ કેમ કહો છો? આજકાલ કલચર–બનાવટી રત્નો પણ નીકળ્યાં છે રત્નો બનાવટી પણ હોય છે એ વિચારથી કોઈ જો બધાં રત્નોને ખોટા કહે તો તે શું યોગ્ય કહેવાશે! આ જ પ્રમાણે અસાધુઓને કારણે બધાં સાધુઓને ખરાબ કહેવા એ કયાંસુધી ઠીક છે એનો તમે વિચાર કરો.

હું સાધુઓને પણ કહું છું કે, મહાત્માઓ! હવે જાગ્રત થાઓ. અત્યારે ધર્મની નિંદા થઈ રહી છે. અને એ નિંદાનો ભાર તમારા ઉપર આવી પડયો છે. માટે સાવચેત થાઓ અને તમે શું કરી રહ્યા છો તેનો વિવેક દૃષ્ટિએ વિચાર કરો! આ પ્રમાણે મહાત્માઓને પણ મારું કહેવું છે, પણ સાથે સાથે તમને પણ કહું છું કે, તમે અસાધુઓને કારણે સાધુઓની નિંદા કરો છો, એટલા માટે આ વિષે વિચાર કરો અને સાધુ અને અસાધુને ઓળખવાનો વિવેક કરો!

રાજા શ્રેણિક તો મુનિને સાધુ જ સમજતો હતો એટલે તેણે તેમના ગુણોની પ્રશંસા કરી તેમને નમસ્કાર-વંદન કરી પ્રશ્ન પૂછયો કે, તમે આ ભોગ ભોગવવાની અવસ્થામાં–આવી ભરજુવાનીમાં સંયમ શા માટે ધારણ કર્યો! એ હું જાણવા ચાહું છું.

જો કોઈ બીજો હોત તો રાજાનો આ પ્રશ્ન સાંભળી એમ કહી દેત કે, "ચાલ! ચાલ! તારે અમારા સાધુઓના કામમાં વચ્ચે પડવાની શી જરૂર છે! તારું કામ તો રાજ્ય ચલાવવાનું છે; તું સાધુઓની વાતોમાં શું સમજી શકે!" પણ અનાથી મુનિએ રાજાના એ પ્રશ્નને ન તુચ્છકારતાં કેવો જવાબ આપ્યો તે જુઓ! આ જૈન સાધુઓનું ચરિત્ર છે. મારામાં તો એવી શક્તિ નથી કે અનાથી મુનિનો તમને

બહુ પરિચય આપી શકું ! પણ આજે તેઓ હોત તો જેવો આનંદ ગણધરોએ રચેલા આ ચરિત્રદ્વારા મળી રહ્યો છે તેવો આનંદ આવત કે નહિ ? ગણધરોની કૃપાથી જ તેમનું ચરિત્ર આપણને જાણવા મળી રહ્યું છે. અનાથી મુનિએ તો એક રાજા શ્રેણિકનો જ સુધાર કર્યો હશે, પણ ગણધરોની કૃપાથી આજે તેમનું જે ચરિત્ર આપણી સામે છે, તે ચરિત્રદ્વારા ન જાણે કેટલા બધા જીવોનો સુધાર થતો હશે ! ઘણા લોકો તો આ અધ્યયનનો હમેશાં સ્વાધ્યાય કરે છે, પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ પણ પ્રાયઃ હમેશાં આ અધ્યયનનો સ્વાધ્યાય કરતા હતા. વાસ્તવમાં આ અધ્યયન પણ સ્વાધ્યાય કરવા જેવું છે.

રાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં મુનિએ કહ્યું કેઃ—

**अणाहोमि महाराय ! णाहो मज्झ न विज्जई ।**
**अणुकंपगं सुहिं वावि, किंचि नाभिसमेमहं ॥ ९ ॥**

હે ! મહારાજા ! હું અનાથ હતો. મારું કોઈ રક્ષણ કરનાર ન હતું. તેમ કોઈ મારું પાલન કરનાર ન હતું. એટલા માટે મેં સંયમ ધારણ કર્યો.

નાથ કોને કહેવાય એ પહેલાં જોઈએ. જે યોગ અને ક્ષેમ કરે છે તે નાથ છે. અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરવી તે યોગ છે, અને પ્રાપ્ત થએલી વસ્તુની રક્ષા કરવી તે ક્ષેમ છે. આ પ્રમાણે જે પ્રાપ્ત નહિ થએલી વસ્તુને પ્રાપ્ત કરાવે અને પ્રાપ્ત થએલી વસ્તુની રક્ષા કરે તે નાથ છે.

અનાથી મુનિ કહે છે કે, " મારે કોઈ નાથ ન હતો, કોઇ મારું રક્ષણ કરનાર ન હતું, તેમ કોઈ ધર્મ સમજીને પણ મારી ઉપર અનુકંપા-દયા કરનાર પણ ન હતું ! સંકટના સમયે કામ લાગે તેવો મારે કોઈ મિત્ર પણ ન હતો. આ પ્રમાણે મારી રક્ષા કરનાર કોઈ ન હોવાથી મેં સંયમ ધારણ કર્યો.

મુનિના આ ઉત્તરથી તો સાધારણ રીતે લોકો એવો ખ્યાલ કરે કે, કોઈ રખડતો માણસ હશે, તેને ખાવા-પીવાની, સુવા-બેસવાની અગવડતા હશે, અને કોઈ તેની રક્ષા કરતું નહિ હોય એટલે દીક્ષા લઈ લીધી હશે. અથવા " નારી મુઇ ગૃહ સમ્પતિ નાશી, મુંડ મુંડાય ભયે સંન્યાસી " —એ કથનાનુસાર સ્ત્રી મરી ગઈ હશે અને સંપત્તિ બધી નાશ પામી હશે એટલે માથું મુંડાવી દીક્ષા લઈ લીધી હશે !

રાજાને પણ મુનિનો ઉત્તર સાંભળી આશ્ચર્ય થયું હશે, અને તેને મનમાં લાગ્યું હશે કે, હજી તો એવો કલિયુગનો સમય આવ્યો નથી કે કોઇ દયાળુ અનાથની રક્ષા ન કરે ! આજે પણ કોઈ એવો અનાથ તમારી જોવામાં આવે છે તો તેને તમે અનાથાલયમાં મોકલી આપો છો. આવા કલિયુગમાં જ્યારે અનાથો માટે સગવડતા મળી આવે છે, તો ત્યારે તો, ચોથો આરો હતો, એટલે તે વખતે અનાથો માટે એવી ખરાબ સ્થિતિ કેમ હોઈ શકે ? એટલા જ માટે રાજાને પણ મુનિનો ઉત્તર સાંભળી ઘણું આશ્ચર્ય થયું.

આ ગાથાના ચોથા ચરણમાં પાઠાંતર ભેદ છે. એકમાં **किंचि नाई सुम्मेमहं** એવો પાઠ છે જ્યારે બીજામાં **किंचि नाभिसमेमहं** એવો પાઠ છે. આ પાઠમાં આવેલો

**नाह** શબ્દનો અર્થ તો રાજાની સાથે સંબંધ ધરાવે છે અને ત્યાં 'રાજા તું સમજ' એવો અર્થ થાય છે, અને **नास्मि** શબ્દનો અર્થ મુનિની સાથે સંબંધ ધરાવે છે, અને ત્યાં 'મારી ઉપર જરાપણ અનુકંપા કરનાર કોઈ ન હતું' એવો તેનો અર્થ થાય છે.

મુનિનો ઉત્તર સાંભળી રાજા આશ્ચર્યમાં પડી ગયો કે, આ તો આવી ઋદ્ધિથી સંપન્ન છે છતાં પોતે અનાથ છે અને પોતાની અનાથતાને કારણે સંયમ ધારણ કર્યો છે એમ કેમ કહે છે! એમનું આ કથન તો એના જેવું છે કે 'ચિન્તામણિ કહે કે મને કોઈ રાખતું નથી, કલ્પવૃક્ષ કહે કે મારો કોઈ આદર કરતું નથી' અને કામધેનુ કહે કે મને કોઈ ઉભવા સ્થાન આપતું નથી! જેમ ચિન્તામણિ, કલ્પવૃક્ષ કે કામધેનુને કોઈ આદર આપતું નથી એ કથન અસંભવ જેવું છે, તેમ આ મુનિ કે જેમના શરીરમાં શંખ, ચક્ર, પદ્મ આદિ શુભ લક્ષણો છે એમને કોઈ નાથ ન હોય, કોઇ રક્ષક ન હોય કે એમને કોઈ મિત્ર ન હોય એ કેમ બની શકે?

કવિઓ કહે છે કે, હંસથી કદાચ વિધાતા નારાજ થાય તો તેને રહેવાનું કમલવન ઉજ્જડ કરી શકે, કે તેને માનસ સરોવરમાં રહેવાનો પ્રતિબંધ કરી શકે, પણ તેની ચાંચમાં દૂધ અને પાણીને જુદા કરવાનો જે ગુણ છે તેને તે પણ છીનવી શકે નહિ.

આ જ પ્રમાણે રાજા મુનિને કહે છે કે, "તમે આવા ઋદ્ધિમાન હોવા છતાં અનાથ હતા એ કેમ માની શકાય? હું એ વિષે પ્રશ્નોત્તરમાં ન પડતાં તમને એટલું જ કહું છું કે તમે મારી સાથે ચાલો, હું તમારો નાથ બનું છું. મારા રાજ્યમાં કોઈ પ્રકારની ખામી નથી." રાજાની માફક તમારે પણ વિવેક રાખવાની જરૂર છે. કોઈ વાત સમજમાં ન આવે કે તમને ઠીક ન લાગે તો એકદમ કોઇ ઉપર આક્ષેપ ન કરો!

હવે હું જુનાગઢ દિવાન સાહેબને થોડુંક કહું છું. પચ્ચીસ માણસો જઈ રહ્યા હોય અને તેમાંથી એકના માથા ઉપર ઘણો બોજો હોય અને તે વાંકો વળી જતો હોય તો તમે કોની તરફ જશો? જેમના માથે ભાર છે તેની તરફ જશો. આ જ પ્રમાણે દિવાન સાહેબ ઉપર સંસારનો બોજો વધારે છે. એટલા માટે તેમને એ શબ્દો કહું છું. દિવાન સાહેબની સાથે મારે કાંઈ લેવા દેવા નથી; પણ તેમનો બોજો થોડોક હલકો થાય એટલા માટે કાંઈક કહું છું, અને જે કાંઈ કહું છું તે તમને બધાને માટે હિતકારી છે માટે મારા કથન ઉપર તમે પણ ધ્યાન આપો.

સાંભળ્યું છે કે, મલબારથી સાગનાં લાકડાં અત્રે લાવવામાં આવે છે. જ્યારે તે લાકડાં દરિયામાં પડેલાં હોય છે ત્યારે તેને એક દોરી બાંધીને એક બાળક પણ જ્યાં ચાહે ત્યાં ફેરવી શકે છે. પણ જ્યારે તે લાકડાંને પાણીની બહાર કાઢવામાં આવે છે ત્યારે તેને ઉપાડવા માટે કેટલા બધા માણસો કામે લાગે છે? આમ થવાનું કારણ શું છે! આનું કારણ એ છે કે, જ્યારે લાકડું દરિયામાં હોય છે ત્યાંસુધી તેનો આધાર દરિયો હોય છે! બહાર કાઢ્યા બાદ દરિયાનો આધાર રહેતો નથી! આ જ પ્રમાણે તમે પણ તમારા વિષે વિચાર કરો. સંસારવ્યવહારનો બોજો હલકો કરવા માટે તમે તમારો બોજો પરમાત્મારૂપી દરિયાને સોંપી દો તો તમે બધાં કામો સરલતાપૂર્વક કરી શકશો. સંસાર

વ્યવહારમાં રહેવા છતાં પોતાનો જીવનવિકાસ કેવી રીતે સાધી શકાય છે એ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું.

વૃક્ષ ઉપર વાંદરાઓ પણ બેસે છે અને પક્ષીઓ પણ બેસે છે. કદાચિત્ વૃક્ષ તૂટી પડે તો દુઃખ કોને થાય! વાંદરાને જ દુઃખ થાય. કારણ કે પક્ષીઓનો આધાર કાંઈ વૃક્ષ જ નથી, પણ તેને પાંખો હોવાથી જ્યાંસુધી વૃક્ષ હોય છે ત્યાંસુધી તેના ઉપર બેસે છે, પણ જ્યારે તે પડવા લાગે છે ત્યારે તે ઉડી જાય છે. આ જ પ્રમાણે સંસારવૃક્ષ ઉપર એક ધર્મને જાણનાર અને બીજો ધર્મને નહિ જાણનાર બન્ને બેસે છે; પણ ધર્મને જાણનારને આ સંસારવૃક્ષ પડી જવાથી હું દબાઈ જઈશ એવો ભય રહેતો નથી. તે તો એમ જ વિચારે છે કે "આ સંસારવૃક્ષ જ મારો આધાર નથી તો કદાચિત આ સંસારવૃક્ષ પડી જશે તો ધર્મરૂપી પાંખોદ્વારા હું ઉડી જઈશ," આ પ્રમાણે ધર્મનો આધાર રાખવાથી કોઈ પ્રકારનો ભય રહેતો નથી. તમે પણ આ પ્રમાણે સંસારનો નાશ માની અને આ ધન–ધાન્ય આદિ પદાર્થો સદાને માટે રહેવાનાં નથી એમ સમજી ધર્મની સેવા કરશો તો આ સંસાર પણ તમને ભારરૂપ લાગશે નહિ.

ધર્મનો આધાર કેટલો બધો સહાયભૂત નીવડે છે એ વાત નીચેની કથાદ્વારા સમજાવું છું.

## સુદર્શન ચરિત્ર—૧૭

**કલા બહોત્તર અલ્પકાલમેં, સીખ હુઆ વિદ્વાન ।**
**પ્રૌઢ પરાક્રમી જાન પિતાને, કિયા વિવાહ વિધિ ઠાન. ।। ૨ ધન૦ ।। ૧૬ ।।**

સંસારની બધી ઋદ્ધિ મળે પણ શીલની સિદ્ધિ ન મળે તો એ બધી ઋદ્ધિમાં ધૂળ છે. આથી વિરુદ્ધ શીલની સિદ્ધિ મળે અને કોઇ પ્રકારની ઋદ્ધિ ન મળે તો કાંઈ વાંધો નહિ! કોઇને ચિંતામણિ રત્ન મળી જાય તો શું તેને શેર કે બે શેર ચણાની ખામી રહી શકે? પરંતુ આજના લોકો શીલને મોટું માનતા નથી પણ ભોગને મોટું માને છે. આ કારણે ભોગની સામગ્રી ન મળવાને કારણે લોકો રડવા લાગે છે.

શીલનો અર્થ સદાચાર થાય છે. પાપથી બચવું એ સદાચારનો અર્થ છે. સંક્ષેપમાં હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, મદિરાપાન એ બધાં પાપો છે. આ પાંચ દુર્ગુણોમાં પ્રાયઃ બધાં પાપોનો સમાવેશ થઇ જાય છે. જેઓમાં આ દુર્ગુણો નથી તેઓમાં કોઇ પ્રકારનું પાપ રહી શકતું નથી. જેમ દીપકના પ્રકાશની આગળ અંધકાર રહેતો નથી તેમ શીલના પ્રકાશની આગળ પાપનો અંધકાર રહી શકતો નથી! પણ પાપનો અંધકાર દૂર કરવા અને શીલનો પ્રકાશ પ્રગટાવવા માટે પુરુષાર્થ કરવાની પણ જરૂર છે. પુરૂપાર્થથી જ પાપથી બચી ધર્મનું આરાધન થઈ શકે છે. આ વાત પ્રસ્તુત કથાથી વધારે સ્પષ્ટ થશે. સુદર્શને પૂર્વભવમાં થોડા જ સમયમાં પોતાનો ઘણો વિકાસ સાધી લીધો હતો. ઉપલક દૃષ્ટિએ તો નવકારમંત્ર ઉપર વિશ્વાસ રાખવાથી તેને મરવું પડયું, પણ આગળ જે ઋદ્ધિનું વર્ણન છે, તે ઋદ્ધિ નવકારના પ્રતાપથી જ તેને મળી હતી.

પાંચ ધાત્રીઓ અને અઢાર દેશની દાસીઓના સંરક્ષણ નીચે સુદર્શન વૃદ્ધિ પામવા લાગ્યો. થોડા સમયમાં તે અઢાર દેશની ભાષા, રહેણી કરણી વગેરેથી પરિચિત થઈ ગયો.

જ્યારે તે આઠ વરસની ઉંમરનો થયો ત્યારે તેના પિતાએ વિચાર્યું કે, સુદર્શનને હવે નિશાળમાં ભણાવવા મોકલવો જોઇએ કે જેથી તે ભણીગણી હોશિયાર થાય અને જીવનને સુખમય બનાવવા માટે સંસારનો ભાર વહન કરવા માટે તથા ધર્મદ્વારા આત્માનું કલ્યાણ કરવા સમર્થ થાય! એક કવિએ કહ્યું છે કેઃ—

**माता शत्रु पिता वैरी, येन बालो न पाठ्यते ।**
**न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥** —હિતોપદેશ

અર્થાત્—તે માતાપિતા શત્રુ છે કે જેઓ પોતાના બાળકોને ભણાવતા નથી. જેમ હંસોની સભામાં બગલાઓ શોભતા નથી તેમ વિદ્વાનોની સભામાં અભણ બાળકો પણ શોભતા નથી. તમે હંસ જેવા પુત્રો ચાહો છો કે બગલા જેવા? તમે કહેશો કે, અહીં રાજકોટમાં પ્રાયઃ બધા ભણેલા છે; તો પછી અહીં એ પ્રશ્ન જ ઉભો થતો નથી! પણ જેઓ ભણેલા છે તેમની શિક્ષાદીક્ષા કેવી છે તે જરા જુઓ. સાચી શિક્ષા કેવી હોવી જોઈએ એ વિષે કહ્યું છે કેઃ—**सा विद्या या विमुक्तये** અર્થાત્-જે બંધનોથી મુક્ત કરે તે જ વિદ્યા છે. શું આજકાલની શિક્ષા આવી છે? આજકાલની શિક્ષા વ્યવહારમાં પણ રક્ષા કરવાને માટે સમર્થ નથી, તો પછી બીજી વાત વિષે કહેવું જ શું? આજે દશ બી. એ. ડિગ્રી પાસ થએલ વિદ્યાર્થીઓ ફરવા જતા હોય અને રસ્તામાં કોઇ ચોર-બદમાશ મળી જાય તો શું તેઓ પોતાની પણ રક્ષા કરી શકશે? ભાગી તો નહિ જાય ને? સાંભળ્યું છે કે, એક સાપના ભયથી આઠ માણસો મરણ પામ્યા. જો તેઓમાંથી એકે પણ સર્પને પકડવાનો આત્મભોગ આપ્યો હોત તો બધાને સર્પના ભયથી મરી જવું ન પડત! પણ આજકાલ આત્મબળને વધારી આત્મભોગ આપનારા બહુ ઓછા લોકો છે! કેવળ વાતો કરનારા છે. કહ્યું છે કેઃ—

"આઓ મિયાંજી ખાના ખાઓ, કરો બિસમિલ્લાં હાથ ધુલાઓ ।
આઓ મિયાંજી છપ્પર ઉઠાઓ, હમ બુઢ્ઢે જવાન બુલાઓ ॥"

આજના લોકો કહેવતમાં કહ્યા પ્રમાણે મિયાંજી ખાવાને વખતે તો જુવાન થઈ જાય છે પણ કામ કરવાના સમયે ઘરડા થઈ જાય છે! આવી અવસ્થામાં આજના લોકો પોતાનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ કેવી રીતે કરી શકશે! એક ભાઇ કહેતા હતા કે, આજકાલ તો ઘેર ઘેર તાવે ઘર ઘાલ્યું છે. મેં તેને જવાબ આપ્યો કે, જ્યારે તાવને આમંત્રણ આપવામાં આવે તો તે શા માટે ન આવે? અમે કહીએ છીએ કે ખાવા પીવામાં વિવેક રાખો અને અઠવાડિએ-પખવાડિએ શરીરશુદ્ધિ માટે ઉપવાસ કરો પણ ખાવા-પીવામાં વિવેક રાખવામાં આવતો નથી જેથી તાવ ખસતો નથી. જો ખાવા-પીવામાં ધ્યાન રાખવામાં આવે અને ઉપવાસ કરવાની ટેવ પાડવામાં આવે તો તાવ કેમ આવે?

કહેવાનો આશય એ છે કે, વિદ્યા એ નથી કે, જે ડરાવે, નિર્બલ બનાવે કે રોગી બનાવે. પણ વિદ્યા તે છે કે જે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બંધનોથી મુક્ત કરે! દરેક પ્રકારનાં બંધનોથી મુક્ત કરનાર સંસ્કારનું નામ જ વિદ્યા છે.

સુદર્શનમાં સારાં સંસ્કારો પાડવામાં આવ્યાં. આઠ વરસ પહેલાં કોઈ બાળકને પુસ્તકીયું જ્ઞાન આપવું તે તેની શક્તિના વિકાસને રુંધવા સમાન છે. એ વાતને આજના વિદ્વાનો પણ માને છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

**" साइरेगं अट्ठवासजायेणं कलायरियं उवणवइ "** ।

અર્થાત્—આઠ વરસની ઉપરનો થયો ત્યારે તેને કલાચાર્યને સોંપવામાં આવ્યો. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે આઠ વરસ પહેલાં બાળકને રમતગમતમાં જ એવી શિક્ષા આપવામાં આવતી કે જેથી તેની શક્તિનો વિકાસ પણ રુંધાતો નહિ અને રમતમાં ને રમતમાં જ તેને ઘણી વાતો શીખડાવવામાં આવતી હતી.

સુદર્શન જ્યારે આઠ વરસની ઉંમરનો થયો એટલે તેને કલાચાર્યની પાસે ભણવા બેસાડવામાં આવ્યો. જે માબાપો પોતાના બાળકને ભણાવતા નથી તેઓ બાળકના શત્રુ માનવામાં આવે છે. આ જ પ્રમાણે જે માબાપો બાળકોની શક્તિનો પૂરેપૂરો વિકાસ થવા પહેલાં જ પરણાવી દે છે અને છોકરાને બાળપણમાં પરણાવી વહુનો લ્હાવો લેવા માટે પોતાના બાળકને અશિક્ષિત રાખે છે, તે માબાપો બાળકના હિતેચ્છુ નહિ પણ શત્રુ માનવામાં આવે છે.

શાસ્ત્ર કહે છે કે, પહેલાં આઠ વરસની ઉંમરના બાળકને કલાચાર્ય પાસે ભણવા મોકલવામાં આવતો. ત્યાં કલાચાર્ય બાળકને ૭૨ કલાનું શિક્ષણ આપતા. શ્રી જ્ઞાતાસૂત્રમાં ૭૨ કલાનું વર્ણન આવે છે. ૭૨ કલાનું શિક્ષણ મેળવ્યું એને દ્રવ્ય પરિક્રમ કહેવામાં આવે છે. છોકરાને ૭૨ કલા અને છોકરીને ૬૪ કલા શીખડાવવામાં આવતી. આ પ્રમાણે સંતાનોને કલાની શિક્ષા આપી તેમનો દ્રવ્ય પરિક્રમ કરવામાં આવતો. આ કલાશિક્ષણમાં યુદ્ધ કરવું, શકુન જાણવું, વેપાર કરવો વગેરે દરેક પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું. કદાચ કોઈ કહે કે, યુદ્ધ કરવું એ તો રાજાનું કામ છે તો રાજાનો પુત્ર યુદ્ધ કરવાનું ભલે શીખે પણ શ્રાવક કે વ્યાપારીના પુત્રે યુદ્ધ કરવાની શિક્ષા મેળવવાની શી જરૂર છે? પણ શાસ્ત્રમાં સમુદ્રપાલ વિષે કહેવામાં આવ્યું છે કેઃ—

**"बोवत्तरी कलाविये सिक्खिए नीइकोविय जावणे नयसम्पन्ने सुरूवे पियदंसणे ।"**

અર્થાત—પાલિત શ્રાવકે પોતાના પુત્ર સમુદ્રપાલને ૭૨ કલાઓનું શિક્ષણ આપી નીતિનિપુણ બનાવ્યો. શાસ્ત્ર કહે છે કે, પાલિત કેવળ નામનો જ શ્રાવક ન હતો પણ નિર્ગ્રન્થ-પ્રવચનનો પંડિત હતો તેમ છતાં તેણે પોતાના પુત્રને ૭૨ કલાઓનું શિક્ષણ અપાવ્યું હતું. ૭૨ કલાઓનું શિક્ષણ આપવામાં એમ ન હતું કે, ધર્મને જુદો રાખવામાં આવે અને કલાને જુદી રાખવામાં આવે, પણ ધર્મનું દૃષ્ટિબિન્દુ લક્ષ્યમાં રાખી કલાનું શિક્ષણ આપવામાં આવતું. આજની શિક્ષા તો એવી આપવામાં આવે છે કે જાણે ધર્મનો શિક્ષાની સાથે કાંઈ સંબંધ જ ન હોય, તેમ શિક્ષિતો ધર્મના શત્રુ બની જાય છે; પણ ધર્મનું જીવનમાં કેટલું મહત્ત્વનું સ્થાન છે તે જાણવા પ્રયત્ન કરતા નથી. જો તેઓ ધર્મતત્ત્વને જાણવાનો પ્રયત્ન કરે તો ધર્મ જરૂર તેમને જીવનોપયોગી જણાયા વિના નહિ રહે! ધર્મ એ કાંઈ બહારથી આવતો નથી, પરંતુ એ તો અંદરની વસ્તુ છે. ખરાબ કામોમાંથી બચવું અને સદાચારની સાથે સંબંધ જોડવો એનું જ નામ ધર્મ છે. દરેક

કાર્યમાં વિવેક રાખવામાં આવે તો ધર્મનું આરાધન સરળતાપૂર્વક થઈ શકે છે. જેમકે કાનોથી ધર્મનું શ્રવણ પણ થઈ શકે છે અને કામોત્તેજક ગાનતાન પણ સાંભળી શકાય છે. આ જ પ્રમાણે આંખો દ્વારા સત્પુરુષોનું દર્શન પણ કરી શકાય છે અને ખરાબ દશ્યો પણ જોઈ શકાય છે. પણ જો વિવેક રાખવામાં આવે તો કાન અને આંખોનો સદુપયોગ કરી પાપથી બચી શકાય છે અને ધર્મનું આરાધન પણ થઈ શકે છે. આ પ્રમાણે દરેક વાતમાં વિવેક રાખવામાં આવે તો ધર્મનું આરાધન સરળતાપૂર્વક થઈ શકે છે.

સુદર્શન થોડાં જ વર્ષોમાં ૭૨ કલાઓમાં પારંગત થઈ ગયો. થોડાં વર્ષોમાં બધી કલાઓમાં પારંગત થઈ જવું એમાં પૂર્વજન્મનાં સંસ્કારો પણ કારણભૂત છે. સાંભળ્યું છે કે, એક સાત વર્ષનો છોકરો એવું સરસ સંગીત જાણે છે કે, તેના જેવું મોટા મોટા સંગીતાચાર્યો પ્રયત્ન કરવા છતાં પણ જાણી શક્યા નહિ. આનું કારણ પૂર્વજન્મનાં સંસ્કારો છે. આ પ્રમાણે જેમનાં પૂર્વજન્મનાં સંસ્કારો પણ સારાં રહે છે તે થોડામાં વિશેષ જાણી શકે છે. એટલા માટે ધર્મ અને નીતિની શિક્ષાની આવશ્યકતા રહે છે. કેવળ પૂર્વ સંસ્કારોને આધારે બેસી રહેવું ન જોઈએ તેમ પૂર્વ સંસ્કારોને ભૂલી પણ જવા ન જોઈએ. પણ નિશ્ચય અને વ્યવહાર તથા ધર્મ અને નીતિ એ બન્નેનો સમન્વય કરી આગળ વધવું ઠીક છે.

ધર્મ અને નીતિ એ બન્ને જીવનરથનાં ચક્રો છે. એક પણ ચક્ર ભાંગેલું કે તુટેલું હોય તો જીવનરથ આગળ ચાલી શકતો નથી; તે પ્રમાણે નીતિ અને ધર્મ તથા વ્યવહાર અને નિશ્ચય એ બન્નેની આવશ્યકતા રહે છે. જે વૃક્ષનું બીજ (મૂળ) જ સડી ગએલું હોય છે તેને સુધારવું મુશ્કેલ છે. પણ જેનું બીજ સારું છે (મૂળ મજબૂત હોય છે) પણ વૃક્ષ સડી ગયું હોય છે તે વૃક્ષને સુધારવું મુશ્કેલ નથી ! આ જ પ્રમાણે જેમનાં પૂર્વ સંસ્કારો સારાં હોય તેમનો વિકાસ પણ જલ્દી થાય છે, પણ જેમનાં પૂવ સંસ્કારો સારાં હોતાં નથી તેમનો વિકાસ પણ જલ્દી થઈ શકતો નથી. હવે કોઈ એમ કહે કે અમારો પૂર્વભવ તો ચાલ્યો ગયો, એટલા માટે આ ભવ પૂર્વ ભવનાં સંસ્કારો પ્રમાણે જ વ્યતીત થશે, તો આ ભવમાં પુરુષાર્થ કરવાની શી આવશ્યકતા છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, તમે મકાન બનાવો છો તે કાંઈ તમારા માટે જ બનાવતા નથી, પણ તમારી ભાવિ પ્રજાના ઉપયોગમાં પણ એ મકાન આવે એવું બનાવો છો; તે જ પ્રમાણે ધર્મ ઉપર પણ વિશ્વાસ રાખો કે, આ ધર્મરૂપ ધન આ જન્મમાં નહિ તો આગળના જન્મમાં કામ આવશે. શેઠે સુભગને જે નવકારમંત્ર શીખડાવ્યો હતો તે શું આગળના જન્મમાં તેના ઉપયોગમાં ન આવ્યો ! જો શેઠ સુભગને નવકારમંત્ર શીખડાવત નહિ, અને જેમ બીજા લોકો 'શૂદ્રો મંત્રના અધિકારી નથી' એમ કહે છે, તેમ શેઠે પણ "સુભગને તું પણ મંત્રનો અધિકારી નથી એમ કહી, તેને નવકારમંત્ર શીખડાવ્યો ન હોત તો શું સુભગનો આગળનો જન્મ સુધરી શકત ? પણ કોઇને ધર્મવિમુખ રાખવા એ ધર્માત્માઓનું કામ નથી. ધર્માત્મા પોતે પણ સુખી થાય છે અને બીજાને પણ સુખી બનાવે છે. આ પ્રમાણે વિચાર કરી તમે પણ શુદ્ધ રહો અને બીજાને પણ શુદ્ધ કરો તો તેમાં સ્વ સાથે પરનું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૧૧ બુધવાર

### પ્રાર્થના

**વિમલ જિનેશ્વર સેવિએ, થારી બુદ્ધિ નિર્મલ હોય જાય રે;**
**જીવા ! વિષયવિકાર વિસારને, તૂ મોહની કર્મ ખપાય રે;**
**જીવા! વિમલ જિનેશ્વર સેવિએ. ॥ ૧ ॥**

શ્રી વિમલનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના કરતાં ભક્તોએ મનમાં કેવી ઉન્નત ભાવના ભાવવી જોઇએ એ વાત આ પ્રાર્થનામાં કહેવામાં આવી છે. આ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે, "હે ! આત્મા ! તારી પૂર્વ સ્થિતિનું તું સ્મરણ કર. પૂર્વ સ્થિતિનું સ્મરણ કરવાથી, પોતે કયા કયા ભવમાં કેવી કેવી સ્થિતિમાંથી પસાર થયો અને કેટલી મુશ્કેલીએ આ દુર્લભ ભવને પામ્યો છે એનું ભાન થાય છે. અને જ્યારે પોતાની વર્ત્તમાન સ્થિતિનું ભાન થાય છે ત્યારે આ દશ વીશ કે પચાશ વર્ષના આયુષ્યમાં આ દુર્લભ ભવને આળસમાં વ્યર્થ ગુમાવી ન દેતાં એનો ભગવદ્ભક્તિમાં સદુપયોગ કરી જીવનને સાર્થક કરવું જોઈએ. જ્યારે આ પ્રમાણે આત્મભાન થશે ત્યારે આ આત્મા એ નિર્ણય ઉપર આવશે કેઃ—

'રે જીવા ! વિમલ જીનેશ્વર સેવિયે'

હે જીવ ! તું ભગવાન વિમલનાથની સેવા–પ્રાર્થના કર. ભગવાનની પ્રાર્થના કેવી રીતે કરવી ? એને માટે આ જ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે, મોહનીય કર્મને ખપાવી ભગવાન વિમલનાથની સેવા કર અને પરમાત્માની પ્રાર્થનાની આગળ બધાને તુચ્છ સમજી મોહનીય કર્મને ખપાવ. જેમકે તમારી પાસે રૂપિયા છે, પણ જો તમને કોઈ રૂપિયાને બદલે સોનામહોરો આપે તો તમે રૂપિયાને મૂકી દેશો. આ જ પ્રમાણે કોઈ સોનામહોરોના બદલામાં રત્નો આપે તો તમે સોનામહોરો મૂકી દેશો. આ પ્રમાણે જ્યારે પરમાત્માની પ્રાર્થનાને બધાથી ઉત્કૃષ્ટ માનવા લાગશો ત્યારે તેની આગળ બધાને તુચ્છ સમજી છોડી મૂકશો, પણ કેવળ બોલવાથી એમ કાંઇ બનતું નથી, એ તો કરવાથી જ બને છે. જો તમે ત્યાગ કરશો તો તમને લાભ થશે અને હું કરીશ તો મને લાભ થશે. હું તમારી આગળ આ વાત કરનારો છું, પછી તો જે કરશે તેને જ લાભ થશે. જેમકે કોઇ માણુસ બધાને ખાવાનું પીરસે છે પણ પોતે ભૂખ્યો રહે તો તેને શો લાભ થયો. આ જ પ્રમાણે પીરસનારો તો થાળી પીરસી જાય છે, પણ જમનારો ઊઘતો રહે તો શું તેની ભૂખ મટી શકે ? નહિ. તે જ પ્રમાણે મોહનીય કર્મ ખપાવીને ભક્તિ કરવાની વાત કહેનાર અને સાંભળનાર ધર્મારાધન કરે તો તેને લાભ થશે. જો તમે પરમાત્માની પ્રાર્થનાને ઉત્કૃષ્ટ માનશો તો પછી બીજી કોઈ ચીજ તુચ્છ લાગ્યા વિના નહિ રહે ! માટે તમે એવી ભાવના કરો *કે, મને તો પરમાત્માની પ્રાર્થના જ જોઈએ, ધનસંપત્તિ કે પુત્રાદિ ન જોઈએ.* જો તમે સંસારની બધી વસ્તુ છોડી ન શકો અને તમારે સંસારનું કામ કરવું પણ પડે; તો તમે કાંઈ નહિ તો સંસારનાએ કામોને મુખ્ય ન માનતાં, ગૌણ માનો, તોપણ ઘણો

લાભ થશે ! આજે લોકો પરમાત્માની પ્રાર્થનાને ગૌણ અને સંસારનાં કામોને મુખ્ય માની બેઠા છે. લોકોની આ જ મોટી ભૂલ છે. જો તમે પરમાત્માની પ્રાર્થનાને મુખ્ય અને સંસારનાં કામોને ગૌણ માનતા થશો, ત્યારે જ પરમાત્માની પ્રાર્થના બરાબર કરી શકશો. એટલા માટે પરમાત્માની પ્રાર્થનામાં એકરૂપ થવા માટે સંસારનાં કામોનું મમત્વ છોડવાનો પ્રયત્ન કરો તોપણ કલ્યાણ છે.

## અનાથી મુનિનો અધિકાર—૧૮

હવે આ જ વાત શાસ્ત્ર દ્વારા સમજાવું છું. રાજા શ્રેણિકે અનાથી મુનિને પૂછ્યું કે, તમે આ ભર જુવાનીમાં દીક્ષા શા માટે લીધી ? અનાથી મુનિએ તેનો જવાબ એ આપ્યો કે, હું અનાથ હતો, મારો કોઇ નાથ ન હતો, એટલા માટે મેં દીક્ષા લીધી.

મુનિનો આ ઉત્તર સાંભળી રાજાને ઘણું આશ્ચર્ય થયું.

**तओ सो पहसिओ राया, सेणिओ मगहाहिवो ।**
**एवं ते इड्ढिमन्तस्स, कहं णाहो न विज्जई ॥ १० ॥**

રાજાને મુનિનો આ ઉત્તર ઠીક ન લાગ્યો એટલે તે હસી પડયો. અહીં રાજા શ્રેણિકનો જ અધિકાર ચાલે છે તથા તેનો પરિચય પણ પહેલાં આપી દેવામાં આવ્યો છે છતાં, અત્રે રાજાને શ્રેણિક અને મગધાધિપ એ વિશેષણ ફરી શા માટે આપવામાં આવ્યું ! સાધારણ લોકો તો પુનરુક્તિનો દોષ દૂર કરવાનું કહે, પણ જે પ્રમાણે માતા પોતાના બાળકને કોઈ વાત વારંવાર કહે છે અને સમજાવે છે તેમ ગણધરોએ સાધારણ લોકોને સમજાવવાનો એ દ્વારા પ્રયત્ન કર્યો છે. મારી સમજ પ્રમાણે ગણધરોએ એ મગધાધિપ શબ્દનો ફરી ઉપયોગ એટલા માટે કર્યો છે કે, તે હસનાર કોઈ સાધારણ માણસ ન હતો પણ મગધ દેશનો રાજા હતો. સાધારણ માણસના હસવામાં અને આવા મોટા રાજાના હસવામાં ઘણું અંતર હોય છે એ બતાવવા માટે ગણધરોએ રાજા તરીકે પરિચય આપ્યા છતાં પણ ફરી શ્રેણિક રાજાનો મગધાધિપ વિશેષણદ્વારા પરિચય આપ્યો છે.

રાજા શ્રેણિક હસીને મુનિને કહેવા લાગ્યો કે, તમારા જેવા ઋદ્ધિમાનને કોઇ નાથ ન હતો એ કેમ બની શકે ?

પહેલાં એ જોવું જોઈએ કે ઋદ્ધિ એટલે શું અને મુનિની પાસે એવી કઈ ઋદ્ધિ હતી કે તેમને ઋદ્ધિમાન કહેવામાં આવ્યા ?

ઋદ્ધિ બે પ્રકારની હોય છે. એક બાહ્ય ઋદ્ધિ અને બીજી આન્તરિક ઋદ્ધિ. બાહ્ય ઋદ્ધિમાં ધન-ધાન્યાદિનો સમાવેશ થાય છે અને આન્તરિક ઋદ્ધિમાં શરીરની સ્વસ્થતા અને ઇન્દ્રિયોનો પૂર્ણ વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. મુનિની પાસે બાહ્ય ઋદ્ધિ તો ન હતી; પણ આન્તરિક ઋદ્ધિ તો હતી. તેમની ભવ્ય આકૃતિ તેમની સુંદર પ્રકૃતિનો પરિચય આપતી હતી.

જેમની આકૃતિ સારી હોય છે, તેમનામાં ગુણોનો વાસ પણ હોય છે ! આજે પણ સંસારમાં જુઓ, તો જણાશે કે, જેમની આંખો મોટી હોય છે, કાન લાંબા હોય છે,

વક્ષઃસ્થલ પ્રશસ્ત હોય છે, કપાળ પહોળું હોય છે અને જેમનાં શરીરનાં અંગો પૂર્ણ વિકસિત હોય છે તે ભાગ્યવાન અને ગુણવાન ગણાય છે. અનાથી મુનિની આકૃતિ સુંદર હતી એટલા માટે તેમની ઋદ્ધિ પણ સ્પષ્ટ જણાતી હતી.

આ વિષે ટીકાકાર કહે છે કે, જ્યાં આકૃતિ સારી હોય છે ત્યાં ગુણો વસે છે અને જ્યાં ગુણો હોય છે ત્યાં લક્ષ્મી વસે છે; કારણ કે લક્ષ્મી ગુણવાનને જ વરે છે. ગુણહીનને નહિ.

આ ઉપરથી કોઈ એમ કહે કે, લક્ષ્મી તો કોઈ ગુણહીનની પાસે પણ જોવામાં આવે છે! તો આનો ઉત્તર એ છે કે, તમને ભલે ગુણો જોવામાં આવતાં ન હોય પણ તેનામાં વ્યાવહારિક ગુણો તો અવશ્ય હોય છે.

આ પ્રમાણે જ્યાં ગુણ હોય છે ત્યાં લક્ષ્મી પણ વસે છે, તથા ત્યાં નોકર–ચાકર વગેરે ઉપર આજ્ઞા પણ ચાલે છે. આ આજ્ઞાનું પાલન થવું એ જ રાજ્ય છે. જેમની આજ્ઞાનું બરાબર પાલન થાય છે, તે જ રાજા છે.

રાજાએ મુનિને કહ્યું કે, "તમે દુઃખને કારણે સંયમ ધારણ કર્યો છે એ મને ઠીક નથી લાગતું. તમે આવા ઋદ્ધિમાન છો છતાં તમારું રક્ષણ કરનાર કોઈ નાથ ન હોય એ કેમ બની શકે? વળી તમે કહો છો તે પ્રમાણે દુઃખને કારણે સંયમ ધારણ કર્યો છે તો દુઃખને સહેતાં સંયમને કેવી રીતે વહન કરી શકશો?" એટલા માટે—

**होमि नाहो भयंताणं, भोगे भुंजाहि संजया ।**
**मित्तनाईपरिवुडो, माणुस्सं खु सुदुल्लहं ॥ ११ ॥**

"હે ભદન્ત! હે પૂજ્ય! તમને વિશેષ કાંઈ ન કહેતાં થોડામાં એટલું જ કહું છું કે, આપે જે અનાથતાના દુઃખને કારણે સંયમ ધારણ કર્યો છે, તે અનાથતાનું દુઃખ દૂર કરવા માટે હું તમારો નાથ બનું છું. જ્યારે હું તમારો નાથ બની જઈશ તો પછી તમને કોઈ વાતની ખામી રહેશે ખરી? એટલા માટે હે સંયતિ! ચાલો, સંયમને છોડો અને ભોગોને ભોગવો."

રાજા સંયતિને ભોગ ભોગવવા માટે કહે છે, પણ શું તે ઓછી બુદ્ધિવાળો હતો કે, આ પ્રમાણે એક મુનિને કહ્યું! રાજા એવો ઓછી બુદ્ધિવાળો ન હતો, પણ એના કથનની પાછળ કયું રહસ્ય રહેલું છે તથા ગણધરોએ શાસ્ત્રમાં એ વાતનો ઉલ્લેખ શા માટે કર્યો છે એ સમજવાની જરૂર છે. આજે પણ તમો જુઓ છો કે, જેમની પાસે ભોગો છે તેમને ભોગ માટે કોઈ આગ્રહ કરતું નથી, પણ જેઓ ભોગના ત્યાગી છે તેમને આગ્રહ કરનારા ઘણા લોકો મળી જાય છે. જેમકે ઘણા લોકો રહેવા માટે અહીં તહીં ભટકે છે પણ કોઈ તેને પોતાને ત્યાં રાખતું નથી. પણ જો કોઈ દીક્ષા લેવાનો વિચાર કરે છે તો એને એવા કહેનારા લોકો ઘણા મળી આવે છે કે, 'તમે દીક્ષા શા માટે લ્યો છો, ચાલો મારે ત્યાં રહેજો' આ પ્રમાણે જે આગ્રહ કરવામાં આવે છે તે ભોગના ત્યાગનો જ પ્રતાપ છે. પણ જેઓ ત્યાગી નથી પણ ભોગી છે તેમને ભોગની વસ્તુ પણ મળતી નથી તેમ તેમને કોઈ આગ્રહ પણ કરતું નથી!

રાજાએ મુનિને કહ્યું કે, "આપ મારે ત્યાં ચાલો, હું તમારો નાથ બનું છું. તમને દરેક પ્રકારની સગવડતા મળી રહેશે. તમે એમ ન વિચારો કે, મેં સંયમ લીધો હતો એટલે હવે મને જ્ઞાતિજનો કે મિત્રો સંઘરશે નહિ. તમે સંયમ ધારણ કરીને કાંઈ ખરાબ કામ કર્યું ન હતું એટલે જ્ઞાતિજનો અને મિત્રો તમારો ઊલટો આદર-સત્કાર કરશે કે, બહુ સારું થયું કે તમે પાછા સંયમ છોડી પરિવારમાં આવ્યા. હું પણ તમને એટલા માટે સંયમ છોડવાનો આગ્રહ કરું છું કે, આ મનુષ્ય જન્મ બહુ દુર્લભ છે. એવા આ દુર્લભ મનુષ્ય જન્મને આ રીતે વેડફી નાંખવો એ ઠીક નથી."

આજે પણ કેટલાક લોકો એમ કહે છે કે, સાધુઓ પાસે જવાથી શો લાભ! ત્યાં જવાથી તો મનુષ્યજન્મના સુખનો નાશ થાય છે. ખાવું-પીવું અને મોજમઝા માણવી એ જ જીવનની સાર્થકતા છે, પણ સાધુઓ તો એ ભોગોનો ત્યાગ કરવાનું કહે છે એટલા માટે તેમની પાસે જવું એ તો મનુષ્ય જન્મના સુખનો નાશ કરવા બરાબર છે. આ પ્રમાણે કેટલાક લોકો કહે છે. એ લોકોની દૃષ્ટિએ તો મનુષ્યજીવનની સાર્થકતા ભોગોનો ઉપભોગ કરવામાં જ છે. રાજા પણ એ જ કહી રહ્યો છે કે, આ મનુષ્યજન્મ દુર્લભ છે તે માટે ચાલો અને ભોગોનો ઉપભોગ કરી જીવનને સાર્થક કરો.

જે લોકો ભોગોનો ઉપભોગ કરવો એમાં જ મનુષ્યજન્મની સાર્થકતા છે એમ માને છે તે લોકો પણ એમ જ કહે છે કે, આ મનુષ્યજન્મ મળવો દુર્લભ છે અને જે લોકો ભોગોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે તેઓ પણ એ જ કહે છે કે, આ મનુષ્યજન્મ વારંવાર મળવો દુર્લભ છે માટે એનો ભોગ-ઉપભોગમાં દુરુપયોગ કરો નહિ. આ પ્રમાણે ભોગી અને ત્યાગી લોકો પોતપોતાની દૃષ્ટિએ કહે છે; પણ આ બન્નેમાં કોનું કથન ઠીક છે અને આ દુર્લભ મનુષ્યજન્મને સફળ કેમ બનાવી શકાય એ વિચારવા જેવું છે.

જે લોકો ભોગાનો ઉપભોગ કરવામાં જ મનુષ્યજન્મની સાર્થકતા રહેલી છે એમ માને છે, તેઓનું એમ કહેવું છે કે, "ખાવું-પીવું, સુંદર વસ્ત્રો પહેરવાં અને સુંદર મકાનમાં મોજમઝા માણવી વગેરે ભોગોનો ઉપભોગ જો મનુષ્ય નહિ કરે તો કોણ કરશે? જો મનુષ્યજન્મમાં ભોગોનો ઉપભોગ કરવામાં ન આવે તો શું પશુજન્મમાં ભોગોનો ઉપભોગ થઈ શકશે? શું પશુજીવનમાં સુંદર વસ્ત્રો, આભૂષણો તથા સુંદર ખાન-પાનનો ઉપભોગ થઈ શકશે? આ જ પ્રમાણે રેલગાડી, સ્ટીમર, એરોપ્લેનમાં બેસી મનુષ્ય જો મોજ નહિ માણે તો શું પશુજીવનમાં માણી શકાશે? એટલા માટે ભોગોનો ઉપભોગ કરવામાં જ મનુષ્યજન્મની સાર્થકતા રહેલી છે."

આ એક પક્ષ છે. બીજો પક્ષ ભોગોનો ત્યાગ કરવામાં જ મનુષ્યજન્મની સાર્થકતા રહેલી છે એમ માને છે. એ માન્યતાની પુષ્ટિ માટે જ્ઞાનીઓ કહે છે કે, "જો તમે દુર્લભ મનુષ્યજન્મ મેળવીને પણ જો આટલી જ ઉન્નતિ સાધી શકો તો તમે વધારે શું કર્યું? એટલી ઉન્નતિ તો પશુ-પક્ષી પણ સાધી શકે છે! તો તમારી ઉન્નતિમાં વિશેષતા શી રહી? તમે કહો છો કે, એરોપ્લેનમાં ઉડી અમે મોજ નહિ માણીએ તો શું પક્ષીઓ માણી શકશે? તમે તો અત્યારે એરોપ્લેનો બનાવ્યાં છે અને યન્ત્રની સહાયતાએ આકાશમાં ઉડો છો પણ પક્ષીઓ તો સ્વતંત્ર રૂપે કોઈની સહાયતા લીધા વિના પહેલેથી જ

આકાશમાં ઊડે છે. તમે સુંદર કપડાં બનાવી પહેરવાની વાતો કરો છો પણ અહીંતહીંથી કપાસ એકઠો કરી કપડાં બનાવી પહેરવામાં શું વિશેષતા છે ! આનાં કરતાં તો સાધારણ જીવો જે પોતાના શરીરમાંથી તન્તુ કાઢી પોતાની જાળ બનાવે છે એમાં વધારે વિશેષતા રહેલી છે. તમે કપડાં પહેરી અક્કડ થઇને ફરો છો પણ તમે પહેરેલાં કપડાંમાં કેટલાં બધાં છિદ્રો છે, એ તમે સૂક્ષ્મદર્શક યંત્રથી જુઓ અને કરોળીઆ જેવો સાધારણ જીવ, જે પોતાની જાળ બનાવે છે તે કેવી સુંદર અને છિદ્ર વિનાની હોય છે તે જુઓ તો તમને જણાશે કે તમારાં કપડાં કરતાં તેમાં અનેકગણી વિશેષતા રહેલી છે. તમે મકાન બનાવવામાં તથા રહેવામાં મનુષ્યજન્મની સાર્થકતા રહેલી માનો છો પણ મધમાખી અને કીડી જેવા સાધારણ પ્રાણીઓ પોતાને રહેવાને માટે મહા મહેનતે એવાં સુંદર રહેવાનાં ઘર બનાવે છે કે જેને જોઈ મનુષ્યની બુદ્ધિનું અભિમાન ઊતરી જાય છે. એમના મકાનોમાં-ઘરોમાં કેટલી બધી સુંદર વ્યવસ્થા હોય છે તે પણ જરા જુઓ. તેમના ઘરોમાં પ્રસૂતિગૃહ, ભોજનગૃહ વગેરે જુદાં જુદાં હોય છે ! કલા અને આવિષ્કારની દૃષ્ટિએ જુઓ તો મધમાખી તમારાથી પણ આગળ વધેલી છે. એની કળા જોઇ આજના વૈજ્ઞાનિકો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે ! તે પોતાનું રહેવાનું ઘર કળાપૂર્વક અને માપસર બનાવે છે ! એટલું જ નહિ પણ તે થોડા જ મીણમાં વધારે મધ ભરવાની વ્યવસ્થા કરી શકે છે. તેમની સંગઠનશક્તિ પણ જુઓ; જ્યારે તેઓ મધપૂડાને **મીણ** લગાડે છે ત્યારે બધી મધમાખીઓ એક સાથે **મીણ** લગાડે છે, અને મધ ભરે છે ત્યારે એક સાથે મધ ભરે છે ! શું તમારી કળા મધમાખીઓ કરતાં ચડિયાતી છે ?

કહેવાનો આશય એ છે કે, જો તમે વસ્ત્ર-મકાન આદિને કારણે જ મનુષ્ય જન્મને સાર્થક માનતા હો તો તમે મધમાખી-કીડી જેવા સાધારણ જીવો કરતાં વધારે કાંઈ પ્રગતિ કરી નથી. કેવળ કળાથી મનુષ્ય જન્મ સાર્થક થઈ જાય છે અને કળાની સાધનામાં જ મનુષ્ય જન્મની દુર્લભતા રહેલી છે એમ કહી શકાય નહિ ?

હવે જરા વિવેકબુદ્ધિએ વિચાર કરો કે, તમે પહેલાં કોણ હતાં અને કયા કારણે મનુષ્ય જન્મને પામ્યા ? આ વિષે ઊંડો વિચાર કરશો, તો તમને સ્પષ્ટ જણાશે કે, ઊંચા ઊંચા મકાનો બનાવવાથી, ઉત્તમ ખાન-પાન ખાવા-પીવાથી, મોજ માણવાથી કે ભોગોનો ઉપભોગ કરવાથી આ દુર્લભ મનુષ્યજન્મ મળ્યો નથી. ત્યારે આ દુર્લભ મનુષ્યજન્મ કેવી રીતે મળ્યો છે, એને માટે ભક્ત તુકારામ કહે છે કેઃ—

**અનન્ત જન્મ જરી કેલ્યા તપરાશીત્તરીહાન પવસી મણે દેહ ઐસા હા નિદાન ।**
**લાગલાસી હાથી ત્યાંચી કેલી માતી ભાગ્યહીન ॥**

અર્થાત્—અનન્ત જન્મ સુધી પુણ્ય રાશિ એકઠી કરવા છતાં આ મનુષ્યજન્મ મળે છે કે નહિ એ શંકાસ્પદ છે. છતાં પુણ્યબળે આ દુર્લભ મનુષ્યજન્મ હાથમાં મળ્યો છે તેને ભાગ્યહીન લોકો માટીની માફક ગુમાવી દે છે.

ભગવાન વિમલનાથની પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે, જીવ સૂક્ષ્મ નિગોદમાં, બાદર નિગોદમાં, ત્યાંથી સ્થાવર જીવમાં-અર્થાત્ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયમાં

આવ્યો. ત્યાંથી બેન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પછી પંચેન્દ્રિયમાં આવ્યો. પંચેન્દ્રિયમાં પણ મનુષ્યગતિમાં આવ્યો, ત્યારે મનુષ્યજન્મ મળ્યો. મનુષ્ય જન્મની સાથે આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, ઉત્તમ ધર્મની પ્રાપ્તિ થઇ. આ પ્રમાણે અનેક જન્મોની તપશ્ચર્યા એકઠી કરવાથી મનુષ્યજન્મ મળ્યો છે. આ પ્રમાણે કઠોર તપશ્ચર્યાના પરિણામે મળેલા મનુષ્યજન્મને ભોગોનો ઉપભોગ કરવામાં ગુમાવવો ઠીક નથી. આવા દુર્લભ મનુષ્ય જન્મનો ભોગોપભોગમાં દુરુપયોગ કરવો ન જોઈએ.

રાજા શ્રેણિકે અનાથી મુનિને કહ્યું કે, "આ મનુષ્ય જન્મ દુર્લભ છે માટે ભોગોનો ઉપભોગ કરવામાં જ એનો ઉપયોગ કરો. હું તમારો નાથ બનું છું, માટે ચાલો અને સુખેથી રહો."

રાજાનું આ કથન સાંભળી મુનિને આશ્ચર્ય થયું. જેવું આશ્ચર્ય મુનિનું કથન સાંભળી રાજાને થયું હતું. પોતપોતાનો પક્ષ લઈ બન્ને જણા હસી રહ્યા હતા. મુનિ એટલા માટે હસતા હતા કે, આ રાજા પોતે પણ અનાથ છે તો પછી મારો નાથ કેવી રીતે બની શકશે? અને રાજા એટલા માટે હસતો હતો કે, આવા ઋદ્ધિમાન મુનિનો નાથ કોણ ન બને ?

મુનિએ રાજાને કહ્યું કે, "રાજા તું પોતે જ અનાથ છો તો પછી મારો નાથ કેવી રીતે બની શકે ? જે પોતે જ દિગમ્બર—નગ્ન છે તે બીજાને વસ્ત્ર ક્યાંથી આપી શકે ? આ જ પ્રમાણે હે ! રાજન્ ! તું પણ અનાથ છે, તો મારો નાથ કેવી રીતે બની શકે !"

મુનિની આ વાતનો રાજા શું જવાબ આપે છે તે વિષે હવે પછી યથાવસરે કહેવામાં આવશે.

## સુદર્શન ચરિત્ર—૧૮

હવે હું સુદર્શનની વાત કહું છું. સુદર્શનની કથા એ સાધુતાની કથા છે. એ ધર્મકથાને સાંભળી તમે પણ સાંસારિક ભોગોમાંથી નિવૃત્ત થવાનો પ્રયત્ન કરો. કદાચિત તમે એકદમ કામભોગોમાંથી નિવૃત્ત થઈ ન શકો તોપણ ધીમે ધીમે આગળ વધશો તો પણ કલ્યાણ થશે.

**કલા બહોંતેર અલ્પકાલમેં, સીખ હુઆ વિદ્વાન ।**
**ઔર પરાક્રમી જાન પિતાને, કિયા વ્યાહ વિધિ ઠાન ॥ ધન૦ ॥ ૧૬ ॥**
**રૂપ કલા યૌવન વય સરીખી, સત્યશીલ ધર્મવાન ।**
**સુદર્શન ઔર મનોરમા કી, જોડી જુડી મહાન ॥ ધન૦ ॥ ૧૭ ॥**

સંસારની વાતોને ગૌણ અને આત્મકલ્યાણની વાતને મુખ્ય કેવી રીતે માનવી એ બતાવવા માટે જ આ ધર્મકથા કહેવામાં આવે છે. શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ કરવાની શિક્ષા સંસારવ્યવહારમાં પણ ઉપયોગી છે પણ તે ગૌણ છે. એનો મુખ્ય ઉદ્દેશ તો આત્મકલ્યાણ સાધવાનો છે. આજે સંસારવ્યવહારને મુખ્ય માનવાથી અને આત્મકલ્યાણને ગૌણ સ્થાન આપવાથી ઘણી હાનિ થવા પામી છે. ભવિષ્યમાં તમારાથી એવી ભૂલ ન થાય એનો ખ્યાલ રાખવા માટે જ આ ધર્મકથા સંભળાવું છું.

આ ધર્મકથા મુખ્યતઃ શીલની છે. શીલનો અર્થ સદાચાર થાય છે. શીલની સાથે આ કથામાં જીવન સુધારની બીજી અનેક વાતોનું વર્ણન કરવામાં આવશે પણ મુખ્યતઃ શીલનું જ વર્ણન કરવામાં આવશે.

કેટલાક લોકો કહે છે કે, સાધુઓ શા કામના છે, તેઓ કેવળ ખાઈ–પીને સુતા રહે છે. જો કોઈ સાધુ ખાઈ–પીને સુતા રહેતા હોય, આત્મકલ્યાણ કે જનકલ્યાણ કરવાનો કશો પ્રયત્ન કરતા ન હોય તો વાસ્તવમાં તે કાંઈ કામના નથી; પરંતુ જો તેઓ આત્મકલ્યાણની સાથે જનકલ્યાણ કરતા હોય તો તેઓ ભારરૂપ નથી પણ કલ્યાણરૂપ જ છે. એવા મહાત્માઓનાં જ્યાં પગલાં પડે છે ત્યાં કલ્યાણ જ થાય છે. તમે લોકો એવા મહાત્માઓને ભૂલી જાઓ છો પણ મહાત્માઓ તમને ભૂલી જતા નથી. તમે પણ મહાત્માઓને ન ભૂલી જાઓ એમાં જ તમારી શોભા છે. કદાચ દેણદાર ભૂલી જાય છે પણ લેણદાર ભૂલી જતા નથી. તે જ પ્રમાણે અમે લેણદાર છીએ એટલે અમે તમને કેમ ભૂલી જઈ શકીએ ! અને એ જ પ્રમાણે તમે અમને પણ ન ભૂલી જાઓ એમ અમે કહીએ છીએ. આ ઉપરથી કોઈ એમ કહે કે, સાધુઓની જરૂર જ શી છે ? તો અમે પૂછીએ છીએ કે, ચોર, જુગારી અને વ્યભિચારીની તો જરૂર છે અને સાધુઓની જરૂર શા માટે નથી ? સાધુઓ છે ત્યારે જ સંસારમાં શાન્તિ છે. જ્યારે સાચા સાધુઓ સંસારમાં નહિ હોય ત્યારે સૂર્યના પ્રતાપથી પૃથ્વી લાલચોળ થઈ જશે. માટે સાધુઓની અનાવશ્યકતા છે એમ માનો નહિ. અહીં જે સાધુ શબ્દ વાપરવામાં આવ્યો છે તે સાચા સાધુને લાગુ પડે છે. સાધુવેશમાં રહેવા છતાં જેઓ અસાધુતાને પોષે છે અને આત્મકલ્યાણ સાધતા નથી તેઓ કાંઈ કામના નથી એ આગળ કહી દેવામાં આવ્યું છે.

સાધુઓની કૃપાથી જ સુભગ સુદર્શન થયો છે. જો કે તે મહાત્માએ સુભગને પ્રકટ રૂપે કોઈ ઉપદેશ આપ્યો ન હતો છતાં પોતાના ચારિત્રનો પ્રભાવ સુભગ ઉપર એવો પડયો કે એ પ્રભાવને કારણે સુભગ સુદર્શન બન્યો. એટલા માટે સાધુઓની નિંદા ન કરો પણ તેમની સાથે સંબંધ જોડો. રેલગાડી બધા બનાવી શકતા નથી, પણ તેમાં બધા બેસી શકે છે. તે જ પ્રમાણે તમે બધા પોતે સાધુ બની ન શકો તો તેમની સાથે સંબંધ તો જોડી શકો છો. સાધુઓ સંસાર સાગરને પાર કરવા માટે પુલના જેવા છે. રાજા જ્યારે પુલ બનાવી દે છે ત્યારે તેની ઉપર થઈ એક કીડી પણ મોટી નદીને પાર જઈ શકે છે. નહિં તો હાથીને પણ નદીપાર જવું મુશ્કેલ થઈ પડે છે. આ જ પ્રમાણે મહાત્માઓ સંસારસાગરને પાર કરવા માટે જે પૂલ બાંધી આપે છે તે પૂલ ઉપર થઈ નાના મોટા બધા જીવો સંસારસાગરને પાર જઈ શકે છે ! સુભગ એક સાધારણ જાતિનો છોકરો હતો પણ મહાત્માની આગળ તો જાતપાંતનો કે કોઈ બીજા પ્રકારનો ભેદભાવ હોતો નથી, મહાત્માઓ બધાને સમાન માને છે, જેથી તેમના બાંધેલા પુલ ઉપર થઈ કોઈ પણ જીવ સંસારસાગરને પાર જઈ શકે છે. એટલા માટે સંસારસાગરને પાર કરવા માટે ધર્મનો પૂલ બાંધનાર સાધુ મહાત્માઓની નિંદા કરો નહિ, તેમ તેમને ભારરૂપ માનો નહિ.

સુદર્શન ૭૨ કલા ભણી–ગણી યુવાન થયો. પહેલાં જ્યાંસુધી કુમાર ૭૨ કલામાં

પારંગત થતો નહિ, ત્યાંસુધી યુવાન કહેવાતો નહિ અને જ્યાંસુધી એનાં સુષુપ્ત સાત અંગો જાગ્રત થતાં નહિ ત્યાંસુધી તેનો વિવાહ કરવામાં આવતો નહિ! અપરિપક્વ અવસ્થામાં વિવાહ કરી દેવો એ પણ બહુ હાનિકારક છે.

બાળવિવાહથી આધ્યાત્મિક હાનિ તો થાય જ છે, પણ સાથે સાથે વ્યાવહારિક અને શારીરિક હાનિ પણ થાય છે. માનો કે કોઈ એક ગાડીમાં પચ્ચીશ જુવાન માણસો બેઠેલા છે અને એ ગાડીને બે નાના વાછરડાઓ જોડવામાં આવે તો શું કોઈ દયાવાન માણસ એ ગાડીમાં બેસશે ખરા? જો કોઈ બેઠો રહે તો તે દયાળુ કહેવાય નહિ. કારણ કે એટલા માણસોનું વજન એ નાના વાછરડાઓ ખેંચી શકે નહિ. આ જ પ્રમાણે આ સંસારવ્યવહારનો ભાર પણ ઘણો છે. નાનપણમાં કોઈનો વિવાહસંબંધ જોડવો એ એના ઉપર સંસારવ્યવહારનો ભાર લાદવા જેવું છે. આમ હોવા છતાં નાના નાના બાળકોને વિવાહની ગાડીમાં જોડી દેવા અને એ ગાડીમાં બાળકોની સ્થિતિનો વિચાર કર્યા વિના બેસી જવું એમાં નિર્દયતા રહેલી છે. જે કોઈ દયાવાન માણસ હશે તે તો એ જ કહેશે કે, હજી આ બાળકો છે. તેમનાં સુષુપ્ત સાત અંગો જાગ્રત પણ થયાં નથી, તો પછી હું એવા બાળવિવાહમાં ભાગ કેવી રીતે લઈ શકું! શું કોઈ એવા વિચારશીલ માણસો છે કે જેઓ એવી પ્રતિજ્ઞા કરે કે અમે સોળ વર્ષથી ઓછી ઉંમરના છોકરાના અને તેર વર્ષથી ઓછી ઉંમરની છોકરીના વિવાહમાં ભાગ નહિ લઈએ?

આજની ઊગતી પ્રજાને કેવી શિક્ષા આપવી જોઈએ એ વિષે પણ ધ્યાન આપવાની જરૂર છે. આજે ઘણે ઠેકાણે ઊગતી પ્રજામાં એવો દુરાચાર ફેલાતો જોવામાં આવે કે, બાહ્ય વિવાહ તો તેમનો થતો નથી, પણ છૂપી રીતે લગ્નની બાદ જે દુષ્પ્રવૃત્તિ સેવવામાં આવે છે, તેવી કામપ્રવૃત્તિ સેવે છે. આ નીતિભ્રષ્ટતા છે. યુરોપ વિષે સાંભળ્યું છે કે, ત્યાં અનેક કુમારિકાશ્રમો ચાલે છે. ત્યાં વિવાહ થયા પહેલાં જ કુમારિકાઓ નીતિભ્રષ્ટતાના પરિણામે બાળકોને જન્મ આપે છે. એ બાળકોને તેઓ કુમારિકાશ્રમમાં મૂકી આવે છે. આજે ભારતમાં એવાં આશ્રમો તો નથી પણ કોલેજમાં છોકરા છોકરીઓ કુશિક્ષાના પરિણામે કેવા નીતિભ્રષ્ટ બની જાય છે એ એક કરુણ કથા છે. બાળવિવાહનો નિષેધ કરવાનો ઉદ્દેશ એ છે કે, અસમયમાં વીર્યનો નાશ ન થાય! જો ઊગતી પ્રજા અસમયમાં વીર્યને આ રીતે નષ્ટ કરતી રહે તો બાળલગ્નના નિષેધનો ઉદ્દેશ પાર પડ્યો નથી એમ કહી શકાય. એ માટે ઊગતી પ્રજા અસમયમાં પોતાના વીર્યનો નાશ ન કરે એવી શિક્ષા આપવાની આવશ્યકતા છે.

હું અંગ્રેજી ભાષાની બહુ ટીકા કરું છું એમ કેટલાક લોકો મારા વિષે કહે છે, પણ વાસ્તવમાં કોઈ ભાષા સાથે મારે વિરોધ નથી. શાસ્ત્રમાં પણ અઢાર દેશની દાસીઓના સંરક્ષણમાં બાળકને રાખવામાં આવતો જેથી બાળક નાનપણમાં સરળતાપૂર્વક ૧૮ દેશની ભાષાઓથી પરિચિત થઈ જતો. આ કારણે હું અંગ્રેજી ભાષા શીખવાનો વિરોધી નથી, પણ એ વિષે મારું કહેવું બીજું જ છે. હું એમ કહું છું કે, માતાનું સ્થાન મોટું છે કે દાસીનું? આજે માતાનો ભલે કોઈ આદર કરતો ન પણ હોય, તો પણ

માતાનું જ સ્થાન ઊંચું છે. શાસ્ત્રમાં પણ માતાને વિષે **देवगुरुजणसकासा** કહેલ છે. વેદોમાં પણ '**मातृदेवो भवः पितृदेवो भवः आचार्यदेवो भवः ।**' આ પ્રમાણે માતાનું સ્થાન બધાએ ઊંચું માન્યું છે. આ જ પ્રમાણે માતૃભાષા માતાની માફક આદરણીય છે. માતૃભાષાને માતાના સ્થાને માની બીજી ભાષાને તેના દાસીરૂપે માનવામાં આવે તો કાંઈ વિરોધ કે વાંધો નથી, પણ માતાનું સ્થાન દાસીને આપવું એ ખરાબ છે. માતાને માતાના સ્થાને જ રાખો અને દાસીને દાસીના સ્થાને રાખો તો મારો કાંઈ વિરોધ નથી. કદાચ કોઈ કહે કે અંગ્રેજી ભાષા ઘણી વિકસિત થએલી છે, એટલા માટે તેનો વિશેષ આદર કરવામાં આવે છે. આના ઉત્તરમાં હું એમ કહું છું કે, મેડમ ધોળી છે અને તમારી માતા કાળી છે, તો શું માતાને સ્થાને મેડમને આદર આપવો યોગ્ય છે? જો અંગ્રેજીને માતૃભાષાને સ્થાને માનવામાં આવતી હોય તો તેની એકવાર નહિ પણ હજારવાર ટીકા કરીશ, અને જો તેને માતૃભાષાની બેન અગર દાસી તરીકે માની ભણવામાં આવતી હોય તો મારો કાંઈ વિરોધ નથી.

સ્ત્રી અને પુરુષમાં ઘણુંખરું સામ્ય પણ હોય છે અને થોડી ઘણી ભિન્નતા પણ હોય છે. સાધારણ રીતે એકબીજાના સહયોગથી જ કામ ચાલે છે પણ વિશેષતઃ પુરુષો કઠોર કામો કરે છે અને સ્ત્રીઓ કોમળ કામો કરે છે. સ્ત્રીઓ ઘરનું કામ કરે છે અને પુરુષો બહારનું કામ કરે છે. જે પ્રમાણે વૃક્ષમાં કઠોર અને કોમળ બન્ને પ્રકારનાં ભાગો હોય છે, અને બન્ને પ્રકારના ભાગો હોવાથી જ વૃક્ષ છે તેમ છતાં બન્ને ભાગો પોત-પોતાના સ્થાને રહે છે, તે જ પ્રમાણે સ્ત્રીપુરુષોનું કામ એકબીજાના સહકારથી જ ચાલે છે. પુરુષો પોતાને યોગ્ય કામ કરે છે અને સ્ત્રીઓ પોતાને યોગ્ય કામ કરે છે, પણ આજે ઉત્ક્રમ થઈ જવાને કારણે ઘણી હાનિ થઈ રહી છે. યુરોપમાં પુરુષોનું સ્થાન સ્ત્રીઓને સોંપવામાં આવ્યું જેથી ત્યાં ઘણી હાનિ થઈ. હવે તો સાંભળ્યું છે કે, આ હાનિનો અનુભવ થવાથી જર્મનીના સરમુખત્યાર હીટલરે સ્ત્રીઓને સંભળાવી દીધું છે કે, તમે હવે ઘરનું કામ સંભાળો. સ્ત્રીઓ પુરુષોનું સ્થાન લેવા ચાહે છે, પણ જો તેઓ તેમનું હૃદય તપાસે તો તેમને જણાશે કે, તેમને માટે કયા કામો યોગ્ય છે. સ્ત્રીઓમાં જે કામો કરવાની યોગ્યતા છે તે કામો કરી તેઓ પોતાનો અને બીજાનો સુધાર કરી શકે છે.

પ્રાચીન સમયમાં પુરુષો ૭૨ કલા અને સ્ત્રીઓ ૬૪ કલા શીખતી હતી. જો સૂર્ય અને ચન્દ્રમાં કલા ન હોય તો તે શા કામના? આ જ પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓ પોત-પોતાને યોગ્ય કલાનું જ્ઞાન સંપાદન કરી ઉન્નતિ સાધી શકે છે!

સુદર્શન ૭૨ કલાનું જ્ઞાન સંપાદન કરી ઘેર આવ્યો. સુદર્શન ઘેર આવ્યો તેથી બધા લોકો પ્રસન્ન થયા. શેઠે કલાચાર્યને ખૂબ પુરસ્કાર આપ્યો એટલું જ નહિ પણ તેમનો આભાર માનતાં શેઠે કહ્યું કે, "આપે મારા પુત્રને સંસારનો ભાર વહન કરવાને યોગ્ય બનાવ્યો છે એ માટે હું આપનો આભારી છું. આપે તેને કેવળ ૭૨ કળાની શિક્ષા જ આપી નથી પણ સાથે સાથે મારો, સ્વજનોનો તથા નાગરિકોનો આદર કરે એવો વિવેક પણ શીખડાવ્યો છે. મેં તો આપને મારા પુત્રને કાચા સોનાની માફક સોંપ્યો હતો

પણ આપે તેને ભણાવી-ગણાવી કુળના આભૂષણરૂપ બનાવી દીધો છે. આપે મારી ઉપર જે ઉપકાર કર્યો છે તે હું કોઈ દિવસ ભૂલી શકીશ નહિ." આ પ્રમાણે કલાચાર્યને યોગ્ય પુરસ્કાર આપી વિદાય કર્યો. સુદર્શન જ્યારથી ઘેર આવ્યો ત્યારથી તેની સગાઈ માટે અનેક કહેણ આવતાં હતાં, પણ શેઠ કોઈ યોગ્ય કન્યાની શોધમાં રહેતા હતા. આજે તો સગાઈ કે વિવાહમાં વિશેષતઃ ધન કે મકાન જ જોવામાં આવે છે પણ સગાઈ કે વિવાહમાં શું શું જોવું જોઈએ એ વિષે શાસ્ત્ર શું કહે છે તે જરા જુઓ. શ્રી જ્ઞાતાસૂત્રમાં કહ્યું છે કેઃ—

**सरिसवयाणं सरिसतयाणं सरिसलावण्णरूवजोव्वणगुणोववेयाणं ।**

અર્થાત્—વિવાહ કે સગાઈ કર્યા પહેલાં વર કન્યાની અવસ્થાનું સામ્ય જોવામાં આવતું. બાદ વર્ણ અને આકૃતિનું સામ્ય જોવામાં આવતું. આ પ્રમાણે રૂપ, યૌવન, ગુણ વગેરેની પણ સમાનતા જોવામાં આવતી. જ્યારે સ્ત્રી અને પુરુષનાં બધાં અંગોમાં તથા ગુણવિકાસમાં સામ્ય જોવામાં આવતું ત્યારે બન્નેનો વિવાહ કરવામાં આવતો.

સુદર્શનને માટે અનેક જગ્યાએથી સગાઈનાં કહેણ આવવાં લાગ્યાં પણ સુદર્શનને યોગ્ય કન્યા ન જણાયાથી બધાને શેઠે વિદાય કર્યાં. આખરે મનોરમા નામની કન્યા સાથે સગાઈ કરવાનું કહેણ આવ્યું. શેઠે કહ્યું કે, આ કન્યા મને તો સુદર્શનને યોગ્ય જણાય છે પણ સુદર્શનને તે પસંદ છે કે નહિ તેનો વિચાર જાણ્યા બાદ હું સગાઈનો સ્વીકાર કરી શકું ! શું આ પ્રાચીન પ્રથા ખરાબ છે ? પુત્ર કે કન્યાને પૂછી તેમની સગાઇ કે વિવાહ કરવો એ સારું છે! આજે આ પ્રથાનું પાલન કોણ કરે છે! આજે તો એમ કહેવામાં આવે છે કે, "હોય રોકડા તો પરણે ડોકરા" અર્થાત્-જેની પાસે પૈસો હોય છે તે વૃદ્ધ પણ પરણી શકે છે!"

જે ગામમાં મારો જન્મ થયો હતો તે ગામમાં એક કન્યા રહેતી હતી. એક વૃદ્ધ પુરુષની બે કે ત્રણ સ્ત્રીઓ મરી ગઇ હતી એટલે તે ચોથીવાર આ કન્યા સાથે પરણવા ચાહતો હતો! પણ તે કન્યાએ તેની સાથે પરણવાનો સ્વીકાર ન કર્યો. તે પુરુષના પહેલા વિવાહની સાસુએ કહ્યું કે, "એ કામ પુરુષોથી સાધી શકાશે નહિ. એ સ્ત્રીઓનું કામ છે એટલે તે કામ અમારાથી જ સાધી શકાય એમ છે. તમે બધાં ઘરેણાં મારે ત્યાં મોકલી આપો. હું એ કન્યાની સાથે તમારો વિવાહ કરવાનું નક્કી કરી આપીશ." તે વૃદ્ધ પુરુષે બધાં ઘરેણાં તેને ઘેર મોકલી આપ્યાં. તે સ્ત્રીએ પોતાને ઘેર એ બધાં ઘરેણાંઓનું પ્રદર્શન કરી મૂકયું, અને કોઈ કારણે પેલી કન્યાને પોતાને ઘેર બોલાવી ઘરેણાં બતાવી કહ્યું કે, જો તું મારા જમાઇની સાથે વિવાહ કરે તો તને આ બધાં ઘરેણાં પહેરવાં મળશે. તને બીજે કોઈ સ્થળે આટલાં ઘરેણાં પહેરવાને આ જન્મમાં તો નહિ મળે! તે ભોળી અને અશિક્ષિતા કન્યા ઘરેણાંના પ્રલોભનમાં પડી ગઇ અને વિવાહ કરવાનો સ્વીકાર કર્યો. આખરે તેનો વિવાહ થઈ ગયો પણ તેનું પરિણામ બહુ ખરાબ આવ્યું. તે વૃદ્ધ પતિ થોડા વખત બાદ મરણ પામ્યો અને તે કન્યા વિધવા થઈ જવાને કારણે તેનું શેષ જીવન બહુ કષ્ટમય વ્યતીત થયું.

આ પ્રમાણે આજકાલ ઘરેણાંની સાથે વિવાહ કરવામાં આવે છે. ભૂતકાળના ઇતિહાસ તરફ નજર કરો તો જણાશે કે, સીતા, દ્રૌપદી વગેરેનો સ્વયંવર થયો હતો અને તેમાં તેમણે પોતે જ પોતાનો વર પસંદ કર્યો હતો. ભગવાન નેમિનાથ ત્રણસો વર્ષની ઉંમર થઈ ત્યાંસુધી કુમાર રહ્યા હતા. શું તેમને કન્યા મળતી ન હતી? પણ સ્વીકૃતિ વિના વિવાહ કેમ થઈ શકે, અને એ કારણે જ તેમનો વિવાહ થયો ન હતો. પણ આજકાલ સંતાનોની વિવાહ વિષયક સલાહ કોણ લે છે? સુદર્શનના પિતાએ સુદર્શનને પૂછ્યું કે, તારા યોગ્ય એક કન્યાની સગાઈનું કહેણ આવ્યું છે. જો તું સ્વીકૃતિ આપે તો તેની સાથે સગાઈ કરી લઈએ. સુદર્શન પિતાની વાતનો શો જવાબ આપે છે તે વિષે હવે પછી વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત ૧૯૯૨ શ્રાવણ શુદી ૧૨ ગુરુવાર

### પ્રાર્થના

**અનંત જિનેશ્વર નિત નમો, અદ્‌ભુત જ્યોતિ અલેખ;**
**ના કહિયે ના દેખિયે, જાકે રૂપ ન રેખ. ॥ અનંત૦ ॥ ૧ ॥**

શ્રી અનન્તનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થનાદ્વારા પરમાત્માનો પરિચય આપવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવેલ છે, છતાં જેમના મનમાં ભ્રાન્તિ હોય છે તેમને પરમાત્મા પ્રતિ વિશ્વાસ પેદા થતો નથી. અને જેમની ભ્રાન્તિ દૂર થઈ છે તે પરમાત્માના વિષે કાંઈ કહી પણ શકતા નથી. જેમને પરમાત્મા પ્રતિ પૂર્ણ વિશ્વાસ પેદા થયો છે અર્થાત્ આધ્યાત્મિકતાનો જેમને પૂર્ણ અનુભવ થઈ ગયો છે, તેઓ પોતાની જિહ્વાદ્વારા અનુભવને વર્ણવી શકતા નથી. જેમને પૂર્ણ અનુભવ થયો હોતો નથી તે જ કહે છે.

કદાચ કોઈ મારા વિષે કહે કે તમે આ વિષે દરરોજ કેમ કહો છો! તો આના ઉત્તરમાં હું એ જ કહીશ કે, હું હજી અપૂર્ણ છું એટલા માટે કહું છું અને તમે અપૂર્ણ છો એટલા માટે સાંભળો છો. આ પ્રમાણે કહીને કે સાંભળીને અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ જઇ શકાય છે. આ પૂર્ણતાએ પહોંચવાનો પ્રયત્ન છે. પૂર્ણતા કાંઇ બહારથી લાવવાની હોતી નથી, પણ તે તો પોતાનામાં જ છે. જે પ્રમાણે સૂર્યને પ્રકાશ આપવાની કોઈની શક્તિ નથી, તે તો સ્વયં પ્રકાશિત જ છે, તે જ પ્રમાણે આત્મામાં પણ પૂર્ણતા રહેલી છે. જે પ્રમાણે સૂર્યનો પ્રકાશ વાદળાંદ્વારા ઢંકાઈ જાય છે તે જ પ્રમાણે આત્મામાં રહેલી પૂર્ણતા પણ કર્માવરણદ્વારા ઢંકાઈ જાય છે. પણ વાદળાં ખસતાં જ સૂર્યનો પ્રકાશ ઝળહળી ઉઠે છે તે જ પ્રમાણે કર્માવરણ દૂર થતાં જ આત્માની શક્તિ પણ પ્રકટ થઈ

જાય છે. આત્મા પોતે ચિદાનંદસ્વરૂપ છે. આત્માના આ સ્વરૂપ પ્રકટાવવા માટે પુરુષાર્થની જરૂર રહે છે. પુરુષાર્થદ્વારા આત્માની દબાએલી શક્તિ પ્રકટ થઈ જાય છે. આપણે જે મહાપુરુષોની પ્રાર્થના કરીએ છીએ એમના આત્મા ઉપર પણ કોઇ વખતે કર્માવરણ હતાં; પણ તેમણે પુરુષાર્થ કરી પોતાના આત્મા ઉપર આવેલાં કર્માવરણને દૂર કર્યાં તો તેઓ પણ સામાન્ય આત્મામાંથી પરમાત્મા બની ગયા. આ જ પ્રમાણે આપણે પણ પુરુષાર્થદ્વારા આત્મસ્વરૂપ પ્રકટાવી પૂર્ણ બની શકીએ છીએ. માટે આપણે પણ પૂર્ણ બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ દુર્લભ મનુષ્યજન્મનો આત્મશક્તિને પ્રગટાવવામાં ઉપયોગ ન કરતાં કામભોગોનો ઉપભોગ કરવામાં દુરુપયોગ કરવો એ એક મોટી ભૂલ છે.

આ ઉપરથી કોઈ એમ કહે છે, "આત્મસાધનાની પાછળ શું અમે શરીરનું પાલન ન કરીએ? એવો તો કોઈક જ હશે કે, જેઓ શરીરનું પાલન કરતા ન હોય. બાકી બધાને શરીરનું પાલન કરવું જ પડે છે.સાધુઓને પણ શરીરનું પાલન કરવું પડે છે. તેઓ પણ ખાવા માટે ગોચરી લાવે છે અને વસ્ત્રો પણ પહેરે છે. જ્યારે સાધુઓને પણ શરીરનું પાલન કરવું પડે છે, તો પછી અમે ગૃહસ્થો, શરીરનું પાલન કરવું છોડીને, આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કેમ કરી શકીએ ?"

આ પ્રમાણે કેટલાક લોકોને પૂર્ણ બનવાના પ્રયત્નમાં મુશ્કેલી જણાય છે, પણ એ વિષે ઊંડો વિચાર કરવામાં આવે તો મુશ્કેલી જણાશે નહિ! શરીરનું પાલન ન કરો એમ કોઇ કહેતું નથી, પણ જે વસ્તુ જેવી છે તેને તેવી માનો, અને મુખ્ય વસ્તુને મુખ્ય અને ગૌણ વસ્તુને ગૌણ માનો એમ કહેવામાં આવે છે. જ્ઞાની કે અજ્ઞાની, આસ્તિક કે નાસ્તિક બન્નેને શરીર હોય છે, બન્નેને શરીરને પોષણ આપવા માટે ખાવું પીવું પડે છે અને બન્નેય સંસારનો વ્યવહાર ચલાવે છે. છતાં જ્ઞાની અને અજ્ઞાની, આસ્તિક અને નાસ્તિક વચ્ચે તમને કાંઈ ફેર જણાય છે કે નહિ! શરીરની દૃષ્ટિએ તો ભક્ત અને અભક્ત, ગૃહસ્થ કે સાધુ, પાપી કે ધર્મી મનુષ્યો વચ્ચે કાંઈ તફાવત નથી. પણ વિવેકજ્ઞાનને કારણે બધા મનુષ્યોનું શરીર સમાન હોવા છતાં અંતર પડી જાય છે! જે કોઈ શરીરને જ જુએ છે, વિવેકજ્ઞાનને જોતો નથી તેમને આત્માની શક્તિનો વિકાસ કરવામાં કઠિનતા જણાય છે. પણ જ્ઞાનીઓ કહે છે કે, આત્માની શક્તિનો વિકાસ કરવામાં શરીર કાંઇ બાધક નથી, કેવળ વિવેકજ્ઞાનને પ્રગટાવી પુરુષાર્થ કરવાની જરૂર રહે છે. વિવેકજ્ઞાન એ શરીર અને આત્માની પૃથક્તાનું ભાન કરાવે છે.

ઉદાહરણ તરીકે નાનપણમાં તમે કાનદ્વારા સાંભળતા હતા પણ આજે કાનદ્વારા જે સાંભળો છો અને વિવેક કરી શકો છો તેવો વિવેક નાનપણમાં કરી શકતા ન હતા! વિવેકજ્ઞાન પ્રગટવાને કારણે કાન એ જ હોવા છતાં અંતર પડી જાય છે. આ જ પ્રમાણે જ્યારે તમે નાના બાળક હતા ત્યારે કોઇ થોડી ઘણી મીઠાઇ આપે ને તમારા હાથમાં રૂપિયો હોય તો તે બદલામાં આપી દેતા હતા. પણ આજે શું થોડી મીઠાઇને માટે રૂપિયો આપી દેશો ખરા? આંખ-કાન વગેરે તો પહેલાં હતાં તેના તે જ છે, પણ કેવળ વિવેકજ્ઞાન પેદા થવાને કારણે અંતર પડી જાય છે. આ પ્રમાણે વિવેકજ્ઞાન પેદા થયા બાદ

શરીર તેનું તે જ રહેવા છતાં, જ્યારે આત્મા અને ધર્મનું મહત્ત્વ સમજમાં આવી જાય છે, ત્યારે આત્મા અને ધર્મની રક્ષામાં જ પોતાનું રક્ષણ માને છે. જેમકે કોઇ જ્ઞાની પુરુષને એમ કહેવામાં આવે કે, જો તમે ધર્મનો ત્યાગ કરો તો તમને ત્રિલોકનું રાજ્ય આપવામાં આવશે ! તો શું સાચા જ્ઞાની પુરુષો ત્રિલોકનું રાજ્ય મેળવવાના પ્રલોભનમાં પોતાના ધર્મનો ત્યાગ કરશે ? નહિ જ. કારણ કે તેમને મન તો આત્મા અને ધર્મ મુખ્ય છે અને ત્રિલોકનું રાજ્ય ગૌણ છે. આ પ્રમાણે જેમને વિવેકજ્ઞાન પેદા થાય છે, તેઓ પોતાના શરીરનું પાલન કરવા છતાં, પણ ત્રિલોકની સંપત્તિને તુચ્છ માને છે, અને આત્મા અને ધર્મને મુખ્ય માને છે. આત્મા અને શરીરનો વિવેક કરનાર કોઇદિવસ પાપનો ભાગીદાર બનતો નથી, તેમ જ સાંસારિક વસ્તુના પ્રલોભનમાં ઠગાઈ જઈ આત્માને ભૂલી જતો નથી.

કહેવાનો આશય એ છે કે, આપણા આત્માની પૂર્ણતા કર્માવરણથી દબાઇ ગઇ છે, તેને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવામાં કોઇ પ્રકારની મુશ્કેલી પડતી નથી. કેવળ પ્રયત્ન અને પુરુષાર્થ સેવવાની અવશ્યકતા રહે છે.

## અનાથી મુનિનો અધિકાર—૧૯

રાજા શ્રેણિકે મુનિને કહ્યું કે, " આ દુર્લભ મનુષ્યજન્મ મળ્યો છે તો તેનો દુરુપયોગ શા માટે કરો છો ! તમારા આ સુંદર કાનોમાં કુંડળ કેવાં સુંદર લાગે ! તમારા ગળામાં સોનાનો હાર કેવો શોભે ! તમે આવા દિવ્ય શરીરને સંયમ લઈ શા માટે બગાડો છો ! તમે કહો છો કે, હું અનાથ હતો એટલે મેં સંયમ ધારણ કર્યો પણ હવે હું આપનો નાથ થવા તૈયાર થયો છું, તો પછી સંયમ શા માટે ધારણ કરી રાખો છો ! મારા રાજ્યમાં ચાલો અને સુખેથી સુંદર ભોગ્ય પદાર્થોનો ઉપભોગ કરો."

મુનિનું શરીર પણ ઔદારિક જ હતું, અને તેમને વિના માંગ્યા અને શ્રમ કર્યા વિના આવી સંપત્તિ મળી રહી હતી. તમારી દૃષ્ટિએ સાંપડેલી આવી સુવર્ણ તકને કોઈ ગુમાવે ખરો ? પણ મુનિએ શો જવાબ આપ્યો તે જુઓ. મુનિએ રાજાને કહ્યું કે, " તું જે મનુષ્યજન્મને દુર્લભ માને છે, અને ભોગોનો ઉપભોગ કરવામાં જ એ મનુષ્યજન્મની સાર્થકતા રહેલી છે એમ માને છે એ તારી ગંભીર ભૂલ છે ! "

આવી જ ભૂલ તમે લોકો પણ કરી રહ્યા નથી ને ? એનો જરા આંખ ખોલી વિચાર કરો ! તમે લોકો જે કામભોગોને સુખનું કારણ માનો છો, એ કામભોગો જો વાસ્તવમાં સુખકારક હોતાં તો જ્ઞાનીજનો એ કામભોગનો ત્યાગ કરવાનો ઉપદેશ આપત નહિ, અને પોતે એ કામભોગનો ત્યાગ પણ કરત નહિ ! પણ વાસ્તવમાં આ મનુષ્ય શરીર ભોગોપભોગોમાં વેડફી દેવાને યોગ્ય નથી !

કદાચ કોઈ કહે કે, મનુષ્યજન્મ શરીર ભોગોનો ઉપભોગ કરવા માટે યોગ્ય નથી એનું શું પ્રમાણ ? શું કોઇ સુંદર મધુર શબ્દો સાંભળવા ચાહતો નથી ? શું કોઈ સુગંધ સૂંઘવા ચાહતો નથી ? ઉત્તમ ભોજન ખાવા ચાહતો નથી ? અને શું મૂલ્યવાન વસ્ત્રાભૂષણો પહેરવા ચાહતો નથી ? જો બધા એ ભોગોનો ઉપભોગ કરવા ચાહે છે તો પછી આ મનુષ્યજન્મ ભોગોનો ઉપભોગ કરવા માટે નથી એમ શા માટે કહેવામાં આવે છે !

આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓ જણાવે છે કેઃ—

**नायं देहो देहभाजां नृलोके, कष्टान् कामानर्हते विड्भुजां ये** ।-ભાગવત.

"હે ! મનુષ્યો ! તમારું આ શરીર ભોગોને ભોગવવા માટે નથી ! ભોગો તો પશુઓ પણ ભોગવે છે ! તેઓ પણ એમ કહે છે કે ભોગો ભોગવવાનો અધિકાર અમારો છે, તો પછી એમનો અધિકાર ઝૂંટવી, ભોગો તમારે ભોગવવા માટે છે એમ કેમ માનો છો ?

કલ્પના કરો કે, જંગલમાં વાઘોની કોન્ફરન્સ બેઠી હોય અને તેમાં તેઓ પ્રસ્તાવ પાસ કરે કે, મનુષ્યો અમારો ખોરાક છે, તો તમે શું કહેશો ? તમે એ જ કહેશો કે, અમે કાંઇ તમારો ખોરાક નથી ! તમારા આ કથનના જવાબમાં વાઘ એમ કહે કે, મનુષ્યો અમારો ખોરાક છે કારણ કે મનુષ્યનું માંસ અમને બહુ પસંદ પડે છે, એટલા માટે મનુષ્યો અમારું ભક્ષ્ય છે અને અમે ભક્ષક છીએ ! આના ઉત્તરમાં તમે એ જ કહેશો કે, અમે જે કામ કરી શકીએ છીએ તે તમે કરી શકતા નથી. તમે જીવોનો નાશ કરનારા છો અને અમે જીવોનું પાલન કરનારા છીએ.

કોઈ રાજા એમ કહે કે, 'પ્રજા અમારા ભોગ માટે છે. અમે જે કાંઈ કરીએ તે પ્રજાને માન્ય જ હોવું જોઇએ !' રાજાનું આ કથન સાંભળી તમે રાજાનો સામનો તો નહિ કરોને ? તમે રાજાને એમ તો નહિ કહો કે, સુરાજ્ય હોય તો અમને સ્વરાજ્યની જરૂર નથી, નહિ તો અમને સ્વરાજ્ય જોઇએ. રાજાનું કામ, પ્રજાનું પાલન કરવું-રક્ષા કરવી એ છે. એટલા માટે એનો અર્થ એ નથી કે, પ્રજા રાજાના ભોગ માટે પણ છે. રાજાએ તો રામરાજ્ય સ્થાપિત કરવું જોઈએ.

જે પ્રમાણે તમે અધિકારપૂર્વક એમ કહો છો કે અમે વાઘનો ખોરાક નથી, અને રાજાને માટે ભોગ્ય પદાર્થ નથી; તે જ પ્રમાણે જ્ઞાનીઓ અધિકારપૂર્વક કહે છે કે, આ મનુષ્ય શરીર ભોગોનો ઉપભોગ કરવા માટે નથી. ભોગોના ઉપભોગમાં તો પશુ પણ આનંદ માને છે તો પછી પશુ અને મનુષ્યમાં અંતર શું રહ્યું !

તમે જે સોનાનાં ઘરેણાં પહેરી અભિમાન કરો છો, તે જ સોનાની સાંકળ કુતરા માટે બેડી બનતી નથી શું ? તમે જે ગાડીમાં બેસો છો તે ગાડીમાં શું કુતરો બેસી શકતો નથી ! બીજી બાજુ તમે જમીન ઉપર પગે ચાલતા હો, અને કુતરો ગાડીમાં બેઠેલો હોય, એ ઉપરથી કાંઇ કુતરો મનુષ્ય કરતાં મોટો થઈ ગયો ? અને જમીન ઉપર ચાલવાથી તમે કાંઇ નાના થઈ ગયા ? કુતરો ભલે ગાડીમાં બેઠો હોય અને મનુષ્ય જમીન ઉપર ભલે ચાલતો હોય પણ તેથી કાંઈ કુતરો મનુષ્યની સરખામણી કરી શકતો નથી, તેમ મનુષ્યની સમાન પણ માની શકાતો નથી !

કુતરો તો શું, દેવ પણ મનુષ્યની સમાન થઈ શકતા નથી જેટલા અવતારો-તીર્થંકરો થયા છે તે બધા મનુષ્ય જ થયા છે. દેવમાં એક પણ તીર્થંકર થએલ નથી. મુસલમાનોમાં પણ જેટલા પેગમ્બર થયા છે તે બધાં પણ મનુષ્ય જ થએલ છે; ફિરસ્તાઓ પેગમ્બર થએલ નથી. મનુષ્યજન્મની આટલી બધી મહત્તા છે માટે ભોગોનો ઉપભોગ કરવામાં તેનો દુરુપયોગ કરવો ન જોઈએ. તમે પૂછશો કે ત્યારે મનુષ્યજન્મ શા માટે છે ? તો આના ઉત્તરમાં જ્ઞાનીજનો કહે છે કેઃ—

**' तपो दिव्यं पुत्रकायेन सत्त्वं शुद्ध्येत् यस्मात् ब्रह्मसौख्यमनन्तं ॥'**

—ભાગવત

જ્ઞાનીઓ કહે છે કે, આ મનુષ્યશરીર ભોગોપભોગ માટે નહિ પણ તપ કરવા માટે છે. તપમાં કેવળ અનશન તપ જ નથી. અનશન તપ તો તપનું એક અંગ માત્ર છે. આજે કેટલાક લોકો અનશન તપની નિંદા કરે છે અને કહે છે કે, અનશન તપ કરવાથી જ જૈનો દુર્બલ જણાય છે, પણ હું તો આથી વિરુદ્ધ એમ કહું છું કે, જૈનોમાં જે શક્તિ અને જે તેજ છે તે અનશન તપના પ્રભાવે જ છે. આ વિષે અત્યારે વિશેષ કાંઇ ન કહેતાં એટલું જ કહું છું કે, *જો તમે ભોજન અને ભોગ કરો છો તો શું પશુઓ* તે કરતાં નથી ? એ તો પશુઓ પણ કરી શકે છે. પરંતુ જો પશુઓને તપ કરવાનું કહેવામાં આવે તો શું તેઓ તપ કરી શકશે ? કુતરો ગાડીમાં લોર્ડની બરાબર તો બેસી શકે છે, પણ મનુષ્ય જે કામો કરી શકે છે તે કામો બીજું કોઈ કરી શકતું નથી ! ક્રિયાત્મક ધર્મ તો મનુષ્ય જ આદરી શકે છે, દેવ પણ ક્રિયાત્મક ધર્મારાધન કરી શકતા નથી. જ્યારે મનુષ્ય પણ ક્રિયાત્મક ધર્મ નહિ આદરે, ત્યારે શું પશુઓ ધર્મારાધન કરશે ? જો પશુઓ ક્રિયાત્મક ધર્મને પાળી શકતા નથી, પણ કેવળ મનુષ્ય જ તપ-અનુષ્ઠાન આદિદ્વારા ધર્મનું આરાધન કરી શકે છે, તો પછી એમ કેમ કહી શકાય કે મનુષ્યજન્મ ભોગોનો ઉપભોગ કરવા માટે જ છે અને ભોગોનો ઉપભોગ કરવાથી જ આ દુર્લભ મનુષ્યજન્મ સાર્થક થઈ શકે છે ?

રાજા શ્રેણિકને મુનિએ પણ એ જ કહ્યું કે, " હે રાજન્ ! જે મનુષ્ય શરીરને તું દુર્લભ માની રહ્યો છે તે ભોગોપભોગમાં વેડફી નાંખવા માટે નથી. જેઓ આ મનુષ્ય શરીરને ભોગોપભોગ માટે માને છે તેઓ અનાથ છે. તું પણ મનુષ્યશરીરને ભોગોના ઉપભોગ માટે માને છે માટે તું પણ અનાથ છે. "

**अप्पणा वि अणाहोऽसि, सेणिया ! मगहाहिवा ! ।**
**अप्पणा अणाहो सन्तो, कस्स नाहो भविस्ससि ? ॥ १२ ॥**

હે ! રાજન્ ! તું પોતે જ અનાથ છે તો પછી બીજાનો નાથ કેવી રીતે બની શકે ? આ શરીર ભોગોપભોગ માટે છે એ વિચાર આવતાં જ આ આત્મા ગુલામ અને અનાથ બની જાય છે. તમે એમ સમજો છો કે, અમુક વસ્તુ અમારી પાસે છે એટલે અમે તેના માલીક છીએ, પણ જ્ઞાનીઓ કહે છે કે, તમારી પાસે જે વસ્તુ છે તેને લીધે તમે અનાથ બનેલા છો. જેમકે, કોઈ એક માણસ સોનાની કંઠી પહેરી અભિમાન કરે છે, પણ જ્ઞાનીઓ તેને કહે છે કે તું સોનાનો ગુલામ બની ગયો છે. ધારો કે કોઈ એક મહાપુરુષ, કે જેઓ શરીરને કેવળ સાધનરૂપ માને છે, બાકી શરીર વિષે તેમને જરાપણ મમત્વ નથી, તેઓ જંગલમાં જઈ રહ્યા છે. અને બીજો માણસ હીરાજડિત સોનાની માળા પહેરી જંગલમાં જઇ રહ્યો છે. રસ્તામાં તેમને એક ચોર મળ્યો. ચોરને જોઈ મહાપુરુષ તો પોતાના ધ્યાનમાં ચાલ્યા જતા હતા, અને પે'લો માણસ કે જેણે સોનાની માળા પહેરેલી હતી તે ભાગ્યો. પણ ચોરે તેને પકડી પાડયો અને તેને લૂંટી લીધો, એટલે તે

રડવા લાગ્યો. તે સોનાનો ગુલામ હતો એટલે તેને રડવું પડયું. આ પ્રમાણે કોઈ બીજાના ગુલામ બનવાથી દુઃખી બનવાનો પ્રસંગ આવે છે !

કહેવાનો આશય એ છે કે, અજ્ઞાનને કારણે જ લોકો મનુષ્યજન્મને ભોગોનો ઉપભોગ કરવામાં સાર્થક થએલું સમજે છે. રાજા શ્રેણિક પણ અજ્ઞાનમાં પડેલો હતો અને તેથી જ મુનિને તેણે કહ્યું કે, 'હું તમારો નાથ બનું છું. મારા રાજ્યમાં ચાલો અને સુખેથી ભોગોનો ઉપભોગ કરો !' રાજાના આ કથનના ઉત્તરમાં મુનિએ કહ્યું કે, હે ! રાજન્ ! તું પોતે જ અનાથ છે, તો પછી મારો નાથ કેવી રીતે બની શકે ? મુનિએ રાજાને અનાથ કહ્યો તો શું રાજાની પાસે કાંઈ ન હતું ! જો મુનિના કહેવા પ્રમાણે રાજા પાસે રાજ્ય હોવા છતાં અનાથ હતો, તો આ ચરિત્રના મહાન્ આદર્શને જોઈ તમે પણ એ આદર્શને અનુસરો, અને ભ્રમને કારણે જેમ રાજા પણ પોતાને અનાથ હોવા છતાં નાથ માનતો હતો, તેમ તમે પણ કામભોગોના ગુલામ બની, અનાથતા ને સનાથતા માની બેઠા છો, એ ભ્રમને દૂર કરો, તો તેમાં તમારું કલ્યાણ છે. જ્યારે રાજા શ્રેણિક જેવો મગધાધિપ અનાથ હતો, તો પછી તમે કેવી રીતે નાથ બની શકો અને સંસારના પદાર્થો તમને કેવી રીતે નાથ બનાવી શકે એ વાતનો ઊંડો વિચાર કરો તો મુનિએ રાજાને "હે રાજન્ ! તું પણ અનાથ છે તો બીજાનો નાથ કેવી રીતે બની શકે ?" જે કહ્યું હતું તેનો ભાવાર્થ સમજમાં આવી શકશે !

મુનિએ રાજાને 'તું પણ અનાથ છે' એમ કહ્યું હતું તેનો ભાવાર્થ એ છે કે, હે રાજા ! જે વસ્તુઓને કારણે તું પોતાને અનાથ માની રહ્યો છે એ વસ્તુઓને કારણે જ તું અનાથ છે ! અને જ્યારે તું પોતે અનાથ છે તો પછી મારો નાથ કેવી રીતે બની શકે ! જે વસ્તુ ઉપર તમારો અધિકાર નથી, તે વસ્તુ બીજાને આપો તો તે ચોરી ગણાશે અને તમે દંડને પાત્ર ગણાશો ! આ જ પ્રમાણે તમે પોતે સનાથ ન હોવા છતાં બીજાના નાથ બનવાનો પ્રયત્ન કરવો અથવા પોતાને બીજાનો નાથ માનવો એ શું અન્યાય નથી ?

એકવાર મીરાને તેની સખીએ કહ્યું કે, "હે સખી ! તારા સદ્ભાગ્ય છે કે તને રાણા જેવો વીર પતિ મળ્યો છે, રહેવાને માટે સુંદર મહેલ મળ્યો છે. અને સુખોપભોગ માટે આટલાં બધાં વૈભવિલાસો મળ્યાં છે; તેમ છતાં તું રાણા પ્રત્યે આટલી બધી ઉદાસ કેમ રહે છે ! તને ભોગો ભોગવવાં કેમ સારાં લાગતાં નથી ? તારા પુણ્ય પ્રતાપથી અને સદ્ભાગ્યથી જ તને આવો વીર પતિ અને આટલી બધી ભોગ સામગ્રી મળી છે, છતાં તેને તું દુઃખરૂપ કેમ માને છે ? ચાલ હું રાણાની સાથે તારો પ્રેમસંબંધ જોડી દઉં." સખીનું આ કથન સાંભળી મીરા હસવા લાગી. એટલે તે સખી કહેવા લાગી કે, સ્ત્રીઓનો એવો સ્વભાવ જ હોય છે કે તેઓ પોતાના મોઢે પ્રણયસંબંધી વાતો કરતી નથી, પરંતુ પ્રણય સંબંધી વાતો સાંભળી પ્રસન્ન થાય છે. તારા હસવા ઉપરથી તો મને એમ જણાય છે કે તું મારી વાતને ઠીક સમજે છે. એટલા માટે કહે કે, મારી વાત તને સ્વીકાર તો છે ને ?

મીરાએ વિચાર્યું કે, મારા હસવાનો આ તો અર્થનો અનર્થ કરી રહી છે, માટે તેને બધી વાતો સાફ કહી દેવી એ જ યોગ્ય છે. આ પ્રમાણે વિચાર કરી મીરાએ પોતાની સખીને કહ્યું કેઃ—

" સંસારીનું સુખ કાચું, પરણી રંડાવું પાછું,
તેને ઘેર કેમ જઈએ રે, મોહન પ્યારા—મુખડાની પ્રીતિ લાગી રે. "

હે ! સખી ! તું રાણાને વિષે જે કાંઇ કહે છે તેથી વિશેષ રાણા વીરપુરુષ હશે ! માટે એમના વિષે કાંઈ કહેવાનું નથી પણ હું એટલું જ પૂછું છું કે, મારા પિતાએ મને રાણાને સોંપી છે અને હું રાણાની પાસે જઇ દાસી થઈને પણ રહું, પણ રાણા મને વિધવા નહિ બનાવે એની ખાત્રી શી ?

જો રાણા મને અખંડ સૌભાગ્યવતી રાખશે, વિધવા નહિ બનાવે, તો રાણાની પાસે રહેવામાં મને વાંધો નથી. પણ રાણા જો એવી ખાત્રી આપી શકે નહિ, અને મારા હાથની વાત નથી એમ કહે તો, હું તેમને પતિ બનાવું અને પછી મને વિધવા બનાવે તો મારું સૌભાગ્ય અખંડ કેમ રહી શકે ? એટલા માટે મેં એવો પતિ બનાવ્યો છે કે જે મારું સૌભાગ્ય સદાને માટે અખંડ રાખે.

મીરાની માફક જ આનંદઘનજી નામના ફક્કડ યોગીએ પણ કહ્યું છે કેઃ—

ઋષભ જીનન્દ પ્રીતમ માહરા ઔર ન ચાહું કન્ત ।
રીઝ્યો સાહબ સંગ ન પરિહરે ભાંગે સાદિ અનન્ત ॥

ભગવાનની સાથે વૃદ્ધ, યુવાન, બાળક, ધનવાન કે ગરીબ બધાંય લગ્ન કરી શકે છે. ભગવાનની સાથે લગ્ન કરવામાં જાત–પાંતનો જરાપણ ભેદ નથી. તે વિવાહ અલૌકિક છે. એ અલૌકિક પ્રીતમની સાથે ત્યારે જ લગ્ન થઈ શકે છે, જ્યારે લૌકિક પ્રીતમનો ત્યાગ કરવામાં આવે છે. તેમની સાથે જે લગ્ન કરવામાં આવે છે તે અખંડ હોય છે ! પરમાત્માની સાથે લગ્ન ન કરતાં લૌકિક પ્રીતમની સાથે લગ્ન કરવામાં આવે તો એ અવસ્થામાં પતિનું મૃત્યુ થયે વિધવા પણ થવું પડે છે, અને રોવાનો પણ વખત આવે છે. જો રોવાની અને વિધવા થવાની ઇચ્છા ન હોય તો પરમાત્માની સાથે લગ્ન સંબંધ જોડો. હું તો એવો લગ્નસંબંધ જોડનાર પુરોહિત છું. એટલા માટે એ વિષે વધારે કાંઈ કહી શકતો નથી, પણ જેઓ પરમાત્માની સાથે લગ્નસંબંધ જોડવા ચાહતા હશે તેમનો લગ્નસંબંધ જોડી આપીશ ! અમે તો પરમાત્માની સાથે લગ્નસંબંધ જોડયો છે અને તેથી હું મારા સાધુઓને કહું છું કે, આપણે પરમાત્માની સાથે લગ્નસંબંધ જોડયો છે એટલા માટે આપણે શ્રાવકોના કે ક્ષેત્ર આદિના પ્રલોભનમાં પડી જવું ન જોઇએ.

તમે લોકો સંસારની જે વસ્તુ સાથે સંબંધ કરવા ચાહો છો તે વસ્તુને પહેલાં પૂછી જુઓ કે, તે તમને છોડીને ચાલી તો નહિ જાય ને ? તમે તમારા શરીરનાં અંગોને–હાથ–પગ, કાન–નાક, આંખ વગેરેને પૂછી જુઓ કે, તેઓ તમને અંત સમય સુધી સાથ તો આપશે ને ? દગો તો નહિ આપે ને ? જો તમને દગો આપે તો પછી તમે તેને પોતાનાં કેમ માની શકો ? અને તેની સાથે સંબંધ પણ કેમ જોડી શકો ? ભક્ત લોકો એ વાતને બરાબર જાણે છે કે, સંસારની કોઈ પણ ચીજ અંત સમય સુધી સાથ આપતી નથી. અધવચ્ચે જ દગો આપે છે, એટલા માટે ભક્તો સંસારની કોઈપણ ચીજ સાથે

સંબંધ ન જોડતાં પરમાત્માની સાથે જ સંબંધ જોડે છે. સંસારની ચીજો મને સહાયક થતી હોય તો ભલે થાય! પણ અમે તેની સાથે સંબંધ તો જોડી શકીએ નહિ. ભક્તોનું તો એ જ કહેવું છે કે:—

ઋષભ જીનન્દ પ્રીતમ માહરા ઔર ન ચાહું કન્ત।
રીઝયો સાહબ સંગ ન પરિહરે ભાંગે સાદિ અનન્ત ॥

અર્થાત્-પરમાત્માની સાથે જ લગ્નસંબંધ જોડો. તમે ગળામાં જે સોનાની માળા પહેરો છો તે તમને છોડીને ચાલી જાય છે તો પછી તેને માટે તમે કુતરાની માફક કેમ લડો છો? આ ઉપરથી તમે એમ કહેશો કે ત્યારે અમારે કરવું શું? એને માટે જ્ઞાનીઓ એ જ કહે છે કે, તમારા શરીરને પરમાત્માના પ્રેમમાં જોડી દો. આનો કોઈ એવો અર્થ ન કરે કે શરીરનો નાશ કરી નાંખવો કે આત્મહત્યા કરી નાંખવી. પણ પરમાત્માના પ્રેમમાં શરીરને જોડી દો, એમ કહેવાનો આશય એ છે કે, પરમાત્માની સાથે એવો ગાઢ પ્રેમસંબંધ જોડો કે પરમાત્માના પ્રેમમાં જ ભલે તમારું શરીર વિલીન થઈ જાય, પણ પરમાત્માનો પ્રેમ છૂટે નહિ! તમે અનંત શરીર છોડયાં છે તો આ શરીરને પરમાત્માના પ્રેમમાં જોડી દો, ભગવાન અનન્તનાથને સમર્પણ કરી દો અને ભગવાનની સાથે લગ્નસંબંધ જોડી દો. ભગવાનની સાથે લગ્ન સંબંધ કેવી રીતે જોડવો એ વાત હું કથાદ્વારા કહું છું.

## સુદર્શન ચરિત્ર—૧૯

**રૂપ કલા યૌવન વય સરીખી, સત્ય શીલ ધર્મવાન।**
**સુદર્શન ઔર મનોરમા કી, જોડી જુડી મહાન. ॥ ધન૦ ॥ ૧૭ ॥**

સુદર્શન મોટો થયો. બધી ગુણકલામાં પ્રવીણ થયો. પહેલાં વિવાહ ક્યારે કરવામાં આવતો એના માટે કહેવાય છે કે, **काल अकाल चाई** અર્થાત્ દિવસે તો બાળક પણ ગમે ત્યાં જઈ શકે છે, પણ અકાળે એટલે અડધી રાત્રે સ્મશાનમાં જવું એ બાળકોનું કામ નથી, ત્યાં જવું એ તો નિર્ભય યુવાનોનું કામ છે. આ પ્રમાણે જેઓ કાળે–અકાળે જ્યાં કહો ત્યાં જવા તૈયાર થાય છે અને નિર્ભય બનીને જાય છે તે વિવાહ કરવાને યોગ્ય મનાય છે, પણ આજે તો 'હાઉ'થી જેઓ ડરે છે તેમનો પણ વિવાહ કરી દેવામાં આવે છે!

સુદર્શન વિવાહને યોગ્ય બન્યો હતો. એક દિવસ પિતાએ સુદર્શનને પૂછ્યું કે, "પુત્ર! અમારી એવી ઇચ્છા છે કે તારો હવે વિવાહ કરવામાં આવે. પુત્રવધૂને જોઈ અમે પણ લ્હાવો લઈએ. તું પણ વિવાહને યોગ્ય બનેલ છે, એટલે તારો વિવાહ થવાથી તારી પણ શોભા વધશે અને સાથે ઘરની પણ શોભા વધશે, માટે અમારી ઇચ્છાને પાર પાડો એ જ અમે ચાહિએ છીએ."

પિતાનું કથન સાંભળી સુદર્શન સ્વાભાવિક રીતે શરમાયો અને નીચું જોઈ કહેવા લાગ્યો કે, "પિતાજી! આપ કહો છો તે ઠીક છે, પણ હું પૂછું છું કે, વિવાહ કરવાથી શોભા વધશે એમ આપ કહો છો તો શું બ્રહ્મચર્ય પાળવાથી ઘરની શોભા નહિ વધે?

મારા ખ્યાલ પ્રમાણે તો બ્રહ્મચર્યનું પાલન કરવાથી જગતનું કલ્યાણ થાય છે અને બ્રહ્મચર્યનું પાલન કરવાથી જ મહાપુરુષો સંસારનો નિસ્તાર કરી શકે છે ! માટે વિવાહ કરતાં બ્રહ્મચર્ય પાળવું એ જ મને ઠીક લાગે છે."

આ સાંભળી જિનદાસ શેઠે ઉત્તર આપ્યો કે, "બેટા ! તારું કહેવું યથાર્થ છે. હું પણ બ્રહ્મચર્યને સર્વ શ્રેષ્ઠ માનું છું. બ્રહ્મચારીની સરખામણી દેવ દાનવો વગેરે કોઈપણ કરી શકતા નથી, પણ ઘણીવાર એવું બને છે કે બ્રહ્મચર્ય પણ બરાબર પાળી શકાતું નથી અને વિવાહ પણ કરવામાં આવતો નથી ત્યારે ભયંકર સ્થિતિ ઊભી થવા પામે છે. આપણા નિષ્કલંક કુળને કોઈ પ્રકારનું કલંક ન લાગે એટલા માટે જ અમે તારો વિવાહ કરવા ચાહિએ છીએ. પણ તારી સ્વીકૃતિ વિના વિવાહ કરવો ઠીક નથી એટલા માટે વિવાહ કરવા તારી સ્વીકૃતિ ચાહિએ છીએ ! "

શું બ્રહ્મચર્ય ન પાળનારાઓ દ્વારા અનર્થો થતાં નથી ! શાસ્ત્રમાં કહ્યું છે કે, બ્રહ્મદત્ત ચક્રવર્તીની માતાએ વિષયભોગ માટે પોતાના પુત્રને પણ મારી નાંખવાનો પ્રયત્ન કર્યો હતો. આજે પણ એવી ઘટનાઓ સાંભળવામાં આવે છે કે વિષયભોગ માટે કોઈ સ્ત્રીએ પતિ અને પુત્રને મારી નાંખી જારની રક્ષા કરી હોય. અત્યારે આવી ઘટના સાધારણ થઈ પડી છે.

જિનદાસ શેઠે સુદર્શનની વિવાહની સ્વીકૃતિ માંગતાં આગળ કહ્યું કે, "બેટા ! બ્રહ્મચર્ય પાળવું એ ઉત્તમ છે એ હું પણ માનું છું, પણ બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરવું એ સાધુઓને માટે સુકર છે. વિવાહ કરવો એ કાંઈ પાપ નથી, પણ એ ગૃહસ્થનો ધર્મ છે. વિવાહ કરીને પણ સ્વદારાસંતોષવ્રતનું પાલન કરી શકાય છે. વિવાહ કરનારને કોઈ પાપી કહી શકતું નથી ! વિવાહ કરવો એ તો મધ્યમ માર્ગ છે, માટે વિવાહની સ્વીકૃતિ આપી અમારી ઇચ્છાને પૂરી કર." સુદર્શને ઉત્તર આપ્યો કે, "પિતાજી ! આપના કહેવા પ્રમાણે હું બ્રહ્મચર્યનું સંપૂર્ણ રીતે પાલન કરી શકીશ નહિ, એટલા માટે મારું લગ્ન કરવું એ જ ઠીક છે ! પણ લગ્ન કરવું એ જરૂર પોતાની નિર્બળતા છે એ હું માનું છું. જો પત્ની પોતાના સ્વભાવને અનુકૂલ ન હોય તો બહુ મુશ્કેલી પડે છે; એટલા માટે હું એવી કન્યા સાથે વિવાહ કરવા ચાહું છું કે જે બહુ સુંદર પણ ન હોય, તેમ કુરૂપ પણ ન હોય; કોમળ પણ ન હોય, તેમ કઠોર પણ ન હોય; સ્વચ્છન્દ પણ ન હોય તેમ ડરપોક પણ ન હોય; આ પ્રમાણે મારા કામમાં વિઘ્ન-બાધા ઊભી કરનારી ન હોય પણ સહાયક હોય. જેને જોઈને હું સંતોષ પામું અને મને જોઈને તે સંતોષ પામે. આવી રૂપગુણમાં યોગ્ય કન્યાની સાથે હું વિવાહ કરવા ચાહું છું. જો આવી સુયોગ્ય કન્યા નહિ મળે તો અવિવાહિત રહીશ પણ કુળને કલંક લાગે એવું કામ કદાપિ કરીશ નહિ. અને જો મેં કહી એવી સુયોગ્ય કન્યા મળતી હોય તો તેની સાથે વિવાહ કરવામાં મને કોઈ પ્રકારની બાધા નથી."

સુદર્શનનું કથન સાંભળી શેઠ બહુ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા, કે હે ! પુત્ર ! તારા ઉન્નત વિચારો જાણી અમને બધાને ઘણી પ્રસન્નતા થઈ છે. હું તારા યોગ્ય કન્યાની તપાસ કરીશ.

જિનદાસ શેઠ સુદર્શનને યોગ્ય કન્યાની તપાસ કરવા લાગ્યા. તપાસ કરતાં મનોરમા નામની સુયોગ્ય કન્યા સુદર્શનને યોગ્ય લાગી. મનોરમા પણ સુદર્શનના જેવા જ ઊંચા વિચારો ધરાવતી હતી અને શીયળવતી હતી. મનોરમાના માતાપિતા પણ તેના વિવાહ વિષે વિચાર કરતા હતા. તેમણે મનોરમાને પૂછયું કે, બેટા! હવે તું વિવાહને યોગ્ય થઈ છો તો તારો વિવાહ કેવા પુરુષની સાથે કરવો તે કહે?

શું કન્યાની વિવાહવિષયક સલાહ પૂછવી ઉચિત છે? આજકાલ હજી વરની સલાહ પૂછવામાં આવે છે, પણ કન્યાની વિવાહવિષયક સલાહ પૂછવામાં આવતી નથી. કેટલાક લોકો એમ કહે છે કે, સ્ત્રીઓ બ્રહ્મચર્ય પાળી શકતી નથી પણ આ માન્યતા નિર્મૂલ અને ખોટી છે. પ્રાચીન સમયમાં કન્યાની પણ વિવાહવિષયક સલાહ પૂછવામાં આવતી હતી અને વરની પસંદગી કરવાની તેમને છૂટ આપવામાં આવતી અને તે માટે માતાપિતા સ્વયંવર પણ રચાવતા, કે જેમાં કન્યા પોતાના વરની પસંદગી કરી લેતી. જો કન્યા બ્રહ્મચારિણી રહેવા ચાહતી તો તેને બ્રહ્મચર્ય પાળવાની છૂટ આપવામાં આવતી ભગવાન ઋષભદેવની બ્રાહ્મી અને સુંદરી નામની બન્ને કન્યા વિવાહને યોગ્ય થઈ એટલે ભગવાન વિચાર લાગ્યા કે આમનો વિવાહ કોની સાથે કરવામાં આવે! બન્ને પુત્રીઓ ભગવાનનો વિચાર જાણી ગઈ અને તેમને કહ્યું કે, પિતાજી! આપ અમારી ચિંતા ન કરો. અમે તમારી પુત્રી મટી જઇ કોઈની સ્ત્રી બનીએ એ અમારાથી બની શકશે નહિ. આ પ્રમાણે બન્ને બહેનો આજીવન 'બ્રહ્મચારિણી' રહી; તો પછી કન્યાઓ બ્રહ્મચર્ય પાળી શકતી નથી એમ કેમ કહી શકાય! હા, વિવાહ ન કરતાં ઉન્માર્ગે જવું ખરાબ છે, પણ બ્રહ્મચારિણી થવું એ કાંઈ ખરાબ કામ નથી. સારું જ કામ છે. બ્રહ્મચારિણી રહીને કન્યાઓ જનસમાજની વધારેમાં વધારે અને સારામાં સારી સેવા બજાવી શકે છે. અહમદનગરમાં અમેરિકન મિશનની કુમારી કન્યાઓ એવી જનસેવા કરતી હતી કે બધા લોકો તેમની પ્રશંસા કરતા હતા. એવી કન્યાઓ બ્રહ્મચારિણી રહીને સમાજની સેવા કરે તો કાંઈ ખરાબ છે? હું બળાત્કારે બ્રહ્મચર્ય પાળવાની કે વિવાહ કરવાની વાત કહેતો નથી. એ તો પોતપોતાની ઇચ્છા ઉપર આધાર રાખે છે.

સુદર્શન અને મનોરમાની જોડી સમાન હતી. બન્નેએ વાતચીત કરી એક બીજાના વિચાર જાણી લીધા. આજે તો લગ્નની ઘણી ધમાલ કરવામાં આવે છે પણ પહેલાં એક જ દિવસમાં વિવાહ અને સગાઇ બન્ને થઈ જતાં. મનોરમા અને સુદર્શનનો વિવાહ વિધિપૂર્વક થયો. સંતાનો યોગ્ય થાય ત્યારે માતાપિતાનું શું કર્ત્તવ્ય છે એ જિનદાસ અને અર્હદ્દાસીનાં કાર્ય ઉપરથી જુઓ. માતાપિતા જો સંતાનો સમક્ષ કોઈ આદર્શ ઉપસ્થિત કરે તો સંતાનો પણ એ આદર્શને અનુસરે છે. જિનદાસ કેવો આદર્શ ઉપસ્થિત કરે છે એ વિષે હવે પછી આગળ વિચાર કરવામાં આવશે.

# વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ શુદી ૧૩ શુક્રવાર

## પ્રાર્થના.

ધર્મ જિનેશ્વર મુજ હિવડે વસો, પ્યારા પ્રાણ સમાન; ।
કબહું ન વિસરું ચિતારું નહીં, સદા અખંડિત ધ્યાન. ।।
ધરમ જિનેશ્વર મુજ હિવડે બસો.

શ્રી ધર્મનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્મા પ્રત્યે અખંડ પ્રેમ પેદા કરવો એ પ્રાર્થનાનું ધ્યેય છે પણ આ ધ્યેયની પૂર્તિ કેવળ કહેવા માત્રથી થતી નથી. તે માટે તો સાચા દિલની લાગણી હોવી જોઇએ. કારણ કે, સાચી લાગણી વિના સાચો પ્રેમ પેદા થઈ શકતો નથી અને પ્રેમ સાચો ન હોય તો તે અખંડ રહી શકતો નથી.

સંસારમાં જેને પ્રીતિ કહેવામાં આવે છે તે પ્રીતિ જુદી છે અને પરમાત્માની સાથે પ્રીતિ જોડવી તે પણ જુદી છે. આ રીતે લૌકિક અને પારલૌકિક પ્રીતિમાં અંતર રહેલું છે. દુનિયાની પ્રીતિમાં હૃદયમાં કાંઈ રાખવું અને ઉપર કાંઈ બતાવવું એમ બીજાને છેતરવામાં આવે છે અને એવી ઠગારી પ્રીતિને પણ દુનિયા પ્રીતિ માને છે, પણ પરમાત્માની પ્રીતિમાં એવી ઠગાઈ ચાલી શકતી નથી. પરમાત્મા પ્રત્યે કેવી વિશુદ્ધ પ્રીતિ હોવી જોઈએ અને પરમાત્મા કેવી પ્રીતિથી પ્રસન્ન થાય છે એ વાત આ પ્રાર્થનામાં બતાવવામાં આવી છે.

પરમાત્માની સાથે કેવો પ્રીતિસંબંધ જોડવો જોઇએ એને માટે કહેવામાં આવ્યું છે કેઃ–

"પ્રીતિ સગાઇ જગમાં સૌ કરે, પ્રીતિ સગાઇ ન કોઇ;
પ્રીતિ સગાઇ નિરુપાધિક કરી, સોપાધિક ધન ખોય."

યોગી આનંદઘનજી કહે છે કે, સંસારમાં પ્રીતિ કરવાનો રિવાજ બહુ છે. બધા લોકો પ્રીતિ–સંબંધ જોડવા માટે ઉત્સુક રહે છે પણ એ વાતનો નિર્ણય કરવો મુશ્કેલ છે કે, એ પ્રીતિ સોપાધિક છે કે નિરુપાધિક ? જો કે આ વાતનો નિર્ણય કરવો મુશ્કેલ છે તેમ છતાં એમ કહેવામાં આવે છે કે, સાંસારિક પદાર્થો સાથે સંબંધ ધરાવતી પ્રીતિ સોપાધિક છે અને પરમાત્માની સાથે જોડવામાં આવતી પ્રીતિ નિરુપાધિક છે.

સંસારની સાથે સંબંધ ધરાવતી પ્રીતિ સોપાધિક કેવીરીતે છે એ વાતનો નિર્ણય કરવા માટે તમે તમારા શરીરને જ જુઓ. જે શરીર સાથે તમે બહુ પ્રીતિ–મમત્વ ધરાવો છો તે શરીરને જ્યારે આત્મા છોડીને પરલોક ચાલ્યો જાય છે, ત્યારે તમે શરીરનાં મડદાંને બાળી આવો છો. તો પછી તમારી શરીર સાથેની પ્રીતિ ક્યાં ચાલી ગઈ ! શરીરની સાથે તમારી કેવી પ્રીતિ હોય છે એ તે ઉપરથી જણાઈ આવે છે ! શરીરમાં આત્માનો અધ્યાસ થઈ જવાને કારણે તેની સાથે પ્રીતિસંબંધ જોડવામાં આવે છે, પણ વાસ્તવમાં

આત્માના નિજ ગુણની સિવાય શરીર સાથેનો પ્રીતિસંબંધ સોપાધિક છે. કેવળ આત્માનો નિજ ગુણ જ નિરુપાધિક છે.

જો કે, લોકો પોતાના હાથે જ અનેક મડદાંઓને બાળી આવે છે અને શરીર સાથેની પ્રીતિ કેવી સોપાધિક હોય છે એ જોતાં-જાણવા છતાં પણ, ઉપાધિમાં પડેલા એ લોકો સોપાધિક પ્રીતિમાં જ મશગૂલ રહે છે. આનું કારણ કેવળ મોહ છે. જેમકે કોઇના હાથમાં સોનાની હાથકડી પહેરાવવામાં આવે તો શું તેને દુઃખ થશે! સોનાની હાથકડી આખરે હાથકડી હોવા છતાં પણ, સોનાના મોહમાં પડેલો માણસ તેને હાથકડી માનતો નથી; પણ તેની સાથે પ્રીતિ કરે છે. લોકો સાધારણ ચીજ માટે પણ મને આપો મને આપો એમ પડાપડી કરે છે તો પછી સોનાનું મમત્વ કેમ છોડી શકે?

આ પ્રમાણે પ્રીતિ તો બધા કરે છે પણ સોપાધિક પ્રીતિ કરે છે. પણ નિરુપાધિક પ્રીતિ તો બહુ ઓછા લોકો કરે છે. નિરુપાધિક પ્રીતિ તે છે કે જેનાદ્વારા ચિદાનંદ ગુણ પ્રગટાવી, ઉપાધિને દૂર કરવામાં આવે છે. આ પ્રમાણે ઉપાધિ વધારવાની અને ઉપાધિ ઘટાડવાની પ્રીતિ જુદા જુદા પ્રકારની છે. આ બન્ને પ્રકારમાંની પ્રીતિમાંથી તમારું હૃદય કઈ પ્રીતિ કરવા ચાહે છે તેનો વિચાર કરો! જો તમારું હૃદય સોપાધિક પ્રીતિ કરવા ચાહે, તો તો તમારે ઉપાધિમય જીવન પસાર કરવું પડશે, પણ જો તમારું હૃદય નિરુપાધિક પ્રીતિ ચાહે તો પછી તમારે સાંસારિક પદાર્થોની ઉપાધિ છોડવી પડશે. સોપાધિક પ્રીતિનો ત્યાગ કરી નિરુપાધિક પ્રીતિ જોડવામાં આવે તો પછી જોઈએ જ શું? પણ નિરુપાધિક પ્રીતિનો સંબંધ જોડવા માટે પ્રયત્ન કરવાની જરૂર રહે છે.

કહેવાનો આશય એ છે કે, ભગવાન ધર્મનાથની સાથે નિરુપાધિક પ્રીતિદ્વારા જ પરમાત્મા પ્રત્યે અખંડ પ્રેમ પેદા થશે અને પરિણામે આત્માનો ચિદાનંદ ગુણ પ્રકટ થશે.

નિરુપાધિક પ્રીતિ કેવીરીતે કરવામાં આવે છે એ વાત હવે શાસ્ત્રદ્વારા સમજાવું છું.

## અનાથીમુનિનો અધિકાર—૨૦

રાજા શ્રેણિક અને અનાથી મુનિ બન્ને સામસામા બેઠા છે. બન્નેય મહારાજા છે પણ જુદા જુદા પ્રકારના છે. રાજા તો સોપાધિક પ્રીતિને જ પ્રીતિ માને છે પણ મુનિ નિરુપાધિક પ્રીતિને પ્રીતિ માને છે. રાજા એમ માને છે કે, જેમની દ્વારા સુખોપભોગની સામગ્રી મળે તેમની સાથે પ્રીતિ કરવી એ જ સાચી પ્રીતિ છે. આમ માનવાને કારણે જ તે મુનિને કહી રહ્યો છે કે, "તમે સંયમને છોડી દઈ મારી સાથે ચાલો અને ભોગોનો ઉપભોગ કરો! હું તમારો નાથ બનું છુ, પણ મુનિએ રાજાને ઉત્તર આપ્યો કે, "હે રાજન્! તું ભૂલે છે. તું પોતે જ અનાથ છે. તું તારું પોતાનું પણ ક્ષેમકુશળ કરી શકતો નથી તો પછી તું મારો નાથ કેવી રીતે બની શકે?"

મુનિનું આ કથન સાંભળી રાજાને ઘણું આશ્ચર્ય થયું. રાજા વિચારવા લાગ્યો કે, હું તો એમનો 'નાથ' બનવા ચાહતો હતો પણ એ તો મને જ 'અનાથ' માને છે. વળી આ ઋદ્ધિમાન મુનિ અનાથતાને કારણે દીક્ષા લીધી એમ કહે છે એ એક આશ્ચ-

ર્યનું કારણ છે, અને મારા જેવા મગધાધિપને અનાથ કહે છે એ વળી બીજું આશ્ચર્ય છે. આ પ્રમાણે રાજા કેવો આશ્ચર્યચકિત થયો એને માટે શાસ્ત્ર કહે છે કેઃ—

**एवं वुत्तो नरिंदो सो, सुसंभंतो सुविम्हिओ ।**
**वयणं अस्सुयपुव्वं, साहुणा विम्हयंनियो ॥१३॥**

**अस्सा हत्थी मणुस्सा मे, पुरं अन्तेउरं च मे ।**
**भुंजामि माणुसे भोए, आणा इस्सरियं च मे ॥ १४ ॥**

**एरिसे सम्पयग्गम्मि, सव्वकामसमप्पिए ।**
**कहं अणाहो भवइ, मा हु भन्ते ! मुसं वए ॥ १५ ॥**

તું પોતે જ અનાથ છે. મુનિનું આ કથન સાંભળતાં જ રાજા ઘણો સંભ્રાન્ત થયો. તે ક્ષત્રિય હતો. ક્ષત્રિય અપમાન સહી શકતો નથી.

આજે ઘણા લોકો મને કહે છે કે, ' તમે ચાહો તે કહો, અમને કાંઈ ખોટું નહિ લાગે !' પણ તમને કાંઈ ખોટું લાગતું નથી એ જ ખરાબ છે. આનું જ નામ વાણિયાશાહી છે. કહેવત છે કે, 'સિંહને બોલ લાગે છે' અર્થાત્ સિંહની સામે ગર્જના કરવામાં આવે તો તે સામો થાય છે!

મોટા ધાસીરામજી મહારાજ જેઓ મારા ઉપદેશક હતા તેઓ મેવાડના એક ગામના રહેવાશી હતા. મેવાડમાં બહુ ઝાડી છે. તેઓ કહેતા હતા કે, એક દિવસ કરમદા ખાવા માટે હું જંગલમાં ગયો હતો. ત્યાં એક વાઘ મારી સામે દોડી આવ્યો. મને ત્યારે ભય તો લાગ્યો પણ મેં લોકો પાસેથી સાંભળ્યું હતું કે, "સિંહ કે વાઘની આંખની સામે આંખ તાકવાથી તે આક્રમણ કરી શકતો નથી !" હું પણ તે વાઘની આંખ સામે આંખ તાકીને ઊભો રહ્યો અને વાઘ પણ મને તાકતો ત્યાં ઊભો રહ્યો. હું તેની સામે એકીટશે જોતો રહ્યો; એક પલક પણ મારી નહિ. આખરે તે પરાજિત થઈ ધીરે ધીરે પાછો ફરી ગયો. મેં એવું પણ સાંભળ્યું હતું કે, સિંહને બોલ લાગે છે અને તેની સામે ગર્જના કરવાથી સામો ધુરકે છે. મેં વિચાર્યું કે જોઉં તો ખરો કે આ વાત સાચી છે કે ખોટી ! આ પ્રમાણે વિચાર કરી મેં વાઘની સામે રાડ પાડી. મારી આ રાડ સાંભળી વાઘ પાછો ફલાંગ મારી, મારી સામે દોડી આવ્યો. હું મનમાં કહેવા લાગ્યો કે ' હવે જો આ વાઘ પાછો ચાલ્યો જાય તો ફરી રાડ નહિ પાડું.' વાઘ થોડીવાર મારી સામે તાકતો રહ્યો પછી બહુ ધીરે ધીરે ત્યાંથી ચાલ્યો ગયો !

કહેવાનો આશય એ છે કે, સિંહ બોલ ઝીલે છે, તેની માફક તમારે પણ બોલને ઝીલવો જોઈએ. પણ તમે લોકો વાણિયાશાહી વાપરો છો અને તે કારણે બોલને ઝીલી શકતા નથી એ જ ખરાબી છે. રાજા ક્ષત્રિય હતો એટલે તેને લાગી આવ્યું કે, જો કોઈ ગરીબ કે દરિદ્રીને અનાથ કહ્યો હોતતો તે વાત જુદી હતી પણ મારા જેવા રાજાને અનાથ કેમ કહ્યો ? આ પ્રમાણે રાજા સંભ્રાન્ત થયો અને મનમાં થોડો રજોગુણ પણ આવ્યો. તે મનમાં વિચારવા લાગ્યો કે, હું રાજા છું એમ જો આ મુનિ જાણતા ન હોત અને

મને અનાથ કહ્યો હોત તો જુદી વાત હતી, પણ આ તો હું રાજા છું એમ જાણવા છતાં મને અનાથ શા માટે કહ્યો ?

રાજાના મનોગત ભાવોનું શાસ્ત્રે બરાબર ચરિત્રચિત્રણ કર્યું છે. આ વિષે શાસ્ત્રમાં જે વર્ણન કરવામાં આવ્યું છે તેનું પૂરેપૂરું વિવરણ તો કોઈ મહાવક્તા જ કરી શકે. હું એ રહસ્યને બરાબર પ્રકટ કરી ન શકું. છતાં મારી સમજમાં એ ગાથાનું જે રહસ્ય સમજવામાં આવ્યું છે, તે જણાવું છું. ઉપર્યુક્ત ગાથા ઉપરથી એમ જણાય છે કે રાજા શૂરવીર હતો પણ ક્રૂર ન હતો! સિંહ તો શૂર પણ હોય છે અને સાથે ક્રૂર પણ હોય છે. તે સાધુ કે અસાધુને ઓળખી શકતો નથી. તે તો જે સામે આવે છે તેની ઉપર હુમલો કરે છે, તેનામાં વિવેક હોતો નથી; પણ રાજા શૂરવીર હતો, ક્રૂર હતો નહિ પણ વિવેકશીલ હતો. એ વાતને પ્રકટ કરવા માટે, શાસ્ત્રકારોએ 'રાજા સંભ્રાન્ત થયો છતાં મુનિને કોઈ પ્રકારની અનુચિત વાત ન કહી પણ સભ્યતાપૂર્વક પોતાનાં મનોગત ભાવો પ્રકટ કર્યા" એમ કહ્યું હોય એમ હું મારી બુદ્ધિએ કહું છું.

મુનિએ મને જે અનાથ કહ્યો છે એ મારે માટે તો અશ્રુતપૂર્વ છે. મને કોઈએ અત્યાર સુધી અનાથ કહ્યો નથી, તેમ મેં કોઈ દિવસ અનાથતા અનુભવી નથી ! હું ઘર છોડીને બહાર ચાલ્યો ગયો હતો–કષ્ટમાં રહ્યો હતો, ત્યારે પણ મને કોઈએ અનાથ કહ્યો નહતો ! મેં ત્યારે પણ અનાથતા અનુભવી ન હતી પણ પુરુષાર્થના બળે મારું કામ ચલાવતો હતો ! મુનિનું આ વચન તો અશ્રુત પૂર્વ છે. અથવા તેમને મારા વૈભવની ખબર નથી. અથવા તેમની આકૃતિ જોતાં તેઓ મહાઋદ્ધિસિદ્ધિવાળા હોય અને તેમની દૃષ્ટિએ હું અનાથ ગણાતો હોઉં એ પણ બને ખરું !

કોઈ માણસ જ્યારે પોતાથી નાની ચીજ બીજાની પાસે જુએ છે ત્યારે તે નાની ચીજને તુચ્છ માનવા લાગે છે ! જેમકે કોઈની પાસે હીરાનાં ઘરેણાં હોય તેને સોનાનાં ઘરેણાં સામન્ય લાગે છે અને જેમની પાસે સોનાનાં દાગીનાં હોય છે તેને ચાંદીનાં ઘરેણાં સામાન્ય લાગે છે. આ જ પ્રમાણે જેમની પાસે ચાંદીનાં ઘરેણાં હશે તેને જસત કે પીત્તળનાં ઘરેણાં તુચ્છ જણાશે. આ જ પ્રમાણે આ મુનિની પાસે ઋદ્ધિસિદ્ધિ ઘણી રહેલી હોય અને તે કારણે હું તેમની નજરમાં અનાથ જણાતો હોઉં એ સંભવિત છે. હું પણ તેમની શારીરિક ઋદ્ધિ જોઈ આશ્ચર્યચકિત થયો હતો. આ પ્રમાણે તેમણે પણ મારી અહીંની ઋદ્ધિ જોઈ મને પોતાથી ઓછી ઋદ્ધિવાળો ગરીબ સમજ્યા હોય અને એ કારણે મને અનાથ કહ્યો હોય ! પણ એ મુનિ ધારે છે, એવો હું અનાથ નથી, એ માટે મારે મારી ઋદ્ધિનું વર્ણન કરી તેમને ખુલ્લું જણાવી દેવું જોઈએ કે જેથી તેમને પણ ખબર પડે કે મારી પાસે આટલી ઋદ્ધિ છે અને હું તેમનો નાથ બની શકું એમ છું કે નહિ ?

રાજા સાહસી અને વીર હતો. એટલા માટે તેણે મુનિને કહ્યું કે, " મહારાજ ! હું મગધેશ્વર છું. હું મગધનો કેવળ નામનો જ રાજા નથી પરંતુ આખા મગધરાજ્યનું પાલન કરું છું. મારા રાજ્યમાં અનેક હાથી–ઘોડા આદિ રત્નો છે. મારા રાજ્યમાં અનેક મોટાં મોટાં નગરો છે કે જેની આવકમાંથી મારા રાજ્યનું ખર્ચ સારી રીતે નીકળે છે. મોટા-

મોટા રાજાઓ પોતાની કન્યા મને આપી પોતાને ભાગ્યશાળી માને છે. વળી કેટલાક લોકોને ઋદ્ધિ મળે છે તો પણ શરીર અસ્વસ્થ હોવાને કારણે ઋદ્ધિનો ઉપભોગ કરી શકતા નથી પણ મારી પાસે ઋદ્ધિસમૃદ્ધિ હોવાની સાથે શારીરિક સંપત્તિ પણ સારી છે એટલે હું મનુષ્ય સંબંધી ભોગોનો ઉપભોગ પણ કરી શકું છું. કેટલાક રાજાઓ તો કેવળ નામના જ રાજાઓ હોય છે, પણ હું એવો નામનો રાજા નથી. મારી આજ્ઞા બધા શિરોધાર્ય કરે છે, કોની એવી શક્તિ છે કે જે મારી આજ્ઞાનો અનાદર કરે ! હું આવો મહારાજા હોવા છતાં આપ મને 'અનાથ' કેમ કહો છો ? આપ મુનિ થઈને મારા જેવા રાજાને અનાથ કહી, ખોટું બોલો એ ખરેખર આશ્ચર્યજનક વાત છે. જે પ્રમાણે પૃથ્વી આધાર ન આપે અને સૂર્ય પ્રકાશ ન આપે એ જેમ આશ્ચર્યજનક વાત છે તેમ મુનિ થઈ ને તમે અસત્ય બોલો છો એ પણ આશ્ચર્યજનક વાત છે. મુનિ તો કોઈ દિવસ અસત્ય બોલે નહિ અને તમે મુનિ થઈ મને અનાથ કહી અસત્ય શા માટે બોલો છો ? હે ! પૂજ્ય ! આપે આવું અસત્ય બોલવું ન જોઈએ !"

રાજાએ મુનિને 'તમારે અસત્ય બોલવું ન જોઈએ' એમ કહ્યું પણ કેવા આદર અને કેટલા વિવેકપૂર્વક કહ્યું તે જુઓ. રાજાએ કટુ શબ્દ કહ્યા નહિ પણ 'હે! પૂજ્ય! આપે આવું અસત્ય બોલવું ન જોઈએ' એમ વિવેકપૂર્વક કહ્યું. વાણીમાં પણ આવો વિવેક રાખવાની જરૂર રહે છે. માણસના સ્વભાવનો પરિચય વાણીદ્વારા મળી આવે છે. એ વિષે એક કથા પ્રસિદ્ધ છે કેઃ—

રાજા ભોજના સમયમાં એક આંધળો માણસ હતો. તે રાજાને મળવા ચાહતો હતો પણ તે આંધળો તથા ગરીબ હોવાને કારણે રાજાની મુલાકાત કરી શકયો ન હતો, પણ કોઈક દિવસે રાજાની મુલાકાત થશે એવો તેને વિશ્વાસ હતો. એક દિવસ તેણે સાંભળ્યું કે, રાજા ભોજ આજે અમુક સમયે અને અમુક રસ્તે નીકળવાના છે, એટલે તે આંધળો રસ્તા ઉપર જઈ ઉભો રહ્યો. રસ્તામાં આંધળાને ઉભેલો જોઈ સિપાઇઓ જોરથી કહેવા લાગ્યા કે, " એ આંધળા ! દૂર હટ ! જોતો નથી, રાજા આવી રહ્યા છે." તે આંધળો, સિપાઇનો આવો કર્કશ અવાજ સાંભળી અહીંતહીં થોડીવાર આડોઅવળો જઈ સિપાઇઓના ચાલ્યા જવા બાદ પાછો તે રાજમાર્ગ ઉપર આવી ઉભો રહ્યો. એટલામાં તો રાજા ભોજ નીકળ્યા. તેમણે આંધળાને જોઇ વિચાર્યું, કે આ અંધ ભક્ત મને મળવા આવ્યો હશે. આ પ્રમાણે વિચાર કરી રાજાએ આંધળાને પૂછ્યું કે, 'અંધરાજ ! અત્રે કેમ ઉભા છો ? આંધળાએ જવાબ આપ્યો કે, મહારાજાધિરાજ ! આપની મુલાકાત માટે અત્રે ઉભો છું. રાજા મનમાં વિચારવા લાગ્યો કે, 'આ આંધળાએ મને કેવીરીતે ઓળખી લીધો !' આ પ્રમાણે વિચાર કરી પ્રગટરૂપે તેમણે તે આંધળાને પૂછ્યું કે, અંધરાજ ! તમે થોડુંઘણું જોઇ શકો છો ? આંધળાએ જવાબ આપ્યો કે, ના, હું જરાપણ જોઈ શકતો નથી. રાજાએ ફરી પૂછ્યું કે, અંધરાજ ! જ્યારે તમે જોઇ શકતા નથી તો પછી 'હું રાજા ભોજ છું' એ તમે શી રીતે જાણી શકયા ! આંધળાએ જવાબ આપ્યો કે, આપની વાણીથી આપ રાજા ભોજ જ હશો એ હું જાણી શકયો. કારણ કે, રાજા ભોજ સિવાય બીજો કોણ મને "અંધરાજ" કહી બોલાવે ? આપના સિપાઇઓ તો " એ !

આંધળા ! દૂર હટ" એમ મને આંધળો કહીને પોકારતા હતા, પણ આપે મને અંધરાજ કહીને સંબોધ્યો એ ઉપરથી મેં જાણી લીધું કે આપ રાજા ભોજ જ છો.

રાજા ભોજે આંધળાને આંધળો જ કહ્યો હતો, પણ અંધરાજ એ માનસૂચક નામથી કહ્યું હતું. આંધળાનું કથન સાંભળી રાજા ભોજ મનમાં વિચારવા લાગ્યા કે, એ બહુ સારું થયું કે, મેં તે આંધળાને અંધરાજ તરીકે બોલાવ્યો, નહિ તો મારી પણ ગણના સિપાઇઓમાં જ થાત ને! રાજાએ તે આંધળાને સન્માન આપી વિદાય કર્યો.

પહેલાંના રાજાઓ હાથી ઘોડા ઉપર બેસી ધીરે ધીરે નગરપર્યટન કરતા હતા, અને પ્રજાનાં સુખદુ:ખ સાંભળતા, પણ આજે તો હાથી-ઘોડાનું સ્થાન મોટરે લઈ લીધું છે.

કહેવાનો આશય એ છે કે, વાણી વદવામાં પણ વિવેક રાખવાની જરૂર રહે છે. કહેવત પણ છે કે, **वचने का दरिद्रता** અર્થાત્ મીઠા વચન બોલવામાં દરિદ્રતા શા માટે રાખવી જોઇએ !

"તુલસી મીઠે વચન તે, સુખ ઉપજે ચહું ઓર;
વશીકરણ એક મંત્ર હૈ, તજ દે વચન કઠોર."

ફારસીમાં પણ કહ્યું છે કે:— "બન કે અજીજ રહના પ્યારી જબાન દહનમેં" હે ! પ્યારી જીભ ! બીજું કાંઈ મળે કે ન મળે, પણ જો તું મારી સાથે મિત્રતા બાંધી લે તો પછી બધા જીવો મારા મિત્રો થઇ જશે."

તમે લોકો બીજાને મિત્ર બનાવો છો પણ તમારી જીભની સાથે કોઇ દિવસ મિત્રતા બાંધી છે ? જો તમારી જીભ તમારી સાથે શત્રુતા રાખે છે તો એ શત્રુતાને દૂર કરી તેની સાથે મિત્રતા બાંધો. તમારી જીભમાંથી કડવી વાણી શામાટે નીકળે, અમૃત વાણી કેમ ન વરસે?

કલ્પના કરો કે, તમારા પૂર્વજો તમને કહે કે, ઘરની આ બાજુ તો સોનું દાટયું છે અને પેલી બાજુ કોલસા દાટયાં છે. તમારે એમાંથી જે જોઈએ તે કાઢી લો. યોગાનુયોગે તમારા હાથમાં કોદાળી પણ આપવામાં આવી. હવે તમે એ કોદાળી વડે સોનું દાટયું છે તે બાજુ ખોદશો કે કોલસાં દાટયાં છે તે બાજુ ખોદશો ? જો કોલસા બાજુ કોદાળી વડે ખોદશો તો તમારો હાથ કાળો થશે અને ખોદતાં ખોદતાં કોલસો ઉડશે તો મોઢું પણ કાળું થશે. તમે કહેશો કે, એવો કોણ મૂર્ખ હશે કે સોનાને છોડી કોલસાને ખોદી કાઢવાનો પ્રયત્ન કરે ? જેમ સોનાને છોડી કોલસો ખોદવાનો કોઈ પ્રયત્ન કરતા નથી તેમ તમારી જીભની કોદાળી વડે તમે સોનું પણ કાઢી શકો છો અને કોલસા પણ કાઢી શકો છો. જો તમે અપશબ્દ બોલો તો એ કોલસાને ખોદવા જેવું કામ છે અને મીઠાં શબ્દો બોલો તે સોનાને ખોદવા જેવું કામ છે. હું બહેનોને પણ મીઠા શબ્દો બોલવાનો ખાસ આગ્રહ કરું છું. આડોશીપાડોશી તથા બાળકોની સાથે પણ વિવેકપૂર્વક વાણી બોલવી જોઇએ. મીઠા શબ્દો બોલવાથી તમે બીજાને પ્રિય લાગશો, અને જો કડવી વાણી બોલશો તો અપ્રિય લાગશો. એક કવિએ ઠીક જ કહ્યું છે કે:—

"જાકે જૈસી વસ્તુ હૈ, વૈસી દે દિખલાય;
વાકો બુરા ન માનિયે, વો લેન કહાંસે જાય."

જેમની પાસે ગાળો છે તે ગાળો આપે છે. જેમની પાસે જે વસ્તુ હોય તે વસ્તુ બીજાને આપી શકે. એટલા માટે એમાં ખરાબ માનવાની કાંઈ જરૂર નથી.

કહેવાનો આશય એ છે કે, જેમનામાં ગાળો ભાંડવાનાં સંસ્કારો હશે તે બીજાને ગાળો જ ભાંડશે. માટે પહેલેથી સારા સંસ્કારો પાડો. ભૂલેચૂકે પણ કડવી વાણી બોલો નહિ. સારાં સંસ્કારોને જીવનમાં ઉતારવા માટે હમેશાં સત્સંગતિ કરવી જોઈએ.

મીઠી વાણી બોલવાનો અભ્યાસ કેવી રીતે પાડવો જોઈએ એને માટે પૂજ્યશ્રી શ્રી લાલજી મહારાજે એક દૃષ્ટાંત આપ્યું હતું કેઃ—

એક બંગડીવાળો લાખની બંગડીઓ ગધેડી ઉપર લાદી બજારમાં વેચવા જતો હતો. આજકાલ તો અનેક પ્રકારની રંગબેરંગી બંગડીઓ નીકળી છે અને એ પ્રમાણે વિદેશી બંગડીઓદ્વારા વિદેશોએ બહેનોનો હાથ પકડી રાખ્યો છે; પરંતુ પહેલાં લાખની બંગડીઓનો પ્રચાર વિશેષ હતો. બંગડીવાળો લાખની બંગડીઓઓની ગધેડી ઉપર લાદી બજારમાં વેચવા જતો હતો. જ્યારે ગધેડી ધીરે ધીરે ચાલતી ત્યારે તે "મારી મા ! મારી બેન ! ચાલ" એમ કહી તે હંકારતો હતો. બંગડીવાળાનું આ કથન સાંભળી ઘણા લોકો હસતા અને કહેતા કે, 'તમે આ ગધેડાને મા બહેનના નામથી કેમ સંબોધો છો ?' આ પ્રશ્નના જવાબમાં તે બંગડીવાળો કહેતો કે "જો હું આ ગધેડીને ગાળો ભાંડું તો મને ગાળો ભાંડવાનો અભ્યાસ થઇ જાય. મારો ધંધો બંગડી વેચવાનો છે. મારે ત્યાં સારા ઘરની સ્ત્રીઓ બંગડીઓ ખરીદવા આવે છે. જો ગાળો આપવાનો મને અભ્યાસ થઈ જાય તો તો કોઈ મારે ત્યાં બંગડીઓ ખરીદવા આવે નહિ અને મારો ધંધો પણ ચાલે નહિ."

આ જ પ્રમાણે તમારે પણ વિચારવું જોઇએ કે, હું શ્રાવક છું અને વ્યાપારી છું તો મારા મોઢામાંથી અપશબ્દ કેમ નીકળી શકે! રાજાએ મુનિને અસત્ય ન બોલવાનો ઉપાલંભ તો આપ્યો, પણ તે બહુ જ મર્યાદાપૂર્વક. આ પ્રમાણે જે મર્યાદાપૂર્વક વ્યવહાર કરે છે તે જ વિવેકવાન છે, અને જે દરેક વાતમાં વિવેક રાખે છે તેનું કલ્યાણ થાય છે. હવે મર્યાદાપૂર્વક જીવન વ્યવહાર ચલાવનારની કથા કહું છું.

## સુદર્શન ચરિત્ર—૨૦

**રૂપ કલા યૌવન વય સરખી, સત્યશીલ ધર્મવાન;**
**સુદર્શન ઔર મનોરમા શ્રી, જોડી જુડી મહાન. ॥ ધન૦ ૧૭ ॥**
**શ્રાવક વ્રત દોનોંને લીના, પૌષધ ઔર પચ્ચખાન;**
**શુદ્ધ ભાવસે ધર્મ આરાધે, અહલક દેવે દાન. ॥ ધન૦ ૧૮ ॥**

સુદર્શનની સાથે મનોરમાનો વિવાહ થયો. આજે લગ્ન પ્રથાને સામાન્ય માનવામાં આવે છે પણ વાસ્તવમાં લગ્નપ્રથા એ સામાન્ય નથી. આ પ્રથાની પાછળ મહાન્ આદર્શ રહેલો છે. આ વિવાહપ્રથા ભગવાન ઋષભદેવે પ્રચલિત કરી હતી. મનુષ્યસમાજને મર્યાદિત બનાવવા માટે અને સામાજિક શાન્તિ સ્થાપિત કરવા માટે ભગવાને આ વિવાહ-પ્રથાનો પ્રચાર કર્યો હતો. જૈન ગ્રન્થાનુસાર ભગવાન ઋષભદેવનો સુમંગલા સાથે વિવાહ-પદ્ધતિ પ્રમાણે વિવાહ થયો હતો. તેમની પહેલાં લગ્નપ્રથા ન હતી, પણ ભગવાને જોયું કે

લગ્નપ્રથાના પ્રચલન વિના સમાજમાં શાન્તિ રહેશે નહિ એટલા માટે તેમણે 'વિવાહપ્રથાનું પ્રચલન શરૂ કર્યું.

અત્રે એ જોવાનું છે કે, લગ્ન કરવાનો અધિકાર કોને અને કોની સાથે છે ! આજકાલ પૈસાથી વિવાહ થાય છે અને તે કારણે રૂપ, શીલ, ગુણ આદિમાં કજોડાવિવાહ થઈ જાય છે. કજોડાવિવાહ કરાવીને દંપતીમાં પ્રેમ પેદા થાય એવી આશા રાખવામાં આવે છે પણ પ્રેમ પેદા કયાંથી થાય ! પ્રેમના ઘરમાં તો પહેલેથી જ આગ લગાવવામાં આવે છે. પુરુષો પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે, સ્ત્રીઓ ઉપર અત્યાચાર ગુજારે અને ગમે તેટલી વાર પુરુષોને વિવાહ કરવાનો અધિકાર છે એમ પુરુષો માને એ બધાં લગ્નપ્રથા વિરુદ્ધનાં કામો છે. આ પ્રમાણે પુરુષોએ લગ્નમર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે પણ શાસ્ત્રકારો કહે છે કે, પુરુષોત્તમ તો તે જ છે કે જે મર્યાદાનું પાલન કરે છે. જે મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તે ભ્રષ્ટ છે. એટલા માટે સ્ત્રી પુરુષોએ મર્યાદાનું સમુચિત પાલન કરવું જોઈએ.

ભગવાન ઋષભદેવે વિવાહની જે મર્યાદા બાંધી છે તે મર્યાદાનું પાલન કરવામાં આવે તો એક પણ કજોડાવિવાહ ન થાય. આજે તો લાકડાને માંકડું વળગાડી દેવામાં આવે છે, પણ આમ કરવાથી મર્યાદાનો ભંગ થાય છે અને તેથી સમાજનું અને વ્યક્તિનું-બન્નેનું પતન થાય છે.

આજે કન્યાને વિશેષતઃ મેટ્રીક પાસ થએલા મુરતીયાને આપવામાં આવે છે. પછી ભલે તેને માટે હજાર-બે હજાર રૂપિયા કેમ આપવા ન પડે ! જેમનો પુત્ર મેટ્રીક પાસ થએલો હોય છે તે પણ આટલા રૂપિયા આપો તો હું વિવાહ કરું એમ કહે છે. પણ આ શું વિવાહના આદર્શનું અનુકરણ છે ? વિવાહ કરવા માટે અમુક રૂપિયા આપવા કે માંગવા એ વિવાહ છે કે વિક્રય છે ? પરદેશ જવાના કે મોકલવાના બહાને કે ભણાવવાના બહાને રૂપિયા માંગીને લેવા એ શું વરવિક્રય નથી ? શું વરવિક્રયને બંધ કરવા માટે જાતિ કાંઈ પ્રબંધ કરી શકતી નથી ? કન્યાવાળા સ્વેચ્છાએ આપે એ વાત જુદી છે, પણ ' અમુક રકમ આપો તો વિવાહ કરીએ ' એમ કહીને રૂપિયા માંગવા એમાં સંતાન પ્રત્યેની કરુણાભાવનો નાશ રહેલો છે. એટલા માટે વિચાર વિનિમય કરી, વરવિક્રયની પ્રથા બંધ કરવી જોઇએ. વિના માંગ્યે કોઈ લાખ રૂપિયા આપે તો તે આપનારની ઇચ્છા છે, પણ પ્રથા પાડી અમુક રૂપિયા માંગવા એ ઠીક નથી. અમુક રૂપિયા માંગવાની પ્રથા પાડવાથી તો ગરીબોની સ્થિતિ બહુ જ કઢંગી બની જાય છે અને કન્યાના વિકાસમાર્ગમાં આડખીલી ઉભી થાય છે.

ભગવાને સર્વ પ્રથમ **कन्नालि** અર્થાત્ કન્યા સંબંધી અસત્ય બોલવાનો નિષેધ કરેલ છે. કન્યાઓને માટે અસત્ય નહિં બોલવાનો સર્વ પ્રથમ નિષેધ એટલા માટે કરવામાં આવ્યો છે કે કન્યા એ ભવિષ્યની માતા છે. એટલા માટે તેમનો આદર કરવો જોઇએ. કવિઓએ કહ્યું છે કે:-**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता ।** જ્યાં સ્ત્રીજાતિનો આદર થાય છે ત્યાં દેવો રમે છે, લક્ષ્મીનો વાસ ત્યાં છે અને આનંદ પણ ત્યાં જ છે. આ વૃદ્ધવાકયને ધ્યાનમાં લઇ વરવિક્રયની પ્રથાને દૂર કરો !

મનોરમા અને સુદર્શનનો આનંદપૂર્વક વિવાહ થયો. વિવાહ કરવાનો મુખ્ય ઉદ્દેશ પરસ્પર સહકાર આપવાનો છે. તમે કહેશો કે, એવું કયું કામ છે કે એકલો પુરુષ કે એકલી સ્ત્રી કરી ન શકે! આ વિષે બહુ દૂર ન જતાં તમારા પોતાના જન્મ વિષે વિચાર કરો. શું એકલી સ્ત્રી કોઇ બાળકની માતા બની શકશે? તેમ શું એકલો પુરુષ કોઇ બાળકનો પિતા બની શકશે? પરસ્પરના સહકારથી જ માતાપિતા બની શકે છે. આજે વિવાહનો મુખ્ય ઉદ્દેશ ભુલાઈ ગયો છે અને તેથી જ હાનિ થઇ રહી છે. વિવાહમાં વર કન્યા રૂપગુણમાં સમાન હોવા જોઈએ. જો વર કન્યા સ્વભાવાદિમાં સમાન હશે તો તેમનો જીવનવ્યવહાર સારી રીતે ચાલશે. જો પુરુષનો સ્વભાવ સારો હોય અને સ્ત્રીનો સ્વભાવ કર્કશ હોય કે સ્ત્રીનો સ્વભાવ સારો હોય અને પુરુષનો સ્વભાવ કર્કશ હોય તો પણ બન્નેનો જીવનવ્યવહાર સારી રીતે ચાલી શકતો નથી. આ વિષે જૈન રામાયણમાં એક કથા આવી છે કે:—

રામ, લક્ષ્મણ અને સીતા વનમાં જઈ રહ્યા હતા. રસ્તામાં સીતાને બહુ તરસ લાગી. સીતાએ લક્ષ્મણને કહ્યું કે સામે ઘર દેખાય છે ત્યાંથી પાણી મળી આવશે માટે ત્યાં જઈએ. ત્રણે જણ ત્યાં ગયા. તે એક બ્રાહ્મણનું ઘર હતું. બ્રાહ્મણ બહાર ગયો હતો. ઘરમાં બ્રાહ્મણની પત્ની હતી. પોતાના ઘરના આંગણે અતિથિઓને આવેલા જોઇ તે બ્રાહ્મણપત્ની ખૂબ જ પ્રસન્ન થઇ અને આદર-સત્કારપૂર્વક ત્રણેયને ઘરમાં આસન ઉપર બેસાડયા. પીવા માટે ઠંડુ પાણી આપ્યું. બધાએ ઠંડુ પાણી પીને તરસને છીપાવી. એટલામાં તો ગામમાંથી બ્રાહ્મણ આવ્યો, પોતાના ઘરમાં ત્રણ જણાને ધૂળથી ખરડાએલાં કપડાં પહેરેલાં જોઇ તે મનમાં ધુંધવાયો; અને આ વળી કોણ અહીં આવ્યાં છે! આમ ધુંધવાતો ધુંધવાતો તે ઘરમાં ગયો અને પોતાની સ્ત્રી ઉપર નારાજ થયો અને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે, હું તને હજારોવાર કરી ચૂકયો છું કે, આવાં લંગોટિયા બાવાઓને ઘરમાં ઘાલ નહિ, પણ તું મારું કહ્યું માને શાની? તને તો માર લાગશે ત્યારે જ પાંસરી થશે! આ પ્રમાણે પોતાની સ્ત્રી ઉપર ક્રોધી થતો ઘરમાં ગયો, અને રસોડામાંથી સળગતું લાકડું લઇ ડામ દેવા માટે તે બહાર નીકળ્યો. તે બ્રાહ્મણપત્ની સળગતું લાકડું જોઈ સીતાની પાસે દોડી ગઈ, અને "મારી રક્ષા કરો", મારી રક્ષા કરો, એમ કરગરવા લાગી. રામ તે બ્રાહ્મણને સમજાવવા લાગ્યા કે તું કારણ વિના તારી પત્નીને શા માટે હેરાન કરે છે? પણ તે બ્રાહ્મણે રામનું કહ્યું ગણકાર્યું નહિ. એટલે લક્ષ્મણને બહુ ક્રોધ ચડયો અને તેણે તે બ્રાહ્મણનો પગ પકડી આકાશમાં ફેંકી દીધો.

અતિથિ સત્કારમાં વિવેકનો એક મોટો ગુણ રહેલો છે. જો વિવેક હોય તો રામ જેવાને પણ સત્કાર કરવાનો શુભ અવસર મળે છે, અને વિવેક ન હોય તો રામ જેવાનો પણ તિરસ્કાર થઈ જાય છે.

લક્ષ્મણે બ્રાહ્મણને આકાશમાં ફેંકી દીધો, પણ રામને એ ઠીક ન લાગ્યું. તેમણે લક્ષ્મણને કહ્યું કે, આપણે આ બ્રાહ્મણના ઘરનો સત્કાર પામ્યા છીએ તો તે બ્રાહ્મણની આવી દુર્ગતિ કરવી એ ઠીક નથી.

લક્ષ્મણે કહ્યું કે, મેં તેને આકાશમાં ફેંક્યો છે, પણ તેને નીચે પડવા નહિ દઉં. બ્રાહ્મણ જ્યારે આકાશમાંથી નીચે પડવા લાગ્યો ત્યારે લક્ષ્મણે તેને હાથમાં ઝીલી લીધો. લક્ષ્મણની આવી અદ્‌ભુત શક્તિ જોઈ તે બ્રાહ્મણ આશ્ચર્યચકિત જ થઈ ગયો.

કહેવાનો આશય એ છે કે, સ્ત્રી-પુરુષના સ્વભાવમાં સામ્ય ન હોય તો જીવનવ્યવહાર બરાબર ચાલી શકતો નથી. માતાપિતાનું કર્ત્તવ્ય છે કે પુત્ર-પુત્રીનો વિવાહ સ્વભાવાનુકૂલ યોગ્ય પુત્ર-પુત્રી સાથે કરે. લોભને વશ થઇ પુત્ર-પુત્રીનો કજોડાવિવાહ કરવો ન જોઈએ.

પુરુષો કહે છે કે, "ધર્મ તો સ્ત્રીઓને કરવાનો છે, અમારું કામ તો મોજમજા માણવાનું છે." આ ગંભીર ભૂલ છે. ધર્મ તો સ્ત્રી-પુરુષ બન્નેને માટે છે. બન્નેમાં જો સરખી ધર્મભાવના હોય તો જ બન્નેનો જીવનવ્યવહાર સુખપૂર્વક ચાલી શકે. જ્યાં પતિ-પત્નીમાં ધાર્મિક ભાવના સમાનરૂપે હોતી નથી ત્યાં રાત્રિ દિવસ કલેશકંકાસ થાય છે.

આનંદ શ્રાવકે ભગવાન મહાવીરની પાસે જ્યારે વ્રતોનો અંગીકાર કર્યો ત્યારે ઘેર આવી તેની પત્ની શિવાનંદાને કહ્યું કે, તું પણ વ્રતોનો અંગીકાર કર. શિવાનંદાને પોતાના પતિ ઉપર દૃઢ વિશ્વાસ હતો. એટલે તે વિષે વિશેષ કાંઈ ન પૂછતાં ભગવાનની પાસે ગઈ અને વ્રતોનો અંગીકાર કરી આવી.

આ પ્રમાણે જ્યાં પતિ-પત્નીમાં પરસ્પર વિશ્વાસ અને ધર્મનું સામ્ય હોય છે ત્યાં જ આનંદ મંગલ વર્તે છે. સુદર્શન અને મનોરમા બન્ને યથાશક્તિ ધર્મારાધન, વ્રત-પ્રત્યાખ્યાન આદિ કરે છે અને આનંદપૂર્વક જીવન સુખમય વ્યતીત કરે છે. આગળ શું થાય છે તેનો અધિકાર હવેપછી યથાવસરે કહેવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૨ મંગળવાર

### પ્રાર્થના

**અરહનાથ અવિનાશી, શિવસુખ લીધો;**
**વિમલ વિજ્ઞાન વિલાસી, સાહબ સીધો. ॥૧॥**

**તુ ચેતન ભજ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાય;**
**તાત 'સુદર્શન' 'દેવી' માતા, તેહનો નંદ કહાય. ॥ સાહબ૦ ॥૨॥**

શ્રી અરહનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આત્મા પરમાત્માની પ્રાર્થના કેમ કરે એ જોવાનું છે. પ્રાર્થના નિર્વિકલ્પ અને સવિકલ્પ એમ બે પ્રકારે થાય છે. આ બે પ્રકારની પ્રાર્થનાઓમાંથી આત્માએ નિર્વિકલ્પ પ્રાર્થના જ કરવી જોઈએ; પણ એકદમ નિર્વિકલ્પ પ્રાર્થના કરવી મુશ્કેલ છે; એટલા માટે નિર્વિકલ્પ પ્રાર્થના કરવા અર્થે સવિકલ્પ પ્રાર્થનાનું અવલંબન લેવામાં આવે છે. અવલંબન લીધા વિના એકદમ ઉપર ચડી શકાતું નથી; એટલા માટે સવિકલ્પ પ્રાર્થના કરવામાં

આવે છે અને તે દ્વારા નિર્વિકલ્પ પ્રાર્થનામાં પહોંચી શકાય છે. આ પ્રાર્થનામાં પણ સવિકલ્પ અને નિર્વિકલ્પ એ બન્ને પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે; અર્થાત્ સગુણ અને નિર્ગુણ એમ બે પ્રકારે પરમાત્માને બનાવી બન્નેય પ્રકારના પરમાત્માની પ્રાર્થના કરવામાં આવી છે.

તાત સુદર્શન દેવી માતા તેનો નન્દ કહાય ।

અર્થાત્—જેમના પિતા સુદર્શન અને માતા દેવી હતાં તે ભગવાનની પ્રાર્થના કરી સવિકલ્પ પ્રાર્થના કરવામાં આવી છે; પણ ત્યારબાદ પરમાત્માની નિર્વિકલ્પ પ્રાર્થના આ પ્રમાણે કરવામાં આવી છેઃ—

અલખઅરૂપ અખંડિત અવિચલ, અગમ અગોચર આપ ।
નિરવિકલ્પ નિકલંક નિરંજન, અદ્ભુત જ્યોતિ અમાપ ॥

આ પ્રમાણે પરમાત્માની સવિકલ્પ અને નિર્વિકલ્પ બન્ને પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે. આપણું લક્ષ્ય તો નિર્વિકલ્પ પ્રાર્થના કરવાનું જ હોવું જોઈએ પણ સવિકલ્પ પ્રાર્થનાની સહાયતા વિના એકદમ નિર્વિકલ્પ પ્રાર્થનામાં પહોંચી શકાતું નથી એટલા માટે સવિકલ્પ પ્રાર્થનાની સહાયતા વડે નિર્વિકલ્પ પ્રાર્થનામાં પહોંચવું જોઈએ !

આ ઉપરથી કોઈ એમ કહે કે, નિર્વિકલ્પ પ્રાર્થનામાં પહોંચવા માટે મૂર્તિ રાખવામાં આવે અને તેની સહાયતાદ્વારા આગળ વધવામાં આવે તો શું વાંધો છે? પણ એમ કરવાથી તો વધારે ગડબડ ઉભી થશે. કારણ કે, નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા અને શરીર વચ્ચે કાંઇ સંબંધ નથી. શરીર જડ છે અને આત્મા ચૈતન્ય છે એટલે બન્નેને કાંઈ લાગતું વળગતું નથી. તેમ છતાં " હું શરીર જ છું " એવો અધ્યાસ પડી જાય છે. હવે આ અધ્યાસને વધારવો ઠીક છે કે તેથી મુક્ત થવું ઠીક છે! જો અધ્યાસથી મુક્ત થવું હોય તો એવો વિચાર રાખવો જોઈએ કે, " હું નિર્વિકલ્પ છું અને શરીર સંબંધથી દૂર રહેવા ચાહું છું. " આ પ્રમાણે વિચાર કરી એ અધ્યાસને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે; તો પછી મૂર્તિમાં પરમાત્માનો અધ્યાસ માની તેમાં વધારે ફસાવવું એ ક્યાંસુધી યોગ્ય છે ? આ તો અધ્યાસથી મુક્ત થવાને બદલે વધારે અધ્યાસમાં ફસાઈ જવું પડશે અને એમ કરવું તે ન્યાયમાં કહેલા દ્રાવિડ પ્રાણાયમની માફક વિપરીત થશે. શરીરને માટે જ્યારે એવો અધ્યાસ પડી જાય છે ત્યારે હું શરીર જ છું એવું માનવા લાગે છે. અર્જુનને પણ એવો જ અધ્યાસ પડી ગયો હતો, ત્યારે કૃષ્ણે અર્જુનને કહ્યું હતું કેઃ—

वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥
नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः ॥

કૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે, હે! અર્જુન ! શરીરમાં શું મુંઝાઈ ગયો છે. આત્માને પણ જો. શરીર તો નાશવાન છે પણ આત્મા અવિનાશી છે.

આ પ્રમાણે સવિકલ્પમાંથી નીકળી નિર્વિકલ્પમાં જવાનું છે, પણ સવિકલ્પમાં વધારે ફસાઈ જવું નથી. મૂર્તિ બનાવી તેમાં પરમાત્માનો અધ્યાસ કરવો એ તો સવિકલ્પમાં વધારે ફસાઈ જવા જેવું છે! જો સવિકલ્પ પ્રાર્થના જ કરવી છે તો જેમ પહેલાં કહેવામાં આવ્યું છે તેમ માતા-પિતાથી ઉત્પન્ન, અર્થાત્ તેરમા ગુણસ્થાને જે ભગવાન છે તેમની પ્રાર્થના કરવી જોઈએ. અને જો નિર્વિકલ્પ પ્રાર્થના કરવી હોય તો સિદ્ધ ભગવાનની પ્રાર્થના કરવી જોઈએ. ભગવાન અરહનાથ જો કે શરીરમાં જ પેદા થયા હતા પરંતુ અંતે શરીરનો અધ્યાસ છોડી શરીરના વિકલ્પોમાંથી નીકળી સિદ્ધ થયા હતા. તેમ પોતાને માટે પણ વિચાર કરવો જોઈએ કે, "હે! આત્મા! તું પણ વિકલ્પમાંથી નીકળી નિર્વિકલ્પ પ્રાર્થનામાં જા, જ્યાંસુધી તું નિર્વિકલ્પ પહોંચ્યો નથી ત્યાંસુધી ભગવાન તીર્થંકરની પ્રાર્થના કર અને પછી આ પ્રાર્થનાદ્વારા સિદ્ધની પ્રાર્થનામાં પહોંચી જા."

સવિકલ્પ પ્રાર્થનામાંથી નિર્વિકલ્પ પ્રાર્થનામાં કેવી રીતે જવું એ વાત હવે હું શાસ્ત્રદ્વારા કહું છું:—

## અનાથી મુનિનો અધિકાર—૨૧

રાજા શ્રેણિક વિચારવા લાગ્યો કે, મને મુનિએ અનાથ શા કારણે કહ્યો? ગરીબ તો નથી કે જેથી મને અનાથ કહ્યો? રાજાએ મુનિને અનાથ કહેવાનું કારણ પૂછયું. મુનિએ જવાબ આપ્યો કે, હે! રાજન્! તું સનાથ-અનાથનો ભેદ જાણતો નથી એટલા જ માટે તું આમ કહે છે! તારામાં ભ્રમ પેદા થયો છે અને એ ભ્રમને કારણે જ તું મનમાં મુંઝાઈ રહ્યો છે!

જ્યાંસુધી જ્ઞાન થતું નથી ત્યાંસુધી આત્મા ભ્રમમાં પડી મુંઝાઇ જાય છે. એ ભ્રમનું નિવારણ જ્યારે કોઈ જ્ઞાની મળે છે ત્યારે જ થાય છે. અપૂર્ણ જ્ઞાનીને ભ્રમ પેદા થાય જ છે. જેમકે અંધારામાં છીપને ચાંદી અને ઠુંઠા ઝાડને માણસ માનવાનો ભ્રમ પેદા થાય જ છે. જો તે છીપની પાસે જઇ જોવામાં આવે તો છીપ જ જણાશે. આ જ પ્રમાણે અજ્ઞાનને કારણે જે ભ્રમ પેદા થાય છે તે જ્ઞાન થતાં જ દૂર થઈ જાય છે. રાજાને પણ ભ્રમ થયો હતો અને તેથી જ તે એમ વિચારતા હતા કે, મને અનાથ શા કારણે કહ્યો! મુનિએ કહ્યું કે, તેં સનાથ-અનાથનો ભેદ જાણ્યો નથી એટલે જ તને આવો ભ્રમ પેદા થયો છે.

**न तुमं जाणसि अणाहस्स, अत्थं पुत्थं च पत्थिवा।**
**जहा अणाहो भवई, सणाहो वा नराहिव॥ १६॥**

**सुणेह मे महाराय, अव्वक्खित्तेण चेयसा।**
**जहा अणाहो भवई, जहा मेयं पवत्तियं॥ १७॥**

મુનિ કહે છે કે, "હે રાજન્! મેં તને અનાથ કહ્યો પણ તું શા માટે અનાથ છે તે બતાવ્યું નથી એટલે જ તું ભ્રમમાં પડી ગયો છે. હવે હું તને અનાથ અને સનાથ કોણ કહેવાય તે કહું છું તો અવિક્ષિપ્ત મને-શાંત ચિત્તે-સાંભળ. મનમાં કોઇ પ્રકારનો સંદેહ રાખ નહિ."

જ્યાંસુધી ચિત્તને એકાગ્ર કરી કોઈ વાતને સાંભળવામાં ન આવે, ત્યાં સુધી કાંઇ લાભ થતો નથી. જો મનમાં કોઈ પ્રકારનો વિગ્રહ રહ્યો તો કાર્ય સિદ્ધ થતું નથી. આ વાત પ્રત્યેક કામમાં લાગુ પડે છે. જે કોઈ કામ કરવા બેસીએ તે સિવાય બીજે ઠેકાણે મનને દોડાવવું, મનને એકાગ્ર ન કરવું તે વિગ્રહ છે. પછી ભલે તે કામ વ્યાવહારિક હોય કે આધ્યાત્મિક હોય. તમે લોકો અત્યારે સામાયિકમાં બેઠા છો, પણ તમારું ચિત્ત કયાં ભમે છે એ કોણ જાણે છે! સામાયિક લઈને એક સ્થાને બેસવા છતાં ચિત્ત બીજે ઠેકાણે દોડાવવું એ તો એના જેવું થયું કેઃ—

'ન ખુદા હી મિલા, ન વિશાલે સનમ।
ન ઇધિર કે રહે, ન ઉધર કે સનમ।'

સામાયિકમાં બેસવા છતાં મન સ્થિર ન રહે, ચારે બાજુ ભમતું રહે તો તે સામાયિક કેવી કહેવાય એ વિષે એક વાત કહું છુંઃ—

એક શેઠની પુત્રવધૂને એવું જ્ઞાન થયું કે તે બીજાના મનની વાત જાણવા લાગી. એક દિવસ તેના સાસરા સામાયિકમાં બેઠા હતા ત્યાં એક માણસ આવ્યો અને પૂછવા લાગ્યો કે, શેઠ કયાં છે? શેઠે આ સાંભળ્યું તો ખરું પણ તે સામાયિકમાં બેઠેલ હોવાથી કાંઈ બોલ્યો નહિ! એટલે તેની પુત્રવધૂએ ઉત્તર આપ્યો કે, મારા સાસરા તો હમણાં મોચી બજારમાં ગયા છે. તે માણસને શેઠની સાથે જરૂરી કામ હોવાથી તે દોડતો દોડતો મોચી બજારમાં ગયો અને શેઠને શોધવા લાગ્યો પણ ત્યાં તેનો પત્તો ન લાગ્યો એટલે તે પાછો ઘેર આવ્યો અને શેઠની પુત્રવધૂને કહ્યું કે, શેઠ મોચી–બજારમાં તો ન મળ્યા, મારે તેમની સાથે જરૂરી કામ છે. આ સાંભળી પુત્રવધૂએ કહ્યું કે, હમણાં તેઓ ગાંધી–બજારમાં ગયા છે. એટલે પાછો તે માણસ ગાંધી–બજારમાં દોડતો ગયો. એટલામાં આ બાજુ શેઠની સામાયિક પણ પૂરી થઈ ગઈ, અને સામાયિકમાંથી ઊઠી પોતાની પુત્રવધૂને કહેવા લાગ્યો કે, આટલા દિવસ સુધી તો હું તારા ઉપર બહુ વિશ્વાસ રાખતો હતો પણ તું આટલું બધું જુઠું બોલે છે તે તો આજે જ જાણ્યું. હું સામાયિકમાં બેઠો છું એ જાણવા છતાં પેલા માણસને પહેલાં મોચી–બજારમાં ગયા છે એમ કહ્યું અને પછી ગાંધી બજારમાં ગયા છે એમ જુઠું બોલવાનું શું કારણ? પુત્રવધૂએ જવાબ આપ્યો કે, હું જુઠું બોલી નથી. તમે સામાયિકમાં બેઠા હતા એ સાચી વાત; પણ હું એમ માનું છું કે, જેમનો ઉપયોગ જ્યાં હોય છે તે ત્યાં જ હોય છે. તમે સામાયિકમાં બેઠા હતા પણ તમારું મન પહેલાં મોચી બજારમાં અને પછી ગાંધી બજારમાં ભમતું હતું. આપની ચિત્તવૃત્તિ ત્યાં જ હતી. તમારું આ ખોખલું શરીર અહીં હોય તેથી શું? આપ વ્યવહારથી ભલે અહીં હો પણ નિશ્ચયથી તો તમે મોચી અને ગાંધીની દુકાને જ હતા. પુત્રવધૂની વાત સાંભળી શેઠને ઘણું આશ્ચર્ય થયું અને કહેવા લાગ્યો કે, મારા મનની વાત તેં કેવી રીતે જાણી લીધી! પુત્રવધૂએ જવાબ આપ્યો કે, એ બધું આપની કૃપાનું જ પરિણામ છે! આપની કૃપાથી જ બીજાના મનમાં શું છે તે હું જાણી લઉં છું. જે થયું તે થયું, હવેથી આપ સામાયિકમાં ચિત્તને એકાગ્ર રાખશો.

આ ઉપરથી તમે પણ તમારા વિષે વિચાર કરો કે, 'અમે સામાયિકમાં તો બેસીએ છીએ પણ અમારું મન ક્યાં ભમે છે !' સામાયિકમાં બેસવા છતાં મન ગમે ત્યાં ભટકતું રહે તો એ વ્યવહારની જ સામાયિક થશે. નિશ્ચયની સામાયિક તો ત્યારે થઈ કહેવાય કે મન એકાગ્ર રહે અને સમભાવ જળવાય. તમે કદાચ એમ પૂછો કે, અમારાથી મન કાબુમાં રહેતું નથી તો શું અમારે સામાયિક ન કરવી ! આનો ઉત્તર એ છે કે, મન જો કાબુમાં રહેતું ન હોય અને બહાર દોડી જતું હોય તો ખરાબ કામો તરફ જવા ન દેવું. કદાચ ખરાબ કામો તરફ મન ચાલ્યું જાય તો પશ્ચાત્તાપ કરી તેને ઠેકાણે લાવો અને ખરાબ કામ તરફ ફરી જવા ન દો પણ સત્કાર્યોમાં પરોવો. જેમકે બાળક ચાલતાં શીખે છે ત્યારે ચાલતાં ચાલતાં મન ફાવે તે તરફ દોડે છે પણ જે બાજુએ બાળકને પડી જવાનો ભય હોય એ બાજુએ બાળકને માતાપિતા જવા દેતા નથી અથવા તેની સાથે ચાલે છે અને જ્યાં પડવાનો ભય ન હોય તે તરફ જતાં શીખડાવે છે. તે જ પ્રમાણે મન કાબુમાં રહેતું ન હોય તો તેને ખરાબ માર્ગે જવા ન દેવું પણ સન્માર્ગે લઇ જવાનો પ્રયત્ન કરવો જોઈએ પણ મન કાબુમાં રહેતું નથી એટલે સામાયિક જ ન કરવી એ ઠીક નથી. જે ભણે છે તેને જ આ ભૂલ થાય છે એમ કહેવામાં આવે છે પણ જે ભણતાં જ નથી તેને શું કહેવાય ? એ જ પ્રમાણે સામાયિક કરનારાઓથી ભૂલ પણ થાય છે; તે ભૂલને સુધારવી અને ફરી એવી ભૂલ ન થાય એની કાળજી રાખવી. પણ ભૂલ થાય છે એટલે સામાયિક છોડી બેસી જવું એ ઠીક નથી.

કહેવાનો આશય એ છે કે, પ્રત્યેક કામમાં મન લગાડવામાં આવે તો કાર્યસિદ્ધિ થાય છે. એટલા માટે મુનિ રાજાને કહે છે કે, " હે ! રાજન્ ! હું જે કહું તેને તું એકાગ્ર મને-મનોયોગપૂર્વક સાંભળ. અનાથ કેવો હોય છે અને સનાથ કેવો હોય છે એ બીજાના અનુભવની નહિ પણ મારા સ્વાનુભવની જ વાત કહું છું. બીજાની વાત તો કદાચ ખોટી પણ હોઈ શકે પણ હું પોતે પહેલાં કેવો અનાથ હતો અને હવે સનાથ કેમ થયો તે હું મારા સ્વાનુભવની વાતદ્વારા સમજાવું છું."

તમે સનાથ છો કે અનાથ ? જ્યારે તમે તમારી અનાથતાને ઓળખી લેશો ત્યારે સનાથતાને પણ સમજી શકશો પણ આત્મા પોતે અનાથ હોવા છતાં પોતાને અનાથ માનતો નથી ત્યાં ભૂલ થાય છે. પરમાત્માની પાસે પોતાની અનાથતાનો સ્વીકાર કરતા નથી પણ જેઓ ભક્ત લોકો હોય છે તેઓ તો પોતાની અનાથતાનો સ્વીકાર કરી લે છે. તુલસીદાસજીની કવિતાદ્વારા હું એ વાત કહું છું. જો કે તેમાં થોડું અંતર જણાશે પણ વિચાર કરવાથી કાંઇ અંતર નહિ જણાય ! કવિ કહે છે કેઃ—

**તૂ દયાલુ દીન હો દાની હો ભિખારી, હો પ્રસિદ્ધ પાતકી તૂં પાપપુંજહારી;**
**નાથ તુ અનાથકો અનાથ કૌન મૌસોં, મો સમાન આરત નાહિં આરતહાર તોસોં.**

આમાં આત્મસમર્પણનો ભાવ છે. આત્માએ પરમાત્માને સમર્પણ કેમ કરવું એ વાત આ કવિતામાં બતાવવામાં આવી છે ! અનાથી મુનિ જે વાત કહે છે તે જ વાત કવિએ પોતાની ભાષામાં થોડા ફેરફારની સાથે કરી છે.

પરમાત્માને આત્મસમર્પણ કરવા માટે શું કરવું જોઈએ એ વાત કવિના કથનદ્વારા સમજો. પરમાત્માને દીનદયાળુ કહેવામાં આવે છે. હવે તમે તમારા વિષે વિચારો કે તમે પોતે 'દીન' બન્યા છો ? જો તમે દીન બન્યા નથી તો એ દીનદયાળુ સાથે તમારો સંબંધ શી રીતે જોડાય ? તમે કહેશો કે અમે દીન કેવી રીતે બનીએ ? જ્યાંસુધી પોતાનામાં અહંકાર છે ત્યાંસુધી દીન બની શકાતું નથી. દીન બનવા માટે અહંભાવનો ત્યાગ કરવો જરૂરી છે. એટલા માટે અભિમાનને છોડી દીન બનો. વ્યવહારમાં તો ન જાણે તમે કોની કોની સામે કેટલીવાર દીન બનો છો પણ પરમાત્માની પાસે દીન બનતાં અચકાઓ છો; પણ વિવાહ થતાં તમે ઘરમાં દીન બનો છો કે નહિ, તેનો વિચાર કરો ! જે પ્રમાણે કુતરો રોટલી માટે પુંછડી હલાવે છે અને પેટ બતાવે છે તેમ તમે પણ સ્ત્રીની આગળ દીન બની જાઓ છો કે નહિ ? વિષયવાસના હોવાને લીધે આત્મા એવો ગુલામ બની જ જાય છે. મોટા મોટા મહારાજાઓ પણ વેશ્યાના વશમાં આવી જઇ તેમની આગળ દીન બની ગુલામ થઇ રહે છે !

કહેવાનો ભાવાર્થ એ છે કે, આત્મામાં દીન થવાનો સ્વભાવ તો છે પણ પરમાત્માની આગળ દીન બનવામાં મુશ્કેલી જણાય છે. જ્યારે અભિમાન છોડી પરમાત્માની આગળ દીન થાઓ ત્યારે જ ઇષ્ટસિદ્ધિ થઇ શકે ! કવિ આનંદઘનજીએ કહ્યું છે કેઃ—

'પ્રીતિ સગાઈ રે જગમાં સૌ કરે, પ્રીતિ સગાઈ ન કોઈ ।
પ્રીતિ સગાઇ નિરુપાધિક કહી, સોપાધિક ધન ખોય ॥'

પ્રીતિ, સગાઈ–દીનતા બધા કરે છે અને એમ કરતાં આત્માને અનંતકાલ થઇ ગયો છે પણ તે જે દીનતા કરે છે તે સોપાધિક દીનતા જ કરે છે, નિરુપાધિક દીનતા કરતો નથી. સોપાધિક દીનતાથી દીનતા વધે છે, ઘટતી નથી. આ પ્રકારની દીનતાથી તો આત્મા ભિખારી જ રહે છે. તમે કહેશો કે, એવી અવસ્થામાં અમારે શું કરવું ? એ જ કે, તમારી બધી ભાવનાઓ પરમાત્માને સમર્પણ કરી દેવી અને તેમની આગળ અભિમાનનો ત્યાગ કરી દીન બની જવું. એવું તો ગરીબમાં ગરીબ અને શાહુકાર પણ કરી શકે છે. આંધળો, બહેરો કે લૂલો કે ગમે તેવો અપંગ હોય તે પણ પરમાત્માની આગળ ભાવોને સમર્પણ કરી દીન બની શકે છે, તેમ કરવામાં કોઈ પ્રકારની બાધા નડતી નથી. કદાચ કોઈ એમ કહે કે, રાજા આદિની પ્રાર્થના કરવાથી દીનતાને દૂર કરી શકાય છે. 'હું દીન હતો અને રાજાને પ્રાર્થના કરવાથી રાજાએ મારી દીનતા દૂર કરી' એમ માનવું એ ભૂલ છે. રાજાએ દીનતા ઓછી નથી કરી પણ વધારી છે. દીનતા કેવી રીતે વધે છે એ બતાવવા માટે શાસ્ત્રમાં કપિલનું ઉદાહરણ આવ્યું છે.

કપિલ શ્રાવસ્તિ નરેશના કાશ્યપ નામના પુરોહિતનો પુત્ર હતો અને ભણવા માટે કૌશાંબીમાં રહેતો હતો ત્યાં તેની એક દાસી સાથે મિત્રતા થઈ ગઈ. દાસીની ઇચ્છા પૂરી કરવા માટે તે એક દિવસ ધન્ના શેઠદ્વારા આશીર્વાદના બદલામાં આપવામાં આવતું બે માસા સોનાનું દાન લેવા માટે રાતના વખતે નીકળ્યો. મધ્ય રાત્રિએ નીકળ્યો હોવાના કારણે સીપાઇઓએ તેને ચોર ધારી પકડયો, અને બીજે દિવસે રાજાની સમક્ષ ઊભો

કર્યો. તેને જોઇ રાજાને લાગ્યું કે, આ ચોર જણાતો નથી. આ બાજુ કપિલ મનમાં વિચારતો હતો કે, આ રાજાને શ્રાવસ્તિના રાજા સાથે વેર છે. એટલા માટે હું શ્રાવસ્તિનો રહેવાશી છું એમ રાજા જાણશે તો મને વધારે દંડ આપશે. પણ ગમે તે થાય પણ જુઠું તો બોલવું જ નહિ.

રાજાએ કપિલને પૂછ્યું કે, તું કયાં રહે છે ! કપિલે ઉત્તર આપ્યો કે, હું શ્રાવસ્તિમાં રહું છું. શ્રાવસ્તિ નગરીનું નામ સાંભળતાં જ રાજાનું વૈર તાજું થયું. અને ક્રોધપૂર્વક ફરી પૂછ્યું કે, કોનો છોકરો છે ? કપિલે ઉત્તર આપ્યો કે, રાજાના કાશ્યપ પુરોહિતનો પુત્ર છું. રાજાએ કહ્યું કે, ત્યારે તો મારા શત્રુના મિત્રનો પુત્ર છે અને તેથી તું મારો શત્રુ છે. ઠીક, અહીં શા માટે આવ્યો છે ? કપિલે ઉત્તર આપ્યો કે, શ્રાવિસ્તમાં બધા મારી ઇર્ષ્યા કરતા હતા, અને કોઇ મને ભણાવતું નહિ એટલા માટે ભણવા અત્રે આવ્યો છું. રાજાએ ફરી પૂછ્યું કે, રાતના સમયે શા માટે નીકળ્યો હતો ? કપિલે ઉત્તર આપ્યો કે, એ ઘટના બહુ લાંબી છે પણ તમને સંભળાવું છું:—

હું જે ઉપાધ્યાયને ત્યાં ભણું છું તેમને તથા મને શાલિભદ્ર નામના શેઠે ભોજન આપવાની વ્યવસ્થા કરી હતી. મારે ત્યાં એક દાસી કામ કરવા આવતી હતી. તે દાસી સાથે હું ભ્રષ્ટ થયો. તે લોભીષ્ટ હતી એટલા માટે તેણીએ મને કહ્યું કે, તહેવાર આવે છે માટે મારે નવાં કપડાંની જરૂર છે તો લઇ આવો ! મેં જવાબ આપ્યો કે, હું કપડાં કયાંથી લાવું ? તેણે કહ્યું કે, તમે મને કપડાં પણ પહેરવા આપી શકતા નથી તો પછી મારા નાથ શાના ? એ માટે તમને એક ઉપાય બતાવું. અહીંઆ એક ધન્ના શેઠ છે. સવારના પહોરમાં તેને જે કોઈ સૌથી પહેલાં આશીર્વાદ આપે છે તેને તે બે માસા સોનું દાનમાં આપે છે, તો તમે ત્યાં જાઓ અને બે માસા સોનું લઈ આવો ! મેં કહ્યુ ઠીક, બીજો દિવસે કોઈ વહેલો જઈ આશીર્વાદ આપી બે માસા સોનાનું દાન લઈ ન જાય એટલા માટે, જલ્દી પહોંચવા માટે હું મધ્યરાત્રીએ નીકળ્યો, પણ કેટલો વખત થયો છે તેની ખબર રહી નહિ. રસ્તામાં સીપાઇઓએ મને ચોર ધારી પકડયો, પણ હું ચોરી કરવા માટે નીકળ્યો ન હતો.

રાજા કપિલનું કથન સાંભળી પીગળ્યો અને કપિલને કહેવા લાગ્યો કે, જો કે તું મારા શત્રુના મિત્રનો પુત્ર છે, છતાં પણ તેં દરબારમાં મારી આગળ બધી વાત સાચે-સાચી કહી છે, એટલે હું તારી ઉપર પ્રસન્ન થયો છું અને તને વરદાન આપું છું કે, તારે જે જોઈએ તે માંગ. માંગવામાં જરાપણ સંકોચ કરીશ નહિ. હું વણિક નથી કે ' વણિક તુષ્ટં દેત હસ્ત તાલી ' એ કથનાનુસાર વાહવાહના શબ્દો વડે જ તને ખુશ કરી દઉં, હું ક્ષત્રિય છું એટલા માટે તું જે માંગીશ તે અવશ્ય આપીશ.

રાજાનું આ કથન સાંભળી કપિલ વિચારવા લાગ્યો કે, મારે શું માગવું ? પહેલાં વગર વિચાર્યે કામ કર્યું તો પકડાઇ જવું પડયું માટે હવે વગર વિચાર્યે કાંઈ ન કરવું પણ ખૂબ વિચારપૂર્વક માંગવું જેથી પછી પસ્તાવો જ કરવો ન પડે. તેણે રાજાને પ્રાર્થના કરી કે આપ મને બે ઘડીનો સમય આપો તો આ અશોકવાડીમાં જઈ શું માંગવું તેનો વિચાર કરી શકું. રાજાએ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને મુદત આપી.

કપિલ અશોકવાડીમાં ગયો અને રાજા પાસે શું માંગવું તેનો વિચાર કરવા લાગ્યો. જો રાજાની પાસે બે માસા સોનું માંગુ તો એટલા સોનામાં તો સ્ત્રીનાં પૂરાં કપડાં પણ બની શકે નહિ! વળી તે નવાં કપડાં પહેરે અને હું શું ચિંથરેહાલ રહું! જો દશ માસા સોનું માંગુ તો એટલામાં તો સાધારણ પોષાક બની શકે, રાજા–રાણી જેવો પોશાક બની શકે નહિ, જો રાજા–રાણી જેવો પોષાક બનાવવા ચાહું તો ઘણું સોનું જોઈએ. એક કરોડ સોના મહોરો માંગુ તો પણ રાજા–રાણી જેવો ભપકો ન થાય; એટલા માટે રાજા-રાણીના બધાં મૂલ્યવાન કપડાં જ શા માટે માંગી ન લઉં! કદાચ કપડાં તેઓ આપી દે પણ આવાં મૂલ્યવાન્ કપડાં ઘરેણાં વિના કાંઈ શોભે! માટે તેમનું ઘરેણુંગાડું પણ માંગી લઉં; પણ એમાં એક વાતની ખામી રહે છે તે એ કે આવાં મૂલ્યવાન–કપડાં અને હીરા માણેકનાં ઘરેણાં પહેર્યાં હોય તો પછી કાંઈ ઝુંપડામાં આળોટવું સારું લાગે? તે માટે તો મહેલમાં જ રહેવું જોઈએ. માટે રાજાનો મહેલ પણ માંગી લેવો. પરંતુ રાજમહેલમાં રહીને હાથે કામ કરવું એ તો ઠીક નથી. પછી તો કામ કરવા માટે નોકરો પણ હોવા જોઈએ. પરંતુ નોકર–ચાકરોનું ખર્ચ કાઢવું કયાંથી? એટલા માટે રાજા પાસે બે ચાર ગામો પણ માંગી લેવા જેથી ખરચો નીકળી શકે. પણ બે ચાર ગામોથી શું વળે? દશ–બાર ગામો તો હોવાં જ જોઈએ ને? પણ દશ–બાર ગામો માંગવા કરતાં રાજાનું આખું રાજ માંગી લેવું શું ખોટું છે! માંગવું–માંગવું ને દશબાર ગામ માંગવાં! રાજા તો વચનથી બંધાએલ છે એટલે તે તો જે માંગીશ તે આપશે; પણ બધું રાજ્ય માંગી લેવાથી એક મુશ્કેલી નડશે, કે રાજા રાજ્ય ન રહેવાને કારણે મારી સાથે વેર–ઝેર કરશે, અને કદાચ વિદ્રોહ પણ કરી બેસે. માટે રાજાએ જેલમાં બેસી જવું અને મને બધું રાજ્ય આપી દેવું. એવું જ વરદાન માંગુ તો શું ખોટું છે? પણ રાજાનું રાજ્ય પણ લઈ લઉં અને રાજાને જેલમાં બેસાડી હું સિંહાસન ઉપર બેસું તો લોકો મને શું કહેશે? એ જ કહેશે કે કપિલ કેવો નીચ છે કે રાજાને વચનબદ્ધ થએલો જોઈ તેનું રાજ્ય પણ લઈ લીધું અને રાજાને જેલમાં બેસાડી દીધો અને પોતે સિંહાસન ઉપર ચડી બેઠો. માટે આવા નીચ માણસને કોઈએ વચન આપી બંધાઇ જવું નહિ. વાસ્તવમાં હું નીચ છું કારણ કે પહેલાં મને કેવળ બે માસા સોનાની આવશ્યકતા હતી પણ આખું રાજ્ય મળવા છતાં પણ મારી લોભવૃત્તિ શાન્ત ન થઈ અને વરદાન આપનાર રાજાને પણ જેલમાં કેદી બનાવવા તૈયાર થયો. વાસ્તવમાં હું પોતે જ કેદી બનવા ચાહું છું.

આ પ્રમાણે વિચાર કરતાં કપિલને અવધિજ્ઞાન થઇ ગયું. તેને પોતાનો પૂર્વજન્મ હાથની રેખાની જેમ સ્પષ્ટ દેખાવા લાગ્યો. એક કથામાં એમ પણ કહેલ છે કે એક દેવે તેને સાધુઓને પહેરવા યોગ્ય વસ્ત્રો પણ આપ્યાં અને એ વસ્ત્રો પહેરી કપિલ રાજાની પાસે ગયો. રાજાએ કહ્યું કે, તમે આ શું કર્યું? કપિલે ઉત્તર આપ્યો કે, મારે જે માંગવું હતું તે મેં માંગી લીધું. રાજાએ પૂછ્યું કે, શા કારણે સાધુવેશને ધારણ કર્યો? કપિલે જવાબ આપ્યો કે, વરદાન શું માંગવું તે વિષે વિચાર કરતાં કરતાં એ વિચાર ઉપર આવ્યો કે, તમારું રાજ્ય લઇ તમને જેલમાં બેસાડી દેવા. પણ આટલું માંગવા છતાં મારા લોભનો થોભ ન થયો અને તૃષ્ણા વધતી જ ગઈ. આખરે મેં તૃષ્ણાને ઓછી કરવાનું શરૂ કર્યું અને ઓછી કરતાં કરતાં આ સ્થિતિએ આવ્યો. આ સ્થિતિને

પ્રાપ્ત થતાં મને શાન્તિ થઇ છે. એટલા માટે રાજ્ય આદિની ખટપટમાં હું પડવા ચાહતો નથી.

રાજાએ કહ્યું કે, હું. મારા વચનાનુસાર તમને લખી દઉં છું કે, હું તમારો આજીવન સેવક રહીશ અને જે શત્રુ ચડી આવશે તેનાથી તમારું રક્ષણ કરીશ, માટે તમે સુખેથી રાજ્ય કરો!

કપિલે જવાબ આપ્યો કે, હે! રાજન્! હવે રાજ્ય કરવાનો મારો મોહ રહ્યો નથી. પણ હું તમને પૂછું છું કે, હું ત્યારે તમારું બધું રાજ્ય વરદાનમાં માંગી લેત તો તમે મારી સાથે વેર રાખત કે નહિ?

રાજાએ ઉત્તર આપ્યો કે, હા તે વખતે તો વેર બંધાત. કપિલે કહ્યું કે, આમ હોવા છતાં પણ અત્યારે તમે પોતે જ રાજ્ય આપી રહ્યા છો તે મારા ત્યાગનો જ પ્રતાપ છે ને? જે ત્યાગને અપનાવવાથી જ રાજ્ય મળે છે તે ત્યાગનું મહત્ત્વ કેટલું બધું છે? તો રાજ્ય માટે હું ત્યાગને કેમ છોડી શકું?

આ સાંભળી રાજાએ કહ્યું કે, મહારાજ! આપનો મોહ તો દૂર થયો છે એટલે આપને કાંઈ કહેવું નકામું છે. તમારી માફક હું સાધુ તો થઈ ન શકું, પણ આપ મને ઉપદેશ આપો જેથી હું મારું કર્ત્તવ્ય બરાબર સમજી શકું, કપિલે રાજાને ઉપદેશ આપ્યો અને પછી આત્મકલ્યાણ સાધવા જંગલમાં ચાલ્યા ગયા. ત્યાં પણ પાંચસો ભયંકર ચોરોને ઉપદેશ આપ્યો અને તેમનો પણ સુધાર કર્યો. અંતે કપિલમુનિ કેવલી થઈ સિદ્ધ થયા.

આ દૃષ્ટાંત કહેવાનો સાર એ છે કે, દીનતા કરવાનો સ્વભાવ તો દરેકમાં હોય છે પણ દીનતા એવા લોકોની આગળ કરવામાં આવે છે કે જેમની આગળ દીનતા કરવાથી દીનતા વધવા પામે છે! જેમને નાથ બનાવવામાં આવે છે તેઓ જ અનાથ બનાવી દે છે. આવા લોકોની પાસે જવાથી દીનતા દૂર થઇ શકતી નથી, તેમ તે લોકો અનાથતા દૂર કરી શકતા નથી. પરમાત્માને શરણે જવાથી અને બીજાની પાસે દીનતા કરવાનું છોડવાથી જ દીનતા અને અનાથતા દૂર થઈ શકે છે. મુનિ પણ રાજાને એ જ કહે છે કે, હે! રાજન્! મેં તને અનાથ શા માટે કહ્યો છે તે તું જાણતો નથી. હું તને સનાથ અને અનાથનો ભેદ સંભળાવું છું, તો સાવધાનીપૂર્વક—શાંત ચિત્તે સાંભળ. મુનિ શું કહે છે તેનો વિચાર હવે પછી કરવામાં આવશે.

## સુદર્શન ચરિત્ર—૨૧

જે વસ્તુ અનેક પ્રયત્ન કરવા છતાં પણ પ્રાપ્ત થતી નથી તે જ વસ્તુ, પોતાના આત્મા ઉપર અધિકાર મેળવવાથી કેવી રીતે પ્રાપ્ત થાય છે, એ વાત કથાદ્વારા કહું છું. સુદર્શન અને મનોરમા ધાર્મિક અને વ્યવહારિક કામોમાં એવા દક્ષ હતાં કે જેથી બધા લોકો તેમનાથી પ્રસન્ન રહેતાં હતાં.

તમે કહેશો કે, અમે વ્યવહાર તો સુધારીએ જ છીએ. આપ તો આત્માનો સુધાર કેમ થાય એ જ બતાવો. પણ આધ્યાત્મિક અને વ્યાવહારિક એ બન્નેનો સુધાર કરવાની આવશ્યકતા છે. જ્યાંસુધી બન્નેનો સુધાર ન થાય ત્યાંસુધી સુધાર અપૂર્ણ છે. કોઇ

સાહિત્ય તમારો વ્યવહાર સુધારે અને તમને વ્યાવહારિક શાન્તિ પણ આપે પણ તે આધ્યાત્મિક શાન્તિ આપી ન શકે તો તે શાન્તિ શા કામની ? વાસ્તવમાં જ્યાં આત્માને શાન્તિ મળે છે ત્યાં જ શાન્તિ અને સુધાર છે. પણ જ્યારે વ્યવહાર સુધરે છે ત્યારે જ આધ્યાત્મિક સુધાર થઇ શકે છે. એટલા માટે પહેલાં વ્યવહાર સુધારવાની જરૂર છે. પણ વ્યવહાર સુધારવાની સાથે સાથે આધ્યાત્મિક શાન્તિ મળે એવો પ્રયત્ન પણ કરવો જોઈએ. આધ્યાત્મિક શાન્તિ મળ્યે બધાં કામો શાન્તિપૂર્વક પાર પડે છે અને એ અવસ્થામાં ગમે તેવી સ્થિતિ દુઃખદાયક નીવડતી નથી. સુભગના પેટમાં ખીલો ખૂંચી ગયો હતો છતાં પણ તેણે ધૈર્ય અને નવકારમન્ત્રનું ધ્યાન છોડ્યું નહિ ! એ આધ્યાત્મિક સુધારનું જ પરિણામ હતું અને એ જ કારણે તેને સુદર્શનના ભવમાં બહુ સંપત્તિ પ્રાપ્ત થઈ.

આજે ઘણા લોકોને આત્મા ઉપર વિશ્વાસ હોતો નથી, જો કે તેઓ હમેશાં આધ્યાત્મિક શક્તિનો પરિચય મેળવે છે, છતાં ભૂલી જાય છે. આ વિષે મેં શાંકર ભાષ્યમાં જે કાંઇ જોયું–જાણ્યું છે તે બહુ વિસ્તારપૂર્વક કહેવાને માટે વધારે સમય જોઈએ. એટલા માટે હું તમારી સમજમાં આવી જાય એ રીતે સરલ કરીને થોડું ઘણું કહ્યા કરું છું.

તમે લોકો સ્વપ્નો તો ઘણીવાર જોતાં હશો ! જેવાં પોતાનાં પરિણામો હોય છે પ્રાયઃ તેવાં જ સ્વપ્નો જોવામાં આવે છે ! જાગૃતાવસ્થામાં જેવાં સારાં–નરસાં પરિણામો હોય છે, સ્વપ્નાવસ્થામાં તેવાં જ સારાં–નરસાં સ્વપ્નો આવે છે, એ વાત અનુભવથી જાણી શકાય છે. આ જ પ્રમાણે પુનર્જન્મના વિષે પણ સમજી લો. આ જન્મમાં જે ભાવોને લઈ મરે છે, પુનર્જન્મમાં તે જ ભાવોને પ્રાપ્ત થાય છે. કહ્યું છે કેઃ—

**यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।**
**तं तमेवैति कौन्तेय ! सदा तद्भावभावित: ॥**　—શ્રી ગીતા

અર્થાત્—જે ભાવોને લઈ મરે છે તે ફરી તે જ ભાવોને લઇ જન્મે છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, પૂર્વજન્મમાં જે કાંઈ થાય છે તેનો ઘણોખરો પરિચય અહીં જ સ્વપ્નમાં મળી જાય છે છતાં પણ કેટલાક લોકો આત્મા ઉપર વિશ્વાસ કરતા નથી એ તેમની ભૂલ છે.

**કિયા સેઠને કાલ કુઁવરને, જબ પાયા અધિકાર;**
**પર ઉપકારી પરદુઃખહારી, નિરાધાર આધાર ।। ધન૦ ।।૧૯।।**

જિનદાસ શેઠે વિચાર્યું કે, સુદર્શન હવે દરેક રીતે યોગ્ય થઈ ગયો છે, વ્યાવહારિક કામોમાં પણ દક્ષ થઈ ગયો છે. છતાં હવે મારે સંસારમાં ફસાઈ રહેવું ઠીક નથી. આ પ્રમાણે વિચાર કરી તેણે ઘર અને સંસારનો કાર્યભાર સુદર્શનને સોંપી દીધો અને પોતે ધર્મકાર્યમાં દિવસો ગાળવા લાગ્યો.

આજે ઘણા લોકો અંત સમય સુધી સંસારનો ભાર પોતાની ઉપર જ લાદી રાખે છે અને છોકરાઓ શું જાણે ? તેમને ઘરનો કાર્યભાર સોંપવામાં આવે તો આમ કરી નાંખશે ! આ પ્રમાણે ખોટી ચિંતા પોતાના ઉપર રાખે છે. પણ મરી ગયા બાદ શું થશે ! તેનો કશો વિચાર કરતા નથી. આ પ્રમાણે અંત સમય સુધી સંસારવ્યવહારનો ભાર પોતાની ઉપર રાખી તે લોકો પોતાની હાનિ તો કરે જ છે, પણ સાથે પોતાના

સંતાનોની પણ હાનિ કરે છે ! સંતાનો એમ વિચારે છે કે, સંસારવ્યવહારનો ભાર વહન કરવામાં આનંદ છે, એટલે જ અમારા વડિલો અંત સમય સુધી તેમાં જ ફસાઈ રહે છે, અને 'હાય ધન ! હાય ધન !' કરતાં મરે છે. આ અસરનું પરિણામ સંતાનોને પણ ભોગવવું પડે છે. વડિલોના સંસ્કારો તેમનામાં પણ ઉતરે છે અને ત્યાગનું મહત્ત્વ તેઓ સમજી શકતા નથી. ત્યાગનો આદર્શ ઘણો ઉચ્ચ છે. જો વડિલો ત્યાગનું મહત્ત્વ સમજે તો સંતાનોમાં પણ તેમનાં સંસ્કારો ઊતરે. એક સંસારવ્યવહારનો ભાર વહન કરતાં જે ઉપદેશ આપે છે તેનો પ્રભાવ કેટલો પડે છે, અને એક સંસારત્યાગી ઉપદેશ આપે છે તેનો કેટલો બધો પ્રભાવ પડે છે એ વાત પ્રત્યક્ષ જોઈ શકાય છે. ત્યાગનો પ્રભાવ અને પ્રતાપ જ એવો છે.

એક બૌદ્ધ પુસ્તકમાં મેં જોયું હતું કે, રાજાના બે પુત્રોમાંથી એક ભાઈ તો રાજ્ય કરે અને બીજો ભાઈ બૌદ્ધ સંઘમાં રહે એવો બુદ્ધે નિયમ બનાવ્યો હતો. બૌદ્ધ-સંઘમાં જ્યારે એક ભાઈ રહેતો હતો ત્યારે તે જનતાની વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ રહેતો અને એ કારણે રાજ્યની વ્યવસ્થા સારી રહેતી હતી, પણ આજે જો તમારા પુત્રોને દીક્ષા લેવા માટે કહેવામાં આવે તો તમે શું કહેશો ! એ જ કે આપ બીજી બધી વાત કરો પણ મહારાજ ! આ વાત ન કરો ! તમારે ગુરુ તો સારા જોઇએ, પણ તમારા પુત્રોને દીક્ષા આપવાના વખતે તમે મુશ્કેલી માનો છો. આ સ્થિતિમાં સારા ગુરુ ક્યાંથી આવે ! જો તમે સાધુ અવસ્થાને સારી સમજતા હોત તો તો તમે આવા સમયે એમ કહેત કે, અમારો પુત્ર દીક્ષા ધારણ કરે એ તો બહુ જ પ્રસન્નતાની વાત છે ! પહેલાં રાજા-મહારાજાઓ પણ દીક્ષા લેતા હતા. આથી ત્યાગનું મહત્ત્વ વધે છે, પણ અત્યારની અવસ્થામાં જનતાને ત્યાગનું મહત્ત્વ સમજાતું નથી.

જિનદાસ દીક્ષા તો લઈ ન શકયા, પણ ગૃહકાર્યનો બધો ભાર પુત્રને સોંપી પોતે ધર્મકાર્ય કરવા લાગ્યો. સુદર્શન અને મનોરમાએ સંસારનો ભાર સંભાળી, જિનદાસ અને અર્હદ્દાસીનું અંતિમ જીવન સુધાર્યું. શેઠ કાળધર્મને પામ્યા એટલે નગરજનોએ વિચાર્યું કે હવે નગરશેઠનું પદ સુદર્શનને આપવું જોઈએ. રાજાએ પણ સાંભળ્યું કે, જિનદાસ શેઠ મરણ પામ્યા છે અને પ્રજા તેમને સ્થાને સુદર્શનને નગરશેઠ બનાવવા ચાહે છે. તેમણે પણ સમ્મતિ આપી. સોનાના વાટકામાં કોણ ઘી ન આપે ! સુદર્શન દરેક રીતે નગરશેઠ બનવાને યોગ્ય હતો એટલે રાજા અને પ્રજા-બધાએ મળીને સુદર્શનને નગરશેઠ બનાવ્યો. નગરશેઠનું શું કર્ત્તવ્ય છે તે ઘણો વિચારણીય વિષય છે. આજે તો રાવબહાદુર વગેરે પદવી તો લઇ લે છે પણ વાસ્તવમાં તેઓ પૈસા આપી પદવીના ગુલામ બની જાય છે. આ પ્રમાણે પૈસાદ્વારા પદવી મેળવવી એ વાત જુદી છે, અને સેવાદ્વારા પદવી મેળવવી એ વાત પણ જુદી છે. રાજા અને પ્રજાએ સુદર્શનને નગરશેઠ બનાવ્યો. હવે આગળ શું થાય છે તે વિષે હવે પછી વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૩ બુધવાર

### પ્રાર્થના

**મલ્લિ જિન બાલ બ્રહ્મચારી, 'કુંભ' પિતા 'પરભાવતી' મૈયા;**
**તિનકી કુમારી, મલ્લિ જિન બાલ બ્રહ્મચારી.**

શ્રી મલ્લિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થનામાં વિવિધ પ્રકારના ભાવો ભરેલાં છે. જે સમયે જે ભાવો ઉપર દૃષ્ટિપાત કરવામાં આવે છે તે સમયે તે ભાવો હૃદયમાં આવી પ્રકાશ આપે છે. આ ઉપરથી એમ વિચારવું જોઈએ કે, જ્યારે મારી દૃષ્ટિ જે ભાવ ઉપર પડે છે ત્યારે તે ભાવનો પ્રકાશ મારા હૃદયમાં ફેલાય છે, તો પરમાત્માની પ્રાર્થનામાં એવાં કેટલાં બધાં પ્રકાશ આપનારાં ભાવો ભરેલાં હશે! હીરાના એક કિરણના પ્રકાશથી જ્યારે એક પદાર્થ પ્રકાશિત થાય છે ત્યારે હીરામાં બધાં કિરણોનો કેટલો બધો પ્રકાશ હોવો જોઈએ! આ જ પ્રમાણે જ્યારે એક ભાવ ઉપર દૃષ્ટિપાત કરવાથી તે ભાવ હૃદયમાં પ્રકાશ આપવા લાગે છે તો પછી આત્મામાં કેટલાં ભાવો હોવા જોઈએ! કયો ભાવ હૃદયમાં આવે છે અને બધાં ભાવોનો પ્રકાશ કેમ મળતો નથી એ વાત ક્ષાયક ભાવ સાથે સંબંધ ધરાવે છે! જેમનો ભાવ ક્ષાયક હશે તેને બધાં ભાવોનો પ્રકાશ મળશે. એટલા માટે પરમાત્માની પ્રાર્થનામાં આવેલાં ભાવો ઉપર તમારી શક્તિનો વિચાર કરો. જ્યારે તમે તમારી શક્તિનો વિચાર કરશો ત્યારે તમને તમારામાં અદ્‌ભુત શક્તિ જણાશે.

આજે આ વિષય ઉપર વિશેષ સમય ન લેતાં કેવળ એટલું જ કહું છું કે, જેમને પરમાત્માની સાચી ભક્તિ કરવી હોય તેમણે ભગવાન મલ્લિનાથની આ પ્રાર્થના ઉપર વિશેષરૂપે ધ્યાન આપવું જોઈએ! આ પ્રાર્થનામાં સગુણ અને નિર્ગુણ બન્નેય પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે. જેમનામાં ઓછી શક્તિ છે, તેઓ સગુણ પ્રાર્થના કરી શકે છે અને જેમનામાં વિશેષ શક્તિ છે તેઓ નિર્ગુણ પ્રાર્થના કરી શકે છે! સગુણ અને નિર્ગુણ એ બન્નેય ભક્તિનાં અંગો છે. ભક્તિસૂત્રમાં કહ્યું છે કેઃ—

**"तत्तु विषयत्यागात् सङ्गत्यागाच्च ॥"**

અર્થાત—સંગનો ત્યાગ કરવો અને વિષયનો ત્યાગ કરવો એ જ ભક્તિ છે. સંગનો ત્યાગ કરવાથી અને વિષયોનો ત્યાગ કરવાથી ભક્તિ માર્ગ ઉપર જઈ શકાય છે. જેમની સંગતિ ખરાબ છે તે ભક્તિ માર્ગ ઉપર જઈ શકતો નથી. જો એવો દુઃસંગી માણસ ભક્તિ માર્ગે જશે તો તે વધારે ખરાબી જ પેદા કરશે. જેઓએ વિષયવાસનાનો ત્યાગ કર્યો નથી તે લોકો જો ભક્તિમાર્ગે જાય છે તો તેઓ ત્યાં પણ પોતાના વિષયવાસનાના પોષણનો જ ઢોંગ ફેલાવે છે, અને એ રીતે પોતે પાપમાં પડવાની સાથે બીજાને પણ પાપમાં પાડે છે.

ભગવાન મલ્લિનાથની પ્રાર્થનામાં એ જ કહ્યું છે કે, પરમાત્માની ભક્તિ કરવા માટે વિષયેચ્છાનો ત્યાગ કરવો આવશ્યક છે. ૭ રાજાઓએ જ્યારે વિષયેચ્છાનો ત્યાગ કર્યો

ત્યારે જ તેઓ ભક્તિમાર્ગ ઉપર જઈ શકયા. આ પ્રમાણે વિષયેચ્છાનો ત્યાગ કરવાથી જ પરમાત્માની ભક્તિ બરાબર કરી શકાય છે !

## અનાથી મુનિનો અધિકાર—૨૨

અનાથી મુનિએ શ્રેણિક રાજાને કહ્યું કે, "હે ! રાજન્ ! હું તને અનાથતાનું સ્વરૂપ સમજાવું છું. હું જે કાંઈ કહું છું તે મારા સ્વાનુભવની વાત કહું છું. હું પોતે પણ અનાથ હતો. હું પણ અનાથતાની સ્થિતિ ભોગવી ચૂકયો છું. જે અનાથતાની સ્થિતિ મેં ભોગવી છે તેના જ વર્ણન દ્વારા તને અનાથતાનું સ્વરૂપ સમજાવું છું. માટે એકાગ્ર ચિત્તે મારું કથન સાંભળ !"

દુનિયાનો એવો નિયમ છે કે પોતાનું કામ સરે છે એટલે દુઃખ વિસરી જવાય છે. જયાં સુધી માથે દુઃખ હોય છે ત્યાં સુધી લોકો દુઃખનાં રોદણાં રુવે છે, પણ દુઃખ દૂર થતાં જ દુઃખને એવું ભૂલી જવામાં આવે છે, કે જાણે તેમણે કોઇ દિવસ દુઃખ ભોગવ્યું જ ન હોય ! અર્થાત્ લોકો પોતાના ભૂતકાળને ભૂલી જાય છે; પણ જો ભૂતકાળને લોકો ભૂલી ન જાય તો કોઈ પણ જીવ ઉપર તેમને ઘૃણા થાય નહિ ! કોઈ દુઃખી જીવ તેમના જોવામાં આવશે તો તે એમ જ વિચારશે કે આવી દુઃખદ સ્થિતિ તો મારા આત્માએ પણ ભોગવી છે ! કોઇ કસાઇને જોઈ તમે કદાચ તેના તરફ તિરસ્કારની દૃષ્ટિએ જોશો, પણ જે જ્ઞાની હશે તે તો તે કસાઈ તરફ પણ મધ્યસ્થ દૃષ્ટિએ જોશે. જ્ઞાની લોકો તો એમ જ વિચારે છે કે, મારા આત્માએ એવી સ્થિતિ ભોગવી નહિં હોય કે હું તેની ઘૃણા કરું ? એ તો કર્મનું ફળ છે એમ જાણી મધ્યસ્થ દૃષ્ટિએ જોવું જોઈએ, ઘૃણાની દૃષ્ટિએ નહિ !

"હે ! રાજન્ ! તું જે વસ્તુઓને લીધે પોતાને સનાથ સમજે છે એ વસ્તુઓને કારણે તું સનાથ છે કે અનાથ ? તે તું મારા વૃત્તાન્ત ઉપરથી જાણી લે. મારી પાસે પણ એ બધી વસ્તુઓ હતી છતાં હું અનાથ હતો. હું અનાથ કેમ હતો તે ધ્યાનપૂર્વક સાંભળોઃ—

**कोसम्बी नाम नयरी, पुराण पुर भेयणी ।**
**तत्थ आसी पिया मज्झं, पभूयधणसंचयो ॥ १८ ॥**

"હે રાજન્ ! ભારતદેશમાં કૌશામ્બી નામની પ્રસિદ્ધ નગરી હતી. તે નગરી ઘણી પ્રાચીન હતી. પ્રાચીન અને નવીન નગરીમાં શું તફાવત હોય છે તે તો તમે જાણો જ છો. નવી ચીજો હોય તે ખરાબ જ હોય અથવા પુરાણી ચીજ હોય તે બધી સારી જ હોય એવું કાંઇ ધોરણ નથી પણ પૂર્વાપર વિચાર કરવાથી પુરાણી ચીજની કીંમત નવી ચીજ કરતાં વધારે જણાશે. જેમ વૈજ્ઞાનિકોનું એવું કહેવું છે કે, કોયલો અને હીરાનાં પરમાણુ એક જ હોય છે પણ કોયલાને જલ્દી ખોદી કાઢી લેવામાં આવતા હોવાથી તે કોયલો જ રહી જાય છે અને હીરો જલ્દી ખોદવામાં આવતો ન હોવાને કારણે જમીનમાં જ રહે છે અને એમ લાંબા સમય સુધી જમીનમાં દટાઈ રહેવાને કારણે તે કોયલો હોવા છતાં તેની કીંમત વધી જાય છે. આ જ પ્રમાણે મનુષ્યોમાં પણ જે વધારે અનુભવી હોય છે તેની કીંમત વધારે અંકાય છે. બીજી પણ એવી અનેક ચીજો હોય છે કે જે કેવળ જુની

હોવાને કારણે મૂલ્યવાન ગણાય છે. પર્વત, વૃક્ષ અને નગર વગેરે જે પ્રાચીન હોય છે તેની કીંમત વધારે અંકાય છે.

મુનિએ કહ્યું કે, તે કૌશાંબી નગરી પ્રાચીન હતી. મુનિના કહેવાનો અભિપ્રાય એ છે કે, એ નગરીની સ્થિતિ એવી હતી, ત્યાંના સંસ્કારો એવાં સારાં હતાં કે તે નગરી પ્રાચીન હોવા છતાં પણ ટકી શકી હતી. અનેક આઘાત–પ્રત્યાઘાતો પડવા છતાં પણ જે શહેર ટકી શકે છે, નષ્ટ થતું નથી તે શહેરમાં કોઇ વિશેષ શક્તિ અવશ્ય હોય છે. આજે પણ પ્રાચીન નગરોની શોધખોળ કરવામાં આવે છે, અને એ શોધખોળ ઉપરથી એ પ્રાચીન નગરી કેવી હતી, તેની રચના કેવી હતી, તે કેવી સમૃદ્ધ હતી, તેની સ્થિતિ કેવી હતી, તેનો ખ્યાલ આવી શકે છે.

મુનિ અનાથતાનું સ્વરૂપ બતાવવા ચાહે છે તો અહીં નગરીનું વર્ણન કરવાનો શો ઉદ્દેશ છે એ પ્રશ્ન અહીં ઉભો થાય છે. મારી સમજમાં નગરીનું વર્ણન કરવાનું એ કારણ જણાય છે કે, નગરના લોકો એમ સમજે છે કે, અમને નગરમાં જે સગવડતાઓ મળે છે તે સગવડતાઓ ગ્રામ્ય લોકોને મળતી નથી. આ પ્રમાણે વિચાર કરી નાગરિકો અભિમાન કરે છે. મુનિએ કૌશાંબીને બધી નગરીઓમાં સૌથી પ્રાચીન એ માટે બતાવી કે, કૌશાંબી નગરી સાહિત્ય અને સગવડતાઓમાં સારી હોવા છતાં પણ હું ત્યાં અનાથ હતો. મારી અનાથતાનું નિવારણ ત્યાં પણ થઈ શકયું નહિ!

હવે અનાથી મુનિ અર્થાપત્તિ અલંકારદ્વારા પોતાના જન્મસ્થાનનો પરિચય આપે છે અને પોતાની સંપત્તિનું વર્ણન કરે છે. તેઓ કહે છે કે, હે! રાજન્! એ કૌશાંબી નગરીમાં મારા પિતા રહેતા હતા. તેમણે એમ ન કહ્યું કે, હું ત્યાં રહેતો હતો કે મારો જન્મ ત્યાં થયો હતો; પણ મારા પિતા ત્યાં રહેતા હતા એમ તેમણે કહ્યું. આ પ્રમાણે તેમણે અર્થાપત્તિ અલંકારદ્વારા પોતાના જન્મસ્થાનનો પરિચય આપ્યો છે.

અર્થાપત્તિ અલંકાર એટલે શું એનો વિચાર કરીએ. અર્થાપત્તિ અલંકાર એ ન્યાયનો એક સિદ્ધાન્ત છે. જેમકે, કોઇ માણસને સ્વસ્થ અને બળવાન જોઇ કોઇ બીજા માણસે પૂછ્યું કે, તું ખૂબ ખાતો હોઇશ એટલે જ તું અલમસ્ત છે. પેલા પહેલવાને જવાબ આપ્યો કે, ના, હું દિવસે કોઈ દિવસ ખાતો નથી. આ કથનમાંથી એવો અર્થ નીકળતો નથી કે, તે ભોજન કરતો નથી. તે ભોજન તો કરે છે પણ રાતે કરે છે. તેણે હું રાતે ખાઉં છું એમ સ્પષ્ટ તો કહ્યું નહિ પણ એણે જે ઉત્તર આપ્યો તે ઉપરથી તે રાત્રિભોજી હોવો જોઇએ એ સ્પષ્ટ થાય છે. આનું જ નામ અર્થાપત્તિ અલંકાર છે.

આ જ પ્રમાણે મુનિએ પણ રાજાને કહ્યું કે, તે નગરીમાં મારા પિતા રહેતા હતા. પિતાનું નિવાસસ્થાન બતાવી પોતાનું જન્મસ્થાન કૌશાંબીનગર હતું તે પ્રકટ કર્યું. મહાપુરુષો પોતાની મહત્તા બતાવતા નથી પરંતુ તેઓ વડવાઓને જ મહત્તા આપે છે. જેમ કે, સુધર્મા સ્વામીએ શાસ્ત્રનું વર્ણન કરતાં મેં ભગવાન મહાવીર પાસેથી એમ સાંભળ્યું હતું એમ જગ્યાએ જગ્યાએ કહ્યું છે. તેઓ પોતે પણ ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના સ્વામી હતા છતાં હું આમ કહું છું એમ કહ્યું નહિ. આ પ્રમાણે પહેલાના લોકો પોતાની મહત્તા વધા-

રતા ન હતા પણ પોતાના વડવાઓની–પૂર્વજોની મહત્તા વધારતા હતા. તમે લોકો પણ તમારા પૂર્વજોને યાદ કરો છો કે નહિ ?

આજે તો ભણેલા લોકો એમ કહેવા લાગ્યા છે કે, પહેલાના લોકો તો ગાંડા ઘેલા છે, એટલું જ નહિ કેટલાકો તો પોતાના પિતાને પણ ભૂલી જાય છે. પણ જેઓ સમજદાર માણસો હોય છે તે લોકો તો પોતાના પિતાને આગળ કરે છે, અને તેમની પ્રતિષ્ઠા વધારે છે. પોતાના પિતાની પ્રતિષ્ઠામાં જ પોતાની પ્રતિષ્ઠા માને છે. ચીન વિષે એવું સાંભળ્યું છે કે, ત્યાં જો પુત્ર કાંઈ સારું કામ કરે છે તો તેની કદર તરીકે તેના પિતાને ઇલ્કાબ આપવામાં આવે છે. આનું કારણ એ જાણવામાં આવે છે કે, પિતાએ જ્યારે પુત્રમાં સારાં સંસ્કારો રેડયા છે ત્યારે જ પુત્ર આવો સુયોગ્ય બની શકયો છે, માટે તેનો પિતા જ પ્રતિષ્ઠાને પાત્ર છે. આ પ્રમાણે બુદ્ધિમાન લોકો પોતાના પૂર્વજોને હમેશાં આગળ કરે છે, તેઓ પૂર્વજોની પ્રતિષ્ઠામાં પોતાની પ્રતિષ્ઠા ગણે છે.

આ જ કારણે અથવા બીજા કોઇ કારણે, મુનિએ રાજાને કહ્યું કે, મારા પિતા કૌશાંબીનગરીમાં રહેતા હતા અને તેઓ ત્યાં પ્રચુરધનસંચયી હતા. આજના લોકો કેવળ નામ જ મોટું રાખે છે, પણ પહેલા નામો પ્રાયઃ ગુણાનુસાર જ પાડવામાં આવતાં હતાં, અને ગુણોને કારણે જ નામની પ્રસિદ્ધિ થતી હતી. મુનિએ પોતાના પિતાનું પ્રચુરધનસંચયી નામ બતાવીને રાજાને 'હું પ્રચુર ધનસંચયીનો પુત્ર હતો,' તે બતાવ્યું છે. લક્ષ્મીવાનનો પુત્ર પણ લક્ષ્મીવાન જ હોય છે. મુનિએ પિતાના નામદ્વારા પોતાની સંપત્તિનો પરિચય આપી એ બતાવ્યું કે, હું આટલી બધી સંપત્તિવાળો હોવા છતાં હું અનાથ હતો.

મુનિનું આ કથન સાંભળી રાજા વિચારવા લાગ્યો કે, જ્યારે આ મુનિ આટલા બધા સંપત્તિવાળા હતા તો પછી તેઓ અનાથ કેમ કહે છે ?

હવે મુનિ રાજાને પોતાની અનાથતા કેવી રીતે બતાવે છે તેનો વિચાર આગળ કરવામાં આવશે. અત્યારે તો એટલું જ કહેવાનું છે કે, ભલે ક્રોડપતિનો છોકરો હોય તો પણ મુનિના કથન ઉપરથી તેણે એમ સમજવું જોઈએ કે, જ્યાંસુધી આત્મા અનાથ છે ત્યાં સુધી ધન વ્યર્થ છે. ભલે ગમે તેટલી સંપત્તિ અને સગવડતા મળે પણ એને લીધે આત્મા કાંઇ સનાથ બની શકતો નથી. શાસ્ત્રના આ કથન ઉપર શ્રદ્ધા રાખી તમે એ બરાબર સમજી લો કે, સાંસારિક પદાર્થોથી ભલે ગમે તે ઉચ્ચ સ્થાનને પામો પણ એથી કાંઈ આત્મા સનાથ બની શકતો નથી. ધનને કારણે આત્મા પોતાની અનાથતાને દૂર કરી સનાથ બની શકતો નથી. વાસ્તવમાં ધર્મનો ધનની સાથે કાંઈ સંબંધ નથી તેમ ધનથી ધર્મ આદરી પણ શકાતો નથી; ગરીબ, ધનવાન કે જે કોઈ ધર્મને આદરે છે, તેમને માટે ધર્મ છે, પણ ધનથી ધર્મ આદરી શકાય છે એ વાત ઠીક નથી. ધનવાન થઈ ધનના ગર્વને પચાવવો એ કાંઈ સરલ કામ નથી. ધનવાન-ઋદ્ધિમાન થઈ મહા અનર્થો પણ પોતાના હાથે જ થઈ જાય છે. જેમકે દામોદરલાલજી મહન્ત ધનને કારણે જ વૈશ્યાના ફંદામાં ફસાઇ ગયા અને આખરે હૃદય બંધ પડી જવાને કારણે મૃત્યુ પામ્યા. આ પ્રમાણે ધનમદમાં તેમણે લાખો રૂપિયાની સંપત્તિ નષ્ટ કરી નાખી, પોતાની સામ્પ્રદાયિક પરંપરા પણ તોડી નાંખી અને જીવનનો પણ નાશ કરી નાંખ્યો. હવે પરલોકમાં તેની ગતિ કેવી

થઈ હશે તે કોણ જાણે ? આ પ્રમાણે ઋદ્ધિ પામીને ઘણા માણસો કુમાર્ગે પણ ચડી જાય છે અને બહુ જ ઓછા માણસો ઋદ્ધિ પામીને સદ્‌ભાગ્યે સન્માર્ગે ચાલી મર્યાદાનું પાલન કરે છે.

## સુદર્શન ચરિત્ર—૨૨

હવે ધનની ઋદ્ધિ પામવા છતાં પણ મર્યાદાનું બરાબર પાલન કરનારની કથા કહેવામાં આવે છે.

**નગરશેઠ પદ રાય પ્રજા મિલ, દિયા ગુણોદધિ જાન,**
**સ્વ કુટુમ્બ સમ સબકી રક્ષા, કરતે તજ અભિમાન ॥ ધન૦ ॥૨૦॥**
**લતા પુષ્પ સમ સબ હિતકારી, હુઆ સુદર્શન શેઠ,**
**રાજ સાજ કે ચઢે વૃક્ષ પે, કભી ન કરતે એઠ રે. ॥ ધન૦ ॥૨૧॥**

સુદર્શનની જે કથા તમને કહેવામાં આવે છે તે ઇતિહાસ નહિ પણ ધર્મકથા છે. ધર્મકથાનો આશ્રય લઈ જેમ સુધારા-સંબંધી મનની ભાવના વ્યક્ત કરી શકાય છે તેમ હું પણ આ ધર્મકથાદ્વારા મારા મનોગત વિચારો વ્યક્ત કરું છું.

જિનદાસ શેઠના મરણ બાદ નગરશેઠ કોને બનાવવો એ વિષે રાજા અને પ્રજાજનો વિચાર કરવા લાગ્યા. પ્રજાજનો રાજાને કહેવા લાગ્યા કે, જિનદાસ શેઠ તો મરણ પામ્યા પણ તેમનું સ્થાન તેમના સંસ્કારી પુત્રને સોંપતા ગયા છે. તેને નગરશેઠ બનાવવો જોઇએ, તે નગરશેઠ બનવાને લાયક પણ છે.

રાજા અને પ્રજા કોઈને નગરશેઠ શા માટે બનાવે છે તે અત્રે જોવાનું છે. રાજા અને પ્રજા બન્નેનો જે પ્રતિનિધિ હોય છે તે જ નગરશેઠ બની શકે છે. આજે તો લોકો પદવીના પ્રલોભનમાં પડી જઈ પ્રજાને દુઃખ આપનારાં કાયદાઓ બનાવવામાં રાજાને સહાયતા આપે છે પણ પ્રજાને કષ્ટમુક્ત કરવાનું ધ્યાન આપતા નથી.

સાચો નગરશેઠ તો રાજા અને પ્રજા વચ્ચેનો પુરુષ હોય છે. તે બન્નેનો વિશ્વાસપાત્ર હોય છે. નગરશેઠ રાજા અને પ્રજા બન્નેનો ધર્મ જાણે છે અને બન્નેને ધર્મપાલનમાં દૃઢ કરે છે. તે રાજાદ્વારા પ્રજાને દુઃખ થતું હોય તો તે દુઃખ દૂર કરી પ્રજાની પોતાના પ્રાણથી પણ રક્ષા કરે છે; અને પ્રજાહિત માટે રાજાએ બનાવેલાં નિયમોનો ભંગ પણ થવા દેતો નથી. રાજા અને પ્રજા બન્ને વચ્ચે પ્રેમભાવ પેદા કરવો એ નગરશેઠનું મુખ્ય કર્ત્તવ્ય છે. બન્નેમાં પ્રેમભાવ પેદા કરવા માટે નગરશેઠને બન્નેનો વિશ્વાસ સંપાદન કરવો પડે છે.

આ બાજુ નગરશેઠની સ્થિતિ કેવી હોય છે તેની મને ખબર નથી કારણ કે આ બાજુ હું પહેલ વહેલો આવ્યો છું. પણ ઉદેપુરમાં પ્રેમચંદ્રજી નામના સત્યનિષ્ઠ તમારા સહધર્મી રહેતા હતા તે જો કે સાધારણ સ્થિતિના હતા, પણ લાંચરૂશ્વત અને ચાડી-ચુગલીથી તે હમેશાં દૂર રહેતા હતા. રાણા સ્વરૂપસિંહજી રાજ્યગાદી ઉપર આવ્યા તે પહેલાં પ્રેમચંદ્રજી બાગોરની હવેલીમાં કામકાજને અંગે જતા આવતા હતા; પ્રેમચંદ્રજીની રહેણી કરણી અને તેની પ્રમાણિકતા જોઈ રાણા સ્વરૂપસિંહજી કહેતા કે, 'જો હું મેવાડનો રાણો બનીશ તો પ્રેમચંદ્રજીને નગરશેઠ બનાવીશ.' કાળબળે સ્વરૂપસિંહજીને મેવાડનું રાજ્ય મળ્યું.

તેમણે વિચાર્યું કે, પ્રેમચંદ્રજી પ્રામાણિક છે, મારા રાજ્યના કામકાજથી પણ વાકેફ છે અને વિશ્વાસપાત્ર પણ છે માટે તેને નગરશેઠના પદે નિયુક્ત કરી તેનો ઉત્સાહ વધારવો જોઇએ. આ પ્રમાણે વિચાર કરી, રાણા સ્વરૂપસિંહજીએ પ્રેમચંદ્રજીને -પોતાની પાસે બોલાવ્યા અને તેમને કહ્યું કે, તમને નગરશેઠ બનાવવાનો અમે વિચાર કર્યો છે. પ્રેમચંદ્રજીએ ઉત્તર આપ્યો કે મારાથી આ કાર્ય થઈ નહિ શકે; કારણ કે, તમે જાણો છો કે, મારા ત્રણ કલાક તો ધર્મધ્યાનમાં-જ પસાર થઈ જાય છે. અને આ તો રાજ્યનું કામ રહ્યું એટલે થોડી થોડી વારે રાજ્યનું કામ આવી પડે, માટે મારાથી એ કામ બની શકશે નહિ. રાણાએ ઉત્તર આપ્યો કે, તમને યથાસમયે જ બોલાવીશું. કવખતે નહિ બોલાવીએ ! પણ તમે જે સમય આવશો તે જ સમયે બોલાવીશું.

પ્રેમચંદ્રજીએ કહ્યું કે, એ તો ઠીક છે, પણ મેં અત્યારસુધી એવું કોઇ કામ કર્યું નથી કે જે કારણે મને આવું ઉચ્ચ પદ આપો છો ! પ્રજાનું મેં એવું કોઈ હિતકારી કામ કર્યું નથી અને પ્રજા મારી તરફ આકર્ષાઈ પણ નથી; એવી અવસ્થામાં આપ મને જે ઉચ્ચ પદ આપી રહ્યા છો તે પદ સાર્થક થઈ શકશે નહિ પછી તો એ પદ ભાડુતી થઈ જશે. પ્રેમચંદ્રજીની વાત રાણાજીને ઠીક લાગી, એટલે તેમણે વિચાર કર્યો કે, પહેલાં પ્રેમચંદ્રજીદ્વારા કોઈ લોકોપયોગી કામ કરાવવું કે જેથી લોકો તેમના તરફ આકર્ષાય ! રાણાજી એવી તક શોધવા લાગ્યા. તે વખતે ઉદયપુરના જે નગરશેઠ હતા તે બહુ ધનવાન હતા. રાજ્ય પણ ઘણીવાર તે નગરશેઠ પાસેથી કર્જે રૂપિયા લેતું હતું. એ દિવસોમાં રાણાની મા મરણ પામી. રાણાએ નગરશેઠને કહેવડાવ્યું કે, મારી માના કારજમાં લાડવાઓ વાળવા માટે લોકોને એકઠા કરવા છે માટે તેનો બંદોબસ્ત કરો. નગરશેઠે જવાબ આપ્યો કે, સીપાઈઓને મોકલો તો તે બધાને પકડી લાવશે. રાણાએ વિચાર્યું કે, જ્યારે મારી સત્તાથી જ કામ લેવું છે તો પછી નગરશેઠને રાખવાની શી જરૂર છે ? આ પ્રમાણે વિચાર કરી રાણાએ લોકોને એકઠા કરવાનું કામ પ્રેમચંદ્રજીને સોંપ્યું. પ્રેમચંદ્રજી પ્રજાજનો પાસે જઈ તેણે બધી વાત રૂબરૂ કહી સંભળાવી અને રાજાના કામમાં સહકાર આપવા વિનંતી કરી. પ્રજાજનોએ પોતાથી બનતો દરેક પ્રકારનો સહકાર આપવાની તત્પરતા બતાવી. બધા પ્રેમચંદ્રજીની સાથે ગયા. રાણાજીએ પૂછ્યું કે, નગરશેઠ તો લોકોને એકઠા કરી ન શકયા અને તમે પ્રજાજનોને કેવી રીતે લાવી શકયા ! પ્રેમચંદ્રજીએ ઉત્તર આપ્યો કે, એ બધું આપની કૃપાનું જ પરિણામ છે.

રાણાએ ઉપસ્થિત બધા નગરજનોને કહ્યું કે, પ્રેમચંદ્રજીને નગરશેઠ બનાવવામાં આવે તો તમે બધા લોકો રાજી છો ને ? બધાએ રાણાજીની વાતને વધાવી લીધી. પ્રેમચંદ્રજી કહેવા લાગ્યા કે, હું ગરીબ છું. મારાથી એ ઉચ્ચ પદ કેમ સ્વીકારી શકાય ? રાણાએ કહ્યું કે, જો તમે ગરીબ છો તો હું તમને દશ હજાર રૂપિયાની જાગીર આપું છું. દશ હજારની જાગીરનો લોભ કોને ન હોય ? પણ શેઠે કહ્યું કે, જાગીર લેવાથી તો આપનો હું ગુલામ બની જાઉં, પછી પ્રજાના હિતનું ધ્યાન રહે નહિ ! રાણાએ કહ્યું કે, તો પછી તારી ગરીબાઈ મારા ખ્યાલમાં છે. આ પ્રમાણે કહી-સમજાવી રાણાજીએ પ્રેમચંદ્રજીને નગરશેઠનું પદ સોંપ્યું. પ્રેમચંદ્રજીએ પ્રજાહિતના ઘણાં કામો કર્યાં અને પ્રજાને ઘણો આરામ આપ્યો.

એક સમય એવો આવ્યો કે, પ્રજાહિતના કામ વિષે રાણાજી અને નગરશેઠ વચ્ચે મતભેદ પડયો, અને એ મતભેદને કારણે બન્ને વચ્ચે અણબનાવ પણ થઇ ગયો. આ અણબનાવના પરિણામે નગરશેઠ પ્રેમચંદજી પ્રજાજનોને સાથે લઇ નગરની બહાર ચાલ્યા ગયા. તે વખતે રાણાને ત્યાં પાયખાનું સાફ કરવા માટે કોઈ ભંગીને બોલાવવામાં આવતો હતો તે એમ કહેતો કે, અમે નગરશેઠની આજ્ઞા વિના કાંઈ કરી શકીએ નહિ. પ્રજાજનો ઉપર નગરશેઠનો આટલો બધો પ્રભાવ પડયો હતો. આખરે રાણાને નગરશેઠને નમતું આપવું પડયું અને તેમને મનાવવા પડયા. નગરશેઠે પ્રજાહિત માટે રાણા પાસે લખાણ પણ કરાવી લીધું અને ત્યારબાદ જ નગરમાં બધા દાખલ થયા.

કહેવાનો આશય એ છે કે, નગરશેઠ રાજા અને પ્રજા વચ્ચેનો માણસ હોય છે. આ પદ ઘણું જ જવાબદારીભર્યું છે. રાજા અને પ્રજાએ મળીને સુદર્શનને પણ નગરશેઠનું પદ આપ્યું. સુદર્શન વિચારવા લાગ્યો કે, આ પદ લેવું તો સરલ છે પણ તેને નભાવવું બહુ જ મુશ્કેલ છે. અધિકારી બનવું એક વાત છે અને અધિકારીની જવાબદારીઓને પાર પાડવી એ બીજી વાત છે, અધિકારી સાચો તે જ છે કે, જે '**अधिकं अधिकं कार्यं करोतीति अधिकारी**' અર્થાત્—જે અધિક કાર્ય કરે તે જ અધિકારી છે, પણ જે અધિકારનું પદ પ્રાપ્ત થવા છતાં જે ઉપકાર કરતો નથી તેના અધિકારપદમાંથી **अ** નો લોપ થતાં **क** દ્વિત્વને પામે છે અર્થાત્ એનું અધિકારપદ ધિક્કારપદને પામે છે.

સુદર્શન વિચારવા લાગ્યો કે, મને નગરશેઠનું અધિકારપદ મળ્યું છે તો નગરજનો માટે મારે શું કરવું જોઇએ! એ વિષે વિચાર કરવા માટે તે બાગમાં ગયો. બાગમાં તેણે જોયું કે, એક વેલ વૃક્ષ ઉપર ચડેલ છે. એ વેલમાં ફુલો આવ્યાં છે. ભમરાઓ તે ફુલો ઉપર ગુંજારવ કરી રહ્યા છે અને રસ લઇ રહ્યા છે. આ જોઈ સુદર્શન પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો કે, હે લતા! હે! વૃક્ષ! તમે મને મારા કર્ત્તવ્યનો બોધ આપી રહ્યાં છો, અને મારી બધી ચિંતાઓને દૂર કરી રહ્યાં છો.

લતા પૃથ્વીમાંથી નીકળી ઝાડ ઉપર ચડે છે. તે જલ અને પૃથ્વીનાં પરમાણુઓ લઈ પોતાનામાં રાખતી નથી, પણ ફુલરૂપે પ્રકટ કરે છે. પૃથ્વીમાં જે ગંધ હોય છે, તે ગંધ લઈ લતા પુલ બનાવે છે. આ પ્રમાણે લતા પૃથ્વી પાસેથી ગંધ લઈ બદલામાં સુગંધી પુલ આપે છે. જે વૃક્ષ લતાને આધાર આપે છે તે વૃક્ષ પણ લતા પાસેથી ફુલનો રસ લઈ લેતું નથી પરંતુ લતા અને વૃક્ષ બન્ને પુલરસનો પોતાના માટે ઉપભોગ ન કરતાં બીજાના કલ્યાણ માટે મધમાખીઓને કહે છે કે, "એ! મધમાખીઓ! આવો અને આ મારાં પુષ્પોમાંથી રસ લઈ જનોપયોગી મધ બનાવો!"

લતાને જોઇ સુદર્શન વિચારવા લાગ્યો કે, આ લતા શું કરે છે અને અમે મનુષ્યો શું કરીએ છીએ? અમને આટલી બધી સંપત્તિ મળી છે છતાં જો અમે ખરાબ કામો કરીએ અને પોતાની સંપત્તિનો સદુપયોગ ન કરીએ તો અમને ધિક્કાર છે. મને ઋદ્ધિ મળી છે અને રાજા તથા પ્રજાએ મળીને નગરશેઠનું પદ આપ્યું છે તો મારી એ સંપત્તિ અને એ પદવીની શોભા કેમ વધે એ મારે વિચારવું જોઇએ. આ લતાની માફક મારી સંપત્તિ જનસમાજના કલ્યાણ માટે છે અને એમાં જ મારી શોભા છે. હું બીજાની પાસેથી જે

કાંઈ લઉં તે પોતાની પાસે ન રાખતાં તેનો વિકાસ પુષ્પની માફક કરું. મને રાજસત્તાનો આધાર મળ્યો છે તો મારી બુદ્ધિરૂપી લતાને તેની ઉપર ચડાવી મારી શક્તિનો ફુલની માફક વિકાસ કરું અને બીજાના કલ્યાણમાં મારા એ પુષ્પરસનો ઉપયોગ કરું એમાં જ મારા જીવનની સફલતા રહેલી છે.

આ પ્રમાણે સુદર્શને લતા પાસેથી પરોપકારવૃત્તિનો બોધપાઠ લીધો. તમે પણ લતા પાસેથી પરોપકારનો ગુણ શીખો. જો તમે પ્રકૃતિ પાસેથી પરોપકારનો બોધપાઠ શીખશો અને એ બોધપાઠને થોડેઘણે અંશે જીવનમાં ઉતારશો તો તેમાં તમારું અને જનસમાજનું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન: સંવત ૧૯૯૨ શ્રાવણ વદી ૫ શુક્રવાર

### પ્રાર્થના

**શ્રી મુનિસુવ્રત સાહબા, દીનદયાલ દેવ તણા દેવ કે;**
**તરણ તારણ પ્રભુ મો ભણી, ઉજ્જવલ ચિત્ત સમરું નિત્યમેવ કે.**
**શ્રી મુનિસુવ્રત સાહબા. ॥ ૧ ॥**

શ્રી મુનિસુવ્રતનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્ત કહે છે કે, આ સંસારમાં ભ્રમણ કરતાં અનન્તકાળ ચાલ્યો ગયો છતાં પણ મારો નિસ્તાર થયો નહિ. સંસારમાં ભ્રમણ કરતાં મને અનુભવથી જણાયું કે, સંસાર સાગરથી પાર જવા માટે પરમાત્માના શરણે જવું એ એક જ સાધન છે. પરમાત્માનું સ્મરણ જ સંસારસાગરને પાર કરવા માટે એક નૌકારૂપ છે.

પરમાત્માના શરણે જવાની અને તેમનું સ્મરણ કરવાની ભાવના તો થઈ પણ પ્રશ્ન એ થાય છે કે, તેમના શરણે કેમ જવું અને કેવી રીતે તેમનું સ્મરણ કરવું? એને માટે ભક્તો કહે છે કેઃ—

"ઉજ્જવલ ચિત્ત સમરું, નિત્યમેવકી"

"હે! પ્રભો! મારી એવી અભિલાષા છે કે હું હમેશાં તારું ઉજ્જવલ ચિત્તે સ્મરણ કરું! તારું સ્મરણ કરવાનો મને વિચાર તો થયો છે પણ એ વિચારને કાર્યરૂપમાં પરિણત કરવા જતાં મને બહુ મુશ્કેલી જણાય છે. તારું સ્મરણ કરવાનું અને તારે શરણે આવવાનું જે સાધન છે તે સાધન બીજા કામોમાં એવું લાગી ગયું છે કે વાત જ પૂછો નહિ! હું તો એમ ચાહું છું કે મારા કાનદ્વારા હું તારી જ યશોગાથા સાંભળું, અને તારી જ અમૃતવાણીને સાંભળ્યા કરું, પણ જોઉં છું કે મારા કાન બીજાની ગાળી સાંભળવામાં અને બીજાની નિંદા સાંભળવામાં તો તત્પર રહે છે પણ તારી યશોગાથા અને

અમૃતવાણી સાંભળવામાં તત્પર જણાતાં નથી ! આંખોને જોઉં છું તો આંખોની પણ એવી જ હાલત છે. હું તો એમ ચાહું છું કે:—

'જહૉં દેખૂં વહીં પર નૂરે ખુદા, કોઇ ઔર તો આતા નજર હી નહીં.'

જ્યાં નજર નાંખું ત્યાં તારું જ રૂપ નજરમાં આવે એમ હું ચાહું છું પણ આંખો એ જોવા ચાહતી નથી. એ તો કોઈ શૃંગાર સજેલી સ્ત્રીને જોવા માટે જેટલી ઉત્સુક રહે છે તેટલી તારું રૂપ જોવા માટે ઉત્સુક જણાતી નથી. નાકને વિષે પણ એ જ વાત છે. હું મારી ઊંચી ભાવના રાખવા માટે અનેક પ્રયત્નો કરું છું પણ કામ તો હલકાં જ કરું છું. ઇશ્વરનો ભક્ત બનીને નાક નકટું બને એવાં ખરાબ કામો હું કેમ કરું છું તેનો હું વિચાર કરતો નથી. જીભને જોઉં છું તો તે પણ પરમાત્માના ગુણગ્રામ કરવાને બદલે રસાસ્વાદ કરવામાં તથા બીજાની નિંદા કરવામાં હમેશાં તૈયાર રહે છે પરન્તુ તારું સ્મરણ કરતી નથી. શરીરને જોઉં છું તો શરીર બીજાના કલ્યાણ માટે તો તૈયાર રહેતું નથી પણ બીજાને મારવા દુઃખ દેવા તથા હેરાન કરવા માટે હમેશાં તૈયાર રહે છે. પગ પણ બીજાના હિત માટે કે ધર્મના કામ માટે તો ચાલવા તૈયાર રહેતા નથી પરંતુ નાટક–સીનેમા તથા નાચરંગ જોવા જવા માટે દોડવા તૈયાર થઈ જાય છે.

હે પ્રભો ! આ પ્રમાણે જે સાધનોદ્વારા તારું સ્મરણ થઈ શકે છે તે સાધનો ખરાબ કામોમાં લાગેલાં છે. હવે મનની સ્થિતિ જોઉં છું. તો મનની પણ એવી જ સ્થિતિ છે. મન પણ પવિત્ર હોય તો બધું કામ ઠીક થઈ જાય. હું બીજાઓને તો મનને પવિત્ર રાખવાનો ઉપદેશ આપું છું પરંતુ જ્યારે પોતાના મન તરફ દૃષ્ટિ ફેંકું છું તો તેનામાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર વગેરે દોષો એટલા બધાં ભરેલાં છે કે વાત જ પૂછો મા ? આ પ્રમાણે હે પ્રભો ! તારું સ્મરણ કરવાની ઇચ્છા હોવા છતાં સાધનો સ્વાધીન ન હોવાને કારણે તારું સ્મરણ કરવામાં બહુ મુશ્કેલી જણાય છે ! મારી પાસે એક પણ સાધન એવું નથી કે જેની સહાયતાદ્વારા હું ઉજ્જવલ ચિત્તે તારું સ્મરણ કરી શકું !

ઉપરની દૃષ્ટિએ જોતાં પરમાત્માનું સ્મરણ કરવામાં નિરાશા અનુભવાય છે, પરંતુ જ્ઞાનીજનો કહે છે કે, આ નિરાશામાં પણ આશા રહેલી છે. હે પ્રભો ! સદ્ગુરુનાં સદ્-વચનો યાદ કરવાથી તારું સ્મરણ કરવાની મને હિંમત થાય છે. સદ્ગુરુ કહે છે કે, "તું શા માટે ગભરાય છે ! તું જેને ખામી સમજી રહ્યો છે તે ખામીઓ જ તને પરમાત્માની સમીપ લઈ જનારી છે. જે રોગી હોય છે તે જ દાક્તરની પાસે જાય છે ! જે અભણ હોય તે જ નિશાળે ભણવા જાય છે. તે જ પ્રમાણે તું તારી ખામી જાણીને પરમાત્માની શરણે જાય છે એ પ્રસન્નતાની વાત છે."

પૂરવ અશુભ કર્તવ્યતા, તેહને પ્રભુ તૂમ ન વિચારકે;
અધમ ઉદ્ધારણ બિરુદ હૈ, શરણ આયો અબ કીજીયે સહાયકે.

હે પ્રભો ! હું મારા કાર્યને જ જોઉં છું તો તારી શરણે આવી શકયો નહિ પણ તું અધમ ઉદ્ધારક છો, નિરાધારનો આધાર છો એ જાણીને જ તારી શરણે આવ્યો છું.

સદ્‌ગુરુના કહેવાથી તારા શરણે આવવાની મારામાં હિંમત આવી છે! જે પ્રમાણે સાપથી કરડાએલો માણસ ઔષધ માટે દોડતો દોડતો દાકતર પાસે જાય છે તેમ હે પ્રભો! કામ, ક્રોધ, માન, માયા, લોભ, મોહ, અહંકારઆદિ વિકારસર્પોએ મને કરડયો છે, એનું દુઃખ મારાથી સહી શકાતું નથી. એ દુઃખને દૂર કરવા માટે, એ વિકારવિષને ઉતારવા માટે હે પ્રભો! તારી પાસે દોડતો દોડતો આવ્યો છું. એ વિકારસર્પોથી મારી રક્ષા કરો અને એ વિકારવિષ ઉતારી મારો ઉદ્ધાર કરો!

જો કોઈ માણસ રાજાની ગાડીમાં બેઠેલો હોય તો તેને નિંદ્રા આવશે? નહિ! પણ હું રાજાની ગાડીમાં બેઠેલો છું એટલે મારે સાવધાન થઈ બેસવું જોઈએ એવો તેનામાં ઉત્સાહ આવશે. આ જ પ્રમાણે તમે ધર્મસ્થાનકમાં-પરમાત્માના ખોળામાં બેઠેલા છો એમ સમજી ધર્મક્રિયા કરવામાં સતર્ક-સાવધાન રહો, નિદ્રા કે પ્રમાદ કરો નહિ. સાવધાન કરવા માટે કહેવું એ તો મારું કામ છે પણ સાવધાન થઈ ધર્મક્રિયા કરવી એ તો તમારું જ કામ છે. જો તમારામાં ધર્મોત્સાહ છે તો એક ચિત્તે પરમાત્મા પ્રત્યે એવી પ્રાર્થના કરો કેઃ—

"હે પ્રભો! મારામાં ઘણી અપૂર્ણતા છે, અશક્તિ છે અને ઘણાં દુર્ગુણો છે પણ તારા શરણે આવવાથી એ અપૂર્ણતા અને અશક્તિ દૂર થઈ જશે એ વિશ્વાસની સાથે જ તારા શરણે આવ્યો છું. તો શરણાગતની રક્ષા કરો."

પરમાત્મા પ્રત્યે અટલ વિશ્વાસ રાખવાની વાત હવે હું શાસ્ત્રદ્વારા સમજાવું છું:—

## અનાથી મુનિનો અધિકાર—૨૩

અનાથી મુનિ રાજા શ્રેણિકને કહે છે કે, "હે રાજન્! 'હું બધાનો નાથ છું' એવું તને અભિમાન છે. એ અભિમાનનો ત્યાગ કરી તું પોતે અનાથ છે એમ માન. જો તું પોતાને અનાથ સમજીશ તો કદાચ કોઈ સનાથને શરણે જઈશ અને તારી અનાથતાને દૂર કરી શકીશ; પણ જો તું પોતાને અનાથ માનતો જ નથી તો પછી તું સનાથના શરણે કેવી રીતે જઈશ? હું પોતે પણ અનાથ હતો. પણ મેં અનાથતાનો કેવો અનુભવ કર્યો છે, તે તું શાંત ચિત્તે સાંભળઃ-"મારા પિતા કૌશાંબી નગરીમાં રહેતા હતા. તેઓ પ્રચૂર ધનસંચયી હતા."

જેના આશ્રય નીચે રહેલી વ્યક્તિ પણ ધનવાન થઈ જાય તે પ્રચૂર ધનસંચયી કહેવાય છે. જે પ્રમાણે પંડિતની પાસે રહેલો મૂર્ખ પણ પંડિત થઈ જાય છે, અને ડૉકટરની પાસે રહેલો રોગી પણ સારો થઈ જાય છે તે જ પ્રમાણે જેની પાસે રહેલો નિર્ધન પણ ધનવાન થઈ જાય છે તે પ્રચુર ધનસંચયી છે. પ્રચુર ધનસંચયીનો આ અર્થ શંકર-ભાષ્યના આધારે બતાવ્યો છે. અનાથી મુનિએ પોતાના પિતાના માટે પ્રચુર ધનસંચયી હતા એમ કહ્યું છે. આ કથનનો આશય એ છે કે તેના પિતાના આશ્રયમાં રહીને અનેક લોકો ધનવાન બની ગયા હતા. અર્થાપત્તિ અલંકારના ન્યાયે મુનિ પોતે કેવા ધનવાન હતા એ બતાવ્યું છે. જેમના પિતા ધનવાન હોય છે તેમનો પુત્ર પણ ધનવાન જ હોય છે. આ સાંભળી રાજા વિચારવા લાગ્યો કે, કૌશાંબીનગરી બહુ જુની છે અને ત્યાં અનેક

ધનવાનો પણ રહે છે. એટલા માટે એમના આ કથનમાં સંદેહ થવાનું કશું કારણ નથી. ધનવાનનો પુત્ર પણ ધનવાન જ હોય છે એટલા માટે એઓ ધનવાન હશે જ, પણ આવા ધનવાન હોવા છતાં પણ તેઓ અનાથ કેમ હતા ! એ વાત મારી સમજમાં આવતી નથી. રાજાએ આ વાત મુનિને કહી, ત્યારે મુનિ કહેવા લાગ્યા કેઃ—

पढमे वये महाराय, अतुला मे अच्छि वेयणा ।
अहोत्था विउलो दाहो, सव्वंगेसु पत्थिवा ॥ १९ ॥
सत्थं जहा परमतिक्खं, सरीर विवरंतरे ।
पविसिज्ज अरी कुद्धो, एवं मे अच्छि वेयणा ॥ २० ॥
तियं मे अन्तरिच्छं च, उत्तमंगं च पीडई ।
इन्दासणि समा घोरा, वेयणा परम दारूणा ॥ २१ ॥
उवट्ठिया मे आयरिया, विज्जामंत चिगिच्छया ।
अबीया सत्थकुसला, मन्तमूलविसारया ॥ २२ ॥
ते मे तिगिच्छं कुव्वन्ति, चाउप्पायं जहाहियं ।
न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ॥ २३ ॥

મુનિ કહે છે કે, "હે રાજન્ ! આ મારી અનાથતાની વ્યાખ્યા છે. હું પ્રચુરધન-સંચયીનો પુત્ર હતો. મારું લાલન-પાલન ઘણી જ દક્ષતા અને સાવધાનીપૂર્વક થયું હતું. મારે કોઇ પણ સાધનની ખામી ન હતી. મારું બાળવય ઘણા જ આનંદપૂર્વક પસાર થયું હતું. ત્યારે પણ કોઇપણ સાધનની મારે ખામી ન હતી ! હું જ્યારે યુવાન થયો ત્યારે યોગ્ય તરુણ સ્ત્રીની સાથે મારો વિવાહ થયો. તું મારી અવસ્થાને ભોગને યોગ્ય બતાવે છે, અને જેને તું ભોગનાં સાધનો માને છે તે બધાં સાધનો મારી પાસે હોવા છતાં પણ મારી કેવી સ્થિતિ થઇ તે તું સાંભળ. હું યુવાન થયો તે યુવાવસ્થામાં મારા શરીરમાં એક રોગ પેદા થઈ ગયો જેથી બહુ વેદના થવા લાગી. પહેલાં તો એ વેદનાએ મારી આંખોમાં ખટકો પેદા કર્યો."

આંખો આખા શરીરની સારરૂપ માનવામાં આવે છે. આંખો જોવા માત્રથી જ બધાને ઓળખી શકાય છે. જો આંખો ન હોય તો આખી દુનિયા અંધકારમય જણાય છે. ભલે કરોડ સૂર્ય ઉદીયમાન થાય તો પણ જો આંખો ન હોય તો સૂર્યનો પ્રકાશ જોઈ શકાતો નથી. આંખોનું આ રીતે શરીરમાં આટલું બધું મહત્ત્વનું સ્થાન છે; આંખો હોવાથી આત્મા સનાથ બને છે કે અનાથ થાય છે એ વાત અનાથી મુનિના કહેવા ઉપરથી સમજો. અનાથી મુનિએ આંખોદ્વારા સુંદર દૃશ્યો જોયાં હશે અથવા સારાં પદાર્થો પણ જોયાં હશે અને આંખોને સારી રાખવા માટે આંખોમાં અંજન સુરમો વગેરે લગાવ્યાં પણ હશે અને આંખોને ઠંડક પહોંચાડવા માટે ઠંડા પદાર્થોનું ખાનપાન પણ કર્યું હશે. આંખોની આટઆટલી સારસંભાળ રાખવા છતાં અનાથી મુનિની આંખોમાં વેદના પેદા કેમ થઈ ?

શાસ્ત્રમાં અત્યાર સુધી અને આગળ જે કાંઈ કહ્યું છે તેનો આશય અનાથી મુનિ કહે છે કે, "મારી પાસે દરેક સાધનો હતાં. આંખને હું સારી રાખવા ચાહતો હતો, તેની માવજત પણ કરતો હતો, છતાં કોણ જાણે શા કારણે આંખોમાં આટલી બધી વેદના થવા પામી! વેદના અસહ્ય હોવાને કારણે તે વખતે મનમાં એમ થઈ જતું કે, આંખો જ ન હોત તો કેવું સારું! આટલી બધી વેદના તો સહેવી પડત નહિ! હે રાજન્! આંખોની આટઆટલી સારસંભાળ રાખવા છતાં આંખોમાં આવી અસહ્ય વેદના ઉપડી ત્યારે મને લાગ્યું કે, હું આંખોનો નાથ નથી. જો આંખોનો હું નાથ હોત તો તેની આટલી બધી સારસંભાળ રાખવા છતાં તેમાં વેદના કેમ પેદા થાત!"

જે લોકો 'આ આંખો મારી છે' એમ કહે છે તેઓ ભૂલ કરે છે. તેઓ આંખોમાં પોતાનું આરોપણ કરી લે છે; પરંતુ વાસ્તવમાં જેને પોતાનું માનવામાં આવે છે તે પોતાની આજ્ઞા ન માને તો પછી પોતાનું તે કેમ કહી શકાય? પોતે જે માણસનો માલિક છે તે માણસ જો માલિકની ઇચ્છા વિરુદ્ધ કામ કરે તો તે તેનો માલિક જ કેમ કહેવાય!

મુનિએ કહ્યું કે મને પહેલાં આ વાતનું ભાન ન હતું પણ જ્યારે મારી આંખોમાં વેદના થઈ ત્યારે મને એ ભાન થયું કે, હું કઈ આંખોનો નાથ બની અભિમાન કરું છું. અને સંસારનાં પદાર્થો જોઈ ઠગાઇ જાઉં છું?

અનાથી મુનિ આગળ કહે છે કે, આંખોમાં વેદના થવાની સાથે જ મારા આખા શરીરમાં ખૂબ દાહ થવા લાગ્યો. શરીરના કોઈ એક અંગમાં જ દાહ થયો નહિ પણ આખા શરીરમાં દાહ પેદા થવાને કારણે જાણે શરીરને આગમાં મૂકયું હોય એવી બળતરા આખા શરીરમાં થવા લાગી.

કોઈ માણસ જો તમારા શરીર ઉપર બળતો અંગારો મૂકે કે તમારી આંખમાં સોય ભોંકે તો તેને તમે શત્રુ કે અપરાધી માનશો કે નહિ? આ પ્રમાણે બહારથી સોય ભોંકનાર કે આગ વડે દઝાડનારને તો અપરાધી કે શત્રુ માની શકો છો પણ બહારનો કોઇ શત્રુ કે અપરાધી જોવામાં ન આવતાં છતાં તે મુનિની આંખોમાં સોયની માફક કોણ ભોંકતું હતું અને અંગારાની માફક તેમના શરીરમાં કોણ બળતરા કરતું હતું! તે વૈરી કોણ હતો? તમે બહારના માણસને તો તમારા વૈરી કે અપરાધી માનો છો પણ તમે પોતે જ તમારા પોતાના વૈરી અને અપરાધી બની રહ્યા છો એ વાતને જોતા નથી!

મુનિ આગળ કહે છે કે, "હે રાજન્! તું રાજસત્તા ચલાવે છે! તારી સામે જો કોઇ માણસ કોઈની આંખોમાં ભાલું ભોંકે કે કોઇના શરીરને દઝાડે તો શું તું ચુપચાપ ઉભો ઉભો તેની સામે જોતો રહેશે!"

રાજાએ ઉત્તર આપ્યો કે, "મારી સામે કોઈએ અપરાધ કર્યો હોય અને એ અપરાધીને મેં દંડ આપ્યો ન હોય એવું હજી સુધી મને યાદ નથી."

મુનિએ કહ્યું કે, "હે રાજન્! આ પ્રમાણે બહારના અપરાધીથી તો મારી રક્ષા પણ કરી શકત, પણ મારા ઉપર જે શેતાની રોગે હુમલો કર્યો છે, તેનાથી મને કોણ બચાવી શકે છે! કોઇ બચાવતું નથી, વળી હે રાજન્! તારા રાજ્યમાં કોઈ માણસ

હુમલો કરે તેનો તું રોકતો હશે અને દંડ પણ આપતો હશે પણ હું તને પૂછું છું કે શું તારા રાજ્યમાં રોગ હુમલો કરતું નથી ! તે રોગને દૂર કરવા માટે અને પ્રજાને રોગથી બચાવવા માટે તું કોઈ દિવસ દોડયો છે અને રોગથી પ્રજાની કોઈ દિવસ રક્ષા કરી છે ! જો રોગથી તું પ્રજાની રક્ષા કરી શકયો નથી તો પછી તું તેમનો નાથ કેવી રીતે કહી શકાય ! પ્રજાના નાથ થવું તો દૂર રહ્યું, તું પોતાનો પણ નાથ બની શકતો નથી ! એટલા માટે હું કેવો અનાથ છું તેનો તું વિચાર કર. તું કદાચ રોગને માટે એમ કહે છે કે એ તો રોગ હતો એટલે તેનાથી રક્ષા કેમ કરી શકું ! પણ રોગ શું છે ! રોગ બીજું કોઈ નથી પણ આ આત્મા જ રોગ છે. તું બહારના શત્રુઓને તો જુએ છે પણ અંદર જે શત્રુઓ છુપાઈ બેઠા છે તેને કેમ જોતો નથી ! જ્યારે તું તારા પોતાનામાં રહેલા શત્રુઓને જીતી શકતો નથી તો પછી તું નાથ શાનો ? પછી તો તું પોતે પણ અનાથ જ છે.”

મુનિનું કથન સાંભળી રાજાએ પૂછ્યું કે, “ તમને આવી અસહ્ય વેદના થઈ હતી ! મુનિએ જવાબ આપ્યો કે, “રાજન્ ! શું કહું ! જેમ કોઈ મહાન્ શત્રુ તીક્ષ્ણ ભાલું લઈ આંખોમાં ભોંકતો હોય એવી અસહ્ય વેદના આંખોમાં થતી હતી. હે રાજન્ ! હવે તું જ વિચાર કરી જો કે, એ સમયે જે શત્રુ મને કષ્ટ આપી રહ્યો હતો એ શત્રુને પરાજિત ન કરનાર સનાથ કહેવાય કે અનાથ ! એક બાજુ મારી આંખોમાં વેદના થતી હતી. બીજી બાજુ મારી કેડે પણ પીડા થતી હતી તથા જે ઉત્તમાંગ કહેવાય છે તે જ્ઞાનના કેન્દ્રભૂત મસ્તકમાં પણ જાણે ઇન્દ્ર વજ્ર મારતો હોય કે વીજળી પડતી હોય એવી અસહ્ય પીડા થતી હતી. આ પ્રમાણે મારા આખા શરીરમાં દારૂણ વેદના થતી હતી.

“ કદાચ તું કહે કે, એ વેદનાને દૂર કરવા માટે વૈદ્યોની સહાયતા લઈ દવા તો કરવી હતી ! પણ રાજન્ ! મેં વેદનાને શાંત કરવા માટે મોટા મોટા વૈદ્યહકીમોની સહાયતા લીધી, તથા દવાદારૂ કરવામાં પણ ખામી રાખી નહિ. હું કોઈ નાના ગામડામાં તો રહેતો ન હતો પણ કૌશાંબી જેવી પ્રાચીન નગરીમાં રહેતો હતો, એટલે ત્યાંના જુના અને જાણીતા અનુભવી મોટા મોટા વૈદ્યાચાર્યો મારી ચિકિત્સા કરવા માટે ઊભે પગે ઊભા રહેતા હતા. તે વૈદ્યો કોઈ સાધારણ વૈદ્યો ન હતા, પણ વૈદ્યક શાસ્ત્રના જાણકાર તથા વાઢકાપ કરવા માટે શસ્ત્રકુશલ પણ હતા. ઑપરેશન કરવામાં એવા કુશળ હતા કે દર્દીને ખબર પણ પડતી નહિ ! તે વૈદ્યો મંત્રવિદ્યાના પણ વિશારદ હતા. એવા મોટા મોટા અનુભવી વૈદ્યો પણ મારી ચિકિત્સા કરતાં કરતાં થાકી ગયા, પણ મારી વેદનાને હરી શકયા નહિ. હું એવો અનાથ હતો. હે રાજન્ ! તું જે શરીરની પ્રશંસા કરી, જેને ભોગને યોગ્ય બનાવે છે, તે જ શરીરમાં એવી કારમી વેદના ઉપડી હતી. હવે તું જ કહે કે હું સનાથ હતો કે અનાથ ? તે વખતે મને એવો વિચાર આવ્યો કે હું આ શરીરને કારણે જ કષ્ટો ભોગવી રહ્યો છું. જો મને વિષ મળે તો વિષપાન કરી મરી જાઉં પણ આવી કારમી વેદનામાંથી તો છૂટું ! પણ પછી મને એવું ભાન થયું કે જે શરીરને કારણે મને આટલાં કષ્ટો ભોગવવાં પડે છે, એ શરીરનો હું પોતાને નાથ માનું એ ધિક્કારની વાત છે. રાજા ! જે પ્રમાણે મને રોગ થયો હતો તે પ્રમાણે રોગ તો તમને પણ થયો હશે ! ”

રાજા શ્રેણિક તો અહીં નથી પણ તમે લોકો છો ! એટલા માટે જેમ અનાથી

મુનિએ શ્રેણિકને પૂછ્યું તેમ હું તમને પૂછું છું કે, રોગ તો તમને પણ થયો હશે ! જ્યારે રોગ પેદા થયો ત્યારે તમને આ શરીર કેવું કષ્ટદાયક જણાતું હતું ? પણ જો વાસ્તવમાં તમને શરીર કષ્ટદાયક લાગતું હોત તો તો કષ્ટમુક્ત થવા માટે તમે એવો પ્રયત્ન કરત કે શરીરમાં જ રહેવું ન પડે ! પણ કષ્ટોથી મુક્ત થયા બાદ કષ્ટો યાદ રહેતાં નથી.

હવે તમારી સામે શાસ્ત્રની ગંગા વહી રહી છે એ ગંગાનો જે લાભ લેશે તેમનું કલ્યાણ થશે.

## સુદર્શન ચરિત્ર—૨૩

હવે હું શરીરથી મુક્ત થઈ કષ્ટોથી સદાને માટે દૂર થનારની કથા કહું છું.

**કપિલ પુરોહિત વિવિધ વિદ્યાધર, સુદર્શનસે પ્રીત ।**
**લોહચુમ્બક સમ મિલ્યા પરસ્પર, સરીખે સરીખી રીત. ॥ ધન૦ ૨૧ ॥**

તમારી આગળ ધર્મકથા શા માટે કરવામાં આવે છે, આ વિષે પૂર્વાચાર્યોએ ખૂબ વિચાર કર્યો છે. સાધારણ જનતા જે તત્ત્વોને સમજી શકતી નથી એ તત્ત્વોને કથાની સહાયતા લઈ સમજાવવાં એ જ ધર્મકથાનો ઉદ્દેશ છે. બીજું ધર્મકથાદ્વારા પ્રેમરસની વૃદ્ધિ કરવામાં આવે છે. આ પ્રમાણે પ્રેમભાવ પેદા કરી, જનસમાજને સરળતા-પૂર્વક તત્ત્વોને સમજાવવાં એ જ ધર્મકથાનો ઉદ્દેશ છે. ધર્મકથા સંભળાવી તમારામાં પ્રેમભાવ જાગ્રત કરવો અને તમને પ્રેમપૂર્વક તત્ત્વો સમજાવી તે પ્રમાણે કાર્ય કરવાની શિક્ષા આપવી એ જ ધર્મકથા સંભળાવવાનો ઉદ્દેશ છે.

સુદર્શને વેલનાં ફુલ જોઈ એવો વિચાર કર્યો કે, જે પ્રમાણે આ વેલ બીજાની પાસેથી લઈ પોતાની શક્તિનો વિકાસ બીજાને માટે કરે છે, તે જ પ્રમાણે મને સંપત્તિ મળી છે, પદ મળ્યું છે અને બીજાની સહાયતા પણ મળી છે તો મારે પણ બદલામાં પરોપકાર કરવો જોઈએ. તમે લોકો બીજાની સહાયતા લો પણ બીજાનો ઉપકાર કરો નહિ, કેવળ સ્વાર્થમાં જ રચ્યાપચ્યા રહો એ કયાં સુધી ઠીક છે તેનો વિચાર કરો ! વેલ પૃથ્વી, પાણી અને હવા પાસેથી જે કાંઈ લે છે તેનો વિકાસ ફુલના રૂપમાં કરે છે; તથા એ ફુલનો ઉપયોગ પોતે કરતી નથી, તેમ એ લતાને આધાર આપનાર વૃક્ષ પણ એ ફુલનો ઉપયોગ કરતું નથી; પરંતુ એ ફુલનો ઉપયોગ મધમાખીઓ કરે છે અને મધમાખીઓ જે મધ બનાવે છે તેનો ઉપયોગ તમે લોકો કરો છો. આ પ્રમાણે લતા પરમ્પરાએ કેટલો બધો પરોપકાર કરે છે તેનો વિચાર કરો ! તમે પણ પૃથ્વી, પાણી, હવા વગેરે પાસેથી લો છો, પણ બદલામાં તમે શું આપો છો તેનો પણ વિચાર કરો ! તમે એવું કોઈ દિવસ સાંભળ્યું છે કે, ફુલ ખરાબ હવા ફેલાવે છે અને તેથી વાતાવરણ ઝેરી બને છે ? જો નહિ તો હવે તમે તમારા તરફ નજર કરો કે તમે કડવી વાણી બોલી જનસમાજમાં ઝેર તો ફેલાવતા નથી ને ? બીજાના હૃદયમાં ઝેર તો રેડતા નથી ને ! જો એમ કરો છો તો એનો પશ્ચાત્તાપ કરો અને ભવિષ્યમાં ઝેર ન ફેલાવવાની પ્રતિજ્ઞા કરો તો હજી પણ કલ્યાણ કરી શકો છો.

સુદર્શન વૃક્ષ અને વેલની પાસેથી સારી શિક્ષા મેળવી પરોપકાર કરવા લાગ્યો; અને નગરમાં એવી સુંદર વ્યવસ્થા કરી કે નગરમાં કોઈ નિર્વસ્ત્ર કે ભૂખ્યો માણસ જોવામાં આવતો નહિ. તે નિરાધારનો આધારભૂત હતો. રાજકોટના પહેલાના ઠાકોર સાહેબ શ્રી લાખાજીરાજને માટે પણ એવું સાંભળવામાં આવે છે કે તેઓ ગરીબોનું બહુ ધ્યાન રાખતા હતા. મરકીના સમયે તેઓ પોતે ગરીબને ઘેર જતા અને ગરીબોની સંભાળ લઈ સેવા ચાકરી કરતા. જ્યારે રાજકોટ નરેશ આવો પરોપકાર કરતા હતા તો તમે જિનેન્દ્રના ભક્ત અને શ્રાવક થઈ સ્વાર્થમાં રચ્યાપચ્યા રહો એ ઠીક કેમ કહી શકાય! જો તમે સ્વાર્થમાં મશગૂલ રહો તો પછી તમે શ્રાવક શાના! એટલા માટે તમે પણ વૃક્ષ અને વેલનાં સંસ્કારો તમારા જીવનમાં ઊતારો. પહેલાં તમારા ઘરના કુટુંબના માણસોથી ઉપકાર કરવો શરૂ કરો. પછી તમારા આશ્રિત લોકોનો તથા પાડોશીનો ઉપકાર કરવો પ્રારંભ કરો અને એ રીતે આગળ વધતા જાઓ! જો તમારો કોઈ આશ્રિત માણસ દુ:ખી કે બિમાર હોય અને તમારા હૃદયમાં તેનું દુ:ખ દૂર કરવાની ભાવના પેદા ન થાય તો પછી તમે શ્રાવક શાના? તમારા આશ્રયમાં રહેનાર કોઈ પણ માણસ કે પશુ દુ:ખી રહેવા ન જોઈએ.

આજના લોકોએ પશુપાલનની જવાબદારી જાણે પોતાના માથેથી ઊતારી નાંખી હોય એમ લાગે છે. મોલથી (પૈસા આપી) દૂધ ખરીદી લે છે અને કહે છે કે, ઢોરનું પાલન–પોષણ કરવાની પંચાતમાં પડી ઢોર કોણ બને? જો ઢોરનું પાલન–પોષણ કરનાર ઢોર કહેવાય તો આનંદ શ્રાવકની પાસે ૪૦૦૦૦ હજાર ગાયો હતી એટલા માટે શું તે મોટો ઢોર કહેવાય? પોતાના જીવન માટે જેમની સહાયતા લેવામાં આવે છે તેમની રક્ષા ન કરતાં ધનના બળ ઉપર ઉન્મત્ત બની જવું એ અનુચિત છે. એવું જીવન જીવવું એ સાચું જીવન નથી. કેવળ લેવાનું જ શીખો નહિ પણ દેવાનું પણ શીખો!

ગઈ કાલે સન્તે સંભળાવ્યું હતું કે, રાણા પ્રતાપે અડધી રોટલીથી અતિથિનો સત્કાર કર્યો. ભારતના ઇતિહાસમાં રાણા પ્રતાપનું જે સ્થાન છે તેવું સ્થાન બીજા કોઈનું કદાચ જ હશે! તે રાણા પણ અતિથિ–સત્કાર કરી ન શકવાના સમયે કેવો દુ:ખી થયા હતા! તેઓ તો એ જ વિચાર કરતા હતા કે, મારે ત્યાં આવેલો અતિથિ ભૂખ્યો કેમ જાય? તેમની સ્ત્રી તથા પુત્રી પણ કેવા ઉદાર હતા. તમે પણ એવા ઉદાર બનો. ઉદારતા રાખવાથી કાંઇ ઓછું થઈ નહિ જાય! કૃપણતાથી ધન વધે છે અને ઉદારતાથી ધન ઘટે છે એમ સમજવું એ ભૂલ છે; એટલા માટે ઉદાર બનો અને બીજાને આપવાનું શીખો!

જે પ્રમાણે સૂર્ય પ્રકાશિત થવાથી કોઈના ઘરમાં અંધકાર રહેતો નથી તે જ પ્રમાણે સુદર્શનના પરોપકારથી નગરમાં કોઈ દુ:ખી રહેવા પામ્યો નહિ! દીપક તો એક જ ઘરને પ્રકાશિત કરે છે. આ જ પ્રમાણે જે પોતાના જ ઘરમાં પ્રકાશ કરે છે તે તો મનુષ્ય છે, અને જે બીજાના ઘરમાં પણ પ્રકાશ કરે છે તે તો મનુષ્ય રૂપમાં દેવ છે. જો તમારે પરમાત્માની સાચી ભક્તિ કરવી છે, તો જેમનામાં પરોપકારવૃત્તિ વધારે છે તેમનામાં ઇશ્વરીય અંશ વધારે છે એમ માનો. અને એવા મહાત્માઓનો આદરસત્કાર કરવો એ કર્ત્તવ્ય છે. તેમનામાં જે ગુણ છે તેને ઇશ્વરીય ગુણ માની તેમનું સન્માન કરવું. આ

પ્રમાણે પરોપકારી આત્માઓને આદરસત્કાર આપવાથી હિન્દુ કે મુસલમાન બધા આનંદમાં રહી શકે છે.

સુદર્શનની પરોપકારવૃત્તિ જોઈ બધા તેની પ્રશંસા કરવા લાગ્યા. લોકો કહેવા લાગ્યા કે, "રાજા તો પછી છે, પણ અમારા દુઃખને દૂર કરનાર તો આ શેઠ જ છે. આ શેઠ અમારું દુઃખ સાંભળી અમારી પાસે તત્ક્ષણ આવે છે અને જે પ્રમાણે સંતપ્ત માણસને વૃક્ષ છાયા આપી શાન્તિ આપે છે, તે જ પ્રમાણે આ સુદર્શન શેઠ પણ આધિ, વ્યાધિ, ઉપાધિ એ ત્રિવિધ તાપથી સંતપ્ત થએલાઓને શાન્તિ આપે છે."

સૂર્યના તાપથી સંતપ્ત થએલા લોકોને વૃક્ષ કેવી રીતે છાયા આપી આનંદ અને શાન્તિ આપે છે એ વાતનો અનુભવ તમને કદાચ જ હશે પણ અમને તો તેનો બહુ અનુભવ છે. તમે લોકો છત્રી ઓઢો છો, જોડા પહેરો છો, મોટરમાં બેસો છો, અને યથાવસરે આકાશમાં પણ એરોપ્લેનદ્વારા ઉડો છો પણ અમારા માટે તો આજે પણ ચોથો જ આરો છે. અમે તો ચોથા આરાની માફક આજે પણ ઉઘાડે પગે અને ઉઘાડે માથે ચાલીએ છીએ, અને તડકામાં ચાર-પાંચ ગાઉ વિહાર કરીએ છીએ, ત્યારે વૃક્ષની છાયા અમને કેવી શાન્તિદાયક લાગતી હશે ! અમને છત્રી તો કલ્પે નહિ, પણ વૃક્ષની છાયા લેવામાં કાંઈ વાંધો નથી. આ રીતે વૃક્ષ સંતપ્ત લોકોને છાયા આપી શાન્તિ આપે છે. વૃક્ષની માફક સુદર્શન પણ આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રિવિધ તાપથી સંતપ્ત લોકોને છાયા-આશ્રય આપી શાન્તિ આપતો હતો.

તે જ ચંપાનગરીમાં કપિલ નામનો એક પુરોહિત રહેતો હતો. તે રાજાનો ગુરુ હતો. તે વેદ-વેદાંગ-ન્યાય વગેરેનો જાણકાર હતો. લોકોમાં તે પ્રતિષ્ઠિત ગણાતો હતો. સુદર્શનની ચારે બાજુ ફેલાએલી કીર્તિ તે કપિલે સાંભળી. કપિલે વિચાર્યું કે, આવા પ્રસિદ્ધ માણસની મિત્રતા કરવી જોઈએ. તે સુદર્શનની સાથે પ્રીતિસંબંધ કરવા લલચાયો. એ તો સાધારણ નિયમ જ છે કે, જેવો સામો માણસ હોય છે તેવાની સાથે જ તેવી પ્રીતિ થાય છે. બીડી પીનારની પ્રીતિ બીડી ફુંકનારની સાથે જ થાય છે. શરાબ પીનારની પ્રીતિ શરાબ પીનારની સાથે અને દુરાચારીની સાથે દુરાચારીની પ્રીતિ બંધાય છે. આથી વિપરીત ધર્મીષ્ટ પુરુષોની પ્રીતિ ધાર્મિકોની સાથે અને ઉદાર પુરુષની પ્રીતિ ઉદાર પુરુષોની સાથે બંધાય છે; કપિલ વિચારવા લાગ્યો કે સુદર્શનની સાથે મારો પ્રીતિસંબંધ બંધાય તો સારું. સુદર્શનને મળવા માટે પ્રયત્ન કરી તેણે મુલાકાત કરી. સુદર્શન બધાની સાથે હળીમળી જતો પણ કપિલે તો પ્રયત્ન કરી સુદર્શનની મુલાકાત કરી હતી તો પછી તેની સાથે પ્રીતિસંબંધ શા માટે જોડે નહિ ? તે તો દુર્ગુણી માણસોની સાથે પણ પ્રીતિ કરતો પણ તે દુર્ગુણ લેવા માટે નહિ પણ દુર્ગુણ છોડાવવા માટે. પ્રીતિ સંબંધ જોડી દુર્ગુણો કેવી રીતે છોડાવી શકાય છે એ વાત એક કથાદ્વારા સમજાવું છું.

રાજા શ્રેણિકે પોતાના રાજ્યમાં 'અમારી' નો ઢંઢેરો પીટાવ્યો. કોઇ જીવને કોઇ મારે નહિ એવી આણ વર્ત્તાવી. આજ્ઞા સાંભળી કાલકસૂરી કસાઈ કહેવા લાગ્યો કે, કોઈ જીવને ન મારવાની પ્રરૂપણા કરનાર શાસ્ત્રો ખોટાં છે. જીવોની કતલ કરવી એ જ સાચી વાત છે. તેણે રાજાને કહ્યું કે, જો આપ કતલ કરવાનું સાચું માનતા ન હો તો આપ તલવાર બાંધવી છોડી દો અને પછી જુઓ કે આપનું કહેવું કોણ માને છે !

રાજાએ જવાબ આપ્યો કે, સામે યુદ્ધ કરવા આવનારની સાથે લડાઈ કરવી એ વાત જુદી છે અને એમ કત્લ કરવી એ પણ વાત જુદી છે. કાલકસૂરીએ કહ્યું કે, રાજન્ ! આપની વાત બરાબર નથી. જે પ્રમાણે તલવારદ્વારા આપનું રાજ્યશાસન ચાલે છે તે જ પ્રમાણે કત્લ કરવાથી અમારી રોજી ચાલે છે, એટલા માટે હું જાનવરોની કત્લ કરવી છોડી શકું એમ નથી.

રાજાએ વિચાર્યું કે, આ વાતોથી માનશે નહિ; એ તો સજાથી જ સીધોદોર થશે. આ પ્રમાણે વિચાર કરી તેને જેલમાં પૂરી દીધો. કાલકસૂરી જેલમાં પડયો પડયો પણ પોતાના શરીરનો મેલ ઉતારી, તેનો પાડો બનાવી તેના ઉપર તલવારની માફક હાથથી ઘા કરી એક–બે–ત્રણ એમ જોરથી બરાડા પાડતો. આ બરાડા સાંભળી રાજાએ સિપાઇ-ઓને પૂછયું કે, આ એક–બે–ત્રણ એમ કોણ બરાડા પાડે છે ! સિપાઇઓએ જવાબ આપ્યો કે, મહારાજા ! કાલકસૂરિ જેલમાં પડયો પડયો પણ પોતાના ધંધાની પ્રવૃતિ કરે છે.

આ સાંભળી રાજાએ અભયકુમારને કહ્યું કે, આ કાલકસૂરીને કેવી રીતે સુધારવો ! એ તો કહ્યું માનતો જ નથી. અભયકુમારે કહ્યું કે, તેનાં સંસ્કારો જ એવાં પડયાં છે. એ સંસ્કારોને સુધારવાનો માર્ગ જુદો છે. એનાં સંસ્કારો કેવી રીતે સુધરી શકે એ વાત હું આપને પછી બતાવીશ.

અભયકુમારે કાલકસૂરીના પુત્ર સુલકની સાથે મિત્રતા કરી. મિત્રતા પણ એવી ગાઢ કે એક આત્મામાં જાણે બે દેહ રહેતા ન હોય ! સુલક અભયકુમારની મિત્રતા અને સંગતિથી ધર્મીષ્ટ બની ગયો.

અભયકુમાર પિતા શ્રેણિકની પાસે આવ્યો અને કહ્યું કે, કાલકસૂરી તો હજી સુધર્યો નથી પણ આપ તેના પુત્રને બોલાવી પૂછો કે કસાઇપણાનો ધંધો કેવો છે ! રાજાએ સુલ-કને પોતાની પાસે બોલાવ્યો અને પૂછયું કે, તારા પિતા તો જેલમાં પડયા છે તો પછી તારા ઘરની આજીવિકા જીવોને માર્યા વિના કેવી રીતે ચાલે છે ! સુલકે ઉત્તર આપ્યો કે, જીવોને મારવાથી જ આજીવિકા ચાલે છે એ ધારણા ખોટી છે; ચોર પણ એમ જ કહે છે કે, ચોરી કર્યા વિના આજીવિકા ચાલી શકતી નથી પરંતુ જો એમ જ હોય તો શું ચોરી નહિ કરનાર લોકો ભૂખ્યા મરે છે ! આ જ પ્રમાણે જીવોને મારી આજીવિકા ચલા-વવામાં આવે છે તો શું જીવોને માર્યા વિના આજીવિકા ચાલી શકતી નથી ! હું તો એ નિશ્ચય ઉપર આવ્યો છું કે, કોઈ જીવને ત્રાસ આપ્યા વિના પણ આજીવિકા ચલાવી શકાય છે અને હું પણ એ જ રીતિએ મારી આજીવિકા ચલાવું છું.

સુલકની વાત સાંભળી રાજા પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો કે, અભયકુમારે તો આને સુધારી દીધો. અભયકુમારે રાજાને કહ્યું કે, હવે આના પિતાને જેલમુક્ત કરી દેવા જોઇએ. રાજાએ કાલકસૂરીને જેલમુક્ત કરી દીધો. કાલકસૂરી કહેવા લાગ્યો કે, હું જેલમાં રહ્યો એટલા વખતમાં તો મારો છોકરો બગડી ગયો.

કેટલાક દિવસો બાદ તે બિમાર પડયો અને મરવા લાગ્યો પણ તેના પ્રાણ શાન્તિ-થી નીકળતા ન હતા ત્યારે સુલકે તેમને પૂછયું કે, પિતાજી ! આપને કઇ વાતની ચિંતા છે કે, આપના પ્રાણ શાન્તિપૂર્વક નીકળતા નથી ! કાલકસૂરીએ જવાબ આપ્યો કે, મારા

મૃત્યુ બાદ તું મારો ધંધો ચલાવીશ નહિ. બસ! એ એક જ મને ચિંતા છે. સુલકે કહ્યું કે, હું આપની પાછળ પણ ધંધો કરીશ. આપ વિશ્વાસ રાખો. કાલકસૂરીએ કહ્યું કે, વચન આપ. સુલકે તેમને વચન આપ્યું અને કાલકસૂરીએ પ્રાણ છોડયા. સુલક વિચારવા લાગ્યો કે, અભયકુમાર કહેતા હતા કે, જે સંસ્કાર જડ ઘાલી જાય છે તે સંસ્કારો મરવાના સમયે પણ છૂટતા નથી અને એ કારણે જેવી મતિ હોય છે તેવી જ ગતિ થાય છે એ વાત તદ્દન ઠીક છે.

આયુષ્યનો બંધ પડયા પહેલાં તો જેવી મતિ હોય છે તેવી ગતિ થાય છે અને આયુષ્ય બાંધ્યા બાદ જેવી ગતિ હોય છે તેવી મતિ થઇ જાય છે.

કાલકસૂરી મરણ પામ્યો. સુલકના કુટુમ્બીએ સુલકને કહેવા લાગ્યા કે, હવે કસાઇપણાનો ધંધો કર. તેં તારા પિતાને વચન આપ્યું છે. સુલકે ઉત્તર આપ્યો કે, મેં વચન આપ્યું છે પણ ધંધો કરવાનું વચન આપ્યું છે. કોઇ જીવને મારવો એ ધંધો નથી. આ ઉપર તેણે એક યુક્તિ પણ કરી હતી પણ અત્યારે તે કહેવાનો સમય નથી. આખરે કુટુમ્બીઓએ તેને કહ્યું કે, તું કસાઇપણાનો ધંધો કર, તેનું જે પાપ થશે તે અમને લાગશે. સુલકે કહ્યું કે, ઠીક છે. એમ કહી તેણે એક છરો મંગાવ્યો અને પોતાના હાથ ઉપર છરો માર્યો અને કુટુમ્બીઓને કહ્યું કે, મને જે વેદના થઈ રહી છે તે વેદના તમે લઇ લો અને મને વેદનારહિત કરો! કુટુમ્બીજનોએ કહ્યું કે, પોતાના હાથે તો છરો માર્યો અને વેદનાને મટાડી આપો એમ કહે છે? અમે કેવી રીતે એ વેદના મટાડી શકીએ? સુલકે ઉત્તર આપ્યો કે, જ્યારે હું અને તમે આપણે બન્ને સામે જ છીએ ત્યારે પણ મારી વેદના મટાડી શકતા નથી તો પછી પરલોકમાં મારી વેદનાને કેવી રીતે દૂર કરી શકશો? કુટુમ્બીઓએ કહ્યું કે, તો પછી પિતાને તેં જે વચન આપ્યું છે તેનું પાલન કેવી રીતે કરીશ? સુલકે ઉત્તર આપ્યો કે, પિતાને મેં વચન આપ્યું છે એટલા માટે હું પહેલાં ભોજન કરીશ નહિ પણ કુટુંબીઓને ભોજન કરાવ્યા બાદ જ ભોજન કરીશ. આ પ્રમાણે પિતાને જે વચન આપ્યું છે તેનું પાલન કરીશ.

કહેવાનો આશય એ છે કે અભયકુમારે નીચ અને પાપી ગણાતા સુલકની સાથે પણ પ્રીતિ બાંધી. તે તેના દુર્ગુણો લેવા માટે નહિ પણ એ દુર્ગુણોને દૂર કરવા માટે. સુદર્શન પણ દુર્ગુણીઓનાં દુર્ગુણો દૂર કરવા માટે બધાની સાથે પ્રીતિ બાંધતો હતો તો પછી કપિલ તો સજ્જન હતો તો તેની સાથે શા માટે પ્રીતિ ન બાંધે?

કપિલ અને સુદર્શન વચ્ચે પ્રીતિસંબંધ જોડાયો. હવે પછી કપિલદ્વારા સુદર્શનની કેવી રીતે પરીક્ષા થાય છે તેનો વિચાર હવે પછી યથાવસરે કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૬ શનિવાર

### પ્રાર્થના.

'વિજયસેન' નૃપ 'વિપ્રા' રાણી, નમિનાથ જિન જાયો;
ચૌસઠ ઈન્દ્ર કિયો મિલ ઉત્સવ, સુર-નર આનંદ પાયો.
સુજ્ઞાની જીવા, ભજ લોરે, જિન ઇકવીશમા. ॥ ૧ ॥

શ્રી નેમિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્તજનો સંસારના લોકોને આમંત્રણ આપે છે કે, હે સુજ્ઞાનીઓ! બધું કામ છોડી પરમાત્માનું સ્મરણ કરી લો અને પરમાત્માના ભજનમાં લીન થઇ જાઓ!

પ્રશ્ન એ થાય છે કે, પરમાત્માનું ભજન કરવા માટે સુજ્ઞાનીઓને કેમ કહેવામાં આવ્યું! જેઓ સુજ્ઞાનીઓ હોય છે તેઓ તો પરમાત્માનું ભજન કરશે જ. જેઓ હાલી ચાલી શકે છે તેમને ચાલવા માટે શા માટે કહેવું જોઇએ. ચાલતા બળદને ચાબુક શા માટે મારવો જોઇએ? આ પ્રશ્નના ઉત્તરમાં ભક્તજનો કહે છે કે, સુજ્ઞાનીઓને ન કહીએ તો શું અજ્ઞાનીઓને કહીએ? જેઓ અજ્ઞાની છે તે લોકો તો અજ્ઞાનને કારણે કોઇ વાતને સાંભળતાં જ નથી. એટલા માટે શું અમારે મૌન સેવવું! કોઇને કાંઈ કહેવું જ નહિ! મૌન તો બેઠા રહેવું નથી, એટલા માટે સુજ્ઞાનીઓને પરમાત્માનું ભજન કરવા માટે કહેવામાં આવે છે!

આ પ્રત્યેક આત્માની મૂળ દશાનું વર્ણન છે. મૂળમાં તો બધા આત્માઓ સુજ્ઞાની છે. તેમને અજ્ઞાન તો વિકારી પ્રકૃતિને કારણે ચોંટેલું છે. વાસ્તવમાં મૂળ દશાની દ્રષ્ટિએ તો બધા આત્મા સુજ્ઞાની જ છે.

કર્મના ફળને પોતાનું માનવું એ અજ્ઞાનને છોડી સ્વરૂપને સમજવું, એ અજ્ઞાનને દૂર કરી સુજ્ઞાની બનવા જેવું છે. કર્મ અને કર્મફળથી પ્રાપ્ત થએલી વસ્તુને પોતાની માની, તેના સ્વામી માનવાથી જ અજ્ઞાન આવ્યું છે. જીવ જો આ પ્રમાણે પોતાપણું–માલિકીપણું છોડી દે તો એ સુજ્ઞાની જ છે. મૂળમાં તો એ સુજ્ઞાની જ છે. જેમ સૂર્ય સ્વયં પ્રકાશિત છે, પણ જ્યારે તેના ઉપર વાદળ આવી જાય છે ત્યારે તે સૂર્ય ઢંકાઈ જાય છે અને તેનો પ્રકાશ પણ દબાઇ જાય છે; પરંતુ જેવાં તેના ઉપરથી વાદળ હટી જાય છે તેવો જ તે પાછો પ્રકાશ આપવા લાગે છે. આજ પ્રમાણે આત્મા ઉપર પણ, કર્મપ્રકૃતિથી પ્રાપ્ત થએલી વસ્તુ ઉપર માલિકી ધારણ કરવાથી અજ્ઞાનનું આવરણ આવી રહ્યું છે. જો આવરણ દૂર થઈ જાય તો આત્મા સુજ્ઞાની છે અને તેને સ્વશરીરથી જ અનંત બળ પ્રાપ્ત થઈ શકે છે. વાદળોને હટાવવાં કે પોતાના ઉપર વાદળોને આવવા ન દેવાં એ તો સૂર્યના હાથમાં નથી પણ કર્મ–પ્રકૃતિને હટાવવી–દૂર કરવી એ તો જીવના હાથમાં છે. કર્મ–પ્રકૃતિને મટાડવા માટે 'દેહ ભિન્ન છે અને આત્મા અભિન્ન છે', 'શરીર ખંડિત અને વિનાશી છે અને હું અખંડિત અને અવિનાશી છું', 'શરીર તો જડ છે અને હું

ચૈતન્ય છું.' એમ વિચારવું જોઇએ. આ પ્રમાણે મારો અને શરીરનો કાંઈ સંબંધ નથી, એમ વિચાર કરવાથી આત્મામાં વિવેક પ્રકટ થાય છે. જડ અને ચૈતન્યનો વિવેક કરવાથી જ જીવ સુજ્ઞાની બને છે, અને તેનું અજ્ઞાન દૂર થાય છે. જીવની આ મૂળ દશાની દ્રષ્ટિએ જ ભગવાન નેમિનાથની પ્રાર્થનામાં એમ કહ્યું છે કે, "હે ! સુજ્ઞાની જીવો ! પરમાત્માનું ભજન કરી લો." તમે લોકો પણ આ શિક્ષાને હૃદયમાં ધારણ કરો. એમ થવું ન જોઇએ કે, કેવળ અહીં જ પરમાત્માનું ભજન તો કરી લો પણ બહાર નીકળતાં જ ભૂલી જાઓ ! અહીં તો ભજન કરવાની શિક્ષા આપવામાં આવે છે પણ વ્યવહારમાં તો બહાર જ ઉતારી શકાય છે; એટલા માટે આ શિક્ષાને હૃદયમાં ધારણ કરો અને અજ્ઞાનને દૂર કરવા માટે પરમાત્માનું એક ચિત્તે ભજન કરો.

કોઈ એમ કહે કે, પરમાત્માનું ભજન કરવાથી શું લાભ થશે ! તો એ પ્રશ્નના ઉત્તરમાં ભક્તો કહે છે કેઃ—

**ભજન કિયા ભવભવના પાતક, દુઃખ દુભાગ મિટ જાવે;**
**કામ ક્રોધ મદ મત્સર તૃષ્ણા, દુર્મતિ નિકટ ન આવે.**

ગમે તેવા રોગી હોય પણ એને જોઈ દાકતર ગભરાતો નથી, પરંતુ રોગીના રોગને દૂર કરવો એ તો મારા હાથનું કામ છે ! જે પ્રમાણે દાકતર રોગને નષ્ટ કરી દે છે તેજ પ્રમાણે પરમાત્માનું ભજન કરવાથી ભવભવનાં પાતકો દૂર થઈ જાય છે. પ્રાર્થના કરતાં રહેવાથી સારું ધ્યાન જ થાય છે, ખરાબ ધ્યાન તો થતું જ નથી. જ્યારે સારું ધ્યાન જ થાય છે, ખરાબ ધ્યાન થતું નથી તો પછી પાપ ટકી જ કેમ શકે ? જે પાપ બંધાય છે તે ખરાબ ધ્યાનથી બંધાય છે, અને જે પાપ ખરાબ ધ્યાનથી બંધાય છે તે પાપ શું સારા ધ્યાનથી નષ્ટ થઈ શકે નહિ ! સારું ધ્યાન ધરવાથી પાપ કર્મ નષ્ટ થઈ જાય છે, અને એ કારણે દુઃખ પણ દૂર થઈ જાય છે. વાસ્તવમાં દુઃખ શું છે એના માટે કહ્યું છે કે:-

**"કામ ક્રોધ મદ મત્સર તૃષ્ણા, દુર્મતિ નિકટ ન આવે"**

કામ, ક્રોધ, મદ, મત્સર, તૃષ્ણા વગેરે વિકારો જ દુઃખરૂપ છે. પરમાત્માનું સ્મરણ કરવાથી અને તેમનું ભજન કરતા રહેવાથી એ વિકારો પાસે આવતા નથી અને તેથી કોઈ પ્રકારનું દુઃખ રહેવા પામતું જ નથી; એટલા માટે તમે પરમાત્માનું સ્મરણ કરો અને ખરાબ ધ્યાનને મનમાં સ્થાન આપો નહિ તો તેમાં કલ્યાણ જ છે.

## અનાથી મુનિનો અધિકાર—૨૪

હવે આજ વાત શાસ્ત્રદ્વારા સમજાવું છું. અનાથી મુનિ રાજા શ્રેણિકને કહે છે કે, "હે રાજન્ ! જે વસ્તુઓની માલિકી કરવાથી આત્મા અનાથ બને છે એ જ વસ્તુઓને કારણે તું પોતાને નાથ માને છે; એ જ તારી ભૂલ છે."

આ પ્રમાણે કહી અનાથી મુનિ પહેલાં શરીરની અનાથતા બતાવે છે. જીવ વિચારે છે કે, હું આ દેહનો સ્વામી છું, આ દેહ મને આધીન છે, હું તેનો સ્વામી છું, આ પ્રમાણે આ શરીર સાથે મમત્વ રાખી જીવ શરીરનો સ્વામી બને છે, પણ જીવ શરીરની સાથે જેટલું મમત્વ રાખે છે; શરીરનો તે જેટલો માલિક બને છે તેટલો જ તે વધારે અનાથ બને છે.

વ્યવહારમાં કોઈ માણસને વીર તો કોઇને કાયર કહેવામાં આવે છે; પણ વીર અને કાયરની વ્યાખ્યા શું છે ? અને કયા કારણે એકને વીર તો બીજાને કાયર કહેવામાં આવે છે એનો વિચાર કરવો જોઈએ ! કાયરોની શ્રેણીમાં કોઈ પોતાનું નામ લખાવવા ચાહતું નથી, બધા પોતાને વીર કહેડાવવા ચાહે છે, પણ વીર બનવા માટે વીરતા દાખવવી પડે છે. જ્યારે યુદ્ધમાં રણભેરી વાગે છે ત્યારે વીરપુરુષ પોતાની વીરતા દાખવવા બહાર પડે છે અને પોતાની સ્ત્રીને કે પોતાનાં પુત્રને ભૂલી જાય છે; એટલું જ નહિ પણ પોતાના શરીરની પણ પરવા ન કરતાં પોતાના પ્રાણોને પણ હાથમાં લઈ લડવા જવા તૈયાર થઇ જાય છે. આ પ્રમાણે વીરતા દાખવવાથી જ વીર બની શકાય છે; પણ જે વીરતા દાખવતો નથી તે વ્યવહારમાં પણ વીર કહેવાતો નથી !

જ્યારે લૌકિક વીરને પણ વીરતા દાખવવી પડે છે તો લોકોત્તર વીરને કેટલી બધી વીરતા દાખવવી પડતી હશે ? વ્યવહારમાં પણ જે માણસ શરીરની સાથે મમત્વ વધારે રાખે છે તે કાયર મનાય છે અને જે માણસ શરીરના મમત્વનો ત્યાગ કરે છે તેને વીર માનવામાં આવે છે. આ પ્રમાણે જે લોકો શરીરના મમત્વનો ત્યાગ કરી કર્મની સાથે યુદ્ધ કરવા માટે આગળ વધે છે, તેઓ શું વીર નથી ? અવશ્ય તે વીર છે. આ પ્રમાણે જે વીર હોય છે તેજ નાથ બની શકે છે; અને શરીરની સાથે જે મમત્વભાવ રાખે છે તે કાયર, નાથ બની શકતો નથી. તે તો અનાથ જ છે.

મુનિ કહે છે કે, "હે રાજન્ ! તું પોતાને આ શરીરનો નાથ માને છે, શરીરને પોતાનું સમજે છે પરંતુ શરીર ઉપર તારું આધિપત્ય છે કે નહિ તેનો વિચાર કર. જે વાત સિંધુમાં હોય છે તેજ વાત બિન્દુમાં પણ હોય છે. આ કથનાનુસાર હું એમ માનું છું કે, જે વાત મારી ઉપર વીતી છે તેજ વાત બધા ઉપર વીતતી હશે ! એવો નિયમ પણ છે, હું પણ પોતાને શરીરનો સ્વામી માનતો હતો પણ એમ માનવાથી મારા ઉપર કેવી વીતી તે તું સાંભળઃ—

"મારી યુવાવસ્થા હતી. યુવાવસ્થામાં કોઇક જ એવો હશે કે જે દિવાનો બની જતો ન હોય ! એ અવસ્થામાં લોહી ગરમ રહે છે; એટલા માટે ઘણા માણસો દિવાના થઈ જાય છે. હું પણ યુવાવસ્થામાં હતો. સારા સારા ઘરની સુંદર સ્ત્રીઓની સાથે મારો વિવાહ થયો હતો. મારા માટે તે સમય સ્ત્રીઓને જોઈ તથા તેમનો શ્રૃંગાર જોઈ આનંદ માનવાનો હતો પણ તેમને જોવાનું સાધન-મારી આંખજ બગડી ગઈ હતી. મારી આંખોમાં એવી કારમી વેદના થતી હતી કે હું એ યુવાવસ્થામાં પણ કાંઈ આનંદ લૂંટી શકતો ન હતો."

આંખો ખરાબ થઈ જવાથી, જે વસ્તુઓને જોઈ આનંદ માણી શકાય છે તે વસ્તુઓ પણ કેવી ખરાબ લાગે છે એ એક ઉદાહરણદ્વારા સમજાવું છું:—

માનો કે કોઈ એક માણસે ચિત્રશાળા બનાવવી શરૂ કરી. તેણે ચિત્રશાળા પાછળ ખૂબ ખર્ચ કરી તૈયાર કરાવી પણ જ્યારે ચિત્રશાળા ચણાઈને તૈયાર થઇ ગઇ ત્યારે તે માણસ કર્મવશાત્ આંધળો થઈ ગયો. આ કારણે તે ચિત્રશાળા તેને માટે સુખદાયક થવાને

બદલે દુઃખદાયક થઈ પડી. આ ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે, પારકી વસ્તુ પોતાની માની આનંદનું સાધન માન્યું તો તે વિવશતા કે દુઃખનું કારણભૂત બની.

આત્માથી પણ એજ ભૂલ થઈ રહી છે કે, વાસ્તવમાં તે જેને જુએ છે તેને ભૂલી જાય છે અને બીજાને વશ થઈ જાય છે. જેને જોવું જોઈએ તેને જોતો નથી પરંતુ બીજા જુદા જ પદાર્થોને જોવા મંડી પડે છે, આ રીતે તે આંખોને વશ થઈ જાય છે. તે તો એમજ વિચારે છે કે, આંખો તો પદાર્થો જોવા માટે જ મળી છે; પણ એ એટલું વિચારતો નથી કે, આંખોને પોતાની માની તેને વશ થઈ જવું એ અનાથતાને અપનાવવા જેવું છે. અજ્ઞાની લોકો એ વિષે વિચાર ન કરતાં આંખોમાં અને આંખોદ્વારા દશ્યમાન પદાર્થોમાં લિપ્ત થઈ જાય છે પણ જ્ઞાનીઓ એમાં લિપ્ત થતા નથી!

આંખોનો ઉપયોગ વાસ્તવમાં ક્યાં અને કેવી રીતે કરવો જોઈએ એ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું:—માનો કે તમારા એક મિત્રે તમને એક સૂક્ષ્મદર્શક યંત્ર આપ્યું. એ સૂક્ષ્મદર્શક યંત્રદ્વારા સૂક્ષ્મ વસ્તુ જે આંખોદ્વારા જોઈ શકાય નહિ તે સૂક્ષ્મ વસ્તુ જોઈ શકાય છે અને તમારા મિત્રે પણ એજ ઉદ્દેશથી એ યંત્ર તમને આપ્યું હતું; પણ તમે એ સૂક્ષ્મદર્શક યંત્રદ્વારા સૂક્ષ્મ વસ્તુ ન જોતાં, ગાય-ભેંશ જોવા લાગ્યા, પણ એટલું વિચાર્યું નહિ કે, ગાય-ભેંશ તો હંમેશાં જોવામાં આવે છે તો પછી એમને જ જોવામાં એ યંત્રનો ઉપયોગ શા માટે કરું છું? આ યંત્ર તો જે નાની ચીજો આંખોદ્વારા જોઈ શકાતી નથી તે ચીજો તે યંત્રની સહાયતા લઈ જોવા માટે છે.

આજે તો એવું સાંભળવામાં આવે છે કે, અત્યારે એવાં એવાં યંત્રો-સાધનો નીકળ્યાં છે કે જેમની સહાયતાવડે પેટીની અંદર બંધ કરેલી ચીજ પણ જોઈ શકાય છે, અને પહાડની પછવાડે શું છે તે પણ જાણી શકાય છે. આ વાત ક્યાંસુધી સાચી છે તે તો હું નથી જાણતો.

તમે ગાય-ભેંશ જોવામાં પેલાં સૂક્ષ્મદર્શક યંત્રનો ઉપયોગ કરો તો તે જોઈ તમારો મિત્ર નારાજ થશે કે નહિ! અને જે યંત્રનો આ રીતે દુરુપયોગ કરે છે તે બુદ્ધિમાન કહેવાય કે મૂર્ખ? તમે યંત્રનો દુરુપયોગ કરનારને તો મૂર્ખ કહેશો પણ તમે પોતે શું કરો છો તેનો પણ જરા વિચાર કરો. શું તમારા દ્વારા એવી ભૂલ તો થતી નથી ને? કદાચિત તમને તે યંત્ર પણ મળી જાય, પણ જો આંખજ ન હોયતો શું એ યંત્રદ્વારા દેખી શકાય ખરું? આંખો વિના યંત્રદ્વારા જોઈ શકાતું નથી. આ દૃષ્ટિએ તે યંત્ર મોટું નહિ પણ આંખો મોટી ઠરી. તમને આવી આંખો મળી છે પણ તમે એ આંખોનો કેવો ઉપયોગ કરો છો! જો તે યંત્રનો દુરુપયોગ કરવો મૂર્ખતા માનવામાં આવે છે તો શું એ આંખોનો દુરુપયોગ કરવો એમાં મૂર્ખતા નથી?

આંખો કેવી હોય છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ એનો વિચાર કરો. આંખોને નાસિકા ઉપર સ્થિર રાખી જ્યાંસુધી પલક મારવામાં ન આવે ત્યાંસુધી મન પણ એકાગ્ર રહેશે. આ તો દ્રવ્ય એકાગ્રતા છે, પણ જો આંખોની જ્યોતિને અન્તર્મુખી કરો તો આત્મોન્નતિ પણ થશે.

તમે લોકો એમ માનતા હશો કે, કોઈ ચીજને જોઈ લીધી એટલે તે વાત સમાપ્ત થઈ ગઈ પણ વાસ્તવમાં એમ નથી. જે કોઈ ચીજ જોવામાં આવે છે તેનો સંસ્કાર કાર્મણ શરીર ઉપર પણ પડે છે. આ જ કારણે ઠાણાંગ સૂત્રમાં **दिट्ठिया किरिया** અર્થાત્ દેખવા માત્રથી પણ ક્રિયા લાગે છે એમ કહ્યું છે; કારણ કે, કાર્મણ શરીરમાં તેનો સંસ્કાર પડે છે. કાર્મણ શરીરમાં તેનો સંસ્કાર કેવી રીતે પડે છે તે એક ઉદાહરણદ્વારા બતાવું છું:—

વડનું વૃક્ષ કેટલું મોટું હોય છે. તે ભારતમાંજ પેદા થાય છે, બીજી જગ્યાએ પેદા થતું નથી. હવે કોઈ અહીંથી વડનું વૃક્ષ લઈ ગયું હોય તો તે વાત જુદી છે. જો તમે વડના વૃક્ષ ઉપરથી શિક્ષા લો તો પણ તમે તમારી ઘણી ઉન્નતિ કરી શકો છો. વિષ્ણુને વરશાયી કહેવામાં આવે છે. તેનો શો અર્થ છે એ કહેવાનો અત્યારે સમય નથી, અત્યારે તો એટલું જ કહું છું કે, વડનું ઝાડ કેટલું બધું મોટું હોય છે અને તેનું ફળ કેટલું નાનું હોય છે! ઝાડને જોતાં તેનું ફળ બહુજ નાનું જણાય છે! તે ફળથી પણ નાનું તેનામાં રહેલું બીજ હોય છે. વૃક્ષથી નાનું ફળ હોય છે અને ફળથી નાનું બીજ હોય છે. બીજને હાથમાં લઈ કોઈ એમ કહે કે, આ બીજમાં વડનું ઝાડ છે, તો તમેજ પૂછશો કે, આ બીજમાં કયાં વૃક્ષ છે તે બતાવો? પરંતુ જે બુદ્ધિમાન હશે તે તો એમ કહેશે કે, આ બીજમાં વૃક્ષ તો અવશ્ય છે પણ તે એમ દેખી શકાતું નથી, પરંતુ પાણી અને માટીના સંયોગથી બીજમાં વૃક્ષ દેખી શકાય છે. અત્યારે જે બીજમાં વૃક્ષ દેખાતું નથી તેજ બીજમાં પણ વડનું વૃક્ષ રહેલું છે.

ભગવાન કહે છે કે, ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ્ અને કાર્મણ એ શરીરનાં પાંચ ભેદ છે. આ ઔદારક શરીરમાં એક કાર્મણ શરીર હોય છે. તમે જે કાંઈ જુઓ છો, સાંભળો છો કે સ્પર્શ કરો છો તે બધાનો સંસ્કાર એ કાર્મણ શરીરમાં રહે છે; અર્થાત્ આશ્રવ સંબંધી બધાં કામોનો સંસ્કાર એ કાર્મણ શરીરમાં હયાત હોય છે. કોઈ એમ કહે કે, કાર્મણ શરીર કેવું હોય છે અને તેમાં સંસ્કાર કેવી રીતે રહે છે એ અમને બતાવો? તો આમ કહેનારને બીજમાં જેમ વૃક્ષ રહે છે તેમ કાર્મણ શરીરમાં સંસ્કાર રહે છે એમ કહી શકાય. જે પ્રમાણે બીજમાં વૃક્ષ જોવામાં આવતું નથી પણ સંયોગને પામી તે બીજમાંથી વૃક્ષ પેદા થઈ જાય છે, તેજ પ્રમાણે કાર્મણ શરીરમાં રહેલા સંસ્કારો પણ સંયોગને પામી દેખાવા લાગે છે. મૃત્યુ થયા બાદ આ ઔદારિક શરીર છૂટી જાય છે પણ કાર્મણ શરીર જીવની સાથે જ જાય છે. કાર્મણ શરીરને લિંગ શરીર પણ કહે છે. તે જીવની સાથે જ બીજા ભવમાં જાય છે, અને તે શરીરમાં રહેલા સંસ્કારો તે ભવમાં પ્રકટ થાય છે. જે પ્રમાણે પ્રતિકૂલ સંયોગમાં વડનું બીજ વૃક્ષ પેદા કરતું નથી, અર્થાત્ વૃક્ષરૂપે તે ફુલીફાલી શકતું નથી તેજ પ્રમાણે કાર્મણ શરીરમાં રહેલાં સંસ્કારો બીજાં સંસ્કારોદ્વારા નષ્ટ પણ થઈ જાય છે; એટલા માટે કોઈ કોઈવાર તે સંસ્કારો પ્રકટ થતા નથી પરંતુ તમે પાપ કે પુણ્ય જે કાંઈ કરો છો તે બધાનો સંસ્કાર કાર્મણ શરીરમાં અવશ્ય રહે છે. આ જ પ્રમાણે તમે જે જુઓ છો, તે જોવું પણ ત્યારે પૂરું થઇ જતું નથી, પણ તેનો સંસ્કાર રહી જાય છે, એટલા માટે આંખોનો કેવી રીતે સદુપયોગ કરવો તે વિષે ઊંડો વિચાર કરો.

મુનિએ કહ્યું કે "રાજન્! હું તે વખતે કેવો અનાથ હતો! જો તે વખતે અનાથતાના દુઃખથી દુઃખિત થઈ મરી જાત તો તો મારી અને તારી વચ્ચે વાત પણ થઈ શકત નહિ, પણ મેં વિચાર્યું કે આ અનાથતાને કોઇપણ ઉપાયે દૂર કરવી જોઇએ. આ પ્રમાણે વિચાર કરી જ્યારે મેં અનાથતાને દૂર કરી ત્યારે જ તારી સાથે આજે વાત કરી રહ્યો છું."

માનો કે, એક માણસને આંખો છે એટલે તે મેળા વગેરે જોતો ફરે છે. બીજો માણસ આંધળો છે એટલા માટે તે કહે છે કે, શું કરું? જોવાની તો ઘણીયે ઇચ્છા છે પણ દુર્ભાગ્યે મારે આંખો જ નથી. આ પ્રમાણે તે જોઈ ન શકવાને કારણે દુઃખી થઇ રહ્યો છે. ત્રીજા માણસની આંખોમાં વેદના થઈ રહી છે પણ તે દુઃખી થતો નથી, પણ એમ કહે છે કે, આ વેદના તો મને સહાય કરનારી છે. આ રોગ તો મારો પરમ મિત્ર છે. હું બહાર શું જોઉં! અંદર જ શા માટે ન જોઉં? આ ત્રણ માણસોમાંથી તમે કોને સારો કહેશો? તમે ત્રીજા માણસને સારો કહેશો. જ્ઞાનીઓ પણ એવા જ હોય છે. તેઓ દુઃખ માથે પાડવા છતાં પણ ગભરાતા નથી. તેઓ દુઃખને પોતાનો મિત્ર માને છે, અને જેમ ચાબુક લાગવાથી જાતિવંત ઘોડો દોડે છે તે જ પ્રમાણે દુઃખ માથે પડવાથી જ્ઞાનીઓ ગભરાતા નથી પણ ધર્મમાં વધારે લાગી જાય છે; ત્યારે અજ્ઞાનીઓ માથે થોડું દુઃખ પડવાથી રડવા માંડે છે.

આ પ્રમાણે જ્ઞાની લોકો જેને દિવસ માને છે, અજ્ઞાનીઓ તેને રાત માને છે. અને અજ્ઞાની લોકો જેને દિવસ માને છે, જ્ઞાનીઓ તેને રાત માને છે. આવો ક્રમ સંસારમાં ચાલ્યા જ કરે છે. એટલા માટે માથે દુઃખ પડે તો તમારે રડવું ન જોઈએ પણ ધર્મમાં પ્રવૃત્ત થવું જોઈએ. જ્ઞાનીઓ જેવો ઉન્નત વિચાર કરે છે તેવો ઊંચો વિચાર તમારે પણ કરવો જોઇએ. જો તમે આવો ઊંચો વિચાર રાખશો તો તમે શરીરમાં રહેવા છતાં પણ અનંતબલી બની જશો, એટલા માટે સંસારની ચીજોના નાથ ન બનતાં, તમારા આત્માના નાથ બનો! તમને સહજ બધાં સાધનો મળ્યાં છે, એ સાધનોદ્વારા આત્માનું કલ્યાણ કરી લો. તમે લોકો બીજાઓની દવા લો છો પણ આ અમારી દવા પણ લ્યો. તમે શ્રાવક છો. શાસ્ત્રમાં શ્રાવકને સાધુના માતાપિતા કહ્યા છે. તમે લોકો ભલે ગમે તેવા થઇ જાઓ પણ જેમ વૃદ્ધ અને રોગી બાપને બાપ જ માનવામાં આવે છે, તેમ અમારે પણ શ્રાવકો અમારા માતાપિતા છે એ માનવું જ જોઇએ. અમે એ વાતનો તો ઇન્કાર કરી શકીએ નહિ! પરંતુ તમારે માટે પણ એ જ ઉચિત છે કે તમે અમારી વાત ઉપર પૂરેપૂરો વિચાર કરો! જો તમે તમારા આત્માને ખરાબ કામોમાંથી દૂર રાખો તો તમારું શ્રાવકપદ પણ શોભશે અને તમારું કલ્યાણ પણ થશે!

## સુદર્શન ચરિત્ર—૨૪

**કપિલ પુરોહિત વિવિધ વિદ્યાધર, સુદર્શનસે પ્રીત;**
**લોહ ચુમ્બક સમ મિલ્યા પરસ્પર, સરીખે સરીખી રીત. ॥ધન૦॥૨૧॥**
**પુરોહિત નારી મહા વ્યભિચારી, કપિલા કુટિલ કઠોર;**
**શેઠ કીર્તિ સુન સુન્દર તનકી, વ્યાપો મન્મથ જોર. ॥ધન૦॥૨૨॥**

**પતિ ગયે પરદેશ શેઠ પે, બોલી કપટ વિશેષ;**
**પતિ હમારા અતિ બીમારા, ચલો ચલો તજ શેષ ॥ ધન૦ ૨૩ ॥**

સુદર્શન શેઠ ગૃહસ્થ હતો. તે બધો વ્યવહાર બરાબર ચલાવતો હોવા છતાં ધર્મને કેવી રીતે સુરક્ષિત રાખતો હતો, એ વાત હવે બતાવવામાં આવે છે. શેઠે કપિલ પુરોહિતની સાથે મિત્રતા કરી. કપિલ સદ્‌ગુણી અને વિદ્યાકળા વગેરેમાં નિપુણ તથા ધાર્મિક વિચારનો હોવાથી પરસ્પર સહકાર મળે એ ઉદ્દેશ્યથી સુદર્શને તેની સાથે મિત્રતા બાંધી તેની સાથે પ્રીતિસંબંધ જોડયો.

આજે કેટલાક લોકો મિત્રતા તો બાંધે છે પણ તેમની મિત્રતા કેવી હોય છે એ તો જાણનારાઓ જ જાણે છે. સાધારણ રીતે સમાન આચાર વિચારવાળાની સાથે જ પ્રીતિ સંબંધ જોડાય છે, પરંતુ પ્રીતિ કરવામાં પોતાના ધાર્મિક તત્વો દબાઈ ન જાય એ વાતનું ધ્યાન રાખવું જોઈએ. જો કોઇની સાથેના પ્રીતિસંબંધથી ધર્મભાવનાનો વિકાસ રુંધાતો ન હોય કે ધાર્મિક ભાવનાને ધક્કો પહોંચતો ન હોય તો તેની સાથે પ્રીતિસંબંધ જોડવામાં કાંઈ વાંધો નથી; પણ જો ધાર્મિક ભાવનાનો વિકાસ રુંધાતો હોય તો તેની સાથે પ્રીતિસંબંધ જોડવો ન જોઈએ. સ્ત્રી, પુત્ર, મિત્ર વગેરે તો અહીં જ રહી જશે પણ કેવળ એક ધર્મ મિત્ર જ સાથે આવશે. મારો જે વિકાસ થયો છે તે ધર્મના પ્રતાપે જ થયો છે એમ સમજવું જોઈએ. જો પિતા ધર્મ ઉપર આઘાત કરતા હોય તો તેમને પણ સ્પષ્ટ કહી દેવું જોઇએ કે, આપની હું દરેક પ્રકારે સેવા કરવા તૈયાર છું પરંતુ તમે ધર્મ ઉપર આઘાત ન કરો. આપે મને શરીર આપ્યું છે તો આ શરીર આપની સેવા કરવા માટે તૈયાર છે, પણ ધર્મ આત્માનો છે, અને આત્માને તમે બનાવેલો કે આપેલો નથી. જો હું આપે આપેલા શરીરનો ખરાબ કામોમાં દુરુપયોગ કરતો હોઉં તો તો આપ મને દંડ આપી શકો છો પણ આ શરીરમાં રહેતાં હું આત્માનું કલ્યાણ કરું તો એમાં આપને શો વાંધો છે ? કે તમે બાધા ઊભી કરો છો. આજ પ્રમાણે જો સ્ત્રી પણ ધર્મમાં બાધા પહોંચાડતી હોય તો તેને પણ કહી દેવું કે, હું તારું ભરણપોષણ કરીશ, પણ મારો ધર્મ હું છોડીશ નહિ. આ પ્રમાણે મિત્ર પણ ધર્મકાર્યમાં બાધક થતો હોય તો તેને પણ કહી દેવું કે, મિત્રનું કામ સંકટના સમયે સહાયતા આપવાનું છે. જો તમારા ઉપર કોઇ સંકટ આવી પડે તો હું સહાયતા આપવા તૈયાર છું પણ મારા ધર્મ ઉપર કરવામાં આવતો કોઈ પ્રકારનો આઘાત સહી શકું નહિ.

શ્રી ઉપાસક દશાંગસૂત્રમાં મહાશતક શ્રાવકની કથા આવેલ છે. તેમાં કહ્યું છે કે, મહાશતકની સ્ત્રી રેવતીએ પોતાની બાર શોક્યોને મારી નાંખી અને પોતે માંસ મદિરાની મોજ માણવામાં ઉન્મત રહેવા લાગી. મહાશતકે વિચાર્યું કે, આ સ્ત્રી તો આવી ખરાબ છે પણ મારો ધર્મ સ્વતંત્ર છે. મારો ધર્મ મારી પાસે છે, એટલે મારા ધર્મ ઉપર કોઇ આઘાત કરી શકે નહિ. આ પ્રમાણે વિચાર કરી તેણે સંસારનાં કામોનો ત્યાગ કર્યો અને પ્રતિજ્ઞા ધારણ કરી ધર્મસ્થાનમાં જઇ બેઠો. તેને અવધિજ્ઞાન થયું. તે વખતે રેવતીએ મહાશતકની પાસે જઈ કહ્યું કે, તમે આ ધર્મનો ઢોંગ કરી કેમ બેઠા શો ! તમને કોઇએ ભરમાવ્યું લાગે છે કે તમે આવા ઢોંગમાં પડેલા છો ? ચાલો, ઊઠો ! આપણે સંસારનો આનંદ

લઈએ. રેવતીનું આ કથન સાંભળી મહાશતકે તેને કહ્યું કે, મેં તારાં બધાં કામો સહ્યાં છે પણ તું મારા ધર્મના વિષે જે કાંઈ કહે છે તે મારા માટે અસહ્ય છે. તું મરીને પહેલી નરકમાં ૮૪ હજાર વર્ષનું આયુષ્ય લઈને જઈશ. આ પ્રમાણે તેણે અવધિજ્ઞાનનો આવો ઉપયોગ કર્યો. મહાશતકનું કથન સાંભળી રેવતી ભય પામી અને ગભરાઈને પાછી ફરી ગઈ. આ વાત ભગવાનની જાણમાં આવી. ભગવાને કહ્યું કે, હે મહાશતક ! તારો ધર્મ સ્વતંત્ર છે. તેના કહેવાથી તારો ધર્મ કાંઈ ખરાબ થઈ જવાનો નથી. તેમ છતાં તેં તેને નરક જવાનું કહ્યું એટલો ક્રોધ આવવાથી તને દોષ લાગ્યો છે માટે તું તેનું પ્રાયશ્ચિત લે. આ પ્રમાણે કહી ભગવાને ગૌતમ સ્વામીને મોકલી મહાશતકને આલોચના કરાવી. કહેવાનો ભાવાર્થ એ છે કે, ધર્મ સ્વતંત્ર છે. તે કોઈ પણ રીતે પરતંત્ર નથી એટલા માટે ધર્મનું પાલન હમેશાં કરવું !

સુદર્શને કપિલને સદ્‌ગુણી અને ધર્મસહાયક જાણી પોતાનો મિત્ર બનાવ્યો. કપિલને ત્યાં ધનની કાંઈ ઊણપ ન હતી. રાજ્ય તરફથી પણ તેને વર્ષાસન મળતું હતું એટલે પછી તેને ધનની ઊણપ રહે જ કેમ ! કપિલ બુદ્ધિમાન હતો એટલે તે વિચારતો હતો કે હું ઋદ્ધિસિદ્ધિથી સંપન્ન છું તથા રાજ્યનો ગુરુ છું એટલે મારે સાવધાન રહી કોઇ ઊંચો આદર્શ ઉપસ્થિત કરવો જોઇએ. કપિલ તો આવી ઉન્નત ભાવના ભાવતો હતો, ત્યારે તેની સ્ત્રી કપિલા એમ વિચારતી હતી કે, "આપણને આટલું બધું ધન મળ્યું છે તો તેનો ભોગોનો ઉપભોગ કરવામાં તથા મોજમજા માણવામાં ઉપયોગ કરવો જોઇએ. આ પ્રમાણે પતિ–પત્ની બન્નેનાં માર્ગો જુદાં જુદાં હતાં.

સુદર્શન અને કપિલ બન્ને મિત્રો થયા. આજે તો કેવળ મોજ માણવા માટે મિત્રો બની જાય છે પણ સન્મિત્રો તો જુદાજ પ્રકારના હોય છે. કહ્યું છે કે, સંસારમાં સન્મિત્રનું મળવું બહુજ મુશ્કેલ છે. સુદર્શન અને કપિલ બન્નેય યોગ્ય હતાં એટલા માટે બન્નેની વચ્ચે ગાઢ મિત્રતા થઇ. જ્યારે સુદર્શનને અવકાશ મળતો ત્યારે તે કપિલને ત્યાં જતો અને કપિલને જ્યારે અવકાશ મળતો ત્યારે તે સુદર્શનને ત્યાં જતો. આ પ્રમાણે બન્નેય જણા એક બીજાને ત્યાં જતાં આવતાં.

સુદર્શન કપિલને ત્યાં જતો હતો. કપિલની સ્ત્રી કપિલા સુદર્શનની સુંદરતા જોઇ કહેવા લાગી કે, આ કેવો સુંદર પુરુષ છે ! આવો સુંદર પુરુષ મેં કોઈ દિવસ જોયો નથી. શું હું એની સુંદરતાની પ્રશંસા કરીને જ બેસી રહું ? હું બુદ્ધિમતી છું-હોશીયાર છું અને કળામાં કુશળ છું, તો એને હું મારા તરફ આકર્ષિત ન કરું તો મારી હોશીયારી શું કામની ?

સુદર્શન કપિલનો મિત્ર છે પણ એને માટે કપિલા કેવો વિચાર કરે છે ! સંસારની વિચિત્રતા જ કોઈ જુદા પ્રકારની છે. એક કવિએ એ વિષે કહ્યું છે કેઃ-**न जाने संसारे अमृतमयं किं विषमयं ॥** જે સુદર્શનને જોઇ બધા પ્રસન્ન થતાં હતાં અને અધર્મીઓમાં પણ ધર્મની ભાવના જાગ્રત થતી હતી, તે જ સુદર્શનને જોઇ કપિલા કેવી ખરાબ ભાવના ભાવે છે તે જુઓ. તે વિચારે છે કે, મને એની પરવા નથી એટલા માટે જો તે સીધી રીતે મને વશ નહિ થાય તો તેને ત્રિયાચરિત્ર દ્વારા વશ કરીશ.

કવિતામાં કહેવામાં આવ્યું છે કે, કપિલા મહાવ્યભિચારિણી હતી. આ કથનનો એ અર્થ નથી કે બજારુ સ્ત્રી-વેશ્યા હતી. તેણીએ સુદર્શન સિવાય બીજા કોઇની સાથે વ્યભિચાર કરવાની ઇચ્છા કરી ન હતી, તેમ કોઈની સાથે વ્યભિચાર સેવ્યો પણ ન હતો, તેમ છતાં તેને મહાવ્યભિચારિણી કહેવાનું કારણ એ છે કે, તેણીએ એક મહાપુરુષને ભ્રષ્ટ કરવાની ઇચ્છા કરી હતી. જેમ કોઇ માણસ રાજ્યના ભંડારને તોડી ચોરી કરે તો તે મહા ચોર કહેવાશે કારણ કે તેણે ઘણા સાહસપૂર્વક ચોરી કરી છે. કોઈ માણસ રાણીની સાથે વ્યભિચાર સેવે તો તે માણસ મહાવ્યભિચારી કહેવાશે. જો સાધુ કોઇ રાણીની સાથે ભ્રષ્ટ થાય તો તેને *દશમું પ્રાયશ્ચિત્ત કહ્યું છે અને કોઈ સાધારણ સ્ત્રીની સાથે ભ્રષ્ટ થયો હોય તો તેને આઠમું+ પ્રાયશ્ચિત કહેલ છે; અર્થાત રાણીની સાથે ભ્રષ્ટ થવાનો મોટો અપરાધ માનવામાં આવ્યો છે. આજ પ્રમાણે કપિલાને મહા વ્યભિચારિણી એટલા માટે કહેવામાં આવી છે કે, તેણીએ સુદર્શનને કે જેને જોઈ પાપી માણસના હૃદયમાં પણ ધર્મભાવના જાગ્રત થતી હતી, તેવા ધર્માત્માને ભ્રષ્ટ કરવાની ઇચ્છા કરી હતી.

સુદર્શનને ફસાવવા માટે કપિલાએ ઘણાં પ્રપંચો રચ્યાં પણ બધામાં તેને અસફળતા મળી. તે સુદર્શનને પોતાની જાળમાં ફસાવી શકી નહિ!

એક દિવસ જરૂરી કામને અંગે રાજાએ કપિલને બહારગામ જવાનું કહ્યું. એ કામ એટલું બધું જરૂરી હતું કે તે સુદર્શનને મળી પણ શકયો નહિ; પણ તે કપિલાને કહેતો ગયો કે, કોઈ જરૂરી કામ હોય તો મારા મિત્ર શેઠને કહેજે, તે બધું કરી આપશે. હું આજે જરૂરી કામને અંગે બહારગામ જાઉં છું. આ સાંભળી કપિલાને પ્રસન્નતા થઈ અને તે વિચારવા લાગી કે, સુદર્શનને ફસાવવાનો આ ઠીક અવસર મળ્યો છે. પુરોહિત પણ જે કાંઇ કામ હોય તે શેઠને કહેવાનું અને શેઠને મારી જગ્યાએ માનવાનું કહી ગયા છે. દુર્જન લોકો સીધા અર્થનો પણ પોતાને ઊલટો અનુકૂલ અર્થ કરે છે.

કપિલ બહારગામ ગયો. કપિલા વિચારવા લાગી કે, મારા સદ્ભાગ્ય છે કે મને આવો અવસર મળ્યો છે. તેણીએ પોતાનું ઘર સાફસુફ કરી સજાવ્યું અને પોતે પણ શરીર શણગાર્યું. પછી દોડતી દોડતી ગભરાએલી હોય તેમ સુદર્શનની પાસે ગઈ. મિત્રની સ્ત્રીને આવતી જોઈ સુદર્શને તેનો સત્કાર કર્યો. સુદર્શનની દ્રષ્ટિ કપિલાના પગ ઉપર હતી. તેના શૃંગાર કે રૂપ ઉપર નહતી. મિત્રની સ્ત્રીને કઇ દૃષ્ટિએ જોવી જોઇએ એનો ઘણો લાંબો વિચાર છે.

શેઠે કપિલાને પૂછયું કે, "આજે તમે ગભરાતાં ગભરાતાં કેમ દોડતાં આવ્યા છો!" શેઠના આ પ્રશ્નના ઉત્તરમાં કપિલા વીલું મોઢું કરી રોતી હોય એ રીતે સુદર્શનને કહેવા લાગી કે, "શું કહું! કહી શકાતું નથી! તમે તમારા મિત્રને મળીને જેવા બહાર નીકળ્યા

---

* દશમા પ્રાયશ્ચિતનું નામ પારંચિય પ્રાયશ્ચિત છે, આ પ્રાયશ્ચિતમાં જઘન્ય ૬ મહિના અને ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ સુધી ગચ્છ બહાર રહેવું પડે છે, ભીક્ષા-ગોચરી કરવી પડે છે, અને જેમની સાથે દોષ થયો હોય તે બધા લોકોને જાહેર સભામાં બોલાવી તેમની સામે ક્ષમા માંગવી પડે છે. કેટલાક આચાર્યોનો એવો પણ મત છે કે નવમા અને દશમા પ્રાયશ્ચિતનો લોપ થયો છે.

× આઠમા પ્રાયશ્ચિતમાં ફરી દીક્ષા લેવી પડે છે. તે પ્રાયશ્ચિતનું નામ 'મુલાદિહ' પ્રાયશ્ચિત છે.

ત્યારથી તમારા મિત્રને શરીરમાં પીડા થવા લાગી છે. એ પીડા પણ એવી અસહ્ય છે કે તેઓ સહી શકતા નથી. અત્યારે તેઓ મિત્ર મિત્ર એમ પોકાર કરી રહ્યા છે! જાણે તમે જ તેમના સાક્ષાત્ ઈશ્વર કેમ ન હો! માટે તમે બધું કામકાજ પડતું મૂકીને જલ્દી ઘેર આવો."

કપિલાના પેટમાં કેટલું બધું પાપ છે અને ઉપર ઉપરથી કેવી મીઠી વાતો કરી રહી છે! જ્યારે હૃદયમાં કપટ હોય છે ત્યારે એવું જ બને છે. આ પ્રકારના કપટને શાસ્ત્રમાં માયા કે શલ્ય તરીકે વર્ણવવામાં આવેલ છે. કપટ કરીને બીજાને ઠગવો તે પોતાના આત્મામાં જ કાંટો ઘોંચવા જેવું છે.

કપિલા સુદર્શનને કહેવા લાગી કે, "તમારા મિત્રને કોઇ ગંભીર રોગ લાગુ પડયો જણાય છે. આપ આવી તેમનો કાંઈ ઉપચાર કરો નહિ તો ગજબ જ થઈ જશે."

મિત્રને ગંભીર બીમાર થએલા જાણી સુદર્શનનો જીવ ઉચક થઇ ગયો. સુદર્શને કપિલાને કહ્યું કે, "જ્યારે મારા મિત્ર આટલા બધા બીમાર છે તો તેમને છોડીને તમે અહીં કેમ આવ્યા! કોઈ નોકરને મને બોલાવવા માટે મોકલવો હતો ને!" કપિલાએ ઉત્તર આપ્યો કે, "આપ બીજો કોઈ બોલાવવા આવે તો આવો કે ન પણ આવો, તમે જલ્દી આવો એટલા માટે તમને તેડવા માટે હું, પોતે આવી." સુદર્શને કહ્યું કે, "ઠીક તમે ચાલો, હું હમણાંજ આવું છું." કપિલાએ કહ્યું કે, "ના, પહેલાં તમે આગળ ચાલો, હું તમારી પાછળ આવું છું."

સુદર્શન જે કપડાં પહેર્યાં હતાં તે કપડાંભેર કપિલાની સાથે ચાલી નીકળ્યો. આગળ સુદર્શન હતો અને તેની પાછળ કપિલા હતી. કપિલા પોતાના મનમાં એવું અભિમાન કરતી જતી હતી કે મેં કેવો દાવ ફેંક્યો કે મારી જાળમાં સુદર્શન ફસાઈ ગયો. લોકો કહે છે કે, કપટ ન કરવું પણ હું તો કહું છું કે, કપટ કરવાથી જ આનંદ મળે છે.

આજે પણ લોકો કપટ કરવામાં જ આનંદ માને છે. અને કપટને 'પોલીસી'નું નામ આપી લોકોને ઠગે છે. આ પ્રમાણે કપિલા કપટના વિજયથી ઉન્મત્ત થઈ મરડાતી ચાલતી હતી જ્યારે સુદર્શન નીચી દ્રષ્ટિ કરી ચાલ્યો જતો હતો.

કપિલને ઘેર જઈ સુદર્શને કપિલાને પૂછ્યું કે, "મિત્ર કયાં છે?" કપિલાએ ઉત્તર આપ્યો કે, "એવા ગંભીર બીમારને બહાર કેમ સુવડાવી શકાય? એ તો ઘરની અંદર સુતેલા છે!" શેઠ ઘરમાં ગયો. શેઠ જેવો ઘરમાં દાખલ થયો કે તરત જ કપિલાએ ઘરના બારણાં બંધ કરી દીધાં. આ પ્રમાણે કપિલાને બારણાં બંધ કરતા જોઇ સુદર્શન સમજી ગયો કે, આ તો કપટની જાળમાં ફસાઇ ગયા! હવે તો આ કપટજાળમાંથી કેમ છૂટી શકાય એનો જ ઉપાય વિચારવો જોઈએ! અત્યાર સુધી તો હું ભાવનાથીજ શીલનું પાલન કરતો હતો પણ આ તો મારી એ ભાવનાની પરીક્ષા છે. આ પરીક્ષામાંથી ઉત્તીર્ણ થઈ જાઉં તો મારી ભાવના સફળ થઈ જાય!

કપિલાએ તો ઘરનાં દ્વાર બંધ કરી દીધાં છે અને આ બાજુ સુદર્શન શીલપાલનની ઉન્નત ભાવના ભાવે છે. હવે આગળ શું થાય છે તેનો હવે પછી યથાવસરે વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૮ રવિવાર

### પ્રાર્થના

**'સમુદ્રવિજય' સુત શ્રી નેમીશ્વર, જાદવ કુલકો ટીકો,**
**રતનકુખ ધારણી 'સિતાદે', તેહનો નન્દન નીકો.**
**શ્રી જિન મોહનગારો છે, જીવન પ્રાણ હમારો છે. ॥ ૧ ॥**

શ્રી અરિષ્ટનેમિ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માને મોહનગારા કહેવાની કોને સત્તા છે, ભગવાનને મોહનગારા કોણ બનાવી શકે છે અને કોણે પરમાત્માને મોહનગારો બનાવ્યો છે એ બધી વાતોનો ઊંડો વિચાર કરવામાં આવે તો પરમાત્માની પ્રાર્થનાનું રહસ્ય પણ સમજમાં આવી શકે !

આપણે તો પરમાત્માને મોહનગારા બનાવનારનું થોડું ઘણું અનુકરણ જ કરીએ છીએ અથવા જીભથી સામાન્ય તેમની પ્રશંસા જ કરીએ છીએ પણ વાસ્તવમાં પરમાત્માને આપણે મોહનગારા બનાવી શકયા નથી !

ભગવતી રાજીમતિએ જ ભગવાનને મોહનગારા બનાવ્યા હતા અને ભગવાનને પોતાના હૃદયમાં સ્થાન આપી પોતાનું અને જગતનું કલ્યાણ કર્યું હતું. ભગવાન અરિષ્ટનેમિ અને ભગવતી રાજીમતિની કથા સંસારને કલ્યાણકારી છે, એટલા જ માટે સંસારના લોકો, એ બન્નેને શ્રદ્ધાંજલિ સમર્પણ કરી, કહે છે કે "હે પ્રભો ! એવો દિવસ કયારે આવશે જ્યારે અમે પણ ભગવાન અરિષ્ટનેમિને ભગવતી રાજીમતિની માફક અમારા મોહન-ગારા બનાવી શકીશું !

જો કે, કવિઓ અને ગ્રન્થકારોએ આ બન્ને મહાત્માઓનું ઘણું ચરિત્રવર્ણન કરેલ છે પણ એ બન્નેના ચરિત્રને સંપૂર્ણ રીતે વર્ણન કરવા માટે બૃહસ્પતિ પણ સમર્થ નથી, તો પછી બીજા એમનું ચરિત્ર વર્ણન બરાબર કેમ કરી શકે ! મન, બુદ્ધિ અને વાણી તેમનું ચરિત્ર વર્ણન કરતાં થાકી જઇને **नेति नेति** કહેવા લાગે છે. આ પ્રમાણે તેમના ચરિત્રના મહત્વનો અંત નથી એટલા માટે હું તો તેમનું વર્ણન કરીજ કેમ શકું ? તેમ છતાં જેમ આકાશ અનંત છે અને પક્ષીઓ તેમાં ઉડે જ છે ! પૃથ્વી ઉપર થોડો ઘણો કોઈ પ્રકારનો ભય પેદા થયો કે પક્ષીઓ આકાશનું શરણ લઇ નિર્ભય બને છે અર્થાત્ અનન્ત હોવા છતાં આકાશને પક્ષીઓ પોતાનો આધાર માને છે. પૃથ્વી ઉપર તો ચારો ચરવા આવે છે બાકી પ્રધાનતઃ આકાશને જ પોતાનો આધાર સમજે છે.

આ જ પ્રમાણે જ્ઞાનીઓ પણ કર્મપ્રકૃતિને કારણે આ સંસારમાં રહે છે, પણ પોતાનો આધાર તો ભગવાન અરિષ્ટનેમિ અને ભગવતી રાજીમતિને જ માને છે. તેઓ પ્રત્યેક સમય ભગવાનના ચરિત્રનોજ આશ્રય લે છે. જે પ્રમાણે પક્ષીઓ આકાશમાં ઉડે છે તેમ છતાં તેઓ તો એમજ કહે છે કે અમે તો આકાશનો આધાર લઇએ છીએ, અમે આકાશનો પાર પામી શકતા નથી; આજ પ્રમાણે જ્ઞાનીઓ પણ કહે છે કે, અમે ભગવાનના

ચરિત્રનો આધાર લઈએ છીએ. અમે ભગવાનના ચરિત્રનો પાર પામી શકતા નથી. મહાન્પુરુષોની આ પદ્ધતિને તમે પણ અપનાવી એમ કહો કેઃ—

**શ્રી જિન મોહનગારો છે, જીવન પ્રાણ હમારો છે।**

આધ્યાત્મિક વિચાર કરનારાઓએ શરીરનો વિચાર કરતાં શરીરમાં રહેલા આત્માનો વિચાર કર્યો છે અને તેઓ કહે છે કે, શરીરને શું જુઓ છો, આત્માને જુઓ. આત્માને માટે આધારભૂત ભગવાન નેમિનાથ છે એટલા માટે આત્માને ભગવાન નેમિનાથ જ મોહનગારા હોવા જોઈએ.

આ સંસારમાં અનેક પ્રકારની માન્યતા અને ભિન્નતા જોવામાં આવે છે. કેટલાક લોકો તો શરીરને જ બધું માની બેઠા છે. તેઓ કહે છે કે, જે કાંઈ છે તે શરીર જ છે. શરીર સિવાય બીજુ કાંઈ નથી. જે કાંઈ છે તે આ પંચભૂત પૂતળામાં જ છે. કેટલાક લોકો એથી પણ આગળ વધેલા છે. તેઓ કહે છે કે, શ્વાસ વગેરે પ્રાણો જ બધુંય છે. તે સિવાય બીજું કશુંય નથી. પ્રાણ જ તે "હું" છું. આજનું વિજ્ઞાન મન સુધી પહોંચ્યું છે. પણ ભગવાન કહે છે કે "તું" શરીર નથી, પ્રાણ નથી, મન નથી કે વિજ્ઞાન નથી; પણ એ બધાંથી પર જે છે તે જ "તું" છે, એનો સાક્ષાત્કાર કરવો એ જ સાચું તત્ત્વજ્ઞાન છે. તમે એ તત્ત્વજ્ઞાન સમજો, કેવળ શરીરને જ તમારું માની બેસો નહિ! જેને તમે તમારું માનો છો એ શરીરમાં તમારા રહેવાથી જ ચેતના છે, નહિં તો તે શરીર જડ છે; એટલા માટે હું શરીર જ છું અથવા શરીરને માટે હું છું એમ માની બેસો નહિ! જે લોકો એમ માને છે તેમણે અનાથી મુનિની શરણે જવું જોઇએ.

## અનાથી મુનિનો અધિકાર—૨૫

અનાથી મુનિ, રાજા શ્રેણિકને કે જે શરીરને જ સર્વસ્વ માનતો હતો તે રાજા શ્રેણિકને કહે છે કે, "હે રાજા! 'હું શરીર જ છું' એમ માનવું એ ભૂલ છે. આ શરીરમાં રહેલો આત્મા પાસે જ હોવા છતાં તેને ભૂલી રહ્યા છો અને 'શરીર જ એ હું છું' એમ માનીને ધુમાડાને પકડવા જેવો પ્રયત્ન કરી રહ્યા છો!" જ્ઞાનીઓ કહે છે કે, આ શરીરના અધ્યાસથી છૂટવું જેટલું કઠણ છે તેટલું જ તે સુંદર પણ છે. જે પ્રમાણે જમીનને ઊંડી ખોદવાથી જ હીરો હાથ લાગે છે, અને એક જ હીરો પ્રાપ્ત થવાથી બધું દારિદ્ય ફીટી જાય છે, તેજ પ્રમાણે શરીરનો અધ્યાસ છોડવો કઠણ તો છે પણ એ અધ્યાસ છૂટયા બાદ કોઈ પ્રકારનું કષ્ટ કે અજ્ઞાન રહેવા પામતું નથી. એટલા માટે શરીરના અધ્યાસને છોડવાનો અભ્યાસ કરવો જોઈએ.

શરીરનો અધ્યાસ છોડવા માટે હું તો ગણધરોની કહેલી વાણી જ તમારી સામે મૂકું છું. કહ્યું છે કેઃ—

**સન્તા ચે ઉચ્છિષ્ટ સાંગ તો મી બોલ કાયમી પામર જાણવે.**

હું તમને ગણધરોની વાણી સંભળાવું છું. મારી પોતાની પાસે તો કાંઈ નથી; હા, ગણધરોની વાણી તમારી સમજમાં આવે એટલા માટે ગણધરોની વાણીને સરળ કરી

કહું છું. ગણધરોએ જ સમાજના હિત માટે કેટલો બધો પ્રયત્ન કર્યો છે એ વિષે વિચાર કરો. અનાથી મુનિએ રાજા શ્રેણિકને જે કાંઈ કહ્યું છે તેને શાસ્ત્રમાં ગુંથીને ગણધરો આપણા માટે કેટલો બધો વારસો છોડી ગયા છે! જે પ્રમાણે પિતા ધનને એકત્રિત કરી પુત્રને વારસામાં આપી જાય છે, તે જ પ્રમાણે ગણધરો શ્રમ કરીને આપણને આ "આગમો" વારસામાં આપી ગયા છે! યોગ્ય પુત્ર, જો પૈતૃક સંપત્તિને વધારતો નથી તો તેનો નાશ પણ કરતો નથી. આજ પ્રમાણે આપણા હિત માટે ગણધરો આપણને વારસામાં જે "આગમો" આપી ગયા છે તેને ધ્યાનમાં રાખો અને જો તેમાં વધારો કરી ન શકો, તો તેને નષ્ટ તો થવા દો નહિ, પણ તેને સુરક્ષિત તો અવશ્ય રાખો!

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! મારી આવી અનાથતા હતી. આ બીજ-મંત્ર છે. હું દરેક રીતે અનાથ હતો. હે! રાજન્! જે શરીર જોઇને તું આશ્ચર્ય પામે છે એ શરીરના સારરૂપે આ આંખો છે. એ આંખોમાં પણ એવી કારમી વેદના થતી હતી કે વાત જ પુછો મા!"

"પન્નવણા સૂત્રમાં એમ કહ્યું છે કે 'સારભૂત પુદ્દગલો આંખોને મળે છે.' આંખો સંસારનું બધું રૂપ જુએ છે. આ આંખોએ ન જાણે સંસારનું કેટલું બધું રૂપ જોયું હશે! આવી અણમોલ આંખોનો હું જેમ કોઇ માણસ અમૃતથી પોતાના પગ ધુવે એવો દુરુ-પયોગ કરી રહ્યો હતો. અમૃતથી પગ પણ ધોઈ શકાય છે. આ પ્રમાણે વિચાર કરી કોઇ અમૃતથી પગ ધોઇને કહે કે, અમૃત તો પગ ધોવા માટે છે. જુઓ! મેં અમૃતથી પગ ધોયા તો પગ કેવાં સાફ થઈ ગયાં? આ સાંભળી તેના મિત્રે કહ્યું કે, એ તારી ભૂલ છે. તું અમૃતને પગ ધોવાના કામમાં લે છે પણ એજ અમૃતનું એક ટીપું કોઈ રોગીને આપવામાં આવે તો તેનો રોગ સદાને માટે નાશ પામે છે તો પછી એ અમૃત પગ ધોવા માટે છે એમ તું કેમ માને છે? અને અમૃતનો આ પ્રમાણે દુરુપયોગ શા માટે કરે છે?

"આજ પ્રમાણે સારભૂત આંખોનો ખેલ–તમાશા વગેરે જોવામાં દુરુપયોગ કરવો એ તો અમૃતથી પગને ધોવા જેવું કામ છે. પણ હે! રાજન્! આ વાત મને પહેલાં સમજમાં આવી ન હતી. અને તેથી હું આંખોનો દુરુપયોગ કરતો. જ્યારે મારી આંખોમાં કારમી વેદના ઉપડી ત્યારે જ મને ભાન થયું કે હું મારી આંખોનો દુરુપયોગ કરી રહ્યો છું. હું તો એ વેદનાને મહા શક્તિરૂપ ગણું છું. તે વેદનાથી મને દુઃખ તો અવશ્ય થયું પણ દુઃખના અનુભવે મને આત્મ ભાન થયું. હે! રાજન્! તું જાણે છે કે, આ યુવા-વસ્થામાં સુખસંપત્તિ અને સ્ત્રીનો ત્યાગ કરવો કેટલો મુશ્કેલ છે પણ એ વેદનારૂપ મહા શક્તિની કૃપાથી હું ત્યાગ કરી શકયો. એટલા માટે એ વેદનાને ભલે બીજા લોકો દુઃખ-રૂપ માને પણ મારા માટે તો એ વેદના દયા કરનારી હતી એમ હું માનું છું.

"હે રાજન્! એ વેદનાને દુઃખરૂપ માનવી કે સુખરૂપ માનવી એ વિષે લોકો થાપ ખાઈ જાય એ સ્વાભાવિક છે, પણ એ વિષે ઊંડો વિચાર કરવામાં આવે તો એ વેદના પરિણામે સુખરૂપ જણાયા વિના રહેશે નહિ!"

માનો કે, કોઈ માણસને હાથમાં ઝેરી ગુમડું થયું છે. હવે જો એ ગુમડામાંથી ઝેર કાઢી નાંખવામાં ન આવે તો મૃત્યુ થાય એવો સંભવ છે. આવી અવસ્થામાં ડૉકટર જો એ ગુમડાને ચીરી ઝેર કાઢી નાંખે તો વેદના તો થશે જ, પણ વેદના પરિણામે સુખકારી નીવડશે. આ દષ્ટિએ ડૉકટર શત્રુરૂપ ગણાશે કે મિત્રરૂપ? મૃત્યુમાંથી ઉગારનાર ડૉકટરને મિત્ર જ માનવામાં આવશે. આ વાતનો કોઇ અસ્વીકાર કરતું નથી. આજ પ્રમાણે તમે પણ ગુમડાનું ઑપરેશન કરી રોગનો નાશ કરનાર ડૉકટરને શત્રુરૂપ નહિ, મિત્રરૂપ છે એમ સ્વીકાર કરો છો, પણ આગળ જતાં તમે તે વાત ભૂલી જાઓ છો અને ભૂલ કરી બેસો છો.

મુનિએ કહ્યું કે, "હે! રાજન્! આંખોની કારમી વેદના થવાની સાથે જ મારા આખા શરીરમાં દાહ પણ થઇ રહ્યો હતો પણ તે વખતે મને એવું ભાન થયું કે, હું જે શરીરનો પોતાને નાથ માની રહ્યો છું, જે શરીરને સુંદર માની અભિમાન કરી રહ્યો છું, વાસ્તવમાં તે શરીરનો હું નાથ નથી. શરીરને વ્યાધિગ્રસ્ત થએલું જોઈ મને એવો વિચાર થયો કે, શું હું આ શરીરનો નાથ છું? હું મારા શરીરને સારું રાખવા ચાહું છું, છતાં આ શરીર મને વેદના આપી રહ્યું છે એ ઉપરથી મને એમ લાગે છે કે, હું આ શરીરનો નાથ નથી. આ શરીર જુદું છે અને હું પણ જુદો છું. એ વાત જુદી છે કે, આત્મા અને શરીર, દુધ અને પાણીની માફક એકમય થઇ ગયાં છે; પણ વાસ્તવમાં દૂધ અને પાણી જુદાં છે તેમ આત્મા અને શરીર પણ જુદાં જુદાં જ છે.

"હે રાજન્! આત્મા અને શરીરનો વિવેક થવાથી મને એમ લાગવા લાગ્યું કે, મારી આંખોમાં ભાલું ભોંકવાની માફક જે વેદના આપી રહ્યું છે, અને આ શરીરને અગ્નિની જેવી બળતરા કરાવી રહ્યું છે, તે બીજું કોઈ નહિ, પણ હું પોતે જ એમ કહી રહ્યો છું. તું કહેશે, કે કોણ એવો હશે કે, જે પોતાની આંખોમાં અને પોતાના શરીરમાં પોતાની મેળે વેદના પેદા કરે? પણ હે રાજન્! મારા કથનનો ભાવાર્થ તું સમજ્યો નહિ! મારા કથન ઉપર જરા ઊંડો વિચાર કરીશ તો તને સ્પષ્ટ જણાશે કે, આ આત્મા અનાથતાને કારણે પરવસ્તુને પોતાની માની બેસે છે અને તે કારણે પોતાનું ભલું કરવાને બદલે ભૂડું પણ કરી બેસે છે. વાસ્તવમાં આત્માની અનાથતા દૂર કર્યા વિના આ શારીરિક પીડાને દૂર કરી શકાશે નહિ. એ પ્રમાણે વિચાર કરી મેં આત્માની અનાથતાને દૂર કરવાનો વિચાર કર્યો. વિચાર કરતાં મને લાગ્યું કે, આ આત્માદ્વારા જ આત્માનો ઉદ્ધાર થશે." ગીતામાં પણ કહ્યું છે કેઃ—

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥

અર્થાત્-આત્માદ્વારા આત્માનો ઉદ્ધાર કરો. આત્માદ્વારા આત્માનું પતન ન કરો.

"હે રાજન્! આત્માદ્વારાજ આત્માની અનાથતાને દૂર કરવાનો મેં વિચાર કર્યો. પણ આ શરીરને માતા-પિતા, ભાઈ-બ્હેન, સ્ત્રી-પુત્ર વગેરે પોતપોતાનું માને છે. કોઇ તો આ શરીરને ભાઈ, તો કોઈ પુત્ર, તો કોઈ પતિ તરીકે માનતા હતા. મેં વિચાર્યું કે, જે

લોકો આ શરીરને પોતાનું માને છે તેઓ પણ પોતાની શક્તિને અજમાવી લે અને જ્યારે તેઓ કાંઈ કરી ન શકે ત્યાર બાદ જ મારે કાંઈ કરવું તે ઠીક છે. આ પ્રમાણે વિચાર કરી, આત્માની અનાથતા દૂર કરવાની ભાવના હોવા છતાં પણ હું ચૂપ રહ્યો. મારી વેદનાને દૂર કરવા માટે વૈદકશાસ્ત્રના પારંગત વૈદ્યાચાર્યોએ અનેક ઉપચારો કર્યા પણ મારો રોગ શાન્ત થયો નહિ, એવી મારી અનાથતા હતી."

આ સાંભળી રાજા કહેવા લાગ્યો કે, "આપને એવો અસાધ્ય રોગ થયો હતો! આજે તો આપ સ્વસ્થ જણાઓ છો એ ઉપરથી તમારો રોગ એવો અસાધ્ય તો નહિ હોય એ સ્પષ્ટ જણાય છે. આમ હોવા છતાં તમારો રોગ શાન્ત કેમ ન થયો! શું ખામી હતી કે રોગ શાન્ત ન થયો?"

અનાથી મુનિએ જવાબ આપ્યો કે, "હે રાજન્! તે વૈદ્યો પોતેજ અનાથ હતા. જે પોતે જ અનાથ છે તે બીજાને સનાથ કેમ બનાવી શકે? હું અનાથ હતો અને તેઓ પણ અનાથ હતા. બન્નેની અનાથાવસ્થામાં રોગ કેમ મટી શકે!"

ઘણા લોકો કહે છે કે, ડૉક્ટરની દવા કરવાથી રોગ શાન્ત થઈ જાય છે. સારો ડૉક્ટર મળે તો રોગ અવશ્ય શાન્ત થઈ જાય છે; પણ ડૉક્ટર પોતે સનાથ છે કે અનાથ? શું ડૉક્ટરને કોઈ રોગ થતો નથી! જો તેઓ સનાથ હોય તો પછી તેમને રોગ જ કેમ થાય? તમે કહેશો કે, ડૉક્ટરને પણ રોગ તો થાય છે એ વાત સાચી પણ ડૉક્ટરની દવા લેવાથી રોગ દૂર થતો ન હોય તો લોકો ડૉક્ટરની પાસે જાય જ શા માટે? જેમનો રોગ ડૉક્ટરની દવાથી શાંત થતો નથી તેમને માટે ડૉક્ટર ભલે નાથ ન હોય પણ જેમનો રોગ ડૉક્ટરની દવાથી શાન્ત થઈ જાય છે તેમને માટે તો ડૉક્ટર નાથ છે જ.

કેટલાક લોકો આ પ્રમાણે કહે છે પણ અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! વૈદ્યોના ઉપચારથી મારો રોગ શાન્ત થયો નહિ એ પણ સારું જ થયું. જો તેમના ઉપચારથી મારો રોગ શાન્ત થઈ ગયો હોત તો હું તેમને જ મારા નાથ માની બેસત! વાસ્તવમાં તેઓ પોતે પણ સનાથ નથી પણ અનાથ છે, તેમ છતાં તેમને હું મારા નાથ માની બેસત! એટલા માટે મારો રોગ એ વૈદ્યોના ઉપચારથી શાન્ત થયો નહિ એ સારું જ થયું!"

શાસ્ત્ર કહે છે કે, રોગ એકાન્તિક અને આત્યન્તિક એમ બે પ્રકારે મટે છે. એક તો જે રોગ મટે તે રોગ ફરીવાર ન થાય તે એકાન્તિક રોગનું મટવું છે અને રોગ માત્ર સદાને માટે મટી જાય, ફરી રોગ પેદા જ થાય નહિ તે આત્યન્તિક રોગનું મટવું છે. શું એવો કોઈ ડૉક્ટર છે કે રોગને સદાને માટે મટાડી આપે? જો નથી તો પછી તે ડૉક્ટરને સનાથ કેમ કહી શકાય? તમે કહેશો કે, ડૉક્ટર જો રોગને મટાડતો નથી તો પછી લોકો ડૉક્ટરની પાસે શા માટે જાય છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, વર્ત્તમાનમાં ડૉક્ટરો રોગને દબાવી દે છે અથવા શાતા-વેદનીય કર્મના ઉદયથી રોગ દબાઈ જાય છે. બસ, આ કારણથી લોકો ડૉક્ટરે રોગને મટાડી દીધો એમ માનવા લાગે છે, અને આ પ્રમાણે લોકો ડૉક્ટરના ગુલામ બની ડૉક્ટરને પોતાનો નાથ માનવા લાગે છે.

જે નિર્બળ હોય છે તેજ બીમાર થાય છે; સબળ માણસ બીમાર થતો નથી. આ-

બીસ્કુટ વગેરે રોગને પેદા કરનારી ચીજો ખાવાથી અને ખાન-પાનમાં ધ્યાન ન રાખવાથી રોગ પેદા થાય છે. જો ખાન-પાનમાં ધ્યાન રાખવામાં આવે તો રોગ પેદા થાય નહિ. પહેલાં તો ખાન-પાનમાં ધ્યાન રાખતા નથી અને જ્યારે રોગ પેદા થાય છે ત્યારે ડૉકટર-ને શરણે જાય છે. આ અનાથતા છે. ડૉકટરે દવા આપીને રોગને દબાવી દીધો, એ ઉપરથી તમે એવું અભિમાન કરો છો કે, હું ડૉકટરની કૃપાથી સાજો તાજો થઈ ગયો. આ પણ એક પ્રકારની ભ્રમણા છે.

જે સ્વતંત્ર હોય છે, પૂર્ણ બળવાન હોય છે તેમને રોગ જ પેદા થવા પામતો નથી. જેમકે તીર્થંકર દેવને રોગ પેદા થવા પામતો નથી, પણ અસાવધાની કે પૂર્વ કર્મને કારણે કદાચ રોગ પેદા થઈ જાય તો પોતાનો રોગ પોતે મટાડી લે છે પણ ડૉકટરની પરતંત્રતા સ્વીકારતા નથી.

અનાથી મુનિ કહે છે કે, હે રાજન્! તે વૈદ્યોદ્વારા મારો રોગ શાન્ત ન થયો એ સારું થયું. જો તેમને શરણે પડી રહ્યો હોત તો તો મારી અનાથતા દૂર પણ ન થાત! હે રાજન્! એમ કહેવામાં આવે છે કે, એક વૈદ્ય સારો હોય, બીજું દવા સારી હોય, ત્રીજું રોગી દવા પીવાને માટે ઉત્સાહી હોય અને ચોથું બરાબર સેવાચાકરી થતી હોય. આ ચાર ઉપાયો બરાબર હોય તો જ રોગ દૂર થઈ શકે છે. મારા રોગને દૂર કરવા માટે ઉપરના ચારેય પ્રકારના ઉપાયો કામમાં લેવામાં આવતા હતા. વૈદ્યો પણ હોશિયાર હતા, દવા પણ સારી હતી, હું પણ દવા નિયમિત પીતો હતો અને મારી સેવાચાકરી પણ બરાબર કરવામાં આવતી હતી. આ પ્રમાણે મારા રોગને દૂર કરવા માટે ચારેય પ્રકારના ઉપાયો કામમાં લેવામાં આવતા હતા તેમ છતાં પણ મારો રોગ શાંત થયો નહિ. ત્યારે મને લાગ્યું કે, આ બધા અનાથ છે અને હું પણ અનાથ છું. જો વૈદ્યો સનાથ હોત તો તો મારો રોગ મટાડી દેત પણ મારો રોગ તેઓ મટાડી શક્યા નથી એટલે તે વૈદ્યો પણ અનાથ છે અને હું પણ અનાથ છું એમ મને લાગે છે."

લોકો દવાથી રોગ મટી જાય છે એમ કહે છે પણ દવાથી રોગ મટતો નથી પણ દબાઈ જાય છે. આથી ઉલટું વૈજ્ઞાનિકોનું તો એવું કહેવું છે કે, જેટલા ડોકટરો વધ્યા છે, રોગો પણ તેટલા જ વધ્યા છે; અને જેટલા વકીલો વધ્યા છે, ઝગડાઓ પણ તેટલાંજ વધ્યા છે. પ્રાચીન સમયમાં આજના જેટલા ડૉકટરો ન હતા. આજકાલ ડૉકટરો ઘણા વધી ગયા છે પણ તેથી રોગોનો ઘટાડો થયો છે કે વધારો થયો છે? પચાસ વર્ષ પહેલાં ડૉક્ટરો ઓછા હતા તો રોગો પણ ઓછા હતા, અત્યારે ડૉકટરો વધ્યા છે તો રોગો પણ વધ્યા છે. ડૉકટરો અને વકીલો કાંઈ ઓછા થયા નથી પણ વધ્યા છે તેમ છતાં રોગો અને ઝગડાઓ ઘટવાને બદલે વધવા જ પામ્યા છે. આવી દશામાં ડૉકટરની દવાથી રોગ નષ્ટ થઈ જાય છે એમ કેમ કહી શકાય!

લોકો સાચી દવા તો ભૂલી ગયા છે અને વ્યાવહારિક ભયને કારણે ખોટી દવાનો ઉપયોગ કરતાં શીખ્યા છે. ખાન-પાન ઉપર અંકુશ રાખવો એ વ્યાવહારિક સારી દવા છે. કયા સમયે કેવું ખાવું-પીવું જોઈએ તેનો ખ્યાલ રાખવો જોઈએ.

મેં એક પુસ્તકમાં ખાવું કયારે જોઇએ ? એના વિષે વાંચ્યું હતું કે, ગરીબ લોકોને જ્યારે ખાવાનું મળે ત્યારે ખાવું જોઈએ અને અમીર લોકોને જ્યારે ભૂખ લાગે ત્યારે ખાવું જોઈએ. ભૂખ લાગ્યા વિના ભોજન કરવું તે રોગને આમંત્રણ આપવા સમાન છે. આમ હોવા છતાં લોકો વિવિધ પ્રકારનાં અથાણાંઓ શા માટે બનાવે છે અને ખાય છે ? એટલા માટે કે, અથાણાંને લીધે ભૂખ લાગી ન હોવા છતાં વધારે ખાઈ શકાય ! જ્યારે સાચી કડકડતી ભૂખ લાગી હશે ત્યારે લૂખી–સૂકી રોટલી પણ સારી લાગશે. તમને લોકોને આ વાતનો કદાચ અનુભવ નહિ પણ હોય પણ અમને સાધુઓને જ્યારે ભૂખ લાગે છે ત્યારે લૂખી–સૂકી રોટલી પણ કેવી મીઠી લાગે છે તેનો અનુભવ છે.

એક જગ્યાએ અમે ૨૨ માઇલનો વિહાર કરીને ગયા હતા. ભૂખ પણ કડકડતી લાગી હતી; પણ ત્યાં અમને દોઢ રોટલો અને ખાટી છાશ જ મળ્યાં છતાં એ કડકડતી ભૂખને કારણે એ રોટલો અને એ છાશ એવાં મીઠાં લાગ્યાં કે ન પૂછો વાત ! આ પ્રમાણે જ્યારે કડકડતી ભૂખ લાગે છે ત્યારે લૂખો–સૂકો રોટલો પણ મીઠો લાગે છે અને જ્યારે ભૂખ લાગેલી હોતી નથી ત્યારે પરાણે ખાવા માટે ચટણી–અથાણાં વગેરેનો ઉપયોગ કરવો પડે છે. આ પ્રમાણે લોકો સાચી ભૂખ ન લાગવા છતાં પરાણે ખાય છે અને પછી અજીર્ણ થયાની ફરીયાદ કરે છે. ભલે પ્રકટરૂપે અજીર્ણતા હોય કે ન હોય પણ રોગનું ઘર તો અજીર્ણતા જ છે. અજીર્ણતાને કારણે રોગ પેદા થાય છે અને પછી ડોકટરને શરણે જવું પડે છે.

ભગવાન મહાવીર તો નિરોગ રહેવા માટે મહિનામાં ઓછામાં ઓછા ૭ ઉપવાસ કરવાની દવા બતાવે છે. જો કોઈ મહિનામાં ઓછામાં ઓછા ૭ ઉપવાસ કર્યા કરે તો પછી તેને અજીર્ણ થાય નહિ અને તેથી રોગ પણ પેદા થઇ શકે નહિ ! શ્રી સ્થાનાંગ સૂત્રમાં રોગ પેદા થવાનાં નવ કારણો બતાવવામાં આવ્યાં છે. લોકો રોગ પેદા થવામાં કેવળ વેદનીય કર્મનો જ દોષ કાઢે છે પણ કેવળ વેદનીય કર્મનો દોષ કાઢી બેસી રહેવું અને રોગ પેદા થવાના કારણનો વિચાર ન કરવો તે ઉચિત નથી. રોગ કયા કયા કારણે પેદા થાય છે એ વિષય ઘણો લાંબો છે એટલા માટે એ વિષે કાંઈ ન કહેતાં અત્યારે એટલું જ કહું છું કે, ડોકટરના શરણે જવું એ પોતાની નિર્બળતા છે.

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્ ! દરેક પ્રકારનાં ઉપચારો કરવા છતાં પણ મારો રોગ શાન્ત થયો નહિ એવી મારી અનાથતા હતી. જ્યારે મારો રોગ કોઇ પણ ઉપાયે શાન્ત ન થયો ત્યારે હું એ નિશ્ચય ઉપર આવ્યો કે, હું વાસ્તવમાં અત્યારે અનાથ છું. હે રાજન્ ! મારા ઉપર વીતેલી આ વાતને સાંભળી 'તું પણ અનાથ છે' એ વાત માન અને તારી એ અનાથતાને દૂર કરવાનો પ્રયત્ન કર."

અનાથી મુનિના સમજાવવાથી રાજા પોતાને અનાથ માનતો થયો હતો પરંતુ તમે પોતાને અનાથ માનો છો કે નહિ ! જ્યાંસુધી પોતાની અનાથતાનું ભાન થતું નથી અને તેને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવતો નથી ત્યાંસુધી આત્મ–કલ્યાણ પણ કરી શકાતું નથી, માટે પોતાને અનાથ માનો. પોતાની અનાથતાનું જ્યારે ભાન થશે ત્યારે જ આગળ ઉન્નતિ કરી શકશો. તમે લોકો મારા મિત્ર છો. આ બુદ્ધિવાદનો જમાનો છે. આ જમાનામાં

બુદ્ધિની કસોટીએ પ્રત્યેક વાતને ચડાવવામાં આવે છે, અને તર્કદ્વારા તેની કસોટી કરવામાં આવે છે. પ્યારા મિત્રો ! તમે પણ અનાથી મુનિની વાતને તર્કબુદ્ધિદ્વારા તપાસી જુઓ અને અનાથી મુનિના કહેવાનો તાત્પર્યાર્થ સમજીને આત્માની અનાથતા દૂર કરી આત્માને સનાથ બનાવો તો એમ કરવામાં તમારું કલ્યાણ જ રહેલું છે.

## સુદર્શન ચરિત્ર—૨૫

હવે હું આત્માને સનાથ બનાવનારની વાત કહું છું. સુદર્શન નીતિ ધર્મમાં નિપુણ અને સમયજ્ઞ હતો. પણ જે લોકો કુટિલ હોય છે તે લોકો આવા સાચા દિલના માણસોને પોતાની સ્વાર્થસિદ્ધિ માટે કપટજાળમાં કેવી રીતે ફસાવી લે છે એ વાત કપિલાના ચરિત્ર ઉપરથી જુઓ. ગમે તેવી કપટજાળ રચે પણ તેમાં સત્ય ફસાઇ જતું નથી. તે તો અ-બાધિત જ રહે છે. **सत्यं जयते नानृतम्**–અર્થાત્ સત્યનો જ જય થાય છે અને અસત્યનો હમેશાં પરાજય થાય છે. ધર્મવચન આમ કહે છે છતાં કુટિલ–કપટી લોકોની કપટ જાળમાં ફસાઈ ન જવાય તેની સાવધાની રાખવી જોઈએ. કદાચ કર્મયોગને કારણે કપટી લોકોની કપટજાળમાં ફસાઈ જવાય તો તે વખતે એ કપટજાળમાંથી કેવી રીતે બચી જવું એ વાત સુદર્શનના ચરિત્ર ઉપરથી જુઓઃ

**પ્રીતિ બંધાના સેઠ સયાના, આયા કપિલા સાથ,**
**અંદર લે કર હાવ ભાવસે, બોલી મન્મથ બાત. ॥ ધન૦ ॥ ૨૪ ॥**
**મહિષી સીંગમેં હાંસ હંક સમ, લગે ન ઈસિકો બોધ,**
**કયા ઉપાયસે યહાંસે નિકલે, કરતે મનમેં શોધ. ॥ ધન૦ ॥ ૨૫ ॥**

સુદર્શને કપિલના ઘરમાં જેવો પ્રવેશ કર્યો કે તુરત જ પાછળથી કપિલાએ દ્વાર બંધ કરી દીધાં. આ જોઇ શેઠ સમજી ગયો કે, કપિલાએ આ તો કપટ કર્યું પણ હવે એ કપટજાળમાંથી કેવી રીતે નીકળવું એનો ઉપાય વિચારવો જોઇએ. સજ્જનો આપત્તિના સમયે કઠોર થઈ જાય છે. આ નિયમાનુસાર સુદર્શન પણ તે સમયે ગભરાયો નહિ પણ ઉપાય વિચારવા લાગ્યો. તેણે મન સાથે ગાંઠ બાંધી કે, ભલે પ્રાણ ચાલ્યા જાય પણ શીલનો ભંગ થવા નહિ દઉં.

કપિલા શ્રૃંગાર સજી સુદર્શનને કહેવા લાગી કે, તમારા મિત્ર બીમાર નથી, તે તો બહારગામ ગયા છે. આપણને સદ્‌ભાગ્યે આવો સુઅવસર મળ્યો છે, એટલા માટે હું તમને અહીં તેડી લાવી છું. હવે આપ શું વિચાર કરો છો !

કોઈ હળાહળ વિષને કદાચ ખાઈને પચાવી લે કે બે હાથથી કદાચ સમુદ્રને તરી જાય એ તો સરલ કહી શકાય પણ એકાન્તવાસમાં સ્ત્રીની સાથે શીલની–બ્રહ્મચર્યની રક્ષા કરવી એ તો બહુ જ મુશ્કેલ કામ છે. ભગવાન કહે છે કે, જે આવા સમયે બ્રહ્મ-ચર્યની રક્ષા કરે છે તે તો દેવો અને મનુષ્યોને પણ પૂજનીય બને છે. શેઠ વિચારવા લાગ્યો કે, કપિલાએ કપટછળથી વિષયભોગ કરવા માટે મને અત્રે બોલાવ્યો છે તો અત્યારે તેને બ્રહ્મચર્યનો ઉપદેશ આપવો તે ભેંસના શીંગડાને કરડવાનો મચ્છરના પ્રયત્નની માફક

નકામો જશે. કારણ કે, જેમ ભેંશના શીંગડામાં મચ્છરનો ડંખ લાગતો નથી તેમ મારો ઉપદેશ પણ તેને કાંઇ અસર કરશે નહિ.

અત્યારે તેને ઉપદેશ આપવો તે વાણીને દૂષિત કરવા બરાબર છે; પણ હવે આ કપટ જાળમાંથી કેવી રીતે નીકળવું, એ જ વિચારવાનું છે. જો શારીરિક બળનો ઉપયોગ કરી બહાર નીકળી જાઉં તો તે પણ ઠીક નહિ; કારણ કે એમ કરવાથી તો મારા મિત્રની આબરૂનાં કાંકરા થઇ જાય. વળી આ સ્ત્રીએ અત્યારે મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે એટલે મારા વિષે પણ કોણ જાણે શું કહેવા લાગશે, એટલા માટે અત્યારે એવો ઉપાય વિચારવો જોઈએ કે મારા મિત્રની તથા મારી આબરૂ ઉપર કલંક ન આવે અને મારા બ્રહ્મચર્યની પણ રક્ષા થાય! આ પ્રમાણે તે ઉપાય વિચારવા લાગ્યો.

લોકોએ પોતાના આત્માને દૂષિત કરી નાંખ્યો છે, નહિ તો પોતાનો આત્મા જ પોતાને સારામાં સારી સલાહ આપી શકે છે. સુદર્શનનો આત્મા પવિત્ર હતો એટલા માટે તેના પવિત્ર આત્માએ તે સંકટના સમયે ઉગરવાનો માર્ગ બતાવી આપ્યો.

**'હતભાગી હુ મૈં સુન સુભગે! અન્તરાય કે જોર,**
**સંઢપના હૈ મેરે તનમેં, વ્યર્થ મનોરથ તોર. ।। ધન૦ ।। ૨૬ ।।**

સુદર્શને કપિલાની કપટજાળમાંથી છટકવાનો વિચાર કરી લીધો હતો. સુદર્શને કપિલાને કહ્યું કે " હે સુભગે! જ્યારે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા પણ કામની શક્તિ આગળ નમી ગયા છે તો પછી હું કોણ? પણ હું હતભાગી છું એટલે વિવશ છું."

**હૈ દુર્ભાગી, જા દુર્ભાગી, ધિક્ મૈં ખોઈ બાત;**
**ધિક્ મેરે અજ્ઞાનપતિકો, રહતા તેરે સાથ. ।। ધન૦ ।। ૨૭ ।।**

**દેવ ગુરુકી મુઝે પ્રતિજ્ઞા, કહુ ન તેરી બાત;**
**તુમ ભી નિશ્ચય નિયમ કરોરી, લાજ મેરી તુમ હાથ. ।। ધન૦ ।। ૨૮ ।।**

**નિયમ કરાયા બાહર આયા, મન પાયા વિશ્રામ;**
**વાઘીન કે મુખસે મૃગ બચકે, પાયા નિજ આરામ. ।। ધન૦ ।। ૨૯ ।।**

કપિલાએ પૂછ્યું કે, "એવું તમારું શું દુર્ભાગ્ય છે!" સુદર્શને જવાબ આપ્યો કે, " કાંઇ કહી શકાય એમ નથી. જો તમે મારી આગળ સોગંદ ખાઓ કે, " હું તમારી વાત કોઈને નહિ કહું તો હું તમને બધી વાત કહું. હું પણ સોગંદ ખાઉં છું કે, હું તારી વાત કોઇને કહીશ નહિ!" કપિલાએ કહ્યું કે, " વાત શું છે તે તો કહો! તમારે જે કોઇ વસ્તુની જરૂર હશે તે હું આપીશ" સુદર્શને જવાબ આપ્યો કે, " કુદરતે જે વસ્તુ આપી નથી તે વસ્તુ તું ક્યાંથી આપીશ? તેમ છતાં જો તું તે વસ્તુ આપી શકે એમ હો તો આપજે પણ પહેલાં " હું તમારી વાત કોઈને નહિ કહું " એના સોગંદ ખાઓ. કપિલાએ કહ્યું કે, "હું દેવ, ગુરુ અને ધર્મની સાક્ષીએ સોગંદ ખાઉં છું કે તમારી વાત હું કોઇને કહીશ નહિ."

સુદર્શને કહ્યું કે, "હું પણ દેવ, ગુરુ અને ધર્મની સાક્ષીએ સોગંદ ખાઉં છું કે, હું પણ તારી વાત કોઇને કહીશ નહિ. કપિલ મારો હૃદયનો મિત્ર છે તોપણ તેને કહીશ નહિ."

આ પ્રમાણે પરસ્પર સોગંદ ખાધા બાદ સુદર્શન કપિલાને કહેવા લાગ્યો કે, " શું કહું! મારું એવું દુર્ભાગ્ય છે કે, જેમ થાળી વિવિધ પ્રકારની વાનીઓથી પીરસેલી હોય પણ રોગી હોવાને કારણે કાંઈ ખાઈ શકતો નથી તેમ હું પણ રોગી છું."

કપિલાએ પૂછયું કે, "એવો શું રોગ છે?"

સુદર્શને ઉત્તર આપ્યો કે, "હું નપુંસક-સંઢ છું." આ શબ્દો સાંભળતાં જ કપિલા તાડુકી ઉઠી કે, " જા, નીકળ અહિંથી." સુદર્શન પણ એ જ ચાહતો હતો. એટલા માટે તે કપિલાના ઘેરથી જેમ હરણનું બચ્ચું વાઘણના મોઢામાંથી ભાગી છૂટે અને પ્રસન્ન થાય તેમ ભાગી છૂટયો; અને પ્રસન્ન થવા લાગ્યો.

**હવે અહીં એક પ્રશ્ન થાય છે કે,** સુદર્શન શેઠ ખોટું શા માટે બોલ્યો ? તે નપુંસક નહતો છતાં પણ પોતાને નપુંસક શા માટે કહેવડાવ્યો? આ પ્રશ્નનો ઉકેલ આગળ યથાવસરે કરવામાં આવશે. અહીં તો કેવળ એટલું જ કહેવાનું છે કે, શેઠે આપત્તિમાં સપડાયા છતાં પોતાના શીલની રક્ષા કરી. માટે સુદર્શનના આ ચરિત્રથી શીલની રક્ષા કરવાનો બોધપાઠ લો અને એ બોધપાઠને જીવનમાં ઉતારો તો તેમાં તમારું અને બીજાનું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૧૦ મંગળવાર

### પ્રાર્થના

**'અશ્વસેન' નૃપ કુલ તિલોરે, 'વામા' દેવીનો નંદ;**
**ચિન્તામણિ ચિત્તમેં બસેરે, દૂર ટલે દુ:ખ દંદ. ૧**
**જીવ રે તૂં પાર્શ્વ જિનેશ્વર વંદ. ॥ ૧ ॥**

શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

સ્તુતિ, સ્તવન કે પ્રાર્થના જે કાંઈ કરવામાં આવે તે બધાનો ઉદ્દેશ ભગવાન પાર્શ્વનાથને ભેટવાનો હોવો જોઈએ. આ ઉપરથી કોઈ એમ કહી શકે કે, ભગવાન પાર્શ્વનાથને જ ભેટવાની ઇચ્છા કરવી એ શું મોહ કે રાગ કહેવાય નહિ ! આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, કદાચિત એમ કરવામાં પ્રશસ્ત રાગ પણ હોય, પરંતુ તે રાગ વીતરાગતાને પ્રાપ્ત કરાવે છે અને વીતરાગતાનો ગુણ પ્રાપ્ત કરવો તે આત્માની સિદ્ધિનું ઉત્કૃષ્ટ સાધન છે; તેથી ઊંચું કોઇ સાધન નથી. પાતંજલિના યોગશાસ્ત્રના સમાધિપદમાં કહ્યું છે કે:—

**वीतराग विषयं वा चित्तं** વીતરાગના ધ્યાનમાં તન્મય થઇ જવું એ સમાધિનું એક સાધન છે અને તે સાધન સુલભ અને સરળ છે.

આ વાતને દૃષ્ટિમાં રાખીને જ જ્ઞાનીઓ કહે છે કે, હે જીવ ! તું ભગવાન પાર્શ્વનાથના શરણમાં લીન થઈ જા. ભગવાન પાર્શ્વનાથમાં લીન થઈ જવું એટલે વીતરાગતામાં લીન થઈ જવું એ છે.

આ ઉપરથી ફરી એવો પ્રશ્ન ઉભો થાય છે કે, જ્યારે વીતરાગતામાં જ લીન થઈ જવું છે તો પછી ભગવાન પાર્શ્વનાથનું નામ જ શા માટે લેવામાં આવે ! આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, વીતરાગ તો અનંત થઈ ગયા છે પણ અત્યારે આપણે કોઈ નામનું અવલંબન હોવું જોઈએ. એટલા માટે ભગવાન પાર્શ્વનાથનું નામ લઈ તેમને વંદન કરી તેમનામાં લીન થઇ જાઓ ! એમ કહેવામાં આવે છે.

ભગવાન પાર્શ્વનાથનું પૂરેપૂરું ચરિત્ર કહેવાનો તો અત્યારે સમય નથી એટલા માટે અત્યારે કેવળ એટલું જ કહું છું કે, તેઓ વીતરાગતાના ઉત્કૃષ્ટ સાધક હતા. તેમણે કરેલી સાધનાને અપનાવવા માટે જ તેમનું નામ લેવામાં આવે છે; એટલા માટે આપણે તેમના શરણમાં લીન થઈ જવું જોઇએ. ભગવાન પાર્શ્વનાથની સ્તુતિ કવિઓએ અનેક રીતિએ કરેલ છે પણ બધાનો સાર વીતરાગતા પ્રાપ્ત કરવી એ જ છે.

ગ્રન્થકારોએ ભગવાન પાર્શ્વનાથના દશ ભવના ચરિત્રનું વર્ણન કર્યું છે. તેમના નવમા ભવના ચરિત્રવર્ણનમાં કહ્યું છે કે, નવમા ભવમાં તેમનું નામ મરુભૂતિ હતું. મરુભૂતિના મોટાભાઈનું નામ કમઠ હતું. કમઠ મરુભૂતિ ઉપર બહુજ રુષ્ટ રહેતા હતા. એક દિવસ રોષમાં ને રોષમાં કમઠે મરુભૂતિના માથા ઉપર શિલા ફેંકી તો પણ મરુભૂતિ શાન્ત રહ્યા અને પોતાના ભાઈ ઉપર ક્રોધ ન કર્યો. આ સહિષ્ણુતા અને શાન્તિને કારણે મરુભૂતિ આત્મવિકાસ સાધતા ગયા અને કમઠ નીચે પડતા ગયા.

આજે એવો પ્રસંગ ઉભો થવા પામે તો એમજ કહેવામાં આવે કે મેં એવો અપરાધ શો કર્યો હતો કે મારી સાથે એવો દુર્વ્યવહાર કર્યો અને મારી ઉપર શિલા ફેંકી ? પણ જ્ઞાનીઓ તો એમ વિચારે છે કે, મારો કોઇને કોઈ અપરાધ હશે ! અને જો મારો અપરાધ નહિ હોય તો એથી મારા કર્મોની નિર્જરા થશે ! આ પ્રમાણે વિચાર કરી જ્ઞાનીઓ સહનશીલ થઈ શાન્તિ પકડે છે અને ફલસ્વરૂપ બીજાનું પુણ્ય હરી લે છે, અને દુર્વ્યવહાર કરનાર પાપનો ભાગી બને છે.

દશમા ભવમાં કમઠ તો યોગી થયો અને મરુભૂતિ ભગવાન પાર્શ્વનાથ થયા. ભગવાન પાર્શ્વનાથે કમઠને કહ્યું કે, તમને યોગક્રિયા સમજવાનું જ્ઞાન તો નથી તો પછી આ બધી ધમાલ શું કરો છો ! આ પ્રકારની ક્રિયા કરવાથી શો લાભ ! જો તમારે કોઈ ક્રિયા જ કરવી છે તો જ્ઞાન-ધ્યાનની ક્રિયા કરો !

કમઠે જવાબ આપ્યો કે, અમે તો યોગી છીએ. અમારા કામમાં ડખલગીરી કરવાનો તમને શો અધિકાર છે ! તમે તો હાથી–ઘોડા પાળો અને રાજકાજ કરો. અમારા યોગીઓની વાતમાં વચ્ચે પડો નહિ, નહિ તો તેનું પરિણામ સારું નહિ આવે ! પછી પસ્તાવો કરવાનો તમને વખત આવશે !

ભગવાને કહ્યું કે, એ તો ઠીક છે, પણ તમે ઊલટે માર્ગે જઇ દુનિયાને ચક્કરમાં–

ભ્રમમાં શા માટે પાડો છો? અને દુનિયાને ઊલટે માર્ગે શા માટે દોરી જાઓ છો? કમઠ યોગીએ જવાબ આપ્યો કે, અમે ભૂત-ભવિષ્યની બધી વાત જાણીએ છીએ એટલા માટે અમને કહેવાની કાંઈ જરૂર નથી. તમે તમારું કામ કરો-!

ભગવાને ફરી યોગીને પૂછ્યું કે, જો તમે ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાત જાણો છો અને તમે ત્રિકાલદર્શી છો તો તમે જે આ લાકડાને બાળી રહ્યા છો તે લાકડામાં શું છે તે બતાવો!

કમઠે જવાબ આપ્યો કે, અગ્નિ દેવતા છે. બીજું શું છે?

ભગવાને કહ્યું કે, એની અંદર શું છે!

કમઠે જવાબ આપ્યો કે, કાંઈ પણ નથી.

ભગવાને પોતાના નોકરને કહ્યું કે, એ લાકડાને ફાડો. લાકડાને ફાડયું તો એમાંથી એક નાગ નીકળ્યો. તે નાગ અગ્નિમાં બળી રહ્યો હતો.

લોકો તો સાપને મનુષ્યનો શત્રુ માને છે અને તેના પ્રતિ દ્વેષ રાખે છે, પણ તે મનુષ્યનો શત્રુ નથી, તે પણ કોઈ કોઈ વાર મનુષ્યને સહાયતા કરે છે. એનાં અનેક ઐતિહાસિક ઉદાહરણો પણ મળે છે. ભગવાને તે નાગની સાથે પણ પ્રેમ કર્યો અને તેને નવકાર મંત્ર સંભળાવી તેની સાથે એવો પ્રેમ કર્યો કે તે અગ્નિથી થનારી વેદના પણ ભૂલી ગયો, અને તે નાગ મરીને ધરણેન્દ્ર નામનો દેવ થયો.

આ દૃશ્ય જોઇ લોકો કમઠનો અવર્ણવાદ કરતાં કહેવા લાગ્યા કે, આ ત્રિકાલદર્શી હતા તો પછી તે લાકડામાં બળતા સાપને કેમ જોઈ ન શકયા!

સંસારનો એવો રિવાજ જ છે કે, જ્યાંસુધી કોઇ પોલ જાણવામાં આવતી નથી ત્યાંસુધી તો ચમત્કારના નામે ચલાવવામાં આવેલી પોલના ભ્રમમાં લોકો ફસાઇ જાય છે પણ પોલ છતી થયા બાદ કોઇ તેની જાળમાં ફસાતું નથી. ચાલાકી જ્યાંસુધી ખુલ્લી થતી નથી ત્યાંસુધી જ ચાલાકી ચાલે છે.

લોકોને પોતાનો અવર્ણવાદ બોલતાં જોઈ કમઠ વિચારવા લાગ્યો કે મારી ચાલાકી અહીં ચાલશે નહિ. આ રાજકુમારે મારી બધી પોલ ખુલ્લી કરી નાંખી છે અને મારું અપમાન કર્યું છે. એ કારણે તેને રાજકુમાર ઉપર બહુ ક્રોધ આવ્યો અને ક્રોધાવેશમાં તેણે એવું નિદાન કર્યું કે, મારી અજ્ઞાનક્રિયાના ફલસ્વરૂપ હું આ રાજકુમારને માટે દુઃખદાયક બનું.

દીક્ષા લીધા બાદ ભગવાન પાર્શ્વનાથે જ્યારે કાયોત્સર્ગ કર્યો ત્યારે અસુર બનેલા તે યોગીએ તેમની ઉપર મૂસળધાર વરસાદ વરસાવ્યો, પણ ભગવાન તો ધ્યાનમાં જ દૃઢ ચિત્તે બેસી રહ્યા, અને મનમાં વિચારવા લાગ્યા કે, આ મારા આત્માને ઉપશાન્ત કરી રહ્યો છે, મને કોઇ પ્રકારની હાનિ પહોંચાડતો નથી.

ભગવાન પાર્શ્વનાથનું સ્મરણ તો તમે પણ કરતા હશો પણ શા માટે! "પરચો પૂરે પારસનાથ!" એ કહેવત પ્રમાણે તો ભગવાન પાર્શ્વનાથનું સ્મરણ કરતા નથી ને! જો તમે સ્વાર્થને માટે ભગવાન પાર્શ્વનાથને ભજતા હો તો તમે ભગવાન પાર્શ્વનાથને જાણી

શકતા નથી એમ જ કહેવું જોઈએ. સ્વાર્થની પૂર્તિ તો બીજાઓ પણ કરી શકે છે; માટે ભગવાન પાર્શ્વનાથને સમાધિભાવ પ્રાપ્ત કરવા માટે ભજો. પાતંજલિ યોગ શાસ્ત્રમાં સમાધિભાવ પ્રાપ્ત કરવાનું એક સાધન વીતરાગનું ધ્યાન ધરવું એ પણ બતાવવામાં આવ્યું છે. વીતરાગતા પ્રાપ્ત કરવા માટે ભગવાન પાર્શ્વનાથની પ્રાર્થના કરતા રહેશો તો કોઈ દિવસ વીતરાગતા પણ પ્રાપ્ત થશે અને ઉત્તમ સમાધિ પણ મળશે. જ્ઞાનીજનો કહે છે કે, ભગવાન પાર્શ્વનાથનું ભજન અને ધ્યાન કરવાથી વીતરાગતા આવે છે તો એ કથનમાં કોઇ પ્રકારનો સંદેહ નથી.

અસુરદ્વારા જેમ જેમ વરસાદ વધારે મૂસળધાર વરસાવવામાં આવતો હતો તેમ તેમ ભગવાનનું ધ્યાન પણ વધતું જતું હતું. તેમના ધ્યાનની અગ્નિ પણ વધારે પ્રજ્વલિત થતી હતી, પરંતુ જેને એકવાર નવકાર મંત્ર સંભળાવ્યો હતો તે નાગ કેવી રીતે ઉપકારનો બદલો આપે છે તે જુઓઃ—

આ બાજુ ધરણેન્દ્ર દેવનું આસન કંપાયમાન થયું. તે ભગવાન પાર્શ્વનાથની પાસે આવી ફેણદ્વારા ભગવાનની ઉપર છાયા કરી અને પુંછડી ઉપર ભગવાનને ઉપાડી લીધા; પણ ભગવાનના મનમાં મૂસળધાર વરસાદ વરસાવનાર અસુરની ઉપર ન તો કોઈ પ્રકારનો દ્વેષભાવ હતો, તેમ વરસાદથી રક્ષા કરવા માટે છાયા કરનાર ઉપર ન કાંઈ રાગભાવ હતો. આખરે ઇન્દ્રે કમઠ અસુરને ધમકાવ્યો ત્યારે તેના માનનો ભંગ થયો અને વરસાદને બંધ કરી તે ભગવાનના શરણે આવ્યો. ભગવાને તેને શાન્તિ આપી અને એ પ્રમાણે તે પણ સમકિતી થયો; અને એ રીતે તેનો પણ સુધાર થઈ ગયો. જે ભગવાને તે કમઠ અસુર ઉપર પણ વીતરાગ-ભાવ જ રાખ્યો, તેમની અખંડ અને અવિચ્છિન્ન એવી પ્રાર્થના કરતા રહો કેઃ—

**' ચિન્તામણી ચિત્તમેં બસે રે, દૂર ટલે દુઃખ દ્વંદ્વ '**

ભગવાન પાર્શ્વનાથરૂપી ચિન્તામણિ મારા ચિત્તમાં વસી રહેલ છે એ વિશ્વાસની સાથે પરમાત્માના ધ્યાનમાં એકતાર થઈ જાઓ તો પછી તમારામાં કોઈ પ્રકારનો ભય રહેવા પામશે નહિ—તમને કોઇ આંગળી પણ ચીંધી શકશે નહિ !

હવે શબ્દાન્તરથી ભગવાન પાર્શ્વનાથે આપેલી શિક્ષાનું વર્ણન શાસ્ત્રદ્વારા કરું છું. ભાવ અને તત્ત્વ તો ભગવાન પાર્શ્વનાથની શિક્ષામાં જે છે તે જ આ શિક્ષામાં છે.

## અનાથી મુનિનો અધિકાર—૨૬

અનાથી મુનિ રાજા શ્રેણિકને કહે છે કે, હે રાજન્ ! હું આ શરીરનો નાથ ન હતો. જો હું શરીરનો નાથ હોત તો તેની દ્વારા જ હું કષ્ટોને કેમ પામત ? આજ પ્રમાણે આ શરીર પણ મારું નથી ! જો એ શરીર મારું હોત અને હું એનો નાથ હોત તો શરીરમાં પીડા જ પેદા થવા કેમ દેત ? આ પ્રમાણે વિચાર કરવાથી હું નિશ્ચય ઉપર આવ્યો કે, હું આ શરીરના કારણે જ ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં દુઃખ પામ્યો છું. આમ હોવા છતાં પણઃ—

વે ભી ભય માને યથા રે, સૂને ઘર વૈતાલ;
ત્યોં મૂરખ આતમ વિષે રે, માન્યા જગ ભ્રમજાલ.

આ કથનાનુસાર મેં ભ્રમને કારણે અનેક દુઃખો વહોરી લીધાં છે.

વહેમને કારણે કેવાં કેવાં ભૂતો પેદા કરવામાં આવે છે એ વાત તો તમે જાણો જ છો. શરીરને પોતાનું માનવું એ પણ એક પ્રકારનો વહેમ જ છે. આત્મા ભ્રમને કારણે જ શરીરને પોતાનું માની રહ્યો છે, પણ એમ વિચારતો નથી કે આ શરીર મારું નથી. આજ પ્રમાણે ભ્રમને લીધે આત્મા બીજાને સુખ દુઃખનો આપનારો માની રહ્યો છે. પરંતુ-**सुखस्य दुःखस्य न कोऽपि दाता, परो ददातीति कुबुद्धि रेषाम्।** સુખ અને દુઃખને આપનારો બીજો કોઈ નથી, પણ આ આત્માદ્વારાજ સુખ કે દુઃખ પેદા થાય છે. શરીર તો એક સાધન કે હથિયાર છે. શરીરને જો કોઈ દુઃખ આપે તો પણ આ આત્મા દુઃખી થઈ શકતો નથી. આ સિવાય જો શરીરને કારણે જ આ આત્માને દુઃખ પેદા થાય છે તો શરીરમાં જ આ આત્માને આવવું ન પડે, એવો પ્રયત્ન કેમ કરતો નથી! જ્યાંસુધી આત્મા શરીરની સાથે છે ત્યાંસુધી જ તેને દુઃખ છે. શરીરનો સંબંધ છોડયા બાદ તેને કોઇ પ્રકારનું દુઃખ થઈ શકતું નથી. એ વાત એક ઉદાહરણદ્વારા સમજાવુંછું.

અગ્નિ ઉપર તપેલામાં પાણી ગરમ કરવા મુકયું હોય ત્યારે પાણીના તપેલાને સન્-સન્ અવાજ કરતું તમે જોયું હશે. 'સન્-સન્' એવો અવાજ કરી શું કહે છે એને માટે એવી કલ્પના કરવામાં આવે છે કે, પાણી કહે છે કે, અગ્નિની એવી તાકાત નથી કે મને કષ્ટ આપી શકે? મારામાં એવી શક્તિ છે કે, હું અગ્નિને બુઝાવી શકું છું પણ શું કરું! વચમાં આ પાત્ર આવી ગયું છે અને એ કારણે જ મારે કષ્ટ સહન કરવું પડે છે. હું આ પાત્રની સાથે હોવાથી બંધનમાં પડી ગયો છું અને કષ્ટો ભોગવી રહ્યો છું.

જ્ઞાનીજનો પણ એ જ વિચારે છે કે, જે પ્રમાણે પાણી પાત્રની સાથે હોવાથી જ અગ્નિને લઇને ઉકળે છે, તે જ પ્રમાણે મારો આત્મા તો દુઃખ રહિત છે પણ શરીરની સાથે હોવાથી દુઃખ અનુભવી રહ્યો છે. કર્મચેતના અને કર્મફળ ચેતનાથી જ આ આત્મા કષ્ટો ભોગવી રહ્યો છે. આમ હોવા છતાં કર્મને દોષ આપવાની જરૂર નથી. આત્માએ સાવધાન થવું જોઈએ.

માનો કે કોઈ માણસ આંધળાની માફક આંખો બંધ કરી જતો હતો. રસ્તામાં તેનું માથું એક થાંભલાની સાથે ભટકાયું અને તેનું માથું ફુટી ગયું. એ કારણે તે થાંભલાને મારવા લાગ્યો. આમ કરનારને તમે શું કહેશો! એમજ કહેશો કે થાંભલાનો શું અપરાધ છે કે તેને મારી રહ્યો છે, એ તો જડ છે, માટે તારે સાવધાની રાખવી જોઇતી હતી.

આ જ પ્રમાણે કર્મ પણ જડ છે. એટલા માટે કર્મને દોષ આપવાથી શો લાભ? પણ કર્મચેતના અને કર્મફલ ચેતનાને ભિન્ન માની આત્માનો વિવેક કરો તો દુઃખ જ રહેવા પામશે નહિ!

મુનિ કહે છે કે, હે રાજન્! મારા શરીરમાં અસહ્ય વેદના થવા લાગી. મારા પિતાથી એ દુઃખ જોઈ શકાતું ન હતું. તેઓ કહેતા હતા કે, મારો પુત્ર તો ઘણો સહન-

શીલ છે પણ અત્યારે તેને વધારે વેદના થતી હોવાથી તે સહી શકતો નથી; ત્યારે જ તે દુઃખી થાય છે. બેટા ! હમણાં જ તારું દુઃખ દૂર કરું છું, એમ વારંવાર તેઓ કહેતા હતા.

**पिया मे सव्व सारंपि, दिज्जा हि मम कारणा ।**
**न य दुक्खाउ विमोयन्ति, एसा मज्झ अणाहया ॥ २४ ॥**

આજકાલ પૈસાને મોટો માનવામાં આવે છે કે પોતાના પુત્રને ! આજકાલ તો બધા પૈસાની સાથે મિત્રતા બાંધે છે. એવી કહેવત જ ચાલુ થઈ પડી છે કેઃ—

**માત કહે મેરા પૂત સપૂતા, બહન કહે મેરા ભૈયા ।**
**ઘરકી જોરુ યોં કહે, સબસે બડા રૂપૈયા ॥**

આજકાલ તો એવું પણ સાંભળવામાં આવ્યું હશે કે પૈસાના માટે પિતાએ પુત્રને કે પુત્રે પિતાનું ખૂન કરી નાંખ્યું હોય ! કેટલાક લોકો તો પુત્રનો અર્થ જ એવો કરે છે કે જે કમાવીને આપે તે જ પુત્ર છે. આવી દશામાં પૈસો મોટો થયો કે પુત્ર !

અનાથી મુનિ કહે છે કે, હે રાજન્ ! મારા પિતા એવા ન હતા. તેઓ પુત્રની આગળ પૈસાને મહત્ત્વ આપતા નહિ ! જ્યારે વૈદ્યો મારું શરીર તપાસવા આવ્યા ત્યારે મારા પિતાએ વૈદ્યોને કહ્યું કે, મારા આ પુત્રને સાજો તાજો કરી આપો તો હું મારું બધું આપી દેવા તૈયાર છું. હું મારા ઘરની બધી સાર રૂપ ચીજ આપને આપીશ અને હું ખાલી હાથે બહાર નીકળી જઈશ; પણ ગમે તે રીતે મારા પુત્રને સાજો કરો ! ધન કરતાં મારો પુત્ર મને વધારે વહાલો છે, માટે મારા પુત્રની ગમે તે ભોગે રક્ષા કરો. વાસ્તવમાં **पाति-रक्षातीति पिता** અર્થાત્ જે રક્ષણ કરે, પાલન પોષણ કરે તે જ પિતા છે. આજ પ્રમાણે પુત્રની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, **पुनातीति पुत्र** અર્થાત્ જે પવિત્ર કરે તે પુત્ર. આ વ્યાખ્યાનો એવો અર્થ નથી કે મર્યાબાદ પુત્ર સ્વર્ગમાં મોકલી આપશે. એવો અર્થ તો કોઈ સ્વાર્થીએ કર્યો હશે ! વાસ્તવમાં તો પિતાને જે પવિત્ર કરે તે જ પુત્ર છે.

મુનિ કહે છે કે, હે રાજન્ ! મારા પિતા, પિતાપુત્રના આ સંબંધને બરાબર જાણતા હતા. એટલા જ માટે તેઓ વૈદ્યોને વારંવાર કહેતા હતા કે, મારા પુત્રને સાજો તાજો કરી આપો તો તમે જે માંગો તે આપવા તૈયાર છું. પિતાના આ પ્રલોભનથી વૈદ્યો બહુ સાવધાનીપૂર્વક મારી દવા કરવા લાગ્યા; પણ મારો રોગ શાંત થયો નહિ. આવી મારી અનાથતા હતી. પિતા મને પોતાનો માનતા હતા અને હું પિતાને પોતાના માનતો હતો, પણ વાસ્તવમાં હું તેમનો ન હતો અને તેઓ મારા ન હતા. અને એટલા માટે તેઓ મને દુઃખમુક્ત કરી ન શકયા તેમ હું પણ તેમને દુઃખમુક્ત કરી ન શકયો. જેવો હું અનાથ હતો, તેવા જ મારા પિતા પણ અનાથ હતા.

અનુયોગદ્વાર સૂત્રમાં એક ઉદાહરણ આપવામાં આવેલ છે, જેનો સાર એ છે કેઃ—

પાન ઝરન્તા દેખકર, હંસી જો કૂંપરિયાં ।
મોય બીતી તોય બીતસી, ધીરી વાપરિયાં ॥

પાંદડાં જ્યારે પાકીને પડવા લાગે છે ત્યારે કૂંપળો ફુટે છે. પાંદડાંને નીચે પડતાં જોઈ કૂંપળો હસીને કહેવા લાગ્યાં કે હવે તમે પડી ગયા. હવે અમે મજા કરીશું. આ

સાંભળી પાંદડાં કહેવા લાગ્યા કે ધૈર્ય રાખો. તારા માટે પણ એવો એક દિવસ આવશે જ્યારે તારે પણ નીચે પડવું પડશે !

હે રાજન્ ! શું બીજા લોકોની પણ આવી દશા થતી નહિ હોય ! એ દશાને તો બધાને પ્રાપ્ત થવું પડશે. એ તો સાધારણ નિયમ છે. રોગ તો બધાને થાય છે, પણ શું કોઈ કોઈનો રોગ લઈ શકે છે ! મારા પિતાએ મારું દુઃખ દૂર કરવા પ્રયત્ન કર્યો પણ તેઓ મારા દુઃખને દૂર કરી શકયા નહિ, તેમ હું પણ તેમને ચિંતામુકત કરવા ચાહતો હતો પણ ચિંતામુક્ત કરી શકયો નહિ ! એનું કારણ એ જ હતું કે, હું પણ અનાથ હતો અને તેઓ પણ અનાથ હતા. મને વિચાર થયો કે, હું અનાથતાના કારણે અનંતકાળથી વેદના ભોગવી રહ્યો છું માટે મારે અનાથતાને જ દૂર કરવી જોઈએ; આ પ્રમાણે નિશ્ચય કરી મેં મારી અનાથતાને દૂર કરી.

## સુદર્શન ચરિત્ર—૨૬

અનાથી મુનિની માફક તમે લોકો પણ તમારી અનાથતાને દૂર કરો. તમે લોકો કોઈ ઉચ્ચ આદર્શને અનુસરી શકો નહિ તો સામાન્ય આદર્શને તો અવશ્ય અનુસરી શકો છો. સુદર્શન ઘણો ઋદ્ધિમાન હતો પણ તે ઋદ્ધિ વગેરે કરતાં પોતાના ચરિત્રને જ વધારે મહત્ત્વ આપતો હતો. એટલા માટે કપિલાના પંજામાંથી છૂટી જવાને કારણે તેને ઘણી પ્રસન્નતા થઈ. કોઇ માણસની પાસે હજારો રૂપિયાની થેલી હોય અને તે ચોરોના પંજામાંથી સલામત છૂટી જાય તો તેને કેટલી બધી પ્રસન્નતા થાય ? આજ પ્રમાણે સુદર્શનની પાસે શીલની સંપત્તિ હતી એટલે તે કપિલાના પંજામાંથી સલામતીપૂર્વક છૂટી ગયો તેથી તેને ઘણી પ્રસન્નતા થઈ. જેઓ સુદર્શનની માફક શીલની સંપત્તિની રક્ષા કરે છે તે લોકો સુદર્શનને શીલ રક્ષાથી કેટલી પ્રસન્નતા થઇ હશે તેનું અનુમાન કરી શકે છે. પણ જેઓ સ્ત્રીઓના ગુલામ છે અને શીલનું મહત્ત્વ જાણતા નથી તેઓ સુદર્શનની પ્રસન્નતાનું અનુમાન શું કરી શકે !

હવે સુદર્શને પોતાને નપુંસક શા માટે કહ્યો એનો આશય સમજી થોડો વિચાર કરો. તેણે જ્ઞાનભાવથી જ 'હું નપુંસક છું' એમ કહ્યું હતું. સુદર્શનની હમેશાંને માટે એવી ભાવના હતી કે "હું પરસ્ત્રીને માટે હંમેશાં નપુંસક જ રહું !" પરસ્ત્રીને માટે મને ચેતના કે સ્ફુરણા જ થાય નહિ !

આ ઉપરથી કોઈ એમ કહે કે, નપુંસક ન હોવા છતાં પોતે નપુંસક છે એમ માનવું એ તો અસત્ય કહેવાય ! પણ જ્ઞાનના માર્ગમાં એમ જ બને છે. કહ્યું પણ છે કેઃ—

**मातृवत् परदारेषु परद्रव्येषु लोष्टवत् ।**
**आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पण्डितः ॥**—હિતોપદેશ.

'પરસ્ત્રીને માટે હું નપુંસક છું' સુદર્શનનું આ કથન જો અનુચિત કે ખોટું કહેવામાં આવે તો, પરસ્ત્રીને માતાની સમાન, પરધનને ઢેફાની સમાન અને બધા જીવોને આત્માની સમાન માનવા એ નીતિ કથનની અર્થ સંગતિ કેમ થઇ શકશે ! જ્યારે સુદ-

ર્શન જેવી ઉન્નત ભાવના ભાવવામાં આવે ત્યારે જ પરસ્ત્રીને માતાની દૃષ્ટિએ જોઇ શકાય છે, અને આજ દ્રષ્ટિએ સુદર્શન પણ પોતાને પરસ્ત્રીને માટે નપુંસક સમજતો હતો !

હવે કોઇ એમ કહે કે, પરસ્ત્રીમાં તો વેશ્યાનો પણ સમાવેશ થઇ જાય છે તો શું વેશ્યાને પણ માતાની સમાન માનવી ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જો વેશ્યાને માતાની દ્રષ્ટિએ માનવામાં ન આવે તો તેના પ્રતિ વેશ્યાની ભાવના બાકી રહેશે, અને પરિણામે વિકાર પણ દૂર થાશે નહિ ! વિકાર તો દૂર ત્યારે જ થાય કે જ્યારે સ્વસ્ત્રીની સિવાય બધાને માતાની સમાન માનવામાં આવે.

કોઇ દાકતર, કોઇ રોગી સાધુ કે વેશ્યાને રોગને દૂર કરવા માટે કઇ દૃષ્ટિએ જુએ છે ? તે તો બન્નેને રોગને દૂર કરવા માટે સમાન દૃષ્ટિએ જ જુએ છે ! આ જ પ્રમાણે વેશ્યાને પણ માતાની સમાન માનવામાં આવશે ત્યારે જ વિકાર દૂર થઇ શકશે. ઉદાહરણ તરીકે કોઇએ કહ્યું કે, આ મંત્રનો જાપ કરવાથી નાગણ પણ ફુલની માળા બની જશે તો એ મંત્રના જાપથી નાગણને ફુલની માળા બનાવવી એ સારું છે કે તેને વિષ વાળી વધારે બનાવવી એ સારું છે ? આજ પ્રમાણે વેશ્યા પણ વિષ ચડાવનારી છે. હવે તેને માતા કહેવાનો જાપ કરવાથી તેને ફુલની માળા જેવી બનાવવી એ સારું છે, કે નાગણ જેવી વિષ ચડાવનારી બનાવવી એ સારું છે ! માતા માનવાથી તે વિષ ચડાવનારી વેશ્યા પણ નિર્વિષ બની જાય છે. આજ કારણે સુદર્શને કપિલાને કહ્યું કે, હું નપુંસક છું; કારણ કે, તે કપિલાને માતા માનતો હતો, અને માતાને માટે બધા નપુંસક જ છે. એટલા માટે સુદર્શને જે કાંઇ કહ્યું હતું તે ઠીક જ કહ્યું હતું, કપટ કરીને તેણે કાંઇ ખોટું કહ્યું ન હતું. સુદર્શનમાં માતાને માટે નપુંસક રહેવાની અને પરસ્ત્રીને માતા માનવાની જે ભાવના હતી, એ ભાવનાને કારણે સુદર્શન પોતે પણ બચી ગયો અને કપિલાને પણ બચાવી.

**લિયા નિયમ પરઘર જાને કા, જહાં રહતી હો નાર;**
**નિજઘર રહકે ધર્મ આરાધે, શિયલ શુદ્ધ આચાર. ॥ ધન૦ ૩૦ ॥**

સુદર્શન ઘેર આવી વિચારવા લાગ્યો કે, આ કપિલા માતાનો દોષ નથી પણ મારા શરીરનો જ દોષ છે. તેને મારા શરીરની મોહિની લાગી હતી એ કારણે જ તેણીએ એમ કર્યું; પણ જો હું કોઇના ઘેર જ જતો ન હોત તો આવો અવસર જ કેમ આવત ? જે થયું તે થયું પણ જે માર્ગે જવાથી જીવનનું જોખમ હોય તે માર્ગે ન જ જવું એ જ સારું છે; એટલા માટે હવે હું એ નિશ્ચય ઉપર આવું છું કે, હવેથી હું જ્યાં સ્ત્રીનો વસવાટ હોય તે ઘેર જઇશ નહિ. રાજાને ત્યાં કે રાજસભામાં જવું પડે તો એ વાત જુદી છે.

સુદર્શન તો આ પ્રમાણે વિચાર કરી રહ્યો હતો જ્યારે કપિલા જુદો જ વિચાર કરી રહી હતી કે, આ શેઠ દેખાવમાં તો કેટલો બધો સુંદર છે પણ તે નપુંસક નીકળ્યો. જ્યારે તે નપુંસક છે તો તેની સ્ત્રી શું કરતી હશે ! તેની સ્ત્રી તો સતી કહેવાય છે પણ તે કેવી હોય છે તેની ખબર આજે પડી ગઈ. રાજાના ઘરની કેવી સ્થિતિ હોય છે તે તો મેં જોયું જ હતું અને આજે શેઠના ઘરની સ્થિતિ પણ જાણવામાં આવી ગઈ. બધી સ્ત્રીઓ મારા જેવી જ હોય છે તે હું બરાબર સમજી ગઇ છું. એ તો સારું થયું કે શેઠને

હું આજે ઘેર તેડી આવી અને બધી વાત જાણી શકી; પણ પુરુષો કેવા હોય છે કે તેઓ નપુંસક હોવા છતાં પણ વિવાહ કરી પોતાની ગણના પુરુષોમાં કરાવે છે.

પુરોહિત કપિલ બહારગામથી ઘેર આવ્યો. કપિલા જાણે કાંઈ ઘટના બની જ ન હોય તેમ કાંઇ બોલી નહિ! તે સારી રીતે જાણતી હતી કે શેઠ ભલે નપુંસક હોય પણ તે ગુપ્ત વાત કોઇને કરે એવો નથી. વળી, તેણે મારી સામે આ ગુપ્ત વાત કોઇને ન કહેવાના સોગંદ ખાધા છે. આ પ્રમાણે વિચાર કરી કપિલાએ કપિલને કાંઇ વાત કહી નહિ!

બીજે દિવસે કપિલ સુદર્શનને મળ્યો ત્યારે કહ્યું કે, "હવે તો તમે મારે ઘેર પણ આવતા જ નથી તેનું શું કારણ?" સુદર્શને જવાબ આપ્યો કે, "કોઇને ઘેર નહિ જવાનું મેં વ્રત લીધું છે." કપિલે કહ્યું કે, "એ વ્રત તો તમે પહેલાં પણ લીધું હતું." સુદર્શને ઉત્તર આપ્યો કે, "પહેલાં મિત્રને ત્યાં જવાની છૂટ રાખી હતી પણ હવે મિત્રને ત્યાં પણ ન જવાનું વ્રત લીધું છે. કેવળ તમારે ત્યાં જ નહિ પણ કોઇને ત્યાં ન જવાનું વ્રત લીધું છે. ફક્ત રાજાને ત્યાં કે રાજસભામાં જવાની છૂટ રાખી છે. મારો આ વિચાર જાણી તમને પ્રસન્નતા થવી જોઇએ."

પ્રત્યેક માણસે એકવાર ઠોકર લાગ્યા બાદ હોશીયાર થવું જ જોઇએ. જે એકવાર ઠોકર ખાઇને પણ હોશીયાર થતો નથી તે મૂર્ખ છે.

જે હમેશાં સાવધાન રહે છે તે પરમાત્માના જેવો છે. આ સંસારમાં જે કોઈ દિવસ ઠોકર ખાતો જ નથી તેના વિષે કહેવું જ શું? પણ જે ઠોકર ખાય છે તે લોકો બે પ્રકારના હોય છે. એક તો અંતરાત્મા અને બીજો બહિરાત્મા. અંતરાત્મા તે છે કે, જે એકવાર ઠોકર ખાઇને સાવધાન થઇ જાય છે, અને બહિરાત્માઓ ઠોકર ખાવા છતાં પણ સાવધાન થતાં નથી; પણ વારંવાર તે ઠોકર ખાધા કરે છે. જ્યારે બાહ્ય વસ્તુઓના ખોટા ભપકામાં જ જે લોકો અંજાઈ જાય છે અને વસ્તુના મૂળ સ્વભાવને જે લોકો ભૂલી જાય છે તે બધા બહિરાત્માઓ છે.

આજે બાહ્ય વસ્તુઓના ભપકામાં લોકો અંજાઈ જતાં વધારે જોવામાં આવે છે. ખાન-પાન તથા પહેરવેશમાં આજે બહારનો ભપકો જ જોવામાં આવે છે. તમે લોકો હિંદુસ્થાનમાં જન્મ્યા છો અને હિંદુસ્થાનમાં જ તમારું પાલન-પોષણ થયું છે છતાં પણ તમે તમારુ ખાન-પાન, ભાષા તથા પહેરવેશ વિલાયત જેવો બનાવવા ચાહો છો. ભારતીય સંસ્કૃતિને ભૂલી જઈ જાણે પરદેશની સંસ્કૃતિને અપનાવવા ચાહતા હો એવું જણાય છે. વૉયસરોય ભારતના હાકેમ થઇ ભારતમાં આવ્યા છે. તેને ભારતીય પોશાક પહેરવાનું કહેવામાં આવે તો શું તે પહેરશે? તે તો કદાચ એવો જવાબ આપશે કે, તમે બેવકૂફ છો! અમે મૂર્ખ નથી! અમે દશ હજાર માઇલનો દરીયાઇ રસ્તો કાપીને કાંઈ અમારી સંસ્કૃતિ ખોવા અહીં આવ્યા નથી, પરંતુ રાજ્યશાસન કરવા અને અમારી સંસ્કૃતિનો પ્રચાર કરવા અમે અત્રે આવ્યા છીએ. આજે ભારતીયો પાશ્ચાત્ય સંસ્કૃતિને અપનાવી રહ્યા છે, અને પૌર્વાત્ય-ભારતીય સંસ્કૃતિને ભૂલી રહ્યા છે. આનું કારણ વર્ત્તમાન શિક્ષા-પ્રણાલી છે. આજની શિક્ષા ભારતીય સંસ્કૃતિનો નાશ કરી રહી છે. વાસ્તવિક શિક્ષા કેવી હોવી જોઈએ એને માટે એક કહેવત છે કેઃ—

**જૈસા ખાવે અન્ન, વૈસા હોવે મન ।**
**જૈસા પીવે પાની, વૈસી હોવે વાણી ॥**

આ કહેવત પ્રમાણે જેવો આચાર વિચાર રાખવામાં આવશે તેવાંજ તમારા સંસ્કારો ઘડાશે. ભારતની સંસ્કૃતિ જીવનને સંસ્કૃત બનાવે છે જ્યારે પાશ્ચાત્ય સંસ્કૃતિ જીવનને વિકૃત બનાવનારી છે.

આ ભારતભૂમિ પુણ્ય ભૂમિ છે. આ દેશની બરાબરી કોઈ દેશ કરી શકતો નથી, પણ તમે આ દેશની સંસ્કૃતિને ભૂલી જઈ યુરોપની સંસ્કૃતિને અપનાવી રહ્યા છો. જ્યારે ભારતમાં મુસલમાન બાદશાહો આવ્યા હતા ત્યારે તેમણે ભારતને અપનાવ્યો હતો. ભારતને પોતાની સંસ્કૃતિ તેમણે આપી હતી અને ભારતની સંસ્કૃતિ તેમણે પણ સ્વીકારી હતી. તેઓએ ભારતની સંસ્કૃતિનો નાશ કરી પોતાની સંસ્કૃતિ ભારતને અપનાવવાનો કદાગ્રહ કર્યો ન હતો. જો કે પાછળથી કેટલાક બાદશાહો ધર્માંધતાને કારણે ભારત ઉપર જુલ્મો ગુજારતા હતા પણ એ જુલ્મોથી પણ ભારતમાં વીરતા આવી હતી; પણ આજની શિક્ષા અને સંસ્કૃતિનું 'મીઠું વિષ' એવું છે કે, શિક્ષાની સાથેજ ભારતીય સંસ્કૃતિનો નાશ કેવી રીતે થઇ રહ્યો છે તેનો વિચાર કરો અને ભારતીય સંસ્કૃતિની રક્ષા કરવાનો પ્રયત્ન કરો. ભારતભૂમિ પુણ્યભૂમિ છે. આજ પુણ્યભૂમિમાં ભગવાન પાર્શ્વનાથ જેવા મહા પુરુષ થયા હતા. એ મહા પુરુષની શિક્ષાને અપનાવી જીવનમાં સ્થાન આપશો તો: તેમાં તમારું કલ્યાણ જ છે.

## વ્યાખ્યાન: સંવત ૧૯૯૨ શ્રાવણ વદી ૧૧ બુધવાર

### પ્રાર્થના

**ધન–ધન જનક 'સિદ્ધારથ', ધન 'ત્રિસલા' દે માતરે પ્રાણી;**
**જ્યાં સુત જાયો ને ગોદ ખિલાયો, બર્દ્ધમાન વિખ્યાતરે પ્રાણી.**
**શ્રી મહાવીર નમો વરનાણી. ॥ ૧ ॥**

શ્રી મહાવીર ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થનામાં આત્માએ મુખ્યતઃ કયા તત્ત્વનો વિચાર કરવો જોઇએ, એ વિષે ઘણીવાર ચર્ચા કરવામાં આવી છે. આજે પણ એ વિષે હું થોડુંક કહું છું.

પરમાત્માની પ્રાર્થના કરતી વખતે મુખ્યતઃ આત્મતત્ત્વનો વિચાર કરવો જોઈએ. સંસારમાં દ્રવ્ય અને પર્યાય બન્ને જોવામાં આવે છે, પણ પર્યાયોનો મૂળ આધાર તો દ્રવ્ય જ છે. દ્રવ્ય ન હોય તો પર્યાય કોની બને ! સોનાના દાગીનાને તો લોકો જુએ છે પણ જો સોનું જ ન હોય તો દાગીનો કેવી રીતે બને ? સોનું એ દ્રવ્ય છે અને દાગીનો

એ તેની પર્યાય છે. પણ આજ કાલ લોકો દ્રવ્યને તો ભૂલી જાય છે અને કેવળ પર્યાયને પકડી બેસે છે. પણ લોકોની આ ગંભીર ભૂલ છે. એટલા માટે કેવળ પર્યાયોને પકડી ન બેસતાં દ્રવ્યને પણ જુઓ.

આત્મતત્ત્વ એ મૂળ દ્રવ્ય છે. શરીર એ તેની પર્યાય છે. આ આત્માએ અનેક શરીરો ધારણ કર્યા છે; પણ એથી આત્માની ઇષ્ટસિદ્ધિ સાધી શકાઇ નથી. આત્મતત્ત્વને ન ભૂલો તો તેમાં તમારું કલ્યાણ છે. આ પ્રમાણે કહેવું એ મારું કામ છે, અને કરવું એ તમારું કામ છે. વૈદ્ય દવા અને તેનો ગુણ બતાવી શકે, પણ દવા ખાવી એ તો રોગીનું જ કામ છે. આ જ પ્રમાણે જ્ઞાનીજનો દ્રવ્ય અને પર્યાયનો તાત્ત્વિક વિચાર જણાવે છે, હવે એ તાત્ત્વિક વિચારને સમજી વ્યવહારમાં લાવવો એ તો તમારું જ કામ છે.

**જ્યોં કંચન તિહુંકાલ કહીજે, ભૂષણ નામ અનેકરે;**
**ત્યોં જગજીવ ચરાચર યોની હૈ, ચેતન ગુણ એકરે.**

જે પ્રમાણે સોનું દ્રવ્ય તો એક જ છે પણ તેનાં ઘરેણાં જુદી જુદી જાતનાં બની શકે છે તે જ પ્રમાણે ચરાચર યોનિ અનેક પ્રકારની છે પણ ચૈતન્ય ગુણ તો બધામાં એક સમાન જ છે. તે ચૈતન્ય ગુણને જુઓ. કેવળ શરીરની પર્યાયમાં જ પડયા ન રહો.

**અપનો આપ વિષય થિર આતમ, સોહં હંસ કહાયરે-પ્રાણી.**

આ પ્રમાણે દ્રવ્યનો મુખ્યતઃ વિચાર કરવો જોઈએ. પર્યાયની કીંમત આંકતાં આંકતાં તો અનંત કાળ ચાલ્યો ગયો, હવે કેટલો વખત એમાં પડયો રહું ? એમ આત્માએ વિચાર કરવો જોઇએ. કોઈ શરાફ સોનાનું મૂલ્ય ન આંકતાં ઘાટનું જ મૂલ્ય આંકીને ખરીદી કર્યા કરે, તો તો તેને દીવાળું વહેલું કાઢવું પડે. શરાફ તો સોનાની જ કીંમત આંકે છે. તે જ પ્રમાણે તમે પણ કેવળ પર્યાયને ન જોતાં, દ્રવ્ય-જીવને જુઓ. દ્રવ્યજીવને જોવાથી વિષય સ્થિર થઈ જશે અને એમ કરવાથી તે 'સોહ'નો હંસ બની જશે !-'અનહલક' બની જશે. 'સોહ'નો અર્થ જેવો તે છે તેવો જ હું છું, અને 'હંસ'નો અથ જેવો હું છું તેવો જ તે છે. અર્થાત્ હું જ તે છું. અનહલકનો અર્થ પણ એજ છે કે, 'હું ખુદા છું.'

આ પ્રમાણે તૂં-હું નો ભેદ જ મટી જશે. દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન કરવા માટે જ પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે છે. પરમાત્માની પ્રાર્થના કરવાથી દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન થશે અને એ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરતાં કરતાં એક દિવસ તમે પણ તેમના જેવા જ બની જશો. એટલા માટે પરમાત્માની પ્રાર્થનાને અપનાવો તો તેમાં તમારું કલ્યાણ છે.

દ્રવ્યને કેવી રીતે ભુલાઈ જવામાં આવે છે અને પર્યાયને કેવી રીતે પકડી રાખવામાં આવે છે એ વાત હવે શાસ્ત્રદ્વારા સમજાવું છું. શાસ્ત્રમાં આ વાત વારંવાર સમજાવવામાં આવી છે. હમણાં તો હું આ વાત ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયન દ્વારા સમજાવું છું.

## અનાથી મુનિનો અધિકાર—૨૭

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! જે દ્રવ્યને ભૂલી જઇ પર્યાયમાં પડયા રહે છે તે અનાથ છે. અને જે પર્યાયને ગૌણ માની દ્રવ્યને મુખ્યપણે જુએ છે તે સનાથ

છે. આ વાતને સ્પષ્ટ કરવા માટે મુનિ પોતાના સ્વાનુભવની વાત કહે છે કે, હે રાજન્! મારા પિતા મારા રોગને દૂર કરવા માટે બધી સંપત્તિ આપવા પણ તૈયાર થયા હતા છતાં મારા રોગને તેઓ દૂર કરી ન શકયા!"

કથાનકોમાં અનાથી મુનિના પિતાને ઇબ્ભ શેઠ હતા એમ કહેલ છે; એમ સાંભળ્યું છે. ઇબ્ભ શેઠનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે, ઇબ્ભ શેઠ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારના હોય છે. જેમની પાસે હાથીને રૂપિયાથી ઢાંકી દેવા જેટલું ધન છે તે કનિષ્ઠ ઇબ્ભ શેઠ કહેવાય છે. જે સોનામહોરોથી હાથીને ઢાંકી દે તે મધ્યમ ઇબ્ભ શેઠ કહેવાય છે અને જેમની પાસે રત્નોથી હાથીને ઢાંકી દેવા જેટલું ધન હોય તે ઉત્તમ ઇબ્ભ શેઠ કહેવાય છે. અનાથી મુનિના પિતા ૫૭ ઇબ્ભના ધનિક હતા. તેમના પિતા આટલા બધા ધનવાન હતા. તેમને જે રોગમુક્ત કરે તેને તેમના પિતા બધી ધન સંપત્તિ આપવા પણ તૈયાર થયા હતા, પણ અનાથી મુનિને કોઈ રોગમુક્ત કરી ન શકયા એવી તેમની અનાથતા હતી.

મુનિ કહે છે કે, "હે! રાજન્! તું પોતાને સંપત્તિ હોવાને કારણે સનાથ માને છે પણ મારે ત્યાં સંપત્તિની કયાં ખામી હતી! સંપત્તિની ખામી ન હોવા છતાં હું અનાથ હતો તો તું સંપત્તિને કારણે સનાથ કેમ થઈ શકે? અને જ્યારે તું પોતાનો જ નાથ નથી તો પછી બીજાનો નાથ તું શી રીતે બની શકે?"

**माया मे महाराय! पुत्तसोगदुहट्टिया ।**
**न य दुक्खा विमोयंति, एसा मज्झ अणाहया ॥ २८ ॥**

હે રાજન્! મારી માતા, મારા દુઃખથી દુઃખી રહ્યા કરતી હતી, છતાં પણ તે મને દુઃખથી છોડાવી શકી નહિ એવી મારી અનાથતા હતી.

હે રાજન્! કેટલાક લોકોની માતાઓ પોતાના પુત્રો પ્રત્યે પ્રેમ ધરાવતી નથી પરંતુ મારી માતા એવી ન હતી. મારી માતા મારા ઉપર ઘણી જ કૃપા રાખતી, મારા ઉપર હમેશાં દયા રાખતી, મને દુઃખી જોઇને દુઃખી થતી, અને મને કહેતી કે, "વહાલા પુત્ર! તારી આંખમાં કોઈ ભાલું ભોંકતું હોય એવી કારમી પીડા થાય છે છતાં હું તને પીડામુક્ત કરી શકતી નથી. જો કોઇ બહારનો શત્રુ તને ભાલું ભોંકતો હોય તો એ ભાલાનો પ્રહાર હું સહન કરી લઉં પણ તને જે શરીરની પીડા થઇ રહી છે એને માટે હું શું કરી શકું?" હે રાજન્! આ પ્રમાણે મારી માતા પોતાના મુખે જ પોતાની અસમર્થતા અને અનાથતા પ્રગટ કરતી હતી. માતાના કહેવા ઉપરથી મને ભાન થયું કે, મારી અનાથતાના કારણે જ હું દુઃખી છું.

"વળી, હે રાજન્! કેટલીક માતાઓ એટલી તો નિષ્ઠુર હોય છે કે, પોતાના સ્વાર્થની ખાતર પોતાના પુત્રને પણ મારી નાખે છે, પરંતુ મારી માતા એવી ન હતી. તે તો મારા ઉપર બહુ જ પ્રેમભાવ રાખતી હતી."

શાસ્ત્રની એક કથામાં કહ્યું છે કે, બ્રહ્મદત્ત ચક્રવર્તીની માતાએ સ્વપ્નમાં ચૌદ સ્વપ્નાઓ જોયાં હતાં એ ઉપરથી 'મારો પુત્ર ચક્રવર્તી થશે' એવું તે જાણતી હતી, પણ

દીર્ઘ રાજાની સાથે ભ્રષ્ટ થઇ જવાને કારણે તેણીએ પોતાના પુત્ર બ્રહ્મદત્તને પણ મારી નાંખવાનો વિચાર અને પ્રયત્ન કર્યો. તેણીએ વિચાર્યું કે, મારો પુત્ર મોટો થયો છે, એટલે તે મારા સુખમાં બાધક થશે. આ પ્રમાણે વિચાર કરી તેણીએ લાખનું ઘર તૈયાર કરાવ્યું અને તેમાં બ્રહ્મદત્તને સુવડાવી રાતના સમયે પોતે ઉઠીને તે લાખના ઘરને આગ લગાડી. એ તો પૂર્વ પુણ્યથી કે પ્રધાનની ચાલાકીથી બ્રહ્મદત્ત બચી ગયો, બાકી તેને મારી નાંખવા માટે તેની માતાએ કાંઈ ખામી રાખી ન હતી.

અનાથી મુનિ કહે છે કે, " હે રાજન્! આવી નિષ્ઠુર માતાઓ પણ હોય છે પણ એવી માતાઓ ભૂતકાળમાં થઇ છે, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે કે જેઓ પોતાનો પ્રાણ આપીને પણ પોતાના પુત્રની રક્ષા કરે. મારી માતા પણ મારા ઉપર બહુ વહાલ રાખતી, અને મારા દુઃખે દુઃખી રહેતી પણ મારા દુઃખને તે મટાડી શકી નહિ; તેમ હું પણ તેમના દુઃખને મટાડી શકયો નહિ એવી મારી અનાથતા હતી."

અનાથી મુનિના આ કથનનો કોઈ એવો ઊલટો અર્થ ન કરે કે, માતા દુઃખથી મુકત કરી શકતી નથી એટલે તેને માનવી જ નહિ! આજે એવી શિક્ષા પણ આપવામાં આવે છે કે, સંતાનો ઉપર માતાપિતાનો શો ઉપકાર છે? બલ્કે થલી મારવાડનો એક સંપ્રદાય તો ત્યાંસુધી કહે છે કે, " માતાપિતા માટે સંતાનો કુપાત્ર છે અને સંતાનો માટે માતાપિતા કુપાત્ર છે. માતાપિતાની સેવા કે દયા કરવી એ એકાન્ત પાપ છે. માતાપિતા કે પુત્ર કોઇ કોઈની સહાયતા કરી શકતું નથી, તેમ કોઈ કોઇનું દુઃખ હરી શકતું નથી." આ કથનના પ્રમાણમાં તે લોકો અનાથી મુનિનું ઉદાહરણ આપે છે કે અનાથી મુનિને તેમના માતાપિતા પણ દુઃખમુકત કરી શકયા નહિ એટલા માટે તેમની સેવા કરવી એ એકાન્ત કર્મબંધનું કારણ છે.

ઉપરની વાત કેટલી બધી ભ્રામક, અનુચિત અને શાસ્ત્રની વિરુદ્ધ છે તે એક દૃષ્ટાંત-દ્વારા સમજાવું છું જેથી તે વાત તમારી સમજમાં આવી જાય!

એક માતાએ પોતાના પુત્રને કહ્યું કે, " બેટા! હવે તું ભણીગણીને હોશીયાર થયો છે એટલે તું અમારી સેવા કરીશ એવી અમે આશા રાખીને બેઠા છીએ, પણ તું તો ઊલ્ટો દુઃખ આપી રહ્યો છે! તને ખબર છે કે, અમે તારાં માટે કેટલાં દુઃખો સહ્યાં છે અને તને કેવી રીતે ઉછેર્યો છે! તું તો જાણે એ ઉપકારને ભૂલી જ ગયો છે!"

માતાનું કથન સાંભળી પુત્ર કહેવા લાગ્યો કે, " બસ! બહુ થયું. બહુ ડહાપણ ડોળો નહિ! તમારો મારા ઉપર શો ઉપકાર છે! ઊલટો મેં તમારા ઉપર ઉપકાર કર્યો છે. જુઓ! જ્યારે મારો જન્મ થયો ન હતો ત્યારે તમે કેવા ઉદાસ રહેતા હતા! અને મારા માટે કેવા તલસતા હતા! જ્યારે હું પેટમાં આવ્યો ત્યારે તમને કેવી પ્રસન્નતા થઈ. વળી મને જન્મ આપવામાં તમે મારા ઉપર શો ઉપકાર કર્યો છે! ઊલટું મારો જન્મ થવાથી તમારું વાંઝીયાપણું દૂર થયું. માટે તમે મારા ઉપર કાંઇ ઉપકાર કર્યો નથી, ઊલટું તમારું વાંઝીયાપણું દૂર કરી મેં તમારા ઉપર ઉપકાર કર્યો છે."

પુત્રનું કથન સાંભળી માતા કહેવા લાગી કે, " અરે! બેટા! આ તું શું બોલે છે? આવું બોલવું તને શોભે ખરું? જરા વિચાર તો કર કે, મેં તને દૂધ પાઈને મોટો કર્યો છે."

પુત્રે જવાબ આપ્યો કે, "તેં મને દૂધ પાયું એમાં તેં શો ઉપકાર કર્યો? મારો જન્મ થયો ત્યારે તે દૂધ આવ્યું ને? વળી જો હું ધાવત નહિ તો તારા સ્તનમાં તને જ પીડા થાત! એ તો મારો ઉપકાર માન કે મેં પીડા થતી અટકાવી. આમ છતાં જો તું દૂધ પાવા માટે તકરાર કરતી હો તો દૂધના પૈસા લઇ લે, બીજું શું?"

માતાએ કહ્યું કે, "દૂધના તો પૈસા દેવા તૈયાર થઈ ગયો છે પણ તને નવ મહિના પેટમાં રાખ્યો તેનું શું? શું તે ઉપકાર પણ તું ભૂલી જઇશ?"

પુત્રે જવાબ આપ્યો કે, તેં મને પેટમાં રાખ્યો હતો એ જ તારી ભૂલ છે. મેં જ મારી જગ્યા પેટમાં કરી લીધી હતી એમાં તેં શો ઉપકાર કર્યો? આમ છતાં તેં મને પેટમાં રાખ્યો હતો તેનું ભાડું લેવું હોય તો ભાડું લઈ લે, બીજું શું?"

મા સીધી સાદી હતી, એટલે તેણીએ વિચાર્યું કે છોકરા સાથે આમ માથાકૂટ કરવાથી કાંઈ નહિ વળે, માટે ચાલ તેને ગુરુની પાસે લઇ જાઉં! આ પ્રમાણે વિચાર કરી તેણીએ છોકરાને કહ્યું કે, "ચાલ, આપણે ગુરુ પાસે જઇએ અને તેમની પાસે આપણી વાતનો નિર્ણય કરાવીએ. જો તેઓ એમ કહેશે કે, પુત્રનો માતાપિતા ઉપર ઉપકાર છે તો તો હું તારો જુલ્મ સહું છું અને સહીશ, પણ જો તેઓ એમ કહેશે કે માતાપિતાનો પુત્ર ઉપર ઉપકાર છે, તો તેમનું કથન તારે માનવું પડશે."

પુત્રે આ વાત સ્વીકારી ગુરુની પાસે જવાનું કબુલ કર્યું. તેને તો એવો વિશ્વાસ જ હતો કે, માતાપિતા વગેરે કોઇ, કોઈને દુઃખથી મુક્ત કરી શકતા નથી; એટલા માટે ગુરુ પણ એમ જ કહેશે. આ પ્રમાણે વિચાર કરી તેણે માને ગુરુની પાસે જવાની હા પાડી, અને ગુરુની પાસે ગયા.

જો તેમને કોઇ ખોટા સાધુનો ભેરો થઈ ગયો હોત તો માતાના ભોગ જ મરત અને છોકરો પણ માતાના માથે ચડી બેસત! પણ તે ગુરુ ભગવાન મહાવીરના શાસ્ત્રના જાણકાર હતા.

માતાએ ગુરુને બધી વાત કહી બતાવી અને કહ્યું કે, "ગુરુજી! માતાપિતાનો સંતાનો ઉપર અનંત ઉપકાર છે એમ સૌ કોઈ જાણે છે છતાં મારો આ પુત્ર એમ કહે છે કે, પુત્રનો માતાપિતા ઉપર ઉપકાર છે, માટે આ વિષે શાસ્ત્ર શું કહે છે એ આપ બતાવો!"

છોકરાએ પોતાની વાતને પુષ્ટ કરવા માટે ગુરુજીને કહ્યું કે, "શ્રી ઉત્તરાધ્યયન-સૂત્રમાં માતાપિતા વગેરે કોઈ કોઈને દુઃખ મુકત કરી શકતા નથી એમ કહેવામાં આવ્યું છે, માટે માતાપિતાની સેવા કરવી એ એકાન્ત પાપ છે કે નહિ? આ પ્રમાણે શાસ્ત્રમાં માતા પિતા વગેરે કોઈ કલ્યાણ કરી નથી શકતા એમ સાફ કહ્યું છે, કેવળ સાધુઓ જ કલ્યાણ કરી શકે; માટે આપ જે નિર્ણય આપો તે ઊંડો વિચાર કરીને આપજો."

પુત્રની વાત સાંભળી ગુરુજી સમજી ગયા કે આ છોકરો ભ્રમમાં પડેલો છે. છોકરાના ભ્રમનું નિરાકરણ કરતા ગુરુજીએ કહ્યું કે, "શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે, શરીરનાં ત્રણ અંગ પિતાનાં હોય છે, બાકીનાં અંગો માતાપિતા બન્નેનાં હોય છે. માંસ, રુધિર

અને મસ્તક એ ત્રણ અંગો માતાનાં હોય છે, અને હાડ, મજ્જા તથા રોમ એ ત્રણ અંગો પિતાનાં હોય છે. બાકીનાં અંગો માતાપિતા બન્નેનાં હોય છે."

શાસ્ત્રનું પ્રમાણ બતાવી ગુરુએ કહ્યું કે, "આ પ્રમાણે માતાપિતાનાં અંગોમાંથી પુત્રનું શરીર બનેલ છે એમ શાસ્ત્રમાં કહેલ છે પણ તું માતાપિતા ઉપર તારો ઉપકાર છે એમ કહે છે તો બતાવ કે માતાપિતામાં તારાં કયાં અંગો છે કે જેથી તારો તેમના ઉપર ઉપકાર થયો હોય !"

ગુરુનું આ કથન સાંભળી માતાને પણ હિંમત આવી. તેણીએ પુત્રને કહ્યું કે, "બોલ ! હવે તારે શું કહેવું છે ? તું મારા પેટનું ભાડું અને દૂધની કીંમત આપવાનું કહેતો હતો પણ મારાં જે અંગો છે તેનું શું ભાડું આપે છે ! અને મારાં અંગો મને અને તારાં પિતાનાં અંગો તેમને પાછાં સોંપી દે."

પુત્ર ચુપ ઉભો રહ્યો. તે શું જવાબ આપે ! ગુરુજીના જડબાતોડ જવાબથી તેનું મોઢું સીવાઇ ગયું હતું. ત્યારે માતાએ ગુરુજીને ફરીવાર પૂછ્યું કે, શાસ્ત્રમાં આ વિષે બીજું કાંઈ લખ્યું છે ?

ગુરુજીએ જવાબ આપ્યો કે, "શ્રી સ્થાનાંગ સૂત્રમાં ભગવાન મહાવીરે પોતે શ્રમણ નિર્ગ્રન્થોને સંબોધન કરીને કહ્યું છે કેઃ—'હે ! આયુષ્યમાન્ શ્રમણ નિર્ગ્રન્થો ! ત્રણ પ્રકારના ઉપકારનું ઋણ ઉતારવું બહુ જ મુશ્કેલ છે. એક તો માતાપિતાના ઉપકારનું ઋણ, બીજું સહાય કરનારના ઉપકારનું ઋણ અને ત્રીજું ધર્મમાં સ્થિર કરનાર ધર્માચાર્યના ઉપકારનું ઋણ. આ પ્રમાણે ભગવાને પુત્ર ઉપર માતાપિતાનો ઉપકાર તો બતાવ્યો છે પણ પુત્રનો માતાપિતા ઉપર ઉપકાર છે એવું કોઇ શાસ્ત્રમાં વાંચવામાં આવ્યું નથી તેમ સાંભળવામાં પણ આવ્યું નથી."

ગુરુ માતાપિતાના ઉપકાર વિષે આગળ કહેવા લાગ્યા કે, "માતાપિતાના ઉપકારના ઋણથી મુક્ત થવું બહુ જ મુશ્કેલ છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં ભગવાનને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, "હે ભગવંત ! જો કોઇ પુત્ર પોતાના માતાપિતાને નવડાવે, ખવડાવે, કપડાં પહેરાવે તથા પોતાના ખભે ઉપાડી ફેરવે તો તે માતાપિતાના ઉપકારના ઋણથી મુક્ત થઈ શકે કે નહિ ? ભગવાને ઉત્તર આપ્યો કે, 'એટલી સેવા કરવા છતાં પણ પુત્ર, માતાપિતાના ઋણથી મુક્ત થઈ શકે નહિ.' "

તમે કહેશો કે, પુત્ર આથી વિશેષ સેવા શું કરી શકે ? આટલી બધી સેવા કરવા છતાં પણ તે પુત્ર, માતાપિતાના ઉપકારનો બદલો વાળી ન શકે ?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પુત્ર જે શરીરદ્વારા માતાપિતાની સેવા કરે છે તે શરીર કોણે આપેલું છે ? હવે જો એ જ શરીરદ્વારા માતાપિતાની સેવા કરે તો તેથી તે માતાપિતાના ઉપકારના ઋણથી મુક્ત કેમ થઇ શકે ? માબાપની સેવા કરનાર પુત્રને સુપુત્ર કે કૃતજ્ઞ કહી શકાય, પણ માતાપિતાના ઉપકારના ઋણથી મુક્ત થયો છે એમ કહી શકાય નહિ. માતાપિતાના ઉપકારના ઋણથી વિમુક્ત કેમ થઈ શકાય તે માટે અનાથી મુનિનું ચરિત્ર જુઓ.

માબાપ બાળકની બહુ જ સાર સંભાળ રાખે છે છતાં કેટલાંક બાળકો મરી જાય છે. માતાપિતા એમ ચાહતા નથી કે અમારું બાળક મરી જાય છતાં મરી જાય છે એ ઉપરથી એમ જણાય છે કે, નિમિત્ત ગમે તેટલું સારું હોય પણ જ્યાંસુધી ઉપાદાન સારું ન હોય ત્યાંસુધી કાંઇ થઈ શકતું નથી. મતલબ કે, નિશ્ચયની વાત જુદી છે. પણ જ્યાં સુધી વ્યવહારમાં છીએ ત્યાંસુધી વ્યવહારને ભૂલવો ન જોઇએ. સ્ત્રી–પુત્રનો તો મોહ છૂટયો નથી, અને કેવળ માતા–પિતા માટે એમ કહેવું કે, માતાપિતા દુઃખથી મુક્ત કરી શકતા નથી, માટે તેમની સેવા કરવી વ્યર્થ છે, એમ કહેવું તે અનુચિત છે. આજે તો એવી હાલત થઈ રહી છે કેઃ—

> બેટા ઝગરત બાપ સોં, કર તિરિયા સે નેહ;
> બદાબદી સે કહત હોં, મોંહિ જુદા કરિ દેવ.
> મોંહિં જુદા કરી દેવ, ચીજ સબ ઘરકી મેરી;
> કેતી કરું ખરાબ, અકલ બિગરેગી તેરી.
> કહ ગિરિધર કવિરાય, સુનો હો સજ્જન મિત્તા;
> સમય પલટતો જાય, બાપ સોં ઝગરત બેટા.”

આ પ્રમાણે પુત્ર માતાપિતાની સાથે લડાઇ ઝગડા કરી રહ્યા છે, પરંતુ એમ કરવું તે અનુચિત છે.

હવે પ્રશ્ન એ થાય છે કે, પુત્ર જ્યારે આટઆટલી માતાપિતાની સેવા કરવા છતાં પણ મુક્ત થઇ શકે નહિ તો કેવી રીતે ઋણમુક્ત થઇ શકે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ઉપાદાનને સુધારવાથી જ ઋણમુક્ત થઈ શકે છે. જે ધર્મને કારણે તમારા માતા-પિતાનો તમારી સાથેનો પિતા–પુત્રનો સંબંધ થયો છે, જે ધર્મને કારણે તેમણે તમારું પાલન કર્યું છે તે ધર્મને દૃઢ કરવો, તેનું બરાબર પાલન કરવું અને તે ધર્મદ્વારા આત્માનો સુધાર કરવો અને એ રીતે ઉપાદાનને સુધારવું. આમ ઉપાદાનને સુધારવાથી ઋણથી મુક્ત થઇ શકાય છે.

સારાંશ એ છે કે, નિશ્ચયની દૃષ્ટિએ તો માબાપ પુત્રના અને પુત્ર માબાપના નાથ થવામાં સમર્થ નથી, પણ આમ ત્યારે જ કહી શકાય અને તેજ કહી શકે કે જ્યારે અનાથી મુનિની માફક સંસારનો ત્યાગ કરવામાં આવે ! સ્ત્રી પુત્રોનો તો ત્યાગ કર્યો નથી અને કેવળ માબાપનો ત્યાગ કરવો એ તો મહા અન્યાય છે.

આ વાત પુત્રની અને તેના કર્ત્તવ્યની થઈ. હવે માબાપનાં કર્ત્તવ્ય વિષે કહું છું. માતાપિતાએ તો એમ વિચારવું જોઇએ કે પુત્ર ભલે ગમે તેવો કપૂત હોય પણ અમારે તો અમારા ધર્મનું જ પાલન કરવું જોઈએ. કારણકે અમારી સાથે તો અમારો ધર્મ જ રહેશે. જો પોતે આ પ્રમાણે ધર્મ ઉપર સ્થિર રહેશે તો 'જેવી વેલ હશે તેવાં જ તેને ફળ લાગશે' એ કહેવત પ્રમાણે પુત્રો પણ સન્માર્ગે આવી જશે. પુત્રોને સુધારનાર અને બગાડનાર માબાપો જ છે. માટે માબાપોએ સર્વ પ્રથમ સુધરવું જોઈએ. જો માબાપો પોતે પહેલાં સુધરશે તો તેમની પ્રજા પણ સુધરશે. માતાપિતાના કલ્યાણમાં જ પ્રજાનું કલ્યાણ રહેલું છે.

## સુદર્શન ચરિત્ર—૨૭

**"નૃપ આદેશે ઈન્દ્ર ઉત્સવે, ચલે સભી પુર બાહર;**
**સજ શૃંગારી ચલી નૃપ નારી, કપિલા ઉસકી લાર. ॥ ધન૦ ૩૧ ॥**

જ્યારે પોતાનો આત્મા જાગૃત થાય છે ત્યારે સંસારનાં બધાં કાર્યો જાગૃતિ કરવામાં સહાયક થઈ પડે છે. જેમકે અન્ન, પાણી, વસ્ત્રો આદિ પદાર્થો વગેરે ધર્મી અને પાપી બન્નેના ઉપયોગમાં આવે છે, પણ તે ધર્મીઓને તો ધર્મમાં મદદ આપે છે, અને પાપીઓને પાપમાં મદદ આપે છે. જ્યારે પોતાનો આત્મા ધર્મી હોય છે ત્યારે સંસારમાં કોઈ પણ એવો પદાર્થ નથી જે પોતાના ધર્મમાં સહાયતા આપે નહિ. કપિલા સુદર્શનને ભ્રષ્ટ કરવા ચાહતી હતી પણ સુદર્શનને માટે તે પણ સહાયિકા થઇ પડી. તેને કારણે જ સુદર્શને એવો નિશ્ચય કર્યો કે, મારે પારકે ઘેર કોઈ દિવસ ભૂલે ચૂકે જવું ન જોઇએ.

કેટલાક લોકો એમ કહ્યા કરે છે કે, 'એ કામના ઝગડામાં અમે પડવા ચાહતા નથી.' આમ કહેનાર લોકોએ પોતાનાં ઘરનાં ઝગડાઓ છોડી દીધાં છે કે નહિ? જો છોડયા નથી તો પછી કોઈના ભલાઇના કામમાં 'હું બીજાની પંચાતમાં પડતો નથી' એમ કહેવું કયાં સુધી ઠીક છે તેનો વિચાર કરો. સ્વાર્થ છોડયા પહેલાં પરમાર્થને છોડી દેવો એ અનુચિત છે.

સુદર્શને બીજાના ઘેર જવાનો ત્યાગ કર્યો અને આત્મસુધારના કાર્યમાં સંલગ્ન થયો. કપિલ સુદર્શનને કહેતો કે, તમે હવે મારે ઘેર આવતા પણ નથી ? ત્યારે સુદર્શન તેમને જવાબ આપતો કે, "હું ધર્મ કાર્યમાં સમય વ્યતીત કરું છું એ કારણે બીજાને ત્યાં જવાનો ત્યાગ કર્યો છે. ધર્મકાર્યમાં આખો દિવસ સંલગ્ન રહેવાને કારણે તમારે ત્યાં આવી શકતો નથી માટે તે વિષે તમારે માઠું લગાડવું ન જોઇએ પણ તમારા મિત્રને ધર્મકાર્યમાં પ્રોત્સાહિત કરવા માટે સહયોગ આપવો જોઇએ."

ચંપાનો રાજા દધિવાહન હતો. પહેલાનાં રાજાઓ પ્રજામાં ઉત્સાહ પ્રાણ પૂરવા માટે ઉત્સવોની યોજના કરતા. આ દૃષ્ટિએ ચંપામાં પહેલેથી ઇન્દ્રોત્સવ ઉજવવામાં આવતો હતો. દધિવાહને પણ તે ઉત્સવ ઉજવવા માટે ખૂબ તૈયારી કરાવી અને નગરજનોને આજ્ઞા કરી કે, કાલે ઇન્દ્રોત્સવ ઉજવવામાં આવશે માટે બધા લોકો એ ઉત્સવમાં ભાગ લેવા માટે નગર બહાર નીકળે, કોઈ નગરમાં રહે નહિ. કેટલાક લોકો ધાર્મિક હોવા છતાં કેવળ રાજાજ્ઞાનું પાલન કરવા માટે અનિચ્છાએ પણ નગર બહાર ઇન્દ્રોત્સવમાં ભાગ લેવા જતા. કેટલાક લોકો મોજ માણવા માટે, તો કેટલાક લોકો ખરાબ ભાવનાથી પણ ઇન્દ્રોત્સવમાં જતા.

દધિવાહનની આજ્ઞા સાંભળી સુદર્શન વિચારવા લાગ્યો કે, મારે તો તે દિવસે ઉપવાસ કરી ધર્મધ્યાન કરવું છે. પણ રાજાએ ઇન્દ્રોત્સવ ઉજવવાની નગરજનોને આજ્ઞા આપી છે, માટે તેમની સ્વીકૃતિ લીધા બાદ ધર્મધ્યાન કરવું ઠીક રહેશે એમ વિચાર કરીને રાજા પાસે ગયો. રાજાએ તેનો સત્કાર કર્યો, અને કહ્યું કે, શેઠજી! આ ઇન્દ્રોત્સવ ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે તો તમે ઉત્સવના પ્રબંધનું કામ માથે લઈ જેમ તમને ઇચ્છા થાય તેમ

કરો. રાજ્યના ધનનો ઉપભોગ મારે પોતેજ કરવો જોઇએ નહિ. બીજાને પણ તેનો ઉપયોગ કરવા દેવો જોઇએ, અને એજ વિચારથી આ મહોત્સવની યોજના કરવામાં આવી છે.

રાજાનું કથન સાંભળી શેઠ ઉદાસ થઇ ગયો. રાજાએ પૂછ્યું કે, "શેઠ! ઉદાસ કેમ થઇ ગયા?" શેઠે કહ્યું કે, મારી ઇચ્છા આ ત્રણ દિવસમાં ધર્મધ્યાન કરવાની છે. આપની આજ્ઞાનુસાર મારી સ્ત્રી તથા મારાં પુત્રો તો ઉત્સવમાં જશે પણ મને ઉત્સવમાં જવાને બદલે ધર્મધ્યાન કરવાની રજા આપવામાં આવે તો સારૂં!"

શેઠનું આ કથન સાંભળી રાજા ઘણો પ્રસન્ન થયો, અને શેઠની પ્રશંસા કરવા લાગ્યો કે, "શેઠજી! તમને ધન્ય છે કે તમે ધર્મધ્યાનમાં મશગૂલ રહો છો અને આત્મકલ્યાણ સાધો છો. અમારાથી તો ધર્મારાધન થઈ શકતું નથી. તમારી ઇચ્છા ધર્મધ્યાન કરવાની છે તો ખુશીથી કરો. એમાં રજા લેવાની શી જરૂર છે."

સુદર્શને ઉત્તર આપ્યો કે, "આપની આજ્ઞા લીધા વિના ધર્મધ્યાન કરવું એ તો રાજાજ્ઞાનું ઉલ્લંઘન કરવા જેવું છે. માટે આપની આજ્ઞા લેવા આવ્યો છું."

રાજાએ કહ્યું કે, "તમારી ઇચ્છા ધર્મધ્યાન કરવાની છે તો ખુશીથી કરો."

સુદર્શન ઘેર આવ્યો, અને સ્ત્રીને, પુત્રોને સાથે લઇ ઉત્સવમાં જવાનું કહી પોતે ધર્મધ્યાન કરવા બેસી ગયો. મનોરમા પોતાનાં પુત્રોને નવાં કપડાં પહેરાવી તથા પોતે સારાં કપડાં પહેરી રથમાં બેસી ઉત્સવમાં જવા માટે નગર બહાર નીકળી. આ બાજુ રાજાની રાણી અભયા પણ ઉત્સવમાં ભાગ લેવા માટે નગર બહાર નીકળી. હવે આગળ શું થાય છે તેનો વિચાર હવે પછી કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ શ્રાવણ વદી ૧૨ ગુરૂવાર

### પ્રાર્થના

**શ્રી આદીશ્વર સ્વામી હો, પ્રણમૂં સિર નામી તુમ ભણી,**
**પ્રભુ અંતરયામી આપ, મો પર મ્હેર કરીજે હો;**
**મેટીજે ચિંતા મનતણી, મારા કાટ પુરાકૃત પાપ. ॥ શ્રી० ॥ ૧ ॥**

શ્રી ઋષભનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભગવાન ઋષભનાથની પ્રાર્થના, તેમની સ્તુતિ તથા તેમના ધ્યાનને હિન્દુસમાજમાં મહત્ત્વનું સ્થાન છે. ભગવાન ઋષભદેવને જૈનધર્મ તો માનેજ છે અને જૈનશાસ્ત્રોમાં તેમની મહત્તા ખૂબ વર્ણવવામાં આવી જ છે, પણ અન્ય ધર્મનાં શાસ્ત્રોએ પણ ભગવાન ઋષભદેવની પ્રાર્થના કરી છે અને તેમનું મહત્ત્વ બતાવ્યું છે. બીજા અવતારોના વિષે તો કોઇ પ્રકારનો મતભેદ પણ હોઇ શકે, પણ ભગવાન ઋષભદેવના વિષયમાં કોઇ પ્રકારનો મતભેદ

નથી. ભગવાન ઋષભદેવના ઝંડા નીચે દરેક હિન્દુ આવી શકે છે. એવા ઋષભદેવ ભગવાન કે જેમણે સંસારનું કલ્યાણ કર્યું છે, અને જેમને બધા હિન્દુ માને છે, તેમના ઝંડા નીચે એકત્રિત થઈ લોકો પોતાનું કલ્યાણ કેટલું બધું સાધી શકે?

સંસારમાં પણ પ્રાયઃ એવું જોવામાં આવે છે કે, જેમને બહુમત પ્રાપ્ત થાય છે તેમને બધા માને છે. ચુંટણીના સમયે જે માણસ બહુમતે ચુંટાઇ આવે તેને બધા માને છે. આ જ પ્રમાણે ભગવાન ઋષભદેવને બહુમતે સ્વીકાર્યા છે અને એટલા જ માટે બધા હિન્દુઓ તેમને માને છે.

જ્યારે આ પૃથ્વીતલ ઉપર ૧૮ ક્રોડા ક્રોડી સાગર વર્ષો સુધી ધર્મનો વિચ્છેદ થઈ ગયો હતો, ત્યારે ભગવાન ઋષભદેવે પોતાની અવસ્થાના ૨૦ ભાગ કુંવરપદમાં પસાર કર્યાં હતાં, ૬૩ ભાગ જનતાના કલ્યાણમાં તથા સંયમ પાલનમાં વ્યતીત કર્યાં હતાં, અને ૧ એક ભાગ કેવલજ્ઞાન તથા કેવલદર્શનની પ્રાપ્તિ કરી જનતાના કલ્યાણમાં પસાર કર્યો હતો. આ પ્રમાણે તેમણે આ પૃથ્વીતલ ઉપર ધર્મની પુનઃસ્થાપના કરી હતી. એ ધર્મોદ્ધારને કારણે જ આજે તેમને થયા અસંખ્ય કાલ વ્યતીત થવા છતાં પણ જાણે તેઓ આપણી સામે હોય એમ લાગે છે. એવા પ્રભુની એકાગ્રતાપૂર્વક પ્રાર્થના કરો તો પણ કલ્યાણ છે.

જૈનશાસ્ત્રોમાં તો ભગવાન ઋષભદેવનું વર્ણન અને તેમનાં ગુણગાન કરવામાં આવ્યાં જ છે પણ વેદવ્યાસજીએ ભાગવત પુરાણમાં પણ તેમની નીચે પ્રમાણે પ્રાર્થના કરેલ છેઃ-

**नित्यानुभूति निजलाभनिवृत्ततृष्णः श्रेयस्यतद्रचनया चिरसुप्तबुद्धेः ।**
**लोकस्य यः करुणाऽभयाऽऽत्मलोक, माख्यन्नमो भगवते ऋषभाय तस्मैः ॥**

તે ઋષભદેવ ભગવાનને મારા નમસ્કાર છે કે જેઓ તૃષ્ણારહિત છે. તેમણે આત્મ-સ્વરૂપનો અભ્યાસ કરી પોતાની મેળે તૃષ્ણાને છોડી દીધી છે. તે તૃષ્ણારહિત ઋષભદેવ ભગવાનને મારા નમસ્કાર છે. ભગવાનને નમસ્કાર કરવાનું કારણ એ છે કે, તેમણે ચિરકાળથી અર્થાત્ અઢાર ક્રોડાક્રોડી સાગર વર્ષોથી જે જીવો મોહનિદ્રામાં અજ્ઞાનાવસ્થામાં સુષુપ્ત હતા તે જીવોને જાગ્રત કર્યા હતા. તેમણે પોતાનું કલ્યાણ તો સાધ્યું જ હતું પણ સાથે સાથે બીજા જીવોનું પણ કલ્યાણ કર્યું હતું. જે કેવળ પોતાનું જ કલ્યાણ સાધે છે તેમાં કાંઇ વિશેષતા નથી. વિશેષતા તો પોતાનું કલ્યાણ કરવાની સાથે બીજાનું કલ્યાણ કરવામાં રહેલી છે.

કહેવાનો આશય એ છે કે, પોતાનું કલ્યાણ તો ઘણા લોકો કરે છે પણ તેમની ગણના પરમાર્થીઓમાં થતી નથી, પણ જે લોકો સંસારનું હિત કરે છે તેમની જ ગણના પરમાર્થીઓમાં થાય છે. જો સૂર્ય પોતે જ પ્રકાશ લે, બીજાને પ્રકાશ આપે નહિ તો તમે તેને સૂર્ય કહેશો? પાણી જો તમારી તરસને છીપાવે નહિ તો તેને પાણી કહેશો? અને જે અન્ન તમારી ક્ષુધાને શાન્ત કરે નહિ તેને તમે અન્ન કહેશો? નહિ. એજ પ્રમાણે જે બીજાઓનું કલ્યાણ સાધતા નથી તેમની ગણના મહાપુરુષોમાં થતી નથી. મહાપુરુષો તો તેઓ જ છે કે, જેઓ જગતનું કલ્યાણ કરે છે.

જે પ્રમાણે ભગવાને પોતાનું કલ્યાણ કરવાની સાથે બધાનું કલ્યાણ કર્યું તે જ પ્રમાણે તમારે પણ તમારું કલ્યાણ કરવાની સાથે બીજાઓનું પણ કલ્યાણ કરવું જોઇએ.

જે જે અવતારો કે મહાપુરુષો પેદા થયા છે તે બધા આ પૃથ્વી ઉપર જ થયા છે. આ પૃથ્વી ઉપર રહીને જેટલું કલ્યાણ પોતાનું અને બીજાનું થઇ શકે છે તેટલું કલ્યાણ બીજે ક્યાંય થઇ શકતું નથી. દેવલોકમાં પણ થઈ શકતું નથી. દેવલોકમાં તો બધા સુખી હોય છે એટલે ત્યાં કોના ઉપર કરુણા કરી શકાય! કરુણા કરવાનું સ્થાન તો આ જ ભૂમી છે. એટલા માટે પોતાનું કલ્યાણ કરવાની સાથે બીજાનું કલ્યાણ કરવાનો ઉત્સાહ રાખો. એમ થવું ન જોઇએ કે, અહીં તો ઉપદેશ સાંભળીને ઉત્સાહ બતાવો પણ અહીંથી બહાર જતાં જ ઉત્સાહને ઓસરી મૂકો. ધર્મના કામમાં તો એવો ઉત્સાહ હોવો જોઇએ કે જે ઓછો જ ન થાય!

કાલથી પર્યુષણપર્વનો પ્રારંભ થાય છે. આ પર્વ એ ધર્મપર્વ છે, એટલા માટે આ પર્વમાં ધર્મોદ્યોત કરવા માટે ધર્મનો ઉત્સાહ વધારે હોવો જોઇએ.

કેટલાક લોકો આ પર્વમાં પાપપૂર્ણ પ્રવૃત્તિનો પણ ઉપદેશ કરે છે, પણ આ પર્વ ધર્મપર્વ છે એટલા માટે આ પર્વમાં ધર્મારાધન કરો અને પાપ પ્રવૃત્તિથી બચો!

## અનાથી મુનિનો અધિકાર—૨૮

હવે અનાથી મુનિની વાત કહું છું. અનાથી મુનિની અનાથતાનું વર્ણન સાંભળી રાજા શ્રેણિકને ઘણું આશ્ચર્ય થઈ રહ્યું છે.

મુનિએ માત પિતા તરફની અનાથતાનું તો વર્ણન કર્યું. હવે ભાઇના તરફથી તેમને કેવી અનાથતા હતી તેનું વર્ણન કરે છેઃ-

**भायरो मे महाराय ! सगा जिट्ठकणिट्ठगा ।**
**न य दुक्खा विमोयंति, एसा मज्झ अणाहया ॥ २६ ॥**

"હે રાજન! મારે સગા નાના મોટા ભાઇઓ પણ હતા. તે નામના ભાઇઓ ન હતા પણ સાચા સહોદર હતા.

"હે રાજન્! સંસારમાં સાચા ભાઇઓનું મળવું બહુ જ મુશ્કેલ છે. હા, જે લોકો ધનવૈભવને જ આધક માને છે તેમની દૃષ્ટિમાં તો ભાઈઓ વૈરી સમાન હોય છે. તેઓ એમ માને છે કે, ભાઈએ માતાના પેટમાં જન્મીને મને માતાના દૂધથી વંચિત કરી નાંખ્યો, જન્મ લઇને માતા-પિતાના સ્નેહમાં ભાગ પડાવ્યો અને મોટો થઇને ધનમાંપણ ભાગીદાર બન્યો. આ પ્રકારની માન્યતાવાળા લોકો ભાઇને પણ વૈરી માને છે પરંતુ હે રાજન્! મારે એવા ભાઇઓ ન હતા, જેઓ મને શત્રુરૂપે માનતા હોય! મારા ભાઇઓ તો પોતે સંકટ સહન કરીને પણ મારી રક્ષા કરે એવા હતા. રામ અને લક્ષ્મણ, ભગવાન મહાવીર અને નંદિવર્ધન એ બંધુ બેલડી જેવા મારા ભાઈઓ હતા.

જ્યારે કૈકેયીને કારણે રામ વનમાં જવા લાગ્યા અને તેની ખબર લક્ષ્મણને પડી ત્યારે લક્ષ્મણ ખૂબ ક્રોધી થયા. લક્ષ્મણના ક્રોધને જોઇ રામ કહેવા લાગ્યા કે, "તું ભાઇનું ગૌરવ વધારવા ચાહે છે કે ઘટાડવા!" આ સાંભળી લક્ષ્મણ શાન્ત પડી ગયા અને રામને કહેવા લાગ્યા કે, "આપ જેમ કહેશો તેમ કરીશ, પણ આપથી વિખૂટો ન પડું અને આપની સેવામાં રહું એ જ હું ચાહું છું."

રામે લક્ષ્મણને કહ્યું કે, "જો તું મારી સાથે આવીશ તો માતાપિતાને કેટલું બધું દુઃખ થશે? વળી મારી સાથે આવવાનો તું આગ્રહ પણ શા માટે કરે છે! શું હું કાયર છું! તું તો અહીં રહીને ભાઇ ભરતને સહાય કર. મારી સાથે આવવાની જરૂર નથી."

લક્ષ્મણે કહ્યું કે, "અહીં તો માતાપિતાની સેવા કરનાર તો ઘણા છે. હું તો આપની સાથે જ આવીશ. આપ જંગલમાં જાઓ અને હું મહેલમાં રહું એ કેમ બની શકે?"

લક્ષ્મણની વાત સાંભળી રામ સમજી ગયા કે, લક્ષ્મણ સાથે આવ્યા વિના માનશે નહિ. એટલા માટે તેમણે લક્ષ્મણને કહ્યું કે, "તું માતાની રજા લઈ આવ, પછી મારી સાથે આવજે. લક્ષ્મણ આ સાંભળી પ્રસન્ન થયો પણ સાથે તેને એવો વિચાર આવ્યો કે, માતા પુત્રસ્નેહને કારણે રામની સાથે વનમાં જવાની રજા આપશે કે નહિ? જો માતા રજા નહિ આપે તો રામ પણ સાથે લઈ નહિ જાય! લક્ષ્મણ પરમાત્માને પ્રાર્થના કરવા લાગ્યો કે, "હે પ્રભો! માતાને એવી સદ્દબુદ્ધિ સૂઝે કે મને રામની સાથે વનમાં જવાની સ્વીકૃતિ આપે."

લક્ષ્મણ પોતાની માતા સુમિત્રાની પાસે ગયો. સુમિત્રાને પુત્ર સ્નેહ તો હતો છતાં તેમણે લક્ષ્મણને શું કહ્યું તેનું જૈનરામાયણમાં ઘણું જ સુંદર વર્ણન આપેલ છે. તેમાં કહ્યું છે કે:—

'વત્સ સુવત્સ બુદ્ધિ તારી, ભલો મતો તુંજ માંય;
તાત રામ કરી લેખવો, કહે સુમિત્રા માય.'

સુમિત્રા કહે છે કે, "હે પુત્ર! તેં રામની સાથે વનમાં જવાનો જે વિચાર કર્યો છે તે ઘણો જ સારો વિચાર છે. રામને તું પિતા અને સીતાને માતાની માફક સમજજે. તેમને કોઈ પ્રકારનું કષ્ટ ન થાય તેનો પૂરેપૂરો ખ્યાલ રાખજે, અને તેમની બરાબર સેવા કરજે. તારા ભાગ્યથી જ રામ વનમાં જાય છે અને તેથી જ તને સેવા કરવાનો આવો શુભ અવસર મળે છે."

લક્ષ્મણ જેવો ભાઈ અને સુમિત્રા જેવી માતા મળવી મુશ્કેલ છે. સુમિત્રા કહે છે કે, "હે પુત્ર! તારા ભાગ્યથી જ રામ વનમાં જાય છે માટે તું પણ જા, ઢીલ કર નહિં, નહિં તો રામ વનમાં ચાલ્યા જશે અને તું અહીં રહી જઈશ." માતાનું આ કથન સાંભળી લક્ષ્મણને કેટલો બધો હર્ષ થયો હશે? ભૂખ્યાને અન્ન અને તરસ્યાને પાણી મળવાથી જેવો આનંદ થાય તેવો આનંદ લક્ષ્મણને થયો.

લક્ષ્મણ, રામની સાથે વનમાં ગયો. વનમાં લક્ષ્મણે રામની કેવી સેવા કરી એ તો વાત પ્રસિદ્ધ જ છે.

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! મારા ભાઇઓ સ્વાર્થી ન હતા, પણ મારા દુઃખને દૂર કરવા માટે અને રોગમુક્ત કરવા માટે હમેશાં પ્રયત્નશીલ રહેતા હતા. મારા ભાઈઓ હમેશાં મારા વિષે ચિંતા કરતા હતા કે, "મારા ભાઇનું દુઃખ કેમ દૂર થાય અને તે રોગમુક્ત કેમ થાય! અમને તો ત્યારે જ આનંદ થશે કે, જ્યારે ભાઇનો રોગ દૂર થશે. કોઈ ભલે આ બધી સંપત્તિને કે આ ઘરબારને લઈને પણ અમારા આ

ભાઈને સાજો તાજો કરી આપે તો અમે એમ કરવા પણ તૈયાર છીએ આ પ્રમાણે મારા ભાઈઓ મને રોગમુક્ત કરવા માટે પ્રયત્ન કરતા હતા છતાં પણ તેઓ મને રોગ-મુક્ત કરી ન શકયા એવી મારી અનાથતા હતી."

અનાથી મુનિ જે કાંઈ કહે છે તે ઉપર તમે લોકો પણ વિચાર કરો! અનાથી મુનિના ભાઈઓ જ્યારે અનાથી મુનિને રોગમુક્ત કરી ન શકયા તો પછી શું તમે લોકો તમારા ભાઈનાં દુઃખો મટાડી શકો છો! જો નહિ, તો પછી જે પ્રમાણે રાજા શ્રેણિક પોતાને અનાથ માનવા લાગ્યો તે જ પ્રમાણે તમે પણ પોતાને અનાથ શા માટે માનતા નથી! માતા-પિતા-ભાઇ વગેરેના જેમ તમે નાથ નથી તેમ તેઓ તમારા પણ નાથ નથી. એટલા માટે આત્માના નાથ તમે પોતે બનો. જો તમે તમારા આત્માના નાથ બનશો તો આખું જગત તમારા પગમાં પડશે. અનાથી મુનિ પોતાના નાથ બન્યા, તો રાજા શ્રેણિક પણ તેમના પગે પડયા. રાજા શ્રેણિક તલવારના ભયથી કોઈના પગે પડે એવા ન હતા પણ જેઓ પોતાના આત્માના નાથ બન્યા હતા તે સનાથ બનેલા અનાથી મુનિના પગે પડવામાં તેમને જરાપણ સંકોચ ન થયો.

તમે પણ તમારા આત્માના નાથ બનો. હું એમ નથી કહેતો કે, તમે આજે જ ઘરબાર છોડી દો. પણ 'મારે અનાથ મટી સનાથ બનવું છે' એવી ભાવના તો તમારામાં હોવી જોઈએ. જો સનાથ બનવાની તમારી ભાવના હશે તો કોઇ દિવસ પણ તમારા આત્માને સનાથ પણ બનાવી શકશો.

સંસારમાં જે લોકો નિર્બળ હોય છે તેમને માથે જ દુઃખો પડે છે. બળવાન લોકો ઉપર દુઃખો પડતાં નથી. વ્યવહારમાં પણ જુઓ કે, માતાને બિચારા બકરાનું જ બલિ-દાન આપવામાં આવે છે, સિંહનું બલિદાન આપવામાં આવતું નથી; કારણ કે બિચારી બકરીને તો કાન પકડીને બલિવેદી ઉપર લઈ જવામાં આવે છે; પણ સિંહ તો પકડનારનું પણ ભક્ષણ કરી જાય છે તો પછી તેનું બલિદાન આપવાની વાત જ શી કરવી? આજે સ્વરાજ્ય માટે બૂમ પાડવામાં આવે છે પણ નિર્બળને સ્વરાજ્ય કોણ આપે? એટલા માટે અનાથી મુનિનું કથન ધ્યાનમાં લઈ આત્માને સબળ અને સનાથ બનાવો. જો તમે આ કથનને ધ્યાનમાં લેશો, તો તમને જ લાભ થશે.

## સુદર્શન ચરિત્ર—૨૮

આત્માને બળવાન કેવી રીતે બનાવી શકાય એ હવે બતાવું છું. ઘણા લોકો કલ્યાણ-કારી દિવસોને પણ અકલ્યાણકારી બનાવી લે છે. જેમકે કેટલાક લોકો બીમાર હોવા છતાં પણ કહે છે કે, એકવાર ચાર દિવસ માટે સાજો થઇ જાઉં અને મેળો જોઇ આવું તો સારુ-પછી તો કોણ જાણે મેળો જોઈ શકાશે કે નહિ! કેટલાક લોકો કહે છે કે, જન્માષ્ટમીનો દિવસ જુગાર રમવા માટે જ છે. આ પ્રમાણે લોકો કલ્યાણકારી દિવસોને પણ અકલ્યાણકારી બનાવી લે છે. ચંપામાં પણ એવું જ થયું. ત્યાંના લોકોને પણ ઇન્દ્ર-ઉત્સવમાં જવા માટે બહુ જ તાલાવેલી થઇ પણ સુદર્શનને તો ધર્મની જ તાલાવેલી લાગી

હતી એટલે તે તો અઠ્ઠમ કરી પૌષધમાં બેસી ગયો. રાજાને પણ આજે ઉત્સાહ છે, અને સુદર્શનને પણ ઉત્સાહ છે, પરંતુ બન્નેના એ ઉત્સાહમાં ઘણું જ અંતર રહેલું છે.

**નૃપ આદેશે ઈન્દ્ર ઉત્સવે, ચલે સભી પુર બાહર;**
**સજ શ્રૃંગાર ચલી નૃપનારી, કપિલા ઉસકી લાર. ।। ધન૦ ૩૧ ।।**
**પાંચ પુત્ર સંગ મનોરમાજી, ચલી બૈઠ રથ માંય;**
**કપિલા નિરખી અતિ મન હર્ષી, રાનીકો બતલાય. ।। ધન૦ ૩૨ ।।**
**સતી સાવિત્રી લક્ષ્મી ગૌરીસે, અધિકી ઈનકી કાય;**
**કિસ ઘર ચહનારી સુખકારી, શોભા વરણી ન જાય. ।। ધન૦ ૩૩ ।।**
**રાણી કહે સુન પુરોહિતાણી, શેઠ સુદર્શન નાર;**
**સત્ય શિયલ ઔર નિયમ ધર્મસે, ઈસકા શુદ્ધ આચાર ।। ધન૦ ૩૪ ।।**
**મુહ મચકોડો તનકો તોડી, હૅસી કપિલા ઉસ બાર;**
**ભેદ પૂછતી અતિ હઠ ધરતી, કહો હૅસી પ્રકાર. ।। ધન૦ ૩૫ ।।**

ભગવાન મહાવીરે કહ્યું છે કેઃ—

**चउविहे समणसंघे पन्नते तंजहा समणाए समणीए, सावयाए, साविंयाए ।**

—શ્રી સ્થાનાંગ સૂત્ર.

આ પ્રમાણે ભગવાને ચાર પ્રકારના તીર્થમાં સાધુ સાધ્વીની સાથે શ્રાવકશ્રાવિકાનો પણ સમાવેશ કર્યો છે. જે તીર્થ સ્વરૂપ હોય છે તે કેવો તારક હોય છે અને તે જગતનું કેવું કલ્યાણ કરે છે એ વાત સુદર્શનના ચરિત્ર ઉપરથી જુઓ. સુદર્શન પણ તીર્થ છે. જે તીર્થસ્વરૂપ હોય છે તેમના માથે પોતે તરવાની અને બીજાને તારવાની જવાબદારી રહેલી હોય છે. આમ હોવા છતાં જે તીર્થસ્વરૂપ શ્રાવક પણ જુગાર રમે, પરસ્ત્રી ઉપર કુદષ્ટિ ફેંકે અને અહીં તહીં ભટકયા કરે એવા શ્રાવકને તીર્થસ્વરૂપ શ્રાવક કેમ કહી શકાય ! ભગવાને શ્રાવકના પણ ચાર પ્રકારો બતાવતાં કહ્યું છે કેઃ—

**चत्तारि समणोवासगा पण्णत्ता तंजहाः—**
**अहागसमाना पड़ागसमाना, ठाणुसमाणा खरकंटसमाणा ।**

અર્થાત—શ્રાવકો ચાર પ્રકારના છે. કોઇ શ્રાવક કાચની માફક હોય છે, કોઈ ધ્વજાની માફક હોય છે, કોઇ ઠુંઠાની માફક હોય છે અને કોઈ ઝેરી કાંટાની માફક હોય છે. જે કાચની માફક હોય છે તે શ્રાવક અંદર અને બહારથી નિર્મળ હોય છે. જેમ નિર્મળ અરીસામાં મોઢું સાફ જોઈ શકાય છે તેમ તેવો નિર્મળ શ્રાવક બીજાને માટે આદર્શરૂપ હોય છે. જે ધ્વજાની માફક હોય છે તે શ્રાવક જેમ હવાથી ધ્વજા કોઈવાર આ બાજુ તો કોઇવાર બીજી બાજુ ઉડે છે તેમ ધ્વજાની જેવો શ્રાવક સમય જોઈને કામ કરે છે. ત્રીજો ઠુંઠાના જેવો શ્રાવક એવો હોય છે કે, જેમ ગમે તેટલો વરસાદ વરસે અને ગમે તેટલું પાણી સીંચવામાં આવે છતાં ઠુંઠાને ફળફુલ કે પાંદડાં આવતાં નથી, તેમ જે શ્રાવકને ગમે તેટલો સમજાવવામાં આવે છતાં ધર્મમાં પ્રવૃત્ત ન થાય તે ઠુંઠાના જેવો શ્રાવક છે; અને ચોથા પ્રકારનો શ્રાવક ઝેરી કાંટાની સમાન હોય છે, અર્થાત્ જેમ ઝેરી કાંટો પોતે તુટી જાય છે અને સાથે બીજાને પણ પીડા આપે છે, તેજ પ્રમાણે જે પોતે પણ ખરાબ હોય છે અને બીજાને પણ ખરાબ બનાવે છે.

આ પ્રમાણે ચાર પ્રકારના શ્રાવકો હોય છે. તમે આ ચાર પ્રકારના શ્રાવકોમાંથી કયા પ્રકારના શ્રાવક બનવા ચાહો છો તેનો વિચાર કરો!

સુદર્શન કાચની સમાન આદર્શ શ્રાવક હતો. સુદર્શન, મનોરમાને રાજાજ્ઞાનું પાલન કરવા માટે ઉત્સવમાં ભાગ લેવાનું કહી પોતે અટ્ઠમ કરી પૌષધમાં બેસી ગયો. મનોરમાએ વિચાર્યું કે, મેળામાં જવાની મારી ઇચ્છા તો નથી, પરંતુ પતિના વ્યવહારની રક્ષા કરવા માટે રાજ્યાજ્ઞાનું પાલન કરવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી, પુત્રોને નવાં કપડાં પહેરાવી તથા પોતે પણ આબરૂ પ્રમાણે કપડાં-ઘરેણાં પહેરી તૈયાર થઇ અને રથમાં બેસી ઉત્સવમાં જવા માટે નગર બહાર નીકળી અને સીધી બહાર તૈયાર કરવામાં આવેલા રાણીના દરબારમાં આવી. પુરુષો રાજાના દરબારમાં જતા હતા અને સ્ત્રીઓ રાણીના દરબારમાં જતી હતી. મનોરમા રાણીના દરબારમાં ગઈ. રાણીએ મનોરમાનો સત્કાર કર્યો અને કહ્યું કે, તમે આવ્યા એ બહુ સારું કર્યું. મનોરમાએ ઉત્તર આપ્યો કે, પતિએ આપની આજ્ઞા કહી એટલે આવવું જ પડયું. પતિ તો સાંસારિક કામોમાંથી નિવૃત્ત થઈ પૌષધમાં બેઠા છે એટલે તેમના માટે રાજાજ્ઞાનું પાલન કરવું આવશ્યક રહ્યું નથી, પણ હું તો સંસારના વ્યવહારમાં જ છું, એટલે મારા માટે આપની આજ્ઞાનું પાલન કરવું આવશ્યક જ છે.

રાણીએ કહ્યું કે, બહુ સારું થયું કે તમે આવ્યા. એટલામાં તો કપિલા પણ સુંદર કપડાં પહેરી ઓઢીને આવી. તે ઉત્સવમાં બીજા જ કોઈ ઉદ્દેશે આવી છે. તે ચપળ તો હતી જ, એટલે તે પોતાની ચપલતા બતાવતી રાણીની પાસે આવી. ઉત્સવમાં કપિલા અને મનોરમા બન્ને આવ્યાં છે પણ બન્નેનાં આવવાનાં ઉદ્દેશ અને વિચાર જુદાં જુદાં છે. કપિલાને જોઈ રાણીએ કહ્યું કે, હું તમારી રાહ જોતી હતી ત્યાંજ તમે આવ્યા! કપિલા કહેવા લાગી કે, આપની આજ્ઞા તો માથે ચડાવવી જોઇએ ને! આ પ્રમાણે બન્ને પરસ્પર વાતચીત કરી રહ્યાં છે પણ બન્નેનાં મનનાં ભાવો જુદાં જ પ્રકારનાં છે.

રાણી અને કપિલા એક રથમાં બેસી ઉત્સવ જોવા માટે બહાર નીકળ્યાં. મનોરમા પણ પુત્રોની સાથે પોતાના રથમાં બેસી તેમની સાથે ચાલી. રાણી અને કપિલા તો અહીં તહીં નજર ફેરવતી હતી પણ મનોરમા નીચી દૃષ્ટિ કરી રથમાં બેઠેલ હતી. કપિલા મનોરમા સામે દ્રષ્ટિ કરી તેને વારંવાર જોવા લાગી. રાણીએ કપિલાને પૂછ્યું કે, તું આમ વારંવાર શું જોયા કરે છે! કપિલાએ ઉત્તર આપ્યો કે, આ રથમાં બેઠેલી સ્ત્રીને જોઉં છું કે તે કેવી છે! હું તે સ્ત્રીને લક્ષ્મી કહું કે સરસ્વતી કહું! તે કેવી સુંદરી છે! અને તે સુંદરીની સાથે બેઠેલાં બાળકો પણ કેવાં સુંદર છે! ન જાણે એ કોણ છે? રાણીએ ઉત્તર આપ્યો કે, તું એને જાણતી નથી? એ તો નગરશેઠની શેઠાણી છે, અને એ પાંચ પુત્રો પણ તેમનાં જ છે.

આ સાંભળતાં જ કપિલા તાળી પાડતી હસવા લાગી. કપિલાને આ પ્રમાણે હસતી જોઇ ચોસઠ કળાને જાણનારી રાણી સમજી ગઈ કે, કપિલાના આ હાસ્યમાં કોઈ મર્મ અવશ્ય છુપાએલો છે! તે કપિલાને પૂછવા લાગી કે, તું શા માટે હસે છે? કપિલાએ

જવાબ આપ્યો કે, એ તો સહેજે હસું છું. રાણીએ હઠ પકડી કે, તું મારાથી પણ વાત છુપાવે છે! મને કાંઇ તારી પરવા નથી, પણ જો તું મને ચાહે છે અને મારી સાથે સંબંધ રાખવા ચાહે છે તો તારે હસવાનું કારણ બતાવવું જ પડશે!

હવે કપિલા પાસેથી અભયા રાણી કેવી રીતે વાત કઢાવે છે અને કપિલા કેવી રીતે પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે તેનો વિચાર હવે પછી-આગળ કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા શુદી ૧૨ શનીવાર

નોંધઃ—

**[ શ્રાવણ વદી ૧૩ શુક્રવારથી પ્રથમ ભાદરવા સુદી ૫ શુક્રવાર સુધીના શ્રી પર્યુષણ પર્વમાં પૂજ્યશ્રીએ વ્યાખ્યાન શ્રી અંતગડદશાંગ સૂત્ર વાંચેલ હતું, અને ત્યારબાદ પૂજ્યશ્રીએ છ ઉપવાસ-છકાઇનો તપ કરેલ તેથી પ્ર. ભાદરવા સુદી ૧૧ સુધી તેઓશ્રીએ વ્યાખ્યાન ફરમાવેલ નહોતાં].**

### પ્રાર્થના

**ચેતન ભજ કલ્યાણ કરનકો, આન મિલ્યો અવસર રે,**
**શાસ્ત્ર પ્રમાણ પિછાન પ્રભુ ગુન, મન ચંચલ થિર કર રે;**
**શ્રેયાંસ જિણંદ સુમર રે. ॥ ૧ ॥**

શ્રી શ્રેયાંસનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માનો માર્ગ ભૂલેલા સાંસારિક લોકોને સંબોધન કરતાં ભક્ત લોકો કહે છે કે "હે જગજ્જીવો! હવે મોહનિદ્રામાંથી જાગી પરમાત્માનું સ્મરણ કરો! મોહનિદ્રામાં તમે તમારું ભાન પણ ભૂલી ગયા છો માટે એ મોહનિદ્રાને છોડી જાગો અને પરમાત્માનું ધ્યાન ધરો!" આ પ્રમાણે "ઉઠો, જાગો અને પરમાત્માનું સ્મરણ કરો" એમ વારંવાર કહી ભક્ત લોકો પરમાત્માનું સ્મરણ કરવાની પ્રેરણા આપે છે. તેનો ઉદ્દેશ એ છે કેઃ-

**ચેતન ભજ કલ્યાણ કરનકો, આન મિલ્યો અવસરરે,**
**શાસ્ત્ર પ્રમાણ પિછાન પ્રભુ ગુણ, મન ચંચલ થિર કરરે.**

હે જગજ્જીવો! શું કરું, શું કરું એવી મનની ચંચલતા છોડી દઈ બુદ્ધિને શાન્ત રાખો. શાસ્ત્ર પ્રમાણની આજ્ઞાદ્વારા મનની ચંચલતાને દૂર કરી બુદ્ધિને સમતોલ રાખો. આ પ્રમાણે મનની ચંચલતાને કાબુમાં રાખી બુદ્ધિને સમતોલ રાખશો તો પરમાત્માનું સ્મરણ બરાબર કરી શકશો.

શાસ્ત્ર પોતે પ્રમાણભૂત છે. તેને પ્રમાણિત કરવા માટે બીજા પ્રમાણની જરૂર રહેતી નથી. આજકાલ લોકો શાસ્ત્રનું માપ પોતાની બુદ્ધિના માપદ્વારા કાઢવા ચાહે છે, અને

પોતાની બુદ્ધિના પ્રમાણદ્વારા શાસ્ત્રનું પ્રમાણ જુએ છે, પણ એટલું વિચારતા નથી કે, જે શાસ્ત્રો મહાજ્ઞાનીના પ્રમાણથી બનેલાં છે તે શાસ્ત્રોને પોતાની બુદ્ધિના પ્રમાણદ્વારા કેમ માપી શકાય? કદાચ કોઈ કહે કે, જ્યારે શાસ્ત્રો મહાજ્ઞાનીના પ્રમાણદ્વારા બનેલાં છે તો પછી તેમાં કહેવામાં આવેલી કોઈ વાત વિષે ભ્રાન્તિ કેમ રહે છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પોતાની અપૂર્ણતાને કારણે ભ્રાન્તિ રહેવા પામે છે. પોતાની અપૂર્ણતાનો ખ્યાલ રાખી આ વીતરાગની વાણી છે, એમ સમજીને જે કાંઇ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે તે સત્ય છે, એમ માનશો તો, કોઈ વાત ન સમજવા છતાં એકંદરે તમને લાભ જ થશે. પ્રત્યેક કાર્યનું ફલ પોતાની બુદ્ધિ અનુસાર જ મળશે. જે કોઈ વિકારી વસ્તુ કે વાત હોય તો એ વીતરાગની વાણી નથી એમ માનવું, પણ જે વાત નિર્વિકારી હોય તે વીતરાગની વાણી છે એમ માનવામાં વિલંબ પણ ન કરવો. આ વાતને લક્ષ્યમાં રાખીને જ જ્ઞાની લોકો એમ કહે છે કે, વીતરાગની વાણીને તું તારી બુદ્ધિના પ્રમાણદ્વારા માપ નહિ, પણ શાસ્ત્રને પ્રમાણભૂત માની પરમાત્માનું સ્મરણ કર. તને વીતરાગના વચનામૃતને પાન કરવાનો આ શુભ અવસર મહા મુશ્કેલીએ મળ્યો છે. આ અવસર કેટલી મહા મુશ્કેલીએ મળ્યો છે એ વિષે ભગવાને ગૌતમ સ્વામીને પણ કહ્યું હતું કે:–

**वणस्सइकायमइगओ उक्कोसं जीवे संवस्से ।**
**कालमणन्तं समयं गोयम ! मा पमायए ॥**

હે ગૌતમ! સંસારની સ્થિતિ ઘણી જ વિકટ છે. જેનો અંત આવવો બહુજ મુશ્કેલ છે. વનસ્પતિકાયમાં પણ આ આત્મા રહી આવેલ છે. મહા મુશ્કેલીએ આ મનુષ્ય જન્મ મળ્યો છે તો શું આ અવસરને નકામો ગુમાવી દેવો ઉચિત છે?

ભગવાન મહાવક્તા હતા અને ગૌતમ સ્વામી મહાશ્રોતા હતા. એટલા માટે તેમણે તો ભગવાનનો ઉપદેશ સાંભળી શુભ અવસરને નકામો જવા ન દીધો, પણ આપણે શું કરવું જોઇએ? તેનો વિચાર કરો. આપણે તો પરમાત્માનું સ્મરણ કરી સાંપડેલા શુભ અવસરનો સદુપયોગ કરવો જોઇએ. પરમાત્માનું સ્મરણ કરવા તો બધા ચાહે છે પણ એવું કયું કારણ છે કે, ઇચ્છા હોવા છતાં પરમાત્માનું સ્મરણ થઇ શકતું નથી? એ કારણ પુદ્ગલોની ઇચ્છા છે. પુદ્ગલોની ઇચ્છા હોવાના કારણે પરમાત્માનું સ્મરણ, ઇચ્છા હોવા છતાં પણ થઇ શકતું નથી. જે પુદ્ગલોની ઇચ્છાથી નિવૃત્ત થાય છે તે જ ભગવાનની સમીપ જઇ શકે છે. એટલા માટે પુદ્ગલોની ઇચ્છાનો ત્યાગ કરી પરમાત્માનું સ્મરણ કરો!

પુદ્ગલોની ઇચ્છા છોડવી લોકોને બહુજ મુશ્કેલ જણાય છે, પણ એ વિશે ઊંડો વિચાર કરવામાં આવે તો એ કામ સરલમાં સરલ છે; કારણ કે, જીવ એ પુદ્ગલ નથી તેમ પુદ્ગલોનો તે સ્વામી પણ નથી. કહ્યું છે કે:–

**જીવ નહીં પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા, પોગ્ગલાધાર નહીં તાસરંગી!**

આ પ્રમાણે જ્યારે જીવ પુદ્ગલ નથી તેમ તે પુદ્ગલોનો સ્વામી નથી, તો પછી પુદ્ગલોનો મોહ છોડવો શું મુશ્કેલ છે? જો પુદ્ગલોનો ત્યાગ કરવો મુશ્કેલ હોત તો, ભગવાન વીતરાગ આપણને તેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપત નહિ! વાસ્તવમાં પુદ્ગલોનો ત્યાગ કરવો મુશ્કેલ નથી પણ અજ્ઞાનને કારણે આપણે તેને મુશ્કેલ માની બેઠા છીએ. જીવે,

પુદ્દગલોનો ત્યાગ કરવો કેવી રીતે મુશ્કેલ માની લીધું છે એ એક ઉદાહરણદ્વારા સમજાવું:–

કલ્પના કરો કે, કોઈ માણસે એક સાપને ફુલની માળા સમજી હાથમાં પકડી લીધો, બીજા માણસે તેને કહ્યું કે, અરે! એ તો વિષધર છે માટે એને મૂકી દે. પણ પેલો માણસ તેને ફુલની માળા સમજી રહ્યો છે, એટલે સાપને છોડી મૂકવો તેને મુશ્કેલ જણાય છે. તે તો સાપને પણ ફુલની માળા સમજી રહ્યો છે એ તેનું અજ્ઞાન છે; અને એ અજ્ઞાનને કારણે જ સાપનો ત્યાગ કરવો તેને મુશ્કેલ જણાય છે; પણ જ્યારે તેનું અજ્ઞાન ફીટી જશે, અને આ ફુલની માળા નહિ પણ વિષધર–સાપ છે એવું જ્ઞાન થશે, ત્યારે શું તે સાપને એક ક્ષણભર પણ હાથમાં પકડી રાખશે ખરો ?

આ જ પ્રમાણે જીવ, પુદ્દગલોને પોતાને સુખ આપનાર વસ્તુ માની હૃદયમાં સ્થાન આપી રહ્યો છે; પણ આ જીવનું અજ્ઞાન છે. જો કે જ્ઞાનીજનો પુદ્દગલોનો ત્યાગ કરો એમ વારંવાર કહે છે, પરંતુ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી પુદ્દગલોનો ત્યાગ કરવો મુશ્કેલ જણાય છે. જ્યારે જ્ઞાનીઓના ઉપદેશનો પ્રભાવ હૃદયમાં ઊતરશે, અજ્ઞાન ફીટી જશે અને પુદ્દગલો એ દુઃખનું કારણ છે, પુદ્દગલમોહના કારણે જ જન્મ મરણ કરવાં પડે છે અને તેના કારણે જ પરમાત્માનું સ્મરણ કરવામાં બાધા આવે છે, એવું જ્ઞાન પ્રગટ થશે ત્યારે શું જીવ પુદ્દગલોને પકડી રાખશે? જ્યારે સર્પ એ ફુલની માળા નહિ, પણ વિષધર છે, એવું જાણ્યા બાદ કોઈ સર્પને પકડી રાખતો નથી; તે જ પ્રમાણે પુદ્દગલો એ દુઃખરૂપ છે, એ જાણ્યા બાદ, કોઈ જીવ તેને પકડી રાખતો નથી, પણ તેથી દૂર દૂર ભાગે છે. સાપનો ડંખ તો એક જ ભવ બગાડે છે, પણ પુદ્દગલોનો ડંખ તો અનેક ભવ બગાડે છે, એવું ભાન થયા બાદ પુદ્દગલો ઉપર મોહ રહેવા પામે નહિ. પણ પુદ્દગલો મારા આત્માને હાનિ પહોંચાડે છે એવું ભાન પહેલાં થવું જોઇએ. આ ભાન થયા બાદ પુદ્દગલોનો ત્યાગ કરવો કાંઇ મુશ્કેલ નથી. પુદ્દગલો આત્માની હાનિ કરનારાં છે, એમ માની પુદ્દગલોનો ત્યાગ કરો અને પરમાત્માનું સ્મરણ કરો તો તેથી આત્માનું કલ્યાણ થશે.

## અનાથી મુનિનો અધિકાર—૨૯

અનાથી મુનિ પણ રાજા શ્રેણિકને એજ ઉપદેશ આપે છે.

રાજાએ મુનિને કહ્યું કે, "આપની આ અવસ્થા ભોગને યોગ્ય છે તો પછી આ અવસ્થામાં આપે સંયમ શા માટે ધારણ કર્યો? આ અવસ્થામાં સંયમ ધારણ કરવાનો ઉપદેશ આપને કોણે આપ્યો?"

રાજાના આ કથનના જવાબમાં મુનિએ જણાવ્યું કે, "હે રાજન્! આ ઉપદેશ મારા આત્માએ જ મને આપ્યો છે. મારા આત્માએ જ સંસારના બધાં પદાર્થોનું રૂપ જાણી તેનો ત્યાગ કર્યો છે."

રાજાએ પૂછ્યું કે, "સંસારના બધાં પદાર્થોનું રૂપ કેવી રીતે જાણ્યું?"

આ પ્રશ્નના ઉત્તરમાં મુનિ પોતાનું પૂર્વ વૃત્તાન્ત કહી રહ્યા છે.

અહીં અનાથી મુનિ નથી કે રાજા શ્રેણિક નથી; પણ હું અને તમે છો. જ્યારે હું અને તમે, મુનિ અને રાજાની માફક બનીને કથા કહેવામાં–સાંભળવામાં આવે, ત્યારે જ

કથાનો રસ ચાખી શકાય! જો કથા કહેનાર અને સાંભળનાર ભાડુતી હોય તો કથાનો સાચો રસાસ્વાદ આવી ન શકે! એ મહામુનિના આ પ્રવચનનું મહત્ત્વ તો કોઇ જ્ઞાની જ બરાબર રીતે બતાવી શકે, પરંતુ અહીં તો હું છું એટલે મારે જ મારી અપૂર્ણ વાણીમાં તમને બતાવવું પડશે.

અનાથી મુનિ રાજા શ્રેણિકને કહી રહ્યા છે કે, "હે રાજન્! તું જે શરીરને ભોગ ભોગવવાનું સાધન માને છે એ શરીરમાં એક મહાવ્યાધિ પેદા થવા પામી હતી"

લોકો વ્યાધિને કર્મનો ઉદય કે પાપનું ફળ માને છે પણ કારણ કાર્યભાવનો વિચાર કરતાં હું તો વ્યાધિને સંયમનું કારણ માનું છુ. મારી એ વ્યાધિને શાંત કરવા માટે ઔષધાદિના અનેક ઉપચારો કરવામાં આવ્યાં, મારી વ્યાધિને મટાડનાર વૈદ્યોને ઘરની બધી સંપત્તિ આપવા પણ મારા પિતા તૈયાર થઈ ગયા, પણ મારી તે વ્યાધિ કોઈ પણ ઉપાયે શાંત ન થઈ. મારી માતા તથા મારા ભાઇભાંડુઓ પણ મારા દુઃખે દુઃખી રહેતા હતા અને મારી વ્યાધિને દૂર કરવા માટે સતત પ્રયત્ન કરતા હતા, પણ મારો રોગ કોઇ પણ ઉપાયે દૂર ન થયો. જેમ જેમ માતા-પિતાના પ્રયત્નો નિષ્ફળ થવા લાગ્યાં તેમ તેમ મારો નિશ્ચય પણ દૃઢ થતો ગયો કે, જે કામને આત્મા પોતે સાધી શકતો નથી, તે કામને બીજા લોકો સાધી શકશે એમ માનવું એ ભૂલ છે.

**भइणिओ मे महाराय! सगा जिट्ठकणिट्ठगा।**
**नय दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया॥ २७॥**

આ પ્રમાણે કહી અનાથી મુનિ આગળ કહે છે કે, "હે રાજન્! મારે સગી મા-જણી નાની-મોટી બહેનો પણ હતી. સાધારણ રીતે સંસારની કોઈ પણ સ્ત્રીને બહેન કહી શકાય છે, પણ એ ધર્મના સંબંધે બહેન કહેવાય છે, પણ સગી બહેન કહેવાતી નથી. એ મારી સગી બહેનોએ પણ મારા રોગના નિવારણ માટે પોતાથી બનતાં બધાં પ્રયત્નો કર્યા પણ મારા રોગને દૂર કરવા માટે સમર્થ નીવડી શકી નહિ."

અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે, જ્યારે માતા-પિતા તથા ભાઈઓ દુઃખમુક્ત કરી ન શકયા, તો પછી બિચારી બહેનો દુઃખમુક્ત કેમ કરી શકે? જ્યાં સૂર્યનો પ્રકાશ કામમાં આવી ન શકયો ત્યાં દીપકનો પ્રકાશ શું કામ કરી શકે? આજ પ્રમાણે માતા-પિતા તથા ભાઈઓ મુનિને દુઃખમુકત કરી ન શકયા, તો પછી બહેનો દુઃખમુકત કરી ન શકે એ દેખીતું હોવા છતાં, તેમનું જુદું વર્ણન શા માટે કરવામાં આવ્યું?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સંસારમાં એવી વિચિત્રતા જોવામાં આવે છે કે, જે કામ મોટાંઓથી થતું નથી તે નાનાંઓથી થઈ જાય છે, અને જે કામ નાનાંઓથી થઇ જાય છે તે મોટેરાંઓ કરી શકતા નથી. જેમકે સોની સોનાને ઓગાળવા માટે દીપકના પ્રકાશથી જે કામ સાધી શકે છે, તે કામ, સૂર્યનો પ્રકાશ અનંતગણો હોવા છતાં સાધી શકતો નથી. પછી ભલે સૂર્ય દીપક કરતાં અનંતગણો પ્રકાશવાન કેમ નથી? વળી જેમ કેટલીક સ્ત્રીઓ સૂર્ય હોવા છતાં પણ દીવો પ્રગટાવી તે દીપકને નમસ્કાર કરે છે. આમ શા માટે સ્ત્રીઓ કરે છે એ વાત ઘણી લાંબી છે, પણ જે કામ મોટેરાંઓ કરી શકતા

નથી તે કામ નાનાંઓદ્વારા થઇ જાય છે એવી વિચિત્રતા સંસારમાં જોવામાં આવે છે. મારી સમજમાં સંસારની આ વિચિત્રતા બતાવવા માટે પણ બહેનોનું વર્ણન કરવામાં આવ્યું હોય તો એ સંભવિત છે. સંસારમાં આ પ્રકારની વિચિત્રતા છે અને એ વિચિત્રતાને કારણે જ આ સંસારનું અસ્તિત્વ છે એમ કહેવાય છે.

આ સિવાય જેવો સંબંધ ભાઈનો ભાઈ સાથે છે તેવો જ સંબંધ બહેનનો પણ ભાઈ સાથે છે. સંસારની આવી સ્થિતિ હોવા છતાં કેટલાક લોકો પુત્રના જન્મથી તો પ્રસન્ન થાય છે અને પુત્રીના જન્મથી દુઃખી થાય છે. આથી વિશેષ દુઃખનો વિષય તો એ છે કે, કેટલીક શ્રાવિકાઓ પણ એવી હોય છે કે, પુત્રનો જન્મ થવાથી તો સુવાવડમાં પુત્ર રક્ષાની પૂરેપૂરી માવજત રાખે છે, પણ જો પુત્રીનો જન્મ થાય છે તો સુવાવડમાં તેના પ્રતિ ઉપેક્ષા સેવવામાં આવે છે. શું પુત્ર-પુત્રી વચ્ચે આ પ્રકારનો ભેદભાવ રાખવો શ્રાવિકા માટે ઉચિત કહેવાય? જેમને અનાર્ય કહેવામાં આવે છે તે યુરોપવાસીઓ પણ આવો ભેદભાવ ન રાખતાં, પુત્ર-પુત્રીને સમાન માને છે, એટલું જ નહિ પણ પુત્ર ન થાય તો પિતાની સંપત્તિની અધિકારિણી તરીકે તે પુત્રીને ગણવામાં આવે છે. આ પ્રમાણે યુરોપવાસીઓ તો પુત્ર-પુત્રી વચ્ચે કશો ભેદભાવ રાખતા નથી, અને તમે આર્ય અને શ્રાવક-શ્રાવિકા થઇને પણ પુત્ર-પુત્રીમાં ભેદભાવ રાખો એ ક્યાંસુધી ઉચિત છે, તેનો ઉંડો વિચાર કરો. માતા-પિતાના સંબંધે તો તમારે પુત્ર-પુત્રી ઉપર સમભાવ હોવો જોઈએ, જરાપણ ભેદભાવ ન હોવો જોઈએ. પુત્ર અને પુત્રી એ બન્નેના સહકારથી જ આ સંસાર ચાલે છે. આ સંસારરૂપી ગાડીનાં એ બન્ને ચક્રો છે. એ બન્ને ચક્રોના આધારેજ આ સંસારની ગાડી ચાલી શકે છે, તેમના વિના આ સંસાર ચાલી પણ ન શકે!

સંસારનું આ વૈચિત્ર્ય બતાવવા માટે જ શાસ્ત્રકારોએ બહેનોનો પક્ષ લીધો છે. અનાથીમુનિએ ભાઈ બહેનનો સંબંધ તોડી નાંખ્યો હતો, છતાં પણ તેઓ ભાઈ બહેન સંબંધનો સ્વીકાર કરી કહે છે કે, જેટલો પ્રયત્ન માત-પિતા તથા ભાઇઓએ કર્યો હતો તેટલો જ પ્રયત્ન બહેનોએ પણ કર્યો હતો. જ્યારે તે ત્યાગી અનાથીમુનિ પણ બહેનના અધિકારનો સ્વીકાર કરે છે તો પછી તમે ગૃહસ્થ હોવા છતાં કન્યાના અધિકારને કેમ માનતા નથી અને પુત્ર-પુત્રી વચ્ચે આટલો બધો ભેદભાવ કેમ રાખો છો?

આજે તો કેટલાક લોકો એમ પણ કહેવા લાગ્યા છે કે, અમને તો પુત્ર કે પુત્રી કોઈની જરૂર જ નથી. સંતાનો બહુ વધી ગયાં છે એટલા માટે અમે તો સંતતિનિરોધનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ અત્રે વિચારવા જેવી વાત તો એ છે કે, સંતતિ વધવા કેમ પામી? સંતતિ તમારી વિષયવાસનાથી જ વધવા પામી છે. હવે જો તમને સંતતિની આવશ્યકતા નથી તો વિષયવાસનાનો ત્યાગ કેમ કરતા નથી? વિષયવાસનાનો તો ત્યાગ કરવો નથી અને કૃત્રિમ ઉપાયોદ્વારા સંતતિનો નિરોધ કરી મોજમઝા માણવી છે. આ કેવું દુષ્કર્મ છે. આ દુષ્કર્મનું દુષ્પરિણામ જોતાં દુઃખ થાય છે કે, આ પરાધીન ભારતની જનતામાં કૃત્રિમ ઉપાયોદ્વારા સંતતિ નિરોધનું ભૂત ક્યાંથી દાખલ થઈ ગયું! અને સંયમનો આદર્શ કેમ ભૂલાઇ ગયો? સંતતિનિરોધનો સાચો ઉપાય સંયમ છે. આ સંયમ માર્ગને છોડી સ્વચ્છંદતાના માર્ગે જવાથી વિષયવાસના ઘટવાને બદલે વધવા પામશે, સ્ત્રીપુરુષનાં

મન કામવાસનાથી રંગાઈ જશે અને વીર્યનો પાણીની માફક દુરુપયોગ થવાને કારણે પરિણામે નિર્બળતા આવશે. વીર્ય એ મનુષ્યનું જીવનસત્ત્વ છે. એ વીર્યનો હ્રાસ થવાથી મનુષ્યજીવનનો હ્રાસ થાય છે. જે વીર્ય મનુષ્યનું જીવનસત્ત્વ ગણવામાં આવે છે એ વીર્યનો પાણીની માફક દુરુપયોગ કરવો એથી વિશેષ દુઃખની બીજી વાત કઇ હોઈ શકે? એટલા માટે સંતતિની વૃદ્ધિ વિષયભોગને કારણે વધવા પામી છે એમ માનો અને સંતતિને રોકવા માટે વિષયભોગને છોડી સંયમનો માર્ગ ગ્રહણ કરો. સંયમનો માર્ગ ગ્રહણ કરવાથી સંતતિનો નિરોધ પણ થશે અને તમે સબળ થઈ તમારું કલ્યાણ પણ સાધી શકશો. તીર્થંકરદેવ પોતે કહી ગયા છે કે, જો કે, 'અમારો જન્મ માતા-પિતાના રજ-વીર્યથી થયો છે તોપણ આત્માનું કલ્યાણ તો બ્રહ્મચર્યદ્વારા જ થાય છે.' તીર્થંકરદેવના આ કથન ઉપર ઊંડો વિચાર કરો અને બ્રહ્મચર્યને આદર્શ માની સંતતિનિરોધ માટે સંયમનો માર્ગ ગ્રહણ કરો. કૃત્રિમ ઉપાયોદ્વારા સંતતિનો નિરોધ કરવો એ સાચો ઉપાય નથી. એ ઉપાય તો આત્માને પતનને માર્ગે લઇ જનારો અને આત્માનું અહિત કરનારો છે. આ ઉન્માર્ગે જૈનસમાજ ન ચડે તો સારું છે નહિ તો તેનું પરિણામ બહુ ભયંકર છે.

અનાથી મુનિએ રાજાને કહ્યું કે, "હે રાજન્! મારે બહેનો પણ હતી. તેમણે પણ માતા-પિતા તથા ભાઇઓની માફક મારા રોગનિવારણ માટે અનેક પ્રયત્નો કર્યા પણ સફળ ન નીવડયાં. એવી મારી અનાથતા હતી.

"હે રાજન્! બહેનની પાસેથી કાંઈ ન લેતાં, તેને સામું આપવું જોઇએ, એ ભાઇનો ધર્મ છે. પણ મારી બહેનો તો મારા દુઃખે દુઃખી રહેતી હતી. હું મારી બહેનને કાંઈ આપી સુખી બનાવું એ મારું કર્ત્તવ્ય હતું પણ હું પોતે જ દુઃખી હતો એટલે તેમને હું સુખી બનાવી શક્યો નહિ. મારા શરીરની આટલી બધી પરવશતા જોઈ મને ભાન થયું કે, "વાસ્તવમાં આ શરીર જ દુઃખનું કારણ છે, માટે આ શરીરથી મુક્ત થવાથી જ હું સુખી થઇ શકીશ. મારું દુઃખ બીજા કોઈ મટાડી શકે એમ નથી, પણ હું જ મારું દુઃખ દૂર કરી શકીશ."

મુનિના આ કથન ઉપર તમે પણ જરા વિચાર કરો. તમારા દુઃખને બીજો કોઇ હરી શકે એમ નથી. તમારો આત્મા જ આ દુઃખને દૂર કરવાને સમર્થ છે. એટલા માટે પોતાના આત્માને જ સુદર્શન શેઠની માફક દુઃખથી મુક્ત થવા માટે સાવધાન કરવો જોઇએ.

## સુદર્શન ચરિત્ર—૨૯

**નારી નપુંસકકી વ્યભિચારી, જન્મ્યા પુત્ર ઈન પાંચ;**
**તુમ જો બોલો શીયલવતી હૈ, યહી હઁસીકા સાંચ. ॥ ધન૦ ૩૬ ॥**

**કૈસે જાના હાલ સુનાવો, કહો વીતક સબ વાત;**
**રાણી બોલી મતિ મન્દ તેરી, હારી સુદર્શન સાથ. ॥ ધન૦ ૩૭ ॥**

**છલ કર તુજકો છલી સુધડને, તૂ નહીં પાયા ભેદ;**
**ત્રિયાચરિત્રકા ભેદ ન સમજી, વ્યર્થ હુઆ તુજ ખેદ. ॥ ધન૦ ૩૮ ॥**

**મુઝસે જો નહીં છલા જાયગા, વહ નર સબસે શૂર;**
**સુર અસુર નાગેન્દ્ર નારીસે, ટલે ન ઉસકા નૂર ॥ ધન૦ ૩૯ ॥**
**અરિ! મૂર્ખા! મત બોલો ઐસી, નારિ ચરિત જો જાને;**
**સુર અસુર યોગીન્દ્ર સિદ્ધ કો, પલક ડાલ વશ આને. ॥ ધન૦ ૪૦ ॥**

કપિલાને હસતી જોઈ અભયા રાણી સમજી ગઈ કે આ હાસ્યની પાછળ કાંઈ રહસ્ય રહેલું જણાય છે! રાણીએ કપિલાને કહ્યું કે, તું શા માટે હસે છે? કપિલાએ જવાબ આપ્યો કે હું સહેજે હસું છું.

રાણીએ હઠ પકડી કે, જો તું મારી સાથે સંબંધ રાખવા ચાહે છે તો તારે હસવાનું કારણ બતાવવું પડશે.

કપિલાએ વિચાર્યું કે, મેં શેઠની આગળ સોગંદ તો ખાધા છે પણ મેં જે સોગંદ લીધા હતા તે તો સ્વાર્થ સાધવા પૂરતાં લીધાં હતાં. હું તો સ્વાર્થની સાથી છું. આ પ્રમાણે વિચાર કરી કપિલાએ રાણીને બધી વાત કહી સંભળાવી.

હવે સુદર્શને પોતે લીધેલી પ્રતિજ્ઞા પાળવી જોઈએ કે નહિ? કેટલાક લોકો 'સામાવાળાએ પ્રતિજ્ઞાનો ભંગ કરી નાંખ્યો તો આપણે પણ પ્રતિજ્ઞાનો ભંગ કરી નાંખવો જોઈએ' એમ વિચારે છે પણ સામાવાળાએ પ્રતિજ્ઞાનો ભંગ કરી નાંખ્યો એટલે આપણે પણ પ્રતિજ્ઞાનો ભંગ કરી નાંખવો જોઈએ એમ જ્ઞાની અને સત્પુરુષો માનતા નથી. તેઓ તો પ્રાણના ભોગે પણ પોતાની લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરે છે. આ વાત આ ચરિત્ર વર્ણનથી વિશેષરૂપે સમજમાં આવી જશે. જો સુદર્શનની માફક કપિલા પણ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરત તો તો આગળ કાંઈ અનર્થ થાત નહિ, પરંતુ તેણે પ્રતિજ્ઞાનો ભંગ કર્યો એટલે જ અનર્થ થયો. પ્રતિજ્ઞાનું પાલન કરવાથી હમેશાં લાભ જ થાય છે. બીજો કોઈ પ્રતિજ્ઞાનું પાલન કરે કે નહિ પણ પોતે તો પ્રતિજ્ઞાનું પાલન અવશ્ય કરવું જોઈએ.

કપિલાએ અભયા રાણીને ઈશારાથી કહ્યું કે, "સુદર્શનને જ્યારે નપુંસક છે તો તેને ત્યાં પુત્રનો જન્મ કેવી રીતે થઈ શકે?"

અભયા રાણીએ જવાબ આપ્યો કે, "એ તો તારી ભૂલ છે. શેઠ તો તને ભ્રમમાં નાંખી છટકી ગયો છે. તે નપુંસક નથી એનું પ્રમાણ આ તેનાં પુત્રો છે. પિતાના રુપગુણ તથા સ્વભાવ પુત્રમાં ઊતરે છે. તું આ પુત્રોને જો કે એ સુદર્શનની જેવા છે કે નહિ?"

કપિલા સુદર્શનના પુત્રોને જોઇ વિચારવા લાગી કે, વાસ્તવમાં આ પુત્રો સુદર્શનની જેવા જ છે. જો કપિલા આ જાણી શાન્ત બેસી રહેત તો પણ તે વાત આગળ વધવા પામત નહિ પણ દુષ્ટ લોકો પોતાની વાત મુકતા નથી, અને પોતાની શક્તિનો બીજાને નીચે પાડવામાં જ દુરુપયોગ કરે છે. આ નિયમાનુસાર કપિલાએ ઘણી વાત કરી, છેવટે અભયા રાણીને કહ્યું કે, "મેં સુદર્શનની પરીક્ષા કરી જોઇ છે. એ ઉપરથી હું નિશ્ચયપૂર્વક કહી શકું છું કે, તેને અપસરા પણ ડગાવી શકે એમ નથી."

અભયાએ કપિલાને કહ્યું કે "તું તારા જેવી જ બધાને જાણે છે! સ્ત્રીઓ શું કરી ન શકે? પુરુષો સ્ત્રીઓના આંખના ઈશારે નાચવા માંડે છે. રાજા રાજ્ય કરે છે પણ જો

હું ઈચ્છું તો મારી આંખના એક પલકારા માત્રથી તેમનો શિરોચ્છેદ કરાવી નાંખવા જેટલું સામર્થ્ય ધરાવું છું. આ જ પ્રમાણે સુદર્શન તો શું, મોટા મોટા યોગીઓને પણ ત્રિયા ચરિત્રની સહાયતા વડે ચલિત કરી શકાય છે. "

**વ્યર્થ ગર્વ મત ધરો રાનીજી, મૈં સબવિધિ કર છાની;**
**સુદર્શન નહિ ચલે શીલસે, યહ બાત લો માની. ॥ ધન૦ ૪૧ ॥**
**જો મૈં નારી હૂઁ હુશિયારી, સુદર્શન વશ લાઉં;**
**નહિ તો વ્યર્થ જગતમેં જીકે, તુઝે ન મુખ દિખલાઉં. ॥ ધન૦ ૪૨ ॥**
**સુદર્શન કો જો વશ લાવો, તો તુમ રંગ ચઢાઉં;**
**નારી ચરિતકી પૂરી નાયિકા, કહ કે મન બહાઉં. ॥ ધન૦ ૪૩ ॥**

કપિલા રાણીને ઉત્તેજિત કરવા માટે કહેવા લાગી કે, "મહારાણી આપ એવું અભિમાન ન કરો ! તમે તમારી પ્રશંસા કરો છો પણ હું તો તમારું કહેવું સાચું ત્યારે જ માનું કે જ્યારે તમે સુદર્શનને ચલિત કરો." રાણીએ કહ્યું કે, "ઠીક છે. હવે જોજે સુદર્શનને હું કેવી રીતે ફસાવું છું. જો હું સુદર્શનને ન ફસાવું તો તને મોઢું પણ નહિ બતાવું. આ મારી પ્રતિજ્ઞા છે."

કપિલાએ અભયાને વધારે ઉત્તેજિત કરવા કહ્યું કે, "હું પણ જોઉં છું કે, તમે સુદર્શનને કેવી રીતે ફસાવો છો અને તેને ફસાવીને તમે લીધેલી પ્રતિજ્ઞાનું પૂરેપૂરું પાલન કરશો ત્યારે જ હું તમને સાચી ક્ષત્રિયાણી અને ત્રિયાચરિત્રની જાણકાર માનીશ."

આ પ્રમાણે અભયારાણી કપિલા સાથે સુદર્શનને ફસાવવાની પ્રતિજ્ઞા કરી પોતાના તંબૂમાં આવી અને સુદર્શનને ફસાવવાનો ઉપાય વિચારવા લાગી.

**કરી પ્રતિજ્ઞા હો નિર્લજ્જ, ક્રીડા કર ઘર આઇ;**
**ધાય પંડિતાએ બાત સુનાઇ, લોભસે વહ લલચાઈ. ॥ ધન૦ ૪૪ ॥**
**ઘાટ ઘડા નાનવિધ જબ મન, એક ઉપાય મન આયા;**
**કૌમુદી મહોત્સવ નિકટ આવે જબ, કામ કરૂં મન ચાયા. ॥ ધન૦ ૪૫ ॥**

રાણીને ઉદાસ અને વિચારમગ્ન બેઠેલી જોઈ પંડિતા નામની તેની ધાયમાતા કહેવા લાગી કે, આજે તમે ઉદાસ કેમ છો ? રાણીએ કહ્યું કે શું કહું ? જો મારું કામ સફળ નહિ થાય તો હું જીવી શકીશ નહિ. અત્યારે મારું જીવન સંકટમાં છે. પંડિતાએ પૂછ્યું કે, અરે ! એવી વાત શું છે ? એ તો કહો ! કયા કારણે તમારું મન આટલું બધું ખાટું થઇ ગયું છે ! રાણીએ જવાબ આપ્યો કે, અપમાનિત થઇને જીવવા કરતાં મરી જવું એ સારું છે. પંડિતાએ કહ્યું કે, તમારું એવું અપમાન કોણે કર્યું છે ? અભયાએ ઉત્તર આપ્યો કે, તું કપિલાને તો જાણતી જ હોઈશ ? પંડિતાએ કહ્યું કે, હા તેને હું જાણું છું. શું તેણીએ તમારું અપમાન કર્યું છે ? રાણીએ જવાબ આપ્યો કે, કપિલાએ મારું અપમાન તો કર્યું નથી પણ તેની સાથે મારે વાદવિવાદ થયો છે.

પંડિતાએ કહ્યું કે, વાદવિવાદમાં તમે આટલી બધી ચિંતા શું કરો છો ! વાદવિવાદમાં શું તમે કોઈ દિવસ પરાજિત થયા છો કે આ વખતે પરાજિત થશો ? તમારી અવશ્ય

વાદવિવાદમાં જીત થશે, માટે ચિંતા ન કરો. અભયાએ કહ્યું કે, મેં કપિલા સાથે વાદ તો કર્યો છે પણ મને ચિંતા એ થાય છે, કે હું એકલી એ વાદમાં કેવી રીતે જીતી શકીશ?

પંડિતાએ પૂછ્યું કે, શું એ વાદ મને નહિ જણાવો? રાણીએ ઉત્તર આપ્યો કે, તમને એ વાદ નહિ જણાવું તો કોને જણાવીશ. તમારા વિશ્વાસે જ મેં વાદ કર્યો છે. કપિલા સાથે મેં જે વાદ કર્યો છે તે સાંભળો:--સુદર્શન શેઠ કે જે આપણા નગરશેઠ છે તેને કપિલા વશ કરી ન શકી. અને કપિલાએ મને કહ્યું કે જ્યારે સુદર્શન મારી કપટ-જાળમાં ફસાયો નહિ તો પછી કોઈ એને પોતાની કપટ જાળમાં ફસાવી શકે એમ નથી. આ સાંભળી મેં કહ્યું કે, સ્ત્રીઓના ત્રિયાચરિત્રદ્વારા તો દેવો પણ વશ કરી શકાય છે તો પછી આ સુદર્શન તો શું વિસાતમાં છે! આ પ્રમાણે કહી મેં તેની સામે પ્રતિજ્ઞા કરી છે કે, હું સુદર્શનને ભ્રષ્ટ કરીશ, અને જો હું તેને ભ્રષ્ટ કરી શકીશ નહિ તો હું મારું મોઢું પણ નહિ બતાવું! આ પ્રમાણે મેં પ્રતિજ્ઞા કરી છે પણ સુદર્શનને ભ્રષ્ટ કેવી રીતે કરવો એની હવે ચિંતા થાય છે.

અભયાનું કથન સાંભળી, પંડિતા કહેવા લાગી કે, બસ! એટલી જ વાત છે ને? એમાં ચિન્તા કરવા જેવી શું વાત છે! આપણે ત્રિયાચરિત્રદ્વારા આકાશના તારાઓને પણ નીચે લાવી શકીએ એમ છીએ, તો પછી આ તો સાધારણ વાત છે. આપ એની હવે ચિંતા ન કરો. વાદમાં તમારી અવશ્ય જીત થશે. તમે કહો તેને તમારી સમક્ષ હાજર કરી શકું એમ છું. તો પછી સુદર્શન તો શું વિસાતમાં છે.

પંડિતાનું કથન સાંભળી રાણી ઉત્સાહમાં આવી અને સુદર્શનને ફસાવવાનો કાર્ય-ભાર પંડિતાને સોંપ્યો. હવે આગળ શું થાય છે તેનો વિચાર યથાવસરે કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૨ બુધવાર

### પ્રાર્થના

**અનંત જિનેશ્વર નિત નમો, અદ્ભુત જ્યોતિ અલેખ;**
**ના કહિયે ના દેખિયે, જાકે રૂપ ન રેખ. ।। અનંત૦ ૧ ।।**

શ્રી અનંતનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

'આત્માએ પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ' એ જ આત્માના પુરુષાર્થની ચરમસીમા છે. આને જ પરમ પુરુષાર્થ પણ કહેવામાં આવે છે. પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે શાસ્ત્રમાં જે ઉપાયો બતાવવામાં આવ્યાં છે, તે એક સાથે બતાવી શકાય નહિ, તેમ એક સાથે ઉપયોગમાં પણ લાવી શકાય નહિ; પણ એક એવો ઉપાય છે કે,

જે બધાને માટે સુલભ અને સરલ છે. તે ઉપાય પરમાત્માની પ્રાર્થના છે. અનેક ઉપાયોદ્વારા જે વસ્તુની પ્રાપ્તિ થઈ શકતી નથી તે પરમાત્માની પ્રાર્થનાદ્વારા પ્રાપ્ત થઈ શકે છે, એવું જ્ઞાનીજનોનું કથન છે.

પરમાત્માની અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરવા માટે ઉપાસકે સર્વ પ્રથમ પોતાના ઉપાસ્યને બરાબર ઓળખવા જોઈએ. ઉપાસ્યને ઓળખ્યા વિના કરવામાં આવતી ઉપાસના '**यस्मात्क्रियाः प्रतिफलंतिन भावशून्यया**' એ કથનાનુસાર નિષ્ફળ જાય છે. માટે પરમાત્માની પ્રાર્થના કરવા માટે સર્વ પ્રથમ પરમાત્માને ઓળખવા જોઇએ. પણ પ્રશ્ન મોટો એ છે કે, પરમાત્માને ઓળખવા કેવી રીતે ? આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીજનો કહે છે કે, પરમાત્માને ઓળખવાની જો આંતરિક ઇચ્છા હોય તો પરમાત્મા તમારી પાસે જ છે. તેમને ઓળખવા એ કાંઈ કઠિન કામ નથી તેમ તેમને ઓળખવા માટે ક્યાંય બહાર જવાની પણ જરૂર નથી. પરમાત્મા તો તમારા સમીપ જ છે. કહ્યું પણ છે કે:

'સૂક્ષ્મથી સૂક્ષ્મ પ્રભુ, ચિદાનંદ ચિદ્રૂપ,
પવન શબ્દ આકાશથી, સૂક્ષ્મ જ્ઞાનસ્વરૂપ.'

પરમાત્મા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. સૂક્ષ્મ વસ્તુને શોધવા માટે ક્યાંય બહાર જવું પડતું નથી, તે તો સમીપ જ હોય છે. તે જ પ્રમાણે પરમાત્મા પણ આત્માની પાસે જ છે.

પરમાત્મા આત્માની સમીપ કેવી રીતે છે એ વિષે ઉપનિષત્‌માં એક કથા આવેલ છે. તેમાં કહ્યું છે કે:–

એક બ્રહ્મચારીને આત્માનો સાક્ષાત્કાર ન થવાથી ખૂબ ઉદાસીનતા થઈ. ઉદાસીનતા પણ કોઈ કોઈવાર કાર્યસાધક પણ નીવડે છે. તે બ્રહ્મચારીને એટલી બધી ઉદાસીનતા થઈ કે, તેણે ખાવા–પીવાનું પણ છોડી દીધું. બધા લોકો તે બ્રહ્મચારીને કહેવા લાગ્યા કે, 'તમે હમણાં ખાતા–પીતા કેમ નથી અને આખો દિવસ ઉદાસીન કેમ રહો છો ?'

બ્રહ્મચારીએ જવાબ આપ્યો કે, મને ઇશસાક્ષાત્કાર ન થવાને કારણે ઉદાસીનતા રહે છે અને ઉદાસીનતાને લીધે ખાવું–પીવું ગમતું નથી એટલે ખાતો–પીતો નથી. આ સાંભળી અગ્નિદેવ અર્થાત્ આત્માગ્નિએ પ્રગટ થઈને તે બ્રહ્મચારીને કહ્યું કે, "ઇશ તો તારા સમીપ જ છે તો પછી તું દુઃખી શા માટે થાય છે ?" બ્રહ્મચારીએ પૂછ્યું કે, ઈશ મારી સમીપ ક્યાં છે ? ત્યારે અગ્નિદેવે કહ્યું કે, "જો 'પ્રાણ બ્રહ્મ' અર્થાત્ આ પ્રાણો એ બ્રહ્મરુપ છે. 'કં બ્રહ્મ' અર્થાત્ આ સુખ પણ બ્રહ્મરૂપ છે અને 'ખં બ્રહ્મ' અર્થાત્ આ આકાશ પણ બ્રહ્મરૂપ છે."

આ સાંભળી બ્રહ્મચારી કહેવા લાગ્યો કે, આ પ્રાણ તો બ્રહ્મરૂપ છે એ વાત તો ઠીક છે પણ આ સુખ અને આ આકાશ પણ બ્રહ્મરૂપ કેવી રીતે હોઈ શકે! તે મને સમજવામાં આવતું નથી. આ આકાશ અને સુખ તો જડ છે તો તે બ્રહ્મરૂપ કેવી રીતે બની શકે ?

બ્રહ્મચારીનું આ કથન સાંભળી અગ્નિદેવે તેને કહ્યું કે, 'તું મારા કહેવાનો ભાવાર્થ સમજી ન શક્યો.' મારો કહેવાનો આશય એ છે કે, "જે સુખ છે તે જ આકાશ કહેવાય

છે અને આકાશ છે તે જ સુખ કહેવાય છે. સુખ વિશેષ્ય છે અને આકાશ વિશેષણ છે. જે પ્રમાણે આકાશ અવિનાશી અને અનન્ત છે તે જ પ્રમાણે જે સુખ અવિનાશી અને અનન્ત છે, તેને જ અમે સુખ કહીએ છીએ. જે વિનાશી અને સાન્ત સુખ છે તે વાસ્તવમાં સુખ નથી પણ દુઃખ છે. જે સુખ આકાશની માફક અવિનાશી અને અનન્ત છે તે જ સુખ બ્રહ્મરૂપ છે. આ જ પ્રમાણે કેવળ આકાશને જ અમે આકાશ કહેતા નથી પણ જે આકાશ અવિનાશી અને અનન્ત સુખરૂપ છે તેને જ અમે આકાશ કહીએ છીએ."

'કં બ્રહ્મ' અને 'ખં બ્રહ્મ' ની આ વાત થઇ. હવે 'પ્રાણ બ્રહ્મ' શું છે તે બતાવું છું. અંતઃકરણને 'કં બ્રહ્મ' અને 'ખં બ્રહ્મ'નું જે જ્ઞાન થાય છે કે 'સુખરૂપ આકાશનું સ્થૂલરૂપ આ પ્રાણ છે અને આ પ્રાણની સહાયતા વિના તે સુખની ઉપાસના થતી નથી' તેનું નામ 'પ્રાણ બ્રહ્મ' છે.

ઉપાસ્યની ઉપાસના કરવા માટે ઉપાસકે કોઈ સાધનનો આશ્રય લેવો પડે છે. શ્વાસ, ઇન્દ્રિયાદિ જે પ્રાણો છે તે જ ઉપાસનાનાં સાધનો છે. જો આ આત્મા એ પ્રાણોને નકામાં ન માનતાં ઇશ્વિરીય ઉપાસનાનાં સાધનભૂત માનશે તો એ પ્રાણો ઇશ્વરને સમર્પિત રહેશે. જ્યારે બધાં પ્રાણો ઇશ્વરને સમર્પિત થઈ રહેશે ત્યારે મુખમંડલ ઉપર એવી દીપ્તિ–તેજસ્વિતા પ્રગટ થશે કે, એ તેજસ્વિતા આગળ બીજાં તેજો ઝાંખા થઈ જશે. એટલા માટે પ્રાણ, સુખ અને આકાશને પરમાત્મારૂપ માની તેમની ઉપાસના કરો તો પરમાત્મા તમારા સમીપ જ છે; પરમાત્માને શોધવા માટે પછી અહીંતહીં ભટકવાની જરૂર નથી."

આત્મા અને પરમાત્મા એક રૂપ કેમ થાય એ વિષે હવે વિચાર કરવાનો છે. આત્મા અને પરમાત્માને એકરૂપ બનાવવાનો સરલ માર્ગ એ છે કે, આત્મા, કે જે આકાશની માફક અનંત અને અવિનાશી છે, તે આત્માને તુચ્છ ન માનતાં સમર્થ માનવો. આ પ્રમાણે આત્માને સમર્થ માનવાથી આત્મા અને પરમાત્મા વચ્ચે એકતા થવામાં વાર નહિ લાગે. પછી આત્મા અને પરમાત્માનું એકરૂપ કેવી રીતે બનશે એ વાત હું શાસ્ત્રદ્વારા સમજાવું છું.

## અનાથી મુનિનો અધિકાર—૩૦

અનાથી મુનિ રાજા શ્રેણિકને કહે છે કે, "આ આત્મા બીજાના શરણે જઇ 'અનાથ' બની ગયો છે પણ જો તે પોતાની ચિદ્શક્તિ અને જ્ઞાનશક્તિનો વિકાસ કરે તો તે અનાથતાને દૂર કરી સનાથ બની શકે છે. પણ આત્મિકશક્તિનો વિકાસ કરવા માટે હૃદય-મંથન કરવાની જરૂર રહે છે. હૃદયનું મંથન કરવાથી જ્ઞાનશક્તિરૂપ માખણની પ્રાપ્તિ થશે. પણ આજકાલ લોકો જ્ઞાનશક્તિરૂપ માખણને મેળવવાને બદલે બાહ્ય પદાર્થરૂપ છાશ લઇ રહ્યા છે.

"હે રાજન્! મારે સાંસારિક ઋદ્ધિમાં કાંઈ ખામી ન હતી. મારા માતા–પિતા, ભાઈ–બહેન વગેરે બધાં મારાં દુઃખને દૂર કરવા માટે અનેક પ્રકારનાં પ્રયત્નો કરતાં હતાં પણ તેમનાં બધાં પ્રયત્નો નિષ્ફળ નીવડયાં. જ્યારે મને કોઈ પણ ઉપાયે શાન્તિ ન મળી

ત્યારે મને ભાન થયું કે મારી અનાથતાને કારણે જ હું દુઃખી છું. સંસારનાં પદાર્થો તરફ મમત્વ જેમ વધારતો જાઉં છું તેમ હું વધારે અનાથ થતો જાઉં છું.

"હે રાજન્! સંસારમાં સ્ત્રીનો સંબંધ બહુ નિકટ માનવામાં આવે છે અને સ્ત્રી સુખ આપવામાં સાધનભૂત મનાય છે પણ હું મારા સ્વાનુભવથી કહું છું કે, એમ માનવું એ ભૂલ છે. આ વાત હું કોઇ બીજાની સાંભળેલી કહેતો નથી પણ મારા સ્વાનુભવની કહું છું."

भारिया मे महाराय !, अणुरत्त मणुव्वया ।
अंसुपुण्णेहिं नयणेहिं, उरं मे परिसिंचइ ॥ २८ ॥
अन्नं पाणं च ण्हाणं च, गंधमल्लविलेवणं ।
मए नायमनायं वा, सा बाला नोवभुंजइ ॥ २९ ॥
खणंपि मे महाराय ! पासाओमे न फिट्टइ ।
न य दुक्खा विमोयंति, एसा मज्झ अणाहया ॥ ३० ॥

"હે રાજન્! તું મને કહે છે કે, 'મારા રાજ્યમાં ચાલો. હું સુંદર સ્ત્રીઓની સાથે તમારો લગ્ન સંબંધ કરાવી આપીશ અને તેથી જે અનાથતાના દુઃખને કારણે તમે દીક્ષા લીધી છે તે અનાથતાનું દુઃખ પણ દૂર થઈ જશે.' પણ તારા આ કથનના ઉત્તરમાં મારી વાત પણ સાંભળઃ–"હે રાજન્! મારી પત્ની પતિવ્રતા હતી. તે મારા દુઃખે દુઃખી અને સુખે સુખી રહેતી હતી. તે મારા દુઃખને કારણે સદા રડયા કરતી અને આંસુઓથી મારી છાતીને ભીંજવ્યા કરતી. મને દુઃખમાં જોઇને મારી સ્ત્રીએ ખાવા–પીવાનું તથા કેસર ચંદનાદિ સુગંધી દ્રવ્યોનું વિલેપન કરવાનું અને શૃંગાર સજવાનું બધું છોડી દીધું હતું. મને રાજી રાખવા માટે, કે કુલટાઓની માફક બાહ્ય પતિભક્તિ બતાવવા માટે મારી સ્ત્રી, ખાન–પાનનો ઉપભોગ મારી સામે કરતી ન હોય અને પાછળથી કરતી હોય એમ ન હતું. પણ મારાં દુઃખને જોઇને તે પ્રત્યક્ષ કે પરોક્ષ પણ એ વસ્તુઓનો ઉપભોગ કરતી નહિ.

"વળી એ મારી પત્ની એક ક્ષણને માટે પણ મારી પાસેથી દૂર જતી ન હતી, છતાં પણ તે મને દુઃખમુક્ત કરી ન શકી, એવી મારી અનાથતા હતી.

"રોગની પીડાને કારણે મને નિદ્રા આવતી ન હતી તેમ મારા દુઃખને કારણે મારી પત્નીને પણ નિદ્રા આવતી ન હતી. તે મનમાં એમ વિચારતી કે, 'હું પતિની અર્ધાંગના છું, જ્યારે પતિ દુઃખી છે તો પછી તેમનું અર્ધાંગ સુખી કેમ રહી શકે? આ વિચારથી તે પણ હમેશાં દુઃખી રહ્યા કરતી હતી. જે પ્રમાણે કાચની સામે કોઈ વસ્તુ મૂકવામાં આવે તો તેનું પ્રતિબિંબ કાચમાં જોવામાં આવે છે, તે જ પ્રમાણે મારા દુઃખની છાયા મારી સ્ત્રી ઉપર પડતી હતી. મારી સ્ત્રી આવી પતિવ્રતા અને સુશીલા હોવા છતાં તે મારાં દુઃખને દૂર કરી ન શકી એવી મારી અનાથતા હતી."

માતા-પિતા, ભાઇ-બહેન અને સ્ત્રી આદિએ શકય પ્રયત્નો કર્યા છતાં અનાથી મુનિનો રોગ શાંત થયો નહિ એ સારું થયું કે ખરાબ? ઉપલક દૃષ્ટિએ જોનારા લોકો તો એમ જ કહેશે કે, અનાથી મુનિને મહાન્ વેદનીય કર્મનો ઉદય થયો હોવાથી તેમનો રોગ ઉપશાન્ત થયો નહિ હોય, પણ અનાથી મુનિના કથન વિષે વિચાર કરવાથી જણાશે કે, મુનિનો રોગ શાન્ત થયો નહિ એ અમુક દૃષ્ટિએ સારું જ થયું! અનાથી મુનિ કહે છે કે, "જો સ્ત્રીના પ્રયત્નથી મારો રોગ મટી ગયો હોત તો હું તેનો ગુલામ બની જાત, અને તેને જ મારી સ્વામિની માનત, પણ દુઃખ સુખને માટે જ હોય છે; એ કારણે મારો રોગ શાન્ત ન થયો એ સારું જ થયું. બધા લોકો દુઃખને ખરાબ માને છે પણ મારા માટે તો દુઃખ પણ મિત્ર સમાન સહાયક નીવડયું." જ્ઞાનીજનો કહે છે કે:—

> સુખ કે માથે શિલા પડો, જો પ્રભુસે દૂર લે જાય;
> બલિહારી ઉસ સુખકી, જો પ્રભુ દેત મિલાય.

એ સુખ શા કામનું કે, જે પરમાત્માથી દૂર રાખે. તે દુઃખની જ સાચી બલિહારી છે કે, જે પરમાત્માની પાસે લઇ જાય છે. જો મનુષ્યની પાછળ દુઃખ ન હોત તો મનુષ્ય ન જાણે શું શું ન કરત?

આજે સંસારમાં જે ખરાબી જોવામાં આવે છે તેનું મૂળ કારણ જોવામાં આવે તો જણાશે કે, એ ખરાબીના ઉત્પાદક અને પ્રચારક સુખી લોકો જ છે. કુદરતના નિયમોનું ઉલ્લંઘન સુખી લોકો જેટલું કરે છે તેટલું ઉલ્લંઘન પશુ-પક્ષીઓ પણ કરતા નથી. સુખી લોકો જ દુર્વ્યસનોમાં પડી જઇ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે અને હાનિકારક ચીજોને અપનાવે છે. જેમકે, બીડી પીવી એ શું લાભદાયક છે? તે ધર્મકર્મની પણ હાનિ કરે છે, સાથે સાથે શરીર સ્વાસ્થ્યની પણ હાનિ કરે છે. આ જ પ્રમાણે ખાન-પાન તથા પહેરવેશ વગેરે વિષે વિચાર કરવામાં આવે તો અનેક ખરાબીઓના ઉત્પાદક અને પ્રચારક સુખી લોકો જણાશે. આ દૃષ્ટિએ વિચારતાં કહેવાતું સુખ એ ખરાબીને પેદા કરવાનું કારણ જણાય છે.

આ જ કારણે અનાથી મુનિ કહે છે કે, "મારો રોગ શાન્ત ન થયો એ સારું થયું. હે રાજા! મારી પત્ની તરફથી હું અનાથ તો હતો જ, પરંતુ મારી પત્ની પણ મારા તરફથી અનાથ જ હતી. હું મારી સ્ત્રીનું દુઃખ હરી શકતો ન હતો તેમ મારી સ્ત્રી મારું દુઃખ હરી શકતી ન હતી; કારણકે હું પણ અનાથ હતો અને તે પણ અનાથ હતી."

અનાથી મુનિના આ કથન ઉપરથી તમે પણ વિચાર કરો કે, તમને યોગ્ય સ્ત્રી મળી હોય છતાં પણ તે તમને સનાથ બનાવી શકતી નથી, તેમ તમે પણ તેને સનાથ બનાવી શકતા નથી; એટલા માટે તમે એવા નાથના શરણે જાઓ કે જેમના શરણે જવાથી તમે અનાથ જ ન રહો.

ભક્ત લોકો, આ વાતને બરાબર જાણે છે અને એટલા જ માટે તેઓ કહે છે કે:—

> "મૈં પ્રભુ પતિતપાવન સુને;
> હો પતિત તુમ પતિતપાવન ઉભય બાનક બને. મૈં પ્રભુ૦"

ભક્ત લોકો, પોતાની અનાથાવસ્થાને પતિતાવસ્થાનું નામ આપી કહે છે કે, મને પાવન કોણ કરશે? મને સનાથ કોણ બનાવશે? ધન, માતા–પિતા, ભાઇ–બહેન અને સ્ત્રી વગેરે મને પાવન કરી શકે નહિ તેમ મને સનાથ બનાવી શકે નહિ તો પછી મને પાવન કોણ કરશે? અને કોણ મને સનાથ બનાવશે? આ સંસારમાં તો કપટજાળ પથરાએલી છે. એ કપટજાળમાંથી મુક્ત થવા માટે અને સનાથ બનવા માટે સાચો ભક્ત તો એમજ કહેશે કે, "હે પરમાત્મા! તું જ પતિતપાવન છે, તું જ આ આત્માને સનાથ બનાવી શકે એમ છે. હે પ્રભુ! મારા જેવો કોઇ પતિતપાવન નથી. મારા જેવા પતિતને પાવન કરનાર તું જ છે."

તમે લોકો અહીં આવ્યા છો, પણ શું લેવા આવ્યા છો! અને અમે સાધુઓ તમને આશીર્વાદ શિવાય બીજું શું આપી શકીએ. પણ સાધુના આશીર્વાદ બહુ મોંઘા હોય છે. સાધુઓ તો ધર્મવૃદ્ધિના આશીર્વાદ આપી શકે. ધર્મવૃદ્ધિના આશીર્વાદ શિવાય ફકીર–સાધુઓની પાસે બીજું આપવાનું શું હોઇ શકે?

તમે ફકીરનું નામ સાંભળી વિચારતા હશો કે, ફકીર અને સાધુમાં તો ઘણું અંતર રહેલું છે પણ વિચાર કરવાથી એ કેવળ શાબ્દિક અંતર છે. તેમાં તાત્ત્વિક દૃષ્ટિએ કાંઇ અંતર રહેલું નથી. એક કવિએ ફકીર કોણ કહેવાય! તે વિષે કહ્યું છે કે—

"ફેસે ફ્ક્ર કાફસે કુદરત, ર સે રહીમ ઔર યે સે યાદ;
ચાર હરેફ હે 'ફકીર' કે જો પઢે, તો હો દિલ શાદ.
"ફકીર હોના બહુત હી કઠિન હૈ, જિસમેં ફિકર કી હો ન બૂ;
ઔર કુદરત ભી ન હો તો, ઐસી ફકીરી પર હૈ થૂ.
"રહમ ન હો દિલ માંહે તો, દુનિયા બાડ ન હોના ફકીર તૂં;
યાદ ઇલાહી જો કોઇ કરે તો, તુ ઉસકે ચરણોં કો છૂ."

આ કવિતામાં ફકીર કે સાધુનું લક્ષણ બતાવવામાં આવ્યું છે. ફકીર કે સાધુ શબ્દ જો કે ત્રણ–ચાર અક્ષરનો બનેલો છે પણ તેમાં ભાવની વ્યાપકતા રહેલી છે.

ફકીર શબ્દ ઉર્દૂના ચાર અક્ષરોનો બનેલો છે. એ ચારેય અક્ષરોનો જુદો જુદો અર્થ બતાવવામાં આવે છે. સંસ્કૃતમાં આ પ્રમાણે પ્રત્યેક અક્ષરનો અર્થ બતાવવો તેને 'પદભંજન નિરુક્તિ' કહે છે.

ફકીર શબ્દમાં પહેલો અક્ષર 'ફ' છે. 'ફ' અક્ષરનો અર્થ એ છે કે 'હે! સાધુ! તારામાં કોઇ પ્રકારની ફિકર ન હોવી જોઇએ.' કહ્યું પણ છે કેઃ—

"ફિકર સભીકો ખાત હૈ, ફિકર સભીકા પીર;
ફિકર કા જો ફાકા કરે, તાકો નામ ફકીર."

અર્થાત્—જે કોઇ પ્રકારની સાંસારિક ફિકર રાખતો નથી તે જ સાધુ કે ફકીર છે.

ફકીર શબ્દમાં બીજો અક્ષર 'ક' છે. જેનો અર્થ કુદરત થાય છે. કુદરત મનુષ્યાને સહાયતા આપે છે. કુદરતની સહાયતા વિના મનુષ્યજીવન ચાલી શકતું નથી. જ્યારે રામ

વનમાં ગયા હતા ત્યારે સાથે શું લઇ ગયા હતા ? છતાં તેઓ શું ભૂખ્યા રહ્યા હતા ? જ્યારે સાધુઓ ગૃહસંસારનો ત્યાગ કરે છે ત્યારે સાથે લઈને શું નીકળે છે ? રામ કુદરતના વિશ્વાસે રહ્યા હતા તો તેઓ પણ દુઃખી ન થયા અને સાધુઓ પણ કુદરતના વિશ્વાસે રહે છે તો તેઓ પણ દુઃખી થતા નથી. કુદરતના આશ્રયે રહેનારા લોકો દુઃખી થતા નથી, પણ આજકાલ તો લોકો કુદરતની સાથે લડાઇ કરે છે, અને તેનું કડુફળ પરિણામે તેમને ભોગવવું પડે છે. ફકીર લોકો કુદરતના વિશ્વાસે જ રહે છે અને રહેવું જોઇએ.

ફકીર શબ્દમાં ત્રીજો અક્ષર 'ર' છે. 'ર' નો અથ અત્રે 'રહેમ' કે 'દયા' થાય છે. જે બીજા ઉપર રહેમ-દયા કરે છે, અને બીજાને જરાપણ કષ્ટ પહોંચાડતો નથી તે જ ફકીર છે. જે એમ વિચારે કે, 'હું દુઃખી લોકોનાં જેટલાં દુઃખો દૂર કરું છું તેટલો હું પરમાત્માની નજીક જાઉં છું તે સાચો ફકીર છે. તમે આ વાત એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી ન નાંખો પણ એ વિષે ઊંડો વિચાર કરી દયાને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો.

ફકીર શબ્દમાં ચોથો અક્ષર 'યા' છે. તેનો અર્થ 'પરમાત્માનું ધ્યાન હમેશાં યાદ રહે' એ થાય છે. જે હમેશાં ઈશ્વરને એકાગ્ર ચિત્તે યાદ કરે છે તે પોતે ઇશ્વરીય બની જાય છે. અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે, જે ઇશ્વરમાં તન્મય રહે છે-જે હમેશાં ઈશ્વરનું જ ધ્યાન ધરે છે તે ઈશ્વરમય બની જાય છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, સાચા ફકીર અને સાચા સાધુમાં શાબ્દિક અંતર ભલે હોય પણ ફકીરની ઉપર જે વ્યાખ્યા કરવામાં આવી છે તે વ્યાખ્યા પ્રમાણે સાધુ અને ફકીરમાં કાંઇ અંતર રહેલું નથી.

## સુદર્શન ચરિત્ર—૩૦

હવે હું એવા મહાપુરુષની કથા કહું છું કે, જે ગૃહસ્થ હોવા છતાં પણ સાચા ફકીરના જેવું જીવન ગુજારતો હતો. તે મહાપુરુષનું નામ સુદર્શન છે. આ સુદર્શન શેઠની કપિલાદ્વારા એકવાર તો પરીક્ષા થઇ હતી, હવે તેની બીજીવાર ધર્મપરીક્ષા થાય છે.

**કામદેવકી કરી પ્રતિમા, મહોત્સવ ખૂબ મંડાયા;**
**બાહિર જાવે અંદર લાવે, સબ જનકો ભરમાયા ।। ધન૦ ૪૬ ।।**
**કાર્તિક પૂર્ણિમા કાસુદી મહોત્સવ, નૃપ પુર બાહિર જાવે;**
**સુદર્શનજી નૃપ આજ્ઞા સે, પૌષધવ્રત કો ઠાવે. ।। ધન૦ ૪૭ ।।**

રાણીએ સુદર્શનને ભ્રષ્ટ કરવાનો કાર્યભાર પંડિતાને સોંપ્યો. પંડિતા કપટજાળ રચવામાં અને તેમાં બીજાને ફસાવવામાં હોશિયાર હતી. તેણે સુદર્શનના જેવી એક મૂર્તિ બનાવી. આ કામદેવની મૂર્તિ છે એમ પ્રસિદ્ધ કર્યું. રાણી પોતાની ઇષ્ટસિદ્ધિ સાધવા માટે એ મૂર્તિની પૂજા કરે છે.

પંડિતા દરરોજ સંધ્યાકાલના સમયે બીજી દાસીઓની સાથે તે મૂર્તિને મહેલની બહાર કાઢી વાજતે ગાજતે અહીંતહીં લઇ જતી અને રાતના સમયે પાછી તે મૂર્તિને

મહેલમાં લાવતી. આમ અનેક દિવસો સુધી તેણે કર્યું. પહેરગીરો-દરવાનો અને લોકો એમ સમજતા હતા કે, આ તો ઉત્સવ થઈ રહ્યો છે. આ પ્રમાણે પંડિતાએ બધા લોકોને ભ્રમમાં રાખ્યા હતા. પંડિતા તે મૂર્તિને, સુદર્શન જેવાં કપડાં પહેરતો તેવાં જ કપડાં પહેરાવતી. કોઈ કોઇ વાર ધર્મકાર્ય કરતી વખતે પહેરવામાં આવતાં કપડાં પણ મૂર્તિને પહેરાવતી. મૂર્તિને પહેરાવેલાં કપડાં વિષે કોઇ પૂછતું તો ઝટ દઇને પંડિતા કહેતી કે, તમે લોકો ધર્મનાં કામ વિષે શું સમજો ? આ ઉત્તરથી લોકો વધારે કાંઈ પૂછતા નહિ. આજે પણ ધર્મના નામે લોકોને ઠગવામાં આવે છે. પંડિતાએ પણ ધર્મના નામે લોકોને ઠગ્યા.

પંડિતા મનમાં વિચારવા લાગી કે, મેં કપટજાળ તો બરાબર બીછાવી છે પણ એમાં સુદર્શનને ફસાવતો કેવી રીતે? આ પ્રમાણે પંડિતા તક શોધતી હતી એટલામાં તો કાર્તિકી પૂર્ણિમાના કૌમુદી મહોત્સવનો સમય નજીક આવ્યો. રાજાએ નગરજનોને હુકમ કર્યો કે, આ મહોત્સવમાં ભાગ લેવા માટે બધા નગરજનોએ મારી સાથે બહાર નીકળવું. રાજાનો આ હુકમ સાંભળી સુદર્શન વિચારવા લાગ્યો કે, બધાને માટે તો આ કૌમુદી મહોત્સવ છે પણ મારા માટે તો એ કાર્તિકી પૂર્ણિમાનો દિવસ-પૌષધ કરવાનો શુભ દિવસ છે, એટલા માટે મારે તો તે દિવસે પૌષધવ્રતનું પાલન કરવું જોઇએ.

પૌષધનો અર્થ 'ધર્મનું પોષણ કરવું' એ થાય છે. શ્રાવકોને માટે જે ચાર વિશ્રામસ્થાનો કહેવામાં આવ્યાં છે તેમાં પૌષધવ્રત પણ એક વિશ્રામસ્થાન છે. કેટલાક લોકો પૌષધવ્રતને ઠીક સમજે છે પણ તે દિવસે ઉપવાસ શા માટે કરવો જોઇએ એમ કહે છે! પણ ઉપવાસ એ શરીર અને આત્મા બન્નેને માટે લાભપ્રદ છે એ વાત તેઓ ભૂલી જાય છે. જો પેટમાં હમેશાં આહાર પાણી ભર્યા કરશો અને તેને થોડો ઘણો પણ વિશ્રામ નહિ આપો તો પેટમાં ખરાબી થઈ જશે; માટે શરીર અને આત્માને સ્વસ્થ રાખવા માટે ઉપવાસની જરૂર છે. ઉપવાસ કરવાથી પેટનો કચરો સાફ થઇ જાય છે, અને આંતરડાંઓને વિશ્રામ મળે છે, કે જેથી શરીરમાં શક્તિ અને સ્ફુર્તિ આવે છે. ઉપવાસ કરવાથી શરીરને કોઈ પણ પ્રકારની હાનિ થતી નથી.

રાજાની આજ્ઞા સાંભળી સુદર્શન વિચારવા લાગ્યો કે, 'હવે શું કરવું !' તે રાજા પાસે ગયો અને વિનંતી કરી કે, "મહારાજ ! કૌમુદી મહોત્સવને દિવસે નગર બહાર જવાની અને મહોત્સવમાં ભાગ લેવાની આપે આજ્ઞા કરી છે પણ તે દિવસ કાર્તિકી પૂર્ણિમા હોવાથી હું તે દિવસે પૌષધવ્રતદ્વારા ધર્મકાર્ય કરવા ચાહું છું, માટે આપ તેમ કરવાની આજ્ઞા આપો."

તે વખતના રાજાઓ પણ ધર્માત્માઓ હતા, એટલે સુદર્શનનું કથન સાંભળી રાજાએ ધર્મકાર્ય કરવાની સહર્ષ અનુમતિ આપી અને કહ્યું કે, "શેઠ! તમને ધન્ય છે કે, તમે ધર્મકાર્યમાં મશગૂલ રહો છો. તમે આનંદથી ધર્મસેવા કરો."

રાજાની આજ્ઞા મેળવી સુદર્શન પૌષધશાળામાં આવ્યો. તેમણે પોતાના હાથે પૌષધશાળાને પુંજી. સુદર્શને જે પ્રમાણે પોતાના હાથે પૌષધશાળાને પુંજી તે પ્રમાણે તમે લોકો શું તમારા હાથે પૌષધશાળાને પુંજો છો ? તમે લોકો નોકરોદ્વારા પૌષધશાળાને સાફ કરાવો છો, પણ તે શું તમારા જેટલી યતનાપૂર્વક સાફ કરી શકે ખરા ? પૌષધશાળામાં

ગંદકી હોય તો વ્રતમાં દૂષણ લાગે છે. સુદર્શને પૌષધશાળાને પુંજી ઘાસનો સંથારો પાથર્યો. શું તેની પાસે બિછાનું ન હતું કે, તેણે ઘાસ પાથર્યું. ઘાસના બિછાનામાં અનેક ગુણો રહેલાં છે. તે સંયમનું સાધન અને નમ્રતાનું સૂચન ચિહ્ન છે.

તમે લોકો મૂલ્યવાન વસ્તુઓને મહત્ત્વ આપો છો અને સામાન્ય વસ્તુઓને તુચ્છ ગણો છો. મૂલ્યવાન વસ્તુઓથી શેઠ શાહુકારોનું ભલે કામ ચાલી શકે પણ ગરીબ લોકોનું કામ તો સામાન્ય વસ્તુઓથી જ ચાલે છે. જો ઘાસ ન હોય તો પશુઓની કેવી દુર્દશા થાય? અને જ્યારે ઘાસ પણ ન થાય તો અન્ન કયાંથી થાય? સુદર્શન શેઠ ઘાસનો સંથારો પાથરી ધર્મધ્યાન કરવા લાગ્યો.

**કર પ્રપંચ અભિયા મુર્છાણી, નૃપ બોલે યું વાણી;**
**કોન ઉપાધિ તુમ તન બાધા, કહો કહો મહારાણી. ॥ ધન૦ ૪૮ ॥**

**હુંહુંકાર કરે નૃપનારી, શબ્દ ન એક ઉચ્ચારે;**
**ધાય પંડિતા કપટ ચરિત્રા, ખોટી જાલ પસારે. ॥ ધન૦ ૪૯ ॥**

**મહારાજા તુમ યુદ્ધ સિધાયે, રાણી દેવ મનાયે;**
**જો આવે સુખસે મહારાજા, તો પ્રતીતિ તુમ પાયે. ॥ ધન૦ ૫૦ ॥**

**કાર્તિક પૂર્ણિમા મહોત્સવ પૂરા, બિન બહાર નહિં જાઉં;**
**વિસાર ગઈ એ નાથ સાથ તુમ, તાકે ફ્લ દરશાઉં. ॥ ધન૦ ૫૧ ॥**

જ્યારે સંસારીઓ વિષયવાસનાના તોફાને ચડે છે, ત્યારે ભક્તોમાં ભગવદ્ભક્તિનો ભાવ ચડે છે. ભક્તો તો એમ વિચારે છે કે, જ્યારે સંસારીઓ સાંસારિક કામો ભૂલતા નથી તો અમે ભગવદ્ભક્તિ શા માટે ભૂલી જઇએ? ધર્મી ધર્મના માર્ગે ચાલે છે અને પાપીઓ પાપના માર્ગે ચાલે છે. ધાર્મિક પુરુષો કેવી રીતે પોતાની ધાર્મિકતાનો ત્યાગ કરતા નથી એ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું:—

એક બ્રાહ્મણ ગંગા નદીના કિનારે ઉભો હતો. ત્યાં વૃક્ષ ઉપરથી એક વીંછી ગંગા નદીમાં પડી ગયો અને તડફડવા લાગ્યો. તે બ્રાહ્મણને દયા આવી એટલે તે એક પાંદડુ લઈ તે વીંછીને બહાર કાઢવા લાગ્યો. વીંછીને તો કોઇની સાથે પ્રેમ હોતો નથી એટલે તે વીંછીએ પાંદડા ઉપર ચડી તે બ્રાહ્મણને ડંખ માર્યો. વીંછી કરડવાથી તે બ્રાહ્મણનો હાથ કંપી ઉઠયો એટલે તે વીંછી ફરી નદીમાં પડી ગયો. બ્રાહ્મણે ફરીવાર પાંદડા વડે કાઢયો અને વીંછીએ ફરી ડંખ માર્યો. આ પ્રમાણે વીંછી કેટલીએકવાર બ્રાહ્મણને કરડયો અને બ્રાહ્મણે તે વીંછીને દરેક વખતે બચાવ્યો. પાસે ઉભેલા લોકો આ કૌતુક જોઈ બ્રાહ્મણને કહેવા લાગ્યા કે, આ વીંછી તમને કરડે છે છતાં તમે વારંવાર તેને કેમ બચાવો છો? ત્યારે બ્રાહ્મણે જવાબ આપ્યો કે, "જ્યારે આ વીંછી પોતાના સ્વભાવનો જુસ્સો બતાવે છે તો હું મારા સ્વભાવનો જુસ્સો શા માટે ન બતાવું! હું કાંઇ તેના ઉપર ઉપકાર કરતો નથી, પણ મારા હૃદયનો સ્વભાવ કેવો છે તે બતાવું છું. વીંછી ભલેને કરડે, પણ હું મારો દયા કરવાનો જે સ્વભાવ છે તે શા માટે છોડી દઉં?"

આ જ પ્રમાણે બીજા લોકો તો પોતપોતાના સ્વભાવ પ્રમાણે કૌમુદી ઉત્સવ ઉજવવા ગયા, પરંતુ સુદર્શન શેઠ તો પોતાના સ્વભાવ પ્રમાણે પૌષધ કરી ધર્મધ્યાન કરવા બેઠા.

રાજારાણી વગેરે બધા લોકો નગર બહાર ગયા. અભયારાણી પંડિતાને કહેવા લાગી કે, "માતા ! આજે પણ મારી ઇચ્છા પાર પડશે નહિ." પંડિતાએ અભયાને કહ્યું કે, "આજે તારી ઇચ્છા અવશ્ય પાર પડશે. તું શરીરમાં દેવ આવ્યો છે એવો ઢોંગ કરી નીચે પડી જા. પછી જે કામ કરવાનું છે તે હું કરી લઇશ." રાણી પણ ત્રિયાચરિત્રમાં ચતુર હતી, એટલે તે શરીરને કંપાવતી કંપાવતી નીચે પડી ગઇ. દાસીઓ રાણીને નીચે પડતી જોઈ રાજા પાસે દોડી ગઈ અને કહેવા લાગી કે, મહારાજા ! આપ જલ્દી ચાલો. મહારાણીને કાંઇક થઇ ગયું છે ! રાજા દોડતો દોડતો રાણી પાસે આવ્યો. આવીને રાણીએ ઓઢેલું કપડું દૂર કરી શું થયું તે જોવા ગયો ત્યાં તો રાણીએ હા–હુ–હાહુ કરી કપડું પાછું ઓઢી લીધું.

રાણીની આ દશા જોઇ રાજા કહેવા લાગ્યો કે, "રાણીને આ શું થયું છે!" પંડિતા કહેવા લાગી કે, "રાણી એમ તો ઘણી જ વિનીત છે પણ આજે પરવશ હોવાને કારણે આપનો સત્કાર કરી શકી નથી ! તે તો આપની હમેશાં કુશલતા ચાહે છે. તમે બહાર રહીને બીજાઓની રક્ષા કરો છો પરંતુ આ અંદર રહેવા છતાં આપની રક્ષાનો હમેશાં પ્રયત્ન કરે છે. આપ જ્યારે યુદ્ધમાં ગયા હતા ત્યારે તેણીએ દેવની માનતા માની પ્રતિજ્ઞા કરી હતી કે, જ્યારે હું યુદ્ધમાંથી સકુશલ પાછા ફરેલા પતિનું મુખ જોઇશ ત્યારે તમારો પાઠ માનીશ અને તમારી પૂજા કરીશ. અને જ્યાંસુધી હું આપની પૂજા ન કરું ત્યાંસુધી મહેલની બહાર નીકળીશ નહિ એવી હું બાધા લઉં છું. રાણીએ આવી બાધા લીધી હતી પણ આજે જ્યારે તમે બધાને નગર બહાર નીકળવાનો હુકમ કર્યો તો પછી રાણી મહેલમાં કેમ રહી શકે ? પતિવ્રતા સ્ત્રી પતિના હુકમનો અનાદર કેવી રીતે કરી શકે ? આપને પામીને રાણી દેવની પૂજા કરવાનું ભૂલી ગઈ, અને આપનો હુકમ માની મહેલની બહાર ચાલી આવી. આ પ્રમાણે તેણે લીધેલી બાધા તે ભૂલી ગઈ, પણ દેવ ભૂલે એવા ક્યાં હતા ? મારી સમજમાં તો દેવના પ્રકોપના કારણે જ રાણી નીચે ઢળી પડી છે. મને તો આ દેવનો પ્રકોપ જ જણાય છે."

પંડિતાની વાત સાંભળી રાજાએ કહ્યું કે, "તો હવે શું કરવું !"

**આપ કહો અરદાસ નાથ યોં, માફ કરો તુમ દેવ;**
**મહારાનીકો ભેજું મહેલમેં, કરે તુમારી સેવ, ॥ ધન૦ ૫૨ ॥**
**કપટ છોડ રાની જબ જાગી, દાસી બાત બનાઇ;**
**ભૂપતકો ભરમાઈ મહેલ ગઈ, રાની હર્ષ ભરાઇ. ॥ ધન૦ ૫૩ ॥**
**ધન્ય પંડિતા તવ ચતુરાઇ, અચ્છી બાત બનાઈ,**
**આજ મહેલ લે આવો શેઠકે, જોબ બના સુખદાઈ. ॥ ધન૦ ૫૪ ॥**

પંડિતાએ ઉત્તર આપ્યો કે, "હવે તો દેવને હાથ જોડી, નમસ્કાર કરી એવી પ્રાર્થના કરો કે, એ તો મારી ભૂલ થઇ છે કે, મેં રાણીને મહેલની બહાર આવવાની આજ્ઞા કરી હતી, માટે મારી ભૂલ માફ કરો, એનો કાંઇ અપરાધ નથી, હું તેને પાછી મહેલમાં મોકલી આપું છું. આપની તે મહેલમાં પૂજા કરશે અને પૂજા સમાપ્ત થયા બાદ જ તે મહેલની બહાર નીકળશે. પૂજા સમાપ્ત નહિ થાય તો મહેલની બહાર પણ નીકળશે નહિ." આ પ્રમાણે આપ દેવની પ્રાર્થના કરો.

રાજા ત્રિયાચરિત્રની જાળમાં ફસાઈ ગયો. રાજાએ પંડિતાના કથનાનુસાર બે હાથ જોડી, નમસ્કાર કરી દેવની પ્રાર્થના કરી, એટલે પંડિતાએ અભયાને ઈશારો કર્યો અને તે ઉપરથી રાણી બેઠી થઈ ગઇ. પંડિતાએ રાજાને કહ્યું કે, "દેવનો ચમત્કાર જોયો !" રાજા પણ "અહા ! આ દેવનો કેવો અદ્‌ભુત ચમત્કાર છે!" એમ કહેવા લાગ્યો.

આજે પણ દેવ પૂજાના નામે આવી ઠગાઇ-બહુ કરવામાં આવે છે. આવી ધૂર્તતાને કારણે લોકો દેવપૂજા, કે યજ્ઞને નામે ઘણો અનર્થ કરે છે અને જીવોનું બલિદાન પણ આપે છે; પણ વાસ્તવમાં દેવપૂજા કે યજ્ઞના મૂળ ઉદ્દેશને લોકો ભૂલી ગયા છે.

રાણીને રાજા કહેવા લાગ્યો કે, "તમે દેવપૂજાની પ્રતિજ્ઞા લીધી હતી છતાં આજે ભૂલી ગયા. એ ભૂલના ભોગે તો આજે મોટો અનર્થ થઈ જાત. એ તો સારું થયું કે, પંડિતાએ દેવપૂજાનું ભાન કરાવ્યું. હવે તમે મહેલમાં જાઓ અને પંડિતા કહે તેમ દેવ-પૂજા કરો. નહિં તો મારુ અને તમારું સંસારસુખ માટીમાં મળી જશે."

લોકો સંસાર સુખને પકડી રાખવા ચાહે છે, પણ તે સુખને પકડવાનો જેટલો પ્રયત્ન કરવામાં આવે છે તેટલું તે સુખ દૂર ભાગે છે.

રાજાનું કથન સાંભળી રાણીએ કહ્યું કે, "આપના હુકમનું પાલન કરવું એ તો મારું કર્તવ્ય છે." આ પ્રમાણે કહી રાણી પંડિતા સાથે પાલખીમાં બેસી મહેલમાં આવી. પંડિતા કહેવા લાગી કે, "જોયું, મારી યુક્તિ કેવી પાર પડી ?" અભયા કહેવા લાગી કે, "મેં પણ કેવો વેશ ભજવ્યો !" આ પ્રમાણે બન્ને એક બીજાની પ્રશંસા કરવા લાગ્યા.

રાણીએ પંડિતાને કહ્યું કે, "આ તો બધું થયું; પણ હવે સુદર્શન શેઠને મહેલમાં કેવી રીતે લાવશો ?"

પંડિતાએ ઉત્તર આપ્યો કે, "જ્યારે મેં રાજાને વશ કરી લીધો તો પછી આ શેઠ શું વિસાતમાં છે ! તું પણ હોશીયાર થઇ જા. હમણાં જ શેઠને તારી સામે ઉપસ્થિત કરું છું." પંડિતાની વાત સાંભળી અભયા પણ સાવધાન થઈ ગઈ.

એક બાજુ તો અભયા શેઠને વિચલિત કરવા તત્પર થઈ છે ત્યારે બીજી બાજુ સુદર્શન શેઠ પૌષધવ્રત ધારણ કરી ધર્મધ્યાનમાં મગ્ન થઇ બેઠા છે. એક તો ઈશ્વરનો 'બંદો' છે તો બીજી શેતાનની શિષ્યા છે. આ બન્ને વચ્ચે સંઘર્ષણ કેવું થાય છે તે જોવાનું છે.

# વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૪ શુક્રવાર

## પ્રાર્થના

**'વિશ્વસેન' નૃપ 'અચલા' પટરાનીજી, તસુ સુત કુલ શણગાર હો સુભાગી,**
**જન્મતાં શાંતિ કરી નિજ દેશમે, મૃગી માર નિવાર હો, સુભાગી,**
**શાન્તિ જિનેશ્વર સાહબ સોલમા. ॥૧॥**

શ્રી શાન્તિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના અનેક વિધિએ કરવામાં આવી છે, અને અનેક વિધિએ પરમાત્માની પ્રાર્થનામાં રહેલી શક્તિ બતાવવામાં આવી છે.

જ્ઞાનીજનોનું એવું કથન છે કે, "જે પ્રમાણે સાંકળનાં કોઈ પણ આંકડીયાને ખેંચવાથી કે પકડવાથી આખી સાંકળ ખેંચાઈ આવે છે તે જ પ્રમાણે પરમાત્માની કોઈપણ શક્તિને પોતાનામાં ખેંચવામાં આવે તો બધી શક્તિ પોતાનામાં ખેંચાઈ આવે છે.

આ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કેઃ—

**શાન્તિ જિનેશ્વર સાહબ સોલવાં, શાન્તિદાયક તુમ નામ હો સુભાગી,**
**તન મન વચનોંકો શુદ્ધ કર ધ્યાવતાં, પૂરે સઘળી હામ, હો સુભાગી.**

ભક્ત કહે છે કે, "હે પ્રભો! તારા મહિમાનાં ગુણ ગાતાં ગાતાં મોટા મોટા ઋષીશ્વરો પણ થાકી ગયાં છતાં તારા ગુણગ્રામ સંપૂર્ણ રીતે કરી શકયા નહિ તો પછી મારા જેવો તુચ્છ પ્રાણી તારા નામનો મહિમા કેમ વર્ણવી શકે? જો કે તારા નામનો મહિમા હું વર્ણવી શકતો નથી પણ તારું નામ લઈને હું કૃતકૃત્ય થઈ શકું છું એટલો મને આત્મસંતોષ છે.

ઉદાહરણ તરીકે જો કોઈ માણસ કોઈ કીંમતી રત્નનું મૂલ્ય આંકી શકતો ન હોય પણ તેને મફત રત્ન મળે તો લઈ શકે છે, તે જ પ્રમાણે પરમાત્માનો અવર્ણનીય મહિમા વર્ણવી શકાતો ન હોય તો કોણ એવો હશે કે જે, પરમાત્માનું નામ લેવા નહિ ચાહે? હે પ્રભો! તારા નામનું મહત્ત્વ સમજીને તારું નામસ્મરણ કરવામાં આવે તો આ આત્માને ઘણો લાભ થાય; પણ પરમાત્માનું નામસ્મરણ કરવામાં તન, મન અને વચનને શુદ્ધ રાખવાં પડે છે અને ત્યારેજ આ આત્માને લાભ પહોંચે છે.

તન, મન અને વચનની શુદ્ધિ કરનારા જ પરમાત્માનું નામ લેવાને અધિકારી બની શકે છે. અધિકારી બન્યા વિના પરમાત્માનું કરવામાં આવતું નામસ્મરણ બરાબર લાભપ્રદ નીવડતું નથી. અધિકારી બનીને પરમાત્માનું નામ લેવું અને અધિકારી બન્યા વિના પરમાત્માનું નામ લેવું એમાં ઘણું અંતર રહેલું છે. મન, વચન અને કાયાને શુદ્ધ કરી અધિકારી બની પરમાત્માનું નામસ્મરણ કરવાથી આત્મશક્તિનું ભાન થાય છે. જ્ઞાનીજનો આત્મશક્તિને પ્રાપ્ત કરવા માટે જ ૐ શાન્તિ : શાન્તિ : શાન્તિ : એમ

ત્રણ વાર શાન્તિનું ઉચ્ચારણ કરે છે. ભગવાન્ શાન્તિનાથનું નામસ્મરણ પણ શાન્તિ માટે જ કરવામાં આવે છે. કહ્યું છે કેઃ–

**'पूर्णात् पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।'**

અર્થાત્—જે પૂર્ણની પાસે પૂર્ણતા માંગે છે તે પૂર્ણ બની જાય છે. આનો અર્થ એ છે કે, પૂર્ણની પાસે પૂર્ણ ચીજ જ માંગવી જોઈએ, અપૂર્ણ ચીજ નહિ.

જે માણસ ખોબો ભરીને હીરા-માણેક આપી રહ્યો છે, તે ન લેતાં, તેની પાસે પૌંઆં ચણાં માગવા એ શું ઠીક છે? જો કોઈ એમ કરે તો તે તેની ભૂલ છે કે નહિ? આ જ પ્રમાણે પરમાત્મા પાસેથી શું માંગવું તે વિષે વિચાર કરો. તમે લોકો પૂર્ણ પુરુષની પાસે પૂર્ણતા ન માંગતાં અપૂર્ણતા માંગી ભૂલ કરી રહ્યા છો. એટલા માટે જ્ઞાનીજનો કહે છે કેઃ—

"જે લોકોત્તર દેવ નમૂં લૌકિકથી ।
દુર્લભ સિદ્ધ સ્વરૂપ પ્રભૂ તૈકિકથી ॥"

અર્થાત્—જે પરલૌકિક દેવ છે, જે પૂર્ણતા આપનાર છે અને જે સિદ્ધ ગતિને પ્રાપ્ત કરાવનાર છે તેમની પાસેથી જે તુચ્છ વસ્તુ માંગે છે તે મહાપુરુષની પ્રાપ્તિનો લાભ વ્યર્થ ગુમાવે છે. જે પ્રમાણે કોઇ, સંતુષ્ટ થએલા ચક્રવર્તી પાસેથી ચણા માંગવાની ભૂલ કરે છે તે જ પ્રમાણે જે પૂર્ણ પુરુષની પાસેથી અપૂર્ણતા માંગે છે તે પણ તેવી જ ભૂલ કરે છે. પૂર્ણ પુરુષની પાસે અપૂર્ણતા ન માંગતાં પૂર્ણતા જ માંગવી જોઈએ.

આત્માને પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત થઇ શકે એ વાત હવે અનાથીમુનિના ચરિત્રદ્વારા સમજાવું છુંઃ—

## અનાથી મુનિનો અધિકાર—૩૧

અનાથીમુનિ રાજા શ્રેણિકને કહે છે કે,—"હે રાજન્! તું કહેતો હતો કે, 'મારે ત્યાં હાથી, ઘોડા, રથ, ગામ, નગર વગેરે મારા અધિકારમાં છે, મારી આજ્ઞા બધા માથે ચડાવે છે,' પણ રાજા! વાસ્તવમાં આ તારો અહંકાર માત્ર છે; બીજું કાંઈ નથી. હાથી-ઘોડા આદિને કારણે તું સનાથ નહિ પણ અનાથ છે. બાહ્ય પદાર્થો ગમે તેટલાં પ્રાપ્ત થાય પણ એથી કાંઈ આત્મા સનાથ બની શકતો નથી. તું કહે છે કે, 'મારી આજ્ઞા બધા શિરોધાર્ય કરે છે,' પણ હું પૂછું છું કે, તારી આજ્ઞા તારા શરીર ઉપર પણ ચાલે છે કે નહિ તે જો. અને હાથી ઘોડા આદિને કારણે 'હું સનાથ છું' એ ખોટું અભિમાન છોડી દે. તું મારા જ ઉદાહરણથી સમજી શકે છે કે, મને દરેક પ્રકારનું સુખ હતું. મારે ત્યાં ધન ધાન્યાદિનો વૈભવ ઘણો હતો છતાં તે સુખ વૈભવથી હું સનાથ બની ન શકયો. એવી મારી અનાથતા હતી. જે પદાર્થોને કારણે તું પોતાને સનાથ માને છે, તે પદાર્થોને કારણે જ, તું અનાથ છે.

અનાથી મુનિ રાજા શ્રેણિકને જે કાંઈ કરી રહ્યા છે તે ઉપર તમે પણ વિચાર કરો. તમે પણ સંસારનાં પદાર્થો ઉપર અભિમાન કરતા હશો પણ શું એ પદાર્થોને છોડી તમારે જવું નહિ પડે? વળી પદાર્થો ઉપર શું તમારો હુકમ ચાલે છે? પદાર્થો ઉપર તો શું પણ

તમારા શરીર ઉપર પણ તમારો હુકમ ચાલતો નથી. જો શરીર ઉપર તમારો હુકમ ચાલતો હોત તો તમારા કાળા વાળ સફેદ કેમ થઈ ગયા? દાંત કેમ પડી ગયા? આ પ્રમાણે જ્યારે તારા શરીર ઉપર પણ તારો અધિકાર ચાલતો નથી તો પછી બાહ્ય પદાર્થો ઉપર તારો અધિકાર કયાંથી હોય? માટે હું બધાનો નાથ છું એ અભિમાન તું છોડી દે. હે રાજન્! તું જે પદાર્થોને કારણે પોતાને સનાથ માને છે તે જ પદાર્થોના બંધનોમાં ફસાઈ જઈ તું અનાથ બની રહ્યો છે!

પદાર્થોના ફંદામાં ફસાઈ જઇ આત્મા કેવી રીતે અનાથ બની રહ્યો છે એ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું. માનો કે, કેટલાક કેદીઓને સિપાઇઓ પકડી લઈ જઈ રહ્યા છે. સિપાઈઓ મનમાં એમ સમજતા હશે કે, અમે કેદીઓને પકડી લઇ જઇએ છીએ પણ વિચાર કરવાથી જણાશે કે, તે સિપાઈઓ પણ કેદીની સાથે કેદી થઈ જઈ રહ્યા છે! કારણ કે કોઇ સિપાઇઓને એમ કહે કે એ કેદીઓને ત્યાં ઉભા રાખી અત્રે આવો તો શું સિપાઇઓ કેદીઓને છૂટા મૂકીને આવી શકશે? આ પ્રમાણે તે કેદીઓની સાથે સિપાઈઓ પણ કેદી બન્યા છે કે નહિ? આ જ પ્રમાણે તમે એમ માનો છો કે, "અમે સાંસારિક પદાર્થોના માલિક છીએ, પણ વાસ્તવમાં સંસારનાં પદાર્થો તમારા માલિક બન્યાં છે અને તમને પોતાના કાબુમાં પકડી રાખ્યા છે."

અનાથી મુનિ રાજા શ્રેણિકને કહે છે કે, "હે રાજન્! આ પ્રમાણે તું પોતે અનાથ છે તો પછી તું મારો કે બીજાનો નાથ કેવી રીતે બની શકે? તું જેને પોતાનું માની બેઠો છે તે પર પદાર્થની પરવશતાને કારણે જ તું અનાથ છે."

મુનિનું આ કથન સાંભળી રાજા કહેવા લાગ્યો કે, "સંસારના પદાર્થોની પરવશતાને કારણે અનાથતા આવે છે એ તો હું સમજ્યો પણ હવે અનાથ કેવી રીતે બની શકાય છે એ હું જાણવા ચાહું છું.

મુનિએ જવાબ આપ્યો કે, "હે રાજન્! અનાથતાને દૂર કરી અનાથ કેમ બની શકાય છે અને અનાથમાં કેટલી બધી શક્તિ હોય છે એ હું બતાવું છું તે સાંભળ:"—

> **तओऽहं एवमाहंसु, दुक्खमाहु पुणो पुणो ।**
> **वेयणा अणुभविउं जे, संसारम्मि अणंतए ॥ ३१ ॥**
>
> **सई च जइ मुच्चेज्जा, वेयणा विउला इतो ।**
> **खन्तो दन्तो निरारम्भो, पव्वइए अणगारियं ॥ ३२ ॥**
>
> **एवं च चिन्तइत्ता णं, पासुत्तो मि नराहिवा ।**
> **परियतन्तीइ राईए, वेयणा मे खयं गया ॥ ३३ ॥**

ગણધરોએ આ ત્રણ ગાથાઓમાં સંસારનું ઘણું રહસ્ય બતાવેલ છે. આત્મા કેવી રીતે સુખી થઈ શકે છે અને કેવી રીતે દુઃખી થાય છે એ આ ગાથાઓમાં બતાવવામાં આવ્યું છે.

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! જ્યારે મારા માતા પિતા, ભાઈ બહેન, પત્ની તથા વૈદ્ય વગેરે બધાં મારા રોગને દૂર કરવામાં સમર્થ ન થયા ત્યારે મને લાગ્યું કે, આ મારા નાથ નથી. તેઓ મારી રક્ષા કરી શકતા નથી અને હું તેમની રક્ષા કરી શકતો નથી" આ પ્રમાણે વિચાર કરી મેં મારા આત્માને સંબોધીને કહ્યું કે, "હે આત્મા! તેં આવું દુઃખ પહેલી વાર જ ભોગવ્યું નથી, આવું દુઃખ તો તેં અનંતવાર ભોગવ્યું છે, માટે હવે તું દુઃખથી મુક્ત થવા માટે જાગ્રત થઈ જા!"

લોકો દુઃખથી ગભરાય છે પણ જે મહાપુરુષો છે તેઓ તો દુઃખમાંથી પણ સુખ શોધે છે. તેઓ માને છે કે, "બધાં દુઃખો તો સમાપ્ત થઈ જાય છે, પણ મારા આ આત્માની સમાપ્તિ થતી નથી. મારો આત્મા તો સંસારમાં અનાદિકાળથી દુઃખને અનુભવતો આવ્યો છે. જ્યારથી આ સંસાર છે ત્યારથી 'હું છું,' અને જ્યારથી હું છું ત્યારથી 'આ સંસાર' છે. હું અને આ સંસાર બન્નેય અનાદિકાળથી છે. મારામાં અને આ સંસારમાં પહેલાં કોણ છે અને પછી કોણ છે, એવો કોઇ ક્રમ કે ભેદ નથી. જે પ્રમાણે બન્ને આંખોમાં અને બન્ને કાનોમાં કોણ પહેલો છે અને કોણ પછીનો છે એ કહી શકાતું નથી, તે જ પ્રમાણે આ આત્મા અને આ સંસારમાં કોણ પહેલું અને કોણ પછી છે એ કહી શકાતું નથી. આત્મા અને સંસાર બન્નેય અનાદિના છે."

"આ સંસારમાં મેં અનેકવાર દુઃખો ભોગવ્યાં છે. એ દુઃખો ક્યાંથી આવે છે એ વિચારતાં હું એ નિશ્ચય ઉપર આવ્યો છું કે એ દુઃખો પોતાના સંકલ્પથી જ આવ્યાં છે. મેં જેવો સંકલ્પ કર્યો તે સંકલ્પ પ્રમાણે મેં સુખ–દુઃખને ભોગવ્યાં છે."

આ એક દાર્શનિક ચર્ચા છે. બીજા દાર્શનિકો કહે છે કે, "આત્મા અજ્ઞાની હોવાના કારણે તે પોતાનો નિમાયક બની શકતો નથી. અજ્ઞાનતાને કારણે આ આત્મા કર્મ તો કરી નાંખે છે પણ તે ફળ ભોગવવામાં સ્વતંત્ર નથી. ફલ આપવાના નિયામક તો ઈશ્વર જ છે. આત્મા કર્મ કરવામાં સ્વતંત્ર છે પરંતુ ફળ ભોગવવામાં સ્વતંત્ર નથી. ફળના નિયામક તો ઈશ્વર જ છે."

બીજા દાર્શનિકો આ પ્રમાણે આત્માને કર્મ કરવામાં તો સ્વતંત્ર માને છે પણ તેનું ફળ ભોગવવામાં પરતંત્ર માને છે પણ તેમના આ કથન ઉપર વિચાર કરવાથી ઠીક જણાતું નથી.

કુરાનમાં પણ કહ્યું છે કે, "હે મુહમ્મદ! જે પોતે બગડતો નથી તેને હું બગાડતો નથી અને જે પોતે સુધરતો નથી તેને હું સુધારતો નથી." આ પ્રમાણે કુરાન પણ ખુદાને નિયામક માનતું નથી.

પરમાત્મા, જો ફલના નિયામક નથી તો, પોતાના કાર્યના ફલને પોતે કેવી રીતે ભોગવે છે? એ પ્રશ્ન ઊભો થાય છે. આ પ્રશ્નના ઉત્તરમાં પોતાના સંકલ્પ પ્રમાણે કર્મનું ફળ સુખ કે દુઃખરૂપે મળે છે એમ માનવું જોઇએ. પણ જો પરમાત્માને ફળના નિયામક માનવામાં આવે તો અનેક આપત્તિઓ આવે છે. જેમકે, માનો કે, કોઈ માણસે ચોરી કરી. હવે ચોરી કરનારે એ પૂર્વ પાપનું ફળ ભોગવ્યું કે નવું પાપ કર્યું? જો એમ કહેવામાં

આવે કે તેણે પૂર્વ પાપનું ફળ ભોગવ્યું તો જેને ત્યાં ચોરી થઇ છે, તેણે તો પૂર્વ પાપનું ફળ ભોગવ્યું પરંતુ એ ચોરી તો પરમાત્માએ કરાવીને? એટલા માટે 'પરમાત્માએ ચોરીદ્વારા તેના પૂર્વકૃત પાપનું ફળ ભોગવાવ્યું' એમ માનવું તે ઠીક કહી શકાય નહિ. જ્ઞાનીજનો કહે છે કે, "તે ચોરી કરીને પૂર્વ કર્મને ભોગવે છે અને નવાં કર્મો બાંધે છે. જ્યારે સંવરદ્વારા નવાં કર્મો બાંધે નહિ ત્યારે જ તે પાપથી મુક્ત થઇ શકે છે."

મુનિ કહે છે કે, હે રાજન્! મારી અનાથતા વિષે વિચાર કરતાં મને જણાયું કે, મારા સંકલ્પને કારણેજ મારે દુઃખ ભોગવવું પડે છે."

અહીં એક પ્રશ્ન થાય છે કે, "આત્મા સુખનો સંકલ્પ તો કરે છે, પણ દુઃખનો સંકલ્પ કોણ કરે? વળી, આત્મા જો અજ્ઞાન છે તો તે નિયામક કેવી રીતે બની શકે? જો પ્રકૃતિ વ્યવસ્થા કરે છે એમ કહેવામાં આવે તો તે તો જડ છે. જ્યારે તે પોતે પોતાને જાણી શકતી નથી તો પછી તે બીજાની વ્યવસ્થા કેવી રીતે કરી શકે? એટલા માટે આત્માનો કોઈ નિયામક તો હોવો જ જોઇએ."

આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે, "દૂધને એ જ્ઞાન હોતું નથી કે, મારામાં કેટલો રસભાગ છે અને કેટલો ખલભાગ છે. તથા પેટમાં જઇને હું કયા રૂપમાં પરિણત થાઉં છું." આ જ પ્રમાણે તમને પણ એ જ્ઞાન નથી કે એ દૂધ અમારા પેટમાં જઇ કેવી રીતે રસ ભાગ અને ખલ ભાગમાં પરિણત થાય છે! આમ હોવા છતાં દૂધ જ્યારે પેટમાં જાય છે ત્યારે તેનો રસ ભાગ અને ખલ ભાગ જુદો જુદો થઈ જાય છે, અને રસ ભાગમાંથી જેટલો ભાગ આંખને મળવો જોઇએ તેટલો આંખને, જેટલો ભાગ કાનને મળવો જોઇએ તેટલો કાનને અને એ પ્રમાણે પ્રત્યેક અંગને રસ ભાગ પ્રમાણમાં મળે જ છે. આ પ્રમાણે પ્રકૃતિ જ એવી બની છે કે, બધાં કામો પોતાની મેળે જ નિયમિતરૂપે થયાં કરે છે. જો તમે પ્રકૃતિદ્વારા થતાં બધાં ખેલો બરાબર જુઓ અને જાણો તો તમે પૂર્ણ જ થઇ જાઓ. તમે જાણતા નથી કે આ બધું કેમ બને છે! પણ પ્રકૃતિ તો પોતાનો બધો ખેલ બરાબર ભજવે છે, અને આત્મા પ્રકૃતિના આ ખેલને કારણે જ પોતાના કર્મનું ફળ પોતે જ ભોગવવા વિવશ થઈ જાય છે. આ પ્રમાણે કર્મનું ફલ ભોગવવા માટે પરમાત્મા કે બીજા કોઇને નિયામક માનવાની જરૂર જ રહેતી નથી.

મુનિ કહે છે કે, "હે રાજન્! મારી આત્માની સ્થિતિ જોતાં હું એ નિશ્ચય ઉપર આવ્યો કે આ રોગ મારા પોતાના સંકલ્પથી જ પેદા થયો છે. તો આ રોગ હાય વોય કરવાથી એમ મટી શકે એમ નથી. હું અનંતવાર વેદના સહી ચૂકયો છું. જો વેદના દૂર થઈ શકતી ન હોય તો પહેલાંની વેદના કેમ દૂર થઈ? આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વેદના દૂર થઈ શકે છે. તો પછી આ વેદના કેમ દૂર થતી નથી? આ વિષે વિચાર કરતાં હું એ નિશ્ચય ઉપર આવ્યો કે, મેં મારા પોતાના સંકલ્પથી જ આ વેદનાને બોલાવી છે અને મારા પોતાના સંકલ્પથી જ એ વેદનાને દૂર કરી શકાય છે."

સંકલ્પનો અર્થ નિશ્ચય થાય છે. સુખ કે દુઃખને આત્માએ પોતાના નિશ્ચયથી જ પકડી રાખ્યાં છે.

કેટલાંક સંકલ્પો તો પોતે કરે છે અને કેટલાંક સંકલ્પો પૂર્વજોના સંસ્કારરૂપે આવે છે. જેમકે કોઇને, પૂર્વજોનાં સંસ્કાર માંસ ન ખાવાનાં હોય છે તો તે માંસ ખાતા નથી. આ જ પ્રમાણે કેટલાંક સંસ્કારો પૂર્વ જન્મનાં ઊતરી આવે છે. જે પ્રમાણે જે માણસ માંસ ખાતો નથી, તેને માંસ ખાવાનું સ્વપ્ન પણ કોઈ દિવસ આવતું નથી, કારણ કે તેને માંસ ન ખાવાનો સંકલ્પ છે. આ પ્રમાણે જે કાંઇ થાય છે તે પોતાના સંકલ્પથી જ થાય છે. પછી ભલે તે સંસ્કાર આ ભવનાં હોય કે પર ભવનાં હોય! જે પ્રમાણે સંકલ્પ દૃઢ હોવાના કારણે માતાની સાથે દુરાચાર સેવવાનું સ્વપ્ન પણ આવતું નથી તે જ પ્રમાણે જો સમસ્ત પરસ્ત્રીઓ કે બધી સ્ત્રીઓની સાથે વિષય ભોગ ન કરવાનો કે ત્યાજ્ય વસ્તુઓને ન અપનાવવાનો સંકલ્પ દૃઢ નિશ્ચય હોય તો આત્મા ઘણી ઉન્નતિ સાધી શકે છે.

## સુદર્શન ચરિત્ર—૩૧

સુદર્શન શેઠે એવો સંકલ્પ કર્યો છે કે, 'હું એક મનોરમા સિવાય સંસારની સમસ્ત સ્ત્રીઓને માતા-બહેન સમાન માનીશ.' હવે તે પોતાના આ સંકલ્પ ઉપર કેવી રીતે દૃઢ રહે છે તે અત્રે જોવાનું છેઃ—

**મૂર્તિ લેકર ગઈ બાહર કો, પહેરેદાર ભરમાઇ;**
**પૌષધશાલા શેઠ સુદર્શન, મૂર્તિ ફેંક લે આઈ. ।। ધન૦ ૫૫ ।।**
**પૌષધમૌન શેઠ નહીં બોલે, બૈઠા ધ્યાન લગાઈ;**
**અભિયા કર શ્રૃંગાર શેઠ કે, ખડી સામને આઈ. ।। ધન૦ ૫૬ ।।**

આ બાજુ સુદર્શન પોતાના સંકલ્પમાં દૃઢ છે અને બીજી બાજુ રાણીએ સુદર્શનને ચલિત કરવાનો સંકલ્પ કર્યો છે.

સંકલ્પ સુંદર પણ હોય છે અને ખરાબ પણ હોય છે. સુદર્શનનો સંકલ્પ સારો છે અને અભયાનો સંકલ્પ ખરાબ છે, પણ જેમના સંકલ્પમાં દૃઢતા હશે તેમને જ વિજય મળી શકશે. અભયા અને સુદર્શનના સંકલ્પના બલાબલની પરીક્ષા થાય છે. હવે કોનો સંકલ્પ દૃઢ છે અને એ સંકલ્પપરીક્ષામાં કોણ પસાર થાય છે એ જોવાનું છે.

સંકલ્પના આધારે કર્મ છે કે કર્મના આધારે સંકલ્પ છે એ વિચારવા જેવી વાત છે. કર્માનુસાર બુદ્ધિ થાય છે એમ કહેવામાં આવે છે પણ એમ કહેવું એ એક પ્રકારની નિર્બળતા છે. અનાથી મુનિએ કહ્યું છે કે—

**'अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य ।।'**

સુખ કે દુઃખનો કર્તા કે હર્તા આ આત્મા જ છે. અર્થાત્ કર્મ સંકલ્પને આધીન છે. જો તમારો સંકલ્પ કર્મોને દૂર કરવાનો હોય તો કર્મો કદાપિ ટકી શકે નહિ. કેટલાક માણસો 'અમારા કર્મો જ એવાં છે' એમ કહી કર્મોને દોષ આપે છે, અને દુઃખ ભોગવે છે પણ 'દુઃખ એ પોતાના સંકલ્પની ખામીને કારણે છે' એમ વિચારતા નથી. કર્મો તો પોતાના સંકલ્પને આધીન છે. જો કર્મોને દૂર કરવાનો દૃઢ સંકલ્પ હોય તો કર્મોને દૂર કરી શકાય છે એટલા માટે કેવળ કર્મોના નામે કોઈ ખરાબ કામ કરવું એ ઠીક નથી.

અભયાએ પંડિતાને કહ્યું કે, આજે સુયોગ સાંપડયો છે. આજે હું પણ મહેલમાં એકલી છું અને શેઠ પણ પૌષધશાળામાં એકલો છે. આવો અવસર ફરી મળવો મુશ્કેલ

છે. પંડિતાએ કહ્યું કે, એ બધી વાત મારા ખ્યાલમાં છે. હમણાં જ હું મારી યુક્તિ અજમાવું છું.

પંડિતા ગાજતે વાજતે પાલખીમાં મૂર્તિ બેસાડી સુદર્શનની પૌષધશાળા તરફ ચાલી. પૌષધશાળા પાસે જઇ તેણીએ મૂર્તિને તો જલ કે સ્થળ ઉપર ફેંકી દીધી અને પછી સાથે આવેલા લોકોને કહ્યું કે, "તમે લોકો અહીં ઉભા રહો, હમણાં હું પૂજા સંબંધી ક્રિયા કરી પાછી આવું છું." આ પ્રમાણે કહી પંડિતા સાથેના પહેરગીરોને ભ્રમમાં નાંખી પૌષધશાળામાં ગઈ અને શેઠને ઉપાડી મૂર્તિના સ્થાને તેમને બેસાડી દીધા અને શેઠને કહ્યું કે, "શેઠ! તમે વ્રતનિયમમાં દૃઢ રહેજો. અમે અમારું કામ કરીએ છીએ, તમે તમારા વ્રતનું પાલન કરો. કાંઈ બોલશો નહિ."

શેઠ તો પૌષધમાં બેઠા હતા. એટલે પંડિતાએ આમ કહેવા છતાં તથા ઉપાડીને મૂર્તિના સ્થાને બેસાડયા છતાં તેઓ કાંઈ બોલ્યા નહિ. મૌન ધારણ કરી રાખ્યું. પંડિતાએ મૂર્તિના સ્થાને સુદર્શનને બરાબર બેસાડી દીધા અને પછી પાલખી ઉપાડી તેણીએ ચાલવા માંડયું.

પંડિતાએ સુદર્શનને આ પ્રમાણે ઉપાડયા છતાં પણ સુદર્શન તો નિશ્ચલ જ બેઠો રહ્યો. આ ઉપરથી કોઇ એમ કહી શકે કે સુદર્શન આવો કાયર કેમ બન્યો! તેણે પંડિતાને કેમ કાંઈ કહ્યું નહિ? આ પ્રમાણે કોઇ કહી શકે પણ સુદર્શન આ પ્રશ્નના જવાબમાં કહે છે કે, "જ્યારે મેં શરીરની બધી પ્રવૃત્તિઓનો ત્યાગ કર્યો છે તો પછી આ શરીર ઉપર જે થવાનું હોય તે ભલે થાય. માટે તે વખતે શરીરની પ્રવૃત્તિમાં પડવું ન જોઇએ."

પંડિતા સુદર્શનને ઉપાડી ચાલી નીકળી. પહેરેગીરો તો એમ જ માનતા હતા કે, આ તો એ જ મૂર્તિ છે. પંડિતા જેમ આવી હતી તેમ વાજતે ગાજતે સુદર્શનને મહેલમાં લઈ ગઈ; અને એકાન્તમાં તેને મુકી તે હસતી હસતી અભયા પાસે ગઇ અને રાણીને કહ્યું કે, "હું સુદર્શનને મહેલમાં લઇ આવી છું. મેં મારી ફરજ બજાવી લીધી છે. હવે તું તારી ફરજ બજાવ."

અભયાએ કહ્યું કે, "બહુ સારું થયું. હવે હું મારી ફરજ બજાવીશ. તેં તો તારી શક્તિનો પરિચય આપ્યો. હવે મારી શક્તિ પણ જો."

શેઠ તો જેમ પૌષધશાળામાં ધ્યાનસ્થ બેઠો હતો તે જ પ્રમાણે મહેલમાં પણ ધ્યાનસ્થ બેસી રહ્યો. તે તો એમ જ વિચારતો હતો કે, "ભલે મહેલ હોય કે જેલ હોય, મારે તો મારા વ્રતનું પાલન કરવાનું છે. ભલે આ શરીર રહે કે ન રહે, પણ મારા આત્માને કોઇ હાનિ પહોંચાડી શકે એમ નથી."

અભયારાણી શૃંગાર સજી, રમઝમ કરતી સુદર્શનની પાસે આવી, પણ સુદર્શન તો પહેલાંની માફક ધ્યાનમગ્ન હતો. રાણી વિચારવા લાગી કે, મારાં ઝાંઝરનો અવાજ સાંભળવા છતાં પણ તેની સમાધિનો ભંગ ન થયો, તે તો ધ્યાનસ્થ જ બેઠો છે. ગમે તે થાય મારે તો તેને વિચલિત કરવો છે. એટલા માટે અત્યારે તો તેની પાસે સામનીતિથી કામ લેવું એ ઠીક છે. મારે તો ગમે તે નીતિથી વશ કરવો છે.

**હાથ જોડે અમૃત સમ મીઠા, બોલે મુખસે બોલ;**
**મૈં રાની તુમ પુરજનમાની, સરખે સરીખી જોડ. ॥ ધન૦ ૫૭ ॥**
**કલ્પવૃક્ષ સમ કાયા થારી, મૈં અમૃતકી બેલી;**
**મૌન બોલ નિરખો મુઝ નયના, ધ્યાન ઢોંગ દો મેલી. ॥ ધન૦ ૫૮ ॥**

સુદર્શનની પાસે જઈ અભયાએ તેને નમસ્કાર કર્યો. અભયાની આ દશા ઉપરથી વિચારો કે જ્યારે મનુષ્ય પતિત બની જાય છે, ત્યારે શું શું કરે છે? અભયા રાજાની રાણી છે; એ દ્રષ્ટિએ તે પ્રજાની માતા છે અને સુદર્શન રાણીની પ્રજા અને એ દૃષ્ટિએ તે રાણીનો પુત્ર છે. માતાના પગે પુત્ર પડે છે, પણ માતા પુત્રના પગે પડતી નથી. અભયા–માતાને સુદર્શન–પુત્રના પગે પડવાની જરાપણ જરૂર ન હતી. પણ આત્મામાં જ્યારે નીચ કામવાસના જાગૃત થાય છે ત્યારે મનુષ્ય નીચ કામો કરવા માટે તૈયાર થઇ જાય એમાં શું આશ્ચર્ય છે!

રાણી, **મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે હૃદયે તુ હલાહલમ્** એ કથનાનુસાર હૃદયમાં તો હલાહલ છે પણ મોઢે તો અમૃત વચનો સુદર્શનની આગળ બોલવા લાગી. તે સુદર્શનને કહેવા લાગી કે, " આપ ચુપચાપ કેમ બેઠા છો? જરા તો વિચારો કે, મારી અને તમારી કેવી જોડી છે? હું રાણી છું અને તમે નગરશેઠ છો. તમે નગરના નાયક છો અને હું નગરની નાયિકા છું. મારી અને તમારી આવી સુંદર જોડી મળી છે તો પછી આપ ઢોંગ કરી મૌન કેમ બેઠા છો? જરા આંખો ખોલી મારી સામે નજર તો કરો!"

શેઠ રાણીનું કથન સાંભળી રહ્યો હતો, પણ તે વિચારતા હતા કે, "રાણી આ શું કહે છે? મને ભગવાન પાસેથી જે જ્ઞાન મળ્યું છે તે જ્ઞાનની શું આજે કસોટી થઈ રહી છે!"

જેમનામાં સમ્યક્જ્ઞાન કે આધ્યાત્મિક જ્ઞાન હોય છે તેઓ પ્રત્યેક વાતનો ઊંડો વિચાર કરે છે. આ કથનાનુસાર સુદર્શન શેઠ રાણીના કથન ઉપર વિચારવા લાગ્યા કે, આ પોતાને રાણી કહે છે પણ એટલું તે વિચારતી નથી કે, હું રાજાની રાણી થઇ, રાજાની આજ્ઞા વિના બીજાની ગુલામીમાં કેમ ફસાઉં છું! જો હું આ રાણીના વચનના પ્રલોભનમાં ન પડું તો તો મારા માટે એ વચનો અમૃતની સમાન જ લાભકારી નીવડશે. આ રાણી, મને નાયક અને પોતાને નાયિકા તરીકે વર્ણવે છે પણ ખરી મોટાઈ પોતાની મહત્તાને વધારવામાં છે કે ગુમાવવામાં છે તેનો તે વિચાર કરતી નથી. જો હું અને તે રાણી પોતપોતાની મહત્તાની રક્ષા કરવા ચાહતા હોઇએ તો અમારી વચ્ચે માતા–પુત્રના જેવો જ સંબંધ હોવો જોઇએ; પણ જો પોતાની મહત્તાને ગુમાવી દેવામાં આવે તો બન્નેનું પતન થઇ જાય!"

રાણી સુદર્શનને લોભાવવા આગળ કહે છે કે, "આપણી બન્નેની જોડી કેવી સુંદર છે? તું તો કલ્પવૃક્ષની સમાન છો અને હું અમૃતવેલની જેવી છું. માટે તું આંખો ખોલ અને મારા સામું જો."

રાણીનું આ કથન સાંભળી સુદર્શન વિચારે છે કે, આ રાણી પોતાને અમૃતવેલ સમાન બતાવી મને કલ્પવૃક્ષ સમાન કહે છે તો મારું કર્તવ્ય એ છે કે, "જેમ કલ્પવૃક્ષનો

આધાર લઈ, અમૃતવેલ મીઠાં ફળ આપે છે, તેમ મારો આધાર પામીને, જો અમૃતવેલ સમાન આ રાણી, વિષફલ આપે તો હું કલ્પવૃક્ષ સમાન કેમ કહેવાઉં !"

સુદર્શન આ પ્રમાણે મનમાં વિચાર કરે છે. આ બાજુ રાણી, સુદર્શનને મૌન બેઠેલા જોઇ અને પોતાનો પ્રયત્ન નિષ્ફળ થતો જોઇ આગળ કહેવા લાગી કેઃ—

**કરું જતન તુમ જાય જીવ લગ, પ્રાણુ બરોબર માન;**
**તન, ધન, જોબન તુમ પર અર્પન, અબસે હો યહ જાન. ॥ ધન૦ ૫૯ ॥**
**વ્યર્થ જન્મ મુજ ગયા આજલગ, ખબર ન તુમરી પાઈ;**
**આજ સુદિન યહ હુઆ શેઠજી ! ધાય પંડિતા લાઈ. ॥ ધન૦ ૬૦ ॥**

સુદર્શનને મૌન બેઠેલો જોઇ રાણી વિચારવા લાગી કે, " હું ભૂલી ગઈ. આ વણિક છે. વણિકો ભયથી વધારે ડરે છે. એટલા માટે મને રાણી જાણી રાજાના ભયથી તે મૌન તોડતો નહિ હોય ! માટે સર્વ પ્રથમ એનો ભય દૂર કરવો જોઇએ." આ પ્રમાણે વિચાર કરી, તે સુદર્શનને કહેવા લાગી કે, શેઠજી ! હું તમારી સાથે જે સંબંધ જોડવા ચાહું છું તે કેવળ આજના માટે નહિ પણ જ્યાંસુધી આ શરીરમાં પ્રાણ છે ત્યાંસુધી એ સંબંધ જોડવા ચાહું છું. આજથી મારું તન, મન, ધન વગેરે તમને સમર્પિત કરું છું. તમને કદાચ એવો ભય હશે કે, રાજાને આ સંબંધની ખબર પડી જાય તો ગજબ જ થઈ જાય ને ? પણ સુદર્શન ! અમારા ત્રિયાચરિત્રને કોણ જાણી શકે છે ? કહેવત પણ છે કેઃ **देवो न जानाति कुतो मनुष्यो ।** જ્યારે દેવો પણ અમારા ત્રિયાચરિત્રને જાણી શકતા નથી તો પછી મનુષ્યો શી વિસાતમાં છે !

તમે પ્રત્યક્ષ જ જુઓ કે, "તમને ત્રિયાચરિત્રદ્વારા મહેલમાં કેવી રીતે લાવવામાં આવ્યા ? આ પ્રમાણે આપણા સંબંધને રાજાને પણ ખબર નહિ પડે, એ વિષે તમે નિશ્ચિંત અને નિર્ભય રહો. માટે નિર્ભય થઈ મૌન તોડો અને મારી સાથે સંબંધ જોડો."

એકાન્તમાં અભયા જેવી સુંદરીનો સુયોગ મળવા છતાં અને તેનાં આવાં પ્રલોભક વચનો સાંભળવા છતાં પણ સુદર્શન પોતાના વિચારમાં દૃઢ રહ્યો તેનું પ્રધાન કારણ તેનો દૃઢ સંકલ્પ છે. આજે જેઓ ' મહાત્માજી 'ના નામે સુપ્રસિદ્ધ છે તે ગાંધીજી પણ જો તમારા આ જ રાજકોટ શહેરમાં અને તમારા જ એક જૈન મુનિ બેચરજી મહારાજ પાસે પરસ્ત્રી, માંસ અને મદિરાપાનના ત્યાગનો દૃઢ સંકલ્પ ન કરી પરદેશ ગયા હોત તો, ન જાણે તેમની ત્યાં કેવી દશા થાત ! આ પ્રમાણે 'દૃઢ સંકલ્પમાં જ' એવી શક્તિ રહેલી છે કે, જે સંકટના સમયે પણ મનુષ્યની રક્ષા કરે છે.

તમે પણ તમોએ લીધેલ પ્રતિજ્ઞાનું કે તમોએ કરેલ સંકલ્પનું બરાબર પાલન થાય છે કે નહિ તેનો સાવધાનીપૂર્વક વિચાર કરો, અને લીધેલી પ્રતિજ્ઞાનું હમેશાં દૃઢતાપૂર્વક પાલન કરો. જો તમે તમારી લીધેલી પ્રતિજ્ઞામાં દૃઢ રહેશો તો સુદર્શનની માફક ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ધર્મનું પાલન કરી શકશો, અને તમારું કલ્યાણ જ થશે.

## વ્યાખ્યાન : સંવત ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૫ શનીવાર

### પ્રાર્થના

**કુંથુ જિનરાજ તૂ ઐસો, નહિ કોઈ દેવ તો જૈસો;**
**ત્રિલોકીનાથ તૂ કહીએ, હમારી બાંહ દૃઢ ગ્રહિએ. ॥ કુંથુ૦ ॥ ૧ ॥**

શ્રી કુંથુનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ઉચ્ચકોટિની પ્રાર્થનામાં આત્મા અને પરમાત્માની એકતાની જ ભાવના હોય છે. જો આમ માનવામાં આવે તો પ્રશ્ન એ થાય છે કે, કયાં અજ્ઞાનથી ઘેરાએલો, સંસારમાં ભટકનારો મલિન આત્મા ? અને કયાં પરમાત્મા કુન્થુનાથનું નિર્મળ સ્વરૂપ ? આ બન્નેની એકતા કેવી રીતે થઈ શકે ! આત્મા અને પરમાત્માની એકતાની પ્રાર્થના કરવી એ તો સાધારણ માણુસ બાદશાહ બનવાની ઇચ્છા કરે એના જેવી વાત છે. જે પ્રમાણે સાધારણ માણુસની બાદશાહ બનવાની ઇચ્છા કરવી એ કેવળ શેખચલ્લીની કલ્પના કહી શકાય, તે જ પ્રમાણે કર્મલિપ્ત આત્મા અને નિર્મળ પરમાત્માની એકતા ચાહવી એ પણ કેવળ શેખ-ચલ્લીની કલ્પના જ કહી શકાય. આત્મા અને પરમાત્માની એકતા કેવી રીતે સાધી શકાય એ તો બહુ મોટી વાત છે.

આ પ્રમાણે વિચારતાં આત્મા અને પરમાત્માની એકતા સાધવી બહુ મુશ્કેલ જણાય છે પણ તે વિષે ઊંડો વિચાર કરવાથી એ બહુ મુશ્કેલ વાત નથી.

સાધારણુ માણુસ બાદશાહ બનવાની ઇચ્છા કરે એ કદાચ અસંભવિત કે અસ્થા-નીય કહી શકાય, પણ આત્મા અને પરમાત્માની એકતા સાધવી એ અસંભવિત કે અસ્થાનીય નથી. ભગવાને પોતે જ્યાં ગંભીર તત્ત્વોનો ઉપદેશ આપ્યો છે ત્યાં એમ કહેલ છે કે, "મારો અને તમારો આત્મા સમાન જ છે." આ વિષે પ્રમાણો પણ બતાવ-વામાં આવ્યાં છે.

જો લક્ષ્યાર્થ અને વાચ્યાર્થ બરાબર ધ્યાનમાં રાખવામાં આવે, તો આત્મા અને પરમાત્માની એકતા કેમ સાધી શકાય એ પ્રશ્નનો ઉકેલ સહેજે થઈ જાય.

આત્મા અને પરમાત્માનો વાચ્યાર્થ તો ભિન્ન છે પણ લક્ષ્યાર્થ એક છે. જેમકે કોઈ બાળકનું નામ પાડવામાં આવ્યું. બાળક તો માણુસ છે અને સિંહ તો પશુ છે. તો પછી મનુષ્યને સિંહ કેમ કહેવામાં આવે ! આ રીતે મનુષ્યને સિંહ નામથી સંબોધવો તે અર્થનું નામ વાચ્યાર્થ છે. અહીં એ જોવાની જરૂર છે કે, મનુષ્ય તો સિંહ થઈ શકતો નથી, એટલા માટે વાચ્યાર્થની દૃષ્ટિએ એ અર્થ બંધબેસતો નથી પણ એનો લક્ષ્યાર્થ જોવામાં આવે તો એ અર્થ બંધ બેસી શકે. સિંહ અને મનુષ્યમાં જે ગુણનું સામ્ય હોય તે ગુણનું લક્ષ્ય કરી, એટલે શુરવીરતા જે સિંહનો ગુણ છે તે ગુણનું લક્ષ્ય કરી, મનુષ્યને સિંહ કહેવામાં આવે તો તે લક્ષ્યાર્થ બંધ બેસી શકે છે. આ જ પ્રમાણે આત્મા અને પરમાત્માની એકતા વાચ્યાર્થ અને લક્ષ્યાર્થની દૃષ્ટિએ કહેવામાં આવે છે.

આત્મા અજ્ઞાની, કર્મલિપ્ત છે જ્યારે પરમાત્મા જ્ઞાનસ્વરૂપ અને કર્મરહિત છે. એટલા માટે વાચ્યાર્થની દૃષ્ટિએ આત્મા અને પરમાત્માની એકતા સાધી શકાતી નથી, પરંતુ બન્નેની એકતા બતાવવાનો લક્ષ્યાર્થ શું છે એ જોવામાં આવે તો કોઇ પ્રકારનો સંદેહ રહેવા પામે નહિ! આત્મા અને પરમાત્માની એકતા ચૈતન્ય ગુણની દૃષ્ટિએ છે. જે ચૈતન્ય ગુણ પરમાત્મામાં છે તે જ ગુણ આત્મામાં પણ છે. કર્મ કે અજ્ઞાનને દૂર કરી શકાય છે પણ બન્નેમાં જે ચૈતન્ય ગુણ છે તે કોઇપણ પ્રકારે દૂર કરી શકાતો નથી. તે સ્થાયી ગુણ છે, તે સ્થાયી ચૈતન્ય ગુણને કારણે જ આત્મા અને પરમાત્માને એક કહેવામાં આવે છે. ભક્તો પણ એ જ કહે છે કેઃ—

**'તૂમ હિ હમ એકતા જાનું, દ્વૈત ભ્રમ–કલ્પના માનું.'**

"હે પ્રભો! ચૈતન્ય ગુણને લીધે મારી અને તારી એકતા છે, કાંઈ ભિન્નતા નથી. આ કારણે મારી અને તારી વચ્ચેની એકતા કૃત્રિમ એકતા નહિ પણ લક્ષ્યાર્થની દૃષ્ટિએ સ્વાભાવિક એકતા છે.

આ કથન ઉપરથી 'મારો આત્મા પણ પરમાત્માપદને યોગ્ય છે' એવો વિશ્વાસ પેદા કરવો જોઇએ. પણ કેવળ વિશ્વાસ પેદા કરવાથી કાંઈ વળતું નથી, પણ પરમાત્મા અને આત્માની એકતા સાધવામાં જે બાધક કારણો હોય તેને દૂર કરવાનો પુરુષાર્થ પણ કરવો જોઇએ. પુરુષાર્થ કરવાથી તમારો આત્મા પરમાત્મપદને પણ પ્રાપ્ત કરી શકે છે. અને જો પુરુષાર્થ કરવામાં ન આવે તો આત્મા અને પરમાત્માની એકતા થવી શક્ય હોવા છતાં પણ આત્મા પહેલાંની માફક ભટકયા જ કરશે.

ઉદ્યોગને ક્રિયા પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે બધા પ્રાણીઓ કોઈને કોઈ ક્રિયા કરતાં જ હોય છે પણ અજ્ઞાનતાપૂર્વક કરવામાં આવેલી ક્રિયાથી કશો લાભ થતો નથી. પ્રત્યેક ક્રિયા જ્ઞાનપૂર્વક કરવી જોઇએ. જે ક્રિયા જ્ઞાનાનુસારિણી ન હોય તે ક્રિયા પ્રાયઃ નિષ્ફળ નીવડે છે.

## અનાથી મુનિનો અધિકાર—૩૨

અનાથી મુનિ રાજા શ્રેણિકને આજ વાત કહે છે. તેઓ કહે છે કે, આત્માની અનાથતાનું કારણ આત્મા અને પરમાત્માની એકતા ભૂલી જવી, એ છે. જો કોઇ આત્મા અને પરમાત્માની એકતા સાધી ભિન્નતાને દૂર કરવાનો સંકલ્પ–નિશ્ચય કરે તો આત્મા અનાથ રહી શકે નહિ!

સંકલ્પનું માહાત્મ્ય કેવું છે તે સમજવાની પણ જરૂર છે. જ્યાંસુધી સત્સંકલ્પ કરવામાં આવતો નથી ત્યાંસુધી આત્મા અનાથતાને દૂર કરી શકતો નથી. અનાથી મુનિએ કેવો સત્સંકલ્પ કર્યો અને તેમણે પોતાની અનાથતા કેવી રીતે દૂર કરી તેનો વિચાર કરો!

અનાથી મુનિ કહે છે કે, "જ્યારે મારો રોગ અનેક પ્રયત્નો કરવા છતાં પણ શાન્ત ન થયો ત્યારે મને એવું ભાન થયું કે, મને કોઈ બીજું દુઃખ આપતું નથી પણ મારો આત્મા જ મને દુઃખ આપી રહ્યો છે, તો બીજો કોઈ મારા દુઃખને કેમ મટાડી શકે?

જો બીજાં કોઇ મને દુઃખ આપતાં હોત તો તો મારા માતા-પિતા, ભાઈ-બહેન, સ્ત્રી વગેરે મારાં દુઃખને દૂર કરી શકત ! પણ આ તો મારો આત્મા પોતે જ દુઃખ આપી રહ્યો છે તો પછી બીજો કોઈ કેમ મટાડી શકે ? એ દુઃખને તો મારો આત્મા જ મટાડી શકે. એટલા માટે દુઃખ દૂર કરવાનો અને સનાથ બનવાનો મેં દૃઢ સંકલ્પ કર્યો."

શું સંકલ્પ કરવાથી દુઃખ દૂર થઇ શકે છે ? એવો પ્રશ્ન ઉભો થાય છે. આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીજનો એમ કહે છે કે, સંકલ્પથી દુઃખ દૂર થઇ શકે છે. સંકલ્પ કરવો એટલે આત્માને જાગ્રત કરવો. જે જાગ્રત હોય છે તેને કોઈ દુઃખ આપી શકતું નથી. જેમકે, કોઈ માણસ ગાઢ નિદ્રામાં સુતેલો હોય, અને ડરપોક હોય, તો તો તેના ઘરમાં ચોર પેસી જઇ ચોરી ભલે કરી જાય; પણ જો કોઈ માણસ જાગતો હોય અને તે સાહસી હોય તો શું કોઈ ચોર તેના ઘરમાંથી ચોરી કરી શકે ખરો ? જો આપણે જાગતા હોઇએ તો ચોર શું કરી શકે ! એવો તમને વિશ્વાસ રહે છે પણ તમારો આ વિશ્વાસ આધ્યાત્મિક વિષયમાં નિશ્ચલ રહી શકતો નથી. જો તમારો આત્મા જાગ્રત હોય તો કર્મ-ચોરની શી મગદૂર છે કે તમારી શક્તિને ચોરી લઇ જાય ! તમે તમારી ગફલતને કારણે જ ચોરને તમારા આત્મઘરમાં પેસવા દીધો છે. જો તમે જાગ્રત હો તો ચોર કેવી રીતે ઘરમાં પેસી જાય !

તમે એમ કહેશો કે, "ચોરની વાત તો પ્રત્યક્ષ જણાય છે. ચોરને નજરે જોઈએ અને જોરથી બૂમ પાડીએ તો ચોર ભાગી જાય છે પણ કર્મ કયાં ભાગી જાય છે ! વળી શરીરમાં જ્યારે રોગ થાય છે ત્યારે ખૂબ બરાડા પાડીએ છીએ, ચીસો પાડીએ છીએ છતાં રોગ જતો નથી તો પછી સંકલ્પ કરવા માત્રથી કર્મ કે રોગ ચાલ્યાં જાય છે એ વાત ઉપર વિશ્વાસ કેમ બેસી શકે ?" આ સિવાય શાસ્ત્રમાં પણ એવું કહેલું સાંભળ્યું છે કેઃ-**कडाण कम्माण न मोक्ख अत्थि।** અર્થાત્-કરેલાં કર્મોને ભોગવ્યા સિવાય છૂટકો નથી. શાસ્ત્રો તો આમ કહે છે અને તમે એમ કહો છો કે, જાગ્રત રહેવાથી કર્મો પણ ભાગી જાય છે. આ પ્રમાણે એ બન્ને વાતો પરસ્પર વિરુદ્ધ જણાય છે. આવી અવસ્થામાં જાગ્રત રહેવાથી કે સંકલ્પ કરવાથી કર્મો કે રોગો ભાગી જાય છે એ કેમ માની શકાય ? "

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, બન્ને વાતો અમુક અમુક દૃષ્ટિએ સાચી છે. કર્મને ભોગવ્યા વિના છૂટકો નથી એ વાત પણ ઠીક છે અને સંકલ્પ કરવાથી કર્મો અને રોગો પણ ચાલ્યા જાય છે એ વાત પણ ઠીક છે. હવે તમે એમ કહો છો કે, સંકલ્પ કરવાથી કર્મો કે રોગો પણ ચાલ્યાં જાય છે, તો પછી બરાડા પાડવા છતાં પણ અમારાં રોગો કેમ જતાં નથી ! પણ રોગના સમયે ચીસો પાડવી એ તો નિદ્રાના સમયે બડબડાટ કરવા સમાન છે. નિદ્રામાં બડબડાટ કરવો એ તો પોતાની ગફલત વધારે બતાવવા સમાન છે. આ જ પ્રમાણે રોગના સમયે ચીસો પાડવી એ તો પોતાની અનાથતા વધારે બતાવવા જેવું છે.

અનાથી મુનિ પણ કહે છે કે "રોગના સમયે હું પણ ચીસો પાડતો તો તે ચીસોને રોગના વધારાનું કારણ સમજી કોઇ સાંભળતું નહિ." આ જ પ્રમાણે તમે પણ રોગને ચાલ્યા જવાનું કહો છો અથવા તે માટે ચીસો પાડો છો પણ જ્યાંસુધી અધિકારી બની

કહેવામાં ન આવે ત્યાંસુધી રોગ દૂર કેવી રીતે થઈ શકે! જે પ્રમાણે અનાથી મુનિએ અધિકારી બનીને પોતાની અનાથતા દૂર કરી તે જ પ્રમાણે તમે પણ અધિકારી બની સંકલ્પ કરો તો રોગ પણ દૂર ચાલ્યાં જાય.

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! મને હવે ખબર પડી કે, મેં મારા સંકલ્પથી જ એ રોગોને પકડી રાખ્યાં હતાં, અને હવે સંકલ્પ કરવાથી જ એ રોગોને દૂર કરી શકાશે. આ પ્રમાણે દૃઢ સંકલ્પ કરી, મેં રોગોને કહ્યું કે, "રોગો, તમે દૂર થાઓ." મારે હવે 'ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી' થવું છે. એકવાર આ મારી વિપુલ વેદના શાન્ત થઈ જાય તો હું ક્ષમાવાન્, દાન્ત અને નિરારંભી થાઉં."

અનાથી મુનિએ 'મારો રોગ જો શાન્ત થાય તો હું ક્ષમાવાન્, દાન્ત અને નિરારંભી થાઉં' એવી ભાવના કરી, પણ 'મારો રોગ ચાલ્યો જાય તો હું ખૂબ મોજમઝા માણું' એવી ભાવના ન કરી. તેમની હૃદયભાવના એવી જ હતી કે એકવાર જો રોગમુક્ત થાઉં તો જે અનાથતાના કારણે દુઃખ ભોગવવું પડે છે તે અનાથતાને જ સદાને માટે દૂર કરી નાંખું. મારી સમજમાં મુનિના આ કથનમાંથી એવો ભાવ નીકળે છે કે, આ આત્મા અનંતકાળથી પોતાની ભૂલને કારણે દુઃખ ભોગવી રહ્યો છે. બીજું કોઈ દુઃખ આપતું નથી.

અનાથી મુનિના ઉપર્યુક્ત કથન ઉપર વિચાર કરી તમારે શું કરવું જોઈએ તેનો નિશ્ચય કરો! મારો કહેવાનો આશય એ નથી કે, તમે બધા તે મુનિની માફક આજે જ દીક્ષા લઈ લો. એ તો પોતપોતાની શક્તિ ઉપર આધાર રાખે છે, પણ મુનિના કથનમાં જે તત્ત્વ રહેલું છે તે તત્ત્વને તમે પણ હૃદયસ્થાન આપો. ભક્ત લોકો તત્ત્વને સમજે છે અને એટલા જ માટે તેઓ કહે છે કેઃ—

"જલચર વૃન્દ જાલ અન્તર્ગત હોત સિમટ એક પાસા,
એકહિં એક ખાત પરસ્પર નહિં દેખત નિજ નાશા;
માધવ જૂ મોસમ મન્દ ન કોઉ૦
"યદ્યપિ મીન પતંગ હીનમતિ મોહિ ન પૂજે ઓઉ;
મહામોહ સરિતા અપાર મેં સંતત ફિરત બહ્યોઉ;
શ્રી પ્રભુ ચરણ કમલનૌકા તજી, ફરી ફરી ફેન ગ્રહ્યો,
માધવ જૂ મોસમ મન્દ ન કોઉ૦"

ભક્તો કહે છે કે, "હે પ્રભો! હું વ્યર્થ જ બીજાઓને દોષ આપું છું. હું વ્યર્થ જ એમ કહું છું કે, રોગ, દુઃખ, નરક, કર્મ વગેરે મને સતાવે છે પણ એ મારી મૂર્ખતા છે. હું મોટો મૂર્ખ છું. મારા સમાન બીજો કોઈ મૂર્ખ નથી. જે પ્રમાણે માછલી જાળમાં પોતાની મેળે જ ફસાઈ જાય છે, અને પતંગ દીપકના મોહમાં પડી મરી જાય છે, તેથી પણ વિશેષ મૂર્ખતા હું કરું છું. હું માછલી તથા પતંગથી વધારે મૂર્ખ કેવી રીતે છું તે જુઓઃ—

"રુચિર રૂપ આહાર વશ્ય ઉન્હ પાવક લોહ ન જાન્યો;
દેખત વિપત્તિ વિષય ન તજત હોં તાતે અધિક અયાન્યો.
—માધવ૦"

માછલી જાળને જાળ માનતી નથી પણ એને આહાર જાણે છે, પણ જો તેને જ્ઞાન હોય કે એ આહાર નથી પણ મને પકડવાની જાળ છે તો તે આહાર ખાય પણ નહિ. આ જ પ્રમાણે પતંગ પણ અગ્નિને આગ સમજતો નથી પણ તે તો અગ્નિનું સુંદર રૂપ જોઇ તેમાં પડે છે. જો પતંગ અગ્નિને અગ્નિરૂપે જાણતો હોય તો તે તેમાં પડે નહિ. પણ હું તો, વિષયને એક વિપત્તિ છે એમ જાણવા છતાં, પણ વિષયવાસનામાં પડું છું. આ કારણે હું માછલી અને પતંગથી પણ વધારે મૂર્ખ છું.

અનાથી મુનિ કહે છે કે, "હું પણ મારી ભૂલને કારણે જ અનંતકાળથી દુઃખ ભોગવી રહ્યો છું. વિષયભોગને કારણે જ હું દુઃખ ભોગવી રહ્યો છું એ જાણવા છતાં પણ હું વિષયોનો ત્યાગ કરતો નહતો. હે રાજન્! જ્યારથી મને મારી ભૂલનું ભાન થયું ત્યારથી મેં દુઃખોને કહી દીધું કે, 'તમે બધાં અહીંથી ચાલ્યા જાઓ.' હવે હું ક્ષમાવાન્, દાન્ત અને નિરારંભી બનીશ. મારા આ સંકલ્પ આગળ શું દુઃખો ટકી શકે ખરાં?"

મુનિના આ કથન ઉપર તમે વિચાર કરો કે, તમે સંસારથી બહાર નીકળવાનાં કામો કરો છો કે સંસારમાં વધારે ફસાઇ જવાનાં કામો કરો છો! ભક્તો તો એમ કહે છે કે, "હે પ્રભો! આ સંસાર સાગરમાં અમે અમારી ભૂલને કારણે જ ગોથાં ખાઇએ છીએ. અમારી સામે મહાપુરુષોએ આ સંસાર સાગરને પાર કરવા માટે નૌકા પણ ઊભી રાખી છે પણ અમે એ નૌકાને છોડી દઇએ છીએ અને સંસાર સમુદ્રમાં જે ફીણ જેવી નિઃસાર વસ્તુઓ હોય છે તેને પકડવા પ્રયત્ન કરીએ છીએ."

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! હું પણ પ્રભુરૂપ નૌકાને ન પકડતાં, માતાપિતારૂપી સંસાર સાગરનાં ફીણને પકડતો હતો. હું એમ વિચારતો હતો કે, આ મારા માતાપિતા વગેરે મારા રોગને મટાડી દેશે, પણ જે ફીણની સમાન છે તે શું સાગરમાં ડૂબતા પ્રાણીઓને બચાવવામાં સહાયતા કરી શકે ખરા? આખરે મેં જ્યારે પ્રભુરૂપી નૌકાને પકડી ત્યારે જ મારું દુઃખ દૂર થયું. હે રાજન્! તું મારા આ અનુભવ ઉપરથી વિચાર કરી જો કે, તું જેને પોતાની વસ્તુ માને છે તે વસ્તુ શું તને દુઃખ મુક્ત કરી શકશે?"

રાજા શ્રેણિક તો અનાથી મુનિના કથનને માની ગયો. તે સમજી ગયો હતો કે, હું અનાથ છું અને મને અનાથ બનાવનાર સંસારનાં આ પદાર્થો જ છે. આ પ્રમાણે રાજા અનાથતાનું સ્વરૂપ સમજી શકયો હતો. તમે પણ અનાથતાનું સ્વરૂપ સમજો અને અનાથતાને દૂર કરવા માટે યથાશક્તિ પ્રયત્ન કરો. રાજા શ્રેણિક સંયમને જો કે ધારણ કરી શકયો ન હતો, પરંતુ પગથીયે પગથીએ ચડી તેણે જે વાતનો સ્વીકાર કર્યો હતો તે વાતથી તે જરા પણ વિચલિત ન થયો. ગ્રન્થકાર કહે છે કે, અનાથી મુનિનો ઉપદેશ સાંભળી તે ક્ષાયક સમકિતનો પણ અધિકારી બન્યો હતો. એક ગ્રન્થમાં તો એમ પણ કહેલ છે કે, નાથ-અનાથનો ભેદ સમજ્યા બાદ તેને ધર્મ ઉપર દૃઢ વિશ્વાસ પણ થયો હતો. તેનું સમકિત દૃઢ હતું. એકવાર ઇન્દ્રે પણ તેના સમકિતની પ્રશંસા કરી હતી. ઇન્દ્ર દ્વારા કરવામાં આવેલી નરેશની પ્રશંસા સાંભળી એક દેવ તે પ્રશંસા સહી શકયો નહિ. તે

કહેવા લાગ્યો કે, અમારી સામે મનુષ્યની પ્રશંસા કેમ થઇ શકે ? અમે તો વૈક્રિય શરીર-વાળા છીએ અને મનુષ્યો તો પાર્થિવ શરીરવાળા હોય છે; પણ તે દેવે તે વખતે ઇન્દ્રને કાંઇ ન કહેતાં, રાજાને પહેલાં સમકિત ચ્યુત કરી પછી ઇન્દ્રને કહેવાનો વિચાર કર્યો. આ પ્રમાણે વિચાર કરી તે દેવે રાજાને સમકિતથી ચ્યુત કરવાની અનેક પ્રકારે પરીક્ષા પણ કરી પણ રાજા તે પરીક્ષામાં પસાર થયો. ત્યારે દેવ કહેવા લાગ્યો કે, ઇન્દ્રે આપની જેવી પ્રશંસા કરી હતી, વાસ્તવમાં આપ તેવા જ છો. મેં ઇન્દ્રના કહેવાથી માન્યું નહિ પણ આપની દૃઢતાએ મને મનાવ્યો.

કહેવાનો આશય એ છે કે, જૈનધર્મ એ નિર્ગ્રન્થપ્રવચન છે. એટલા માટે નિર્ગ્રન્થ પ્રવચન ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખો. તમે સત્સંકલ્પ–દૃઢ શ્રદ્ધા રાખશો તો તમારું શ્રેય થશે. સુખ કે દુઃખ, સદ્‌ગુણ કે દુર્ગુણ એ બધાં તમારા સારાં–નરસાં સંકલ્પ ઉપર આધાર રાખે છે, માટે હમેશાં સારો સંકલ્પ કરવો જોઇએ.

## સુદર્શન ચરિત્ર—૩૨

અભયા રાણીએ પણ સંકલ્પ કર્યો છે અને સુદર્શન શેઠે પણ સંકલ્પ કર્યો છે. પણ બન્નેના સંકલ્પમાં કેટલું બધું અંતર છે તે જુઓઃ–એકમાં તો આસુરી સંકલ્પ છે તો બીજામાં દૈવી સંકલ્પ છે. દૈવી શક્તિ અને આસુરી શક્તિ વચ્ચે અત્રે યુદ્ધ ચાલે છે. આ યુદ્ધમાં કઇ શક્તિનો વિજય થાય છે તે જોવાનું છે.

**બોલે નહી જબ શેઠ રાનીસે, લિયા નેત્ર ચઢાઈ;**
**નયન બાનકો મારેં ખેંચકે, પાંવ ઘુઘર ઘમકાઈ. ॥ ધન૦ ૧૧ ॥**
**પહના શીલ સનાહ શેઠને, ધીરજ મનમેં લાઇ;**
**જ્ઞાન અઙ્ગસે છેદે બાનકો, રાની ગઇ મુરઝાઈ. ॥ ધન૦ ૧૨ ॥**

રાણીએ મીઠાં વચનોદ્વારા શેઠને પોતાના વશમાં કરવા ધાર્યું પણ તેનો પ્રયત્ન નિષ્ફળ ગયો. શેઠના વિવેક આગળ તેની માયા જાળ ખુલ્લી થઇ ગઈ.

શેઠ તો એજ વિચારતા હતા કે, "આ રાણી મને જીવનપર્યંત સાચો સ્નેહ સંબંધ રાખવાનું કહે છે પણ એણે તો પહેલાં રાજાની સાથે જીવનપર્યંત હૃદયપૂર્વક સ્નેહસંબંધ રાખવાની પ્રતિજ્ઞા કરી છે. જયારે તે પહેલાં લીધેલી પ્રતિજ્ઞાનું પણ પાલન કરતી નથી તો પછી બીજી પ્રતિજ્ઞા શું પાળશે ?"

લગ્નના સમયે તમે પણ હૃદયપૂર્વક સંકલ્પ કર્યો હશે ! લગ્નના સમયે કરવામાં આવતો સંકલ્પ હૃદયપૂર્વક અને સમજણપૂર્વક કરવામાં આવે તે માટે શાસ્ત્રકારોએ બાળ-લગ્નનો નિષેધ કરી વર કન્યા પોતાનું કર્ત્તવ્ય સમજે ત્યારે લગ્ન કરવામાં આવે એ બતાવવા માટે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ–"**सरिसा वया सरिसा तया सरिसा रुव गुण जोव्वण**"–જેમનાં સૂતેલાં સાતેય અંગો જાગ્રત થએલાં હોય, તથા દ્રવ્ય અને ભાવથી વય, રૂપ, ગુણ, યૌવન વગેરેમાં વર–કન્યાની જોડી હોય ત્યારે જ બન્નેના લગ્ન કરી શકાય. તે પહેલાં લગ્ન કરવાં એ ભયંકર ભૂલ છે; કારણ કે, વર–કન્યાએ લગ્નના સમયે જે એક

સંકલ્પ કરવાનો હોય છે, તે સંકલ્પ સમજ્યા વિના કરવામાં આવે તો ભવિષ્યમાં હાનિ થવાનો સંભવ રહે છે.

લગ્નના સમયે નાતને શા માટે બોલાવવામાં આવે છે? એટલા માટે નાતને બોલાવવામાં આવે છે કે લગ્ન કરતી વખતે જે પ્રતિજ્ઞા–સંકલ્પ કરવામાં આવે છે તે વખતે નાતની પણ સાક્ષી છે. પહેલાંના લોકો વર–કન્યાને જ્યારે વિવાહને યોગ્ય સમજતા ત્યારે જ સાક્ષી આપતા હતા; નહિ તો વિવાહના કામમાં ભાગ પણ લેતા નહિ.

શેઠ રાણીની વાત સાંભળી, વિચારવા લાગ્યો કે, "આ રાણીએ રાજાની સાથે યાવજ્જીવન સ્નેહ સંબંધ જાળવવાની પ્રતિજ્ઞા કરી છે અને રાજા પણ રાણીનો આદરસત્કાર બરાબર કરે છે; છતાં રાણી પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવા તૈયાર થઈ ગઈ છે પણ હું પ્રતિજ્ઞાભ્રષ્ટ થઈ એને કેમ અપનાવી શકું? મેં મનોરમાની સાથે એવી પ્રતિજ્ઞા કરી છે કે, "તારા સિવાય મારા માટે બધી સ્ત્રીઓ માતા બહેન સમાન છે." આ સંકલ્પ પ્રમાણે આ રાણી તો મારા માટે માતા સમાન જ છે.

આ પ્રમાણે વિચાર કરી સુદર્શન મૌન જ રહ્યો. સુદર્શનને મૌન બેઠેલો જોઈ રાણી વિચારવા લાગી કે, શું આ મૂંગો છે કે આટલું બોલવા છતાં પણ તે એક શબ્દ પણ બોલતો નથી? ભલે તે મૂંગો જડની માફક બેસી રહે, પણ મારે તો તેને સામ, દામ, દંડ અને ભેદનીતિથી કોઈપણ રીતે વશ કરવો છે. મેં અત્યાર સુધી તેની સામે સામનીતિથી કામ લીધું પણ તેથી તે સમજ્યો નહિ. હવે મારે ભયનીતિથી કામ લેવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી તે લાલચોળ આંખો કરી, પગ પછાડતી સુદર્શનને કહેવા લાગી કે, "હે શેઠ! મેં અત્યારસુધી નમ્રતાપૂર્વક બધી વાત કહી પણ તેં જાણે કાંઈ સાંભળ્યું જ ન હોય તેમ ધ્યાન પણ ન આપ્યું, પણ એટલું યાદ રાખજે કે આ શબ્દો કોઈ સામાન્ય સ્ત્રીનાં નથી. આ તો સિંહણના શબ્દો છે."

રાણી આ પ્રમાણે કહી, વિકરાળ રૂપ ધારણ કરી ઉભી રહી. આવી અવસ્થામાં પોતાના વિચારમાં દૃઢ રહેવું એ કેટલું મુશ્કેલ છે. પણ જે, આવી વિકટ પરિસ્થિતિમાં પણ પોતાના વિચારમાં દૃઢ રહે છે અને શીલની રક્ષા કરે છે તેમને માટે શાસ્ત્રકારો કહે છે કે:—

**देव दाणव गन्धव्वा, यक्खरक्खस्स किन्नरा।**
**बम्भयारीं नमस्सन्ति, दुक्करं जं करंति तं॥**

અર્થાત્—જે દુષ્કર શીલવ્રતનું સંકટના સમયે પણ સંરક્ષણ કરે છે તેમને દેવ, દાનવ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ વગેરે દેવો પણ નમસ્કાર કરે છે. લોઢાનાં તીક્ષ્ણ બાણને સહન કરનારા તો ઘણા મળી આવે છે, પણ મર્મવેધી વચનનાં બાણોને સહન કરનાર બહુ ઓછા મળે છે.

સામાન્ય રીતે, લોકો તો ગાળોથી ગભરાઈ જાય છે પણ જ્ઞાની લોકો તો ગાળોમાંથી પણ સત્યની શોધ કરે છે. જ્ઞાની લોકો ગાળોમાંથી પણ સત્યની શોધ કેવી રીતે કરે છે એ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું:—

માનો કે, કોઈ પુત્ર, પોતાના પિતાને ગાળો આપી રહ્યો છે! તે દેવ, ગુરુ, માતા-પિતા, ભાઈ-બહેનને અપશબ્દ કહી રહ્યો છે. તે વખતે એક ત્રીજો માણસ ત્યાંથી નીકળ્યો. તે પેલા છોકરાને કહેવા લાગ્યો કે, 'માતા-પિતાને શું ગાળો ભાંડવી એ સારું કહેવાય?' તું તારા વડિલોને ગાળો આપી તેમનું અપમાન કરે છે. ત્યાં છોકરાના પિતા પણ ઉભેલા હતા. તે સમજદાર હતા. તેમણે ત્રીજા માણસને કહ્યું કે, "ભાઇ! એને શા માટે વતાવો છો? એને જે કાંઇ કહેવું હોય તે ભલે પેટ ભરીને કહે! તે જે મને ગાળો આપી રહ્યો છે તે મારા શરીરને આપી રહ્યો છે કે મારા આત્માને? જો મારા શરીરને તે ગાળો આપી રહ્યો છે તો મારે ખરાબ માનવાની કાંઈ જરૂર નથી કારણકે મર્યા બાદ તો તે આ શરીરને પણ બાળી મૂકશે તો ત્યારે શું તમે તેને ઠપકો આપશો? જો નહિ તો તે ગાળો આપે છે તો શા માટે તેને વતાવવો? મને આત્માને સાવધાન રાખવા માટે કેમ કાંઈ કહેતા નથી?"

પિતાના આ વચનોની પુત્ર ઉપર અસર પડશે કે નહિ? જરૂર પડશે. પુત્ર પણ વિચારશે કે, 'હું માતા પિતાને ગાળો આપું છું એ સારું કરતો નથી. આ શરીર તો અહીં જ રહી જશે પણ મારો આત્મા તે દુષ્કર્મનું ફળ ભોગવશે. માટે મારે કોઇને ગાળો આપવી ન જોઇએ.'

કહેવાનો આશય એ છે કે, વચનનાં બાણ સહેવાં બહુ જ મુશ્કેલ છે. કોઈ જ્ઞાની-જનો જ વચનનાં બાણો સહી શકે છે. અભયાનાં વચનો પણ બહુ કઠોર હતાં પણ સુદર્શન એ બધાં વચનબાણોને જ્ઞાનની તલવારદ્વારા તોડતો જતો હતો.

તમે પણ વિચાર કરો કે, હું બીજાઓને ગાળો ભાંડું છું પણ શરીરને તો ગાળો લાગતી નથી; અને જો હું તેના આત્માને ગાળો ભાંડું છું તો તેનો અને મારો આત્મા સમાન જ છે એટલા માટે તેના આત્માને ગાળો આપી હું જે વૈર બાંધું છું તે વૈર મારા માટે બહુ જ કષ્ટદાયક નીવડશે.

શાસ્ત્રમાં કહ્યું છે કે:—'**वेराणुबन्धाणि महाभयाणी**' અર્થાત્—"વૈરાનુબંધ એ ખરેખર મહા ભયદાયક છે. એટલા માટે હું કોઇને ગાળો આપી વૈર બાંધીશ નહિ."

અભયા રાણી સુદર્શનને મર્મવેદક વચનબાણો મારવા લાગી પણ સુદર્શન તો પોતાના વિચારમાં દૃઢ રહી ધર્મ ધ્યાનમાં મૌન જ બેસી રહ્યો. સુદર્શનને મૌન બેસી રહેલો જોઈ અભયા પગ પછાડતી અને આંખો લાલચોળ કરી કહેવા લાગી કે, આ તો જડભરત જેવો લાગે છે! બોલતો કેમ નથી? જીવતો છે કે મરી ગયો છે?

લોકો જડનું કાંઈ ખરાબ કરવા ચાહતા નથી પરંતુ ચૈતન્યને જ બગાડવા ચાહે છે.

અભયાની ખરાબ મનોવૃત્તિ અને સુદર્શનની દૃઢ ધર્મભાવના જોઈ તમે પણ ધર્મ-ભાવનામાં દૃઢ રહો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૬ રવિવાર

### પ્રાર્થના

**અરહનાથ અવિનાશી, શિવ-સુખ લીધો,**
**વિમલ વિજ્ઞાન-વિલાસી, સાહબ સીધો.**
**તૂ ચેતન ભજ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાયા;**
**તાત 'સુદર્શન' 'દેવી' માતા, તેહનો નંદ કહાયા. ।। સાહબ૦ ।।**

શ્રી અરહનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થનાદ્વારા કયા માર્ગે જઇ શકાય છે અને કઇ સ્થિતિએ પહોંચવું સરલ થઈ જાય છે એ વાત ભક્તોએ પ્રાર્થનાની કડિઓમાં બતાવેલ છે. પણ ભક્તોએ કહેલી વાતને અમે પણ બોલી નાંખીએ એટલે અમારું કાર્ય પણ થઈ જશે એમ માનવું એ ભૂલભરેલું છે. ભક્તોએ જે કાંઈ કહ્યું છે, તે તો આપણા માર્ગદર્શક બનીને કહેલ છે. હવે એ માર્ગે ચાલી નિર્દિષ્ટ સ્થાને પહોંચવું એ તો આપણું જ કામ છે. માર્ગદર્શક તો આ માર્ગ સીધો છે એમ બતાવે છે, પણ માર્ગદર્શકના એમ કહેવામાત્ર ઉપરથી તમે શું નિર્દિષ્ટ સ્થાને પહોંચી શકશો? નિર્દિષ્ટ સ્થાને તો તમે બતાવેલા માર્ગે ચાલશો ત્યારે જ પહોંચી શકશો. આ જ વાત પ્રાર્થના વિષે પણ સમજો. જ્ઞાનીઓએ પરમાત્માનો માર્ગ બતાવતાં કહ્યું છે કેઃ—

**'તૂ ચેતન ભજ તૂ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાયા.'**

ભક્ત લોકો પોતાના આત્માને કહે છે કે, "હે આત્મા! જો તું ચૈતન્યમય છો તો પછી તું ચૈતન્યના ધર્મ પ્રમાણે કામ કેમ કરતો નથી? આ પ્રમાણે ચૈતન્યનો જે ધર્મ છે તે ધર્મના માર્ગે ચાલવું એ જ ચૈતન્યના માર્ગે ચાલવા જેવું છે. ચૈતન્યના ધર્મમાર્ગે ચાલવા માટે જ પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે છે.

જો આત્મામાં ચૈતન્યશક્તિ ન હોત તો આત્માને ચૈતન્યના ધર્મમાર્ગે ચાલવા માટે કહેવામાં આવત નહિ. જ્ઞાનીજનો આત્મામાં ચૈતન્યશક્તિ જુએ છે, અને એટલા જ માટે તેઓ કહે છે કે, "હે આત્મ! તું ચૈતન્યસ્વરૂપ થઇને પણ કેમ ભાન ભૂલી રહ્યો છે? આત્માને ચૈતન્યશક્તિ હોવા છતાં ભાનભુલેલો જોઇ જ્ઞાનીજનો કહે છે કે, "હે ચૈતન્ય! તું આ શું કરે છે? તું તારા પગ ઉપર જ કુહાડી શા માટે મારે છે! શું તું ચૈતન્ય થઇને આમ ભટકયા કરીશ! આમ ભટકવું એ તને છાજતું નથી માટે તું ચેતી જા અને પરમાત્માનું ભજન કર.

તમે કહેશો કે, પરમાત્માનું ભજન કરવું એ તો સારું છે પણ પરમાત્માનું ભજન કરવામાં મુશ્કેલી જણાય છે તેનું શું? વાસ્તવમાં પરમાત્માનું ભજન કરવામાં મુશ્કેલી નથી, પણ તેમાં મુશ્કેલી છે એવી માન્યતાને કારણે જ મુશ્કેલી જણાય છે!

પૃથ્વીનો ગુણ સ્થિર રહેવાનો છે. એ વાત જુદી જ છે કે પૃથ્વી કોઈ કોઈવાર કંપી ઉઠે છે પણ તેનો સ્વભાવ તો સ્થિર રહેવાનો જ છે. પાણીનો સ્વભાવ શીતલ રહેવાનો છે, અગ્નિનો સ્વભાવ ગરમી આપવાનો છે, આકાશનો સ્વભાવ અવકાશ આપવાનો છે, અને વાયુનો સ્વભાવ જીવન આપવાનો છે. આ પાંચ ભૂતો પોતપોતાનું કામ કર્યા જ કરે છે અને સંસારનો વ્યવહાર પણ તેથી જ ચાલે છે. જો પૃથ્વી પોતાનો સ્થિર રહેવાનો ગુણ છોડી કાંપવા લાગે તો ક્ષણવારમાં ગજબ જ થઈ જાયને? આ ભાવિ સંકટથી બચવા માટે તમે પૃથ્વી સ્થિર રહે એમજ ચાહો છો. આ પ્રમાણે પૃથ્વી આદિ પાંચ ભૂતો પોતાના ધર્મમાં સ્થિર રહે એમ ચાહો છો પણ તમે પોતે તમારા ધર્મમાં સ્થિર છો કે નહિ! તે વિષે કેમ વિચાર કરતા નથી? જ્ઞાનીજનો કહે છે કે, તમારી ચંચલતાને કારણે જ આ સંસાર ચંચલ છે, અને તમારી સ્થિરતાને કારણે જ આ સંસાર સ્થિર છે. પોતાની ચંચલતાને કારણે આ સંસાર કેવી રીતે ચંચલ છે એ વાત હું મારા અનુભવદ્વારા સમજાવું:—

બાળપણમાં જ્યારે વાદળ ચડી આવતા ત્યારે શેરીઓનાં છોકરાઓની સાથે હું પણ ફેરફુદડી રમતો અને ચક્કર ફરતો, પણ ચક્કર ફરતાં ફરતાં ફેર ચડવાથી જ્યારે નીચે પડી જતો; ત્યારે મને એમ લાગતું કે, આખી દુનિયા ફરી રહી છે! અત્રે વિચારવા જેવી *વાત તો એ છે કે, તે વખતે પૃથ્વી ફરી રહી હતી કે હું ફરી રહ્યો હતો? તમે ટ્રેનમાં* બેઠયા જ હશો. ટ્રેનમાં બેસનારાઓને ઘણી વાર એમ લાગે છે કે, જાણે વૃક્ષો ગાડીની *સાથે દોડતાં ચાલ્યા આવે છે!* પણ વાસ્તવમાં વૃક્ષો ચાલતાં હતાં કે દોડતી ગાડીનો આશ્રય લેવાથી એમ લાગતું હતું?

આ પ્રમાણે જ્યારે પોતાના આત્મામાં ચંચલતા છે ત્યારે જ આખો સંસાર ચંચલ જોવામાં આવે છે. જો આત્મા પોતે સ્થિર હોય તો સંસાર પણ સ્થિર જણાય. એટલા જ માટે જ્ઞાનીઓ કહે છે કે:—

> "સ્વ ઉપયોગ સ્વરૂપ ચિદાનંદ, જિનવર ને તૂ એક;
> દ્વૈત અવિદ્યા વિભ્રમ મેટો, વાધે શુદ્ધ વિવેક."

વસ્તુ તો સ્વચ્છ છે, નિર્મળ છે, પણ તે ઉપર કર્મનો થર જામેલો છે. એ કર્મનો થર જામેલો હોવાને કારણે જ અખિલ સંસાર ચંચલ છે એમ જણાય છે. પણ જો કર્મના થરને દૂર કરી, જોવામાં આવે તો આત્મા જ પરમાત્મારૂપ જણાશે. એટલા માટે આત્માને સ્થિર કરો. જ્યારે તમે તમારા આત્માને સ્થિર કરી દેશો ત્યારે સંસાર પણ તમને સ્થિર જણાશે. આત્માને કેવી રીતે સ્થિર કરવો જોઈએ એ વાત હું તમારા જ અનુભવ ઉપરથી બતાવું છું.

તમે રાતના સુવો છો. જો કોઈ રાત્રે તમને નિદ્રા ન આવે તો બીજે દિવસે તમને કેવી બેચેની જણાય છે? જો નિદ્રાનો વિશ્રામ ન મળે તો તે માટે પ્રયત્ન કરવો પડે છે. આ પ્રમાણે જીવનમાં નિદ્રાની આવશ્યકતા છે. નિદ્રાનાં પણ સુષુપ્તિ અને સ્વપ્ન એવાં બે ભેદ છે. નિદ્રામાં સુષુપ્તિની બહુ જરૂર રહે છે. જો સુષુપ્તિ બરાબર ન આવે તો સ્વાસ્થ્ય

ઠીક રહેતું નથી. જો કોઇને નિદ્રામાં સ્વપ્ન જ આવે, સુષુપ્તિ આવે જ નહિ તો સ્વાસ્થ્ય બગડી જાય ! સુષુપ્તિ-નિદ્રામાં ઇન્દ્રિયોની સાથે મન પણ સુઈ જાય છે, કેવળ આત્મા જ જાગતો રહે છે. જે કોઇ ગાઢ નિદ્રામાંથી સુઇને જાગ્યો હોય તે માણસને પૂછવામાં આવે કે, તમે શું કરતા હતા ? આ પ્રશ્નના જવાબમાં તે એમજ કહેશે કે, હું આનંદપૂર્વક સુતો હતો. પણ એ માણસને પૂછવામાં આવે કે, એ આનંદ શાનો હતો ? શું એ આનંદ ખાવા-પીવાનો હતો ? નિદ્રામાં તો કાંઇ ખાવા-પીવાનું ન હતું છતાં તે નિદ્રામાં આનંદ માનતો હતો. આ પ્રમાણે સુષુપ્તિ નિદ્રા, આત્મા જ્યારે સ્થિર હોય છે ત્યારે આનંદનો પરિચય આપે છે. સુષુપ્તિ નિદ્રામાં પણ સંસારનાં સંસ્કારો તથા કર્મો તો સાથે હોય જ છે પણ જો તે જ આનંદ કર્મરહિત પ્રાપ્ત થાય તો તે આનંદ પણ સ્થિર થશે, અને પછી આત્માને કદાપિ દુઃખ થશે નહિ. કર્મોને દૂર કરી અને સંસ્કારોનો નાશ કરી, તે આનંદને પ્રાપ્ત કરવાનો અધિકારી આ ચૈતન્ય જ છે, અને એ આનંદને પ્રાપ્ત કરવો એ ચૈતન્યનો ધર્મ છે. એટલા માટે આત્માએ સાવધાન થઈ, આત્મ ધર્મમાં પ્રવૃત્ત થવું જોઈએ.

તે આનંદ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે અને આત્માએ આત્મ ધર્મમાં કેવી રીતે પ્રવૃત્ત થવું જોઇએ એ વાત હવે અનાથી મુનિના ચરિત્રદ્વારા સમજાવું છું.

## અનાથી મુનિનો અધિકાર—૩૩

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્ ! સંકલ્પનું બળ કેવું હોય છે એ જો. મેં વિચાર કર્યો કે, આ પ્રકારનું દુઃખ હું અનંતવાર ભોગવી ચૂકેલ છું. વેદના તો પેદા થઇ અને નાશ પણ પામી પણ હું તો એવો ને એવો જ રહ્યો. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, વેદના મેં પેદા કરેલ છે. મેં પેદા કરેલ વેદનાને હું જ નાશ કરી શકું છું. આ પ્રમાણે વિચાર કરી, મેં નિશ્ચય કર્યો કે, જો એકવાર આત્મ સાધનામાં બાધક આ વેદના દૂર થાય તો પછી હું ક્ષમાશીલ, ઇન્દ્રિયોને દમન કરનાર અને નિરારંભી બનીશ."

ક્ષમા, ઇન્દ્રિયોનું દમન, નિરારંભતા અને પ્રવ્રજ્યા એ શું છે અને તેનો પરસ્પર શો સંબંધ છે તે વિષે અત્રે વિચાર કરવાનો છે.

ક્ષમાશીલતાનો અર્થ સહનશીલતા છે. ગમે તેવી સ્થિતિ થાય, ગમે તેટલા જુલ્મો માથા ઉપર ગુજરે પણ પોતાના સ્વરૂપનો ત્યાગ ન કરવો, પણ સહનશીલ બની રહેવું એનું નામ ક્ષમા છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**" पुढवीसमे मुणी हविज्जा ॥ "**

**અર્થાત્**—હે મુનિઓ ! તમે પૃથ્વીની માફક ક્ષમાશીલ બનો. પૃથ્વીને કોઇ પૂજે છે તો કોઈ એને લાત મારે છે, કોઇ એને સીંચે છે તો કોઈ એને ખોદે છે, પણ આ બધું કરવા છતાં પૃથ્વી તો ગુણ જ પ્રગટ કરે છે; અવગુણ પ્રગટ કરતી નથી. પૃથ્વીની સ્થિરતા અને તેની સહાયતાથી જ આ સંસાર ચાલે છે. જો પૃથ્વી સ્થિર ન રહે તો આ સંસાર પણ ટકી ન શકે. તમે તો પૃથ્વીના ઉપકારને ભૂલી ગયા છો પણ પૃથ્વી તમને ભૂલી ગઇ નથી. પૃથ્વીની કોઈ પૂજા કરે કે કોઈ તેની હાનિ કરે પણ પૃથ્વી તો

કોઈ ઉપર નારાજ થતી નથી તેમ કોઈ ઉપર પ્રસન્ન થતી નથી. પૃથ્વી પ્રસન્નતા કે નારાજગીના દ્વંદ્વમાં પડતી જ નથી.

ભગવાન કહે છે કે, " હે મુનિઓ ! જો તમે ક્ષમાવાન બનવા ચાહો છો તો તમે પૃથ્વીની સમાન સહનશીલ બનો. જ્યારે પૃથ્વીના જેવા ક્ષમાશીલ બનશો ત્યારે–

**लाहालाहं सुहं दुक्खं जीवियं मरणं तहा ।**
**समं निंदा पसंसा य तहा माणावमाणओ ॥**

તમને લાભ કે અલાભ, સુખ કે દુઃખનો પ્રશ્ન જ રહેશે નહિ ! સાધુની પાસે ધનના લાભ–અલાભનો પ્રશ્ન રહેતો જ નથી પણ શરીર–નિર્વાહ માટે જે ભોજન જોઇએ છે તેમાં પણ લાભ–અલાભનો પ્રશ્ન રહેવા પામશે નહિ ! જો ભોજન મળ્યું તો પણ આનંદ માનશો અને ન મળે તો પણ આનંદ માનશો. વ્યાપારીઓ વ્યાપારમાં લાભ–હાનિનો વિચાર કરે છે પણ હે સાધુઓ ! વ્યાપારીઓની માફક તમે લાભ–હાનિના પ્રશ્નમાં ન પડો ! પણ તમારા કર્ત્તવ્યપાલનમાં ધ્યાન રાખો. લાભ–હાનિના દ્વંદ્વમાં જ ન પડો એ સંયમનું મૂળ લક્ષણ છે. આ પ્રમાણે યતિ ધર્મમાં સૌથી પ્રથમ ક્ષમાનું સ્થાન છે. એટલા માટે લાભ અને અલાભમાં સમાન જ રહેવું એ મુનિનો પહેલો ધર્મ છે.

હે મુનિઓ ! ક્ષમા રાખવાની સાથે સુખ દુઃખમાં પણ સમાન રહો. જે પ્રમાણે પૃથ્વી પૂજવાથી પ્રસન્ન થતી નથી અને ખોદવાથી નારાજ થતી નથી તે જ પ્રમાણે તમે પણ સુખ દુઃખમાં સમાનતા જાળવો. તમે સુખ દુઃખમાં એટલા બધા સમાન બનો કે,—

**जीवियास भयमरणविप्पमुक्का ॥**

ભલે જીવન રહે કે મરણ આવે તો પણ સુખ દુઃખમાં તમે સમાન જ રહો. હે મુનિઓ ! તમને કોઇ વંદન કરશે અને કોઇ, આ તો કમાઇને ખાવાની શક્તિ ન હોવાને કારણે ઢોંગી સાધુ બનેલ છે એમ કહેશે. આ પ્રમાણે પ્રશંસક અને નિંદક બન્ને પ્રકારનાં લોકો મળશે પણ તમારે કોઈની પ્રશંસા સાંભળી સુખ ન માનવું અને કોઈની નિંદા સાંભળી દુઃખી ન થવું. તમે એનો વિચાર જ ન કરો. જે પ્રમાણે પૃથ્વી ગાળો આપનારને અને જમીન ખોદનારને પણ આધાર આપે જ છે તે જ પ્રમાણે હે મુનિઓ ! જે તમને ગાળો આપે તેમનું પણ કલ્યાણ જ કરો. ગાળો આપનાર તમને નિર્મળ બનાવી રહ્યા છે એમ માની તેમનું પણ કલ્યાણ ચાહો.

કોઈ ધોબી તમારા કપડાં મફત ધોઈ આપે તો તમે પ્રસન્ન થશો કે નારાજ ? પ્રસન્ન થશો. તે જ પ્રમાણે જ્ઞાનીજનો એમ માને છે કે, ગાળો આપનાર પોતાને મફત નિર્મળ બનાવી રહ્યા છે. આ પ્રમાણે જે અપકારીને પણ ઉપકારી માને છે એ મહાત્માઓની વાસ્તવમાં બલિહારી જ છે.

તમે શ્રમણોપાસક છો અને બહેનો શ્રમણોપાસિકા છે. ભગવાને પણ તમને શ્રમણોપાસક જ કહ્યા છે, અરિહંતોપાસક કહ્યા નથી. એટલા માટે તમારો જીવનવ્યવહાર કેવો હોવો જોઇએ ? તેનો તમે વિચાર કરો. જે પોતાના તપ ઉપર દૃઢ રહે છે તે શ્રમણ કહેવાય છે, અને તમો શ્રમણના ઉપાસક છો. જે પ્રમાણે સાધુઓ લાભ કે હાનિના

સમયે સમભાવી રહે છે તે જ પ્રમાણે સંસારના પ્રલોભનોમાં ન પડતાં લાભ-હાનિના પ્રસંગે શ્રમણનું આંશિક અનુગમન કરી સમભાવી બનવાથી જ તમે સાચા શ્રમણોપાસક બની શકો છો. શું પ્રલોભનોમાં પડી જઇ અસત્ય બોલવું એ શ્રમણોપાસકનું કર્ત્તવ્ય છે! જો નહિ, તો શ્રમણોપાસક થઈને અસત્ય બોલવું, ગાળો આપવી કે બીજાને કટુ વચન કહેવાં એ શું ઉચિત છે?

મયણરેહાએ પોતાના પતિને બે ઘડીમાં જ નરકમાંથી બચાવી સ્વર્ગ અપાવ્યું હતું. તેમના પતિને જ્યાંસુધી શ્વાસ રહ્યો ત્યાંસુધી તેમને ધર્મોપદેશ જ આપ્યો. તેમણે પતિના અંતિમ શ્વાસ સુધી તેમને ધર્મોપદેશ સંભળાવ્યો પણ "મારું શું થશે! હું શું કરીશ" એમ કહી રુદન કરવા ન માંડયું. પણ જ્યારે પતિના શ્વાસ નીકળી ગયા ત્યારબાદ જ પોતાની રક્ષા કેવી રીતે કરવી તેનો વિચાર કર્યો. આ પ્રમાણે મયણરેહાએ પતિને મૃત્યુના સમયે ધર્મની સહાયતા આપી પણ રુદન અને કલ્પાંત કરી પોતાના ધર્મને કલંકિત થવા ન દીધો.

મયણરેહા ઉપર તે વખતે કેટલું બધું સંકટ હતું? સગો જેઠ જ તેના પતિને તલવારદ્વારા મારી નાંખી મયણરેહા સગર્ભા હતી ત્યારે તેનું શીલ નષ્ટ કરવા તૈયાર થયો હતો. આ કેવો સંકટનો સમય હતો. છતાં પણ મયણરેહા રોઇ નહિ, પણ શીલનું રક્ષણ કર્યું અને એટલા જ માટે તેના ગુણગ્રામ આજે પણ કરવામાં આવે છે. તમે પણ રોવાના રીવાજનો ત્યાગ કરો અને આર્ત્તધ્યાન છોડી ધર્મધ્યાન કરો. જો રાજકોટ શ્રી સંઘ રોવા કૂટવાનો ત્યાગ કરે અને તેનો નિયમ કરે તો કાઠિયાવાડમાં પણ રોવા કૂટવાનો ત્યાગ કરાવવા વિષે બીજાને કહેવાનો અવસર મળે.

કહેવાનો આશય એ છે કે, ક્ષમાશીલ બનવાથી પોતાનું પણ કલ્યાણ થાય છે અને જગતનું પણ કલ્યાણ થાય છે.

અનાથી મુનિ કહે છે કે, મેં એવો નિશ્ચય કર્યો, કે જો હું એકવાર સાજો થઈ જાઉં તો હું ક્ષમાશીલ બનીશ.

સત્સંકલ્પનો પ્રભાવ જડ સૃષ્ટિ ઉપર પણ પડે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, **तं सच्चं खु भयवं**! સત્યના પ્રભાવથી શું થઈ શકતું નથી. સત્યથી તો ભગવાન પણ બની શકાય છે. સત્ય એ જ ભગવાન છે. સત્સંકલ્પના પ્રભાવથી વિષ પણ અમૃત બની જાય છે અને અગ્નિ પણ શીતલ બની જાય છે. આ પ્રમાણે સત્સંકલ્પનો મહા પ્રભાવ છે. મુનિ કહે છે કે, મેં એવો સંકલ્પ કર્યો કે, 'જો એકવાર મારી આ વેદના મટી જાય તો હું ક્ષમાવાન્, ઇન્દ્રિયોનું દમન કરનાર, નિરારંભી બનીશ.'

આ ગાથામાં ગણધરોએ જાણે સાધુઓનાં બધાં ગુણો બતાવી દીધાં છે. તેઓ સાધુઓનાં ગુણો બતાવીને કહે છે કે, અનાથી મુનિએ એવો સંકલ્પ કર્યો.

મુનિએ જેવો સંકલ્પ કર્યો તેવો જ તે રોગ કોણ જાણે કયાં ચાલ્યો ગયો! મુનિ કહે છે કે, "હે રાજન્! આ પ્રમાણે સંકલ્પ કરતાં જ મને નિદ્રા આવી ગઈ. મને ઘણાં દિવસ થયાં નિદ્રા આવી ન હતી. નિદ્રા આવે છે ત્યારે રોગીને શાન્તિ મળે છે.

એટલા માટે મને નિદ્રા આવવાથી મારા કુટુમ્બીજનોને જે પ્રસન્નતા થઈ હશે તે બીજા જ વિચારથી પ્રસન્નતા થઇ હશે. જો હું સાજો થઇશ તો તેમનું દુઃખ દૂર થશે એ વિચારથી તેમને પ્રસન્નતા થઇ હશે. પિતા એમ વિચારતા હશે કે, 'જો મારો પુત્ર સાજો થાય તો મને મારા કામમાં સહાયતા આપે.' માતા એમ વિચારતી હશે કે, 'મારો પુત્ર સાજો થાય તો મારું દુઃખ દૂર થાય.' ભાઈઓ વિચારતા હશે કે, 'ભાઈ સાજો થાય તો અમારે તેની ચિંતા કરવી ન પડે.' આ પ્રમાણે બહેનો અને પોતાની સ્ત્રી પણ પોતાના સ્વાર્થની ભાવના કરતી હશે; પણ મારા મનમાં કોઈ બીજી જ ભાવના હતી." અનાથી મુનિના મનમાં શું ભાવના હતી એ અત્યારે ન કહેતાં અહીં સુદર્શનની કથા કહું છું.

## સુદર્શન ચરિત્ર—૩૩

સુદર્શનશેઠ એકાન્ત સ્થાને પણ અભયા જેવી સુંદરીના હાવભાવ જોઇ અને પ્રેમાલાપ સાંભળીને પણ પોતાના વિચારમાં દઢ રહ્યો. સુદર્શને શીલની રક્ષા કરી શ્રાવકો અને સાધુઓની પ્રતિષ્ઠાની રક્ષા કરી છે. જે શ્રાવકો આવા ધર્માત્મા હોય છે તેમના માટે અમે ગર્વપૂર્વક કહીએ છીએ કેઃ—

ધન શેઠ સુદર્શન શીયલ શુદ્ધ, પાલી તારી આત્મા ।

**વર્ષા ઋતુ સમ બની ભામિની, અંબર બદલ બનાઇ.**
**હુંકાર કી ધ્વનિ ગાજ સમ, તન દામન દમકાઈ ।। ધન૦ ૬૩ ।।**
**અમોઘ ધારા વચન વર્ષાતી, ચાહ ભૂમિ ભીજાઈ;**
**મંગ શૈલ સમ શેઠ સુદર્શન, ભેદ ન સકે કોઈ. ।। ધન૦ ૬૪ ।।**

સુદર્શન શેઠ વાસ્તવમાં ધન્યવાદને પાત્ર છે કે તે સંકટના સમયે પણ શીલધર્મમાં દઢ રહ્યો. સુદર્શનશેઠ નિર્વિઘ્ન પૌષધશાલામાં પૌષધવ્રત્ત ધારણ કરી બેઠો હતો તે નિર્વિઘ્ન સ્થાનેથી પંડિતાએ સુદર્શનને ઉપાડી, વિઘ્નના સ્થાને મૂકી આવી. વિઘ્ન બાધા પણ સાધારણ નહિ પણ કામવૃત્તિને જાગ્રત કરે એવા રાજાના મહેલમાં, વર્ષા ઋતુની સમાન બનેલી રાણી સુદર્શનને ડગાવવાનો અને શીલવ્રતમાં વિઘ્ન બાધા ઉભી કરવાનો પ્રયત્ન કરી રહી હતી. રાજાના મહેલમાં રાણી વર્ષાઋતુની માફક બની કામ–જલથી સુદર્શનને ભીંજવી રહી હતી. વર્ષાઋતુનાં રંગબેરંગી વાદળોની માફક રાણીએ રંગબેરંગી કપડાં પહેર્યા હતાં, અને વાદળ જેમ અહીં તહીં દોડે તેમ રાણી પોતાનાં વસ્ત્રોને અહીં તહીં હલાવ્યા કરતી. વર્ષાઋતુનાં વાદળાઓમાં જેમ વિજળી ચમકે તેમ રાણીની આંખો ચમકતી હતી. આકાશમાં ચમકતી વિજળીથી તો ધૈર્ય પણ ધારણ કરી શકાય છે પરંતુ રાણીની આંખોરૂપી વિજળીથી દેવોનું પણ ધૈર્ય છૂટી જાય છે, તો પછી મનુષ્યોનું ધૈર્ય છૂટી જાય એ તો સ્વાભાવિક જ છે. રાણીનો અહંકારભર્યો હુંકાર જાણે વાદળોની ગર્જના જેવો લાગતો હતો અને જે પ્રમાણે વાદળાંમાંથી પાણી વરસે તેમ રાણીના મુખમાંથી વચન-વર્ષા વરસતી હતી.

પાણીના પ્રવાહનો વેગ ઓછો હોતો નથી. પાણીનો વેગ પહાડોને કોતરી નાંખી, નદીરૂપે વહે છે. આ જ પ્રમાણે જ્યારે નદીના પૂરમાં પાણીનો વેગ વધે છે ત્યારે નદીને

પાર કરવી મુશ્કેલ થઇ પડે છે. માનો કે, પાણીના વેગને તો કોઈ રોકી પણ શકે પણ કામના વેગને રોકવો તે તો બહુ જ મુશ્કેલ છે. કામના વેગને કારણે રહનેમિ પણ રાજીમતિને જોઈ ચલિત થઇ ગયા હતા. સુદર્શન વરસતા વરસાદની માફક રાણીની વચનવર્ષા સહી રહ્યો હતો. તે પર્વતના જેવો ન હતો કે તેને વચનનો વેગ કોતરી નાંખે, પણ તે તો 'મુંગસલિયા' પત્થરના જેવો અભેદ્ય હતો.

શ્રીનંદીસૂત્રમાં 'મુંગસલિયા' પત્થરની અને 'પુકખલ સમર્થાઈ' મેઘની કથા આવેલ છે. તેમાં કહ્યું છે કે, ગમે તેટલો વરસાદ વરસે પણ મુંગસલિયો પત્થર કોઈ દિવસ ભીંજાતો નથી. તે મગના જેવો નાનો પત્થર હોય છે. એકવાર નારદે 'પુકખલ સમર્થાઈ' મેઘને કહ્યું કે, તારામાં કેવી શક્તિ છે? મેઘે ઉત્તર આપ્યો કે, 'મારામાં એવી શક્તિ છે કે, પર્વતને તોડવા ચાહું તો તોડી શકું છું.' આ સાંભળી નારદે મેઘને કહ્યું કે, તું તો આમ કહે છે પણ મને મુંગસલિયો પત્થર કહેતો હતો કે, ગમે તેટલો વરસાદ વરસે પણ હું વરસાદથી ભીંજાઉં નહિ! જો તારામાં શક્તિ હોય તો તે પત્થરને ભીંજવી દે. મેઘે જવાબ આપ્યો કે, ઠીક છે. આ પ્રમાણે કહી, તે ત્યાંથી ચાલ્યો ગયો અને સાત દિવસ સુધી મુંગસલિયા પત્થર ઉપર મુસળધાર વરસાદ વરસ્યો, પણ તે પત્થર ભીંજાયો નહિ. પણ તેની આસપાસનો કચરો સાફ થઇ જવાથી તે પત્થરો વધારે ચમકવા લાગ્યો. નારદે તે મેઘને કહ્યું કે, "આ પત્થર તો ભીંજાયો નહિ પણ ઊલટો ચમકવા લાગ્યો અને જાણે ચમકીને તારો પરિહાસ કરતો હોય એમ લાગે છે. માટે તું પરાજિત થયો છે એમ માની અહીંથી ચાલ્યો જા."

આ ઉદાહરણમાં કહેલા મુંગસલિયા પત્થરની માફક સુદર્શન હતો. રાણીએ તેની ઉપર કામ-જલનો ખૂબ વરસાદ વરસાવ્યો છતાં સુદર્શન ઉપર તેની જરાપણ અસર ન થઈ. રાણી વિચારવા લાગી કે, "હાય! આ તો કોઈ પણ ઉપાયે વશ થતો નથી! હવે શું કરું! હું કપિલા અને પંડિતાને મોઢું કેમ બતાવી શકીશ? મેં કપિલા સાથે તો હોડ કરી છે અને પંડિતાને પણ કહ્યું છે કે, હું કોઈપણ ઉપાયે સુદર્શનને વશમાં કરી લઇશ, પણ મારો એક પણ ઉપાય આની આગળ સફળ થતો નથી. પરંતુ હજી મારી પાસે એક ઉપાય બાકી છે તેનો પણ ઉપયોગ કરી જોઉં. એ ઉપાય સ્ત્રીસુલભ રહેવાનો છે, એ ઉપાયનો પણ પ્રયોગ કરી જોઉં! કદાચ તે ઉપાય સફળ પણ થાય.

**કરૂણ સ્વરસે રોવે કામિની, પૂરો હમારી આશ;**
**શરણાગત મૈં આઇ તુમ્હારે, માનો મમ અરદાસ. ॥ ધન૦ ૧૫ ॥**

**અવસર દેખ શેઠ તબ બોલા, સુનો સુનો બડ માત;**
**પંચ માતમેં તુમ અગ્રેસર, તજ દો ખોટી બાત. ॥ ધન૦ ૧૬ ॥**

રાણી અંતિમ શસ્ત્ર–રોવાના બળ–નો ઉપયોગ કરવા લાગી. રાણીએ વિચાર્યું કે સ્ત્રીઓનું કરુણ ક્રન્દન અને રૂદન સાંભળી મોટા મોટા ઋષિ મુનિવરો પણ વિચલિત થઈ જાય છે માટે રોવાનો ઉપાય હાથમાં લેવો ઠીક છે. આ પ્રમાણે વિચાર કરી રાણી દડદડ રોવા લાગી અને સુદર્શનને કહેવા લાગી કે, હું આપના શરણે આવી છું, મારા

ઉપર દયા કરો. જે પ્રમાણે પાણી વિના માછલી તરફડે છે તેમ હું પણ તમારા પ્રેમ માટે વલખું છું. આપ મારી રક્ષા કરો.

શાસ્ત્રમાં જિનઋષિ જિનપાલની કથા આવેલ છે. તેમાં કહ્યું છે કે, જિનપાલ રયણાદેવીથી કોઈપણ ઉપાયે ડગ્યો ન હતો પણ જ્યારે રયણાદેવી કરુણ રૂદન કરવા લાગી ત્યારે તે ડગી ગયો. આખરે તેની બહુ જ ખરાબ હાલત થઈ. આ પ્રમાણે સ્ત્રીઓના કરુણ રૂદનથી મોટા મોટા ઋષિઓ પણ ચલિત થઈ જાય છે; પણ રાણીનું રોવું સાંભળી સુદર્શન મનમાં વિચારતો હતો કે, સામાન્યતઃ માતાની સામે પુત્રો રુવે છે પણ આ તો માતા થઈને પણ મારા જેવા પુત્રની સામે રુવે છે, માટે કોઈપણ રીતે તેને આશ્વાસન આપવું જોઈએ. જ્યારે એ મને દયાધર્મી કહે છે તો મારે દયાધર્મનો પણ તેને પરિચય આપવો જોઇએ.

સ્ત્રીઓનાં કરુણ રૂદનથી કેટલાક લોકો એટલા બધા ચલિત થઈ ગયા છે કે તેઓએ પોતાના શાસ્ત્રમાં એવું વિધાન પણ કરી નાંખ્યું છે કે, "જો કોઈ સ્ત્રી કરુણ રૂદન કરતી આવે તો તેની ઇચ્છાને પૂરી ન કરવી એ પાપ છે." બીજાઓનાં શાસ્ત્રમાં આવું વિધાન કરેલ છે પણ શ્રી સૂયગડાંગ સૂત્રમાં મુનિઓ માટે કહ્યું છે કે, "હે મુનિઓ! તમારી સામે કોઇ ગમે તેટલું કરુણ રૂદન કરે તો પણ તમે બ્રહ્મચર્યથી ચલિત થશો નહિ."

મુનિઓ તો ચલિત થતા નથી પણ તેમના ઉપાસકો પણ સ્ત્રીઓનું કરુણ રૂદન સાંભળવા છતાં પણ કેવી રીતે ચલિત થતા નથી તે જુઓઃ—

રાણીનું રુદન સાંભળી, સુદર્શન વિચારવા લાગ્યો કે, માતા રુવે છે તો તેમને આ-શ્વાસન આપવું એ મારું કર્ત્તવ્ય છે. કોણ એવો પુત્ર હશે કે, જે માતાને રુદન કરતી જોવા છતાં પણ તેનું હૃદય દ્રવિત ન થાય? જે પ્રમાણે માતાનું રુદન સાંભળી પુત્રનું હૃદય પીગળી જાય છે તે જ પ્રમાણે રાણીનું રુદન સાંભળી સુદર્શનનું હૃદય પણ પીગળી ગયું. તે રાણીને કહેવા લાગ્યો કે, મોટી મા! આપને શું કામ છે! શા માટે તમે રુવો છો?

સુદર્શનનું આ કથન સાંભળી રાણી વિચારવા લાગી કે, આ શું કહે છે? આ માતા તરીકે કોને સંબોધે છે? રાણીને સુદર્શનદ્વારા સંબોધવામાં આવેલું માતા તરીકેનું સંબોધન ક્યાંથી પસંદ પડે? એટલા માટે રાણી મનમાં વિચારવા લાગી કે, અત્યાર સુધી તો તે મૂંગો બેસી રહ્યો, મારી સાથે એક પણ શબ્દ બોલ્યો નહિ, અને હવે બોલ્યો તો મને માતા કહીને બોલ્યો!

સુદર્શનનું કથન સાંભળી રાણીને વિચારમાં પડેલી જોઇ સુદર્શન તેને કહેવા લાગ્યો કે, માતાજી! આપ શું વિચાર કરો છો? કદાચ તમે મને ભૂલી જાઓ પણ હું તમારો પુત્ર તમને કેમ ભૂલી જઇ શકું? તમે પણ મારી માતા છો મારે એક નહિ પણ પાંચ માતાઓ છે.

તમારે પણ પાંચ માતાઓ છે કે નહિ? જો છે તો તેમના પ્રત્યે તમારું શું કર્ત્તવ્ય છે તેનો વિચાર કરો! અભયા તો વિફરેલી હતી એટલે તેને માતાનું સંબોધન પસંદ પડ્યું *નહિ. પણ ધર્મનું પાલન એકાંગી હોય છે. એમ થવું ન જોઇએ કે સામો માણસ ધર્મ*

પાળે તો હું ધર્મનું પાલન કરું ! સામો માણુસ ધર્મ પાળે કે ન પાળે પણુ તમે તમારા ધર્મનું પાલન કરો એ તમારુ કર્ત્તવ્ય છે. ધર્મનું પાલન બીજાની સાક્ષીએ થતું નથી પણુ પોતાની સાક્ષીએ થાય છે. જે પોતાની સાક્ષીએ ધર્મનું પાલન કરે છે તેને ઈન્દ્ર પણુ ડગાવી શકતા નથી. એટલા માટે સામો માણુસ શું કરે છે તે ન જોતાં તમારે તો તમારા ધર્મનું પાલન કરવું જોઈએ.

સુદર્શન કહે છે કે, મારે પાંચ માતાઓ છે, હવે એ પાંચ માતાઓ કઇ હતી એ વિષે હવે પછી આગળ વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૮ મંગળવાર

### પ્રાર્થના

**મલ્લિ જિન બાલ બ્રહ્મચારી, ‘ કુંભ ’ પિતા ‘ પરભાવતિ ’ મૈયા;**
**તિનકી કુમારી, મલ્લિ જિન બાલ બ્રહ્મચારી.**

શ્રી મલ્લિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના કરતાં ભક્તલોકો એવી ભાવના કરે છે કે, “ હે પ્રભો ! હું તારી ભક્તિ કરવા ચાહું છું છતાં તારી ભક્તિના વિષે મને એક એવો સંદેહ થાય છે કે, હું અંતઃકરણથી તારી ભક્તિ કરવા ચાહું છું છતાં શાસ્ત્રમાં તારી જેવી ભક્તિ કરવા માટે કહ્યું છે તેવી ભક્તિ મારાથી શા માટે થઇ શકતી નથી; તેમાં કોઈને કોઈ વીઘ્ન બાધા શા માટે ઉભી થાય છે ? અને હૃદયથી પરમાત્માની ભક્તિ કરવા ચાહું છું છતાં શા કારણે જેવી જોઇએ તેવી તારી ભક્તિ થતી નથી ! આ વિષે વિચાર કરતાં હું એ નિશ્ચય ઉપર આવ્યો છું કે, હે પ્રભો ! તારી કૃપા વિના તારી ભક્તિ બરાબર કરી શકાતી નથી. તારી ભક્તિ કરવામાં કયા વિઘ્નો બાધક નીવડે છે એને માટે ભક્તિસૂત્રમાં કહ્યું છે કેઃ—

**सा न कामयमाना निरोधरूपत्वात् ।**

પરમાત્માની ભક્તિ કરવામાં કોઈપણુ વાતની જરાપણુ કામના ન હોવી જોઈએ. કામના-ઈચ્છા, પરમાત્માની ભક્તિમાં બાધા ઉભી કરે છે. આ પ્રમાણે કોઇપણુ કામના-ઇચ્છા કર્યા વિના ભક્તિ કરવાનું કહ્યું છે પણ જ્યારે હું મારું હૃદય તપાસું છું ત્યારે મારું હૃદય કામનાથી પરિપૂર્ણ જણાય છે. એટલાજ માટે હે ! પ્રભો ! હું તારા શરણે આવ્યો છું કે તારી મારા ઉપર કૃપા થાય તો હું તારી ભક્તિ કરી શકું. જો કે, મારું હૃદય કામનાથી ભરેલું છે તો પણુ તારું ચરિત્ર સાંભળી મારામાં પણુ સાહસનો સંચાર થાય છે કે મારે હિમ્મત હારવી ન જોઈએ, પણુ તારી ભક્તિમાં સંલગ્ન થઈ જવું જોઈએ.

જો કે વાસના તો મને સતાવ્યા જ કરશે પણ તારા ચરણોને પકડી રાખવાથી કોઈ દિવસ મારી કામવાસના પણ દૂર થઇ જશે અને પછી શાસ્ત્રમાં જેવી ભક્તિ બતાવેલ છે તેવી ભક્તિ હું કરી શકીશ.

હે મલ્લિનાથ ભગવાન ! આપનું ચરિત્ર મેં સાંભળ્યું છે. આપના એ ચરિત્ર-શ્રવણથી હું એ જાણી શકયો છું કે, છ રાજાઓ કામાંધ બની તમારી સાથે વિવાહ કરવા માટે ચડી આવ્યા હતા, છતાં તમે તેમનો તિરસ્કાર ન કર્યો. જો કે તમારામાં એવી શક્તિ હતી કે, તમે આખી દુનિયાને મેરુ ઉપર મૂકી, હાથમાં ઉપાડી શકતા હતા, અને એ પ્રમાણે પૃથ્વી તથા આકાશને એક કરી શકતા હતા; છતાં તમે એ કામાંધ છ રાજાઓને જરાપણ આઘાત ન પહોંચાડયો. આપના પિતાને તો એ રાજાઓ ઉપર ક્રોધ પણ હતો. તેઓ કહેતા હતા કે, મારી અને મારી કન્યાની ઇચ્છા અને સ્વીકૃતિ વિના આ રાજાઓ શા માટે ચડી આવ્યા ! આ પ્રકારના ક્રોધને કારણે તેઓએ તે છ રાજાઓ સાથે લડાઈ પણ કરી, પણ તે છ રાજાઓની સમ્મિલિત શક્તિ આગળ ટકી ન શકયા પણ હારી ગયા. હે પ્રભુ ! તમારામાં અતુલ શક્તિ હતી, અને તમારા પિતા પરાજિત થયા હતા એટલે તમને તે રાજાઓ ઉપર ક્રોધ થવો શકય પણ હતો, પણ તમારા અંતઃકરણમાં એ રાજાઓ પ્રતિ ક્રોધ કે ઘૃણાનો જરા પણ ભાવ ન થયો. ઉલટું તમે તમારા પિતાને કહ્યું કે, આ રાજાઓ ચડી આવ્યા એમાં આશ્ચર્ય શું છે ! તેઓ મને કન્યા સમજતા હતા એટલે તેઓ ચડી આવ્યા ! એમાં આશ્ચર્યની વાત કાંઇ નથી. તમે નકામા તેમની સાથે લડયા. હવે તમે એ બધાં રાજાઓને એમ કહેવડાવો કે " તમને મલ્લિ કન્યા મળશે. તમે જાઓ. "

" હે ભગવાન ! આપનું આ કથન સાંભળી કુંભ રાજાએ તમને એમ પણ ન કહ્યું કે, તમે આ શું કહો છો ! હું કયા મોઢે એ રાજાઓને એમ કહેવા જાઉં ! આપનું વિષમ વચન સાંભળીને પણ કુંભ રાજાએ કાંઈ પણ પ્રશ્નોત્તર ન કર્યો. કુંભરાજા તો એમ જ વિચારતા હતા કે, જે મહાપુરુષ છે અને જેને હું મહાપુરુષ છે એમ માનું છું, તેના વચનમાં કોઈ પ્રકારનો સંદેહ ન કરતાં તેના વચનને માન્ય કરવું જોઇએ.

શાસ્ત્રમાં ભગવાન મલ્લિનાથ માટે એમ કહ્યું છે કે, **मल्लि राईवरकन्ना ।** અર્થાત્ મલ્લિ રાજાની કન્યા હતી. જ્યારે ભગવાન મલ્લિનાથ રાજાની કન્યા કહેવાતા હતા, ત્યારે પણ કુંભરાજાએ તેમના કથનમાં કોઈ પ્રકારનો સંદેહ કર્યો નહિ હવે તો તેઓ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા છે. એટલા માટે હવે આપણે તેમની આજ્ઞા અને તેમના કથનને કેવી રીતે નિઃસંદેહ થઇ માનવાં જોઈએ તેનો વિચાર કરો. આ વિષયને વિશેષરૂપે કહેવાનો તો અત્યારે સમય નથી. અહીં તો કેવળ એટલું જ કહેવાનું છે કે, " હે પ્રભો ! તમે તે છ રાજાઓ ઉપર ક્રોધ ન કર્યો પણ તમે તે રાજાઓને કહેવડાવ્યું કે તમે આવો. તમને મલ્લિ કન્યા મળશે.' આ પ્રમાણે તમે તે રાજાઓને મહેલમાં બોલાવી, સમજાવ્યા અને આખરે તેઓ એવા સમજ્યા કે તેઓ તમારા જ વિચારને અનુકૂલ થઈ ગયા. જેમણે કામાંધ રાજાઓની કામાંધતાને આ પ્રમાણે દૂર કરી એ પ્રભુનું શરણુ છોડી હું બીજા

*કોના શરણે જાઉં ? એ રાજાઓને કામનાએ પોતાની તરફ ખેંચી રાખ્યા હતા* પણ હે ! પ્રભુ ! આપના શરણે આવવાથી જેમ તે રાજાઓની કામના છૂટી ગઈ તેમ મારી કામના પણ છૂટી જાય તે માટે હું પણ આપના શરણે આવ્યો છું. જો મારી કામના છૂટી જાય તો હે પ્રભુ ! હું પણ શાસ્ત્રમાં કહેલી રીતિ પ્રમાણે તારી ભક્તિ કરી શકું ! મસ્ત કવિ આનંદઘનજી કહે છે કેઃ—

'યે તુમ શોભા સારી મલ્લિ જિન સેવક કિમ અવગણિયે.'

કવિ કહે છે કે, હે પ્રભો ! આપે એ કામાંધ રાજાઓની પણ અવગણના ન કરી તો હું તો આપનો સેવક છું તો પછી મારી અવગણના કેમ કરશો ? જો આપ સેવકની પણ અવગણના કરશો તો પછી આપની અનંત ચતુષ્ટયના સ્વામી તરીકે શોભા ગણાશે ખરી ! સંસારમાં એવું જોવામાં આવે છે કે, જે શેઠ સમૃદ્ધ હોય છે તે પોતાના સેવકને સુખી બનાવે છે. આપ અનંત ચતુષ્ટયના સ્વામી છો તો પછી મારી અવગણના શા માટે કરો છો ! હું ભૂલ્યો ! આપ મારી અવગણના કરતા નથી પણ હું પોતે મારી અવગણના કરી રહ્યો છું, આપ અઢાર દોષ રહિત છો એટલે જ્યારે આપે પોતે જ આશા-તૃષ્ણા રાખી નથી તો પછી સેવકની આશા-તૃષ્ણાને કેવી રીતે પૂરી કરી શકો ! પણ હું તો ભક્ત થઈને પણ આશા કરું છું અને એ રીતે મારી ભૂલથી જ મારા હાથે મારી અવગણના થઈ રહી છે.

અહીં એક પ્રશ્ન થાય છે કે, જ્યારે પરમાત્મા આશાની પૂર્તિ કરતા નથી તો પછી તેમની પ્રાર્થના શા માટે કરવામાં આવે ? પછી તો જે પરમાત્મા આશાની પૂર્તિ કરતા હોય એવા પરમાત્માને શોધીને તેમની પ્રાર્થના કરવી જોઇએ ! જે પરમાત્મા આશાને પૂરી કરતા ન હોય તેમના શરણે જવાથી શો લાભ !

આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે જે પોતાની આશા-તૃષ્ણાને દૂર કરવા ચાહે છે તે જ તૃષ્ણારહિત પ્રભુના શરણે જાય છે.

ભક્ત કહે છે કે, હે પ્રભો ! હું આશા-તૃષ્ણા રાખું છું અને તે કારણે જ શાસ્ત્રમાં કહેલી રીતિ પ્રમાણે તારી ભક્તિ કરી શકતો નથી. એટલા માટે હવે હું તારું શરણ સ્વીકારી મારી આશા-તૃષ્ણાને દૂર કરવા ચાહું છું. જેથી શાસ્ત્રમાં કહેલી રીતિ પ્રમાણે તારી પ્રાર્થના કરી શકું !

સંસારમાં જે ખરાબીઓ જોવામાં આવે છે તેનું પ્રધાન કારણ આશા-તૃષ્ણા જ છે. કોઇને ધનની આશા છે, કોઇને પુત્રની આશા છે અને કોઈને સ્ત્રીની આશા છે; આ પ્રમાણે લોકોને ભિન્ન ભિન્ન પ્રકારની આશા-તૃષ્ણા છે. અને આ આશા-તૃષ્ણાને કારણે જ લોકો કુદેવને માની પૂજે છે પણ જ્યાંસુધી કોઈપણ પ્રકારની આશા-તૃષ્ણા રહે છે ત્યાંસુધી મનુષ્ય સત્ય વાતનું આચરણ તો દૂર રહ્યું, સત્ય વાત કહી પણ શકતો નથી.

કોઇ એક ગ્રન્થમાં જોયું છે કે, અદ્વૈતાચાર્ય નામના એક મહાન્ વિદ્વાન્ થયા છે. તેમના પિતા બંગાલમાં કોઈ રાજાના રાજગુરુ હતા. અદ્વૈતાચાર્યને એવો વિચાર આવ્યો કે, ગમે તેટલી માથે આપત્તિઓ પડે પણ જે વાત સત્ય હોય તેજ પ્રકટ કરવી જોઈએ.

ત્યાંનો રાજા શાક્ત હતો. દેવીનો ઉપાસક હતો. આ વાત લગભગ ૧૫મા કે ૧૬મા સૈકાની છે. તે વખતે દેવી પૂજાના નામે બહુ પશુવધ થતો હતો અને પંડિતો પણ દેવી પૂજાના નામે થતાં પશુવધનું સમર્થન કરતા હતા.

એક દિવસ રાજા જ્યારે દેવીની પૂજા કરી રહ્યો હતો ત્યારે અદ્વૈતાચાર્ય દેવીના મંદિરમાં ગયા અને દેવીને નમસ્કાર કર્યા વિના જ દેવીની સામે બેસી ગયા. અદ્વૈતાચાર્યને દેવીને નમસ્કાર કર્યા વિના બેઠેલા જોઈ રાજા વિચારવા લાગ્યો કે, આ મારા રાજગુરુનો પુત્ર થઇને પણ આમ દેવીની ઉપેક્ષા કેમ કરે છે? રાજાએ અદ્વૈતાચાર્યને કહ્યું કે, તારી બુદ્ધિ તો ઠેકાણે છે ને? અદ્વૈતાચાર્યે જવાબ આપ્યો કે, હા મહારાજ! બુદ્ધિ ઠેકાણે જ છે. રાજાએ કહ્યું કે, તો પછી તેં હમણાં શું કર્યું તેનો વિચાર કર. અદ્વૈતાચાર્યે કહ્યું કે, મેં શું કર્યું તે આપ જ કહોને? રાજાએ કહ્યું કે, તું દેવી માતાને નમસ્કાર કર્યા વિના જ બેસી ગયો! અદ્વૈતાચાર્યે પૂછ્યું કે, આ દેવી કોની માતા છે? રાજાએ જવાબ આપ્યો કે એ દેવી મારી માતા છે. તારી પણ માતા છે અને અખિલ સંસારની પણ તે જ માતા છે. અદ્વૈતાચાર્યે કહ્યું કે, "આપનું કહેવું એ ઠીક છે કે આ દેવી આખા સંસારની માતા છે, પણ જો તે સંસારની માતા જ છે તો પછી આ પશુ-પુત્રોને તે કેમ ખાઈ જાય છે? એ દેવીની પૂજાના નામે આ પશુઓનું બલિદાન શા માટે ચડાવવામાં આવે છે? જ્યારે આ દેવી બધાની માતા છે તો આ પશુઓની તે રક્ષા કેમ કરતી નથી! માતાનું કર્તવ્ય તો સંતાનોની રક્ષા કરવી એ છે. પોતાનાં સંતાનોનો નાશ કરવો એ માતાનું કર્તવ્ય નથી. જ્યારે આ દેવી અખિલ સંસારની માતા થઇને પણ પોતાનાં સંતાનોનો નાશ કરે છે–કરાવે છે તો પછી આ માતા છે કે રાક્ષસી?"

અદ્વૈતાચાર્યનું આ કથન સાંભળી રાજા કાંઇ જવાબ આપી ન શક્યો. રાજા ચૂપ થઇ ગયો, પણ અદ્વૈતાચાર્યના પિતા ત્યાં બેઠા હતા, તેમણે કહ્યું કે, "પુત્ર! તું તો ભ્રષ્ટ થઈ ગયો લાગે છે. માતા વિષે એમ કાંઇ બોલાય! માતા તો ભોગ–બલિદાન માંગે છે એટલા માટે પશુઓનું બલિદાન તેમને ચડાવવામાં આવે છે." પિતાનું આ કથન સાંભળી અદ્વૈતાચાર્ય તેમને કહેવા લાગ્યો કે, "જ્યારે દેવી માતા પોતાના પુત્રોનું જ બલિદાન માંગે છે તો પછી મારી માતા મારું બલિદાન કેમ માંગતી નથી! આપના કથન પ્રમાણે તો મારી માતાએ મારું બલિદાન માંગવું જોઇએ અને મારો વધ કરવો જોઈએ. પણ આપ ભય અને લોભને કારણે સત્ય વાત પ્રકટ કરી શકતા નથી અને એ કારણે જ આપ આમ કહી રહ્યા છો!" પુત્રનું આ કથન સાંભળી પિતા પણ ચૂપ બેસી રહ્યા.

કહેવાનો આશય એ છે-કે, આશા–તૃષ્ણાને કારણે લોકો સત્ય વાતને પ્રકટ કરી શકતા નથી. તમે પણ આશા–તૃષ્ણામાં સપડાએલા છો અને તે કારણે જ તમે કામનાને પૂરી કરનાર દેવોને માનો છો અને પૂજો છો પણ ભક્તો તો પોતાની આશા–તૃષ્ણાને દૂર કરવા ચાહે છે અને એટલા જ માટે તેઓ કહે છે કે, "હે પ્રભો! મારી આશા-તૃષ્ણા દૂર થાય એટલા માટે જ હું આપના શરણે આવેલ છું. અત્યાર સુધી હું મારી આશા–તૃષ્ણાને પૂરી કરવા માટે આપના શરણે આવતો હતો એ મારી ભૂલ હતી અને તે ભૂલને

કારણે જ હું શાસ્ત્રમાં બતાવેલ રીતિ પ્રમાણે આપની ભક્તિ કરી શકતો ન હતો. હવે હું સમજી ગયો છું કે:-

હે પ્રભો! એ બધો મારો જ દોષ હતો. મારા દોષને કારણે જ આપની કૃપાનો હું પાત્ર બની શકયો ન હતો. હવે હું આશા-તૃષ્ણાને દૂર કરવા માટે જ તમારા શરણે આવેલ છું. હવે હું તારા શરણે આવેલ છું તો મારી આશા-તૃષ્ણા દૂર થશે અને જે પ્રમાણે અનાથી મુનિને તારી શક્તિ પ્રાપ્ત થઈ હતી તેમ મને પણ તારી શક્તિ પ્રાપ્ત થશે.

## અનાથી મુનિનો અધિકાર—૩૪

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! જ્યારે મારો રોગ કોઈની દ્વારા શાંત ન થયો ત્યારે હું એ નિશ્ચય ઉપર આવ્યો કે, આ બધું દુઃખ મેં જ પેદા કર્યું છે તો એ દુઃખનો નાશ પણ હું જ કરી શકીશ."

જીવ, દુઃખ કે કર્મ કોના કરેલાં ભોગવે છે એ વાતનો નિર્ણય શાસ્ત્રમાં કરવામાં આવ્યો છે. શ્રી ભગવતીસૂત્રમાં ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો છે કે, "હે ભગવન્! જીવ, પોતાનું કરેલું દુઃખ ભોગવે છે કે બીજાનું કરેલું દુઃખ ભોગવે છે?" આ પ્રશ્નના જવાબમાં ભગવાને કહ્યું કે, "હે ગૌતમ! જીવ, પોતાનું કરેલું દુઃખ જ ભોગવે છે, બીજાનું કરેલું દુઃખ ભોગવતો નથી."

આ ઉપરથી વિચારવું જોઇએ કે, 'સુખ દુઃખ એ બધાં મેં પોતે જ પેદા કરેલાં છે. હું કર્મને દોષ આપું છું પણ એમાં કર્મ શું કરે? કર્મોને મેં જ પકડી રાખ્યાં છે ત્યારે જ કર્મો રોકાયાં છે, નહિ તો કર્મો રોકાઈ જ કેમ શકે? જો હું ચાહું તો કર્મોને થોડીવારમાં પલાયન કરી શકું છું.

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! આ પ્રમાણે જ્યારે મને ભાન થયું કે દુઃખોને મેં જ પેદા કર્યા છે ત્યારે મેં એ દુઃખોને નાશ કરવાનો સંકલ્પ કર્યો."

અનાથી મુનિને "આ દુઃખોને મેં જ પેદા કર્યા છે તો એ દુઃખોનો નાશ હું જ કરી શકું છું." એ જ્ઞાન તેમને પોતાની મેળે થયું કે કોઇ મહાત્માના ઉપદેશથી થયું એનો શાસ્ત્રમાં કશો ઉલ્લેખ ન હોવાથી એ વિષે કશું નક્કી કહી શકાય નહિ. જ્ઞાન બે પ્રકારે થાય છે. એક તો પોતાના વિચારથી કે કોઇ ઘટના જોવાથી, અને બીજું કોઇનો ઉપદેશ સાંભળવાથી. અનાથી મુનિને આ બન્નેમાંથી કયા પ્રકારે જ્ઞાન થયું હતું એ તો નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ પણ તેમને કોઈ પણ રીતે આ જ્ઞાન થયું હતું. તમને જો પોતાની મેળે એવું જ્ઞાન ન થાય તો તમારી સામે આ ઉપદેશ છે. આ ઉપદેશ સાંભળીને તો તમે તમારું દુઃખ દૂર કરવાનો સંકલ્પ કરો! અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! મેં દુઃખ દૂર કરવાનો એવો સંકલ્પ કર્યો કે, જો એકવાર પણ આ વેદના મટી જાય તો હું ક્ષમાવાન્ જિતેન્દ્રિય, નિરારંભી અને પ્રવર્જિત થઇશ."

આ સંકલ્પ કરતાં જ મને નિદ્રા આવી ગઈ. વેદનાને કારણે ઘણા દિવસો સુધી મને નિદ્રા બરાબર આવી ન હતી; પણ આવો સંકલ્પ કરતાં જ મને ગાઢ નિદ્રા આવી ગઈ.

હે રાજન્! આ પ્રમાણે મને ગાઢ નિદ્રા આવી ગઈ. મારા માટે લોકો એમ કહેતા

હતા કે, હું નિદ્રા લઇ રહ્યો છું પણ હું તો નિદ્રા શું લેતો હતો, માનો કે દુઃખોને સદાને માટે રવાના કરતો હતો! મારા દુઃખની તે છેલ્લી રાત હતી.

તમારો સંકલ્પ પણ સાચો અને દૃઢ હોય તો પછી તમને દુઃખ જ થાય નહિ. દૃઢ સત્સંકલ્પથી જ દુઃખોમાંથી મુક્ત થવાય છે. ઢીલા સંકલ્પથી કાંઇ થતું નથી.

અહીં એક પ્રશ્ન થાય છે કે, શું સંકલ્પ કરવા માત્રથી દુઃખ ચાલ્યું જાય એ સંભવિત છે? જે માનસશાસ્ત્રનો અભ્યાસી હશે તેની સામે તો આવો પ્રશ્ન ઉભો થશે નહિ પણ જેઓ માનસશાસ્ત્રથી અનભિજ્ઞ છે તેમને જ આવો સંદેહ થાય છે. આવા લોકોને કહેવાનું એ છે કે, શું કેવળ પોતાના સંકલ્પ કારણે દુનિયામાં દુઃખ પેદા થતું જોવામાં નથી આવતું? ડાકણ વળગી કે ભૂત વળગ્યું એ પોતાના મનના સંકલ્પનું જ પરિણામ છે કે બીજું કાંઇ છે? ડાકણ–ભૂતોની વાત સાંભળી ભયનો સંકલ્પ લોકો કરે છે અને એ ભયસંકલ્પને કારણે જ તેઓ દુઃખ પામે છે. જેમકે કોઇ મકાનને માટે તમને એમ કહેવામાં આવે કે, આ મકાનમાં ભૂત છે તો શું તમે એ મકાનમાં જતાં ભય પામશો કે નહિ? એ મકાનમાં પ્રવેશ કરતાં જ તમારા પગ ધ્રૂજશે કે નહિ! પગ કાંપવા લાગે છે. ભૂતના ભયના કારણે તમારો સંકલ્પ જ એવો બની જાય છે કે, એ સંકલ્પને કારણે જ મકાનમાં પ્રવેશ કરતાં જ તમારા પગ ધ્રૂજવા માંડે છે.

ભયને કારણે મને પણ એવો સંકલ્પ થઈ ગયો હતો કે, જેના કારણે મારે લગભગ પાંચ મહિના સુધી કષ્ટ ભોગવવું પડ્યું હતું. મેં દીક્ષા લીધેલ હતી, પરંતુ દીક્ષા લીધા પહેલાં ભૂત–ડાકણ વગેરેની જે વાતો મેં સાંભળેલી હતી તેના ભયનો સંકલ્પ નીકળ્યો ન હતો, અને એ ભયસંકલ્પને કારણે મને સંસારનો જ દોષ જણાતો હતો. જ્યારે મારા મનમાં ભયનો સંકલ્પ હતો ત્યારે હું એમ જ સમજતો હતો કે, અમુક માણસ મારા ઉપર જાદુ કરે છે. રાતના વખતે પહેરો ભરનારા સિપાઇઓ પહેરો ભરતી વખતે અવાજો કરતા તો એ અવાજ સાંભળી હું એમ વિચારતો કે એ લોકો મારી ઉપર જાદુ કરી રહ્યા છે. મને આ પ્રકારનો ભય લાગતો હતો તે મારા ખોટા વિચારોને કારણે જ લાગતો હતો ને? મારા ખોટા સંકલ્પને કારણે જ મને દુઃખ થતું હતું, પણ જ્યારે મારામાંથી એ ખોટા વિચારો નીકળી ગયા ત્યારે મારું દુઃખ પણ ચાલ્યું ગયું.

મતલબ કે, આ પ્રમાણે સંકલ્પથી દુઃખ પેદા થાય છે એ તો તમે લોકો પણ જુઓ છો. તમે લોકો પણ તમારા પોતાના સંકલ્પથી જ દુઃખ પેદા કરો છો. સ્ત્રીઓમાં તો સંકલ્પથી દુઃખ પેદા કરવાની પદ્ધતિ વિશેષ છે. કેટલીક સ્ત્રીઓ તો સાધુઓને એમ કહે છે કે, "આના ઉપર ઓઘો ફેરવી દો, આના ઉપર જંત્ર મંત્ર કરી આપો" પણ જો સાધુઓ જંત્ર મંત્ર કરવા લાગે તો કેટલા બધા લોકો આવે? તમો લોકોની આવી પદ્ધતિએ જ સાધુઓને સાધુતાથી નીચે પાડવાનું કામ કર્યું છે અને તમારા માટે તમે દુઃખ પણ પેદા કર્યું છે. સાધુઓ પણ તમે લોકોને પ્રસન્ન રાખવા માટે જંતર મંતરના ચક્કરમાં પડી ગયા છે, પણ વાસ્તવમાં સાધુઓ પાસે પરમાત્માના નામ સિવાય બીજું કાંઈ આપવા માટે હોવું ન જોઇએ; પરંતુ તમે લોકો પણ સંકલ્પથી પતિત થયા છો અને સાધુઓ પણ પતિત થઈ રહ્યા છે!

કહેવાનો આશય એ છે કે, આ પ્રકારના સંકલ્પથી દુઃખ પેદા થાય છે એ તો તમે પણ અનુભવથી જાણી શકો છો. જ્યારે સંકલ્પથી દુઃખ પેદા થાય છે તો પછી શું સંકલ્પથી દુઃખ નાશ ન પામે? અને સંકલ્પથી જ્યારે દુઃખ પેદા થાય છે તો સંકલ્પથી સુખ પેદા થઈ ન શકે? આ પ્રમાણે પોતાના સંકલ્પને કારણે જ સુખ-દુઃખ પેદા થાય છે. આજના લોકોને સંકલ્પના બળ વિષે સંદેહ પેદા થાય છે, પણ સંકલ્પમાં અનંત બળ રહેલું છે. સંકલ્પની મહિમા બતાવતાં ઉપનિષદ્‌માં પણ કહ્યું છે કેઃ—

**स यः संकल्पं ब्रह्मेत्युपास्ते कल्प्तान् वै स लोकान्ध्रुवान्ध्रुवः ॥**

અર્થાત્—આત્મા જ્યારે પોતાના સંકલ્પને ઈશ્વરનું રૂપ આપે છે અને તેની દૃઢતાપૂર્વક ઉપાસના કરે છે ત્યારે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ સંકલ્પના આધારે જ થાય છે. દેવગતિ, નરકગતિ, તિર્યંચગતિ કે મનુષ્યગતિ સંકલ્પદ્વારા જ પ્રાપ્ત થાય છે, અને પોતાના સંકલ્પથી જ મોક્ષ પણ મળે છે.

અહીં એક વિચારવા જેવી વાત એ છે કે, જ્યારે સંકલ્પથી જ મનુષ્યગતિ મળે છે તો પછી મનુષ્ય લોકની રચના કોણે કરી? મનુષ્ય લોકની રચના આત્માએ પોતાના સંકલ્પથી જ કરી છે. આ મકાન કે આ શહેર જેમાં તમે વસી રહ્યા છો તે આત્માના સંકલ્પદ્વારા જ બનેલ છે. આ પ્રમાણે આ આત્મા સંકલ્પ તો કરતો જ રહે છે પણ જો તેનો સંકલ્પ સત્સંકલ્પ હોય તો તે દ્વારા તેને ધ્રુવત્વ અર્થાત્ મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકે છે. સત્સંકલ્પ જ ઇશ્વર છે એમ માની સંકલ્પ ઉપર દૃઢ રહો અને સંકલ્પ ઉપર દૃઢ વિશ્વાસ રાખો. ભક્ત તુકારામ કહે છે કેઃ—

'નિશ્ચયાચા બલ તુકા મ્હણે તોચ ફલ'

અર્થાત્—સંકલ્પમાં ઘણું બળ રહેલું છે. એટલા માટે તમે પણ સત્સંકલ્પ કરો અને અને તે ઉપર દૃઢ વિશ્વાસ રાખો.

## સુદર્શન ચરિત્ર—૩૪

હવે એક એવા મહાપુરુષની વાત કહેવામાં આવે છે કે જે દૃઢ નિશ્ચયી અને સત્સંકલ્પી હતો.

**અવસર દેખ શેઠ તબ બોલો, સુનો સુનો બડ માત;**
**પંચ માતમેં તુમ અધેસર, તજ દો ખોટી વાત. ॥ ધન૦ ૧૬ ॥**
**તજ દે યહ તોફાન સુદર્શન, મૈં નહીં તેરી માત;**
**મૂર્ખી કપિલા તે ભરમાઈ, સુને છલા તૂ ચાહત. ॥ ધન૦ ૧૭ ॥**

અભયા રુદન કરતી સુદર્શનને કહે છે કે, શેઠ! તમે કેવા નિષ્ઠુર છો! તમે દયાવાન થઇને પણ મારી દયા નથી કરતા! હું તમારા માટે આટલાં બધાં વલખાં મારું છું છતાં મને અપનાવતા નથી.

અભયાનું કથન સાભળી સુદર્શન વિચારવા લાગ્યો કે, આ માતા મને દયાવાન કહે છે તો મારે તેમને દયાભાવનો પરિચય આપી ધૈર્ય આપવું જોઇએ. આ પ્રમાણે વિચાર કરી સુદર્શને કહ્યું કે, મોટી મા! તમે દુઃખ કેમ પામો છો?

સત્સંકલ્પની શક્તિથી જ સુદર્શન આવા વિકટ સમયે પણ દૃઢ રહી શકયો હતો અને અભયાને માતા માની તેના પંજામાંથી બચી શકયો હતો. તમે પણ એવો દૃઢ સત્સંકલ્પ કરો તો દેવો પણ તમારા ગુલામ બની જશે, શાસ્ત્ર કહે છે કેઃ-'**देवा वि तं नमस्सन्ति जस्स धम्मे सयामणो**' જેમનું મન ધર્મમાં હમેશાં અનુરકત રહે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. તમે લોકો દેવને બોલાવવા માટે અહીં તહીં ભટકો છો પણ વિચાર કરવાથી તમને જણાશે કે, તમે જ દેવોને ભગાડયા છે! કાલે વરસાદ માટે પ્રાર્થના કરવામાં આવી હતી પણ એટલું લોકો વિચારતા નથી કે અમે કેવી રીતે કર્ત્તવ્યને ભૂલી જઇ દેવોને ભગાડી મૂકીએ છીએ? એક બાજુ તો લોકો ભૂખથી મરી રહ્યા છે તો બીજી બાજુ તમે લોકો નાટક-સીનેમા આદિ દુર્વ્યસનોમાં પૈસાનો દુરુપયોગ કરી રહ્યા છો! શું આ ઠીક છે? જો તમે લોકો તમારું કર્ત્તવ્ય પાલન કરો તો દેવને વરસાદ વરસાવવા માટે પોકારવા નહિ પડે. દેવો તમને સામા શોધતા આવશે.

સુદર્શન અભયાને કહેવા લાગ્યો કે, હે માતા! મારે પાંચ માતાઓ છે તેમાં તું સૌથી મોટી માતા છે. નીતિમાં કહ્યું છે કેઃ—

**राजापत्नी गुरुपत्नी मित्रपत्नी तथैव च ।**
**पत्नी माता स्वमाता च पंच माता उच्यते** ॥ —સ્મૃતિ.

સર્વ પ્રથમ રાજાની પત્ની એ પ્રજાને માટે માતાસ્વરૂપ છે. પ્રજાની રક્ષા રાજસત્તા દ્વારા જ થાય છે. જો રાજસત્તા એક દિવસ પણ ન રહે તો અરાજકતા ફેલાઈ જાય અને પ્રજા મુશ્કેલીમાં આવી પડે! આ પ્રમાણે પહેલી માતા તો રાજાની પત્ની છે.

બીજી માતા ગુરુની પત્ની છે. જેમણે એક પણ અક્ષર ભણાવ્યો હોય કે એક પણ વાત સમજાવી હોય તે ગુરુ છે. તે ગુરુની પત્નીને માતાસમાન સમજવી જોઇએ.

ત્રીજી માતા મિત્રની પત્ની છે. જે સહાયતા પહોંચાડે છે તે મિત્ર છે. તે મિત્રની પત્નીને પણ માતા સમાન સમજવી જોઈએ.

ચોથી માતા પોતાની પત્નીની માતા અર્થાત્ સાસુ છે. જ્યારે સ્ત્રી પુરુષ સંસારની ગાડીમાં જોડાય છે ત્યારે તેમણે એકબીજાની માતાને પોતાની માતા માનવી જોઈએ. જો તમારી સ્ત્રી તમારી માતાની અવહેલના કરે તો શું પત્નીનું આ કાર્ય તમને ઠીક લાગશે? પત્નીનું આ કાર્ય તમને પસંદ નહિ પડે. કારણ કે, માતા પહેલાં છે અને પત્ની પછી છે. એ વાત જુદી છે કે, આજના કેટલાક લોકો પત્નીને પહેલાં અને માતાને પછી ગણે છે. પણ આ પદ્ધતિ આવકારદાયક નથી. પુત્રનું કર્ત્તવ્ય છે કે, પોતાની માતાને પહેલાં માને અને પછી સ્ત્રીને માને. આ જ પ્રમાણે વહૂનું પણ એ કર્ત્તવ્ય છે કે, સાસુને પોતાની માતા સમાન માની તેમનો આદર સત્કાર કરે. જે પ્રમાણે પતિની માતાને માતાસમાન માની આદર સત્કાર કરવો એ પત્નીનું કર્ત્તવ્ય છે તે જ પ્રમાણે પત્નીની માતાને માતા સમાન માની તેમનો આદર સત્કાર કરવો એ પતિનું કર્ત્તવ્ય છે જે જમાઈ સાસુ પ્રત્યેના કર્ત્તવ્યનું પાલન કરતો નથી તેને માટે **जामाता दशमो ग्रहः** જમાઇ દશમો ગ્રહ ગણાય છે. સાસુને માતાતુલ્ય માનવાની જમાઈ ઉપર જવાબદારી છે. આ જવાબદારીને જે ભૂલી જાય છે તે પોતાના કર્ત્તવ્યને અને વિવાહના સમયે કરેલી પ્રતિજ્ઞાને પણ ભૂલી જાય છે.

પાંચમી માતા પોતાની જન્મદાત્રી માતા છે.

સુદર્શન અભયાને કહે છે કે, "આ પાંચ પ્રકારની માતાઓમાં તમે પ્રથમ પ્રકારની માતા છો. હું પૌષધમાં બેઠેલો છું છતાં મારી માતા મારી સામે દુઃખી થાય એ મારાથી જોઈ શકાતું નથી. ચુલિનીપિતા પણ પૌષધમાં બેઠેલ હતા છતાં પોતાની માતાને દુઃખી થતાં જોઈ ડગી ગયા હતા. તમે પણ મારી માતા છો. એટલા માટે આપનું દુઃખ દૂર કરવું એ મારું કર્તવ્ય છે. આપને શું દુઃખ છે તે મને જણાવો. હું તે દુઃખને દૂર કરવા પ્રયત્ન કરીશ. આપને એવું દુઃખ હોવું જોઈએ જેને પુત્ર દૂર કરી શકે!"

સુદર્શનનું આ કથન સાંભળી રાણી વિચારવા લાગી કે, આ કેવો માણુસ છે! હું એને પીગળાવવા પ્રયત્ન કરું છું પણ એ પથ્થર જેવો પીગળતો જ નથી!

અભયાએ ત્રિયાચરિત્ર અનુસાર રડવાનો ઢોંગ કર્યો હતો. તેને વાસ્તવમાં રડવું જ આવ્યું ન હતું. એટલે તેણી રડવાનું બંધ કરી, આંખો લાલચોળ કરી સુદર્શનને કહેવા લાગી કે, "સુદર્શન! તારું ગાંડપણ અને આ તોફાન મૂકી દે. તારા આ તોફાનથી કપિલા ભ્રમમાં પડી ગઈ હતી. હું ભ્રમમાં પડી જાઉં એવી નથી."

અભયાનું કથન સાંભળી સુદર્શન વિચારવા લાગ્યો કે, "મેં કપિલાને જે કાંઇ કહ્યું હતું, ઠીક જ કહ્યું હતું, હું મારી સ્ત્રી સિવાય બધી સ્ત્રીઓને માતા સમાન માનું છું. અને માતાને માટે કોઇપણ પુરુષમાં પુરુષત્વ હોઈ શકે નહિ, માતાને માટે તો બધા નપુંસક જ છે. એટલા માટે મેં પોતાને કપિલાની સામે નપુંસક કહ્યું એમાં મેં ખોટું શું કહ્યું હતું? પણ મારી આ માતા એ કાર્યને ગાંડપણુ કે તોફાન જ માને છે. આ માતા કહે છે કે, 'તેં જે પ્રમાણે કપિલાની સાથે છળકપટ કર્યું તે પ્રમાણે મારી આગળ પણ છળકપટ કરવા ચાહે છે? પણ વાસ્તવમાં છળકપટ તેઓ કરે છે કે હું છળકપટ કરું છું! ભગવાને જે વિપરીત જ્ઞાનનું વર્ણન કર્યું છે તે જ વિપરીત જ્ઞાન આ માતામાં પણ જણાય છે. મનુષ્યમાં જ્યારે વિપરીત જ્ઞાન પેદા થાય છે ત્યારે મનુષ્ય છીપને ચાંદી અને મૃગજળને પાણી માનવા લાગે છે. આ જ પ્રમાણે આ માતામાં પણ વિપરીત જ્ઞાન છે અને તે જ કારણે તે પોતાના પુત્રને પુત્ર ન માનતાં બીજું કોઇ માનવા ચાહે છે. આ માતા મને તોફાની કહે છે પણ વાસ્તવમાં તે પોતે તોફાની છે કે હું તોફાની છું એનો નિર્ણય કોની આગળ કરવો? મારે તો આ વિવાદમાં ન પડતાં મારો સ્પષ્ટ નિર્ણય સંભળાવી દેવો જોઇએ.

**મેરુ ડગે ધરતી ધ્રૂજે યા, સૂર્ય કરે અંધકાર;**
**તો પણ શીલ છોડૂં નહિ માતા, સચ્ચા હૈ નિરધાર. ।। ધન૦ ૬૮ ।।**

ભગવાન મહાવીરના શિષ્યો અને તેમના શ્રાવકો કેવા હોય છે તે સુદર્શનના કાર્ય ઉપરથી જુઓ. સુદર્શન વિચારે છે કે, જો આ માતાની સાથે વાદવિવાદ કરું તો હું જીતી શકું છું પણ તેની સાથે વાદમાં ન પડતાં 'નિર્બલ કે બલ રામ' એ કથનાનુસાર નિર્બલ બનીને મેં જે નિશ્ચય કર્યો છે તે નિશ્ચય તેને મારે સ્પષ્ટ સંભળાવી દેવો જોઈએ.

આ પ્રમાણે વિચાર કરી સુદર્શને અભયારાણીને કહ્યું કે, "હે માતા! પૃથ્વી

ચાલતી નથી, મેરુપર્વત કંપતો નથી અને સૂર્ય અંધકાર આપતો નથી; છતાં કદાચ દૈવ-વશાત્ એ બધું થવા લાગે તો પણ હું મારા શીલવ્રતનો ત્યાગ કરી શકું નહિ. ”

‘ એકાંગી મગ અગમ્ ગમન કર, વિલમ્બૂં છિન છિન છાંહિ. ’

“ હું એકાન્તરૂપે શીલનું પાલન કરનારો છું. બીજા લોકો શું કરે છે તે હું જોવા ચાહતો નથી. હું તો તેમનો દાસ છું કે જેઓ ભૂતકાળમાં શીલને પાળનારા હતા, વર્તમાનમાં જેઓ શીલ પાળે છે, અને ભવિષ્યમાં જેઓ શીલ પાળશે. એટલા માટે હું કોઈ પણ રીતે શીલનો ત્યાગ કરી શકું એમ નથી. મારે જે કાંઈ કહેવાનું છે તે મેં સંક્ષેપમાં કહી દીધું છે. હવે વધારે હું કાંઈપણ કહેવા ચાહતો નથી. ”

સુદર્શનના આ કથનમાં શીલવ્રતને પાળવાનો દૃઢ સંકલ્પ છે. એ દૃઢ સંકલ્પમાં પરમાત્મિક બળ આવી જાય છે.

તમે લોકો પણ સુદર્શનનો આદર્શ દૃષ્ટિસમક્ષ રાખી દૃઢ સંકલ્પપૂર્વક શીલવ્રતનું પાલન કરો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૯ બુધવાર

### પ્રાર્થના

**શ્રી મુનિસુવ્રત સાહબા, દીનદયાલ દેવા તણા દેવ કે;**
**તરણ તારણ પ્રભુ તુમ ભણી, ઉજ્જવલ ચિત્ત સમરું નિત્યમેવ કે,**
**શ્રી મુનિસુવ્રત સાહબા. ॥ ૧ ॥**

શ્રી મુનિસુવ્રત ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના શા માટે કરવામાં આવે છે એ વાત હું વારંવાર સમજાવું છું પણ આજની પ્રાર્થના વિષે થોડો વિશેષ વિચાર કરવાનો છે.

પરમાત્મા પ્રત્યે એવી પ્રાર્થના કરવામાં આવે છે કે, “ હે પ્રભો ! આપ દીનદયાળુ છો, આપ દેવાધિદેવ છો એટલા માટે હું ઉજ્જવલ ચિત્તે આપના શરણે આવી, આપની પાસે એક આશા પૂરી કરવા માટે આપની પ્રાર્થના કરું છું. આપ તો આશા નષ્ટ કરી ચૂકયા છો અને તેથી આપે જે આશા નષ્ટ કરી છે તે આશા આપનીદ્વારા પૂરી કરાવવા ચાહતો નથી પણ જે આશા સંસારમાં આપના સિવાય બીજું કોઈ પૂરી કરી શકે એમ નથી તે આશા હું પૂરી કરવા ચાહું છું. આત્માનું સ્વરૂપ હું સમજું એ મારી આશા છે. આત્માનું સ્વરૂપ સમજવા માટે હું અનેક સ્થળે ભટકયો, પણ મારા હૃદયને કયાંય સંતોષ થયો નહિ–મારા હૃદયની શંકાનું કયાંય સમાધાન થયું નહિ. હે પ્રભો ! મારા ચિત્તનું સમાધાન થયા વિના કોઇ ક્રિયા પણ બરાબર થઇ શકતી નથી. જ્યાંસુધી ચિત્તમાં

ચંચલતા રહે છે ત્યાંસુધી બધી ક્રિયાઓમાં પણ ચંચલતા રહે છે. મારા હૃદયનું સમાધાન થાય, ચિત્તની ચંચલતા ઓછી થાય અને આત્મસ્વરૂપનું ભાન થાય એ આશાએ આપના શરણે હું આવ્યો છું. કવિ આનંદઘનજી કહે છે કેઃ—

> મુનિસુવ્રત જિનરાજ એક મુજ વિનતી સુણો,
> આત્મતત્વ કયું જાણ્યું જગતગુરૂ, એહ વિચાર મુજ કહિયો;
> આત્મતત્વ જાણ્યા વિના નિર્મલ, ચિત્ત સમાધિ નવિ લહિયો.

"હે જિનેન્દ્ર! હે પરમાત્મા! આપે આ આત્મતત્ત્વ કેવી રીતે જાણ્યું, એ હું આપની પાસે જાણવા ચાહું છું. કોઈ એમ કહે કે, આત્મતત્વ જાણીને શું કરવું છે? પણ જ્યાંસુધી આત્મતત્ત્વનું જ્ઞાન થતું નથી ત્યાંસુધી ચિત્તને નિર્મલ સમાધિની પ્રાપ્તિ થતી નથી. મેં સાંભળ્યું છે કેઃ—

> "જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્ત્યો નહિ, ત્યાંલગી સાધના સર્વ જુઠી;
> મનુષ્ય તન તાહરો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વુઠી."

અર્થાત્–જ્યાંસુધી આત્માને ઓળખ્યો નથી ત્યાંસુધી બધી ક્રિયાઓ વ્યર્થ છે. કદાચિત્ત કોઈ શુભ ક્રિયાદ્વારા સ્વર્ગ વગેરે ભલે પ્રાપ્ત કરવામાં આવે પણ એવી ક્રિયાદ્વારા સંસારનો છેદ થઈ શકતો નથી. એટલા માટે હે પ્રભો! આપે આત્મતત્ત્વ કેવી રીતે જાણ્યું એ હું આપની પાસે જાણવા ચાહું છું."

હમણાં મને એક વાત યાદ આવી છે, જે તમને કહેવાની જરૂર જણાય છે. આજે દુનિયાને જે શિક્ષા મળી રહી છે, જે શિક્ષાનું દુનિયાના લોકો અમૃત સમાન પાન કરી રહ્યા છે અને જે શિક્ષાને લોકો સારી સમજી અપનાવી રહ્યા છે, તે શિક્ષામાં આત્મભાવ ભરેલો જણાય છે. એ શિક્ષાથી હૃદયમાં આત્મભાવ આવે છે. સ્ત્રીઓ પણ એ શિક્ષાને અપનાવી રહી છે અને તેઓમાં પણ અનાત્મભાવ ઘુસતો જાય છે એ શિક્ષાનું દુષ્પરિણામ કેટલું આવ્યું છે તે વાતનો અનુભવ મારા કરતાં તમને વિશેષ છે. મેં એક સમાચાર પત્રમાં જોયું છે કે, કુમારી કન્યાઓને પણ પુત્રો થાય છે અને છતાં તે કન્યાઓ કુમારી તરીકે જ ઓળખાય છે. આ વિષે ઊંડો વિચાર કરવામાં આવે તો આનું પ્રધાન કારણ વર્તમાન શિક્ષાનું દુષ્પરિણામ જ જણાશે. આજની શિક્ષાથી વિકારની સાથે નાસ્તિકતાનો ભાવ હૃદયમાં ઘુસતો જાય છે.

આજની શિક્ષામાં પ્રધાનતઃ નાસ્તિકતાનો ભાવ જ ભરેલો છે. સ્ત્રીઓ પણ એ શિક્ષાને અપનાવી રહી છે અને તેથી તેમના દ્વારા આવાં પાપકર્મો થાય છે. આજની શિક્ષાદ્વારા દુનિયામાં જે અનાત્મભાવ ઘુસવા પામ્યો છે તેથી ઘણી જ ખરાબી થવા પામી છે.

ભક્ત કહે છે કે, આત્મતત્ત્વ જાણ્યા વિના બધી ક્રિયાઓ વ્યર્થ જાય છે, મેં સાંભળ્યું છે અને આત્મતત્ત્વ જાણ્યા વિના ચિત્તની સમાધિ થતી નથી એ પણ સાંભળ્યું છે. હે પ્રભો! આપે આત્મતત્ત્વ કેવી રીતે જાણ્યું એ હું આપની પાસે જાણવા ચાહું છું. આત્મ તત્ત્વ વિષે હું બીજા કોઈને પૂછું છું તો તેઓ કહે છે કેઃ—

" કોઈ અબન્ધ આતમ તત્ત્વ માને, કિરિયા કરતો દીસે;
ક્રિયા તણો ફલ કહો કુણ ભોગવે, ઇમ પૂછું ચિત્ત રીસે. "

—આનંદઘનજી.

હે પ્રભો ! કોઈ એમ કહે છે કે, તું વધારે ભ્રમમાં શા માટે પડે છે ? તું એટલુંજ જાણી લે કે આત્મા છે અને તે અક્રિય છે. આત્મા કાંઇ ક્રિયા કરતો નથી આ સાંખ્યનો મત છે; પણ મને એ વાત ઉપર વિશ્વાસ બેસતો નથી. કારણ કે, જો આત્મા અક્રિય છે તો ક્રિયા કોણ કરે છે ! અને તે ક્રિયાનું ફળ કોણ ભોગવે છે ! સારી કે ખરાબ ક્રિયાનો કર્ત્તા જ્યારે આત્મા જ નથી તો પછી કોણ છે ? અને જ્યારે આત્મા ક્રિયા કરતો નથી તો પછી ક્રિયાનું ફળ આત્માએ શા માટે ભોગવવું પડે છે ! જો કે, આત્માને અક્રિય માનનાર સાંખ્યમત આ પ્રશ્નના ઉત્તરમાં એમ કહે છે કે, પ્રકૃતિ કરે છે અને પુરુષ ભોગવે છે. પરન્તુ આ વાત ઠીક જણાતી નથી; કારણ કે પ્રકૃતિ તો જડ છે. જડ પ્રકૃતિએ કરેલી ક્રિયાનું ફળ ચૈતન્ય આત્મા ભોગવે એ કેવી રીતે બની શકે ! પહેલાં તો જડ પ્રકૃતિ ક્રિયા જ કરી શકતી નથી. કદાચિત એમ માનવામાં પણ આવે કે પ્રકૃતિ જડ હોવા છતાં પણ ક્રિયા કરે છે તોપણ મારા મનમાં એવો પ્રશ્ન થાય છે કે, પ્રકૃતિ તો ક્રિયા કરે અને તે ક્રિયાનું ફળ આત્મા ભોગવે એમ કેમ બને ? અને જડને તો કર્ત્તા માનવામાં આવે તો એ ઠીક કેમ કહી શકાય ? એટલા માટે એ કથન મારી સમજમાં આવતું નથી.

" જડ ચેતન એ આતમ એકજ, સ્થાવર જંગમ સરિખો;
સુખ દુઃખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચાર જો પરિખો."

—આનંદઘનજી.

વળી, કોઇ એમ કહે છે કે, 'એકો બ્રહ્મ દ્વિતીયો નાસ્તિ' જડ અને ચૈતન્યમાં એક માત્ર બ્રહ્મ છે, એ બ્રહ્મરૂપ આત્માને જ માનો; બીજા ભ્રમમાં શા માટે પડો છો ? આ પ્રમાણે કોઇ માત્ર બ્રહ્મરૂપ આત્માને જ માનવાનું કહે છે પણ એ સિદ્ધાન્ત વિષે વિચાર કરતાં એ પણ સિદ્ધાન્ત ઠીક જણાતો નથી. સંસારમાં ત્રસ અને સ્થાવર આદિ અનેક પ્રકારના જીવો છે. જો એ બધા જીવોમાં એક બ્રહ્મને જ માનવામાં આવે તો ત્રસના કરેલાં કર્મનું ફળ સ્થાવરને, સ્થાવરે કરેલાં કર્મનું ફળ ત્રસને; પિતાએ કરેલાં કર્મનું ફળ પુત્રને અને પુત્રે કરેલાં કર્મનું ફળ પિતાને ભોગવવું પડશે. આ પ્રમાણે સંકર દોષ આવશે. જો એમ કહેવામાં આવે કે, જેણે કરેલાં કર્મનું ફળ તેણે જ ભોગવવું પડે છે તો તો જીવ અને બ્રહ્મ એમ બે થઇ ગયા. તો પછી ' એકો બ્રહ્મ દ્વિતીયો નાસ્તિ ' એ સિદ્ધાન્ત જ ક્યાં રહ્યો ! આ સિવાય જો બધામાં એક જ બ્રહ્મ છે તો એક જીવ તો મોક્ષે જવાનો પ્રયાસ કરે છે અને બીજો પાપ કર્મો કરે છે. તો એકને કારણે બીજાને અને બીજાને કારણે પહેલાને પાછળ પાછળ ભટકવું પડશેને ! આ પ્રમાણે વિચાર કરતાં 'એકો બ્રહ્મ દ્વિતીયો નાસ્તિ' એ સિદ્ધાન્ત બરાબર ઠીક લાગતો નથી.

" એક કહે નિત્ય જ આતમ તત્ત્વ, આતમ દરશણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. "

—આનંદઘનજી.

કોઈ કહે છે કે, આત્મા નિત્ય તો છે પણ તે કૂટસ્થ નિત્ય છે. તેને પુણ્ય પાપનો બંધ થતો નથી. તે નિર્બન્ધ છે. તે કર્તા નથી તેમ ભોક્તા પણ નથી; પણ તે કૂટસ્થ નિત્ય છે. આ સિદ્ધાન્ત પણ મને રુચતો નથી. કારણ કે આ આત્મા જો કર્તા કે ભોક્તા નથી તો પછી તે પ્રત્યક્ષ જ સુખદુઃખ શા માટે ભોગવે છે? આત્મા સુખદુઃખ ભોગવે છે છતાં પણ જો તેને કર્તા માનવામાં ન આવે તો તેમાં કૃતનાશ અને અકૃતના આગમનનો દોષ આવશે. જે કર્યું નથી તેને તો ભોગવવું પડશે અને જે કર્યું છે તેને ભોગવવું નહિ પડે. આ દોષને કારણે 'આત્મા કૂટસ્થ નિત્ય છે' એ સિદ્ધાન્ત પણ મને રુચતો નથી.

"સૌગત મતિ રાગી કહે વાદી, ક્ષણિક યે આતમ જાણો;
બંધ મોક્ષ સુખ દુઃખ નવિ ઘટે, એહ વિચાર મન આણો."

—આનંદઘનજી

હે પ્રભો! બૌદ્ધમતવાદીઓ એમ કહે છે કે, તમે બીજા ખોટાં વિચારોમાં સમય વ્યર્થ શા માટે ગુમાવો છો! આત્મા તો છે પણ તે નિત્ય નહિ પણ અનિત્ય છે. કારણ કે, આત્માનો નિરન્વય નાશ થાય છે, ક્ષણે ક્ષણે આત્મા બદલાતો જાય છે, બૌદ્ધ મતવાદીઓ આમ કહે છે પણ તેમનું આ કથન મારા ગળે ઉતરતું નથી. જો આત્માનો ક્ષણેક્ષણે નાશ થાય છે અને આત્મા ક્ષણિક છે તો જે ક્ષણમાં ક્રિયા કરવામાં આવી છે તે ક્ષણનો નાશ થવાથી–તે ક્ષણ વ્યતીત થવાથી–કર્તા અને ક્રિયા બન્નેય નષ્ટ થઈ જાય છે તો પછી પૂર્વ કાર્યનું ફળ મારે શા માટે ભોગવવું પડે! પૂર્વ કાર્યનું ફલ ભોગવવું પડે છે એ વાત તો આત્માને ક્ષણિક માનનાર બૌદ્ધના ગ્રન્થો ઉપરથી જ સિદ્ધ થાય છે.

એક બૌદ્ધગ્રન્થમાં કહ્યું છે કે, બુદ્ધદેવ પોતાના શિષ્યોની સાથે વિહાર કરતાં જઈ રહ્યા હતા. જતાં જતાં વિહારમાં તેમના પગમાં એક કાંટો વાગ્યો. બુદ્ધદેવે પોતાના શિષ્યોને કહ્યું કે, "હે શિષ્યો! નેવું ભવ પહેલાં મેં આ જ સ્થાને એક પુરુષને ભાલું માર્યું હતું. મારા તે કાર્યનું પાપ ક્ષય પામતાં પામતાં એટલું બાકી રહી ગયું હતું કે તેના ફલસ્વરૂપ મને આ કાંટો પગમાં લાગ્યો." બુદ્ધદેવનું આ કથન સ્યાદ્વાદની દૃષ્ટિએ તો ઠીક કહી શકાય પણ આત્માને ક્ષણિક માનવાથી એ કથન ઠીક જણાતું નથી; કારણ કે તેમના મત પ્રમાણે નેવું ભવમાં તો આત્માનો અનેકવાર નાશ થઇ ચૂકયો અનેક આત્મા બદલાઇ ગયા. આમ હોવા છતાં પણ નેવું ભવમાં પહેલાં જે આત્માએ કર્મ કર્યું હતું તેનું ફલ આ બીજા આત્માને શા માટે ભોગવવું પડયું? આ જ પ્રમાણે અનેક દૃષ્ટિએ વિચારતાં આ ક્ષણિકવાદ પણ મને ઠીક જણાતો નથી. હવે નાસ્તિકવાદીઓ કહે છે કેઃ—

"ભૂત ચતુષ્ટ વર્જિત આતમ, તત્ત્વ સત્તા અળગી ન ઘટે;
અંધ શકટ જો નજરે ન દીસે, તો શું કીજે શકટે."

—આનંદઘનજી.

નાસ્તિકવાદીઓ કહે છે કે, સંસારમાં કેવળ ચાર તત્ત્વોની જ સત્તા છે. આત્મા નામનું કોઇ તત્ત્વ જ નથી. પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ; આ ચાર ભૂતો જ્યારે શરીરાકાર બને છે, ત્યારે તેમાં ચૈતન્યતા આવી જાય છે અને જ્યારે એ ચાર ભૂતો છૂટાં છૂટાં થઇ જાય છે ત્યારે શરીર મરી જાય છે. માટે આ શરીરનું પોષણ કરવું અને ખાવું–

પીવું અને મોજમજા માણવી. બસ! સંસારમાં એ જ સુખ છે. બાકી આત્મા જેવું કાંઇ છે જ નહિ.

હે પ્રભો! નાસ્તિક લોકોનું આ કથન પણ મારા ગળે ઉતરતું નથી. નાસ્તિકોનું આ કથન તો એના જેવું છે કે, કોઇ આંધળો માણસ રથમાં બેઠેલો છે પણ તે આંધળો હોવાને કારણે રથને જોઇ શકતો નથી એટલે તે કહે કે રથ જ નથી. જેમ આ વાત બરાબર નથી તેમ નાસ્તિકોનું કહેવું પણ બરાબર નથી.

આ શરીર રથની સમાન છે. ઇન્દ્રિયો એ આ શરીર–રથનાં ઘોડાંઓ છે. મન એ સારથી છે અને આ શરીર–રથમાં આત્મા બેઠેલો છે. આમ હોવા છતાં શરીરરૂપી રથને જુદો ન માનવો, એ તો રથમાં બેઠેલ હોવા છતાં રથને ન માનવા સમાન છે. એ તો આંધળાની જેવી વાત છે કે જે રથમાં બેઠેલ હોવા છતાં રથ માનવાની ના પાડે છે.

કલ્પના કરો કે, કોઈ એક સ્ત્રી દીવો લઇ ભોંયરામાં ગઇ. તે ભોંયરામાં જઈ કહે કે, આ દીવો છે, આ ટેબલ છે, આ ખુરશી છે, પણ હું નથી. આના જવાબમાં તો એમ જ કહી શકાય કે, જ્યારે તું જ નથી તો પછી આ દીવો છે, આ ટેબલ છે, એમ કોણ કહે છે? આ જ પ્રમાણે શરીરરૂપી રથમાં આત્મા બેઠેલો છે છતાં કોઇ તેનો નિષેધ કરે તો તેને મતિભ્રમ થયા સિવાય બીજું શું કહી શકાય?

હે પ્રભો! આ પ્રમાણે નાસ્તિકવાદીઓનો મત પણ મને રુચતો નથી. એટલા માટે જ હું તમારા શરણે આવ્યો છું.

"એમ અનેક વાદી વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત્વ કોઇ ન કહે."

—આનંદઘનજી.

હે પ્રભો! મેં અનેક મતવાદીઓનાં મત સાંભળ્યાં પણ તે મતોમાંથી કોઈ મતે મારા મનનું સમાધાન કર્યું નહિ, ઊલટું મારા મનમાં અનેક સંશયો પેદા કર્યા; એટલા માટે હવે હું આપના શરણે આવ્યો છું અને આપને પ્રાર્થના કરું છું કે મને આત્મતત્ત્વનું ભાન કરાવો."

"વલતુ જગગુરુ ઇણિ પર ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત આતમ સું રઢ મંડી."

—આનંદઘનજી.

આ પ્રમાણે પ્રાર્થના કરવાથી પરમાત્મા કહે છે કે, "મેં રાગ, દ્વેષ અને પક્ષપાતને છોડીને જ આત્મતત્ત્વને જાણ્યું છે. રાગ દ્વેષ રહિત થવાથી તમે પણ આત્માને ઓળખી શકો છો. આત્મા છે એ વાત ઉપર વિશ્વાસ રાખી પરભાવનો ત્યાગ કરો તો આત્મતત્ત્વને જાણી શકો છો.

મતલબ કે, પરમાત્માની પ્રાર્થના આત્મતત્ત્વને જાણવા માટે જ કરવામાં આવે છે. અને જ્યારે રાગદ્વેષને છોડવામાં આવે ત્યારે જ આત્મતત્ત્વને જાણી શકાય છે. એટલા માટે રાગ દ્વેષને કેમ છોડી શકાય તે અનાથી મુનિના ચરિત્ર ઉપરથી જુઓ:–

## અનાથી મુનિનો અધિકાર—૩૫

અનાથી મુનિ રાજાને કહે છે કે, "હે રાજન્! અનાથતાને દૂર કરવા માટે આત્મતત્ત્વને જાણવાની જરૂર છે અને જ્યાં સુધી રાગદ્વેષ હોય છે ત્યાં સુધી આત્મતત્ત્વ જાણી શકાતું નથી. જ્યારે રાગદ્વેષનો ત્યાગ કરી આત્મતત્ત્વને જાણવાની ઇચ્છા કરશો ત્યારે આત્મતત્ત્વ જાણવામાં વાર પણ નહિ લાગે! હે રાજન્! જ્યારે મને એવું ભાન થયું કે, આ બધું દુઃખ મેં જ પેદા કરેલું છે ત્યારે મેં એ દુઃખને દૂર કરવાનો સંકલ્પ કર્યો, અને સંકલ્પ કરતાં જ મને નિદ્રા આવી ગઇ."

કોઈ એમ કહે કે, "મુનિએ સત્સંકલ્પ કર્યો અને તેમનો રોગ ચાલ્યો ગયો એમાં શું મોટી વાત છે! રોગ તો દવા દારૂ તથા યંત્ર મંત્ર આદિથી પણ ચાલ્યો જાય છે. ભલે આત્મભાવનો દૃઢ સંકલ્પ કરવાથી પણ રોગ ચાલ્યો જતો હશે પણ મૂળ વાત તો રોગને દૂર કરવાની છે; જો રોગ દવા દારૂ કે યંત્ર મંત્ર આદિથી ચાલ્યો જાય તો તેમાં શું વાંધો છે? દવામાં તો ખાવા પીવાની પણ ચરી પાળવી પડે છે પણ યંત્ર મંત્રમાં તો ખાવા પીવાનો કાંઇ નિયમ પાળવો પડતો નથી અને રોગ ચાલ્યો જાય છે તો પછી યંત્ર મંત્ર, મેસ્મેરીઝમ કે હિપ્નોટીઝમ આદિના પ્રયોગથી રોગ દૂર કરવામાં આવે તો શો વાંધો છે! આજે તો વાત વાતમાં મેસ્મેરિઝમ કે હિપ્નોટીઝમ દ્વારા રોગ ચાલ્યો જાય છે તો પછી એ પ્રયોગદ્વારા જ રોગને દૂર કરી નિરોગી શા માટે બનાવવામાં ન આવે?"

ડૉક્ટર આદિ દ્વારા રોગ મટતો જ નથી એમ અમારૂં કાંઇ કહેવું નથી, ડૉક્ટર કે યંત્ર મંત્ર આદિ દ્વારા રોગ મટી જતો હશે પરંતુ તેમની દ્વારા રોગ મટી જવા છતાં તમે સનાથ થયા કે અનાથ રહ્યા? મુનિનો ઉદ્દેશ કેવળ રોગ મટાડવાનો ન હતો. તેમનો ઉદ્દેશ અનાથતાને મટાડવાનો પણ હતો. તેમણે દૃઢ સત્સંકલ્પ દ્વારા પોતાની અનાથતાને દૂર કરી હતી. ડૉક્ટર આદિ દ્વારા રોગ મટી શકે પણ અનાથતા મટી શકે નહિ. સત્સંકલ્પ દ્વારા આત્મબલ વધે છે. આ અધ્યયનનું કથન એ છે કે, ડૉક્ટરની દવાથી કે શાતાવેદનીય કર્મના ઉદયથી રોગ મટી પણ જાય પણ આત્માની અનાથતા દવાથી મટી શકે નહિ! આ જ પ્રમાણે યંત્ર, મંત્ર, મેસ્મેરિઝમ કે હિપ્નોટીઝમ દ્વારા રોગ કદાચ મટી પણ જાય પણ તેથી આત્માની અનાથતા વધશે પણ ઘટશે નહિ એમ સમજો. તમારા પોતાનામાં મેસ્મેરિઝમ કે હિપ્નોટીઝમથી વિશેષ શક્તિ રહેલી છે અને તમે અનેકવાર દેવયોનિ પણ ભોગવી આવ્યા છો છતાં તમારો આત્મા અનાથ જ રહ્યો; સનાથ ન થયો. એટલા જ માટે અનાથી મુનિ કહે છે કે, બધાનાં પ્રયત્નોથી મારો રોગ મટી ન ગયો એ સારૂં જ થયું. મારો રોગ મારા સત્સંકલ્પથી દૂર થયો અને તેથી જ હું અનાથતામાંથી મુક્ત થઈ શકયો છું. મેં એવો સત્સંકલ્પ કર્યો હતો કે, મારો રોગ એકવાર ચાલ્યો જાય તો હું ક્ષમાવાન્, જિતેન્દ્રિય, નિરારંભી અને પ્રવર્જિત બનીશ અને પછી મારા ઉપર ભલે ગમે તેટલી આપત્તિઓ પડે તેને સમતાપૂર્વક સહી લઇશ પણ આ દૃઢ શ્રદ્ધા અને દૃઢ સંકલ્પથી જરા પણ ચલિત થઇશ નહિ.

આજના લોકોની શ્રદ્ધા પાંગળી બની ગઇ છે. તેમની શ્રદ્ધામાં ચૈતન્ય નથી. તેમની શ્રદ્ધામાં ઉત્સાહ કે સત્સંકલ્પ નથી. એટલા જ માટે લોકો એમ કહેવા લાગે છે કે, "જો

અમે કોઇ પ્રકારનો સત્સંકલ્પ કરીએ તો અમારું કામજ અટકી જાય માટે સત્સંકલ્પની વાત કેવળ સાંભળવાની છે, કરવાની નથી." લોકો આ પ્રમાણે કહી, છટકી જાય છે પણ આ પ્રકારની નિર્બળતા ધારણ કરવાથી કોઇ પ્રકારની સ્વતંત્રતા મળી શકતી નથી. સાચી સ્વતંત્રતા તો ક્ષમા, જિતેન્દ્રિયતા, નિરારંભતા અને પ્રવજ્યાથી જ મળી શકે છે, બાકીની બધી વાતો પરતંત્રતામાં પાડનારી છે. પરતંત્રતા એની મેળે એકદમ છૂટી શકતી નથી, પરંતુ આત્મા પરતંત્રતાથી છૂટે એવો પ્રયત્ન તો કરવો જ જોઇએ. સંસારમાં તો અનાથી મુનિ જેવા અને રાજા શ્રેણિક જેવા, અર્થાત્ એક તો તાત્કાલિક આચરણમાં મૂકનાર અને બીજો તાત્કાલિક આચરણમાં ન મૂકનાર એવા બે પ્રકારના પાત્રો રહેશે; પણ તાત્કાલિક આચરણમાં ઉતારી ન શકાય તો રાજા શ્રેણિકની માફક શ્રદ્ધા તો રાખવી જોઇએ. તમારી એવી શ્રદ્ધા દૃઢ હોવી જ જોઇએ કે અમે અનાથ છીએ અને અમારે અનાથતામાંથી નીકળી સનાથ બનવું છે.

જે સંકલ્પ સારો હોય, જેમાં વિકાર ન હોય અને જેનું પાલન પ્રત્યેક સ્થિતિમાં કરવામાં આવે તે સત્સંકલ્પ કહેવામાં આવે છે. જે સંકલ્પ અસ્વસ્થ અવસ્થામાં કર્યો હોય તે સંકલ્પનું સ્વસ્થ થયા બાદ પાલન કરવું તે સત્સંકલ્પ છે. એક વાર સંકલ્પ તો કર્યો અને જ્યારે સંકલ્પ પ્રમાણે કામ કરવાનો વખત આવ્યો ત્યારે સંકલ્પાનુસાર કર્ત્તવ્યપાલન ન કરવું તે દૃઢ સંકલ્પ કહેવાય નહિ. સત્સંકલ્પ તો છે કે જે ગમે તેવી પરિસ્થિતિમાં સંકલ્પાનુસાર કર્ત્તવ્યનું પાલન કરવામાં આવે. જેમકે દશરથ રાજાને રાણીએ કહ્યું હતું કે, આપ આપનું વચન પાછું ખેંચી લો તો રામને વનમાં પણ જવું ન પડે. ત્યારે દશરથ રાજાએ કહ્યું હતું કે:-

"રઘુકુલ રીતિ સદા ચલી આઇ, પ્રાણ જાય પર વચન ન જાઈ."

દશરથ રાજાએ કૈકેયીને કહ્યું કે, હે પ્રિયે! પ્રાણનો ત્યાગ કરવાનું ભલે કહો પણ આપેલ વચનનો ત્યાગ કરવાનું ન કહો. દશરથ રાજા હતો. જો તેઓ ધારત તો કૈકેયીના વચનનો અનાદર કરી શકતા હતા પણ જેઓ દૃઢ સંકલ્પી હોય છે તેઓ એમ કરતા નથી. દૃઢ સંકલ્પી લોકો તો ગમે તેટલાં સંકટો માથે વહોરીને પણ સંકલ્પનું પાલન કરે છે.

રાજ્યનો ત્યાગ કરવો કે પ્રાણનો પણ ત્યાગ કરવો એ તો હજી સરલ કહી શકાય પણ જે સ્થિતિમાં સુદર્શન હતો એ સ્થિતિમાં રહી શીલની રક્ષા કરવી અને સંકલ્પનું પાલન કરવું એ બહુજ દુષ્કર કાર્ય છે.

## સુદર્શન ચરિત્ર—૩૫

**સુન કર વચન નયન કર રાતા, બાધિન જેમ વિફરાય;**
**માને નહીં તુમ મેરે વચન કો, યમપુર દેઉ પહુંચાય. ॥ ધન૦ ૬૯ ॥**

**બાત હાથ હૈ સુન રે બનિયા, અબ ભી કર તૂ વિચાર;**
**રૂઠી કાલ કતરની હૂં મૈં, તૂઠી અમૃત ધાર. ॥ ધન૦ ૭૦ ॥**

**મહા વાતસે મેરુ ન કંપે, અભયાસેતી શેઠ;**
**જ્ઞાન વૈરાગ્ય આત્મબલ બલિયા, મૈં યહ સબમેં જેઠ. ॥ ધન૦ ૭૧ ॥**

સુદર્શને પોતાની દૃઢતા અને પ્રતિજ્ઞા સંભળાવી દીધી. સુદર્શનની પ્રતિજ્ઞા સાંભળી અભયા વિચારવા લાગી કે આ કેવો છે! તેને કાંઇ વિચાર પણ આવતો નથી! શું તે મને ખોટી પાડવા ચાહે છે! જો મારી પ્રતિજ્ઞા પૂરી નથઇ તો તો મારે મરવું પડશે! પણ જ્યારે મારે મરવું પડશે તો શું હું તેને જીવતો રાખીશ! મરીશ તો તેને મારીને જ મરીશ.

દુર્જન લોકો કેવાં હોય છે! તેઓ પોતાની પણ હાનિ કરે છે અને સાથે સાથે બીજાઓની પણ હાનિ કરે છે.

અભયા વાઘણની માફક વિફરેલી થઈને કહેવા લાગી કે, "તું મને જાણતો નથી કે હું કોણ છું? હું રાણી છું. મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ તો હું તને યમપુરીના દરવાજા બતાવીશ. જ્યાંસુધી હું તારા ઉપર પ્રસન્ન છું ત્યાંસુધી તો હું અમૃતધારા જેવી છું પણ જ્યારે હું નારાજ થઈ ત્યારે તો હું તલવારની માફક પ્રાણઘાત કરનારી છું. એટલા માટે જ્યાંસુધી બાજી હાથમાં છે ત્યાંસુધીમાં મારું કહ્યું માની જા, નહિંતો તને યમપુરીમાં પહોંચાડી દઇશ."

અભયાનું કહેવું સાંભળી સુદર્શન વિચારવા લાગ્યો કે, આની પરીક્ષા તો અહીંજ થઇ ગઈ. થોડીવાર પહેલાં મને આ જ રાણી કહેતી હતી, કે, 'હું જીંદગીભર તમારી સેવિકા થઇને રહીશ' પણ આ તો થોડીવારમાં જ ફરી ગઇ. હું તો પહેલેથી જ જાણતો હતો કે, જે રાજાની પણ ન રહી તે મારી ક્યારે થાય!

આ રાણી મને કહે છે કે, હું તને યમપુરી નરકમાં મોકલી દઇશ, પણ મારો આ અમર આત્મા જ કર્તા અને ભોક્તા છે. યમપુરી–નરકમાં જવું કે ન જવું એ મારા અધિકારની વાત છે. મને નરકમાં મોકલવાનો તેને જરા પણ અધિકાર નથી. તે આ આત્માની શક્તિ જાણતી નથી અને તેથી જ તે એમ કહે છે. આ પ્રમાણે કહીને તે પોતે પોતાની જ હાનિ કરે છે. આ રાણી મને યમપુરીમાં મોકલવાનું કહે છે પણ મારો આત્મા એવો અમર છે કે તેને અનેક ઇન્દ્રો પણ નષ્ટ કરી શકે એમ નથી. નષ્ટ થશે તો આ શરીર નષ્ટ થશે, અને એ નશ્વર શરીરને તો હું પહેલેથી જ છોડવા ચાહું છું. જો ધર્મનું પાલન કરતાં શરીર નષ્ટ થઇ જાય તો એમાં શું વાંધો છે! એ તો વધારે આનંદની વાત છે.

અભયા સુદર્શનને કહે છે કે, "અરે! વાણિયા! હજી માની જા! હજી બાજી હાથમાં છે. બાજી હાથમાંથી ચાલ્યા ગયા પછી હવે જ્યારે હું ક્રુદ્ધ થઇશ ત્યારે તલવારની માફક તારો પ્રાણ લઈ લઇશ.

રાણીનું કથન સાંભળી, સુદર્શન વિચારવા લાગ્યો કે, માતાનો પુત્રના શરીર ઉપર અધિકાર છે. તે જેમ ચાહે તેમ પુત્રના શરીરનો ઉપયોગ કરી શકે છે! આ મારું શરીર પણ બહુ અપરાધી છે તો આ માતાદ્વારા એ શરીરને દંડ મળે તો કાંઇ અનુચિત નથી. આ માતા જે કાંઈ દંડ આપી શકે એમ છે તે આ શરીરને દંડ આપી શકે એમ છે; મારા આત્માને તો આ માતા દંડ આપી શકે એમ નથી! મારા આત્માને કોઇ નષ્ટ કરી શકે એમ નથી.

સુદર્શન જે કાંઈ વિચારી રહ્યો છે એ જ આત્મતત્ત્વનું જાણપણું છે. આત્મતત્ત્વનો જાણકાર, દુનિયાનાં કામભોગોને કાગવિષ્ઠાની માફક તુચ્છ માને છે.

રાણીના વચનો પર્વતને કંપાવનાર પ્રબલ પવનની સમાન હતાં, પણ સુદર્શનનો સત્સંકલ્પ નિષ્કંપ હતો. તેને કોઇનો ભય ન હતો. તે નિર્ભય હોવાને કારણે દૃઢ સંકલ્પી હતો. સંકલ્પનું પાલન તો નિર્ભય વીર જ કરી શકે છે અને તે જ સંકલ્પમાં દૃઢ રહી શકે છે. એટલા માટે જે પ્રમાણે મહા વાતથી સાધારણ પર્વત તો કંપી જાય છે પણ મેરુ પર્વત નિષ્કંપ રહે છે તે જ પ્રમાણે રાણીના વચનોથી બીજો કોઈ સાધારણ માણસ ડગી જાય પણ સત્સંકલ્પી સુદર્શન જરા પણ ડગ્યો નહિ. તે તો મેરુ પર્વતની માફક નિષ્કંપ જ રહ્યો. ગમે તેટલાં પ્રલોભનો આવે છતાં નિષ્કંપ ધર્મમાં દૃઢ રહેવું એજ વીતરાગધર્મ છે. શ્રીભક્તામર સ્તોત્રમાં કહ્યું છે કે:—

**चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभि-**
**र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।**
**कल्पान्त काल मरुता चलिता चलेन**
**किं मन्दराद्रि शिखरं चलितं कदाचित् ॥ १५ ॥**

હે પ્રભો ! દેવાંગનાઓ તમારા મનમાં જરાપણ વિકાર પેદા કરી ન શકી તેમાં કાંઇ આશ્ચર્યની વાત નથી; કારણ કે, તમે તો પહેલેથી જ રાગદ્વેષને નષ્ટ કરી નાંખ્યાં છે ! કોઇ માણસ ખાલી ચૂલામાં ફૂંક મારે તો આગ કયાંથી ચેતે ! આજ પ્રમાણે આપમાં જ્યારે રાગદ્વેષ જ નથી તો પછી દેવાંગનાઓ તમારામાં વિકારભાવ કયાંથી પેદા કરી શકે ? મહાકાલીન પવન બીજા બધાં પર્વતોને ભલે ડગાવી શકે પણ મેરુપર્વતને કોઈ પવન ડગાવી શકતો નથી તે જ પ્રમાણે દેવાંગનાઓ બીજાઓમાં વિકારભાવ પેદા કરી શકે પણ આપમાં વિકારભાવ પેદા કરી શકતી નથી.

ભગવાન વીતરાગ જ્યારે એવા છે તો પછી તેમના ભકતો પણ એવા હોય તો એમાં શું આશ્ચર્ય છે ? સુદર્શનને વિચલિત કરવા માટે રાણીએ અનેકાનેક પ્રયત્નો કર્યા, પણ એ બધાં પ્રયત્નો વ્યર્થ ગયાં; કારણ કે સુદર્શન ભગવાન વીતરાગનો સાચો ભક્ત હતો.

રાણી નિરાશ થઇને વિચારવા લાગી કે, કપિલા ઠીક જ કહેતી હતી, વાસ્તવમાં હું આ વાણિયાને વિચલિત કરી ન શકી. પણ હું કપિલા જેવી બ્રાહ્મણી નથી; હું તો ક્ષત્રિયાણી છું. એટલા માટે મારા મોઢામાંથી નીકળેલું વચન પાછું ફરી શકે નહિ ! મેં સુદર્શનને છેલ્લી ચેતવણી આપી દીધી છે કે, મારું કહ્યું માની જા, નહિં તો હું ક્રુદ્ધ થઇશ તો તને યમપુરીમાં પહોંચાડી દઇશ. સુદર્શને મારા કથન ઉપર ધ્યાન આપ્યું નથી માટે મેં જે કહ્યું છે તે પ્રમાણે મારે કરી બતાવવું જોઇએ.

આ કથા ઉપરથી અને અભયા રાણીના કાર્ય ઉપરથી શું શિક્ષા લેવી જોઇએ તેનો વિચાર કરો !

તમે જાણો છો કે 'મારો કેસ ખોટો છે છતાં પોતાને જ સાચા ઠરાવવા માટે તમે તમારી વાતને પકડી રાખો છો કે નહિ, અને ભલે મારું ઘર બરબાદ થઇ જાય પણ એને તો ઠેકાણે લાવીશ, એવી દુર્ભાવના તમે ભાવો છો કે નહિ ?' જો આ પ્રમાણે તમે તમારી વાતને પકડી રાખવાની હઠ કરો તો તે કામ અભયા જેવું છે કે નહિ ? અભયાના કાર્યને જો તમે અનુચિત માનો છો, તો તમે પણ એવા અનુચિત કાર્યનો ત્યાગ કરો અને સુદર્શનની માફક સત્સંકલ્પમાં દૃઢ રહો તો તેમાં કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન: સંવત ૧૯૯૨ના પ્રથમ ભાદરવા વદી ૧૦ ગુરુવાર

### પ્રાર્થના

'વિજયસેન' નૃપ 'વિપ્રા' રાણી, નમિનાથ જિન જાયો;
ચૌસઠ ઈન્દ્ર કિયો મિલ ઉત્સવ, સુરનર આનંદ પાયો રે;
સુજ્ઞાની જીવા, ભજ લે રે જિન ઈકવીસવા. ।। ૧ ।।

શ્રી નમિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના વિષે કેટલાક લોકોને એવો વિચાર થાય છે કે "પરમાત્માની પ્રાર્થના કરવા માટે કોઈ સાધન હોવું જોઈએ! કોઇ સાધન કે કોઇ આધાર લીધા વિના પ્રાર્થના કેવી રીતે કરી શકાય? આપણા જેવા છદ્મસ્થ અને સંસારની ઉપાધિમાં ફસાએલા લોકોને માટે કોઈ આલંબન લીધા વિના પરમાત્માની પ્રાર્થના કરવી મુશ્કેલ છે." પરમાત્માની પ્રાર્થના માટે કોઈનો આધાર લેવો જોઈએ એવો કેટલાક લોકોનો વિચાર થાય છે પણ પ્રશ્ન એ થાય છે કે આધાર કોનો લેવો? સાકારનો કે નિરાકારનો? આ પ્રાર્થનામાં આ પ્રશ્નનો ઉકેલ કરતાં કહેવામાં આવ્યું છે કે જો તમારે સાકારની પ્રાર્થનાદ્વારા નિરાકારની પ્રાર્થનામાં જવું છે તો સાકાર પ્રાથના કોની અને કેવી થવી જોઇએ તેનો વિચાર કરો. નિરાકાર પ્રાર્થના તો આત્માની જ થઈ શકે છે પણ તે વાત બહુ મોટી છે. સાધારણ માણસદ્વારા એવી પ્રાર્થના થઈ શકે નહિ; એટલા માટે સાધારણ માણસે સાકાર પ્રાર્થનાનું અવલંબન લઈ નિરાકાર પ્રાર્થનામાં જવાનું આ પ્રાર્થનામાં બતાવવામાં આવ્યું છે. સાકાર પ્રાર્થનામાં પરમાત્માનો આધાર લેવાનું બતાવવામાં આવ્યું છે પણ એ પરમાત્મા કેવા છે અને ક્યાં છે એ સ્પષ્ટ કરતાં આ પ્રાર્થનામાં બતાવવામાં આવ્યું છે કે, પરમાત્મા અને તેમની વાણીને અભેદ માની ભગવાનના તે ઉપદેશનો આધાર લેવો એજ સાવલમ્બન પ્રાર્થના છે. ભગવાનના ઉપદેશનું આલંબન લઇને આગળ વધવાથી પરમાત્માએ કહેલાં સંપૂર્ણ તત્ત્વની પ્રાપ્તિ થશે.

ભગવાનની વાણીનું આલંબન લઇ પ્રાર્થના કેવી રીતે કરવી એને માટે કહ્યું છે કે, સૌથી પહેલાં જીવ અને અજીવનું જ્ઞાન કરવું. કોઈના શરીરની કલ્પના માટે તે શરીરના ચરણ પણ માનવા જોઇએ. આ જ પ્રમાણે પરમાત્માની કલ્પના કરવા માટે જીવ-અજીવને પરમાત્માના ચરણ માનવા જોઇએ. જીવમાં પણ કોઇ જીવ નરકનો હોય છે તો કોઇ જીવ સ્વર્ગનો હોય છે, પણ જીવ કહેવામાં બધા જીવોનો સમાવેશ થઇ જાય છે. બધા જીવોને એક માની જીવ અજીવને પરમાત્માના ચરણ સમજવા જોઇએ. જો ચરણ ન હોય તો શરીર પણ સ્થિર રહી શકતું નથી. શરીરની સાથે ચરણોનું હોવું પણ આવશ્યક છે. આ જ પ્રમાણે ભગવાનની વાણીને શરીરનું રૂપ આપી જીવ અજીવને ભગવાનના ચરણ રૂપ સમજવાં જોઇએ. જીવ-અજીવનાં ભેદોપભેદોનું વર્ણન ભગવાને શ્રી જીવાભિગમ સૂત્રમાં કરેલ છે. અહીં એ વર્ણન કરવાનો સમય નથી. જીવ કહેવામાં બધાં જીવોનો સમાવેશ થઇ

જાય છે એ અત્રે સમજવાનું છે. જીવ-અજીવ એ ભગવાનના શરીરના ચરણરૂપે છે અને ભગવાનની દ્વાદશાંગી વાણીરૂપી શરીર આ બે ચરણો ઉપર જ સ્થિર રહેલું છે.

જીવ અને અજીવથી પુણ્ય-પાપ થાય છે. પુણ્ય અને પાપ સ્થૂલરૂપે નજરમાં આવતાં નથી પણ કાર્ય જોઈને કારણનો નિર્ણય કરવામાં આવે છે. કાર્ય જોઇને કારણનો નિર્ણય કરવો એ કાંઈ મુશ્કેલ નથી. જે પ્રમાણે ઘડાને જોઈ માટીનું અનુમાન થઇ શકે છે કે આ ઘડો માટીમાંથી બનેલો છે, કુંભારે માટીને ગૂંદી, ચાક ઉપર ચડાવી તૈયાર કર્યો અને પછી ભઠ્ઠીમાં પકાવ્યો એટલે તે ઘડો બન્યો છે. આ જ પ્રમાણે કાર્યને જોઈ પાપ-પુણ્યનો નિર્ણય કરી શકાય છે; અને કાર્યને જોઇ આ પાપનું ફળ છે, આ પુણ્યનું ફળ છે એમ કહેવાય છે.

જીવ અને અજીવ એ તો ભગવાનના ચરણ છે અને પુણ્ય અને પાપ એ ભગવાનના હાથ છે. તમે કહેશો કે પુણ્ય અને પાપ એ તો પ્રકાશ અને અંધકારની માફક વિરુદ્ધ છે એટલે એ બન્ને વચ્ચે ઘણું જ અંતર રહેલું છે; પણ જ્ઞાનીજનો પુણ્ય અને પાપને સાથે જ માને છે. તેઓ કહે છે કે, ભલે કોઈ ગમે તેટલો પાપી હોય પણ તેનામાં પુણ્યનો પણ થોડો ઘણો અંશ હોય છે અને કોઈ ગમે તેટલો પુણ્યવાન હોય પણ તેન માં પાપનો પણ થોડો ઘણો અંશ હોય છે. જેમકે સર્વાર્થસિદ્ધ વિમાનમાં વસનારા દેવો પુણ્યવાન કહેવાય છે પણ તેઓમાં થોડું પણ પાપ બાકી હોય જ છે; અને સાતમી નરકનાં જીવો પાપી કહેવાય છે પણ તેઓમાં પણ થોડું પુણ્ય હોય જ છે. આ પ્રમાણે પુણ્યની સાથે પાપ પણ છે અને પાપની સાથે પુણ્ય પણ છે. તમે કહેશો કે, અમે તે વાતને કેવી રીતે સમજી શકીએ પણ તમારી સમજમાં કોઈ વાત ન આવવાથી કાંઈ વાસ્તવિક વાત બદલાવી શકાતી નથી. જ્ઞાનીજનો તો પુણ્યની સાથે પાપ અને પાપની સાથે પુણ્ય જુએ જ છે.

વ્યવહારમાં તો જે વાત વધુ પ્રમાણમાં જોવામાં આવે છે તે જ માનવામાં આવે છે. પણ નિશ્ચયની વાત અને વ્યવહારની વાત જુદી જુદી છે. જેમકે તમે દૂધને સફેદ જ સમજો છો પણ જ્ઞાનીજનો કહે છે કે, દૂધ જો કે દેખવામાં તો સફેદ છે પણ તેનામાં પાંચેય પ્રકારનાં રંગો છે. જે દૂધ સફેદ છે તે પેટમાં જઈને તેના કોઈ ભાગનું લોહી બને છે, જે લાલ છે. તેના કોઈ અંશનાં વાળ બને છે, જે કાળાં છે અને કોઈ અંશનું બીજું કાંઈ બને છે, જે જુદા રંગનું છે. આ પ્રમાણે વ્યવહારમાં જે કેવળ સફેદ જોવામાં આવે છે, નિશ્ચયમાં તેમાં પાંચેય રંગો છે. કેટલાંક પદાર્થો એવાં હોય છે કે જે દેખાવમાં તો સફેદ જોવામાં આવે છે પણ તે પદાર્થોને પાણીમાં નાંખવાથી લાલ કે પીળા કે લીલા દેખાય છે. આ પ્રમાણે વ્યવહાર અને નિશ્ચયમાં અંતર રહેલું છે. વ્યવહારમાં તો જે વધારે જોવામાં આવે છે તે ઉપરથી પુણ્યવાન કે પાપી માનવામાં આવે છે પરંતુ જ્ઞાનીજનો કહે છે કે, પુણ્ય અને પાપ એ બન્ને સાથે જ હોય છે. જ્યાં પુણ્ય છે ત્યાં થોડું પાપ પણ છે અને જ્યાં પાપ છે ત્યાં થોડું પુણ્ય પણ છે; એ પુણ્ય અને પાપને ભગવાનના હાથ સમજવા જોઈએ.

આશ્રવ અને બંધ, એ બન્ને ભગવાનનું પેટ છે. કારણકે એ દ્વારા પુણ્ય અને

પાપને પોષણ મળે છે. આ તો ભગવાનના પેટ સુધીનું શરીર થયું. હવે ભગવાનના શરીરના બીજાં અવયવોને જાણવાં હોય તો સંવર, નિર્જરા અને મોક્ષનો વિચાર કરવો જોઈએ. નિર્જરાનાં સાધારણ રીતે અનેક ભેદ છે. પણ સકામ નિર્જરા અને અકામ નિર્જરા; એ બે એનાં પ્રધાન ભેદો છે. અહીં સકામ નિર્જરાને જ ગણવામાં આવે છે. અકામ નિર્જરાને ગણવામાં આવતી નથી. નિર્જરાદ્વારા પાપ પુણ્યથી નિવૃત્ત થવાથી આત્મતત્ત્વનું ભાન થાય છે; અને મોક્ષ પ્રાપ્ત થાય છે. જે નિર્જરા સંવરને સાથ આપે છે અર્થાત્ કર્મોને ખંખેરી નાંખે છે અને નવાં કર્મોને આવવા દેતી નથી તે સકામ નિર્જરા છે. જે દ્વારા થોડાં કર્મો તો નિર્જરી જાય પછી પાછાં બીજા કર્મો લાગી જાય તે નિર્જરા કામની નથી. તે અકામ નિર્જરા છે. સકામ નિર્જરા કરવામાં આવે તો મોક્ષતત્ત્વને પામી શકાય છે.

મતલબ કે, આ નવ તત્ત્વરૂપી ભગવાનના શરીરનો આધાર લઈને સાકાર પ્રાર્થના કરી શકાય છે. હું ભગવાનની પ્રાર્થના કરું છું કે હું પ્રભુનો સેવક છું, એમ કહેવા માત્રથી કાંઇ થતું નથી પરંતુ જે કાંઈ થાય છે તે તેમની આજ્ઞાનું પાલન કરવાથી કે તેમના ઉપદેશ પ્રમાણે વર્તવાથી જ થાય છે. ઉદાહરણ તરીકે જો કોઇ માણસ કહે કે, હું તમારો નોકર છું પણ તમારી આજ્ઞાનું પાલન નહિ કરું કે તમે બતાવેલું કામ નહિ કરું તો શું તમે તેને નોકર સમજશો! આ વાત તો તમે બરાબર સમજો છો પણ પરમાત્માની પ્રાર્થના કરતી વખતે તે વાત ભૂલી જાઓ છો! જો પરમાત્માની સાચી પ્રાર્થના કરવી હોય તો તેમના ઉપદેશને કાર્યમાં ઉતારવો જોઈએ. જે ભગવાનના બતાવેલાં તત્ત્વોને સમજીને અપનાવવાં યોગ્ય તત્ત્વોને અપનાવે છે અને ત્યાજ્ય તત્ત્વોનો ત્યાગ કરે છે તે જ પરમાત્માની સાચી પ્રાર્થના કરી શકે છે.

ભગવાને જે નવ તત્ત્વો બતાવ્યાં છે તેમાંના જીવ અજીવ અને બંધ એ ત્રણ તત્ત્વો તો કેવળ જ્ઞાતવ્ય છે. પાપ અને આશ્રવ તજવાયોગ્ય છે અને અમુક અપેક્ષાએ પુણ્ય પણ ત્યાજ્ય છે તથા સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ તત્ત્વો ઉપાદેય છે. જે જીવ-અજીવને જાણે છે તેજ પાપ-પુણ્ય તથા બંધનો ત્યાગ કરી શકે છે અને સંવર, નિર્જરા તથા મોક્ષને અપનાવી શકે છે. જે આ પ્રમાણે કરે છે તેનીજ પ્રાર્થના સાચી પ્રાર્થના છે. જે પરમાત્માની વાણીને સાકાર રૂપમાં જોઇને તેને માન્ય કરે છે અને તે પ્રમાણે આચરણ કરે છે, તેમને માટે કહેવામાં આવ્યું છે કેઃ—

> "તૂ સો પ્રભૂ પ્રભૂ સો તૂ હૈ, દ્વૈતકલ્પના મેટો;
> શુદ્ધ ચેતન આનન્દ વિનયચંદ, પરમારથ પદ ભેટોરે."

અર્થાત્—વેદાન્તવાળાઓ જે પ્રમાણે **તત્ત્વમસિ** કહે છે તે જ પ્રમાણે તમે પણ પરમાત્મા બની જશો. પછી તમે અને પરમાત્મા ભિન્ન નહિ રહો તમે એકદમ પરમાત્મા બની ન શકો પણ જ્ઞાનીઓએ જે આ નવ તત્ત્વો બતાવ્યાં છે તે તત્ત્વોને ઉપર ચડવાની સીડીનાં પગથીઆં સમજી તે દ્વારા ઉપર ચડતા જાઓ તો તમને સફળતા પ્રાપ્ત થશે અને તમે પરમાત્મા બની શકશો.

## અનાથી મુનિનો અધિકાર—૩૬

અનાથી મુનિ રાજા શ્રેણિકને પણ એજ કહે છે કે, "હે રાજન! આત્મા જ્યાંસુધી પરમાત્મા બનવાના કાર્યમાં પ્રવૃત્ત થતો નથી ત્યાંસુધી તે અનાથ જ છે. મેં અનાથતામાંથી નીકળવાનો સંકલ્પ કર્યો. સંકલ્પ કરતાં જ મને નિદ્રા આવી ગઇ.

> एवं च चिन्तइत्ता णं, पसुत्तो मि नराहिवा ! ।
> परियत्तन्तीइ राईए, वेयणा मे खयं गया ॥ ३३ ॥
> तओ काले पभायंमि, आपुच्छित्ताण बंधवे ।
> खन्तो दन्तो निरारंभो, पव्वइओ अणगारियं ॥ ३४ ॥
> तओऽहं नाहो जाओ, अप्पणो य परस्स य ।
> सव्वेसिं चेव भूयाणं, तस्साणं थावराण य ॥ ३५ ॥

છેલ્લી બે ગાથાઓમાં ગણધરોએ તત્ત્વોનો એવો સંગ્રહ કર્યો છે કે જાણે તત્ત્વોના સાગરને ગાગરમાં ભરી દીધો છે. આ ગાથાઓના ભાવને હું પૂરી રીતે વર્ણન કરી શકું નહિ પણ એ સંબંધમાં મારા હૃદયનાં જે ભાવો છે તે પ્રકટ કરૂં છું.

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! સંકલ્પ કરતાં જ મને નિદ્રા આવી ગઇ. હું સુઇ ગયો. તે રાત જાણે મારા દુઃખોને દૂર કરવામાં જ પસાર થઇ ન હોય એમ મને લાગ્યું. રાત પૂરી થતાં બીજે દિવસે જે પ્રભાત થયું તે મારા માટે અપૂર્વ હતું."

ગ્રન્થકારોએ પ્રાતઃકાલનું વર્ણન બહુ જ સારી રીતે કરેલ છે. તેમણે પ્રાતઃકાલની ઘણી વિશેષતા બતાવેલ છે તે બધી વિશેષતાને કહેવાને અત્યારે અવકાશ નથી એટલા માટે તમને એજ પૂછું છું કે, તમે પ્રાતઃકાલમાં કાંઇ અપૂર્વતા જુઓ છો કે નહિ? તમને પ્રાતઃકાલ હંમેશાંના જેવું તો નથી લાગતું ને? જેમના આત્મા સુષુપ્ત છે તેમને પ્રાતઃકાલમાં ઊગતો સૂર્ય પ્રાચીન જ જણાય છે, પણ જેમનો આત્મા જાગ્રત છે તેમને તો પ્રાતઃકાલનો સૂર્ય હંમેશાં નિત્યનૂતન જણાય છે. પ્રકૃતિની રચના ઉપર દૃષ્ટિપાત કરવાથી આ વાત તમને દીવા જેવી સ્પષ્ટ જણાશે. સૂર્યોદય થતાં જ કમલો શું વિકસિત થયા વિના રહે છે! આ જ પ્રમાણે કેટલાંક વૃક્ષોનાં પુષ્પો તથા સૂર્યમુખી ફુલ વગેરે સૂર્યોદય થતાં વિકસિત થયા વિના રહેતાં નથી. વનસ્પતિથી વિશેષ ચેતનતા ધારણ કરનાર જીવોને જુઓ તો તેઓમાં પણ સૂર્યોદય થતાં જાગૃતિ જોવામાં આવે છે. પ્રાતઃકાલ થતાં પક્ષીઓ કેવો કિલકલાટ કરે છે. ભ્રમરાઓ કેવો ગુંજારવ કરે છે, અને મધમાખીઓ કેવો ગણગણાટ કરે છે. જાણે તેઓ સૂર્ય પ્રાચીન છે, એ વાતને ભૂલી જઇ, સૂર્યની નૂતનતાથી જાણે નવીનતા અનુભવતા હોય, એવું લાગે છે.

આ પ્રમાણે વનસ્પતિ તથા પશુપક્ષીઓમાં પણ પ્રાતઃકાલમાં સૂર્યોદય થતાં જ નવીન ચેતનતા-જાગૃતિ આવે છે અને તેઓ પોતાના કાર્યમાં લાગી જાય છે, તો તમે મનુષ્ય અને મનુષ્યમાં પણ શ્રાવક થઇને સૂર્યોદય થયા પછી સુતાં રહો એ ક્યાં સુધી ઠીક છે તેનો વિચાર કરો.

તમને કોઈ એમ કહે કે, અમુક સ્થાને તમે સૂર્યોદય પહેલાં પહોંચી જશો તો તમને લાખ રુપિયા પ્રાપ્ત થશે તો શું તમે સૂર્યોદય થયા પછી સુતા પડયા રહેશો ? લાખ રુપિયાની વાત તો બાજુએ રહી પણ તમારે સૂર્યોદય પહેલાં આવતી ગાડીમાં અમુક અમુક ગામે જવું છે તો શું તમે સૂર્યોદય થતાં સુધી પડયા રહેશો ?

તમે લોકો લાખ રુપિયા કે ગાડીના ટાઈમની તો કીંમત કરો છો પણ શું આ મનુષ્ય જન્મની કીંમત રેલ્વેના ટાઈમ જેટલી પણ નથી ! જે કામ તમે ભય કે લોભને કારણે કરો છો તે જ કામ જો ધર્મના કારણે કરો તો તમારું જીવન કેવું સુખમય બની જાય ! જો તમે પ્રાતઃકાલમાં ઉઠીને સામાયિક કરવા ધારો તો શું તે કરી ન શકો ! જો તમે સામાયિકની કીંમત રેલ્વેના ટાઈમ કરતાં ઓછી સમજતા ન હો તો શું તમે પ્રાતઃકાલ થવા છતાં સુતા પડયા રહી શકો ખરા ? સ્ટેશને જવા માટે તો વહેલાં ઉઠી જાઓ છો તો પછી સામાયિક કરવા શા માટે ઉઠતા નથી ! રેલ્વેમાં બેસવાથી તો પાપનો બંધ પણ થાય છે પણ સામાયિક કરવાથી તો ઊલટો આત્મલાભ થાય છે, છતાં તમે પ્રાતઃકાલ થયા બાદ શા માટે આળસમાં સુતા પડયા રહો છો ! અને જ્યારે આળસમાં સુતા પડયા રહો છો તો શું તમારા આત્મામાં જાગૃતિ છે એમ કહી શકાય ?

અનાથી મુનિને શરીરમાં કારમી વેદના ઉપડી હતી. તે કારમી વેદના મટી ગઈ એટલે અનાથી મુનિને કેટલી બધી શાન્તિ થઇ હશે ? કહેવત છે કેઃ—

**' પહેલું સુખ તે જાતે નર્યા '**

આ કથનાનુસાર રોગમુક્ત થવાથી અને શરીર સ્વસ્થ થવાથી અનાથી મુનિને કેટલો બધો આનંદ થયો હશે ? જો તમે આવી બિમારીમાંથી સાજા થયા હો તો તમે કદાચ એમ જ વિચારો કે, ' હવે હું બધું ખાઇ-પી શકીશ અને મોજમજા માણી શકીશ ' પણ અનાથી મુનિ રોગ મુક્ત થયા બાદ કેવો વિચાર કરે છે તે જુઓ. તેઓ વિચારે છે કે હવે હું રોગમુક્ત થયો છું, એટલે મારે હવે મારા સંકલ્પને પુરો કરવો જોઇએ ! સંકલ્પમાં ઘણી શક્તિ રહેલી છે. મને શરીરમાં જે કારમી વેદના ઉપડી હતી તે સત્સંકલ્પ કરવાથી જ દૂર થઈ છે. એટલા માટે આ શુભ પ્રભાતમાં મારે મારા સંકલ્પને જ પૂરો કરવો જોઈએ.

અનાથી મુનિ તો પ્રભાત થતાં સંકલ્પને પૂરો કરવાનો વિચાર કરે છે પણ સંસાર વિચિત્ર છે એટલે બીજા લોકો જૂદો જ વિચાર કરે છે. વૈદ્યો, યાંત્રિકો, માંત્રિકો વગેરે કહે છે કે આજનો દિવસ કેવો સારો ઉગ્યો છે. અમારા ઉપચાર કે મંત્ર જંત્રથી આનો રોગ જ ચાલ્યો ગયો ! આ જ પ્રમાણે અનાથી મુનિના માતા-પિતા, ભાઇ ભાંડું, બહેન, પત્ની વગેરે પ્રસન્ન થઇને કહેતા હશે કે આજનો સૂર્ય કેવો સારો ઉગ્યો છે કે, આજના શુભ પ્રભાતમાં અમારો પુત્ર, અમારો ભાઈ, અમારો પતિ, રોગમુક્ત થઈ ગયો અને અમને હવે શાન્તિ થઇ.

અનાથી મુનિ કહે છે કે, " હે રાજન્ ! સવાર પડતાં જ મારો રોગ ચાલ્યો ગયો અને હું નિરોગ થઇને ઉઠયો. મને સ્વસ્થ ઉઠેલો જોઇ માતા-પિતા, ભાઇ બહેન વગેરે

કુટુમ્બીજનો મારી પાસે દોડી આવ્યા અને પોતાનો હર્ષ પ્રકટ કરવા લાગ્યા. બધાં કુટુમ્બીજનો બહુ જ પ્રસન્ન હતા. મેં તેમને કહ્યું કે, 'કાલસુધી તો હું રોગી હતો પણ આજે મારો તે રોગ તથા તે દુઃખ કેવી રીતે ચાલ્યાં ગયાં?' મારું આ કથન સાંભળી મારા કુટુંબીજનો મને કહેવા લાગ્યા કે, 'હવે એ દુઃખને યાદ ન કરો. તે દુઃખનાં દિવસો ગયાં, હવે તો આનંદનાં દિવસો આવ્યાં છે માટે આનંદ કરો!

"હે રાજન્! મેં મારા કુટુંબીજનોને કહ્યું કે, તમે લોકોએ મારા માટે આટલા બધા કષ્ટો સહન કર્યા તે માટે હું તમારા બધાનો ઉપકાર માનું છું, પરંતુ હું તમને બધાને પૂછું છું કે, 'તમે લોકોએ મારા માટે જે કષ્ટો સહ્યાં તેથી શું તે દ્વારા મારું દુઃખ દૂર થયું છે?"

તે લોકો આજના લોકોના જેવા કુટીલ ન હતા, પણ સીધા સાદા હતા. તે લોકોએ ઉત્તરમાં એમ જ કહ્યું કે, 'અમારા પ્રયત્નથી દુઃખ દૂર નથી થયું.' વૈદ્યો તથા યાંત્રિક-માંત્રિકોએ પણ કહ્યું કે, 'અમારી દવાદારુથી જ તમે રોગમુક્ત થયા એમ અમે નિશ્ચય-પૂર્વક કહી શકતા નથી પણ એટલું તો કહીએ છીએ કે દવામાં પણ શક્તિ છે.

અનાથી મુનિ કહે છે કે, હે રાજન્! મેં તે લોકોને કહ્યું કે, તમારી એ નમ્રતા છે, તમે 'અમારા પ્રયત્નથી તમારો રોગ ચાલ્યો ગયો' એવું અભિમાન કરતા નથી. આ તમારી મહત્તા છે, અને વાસ્તવમાં મારો રોગ બીજા કોઇ કારણે ગયો નથી પણ એક મહાશક્તિની આરાધનાથી જ મારો રોગ નાશ પામ્યો છે. મારું આ કથન સાંભળી, બધા માણસો કહેવા લાગ્યા કે, એ મહાશક્તિ કઇ છે! અમને પણ એ મહાશક્તિના દર્શન કરાવો તો અમે પણ તેમની પૂજા કરીએ!

હે રાજન્! મેં એ લોકોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે, 'એ મહાશક્તિ બીજે ક્યાંય નથી રહેતી, પણ હૃદયમાં જ રહે છે. આહ્વાહન કરવાથી તે શક્તિનો વિકાસ થાય છે અને પ્રમાદ કરવાથી તે શક્તિનો હ્રાસ થાય છે.'

મારું આ કથન સાંભળી, લોકો કહેવા લાગ્યા કે, 'એ તો ઠીક છે પણ એ શક્તિ કઇ છે એ તો અમને જણાવો!'

"એ મહાશક્તિ કઈ છે તે તમને જરૂર જણાવીશ પણ પહેલાં હું તમને પૂછું છું કે, જે મહાશક્તિની કૃપાથી મારો રોગ દૂર થયો છે તે મહાશક્તિની મારે આરાધના કરવી જોઇએ કે નહિ? હું એ મહાશક્તિની આરાધના કરું તો તમે મારા એ કાર્યમાં વિઘ્નબાધા તો ઉભી નહિ કરોને?"

હે રાજન્! મારા આ પ્રશ્નના ઉત્તરમાં કુટુંબીજનોએ કહ્યું કે, 'એ મહાશક્તિની આરાધના અવશ્ય કરવી જોઇએ. અમે લોકો પ્રતિજ્ઞાપૂર્વક કહીએ છીએ કે, અમે તમારી મહાશક્તિની આરાધનામાં વિઘ્નબાધા ઉભી નહિ કરીએ!'

"લોકોની પ્રતિજ્ઞા સાંભળી હું તેમને કહેવા લાગ્યો કે, 'મારો રોગ સત્સંકલ્પની મહાશક્તિદ્વારા દૂર થયો છે. મેં સંયમ લેવાનો સંકલ્પ કર્યો છે અને એ સંયમની શક્તિ દ્વારા જ મારો રોગ નાશ પામ્યો છે. મેં એવો સંકલ્પ કર્યો છે કે, રોગનો નાશ થયે હું

ક્ષમાવાન્, જિતેન્દ્રિય, નિરારંભી અને પ્રવ્રજિત બનીશ. મારા આ સંકલ્પ બળથી જ મારો રોગ નાશ પામ્યો છે એટલા માટે મારે હવે સંકલ્પ અનુસાર કાર્ય કરવું જોઇએ અને લીધેલી પ્રતિજ્ઞાને પૂરી કરવી જોઈએ.'

"હે રાજન્! મારું આ કથન સાંભળી, મારા ઘરના માણસોને મારા વિયોગનું સ્વાભાવિક દુઃખ થયું. રાજન્! વિરહનું દુઃખ સંસારના લોકોને જ થાય છે. આ હિસાબે માતાપિતાને પણ દુઃખ થાય એ સ્વાભાવિક હતું, પણ માતાપિતા સીધા, સાદા અને સાચા દિલના હતા, એટલે તેઓ પવિત્રકાર્યમાં વિઘ્નબાધા ઉભા કરી શકે નહિ. સાચા માતા-પિતા પોતાના સંતાનોને સન્માર્ગે જતાં રોકતા નથી."

ગજસુકુમાર મુનિ જ્યારે દીક્ષા લેવા તૈયાર થયા હતા ત્યારે તેમની માતા દેવકીજીને પણ દુઃખ થયું હતું. ગજસુકુમારનું લાલનપાલન બહુ જ લાડપૂર્વક કરવામાં આવ્યું હતું એટલે માતાપિતાને દુઃખ થાય એ સ્વાભાવિક હતું. પણ જ્યારે ગજસુકુમારે માતાને પૂછયું કે, માતાજી! જો કોઈ શત્રુ માથે ચડી આવે તો તે વખતે તમે મને છુપાવશો કે રણમાં મોકલશો! દેવકીએ ઉત્તર આપ્યો કે, પુત્ર! એવા વખતે તો હું એવી જ ઈચ્છા રાખું કે, મારો પુત્ર ગર્ભમાં હોય તો ગર્ભમાંથી નીકળીને પણ લડે. ગજસુકુમાર મુનિએ કહ્યું કે, તો પછી હું કર્મશત્રુઓ સાથે લડવા જાઉં તો તે વખતે તમે વીરમાતા થઈને મને કેમ રોકવા ચાહો છો અને દુઃખી થાઓ છો?

આ પ્રમાણે ગજસુકુમારે જ્યારે માતા સમક્ષ કર્મદ્વારા પેદા થનારા દુઃખનું વર્ણન કર્યું અને કર્મબંધનમાંથી કેવી રીતે મુક્ત થઈ શકાય એમ પૂછયું ત્યારે માતાએ એમજ કહ્યું કે, હે પુત્ર! કર્મને નષ્ટ કરવાનો અને કર્મ ઉપર વિજય મેળવવાનો માર્ગ આ જ સંયમમાર્ગ છે. આખરે દેવકીજી માતા તથા કુટુંબીજનો વગેરે ગજસુકુમારને ભગવાનની પાસે લઈ જઇ તેમના ચરણોમાં સમર્પિત કરી ભગવાનને કહ્યું કે, "આ મારો પુત્ર, કર્મ-શત્રુઓને નષ્ટ કરવા ચાહે છે, તે સંસારનાં દુઃખથી સંત્રસ્ત છે માટે એને આપના શરણમાં લઈ તેનો ઉદ્ધાર કરો."

"હે રાજન્! દેવકી માતાની માફક મારી માતા પણ દુઃખિત થઈ પણ જ્યારે મેં તેમને સમજાવ્યા ત્યારે તેમણે પણ મને સંયમ લેવાની સ્વીકૃતિ આપી દીધી."

અહીં એક પ્રશ્ન થાય છે કે, સંયમનું કાર્ય જ્યારે શ્રેષ્ઠ છે તો પછી તે માટે માતા-પિતા વગેરેની સ્વીકૃતિ લેવાની શી જરૂર છે! પરંતુ જ્ઞાનીઓએ આ મર્યાદા શા માટે બાંધી છે, આ મર્યાદા પાછળ તેમનો શો હેતુ રહેલો છે અને મર્યાદાનું પાલન કરવાથી કયા વ્યવહારની રક્ષા થાય છે; વગેરે વિષે વિવેચન કરવાનો અત્યારે સમય નથી. બીજા કોઈ સમયે તે વિષે વિચાર કરીશું.

સંકલ્પનું પાલન કરવું એ તો વીરોનું જ કામ છે. કહેનારાઓ તો ઘણા લોકો હોય છે પણ કહેવા પ્રમાણે કાર્ય કરી બતાવનારા જ પ્રશંસાને પાત્ર છે. સુભદ્રાએ ધન્નાને કહ્યું હતું કે, "મારો ભાઈ એક એક પત્નીને દરરોજ સમજાવી ત્યાગ કરતો જાય છે તેમાં કાયરતાની વાત શું છે કે તેને તમે કાયર કહો છો? કોઇ વાતને કહી દેવી એ તો સરલ છે પણ તે પ્રમાણે કરી બતાવવું બહુ મુશ્કેલ છે. કહેવા પ્રમાણે કરી બતાવવું એ કઠણ

છે એ તો જે કરે છે તે જ જાણે છે." સુભદ્રાનું કથન સાંભળી, ધન્નાએ કહ્યું કે, "ઠીક છે. કુલવતી સ્ત્રી આ જ પ્રમાણે ઉપદેશ આપ્યા કરે છે. તેં મને ઉપદેશ આપ્યો છે, પણ જેટલું કહેવું કઠણ જણાય છે તેટલું કરવું કઠણ જણાતું નથી. જુઓ! હવે હું કરીને બતાવું છું." આ પ્રમાણે કહી, તેણે સંયમ ધારણ કર્યો.

કહેવાનો આશય એ છે કે, જે કહેવા પ્રમાણે કરીને બતાવે છે તેજ વીર છે. સંકલ્પનું પાલન કરવા માટે વીરતાની આવશ્યકતા રહે છે.

## સુદર્શન ચરિત્ર—૩૬

સંકલ્પનું પાલન કરનારા કેવા વીર હોય છે એ વાત હવે હું સુદર્શનની કથાદ્વારા બતાવું છું.

સુદર્શને અભયારાણીને કહ્યું કે, માતાજી! આપને શું દુઃખ છે! જો આપના દુઃખને પુત્ર દૂર કરી શકતો હોય તો તમે મને કહો! સુદર્શને માતા તરીકે સંબોધ્યું એ અભયાને પસંદ ન પડયું. કારણ કે, તે તો સુદર્શનને બીજી દૃષ્ટિએ જોતી હતી; અને એટલા જ માટે તેણીને ક્રોધ આવ્યો.

**ત્યાગાં તબ શૃંગાર નારને, બિકલ કરી નિજ કાય;**
**શોર કરી સામન્તકો તેડે, જુલમ મહલકે માંય. ॥ ધન૦ ૭૨ ॥**
**પુરજન સહ નરનાથ બાગમેં, સુને અકેલી જાન;**
**મહા લંપટ મુજ તન પર ધાયા, મૈં રખ્યો ધર્મ અભિમાન. ॥ ધન૦ ૭૩ ॥**

શેઠ પોતાના નિશ્ચય ઉપર દૃઢ રહ્યો. રાણીનું કથન સાંભળી તે જરાપણ ડગ્યો નહિ. તેણે વીરતાપૂર્વક રાણીનાં કઠોર વચનો સહ્યાં અને તેનો ઉચિત ઉત્તર પણ આપ્યો. જો કે, સુદર્શને જે કાંઇ કહ્યું હતું તે બિલકુલ ઉચિત હતું પણ દુષ્ટ લોકોને ઉચિત વાત પણ ખરાબ લાગે છે. જેમકે સાંભળવામાં આવે છે કે, ગધેડાને સાકર ઘોળીને પીવડાવવામાં આવે તો તે મરી જાય છે અને ઊંટને શેરડી ખવડાવવામાં આવે તો તે બીમાર પડી જાય છે. તો શું સાકર અને શેરડી ખરાબ હોય છે! પણ જ્યારે પ્રકૃતિ જ ઊલટી હોય છે ત્યારે સારી ચીજ પણ ખરાબ લાગવા માંડે છે. આ કથનાનુસાર સુદર્શને અભયાને માતા તરીકે સંબોધી તેમાં તેણે શું ખોટું કર્યું હતું? સુદર્શનનું આ કથન સાંભળી અભયા એમ વિચાર કરી શકતી હતી કે, જ્યારે આ મારો પુત્ર બને છે તો એ સારું જ છે ને? એને પુત્ર તરીકે માનવામાં હું પણ સુધરી જઇશ અને જે પ્રમાણે સુદર્શને કપિલાનો ભેદ ખોલ્યો નહિ તેમ મારો પણ તે ભેદ ખોલશે નહિ, પણ અભયાએ એમ ન વિચારતાં ઊલટો જ વિચાર કર્યો. રાણી મનમાં એમ વિચારવા લાગી કે, આ વાણીયાએ મારા જેવી રાણીનું કહેવું પણ ન માન્યું. હવે હું કપિલા અને પંડિતાને મોઢું કેવી રીતે બતાવી શકીશ.

દુનિયામાં સુદર્શન જેવા વિચારવાળા અને અભયારાણી જેવા વિચારવાળા મળી આવશે, પણ તમે કેવા વિચારવાળા બનવા ચાહો છો! જો તમે સુદર્શનના કાર્યને સારું ગણો છો અને સુદર્શન જેવા વિચારવાળા બનવા ચાહો છો તો તમારે 'પર સ્ત્રી માતા,

પર ધન ધૂલ ' એ મંત્રનો જાપ જપવો જોઈએ અને મંત્ર પ્રમાણે પરસ્ત્રી અને પર-ધનથી સદા બચવું જોઇએ.

"અરે વાણિયા ! તું મારું કહેવું પણ માનતો નથી ! જો ! મારી અવજ્ઞાના બદલામાં તને કેવો દંડ આપું છું." આ પ્રમાણે વિચાર કરી અભયાએ પોતાનાં કપડાં ફાડી નાંખ્યાં, પોતાનાં ઘરેણાં તોડી નાંખ્યાં, અને આખા શરીર ઉપર પોતાના નખ વડે ઉઝરડા પાડી બૂમાબૂમ પાડવા લાગી કે, દોડો ! દોડો ! જલ્દી આવો. રાણીની આ ચીસ સાંભળી પહેરેદારો દોડતા રાણીના મહેલમાં આવ્યા. રાણી સીપાઈઓને કહેવા લાગી કે, આને જુઓ ! આ કોણ છે ! આ ધર્મઢોંગી નગરનો નાયક બન્યો છે, અને ધર્માત્માનો ઢોંગ કરી ધર્મ કરવાની રાજાની પાસેથી સ્વીકૃતિ લઈ નગરમાં રહ્યો છે, પણ તે કેવો દુષ્ટ અને પાપી છે તે જુઓ. રાજા અને બીજા લોકોને નગર બહાર ગએલા જાણી તથા મહેલમાં કોઇ નથી એમ સમજી, આ દુષ્ટ ન જાણે કેવી રીતે મારા મહેલમાં ઘુસી આવ્યો છે અને મારા શીલને નષ્ટ કરવા તૈયાર થયો છે ! જો મારા સ્થાને કોઈ બીજી સાધારણ સ્ત્રી હોત તો તે શીલની રક્ષા કરી શકી ન હોત પણ એ તો હું હતી એટલે જ આ દુષ્ટથી હું મારા શીલની રક્ષા કરી શકી છું. હવે એ દુષ્ટને પકડો અને તેને જલ્દી ઠાર કરો.

આ પ્રમાણે રાણીએ પહેરેદારોને સુદર્શનને ઠાર કરી નાખવા માટે ખૂબ પ્રયત્ન કર્યો પણ પહેરેદારો હોશિયાર હતા એટલા માટે તેઓ વિચારવા લાગ્યા કેઃ—

**પુરમંડન યહ શેઠ સુભાગી, ઘર અપસર સમ નાર;**
**આંબે આક ન લગે કદાપિ, શેઠ છોડે કિમ કાર. ॥ ધન૦ ૭૪ ॥**

રાજાઓના જનાનાખાનાના દરવાજે પ્રાયઃ જાતિવંત અને વિશ્વાસુ પહેરેદારો જ પહેરો ભરે છે, અને રાજા બહાર જાય છે ત્યારે વિશેષરૂપે ખાસ વિશ્વાસપાત્ર પહેરેદારો રોકવાનો પ્રબંધ કરવામાં આવે છે.

તે પહેરેદારો પણ ખાનદાન અને હોશિયાર હતા. ખાનદાન પહેરેદાર તે છે કે જે પ્રત્યેક વાતનો પૂર્વાપર વિચાર કરે છે; અને જે આવેશમાં આવી જઈ કે ક્રોધમાં આવી જઈ કોઈ ગરીબોને ત્રાસ આપતો નથી. જે વીર પુરુષ હોય છે તે યથાસમયે પોતાની વીરતાનો પરિચય આપ્યા વગર રહેતો નથી.

રાણીનું કથન સાંભળી પહેરેદારો વિચારવા લાગ્યા કે, આ શેઠ છે. રાજાના જમણા હાથ ગણાય છે. તેમના ઘરમાં અપ્સરા જેવી સુંદર સ્ત્રી પણ છે વળી આ શેઠની ચાલ-ચલગત ખરાબ છે એમ પણ કોઈ દિવસ કોઈની દ્વારા સાંભળ્યું નથી. તેની ચાલચલગત ખરાબ છે એમ સાંભળ્યું હોય તો તે રાણીના મહેલમાં કોઇ ખરાબ વિચારથી દાખલ થયા હશે એમ માની શકાય, પણ શેઠની ખરાબ ચાલચલગત વિષે કોઈ દિવસ સાંભળ્યું નથી.

એક પહેરેદારનું આ કથન સાંભળી બીજો પહેરેદાર કહેવા લાગ્યો કે, ભાઇ ! કોઈ દિવસ આંબાના ઝાડમાં આકડાનું ફળ લાગેલું જોયું કે સાંભળ્યું છે ! છતાં કોઈ માણસ આંબાના ઝાડમાં આકડાનું ફળ બતાવે તો તેને એમ જ કહેવામાં આવે કે એ કૃત્રિમ છે. કોઇએ બનાવટી આકડાનું ફળ આંબામાં લગાડ્યું હશે. આ જ પ્રમાણે સુદર્શનના વિષે કોઇ એમ કહે કે તે દુરાચારી છે અને તે દુરાચાર કરવા માટે મહેલમાં આવ્યો છે.

તો તે વાત ઉપર વિશ્વાસ બેસે નહિ. છતાં રાણી તેને દુરાચારી કહે છે અને સુદર્શન મહેલમાં પણ બેઠો છે તો આ વિષે એમ જ કહી શકાય કે, આ ઘટના પાછળ કોઈ રહસ્ય રહેલું હશે. માટે આ રહસ્યની આપણે શોધ કરવી જોઇએ પણ રાણીના કહેવા ઉપર વિશ્વાસ રાખી આવેશમાં આવી જઈ સુદર્શનને દંડ આપવો ન જોઈએ, પણ તે વિષે વિચાર કરવો જોઇએ.

આ પ્રમાણે પહેરેદારો પરસ્પર વિચાર કરે છે. હવે આગળ શું થાય છે તેનો વિચાર હવે પછી કરવામાં આવશે

## વ્યાખ્યાન : સંવત ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૧૧ શુક્રવાર

### પ્રાર્થના

**' સમુદ્રવિજય ' સુત શ્રી નેમીશ્વર, જાદવકુલકો ટીકો,**
**રતનકુખ ધારણી ' સિવાદે ' તેહનો નંદન નીકો.**
**શ્રી જિન મોહનગારો છે, જીવનપ્રાણ હમારો છે. ॥ ૧ ॥**

શ્રી અરિષ્ટનેમિ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના કરવાની ઈચ્છા તો પ્રત્યેક મનુષ્યને થાય છે પણ પ્રાર્થના કરવાની પોતાનામાં યોગ્યતા છે કે નહિ તે જોવાની જરૂર રહે છે. પરમાત્માની પ્રાર્થના કરવા માટે પોતાની યોગ્યતાની વારંવાર તપાસ કરતા રહેવું જોઈએ. પોતાનામાં યોગ્યતા ન હોય તો પુરુષાર્થદ્વારા યોગ્યતા કેવી રીતે પ્રગટાવી શકાય છે એ વાત ભગવાન નેમિનાથ અને સતી રાજીમતિના જીવનચરિત્રમાંથી મળી આવે છે. કવિઓ અને ભક્તોએ એ બન્નેનું જીવનચરિત્ર ઘણી જ સરલ રીતિએ ચીતર્યું છે. એ ચરિત્રને હું પૂરી રીતે કહી શકું નહિ છતાં પણ એટલું તો કહી શકું કે, એ ચરિત્રદ્વારા સગુણ પરમાત્માની અને નિર્ગુણ પરમાત્માની પ્રાર્થનાની પદ્ધતિ જાણી શકાય છે, અને બન્ને પ્રકારની પ્રાર્થનાની યોગ્યતા પ્રગટી શકે છે. સગુણ પરમાત્મામાં અરિષ્ટનેમિનું બાળપણ, તેમના વિવાહ વગેરેનો વિષય છે. આ વિષે વિશેષ વિચાર કરવાનો સમય નથી. અહીં તો કેવળ એ જ બતાવવાનું છે કે, ભગવાન અરિષ્ટનેમિ અને સતી રાજીમતિના ચરિત્રદ્વારા મનુષ્યમાં પરમાત્માની પ્રાર્થના કરવાની યોગ્યતા આવી શકે છે.

આજે તો લોકો, પરમાત્માની પ્રાર્થના કરવાની યોગ્યતા ન હોવાને કારણે ગભરાઈ જાય છે. એવા લોકોને ભગવતી રાજીમતિ પોતાના ચરિત્રદ્વારા એવી સૂચના આપે છે કે, ગભરાઓ નહિ. તમારી જ માફક એક સમયે હું પણ ગભરાઈ ગઈ હતી. મને પણ સંસારના વિકારી વિચારોએ એકવાર ચક્કરમાં ઘેરી લીધી હતી પણ જ્યારે મને તત્ત્વોનું જ્ઞાન થયું ત્યારે મારી બધી ગભરામણ દૂર થઈ ગઈ અને ભગવાન અરિષ્ટનેમિને પણ

ઓળખી શકી. ભગવાનને જે રીતે મેં ઓળખ્યા તે જ પ્રમાણે તમે પણ તેમને ઓળખો. તમારા માટે મારું ચરિત્ર માર્ગદર્શક છે. તમે ભલે ધીમે ચાલો કે ઉતાવળા ચાલો પણ જે માર્ગે હું ચાલી છું તે માર્ગે તમે પણ ચાલો તો તમે પણ પરમાત્માની પ્રાર્થના કરવાના અધિકારી બની શકો છો અને પરમાત્માની સમીપ પહોંચી શકો છો.

હવે અત્રે એ જોવાનું છે કે, ભગવતી રાજીમતિનું એવું ચરિત્ર કયું છે કે જેને માર્ગ-દર્શક માની, તે માર્ગે ચાલવાથી પરમાત્માની પ્રાર્થના કરવાની યોગ્યતા આવી શકે? આ પ્રશ્નના ઉત્તરમાં ગ્રન્થકારો વિવાહ પ્રસંગને માર્ગદર્શક તરીકે વર્ણવે છે.

જ્યારે ભગવાન અરિષ્ટનેમિ તોરણદ્વાર પાસે આવી પાછા ચાલ્યા ગયા ત્યારે રાજીમતિને ઘણી ચિન્તા થવા લાગી અને મનમાં કહેવા લાગી કે, "હે પ્રભો! જો આપ જ આ પ્રમાણે છળ કરશો તો પછી આ જગતનો નિર્વાહ કેવી રીતે થશે? આપને જો પરણવું જ ન હતું તો શા માટે આ પ્રમાણે વિવાહનો સ્વાંગ રચ્યો, જાન લઇને આવ્યા, માથે મોર બાંધીને પરણવા આવ્યા અને શા માટે પરણ્યા વગર પાછા ચાલ્યા ગયા? આ પ્રમાણે મને પરણ્યા વગર પાછા ફરીને શું તમે મારી ફજેતી નથી કરી? શું આ પ્રમાણે કરીને તમે મારુ ગૌરવ વધાર્યું છે? આ પ્રમાણે મારું અપમાન કરીને તમે મારો ઘાત કર્યો છે! હું કુલીન કન્યા છું. પહેલાં તો તમે મારું ગૌરવ વધાર્યું અને પછી મને એકદમ અપમાનિત કરી. શું આ પ્રમાણે કરવું તમારા માટે ઉચિત કહેવાય!"

ભગવતી રાજીમતિ પહેલાં તો આ પ્રમાણે ભગવાનને મીઠો ઉપાલંભ આપતી હતી પણ જ્યારે તેણીએ ઊંડો વિચાર કર્યો ત્યારે તેણીને લાગ્યું કે, "ભગવાને ઉપાલંભને યોગ્ય કાંઈ કર્યું નથી. જો તેઓએ મારો ત્યાગ કરી બીજી કોઈ સ્ત્રી સાથે વિવાહ કર્યો હોત તો તો તેઓ ઉપલંભને પાત્ર હતા; પણ તેઓ તો સંયમ ધારણ કરી જગતનું કલ્યાણ કરવા માટે નીકળ્યા છે અને મને પણ પ્રતિબોધ આપવા માટે જ જાણે અત્રે આવ્યા હતા. હું જ્યાં સુધી કુમારિકા હતી ત્યાં સુધી તો કોઇ વ્યક્તિની સાથે વિવાહ બંધનમાં ફસાઈ શકાત અને એ કારણે ન જાણે મારે કેટલાં ભવો કરવાં પડત પણ ભગવાન મને એવો બોધ આપવા માટે જ આવ્યા હતા કે, 'હે રાજીમતિ! આ સંસાર-માંથી નીકળી હું જે માર્ગે જઇ રહ્યો છું તે માર્ગે તું પણ આવ.'

ગ્રન્થોમાં કહ્યું છે કે, ભગવાનનું દર્શન કરવાથી રાજીમતિને જાતિસ્મરણનું જ્ઞાન થયું હતું. એ કારણે તે પોતાનાં પૂર્વનાં આઠ ભવોનું વૃત્તાન્ત જાણી કહેતા હતા કે, "હે પ્રભો! આપે પૂર્વ આઠ ભવોનો સંબંધ નિભાવીને મને આ નવમા ભવમાં સંસારમાંથી નીકળવાનો બોધ આપ્યો છે, હું આપને મારા પતિ માનું છું, અને આપને મહાપુરુષ સમજું છું એટલા માટે મારું એ કર્ત્તવ્ય છે કે, જે માર્ગને આપે પકડયો છે તે માર્ગને હું પણ પકડું. આપે મારી ઉપર અનંત ઉપકાર કર્યો છે કે, આપે મને સદ્બોધ આપી મને આ સંસારની જાળમાંથી ફસાતાં બચાવી લીધી છે. હવે મારા માટે આપના માર્ગે ચાલવું એ જ ઉચિત છે."

ભગવાન જ્યારે તોરણદ્વારે આવી પાછા ફરી ચાલ્યા ગયા ત્યારે રાજીમતિને ખેદ થયો હતો પણ જ્યારે તેણીએ ભગવાનના પાછા ફરવાનું કારણ જાણ્યું ત્યારે તેના આનંદનો

પાર રહ્યો નહિ. પણ સંસારના લોકો કે જેઓ સંસારસુખને શ્રેષ્ઠ સુખ માને છે તે લોકોને રાજીમતિના અંતરના આનંદની ખબર કયાંથી હોય? અને એ કારણે જ રાજીમતિની સખીઓ કે જેઓ રાજીમતિને સંસારનાં સુખ સાધનોથી સુખી બનાવવા પ્રયત્ન કરતી હતી, તે રાજીમતિને કહેવા લાગી કે, "પ્રિય સખી! એ તો બહુ સારું થયું કે, નેમિનાથ તોરણદ્વારથી જ પાછા ફરી ચાલ્યા ગયા! મને તો એ પહેલેથી પસંદ જ ન હતા. તમારી બન્નેની બરાબર જોડી જ ન હતી. કયાં તો એ કાળા અને કયાં તમારા જેવી ગૌરી! વાસ્તવમાં તે કોઇ પણ દ્રષ્ટિએ તમારે યોગ્ય ન હતા. એ તો બહુ સારું થયું કે તે પોતાની મેળે ચાલ્યા ગયા! લોકો તો તે પાછો ફરી ન જાય તે માટે પ્રયત્ન કરતા હતા પણ હું તો મનમાં એમજ વિચારતી હતી કે, આ ન માને અને પાછો ચાલ્યો જાય તો બહુ સારું! આખરે મારા મનનું ધાર્યું થયું અને તેથી મને બહુજ આનંદ થયો."

સખીનું આ કથન સાંભળી રાજીમતિ હસીને તેને કહેવા લાગી કે, "સખી! તું ભગવાનનું મહત્ત્વ જાણતી નથી એટલા જ માટે તું આવી વાતો કહી રહી છે! તું તેમને કાળા કહી તેમની અવહેલના કરે છે પણ તેઓ કાળા છે કે ગોરા છે એ જોવાનો મને અધિકાર છે, તને નથી. કેવળ શરીરે કાળા હોવાના કારણે તેમનું મહત્ત્વ કાંઇ ઓછું થઇ જતું નથી. શું કાળી ચીજો ખરાબ જ હોય છે! કાળી ચીજોની નિંદા કરવી એ ભૂલ છે. આંખની કીકી કાળી જ હોય છે. જો તે સફેદ થઇ જાય તો અંધાપો આવી જાય. મસ્તકના સફેદ વાળને લોકો વધારે કાળા બનાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રમાણે બધી સફેદ ચીજો સારી જ માનવામાં આવતી નથી તેમ બધી કાળી ચીજો ખરાબ પણ માનવામાં આવતી નથી. તેઓ કાળા હોવા છતાં પણ કેવા છે એ વાત તો હું જ જાણું છું, તું જાણતી નથી. એટલા માટે તેમને કાળા અને મને ગોરી કહી મને વધારે શરમાવ નહિ. હું ધોળી હોવા છતાં પણ તેમની બરોબરી કરી શકતી નથી. તે પ્રભુને મારી જરાપણ ગરજ ન હતી; પણ તેઓ મારી ઉપર કૃપા કરી મને બોધ દેવા માટે આવ્યા હતા. જે પ્રમાણે ક્ષીર સાગરને સાકરના ગાંગડાની ગરજ હોતી નથી અને ધનપતિ કુબેરને એક કોડીની ગરજ હોતી નથી તે જ પ્રમાણે ભગવાનને પણ મારી ગરજ ન હતી; પરંતુ તેઓ મને એવો બોધ આપવા માટે આવ્યા હતા કે, 'રાજીમતિ! તું આ સંસારમાં ફસાઇ જઇશ નહિ.' એટલા માટે તમે લોકો ભગવાન આવા હતા, તેવા હતા, એ પ્રપંચમાં પડો નહિ. તમે તો તમારું કામ કરો. ભગવાન કેવા છે અને શા માટે તોરણદ્વારથી પાછા ચાલ્યા ગયા એ વાત તો હું જ જાણું છું."

આ પ્રમાણે રાજીમતિ અને તેની સખીઓ સાથે ઘણી વાતચીત થઇ પરંતુ આખરે વિજય તો રાજીમતિનો જ થયો. રાજીમતિના માતાપિતાએ પણ તેને બહુ કહ્યું કે, 'તું બીજો વિવાહ કર.' પણ રાજીમતિએ તો એ જ ઉત્તર આપ્યો કે, "આ શરીરના નાથ તો ભગવાન અરિષ્ટનેમિ જ છે. એટલા માટે કોઇ બીજાને આ શરીરના નાથ બનાવવાનો વિચાર સરખો પણ ન કરો. મારો અને ભગવાનનો આત્મા એક બીજાની સાથે મળી ગયો છે અને પરસ્પરના પ્રેમભાવથી ઓતપ્રોત થઇ ગયો છે."

રાજીમતિ અને ભગવાન અરિષ્ટનેમિનો સંબંધ કેવો હતો એ બતાવવા માટે હું પૂછું છું કે, અર્થ મોટા કે વાણી મોટી? જો અર્થને મોટા કહેવામાં આવે તો તે અર્થ વાણી વિના વ્યક્ત થઇ શકતો નથી અને વાણીને જો મોટી કહેવામાં આવે તો અર્થ વિનાની વાણી શા કામની? આ પ્રમાણે અર્થયુક્ત વાણી અને વાણીદ્વારા વ્યક્ત થતો અર્થ હોય તો જ અર્થ અને વાણીનો મેળ ખાય. આ જ પ્રમાણે ભગવાન અરિષ્ટનેમિ અર્થની સમાન હતા અને રાજીમતિ વાણીની સમાન હતી. હીરા અને તેની કાન્તિમાં કોણ મોટું અને કોણ નાનું કહી શકાય! જો હીરાને મોટો અને તેની કાન્તિને નાની માનવામાં આવે તો કાન્તિ વિનાનો હીરો શા કામનો! અને જો કાન્તિને મોટી માનવામાં આવે તો હીરા વિના કાન્તિ રહે શામાં? આ પ્રમાણે હીરા અને તેની કાન્તિ વચ્ચે સંબંધ રહેલો છે અને એ સંબંધને કારણે જ બન્નેનું મહત્ત્વ સમાન છે. એટલા માટે ભગવાન અરિષ્ટનેમિ અને ભગવતી રાજીમતિને તમારા હૃદયમાં સ્થાન આપો અને જે પ્રમાણે ભગવતી રાજીમતિએ ભગવાનના માર્ગને પકડયો તે જ પ્રમાણે તમે પણ તે જ માર્ગ પકડો તો તમારામાં પણ પરમાત્માની પ્રાર્થના કરવાની યોગ્યતા પ્રગટે અને તમે પરમાત્માની પ્રાર્થના કરવાના અધિકારી બની શકો!

સતી રાજીમતિ અને ભગવાન અરિષ્ટનેમિને જે પાત્રના રૂપમાં માની તમને જે વાત કહી તેજ વાત હવે અનાથી મુનિ અને શ્રેણિક રાજાને પાત્ર બનાવીને કહું છું:-

## અનાથી મુનિનો અધિકાર--૩૭

અનાથી મુનિની આ કથાને કોઇ મહા મનસ્વી મહાપુરુષ કહે ત્યારે જ તે કથા પાછળ રહેલું રહસ્ય પ્રકટ થઇ શકે. એ કથાના રહસ્યને હું તો પૂરી રીતે પ્રકટ કરી શકું નહિ છતાં બુદ્ધિ અનુસાર તે વિષે થોડુંક કહું છું:—

અનાથી મુનિ, નિશ્ચયથી તો સંકલ્પ કરતાં જ સાધુ થઈ ગયા હતા; પણ જે પ્રમાણે હીરા અને તેની કાન્તિ એ બન્નેની આવશ્યકતા છે તે જ પ્રમાણે નિશ્ચય અને વ્યવહાર એ બન્નેની આવશ્યકતા છે. આપણે એકદમ વ્યવહારનો ત્યાગ કરી નિશ્ચયમાં પહોંચી શકતા નથી. એટલા જ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે, " હે રાજન્! મેં મારા ભાઇઓની રજા લઇ સંયમ ધારણ કર્યો." અનાથી મુનિએ નિશ્ચયથી તો સંયમ ધારણ કરી જ લીધો હતો પરંતુ શાસ્ત્રમાં આ વાત બતાવવા માટે જ કહી છે. શાસ્ત્રના સિદ્ધાન્તો મૌલિક છે અને આ મૌલિક સિદ્ધાન્તો નિશ્ચય અને વ્યવહાર એ બન્નેને લઇને જ છે એ વાત પણ હું સિદ્ધ પણ કરી શકું એમ છું:

શાસ્ત્રમાં નિશ્ચયની સાથે વ્યવહાર પણ બતાવવામાં આવેલ છે. અને એ, બતાવવા માટે જ એમ કહેવામાં આવ્યું છે કે, 'મેં ભાઇઓને પૂછીને દીક્ષા લીધી.' આ કથનદ્વારા નિશ્ચયની સાથે વ્યવહારની પણ આવશ્યકતા છે એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. નિશ્ચયથી પણ સંયમની આવશ્યકતા છે અને વ્યવહારથી પણ સંયમની આવશ્યકતા છે; અર્થાત્ નિશ્ચયમાં તો વ્રત હોવું જોઈએ પણ વ્યવહારમાં પણ લિંગ હોવું જોઈએ. આ જ રાજમાર્ગ છે. એમ તો કેટલાકોને ગૃહસ્થના લિંગમાં જ કેવળજ્ઞાન પ્રગટયું છે અને ગૃહલિંગમાં રહેવા છતાં પણ સિદ્ધગતિને પામ્યા છે; પણ સિદ્ધ થવા માટે આ રાજમાર્ગ નથી. આ જ

પ્રમાણે કેટલાકોને ઉપદેશ વિના જ સ્વાભાવિક રીતે સમકિત થઈ જાય છે અને કેટલાકોને ઉપદેશદ્વારા સમકિત થાય છે; પરંતુ સમકિત પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ તો ઉપદેશ જ છે આ જ પ્રમાણે નિશ્ચયની પણ આવશ્યકતા છે પણ નિશ્ચયને લઈને વ્યવહારનો ત્યાગ કરી દેવો એ રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો નિશ્ચયની સાથે વ્યવહારને રાખવાનો જ છે. મુનિ નિશ્ચયમાં તો સંકલ્પદ્વારા પૂરતી રીતે સાધુ થઈ ગયા હતા. જો તેમના સાધુપણામાં કદાચ કાંઈ ખામી હોત અર્થાત્ તેમનો સંકલ્પ અપૂર્ણ હોત તો એ દશામાં તેમનો રોગ કદાચ જ ચાલ્યો જાત! તેમણે દૃઢ સંકલ્પ કર્યો હતો–નિશ્ચયથી તેઓ સાધુ બની ગયા હતા, છતાં તેમણે વ્યવહારને સાચવવા માટે તેમના ભાઈઓને પૂછીને દીક્ષા લીધી. આ પ્રમાણે ભાઈઓની અનુમતિ લેવાનો તેમનો આશય નિશ્ચયની સાથે વ્યવહાર સાચવવાનો છે.

અનાથી મુનિએ જ્યારે પોતાના કુટુંબીજનોને દીક્ષા લેવા માટે પૂછયું હશે ત્યારે તેમના કુટુંબીજનોને કેટલું બધું દુઃખ થયું હશે! તેઓ મનમાં શું વિચારતા હશે! તેઓ એમ વિચારતા હશે કે, "હવે એમનો રોગ ચાલ્યો ગયો છે, એટલા માટે તેઓ હવે સંસારનાં સુખોનો ઉપભોગ કરશે, પણ તે તો સ્વસ્થ થતાં જ સંયમ લેવા માટે તૈયાર થઈ ગયા છે." અનાથી મુનિ સંયમ લેવા તૈયાર થયા છતાં શું કોઈ કુટુંબીજન એવી ભાવના કરે ખરા કે, "એ રોગી થઇને પડયા રહેત તો ઠીક હતું?" આ પ્રમાણે કોઇ કુટુંબીજન વિચારે નહિ. કુટુંબીજનોએ તો એમ જ વિચાર્યું હશે કે, જેમની કૃપાથી રોગ દૂર થયો છે તેમના શરણે જવું એ જ ઉચિત છે. આમ વિચારવા છતાં કુટુંબીજનોને વિરહનું દુઃખ થાય એ સ્વાભાવિકજ છે અને એ કારણે માતા–પિતાના દુઃખનો દેખાવ પણ થયો હશે.

**तओऽहं नाहो जाओ, अप्पणो य परस्स य ।**
**सव्वेसिं चेव भूयाणं, तस्साणं थावराण य ॥ ३५ ॥**

હે રાજન્! જ્યાં સુધી મેં સંયમ લીધો ન હતો ત્યાં સુધી હું અનાથ હતો; પરંતુ જ્યારે મેં સંયમ ધારણ કર્યો ત્યારે હું સનાથ થઇ ગયો. હવે હું પોતાનો પણ નાથ છું અને બીજાનો પણ નાથ છું. હવે તો પ્રાણીમાત્રનો નાથ થઇ ગયો. પ્રાણીમાત્રમાં પણ જે પ્રાણીઓ દેખાય છે તે જ નહિ પણ ત્રાસ અને સ્થાવર બન્નેનો નાથ થઈ ગયો.

નાથનો અર્થ રક્ષા કરનાર એવો થાય છે. આ અર્થ પ્રમાણે જો અનાથી મુનિ બધાના નાથ હતા તો અહીં એ પ્રશ્ન થાય છે કે તો પછી તેઓએ પોતાના માતા-પિતા ભાઇ બહેનની રક્ષા કેમ ન કરી? એ બધાને વિરહની વેદના થતી હતી તો પછી તેઓ અનાથ રહ્યા કે સનાથ? તે મુનિની સ્ત્રી અનાથા રહી કે સનાથા? આ પ્રમાણે જ્યારે બધા જીવોના મુનિ નાથ થયા હતા તો પછી તેમના માતા–પિતા વગેરે અનાથ કેમ રહ્યા અને શાસ્ત્રમાં 'મુનિ બધા ત્રસ–સ્થાવર જીવોના નાથ થઇ ગયા' એમ શા માટે કહ્યું?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સંસારમાં નાથ કેવળ તેમનેજ કહેવામાં આવે છે કે, જેમની દ્વારા શરીરને પોષવાનાં ખાન-પાનનાં સાધનો મળે. જેમને આ ચીજો મળે છે

તેમને સનાથ કહેવામાં આવે છે અને જેમને તે ચીજો મળતી નથી તેમને અનાથ કહેવામાં આવે છે. પરંતુ સનાથ અનાથનો આ અર્થ વ્યાવહારિક છે, આધ્યાત્મિક અર્થ જુદો જ છે. નાથનો આધ્યાત્મિક અર્થ એ છે કે, જે પોતાના આત્માનો નાથ બની જાય છે તે જ બીજાનો પણ નાથ બની જાય છે.

કોઇ પણ કાર્ય ત્રણ પ્રકારે થાય છે. પહેલાં વિચાર થાય છે, પછી ઉચ્ચાર થાય છે અને ત્યારબાદ આચાર થાય છે. આત્મામાં પહેલાં પ્રત્યેક કાર્યને માટે વિચાર કે સંકલ્પ થાય છે. પછી જે વિચાર થએલો હોય છે તેનો નિઃસંકોચ ઉચ્ચાર કરવામાં આવે છે અને પછી જેવો ઉચ્ચાર કરવામાં આવ્યો હોય છે તેવો આચાર કરવામાં આવે છે. આ પ્રમાણે પ્રત્યેક કાર્યની ઉત્પત્તિ વિચારથી જ થાય છે, પણ કાર્યની સિદ્ધિ તો આચારથી જ થાય છે.

અનાથી મુનિના કુટુંબીજનો દીક્ષા લેવા માટે સમર્થ થયા હશે કે થયા નહિ હોય પણ તેમનો એ વિચાર તો અવશ્ય થયો હશે કે, જેના સંકલ્પમાત્રથી રોગ ચાલ્યો જાય છે તે સંયમ અવશ્ય ગ્રાહ્ય છે. જે રોગ અમારા અનેક પ્રયત્નોથી પણ દૂર થયો ન હતો તે રોગ જે સંયમના સંકલ્પમાત્રથી ચાલ્યો ગયો, તે સંયમ કદાપિ ઉપેક્ષણીય નથી પરંતુ ગ્રાહ્ય જ છે. માતાપિતા વગેરે કુટુંબીજનોને એ વિચાર તો અવશ્ય થયો હશે કે, 'અમને આના વિરહનું દુઃખ અવશ્ય છે પણ અમને તો આ એમ કહે છે કે, તમે તમારા આત્માને પણ સનાથ બનાવો." શું આ વિચારથી માતાપિતા વગેરેને પ્રસન્નતા થઇ નહિ હોય?

આ દૃષ્ટિએ તે મુનિ તે માતાપિતા વગેરેના પણ નાથ બન્યા કે નહિ? તે મુનિ તો બધાને સનાથ બનવાની શિક્ષા આપી સનાથ બનાવે છે પણ જો મુનિની આ શિક્ષાને કોઇ ન માને તો એ કારણે મુનિને દોષ કેમ આપી શકાય?

માનો કે, કોઈ માણસે એક નિશાળ ખોલી અને એવી જાહેરાત કરાવી કે, આ નિશાળમાં દરેક પ્રકારની શિક્ષા આપવામાં આવે છે, જેમની ઇચ્છા હોય તે આ નિશાળમાં આવી શિક્ષા લઈ શકે છે. આવી જાહેરાત કરવા છતાં પણ જો કોઈ તે નિશાળમાં ભણવા ન આવે તો એમાં નિશાળ ખોલનારનો શો દોષ? આ જ પ્રમાણે અનાથી મુનિ પોતે 'સનાથ' થઈ બધાને સનાથતા આપે છે છતાં જો કોઈ સનાથતા ન લે તો તેમાં મુનિનો શો દોષ? તે મુનિ તો બધાના નાથ છે અને બધાને તેઓ સનાથ બનાવે છે.

"પરમ કઠિન વ્યાલ ગ્રસત હૈ, ત્રસિત ભયો ભય ભારી;
ચાહત અભય ભેરવ શરણાગતિ, ખગપતિ નાથ બિસારી."

એક માણસને એક ભયંકર સાપ કરડવા માટે દોડયો. તે માણસ ભયભીત થઇ એક દેડકાને શરણે જવા દોડયો. તે માણસે એટલો પણ વિચાર ન કર્યો કે, દેડકો એ તો સાપનો આહાર છે. દેડકો તો પોતે સાપથી ડરે છે તો પછી મારી તે રક્ષા શું કરશે? આ પ્રમાણે પૂર્વાપર વિચાર ન કરતાં તે માણસ દેડકાના શરણે ગયો. બીજી બાજુ ગરુડ તેને બોલાવી રહ્યો છે કે, તું મારી પાસે આવી જા. પછી સાપની શું તાકાત છે કે તે

તને કરડે ? ગરુડ આ પ્રમાણે કહે છે છતાં તે માણસ ગરુડ પાસે તો જતો નથી અને દેડકાના શરણે જાય છે. તે માણસની મૂર્ખતાને કારણે શું ગરુડનું મહત્ત્વ ઘટી જશે અને દેડકાનું મહત્ત્વ વધી જશે ખરું ?

આ જ પ્રમાણે લોકો સંસાર ખરાબ છે એમ કહે છે પણ આ ખરાબ સંસારથી બચવા માટે લોકો કોનું શરણ લે છે ? કોઈ તો સ્ત્રીનું શરણ લે છે, કોઈ પુત્રનું શરણ લે છે, અને કોઇ ધનનું શરણ લે છે. માણસો સ્ત્રી-પુત્ર, ધન આદિનું શરણ લે છે પણ તે લોકો એટલું વિચારતા નથી કે, જ્યારે તેઓ જ સંસારના ભયથી મુક્ત થયા નથી તો પછી તેઓ અમારું શું રક્ષણ કરશે ! આથી વિપરીત બીજી બાજુ ગરુડની જેવા પરમાત્મા પોતાની પાસે લોકોને બોલાવી રહ્યા છે પણ લોકો તેમના શરણે નથી જતા.

"હિરદે રાખીજે હો ભવિયન મંગલિક શરણા ચાર;
અરહિન્ત સિદ્ધ સાધુતણા હો ભવિયન કેવલી ભાસિત ધર્મ.
યે ચારોં જપતા થકા હો ભવિયન ટૂટે આઠોં કર્મ."

અરિહંત, સિદ્ધ, સાધુ, અને કેવલિ પ્રરૂપિત ધર્મ એ ચાર, સંસારરૂપી સાપથી બચવા માટે ગરુડની સમાન છે. જો સંસાર-સાપથી બચવું છે તો એ ચાર ગરુડના શરણે જાઓ. જ્યારે સંસારરૂપી સાપ તમને કરડવા દોડે ત્યારે એ ચારના શરણે જશો તો તમારી રક્ષા અવશ્ય થશે. એ ચાર ગરુડની સમાન છે. ભય કે લોભમાં પડી જઇ એ શરણનો ત્યાગ ન કરો. જે એ ચાર શરણાંને સ્વીકારે છે, તે સંકટના સમયે પણ જરાપણ ગભરાતો નથી; તે તો સુદર્શનની જેમ દૃઢ રહે છે.

## સુદર્શન ચરિત્ર—૩૭

**શોચ કરે સરદાર રાની, તબ બોલી કઠિન કરાલ;**
**રે ! રજપૂત રંક હોય કયોં, કરતે ઢીલમ ઢાલ. ॥ ધન૦ ૭૫ ॥**
**સુભટ શેઠકો પકડ રાય પે, લાયે ખાસ હજૂર;**
**દેખ સેઠકો દેહ રાય મન, હો ગયા ચકનાચૂર. ॥ ધન૦ ૭૬ ॥**

જેમને અરિહંત, સિદ્ધ આદિના શરણ ઉપર વિશ્વાસ છે, તેમની ઉપર ગમે તેટલો ત્રાસ પડે છતાં તેઓ ડરતા નથી, આ વાત સુદર્શનના ચરિત્ર ઉપરથી વિશેષ સ્પષ્ટ થશે.

રાણીએ સુભટોને સુદર્શનને મારી નાંખવા માટે ખૂબ જ ઉશ્કેરણી કરી પણ સુભટો વીર અને વિચારશીલ હતા એટલે તેઓ વિચાર કરવા લાગ્યા કે, આ શેઠની આંખો કેવી સૌમ્ય છે ! અને આ રાણીની આંખો કેટલી બધી ભયંકર છે ! જો કે રાણી રાજમાતા છે તેમ છતાં આ કાયાને માટે આત્માને ભૂલી જવો એ ધર્મ નથી. એટલા માટે રાણીના કથન ઉપર વિચાર ન કરતાં શેઠને અન્યાય કરવો ન જોઇએ. સત્પુરુષો વ્યવહારનું કાર્ય કરવા છતાં ધર્મને ભૂલી જતા નથી. સજ્જનોના સ્વભાવ પ્રમાણે સુભટો પૂર્વાપર વિચાર કરવા લાગ્યા. સુભટોને વિચારમગ્ન થએલા જોઇ રાણી તેમને કહેવા લાગી કે, શું વિચાર કરો છો ? જોતા નથી કે આ દુષ્ટે મારી કેવી અવદશા કરી નાંખી

છે. આ જુઓ ! મારાં કપડાંનાં ચીરે ચીરાં કરી નાંખ્યાં છે. મારા શરીરની પણ દશા જુઓ ! માટે તમે જડભરત જેમ કેમ ઉભા છો. એને જલ્દી દંડ આપો. સુભટો રાણીનું *કથન સાંભળી વિચારવા લાગ્યા કે, ખાલી રાણીનાં કપડાં જ દેખીએ કે તેની આંખો* પણ દેખીએ ? મહારાણીની આંખોમાં કેટલો બધો વિકાર ભરેલો છે. જ્યારે આ શેઠ તો પરમાત્માના ધ્યાનમાં કેવો તલ્લીન છે !

સુભટો છેવટે એ વિચાર ઉપર આવ્યા કે, વાસ્તવિક વાત શું છે તે વિષે શેઠને જ પૂછીએ તો કેમ ? આ પ્રમાણે વિચાર કરી એક સુભટે શેઠને ધીરેથી પૂછયું કે, શેઠજી ! આ રાણી શું કહે છે ! તમે અહીં શા માટે આવ્યા !

સુભટોના આ પ્રશ્નના ઉત્તરમાં શેઠ રાણીનાં બધાં ભેદભરમો ખુલ્લાં કરી શકતા હતા, પણ તેમણે વિચાર્યું કે, આ રાણી તો મારી માતા સમાન છે તો હું તેમનાં દુર્ગુણો કેમ પ્રગટ કરી શકું ? આ સુભટોને મારી ઉપર વિશ્વાસ છે અને રાણી ઉપર તેમને વિશ્વાસ નથી. તેમ છતાં જેમને હું માતા કહી ચૂકયો છું, તેમનાં દુર્ગુણો હું કેમ પ્રગટ કરી શકું ! વળી હું અત્યારે પૌષધમાં છું એટલે કોઇ વાતને છાની રાખી ખોટી વાત પણ કેમ કહી શકું ! અત્યારે ખોટી વાત પણ કહી શકું નહિ અને માતાના દોષોને પ્રગટ કરવા પણ ચાહતો નથી, આવી અવસ્થામાં મારે મૌન સેવવું એ જ યોગ્ય છે.

શેઠ મૌન રહ્યો. સુભટોના પ્રશ્નના ઉત્તરમાં તે કાંઇ પણ બોલ્યો નહિ. શેઠને મૌન બેઠેલો જોઈ સુભટો વિચારવા લાગ્યા કે, હવે શું કરવું ! ખરી વાત શું છે તેનો પત્તો કેવી રીતે લગાવવો ! શેઠ કાંઇ બોલતા નથી અને રાણી ગુન્હેગાર તરીકે શેઠને બતાવે છે. આવી દશામાં શું કરવું તેની કાંઈ સુઝ પડતી નથી. એટલા માટે અત્યારે તો એ જ ઠીક જણાય છે કે રાણીના હુકમ પ્રમાણે શેઠને પકડી લેવા. રાણી શેઠને દંડરૂપ કતલ કરવાનું કહે છે પણ તેમની કતલ ન કરતાં તેમને રાજા સમક્ષ લઈ જવા-પછી રાજાએ જે દંડ આપવો હશે તે દંડ આપશે. અત્યારે તો શેઠને પકડી લેવા એ જ ઉચિત છે.

શેઠ સુભટોને બધી હકીકત કહી શકતા હતા, પણ તે તો જે પ્રમાણે પૌષધશાલામાં બેઠો હતો તે પ્રમાણે રાણીની સામે પણ બેસી રહ્યો અને તે જ પ્રમાણે સુભટોની સામે પણ બેસી રહ્યો. સુભટોએ શેઠને કહ્યું કે, તમે કાંઈ બોલતા નથી એટલે સત્ય હકીકત શું છે તેની અમને કાંઈ ખબર પડતી નથી. અમે તો અમારા કર્તવ્યનું પાલન કરીએ છીએ. જે વાત સત્ય હશે તે યથાસમયે પ્રગટ થશે જ.

આ પ્રમાણે કહી સુભટોએ શેઠને પકડી બાંધી લીધા. શેઠને પકડીને બાંધ્યા છતાં સુભટોએ તેમની સાથે જરાપણ અસભ્ય વ્યવહાર કર્યો નહિ; પણ સભ્યતાપૂર્વક જ વ્યવહાર કર્યો.

સુભટો શેઠને પકડી નગરની બહાર રાજાની પાસે લઈ ગયા. લોકો શેઠને આ પ્રમાણે પકડાયેલા જોઇ વિચારવા લાગ્યા કે, " પ્રભો ! આ શું થયું. જો સમુદ્ર જ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરશે તો તેની પાળ કેમ બાંધી શકાશે-તે જ પ્રમાણે જ્યારે આવા મહાપુરુષો મર્યાદાનું ઉલ્લંઘન કરશે તો પછી મર્યાદાની રક્ષા કોણ કરશે ! "

સુભટો શેઠને પકડી રાજાની પાસે લાવ્યા. શેઠને આ પ્રમાણે પકડાયેલા જોઇ રાજાને ઘણું આશ્ચર્ય થયું. રાજાએ સિપાઇઓને પૂછ્યું કે, શું છે! સિપાઇઓએ જવાબ આપ્યો કે, મહારાજ! શું કહીએ! કાંઈ વાત કહી શકાય એમ નથી! વાત કહેતાં અમારી જીભ ઉપડતી નથી. રાજાએ કહ્યું કે, જ્યારે તમે શેઠને પકડી લાવ્યા છો તો શા કારણે પકડી લાવ્યા છો એ કારણ તો બતાવો!

બીજા સિપાઇએ કહ્યું કે, અમે શેઠને રાજમહેલમાંથી પકડી લાવ્યા છીએ. રાજમહેલમાં વાસ્તવિક વાત શું બની છે એ તો અમે જાણતા નથી પણ રાણીજી કહે છે કે, શેઠે મારા શીલવ્રતને નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ વાત સાચી છે કે ખોટી એ વાતનો નિર્ણય આપ કરો.

રાજાએ કહ્યું કે, શેઠ જેવા ધર્માત્મા ઉપર આવું કલંક ચડાવવામાં આવે છે? તેમને છોડી મૂકો. રાજાની આજ્ઞા મળતાં જ સિપાઇઓએ શેઠને છોડી મૂકયા.

રાજા શેઠને એકાંત જગ્યાએ લઇ ગયા અને શું હકીકત બની હતી તે પૂછવા લાગ્યા. રાજા સુદર્શનને કેવી રીતે હકીકત પૂછે છે અને શેઠ તેનો કાંઈ ઉત્તર આપે છે કે નહિ તે વિષે યથાવસરે આગળ વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત ૧૯૯૨ પ્રથમ ભાદરવા વદી ૦)) મંગળવાર

### પ્રાર્થના

**'અશ્વસેન' નૃપ કુલતિલો રે, 'વામા' દેવીકો નન્દ;**
**ચિન્તામણિ ચિત્તમેં બસે રે, દૂર ટલે દુઃખ દ્વંદ;**
**જીવ રે તૂં પાર્શ્વજિનેશ્વર વંદ. ॥ ૧ ॥**

શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ પ્રાર્થનામાં આત્મા અને પરમાત્માની શુદ્ધ નિશ્ચયરૂપે એકતા બતાવી પરમાત્મા અને આત્મા વચ્ચે જે ભિન્નતા છે તે દૂર કરવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. શુદ્ધ નિશ્ચય નયની દૃષ્ટિએ આત્મા અને પરમાત્મા એક જ છે, એમ આ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે. આ જીવ જો કે, અત્યારે માયાની જાળમાં ફસાઈ ગયો છે, કર્મદ્વારા અશુદ્ધ થઇ રહ્યો છે અને એ કારણે પરમાત્માથી દૂર જઈ પડયો છે, પણ જ્ઞાની લોકો એ જીવોને આશ્વાસન આપે છે કે, પરમાત્માથી જીવ ભલે ગમે તેટલો દૂર જઇ પડયો હોય, પણ જ્યારે એ જીવ પોતાના સ્વરૂપ વિષે શુદ્ધ દૃષ્ટિએ વિચાર કરશે ત્યારે તેને આત્મા અને પરમાત્મા વચ્ચે ભિન્નતા જણાશે નહિ, પણ એકતા જ જણાશે. આ પ્રમાણે હે! જીવ! તું તારું નિજ સ્વરૂપ જો. નિજ સ્વરૂપ જોવાથી 'તું પરમાત્માનું જ રૂપ છો' એમ

તને જણાશે. તું અને પરમાત્મા એક જ છો પણ પુદ્‌ગલોના ભ્રમમાં પડી જઇને તું એ વાત ભૂલી ગયો છે, તું ભગવાન પાર્શ્વનાથના શરણે જઇ તારા નિજસ્વરૂપનો વિચાર કરીશ તો તારા આત્મામાં અને પરમાત્મામાં શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ કાંઇ અંતર નથી એ તને સ્પષ્ટ જણાશે; કેવળ ઉપાધિને કારણે જ અંતર પડી રહ્યું છે.

"વહેમી ભય માને જથા રે, સૂને ઘર વૈતાલ;
ત્યોં મૂરખ આતમ વિષે રે, માન્યો જગ ભ્રમજાલ."

જ્ઞાનીજનો કહે છે કે, "હે જીવ! તું અને પરમાત્મા નિશ્ચયનયની દૃષ્ટિએ એક જ છો, કાંઇ અંતર નથી, પરંતુ જે પ્રમાણે વહેમી માણસ સૂના ઘરમાં ભૂતની કલ્પના કરે છે અને પોતાની ભૂતની કલ્પનાથી જ ભય પામે છે, તેજ પ્રમાણે તું પણ તારી કલ્પનાના ભયને કારણે જ પરમાત્માથી દૂર જઇ પડયો છે. તું ભગવાન પાર્શ્વનાથના શરણે જા તો તારાં બધાં ભ્રમો મટી જશે. તું પાંચ ભૂતના પ્રપંચમાં પડી રહ્યો છે અને તે કારણે જ ભગવાનથી દૂર જઈ પડયો છે. જો તું આ પ્રપંચમાંથી નીકળી જા તો પછી પરમાત્મા પણ તારાથી દૂર ન રહે. તું ચૈતન્ય છે. ચૈતન્ય થઈને તું કયા ભ્રમમાં પડી રહ્યો છે? અને તારા ધર્મને કેમ ભૂલી રહ્યો છે? વિચાર કર, કે જડ પદાર્થો પણ પોતાનો ધર્મ-સ્વભાવ છોડતા નથી. પૃથ્વી ગંધમય છે, પાણી રસમય છે, પવન સ્પર્શમય છે, અગ્નિ તેજોમય છે, અને આકાશ અવકાશમય છે. આ જડ પદાર્થો પણ પોતપોતાના ધર્મમાં સ્થિર રહે છે તો પછી તું ચૈતન્ય થઇને પણ પોતાના ધર્મને કેવી રીતે ભૂલી રહ્યો છે તેનો વિચાર કર. શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે,

**न वण्णे न गन्धे न रसे न फासे ।**

અર્થાત્—આત્માને કોઇ પ્રકારનો વર્ણ નથી, તેને ગંધ નથી, તેને રસ નથી, તેમ કોઈ પ્રકારનો તેને સ્પર્શ નથી. તે એ બધાથી રહિત છે. આ પ્રમાણે હે જીવ! તું તારા નિજસ્વરૂપનો વિચાર કેમ કરતો નથી? નિજસ્વરૂપ વિષે વિચાર કરતાં તને જણાશે કે, "કર્મને કારણે, બહારની ઉપાધિને કારણે હું પરમાત્માથી જુદો થઈ રહ્યો છું, પણ જો હું કર્મરૂપ ઉપાધિને નિજસ્વરૂપ સમજીને દૂર કરી નાંખું તો પરમાત્મારૂપ બની શકું છું."

જ્ઞાનીજનો કોઇ પણ વસ્તુને કેવળ ઉપરથી જ જોતા નથી પરંતુ તેના વાસ્તવિક રૂપને પણ જુએ છે. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ તેમની સમજમાં આવી જાય છે તો તેને હમેશાંને માટે હૃદયમાં સ્થાન આપી દે છે અને પછી તેનો કદાપિ ત્યાગ કરતા નથી. આ જ સાચું સમકિત છે. વસ્તુના સ્વરૂપને કોઇ પણ સમયે, કોઈ પણ કારણે ન ભૂલવું એજ સમકિત છે.

જ્ઞાનીઓ કહે છે કે, હે જીવ! તું અનંતકાળથી કર્મના સારા-નરસા ફલને ચાખતો આવ્યો છે છતાં તું નિજસ્વરૂપને જાણી શકયો નથી અને તેથી તને કશો લાભ પહોંચ્યો નથી; માટે તું નિજસ્વરૂપ જાણવા માટે પરમાત્માની પ્રાર્થના કર.

પરમાત્માની પ્રાર્થનાનો જે ઉદ્દેશ બતાવવામાં આવ્યો છે તે ઉદ્દેશને શાસ્ત્રમાં અનેક રીતિએ બતાવવામાં આવ્યો છે. શાસ્ત્રમાં જે કાંઈ કહ્યું છે તે બધાની સમજમાં આવી

શકતું નથી તેને સમજવા માટે તો કોઇ સદ્દગુરુના શરણે જવું જોઇએ. સદ્દગુરુના શરણે જવાથી જ શાસ્ત્રની વાતો બરાબર સમજમાં આવી શકે છે અને એ કારણે જ સદ્દગુરુની જે પ્રશંસા કરવામાં આવી છે તે અસ્થાને નથી. જો સદ્દગુરુના શરણે જઇ શાસ્ત્રમાં કથિત્ રહસ્યને સમજો તો એક દિવસ એવો જરૂર આવશે કે, જે દિવસે તમે આત્મ-સ્વરૂપને સમજી શકશો, અને જ્યારે આત્મસ્વરૂપને સમજી જશો ત્યારે આત્મ કલ્યાણ થવામાં પણ વાર લાગશે નહિ.

જે વાત આત્મસ્વરૂપ જાણવા માટે શાસ્ત્રમાં કહેવામાં આવી છે તે જ વાત બીજાં શાસ્ત્રોમાં પણ સ્યાદ્દવાદની દૃષ્ટિએ જોતાં જોવામાં આવશે. પ્રત્યેક વાત સ્યાદ્દવાદની દૃષ્ટિએ જોવામાં આવે તો જ તેનું રહસ્ય સમજમાં આવી શકે છે.

અન્ય ગ્રંથોમાં પણ લખ્યું છે કે, આત્મા અને પરમાત્મા એક છે પણ ઉપાધિને કારણે તેમાં ભિન્નતા આવી ગઈ છે. છાન્દોગ્યોપનિષત્‌માં કહ્યું છે કેઃ—

**"अथ एष सम्प्रसादो अस्माच्छरीरात् समुत्थाय परं।**
**ज्योतिरुपं सम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मैवेतिच" ॥**

જીવ અને આત્મા એક છે કે ભિન્ન ભિન્ન છે એવો પ્રશ્ન ઉભો થાય છે. શુદ્ધ નયની દૃષ્ટિએ જીવ અને આત્મામાં કાંઇ અંતર નથી પણ એક જ છે પરંતુ વ્યાખ્યા કરતાં એ બન્નેને ભિન્ન ભિન્ન કહેવામાં આવ્યાં છે. કહ્યું છે કેઃ—

**"अट्ठकम्मं पासबद्धो जीवो संसारचारये ठाई।**
**अट्ठकम्मपासमुक्को आया शिवमंदिरं ठाई ॥"**

અર્થાત્—જ્યાં સુધી આઠ કર્મોથી જીવ બંધાએલો રહે છે ત્યાં સુધી સંસારમાં તે જીવને 'જીવ' કહે છે, પણ જ્યારે તે આઠ કર્મોથી મુક્ત થઇ જાય છે ત્યારે તે જ જીવ શિવપુરીમાં રહેનાર આત્મા છે.

આ પ્રમાણે જીવ અને આત્મા વચ્ચે ભેદ બતાવવામાં આવ્યો છે. આ જ વાત ઉપનિષત્‌માં પણ બતાવવામાં આવેલ છે કે જ્યારે આ જીવ પરપદાર્થોમાં આનંદ માને છે ત્યારે તે સમ્પ્રસાદ જીવ છે પણ જ્યારે તેને એવું ભાન થાય છે કે, હું પરમ જ્યોતિર્મય આત્મા છું ત્યારે તે શરીરનો અધ્યાસ છોડી પરમજ્યોતિરૂપ બની જાય છે. આ પ્રમાણે જીવ પોતાનો વિકાસ સાધે છે, તેને અમે આત્મા કહીએ છીએ.

આ પ્રમાણે ઉપનિષત્તનું કથન પણ એજ છે કે, આઠ કર્મોનો ત્યાગ કરી જે શિવ-પુરીમાં જાય છે તે જ આત્મા છે. આ પ્રમાણે તેમાં આત્મા અને પરમાત્માની એકતા અને ભિન્નતા બતાવવામાં આવેલ છે. જીવમાંથી આત્મા થાય છે અને આત્મા એ જ પરમાત્મા છે. જેટલા સિદ્ધો થયા છે તેઓ બધા જીવમાંથી નીકળીને જ બન્યા છે. માટે જીવને શિવ બનાવવા માટે ઉપાધિઓનો ત્યાગ કરવો જોઇએ.

હવે આ જ વાત અનાથી મુનિના ચરિત્રદ્વારા સમજાવું છુંઃ—

## અનાથી મુનિનો અધિકાર—૩૮

અનાથી મુનિએ રાજાને કહ્યું કે, પરવસ્તુ ઉપર અધિકાર જમાવવો એ જ અનાથતા છે અને પરવસ્તુની માલિકીનો ત્યાગ કરી આત્મસ્વરૂપને સમજવું એ જ સનાથતા છે.

કોઈ અનાથ બનવા ચાહતું નથી. બધા સનાથ બનવા ચાહે છે પણ સનાથ બનવા માટે યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ. જેમકે તમે સ્વરાજ્ય મેળવવા ચાહો છો પરંતુ તમારામાં સ્વરાજ્ય મેળવવાની યોગ્યતા છે કે નહિ તે જુઓ! તમે સ્વરાજ્ય તો ચાહો છો પણ તમો વિલાયતી દવા, વિલાયતી વસ્ત્રો, વિલાયતી ચીજોથી દૂર રહ્યા છો કે નહિ? જો નહિ તો પછી શું તમે સ્વરાજ્યને યોગ્ય બન્યા છો! આ પ્રમાણે જ્યારે તમે વ્યાવહારિક સ્વતંત્રતા મેળવવાને માટે યોગ્ય બન્યા નથી તો પછી આધ્યાત્મિક સ્વતંત્રતા મેળવવા માટે કેટલી યોગ્યતા મેળવવી જોઇએ તેનો વિચાર કરો!

મતલબ કે, તમે સનાથ બનવા તો ચાહો છો પણ સનાથ કેવી રીતે બની શકાય તે પણ જુઓ. જે કોઈ પુરૂષ પોતે પરવસ્તુનો ગુલામ બનવા ચાહતો નથી કે પરવસ્તુ ઉપર પોતાનો અધિકાર જમાવવા ઇચ્છતો નથી તેજ સનાથ છે. જો તમે સનાથતાની આ વ્યાખ્યાને તમારા હૃદયમાં સ્થાન આપશો તો તમારું સાંસારિક જીવન વ્યર્થ નહિ જતાં સુખદાયક બની જશે.

રાજા શ્રેણિકે અનાથી મુનિને ઋદ્ધિ બતાવીને કહ્યું હતું કે, "મારી પાસે આટલી બધી ઋદ્ધિ છે અને હું હાથી, ઘોડા તથા રાજ્યનો સ્વામી છું છતાં આપ મને અનાથ કેમ કહો છો?" પણ મુનિએ પોતાની અનાથતા બતાવીને રાજાને કહ્યું કે, "હે રાજન્! તું જે ચીજોને કારણે પોતાને સનાથ સમજે છે તે ચીજોને કારણે તું સનાથ છે કે અનાથ તેનો વિચાર કર.

"હે રાજન્! તારી પાસે ઘોડા હોવાને કારણે તું સનાથ છો એમ કેમ કહી શકાય. એ તો તારી નિર્બળતા છે કે તું ઘોડાની સહાયતા લે છે. માટે ઘોડાને કારણે તું સનાથ નહિ પણ વધારે અનાથ બન્યો છે!"

"વળી, હે રાજન્! તું કહે છે કે, મારી પાસે ઘોડા ઉપરાંત હાથીઓ પણ છે એટલે હું અનાથ નથી પણ હે રાજન્! જ્યારે ઘોડાથી અનાથતા ન મટી તો હાથીઓદ્વારા સનાથતા ક્યાંથી આવી શકે? ઘોડાની અપેક્ષા હાથીએ તને વધારે અનાથ બનાવ્યો છે. તો પછી તું એવું અભિમાન શા માટે કરે છે કે, મારી પાસે હાથી ઘોડા હોવાને કારણે હું સનાથ છું?"

"વળી, હે રાજન્! તું એમ કહે છે કે, 'મારી પાસે આટલું બધું રાજ્ય છે, આટલાં બધાં ગામો છે, તો પછી હું અનાથ શાનો?' પણ હે રાજન્! તું રાજપાટ હોવાને કારણે પોતાને સનાથ સમજે છે પણ તું તેનેજ કારણે અનાથ છો. આ પ્રમાણે હે રાજન્! તું જે પરપદાર્થોને કારણે પોતાને સનાથ સમજે છે તેજ પરપદાર્થોને કારણે તું અનાથ બની રહ્યો છે."

અનાથી મુનિ કહે છે કે, "હે રાજન્! સંસારનાં બધાં પદાર્થો આ પ્રમાણે અનાથ બનાવે છે, સનાથ બનાવતા નથી. હે! રાજન્! તું કહે છે કે મારી આજ્ઞા આખા રાજ્યમાં વર્તે છે તો પછી હું અનાથ શાનો? પણ હું પૂછું છું કે, તારી આજ્ઞા તારા શરીર ઉપર પણ ચાલે છે કે નહિ તે જો. જો તારી આજ્ઞા તારા શરીર ઉપર ચાલતી નથી અને તારી આજ્ઞાનું પાલન કર્યા વિના જ તારા કાળા વાળ સફેદ થઈ જાય છે, દાંત પડી જાય છે, આંખનું તેજ ઓછું થઈ જાય છે અને શરીરની શક્તિ ઓછી થઈ જાય છે તો પછી તારી આજ્ઞા બીજે બધે ઠેકાણે વર્તે છે એમ કેમ કહી શકાય અને 'મારી આજ્ઞા બધા માને છે એટલે હું સનાથ છું' એમ પણ કેમ કહી શકાય?"

મુનિના આ કથન ઉપર તમે પણ વિચાર કરો કે, આ શરીર તથા સંસારનાં પદાર્થો જુદાં છે અને આ આત્મા પણ જુદો છે. જો આ પ્રમાણે તમે શરીર અને આત્માને ભિન્ન માનીને કાર્ય કરશો તો, સંસારનો વ્યવહાર તમે છોડી નહિ શકો તો પણ, તમને બહુ આનંદ મળશે.

અનાથી મુનિએ જ્યારે સંપૂર્ણ હિંસાનો ત્યાગ કર્યો હતો ત્યારે જ તેઓ પ્રાણીમાત્રના નાથ બની શકયા હતા. આ ઉપરથી એવો પ્રશ્ન થાય છે કે, અનાથી મુનિની માફક જે સંપૂર્ણ હિંસાનો ત્યાગ કરે તેને તો સનાથ કહી શકાય, પણ જેઓ હિંસાનો સર્વથા ત્યાગ કરી શકયા નથી એવા સમદૃષ્ટિ કે શ્રાવકોને કેવા કહેવા? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, શ્રાવક કે સમદૃષ્ટિ, આત્મા અને શરીરને ભિન્ન માની આત્મભાવમાં મગ્ન રહે છે અને પોતાને સંસારના પદાર્થોને કારણે સનાથ માનતા નથી એટલા માટે તેઓ અનાથતાથી મુક્ત જ છે. રાજા શ્રેણિક પણ સાધુ થયા ન હતા પણ સમદૃષ્ટિ જ રહ્યા હતા છતાં તે અનાથ રહ્યા ન હતા; કારણ કે તેમણે અનાથી મુનિનો ઉપદેશ સાંભળી સાંસારિક પદાર્થોને કારણે હું સનાથ છું એવું માનવું છોડી દીધું હતું. આ પ્રમાણે સમદૃષ્ટિ સાંસારિક પદાર્થોને અનાથતાના કારણભૂત માને છે, એ કારણે તેઓ અનાથતાથી મુક્ત થઈ જાય છે. સમદૃષ્ટિનું લક્ષણ બતાવતાં કહ્યું છે કેઃ–

"ભેદ વિજ્ઞાન જગ્યો જિન કે ઘટશીતલ ચિત્ત ભયો જિમ ચંદન;
કેલિ કરે શિવ મારગમેં જગમાંહિ જિનેશ્વર કે લઘુનન્દન.
સત્ય સ્વરૂપ સદા જિનકે પ્રકટયો અવદાત મિથ્યાત્વ નિકન્દન;
શાન્ત દશા જિનકી પહિચાની કરે, કર જોરી બનારસી વંદન."

"સ્વાર્થ કે સાચે પરમારથ કે સાચે ચિત્ત,
સાચે સાચે બૈન કહે સાચે જૈનમતી હૈ.
કાહુ કે વિરુદ્ધ નાહિં પરજાય બુદ્ધિ નાહિં,
આતમગવેષી ન ગૃહસ્થ હૈ ન જતી હૈ.
સિદ્ધિરિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમેં પ્રકટ રૂપ,
અન્તરકી લચ્છિ સોં અજાચિ લખપતિ હૈ,
દાસ ભગવન્તકે ઉદાસ રહે જગતસે,
સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ."

સમદષ્ટિ એમ જ વિચારે છે કે, અમારું લક્ષ્ય તો સંસારમાં રહેવાનું નથી પણ આત્મ-સ્વરૂપ પ્રકટ કરવાનું છે. જે પ્રમાણે પનિહારી હસતી અને વાતો કરતી માથે બેડું ઉપાડી ચાલી જાય છે પણ તેનું લક્ષ્ય તો માથા ઉપર ઉપાડેલા બેડા ઉપર હોય છે તે જ પ્રમાણે સમદષ્ટિ શ્રાવકો સંસારનાં કામો કરવા છતાં પણ તેમનું લક્ષ્ય તો સંસારનાં પ્રપંચોમાંથી નીકળવાનું જ હોય છે. એટલા માટે સમદષ્ટિ અને શ્રાવકો અનાથ નહિ પણ સનાથ જ છે.

અનાથી મુનિએ રાજા શ્રેણિકને અનાથ-સનાથની જે વ્યાખ્યા સમજાવી તે વ્યાખ્યા સમજીને રાજા વિચારવા લાગ્યો કે, મેં આ મુનિને નાથ થવાનું કહી ગંભીર ભૂલ કરી છે, હું આ મહાત્માનો નાથ થવા તૈયાર થયો એ મારી ભૂલ હતી. આ પ્રમાણે રાજાએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો અને જ્યારે હું પોતે અનાથ છું તો પછી હું તેમનો નાથ કેવી રીતે બની શકું એમ માન્યું. આ પ્રમાણે તમે પણ પરપદાર્થોને કારણે અનાથતા છે એમ માનો અને તે અનાથતાને દૂર કરવાનો પ્રયત્ન કરો તો પણ તેમાં તમારું કલ્યાણ રહેલું છે. હવે સનાથ કેમ બની શકાય એ વાત સુદર્શનની કથાદ્વારા કહું છું:—

## સુદર્શન ચરિત્ર—૩૮

સિપાઈઓ સુદર્શનને પકડી રાજાની પાસે લાવ્યા. રાજાને બધી હકીકત સિપાઈઓએ કહી સંભળાવી. રાજા આ હકીકત સાંભળી વિચારવા લાગ્યો કે, સુદર્શન શેઠદ્વારા આવું દુષ્કર્મ થાય એ સંભવિત જ નથી. કારણ કે,

> **કંચન ઉપર કીટ લગે કિમ, સૂર્ય કરે અંધકાર,**
> **ચંદ્ર આગ વર્ષાવે તથાપિ, શેઠ ચલે ન લગાર. ॥ ધન૦ ૭૭ ॥**
> **પાસ બુલા યોં નરપતિ પૂછે, કહો કિમ બિગડી બાત,**
> **અગર સત્ય મૈં બાત કહૂઁ તો, હો માતા કી ઘાત. ॥ ધન૦ ૭૮ ॥**

જેમ કોઈ કહે કે, સોના ઉપર કાટ ચડયો છે, સૂરજે અંધકાર ફેલાવ્યો છે કે ચંદ્રમા આગ વરસાવે છે; આ વાત ખોટી છે. છતાં કોઈ દેવપ્રયોગથી એમ બની પણ જાય પણ શેઠ મારા મહેલમાં દુરાચાર કરવા આવે એ વાત તો કદાપિ સંભવે નહિ. છતાં આ વાત કેમ બની એ જાણવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી તે શેઠ જ્યાં બેઠા હતા ત્યાં રાજા ઉપાસકની જેમ જઈ તેમને કહેવા લાગ્યા કે, " શેઠ ! આજે તમે ફંદામાં કેમ ફસાઈ ગયા ? અને મારા મહેલમાં કેવી રીતે પહોંચી ગયા ! જો કે, હું સારી રીતે જાણું છું કે તમે ધર્માત્મા છો એટલે તમારાથી આવું દુષ્કૃત્ય બની ન શકે છતાં ન્યાયની દૃષ્ટિએ વાસ્તવિક વાત શું છે તે મને જણાવો કે જેથી મને નિર્ણય કરવામાં મુશ્કેલી ન પડે. તમે તો મારી રજા લઈને પૌષધવ્રત ધારણ કર્યું હતું તો પછી તમે મહેલમાં કેવી રીતે આવી ગયા એ હું જાણવા ચાહું છું, માટે મને વાસ્તવિક વાત કહો કે જેથી મારી શંકાનું પણ સમાધાન થાય અને હું એ વાતનો ન્યાય પણ આપી શકું."

રાજાનું કથન સાંભળી શેઠ વિચારવા લાગ્યા કે, " રાજાને તો મારા ઉપર વિશ્વાસ છે એટલે જો હું સત્ય હકીકત બધી કહીશ તો રાજા રાણીને દંડ અવશ્ય આપશે; પરંતુ

રાણીને મેં ઈશ્વરની સાક્ષીએ માતા તરીકે સ્વીકારેલ છે તો મારા કારણે માતાસ્વરૂપ રાણીને દુઃખ પહોંચે એ ઠીક નથી. એટલા માટે જે સંકટો માથે પડે તેને સમતાપૂર્વક સહન કરી લેવાં પણ માતાની વાત પ્રકટ કરી તેમને દંડ અપાવવો એ ઠીક નથી.

**"પુન્ય પાપ જો કિયા હૈ મૈંને, વે હૈં મેરે સાથ;**
**મૌન રહે નહીં બોલે સેઠજી, નરપતિ સે કુછ બાત. ॥ ધન૦ ૭૯ ॥**

પુણ્ય–પાપનો સાધારણ વિચાર તો બધા કરી શકે છે પણ પુણ્ય–પાપનો તાત્ત્વિક વિચાર તો કોઈક જ કરે છે. ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થવી એ પુણ્યનું ફલ અને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ થવી એ પાપનું ફલ માનવામાં આવે છે. આ દૃષ્ટિએ વિચારતાં જો શેઠ મૌન રહેશે અને રાજા તેને દંડ આપશે તો શું તે પાપનું ફલ માનવામાં આવશે ! શેઠ સમજી શકયો હતો કે, જો હું મૌન રહીશ તો રાજા તરફથી મને દંડ પણ મળશે અને મારી ઉપર કલંક પણ આવશે; પણ જો હું મૌન બેસી ન રહું અને બધી સત્ય હકીકત કહી દઉં તો મારું અનિષ્ટ પણ થશે નહિ અને મારી ઉપર કલંક પણ ચડશે નહિ.

જો આ પ્રમાણે સુદર્શને પુણ્ય–પાપનો ઉપલક દૃષ્ટિએ વિચાર કર્યો હોત તો તે મૌન ન સેવતાં બધી હકીકત રાજાને કહી દેત, પણ તાત્ત્વિક દૃષ્ટિએ પુણ્ય–પાપનો અર્થ જાણતો હતો, એટલા માટે તેણે મૌન સેવવાનું જ યોગ્ય ધાર્યું.

શાસ્ત્ર કહે છે કે, પુણ્ય-પાપનો વ્યાવહારિક અર્થ જુદો હોય છે અને પુણ્ય–પાપનો તાત્ત્વિક અર્થ પણ જુદો હોય છે. શાસ્ત્રાનુસાર ગ્રન્થોમાં કહ્યું છે કેઃ—

**सुहासुहभावजुत्ता, पुण्णपावं अणुहवंति खलु जीवा।**

અર્થાત્—શુભ ભાવથી આત્મા પુણ્યવાન થાય છે અને અશુભ ભાવથી આત્મા પાપવાન થાય છે. આ કથનાનુસાર જ પુણ્ય-પાપનું ફલ જોવું ઠીક છે. શેઠે પુણ્યનું વ્યાવહારિક ફળ ન જોતાં તાત્ત્વિક ફળ જોયું. તેમણે વિચાર કર્યો કે, મારા મૌનને કારણે મને જે દંડ મળશે અથવા મારી નિંદા કે અવહેલના થશે તે મારા પુણ્યને વધારનારી હશે. આ પ્રમાણે તે બીજાના કહેવાથી પુણ્ય–પાપ માનતો નથી પરંતુ પોતાના આત્માની સાક્ષીએ જ પુણ્ય–પાપ માને છે આ પ્રમાણે પુણ્ય–પાપ વિષે પૂર્વાપર વિચાર કરી તે રાજાના કહેવા છતાં પણ મૌન જ રહ્યો; પણ મહેલની ઘટના વિષે કાંઈ બોલ્યો નહિ. તે તો એમ જ વિચારતો હતો કે મારું પુણ્ય–પાપ તો મારી સાથે જ છે, જે થવાનું હશે તે થશે.

મતલબ કે, દ્રવ્ય પુણ્ય અને ભાવ પુણ્યની વાત જુદી છે. લાખો રૂપિયાનું દાન દઈ દેવું તો સરલ પણ કહી શકાય પણ આવા સંકટના સમયે મૌન ધારણ કરી ક્ષમા રાખવી બહુ જ મુશ્કેલ છે. શું આ ઓછા પુણ્યનું કારણ છે ! સાચું પુણ્ય કે પાપ પોતાના અધ્યવસાયથી જ થાય છે, બહારનાં કામોથી થતાં નથી. આ પ્રમાણે દ્રવ્ય પુણ્ય–પાપ અને ભાવ પુણ્ય–પાપ એ બન્ને તદ્દન જુદાં જુદાં છે.

શેઠ વિચારતો હતો કે, હું મૌન રહીને પુણ્ય કરું છું, તો પછી મારે કોઈપણ પ્રકારના દંડથી શા માટે ડરવું જોઇએ. હું તો કોઈપણ ભોગે માતાને સંકટમાંથી બચાવવા ચાહું છું. આ જ મારી હૃદયગત ભાવના છે. આ ભાવનાને કારણે જો મને કોઇ પ્રકારનું દુઃખ થાય તો મારે સહેવું જોઇએ. એ દુઃખ તો મારા માટે પુણ્ય જ છે. મારી સાથે પુણ્ય કે પાપ જ આવશે, બીજું કાંઇ નહિ આવે! એટલા માટે મારે મૌન સેવવું એ જ યોગ્ય છે.

રાજા શેઠને વારંવાર પૂછતો હતો કે, વાસ્તવિક વાત શું છે તે કહો, પણ વારંવાર પૂછવા છતાં જ્યારે શેઠ કાંઇ ન બોલ્યો ત્યારે રાજા શેઠને કહેવા લાગ્યો કે, તમે કાંઈ વિચારતા નથી કે મારા માથે કેવી જવાબદારી છે! એક બાજુ તો હું તમારા ઉપર વિશ્વાસ કરું છું અને બીજી બાજુ રાણી તમારા ઉપર અભિયોગ ચલાવી રહી છે; આવી અવસ્થામાં જો તમે મૂંગા બેસી રહેશો તો હું ન્યાય કેવી રીતે આપી શકીશ! અને જો હું આ વાત વિષે કાંઈ નિર્ણય આપી નહિ શકું તો લોકો એમ જ કહેશે કે, પોતાની રાણીના અભિયોગનો પણ રાજા નિર્ણય આપી ન શક્યો, માટે વાસ્તવિક વાત શું છે તે કહો."

**બહુત પૂછને પર નહીં બોલે, જબ નૃપ જાની સાચી;**
**આયે મહલ નિજ નાર દેખને, વો સૂતી ખૂંટી ખાંચી. ॥ ધન૦ ૮૦ ॥**
**બાંહ પકડ નૃપ બૈઠી કીની, બોલી રીસ ભરાય;**
**ધિક્ હૈ તુમ્હરે રાજપાટ જહાઁ, લંપટ વણિક વસાય. ॥ ધન૦ ૮૧ ॥**

આ પ્રમાણે રાજાએ શેઠને બહુ કહ્યું પણ માતાને દંડ મળશે એ વિચારથી શેઠ કાંઈ પણ બોલ્યો નહિ. સુદર્શનને વારંવાર પૂછવા છતાં મૌન બેસી રહેલો જોઈ રાજાને મનમાં સંદેહ પેદા થયો. તે વિચારવા લાગ્યો કે, વાસ્તવિક વાત શું છે તેનો પત્તો કેવી રીતે લગાવવો? આ શેઠ તો કાંઈ બોલતા નથી. મારે મહેલમાં જઈ આ વાતની તપાસ કરવી જોઈએ.

આ પ્રમાણે વિચાર કરી તે મહેલમાં ગયો. ત્યાં જઈ સિપાઇઓને પૂછ્યું કે, "તમે શેઠને ક્યાંથી પકડયા?" સિપાઇઓએ જવાબ આપ્યો કે, અમે શેઠને અહીંથી પકડયા. રાજાએ ફરી તેમને પૂછ્યું કે, શેઠ કઇ બાજુએથી અહીં આવ્યા હતા? સિપાઈઓએ કહ્યું કે, એની તો અમને ખબર નથી. અમે તેમને આવતા જોયા નથી. મહેલમાં કેવલ રાણીની પૂજાની ધામધૂમ હતી. આ સિવાય બીજું અમે કાંઈ જાણતા નથી."

સુદર્શનને પકડી સિપાઈઓ રાજાની પાસે લઈ ગયા ત્યારબાદ અભયા રાણી અને પંડિતા વચ્ચે ઘણી વાતચીત થઈ હતી. પંડિતાએ રાણીને કહ્યું કે, "મેં તો મારું કામ બરાબર કર્યું હતું પણ તમે તમારું કામ બરાબર બજાવી શક્યા નહિ. તમે આખરે તે વાણિયાથી હારી જ ગયા. હવે તમે સમજી ગયા ને કે તે વાણિયો કેવો પાકો છે?" અભયાએ જવાબ આપ્યો કે, "ભલે હું તેનાથી હારી ગઇ પણ તેને પકડાવી પણ કેવો દીધો?" પંડિતાએ કહ્યું કે, એમાં શું થયું? હું તો હોશિયાર ત્યારે જ માનું કે જ્યારે તું તેનું આ

સંસારમાં અસ્તિત્વ જ રહેવા ન દે! જો તું એટલું પણ કરી ન શકી તો તો કપિલાએ તારા માટે જે કાંઈ કહ્યું હતું તે સત્ય સિદ્ધ થશે."

અભયાએ કહ્યું કે, "જુઓ તો ખરા! હું તેને માટીમાં કેવી રીતે રગદોળું છું." રાજા રાણીના મહેલમાં આવ્યો. રાજા મહેલમાં આવે છે એ સમાચાર સાંભળતાં જ રાણી ઢોંગ કરી કપડું માથે ઓઢી સુઇ ગઈ. રાજાએ મહેલમાં આવીને પૂછ્યું કે, "રાણી કયાં છે?" પંડિતા તો ત્યાં હાજર જ હતી. તેણીએ ઉત્તર આપ્યો કે, "તે તો ઓઢીને પડી છે! તેનું દુઃખ તો જોઈ શકાતું નથી."

રાજા રાણીની પાસે ગયા અને તેને ઉઠાડવા લાગ્યા, પણ તે ઢોંગ કરીને પડી હતી એટલે ઝટ ઉઠે ખરી? રાજાએ તેનો હાથ પકડી બેઠી કરી, અને આમ કેમ સુતી પડી છો એમ પૂછ્યું. મેં તને ઉઠાડવા માટે આટલો બધો પ્રયત્ન કર્યો છતાં પણ કેમ ન ઉઠી? રાજાનું આ કથન સાંભળી રાણી તાડુકીને કહેવા લાગી કે, મહારાજ! આપના રાજ્યશાસનમાં અને આપના ક્ષાત્રત્વમાં ધૂળ પડી કે આપના નગરનો એક સાધારણ વાણિયો આવો લંપટ કે તે મહેલમાં ઘુસી જાય! તમારા રાજ્યશાસનના પ્રબંધમાં ધૂળ પડી કે, આટલું બધું અંધેર તમારા રાજ્યમાં ચાલે છે.

**દેખો યહ મમ ગાત, વણિકને કૈસે મારે હાથ;**
**શીલ રખ્યો મૈં નાથ, ઔર તો બિગડી સારી બાત. ॥ ધન૦ ૮૨ ॥**
**મૈં જીવું યા શેઠ જીવેગા, નિશ્ચય લેવો જાન;**
**સુન નારીકે વચન રાયકે, મનમેં આઈ તાન. ॥ ધન૦ ૮૩ ॥**

રાણી રાજાને કહેવા લાગી કે, "મહારાજ! શું કહું! વાત કહેતાં મારી જીભ ઉપડતી નથી. આ મારા શરીર ઉપર નજર કરી જુઓ કે તેણે મારા શરીરની કેવી હાલત કરી છે? આ કપડાં જુઓ! તેને પણ કેવાં તોડી ફાડી નાંખ્યાં છે! વધારે શું કહું? ટૂંકામાં એટલું જ કહું છું કે, આપની અને પૂર્વજોની કૃપાથી જ હું મારા શીલની રક્ષા કરી શકી છું. જ્યારે એ નીચ વાણિયાએ મારી સાથે આવો દુર્વ્યવહાર કર્યો તે વખતે મેં એવી પ્રતિજ્ઞા કરી કે, કાં તો આ વાણિયો જીવે અને કાં તો હું જીવું. કાં તો મને તલવારથી ઠાર કરો અને કાં તો એને દંડ આપો. બસ! મારી આ જ પ્રાર્થના છે.

રાણીની આ વાત સાંભળી રાજા વિચારવા લાગ્યો કે, મારે હવે શું કરવું! શેઠ તો કાંઇ બોલતો નથી અને રાણી આમ કહે છે. હવે વાસ્તવિક વાત શું છે એનો નિર્ણય કેવી રીતે કરવો? સંભવ છે કે, આ બધી કપટજાળ આ રાણીએ બીછાવી હોય અને એ જ કારણે તે ઢોંગ કરી મેળામાંથી પાછી આવી હોય અને પુતળાંને લઈ-મૂકી જવાના બહાને એ શેઠને ઉપાડી મંગાવ્યો હોય! પણ શેઠ પોતાના વ્રતમાં દૃઢ રહ્યો હોય અને એ કારણે તેનો પ્રાણ લેવા આ તૈયાર થઈ હોય! સ્ત્રીઓ પોતાના થોડા સ્વાર્થને માટે પણ સંસારનું અહિત કરી શકે છે; એટલે વાસ્તવિક વાત શું છે તે કોણ જાણે?

સ્ત્રીઓની માફક પુરુષો પણ પોતાના થોડા સ્વાર્થને માટે સંસારનું અહિત કરી બેસે છે. સ્ત્રીઓએ પુરુષો ઉપર કેટલાં અત્યાચારો કર્યાં અને પુરુષોએ સ્ત્રીઓ ઉપર કેટલાં

અત્યાચારો કર્યાં એનો ઇતિહાસ જોવામાં આવે તો પુરુષોનો જ અન્યાય-અત્યાચાર વધારે જોવામાં આવશે.

એક પદ્મિની રાણીના કારણે અલાઉદ્દીન બાદશાહે કેટલા માણસોની કતલ કરાવી નાંખી હતી અને કેટલી બધી સ્ત્રીઓને એ કારણે અગ્નિમાં પ્રાણાહુતિ આપવી પડી હતી! ગૂજરાતના પ્રસિદ્ધ રાજા સિદ્ધરાજે રાયખેંગારની રાણી અને જસમા ઓડણીને માટે કેવો અત્યાચાર-અન્યાય કર્યો હતો તે તો સૌ જાણે છે.

કોઈ વ્યક્તિની જે નિંદા કરવામાં આવે છે તે વ્યક્તિની નહિ પણ એ વ્યક્તિમાં રહેલા વિકારની નિંદા જ છે. જો તેઓમાં વિકાર ન હોય તો નિંદા કરવાનું કોઈ કારણ નથી.

રાજાની સમક્ષ પંડિતા વગેરે રાણીની દાસીઓએ પણ રાણીનો પક્ષ લઈ ઘણી વાતો કરી. રાજા આ વાતો સાંભળી વિચારમાં પડી ગયો કે, વાસ્તવિક વાત શું છે તેની કાંઈ ખબર પડતી નથી. હવે રાજા આ મામલાને પંચ સમક્ષ કેવી રીતે મૂકે છે અને પંચ લોકો તેનો કેવો નિર્ણય આપે છે; તે વિષે હવે પછી આગળ વિચાર કરવામાં આવશે.

# શુદ્ધિપત્ર

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૨ | સાતમ | સાતમી |
| ૩ | ૧૫ | माम् | मम |
| ૩ | ૧૯ | છે | છો |
| ૪ | ૧૬ | ચાદ | ચાર |
| ૪ | ૧૮ | ध्यातम् | ध्मातम् |
| ૫ | ૧ | विधून् | विधूञ् |
| ૭ | ૩૪ | વિચારને | વિચારતો |
| ૧૩ | ૧૩ | संजायाणं | संजयाणं |
| ૧૩ | ૧૪ | अणुसिट्ठी | अणुसिट्ठिं |
| ૧૩ | ૨૫ | એ | એમ |
| ૧૫ | ૨૮ | મારી | હું |
| ૧૭ | ૧૨ | અને | (કાઢી નાંખો) |
| ૨૩ | ૫ | ધમ | ધર્મ |
| ૨૪ | ૩૦ | ઉપય | ઉપેય |
| ૨૫ | ૧૫ | पलाइयव्वंमि | पलाइयव्वंमि |
| ૩૪ | ૧૩ | प्रभूय० | पभूय० |
| ૩૮ | ૭ | ઠેરે | સરે |
| ૪૪ | ૩ | બધો | (કાઢી નાંખો) |
| ૪૯ | ૪ | રતલામ | જલગામ |
| ૭૩ | ૩૬ | પદર્થોને | પદાર્થોને |
| ૮૨ | ૨૧ | સાદ | શબ્દ |
| ૯૬ | ૨૩ | સમભાવપૂર્વક | ( કાઢી નાંખો ) |
| ૧૦૫ | ૧૯ | प्रभूय० | पभूय० |
| ૧૨૦ | ૫ | ખીલો | ખેરનો ખૂંટ |
| ૧૨૨ | ૨૪ | तस्मिन् | त्वस्मिन् |
| ૧૪૪ | ૩૦ | શકતોન થી | શકતો નથી. |
| ૧૮૭ | ૧૮ | વિવાહ કરવો એ કાંઇ પાપ નથી, પણ એ ગૃહસ્થનો ધર્મ છે. | વિવાહ કરવો એ કાંઇ વ્યભિચાર જેવું પાપ નથી પણ અપેક્ષાકૃત એ ગૃહસ્થનો ધર્મ છે. |
| ૧૯૧ | ૪ | विम्हयींनयो | विम्हयंनयो |
| ૧૯૯ | ૩૦ | छिंन्दन्ति | छिन्दन्ति |
| ૧૯૯ | ૩૦ | शास्त्राणि | शस्त्राणि |

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૫૦ | ૧ | વે ભી | વહેમી |
| ૨૫૦ | ૮ | कुबुद्धि रेषाम् | कुबुद्धिरेषा |
| ૨૬૪ | ૧૭ | निजलाभ० | निंजलाभ० |
| ૨૬૪ | ૧૭ | श्रेयस्यतद्रचनया | श्रेयस्य तद्रचनया |
| ૨૬૮ | ૨૨ | समजोवासगा | समणोवासगा |
| ૨૭૩ | ૧૭ | नय | न य |
| ૨૭૯ | ૬ | प्रतिफलंतिन | प्रतिफलंति न |
| ૨૮૧ | ૧૦ | नायमनामं | नायमनायं |
| ૨૮૧ | ૧૧ | पासाओमे | पासाओ मे |
| ૨૮૧ | ૧૧ | किट्टइ | कुट्टइ |
| ૨૮૨ | ૨૨ | લોકા | લોકો |
| ૨૮૨ | ૩૩ | मं | मैं |
| ૨૮૩ | ૨૦ | વાડ | છોડ |
| ૩૦૫ | ૨૩ | महाभयाणी | महाभयाणि |
| ૩૧૨ | ૨૭ | પ્રયોય | પ્રયોગ |
| ૩૨૦ | ૨૮ | मुत्रे | मुझे |
| ૩૨૧ | ૪ | सयामणो | सया मणो |
| ૩૨૧ | ૧૪ | राजापत्नी | राजपत्नी |
| ૩૨૧ | ૧૫ | पंच माता उच्यते | पञ्चैते मातरः स्मृताः |
| ૩૨૩ | ૩ | વિલમૂં | વિલમૂં ન |
| ૩૨૪ | ૨૦ | આત્મભાવ | અનાત્મભાવ |
| ૩૩૧ | ૧૧ | कल्पान्त काल मरुता चलिता चलेन | कल्पान्तकालमरुता चलिताचलेन |

॥ असिआउसाय नमः ॥

# શ્રી જવાહિર વ્યાખ્યાન સંગ્રહ

## [ દ્વિતીય ભાગ ]

[ બીજા ભાદરવા શુદ ૧ થી સં. ૧૯૯૩ ના કાર્તિક શુદ ૧૫ સુધીમાં
અનાથી મુનિ અને સુદર્શન ચરિત્રનાં વ્યાખ્યાનો. ]

[ રાજકોટ–ચાતુર્માસ ]

સંવત્ ૧૯૯૨

## નિર્ગ્રન્થ-પ્રવચન

**विसं तु पीयं जह कालकूडं, हणाइ सत्थं जह कुग्गहीयं ।**
**एसो वि धम्मो विसओववन्नो, हणाइ वेयाल इवाविवन्नो ॥**

उ. २०–४४

**જીવન હણે જે વિષ તાલપૂટ,**
**શસ્ત્ર હણે જે અવિધિગ્રહીત;**
**ધર્મ હણે છે વિષયોથી યુક્ત,**
**યથા હણાયે ભૂતસંપ્રવિષ્ટ.**

**અર્થાત્**—હાથમાં લેવાથી તાળવું ફાટી જાય તેવું-તાળપૂટ ઝેર ખાવાથી, અવળું શસ્ત્ર પકડવાથી અને અવિધિથી ભૂતનો મંત્રજાપ કરવાથી જેમ તે માલીકને મારી નાંખે છે; તે જ રીતે વિષયભોગની આસક્તિથી યુક્ત હોય તો તે ધર્મ પણ તેવા (અધર્મી)ને મારી નાખે છે. (હલકી ગતિમાં લઈ જાય છે.) વસ્તુતઃ ધર્મમાં કદિ અધર્મ ન હોય અને હોય તો તે ધર્મ ન ગણાય.

卐

## નોંધ

આ પુસ્તકના પ્રકાશન અર્થે
રાજકોટનિવાસી શ્રી ચુનીલાલ નાગજી વોરાએ
રૂ. ૧૦૦૧)ની આર્થિક સહાયતા આપી છે.

# શ્રી જવાહિર વ્યાખ્યાન સંગ્રહ

## [ રાજકોટ—ચાતુર્માસ ]

**વ્યાખ્યાન :** સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૧ બુધવાર

### પ્રાર્થના

**શ્રી આદીશ્વર સ્વામી હો, પ્રણમૂં સિર નામી તુમ ભણી,**
**પ્રભુ અંતરયામી આપ, મો પર મ્હેર કરીજે હો;**
**મેટી જે ચિંતા મન તણી, મારા કાટ પુરાકૃત પાપ. ॥ શ્રી૦ ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી.

**શ્રી** આદીશ્વર ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આત્મા પરમાત્માની સાથે કેવી રીતે તલ્લીન થઈ જાય અને આત્મા તથા પરમાત્માનું એકીકરણ કેવી રીતે થાય એ વાત હૃદયપૂર્વક પ્રાર્થના કરનાર ભક્તો જાણે છે. આપણે પણ એ વાતને લક્ષમાં રાખી અનન્યભાવે જો પરમાત્માની પ્રાર્થના કરીએ તો આ ભવમાં નહિ તો અન્ય ભવમાં પરમાત્માની સાથે આપણું અવશ્ય એકીકરણ થઈ જાય!

ભગવાન ઋષભદેવના ચરિત્રને સંપૂર્ણ રીતે કહેવાને તો કોઈ સમર્થ નથી, પણ મને આજે પાછલી રાત્રે ભગવાન ઋષભદેવ વિષે ધ્યાન ધરતાં જે વિચારો આવ્યાં તે વિચારો તમારી આગળ મૂકું છું. મને એવો વિચાર આવ્યો કે, ઋષભદેવ ભગવાન સમુદ્ર સમાન છે અને જીવો નદીની સમાન છે. નદી જ્યાંસુધી સમુદ્રને મળતી નથી ત્યાંસુધી તો તે આડી અવળી પણ ચાલે છે, અને અવાજ પણ કરે છે; પણ જ્યારે તે સમુદ્રને મળે છે ત્યારે તે શાન્ત થઈ જાય છે. આ જ પ્રમાણે જ્યાં સુધી જીવ ભગવાન ઋષભદેવને મળતો નથી ત્યાંસુધી તો ધીંગાણાં કરે છે પણ જ્યારે ભગવાન ઋષભદેવને જીવ મળે છે ત્યારે તે ધીંગાણાં છોડી દે છે અને શાન્ત બની જાય છે.

ભગવાન ઋષભદેવના ૯૮ પુત્રો જ્યાંસુધી ભગવાનથી જુદા રહ્યા ત્યાંસુધી તેઓમાં તોફાન રહ્યું, પણ જ્યારે તેઓ ભગવાનના શરણે આવ્યા ત્યારે તેઓમાં કોઈ પ્રકારનું તોફાન ન રહ્યું. તેમનું ચરિત્ર એમ કહે છે કે, જ્યાંસુધી જીવ સરાગ અથવા કષાયયુક્ત રહે છે, ત્યાંસુધી તેઓમાં તોફાન તો રહે છે, પણ તે તોફાનની ગતિ કઈ બાજુ છે તે જોવાની જરૂર રહે છે. જો તે તોફાનની ગતિ ભગવાન ઋષભદેવ તરફ રહી તો તો તોફાન શાન્ત થઈ જશે પણ જો તેની ગતિ બીજી બાજુ રહી તો પછી તોફાન તોફાનરૂપે જ રહેશે. જે પ્રમાણે નદીના તોફાનની ગતિ જો સમુદ્ર તરફ રહી તો તો તે સમુદ્રમાં મળી જઈ શાન્ત થઈ જશે, પણ જો તે તોફાનની ગતિ સમુદ્ર તરફ ન રહી તો તે તોફાન શાન્ત થશે નહિ. તે જ પ્રમાણે આત્માના તોફાનની ગતિ પરમાત્મા તરફ રહી તો તે તોફાન પરમાત્માને મળ્યા બાદ શાન્ત થઈ જશે.

ભરત ચક્રવર્તીએ પોતાના ૯૮ ભાઈઓમાં ખૂબ ખળભળાટ પેદા કર્યો હતો; પણ તે ૯૮ ભાઇઓની ગતિ ભગવાન ઋષભદેવ તરફ હતી એટલા માટે તેઓ વિચારવા લાગ્યા કે, 'આવા સમયે અમારે શું કરવું જોઈએ! અત્યારસુધી અમે સ્વતંત્ર રહ્યા છીએ એટલે અમે ભરતની અધીનતા કેમ સ્વીકારી શકીએ ! અને જો અમે અધીનતા સ્વીકારતા નથી તો પછી અમારે ક્ષત્રિયોચિત યુદ્ધ કરવું પડે છે.' આ પ્રમાણે વિચાર કરતાં તે ૯૮ ભાઈઓ એ નિશ્ચય ઉપર આવ્યા કે, "ઋષભદેવ ભગવાન જે પ્રમાણે આજ્ઞા આપે તે પ્રમાણે કરવું. જો તેઓ એમ કહે કે, ભરત મારી જગ્યાએ છે માટે એની આજ્ઞા તમારે માનવી જોઈએ, તો ભરતની આજ્ઞા માનવી એ આપણું કર્ત્તવ્ય છે. આપણે તો ભગવાનનું જ કહેવું માનવું છે. પણ જો ભગવાન યુદ્ધ કરવાનું કહે તો આપણે યુદ્ધ કરવું. ભગવાનની સલાહ પ્રમાણે યુદ્ધ કરીશું તો આપણો પરાજય પણ થઈ શકશે નહિ."

આ પ્રમાણે વિચાર કરી, ૯૮ ભાઈઓ ભગવાન ઋષભદેવના શરણે આવ્યા. ભગવાને તેમને ઉપદેશ આપ્યો અને એ ઉપદેશથી પ્રતિબોધિત થઈ ૯૮ ભાઈઓએ ભગવાનની પાસે સંયમ ધારણ કર્યો. આનું પરિણામ એ આવ્યું કે, જે ભરત કોઈ પણ રીતે એ ભાઈઓને પોતાનું મસ્તક નમાવતો ન હતો, તે જ ભરત, ૯૮ ભાઇઓએ ભગવાનની આગળ સંયમ ધારણ કર્યો છે એ સમાચાર મળતાં જ, તે ભાઈઓની પાસે આવ્યો અને માથું નમાવીને કહેવા લાગ્યો કે, "મને જે ચક્ર વગેરે રત્નો મળ્યાં છે એ બધાં રત્નોએ મને ખાડામાં ઉતાર્યો. આપ પાછા ચાલો અને રાજ્ય કરો." આ પ્રમાણે ભરત પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એનું પ્રધાન કારણ ૯૮ ભાઈઓ ભગવાનના શરણે ગયા અને તેમણે સંયમ ધારણ કર્યો એ જ હતું.

તમે કદાચ કહેશો કે, એ ૯૮ ભાઈઓની સામે તો ઋષભદેવ ભગવાન હયાત હતા એટલે તેઓ તેમના શરણે ગયા, પણ આજે તો ભગવાન નથી એટલે અમે કોના શરણે જઈએ ? આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે, તમે ભગવાન ઋષભદેવને અમર માનો છો કે નહિ ? જો ભગવાન અમર છે તો પછી તેઓ દૂર કેમ છે ? ભગવાન ઋષભદેવ શરીરથી તે વખતે, તે સમયે અયોધ્યામાં રહ્યા હશે પણ તેમનું જ્ઞાન તો આજે પણ સંસારમાં ઓતપ્રોત થઈ ભરેલું છે; આ કારણે તમારા શ્વાસોચ્છ્વાસની માફક ભગવાન પણ તમારા સમીપ જ છે. લોકોએ પોતાની ખોટી કલ્પનાથી જ ભગવાનને દૂર માન્યા છે. જો તમે તમારી ખોટી કલ્પનાઓ છોડી દો તો ભગવાન તમારા સમીપ જ છે.

હું આજકાલ અવકાશના સમયે અન્ય ગ્રંથો પણ જોયા કરું છું. એ ગ્રન્થોના વાચન ઉપરથી મને જે વિચારો ઉદ્ભવે છે તે વિચારો તમારી સમક્ષ મૂકું છું. એ ગ્રન્થોમાં એક એવો વિચાર દર્શાવવામાં આવ્યો છે કેઃ—

**हिरण्मये परे कोशे विरजं ब्रह्मनिष्कलम् ।**
**तच्छुभ्रं ज्योतिषां ज्योतिर्यत्तदात्मविदो विदुः ॥**—ઉપનિષત્

આ શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે, જેમને આત્મજ્ઞાન થયું હશે તેમને પરમાત્માને ઓળખવામાં વાર લાગતી નથી; પણ જેમને આત્મજ્ઞાન થયું નથી તેઓ પરમાત્માને ઓળખી શકતા નથી. જેમને આત્મજ્ઞાન થયું છે તેમને પરમાત્માની પ્રાપ્તિ ક્યાં થશે તેને માટે કહ્યું

છે કે, હિરણ્યમય–સુવર્ણમય કોષમાંથી પરમાત્માની પ્રાપ્તિ થશે અર્થાત્ એક પરમજ્યોતિ છે એ પરમજ્યોતિમાંથી પરમાત્માની પ્રાપ્તિ થશે.

આ કથનનો ભાવાર્થ શો છે ? બાલભાષામાં સિદ્ધોની પ્રાર્થના કરતાં આ ભાવાર્થને સ્પષ્ટ કરવામાં આવ્યો છે કેઃ—

ચન્દ્ર સૂર્ય દીપ મણિ કી, જ્યોતિ યેન ઉલ્લંઘિતં;
તે જ્યોતિથી કોઇ અપર જ્યોતિ, નમો સિદ્ધ નિરંજનં.

અર્થાત્—આત્માથી જે અપર જ્યોતિ છે તે જ પરમાત્મા છે. એ પરમજ્યોતિને શોધો.

જે પ્રમાણે સૂર્યને દીવો લઈ શોધવાની જરૂર રહેતી નથી કારણકે સૂર્ય સ્વયં પ્રકાશમાન છે, આ જ પ્રમાણે આત્મા પણ સ્વયં પ્રકાશિત છે. સૂર્ય સ્વયં પ્રકાશિત હોવાને કારણે જ સૂર્ય કહેવાય છે. જો તે સ્વયં પ્રકાશિત ન હોય તો તેને સૂર્ય કોઇ ન કહે. પણ આત્મા તો સૂર્યથી પણ અનંત પ્રકાશવાળો છે. સૂર્યને સૂર્ય કોણ કહે છે ? સૂર્ય અસ્ત પામ્યો છે કે સૂર્ય વાદળાથી ઢંકાઇ ગયો છે એમ કોણ કહે છે ? આ પ્રમાણે સૂર્યની કીંમત આંકનાર અને સૂર્યને સૂર્ય કહેનાર આ આત્મા જ છે. એટલા માટે આત્મા સૂર્યથી પણ વધારે પ્રકાશમાન છે; એ આત્માને તમે ઓળખો તો પરમાત્માને ઓળખવામાં તમને વાર નહિ લાગે.

એ આત્મા શું છે અને કેવો છે ? એને માટે એમ કહેવામાં આવે છે કે, એ આત્મા કાનનો પણ કાન છે, આંખની પણ આંખરૂપ છે, રસનો પણ રસિક છે. આ પ્રમાણે ઇન્દ્રિયો ઉપર જે આધિપત્ય ભોગવે છે તે આત્મા છે. તે આત્મા અમર છે. આત્મા અમર હોવા છતાં તેને અમર તરીકે માનવાનો વિશ્વાસ કરવામાં આવતો નથી એ જ મોટી ભૂલ થઈ રહી છે. આ ભૂલને કારણે જ જ્ઞાનીઓને ચિંતા થાય છે. જો કોઈ માણસ હીરાને કાંકરો કહે તો ઝવેરીને ચિંતા થાય કે નહિ ? આ જ પ્રમાણે આત્માની અમરતા વિષે કોઈ નકાર ભણે તો જ્ઞાનીઓને ચિંતા થાય કે નહિ ? આત્મા કેવો છે તે વિષે જ્ઞાનીજનો કહે છે કે, આત્મા નિર્મળ છે, વિરજ છે અર્થાત્ કર્મરજથી રહિત છે. તે અખંડ છે. પરમ ઉજ્જ્વલ છે અને જ્યોતિરૂપ છે. બધી જ્યોતિઓ આત્માની જ્યોતિ આગળ ઊતરતી છે. તમે લોકો જે પ્રકાશ જુઓ છો તે બધાં પ્રકાશો આત્માના પ્રકાશને લીધે જ પ્રકાશિત છે. પોતાના પ્રકાશથી જ બીજાં પ્રકાશો જોઈ શકાય છે. આત્માની જ્યોતિ એવી છે. આત્માની આ જ્યોતિની પાછળ જે પરમજ્યોતિ છે તે જ ભગવાન ઋષભદેવ છે.

કહેવાનો આશય એ છે કે, સાંસારિક કામોનો ખળભળાટ તો ચાલતો જ રહે છે; પરંતુ તે ખળભળાટથી ગભરાઈ ન જતાં તે ખળભળાટને પરમાત્માની તરફ ફેરવી દો. સંસારના ખળભળાટને પરમાત્માની તરફ ફેરવી દેવા માટે જ નૈતિક જીવનની શિક્ષા આપવામાં આવે છે. નૈતિકજીવન વિના આધ્યાત્મિક જીવન ટકી શકતું નથી. નૈતિક જીવનદ્વારા આધ્યાત્મિક જીવનની પ્રગતિ કરતા જાઓ તો તેમાં કલ્યાણ છે.

## અનાથી મુનિનો અધિકાર—૩૯

હવે આ જ વાત અનાથી મુનિના ચરિત્રદ્વારા સમજાવું છું.

અનાથી મુનિએ રાજાને કહ્યું કે, "હે ! રાજન્ ! હવે હું મારો પોતાનો પણ નાથ છું અને બીજાનો પણ નાથ છું." જે પોતાનો નાથ હોય છે તે જ બીજાનો નાથ બની

શકે છે. પણ આજે તો આથી વિપરીત એમ બને છે કે, પોતે પોતાના નાથ બન્યા વિના જ બીજાના નાથ બનવા લોકો તૈયાર થઈ જાય છે. પણ જ્ઞાનીજનો કહે છે કે, 'તમે પોતે જ પર પદાર્થોને કારણે અનાથ બની રહ્યા છો તો પછી બીજાના નાથ કેવી રીતે બની શકો ?'

અનાથી મુનિએ રાજાને કહ્યું કે, "હે ! રાજન્ ! તું મારો નાથ શું બને છે ! પહેલાં તું તારા પોતાનો તો નાથ બન."

અનાથી મુનિના કથનને તમે પણ ધ્યાનમાં લો અને પોતાના નાથ બનવાનો પ્રયત્ન કરો. જો તમે એકદમ તમારા નાથ બની ન શકો તો તમે એટલું તો માનો કે, "અમે સંસારનાં પદાર્થોમાં ફસાએલા અનાથ છીએ."

અનાથી મુનિએ પોતાનું પૂર્વ વૃત્તાન્ત સંભળાવી રાજાને કહ્યું કે, "હે ! રાજન્ ! હું પહેલાં આવો અનાથ હતો પણ આ પ્રમાણે સનાથ થયો. હવે હું પોતાનો પણ નાથ છું અને બીજાનો પણ નાથ છું. ત્રસ અને સ્થાવર જીવોનો પણ નાથ છું."

આ ઉપરથી કોઈ એમ કહે કે, ત્રસના નાથ થયા તે તો ઠીક છે પણ સ્થાવરના નાથ કેવી રીતે બની શકે ? અને જેઓ કોઇને પોતાના નાથ જ માનતા નથી તેમના નાથ કેવી રીતે બની શકે ? કેમકે સ્થાવર જીવો પોતાને નાથ માનતા નથી.

ગજસુકુમાર મુનિના માથા ઉપર જેમણે અંગારા મૂકયા હતા તે સોમલ બ્રાહ્મણના ગજસુકુમાર મુનિ નાથ હતા કે નહિ ? જો તમે આ વિષે વિચાર કરો તો ગજસુકુમાર મુનિના ચરિત્રમાં જ તમને અજબ વાત જાણવામાં આવશે.

કૃષ્ણને ગજસુકુમાર મુનિના ઘાતના સમાચાર સાંભળી ક્રોધ આવ્યો અને ક્રોધમાં ભગવાન અરિષ્ટનેમિને કહેવા લાગ્યા કે, "મારા જ રાજ્યમાં મારા ભાઈની ઘાત કરનાર કોણ છે ?" કૃષ્ણને ક્રોધ કરતા જોઈ ભગવાને તેમને કહ્યું કે, "હે ! કૃષ્ણ ! તમે ક્રોધ ન કરો. તે માણસે ગજસુકુમારનો ઘાત કર્યો નથી પણ તેની સહાયતા કરી છે." શું સોમલે સહાયતા કરવાની ઇચ્છાએ મુનિના માથા ઉપર અંગારાં મૂક્યાં હતાં ? શું સોમલ તે મુનિનો સહાયક હતો ? પરંતુ જે મહાત્માઓ બધાના નાથ બની જાય છે તેઓ કોઈને પોતાના શત્રુ માનતા નથી પરંતુ બધાને પોતાના સહાયક માને છે. તેઓ તો બધાના નાથ છે.

નિર્ગ્રન્થ પ્રવચનની એ જ વિશેષતા છે કે, તે બધાને મિત્ર માનવાનો જ ઉપદેશ આપે છે. અમે લોકો તો છદ્મસ્થ છીએ, એટલા માટે અમારામાં આજે કાંઈ હોય, તો કાલે બીજું કાંઈ હોય. તમે લોકો નિર્ગ્રન્થપ્રવચન ઉપર શ્રદ્ધા રાખો અને જો અમે નિર્ગ્રન્થપ્રવચનની અનુસાર સાધુપણાનું પાલન કરી તમને નિર્ગ્રન્થપ્રવચન સંભળાવીએ તો તો, તમે અમારી વાતને માનો, નહિ તો ન માનો. નિર્ગ્રન્થપ્રવચનની વિરુદ્ધ વાત હોવા છતાં તમે 'હાજી-હા' કરો તો તો એ મોટી ખરાબી છે.

મતલબ કે, ભગવાને કૃષ્ણને કહ્યું કે, તે પુરુષે ગજસુકુમાર મુનિને સહાય આપી છે. જો કે, તેણે મુનિના મસ્તક ઉપર તેમનું અપમાન કરવા માટે જ અંગારા મૂક્યાં હતાં પણ જ્યારે આત્મા સંસારના બધાં પ્રાણીઓને પોતાના આત્માની માફક જ માને છે ત્યારે તેને શત્રુ પણ મિત્ર જ લાગે છે. તેમની નજરમાં કોઈ શત્રુ જ જણાતો નથી અને એ રીતે તે બધાના નાથ જ છે.

તોફાની બાળક પોતાના બાપની દાઢી પણ ખેંચે છે અને બાપને થપાટ પણ મારી દે છે. છતાં બાપ બાળકને મારતો નથી, પણ બાળકની થપાટ સહી લે છે. એટલે શું એ બાપને કાયર કહેવામાં આવશે ? અને જો તે બાપ બાળકને મારે તો તે શું વીર કહેવાશે ? બાપ તો સાચો તે કહેવાશે કે જે અબોધ બાળકદ્વારા અપાએલાં કષ્ટોને સહી લે પણ બદલો લેવાની ઇચ્છાએ બાળકને મારે નહિ. આ જ પ્રમાણે નાથ પણ તે જ છે કે જે બીજાઓદ્વારા અપાએલાં કષ્ટોને પોતે સહી લે પણ પોતે બીજાને જરાપણ કષ્ટ આપે નહિ. સાધુઓ માટે પણ જુઓ કે તેઓમાં આ ગુણ છે કે નહિ ? તેઓને કોઈ ગમે તેટલું કષ્ટ આપે છતાં તેઓ કોઈને કષ્ટ આપતાં નથી. તેઓ પોતે તો કષ્ટો સહી લે છે પણ તેઓ બીજાને કષ્ટ આપતાં નથી. મુનિઓ ભલે તરસથી કે ભૂખથી પીડાતા હોય છતાં શું તેઓ કાચું પાણી પીશે ? શું કે સચેત વનસ્પતિ ખાશે ? તેઓ કાચું પાણી પી શકતા નથી અને સચેત વસ્તુ ખાઈ શકતા નથી. તેઓ પોતે તો કષ્ટો સહી લે છે પણ બીજાઓને કષ્ટ આપતા નથી અને એ કારણે જ તેઓ ત્રસ કે સ્થાવર બધાના નાથ છે.

સાધુઓ મુખવસ્ત્રિકા, રજોહરણ વગેરે ઉપકરણો શા માટે રાખે છે ? તથા ભિક્ષાચરી માટે ઘેર ઘેર શા માટે ભટકે છે ? શું તેમને કોઈ તેમના સ્થાને ભોજન લાવીને આપી ન શકે ? જો કે, તેમને તેમના સ્થાને પણ ભોજન આપનારા મળી શકે છે. પણ તેઓ પોતાના સ્થાને લાવવામાં આવેલું ભોજન લેતા નથી પરંતુ ઘેર ઘેર જઈ ભિક્ષાચરી કરે છે, અને જેઓ ધુતકારે છે તેમને ઘેર પણ ભિક્ષા માટે જાય છે. કારણ કે તેઓ તો બધાના નાથ છે. તેઓ બધાના નાથ છે કે નહિ એ વાતની પરીક્ષા તો ઘેર ઘેર ભિક્ષા માંગતી વખતે જ થઈ જાય છે. કેટલાક લોકો એમ કહે છે કે, બાહ્ય ક્રિયામાં શું પડ્યું છે ? પણ જો બાહ્ય ક્રિયામાં કાંઈ નથી તો પછી તેમનામાં જ શું પડ્યું છે ? પોતાથી ક્રિયા પાળી શકાતી ન હોય તો પોતાની નિર્બળતા માનવી જોઈએ, પણ નિર્ગ્રન્થપ્રવચન ઉપર તો દૂષણ આવવા દેવું ન જોઈએ. અનાથ તો તે જ છે કે, જે બીજાઓદ્વારા અપાતાં કષ્ટોને પોતે સહી લે છે પણ બીજાને પોતે કષ્ટ આપતો નથી તેમ અપાવવા દેતો નથી.

આ પ્રમાણે અનાથી મુનિએ અનાથતા બતાવી પોતે કેવી રીતે સનાથ થયા તે રાજાને કહી બતાવ્યું. હવે અનાથી મુનિએ આપેલો ઉપદેશ કહું છું કે, જે ઉપદેશ સાધુ કે ગૃહસ્થ બધાને માટે સમાન ઉપયોગી છે; તથા એ જ આ બધી કથાના મૂળરૂપે છે. મૂળ હોય છે તો જ ફળની આશા રાખી શકાય છે. જો મૂળ ન હોય તો ફળની આશા દુરાશા માત્ર છે. અનાથી મુનિનો જે ઉપદેશ હવે સંભળાવવામાં આવે છે તે ઉપદેશ આ કથાનું મૂળ છે. એટલું જ નહિ જો આ ઉપદેશને દ્વાદશાંગી વાણીના મૂળરૂપે કહેવામાં આવે તો પણ તેમાં કાંઈ ખોટું નથી. અનાથી મુનિ કહે છે કે:—

अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली ।
अप्पा कामदुहा धेणू, अप्पा मे नन्दणं वणं ॥ ३६ ॥
अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुपट्ठिओ ॥ ३७ ॥

અનાથી મુનિ રાજાને કહે છે કે, હે ! રાજન્ ! મેં મારા દુઃખનું તને જે ઉદાહરણ આપ્યું તે દુઃખ તો તદ્દન સાધારણ છે. હવે તને હું મહાન્ દુઃખનાં દૃષ્ટાંતો આપું છું. એના માટે અનાથી મુનિએ સમસ્ત દુઃખોના સંગ્રહરૂપે વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષનાં અને સમસ્ત સુખોના સંગ્રહરૂપે કામધેનુ અને નંદનવનનાં ઉદાહરણો આપ્યાં છે.

આજકાલ કોઈ એમ કહે છે કે, દુઃખનું કારણ ધર્મ છે. કોઈ કહે છે કે, દુઃખનું કારણ અહિંસા છે. કારણ કે અહિંસાને કારણે કાયરતા આવી છે અને કાયરતા એ દુઃખરૂપ છે. કોઈ એમ કહે છે કે, ભગવાન જ દુઃખ આપે છે. આ પ્રમાણે લોકો દુઃખ વિષે ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરે છે. આ જ પ્રમાણે સુખને માટે એમ કહેવામાં આવે છે કે, અમને માતા-પિતા, ભાઈ-બ્હેન-પત્નિ વગેરે સુખ આપે છે. કોઈ કહે છે કે, ખાવા-પીવામાં અને મોજમજા માણવામાં જ સુખ છે. કોઈ કહે છે કે, ધનસંગ્રહ કરવામાં અને તેનો ઉપભોગ કરવામાં જ સુખ છે. આ પ્રમાણે સુખ અને દુઃખ આપનાર વિષે ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પનાઓ કરવામાં આવે છે. પણ આ પ્રમાણે સુખ કે દુઃખ આપનાર તરીકે બીજાને માનવામાં આવે છે. ત્યાં સુધી આત્મા અનાથ જ છે.

કદાચ કોઈ કહે કે એમને સુખ-દુઃખના કારણભૂત ન માનો. પણ એટલું તો માનવું પડશે કે, પુણ્યની પ્રકૃતિ સુખ આપે છે અને પાપની પ્રકૃતિ દુઃખ આપે છે. ૮૨ પ્રકારની પાપની પ્રકૃતિ દુઃખ આપે છે અને ૪૨ પ્રકારની પુણ્યની પ્રકૃતિ સુખ આપે છે. નવ પ્રકારના પુણ્યથી સુખ થાય છે અને ૧૮ પ્રકારના પાપથી દુઃખ થાય છે. પુણ્યથી જ ઇષ્ટ ગંધ, ઇષ્ટ રૂપ, આદિ મળે છે અને પાપથી જ અનિષ્ટ શબ્દ તથા અનિષ્ટ રૂપ વગેરે મળે છે. આ પ્રમાણે પુણ્ય અને પાપને તો સુખ અને દુઃખનાં કારણભૂત માનવાં જ પડશે. પણ એને માટે એમ વિચારો કે પુણ્ય કે પાપની પ્રકૃતિ જડ છે કે ચૈતન્ય ? જો જડ છે, તો જડને ચૈતન્ય માટે સુખ-દુઃખ દેનાર માનવું એ તો અનાથતા જ છે. માટે અનાથતામાંથી નીકળવા માટે એમ માનો કે, આત્મા જ સુખ-દુઃખનો દેનાર છે. સુખ-દુઃખને ઉત્પન્ન કરનાર અને નાશ કરનાર પણ આ આત્મા જ છે. આ જ પ્રમાણે આ આત્મા જ મિત્ર છે અને આ આત્મા જ શત્રુ પણ છે. સારી કે ખરાબ સ્થિતિને પ્રાપ્ત કરનાર પણ આ આત્મા જ છે.

અનાથ મુનિ કહે છે કે, " હે ! રાજન્ ! આ આત્મા જ વૈતરણી નદી છે, અને આ આત્મા જ કૂટશાલ્મલી વૃક્ષ છે. આ જ પ્રમાણે આ આત્મા જ કામધેનુ છે અને આ આત્મા જ નંદનવન સમાન છે. આત્મા જ કર્તા છે. આત્મા જ વિકર્તા છે, આત્મા જ મિત્ર છે અને આત્મા જ શત્રુ છે. "

અનાથી મુનિએ જે ઉપદેશ આપ્યો તે ઉપદેશનું આ મૂળ છે. આ ઉપદેશનો વિસ્તાર તો યથાસમયે કરવામાં આવશે. અત્યારે તો એટલું જ કહેવાનું છે કે, આ ઉપદેશને સમજી તમે પણ અનાથતાને દૂર કરવાનો પ્રયત્ન કરશો તો તમે પણ અનાથી મુનિની માફક તમારા પોતાના તથા બીજાના નાથ બની શકશો. હવે સુદર્શન પોતાની અનાથતા કેવી રીતે દૂર કરે છે તે જુઓ.

## સુદર્શન ચરિત્ર—૩૯

કોપ કરી કહે રાય શેઠકો, દેવા શૂલિ ચઢાય;
ધિક્ ધિક્ નારી જાલ કોય કાંઈ, નૃપકો દિયા ફસાય. ॥ ધન૦ ૮૪ ॥
સુભટ શેઠકો પકડ શૂલિકા, પહનાયા શ્રૃંગાર;
નગર ચોવટે ઊભો કરકે, બોલે યોં લલકાર. ॥ ધન૦ ૮૫ ॥
યોં સુદર્શન શેઠ નગરકો, ધર્મી નામ ધરાય;
પર તિરિયા કે પાપસે યોં, શૂલી ચઢવા જાય. ॥ ધન૦ ૮૬ ॥

રાજા દધિવાહન વિચારે છે કે, "રાણી તો આમ કહે છે અને શેઠ તો કાંઈ બોલતો નથી. માટે હવે શું કરવું?" ત્યારે બીજી બાજુએ લોકોએ સુદર્શનને કહ્યું કે, રાજા હવે આખરી ફેંસલો આપે છે માટે જે કહેવાનું હોય તે કહી દો, નહિ તો "મૌનં સ્વીકૃતિઃ" એ કથનાનુસાર તમે મૌન રહી તમારો અપરાધ સ્વીકાર કરો છો એમ માનવામાં આવશે; માટે જે કહેવાનું હોય તે કહી દો,

સુદર્શને જો બધી વાત કરી દીધી હોત તો તે બચી જાત અને રાણીને દંડ મળત. પણ માતાને કષ્ટ થશે, એ વિચારથી તેણે સત્ય વાત ન કહી પણ મૌન રહી બધાં કષ્ટો પોતે સહ્યાં. તમારાથી જો એટલું બધું કષ્ટ સહન થઈ ન શકે તો તમે કોઈના ઉપર આરોપ કે ખોટું કલંક તો ન ચડાવો. આજે તો સમાચારપત્રોની સહાયતાથી 'કાગને વાઘ' બનાવી દેવામાં આવે છે; પણ તે શ્રાવકને માટે અનુચિત છે. છતાં કેટલાક લોકો એવું અનુચિત કામ કરે છે અને સાધુઓના માથે કલંક ચડાવવાનું તથા તેમની નિંદા કરવાનું પણ ચૂકતા નથી. શ્રી. સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે "જ્યારે સાધુની નિંદા અને અસાધુની પૂજા થાય ત્યારે તે વિષમકાલ સમજવો જોઇએ." એ વિષમકાલમાં પણ ન ગભરાતાં જે કાંઈ કષ્ટો પડે તે સમતાપૂર્વક સહી લેવાં એ સાધુઓનું કર્ત્તવ્ય છે. સુદર્શને પોતે કષ્ટો સહીને પણ બીજા ઉપર કલંક ન ચડાવ્યું તો તમે નિષ્કારણ કોઈના ઉપર ખોટું કલંક તો ન જ ચડાવો, અને સુદર્શનની માફક સત્ય ઉપર દૃઢતા રાખો. કહ્યું છે કે, **सत्यमेव जयते नानृतम् ।** આખરે સત્યનો જય થાય છે, અસત્યનો કદાપિ જય થતો નથી. આ આર્ષવચન ઉપર વિશ્વાસ રાખી સત્ય ઉપર દૃઢતા રાખો અને કોઈનો ઉપર ખોટું કલંક ન ચડાવો. દ્વેષ, અહંકાર કે શત્રુતાના કારણે કોઈના ઉપર કલંક ચડાવવું એ મહાન્ પાપ છે. એ વીરતા નહિ પણ કાયરતા છે. કાયર લોકો જ સમાચારપત્રોની સહાયતા લઈ બીજાઓ ઉપર કલંક ચડાવે છે અને પોતાનું પાપ છુપાવે છે; પણ પાપને ગમે તેટલું છુપાવવામાં આવે તોપણ પાપ તો પાપ જ રહેશે. તમે સુદર્શનના આદર્શને જુઓ અને એ આદર્શને અનુસરવાનો પ્રયત્ન કરો.

રાજાએ તથા રાજ્ય કર્મચારીઓએ સુદર્શનને સત્ય હકીકત કહેવા માટે ઘણું કહ્યું પણ સુદર્શન તો છેવટ સુધી મૌન જ રહ્યા. આ પ્રમાણે સુદર્શનને મૌન બેઠેલા જોઈ રાજાએ ફેંસલો આપ્યો કે, "સુદર્શનને શૂળી ઉપર ચડાવી દેવાની શિક્ષા આપવામાં આવે છે." રાજાએ સુદર્શનને શૂળી ઉપર ચડાવવાનો ફેંસલો તો આપી દીધો પણ પછી તેને વિચાર

આવ્યો કે, "જો મારા આ હુકમની સાથે નગરજનો સહમત ન થાય અને તેઓ જો વિરોધ કરે તો ઠીક નહિ કહેવાય. નગરજનોના સહકારથી જ મારું રાજ્ય ચાલે છે એટલા માટે આ સંબંધમાં નગરજનોની પણ મારે સમ્મતિ લેવી જોઈએ."

આ પ્રમાણે વિચાર કરી રાજાએ દૂત દ્વારા નગરમાં એવો ઢંઢેરો પીટાવ્યો કે, "સુદર્શન શેઠ રાતના સમયે રાણીના મહેલમાથી પકડાયા છે અને તેમણે રાણીની આબરૂ ઉપર હાથ નાંખ્યો છે એ કારણે તેમને ફાંસીની સજા આપવામાં આવી છે. જો કોઈને આ વિષે કાંઈ કહેવું હોય તે રાજાની પાસે આવી કહે."

**પડી નગર જબ ખબર લોગ મિલ, આયે રાજ દરબાર;**
**રાખ રાખ મહાશય! શેઠકો વિનવે વારંવાર. ॥ ધન૦ ૮૭ ॥**
**દાતા રા સિર સહેરો સરે, પુરજન-જીવન સાર;**
**સુદર્શન જો ચઢે શૂલી તો, જીના હમેં ધિક્કાર. ॥ ધન૦ ૮૮ ॥**

દૂત દ્વારા આ ઢંઢેરો સાંભળી નગરજનો આશ્ચર્ય કરવા લાગ્યા કે, આમ કેમ બન્યું? સુદર્શન શેઠ રાણીની આબરૂ લેવા મહેલમાં જાય એ સંભવિત નથી. ધર્માત્મા સુદર્શનને જો શૂળી ઉપર ચડાવવામાં આવે તો ગજબ જ થઈ જાય ને?

પ્રજાના પ્રતિનિધિ લોકો એકત્રિત થઈ રાજાની પાસે ગયા અને પૂછ્યું કે, "સુદર્શન શેઠને શૂળી ઉપર ચડાવવાનો આપે હુકમ કર્યો છે એ વાત સાચી છે?" રાજાએ ઉત્તર આપ્યો કે, "હા, એ વાત સાચી છે." પ્રજાના પ્રતિનિધિઓએ કહ્યું કે, "આપ એને શૂળી ઉપર ચડાવીને અમારા પ્રજાજનોના પ્રાણોને પણ શૂળી ઉપર ચડાવો છો! તે કેવળ એકલા જ નથી. એની સાથે સમસ્ત પ્રજા છે." રાજાએ હસીને જવાબ આપ્યો કે, "હું સારી રીતે જાણું છું કે, તમે બધા લોકો એની સાથે છો અને એટલા જ માટે મેં તેને છૂપી રીતે શૂળી ઉપર ન ચડાવતાં તમને બધાને ખબર પડે એ માટે મેં ઢંઢેરો પીટાવ્યો છે કે જેથી તમારે એ સંબંધમાં જે કાંઈ કહેવું હોય તે કહી શકો." નગરજનો રાજાને કહેવા લાગ્યા કે, "મહારાજ! પહેલાં તો સુદર્શને એવો અપરાધ કર્યો જ નહિ હોય, અને કદાચિત્ કર્યો હોય તો પ્રજાની વિનંતીને માન આપી આપ હુકમને રદ કરો અને તેમને છોડી મૂકો; કારણ કે એ શેઠ દાની પુરુષોના મુગટરૂપ છે માટે એવા દાની પુરુષને શૂળી ઉપર ચડાવવો ઠીક નથી."

દાની પુરુષોનો શિરમોર કોને કહેવો એ જોવા માટે સર્વ પ્રથમ 'દાની' કોને કહેવો એ જાણવાની જરૂર રહે છે. આજે તો સમાચારપત્રોમાં દાનવીરોની નામાવલિ બહુ જોવામાં આવે છે. લોકો થોડુંક દાન કર્યું–ન કર્યું ત્યાં તો સમાચારપત્રોમાં દાનવીરોની શ્રેણિમાં પોતાનું નામ છપાવવાનો પ્રયત્ન કરે છે. પણ સાચા દાનવીર બનવા તેઓ ચાહતા નથી. સાચો દાનવીર તે છે કે જે દાન દેવામાં કોઈ દિવસ પાછી પાની કરતો નથી અને પોતે દાન આપ્યું છે તેની બીજાને ખબર પણ પડવા દેતો નથી. ફારસીમાં એક એવી કહેવત છે કે, "દાન એવી રીતે આપવું જોઈએ કે જમણા હાથે આપેલા દાનની વાત ડાબા હાથને પણ માલુમ ન પડે." દાન બીજાને સહાયરૂપ થવા માટે દેવામાં આવે છે, બીજાની આબરૂનાં કાંકરાં

કરવા માટે નહિ. પોતાને દાની તરીકે ઓળખાવવા માટે તથા બીજાની આબરૂનાં કાંકરાં કરવા માટે દેવામાં આવતું દાન, તે દાન જ નથી; એ તો પોતાનું નામ કમાવવાનો એક કીમીયો છે; પણ આજકાલના લોકો પોતાને દાનવીર કહેવડાવવા માટે બીજાની આબરૂની રક્ષા થાય છે કે નહિ તેનો વિચાર સરખો પણ કરતા નથી. તેઓ તો પોતાને દાનવીર કહેવડાવવામાં જ મશગૂલ રહે છે. સાધારણ રીતે દાનનાં સતોગુણી, રજોગુણી અને તમોગુણી એવા ત્રણ ભેદ છે. આ ત્રણે પ્રકારનાં દાનોમાં ઉત્તમ દાન તો સતોગુણી દાન છે.

લખનઉના નવાબ આસફુદ્દૌલા વિષે પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ કહ્યા કરતા કે, તે છૂપીરીતે બહુ દાન કરતા હતા. જ્યારે કોઈ માણસ તેના મહેલના પાસેથી થાળીમાં કાંઈ લઈ પસાર થતો ત્યારે નવાબ યુક્તિથી તે થાળીમાં સોનામહોર નાંખી દેતો, પણ તેની ખબર થાળી લઈ જનારને પડતી નહિ. પણ જ્યારે તે માણસ ઘેર પહોંચી થાળીમાં સોનામહોર જોતો હશે ત્યારે તેને કેટલો બધો આનંદ થતો હશે? નવાબની આ દાનશીલતા જોઈ કોઈએ તેને કહ્યું કે, તમે બહુ સખી માણસ છો. ત્યારે અસુફુદ્દૌલાએ જવાબ આપ્યો કે, મને લોકો સખી માણસ ન કહે એટલા જ માટે હું છૂપી રીતે દાન આપું છું. આ વાતને માટે એક કહેવત પ્રસિદ્ધ છે કે:—

કૈસે સીખે શેખજી, ઐસી દેના દેન;
જ્યોં જ્યોં કર નીચા કરો, ત્યોં નીચા રાખો નેન.
દેનેવાલા ઔર હૈ, ભેજત હૈ દિન રેન;
લોગ નામ હમરો કહે, તાતે નીચે નેન.

કોઈએ નવાબને પૂછયું કે, "તમે એવું દાન દેવાનું કયાંથી શીખ્યા કે, જ્યારે કોઈ તમારી સામે હાથ લાંબો કરે છે ત્યારે તમે કેમ આંખો નીચી કરી દો છો?" નવાબે ઉત્તર આપ્યો કે, "દાન દેનાર તો બીજો જ છે, અને તે જ લોકોને માટે દાન મોકલે છે. તેમનું પુણ્ય જ મારી દ્વારા દાન અપાવે છે. હું તો એક નિમિત્ત માત્ર છું. છતાં લોકો એમ સમજે છે કે, એ દાન તો હું જ આપું છું, અને એ કારણે જ મારી આંખો નીચી ઢળી પડે છે."

જ્યારે નવાબને માટે કોઈ બીજો દાન મોકલતો હતો તો પછી તમે જેને તમારું માનો છો તે ધન તમે કયાંથી લાવ્યા? એ ધન તો જનતાની પાસેથી આવ્યું છે તો પછી જનતાને દાન દેતી વખતે હેં–હેં કેમ કરો છો? જે સાચો દાનવીર હોય છે તે તો દાન દેવામાં કોઈ દિવસ પાછી પાની કરતો જ નથી.

એવું સાંભળ્યું છે કે, રાણા ભીમસિંહ એકવાર સંકટમાં આવી પડયા હતા, ત્યારે કોઈએ તેમને કહ્યું કે, "તમે તમારી દાનશીલતા ઓછી કરો." ત્યારે રાણાએ જવાબ આપ્યો કે, "હું ખાવાનું તો ઓછું કરી શકું પણ દાન દેવાનું ઓછું કરી શકું નહિ." સાચા દાનવીરો આવા હોય છે.

પ્રજા રાજાને કહેવા લાગી કે, "મહારાજ! આ સુદર્શન શેઠ દાનીઓના શિરમોર છે. આ નગર આ શેઠને લીધે જેટલું સુખી છે તેટલું આપના કારણે સુખી નથી. તે શેઠ પ્રજાજનોનો

જીવનપ્રાણ છે. એટલા માટે તેને શૂળી ઉપર ચડાવો નહિ. બસ! અમારી એ જ પ્રાર્થના છે. અમારી આ પ્રાર્થનાનો સ્વીકાર કરી શેઠને શૂળીની શિક્ષા માફ કરી આપો."

પ્રજાની વાતો સાંભળી રાજા ઘણો પ્રસન્ન થયો અને પ્રજાને કહેવા લાગ્યો કે, "નગરજનો! મને પણ સુદર્શન પ્રતિ પ્રેમ છે, પણ હું શું કરું? તે તો આ ઘટના વિષે કાંઈ બોલતા પણ નથી. એવી દશામાં એને નિર્દોષ કેમ માની શકાય? હું તમને લોકોને જ પંચ બનાવું છું. જો શેઠ એમ કહી દે કે, મેં કાંઈ અપરાધ કર્યો નથી તો તે નિરપરાધી છે. તમે લોકો જ એના મુખે એમ કહેવડાવી દો." પ્રજા કહેવા લાગી કે, એ વાત ઠીક છે. શેઠ એમ શા માટે નહિ બોલે? અમે હમણા જ તેમની પાસે જઈને વાત કરીએ છીએ. રાજાએ કહ્યું કે, ઠીક છે. તમારી સાથે મારો આ વકીલ આવે છે. શેઠ એમ પોતાના મોઢે કહી દે કે, 'હું નિર્દોષ છું' તો હું તેને નિર્દોષ તરીકે માનવા તૈયાર છું.

સુદર્શન શેઠની પાસે જવા માટે પ્રતિષ્ઠિત પ્રજાજનોનું પંચ નિયુક્ત કરવામાં આવ્યું. હવે તે પંચ સુદર્શન શેઠની પાસે કેવી રીતે જાય છે અને તેમની સાથે શું વાતચીત થાય છે તે વિષે હવે પછી આગળ વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૨ ગુરુવાર

### પ્રાર્થના

**શ્રી જિન અજિત નમો જયકારી, તું દેવનકો દેવજી;**
**'જિતશત્રુ' રાજા ને 'વિજયા' રાણીકો, આતમજાત ત્વમેવજી.**
**શ્રી જિન અજિત નમો જયકારી. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી.

શ્રી અજિતનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માના નામમાં જ કોઈ એવી શક્તિ છે કે જેથી ભક્તોને પરમાત્માનું નામ બહુ જ પ્રિય લાગે છે. ભક્તો પરમાત્માના નામસ્મરણમાં જ પોતાના કલ્યાણનું દર્શન કરે છે.

ભગવાન અજિતનાથનું નામ ગુણનિષ્પન્ન છે; અર્થાત્ ગુણની અનુસાર તેમનું નામ છે. એક નામ તો એવું હોય છે કે જે કેવળ નામ માત્રનું હોય છે અને તેમાં નામ પ્રમાણે ગુણ હોતાં નથી, ત્યારે બીજું નામ એવું હોય છે કે જેમાં નામ પ્રમાણે ગુણ પણ હોય છે. ભગવાન અજિતનાથનું નામ ગુણનિષ્પન્ન છે. જેમને કોઈ જીતી ન શકે, જેમનો કોઈ પરાભવ કરી ન શકે તે 'અજિત' કહેવાય છે. ભગવાન અજિતનાથ કામ, ક્રોધ, મદ, મત્સર આદિ ૧૮ પ્રકારના દોષોથી અપરાજિત છે; અર્થાત્ એ દોષોએ ભગવાન અજિતનાથ ઉપર જય મેળવ્યો નથી પણ ભગવાને તેમને જીતી લીધા છે અને એટલે જ તેમનું અજિતનાથ નામ સાર્થક થયું છે.

ભક્ત લોકો કહે છે કે, " હે ! પ્રભો ! આપના નામનો અર્થ અને આપનો પ્રભાવ ગુરુમુખે સાંભળી હું આપને એવી પ્રાર્થના કરું છું કે, જે શત્રુઓને આપે હરાવ્યાં છે એ શત્રુઓ આપથી પરાજિત થઈ મને હરાવી રહ્યાં છે. મારા માટે આ દુઃખનો વિષય છે. હું આપનો સેવક કહેવાઉં છું અને આપને હું મારા નાથ માનું છું. પણ જ્યારે એ જ શત્રુઓ આપથી પરાજિત થઈ મને–તમારા ભક્તને દબાવે અને હું દબાઉં એ મારા માટે તો લજ્જાની વાત છે, પણ સાથે સાથે તમારા માટે પણ એ વિચારવા જેવી વાત છે. આપના જે ગુણો પ્રસિદ્ધ છે એ ગુણાનુસાર તો તમારે મને એ શત્રુઓથી બચાવવો જ જોઈએ."

ભગવાનના ગુણ કેવાં છે એને માટે આચાર્ય માનતુંગ કહે છે કેઃ—

**बुध्या विनाऽपि विबुधार्चित पादपीठ ।**
**स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ॥**

હે ! પ્રભો ! આપની સ્તુતિ કરવા માટે હું સાહસ કરું એ મારા માટે નિર્લજ્જતાની વાત છે. કારણ કે હું તો બુદ્ધિહીન છું અને આપ એવા બુદ્ધ છો કે આપનાં ચરણ જ્યાં પડે છે એ પાદપીઠને ઈન્દ્ર પણ નમસ્કાર કરે છે. એવી દશામાં હું આપના ગુણોનું વર્ણન કરવાનું સાહસ કરું એ મારા માટે નિર્લજ્જતાની વાત છે.

જ્યારે આચાર્ય માનતુંગ પણ આમ કહે છે ત્યારે ભક્તો કહે છે કે, અમે કોણ કે આપનાં ગુણોનું વર્ણન કરી શકીએ ? ભક્તોની માફક તમે પણ એમ કહેવા લાગો કે, અમે વળી કોણ કે અમે પરમાત્માનાં ગુણોનું વર્ણન કરી શકીએ ? આ પ્રમાણે નમ્રતા ધારણ કરી આચાર્ય માનતુંગ અને ભક્તો જે ભાવનાપૂર્વક પરમાત્માની પ્રાર્થના કરે છે, એવી ભાવનાથી તમે પણ પરમાત્માની પ્રાર્થના કરો તો તમારો બેડો પાર થઈ જાય !

ભક્તો કહે છે કે, " હે ! પ્રભો ! જો કે તું અમને સહાયતા આપવા તૈયાર છે છતાં અમે તારી સહાયતા કેમ લઈ શકતા નથી એ વિષે વિચાર કરીએ છીએ તો એમાં અમારી જ ભૂલ જણાય છે. હે ! પ્રભો ! જો અમે અનન્યભાવે તમારા શરણે આવીએ તો અમને કોઈ શત્રુ હરાવી શકે નહિ, એવી અમોને ખાત્રી છે. પણ દુઃખનો વિષય તો એ છે કે, જેવું અમે બોલીએ છીએ તેવું અમે કરી શક્તા નથી. જો અમે કહેવા પ્રમાણે કરી બતાવીએ તો અમારો આત્મા પણ તમારી માફક શત્રુઓ ઉપર વિજય મેળવી શકે." આ પ્રમાણે ભક્તો પોતાની ભૂલ સ્વીકારતાં કહે છે કેઃ—

**હે ! પ્રભુ ! મેરા હી સબ દોષ,**
**શીલસિન્ધુ કૃપાલુ નાથ અનાથ આરતપોષ.—હે ! પ્રભુ૦**
**બેશ વચનવિરાગ મન, અઘ અવગુનન કો કોશ,**
**રામ પ્રીતિ પ્રતીતિ પોલી, કપટ કરતબ ઠોશ.—હે ! પ્રભુ૦**

ભક્તો કહે છે કે, " હે ! પ્રભો ! અમે બરાબર જોઈ શકયા છીએ કે, એ બધો દોષ અમારો જ છે. ગુરુમુખે અને શાસ્ત્રદ્વારા અમે એ જાણી શકયા છીએ કે આપ તો પૂર્ણ થઈ ગયા છો અને તેથી આપમાં તો કોઈ દોષ હોઈ શકે જ નહિ, માટે એ બધો દોષ અમારો જ છે. જે પ્રમાણે સૂર્ય પૂર્ણકળાએ પ્રકાશ્યો હોય છતાં કોઈ આંખો બંધ કરીને કહે કે, 'સૂર્ય મને પ્રકાશ આપતો નથી' તો આમાં સૂર્યનો શો દોષ ? તે જ પ્રમાણે અમે વેશ

અને વચનમાં વૈરાગ્ય રાખીએ છીએ પણ અમારા મનને તે પાપનું ઘર બનાવી રાખ્યું છે. ઉપરથી તે અમે વૈરાગ્યની વાતો કરીએ છીએ અને વૈરાગ્યને વેશ પણ ધારણ કર્યો છે, પણ અમારું મન તે વિકારોથી જ ભરેલું છે. અમને વૈરાગ્યને કે આપને વિશ્વાસ તે કેવળ લોકોને બહાર બતાવવા પૂરતો છે. બાકી અમારું મન પાપવિકારોથી ભરેલું છે. આ જ અમારો દોષ છે. "

અહીં એક પ્રશ્ન થાય છે કે, આવી અવસ્થામાં શું કરવું ? આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીઓ કહે છે કે, એ ભૂલને દૂર કરવાનો પ્રયત્ન કરવો. ભૂલ કેમ દૂર થાય એમ કેવળ ચિંતા કરવાથી કાંઈ કામ ચાલતું નથી. ભૂલને દૂર કરવાનો પ્રયત્ન કરવાથી જ ભૂલ દૂર થાય છે. પાપને પાપ સમજવું એ કાંઈ ઓછું નથી. પાપને પાપ માની, તે પાપને દૂર કરવાનો પ્રયત્ન કરવો એ કાંઈ ઓછી વાત નથી. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**' मायी मिच्छादिट्ठी अमायी सम्मदिट्ठी'**

જે બાહર તો બીજું બતાવે છે અને હૃદયમાં બીજું રાખે છે, અર્થાત્ જે ઉપરથી તો પાપને દબાવી રાખે છે અને અંદરથી છળકપટ કરે છે તે મિથ્યાદષ્ટિ છે; અને જે સરળતાપૂર્વક પાપને પાપ માને છે, પાપને દબાવી રાખતો નથી પણ તેને દૂર કરવાનો પ્રયત્ન કરે છે તે સમદષ્ટિ છે. આનો એવો અર્થ નથી કે વ્યવહારને જ બંધ કરી દેવામાં આવે ! સંસારના લોકોને વ્યવહારની પણ જરૂર રહે છે, પણ વ્યવહાર સાધવાની સાથે આત્મશોધન અને પરમાત્માના શરણે જઈ કામ ક્રોધાદિને જીતવાનો ઉપાય કરવો જોઇએ. એમ ન થવું જોઇએ કે, વચન અને વેશમાં તો વૈરાગ્ય રહે અને મન પાપનું ઘર બની જાય ! આમ કરવું એ જ મિથ્યાદષ્ટિપણું છે. એમ કોઈએ વિચારવું ન જોઈએ કે, વચન અને વેશદ્વારા તો હું વ્યવહાર સાધું છું તો પછી મન ભલેને ગમે તેવું રહે ! મનને કોણ જોવા આવે છે ? આ પ્રમાણે મનને મલિન રાખનારે એટલું તો સમજવું જોઈએ કે, મનને પોતાનું મન તો જાણે જ છે. પોતાના મનની સાક્ષી પોતાનું મન જ આપે છે. આ સિવાય પરમાત્મા તો બધું જાણે છે કે નહિ ? જો મન મલિન અને પાપનું ઘર રહ્યું તો પછી ભગવાનના સેવક કેમ બની શકાય ? એટલા માટે ભક્તે વિચારવું જોઈએ કે, " ભગવાન અજિતનાથનો સેવક છું, તો મારા પ્રભુ પણ સર્વજ્ઞ હોવાથી મારા મનની વાત પણ જાણે છે. એટલા માટે હું મારા મનને પાપનું ઘર બનાવીશ નહિ અને પરમાત્મા પાસે કોઇ વાતને છુપાવીશ નહિ. હે ! પ્રભુ ! હું તો આપને જે કામ પસંદ પડે તેવાં જ કામો કરીશ; બીજાં કામો નહિ કરું ! "

આ પ્રમાણે વિચાર કરી, જો પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે તો કામ ક્રોધાદિ ઉપર અવશ્ય વિજય પ્રાપ્ત થઇ શકે. એટલા માટે પરમાત્માની પ્રાર્થનાને બહિર્મુખી ન બનાવતાં અન્તર્મુખી બનાવવી જોઈએ.

## અનાથી મુનિનો અધિકાર—૪૦

અનાથી મુનિ પરમાત્માની અન્તર્મુખી પ્રાર્થના કરે છે. અનાથી મુનિએ રાજા શ્રેણિકને જે કાંઈ કહ્યું તે કેવળ રાજા શ્રેણિકને માટે જ નહિ પણ સકળ સંસારને માટે કહ્યું છે. એટલા માટે તેમના આપેલા ઉપદેશને બરાબર સમજો તો ભગવાન અજિતનાથની પ્રાર્થના અને અનાથી મુનિના ઉપદેશમાં જરાપણ અંતર જણાશે નહિ.

અનાથી મુનિએ ઉપદેશનો જે સાર કહ્યો છે તે વિષે કાલે મેં થોડામાં કહ્યું છે, આજે તેનો વિશેષ મર્મ સમજાવવાનો પ્રયત્ન કરું છું

અનાથી મુનિએ કહ્યું કે, "આત્મા જ વૈતરણી નદી છે અને આત્મા જ ફૂટશાલી વૃક્ષ છે." આ ઉપરથી કોઇ એવો પ્રશ્ન કરે કે, આત્મા એ વૈતરણી નદી છે એ કેમ બની શકે? કારણ કે, આત્મા તો અરૂપી છે અને વૈતરણી નદી રૂપી છે. આત્મા તો ચારેય ગતિમાં પરિભ્રમણ કરે છે અને વૈતરણી નદી તો કેવળ નરકમાં જ હોય છે. આત્મા અનેક યોનીઓમાં પણ ભમે છે અને આખરે તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત પણ થઈ જાય છે; પણ વૈતરણી નદી તો નરકવાસી–નૈરયિકોએ જ ભોગવવી પડે છે. તો પછી આત્મા વૈતરણી નદી કેમ બની શકે?

આ મહાન્ પ્રશ્નનું સમાધાન તો કોઈ મહાન્ યોગી જ કરી શકે. પણ શાસ્ત્રના આ કથનનો એવો અર્થ જણાય છે કે, આત્મા ન હોય તો વૈતરણી નદી પણ હોઈ શકે નહિ. વૈતરણી નદી દુષ્કર્મનું ફલ છે અને દુષ્કર્મ આત્મા જ કરે છે. જો આત્મા ન હોય તો દુષ્કર્મ કોણ કરે અને તેનું ફલ વૈતરણી નદી પણ કેવી રીતે હોય? વૈતરણી નદીની સૃષ્ટિનું સર્જન કરનાર આત્મા જ છે. જો આત્મા ન હોય તો વૈતરણી નદીનું નામ પણ ન હોય! આત્માના દુષ્કર્મનું ફલ જ વૈતરણી નદી છે. આ પ્રમાણે કારણ–કાર્ય ભાવનો વિચાર કરીને જ શાસ્ત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે, આત્મા જ વૈતરણી નદી છે.

શાસ્ત્રો શબ્દોના આડંબરમાં ન પડતાં જે વાસ્તવિક વાત કહેવાની હોય છે તે થોડામાં કહી દે છે. શાસ્ત્રો કહે છે કે, "વૈતરણી નદી દુઃખ આપનારી છે એટલું કહીને જ રહી ન જાઓ, પણ વૈતરણી નદીનો કર્ત્તા તેમજ હર્ત્તા આત્મા પોતે છે એમ માનો. હે! આત્મા! આ વૈતરણી નદીને બનાવનાર પણ તું જ છે અને જો તું એ વૈતરણી નદીમાં પડવા ચાહતો ન હો તો, કોઈ એવું નથી કે તને એ નદીમાં પાડી શકે."

આજે બુદ્ધિવાદનો જમાનો ચાલે છે એટલે કેટલાક લોકો બુદ્ધિનું પૂછડું પકડી કહેવા લાગે છે કે, નરક કે સ્વર્ગ કોણે જોયું છે! આ પ્રમાણે કહેનાર લોકોને પૂછવું જોઈએ કે, જો તમે નરક જોયું નથી તો જેલખાનું તો જોયું છે ને? એ જેલખાનાને બનાવનાર કોણ છે! એ જેલખાનાં ઉભાં કોણે કર્યા છે! આ આત્માએ જ ને? જો આત્મા જેલમાં જવાને યોગ્ય દુષ્કર્મો ન કરે તો સંસારમાં શું જેલખાનાંઓ રહી શકે ખરાં? આ દષ્ટિએ આત્મા જ જેલખાનાંનો કર્ત્તા અને હર્ત્તા કહેવાય કે નહિ?

વર્ણનમાં કોઈ પ્રધાન વસ્તુને મુખ્ય રાખી અને શેષ વસ્તુનું ગૌણ કરી વર્ણવવામાં આવે છે. એટલા માટે અહીં પણ વૈતરણી નદીને મુખ્ય કરી શેષ દુઃખોને ગૌણ રાખવામાં આવ્યાં છે. વ્યવહારમાં જેલ જ નહિ પણ સમસ્ત દુઃખોને પેદા કરનાર આત્મા જ છે. એટલા માટે જો એમ કહેવામાં આવે કે, આત્મા જ દુઃખ પેદા કરનાર છે કે આત્મા જ દુઃખ છે તો એમાં શું ખોટું છે?

મતલબ કે, કોઈપણ દુઃખને આ આત્મા જ પેદા કરે છે. આ જ પ્રમાણે સુખને પણ આ આત્મા જ પેદા કરે છે. દુઃખમાં તો પ્રધાનતઃ નરકનાં દુઃખોને ગ્રહણ કરવામાં આવ્યાં છે અને શેષ દુઃખોને ગૌણ કરવામાં આવ્યાં છે. આ ઉપરથી સમસ્ત દુઃખોના કર્ત્તા આત્મા જ છે એમ સમજવું જોઈએ. આ જ પ્રમાણે સુખમાં પણ ઇચ્છાપૂર્તિના સુખને મુખ્ય માની

શેષ સુખોને ગૌણ કરવામાં આવ્યાં છે. ઇચ્છાપૂર્તિનું સુખ પેદા કરનાર આત્મા જ છે. કામધેનુ અત્રે પશુ અર્થમાં નહિ પણ 'ઇચ્છા પૂરી થવી' એ અર્થમાં છે. કામધેનુનો અર્થસંબંધ ઇચ્છાનુસાર સુખની સાથે છે. ઇચ્છાનુસાર સુખ પણ આત્મા જ પેદા કરી શકે છે. તમે સ્વર્ગ જોયું નથી પણ રાજાનો મહેલ, બાગ વગેરે તો જોયાં છે. શું આ સુંદર મહેલો-બાગ-બગીચાઓ આત્મા વિના ટકી શકે ખરાં? તમારા લોકોની દૃષ્ટિ સંકુચિત છે. એટલા માટે તમે તો મહેલ-બાગ વગેરેના સુખને મર્યાદિત કરી નાખો છો. પણ જ્ઞાનીજનો તેથી આગળ વધીને કહે છે કે, સ્વર્ગનું સુખ કે નરકનું દુઃખ આત્માએ જ પેદા કરેલ છે અને એટલા જ માટે આત્મા જ સુખરૂપ કે દુઃખરૂપ છે.

જો તમારામાં એવી શક્તિ હોય કે, તમે ગધેડીને કામધેનુ અને કામધેનુને ગધેડી બનાવી શકો તો તમે શું બનાવશો? તમે એમ જ કહેશો કે, અમે ગધેડીને કામધેનુ બનાવીશું, પણ આ જ વાત તમે આત્મા વિષે કેમ વિચારતા નથી! આત્માના સુખદુઃખનું તંત્ર આત્માના હાથમાં જ છે. બીજા કોઈના હાથમાં નથી. જ્યારે સુખદુઃખનું તંત્ર તમારા આત્મામાં છે તો પછી આત્માને કામધેનુની માફક સુખરૂપ કેમ બનાવતા નથી?

અનાથી મુનિ કહે છે કે, "હે! રાજન્! રાજ્ય ભંડાર વગેરે પ્રાપ્ત થવાથી આત્મા કાંઈ સનાથ બની જતો નથી, પણ મારા આત્મામાં જ સુખ કે દુઃખ પેદા કરવાની શક્તિ છે એનું જ્ઞાન થવાથી જ આત્મા સનાથ બની શકે છે. 'જ્યારે આ આત્મા જ નંદનવન કે કામધેનુની સમાન સુખ આપનાર છે, તો પછી હું પોતે જ આત્માને નરક કે વૈતરણી નદીની સમાન શા માટે દુઃખદાયક બનાવું' એવો વિવેક પેદા થવાથી આત્માને સનાથ બનાવી શકાય છે."

આત્મામાં અનંત શક્તિ છે. તે પોતે પ્રકાશમાન છે. આમ છતાં એ આત્મા ક્યાં છે? તે આત્મા હાથમાં છે, પગમાં છે, માથામાં છે કે ક્યાં છે? એવો પ્રશ્ન ઉદ્ભવે છે. આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, એ આત્મા શરીરમાં બધે ઠેકાણે છે. તમારી આંખોમાં પણ આત્મા છે અને તમે તમારી આંખોદ્વારા જ આત્માને જાણી શકો છો. એને માટે કહ્યું છે કે:—

માન માન માન કહા માન લે મેરા;  
જાન જાન જાન રૂપ જાન લે તેરા.  
જાને બિના સ્વરૂપ કે, મિટે ન ગમ કભી;  
કહેતે હૈં વેદ બાર બાર, બાત યે સભી. માન૦  
સત્સંગમેં દિલ જોડ, તોડ મોહ કા ઘેરા.  
જો નયન કા ભી નયન, બૈન કા ભી બૈન હૈ;  
જિસકે બિના શરીરમેં, ન પલક ચૈન હૈ.  
વિચાર લે વહી તેરા, સ્વરૂપ હૈ ઘેરા. માન૦

આ પ્રમાણે કહી, કોણ કોને મનાવે છે? જો હું કહું કે, હું તમને મનાવું છું તો તો મારો આત્મા પણ પરતંત્ર થશે. પણ આ પદ સાંભળવાથી તો એમ જ જણાય છે કે, કોઈ કોઈને મનાવી રહ્યો છે, અને 'મારું માની લે' એમ કહી રહ્યો છે; અર્થાત્ બીજાને કોઈ સમજાવે છે. પણ જ્ઞાનીજનો તો પોતાના આત્માને જ સમજાવે છે કે, "હે! આત્મા! તું શું કરે છે? તું ઇચ્છિત ફળ ભોગવનાર છે તો પછી શા માટે અહીં તહીં ભટકતો ફરે

છે? તું પોતાને જ ભૂલી રહ્યો છે, અને તે કારણે જ તું દુઃખી થઈ રહ્યો છે! અને જ્યાં સુધી તું પોતાને ઓળખીશ નહિ ત્યાંસુધી તારું દુઃખ વધશે, ઘટશે નહિ; માટે તારા સ્વરૂપને તું પીછાન. તું તારું પોતાનું સ્વરૂપ આંખ, કાન, નાક, જીવ વગેરે દ્વારા સમજ. આંખ સામું જોવાથી આંખની કીકીમાં કોઈ એક જણની છાયા જોવામાં આવે છે. જીવિત મનુષ્યની આંખમાં જ છાયા જોવામાં આવે છે, મરેલાની આંખોમાં છાયા જોવામાં આવતી નથી, એમ કહેવામાં આવે છે. એટલા માટે તું એમ વિચાર કે, મૃત્યુ થવાથી આંખમાંથી એ શું ચાલ્યું ગયું છે કે જેથી આંખમાં છાયા જોવામાં આવતી નથી? એટલા માટે એમ સમજો કે, જ્યાંસુધી આ શરીરમાં આત્મા છે, ત્યાંસુધી જ આંખની કીકીમાં છાયા પડે છે નહિ તો છાયા પડતી નથી. આ ઉપરથી એ સ્પષ્ટ જણાય છે કે, દેખનાર આંખો નથી પણ આંખો દ્વારા દેખનાર તો બીજો જ કોઈ છે, અને એ જ આત્મા છે.

આત્મા, આંખ, કાન વગેરે ઇન્દ્રિયોનો સ્વામી છે; પણ પોતાની ભૂલને કારણે પોતે ગુલામ બની રહ્યો છે. એટલા માટે તમે તમારા પોતાના માટે શું કરો છો તેનો વિચાર કરો. આત્મા માટે સુખ પેદા કરો છો કે દુઃખ? કદાચ તમે એમ કહો કે, અમે તો સંસારી છીએ! પણ તમે સંસારી છો એટલા જ માટે તમને ઉપદેશ આપવામાં આવે છે. જો તમે સંસારી ન હોત પણ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની ગયા હોત તો તમને ઉપદેશ આપવાની જરૂર જ રહેત નહિ. ઉપદેશ સાંસારિક લોકોને માટે જ આપવામાં આવે છે. બલ્કે ખરી રીતે તો ઉપદેશ જે આપે છે, તેને જ માટે ઉપદેશ છે, છતાં પણ **एगे आया** એ કથનાનુસાર આત્મામાં ભેદ નથી અને એ કારણે જે ઉપદેશ મારા માટે છે, તે જ ઉપદેશ તમારા માટે પણ છે, એટલા માટે તમે ઉપદેશ સાંભળી આત્માનું સ્વરૂપ જાણો. એ આત્મા આંખની પણ આંખ રૂપ છે, રસનો પણ રસ છે, તે કાનનો પણ કાન છે. અર્થાત્ આંખ દ્વારા તે જ જુએ છે, કાન દ્વારા તે જ સુંઘે છે અને જીભ દ્વારા તે જ રસ લે છે. આમ હોવા છતાં આંખ–કાન–નાક દુઃખવાથી જેટલી ચિંતા થાય છે, તેટલી ચિંતા આત્માના માટે થાય છે કે નહિ તેનો વિચાર કરો, અને વિચાર કરી આત્માને જાગ્રત બનાવવાનો પ્રયત્ન કરો.

હવે હું એક પ્રાસંગિક વાત કહું છું. રાજકોટમાં અનેક અપૂર્વ કામો થયાં છે અને થઈ રહ્યાં છે. આ જ પણ મને એક અપૂર્વ કામની સૂચના મળી છે. મદ્રાસવાળા શ્રી તારાચંદજી ગેલડા તથા શ્રી ડાહ્યાભાઈએ પત્નીસહિત શીલવ્રતનો સ્વીકાર કર્યો છે, પણ એ બન્ને બહારના છે. તો પછી રાજકોટ સંઘ પાછળ કેમ રહી શકે? સંઘના ભૂતપૂર્વ સેક્રેટરી, સંઘના આગેવાન તથા અમને આ પ્રદેશમાં ખેંચી લાવવામાં વિશેષ પ્રયત્ન કરનાર શ્રી ચુનીલાલભાઈએ પણ પત્નીસહિત આજે શીલવ્રતનો સ્વીકાર કરવાનો વિચાર દર્શાવ્યો છે. અમે તેમના બનાવેલા મકાનમાં ઊતર્યા છીએ અને આહારપાણી લઈએ છીએ, પણ હવે તેઓ અમને બહારના મકાનમાં જ રાખવા ચાહતા નથી પણ પોતાના હૃદયમાં સ્થાન આપવા ચાહે છે, અને તે જ માટે તેઓ શીલવ્રતનો સ્વીકાર કરી રહ્યા છે. જો કે, તેઓ પ્રકટમાં શીલવ્રતનો સ્વીકાર કરવાની ઇચ્છા ધરાવતા ન હતા, પરંતુ મેં તેઓને કહ્યું કે, તમે વ્યાખ્યાનમાં પ્રકટરૂપે વ્રતનો સ્વીકાર કરો તો લોકોને ઉત્તેજન પણ મળશે, અને હું પણ શીલવ્રત વિષે બે ચાર શબ્દો કહી શકીશ. મારા આ કહેવાથી જ તેઓએ વ્યાખ્યાનમાં શીલવ્રત લેવાનો સ્વીકાર કર્યો.

[ શ્રી. ચુનીલાલ નાગજી વોરા તથા તેમના ધર્મપત્ની અ. સૌ. બાઇ સાંકળીબાઈએ ઉભા થઇ શીલવ્રતનો સ્વીકાર કર્યો, અને તેમણે આ વ્રતની મંગલસ્મૃતિમાં જૈન સાહિત્યના પ્રચાર માટે રૂા. ૧૦૦૧] આપવાની ઉદારતા બતાવી, અને જાહેર કર્યું કે જ્યાંસુધી કોઈ બીજો પ્રબંધ ન થાય ત્યાંસુધી આ પૂંજીમાંથી શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટીદ્વારા પૂજ્ય શ્રી જવાહિરલાલજી મહારાજ સાહેબના વ્યાખ્યાનોનો ગુજરાતી અનુવાદ કરાવી પ્રકાશિત કરાવવાં. અને તે જ વખતે શ્રી. દુર્લભજીભાઈ ત્રિ. ઝવેરીએ આવાં સાહિત્ય પ્રચારના કાર્યમાં રૂા. ૨૫૧] અને શ્રી. ગોપાલજી ભીમજી પારેખે રૂા. ૧૦૧] આ ફંડમાં આપવાનું જાહેર કર્યું હતું.* અન્ય લોકોએ પણ પ્રત્યાખ્યાન કર્યાં હતાં. ]

## સુદર્શન ચરિત્ર—૪૦

આપણા ધર્મમાં સુદર્શન જેવા મહાપુરુષ થયા છે; કે જેમનો પુણ્ય પ્રભાવ પ્રકટ કે ગુપ્તરૂપે આજે પણ પડી રહ્યો છે. એટલા માટે તેમના આદર્શને પોતાના હૃદયમાં સ્થાન આપી પરસ્ત્રીના પાપનો તો ત્યાગ કરવો જોઈએ.

> **તુમ હી પૂછો સેઠ કહે કુછ, ઉસ પર કરે વિચાર;**
> **નહીં બોલે તો શૂલી દેનેકા, સચ્ચા હૈ નિરધાર. ॥ ધન૦ ૮૯ ॥**
> **મહાભાગ! તુમ મુખસે બોલો, જો હૈ સચ્ચી બાત;**
> **બિન બોલ્યા સે સેઠ સુદર્શન, હોત ધર્મકી ઘાત. ॥ ધન૦ ૯૦ ॥**

નગરજનોએ રાજાને કહ્યું કે, "સુદર્શન ધર્માત્મા છે, દાનીઓમાં શિરમોર છે અને નગરજનોના પ્રાણરૂપ છે. માટે એના શરીરનો નાશ થવાથી અમારા બધાનો નાશ થશે, માટે આપ પૂર્વાપર વિચાર કરી તેને દંડ આપો."

પ્રજાજનોની આ વાત સાંભળી રાજાએ તેમને કહ્યું કે, "સુદર્શન ધર્માત્મા, દાનીઓમાં શિરમોર છે એ બધું હું સારી રીતે જાણું છું. હું એ પણ માનું છું કે સુદર્શન પહેલાં છે અને હું પછી છું. મેં તો પૈતૃક રાજ્ય પ્રાપ્ત કર્યું છે, અને એ રીતે હું તો પૂર્વજોની કૃપાથી મોટો થયો છું. પણ સુદર્શન તો પોતાના ગુણોને કારણે મોટો થયો છે. આ બધી વાત સાચી છે, મેં સુદર્શનને વાસ્તવિક વાત કહેવા માટે ખૂબ મનાવ્યો પણ એ તો એક શબ્દ પણ બોલ્યો નહિ. એટલા માટે અંદરખાને શું છે એવો સંદેહ પેદા થાય છે. હવે તમે લોકો જ તેની પાસે જઈને પૂછો. જો તે બધી હકીકત કહેતા હોય તો પછી આપણે બધા એ વિષે વિચાર કરવા તૈયાર છીએ. પણ જો તે તમારી સાથે પણ કાંઇ ન બોલે તો પછી શૂળીએ ચડાવવાનો મેં જે હુકમ આપ્યો છે તે શું બરાબર નથી?"

રાજાનું કથન સાંભળી બધા નાગરિકો કહેવા લાગ્યા કે, "રાજાનું કહેવું બરાબર છે. આપણને ભાગ્યથી જ આવા, સારા રાજા મળ્યા છે કે જેઓ આપણી વાત સાંભળે છે અને માને પણ છે."

---

* આ જાહેરાતના પરિણામે શ્રી. ચુનીલાલભાઈની આર્થિક સહાયતા વડે પ્રસ્તુત '**શ્રી જવાહિર વ્યાખ્યાન સંગ્રહ**', શ્રી દુર્લભજી ઝવેરીની આર્થિક સહાયતા વડે '**ધર્મ અને ધર્મનાયક**' અને શ્રી. ગોપાલજી પારેખની આર્થિક સહાયતા વડે '**જવાહિર જ્યોતિ**' પ્રકાશનને પામ્યાં છે.

આજે લોકો 'સ્વરાજ્ય'ની માંગણી કરે છે પરંતુ જો રામરાજ્ય કે સુરાજ્ય હોય તો સ્વરાજ્યનો પ્રશ્ન જ પેદા ન થાય! રામરાજ્ય કે સુરાજ્ય ન હોવાને કારણે જ સ્વરાજ્યનો પ્રશ્ન ઉભો થવા પામ્યો છે.

નગરજનો કહેવા લાગ્યા કે, મહારાજનું કહેવું બરાબર છે. અમે હમણાં જ શેઠની પાસે જઈએ છીએ. તેઓ શા માટે નહિ બોલે! બોલ્યા વિના કામ થોડું જ ચાલે છે! તેમણે બોલવું તો પડશે જ!

રાજાએ નગરજનોને કહ્યું કે, જુઓ! ત્યાં સુદર્શન શેઠ બેઠા છે. તેને મારા તરફથી કોઈ પ્રકારનું કષ્ટ આપવામાં આવ્યું નથી. તમે લોકો તેમની પાસે જઈ, બધી હકીકત પૂછી શકો છો?

પ્રજાના પ્રતિનિધિ લોકો સુદર્શનની પાસે જઈ કહેવા લાગ્યા કે, "હે! મહાભાગ! તમે તો પૌષધ વ્રત લઈ ધર્મધ્યાનમાં બેઠા હતા તો પછી અહીં ક્યાંથી! એવી શી ઘટના બનવા પામી કે, તમે અહીં આવી ગયા! રાજાના મહેલમાં આવવાને કારણે તમારા ઉપર આરોપ મુકવામાં આવ્યો છે, અરે! એ આરોપને કારણે રાજા તમને શૂળીએ ચડાવવાનો દંડ આપી રહ્યા છે. એટલા માટે સાચી હકીકત શું બનવા પામી છે તે આપ કહો! નહિ બોલો તો કામ નહિ ચાલે! આ તમારું શરીર તમારા પોતાનું એકલાનું નથી, પણ પ્રજાનું અને ધર્મનું પણ છે. નિષ્કારણ તમારા આ શરીરનો નાશ થાય એ ઉચિત નથી, એટલા માટે ધર્મની રક્ષા માટે પણ તમે સત્ય હકીકત કહો. તમારા મૌનથી તો ધર્મની હાનિ થશે. તમે નગરજનોના નાયક છો. જો તમારા જેવા ધર્માત્મા ઉપર કોઈ આરોપ ચડાવે તો તેથી ધર્મની નિંદા થશે અને ધર્મમાં શું પડયું છે? એમ લોકો પણ કહેવા લાગશે. આ કારણે પણ તમે મૌન ખોલી સત્ય હકીકત કહો."

નગરજનોની વાત સાંભળી સુદર્શન શેઠ વિચારવા લાગ્યા કે, "નગરજનો 'ધર્મની હાનિ થવી ન જોઈએ' એમ કહે છે અને મારું પણ એ જ લક્ષ્ય છે કે, ધર્મની હાનિ કોઈપણ રીતે થવી ન જોઈએ. પરંતુ આ લોકો ધર્મને બાહ્યદષ્ટિએ જુએ છે અને હું ધર્મને અંતર્દષ્ટિએ જોઉં છું. બસ આ જ અંતર છે. હું એમ વિચારું છું કે, મારા બોલવાથી માતાને કષ્ટ થશે અને મેં ધર્મની દષ્ટિએ જ એ વિચાર કર્યો છે. આવી અવસ્થામાં હું કેવી રીતે બોલી શકું! મારા બોલવાથી તો ધર્મની વધારે હાનિ થશે."

આ પ્રમાણે વિચાર કરી પ્રજાજનોની વાત ઉપર સુદર્શન શેઠ હસ્યા. શેઠને હસતા જોઈ નગરજનો કહેવા લાગ્યા કે, આપ તો અમારી વાતને હસી કાઢો છો પણ અમારી વાત હસી કાઢવા જેવી કે ઉપેક્ષા કરવા જેવી નથી. અમારી વાતને હસી કાઢો નહિ પણ સાચી વાત શું છે તે આપ કહો.

વ્યક્તિ–સ્વાતંત્ર્ય અને સમાજ–સ્વાતંત્ર્યમાં કોને મહત્ત્વ આપવું જોઈએ! ધર્મમાં વ્યક્તિ–સ્વાતંત્ર્યને જ સ્થાન છે અને એ કારણે પ્રત્યેક વ્યક્તિ પોતાની ઉન્નતિ કરવા માટે સ્વતંત્ર છે. સુદર્શન વ્યક્તિ–સ્વાતંત્ર્યની દષ્ટિએ જ ચૂપ રહી ધર્મની રક્ષા કરી રહ્યા છે. બીજી બાજુ નગરજનો સુદર્શનને બોલવા માટે પ્રેરણા કરે છે, તે લોકો વ્યક્તિસ્વાતંત્ર્યનું મહત્ત્વ જાણતા નથી અને એ કારણે જ સમાજ સ્વાતંત્ર્યને મહત્ત્વ આપે છે. જો કે સમાજ–સ્વાતંત્ર્યની પણ આવશ્યકતા છે પણ તેના ભોગે વ્યક્તિ–સ્વાતંત્ર્યને ભૂલી જવું ન જોઈએ.

ભારત દેશમાં વ્યક્તિ-સ્વાતંત્ર્યનાં જેટલાં ઉદાહરણો મળે છે તેટલાં અને તેવાં ઉદાહરણો બીજા દેશોમાં કદાચ જ મળે. વ્યક્તિ-સ્વાતંત્ર્યનો અર્થ સ્વચ્છંદતાને અપનાવવી એ નહિ. અમે ગમે તેવું ખાનપાન કરીએ, અમે ગમે તે સ્ત્રી સાથે વિવાહ કરીએ એમ કહી એને વ્યક્તિ સ્વાતંત્ર્યનું રૂપ આપવું અનુચિત છે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય તો તેમાં છે કે જે પોતે તો કષ્ટો સહે, પણ બીજાને કષ્ટો ન આપે. ધર્મમાં તો વ્યક્તિ-સ્વાતંત્ર્યને જ સ્થાન છે. સમાજને માટે વ્યક્તિ-સ્વાતંત્ર્યને ભૂલી જઈ ધર્મની હાનિ કરવી એ અનુચિત છે. જેમકે, સીતાને એમ કહેવામાં આવ્યું હતું કે, " જો તમે રાવણને અપનાવી લો તો સમાજની આટલી હાનિ થતી બચી જશે. " છતાં શું સીતાએ સમાજને માટે પોતાના વ્યક્તિ-સ્વાતંત્ર્યને તજી દીધું હતું? યુધિષ્ઠિરને એમ કહેવામાં આવ્યું હતું કે, દ્રોણાચાર્યે હાથમાં ધનુષ્ય ઉપાડયું છે અને હમણાં ધનુષ્ય છોડશે માટે તમે " અશ્વત્થામા હતો " એમ કહો તો સેનાનું રક્ષણ થશે નહિ તો સેનાનો કચ્ચરઘાણ વળી જશે. છતાં યુધિષ્ઠિરે તો એમ જ કહ્યું કે, જે વાત હું જાણતો ન હોઉં તે વાત હું કેમ કહી શકું !

આ પ્રમાણે વ્યક્તિ-સ્વાતંત્ર્યની રક્ષા કરી સમાજની સેવા કરે કે સમાજ-સ્વાતંત્ર્યને મહત્ત્વ આપે એ વાત જુદી છે, પણ વ્યક્તિ-સ્વાતંત્ર્યને સમાજસેવા કે સમાજરક્ષાના નામે ગુમાવી દેવું તે ઠીક નથી.

સુદર્શન વિચારે છે કે, આ નગરજનો સમાજને જુએ છે અને હું વ્યક્તિ-સ્વાતંત્ર્યને જોઉં છું. મારા બોલવાથી માતાને કષ્ટ પહોંચશે એટલા માટે હું કેવી રીતે બોલી શકું?

હવે આગળ શું થાય છે તેનો વિચાર યથાવસરે હવે પછી કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૩ શુક્રવાર

### પ્રાર્થના

**આજ મ્હારા સંભવ જિનકે, હિતચિતસું ગુણ ગાસ્યાં;**
**મધુર મધુર સ્વર રાગ અલાપી, ગહરે શબ્દ ગુંજાસ્યાં. ॥ આજ મ્હારા૦ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી.

**શ્રી** સંભવનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ પ્રાર્થનામાં ' આજ ' શબ્દનો જે ઉપયોગ કરવામાં આવ્યો છે તેનો શો આશય છે? એ વિષે વિચાર કરતાં એમ જણાય છે કે, જ્યારે મનુષ્ય પોતાનામાં કોઈ પ્રકારની વિશેષતા જુએ છે ત્યારે તે કહે છે કે, આજે કૃતકૃત્ય થયો છે. એ કારણે જેમની કૃપાથી હું કૃતકૃત્ય થયો છું તેના આજે હું ગુણગાન કરીશ. વ્યવહારમાં પણ જ્યારે કોઈની કૃપાથી કાંઈ પણ પ્રાપ્ત થાય છે ત્યારે ઉપકારકનાં ગુણગાન કરવામાં આવે છે. હવે આપણે અત્રે એ જોવાનું છે કે પરમાત્મા પાસેથી એવી કઈ ચીજની પ્રાપ્તિ થઈ છે કે, જે કારણે ભક્ત એમ કહે છે કે, આજે હું પરમાત્માના એવા ગુણગાન કરીશ કે તેમના ગુણગાનમાં મારાં તન-મનને પણ

લગાવી દઈશ. ભક્ત લોકો, આમ કહે છે એ ઉપરથી એમ જણાય છે કે, પરમાત્મા પાસેથી કોઈ અપૂર્વ ચીજ તેમને મળી છે. પરમાત્મા પાસેથી જે અપૂર્વ ચીજ મળી છે તેના એક અંગને જ અત્રે કહું છું. ભક્તો કહે છે કે, હે! પ્રભો! તારી કૃપાથી મને મારી અજ્ઞાનતાનું ભાન થયું છે.

ભગવાનના સ્વરૂપથી પોતાની અપૂર્ણતાનું જ્ઞાન થાય છે. પોતાની અપૂર્ણતાને જાણવી એ કાંઈ ઓછી વાત નથી. ભક્તિસૂત્રમાં કહ્યુ છે કે, 'પરમાત્માની ભક્તિમાં અભિમાન–દંભાદિનો ત્યાગ કરવો જોઈએ ? જ્યારે પોતાને પૂર્ણ માની લેવામાં આવે છે ત્યારે જ દંભ અને અભિમાન પેદા થાય છે, પણ પરમાત્માનું દર્શન થતાં જ પોતે અપૂર્ણ છે તેનું ભાન થાય છે. જ્યારે પોતાનામાં થોડાં ગુણ હોવા છતાં પોતાનામાં વધારે ગુણો છે એમ માનવામાં આવે છે, ત્યારે અભિમાન પેદા થાય છે; પણ પરમાત્માનું દર્શન થતાં જ પોતાની અજ્ઞાનતાનું ભાન થાય છે અને તેનું અભિમાન ગળી જાય છે. ભક્ત લોકો પરમાત્માના સ્વરૂપને જોઈ પોતાનામાં અભિમાન રાખતા નથી પણ પોતાને લઘુથી પણ લઘુ માને છે. સંસારમાં એવા પણ લોકો હોય છે કે જેઓ પોતાને પંડિત માને છે, અને પોતાને પૂર્ણ માને છે એટલું જ નહિ પણ બીજાઓ પાસે એવો મનાવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ જેઓ પરમાત્માના સાચા ભક્તો છે તે તો પોતાને અપૂર્ણ માની નમ્ર રહે છે.

મતલબ કે, પરમાત્માની કૃપાથી અપૂર્ણતાનું ભાન થયું છે અને એ કારણે જ ભક્તો એમ કહે છે કે, આજે 'અમે પરમાત્માનું ભજન કરીશું, અને તેમના ગુણગાન ગાઈશું.'

જેઓ પોતાની અપૂર્ણતા માને છે, તેઓ પણ ઓછા ઉપકારી નથી. તેમનો પણ બહુ ઉપકાર છે. આ વાત એક કથાદ્વારા સમજાવું છું.

દેહલી જેવા શહેરમાં એક આબરૂદાર અને ચતુર ઝવેરી રહેતો હતો. જો કે ઝવેરી હોશીયાર હતો પણ હોશીયાર માણસથી પણ કોઈવાર ભૂલ થઈ જાય છે. "મનુષ્ય માત્ર ભૂલને પાત્ર" એ કથનાનુસાર તે ઝવેરીની પણ મોટી ભૂલ થઈ ગઈ. તેણે એક ખોટા હીરાને સાચો અને કીંમતી હીરો સમજી ખરીદી લીધો, અને એ ખોટા હીરાની ખરીદીમાં તેણે પોતાના ઘરની બધી પૂંજી રોકી દીધી. હીરાની ખરીદી કર્યા પછી તેને ખબર પડી કે, ખરીદેલો એ હીરો તો તદ્દન ખોટો છે. તે વિચારવા લાગ્યો કે, હવે શું કરવું! વેચનાર માણસ ચાલ્યો ગયો છે. હવે એ વિષે હો–હા કરવાથી કાંઈ વળે એમ નથી. ઊલટી પોતાની આબરૂનાં કાંકરાં થશે, પણ મેં એ હીરા પાછળ ઘરની બધી પૂંજી ખરચી નાંખી છે એટલા માટે મારા મૃત્યુ બાદ મારા કુટુંબીજનો શું ખાશે? અત્યારે માથે આવી પડેલા આ દુઃખને સહ્યા સિવાય છૂટકો પણ નથી. પણ મારે એક મિત્ર છે તે જરૂર દુઃખના સમયે સહાયભૂત નીવડશે. આ હીરો તો ખોટો નીકળ્યો, પણ મારો મિત્ર તો ખોટો નીકળે એવો નથી.

ગ્રન્થોમાં સન્મિત્રની બહુ જ પ્રશંસા કરવામાં આવી છે અને કહ્યું છે કે, સદ્ભાગ્યે જ સન્મિત્રની પ્રાપ્તિ થાય છે. સુખના સમયે તો સાથ આપનાર અનેક મિત્રો મળી આવે છે પણ દુઃખના સમયે સાથ આપનાર મિત્રો બહુ જ ઓછા મળે છે.

તે ઝવેરી વિચારવા લાગ્યો કે, મારો મિત્ર તે સાચો મિત્ર છે. પણ મારે મિત્ર પાસે માંગવાની નહિ પણ તેને આપવાની બુદ્ધિ રાખવી જોઈએ. એટલા માટે જ્યાં સુધી હું

જીવિત છું ત્યાં સુધી તો મિત્રને કોઈ પ્રકારનું કષ્ટ ન આપવું. મારા મૃત્યુ બાદ આ મારો મિત્ર મારા ઘરની સંભાળ રાખશે.

થોડા દિવસો બાદ તે ઝવેરીનો મરણ સમય નજદીક આવ્યો. ઝવેરી વિચારવા લાગ્યો કે, મારી સ્ત્રી તો એમ સમજતી હશે કે, હું મોટા ઝવેરીની પત્ની છું એટલે જો હું એને એમ કહીશ કે, આપણા ઘરમાં તો હવે કાંઈ નથી તો તેને બહુ આઘાત પહોંચશે. એટલા માટે એવો ઉપાય વિચારવો જોઈએ કે, પત્નીના ચિત્તને પણ આઘાત ન પહોંચે અને પુત્રનું પણ અહિત ન થાય. મારો મિત્ર એવો છે કે, તે ભલે સુખના સમયે કામમાં આવે કે ન આવે પણ દુઃખના સમયે તો અવશ્ય કામમાં આવે એવો છે."

આ પ્રમાણે વિચાર કરી, ઝવેરીએ પોતાની પત્નીને પાસે બોલાવી કહ્યું કે, "મારો અંત સમય નજદીક આવ્યો છે. જો ! આપણા ઘરની સંપત્તિના સારરૂપ આ હીરો છે. આ હીરાને સંભાળીને રાખજે. બીજાના હાથમાં આ હીરો ચાલ્યો ન જાય તેનો ખ્યાલ રાખજે. જ્યારે કોઈ આર્થિક મુશ્કેલી માથે આવી પડે ત્યારે આ હીરાને પુત્રની દ્વારા મારા મિત્રને ત્યાં મોકલજે. પછી તે જે પ્રમાણે કહે તે પ્રમાણે કરવું."

ઝવેરી તો મરણ પામ્યો. તેની સ્ત્રીએ કેટલાંક મહિનાઓ તો જેમ તેમ કાઢયાં પણ પછી તેને આર્થિક મુશ્કેલી જણાવવા લાગી. ત્યારે તેણીએ વિચાર્યું કે, "આ પુત્ર મોટો થયો નથી ત્યાંસુધી જ મુશ્કેલી છે. પણ જ્યાં સુધી છોકરો મોટો થાય નહિ ત્યાંસુધી ઘરનું ખર્ચ કાઢવા માટે આ હીરો ઠીક કામમાં લાગશે. જો કે, આ હીરો બહુ મૂલ્યવાન છે પણ જો તેનો કષ્ટના સમયે ઉપભોગ કરવામાં ન આવે તો પછી આ હીરો શા કામનો ? જ્યારે છોકરો મોટો થશે અને કમાવા લાગશે ત્યારે ન જાણે તે કેટલા હીરા કમાવી લાવશે !"

આ પ્રમાણે વિચાર કરી, પોતાના છોકરાને નવરાવી ધોવરાવી, નવાં કપડાં પહેરાવી તૈયાર કર્યો અને તેને હાથમાં હીરો આપી તેણીએ કહ્યું કે, "બેટા ! આ હીરાને તારા પિતાના મિત્ર પાસે લઈ જા અને તેમને પિતાતુલ્ય માની, નમસ્કાર કરી વિનયપૂર્વક કહેજે કે, "મારા પિતા કહી ગયા છે કે, આ હીરો એ ઘરની સંપત્તિ છે માટે આપ એનો ઉચિત ઉપયોગ કરો. આપને યોગ્ય લાગે તો તે વેચી નાખો કે ગિરવીએ મૂકો પણ, ઘરની વ્યવસ્થા ચલાવવા માટે પૈસાની જરૂર છે તેની યોગ્ય વ્યવસ્થા કરો."

છોકરો હીરાને લઈ પિતાના મિત્રની પાસે ગયો અને તેની માતાએ જે કાંઇ કહ્યું હતું તે ઝવેરી મિત્રને કહી સંભળાવ્યું, અને તેમના હાથમાં હીરો આપ્યો. હીરાને જોઈ તે જાણી ગયા કે, આ હીરો ખોટો છે. પણ તેમણે વિચાર્યું કે, "જો હું આને આ હીરો ખોટો છે એમ કહીશ તો તેને અને તેની માતાને આઘાત પહોંચશે. અને જો હું એ હીરાને મારી પાસે રાખું છું તો મારો વિશ્વાસ જોખમમાં પડે છે. એટલે આ વખતે હીરા વિષે મારે કશી ચોખવટ ન કરવી એ જ યોગ્ય છે."

આ પ્રમાણે વિચાર કરી ઝવેરી મિત્રે છોકરાને કહ્યું કે, તારા પિતાનું મૃત્યુ થયું એ બહુ જ દુઃખની વાત છે પણ તને જોઈ મને સંતોષ થાય છે. આ મારું ઘર તું તારું જ સમજજે, માટે કાંઇ પણ આર્થિક મુશ્કેલી ન સહેતાં જે કાંઈ ખર્ચ માટે જોઈએ તે અહીંથી લઈ જજે. પણ આ હીરો બહુ જ કીંમતી છે, એટલે એની કીંમત અત્યારે બરાબર ઊપજશે નહિ. એ હીરાને તો કોઇ અત્યારે રાજા ખરીદી શકે એમ નથી. તેમ કોઇ વેપારી

ખરીદી શકે એમ નથી. એ તો કોઇ બહારનો વેપારી આવે તો તે ખરીદી શકે. એટલા માટે તું આ હીરો પાછો ઘેર લઈ જા અને તારી માતાને આપી કહેજે કે, " આ હીરાને બરાબર સાચવી રાખે. હું એ હીરાને સાચવી શકું એમ નથી. બાકી ખર્ચ માટે જે કાંઇ જોઈએ તે તું મારે ત્યાંથી ખુશીથી લઇ જા. જો એમ જ તું પૈસા લઇ જવા ન ચાહે તો નામે લખાવીને પૈસા લઇ જા અને હીરો વેચાય ત્યારે એ પૈસા ભરી દેજે. પણ મારી એક વાત માન. તું મારી દુકાને આવતો જા. મારી દુકાનને તું તારી જ દુકાન સમજ. "

છોકરો ઘેર ગયો અને બધી હકીકત માતાને કહી. તેની માતા પ્રસન્ન થઈ અને વિચારવા લાગી કે, મારી પાસે બે હીરા છે. એક હીરો તો આ છે અને બીજો હીરો આ મારો પુત્ર છે. તો પછી મને કઇ વાતની ચિંતા છે? તે પતિના મિત્રને ત્યાંથી રૂપિયા મંગાવી ઘરનો ખર્ચ કાઢવા લાગી. અને પુત્રને કહ્યું કે, તારા પિતાના સ્થાને તારા પિતાના મિત્રને સમજ અને તેમની દુકાને જઈ બેસ.

છોકરો દુકાને જવા લાગ્યો, તે છોકરો હોશિયાર અને સંસ્કારી હતો. તે રત્નોની પારખ કરવા લાગ્યો. રત્નોની પારખ કરતાં કરતાં તે રત્નોનો એવો પરીક્ષક થઇ ગયો કે, એકવાર જે રત્નને કોઈ ઝવેરી પારખી ન શક્યા તે રત્નને તે પારખી ગયો. બધા ઝવેરીઓ તેના ઉપર બહુ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે, આજે આપણા બધાની આણે આબરૂ સાચવી છે. તે છોકરાના પિતાનો મિત્ર પણ બહુ પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો કે, પુત્ર! તારી હોશીયારીથી બધા લોકો બહુ પ્રસન્ન થયા છે અને તારી પ્રશંસા કરે છે.

પહેલાંના લોકો કૃતજ્ઞ હતા અને ગુણોનો આદર કરતા હતા. જ્યારથી કૃતજ્ઞતાને ઇર્ષ્યા-ભાવે કોતરી લીધી છે ત્યારથી ગુણોની કદર પણ રહી નથી.

પિતાના મિત્રની વાત સાંભળી તે છોકરાને પણ પ્રસન્નતા થઈ અને તેણે જવાબમાં કહ્યું કે, એ બધી આપની કૃપાનું જ પરિણામ છે. પિતાના મિત્રે કહ્યું કે, " તું હવે રત્નોનો પરીક્ષક બન્યો છો તો હવે જે હીરો તારા ઘરમાં છે તે હીરો કેવો છે તેની તો પરીક્ષા કર. મેં તો અનુમાનથી જ હીરો બહુ કીંમતી છે એમ કહ્યું હતું, પણ હવે તું પોતે હીરાનો પરીક્ષક થયો છે તો તું તેની પરીક્ષા તો કરી જો ! "

છોકરો ઘેર ગયો. તેણે પોતાની માતાને કહ્યું કે, મા, તે હીરો મને કાઢી આપ. માતાએ પૂછ્યું કે, શું કોઈ ગ્રાહક આવ્યો છે? પુત્રે ઉત્તર આપ્યો કે, માતાજી, કોઈ ગ્રાહક તો નથી આવ્યો પણ તે હીરો કેવો છે, કેટલી કીંમતનો છે તેની તો પરીક્ષા કરી જોઉં? માતાએ કહ્યું કે, હવે તો તું પોતે હીરાનો પરીક્ષક થયો છે ને? છોકરાએ જવાબ આપ્યો કે, એ પણ તારી કૃપાનું જ પરિણામ છે. તું મોહવશ મને દુકાને જવા ન દેત તો હું પરીક્ષક બની ન શકત.

માતાએ તે ખોટો હીરો પુત્રને આપ્યો. પુત્રે હીરાને હાથમાં લેતાં જ પારખી લીધું કે, આ હીરો નથી, આ તો કાચ છે. આ પ્રમાણે કહી તેણે તે હીરાને ફેંકી દીધો. માતા કહેવા લાગી, બેટા આ તેં શું કર્યું? આવો કીંમતી હીરો તેં શા માટે ફેંકી દીધો? પુત્રે જવાબ આપ્યો કે, તે હીરો નથી. તારા માટે તો હું હીરો છું. તે તો કાચ હતો. અત્યાર સુધી એ કાચને હીરો સમજી તેના આધારે આટલા દિવસો કાઢ્યા એ જ ઘણું છે!

છોકરો પહેલાં જેને હીરો સમજતો હતો તે જ હીરાને ઝવેરીની દુકાને બેસવાથી કાચ સમજવા લાગ્યો અને તે ખોટા હીરાને તેણે ફેંકી પણ દીધો. એટલા માટે તે પિતાના મિત્ર ઝવેરીની પ્રશંસા કરશે કે નિંદા ? તેના ગુણ ગાશે કે નિંદા કરશે ? આ ઝવેરીએ મને રત્નોની પરીક્ષા કરતાં શીખવ્યું એ વિચારથી તે ઝવેરીનો ઉપકાર જ માનશે કે મને આ ઝવેરીએ હીરાની પરીક્ષા શીખડાવી મોટી સંપત્તિ આપી છે. જે ખરા-ખોટાનું જ્ઞાન કરાવે છે, તેના જેવો બીજો કોઈ ઉપકારી નથી. દુઃખના દિવસો ચાલ્યા ગયા. એટલા માટે હવે એ ખોટા હીરાની જરૂર નથી. જો પહેલાં કોઈ આ હીરાને ખોટો કહેત તો તો દુઃખ થાત પણ હવે હીરાને ખોટો સમજીને ફેંકી દીધો છે તો પછી એમાં દુઃખ માનવાનું શું કારણ ?

જો કે, તે છોકરાએ ઝવેરીની દુકાને બેસવાથી અને રત્નોનો પરીક્ષક બનવાથી પોતાના ઘરની સંપત્તિ રૂપે માનવામાં આવતા હીરાને ફેંકી દીધો હતો, છતાં તેને દુઃખ થયું ન હતું. તેમ તે ઝવેરી ઉપર કોઈ પ્રકારની નારાજગી થઇ ન હતી, પરંતુ તે ઊલટો ઝવેરીને પોતાનો ઉપકારી માનતો હતો કે આ ઝવેરીએ જ મને સાચા-ખોટા હીરાની પારખ કરતાં શીખડાવ્યું છે.

પરમાત્માના વિષે ભક્તો પણ આમ જ માને છે. તેઓ કહે છે કે, " મારો આત્મા આજ અજ્ઞાનને કારણે ખોટાને ખરું અને ખરાને ખોટું માની રહ્યો હતો, પણ ભગવાન સંભવનાથની કૃપાથી મને સત્યાસત્યનું જ્ઞાન થયું છે એટલા માટે હવે અસત્યનો ત્યાગ કરવામાં વાર લાગશે નહિ, પરમાત્માએ મને સત્યાસત્યનું ભાન કરાવ્યું છે, એટલા માટે હું તેમના ગુણગાન કરીશ.

તૃણ પર જે ષટ ખંડ ઋદ્ધિ ત્યાગી, ચક્રવર્તી પિણ વરિયો;
તે ચારિત્ર આલે સુખ કારણ, તે મેં મનમાં ધરિયોરે. ભવિજન.

સત્યાસત્યનું સ્વરૂપ જાણવાને કારણે જ છ ખંડની ઋદ્ધિનો તૃણની માફક ત્યાગ કર્યો છતાં પણ દુઃખ ન થયું. આવો ત્યાગ પણ સત્યાસત્યનું જ્ઞાન થવાથી જ થયો હતો અથવા થાય છે. જો તમે ઘરબાર છોડી ન શકો તો ભલે પણ સત્યાસત્યનું તો તમે જ્ઞાન કરો. એ વિવેકજ્ઞાનથી જડ અને ચૈતન્યની પૃથક્તાનું ભાન થશે. આ પ્રમાણે વિવેકજ્ઞાન પેદા થવાથી સંસારનાં પદાર્થો ત્યાજ્ય છે એનું તો તમને ભાન થશે.

જે સત્યાસત્યનો વિવેક કરી સંસારનાં પદાર્થોને ત્યાજ્ય માને છે તે જ સમદૃષ્ટિ છે. સમદૃષ્ટિ એમ વિચારે છે કે, અત્યાર સુધી તો હું જાણતો ન હતો, પણ હવે હું એ જાણી શક્યો છું કે, કામ, ક્રોધાદિ વિકારો ત્યાજ્ય છે. આ પ્રમાણે વિચાર કરી તેઓ કહે છે કે, " હે ! પ્રભુ ! આ વિકારો અભિમાનને વધારનારાં છે અને અજ્ઞાનતા એ અભિમાનનું કારણ છે. હવે તારી કૃપાથી વિચારો ત્યાજ્ય છે એવું મને જ્ઞાન થયું છે. આપનો મારી ઉપર બહુ ઉપકાર છે અને એ કારણે આજે હું તારાં ગુણગાન કરીશ. "

જે પ્રમાણે તે છોકરો ખરા-ખોટા હીરાની પારખ શીખડાવવાને કારણે પિતાના મિત્ર ઝવેરીનો ઉપકાર માને છે તે જ પ્રમાણે ભક્તો પણ પરમાત્માનો ઉપકાર માને છે અને અસત્યનો ત્યાગ કરવા ચાહે છે. ભક્તોની માફક તમે પણ ખોટાં પદાર્થોનો ત્યાગ કરો અને જો ત્યાગ કરી ન શકો તો એમ માનો કે, હજી હું પરમાત્માનો પૂર્ણ ભક્ત બન્યો નથી અને હજી સુધી સંસારનાં પદાર્થોનું સ્વરૂપ હું બરાબર સમજ્યો નથી.

## અનાથી મુનિનો અધિકાર—૪૧

હવે આ જ વાત હું શાસ્ત્રદ્વારા કહું છું. અનાથી મુનિ ઝવેરીની સમાન છે અને રાજા શ્રેણિક ઝવેરીના પુત્ર સમાન છે. શ્રેણિક રાજામાં જ્યાંસુધી અજ્ઞાન હતું ત્યાંસુધી તો તે મુનિને એમ કહેતા હતા કે, "તમે સંયમમાં કષ્ટો શા માટે સહો છો ? મારી સાથે ચાલો અને ભોગોનો ઉપભોગ કરો." રાજાના આમ કહેવા છતાં પણ અનાથી મુનિને કોઈ પ્રકારનો ક્રોધ ન આવ્યો પણ તેમણે એમ જ કહ્યું કે, "એમાં તારો દોષ નથી, એ તો તારી અજ્ઞાનતાનો જ દોષ છે. તું જરા અમારી સંગતિ કરે તો તને જણાશે કે, તું મારો નાથ બની શકે છે કે નહિ ?" જે પ્રમાણે તે ઝવેરી મિત્રે છોકરાને પોતાની દુકાને બેસાડી રત્નોનો પરીક્ષક બનાવી દીધો તે જ પ્રમાણે અનાથી મુનિએ પણ રાજાને પોતાની સ્થિતિ કહી સંભળાવી એ બતાવી આપ્યું કે, તું સનાથ છે કે અનાથ છે તેની પરીક્ષા તું પોતે જ કરી લે.

અનાથી મુનિએ રાજાને કહ્યું કે, સનાથતા કે અનાથતા કાંઈ બહારથી આવતી નથી; પણ એ તો પોતાના આત્મા દ્વારા જ આવે છે. જો આત્મા સનાથ બનવા ચાહે તો સનાથતા મેળવી શકે છે અને અનાથ બનવા ચાહે તો અનાથતા મેળવી શકે છે.

તમારા લોકોની પાસે ભલે રાજા શ્રેણિક જેટલી બાહ્ય સંપત્તિ ન હોય પણ આત્મા તો છે ને? તો પછી આત્માને અનાથ શા માટે બનાવો છો ?

અનાથી મુનિએ પોતાની સ્થિતિ સંભળાવી જે તત્ત્વો રાજાને બતાવ્યાં એ તત્ત્વોમાં બધાં તત્ત્વોનો સંગ્રહ છે. તેઓ કહે છે કે, "હે ! રાજન્ ! સંસારમાં સુખ અને દુઃખ એ બે સ્થિતિ છે." આ પ્રમાણે કહી તેમણે સુખ અને દુઃખની જે પરાકાષ્ઠા માનવામાં આવે છે તેનો સમુચ્ચયરૂપે નિર્દેશ કર્યો છે અને શેષને ગૌણ રૂપે નિર્દેશ કર્યો છે. જે પ્રમાણે બધાં પદાર્થોમાં ચિન્તામણિનો નંબર ઊંચો માનવામાં આવે છે અને ચિન્તામણિ કહેવાથી તેમાં બધાં પદાર્થોનો સમાવેશ થઈ જાય છે; તે જ પ્રમાણે સુખ કે દુઃખમાં જે સુખ દુઃખનો નંબર સૌથી ઊંચો માનવામાં આવે છે તેને પ્રધાનરૂપે ગ્રહણ કરી શેષ સુખ દુઃખને ગૌણ કરી દેવામાં આવે છે. કોઈ વાતના આદિ-અન્તને સમજવાથી આખી વાત સમજવામાં આવી જાય છે; તે જ પ્રમાણે મુનિએ પણ સુખ કે દુઃખમાં જે પ્રધાન રૂપે ગણવામાં આવે છે તે પ્રધાન વસ્તુમાં સુખદુઃખનો સમાવેશ કરી લીધો છે.

દુઃખની અંતિમ સીમા રૂપે વૈતરણી નદી કે કૂટશાલ્મલી વૃક્ષ માનવામાં આવે છે. દુઃખનાં આ બે જ મુખ્ય છેડાં છે. આ જ પ્રમાણે સુખનાં કામધેનુ અને નંદનવન એ બે મુખ્ય છેડાં છે. કામધેનુનો અર્થ ઇચ્છાનુસાર કામ થવું અને નંદનવનનો અર્થ મનને આલ્હાદ મળવો એ છે. પ્રાચીન ગ્રન્થોમાં નંદનવન અને કામધેનુની વાતો ઘણી વર્ણવવામાં આવી છે. જો કે, કોઈએ કામધેનુ ગાય કે નંદનવનને જોયાં નહિ હોય પણ દુનિયામાં એ બન્નેની વાતો બહુ પ્રચલિત છે. નંદનવન કે નંદનચૈત્યને મનના આલ્હાદનું કારણ માનવામાં આવ્યું છે. ચૈત્ય શબ્દનો અર્થ એ છે કેઃ—

**सुप्रसन्नमनहेतुत्वादिति चैत्य ।**

અર્થાત્—જે મનને આલ્હાદિત કરે તે ચૈત્ય છે, પછી ભલે તે બાગ હોય કે બીજું કાંઈ હોય. આ પ્રમાણે મુનિએ સુખ અને દુઃખમાં પ્રધાન મનાતી વસ્તુઓ કહી શેષ ગૌણરૂપે કહી છે.

મુનિ કહે છે કે, "હે ! રાજન્ ! કામધેનુ, નંદનવન, વૈતરણી નદી કે કૂટશાલ્મલી વૃક્ષ વગેરે બીજું કોઈ નથી, આ મારો આત્મા જ છે. સ્વર્ગ કે મોક્ષની ઇચ્છાને પૂરી કરનાર મારો આત્મા જ છે. આ જ પ્રમાણે પ્રસન્નતા આપનાર નંદનવન પણ મારો આત્મા જ છે."

જો તમને એમ કહેવામાં આવે કે, તમે જે ઘરબાર, ઋદ્ધિસિદ્ધિ તથા ગામ–નગર વગેરેને જોઈ રહ્યા છો તે બીજું કાંઈ નથી, એ તો તમારો આત્મા જ છે; તો તમે એમ કહેશો કે અમારો આત્મા એ છે એ કેવી રીતે બની શકે ? પણ શું તમે એ જાણતા નથી કે, જ્યારે શરીરમાંથી આત્મા નીકળી જાય છે ત્યારે ઘરબાર, ઋદ્ધિસિદ્ધિ, ગામ નગર વગેરે કાંઈ આત્મા માટે રહેતું નથી. જ્યાંસુધી આત્મા છે ત્યાંસુધી જ તે બધું છે. એટલા માટે એમ કહેવામાં આવે કે, આત્મા જ ગામ–નગર, ઘરબાર, ઋદ્ધિસિદ્ધિ વગેરે છે તો એમાં શું ખોટું છે ?

આ સિવાય, પાડોશીની સંપદા ઉપર તમે અધિકાર જમાવી શકતા નથી. જે પોતાની પેદા કરેલી સંપત્તિ હોય છે તેને જ પોતાની સંપત્તિ માનો છો. જ્યારે પોતાની પેદા કરેલી સંપત્તિને જ પોતાની માનો છો તો પછી પેદા કરનાર કોણ રહ્યો ? આત્મા જ રહ્યો ને ? સારી કે ખરાબ દરેક પ્રકારની ચીજોને આત્માએ જ પેદા કરેલ છે. એટલા માટે આ બધી સંપદા આત્માથી જ છે એમ થયું ને ? કારણ કે જો આત્મા ન હોત તો આ સંપદા ન હોત !

જે આત્મા આવો છે તે ચાલ્યા ગયા બાદ શું રોવાથી પાછો લાવી શકાય છે ! જો રોવા–કૂટવાથી તે આત્મા પાછો લાવી શકાતો નથી તો પછી રોવા–કૂટવાની પ્રથાને શા માટે મહત્ત્વ આપવામાં આવે છે ? શું આ ખોટી પ્રથા બંધ થઈ ન શકે ? જો આ પ્રથા બંધ થઈ શકે એમ છે તો પછી એને બંધ કરવાના વિચારમાં ક્યાંસુધી વિલંબ થયા કરશે ? જ્યારે તમે જાણો છો કે, આત્મા અમર છે તો પછી એ આત્મા માટે રોવું–કૂટવું એ શું ઉચિત છે અને રોવા–કૂટવાથી ધર્મને નીચો પાડવો શું ઠીક છે ! જો હૃદયથી રોવું આવતું હોય તો એ રુદનને રોકી શકાતું નથી પણ કેવળ પ્રથારૂપે રોવું–કૂટવું કે છાજીયાં લેવાં એ તો બિલકુલ ત્યાજ્ય જ છે. અને એ ત્યાજ્ય વસ્તુ હોવાથી તેનો ત્યાગ કરવો જોઈએ.

## સુદર્શન ચરિત્ર—૪૧

**સત્ય ધર્મકા મર્મ જાન કે, રહ્યા મૌન કો ધાર;**
**હાર ખાય જન મનોરમા કો, કહા સભી નિરધાર. ॥ ધન૦ ૯૧ ॥**

પ્રજાના પ્રતિનિધિઓ કહેવા લાગ્યા કે, 'આપ બોલતા કેમ નથી ! આપના મૌનસેવનથી ધર્મ ઉપર નિંદા થશે ?' શેઠને સમજાવનારા તો આમ કહે છે પણ શેઠ એમ વિચારે છે કે, આ લોકો તો બહાર જ જુએ છે પણ અત્યારે મારું કર્તવ્ય શું છે એ વાત તો મારે મારા આત્માને જ પૂછવી જોઈએ. આત્માના અવાજને દબાવી રાખવો ન જોઈએ."

શેઠનું આ કાર્ય અલૌકિક અને માનવીશક્તિથી પરનું છે. વ્રતની જે મર્યાદા રાખવામાં આવી છે તે માનવી શક્તિને દૃષ્ટિમાં રાખીને જ કરવામાં આવી છે; પણ શેઠ માનવી શક્તિથી પરનું કાર્ય કરી રહ્યા છે. શેઠ ધર્મનો મર્મ જાણે છે. સત્યધર્મનો મર્મ શું છે તે બરાબર જાણે છે. એટલા માટે તે સત્ય વ્રત લેવાનો ઉદ્દેશ શું છે તે વિષે વિચાર કરે છે. "આ લોકો તો સત્યવ્રતના ઉદ્દેશને જાણતા નથી પણ હું તો જાણું છું ને ? એટલા માટે

હું સત્યવ્રતનો ઉદ્દેશ જાણવા છતાં તેની વિરુદ્ધ કેમ જઈ શકું અને બોલી શકું ? જેને મેં માતા તરીકે સંબોધી છે તેને કષ્ટમાં શી રીતે પાડી શકું ? એટલા માટે મારા ઉપર ભલે ગમે તેટલાં કષ્ટો પડે પણ હું માતાને તો કષ્ટમાં પાડવા નહિ દઉં ?"

સુદર્શનના આ કાર્યનું નામ જ વ્યક્તિસ્વાતંત્ર્ય છે. વ્યક્તિસ્વાતંત્ર્યને મહત્ત્વ આપનાર વ્યક્તિ, અનાથી મુનિની માફક સ્વતંત્ર બની શકે છે. વ્યક્તિસ્વાતંત્ર્યનું નામ આપવું અને સ્વચ્છંદ બનવું એ તદ્દન અનુચિત છે.

'જેને મેં એકવાર માતા તરીકે સ્વીકારેલ છે એને હું કષ્ટમાં ઉતારું એ કેમ બની શકે !' આ પ્રમાણે વિચાર કરી સુદર્શન મૌન રહ્યો.

ભારતમાં સત્યના તત્ત્વ ઉપર લોકો કેવી રીતે દઢ રહ્યા છે અને રહે છે એનો ઇતિહાસ ઘણો જ ઉજ્જ્વલ છે. હરિશ્ચંદ્ર રાજાની રાણી પોતાના મરેલા પુત્રને ખોળામાં લઈ રોતી હતી, છતાં રાજાએ તો એમ જ કહ્યું કે, 'કર આપો તો જ પુત્રનો અગ્નિસંસ્કાર કરી શકશો ?' રાણીએ કહ્યું કે, "તમે કર કોની પાસે માગો છો ? શું હું તમારી પત્ની નથી ? શું તમારો વિવાહ મારી સાથે થયો નથી ? શું આ પુત્ર તમારો નથી ? અને શું આ પુત્રનો દાહસંસ્કાર કરવાનો ભાર તમારી ઉપર નથી ? છે તો પછી મારી પાસે કર શા માટે માંગો છો ?"

રાણીનું આ કથન સાંભળી રાજાએ પુત્રનો અગ્નિસંસ્કાર શું કરી આપવો જોઈએ ?

ઘણા લોકો એમ કહે છે કે, મેં અમુક કામ દબાણમાં આવી કરી નાંખ્યું પણ જે લોકો વીર હોય છે તેઓ કોઈનું દબાણ થાય તો પણ સત્ય વાતને છોડી દેતા નથી.

હરિશ્ચંદ્ર રાજાએ પણ પોતાની રાણીને કહ્યું કે; "રાણી ! તમે જે કાંઈ કહો છો તે ઠીક છે પણ પહેલાં તમે એ વિચાર કરો કે, આપણે શા કારણે વેચાયાં છીએ, શા કારણે હું દાસ અને તમે દાસી બન્યા છીએ ? અને શા કારણે આ મૃત પુત્રને લઈ તમો પોતે અહીં આવ્યા છો ? આ બધું સત્યને માટે જ થયું છે ને ? તો પછી આજે એક પૈસા માટે સત્યનો ત્યાગ કરું અને કર લીધા વિના આ પુત્રને બાળવા દઉં એ શું ઉચિત છે ? થોડા કામને માટે સત્યનો ત્યાગ કેમ થઈ શકે ?"

સત્યનું આવું જ્વલંત ઉદાહરણ બીજે ક્યાં મળે એમ છે ? ભારતમાં આવી કપરી સ્થિતિમાં પણ સત્યનું પાલન કરવું આવશ્યક બતાવવામાં આવ્યું છે. હવે તમારે શું કરવું જોઈએ તેનો તમે પોતે વિચાર કરો. એમ થવું ન જોઈએ કે, તમે અહીં તો હાથ જોડી વ્રતપ્રત્યાખ્યાન લઈ લો અને ઘેર જઈને એ વ્રતપ્રત્યાખ્યાનને ભૂલી જાઓ. આજે ઘણી જગ્યાએ આવું જ બને છે, અને તેથી જ અમે બધાની સાક્ષીએ વ્રતપ્રત્યાખ્યાન આપીએ છીએ. વ્રત લેવામાં સંઘની સાક્ષીની જરૂર રહે છે. કેટલાક લોકો કહે છે કે, પ્રતિજ્ઞા લેવાથી શો લાભ ? પણ આમ કહેવું એ ભૂલ છે. પ્રતિજ્ઞાને લીધે જ સંસાર ટકી રહ્યો છે. પ્રતિજ્ઞા લેવાથી દઢતા આવે છે, એટલા માટે પ્રતિજ્ઞા અવશ્ય લેવી જોઈએ; એવો ભગવાન મહાવીરનો સિદ્ધાન્ત છે. વ્યવહારમાં પણ પ્રતિજ્ઞાનું કેવું મહત્ત્વ છે તે જુઓ. કેટલાક લોકો કહેવા લાગે છે કે, અમુક વાતમાં મારું મન તો પૂરું હતું પણ પ્રતિજ્ઞા ન લેવાથી એમ બની ન શક્યું. અર્થાત્ પ્રતિજ્ઞા ન લેવાથી કરવા ધારેલું કામ કરી શકાયું નહિ. મારી પોતાની જ વાત કહું. જ્યારે હું ઉપવાસની પ્રતિજ્ઞા લઈ લઉં છું ત્યારે તો ઉપવાસ કરું જ છું; પણ જ્યારે ઉપવાસનું મન તો હોય પણ પ્રતિજ્ઞા લીધી હોતી નથી, ત્યારે જંગલમાંથી આવ્યા

બાદ શરીરમાં અશક્તિ જણાતાં એમ વિચાર કરું છું કે, દૂધ નહિ લઉં તો ઠીક નહિ રહે. આ પ્રમાણે પ્રતિજ્ઞા ન લેવાને કારણે ઉપવાસ કરવામાં શિથિલતા આવી જાય છે. જ્યારે મારા વિષે આમ બને છે તો બીજાને પણ આમ બનતું હોય એમાં શું આશ્ચર્ય ?

શેઠ પણ પોતાની સત્યની પ્રતિજ્ઞાનો વિચાર કરી મૌન રહ્યા. સમજાવવા આવનાર પ્રજાના પ્રતિનિધિ લોકો નારાજ થઈને સુદર્શનને કહેવા લાગ્યા કે, 'આ તે વળી કેવી હઠ ? કાંઈ બોલવું જ નહિ. રાજા ઠીક કહેતા હતા.' આ પ્રમાણે પ્રતિનિધિ લોકો નારાજ થવા લાગ્યા પણ મેઘની ગર્જના સાંભળી જેમ પપૈયો પ્રસન્ન થાય તેમ શેઠ પણ લોકોની નારાજીથી ભયભીત ન થતાં ઊલટા પ્રસન્ન થવા લાગ્યા. લોકો શેઠથી નારાજ થઈને રાજાની પાસે ગયા.

**ઝૂઠા મૂક્કા બેન જગતમેં, યહ સચ્ચા લો જાન;**
**વિધ વિધ સે મૈં પૂછા શેઠકો, ઉખલત નહીં જબાન. ॥ ધન૦ ૯૨ ॥**
**ચાર જ્ઞાન ચૌદહ પૂરવધર, મોહ ઉદય ગિર જાય;**
**શેઠ બિચારા કૌન ગિનતમેં, યોં લો મન સમજાય. ॥ ધન૦ ૯૩ ॥**

પ્રજાના પ્રતિનિધિ લોકો રાજા પાસે ગયા અને કહેવા લાગ્યા કે, "હે ! મહારાજા ! અમારો અપરાધ ક્ષમા કરો. અમે આપના કથન ઉપર વિશ્વાસ રાખ્યો નહિ, અને અમે શેઠને સમજાવવા ગયા. આ અમારો અપરાધ છે. અમે એમ વિચાર્યું કે, કોઈ કારણ હશે એટલે શેઠ કાંઈ બોલ્યા નહિ હોય ! પણ હવે અમને જણાયું કે, આપ દયાળુ, કૃપાળુ અને માતાપિતાની માફક રક્ષક છો એટલે શેઠની જેટલી ચિંતા તમને હોય તેટલી અમને ન હોય ! અમે બહુ ઉતાવળ કરી અને ઉતાવળમાં શેઠને પૂછવા ચાલ્યા ગયા. આ અમારો અપરાધ છે. અમે આ અપરાધ કર્યો છતાં તેનું કાંઈ સુંદર પરિણામ ન આવ્યું. અમે ઘણો પ્રયત્ન કર્યો પણ શેઠ કાંઈ બોલ્યા જ નહિ. !"

પ્રજાના પ્રતિનિધિઓમાંથી એક પ્રતિનિધિએ આમ કહ્યું, ત્યાં બીજા પ્રતિનિધિએ કહ્યું કે, "શેઠ બોલે પણ શું ? સંસારમાં એ વાત તો પ્રસિદ્ધ જ છે કે, જૂઠો માણસ કાંઈ બોલી શકતો નથી. આ સિવાય અમે ગુરુના મુખે સાંભળ્યું છે કે, ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વધારી મહાત્માઓ પણ પડી જાય છે તો પછી બિચારા શેઠ તો ગણત્રીમાં જ શું છે!"

રાજાએ પ્રજાના પ્રતિનિધિઓને પૂછ્યું કે, "તમારી હવે સલાહ શું છે ?" પ્રતિનિધિઓએ જવાબ આપ્યો કે, "આપની સલાહમાં અમે સહમત છીએ. જો કે, શેઠને શૂળીએ ચઢાવવાથી નગરને હાનિ અવશ્ય પહોંચશે, પણ આવો માણસ રહે તો પણ શા કામનો ? તે તો ખરાબ માણસ છે."

રાજા વિચારવા લાગ્યો કે, "શેઠને હું હલકી સજા પણ આપી શકું પણ રાણીએ એવી પ્રતિજ્ઞા કરી છે કે, કાં તો શેઠ જીવતો રહે અને કાં તો હું જીવતી રહું. આ પ્રતિજ્ઞાના કારણે તથા નાગરિકોની દૃષ્ટિએ પણ સુદર્શન અપરાધી છે. એ કારણે શેઠને શૂળીએ ચડાવવાની જ સજા આપવી જોઈએ."

આ પ્રમાણે વિચાર કરી રાજાએ શેઠને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. હવે શેઠને શૂળીએ કેવી રીતે ચડાવવામાં આવે છે અને ત્યારે શું થાય છે તે વિષે હવે પછી આગળ વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૪ શનિવાર

### પ્રાર્થના

**શ્રી અભિનંદન દુઃખનિકન્દન, વંદન પૂજન જોગજી;**
**આશા પૂરો ચિંતા ચૂરો, આપો સુખ આરોગજી.**
**'સંબર' રાય 'સિદ્ધારથ' રાણી, તેહનો આતમજાતજી;**
**પ્રાણ પિયારો સાહબ સાચો, તુહી જ માત ને તાતજી. શ્રી અભિનંદન૦ ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી.

**શ્રી** અભિનન્દન ભગવાનની પ્રાર્થના કરવામાં આવી છે.

પ્રાર્થી પુરુષ જ્યારે પરમાત્માની પ્રાર્થનામાં પોતાના આત્માને ઓતપ્રોત કરી દે છે ત્યારે તેના હૃદયમાં વિચિત્ર ચમત્કાર પેદા થાય છે. એ ચમત્કારનો અનુભવ સાચી પ્રાર્થના કરનારને જ થઈ શકે છે. બાકીના લોકો તો તમાશાની માફક જોનારા જ હોય છે. જે પ્રમાણે ખેલ કે નાટકમાં ખેલ કરનારાઓ તો પોતાના ભાવ અને ક્રિયા પ્રમાણે ખેલનું કામ કરે છે, અને બાકીના લોકો તો ખેલ જોનારા જ હોય છે; એ જ પ્રમાણે પ્રાર્થનામાં કેવો ચમત્કાર રહેલો છે એ તો પ્રાર્થના કરનાર જ જાણી શકે છે, બાકીના લોકો જાણી શકતા નથી. વાસ્તવમાં પ્રાર્થનાનો વિષય જ કઠિન છે. શાસ્ત્રમાં લવણ સમુદ્રનો હિસાબ બતાવતાં કહ્યું છે કે, લવણ સમુદ્રમાં ૯૫ અંગુલ દૂર જતાં એક અંગુલ ઉંડું પાણી આવે છે. ૯૫ હાથ દૂર જતાં એક હાથ ઉંડું પાણી આવે છે, અને ૯૫ ગાઉ દૂર જતાં એક ગાઉ ઉંડું પાણી આવે છે. આ પ્રમાણે જેમ જેમ આગળ જવામાં આવે છે, તેમ તેમ ઉંડું પાણી આવે છે. આ જ વાત જ્ઞાનને વિષે પણ લાગુ પડે છે. જ્યાંસુધી આત્મા પૂર્ણ નથી, અપૂર્ણ છે ત્યાંસુધી તે જ્ઞાનસાગરમાં જેમ જેમ પ્રવેશ કરે છે, તેમ તેમ જ્ઞાનનો સાગર ઉત્તરોત્તર ઉંડો જણાય છે. એટલા માટે જ્ઞાનસમુદ્રમાં કેવી રીતે જવું એ એક પ્રશ્ન છે. આનો ઉપાય તો પરમાત્માના શરણે જવું એ જ છે. એટલા માટે ભક્ત લોકો કહે છે કે:—

જબ લગ આવાગમન ન છૂટે, તબ લગ યહ અરદાસજી;
સમકિત સહિત જ્ઞાન ગુન સમકિત, પાઉં દૃઢ વિશ્વાસજી.

ભક્તો કહે છે કે, હે! પ્રભો! જ્યાંસુધી હું અપૂર્ણ છું ત્યાંસુધી મને તારા ચરણ નૌકાનો આધાર મળવો જોઈએ. ભક્ત લોકો આ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના કરે છે, અને જે અનન્ય ભાવે પરમાત્માની સાચી પ્રાર્થના કરે છે તેને પરમાત્માની ચરણનૌકા અવશ્ય મળે છે.

કોઈ માણસ બે હાથ વડે સમુદ્રને તરી રહ્યો હોય તો તેને કેટલી બધી મુશ્કેલી પડે? પણ જો તેને તે વખતે નૌકા મળી જાય તો તે જ દુસ્તર સમુદ્ર તેને માટે ક્રીડાસ્થળ બની જાય. આ જ પ્રમાણે ભક્તો કહે છે કે, "હે! પ્રભો! અમને તારી ચરણનૌકા મળી જાય તો સંસાર પણ અમારા માટે ક્રીડાસ્થળ બની જાય." પરમાત્માના ચરણ શરણે જવા માટે આપણી ગતિ તે તરફ જ હોવી જોઈએ, અને તે માટે આપણે બધાએ પરમાત્માની પ્રાર્થના એક ભાવનાએ એવી કરવી જોઈએ કે:—

શ્રી અભિનંદન દુઃખનિકન્દન, વંદન પૂજન જોગજી;
આશા પૂરો ને ચિન્તા ચૂરો, આપો સુખ આરોગજી.

આ પ્રાર્થનામાં પરમાત્મા દુઃખનિકન્દન છે એમ કહેવામાં આવ્યું છે પણ અત્રે પ્રશ્ન એ થાય છે કે, "પરમાત્મા તો વીતરાગ છે તો પછી દુઃખનિકંદન કેવી રીતે છે? વળી જો તેઓ આશા પૂરી કરે છે તો પછી સંસારમાં કોઈ ધનને માટે, કોઈ સ્ત્રીને માટે, કોઈ પુત્રને માટે ઝૂરી રહ્યાં છે તો પરમાત્મા તેમની આશા પૂરી કરી તેમના દુઃખને શા માટે મટાડતા નથી! જો પરમાત્મા આશા પૂરી કરે તો તો દુઃખનિકંદન છે, નહિ તો તેઓ દુઃખનિકંદન કેમ કહેવાય!"

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પ્રત્યેક વસ્તુને ઉપાદાન અને નિમિત્ત એ બે અંગોદ્વારા તપાસવી જોઈએ. જે સાચા ભક્ત છે તે લોકો નિમિત્તને બહુ ઊંચી દૃષ્ટિએ જુએ છે અને નિમિત્તને બહુ મહત્ત્વ આપે છે. જેમકે લેખકો કલમ ખડીયાને કેટલો બધો આદર કરે છે! તેઓ ખડીયા કલમની અવજ્ઞા નહિ પણ પૂજા કરે છે. જે નિમિત્તદ્વારા પોતાની આજીવિકા ચાલે છે તે જીવનવ્યવહારમાં પણ આધારભૂત મનાય છે. કોઈ વ્યાપારીના હજાર રૂપિયા ચાલ્યા જાય તો તેને એટલું બધું દુઃખ નહિ થાય, જેટલું દુઃખ તેની ખાતાવહી ગુમ થવાથી કે બળી જવાથી થશે. ખાતાવહી જો કે કાગળની બનાવેલી સામાન્ય વસ્તુ છે પણ તે ખાતાવહી વ્યાપારીની આજીવિકાનું નિમિત્ત હોવાથી તે ખાતાવહીને તે વધારે કીંમતી માને છે.

વ્યવહારના આ ઉદાહરણ પ્રમાણે ભક્ત લોકો પણ કહે છે કે, "હે! પ્રભો! મને જે કાંઈ પ્રાપ્ત થયું છે, મને જે ગુણોની પ્રાપ્તિ થઈ છે અને મને જે સુખો મળ્યાં છે એ બધાં તારી કૃપાને લીધે મળ્યાં છે. એ બધો તારો જ પ્રતાપ છે."

પરમાત્માનો પ્રતાપ કેટલો બધો છે તે વિષે જેટલું કહેવા ચાહિએ તેટલું કહી શકાય, પણ એ વાત હું થોડામાં જ સમજાવું છું. "સાતા વેદનીયનો બંધ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વ આદિ ઉપર અનુકંપા રાખવાથી થાય છે." ભક્તો કહે છે કે, "હે! પ્રભો! સાતાવેદનીયનો મૂળ આધાર પણ તમે જ છો. મારામાં જે અનુકંપા પેદા થઈ છે તે આપની કૃપાથી જ પેદા થઈ છે. આપના પ્રતાપથી જ મારામાં એ બધાં સદ્‌ગુણો આવ્યાં છે."

સૂર્ય ઉદીયમાન થાય છે ત્યારે તે કોઈને હાથ પકડી કામે લગાવતો નથી, છતાં સૂર્યદ્વારા કામ કરવામાં કેટલી બધી સહાયતા મળે છે? અને જો સૂર્યનો ઉદય ન થાય તો કેટલી બધી મુશ્કેલી પડે? સૂર્યોદયથી જ બધી પ્રવૃત્તિઓ ચાલે છે. આ જ પ્રમાણે પરમાત્મા કોઈનો હાથ પકડી કાંઈ કરાવતા નથી, પરંતુ જે કાંઈ પણ થાય છે તે તેની કૃપાથી જ થાય છે, અને એ જ કારણે ભક્તો કહે છે કે, "હે! પ્રભો! મારામાં જે સદ્‌ગુણો છે તે તારી કૃપાથી જ પ્રાપ્ત થયાં છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખ એ ત્રિવિધ દુઃખ તારી કૃપાથી જ મટે છે. આ પ્રમાણે સૂર્ય જે પ્રમાણે સહાયક છે તે પ્રમાણે પરમાત્મા પણ સહાયક છે અને એટલા જ માટે ભક્તો એમના વિષે કહે છે કેઃ—

'આશા પૂરો ને ચિન્તા ચૂરો, આપો સુખ આરોગજી.'

પરમાત્માના શરણે જવાનો સાચો માર્ગ શું છે તે અનાથી મુનિ બતાવે છે. કોઈ માણસ પરમાત્માનું નામ મોઢેથી લે પણ પરમાત્માને હૃદયમાં સ્થાન આપે નહિ તો તે

પરમાત્માના શરણે ગયો છે એમ કહી શકાય નહિ. લોકો પરમાત્માનું નામ તો મોઢેથી લે છે પણ તેમને હૃદયમાં વસાવતા નથી એ તેમની ભૂલ છે. આ ભૂલને દૂર કરવા માટે જ અનાથી મુનિ ઉપદેશ આપે છે. અનાથી મુનિએ જે ઉપદેશ આપ્યો તે કાલે કહ્યો હતો અને આજે ફરી કહું છું:—

## અનાથી મુનિનો અધિકાર—૪૨

ભગવાન અનાથી મુનિ કહે છે કે, નિશ્ચયમાં આત્મા જ વૈતરણી નદી, કૂટશાલ્મલી વૃક્ષ, કામધેનુ કે નંદનવનની સમાન છે;બીજો કોઈ નથી. આત્મા જ આત્માને વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષની માફક દુઃખ આપે છે અને આત્મા જ આત્માને કામધેનુ કે નંદનવનની સમાન સુખ આપે છે.

આત્મા જ આત્માને સુખ કે દુઃખ આપે છે તેનું શું કારણ? એના માટે અનાથી મુનિ કહે છે કે, "આત્મા કર્ત્તા છે. આ આત્મા પોતે જ સુખ દુઃખનો કર્ત્તા છે એટલા માટે સુખ કે દુઃખરૂપ આ આત્મા જ છે, બીજું કોઈ નથી."

અહીં હું થોડી દાર્શનીક ચર્ચા કરું છું. કોઈ તો કાલને કર્ત્તા માને છે, કોઈ સ્વભાવને કર્ત્તા માને છે, કોઈ એમ કહે છે કે જે કાંઈ થાય છે તે ઈશ્વરના કરવાથી જ બને છે માટે ઈશ્વર જ કર્ત્તા છે, કોઇ જે કાંઈ થાય છે તે પુરુષાર્થથી જ થાય છે એમ કહે છે અને કોઈ પૂર્વકર્માનુસાર જ થાય છે એમ કહે છે. આ પ્રમાણે પાંચ પ્રકારના લોકો, પાંચ પ્રકારની વાતો કરે છે અને એક બીજાને ખોટા કહે છે; પણ જૈન દર્શન એ પાંચેય જણાની વાતોને માન્ય કરે છે અને કહે છે કે, કેવળ એક એક વાત પકડી ન રાખો પણ એ પાંચેય વાતોને દરેક દૃષ્ટિએ તપાસો. કાલ, સ્વભાવ, ઈશ્વર, પુરુષાર્થ અને પૂર્વ કર્મની પણ જરૂર રહે છે પણ આ બધાંય હોવા છતાં કર્ત્તા કોણ છે એને જુઓ. જે મૂળ કર્ત્તા છે એને ભૂલી ન જાઓ.

જો કાલને જ કર્ત્તા માનવામાં આવે તો વાંધો આવે છે. માનો કે, અત્યારે વર્ષાકાલ છે એટલે વર્ષાને લીધે અન્ન પેદા થઈ શકે છે. પણ જો ખેડુત અન્ન વાવે જ નહિ તો વર્ષાકાલ શું કરે? કાલ તો જડ છે. કાલની આવશ્યકતા અવશ્ય છે પણ તે મૂળ કર્ત્તાની સાથે. જેમકે સૂર્ય વિના કામ ચાલી શકતું નથી પણ સૂર્યોદય થવા છતાં કોઈ માણસ સૂતો રહે તો સૂર્ય શું કરે? આ જ પ્રમાણે કાલ તો છે પણ મૂળ કર્ત્તા ન હોય તો કાર્ય કેવી રીતે થાય! એટલા માટે વસ્તુનાં દરેક અંગોને તપાસો. વસ્તુના કેવળ એક જ અંગને પકડી ન રાખો.

જે પ્રમાણે કાલની આવશ્યકતા છે તે જ પ્રમાણે સ્વભાવની પણ આવશ્યકતા છે. માનો કે, વર્ષાકાલ પણ હોય અને ખેડુતે બાજરો કે ઘઉં વાવ્યાં પણ હોય પણ જો બાજરો કે ઘઉંમાં પેદા થવાનો સ્વભાવ જ ન હોય તો કાલ અને કર્ત્તા શું કરી શકે? આ જ પ્રમાણે સ્વભાવ અને કાલ ન હોય તો પણ કાંઈ થઈ ન શકે અને એ બન્ને હોય અને જો કર્ત્તા ન હોય તો પણ કાંઈ થઈ શકે નહિ. એટલા માટે કેવલ કાલ કે સ્વભાવને જ કર્ત્તા માની બેસવા એ કેવળ કદાગ્રહ છે. કાલ, સ્વભાવ, પુરુષાર્થ વગેરે બધાની આવશ્યકતા રહે છે તો પછી દાર્શનિક કલહથી શો લાભ?

જૈનદર્શને આ દાર્શનિક તકરારને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. જૈનદર્શન કહે છે કે, એ બધાની જરૂર છે. આ પ્રમાણે જૈનધર્મ બધાની લડાઈને શાંત કરે છે: જૈનદર્શન કહે છે કે, પ્રત્યેક વસ્તુને બધી બાજુએથી જુઓ, કેવળ એક બાજુ તપાસીને બેસી ન જાઓ.

અન્ય દાર્શનિકો વસ્તુના એક જ અંગને પકડીને કેવી રીતે લડે છે અને એ લડાઈને જૈનદર્શન કેવી રીતે શાંત પાડે છે એ વાત એક પ્રસિદ્ધ ઉદાહરણદ્વારા સમજાવું છું:—

કેટલાક આંધળાઓની સામે એક હાથી આવ્યો. એક આંધળો એ હાથી પાસે ગયો અને હાથ ફેરવતાં તેના હાથમાં હાથીની પૂંછડી આવી, એટલે તે કહેવા લાગ્યો કે હાથી દોળી જેવો હોય છે. બીજાના હાથમાં હાથીના પગ આવ્યા, એટલે તે કહેવા લાગ્યો કે, હાથી દોળી જેવો હોતો નથી, હાથી તો થાંભલા જેવો હોય છે. ત્રીજાના હાથમાં હાથીનું પેટ આવ્યું, એટલે તે કહેવા લાગ્યો કે, તમે બન્ને ખોટા છો, હાથી તો કોઠી જેવો હોય છે. ચોથાના હાથમાં હાથીની સુંઢ આવી એટલે તે કહેવા લાગ્યો કે, તમે બધાં ખોટાં છો, હાથી તો ડગલાની બાંય જેવો હોય છે. પાંચમાના હાથમાં હાથીના કાન આવ્યા હતા, એટલે તે કહેવા લાગ્યો કે, હાથી તો સૂપડા જેવો હોય છે અને છઠ્ઠાના હાથમાં હાથીના દાંત આવ્યા હતા એટલે તે કહેતો હતો કે, હાથી તો સાંબેલા જેવો હોય છે. આ પ્રમાણે એ છ આંધળાઓ જુદું જુદું કહેતા હતા અને પરસ્પર લડતા હતા. એ આંધળાઓ હોવાથી હાથીનાં બધાં અંગોને જોઈ શકતા ન હતા અને તેથી હાથીના કોઈ એક અંગ પકડીને પરસ્પર લડતા હતા.

એટલામાં એક સનેત્ર પુરુષ આવ્યો. તેણે પૂછ્યું કે, ભાઈઓ તમે શા માટે લડો છો? જવાબમાં એક આંધળાએ કહ્યું કે, હાથી થાંભલા જેવો હોય છે છતાં આ એને દોળી જેવો કહે છે? ત્યારે બીજાએ કહ્યું કે, હાથી તો દોળી જેવો હોય છે છતાં આ એને થાંભલા જેવો કહે છે. આ બન્નેનું કથન સાંભળી સનેત્ર પુરુષ કહેવા લાગ્યો કે તમે બન્ને ઠીક કહો છો? એટલામાં ત્રીજા આંધળાએ કહ્યું કે, હાથી તો કોઠી જેવો હોય છે, ચોથાએ કહ્યું કે, હાથી તો સૂપડા જેવો હોય છે, પાંચમાએ કહ્યું કે હાથી તો ડગલાની બાંય જેવો હોય છે. આ પ્રમાણે બધા આંધળાઓએ પોતપોતાની માન્યતા કહી સંભળાવી અને સનેત્ર પુરુષ તમારી બધાની માન્યતા સારી છે એમ કહેતો ગયો. આંધળાઓ કહેવા લાગ્યા કે, તમે મોઢું જોઈને બધાને હાજી-હા કરો છો અને બધાને સાચા છો એમ કહો છો. જે વાત પરસ્પર વિરુદ્ધ છે એવી વિરુદ્ધ વાતોને કહેનારાઓ સાચા કેમ હોઈ શકે?

સનેત્ર પુરુષે બધાને ઠંડા પાડતાં કહ્યું કે, તમે બધા વસ્તુના એક એક અંગને પકડીને જુઓ છો, સર્વાંગને પકડીને જોતા નથી. એક એક અંગથી હાથી બનતો નથી પરંતુ તમે લોકો જે એક અંગને પકડી કહો છો તે એક અંગ હાથીમાં તો છે. હાથીની પૂંછડી દોળી જેવી હોય છે, તેના પગ થાંભલા જેવા હોય છે, સૂંઢ ડગલાની બાંય જેવી હોય છે, કાન સૂપડાં જેવાં હોય છે, પેટ કોઠી જેવું હોય છે અને દાંત સાંબેલા જેવાં હોય છે. આ પ્રમાણે તમે હાથીના એક એક અંગ પકડીને લડો છો પણ જો તમે બધા અંગોને તપાસો તો કોઈ પ્રકારની લડાઈ જ ન થાય. આ પ્રમાણે તે સનેત્ર પુરુષે એ બધા અંધજનોની શંકાનું સમાધાન કર્યું.

સમુદ્રમાં કઈ નદી જતી નથી? સમુદ્રમાં બધી નદીઓ છે પણ સમુદ્ર કોઈ પણ નદીમાં નથી. આ જ પ્રમાણે જૈનધર્મમાં કઈ દૃષ્ટિ નથી? જૈનધર્મમાં બધી દૃષ્ટિઓ છે અને તેથી જ જૈનદર્શન બધાના ઝઘડાઓને દૂર કરે છે પણ પોતે કોઈ ઝઘડામાં પડતું નથી. અનાથી મુનિ રાજા શ્રેણિકને જે કાંઈ કહી રહ્યા છે તેને પ્રત્યેક દૃષ્ટિએ જોવાની જરૂર છે. જૈનદર્શન અનેકાન્તવાદી છે, એકાન્તવાદી નથી. એટલા માટે પ્રત્યેક વાતને અનેકાન્તની દૃષ્ટિએ જુઓ

અને અનેકાન્તદષ્ટિએ બીજાને પણ સમજાવો. અનેકાન્તદષ્ટિએ પ્રત્યેક વિષય ઉપર વિચાર કરવામાં આવે તો કોઈ પ્રકારની લડાઈ જ ન થાય !

અહીં પ્રશ્ન એ થાય છે કે, જો કોઈ માણસ સમજાવવા છતાં પણ પોતાની હઠ ન છોડે તો એ દશામાં શું કરવું ? શું તેને માટે પોતાના તત્ત્વને પણ છોડી દેવું ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પોતાના આત્માની સ્વતંત્રતા વિના કોઈ તત્ત્વ ટકી શકતું નથી. એટલા માટે પોતાના તત્ત્વ વિષે એવો વિશ્વાસ રાખવો કે, અમારાં તત્ત્વો સંપૂર્ણ દષ્ટિએ બતાવવામાં આવ્યાં છે; એટલા માટે જો પૂર્ણ દષ્ટિએ બતાવવામાં આવેલી કોઈ પણ વાત હોય તો હું તેને સ્વીકારવા તૈયાર છું, પણ અપૂર્ણ દષ્ટિએ કહેવામાં આવેલી વાતને માટે હું પૂર્ણ દષ્ટિએ કહેવામાં આવેલી વાતને છોડી શકું નહિ ! આ પ્રમાણે વિચાર કરી પોતાના તત્ત્વ ઉપર કેવી રીતે દૃઢ રહેવું જોઈએ એને માટે અરણક અને કામદેવનાં દષ્ટાંતો જુઓ.

કામદેવનો શો અપરાધ હતો ? દેવે તેને કહ્યું કે, તું મહાવીરનો ધર્મ છોડી દે, નહિં તો તારા શરીરનાં ટૂકડે ટૂકડાં કરી નાંખીશ ! દેવે આ પ્રમાણે કહ્યું છતાં કામદેવ તો એમ જ વિચારતો હતો કે, “ જો કોઈ આ નિર્ગ્રન્થ પ્રવચનમાં ભૂલ બતાવતું હોય તો એ અવસ્થામાં તો હું નિર્ગ્રન્થધર્મ છોડી પણ શકું; પણ ધર્મ છોડવા માટે તલવારથી મારી નાંખવાનો ભય બતાવે તો એ અવસ્થામાં હું કોઈ પણ રીતે ધર્મનો ત્યાગ કરી શકું નહિ.”

કદાચ કોઈ કહે કે, કોઈ વાતને પકડી રાખવી એ તો હઠ છે, પણ હઠ તો ત્યારે કહી શકાય કે જ્યારે સમજાવવા છતાં માને નહિ. તે દેવ કામદેવને કાંઈ સમજાવતો નહતો પણ તલવારનો ભય બતાવી ધર્મનો ત્યાગ કરવાનું કહેતો હતો. કામદેવ તો પોતાના તત્ત્વમાં નિશ્ચલ હતો. તે એમ જ વિચારતો હતો કે, “આ દેવ મને જ તલવાર દ્વારા મારશે તો તે તલવારનો ઘા આ શરીર ઉપર જ પડી શકે છે, મારા આત્માને કાંઈ નુકશાન કરી શકે એમ નથી. હું તલવારના ડરથી મારા આત્મતત્ત્વનો ત્યાગ કરી શકું નહિ. એ આત્મતત્ત્વને તો હું માનું છું. એટલે મારી ઉપર ગમે તેટલાં સંકટો પડે છતાં હું મારા એ આત્મતત્ત્વને છોડી શકું નહિ.”

કામદેવ વિચારે છે કે, “ આ દેવ મને તલવાર મારી શકે નહિ. મારો આત્મા જ કર્તા છે એટલા માટે મારો આત્મા જ તલવાર મારી શકે; મારા આત્માને બીજો કોઇ મારી શકે નહિ. આ આત્મા જ બનાવનાર છે અને આ આત્મા જ બગાડનાર છે. સંસારનો નાશ કરી મોક્ષ જનાર પણ આત્મા જ છે. બીજાં તો બધાં નિમિત્ત છે. સુખ કે દુઃખ, સુપ્રયાસ કે દુઃપ્રયાસ કરનાર પણ આ આત્મા જ છે. આત્માના કર્યા વિના સુખ દુઃખ પેદા થઈ શકતાં નથી. આ જ પ્રમાણે આત્માના અધ્યવસાય વિના પુણ્ય–પાપ પણ લાગી શકતાં નથી. આત્મા જ પોતાના અધ્યવસાયથી વૈતરણી નદી, કૂટશાલ્મલી વૃક્ષ, કામધેનુ કે નંદનવનની સમાન દુઃખ સુખને પેદા કરે છે. આત્માના કર્તવ્યને ન જોતાં બીજાને માટે એમ કહેવું કે, આ બીજો જ સુખ દુઃખને આપનારો છે, એ તો કુતરાની માફક ભૂલ કરવા જેવું છે.

એક કુતરો કાચ જડેલા મહેલમાં જઈ ચડયો. કાચના પ્રતિબિંબને કારણે કુતરાને પોતાની જેવા કુતરા જ દેખાવા લાગ્યા. કુતરો પોતાના જાતિ સ્વભાવવાળા કુતરાથી બહુ નારાજ રહે છે, એટલા માટે તે પોતાના પ્રતિબિંબને બીજો કુતરો સમજી ભસવા લાગ્યો. એ કુતરાને એ ખબર ક્યાંથી હોય કે પ્રતિબિંબમાં જે કુતરો દેખાય છે તે જ પોતે છે !

કુતરો પોતાનું પ્રતિબિંબ જોઇ ભસતો હોય અને તે વખતે તમે ત્યાં હો તો તમે શું કરશો ! એ કુતરાને તમે કાઢી મૂકશો, કે વધારે ભસવા દેશો ! જો તમે તેને કાઢી ન મૂકતાં ભસવા દો તો એ તમારી ભૂલ ગણાશે ને !

આ જ પ્રમાણે અમુક માણસ સુખ આપે છે અને અમુક માણસ દુઃખ આપે છે એમ કહેવું એ તો કુતરાના ભસવા જેવું છે. કામદેવ સારી રીતે જાણતો હતો કે, આત્મા જ સુખ દુઃખનો કર્ત્તા છે અને તેથી જ તે પોતાના સત્ય તત્ત્વ ઉપર દૃઢ રહી શક્યો હતો.

મતલબ કે, સત્યને સમજીને અસત્યને છોડવું એ કર્ત્તવ્ય છે; પરંતુ કોઇ ભય બતાવી સત્યથી પતિત કરવા ચાહે તો, એવા સમયમાં વીર લોકો પ્રાણ આપવાનો સ્વીકાર કરી લે છે, પરંતુ સત્યનો ત્યાગ કરતા નથી.

અનાથી મુનિ કહે છે કે, " હે ! રાજન્ ! હું એ નિશ્ચય ઉપર આવ્યો છું કે આત્મા જ કર્ત્તા છે અને એટલા માટે આત્મા જ સુપ્રતિષ્ઠિત કે દુષ્પ્રતિષ્ઠિત બની શકે છે અને આ જ પ્રમાણે આત્મા પોતે જ પોતાનો મિત્ર કે શત્રુ બની શકે છે."

અનાથી મુનિ જે કાંઈ કહે છે તે જ વાત થોડા ઘણા ફેરફાર સાથે ગીતા પણ કહે છે. ગીતામાં પણ કહ્યું છે કેઃ—

**उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।**
**आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥**

કૃષ્ણ કહે છે કે, " હે અર્જુન ! આત્માનો ઉદ્ધાર તું પોતે જ કર. કારણ કે આત્માનો ઉદ્ધાર પોતાના આત્માદ્વારા જ થઈ શકે છે. માટે આત્માનો ઉદ્ધાર કરો, તેને નીચે પાડો નહિ. આત્માનો મિત્ર કે શત્રુ આ આત્મા પોતે જ છે. બીજો કોઈ નથી. "

જૈન શાસ્ત્રમાં જે વાત કહી છે તે જ વાત પ્રકારાન્તરે ગીતામાં પણ કહેવામાં આવી છે. એટલા માટે આગમ ઉપર વિશ્વાસ રાખી આત્માની ઉન્નતિ કરો. એ જ પુરુષાર્થ છે. આત્મોદ્ધાર કરવાનો પુરુષાર્થ કરવાથી સુદર્શનની માફક આત્માનું કલ્યાણ થયા વિના રહેશે નહિ.

## સુદર્શન ચરિત્ર—૪૨

**न हि कल्याणकरः कश्चित् दुर्गतिं तात ! गच्छति ।** જે પોતાના કલ્યાણનું કામ કરે છે, તેનું અકલ્યાણ કોઈ કરી શકતું નથી એટલા માટે બીજાઓ શું કરે છે તે તરફ ધ્યાન ન આપતાં પોતાના કામ તરફ જુઓ.

આ વાત સુદર્શનની સમજમાં કેવી રીતે આવી હશે એ તો એ જાણે પણ એ વાતને તમે પણ સમજો. સુદર્શનની માફક તમે પણ આત્મકલ્યાણ સાધશો તો તમારું પણ કલ્યાણ થશે.

પ્રજાના પ્રતિનિધિઓએ સુદર્શનને બહુ પૂછ્યું પણ સુદર્શન કાંઈ બોલ્યો નહિ. પ્રતિનિધિ લોકો અસમંજસમાં પડી ગયા અને સુદર્શનનો પક્ષ છોડી રાજાના પક્ષમાં ચાલ્યા ગયા. પ્રતિનિધિઓને પણ પોતાના પક્ષમાં આવ્યા જાણી રાજાએ સુદર્શનને શૂળીએ ચઢાવવાનો નિશ્ચય કર્યો.

લોકો વિચારવા લાગ્યા કે, હવે શું કરવું ? એકે કહ્યું કે, ચાલો જઈને સુદર્શનની સ્ત્રી મનોરમાને આ વાત કહીએ. કદાચ તેના સમજાવવાથી સુદર્શન સમજી જાય. કેટલાંક કામો

જે પુરુષોથી થતાં નથી તે સ્ત્રીઓથી થઈ જાય છે. એટલા માટે મનોરમાને કહેવું કે તારું સૌભાગ્ય જોખમમાં છે માટે સુદર્શનને કહો કે તે બોલે. જો મનોરમા સુદર્શનને એમ કહેશે કે, મેં એવો શો અપરાધ કર્યો છે કે તમે શૂળીએ ચડી મને વિધવા બનાવો છો ? એટલા માટે બોલો. આ પ્રમાણે કહીને મનોરમા રોઈ પડશે ત્યારે સુદર્શન અવશ્ય બોલશે એવો મને વિશ્વાસ છે. આવી વિચારણાને અંતે કેટલાક લોકો એમ કહેવા લાગ્યા કે, મનોરમા પાસે જવું. કેટલાક લોકો એમ પણ કહેવા લાગ્યા કે, એ તો શેઠની ખોટી હઠ છે કે તેઓ બોલતા નથી. અથવા ન બોલવા પાછળ કોઈ રહસ્ય રહેલું હશે. આખરે લોકો એ નિશ્ચય ઉપર આવ્યા કે એકવાર મનોરમા પાસે જઈ એની દ્વારા સુદર્શનને બોલાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રજાના આગેવાન કેટલાક લોકો મનોરમા પાસે ગયા અને કહેવા લાગ્યા કે, તમે કાંઈ સાંભળ્યું કે નહિ ? મનોરમાએ જવાબ આપ્યો કે, ના, મેં તો કાંઈ સાંભળ્યું નથી. પતિની કૃપાથી હું તો આનંદપૂર્વક ધર્મધ્યાન કરું છું. મારા સદ્‌ભાગ્યે મને આવા ધર્માત્મા પતિ મળ્યા છે એટલે મારે કોઈની પંચાતમાં પડવાની શી જરૂર છે ?

લોકો કહેવા લાગ્યા કે, તમને સારા પતિ મળ્યા છે એ તો ઠીક, પણ તમારા પતિનું અનિષ્ટ થયું છે તે તમે સાંભળ્યું છે કે નહિ ?

મનોરમાએ જવાબ આપ્યો કે, મારા પતિનું અનિષ્ટ થયું છે ? મારા પતિ તો એમ કહેતા હતા કે, પોતાનું અનિષ્ટ પોતે જ કરી શકે છે ! બીજો કોઈ અનિષ્ટ કરી શકતું નથી. તો પછી મારા પતિનું અનિષ્ટ કેવી રીતે થયું ? તે લોકો મનોરમાને કહેવા લાગ્યા કે, તમે બહુ ભોળા છો. વાસ્તવમાં મોટા ઘરની સ્ત્રીઓ બહુ ભોળી હોય છે. આજે તમારા પતિનું બહુ અનિષ્ટ થઈ રહ્યું છે. તમારા પતિ કેવા છે એ તો અમે જાણતા નથી. એ વાત તો તમે જ જાણતા હશો પણ આજે તમારા પતિને રાજાના મહેલમાં પકડવામાં આવ્યા છે અને રાજાના મહેલમાં જઈ રાણીના શીલને નષ્ટ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો એવો તેમના ઉપર આરોપ ચડાવવામાં આવ્યો છે. આ અપરાધને કારણે રાજાએ તેમને શૂળીએ ચડાવવાનો હુકમ આપ્યો છે. અત્યારે તેમને બચાવવાનો એક જ ઉપાય બાકી છે અને તે ઉપાય તમારા હાથમાં છે. અમે તો અનેક ઉપાયો અજમાવી જોયા પણ અમને સફળતા મળી નહિ. સંભવ છે કે, તમારા પ્રયત્નથી તમને સફળતા મળી જાય. રાજાએ કહ્યું છે કે, એ શેઠ પોતાના મોઢે સાચી હકીકત કહી દે તો હું તેને શૂળીએ ચડાવવાની શિક્ષા માફ કરી દઉં. અમે તો શેઠને કહી–કહીને થાકી ગયા પણ શેઠ તો એક અક્ષર પણ બોલતા નથી. માટે તમે તેમને કહો કે, સાચી વાત જે બની હોય તે કહી આપે. સાચી વાત કહેવાથી તેમને શૂળી ચડાવવાની શિક્ષા પણ માફ કરી દેવામાં આવશે.

સુન સુરઝાઈ મૂર્છા આઈ, પડી ધરણી કુમલાઈ;
પાંચો પુત્ર તબ મા–મા કરતે, પડે ગોદમેં આઈ. ॥ધન૦ ૯૪॥
ચેત લઈ ચીંતે જબ મનમેં, હુઈ ન હોવે બાત;
શીલ ચૂકે નહીં પતિ હમારો, નિયમ ધર્મ વિખ્યાત. ॥ધન૦ ૯૫॥

નહીં નિકલી ઘર બાહર શેઠાની, ધીરજ મનમેં ધાર;
દિયો બોધ પાંચોં પુત્રનકો, એક ધર્મ આધાર. ॥ ધન૦ ૯૬ ॥

સત્ય ન મરતા સુનો પુત્ર તુમ, ઝૂઠ ન મુઝે સુહાય;
આજ શેઠ સૂલીસે ઉગરે, તો મૈં નિરખૂં જાય. ॥ ધન૦ ૯૭ ॥

શેઠને શૂળીએ ચડાવવાની વાત સાંભળતાં જ મનોરમા મુર્છિત થઈ નીચે ઢળી પડી. તેના પાંચેય પુત્રો 'મા–મા' કરતાં તેના ખોળામાં બેસી ગયા. થોડીવાર બાદ ઉપચાર કરવાથી તે બેઠી થઈ અને વિચારવા લાગી કે, હવે મારે શું કરવું ? આ લોકોના કહેવા પ્રમાણે મારે પતિની પાસે જવું કે પતિના કાર્યમાં વિશ્વાસ રાખી મારે તેમની પાસે ન જવું ! મને તો એવો દૃઢ વિશ્વાસ છે કે, મારા પતિ રાણી ઉપર હુમલો કરે એ કદાપિ સંભવે એવું નથી. એ તો, સૂર્ય અંધકાર આપે છે, અમૃત મૃત્યુ નીપજાવે છે અને ચંદ્રમા અગ્નિ વરસાવે છે એમ કોઈ કહે એના જેવી વાત છે. કદાપિ આ વાત કદાચ બની શકે પણ મારા પતિ પરસ્ત્રી ઉપર કુદૃષ્ટિ કે કે એ કદાપિ સંભવિત નથી, એવો મને દૃઢ વિશ્વાસ છે.

પતિ–પત્ની વચ્ચે હૃદયનો વિશ્વાસ કેવો હોવો જોઈએ તે મનોરમાના ચરિત્ર ઉપરથી જુઓ. પતિપત્નીની લગનીનું ઉદાહરણ, ભક્ત લોકો પરમાત્માની ભક્તિમાં લે છે અને કહે છે કે:—

'પલક ન વિસરે પદમણિ પિયુ ભણી'

જે પ્રમાણે પતિવ્રતા સ્ત્રીનો પ્રેમ પોતાના પતિમાં અપૂર્વ હોય છે તે પ્રમાણે ભક્ત લોકો પોતાની કાન્તારૂપી ભક્તિનો પ્રેમ પરમાત્મા પ્રત્યે અપૂર્વ રહે એમ કહે છે. આ ઉપરથી પતિ–પત્નીનો પ્રેમ કેવો અપૂર્વ હોય છે તેનો વિચાર કરો.

મનોરમાના બાળકો રોતાં રોતાં કહેવા લાગ્યાં કે, "મા, તમે મૂર્છિત થઈને કેમ નીચે ઢળી પડ્યાં હતાં ? અને અમારા પિતાને જો શૂળી ઉપર ચડાવવામાં આવશે તો પછી અમારું શું થશે ?"

બાળકોને કેવું દુઃખ થાય છે એ વાત તો બાળકો જ જાણે છે અને જેમને બાળકો છે તેઓ જ જાણે છે.

મનોરમાએ, દુઃખિત થતાં બાળકોને ધૈર્ય આપતાં કહ્યું કે, "પુત્રો ! તમે કેમ રુવો છો ? મને એવો દૃઢ વિશ્વાસ છે કે, સત્ય કોઈ દિવસ મરતું નથી અને જે અસત્ય છે તે તો મરવું જ જોઈએ. મને અસત્ય બીલકુલ પસંદ નથી. લોકો કહે છે કે, ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વ ધારણ કરનાર પણ ચલિત થઈ જાય છે. સંભવ છે કે, એ લોકોના કથનાનુસાર તમારા પિતાજી પણ ચલિત થયા હોય ! પરંતુ જો તેઓ ચલિત થયા હોય તો પછી જીવનમાં શું મજા ? જ્યાંસુધી તેઓ સત્યધર્મી છે ત્યાંસુધી હું તેમની અર્ધાંગના છું પણ જો તેઓમાંથી સત્ય ચાલ્યું ગયું હોય તો પછી તેમના માટે મરવું એ જ સારું છે." હવે કદાચ કોઈ એવો પ્રશ્ન કરે કે, શું મનોરમા એટલી બધી દયાહીન છે કે તેણીએ આ પ્રમાણે કહ્યું ? તો જણાવવાનું કે, રાજીમતિએ રથનેમીને કહ્યું હતું કે, "હે ! અપયશકામી ! તને ધિક્કાર છે ! તું મરી કેમ જતો નથી ! આ પ્રમાણે પતિત થવા કરતાં તો મરી જવું એ સારું છે." રાજીમતિએ પણ આ પ્રમાણે કહ્યું હતું તો શું તેમને દયાહીન કહી શકાય ?

લોકો કહે છે કે, દયાના કારણે કાયરતા આવી છે; પરંતુ વાસ્તવમાં દયાધર્મ એ વીર પુરુષોનો ધર્મ છે. કાયરોદ્વારા દયાનું પાલન થઈ શકતું નથી. આજના લોકોએ દયાને કાયરતાનું રૂપ આપ્યું છે, પણ વાસ્તવમાં દયા વીરોની છે, કાયરોની નહિ. જે લોકો વીર હોય છે તે લોકો સત્યને પહેલાં જુએ છે અને સત્યની સાથે જ દયાનું પાલન કરે છે. વીરો સત્યનો દયાના નામે નાશ કરતા નથી.

મનોરમા કહે છે કે, સત્યને કારણે જ હું પતિની અર્ધાંગના છું. જો પતિમાંથી સત્ય ચાલ્યું ગયું તો પછી પતિને એક ક્ષણ માત્ર પણ જીવિત રહેવાનો અધિકાર નથી.

આજે ઘણા લોકો યુવાનીના નશામાં મસ્ત બની સત્ય–શીલને તુચ્છ માને છે પણ એ તેમનો ઊલટો માર્ગ છે. સન્માર્ગ તો તે છે કે, જેનામાં સત્ય–શીલ નથી તેને જીવવાનો પણ અધિકાર નથી.

મનોરમાએ પોતાના બાળકોને કહ્યું કે, " આપણે બધાં સત્યના ખોળામાં બેઠેલાં છીએ. પછી તમે શા માટે રુવો છો ? લોકો કહે છે કે શેઠને સમજાવો, પણ સત્યને શું સમજાવવું ? એટલા માટે ચાલો, આપણે બધા ધર્મકાર્ય કરીએ ! "

આજે ઘરમાં મહેમાનોને ઉતારવા માટે જુદા જુદા ઓરડાઓ રાખવામાં આવે છે પણ ધર્મકાર્ય કરવા માટે કોઈ જુદું સ્થાન રાખવામાં આવતું નથી. ધર્મકાર્ય કરવા માટે એવું સ્થાન હોવું જોઈએ કે, જ્યાં ખરાબ ભાવના પણ ન આવે. પહેલાના લોકો ઘરમાં જ પૌષધશાળા પણ રાખતા હતા. મનોરમા પોતાના બાળકોને લઈ પૌષધશાળામાં ધર્મકાર્ય કરવા ગઈ. હવે આગળ શું થાય છે તે વિષે હવે પછી વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૫ રવિવાર

### પ્રાર્થના

**સુમતિ જિનેશ્વર સાહિબાજી, 'મેઘરથ' નૃપનો નંદ;**
**'સુમંગલા' માતા તણો, તનય સદા સુખકંદ.**
**પ્રભુ ત્રિભોવન તિલોજી, સુમતિ સુમતિ દાતાર;**
**મહા મહિમા નીલોજી, પ્રણમું વાર હજાર. પ્રભુ૦**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી.

શ્રી સુમતિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પ્રાર્થના કરનારે પરમાત્માની પ્રાર્થના કરતી વખતે કેવો આદર્શ સામે રાખવો જોઈએ અને કેવી રીતે આત્મવિકાસ કરવો જોઈએ, એ વાત આ પ્રાર્થનામાં બતાવવામાં આવી છે. જે ઉપદેશ બાળક, વૃદ્ધ, સાધુ, ગૃહસ્થ વગેરેને માટે સમાન ઉપયોગી હોય તે જ ઉપદેશ સમાજ સમક્ષ મૂકવામાં આવે છે અને તે જ ઉપદેશ સમાજને વધારે લાભપ્રદ સિદ્ધ થાય છે.

પરમાત્માની પ્રાર્થના કરતી વખતે દૃષ્ટિ સમક્ષ કેવો આદર્શ રાખવો જોઈએ એ વાત સાંસારિક પદાર્થો ઉપર દૃષ્ટિપાત કરવાથી સ્પષ્ટ જણાય છે. મનુષ્ય પોતાના જ્ઞાનથી આગળ

પણ વધે છે અને પાછળ પણ પડે છે, ઇષ્ટને પણ પામે છે અને અનિષ્ટને પણ પામે છે. આ જ કારણે જ્ઞાનનાં જ્ઞાન અને અજ્ઞાન એવા બે ભેદ પાડવામાં આવ્યાં છે. કોઈ વાતને ન જાણવી એ જ અજ્ઞાન નથી, પરંતુ કોઈ વાતને ઊલટી જાણવી એ વિપરીત જ્ઞાન પણ અજ્ઞાન જ છે. આ માટે આ પ્રાર્થનામાં મનુષ્યનું ઉદાહરણ ન આપતાં પ્રકૃતિનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. પ્રાર્થનામાં કહ્યું છે કે, ભ્રમર પુષ્પની સાથે નિષ્ઠાપૂર્વક ગાઢ પ્રીતિ બાંધે છે અને એટલા માટે તે પુષ્પની સુગંધ છોડી બીજે ક્યાંય દુર્ગંધ લેવા જતો નથી. પુષ્પ વિકસિત થશે તે ભ્રમર સુસ્ત પડી રહેતો નથી પણ તે હર્ષમાં આવી જાય છે. કદાચ કોઈ એમ કહે કે, એક બાગ સુંદર પુષ્પોની સુગંધથી ખૂબ મ્હેક છે. તે બાગમાં એક વૃક્ષ ઉપર એક ભ્રમરો ચુપચાપ બેઠો છે, તે ગણગણાટ કરતો નથી, તેમ પુષ્પનો રસ પણ પીતો નથી. આ કથનના જવાબમાં તમે એ જ કહેશો કે, એ ભમરો નહિ હોય, એ તો કોઈ બીજાું જીવડું હશે! અથવા એ ભમરો મરેલો હશે! જો એ ભમરો હોય અને તે જીવતો હોય તો તો બાગનાં પુષ્પો આટલાં ખીલ્યાં હોય અને તે ગણગણાટ કરે નહિ એ માની શકાય એવી વાત નથી.

ભ્રમરના આ ઉદાહરણ ઉપરથી તમે એ જુઓ કે, મહામહિમાનિધાન પરમાત્મા, શું વિકસિત પુષ્પની સમાન પણ નથી! જો છે તો પછી પરમાત્માના ભક્ત હોવા છતાં નિરુત્સાહી બનવાનું શું કારણ છે? એના માટે બે જ કારણ હોઈ શકે. કાં તો તે નામના જ ભક્ત છે અથવા પરમાત્મા પ્રતિ તેમને પૂર્ણ શ્રદ્ધા નથી, કે તેમની શ્રદ્ધા મરી ગઈ છે. જે પ્રમાણે બાગ ખીલ્યો હોવા છતાં ભમરો ગણગણાટ ન કરે કે પુષ્પરસનું પાન ન કરે તો એમાં બાગનો દોષ છે એમ કહી શકાય નહિ; તે જ પ્રમાણે પરમાત્મારૂપી બાગ ખીલ્યો હોવા છતાં ભ્રમરરૂપી ભક્ત ભક્તિરસનું પાન ન કરે તો એમાં પરમાત્માનો શો દોષ?

પરમાત્માની પ્રાર્થના કરતી વખતે કેવાં ભાવો હોવા જોઈએ એના માટે ભક્તો એક બીજું ઉદાહરણ પણ આપે છે. તેઓ કહે છે કે, સૂર્યોદય થતાં કમલ વિકસિત થયા વિના રહેતું નથી. જો કમલ સૂર્યોદય થવા છતાં વિકસિત ન થાય તો તે કમલ મરી ગયું છે એમ જ કહી શકાય; પણ જો કમલ જીવિત હોય તો તે સૂર્યોદય થતાં વિકસિત થયા વિના રહેતું નથી. સ્વાતિનું જલબિંદુ પડવા છતાં પણ પપૈયો એ જલબિંદુને ધારણ ન કરે એવું જોવામાં આવતું નથી. જો સ્વાતિનું જલબિંદુ પપૈયો ધારણ ન કરે તો કાં તો તે રોગી હશે અથવા તે મરી ગયો હશે એમ જ કહી શકાય.

આ બધાં ઉદાહરણો આપી ભક્ત લોકો કહે છે કે, જેઓ પરમાત્માના સાચા ભક્તો છે તેઓ તો પરમાત્માના ગુણગાન જ કર્યા કરે છે. જે પ્રમાણે કમલની શ્રદ્ધા સૂર્ય ઉપર, ભ્રમરની શ્રદ્ધા ફુલ ઉપર અને ચાતકની શ્રદ્ધા સ્વાતિના જલબિંદુ ઉપર હોય છે, તે જ પ્રમાણે સાચા ભક્તની શ્રદ્ધા પરમાત્મા ઉપર હોય છે. પરમાત્મા પ્રત્યે જે ભક્તના હૃદયમાં અનન્ય એકાંગી શ્રદ્ધા હોય છે તે શ્રદ્ધાવાન્ ભક્ત પ્રશંસાને પાત્ર છે, પણ જેઓ એવા ભક્ત નથી તેમનું લક્ષ્ય પણ એકાંગી ભક્તિ તરફ હોવું જોઈએ. સાધારણ રીતે ભક્ત લોકો તો પાણીની માફક બધાની સાથે મળી જઈ પ્રેમ કરે છે. ભક્ત લોકો બધાને આત્મતુલ્ય માની બધાનું હિત જ ચાહે છે. અને તેથી જ તેઓ કહે છે કેઃ—

કામભોગ કી લાલસાજી, થિરતા ન ધરે મન;
પિણ તુમ ભજન પ્રતાપથી, દાઝે દુરમત વન. પ્રભુ૦

હે! પ્રભો! જ્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ મત્સરની ધારા વહે છે ત્યારે એના પ્રવાહમાં નિર્બલ પ્રાણીઓ તણાઈ જાય છે. તેમને એ પ્રવાહમાંથી પાર જવું મુશ્કેલ જણાય છે. જે પ્રમાણે પાણીના પ્રવાહમાં પગ લપસી જવાથી તે માણસ પ્રવાહમાં તણાઈ જાય છે અને પછી તેનો પત્તો લાગવો કઠીન જણાય છે; તે જ પ્રમાણે કામ, ક્રોધ આદિના પ્રવાહમાં તણાઈ જનાર પ્રાણીઓનો પત્તો મેળવવો મુશ્કેલ થઈ પડે છે. અને એ કારણે તે પ્રાણીઓની દશા દયાપાત્ર બની જાય છે. તેમની દયનીય દશા જોઈ કોનું હૃદય દ્રવિત નહિ બને? પાણીના પ્રવાહમાં તણાતાં લોકોને જોઈ કયા દયાળુનું હૃદય દ્રવિત નહિ થાય અને યથાશક્તિ પ્રમાણે તેમને બચાવવાનો પ્રયત્ન નહિ કરે? આ જ પ્રમાણે જ્ઞાનીજનોને પણ કામ–ક્રોધના પ્રવાહમાં તણાતાં લોકોને જોઈ કરુણા આવે છે અને તેઓ કહે છે કે, "હે! પ્રભો! તારા જેવા ત્રિભુવનનાથ હોવા છતાં પણ આ લોકો તારા શરણે ન આવતાં, કામ, ક્રોધાદિના પ્રવાહમાં શા માટે તણાઈ જાય છે?" આ પ્રમાણે જ્ઞાનીજનો કામ–ક્રોધાદિના પ્રવાહમાં તણાતાં પ્રાણીઓ પ્રત્યે કરુણા ભાવ બતાવે છે. તેઓ બધા પ્રાણીઓને આત્મતુલ્ય માને છે, અને તેમને કામ–ક્રોધાદિના પ્રવાહમાંથી બચાવવાનો પ્રયત્ન પણ કરે છે. તેઓ કહે છે કે, જો કે કામ–ક્રોધાદિનો પ્રવાહ કાંઈ ઓછો નથી પણ એથી કાંઈ ગભરાઈ જવાની જરૂર નથી. આ પ્રવાહમાંથી અનેક લોકો અવલંબન લઈ બહાર નીકળી પણ શકયા છે. આ જ પ્રમાણે કામ ક્રોધાદિના પ્રવાહમાંથી બચવા માટે પરમાત્માની પ્રાર્થનાનું અવલંબન લેવામાં આવે તો કામ–ક્રોધાદિના પ્રવાહમાંથી નીકળી ભવપાર જઈ શકાય છે.

જો તમે એમ માનતા હો કે, પરમાત્માની પ્રાર્થનાના અવલંબનથી કામ–ક્રોધાદિના પ્રવાહમાંથી નીકળી ભવપાર જઈ શકશો, તો પરમાત્માની ભક્તિને જીવનમાં વણો. અહીં તો ભક્તિનો કેવળ ઉપદેશ આપવામાં આવે છે પણ એનો વ્યવહાર તો સંસારનાં કામોદ્વારા જ થઈ શકે છે. અહીં તો પરમાત્માની ભક્તિ બતાવો અને બહાર જઈ પરમાત્માને ભૂલી જાઓ અને એમ સમજવા લાગો કે, અમે ગમે તે કરીએ તેને અહીં કોણ જુએ છે! પણ આમ ઢોંગ કરવો એ તો અવલંબનને છોડી દઈ કામક્રોધાદિના પ્રવાહમાં તણાઈ જવા જેવું છે. એટલા માટે જ્યારે તમારા ભક્તિમાર્ગની વચ્ચે કામ, ક્રોધ, લોભ, મોહનો પ્રવાહ આડો આવે ત્યારે જો તે વખતે પરમાત્માની પ્રાર્થનાનું અવલંબન લેશો તો પ્રવાહમાંથી નીકળી સામે પાર જઈ શકશો.

મતલબ કે, ભક્તોએ કામ–ક્રોધાદિને વિકારો માન્યા છે અને એ વિકારો ઉપર વિજય મેળવવા માટે જ પરમાત્માની પ્રાર્થનાનું અવલંબન લીધું છે. તમે પણ કામ–ક્રોધાદિ વિકારોને જીતવા માટે પરમાત્માની પ્રાર્થનાનું અવલંબન લો; અને પરમાત્માને ભૂલી ન જાઓ. આ પ્રમાણે પરમાત્માના નામનું અવલંબન લેશો તો કામક્રોધાદિના પ્રવાહમાંથી પાર જઈ શકશો. પણ એમ થવું ન જોઈએ કે પરમાત્માના નામને કામક્રોધાદિના પ્રવાહમાં ડુબાડી દો.

જેમકે, તમે જો ખોટો દાવો કરો અને પરમાત્માને કહો કે આ ખોટા દાવામાં હું જીતું તો તમારી શક્તિ જાણું. કોઈને ખોટો માલ આપીને પરમાત્માને એવી પ્રાર્થના કરો કે,

આ મારી ચાલાકી કોઈ ન જાણે તો તમારી શક્તિ જાણું. આ જ પ્રમાણે પરસ્ત્રીસેવનનું કોઈ પાપ કરે અને એમ કહે કે, જો મારું પાપ પ્રકટ ન થાય અને દુનિયામાં હું સારો કહેવાઉં તો હું પરમાત્માની શક્તિ જાણું ! આ પ્રમાણે પોતે ઉન્માર્ગે ચાલે અને પછી પરમાત્માના નામને પણ કામક્રોધાદિના પ્રવાહમાં ઘસેડે તો તે કામ ક્રોધાદિના પ્રવાહમાંથી, પરમાત્માના કેવળ નામનું અવલંબન લઈ બહાર નીકળી શકતો નથી. પરંતુ જે પરમાત્માના માર્ગે ચાલે છે તે માણસ પરમાત્માના નામનું અવલંબન લઈ અવશ્ય કામક્રોધાદિના પ્રવાહમાંથી બહાર નીકળી ભવપાર જઈ શકે છે.

જે લોકો પરમાત્મા પાસે કામ, ક્રોધ, લોભની આશા કરે છે તેમની આશા પૂરી થાય એ સારું કે ખરાબ ? તમે એમ જ કહેશો કે એવા માણસની આશા પૂરી ન થાય એ જ સારું છે પણ આ વાત ઉપર દૃઢ રહેવું મુશ્કેલ છે. જો તમે આ વાતને હૃદયપૂર્વક સ્વીકારો છો, તો પરમાત્મા પ્રતિ એવી પ્રાર્થના કરો કે, " હે ! પ્રભો ! ધૂર્ત લોકોની આશા પૂરી ન થાય એ જ સારું છે અને જેઓ સાચા ભક્ત છે અને જેઓ કામક્રોધાદિના પ્રવાહમાંથી નીકળી ભવપાર જવા ચાહે છે તેમની આશા પૂરી થાય એ સારું છે. "

આ તો તમારા લોકોની વાત થઈ પણ અમે સાધુઓએ પણ કેવળ વેશમાં જ રહેવું ન જોઈએ. એમ થવું ન જોઈએ કે અમે કેવળ વેશ ધારણ કરી લોકોને નમાવવામાં જ રહીએ. અમારે પણ આત્મોદ્ધાર વિષે વિચાર કરવો જોઈએ. જો અમે કેવળ વેશ ધારણ કરી લોકોને નમાવવામાં જ રહીએ અને આત્મોદ્ધાર ન કરીએ તો અમારા માટે અનાથી મુનિ શું કહે છે તે જુઓઃ—

## અનાથી મુનિનો અધિકાર—૪૩

અનાથી મુનિ કહે છે કે, " હે ! રાજન્ ! કેટલાક માણસો ગૃહસંસાર છોડીને અને સંયમ લઈને પણ અનાથતામાં પડી જાય છે. " સંયમ લઈને પણ અનાથતામાં કેવી રીતે પડે છે અને પછી તેમની સ્થિતિ કેવી ખરાબ થાય છે તે જુઓઃ—

**इमा हु अण्णा वि अणाहया निवा, तमेगचित्तो निहुओ सुणेहि मे ।**
**नियंठधम्मं लहिया णिवो जहा, सीयन्ति एगे बहु कायरा नरा ॥३८॥**

" હે ! રાજન્ ! એક અનાથતા બીજા પ્રકારની પણ છે તે તમે શાન્ત ચિત્તે સાંભળો. સનાથ બનાવનાર નિર્ગ્રન્થધર્મને પ્રાપ્ત કરીને પણ ઘણા કાયર મનુષ્યો પતિત થઈ જાય છે અને નિર્ગ્રન્થપણામાં દુઃખ પામે છે. "

કેટલાક લોકો તો એમ કહે છે કે, અમે ગુરુઓ છીએ એટલે અમે જે કાંઈ કરીએ તે જ ઠીક છે પણ અનાથી મુનિ એમ કહેતા નથી. પણ તેઓ તો એમ કહે છે કે " કેટલાક સાધુઓ કાયર થઈને અનાથ બન્યા રહે છે અને નિર્ગ્રન્થપણામાં દુઃખ પામે છે. "

અનાથી મુનિદ્વારા કરવામાં આવેલી આ ટીકાથી સંભવ છે કે, કેટલાક સાધુ–સાધ્વીઓ નારાજ પણ થાય પણ જે વાત શાસ્ત્રમાં આવી છે તે વાત તો કહેવી જ પડે છે. જ્યારે બીજાની ટીકા કરવામાં આવે છે તો પોતાની ટીકાથી શા માટે ડરવું ? આ ટીકા સાંભળીને સાધુઓએ તો એમ સમજવું જોઈએ કે, સંસારમાં જે પાપ થાય છે તેની જવાબદારી

અમારી ઉપર જ છે. જો અમે સાધુઓ પવિત્ર રહીએ તો દુનિયાના બધાં પાપો ભસ્મીભૂત થઈ જાય. જો અમે સાધુઓ પોતાનામાં છુપાઈ રહેલાં પાપોને રહેવા ન દઈએ તો પોતે પવિત્ર થઈ જઈએ અને બીજાને પણ પવિત્ર કરી શકીએ.

જે પ્રમાણે સફેદ ચાદરમાં પડેલો કાળો ડાઘ આંખને ખૂંચે છે તે જ પ્રમાણે સાધુઓ સનાથતામાંથી નીકળી પાછા અનાથતામાં પડે છે એ મહાપુરુષોને ખૂંચે છે.

અનાથી મુનિ કહે છે કે, હે! રાજન્! હવે હું તમે એક જુદા પ્રકારની અનાથતા સંભળાવું છું તે તું એકાગ્ર અને નિશ્ચલ ચિત્તે સાંભળ:—

અનાથી મુનિએ આ પ્રમાણે રાજા શ્રેણિકને કહી એક મહાન્ સિદ્ધાન્તની સૂચના કરી છે. એ સિદ્ધાન્ત–તત્ત્વને ધ્યાનમાં લેવાની ખાસ આવશ્યક્તા છે.

લોકો કહે છે કે, અમે આટલો ઉપદેશ સાંભળીએ છીએ છતાં પણ અમને જ્ઞાન કેમ થતું નથી! પણ ઉપદેશ સાંભળવામાં પણ ચિત્તને એકાગ્ર અને નિશ્ચલ રાખવું પડે છે. પરંતુ મન એકાગ્ર ન હોવાને કારણે ઉપદેશશ્રવણનું ફળ મળતું નથી.

યોગી–મુનિઓનું ચિત્ત એકાગ્ર હોય છે. યોગશાસ્ત્રમાં ક્ષિપ્ર, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરોધ એમ ચિત્તની પાંચ વૃત્તિઓ બતાવવામાં આવેલ છે. આ પાંચ વૃત્તિઓનું વિવેચન કરવા માટે સમય જોઈએ પણ અત્યારે એ વિષે બહુ વિસ્તારથી ન કહેતાં સંક્ષેપમાં જ કહું છું.

મનમાં રાગદ્વેષને વધારનારી જે રજોગુણથી યુક્ત વૃત્તિ હોય છે અર્થાત્ મન જ્યારે રાગદ્વેષવર્ધક રજોગુણમાં જ આનંદ માને છે ત્યારે મનની વૃત્તિ ક્ષિપ્ર હોય છે.

જે વૃત્તિ તમોગુણ પ્રધાન છે તે મૂઢ વૃત્તિ છે. માદક પદાર્થોના સેવનમાં આનંદ માનવો તે મૂઢ વૃત્તિ છે. કેટલાક લોકો ચિત્તને નિશ્ચલ કરવા માટે અફીણ, ભાંગ–ગાંજા વગેરે માદક પદાર્થોનું સેવન કરે છે. આ પ્રમાણે તામસિક પદાર્થોના સેવનદ્વારા ચિત્તને નિશ્ચલ બનાવવું એ મૂઢ વૃત્તિ છે.

શબ્દ, રૂપ, રસ, ગંધ વગેરે ઇન્દ્રિયોના વિષયોમાં આનંદ માનવો એ ચિત્તની વિક્ષિપ્ત વૃત્તિ છે. શાસ્ત્ર કહે છે કે આ ત્રણ વૃત્તિઓ પછીની જે એકાગ્ર વૃત્તિ છે તે એકાગ્રવૃત્તિએ ધર્મશ્રવણ કરવાથી શાસ્ત્ર સમજવામાં આવે છે.

આ એકાગ્ર વૃત્તિ જ યોગીની વૃત્તિ છે અને આ જ વૃત્તિમાં યોગ હોય છે. જ્યાંસુધી ચિત્ત એકાગ્ર થતું નથી ત્યાંસુધી શાસ્ત્રની વાત સમજવામાં આવતી નથી.

તમે અહીં શાસ્ત્રશ્રવણ કરવા માટે આવ્યા છતાં જો તમે રાગદ્વેષમાં પડો કે રૂપ, રસ, ગંધ, આદિની ઇચ્છામાં પડો અથવા નિદ્રા લો તો તો તમારું ચિત્ત ક્ષિપ્ત, વિક્ષિપ્ત કે મૂઢ વૃત્તિમાં જ રહ્યું અને એ દશામાં શાસ્ત્રશ્રવણ કરવા છતાં તમને જ્ઞાન કેવી રીતે થઈ શકે? શાસ્ત્રની વાતો સાંભળી જ્ઞાન તો ત્યારે જ થઈ શકે કે જ્યારે ચિત્ત એકાગ્ર હોય. કદાચિત શ્રોતાઓનું ચિત્ત એકાગ્ર હોય કે ન હોય પણ શાસ્ત્ર સંભળાવનાર વક્તાનું ચિત્ત તો એકાગ્ર હોવું જ જોઈએ. આજ કાલ અમારે સાધુઓ ઉપર પણ તમારી ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત ચિત્તવૃત્તિની અસર પડી રહી છે. અમને પણ એમ કહેવામાં આવે છે કે, જમાના પ્રમાણે બોલવું–ચાલવું. પણ જો અમે જમાનાને જોઈ તમને ખુશ કરવા માટે સત્યને દબાવી રાખીએ તો તો અમે પણ પહેલી ત્રણ ચિત્તવૃત્તિઓમાં જ રહ્યા. અમારી ચિત્તવૃત્તિ પણ એકાગ્ર થઈ ન કહેવાય. અમારે સાધુઓએ તો ચિત્તને એકાગ્ર રાખી સત્ય હકીકત જ પ્રગટ કરવી જોઈએ.

પછી ભલે તેથી કોઈ પ્રસન્ન થાય કે નારાજ થાય ! સાથે સાથે તમને પણ એ જ કહેવાનું છે કે, તમે પણ શાસ્ત્રને એકાગ્ર ચિત્તે સાંભળો. રાજા શ્રેણિકે મુનિનું કથન એકાગ્ર ચિત્તે સાંભળ્યું તો તે સાધુ ન થયા છતાં સનાથ–અનાથના જાણકાર તો થયા. આ જ પ્રમાણે તમે પણ એકાગ્ર થઈ શાસ્ત્રશ્રવણ કરો. આમ કહેવા છતાં પણ જો તમે એકાગ્ર થઈ શાસ્ત્રશ્રવણ ન કરો તો એ તમારી મરજીની વાત પણ અમારે તો એકાગ્ર થઈ શાસ્ત્રશ્રવણ કરાવવું જોઈએ. અમારે સાધુઓએ તો ચિત્તવૃત્તિને છૂટી ફેલાયેલી ન રાખતાં એકાગ્ર રાખવી જોઈએ. કેટલાક સાધુઓ, પોતાની ચિત્તવૃત્તિને સંયમમાં એકાગ્ર ન રાખતાં, સંસારનાં કામોની ધમાલમાં સામાજિક સુધારને નામે પડી જાય છે પણ એમ કરવું તે ઠીક નથી. સાધુઓએ તો પોતાની ચિત્તવૃત્તિ સંયમમાં જ સ્થિર રાખવી જોઈએ. તમારે પણ ચિત્તને એકાગ્ર રાખવાની સાવધાની રાખવી જોઈએ. રાજા શ્રેણિકે મુનિના કથનને એકાગ્રચિત્તે સાંભળ્યું તો તેણે તીર્થંકરગોત્ર બાંધ્યું. તેને આ તીર્થંકરગોત્રની સંપત્તિ કાંઈ ઓછી ન મળી. આ જ પ્રમાણે તમે પણ મનને એકાગ્ર રાખો. કદાચ તમે એમ કહો કે, સંસારની ધમાલમાં મન એકાગ્ર કેવી રીતે રહી શકે ? પણ સંસારના સંકટના સમયે તો મન વધારે એકાગ્ર રહેવું જોઈએ. જેમ સુદર્શને પોતાના મનને સંકટના સમયે એકાગ્ર રાખ્યું હતું !

## સુદર્શન ચરિત્ર—૪૩

મનોરમાને પોતાના પતિ ઉપર વિશ્વાસ હતો. જો કોઈ બીજી સ્ત્રી હોત તો તે એમ જ કહેત કે, આવા સંકટના સમયે પણ પતિ બોલતા નથી તો ક્યારે બોલશે ? પણ મનોરમાને પોતાના પતિ ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. એટલા માટે લોકોનો અત્યાગ્રહ હોવા છતાં તે તો એમ જ વિચારવા લાગી કે, હું લોકોના કહેવાથી પતિને એમ કહેવા જાઉં કે 'તમે બોલો' તો એનો એ અર્થ થયો કે હું વધારે બુદ્ધિમતી છું અને પતિ ઓછા બુદ્ધિવાળા છે. જ્યારે મને એ વિશ્વાસ છે કે, મારા પતિના રોમમાં પણ કોઈ પ્રકારનો દોષ નથી તો પછી મારે પતિને કાંઈ કહેવા જવું એ યોગ્ય નથી.

**ધર્મ રૂપ પતિ કી પત્ની મૈં, ઉસ પર ચઢા કલંક;**
**સૂર્ય ગ્રસા હૈ આજ રાહુને, જગમેં વ્યાપ્યા પંક. ॥ ધન૦ ૯૮ ॥**
**ધર્મધ્યાન દો દાન લાલજી, પાપ રાહુ ટલ જાય;**
**પિતા તુમ્હારે સુદર્શનજી, રવિ રૂપ પ્રગટાય. ॥ ધન૦ ૯૯ ॥**
**માતા પુત્ર મિલ ધ્યાન લગાયા, પ્રભુ તેરો આધાર;**
**જો બચે આજ યે પિતા હમારે, તો હોવે જયજયકાર. ॥ ધન૦ ૧૦૦ ॥**

આ પ્રમાણે વિચાર કરી મનોરમા પોતાના પુત્રોને કહેવા લાગી કે, "હે ! પુત્રો ! લોકો કહે છે કે તમારા પિતા મરી જશે. લોકોના આ કથનનો અર્થ એ થયો કે તમારા પિતા ખોટા છે અને જે ખોટું હોય છે તે મરી જાય છે. સત્ય કોઈ દિવસ મરતું નથી. સત્યને કારણે જ હું તમારી માતા છું અને એ જ પ્રમાણે સત્યને કારણે સુદર્શન તમારા પિતા છે અને તમે પણ સત્યને કારણે જ અમારા પુત્રો છો. એટલા માટે સત્ય ઉપર વિશ્વાસ રાખી કોઈ પ્રકારની ચિંતા ન કરો. આ શારીરિક સંબંધ તો બહારનો છે. સાચો સંબંધ તો ધર્મનો જ છે. લોકો મને તમારા પિતા પાસે જવાનું કહે છે પણ હું હમણાં તેમની પાસે જઈશ નહિ. જ્યારે તેમને શૂળીએ ચઢાવવામાં આવે અને એ શૂળીનાં ટૂકડે ટૂકડાં થઈ જાય અને તમારા પિતાને જરાપણ આંચ ન આવે ત્યારે જ હું તેમના દર્શન કરીશ."

મનોરમા કહેતી હતી કે, " ધર્મના કારણે જ આપણા બધાનો સંબંધ છે. એ ધર્મનો ત્યાગ કરી દયાના નામે દોડવું એ અનુચિત છે. હે ! પુત્રો ! હું નિશ્ચયપૂર્વક કહું છું કે, તમારા પિતાનો કોઈ પ્રકારનો દોષ નથી, છતાં તેમને માથે કલંક કેમ ચડાવવામાં આવ્યું છે ! એને માટે એમ જ કહી શકાય કે, જેમ ગગનવિહારી, તેજસ્વી અને કલાપૂર્ણ સૂર્યને પણ રાહુ ઘેરી લે છે તે જ પ્રમાણે તમારા પિતાને પણ આ કલંકરાહુએ ઘેરી લીધા છે. સૂર્યને રાહુથી છોડાવવા માટે જે પ્રમાણે દાન આપવામાં આવે છે તે જ પ્રમાણે હે ! પુત્રો ! તમારા પિતાને આ પાપ–રાહુથી છોડાવવા માટે દાન આપો. પણ બીજાને દાન આપવા પહેલાં પોતાના આત્માને જ દાન આપો. પોતાનાં પાપોતો છૂટયાં નથી અને સૂર્યને રાહુથી છોડાવવા માટે દાન દેવા માંડવું એ તો ઊલટો માર્ગ છે. એટલા માટે પહેલાં ધર્મધ્યાનનું પોતાના આત્માને દાન આપો. ચાલો આપણે ધર્મધ્યાન કરીએ. એટલા માટે સાચા મનથી પરમાત્માનું ભજન કરો."

માતાનો પ્રભાવ પુત્ર ઉપર પડે જ છે. જો માતા પુત્રોમાં વીરતાનો ભાવ ભરે તો બાળક જરૂર વીર બની શકે છે. માતા પોતાની ઇચ્છાનુસાર બાળકોને બનાવી શકે છે. પણ આજકાલના માતાપિતાઓ શું કરે છે તે જુઓ. તેઓ બાળકોમાં સદ્‌ગુણો ભરે છે કે દુર્ગુણો ? બાળક તો માટીના પિંડાની માફક છે. તેનો જેવો ઘાટ ઘડવા ચાહિએ તેવો ઘડી શકાય છે. જો માતા-પિતા ગાળો ભાંડશે તો બાળકો ગાળો ભાંડતાં શીખશે અને જો માતા–પિતા મીઠાં વેણ બોલશે તો બાળકો પણ મીઠાં વચનો બોલતાં શીખશે. આ તો બધાનો પ્રત્યક્ષ અનુભવ છે. બાળકને કારણે જ માતાપિતાની નિંદા કે પ્રશંસા થાય છે. જો બાળક સારું હશે તો માતાપિતાની પ્રશંસા થશે અને ખરાબ હશે તો નિંદા થશે. આ ઉપરથી બાળકોને સુધારવા માટે માતા–પિતાએ કેવા સંસ્કારો બાળકોમાં ઉતારવા જોઈએ તેનો વિચાર કરો.

કેટલાક લોકો બાળકોની વાતોમાં શું પડ્યું છે એમ કહી ઉપેક્ષા કરે છે; પણ બાળકોનાં કોઈ કોઈ કામો પણ શીક્ષાપ્રદ હોય છે. બાળકો કોઈવાર ગાડીની પછવાડે દોડે છે અને ગાડીના પાટીયા ઉપર બેસવાનો પ્રયત્ન કરે છે. ગાડીવાળો મારે છે છતાં પોતાનો પ્રયત્ન છોડતા નથી. આ જ પ્રમાણે બાળકો કાર્યના ફળને ન જોતા કાર્ય કરતાં જ રહે છે. બાળકોના આ કાર્યથી શિક્ષા એ લેવાની છે કે, જે પ્રમાણે બાળકો ફલ ન જોતાં ક્રિયામાં પ્રવૃત્ત થાય છે તે જ પ્રમાણે તમે પણ ફલ ન જોતાં ધર્મક્રિયામાં પ્રવૃત્ત થાઓ–અર્થાત્ નિષ્કામ થઈ ધર્મક્રિયા કરો તો તેમાં કલ્યાણ છે.

મનોરમાએ અને તેના પાંચેય પુત્રોએ પરમાત્માનું ધ્યાન ધરી પ્રાર્થના કરી કે, " હે ! પ્રભો ! અમે તમારા શરણે આવ્યા છીએ. અમને બીજા કોઈનો આધાર નથી. આજે જો સુદર્શન શૂળીની શિક્ષામાંથી બચી જાય અને તેમના માથે ચડાવવામાં આવેલું કલંક મટી જાય તો સંસારમાં સત્યનો જય જયકાર થઈ જાય."

મનોરમા અને તેના પુત્રોએ ભગવાનનું ધ્યાન ધર્યું તો શું બીજા કોઈ દેવ–દેવી ન હતાં કે તેમણે ભગવાનનું જ ધ્યાન ધર્યું ?

કેટલાક લોકો કહે છે કે, વીતરાગ ભગવાન સહાયતા કરવા આવતા નથી એટલા માટે એવાં કામ માટે તો સરાગી દેવને માનવા પડે છે. આ પ્રમાણે પોતાની નિર્બળતાને કારણે

લોકો ધર્મ ઉપર દૃઢ રહેતા નથી પણ મનોરમાને ધર્મ ઉપર દૃઢ વિશ્વાસ હતો એટલે તે ધર્મ ઉપર દૃઢ રહી.

માતા–પુત્ર પરમાત્માના ધ્યાનમાં બેઠા છે. આ બાજુ સુદર્શન પણ વિચારે છે કે ભલે મને શૂળીએ ચડાવવામાં આવે પણ રાણી માતાને તો કષ્ટમાં પાડવા નહિ દઉં. એટલા માટે મારે મૌન જ સેવવું એ યોગ્ય છે.

જે પ્રમાણે વીજળીના બન્ને તારો કામ કરે છે તેજ પ્રમાણે અહીં પણ બન્નેની શક્તિ કામ કરી રહી છે. પણ વિજળીનાં બે તારોમાંથી કોની દ્વારા પ્રકાશ થાય છે એ કોણ જાણે? આ જ પ્રમાણે બન્નેમાંથી કોની શક્તિ કેવું કામ કરે છે એમ કેમ કહી શકાય?

લોકો બહાર ઊભા ઊભા એમ વિચારે છે કે, શેઠાણી હમણાં પોશાક પહેરી બહાર આવશે પણ અહીં તો શેઠાણી બીજો જ પોશાક પહેરી રહી છે. હવે આગળ શું થાય છે તે વિષે હવે પછી વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૭ બુધવાર

### પ્રાર્થના

**' પ્રતિષ્ઠસેન ' નરેશ્વરકો સુત, ' પૃથ્વી ' તુમ મહતારી;**
**સુગુણ સ્નેહી સાહબ સાચો, સેવકને સુખકારી.**
**શ્રી જિનરાજ સુપાસ, પૂરો આસ હમારી.**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી.

**શ્રી** સુપાર્શ્વનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્મા પ્રત્યે પ્રાર્થી એવી પ્રાર્થના કરે છે કે, " હે ! નાથ ! મારી બધી આશાઓ પૂરી કરનાર આપ જ છો, માટે મારી આશાઓ પૂરી કરો; હું બીજા પાસે જઈને ક્યાં કહું ? મારા માટે તો તમે જ આધારભૂત છો. પક્ષીઓને આકાશનો આધાર છે. જલચરોને જલનો આધાર છે, વાછડાને ગાયનો આધાર છે, બાળકને માતાનો આધાર છે અને વહાણને સમુદ્રનો આધાર છે. આ જ પ્રમાણે હે ! પ્રભો ! મને આપનો જ આધાર છે માટે મારી આશાઓ પૂરી કરો. "

વ્યવહારમાં તો આ રીતે પરમાત્માને આધારભૂત માનવામાં આવે છે, પણ પરમાત્માને હૃદયપૂર્વક આધારભૂત માનવામાં આવે છે કે નહિ એ માટે હૃદયને તપાસવાની જરૂર રહે છે.

પક્ષીઓને આકાશનો આધાર હોય છે એટલા માટે પક્ષીઓ પૃથ્વી ઉપર દાણાં ચણવા માટે જ આવે છે અને દાણા ચણીને આકાશમાં ઉડી જાય છે. જો કે પક્ષીઓ પાંખ વડે આકાશમાં ઉડે છે પણ જો પાંખ હોવા છતાં આકાશ–અવકાશ ન હોય તો તેઓ ક્યાં ગતિ કરે ? ઉડીને ક્યાં જાય ? આ જ પ્રમાણે આત્મા જ્ઞાનથી ઉર્ધ્વગામી બને છે; પણ તે ઉર્ધ્વગામી થઈને ક્યાં જાય ? આત્મા ઉર્ધ્વગામી થઈને બીજે ક્યાંય ન જાય, પણ પરમાત્માની પાસે જ જાય, એવી આત્માની ગતિ હોવી જોઈએ. જે પ્રમાણે પક્ષી ઉડીને આકાશ તરફ જ જાય છે, તેજ પ્રમાણે આત્માએ પણ ઉર્ધ્વગામી થઈને પરમાત્મા તરફ

જ જવું જોઈએ. જો આત્મા પરમાત્મા સિવાય કોઈ બીજી બાજુ ન જાય તો એમ સમજવું કે તેને પરમાત્માનો જ આધાર છે, બીજા કોઈનો આધાર નથી.

પરમાત્માને આધારભૂત બનાવવા માટે આત્માએ એમ વિચારવું જોઈએ કે, અત્યારે મારી કેવી દશા છે ? અને પરમાત્માને આધારભૂત બનાવ્યા બાદ મારી કેવી દશા હોવી જોઈએ ?

પક્ષી તો આકાશને જ પોતાનો આધાર માને છે. માનો કે, કોઈ એક વૃક્ષ ઉપર એક બાજુ આકાશને આધાર માનનાર પક્ષી બેઠેલ છે અને બીજી બાજુ વાંદરો બેઠેલ છે. હવે પવનના વેગથી, પોતાના ભારથી કે કોઈ બીજા કારણે જો વૃક્ષ પડવા લાગે તો કોને દુઃખ થશે ? પક્ષી તો એમ જ વિચારશે કે, મારા માટે તો આકાશનો આધાર છે અને મારી પાંખોની સહાયતા વડે હું આકાશમાં ઉડી શકું છું. આ પ્રમાણે વૃક્ષના પડવાથી પક્ષી તો ઉડી જશે પણ વાંદરો તો એ વૃક્ષની સાથે જ પડી જશે.

જ્ઞાનીજનો, જ્ઞાની અને અજ્ઞાનીઓમાં પણ આવું જ અંતર જુએ છે અને બન્નેની સ્થિતિ આ પ્રકારની જ માને છે. જ્ઞાની અને અજ્ઞાનીઓ સાધારણ રીતે ખાન-પાન તો એક સરખું કરે છે, છતાં પણ બન્નેમાં અંતર છે. જે જ્ઞાની હોય છે તે તો એમ વિચારે છે કે, હું આ સંસારના આધારે રહ્યો નથી. આ સંસાર રહે કે ન રહે, મને તેથી કાંઈ દુઃખ થવાનું નથી. કારણ કે હું તો જ્ઞાનની પાંખદ્વારા પરમાત્માની તરફ ઉડી જઈશ. આ ઉચ્ચ ભાવને કારણે જ્ઞાનીજનો સંસારનો મોહ રાખતા નથી. જ્ઞાનીઓ સંસારમાં કેવી રીતે રહે છે તે વિષે કહ્યું છે કેઃ—

> યે સમદષ્ટિ જીવડા, કરે કુટુંબ પ્રતિપાલ,
> અંતરસે ન્યારા રહે, જ્યોં ધાય ખિલાવે બાલ.

સમદષ્ટિ જીવો સંસારમાં રહેવા છતાં સંસારને પોતાનો આધાર માનતા નથી; પણ પોતાના જ્ઞાનની સહાયતાથી પરમાત્માનો આધાર લે છે. વૃક્ષ તો પડે છે, તો તેની સાથે પડવું શું ઠીક છે ? આ જ પ્રમાણે સંસાર પણ પડનાર છે, તો પછી તેની પાછળ હાયવોય કરી શા માટે મરવું ? તે વખતે તો એમ વિચારવું જોઈએ કે, સંસાર જાય કે રહે, મને તેથી શું ! હું તો જ્ઞાનના આધારે છું. તો પછી મને શાનું દુઃખ ? આ પ્રમાણે ઊંચો વિચાર રાખવો આવશ્યક છે.

મતલબ કે, જે પ્રમાણે પક્ષી પાંખદ્વારા આકાશ તરફ ગતિ કરે છે તે જ પ્રમાણે આત્માએ પણ જ્ઞાનદ્વારા પરમાત્મા પ્રતિ ગતિ કરવી જોઈએ. જે પ્રમાણે પક્ષીઓને પાંખો સ્વાભાવિક છે અને આકાશ પણ સ્વાભાવિક છે, કેવળ ઉડવાની વાર છે; તે જ પ્રમાણે આત્મા પણ છે, જ્ઞાન પણ છે અને ત્રિકાલમાં રહેનાર પરમાત્મા પણ છે. કેવળ પરમાત્મા તરફ ગતિ કરવાની જરૂર છે. એટલા માટે પરમાત્મા તરફ ગતિ કરો તો તેમાં કલ્યાણ જ છે.

પરમાત્મા પાસે કેવી આશા રાખવી જોઈએ એ વાતનો નિર્ણય કરવાની આવશ્યકતા રહે છે. તેમની પાસે નાથ બનવાની આશા રાખવી જોઈએ કે અનાથ બનવાની ? જો અનાથ થવાની આશા પૂરી કરાવવી હોય તો પરમાત્માની પ્રાર્થના કરવી વ્યર્થ છે. આવી આશાનો અર્થ એ થાય છે કે પરમાત્માની પાસે જવું જ નથી તો પછી પ્રાર્થના શું કરશો ? એટલા માટે પરમાત્મા પાસે સનાથ બનવાની જ આશા કરવી જોઈએ. આ આશાની પૂર્તિ પરમાત્મા

પાસે કરાવવામાં અને બીજાની પાસે કરાવવામાં શું અંતર છે એને માટે ભક્તજનો કહે છે કે:—

તોય માંગિ માંગિબો ન માંગિબો કહાયો,
સુનિ સુભાવ શીલ સુયશ માંગન જન આયો.

ભક્તો કહે છે કે, હે! પ્રભો! હું બીજા પાસે માંગું છું તો તો તે મને ભિખારી જ રાખવા ચાહે છે, અને પોતે તો દાતા બને છે. પણ તું એવો છે કે માંગનારની માંગણી જ તું સદાને માટે મટાડી દે છે. જે પ્રમાણે સાકરની પુતળી પાણીની પાસે માંગવા જાય છે તો પાણી તેને પોતાનામાં જ મેળવી લે છે; તે જ પ્રમાણે તારી પાસે માંગણી કરવાથી તું તે માંગનારને યાચક રાખતો નથી, પરંતુ પોતાના જેવો બનાવી લે છે. એટલા માટે સનાથ બનવા માટે પરમાત્માની જ પ્રાર્થના કરવી જોઈએ.

## અનાથી મુનિનો અધિકાર—૪૪

અનાથી મુનિ રાજા શ્રેણિકને પણ આ જ વાત કહી રહ્યા છે. રાજા ગૃહસ્થ છે અને મુનિ ત્યાગી છે; છતાં પણ મુનિ રાજાને બતાવી રહ્યા છે કે, કેટલાક લોકો સાધુ થઈને પણ અનાથતામાં પડી જાય છે!

કેટલાક લોકો એમ કહે છે કે, ગૃહસ્થોની આગળ સાધુ–આચાર કહેવાની શી જરૂર છે? સાધુ–આચારની વાતો સાધુઓએ એક જગ્યાએ બેસી અંદરોઅંદર કરી લેવી જોઈએ. ગૃહસ્થોની સામે એ વાતો મૂકવાથી શો લાભ!

જો આ કથન ઠીક હોય તો તો અનાથી મુનિએ રાજા શ્રેણિકની સામે સાધુ–ચર્ચા કરવી ન જોઈએ, પણ તેમણે સાધુ વિષે ચર્ચા કરી છે એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, સાધુ વિષેની ચર્ચા ગૃહસ્થોની સામે કરવી નકામી નથી. આ સિવાય જો સાધુ આચાર સંબંધી સાધુઓ અંદરો અંદર વાતો કરી લે, અને ગૃહસ્થોને સાધુ–આચાર સંબંધી વાત કરવામાં ન આવે, તો ગૃહસ્થોને એ કેવી રીતે ખબર પડે કે, આ સાધુ છે કે નહિ? એટલા માટે ગૃહસ્થોની સામે સાધુ–આચાર સંબંધી વાતો મૂકી એ બતાવવામાં આવ્યું છે કે, આગમના આ કથનાનુસાર જેઓ આચરણ કરતા હોય તેને સાધુ માનો અને જેઓ તદનુસાર આચરણ ન કરતા હોય તેને સાધુ ન માનો.

કોઈ એમ કહે કે, આગમમાં આ પ્રમાણે કહ્યું છે છતાં આ સાધુ છે કે નહિ તે વાતનો નિર્ણય અમે આગમ પ્રમાણથી કેવી રીતે કહી શકીએ? કારણ કે કેટલાક સાધુઓ ઉપરથી તો આગમાનુસાર વ્યવહાર રાખતાં જોવામાં આવે છે પણ અંદરથી તેઓ આગમાનુસાર વ્યવહાર રાખે છે કે નહિ એ વાત અમે ગૃહસ્થો કેવી રીતે જાણી શકીએ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, તમારે સાધુની અપેક્ષાએ શાસ્ત્રને વધારે પ્રમાણભૂત માનવાં જોઈએ અને જોવું જોઈએ કે, શાસ્ત્રમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે તેનું આચરણ છે કે નહિ? તમે ગૃહસ્થો નિર્ગ્રન્થ પ્રવચનના દાસ છો. નિર્ગ્રન્થ પ્રવચનને આચરણમાં ઊતારવાં એ તો પોતાની શક્તિ ઉપર આધાર રાખે છે પણ શ્રદ્ધા તો તેની જ રાખવી જોઈએ. જેઓ સાધુ છે તેમણે તો નિર્ગ્રન્થ–પ્રવચન અનુસાર જ ચાલવું જોઈએ. જો શાસ્ત્ર અનુસાર ચાલી ન શકાય તો સાધુપણું છોડી ચાલી જનારની શાસ્ત્ર નિંદા કરતું નથી. પણ સાધુ થઈને નિર્ગ્રન્થ–પ્રવચનની વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારની અનાથી મુનિ ટીકા કરે છે.

હવે એ પ્રશ્ન બાકી રહે છે કે, કોઈ સાધુ, ઉપરથી એ નિર્ગ્રન્થ પ્રવચન અનુસાર વ્યવહાર કરે, પણ અંદરથી વ્યવહાર ન કરે તો એ દશામાં એ સાધુ નિર્ગ્રન્થ–પ્રવચન અનુસાર વ્યવહાર કરે છે કે નહિં તેનો નિર્ણય કેવી રીતે કરી શકાય? આનો ઉત્તર એ છે કે, અંદરથી કાંઈ કરવું અને બહારથી બીજું બતાવવું એ તો ભૂતકાળમાં થયું છે, વર્ત્તમાનમાં થાય છે, અને ભવિષ્યમાં પણ થશે. એને કોઈ રોકી શકતું નથી. એટલા માટે તમારે તો નિર્ગ્રન્થ–પ્રવચન ઉપર શ્રદ્ધા રાખવી જોઈએ, અને વ્યવહારમાં નિર્ગ્રન્થ પ્રવચન પ્રમાણે તે સાધુનું આચરણ છે કે નહિ, તે જોવું જોઈએ. તમે પૂર્ણ નથી કે તમે આંતરિક ભાવ અને હકીકત જાણી શકો. અપૂર્ણ માટે તો વ્યવહાર જ જોવો ઉચિત છે, અને તેથી જે સાધુઓ વ્યવહારમાં નિર્ગ્રન્થ–પ્રવચનનું પાલન કરે છે, તેમને સાધુ તરીકે માનવા જોઈએ. અને જેઓ તેનું પાલન કરતા નથી તેમને ન માનવા. કારણ કે, અપૂર્ણ લોકો પાસે નિશ્ચયને જાણવાનું કોઈ સાધન નથી. અપૂર્ણ તો વ્યવહારદ્વારા જ બધુંય જાણી શકે છે.

ઉદાહરણ તરીકે તમે કોઈને તમારી દુકાનમાં મુનીમ રાખ્યો. તે મુનીમ વ્યવહારમાં જમાખર્ચ વગેરેનો બધો હિસાબ બરાબર રાખે છે. હવે તમે આ મુનીમને માનશો કે નહિ? નિશ્ચયમાં તેનું હૃદય કેવું છે તે તમે જાણતા નથી પરંતુ તે વ્યવહારનું પાલન કરે છે એટલે તમે માનશો. આથી વિરુદ્ધ કોઈ મુનીમનું હૃદય સાફ પણ હોય પણ જો તે વ્યવહારનું કામ બરાબર કરતો ન હોય તો તેને તમે મુનીમ માની શકો ખરા? તમે તો એમ જ કહેશો કે, જે વ્યવહાર જાણતો નથી તે મુનીમ અમારે શા કામનો? રાજ્યમાં પણ આ જ વાત છે. ભલે પોલિસખાતું હોય કે દીવાનીખાતું હોય પણ જે કાયદાનું પાલન કરે છે તેને કોઈ કાંઈ કહી શકે નહિ. કારણ કે ત્યાં કાયદાનું પાલન કરવું આવશ્યક છે. હૃદય ગમે તેટલું સાફ હોય પણ જે કાયદાનું પાલન કરતો નથી તે ઉપાલંભને પાત્ર બને છે.

મતલબ કે, જ્યાં સુધી પૂર્ણ ન થવાય ત્યાં સુધી વ્યવહાર દ્વારા જ કોઈ વાતની પરીક્ષા થઈ શકે છે. જો કે, વ્યવહારની સાથે નિશ્ચયની પણ આવશ્યકતા છે પણ નિશ્ચય તો આત્મસાક્ષીથી જ જાણી શકાય છે. બાકી તો વ્યવહારથી જ જાણી શકાય છે.

**यद्यद् आचरति श्रेष्ठस्तत् तदितरो जनः** શ્રેષ્ઠ લોકો જેવું આચરણ કરે છે, તેવું જ બીજા લોકો તેમનું જ અનુકરણ કરી આચરણ કરે છે; કારણ કે, વ્યવહારમાં આચરણ જ જોઈ શકાય છે, નિશ્ચય જોઈ શકાતો નથી. એટલા માટે નિશ્ચયની સાથે જ વ્યવહારનું પાલન તો કરવું જ જોઈએ.

અનાથી મુનિ કહે છે કેઃ—

**इमा हु अण्णा वि अणाहया निवा, तमेगचित्तो निहुओ सुणेहि मे ।**
**नियंठधम्मं लहिया णिवो जहा, सीयन्ति एगे बहु कायरा नरा ॥३८॥**
**जो पव्वइत्ताणं महव्वयाइं, सम्मं च नो फासयई पमाया ।**
**अनिग्गहप्पा य रसेसु गिद्धे, न मूलओ छिंदई बंधणं से ॥३९॥**

"હે! રાજન્! જે ગૃહસ્થાશ્રમમાં રહીને વ્યવહાર દૃષ્ટિએ આરંભી તથા પરિગ્રહી છે તે તો અનાથ છે જ; પણ ગૃહસ્થાશ્રમ તથા આરંભ–પરિગ્રહમાંથી નીકળી સાધુ થઈને જે

નિરારંભતા તથા નિષ્પરિગ્રહતાનું પાલન કરતા નથી, તેઓ પણ અનાથ જ છે. આ અનાથતા કેવા પ્રકારની હોય છે તે હું તને સમજાવું છું તો તું એકાગ્રચિત્તે મારું કથન સાંભળ."

એકાગ્રચિત્તતાની આવશ્યકતા શા માટે છે તે વિષે કાલે કહી દેવામાં આવ્યું છે. નિશ્ચલ થઈને સાંભળવાનો ઉદ્દેશ એ છે કે જે ઉદ્દેશ કહેવામાં આવે છે તે ઉદ્દેશને બરાબર સમજો.

પાંચ અને પાંચ દસ થાય છે એ બધા જાણે છે. કોઈ વિલાયતમાં ઊંચી પરીક્ષા પાસ કરી આવેલો માણસ એમ કહે કે, પાંચ અને પાંચ મેળવવાથી અગ્યાર થાય છે તો શું તમે તેનું કહેવું માનશો ? નહિ માનો. કારણ કે પાંચ અને પાંચ દશ થાય છે એવો તમારો સ્વાનુભવ છે.

મુનિ કહે છે કે, આ જ પ્રમાણે હું જે કાંઈ કહું છું તેના ઉપર વિશ્વાસ રાખી તમે એકાગ્ર ચિત્તે સાંભળો.

"હે ! રાજન્ ! ઘણા લોકો એવા કાયર હોય છે કે જેઓ નિર્ગ્રન્થધર્મનો સ્વીકાર કરી પાછળથી અનાથતામાં પડી જાય છે અને દુઃખ પામે છે."

અનાથી મુનિ પહેલેથી કહી ચૂક્યા છે કે, કાયર લોકો સંયમમાં દુઃખ પામે છે. એટલા માટે સંયમને ન પાળનારાઓએ એમ જ વિચારવું જોઈએ કે, જેઓ સંયમનું પાલન કરે છે તેમની બલિહારી છે. કેટલાક લોકો ઘોડાને કાબુમાં ન રાખવાને કારણે ઘોડા ઉપરથી પડી જાય છે. એવું તો થાય જ છે, એટલા માટે ઘોડા ઉપરથી નીચે પડી જનારે એ જ જોવું જોઈએ કે સંયમનું પાલન કરનારા પોતાના ઘોડાને કાબુમાં રાખી યથાસ્થાને કેવી રીતે પહોંચી જાય છે ! આ જ પ્રમાણે સંયમનું પાલન ન કરનારે સંયમીઓ કેવી રીતે સંયમનું પાલન કરે છે તે જ જોવું જોઈએ. જેઓ સંયમથી પતિત થઈ જાય છે, તેમને માટે અનાથી મુનિએ પહેલેથી કહી દીધું છે કે, "જે લોકો કાયર હોય છે તેઓ સંયમથી પતિત થાય છે અને દુઃખ પામે છે."

તમે લોકો અનાથતાની વાતો વ્યવહારમાં જલ્દી જુઓ છો અને તેને જલ્દી અપનાવી લો છો પણ સનાથતાની વાતને તમે જોતા નથી. તમે જુઓ છો કે ભૂતભવાનીની માનતા ૫૦–૧૦૦ માણસો કરે છે, તેઓમાં પ્રાયઃ બે એક જણાની માનતા પૂરી થાય છે; અને બાકીનાઓની માનતા પૂરી થતી નથી. પણ તે બે જણા કે જેમની માનતા પૂરી થઈ છે, તે લોકો બાકીના ઘણા લોકોની માનતા પૂરી થઈ નથી તે જોતા નથી. તેઓ તો પોતાની આશા પૂરી થવાને કારણે વાજાં વગડાવી ભૂતભવાનીની માનતા કરે જ છે. આ પ્રમાણે ભૂતભવાનીના ભક્તોમાં તો આટલી દૃઢતા હોય છે પણ તમારા લોકોમાં એટલી દૃઢતા રહેતી નથી. તમે લોકો જેઓ સંયમનું પાલન કરે છે તેમને તો જોતા નથી પણ જેઓ સંયમથી પતિત થઈ જાય છે તેમને સન્માનો છો. શું આમ કરવું તે ભૂતભવાનીના ભક્તથી પણ ઊતરતું કામ નથી !

તમે લોકો ભલે માનો કે ન માનો પણ સાધુઓ ઉપર તો એ જવાબદારી છે કે તેઓ સંયમનું બરાબર પાલન કરે અને નિર્ગ્રન્થ ધર્મથી પતિત થઈ "યતો ભ્રષ્ટસ્તતો ભ્રષ્ટઃ" જેવી ગતિ ન થાય તેનું ધ્યાન રાખે.

અત્રે એ પ્રશ્ન થાય છે કે, નિર્ગ્રન્થધર્મમાં એવું શું દુઃખ છે કે આત્મા સંયમ ધારણ કરીને તેથી પાછો પડે છે ? નિર્ગ્રન્થ ધર્મમાં એવું કાંઈક દુઃખ હશે એટલે જ કેટલાક

લોકો નિર્ગ્રન્થધર્મનો સ્વીકાર કરીને પાછા પડતા હશે ! આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, કેટલાક લોકો સારાં કાર્યોમાં પણ દુઃખ પામે છે અને પાછા પડે છે. માનો કે, કોઈ એમ કહે કે, અહીંથી પચાસ ગાઉ ઉપર એક ધનનો ખજાનો પડ્યો છે. જે ત્યાં જાય તેને તે ખજાનો મળી શકે. ખજાનાનો લોભ કોને ન હોય ! ધન લેવાની આશાએ ઘણા લોકો ચાલવા માંડ્યા પણ કેટલાક લોકો તો ત્યાંસુધી પહોંચ્યા અને કેટલાકો માર્ગમાં જ થાકીને પાછા ફર્યા. આ જ પ્રમાણે કેટલાક માણસો મોક્ષમાર્ગે જવા માટે સંયમ ધારણ કરે છે તેમાંના કેટલાક લોકો તો યથાસ્થાને પહોંચે છે અને કેટલાક તો માર્ગમાં જ થાકીને માર્ગમાં આવતાં પ્રલોભનોથી ભ્રષ્ટ થઈ જાય છે. સંયમમાં લોકો કયા કયા કારણોથી ભ્રષ્ટ થઈ જાય છે એ વિષે શ્રી જ્ઞાતાસૂત્રમાં બહુ લાંબો વિચાર કરવામાં આવ્યો છે અને એ વિષે એક ઉદાહરણ પણ આપવામાં આવ્યું છે, જે આ પ્રમાણે છેઃ—

એક ધનાવા નામનો શેઠ હતો. તે કેવળ નામનો જ શેઠ ન હતો. લોકોનું દુઃખ દૂર કરવામાં તે પોતાની શેઠાઈનો ઉપયોગ કરતો. વાસ્તવમાં શેઠ તો તે છે, કે જે બીજાનું દુઃખ દૂર કરે અને બીજાઓ ઉપર કૃપાભાવ રાખે.

ધનાવા શેઠે નગરમાં એવો ઢંઢેરો પીટાવ્યો કે, " મારે એક સંઘ કાઢવો છે, તો જેની ઇચ્છા હોય તે મારી સાથે આવે. માર્ગમાં બધી વ્યવસ્થા હું કરીશ. રસ્તામાં ખાન-પાન, કપડાં-લત્તાં વગેરે હું આપીશ અને જેને કમાઈ કરવા માટે પૂંજી જોઈશે તેને પૂંજી પણ આપીશ."

આવો અવસર કોણ ભૂલે. એટલા માટે ઘણા લોકો શેઠની સાથે જવા તૈયાર થયા. શેઠે સંઘ તૈયાર કર્યો અને બધો પ્રબંધ કરી સંઘ રવાના થયો. ચાલતાં ચાલતાં રસ્તામાં એક મોટું જંગલ આવ્યું. શેઠે તે બધા લોકોને કહ્યું કે, તમારા બધાની જવાબદારી મારા ઉપર છે એટલા માટે તમને એક સૂચના આપું છું તો તે ખાસ ધ્યાનમાં રાખશો. " આ જંગલમાં નંદીફલ નામનાં વૃક્ષો છે. તે વૃક્ષો દેખાવમાં ઘણાં જ સુંદર છે. તેમની ગંધ પણ મોહક છે અને તેમની છાયા પણ શીતલ છે. તે વૃક્ષો એવાં આકર્ષક છે કે તે મનુષ્યોને પોતાની તરફ ખેંચે છે. તેમનાં ફળો પણ દેખાવમાં બહુ સુંદર અને ખાવામાં બહુ મીઠાં છે. તે વૃક્ષ નીચે જઈ બેસવાથી તેનું ફળ ખાવાની ઇચ્છા થાય છે. તે ફળ દેખાવમાં સુંદર અને ખાવામાં મીઠું છે, પણ તે ખાવાથી તેનું પરિણામ બહુ ખરાબ આવે છે. તે ખાનારનું મૃત્યુ થઈ જાય છે. ખરું કહીએ તો તે ફળ ' મીઠું વિષ ' છે, માટે તેની બરાબર સાવધાની રાખશો. કડવા વિષથી બચવું તો સરલ છે પણ મીઠા વિષથી બચવું બહુ જ મુશ્કેલ છે. એટલા માટે તમે લોકો વૃક્ષની સુંદરતાથી, છાયાની શીતળતાથી કે ફલની સ્વાદિષ્ટતાથી લોભાઈ જશો નહિ. આ મારું કહેવું માની, તમે જો મારી પછવાડે ચાલ્યા આવશો તો તો આ જંગલને સુખરૂપે પાર કરી શકશો, પણ જો વૃક્ષનાં ફલ ખાવામાં લોભાઈ જશો તો તો તમે રસ્તામાં જ મરણને શરણ થઈ જશો. માટે નંદીફળ વૃક્ષોના પ્રલોભનમાં પડશો નહિ. આ મારી સૂચના ખાસ ધ્યાનમાં રાખશો."

આ પ્રમાણે બધાને સાવધાન કરી શેઠે આગળ ચાલવા માંડ્યું. જે લોકો શેઠના કથન ઉપર વિશ્વાસ રાખી તેમની પાછળ ચાલ્યા અને નંદીફલના વૃક્ષોમાં લોભાયા નહીં તેઓ તો

જંગલને સુખરૂપે પાર કરી ગયા, પણ કેટલાક લોકો એવા પણ હતા કે, જેઓ શેઠને દિવાના કહેવા લાગ્યા, અને વૃક્ષની સુંદરતા, છાયાની શીતળતા તથા ફળની મધુરતા જોઈ લલચાયા અને ફળને ચાખવા લાગ્યાં. ફળને ખાધા બાદ તેમની નસો જ્યારે તણાવા લાગી ત્યારે શેઠની શીખામણ યાદ આવી, પણ ભૂલ કર્યા બાદ શીખામણ યાદ કરવાથી શું વળે? તે લોકો તો ભૂલના ભોગ થઈ પડયા.

અહીં એક વિચારવા જેવી વાત એ છે કે, શેઠે ખાન-પાન, કપડાં-લત્તાં વગેરેની વ્યવસ્થા કરી આપી હતી. ઉપરાંત જંગલમાં નંદીફળ ખાવાની મનાઈ કરી હતી. તેમ છતાં જે લોકોએ શેઠના કથન ઉપર વિશ્વાસ કર્યો નહિ અને નંદીફળનો આસ્વાદ કર્યો એનું પ્રધાન કારણ વિચારીએ તો તે એ લોકોની કાયરતા જ છે. કાયરતાને વશ થઈને જ તેઓએ જાણવા છતાં ભૂલ કરી અને ભૂલના ભોગ થઈ પડયા. જે લોકો વીર હતા તેઓ તો શેઠના કથન ઉપર વિશ્વાસ રાખી નંદીફલને ચાખ્યા નહિ અને જંગલને સુખપૂર્વક પાર કરી ગયા.

આ ઉદાહરણ આપી શ્રી જ્ઞાતાસૂત્રમાં ભગવાન મહાવીર કહે છે કે, "હું બધાનો સાર્થવાહી છું. જો મારી સાથે ચાલનારા લોકો મારી પાછળ પાછળ ચાલ્યા આવે અને મારા કથનની ઉપેક્ષા ન કરે તો હું બધાને સકુશલ સંસાર અટવીને પાર કરાવી મોક્ષે પહોંચાડી આપું પણ આમ ત્યારે જ બની શકે કે જ્યારે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા બધાંય મારી પાછળ ચાલ્યા આવે. જો તેઓ નંદીફલની માફક સંસારનાં પ્રલોભનોમાં પડી જાય અને આત્માને વશમાં ન રાખતાં રસગૃદ્ધિમાં સપડાઈ જાય તો સંસારાટવીને પાર જઈ શકે નહિ અને દુઃખના ભાગી બને."

જો કે ભગવાન મહાવીર જેવા મહાન્ ત્યાગી પુરુષના કથન ઉપર અવિશ્વાસ થવાનું કોઈ કારણ નથી છતાં પણ કેટલાક લોકો ખાનપાનની લાલસામાં અને મોજમજામાં પડી જઈ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. અનાથી મુનિ કહે છે કે, એવા લોકો કાયર છે અને કાયરતાને કારણે જ તે લોકો અનાથતામાં પડી જાય છે અને દુઃખી થાય છે.

જે પ્રમાણે શેઠના ત્યાગને દૃષ્ટિમાં રાખી તેમની વાણી ઉપર વિશ્વાસ કરવો જોઈતો હતો તે જ પ્રમાણે ભગવાનની વાણી ઉપર પણ ભગવાનના અપૂર્વ ત્યાગને કારણે વિશ્વાસ કરવો જ જોઈએ. છતાં પણ જે લોકો શેઠને ઉપરથી શેઠ-શેઠ તો કહે છે પણ તેની વાણીને માનતા નથી તો એ અવસ્થામાં શેઠ તે લોકોની રક્ષા કરવામાં સમર્થ થતો નથી. તે જ પ્રમાણે ઉપરથી તો ભગવાન-ભગવાન કરે પણ જો ભગવાનની વાણી ન માને તો તે ભગવાનનો નથી અને ભગવાન તેની રક્ષા કરી શકતા નથી. ભગવાનના તો તેઓ જ છે કે, જેઓ ભગવાનની વાણી માની નંદીફલની સમાન વિષમય કામભોગોનો ત્યાગ કરે છે.

આ તો સાધુઓની વાત થઈ. પણ તમે શ્રાવક લોકો પણ તમારા પોતાના માટે જુઓ કે તમે શું કરો છો? તમે કહો છો કે, નાટક-સિનેમા વગેરેમાં કેવો આનંદ છે છતાં તેનો ત્યાગ શા માટે કરાવવામાં આવે છે. પણ જે ત્યાગના કારણે તમારું સંસારજીવન સંકુચિત બનતું હોય કે ચાલતું ન હોય એ ત્યાગની નિંદા કરો તો ઠીક પણ કહી શકાય પણ જેનો ત્યાગ કર્યા વિના તમારું જીવન વધારે બગડતું હોય અને જે વસ્તુ નંદીફલની સમાન 'મીઠા વિષ'થી ભરેલી છે તે વસ્તુનો ત્યાગ કરવો શું ખરાબ છે? જેમકે નાટક-સિનેમા કે બીડીનો ત્યાગ કરો તો શું તેથી જીવનમાં કાંઈ ખરાબી પેદા થાય છે? નથી

થતી તો પછી તેનો ત્યાગ શા માટે કરવામાં નથી આવતો ? તમે ભગવાનના કથનને ન માનો તો તમે તમારી વાત જાણો પણ અમે સાધુઓ તો ભગવાનની આજ્ઞાનું પાલન કરવા માટે જ નીકળ્યા છીએ એટલા માટે અમારે તો ભગવાનની આજ્ઞાનુસાર જ ચાલવું જોઈએ. ભગવાન કોઈ સાધુને ખાવા-પીવાથી તદ્દન રોકતા નથી પણ તેઓ તો એમ કહે છે કે, "હે ! સાધુઓ ! તમે ખાવા-પીવા વગેરેના પ્રલોભનોમાં ન પડો. કદાચિત્ પ્રલોભનો ઉપર વિજય મેળવવામાં તમને કષ્ટ જણાય તો કષ્ટોને સહિષ્ણુતાપૂર્વક સહી લો. આ પ્રમાણે જો તમે કષ્ટોને સહીને પ્રલોભનો ઉપર વિજય મેળવશો તો તમને મોક્ષપ્રાપ્તિ થશે. વાસ્તવમાં ત્યાગમાં દુઃખ તો નથી જ પણ લોકો પોતાની કાયરતાથી જ એને દુઃખ માને છે. જો સહિષ્ણુતાપૂર્વક કષ્ટોને સહન કરવામાં આવે તો સુદર્શનની શૂળી જેવા કષ્ટોથી પણ ગભરામણ ન થાય.

## સુદર્શન ચરિત્ર—૪૪

સુદર્શનને શૂળીએ ચડાવવાનો હુકમ કરવામાં આવ્યો. આ કષ્ટ શેઠ ઉપર હતું કે શેઠાણી ઉપર ? જે લોકો પતિ-પત્ની વચ્ચે ભેદ માને છે તેમની દૃષ્ટિએ તો શેઠ ઉપર જ એ કષ્ટ હતું પણ મનોરમા અને સુદર્શન વચ્ચે ભેદભાવ ન હતો; એટલા માટે જે કષ્ટો શેઠ ઉપર હતાં તે જ કષ્ટો શેઠાણી ઉપર પણ હતાં, છતાં પણ મનોરમા પોતાના ધર્મમાં કેવી દૃઢ રહે છે તે જુઓ. મનોરમા વિચારે છે કે, "મારે ધર્મનો જ વિચાર કરવો જોઈએ. કેવળ લોકોના કહેવા ઉપર ઢળી જવું ન જોઈએ. જો કે આ સંસાર ભયંકર છે પણ મને સંસારની ભયંકરતામાં પણ અદ્ભુતતા દેખાય છે. જે પ્રમાણે સમુદ્ર બીજાઓને તો ભયંકર જણાય છે પણ ડુબકી મારનાર ખારવાઓને તો તે ભયંકર સમુદ્ર પણ રત્નાકર-રત્નોની ખાણ-જણાય છે. આ જ પ્રમાણે અજ્ઞાનીઓને તો આ સંસાર ભયંકર લાગે છે પણ જેઓ જ્ઞાની છે તેમને તો અદ્ભુતતા જ જણાય છે." આ પ્રમાણે વિચાર કરી શેઠાણી પોતાના પુત્રોને સાથે લઈ ધર્મધ્યાન કરવા બેસી ગઈ.

બાળકો જો કે બાળક જ છે; પણ એ બાળકો જે શ્રદ્ધા અને વિશ્વાસ સાથે કામ કરે છે તેવી શ્રદ્ધા અને તેવો વિશ્વાસ જો બધામાં આવી જાય તો પછી જોઈએ જ શું ? જ્ઞાનીજનો બાળકોની ભાવના પ્રાપ્ત કરવાનો જે પ્રયત્ન કરે છે અને બાલભાવમાં જ મગ્ન રહે છે. બાળક જ્યારે દૂધભર હોય છે ત્યારે જો માતા ક્યાંય બહાર ગઈ હોય અને તે વખતે બીજી કોઈ સ્ત્રી તેની સામે આવે તો તે બાળક તે સ્ત્રીને પણ પોતાની માતા જ માને છે. આ જ પ્રમાણે સાધુઓને સ્ત્રી માત્ર અને ગૃહસ્થોને પરસ્ત્રી માત્ર માતા સમાન જ જોવામાં આવવી જોઈએ. બાળકોની સરલતાથી આ શિક્ષા લેવી જોઈએ, અને બાળકોની સમાન વિશુદ્ધ બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પુત્રો સહિત શેઠાણી ધર્મધ્યાન કરવા બેઠી. જે લોકો શેઠાણીને સમજાવી સુદર્શનની પાસે લઈ જવા આવ્યા હતા તે લોકો દ્વાર ઉપર બેસી એમ વિચારતા હતા કે, હજી સુધી શેઠાણી બહાર કેમ ન આવ્યાં ? આટલી બધી વાર કેમ થઈ ? કોઈએ કહ્યું કે, ચાલો જોઈએ, શેઠાણી શું કરે છે ? આ પ્રમાણે કહી એક માણસ અંદર ગયો અને જોઈને પાછો આવી લોકોને કહેવા લાગ્યો કે, ચાલો ! ચાલો ! આખરે શેઠાણી પણ શેઠની જ પત્ની છે ને ? શેઠ ડગે તો શેઠાણી ડગે ! તે તો ધર્મધ્યાન કરવા બેઠી છે. માટે ચાલો ! ચાલો !

કેટલાક મશ્કરા લોકો કહેવા લાગ્યા કે, શેઠ–શેઠાણીની ઠીક જોડી મળી છે. શું આ સમય ધર્મધ્યાન કરવાનો છે ? કોઈ એમ પણ કહેવા લાગ્યા કે, કોણ જાણે ! આની પાછળ શું રહસ્ય રહેલું હશે ? પતિ ઉપર સંકટ આવે અને પતિનું અપમાન થતું હોય ત્યારે પત્નીને કેટલું બધું દુઃખ થાય ! આમ હોવા છતાં શેઠાણી ધર્મધ્યાન કરવા બેઠી છે તો એની પાછળ કોઈ રહસ્ય રહેલું હોવું જોઈએ !

આ જોઈ લોકો વિચારવા લાગ્યા કે હવે શું કરવું ? આખરે બધા લોકો રાજા પાસે જવાના નિશ્ચય ઉપર આવ્યા અને રાજાની પાસે જઈ તેઓ કહેવા લાગ્યા કે, "આપને ઉચિત લાગે તેમ કરો. શેઠ કાંઈ બોલતા જ નથી અને શેઠાણી પણ તેના પતિનાં લક્ષણ જાણતી હોવાથી સુદર્શનને સમજાવવા આવતી નથી. તે પણ કાંઈ બોલતી નથી. બોલે પણ કયા મોઢે ? એટલા માટે આપને જેમ ઉચિત લાગે તેમ કરો."

લોકોનું આ કથન સાંભળી રાજાએ નિશ્ચય કર્યો કે, હવે બીજો કોઈ માર્ગ નથી માટે રાજધર્મના નિયમાનુસાર સુદર્શનને શૂળી ઉપર ચડાવી દેવો. આ પ્રમાણે નિશ્ચય કરી રાજાએ સિપાઈઓને હુકમ કર્યો કે, સુદર્શનને શૂળી ઉપર ચડાવી દેવામાં આવે. હુકમ મળતાં જ શૂળી ઉપર ચડાવનાર સિપાઈઓ સુદર્શનની પાસે આવ્યા.

**સુભટ શેઠકો પકડ શૂલિકા, પહનાયા શૃંગાર;**
**નગર ચૌટે ઉભો કર કે, બોલે યોં લલકાર. ॥ ધન૦ ૧૦૧ ॥**
**યહ સુદર્શન શેઠ નગરકા, ધર્મી નામ ધરાય;**
**પરતિરિયા કે પાપસે, યો શૂલિ ચઢાયો જાય. ॥ ધન૦ ૧૦૨ ॥**

રાજાના હુકમના તાબેદાર સુભટો યમરાજના દૂતોની માફક સુદર્શનને પકડી, તેમનાં કપડાં ઊતારી શૂળીએ ચડાવવાનાં કપડાં પહેરાવવા લાગ્યાં કે જેથી લોકો જાણી શકે કે, આ માણસને શૂળીએ ચડાવવામાં આવશે.

શેઠનું પૌષધ વ્રત પૂરું થયું હશે કે નહિ તેની ચર્ચા અત્રે કરવામાં આવતી નથી. અહીં તો કેવળ એટલું જ કહેવાનું છે કે, જ્યારે શૂળીએ ચડાવવાનાં કપડાં પહેરાવવામાં આવ્યાં ત્યારે એ સમય કેટલો બધો ત્રાસજનક અને ભય પેદા કરનારો હતો ! તેમ છતાં પણ આવા સંકટના સમયે સુદર્શન તો મૌન અને શાન્ત બેસી રહ્યો. તેને જરાપણ ભય ન લાગ્યો.

શૂળીએ ચડાવવાનાં કપડાં પહેરાવી સુભટો સુદર્શનને પકડી નગરનાં ચૌટા ઉપર લાવ્યા અને હજારો લોકોની સામે સુભટો જોરથી કહેવા લાગ્યા કે, "આ સુદર્શન, નગરના શેઠ અને ધર્માત્મા કહેવાતા હતા પણ પરસ્ત્રીના પાપના કારણે આજે તેને શૂળીએ ચડાવવામાં આવે છે, અને આ પ્રમાણે જે કોઈ પરસ્ત્રીસેવનનું પાપ કરશે તેની દશા આ સુદર્શન શેઠ જેવી કરવામાં આવશે."

તમે લોકો અભયા રાણીના પક્ષમાં છો કે સુદર્શન શેઠના પક્ષમાં છો ? જો સુદર્શન શેઠના પક્ષમાં છો, તો તમે સુદર્શનની માફક પરસ્ત્રીને માતા સમાન માનો. જો તમે 'પરસ્ત્રીને માતા અને પરધનને ધૂળ' માનો તો આ સંસારસાગરને પાર કરવાની તમને જાણે એક નૌકા મળી છે એમ માનજો. સંસારમાં જે મોટાં મોટાં પાપો થાય છે તે પાપો પ્રાયઃ પરસ્ત્રી અને પરધનને કારણે જ થાય છે.

સુદર્શનને શૂળી વિષે સુભટોની વાત સાંભળી પાપીઓનાં મન ઉપર પણ પરસ્ત્રીના સેવનથી બચવાનો પ્રભાવ એવો પડ્યો હશે કે, જો અમે પરસ્ત્રીના સેવનના પાપથી નહિ

બચીએ તો કોઈ દિવસ અમારી પણ આવી જ અવદશા થશે. કોઈ એમ પણ કહેતા હતા કે, આવા ધર્માત્માને રાજા નિર્ણય કર્યા વિના જ દંડ આપે છે! અને કોઈ એમ કહેતું હતું કે, આમાં કાંઈ રાજાનો દોષ નથી. મોટા મોટા પ્રતિષ્ઠિત લોકો પણ સુદર્શનને સમજાવવા ગયા પણ તે તો કાંઈ બોલ્યા જ નહિ.

સુભટો આ પ્રમાણે નગરજનો સમક્ષ અવાજ કરતાં કરતાં સુદર્શનના ઘરની આગળ આવ્યા. એટલે લોકો શેઠાણી પાસે જઈ કહેવા લાગ્યા કે, હવે આ છેલ્લો અવસર છે માટે બહાર નીકળી પતિના દર્શન તો કરી લો! પણ શેઠાણીએ કાંઈ ઉત્તર ન આપતાં, તે તો ધ્યાનમાં બેસી રહી. હવે આગળ શું થાય છે તે વિષે હવે પછી વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૮ ગુરુવાર

### પ્રાર્થના

***જય જય જગત શિરોમણિ, હું સેવકને તૂં ધની;***
***અબ તૌસું ગાઢી બણી, પ્રભુ આશા પૂરો હમ તણી.***
***મુજ મ્હેર કરો, ચંદ્રપ્રભુ, જગજીવન અંતરજામી;***
***ભવ દુઃખ હરો, સુનિએ અરજ હમારી ત્રિભુવન સ્વામી. ॥ જય જય૦ ૧ ॥***

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી.

**શ્રી** ચંદ્રપ્રભુ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્તોએ પોતાના હૃદયમાં પેદા થતાં ભાવોને પ્રાર્થનાની કડિઓમાં વ્યક્ત કરેલ છે. તેમના હૃદયમાં કેટલાં બધાં ભાવો ભર્યા હશે એ તો કહી શકાય નહિ; પણ એ તો સ્પષ્ટ છે કે, જ્યારે હૃદયમાં બહુ ભાવો ભરાઈ જાય છે ત્યારે કેટલાક ભાવો સ્તુતિ રૂપે બહાર નીકળી આવે છે. જ્યારે એન્જીનમાં બહુ આગ હોય છે ત્યારે થોડી આગ તણખાના રૂપમાં બહાર નીકળી આવે છે. આ જ પ્રમાણે ભક્તોના-હૃદયમાં જ્યારે બહુ ભાવો ભરાઈ જાય છે ત્યારે કેટલાક ભાવો પ્રાર્થનાના રૂપમાં બહાર આવે છે.

કદાચ કોઈ કહે કે, અમારા હૃદયમાં પણ ભક્તોના જેવા ભાવો હોય, પણ અમને ભાવોને વ્યક્ત કરવાની રીત આવડતી નથી; તો પછી અમે ભાવોને પ્રાર્થનાના રૂપે કેવી રીતે વ્યક્ત કરી શકીએ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ભલે પ્રાર્થનાની કડીઓ જોડાય કે ન જોડાય પણ હૃદયમાં તો ભાવો એવા જ હોવા જોઈએ, અને વ્યક્તિસ્વાતંત્ર્યની દૃષ્ટિએ જે ભાવો ભક્તોએ પ્રગટ કર્યા છે તેથી અનંતગણા ભાવો પોતાના હૃદયમાં પેદા કરી શકાય છે. ભક્તો કહે છે કે,

"હે! પ્રભો! હું તારા ગુણો કેવી રીતે ગાઉં? તારા શરણે કેવી રીતે આવું? તું ત્રિભુવનનો નાથ અને રાગદ્વેષ રહિત જિન છે. તારી સ્તુતિ કરવામાં ઇન્દ્ર પણ સમર્થ નથી તો પછી હું તુચ્છ તારી સ્તુતિ કેવી રીતે કરી શકું? અને તારા શરણે કેવી રીતે આવી શકું? પણ તું વીતરાગ છે એ જાણીને તારા શરણે આવવાની અને તારી સ્તુતિ કરવાની મને હિંમત આવે છે. એટલા માટે મારામાં જે ભાવો છે એ ભાવોને હું મારી શક્તિ અનુ-

સાર તારી આગળ વ્યક્ત કરું છું. મારા કોઈ ભાવને અને કોઈ શક્તિને છુપાવું નહિ, પણ મારામાં જે ભાવ અને જે શક્તિ છે તે તારી આગળ પ્રકટ કરું કે જેથી તું મારી આશા પૂરી કરી શકે અને હું તારી ભક્તિ કરી શકું !"

કોઈ મોટો માણસ તમારા ઘેર આવે અને તમે તમારા ઘરમાં જે કાંઈ હોય તે બધું તે માણસની આગળ મૂકી દો, તો શું તે માણસ તમારી એ ભેટનો સ્વીકાર નહિ કરે ? કે શું તમારી એ ભેટની પ્રશંસા નહિ કરે ? જો તે ખરેખર મોટો માણસ હશે તો તે અવશ્ય પ્રશંસા કરશે. ચંદનબાળાએ ભગવાન મહાવીરને અડદનાં બાકળાં આપ્યાં હતાં અને તે પણ સૂપડામાં ભરીને આપ્યાં હતાં. તે વખતે તેણીએ હાથકડી તથા બેડી પહેરેલી હતી અને માથું મુંડાવેલ હતું. છતાં ભગવાને તેણીએ આપેલાં અડદનાં બાકળાં ભાવપૂર્વક સ્વીકાર્યાં. આ જ પ્રમાણે ભલે તમારી ભાષા અપૂર્ણ હોય પણ તમારા હૃદયના ભાવો પરમાત્મા સમક્ષ રજુ કરશો તો પરમાત્મા જરૂર તેનો સ્વીકાર કરશે. જો હૃદયના ભાવો પ્રગટ કરવા માટે તમારાથી બીજું કાંઈ ન થાય તો છેવટે એમ કહો કેઃ—

'જય જય જગત શિરોમણિ !'

આ પ્રમાણે હૃદયના ભાવોને સંક્ષેપમાં તો અવશ્ય વ્યક્ત કરો; પણ હૃદયના ભાવો દબાવી રાખો નહિ. કેવળ બહારથી હાથ જોડી જય જય બોલો પણ હૃદયમાં ભેદ રાખો તો તે સાચો જયકાર નથી. જો હૃદયમાં ભેદ રાખી તુચ્છ કામો માટે પરમાત્માનો જય માનો તો એ જયકાર સાચો નથી. એ તો જયકારને બદલે ઊલટો તુચ્છકાર છે. એટલા માટે એવી ભાવના કરો કે, "હે ! પ્રભો ! હું રાગદ્વેષને દૂર કરવામાં જ તારો જયકાર માનું અને તારા જયકારમાં જ હું મારો જયકાર માનું." આ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના કરવાથી કલ્યાણ જ થશે.

## અનાથી મુનિનો અધિકાર—૪૫

આ જ વાત અનાથી મુનિ રાજાને કહે છે કે, "હે ! રાજન્ ! કેટલાક કાયર સાધુઓ સાધુપણાનો વેશ તો ધારણ કરે છે; અને કેશનો લોચ પણ કરે છે, પણ તેઓ બહાર કાંઈ બીજું બતાવે છે અને અંદર કાંઈ બીજો ભેદ રાખે છે. અને તે કારણે તેઓ અનાથના અનાથ જ રહે છે. સાધુપણું લેવાને કારણે તેમનો સંસારસંબંધ સંસારી જેવો રહેતો નથી અને સાધુપણાનું પણ બરાબર પાલન થતું નથી; એ કારણે તેઓની સ્થિતિ કઢંગી બની જાય છે."

તમે સાધુતાના પૂજારી છો. કેવળ વેશ કે વિદ્વતાના પૂજારી નથી. કાશીના પંડિતો બહુ ભણેલા પણ હોય છે પણ શું તેમને સાધુ માની તેમને વંદના કરો છો ? તેમને વંદના તમે એટલા માટે કરતા નથી કે તમે કેવળ પંડિતાઈના પૂજારી નથી; પણ સાધુતાના જ પૂજારી છો. કહેવત છે કેઃ—

"ભેષપૂજા તે મત દૂજા !"

ભગવાન મહાવીરનો સિદ્ધાન્ત કેવળ વેશપૂજા કરવાનો નથી. ગુણની જ પૂજા કરવાનો છે. એટલા માટે ગુણને જોઈને તેની પૂજા કરવી. જો કોઈ સાધુમાં સાધુતાનો ગુણ નથી પણ કેવળ વેશ છે તો તેને ન માનવા.

સાધુમાં ગુણ છે કે નહિ તે વાતની સાક્ષી તમોને તમારો 'આત્મા' જ આપશે. એ વાત જુદી છે કે તમે તમારા આત્માની સલાહની ઉપેક્ષા કરો, પણ જો તમે તમારા આત્માની સલાહની ઉપેક્ષા ન કરો તો તમારો આત્મા તમને સાચી સલાહ અને સાક્ષી અવશ્ય આપશે. વૃક્ષ કેવળ ઉપરથી જ જોવામાં આવે છે, તેનું મૂળ જોવામાં આવતું નથી, છતાં વૃક્ષને ઉપરથી સારું જોઈને એ અનુમાન થઈ શકે છે કે તેનું મૂળ પણ સારું જ હશે, અને ત્યાંની ભૂમિ પણ સારી હશે. આ જ પ્રમાણે સાધુની મુખમુદ્રા અને વ્યવહાર જોઈ તેનામાં ગુણ છે કે નહિ તેનો નિર્ણય કરી શકાય છે, આમ હોવા છતાં પણ જો એવો જ આગ્રહ રાખવામાં આવે કે, અમે તો અમુકને જ માનીશું, પછી ભલે તે ગમે તેવા કેમ ન હોય? આ તો જાણી જોઈને ખાડામાં પડવા જેવું છે.

હવે કોઈ એમ કહે કે, કોઈ સાધુ ઉપરનું સાધુપણું બતાવી ચાલાકીથી અમને ઠગી લે તો અમારે શું કરવું? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, તમે સાધુને ઓળખી ન શકયા હો તો એ વાત જુદી છે. પરંતુ તમારો અંતરાત્મા તો ગુણનો જ ઉપાસક છે અને તમારું ધ્યેય કેવળ વેશને જ સાધુ માનવાનું નથી. એટલા માટે તમને તો ગુણનો લાભ જ થશે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

**"समयंति मन्नमाणे समया वा असमया वा समया होई त्ति उवहाए।"**

અર્થાત્—જો તમારું હૃદય સમ છે અને તમે સમતાના જ ઉપાસક છો, તો તમને તો લાભ જ થશે. પણ જો તમારામાં અસમતા હોય, તમારા હૃદયમાં મલિનતા હોય તો તો સાચા સાધુથી પણ તમે તમારું કલ્યાણ કરી શકશો નહિ. એટલા માટે કોઈ સાધુની ચાલાકી તમારી સમજમાં ન આવે અને તમે તો સાધુતાના ઉપાસક બની, ઉપરથી સાધુતા બતાવનાર સાધુની ઉપાસના પણ કરો, તોપણ તમોને કોઈ પ્રકારની હાની થઈ શકે નહિ; કારણ કે, તમારું હૃદય તો કેવળ સાધુતાનું ઉપાસક બનાવી રાખવું જોઈએ.

કોઈ એમ કહે કે, અમને સાધુઓની વાતોથી શું મતલબ! અમને તો સંસારનો સુધાર થાય એવી વાતો સંભળાવો! આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સંસારનો સુધાર ત્યારે જ થઈ શકે કે જ્યારે સાધુને સાધુ માનવામાં આવે. જ્યાંસુધી અસાધુને સાધુ માનવામાં આવશે ત્યાંસુધી સંસારનો સુધાર થઈ શકશે નહિ. અને જ્યાંસુધી સાધુઓનો સુધાર થશે નહિ ત્યાંસુધી સંસારનો સુધાર થવો મુશ્કેલ છે. એટલા માટે પહેલાં સાધુઓનો સુધાર કરો અને સાધુઓનો સુધાર કરવા માટે પોતાના આત્માને સુધારો.

અનાથી મુનિ કહે છે કે, "હે! રાજન્! હું કેવળ વેશથી જ સાધુ ન થયો પણ દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારે સાધુ થયો. આ પ્રમાણે હું અનાથતામાંથી નીકળી સનાથ થયો. જે લોકો કેવળ વેશથી જ સાધુ બને છે તેઓ નિર્ગ્રન્થ ધર્મનો સ્વીકાર કરીને પણ દુઃખ ભોગવે છે અને અનાથતા અનુભવે છે."

હવે આગળ અનાથી મુનિ જે કાંઈ કહે છે તે ભાવ મુનિ માટે કહે છે. દ્રવ્ય મુનિ માટે તો તેમણે પહેલાં જ કહી દીધું કે નિર્ગ્રન્થ ધર્મનો સ્વીકાર કર્યા પછી વેશ ધારણ કર્યો. આ પ્રમાણે દ્રવ્ય સાધુ તો થયા પણ ભાવ સાધુ થયા છે કે નહિ અને થયા નથી તો શા કારણે થયા નહિ વગેરે વિષે અનાથી મુનિ આગળ બતાવે છે.

જો કોઈ પોલીસનો માણસ ચોરી કરે તો તેનો અપરાધ સાધારણ ચોરથી અધિક માનવામાં આવે છે. તેની ચોરી સરકારની ચોરી માનવામાં આવે છે. સરકાર આ પ્રકારના પોલીસ નોકરને દંડ આપ્યા વગર રહેતી નથી. કદાચિત સરકાર આવા અપરાધીને માફી પણ આપી દે, પણ શાસ્ત્ર તો સાધુ થઈને જે સાધુપણું પાળતો નથી તેની નિંદા કર્યા વગર રહી શકે નહિ અને એવા પાપશ્રમણને અપરાધી માને જ છે. શાસ્ત્ર કહે છે કે, નિર્ગ્રન્થધર્મનો સ્વીકાર કરી જે તેનું પાલન કરતો નથી તે અનાથ જ છે. તેનો ગૃહત્યાગ વ્યર્થ છે. અનાથી મુનિ આગળ કહે છે કે:—

**" सीयन्ति एगे बहु कायरा नरा "**

આ પદમાં જે 'બહુ' શબ્દ આપવામાં આવ્યો છે તેનો ઉદ્દેશ એ છે કે, જેઓ નિર્ગ્રન્થધર્મનો અંગીકાર કરતા જ નથી તેઓ તો કાયર છે જ, પણ જેઓ નિર્ગ્રન્થ-ધર્મનો સ્વીકાર કરી ફરી પાછા અનાથતામાં પડે છે તેઓ તો વધારે કાયર છે. જે પ્રમાણે પોલીસના માણસે કરેલ ચોરી મોટી ચોરી માનવામાં આવે છે, તે જ પ્રમાણે જે સાધુ થઈને પણ સાધુપણાનું પાલન કરતો નથી તે વધારે કાયર છે.

આ ઉપરથી કોઈ એમ કહેવા લાગે કે, તો પછી સાધુપણું ન લેવું એ જ સારું છે. પરંતુ એ વાત પણ ઠીક નથી. જો કોઈ માણસ સેનામાં દાખલ જ થતો નથી અને ઘરમાં જ પડયો રહે છે, તે માણસ સેનામાં દાખલ ન થવાને કારણે કાંઈ વીર કહેવાતો નથી. જે માણસ સેનામાં દાખલ થઈ કામ કરે છે તે જ વીર કહેવાય છે. પરંતુ જે માણસ સેનામાં દાખલ થઈને પણ કાયરતા બતાવે છે તે ખચીત જ કાયર છે. તમને જો સેનામાં દાખલ થવા માટે કહેવામાં આવે, અને તમે 'સેનામાં દાખલ થઈ કામ ન કરવાને કારણે કાયર કહેવાઈશું' એ ભયથી સેનામાં દાખલ જ ન થાઓ તો એ કાંઈ તમારી વીરતા નહિ પણ કાયરતા જ છે.

એક પ્રકારે તો સેનામાં દાખલ ન થનાર અને ઘરમાં જ પડયો રહેનાર એ કાયરોથી સારો છે, કે જેઓ સેનામાં જઈને પણ કાયરતા બતાવે છે. તમે કહેશો કે એ કેવી રીતે? આ તો પરસ્પર વિરુદ્ધ વાત થઈ. આનો ઉત્તર એ છે કે, માનો કે, એક માણસ ચોરી કરવા માટે સેનામાં દાખલ થતો નથી અને બીજો માણસ સેનામાં દાખલ થવાથી ચોરી કરવામાં સુવિધા રહેશે એમ વિચાર કરી સેનામાં દાખલ થાય છે. આ બન્ને માણસોમાં જે માણસ સેનામાં દાખલ થઈને ચોરી કરે છે તેને સારો કહી શકાય નહિ. પોલીસ બનીને ચોરી કરનાર માણસની અપેક્ષાએ, ચોરી કરવા માટે પોલીસ બનતો નથી તે માણસ સારો કહેવાશે. જો કે પોલીસમાં દાખલ ન થવું તે પણ કાયરતા કહેવાશે પણ આ કાયરતા કરતાં પોલીસ થઈને ચોરી કરવી એ કાયરતા વધારે ખરાબ છે.

આ એક ઉદાહરણ છે. આ ઉદાહરણ પ્રમાણે સાધુ ન થવું એ તો કાયરતા છે જ, પરંતુ સાધુ થઈને સાધુપણાનું પાલન ન કરવું એ વધારે કાયરતા છે. એક રીતે આ કારણે જે સાધુ થતા નથી તે ઓછા કાયર છે, પણ આ કારણે સાધુપણું લેવું ખરાબ છે એમ કહી શકાય નહિ. જે લોકો સાધુપણું લે છે તેઓમાંથી સાધુપણાનું પાલન કરનાર સાધુઓ પણ નીકળે છે પણ જેઓ સાધુપણું લેતા જ નથી તેઓમાંથી સાધુપણાનું પાલન કરનાર નીકળી શકતા નથી. પોલીસવાળાઓમાંથી કોઈ કોઈ ચોરી પણ કરે છે છતાં પોલીસ વિના

કામ પણ ચાલી શકતું નથી. આ જ પ્રમાણે સાધુપણું લેનારાઓમાં પણ કેટલાકો ખોટા પણ હોય છે, પણ સંસારનું કામ સાધુઓ વિના ચાલી પણ શકતું નથી. એટલા માટે એમ કહી શકાય નહિ કે, સાધુ થવું એ ખરાબ જ છે. હાં, જે લોકો સાધુપણું લઈને પણ તેનું પાલન કરતા નથી તેમને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ, પણ સાધુપણું જ ખરાબ છે એમ માની બેસવું એ ભૂલ છે. તમે લોકો જે દિવસે આ સુધારની તરફ ધ્યાન આપશો, ધર્મને હૃદયથી માનશો અને ધર્મને માટે આત્મ–બલિદાન આપવા પણ તૈયાર રહેશો તે દિવસે સંસારનો સુધાર થયા વિના રહેશે જ નહિ

અનાથી મુનિ કહે છે કે, હવે હું બીજી અનાથતા બતાવું છું. આ બીજી અનાથતા કેવા પ્રકારની છે એ બતાવતાં અનાથી મુનિ કહે છે કેઃ—

**जो पव्वइत्ताणं महव्वयाइं, सम्मं च नो फासयई पमाया।**
**अनिग्गहप्पा य रसेसु गिद्धे, न मूलओ छिन्दई बंधणं से ॥३९॥**

"હે! રાજન્! જે નિર્ગ્રન્થધર્મને પામી કાયરતાથી તેનું પાલન કરતો નથી તે કર્મબંધના મૂલ કારણને છેદી શકતો નથી. સાધુપણાનો સ્વીકાર કરવાથી આત્મા તે ભવે કે પરંપરાએ મોક્ષને પ્રાપ્ત થાય છે; પણ જે કોઈ સાધુપણામાં કાયર બની જાય છે તે કર્મ-બંધના મૂલ કારણને છેદી શકતો નથી. કારણ કે તેણે વેશ તો ધારણ કર્યો છે અને મહા વ્રતોનો પણ સ્વીકાર કર્યો છે પણ તે પ્રમાદવશાત્ કે રસગૃદ્ધ થવાને કારણે મહાવ્રતોનું પાલન કરતો ન હોવાથી કર્મબંધના મૂલ કારણને છેદી શકતો નથી. સાધુપણું લઈને પણ કર્મબંધના મૂલને ન છેદવાનું કારણ પ્રમાદ છે. જો પોતાના હૃદયમાં પ્રમાદ ન હોય તો ભલે કોઈ સ્વાર્થી તેને મહાવ્રતને પાલન કરવાની ના પાડે છતાં તે મહાવ્રતનું પાલન કરવું છોડી શકતો નથી.

મહાવ્રત વિષે વિસ્તારથી કહેવું જોઈએ પણ અત્યારે સમય ન હોવાને કારણે સંક્ષેપમાં જ કહું છું. મહા લઘુની અપેક્ષાએ છે. જો લઘુ ન હોય તો મહા પણ હોઈ શકે નહિ. લઘુની અપેક્ષાએ મહા અને મહાની અપેક્ષાએ લઘુ કેવી રીતે છે એ વિષે મેં એક પુસ્તકમાં વાંચ્યું હતું કે, એક બાદશાહ બજારમાં જઈ રહ્યો હતો. રસ્તામાં તેણે છોકરાઓને રમતાં જોયા. એ છોકરાઓમાં વજીરનો એક છોકરો હતો. બાદશાહે વિચાર્યું કે, વજીરનો છોકરો કોણ છે અને તે કેવો બુદ્ધિમાન છે એ વાતની ગુણપરીક્ષાદ્વારા નિર્ણય કરવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરી બાદશાહે પોતાની લાકડી વડે જમીન ઉપર એક લીંટી દોરી અને છોકરાઓને કહ્યું કે આ લીંટીને તોડ્યા કે બગાડ્યા વિના નાની બનાવી આપો. બધા છોકરાઓ એક બીજા સામું જોવા લાગ્યા પણ બાદશાહના પ્રશ્નનો કોઈ ઉકેલ કરી શક્યું નહિ; પણ વજીરના છોકરાએ કહ્યું કે, તમે તમારી લાકડી આપો તો હું હમણાં જ આ લીંટીને તોડ્યા કે બગાડ્યા વિના નાની બનાવી આપું. બાદશાહે તેને લાકડી આપી. વજીરના છોકરાએ લાકડી વડે પેલી લીંટીની સામે જ બીજી એક લાંબી લીંટી દોરી, જે પેલી લીંટી કરતાં લાંબી હતી. પછી તેણે બાદશાહને કહ્યું કે, હવે જુઓ આપની લીંટી નાની છે. જો તમે આ ન માનતા હો તો કોઈને પૂછી જુઓ કે આપે દોરેલી લીંટી નાની છે કે નહિ? બાદશાહે પૂછ્યું કે, "તું

કોનો પુત્ર છે ?" તેણે કહ્યું કે, 'હું વજીરનો પુત્ર છું." બાદશાહે કહ્યું કે, "એટલે જ વાસ્તવમાં આ છોકરો બુદ્ધિમાન છે."

મતલબ કે, મહાનની અપેક્ષાએ લઘુ છે, અને લઘુની અપેક્ષાએ મહાન્ છે. આ નિયમાનુસાર મહાવ્રતની અપેક્ષાએ અણુવ્રત છે અને અણુવ્રતની અપેક્ષાએ મહાવ્રત છે. જો શ્રાવકોમાં અણુવ્રત ન હોય અર્થાત્ તેઓ સ્થૂલ હિંસા પણ કરવા લાગે, અસત્ય બોલવા લાગે, ચોરી કરવા લાગે કે, વ્યભિચાર કરવા લાગે તો મહાવ્રત પણ રહી શકે નહિ. એટલા માટે જો તમોને સદ્ગુરુ જોઈએ તો તમે પણ તમારા અણુવ્રતનું પાલન કરો. આજના લોકો પોતે અણુવ્રતનું ધ્યાન રાખતા નથી અને એ કારણે ગુરુ પણ એવા જ ચાહે છે; અને જેવાને તેવા મળી પણ આવે છે. કેટલાક લોકો, ખરાબ કામ થતું જોઈ કહે છે કે, અમે શું કરીએ ! અમે તો ગૃહસ્થ છીએ પણ તેઓ એટલું જાણતા નથી કે, ગૃહસ્થો તો ચારેય ગતિઓના મહેમાન છે અને અમે શ્રાવકો તો સ્વર્ગના મહેમાન છીએ. જો તમે શ્રાવકો અણુવ્રતોનું બરાબર પાલન કરો તો તમારી પાસે ખરાબ સાધુઓ ટકી જ ન શકે. પણ બને છે એવું કેઃ—

ગુરુ લોભી ચેલા લાલચી, દોનોં ખેલે દાવ;<br>
દોનોં ડૂબે બાપડા, ચઢ પત્થરકી નાવ.

જ્યારે ગુરુ લોભી હોય અને શિષ્ય લાલચુ હોય ત્યારે બન્નેય સમાન જ બની જાય છે. શિષ્ય એમ વિચારે છે કે, ગુરુનું કામ અમારા વિના ચાલતું નથી એટલા માટે તેઓ ગુરુઓ પાસે એવી આશા કરે કે, અમે તમારું કામ કરી આપીએ અને તમે અમારું કામ કરી આપો. આ પ્રમાણે ગુરુ–શિષ્ય બન્ને પરસ્પર પોતપોતાની ચાલબાજી રમે છે, અને બન્ને એક બીજાને ધક્કા મારી ડૂબાડે છે પરંતુ જો તમે લોકો શ્રાવકવ્રત પાળો અને મહાવ્રતને ધારણ કરનાર ખરા સાધુઓ તરફ સદ્ભાવ અને શ્રદ્ધા રાખી તેમને સહાયતા કરો તો અનાથી મુનિ અને રાજા શ્રેણિકનો જમાનો આજે પણ ઉપસ્થિત થઈ જાય.

## સુદર્શન ચરિત્ર—૪૫

અણુવ્રતોનું પાલન કરનાર શ્રાવકો પણ કેવા હોય છે તે વાત સુદર્શનની કથા ઉપરથી જુઓ. સુદર્શનને શૂળીએ ચડાવવામાં આવશે એ ખબર મનોરમાને મળ્યાં છતાં તે જરાપણ ડગી નહિ કે રોઈ નહિ પણ ધર્મધ્યાન કરવા લાગી.

તમે લોકો રીતરિવાજના નિયમ પ્રમાણે રોઈને કે છાતી કૂટીને શું કોઈ મરેલાને પાછા લાવી શકો છો ? જો નહિ તો પ્રથારૂપે રોવા–કૂટવાનો રિવાજ શા માટે બંધ કરી દેતા નથી ? માંગરોળની એક બાઈએ રોવાનો આજે ત્યાગ કર્યો. તે કહેતી હતી કે, હું ત્યાગ તો આજે લઉં છું પણ મારો ૨૧ વર્ષનો જુવાનજોધ પુત્ર જ્યારે મરી ગયો હતો ત્યારે પણ હું રોઈ ન હતી. આ શું ઓછી વાત છે ? અહમદનગરમાં શ્રી. ફીરોદિયા વકીલ કહેતા હતા કે, લોકમાન્ય તિલકનો પુત્ર કે જેનું ભાવિજીવન બહુ ઉજ્જવળ જણાતું હતું–તે બહુ બીમાર પડ્યો. તે વખતે તિલકને બીરારમાં કોઈ ખાસ કારણને અંગે બોલાવવામાં આવ્યા હતા. તિલકે વિચાર્યું કે, જો હું અહીં રહીશ તો પુત્ર સાજો થઈ જશે એમ નથી. વળી અત્રે પુત્રની સારસંભાળ બરાબર રાખવામાં આવે છે. તેની સેવા કરવામાં કાંઈ ખામી નથી. આ બાજુ જો હું બીરારમાં જઈશ નહિ તો ત્યાંનું કામ બગડી જશે. આ પ્રમાણે વિચાર

કરી તેઓ બીમાર પુત્રને છોડી બીરારમાં ગયા. એવું પણ સાંભળ્યું છે કે, તેઓ પોતાના 'કેસરી' પત્રમાં સમ્પાદકીય લેખ લખી રહ્યા હતા. તેમણે અડધો અગ્રલેખ લખ્યો હશે તે વખતે જ એક માણસ આવ્યો અને તેમને કહ્યું કે, ભાઈ સાહેબ મરી ગયા. પોતાના યુવાન પુત્રના મૃત્યુ સમાચાર સાંભળીને હૃદય અને હાથ કાંપી ઊઠે એ સ્વાભાવિક હતું, પણ તિલક એ દુઃખદ સમાચાર સાંભળીને પણ ધીર–ગંભીર બેસી રહ્યા અને ધીમેથી તે માણસને કહ્યું કે, તમે વ્યવસ્થા કરો. હું હમણાં આવું છું. આ પ્રમાણે કહી તે માણસને રવાના કર્યો અને પોતે અપૂર્ણ અગ્રલેખને પૂર્ણ કર્યો. જો કે તે અગ્રલેખ પોતાના યુવાન પુત્રના મૃત્યુ સમાચાર સાંભળ્યા બાદ પૂરો કરવામાં આવ્યો હતો છતાં તેમના એ અગ્રલેખમાં આદિથી અંત સુધીના કોઈ પણ ભાગમાં કોઈ પ્રકારનું અંતર જણાતું ન હતું.

તિલકે રુદન ન કર્યું એ તેમની દૃઢતા હતી. પણ જો તેઓ રુદન કરત તો શું તેઓ પોતાના પુત્રને પાછા લાવી શકત ! જો નહિ તો તમે લોકો પણ એવો નિશ્ચય કરો કે, અમે પ્રથાના રૂપે રુદન નહિ કરીએ તો શું તે કાંઈ ખરાબ છે ?

**કોઈ પ્રશંસે કોઈ નિન્દે, શેઠ શૂલી પર જાય;**
**લાખોં નર રહે દેખ તમાશા, શેઠ ન મન ઘબરાય. ॥ ધન૦ ૧૦૩ ॥**
**સાગારી અનશન વ્રત લીનો, પાપ અઠારહ ત્યાગ;**
**જીવ ખમાયે શાન્તિ ભાવસે, દ્વેષ ન કિસમેં રાગ. ॥ ધન૦ ૧૦૪ ॥**
**મહા યોગીશ્વર ધરે ધ્યાન ત્યોં, જિમ સુદ્રાકો ધાર;**
**ધ્યાન ધરે નવકાર મંત્રકા, ઔર ન કોઈ વિચાર. ॥ ધન૦ ૧૦૫ ॥**

આ જો કે ઇતિહાસ નથી, તેમ ઇતિહાસના તત્ત્વથી આ વિરુદ્ધ પણ નથી. સંસારમાં પ્રાયઃ એવું જોવામાં આવે છે કે, કોઈ પણ કામમાં બધા લોકો સહમત થતા નથી. કોઈ અમુક કામની પ્રશંસા કરે છે, તો કોઈ અમુક કામની નિંદા કરે છે. જો કે લોકાપવાદનો ભય રાખવો એ ઠીક છે, પણ સાથે સાથે લોકપ્રવાહમાં પણ વહી જવું એ ઠીક નથી. લોકપ્રવાહમાં વહી જનાર વ્યક્તિ આત્માને નિશ્ચલ રાખી શકતી નથી. સુદર્શનની કેટલાક લોકો એવી નિંદા કરતા હતા કે, આ કેવો મૂર્ખ છે કે તે મરવાના સમયે પણ બોલતો નથી અને સાચી વાત પ્રકટ કરતો નથી. આ જ પ્રમાણે કેટલાક લોકો શેઠાણીની પણ નિંદા કરતા હતા કે, આ સ્ત્રી કેવી મૂર્ખ છે કે તે પોતાના પતિને પણ સમજાવતી નથી, અને પતિ શૂળીએ ચડવા જાય છે છતાં તેમનું અંતિમદર્શન કરવા માટે પણ બહાર નીકળતી નથી અને ધર્મધ્યાનનો ઢોંગ કરી બેસી ગઈ છે. કેટલાક લોકો અઘટિત ટીકા પણ કરતા હતા. તેઓ કહેતા હતા કે, "આ શેઠ પૌષધનો ઢોંગ કરી બેઠો હતો. અમે તેને કહ્યું કે, ચાલો આપણે મેળામાં જઈએ, ત્યારે તેણે અમને જવાબ આપ્યો કે, કર્મબંધના કારણભૂત મેળામાં કોણ જાય ! તે મેળામાં તો ન આવ્યો, પણ રાણીના મહેલમાં ગયો. આવા ધર્મઢોંગી માણસ કરતાં તો અમે લોકો સારા કે ભલે અમે ધર્મધ્યાન ન કરીએ, કે સાધુ પાસે ન જઈએ, પણ એના જેવો દુરાચાર તો સેવતા નથી. લોકો કહેતા હતા કે, શેઠ–શેઠાણી વચ્ચે બહુ પ્રેમ છે પણ તેમનો કેવો પ્રેમ હતો તે તો આજે જણાઈ ગયું. શેઠાણી પોતાના પતિને મળવા કે તેનાં મુખદર્શન માટે ઘરમાંથી પણ ન નીકળી."

આ પ્રમાણે લોકો મન ફાવે તેમ શેઠ અને શેઠાણીની નિંદા કરતા હતા, પણ શેઠ તો જાણે નિર્બલ કે બલ રામની માફક ચૂપચાપ બધાની નિંદા સાંભળતા હતા.

સુનેરી મૈંને નિર્બલ કે બલ રામ,
પિછલી સાખ ભરૂં સન્તન કી અડે સુધારે કામ. દેખો૦
જબ લગ ગજબલ અપનો રાખ્યો, નેક સર્યો નહિ કામ;
નિર્બલ હો બલ રામ પુકારે, આયે આધે નામ. દેખો૦

લોકો કહે છે કે, ધાર્મિક લોકો કાયર છે, નિર્બલ છે, પણ ધાર્મિક લોકો જો સાચી નિર્બલતા પ્રાપ્ત કરી લે તો તેઓમાં ઈશ્વરનું બલ આવી જાય. ઈશ્વરીય બળ કેવું જબરજસ્ત છે? એક બાજુ તો સંસારનું બધું બળ હોય અને બીજી બાજુ ઈશ્વરીય બળ હોય તો કોનું બળ વધે? જો તમે સંસારના બળને તુચ્છ અને પરમાત્માના બળને મહાન્ માનતા હો તો તુચ્છ બળનો ત્યાગ કરી મહાન્ બળને ધારણ કરો. ઈશ્વરીય બળની આગળ સંસારનું બળ તુચ્છ છે, ત્યાજ્ય છે અને હીરાની આગળ કાંકરાની સમાન છે. જો તમે ઈશ્વરીય બળને હીરાની સમાન માનો છો તો એ બળની પ્રાપ્તિ માટે સંસારનાં કાંકરા જેવા તુચ્છ બળનો ત્યાગ કરો. જે વીર હશે તે તો ઈશ્વરીય બળની પ્રાપ્તિ માટે સંસારના બળને છોડયા વગર રહેતો નથી. જેમ સુદર્શન શેઠે સંસારના બળનો ત્યાગ કરી ઈશ્વરીય બળને અપનાવ્યું.

સુદર્શન શેઠની કોઈ કોઈ તો નિંદા કરતા હતા, તો કોઈ કોઈ પ્રશંસા કરતા હતા. પણ સુદર્શન તો નિર્બલ બની ગયો હતો એટલા માટે તે બધાની વાતો સાંભળ્યે જતો હતો. સુદર્શન બોલતો પણ નથી એમ કહી કોઈ તેની નિંદા કરતા હતા. ત્યારે ખોટો માણસ તો બકબક કરે છે, શાન્ત બેસી રહેતો નથી, પણ સુદર્શન તો કેવો શાન્ત છે એમ કહી કોઈ કોઈ તેની પ્રશંસા કરતા હતા.

સંસારમાં હીરા વધારે છે કે કાંકરા? જો કાંકરા વધારે છે તો શું એ કારણે હીરાની ઉપેક્ષા કરી શકાય? આ જ પ્રમાણે સુદર્શનની પ્રશંસા કરનારા ઓછા અને નિંદા કરનારા વધારે હતા, એટલે એ કારણે શું સુદર્શન પોતાના દૃઢ વિચારનો ત્યાગ કરી શકે ખરો? સંસારમાં એમ કહેવામાં આવે છે કે બહુમતને વશ થવું. સંસારવ્યવહારની દૃષ્ટિએ આ ઠીક છે. કહ્યું પણ છે કે:—"**महाजनो येन गतः स पन्थाः**" બહુમત એ જ મહાજન છે. એટલા માટે સંસારવ્યવહારમાં તો બહુમત પ્રમાણે ચાલવું ઠીક છે, પણ આત્મિક ધર્મમાં બહુમતને સ્થાન નથી. આત્મિક ધર્મમાં તો વ્યક્તિ સ્વાતંત્ર્યને જ સ્થાન છે. સંસારના સુધાર-કાર્યમાં બહુમતને સ્થાન આપવામાં આવે છે અને એમ કરવું તે અનુચિત પણ નથી, પરંતુ આત્મ-કલ્યાણને માટે બહુમતને મહત્ત્વ આપવું આવશ્યક નથી.

ગાંધીજીએ પરદેશ જતી વખતે બેચરજી સ્વામી નામના તમારા આ રાજકોટ શહેરમાં એક જૈન સાધુની પાસે માંસ, મદિરા અને પરસ્ત્રીનો ત્યાગ કર્યો હતો. જો તેઓ આ પ્રમાણે નિયમ લઈ પરદેશ ગયા ન હોત તો તેઓ આ સ્થિતિએ પહોંચ્યા હોત કે નહિ એ સંદેહની વાત છે. કેટલાક લોકો નિયમ લેવાની શી જરૂર છે એમ કહે છે, પરંતુ નિયમ લેવામાં કેવી શક્તિ રહેલી છે એ વાતનો ગાંધીજીએ પોતે પણ સ્વીકાર કર્યો છે. ગાંધીજી માંસ, મદિરા અને પરસ્ત્રીનો ત્યાગ કરી વિલાયત ગયા હતા. ત્યાં તેઓ બીમાર થઈ ગયા, તે વખતે ડૉકટરોએ તેમને કહ્યું

કે, સ્વસ્થતા મેળવવા માટે તમારે ઈંડાં ખાવાની જરૂર છે. ગાંધીજીએ કહ્યું કે, માંસ ખાવાનો મેં ત્યાગ કર્યો છે. એટલે મારાથી ઈંડાં ખાઈ શકાય નહિ, ત્યારે તે ડૉક્ટરોએ દલીલો દ્વારા એ સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો કે, ઈંડાં એ કાંઈ માંસ નથી. આ પ્રમાણે ત્યાં ઉપસ્થિત ઘણા લોકોએ પણ એવો નિર્ણય આપ્યો કે, ઈંડાંની ગણના માંસમાં થતી નથી. બહુમત ઈંડાં ખાવામાં વાંધો નથી એવો હોવા છતાં ગાંધીજીએ ડૉક્ટરોને કહ્યું કે, "હું તમારી દલીલોનો જવાબ તો આપી શકતો નથી, પણ મેં જે વ્રત લીધું છે તે મેં તમારી સાક્ષીએ લીધું નથી, પરંતુ મારી તથા મુનિની સાક્ષીએ એ વ્રત લીધું છે, અને તેઓ ઈંડાંને માંસમાં માને છે. તો પછી હું કેવી રીતે માની શકું કે ઈંડાં માસમાં નથી."

આ જ પ્રમાણે સુદર્શન શેઠ વિચારી રહ્યા હતા કે, બહુમત ભલે ગમે તે કહે પણ હું તો મારા આત્મિક ધર્મમાં દૃઢ રહીશ; પછી ભલેને મને શૂળી ઉપર ચડાવે. શૂળી આપશે તો આ શરીરને આપશે, આ આત્માને તો શૂળી ઉપર કોઈ ચડાવી શકે એમ નથી.

સુદર્શનના હૃદયમાં તો આવો ભાવ હતો, પણ સાથે વ્યવહારસાધનાની પણ આવશ્યકતા રહે છે. એટલા માટે તેણે કહ્યું કે, "હે ! પ્રભો ! જો હું શૂળીની શિક્ષાથી બચી ગયો તો તો મેં જે વ્રતો ધારણ કર્યા છે તે તો છે જ; પણ જો મને શૂળીએ ચડાવવામાં આવે તો અને હું તેનાથી ન બચું તો હું અઢાર પાપનો ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગ કરું છું." આ પ્રમાણે કહી તેણે બધાં જીવોને ખમાવ્યા. તેણે રાણી પ્રત્યે પોતાના હૃદયમાં દ્વેષ ન રાખ્યો પણ તેનો ઉપકાર માની કહ્યું કે, "હે ! માતા ! એ તારો જ પ્રતાપ છે કે તારી કૃપાએ હું અઢાર પાપોને ત્રણ કરણ અને ત્રણ યોગથી છોડી શક્યો છું તથા આ શરીરને પરમાત્માને સમર્પિત કરી શક્યો છું. એટલા માટે હું તને હૃદયપૂર્વક ખમાવું છું." સુદર્શને આ પ્રમાણે અઢાર પાપોનો ત્યાગ કર્યો. હવે આગળ શું થાય છે તે વિષે હવે પછી વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૯ શુક્રવાર

### પ્રાર્થના

'કાકંદી' નગરી ભલી હો, શ્રી 'સુગ્રીવ' નૃપાલ;
'રામા' તસુ પટરાયની હો, તસ સુત પરમ કૃપાલ.
શ્રી સુવિધિ જિણેસર બંદિએ હો. ॥૧॥

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી સુબુદ્ધિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના પ્રાયઃ બધા ધર્મવાળાઓ કરે છે. પ્રાર્થનાનો મહિમા પ્રત્યેક આસ્તિક દર્શનોમાં વર્ણવામાં આવ્યો છે. તથા પરમાત્માની પ્રાર્થનાને આવશ્યક માનવામાં આવી છે. જૈનશાસ્ત્રોમાં પણ પ્રાર્થનાનો મહિમા ખૂબ બતાવવામાં આવેલ છે. જૈન દર્શન પ્રત્યેક વાતને પૂર્ણ રીતિએ કહે છે. પૂર્ણ પુરૂષે કહેલી વાત અપૂર્ણ તો કેમ હોઈ જ શકે?

એટલા માટે જૈનશાસ્ત્ર પ્રત્યેક વાતને પૂર્ણ રીતિએ જ કહે છે. જેઓ રાગદ્વેષના વિજેતા છે તેઓ જ પૂર્ણ છે. આ પ્રમાણે જૈન દર્શનમાં પરમાત્માની પ્રાર્થના પણ પૂર્ણ રીતિએ બતાવવામાં આવેલ છે.

આ પ્રાર્થના ભગવાન સુબુદ્ધિનાથની કરવામાં આવી છે. આ પ્રાર્થનામાં કહ્યું છે કે, ભગવાન સુબુદ્ધિનાથ પણ એક સમયે કર્મોથી ઘેરાએલા હતા. તેમનો આત્મા પણ કર્માધીન હતો. જ્યારે તેઓ કર્મોથી ઘેરાએલા હતા, ત્યારે તેઓમાં અને આપણામાં કાંઈ વિશેષ અંતર ન હતું. પણ જ્યારે તેમણે પોતાની શક્તિ અને પુરુષાર્થદ્વારા કર્મોને નષ્ટ કર્યા અને તેઓ કર્મવિમુક્ત થઈ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા ત્યારે આપણે તેમની પ્રાર્થના કરીએ છીએ અને તેમને વંદનીય માનીએ છીએ.

આત્મા જ્યારે પરમાત્માની શુદ્ધ હૃદયે પ્રાર્થના કરવા લાગે છે ત્યારે તેને એવો ભાસ થાય છે કે, મારામાં અને પરમાત્મામાં કાંઈ ભિન્નતા નથી, પણ એકતા જ છે. જ્યારે આત્માની પરમાત્માની સાથે એકતાનતા થાય છે ત્યારે આત્મા એમ સમજે છે કે, હું આત્મા ઉપર આવેલાં કર્માવરણોને ખરાબ સમજતો હતો, પણ હવે મને માલુમ પડયું કે, એમાં કર્મનો કાંઈ દોષ નથી. જે પ્રમાણે ચોર ધન ઉપાડી લઈ જશે એવા ભયના કારણે ધન ઉપર ધૂળનું આવરણ આવી જવું સારું સમજાય છે. તે જ પ્રમાણે આત્મારૂપી ધન ઉપર મેં જ કર્મરૂપી આવરણ ઢાંકયું છે. હવે મારે આત્મારૂપી ધન જોઈએ છે, તો કર્મરૂપી આવરણ દૂર કરી લઉં, તો આત્મારૂપી ધન હાથમાં આવશે.

'અષ્ટ ગુણાકર ઉલખ્યો હો, જોતી સ્વરૂપ ભગવંત.'

ભક્તો કહે છે કે, હે! આત્મા! તેં પરમાત્માને આઠ ગુણોદ્વારા ઓળખ્યા છે તો તેમની એવી પ્રાર્થના કર કે, "હે! પ્રભો! તમારા ગુણોને જોઈ મને એવી હિંમત થાય છે કે, એક દિવસ તમારો આત્મા મારા આત્મા જેવો જ કર્મરજથી ઢંકાએલો હતો, પણ તમે તમારા આત્મા ઉપરથી કર્મરજને દૂર કરી આત્માનું સ્વરૂપ પ્રગટ કર્યું; તે જ પ્રમાણે હું પણ મારા આત્મા ઉપરની કર્મરજને દૂર કરી મારા આત્મસ્વરૂપને પ્રગટ કરી શકું તેમ છું."

આત્માની જ્યોતિ પ્રગટાવવા માટે અન્ય દાર્શનિકો જે કાંઈ કહે છે તે જો કે બીજા રૂપમાં છે, છતાં તેને જૈનદષ્ટિએ જોતાં બધી વસ્તુઓ સત્ય જણાશે, અને જૈનદષ્ટિએ જોવામાં ન આવે તો મિથ્યાત્વમાં પરિણત થઈ જશે. એટલા માટે પ્રત્યેક વાત જૈનદષ્ટિએ જોવી જોઈએ. અન્ય દાર્શનિકો કહે છે કેઃ—

किं वेदैः स्मृतिभिः पुराणपठनैः शास्त्रैर्महाविस्तरैः
स्वर्गग्रामकुटीनिवासफलदैः कर्मक्रियाविभ्रमैः।
मुक्त्यैकं भवबन्धदुःखरचनाविध्वंसकालानलं
स्वात्मानन्दपदप्रवेशकलनं शेषा वणिग्वृत्तयः ॥

આ શ્લોકમાં કહ્યું છે કે, એક કામને છોડી બાકીનાં બધાં કામો વણિકવૃત્તિનાં છે. વણિકવૃત્તિનો મતલબ એ છે કે, 'આ દે અને આ લે.' જે પ્રમાણે ચાર આનાના વ્યાજ માટે સો રૂપિયા કાઢીને આપી દીધા પણ તે એટલા માટે કે, સો રૂપિયાની સાથે ચાર આના વધારે મળે. આ પ્રમાણે જ્યાં થોડો પણ બદલો લેવાની ઇચ્છા હોય છે તેને વણિકવૃત્તિ કહે છે.

અહીં પ્રશ્ન એ થાય છે કે વણિકવૃત્તિ વિનાનું કામ કયું છે ? અને વણિકવૃત્તિવાળાં કામો ક્યાં છે ? સાધારણરીતે વણિકવૃત્તિવાળાં કામોની ગણના કરવી મુશ્કેલ છે. એક શ્લોકમાં તેનો થોડામાં સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમાં કહ્યું છે કે, "વેદનું પઠન કરવું એ પણ વણિકવૃત્તિ છે. સ્મૃતિ શાસ્ત્ર–પુરાણ વગેરેનું પઠન કરવું તે પણ વણિકવૃત્તિ છે. કારણ કે વેદ–સ્મૃતિ–પુરાણના પઠનનું ફલ સ્વર્ગ બતાવ્યું છે, અને એટલા જ માટે તેમાં વણિકવૃત્તિ છે. કારણ કે સંસારમાં સુખનું બિન્દુ છે તો સ્વર્ગમાં સુખનો સિન્ધુ છે. આ પ્રમાણે બિંદુ માત્ર સુખને છોડી સિંધુ સમાન સુખ લેવા માટે જ કર્મકાંડો–યજ્ઞયાગ એ બધાં ઉપાયો બતાવવામાં આવ્યાં છે. આ બધાં ઉપાયોમાં વણિકવૃત્તિ છે. કેવળ આત્મતત્ત્વ વિચારમાં જ વણિકવૃત્તિ નથી. એટલા માટે આત્મતત્ત્વનો વિચાર કરો."

આજે પણ લોકો ભણીગણીને મોટી મોટી પદવીઓ મેળવે છે. પણ શા માટે ? મોટો પગાર મળે એટલા માટે. જે બે હજાર રૂ. નો પગાર મેળવે છે તે મોટો માણસ મનાય છે, જે ચાર હજાર રૂ. નો પગાર મેળવે છે તે તેનાથી મોટો માણસ ગણાય છે અને જે તેનાથી પણ વધારે પગાર મેળવે છે તે બહુ મોટો માણસ ગણાય છે. આ પ્રમાણે રૂપિયા મોટા કે વિદ્યા મોટી ?

ભક્તો કહે છે કે, રાગદ્વેષાદિ ભવબંધનોને નષ્ટ કરનાર કાળ અગ્નિની સમાન જે છે તે અમને પસંદ છે. આઠ કર્મોની ઉપાધી નષ્ટ થવાથી જે આત્માનંદ પેદા થાય છે તે જ અમને આરાધ્ય છે બાકી તો બધી વણિકવૃત્તિ હોવાથી ત્યાજ્ય છે.

આત્માનંદને પ્રાપ્ત કરવાની જો વૃત્તિ છે તો પરમાત્માની પ્રાર્થના કરો કે:—

"શ્રી સુબુદ્ધિ જિનેશ્વર વન્દિયે રે."

જો કે આ પ્રાર્થના ભગવાન સુબુધિનાથનું નામ લઈ કરવામાં આવી છે પણ વાસ્તવિક રીતે જોવામાં આવે તો આ પ્રાર્થના આત્માનંદની જ છે. આ નમસ્કાર આત્માનંદને જ કરવામાં આવ્યાં છે. તમે લોકો સાંસારિક ઉપાધિમાં પડી જઈ આત્માનંદને ભૂલી રહ્યા છો પણ જો તેને ભૂલી ન જાઓ તો ઘણો જ આનંદ આવે. જો કે સંસારિક લોકોને આત્માનંદને પ્રાપ્ત કરવો મુશ્કેલ જણાય છે પણ જેમને આત્માનંદ પ્રિય લાગે છે તેમને માટે તો આ વાત સરલ છે અને સાંસારિક વાતો મુશ્કેલ જણાય છે.

'કલ્પતરુ' માસિકપત્ર દ્વારા એવું સાંભળ્યું છે કે, કોઈ માણસની જાંઘનું હાડકું તૂટી ગયું હતું. સર્જન ડૉક્ટરે તે માણસને કહ્યું કે, ઑપરેશન કર્યા વિના આ તૂટેલું હાડકું સાંધી શકાશે નહિ. તે માણસને ઑપરેશનનો બહુ ડર લાગ્યો એટલા માટે તેને આખી રાત ઉંઘ ન આવી. એટલે તે આખી રાત પરમાત્માનું ધ્યાન ધરતો રહ્યો. સવારે તેને થોડી ઉંઘ આવી ગઈ. ઊઠીને તેણે જોયું કે, તેનું તૂટેલું હાડકું સંધાઈ ગયું છે અને તે થોડા દીવસમાં પહેલાંની માફક બરાબર ચાલવા લાગ્યો. તેણે ડૉક્ટરોને પગ બતાવ્યો અને બધી હકીકત કહી. ડૉક્ટર તેનો પગ જોઈ આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા કે, આ પગમાં હાડકું કોઈ દિવસ તૂટેલું જ નથી એમ લાગે છે.

પરમાત્માની પ્રાર્થના જો સાચી રીતિએ કરવામાં આવે તો આ નાસ્તિકતાપ્રધાન યુગમાં પણ ઘણો ચમત્કાર જોવામાં આવે. આજના ભણેલાગણેલા લોકો જાણે નાસ્તિક થઈ

રહ્યા છે અને તેમને બધે ઠેકાણે ઢોંગ જ જણાય છે. પણ આજે પણ કેટલીક એવી વાતો જોવામાં આવે છે કે જે આસ્તિકતાના પ્રબલ પ્રમાણરૂપે છે. પ્રાર્થનામાં કેવી શક્તિ રહેલી છે એ તો આજે પણ જોવામાં આવે છે. મને પોતાને પણ પ્રાર્થનાની શક્તિનો અનુભવ છે. જો તમે પણ સાચા હૃદયથી પરમાત્માની પ્રાર્થના કરો તો તમને પણ પ્રાર્થનાની શક્તિનો અનુભવ થયા વગર રહેશે નહિ.

## અનાથી મુનિનો અધિકાર—૪૬

અનાથી મુનિ આ જ વાત રાજા શ્રેણિકને સમજાવી રહ્યા છે. તેઓ કેવળ રાજાને જ આ વાત કહી રહ્યા નથી પણ બધાને આ વાત કહી રહ્યા છે. જો તેઓ કેવળ રાજાને જ વાત કહે અને બીજાને ન કહે તો તો તેઓ તુચ્છ થઈ જાય. શાસ્ત્રમાં સાધુઓ માટે કહ્યું છે કેઃ—

**जहा पुन्नस्स कत्थई तहा तुच्छस्स कत्थई,**
**जहा तुच्छस्स कत्थइ तहा पुन्नस्स कत्थई** ।—શ્રી આચારાંગ સૂત્ર

અર્થાત્—સાધુઓ બધાને સમાન રૂપે ધર્મ સંભળાવે. જે પ્રમાણે કોઈ એક મહાન્‌ને ધર્મ સંભળાવે તે જ પ્રમાણે એક તુચ્છને પણ ધર્મ સંભળાવે; અને આ જ પ્રમાણે એક તુચ્છને જે ધર્મ સંભળાવે તે જ ધર્મ એક મહાન્‌ને પણ સંભળાવે.

આ કથનાનુસાર અનાથી મુનિ આગળ તો રાજા શ્રેણિક અને એક દરિદ્રી બધાં સમાન જ હતાં છતાં તેમણે રાજા શ્રેણિકને સંબોધન કરી આ બધી વાતો કહી છે તેનું કારણ એ છે કે, પાત્ર વિના વસ્તુ ઝીલી શકાતી નથી. જે લોકો વીર છે તેઓ જ આ ઉપદેશને ઝીલી શકે છે. ઢીલી ધોતીના વાણીયા આ ઉપદેશને ઝીલી ન શકે. ઢીલી ધોતીના વાણીયાઓને તો સામાન્ય વાતને છોડવામાં પણ મુશ્કેલી જણાય છે.

અનાથી મુનિ રાજા શ્રેણિકને સાધુઓની વાત સમજાવતાં કહે છે કેઃ—

"હે ! રાજન્‌ ! સાધુપણું લઈને પણ જે વણિક-વૃત્તિનો ત્યાગ કરતો નથી તે અનાથ જ છે. અમે આ પ્રમાણે કરીશું તો લોકો અમને માનશે. આ પ્રમાણે વિચાર કરી બાહ્ય સાધુ-ક્રિયા કરવી એ વણિકવૃત્તિ છે. આ પ્રકારની વણિકવૃત્તિ કરનાર સાધુ થઈને પણ અનાથ જ છે, સનાથ નથી."

"હે ! રાજન્‌ ! જે કર્મબંધનમાં પડેલો છે તે અનાથ છે અને જે કર્મબંધનને તોડે છે તે સનાથ છે. દ્રવ્ય સાધુ કર્મબંધનને તોડી શકતો નથી એટલા માટે તે અનાથ છે. તે મહાવ્રતોનો સ્વીકાર તો કરે છે પણ પ્રમાદના ઉદયથી પ્રમાદને વશ થઈ મહાવ્રતોને જીવનસ્પર્શી બનાવતો નથી. એટલા માટે તે અનાથ છે."

મહાવ્રત અણુવ્રતની અપેક્ષાએ છે એટલા માટે મહાવ્રતને વિષે જે કાંઈ કહેવામાં આવે છે તેની સાથે અણુવ્રતની પણ શિક્ષા આપવામાં આવે છે. તમે સાધુ અને તેમનાં મહાવ્રતો વિષે વિચાર કરો તે પહેલાં તમારાં અણુવ્રતોનો વિચાર કરી જુઓ.

અણુવ્રત અને મહાવ્રતમાં શું અંતર છે એ વાત થોડામાં કહું છું. જે વ્રતોમાં કોઈ પ્રકારની છૂટ છે તે અણુવ્રત છે, અને જે વ્રતોમાં કોઈ પણ પ્રકારની છૂટ નથી તે મહાવ્રત

છે. જૈનશાસ્ત્રમાં પાંચ મહાવ્રત અને યોગદર્શનમાં પાંચ યામ કહેવામાં આવ્યાં છે. પણ બલિહારી તો તેમની છે કે જેઓ પાંચ મહાવ્રતો કે પાંચ યામોનું બરાબર પાલન કરે છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યામો છે. આ જ પ્રમાણે જૈનશાસ્ત્રમાં પણ કહ્યું છે કે, કોઈની હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, અણદીધેલું ન લેવું, શીલવ્રતનું પાલન કરવું અને કોઈ પણ વસ્તુ ઉપર મમત્વ ન રાખવું એ પાંચ મહાવ્રતો છે. અણુવ્રતમાં થોડી છૂટ રહે છે. જેમકે અહિંસાનું પાલન કરીશ પણ જે મારો અપરાધ કરશે તેને હું દંડ આપી શકીશ. આ પ્રમાણે અહિંસાપાલનમાં એક છૂટ રાખી એટલા માટે આ વ્રતનું નામ અણુવ્રત છે. આ પ્રકારની છૂટ રાખી જે માણસ અપરાધી સિવાય બીજા કોઈને કષ્ટ આપતો નથી તે માણસ અણુવ્રતનું પાલન કરનાર છે. અણુવ્રત અને મહાવ્રતમાં આ જ અંતર છે કે, અણુવ્રતમાં તો કોઈ પ્રકારની છૂટ રાખવામાં આવે છે, જ્યારે મહાવ્રતોમાં કોઈ પ્રકારની છૂટ રાખવામાં આવતી નથી. યોગદર્શનમાં પાંચ યામોની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે, દેશ, જાતિ, કાલ, સમય વગેરેનો કોઈ પણ પ્રકારનો અપવાદ રાખ્યા વિના અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું પાલન કરવું એ પાંચ યામોનું પાલન કરવું છે. પાંચ યામોમાં કે પાંચ મહાવ્રતોમાં દેશ, જાતિ, કાળ કે સમય વગેરેનો કોઈ પ્રકારનો અપવાદ રાખવામાં આવતો નથી. અણુવ્રતમાં અમુક અપવાદ રાખવામાં આવે છે. જૈનદર્શનમાં એ જ વિશેષતા છે કે, પ્રત્યેક વ્યક્તિ પોતાની શક્તિ પ્રમાણે ધર્મનો સ્વીકાર કરી શકે છે અને તેનું પાલન કરી શકે છે.

દેશથી પ્રતિબંધનો અર્થ એ છે કે, હું અમુક દેશમાં તો અહિંસાદિનું પાલન કરીશ પણ અમુક દેશની બહાર અહિંસાદિનું પાલન કરી શકીશ નહિ. આ પ્રકારની છૂટ મહાવ્રતમાં કે પાંચ યામોમાં હોઈ શકતી નથી. આ જ પ્રમાણે અમુક જાતિના જીવોને નહિ મારૂં એ અપૂર્ણ અહિંસા છે. પણ જૈનશાસ્ત્ર કહે છે કે, મહાવ્રતોમાં એકેન્દ્રિય, દ્વીન્દ્રિય વગેરે કોઈ જાતિના જીવોની હિંસા કરવાની છૂટ હોઈ શકે જ નહિ. જે અહિંસામાં આ પ્રકારની અપૂર્ણતા છે તે અહિંસા અણુવ્રતમાં છે, મહાવ્રતમાં નથી. મહાવ્રતોમાં તો એકેન્દ્રિય આદિ પ્રત્યેક જાતિના જીવોની અહિંસા કરવી, કરાવવી તથા અનુમોદવાની પ્રતિજ્ઞા એકી સાથે કરવામાં આવે છે અને તેનો જ અહિંસામાં સમાવેશ થાય છે.

આજે મહાવ્રતની આ વ્યાખ્યા ન સમજવાને કારણે ઘણી જ ગડબડ થવા પામે છે. કેટલાક લોકો કહે છે કે, અમે હિંસા તો ન કરીએ પણ બીજાને કહીને કરાવીએ કે હિંસાનો ઉપદેશ આપીએ તો તેમાં શું હરકત છે ? ખરી રીતે બીજાએ કરેલી હિંસાને અનુમોદન આપે છે તે સાધુ નથી. સાધુ તો તે છે કે, જે હિંસા કરે નહિ, કરાવે નહિ તથા હિંસાને અનુમોદન પણ આપે નહિ.

દેશમાં, અમુક દેશમાં હિંસા નહિ કરૂં અને અમુક દેશમાં કરીશ એવી સીમા બાંધવામાં આવે છે તે અણુવ્રતમાં છે. જેમકે દિગ્વ્રતમાં એવી પ્રતિજ્ઞા લેવામાં આવે છે કે, હું અમુક સીમાની બહારની હિંસાનો ત્યાગ કરૂં છું. આ અણુવ્રત માટે છે. સાધુઓ માટે તો મહાવ્રત છે કે જેનું પાલન બધા દેશમાં સમાનરૂપે કરવું આવશ્યક છે. સાધુને અઢીદ્વીપની બહાર પણ કોઈ લઈ જાય તો પણ તે સાધુ અહિંસાદિ મહાવ્રતોનું પાલન અપવાદ રાખ્યા વિના પૂર્ણરૂપે

કરશે. એમ થઈ ન શકે કે, અઢીદ્વીપમાં તો બીજાં વ્રતો છે અને અઢીદ્વીપની બહાર બીજાં વ્રતો છે. આ પ્રમાણે દેશ કે જાતિની મર્યાદા મહાવ્રતોમાં હોતી નથી.

આ તો દેશ અને જાતિની વાત થઈ. હવે કાળની વાત લઈએ. કાળને માટે એવી છૂટ રાખવામાં આવે કે, 'સુકાળ હોય તો તો હું અહિંસા વ્રતનું પાલન કરીશ પણ દુષ્કાળ કે, આપત્તિકાળ હોય ત્યારે અમારો "આપદ્ધર્મ" જુદો છે.' જેમકે સ્ત્રી કે પુત્રને કોઈ સતાવતું હોય ત્યારે અહિંસાનું પાલન થઈ શકે નહિ, ત્યારે તો આતતાયીને—પીડા આપનારને દંડ આપવામાં આવે. આ પ્રમાણે અહિંસા વ્રતમાં છૂટ રાખવી એ મહાવ્રત નથી. શાસ્ત્ર આ પ્રકારનું વ્રત લેવા માટે અટકાવતું નથી પણ એ પ્રકારનું વ્રત અણુવ્રત છે. મહાવ્રત તો તે છે કે, ભલે ગમે તેવો અપરાધી હોય પણ તેને દંડ આપવામાં ન આવે—તેની હિંસા કરવામાં ન આવે. જે મહાવ્રતોનો સ્વીકાર તો કરે છે પણ અહિંસાનું આ પ્રમાણે પૂર્ણ રીતે પાલન કરતો નથી તે અનાથ જ છે, સનાથ નથી.

કાલની બાદ સમયનો અપવાદ બતાવવામાં આવ્યો છે. મહાવ્રતમાં સમયનો પણ અપવાદ રાખવામાં આવતો નથી. સમયનો અર્થ અવસર છે. જેમકે જાણી જોઈને તો કોઈને માટે નહિ પણ એવી છૂટ રાખવામાં આવે કે, જો મને કોઈ ભયંકર રોગ થાય તે રોગને મટાડવા માટે હિંસાનો આશ્રય લેવો પડે કે મને કોઈ જીવ જોવામાં ન આવે પણ રોગનિવારણ માટે તેની હિંસા થઈ જાય તો છૂટ છે. મહાવ્રતમાં આ પ્રકારની છૂટ રાખી શકાય નહિ. અણુવ્રતમાં આ પ્રકારની છૂટ જાણી જોઈને રાખી શકાય છે. અણુવ્રતમાં ( આકુટી બુદ્ધિએ ) જાણી જોઈને અને અનાકુટી બુદ્ધિએ હિંસાની છૂટ બતાવવામાં આવેલ છે, પણ મહાવ્રતમાં એવી કોઈ પ્રકારની છૂટ આપવામાં આવેલ નથી. સાધુઓ આવી છૂટ રાખી પણ શકે નહિ. તેઓ તો રાતના સમયે જો ચાલવું પડે છે તો જીવ હોય કે ન હોય પણ ઓઘાદ્વારા જગ્યા પુંજીને જ ચાલી શકે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, જો સાધુની પાસેથી ઓઘો પાંચ હાથ દૂર રહે તો તેમને માસિક દંડ આવે છે.

મતલબ કે, જે વ્રતોમાં દેશ, કાલ, સમય અને જાતિ વગેરે કોઈ પ્રકારનો અપવાદ રાખવામાં આવતો નથી તે મહાવ્રતો છે. મહાવ્રત સાર્વભૌમ છે, એટલા માટે મહાવ્રતોમાં કોઈ પ્રકારની છૂટ હોઈ શકે નહિ.

## સુદર્શન ચરિત્ર—૪૬

આ સંસાર વિચિત્ર છે. એટલા માટે કોઈ તો સુદર્શનની પ્રશંસા કરતા હતા તો કોઈ નિંદા. કોઈ તો કહેતા હતા કે, આ તો ધર્મનો ઢોંગ કરતો હતો, તો કોઈ એમ કહેતા હતા કે, આપણે હૃદયની વાત સમજી શકતા નથી તો શા માટે તેની નકામી નિંદા કરી પાપ બાંધવું ? એ પોતાના મોઢે બે ચાર શબ્દો બોલે તો તેની શૂળીએ ચડાવવાની શિક્ષા માફ થઈ શકે એમ છે, અને બધાએ તેને બોલવાનો આગ્રહ પણ કર્યો, છતાં તે બોલતા નથી, તો મૌન રહેવામાં કોઈ સદાશય રહ્યો હશે એમ આપણે સમજવું જોઈએ.

શેઠ તો બધાની પ્રશંસાત્મક કે નિંદાત્મક વાતો શાન્ત ભાવે સાંભળ્યે જતા હતા.

ભલે બધા દેવો એક થઈ જાય પણ સત્ય તત્ત્વને માનનારો પોતાના સત્યધર્મથી ચલિત થતો નથી. જો કે બધા દેવો એક બાજુ થઈ જાય એ અસંભવ છે, અને કદાચિત

એ સંભવિત થઈ જાય તો પણ સત્યધર્મી તો પોતાના સત્યધર્મ ઉપર દૃઢ જ રહે છે. સત્યધર્મી તો એમ જ વિચારે છે કે, જો હું મારા સત્યધર્મ ઉપર દૃઢ રહીશ તો દેવ પણ મારું કાંઈ કરી શકે એમ નથી.

સુદર્શન શેઠે સાગારી સંથારો કર્યો. તેણે કહ્યું કે, "હે ! પ્રભો ! જો હું જીવિત રહ્યો તો તો મારાં પહેલાંના વ્રતો છે જ, પણ જો મેં કાળ કર્યો તો મારે અઢારે પાપોનો ત્યાગ છે." જો કે નિશ્ચયમાં તો તેણે એમ કર્યું, પણ વ્યવહાર રાખવો પણ આવશ્યક છે. વ્યવહાર રાખ્યા વિના કામ ચાલી શકતું નથી. સાધુ, તીર્થંકર અને સિદ્ધ વગેરે બધા વ્યવહારથી જ છે. નિશ્ચયમાં તો **एगे आया** એ કથનાનુસાર બધા સરખા જ છે. તમે વ્યવહારને માટે જ આવ્યા છો, અને તમારી ઉત્પત્તિ અને તમારો લય પણ વ્યવહારથી જ છે. ખાવું-પીવું વગેરે વ્યવહાર માટે જ છે, તો પછી ધર્મમાં વ્યવહારની આવશ્યકતા કેમ ન હોય ? જે ધર્મને માટે વ્યવહારનો લોપ કરે છે અર્થાત્ ધર્મમાં વ્યવહારને સ્થાન આપતો નથી તે ધર્મનો જ લોપ કરે છે એમ કહી શકાય.

સુદર્શને વ્યવહારને માટે જ અઢાર પાપોનો ત્યાગ કર્યો. તેણે કહ્યું કે, જો મારું શરીર શૂળીથી છેદાઈ ગયું તો મારે અઢાર પાપોનો ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગ છે. તેણે, આ પ્રમાણે ત્યાગ તો કર્યો, પણ આ ત્યાગ કરવા છતાં પણ જો તેના મનમાં થોડો પણ રાગદ્વેષ રહી જાત તો એ દશામાં તે પોતાના ધ્યેયથી પતિત થઈ જાત. અભયાએ સુદર્શન ઉપર કેવો જુલ્મ ગુજાર્યો હતો ? તે કેવી પાપાત્મા હતી ? જે કોઈ પોતે સચ્ચરિત્રા બની બીજા ઉપર કલંક ચડાવે છે તેથી વધારે કોણ પાપાત્મા હોઈ શકે ? એટલા માટે સુદર્શનના હૃદયમાં અભયા પ્રતિ ક્રોધ આવે એ સ્વાભાવિક હતું. છતાં પણ સુદર્શન જેવો સત્યધર્મી તો એમ જ વિચારતો હતો કે, આ અભયા રાણી તો મારી સાચી માતા છે, કે તેમણે જ મને અઢાર પાપોને ત્યાગ કરવાનો શુભ અવસર આપ્યો છે.

જો તમે પણ આ વાતને બરાબર સમજ્યા હો તો તમારામાં એવો વિચાર સરખો પણ ન આવે કે અમુક માણસનો સત્યાનાશ થઈ જાય તો મને શાન્તિ થાય. જો તમને આવો વિચાર આવ્યો, તો તમે એમ નક્કી સમજજો કે, તમે સત્યધર્મને કે અરિહંત દેવને હજી સમજી શક્યા નથી. તમારામાં તો એવી ભાવના હોવી જોઈએ કે, "હે ! પ્રભો ! હે ! શાન્તિનાથ ભગવાન ! આપે એક કબુતરની રક્ષા માટે જેવી રીતે શરીરનું સમર્પણ કર્યું હતું, તે જ પ્રમાણે હું પણ બીજાના કલ્યાણ માટે મારા શરીરને સમર્પિત કરી શકું એવી શક્તિ મારામાં આવે." પણ તમે લોકો મહાજન છો, એટલા માટે એમ વિચારતા હશો કે, જો અમે એમ કહીએ તો અમારો સંસાર-વ્યવહાર કેમ ચાલી શકે ! પણ જો એવો વિચાર તમને થાય તો એમાં વિચારશીલતાનો શું અંશ છે, તેનો ઊંડો વિચાર કરો.

સુદર્શન કહે છે કે, "હે ! પ્રભો ! મારા હૃદયમાં કોઈના પ્રતિ રાગદ્વેષ નથી. લોકો ભલે એમ સમજે કે મને શૂળીએ ચડાવવામાં આવે છે પણ હું તો એમ સમજું છું કે, મારો આત્મા પોતાના આત્મતત્ત્વમાં મળી રહ્યો છે."

આ પ્રમાણે વિચાર કરી સુદર્શને ધ્યાન ધર્યું. ધ્યાનમાં તે નવકારમંત્ર જ જપતો હતો. સાધારણ રીતે નવકારમંત્ર તો ઘણા લોકોને યાદ હશે અને તેનો જાપ કરતા હશે; પરંતુ નવકારમંત્ર જપવામાં ભાવનું અંતર રહે છે. એટલા માટે નવકારમંત્રને ભાવપૂર્વક

જપવો જોઈએ. જો હૃદયમાં નવકારમંત્રના મહિમાનું સ્થાન હોય, તો પછી તે માણુસ કષ્ટને કષ્ટ માનતો નથી, પરંતુ એ કષ્ટ સમયને નવકારમંત્રના મહિમાનો સમય માને છે. જે નવકારમંત્ર ઉપર દૃઢ વિશ્વાસ રાખે છે તેનામાં દૃઢતા આવ્યા વગર રહેતી નથી. નિષ્કામ થઈ પરમાત્માની દૃઢતાપૂર્વક પ્રાર્થના કરવામાં આવે તો અવશ્ય આત્મકલ્યાણ થાય.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૧૦ શનિવાર

### પ્રાર્થના

**શ્રી 'દૃઢરથ' નૃપતિ પિતા, 'નન્દા' થારી માય;**
**રોમ રોમ પ્રભુ મો ભણી, શીતલ નામ સુહાય.**
**જય જય જિન ત્રિભુવન ધણી. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** શીતલનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્મા શીતલનાથનું નામ જપવાથી શું લાભ થાય છે એ અત્રે જોવાનું છે. આત્મા જે ઉપાધિઓને કારણે સંતપ્ત થઈ રહ્યો છે તે ઉપાધિઓને ભગવાન શીતલનાથની પ્રાર્થના શાન્ત કરી શીતલતા આપે છે. ઉપાધિઓને શાન્ત કરી શીતલતા પ્રાપ્ત કરવા માટે પરમાત્મા શીતલનાથની પ્રાર્થના એ એક અમોઘ ઉપાય છે. પણ એ ઉપાયને કામમાં લેતાં પહેલાં પોતાના સ્વરૂપનો વિચાર કરવો જરૂરી છે.

રોગી જ્યાંસુધી પોતાના રોગને જાણતો નથી ત્યાંસુધી તેને દવા ઉપર વિશ્વાસ પેદા થતો નથી. એટલા માટે દવા લીધા પહેલાં રોગીએ પોતાના રોગને જાણી લેવો આવશ્યક છે. રોગ જાણી લીધા બાદ દવા લેવાની ભાવના પેદા થાય છે, અને વૈદ્યોનું કહેવું છે કે, રોગીની ભાવના દવાથી પણ વધારે કામ કરે છે. આ પ્રમાણે જ્યારે પ્રાર્થના કરનાર પોતાનું સ્વરૂપ જાણી લેશે અને ઉપાધિઓથી મુક્ત થવા માટે પરમાત્માની પ્રાર્થના કરશે, ત્યારે પ્રાર્થનામાં તેને અજબ શક્તિ જણાશે. એટલા માટે સર્વપ્રથમ આત્માને કઈ કઈ ઉપાધિઓએ ઘેરી લીધેલ છે એ જાણીને પરમાત્માની પ્રાર્થના કરવાનો ભાવ પેદા કરવો જોઈએ અને પછી પરમાત્માની પ્રાર્થના કરવી જોઈએ.

પ્રાર્થના કરવા માટે તમારા સુષુપ્ત ભાવો જાગ્રત થાય એ દૃષ્ટિએ તમને હમેશાં પ્રાર્થના વિષયક થોડું ઘણું સંભળાવવામાં આવે છે. જે પ્રમાણે સૂર્યોદય થવાથી કમળો વિકસિત થાય છે તે જ પ્રમાણે તમે પણ પ્રાર્થના વિષે સાંભળી આત્માને જાગ્રત કરો. આત્માને જાગ્રત કરી જો પરમાત્માની પ્રાર્થના ભાવપૂર્વક કરશો તો આત્માની બધી ઉપાધિઓ મટી જશે અને તમારો આત્મા શાન્તિ અને શીતલતા પ્રાપ્ત કરશે.

તમે કદાચ એમ કહેશો કે, અમે જાગ્રત કેવી રીતે થઈએ ? જ્યારે અમે જાગતા છીએ ત્યારે જ તો અમે તમારી સામે બેઠા છીએ: આનો ઉત્તર એ છે કે, આ જાગ્રતિ તો દ્રવ્ય જાગ્રતિ છે. હું દ્રવ્ય ઊંઘ ઉડાડવાની વાત કહેતો નથી, પણ ભાવ નિદ્રા ઉડાડવાની

વાત કરી રહ્યો છું. દ્રવ્ય ઊંઘ ઉડાડવી તો સરલ છે પણ ભાવ નિદ્રા ઉડાડવી તો બહુ જ મુશ્કેલ છે. એટલા માટે ભાવ નિદ્રા ઉડાડી પરમાત્માની પ્રાર્થના કરો. કહ્યું છે કેઃ—

**'देवो भुत्वा देवं यजेत् '**

અનેક તત્ત્વવેત્તાઓ કહે છે કે, ઈશ્વર થઈને ઈશ્વરને ભજો. તમે કહેશો કે, જો અમે પોતે જ પરમાત્મા બની જઈએ તો પછી પરમાત્માની પ્રાર્થના કરવાની અમને શી જરૂર? પણ આ કથનનો એવો અર્થ છે કે, પ્રભુમય થઈને પ્રભુને ભજો. વિકાર ન રાખો. જે ક્રોધી હોય છે તે ક્રોધને જાગ્રત કરવા માટે ક્રોધીને ભજે છે. કામી પુરુષ કામવાસનાને જાગ્રત કરવા માટે કામદેવને ભજે છે. પણ જે કામક્રોધનો નાશ કરવા ચાહે છે તે તો કામક્રોધના વિજેતા દેવને જ ભજશે. લોભી માણસ લોભી દેવની જ પ્રાર્થના કરશે પણ જે લોભનો નાશ કરવા ચાહે છે તે તો લોભરહિત દેવને જ ભજશે. એટલા માટે તમે જો કામ, ક્રોધ, લોભ વગેરેથી મુક્ત થવા ચાહો છો તો તમે કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેથી વિમુક્ત થએલા વીતરાગ પરમાત્માની પ્રાર્થના કરો. અને તેમની પ્રાર્થના પણ પોતાના અઢાર પ્રકારના દોષોને દૂર કરવા માટે જ કરો. પરમાત્માની પ્રાર્થના દોષમુક્ત થવાની ભાવનાએ કરશો તો પ્રાર્થના–પ્રબોધથી તમારા આત્મામાં અપૂર્વ પ્રકાશ આવશે.

તમે કહેશો કે પ્રભુમય કેવી રીતે બનવું? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જ્યારે આત્મા ભાવનિક્ષેપ ઉપર જાય છે અને શબ્દાદિ ત્રણ નયથી પરમાત્માની પ્રાર્થના કરે છે, ત્યારે આત્માની સ્થિતિ વિષે શાસ્ત્ર કહે છે કે, તે વખતે આત્મા જેનો ઉપયોગ કરે છે, આત્મા તે જ કહેવાય છે. અર્થાત્ પરમાત્મામાં ઉપયોગ રાખી આત્મા પરમાત્માની પ્રાર્થના કરે તો આત્મા આ ભવમાં નહિ તો બીજા ભવમાં પરમાત્મામય બની જાય.

તુજ દર્શન મુજ વાલ હો લાલ, દર્શન શુદ્ધ પવિત્ર હો વાલેસર;
દર્શન શબ્દ નયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂત રે વાલેસર.

આ કડીમાં કહ્યું છે કે, હે! પ્રભો! તારું દર્શન મને પ્રિય છે. કેવળ આંખોથી જોવું એ જ દર્શન નથી પરંતુ હૃદયને એકાગ્ર કરી વિવેકપૂર્વક તારામાં ઉપયોગ લગાવવો એ જ તારું દર્શન છે. આ પ્રમાણે તારું દર્શન કરવાથી તું મને બહુ પ્રિય લાગે છે.

મેં અન્ય દેવોને પણ જોયા છે તેમનું દર્શન મને પ્રિય લાગતું નથી. કારણ કે, તે દેવો બધા દર્શકોને દર્શક જ રાખે છે. તે પોતે તો ઈશ્વર રહે છે અને જે તેમનું દર્શન કરે છે, તેમને તો દર્શક જ રાખે છે. દર્શકને પોતાના જેવો બનાવી દેવો એ ગુણ તો તારામાં જ છે, પણ તારું દર્શન શબ્દનયથી કરવું જોઈએ. જે શબ્દનયથી તારું દર્શન કરે છે તેનો સંગ્રહનય એવંભૂતમાં પહોંચી જાય છે.

સંગ્રહ નયમાં જે વસ્તુ હોય છે તે જ વસ્તુ પૂર્ણ થઈ એવંભૂતમાં જાય છે. જે વસ્તુ સંગ્રહ નયમાં નથી તે એવંભૂતમાં પણ જતી નથી. જેમકે સંગ્રહનયની દૃષ્ટિએ માટીમાં ઘડો છે, પણ જો સંગ્રહનયની દૃષ્ટિએ માટીમાં ઘડો ન હોય તો લાખો ઉપાય કરવા છતાં પણ માટીમાંથી ઘડો બની શકતો નથી. સંગ્રહનયથી માટીમાં ઘડો છે ત્યારે જ કર્તા અને નિમિત્તના સહકારથી ઘડો બને છે. આ ઉદાહરણ પ્રમાણે બધાના આત્મા સમાન છે. સંગ્રહનયની દૃષ્ટિએ મારો આત્મા પણ "હે! પ્રભુ! તારા જ સમાન છે. પણ જે પ્રમાણે જ્યાંસુધી

માટીનો ઘડો બનતો નથી ત્યાંસુધી માટી પગ તળે કચડાય છે—કોઈના માથા ઉપર ચડી શકતી નથી, તે જ પ્રમાણે સંગ્રહનયમાં જ રહેવાના કારણે હું પણ સંસારમાં જ ભ્રમણ કરી રહ્યો છું. હવે મને માલુમ પડયું કે, જો હું શબ્દનયથી તારું દર્શન એક વાર પણ કરી લઉં તો હું સંગ્રહનયમાંથી એવંભૂત નયમાં પહોંચી જાઉં અર્થાત્ હું તારા જ જેવો બની જાઉં."

મતલબ કે, ભક્ત કહે છે કે, "હે ! પ્રભો ! મારા આત્માને ઉન્નત બનાવવામાં તું જ અમોઘ સાધનભૂત છો; તારા સિવાય બીજો કોઈ નથી. એટલા માટે હું તારી પ્રાર્થના કરું છું."

## અનાથી મુનિનો અધિકાર—૪૭

આ જ વાત અનાથી મુનિ રાજા શ્રેણિકને કહી રહ્યા છે. તેઓ કહે છે કે, "હે ! રાજન્ ! જે લોકો વિપુલ સંપત્તિ પામીને પણ અહીં તહીં રખડે છે તે લોકો ભાનભૂલેલા છે. જે અવસર, માટીને ચાક ઉપર ચડાવી ઘડો બનાવવાનો હોય, તે જ અવસરે જો માટીને ચાક ઉપરથી ઉતારી ફેંકી દેવામાં આવે તો એ અવસર કેવો ગુમાવ્યો કહેવાય ? આ જ પ્રમાણે મનુષ્યજન્મ અને નિર્ગ્રન્થધર્મ પ્રાપ્ત થવા છતાં જેઓ દુઃખ પામે છે, તેઓ કેવો સુઅવસર ગુમાવે છે ? ઊંચી સ્થિતિએ જઈ આ કેવું નીચે પડવા જેવું છે ? આવા નીચે પડનારા લોકો ઉપર જ્ઞાનીજનો કરુણા કરે છે." તમે કોઈને નીચે પડતા જુઓ તો તેમના ઉપર તમને કરુણા આવશે, પણ બીજાઓ ઉપર કરુણા કરતાં પહેલાં પોતા ઉપર કરુણા કરવાની જરૂર છે. સર્વપ્રથમ પોતાના આત્મા ઉપર જ કરુણા કરવી જોઈએ.

**आउत्तया जस्स य नत्थि कोई, इरियाए भासाए तहेसणाए ।**
**आयाणनिक्खेवदुगुंच्छणाए, न वीरजायं अणुजाइ मग्गं ॥४०॥**

અનાથી મુનિ કહે છે કે, "હે ! રાજન્ ! હવે હું જુદા પ્રકારની અનાથતાનો વિચાર કરું છું. જેઓ નિર્ગ્રન્થધર્મને પ્રાપ્ત કરીને પણ પતિત થઈ જાય છે તે લોકોની હવે હું વાત સમજાવું છું. આ વાત સમજાવવાનું કારણ એ છે કે, એક માણસ તો બીજાને પતિત થતો જોઈ સાહસહીન થઈ જાય છે અને બીજો માણસ, બીજાને પતિત થતો જોઈ વધારે સાહસી બને છે."

મેં એક પુસ્તકમાં જોયું છે કે, આ પંચમકાળની વિષમતા જોઈ અજ્ઞાનીઓ તો ડરી જઈ પડી જાય છે, પણ જ્ઞાનીજનો તો તેમને જોઈ નવો વિચાર કરે છે. તેઓ કહે છે કે, "આ પંચમ આરો તો છે જ. આ પંચમ આરામાં વિષમતા હોય તો એમાં આશ્ચર્યની બાત શું છે ! આ પંચમ આરાની વિષમતાથી બચવા માટે અમારે દૃઢ રહેવું જોઈએ."

આ પ્રમાણે વિચાર કરી જ્ઞાનીજનો તો વધારે દૃઢ થાય છે પણ અજ્ઞાની લોકો પંચમ આરાની વિષમતા જોઈ ઊલટા શિથિલ થઈ જાય છે. પણ વાસ્તવમાં આ પ્રકારના પતિત થતા લોકોને જોઈ પ્રત્યેકે સાવધાન થવું જોઈએ.

કોઈ માણસ જ્યારે પત્થરની ઠેસથી નીચે પડે છે તો બીજો માણસ તેને પડતો જોઈ પોતે પણ નીચે પડે છે કે વધારે સાવધાન બને છે ? સાવધાન જ બને છે, અને તે એમ વિચારે છે કે આ માણસ પત્થરની ઠેસથી નીચે પડી ગયો તો મારે સાવધાન થઈ ચાલવું જોઈએ. આ જ પ્રમાણે સંયમમાં પણ બીજાને પડતા જોઈ પોતાએ સાવધાન બનવું જોઈએ.

અનાથી મુનિ કહે છે કે, "હે ! રાજન્ ! ઘણા લોકો નિર્ગ્રન્થધર્મનો સ્વીકાર કરે છે પણ મહાવ્રતોનું પાલન થઈ ન શકવાને કારણે પડી જાય છે. આવા લોકો અનાથ જ છે."

મહાવ્રતોમાં કેવી રીતે સ્થિર રહી શકાય એને માટે પાતંજલિ યોગદર્શનમાં કહ્યું છે કેઃ—

'वितर्कबाधने प्रतिपक्षभावनं'

ઉપર્યુક્ત કથનનો સરલ અર્થ એ જ છે કે, વિતર્કોને દૂર કરવા માટે પ્રતિપક્ષી ભાવના કરવી જોઈએ. વિતર્ક શું છે અને પ્રતિપક્ષ ભાવના શું છે એનો વિચાર ઘણો લાંબો છે, એટલે અત્રે એ વિષે સંક્ષેપમાં કહું છું.

'વિતર્ક'નો અર્થ ઊલટો તર્ક થાય છે. જેમકે પાંચ મહાવ્રતોથી વિપરીત હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને લોભ-તૃષ્ણા છે. મહાવ્રતો તો ધારણ કર્યાં છે પણ તે વ્રતોથી વિપરીત હિંસાદિનો વિતર્ક આડો આવે તો તે વખતે શું કરવું ? એને માટે કહ્યું છે કે એ વિતર્કોને હટાડવા-દૂર કરવા. પણ એ વિતર્કોને કેવી રીતે દૂર કરવાં ? એને માટે કહ્યું છે કે, પ્રતિપક્ષી ભાવનાદ્વારા એ વિતર્કોને દૂર કરવાં.

આ મહાવ્રતો માટે કહેવામાં આવ્યું છે પણ અણુવ્રત વિષે પણ જ્યારે વિતર્કો ઊભાં થાય ત્યારે પ્રતિપક્ષી ભાવનાદ્વારા તેને પણ દૂર કરવા એમ સમજવું.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતો છે. અહિંસાનો સામાન્ય અર્થ હિંસા ન કરવી એ થાય છે. કેટલાક લોકો કહે છે કે, અહિંસા તો કાયરોની છે. પણ વાસ્તવમાં અહિંસા કાયરોની નહિ પણ વીરોની છે. જે સાચો વીર હશે તે જ અહિંસાનું પાલન કરી શકશે. સાચો અહિંસક એવો હોય છે કે તે ઇન્દ્રોને પણ હરાવી શકે છે. તે હમેશાં લડતો જ રહે છે, વિપક્ષનો નાશ જ કરતો રહે છે. કદાચ તમે કહો કે, અહિંસકના હાથમાં તલવાર તો હોતી નથી તો પછી તે કેવી રીતે લડે છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે તેમની પાસે તો જીવની રક્ષા કરવાનું સાધન જે રજોહરણ હોય છે, એ *રજોહરણ જ અહિંસકની તલવાર છે. આ રજોહરણ પણ એક દ્રવ્ય ચિન્હ છે. અહિંસક પાસે* સાચું શસ્ત્ર તો પોતાની ભાવના જ છે. અહિંસાના વિપક્ષને હટાડવાની જે ભાવના છે તે જ અહિંસકનું શસ્ત્ર છે.

મતલબ કે, વિપક્ષને હટાડવા માટે પ્રતિપક્ષી ભાવના કરવી જોઈએ. અહિંસાનો વિતર્ક હિંસા છે. એ હિંસાને હટાડવા માટે હિંસાની પ્રતિપક્ષી ભાવના-અહિંસાને અપનાવવી જોઈએ. અર્થાત્ હિંસાના વિતર્કને અહિંસાદ્વારા દૂર કરવો જોઈએ. હિંસાના વિતર્કને દૂર કરવા માટે મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ ભાવના ભાવવી જોઈએ. બાલભાષામાં પણ કહ્યું છે કેઃ—

ગુણીજનોં કો વંદના, અવગુણ જાન મધ્યસ્થ;
દુઃખી દેખ કરુણા કરે, મિત્ર ભાવ સમસ્ત.

આ ચાર ભાવના છે. પહેલી ભાવના પ્રમોદ ભાવના છે. અર્થાત્ ગુણીજનોને જોઈ વંદના કરી પ્રમોદ પામવો. ગુણીજનોના ગુણોનો મતલબ વ્યવહારના ગુણોથી નથી. કારણ કે વ્યવહારના ગુણો જેટલા વધારે તેટલી વધારે ધમાલ થાય છે. વ્યવહારના ગુણોમાં તો સંસારમાં જે ગુણી છે તેથી વિશેષ ગુણી દેવો છે. દેવો ત્રણ જ્ઞાનના સ્વામી છે, પણ તેમને વંદના

કરી શકાય નહિ. ગુણી તો તે લોકો જ છે કે જેઓ ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિનું પાલન કરે છે. આ પ્રમાણે સંયમગુણને ધારણ કરનાર પ્રતિ પ્રમોદભાવના રાખી વંદના કરવી જોઈએ.

બીજી મધ્યસ્થ ભાવના છે. જે ખરાબ છે, જે હિંસક છે તેના પ્રતિ પણ મધ્યસ્થ ભાવના રાખી એમ વિચારવું કે, આ આત્મા હિંસા કરે છે એટલે તે ખરાબ છે પણ જો તે હિંસાનો ત્યાગ કરી અહિંસક બની જાય તો તે પણ મારા માટે વંદનીય-પૂજનીય બની શકે છે. અર્જુનમાલી હિંસક હતો, પણ જ્યારે ભગવાનનો શિષ્ય બની તેણે હિંસાનો ત્યાગ કર્યો ત્યારે તે પણ વંદનીય બની ગયો અને સુદર્શને તેમને વંદના પણ કરી. શું આવા અવગુણીને વંદના કરવી એ ઉચિત હતું? શેઠે તેને પણ ગુરુ માન્યા એ શું ઠીક હતું? પણ જેઓ ગુણના ગ્રાહક હોય છે તેઓ પહેલાંની વાતો ભૂલી જઈ ગુણોને જ ગ્રહણ કરે છે. આ પ્રમાણે જે લોકો હિંસક છે તેઓ અહિંસક બની જાય એવી જ ભાવના ભાવવી જોઈએ. આમ છતાં જો તેની હિંસા છૂટે નહિ તો તેમના પ્રતિ મધ્યસ્થ ભાવના તો અવશ્ય રાખવી જોઈએ. તેમના પ્રતિ ક્રોધ કરવો ન જોઈએ. કામદેવને ધર્મથી ચ્યુત કરવા માટે દેવ પિશાચનું રૂપ ધારણ કરી તલવાર લઈ આવ્યો હતો, છતાં કામદેવે તેના ઉપર ક્રોધ ન કર્યો. કામદેવ તો એમ જ વિચારતા હતા કે, "મને પરમાત્મા તરફ પ્રેમભાવ છે કે નહિ તેની પરીક્ષા કરવા માટે આ દેવ આવ્યો છે. આ સિવાય તે દેવ મને 'અપત્થપત્થિયા' અને 'અવાંછનીય'ની વાંછના કરનાર કહે છે તો તે ઠીક જ કહે છે. જે ચીજ અવાંછનીય છે તેની વાંછના ન કરવી જોઈએ. એ દેવ કહે છે તો ઠીક, પણ તેના કથનમાં અંતર કેવળ એટલું જ છે કે, તે ધર્મને અવાંછનીય માને છે અને હું પાપને અવાંછનીય સમજું છું. તે ધર્મને અવાંછનીય સમજે છે તો તેનું કેવું કષ્ટ ભોગવવું પડે છે! એ બિચારામાં એટલું બધું દુઃખ ભરેલું છે કે, તે દુઃખ તેના શરીરમાંથી નીકળી મારી પાસે આવી રહ્યું છે. તે બહુ જ દુઃખી છે. એટલા માટે તેનાં ઉપર કરુણા કરવી જોઈએ. હે! પ્રભો! હું એ જ ચાહું છું કે, તેનું પણ કલ્યાણ થાઓ!"

ઘણીવાર એવું બને છે કે, બીજાઓમાં ખરાબી જોઈ પોતાનામાં પણ ખરાબી થાય તેવું કરવામાં આવે છે અને પોતાનાં જે ગુણો હોય તે પણ છોડી દેવામાં આવે છે. તમે એવું કૃત્ય કરી ન બેસો તેનો ખ્યાલ રાખશો. મહાપુરુષોના જીવનચરિત્રમાંથી એ જ શિક્ષા મળે છે કે, દુર્ગુણોને સદ્ગુણોદ્વારા જીતી લેવા. સુદર્શન શેઠે અર્જુનમાલીને પ્રતિપક્ષી ભાવનાદ્વારા જ જીત્યો હતો. ભાવની વાત જુદી છે પણ ઉપરનો શ્રમ તો અર્જુનમાલીને જ વધારે પડયો હતો; છતાં પણ વિજય તો સુદર્શનનો જ થયો. કામદેવને ધર્મચ્યુત કરવા માટે દેવને કેટલાં બધાં કષ્ટો સહન કરવાં પડયાં હતાં. તેને પિશાચરૂપ પણ ધારણ કરવું પડયું હતું. જેને જોવા માત્રથી ઘૃણા પેદા થાય એવું ઘૃણિત રૂપ પણ તેને ધારણ કરવું પડયું હતું. તેણે આસુરી પ્રકૃતિ અનુસાર બિભત્સ રૂપ ધારણ કર્યું હતું પણ જ્યારે આસુરી પ્રકૃતિ સામે દૈવી પ્રકૃતિ પ્રગટ થઈ ત્યારે દેવ પણ પરાજિત થઈ ભાગી ગયો. દૈવી પ્રકૃતિના પ્રાગટ્યથી આસુરી પ્રકૃતિ પણ અદૃશ્ય થઈ ગઈ. એટલા માટે હિંસાની સામે અહિંસાની ભાવના ભાવવી જોઈએ.

ત્રીજી કરુણા ભાવના છે. જે લોકોમાં કરુણા-ભાવના હોય છે તેઓ એમ કદાપિ વિચાર પણ ન કરે કે, "બીજો મરે છે તો ભલે મરે, અમે તો મોજમઝા માણીશું. કરુણા ભાવનાવાળો

તો બીજાના હિત માટે પોતાના શરીરનો પણ ભોગ આપી દે છે. તે બીજાને દુઃખી જોઈ પોતે દુઃખી થાય છે. અનુકંપાનો અર્થ જ એ છે કે:—**अनुकूलं कम्पनं चेष्टनम् इति अनुकम्पा** અર્થાત્–બીજાને જે દુઃખ છે તે મને જ દુઃખ છે. આ પ્રકારની ભાવના ભાવવી એ જ અનુકંપા છે.

તમે લોકો અહિંસક કહેવડાવીને પણ જો ઘરના લોકો કે પોતાના નોકરો ઉપર કરુણા ન રાખો તો તે શું ઠીક કહેવાય ? કોઈ નોકર બીમાર હોય છતાં તેની પાસેથી કામ લેવું અથવા તેનો પગાર કાપી નાંખવો એ શું અહિંસકને શોભે ખરું ? અંગ્રેજ લોકો પણ પોતાના બીમાર નોકરોની સારસંભાળ રાખે છે અને અસ્વસ્થ અવસ્થામાં તેમનો પગાર પણ કાપતા નથી, તો પછી તમે લોકો અહિંસક થઈને નોકર મરે કે જીવે એમ ઉપેક્ષા કરી તેની પાસેથી કામ લો અને તેનો પગાર કાપી નાંખો તો શું એવું કામ અહિંસકને શોભે ખરું ?

જેના હૃદયમાં અનુકંપા કે કરુણા છે તે લોકો તો બીજાના દુઃખને પોતાનું દુઃખ માને છે, અને બીજાને દુઃખમુક્ત કરવા માટે પોતાથી શક્ય બધાં પ્રયત્નો કરે છે; પણ તમે લોકો શું કરો છો તેનો વિચાર કરો. માનો કે, તમારી પાસે બે કોટ છે. તમને કેવળ એક જ કોટની જરૂર છે. તમારી પાસે બીજો કોટ વધારાનો છે. હવે એ કોઈ ગરીબ માણસ તમારી સામે કડકડતી ઠંડીથી દુઃખી થઈ રહ્યો હોય તો તમે તમારો બીજો કોટ આપી દેશો ? તમે એમ તો નહિ કહોને કે, મરવાનો હોય તો ભલે મરે! જો તમે આમ કહો તો શું તમારામાં કરુણા છે ? કરુણાળુ તો તે છે, કે જે બીજાને દુઃખ ન થાય એ માટે પોતે દુઃખ સહન કરે છે. ધન્ય છે ધર્મરુચિ મુનિને, કે જેણે કીડીઓની અનુકંપા કરી પોતે કડવા તુંબડાનું શાક ખાઈ ગયા અને પોતાનો આત્મભોગ આપી કીડીઓની રક્ષા કરી; અને ધન્ય છે ભગવાન નેમિનાથને કે જેમણે પશુઓની રક્ષા માટે રાજીમતિ જેવીનો પણ ત્યાગ કર્યો. તેઓએ તો કરુણા માટે આવો અપૂર્વ ત્યાગ કર્યો, પણ તમારાથી તો ગરીબોની કરુણા માટે ફેન્સી કપડાંઓનો પણ ત્યાગ થઈ શકતો નથી. જે કરુણાળુ હશે તે તો એમ જ વિચારશે કે, મારા કોઈ પણ કામથી બીજાને જરાપણ દુઃખ થવું ન જોઈએ.

ચોથી મૈત્રી ભાવના છે. આ ભાવના પ્રમાણે સંસારના બધા પ્રાણીઓને મિત્ર બનાવવા જોઈએ. તમે લોકો પ્રતિક્રમણમાં તો એ પાઠ હમેશાં બોલો જ છો કે:—**'मित्ती मे सव्वभूएसु'** અર્થાત્—બધા પ્રાણીઓ પ્રત્યે મારે મૈત્રીભાવ છે. સદ્‌ભાગ્યે તમને આ પાઠ તો યાદ છે પણ કેવળ પાઠનો ઉચ્ચાર કરવામાં જ તેની ઇતિશ્રી ન માનો પણ તે પાઠને જીવનમાં ઉતારી બધા જીવોને મિત્ર બનાવો.

આ પ્રમાણે ઉપર કહેલી ચાર ભાવના ભાવવાથી અહિંસા વિષે પેદા થતાં કુતર્કોનો નાશ થશે અને અહિંસાભાવ પ્રગટ થશે.

## સુદર્શન ચરિત્ર—૪૭

બધા પ્રાણીઓ પ્રત્યે મૈત્રીભાવ કેવા રીતે રાખી શકાય એ વાત હવે સુદર્શનની કથા ઉપરથી કહું છું. સુદર્શન અભયા જેવી અપકારિણી સાથે પણ મૈત્રીભાવ રાખી શક્યો હતો. સુદર્શન એવો વિચાર કરી શકતા હતા કે, શૂળીએ ચડવાથી મારી સ્ત્રી તથા પુત્રોને હાનિ થશે અને મારું પણ અપમાન થશે, પણ જો હું સાચી હકીકત કહી દઉં તો અભયાને જ

દંડ મળશે અને અમે બચી જઈશું. આ પ્રમાણે વિચાર કરી સુદર્શન બધી હકીકત કહી શકતા હતા પણ તેમની પાસે વાણિયાશાહીનો હિસાબ ન હતો કે તેઓ એમ કરી બેસે. તેઓ તો એમ જ વિચારતા હતા કે, ગમે તે થાય પણ મારી માતાને તો કષ્ટમાં નહિ જ પાડું.

**ઈસી મન્ત્ર કે ધ્યાન શેઠને, તજે પૂર્વ ભવપ્રાણ;**
**ડિગે દેવ સિંહાસન ઉસસે, મહિમા મંત્રકી જાન. ॥ધન૦ ૧૦૬॥**

**શીલ, સત્ય અરુ દયા સાધના, લગી મંત્ર કે સાથ;**
**હિયે હુલસાયે દેવ ગગનમેં, આયે જોડે હાથ. ॥ધન૦ ૧૦૭॥**

કાલે કહ્યું હતું કે, સુદર્શન શેઠે સાગારી સંથારો કર્યો, અને જાણે તેમણે જિનમુદ્રા ધ્યાનદ્વારા પ્રગટ કરી હોય એમ લાગતું હતું.

જે શરીર, અરિહંતો, ગણધરો, મોટા મોટા મુનિવરો તથા મોટા મોટા શ્રાવકોને મળ્યું હતું તે જ શરીર તમને પણ મળ્યું છે. ધ્યાનપૂર્વક જુઓ તો તમને જણાશે કે, આ શરીરમાં કેવી સુંદરતા છે! જો આ શરીરનો સદુપયોગ કરવામાં આવે તો પરમાત્મા અને આત્માની એકતા થવામાં વાર ન લાગે. આવું શરીર મળ્યું એ કેટલાં પુણ્યોનું ફળ છે! છતાં આ શરીરનો પરમાત્માની સાથે એકતા કરવામાં સદુપયોગ ન કરો અને નીચ ભાવનાને પોષવામાં તેનો દુરુપયોગ કરો, એ ક્યાંસુધી ઠીક છે? તેનો વિચાર કરો. શું આ શરીર માટે એમ કહેવું ઠીક છે કે કાલુક કસાઈને મળ્યું હતું તે જ શરીર તમને મળ્યું છે? જો આમ કહેવું ઠીક ન હોય તો પછી એ વાતનો તમે બરાબર ખ્યાલ રાખો કે, આ શરીર ક્યાંક કાલુક કસાઈના શરીર જેવું બની ન જાય! પદ્માસન લગાવી, આંખને નાસિકા ઉપર કેન્દ્રીભૂત કરી ધ્યાન ધરો તો શું આ શરીરમાં જિનમુદ્રા પ્રગટાવી ન શકાય! જો તે શક્ય છે તો પછી જિનમુદ્રા ન પ્રગટાવતાં રાક્ષસી મુદ્રા પ્રગટાવવામાં આ શરીરનો દુરુપયોગ કરો તો એ કેવી ગંભીર ભૂલ કહેવાય?

શેઠ જિનમુદ્રા ધારણ કરી, જાણે પરમાત્મામય બની ગયા. આ શરીર જ જિનમંદિર છે. તમે બીજાં દેવળોને જોવા કરતાં આ શરીરરૂપી દેવળને જ જુઓ. આ શરીર દેવળમાં જે ચૈતન્યપ્રભુ બેઠા છે તેમને ન ભૂલો પણ તેમની આરાધના કરો.

શેઠ તો પોતાના ધ્યાનમાં મશગૂલ હતા, અને સુભટો શહેરના ચૌટે ચૌટે ફેરવતાં શેઠને તેના ઘરની સામે લાવવામાં આવ્યા અને કહ્યું કે, "શેઠ આ તમારું ઘર આવ્યું છે!" રાજાના સુભટો શેઠને આમ કહેતા હતા પણ શેઠ તો વિચારતા હતા કે, મારું ઘર તો બીજું જ છે.

શેઠને તેના ઘરની સામે ઊભો કરવામાં આવ્યો છતાં શેઠે ઘરની તરફ દૃષ્ટિ પણ ન કરી. લોકો કહેવા લાગ્યા કે આ કેવો ધર્મઢોંગી છે. તેને પોતાના ઘર તરફ પણ પ્રેમ નથી. કેટલાક લોકો એમ કહેતા હતા કે આવા ધર્મથી તો દૂર રહેવું એ જ સારું; ત્યારે કેટલાક લોકો એમ કહેતા હતા કે, ધન્ય છે મનોરમાને કે જે આવા સમયે પણ ધ્યાનમાં બેઠી છે. લોકોનો ઘોંઘાટ સાંભળી તે સારી રીતે જાણે છે કે મારા પતિ બહાર આવ્યા છે, છતાં પણ જાણે તેના ધ્યાનયજ્ઞમાં આહુતિ હોમવામાં આવી ન હોય તેમ તેનું ધ્યાન વધારે પ્રજ્વલિત બન્યું છે. કોઈ એમ કહેતા હતા કે, શેઠાણીને તો જુઓ કે પતિને શૂળીએ ચડાવવા માટે લઈ જવામાં આવે છે, અને ઘરની સામે પતિ ઉભા છે, છતાં શેઠાણી ઘરની બહાર પણ

નીકળતી નથી. લોકો કહે છે કે, શેઠ-શેઠાણી વચ્ચે બહુ પ્રેમ છે, તો એ પ્રેમ ક્યાં ગયો ? કે આવા મૃત્યુ સમયે પણ પતિને મળવા તે બહાર નીકળતી નથી.

સુદર્શનની આસપાસ લોકો એવી રીતે ઘેરાઈ ગયા હતા કે જાણે સરઘસ બની ગયું ન હોય! થોડીવાર તો સુભટોએ સુદર્શનને તેના મકાન પાસે ઊભા રાખ્યા, પણ જ્યારે શેઠે પોતાના મકાન તરફ દૃષ્ટિ પણ ન કરી અને શેઠાણી પણ બહાર ન નીકળી ત્યારે સુભટોએ વિચાર્યું કે, અહીં નકામા ઊભા રહેવું ઠીક નથી. એમ કહી તેઓ સુદર્શનને લઈ શૂળી પાસે આવ્યા.

શૂળીને જોઈ લોકો ડરવા લાગ્યા પણ સુદર્શન તો ત્યાં પણ પ્રસન્ન જ રહ્યો. થોડીવાર બાદ મારો આત્મા પરમાત્માને મળશે એ વિચારથી તેનાં રોમેરોમ વિકસિત થતાં હતાં.

સુદર્શનને પ્રસન્ન થતો જોઈ કેટલાક લોકો કહેવા લાગ્યા કે, "હે ! પ્રભુ ! અમે એમ કહેતા હતા કે, "તું" ક્યાં છે ? પણ આજે અમને "તું" આ સુદર્શનમાં સાક્ષાત્ દેખાઈ રહ્યો છે ! અમે વિચારતા હતા કે, આ સુદર્શન ભક્ત છે છતાં તેની રક્ષા કેમ થતી નથી ! પણ અમને એ તો અત્યારે જણાયું કે, આ બધું અમારી ભાવના દૃઢ કરવા માટે જ થઈ રહ્યું છે અને એટલા જ માટે આવા સમયે પણ સુદર્શન, પરમાત્મા પાસે મારી રક્ષા થાય એમ ચાહતો નથી. આ સુદર્શન તો આવા સંકટના સમયે પણ ભક્તિનું ફલ ચાહતો નથી, પણ અમે તો નાનાં નાનાં કામમાં પણ ફલની આશા રાખીએ છીએ. અને જ્યારે અમારી ફલાશા ફળતી નથી ત્યારે અમે એમ કહેવા લાગીએ છીએ કે પરમાત્માની ભક્તિમાં શું પડયું છે ! આટલી ભક્તિ કરી છતાં અમને તેનું કાંઈ ફલ મળ્યું નહિ પણ આજે અમે જાણ્યું કે, ભક્તિ કેવી હોય છે !

કૈસે દેખેં નાથહિં ખોરિ,
કામ લોલુપ ભ્રમત મન, પ્રભુ ભક્તિ પરિહરી તોરિ. કૈસે૦
બહુત પ્રીતિ પુજાઇવે, પર પૂજિલે પર થોરિ;
દેત સિખ સિખ્યો ન માનત, મૂઢતા અબ મોરિ. કૈસે૦
કિયે સહિત સનેહ જે, અઘ હૃદય રાખે ચોરિ;
સંગવશ કિયે શુષ્ક સુનાયે, સકલ લોક નિહોરિ. કૈસે૦
કરેં જો કુછ ધરેં સચિ, પચિ સુકૃત શીલ બટોરિ;
પૈઠી ઉર બરબસ દયાનિધિ, દંભ લેત અંજોરિ. કૈસે૦

ભક્ત કહે છે કે, "હે ! પ્રભો ! હવે મને જણાયું કે, હું તને અપયશ કેવી રીતે આપી શકું ! હું અત્યારસુધી કહેતો હતો કે, હું આટલાં બધાં ધર્મકર્મો કરું છું, છતાં પણ મારું કામ પાર પડતું નથી. આ પ્રમાણે કહી હું તને ઉપાલંભ આપતો હતો, પણ સુદર્શન ધર્માત્મા, શૂળી ઉપર ચડાવવામાં આવે છે છતાં પણ તે તને અપયશ આપતો નથી, એ જોઈ મને હર્ષ થાય છે, અને હું પરમાત્માને કેવો અપયશ આપું છું તેનો મને વિચાર આવે છે. હું કેવાં કામો કરું છું અને પરમાત્માને કેવો અપયશ આપું છું એ વિષે જ્યારે હું મારા પોતાના તરફ નજર કરું છું ત્યારે મારી ભૂલ મને જણાઈ આવે છે. મારું કામલોલુપ મન અહીંતહીં ભટકે છે. હું એને સ્થિર રાખી શકતો નથી. એવી અવસ્થામાં ક્યાં તો હું અને

ક્યાં આ તારો સુદર્શન ભક્ત ! તારા આ ભક્તને જોઈ મને એવો વિચાર આવે છે કે હું તને ઉપાલંભ કેવી રીતે આપી શકું ?"

"હે ! પ્રભો ! મારામાં પૂજાવવાની પ્રીતિ વધારે રહી છે. પૂજવાની પ્રીતિ રહી નથી. મારી પૂજા થાય એમ જ હું ચાહું છું. હું બીજાની પૂજા કરું એ વાત તો દૂર રહી, પણ જો કોઈ બીજાની પૂજા થતી જોઉં છું તો હું બળીને ખાખ થઈ જાઉં છું. હું બીજાને તો શીખામણ આપું છું પણ હું પોતે જ એ શીખામણને માનતો નથી. હું સ્નેહ અને પ્રેમવશ થઈ મેં જે પાપકર્મો કર્યા છે, એ પાપકર્મોને તો હું હૃદયમાં છુપાવી રાખું છું; પણ થોડું ઘણું સુકૃત કરું છું, તો એ સુકૃતને મોટું રૂપ આપી જગજાહેર કરું છું. એવી અવસ્થામાં હે ! પ્રભો ! હું તમને ઉપાલંભ કેવી રીતે આપી શકું ! આ વાત મને સુદર્શન ભક્તને જોઈ જાણવામાં આવી."

"હે ! પ્રભો ! હું થોડું ઘણું સુકૃત કરું છું તો છળકપટ તે સુકૃતને છીનવી લઈ જાય છે. હું એટલો બધો દંભ કરું છું કે મેં જે કાંઈ થોડું સુકૃત કર્યું તે પણ નષ્ટ થઈ જાય છે. આ પ્રમાણે સુદર્શન ભક્તને જોઈ મારી ભૂલ મને સમજમાં આવી. અને હું સમજી શકયો કે, પરમાત્માનો ભક્ત તો ત્યારે જ બની શકું કે જ્યારે હું સુદર્શન જેવો બનું."

કેટલાક લોકો સુદર્શનને જોઈ આમ કહેતા હતા તો કેટલાક લોકો સુદર્શનને હસતો જોઈ આ કેવો દિવાનો છે એમ કહેતા હતા.

સુદર્શન બધા લોકોની પ્રશંસાત્મક અને નિંદાત્મક વાતો સાંભળતો હતો. પણ તેને તો કોઈના પ્રતિ રાગ ન હતો તેમ દ્વેષ પણ ન હતો. તે તો પ્રતિપક્ષી ભાવનાદ્વારા વિતર્કોને તોડતો જતો હતો. તમે પણ સુદર્શનની માફક પ્રતિપક્ષી ભાવનાદ્વારા વિતર્કોને તોડતા જાઓ તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૧૧ રવિવાર

### પ્રાર્થના

ચેતન જાણ કલ્યાણ કરન કો, આન મિલ્યો અવસર રે;
શાસ્ત્ર પ્રમાણ પિછાન પ્રભુ ગુન, મન ચંચલ થિર કર રે.
શ્રેયાંસ જિણંદ સુમર રે. ॥૧॥
—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી શ્રેયાંસનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના અને પરમાત્માના નામસ્મરણદ્વારા ભક્તોને જે આનંદ મળે છે તે આનંદ જગતના જીવોને પણ મળે એવી ભક્તોને ઇચ્છા રહે છે.

જે પ્રમાણે કોઈ ઉદાર માણસ પોતાને ત્યાં પેદા થતી સારી વસ્તુનો પોતે જ ઉપભોગ કરવા ચાહતો નથી, પણ એ સારી ચીજ બધાને મળે એમ તે ચાહે છે; તે જ પ્રમાણે

ભક્ત પણ ઉદાર થઈને જે વસ્તુ પોતાને સારી લાગી છે, તે વસ્તુ માટે બધા જીવોને આમંત્રિત કરે છે. એ વાત જુદી છે કે, કોઈ તેના આમંત્રણને સ્વીકારે નહિ, પણ તે તો પોતાના તરફથી બધાને આમંત્રિત કરે છે અને કહે છે કેઃ—

ચેતન જાણુ કલ્યાણ કરન કો, આન મિલ્યો અવસર રે;
શાસ્ત્ર પ્રમાણ પિછાન પ્રભુ ગુન, મન ચંચલ થિર કર રે.

"હે! ભાઈઓ! જો મારું કહેલું માનતા હો તો હું કહું છું કે, બીજાં બધાં કામો છોડી દઈ પરમાત્માનું ભજન કરો, તેમાં વિલંબ ન કરો. તમારી ઇચ્છા પણ કલ્યાણ કરવાની છે, અને આ અવસર પણ કલ્યાણ કરવાનો મળ્યો છે. સાધનો પણ મળ્યાં છે તો પછી વિલંબ શા માટે કરો છો. માટે વિલંબ ન કરતાં ભગવદ્‌ભજન કરો." ભક્ત લોકો આમ કહે છે અને આપણે પણ જાણીએ છીએ કે, પરમાત્માનું ભજન કલ્યાણકારી હોય છે.

આમ હોવા છતાં પરમાત્માનું ભજન કરવામાં આળસ થાય છે તેનું શું કારણ? એનું કારણ બતાવતાં જ્ઞાનીજનો કહે છે કે, આ ચૈતન્ય–આત્માને, જે કામ કરવાનો અનંતકાળથી અભ્યાસ પડ્યો છે, તે કામ કરવું તો સરલ જણાય છે, પણ પરમાત્માની પ્રાર્થના કરવાનો અભ્યાસ ન હોવાના કારણે ભગવદ્‌ભજન કરવામાં તેને આળસ આવે છે. પાણીને નીચી જગ્યાએ લઈ જવું હોય તો કાંઈ મુશ્કેલી જણાતી નથી, પણ જ્યારે પાણીને ઉપર લઈ જવાનું હોય ત્યારે બહુ પ્રયત્ન કરવો પડે છે. આ જ પ્રમાણે આત્માનો અભ્યાસ છે અને તે કારણે કામ–ક્રોધ આદિમાં તો ઉપદેશ વિના જ આત્માની પ્રવૃત્તિ થઈ જાય છે, પણ પરમાત્માનું ભજન કરવામાં ઉપદેશ આપવા છતાં મુશ્કેલીથી પ્રવૃત્તિ થાય છે.

તમે જો ભક્તોના કથનાનુસાર ભગવદ્‌ભજનનો આનંદ લેવા ચાહતા હો તો કામ–ક્રોધાદિનો ત્યાગ કરો. તેનો ત્યાગ કરવાથી સમ્યક્ દૃષ્ટિ થશે અને પરિણામે સહજ સુખની પ્રાપ્તિ થશે. ઈશ્વરનું ભજન કરવાથી કામ–ક્રોધાદિ નષ્ટ થઈ જશે. જે પ્રમાણે ઘરનો માલિક જાગી જવાથી ઘરમાં પેઠેલો ચોર ભાગી જાય છે, તે જ પ્રમાણે જ્ઞાનીઓ કહે છે કે, હે! ચૈતન્ય! તું જો જાગ્રત થા તો કામ–ક્રોધ વગેરે ચોર ભાગી જાય.

જે કામ–ક્રોધને ભગાડવા ચાહતો હશે તે તો પરમાત્માની પ્રાર્થના કરશે જ; અને જે ચાહતો નહિ હોય તે નહિ કરે. કામ–ક્રોધાદિને પણ હૃદયમાં રાખવાં અને પરમાત્માની પ્રાર્થનાનો આનંદ પણ લેવો એ બન્ને કાર્યો એક સાથે થઈ શકતાં નથી.

તૂં અવિકાર પિછાન આતમ ગુણ, ભ્રમ જંજાલ ન પર રે;
પુદ્‌ગલ ચાહ મિટાય વિનયચંદ, તે જિન તૂં ન અવર રે. શ્રે૦

"હે! આત્મા! તું અવિકારી છે. તું તારા ગુણોને જાણ. તું જે ભ્રમને કારણે જંજાળમાં પડી રહ્યો છે એ ભ્રમ જંજાળને તું નષ્ટ કર. પુદ્‌ગલની ઇચ્છા જ તને ભ્રમ જંજાળમાં પાડી રહી છે. તે ઇચ્છાનો ત્યાગ કર તો તારો વિકાર મટી જાય અને તને સહજ સુખની પ્રાપ્તિ થાય."

ભક્તોના આ કથનને ધ્યાનમાં લઈ તમે પણ પુદ્‌ગલોની ઇચ્છાનો ત્યાગ કરો અને આત્મજ્યોતિ જગાવો, તો તેમાં કલ્યાણ છે.

## અનાથી મુનિનો અધિકાર—૪૮

આ જ વાત અનાથી મુનિ રાજા શ્રેણિકને કહી રહ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો અનાથી મુનિ, રાજા શ્રેણિકને પાત્ર બનાવી, અમને સાધુઓને અમૃત આપી કહે છે કે, "તમે અમૃતનું પાન કરો, વિષપાન ન કરો." તેમનું આ કથન બધાને માટે ગ્રાહ્ય છે. કારણ કે તેમને કોઈના પ્રતિ રાગદ્વેષ નથી, તેમ તેમને કોઈની નિંદા કરવાનું પ્રયોજન નથી. તેઓ તો બધાના નાથ બની કેવળ વસ્તુસ્વરૂપ બતાવે છે.

કોઈને વસ્તુસ્વરૂપ સમજાવો તો નાથ બનીને સમજાવો, અનાથ બનીને નહિ. હૃદયમાં રાગદ્વેષને જરાપણ સ્થાન ન આપો. જો હૃદયમાં રાગદ્વેષને જરાપણ સ્થાન આપ્યું તો તમે અનાથ જ રહેવાના અને એ અવસ્થામાં બીજાને વસ્તુ–સ્વરૂપ શું સમજાવશો ? એટલા માટે સમભાવ રાખી શિક્ષા આપો. જો વિષમભાવ રાખી શિક્ષા આપશો તો શિક્ષા આપનાર અને શિક્ષા સાંભળનાર બન્નેને હાનિ થશે. કદાચિત શિક્ષાને ગ્રહણ કરનાર સમભાવ રાખવાને કારણે શિક્ષાનો લાભ પણ લઈ લે, પણ જેઓ બીજાને વિષમભાવે શિક્ષા આપે છે તેઓને તો અવશ્ય હાનિ થાય જ છે.

અનાથી મુનિ બધાના નાથ બની કહે છે કે, જે માર્ગ પકડી મેં અનાથતાનો ત્યાગ કર્યો છે તે માર્ગે જઈ તમે પાછા અનાથતામાં ન પડો. અને એટલા જ માટે તેઓ બીજા પ્રકારની અનાથતા બતાવે છે કે, "હે ! રાજન્ ! મહાવ્રતોનો સ્વીકાર કરીને પણ કેટલાક કાયર લોકો પ્રમાદવશાત્ મહાવ્રતોને સ્પર્શતા નથી અને એ કારણે તેઓ પાછા અનાથતામાં પડી જાય છે."

મહાવ્રતોમાં સ્થિર કેમ રહી શકાય એ વિષે કાલે થોડું કહ્યું હતું. આજે તે વિષે થોડું વિશેષ કહું છું. જો કે, ગૃહસ્થો મહાવ્રતોનો સ્વીકાર કરતા નથી પણ તેઓ જે અણુવ્રતોનો સ્વીકાર કરે છે એ અણુવ્રતોના આધારે પણ મહાવ્રતોની સિદ્ધિ થાય છે. આ જ પ્રમાણે મહાવ્રતો જ અણુવ્રતોની સિદ્ધિ કરે છે. અણુવ્રતો ગૃહસ્થોને પોતાને માટે તો લાભપ્રદ છે જ પણ બીજાઓને માટે પણ લાભકારી છે. આ જ પ્રમાણે મહાવ્રતો પણ પોતાના જ માટે નહિ પણ બીજાઓને માટે પણ લાભપ્રદ છે. અણુવ્રત કે મહાવ્રતનું ખંડન કરનાર પોતાની તો હાનિ કરે છે પણ સાથે સાથે બીજાઓની પણ હાનિ કરે છે. એટલા માટે મહાવ્રત શું છે ? અને તેને સ્થિર કેમ રાખી શકાય ? એ વિષે સમજાવવાની જરૂર છે. કેટલાક લોકોને સત્ય સમજવું પણ મુશ્કેલ જણાય છે પણ સત્ય વાતને સમજવાથી અને સત્ય વાતનો સ્વીકાર કરવાથી પણ ઘણો લાભ થાય છે.

રાજા શ્રેણિક સત્ય વાતનો સ્વીકાર કરવામાં સંકોચ કરતો નહિ એટલા માટે અનાથી મુનિની વાતો સમજવામાં તેને વાર લાગી નહિ. અનાથી મુનિ તેને કહે છે કે "હે ! રાજન્ ! જે મહાવ્રતોનું પાલન કરવું કાયરતાને કારણે છોડી દે છે તે અનાથ જ છે."

મહાવ્રતની રક્ષા પ્રતિપક્ષી વસ્તુનો નાશ કરવાથી થાય છે. જે વસ્તુને લીધે એક પક્ષનો નાશ થાય તે પ્રતિપક્ષી વસ્તુ છે. જેમકે બિલાડીને દૂધનું કામ આપવામાં આવે કે કાગડાને દહીંની રક્ષાનું કાર્ય સોંપવામાં આવે તો તે બન્ને વસ્તુને બગાડશે. કારણ કે, બિલાડી દૂધને અને કાગડો દહીંને નષ્ટ કરી નાંખે છે. ઉંદરની રક્ષા બિલાડી દ્વારા કરવામાં આવે તો રક્ષા થઈ શકે નહિ; કારણ કે બિલાડી ઉંદરની પ્રતિપક્ષી છે. આ જ પ્રમાણે મહાવ્રતના જે પ્રતિપક્ષી

કારણો છે તે કારણોથી મહાવ્રતને બચાવતા રહેશો તો જ મહાવ્રતની રક્ષા થઈ શકશી. જૈનદર્શનમાં તો આ વાત વારંવાર કહેવામાં આવી છે, પણ પાતંજલિ યોગદર્શનમાં પણ એમ કહ્યું છે કે:

**वितर्कबाधने प्रतिपक्षभावना–इत्यादि**

આમાં કહ્યું છે કે, મહાવ્રતના પ્રતિપક્ષી હિંસાદિ છે. અહિંસાની વિરુદ્ધ હિંસા, સત્યની વિરુદ્ધ અસત્ય, અસ્તેયની વિરુદ્ધ ચોરી, બ્રહ્મચર્યની વિરુદ્ધ મૈથુન અને અપરિગ્રહની વિરુદ્ધ મમત્વભાવ છે.

અહીં એક પ્રશ્ન થાય છે કે, હિંસા કરવાથી અહિંસા મહાવ્રતનો નાશ થાય છે કે, હિંસા કરાવવાથી, કે હિંસાને અનુમોદવાથી ? આ પ્રશ્નના ઉત્તરમાં પાતંજલિ યોગસૂત્રમાં પણ કહ્યું છે કે, એ ત્રણેય ને અહિંસાના પ્રતિપક્ષી સમજવા જોઈએ. હિંસા કરવાથી, હિંસા કરાવવાથી અને હિંસાને અનુમોદવાથી અહિંસાનો નાશ થાય છે. કેટલાક લોકો કહે છે કે, પોતે હિંસા કરતો નથી પણ બીજા કોઈને કહેવડાવીને કરાવે તો શું વાંધો છે ? પણ આ વિષે આગળ કહેવામાં આવ્યું છે કે હિંસા કરવાથી અહિંસાનો નાશ થાય છે. હિંસા કરાવવાથી અહિંસાનો નાશ થાય છે અને હિંસાને અનુમોદવાથી પણ અહિંસાનો નાશ થાય છે. કારણ કે એ ત્રણેય અહિંસાના પ્રતિપક્ષી છે.

હવે અહીં એક બીજો પ્રશ્ન ઉભો થાય છે કે, હિંસા કરવામાં વધારે પાપ છે કે હિંસા કરાવવામાં ? આ પ્રશ્નનો ઉત્તર એકાન્તરૂપે આપી ન શકાય, પણ એ વિષે ઊંડો વિચાર કરવાથી જણાશે કે, પોતાની દ્વારા થએલ કોઈ પણ કાર્યમાં જે વિવેક જળવાય છે, તે વિવેક બીજાની દ્વારા કરવામાં આવતાં કાર્યોમાં જળવાતો નથી. આ સિવાય પોતાના હાથે કાર્ય કરવામાં જેટલી મર્યાદા રહે છે તેટલી મર્યાદા બીજાના હાથે થતાં કાર્યોમાં રહી શકતી નથી. આ દૃષ્ટિએ વિચારતાં કોઈવાર કરવાની અપેક્ષાએ ' કરાવવામાં ' વધારે પાપ થઈ જાય છે. વળી કોઈવાર પોતાના હાથે કામ કરવામાં વિવેક ન રાખવાને કારણે વધારે પાપ થઈ જાય છે અને કોઈવાર બીજાના હાથે કામ કરાવવામાં વિવેક ન રહેવાને કારણે વિશેષ પાપ થઈ જાય છે. આ પ્રમાણે ' કરવામાં ' વધારે પાપ છે કે ' કરાવવામાં ' વધારે પાપ છે એ એકાન્તરૂપે કહી શકાય નહિ. પણ વિશેષતઃ લોકો આળસમાં પડી રહેવાને કારણે અને અવિવેકપૂર્વક કામ કરાવવાને કારણે ' કરવાને ' બદલે ' કરાવવામાં ' વિશેષ પાપ થાય છે. આજે પોતે તો આળસમાં પડ્યા રહે છે અને બીજા પાસે કામ કરાવે છે અને તેથી સંસારમાં આળસ વધવા પામી છે. શાસ્ત્રમાં જે ૭૨ કલા બતાવવામાં આવી છે તે એટલા માટે કે, લોકો આળસમાં ન પડે અને પોતાનું કામ વિવેકપૂર્વક કરી શકે.

મતલબ કે, સાધુ પોતે હિંસા ન કરે પણ બીજા પાસે હિંસા કરાવે તો શો વાંધો છે ? એમ કહેનારાઓએ સમજવું જોઈએ કે, હિંસા કરવી, હિંસા કરાવવી અને હિંસાને અનુમોદવી એ ત્રણેય અહિંસાના પ્રતિપક્ષી છે અને એ કારણે એ ત્રણેય વર્જ્ય છે.

પાતંજલિ યોગસૂત્રમાં આગળ કહ્યું છે કે, ક્રોધ, લોભ અને મોહને વશ થવાથી હિંસા થાય છે. અહીં જો કે મોહ શબ્દને પાછળ રાખવામાં આવ્યો છે પણ જ્ઞાનીજનો કહે છે કે, જે હિંસાદિ પાપકર્મો છે તે બધા મોહને કારણે જ થાય છે. સત્ વસ્તુને અસત્ અને અસત્ વસ્તુને સત્ માનવી એ મોહ છે. જૈન શાસ્ત્રમાં આને જ મિથ્યાત્વ કહેલ છે.

હિંસા કરવી, કરાવવી અને અનુમોદવી એમ હિંસાના ત્રણ ભેદ થયા. પછી ક્રોધથી, લોભથી અને મોહથી હિંસા કરવી, કરાવવી અને અનુમોદવી એમ હિંસાના નવ ભેદ થયાં. ક્રોધ, લોભ અને મોહ પણ ત્રણ પ્રકારના છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. જેનામાં ઉત્કૃષ્ટ ક્રોધ હોય તે ઉત્કૃષ્ટ હિંસા કરે છે. જઘન્ય હોય તો જઘન્ય અને મધ્યમ હોય તો મધ્યમ. આ પ્રમાણે ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય ક્રોધ, લોભ કે મોહથી હિંસા કરે છે, કરાવે છે અને અનુમોદે છે. આ પ્રમાણે હિંસાના ૨૭ ભેદ થયા. અને ત્રિવિધ કારણ અને ત્રિવિધ યોગથી એનાં ૮૧ ભેદ થયાં. આ બધાં હિંસાનાં ભેદો દુઃખ આપનારાં છે. અને અનંત જન્મ-મરણનું દુઃખ વધારનારાં છે. આ દુઃખથી બચવા માટે હિંસાની પ્રતિપક્ષી ભાવના ભાવવી જોઈએ. જે, હિંસાની પ્રતિપક્ષી અહિંસા ભાવનાને ભાવતો નથી, તે કોઈવાર હિંસાનું પણ પ્રતિપાદન કરવા લાગે છે. તે પોતે પણ પતિત થાય છે અને બીજાને પણ પતિત કરે છે. આ જ કારણે આવા લોકો અનાથી મુનિના કહેવા પ્રમાણે અનાથ જ છે.

આ તો સાધુઓની મુખ્યતઃ વાત થઈ. હવે શ્રાવકની વાત વિષે વિચાર કરીએ. તમને અણુવ્રતોના વિષે વિતર્કો ઉઠે તો તે વખતે પ્રતિપક્ષી ભાવના ભાવશો તો તમારું પણ કલ્યાણ થશે અને સાથે બીજાઓનું પણ કલ્યાણ કરી શકશો.

મનમાં વિતર્કો પેદા થવાથી હૃદયમાં બહુ ઉદાસીનતા આવી જાય છે; પણ પ્રતિપક્ષી ભાવના ભાવવાથી વિતર્કોનો નાશ થઈ જાય છે અને હૃદયમાં કોઈ જુદું જ તેજ આવી જાય છે. જેમકે મહાભારત યુદ્ધમાં અર્જુનને ઉદાસીનતા આવી ગઈ હતી અને એ ઉદાસીનતાને કારણે તેણે શિથિલ થઈ ધનુષ્ય પણ એક બાજુ મૂકી દીધું હતું, પણ જ્યારે કૃષ્ણે તેને બોધદાયક વચનો સંભળાવ્યાં ત્યારે અર્જુન પૂર્વવત્ તેજસ્વી બની ગયો હતો. આ જ પ્રમાણે જ્યાંસુધી ગૃહસ્થો સાધુઓનાં સદ્વચનો સાંભળતા નથી ત્યાંસુધી તેઓ ઉદાસીન રહે છે, પણ સાધુઓનાં સદ્વચનો સાંભળતાં તેમની ઉદાસીનતા મટી જાય છે અને તેઓમાં નવી તેજસ્વિતા આવે છે.

જ્યારે મહાભારત યુદ્ધ થવાનો નિશ્ચય થઈ ગયો ત્યારે કૌરવો બન્ને વિજયપ્રાપ્તિની ભાવના કરવા લાગ્યા. ભાવના તો બન્નેની વિજય પ્રાપ્તિની હતી પણ એકની ભાવના તો સત્યદ્વારા વિજય મેળવવાની હતી, તો બીજાની સત્યને ગુમાવીને પણ વિજય પ્રાપ્ત કરવાની ભાવના હતી.

દુર્યોધને વિચાર્યું કે, જો કૃષ્ણ અમારી બાજુ આવી જાય તો અમારો વિજય અચૂક થાય. કૃષ્ણ બહુ જ નીતિજ્ઞ અને દૂરદર્શી છે. આ જ પ્રમાણે અર્જુન પણ વિચારતો હતો કે, કૃષ્ણ જો અમારી બાજુ આવી જાય તો અમારો વિજય અવશ્ય થાય. દુર્યોધન અને અર્જુન બન્ને કૃષ્ણને પોતાના પક્ષમાં લાવવા ચાહતા હતા, અને એટલા માટે તેઓ બન્ને કૃષ્ણને પોતાના પક્ષમાં આવવા માટે આમંત્રણ દેવા ગયા. તે વખતે કૃષ્ણ સુતા હતા. દુર્યોધને વિચાર્યું કે, કૃષ્ણ સુતા છે એટલે મારે ક્યાં બેસવું? હું રાજા છું અને વિજયાકાંક્ષી છું એટલે પ્રતિષ્ઠાની રક્ષા માટે પણ કૃષ્ણના મસ્તક આગળ બેસવું ઠીક છે. આ પ્રમાણે વિચાર કરી દુર્યોધન કૃષ્ણના મસ્તક આગળ ઊભો રહ્યો. પણ અર્જુન દાસભાવ-નમ્રભાવ રાખતો હતો એટલે તેણે વિચાર્યું કે, કૃષ્ણને મારા પક્ષમાં લેવા છે તો તેમના પ્રતિ નમ્રતાનો વ્યવહાર કરવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરી અર્જુન કૃષ્ણના પગ આગળ ઊભો રહ્યો. કૃષ્ણ

યથાસમયે ઉઠ્યા. મનુષ્ય જ્યારે સુઈને ઉઠે છે ત્યારે તેનું શરીર સ્વાભાવિક રીતે પગ તરફ જાય છે અને તેનું મુખ પણ પગની તરફ જ ફરે છે. આ પ્રમાણે કૃષ્ણ જ્યારે જાગીને ઉઠ્યા ત્યારે તેનું મુખ અર્જુન તરફ ફર્યું, અને દુર્યોધન કૃષ્ણની પીઠ તરફ રહી ગયો. દુર્યોધન વિચારવા લાગ્યો કે, અર્જુન કૃષ્ણને પહેલાં આમંત્રણ આપી દેશે અને સંભવ છે કે કૃષ્ણ તેનું આમંત્રણ સ્વીકારી લે, માટે મારે આગમનનું કારણ પહેલાં બતાવી દેવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી દુર્યોધને કહ્યું કે, "મહારાજ! આપની સેવામાં હું પણ આવ્યો છું. હું પણ આપના મસ્તકની સેવા કરી રહ્યો હતો." દુર્યોધનનો અવાજ સાંભળી કૃષ્ણે તેની તરફ જોયું અને તમે પણ આવ્યા છો? એમ કહ્યું. કૃષ્ણે બન્નેને આવવાનું કારણ પૂછ્યું. બન્નેએ પોતાના આગમનનો ઉદ્દેશ કહી સંભળાવ્યો. કૃષ્ણે કહ્યું કે, "તમે બન્ને મારે ત્યાં આવ્યા છો એટલે તમને બન્નેને હું સંતુષ્ટ કરવા ચાહું છું. હવે એક બાજુ તો મારી યાદવી સેના છે અને બીજી બાજુ હું એકલો છું. આ બન્નેમાંથી તમે જેને ચાહો તેને પસંદ કરી શકો છો. પણ અર્જુન! તું હમણાં શાન્ત રહે, પહેલાં દુર્યોધનને માંગવા દે. દુર્યોધન પહેલાં માગી લે પછી જે બાકી રહે તેથી તું સંતોષ માનજે."

કૃષ્ણનું કથન સાંભળી દુર્યોધન પ્રસન્ન થયો. અને તે મનમાં વિચારવા લાગ્યો કે, "યુદ્ધમાં તો સેનાની જરૂર રહેશે. યુદ્ધના વખતે એકલા કૃષ્ણ શું કરી શકે? માટે હું યાદવી સેનાને માંગું. યાદવી સેનાદ્વારા હું પાંડવોને પરાજિત કરી શકીશ. મારું ભાગ્ય ચઢીયાતું છે અને તેથી જ કૃષ્ણે મારું માન પહેલાં સાચવ્યું છે. આખરે મારાં બળનો પ્રભાવ પડ્યો ખરો!"

આ પ્રમાણે વિચાર કરી દુર્યોધને કહ્યું કે, આપ મને યાદવી સેના આપો. કૃષ્ણે કહ્યું કે, ઠીક. યાદવી સેના તમારા પક્ષમાં યુદ્ધ કરવા આવશે. પછી કૃષ્ણે અર્જુનને કહ્યું કે, "તમારા પક્ષમાં તો હવે હું રહ્યો." અર્જુન ઘણો જ પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો કે, હું જે ધારતો હતો તે જ થયું. કૃષ્ણે પોતાની યાદવી સેનાને દુર્યોધનની સાથે જવાનો હુકમ કર્યો, અને પછી અર્જુનને કહ્યું કે, "તેં તો મને યાદવી સેના આપી ખરીદી લીધો છે. એટલા માટે હવે હું તારી સાથે છું."

શું તમે પણ ઈશ્વરને ખરીદવા ચાહો છો? જો ખરીદવા ચાહો છો તો તમે બદલામાં શું આપવા ચાહો છો? તમે કઈ વસ્તુનો ત્યાગ કરશો? મીરાંએ કહ્યું છે કે:—

માઈ મૈંને ગિરિધર લીનો મોલ,
કોઈ કહે હલકો, કોઈ કહે ભારી, કોઈ કહે અનતોલ; માઈ૦
કોઈ કહે મહંગા, કોઈ કહે સસ્તા, કોઈ કહે અનમોલ. માઈ૦

જેમને પરમાત્મા પ્રત્યે પ્રેમભાવ હશે તે તો, તે સસ્તા છે કે મોંઘા છે એની ચર્ચામાં ઊતરશે નહિ પણ તેને ખરીદી લેશે. તેમની કીંમત કેટલી દેવી પડે છે એને માટે કહ્યું છે કે:—

પાસ ન કોડી રહી મૈંને મુફતખુદા કો મોલ લિયા, ઐસા સૌદા કિયા.

જ્યારે પોતાની પાસે કોડી પણ ન હોય ત્યારે પરમાત્માને ખરીદી શકાય છે. અર્જુનના જેવા દાસ બનો ત્યારે જ કૃષ્ણને ખરીદી શકાય છે.

લડાઈના સમયે આ પ્રમાણે એકની આજ્ઞામાં રહેવું એ કાંઈ નાની સૂની વાત નથી. અમે આ પ્રકારની દ્રવ્ય લડાઈને ઠીક માનતા નથી, તેમ ગીતા પણ તેને ઠીક કહેતી નથી. લોકો ગીતાને યુદ્ધનું પુસ્તક કહે છે, પણ અમે તો કહીએ છીએ કે, તેમાં પણ અહિંસાનું જ નિરુપણ છે. ગીતામાં જે યુદ્ધનું વર્ણન છે તે યુદ્ધ તો દૈવી પ્રકૃતિ અને આસુરી પ્રકૃતિનું યુદ્ધ છે. આ વાતની અત્રે ચર્ચા કરવાની નથી. અહીં તો કેવળ એટલું જ કહેવાનું છે કે, એ ભૌતિક યુદ્ધમાં પણ અર્જુને કહ્યું હતું કે, ભલે આખી સેના કે રાજ્ય ચાલ્યું જાય પણ હું કૃષ્ણને તો છોડી શકું નહિ. આ જ પ્રમાણે જો તમે પણ પરમાત્માને તમારા પક્ષમાં લેવા ચાહો તો તમે એવો નિશ્ચય કરો કે, ભલે આખા સંસારની સંપત્તિ ચાલી જાય પણ હું સત્યને છોડીશ નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે, **तं सच्चं खु भयवं** । અર્થાત્ સત્ય એ જ ભગવાન છે.

અર્જુન પણ કૃષ્ણને એમ કહી શકતા હતા કે, હું પણ આમંત્રણ આપવા માટે આવ્યો છું, એટલા માટે અડધી સેના મને પણ મળવી જોઈએ. પણ અર્જુને એમ ન કહ્યું. તેણે તો સેનાનો ત્યાગ કરી કૃષ્ણને જ પોતાના પક્ષમાં લીધા, અને એ કારણે જ કૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે, " હે! અર્જુન ! તું દૈવી સંપત્તિને ભોગવનારો છે. હું એમ વિચારતો હતો કે, સંસારમાં દૈવી સંપત્તિનો કોઈ ભોક્તા છે કે નહિ ? પણ હવે દૈવી સંપત્તિને ભોગવનારો તું મને મળ્યો છે તો હું આખા સંસારને તારી સમક્ષ ઉપસ્થિત કરી શકું છું."

અર્જુન અને કૃષ્ણને નર–નારાયણની જોડી કહેવામાં આવે છે. અર્જુને નરનો પક્ષ લીધો છે, અને કૃષ્ણે નારાયણનો પક્ષ લીધો છે. અને એટલા માટે તેમને નર–નારાયણની જોડી કહેવામાં આવે છે.

ગીતામાં દૈવી સંપત્તિના લક્ષણ તરીકે નિર્ભયતા અને અહિંસાને બતાવવામાં આવેલ છે. આ ઉપરથી ગીતા કોઈને મારવાની શિક્ષા આપનારું પુસ્તક નથી એમ કહેવાય છે. પોતાના આત્માને નિર્મલ બનાવવા માટે દૈવી સંપત્તિનાં ગુણોને અપનાવવા જોઈએ. કેવળ બાહ્ય સ્નાન કરવાથી કાંઈ વળતું નથી; પણ જ્ઞાનયોગ વડે પવિત્ર થવાથી આત્મકલ્યાણ થાય છે. આત્માને ઓળખવાનું ફળ પ્રાણી માત્ર પ્રત્યે દયાભાવ રાખવો એ છે. જ્યારે તમારામાં જ્ઞાન પ્રગટશે ત્યારે તમે પ્રાણી માત્ર ઉપર દયા કરશો. કૃષ્ણે અર્જુનને કહ્યું કે, તેં મને ચતુરાઈથી તારા પક્ષમાં લઈ લીધો એટલા જ માટે હું કહું છું કે, તું દૈવી સંપત્તિનો ભોક્તા છે. દૈવી સંપત્તિ આત્માની ઉન્નતિ સાધે છે અને આસુરી પ્રકૃતિ આત્માની અવનતિ કરે છે.

મતલબ કે, આ દૈવી સંપત્તિને અપનાવવી એ ઇશ્વરને જ અપનાવવા જેવું છે. પછી એ ઈશ્વરને ઈશ્વર કહો કે બીજા કોઈ કહો. નામનો ભેદ ભલે રહે, ગુણ જ જોવા જોઈએ. કહ્યું છે કેઃ—

> રામ કહો રહમાન કહો, કાન્હ કહો મહાદેવ રી;
> પારસનાથ કહો કોઇ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી.—આનંદઘનજી

રામ કહો, રહેમાન કહો, કૃષ્ણ કહો કે બ્રહ્મા કહો અથવા બીજા કોઈ નામથી કહો. નામનાં ગુણોમાં કાંઈ ભેદ નથી. ગુણ જ જોવા જોઈએ. જો કોઈ આદમી

અલ્લાનું નામ લઈ કોઈના ગળા ઉપર છરી ફેરવે તો શું તે ઠીક કહેવાશે ? એટલા માટે કેવળ નામનો ભેદ ન જુઓ પણ ગુણ જુઓ. પરમાત્માનું નામ લઈ કેવાં કામો કરો છો તેનો વિચાર કરો, અને ખરાબ કામોનો ત્યાગ કરો તો તેમાં કલ્યાણ છે.

## સુદર્શન ચરિત્ર—૪૮

કોઈ વાર આસુરી પ્રકૃતિનો વિજય થતો હોય એવું જણાય છે પણ આસુરી પ્રકૃતિની આખરે કેવી હાર થાય છે એ વાત સુદર્શનના ચરિત્ર ઉપરથી જુઓ. સુદર્શન સાચો હતો છતાં તેને શૂળીએ ચડાવવા માટે લઈ જવામાં આવ્યો. લોકો સુદર્શનની નિંદા કરતા હતા અને અભયાની પ્રશંસા કરતા હતા. કોઈ એમ કહેતા હતા કે, આ સુદર્શને તો રાણીના શીલને નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો જ હતો પણ રાણી પોતાના શીલમાં દૃઢ રહી એટલે જ તેનો પ્રયત્ન નિષ્ફળ ગયો. આ પ્રમાણે અભયા આસુરી પ્રકૃતિની હતી છતાં પણ તેની પ્રશંસા થતી હતી, અને સુદર્શન દૈવી પ્રકૃતિનો હોવા છતાં તેની નિંદા થઈ રહી હતી. બહુમત તો આસુરી પ્રકૃતિવાળી અભયાના પક્ષમાં જ હતો એ કારણે શું આસુરી પ્રકૃતિવાળાને સારા કહી શકાય ? દુનિયામાં કપટી અને ઠગારા લોકો વધારે હશે પણ એથી શું કપટને સારું કહી શકાય ? ભલે સત્યના પક્ષમાં કોઈ ન પણ હોય, પણ પરમાત્મા તો સત્યની સાથે જ છે. એટલા માટે સત્યને જ માનવું, ખોટાને ન માનવાં.

શૂળીને જોઈ સુદર્શન વિચારતો હતો કે, આ શૂળી મારા નવકાર મંત્રની ઇષ્ટસિદ્ધિ કરવા માટે મને ભેટવા ચાહે છે. હું એમ નથી ચાહતો કે, શૂળી તૂટી જાય અને તેનું સિંહાસન બની જાય પણ એટલું તો અવશ્ય ચાહું છું કે, શૂળીએ ચડવા છતાં પણ મારા હૃદયમાં કોઈના પ્રતિ-રાણીના પ્રતિ-પણ દ્વેષભાવ ન આવે. મારામાં એવી ભાવના પણ ન આવે કે તે અપરાધી છે અને હું નિરપરાધી છું. પહેલાં હું અપરાધી-નિરપરાધીનો ભેદ માનતો હતો પણ હવે તો મારા માટે એ બન્ને સમાન જ છે.

**સુભટ શેઠ કો ધરે શૂલી પર, હાહાકાર કા નાદ;**
**શૂલી સ્થાન પૈ હુઆ સિંહાસન, બજે દુંદુભિ નાદ. ॥ ધન૦ ૧૦૮ ॥**
**છત્ર ધરે ઔર ચામર વીંજે, વર્ષે કુસુમાધાર;**
**ધ્વજા ઉડત હૈ વીજયા જયન્તી, સુર બોલે જયકાર. ॥ ધન૦ ૧૦૯ ॥**

**अनेकजन्मसंसिद्धिस्ततो याति परां गतिम् ।**

આ મહાવાક્ય છે. સિદ્ધિને સાધવા માટે જ્યારે તીવ્ર વૈરાગ્ય પેદા થાય છે ત્યારે આ ભવમાં નહિં તો આવતા ભવમાં અવશ્ય સિદ્ધિ મળે છે. આ વાત સુદર્શન ચરિત્ર ઉપરથી વિશેષ સ્પષ્ટ થાય છે. સુદર્શનને પૂર્વ ભવમાં પેટમાં ખીલો ખૂંચી ગયો હતો અને તેનું મૃત્યુ થયું હતું પણ તેનું ધ્યાન તો નવકાર મંત્રમાં જ હતું. તે વખતે તેના સ્થૂલ શરીરની રક્ષા નવકાર મંત્રથી ન થઈ. આ વાતનો સુદર્શનને કાંઈ વિચાર પણ ન આવ્યો. સુદર્શન તો એમ જ વિચારતો હતો કે, મારું આ સ્થૂલ શરીર કોઈ કારણથી જ છૂટે છે. તેનું ધ્યાન તો નવકાર મંત્રમાં જ હતું. અને નવકાર મંત્રનો પૂર્વજન્મથી તેને અભ્યાસ હતો એટલે તેને નવકાર મંત્રનું ધ્યાન આ જન્મમાં પણ રહ્યું. આ ઉપરથી અદૃશ્ય શક્તિ છૂપી રીતે કેટલું કામ કરે છે તે જણાઈ આવે છે. આજના લોકો કેવળ દૃશ્ય શક્તિને જ જુએ છે પરંતુ અદૃશ્ય શક્તિ

પણ છે એ વાત તેમણે જાણવી જોઈએ. આજના વૈજ્ઞાનિકો પણ કહે છે કે, કોઈ અદૃશ્ય શક્તિ અવશ્ય છે પણ તે જોવામાં આવતી નથી. પરંતુ તે અદૃશ્ય શક્તિ કેવી રીતે દેખી શકાય ! એ તો પૂર્ણ થયે જ જોઈ શકાય છે. તમે અહંકારનો સંપૂર્ણ ત્યાગ કરી નાખો તો તમે પણ અદૃશ્ય શક્તિને જોઈ શકશો. પણ તમારી પૂર્ણતાને તો અહંકાર આવી રહ્યો છે માટે અહંકારને દૂર કરી પૂર્ણતા પ્રગટાવો. સૂર્ય પ્રકાશ શા માટે આપે છે ! પૃથ્વી શા માટે સ્થિર રહે છે અને સમુદ્ર શા માટે મર્યાદા રાખે છે ! આ વિષે વિચાર કરવાથી તમને જણાશે કે, અદૃશ્ય કોઈ શક્તિ અવશ્ય છે.

તમારે ત્યાં શું ભોજન બન્યું છે તેની તમને ઘણીવાર ખબર હોતી નથી. પણ જ્યારે તમે જમવા બેસો ત્યારે તમારી પ્રકૃતિને અનુકૂલ ભોજન આવે તો તમે પ્રસન્ન થાઓ છો. એટલા માટે ત્યાં પણ કોઈ અદૃષ્ટ કામ કરે છે કે નહિ ? કરે છે. છતાં તમે રસોઈ જમીને દૃશ્ય વસ્તુની જ પ્રશંસા કરો છો; અને અદૃશ્ય શક્તિને ભૂલી જાઓ છો ! જો અન્ન–ઘી વગેરે ન હોત તો શું એ રસોઈ બની શકત ? જે અદૃશ્ય શક્તિના પ્રતાપથી અન્ન–ઘી આદિ બનેલ છે તેને તો ભૂલી જાઓ છો અને અભિમાનને વશ થઈ દૃશ્ય વસ્તુની પ્રશંસા કરો છો ! જ્યારે આ પ્રકારના અભિમાનનો ત્યાગ કરશો ત્યારે જ અદૃશ્ય શક્તિનું ભાન થશે અને પછી તમે આગળ જતાં પૂર્ણ પણ બની શકશો.

સુદર્શન અદૃશ્ય શક્તિને જાણતો હતો. તેને અદૃશ્ય શક્તિ ઉપર પૂરેપૂરો વિશ્વાસ હતો. પૂર્વ ભવમાં તેનું આયુષ્ય લાંબું ન હતું એટલે દેવોએ તેને બચાવ્યો ન હતો પણ આ ભવમાં તેનું આયુષ્ય બાકી હતું. એટલા માટે સુદર્શનની સત્યશીલની સાધનાએ દેવોનું આસન ચલાયમાન કર્યું. આસન ચલિત થવાથી દેવો વિચારવા લાગ્યા કે, આ શું થયું ? ધ્યાન કરતાં જ્યારે તેમને જણાયું કે, સુદર્શનને શૂળીએ ચડાવવામાં આવ્યો છે. ત્યારે તેઓ કહેવા લાગ્યા કે, "આ તો બહુ અનર્થ થઈ રહ્યો છે ! જો અમે આ અનર્થને અટકાવીશું નહિ તો અમારું આસન પણ પડી જશે. એટલા માટે શેઠનો વાળ પણ વાંકો થવા દેવો ન જોઈએ. શેઠે પહેલાં પણ ઘણો ત્યાગ કર્યો હતો અને આજે પણ શેઠને કોઈના પ્રતિ ક્રોધ કે કષાય નથી." આ પ્રમાણે વિચાર કરી દેવો સુદર્શનની રક્ષા કરવા માટે તૈયાર થયા.

રાજાના સુભટોએ સુદર્શનને ઉપાડી જેવો શૂળી ઉપર ચડાવ્યો કે તરત જ શૂળીના સ્થાને સિંહાસન બની ગયું. સુભટો એમ વિચારતા હતા કે, અમે શેઠને શૂળી ઉપર ચડાવીએ છીએ અને ધાર્મિક નગરજનો પણ શેઠને શૂળી ઉપર ચડાવતાં જોઈ હાહાકાર કરવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે, " હે ! પ્રભો ! ભલે અમને શૂળી ઉપર ચડાવો પણ આ ધર્માત્મા સુદર્શનને તો બચાવો. જે લોકો સુદર્શનના પ્રતિપક્ષી હતા તેમનું હૃદય પણ પીગળી ગયું. ભક્ત લોકો કહેતા હતા કે, અમે એમ જાણતા હતા કે, હવે તો સુદર્શન શેઠ બોલશે પણ એમને તો પરમાત્મા પ્રત્યે પૂર્ણ વિશ્વાસ હોવાથી હજી સુધી કાંઈ બોલતા નથી. ખરેખર ! તેમનામાં પરમાત્મિક શક્તિ જ છે."

સુભટોએ સુદર્શનને શૂળી ઉપર ચડાવ્યો પણ દેવોએ એ શૂળીને સિંહાસન બનાવી દીધું અને માથે છત્ર પણ કરી દીધું. શૂળીને સ્થાને સિંહાસન થયેલું જોઈ નગરજનો આશ્ચર્યચકિત થયા અને પ્રસન્ન થઈ સુદર્શનનો જય જયકાર કરવા લાગ્યા. હવે આગળ શું થાય છે તેનો આગળ વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા શુદી ૧૪ મંગળવાર

### પ્રાર્થના

પ્રણમૂં વાસુપૂજ્ય જિનનાયક, સદા સહાયક તૂ મેરો;
વિષમ વાટ ઘાટ ભયથાનક, પરમાશ્રય સરનો તેરો.

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી વાસુપૂજ્ય ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

જે પરમાત્માની પ્રાર્થના સાચા અંતઃકરણથી કરે છે, પરમાત્માની પ્રાર્થના ઉપર જે દૃઢ વિશ્વાસ રાખે છે અને જે સકળ સંસારને પ્રાર્થનામય જ જુએ છે તેની ભાવના કેવી હોવી જોઈએ ! એ આ પ્રાર્થનામાં બતાવવામાં આવ્યું છે.

આ પ્રાર્થનામાં કહ્યું છે કે, પ્રાર્થીની ભાવના એવી હોવી જોઈએ કે, આખો સંસાર પોતાને અનુકૂલ રહે કે પ્રતિકૂલ રહે; અથવા સંસારનાં બધાં પદાર્થો સુખદાયી હોય કે દુઃખદાયી હોય, પણ તેણે તો એમ સમજવું જોઈએ કે એ બધાં પદાર્થો પોતાને પરમાત્માની તરફ ધકેલે છે, અને સાથે સાથે પ્રભુમય જીવન વ્યતીત કરવાની શિક્ષા આપે છે.

ભક્ત લોકો કહે છે કે, અમને કોઈ એવો પ્રશ્ન કરે કે, પરમાત્માને પ્રાપ્ત કરવાનો સરલ માર્ગ કયો છે ? તો અમે ઉત્તરમાં એ જ જણાવીશું કે, પરમાત્માને પ્રાપ્ત કરવાનો સરલ માર્ગ પરમાત્માની પ્રાર્થના જ છે. અનન્ય ભાવે પરમાત્માની પ્રાર્થના કે ભક્તિ કરવાથી પરમાત્માનો ભેટો થઈ શકે છે. કોઈ કહે કે, એ તો બધું ઠીક પણ પરમાત્માની પ્રાર્થના કઈ રીતિએ કરવી જોઈએ ? એ તો બતાવો. પરમાત્માની પ્રાર્થના કરવા માટે તેની રીતિ પણ જાણવી જોઈએ. આને માટે ભક્તો કહે છે કે પરમાત્માની પૂર્ણ રીતે પ્રાર્થના કરનારાઓ પોતાનું ચરિત્ર પાછળ મૂકી ગયા છે, અને તેઓ કહી ગયા છે કે, જે માર્ગે અમે ચાલ્યા છીએ તે માર્ગે તમે પણ ચાલ્યા આવો તો અમે જે સ્થિતિને પ્રાપ્ત કરી છે તે સ્થિતિને તમે પણ પ્રાપ્ત કરી શકો છો. આ પ્રાર્થનામાં કહ્યું છે કે:—

ખલ દલ પ્રબલ દુષ્ટ અતિ દારુણ, જો ચોતરફ કરે ઘેરો;
તદપિ કૃપા તુમ્હારી પ્રભુજી, અરિય ન હોય પ્રકટે ચેરો.

ભક્તો કહે છે કે, " હે ! પ્રભો ! મને દુષ્ટો દલ–બલથી ચારે તરફ ઘેરી લે અને તલવારથી મારા શરીરના ટૂકડે ટૂકડાં પણ કરી નાંખવા ચાહે છતાં પણ મારી ભાવના એ જ રહે કે, આ દુષ્ટ લોકો નથી પણ પરમાત્માની કૃપા પ્રાપ્ત કરાવનાર છે. મારી આવી ભાવના રહે અને એ ભાવનામાં કોઈ પ્રકારની શિથિલતા ન રહે તો તે દુષ્ટો પણ મારા માટે ભક્ષકને બદલે રક્ષક બની જશે. એટલા માટે હે ! પ્રભો ! હું એવી ભાવના કરું છું કે, મારી પ્રાર્થના એવી આદર્શ હોવી જોઈએ કે, ભલે મને શત્રુઓ મારવા પણ આવે છતાં મને તો તે વખતે જરાપણ ક્રોધ ન આવે અને શત્રુ પ્રત્યે પણ મિત્રતા રહે."

તમે કહેશો કે, અમે તો એમ સમજતા હતા કે, જ્યારે સંસારનું સુખ વધે ત્યારે પ્રાર્થનાનું બલ વધ્યું છે એમ મનાય. પરંતુ શત્રુને પણ મિત્ર માનવામાં પરમાત્માની પ્રાર્થનાનું બલ રહેલું છે એમ માનવું એ તો બહુ મુશ્કેલ માર્ગ છે. અને વાસ્તવમાં પરમાત્માની પ્રાર્થનાનો માર્ગ એવો જ છે. પોતાની વિષયવાસનાને પોષવા માટે પરમાત્માની પ્રાર્થના કરવી એ તો કેવળ પ્રાર્થનાનો ઢોંગ છે. જ્યારે પ્રતિકૂલ પદાર્થો અનુકૂલ લાગવા માંડે ત્યારે પ્રતિકૂલ પદાર્થો પણ અનુકૂલ થઈ જશે. અને સાથે સાથે તમારો આત્મા પણ બંધનોમાં સપડાશે નહિ. જ્યારે તમો કોઈ ચોરો વગેરેના ઘેરામાં ઘેરાઈ જાઓ ત્યારે એમ માનો કે, હે ! પ્રભો ! એ લોકો મને, મારી ભૂલ બતાવી તારી તરફ ધકેલી રહ્યા છે. હું તને સમજી શકયો નથી. એની સજા આપવા માટે એ લોકો તૈયાર થયા છે. જ્યારે તમે આ પ્રકારની ભાવના ભાવશો ત્યારે શું કોઈ માણસ તમારો વૈરી રહી શકે ખરો ? પરંતુ આવી ભાવનાને કેળવવા માટે તેના અભ્યાસની જરુર રહે છે.

ભક્ત કહે છે કે, " હે ! પ્રભો ! જો હું સત્યની રાહ ઉપર હોઉં તો ભલે કોઈ રાજા નારાજ થઈને મને કારાગારની સજા આપી મારી ઉપર ત્રાસ વર્ત્તાવે તોપણ હું તો તેનો ઉપકાર જ માનીશ. હું તો એમ જ વિચારીશ કે, એ રાજાએ મને શાન્તિ જ આપી છે અને મારો ઉપકાર કર્યો છે; તેમજ મારા આત્માની જે દશા હું અત્યાર સુધી સમજી શકયો નથી એ દશા સમજવાનો એણે મને આ સુઅવસર આપ્યો છે."

પહેલાંના વખતમાં વિદ્યાર્થીઓ જ્યારે બરાબર અભ્યાસ કરતા ન હતા ત્યારે તેમને ધમકી અને શારીરિક દંડ આપવામાં આવતો. જો કે આમ કરવું એ અત્યારે એક પ્રકારની ભૂલ માનવામાં આવે છે, પણ એમ કરનારાઓનો ઉદ્દેશ તો એ જ રહેતો કે વિદ્યાર્થીઓ બરાબર અભ્યાસ કરે. આ જ પ્રમાણે ભક્ત લોકોને માથે જ્યારે કષ્ટો આવી પડે છે ત્યારે તેઓ એમ કહે છે કે, " હે ! પ્રભો ! આ કષ્ટો મને તારી પ્રાર્થના કરવાનો અભ્યાસ કરાવે છે. આ મોહાદિ કષ્ટોને અત્યાર સુધી હું કષ્ટ રૂપે માનતો હતો પણ હવે મને જણાયું કે, એ કષ્ટો વાસ્તવમાં કષ્ટ રૂપ નથી પણ પ્રાર્થનાનો અભ્યાસ કરવા માટે એક શિક્ષા રૂપ છે." જ્યારે તમે પણ ભક્તોની માફક આવી ઉચ્ચ ભાવના ભાવતા થશો અને તમારા આત્માને ઉજ્જવળ બનાવશો, ત્યારે રાજા પણ તમને હાથ જોડવા લાગશે.

ભક્ત લોકો કહે છે કે, " હે ! પ્રભો ! ભ્રમને કારણે આ આત્મા ડાકણ–શાકણ વગેરેથી ભયભીત થઈ અહીં તહીં ભટકે છે પણ મને એવો વિશ્વાસ છે કે, આપના શરણે આવવાથી એ કલ્પનાનાં ભૂતો તો ક્ષણભર પણ ઉભા રહી શકશે નહિ અને જો કોઈ દેવ પણ ભયંકર પિશાચ રૂપ ધારણ કરી, હાથમાં તલવાર લઈ, મને ડરાવવા ચાહશે તો પણ તેનાથી ન ડરતાં, હું એમ જ માનીશ કે, એ તો મારી ઉપર ઉપકાર કરે છે, અને મારી પરીક્ષા લઈ રહ્યો છે."

કોઈ વિદ્યાર્થી, જો તે પોતાનો અભ્યાસ બરાબર કરતો હોય, તો તે પરીક્ષાથી જરા પણ ડરતો નથી, પણ તે તો ઊલટો મારી પરીક્ષા અવશ્ય લો એમ કહે છે; તે જ પ્રમાણે જો કોઈ દેવ પરીક્ષા લે, તો તો ભક્ત એમ જ માને છે કે, " આ મારું શરીર ભલે તે નષ્ટ કરી નાંખે, પણ આવા સમયે જો પરમાત્મા ઉપર મારો વિશ્વાસ દઢ રહે અને

દેવને હું મારો ઉપકારી જ માનું, તો જ હું સાચો ભક્ત છું અને ત્યારે જ મને પરમાત્માની ભક્તિનો બરાબર અભ્યાસ છે એવી મને ખાત્રી થાય. ”

આજે તમારી ભાવના પરમાત્માની પ્રાર્થના વિષે ઘણી નબળી બની રહી છે. અને એ જ કારણે પરમાત્માની પ્રાર્થના માટે તમને કષ્ટ સહન કરવું મુશ્કેલ જણાય છે. પરંતુ શું તમને એ ખબર નથી કે દશ–બાર રૂપીયાના પગારદાર સિપાઈઓ પણ રાજાને માટે પોતાનું માથું આપવા તૈયાર થઈ જાય છે ? જ્યારે સિપાઈઓ પણ પોતાના રાજાને માટે આટલું આત્મસમર્પણ કરી શકે છે, તો પછી શું તમે લોકો એ સિપાઈઓથી પણ ઊતરતા છો ? અને પરમાત્મા કોઈ રાજાથી પણ હલકા છે કે તેમને માટે કષ્ટ સહ્યું ન જાય ? યુદ્ધની રણભેરીનો અવાજ કાને પડતાં વીર સિપાઈઓ તો આગળ કૂચકદમ કરે છે ! પાછળ પડતા નથી. આ જ પ્રમાણે માથે ગમે તેટલાં કષ્ટો આવી પડે છતાં ભાવના તો પરમાત્માની તરફ જ વધે અને આખો સંસાર લીલામય જણાય તો સમજવું કે અમે પરમાત્માના સાચા ભક્ત છીએ. ભલે પ્રાણ પણ જોખમમાં આવી પડે છતાં તે વખતે પણ પરમાત્માની જ ભાવના ભાવવી જોઈએ.

ભગવાને કહ્યું છે કે, “ હે ! મુનિઓ ! તમે મરણથી પણ ન ડરો.

**जीवनआसमरणभयविमुक्का**

અર્થાત્—જીવવાની તો આશા ન કરો અને મરવાનો ભય પણ ન રાખો. આમ કરવાથી જ તમે સંયમનું પાલન કરી શકો છો. ”

ભગવાને સાધુઓ માટે આમ કહ્યું છે તો શું શ્રાવકોમાં એવી દૃઢતા ન હોવી જોઈએ ! તમારે પણ વ્રતોનું પાલન કરવા માટે દૃઢ બનવું જ પડશે. કોઈના પ્રતિ દ્વેષ ન કરવો, કોઈના ઉપર ખોટાં કલંકો ન ચડાવવાં એ તો ઠીક છે, પરંતુ સત્ય ઉપર સ્થિર રહેતાં જે જે કષ્ટો માથે પડે તે બધાં કષ્ટોનું સહર્ષ સ્વાગત કરવું એ ભક્તનું પહેલું કર્ત્તવ્ય છે.

આ પ્રમાણે પરમાત્માની ભક્તિ વિષે ભિન્ન ભિન્ન ભક્તોએ ભિન્ન ભિન્ન વાતો કહી છે પરંતુ લક્ષ્ય તો બધાનું એક જ છે; કેવલ શબ્દોમાં જ અંતર છે એટલા માટે કેવળ શબ્દોને ન પકડતાં લક્ષ્યને પકડવું જોઈએ. લક્ષ્યને પકડી પરમાત્માની પ્રાર્થનામાં આત્માને પરોવો તો તેમાં કલ્યાણ જ છે.

## અનાથી મુનિનો અધિકાર–૪૯

અનાથી મુનિ રાજા શ્રેણિકને આજ વાત કહી રહ્યા છે. તેઓ કહે છે કે, જે કેવળ શબ્દોને જ પકડી રાખે છે અને લક્ષ્યને પકડતો નથી તે નાથ બની શકતો નથી. જે લક્ષ્યને ભૂલતો નથી તે જ નાથ બની શકે છે. જો તમે સનાથ બનવા ચાહો છો, તો લક્ષ્યને હમેશાં દૃષ્ટિ સમક્ષ રાખો. જો તમે સનાથ બની ન શકો, તો સનાથના સેવક બની રહો તો પણ તમારો બેડો પાર થઈ જશે. જેમકે રેલ્વેના ડબાઓમાં તો પાવર હોતો નથી. પાવર તો રેલ્વેના એન્જીનમાં હોય છે. પણ જ્યારે ડબાઓની સાંકળ એન્જીનને જોડી દેવામાં આવે છે ત્યારે એન્જીનની સાથે ડબાઓ પણ મુકરર સ્થાને પહોંચી જાય છે. આ જ પ્રમાણે તમે જો પોતે સનાથ બની ન શકો, તો પછી સનાથની સાથે તમે તમારો સંબંધ જોડી

દો, તો પણ અનાથી મુનિના સંબંધથી રાજા શ્રેણિકને જેવો લાભ થયો હતો તેવો લાભ તમે પણ મેળવી શકશો.

અનાથી મુનિએ રાજાને કહ્યું કે, "હે રાજન્! કેવળ સાધુપણું લેવાથી જ કોઈ સનાથ બની જતો નથી પણ જે સાધુપણાની ક્રિયા બરાબર પાળે છે તે જ સનાથ બની શકે છે. અને ક્રિયા પાળતા નથી તેઓ અનાથ જ રહે છે."

જૈનદર્શન મૌલિક છે. અને એટલા જ માટે જૈનદર્શન સાધુતાની રીતિ સ્પષ્ટ બતાવે છે. અનાથી મુનિ સાધુઓનું ઘર બતાવે છે. જે કોઈ સાધુતાની રીતિ દબાવી રાખે છે અને એમ વિચારે છે કે, "જો કોઈ અમારું ઘર, અમારી રીતિનીતિ જાણી જશે તો અમને ઠપકો આપશે" આવા લોકો અનાથ જ છે. જેઓ સત્ય વાતનું પાલન કરે છે અને સત્ય વાતને પ્રકટ પણ કરે છે તેઓ જ સનાથ છે.

અનાથી મુનિએ કહ્યું કે, "હે! રાજન્! જેઓ પાંચ મહાવ્રતોનો સ્વીકાર તો કરી લે છે, પણ તેનું પાલન બરાબર કરતા નથી તેઓ અનાથ છે. જે મહાવ્રતોનો સ્વીકાર કરી લે છે પણ મહાવ્રતોને સ્પર્શતા નથી તેઓ મહાવ્રતોનું પાલન કરતા નથી."

તમે બધા લોકો એમ તો કહો છો કે, પાંચ મહાવ્રતધારી જ અમારા ગુરુ છે. એક જૈન બાળકને પૂછવામાં આવે તો તે પણ એ જ કહેશે. શાસ્ત્રમાં પણ એમ જ કહ્યું છે કે, પાંચ મહાવ્રતધારી જ ગુરુ છે. પછી તે ગુરુ કોઈપણ દેશ કે સમ્પ્રદાયનો કેમ ન હોય? આ પ્રમાણે પાંચ મહાવ્રતધારીને જ ગુરુ માનો છો તો પાંચ મહાવ્રતધારીનું લક્ષણ પણ જાણવું જોઈએ. પાંચ મહાવ્રતધારીને જાણવાનું શું લક્ષણ છે એ હું એક ઉદાહરણ દ્વારા સમજાવું છું:—

માનો કે, કોઈ માણસે ગાય જોઈ નથી. તે પહેલવહેલાં ગાયને જુએ છે. પણ એ ગાય છે એ તો ગાયનું લક્ષણ જાણે ત્યારે જ કહી શકે. ગાયનું લક્ષણ શીંગડાં કે પૂછડું છે એમ કોઈ કહે તો એ લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ આવે છે. કારણ કે શીંગડાં કે પૂછડું તો ભેંશને પણ હોય છે. એ લક્ષણ તો અનેક પશુઓમાં પણ મળે છે. જો કોઈ કહે કે ગાય કાળી હોય છે તો તેમાં અવ્યાપ્તિ દોષ આવે છે કારણ કે ગાય સફેદ પણ હોય છે અને પીળી પણ હોય છે. જો કોઈ એમ કહે કે ગાયને છ પગ હોય છે તો તેમાં અસંભવ દોષ આવે છે કારણ કે છ પગ તો કોઈ પણ પશુઓને હોતાં નથી. આ પ્રમાણે લક્ષણના આ ત્રણ દોષો છે. સાચું લક્ષણ તો તે જ છે કે જેમાં આ ત્રણેયમાંથી એક પણ દોષ ન હોય! જે કેવળ લક્ષ્યમાં જ જાય–બીજામાં ન જાય તે જ લક્ષણ દોષરહિત છે; એટલા માટે ગાયનું લક્ષણ બતાવવા માટે એમ કહેવું પડશે કે, ચાર પગ, શીંગડાં અને પૂછડું એ બધું ગાયને હોય જ છે પણ જેને ગલકંબલ હોય તે જ ગાય છે. ગલકંબલ–ગાયના ગળે લટકતી ગોદડી–ગાયની સિવાય બીજા પશુઓમાં હોતું નથી એટલા માટે આ નિર્દોષ લક્ષણથી જ ગાયને ઓળખી શકાય છે.

આ જ પ્રમાણે પાંચ મહાવ્રતધારીને ઓળખવા માટે પણ કોઈ એવું લક્ષણ હોવું જોઈએ કે જે લક્ષણદ્વારા પાંચ મહાવ્રતધારીની ઓળખાણ થઈ શકે. પાંચ મહાવ્રતોને ધારણ કરનાર ગુરુપદને પામે છે એ કથનની સાથે કોઈનો મતભેદ હોઈ શકે નહિ. પરંતુ અત્રે જોવાનું એ છે કે, કેવળ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરે છે તે ગુરુ છે કે પાંચ મહાવ્રતોનું પાલન કરે છે તે ગુરુ છે?

જૈનશાસ્ત્ર અને પાતંજલિ યોગ સૂત્ર બંનેમાં એમ કહ્યું છે કે, પ્રતિપક્ષી ભાવનાદ્વારા જે વિતર્કોનો વિનાશ કરે છે તે જ મહાવ્રતોનું પાલન કરી શકે છે. આમ હોવા છતાં પણ કોઈ માણસ હિંસાને તો રોકે નહિ અને એમ કહે કે, હું અહિંસા મહાવ્રતનું પાલન કરું છું તો શું એ ઠીક છે? આમ કહેવું એ તો કેવળ મહાવ્રતનું નામ રહ્યું પણ કામ રહ્યું નહિ. આ પ્રમાણે નામથી મહાવ્રતોનું પાલન કરનાર તો ઘણા લોકો મળી આવશે એટલું જ નહિ એવા પણ લોકો મળી આવશે કે જેઓ પ્રકટમાં તો એવી વાતો કરશે કે જે મહાવ્રતોનું પાલન કરનાર સાધુઓથી પણ ચડિયાતી હશે. જે પ્રમાણે ઈમિટેશન હીરા અસલી હીરાથી પણ વધારે ચમકે છે, તે જ પ્રમાણે મહાવ્રતોનું નામ લેનારા અને મહાવ્રતોનું પાલન ન કરનારાઓ ઉપરથી તો સારી સારી વાતો બતાવશે, પણ જેઓ સાચા પરીક્ષક હોય છે તેમની સામે એ વાતોનું કાંઈ મૂલ્ય અંકાતું નથી. જે પ્રમાણે રત્નોના પરીક્ષક ખરા ઝવેરી આગળ ઈમિટેશન રત્નનું કાંઈ મૂલ્ય અંકાતું નથી.

પાંચ મહાવ્રતધારીની બધા લોકો પરીક્ષા કરી શકતા નથી, એ કારણે આ વિષયમાં કોઈ પણ પ્રકારની ભૂલ ન થાય એ વાતને દૃષ્ટિમાં રાખી શાસ્ત્રમાં આચાર્ય, ઉપાધ્યાય, ગણી, ગણાવચ્છેદ આદિની વ્યવસ્થા કરવામાં આવી છે અને કહ્યું છે કે, "જેમને માટે આચાર્ય–ઉપાધ્યાયાદિ સાક્ષી આપે કે, એ મહાવ્રતનું પાલન કરે છે તો તેને માનો." એ પાંચ મહાવ્રતોનું પાલન કરે છે એ વાતની પરીક્ષા તમે ન કરી શકો તો આચાર્યાદિની આજ્ઞાથી પાંચ મહાવ્રતધારીને ગુરુ તરીકે માનો. જો આચાર્યાદિ આ વિષે કોઈ પ્રકારની ખોટી આજ્ઞા આપે તો તેઓ અપરાધી છે. એઓ તમને પાંચ મહાવ્રતધારીઓની ઓળખાણ કરાવનાર એજન્ટો છે. તમે જ્યારે બજારમાં કોઈ ચીજની પરીક્ષા કરી ખરીદી કરી શકતા નથી ત્યારે તમારા તરફથી દલાલો મારફત તમે ખરીદી કરો છો. જો કોઈ દલાલ ખરાબ ચીજને સારી કહી અપાવે તો તે અપરાધી ગણાય છે. આ જ પ્રમાણે જો આચાર્ય વગેરે કોઈ મહાવ્રતનું પાલન નહિ કરનાર માણસને મહાવ્રતનું પાલન કરનાર બતાવી પૂજાવે છે તો તે આચાર્યાદિ પોતાની જવાબદારી ભૂલે છે અને અપરાધને પાત્ર બને છે. જે પાંચ મહાવ્રતધારી હોય છે તે પોતે હિંસા કરતો નથી, હિંસા કરાવતો નથી અને હિંસા કરનારને અનુમોદન પણ આપતો નથી. તે અસત્ય બોલતો નથી, અસત્ય બોલાવતો નથી અને અસત્ય બોલનારને અનુમોદન આપતો નથી. આ જ પ્રમાણે તે ચોરી, મૈથુન કે પરિગ્રહ પોતે કરતો નથી, કરાવતો નથી કે કરનારને અનુમોદન આપતો નથી.

આજે કહેવામાં આવે છે કે, અમુક સાધુએ શિષ્ય બનાવવા માટે કોઈ છોકરાને ઉઠાવી લીધો; પણ શાસ્ત્ર કહે છે કે, સાધુઓ આજ્ઞા વિના એક તણખલું પણ લઈ શકતા નથી તો પછી આજ્ઞા વિના શિષ્ય તો બનાવી જ કેમ શકે? જો કોઈ એમ કરે અર્થાત્ ચોરી છૂપીથી કોઈને શિષ્ય બનાવે તો તેને શિષ્યચોરીનો અપરાધ લાગે છે, અને તે નવી દીક્ષાનું પ્રાયશ્ચિત્ત લેવાનો અપરાધી માનવામાં આવે છે અને તેને આઠમું પ્રાયશ્ચિત્ત આવે છે.

જ્યારે મને વૈરાગ્ય આવ્યો હતો ત્યારે મારા મામાને સાધુઓ ઉપર બહુ નારાજગી પેદા થઈ, તે એટલે સુધી કે તેમણે ઉપાશ્રયે જવાનું પણ છોડી દીધું. એક દિવસ મારા ગુરુ મગનલાલજી મહારાજ ભિક્ષા લેવા માટે નીકળ્યા, ત્યાં રસ્તામાં મારા મામા તેમને મળ્યા. ત્યારે મગનલાલજી મહારાજે તેમને કહ્યું કે, "જડાવચંદજી! આજકાલ તો તમે

ઉપાશ્રયે આવવાનું પણ છોડી દીધું ?" મારા મામાએ જવાબ આપ્યો કે, "અમે કેવી રીતે આવીએ ? તમે અમારા ભાણેજને ભરમાવ્યો છે ! તમે એટલું પણ ન વિચાર્યું કે, તે કેટલો દુબળો છે ! તેનાથી પાદવિહાર કેવી રીતે થઈ શકશે ? અને તેના માથામાં કેટલાં બધાં ગુમડાં થયાં છે ! એટલે તે કેશલુંચનનું કષ્ટ પણ કેમ સહી શકશે ?" મગનલાલજી મહારાજે કહ્યું કે, "એ બધું ઠીક છે. પણ તમે એ જાણો છો કે, જ્યારે અમે આજ્ઞા વિના એક તણખલું પણ લઈ શકતા નથી તો પછી શું તમારી બધાની આજ્ઞા વિના તમારા ભાણેજને લઈ જશું ?"

મતલબ કે, આજકાલ એમ કહેવામાં આવે છે કે, અમુક સાધુએ અમુક છોકરાને શિષ્ય બનાવવા માટે છુપાવી દીધો. પણ શ્રી દશવૈકાલિક સૂત્રમાં સાફ કહ્યું છે કે, "અણુ કે સ્થૂલ, જડ કે ચૈતન્ય કોઈ પણ ચીજ જે આજ્ઞા વિના લેતો નથી તે જ મહાવ્રતોનું પાલન કરનાર છે."

ચોથું બ્રહ્મચર્યવ્રત છે. બ્રહ્મચર્ય મહાવ્રતને માટે કેવલ સ્ત્રીનો ભોગ કરવાની જ મના નથી પણ સ્ત્રીભોગ કરવો નહિ, કરાવવો નહિ અને કરનારને અનુમોદનો નહિ. મન, વચન અને કાયાથી એમ વિધાન કરેલ છે. એટલું જ નહિ પણ સંસારની સમસ્ત સ્ત્રીઓને–દેવાંગનાઓ અને અપ્સરાઓને માટે પણ એ મારી માતા છે એમ સમજવાનું છે. ભગવાને આ ચોથા મહાવ્રતની રક્ષા માટે નવ વાડ અને દશમો કોટ બતાવેલ છે.

આ જ પ્રમાણે પરિગ્રહ પણ ન રાખવો. કોઈ પણ ચીજ તરફ મમત્વભાવ ન રાખવો. તેમ કોઈ અનાવશ્યક ચીજ પોતાની પાસે ન રાખવી; શાસ્ત્રમાં બતાવ્યું છે તેથી વધારે કે જિતાચારમાં કહેલ ચીજથી વધારે કોઈ ચીજ પોતાની પાસે ન રાખવી. કાલાનુસાર અનેક આચાર્યો મળીને જે નિયમ બનાવે છે તેને 'જિતાચાર' કહેવામાં આવે છે અને એ જિતાચાર પ્રમાણે વ્યવહાર કરવો એ ભગવાનની આજ્ઞામાં જ મનાય છે. એટલા માટે જિતાચારમાં જે ચીજોને રાખવાનું કહેવામાં આવ્યું છે, તેથી વધારે કોઈ ચીજ ન રાખવી. જેમકે શાસ્ત્રમાં લાકડીની કાપી વગેરે રાખવાનું કહ્યું નથી પણ જ્યારથી શાસ્ત્રો લિપિબદ્ધ થયાં ત્યારથી જિતાચાર પ્રમાણે તે ચીજ પાસે રાખવાની આવશ્યકતા બતાવવામાં આવેલ છે. આ પ્રમાણે જિતાચાર અને શાસ્ત્રમાં કહેલી ચીજ સિવાય કોઈ ચીજ ન રાખવી અને જે જે ચીજો રાખી છે તેના પ્રતિ મમતા ન રાખવી એ સાધુઓનું અપરિગ્રહ વ્રત છે. સાધુ એમ કહી ન શકે કે જ્ઞાનખાતામાં પૈસા આપો. જ્ઞાનને ઉત્તેજન આપો, એટલું તો કહી શકે પણ પૈસા આપો એમ કહી શકે નહિ. પોતાની પાસે બે શાસ્ત્રો છે. એક શાસ્ત્ર તો પોતે કામમાં લે છે પણ બીજું શાસ્ત્ર તેના કામમાં આવતું નથી છતાં કોઈ શિષ્ય કે બીજું કોઈ માંગે અને ન આપે તો એમ સમજવું કે તેને મમત્વ છે. શાસ્ત્રના ભંડારો ભરી રાખવામાં આવે અને કીડાઓ તેનો ઉપયોગ કરે તો એ પણ તેના તરફ મમત્વભાવ છે. અપરિગ્રહ મહાવ્રતને માટે આવો મમત્વભાવ સર્વથા ત્યાજ્ય છે.

અનાથી મુનિ કહે છે કે, "હે ! રાજન્ ! આ પ્રમાણે મહાવ્રતની પ્રતિપક્ષી ભાવનાને જે દૂર કરતો નથી તે મહાવ્રતોનું પાલન કરી શકતો નથી. જે રસગૃદ્ધ છે તે પણ અનાથ જ છે."

મતલબ કે, સંસારની કોઈ પણ વસ્તુ તરફ મમત્વભાવ ન રાખવો અને અનન્યભાવે પરમાત્માની પ્રાર્થના કરી પરમાત્માનો ભેટો કરવો એ જ વાત પ્રાર્થનામાં કહેવામાં આવી છે. સુદર્શન ચરિત્રથી એ વાત વિશેષ સ્પષ્ટ થશે.

## સુદર્શન ચરિત્ર—૪૯

દેવો તેને ચામરો ઢોળતાં જયકાર બોલતા હતા. સુદર્શન તે વખતે ત્રિલોકપતિ હોય તેમ સિંહાસન ઉપર બેઠો હતો. તે વખતે શેઠ લોકોને કહી શકતો હતો કે, મારી દૃઢતા અને રાણીની ચાલાકીનું પરિણામ જુઓ ! પણ જો તે એમ કહે તો તે તેની અપૂર્ણતા જ પ્રગટ થાત. તે તો સિંહાસન ઉપર જાણે પોતે પોતામાં બેઠો હોય તેમ બેસી રહ્યો. સુદર્શન તો પોતાની ભાવનામાં જ દૃઢ રહ્યો. આ જ પ્રમાણે તમે પણ ભાવનામાં દૃઢ રહો, કારણ કે બધાં કાર્યોની સફળતાનું મૂળ કારણ ભાવના જ છે.

> **ધન ધન હૈ યો શેઠ સુદર્શન, શીલવંત સિરતાજ;**
> **ધિક્ ધિક્ હૈ અભયા રાણીકો, નિપટ ગમાઈ લાજ. ॥ ધન૦ ૧૧૦ ॥**
> **જગજન મુખસે યોં કીર્તિ, ગઈ રાયકે પાસ;**
> **દધિવાહન નૃપ આયા દૌડકે, ધર મનમેં હુલ્લાસ. ॥ ધન૦ ૧૧૧ ॥**

શેઠનો તો પ્રભુમય બનવાનો સ્વભાવ હતો. એટલા માટે તે તો કાંઈ બોલ્યો નહિ પણ જનતા બોલ્યા વિના ક્યાં રહી શકે એમ હતી ! એટલા માટે જનતા કહેવા લાગી કે, જોયું ! શૂળીનું પણ સિંહાસન બની ગયું. હવે તો તમારો ભ્રમ મટ્યો કે નહિ ? જે લોકો એમ કહેતા હતા કે આ ધર્માત્મા શેઠને શૂળીએ શું ચડાવો છો, ધર્મીને શૂળીએ ચડાવો છો તે લોકો શૂળીને સિંહાસન થએલું જોઈ બહુ જ પ્રસન્ન થયા અને સુદર્શનને ધન્યવાદ આપવા લાગ્યા. કોઈ એમ કહેતા હતા કે રાણી કેવી નિર્લજ્જ છે કે જેણે પોતાની લાજ ગુમાવી, શેઠના માથે કલંક ચડાવ્યું પરંતુ સત્ય શું કોઈ દિવસ છૂપું રહી શકે છે ? અમે પણ કહેતા હતા કે, આ શેઠ કેવો મૂઢ છે કે તે એક પણ શબ્દ પોતાના મોઢે બોલતો નથી; પણ આખરે પાપનો ક્ષય અને સત્વનો જય જ થયો.

દુનિયામાં બધા લોકોની પ્રકૃતિ એક સરખી હોતી નથી. વસ્તુ તો એક હોય છે પણ તે વસ્તુ પોતાની પ્રકૃતિની અનુસાર ભિન્ન ભિન્ન રૂપમાં જોવામાં આવે છે. સૂર્ય પ્રકાશ તો સમાન આપે છે પણ કાચનો રંગ જેવો હોય છે, તે પ્રકાશ પણ તેવો જ બની જાય છે. આ જ પ્રમાણે સુદર્શનની ઘટનાને લોકો ભિન્ન ભિન્ન રૂપ આપવા લાગ્યા.

સુદર્શનનો જે જય જયકાર થઈ રહ્યો હતો તે સુદર્શનનો જયકાર ન હતો પણ તેની શુદ્ધ ભાવનાનો જયકાર હતો. ભાવના કે પવિત્રતા સૂક્ષ્મરૂપમાં જોઈ શકાતી નથી પરંતુ જ્યારે તે સ્થૂલરૂપ ધારણ કરે છે ત્યારે જ બધાના જોવામાં આવે છે. સૂક્ષ્મ વસ્તુને બધા લોકો જોઈ શકતા નથી પણ જ્યારે તે સ્થૂલ રૂપમાં આવે છે ત્યારે જ તે જોવામાં આવે છે. આ કથનાનુસાર સુદર્શનની ભાવનાને તો બધા લોકો જોઈ શક્યા ન હતા પરંતુ જ્યારે શૂળીનું સિંહાસન થએલું જોયું ત્યારે લોકો જોવા લાગ્યા અને જયજયકાર કરવા લાગ્યા. બધા લોકો એમ કહેવા લાગ્યા કે, શેઠના હૃદયમાં જરાપણ ખરાબ ભાવના ન હતી. શૂળીનું સિંહાસન બનવાથી આપણને નિશ્ચય થઈ ગયો કે, શેઠની ભાવના કેટલી શુદ્ધ હતી.

**ખમો ખમો અપરાધ હમારા, વારંવાર મહાભાગ !**
**ધર્મ મર્મ નહીં જાના તુમ્હારા, નારી ચાલે લાગ. ॥ ધન૦ ૧૧૨ ॥**
**સુની બાત જબ મનોરમાને, પુલકિત અંગ ન પાય;**
**પાંચ પુત્ર સંગ પતિદર્શનકો, શીઘ્ર ચલાકર આય. ॥ ધન૦ ૧૧૩ ॥**
**રાજા પ્રજા મિલ પતિવ્રતા કો, સિંહાસન બૈઠાય;**
**દંપતિ જોડી દેખ દેવગણ, મનમેં અતિ હર્ષાય. ॥ ધન૦ ૧૧૪ ॥**

બધા લોકો આમ કહી રહ્યા હતા. કેટલાક લોકો રાજા પાસે દોડી ગયા અને કહેવા લાગ્યા કે, મહારાજ ! ગજબ થઈ ગયો. રાજાએ પૂછ્યું કે, શું ગજબ થયો ! લોકોથી પ્રસન્નતા હોવાને કારણે બોલી પણ શકાતું ન હતું. લોકોએ રુંધાતા કંઠે એટલું જ કહ્યું કે, શેઠને શૂળી ઉપર ચડાવવામાં આવતા હતા ત્યારે ગજબ થયો. રાજાએ તેમને ધૈર્ય આપી પૂછ્યું કે, શું ગજબ થયો ? શું શૂળી તૂટી થઈ કે બીજું કાંઈ થયું ? લોકોએ ઉત્તર આપ્યો કે, શૂળી તૂટી નહિ પણ તેનું સિંહાસન બની ગયું છે અને સિંહાસન ઉપર બેઠેલા સુદર્શન ઉપર છત્ર શોભી રહ્યું છે અને ચામરો તેને ઢોળાઈ રહ્યા છે. આ સાંભળી રાજા કહેવા લાગ્યો કે, હવે મારો સંશય દૂર થયો. હું પહેલાંથી જ જાણતો હતો કે, "શેઠ એવા નથી. એ તો રાણીની જ બધી ચાલબાજી છે; પરંતુ શેઠ કાંઈ બોલ્યા નહિ અને રાણીના પક્ષમાં સાક્ષીઓ હતી એટલે નિરુપાયે એ મહાપુરુષને માટે મારે આવો હુકમ કાઢવો પડયો; ધિક્કાર છે સંસારના પ્રપંચને કે જેને વશ થઈ મારે આવો અનર્થ કરવો પડયો. સારું થયું કે, શેઠની શૂળી તૂટી ગઈ. શેઠની શૂળી શું તૂટી છે, જાણે મારી જ શૂળી તૂટી ગઈ છે. મેં તો મારી તરફથી તો એ મહાપુરુષની હત્યા જ કરી હતી. ધન્ય છે એ મહાત્માઓને કે જે સંસારના પ્રપંચથી પૃથક્ થઈ જંગલમાં રહે છે. હવે હું શેઠ જેવા મહાપુરુષના દર્શન કરું અને તેમની હાથ જોડી ક્ષમા માંગું એ જ ચાહું છું."

રાજા દધિવાહન હાથી–ઘોડા–સિંહાસન વગેરેને ભૂલી જઈ પગપાળો જ શૂળીની જગ્યાએ દોડી ગયો. લોકો સામે આવીને કહેવા લાગ્યા કે, આ પ્રમાણે અત્રે આનંદ છવાઈ રહ્યો છે. રાજા પણ હર્ષથી તેમને સંકેતદ્વારા એમ કહી રહ્યો છે કે, બહુ સારું થયું. આપણી લાજ પ્રભુએ રાખી છે.

રાજા સુદર્શન શેઠની સામે આવ્યો. રાજાનો વિનય કરવા માટે સુદર્શન સિંહાસન ઉપરથી ઊતરવા લાગ્યો પણ રાજાએ કહ્યું કે, આપ ત્યાં જ બેસી રહો. આપ ત્યાં જ બેસવાને યોગ્ય છો. આ પ્રમાણે જ્યારે રાજા પણ નમ્ર થઈને સુદર્શનની સામે ગયો ત્યારે ન જાણે લોકોના મનમાં કેવાં કેવાં વિચાર આવ્યાં હશે ?

આ બાજુ મનોરમાએ પણ સાંભળ્યું કે, પતિ શૂળીમાંથી ઊગરી ગયા છે અને શૂળીનું સિંહાસન બની ગયું છે. રાજા પણ તેના સન્મુખ માથું નમાવી ક્ષમાપ્રાર્થના કરી રહ્યો છે. પતિની મહિમા થઈ રહી છે. આ સાંભળી મનોરમાને કેટલો બધો હર્ષ થયો હશે એ વાત તો સાચી પતિવ્રતા સ્ત્રી જ જાણી શકે છે. જે કેવળ વિષયલોલુપતાને કારણે જ પતિને પતિ માને છે તે આ વાતને શું જાણે ?

મનોરમા કહેવા લાગી કે, "હે ! પ્રભો ! મારા પતિ એવા જ ઉદારચરિત છે. તેમના રોમમાં પણ ખરાબી નથી. છતાં સંસારમાં તેમની જે નિંદા થઈ રહી હતી, તે નિંદા પણ

આપની કૃપાથી દૂર થઈ." આ પ્રમાણે વિચાર કરી તેણીએ પોતાના પુત્રોને કહ્યું કે, પુત્રો! ઉઠો, તમારી ભાવના સફળ થઈ છે. ચાલો, તમારા પિતાને વધાવીને ઘેર લાવીએ!

શેઠ શૂળીના સ્થાને જઈ રહ્યા હતા ત્યારે શેઠાણી બહાર પણ નીકળી ન હતી પણ હવે તેને વધાવવા જઈ રહી છે. આ ઉત્કૃષ્ટ ભાવનાનો જ પ્રતાપ છે.

મનોરમા સખીઓની સાથે શેઠ અને ધર્મનાં મંગલ ગીતો ગાતી બહાર નીકળી. તે વખતે તેમને કેટલી બધી પ્રસન્નતા થતી હશે! તે શેઠની સામે આવી. શેઠને પણ મનોરમા અને પુત્રોને જોઈ કેટલી બધી પ્રસન્નતા થતી હશે! કોઈ ઉપવાસીને અન્ન કેવું પ્રિય લાગે છે એ વાતનો જેમણે ઉપવાસ કર્યો હોય તે જ જાણી શકે છે. આ જ પ્રમાણે શેઠ અને શેઠાણીની પ્રસન્નતાને પણ તે જ જાણી શકે છે કે જેમણે તેમની માફક ભાવ તપ કર્યું હોય; બીજો કોઈ જાણી શકે નહિ. અન્નનો રસ ઉપવાસ કરનારને જ સારો લાગે છે.

શેઠને જોઈ શેઠાણીના હૃદયમાં અને શેઠાણીને જોઈ શેઠના હૃદયમાં કેવો આનંદ થયો હશે. ત્યાં ઉપસ્થિત સ્ત્રીઓ મનોરમાને જોઈ કહેવા લાગી કે, આ સતીએ આપણું મસ્તક ઊંચું રાખ્યું છે, અને આપણા મુખને ઉજ્જવલ બનાવ્યું છે.

આ પ્રમાણે ગુણગાન કરી સ્ત્રીઓએ મનોરમાને આદરપૂર્વક આસન ઉપર બેસાડી પણ લોકો કહેવા લાગ્યા કે, આજે અમારે ત્યાં સીતારામની જોડી પ્રગટ થઈ છે એટલા માટે આ સતીને તો શેઠની પાસે જ બેસાડવી જોઈએ. અર્ધું શરીર તો ઉપર રહે અને અર્ધું શરીર નીચે રહે એ ઠીક નથી.

બધા લોકોએ મળીને મનોરમાને પણ સુદર્શનની પાસે સિંહાસન ઉપર બેસાડી દીધી. શેઠ શેઠાણી, જાણે સીતા-રામની જોડી બેઠી હોય એમ લાગતાં હતાં.

લોકોએ સુદર્શનને કહ્યું કે, 'અત્યારે અહીં સભા એકઠી થઈ છે એટલા માટે આપ એ બતાવો કે, તમે તમારા કયા નિશ્ચય ઉપર કેવી રીતે દૃઢ રહ્યા અને અમે તમને અત્યાગ્રહ કર્યો છતાં તમે શા માટે બોલ્યા નહિ?'

સુદર્શને જવાબમાં કહ્યું કે, તમે લોકો તથા આ રાજા પણ મને હાથ જોડે છે તે મારા આ હાડને નહિ પણ કોઈ શક્તિવિશેષને હાથ જોડે છે. જે શક્તિને તમે બધા લોકો હાથ જોડો છો એ શક્તિ તમારા બધામાં પણ છે એટલા માટે તમે લોકો એમ ન સમજો કે, હું સિંહાસન ઉપર બેઠો છું પરંતુ એમ સમજો કે, આપણા બધાની શુભ ભાવના જ આ સિંહાસન ઉપર બેઠેલ છે. શરીરની વાત તો જુદી છે પણ આત્માની એકતામાં બધાયનો સમાવેશ છે અને બધા આત્મા સિદ્ધ થયા બાદ સમાન જ છે.

આ વાત તમને જલ્દી સમજમાં આવી જાય એટલા માટે આ વાતને સરળ કરીને તમને કહું છું.

એક માણસનું રત્ન ખોવાઈ ગયું. તેને યાદ આવ્યું કે, હું અમુક રસ્તેથી આવ્યો હતો એટલે મારું રત્ન ત્યાં જ કયાંય ખોવાઈ ગયું હશે. તે રત્નને શોધવા માટે પાછો ફર્યો. તેને માર્ગમાં અનેક ચીજો જોવામાં આવી પણ તે ચીજો માટે તે એમ કહેવા લાગ્યો કે, એ રત્ન નથી. આ પ્રમાણે માર્ગમાં જે કોઈ ચીજ જોવામાં આવતી તેને માટે તે એમ જ કહેતો કે, એ રત્ન નથી. આ દૃષ્ટાન્ત પ્રમાણે જ્ઞાનીજનો પણ **નેતિ નેતિ** કહે છે અર્થાત્

એમ કહે છે કે, અમે જે વસ્તુની શોધમાં છીએ તે વસ્તુ આ નથી. અમે ચીજને શોધીએ છીએ તે વસ્તુ આ સંસારના પદાર્થથી ભિન્ન છે.

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥

જે દશ્ય ઇન્દ્રિયોદ્વારા જોવા-સાંભળવામાં આવે છે તે ઇશ્વર નથી. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ ઇશ્વર નથી. શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે, આ આત્મા લીલો નથી, પીળો નથી, લાલ નથી, ગંધવાળો નથી, રસવાળો નથી, પરંતુ આ આત્મા એ બધાથી પર છે. પણ આત્માને શોધનાર માર્ગમાં જ ભૂલી જાય છે એ તેની ભૂલ છે.

મો કો કહાં તૂ ઢૂંઢે મૈં તો હરદમ તેરે પાસમેં,
ના મૈં મંદિર ના મૈં મસજિદ ના કાશી કૈલાસમેં;
ના મૈં બૈસૂં અજબ દ્વારિકા મેરી ભેટ વિશ્વાસમેં. મો કો૦

તે રત્ન તો જ્યાં પડયું હશે ત્યાં જ હશે. તે રત્ન પોતે તો ગતિ કરી શકતું નથી એટલા માટે રત્નને શોધનારે માર્ગમાં પડેલી ચીજોમાં લોભાઈ જવું ન જોઈએ. જો તે માર્ગમાં પડેલી ચીજોમાં લોભાઈ જાય તો શું તે રત્નને પ્રાપ્ત કરી શકે?

તે માણસ રત્નને શોધી રહ્યો હતો એટલામાં જ કોઈએ કહ્યું કે, તું શું શોધે છે! તે રત્ન તો તારા ખીસ્સામાં જ છે. આ જ પ્રમાણે જ્ઞાનીજનો કહે છે કે, તું આત્માને ક્યાં શોધી રહ્યો છે! એ આત્મા તો તારી પાસે જ છે. રૂપ, રસ, ગંધ વગેરે પદાર્થો જે છે તે આત્મા નથી. એ પદાર્થોથી તો ઇન્દ્રિયો જ મોટી છે. ઇન્દ્રિયોથી મન મોટું છે. મનથી બુદ્ધિ મોટી છે અને બુદ્ધિથી જે પર છે તે જ આત્મા છે. એ આત્માને શોધો તો તેમાં કલ્યાણ રહેલું છે.

આ પ્રમાણે સુદર્શન ત્યાં ઉપસ્થિત લોકોને કહી રહ્યો છે કે, "ભાઈઓ! તમે એમ ન સમજો કે આ સુદર્શન સિંહાસન ઉપર બેઠો છે, પરંતુ એમ સમજો કે, આપણા બધા લોકોની ભાવના જ સિંહાસન ઉપર બેઠેલ છે."

શ્રાવકોની વીરતા અને તેમના ગુણોને કારણે જ સાધુઓ તેમનો જયજયકાર બોલે છે, અને તેમને ધન્યવાદ આપી તેમનું ચરિત્રચિત્રણ કરે છે. સુદર્શન જો કેવળ ધનવાન જ હોત અને તેનામાં જો શીલનું પાલન કરવા માટે આટલી વીરતા ન હોત તો સાધુઓને તેનું ચરિત્રચિત્રણ કરવાની આવશ્યકતા ન હોય. સાધુઓ તેની જે પ્રશંસા કરે છે તે તેના શીલપાલનના કારણે જ. જો તે કુશીલ હોત તો સાધુઓ તેને માન આપત નહિ પણ ઊલટો તેને ઠપકો આપત. જેમકે શાસ્ત્રમાં રાજીમતિએ રથનેમિને ઠપકો આપતાં કહ્યું છે કે, 'હે! અપયશકામી! તને ધિક્કાર છે. તું સાધુ થઈને વમન કરેલી વસ્તુ પાછી ખાવા ચાહે છે?' આ વીતરાગનાં શાસ્ત્રો છે. એટલા માટે જ્યાંસુધી બુરાઈ રહી ત્યાંસુધી તો તેની નિંદા કરવામાં આવી છે, પરંતુ જ્યારે બુરાઈ ચાલી ગઈ ત્યારે તેની પ્રશંસા કરવામાં પણ વાર લગાડવામાં આવી નથી. રથનેમિએ જ્યારે પોતાના ખરાબ વિચારોનો ત્યાગ કર્યો ત્યારે શાસ્ત્રકારોએ જ તેમને પુરુષોત્તમ કહ્યા છે; આ વાત સમજીને જ્ઞાન અને ક્રિયાને જીવનમાં અપનાવો.

**જય જય સુદર્શન શેઠકી, જય જય હો મનોરમા માત;**
**ધર્મ તીર્થકી જુડી જમા, પુરજન અતિ હર્ષાત. ॥ ધન૦ ૧૧૫ ॥**

સુદર્શન અને મનોરમા ઊંચા સિંહાસન ઉપર બેઠા છે, તેનું કારણ ધન નહિ પરંતુ શીલની એવી દૃઢતા છે કે, પ્રાણ જાય તો ભલે જાય પરંતુ શીલ ન જાય. આ પ્રકારની દૃઢતા રાખવાને કારણે જ તેમને ઉંચું આસન પ્રાપ્ત થયું છે.

લોકો શાન્ત થઈને સુદર્શનને કહેવા લાગ્યા કે, "આપ અમને અમૃત વચનો સંભળાવો." લોકોની આ પ્રાર્થના ધ્યાનમાં લઈ સુદર્શન કહેવા લાગ્યા કે, "ભાઈ઼ઓ, તમે મારા આત્માનો અનુભવ મને પૂછો છો પરંતુ તે અનુભવ તો મુંગો છે અને વાણીમાં એવી શક્તિ નથી કે તે અનુભવને વર્ણવી શકે. કેવલજ્ઞાની ભગવાન પોતાના જ્ઞાનમાં જે કાંઈ જુએ છે, તેનો માત્ર અનંતમો ભાગ વાણીમાં આવે છે, પણ જે બુદ્ધિમાન અને જ્ઞાની હોય છે, તેઓ તો કેવલજ્ઞાની દ્વારા વર્ણિત અનંતમા ભાગ ઉપરથી જ તેમના જ્ઞાનની વાતો સમજવાનો પ્રયત્ન કરે છે. તમે લોકો વડના ઝાડને તમારા ઘરમાં લઈ જઈ શકો નહિ પરંતુ જો વડનું બીજ તમારે ઘેર લઈ જવામાં આવે અને તેને વાવવાની ક્રિયા કરવામાં આવે તો તેવું જ ઝાડ તમારે ત્યાં પણ થઈ શકે છે. આ જ પ્રમાણે વીતરાગની વાણીનો થોડો અંશ પણ તમે તમારે ત્યાં લઈ જાઓ અને તેને તમારા હૃદયમાં સ્થાન આપી તદનુસાર ક્રિયા કરો તો તમને પણ તેવો જ લાભ થશે."

સુદર્શન કહે છે કે, "જે અનુભવ મને થયો છે તે મુંગો છે એટલા માટે હું તેને કાંઈ કહી શકતો નથી છતાં પણ જે કાંઈ હું કહી શકું એમ છું તે ટૂંકામાં કહું છું:"—

જીગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે,
બધા સંસારથી યે યાર, બેદરકાર જુદો છે.
ગણું ના રાવ રાણાને, ગણું ના આખી દુનિયાને;
પરંતુ જાન આ પર, પ્યારીનો અખત્યાર જુદો છે.
હજારો બોધ મંદિરો, યહી છે ને તે ભલે છાજે;
અમો મસ્તાનના ઉસ્તાદનો, દરબાર બીજો છે.

આ ભક્તોની વાણી છે છતાં અત્યારે એ સુદર્શનના નામે કહેવામાં આવે છે. સુદર્શન કહે છે કે, "જો તમે લોકો એટલું જાણી લો કે હૃદયનો મિત્ર જુદો છે તો તમને આ સકળ સંસાર જ જુદો દેખવા લાગશે. જ્યારે કોઈ માણસ ખોવાયેલા રત્નને શોધવા લાગે છે ત્યારે તે બીજી ચીજો ઉપર લોભાતો નથી, પરંતુ તે પ્રત્યેક ચીજને માટે એમ જ કહે છે કે આ રત્ન નથી. પતિવ્રતાનો પતિ ગૂમ થઈ ગયો હોય તો તે વખતે તેની સામે ભલે સંસારના બધા પુરુષો આવે તો પણ તે પ્રત્યેક માણસને એમ જ કહેશે કે તે મારો પતિ નથી. પતિવ્રતા સ્ત્રીને તો પોતાનો પતિ મળશે ત્યારે જ સંતોષ થશે. બીજો પુરુષ ગમે તેટલો સુરૂપ હોય અને પોતાનો પતિ ગમે તેટલો કુરૂપ હોય છતાં તે પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને જ ચાહશે. દમયંતી જ્યારે નલને શોધતી હતી ત્યારે ઇન્દ્ર પણ નલનું સ્વરૂપ ધારણ કરી તેની સામે આવ્યો, પરંતુ દમયંતી ઇન્દ્રના રૂપ ઉપર પણ મોહિત ન થઈ. તે તો એમ જ કહેતી હતી કે, જે મારા હૃદયની વાત કહી આપે, હું તેને જ મારો પતિ માની શકું. સુલસાને દેવોએ કહ્યું કે, નગરની બહાર ભગવાન મહાવીર આવ્યા છે અને આ પ્રમાણે કહી દેવોએ સમવશરણની રચના પણ બતાવી પણ સુલસાએ કહ્યું કે, મારા એ મહાવીર નથી. દમયંતી પણ એમ જ

કહેતી હતી કે, મારા હૃદયની વાત જે કહી આપે તે જ મારા પતિ છે. કેટલાક લોકોએ હૃદયની વાત કહેવાનો ઢોંગ પણ કર્યો છતાં પણ દમયંતીએ તેમનું કહ્યું માન્યું નહિ. તે વખતે જ નલ કુબડાનું રૂપ ધારણ કરી રસોયો બની આવ્યો હતો, તેણે લોકોને કહ્યું કે, જો દમયંતી મારી વાતો સાંભળે તો હું તેના હૃદયની વાત કહી શકું છું. દમયંતીએ તેની વાત સાંભળવાનો સ્વીકાર કર્યો ત્યારે નલે દમયંતીના હૃદયની વાત કહી આપી. દમયંતીએ તે જ વખતે નલનો હાથ પકડી કહ્યું કે, હવે આપ ક્યાં જશો ? નલ કહેવા લાગ્યો કે, હું નલ નથી. હું તો કુબડો છે અને નલ તો સુંદર છે. દમયંતીએ કહ્યું કે, ગમે તે હો પરંતુ હવે તમે છટકી શકો એમ નથી. મારે પુનર્વિવાહ કરવો ન હતો પણ મારે તો મારા પતિને શોધવા હતા. આખરે નલને પોતાનું સાચું સ્વરૂપ પ્રગટ કરવું જ પડયું. આ પ્રમાણે દમયંતીએ પોતાના પતિને માટે ઈન્દ્રને પણ ઠોકર મારી, પણ તેમનો સ્વીકાર ન કર્યો. ”

સુદર્શન કહે છે કે, “ મારા પ્રભુ મારા હૃદયમાં હતા તો મેં સંસારની પણ પરવા ન કરી. હું આ રાજાની પ્રજામાંનો એક છું. જ્યારે રાજાએ જ મને ઉચ્ચ આસન આપ્યું છે તો પછી હું હૃદયની વાત ન કહેતાં બહારની વાત કેવી રીતે કહી શકું ? હું તો હૃદયની જ વાત કહીશ. ”

સત્ય વાત કહેનાર વકતા દુર્લભ છે અને શ્રોતા પણ દુર્લભ છે. પણ જે સાચા મહાનુભાવ છે તેઓ તો સત્ય વાતને કહે છે પાછી ભલે તે સત્ય વાતને કોઈ સાંભળે કે ન સાંભળે !

સુદર્શન કહે છે કે, “ લોકોએ મને એમ પણ કહ્યું હતું કે, ‘ ન બોલવાથી તમારી બદનામી થશે અને બોલવાથી રાણીને દંડ મળશે અને તમને કાંઈ નહિ થાય. ’ લોકોએ આમ કહ્યું છતાં હું કાંઈ બોલ્યો નહિ કારણકે રાણીની વિરુદ્ધ બોલવા માટે મારું હૃદય ના પાડતું હતું. ”

ચાતક તરસથી પીડાતો હોય ત્યારે કોઈ તેને એમ કહે કે, સરોવર પાણીથી ભરેલાં છે તો પછી શા માટે તરસથી પીડાય છે ? પાણી કેમ પી લેતો નથી ? આ પ્રશ્નના ઉત્તરમાં ચાતક કહેશે કે, આકાશમાંથી પડેલા એક જલબિંદુને ઝીલવામાં હું પ્રસન્નતા અનુભવીશ પરંતુ સરોવરનું પાણી પી નહિ શકું; કારણ કે, મારા હૃદયની મિત્રતા આકાશના એ જલબિંદુ સાથે જ છે.

ભકતો કહે છે કે, ભલે હજારો યુનીવર્સીટીઓ હોય પણ અમારા જેવા મસ્તાનોના ઉસ્તાદ તો બીજા જ છે.

સુદર્શન કહે છે કે, “ મારા અનેક હિતચિંતકોએ મને બોલવાનું ઘણું કહ્યું અને હું બોલ્યો નહિ તેથી એ લોકો નારાજ પણ બહુ થયા અને કહેવા લાગ્યા કે, અમે આટ-આટલું કહીએ છીએ છતાં માનતા નથી અને એ રીતે તમે અમારું અપમાન કરી રહ્યા છો પણ વાસ્તવમાં હું તેમનું અપમાન કરતો ન હતો; પરંતુ હૃદયના મિત્રની વાતને કાર્યમાં મૂકી રહ્યો હતો. ”

સીતાને સમજાવવામાં અને ધમકાવવામાં કોઈ પ્રકારની ખામી રાખવામાં આવી ન હતી. સીતાને તો ત્યાંસુધી કહેવામાં આવ્યું હતું કે, રામ લક્ષ્મણ તો વનમાં વિચરનારા ભીલ છે અને રાવણ તો સોનાની લંકાના સ્વામી છે. છતાં પણ શું સીતા પ્રલોભનમાં પડી હતી ?

ભલે કોઈ તેના દૃઢ નિશ્ચયથી ખુશ થયા કે નારાજ થયા હોય પણ પોતાના નિશ્ચયમાં દૃઢ રહેવું એમાં જ સીતા પોતાનું કલ્યાણ જોઈ શકી હતી. આ જ પ્રમાણે સુદર્શને એવો નિશ્ચય કર્યો હતો કે, મનોરમા સિવાય બધી સ્ત્રીઓ મારા માટે માતા સમાન છે. તે પણ પોતાના આ નિશ્ચય ઉપર દૃઢ રહ્યો અને મારી માતાને મારા બોલવાથી કષ્ટ થશે એ વિચારથી બધાએ બોલવા માટે અત્યાગ્રહ કર્યો છતાં તે બોલ્યો નહિ.

બધા પ્રકાર તુફાને થઈ ચંચલતા ચૂકે;
હમારા ચિત્તની ચાલો અચલ પ્રકાર જુદી છે.
ઘડીભર બેસ બતલાઉં સિખાઉં પ્રેમનો જાદુ;
અમો જાદુગરોનો ચાર બાજાર જુદો છે.
શિખે જે પ્રેમ પૂરો તો અચલ અભેદ પામે તે;
નથી જ્યાં પ્રેમ છે ત્યાં ભેદ યે વ્યવહાર જુદો છે.
ભલે યે માહરા પંથે બધા એ દુઃખને દેખે;
મને સુખસાર લેહીનો કઈ બાજાર જુદો છે.
થયો જે પ્રેમમાં પૂરો થયો તે મુક્ત સર્વેથી;
મહા મસ્તાન જ્ઞાનીના મગજનો તાર જુદો છે.

સુદર્શન કહે છે કે, ભલે મારા માર્ગમાં બધા દુઃખી પણ થઈ જાય પરંતુ જે તમને દુઃખ લાગે છે તે મને સુખનો સાર જણાય છે. જેમકે મને શૂળી ઉપર ચઢાવવામાં આવતો હતો ત્યારે તમને તો દુઃખ થઈ રહ્યું હતું પણ મને સુખનો અનુભવ થઈ રહ્યો હતો. મને ત્યારે એમ લાગતું હતું કે, જાણે હું આનંદનો ઉપભોગ કરી રહ્યો છું.

સુદર્શનને વક્તા બનાવી તેમના મુખેથી જે વાત કહેવામાં આવી છે તે વાતને તમે પણ હૃદયમાં ધારણ કરો. ભગવાને પણ સાધુ–સાધ્વીઓને શ્રાવકનું ઉદાહરણ આપી એમ કહ્યું હતું કે, જ્યારે શ્રાવક થઈને તેમણે વ્રતપાલનમાં આટલી દૃઢતા રાખી તો પછી તમારે કેટલી દૃઢતા રાખવી જોઈએ અને વ્રતપાલનમાં તમારે કેટલા દૃઢ રહેવું જોઈએ ! સુદર્શનના આ આદર્શને તમે પણ તમારા હૃદયમાં ઉતારો તો તેમાં કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૨ શુક્રવાર

### પ્રાર્થના

**ધરમ જિનેશ્વર મુઝ હિયડે બસો, પ્યારા પ્રાણ સમાન;**
**કબહું ન વિસરું હો ચિતારું નહીં, સદા અખંડિત ધ્યાન. ॥ ધરમ૦ ૧॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી ધર્મનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આત્માની શુદ્ધ ભાવનાનું સ્વરૂપ જ પ્રાર્થના છે. અર્થાત્ પ્રાર્થના, આત્માની ભાવનાનું જ રૂપ છે. પ્રાર્થના વિષે પ્રાયઃ હું હમેશાં થોડું ઘણું કહ્યા કરું છું, પણ મારા કહેવા માત્રથી જ તમને કાંઈ લાભ થશે નહિ, પરંતુ આત્મલાભ માટે તો તમારે પોતાએ પ્રયત્ન કરવો પડશે. જેમકે વહુને સાસુ એમ તો કહે છે કે, "તું પાણી ભરવા તો જાય છે, પણ સાવધાની રાખજે, ક્યાંય ઘડો ફુટી ન જાય." સાસુ આમ કહે છે પણ ઘડો ન ફુટે તેની સાવધાની તો વહુએ જ રાખવી પડે છે. આ જ પ્રમાણે પ્રાર્થના વિષે હું તમને વારંવાર કહ્યા કરું છું, પણ તે વિષે સાવધાની તો તમારે જ રાખવી પડશે. એટલા માટે હે! દેવાનુપ્રિયો! તમે તમારા આત્માના હિતૈષી બની પ્રાર્થના વિષે પૂરેપૂરી સાવધાની રાખો.

પનિહારી માથા ઉપર ઘડો ઉપાડી ચાલી જાય છે ત્યારે એમ વિચારે કે, હું માથા ઉપર ઘડો ઉપાડી સખીઓની સાથે વાતચીત કરી શકું કે નહિ? જો તેને પોતાને વાતચીત કરવાની સાથે ઘડાની રક્ષા કરવાની ખાત્રી હોય તો તો તે વાત પણ કરી શકે, પણ જો વાત કરવાની સાથે ઘડાની રક્ષા કરવાની તેને ખાત્રી ન હોય તો પછી તેને વાત કરવાનો અધિકાર પણ નથી. આ જ પ્રમાણે તમે પણ જુઓ કે, તમે સંસારનાં કામો અને પરમાત્માની પ્રાર્થનામાં એક સાથે ચિત્ત એકાગ્ર કરી શકો છો કે નહિ? જો એક સાથે બન્ને કામો કરી શકતા નથી તો પછી તમે એમ વિચારો કે, 'હું સંસારની ભાવનામાં જ રહી ન જાઉં અને એ કારણે મારી પ્રાર્થના ઢોંગ જ બની ન જાય?'

આગળ કહેવામાં આવ્યું છે કે ભાવનાનું સ્વરૂપ જ પ્રાર્થના છે. ભાવના એટલે શું એ સમજવું પણ આવશ્યક છે. ભાવના વિષે પાતંજલિ યોગસૂત્રમાં કહ્યું છે કેઃ—

**भावना भाव्यस्य विषयान्तरपरिहारेण चेतसि पुनः पुनर्निवेशनम्।**
**भाव्यं च द्विविधम् ईश्वरस्तत्त्वानि च। तत्त्वानि द्विविधानि जडाजडभेदात्।**

અર્થાત્—ભાવ્યની સિવાય બીજે ક્યાંય ચિત્તને જવા ન દેવું તેનું નામ જ ભાવના છે. જો કે, ચિત્તની ચંચલતા હોવાને કારણે ચિત્ત ચોંટતું નથી, છતાં પણ તેને પકડીને એકાગ્ર કરવું અને ભાવ્યમાં જ રાખવું એનું નામ ભાવના છે.

હવે 'ભાવ્ય' એટલે શું એનો અત્રે વિચાર કરીએ. ભાવ્ય બે પ્રકારનું છે. એક તો 'ઈશ્વર' અને બીજું 'તત્ત્વ'. જો ઈશ્વર—વીતરાગમાં જ ભાવના રાખવી છે અને તેમને જ ભાવ્ય બનાવવા છે તો ચિત્તને બીજી જગ્યાએ જવા ન દેતાં તેમનામાં જ એકાગ્ર કરવું

જોઈએ. જે પ્રમાણે પનિહારી ચિત્તને બીજી જગ્યાએ જવા ન દેતાં ઘડાની રક્ષામાં જ પરોવે છે, તે જ પ્રમાણે ચિત્તને બીજી જગ્યાએ જવા ન દેતાં વીતરાગમાં જ પરોવવું જોઈએ.

બીજું ભાવ્ય તત્ત્વ છે. તત્ત્વો બે પ્રકારનાં છે. એક તો 'જડનો ભેદ' જાણવો અને બીજો 'ચૈતન્યનો ભેદ' જાણવો. આ પ્રમાણે જ્યારે જીવ કે અજીવ વિષે તત્ત્વભેદ કરો ત્યારે બીજી જગ્યાએથી ચિત્તને દૂર કરી ચિત્તને તત્ત્વવિચારણામાં એવું એકાગ્ર કરો કે ચિત્ત બીજે જાય જ નહિ. આ પ્રમાણે ઇશ્વર કે તત્ત્વોને ભાવ્ય બનાવી ચિત્તને તેમાં પરોવવું એનું નામ જ ભાવના છે.

આ વાતને બરાબર સમજી તમે એમ વિચારો કે, ભગવાન ધર્મનાથનું ધ્યાન કેવી રીતે કરવું? એને માટે એમ વિચારો કે જે પ્રમાણે રૂપિયાનું ધ્યાન કરવામાં આવે છે તે જ પ્રમાણે ભગવાન ધર્મનાથનું ધ્યાન કરવું. તમે વ્યાપાર કરી રહ્યા હો ત્યારે બીજો કોઈ બીજી જ વાત કહેવા માંડે ત્યારે તમે તેને શું કહેશો? એમ જ કહેશો કે, એ વાત હમણાં રહેવા દો. પછી એ વાત કરજો. તે પૂછે કે એમ કેમ! તો તમે એનો જવાબ એમ આપશો કે, અત્યારે વ્યાપારમાં મન ચોંટેલું છે. આ જ પ્રમાણે વ્યાપારની માફક ભગવાન ધર્મનાથનું ધ્યાન કરવું અર્થાત્ જે પ્રમાણે લોભીનું મન ધનમાં ચોંટેલું હોય છે, જુગારીનું મન જુગારમાં ચોંટેલું હોય છે અને કામીજનોનું મન સ્ત્રીઓમાં ચોંટેલું હોય છે તે જ પ્રમાણે ભગવાન ધર્મનાથના ધ્યાનમાં મન ચોંટાડવું જોઈએ. જે પ્રમાણે લોભી, જુગારી કે કામીજનોનું મન પોતપોતાના પ્રિય વિષયોમાં ચોંટેલું હોય છે તે જ પ્રમાણે ભક્તોએ ભગવાન ધર્મનાથના ધ્યાનમાં મનને એકાગ્ર કરવું જોઈએ. જે પ્રમાણે પનિહારી ઘડાની રક્ષા કરી શકે અને સાથે સાથે વાત પણ કરી શકે એવી ખાત્રી થતી નથી ત્યાંસુધી વાત કરતી નથી તે જ પ્રમાણે તમારી સાધના પણ હજી કાચી–અપૂર્ણ હોવાથી 'હું આ કરી નાંખું–તે કરી નાંખું' એવી ધમાલમાં પડો નહિ પણ મનને સ્થિર કરી ભગવાન ધર્મનાથના ધ્યાનમાં એકાગ્ર કરો. બીજી ધમાલમાં પડી જવાથી અનાથતા કેવી રીતે આવે છે! એ જ વાત અનાથી મુનિ પણ કહી રહ્યા છે.

## અનાથી મુનિનો અધિકાર—૫૦

અનાથી મુનિ કહે છે કે, મુનિના બે માર્ગો છે. એક સુમતિનો માર્ગ અને બીજો ગુપ્તિનો માર્ગ. જો કે મુનિનું લક્ષ્ય તો ગુપ્તિ જ છે પણ સુમતિ એ લક્ષ્ય સુધી પહોંચવાનું એક સાધન છે. જે આ સાધનને છોડી દે છે તે આત્માને સાધુતાથી દૂર રાખે છે. સાચી વાત તો એ છે કે, સાધુને પોતાના લક્ષ્ય સુધી પહોંચાડનાર એ પાંચ સુમતિઓ જ છે.

સાધુએ સાધુતાનું પાલન કેવી રીતે કરવું જોઈએ એને માટે અનાથી મુનિ કહે છે કે, જે આત્માને મહાવ્રતોથી દૂર રાખે છે, અને જે રસલોલુપતા રાખે છે તે અનાથ છે. આવો વ્યક્તિ ભિક્ષુ હોવા છતાં જન્મ–મરણથી મુક્ત થઈ શકતો નથી.

પાંચ સુમતિ અને ત્રણ ગુપ્તિમાં સાધુતાની સમસ્ત ક્રિયાઓનો સમાવેશ થઈ જાય છે; એટલા માટે જે કોઈ સાધુ ઇર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભાંડપાત્ર-નિક્ષેપણસમિતિ અને ઉચ્ચારપસ્રવણસમિતિ–આ પાંચ સમિતિઓનું પાલન કરતો નથી તે વીરના માર્ગે જતો નથી પરંતુ અનાથતાના માર્ગે જાય છે.

પહેલી ઈર્યાસમિતિ છે. શ્રી. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૪ માં અધ્યયનમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓનું વિસ્તૃત વર્ણન આપવામાં આવ્યું છે. અને તેમાં ઈર્યાસમિતિને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિવેક બતાવવામાં આવ્યો છે અને કહ્યું છે કે, સાધુ જ્યારે ચાલવા લાગે ત્યારે એમ જ વિચારે કે, મેં બધાં કામો છોડી દીધાં છે; મારે કેવળ અત્યારે ચાલવાનું જ કામ કરવાનું છે. સાધુએ ચાલતી વખતે મનને એકાગ્ર રાખવું જોઈએ. જે પ્રમાણે પાણીથી ભરેલો ઘડો માથે ઉપાડી પનિહારી ચાલતી વખતે સાવધાની રાખે છે તે જ પ્રમાણે મુનિએ પણ ચાલતી વખતે સાવધાની રાખવાની હોય છે.

માનો કે, એક રાજાનો નોકર રાજના કામ માટે બહાર નીકળ્યો. રાજાએ તેને કહ્યું હતું કે, આ કામ જરૂરી છે એટલે જલ્દી આવજે. તે નોકર રાજાના કામ માટે બહાર નીકળ્યો પણ માર્ગમાં નાટક-ખેલ થઈ રહ્યો હતો. ત્યાં એક નટી હાવભાવથી નાચ કરી રહી હતી. તે ખેલ જોવા ચાહતો હતો. તમે તે વખતે રાજાના નોકરને શી સલાહ આપશો? એ જ કે, નાટક-ખેલ જોવા ન રોકાતાં માલિકનું કામ પહેલાં કરવું. પણ તે નોકર તો ખેલ જોવા રોકાઈ ગયો, એટલામાં કોઈ હિતૈષી આવ્યો અને તેણે પેલા માણસને કહ્યું કે, તું અહીં કેમ રોકાઈ ગયો? પહેલાં રાજાનું કામ કરી લે તો રાજા પ્રસન્ન થવાથી આવો ખેલ તો હું તારા ઘેર જ કરાવી શકે છે.

આ જ વાત મુનિના વિષે પણ સમજો. મુનિઓએ સ્વેચ્છાપૂર્વક પોતાનું નામ ભગવાનના સેવકોમાં લખાવ્યું છે. તેમણે કોઈના દબાણથી નહિ પણ પોતાની ઇચ્છાથી જ ચારિત્ર ગ્રહણ કર્યું છે. ભગવાને સાધુઓને માટે એવી આજ્ઞા આપી છે કે સાધુઓ માટે લક્ષ્ય તો ત્રણ ગુપ્તિઓ છે પણ પાંચ સમિતિઓ તરફ પણ તેમણે જરાપણ આંખ મીંચામણી ન કરવી. ભગવાને આવી આજ્ઞા આપી છે અને આ આજ્ઞાને કારણે મુનિઓ સમિતિ તથા ગુપ્તિઓનું પાલન કરવા તૈયાર થયા છે; પણ જો અમે મુનિઓ આ આજ્ઞાને ભૂલી જઈ નાટકની માફક સંસારની ધમાલમાં પડી જઈએ તો તમે અમારા હિતૈષી થઈ અમને કેવી હિતસલાહ આપશો? જો અમે ઈર્યાસમિતિનું ધ્યાન ન રાખીએ તો તમે અમને શું કહેશો? એ જ કે, "જે પ્રમાણે રાજાનો નોકર ઠેકડાં મારતો ચાલે છે તેમ ઠેકડાં મારતાં કેમ ચાલો છો? અને અહીં તહીં નજર ફેરવતાં કેમ ચાલો છો!" શું સાધુ પણ આમ ચાલી શકે ખરા?" તમે આ પ્રમાણે શું અમને નહિ કહો? જો કે તમે વિનય અને નમ્રતાની સાથે કહેશો પણ તમે અમારા હિતૈષી હોવાથી તમે અમને એમ જ કહેશો કે, "તમે ભગવાનની આજ્ઞાનું પાલન કરવા તૈયાર થયા છો એટલા માટે તમે મનને એકાગ્ર કરી ઈર્યાસમિતિને ધ્યાનમાં રાખી યતનાપૂર્વક ચાલો."

શેઠ અમરચંદજી સાધુઓની ઈર્યાસમિતિનું એવું ધ્યાન રાખતા હતા કે તેઓ જોતાં જ જાણી લેતા કે, અમુક સાધુ ઈર્યાસમિતિ કે ભાષાસમિતિના જાણકાર કે પાલનહાર છે કે નહિ? જો તેમની દૃષ્ટિમાં કોઈની ખામી જણાતી તો તેઓ સ્પષ્ટ કહી પણ દેતા હતા. પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ વિહાર કરતાં જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને મોતાજી મહાસતીજી મળ્યા. એ મહાસતીજીની ઈર્યાસમિતિ જોઈ પૂજ્યશ્રી ઘણા પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે, આ મહાસતીજી ઈર્યાસમિતિનું બરાબર ધ્યાન રાખે છે.

જેમ સેનાનું ચિહ્ન નિશાન માનવામાં આવે છે તેમ ઈર્યાસમિતિ એ સાધુઓનું ચિહ્ન છે. એટલા માટે સાધુ–સાધ્વીઓએ ઈર્યાસમિતિ વિષે બહુ જ સાવધાની રાખવાની આવશ્યકતા રહે છે. સાધુ–સાધ્વીઓએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે, અમે સંસારની ધમાલ જોવામાં કે કોઈની સાથે વાતો કરવામાં ઈર્યાસમિતિની અવહેલના કરી ન નાંખીએ. જો અમે સંસારની આ પ્રકારની ધમાલ જોવામાં ન પડીએ પણ ભગવાનની આજ્ઞાનું પાલન કરવામાં ધ્યાન રાખીએ તો રાજાની આજ્ઞાનું પાલન કરવાથી નોકરને જેવો લાભ થાય તેથી અધિક લાભ અમને પણ થાય.

આજે પ્રાયઃ એવું બને છે કે, સાધુઓને કોઈ કાંઈ કહે છે તો તેઓ સામા દબાવવા લાગે છે. કોઈ સાધુને જો એમ કહેવામાં આવે કે, તમારામાં આ ભૂલ છે; તો એ ભૂલને ભૂલ માની જો સાધુ પ્રતિક્રમણ કરી શુદ્ધ થઈ જાય અને ભવિષ્યમાં તેવી ભૂલ ન થાય તેનું ધ્યાન રાખે તો તે ઠીક છે; પણ જો કોઈ સાધુ એમ કહેવા લાગે કે, અમને સાધુને કહેનાર તમે કોણ છો અને આ પ્રમાણે કહીને નારાજ થઈ જાય તો તેવો સાધુ સુધરી શકતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે, સાધુને જો કોઈ ત્યાગેલા ઘરની પાણી ભરનારી દાસી પણ શિક્ષા આપે તો તેને પણ માનવી, પરંતુ તેની અવહેલના ન કરવી. તું અમને કહેનાર કોણ છે એમ તેને પણ કહી શકાય નહિ.

તમે કહેશો કે, સાધુ જો ઈર્યાસમિતિનું ધ્યાન ન રાખે અને કહેવું ન માને તો એવી દશામાં શું કરવું ? સાધુઓ વિના તો કામ પણ ચાલી શકતું નથી. તેમની આવશ્યકતા તો છે જ. આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જો તમે તમારા આત્માને શુદ્ધ રાખો અને દૃઢતા ધારણ કરી રાખો તો સાધુઓએ પણ માર્ગ ઉપર આવવું જ પડશે. તમે કોઈ સાધુને કહો અને તે તમારું કહ્યું ન માને તો તમારે એમ સમજી લેવું જોઈએ કે, એ સાધુઓ ઈર્યા–ભાષાસમિતિનું પાલન કરનાર નથી પણ અનાથતામાં પડી રહ્યા છે. આ પ્રમાણે તમે તમારા આત્માને દૃઢ રાખો તો સાધુઓ માટે સુધરવા સિવાય બીજો એકેય માર્ગ નથી.

બીજી ભાષાસમિતિ છે. બીજાને દુઃખ થાય એવી કટુ અથવા સાવદ્ય ભાષા સાધુ બોલી શકે નહિ. આજે સાધુઓમાં ભાષાનો વિવેક બહુ ઓછો જોવામાં આવે છે. સાધુઓના લેખ જુઓ તો તેમની ભાષાથી એ જાણવું મુશ્કેલ થઈ પડે કે એ લેખ સાધુઓનો હશે કે ગૃહસ્થનો ? કદાચ એમ કહો કે, મુનિનો આશય સારો છે પણ શું ગૃહસ્થનો આશય ખરાબ હોય છે ? પહેલાં ગુપ્તિને જોવી કે સમિતિને ? આશય સારો હોવા છતાં પણ શું ભાષાનું ધ્યાન ન રાખવું ? શ્રી દશવૈકાલિક સૂત્ર, શ્રી આચારાંગ સૂત્ર અને શ્રી પન્નવણા સૂત્રમાં મુનિઓએ કેવી ભાષા બોલવી અને કેવી ભાષા ન બોલવી એ વિષે ઘણો વિચાર કરવામાં આવ્યો છે.

સાધુ જો ભાષાસમિતિના જાણકાર હોય તો તેઓ પોતાના સંયમની રક્ષા કરવાની સાથે સંસારનો સુધાર પણ કરી શકે છે. જેમકે કોઈ કહે કે, સાધુ લગ્નપદ્ધતિમાં સુધાર કરી શકે કે નહિ ? સાધારણ રીતે તો લગ્નના વિષે સાધુ એમ જ કહેશે કે લગ્નથી સાધુઓને શું મતલબ ? પણ જાણકાર સાધુ તો લગ્નપદ્ધતિનો સુધાર કરવા માટે તમારી સામે મેઘકુમાર જેવા કોઈનું ચરિત્ર રજુ કરશે કે જે દ્વારા લગ્નપદ્ધતિમાં આવો સુધાર કરી શકાય છે.

મેઘકુમારના ચરિત્રમાં **सरिसवया सरिसतया** વગેરેના ઉલ્લેખદ્વારા લગ્નપદ્ધતિની જે વિધિ બતાવવામાં આવી છે તે વિધિ બતાવીને શું સાધુ લગ્નપદ્ધતિમાં સુધાર ન કરી શકે ? લગ્નપદ્ધતિની જ માફક ગર્ભક્રિયાના વિષે પણ સુધાર કરી શકાય છે. એ વિષે પણ કોઈનું ચરિત્ર સામે રજુ કરી બતાવી શકાય છે પણ સાધુએ એ વાત કહેતાં એટલું ધ્યાન રાખવું જોઈએ કે, મારે તો મારા સંયમની રક્ષા કરવાની છે એટલા માટે મારી ભાષામાં કોઈ પ્રકારનું દૂષણ ન આવે તેનો મારે ખ્યાલ રાખવો જોઈએ. હું સંસારના પ્રવાહમાં તણાઈ ન જાઉં પણ સંસારની પાર ચાલ્યો જાઉં એનું મારે સતત ધ્યાન રાખવાનું છે.

કહેવાનો આશય એ છે કે, શાસ્ત્ર સાધુને બોલતાં અટકાવતાં નથી પરંતુ વિવેકથી બોલવાનું કહે છે.

ત્રીજી એષણાસમિતિ છે. સાધુઓએ આ સમિતિના પાલન કરવામાં પણ બહુ ધ્યાન રાખવું જોઈએ. એષણાસમિતિમાં તો જેવું મળે તેવું લઈ લેવાનું હોય છે. જેઓએ કેવળ ભક્તિ કરાવવા માટે જ માથું મુંડાવ્યું છે, તેમની વાત તો જુદી છે; પરંતુ જેઓને સાધુતાનું પાલન કરવું છે તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે ભગવાને એષણા સંબંધી જે નિયમો બતાવ્યાં છે તે કાંઈ નકામાં નથી. આત્મા સુખનો ઇચ્છુક છે એટલા માટે તે હમેશાં સુખ જ શોધે છે; પરંતુ સુખની ઇચ્છાનો ત્યાગ કરી, સાધુઓએ એ ધ્યાન રાખવું જોઈએ કે, ક્યાંય અમે સાધુતાથી ચ્યુત થઈ ન જઈએ.

શાસ્ત્ર એમ તો બહુ ગહન છે, પણ સાથે સાથે તે એવી સરલ અને લાભપ્રદ વાતો સરળતાથી સમજાવે છે કે, જેથી સાધારણ માણસ પણ સમજી શકે છે. જેમ માતા પોતાના બાળકને સમજાવે છે તેમ શાસ્ત્ર પ્રત્યેક વાત સમજાવે છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કેઃ—

**सुहसायगस्स समणस्स सायाउलगस्स निगामसाइस्स ।**
**उच्छोलणापहोअस्स दुलहा सुगई तारिसगस्स ॥**

આ ગાથામાં એમ કહ્યું છે કે, જે કોઈ શ્રમણ 'આમાં સુખ મળે,'—'અહીં સુખ મળે,' એમ સુખની પાછળ જ પડ્યો રહે છે, અને એ માટે એવી પોલીસી કરે છે કે, જેથી લોકોની ભક્તિ પણ ઓછી ન થાય અને સુખનો માર્ગ પણ ખુલ્લો રહે. આવો સુખનો ગવેષી કહેવા લાગે છે કે, 'એષણાસમિતિનું નામ લેવાથી તો ભક્તિ ઓછી થઈ જશે એટલા માટે જે મળે તે નિર્મમત્વ થઈ લઈ લેવું.' ભગવાન કહે છે કે, "આવો શ્રમણ મારા ધર્મની અવહેલના કરનાર છે અને પોતાના સુખનો માર્ગ ખોલે છે, પરંતુ આવો શ્રમણ આ લોકમાં પણ સુંદર પરિણામ લાવી શકતો નથી અને પરલોકમાં પણ સુંદર પરિણામ પામી શકતો નથી."

જેમનો આત્મા પોતાના વશમાં નથી અને જે રસગૃદ્ધ છે તે એષણાસમિતિનો અપલાપ—વિરોધ કરે છે. પરંતુ ઉચિત તો એ છે કે, જો પોતાનાથી એષણાસમિતિનું પાલન થતું ન હોય તો એમ કહી દેવું કે, મારી એ અપૂર્ણતા છે કે હું એષણાસમિતિનું બરાબર પાલન કરી શકતો નથી. આમ કહેવાથી તેની જ અપૂર્ણતા જણાશે પણ સિદ્ધાન્તનું તો પ્રતિપાદન થશે. પરંતુ જે પોતાની અપૂર્ણતા છુપાવી રાખે છે અને એષણા પાખંડ છે એમ કહે છે તે નિર્ગ્રન્થ પ્રવચનની અવહેલના કરે છે. આવા શ્રમણને માટે સદ્‌ગતિ મળવી દુર્લભ છે.

સુખશીલ બની જઈ મોજ માણવી અને મોજ કરવાના કાર્યને પણ ઉજ્જવલ નામ આપવું અને ભાવિક જનોની શ્રદ્ધાનો અનુચિત લાભ લેવો એ સાધુઓનો ધર્મ નથી. સાધુઓનો તો એ ધર્મ છે કે, પ્રત્યેક વાત સ્પષ્ટ કહે કે, શાસ્ત્ર તો આમ કહે છે પણ મારામાં આ અપૂર્ણતા હોવાને કારણે આ વાત મારાથી પાળી શકાતી નથી. જે એષણા-સમિતિનું બરાબર પાલન કરે છે તેને હું નમસ્કાર કરું છું. જે આ પ્રમાણે એષણાસમિતિનું બરાબર પાલન કરે છે તે જ મહાત્મા સ્વપરનું કલ્યાણ કરી શકે છે. આ પ્રમાણે જે પોતાની અપૂર્ણતાનો સ્પષ્ટ સ્વીકાર કરી લે છે અને શાસ્ત્રની અપૂર્ણતા બતાવતો નથી, તેની શાસ્ત્ર એટલી નિંદા કરતું નથી જેટલી નિંદા શાસ્ત્રની વિરુદ્ધ પ્રતિપાદન કરનારની કરે છે. જે લોકો સંયમનું બરાબર પાલન કરી શકતા નથી પરંતુ પોતાની અપૂર્ણતાનો સ્વીકાર કરે છે તેઓ કોઈ વખતે તો સંયમનું પાલન કરી શકશે અને પોતાની અપૂર્ણતા દૂર કરી શકશે; પરંતુ જે પોતાની અપૂર્ણતાનો સ્વીકાર જ કરતો નથી, તેનો સુધાર થવો બહુ મુશ્કેલ છે.

## સુદર્શન ચરિત્ર—૫૦

સુદર્શન કહે છે કે, તમે લોકો મારો આદરસત્કાર કરી રહ્યા છો. મહારાજા પણ નીચે બેઠા છે અને મને ઉપર બેસાડ્યો છે એ મારા શરીરનો આદર નહિ પણ મારી ભાવનાનો આદર છે. સંસારના લોકો ઠગાઈ રહ્યા છે. હૃદયની વાત તો બીજી હોય છે પણ કરે છે બીજી. લોકો સંસારના મોહક પદાર્થોમાં ફસાઈ જઈ કાંઈનું કાંઈ કરી બેસે છે. એટલા માટે સંસારના મોહક પદાર્થોમાં ન ફસાતાં સ્વામીની આજ્ઞાનું ધ્યાન રાખો તો તમારી ભાવના પણ દૃઢ રહેશે અને તમે પણ આ જ પ્રમાણે આદરપાત્ર બની શકશો.

તુમ તજો જગતકા ખ્યાલ ઇશ્કકા ગાના,
તેરી અલ્પ ઉંમર ખુટ જાય અંત ઉઠ જાના.
મૈં બોલૂં સચ્ચી બાત જૂઠ નહીં માશા;
તૂ સોતા હૈ કિસ નીંદ કૈસી કર આશા.
તુમ સેવો દેવ જિનરાજ ખલકમેં ખાસા,
તેરે જોબન પતંગકા રંગ જુઠ સબ આશા;
અબ ધરો હિયે મેરી સીખ સમઝ યહ સયાના. તેરી૦

જ્યારે સુદર્શને આ આશયનો ઉપદેશ આપ્યો હશે તે વખતે લોકોના હૃદય ઉપર કેવો પ્રભાવ પડ્યો હશે? ત્યારે લોકોનું હૃદય કેવું ઉલ્લસિત થયું હશે? ઉપરની કવિતામાં કહેવામાં આવ્યું છે કે, 'જગતના ખેલને છોડો અને પ્રેમનાં ગાયનોમાં મત્ત થઈ ન જાઓ. તારી આ નાની ઉંમર એમાં જ એળે સમાપ્ત થઈ જશે.'

જે પ્રમાણે રાજાનો નોકર નાટક-ખેલ વગેરે જોવામાં રોકાઈ જઈ રાજાની આજ્ઞાનું પાલન કરવું ભૂલી રહ્યો હોય અને ત્યારે તેનો કોઈ સન્મિત્ર એમ કહે કે, તું અહીં ઊભો રહીને શું કરે છે? તારું કર્ત્તવ્ય કેમ બરાબર બજાવતો નથી? આ જ પ્રમાણે મહાત્મા લોકો પણ તમારા હિતૈષી થઈને તમને કહે છે કે, "હે! જગજ્જીવો! જગત્‌ના નાટક-ખેલ વગેરે જોવામાં કેમ ભાન ભૂલી રહ્યા છો!" સુદર્શન પણ એ જ કહે છે કે, "આત્માનું ઉત્થાન

કરો. તેને પતિત ન કરો. આ નાની ઉંમરને વ્યર્થ ગુમાવી ન દો. જાગ્રત થાઓ અને સમયનો સદુપયોગ કરો. કેવળ ચાલબાજીથી–ચાલાકીથી આ સંસારમાંથી મુક્ત થઈ શકાતું નથી એટલા માટે નિદ્રાનો ત્યાગ કરી જાગ્રત થાઓ."

એક પુસ્તકમાં વાંચ્યું હતું કે, કોઈ પાગલખાનામાં એકવાર આગ લાગી. તે વખતે દયાળુ લોકો પાગલખાનામાં રહેતા પાગલોને કહેવા લાગ્યા કે, બહાર નીકળો, પણ તે પાગલ લોકો કહેવા લાગ્યા કે, "તમે લોકો તો થોડીવાર જ દીવાળી ઉજવો છો પણ અમે તો સારી રીતે દીવાળી ઉજવી રહ્યા છીએ. પાગલ તો તમે છો, અમે નથી." આ પ્રમાણે કહીને તે પાગલ લોકો પ્રસન્ન થવા લાગ્યા.

આવા પાગલ લોકોને કેવી રીતે સમજાવી શકાય? આ જ પ્રમાણે જે લોકો સંસારનાં કામોમાં પાગલ થઈ રહ્યા છે તેમને પણ કેવી રીતે સમજાવવા? કેટલાક લોકો કહે છે કે, ધર્મ કે ઇશ્વરની શકિત ક્યાં છે? પણ ધર્મ કે ઇશ્વરની શકિત ન જોઈ શકવામાં દોષ કોનો છે, એ કેમ જોતા નથી? કોઈ માણસ કાન બંધ કરી વાગતાં વાજાંને માટે કહે કે વાજાં ક્યાં વાગે છે? તો આને માટે બીજો શું કહી શકે? આ જ પ્રમાણે લોકો પોતાના વિષે જોતા નથી કે પોતે શું કરે છે. ભક્ત લોકો તો પોતાની ભૂલ જોઈને જ એમ કહે છે કે:—

હે! પ્રભુ મેરો હી સબ દોષ.

ભક્તો કહે છે કે, ધર્મ કે ઇશ્વરની શક્તિ જોવામાં આવતી નથી તેમાં ધર્મ કે ઇશ્વરનો દોષ નથી પરંતુ અમારો જ દોષ છે. ભક્તોની માફક તમે પણ તમારી ક્રિયા જુઓ કે, તમે શું કરી રહ્યા છો? તમારી ક્રિયામાં તમને જે અપૂર્ણતા જણાતી હોય તેને દૂર કરવાનો પ્રયત્ન કરો. વેશ અને વચનમાં તો વૈરાગ્ય રાખવામાં આવે અને પાપને હૃદયમાં છુપાવવામાં આવે તો શું તે ઠીક કહેવાય? આ પ્રમાણે હૃદયની કુટીલતાથી ધર્મ કે પરમાત્માની શક્તિ જોઈ શકાતી નથી. સૂક્ષ્મદર્શક યંત્રને જો બરાબર ગોઠવી સીધું રાખવામાં આવે તો તો તેની દ્વારા વસ્તુ જોઈ શકાય છે પરંતુ જો તેને જરા આડું રાખવામાં આવે તો વસ્તુ જોઈ શકાતી નથી. આ જ પ્રમાણે પરમાત્માની શક્તિ પણ તેની રીતિ પ્રમાણે જોઈ શકાય છે. જ્યારે સ્થૂલ વસ્તુમાં આડુંઅવળું ચાલી શકતું નથી તો પછી સૂક્ષ્મ વસ્તુમાં તો તે ચાલી જ કેમ શકે?

સુદર્શને આ પ્રમાણે બધાને ઉપદેશ આપ્યો. લોકો કહેવા લાગ્યા કે, હવે શેઠને સરઘસના આકારમાં ઘેર લઈ જવા જોઈએ. શેઠ વિચારવા લાગ્યા કે, મેં આ લોકોને તો આ પ્રકારનો ઉપદેશ સંભળાવ્યો પણ હવે મારે પોતાએ ઘેર રહેવું જોઈએ કે જંગલમાં જવું જોઈએ. મારી અભયા માતાને જે દુઃખ થયું છે તેનું કારણ મારો ગૃહવાસ જ છે હું જ્યારે પારકે ઘેર જતો હતો ત્યારે તો કપિલા માતાને દુઃખ થયું અને જ્યારે પારકે ઘેર જવાનો ત્યાગ કર્યો અને પોતાના ઘેર રહ્યો ત્યારે અભયા માતાને કષ્ટ થયું. આ પ્રમાણે બધાં દુઃખો ગૃહવાસને કારણે જ છે. હવે તો જે ધર્મના પ્રતાપથી શૂળીનું સિંહાસન થઈ ગયું તે ધર્મની જ સેવા કરવી.

શેઠ અમરચંદ પીત્તલીયાજી કહેતા હતા કે, "માખણમાં જેટલી વધારે છાશ રહી જાય, તેટલું માખણ વધારે ખરાબ થઈ જશે, પણ છાશમાં જેટલું માખણ વધારે રહી જાય, તેટલી છાશ વધારે સારી રહેશે." આ જ પ્રમાણે સાધુની ભાવના ગૃહસ્થોમાં આવવાથી

ગૃહસ્થોને તો લાભ થશે, પણ ગૃહસ્થની ભાવના સાધુઓમાં જેટલી આવશે, એટલી જ સાધુતામાં ખરાબી આવી જશે. એટલા માટે તમે લોકોએ અમારામાં તમારી ભાવના ભરવી ન જોઈએ.

**શાહ ઘરે સબ આયે બધાયે, મોતી ચૌક પુરાય;**
**દેવ ગયે નિજ સ્થાન રાયજી, બોલે મંગલ વાય. ॥ ધન૦ ૧૧૬ ॥**
**ધર્મ મંડના પાપ ખંડના, તુમ ચરણે સુપસાય;**
**હુઈ ન હોવે ઈસિ જગ માંહિ, સબ જન સાખ પુરાય. ॥ ધન૦ ૧૧૭ ॥**

શેઠે જો કે પોતાના મનમાં ધર્મની સેવા કરવાનો નિશ્ચય કરી લીધો છતાં શેઠ વ્યવહાર-કુશળ હતા એટલે તેમણે વિચાર્યું કે, જ્યારે આ બધા લોકોની ભાવના એવી છે તો એક-વાર ઘેર જઈ રાજા-પ્રજા વગેરે બધાને સંતોષ આપવો જોઈએ. હું સતર્ક છું, એટલે મને હવે સંસાર બંધનકર્તા થઈ શકશે નહિ.

આજે એમ કહેવામાં આવે છે કે, વૈરાગીને માટે વળી ઉત્સવ શું? પણ તે વિષે શાસ્ત્ર શું કહે છે તે જુઓ. શાસ્ત્રમાં કોઈ વૈરાગીએ એમ કહ્યું નથી કે, અમારા માટે ઉત્સવ કરવામાં આવે કે અમને રાજ્ય આપવામાં આવે. આ તો તેમના માબાપે કે તેમના ધર્મ બંધુઓએ જગતને દીક્ષાનું મહત્ત્વ બતાવવા માટે કે પોતાની જવાબદારી પૂરી કરવા માટે જ વૈરાગી પાસે એક દિવસ રાજ્ય કરવાની વાત માંગી, કે દીક્ષોત્સવ કરાવ્યો, પણ તેમની માંગણીનો વૈરાગીએ ન તો નિષેધ કર્યો કે ન તેનું સમર્થન કર્યું.

આ જ પ્રમાણે શેઠ પણ તે લોકોની વાતનો નિષેધ કરી ન શક્યા. હવે આગળ શું બને છે તેનો વિચાર હવે પછી કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૩ શનિવાર

### પ્રાર્થના

**'વિશ્વસેન' નૃપ 'અચલા' પટરાનીજી, તસુ સુત કુલસિણગાર હો સુભાગી;**
**જન્મતાં શાન્તિ કરી નિજ દેશમેં, મૃગી માર નિવાર હો સુભાગી;**
**શાન્તિ જિનેશ્વર સાહબ સોલમા. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** શાન્તિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પ્રાર્થના કરનાર વ્યક્તિ પ્રાર્થનાદ્વારા શાન્તિની અભિલાષા કરે એ સ્વાભાવિક છે; કારણ કે બધા લોકો શાન્તિ ચાહે છે અને એટલા જ માટે ભગવાનને શાન્તિનાથ કહીને ભક્તો તેમની પાસેથી શાન્તિની ચાહના કરે છે. પરંતુ જોવાનું અત્રે એ છે કે, ભક્તો ભગવાન શાન્તિનાથ પાસેથી કેવી શાન્તિ ચાહે છે? એવી કઈ શાન્તિ છે કે જેને માટે ભક્તોએ તન, મન અને વચનની શુદ્ધિ કરવી પડે છે!

સંસારમાં કોઈ તો આધિદૈવિક શાન્તિ ચાહે છે, કોઈ આધિભૌતિક શાન્તિ ચાહે છે અને કોઈ આધ્યાત્મિક શાન્તિ ચાહે છે. પણ ભક્તોના હૃદયમાં શાન્તિ વિષે કોઈ જુદા જ પ્રકારની ભાવના હોય છે. તેઓ તો એમ ચાહે છે કે, 'હે ! પ્રભો ! અમને તો તારી ભક્તિરૂપી જ શાન્તિ મળે. અમે તારી ભક્તિમાં એવા તલ્લીન રહીએ કે જાણે અમે તારી ભક્તિરૂપી શાન્તિનું પાન કરતા હોઈએ.'

અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે, ભગવાનની પાસે શાન્તિની યાચના શા માટે કરવામાં આવે છે ? શું પોતાનામાં શાન્તિ નથી કે ભગવાનની પાસે શાન્તિની યાચના કરવામાં આવે છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જે પ્રમાણે કોઈ પુરુષના ઘરમાં ધન છે પણ તેને પોતાના ઘરમાં કયાં ધન પડયું છે તેની ખબર નથી એટલે તે બીજાની સહાયતા ચાહે છે. આ જ પ્રમાણે ભક્ત પણ કહે છે કે, " હે ! પ્રભો ! મારામાં શાન્તિ પ્રાપ્ત કરવાની શક્તિ તો છે, પણ તે શક્તિ એવી રીતે દબાઈ ગઈ છે કે મને તે શક્તિની પ્રાપ્તિ થવી તો દૂર રહી પરંતુ તે શક્તિનો પત્તો પણ લાગતો નથી."

કોઈ માણસની આંખમાં જાળું જામી ગયું હોય, તો એ દશામાં પ્રકાશ પોતાની પાસે હોવા છતાં જાળું જામી જવાને કારણે આંખનો પ્રકાશ આચ્છાદિત થઈ જાય છે. જ્યારે કોઈ વૈદ્ય કે હકીમ મળીને એ જાળાંને કાપી નાંખે છે અને આંખ ઉપર આવેલા આવરણને દૂર કરી નાંખે છે ત્યારે તે આંખની જ્યોતિ પાછી ઝળકે છે. આવરણ દૂર થવાથી તેને ગએલી જ્યોતિ પાછી મળતી નથી, પરંતુ જે જ્યોતિ પોતાની પાસે હતી તે જ પ્રગટ થઈ છે; છતાં તે રોગી તો એમ જ માને છે કે, એ વૈદ્ય કે હકીમે મને જ્યોતિ આપી છે. આમ માનવું એ રોગીની નમ્રતા છે. આ જ પ્રમાણે ભક્તજનો પરમાત્માને કહે છે કે, " હે ! પ્રભો ! મારા ગુણો ઉપર આવરણ આવી રહ્યું છે. એ આવરણ આપ જેવા વૈદ્યની કૃપા વિના દૂર થઈ શકે એમ નથી. એટલા માટે આપ મારા ગુણો ઉપર આવેલાં આવરણોને દૂર કરો. વૈદ્યદ્વારા જેમની આંખોનું આવરણ દૂર થયું છે, તે વ્યક્તિ તો આંખોનું આવરણ દૂર થવાથી વિકારી ચીજ પણ જોઈ શકે છે; પરંતુ હે ! પ્રભો ! આપ મને એવી શાન્તિ આપો કે જેથી હું વિકારી ચીજને ન જોઉં પણ અવિકારી ચીજને જ જોઉં.

## અનાથી મુનિનો અધિકાર-૫૧

અનાથી મુનિ રાજા શ્રેણિકને પણ આ જ વાત કહી રહ્યા છે. તેઓ કહે છે કે, મનુષ્ય પહેલાં તો અનાથતામાં રખડે છે પણ સુયોગથી જ્યારે તે અનાથતામાંથી નીકળવા માટે સાધુ બને છે ત્યારે કોઈ કોઈ એમાંથી એવા કાયર પણ હોય છે કે જેઓ પાછા અનાથતામાં પડી જાય છે. આત્મતત્ત્વને આત્મામાં સ્થિર રાખવું બહુ જ મુશ્કેલ છે. જો કોઈ આત્મા આત્મતત્ત્વને સ્થિર રાખે તો તે ઘણો જ લાભ પ્રાપ્ત કરી શકે છે.

આજે વિકારી લોકોને જોઈ, બધાને વિકારી સમજવામાં આવે છે. થોડા સાધુઓને સાધુતાથી પતિત થએલા જોઈ બધા સાધુઓની નિંદા કરવામાં આવે છે, પણ આમ કરવું એ ભૂલ છે. યુનીવર્સીટીની પરીક્ષા દેનારાઓમાંથી શું કોઈ નાપાસ થતા નથી ? ઘણા વિદ્યાર્થીઓ નાપાસ પણ થાય છે પણ શું એ કારણે યુનીવર્સીટી બંધ કરી દેવામાં આવે છે ? નહિ, કારણ કે, જે ભણે છે તે ભૂલે પણ છે. આ જ પ્રમાણે સાધુતા પણ ભગવાન અર્હન્તની

એક યુનીવર્સીટી છે. આ શાળામાં ભણનારાઓમાંથી કોઈ ભૂલે પણ છે અને નાપાસ પણ થાય છે પણ શાસ્ત્રો એ ભૂલેલા–નાપાસ થએલાઓને સારા સમજતા નથી; પરંતુ તેમની નિંદા કરે છે. આવી દશામાં એ નાપાસ થએલાઓને કારણે સાધુતાની શાળાની જ નિંદા કરવી કે એ શાળામાં ભણનાર બધા લોકોને ખરાબ કહેવા એ ઠીક કેમ કહી શકાય ? જો કે ભણનાર ભૂલે પણ છે છતાં સાધુઓએ એ તરફ વિશેષ સાવધાની રાખવી જોઈએ. એ તો વ્યવહારની વાત છે, એમાં શું પડયું છે એમ કહેનારાઓએ વિચારવું જોઈએ કે, આપણે હજી વ્યવહારમાં જ છીએ, વીતરાગ થયા નથી. ભગવાન પણ વ્યવહારદ્વારા જ નિશ્ચયમાં ગયા હતા. એટલા માટે વ્યવહારની અવહેલના કરવી ન જોઈએ. વ્યવહારનું પાલન કરી નિશ્ચયમાં જવું એ જ અનાથમાંથી સનાથ બનવા જેવું છે.

અભ્યાસ કરનાર વિદ્યાર્થી ભૂલી જાય એ તો ઠીક છે પરંતુ જો શિક્ષક જ ભૂલી જાય તો તો ગજબ જ થઈ જાય ને ? રોગી તો ભીંત ભૂલે છે પણ ડૉકટરોએ તો ભીંત ભૂલવી ન જોઈએ. આ જ પ્રમાણે બીજાઓ ભૂલે તો ભૂલે પણ જેઓએ સાધુ થઈને મહાપુરુષોની નામાવલીમાં પોતાનું નામ નોંધાવ્યું છે તેમણે તો ભૂલવું ન જોઈએ. તેમણે તો ઘણી જ સાવધાની રાખવી જોઈએ, અને સાવધાની રાખવા છતાં કદાચ પોતાનાથી ભૂલ થઈ જાય તો એ ભૂલને ભૂલ માની તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અનાથી મુનિ કહે છે કે, " હે ! રાજન્ ! જે લોકો સાધુ થઈને પાછા અનાથતામાં પડી જાય છે તે લોકો વીરના માર્ગે ચાલનારા નથી. " અનાથી મુનિએ આમ શા માટે કહ્યું ? કેટલાક લોકો તો કહે છે કે, સાધુનો આચાર ગૃહસ્થને ન કહેવો. ગૃહસ્થની સામે સાધુના આચારને કહેવાની શી જરૂર છે ? પણ તમે સાધારણ ગૃહસ્થ નથી પણ શ્રમણોપાસક છો. એટલા માટે તમારે તમારા ઉપાસ્યનું લક્ષણ સમજવું જોઈએ. અનાથી મુનિ રાજાને સંબોધન કરી સમસ્ત સંસારને સમજાવી રહ્યા છે કે, સાધુઓએ ધીર–વીર પુરુષનો માર્ગ દૃષ્ટિ સમક્ષ રાખવો જોઈએ. એમ થવું ન જોઈએ કે, નામ તો ત્યાગીઓમાં લખાવે અને કામ ત્યાગીઓનું ન કરે. જે આમ કરે છે તે ધીર–વીર પુરુષના માર્ગે ચાલનાર નથી પરંતુ કાયરના માર્ગે ચાલનાર છે.

કાયરના માર્ગે ચાલનાર કોણ છે ! એને માટે અનાથી મુનિ કહે છે કે, જે સાધુ થઈને ઈર્યાસમિતિનું ધ્યાન રાખતો નથી તે. ઈર્યાસમિતિપૂર્વક ચાલવાથી જ સાધુઓ ધીર–વીર પુરુષોના માર્ગે ચાલી શકે છે. ભગવાન તીર્થંકર અને ગણધર મહારાજ જે માર્ગે ચાલ્યા છે તે રાજમાર્ગ છે. જેઓ તેમની માફક ચાલે છે તેઓ તો તેમના માર્ગે ચાલનાર છે, નહિં તો તેઓ તેમના માર્ગે ચાલનાર નથી પણ સંસારના માર્ગે ચાલનાર છે. તમારે એટલું ધ્યાન રાખવું જોઈએ કે " અમારા ગુરુ ઈર્યાસમિતિનું ધ્યાન રાખનારા હોય છે અને જો ઈર્યાસમિતિનું ધ્યાન ન રાખવા છતાં અમે તેમને માનીએ તો તેમને ભ્રષ્ટ કરનારા અમે જ છીએ. "

સાધુઓએ દ્રવ્ય અને ભાવથી ઈર્યાસમિતિનું ધ્યાન રાખવું જોઈએ. દ્રવ્ય ઈર્યા જોઈને તો માર્ગ ઉપર ચાલવું અને ભાવ ઈર્યા જોઈને જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં ગમન કરવું. આ વીર કે ધીરનો માર્ગ છે. જે ઈર્યાસમિતિપૂર્વક ચાલતો નથી તે ધીર–વીરના માર્ગે ચાલનાર નથી.

બીજી ભાષાસમિતિ છે. ભાષાસમિતિની શિક્ષા પામી તેની પરીક્ષા આપવી જોઈએ. તમારી સમક્ષ બોલવું એ ભાષાસમિતિની પરીક્ષા આપવા સમાન છે.

આ જ પ્રમાણે ત્રીજી એષણાસમિતિનું અને ચોથી ભંડોપકરણસમિતિનું પણ સાધુઓએ ધ્યાન રાખવું જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ. તેમ જ ભંડોપકરણોને મૂકવા તથા લેવામાં સાવધાની રાખવી જોઈએ. પહેલાં તો સાધુ ધર્મોપકરણોની સિવાય બીજી વસ્તુઓને પોતાની પાસે રાખે જ નહિ પણ જે ધર્મોપકરણો છે તેને પણ મૂકવા તથા લેવામાં ધ્યાન રાખે.

પાંચમી ઉચ્ચારપ્રસ્રવણસમિતિનું પાલન કરવામાં પણ સાધુઓએ સાવધાની રાખવી જોઈએ. મલ–મૂત્રાદિને એવી રીતે પરઠવું જોઈએ કે જેથી લોકો જુગુપ્સા ન કરે. જે આહાર કરે છે તેને નિહાર તો કરવો જ પડે છે પણ નિહાર કેવી રીતે કરવો, ક્યાં કરવો વગેરેનો ખ્યાલ રાખવો જોઈએ.

હું જંગલ જતાં–આવતાં મ્યુનિસીપાલિટીની કચરાની ગાડીઓ જે સામે આવે છે તે જોઉં છું. એ ગાડીઓમાંથી દુર્ગંધ નીકળે છે પણ જરા વિચાર કરો કે, એ દુર્ગંધ એમાં ક્યાંથી આવી ? એ દુર્ગંધ તમારે ત્યાંથી જ આવી છે ને ? તમે લોકોએ ઘેર જે ગંદકી કરી તે જ ગંદકી આ ગાડીમાં આવી. તમે લોકો ગંદકીને સાફ કરનાર લોકોની નિંદા કરો છો, તેમને ઘૃણાની દૃષ્ટિએ જુઓ છો, તેમને હલકા માનો છો અને પોતાને મોટા માનો છો પણ અત્રે વિચારવા જેવી વાત એ છે કે, જે ગંદકીને ફેલાવે છે તે લોકો મોટા અને જે ગંદકીને સાફ કરે છે એ લોકો હલકા એ કેમ બને ?

સાધુઓ માટે શાસ્ત્રમાં સાવધાની આપવામાં આવી છે કે, ' તમે જંગલ જાઓ ત્યારે તમારે કેવી જગ્યા જોવી જોઈએ ? જે ગામમાં તમારે ચોમાસું કરવું છે ત્યાં જંગલ જવાની જગ્યા પહેલાં જોઈ લો અને જો તમને જગ્યા સારી જણાતી ન હોય તો ત્યાં સમિતિનું પાલન થઈ ન શકવાને કારણે ચાતુર્માસ કરવાનો નકાર ભણી દો. આ પ્રમાણે સમિતિની રક્ષા માટે બીજા ગ્રામમાં ચાતુર્માસ કરનાર સાધુ આરાધક છે, પરંતુ શહેરમાં એવી જ ધમાલ ચાલે છે, આ પ્રમાણે કહી જંગલ જવાની ધમાલમાં પડી જાય અને સમિતિના પાલનમાં ઉપેક્ષા કરે તો તે વિરાધક છે.

સાધુઓએ આ પાંચમી સમિતિના પાલન માટે ઘણું ધ્યાન રાખવું જોઈએ. એમ થવું ન જોઈએ કે, સમિતિનું પાલન તો ગ્રામોમાં સાધુ રહીને કરી શકે છે પણ શહેરમાં રહેનારા સાધુઓ સમિતિનું પાલન કેવી રીતે કરી શકે ? એ તો ગ્રામોમાં રહેનારા સાધુઓનો આચાર છે. શહેરમાં રહેનારા સાધુઓનો એવો આચાર હોઈ શકે નહિ. જો આમ કહેવામાં આવે તો તેનો અર્થ એ થયો કે ગ્રામના સાધુઓ માટે જુદું શાસ્ત્ર હોવું જોઈએ અને નગરના સાધુઓ માટે જુદું શાસ્ત્ર હોવું જોઈએ. અથવા કોઈ એમ કહે કે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરે જોવું જોઈએ; તો આનો અર્થ એ થયો કે, મહાવ્રતનું પાલન પણ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળને જોઈ કરવું જોઈએ. પણ જેઓ આ પ્રકારની છટકવાની બારી જુએ છે તેઓ શાસ્ત્રના માર્ગ ઉપર ચાલનાર નથી અને જે શાસ્ત્રાનુસાર ચાલતા નથી તે ધીર–વીર પુરુષના માર્ગે ચાલનાર નથી. વીર પુરુષના માર્ગે ચાલનાર તો તે છે કે, જે શાસ્ત્રાનુસાર ચાલે છે. કોઈ એમ કહે કે, શાસ્ત્રો તો હજારો વર્ષ પહેલાંના છે અને આ પ્રમાણે કહીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો આશ્રય લઈ શાસ્ત્ર–વિરુદ્ધ વ્યવહાર કરે, તો તે વીરના માર્ગે ચાલનાર નથી. શાસ્ત્રો તો ત્રિકાલજ્ઞદ્વારા કથિત છે. એટલા માટે તેમને આજકાલનું જ્ઞાન ન હતું એમ કહી

શકાય નહિ. આમ છતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેનો આશ્રય લઈ જો કોઈ શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તો તે '**यतो भ्रष्टस्ततो भ्रष्टः**' એ કથનાનુસાર તે પતિત થઈ જાય છે.

શહેરોની રચનાથી કોઈ પ્રકારનો લાભ થયો નથી પણ ઊલટી હાનિ થઈ છે. આજે યુરોપના લોકો પણ એમ માનવા લાગ્યા છે કે, ઘણા લોકો એક જગ્યાએ એકત્રિત થઈને રહે એમાં ઘણી હાનિ રહેલી છે. જો શરીરમાં લોહી યથાસ્થાને ન રહેતાં એક જગ્યાએ એકત્રિત થઈ જાય તો શરીરમાં વ્યાધિ પેદા થઈ જાય છે. આ જ પ્રમાણે ગ્રામો તૂટી જઈ નગરો વસવા લાગ્યાં છે અને તેથી હાનિ પેદા થવા પામી છે. અત્રે વિચારવા જેવી એક વાત છે કે, શહેરના લોકો ગ્રામો ઉપર જીવે છે કે ગામોના લોકો શહેર ઉપર જીવે છે ? દૂધ, ઘી, અન્ન વગેરે ક્યાંથી આવે છે ! જો ગામ ન હોય તો શું શહેરોમાં દૂધ, ઘી વગેરે ચીજો જોઈતા પ્રમાણમાં મળી શકે ખરી ? શહેરોમાં રમકડાંઓ તો ભલે મળી જાય પણ જીવનની આવશ્યક વસ્તુઓ તો ગ્રામોમાંથી જ મળી શકે છે. શહેરોમાં તો ઘી–દૂધની નકલી ચીજો મળી જાય. જેમકે ચરબીનું ઘી ક્યાં મળે છે ? નગરોમાં કે ગ્રામોમાં ? નગરનાં લોકો તો પ્રાયઃ એવી ચીજો પેદા કરે છે કે જે ચીજો જીવનમાં વધારે સંકટ પેદા કરે છે, પણ જીવનને ટકાવવાની ચીજો તો ગ્રામોમાં જ પેદા થાય છે. અન્ન, વસ્ત્ર વગેરે જીવનને માટે આવશ્યક પદાર્થો તો ગ્રામોમાં જ પેદા થાય છે. અને એટલા માટે નગરના લોકોએ ગ્રામોનો ઉપકાર માનવો જોઈએ.

જે લોકો સાધુ થઈને અને સનાથતાના માર્ગે ચઢીને પણ 'આ તો શહેર છે' એ પ્રમાણે કહી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેનો આશ્રય લઈ પાછા અનાથતાની તરફ જાય છે તેમને માટે મહાત્મા લોકો ઠપકો આપતાં કહે છે કેઃ—

**चिरंपि से मुण्डरुई भवित्ता, अथिरव्वए तवनियमेहिं भट्टे ।**
**चिरंपि अप्पाण किलेसइत्ता, न पारए होइ हु संपराए ॥४१॥**

અનાથી મુનિ કહે છે કે, "હે ! રાજન્ ! જે માથું મુંડાવે છે અને કષ્ટો સહન કરે છે, પણ સમિતિનું પાલન કરતો નથી અને વ્રતોમાં અસ્થિર થઈ તપનિયમોનું પાલન કરતો નથી, તે કષ્ટોને સહન કરવા છતાં પણ પારને પામતો નથી. અર્થાત્ સનાથ બની શકતો નથી."

અત્રે એક પ્રશ્ન થાય છે કે, જ્યારે તે વ્રત તથા તપ–નિયમોમાં અસ્થિર રહે છે તો પછી તે માથું શા માટે મુંડાવે છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, તે વ્યક્તિ વ્રત–નિયમાદિનું પાલન ન કરીને પણ જગતના લોકોને પોતાની આગળ નમાવવા માટે અને પોતાની મહિમા વધારવા માટે માથું મુંડાવે છે. એ તેની એક પ્રકારની ચાલબાજી છે. આજે એવું જોવામાં આવે છે કે, ચાલબાજી કરનાર દુકાનદાર પોતાની દુકાનનો ભપકો વધારે રાખે છે. પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ કહ્યા કરતા હતા કે, લોકોને ઠગનાર લોકો "રોટી ખાના શક્કરસે, દુનિયા ઠગના મક્કરસે" એ કહેવત અનુસાર ભપકાથી જનસમાજને ઠગે છે. આ જ પ્રમાણે કેટલાક લોકો પોતાનો મહિમા વધારવા માટે માથું મુંડાવે છે અને લોકોને ઠગે છે. આવા લોકો તપ–નિયમોની પણ અવહેલના કરે છે અને કહે છે કે, ઉપવાસ કરવો એ ભૂખે મરવા

જેવું છે, એટલા માટે ઉપવાસ કરવામાં શું પડયું છે? આજ પ્રમાણે વ્રત-નિયમોને માટે પણ એમ કહે છે કે વ્રત-નિયમોમાં શું પડયું છે? પણ જો તપ-નિયમમાં કાંઈ નથી તો તેઓમાં શું પડયું છે? આ પ્રમાણે તેઓ તપ-નિયમોમાં કષ્ટ સહેવાનું હોવાને કારણે તેને વ્યર્થ માને છે, પણ પોતાનો મહિમા વધારવા માટે માથું મુંડાવે છે અને સાધુવેશ ધારણ કરે છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કેઃ—

**सुहसायगस्स समणस्स सायाउलगस्स निगामसाइस्स।**
**उच्छोलणापहोअस्स दुलहा सुगई तारिसगस्स॥**

ભગવાને કહ્યું છે કે, હે! શિષ્યો! જે નામ તો સાધુનું ધારણ કરે છે, માથું મુંડાવે છે અને આ સાધુવેશદ્વારા ખાનપાન સારું મળશે એમ ધારી સાધુવેશ ધારણ કરે છે તેવા સાધુઓને માટે સુગતિ દુર્લભ છે. કોઈ એમ કહે કે, **सव्वे जीवा परमाहम्मिया।** અર્થાત્—સંસારના બધાં જીવો સુખશાતા ચાહે છે તો પછી જો સાધુ સુખશાતાની ઇચ્છા કરે તો તેમની ટીકા શા માટે કરવામાં આવે? આ પ્રશ્નના ઉત્તરમાં શાસ્ત્ર કહે છે કે, જો તે સાધુ સંયમનું બરાબર પાલન કરે તો તેને અપૂર્વ સુખશાતાની પ્રાપ્તિ થશે. શાસ્ત્રમાં કહ્યું છે કે, એક મહિનાનો દીક્ષિત સાધુ, વ્યન્તર દેવતાનું સુખ ઉલ્લંઘી જાય છે અને એક વર્ષનો દીક્ષિત તથા સંયમનું પાલન કરનાર સાધુ સર્વાર્થસિદ્ધ વિમાનનું સુખ ઉલ્લંઘી જાય છે. આમ હોવા છતાં પણ જે સાધુ એ સુખને ભૂલી જાય છે અને સંસારની સુખશાતામાં પડી જાય છે તે પોતાની જ હાનિ કરે છે.

કોઈ ડૉક્ટરે દર્દીને દવા આપી કહ્યું કે, અમુક દિવસ સુધી આ દવાનું સેવન કરવું, અને અમુક અમુક ચીજોની ચરી પાળવી. જો ડૉક્ટરની સલાહાનુસાર દર્દી નિયમિત દવાનું સેવન કરે અને ખાનપાનની ચરી પાળે તો તેનો રોગ પણ ચાલ્યો જાય છે અને તે સ્વસ્થ થઈ બધી ચીજો ખાવાને યોગ્ય બની જાય છે. પણ જો તે દર્દી દવાનું બરાબર સેવન ન કરે અને ખાનપાનની ચરી ન પાળે તો ડૉક્ટર તેને માટે શું કહેશે? તે એમ જ કહેશે કે, આ રોગીએ મારી દવાની અવહેલના કરી. આ જ પ્રમાણે મહાત્મા લોકો કહે છે કે, "હે! મુનિઓ! તમે સંયમનું બરાબર સેવન કરો અને કષ્ટોને સહો તો તમને સારું સુખ મળશે, પણ જો સંયમનું બરાબર પાલન નહિ કરો તો ડૉક્ટરની દવાની માફક સંયમને પણ વ્યર્થ ગુમાવવા જેવું થશે. આ જ કારણે મહાત્માઓ કહે છે કે, "જે સુખશાતાનો ગવેષી છે અર્થાત્ સુખશીલ બનીને જે હાથ પગ ધોવામાં મશગૂલ રહે છે અને સંયમનું પાલન કરતો નથી તે ધર્મરૂપી દવાને વ્યર્થ ગુમાવે છે. હે! સાધુઓ! તમને કોઈએ જબરજસ્તીથી સાધુ બનાવ્યા નથી. ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈને તમે સાધુપણું ધારણ કર્યું છે માટે સાધુતાનું બરાબર પાલન કરી તમારું અને જગતનું કલ્યાણ કરો. સંયમના પાલનમાં જ તમારું અને જગતનું કલ્યાણ રહેલું છે."

## સુદર્શન ચરિત્ર—૫૧

રાજા વગેરે બધાએ સુદર્શનને એમ કહ્યું કે, આપ ઘેર પધારો. સુદર્શન સિંહાસન ઉપરથી નીચે ઊતરવા લાગ્યા. પણ જનતા સુદર્શનને કહેવા લાગી કે, આપ સિંહાસન ઉપર

જ બેસી રહો. આપ સિંહાસન ઉપર બેસવાને યોગ્ય છો, તથા શીલનું મહત્ત્વ બતાવવા માટે પણ આપ સિંહાસન ઉપર બેસી રહો એવી અમારી પ્રાર્થના છે. જનતાની પ્રાર્થનાનો સ્વીકાર કરી સુદર્શન સિંહાસન ઉપર બેસી રહ્યા. રાજા–પ્રજા વગેરે સુદર્શનના સિંહાસનની પાછળ પગપાળા ચાલવા લાગ્યા. આ દૃશ્ય જોઈને ઘણા લોકોની ભાવના બદલી ગઈ હશે. આત્મા અજ્ઞાનતાથી પાપ તો કરી બેસે છે, પણ કોઈ મહાપુરુષના સમાગમથી પોતાનાં બંધનોને તડાતડ તોડી નાંખે છે. જે સુદર્શનની મહિમા દેવોએ પણ ગાઈ છે તે સુદર્શનના સરઘસને જોવા કોણ આવ્યું નહિ હોય ? થોડો ઢમ ઢમ અવાજ સાંભળીને પણ સ્ત્રીઓ રસોઈ બનાવવી છોડી દઈને જોવા દોડે છે તો શું સુદર્શનની આવી મહિમા–ઋદ્ધિ જોવા સ્ત્રીઓ દોડી આવી નહિ હોય ? ઉતાવળને લઈ સ્ત્રીઓ જેવો તેવો શૃંગાર કરી સુદર્શનને જોવા દોડી આવી. જ્યારે કોઈ તેમનો શૃંગાર જોઈ હસવા લાગતું ત્યારે તે સ્ત્રીઓ એમજ વિચારતી કે આજે હસવાનો–ખુશી થવાનો જ દિવસ છે, માટે જ બધા લોકો આજે હસે છે.

આ પ્રમાણે બધાને પ્રસન્ન કરતું સુદર્શન અને મનોરમાનું સરઘસ તેના ઘરની નજીક આવ્યું. મનોરમા વિચારવા લાગી કે, આ બધા લોકો મારે ત્યાં આવે છે એટલા માટે આ બધા લોકો મારા મહેમાન છે. અને તે કારણે મારે તેમનો આદરસત્કાર કરવો જોઈએ. વાસ્તવમાં ગૃહ ગૃહિણીનું જ હોય છે.

ગૃહ ગૃહિણીનું હોય છે કે પત્થરનું હોય છે ? જે અતિથિઓનો સત્કાર કરે, પતિની ઇચ્છાને પાર પાડે અને બધાને પ્રસન્ન રાખે તે જ ગૃહિણી છે. જે ઘરમાં કર્કશા–કજીયાળી સ્ત્રી હોય છે તે ઘર શોભતું નથી. સારી સ્ત્રી, પોતાના પતિની ભાવનામાં વિકાર પેદા કરનારનું મોઢું પણ જોવા ચાહતી નથી. પરંતુ જે પતિની ભાવનાને ઉજ્જવલ રાખે, પતિને પ્રસન્ન રાખે અને પતિગૃહને શોભાવે એવી સ્ત્રી મોટા ભાગ્યથી જ મળે છે.

રાજા તથા નગરજનોનો આદરસત્કાર કરવાના વિચારથી પોતાનું ઘર નજીક આવેલ જાણી મનોરમા સિંહાસન ઉપરથી નીચે ઊતરી પડી અને આગળથી પોતાને ઘેર જઈ બધું વ્યવસ્થિત કરી રાજાનો તથા બધા નગરજનોનો સત્કાર કરવાની તૈયારી કરવા લાગી અને આ શુભ પ્રસંગને લઈને પોતાના ઘરના ચોકમાં મોતીઓ પુરવા લાગી. હવે સરઘસ કેવી રીતે તેને ઘેર આવે છે અને રાજા સુદર્શનને શું કહે છે, અને સુદર્શન રાજા પાસેથી શું માગે છે તેનો વિચાર આગળ કરવામાં આવશે.

આજે મોરબીના નગરશેઠે મોરબી પધારવાની તથા પોરબંદરના નગરશેઠે પોરબંદર પધારવાની પૂજ્યશ્રીને વિનંતી કરી. તથા રાવસાહેબ શેઠ લક્ષ્મણદાસજી જલગાંવવાળાએ પણ લિખિત વિનંતી કરી કે પૂજ્યશ્રી જલગાંવ પધારી સૂત્રોનો ઉદ્ધાર કરે. આ કાર્યમાં જેટલો ખર્ચ થશે તે હું માથે ઉપાડીશ, અને તે કાર્યને અંગે જેટલી પુંજી રોકવી પડશે તે વગર વ્યાજે રોકીશ તથા સૂત્રોના વેચાણ બાદ જે હાનિ થશે તે હાનિ હું સહી લઈશ અને જો કાંઈ લાભ થશે તો તે લાભ રતલામ મંડળને આપી દઈશ. આ વિનંતી પત્ર નીચે મુજબનો હતો.

# વિનંતિ પત્ર

પરમ પૂજ્ય, અનેક ગુણાલંકૃત, શાસ્ત્રવિશારદ, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિના ધારણહાર, મહાવ્રતોનાં પાલનહાર તથા પ્રાણિમાત્ર ઉપર કરુણાદષ્ટિ રાખનાર શ્રીમદ્ જૈનાચાર્ય પૂજ્યશ્રી ૧૦૦૮ શ્રી જવાહિરલાલજી મહારાજશ્રીની પવિત્ર સેવામાં !

જલગાંવનિવાસી દાસાનુદાસ લક્ષ્મણદાસ ગંભીરમલના તિક્ખુત્તાના પાઠ સાથે ૧૦૦૮ વાર વંદન-નમસ્કાર સ્વીકાર હો. આજે આ દાસ આપની સેવામાં પોતાના હૃદયની ઘણા દિવસોની અભિલાષાને પ્રાર્થનાના રૂપમાં પ્રગટ કરી રહ્યો છે. આ પ્રયત્નમાં ધૃષ્ટતા અને ઉદ્દંડતાનો પણ સંભવ છે પરંતુ જે પ્રમાણે પુત્ર પોતાના શ્રદ્ધાભાજન પિતાની સામે કાંઈ કહેવાની ધૃષ્ટતા કે ઉદ્દંડતા કરે છે. મારી ધૃષ્ટતા અને ઉદ્દંડતા પણ તેવા જ પ્રકારની છે, એટલાં માટે તે સર્વથા ક્ષમ્ય છે.

મહાનુભાવ !

આ દાસને સ્વર્ગીય પૂજ્યશ્રી ૧૦૦૮ શ્રી શ્રીલાલજી મહારાજશ્રીની સેવા કરવાનો સુયોગ પણ પ્રાપ્ત થયો છે, કે જેમને માટે જૈન સંસાર ચિરઋણી છે. આચાર્યશ્રીના ગુણોથી, તેમની પ્રતિભાથી અને તેમની શાસ્ત્રકુશલતાથી બધા લોકો પ્રાયઃ પરિચિત છે. કાઠિયાવાડનિવાસી મારા શ્રાવક ભાઈઓ પણ તેમની સેવાનો લાભ લઈ ચૂક્યા છે એટલે મને વિશ્વાસ છે કે તેઓ પણ મારા આ કથનનું સમર્થન કરશે. એવા મહાન્ આચાર્યશ્રીની સેવા કરવાનું સૌભાગ્ય આ સેવકને પણ પ્રાપ્ત થયું છે અને આચાર્યશ્રીની પણ મારા ઉપર પૂર્ણ કૃપાદષ્ટિ રહી છે; પણ દુર્ભાગ્યવશાત્ મારી એ અભિલાષા કે જેને આપની સમક્ષ નિવેદન કરવા ચાહું છું તે અપૂર્ણ જ રહી. આચાર્યશ્રીએ આપને જ્યારે યુવાચાર્યપદ આપ્યું અને તેઓ સામ્પ્રદાયિક કાર્યથી આંશિક મુક્ત થયા ત્યારે મારી એવી ભાવના હતી કે, હવે થોડા જ સમયમાં આચાર્યશ્રીને અનુનય-વિનય કરી જલગાઁવમાં લઈ જઈશ અને આચાર્યશ્રીની વૃદ્ધાવસ્થાના અન્ત સુધી આચાર્યશ્રીની સેવાનો લાભ લઈશ. હું મારી આ ભાવનાને પ્રગટ પણ કરી શક્યો ન હતો એટલામાં તો આચાર્યશ્રી અસમયમાં જ સ્વર્ગ પધાર્યા. જે મહાપુરુષની આવશ્યકતા આ ભૂતલ ઉપર રહે છે તેમને જ સ્વર્ગીય લોકો પણ પોતાની પાસે રાખવા ચાહે છે. આ જ કારણે કાલધર્મ પામીને આચાર્યશ્રીને સ્વર્ગમાં પધારવું પડયું.

આચાર્યશ્રીના સ્વર્ગગમન બાદ આપ આ સમ્પ્રદાયના આચાર્ય થયા. જો કે આપે જલગાઁવમાં ચાતુર્માસ કરી આ સેવક ઉપર કૃપા કરી છે, પણ આ દાસની એ ભાવના તો અપૂર્ણ જ રહી છે કે જે ભાવના સ્વર્ગીય આચાર્યશ્રીના સમયથી હૃદયમાં ઉછળી રહી છે. સદ્‌ભાગ્યે હવે એવો અવસર આવ્યો છે કે જ્યારે મારી તે ભાવના પૂર્ણ થાય.

આપશ્રીનું શરીર હવે વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થયું છે. આપશ્રીએ સમ્પ્રદાયનો સમસ્ત કાર્યભાર પણ વિદ્વાન્ અને સુયોગ્ય યુવાચાર્યશ્રી ૧૦૦૭ શ્રી ગણેશીલાલજી મહારાજશ્રીને સોંપી દીધો છે. સામ્પ્રદાયિક કાર્યથી પણ હવે આપ ઘણાખરા નિવૃત્ત થઈ ગયા છો અને આપનું વૃદ્ધત્વ પણ હવે પહેલાંની માફક ઉગ્ર વિહાર કરવા માટે રોકે છે. આપશ્રીનું શરીર હવે કોઈ એક સ્થાને રહી શાન્તિ ચાહે છે. એટલા માટે હું આપને નિવેદન કરૂં છું કે, આપ જલગાંવ પધારી સદાને માટે ત્યાં જ બિરાજો.

જલગાંવમાં આપના બિરાજવાથી દર્શનાર્થી મારા શ્રાવક ભાઈઓને પણ દરેક પ્રકારે સગવડતા રહેશે. જલગાંવ ભારતના મધ્યમાં છે. એટલા માટે પંજાબ, મદ્રાસ, કલકત્તા તથા સિંધના લોકોને સમાન દૂર પડશે.

જલગાંવનું નામ જ જલગામ છે એટલા માટે ત્યાં ગરમી પણ નથી. શરીરને શાન્તિ મળે એ દૃષ્ટિએ પણ જલગાંવ ઉપયુક્ત સ્થાન છે.

જ્યારે આપ જલગાંવમાં બિરાજશો ત્યારે સામ્પ્રદાયિકતાને કારણે પેદા થતું દૂષિત વાતાવરણ પણ આપથી દૂર રહેશે. જેથી આપનું સ્વાસ્થ્ય પણ સારૂં રહેશે. અને જ્યારે સામ્પ્રદાયિક કાર્યથી

આપ નિવૃત્ત થયા છો ત્યારે દૂર રહેવાથી જ આપ તેના ભારથી બચી શકો; અન્યથા એક રીતે નહિ તો બીજી રીતે આપ તે ભારથી બચી ન શકો.

અન્તમાં મારૂં આપને એ જ નિવેદન છે કે, હવે આપ પણ વૃદ્ધ થયા છો અને હું પણ વૃદ્ધ થયો છું. એટલા માટે આપ જલગાંવમાં બિરાજીને મને તથા દક્ષિણનિવાસી ભાઈઓને આપની સેવાનો લાભ આપવાની કૃપા કરો. આપની દ્વારા ઉત્તર ભારતનો ઘણો ઉપકાર થએલ છે. હવે દક્ષિણ ભારતને પણ પાવન કરો.

મારી એક બીજી પણ પ્રાર્થના છે. આપે અત્યારસુધી જે શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કર્યું છે તથા ગ્રન્થાન્વેષણ, ભ્રમણ, વાદવિવાદ તથા વિદ્વાણુદ્ધિદ્વારા જે અનુભવ પ્રાપ્ત કર્યો છે તેનો લાભ કોઇ ઉચ્ચ સાહિત્યના નિર્માણદ્વારા જનતાને પણ આપો અને એ પ્રમાણે જૈનશાસ્ત્રોના ઉદ્ધારની સાથે જ જનતાનો ઉપકાર કરો. જો આપ જલગાંવ પધારી શાસ્ત્રોદ્ધારની મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો તો હું આ કાર્યમાં દ્રવ્યનો સદ્દુપયોગ કરવાને પણ તૈયાર છું.

બત્રીસ સૂત્રના અનુવાદ તથા પ્રકાશન વગેરેમાં જેટલા રૂપિયા લગાવવા પડશે તેટલા હું લગાવીશ. આ કાર્યમાં લાગેલા રૂપિયાઓનું કાંઈ વ્યાજ ન લેતાં, પ્રકાશિત સાહિત્યના વિક્રયદ્વારા જે આવક થશે તે બાદ કરીને જો હાનિ થશે તો હું તેને સહન કરીશ અને જો બચત રહેશે તો તે હું શ્રી હિતેચ્છુ શ્રાવક મંડલ-રતલામને ભેટ કરી દઇશ. અર્થાત્ આ કાર્યમાં જેટલી પૂંજી રોકવી પડશે તે વ્યાજ લીધા વિના જ રોકીશ અને જો હાનિ થશે તો હું સહન કરીશ અને જો લાભ થશે તો તે મંડલને આપી દઈશ.

અન્તમાં હું આપને એ જ પ્રાર્થના કરૂં છું કે, મારી આંતરિક ભાવનાને પૂર્ણ કરવા માટે અને જૈન જનતાના કલ્યાણને દૃષ્ટિમાં રાખી આપ જલગાંવમાં સ્થાનીયરૂપે બિરાજવાની કૃપા કરો. ઇતિ શુભમ્.

| | |
|---|---|
| રાજકોટ<br>( કાઠિયાવાડ )<br>આસો વદી ૩<br>સંવત્ ૧૯૯૩ | શ્રીમાનના મુખકમલદ્વારા આ પ્રાર્થનાની<br>સ્વીકૃતિ સાંભળવાને ઉત્સુક<br>સેવક<br>**લછમણદાસ ગંભીરમલ** |

આ પ્રમાણે ત્રણ વિનંતીઓ થઈ, જેનો ઉત્તર પૂજ્યશ્રીએ બીજે દિવસે નીચે પ્રમાણે ફરમાવ્યો હતો.

મારી પાસે મોરબી, પોરબંદર અને જામનગરની વિનંતીઓ આવી છે. આ વિનંતીઓમાં જોરદાર વિનંતી શેઠ લક્ષ્મણદાસજી જલગાંવની છે. તે વિનંતી વિવેકભરી છે કે, 'તમે કાઠિયાવાડ છોડીને પધારો ત્યારે જલગાંવ પધારી ત્યાં જ બિરાજો અને સૂત્રોનો ઉદ્ધાર કરો.' તેની પ્રાર્થનાની શક્તિ એવી છે કે, તે જેને ચાહે તેને પોતાની તરફ ખેંચી શકે છે. ધનવાન તો ઘણા લોકો હશે પરંતુ ધનનો સદુપયોગ કરવાની ઉદારતા રાખનાર બહુ ઓછા લોકો હશે. શેઠજીએ શાસ્ત્રના કામ માટે જે ઉદારતા બતાવી છે તે કામ ભલે ગમે ત્યારે થાય અને હું મારા પોતાને માટે કહું છું કે શાસ્ત્રોદ્ધાર કરવા માટે હું સમર્થ નથી પરંતુ એમણે તો વિનંતી કરીને સુકૃત કમાવી લીધું છે. અને પોતાની સાથે ઉત્તરાધિકારીને પણ ઊભો કરી બતાવી આપ્યું છે કે, આ મારો પુત્ર કેવળ મારા ધનનો જ ઉત્તરાધિકારી નથી પણ મારા ધર્મનો પણ ઉત્તરાધિકારી છે. શેઠજીએ તો આ પ્રમાણે ઉદારતા બતાવી છે પણ તમે લોકો એ ઉદારતાનું અનુમોદન તો કરો. સમાજની સ્થિતિ તેના સાહિત્ય ઉપર જ આધાર રાખે છે

બલ્કિ મેં એક પુસ્તકમાં જોયું છે કે, 'અમારું ભલે બધુંય ચાલ્યું જાય પણ જો અમારી પાસે અમારું સાહિત્ય સુરક્ષિત હશે તો અમે બધુંય કરી શકીશું.' વાસ્તવમાં જે સમાજનું સાહિત્ય સારું છે તે જ સમાજ ઉન્નત બની શકે છે. એટલા માટે તમે લોકો આ કાર્યને અનુમોદન આપી સુકૃતનું ઉપાર્જન કરો.

આ બધી વિનંતીઓનો ઉત્તર આપતાં પહેલાં મેં મારા સન્તો અને ખાસ ખાસ શ્રાવકોની સલાહ લીધી છે. બધાની સલાહ તો એવી છે કે, હજી એક વર્ષ કાઠિયાવાડમાં હું વધારે વિચરું પણ સલાહ બધાની આ હોવા છતાં મારે મારા આત્માનો વિચાર કરવો જ પડે છે. એટલા માટે આગામિ ચાતુર્માસ ક્યાં કરવું એ તો અત્યારે કહી જ શકું નહિ પણ એક વર્ષ કાઠિયાવાડમાં જ વિચરીશ એમ નિશ્ચયપૂર્વક કહેવામાં પણ હજી મને વિચાર થાય છે. એટલા માટે અત્યારે તો હું એટલું જ કહું છું કે, જો મારે એક વર્ષ કે તેથી વધારે ઓછું કાઠિયાવાડમાં વધારે રહેવાનું થયું તો તો હું એ રીતિ પ્રમાણે વિહાર કરીશ અને જો જવાનું થયું તો તે પ્રમાણે વિહાર કરીશ. અત્યારે તો હું કોઈની પણ વિનંતીને નિશ્ચિત ઉત્તર આપી શકતો નથી. તમારી બધાની પ્રેમભરી વિનંતી મારા ધ્યાનમાં છે અને શેઠ લક્ષ્મણદાસજીની વિનંતી પણ મારા ધ્યાનમાં છે પણ આજે હું કોઈની પણ વિનંતીનો સ્પષ્ટ ઉત્તર આપી શકતો નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવમાં જેવો અવસર હશે તેમ થશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૫ સોમવાર

### પ્રાર્થના

**અરહનાથ અવિનાશી, શિવ-સુખ લીધો;**
**વિમલ વિજ્ઞાન-વિલાસી, સાહબ સીધો.**
**તૂ ચેતન ભજ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાય;**
**તાત 'સુદર્શન' 'દેવી' માતા, તેહનો નન્દ કહાય. ॥ સાહબ૦ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી અરહનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના કરવા માટે આત્મામાં કેટલી અને કેવી યોગ્યતા હોવી જોઈએ એ અત્રે જોવાનું છે. જ્યાંસુધી પરમાત્માની પ્રાર્થના કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવામાં આવતી નથી ત્યાંસુધી તે પ્રાર્થના સારી પ્રાર્થના થઈ શકતી નથી એટલા માટે પરમાત્માની પ્રાર્થના યોગ્યતાપૂર્વક કરવી જોઈએ.

યોગ્યતા વિષે આ સમુચ્ચયરૂપે વાત કરવામાં આવી છે. પરંતુ અત્રે પ્રશ્ન એ થાય છે કે, પરમાત્માની પ્રાર્થના કરવા માટે કેવી યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ અને એ યોગ્યતા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? આ વાત વિષે હું ઘણીવાર કહી ચૂક્યો છું. તમે પોતાના કામ માટે બીજાની યોગ્યતા જુઓ છો પણ પોતાની યોગ્યતા જોવામાં ભૂલ કરો છો. વાસ્તવમાં પ્રત્યેક કાર્યમાં પોતાની યોગ્યતા જોવી જોઈએ. યોગ્યતા વિના કરવામાં આવેલું કોઈપણ

કાર્ય બરાબર થતું નથી. ખેડુત બીજને વાવતી વખતે સર્વપ્રથમ બીજની યોગ્યતા જુએ છે. તમે લોકો ગાય ખરીદતી વખતે પણ ગાયની યોગ્યતા જુઓ છો કે નહિ ? આ જ પ્રમાણે મુનીમ કે નોકર વગેરેને રાખવા માટે તેની યોગ્યતા જુઓ છો કે નહિ ? વ્યવહારમાં જ્યાં મધ્યસ્થ દૃષ્ટિએ જોવામાં આવે છે ત્યાં યોગ્યતા તો જોવામાં જ આવે છે. આ જ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના માટે પણ એમ જોવું જોઈએ કે, હું પરમાત્માની પ્રાર્થના યોગ્ય બનીને કરૂં છું કે કેવલ લોકોને દેખાડવા માટે જ કરૂં છું. જો તમે પ્રાર્થના કરવાની યોગ્યતા માટે પ્રાર્થના ન કરી તો તે પ્રાર્થના કેવલ ઢોંગરૂપ બની જશે.

પરમાત્માની પ્રાર્થના કરવા માટે જે યોગ્યતા હોવી જોઈએ તે યોગ્યતા તમારામાં રહેલી છે પણ તમે પોતે જ તમારી યોગ્યતાને દબાવી રહ્યા છો. તમે કહેશો કે, યોગ્ય હોવા છતાં પણ પોતાની યોગ્યતા દબાવીને અયોગ્ય કોણ બનવા ચાહે ? પણ આ વિષે વધારે શું કહેવામાં આવે ! અનેક જગ્યાએ એ પ્રત્યક્ષ જોવામાં આવે છે કે, નિષ્કારણ પોતાની યોગ્યતાને દબાવી પોતે અયોગ્ય બની જાય છે. આ વાતનું સ્પષ્ટીકરણ કરવા માટે હું તમને પૂછું છું કે, શું સત્ય બોલવા માટે કોઈ ના પાડે છે ? શું સત્ય બોલવું એ અપરાધ માનવામાં આવે છે ? અને તમે સત્ય બોલવાથી પરમાત્માની પ્રાર્થના કરવા માટે યોગ્ય બની શકો છો કે નહિ ? સત્ય હમેશાં આદરણીય અને આચરણીય છે એ વાત દીવા જેવી સ્પષ્ટ હોવા છતાં સત્યની શા માટે અવહેલના કરવામાં આવે છે ? સત્યને શા માટે છુપાવવામાં આવે છે ? કેટલાક લોકો તો ત્યાંસુધી કહે છે કે, સત્ય બોલવાની–સતયુગની વાત રહેવા દો ! આ જમાનામાં તો અસત્ય વિના કામ જ ચાલી શકતું નથી. સત્યને અનુસરી જો તમે પ્રામાણિક બનો, જીવનમાં પ્રામાણિકતા રહેવા દો અને કોઈની સાથે વિશ્વાસઘાત ન કરો તો શું તમને કોઈ અપરાધી કહી શકે ? નહિ. તો પછી સત્ય, પ્રામાણિકતા આદિ ગુણોને જીવનમાં શા માટે અપનાવતાં નથી ? એટલા માટે કે તમે સત્ય અને પ્રામાણિકતાને બદલે અસત્ય અને અપ્રામાણિકતા ઉપર એવો વિશ્વાસ રાખો છો કે જાણે તે વિના તમારૂં કામ જ ચાલી શકતું ન હોય !

તમે નૈતિક લગ્ન કર્યું છે. છતાં જો તમે પરસ્ત્રીસેવનનું પાપ ન કરો તો શું કોઈ કામ અટકી જાય ખરૂં ? પરસ્ત્રી સેવનનું પાપ કરવું જોઈએ એવું તો કોઈ ધર્મ કે કોઈ પણ શાસ્ત્રમાં કહ્યું નથી. હા, કોઈ લુચ્ચા–લફંગા માણસ પોતાના સ્વાર્થ માટે એમ કહેતા હોય તો બીજી વાત છે.

કેટલાક લોકો કહે છે કે, અમે સમાજ કે આત્માના કલ્યાણ માટે ધર્મપરિવર્તન કે સમાજપરિવર્તન કરીએ છીએ, પરંતુ તે લોકો એમ શા માટે કહેતા નથી કે અમે સ્વાર્થપૂર્તિ માટે એમ કરીએ છીએ. આત્મકલ્યાણનું ખોટું નામ શા માટે સંડોવવામાં આવે છે ! જેમકે, હરિલાલ ગાંધી જે હમણાં અબદુલ્લા ગાંધી બન્યા છે–જે ગાંધીજીના મોટા પુત્ર છે–તે કહે છે કે, મેં આત્મકલ્યાણને માટે ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો છે પણ એ સમજવામાં આવતું નથી કે દારૂ પીવો એ કયા ઇસ્લામ ધર્મમાં લખ્યું છે ? બલ્કિ હદીસો અને કુરાનમાં તો વ્યસનમાત્રની નિંદા કરવામાં આવી છે અને તેને ત્યાજ્ય બતાવવામાં આવેલ છે; તથા શરાબની તો ખૂબ જ નિંદા કરવામાં આવી છે અને તેને સર્વથા ત્યાજ્ય બતાવવામાં આવેલ છે.

હરિલાલ ગાંધી જે હવે અબદુલ્લા ગાંધી બન્યા છે તેમને તેમના માતુશ્રીએ એક પત્ર લખ્યો હતો કે જે પત્ર વાંચીને કઠોર હૃદયનો પણ પીગળી જાય. હરિલાલ ગાંધીએ એ પત્રના જવાબમાં એક વાત તો એ લખી કે હવે હું હરિલાલ રહ્યો નથી પણ અબદુલ્લા બન્યો છું અને આ પત્ર હરિલાલના નામે આવ્યો છે એટલા માટે એ પત્ર મારા વિષે નથી. પણ બીજી વાત તેણે એ લખી કે, જો મારા માતાપિતા ઇસ્લામ ધર્મનો સ્વીકાર કરતા હોય તો હું શરાબ પીવાનો ત્યાગ કરું. આ ઉત્તર કેવો ઉદ્ધતાઇભર્યો છે! શું તેનો આ ઉત્તર માતાને દેવાને યોગ્ય છે? પણ જ્યારે આત્મા પતિત થઇ જાય છે ત્યારે તે અવળું જ કામ કરે છે. વાસ્તવમાં તો હરિલાલની માતાના પત્રનો ઉત્તર આપવાને કોઇ સમર્થ નથી. છતાં જે આ પ્રમાણે જે ઉદ્ધતાઇપૂર્ણ ઉત્તર આપે છે તેને શું કહેવું? તે કહે તો એમ છે કે, મેં આત્માના કલ્યાણ માટે ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો છે પણ જો તે વિષે ઊંડા ઊતરી વિચાર કરવામાં આવે તો શરાબ પીવા માટે તથા એ કાર્યમાં પૈસા વગેરેની સુવિધા પ્રાપ્ત કરવા માટે જ તેણે ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો હોય એમ જણાય છે.

કહેવાનો આશય એ છે કે, લોકો ધર્મ કે સમાજપરિવર્તનના નામે પોતાના સ્વાર્થની પૂર્તિ કરે છે અને આત્મકલ્યાણનું નામ લે છે. જો હૃદયપૂર્વક આત્મકલ્યાણ કરવું જ હોય તો મનુષ્ય, કોઇ પણ ધર્મની ઉચ્ચ ભૂમિકા ઉપર ઊભા રહી પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે. લોકોને ઠગવા માટે, આત્મકલ્યાણનું નામ લઇ ધર્મપરિવર્તન કે સમાજ-પરિવર્તન કરવું એ ઠીક નથી. આ વાતથી લોકોને સાવધાન કરવા માટે જ ઉપરનું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

મતલબ કે, પરમાત્માની પ્રાર્થના કરવા માટે યોગ્યતા પોતાનામાં છે કે નહિ તે જોવું જોઇએ. યોગ્યતા વિના કોઇપણ કાર્ય બરાબર થતું નથી. જેમકે, છીપમાં પાણીનું ટીપું પડી મોતી બનવાની યોગ્યતા ધરાવે છે પણ જો પાણીને બદલે છીપમાં કાંકરો કે બીજી કોઇ ચીજ પડે તો શું તે મોતી બની શકશે? નહિ. કારણ કે મોતી બનવાની યોગ્યતા પાણીમાં જ છે. આ જ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના માટે પણ યોગ્યતાની આવશ્યકતા રહે છે. એટલા માટે પરમાત્માની પ્રાર્થના કરવાની યોગ્યતા પ્રાપ્ત કરો, અને તે માટે અસત્ય, દુરાચાર આદિનો ત્યાગ કરો. આમ કરવાથી પરમાત્માની પ્રાર્થનાને યોગ્ય બની શકશો.

હવે અત્રે એક બીજો પ્રશ્ન ઊભો થાય છે કે, જે પહેલાં દુર્ગુણી હોય તે પરમાત્માની પ્રાર્થના કરી શકે કે નહિ? આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કેઃ—

વૈશ્યા ચુગલ છિનાર જુઆરી, ચોર મહા બટ મારો;
જો ઇત્યાદિ ભજે પ્રભુસ્તવન તો નિવૃત્તે સંસારો.

આ પ્રકારના લોકો પણ પોતાના દુર્વ્યસનોનો ત્યાગ કરી, પરમાત્માની પ્રાર્થના કરી શકે છે પરંતુ પરમાત્માની પ્રાર્થના દુર્ગુણો વધારવા માટે નહિ પણ છોડવા માટે કરવી જોઇએ. જો દુર્ગુણો છોડવાના ઉદ્દેશથી પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે તો તમારા દુર્ગુણો ન જાણે ક્યાં ચાલ્યા જશે! જેમકે એક ભાઇ કહેતા હતા કે, જામનગરમાં એક એવા વૈદ્ય છે કે એક માણસને ઘણા દિવસોથી નિદ્રા જ આવતી ન હતી પરંતુ તે વૈદ્યની ત્રણ ગોળીઓ લેવાથી જ તેને નિદ્રા આવી ગઇ અને તેનો નિદ્રા ન આવવાનો રોગ સદાને

માટે ચાલ્યો ગયો. જ્યારે વૈદ્યની દવા પણ રોગને નષ્ટ કરી દે છે તો પછી શું પરમાત્માની પ્રાર્થના દુર્ગુણોને નષ્ટ કરી ન શકે ? જો દવા ઉપર વિશ્વાસ રાખો છો તો પછી પરમાત્માની પ્રાર્થના ઉપર વિશ્વાસ કેમ રાખતા નથી ? જો તમે પરમાત્માની પ્રાર્થના ઉપર વિશ્વાસ રાખી દુર્ગુણોને નષ્ટ કરવા માટે પ્રાર્થના કરો તો અવશ્ય દુર્ગુણો નષ્ટ થઈ જશે, અને તમે પરમાત્માની પ્રાર્થનાને યોગ્ય બની શકશો.

## અનાથી મુનિનો અધિકાર—૫૨

આ જ વાત અનાથી મુનિ રાજા શ્રેણિકને સમજાવી રહ્યા છે. એ બન્નેનો સંવાદ પણ ઘણો જ મહત્ત્વનો છે. એક બાજુ તો અનગારસિંહ છે તો બીજી બાજુ રાજસિંહ છે. એક સાધુ છે અને બીજા ગૃહસ્થ છે પણ બન્નેય મહાન્ શક્તિશાળી છે.

અનાથી મુનિ કહે છે કે, " હે ! રાજન્ ! કેટલાક લોકો સાધુ થયા પછી પણ અનાથતામાં પડી જાય છે. સંસારમાં પ્રચલિત કહેવત છે કે, ' એક દમડીની ચીજ માટે કોઈએ કીંમતી ચીજને પણ ગુમાવી દીધી. ' આ કહેવત પ્રમાણે તે સાધુઓ પણ દમડીની ચીજ જેવાં સંસારનાં સુખો માટે કીંમતી સંયમને પણ ગુમાવી બેસે છે. "

આ વાત તમે કદાચ સાધુઓને કહી પણ ન શકો પણ અનાથી મુનિ તો સ્પષ્ટ કહે છે કે, " હે ! સાધુઓ ! દમડીની ચીજ જેવાં સાધારણ સંસારનાં સુખો માટે મહાન્ કીંમતી સંયમને ગુમાવો નહિ. "

અનાથી મુનિ આગળ કહે છે કે:—

**चिरं पि से मुण्डरुई भवित्ता, अथिरव्वए तवनियमेहिं भट्ठे ।**
**चिरं पि अप्पाणं किलेसइत्ता, न पारए होइ हु संपराए ॥ ४१ ॥**

" હે ! રાજન્ ! જે વ્રત–નિયમોમાં અસ્થિર છે અને જે તપ–અનુષ્ઠાન આદિ કરતો નથી તે ભલે લાંબા સમય સુધી માથું મુંડાવ્યા કરે, કેશનો લોચ કર્યા કરે, છતાં પણ તે આ સંસારને પાર જઈ શકતો નથી.

કેશનો લોચ કરવાથી કેટલું બધું કષ્ટ થાય છે એને માટે જો તમે તમારા માથાનો એક કેશ ખેંચી અનુભવ કરી જુઓ તો તમને ખબર પડે. આ પ્રકારનું કષ્ટ સહન કરવા છતાં પણ વ્રત–નિયમોનું પાલન ન કરવાથી સંસારને પાર કરી શકાતું નથી.

અત્રે એક પ્રશ્ન થાય છે કે, કેશનો લોચ કરવાથી કષ્ટ પણ થાય છે, અને મસ્તિષ્કની શક્તિને પણ હાનિ પહોંચે છે તો પછી અસ્તરાથી કેશ શા માટે કાપવામાં ન આવે ? હું જ્યારે નાનો હતો ત્યારે બદનાવર નામના ગામમાં મને એક મુસલમાને પણ આવો જ પ્રશ્ન કર્યો હતો કે, જ્યારે તમારો ધર્મ દયામય છે તો કેશનો લોચ કરવાથી શું હિંસા થતી નથી ? જેમનો લોચ કરવામાં આવે છે તેને આટલું બધું કષ્ટ થાય છે તો પછી કેશલુંચનથી હિંસા કેમ ન થાય ? આ પ્રશ્ન ઉપરથી મેં સામો પ્રશ્ન કર્યો કે, તમે હજામત શા માટે કરાવો છો ? તમે સારા દેખાઓ એટલા જ માટે હજામત કરાવો છો ને ? હજામત કરાવતાં કરાવતાં કોઈ હજામદ્વારા માથામાંથી લોહી પણ નીકળે છે અને કષ્ટ પણ થાય છે, છતાં પોતાના શોખ

માટે તે કષ્ટથી ભય પામતા નથી અને હજામત કરાવો છો પણ પોતાની કાયરતાને કારણે કેશલુંચનમાં હિંસા થાય છે એમ કહો છો. તમે શોખને માટે તો આટલું કષ્ટ સહી લો છો અને અમે ધર્મને માટે સહીએ છીએ તો એમાં હિંસા કહેવામાં આવે છે! વાસ્તવમાં કેશલુંચન કરવામાં અમે લોકો કષ્ટ માનતા નથી. હા, જ્યારે કેશને ખેંચવામાં આવે છે ત્યારે થોડું કષ્ટ જણાય છે પણ અમે તે કષ્ટોને જે પ્રમાણે તમે હજામતથી થતાં કષ્ટોને સહી લો છો તે પ્રમાણે સહી લઈએ છીએ. હવે મસ્તકને હાનિ પહોંચવાની વાત; પણ જો કેશલુંચન કરવાથી મસ્તકને કોઈ પ્રકારની હાનિ પહોંચતી હોય તો ભગવાન કેશલુંચનનો માર્ગ કદાપિ બતાવત નહિ. બલ્કિ મારો તો અનુભવ છે કે, કેશલુંચન કર્યા બાદ જો મસ્તકને બદામ વગેરેનું તેલ મળી જાય તો મસ્તકની શક્તિ અને આંખોની જ્યોતિ વૃદ્ધિને પામે છે.

અસ્તરાથી વાળ કાપવાથી વાળ વધારે વધવા પામે છે પણ ભગવાને કેશલુંચન કરવાનો એવો ઉપાય બતાવ્યો છે કે, જેથી ધીરે ધીરે વાળોનું ઉગવું જ બંધ થઈ જાય છે. આ ઉપરથી જો કોઈ એમ કહે કે, કેશલુંચન કરવાથી કષ્ટ થાય છે તો કષ્ટ તો ઉઘાડે પગે ચાલવાથી પગને પણ થાય છે. જે પ્રમાણે કેશલુંચનના કષ્ટથી બચવા માટે અસ્તરા રાખવાની આવશ્યકતા અનુભવો છો તે જ પ્રમાણે પગને કષ્ટથી મુક્ત કરવા માટે પાલખીની આવશ્યકતા પડશે. આ જ પ્રમાણે શીલનું પાલન કરવામાં પણ કષ્ટો ભોગવવાં પડે છે તો તે કષ્ટથી બચવા માટે સ્ત્રીની આવશ્યકતા પણ ઊભી થશે. આ પ્રમાણે કષ્ટની દૃષ્ટિએ છૂટ લેવામાં આવશે તો તો ધીરે ધીરે દીક્ષાનો જ ઉચ્છેદ થઈ જશે.

નમી રાજાને ઇન્દ્રે કહ્યું હતું કે, તમે ધર્મની પાછળ શું પડયા છો? જોતા નથી કે તમારા રાણીવાસમાં કેવું રુદન થઈ રહ્યું છે! આ હિંસાનું કેવું પાપ થઈ રહ્યું છે! તો પછી તમે એ પાપને કેમ દૂર કરતા નથી? આ પ્રશ્નના ઉત્તરમાં નમીરાજાએ કહ્યું હતું કે, મારી દીક્ષાને કારણે એ કોઈ રોતા નથી, પરંતુ એ લોકો પોતપોતાના સ્વાર્થને માટે રોઈ રહ્યા છે! દીક્ષા લીધા પહેલાં તો હું દંડ પણ આપતો હતો, અને હાથમાં તલવાર લઈ બીજાને ભય પણ બતાવતો હતો પણ હવે તો હું દીક્ષા લીધા બાદ કોઈ તલવાર લઈને આવે તો પણ આંખ પણ લાલ કરું નહિ. જો હું એમ કરું તો સંયમથી જ પડી જાઉં. આ પ્રમાણે મારી દીક્ષાને કારણે એ લોકો કાંઈ રોતા નથી. તે લોકો પોતાના સ્વાર્થને માટે રોઈ રહ્યા છે.

આ પ્રમાણે અહિંસાનું નામ લેવામાં આવે તો તો પછી દીક્ષાનો જ ઉચ્છેદ થઈ જાય. સાધુઓમાં કોઈ તો વર્ષમાં ત્રણ કે ચાર વાર કેશનો લોચ કરે છે. બાકી વર્ષમાં એક વાર તો કેશનો લોચ કરવો આવશ્યક જ છે. કેશનો લોચ કરતાં કેટલાક મુનિઓ સ્વાધ્યાય પણ કરતા જાય છે અને પ્રસન્નતાપૂર્વક કેશલુંચન કરે છે; પરંતુ આજે લોકોમાં કાયરતા આવી રહી છે અને એ કારણે જ દયાના નામે આવો પ્રશ્ન કરવામાં આવે છે.

સાધુઓ માટે અહિંસાની રક્ષાર્થે જ કેશનો લોચ કરવાનું બતાવવામાં આવ્યું છે. ભગવાનનું એવું કહેવું છે કે, જો માથા ઉપર વાળ રહેશે તો પછી જીવોની ઉત્પત્તિ પણ થશે, અને અહિંસાનું પાલન પણ થશે નહિ. જો અહિંસાની દૃષ્ટિએ કેશલુંચન કરવાનું બતાવવામાં ન આવત તો વાળ ઓળવા, તેલ લગાવવું વગેરેની પ્રવૃત્તિ પણ વધવા પામત. આ કારણે ભગવાને આ ઉપાય બતાવ્યો છે. જો લોચ કરવાને બદલે અસ્તરાથી વાળ કાપવામાં આવે તો

પછી અસ્તરાની સાથે કાચ પણ રાખવો પડશે, તેલ પણ રાખવું પડશે અને આ પ્રમાણે આરંભની પ્રવૃત્તિ પણ વધવા પામશે. અને આ પ્રમાણે ધીરે ધીરે સાધુતાના ધ્યેયથી જ પતિત થઈ જશે.

અનાથી મુનિ કહે છે કે, હે! સાધુઓ! જો તમે તપ–નિયમોની આરાધના નહિ કરો તો શાસ્ત્ર તમને અનાથની કોટિમાં મૂકે છે. એ દશામાં તમે સાધુ નથી. ચારિત્રવાન બન્યા વિના કેવળ માથું મુંડાવાથી કે કેશલુંચન કરવાથી સંસારને પાર જઈ શકાતું નથી માટે ચારિત્રવાન બનો અને સંયમનું પાલન કરી સંસારનો છેદ કરો.

અનાથી મુનિ જે કાંઈ કહી રહ્યા છે તે જ વાત પ્રાર્થનામાં પણ કહેવામાં આવી છે. યોગ્ય બનીને પરમાત્માની પ્રાર્થના કરો. યોગ્યતા મેળવ્યા વિના કરવામાં આવતી પ્રાર્થના ઢોંગ રૂપ બની જાય છે. અનાથી મુનિ પણ એમ જ કહે છે કે, ચારિત્રવાન બન્યા વિના કેવળ વેશ ધારણ કરવો એ ઢોંગ રૂપ છે માટે ચારિત્રવાન બનો અને સાધુતાને દીપાવો. દ્રવ્ય વેશની સાથે ભાવનો પણ સંબંધ જોડો અને દ્રવ્ય અને ભાવથી જો સાધુતાનું પાલન કરશો તો તેમાં કલ્યાણ રહેલું છે.

## સુદર્શન ચરિત્ર—૫૨

રાજા અને પ્રજા સાથે મળીને સુદર્શનને ભાવ સહિત તેને ઘેર લઈ ગયા. મનોરમા સાચી શ્રાવિકા હતી. કેટલાક લોકો કહે છે કે, શ્રાવિકા બનવાથી ગૃહકાર્યમાં મુશ્કેલી આવે છે પણ જેને ગૃહકાર્યમાં મુશ્કેલી જણાય છે તે સાચી શ્રાવિકા જ નથી. શ્રાવિકાને કોઈ ગૃહકાર્ય કરતાં અટકાવતું નથી પરંતુ ગૃહકાર્યમાં વિવેક રાખવાનું કહેવામાં આવે છે. શ્રાવિકા થયા બાદ તેણીએ એમ વિચારવું જોઈએ કે, પહેલાં હું વિવેક ઓછો રાખતી હતી પણ હું શ્રાવિકા થઈ છું એટલા માટે વિશેષ વિવેક રાખવો જોઈએ. એમ થવું ન જોઈએ કે, ઘરના માણસો મરતા હોય તો ભલે મરે પણ હું તો પોસો કરીશ. ઘરના લોકો તો પોસામાં અંતરાય પાડનારા છે. છોકરો ભૂખથી રોતો હોય તો ભલે રુવે, મારે તો મમતા ઓછી કરવી છે. ગર્ભસ્થ બાળક મરતું હોય તો ભલે મરે પણ મારે તો તપસ્યા કરવી છે. જો આમ કરવામાં આવે તો શું તેણીનો વ્યવહાર વિવેકપૂર્ણ કહેવાય ખરો? વિષય–વિલાસની મમતા તો છૂટી નથી અને સંતાનની દયા કરવાના સમયે આમ કહેવું એ તો મૂળવ્રત–અહિંસાનો નાશ કરવા બરાબર છે. શ્રી. હસરાજજી ખીંવસરા પોતાની પુત્રીને કહ્યા કરતા હતા કે, જો તારાથી સામાયિક થઈ શકતી ન હોય તો કાંઈ વાંધો નથી પણ ચુલામાં કોઈ જીવ બળી ન જાય તેનું ધ્યાન રાખજે; કારણ કે એ પહેલું મૂળવ્રત છે, પછી ગુણવ્રત છે અને પછી શિક્ષાવ્રત છે. અહિંસા એ મૂલવ્રત છે અને સામાયિક એ ગુણવ્રત છે. આ પ્રમાણે શ્રાવિકા થઈને વિશેષ વિવેક રાખવો જોઈએ.

મનોરમા સાચી શ્રાવિકા હતી. એટલા માટે તેણીએ વિચાર્યું કે, ગૃહ ગૃહિણીનું જ હોય છે. એટલા માટે મારે સિંહાસન ઉપર બેસી ન રહેતાં ઘેર આવેલા લોકોનો સત્કાર કરવો જોઈએ.

શ્રાવક–શ્રાવિકાઓએ સુદર્શન અને મનોરમાનો વિવેક જોઈ વ્યવહાર ભૂલી જવો ન જોઈએ. સંસારના કામમાં તો વ્યવહાર રાખો અને ધર્મના કામમાં એમ કહો કે, 'એમાં શું

પડયું છે! આપણે તો પવિત્ર રહેવું છે.' આ પ્રમાણે કહી વિવેકની અવહેલના કરવી એ ઠીક નથી. એટલા માટે વ્યવહારનો ઉચ્છેદ કરવો ન જોઈએ. મનને પણ પવિત્ર રાખો અને વ્યવહારનું પણ પાલન કરો.

મનોરમાએ બધા લોકોનો સત્કાર કર્યો. બધા લોકો સુદર્શનનું ઘર જોઈ પ્રસન્ન થયા. શ્રાવકનું ઘર કેવું હોય છે એને માટે શાસ્ત્રમાં કહ્યું છે કે:—

**'पासादिया दरसणिज्जा अभिरूवा पडिरूवा'** —શ્રી જ્ઞાતાસૂત્ર

સુદર્શનનું ઘર પણ એવું જ હતું. લોકો કહેવા લાગ્યા કે, આ ઘર કેવું સ્વર્ગ જેવું સુંદર છે! સુદર્શનનું ઘર ભવ્ય અને આકર્ષક હતું, ચિત્તને શાન્તિ આપનારું હતું. લોકો કહેવા લાગ્યા કે, આ ઘરમાં શેઠની પવિત્ર ભાવના વધવા પામી છે અને જે ઘરમાં શેઠ જેવી વિભૂતિ પેદા થઈ છે એ ઘરની માટી પણ પવિત્ર છે. સ્વર્ગથી પણ આ ઘર સુંદર છે.

તમારી દૃષ્ટિએ સ્વર્ગની ભૂમિ સારી છે કે રાજકોટની ભૂમિ? કોઈ ખેડુતને એમ કહો કે, હીરા-માણેક જડેલાં રાજાના મહેલમાં બીજ વાવવામાં આવે તો અન્ન પેદા થઈ શકે ખરું? અને તે બીજ વાવવા માટે રાજાના આવા સુંદર મહેલને પસંદ કરશે ખરો? બીજી બાજુ તેને કાળી માટીનું ખેતર આપવામાં આવે તો તે બીજ વાવવા માટે તે ખેતરને પસંદ કરશે કે નહિ તે પણ પૂછી જુઓ. તે ખેડુત જવાબમાં એમ જ કહેશે કે, હું તો એવી જગ્યા ચાહું છું કે જ્યાં જીવનને ટકાવવાની વસ્તુઓ પેદા થઈ શકે.

તમને કોઈ સારા મહેલમાં રાખવામાં આવે પણ ત્યાં ખેતીથી પેદા થએલ ચીજો આપવામાં ન આવે તો શું તમારું જીવન મહેલની હવા ખાવાથી ટકી શકશે ખરું? નહિ.

આ જ વાત સ્વર્ગની ભૂમિ અને અહીંની ભૂમિ વિષે સમજો. સ્વર્ગની ભૂમિ ધર્મોપાર્જન કરવા માટે ઉપયુક્ત નથી. સ્વર્ગમાં સાધુપણું પાળી શકાતું નથી; જ્યારે અહીં સાધુપણું પાળી શકાય છે એટલા માટે સ્વર્ગની ભૂમિ કરતાં અહીંની ભૂમિ ચડીયાતી છે.

સુદર્શનનું ઘર જોઈ દેવો પણ કહેવા લાગ્યા કે, અમે દેવલોકમાં જે શક્તિ જોતા નથી તે શક્તિ આ ઘરમાં જોવામાં આવે છે. અહીં રહીને ધર્મની આરાધના કરનારા એવા હોય છે કે જેમના પ્રભાવથી અમારું આસન પણ ચલાયમાન થઈ જાય છે. અમને આવા ધર્માત્મા લોકો જ બોધ આપે છે.

આ પ્રમાણે સુદર્શન અને તેના ઘરની પ્રશંસા કરી દેવો પણ પોતપોતાના સ્થાને ગયા. ત્યારે રાજા સુદર્શનને કહેવા લાગ્યો કે, "હે! શેઠ! તમે ધર્મનું નામ ઉજ્જવલ કર્યું છે. કેટલાક લોકો ધર્મી તરીકેનું નામ તો ધરાવે છે પરંતુ ધર્મનું પાલન કરતા નથી. અને એ કારણે જ લોકો ધર્મની નિંદા કરે છે પણ આપ જેવાનો વ્યવહાર જોઈ, કોઈ ધર્મની નિંદા કરી શકતું નથી."

પોતાને ધાર્મિક કહેવડાવીને પણ ધર્મનું પાલન ન કરનારા લોકો જ ધર્મની નિંદા કરાવે છે, ધર્મને ઉન્નત બનાવવો કે અવનત બનાવવો એ વાત ધાર્મિક પુરુષોના હાથમાં રહેલી છે.

રાજા સુદર્શનને વિનંતી કરતો કહેવા લાગ્યો કે, મારી તલવારમાં જે શક્તિ નથી તે શક્તિ તમારી ભાવનામાં છે. મારી તલવાર તો વૈર બાંધે છે પણ તમારી ભાવના તો વૈરને કાપે છે. આપની દ્વારા જે દિવ્ય કામની સિદ્ધિ થઈ છે તેના ઉપલક્ષ્યમાં આપવા જેવી વસ્તુ ત્રિલોકમાં પણ નથી, તો મારી પાસે એવી વસ્તુ ક્યાંથી હોય? છતાં પણ મારી ભાવનાને આપ પૂરી કરો અને મારા માનની ખાતર હું જે ચીજ આપી શકું એવી ચીજ માંગો.

રાજાનું કથન સાંભળી શેઠ વિચારવા લાગ્યો કે, હવે મારે શું કરવું જોઈએ ? હું પોતે તો સંસારનો ત્યાગ કરવાનો વિચાર કરી રહ્યો છું તો પછી હું સંસારની ચીજ કેવી રીતે માંગી શકું ? પણ હા, મારે એક ચીજ તો માંગવી જ છે. મેં મારી જીભે તો કાંઈ રાજાને કહ્યું નથી પરંતુ શૂળીનું સિંહાસન થઈ જવાને કારણે મારી અભયા માતાનું બધું પાપ ખુલ્લું થઈ ગયું છે એટલા માટે રાજા ન જાણે તેને શું દંડ આપશે ! માટે જ્યારે રાજા પોતે જ મને કાંઈ માંગવાનો અનુરોધ કરી રહ્યા છે તો પછી હું રાજાની પાસે અભયા માતાનું કલ્યાણ જ શા માટે ન માગું ?

સુદર્શન આ પ્રમાણે વિચાર કરે છે. હવે આગળ શું થાય છે તેનો વિચાર હવે પછી આગળ કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૮ ગુરુવાર

### પ્રાર્થના

**શ્રી મુનિસુવ્રત સાહબા, દીનદયાલ દેવ તણા દેવ કે,**
**તરણ તારણ પ્રભૂ તો ભણી, ઉજ્જ્વલ ચિત્ત સમરૂં નિત્યમેવ કે**
**શ્રી મુનિસુવ્રત સાહબા.**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** મુનિસુવ્રતનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્મા પ્રત્યે ભક્ત શું કહે છે ? તે કહે છે કે, એક બાજુ તો પરમાત્મા દેવાધિદેવ છે અને બીજી બાજુ દીનદયાળુ છે. આ ઉપરથી કોઈ એમ કહે કે, એ બન્નેય વાતો એક સાથે કેવી રીતે હોઈ શકે ? પણ ભક્ત લોકો કહે છે કે, અમને એ જાણી ઘણી પ્રસન્નતા થાય છે કે, પરમાત્મા દેવાધિદેવ હોવા છતાં પણ દીનદયાળુ છે. જે મહાન્ હોવા છતાં નાના લોકોની સાથે પ્રીતિ રાખે છે તે જ જગતનો ઉદ્ધાર કરી શકે છે. મહાન્ થઈને નાના લોકોની અવહેલના કરનાર લોકો તો સંસારમાં ડગલે ને પગલે જોવામાં આવે છે. એમાં કાંઈ વિશેષતા નથી. વિશેષતા તો એમાં છે કે, જે પોતે મહાન્ થઈને પણ નાના લોકો ઉપર કૃપાભાવ રાખે છે. હે ! પરમાત્મા ! તમે દેવાધિદેવ હોવા છતાં દીનદયાળુ છો.

અહીં એક પ્રશ્ન થાય છે કે પરમાત્મા દીનદયાળુ છે એનું શું પ્રમાણ ? કારણ કે પરમાત્મા જોવામાં તો આવતા નથી એટલા માટે એનું પ્રત્યક્ષ પ્રમાણ તો નથી. આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પરમાત્માના વિષયમાં લૌકિક પ્રમાણોદ્વારા કોઈ પ્રકારનો નિર્ણય થઈ શકતો નથી. પરમાત્માના વિષે મહાત્મા લોકોનાં વચનો જ પ્રમાણભૂત છે. મહાત્માઓ કહે છે કે, પરમાત્માના શરણે જવાથી દુઃખ મટી જાય છે. અમે ગુરુના મુખેથી એવું જ સાંભળ્યું છે અને અમારો અનુભવ પણ એવો જ છે કે, પરમાત્મા દીનદયાળુ છે. તે દેવાધિદેવ હોવા છતાં દીનદયાળુ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, "પરમાત્મા જગજ્જીવોનું ઉત્પત્તિસ્થાન પણ જાણે છે. જીવ સંસારમાં શા માટે જન્મ લે છે, જન્મ લઈને કેવી રીતે તે કષ્ટ ભોગવે છે અને

કર્મબંધનો તોડીને તે કઈ સ્થિતિને પામે છે વગેરે વાતને જાણનાર જગદ્‌ગુરુ કહેવાય છે. એ જગદ્‌ગુરુએ પહેલાં પોતે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તેમણે તપ કરી કેવલજ્ઞાનની જે સંપદા પ્રાપ્ત કરી છે તે દ્વારા તેઓ આત્મકલ્યાણ કરવાની સાથે જ જગતનું કલ્યાણ પણ સાધે છે."

જગદ્‌ગુરુ ભગવાનની અમૃત વાણી સાંભળી વિચારવાન માણસના હૃદયમાં એવો વિચાર આવે છે કે, " હે ! પ્રભો ! આપ તો અમારી ઉપર દયા કરી અમને જાગ્રત કરો છો પણ અમે કેવા છીએ કે આપ અમને જાગ્રત કરો છો છતાં અમે નિદ્રામાં પડયા રહીએ છીએ. આ અમારી કેવી નિર્બળતા છે." આ પ્રમાણે વિચાર કરી, ભક્ત લોકો પોતાની નિર્બળતા પ્રગટ કરી પોતાની નમ્રતા બતાવે છે. સંસારમાં એવા પણ માણસો છે કે જેઓ વિનમ્ર થઈને પોતાની નિર્બળતા ઋજુભાવે પ્રગટ કરી દે છે અને સંસારમાં એવા પણ માણસો છે કે, જેઓ અહંકારને વશ થઈ પોતાના સદ્‌ગુણોને તો પ્રગટ કરે છે પણ દુર્ગુણોને દબાવી રાખે છે. આ બન્ને પ્રકારના માણસોમાં સારો માણસ તો તે છે કે જે પોતાની નિર્બળતાને પ્રગટ કરે છે પણ જે પોતાના દુર્ગુણોને દબાવી રાખે છે તે તો કાયર છે. સત્પુરુષ તો તે જ છે કે જે પોતાના દુર્ગુણોને પ્રગટ કરી તેને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. ઘઉં વીણતી વખતે ઘઉંના દાણાને વીણી બહાર ફેંકી દેવામાં આવતો નથી, પરંતુ ઘઉંમાં રહેલા કાંકરાને વીણી ફેંકી દેવામાં આવે છે. આ જ પ્રમાણે વ્યવહારમાં એવી ભૂલ થતી નથી પરંતુ આત્માને વિષે એવા જ પ્રકારની ભૂલ થઈ જાય છે. હૃદયનાં પાપોને છુપાવી બહાર બીજું જ બતાવવું એ આત્માની નિર્બળતા કે કાયરતા છે. જો આત્મા એ કાયરતાને દૂર કરવા ચાહે તો તેણે એવી પ્રાર્થના કરવી જોઈએ કેઃ—

હું અપરાધી અનાદિનો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે,
લૂંટિયા પ્રાણ છઃકાયના, સેવિયા પાપ અઢાર કરૂર કે.

નમ્રતાને ધારણ કરી સરલ હૃદયથી પરમાત્માની એવી પ્રાર્થના કરો કે, " હે ! પ્રભો ! હું અપરાધી છું. હું પોતાનો જ અપરાધી છું. હું દુર્ગુણોને તો દબાવું છું અને સદ્‌ગુણોને પ્રગટ કરું છું. મને દુર્ગુણો તો પ્રિય લાગે છે અને સદ્‌ગુણો પ્રિય લાગતા નથી. એટલા માટે હું તમારા શરણે આવ્યો છું. તો શરણાગતની રક્ષા કરો અને મારી આ કાયરતા દૂર કરવા હું ચાહું છું, તો તેમાં મને સહાય કરો. મને ઘણી વાર એવો ભય લાગે છે કે, મારા દુર્ગુણો પ્રગટ થઈ ન જાય તો સારું, નહિ તો મારી પ્રતિષ્ઠા ઉપર પાણી ફરી વળશે. આ ભયને કારણે હું મારી નિર્બળતાને કારણે મારા પાપને દબાવી રાખું છું. મારી આ નિર્બળતાને દૂર કરવા માટે મારે એવો વિચાર કરવો જોઈએ કે, હું પાપને બધાથી તો છુપાવું છું પણ શું પરમાત્માથી પણ પાપને છુપાવી શકીશ ! હું જગતની તો પરવા કરું છું પણ પરમાત્માની પરવા કેમ કરતો નથી ? અને જો મને જગતની પરવા નથી, પરંતુ પરમાત્માની પરવા છે તો પછી પાપને શા માટે દબાવું છું ! અને હૃદયમાં પાપને શા માટે સંગ્રહી રાખું છું ! પણ હે ! પ્રભો ! મને આવો વિચાર આવતો નથી, એ મારી કાયરતા છે. આ મારી કાયરતાને દૂર કરવા માટે જ હું તમારા શરણે આવ્યો છું."

અત્રે એક પ્રશ્ન થાય છે કે, પરમાત્મા જોવામાં આવતા નથી અને જ્યાંસુધી તે જોવામાં આવતા નથી ત્યાંસુધી તેમની પ્રાર્થના કેવી રીતે કરવી ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, પરમાત્મા છે છતાં લોકો કહે છે કે, તે જોવામાં આવતા નથી. પરંતુ તે કાંઈ સ્થૂલ ચીજ નથી કે તેને ચર્મ

ચક્ષુથી જોઈ શકાય! તેમને તો જે રીતિએ જોઈ શકાય તે રીતિએ જ તમે જોઈ શકો. કદાચિત્ તમે પરમાત્માને જોતા નથી તો તમારા આત્માને તો જુઓ છો ને? સંસારની વસ્તુઓ જેમના હોવાથી પ્રિય લાગે છે તે આત્મા છે, એ તો માનો છો અને તેને જાણો છો. હવે જો તે આત્માને જ જાણી શકતા નથી તો પછી પરમાત્માને કેવી રીતે જાણી શકો?

તમે કદાચ એમ કહો કે અમે આત્માને કેવી રીતે જાણીએ? પણ જે જીભદ્વારા બોલે છે, આંખોદ્વારા જુએ છે. કાનોદ્વારા સાંભળે છે અને જે આ દેહનો દેહી છે તે જ આત્મા છે. એ આત્માના હોવાથી જ સંસારની બધી વસ્તુઓ પ્રિય લાગે છે. એ આત્માને જાણવાથી પરમાત્માને પણ જાણી શકાશે. લોકો પરમાત્માને શોધવા માટે તીર્થ વગેરે સ્થાનોમાં જાય છે, પરંતુ જ્યાંસુધી આત્માનો પત્તો લાગતો નથી ત્યાંસુધી પરમાત્માનો પત્તો લાગી શકતો નથી. અને જ્યારે તમને તમારા આત્માનો પત્તો લાગી જશે ત્યારે તમે જ્યાં બેઠા હશો ત્યાં જ ઇશ્વરનો સાક્ષાત્કાર થઈ જશે.

મતલબ કે, આત્મામાં એવી કાયરતા છે કે, તે પોતાનાં દુર્ગુણોને દબાવી દુનિયામાં મોટો બનાવા ચાહે છે. આ કાયરતાને દૂર કરવા માટે જ પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે છે અને તેમના શરણે જવામાં આવે છે. રાજાની સહાયતા તે જ ચાહે છે કે જેમની પાછળ શત્રુઓ પડ્યા હોય છે. ધનવાનના શરણે તે જ જાય છે જે ગરીબ છે. આ જ પ્રમાણે આત્મામાં દુર્ગુણોને દબાવવાની નિર્બળતા છે અને એટલા જ માટે આત્મા, પરમાત્માની પ્રાર્થના કરે છે અને તેમના શરણે જાય છે. આત્મા પોતાની નિર્બળતાને દૂર કરવા માટે જ પરમાત્માના શરણે જાય છે એ ઉપરથી એટલું તો સમજાય છે કે, આત્માને પોતાની નિર્બળતાનું ભાન થયું છે. નિર્બળતાનું ભાન થયા વિના પરમાત્માના શરણે જઈ શકાતું નથી. પોતાની નિર્બળતા સમજીને જ ભક્તજનો કહે છે કેઃ—

> કબહું મન વિશ્રામ ન માન્યો,
> વિસરી સહજ સુખ જહં તહં ઇન્દ્રિય તાન્યો. કબહું૦
> યદપિ વિષય સંગ સહ્યો દુઃસહ દુઃખ વિષમ જાલ અનજાન્યો,
> તદપિ ન તજત મૂઢ મમતા વશ જાનત હૂં નહીં જાન્યો. કબહું૦

ભક્ત કહે છે કે, "હે! પ્રભો! મારા આત્માની એવી સ્થિતિ થઈ રહી છે કે, મારું મન જરા પણ વિશ્રાંતિને પામતું નથી. મારા મનને ઇન્દ્રિયોના વિષયો જે બાજુ ખેંચે છે તે બાજુ મન ભાગી જાય છે. સ્થિર રહેવામાં મનને જે સહજ સુખ છે તે સુખને મન ભૂલી રહ્યું છે.

## અનાથી મુનિનો અધિકાર—૫૩

અનાથી મુનિ રાજા શ્રેણિકને આ જ વાત કહી રહ્યા છે. તેઓ કહે છે કે, જેમણે સનાથ બનવાની ભાવનાથી સંસારનો ત્યાગ કર્યો છે તેઓ પણ ઇન્દ્રિયોના વિષયોમાં ખેંચાઈ જઈ રખડી પડે છે. જો કે આમ બને છે પણ આ દશ્યથી જીવને સનાથતા અને અનાથતાનો ભેદ સમજવામાં સરલતા પડે છે. કોઈને સાધુતાથી પતિત થતાં જોઈ જ્ઞાનીઓને એવો વિચાર થાય છે કે, વાસ્તવમાં સાધુતાનું પાલન કરવું મુશ્કેલ છે. આ મુશ્કેલ કામને કાયર લોકો કેવી

રીતે સાધી શકે? પણ એ કાયર લોકોને પતિત થતાં જોઈ મારે તેમની પાસેથી એવી શિક્ષા લેવી જોઈએ કે, એક અનાથતા તો એ છે કે જે અનાથતામાંથી નીકળી હું સાધુ થયો છું અને બીજી અનાથતા એ છે કે, જે અનાથતા સાધુતાથી પતિત થયા બાદ આવે છે. પ્રાર્થનામાં પણ કહ્યું છે કે:—

આદર્યાં પિન ન આરાધિયા તેહથી રુલિયો હું અનંત સંસારમાં.

હે! પ્રભો! મેં અનેકવાર વ્રત-નિયમોનો સ્વીકાર તો કર્યો પણ તેનું પાલન ન કર્યું હોય એવું તો ઘણીવાર બન્યું છે.

વ્રત-નિયમો વગેરેનું પાલન ન કરવું અને કેવળ વેશ ધારણ કરવો એ કોના જેવું હોય છે. એને માટે અનાથી મુનિ કહે છે કે:—

**पोल्ले व मुट्ठी जह से असारे, अयन्तिए कूडकहावणे वा।**
**राढामणी वेरुलियप्पगासे, अमहग्घए होइ हु जाणयेसु ॥ ४२ ॥**

હે! રાજન્! સાધુતા-અસાધુતા તથા સનાથ-અનાથનો ભેદ હું તને સમજાવું છું. અનાથતાનું ભાન થયા બાદ સનાથતાનું જ્ઞાન થવું સરલ છે. જેમકે ખોટા રત્નને ઓળખ્યા બાદ સાચા રત્નની પરીક્ષા કરવી સરલ છે તે જ પ્રમાણે અનાથતાનું ભાન થયા બાદ સનાથતાનું જ્ઞાન થવું સરલ છે. કોઈ માણસ ખાલી મુઠ્ઠી બંધ કરીને કોઈને બતાવે તો જોનાર તો એમ જ સમજશે કે એ મુઠ્ઠીમાં જરૂર કાંઈક હશે. પણ જેણે મુઠ્ઠી ખાલી બંધ કરી છે તે તો સારી રીતે જાણે છે કે, મારી મુઠ્ઠી ખાલી જ છે. આમ જાણવા છતાં પણ તે બીજાને ઠગવા માટે જાણી જોઈને ખાલી મુઠ્ઠી બંધ કરે છે. તે સારી રીતે જાણે છે કે, બીજો માણસ શું જાણશે કે આ ખાલી મુઠ્ઠીમાં કાંઈ નથી! પણ તે ખાલી મુઠ્ઠી બંધ કરનારે એમ વિચારવું જોઈએ કે, હું ખાલી મુઠ્ઠી બંધ કરીને બીજા લોકોને ઠગી રહ્યો છું એ મારી નિર્બળતા છે.

હે! રાજન્! જે પ્રમાણે ખાલી મુઠ્ઠી બંધ કરી બીજાને ઠગવા એ જેમ ઢોંગી માણસનું કામ છે તે જ પ્રમાણે વ્રત-નિયમો વગેરેનું પાલન ન કરવું અને ઉપરથી સાધુવેશ પહેરી પોતાને સાધુ તરીકે બતાવવું એ પણ ઢોંગીનું કામ છે. સાચો માણસ ખાલી મુઠ્ઠી બંધ કરીને કોઈને ઠગશે નહિ પણ તે તો સ્પષ્ટ એમ જ બતાવશે કે મારી મુઠ્ઠીમાં કાંઈ નથી. આ જ પ્રમાણે જે સાધુતાનું પાલન ન કરી શકે છતાં જો તે ઢોંગી નહિ હોય તો તે સ્પષ્ટ કહી દેશે કે, મારાથી સાધુતાનું પાલન થઈ શકતું નથી. તે ખાલી મુઠ્ઠી બંધ કરી લોકોને ઠગવાનો ઢોંગ કદાપિ કરતો નથી.

અત્રે એક પ્રશ્ન થાય છે કે, સાધુતાનું પાલન ન થવા છતાં પણ ખાલી મુઠ્ઠી બંધ રાખવી સારું છે કે મુઠ્ઠીને ખોલી દેવી સારું છે! અર્થાત્ સાધુતાનો બહારનો દેખાવ રાખવો સારું છે કે, ઉપરનો-બહારનો દેખાવ ન રાખવો એ સારું છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, કોઈ કુવાને ઢાંકી રાખવો અને લોકો એ કુવો છે એ ન જાણવાને કારણે તેમાં પડી જાય એમ થવા દેવું એ ખરાબ છે. એમ કરવાની અપેક્ષાએ તો કુવાને ખુલ્લો રાખવો એ સારું છે. એમ કરવાથી કોઈ ભ્રમને કારણે કુવામાં પડી જશે નહિ. આ જ પ્રમાણે સાધુતાનું પાલન થતું ન હોય તો સ્પષ્ટ કહી દેવું પણ ઢોંગ ન કરવો. ભગવાને કહ્યું છે કે, લોકો અસાધુની પૂજા કરે અને તેને સાધુ માને તે વિષમકાલ છે.

આજકાલ તો ઈન્દ્રજાળનાં ખેલો બહુ ઓછાં થાય છે પણ પહેલાંના જમાનામાં ઈન્દ્રજાળનાં ખેલો બહુ થતા. એ ખેલોમાં પલવારમાં કાંકરાના રૂપિયા બનાવવામાં આવતાં. જો કે તે ખેલ કરનાર રૂપિયા બનાવીને ફેંકતો જાય છે છતાં તમે તો એમ જાણો જ છો કે એ રૂપિયા કેવળ બતાવવા માટે જ હોય છે. જો વાસ્તવમાં એ રીતે રૂપિયા બની શકતા હોય કે તે બનાવી શકાતા હોય તો તે બજારિયા એક પૈસા માટે ભીખ શા માટે માંગે ?

જે પ્રમાણે તે ખેલ કરનાર કૌતુક કરી જગતને ઠગે છે, તે જ પ્રમાણે તે લોકો પણ જગતને ઠગનારા છે કે જે લોકો વાસ્તવમાં સાધુતાનું પાલન કરતા નથી, પણ બહારથી સાધુતાનો ઢોંગ કરે છે. એવા લોકોને કારણે જ યુવાનોને ધર્મ ઉપરથી શ્રદ્ધાભાવ ઓછો થતો જાય છે. તે લોકોને કારણે જ આજે લોકોને એમ કહેતા સાંભળવામાં આવે છે કે, 'ધર્મે ઘણો આડંબર ફેલાવ્યો છે અને દુનિયામાં હાહાકાર વર્તાવ્યો છે, એટલા માટે ધર્મની આવશ્યકતા નથી.' આ પ્રમાણે કહેનારા યુવકો આમ કહેવામાં ઘણી ઉતાવળ કરે છે. તેમણે સમજવું જોઈએ કે, જે આડંબર ધર્મના નામે થઈ રહ્યો છે એમાં ધર્મનો શો વાંક છે ? કયા ધર્મમાં આડંબર કહ્યો છે ? અને જ્યારે તમે આડંબરને જ ભગાવવા ચાહો છો તો પછી તમે એમ શા માટે કહેતા નથી કે અમે અધર્મનો વિરોધ કરીએ છીએ. આડંબર કરવો એવું કોઈ પણ ધર્મમાં કહેલ નથી. એ વાત જુદી છે કે, ધર્મના નામે કોઈ અધર્મ ચલાવતા હોય પણ અત્રે વિચાર કરી જોવો જોઈએ કે એમાં ધર્મનો શો વાંક છે ? તમે લોકો આડંબરને દૂર કરવા ચાહો છો પણ આડંબરને કારણે ધર્મને બદનામ શા માટે કરો છો અને ધર્મનો વિરોધ શા માટે કરો છો ? આડંબરને કારણે ધર્મનો વિરોધ કરવો એ વાત કેટલી ભૂલભરેલી છે તે એક દૃષ્ટાંતદ્વારા સમજાવું છું:—

એક માણસે એક રીંછની સાથે મિત્રતા બાંધી. બન્ને એક–બીજાના પાકા મિત્ર થઈ ગયા. તે રીંછ એકવાર સુતો હતો ત્યારે તેના શરીર ઉપર બેસતી માખીઓને તે માણસ ઉડાડવા લાગ્યો. થોડીવાર પછી તે રીંછ જાગ્યો અને તેના મિત્રને કહ્યું કે, હવે તમે સુઈ જાઓ. હું માખીઓને ઉડાડતો રહીશ. તે માણસ સુઈ ગયો, રીંછ માખીઓને ઉડાડવા લાગ્યો. *પણ માખીઓનો તો એક જગ્યાએથી ઉડી બીજી જગ્યાએ બેસવાનો સ્વભાવ હોય છે.* એટલે માખીઓ સ્વભાવ પ્રમાણે એક જગ્યાએથી ઉડી બીજી જગ્યાએ બેસવા લાગી. રીંછે વિચાર્યું કે, આ માખીઓ બહુ અપરાધ કરે છે માટે એ માખીઓને મારી નાંખવી જોઈએ. આ પ્રમાણે વિચાર કરી તે માખીઓને મારવા માટે એક મોટી લાકડી ઉપાડી લાવ્યો, પણ તેને એટલું જ્ઞાન ન હતું કે લાકડી વડે માખીઓને મારવા જતાં મિત્રને પણ માર પડશે. રીંછ તો અજ્ઞાન હતો, એટલે તે માખીઓને લાકડી મારવા મિત્ર ઉપર લાકડીનો ઘા કરી બેસતો. જો કે તેનો ઉદ્દેશ મિત્રને મારવાનો ન હતો પણ તેની અજ્ઞાનતાના કારણે તે મિત્રને પણ લાકડી મારી બેસતો.

આડંબરને કારણે ધર્મની અવહેલના ન થાય તેની સાવધાની રાખવાની આવશ્યકતા છે. ઢોંગનો નાશ કરવા ચાહો છો એ તો ઠીક છે, અને શાસ્ત્ર પણ ઢોંગને દૂર કરવાનું જ કહે છે; પરંતુ ઢોંગને દૂર કરવાને નામે જેમ માખીઓને બદલે મિત્રને કષ્ટ સહેવું પડ્યું તેમ ધર્મ કચડાઈ ન જાય તેની સાવધાની રાખવાની જરૂર છે. ધર્મની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે:—

**धारयति इति धर्मः**

જે પતિત થતાં બચાવે છે તે ધર્મ છે; પણ આજે એ ભૂલ થઈ રહી છે કે જે નીચે પાડે છે કે પાછળ હઠાવે છે તેને ધર્મ સમજવામાં આવે છે. **ધી ધારણે** ધાતુ ઉપરથી ધર્મ શબ્દ બન્યો છે. અર્થાત્ નીચે પડતાં જે બચાવે તે ધર્મ છે. જે રાગ-દ્વેષમાં ન પાડે તે ધર્મ છે. એક માણસે લખ્યું છે કે, જો મારું ચાલે તો હું ધર્મને એક બાજુ મૂકી દઉં અને ગરીબોને મહેલોમાં વસાવું; પણ જ્યારે ગરીબોને મહેલોમાં વસાવવામાં આવશે તો અમીરોને ક્યાં વસાવશો! શું તેમને ઝુંપડાઓમાં વસાવશો! આ તો એકને નીચે પાડી બીજાને ઉન્નત બનાવવા જેવું છે. ધર્મ આ પ્રકારનો રાગ-દ્વેષ કરતાં અટકાવે છે.

આજના નવયુવાનોમાં ધર્મ ઉપર દ્વેષ કરવાનું કારણ ધર્મી કહેનારાઓનો ઢોંગ છે. જો ધાર્મિક કહેનારાઓ ધર્મનું બરાબર પાલન કરે અને કોઈના પ્રતિ રાગ-દ્વેષ ન રાખે તો ધર્મની કોઈ નિંદા કરી શકે નહિ તેમ ધર્મનો વિરોધ પણ કોઈ કરી શકે નહિ.

## સુદર્શન ચરિત્ર—૫૩

**નહીં ચીજ જગમેં કોઈ ઐસી, ચરણ ચઢાઉં લાય;**
**તથાપિ મુઝ પર મેહર કરીને, માંગો તુમ હુલસાય. ॥ધન૦ ૧૧૮॥**

**રાય તુમ્હારે રહતે રાજમેં, મિલા ધર્મકી સહાય;**
**ઔર કામના મુઝે ન કુછ ભી, માતા સાતા પાય. ॥ધન૦ ૧૧૯॥**

**સુને શેઠ કે બેન સભી જન, અચરજ અધિકો પાય;**
**શત્રુસે ઐસા ભાવ દિખાયા, મહિમા વરણી ન જાય. ॥ધન૦ ૧૨૦॥**

રાજા કહેવા લાગ્યો કે, "હે! શેઠ! મારા જેવા પામર પ્રાણીને આપના ધર્મપાલનથી અપૂર્વ શિક્ષા મળી છે. આપની દ્વારા ધર્મનું મંડન અને પાપનું ખંડન થયું છે. હું રાજધર્મથી બંધાએલો છું એ કારણે એકતરફી સત્ય માનીને મેં આપને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો પણ આપની ભાવનાને ધન્ય છે કે, જે ભાવનાએ શૂળીને પણ સિંહાસન બનાવી દીધું. સંસારમાં ઘણીવાર ઇચ્છા ન હોવા છતાં પણ મિથ્યા દંડ આપવામાં આવે છે. મેં પણ એવું જ કૃત્ય કર્યું છે. જો કે આપની ભાવના ઉચ્ચ છે અને મારા પ્રતિ આપનો કોઈ પ્રકારનો રોષ પણ નથી પણ મને હવે એવો પશ્ચાત્તાપ થાય છે કે, મેં આપ જેવા નિરપરાધીને શૂળીનો દંડ કેવી રીતે આપી દીધો? મને એવો પણ વિચાર થાય છે કે, આ સંસારમાં અને રાજકાર્યમાં પ્રવૃત્ત રહેવાથી ન જાણે મારા હાથે નિરપરાધીઓને કેટલીવાર દંડ અપાયો હશે? પણ હું સંસારમાં ફસાએલ છું એ કારણે જ મારા હાથે આવાં કૃત્યો થવાં સ્વાભાવિક છે, પરંતુ હવે આપની પવિત્ર ભાવનાએ મારો પણ સુધાર કરી નાંખ્યો છે. મારો એવો નિયમ છે કે, જે સારું કામ કરે છે તેને હું પુરસ્કાર આપ્યા કરું છું. આ નિયમાનુસાર તમે પણ મારી પાસે કાંઈક માંગો કે જેથી મારો પશ્ચાત્તાપ પણ થોડો ઓછો થઈ જાય અને મારા હૃદયને પણ થોડી શાન્તિ મળે."

જો સુદર્શન ચાહત તો રાજા પાસેથી ઘણું ધન માંગી શકતો હતો પણ તેણે રાજાને કહ્યું કે, "હું આપની પાસે બીજું કાંઈ ચાહતો નથી પરંતુ એટલું જ ચાહું છું કે, મારી માતાને કોઈ પ્રકારનું કષ્ટ ન થાય. સંસારમાં મનુષ્યથી ભૂલ તો થાય છે પણ પોતાની ભૂલને

ભૂલ માનવી એ કાંઈ ઓછું નથી. હે ! રાજન્ ! તમે રાજા થઈને આટલા માણસોની વચ્ચે તમારી અપૂર્ણતા અને ભૂલનો સ્વીકાર કરો છો એ કાંઈ ઓછા હર્ષની વાત નથી. તમારા જેવો રાજા થવો પણ મુશ્કેલ છે. રાજાની સહાયતાથી જ ધર્મનું પાલન થઈ શકે છે. તમારા રાજ્યમાં અને તમારી રક્ષામાં જ મેં ધર્મનું પાલન કર્યું છે. જો રાજસત્તા, એક દિવસને માટે પણ ન હોય તો ગજબ થઈ જાય. પાણી ન વરસવાથી તો જેમતેમ એક વર્ષ ચલાવી શકાય છે પણ રાજસત્તા વિના એક દિવસ પણ કાઢવો મુશ્કેલ થઈ જાય છે. માટે હે ! રાજન્ ! તમારો મારા ઉપર ઘણો ઉપકાર છે. તમારી સહાયતાથી જ હું ધર્મનું પાલન કરી શકયો છું. ”

શ્રી સ્થાનાંગ સૂત્રમાં સાધુઓ ઉપર પણ *પાંચ જણાનો ઉપકાર બતાવવામાં આવ્યો છે. જેમાં સૌથી પહેલો ઉપકાર રાજાનો છે. એટલા માટે સુદર્શન રાજાનો ઉપકાર માને છે. સુદર્શન મનમાં વિચાર કરે છે કે, મેં માતાનો ભેદ ખોલ્યો નથી પરંતુ શૂળીનું સિંહાસન બની જવાને કારણે માતાનો ભેદ ખુલ્લો થઈ ગયો છે. રાજા ક્ષત્રિય છે, એટલે જ્યારે તે માતાની સામે જશે અને માતા તેની સામે જશે ત્યારે માતાનું માથું કેવું નીચું નમી જશે ! અને તે વખતે માતા રાજાને શો ઉત્તર આપી શકશે ! માટે રાજા પાસેથી માતાના માટે અભય વચન માંગી લેવું જોઈએ. પોતાના સ્વાર્થને ન જોતાં બીજાના હિત માટે માંગવું એ કાંઈ ઓછો ત્યાગ નથી. ધર્મ આ જ વાત શીખવે છે.

સુદર્શને પોતાનો સ્વાર્થ ન જોયો પણ પરાર્થ જોયો. તેણે રાજાને કહ્યું કે, “ હે ! રાજન્ ! મારી માતાનો મારી ઉપર ઘણો જ ઉપકાર છે. જો માતા મારી પરીક્ષા ન કરત તો મારી ધર્મપરીક્ષા કેવી રીતે થાત ! એટલા માટે આપને એવી પ્રાર્થના છે કે, આપ મારા માટે મારી માતાને કાંઈ ન કહો પણ અભયા માતાને આપ અભયતા આપો. બસ ! આપની પાસે હું આ જ વસ્તુ માંગું છું, બીજું કાંઈ માંગતો નથી. ”

સુદર્શનની આ માંગણીના જવાબમાં રાજા શું કહે છે તેનો વિચાર હવે પછી આગળ કરવામાં આવશે.

* राया, गाहावई, छक्काय, गण, सरीरे અર્થાત્ રાજાનો, ગાથાપતિનો, છકાયનો, ગણનો તથા શરીરનો—આ પાંચ જણાનો ઉપકાર છે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૯ શુક્રવાર

### પ્રાર્થના

'વિજયસેન' નૃપ 'વિપ્રા' રાણી, નમિનાથ જિન જાયા;
ચૌસઠ ઈન્દ્ર કિયો મિલ ઉત્સવ, સુરનર આનંદ પાયો રે.
સુજ્ઞાની જીવા, ભજલે રે જિન ઈક્વીસવાઁ.

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી નમિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ પ્રાર્થનામાં તત્ત્વની ચર્ચા કરવામાં આવી છે. જગતમાં એમ બહુ કહેવામાં આવે છે કે, તત્ત્વનું જ્ઞાન કરો, અને ઘણા લોકોને તત્ત્વનું જ્ઞાન કરવાની જિજ્ઞાસા પણ રહે છે; પણ સાચું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા માટે શું કરવું પડે છે તે પહેલાં જોવું જોઈએ ! તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થાય છે, એ વાતનો વિચાર કરવાથી પણ આત્માને ઘણો આનંદ મળી શકે છે. આજના લોકો તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરવા માટે પુસ્તકોના વાચનને પર્યાપ્ત સમજે છે પરંતુ પુસ્તકના વાચનથી જ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થશે એમ સમજવું એ ભૂલ છે. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સાચી જિજ્ઞાસા હોવી જોઈએ.

તત્ત્વજ્ઞાનનું કેટલું મહત્ત્વ છે અને તત્ત્વજ્ઞાનને કેવીરીતે પ્રાપ્ત કરી શકાય છે એના વિષે ઉપનિષદ્માં એક કથા આવેલ છે. તેમાં કહ્યું છે કે, એક મોટો રાજા હતો. દાનના પ્રભાવથી તે રાજાની કીર્ત્તિ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. પોતાની કીર્ત્તિ ફેલાયેલી જોઈ રાજાને એવું અભિમાન આવી ગયું કે, હું કેવો દાની છું. મારા જેવો બીજો કોણ દાની છે?

એક રાત્રે, રાજા મહેલની અગાસીએ સુતો હતો. તે રાત્રીએ હંસરૂપધારી બે ગાંધર્વો નીકળ્યા. એક ગાંધર્વે રાજાને જોઈ બીજા ગાંધર્વને કહ્યું કે, આ રાજા ઘણો જ ધીર–વીર, દાની તથા દયાળુ છે. આના જેવો દાની–દયાળુ બીજો કોઈ નથી. આ સાંભળી બીજા ગાંધર્વે કહ્યું કે, એ રાજા ગમે તેવો હોય પણ તે તત્ત્વજ્ઞાનીના સોમા ભાગનો પણ નથી. તે તત્ત્વજ્ઞાનીની આ રાજા બરાબરી કરી શકે નહિ. મેં અમુક તત્ત્વજ્ઞાનીને જોએલ છે. એ તત્ત્વજ્ઞાનીની આ રાજા બરાબરી કરી શકે નહિ. પે'લા ગાંધર્વે પૂછ્યું કે, તમે કયા તત્ત્વજ્ઞાનીને જોયા છે? બીજા ગાંધર્વે જવાબ આપ્યો કે, અમુક તત્ત્વજ્ઞાનીને. આ ઉત્તર સાંભળી પે'લા ગાંધર્વે કહ્યું કે, એ તો ગરીબ છે. એ ગરીબ રાજાની સરખામણી કેવી રીતે કરી શકે? બીજાએ આ પ્રશ્નનો જવાબ આપ્યો કે, તમે સંસારના વૈભવને જ બધું માનો છો અને તેથી જ તમે આમ કહી રહ્યા છો; પરંતુ હું સંસારના વૈભવોને તત્ત્વજ્ઞાનની આગળ તુચ્છ માનું છું. તત્ત્વજ્ઞાનની આગળ સંસારના વૈભવો સોગણા નહિ પણ ક્રોડગણા ઊતરતાં છે. એટલા માટે મારી આગળ સંસારના વૈભવોની પ્રશંસા ન કરો. હું જેમની પાસે સંસારના વૈભવો છે તેમને મોટો માનતો નથી પરંતુ તત્ત્વજ્ઞાનીને જ મોટો માનું છું.

આપણા શાસ્ત્રમાં પણ આ જ વાત કહી છે કે, સંસારનાં વૈભવો મોટાં નથી પરંતુ ધર્મ મોટો છે.

**देवा वि तं नमस्सन्ति जस्स धम्मे सया मणो ।**

અર્થાત્–જેમનામાં ધર્મ છે તેમને દેવો પણ નમસ્કાર કરે છે. વાસ્તવમાં દેવો મોટા છે કે મનુષ્યો ? સાંસારિક વૈભવો અને ભોગવિલાસમાં દેવો ભલે મોટા ગણાતા હોય પરંતુ ધર્મપાલનમાં તો મનુષ્યો જ મોટા છે. દેવો વિલાસ માણી શકે છે પરંતુ ધર્મનું પાલન કરી શકતા નથી. ધર્મનું પાલન તો મનુષ્યો જ કરી શકે છે. એટલા માટે દેવો નહિ પણ મનુષ્યો જ મોટા છે.

એ બે ગાંધર્વો વચ્ચે થતી વાત, રાજાએ સાંભળી. રાજા વિચારવા લાગ્યો કે, "કોઈ પણ રીતે એ તત્ત્વજ્ઞાનીને નીચે પાડવો જોઈએ. સાંસારિક વૈભવોમાં લલચાવી તેને તત્ત્વજ્ઞાનથી પતિત કરવો અને તત્ત્વજ્ઞાન મોટું નહિ પણ સંસારનાં વૈભવો મોટાં છે એ વાત સિદ્ધ કરવી." આ પ્રમાણે વિચાર કરી રાજા સવારના પહોરમાં દશ હજાર ગાયો અને એક મૂલ્યવાન હાર લઈ રથમાં બેસી તે તત્ત્વજ્ઞાની પાસે ગયો. તત્ત્વજ્ઞાની પાસે જઈ તેણે કહ્યું કે, હું આપને આ બધી ગાયો, આ હાર તથા આ રથ ભેટમાં આપું છું અને આપ મને તત્ત્વજ્ઞાન સંભળાવો; એટલું જ આપની પાસે ચાહું છું. રાજાના આ કથનના ઉત્તરમાં એ તત્ત્વજ્ઞાનીએ રાજાને કહ્યું કે, "હે ! શૂદ્ર ! તું અહીંથી જેમ આવ્યો તેમ પાછો ચાલ્યો જા. તું તત્ત્વજ્ઞાન સાંભળવાને યોગ્ય નથી."

રાજા ક્ષત્રિય હતો છતાં તે તત્ત્વજ્ઞાનીએ તેને શૂદ્ર કેમ કહ્યો ? આનો ખુલાસો કરતાં શંકરભાષ્યમાં કહ્યું છે કે, જેમના હૃદયમાં તો બીજું હોય છે અને ઉપરથી બીજું કાંઈ કહે છે તથા જે સંસારના વૈભવોના સંતાપથી શોકાકુલ રહે છે તે શૂદ્ર કહેવાય છે.

એ તત્ત્વજ્ઞાનીનું કહેવું સાભળી રાજા ચોંકી ઊઠયો. તે વિચારવા લાગ્યો કે, વાસ્તવમાં તે હંસો ઠીક જ કહેતા હતા. આ તત્ત્વજ્ઞાની તો મારા વૈભવને તુચ્છ માને છે અને મને શૂદ્ર કહે છે. એ આટલો દરિદ્રી હોવા છતાં તેને સંસારના વૈભવો તુચ્છ લાગે છે. એની દૃષ્ટિમાં તો સ્વર્ગ પણ તુચ્છ છે. એને એટલો પણ વિચાર થતો નથી કે, હું આવો તત્ત્વજ્ઞાની થઈને પણ દુઃખી છું. વાસ્તવમાં આ સાચો તત્ત્વજ્ઞાની છે અને તત્ત્વજ્ઞાનીની આગળ સાંસારિક વૈભવો તુચ્છ જ હોય છે.

રાજા આ પ્રમાણે વિચાર કરી તત્ત્વજ્ઞાનીને કહેવા લાગ્યો કે, આપ મારો અપરાધ ક્ષમા કરો. હું આ ગાયો, આ હાર વગેરે આપી આપને તત્ત્વજ્ઞાનથી પતિત કરી એમ બતાવવા ચાહતો હતો કે, તત્ત્વજ્ઞાનની અપેક્ષાએ સાંસારિક વૈભવો જ મોટાં છે, પણ મારો આ અપરાધ હવે માફ કરો અને મને તત્ત્વજ્ઞાન સંભળાવો. રાજાના આ કથનના ઉત્તરમાં તત્ત્વજ્ઞાનીએ કહ્યું કે, તું જો તત્ત્વજ્ઞાન સાંભળવા ચાહે છે તો તારા આ વૈભવને દૂર કરી મારી સામે બેસ. હું તને તત્ત્વજ્ઞાન સંભળાવું છું.

આ પ્રાર્થનામાં પણ કહ્યું છે કે:—

> જીવાદિકનો તત્ત્વ હિયે ધર, હેય જ્ઞેય સમજીને રે;
> તીજે ઉપાદેય ઉલખીને, સમકિત નિર્મલ કીજે રે. સુજ્ઞાની૦

આ પ્રાર્થનામાં આ તત્ત્વજ્ઞાન બતાવવામાં આવ્યું છે પણ તમે આ તત્ત્વજ્ઞાનને સમજવા માટે કઈ ચીજનો ત્યાગ કરો છો એ જુઓ. ઉપરથી તો તત્ત્વજ્ઞાનની વાતો કરો અને હૃદયમાં

દુનિયાના લોકો મને માન આપે એવી ભાવના કરો તો તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે તો સાંસારિક વસ્તુઓનો મોહ છોડી દેવો પડે છે. જેમણે સાંસારિક વસ્તુઓનો મોહ છોડ્યો નથી તે તત્ત્વજ્ઞાનને યોગ્ય બની શકતા નથી. જ્યારે એવું જ્ઞાન થાય કે,

તૂ સો પ્રભુ, પ્રભુ સો તૂ હૈ, દ્વૈત કલ્પના મેટો;
સત્ ચેતન આનંદ 'વિનયચંદ' પરમાતમ પદ ભેટો રે. સુજ્ઞાની૦

આ પ્રમાણે જ્યારે આત્મભાન થાય છે અને સાંસારિક વસ્તુઓનો મોહ છૂટી જાય છે ત્યારે જ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થયા વિના તત્ત્વજ્ઞાનની વાતો કરવી એ કોના જેવું છે એને માટે અનાથી મુનિ શું કહે છે તે જુઓ.

## અનાથી મુનિનો અધિકાર—૫૪

અનાથી મુનિ કહે છે કે, તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થયા વિના તત્ત્વજ્ઞાનની વાતો કરવી એ તો ખાલી મુઠ્ઠીને બંધ કરી બતાવવા સમાન છે. અનાથી મુનિએ આ વિષે અનેક ઉદાહરણ આપી લોકોત્તર વાતને સિદ્ધ કરેલ છે.

અનાથી મુનિએ પહેલું ઉદાહરણ તો ખાલી મુઠ્ઠીનું આપ્યું. બીજું ઉદાહરણ ખોટા સિક્કાનું આપ્યું છે. ખોટા સિક્કાનો કોઈ પોતાની પાસે સંગ્રહ કરતું નથી. આજે કોઈ ખોટા સિક્કાનું પ્રચલન કરે તો તે સરકારનો પણ અપરાધી માનવામાં આવે છે.

એક પુસ્તકમાં ખોટા સિક્કા વિષે એક વાત વાંચવામાં આવી હતી. તેમાં લખ્યું હતું કે, ઔરંગજેબ બાદશાહ ધર્મનો બહુ કટ્ટર હતો. તે એમ ચાહતો હતો કે, સંસારના બધા લોકો મુસલમાન થઈ જાય. તેની આ અભિલાષાને કારણે ઐતિહાસિક લોકો એમ લખે છે કે:—

'શિવાજી ન હોત તો સુન્નત હોત હિન્દ કી'

ઔરંગજેબનો સમય આવો ધર્મઝનૂનનો હતો. એકવાર તેણે વિચાર્યું કે, બધાને મારી-પીટીને પણ મુસલમાન બનાવી દેવા. જો હું આટલું કામ ન કરી શકું અને અલ્લાના ધર્મને ન ફેલાવું તો હું બાદશાહ શું થયો! બાદશાહના મિત્રોમાં એક લાલદાસ નામનો બાવો પણ મિત્ર હતો. તે દરબારમાં પણ આવતો-જતો હતો. બાદશાહે વિચાર્યું કે, જો આ બાવો મારી ઇચ્છાનું સમર્થન કરે તો મારી મુરાદ પાર પડી જાય અને બધું કામ પણ થઈ જાય. આ પ્રમાણે વિચાર કરી તેણે લાલદાસ બાવાને પૂછ્યું કે, બાવાજી! મારે દુનિયાની બંદગી કરવી જોઈએ કે ખુદાની? બાવાજીએ ઉત્તર આપ્યો કે, એમાં પૂછવા જેવું શું છે! ખુદાની બંદગી કરવી એ જ ઠીક છે. બાદશાહે બાવાજીને ફરી પૂછ્યું કે, એ તો ઠીક પણ બાદશાહે પોતાની પોઝીસન પ્રમાણે ખુદાની બંદગી કરવી જોઈએ ને? બાવાજીએ ઉત્તર આપ્યો કે, એ પણ ઠીક છે. બાદશાહે કહ્યું કે, ખુદાની બંદગી માટે મેં એવો વિચાર કર્યો છે કે, જે લોકો રાજીખુશીથી મુસલમાન થતા નથી તેમને માર મારીને પણ જબરજસ્તીથી 'કલમા' ભણાવી દેવા અને તેમને મુસલમાન બનાવી દેવા. મારો આ વિચાર ઠીક છે કે નહિ?

લાલદાસે ઉત્તર આપ્યો કે, આપને મનમાં જે વિચાર આવ્યો છે તેને દેવદૂતો પણ બદલાવી શકતા નથી તો પછી બીજાઓની તાકાત જ શું? બાદશાહે કહ્યું કે, એ તો ઠીક

છે પણ સૌથી પહેલાં તમારે જ મુસલમાન થવું પડશે ! લાલદાસે ઉત્તર આપ્યો કે, હું તમારાથી કયાં દૂર છું. જ્યારે હું તમને સલાહ આપું છું અને તમે જબરજસ્તીથી જ બધાને મુસલમાન બનાવો છો તો પછી હું તેમાંથી કેમ બચી શકું !

આ પ્રમાણે વાતચીત થયા બાદ લાલદાસ પોતાના સ્થાને ગયો અને વિચારવા લાગ્યો કે, બાદશાહને કેવી રીતે સમજાવવા ? આખરે તેણે એક ઉપાય વિચારી લીધો અને એ ઉપાય પ્રમાણે જ કરવા માટે તેણે પોતાના ચેલાને સમજાવી દીધો. બીજે દિવસે લાલદાસ બાદશાહની પાસે બેઠા હતા તે જ વખતે તેનો ચેલો ત્યાં આવ્યો અને લાલદાસને કહ્યું કે, અહીંના શરાફો બહુ જ બદમાશ થઈ ગયા છે. લાલદાસે પૂછયું કે કેમ ! ચેલાએ ઉત્તર આપ્યો કે, હું આ રૂપિયા લઈ પૈસા લેવા ગયો હતો પરંતુ એ લોકોએ પૈસા ન આપ્યા. લાલદાસે ચેલાને પૂછયું કે, એ લોકોએ શું કહ્યું ? ચેલાએ ઉત્તર આપ્યો કે, એ લોકો કહે છે કે, આ રૂપિયા ખોટા છે એટલા માટે અમે તેના પૈસા આપી શકીએ નહિ. એ લોકો એમ પણ કહેતા હતા કે, જો તમે બાવાજીના ચેલા ન હોત તો તમારી ઉપર કેસ કરી તમને દંડ અપાવત. એ તો અમારો ઉપકાર માનો કે, અમે તમારી ઉપર કેસ કરતા નથી; માટે તમે આ ખોટા રૂપિયા લઈ ચૂપચાપ પાછા ચાલ્યા જાઓ.

બાદશાહ આ વાત સાંભળી રહ્યો હતો. તેણે બાવાજીને પૂછયું કે શું વાત છે ! બાવાજીએ ઉત્તર આપ્યો કે, અહીંના શરાફો એવા બદમાશ થઈ ગયા છે કે બાદશાહના સિક્કાને પણ માનતા નથી. આ જુઓ ! મારો ચેલો રૂપિયા લઈને પાછો આવ્યો છે. આ રૂપિયા ઉપર બાદશાહી સિક્કો હોવા છતાં તે લોકો આ રૂપિયા ખોટા છે એમ કહી ફેંકી દે છે.

આલમગીરીનો કાયદો પ્રસિદ્ધ છે. કહેવાય છે કે અંગ્રેજોએ પણ એ કાયદાનો ઘણોખરો ભાગ પોતાના કાયદામાં પણ દાખલ કર્યો છે.

બાદશાહે બાવાજી પાસેથી રૂપિયો લઈ જોયો અને કહ્યું કે, આ રૂપિયો તમને કોણે આપ્યો ? શું તમે મારા કાયદાથી વાકેફ નથી ? આ રૂપિયો ખોટો છે અને ખોટા રૂપિયાને ચલાવનારને હું ભારે દંડ આપું છું. તમને તો હું સારી રીતે જાણું છું કે, તમે આ ખોટો રૂપિયો બનાવ્યો નહિ હોય પરંતુ તમને આ રૂપિયો કોણે આપ્યો છે ? લાલદાસે જવાબ આપ્યો કે, આ ખોટો છે તેથી શું થયું ? આ ખોટા રૂપિયા ઉપર બાદશાહી સિક્કો તો છે ને ? બાદશાહે ઉત્તર આપ્યો કે, મારો સિક્કો સાચો હોવો જોઈએ. ખોટો સિક્કો મારા નામનો હોવા છતાં તેને બનાવવો કે ચલાવવો એ અપરાધ છે. બાવાજીએ કહ્યું કે, જો એમ છે તો શું ખુદાના નામે કોઈના ઉપર જુલ્મ ગુજારવો કે કોઈને જબરજસ્તી માર મારીને મુસલમાન બનાવવા એ શું અપરાધ નથી ? શું આમ કરવું તે ખોટો સિક્કો ચલાવવા જેવો અપરાધ નથી ?

બાદશાહ સમજી ગયો. તેણે પૂછયું કે, ત્યારે શું કરવું ? લાલદાસે ઉત્તર આપ્યો કે, કોઈ પોતાની મેળે મુસલમાન બને એ વાત જુદી છે નહિ તો ધર્મને માટે બધાને સ્વતંત્રતા હોવી જોઈએ. બાદશાહે બાવાજીની આ વાતનો સ્વીકાર કર્યો.

આ જ પ્રમાણે અનાથી મુનિ પણ ખોટા સિક્કાનું ઉદાહરણ આપી રહ્યા છે. તેઓ કહે છે કે, જેમની ઉપર તો ચાંદી ચડાવવામાં આવેલ છે અને અંદર તાંબું ભરેલું છે એવા

ખોટા સિક્કાનો સંગ્રહ બુદ્ધિમાન લોકો કરતા નથી. સંસારમાં એવી પદ્ધતિ પ્રચલિત છે કે, જેમની પાસે વધારે સિક્કાઓ હોય છે તે મોટા માણસ માનવામાં આવે છે પણ જો તે સિક્કાઓ સાચા હોય, ખોટા ન હોય તો. આ જ પ્રમાણે જે વ્રત–નિયમોમાં તો અસ્થિર છે પણ ઉપરથી સાધુ બની બેસેલ છે તે ખોટા સિક્કાની સમાન છે. તેમની કોઈ કદર કરતું નથી. સત્પુરુષોની સેવાથી પાપી પણ સુધરી જાય છે પણ તેમની સેવાથી જે સુધરે છે તે સત્પુરુષ છે. ઢોંગીની સેવાથી કાંઈ લાભ થતો નથી.

અનાથી મુનિ આ વિષે ત્રીજું ઉદાહરણ આપે છે. તેઓ કહે છે કે, કાચનો ટૂકડો ગમે તેટલો ચમકતો હોય અને હીરા–પન્નાની માફક જ કેમ દેખાતો ન હોય, છતાં તે રત્ન નથી અને રત્ન જેટલી તેની કીંમત અંકાતી નથી. કોઈ વ્યક્તિ કાચના ટૂકડાને રત્ન કહી બતાવે તો કોઈ અજ્ઞાન માણસ ભલે તેને રત્ન માની લે, પણ જાણકાર માણસ તેને રત્ન માની શકશે નહિ અને રત્ન માની તેનો સંગ્રહ પણ કરશે નહિ.

અનાથી મુનિ આ ત્રણ ઉદાહરણો આપી એમ કહે છે કે, જે પ્રમાણે આ ખાલી મુઠ્ઠી, ખોટો સિક્કો અને કાચનો ટૂકડો અસાર છે, તે જ પ્રમાણે વ્રત–નિયમોના પાલન વિના કેવળ સાધુવેશ અને બહારની ક્રિયા પણ અસાર છે. જે બહાર તો સાધુપણું બતાવે છે અને અંદર કોઈ બીજો જ ભાવ રાખે છે-સાધુપણાને પાળવાનો ભાવ રાખતો નથી–તે પણ અસાર છે.

આ ઉદાહરણોને ચાહો તે દૃષ્ટિએ ઘટાવી શકો છો. દુનિયાને માટે પણ પ્રસિદ્ધિ છે કેઃ—

ઊંચી સી દુકાન, ફીકેસે પકવાન;
પાંચસોં કી પૂંજી પર, પન્દ્રહ સોં કા દિવાલા હૈ ।

અર્થાત્—પૂંજી તો થોડી છે પણ ઉપરનો દેખાવ બહુ બતાવવામાં આવે છે કે જેથી લોકો તેને ધનવાન સમજી પોતાનું ધન સોંપી જાય. આ જ વાત એ સાધુઓને માટે પણ સમજવાની છે કે, જેઓ સાધુપણાની પૂંજી ન હોવા છતાં ઉપરથી ઢોંગ બતાવે છે. જેઓ સાચા તત્ત્વજ્ઞાની હશે તેઓ તો અંદર કાંઈ બીજું રાખી અને ઉપરથી કાંઈ બીજું જ બતાવી કોઈને કદાપિ ઠગવાનો પ્રયત્ન કરશે નહિ.

જો કે, અનાથી મુનિએ જે કાંઈ કહ્યું છે તે સાધુઓને લક્ષ્યમાં રાખી કહ્યું છે પણ આ વાત બધાને એક સરખી લાગુ પડે છે. તમારે શ્રાવકોએ પણ એ વાતની સાવધાની રાખવી જોઈએ કે અંદર તો કાંઈ બીજું રાખો અને ઉપરથી કાંઈ બીજું ન બતાવો. શાસ્ત્રમાં કહ્યું છે કે—

**मायी मिच्छादिट्ठी अमायी सम्मदिट्ठी ।**

અર્થાત્—જે અંદર તો કાંઈ બીજું જ રાખે છે અને ઉપરથી કાંઈ બીજું જ બતાવે છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમદૃષ્ટિ તો તે છે કે, જે કપટભાવ રાખ્યા વિના અંદર જેવું હોય છે તેવું જ બહાર બતાવે છે.

કદાચ કોઈ એમ કહે કે, અમે શ્રાવક છીએ પણ આખરે અમે ગૃહસ્થ છીએ એટલા માટે જો અમે ઉપરનો ભપકો ન રાખીએ તો અમારું કામ ચાલી શકતું નથી. ઉપરથી તો અમારે 'પોલીસી' રાખવી જ પડે છે. પરંતુ જ્ઞાનીઓ આ વિષે કહે છે કેઃ—

ઉઘરે અન્ત ન હોઈ નિબાહૂ, કાલનેમિ જિમિ રાવણુ રાહૂ.

તુલસીદાસજી કહે છે કે, રાવણ સાધુ બન્યો હતો પરંતુ તે સાધુપણું પાળવા માટે નહિ પણ રામ અને સીતાને ઠગવા માટે. તે એમ વિચારતો હતો કે, આ વેશદ્વારા રામ સીતા ઠગાઈ જશે. કામ કાઢવા માટે જેમ ઠીક લાગે તેમ કરવું જોઈએ. આ દૃષ્ટિએ તે સાધુ બન્યો હતો પણ આખરે સાધુ બનવા પાછળ રહેલો બધો ભેદ ખુલ્લો થઈ ગયો. આખરે તેનું પરિણામ શું આવ્યું ? તેણે ધર્મના નામે ઠગાઈ તો કરી પણ તેની ઠગાઈ શું ચાલી શકી ? નહિ. આ પ્રમાણે વિચાર કરી સમજદાર લોકો ઉપરથી કાંઈ બીજું બતાવતા નથી તેમ કુયુક્તિથી લોકોને ઠગતા પણ નથી. તેઓ તો આત્માને શાન્ત અને સરલ બનાવવામાં જ મશગૂલ રહે છે.

એક યોગીએ યોગસાધના શીખી લીધા બાદ બીજા યોગીને કહ્યું કે, હું કેવો યોગ શીખ્યો છું તેનો ચમત્કાર હમણાં તમને બતાવું છું. ત્યારે બીજા યોગીએ કહ્યું કે, જે યોગ શીખેલો હોય છે તે પોતાના મોઢે એમ કહેતો નથી. તમારા કહેવા ઉપરથી તો એમ જણાય છે કે, તમે યોગ શીખ્યા નથી. પહેલા યોગીએ કહ્યું કે, જો એમજ તમે માનતા હો તો હું કેવો યોગ શીખ્યો છું તે હમણાં બતાવું છું. આ પ્રમાણે કહીને તેણે સામે આવતાં એક હાથીની તરફ દૃષ્ટિ ફેંકી; તેને મૂર્છિત કરી દીધો એટલે તે હાથી જમીન ઉપર ઢળી પડ્યો. ત્યારે પે'લા યોગીએ કહ્યું કે, જોયો, મારા યોગનો પ્રભાવ ? બીજા યોગીએ કહ્યું કે, આમાં શું યોગ છે ? આ કામ તો બીજી રીતે પણ થઈ શકે છે. ત્યાં જ એક બીજો હાથી ઉભો હતો. તે બીજા યોગીની પાસે કોઈ રાસાયનિક વસ્તુ હતી જે રાસાયનિક વસ્તુ હાથીની પૂછડીના વાળને લગાવતાં જ તે હાથી મૂર્છા પામી નીચે પડી ગયો. ત્યારે બીજા યોગીએ પે'લા યોગીને કહ્યું કે, જોયું ! હાથીને મૂર્છિત કરી નીચે પાડવાનું કામ તો રસાયનદ્વારા પણ થઈ શકે છે. સાચો યોગ તો તેમાં છે કે જ્યારે પોતાના માનહાથીને પાડવામાં આવે અને તેનું દમન કરવામાં આવે. આવા ચમત્કારો કરવામાં અને બતાવવામાં યોગની સફળતા રહેલી નથી.

સાધુઓ, આવાં ચમત્કારો બતાવવામાં અને લોકોને ઠગવામાં કદાપિ પ્રવૃત્ત થતા નથી. કેટલાક લોકો કહે છે કે, ચમત્કારને નમસ્કાર થાય છે એટલા માટે ચમત્કાર તો બતાવવો જ જોઈએ પણ સાધુઓએ અહંકાર જીતવાનો ચમત્કાર બતાવવો જોઈએ એમાં જ તેમનું શ્રેય રહેલું છે.

## સુદર્શન ચરિત્ર—૫૪

અભયાએ સુદર્શન ઉપર ખોટું કલંક ચડાવ્યું હતું અને તે સુદર્શનને શૂળીનો દંડ અપાવી એવું અભિમાન કરી રહી હતી કે, મારું કહેવું ન માન્યું તો મેં તેને શૂળીએ ચડાવવાનો દંડ અપાવ્યો. અભયા આ પ્રમાણે અહંકાર કરતી હતી પણ સુદર્શન તો પોતાના અને અભયાના આત્માને સમાન માની રહ્યો હતો. એટલા માટે તે મનમાં એમ વિચારતો હતો કે, આ માતા જે કાંઈ કરી રહી છે તે મારા કલ્યાણને માટે કરી રહી છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે આ જ અંતર રહેલું છે. કહ્યું છે કે :—

**या निशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी ।**

અજ્ઞાની લોકો જેને રાત કહે છે, જ્ઞાનીજનો તેને દિવસ માને છે અને અજ્ઞાની લોકો જેને દિવસ કહે છે, જ્ઞાની જનો તેને રાત સમજે છે.

સંસારમાં જ્ઞાની અને અજ્ઞાનીનો આ પ્રકારનો ભેદ તો ચાલતો જ રહે છે. આ કથનાનુસાર સુદર્શન પણ અભયાના કૃત્ય વિષે એમજ વિચારતો હતો કે, આ માતા મારું કલ્યાણ કરી રહી છે. પોતાને તત્ત્વજ્ઞાનની અગ્નિમાં હોમીને મારા આત્માને ઉજ્જ્વલ બનાવી રહી છે. આ કારણે જ રાજાએ કાંઈ માંગવાનું કહ્યું તો તેણે 'મારી માતાને કોઈ પ્રકારનું કષ્ટ ન થાય' એ જ માંગ્યું.

આખરે સત્યનો જ વિજય થાય છે એ વાતને લક્ષ્યમાં રાખી સુદર્શનની માફક જો નિરપેક્ષ સત્યનું પાલન કરી ન શકો તો સાપેક્ષ સત્યનું તો અવશ્ય પાલન કરો. જે સંસાર વ્યવહારમાં રહે છે, તેમનીદ્વારા નિરપેક્ષ સત્યનું પાલન થઈ શકતું નથી. નિરપેક્ષ સત્યને તો તેઓ જ પાળી શકે છે કે જેઓ સંસારવ્યવહારના ત્યાગી છે. સંસાર-વ્યવહારમાં રહેનાર અમુક વાત સત્ય છે એમ માને છે અને જાણે છે પણ કાયદાની દૃષ્ટિએ તે વાત સત્યસિદ્ધ થતી નથી. આ પ્રમાણે તે નિરપેક્ષ સત્યની ઉપેક્ષા કરી દે છે અને તેથી તેનીદ્વારા સાપેક્ષ સત્ય જ પાળી શકાય છે. જેમકે રાજા દધિવાહને પશ્ચાત્તાપ કરતાં એમ કહ્યું કે, "હું જાણતો હતો કે, આ રાણીનું જ છળકપટ છે પરંતુ તમે બોલ્યા નહિ અને રાણીના સાક્ષીઓ હતા એટલે સાક્ષીઓના આધારે મારે નિર્ણય આપવો પડ્યો. સાપેક્ષ સત્યનું પાલન કરવા માટે તમને શૂળીએ ચડાવવાનો દંડ આપવો પડ્યો." આ પ્રમાણે ગૃહસ્થદ્વારા નિરપેક્ષ સત્યનું પાલન થઈ શકતું નથી. પણ આજકાલ તો નિરપેક્ષ સત્યની વાત તો એક બાજુ રહી સાપેક્ષ સત્ય પણ પળાતું નથી. અને સાપેક્ષ સત્યને પણ ઉડાડી દેવામાં આવે છે અને આમ કરવામાં જે કુશળ હોય છે તે હોશીયાર વકીલ-બેરીસ્ટર માનવામાં આવે છે. તમારી ઉપર નિરપેક્ષ સત્યનું પાલન કરવાની જવાબદારી મૂકવામાં આવતી નથી, પરંતુ સાપેક્ષ સત્યનું તો પાલન કરો. સુદર્શન શેઠે તો ગૃહસ્થ હોવા છતાં નિરપેક્ષ સત્યનું પાલન કર્યું હતું તો પછી શું તમે સાપેક્ષ સત્યનું પાલન નહિ કરો ? ભક્ત તુકારામે કહ્યું છે કે:—

**'सत्य बोलसे जरी तुका म्हणे तो च हरी.'**

**અર્થાત્**—જ્યાં સત્ય બોલવામાં આવે છે ત્યાં જ ભગવાન છે, એટલા માટે તમે સાપેક્ષ સત્યની અવહેલના ન કરો. સાપેક્ષ સત્યનું પાલન કરતાં કરતાં જ્યારે નિરપેક્ષ સત્યનું પણ પાલન કરવા લાગશો ત્યારે પરમાત્માનો ભેટો થવામાં વાર નહિ લાગે. જો તમે સત્યને ધનથી વિશેષ માનો છો તો ધનને માટે સત્યનો ત્યાગ ન કરો. સાપેક્ષ સત્યને તો ન ભૂલો. સંસારમાં એવા લોકો પણ થાય છે કે જેમણે સત્યને માટે બધાં કષ્ટો તો સહ્યાં પણ સત્યનો ત્યાગ ન કર્યો.

શંકરાચાર્યનું નામ બ્રાહ્મણ સમાજમાં ઘણું ઊંચું માનવામાં આવે છે. તેઓ જગદ્ગુરુ પણ કહેવાય છે. આજે તો લોકો શંકરાચાર્યના શિષ્ય કહેડાવવામાં ગૌરવ માને છે પણ આદ્ય શંકરાચાર્યનાં તત્ત્વોનો કેવી રીતે વિરોધ થયો હતો એ સાંભળો તો દિઙ્મૂઢ થઈ જવાય. આદ્ય શંકરાચાર્યની માતા મૃત્યુ પામી હતી. તેમના તત્ત્વોનો વિરોધ થવાને કારણે બ્રાહ્મણ લોકો કહેવા લાગ્યા કે, હવે તે ઠેકાણે આવશે. આપણે તેની માતાના મૃતદેહને ઉપાડવા નહિ જઈએ, તો તે આપણી ખુશામત કરશે અને આપણી વાત માનશે એટલા માટે તેની માતા મૃત્યુ પામી એ સારું થયું.

બ્રાહ્મણોનો આ વિચાર સાંભળી આદ્ય શંકરાચાર્યે વિચાર્યું કે, માતાનો મૃતદેહ ઉપાડવા માટે મારે મારા તત્ત્વજ્ઞાનના સત્યને કદાપિ છોડી દેવું ન જોઈએ. આ તો મૃતદેહ છે, એનો

કોઈ પણ રીતે અગ્નિસંસ્કાર કરવાનો છે. આ પ્રમાણે વિચાર કરી તેમણે પોતાની માતાના મૃતદેહનું એક એક અંગ કાપ્યું અને એક એક અંગને લઈ જઈ બાળ્યું. આખો મૃતદેહ તેમના એકલાથી ઉપાડી શકાય એમ ન હતું એટલા માટે તેમણે આમ કર્યું પણ પોતાના તત્ત્વજ્ઞાનના સત્યનો ત્યાગ કર્યો નહિ.

જે લોકો આ પ્રમાણે બીજાના કષ્ટનો લાભ લે છે અને બીજાને કષ્ટમાં પડેલા જોઈ પતિત કરવા ચાહે છે તેઓ શું સત્યનું પાલન કરે છે ખરા?

મતલબ કે, આદ્ય શંકરાચાર્યે પોતાની માતાના મૃતદેહને ઉપડાવવા માટે પણ પોતાના તત્ત્વજ્ઞાનનો ત્યાગ કર્યો નહિ તો પછી થોડા પૈસાને માટે સત્યનો ત્યાગ કરવો શું ઉચિત છે? તમારાથી જો નિરપેક્ષ સત્ય અને નિરપેક્ષ દયાનું પાલન થઈ શકતું ન હોય તો સાક્ષેપ સત્ય અને સાપેક્ષ દયાનું તો અવશ્ય પાલન કરો. જે નિરપેક્ષ દયાનું પાલન કરે છે તે તો મેઘરથ અને પુરાણોમાં પ્રસિદ્ધ થએલ શિબિ રાજાની માફક કબુતરની રક્ષા માટે પણ શરીરનું બલિદાન આપી દે છે. તમારાથી જો એટલો ત્યાગ થઈ શકતો ન હોય તો જે અપરાધી નથી તેમને તો ન જ મારો. જે નિરપરાધીઓને પણ મારવા તૈયાર થઈ જાય છે તેઓ નિરપેક્ષ દયાનું પાલન શું કરે?

હું ઘાટકોપરમાં હતો. ત્યાં મેં જીવદયાનો ઉપદેશ આપ્યો હતો. તે ઉપદેશનો પ્રભાવ લોકો ઉપર ઘણો જ પડ્યો હતો. તેમાં પ્રેમજીભાઈને તો દયાની લગની એવી લાગી હતી કે, કુરલા અને વાંદરાના કતલખાનાઓમાં જે જીવો મરે છે તેમને કોઈ પણ ઉપાયે બચાવવા. જો કે, કતલખાનાંઓમાં જે જીવો મરે છે તે જીવોને પોતે મારતા નથી પણ જે દયાળુ લોકો હોય છે તેઓ તો બધા ઉપર દયા કરે છે અને એમ વિચારે છે કે, અમને જે પશુઓ દૂધ આપે છે તે પશુઓ આમ શા માટે મારી નાંખવામાં આવે? પ્રેમજીભાઈ અને બીજા ભાઈઓએ મળીને તે માટે ઘાટકોપરમાં એક સંસ્થા સ્થાપિત કરી. પ્રેમજીભાઈ તેના વાઇસ પ્રેસીડેન્ટ બન્યા હતા. હમણાં તેમનો દેહાન્ત થયો છે કે જેમના સ્મરણમાં ઘાટકોપર વગેરે સ્થાનોમાં તેમનો શોક પણ માનવામાં આવ્યો હતો. અમારે ત્યાં શોક તો માનવામાં આવતો નથી એટલા માટે એમના વિષે એટલું જ કહેવાનું છે કે, તે ભાઈએ જીવદયા માટે આટલો આત્મભોગ આપ્યો હતો તો શું તમે જીવદયા માટે કાંઈ કરી નહિ શકો? જે લોકો અહીંની સંસ્થાઓ જોઈ આવ્યા છે તેઓ કહેતા હતા કે, જો અહીં અનાથાશ્રમ ન હોત તો ન જાણે કેટલા બાળકો મૃત્યુને પામત! જો આ વિષે વિચાર કરવામાં આવે તો જણાશે કે, ભારતના મનુષ્યોની કદર કુતરાઓ જેટલી પણ થતી નથી; અંગ્રેજ લોકો પોતાના કુતરાંઓને ગાડીમાં બેસાડે છે પણ ભારતના મનુષ્યોને ખાવાનું પણ મળતું નથી. આ વાતનો પૂર્વાપર વિચાર કરી તમે લોકો શ્રીમન્ત બનીને બેસી જ ન રહો પણ ગરીબો ઉપર દયા કરો. જો તમે નિરપેક્ષ દયા રાખી શકો તો તો સારું જ છે નહિ તો સાપેક્ષ દયા રાખો તોપણ કલ્યાણ જ છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૧૧ રવિવાર

### પ્રાર્થના

'સમુદ્રવિજય' સુત શ્રી નેમીશ્વર, જાદવ કુલકો ટીકો,
રતનકુખ ધારિણી 'સિવાદે', તેહનો નન્દન નીકો;
શ્રી જિન મોહનગારો છે, જીવન પ્રાણ હમારો છે. ॥ ૧ ॥

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી અરિષ્ટનેમિ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ પ્રાર્થનાનો ભાવ સ્પષ્ટ છે. જે પરમાત્માને સાચા મોહનગારા બનાવી લે છે અને જેમનો પ્રેમભાવ પરમાત્મા પ્રતિ ઉભરાય છે તેમની પ્રાર્થના, સાચી પ્રાર્થના છે. સાચી પ્રાર્થના કેવી હોય છે એને માટે દૃષ્ટિ સમક્ષ કોઈ આદર્શ રાખવો આવશ્યક છે. એટલા માટે સર્વ પ્રથમ એ જોવું જોઈએ કે, કોના હૃદયમાંથી આવા શુદ્ધ પ્રેમની ધારા વહે છે અને કોની હૃદય-ગુફામાંથી પ્રેમની ગંગા વહે છે? એને માટે આપણી સામે સતી રાજીમતિનો આદર્શ છે. સતી રાજીમતિને ભગવાન અરિષ્ટનેમિ એવા મોહનગારા લાગ્યા હતા અને તેના હૃદયમાં ભગવાન પ્રતિ એવો વિશુદ્ધ પ્રેમભાવ ઉભરાયો હતો કે જેનું વર્ણન કરવામાં અનેક કવિઓએ પોતપોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો છે અને એ કારણે એવી કહેવત પણ પ્રચલિત થઈ ગઈ છે કેઃ—

ન હોતે નેમ રાજીમતિ તો કયા ગાતે જૈન કે જતિ.

અર્થાત્—જો નેમનાથ-રાજીમતિ ન હોત તો ભક્ત લોકો કોના ગીત ગાત? આનો મતલબ એ થયો કે, ભક્તોને નેમનાથ-રાજીમતિ આનંદ આપનાર છે.

ભક્ત અને ભગવાન વચ્ચે વ્યવહારમાં તો ભેદ હોય છે પણ નિશ્ચયમાં કાંઈ ભેદ હોતો નથી. જૈનશાસ્ત્ર કહે છે કે, જે સમયે જેનો જેમાં ઉપયોગ હોય છે તે સમયે શબ્દાદિક નયથી તે તે જ હોય છે, આ કથનાનુસાર જે ભક્ત ભગવાનમાં તલ્લીન બની જાય છે, તેનામાં અને ભગવાનમાં કોઈ પ્રકારનું અંતર રહેતું નથી. એમ શુદ્ધ નયની દૃષ્ટિએ જૈન-દર્શન પણ માને છે. જૈનદર્શન સમુદ્ર સમાન છે. જેમ સમુદ્રમાં બધી નદીઓનો સમાવેશ થાય છે તે જ પ્રમાણે જૈનદર્શનમાં બધાંય નયોનો સમાવેશ થઈ જાય છે. મતવાળાઓ તો એક નયને પકડીને બેઠા છે પણ જૈનદર્શન તો બધાંય નયોને માને છે. આ કથનાનુસાર જે એક જ નયને માનતું હોય તે જૈનદર્શન નથી. જૈનદર્શન તો તે જ છે કે જે બધાંય નયોને માનતું હોય.

મતલબ કે, ભક્તોને ભગવાન કેવા પ્રિય લાગવા જોઈએ એ વાતનો આદર્શ ભગવતી રાજીમતિ ઉપસ્થિત કરે છે. રાજીમતિને ભગવાન કેવા મોહનગારા લાગતા હતા, એ વાત ગણધરોએ સિદ્ધાન્તોમાં વર્ણવેલ છે. જો આપણને ગણધરોએ કહેલાં શાસ્ત્રો સર્વોત્કૃષ્ટ જણાતાં હોય તો આપણે એમ વિચારવું જોઈએ કે, સતી રાજીમતિને ભગવાન અરિષ્ટનેમી આવા

પ્રિય લાગતા હતા તો મને કેવા પ્રિય લાગવા જોઈએ ! સિદ્ધાન્તમાં કહ્યું છે કે, પશુઓ ઉપર કરુણા કરી અને તેમને છોડાવી ભગવાન લગ્નના તોરણેથી પાછા ફરી ગયા. તેમણે વાર્ષિક દાન આપી દીક્ષા અંગીકાર કરી. જ્યારે આ સમાચાર સતી રાજીમતિએ સાંભળ્યા તે વખતનું વર્ણન કરતાં ગણધરોએ કહ્યું છે કે, રાજીમતિએ જ્યારે એમ સાંભળ્યું કે, ભગવાને દીક્ષા લઈ લીધી છે ત્યારે તે નિરાહાસ–નિરાનન્દ થઈ ગઈ, શોકને કારણે મૂર્છિત થઈ ગઈ અને તેનું ચિત્ત ચિન્તાથી ચંચલિત થઈ ગયું.

સિદ્ધાન્તમાં કહેલી આ વાતનું વિશદ વર્ણન કરવામાં આવે અને તેની સાથે ભક્તોની ભાવનાનો પણ સુમેળ મેળવવામાં આવે તો તો ઘણો જ આનંદ આવે પણ વિસ્તૃત વર્ણન કરવાને માટે સમયની આવશ્યકતા રહે છે એટલા માટે એ વિષયને વધારે ન વિસ્તારતાં તેનો સંક્ષેપ કરવામાં આવે છે.

રાજીમતિ શોકને કારણે મૂર્છિત થઈ ગઈ અને નિરાહાસ તથા નિરાનંદ થઈ ગઈ, એમ સિદ્ધાન્તમાં શા માટે કહેવામાં આવ્યું ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સિદ્ધાન્તમાં ઉપર પ્રમાણે જે કહેવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ એવો જણાય છે કે, જ્યાંસુધી સંસારથી ઘૃણા ન થાય તથા સંસારથી મમત્વ ન ઉતરે ત્યાંસુધી વૈરાગ્ય આવતો નથી. વૈરાગ્ય ત્યારે જ થાય છે કે જ્યારે સંસારથી મમત્વ ઓછું થાય છે અને એ કારણે વૈરાગ્ય થવાનું એક કારણ મૂર્છિત થવું એ પણ છે.

અહીં એક પ્રશ્ન થાય છે કે, ભગવાનને જ્યારે વિવાહ જ કરવો ન હતો તો પછી તોરણદ્વાર સુધી શા માટે ગયા ? તેઓ ત્રણ જ્ઞાનના સ્વામી હતા છતાં શું તેઓ એટલું પણ જાણતા ન હતા ! આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, તેમનો રાજીમતિની સાથે પૂર્વભવનો સંબંધ હતો. એટલા માટે ભગવાન, રાજીમતિને એ બતાવવા માટે આવ્યા હતા કે, આ સંસારનો સંબંધ તુચ્છ છે. જ્યાં સુધી રાજીમતિ આ વાત સમજી શકી ન હતી ત્યાંસુધી તેને વિષયોદ્વારા જ આનંદ મળતો હતો પણ જ્યારે ભગવાને દીક્ષા લઈ લીધી એવું તેણીએ સાંભળ્યું ત્યારે વિષયોમાં આનંદ માનવાનું ચાલ્યું ગયું અને તે શોકથી મૂર્છિત થઈ ગઈ.

રાજીમતિને મૂર્છા કેમ આવી ? સાધારણ રીતે સંસારમાં મૂર્છાનો અર્થ જુદો જ કરવામાં આવે છે પણ રાજીમતિને જે મૂર્છા આવી હતી તે જુદા જ પ્રકારની હતી. આ જ ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમા અધ્યયનમાં મૃગાપુત્રનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે, મૃગાપુત્ર મહેલના ઝરૂખામાં બેઠેલ હતા. તે સમયે તેમણે એક મુનિને જોયા. મુનિને જોતાં જ મૃગાપુત્રને મૂર્છા આવી ગઈ. મૃગાપુત્રને તે વખતે જે મૂર્છા આવી તે જ મૂર્છાને કારણે તેમને જાતિસ્મૃતિનું જ્ઞાન પેદા થયું.

આજે પણ જોવામાં આવે છે કે, મેસ્મેરીઝમવાળો, કોઈ વ્યક્તિને જ્યારે શક્તિવિશેષથી મૂર્છિત કરી દે છે ત્યારે જ તે મૂર્છિત વ્યક્તિ તેના પ્રશ્નોનો ઉત્તર આપે છે. જો તેને મૂર્છિત કરવામાં ન આવે તો તે વ્યક્તિ ઉત્તર આપી શકે નહિ. આ જ વાત મૃગાપુત્રના ચરિત્રથી પણ પ્રકટ થાય છે કે તેમને મૂર્છા આવી અને મૂર્છા આવવાને કારણે તેમને જાતિસ્મૃતિનું જ્ઞાન થયું. આ પ્રમાણે અવસ્થાના પરિવર્તન માટે ઇન્દ્રિયોની નિસ્તબ્ધતા આવશ્યક છે. જ્યારે ઇન્દ્રિયો કાર્યથી નિવૃત્ત થઈ જાય છે તે વખતે તેની શક્તિઓ કેન્દ્રિત થઈ જાય છે.

વેદાન્તમાં કહ્યું છે કે, મનુષ્ય જ્યાંસુધી જાગ્રત હોય છે ત્યાંસુધી તેની શક્તિઓ ઇન્દ્રિયોદ્વારા બહાર નીકળતી રહે છે; કારણ કે ઇન્દ્રિયો પોતાની શક્તિઓદ્વારા તો કાંઇ કામ કરતી હોતી નથી. ઇન્દ્રિયોદ્વારા કામ લેનાર તો બીજો જ કોઇ હોય છે. આંખની આંખ, કાનનો કાન અને આ પ્રમાણે મનનું મન પણ બીજું જ કોઇ હોય છે. ઇન્દ્રિયોદ્વારા તેની શક્તિઓ બહાર નીકળે છે. જ્યારે ઇન્દ્રિયો કામથી નિવૃત્ત થાય છે અને સુઇ જાય છે તે વખતે તે બધી શક્તિઓ મનમાં કેન્દ્રિત થઇ જાય છે અને ત્યારે મન સ્વપ્ન જુએ છે.

શ્રી ભગવતી સૂત્રમાં સ્વપ્ન વિષયક પ્રશ્નના ઉત્તરમાં ભગવાને કહ્યું છે કે, સ્વપ્ન સુતેલો માણસ જોઇ શકતો નથી તેમ જાગ્રત માણસ પણ સ્વપ્ન જોઇ શકતો નથી. પણ જે સુતો–જાગતો અર્થાત્ અર્ધજાગ્રત અને અર્ધસુષુપ્ત મનુષ્ય હોય છે તે જ મનુષ્ય સ્વપ્ન જુએ છે. આ ઉપરથી અત્રે એક પ્રશ્ન ઉભો થાય છે કે, સુષુપ્તિ અને જાગૃતિ એ બંને વાતો એક સાથે કેવી રીતે સંભવી શકે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ઇન્દ્રિયોથી તો જે સુતો હોય છે અને મનથી જે જાગતો હોય છે તે જ સ્વપ્ન જુએ છે. એ સ્વપ્નમાં જે દશ્ય આ ભવમાં જોયું ન હોય તે દશ્ય પણ જોવામાં આવે છે. સ્વપ્ન પૂર્વજન્મોના સંસ્કારોનો પરિચય પણ આપે છે. સ્વપ્નમાં જે કાંઇ જોવામાં આવે છે તે, આત્માએ આ ભવ કે પૂર્વભવમાં અનુભવ કરેલ હોય છે. આ અનુભવને આત્મા મોહને કારણે ભૂલી ગએલ હોય છે.

શાસ્ત્રમાં મૃગાપુત્ર વિષે કહેવામાં આવ્યું છે કે, મૂર્છા પામ્યા બાદ તે મોહરહિત થયો. આનો સાધારણ અર્થ એ છે કે, તેને મૂર્છા આવી અને એ મોહરહિત થવાને કારણે તેને જાતિસ્મૃતિનું જ્ઞાન થયું.

આ પ્રમાણે સ્વપ્ન પૂર્વભવના સંસ્કારોનો પરિચય આપનાર હોય છે તે જ પ્રમાણે આવી મૂર્છા પણ જાતિસ્મૃતિનું જ્ઞાન કરાવે છે. જે પ્રમાણે મૃગાપુત્રને મૂર્છા આવી હતી તે જ પ્રમાણે જ્યારે રાજીમતિએ એમ સાંભળ્યું કે, ભગવાને દીક્ષા લઇ લીધી છે, ત્યારે તેને પણ મૂર્છા આવી ગઇ. આ પ્રમાણે રાજીમતિને પહેલાં મૂર્છા આવી અને આખરે તે વિચાર કરતી એ નિશ્ચય ઉપર આવી કે, ભગવાનની માફક મારે પણ દીક્ષા લઇ લેવી જોઇએ.

સિદ્ધાન્તના આ કથન ઉપરથી હવે વિચાર કરો કે, રાજીમતિને જે મૂર્છા આવી તે આખરે કેવી રહી? આખરે એ મૂર્છાને કારણે રાજીમતિએ સંયમ ધારણ કર્યો અને ભગવાન જે માર્ગે ગયા હતા તે જ માર્ગે તે પણ ગઇ અને ભગવાનને એ રીતે સાચા મોહનગારા બનાવ્યા. અને એટલા માટે જ એમ કહેવામાં આવે છે કે: –

'શ્રી જિન મોહનગારો છે, જીવનપ્રાણ હમારો છે.'

આ વાતને વાસ્તવિક રીતે કહેવાની અધિકારીણી તો રાજીમતિ જ છે. મૂર્છા આવ્યા બાદ તે કહેવા લાગી કે, હવે મારું ચિત્ત ભગવાનની તરફ ચોંટેલું છે એટલા માટે હવે આ સંસાર મારા માટે આનંદદાયક રહ્યો નથી. તે પહેલાં તો એમ વિચારતી હતી કે, ભગવાન મને શા માટે છોડીને ચાલ્યા ગયા પણ પછી તે વિચારવા લાગી કે, ભગવાન મને છોડી નથી ગયા પણ મને અનંત સંસારસાગરને પાર કરવાનો માર્ગ બતાવી ગયા છે. એટલા માટે અનંત સાગરને પાર જવાને બદલે સંસારનાં પદાર્થોમાં શા માટે ફસાઇ રહું?

ગીતામાં કહ્યું છે કે, જે કામ એક ઘડાના પાણીથી થઇ શકે છે, શું તે કામ ક્ષીરસાગરનાં પાણીથી થઇ ન શકે? જરૂર થઇ શકે. આ જ પ્રમાણે વેદાદિનું અધ્યયન કરવું

અને સાંસારિક પદાર્થોમાં આનંદ માનવો એ એક ઘડાના પાણીની સમાન છે અને તત્ત્વજ્ઞાનનો આનંદ સમુદ્રના પાણીની સમાન છે. તત્ત્વજ્ઞાનનો આવો સમુદ્ર હોવા છતાં ઘડાના પાણીથી કોણ સ્નાન કરશે!

બડે ઘર તાર લાગ્યો રે, જીવલડારી જ્યોતિ જાગી રે;
પ્રભુજી સે પ્રીતિ લાગી રે, ચેતનિયારી ભ્રમણા ભાંગી રે.
છીલર પાની મ્હારે દાય ન આવે રે, નાડુલે કુણ ન્હાવે રે;
ગંગા જમના ભેટને હૂં તો, જાય મિલૂં દરિયાવ રે. બડે૦

જેમને ક્ષીર સાગર મળતો હોય તે ગટરના પાણીથી શા માટે નહાય? શીતલ જલ મળતું હોય તો ગટરનું પાણી કોણ પીશે?

આ જ પ્રમાણે રાજીમતિ કહે છે કે, મને ક્ષીર સાગરની માફક ભગવાન મળી ગયા છે હવે મને સખિઓ ગટરના પાણીના જેવી ભાવના બતાવે છે પણ એમાં મારું ચિત્ત કેમ ચોંટી શકે? આ પ્રકારના ઉચ્ચ વિચારથી રાજીમતિએ ક્ષીર સાગર જેવા ભગવાનને જ અપનાવ્યા પણ સંસારની ભાવના રૂપ ગટરથી દૂર રહી.

જે અનંત સાગરમાં રાજીમતિએ ડૂબકી મારી હતી તેમાં જ તમે પણ ડૂબકી મારો તો તમારું કલ્યાણ થઈ જાય. તમે આ સંસારરૂપી ખાડામાં તો અનંતવાર ડૂબ્યા છો એટલા માટે હવે રાજીમતિનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખી એવો નિશ્ચય કરો કેઃ—

અબ હમ અમર ભયે ન મરેંગે.

જે પ્રમાણે તારમાં મોતી પરોવવામાં આવે છે તે જ પ્રમાણે ભગવાનને તમારા હૃદયમાં પરોવી લો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

જે જીવનના આ ધ્યેયને બરાબર સમજતો નથી, આ ધ્યેયને હૃદયમાં ઉતારતો નથી અને ઉત્તમ વસ્તુ પ્રાપ્ત કરીને પણ તેને મલિન કરી મૂકે છે, તે લોકોનો પણ જ્ઞાનીજનો પરિચય આપે છે. સાચા–ખોટાનો પરિચય આપવો એ જ્ઞાનીઓનું કામ છે. આ હીરો સાચો છે કે ખોટો એ પારખવાનું કામ ઝવેરીનું છે. ખોટા હીરાને ખોટો કહેવાથી કોઈ માણસ એમ કહે કે, એમ કહેવું એ તો હીરાની નિંદા કરવા બરાબર છે પણ વાસ્તવમાં એ નિંદા નથી પણ સાચી પારખ છે. શાસ્ત્ર કહે છે કે, સાચી વાતને બતાવવી એ નિંદા નહિ પણ સત્ શિક્ષા છે. જે સાચો ઝવેરી છે તેણે સાચા–ખોટા હીરાની પારખ કરવી જ જોઈએ. આ જ પ્રમાણે સાધુના પણ પરીક્ષક બની સાચા અને ખોટા સાધુની પરીક્ષા કરવી જોઈએ.

## અનાથી મુનિનો અધિકાર—૫૫

અનાથી મુનિ કહે છે કે, હે! રાજન્! સાધુપણું દુનિયાને ઠગવા માટે તથા લોકોને પોતાની આગળ માથું નમાવવા માટે જ નથી. જો સાધુપણું લઈને તેનું બરાબર પાલન કરવામાં ન આવે અને કેવળ લોકોને નમાવવા માટે જ ઉપરથી ઢોંગ કરવામાં આવે તો એ ખાલી મુઠ્ઠી બંધ કરીને બીજાને બતાવવા સમાન છે. કોઈ બીજો માણસ તો ખાલી બંધ કરેલી મુઠ્ઠીને ભલે ભરેલી સમજે પણ મુઠ્ઠી બંધ કરનાર તો સારી રીતે જાણે જ છે કે તે મુઠ્ઠી ખાલી છે. આ જ પ્રમાણે સાધુપણું ન પાળવા છતાં કેવળ લોકોને ઉપરથી સાધુતાનો

ઢોંગ બતાવવાથી ભલે લોકો તેને સાધુ સમજે પણ તે પોતે તો સારી રીતે જાણે જ છે કે, મારામાં સાધુપણું નથી. પછી આ પ્રકારની ઠગાઈ કરવાથી શો લાભ ? ધર્મના નામે લોકોને ઠગવાની નીચતાના જેવી નીચતા બીજી કઈ હશે ? કહેવત છે કે :—

જીભ સફાઈ કરકે ભાઈ ધર્મી નામ ધરાવે,
પોલી મુઠ્ઠી જહા અસારે યોં બતલાવે.

હૃદયમાં જુદું રાખવું અને ઉપરથી બીજું કાંઈ બતાવવું એ એક પ્રકારની ઠગાઈ છે.

આ ઉપરથી એવો પ્રશ્ન થાય છે કે, તો પછી સાધુપણું ન લેવું એ જ સારું છે શું ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, માનો કે, એક માણસ એમ કહે કે, પાઠશાળામાં જનારા કેટલાક લોકો મૂર્ખ પણ હોય છે અથવા મૂર્ખ પણ કહેવાય છે. અમે પાઠશાળામાં જતા જ નથી એટલા માટે અમે મૂર્ખ કહેવાતા નથી. એક માણસ આ પ્રમાણે કહી પાઠશાળામાં જતો જ નથી. બીજો એક માણસ એવો હોય છે કે જે પાઠશાળામાં જાય તો છે પણ પાઠ બરાબર યાદ કરતો નથી એ કારણે તે માસ્તરની સોટીનો માર પણ ખાય છે અને માસ્તર તેને મૂર્ખ પણ કહે છે. અને ત્રીજો માણસ એવો છે કે જે પાઠશાળામાં પણ જાય છે અને અભ્યાસ પણ બરાબર કરે છે. આ ત્રણ પ્રકારના માણસોમાંથી તમે કયા માણસને સારો સમજશો ! તમે એમ જ કહેશો કે, પહેલો માણસ પાઠશાળામાં જ જતો નથી તે તો નાલાયક જ છે પરંતુ જે બીજો માણસ, જે પાઠશાળામાં જાય છે પણ અભ્યાસ બરાબર કરતો નથી તે માસ્તરનો માર તો ખાય છે પણ તે કોઈને કોઈ દિવસે સુધરી જશે. અને ત્રીજો માણસ તો સારો જ છે પરંતુ પહેલો માણસ તો બધાથી ખરાબ છે. તે પહેલા માણસ કરતાં બીજો માણસ પણ સારો છે.

સાધુપણા વિષે પણ આ જ વાત સમજો. શાસ્ત્રમાં કહ્યું છે કે, એક આરાધકની પાછળ અનેક વિરાધકો પાછળ પડ્યા છે, પણ તે વિરાધકો પણ તેમનાથી તો સારા જ છે કે જેઓ વિરાધક પણ બન્યા નથી. જે વિરાધક છે તેઓ પણ કોઈને કોઈ દિવસે સુધરી શકશે. જે શ્રેષ્ઠ છે તે તો એમ જ વિચારશે કે, હું નિશાળે તો જાઉં જ છું તો પછી અભ્યાસ બરાબર શા માટે ન કરું ? પણ જે આ સાધુતાની પાઠશાળામાં જતો જ નથી તે નિશાળે જનારાથી સારો કહી શકાતો નથી.

સંસારના વિષે પણ આ જ વાત સમજો. સંસારમાં એક તો એવા પ્રકારના માણસો હોય છે કે જેઓ 'ધર્મનું નામ પણ ન લો' એમ કહે છે. તે લોકો ધર્મનો સ્વીકાર કરતા નથી, તેનું પાલન પણ કરતા નથી અને ધર્મનું નામ–નિશાન રાખવા પણ ચાહતા નથી. બીજા પ્રકારના માણસો એવા હોય છે કે જેઓ ધર્મનો સ્વીકાર તો કરે છે પણ તેનું પાલન કરતા નથી. અને ત્રીજા પ્રકારના લોકો એવા હોય છે કે તેઓ ધર્મનો સ્વીકાર કરે છે અને તેનું પાલન પણ કરે છે. આ પ્રમાણે ત્રણેય પ્રકારના માણસો સંસારમાં છે પણ વિચારવા જેવી વાત તો એ છે કે, જેમણે ધર્મનો સ્વીકાર જ કર્યો નથી તેમને ધર્મની ટીકા કરવાનો શું અધિકાર છે ? જે પાઠશાળામાં ગયો નથી તેમ જતો નથી તેને પાઠશાળાની ટીકા કરવાની શી જરૂર છે ! આ જ પ્રમાણે જેણે ધર્મનો જ સ્વીકાર કર્યો નથી તે વ્યક્તિ ધર્મની ટીકા કેમ કરી શકે ? પણ આજે તો ધર્મ બાપ વિનાના પુત્રની માફક અનાથ થઈ રહ્યો છે તેની રક્ષા કોણ કરે ? એટલા માટે જે ચાહે છે તે ધર્મની ટીકા કરવા માંડે છે.

મતલબ કે, જે ધર્મની શિક્ષા જ સ્વીકારતો નથી, પણ ધર્મની ટીકા કરે છે, તે તો અયોગ્ય અને અભવીની સમાન છે. બીજા પ્રકારનો માણસ એવો છે કે, જે ધર્મની શાળામાં જાય છે, ધર્મનો સ્વીકાર પણ કરે છે અને લિંગ પણ ધારણ કરે છે પણ ધર્મનું પાલન કરતો નથી. આવો વ્યક્તિ, જો કે ધર્મનું પાલન કરનારથી મધ્યમ છે પણ જે ધર્મની શાળામાં ભણવા આવ્યો જ નથી તેમ જ આવવા ચાહતો નથી તેના કરતાં તો સારો જ છે. આવા માણસને ધર્મનો સ્વીકાર ન કરનાર કરતાં ખરાબ કહી શકાય નહિ. જેમણે ધર્મનો સ્વીકાર જ કર્યો નથી તે વ્યક્તિ કરતાં ધર્મનો સ્વીકાર કરે છે પણ પાલન કરી શકતો નથી તે માણસ અપેક્ષાએ સારો કહેવાય છે. ભાવ તો એવો રહેવો જોઈએ કે, મારાથી નિરપવાદ સંયમનું પાલન થઈ શકે, પણ કોઈ વ્યક્તિથી સંયમનું પાલન થઈ શકતું ન હોય તો એમ વિચારવું જોઈએ કે, અનાથી મુનિ એના વિષે પહેલાં જ કહી ગયા છે કે આવા માણસથી સંયમનું પાલન થઈ ન શકે તો એમાં કાંઈ આશ્ચર્યની વાત નથી.

અનાથી મુનિ ખોટા રૂપિયાનું ઉદાહરણ આપી એમ કહે છે કે, જે પ્રમાણે ખોટા રૂપિયાનો કોઈ સંગ્રહ કરતું નથી–ખોટાં નાણાં કોઈ શાહુકારની તીજોરીમાં સ્થાન પામતાં નથી; તે જ પ્રમાણે જ્ઞાનીજનોની દૃષ્ટિમાં તે સાધુઓ પણ આદર પામતા નથી કે જે સાધુઓ સાધુપણાનું પાલન કરતા નથી પણ કેવળ ઉપરથી જ સાધુતાનો દેખાવ કરે છે.

આજ કાલ લોકો કહેવા લાગે છે કે, સાધુ–સાધુઓએ એક થઈ જવું જોઈએ ! પરંતુ સાધુ–સાધુઓ એક ન થવાનું કારણ શું છે એ બતાવવા માટે હું તમને એક ઉદાહરણ આપી સમજાવું છું. તમારા લોકોમાં જે મદ્ય–માંસ ખાય છે તે જાતિમાં સ્થાન પામતો નથી એવો તમારી જાતિમાં નિયમ છે. તે જ પ્રમાણે માનો કે તમે તમારી જાતિમાં બીજા નિયમો પણ બાંધ્યા છે પરંતુ કોઈ માણસ ઉચ્છૃંખલ થઈ એમ કહે કે, અમારું મન થશે તે ચીજ અમે ખાઈશું અથવા મન ચાહે તેમ કરીશું અથવા સ્વચ્છંદ થઈને જાતિની મર્યાદા તોડે અને જાતિ વિરુદ્ધ કાર્ય કરે તો તે જાતિથી પૃથક્ થઈને મન ચાહે તેવી સ્વચ્છંદતા ચલાવે પણ તે તમારી જાતિમાં સ્થાન પામી ન શકે. પરંતુ જો તે જાતિના નિયમોનું પાલન ન કરે પણ ઊલટો તે નિયમોનો ભંગ કરે અને પછી જાતિમાં આવવાની હઠ પકડે તો શું તેની આ હઠ બરાબર છે ?

માનો કે, એક માણસ લીલોતરી ખાય છે અને બીજો માણસ લીલોતરી ખાતો નથી. હવે લીલોતરી ખાનારો લીલોતરીના ત્યાગીને કહે કે, તમે મારી સાથે ખાઓ નહિ તો હું તમને બદનામ કરીશ કે કુસંપ ફેલાવનાર આ જ વ્યક્તિ છે. તો શું આ ભયથી તે ત્યાગી માણસ લીલોતરી ખાનારની સાથે બેસીને ખાશે ખરો ? તે તો એમ જ કહેશે કે, હું તારી સાથે ખાવા માટે તૈયાર છું, પણ તારી થાળીમાંથી લીલોતરીને બહાર કાઢી નાંખ. આ ત્યાગીનું આ કથન શું ખોટું છે ? અને જ્યાંસુધી તે લીલોતરી બહાર કાઢી ન નાંખે ત્યાંસુધી તેની સાથે ન ખાવું એ પણ શું ખોટું છે ?

આ જ વાત સાધુઓને વિષે પણ સમજો. આજે કેટલાક લોકો કહે છે કે, સાધુ સાધુઓમાં પણ એકતા નથી પણ સાધુ–સાધુઓમાં એકતા ન હોવાનું કારણ શું છે તે પણ જુઓ. શું કેવળ વેશને જ સાધુપણું માનવું જોઈએ ! કેવળ વેશથી જ સાધુતા આવતી નથી.

સાધુતા તો સાધુતાનું પાલન કરવાથી આવે છે. છતાં કોઈ સાધુ વેશ ધારણ કરી સાધુતાનું પાલન કરતો નથી તો તેને સંભોગીથી વિસંભોગી બનાવ્યા સિવાય બીજું શું કહી શકાય? જેઓ સાધુપણાનું પાલન કરે છે તેઓ સાધુતાનું પાલન ન કરનારને વિસંભોગી જ બનાવી શકે છે. આ સિવાય તેમની પાસે દંડ આપવાનું બીજું કોઈ સાધન નથી. અને જે વ્યક્તિ સાધુતાનું પાલન કરતો નથી તેને સંભોગથી પૃથક્ કરવો એમાં કાંઈ અપરાધ નથી. શ્રી સ્થાનાંગ સૂત્રના પાંચમા ઠાણામાં કહ્યું છે કે, પાંચ કારણોથી કોઈ સાધુને વિસંભોગી કરવામાં કોઈ દોષ આવતો નથી. આમ હોવા છતાં એમ કહેવામાં આવે છે કે, સાધુ–સાધુઓમાં એકતા કેમ નથી, ફુટ કેમ છે? તો આમ કહેનારાઓને પૂછવું જોઈએ કે તેનું શું કારણ છે! અમને પૂછી જુઓ કે અમે તે વિષે શું કહીએ છીએ અને બીજાઓને પણ પૂછી જુઓ કે તેઓ શું કહે છે! તેઓ અમારા માટે અને અમે તેમને માટે શું કારણ બતાવીએ છીએ!

આમ ન કરતાં કોઈ માણસ એમ કહે કે, દેશકાળને જોવો અને સંપ રાખવો પણ અમારે પહેલાં દેશકાળને જોવો કે શાસ્ત્રને જોવું? સિદ્ધાન્ત સ્પષ્ટ કહે છે છતાં જે નિયમોનું પાલન ન કરે તેમને જ્ઞાનીઓ સ્થાન કેમ આપી શકે? જ્યાંસુધી સિદ્ધાન્તના નિયમોનું પાલન ન કરે અને પોતે સુધરે પણ નહિ ત્યાંસુધી તેને સમાનતાનું સ્થાન કેમ મળી શકે?

સાધુઓમાં જાતિનો ભેદ નથી પણ આચારનો ભેદ છે. એક તો સિદ્ધાન્તમાં કહેલા આચારનું પાલન કરે છે અને બીજો આચારનું પાલન કરતો નથી. હવે આ બન્નેમાં ઐક્ય કેમ થઈ શકે અને ભેદભાવ કેમ મટી શકે? અને જો આચારના આ ભેદને જ કાઢી નાંખવામાં આવે તો ગજબ જ થઈ જાય ને? શાસ્ત્રના આચારને ન જોતાં કેવલ બીજાને દૂષણ જ આપવું એ ઠીક કેમ કહેવાય? કદાચ કોઈ કહે કે, શાસ્ત્રો તો હજારો વર્ષ પહેલાનાં છે પણ શાસ્ત્રમાં એવું ખરાબ શું છે કે તેની હજારો વર્ષ પહેલાનાં છે એમ કહી ઉપેક્ષા કરવામાં આવે છે!

તમે લોકો એક રૂપિયો લો છો તે પણ બજાવીને લો છો અને ખોટો રૂપિયો હોય તો લેતા નથી. એટલું જ નહિ પણ શાહુકાર લોકો તો ખોટા રૂપિયાને તે જ વખતે કાપી નાંખે છે.

મતલબ કે, ખોટા રૂપિયાને કોઈ લેતું નથી. આ જ પ્રમાણે કાચ પણ ગમે તેટલો ચમકતો હોય પણ તેને જાણકાર લોકો હીરો માનતા નથી. આ જ વાત સાધુઓને વિષે પણ સમજો. એ વાત બીજી છે કે, આજે જે પ્રમાણે રત્ન અને કાચના પારખનારા ઓછા છે તે પ્રમાણે સાધુ અને અસાધુને પારખનારા પણ ઓછા છે પણ જો સાચા પારખનારા છે તેમની આગળ તો તે સાધુતાનું પાલન ન કરનાર પણ સાધુવેશ રાખનાર પ્રતિષ્ઠાને પામી શકતા નથી.

અનાથી મુનિ કહે છે કે, જે પ્રમાણે ખોટો રૂપિયો કે કાચનું મૂલ્ય કાંઈ નથી તે જ પ્રમાણે કુશીલલીંગી સાધુની પણ કાંઈ પ્રતિષ્ઠા નથી.

શાસ્ત્રમાં પાંચ પ્રકારના કુશીલો કહેવામાં આવ્યાં છે જે અવન્દનીય છે. શાસ્ત્રમાં તેમનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે, જો આ કુશીલોને વંદન–નમસ્કાર કરવામાં આવે તો પ્રાયશ્ચિત આવે છે. કુશીલનો અર્થ કરતાં કહ્યું છે કે:—**कुत्सितं शीलं यस्य इति कुशीलः।**

બજારમાં સડેલી નારંગી અને સારી નારંગી બન્ને પ્રકારની હોય છે. નારંગી તો બન્નેય છે પણ પૈસા આપી ખરીદનાર કેવી નારંગી ખરીદશે? આકાર–પ્રકાર વગેરેમાં તો સડેલી નારંગી પણ સારી નારંગી જેવી જ હોય છે પણ ખરીદનાર કેવી નારંગી ખરીદશે? સારી નારંગી ખરીદશે, સડેલી નારંગી ખરીદશે નહિ. આ જ પ્રમાણે સિદ્ધાન્ત કહે છે કે, વેશભૂષા વગેરેમાં કુશીલલિંગી પણ સાધુતા પાળનાર જેવો જ હોય છે પણ જે સાધુતા–અસાધુતાનો પારખનાર હોય છે તે કુશીલલિંગીને આદર આપી શકતો નથી.

અનાથી મુનિ કહે છે કે, સાધુનું લિંગ–મુહપત્તિ ઓઘો વગેરે–તો ઋષીશ્વરોનું ચિન્હ છે. સાધુતા છે કે નહિ એ વાત તો પછી જણાય છે, પહેલાં તો ચિન્હ જ જોવામાં આવે છે. અને તે દ્વારા જ સાધુની પહેચાન થાય છે કે તે સાધુ છે. સિદ્ધાન્તમાં પણ કહ્યું છે કેઃ—

**'लोगे लिंगपओयणं'**

અર્થાત્—લોકમાં લિંગનું પણ પ્રયોજન હોય છે. જો કે નિશ્ચયમાં લિંગની આવશ્યકતા રહેતી નથી, પણ લોકોમાં તો લિંગની આવશ્યકતા રહે છે. જો લિંગ ન હોય તો મર્યાદા તૂટી જાય છે. ઉદાહરણ તરીકે, આવશ્યકતા તો તળાવના પાણીની છે પણ પાળ વિના પાણી રહી શકતું નથી. તે જ પ્રમાણે આવશ્યકતા તો ધર્મની છે પણ સંસારમાં ધર્મ ચલાવવો છે એટલા માટે લિંગની પણ આવશ્યકતા છે. તળાવની પાળ બાંધવામાં જેવી મહેનત પડે છે તેવી મહેનત તેમાં પાણી લાવવામાં પડતી નથી. પાણીને બાંધવામાં આવે અને પાણી તળાવમાં પણ આવે છતાં જો તળાવના પાણીની આગળ પાળ બાંધવામાં ન આવે તો પાણી રહી શકતું નથી. જો કોઈ માણસ પાળ તોડવા લાગે તો તેને એમ કહેવામાં નહિ આવે કે તું પાળને હાનિ પહોંચાડે છે પણ એમ કહેવામાં આવશે કે તું પાણીને પણ હાનિ પહોંચાડે છે.

આ જ પ્રમાણે દીક્ષા આપવામાં મહેનત કરવી પડતી નથી. દીક્ષા તો હૃદયમાં જ થાય છે પણ દીક્ષા આપવી અને મુહપત્તિ બાંધવી કે વેશ પહેરવો એ તો દીક્ષાની પાળ બાંધવા સમાન છે. નિશ્ચયમાં તો જે પાઘડી બાંધેલા હોય છે તેવાઓમાં પણ સાધુતા હોઈ શકે છે પણ વેશની પાળ બાંધી ન હોવાને કારણે સાધુતા ટકી શકતી નથી. વેશ પણ કામની વસ્તુ છે અને સાધુતાને ટકાવવામાં તે પણ સહાયક છે. પ્રસન્નચન્દ્ર રાજર્ષિ ધ્યાનથી વિચલિત થઈ ગયા હતા પણ જ્યારે તેમણે પોતાના મસ્તક ઉપર હાથ ફેરવ્યો ત્યારે તેમને જણાયું કે, હું તો સાધુ છું અને આ શું કરી રહ્યો છું. આ પ્રમાણે જ્યારે તેમને ખ્યાલ આવ્યો ત્યારે તેઓ *પાછા ધ્યાનમાં સ્થિર થયા. જો મસ્તક મુંડાવેલ ન હોત પણ જો મસ્તક ઉપર મુગટ હોત* તો શું તેઓ ધ્યાનમાં પાછા સ્થિર થઈ શક્યા હોત? આ પ્રમાણે વેશ પણ સાધુતાની પાળ છે અને તેની આવશ્યકતા પણ છે. પરંતુ એ વાતનું ધ્યાન રાખવાની પણ જરૂર છે કે, કેવળ પાળ, પાળ જ રહી ન જાય! જો કોઈ તળાવની પાળ તો બાંધવામાં આવી પણ જો તેમાં પાણી ન આવ્યું તો તે તળાવ ખાલી જ કહેવાશે. તે જ પ્રમાણે કેવળ વેશ જ ધારણ કરવામાં આવે અને સાધુતાનું પાલન કરવામાં ન આવે તો તે ખાલી તળાવના જેવું છે. પાણીની આવશ્યકતા હોવા છતાં પણ પાળની જરૂર રહે છે તેમ સાધુતાની આવશ્યકતાની સાથે લિંગની પણ આવશ્યકતા રહે છે. શાસ્ત્રમાં અનેક જગ્યાએ કહેવામાં આવ્યું છે કેઃ—

**तहारूवाणं समणाणं निग्गन्थाणं।**

આ પ્રમાણે સૌથી પહેલાં લિંગને આવશ્યક બતાવવામાં આવ્યું છે. અત્રે કહેવામાં આવ્યું છે કે સાધુ તથારૂપ હોય. પહેલાં રૂપ જ જોવામાં આવે છે પણ સાધુપણું બાદ જોવામાં આવે છે

આ પ્રમાણે જે રૂપ સાધુઓનો પરિચય કરાવનાર તથા ઋષીશ્વરોના ચિન્હરૂપ છે, તે રૂપને પણ કુશીલલિંગી લોકો આજીવિકાનું સાધન બનાવે છે અને અસંયમી હોવા છતાં પણ પોતાને સાધુ કહેવડાવે છે. અનાથી મુનિ કહે છે કે, આમ કરનાર અનંતકાળ સુધી સંસારમાં ભટકતો રહે છે. જે પાઠશાળામાં ભણવા જતો જ નથી તે તો મૂર્ખ જ છે એટલા માટે તેને માટે તો કાંઈ કહેવાનું જ નથી. માસ્તર તેને જ સજા આપે છે કે જે પાઠશાળામાં જઈને પણ અભ્યાસ બરાબર યાદ કરતો નથી. જો કે તેને માસ્તરે આપેલી સજા ભોગવવી પડે છે પણ તે કોઈ દિવસ હોશીયાર પણ થઈ જાય છે, પણ જે ચતુર વિદ્યાર્થી હોય છે તે તો સજા પામ્યા પહેલાં જ એમ વિચારી લે છે કે હું નિશાળે જાઉં છું તો અભ્યાસ બરાબર શા માટે ન કરું? દંડ શા માટે સહું? આ પ્રમાણે સજા પામ્યા પહેલાં જ નિર્દોષ સંયમનું પાલન કરનાર જ શ્રેષ્ઠ છે.

## સુદર્શન ચરિત્ર—૫૫

આ વાતનું જ્વલંત ઉદાહરણ સુદર્શન શેઠનું છે. સુદર્શનનું ચરિત્ર જોઈ સાધુઓએ વિચારવું જોઈએ કે, અમે ઋષીશ્વરોનું ચિન્હ ધારણ કર્યું છે એટલા માટે અમારે સામાન્ય વસ્તુ ઉપર લલચાઈ જવું ન જોઈએ. સુદર્શન જાણતો હતો કે, અભયા સુંદરી છે અને રાજા તેના હાથમાં છે એટલા માટે તે જેટલું ચાહશે તેટલું મને આપી શકશે. છતાં સુદર્શન શેઠ અભયાના પ્રલોભનથી જરાપણ લલચાયો નહિ પણ તેણે અંત સમય સુધી તેને માતા તરીકે જ માની.

સુદર્શને મનને વશ કરી કામવિકારને જીત્યો એ કારણે રાજા પણ તેની સામે બે હાથ જોડી ઊભો રહ્યો. કામવિકારને જીતવો એ કાંઈ ઓછી વીરતા નથી પરંતુ મહાવીરતા છે. એ મહાન્ વીરોનો ધર્મ છે. કાયર લોકો એ ધર્મનું પાલન કરી શકતા નથી.

જે લોકો સંગ્રામમાં યુદ્ધ કરી વીર તરીકે નામના મેળવે છે તે લોકો પણ સ્ત્રીઓની સામે પરાજિત થઈ જાય છે અને કામના પ્રવાહમાં તણાઈ જાય છે. આથી વિરુદ્ધ જે લોકો કામના પ્રવાહમાં તણાઈ જતા નથી તેઓ ઇન્દ્રને પણ નતમસ્તક બનાવી દે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

**देवदाणवगन्धव्वा यक्खरक्खस्सकिन्नरा।**
**बम्भयारीं नमस्सन्ति दुक्करं जं करन्ति तं॥**

દેવો જાણે છે કે અમે જંબૂદ્વીપને તો ઉપાડી ફેરવી શકીએ છીએ પણ બ્રહ્મચર્યનું પાલન કરી શકતા નથી. આ જ કારણે તે દેવો બ્રહ્મચર્યનું પાલન કરનારને નમસ્કાર કરે છે.

રાવણ બહુ વીર હતો. એ વીર રાવણને રામે જીત્યા નહિ પણ કામે જીત્યા. જે આ કામને પણ જીતી લે છે તે શું રાવણથી પણ વધારે વીર નથી!

અહિંસા, સત્ય, અસ્તેય આદિ બધાં, વીરોનાં ધર્મો છે. એ કાયરોનો ધર્મ નથી. તમે લોકો વીર પુરુષોના આદર્શને તમારી દૃષ્ટિ સમક્ષ રાખો.

**એક સભાસદ કહતા સુનિયે, શેઠ ગુણોં કી ખાન;**
**નમ્રભાવ ઔર દયા ભાવસે, સબકા રખતા માન. ॥ ધન૦ ॥ ૧૨૧ ॥**
**જો અપને કો લઘુ સમઝતા, વહી સબમેં મહાન;**
**ગુરુતા કી અકડાઈ રખતા, વહ સબમેં નાદાન. ॥ ધન૦ ॥ ૧૨૨ ॥**
**સ્વારથ રત હો કરે નમ્રતા, વહી કુટિલ કી બાત;**
**બિના સ્વાર્થ હી કરે નમ્રતા, સજ્જન જન ગુણવાન. ॥ ધન૦ ॥ ૧૨૩ ॥**

અમારા ગુણોની કોણ કદર કરશે એમ વિચારવું એ અપૂર્ણતા છે. પોતાનામાં જે ગુણો છે તે ગુણોને બીજાને બતાવવાની શી જરૂર છે! અથવા અમારા ગુણોને કોઈ જાણે એવી ઇચ્છા શા માટે રાખવામાં આવે? જે બુદ્ધિમાન હોય છે તે આવી ઇચ્છા રાખતો નથી પણ જ્ઞાનીજનોની સાક્ષીથી તે સદ્ગુણોનું પાલન કરતો રહે છે.

સુદર્શને રાજાની પાસે અભયા માતા માટે અભય વચન માંગ્યું. આ સાંભળીને બધા લોકો દિઙ્મૂઢ થઈ ગયા પણ એક પ્રજાજન ઉઠીને કહેવા લાગ્યો કે, મારામાં એવી શક્તિ નથી કે હું શેઠની પ્રશંસામાં કાંઈ કહી શકું; પણ જે પ્રમાણે કોયલ આમ્રમંજરીનાં ગુણોનું ગાન ન કરી શકવા છતાં પણ કૂજે જ છે, અને મેઘના ગુણોનું વર્ણન ન કરી શકવા છતાં પણ મોર ટહૂકે જ છે, તે જ પ્રમાણે શેઠના વિષે થોડું બોલ્યા વિના મારાથી રહી શકાતું નથી, એટલા માટે એમના વિષે હું થોડું કહું છું.

મેં શેઠમાં બે વાતની ખાસ વિશેષતા જોઈ છે. એક તો દયાની વિશેષતા અને બીજી નમ્રતાની. આ બંને ગુણો મણિ–કાંચનના સુયોગની સમાન છે. સાચું સોનું–કુન્દન નમ્ર જ હોય છે અને નમ્ર હોવાને કારણે રત્નને પકડી લે છે. આ જ પ્રમાણે દયારૂપી રત્નને તે જ ધારણ કરી શકે છે કે જે નમ્ર હોય છે. અશક્ત થઈને દયાનો આશ્રય લેવો એ વાત બીજી છે પણ દયા–ક્ષમાની શોભા વીરતામાં જ છે. પણ જે પ્રમાણે દાનને માટે એમ કહેવામાં આવે છે કે **दानं दरिद्रस्य** અર્થાત્ દરિદ્રતામાં દાન દેવું તે જ ખરું દાન છે. તે જ પ્રમાણે **पहुस्स खंति** અર્થાત્ ક્ષમાની શોભા ત્યારે જ છે કે જ્યારે શક્તિ હોવા છતાં પણ ક્ષમા કરવામાં આવે. શક્તિ ન હોય એટલે ક્રોધને ક્રિયાત્મક રૂપ ન આપી શકવાને કારણે ક્ષમા આપવી તે ક્ષમા નહિ પણ કાયરતા છે. અરિહંતોને માટે એમ કહેવામાં આવે છે કે **खमासूरा अरिहन्ता** આમ કહેવાનો મતલબ એ જ છે કે, અરિહંતોમાં મેરુને ડોલાવવાની શક્તિ હોવા છતાં પણ કાનમાં ખીલા ઠોકનારને તથા શરીર ઉપર ધૂળ ઉડાડનારને પણ તેઓ ક્ષમા આપે છે. દંડ આપવાની શક્તિ હોવા છતાં પણ દંડ આપતા નથી. વેરનો બદલો લેવાની ઇચ્છા હોવા છતાં જે અશક્તિને કારણે ચૂપચાપ બેસી રહે છે અને મનમાં બળ્યા કરે છે તેની ક્ષમા સાચી ક્ષમા નથી પણ કાયરતા છે. આવા કાયરોને ક્ષમાવાન કે વીર કહી શકાય નહિ.

તમે મહાવીરના શિષ્ય છો એટલા માટે તમારામાં કેવી અને કેટલી ક્ષમા હોવી જોઈએ એનો વિચાર કરો. તમારામાં એમ ન થવું જોઈએ કે, મનમાં તો બળ્યા કરો પણ અશક્તિને કારણે ચૂપચાપ બેસી રહો અને પછી તેને ક્ષમાનું નામ આપો.

તે સભાસદ કહેવા લાગ્યો કે, આ શેઠમાં કેટલી દયા અને નમ્રતા છે! જો તેઓ ચાહત તો અભયાને ખૂબ દંડ અપાવી શકત પણ એમનામાં કેવી નમ્રતા છે કે તેઓ હજીસુધી તેને માતા જ કહી રહ્યા છે અને તેમનામાં કેવી દયા છે કે અભયા રાણી માટે જ તેઓ રાજા પાસે અભય વચન માંગી રહ્યા છે. ધન્ય છે! તેમની દયા અને નમ્રતાને!

તમે લોકો પણ સુદર્શનની દયા અને નમ્રતાને અપનાવી મહાજન બનો, કાયર નહિ. મહાજનના માર્ગે ચાલવા માટે અમને સાધુઓ માટે એમ કહેવામાં આવ્યું છે કેઃ—

**महाजनो येन गतः स पन्थाः**

આ પ્રમાણે મહાજનોના માર્ગે ચાલવાનું અમને પણ કહેવા આવ્યું છે. એટલા માટે કાયરતાનો ત્યાગ કરી નમ્રતા અને દયાને ધારણ કરો તો તેમાં કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાનઃ સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૧૪ બુધવાર

### પ્રાર્થના

**ધન-ધન જનક 'સિદ્ધારથ', ધન 'ત્રિશલા' દે માત રે પ્રાણી;**
**જ્યાં સુત જાયો ને ગોદ ખિલાયો, 'બર્દ્ધમાન' વિખ્યાત રે પ્રાણી.**
**શ્રી મહાવીર નમો વરનાણી. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી મહાવીર ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માને પ્રાપ્ત કરવાનો સરલ માર્ગ તેમની પ્રાર્થના કરવી એ છે. આ માર્ગ સરલ છે અને બધા મનુષ્યોને માટે ગ્રાહ્ય પણ છે છતાં લોકો આ રાજમાર્ગને છોડી ઊલટે માર્ગે જાય છે. લોકોને ઉન્માર્ગે જતાં અટકાવી સન્માર્ગ ઉપર લાવવા માટે જ જ્ઞાનીજનો ઉપદેશ આપ્યા કરે છે.

વાસ્તવમાં ભગવાન મહાવીરની પ્રાર્થના એ આત્માની જ પ્રાર્થના છે પણ લોકો આત્માને જ ભૂલી બેઠા છે! આત્માને જાણવા છતાં પણ તેને ભૂલી રહ્યા છે એટલા માટે લોકોએ સાવધાન થઈ 'હે! આત્મા! તને આ મનુષ્યજન્મ મળ્યો છે તો તારે શું કરવું જોઈએ' એનો વિચાર કરવો જોઈએ.

કુંભાર અનેક પ્રકારનાં વાસણો બનાવે છે. જે વાસણોની કારીગરી જોઈ તમે લોકો પ્રસન્ન થાઓ છો. ચિત્રકાર સુંદર ચિત્રો બનાવે છે અને એ જ પ્રમાણે બીજા કારીગરો બીજી વસ્તુઓ બનાવે છે. કડિયો મહેલ બનાવે છે અને મહેલમાં કરેલી પોતાની કારીગરી બતાવી તે ખુશ થાય છે અને કહે છે કે, 'આ મહેલ મેં બનાવ્યો છે.' પણ તે એ જોતો નથી કે, વાસ્તવમાં એ મહેલનો બનાવનાર કોણ છે? કલા જોઈને તે ખુશ તો થાય છે પણ તેનો સાચો કલાકાર કોણ છે, તે કેવો છે! એ જોતાં નથી. જો એ વિષે ઊંડો વિચાર કરવામાં આવે તો આત્માનો પત્તો લાગે પણ લોકો ઉપરની વાતો તો જુએ છે પણ તે મહેલનો બનાવનાર કોણ કલાકાર છે એ ભૂલી જાય છે. લોકો ઉપરની કારીગરી જોઈને કારીગરની તો પ્રશંસા કરવા લાગે છે પરંતુ આ શરીર કેવું છે અને તેમાં કેવી કારીગરી કરવામાં આવી છે તે જોતા નથી. આ શરીર જેવું બનેલ છે તેવું શરીર કોઈ બનાવી શકે છે? આંખ, દાંત વગેરેના ડૉક્ટરો તો જુદા જુદા છે પણ શું એવો કોઈ ડૉક્ટર છે જે એક સારી આંખ કે એક સાચો દાંત બનાવી શકે? ભલે ડૉક્ટરો કૃત્રિમ આંખ કે કૃત્રિમ દાંત

બનાવી આપે પણ શું જેવી આંખ આ શરીરમાં છે તેવી બનાવી આપશે ખરા? જો નહિ તો પછી એનો જરા વિચાર કરો કે, જેમણે આ આંખ, કાન, નાક વગેરે શરીરનાં અવયવો બનાવ્યાં છે તે બનાવનાર કેવો કારીગર હશે? સ્ત્રીને જોઈ તેની સુંદરતાની તો પ્રશંસા કરવા લાગો છો પણ આ સુંદર શરીર કોણે બનાવ્યું છે તેનો વિચાર કરતા નથી.

જ્યોં કંચન તિહું કાલ કહી જે, ભૂષણ નામ અનેક રે પ્રાણી;
ત્યોં જગજીવ ચરાચર જોનિ, હે ચેતન ગુણ એક રે પ્રાણી.

જેમ સોનાનો ઘાટ જોઈ લોકો સોનાને ભૂલી જાય છે તેમ લોકો ઉપરની વાતો જોઈ–સાંભળી આત્માને પણ ભૂલી જાય છે. આ જ મોટી ભૂલ છે.

કોઈ એમ કહે કે, આત્માને ભૂલી જવાની ભૂલ કોણ કરે? પણ આ વાત કોઈ બીજા ઉપર ન ઘટાવતાં પહેલાં અમારી ઉપર જ ઘટાવું છું: કારણ કે સાધુઓ ઉપર વધારે જવાબદારી છે. અને એટલા જ માટે આત્મા પોતાને કેવી રીતે ભૂલી રહ્યો છે એ વાત સાધુઓ ઉપર જ અનાથી મુનિ પણ ઘટાવી રહ્યા છે. જે આત્માને જાણે છે તેણે પોતાનાં કૃત્યો જોવાં જ જોઈએ. હું શું કરું છું તેનો વિચાર આત્મશોધકને આવવો જ જોઈએ. ક્રિયાથી અરુચિ કે પાસત્થાપણું આવવાથી જ આજે જૈનધર્મ અવનત થઈ રહ્યો છે. માનો કે, તમારો બી. એ. પાસ થએલ પુત્ર પરસ્ત્રીને માટે ગલીઓમાં ભટકતો ફરે તો તેને તમે શું કહેશો? એ જ કે, હાય! આ છોકરો કેવો છે? આ પ્રમાણે જ્ઞાનીઓ કેવલ વિદ્યાને જ મહત્ત્વ આપતા નથી પણ તેની સાથે ક્રિયાને પણ જુએ છે અને ક્રિયાયુક્ત વિદ્યાને જ પ્રશસ્ત ગણે છે. આ પ્રમાણે સાધુઓને માટે પણ કેવલ જ્ઞાનની જ આવશ્યકતા નથી, પણ ક્રિયાની પણ આવશ્યકતા છે.

## અનાથી મુનિનો અધિકાર—૫૬

અનાથી મુનિએ રાજા શ્રેણિકની સામે જે ઉદ્‌ગારો કાઢ્યા અને ગણધરોએ આપણા હિત માટે જે ઉદ્‌ગારોને શાસ્ત્રમાં ગુંથીને રાખ્યા છે એ ઉદ્‌ગારોને સાંભળીને તમે પણ આત્માને પવિત્ર બનાવો. અનાથી મુનિએ જે કાંઈ કહ્યું છે તે મુનિ ઉપર કહ્યું છે પણ મુનિના સાક્ષીરૂપ તો તમે પણ છો. અનાથી મુનિએ રાજા શ્રેણિકને સાક્ષી બનાવ્યા હતા એટલા માટે તમે સાક્ષીદાર છો પણ કેટલાક લોકો લાલચ લઈને પણ સાક્ષી આપવા તૈયાર થઈ જાય છે. તમે એવા સાક્ષીદાર ન બનો પણ સાચા સાક્ષીદાર બનો તો તેમાં મુનિઓનું પણ કલ્યાણ છે અને સાથે તમારું પણ કલ્યાણ છે.

**वीसं तु पीयं जह कालकूडं, हणाइ सत्थं जह कुग्गहीयं ।**
**एसो वि धम्मो विसओववन्नो, हणाइ वेयाल इवाविवन्नो ॥४४॥**

આ ગાથામાં માર્મિક ઉપદેશ આપવામાં આવ્યો છે. અનાથી મુનિ કહે છે કે, જે અનાથતામાંથી નીકળી સનાથ થવા માટે તૈયાર થયો છે અને જેણે ધર્મનો આધાર લીધો છે છતાં પણ જો તેની વિષયની લાલસા છૂટી નથી પણ વિષયની લાલસાથી જ ધર્મને ધારણ કર્યો છે તો તે જીવનેચ્છુક–જીવવાને ચાહનાર, કાલકૂટ વિષનું પાન કરે એના જેવું કરે છે. જીવિત રહેવા તે ચાહે છે, અને તે માટે તે કાલકૂટ વિષનું પાન કરે છે. આ બન્ને વિરોધી વાતો

છે. આ જ પ્રમાણે ઉપરથી તો ધર્મનો ઉપદેશ આપવો અને અંદરથી વિષયની વાસના રાખે તો આ પણ જીવિત રહેવું અને તે માટે કાલકૂટ વિષનું પાન કરવા સમાન છે.

અનાથી મુનિ આ વિષે એક બીજું ઉદાહરણ આપે છે. માનો કે, એક માણસ શત્રુને ચાહવા માટે ઘરમાંથી તલવાર લઈને નીકળ્યો. પણ તેને તલવારને ઊલટી પકડી છે અર્થાત્ તલવારને મુઠની બાજુથી ન પકડતાં અણીની બાજુથી પકડી છે. આ પ્રમાણે શસ્ત્રને પકડી જનાર માણસ તમારા જોવામાં આવે તો તમે તેને કેવો કહેશો ? એમ જ કહેશો કે આ કેવો મૂર્ખ છે ! આ શત્રુઓને મારવા જાય છે કે પોતાને જ મારવા જાય છે ?

જે પ્રમાણે જીવિત રહેવાની ઇચ્છા હોવા છતાં કાલકૂટ વિષનું પાન કરનાર અને શત્રુને મારવા નીકળ્યો હોવા છતાં ઊલટું શસ્ત્ર પકડનાર પોતાના જ મૃત્યુનું કારણ બને છે; તે જ પ્રમાણે જે વિષયલાલસાનું પોષણ કરવા માટે જ ધર્મનો ઢોંગ કરે છે તે પણ પોતાનું જ અહિત કરે છે.

અનાથી મુનિ આ વિષે ત્રીજું ઉદાહરણ આપે છે. તે ઉદાહરણ તે સમયની સ્થિતિનું તથા તે વખતના લોકોમાં ફેલાએલા ભ્રમનું દ્યોતક છે. અનાથી મુનિ કહે છે કે, જેમ કોઈ માણસ બીજાનું ભૂત કાઢવા માટે તો જાય છે પરંતુ તે પોતાનું રક્ષણ કરતો નથી એટલે તે ભૂત તેને જ ખાઈ જાય છે. આ જ પ્રમાણે જે બીજાઓને તો અહિંસા, ક્ષમા વગેરેનો ઉપદેશ આપે છે પરંતુ જે પોતે અહિંસાદિનો સ્વીકાર કરીને પણ અહિંસા-ક્ષમા આદિનું પાલન કરતો નથી તેની પણ તેવી જ ગતિ થાય છે. અર્થાત્ ઉપરના ઉદાહરણોમાં કહેવામાં આવેલા ત્રણ માણસો, પોતાની ઇચ્છા બીજી જ હોવા છતાં વિપરીત કામ કરે છે તે જ પ્રમાણે સંયમ લઈને જે સંયમનું પાલન કરતો નથી પણ તેનીદ્વારા આજીવિકા ચલાવે છે, તે પણ વિપરીત કામ કરે છે.

આ દુનિયામાં પોતાનું કલ્યાણ કોણ ચાહતું નથી ? બધા પોતાનું કલ્યાણ ચાહે છે પણ ઘણા લોકો એવા હોય છે કે જેઓ કલ્યાણ ચાહતા છતાં પણ કલ્યાણકારી કામો કરતાં નથી. આવા લોકો તરફ શાસ્ત્રકારો પોતાની અપ્રસન્નતા પ્રગટ કરે છે. કોઈ માણસ જીવિત રહેવાની ઇચ્છા તો રાખે છે પણ જો ઝેર પીતો હોય અને બીજો માણસ આ ઝેર છે માટે એને છોડી દે અને એને બદલે આ દૂધ પી એમ કહે છતાં પેલો માણસ ઝેર પીવાનો કદાગ્રહ કરે તો એને કેવો કહેવો ! આ જ પ્રમાણે જે સાધુતાના નામે વિપરીત માર્ગે ચાલતો હોય તેને કોઈ એમ કહે કે, તમે ધર્મને સારો માનો છો, 'પણ તમે ઊલટે માર્ગે જઈ રહ્યા છો !' આમ કહેવા છતાં જો તે વિપરીત માર્ગ છોડે નહિ અને અમે ગમે તે કરીએ તેમાં તમારે વચમાં પડવાની શી જરૂર છે એમ કહે તો એવા લોકોને માટે એમ જ કહેવામાં આવશે કે, એ લોકો મોહમાં પડયા છે. કદાચિત્ ભૂલ બતાવનાર ભ્રમમાં હોય અને ભ્રમને કારણે તેનાથી ખોટું કહેવાયું હોય તો પણ જે મોહમાં પડેલો નથી તેને ક્રોધ આવશે નહિ, પણ તે નમ્રતાથી સમજાવશે કે, તમે ભૂલ કરી રહ્યા છો, પણ જે સમજાવવાને બદલે ક્રોધ જ કરે છે તેને માટે એમ સમજવું કે તે પોતાનો માર્ગ ભૂલ્યો છે.

નાસિરુદ્દિન મહમૂદ નામનો એક બાદશાહ થયો છે. તે જો કે ગુલામ ખાનદાનનો હતો પણ કહેવામાં આવે છે કે તે ઉદાર દિલનો હતો. તે એક સારો લેખક હતો અને તેના અક્ષરો

પણ બહુ સુંદર હતા. તે બાદશાહીનો પૈસો વાપરતો ન હતો પણ કુરાન વગેરે પુસ્તકો લખી તે વેચતો હતો અને તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતો હતો.

એકવાર તેણે પોતાની લખેલી કુરાને શરીફ, ત્યાં આવેલા એક મૌલવીને બતાવી. તે મૌલવીએ કહ્યું કે, અહીં અનુસ્વાર હોવું જોઈએ. આ ભૂલ છે. નાસિરુદ્દીને મૌલવીએ બતાવેલ અનુસ્વાર ઉમેરી દીધો. પણ જ્યારે તે મૌલવી ચાલ્યો ગયો ત્યારે તેણે તે અનુસ્વાર કાઢી નાંખ્યો. તેના સરદારોએ બાદશાહને પૂછ્યું કે, આપે એમ શા માટે કર્યું? જો તે ખોટું હતું તો તેનો સ્વીકાર કેમ કર્યો. અને જો સાચું હતું તો પહેલાં શા માટે ઉમેર્યું? બાદશાહે કહ્યું કે, જો કે તે ભૂલ ન હતી પણ મૌલવીએ ભૂલ બતાવી એટલે મેં ઉમેર્યું. જો હું એમ ન કરત તો તેના ચિત્તને દુ:ખ થાત. તે બહુ દુરથી ચાલીને આવ્યો હતો. જો હું તેની વાત ન માનત તો પછી મને મારી ભૂલ કોણ બતાવત? હું તેનો ઉપકાર માનું છું કે તેણે મને ભૂલ બતાવી. જો હું તેની વાત માનત નહિ તો પછી કોઈ મને શિક્ષા જ આપત નહિ અને એ કારણે હું અપરાધી થઈ જાત.

મતલબ કે, આવા સમયે બાદશાહ પણ પોતાને અવાસ્તવિક શિક્ષા આપનાર ઉપર નારાજ ન થયો પણ તેનો ઉપકાર માન્યો. તો જે મુનિ છે તેઓ જો પોતાને શિક્ષા આપનાર ઉપર નારાજ થાય તો સમજવું કે, એ '**यतो भ्रष्टस्ततो भ्रष्टः**'ની ગણનામાં છે. પણ જો નારાજ ન થાય અને પોતાની સત્ય હકીકત શાન્તિપૂર્વક કહી સમજાવે તો સમજવું કે તે માર્ગ ઉપર છે.

જે પ્રતિજ્ઞા જે રૂપમાં લીધી હોય તે જ રૂપમાં એ પ્રતિજ્ઞાને અન્ત સમય સુધી પાળવી એ જ વીરોનો માર્ગ છે. આથી વિરુદ્ધ જે ગોટાળો ચલાવે છે તે પતિત છે. અનાથી મુનિના કથનાનુસાર વિષયલાલસાને પોષવા માટે ધર્મની સહાયતા લેવી એ જીવનની આશા રાખી વિષનું પાન કરવા બરાબર છે. એટલા માટે મુનિઓએ અનાથી મુનિનો આ ઉપદેશ સાંભળી પોતાના આત્મા વિષે વિચાર કરવો જોઈએ કે, "હું ઉર્ધ્વગામી થવા ચાહું છું પણ જો હું અધોગામી થવાનાં કાર્યો કરું તો ઉર્ધ્વગામી કેમ થઈ શકું! એટલા માટે હે! પ્રભો! મારાથી એવાં કામો ન થાઓ કે જેથી મારો આત્મા અધોગામી બને."

આ તો સાધુની વાત થઈ. પણ તમે લોકો તમારા વિષે પણ જુઓ કે, તમે લોકો સાધુની સેવા કરવા માટે દૂર દૂરથી આવ્યા છો પણ તમારામાં જો સાધુની સેવા, વિષયલાલસાને પોષવાની ભાવનાએ કરવામાં આવી તો તમારું કામ પણ વિપરીત થશે. તમારામાં વિષયની લાલસા ન હોવી જોઈએ, પણ વિષયલાલસાને જીતવા માટે તમારી સાધુની સેવા હોવી જોઈએ. આ પ્રકારની ભાવના રાખીને સાધુની સેવા કરવાથી જ તમે કલ્યાણ સાધી શકો છો. આથી વિરુદ્ધ જો એમ કહેવામાં આવે કે, "અમે તો સાધુઓની પાસે એટલા માટે આવીએ છીએ કે અમને તેઓ ચમત્કાર બતાવે. સાધુઓની પાસે ચમત્કાર તો હોવો જ જોઈએ. જો સાધુ હોવા છતાં તેમનામાં ચમત્કાર નથી તો તો તેમણે ઘર એમ જ છોડ્યું છે; કારણ કે ચમત્કારને જ નમસ્કાર થાય છે."

સાંસારિક લોકોમાં આ પ્રકારની ભાવના પણ હોય છે પણ સાધુએ શું એવી ભાવના રાખવી જોઈએ?

શ્રી જ્ઞાતા સૂત્રમાં કહ્યું છે કે, ગ્વાલિકા સતી સુકુમાલિકાને ઘેર ગોચરીને માટે ગઈ. સુકુમાલિકાએ વિચાર્યું કે, આની પાસે કોઈ ચમત્કાર તો હશે જ માટે પહેલાં આહારપાણી આપી દઉં અને પછી ચમત્કાર પૂછીશ. આ પ્રમાણે વિચાર કરી તેણીએ ગ્વાલિકા સતીને સારી રીતે આહારપાણી વહોરાવ્યાં અને પછી હાથ જોડી તેની પ્રશંસા કરતી કહેવા લાગી કે, "તમે સાધ્વી છો, ગુપ્ત બ્રહ્મચારિણી છો એટલા માટે હું તમારી પાસે મારું દુઃખ દૂર કરવા આવું છું. હું કોઈ બીજા પુરુષને ચાહતી નથી. મારા પિતાએ યોગ્ય પતિની સાથે મારો વિવાહ કરાવ્યો હતો પણ તે પણ મને છોડી બહાર ચાલ્યો ગયો; પછી મને એક ભિખારીને આપી દેવામાં આવી હતી, તે પણ મને છોડીને ચાલ્યો ગયો. એટલા માટે તમે એવો કોઈ ઉપાય બતાવો કે, જેથી મારું આ દુઃખ દૂર થઈ જાય."

સુકુમાલિકાનું આ કથન સાંભળી ગ્વાલિકા સતીએ કાનોમાં આંગળી નાંખી સુકુમાલિકાને કહ્યું કે, "આ સંબંધમાં અમને કાંઈ સાંભળવું પણ કલ્પતું નથી તો પછી કાંઈ કહેવું એ કલ્પી જ કેમ શકાય? હા, જો તને સંસાર ખારો લાગતો હોય તો અમે તને ધર્મનો ઉપદેશ સંભળાવી શકીએ." સુકુમાલિકાએ નિરાશ થઈને કહ્યું કે, "ઠીક આપ તેમ કરો." ત્યારે ગ્વાલિકા સતીએ તેને એવો ધર્મોપદેશ સંભળાવ્યો કે જેથી તેની વિષયવાસના મટી ગઈ અને તે કહેવા લાગી કે, પરમાત્માને મૂકીને આ શરીર હવે બીજાને શા માટે સોંપવું?

મતલબ કે, સંસારમાં આવા પણ લોકો હોય છે. તમારે આવી ભાવના રાખવી ન જોઈએ. પણ કદાચિત્ તમો એમ કરવું છોડી ન શકો તો અમારે સાધુઓએ તો એમાંથી બચવું જ જોઈએ. સાથે તમારે પણ એવો વિશ્વાસ રાખવો જોઈએ કે, જે ધર્મમાં અનંત શક્તિ છે તે ધર્મની પાસે અમે તુચ્છ સંસારની આશા–લાલસા શા માટે કરીએ? જે મળવું હશે તે તો લાલસા કર્યા વિના પણ મળી જશે. લાલસા ન કરવાથી ફળ ન મળે એ બની જ શકે નહિ. બલ્કિ લાલસા ન કરવાથી તો ફળ અનન્તગણું મળે છે. એટલા માટે અમારે લાલસા રાખવી ન જોઈએ એવો તમે નિશ્ચય કરો તો તેમાં કલ્યાણ છે.

## સુદર્શન ચરિત્ર—૫૬

કોઈએ કોઈ પ્રકારની લાલસા કરવી ન જોઈએ એ જ વાત સુદર્શનની કથાદ્વારા સમજાવું છું. સુદર્શન ધર્મ ઉપર કેવો દૃઢ રહ્યો એ જુઓ. તેનો લૌકિક વ્યવહાર પણ કાંઈ ઓછો ન હતો. તે નગરશેઠ હતો પણ તેણે વ્યવહાર પણ સાધ્યો અને ધર્મ પણ સાધ્યો.

ધર્મના પ્રતાપથી શૂળીને સિંહાસન થએલું જોઈ ઘણા લોકોની ભાવના બદલાઈ ગઈ હશે. બધા લોકો સુદર્શનની પ્રશંસા કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, આ શેઠમાં જે ધર્મભાવના છે, એના પ્રતાપે જ આ શૂળીનું સિંહાસન બની ગયું. આ શેઠ અભયા રાણીની કપટજાળમાં ન ફસાયા પણ જે અભયા રાણીએ તેની સાથે શત્રુતા બાંધી હતી તેની ઉપર પણ આ શેઠની કેવી કરુણા દૃષ્ટિ છે! જો શેઠ ચાહત તો અભયાના શરીરનાં ટૂકડે ટૂકડાં કરાવી શકતા હતા, પણ તેમણે રાજાની પાસે એ જ માંગ્યું કે, અભયાને આપ અભય વચન આપો, તેને કોઈ પ્રકારનું કષ્ટ ન થાય અને તેના પ્રત્યે દુર્ભાવ પણ ન થાય એ જ હું આપની પાસે માંગું છું.

તમે આ ચરિત્રમાં શું જુઓ છો! સિંહાસન જુઓ છો કે સુદર્શનની ભાવના જુઓ

છો ? શૂલીને તોડીને સિંહાસન તો કોઈ કારીગર પણ બનાવી શકે છે પણ શત્રુને મિત્ર માનવાની ભાવના કોઈ કારીગર બનાવી શકતો નથી. એટલા માટે સુદર્શનની સદ્‌ભાવનાને દૃષ્ટિમાં રાખી એવો વિચાર કરો કે, સુદર્શને તો અપરાધીને પણ ક્ષમા અપાવી તો હું કોઈના ઉપર ખોટું કલંક તો ન ચડાવું ? કોઈ નિરપરાધીને તો ન મારું ? જો મારામાં આટલી પણ સદ્‌ભાવના ન આવી તો પછી સુદર્શનની કથા હમેશાં સાંભળવાથી શો લાભ ? તમે ઉપદેશ સાંભળીને રોવા–કૂટવાની પ્રથા બંધ કરવાનો ઠરાવ કર્યો એ તો સારું જ કર્યું. એ તો લાભનું કામ થયું પણ કેવળ એટલું જ કહીને રહી ન જાઓ; પણ બીજી જે કાંઈ ખરાબીઓ હોય તેને પણ દૂર કરો. કોઈ રોગીને અનેક રોગ થયા હોય અને તેમાંથી કોઈ એક રોગ શાન્ત થયો હોય એથી ડૉકટરને એવી આશા આવે છે કે આ રોગીના બધા રોગો મટી જશે ! આ જ પ્રમાણે રાજકોટ સંઘે એક કામ તો કર્યું પણ હવે બીજો કયો સુધાર હાથમાં લેવો તેનો વિચાર કરો. આ પ્રમાણે સુધારનું કામ કરવું એ નૌકાને સુધારવા જેવું કામ છે. એક માણસ નૌકામાં બેઠેલી અમુક વ્યક્તિને જ બચાવી રહ્યો છે અને એક માણસ તૂટી ગએલી નૌકાને સુધારી રહેલ છે. તો આ બેમાં કોણ મોટું કહેવાય ? આ જ પ્રમાણે સામાયિક–પૌષધ વગેરે ધાર્મિક ક્રિયા પણ આત્માનું કલ્યાણ કરનારી છે પણ કેટલાંક એવાં પણ કામો છે કે જે કામો દ્વારા અનેક ગરીબ અને વિધવાઓ દુઃખ પામી રહી છે તે દુઃખ મટાડી શકાય, તેમનું દુઃખ દૂર કરી શકાય. આવાં કોઈ કામો હાથમાં લેવા જોઈએ.

અભયા સુદર્શન ઉપર ખોટું કલંક ચડાવી તેને શૂળીની સજા અપાવી મનમાં પ્રસન્ન થતી હતી અને કહેતી હતી કે, 'મારું કહ્યું ન માનનારને કેવો દંડ મળે છે ! હમણાં જ તેના પ્રાણ નીકળી જશે.' આ પ્રમાણે અભયા મનમાં અભિમાન કરી રહી હતી પણ જ્યારે તેણીએ સાંભળ્યું કે, શૂળીનું સિંહાસન બની ગયું છે અને શેઠ બચી ગયા છે ત્યારે તેના મનમાં ધ્રાસકો પડયો.

પોતાનું પાપ પોતાને જ દબાવે છે. આ કથનાનુસાર રાણીનું પાપ રાણીને જ દબાવવા લાગ્યું. રાણી તે વખતે એમ વિચાર કરી શકતી હતી કે, જે થયું તે થયું, પણ હવે મારે આ સમયે પાપનું પ્રક્ષાલન કરી નાંખવું જોઈએ, અને દુષ્કૃત્ય માટે સુદર્શનની પાસે ક્ષમા માંગી લેવી જોઈએ પણ તેના મનમાં એવી ભાવના પેદા ન થઈ. જો તે એમ કરત તો તેને કોઈ પ્રકારની હાનિ ન થાત પણ તેનું કલ્યાણ જ થાત કારણ કે સુદર્શને તેના માટે પહેલેથી જ રાજા પાસેથી અભય વચન માંગી લીધું હતું; પરંતુ તેનામાં એમ કરવાની બુદ્ધિ જ પેદા ન થઈ.

આ કથા તો ભૂતકાળની છે પરંતુ વર્ત્તમાનમાં તમારા વિષે પણ જુઓ કે, તમે શું કરો છો ? લોકો પોતાના પાપને દબાવી રાખે છે અને જ્યારે પાપ પ્રગટ થઈ જાય છે ત્યારે પણ પાપનું પ્રક્ષાલન કરવાની ચેષ્ટા કરતા નથી. શું આ અભયાના જેવી ભૂલ થતી નથી ? જે પોતાના પાપને પ્રગટ થયાં પહેલાં જ પોતે નિંદે છે, અને ગર્હે છે તેનું કલ્યાણ અવશ્ય થાય છે પણ જે પાપને છેવટ સુધી દબાવી રાખે છે તેની અવદશા કેવી થાય છે એ અભયાના ચરિત્ર ઉપરથી જુઓઃ—

**સુની વાત અભયા હુઈ સભયા, પાપકા યહ પરિણામ;**
**ગલે ફાંસ લે લજા પ્રાણકો, ગમાયા અપના નામ. ॥ ધન૦ ૧૨૪ ॥**

ધાય પ્રાણ લે ભગી મહલમેં, પટના પહુંચી જાય;
વેશ્યા ઘરમેં નીચ ભાવસે, રહ કર ઉદર ભરાય. ॥ ધન૦ ૧૨૫ ॥

રાણીએ જ્યારે એમ સાંભળ્યું કે, સુદર્શનની રક્ષા થઈ છે અને રાજા-પ્રજા બધા લોકો તેનો મહિમા ગાઈ રહ્યા છે ત્યારે તે બહુ ભયભીત થઈ અને વિચારવા લાગી કે, મારા શત્રુનો જયજયકાર થયો છે, એટલા માટે હવે મારી કોણ જાણે કેવી અવદશા થશે ? જે સુદર્શન મહાપાપીને પણ ક્ષમા આપનાર છે તેને પણ અભયા પોતાનો શત્રુ માની રહી છે. આત્મામાં જ્યારે પાપ ભરાઈ જાય છે ત્યારે તે મહાન્ પુણ્યવાનનો પણ લાભ લઈ શકતો નથી પણ ઊલટો પાપનો બંધ કરે છે. આત્મા પોતાની દ્વારા જ પોતાનું કલ્યાણ કરી શકે છે. અનાથી મુનિએ કહ્યું જ છે કે:—

अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य।
अप्पा मित्तममित्तं य दुप्पट्ठियो सुप्पट्ठियो ॥

આ જ પ્રમાણે ગીતામાં પણ કહ્યું છે કે, તમારા આત્માદ્વારા જ તમારા આત્માનો ઉદ્ધાર કરો. આત્મા જ શત્રુ કે મિત્ર છે. એટલા માટે તમારા આત્માને જ જુઓ.

અભયાની રક્ષા માટે સુદર્શને પહેલાં જ રાજાની પાસે અભય વચન માંગી લીધું હતું, પરંતુ કદાચિત્ રાજા અભયાને ક્ષમા ન આપત અને અભયાને દંડ ભોગવવો જ પડત તો પણ તે પોતાનું પાપ આ જ જન્મમાં ભોગવી લેત. પણ તેને એવી બુદ્ધિ જ પેદા ન થઈ. તે તો સુદર્શન જેવાને પણ પોતાનો શત્રુ માની રહી હતી. પણ તે એટલું વિચારતી ન હતી કે, તેનો શત્રુ તેનો જ આત્મા છે કે સુદર્શન ! જે સમજદાર વ્યક્તિ હશે તે તો સર્વ પ્રથમ પોતાના આત્માને જ જોશે અને વિચારશે કે, જો પાડોશીના ઘરમાં આગ લાગી છે તો તે પણ મારા જ પાપથી આગ લાગી છે; કારણ કે જ્યારે તેના ઘરમાં આગ લાગી છે તો તે આગ મારા ઘરમાં પણ લાગશે. આ પ્રમાણે વિચાર કરી તે આગને શાંત કરવાનો જ પ્રયત્ન કરશે. તમે લોકો દ્રવ્ય આગની વાતને તો જલ્દી સમજી જાઓ છો પણ ભાવ આગને સમજતા નથી. જે આગ સમાજ, દેશ અને જાતિને બાળી રહી છે એ આગને ન ઠારવી એ કેવી ગંભીર ભૂલ છે ! જેમનામાં અનુકંપા હોય છે તે બીજાનાં દુઃખને પોતાનાં જ દુઃખ માને છે. અનુકંપા એટલે શું ? એને માટે કહ્યું છે કે, જે બીજાનાં દુઃખોને જોઈ પોતાનાં દુઃખો માની કાંપી ઉઠે તે અનુકંપાવાળો છે. સમજદાર માણસો આ પ્રમાણે બીજાઓનાં દુઃખોને પોતાનાં દુઃખો માને છે અને તે દુઃખોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે.

અભયાને ડર લાગ્યો કે, હમણાં રાજા અત્રે આવશે ત્યારે ન જાણે મારી કેવી અવદશા થશે અને એ દશામાં હું તેમને મોઢું કેમ બતાવી શકીશ ? તે ક્ષત્રિયાણી હતી એટલે તેને અપમાનનું દુઃખ મરણના દુઃખ કરતાં વધારે લાગ્યું. અને તેથી અપમાનિત થવાના ભયથી તે ગળે ફાંસો લગાવી મરી ગઈ. જે બીજાને શૂળીએ ચડાવી રહી હતી તે અભયા પોતે જ ગળે ફાંસો લગાવી મરી ગઈ. રાણીની સહાયિકા પંડિતા ધાય વિચારવા લાગી કે, રાણી તો મરી ગઈ છે અને રાજાને બધો ભેદ જાણમાં આવી ગયો છે એટલા માટે ન જાણે હવે મારી કેવી અવદશા થશે ! આ પ્રમાણે વિચાર કરી તે અવસર જાણી ભાગી અને પટના શહેરમાં ગઈ.

જૈન અને બૌદ્ધ ગ્રન્થોમાં પટનાનું ઘણું વર્ણન મળે છે. તે વખતે પટનાનું નામ પાટલિપુત્ર હતું. પંડિતા ભાગીને તે શહેરમાં ગઈ. તે રૂપવતી તો હતી જ અને એ કારણે રાજાને ત્યાં સ્થાન પણ મળ્યું હતું. એટલે તે એક વૈશ્યાને ઘેર દાસી બનીને રહેવા લાગી અને નીચ વૃત્તિથી પોતાનું પેટ ભરવા લાગી.

રાજા ઘેર આવ્યો. તેણે દાસીને કહ્યું કે, રાણીને બોલાવી લાવો અને તેને કહો કે, જો કે તેણીએ કામ તો ઘણું જ ખરાબ કર્યું છે છતાં તે કોઈ પણ પ્રકારનો ભય ન રાખે. પડેલાને પાટું મારવું ઉચિત નથી.

આજે તો પડેલાને પાટું મારવામાં આવે છે. **उपालम्भो हि पाण्डित्यं** એ કથનાનુસાર અપરાધીની વધારે ભર્ત્સના કરવામાં આવે છે.

રાજાએ દાસીને કહ્યું કે, અભયાને કહો કે તે નિર્ભય રહે. જ્યારે સુદર્શને જ તેને ક્ષમા આપી છે તો પછી મારે તો તેને ક્ષમા આપવી જ જોઈએ.

દાસી રાણીને બોલાવવા માટે મહેલમાં ગઈ. મહેલમાં જઈને જોયું તો રાણી મરેલી પડી છે. દાસી મહેલમાંથી પાછી ફરી રાજા પાસે આવી અને કહ્યું કે, મહારાજ! ગજબ થઈ ગયો. રાણી તો મરી ગઈ છે. રાજાએ પૂછ્યું કે, કેવી રીતે મરી ગઈ? દાસીએ કહ્યું કે, ગળે ફાંસો ખાઈ રાણી મરી ગઈ છે. આ સાંભળી રાજા કહેવા લાગ્યો કે, ધન્ય છે સુદર્શનને કે જેણે મને આવી ઉચ્ચ ભાવનાની શિક્ષા આપી. જો તેણે મને ઉપદેશ આપ્યો ન હોત તો રાણી મરી ગઈ છે તો પણ તેના પ્રતિ ક્રોધ કરત. જે થયું તે થયું. હવે ચાલો રાણીના શબની અન્ત્યેષ્ટિ યોગ્યરીતિએ કરવી જોઈએ. એમાં કોઈ પ્રકારનો ભેદ રાખવો ન જોઈએ.

આજે તો શબ ઉપર પણ લોકો વૈર રાખે છે અને અમે તેને ઉપાડવા નહિ જઈએ એમ કહે છે; પરંતુ રાજાએ એવો કોઈ પ્રકારનો ભેદભાવ ન રાખ્યો પણ રાણીની અન્ત્યેષ્ટિ જે રીતિએ કરવી જોઈએ તે રીતિએ કરી.

સુદર્શને રાણીના મૃત્યુના સમાચાર સાંભળ્યા. તેણે મનોરમાને કહ્યું કે, હવે મારે સંસારની જાળમાંથી નીકળવું છે અને દીક્ષા લેવી છે.

હવે સુદર્શન કેવી રીતે દીક્ષા લે છે અને આગળ શું થાય છે તેનો વિચાર હવે પછી આગળ કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ બીજા ભાદરવા વદી ૦)) ગુરૂવાર

### પ્રાર્થના

**શ્રી આદીશ્વર સ્વામી હો, પ્રણમૂં સિર નામી તુમ ભણી;**
**પ્રભુ અંતરયામી આપ, મો પર મ્હેર કરીજે હો,**
**મેટી જે ચિંતા મનતણી, મારા કાટ પુરાકૃત પાપ. ॥ શ્રી૦ ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** આદિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્ત લોકો પરમાત્માની પ્રાર્થના સરળ રીતિએ કરે છે. સરળ અને સાદી રીતે કરવામાં આવેલી પ્રાર્થના બધાને અનુકૂલ આવે છે. જેનામાં વધારે યોગ્યતા હોય તે મોટાં કામો કરી શકે છે પણ સાધારણ કામો તો પ્રાયઃ બધા કરી શકે છે. સંસારમાં પણ જોવામાં આવે છે કે, મોટી મોટી ચીજો મોટા લોકોના જ ઉપયોગમાં આવે છે પણ સાધારણ જનતાના ઉપયોગમાં તો સાધારણ ચીજો જ આવે છે. ઊંચા પ્રકારના પાક-પકવાન કે એના જેવી બીજી ખાદ્ય ચીજો મોટા માણસો જ ખાતા હશે અને કીંમતી પેય પદાર્થો પણ એ એ જ પીતાં હશે; તેમ છતાં સાધારણ ભોજન અને સાધારણ પેય પદાર્થોનો આધાર તે મોટા લોકોએ પણ આખરે લેવો જ પડે છે. પાણી કેવું સાધારણ પેય છે! પણ શું એના વિના કોઈનું કામ ચાલી શકે છે? આ પ્રમાણે જગતનું પોષણ સાધારણ ચીજો દ્વારા જ થાય છે.

પ્રાર્થના વિષે પણ આ જ વાત સમજો. છંદ કે અલંકારયુક્ત કવિતામાં કોઈ મોટો કવિ જ પરમાત્માની પ્રાર્થના કરી શકે છે પણ સરળ અને સાદી પ્રાર્થના તો પ્રાયઃ બધા લોકો કરી શકે છે. એટલા જ માટે આ પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે:—

'શ્રી આદીશ્વર સ્વામી હો !
પ્રણમૂં સિર નામી તુમ ભણી, પ્રભુ અન્તર્યામી આપ.'

આ પ્રાર્થનામાં કહ્યું છે કે, હે! પ્રભો! હું બે હાથ જોડી અને માથું નમાવી આપને નમન કરું છું. આ કેવી સરળ વાત છે! માથું પણ હયાત છે અને હાથ પણ હયાત છે. પરંતુ કેવળ એ જ કરવાનું બાકી રહે છે કે માથું અને હાથ બીજી બાજુ નમાવવામાં આવે છે તેને ત્યાંથી ફેરવી પરમાત્મા તરફ નમાવવામાં આવે.

જો કે સંસારનું પોષણ સાદી વસ્તુઓદ્વારા જ થાય છે પણ લોકોને સાદી વસ્તુઓથી સંતોષ થતો નથી એવું પ્રાયઃ જોવામાં આવે છે. લોકો સાદી વસ્તુઓથી સંતોષ માને કે ન માને પણ આખરે તેઓએ સાદી વસ્તુઓનો જ આશ્રય લેવો પડે છે. માછલીને ભલે કોઈ સારી ચીજ મળી જાય પરંતુ તેનું જીવન સાદા પાણી વિના ચાલી શકતું નથી. આ જ પ્રમાણે જો એમ સમજી લેવામાં આવે કે, સાદી પ્રાર્થના વિના અમારું પોષણ થઈ શકતું નથી તો કલ્યાણ થવામાં કોઈ પ્રકારનો સંદેહ જ ન રહે. ગીતામાં કહ્યું છે કે:—

**कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।**
**इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥**

અર્થાત્–જે કોઈ ઇન્દ્રિયોને રોકીને ધ્યાની તો બની જાય છે, પણ જો તેના મનમાં વિષયની વાસના દોડતી હોય તો તેના માટે સમજવું જોઈએ કે, તે અહંકારથી વિમૂઢ થઈ રહ્યો છે અને મિથ્યાચારી બની રહ્યો છે. તે જે કાંઈ કરે છે તે સંસાર–વ્યવહારના કારણે જ કરે છે. એટલા માટે પરમાત્માની પ્રાર્થના કરવા માટે અંતરાત્માને પવિત્ર બનાવવાની જરૂર રહે છે.

અત્રે એક પ્રશ્ન ઉભો થાય છે કે અંતરાત્માને પવિત્ર કરવા માટે વ્યવહારની જરૂર છે કે નહિ ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ભલે પોતાના માટે વ્યવહારની જરૂર ન પણ હોય છતાં જગતના કલ્યાણને માટે બાહ્ય વ્યવહારની પણ જરૂર રહે છે. કારણ કે, જનતા બાહ્ય વ્યવહારને જ જુએ છે અને બાહ્ય વ્યવહાર જોઈને જ તે અન્તરાત્મા તરફ વળે છે; એટલા માટે બાહ્ય વ્યવહારની પણ જરૂર છે, પરંતુ કેવળ બાહ્ય વ્યવહારમાં જ ન રહી જતાં અન્તરાત્માને પણ પવિત્ર બનાવવો જોઈએ.

## અનાથી મુનિનો અધિકાર–૫૭

આ જ વાત અનાથી મુનિ રાજા શ્રેણિકને કહી રહ્યા છે. તેઓ કહે છે કે, જેઓ ઘરબાર છોડીને સાધુ થયા છે તેઓ પાછા વિષયના ગુલામ બની જાય એ ઘણા દુઃખની વાત છે. જે ઉપર ચડતો જ નથી તેની વાત તો જુદી છે, પરંતુ જે ઉપર ચડીને પાછો નીચે પડે છે, એના તરફ બધાની નજર પડે છે; એના માટે હાહાકાર મચી જાય છે. આ જ પ્રમાણે જેઓએ ધર્મનો સ્વીકાર કર્યો નથી તેની વાત તો જુદી છે, પણ ધર્મનો સ્વીકાર કરી જે પાછો ઇન્દ્રિયોને વશ થઈ પતિત થઈ જાય છે તેને માટે એ ચિંતાનો વિષય છે.

**जे लक्खणं सुविणं पउंजमाणे, निमित्तकोऊहलसंपगाढे ।**
**कुहेडविज्जासवदारजीवी, न गच्छई सरणं तम्मि काले ॥४५॥**

જ્યારે કોઈ સંયમ ધારણ કરે છે ત્યારે હું પ્રભુમય જીવન વ્યતીત કરીશ એવો તેનો વિચાર હોય છે; પણ શાસ્ત્રો અને ગ્રન્થોનું અધ્યયન કરી હોશિયાર થાય ત્યારે મનમાં બીજી ભાવના પેદા થાય તો એ કોના જેવું છે ? તો એને માટે જણાવવાનું કે, માનો કે, કોઈ ખેડુતે પાણીનો એક બંધ બાંધ્યો. બંધ બાંધતી વખતે તો તેની ભાવના એવી હતી કે, હું આ પાણીદ્વારા ખેતરને સીંચી સારી ખેતી–પેદા કરી શકીશ, અને જો તે ચાહે તો તે પાણીદ્વારા તે સારી ખેતી પેદા કરી પણ શકે છે. પણ તે મૂર્ખ ખેડુત તે પાણીદ્વારા આકડા કે ધતુરા જેવા ઝેરી વૃક્ષોને સીંચે અને આંબા જેવા મીઠા વૃક્ષને સીંચતો નથી તો તે ઠીક ગણાય ? પાણીનો તો એવો સ્વભાવ હોય છે કે જે વૃક્ષને પાણી સીંચવામાં આવે તે વૃક્ષને પોષણ મળે. પરંતુ જે પાણી સારી ખેતી પેદા કરી શકે છે, તેનો ઉપયોગ એમાં ન કરવો એ પાણીનો દુરુપયોગ તો થયો કહેવાય ને ?

આ જ પ્રમાણે પોતાનું અને જગતનું કલ્યાણ કરવું એ સંયમ લેવાનો ઉદ્દેશ હતો. વાસ્તવમાં સંયમ લીધા બાદ આ જ ઉદ્દેશની પૂર્તિ કરવાની હોય છે અને વિદ્યાનો ઉપયોગ

પણ એ જ ઉદ્દેશની પૂર્તિ માટે થવો જોઈએ. પણ પેલા મૂર્ખ ખેડુતની માફક કેટલાક લોકો વિદ્યા આદિનો ઉપયોગ ઊલટી રીતિએ કરે છે એટલા માટે અનાથી મુનિ અમને અને તમને સાવધાન કરે છે. ગૃહસ્થો તો સંસારના લોભી હોય જ છે; એટલા માટે તેઓ તો ચમત્કાર જોવા ચાહે જ છે તથા કેટલાક સાધુઓ પણ પોતાના ધ્યેયને ભૂલી જઈ બીજી બાજુ ચાલ્યા જાય છે. એવા લોકોને માટે જ અનાથી મુનિ એ બતાવી રહ્યા છે કે, ધ્યેયને ભૂલી જઈ બીજી બાજુ જનારા સાધુઓ પોતાની શક્તિનો દુરુપયોગ કેવી રીતે કરે છે!

કોઈનો હાથ જોઈ એમ કહેવું કે, તું બહુ ભાગ્યશાળી છે. જો હું તારા પૂર્વભવનું અને ભવિષ્યનું વૃત્તાન્ત સંભળાવું છું. આ પ્રમાણે કોઈને ભૂત-ભવિષ્યના વૃત્તાન્ત કહી સંભળાવવાં, કોઈનાં નાક–કાન આદિ જોઈ લક્ષણ બતાવવાં, કોઈને પદ્મિની, હસ્તિની, ચિત્રણી આદિ સ્ત્રીઓનાં ભેદ બતાવવા અને કોઈને નિમિત્ત બતાવી આમ કરીશ તો આમ થશે એમ લક્ષણ–જ્યોતિષ બતાવવું એ ઉન્માર્ગે જવા જેવું છે અને પોતાની શક્તિનો દુરુપયોગ કરવા જેવું છે. ગૃહસ્થો તો એમ ચાહશે જ. દુનિયા ઝૂકે છે કેવળ ઝૂકાવનાર જોઈએ. આ પ્રમાણે લોભી ગૃહસ્થો, આવું ઊલટું કામ કરનાર સાધુને પ્રોત્સાહન આપે છે; પરંતુ સાધુઓએ આવું ઊલટું કામ કરવું એ ઝેરી વૃક્ષને પોષવામાં ગેરઉપયોગ કરવા સમાન, શક્તિનો દુરુપયોગ કરવા જેવું છે.

આ ઉપરથી કોઈ એમ કહે કે, "કોઈ સાધુને નિમિત્ત લક્ષણનું જ્ઞાન હોય તો પછી એનો ઉપયોગ શો? જો કોઈને આ જ્ઞાનનો લાભ આપે નહિ તો એમનું જ્ઞાન શા કામનું? વળી જો કોઈ સાધુ નિમિત્ત–લક્ષણ બતાવે તો એમાં વાંધો શું? બલ્કે ઉપદેશથી તો કોઈને જૈન પણ બનાવી શકાતા નથી, પરંતુ આ પ્રકારનો ચમત્કાર બતાવીને ઘણાને જૈન બનાવી શકાય છે. એટલા માટે જૈન ધર્મના ઉદ્યોત માટે સાધુ નિમિત્ત–લક્ષણનો ઉપયોગ કરે તો એમાં શું વાંધો છે? આ સિવાય જે પ્રમાણે પાણીનો ઉપયોગ ખેતીમાં કરવામાં આવે છે, તે જ પ્રમાણે લક્ષણશાસ્ત્રનો ઉપયોગ લક્ષણ બતાવવામાં કરવો એમાં શું ખરાબ છે?"

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, સાધુઓને લક્ષણાદિનો ઉપયોગ કરવાથી ઘણી હાનિ થાય છે. વળી લક્ષણશાસ્ત્રનો જાણકાર પહેલાં પોતાનાં લક્ષણો જુએ કે, મારામાં જે કામ કરવાનાં લક્ષણો નથી તે કામમાં હું ન પડું, તથા કામનાં જે લક્ષણો છે તે કામ જો ભગવાનની આજ્ઞામાં હોય તો તેમાં હું પડું, અન્યથા નહિ. આ પ્રમાણે સર્વપ્રથમ પોતાનાં લક્ષણો તપાસવાં જોઈએ. અથવા કોઈ વૈરાગી હોય તો તેનાં લક્ષણ જોઈએ જાણી લેવું જોઈએ કે, આ આદમી ધર્મને પ્રાપ્ત કરી પાળી શકશે કે નહિ? જો તે ધર્મનું પાલન કરી શકે એવો જણાય તો જ તેને દીક્ષા આપે. આ જ પ્રમાણે જ્યારે તે લક્ષણશાસ્ત્રનો જાણકાર હોય તો તે આયુષ્યના વિષે પણ ઘણું જાણી શકે કે, આનું આયુષ્ય આટલું બાકી છે. જો અવસર આવ્યો હોય અને કોઈ તેને સંથારો કરાવવા માટે કહે તો, આયુષ્ય ઓછું જાણી સંથારો કરાવી શકાય છે; અથવા એમ કહી શકે છે કે આનું આયુષ્ય હજુ બાકી છે, એટલા માટે તે દૃઢ ન રહી શકે એના કરતાં હમણાં સંથારો ન કરાવવો એ સારું છે. આ પ્રમાણે લક્ષણશાસ્ત્રનો ઉપયોગ વિવેક રાખવામાં પણ કરી શકાય છે; પરંતુ લક્ષણશાસ્ત્રનો આવો ઉપયોગ કરવાને બદલે, જો એમ કહે કે, 'તને ધન, સ્ત્રી કે પુત્રની પ્રાપ્તિ થશે.' તો એ તો જે સંસારને ખરાબ

કહી પોતે જેનો ત્યાગ કર્યો છે, અને સંયમ ધારણ કર્યો છે એ જ સંસારમાં ફરી ફસાઈ જવા જેવું છે.

કોઈ સાધુ લક્ષણનિમિત્તદ્વારા ચમત્કાર બતાવે અને એ ચમત્કારદ્વારા જે ધનની પ્રાપ્તિ થાય તે ધન અમે સંઘના હિતમાં જ વાપરીશું, એમ કોઈ કહે તો તમે તે વિષે શું કહેશો? એમ જ કહેશો કે જો આમ કરવું એ ઠીક હોય તો તો પછી સટ્ટો, લીલામ અને જુગાર વગેરે રમવામાં શું વાંધો છે? બસ! તો પછી એમ જ કહી દેવામાં આવે કે, આજે ચોકાનો દાવ લાગશે માટે તે ઉપર રૂપિયા લગાવો અને જે આવે તે સંઘના હિતમાં ખર્ચ કરી દો. શું આમ કરવું એ યોગ્ય કહેવાશે? આ જ પ્રમાણે સ્ત્રીપુરુષને માટે પણ એમ કહી શકાય કે, અમે તેમનાં લક્ષણ બતાવીએ છીએ. એમનું જોડું મળી જશે તો એ શ્રાવક-શ્રાવિકા બનશે અને ધર્મનો ઉદ્યોત થશે. આ પ્રમાણે તો બધામાં લાભ બતાવી શકાય છે.

આવા પ્રકારના લોભથી જ યતિસમાજને નીચે પાડવામાં આવ્યો છે, નહિ તો તે સમાજ પણ પંચ મહાવ્રતધારી હતો. પહેલાં સંઘહિતનું નામ લેવામાં આવ્યું અને થોડું સારું લાગ્યું, પણ આખરે તેનું એવું માઠું પરિણામ આવ્યું કે, જે પાંચ મહાવ્રતોના પાલણહાર હતા, તેઓ આજે સંસારનું પાલન કરનારા થઈ રહ્યા છે. કોઈ કહે કે, કપડાંને રક્તથી ભરી દેવામાં આવે અને પછી તેને ધોઈ નાંખવામાં આવે તો શું વાંધો છે? જે પ્રમાણે આમ કરવું તે ઠીક કહી શકાય નહિ, તે જ પ્રમાણે સંઘહિતના નામે કોઈ અનુચિત કામ કરવું એ પણ ઠીક કહી શકાય નહિ. પહેલાં તો સંઘહિતનું નામ લઈ ધન રાખવામાં આવશે, પણ આખરે આ પદ્ધતિનું પરિણામ કેવું માઠું આવશે તેનો પણ ખ્યાલ રાખવો જોઈએ.

જો આ કાર્ય હિતકર્તા હોત તો શાસ્ત્રમાં આ પ્રકારનાં કાર્યનો નિષેધ કરત નહિ. ગૌતમ સ્વામી મહાન્ લબ્ધિધારી હતા. જો તેઓ પોતાની લબ્ધિનો ઉપયોગ કરત તો એક જ દિવસમાં સકળ સંસારને જૈન બનાવી શકતા હતા. તેમનામાં એવી લબ્ધિ હતી કે, થોડી જ ખીરમાં પોતાનો અંગૂઠો મૂકી રાખે તો એટલી ખીરમાંથી ચક્રવર્તીની આખી સેના પણ જમી શકે અને છતાં તે ખીર તો તેટલી જ રહે. આ પ્રકારની શક્તિ હોવા છતાં પણ તેમણે એ શક્તિનો ઉપયોગ ન કર્યો, પણ ભિક્ષા લેવા માટે પોતે ગોચરી જતા હતા. શું તેમને સંઘના હિતનો વિચાર થતો ન હતો? એટલા માટે સંઘહિતના નામે લક્ષણાદિનો ઉપયોગ કરવો અનુચિત છે.

કહેવાનો આશય એ છે કે, કોઈ સાધુ લક્ષણ બતાવે, કૌતુહલ બતાવે કે આમ કરવાથી ધન-પુત્રાદિની પ્રાપ્તિ થશે એવું નિમિત્ત બતાવે, તો એ સાધુતાથી પતિત થવા જેવું છે. શાસ્ત્રકાર આવી વિદ્યાને કુત્સિત વિદ્યા કહે છે. આ કુત્સિત વિદ્યાઓદ્વારા પોતાની આજીવિકા ચલાવનારને શાસ્ત્રકારોએ આશ્રવદ્વારદ્વારા આજીવિકા ચલાવનાર તરીકે વર્ણવ્યા છે. આવી વિદ્યા અન્ત સમયે શરણદાત્રી બનતી નથી પરંતુ સંયમમાર્ગનો નાશ કરનારી નીવડે છે. એટલા માટે જે આવી કુત્સિત વિદ્યાદ્વારા આજીવિકા ચલાવે છે તે અનાથ છે એમ સમજવું જોઈએ.

આ કુત્સિતવિદ્યામાંથી બચવા માટે પહેલાં એ જોવું જોઈએ કે નાથ કોણ છે? અને લક્ષણ, સ્વપ્ન, નિમિત્ત કૌતુહલ આદિનો જાણકાર અને તેનો ઉપયોગ કરનાર સનાથ છે કે અનાથ? આ વિદ્યા સનાથ બનાવે છે કે અનાથ? નાથ બનવાનો અર્થ એ છે કે, આત્માને

એવી રીતે સ્વતંત્ર બનાવવો કે તેનામાં કોઈ પ્રકારની ગુલામી જ રહેવા ન પામે. જો આ પ્રકારની વિદ્યાઓથી કોઈ નાથ બની શકતા હોત તો તો એવી વિદ્યાઓમાં દેવતા પૂર્ણ હોય છે. તેઓ વૈક્રિય લબ્ધિથી જે ચાહે તે કરી શકે છે. છતાં તેઓ એથી સનાથ નથી પણ અનાથ છે.

નાથ કેવી રીતે બની શકાય એ વાત અનાથી મુનિ પહેલાં કહી ચૂક્યા છે. તેમણે પહેલાં જ કહી દીધું છે કે, મન્ત્ર અને વિદ્યાના જાણકાર લોકોએ મને સાજો કરવા માટે અનેક પ્રયત્નો કર્યા છતાં પણ મારો રોગ દૂર થયો નહિ. જો એ વિદ્યાદ્વારા સનાથ બની શકાતું હોત તો પછી મારો રોગ કેમ ચાલ્યો ન જાત !

કોઈ એમ કહે કે, અનાથી મુનિનો રોગ ચાલ્યો ન ગયો તેથી શું થયું ? મંત્રવિદ્યા આદિથી રોગ ચાલ્યા પણ જાય છે ને ? કદાચ મંત્રવિદ્યા આદિથી રોગ ભલે ચાલ્યા જાય, પરંતુ મન્ત્રાદિથી રોગ ચાલ્યા જવા બાદ એ જ વિચાર આવે છે કે, જે શક્તિ છે તે આનામાં જ છે અને એ જ મારા માટે વંદ્ય-પૂજ્ય છે. એ તો સાધારણ નિયમ છે કે, જે ભાવના ભાવવાથી રોગ ચાલ્યો જાય છે, તે ભાવના પ્રતિ આત્મામાં ગુલામી આવી જાય છે. આ જ કારણે અનાથી મુનિ એમ કહે છે કે, "એ બહુ સારું થયું કે, મારો રોગ જંગ-મંત્રાદિથી દૂર ન થયો, પણ સંયમની ભાવનાથી મારો રોગ ચાલ્યો ગયો. વળી એ પણ બહુ સારું થયું કે સંયમની ભાવના કરવાથી હું સનાથ-અનાથનો ભેદ પણ સમજી શક્યો."

હવે તમે એ વાતનો વિચાર કરો કે, તમારે સાધુની સંગતિ સનાથ બનવા માટે કરવી છે કે અનાથ બનવા માટે ? સાધુની સંગતિ સનાથ બનવા માટે જ કરવામાં આવે છે, એટલા જ માટે શાસ્ત્રકારો કહે છે કે, જે સાધુ થઈને લક્ષણ, સ્વપ્ન, નિમિત્ત, કૌતુહલ આદિ કરે છે અને બતાવે છે, તેને જો નિર્ગ્રન્થ સમજીને, તમો તેના શરણે જશો તો અનાથ જ રહેશો. લોકો લક્ષણાદિદ્વારા રોગો મટાડવા ચાહે છે પરંતુ રોગો પેદા કેમ થાય છે તેનો પહેલાં વિચાર કરો. રોગો અનાથતાથી જ પેદા થાય છે. લક્ષણાદિદ્વારા અનેકવાર રોગો મટાડવામાં આવ્યાં, પણ અનાથતા ન મટી અને તે કારણે રોગો પણ ન મટયાં. એટલા માટે અનાથતામાંથી નીકળી સનાથ બનાવાની ભાવના કરો. સનાથ મટી જયારે સનાથ બનશો ત્યારે રોગો પણ સર્વથા ચાલ્યા જશે. જો તમો અનાથી મુનિની માફક એકદમ સનાથ બની ન શકો તો પણ તમારી ભાવના જો સનાથ બનવાની હશે તો કોઈ વખતે તમે પણ સનાથ બની શકશો.

**अनेकजन्मसंसिद्धिस्ततो याति परां गतिम् ।**

જો તમે એકદમ મંત્ર, જંત્ર વગેરેની સહાયતા લેવાનો ત્યાગ ન કરી શકો, તો પણ ભાવના તો મંત્ર-જંત્રાદિની સહાયતાનો ત્યાગ કરવાની જ રાખો. કદાચ તમે એમ પણ કહી દો કે, અમારાથી આ ભવમાં તો એવું બની શકે એમ નથી, પરંતુ જે સાધુ થએલ છે તે એમ કહી ન શકે કે, આ ભવમાં તો સાધુપણું પાળી શકીશ નહિ, આવતા ભવમાં એ વિષે જોઈ લેવાશે. જો કોઈ સાધુ થઈને પણ આમ કહે અને લક્ષણ-સ્વપ્ન-નિમિત્તાદિ બતાવવાના ફંદામાં પડે તો તેને મન શાસ્ત્ર પ્રમાણભૂત છે કે લક્ષણાદિ પ્રમાણભૂત છે ? તે વિષે વિચાર કરવો જોઈએ.

કદાચ કોઈ એમ કહે કે, સાધુઓમાં પણ ધર્મ કયાં છે ! જો ધર્મ હોય તો તેમને

રોગ કેમ થાય? પરંતુ જે સાચા મહાત્મા હોય છે તેઓ તો શરીરમાં રોગ રહેવા જ દેવા ચાહે છે. તે રોગને દૂર કરવા ચાહતા નથી.

સનત્કુમાર ચક્રવર્તીના શરીરમાં જ્યારે રોગો પેદા થયા હતા, ત્યારે તેમણે રોગોને મટાડવાનો ઉપાય ન કરતાં સંયમ ધારણ કર્યો હતો. જો તેઓ ચાહત તો છ ખંડના સ્વામી હોવાથી અનેક પ્રકારના ઉપાયો કરી શકતા હતા, પણ તેમણે રોગ મટાડવાનો પ્રયત્ન ન કર્યો; પરંતુ એમ કહ્યું કે, એ રોગો તો મારા મિત્રો છે કે જેઓ મને જાગ્રત કરવા આવ્યા છે. સંયમ લીધા બાદ દેવોએ તેમની પાસે આવી કહ્યું કે, આપના શરીરમાં અનેક રોગો પેદા થવા પામ્યા છે તો આ મારી દવા લો તો આપના રોગો શાન્ત થઈ જશે! આના ઉત્તરમાં સનત્કુમાર ઋષિએ કહ્યું કે, મને બે પ્રકારના રોગો થયા છે. એક તો મને આત્માનો રોગ થયો છે અને બીજો શરીરનો રોગ થયો છે. આત્માને કર્મનો રોગ છે. તું આ બે પ્રકારના રોગોમાંથી કયા રોગને મટાડવા ચાહે છે! કર્મના રોગને મટાડી આત્માને નિરોગ બનાવવા ચાહે છે કે શરીરના રોગને મટાડવા ચાહે છે! દેવે કહ્યું કે, હું કર્મના રોગને તો મટાડી શકું નહિ. હું તો શરીરના રોગને મટાડવા ચાહું છું. ત્યારે ઋષિએ જવાબ આપ્યો કે, એમાં શું છે! શરીરનાં રોગોને તો મેં જ ટકાવી રાખ્યા છે, એટલા જ માટે તે રહેલાં છે, નહિ તો તે ટકી ન શકે. આ પ્રમાણે કહી તેમણે પોતાની એક આંગળી જ્યાં રોગ થયો હતો ત્યાં લગાવી ત્યાં તો તે શરીરનો ભાગ કંચનવર્ણો બની ગયો. ઋષિએ કહ્યું કે, શરીરનાં રોગો તો આ પ્રમાણે દૂર કરી શકાય છે, પરંતુ તે રોગો તો મારા મિત્ર છે, કારણ કે એ રોગરૂપ મિત્રોએ જ મને જાગ્રત કરેલ છે એટલા માટે એ રોગરૂપ મિત્રોને દૂર કરવા ચાહતો નથી. હું આ રોગરૂપ મિત્રોની સહાયતાથી જ કર્મના રોગોને મટાડવા ચાહું છું.

આ પ્રમાણે સાચા મહાત્માઓ રોગને તો મિત્ર માને છે. આ કથનનો એવો અર્થ નથી કે, સ્થવિરકલ્પી સાધુઓ દવા લેતા જ નથી. દવા તો તેઓ લે છે પણ દવાથી પોતાને સનાથ થએલા માનતા નથી. તેઓ સનાથ કેવી રીતે બનવા ચાહે છે એ વાત તમો સુદર્શન મુનિની ચરિત્રકથાદ્વારા સાંભળી રહ્યા છો.

સંસારના લોકો ચમત્કાર જોવા ચાહે છે પણ યંત્ર–મંત્રમાં ચમત્કાર છે તો ભાવનામાં કેટલો બધો ચમત્કાર છે તે જુઓ. ભાવનામાં જંત્ર–મંત્ર કરતાં અનંતગણો ચમત્કાર છે, પરંતુ તે ચમત્કાર ઉપર વિશ્વાસ રહેતો નથી. લોકો સ્વદેશ અને સ્વવિચારને ભૂલી જઈ બીજાઓ ઉપર જ વિશ્વાસ કરી રહ્યા છે; પણ પોતાની ભાવનાને જોતા નથી, અને ડોકટર વિના અમારું કામ ચાલી જ શકતું નથી એમ વિચારે છે.

એક માસ્તરે મને જે હકીકત કહી છે તે સાંભળી ઘણું જ આશ્ચર્ય થયું. જે માસ્તર કહેતા હતા કે. મારા શરીરમાં બીજા માથા જેવડું મોટું ગુમડું થયું હતું અને મારું શરીર શક્કરની બીમારીથી–મીઠી પેશાબના રોગથી–સુજી ગયું હતું. મરી જવાનો ભય લાગ્યો એટલે ઑપરેશન કરાવવાનું નક્કી થયું, પણ મારી સ્ત્રીને ન જાણે એવી ધૂન આવી કે ઑપરેશન ન કરાવવું અને આ વાતની તેણીએ હઠ પકડી. લોકો કહેવા લાગ્યા કે, ઑપરેશન કર્યા વિના આ કેમ બચી શકશે! એટલામાં જ આબુના એક સાધુ અનાયાસે જ મારા ઘેર આવી ચડયા. તેમણે મારો રોગ જોઈ મને ચોખાથી પણ નાની ટીકડી નાગરવેલના પાનમાં

આપી અને કહ્યું કે, ઑપરેશન ન કરાવવું અને આ દવાની એકેક ટીકડી દરરોજ ખાવી. તને શક્કરની બિમારી છે એટલા માટે સાકર ન ખાવી, પરંતુ ગોળ-ઘીનાં બનાવેલા લાડવાં જેટલા ખાઈ શકાય તેટલા ખાવાં અને સાતમા દિવસે પેશાબની પરીક્ષા કરાવવી. આ પ્રમાણે કહી તે સાધુ તો ચાલ્યો ગયો અને મેં તેણે બતાવેલી રીતિ પ્રમાણે દવા ખાવી શરુ કરી. શક્કરની બિમારીમાં ગોળ ઝેરના જેવું કામ કરે છે અને ડાકતર લોકો મને ગોળ ખાવાની મના પણ કરવા લાગ્યા; પરંતુ મેં તેમનું કહ્યું માન્યું નહિ અને સાધુના કથન ઉપર વિશ્વાસ રાખી ગોળ-ઘી ખાવાનું ચાલુ રાખ્યું. સાતમા દિવસે ત્રણ ડાક્તરોએ મારો પેશાબ તપાસ્યો પણ તેમાં જરાપણ શક્કરનો ભાગ તેમના જોવામાં આવ્યો નહિ !

તમે કહેશો કે, કોઈ એવી દવા આપનાર તો મળે ! પણ વિશ્વાસ અને ભાવના રાખો તો ન જાણે કોણ ક્યાંથી આવી મળશે ! વિશ્વાસની શક્તિ ઘણી મોટી છે. તમારી ભાવનાથી કામ કરશો તો તમારી ભાવના ઉપર તમને વિશ્વાસ થશે અને બીજાના આધારે કામ કરશો તો બીજાના ગુલામ બનશો. જ્યારે તમે ડાક્તર ઉપર વિશ્વાસ રાખો છો ત્યારે તમારી ભાવના ઉપર જ તમે વિશ્વાસ કેમ રાખતા નથી ? સનત્કુમાર ઋષિએ ઘણા દિવસો સુધી શરીરમાં રોગો રાખ્યા પણ તેઓ પોતાની ભાવના ઉપર જ દૃઢ રહ્યા તો કર્મોને નષ્ટ કરી મુક્ત થઈ ગયા. તમે પણ એવી ભાવના ભાવો તો તેમાં કલ્યાણ જ રહેલું છે. હવે આજ વાત તમોને સુદર્શન ચરિત્ર દ્વારાએ કહું છું.

## સુદર્શન ચરિત્ર—૫૭

**અવસર દેખ શેઠ મન દૃઢ કર, લીનો સંયમ ભાર;**
**ઉગ્રવિહાર વિચરતા આયે, પટના શહર મઝાર. ॥ધન૦ ૧૨૬॥**

સુદર્શને વિચાર્યું કે, અભયા માતા પોતાની ભાવનાથી જ મરી છે પણ હવે મારે શું કરવું ? મારે મારી ભાવના સફળ કરવી જોઈએ. આ પ્રમાણે વિચાર કરી તેણે મનોરમાને કહ્યું કે, હવે 'આ ઘર અને આ પુત્રોને તમે સંભાળજો. હવે હું સંયમને ધારણ કરીશ.'

સુદર્શનનું આ કથન સાંભળી મનોરમા લોકવ્યવહારની અનુસાર ગભરાઈ. તે કહેવા લાગી કે, "આપ હમણાં જ ઉપસર્ગમાંથી બચ્યા છો અને હમણાં જ સંયમને ધારણ કરો છો; હમણાં જ અમને બધાને છોડી ચાલ્યા જાઓ છો ?"

સુદર્શને ઉત્તર આપ્યો કે, 'આ સમયે તમે મોહમાં પડી ગયા છો. હું પૂછું છું કે, જ્યારે મને શૂળી ઉપર ચડાવવામાં આવ્યો હતો ત્યારે મારું મુખ જોવા કેમ આવ્યા નહતા ?'

મનોરમાએ જવાબ આપ્યો કે, તમારી ઉપર કલંક હતું એટલે હું આપનું મુખ જોવા કેમ આવી શકું ? સુદર્શને કહ્યું કે, 'ત્યારે શું એ કલંક તમે ધોયું ?' મનોરમાએ ઉત્તર આપ્યો કે, 'એ કલંકને મેં નહિ પણ ધર્મે ધોયું છે.' સુદર્શને કહ્યું કે, 'તો પછી હું એ ધર્મભાવનાનું પોષણ કરવા માટે જાઉં છું તો પછી તમે એ વખતે કાયરતા કેમ બતાવો છો ?'

શેઠે મનોરમાને સમજાવી. શહેરમાં વાયુવેગે ખબર ફેલાઈ ગઈ કે શેઠ દીક્ષાનો અંગીકાર કરે છે. લોકો શેઠની પાસે આવી કહેવા લાગ્યા કે, આપ અમારા સદ્‌ભાગ્યે તો

બચ્યા છો અને હવે આપ દીક્ષા લો છો? રાજા કહેવા લાગ્યો કે, હવે આપને કોનો ભય છે કે આપ સંયમ લો છો? જો કે તમારી ઉપર કલંક ચડાવનારને માટે તમે તો અભય-વચન માંગ્યું, છતાં તે તો પોતાના મેળે જ મરી ગઈ. એટલા માટે હવે આપને શો ભય છે! આપ આનંદથી રહો અને લોકોને તમારી છાયામાં રાખો. એટલા માટે તમે અહીં જ રહો અને સંયમને ધારણ ન કરો અને પહેલાંની માફક ઘરમાં રહીને જ ધર્મધ્યાન કરો.

આ પ્રમાણે રાજા અને પ્રજા સુદર્શનને સંયમ ન ધારણ કરવા માટે વિનવવા લાગ્યા. પણ સુદર્શન વૈરાગ્ય ઉપર દૃઢ હતો એટલે તે કહેવા લાગ્યો કે, 'તમે લોકો આ શરીરને મોટું માનો છો કે ધર્મને?' બધા લોકોએ ઉત્તર આપ્યો કે, 'ધર્મને મોટો માનીએ છીએ' સુદર્શને કહ્યું કે, 'ત્યારે હું દીક્ષા લઉં છું એથી શું ધર્મની કાંઈ હાનિ થશે! હું દીક્ષા લઇશ તો એથી કાંઈ તમને નુકશાન થવાનું નથી તો પછી તમે લોકો કાયર કેમ બની રહ્યા છો? તમારે તો મને વધારે સહાયતા કરવી જોઈએ.'

રાજા કે પ્રજામાંથી કોઈ કાંઈ સુદર્શનના કથનના ઉત્તરમાં બોલ્યું નહિ. બધા સુદર્શનનો જયકાર બોલી કહેવા લાગ્યા કે, "આપ જે માર્ગે જઈ રહ્યા છો તે જ માર્ગે જવાથી શૂળીનું સિંહાસન થયું છે. જ્યારે તમને શૂળીએ લઈ જતા હતા ત્યારે લોકો તમારી નિંદા કરતા હતા પણ જે ધર્મના પ્રતાપથી આપ બચ્યા છો તે જ ધર્મની સેવા કરવા માટે આપ જઈ રહ્યા છો, એટલા માટે અમે તમને રોકી શકતા નથી."

રાજાએ ધૂમધામથી દીક્ષા મહોત્સવ ઊજવ્યો અને શેઠે સંયમનો સ્વીકાર કર્યો.

હવે સુદર્શન શેઠ મુનિ થઈને વિચરવા લાગ્યા. આ મુનિ અવસ્થામાં તેમની પાછી કેવી કસોટી કરવામાં આવે છે અને તે કસોટીમાંથી તેઓ કેવી રીતે સફળ થાય છે તેનો વિચાર હવે પછી આગળ કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ આસો શુદી ૧ શુક્રવાર

### પ્રાર્થના

**શ્રી જિન અજિત નમો જયકારી, તું દેવનકો દેવજી,**
**'જિતશત્રુ' રાજા ને 'વિજયા' રાણીકો, આતમજાત ત્વમેવજી;**
**શ્રી જિન અજિત નમો જયકારી. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી અજિતનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પ્રાર્થના કરનારના મનમાં કેવી ઉત્કૃષ્ટ અને અનન્ય ભાવના હોવી જોઈએ એ આ પ્રાર્થનામાં બતાવવામાં આવ્યું છે. અનન્યનો અર્થ કેવળ એક જ, બીજો નહિ એવો થાય છે. કેવલ પરમાત્માની જ ભક્તિ કરે, બીજાની ભક્તિ ન કરે એ અનન્ય ભક્તિ કહેવાય છે. આ પ્રકારની 'અનન્યતા' ત્યારે જ આવે છે કે જ્યારે બધા પદાર્થોને તપાસતાં તપાસતાં છોડવામાં

આવે. આ પ્રમાણે તપાસતાં જ્યારે કાંઈ બાકી ન રહે ત્યારે સમજવું કે હવે આત્મા વિશ્રાંતિને પામ્યો છે. જ્યાંસુધી આત્માને આવું વિશ્રામસ્થાન ન મળે ત્યાં સુધી એમ જ સમજવું કે, હજી આત્મા સાધક દશામાં જ છે.

હવે તમે લોકો તમારા પોતાના વિષે પણ જુઓ કે, તમે કઈ દશામાં છો? મારી દૃષ્ટિએ તો હજી આપણે બધા સાધક દશામાં જ છીએ. હજી આપણા માટે એવી સ્થિતિ આવી નથી કે આપણા માટે હવે તપાસવાનું બાકી રહ્યું નથી. એટલા માટે સંસારના પદાર્થોને તપાસતાં જાઓ અને 'એ પ્રભુ નથી, એ પ્રભુ નથી' એમ માની એને છોડતા જાઓ. અને એવો નિશ્ચય કરો કે, "જો કે મેં પરમાત્માને જોયા નથી પરંતુ આગમ અને ગુરુમુખના વચનથી મને એવો વિશ્વાસ થયો છે કે, મારો આત્મા અને પરમાત્મા બન્ને સમાન છે. પણ હું સંસારનાં તુચ્છ પદાર્થો ઉપર મોહિત થઈ રહ્યો છું અને એટલા માટે મારે સંસારનાં પદાર્થો તપાસીને પરમાત્મા કોણ છે એની શોધ કરવી જોઈએ."

આ શરીરમાં જે આત્મા રહે છે તે શરીર નથી પણ શરીરી છે. છતાં આ આત્માને એવો ધ્યાસ (ભાસ) થઈ રહ્યો છે કે, 'હું શરીર જ છું.' આત્માના આ ધ્યાસને દૂર કરવો જોઈએ અને સંસારનાં પદાર્થોને તપાસતાં તપાસતાં પરમાત્માની શોધ કરવી જોઈએ.

તમે એ તો જાણો છો કે, સંસારનાં પદાર્થો ઇન્દ્રિયગ્રાહ્ય છે. નાકથી ગંધ, જીભથી રસ, આંખથી દૃશ્ય, કાનથી શબ્દ અને હાથથી સ્પર્શનો અનુભવ થાય છે. આ પ્રમાણે પદાર્થો ઇન્દ્રિયગ્રાહ્ય છે, એટલા માટે એ જુઓ કે ઇન્દ્રિયો મોટી છે કે પદાર્થો મોટાં છે? કાન મૂલ્યવાન છે કે મોતી? તમે કાનને મૂલ્યવાન માનો છો છતાં જેટલું ધ્યાન મોતીનું રાખવામાં આવે છે તેટલું ધ્યાન કાનનું રાખવામાં આવતું નથી. આ પ્રમાણે સંસારનાં બધાં પદાર્થોથી ઇન્દ્રિયો મોટી છે. હવે ઇન્દ્રિયોને તપાસવી જોઈએ કે એનાથી મોટું કોણ છે? એને માટે કહ્યું છે કે:—

**इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।**

આ પ્રમાણે ઇન્દ્રિયોથી મન મોટું છે. મનના સહકાર વિના ઇન્દ્રિયો કાંઈ કરી શકતી નથી. કાન તમને પણ છે અને ગધેડા-કૂતરાને પણ છે. પણ તમારા કાન અને તેમના કાનમાં કાંઈ અંતર છે કે નહિ? તમારામાં જે માનસિક શક્તિ છે તે માનસિક શક્તિ ગધેડા-કૂતરામાં નથી. કોઈ વાત સાંભળી તમે તે વિષે જેવો અને જેટલો વિચાર કરી શકો છો તેવો અને તેટલો વિચાર ગધેડા-કુતરા કરી શકતા નથી. ગ્રામોફોનની રેકોર્ડ ઉપર કુતરાનો ફોટો જોતાં જાણે તે કુતરો ધ્યાનપૂર્વક ગાયન સાંભળી રહ્યો હોય એમ જણાય છે. આ પ્રમાણે શબ્દથી કુતરા-સાપ વગેરે પણ મુગ્ધ થઈ જાય છે, પરંતુ આ શબ્દ અમને ફસાવનાર છે કે મુક્ત કરનાર છે, તે તેઓ જાણતા હોતા નથી.

તમારામાં આ પ્રકારની વિચાર કરવાની શક્તિ છે. એટલા માટે જ્યારે પદાર્થોની તરફ ઇન્દ્રિયો ઢળે ત્યારે એમ વિચારવું કે આ પદાર્થો કરતાં તો ઇન્દ્રિયો શ્રેષ્ઠ છે. અને જ્યારે ઇન્દ્રિયો મોટી જણાય ત્યારે એમ વિચારવું કે, આ ઇન્દ્રિયો કરતાં તો મન મોટું છે. પછી મનની બુદ્ધિની સાથે સમતુલના કરવી કે આ બંનેમાં કોણ મોટું છે? મન સંકલ્પવિકલ્પ જ કરી શકે છે પણ કોઈ પ્રકારનો નિશ્ચય કરી શકતું નથી, પરંતુ બુદ્ધિ નિર્ણય કરી શકે છે.

આ દૃષ્ટિએ મન કરતાં બુદ્ધિ મોટી જણાય છે. તમે કેવળ બુદ્ધિની ચપલતા ઉપર જ લલચાઈ ન જાઓ પરંતુ એ જુઓ કે, એ બુદ્ધિથી કોણ મોટું છે? અને આ બુદ્ધિમાં કોની શક્તિ રહેલી છે? બુદ્ધિમાં જેની શક્તિ રહેલી છે તે બુદ્ધિથી મોટો આત્મા છે અને તે જ સાચી વિશ્રાંતિનું સ્થાન છે. આ પ્રમાણે પદાર્થોથી ઇન્દ્રિયો મોટી છે, ઇન્દ્રિયોથી મન મોટું છે, મનથી બુદ્ધિ મોટી છે અને બુદ્ધિથી આત્મા મોટો છે. આ વાતને બરાબર સમજી આત્મતત્ત્વનું સ્વરૂપ સમજી લો. આત્મતત્ત્વનું સ્વરૂપ સમજ્યા બાદ પરમાત્માનું સ્વરૂપ સમજવું મુશ્કેલ લાગશે નહિ.

જો કે, તમે શાસ્ત્ર આદિના પ્રમાણોદ્વારા પદાર્થો કરતાં ઇન્દ્રિયો મોટી છે એ વાત જાણો છો છતાં તમે પદાર્થો ઉપર મુગ્ધ થઈ જાઓ છો અને તેના ભ્રમમાં પડી જાઓ છો. અને તેથી જ હજી તમે સાધક દશામાં છો. એટલા માટે પદાર્થોના પ્રલોભનોમાં ન પડી જાઓ, પણ ઇન્દ્રિય અને મનની સહાયતાદ્વારા બુદ્ધિને અંતર્મુખી બનાવો. બહિર્મુખી બનવા ન દો. બુદ્ધિને અંતર્મુખી બનાવવાથી આત્મતત્ત્વનું સ્વરૂપ સમજી શકશો અને આત્મતત્ત્વનું સ્વરૂપ સમજી લેવાથી પરમાત્માનું સ્વરૂપ સમજી શકશો.

## અનાથી મુનિનો અધિકાર—૫૮

અનાથી મુનિ રાજા શ્રેણિકને આ જ વાત કહી રહ્યા છે. તેઓ કહે છે કે, જે સંસારનાં પદાર્થોનો ત્યાગ કરી પાછા ઇન્દ્રિયોના મોહમાં પડી જાય છે અને સંસારનાં પદાર્થોમાં મમત્વ-ભાવ રાખે છે તેઓ આ પ્રમાણે સનાથતામાંથી નીકળી પાછા અનાથતામાં જઈ પડે છે.

**तमं तमेणेव उ से असीले, सया दुही विप्परीयामुवेइ ।**
**संधावई नरगतिरिक्खजोणिं, मोणं विराहेत्तु असाहुरूवे ॥ ४६ ॥**
**उद्देसियं कीयगडं नियागं, न मुच्चई किंचि अणेसणिज्जं ।**
**अग्गी वि वा सव्वभक्खी भवित्ता, इत्तो चुए गच्छइ कट्टु पावं ॥ ४७ ॥**

જે સાધુનો વેશ ધારણ કરીને પણ આત્મગુણમાં રમણ કરતો નથી, તે દ્રવ્યલિંગી, દુરાચારી સાધુ જાણે અંધકારમાંથી અંધકારમાં પ્રવેશ કરે છે અર્થાત્ તે અજ્ઞાનમાંથી અજ્ઞાનમાં પ્રવેશ કરે છે. સંસારનો ત્યાગ કરતી વખતે તેણે જે પદાર્થોની નિંદા કરી મુનિવ્રત ધારણ કર્યું હતું તે જ પદાર્થોમાં તે પાછો લલચાય છે, એ તેની કેવી અજ્ઞાનતા છે?

અનાથી મુનિ કહે છે કે, આત્મા જ વૈતરણી નદી, કૂટશાલ્મલી વૃક્ષ, નંદનવન અને કામધેનુ સમાન છે. આ કથન ઉપર ઊંડો વિચાર કરી એવી ભાવના ભાવવી જોઈએ કે, હે! આત્મા! જો તને વૈતરણી નદી મળે તો કેવું દુઃખ થાય? કૂટશાલ્મલી વૃક્ષની નીચે તને બેસાડવામાં આવે અને ઉપરથી તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડાઓ પડે ત્યારે તારી કેવી દશા થાય! જો આત્માને આ પ્રકારની વેદનાનું ધ્યાન રહે તો શું તેનામાં કોઈ પ્રકારનો વિકાર રહી શકે ખરો! હવે આ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું:—

એક આધ્યાત્મિક વિચારવાળો રાજા ધ્યાનમાં મગ્ન થઈ બેઠો હતો. તે વખતે એક બહુરૂપિયો તેની સામે આવ્યો અને તેણે રાજાને હસાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ રાજા હસ્યો નહિ, પણ પહેલાંની માફક જ ગંભીર થઈને બેસી રહ્યો. જ્યારે તેનું ધ્યાન પૂરું થયું,

ત્યારે બહુરૂપિયો તે રાજાને કહેવા લાગ્યો કે, આપને હસાવવાનો મેં આટલો બધો પ્રયત્ન કર્યો છતાં પણ તમે કેમ હસ્યા નહિ ? રાજાએ વિચાર્યું કે, હું શા માટે હસ્યો નહિ એ વાત તેને અનુભવ કરાવીને બતાવવી જોઈએ. અનુભવ કરાવ્યા વિના એ વાત એની સમજમાં આવી શકશે નહિ. આ પ્રમાણે વિચાર કરી રાજાએ એક કુવા ઉપર એક તૂટેલી જેવી ખુરશી મુકાવી કે જે જોતાં હમણાં તે ખુરશી તૂટી જશે એવી લાગતી હતી. એ ખુરશી ઉપર પાતળા દોરાથી એક તલવારને લટાવવામાં આવી. પછી બહુરૂપિયાને તે ખુરશી ઉપર બેસાડવામાં આવ્યો અને ઠઠ્ઠામશ્કરી કરનારાઓને કહેવામાં આવ્યું કે, આને હસાવવાનો તમે તનતોડ પ્રયત્ન કરો. મશ્કરાઓએ તે બહુરૂપિયાને હસાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ તે હસ્યો નહિ. ત્યારે રાજાએ તે બહુરૂપિયાને પોતાની પાસે બોલાવીને પૂછ્યું કે, "તમને હસાવવાનો આટલો બધો પ્રયત્ન કરવામાં આવ્યો છતાં તમે કેમ હસ્યા નહિ !" બહુરૂપિયાએ જવાબ આપ્યો કે, "હું હસું કેવી રીતે ? મારી ઉપર તો તલવાર લટકી રહી હતી, અને તે માથે પડશે એવો ભય હતો ત્યારે બીજી બાજુએથી હમણાં જ કુવામાં પડી જઈશ એવો મને ભય રહ્યા કરતો હતો. એવી દશામાં મને હસવું ક્યાંથી આવે !"

આવો અનુભવ કરાવીને મેં કહ્યું કે, "જ્યારે હું ધ્યાનમાં હતો કે, આ આત્મા જ વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષ છે ત્યારે મને હસવું ક્યાંથી આવી શકે !" આ પ્રમાણે વિચાર કરવાથી હ કોઈને મોહ ઉડી જાય છે અને સંસારથી ભય પેદા થવા પામે છે. આ દશામાં સંસારના પદાર્થો કેમ લલચાવી શકે ? અને હસવું પણ કેમ આવી શકે ?

મતલબ કે, અનાથી મુનિના કથન ઉપર ઊંડો વિચાર કરવામાં આવે તો સંસારનાં પદાર્થો બંધનકારક નીવડી ન શકે અને આત્મા મોહમાં પડી શકે નહિ. જો સંસારનાં પદાર્થોની સાથે મોહ કરવામાં આવે તો આત્મા વૈતરણી નદી કે કૂટશાલ્મલી વૃક્ષરૂપી કુવામાં અને તલવારની ધારની સ્થિતિમાં પડી જાય. જો કે, આ વાતનો વિચાર પ્રત્યેક આત્માએ કરવો જોઈએ પરંતુ જે સાધુ થઈને પણ તે વિષે વિચાર કરતો નથી તેના માટે એમ સમજવું જોઈએ કે, તે અંધકારમાંથી નીકળી અંધકારમાં જઈ રહ્યો છે. ઉપનિષત્‌માં કહ્યું છે કેઃ—**अन्धं तमः प्रविशन्ति येऽविद्यामुपासते।** અવિદ્યા એ જ અંધકાર છે. સાધારણ રીતે અવિદ્યાનું વર્ણન ઘણું વિસ્તૃત છે પરંતુ સંક્ષેપમાં જૈનશાસ્ત્ર જેને 'મોહ-જનિત દશા, કહે છે તે જ અવિદ્યા છે. અનિત્યમાં નિત્ય, નિત્યમાં અનિત્ય, આત્મામાં અનાત્મા, અનાત્મામાં આત્મા, આવો અધ્યાસ કરવો એ જ અવિદ્યા છે. જૈનશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

**जीवे अजीवसन्ना अजीवे जीवसन्ना।**

અર્થાત્—જીવમાં અજીવસંજ્ઞા અને અજીવમાં જીવસંજ્ઞા રાખવી એ જ મિથ્યાત્વ છે. અને આ મિથ્યાત્વને જ અવિદ્યા કે મોહ પણ કહેવામાં આવે છે. અવિનાશીને નાશવાન અને નાશવાનને અવિનાશી માનવું એ અવિદ્યા છે. આ પ્રકારની અવિદ્યાવાળો અંધકારમાં જ છે. જો કે આ અવિદ્યા છે પણ જે પ્રકૃતિને માનતો નથી કે સંસારને માનતો નથી પણ કેવલ વિદ્યાની જ વાતો કરે છે તે તેથી પણ વધારે અંધકારમાં છે. જે ચૈતન્યને જ માને છે, જડને માનતો નથી, વિદ્યાને જ માને છે, અવિદ્યાને માનતો નથી તે પણ અંધકારમાં છે. જે વિદ્યા અને અવિદ્યાને યથાસ્થાને માની, અવિદ્યાનો ત્યાગ કરે છે તે જ આત્મતત્ત્વને

જાણી શકે છે. એટલા માટે જડ ચૈતન્યનો વિવેક કરી એમ માનવું જોઈએ કે, " હે ! આત્મા ! આ સંસારમાં દુઃખ આપનાર બીજું કોઈ નથી પણ તું પોતે જ પોતાને દુઃખ આપનાર છે." જે આ પ્રમાણે માને તેનું ચિત્ત સંસારમાં ચોંટી શકે ખરું ? જે આ પ્રકારની સંવેદનાનું ધ્યાન રાખે છે તેનું ચિત્ત સંસારમાં જશે નહિ પણ અમૃત ભાવનામાં જ જશે. જે મહાત્માઓ આ વાતને બરાબર સમજે છે તેઓ સંસારનાં પદાર્થોથી લલચાઈ જતા નથી પણ તે પદાર્થોથી વિરક્ત રહે છે. તેઓ કોઈની નિંદામાં પણ પડતા નથી પરંતુ રાગદ્વેષનો ત્યાગ કરી આત્માનું કલ્યાણ સાધે છે.

કોઈ માણસને જો ચાબુક મારવામાં આવે તો એક ચાબુક મારીને બીજો ચાબુક મારવા જતાં થોડા સમયનું અંતર તો પડશે જ પરંતુ જો કોઈને વિજળી જ પકડાવી દેવામાં આવે તો શું તેમાં થોડા સમયનું પણ અંતર પડશે ? નહિ. એ વિજળી તો પ્રાણ જાય ત્યાંસુધી દુઃખ જ આપતી રહેશે. આ જ પ્રમાણે અજ્ઞાન પણ સદાને માટે દુઃખ જ આપનાર છે.

હંમેશાંનું દુઃખ કેવા પ્રકારનું હોય છે ! એની વ્યાખ્યા કરતાં જ્ઞાનીજનો કહે છે કે, સંસારના લોકો જેને સુખ માને છે, તેને અમે દુઃખ જ માનીએ છીએ. કોઈ બીમાર માણસ કોઈ કુપથ્ય પદાર્થ ખાવામાં આનંદ માને છે પણ ડૉકટર તો એને એમ જ કહેશે કે, તું આ શું કરી રહ્યો છે ? એ વસ્તુ તો વધારે દુઃખરૂપ છે. આ રીતે જે પદાર્થના ઉપભોગમાં તે બિમાર માણસ આનંદ માની રહ્યો છે તે જ પદાર્થને ડૉકટર દુઃખરૂપ બતાવી રહ્યા છે. તમે આ બન્નેમાંથી કોનું કહેવું સાચું માનશો ? તમે એમ જ કહેશો કે, ડૉકટર જે કાંઈ કહે છે તે ઠીક જ કહે છે. આ જ પ્રમાણે સાંસારિક લોકો અજ્ઞાનતાને કારણે જેમાં સુખ માને છે, જ્ઞાનીજનો તેને જ દુઃખરૂપ માને છે.

> દુઃખને સુખ કરી માનિયો, ભમિયો કાલ અનંત;
> લકખ ચોરાસી કી યોનિમેં, ભાખ્યો શ્રી ભગવંત.
> મુક્તિરો મારગ દોયલો.

આત્મા સુખને દુઃખ અને દુઃખને સુખ માને છે, એટલા જ માટે ભગવાન અજિતનાથનો માર્ગ મુશ્કેલીભર્યો જણાય છે. આત્મામાં આ જ અપૂર્ણતા છે. દુઃખને સુખ માનવાનું અજ્ઞાન મટી જાય તો ભગવાન અજિતનાથનો માર્ગ સરલ બની જાય.

એક મિત્રે પોતાના મિત્રને કહ્યું કે, " આ સંસાર ઊલટા માર્ગે જઈ રહ્યો છે. સંસાર દુઃખને પણ સુખ માને છે." આ સાંભળી બીજા મિત્રે કહ્યું કે, " તમે ભૂલી રહ્યા છો ? કોઈ દુઃખને સુખ માને ખરા ?" ત્યારે પહેલા મિત્રે કહ્યું કે, ' હું ઠીક કહું છું. નૈતિક અને આધ્યાત્મિક બન્ને પ્રકારના જીવનમાં આમ જ થઈ રહ્યું છે." પહેલા મિત્રનું આ કથન સાંભળી બીજા મિત્રે કહ્યું કે, " એ કેવી રીતે બને ?" પહેલા મિત્રે જવાબ આપ્યો કે, "શું તમે એવા લોકો જોતા નથી કે જેઓ એમ કહે છે કે, કાલે ગમે તે થાય પણ આજે તો અમે મોજ ઉડાવીશું. ગાંજો–ભાંગ કે દારૂ પીશું. જે લોકો ગાંજો–ભાંગ કે દારૂ પીએ છે તેઓ શું તેમાં દુઃખ માનીને પીએ છે ! તે લોકો તો તેમાં સુખ માનીને જ પીએ છે, પણ વાસ્તવમાં તેમાં સુખ છે કે દુઃખ ? વેશ્યાગમન, ચોરી વગેરે સુખ માનીને કરવામાં આવે છે

કે દુઃખ માનીને ? જો તેઓ તેમાં દુઃખ માનતા હોય તો પ્રવૃત્તિ જ શા માટે કરે ? તે લોકો જો કે તેમાં સુખ માનીને જ પ્રવૃત્તિ કરે છે પણ વાસ્તવમાં તે બધામાં દુઃખ છે.

આ પ્રમાણે સંસારમાં જેટલાં ખરાબ કામો છે તે ખરાબ કામો સુખ માનીને જ કરવામાં આવે છે. દુઃખ માનીને કરવામાં આવતાં નથી અને આ રીતે સંસાર દુઃખને પણ સુખ માની રહ્યો છે. લોકો પોતાના પુત્રોને સુધારવા માટે કૉલેજોમાં મોકલે છે પણ ત્યાં કેવી રીતે કુળપરંપરા અને ધર્મનો નાશ થાય છે તે કોણ જુએ છે! જે પાપ લાખો રૂપિયા મળે છતાં કરવામાં આવતું નથી તે પાપ ત્યાં કરવામાં આવે છે. આમ હોવા છતાં પોતાના પુત્રોને ત્યાં એટલા માટે મોકલવામાં આવે છે કે અમારા પુત્રો ભણશે-ગણશે તો સુખી થશે. કોઈ કોઈ કૉલેજના વિષે સાંભળ્યું છે કે, ત્યાં જે અનીતિ થાય છે અને ત્યાં છોકરા છોકરીઓ જે અનર્થો કરે છે એ સાંભળતાં મોઢામાં આંગળી દબાવી દેવી પડે છે. આ પ્રમાણે નૈતિક-જીવનમાં ખરાબી પેસવા પામી છે. એટલા માટે જ્યાંસુધી નૈતિક-જીવનમાં પલટો કરવામાં ન આવે ત્યાંસુધી આધ્યાત્મિક જીવન આવી જ કેમ શકે ?

## સુદર્શન ચરિત્ર—૫૮

હવે આ જ વાત સુદર્શનના ચરિત્રદ્વારા સમજાવું છું. તમારા પૂર્વજો કેવા હતા એ વાત સુદર્શનના ચરિત્ર ઉપરથી જુઓ. જેમના પૂર્વજો સુદર્શનની જેવા થઈ ગયા છે તે લોકો જો ખરાબ કામો આદરે તો શું તે શરમની વાત નથી ? સુદર્શન સાધુ તો પાછળથી થયા પણ પહેલાં તો તે શેઠ કહેવાતા હતા અને શ્રાવક હતા, પણ તે નામથી જ શેઠ કે શ્રાવક ન રહ્યા પણ નામ પ્રમાણે કામ પણ કરી બતાવ્યું. તમે સુદર્શનની કથા ઉપરથી જુઓ કે તમારા પૂર્વજો તમારા માટે કેવો આદર્શ ઉપસ્થિત કરી ગયા છે !

**દેખ મુનિકો ધાય પંડિતા, મનમેં લાઈ રોષ;**
**હરિણી વેશ્યા કરી સમીક્ષા, બહકાઈ ભર જોષ. ॥ ધન૦ ૧૨૭ ॥**

સુદર્શન શેઠે સંસારયાત્રાને પૂર્ણ કરી, જીવનસાધના કરવા માટે સંયમને ધારણ કર્યો. સુદર્શનના અત્યાર સુધીના ચરિત્રના આદર્શને તમારી સમક્ષ એટલા માટે ઉપસ્થિત કરવામાં આવ્યો છે કે, જો તમે મુનિ અવસ્થાને પ્રાપ્ત કરી ન શકો તો પણ તેમનું ચરિત્ર તમને જે સદ્બોધ આપે છે તે સદ્બોધને તમે પણ તમારી યોગ્યતાનુસાર અપનાવો. બજારમાં રત્ન પણ હોય છે અને સામાન્ય ચીજો પણ છે. પરંતુ લોકો તો પોતપોતાની શક્તિ અનુસાર જ ચીજો ખરીદે છે. આ જ પ્રમાણે સુદર્શન શેઠના ચરિત્રમાંથી તમે જે સદ્બોધ તમારા જીવનમાં ઉતારી શકો તે સદ્બોધને તમે અવશ્ય અપનાવો.

સુદર્શન આગલા ભવમાં સુભગ નામનો એક બાળક હતો, જે જિનદાસ શેઠને ત્યાં નોકર હતો અને જંગલમાં ગાયો ચરાવતો હતો. એક મહાત્માના સમાગમથી તે નવકાર મંત્રનો એવો રસિક બન્યો હતો કે પેટમાં ખીલો ખૂંચી જવા છતાં પણ નવકાર મંત્રનું ધ્યાન ન ભૂલ્યો પરંતુ તેના ઉપર દૃઢ રહ્યો હતો.

સુભગની નવકારમંત્ર ઉપરની આવી દૃઢ ભાવનાને કારણે જ તેનો જીવ સુદર્શન શેઠ તરીકે જન્મ પામ્યો હતો, જન્મ પામીને તે કેવી શિક્ષાને પામ્યા અને તેમણે કેવી ઉચ્ચ ભાવના કેળવી હતી. તે વાતની સમજ તેઓ કપિલા અને અભયાના ફંદામાંથી કેવી રીતે

બચી ગયા તે ઉપરથી પડે છે. કોઈ માણસ આવા સંયોગોમાં ન પડવાથી તો બચી શકે છે પણ આ સ્થિતિમાં ફસાયા છતાં કુશળતાપૂર્વક બચી જવું એ બહુ જ મુશ્કેલ છે; પણ સુદર્શન શેઠ આવાં કપરાં પ્રસંગોમાંથી પણ સદાચરણ અને દૃઢ વિશ્વાસથી કુશળતાપૂર્વક બચી ગયા.

સુદર્શન શેઠ મુનિ થયા. તેઓ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓનું બરાબર પાલન કરતા હતા. શાન્ત, દાન્ત અને ગંભીર બની પુર-પાટણ વિચરતા હતા. તેમની શાન્તિ એવી હતી કે ઇન્દ્ર પણ પોતાનું ઇન્દ્રાસન છોડીને તેની ઇચ્છા કરે.

જે પંડિતા અભયા રાણીની સહાયિકા હતી તે રાણીના મૃત્યુ પછી રાજમહેલમાંથી ભાગી પટના શહેરમાં આવી વસેલી છે અને પટનામાં એક વેશ્યાની સહાયિકા બની રહેલ છે. સુદર્શન મુનિ વિચરતાં વિચરતાં એક દિન પટના નગરીમાં આવ્યા અને ત્યાં ગોચરી લેવા માટે નીકળ્યા. પંડિતા દૂરથી મુનિને ઓળખી ગઈ અને કહેવા લાગી કે, 'આ તો હવે સાધુ બની ગયો છે. એણે જ મને દુઃખ આપ્યું છે. આને જ કારણે રાણીને મરવું પડયું અને મારે રાજાનું ઘર છોડી અહીં આવવું પડયું. હું એને ભ્રષ્ટ કરું તો જ મારું નામ પંડિતા."

આ પ્રમાણે વિચાર કરી તે જે વેશ્યાને ત્યાં નોકર તરીકે રહી હતી તે હરિણી વેશ્યાને પંડિતા ભરમાવી કહેવા લાગી કે, "તમે કહો છો કે, હું બહુ જ હોશિયાર છું; અને મનુષ્ય જ શું પણ દેવોને પણ વિચલિત કરી શકું છું! મારી સમજમાં તો આ તમારો ખોટો ડોળ છે. અને જો તમારો એ ખોટો ડોળ ન હોય તો હું તમને એક પુરુષ બતાવું છું. જો તમે એને વિચલિત કરી દો તો તો હું તમને હોશિયાર માનું. જુઓ! તે સાધુ જઈ રહ્યો છે, તે સાધુને તમે તો જાણતા નથી પણ હું એને સારી રીતે જાણું છું. તે બહુ જ સુંદર છે. જો તમે કેવલ કપડાંમાં જ સુંદરતા માનતા નથી, પરંતુ જે પ્રમાણે ઝવેરી ધૂળમાં પડેલા રત્નને પણ રત્ન જ માને છે, તે જ પ્રમાણે તમે પણ પુરુષની પરીક્ષા કરનારા છો, તો મને ખાત્રી છે કે તમે પણ તેને સુંદર જ કહેશો. હું તો કહું છું કે તે બહુ જ સુંદર છે પણ સાથે સાથે તે અભિમાની પણ બહુ છે. એ એવો અભિમાની છે કે, તે સ્ત્રીઓને તો તુચ્છ જ સમજે છે."

હરિણીએ પંડિતાને પૂછયું કે, તને આ બધી વાતની ખબર કયાંથી પડી? પંડિતાએ ઉત્તર આપ્યો કે એ તો તમે જાણો જ છો કે, હું અહીં જન્મેલ નથી; તેમ અહીં ઉછરેલ નથી. હું તો બહારથી આવીને તમારે ત્યાં રહેવા લાગી છું. મારી ચતુરાઈ વગેરે ગુણોથી તમે જાણી શકો છો કે, હું કોઈ મોટા ઘેર રહેલ છું.

હરિણીએ ઉત્તર આપ્યો કે, હા, હું એ તો જાણું છું કે, તું કોઈ મોટા ઘરમાં રહેલ છો અને એ જ કારણે જ તારો બધા કરતાં વધારે આદર કરું છું.

પંડિતાએ કહ્યું કે, એ જ કારણે હું એને જાણું છું અને સાચી વાત તો એ છે કે એના કારણે જ મારે રાજ્યનો ત્યાગ કરવો પડયો છે.

હરિણીએ કહ્યું કે, તું બધી વાત સ્પષ્ટરૂપે કહે. પંડિતાએ શૂળીનું સિંહાસન થયું એ વાત ન કહી પરંતુ એટલું જ કહ્યું કે, આ પ્રમાણે મારી રાણીને પણ આના કારણે જ મરવું પડયું. રાણીને માટે એને ફસાવવા મારે દલાલી કરવી પડી હતી પણ તેણે કોઈપણ

પ્રકારે માન્યું નહિ અને પરિણામે રાણીને મરવું પડયું અને હવે તો તે એમ કહે છે કે, "હવે તો હું સાધુ થઈ ગયો છું એટલે કોઈ સ્ત્રી મને હવે શું કરી શકે એમ છે? આવો તે અભિમાની છે. જો તમે તમારામાં શક્તિ સમજતા હો તો એને ભ્રષ્ટ કરી જુઓ તો તમને ખરી માનું!"

પંડિતાનું કથન સાંભળી હરિણીને અહંકાર-આવ્યો. તે કહેવા લાગી કે, તારી માલિક રાણી હતી પણ અમે તો વેશ્યા છીએ. અમારી આગળ એની શું શક્તિ છે તે અમારા ફંદામાંથી નીકળી જાય?

પંડિતાએ કહ્યું કે, હું પણ જોઉં છું કે તમારામાં કેવી શક્તિ છે?

પંડિતાની વાત સાંભળી હરિણીને જોશ આવ્યો. તેણીએ સુદર્શનને ભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા કરી. હવે આગળ શું થાય છે તેનો વિચાર યથાવસરે કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ આસો શુદી ૨ શનિવાર

### પ્રાર્થના

આજ મ્હારા સંભવ જિનકે, હિતચિતસું ગુણ ગાસ્યાં;
મધુર મધુર સ્વર રાગ અલાપી, ગહરે શબ્દ ગુંજાસ્યાં. ॥ રાજ૦ ૧॥

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** સંભવનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્તો કહે છે કે, હે! પ્રભો! આજે હું તમારા ગુણગાન કરીશ. ભક્તોના આ કથનમાં જે 'આજ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે 'આજ' શબ્દનો કહેવાનો શો મતલબ છે એ અત્રે જોવાનું છે. જેમના હૃદયમાં પરમાત્માની પ્રીતિ પ્રગટ થઈ છે તેઓ આથી વિશેષ શું કહી શકે? તેમના હૃદયમાં પરમાત્મા પ્રત્યે પ્રીતિ પ્રગટ થઈ છે, એટલા માટે તેઓ એ જ કહે છે કે, 'હે! પ્રભો! હું આજે આપનાં ગુણગાન કરીશ; ભલે કોઈ પ્રસન્ન થાઓ કે નારાજ થાઓ પણ હું તો આપના ગુણગાન આજે અવશ્ય કરીશ. કોઈની પ્રસન્નતા કે નારાજગીની હું પરવા કરીશ નહિ. આંબામાં મંજરી આવ્યા બાદ કોયલ કોઈની નિંદા-પ્રશંસાની પરવા કરતી નથી અને બોલ્યા વિના રહેતી નથી. કેતકીની સુગંધથી જ્યારે વન સુવાસિત બની જાય છે ત્યારે ભમરો ગુંજારવ કર્યા વિના રહેતો નથી. આ જ પ્રમાણે "હે! પ્રભો! જ્યારે મારા હૃદયમાં આપની ભક્તિ પ્રગટ થઈ છે ત્યારે હું આપના ગુણગાન કર્યા વિના કેમ રહી શકું? હું આપના ગુણગાન એ જ રીતિએ કરીશ, એમાં જ મારું હિત માનીશ અને મારું ચિત્ત પણ એમાં જ પરોવીશ. કેવળ લોકોને બતાવવા માટે જ ઉપરથી ગુણગાન નહિ કરું."

ભક્ત લોકો તો પરમાત્માની પ્રાર્થના આ પ્રમાણે કરે છે. હવે તમે તમારા વિષે જુઓ કે, તમે જે હમણાં પ્રાર્થના કરી તે ઉપરથી કરી છે કે હૃદયથી કરી છે? આ વાતનો નિર્ણય તો તમે પોતે જ કરી શકો છો.

તમે કહેશો કે, "ગુણગાન તો એમના કરવા જોઈએ કે જેમણે આપણી ઉપર કોઇ પ્રકારનો ઉપકાર કર્યો હોય! જેમણે અમારી ઉપર કાંઈ ઉપકાર જ કર્યો નથી કે જે અમારા માટે કાંઈ કરતા જ નથી તેમના ગુણગાન કરવા માટે હૃદય ચાહતું નથી. હા, ઉપરથી ભલે તેના ગુણગાન કરવામાં આવે પણ હૃદય એમ કરવા માટે ચાહતું નથી. તમે ભગવાનના ગુણગાન કરવા માટે કહો છો પરંતુ ભગવાને અમારા માટે શું કર્યું છે કે અમે તેમના ગુણગાન કરીએ! અમને ખાવા માટે અન્ન અને પહેરવા માટે કપડાં પણ મળતાં નથી! અમારું જીવન પણ અપમાનપૂર્ણ રીતિએ ચાલી રહ્યું છે એવી અવસ્થામાં અમે ભગવાનના ગુણગાન કરીએ તો કેવી રીતે? હા, જેમના દિવસો સુખમાં પસાર થાય છે, પરમાત્માની કૃપાએ વસ્ત્ર-અન્ન પૂરતાં પ્રમાણમાં મળેલ છે અને જેમને કોઈ પ્રકારનું દુઃખ નથી તેમને પરમાત્માનાં ગુણગાન કરવાનું કહેવામાં આવે તો તે ઠીક પણ કહેવાય પણ અમને પરમાત્માનાં ગુણગાન કરવાનું કહેવામાં આવે એ ક્યાંસુધી ઠીક છે?"

આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીજનો કહે છે કે, 'તું ભૂલી રહ્યો છે! તને એ વાતની ખબર નથી કે, તારા ઉપર પરમાત્માનો કેટલો ઉપકાર છે! અમારો સમાગમ કરત તો પરમાત્માએ તને શું આપેલ છે અને તેમનો તારી ઉપર કેટલો ઉપકાર છે તેની તને ખબર પડત. પરમાત્માએ તને શું શું આપેલ છે એ વાતનો નિર્ણય કરવા માટે તું એ જો કે, તું સંસારનાં પદાર્થોને શ્રેષ્ઠ માને છે કે તારા આ શરીરને શ્રેષ્ઠ માને છે! સંસારનાં બધાં પદાર્થો એક બાજુ હોય અને બીજી બાજુ આ મનુષ્ય શરીર હોય તો પણ એ બધાં પદાર્થો કરતાં આ મનુષ્ય શરીર શ્રેષ્ઠ માનવામાં આવે છે. સંસારનાં પદાર્થોમાં રત્ન શ્રેષ્ઠ માનવામાં આવે છે પણ એ રત્નની કીંમત આંકનાર કોણ છે! રત્નની કીંમત મનુષ્ય જ આંકે છે, વાંદરો રત્નની કીંમત આંકી શકતો નથી. આ જ પ્રમાણે બીજી જે કોઈ કીંમતી વસ્તુ માનવામાં આવે છે તે બધી ચીજો મનુષ્ય શરીરથી ઊતરતી છે. છતાં તમે એ વાતને ભૂલી રહ્યા છો અને જેમણે આ મનુષ્ય શરીર આપેલ છે તેમને માટે એમ કહી રહ્યા છો કે, એમનો અમારી ઉપર શો ઉપકાર છે! અને અમે તેમના ગુણગાન શા માટે કરીએ? પણ તમે એ વાતનો વિચાર કરો કે, તમને એમની કૃપાથી જ આ શરીર મળ્યું છે અને એટલા માટે તમે પરમાત્માના ગુણગાન કરો. આ શરીર પરમાત્માનું ભજન અને આત્માનું કલ્યાણ કરવાનું સાધન છે. સંસારના બધાં પદાર્થો કરતાં આ શરીર વધારે મૂલ્યવાન છે તો એ મૂલ્યવાન શરીરને કેમ ભૂલી રહ્યા છો?'

હવે એક બીજો પ્રશ્ન એ થાય છે કે, શું આ શરીર પરમાત્માએ આપેલ છે! જૈન શાસ્ત્રાનુસાર તો જે કાંઈ થાય છે તે પોતપોતાના કર્મના અનુસાર જ થાય છે. તો પછી આ શરીર મળવામાં પરમાત્માએ શું કર્યું છે કે તેમના ગુણગાન કરવામાં આવે?

જેમણે જૈનધર્મ અને સ્યાદ્વાદનો વિચાર કર્યો હશે તેમને આ પ્રકારની શંકા કદાપિ ન થાય. આ પ્રકારની શંકા તેમને જ થઈ શકે કે જેમણે જૈનધર્મ અને સ્યાદ્વાદને બરાબર સમજ્યો ન હોય! પરમાત્માએ આ શરીર કેવી રીતે આપ્યું છે એ સમજવાની જરૂર છે. કુંભાર ઘડો બનાવે છે પણ એકલો કુંભાર ઘડો બનાવી શકતો નથી. તેને ચાક-દંડ વગેરેની સહાયતા લેવી જ પડે છે. જો કે કુંભાર ઘડો બનાવે છે પણ ચાક, દંડ

વગેરેની સહાયતાથી બનાવે છે એટલા માટે જો કુંભારમાં નમ્રતા હશે તો તે એમ જ કહેશે કે, ઘડો બનાવવામાં ચાક-દંડ વગેરે સહાયભૂત છે. જો તે ન હોય તો હું કાંઈ કરી શકું નહિ.

તમે લખો છો પણ કલમ ખડીયાની સહાયતાથી લખો છો, અને એ કારણે લોકો લેખકની એટલી પ્રશંસા કરતા નથી જેટલી પ્રશંસા કલમની કરે છે અને અમુક માણસની કલમ આવી છે એમ પ્રશંસા કરવામાં આવે છે. તમે લોકો પણ કલમનો ઉપકાર માનો છો અને એ કારણે તમે કલમને ઠોકર મારતા નથી પણ તેની પૂજા કરો છો.

આ પ્રમાણે જ્યારે ચાક-દંડ કે કલમ જેવી વસ્તુઓનો પણ ઉપકાર માનવામાં આવે છે તો પછી પરમાત્માનો ઉપકાર કેમ ન હોય? જો કે આ શરીરનો કર્તા આત્મા છે પરંતુ જો પરમાત્મા નિમિત્તરૂપે સહાયક ન હોય તો આત્મા આ શરીર બનાવી શકે નહિ. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, "જીવ જ્યારે શુદ્ધિને પામે છે ત્યારે જ તે મનુષ્યજન્મને પ્રાપ્ત થાય છે." આ પ્રમાણે જીવને મનુષ્યજન્મ પ્રાપ્ત થવાનું કારણ શુદ્ધિ છે અને શુદ્ધિનું કારણ પરમાત્મા છે. પરમાત્માની ભક્તિથી જ શુદ્ધિ થાય છે અને શુદ્ધિથી જ મનુષ્યજન્મ મળે છે. આ પ્રમાણે આ મનુષ્યજન્મની પ્રાપ્તિ થવામાં પરમાત્માનો પણ ઉપકાર છે અને એ જ કારણે પરમાત્માનાં ગુણગાન કરતાં ભક્તજનો કહે છે કે:—

સાધન ધામ વિવિધ દુર્લભ, તન મોહિ કૃપા કરી દીનો;
પ્રભુ-તુમ બહુત અનુગ્રહ કીનો.
કોટિન મુખ કહિ જાત, ન પ્રભુકે એક એક ઉપકાર;
તદપિ નાથ માંગ હૂ કછુ ઔર હુ દીજે પરમ ઉદાર. પ્રભુ૦
વિષયવારિ મન મીન ભિન્ન, નહીં હોત કબહું પલ એક;
તાતે વિપત્તિ સહો અતિ નાના, જનમત જોનિ અનેક. પ્રભુ૦

જે પ્રમાણે કુંભાર ચાકની સહાયતાથી ઘડો બનાવી શકે છે, લેખક કલમદ્વારા લખી શકે છે તથા ક્ષત્રિય તલવારદ્વારા વિજય પ્રાપ્ત કરી શકે છે, અને એ કારણે કુંભાર ચાકનાં, લેખક કલમનાં તથા ક્ષત્રિય તલવારનાં ગુણગાન કરે છે; તે જ પ્રમાણે ભક્તો પરમાત્માનાં ગુણગાન કરે છે અને કહે છે કે, "હે! પ્રભો! આપે સાધનાનું ધામ અને દેવતાઓને પણ દુર્લભ એવું આ મનુષ્ય શરીર મને આપ્યું છે એ તમે મને ઘણું આપ્યું છે." જે ભિખારી હોય છે તેઓ તો બહુ મળ્યું હોવા છતાં એમ જ કહે છે કે, "મને કાંઈ આપ્યું નહિ પણ સંતોષી માણસ તો થોડાને પણ ઘણું માને છે." એટલા માટે હું એમ માનું છું કે, આપે મને આ શરીર આપી મારી ઉપર ઘણો ઉપકાર કર્યો છે. આપના એ ઉપકારનું વર્ણન અને આપના ગુણોનું કીર્તન, કરોડો જીભ હોય તો પણ કરી શકું નહિ. આ જીભ પણ તમે જ આપેલી છે; એટલા માટે તમે આપેલી આ જીભદ્વારા તમારાં ગુણગાન સમાપ્ત કેમ થઈ શકે, અને મેં તમારાં ગુણગાન કર્યાં એ હું કેવી રીતે સમજી શકું? જો કે, તમે મને આ મનુષ્યશરીર આપી ઘણું આપ્યું છે પણ તમે ઉદાર છો એટલે તમારી પાસે થોડું વધારે માંગું છું. તમારી પાસે હું એટલું જ વધારે ચાહું છું કે, જે પ્રમાણે માછલી પાણીમાં તલ્લીન રહે છે, તેમ મારું મન પણ વિષયોમાં તલ્લીન રહે છે. માછલી પાણીમાંથી બહાર નીકળવામાં દુઃખ માને છે તે જ પ્રમાણે મારું મન પણ વિષયોમાંથી બહાર નીકળવામાં દુઃખ માને છે. મારું મન

વિષયોમાંથી બહાર નીકળી જાય એ જ હું વધારે ચાહું છું. મારું મન વિષયોમાં તલ્લીન બની ગયું છે અને એ જ કારણે હું દુઃખ પામી રહ્યો છું, અને આ સંસારમાં જન્મ–મરણરૂપ અનેક પ્રકારનાં કષ્ટો ભોગવી રહ્યો છું; નહિ તો હું અજર–અમર છું તો પછી જન્મમરણની સાથે મારે શો સંબંધ? પરંતુ મારું મન વિષયોમાં તલ્લીન રહે છે એ જ કારણે હું જન્મમરણનાં ફેરાં ફરું છું. એટલા માટે હે! પ્રભો! હું આપને એવી પ્રાર્થના કરું છું કે, મારું મન કોઈ પણ ઉપાયે વિષયોમાંથી બહાર નીકળે. વિષયોમાં મન કેવી રીતે ફસાઈ જાય છે અને શા માટે વિષયોમાંથી બહાર નીકળવા ચાહતું નથી, એ વાત અનાથી મુનિના ચરિત્રદ્વારા સમજો.

## અનાથી મુનિનો અધિકાર—૫૯

અનાથી મુનિ કહે છે કે, હે! રાજન્! કુશીલ લોકો સાધુ બને છે, તે વખતે તેમની ભાવના એવી હોતી નથી કે, અમે પેટ ભરવા માટે સાધુ બનીએ છીએ. તે વખતે તેઓ એમ વિચાર રાખે છે કે, પેટ તો કાગડા–કુતરાઓ પણ ભરે છે. અમે કાંઈ પેટ ભરવા માટે સાધુ થયા નથી; પરંતુ સ્વ–પરના કાર્યો સાધવા માટે જ અમે સાધુ થયા છીએ. કારણ કે, **साधयन्ति स्व–परकार्याणीति साधवः** અર્થાત્–જે સ્વપરનું કાર્ય સાધે છે તે જ સાધુ છે. આ પ્રમાણે સાધુ થયા તે વખતે તો એવી ઉચ્ચ ભાવના હતી; પરંતુ સાધુ થયા બાદ કેટલાક લોકો એ ઉચ્ચ ભાવનાને ભૂલી જાય છે અને ઉદ્દેશિક, ક્રીતકૃત, નિત્યપિંડ તથા અનૈષણિક આહાર ખાવા લાગે છે. સાધુઓને માટે કહ્યું છે કે:—

**पिण्डं सिज्जं च वत्थं च चउत्थं पायमेव य ।**
**अकप्पनीयं न इच्छिज्जा पडिगाहिज्ज कप्पियं ॥**—દશવૈકાલિકસૂત્ર

સાધુઓએ અકલ્પનીય આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે લેવાં તો દૂર રહ્યા પણ તેની ઇચ્છા પણ કરવી ન જોઈએ. અમે અકલ્પનીય આહારાદિ નહિ લઈએ એવી ઇચ્છાથી સાધુ થાય છે પણ બાદ રસગૃદ્ધ થઈ જીભની લોલુપતામાં પડી જાય છે. એટલા માટે છઃકાયની હિંસાથી જે આહાર તેમના માટે જ બનાવવામાં આવેલો હોય છે તેને પણ ખાઈ જાય છે. તેમને કોઈ કહે કે, આ આહાર અકલ્પનીય છે તો તેઓ કહેવા લાગે છે કે, કલ્પ–અકલ્પની વાત ન કરો. કલ્પ–અકલ્પ જોવાની જરૂર નથી, કેવળ ભાવ શુદ્ધ હોવા જોઈએ. આ પ્રમાણે કહી તે લોકો કલ્પની વાતને જ ઉડાડી મૂકે છે પણ એમ કરવું એ જૈનશાસ્ત્રની વિરુદ્ધ છે. સૂયગડાંગ સૂત્રની અનુસાર બૌદ્ધ લોકોમાં ભલે એવું ચાલી શકતું હોય પણ જૈનશાસ્ત્રની દૃષ્ટિએ એ પદ્ધતિ કદાપિ માન્ય નથી. જૈનશાસ્ત્ર આહાર વિષયક કલ્પ–અકલ્પનો ઘણો વિવેક બતાવે છે. છતાં પણ જે કલ્પ–અકલ્પનો વિચાર રાખતો નથી તે એના જેવું જ કામ કરે છે; જેવું કામ પાણીમાં રહેનારી માછલી પાણીથી સંતોષ માનતી નથી અને અન્ય વસ્તુના પ્રલોભનમાં પડી જઈ માંસની સાથે કાંટો ખાઈ જાય છે અને તડફડી મરી જાય છે. જ્યારે માછલી માંસ ઉપર લોભાઈ જાય છે ત્યારે તો તેને કાંટાનું ભાન હોતું નથી. જો તેને એ ભાન થઈ જાય કે આ માંસની પાછળ કાંટો લાગેલો છે તો તો તે કદાચ માંસને જ ન ખાય; પરંતુ તે કાંટને જાણતી હોતી નથી. એ કારણે અજ્ઞાનતાને વશ થઈ કાંટામાં ફસાઈ જાય છે પણ અસાધુ લોકો આવા કર્મમાં દોષ છે એમ જાણવા છતાં પણ એવો આહાર

ખાઈ જાય છે. રસગૃદ્ધિને એવા અકલ્પનીય આહારને પણ છોડતા નથી. આવા અસાધુ લોકોને માછલી કરતાં પણ વધારે અજ્ઞાની કહી શકાય.

ભગવાને દૂષિત–અકલ્પનીય વસ્ત્ર, પાત્ર, આહાર, મકાન વગેરે લેવાનો નિષેધ કર્યો છે. ભગવાને આ પ્રમાણે નિષેધ કરી શું સાધુઓને અંતરાય આપી છે? અન્તરાય આપી નથી, પરંતુ તેમણે સાધુઓના કલ્યાણ માટે જ એમ કર્યું છે. આમ હોવા છતાં જે લોકો એમ કહે છે કે, એમાં શું છે! સાધુઓને કલ્પ–અકલ્પ જોવાની શી જરૂર છે? જેમણે બનાવ્યું હશે તે જ દોષી બનશે! આ પ્રમાણે જે કહે છે તેઓ ભૂલ કરે છે. જો અકલ્પનીય વસ્તુ લેવામાં દોષ લાગતો ન હોય તો ભગવાન કદાપિ એનો નિષેધ કરત નહિ. સાધુઓએ હિંસા કરવી, કરાવવી અને અનુમોદવી એ ત્રણેય વાતોનો ત્યાગ કર્યો છે. સાધુઓને જ્યારે આ પ્રકારનો આહાર લેવામાં દોષ લાગતો ન હોત તો સાધુઓ હાથથી આહાર કેમ બનાવત નહિ! હાથે રસોઈ બનાવવામાં તો હિંસા થાય છે એમ કહેવામાં આવે છે, અને બધાં આસ્તિક દર્શનો પણ આમ જ કહે છે કે રસોઈ બનાવવામાં હિંસા થાય છે; પણ જ્યારે હાથથી રસોઈ કરવામાં હિંસા થાય છે તો શું તમારા માટે બીજા લોકો કરે છે એમાં હિંસા થતી નથી? પાતંજલિ યોગદર્શનમાં સાધુઓ માટે હિંસા કરવી, કરાવવી અને અનુમોદવી એ ત્રણેયનો ત્યાગ કરવાનું બતાવવામાં આવ્યું છે. એવી દશામાં પોતે હિંસા ન કરે અને બીજાની પાસે કરાવે તો શું પાપ નહિ થાય? કદાચ કોઈ ઉદ્દેશિક આહાર માટે એમ કહે કે, અમે આહાર બનાવ્યો નથી અને બીજાઓની પાસે પણ બનાવ્યો નથી; પણ જે આહાર તમને ઉદ્દેશીને બનાવવામાં આવ્યો છે અને જે આહારને તમે લીધો છે શું તે આહાર બનાવવાની હિંસાનું અનુમોદન સાધુને નહિ લાગે? જો હિંસાનું અનુમોદન લાગે તો પછી અહિંસા મહાવ્રત કે જેમાં હિંસા કરવી–કરાવવી કે અનુમોદવી એ ત્રણેયનો ત્યાગ કર્યો છે તે અહિંસા મહાવ્રતનું પૂરું પાલન ક્યાં થયું? એથી અહિંસા મહાવ્રતને દૂષણ લાગે છે. એટલા જ માટે સાધુઓને કરવું, કરાવવું અને અનુમોદવાનો નિષેધ કરવામાં આવ્યો છે અને એ જ કારણે ઉદ્દેશિક આહાર લેવાનો પણ નિષેધ કરવામાં આવ્યો છે.

હવે ક્રીતકૃત અર્થાત્ સીધી વેચાતી લીધેલી ચીજ લેવાના વિષે જોવાનું છે. કોઈ કહે કે, મુનિએ કર્યું પણ નથી, કરાવ્યું પણ નથી, અને અનુમોદ્યું પણ નથી તેમ ખરીદ્યું પણ નથી; પરંતુ મુનિને માટે ખરીદી લાવવામાં આવ્યું તો તેમાં શું વાંધો છે? આના ઉત્તરમાં શાસ્ત્ર કહે છે કે, મુનિઓએ એવો આહાર વગેરે પણ ન લેવો કારણ કે બનાવનારે પૈસાને માટે બનાવેલ છે અને સાધુને માટે પૈસા આપી ખરીદવામાં આવે તો એના બનાવવામાં સાધુનો પણ ભાગ થયો. રેલ્વે તમારા માટે ચાલતી નથી પણ પૈસાને માટે ચાલે છે; પણ જ્યારે પૈસા આપીને બેઠા ત્યારે તેના પાપમાં ભાગીદાર બન્યા કે નહિ?

લોકો સીધી સાદી ચીજ કહીને ન લેવા યોગ્ય ચીજોને પણ અપનાવી લે છે. પરંતુ જો સામાન્ય વસ્તુમાં પાપ ન હોત, અને જો તે વસ્તુ લેવામાં પાપ ન હોત તો ભગવાન સાધુને માટે આ પ્રમાણે નિષેધ ન કરત. બીજા લોકો સામાન્ય વસ્તુના ભુલાવવામાં પડી જાય તો તે વાત જુદી છે, પરંતુ જૈન થઈને તમે સીધી સાદી ચીજના ભુલાવવામાં પડી ગયા તો એ ઘણા આશ્ચર્યની વાત કહેવાય?

કદાચ કોઈ એમ કહે કે, અમે પરંપરાથી એમ જ કરતા આવ્યા છીએ. પણ કોઈ પેઢી દર પેઢીથી રોગ ચાલ્યો આવતો હોય તો શું તે રોગ દૂર કરી ન શકાય? પણ ભારતના લોકો સીધી સાદી વસ્તુના લોભમાં એવા પડી ગયા છે કે કેટલાક લોકો એમ કહે છે કે, જો અશુચિને સારી રીતે પેક કરી સુંદર શીશીમાં ભારતીયોને આપવામાં આવે તો ભારતીયો એ ચીજને પણ ખાઈ જાય. જે ચીજની બનાવટમાં તમે સાક્ષીભૂત નથી એ ચીજને ખાઈ જવી એ અજાણીતી વસ્તુને ખાવા સમાન છે, અને અજાણીતી વસ્તુને ખાવી તેની મના છે.

મતલબ કે, ઉદ્દેશિક હોય કે ખરીદેલું હોય એ બન્નેય સમાન છે. કદાચ કોઈ એમ કહે કે, જો ઉદ્દેશિક કે ખરીદેલી ચીજ લેવામાં ન આવે પણ નિત્ય આમંત્રિત થઈ આહાર-પાણી લેવામાં આવે તો શું વાંધો છે? આના ઉત્તરમાં શાસ્ત્ર કહે છે કે, નિત્ય પિંડ લેવું એ પણ સાધુઓને માટે પાપ છે. નિત્યપિંડ લેવું એ અહિંસાની ઘાત કરવા બરાબર છે. એ તો તમે જાણો છો કે, કોઈ માણસ તમારે ત્યાં આવે અને ભોજન કરવાનો સ્વીકાર કરે ત્યારે જ તમે તેને માટે ભોજન બનાવો છો પણ જો કોઈ માણસ પહેલાંથી જ ભોજન કરવાની ના પાડે તો તમે તેને માટે ભોજન શા માટે બનાવો! આ જ પ્રમાણે જો સાધુ હમેશાં આવે કે તમારું આમંત્રણ હમેશાં સ્વીકારે તો તેમના માટે ભોજન બને પણ જો તેઓ પહેલેથી જ એમ કહી દે કે, અમે રોજરોજ આવી શકીએ નહિ. અમને રોજરોજ એક જગ્યાએથી ભોજન લેવું કલ્પતું નથી તો પછી ગૃહસ્થો સાધુઓ માટે શા માટે બનાવે? એટલા જ માટે સાધુઓ પહેલેથી જ કોઈને ત્યાં ભિક્ષા માટે જવાનો કાંઈ નિયમ રાખતા નથી. અમુક દિસે અમુક જગ્યાએ જવું અથવા બીજે ત્રીજે કે ચોથે દિવસે ભિક્ષા લેવા માટે નિયમિત જવાથી પણ આજે સાધુ આવશે એમ માલુમ પડી જાય છે. એ કારણે સાધુને ઉદ્દેશિક, નિત્યપિંડ આદિનું પાપ લાગી જાય છે. જો સાધુ ક્યારે, ક્યે દિવસે ભિક્ષા માટે આવશે એ વાતની ખબર જ પડવા ન દે તો જ આ પાપથી બચી શકાય છે.

કદાચ કોઈ કહે કે, સાધુઓને માટે અહારપાણી, મકાન વગેરે બનાવવામાં આવતાં ન હોય પણ પાત્રો તો ગૃહસ્થો વાપરતા નથી. તે તો સાધુઓના જ કામમાં આવે છે. એટલા માટે પાત્રો લેવામાં તો સાધુઓને દોષ લાગે છે કે નહિ? પરંતુ આના માટે પહેલાં એ જુઓ કે, પાત્ર બનાવનારે પાત્રો શા માટે બનાવ્યાં છે? લોકોએ પૈસાના માટે જ પાત્રો બનાવ્યાં છે અને સાધુઓ પાસે પૈસા તો હોતા નથી. જો સાધુ પૈસા આપી પાત્રો ખરીદે તો તો તેમને દોષ લાગે, અથવા સાધુઓને માટે પૈસા આપી પાત્રો ખરીદવામાં આવે તો તો તેમને દોષ લાગે પરંતુ વૈરાગીને માટે પાત્રો લાવવામાં આવ્યા, અને તેમાંથી બચેલા પાત્રો સાધુઓએ પણ લીધાં તો એમાં સાધુઓને કાંઈ દોષ લાગી શકે નહિ.

અનાથી મુનિ કહે છે કે, હે! રાજન્! જે કુશીલ સાધુ હોય છે તે આહારાદિના દોષોનો વિચાર છોડી દે છે. જે પ્રમાણે અગ્નિ સર્વભક્ષી છે અર્થાત્ અગ્નિમાં જે કાંઈ નાંખવામાં આવે છે તેને અગ્નિ ખાઈ જાય છે તે જ પ્રમાણે તે કુશીલ ભિક્ષુ પણ સર્વભક્ષી બની જાય છે, તે કલ્પ-અકલ્પનો કાંઈ વિચાર કરતો નથી અને જો કોઈ કલ્પ-અકલ્પના વિષે કાંઈ કહે છે તો તેને ઊલટું સમજાવી દે છે. આવો કુશીલ માણસ ભલે થોડા દિવસ સુધી આનંદ માને પણ આખરે તે કટુ પાપફલને પામે છે.

અનાથીમુનિ કહે છે કે, જે લોકો સાધુ થઈને પણ પાછા અનાથ બની જાય છે તેઓ અનાથ તો બને જ છે પણ આ રીતે તેઓ પતિત પણ બને છે. તે લોકો પોતાની સાધુતાની કીંમત જાણતા નથી. અનાથી મુનિ સાધુઓને કહે છે કે, સાધુતામાં દોષ લાગવો અને પછી દોષને દોષ ન માનવો, એ સાધુતાથી પતિત થવા જેવું છે. એટલા માટે સાધુતાના પાલન વિષે સાવધાન રહો. અરિહન્તની આજ્ઞામાં ચાલનારને માટે કોઈ વાતની અપૂર્ણતા રહેતી નથી. કદાચ કોઈ વખતે કોઈ પ્રકારની અપૂર્ણતા જણાય તો એમ વિચારવું કે મારે તો પરિષહો સહીને પણ અરિહન્તની આજ્ઞાનું આરાધન કરવું છે. ગજસુકુમાર મુનિના મસ્તક ઉપર ધગધગતાં અંગારા મૂકવામાં આવ્યા હતાં. છતાં શું તેમણે એમ વિચાર્યું હતું કે, હું ભગવાનના શરણે આવ્યો છતાં મારા મસ્તક ઉપર અંગારાં મૂકવામાં આવે છે. તો પછી ભગવાનની આજ્ઞા માનવાનું ફલ શું મળ્યું? જો ગજસુકુમારમુનિ આમ વિચારત તો ગજબ જ થઈ જાત! ભગવાન નેમિનાથે ગજસુકુમાર મુનિની મુક્તિ થયા બાદ કૃષ્ણના કથનના જવાબમાં કહ્યું હતું કે, "ગજસુકુમાર મુનિને એક પુરુષ સહાયક મળ્યો હતો. જ્યારે ભગવાને પણ આમ કહ્યું. ત્યારે ગજસુકુમાર મુનિની ભાવના કેવી રહી હશે? આ વાતને ધ્યાનમાં રાખી કોઈ વાતની અપૂર્ણતા જણાય તો એમ વિચારો કે, મારે તો ભગવાનની આજ્ઞાનું પાલન કરવું છે. કોઈવાર આહાર ન મળે તો એમ વિચારવું કે આજે મને આહારપાણી મળ્યાં નથી અને મને બહુ ક્ષુધા-પિપાસા લાગી છે; પરંતુ આ પ્રકારની ક્ષુધાવેદનીય ઘણીવાર મેં સહન કરી છે. એટલા માટે એવા સમયે વેદનાને સમતાપૂર્વક સહેવી અને ભગવાનનું ભજન કરવું જોઈએ.

આ પ્રમાણે વિચાર કરી કષ્ટના સમયે ઉચ્ચ ભાવના ભાવવામાં આવે તો તે વખતે કદાચિત્ આ શરીર પડી પણ જાય તોપણ આત્માનું તો કલ્યાણ જ થઈ જાય. આ પ્રમાણે દૃઢ રહી જે ધર્મનું પાલન કરે છે, તેને કોઈ પ્રકારની અપૂર્ણતા જણાતી જ નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

**देवा वि तं नमस्सन्ति, जस्स धम्मे सया मणो ।**

જ્યારે દૃઢધર્મીને દેવો પણ નમસ્કાર કરે છે તો એવા દૃઢધર્મીને કઈ વાતની ખામી રહી શકે? એટલા માટે જે પ્રમાણે સુદર્શન મુનિએ દૃઢતાપૂર્વક ધર્મનું પાલન કર્યું અને ધર્મને માટે જે કષ્ટો માથે પડયાં તે કષ્ટો સમતાપૂર્વક સહ્યાં તે જ પ્રમાણે તમે ધર્મનું પાલન કરો તો તેમાં કલ્યાણ છે.

## સુદર્શન ચરિત્ર—૫૯

**કલાકુશલ જબ હી તુમ જાનું, ઈસસે વિલસો ભોગ;**
**ઐસા નર નહીં ઈસ દુનિયામેં, રૂપ કલા ગુન જોગ. ધન૦ ॥૧૨૮॥**

**બની કપટ શ્રાવિકા વેશ્યા, મુનિ ભિક્ષા કો આયા;**
**અન્દર લે કે તીન દિવસ તક, નાનાવિધ લલચાયા. ધન૦ ॥૧૨૯॥**

**ધ્યાન ધ્રુવ જબ રહ્યા મુનીશ્વર, વેશ્યા તજ અભિમાન;**
**વંદન કર મુનિજીકો છોડે, વનમેં ઠાયા ધ્યાન ધન૦ ॥૧૩૦॥**

સુદર્શન મુનિ ધ્યાનમાં તલ્લીન રહેતા હતા. તેઓ શહેરની બહાર જ ઉતરતા હતા. શહેરમાં તો કેવળ ભિક્ષાને માટે જ આવતા હતા. પંડિતાએ મુનિને આવતા જોયા અને વેશ્યાને ભરમાવી. એટલા જ માટે એમ કહ્યું છે કેઃ—

**दुःसंगः सर्वथा त्याज्यः कामक्रोधलोभमोहस्मृतिनाशः सर्वनाशः**
**कारणत्वात् तरङ्गाइताऽपि मे संगात् समुद्रायन्ति ।**

જો તરંગ જેવડો પણ ક્રોધ, માન, કામ, લોભ, મોહ કે સ્મૃતિનાશ હોય તો તે દુઃસંગથી સમુદ્ર જેવડો થઈ જાય છે. જે પ્રમાણે એક ચીનગારીથી ભયંકર આગ ફાટી નીકળે છે તે જ પ્રમાણે કુસંગથી ક્રોધાદિ વધવા પામે છે. હરિણી વેશ્યા હતી. તેનામાં જે દુર્ગુણો હતાં તે સાધુસંતોને કાંઈ પતિત કરવા માટે નહિ પણ પૈસા કમાવવા માટે જ હતાં; પરંતુ પંડિતાની સંગતિથી તેના તરંગ જેવા દુર્ગુણો પણ સમુદ્ર જેવડાં થઈ ગયાં. એટલા માટે દુઃસંગ સર્વથા ત્યાજ્ય છે. આ વાતને ભક્તજનો મોઢું ફાડીને વારંવાર કહે છે કેઃ—

તજો રે મન પ્રભુ વિમુખનકો સંગ;
જિનકે સંગ તે કુમતિ ઊપજે હોત ભજનમેં ભંગ. તજો૦

કાગહિ કાહ કપૂર ચુગાયે મરકટ ભૂષણ અંગ;
દૂધ પિલાયે હોત કાહ રે વિષ નહીં તજત ભુજંગ. તજો૦

ભક્ત લોકો કહે છે કે, "જો તમે ભગવાનની ભક્તિના રસિક છો તો દુઃસંગનો સર્વથા ત્યાગ કરો." શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—**वाइयावं कुदंसणवज्जणा।**

અર્થાત્—જે લોકો સમકિતથી ભ્રષ્ટ થયા છે અને બીજા દર્શનમાં પડી ગયા છે તેમના સંગનો ત્યાગ કરો; નહિ તો તમારા ગુણો પણ ભ્રષ્ટ થઈ જશે; જેમકે હરિણીમાં સાધુને પતિત કરવાની ભાવના ન હતી પણ પંડિતાના સંગને કારણે તે એવું દુષ્કૃત્ય કરવાને માટે પણ તૈયાર થઈ ગઈ.

પંડિતાએ હરિણીને ખૂબ જોશ આપ્યો એટલે તે કહેવા લાગી કે, "હું વેશ્યા છું એટલે એને પતિત કરવો એ શું મારે માટે મુશ્કેલ કામ છે? હું એને પતિત કરું તો જ મારું નામ હરિણી." આ પ્રમાણે નિશ્ચય કરી હરિણી વિચારવા લાગી કે, સાધુને મારે ઘેર કેવી રીતે લાવવા? સાધુ લોકો વેશ્યાને ત્યાં ગોચરી આવતા નથી અને આ સાધુ તો નગરની બહાર રહે છે. એટલા માટે તેને ઘેર કેવી રીતે લાવવા! કારણ કે તેને ઘેર તેડી લાવ્યા વિના ઇચ્છિત કામ પાર પડી શકે એમ નથી. આખરે તેણીએ એક ઉપાય શોધી કાઢયો. તે શ્રાવિકા બની, તેણીએ શ્રાવિકા જેવો બાહ્ય દેખાવ કરવો પણ શીખી લીધો. શ્રાવિકાનો ઢોંગ કરી હરિણી, જ્યારે મુનિ ગોચરી માટે બહાર નીકળ્યા ત્યારે તેમની સામે આવી, બે હાથ જોડી કહેવા લાગી કે, "આજે મારા સદ્ભાગ્ય છે કે આપના દર્શન થયા. હવે આપ મારે ત્યાં ગોચરી માટે પધારો. મારો એવો નિયમ છે કે, મહાત્માઓના દર્શન થયા બાદ તેમને દાન આપ્યા વિના ખાવું નહિ. એટલા માટે આપ મારે ત્યાં પધારો. આપના થોડા કષ્ટથી હું તરી જઈશ. કોઈ મારા ઘરને વેશ્યાનું ઘર કહે તોપણ તમે તેનું ન માનશો. હું પહેલાં વેશ્યા હતી પરંતુ હવે હું વેશ્યા નથી પણ શ્રાવિકા છું."

મહાત્મા લોકો પવિત્ર હોય છે. તેઓ આવા કપટને જાણતા નથી; પણ જેમનો આત્મા બલવાન હોય છે તેઓ ક્યાંય પણ ઠગાતા નથી. જે તેમને ઠગવા ચાહે છે તે પોતે ભલે ઠગાઈ જાય; પણ તે મહાત્માઓ ઠગાતા નથી.

વેશ્યાનું કપટ ન જાણતાં મહાત્મા સુદર્શન તેના ઘેર ભિક્ષાર્થે ગયા; પણ જેવા તે ઘરમાં ગયા કે તરત જ પાછળથી ઘરનાં દ્વાર બંધ થઈ ગયાં. દ્વાર બંધ થઈ જવાથી મહાત્મા સમજી ગયા કે, અહીં કપટ છે, પણ તેઓ ગભરાયા નહિ, કિન્તુ ત્યાં યોગ્ય સ્થાન જોઈ ધ્યાનમાં એવી રીતે બેસી ગયા કે જાણે તેમણે ઈશ્વરભજનનું કવચ પહેર્યું હોય અને એ કારણે તેમને કોઈ પ્રકારનો ભય રહ્યો ન હોય! મુનિને આ પ્રમાણે ધ્યાનારૂઢ થએલા જોઈ વેશ્યા કહેવા લાગી કે, "ઠીક છે, તેમનું ધ્યાન ત્યાંસુધી જ સુરક્ષિત છે જ્યાંસુધી મેં મારું ચરિત્ર બતાવ્યું નથી. જ્યારે હું મારું ચરિત્ર બતાવીશ, ત્યારે ન જાણે તેમનું ધ્યાન ક્યાંય ચાલ્યું જશે." આ પ્રમાણે વિચાર કરી તે શ્રૃંગાર સજી ગાવા–બજાવવાનો સામાન લઈ મહાત્માનું ધ્યાન ચલિત કરવા પ્રયત્ન કરવા લાગી. તે નાચરંગ–હાવભાવ દ્વારા એવો પ્રયત્ન કરતી હતી કે જે પ્રયત્ન દ્વારા દેવતા પણ ડગી જાય. સમુદ્રને તરવો, વિષને પચાવવું અને શસ્ત્રનો આઘાત સહેવો તો સરલ કહી શકાય, પણ સ્ત્રીઓના ચંચલ નેત્રથી બચવું બહુ જ મુશ્કેલ છે. એક યોગીને માટે સાંભળ્યું છે કે, તે ૨૦ તોલા વિષ ખાઈને પચાવી ગયો અને દાક્તરો તે જોતા જ રહી ગયા. આ જ પ્રમાણે મોટરને રોકનાર, પત્થરને તોડનાર એવા યોગીઓ તો ઘણા જોવામાં આવ્યા હશે, પરંતુ એવા લોકો બહુ જ ઓછા જોવામાં આવ્યા હશે કે, જે હરિણી જેવી વેશ્યાના ચરિત્રથી પણ ડગ્યા ન હોય અને જેમ જેમ તે પોતાનું ચરિત્ર બતાવતી જાય તેમ તેમ ધ્યાન વધતું જાય!

હરિણી નાચરંગ બતાવતી થાકી ગઈ પણ મહાત્મા ધ્યાનથી વિચલિત ન થયા. ત્યારે હરિણી પંડિતાને કહેવા લાગી કે, આ તો જાણે પત્થર જેવો છે! પંડિતાએ કહ્યું કે, 'મેં તો એના વિષે પહેલેથી જ કહ્યું હતું. એ તો તમે જ કહેતા હતા કે, એ રાણી હતી પણ હું તો વેશ્યા છું એટલે એને હું વિચલિત કરીશ.' વેશ્યાએ કહ્યું કે, ઠીક છે. આ હજી અહીં જ બેઠો છે તો શું થયું પણ કડકડતી ભૂખ લાગશે ત્યારે તે ગભરાશે અને તે સમયે મારું કહ્યું માનશે જ.

આ પ્રમાણે વિચાર કરી વેશ્યા ભોજન કરી પાછી મહાત્માને વિચલિત કરવાનો પ્રયત્ન કરવા લાગી. તે મહાત્માને કહેવા લાગી કે, આગળ જે થવાનું હશે તે તો આગળ જોવાઈ જશે, પણ આ ષટ્રસ ભોજન જે તૈયાર છે તેનું આપ ભોજન કરો.

જો વેશ્યાનું કહેવું માની મુનિ ભોજન કરી લેત તો તો તેઓ પતિત થઈ જાત; પણ તે મહાત્મા પરમાત્માના ધ્યાનમાં એવા બેઠા હતા કે તેમને ભોજન કરવાનો ખ્યાલ જ ન હતો. આજનો સંસાર ખાવાના લોભથી જ ડૂબ્યો છે. લોકો સુધારો કરવા માટે કહે છે કે, "અમારે આ સુધાર કરવો છે પણ તેમને એ પ્રશ્ન પૂછો કે, તેઓએ પોતાની જીભને પણ વશમાં કરેલ છે? જીભને વશ ન કરવાને કારણે ભલે ગમે તે થાય પણ અમારે તો લાડવાઓ જોઈએ એ કામ તો થઈ જાય છે. તે મહાત્મા આવ્યા હતા તો ભોજનને જ માટે પણ તેમને પહેલાં ધર્મનું પાલન કરવું હતું. ભોજનને માટે ધર્મને જવા દેવા ચાહતા ન હતા.

તેઓ ધર્મની રક્ષા માટે જ ભોજન ચાહતા હતા. એટલા માટે જ્યારે ધર્મ જતો હોય તે વખતે ભોજનની અપેક્ષા રાખી શકે નહિ, તેમ ભોજનને માટે ધર્મને જવા પણ દઈ શકે નહિ.”

હરિણી વેશ્યાએ સુદર્શનમુનિને ત્રણ દિવસ સુધી અનુકૂલ અને પ્રતિકૂલ પરિષહો આપ્યાં. આખરે તે એમ વિચારવા લાગી કે, જે થયું તે થયું પણ હવે હું આ મહાત્માને કષ્ટ આપીશ નહિ. એ તો સારું થયું કે હું એમને મારે ઘેર તેડી લાવી. મારું પાપ ખૂબ વધી રહ્યું હતું તે પાપ આ મહાત્માના પ્રતાપથી ધોવાઈ જશે. હું તેમને ઘેર લાવવા માટે નકલી શ્રાવિકા બની હતી પણ હવે હું સાચી શ્રાવિકા જ બનીશ.

આ પ્રમાણે વિચાર કરી વેશ્યાએ મુનિની ક્ષમાપના માંગી અને કહેવા લાગી કે, આ મહાત્માની કૃપાથી જ હવે હું એ સમજી શકી છું કે, હું જેને સુખ માનું છું એ સાંસારિક સુખોની આગળ પણ કોઈ સુખ છે. મેં ત્રણ દિવસ સુધી આ મહાત્માને અનુકૂલ અને પ્રતિકૂલ અનેક પ્રકારનાં કષ્ટો આપ્યાં અને આ મહાત્મા ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહ્યા છતાં તેઓ સાંસારિક પદાર્થોમાં લલચાયા નહિ અને પોતાના નિશ્ચયમાં દઢ રહ્યા તો પછી એમ કેમ કહી શકાય કે, “આ સાંસારિક સુખોની આગળ કોઈ વિશેષ સુખ નથી?” એટલા માટે હવે હું આ મહાત્માને કષ્ટ આપીશ નહિ; પરંતુ અત્યાર સુધી તો હું નકલી શ્રાવિકા હતી, પરંતુ હવે સાચી શ્રાવિકા બની જીવન વ્યતીત કરીશ.” આ પ્રમાણે વિચાર કરી તેણીએ મુનિ પાસે ક્ષમાપના માંગી અને તેમને છોડી મૂક્યા.

મુનિ વિચારવા લાગ્યા કે, આ વેશ્યા તો સુધરી ગઈ પણ મારો આત્મા સુધર્યો કે નહિ? મુનિને એવું અભિમાન ન થયું કે, મેં વેશ્યાને પણ સુધારી દીધી એટલે મારે કાંઈ કરવાનું હવે બાકી નથી. તેઓ તો એમ જ વિચારતા હતા કે, જ્યારે વેશ્યા પણ સુધરી ગઈ તો શું મારો આત્મા સુધરશે નહિ?

આજે મારા આત્મામાં કેવી નિર્બળતા છે કે, મારે ભિક્ષાન્ન માટે નગરમાં આવવું પડે છે અને આ વેશ્યા જેવાના ભ્રમમાં પડવું પડે છે. જો હું જંગલમાં જ રહું તો શું ત્યાં મને ભિક્ષાન્ન મળી ન શકે? અને કદાચિત્ ન પણ મળે તો નહિ પણ હવે મારે નગરમાં ભિક્ષાન્ન માટે જવું ન જોઈએ; પરંતુ જંગલમાં જ રહેવું જોઈએ. આ શરીર પણ શું કામનું છે? આ માતા આ શરીરથી સુધરી નથી પણ આત્માથી જ સુધરી છે. આ શરીરે તો વધારે તેને ભ્રમમાં નાંખી હતી. એટલા માટે જંગલમાં રહેવાથી શરીર જાય તો ભલે જાય પણ આત્માને જાગ્રત કરવો.

**અભયા વ્યન્તરી આય મુનિ કો, બહુત કિયા ઉપસર્ગ;**
**પ્રતિકૂલ અનુકૂલ રીતિસે, અહો કર્મકા વર્ગ. ॥ ધન૦ ॥ ૧૩૧ ॥**

સુદર્શન મુનિ વેશ્યાના ઘરમાંથી નીકળી જંગલમાં ગયા અને ત્યાં ધ્યાનરૂઢ થઈ બેસી ગયા. અભયા રાણી જો કે દુર્ધ્યાનમાં મરી હતી છતાં મરતી વખતે તેને પોતાના દુષ્કૃત્ય વિષે થોડો પશ્ચાત્તાપ થઈ રહ્યો હતો કે, “હું કપિલાના ફંદામાં ક્યાં પડી કે નિર્દોષ ઉપર પણ કલંક ચડાવવું પડયું.” આ પ્રમાણે પશ્ચાત્તાપ થવાને કારણે તે મરીને વ્યંતરી અર્થાત્ જંગલમાં રહેનારી દેવી થઈ. વ્યંતરી થવાથી તેણીને પોતાના પુનર્જન્મની વાત યાદ આવી

કે, “ હું રાજાની રાણી હતી અને આમ કરવાથી મારી આવી ગતિ થઈ છે. જો મને મારા આ કૃત્યને વિષે પશ્ચાત્તાપ થયો ન હોત તો ન જાણે મારી કેવી ગતિ થાત ! ”

જે જંગલમાં મુનિએ ધ્યાન લગાવ્યું હતું તેજ જંગલમાં તે વ્યંતરી પણ રહેતી હતી. તેણીએ મુનિને જોયા. તે વિચારવા લાગી કે, આ તો તે જ છે કે જેને વિચલિત કરવાનો મેં પૂર્વભવમાં પ્રયત્ન કર્યો હતો, છતાં જે વિચલિત થયો ન હતો. તે વખતે તો હું માનવી હતી પણ હવે તો હું વ્યન્તરી છું. હવે તો મારી પાસે એવી શક્તિ પણ છે કે હું નાનું-મોટું, સુંદર કે ભયંકર જેવું ચાહું તેવું રૂપ બનાવી શકું છું. એટલા માટે મારી એ શક્તિથી તે કેમ વિચલિત થઈ નહિ શકે ?

વ્યન્તરીએ મુનિને વિચલિત કરવાનો વિચાર કર્યો. મુનિને આ વાતની કાંઈ ખબર નથી. તેઓ તો ધ્યાનમાં જ બેઠા છે અને પરમાત્માનું જ સ્મરણ કરે છે. મુનિને આ પ્રકારના ઉપસર્ગો સહેવાં પડે એ સારું છે કે ખરાબ ? મુનિને જંગલમાં વધારે દિવસ રહેવું નથી કારણ કે, જંગલમાં અન્નપાણી વિના વધારે દિવસ શરીર પણ ટકી ન શકે એટલા માટે આ વ્યન્તરી તેમને માટે એવી સહાયિકા થઈ પડી જે પ્રમાણે ગજસુકુમાર મુનિને માટે સોમલ સહાયક થયો હતો. સોમલે જો કે મુનિના મસ્તક ઉપર ધગધગતા અંગારા મૂક્યા હતા—જે ઉપસર્ગ કર્યો હતો પણ મુનિએ તેને ઉપસર્ગ માન્યો ન હતો પણ તે ઉપસર્ગને સહાયતા માની હતી; કારણ કે તેમણે પરમાત્માની સાથે એકાંગી પ્રીતિ બાંધી હતી. તમે પણ પરમાત્માની સાથે એવી એકાંગી પ્રીતિ બાંધો અને પરમાત્માને દુઃખ-નિકંદન સમજી તેમની પ્રાર્થના કરો તો તેમાં કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ આસો શુદી ૫ મંગળવાર

### પ્રાર્થના

**સુમતિ જિણેશ્વર સાહિબાજી, ‘ મેઘરથ ’ નૃપનો નંદ;**
**‘ સુમંગલા ’ માતા તણો, તનય સદા સુખકંદ.**
**પ્રભુ ત્રિભુવન તિલોજી. ॥ પ્રભુ૦ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી સુમતિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના એ આધ્યાત્મિક વિષય છે, આધિભૌતિક વિષય નથી. આજે ઘણા લોકો તેને ભ્રમ, વહેમ કે ઉપયોગમાં ન આવે એવો અવ્યાવહારિક વિષય સમજે છે; પણ આધ્યાત્મિક વિષય જેટલો ઉપયોગી, હિતકારી અને સરલ છે તેટલો બીજો કોઈ પદાર્થ ઉપયોગી, હિતકારી કે સરલ નથી. આ ઉપરથી પ્રશ્ન એ થાય છે કે જ્યારે આધ્યાત્મિક વિષય એવો ઉપયોગી છે તો પછી એ વિષે બે મત કેમ છે ? એક તો આધ્યાત્મિક વિષયને ઉપયોગી અને બીજો અનુપયોગી કેમ કહે છે ?

આધ્યાત્મિકતાને અનુપયોગી અને અવ્યાવહારિક કહેવાનું કારણ એ છે કે; કેટલાક લોકો એમ કહે છે કે જે આધ્યાત્મિકતાને પ્રાપ્ત થાય છે તેને માટે બાહ્ય ક્રિયાની જરૂર જ રહેતી નથી. આ કથન ઉપરથી જ એમ કહેવામાં આવે છે કે, આધ્યાત્મિક વિષય અવ્યાવહારિક છે. ઊંચી સ્થિતિએ પહોંચ્યા બાદની વાત જુદી છે પરંતુ તે પહેલાં જ આધ્યાત્મિકતાના નામે વ્યવહારનો ત્યાગ કરવાથી જ લોકોને આધ્યાત્મિકતા તરફ અરુચિ પેદા થઈ છે અને યુવક લોકો તો આધ્યાત્મિકતાથી કંટાળી ગયા છે. જે લોકો આધ્યાત્મિકતાને નામે વ્યવહારની જરૂર જોતા નથી અને એ કારણે જે લોકો આધ્યાત્મિકતાથી કંટાળી ગયા છે એ લોકોને જ્ઞાનીજનો કહે છે કે, તમે લોકો ભૂલ કરી રહ્યા છો. આધ્યાત્મિકતાના નામે વ્યવહારને છોડી દેવો પણ અનુચિત છે અને આધ્યાત્મિકતાને અવ્યાવહારિક માની તેનાથી કંટાળી જવું એ પણ અનુચિત છે બલ્કિ આધ્યાત્મિકતાથી વિમુખ રહેવાને કારણે જ હાનિ પેદા થઈ છે અને થઈ રહી છે.

પ્રાર્થના પણ આધ્યાત્મિક વિષય છે. કેટલાક લોકો પ્રાર્થનાને પણ ભ્રમરૂપ માને છે પણ વાસ્તવમાં આત્માને ઉન્નત કરવામાં પ્રાર્થના સહાયક છે. આત્મા પ્રાર્થનાદ્વારા કેવી રીતે ઉન્નત થઈ શકે છે અને ઉન્નત થવા માટે આત્માએ કેવી રીતે પ્રાર્થના કરવી જોઈએ. એના સીધા સાદા સરલ ઉપાયો આ પ્રાર્થનામાં બતાવવામાં આવેલ છે. એ ઉપાયો એવા સરલ છે કે તે ઉપાયોને બધા લોકો આચરી શકે છે.

ભમરાને કેતકી ઉપર એકનિષ્ઠા પ્રીતિ હોય છે. તેની એકનિષ્ઠા પ્રીતિ કેમ હોય છે ? એને માટે એમ કહી શકાય કે એમાં સુગંધ છે. પરંતુ જેમાં સુગંધ છે તે કેતકીની સાથે પ્રીતિ બાંધવાનું ભમરાને કોણે શીખવ્યું !

ભમરો ફુલને પહેલાં સાક્ષાત્ જોતો નથી પરંતુ ગંધથી જ તે એ વાતનો નિર્ણય કરી લે છે કે, આ બાજુએથી ગંધ આવે છે એટલા માટે આ બાજુ નજદીક કે દૂર ફુલ હોવું જ જોઈએ. પહેલાં તો તે ભ્રમમાં રહે છે પણ જ્યારે તેને સુગંધ આવે છે ત્યારે તે તેની સહાયતાથી ભ્રમણ કરતો કરતો ફુલને મળી જાય છે. આ જ પ્રમાણે પરમાત્મારૂપ કેતકીની સુગંધને આધારે તમે લોકો પણ આગળ ચાલવા માંડો તો તમને પણ પરમાત્માનો ભેટો થઈ જશે અને એ રીતે તમારી પ્રાર્થના પણ સરળ થઈ જશે.

તમે કહેશો કે, પરમાત્માની ગંધ કેવી હોય છે! જ્ઞાનીજનો એના ઉત્તરમાં કહે છે કે, "તમે લોકો નજદીકની વાત પણ ભૂલી રહ્યા છો ! જો તમે પરમાત્માની સાથે એકનિષ્ઠા પ્રીતિ બાંધો તો તમને તેમની સુગંધ અવશ્ય આવે. ભ્રમર સુગંધની સાથે એકનિષ્ઠાથી પ્રીતિ બાંધે છે એટલા માટે જ્યારે તે સુગંધની તપાસ કરે છે ત્યારે વચમાં દુર્ગંધ પણ આવે છે પરંતુ તે દુર્ગંધની તરફ જતો નથી પણ સુગંધની તરફ જ જાય છે. કિંતુ પરમાત્માના વિષે લોકોની એ ભૂલ થઈ રહી છે કે, લોકો પરમાત્મારૂપી સુગંધની શોધમાં નીકળવા છતાં પણ વિષયરૂપ દુર્ગંધને ગ્રહણ કરવા ચાલ્યા જાય છે, આ જ મોટી ખરાબી છે. એટલા માટે તમે તમારા વિષે જુઓ કે, તમારો આત્મા કેવી રીતે વિષયમાં પડી જઈ સાચા સિદ્ધાંતને ભૂલી રહ્યો છે અને સાચા સિદ્ધાંતને નષ્ટ કરી કેવી રીતે ખરાબીમાં પડી રહ્યો છે ? તમને આત્માની સુગંધ તો આવે છે કારણ કે, આત્મા તો તમારા સમીપ જ છે. વાસ્તવમાં આ આત્મા જ

પરમાત્માની સુગંધ છે. એ સુગંધનો આધાર લઈ તમે આગળ વધતા જાઓ તો પરમાત્માનો ભેટો અવશ્ય થશે."

તમે કહેશો કે, આત્મા નજદીક કેવી રીતે છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, આંખથી જોવું, કાનથી સાંભળવું, નાકથી સૂંઘવું અને જીભથી રસ લેવો, એ બધું કોણ કરે છે? ઇન્દ્રિયોદ્વારા વિષયોને ગ્રહણ કરનાર કોણ છે? તમે રૂપને જોઈ મુગ્ધ બની જાઓ છો પરંતુ રૂપને જોનાર કોણ છે! કેવળ બાહ્ય દેખાવ ઉપર જ લોભાઈ ન જાઓ પરંતુ એ જુઓ કે, રૂપને જોનાર કોણ છે? પતંગ દીપકના રૂપમાં અંજાઈ જઈ તેમાં જ બળી મરે છે પણ પોતાના આત્માને જોતો નથી. તે જ પ્રમાણે તમે પણ તમારી શક્તિને બાહ્ય આડંબરમાં વેડફી રહ્યા છો પણ એ શક્તિનો સદુપયોગ કેવી રીતે કરવો તે ભૂલી રહ્યા છો! જે શક્તિ પરમાત્માની સાથે ભેટો કરાવવા સમર્થ છે તે શક્તિને તમે આત્માના ગુણને નષ્ટ કરવામાં વેડફી રહ્યા છો. તમે ઇન્દ્રિયોદ્વારા જે પદાર્થો જુઓ છો તે પદાર્થોનો નિર્ણય તમારી બુદ્ધિ કરે છે. એ બુદ્ધિમાં કોની શક્તિ રહેલી છે એ જુઓ અને તેને જાણો અને એ બુદ્ધિને બહિર્મુખી ન બનાવતાં અંતર્મુખી બનાવો તો તમે પરમાત્માને પણ ભેટી શકશો.

સંસારમાં જે કાંઈ સુધાર કે કુધાર થાય છે એ બધું આત્માની શક્તિથી જ થાય છે. આત્મા અજ્ઞાનતાને કારણે પોતાની શક્તિનો આત્મસુધાર કરવામાં સદુપયોગ કરવાને બદલે આત્માને બગાડવામાં દુરુપયોગ કરે છે. આજે જે લડાઈ, ઝગડા, ઝેર-વેર કે કલેશ-કંકાસ ફેલવા પામ્યા છે તે આત્માની ભૂલથી જ ફેલવા પામ્યા છે. લોકો ક્રિયાનો ત્યાગ કરી પુરુષાર્થહીન બની રહ્યા છે. લોકો પોતે શ્રમ ન કરતાં બીજાના શ્રમ ઉપર જીવવા અને મોજ કરવા ચાહે છે; અને આ જ કારણે સંસારમાં લડાઈ-ઝગડા થવા પામે છે. પણ પોતે શ્રમ ન કરવો અને બીજાના શ્રમ ઉપર જીવિત રહેવાની અને મોજ માણવાની વાત ક્યાંથી આવી છે! આત્માની ભૂલથી જ ને? આત્મા ભૂલથી વિષયોમાં પડી રહ્યો છે અને તેથી જ આ વિષમતા પેદા થવા પામી છે. વિષય-પોષણ માટે પૈસા ન હોય તો અનીતિથી પૈસા પ્રાપ્ત કરવામાં આવે છે પણ વિષયોનું પોષણ તો કરવામાં જ આવે છે. આત્મામાં આ સ્થિતિ ક્યાંથી પેદા થઈ? જો આ વિષે ઊંડો વિચાર કરવામાં આવે તો જણાશે કે, આત્મા આધ્યાત્મિકતાને ભૂલી જવાથી જ આ વિષમ સ્થિતિ ઉભી થવા પામી છે. જે થયું તે થયું પણ હજી જાગ્યા ત્યાંથી સવાર ગણી ચેતો તો પણ તમે કલ્યાણ કરી શકો છો. કહેવત છે કે,

જો ગઈ સો ગઈ અબ રાખ રહી કો.

જે થયું તે થયું. હજી પણ આત્માની શક્તિ તમારા હાથમાં જ છે. એટલા માટે જાગ્યા ત્યાંથી સવાર ગણી આત્માની શક્તિનો આત્મસુધાર કરવામાં સદુપયોગ કરો તો ધીમેધીમે તમે એ સ્થિતિને પ્રાપ્ત કરી શકશો કે જે દ્વારા પરમાત્માનો ભેટો થઈ શકશે. આત્મા પરમાત્માનો ભેટો કરી શકે એવી સ્થિતિને પ્રાપ્ત કરવા માટે ભક્તજનો વારંવાર એમ કહે છે કે, "હે જીવો! પરમાત્માનું ભજન કરો અને જે પ્રમાણે ભમરો કેતકી પ્રત્યે અનન્ય પ્રેમભાવ રાખે છે તેવો અનન્ય પ્રેમભાવ પરમાત્મા પ્રત્યે રાખો."

ભમરો ફુલની સુગંધ લે છે પણ શું તે ફુલને કે ફુલની એક પાંખડીને પણ તોડવાની ઇચ્છા કરે છે! તે ફુલને તોડવા કે બગાડવા ચાહતો નથી. ભમરાના આ કાર્યનું ઉદાહરણ આપી ભગવાને મુનિઓને માટે કહ્યું છે કે:—

**जहा दुम्मस्स पुप्फेसु भमरो आवियइ रसं ।**
**न य पुप्फं किलामेइ सो य पिणेई अप्पयं ॥** —શ્રીદશવૈકાલિક સૂત્ર

અર્થાત્–હે ! મુનિઓ ! તમે પણ ભ્રમરવૃત્તિ ધારણ કરો અને ભ્રમરની માફક એવી રીતે યતનાપૂર્વક કામ કરો કે જેથી કોઈને કષ્ટ ન થાય. આમ કરવામાં જ તમારું કલ્યાણ રહેલું છે.

આજ પ્રમાણે ભક્તિમાર્ગમાં પણ એમ કહ્યું છે કે, પરમાત્માની સાથે ભ્રમરના જેવી પ્રીતિ બાંધવી જોઈએ. કેટલાક લોકો કહે છે કે, "શું પરમાત્મા અમારું કાંઈ કામ કરી દે છે કે અમે તેમની પ્રાર્થના કે તેમને નમસ્કાર કરીએ?" પણ આ પ્રકારની ઇચ્છા કરવી એ શું ભમરો ફુલને ચૂંટે કે બગાડે એના જેવું કૃત્ય નથી? કવિ આનંદઘનજી કહે છે કેઃ—

ચિત્ત પ્રસન્ને પૂજન ફલ કહ્યો, પૂજન અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા, આનંદઘન પદ રેહ.

જે ફુલમાંથી સીધી રીતે સુગંધ મળે છે એ ફુલને ભમરો તોડવાની ઇચ્છા કરે ખરો! જો નહિ તો પછી તમે પરમાત્માના વિષે એમ કેમ કહો છો કે, પરમાત્માએ અમને શું આપ્યું કે અમે તેમની પ્રાર્થના કરીએ!" કવિ આનંદઘનજી કહે છે કે, પરમાત્મા અખંડ પૂજ્ય છે; એટલા માટે સંસારની કોઈપણ કામનાથી તેમને ખંડિત કરવા ન જોઈએ. "બીજા દર્શનવાળા સ્વાર્થી લોકો તો પરમાત્માને સંસારની ધમાલમાં ઊતારે છે પણ જ્ઞાનીજનો એમ કરતા નથી. તેઓ તો એમ જ કહે છે કે, "પરમાત્મા અખંડિત છે. એટલા માટે એ અખંડિત પૂજ્યની પૂજા–સેવા કરવાથી અમને ઉલ્લાસ આવશે અને અમારો આત્મા પરમાત્મા બની જશે. જે પ્રમાણે ભમરો પુષ્પને અખંડિત રાખીને જ તેની સુગંધ લે છે તે જ પ્રમાણે અમે લોકો પણ પરમાત્માને અખંડિત રાખીને જ તેમની પૂજા–સેવા કરીએ છીએ. આમ કરવાથી અમને તેમની શક્તિરૂપ સુગંધ મળશે કે જે સુગંધથી અમારો આત્મા પણ સુવાસિત બનશે અને અમારું કલ્યાણ થશે."

ભક્તજનોની માફક તમે લોકો પણ પરમાત્માને અખંડિત માનો; તેમને સંસારની કોઈપણ ભાવનામાં ઉતારો નહિ.

તમે લોકો 'તિકખુત્તો' નો જે પાઠ બોલો છો તેમાં કહો છો કેઃ—

**आयाहिणं पयाहिणं देइयं चेइयं**

આમાં આવેલા 'ચેઇય' શબ્દનો અર્થ કરતાં મલયગિરિ આચાર્ય કહે છેઃ—

**'सुप्रसन्नमनहेतु-त्वादिति चैत्य'**

અર્થાત્—મનને પ્રસન્ન-કરવાનું જે કારણ છે તે ચૈત્ય છે. જે મનને પ્રસન્ન કરવાનું લૌકિક કારણ છે તે લૌકિક ચૈત્ય છે અને જે લોકોત્તર મનપ્રસન્ન કરવાનું કારણ છે તે લોકોત્તર ચૈત્ય છે. મુનિને પણ તમે ચૈત્ય માનો છો પણ મુનિ તમારા માટે શું કરે છે કે તમે તેમને ચૈત્ય કહો છો? તેઓ તમારું શું કામ કરે છે! શું તેઓ તમારા માટે કાંઈ બનાવી આપે છે કે તમને આંકફરકનો સટ્ટો બતાવે છે? તેઓ આવું કંઈ કરી દેતા નથી; એટલા જ માટે તેઓ તમારા માટે ચૈત્યરૂપ છે. સંસારમાં એવા પણ લોકો હશે કે જેઓ

વેશ્યાને પણ ચૈત્યરૂપ માનતા હશે. એવા લોકોની વાત જ જુદી છે પણ તમે મુનિઓને કે પરમાત્માને સંસારની ભાવનામાં ઘસેડો નહિ. જે પ્રમાણે ભમરો ફુલની તરફ જ દોડે છે, બીજી બાજુ દોડતો નથી. તે જ પ્રમાણે તમે પણ પરમાત્માની તરફ જ દોડો, આડી અવળી બાજુ દોડો નહિ.

જે 'અહંપદ' કે 'તત્ત્વમસિ' દ્વારા આત્માને જાગ્રત કરે છે અને એમ વિચારે છે કે, હું જ પરમાત્મા છું– જો હું ઉપાધિઓને મટાડી દઉં તો પરમાત્મા અને મારામાં કાંઈ અંતર ન રહે; આ પ્રમાણે વિચાર કરી જે આગળ વધતો જાય છે તે આત્મા અવશ્ય પરમાત્મામય બની જાય છે.

## અનાથી મુનિનો અધિકાર—૯૦

અનાથી મુનિ પણ આ જ વાત કહે કે, આત્મા જો પોતાના સ્વરૂપમાં લીન થઈ અન્તર્મુખી બની જાય તો તે સનાથ બની જાય. કેટલાક લોકો આત્માના નાથ બનવા માટે તૈયાર તો થઈ જાય છે પણ પાછા સંસારની ભાવનાને કારણે પતિત થઈ જાય છે. જો ભમરો પુષ્પની સુગંધ જ લે પણ જો તેના ઉપર અધિક મુગ્ધ બની ન જાય તો તો તે સુગંધનો લાભ લઈ શકે છે પણ જો તે ફુલ ઉપર અધિક મુગ્ધ બની જાય તો કોઈ વખતે તે કમલના બીડાવાના સાથે પોતે પણ અંદર બીડાઈ જાય છે અને કોઈ વખતે તો હાથીના મુખમાં પણ કમલની સાથે ચાલ્યો જાય છે. આ જ પ્રમાણે જો સાધુ જે ભાવનાથી સાધુ થયો છે તે જ ભાવના ઉપર સ્થિર રહે તો તો તે આત્માનું કલ્યાણ કરી શકે છે પણ કોઈ કોઈ સાધુ પોતાની મૂળ ઉચ્ચ ભાવનાને ભુલી જાય છે અને ઉદ્દેશિક, ક્રીતકૃત આદિ અકલ્પનીય આહાર પણ ખાવા લાગે છે અને પોતાની આ ખરાબીને છુપાવવા માટે આધ્યાત્મિકતાનું પણ નામ લે છે., આ પ્રમાણે તેઓ પાછા સંસારભાવનામાં ફસાઈ જઈ અનાથ બની જાય છે.

**न तं अरी कंठछेत्ता करेइ, जं से करे अप्पणिया दुरप्पया ।**
**से नाहिइ मच्चुमुहं तु पत्ते, पच्छाणुतावेण दयाविहूणो ॥ ४८ ॥**

જે પ્રમાણે કમલ ઉપર મુગ્ધ થઈ જવાથી ભમરો હાથીના મુખનો ગ્રાસ બની જાય છે. આ તેની પોતાની જ ભૂલ છે. આ જ પ્રમાણે આત્મા પોતાની ભૂલથી જ પોતાનું એવું અહિત કરે છે. જેવું અહિત શિરોચ્છેદ કરનાર વૈરી પણ કરતો નથી.

દુનિયામાં શિરોચ્છેદ કરનાર મોટો વૈરી માનવામાં આવે છે પણ અનાથી મુનિ કહે છે કે, પોતાનો જ આત્મા જેવું અહિત પોતાનું કરી બેસે છે તેવું અહિત શિરોચ્છેદ કરનાર દુશ્મન પણ કરી શકતો નથી. કંઠનો છેદ કરનાર દુશ્મન તો તે જ શરીરને નષ્ટ કરે છે કે જે શરીર કોઈ દિવસે નષ્ટ થવાનું જ હતું. પરંતુ તે વૈરી નરક કે નિગોદમાં આ આત્માને મોકલવાને સમર્થ નથી. બલ્કિ એવો દુશ્મન જ્યારે કંઠને છેદતો હોય ત્યારે તેના ઉપર ક્રોધ કરવામાં ન આવે તો તે વૈરી સુગતિ અપાવવામાં સહાયક પણ બની શકે છે. આ પ્રમાણે ગળુ કાપનાર વૈરી એવી હાનિ કરતો નથી, જેવી હાનિ પોતાનો દુરાત્મા કરે છે.

લોકોને નરકનો ભય લાગે છે પણ નરક આવ્યું ક્યાંથી ? નરક તો દૂર રહ્યું પરંતુ કસાઈખાનું આવ્યું ક્યાંથી ? નરક કે કસાઈખાનાને દુરાત્મા જ પેદા કરે છે. દુરાત્મા જ કપાય છે અને દુરાત્મા જ કપાવે છે. ભગવાને ત્રણ પ્રકારનાં પુદ્ગલો કહ્યા છે. જે પુદ્ગલોને આત્માએ જ ખરાબ બનાવ્યાં છે, પુદ્ગલ તો પોતાના રૂપમાં જ રહે છે પણ દુરાત્મા એને પણ ખરાબ કરી દે છે. ઉદાહરણ તરીકે માનો કે, તમે ખીર ખાધી તે ખીર ખાધા પહેલાં સ્વાદ, રૂપ, ગંધ વગેરેમાં કેવી હતી અને પેટમાં પચાવ્યા બાદ તે કેવી બની જાય છે ! આ પુદ્ગલોને પોતે આત્માએ જ ખરાબ કરેલ છે કે નહિ ? ગ્રન્થોમાં કહ્યું છે કે, સવા લાખની કીંમતનાં કપડાં હોય છે પણ એકવાર પહેરવાથી તે પણ નિર્માલ્ય–નકામાં થઈ જાય છે. તે કપડાંને નિર્માલ્ય બનાવનાર કોણ છે ?" આ પ્રમાણે પુદ્ગલોને ખરાબ કરાનાર આ આત્મા જ છે. આત્મા જ પુદ્ગલોને શસ્ત્રરૂપે બનાવે છે. દુરાત્મા જ તલવાર બનાવે છે. જો આત્મા દુરાત્મા ન હોય તો તે તલવારને પણ ફૂલની છડી બનાવી શકે છે.

તમને જે ઇન્દ્રિયો મળી છે તે આત્માના કલ્યાણ માટે જ મળી છે. અનંતાનંત પુણ્યનો સંચય થવાથી એક એક ઇન્દ્રિય મળી છે. પણ આ પ્રમાણે પુણ્યસંચયથી મળેલી ઇન્દ્રિયોને દુરાત્મા ક્યાં ક્યાં વેડફી રહ્યો છે. સાધુ પણ જો સાધુપણાથી પતિત થાય અને ઇન્દ્રિયોને વેડફી દે તો તે પણ દુરાત્મા જ છે. દુરાત્મા સંસારમાં તો આનંદ માને છે પરંતુ જ્યારે તે મૃત્યુના મુખમાં સપડાય છે ત્યારે તેને ઘણો પશ્ચાત્તાપ થાય છે; તે વખતે લક્ષણ, જ્યોતિષ, મંત્ર વગેરે કાંઈ કામમાં આવતાં નથી. જેણે અહિંસાનો નાશ કર્યો છે અને દયાને ગુમાવી દીધી છે તે જ્યારે મોતના મુખમાં સપડાય છે ત્યારે તેને ઘણો પશ્ચાત્તાપ થાય છે.

મહમ્મૂદ ગજનવી માટે એમ કહેવામાં આવે છે કે, તેણે ૧૭ વાર ભારતને લૂંટયું હતું અને અનેક લોકોને ઘણું કષ્ટ આપી, ઘણું ધન લઈ ગયો હતો; પણ જ્યારે તે મરવા લાગ્યો ત્યારે તેણે પોતાની સામે એ બધાં ધનનો ઢગલો કરાવ્યો અને તે ધનના ઢગલાને જોઈ–જોઈને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. તે શા માટે રોતો હતો તે વિષે નિશ્ચયપૂર્વક તો કાંઈ કહી શકાય નહિ પણ સંભવ છે કે તે એ વિચારથી રોતો હોય કે, " હું લોકોને કેટલું કષ્ટ આપીને ધન સંગ્રહીને લાવ્યો છું અને આજે એ ધન અહીં જ પડયું રહે છે. આ પ્રમાણે પશ્ચાત્તાપ થવાથી તે રોયો હોય એવો સંભવ છે."

આ જ પ્રમાણે દુરાત્મા પણ જ્યારે મૃત્યુના મુખમાં સપડાય છે ત્યારે પશ્ચાત્તાપ કરવા લાગે છે. તમે પણ તમારા માટે એમ વિચારો કે, અમે ગરીબોને દુઃખ આપી પૈસા એકઠા કરીશું તો તે પૈસા અમારી સાથે નહિ આવે પણ જ્યારે અમે મૃત્યુના મુખમાં સપડાઈશું ત્યારે અમારે એનો પશ્ચાત્તાપ કરવો પડશે. આ તો તમારા માટે એમ કહ્યું પરંતુ મારે પોતાએ પણ મારા વિષે વિચારવું જોઈએ કે, " હે ! આત્મા ! જો તું બીજાઓને ખુશ કરવામાં અને લોકોને પોતાની આગળ નમાવવામાં જ રહી ગયો, કેવળ ખાલી વાહવાહ કરાવી અને સ્વ–પરની કાંઈ દયા ન કરી તો આખરે તારે પણ પશ્ચાત્તાપ કરવો પડશે."

અનાથી મુનિ આ પ્રમાણે શિક્ષા આપી એમ કહે છે કે, 'આખરે તારા કામમાં તારો આત્મા જ આવશે; બીજો કોઈ તારા કામમાં આવશે નહિ. એટલા માટે જે સત્ય હોય, જે ભગવાનની આજ્ઞામાં હોય અને જેથી સ્વપરની દયા થાય તે જ કામ કર; બીજાં કામો ન કર.'

જો અનાથી મુનિની આ શિક્ષાને જીવનમાં ઉતારવામાં આવે તો આત્મા અવશ્ય પોતાનું કલ્યાણ કરી શકે છે. જો તમે દયા અને પરમાત્માની આજ્ઞાને બરાબર જાણી લો તો તમે બધુંય જાણી લીધું છે, પછી વધારે જાણવાનું કાંઈ બાકી રહેતું નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે, "કોઈ જીવની હિંસા ન કરવી એ જ બધાં શાસ્ત્રોનો સાર છે."

કોઈ માણસ હજાર-બે હજાર વર્ષનું જૂનું લખેલું શાસ્ત્ર બતાવીને તમને કહે કે, ભગવાન વીતરાગ ફુલની માળા પહેરી બેઠા હતા તો શું તમે તેની વાત માની લેશો ? તમે એમ જ કહેશો કે, એવું કોઈ વિકારીએ લખ્યું હશે ! ભગવાન વીતરાગ આ પ્રમાણે સંસારની ભાવનામાં પડી ન શકે. આ જ પ્રમાણે કોઈ એમ કહે કે, મુનિઓએ ઓછામાં ઓછા પાંચ રૂપિયા તો પોતાની પાસે રાખવા જ જોઈએ. કારણ કે, કોઈ વખતે રૂપિયા હોય તો કામમાં આવે; તો શું તમે તેનું કહેવું માનશો ? કદાચ કોઈ એમ પણ કહે કે, 'આ મુનિ તો આધ્યાત્મિકતામાં ખૂબ આગળ વધેલા છે એટલા માટે પાંચ રૂપિયા પોતાની પાસે રાખે તો કાંઈ વાંધો નહિ'–આમ કહેવા છતાં પણ તમે એ વાત માની શકો નહિ. તમે તો એમ જ કહેશો કે, એમ કરવું એ ભગવાનની આજ્ઞામાં નથી. તમે આ જ વાતને ભગવાનની બધી આજ્ઞાઓ માટે જોતા જાઓ અને એ આજ્ઞા ઉપર જ દૃઢ રહો. ધ્વજાની માફક તમે ફરી ન જાઓ. નહિ તો તમારે પણ પશ્ચાત્તાપ કરવો પડશે.

અનાથી મુનિ રાજા શ્રેણિકને જે ઉપદેશ આપી રહ્યા છે તે ઉપદેશ એક રીતે તો મુનિઓને માટે ઉપાલંભરૂપ છે; પણ આ ઉપાલંભ પ્રેમને કારણે જ આપવામાં આવે છે. કોઈ સજ્જન માણસ કોઈ બીજાને ઉપાલંભ આપવા માટે જશે નહિ પણ જે આત્મીય હશે તે જ ઉપાલંભ આપશે. આત્મીય સિવાય બીજો કોઈ હશે તો તેને માટે એમ જ કહેશે કે, તેની સાથે મારે શું લેવા–દેવા ! આ જ પ્રમાણે અનાથી મુનિ પણ અમને મુનિઓને પ્રેમને કારણે જ આ ઉપાલંભ આપે છે અને કહે છે કે, 'તમે કયા કામને માટે સાધુપણું લીધું છે અને કયું કામ કરી રહ્યા છો ? તમારું અને અમારું ધ્યેય એક જ છે છતાં તમે સંસારભાવનાને કારણે અમારાથી જુદા પડી ન જાઓ.

જૈનધર્મની દૃષ્ટિ પ્રેમની છે. તેનો ઉદ્દેશ કોઈ પણ આત્માને કષ્ટ ન આપવું એ છે. એનું લક્ષ્ય **मित्ति मे सव्वभूएसु**–અર્થાત્ બધા પ્રાણીઓ પ્રત્યે મૈત્રીભાવ છે. બધા પ્રાણીઓ સાથે મૈત્રીભાવ રાખવો એ જૈનધર્મનું ધ્યેય છે. સુદર્શને પણ આ જ મૈત્રીભાવનાને હૃદયમાં ઉતારી આત્મકલ્યાણ સાધ્યું હતું.

## સુદર્શન ચરિત્ર—૬૦

સુદર્શનની સાથે અભયાએ કેવો દુર્વ્યવહાર કર્યો હતો છતાં સુદર્શને તો અભયાને માટે એમ જ કહ્યું હતું કે, એ મારી માતા છે. આ મૈત્રીભાવનાને કારણે જ સુદર્શને આત્મવિકાસ એટલો બધો સાધ્યો કે તેમણે હરિણી વેશ્યાનો પણ સુધાર કરી દીધો. વેશ્યાને સુધારવી એ કેટલું મુશ્કેલ કામ છે ! પણ તે મુનિએ વેશ્યાને જ નહિ પરંતુ જે આસુરી ભાવનાથી ભરેલી હતી તે અભયાને પણ સુધારી દીધી; તેનું પણ કલ્યાણ કરી દીધું. સુદર્શન મુનિએ પોતાના આત્માનું કલ્યાણ કરવા જતાં અનેકોનું કલ્યાણ કરી દીધું.

વ્યંતરીએ સુદર્શનને જોયા. સુદર્શન મુનિને જોતાં જ તેને જાતિસ્મૃતિ જ્ઞાન થયું. તે વિચારવા લાગી કે, તેના ઉપર પહેલાં મને પ્યાર હતો. પહેલાં તો તે મારી ઇચ્છાનો શિકાર ન થયો. પણ હવે જે જાળ બિછાવું છું તેમાં તો જરૂર ફસાઈ જશે. કારણ કે, એ મનુષ્ય છે અને હું દેવી છું. એટલે દૈવી શક્તિ આગળ માનવી શક્તિ શું કરી શકે ?

આજના લોકો કહે છે કે, અમુક પુરુષ કે અમુક સ્ત્રીને ભૂત કે ચૂડેલ વળગેલ છે પરંતુ તે ભૂત–ચૂડેલ એક થપ્પડ મારતાં ભાગી જાય છે. આ કઈ જાતનાં ભૂત–ચૂડેલ છે ? કદાચ કોઈ કહે કે, આ સંસાર વિચિત્ર છે. જ્યારે આ સંસાર વિચિત્ર છે તો શું પરમાત્માની શક્તિ નથી ? ધર્મની શક્તિ નથી ? જો છે તો પછી વહેમ કેમ છે ? એક નાનામાં નાના દેવમાં પણ કરોડ ચક્રીનું બલ હોય છે; તો પછી શું એ એક થપ્પડ મારવાથી ભાગી જઈ શકે ? જો દેવ હશે તો તો તે આમ ભાગી જઈ શકે નહિ પરંતુ આ વાતને જાણવા છતાં પણ લોકોનો વહેમ દૂર થતો નથી.

વ્યંતરી સુદર્શન મુનિને ધ્યાનમાંથી વિચલિત કરવા માટે તેની પાસે ગઈ. પણ સુદર્શન તો પોતાના ધ્યાનમાં જ મસ્ત હતા. વ્યંતરી સુદર્શનને ધ્યાનમાંથી વિચલિત કરવા માટે પ્રયત્નો કરે છે. હવે આગળ શું થાય છે તે વિષે યથાવસરે વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો શુદી ૬ બુધવાર

### પ્રાર્થના

**પદ્મપ્રભુ પાવન નામ તિહારો, પતિત ઉધારન હારો,**
**જદપિ ધીવર ભીલ કસાઈ, અતિ પાપીષ્ટ જમારો;**
**તદપિ જીવહિંસા તજ પ્રભુ ભજ, પાવૈ ભવનિધિ પારો. પદ્મ૦**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** પદ્મપ્રભુ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ પ્રાર્થનામાં ભક્તોએ પરમાત્માના નામનો મહિમા બતાવ્યો છે. આત્માની ઉન્નતિ સાધવાનું સર્વોત્કૃષ્ટ સાધન તરીકે ભક્તોએ પરમાત્માનું નામસંકીર્તન બતાવેલ છે. એક દૃષ્ટિએ જુઓ તો પરમાત્માનાં નામો અનંત છે અને બીજી દૃષ્ટિએ જુઓ તો તેમનું કાંઈ નામ જ નથી; કારણ કે તે નામ અને રૂપથી પર છે. પરંતુ આત્મા અપૂર્ણ છે અને આત્માએ અપૂર્ણતામાંથી પૂર્ણતામાં જવું છે એટલા માટે તેને નામના આધારની આવશ્યકતા રહે છે.

પરમાત્માના નામમાં શું ગુણ રહેલો છે અને પરમાત્માનું નામ લેનારને કયા ગુણનો લાભ થાય છે એ વાતને પૂરી રીતે બતાવવા માટે સમયની વિશેષ આવશ્યકતા રહે છે, એટલા માટે સંક્ષેપમાં એ વિષે એટલું જ કહેવાનું છે કે, પરમાત્માનું સાચા હૃદયથી નામ લેવામાં આવે તો બધાં કામો પાર પડે છે. જે પતિતથી પતિત છે તે પણ પરમાત્માનું નામ લઈ પાવન બની શકે છે. બધાં દાર્શનિકો એ વાતનો સ્વીકાર કરે છે કે, પરમાત્માનું

નામ પતિતપાવન છે. જો વાત કેવળ ઉપરથી કહેવામાં આવેલી ન હોય પણ હૃદયથી કહેવામાં આવી હોય તો પરમાત્માનું નામ પતિતપાવન છે તો પછી પતિતો તરફ ઘૃણા કેમ કરી શકાય ? હા, પતિતોને એવું આશ્વાસન તો આપી શકાય કે, ભાઈ ! તમારે હવે ગભરાવાની જરૂર નથી. તમે પરમાત્માના નામની છાયામાં આવી જાઓ તો તમે પણ પાવન થઈ શકો છો. આ પ્રમાણે પતિતોને આશ્વાસન તો આપી શકાય પણ તેમના તરફ ઘૃણાભાવ તો બતાવી ન શકાય. પરમાત્માનું નામ જો સાચા હૃદયથી લેવામાં ન આવે પણ કેવળ લોકોને બતાવવા માટે જ પરમાત્માનું નામ લેવામાં આવતું હોય તો તો એ વાત જુદી છે નહિ તો પરમાત્માના નામમાં સારામાં સારી શક્તિ રહેલી છે.

પરમાત્માના નામમાં ઘણી શક્તિ રહેલી છે, પરંતુ પરમાત્માનું નામ લઈ શું કરવું ? અને પરમાત્માનું નામ ક્યા ઉદ્દેશે લેવું એ પણ જુઓ. ભમરો પહેલાં ફુલને જોતો નથી કિન્તુ તેની સુગંધથી જ ફુલનો પત્તો મેળવે છે અને એ સુગંધના આધારે જ ફુલની પાસે પહોંચી શકે છે. ફુલની પાસે પહોંચવા છતાં પણ તે ફુલને તોડતો નથી પણ તેની સુગંધ લઈ તૃપ્ત થાય છે. આ જ પ્રમાણે ભક્તો સંસારમાં ફેલાએલી પરમાત્માની શક્તિને પરમાત્મારૂપ ફુલની સુગંધ માની તેના આધારે પરમાત્માની સમીપ પહોંચે છે, છતાં તેઓ એમ ચાહતા નથી કે, હે ! પ્રભો ! તારી શક્તિ મને આપે તો હું આમ કરું, તેમ કરું; પણ તેઓ પરમાત્મા પ્રત્યે એ જ પ્રાર્થના કરે છે કે, હે ! પ્રભો ! મારામાં એવી શક્તિ પ્રગટે કે, જે પ્રમાણે ભમરો ફુલની સુગંધમાં મસ્ત રહે છે તે જ પ્રમાણે હું પણ તારા નામનું સંકીર્તન કરવામાં મસ્ત રહું.'

સાચા ભક્તો પરમાત્મા પાસે આ જ ચાહે છે. બીજી બાજુ કેટલાક લોકો એવા પણ હોય છે કે જેઓ એમ કહે છે કે, અમે પરમાત્માનું નામ લેતાં લેતાં દુર્બલ થઈ ગયા છતાં પણ અમારી ઉન્નતિ ન થઈ. તમે તો પરમાત્માના નામમાં બધી શક્તિઓ હોવાનું કહો છો પણ પરમાત્માનું નામ લેનારાઓમાં અને ધર્મને નામે જેવો ઢોંગ ચાલે છે તેવો ઢોંગ બીજે ક્યાંય ચાલતો નથી. તો પછી અમે પરમાત્માના વિષે આપની કહેલી વાત ઉપર વિશ્વાસ કેમ કરી શકીએ ? અને જ્યારે અમારું હૃદય જ ધર્મ કે પરમાત્માના નામ વિષે આટલું વિરુદ્ધ છે ત્યારે અમને પરમાત્માનું નામસંકીર્તન કરવા માટે જ ઉપદેશ આપવો એ તો બળતા હૃદયમાં ઘી હોમવા સમાન છે.

જે લોકો આ પ્રમાણે કહે છે તે લોકોને એટલું જ કહેવાનું છે કે, "તમે જે ખરાબીને માટે કહી રહ્યા છો તે ખરાબી પરમાત્માના નામથી થવા પામી નથી પરંતુ તે ખરાબી સ્વાર્થી અને ઢોંગી લોકોને કારણે જ પેદા થવા પામી છે." તે લોકો પ્રગટમાં તો પરમાત્માનું નામ લે છે પણ તેઓ શા માટે પરમાત્માનું નામ લે છે તે જુઓ. કહેવત છે કે:—

રામ નામ સબ કોઇ કહે, ઠગ ઠાકુર ઔર ચોર,
ધ્રુવ પ્રહ્‌લાદ જાસોં તરે, વોહ નામ કુછ ઔર.

સાધારણ રીતે ચોર પણ પરમાત્માનું નામ લે છે પણ શા માટે ! એટલા માટે કે, ઘરમાં લોકો તે ઘસઘસાટ સૂતા રહે અને હું સારીરીતે ચોરી કરી શકું. દુકાનદારો દુકાન ખોલતી વખતે પરમાત્માનું નામ લે છે પરંતુ શા માટે ? એટલા માટે કે ' હે ! પરમાત્મા !

એવો આંખનો આંધળો અને માલતુજાર મોકલ કે જેથી અમને ખૂબ માલ મળી જાય ! આ પ્રમાણે અનેક લોકો પરમાત્માનું નામ લે છે પણ પોતપોતાના સ્વાર્થની ખાતર. આવા સ્વાર્થી લોકોના કારણે જ પરમાત્માના નામસ્મરણ વિષે ઊલટી વાતો કરવામાં આવે છે પરંતુ સાચા ભક્તજનો પરમાત્માનું નામ પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે લેતા નથી પરંતુ એટલા માટે લે છે કે:—

'પાપ પરાલ કો પૂંજ બન્યો અતિ માન હુ મેરુ અપારો;
સો તુમ નામ હુતાશન સેતી સહજહિં પ્રજ્વલત સારો.'

સાચા ભક્તજનો પોતાનાં પાપોને નષ્ટ કરવા માટે પરમાત્માનું નામ લે છે. તેઓ પોતાના પાપોનું પોષણ કરવા માટે પરમાત્માનું નામ લેતા નથી. પાપનું પોષણ કરવા માટે પરમાત્માનું નામ લેનારની કે ધર્મનો ઢોંગ કરનારની બધા લોકોએ નિંદા કરેલ છે. તુલસીદાસજીએ એવું નિંદ્ય કામ કરનારને ઉપાલંભ આપતાં કહ્યું છે કે: —

જે જન્મે કલિકાલ કરાલા, કરતબ વાયસ મેષ મરાલા;
વંચક ભક્ત કહાઈ રામ કે, કિંકર કંચન કોહ કામ કે.

તુલસીદાસજી કહે છે કે, કલિયુગમાં એવા ઠગ લોકો જન્મ્યા છે કે જેઓ કામો તો કાગડાનાં કરે છે પણ વેશ તો હંસનો રાખે છે. તે ઠગ લોકો પોતાને ભગવાનના ભક્ત કહેવડાવે છે પરંતુ વાસ્તવમાં તેઓ કનક-કામિની અને કામક્રોધના દાસ હોય છે.

મતલબ કે, આવા લોકોને કારણે જ પરમાત્માના નામ વિષે વિસંવાદ થવા પામ્યો છે પણ એમાં પરમાત્માના નામનો શો દોષ ? એ દોષ તો નામ લેનારાઓનો છે કે જેઓ ઉપરથી તો પરમાત્માનું નામ લે છે પણ હૃદયમાં કોઈ બીજા જ પ્રકારનો ભાવ રાખે છે. પરમાત્માનું નામ પાપનું પોષણ કરવા માટે લેવાનું સમર્થન કોઈ પણ કરતું નથી. જે પાપનું પોષણ કરવામાં પરમાત્માના નામનો દુરૂપયોગ કરે છે તેની બધા લોકો નિંદા કરે છે. જે શાસ્ત્રો ઉપર તમારો, અમારો અને બધા આસ્તિકોનો વિશ્વાસ છે તે શાસ્ત્રોનાં પ્રમાણો પણ આ વિષે આપી શકાય એમ છે.

## અનાથી મુનિનો અધિકાર—૬૧

અનાથી મુનિ પણ રાજા શ્રેણિકની સામે એવા લોકોની નિંદા કરી રહ્યા છે કે જેઓ પરમાત્માના નામે કે ધર્મના નામે ખરાબ કામો કરે છે અને ખરાબ કામો કરવા છતાં પણ સંસારમાં પોતાને સાધુ કહેવડાવે છે. સંસારમાં સારા અને ખરાબ એમ બંનેય પ્રકારના લોકો હોય છે. હજારો વર્ષ પહેલાં પણ એવા લોકો હતા કે જેઓ સાધુતાના નામે અસાધુતાનાં કામો કરતા હતા. પણ એવા કાયર લોકોને કારણે સાધુ માત્રની નિંદા કરવી કે સાધુ માત્રને ખરાબ કહેવા એ અનુચિત છે. શાસ્ત્ર કહે છે કે, આ સંસાર સાધુઓને કારણે જ શાંતિ ભોગવી રહ્યો છે. જ્યારે સાધુઓ આ સંસારમાં નહિ હોય ત્યારે આ પૃથ્વી લાલ ગોળાની માફક તપીને લાલચોળ થઈ જશે અને તે વખતે આ પૃથ્વી ઉપર રહેવું બહુ મુશ્કેલ થઈ જશે. ભગવાને કહ્યું છે કે, આ પંચમકાલના અંતમાં જ્યાંસુધી એક પણ સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા રહેશે ત્યાંસુધી શાંતિ રહેશે. આ પ્રમાણે ધર્મને કારણે જ શાંતિ મળી રહી છે. ધર્મને નામે ઢોંગ ચલાવનાર લોકોને કારણે ધર્મની નિંદા કરવી એ ઉચિત નથી.

સાધુતાના નામે અસાધુતાનાં કામો કરનાર લોકોનું વર્ણન કરતાં અનાથી મુનિ કહે છે કેઃ—

**निरट्ठिया नग्गरुई उ तस्स, जे उत्तमट्ठं विवज्जासमेइ ।**
**इमे वि से नत्थि परे वि लोए, दुहओ वि से झिज्झइ तत्थ लोए ॥ ४९ ॥**

હે ! રાજન્ ! જે ઉત્તમાર્થનો વિપરીતાર્થ કરે છે, જે જ્ઞાન, દર્શન અને ચારિત્રને જે વિપરીત સમજે છે અને તેના પ્રતિ અરુચિ રાખે છે, તેનો વેશ પહેરવો કે ઉઘાડે પગે ચાલવું, કેશલુંચન કરવું વગેરે બધાં કષ્ટો વ્યર્થ જાય છે; કારણ કે, તેણે જે ઉત્તમઅર્થથી વેશ લીધો હોય છે તે ઉત્તમ અર્થને જ નષ્ટ કરે છે અને એટલા જ માટે તેનાં બધાં કષ્ટો વ્યર્થ જાય છે. તેનો આ લોક પણ વ્યર્થ જાય છે અને પરલોક પણ વ્યર્થ જાય છે. તે આ લોક અને પરલોક બંનેમાં દુઃખ પામે છે.

સાધુવેશ ધારણ કરીને પણ અસાધુતાનું કામ કરનાર લોકોને માટે હું જ આમ કહું છું એમ નથી પરંતુ શાસ્ત્ર પણ એમ જ કહે છે. અને શાસ્ત્રમાં કહેલી એ વાત પ્રમાણે ભગવાન મહાવીરની પરંપરાના બધા લોકો એમ માનતા આવ્યા છે. બધા લોકો એ વાતનો સ્વીકાર કરે છે કે જે ઉત્તમાર્થને નષ્ટ કરે છે તેનો વેશ ધારણ કરવો કે કષ્ટોને સહેવાં એ બધું નકામું છે.

ઉત્તમાર્થ એટલે શું એ વિષે હવે વિચાર કરીએ. ઉત્તમાર્થનો અર્થ સમજમાં આવવાથી સ્થૂલતામાંથી સૂક્ષ્મમાં જઈ શકાય છે અને ભૌતિકતામાંથી આધ્યાત્મિકતામાં જઈ શકાય છે. સાધારણ રીતે આ ભૌતિક સંસારને વ્યર્થ કહેવામાં આવે છે પણ ભૌતિકતા અને આધ્યાત્મિકતા વચ્ચે સંબંધ રહેલો છે અર્થાત્ ભૌતિક સંસાર અને આધ્યાત્મિક સંસાર પરસ્પર સંબંધિત હોવાથી ભૌતિક સંસાર વ્યર્થ નથી.

આજના કેટલાક લોકોએ આધ્યાત્મિકતાને એક એવી ચીજ સમજી લીધી છે કે જે સમજમાં આવી શકતી ન હોય. અર્થાત્ જે વાત સમજવામાં ન આવે તેનું નામ આધ્યાત્મિકતા આપી દીધું છે. એકવાર યુનિવર્સીટીના છાત્રોએ પોતાના પ્રોફેસરને પૂછ્યું કે, આધ્યાત્મિકતા કોને કહેવાય ? ત્યારે પ્રોફેસરે જવાબ આપ્યો કે, મોહન અને સોહન વાત કરતા હોય તેમાં મોહનની વાત સોહન ન સમજે અને સોહનની વાત મોહન ન સમજે એનું જ નામ આધ્યાત્મિકતા છે. આ પ્રમાણે જે સમજવામાં ન આવે તેને આધ્યાત્મવાદ માનવામાં આવે છે પણ એમ માનવું એ ભૂલ છે. આધ્યાત્મવાદ ઘણો જ સરલ છે. જે બધાની સમજમાં આવી શકે છે. ભૌતિકવાદ અને આધ્યાત્મવાદનો જો કે પરસ્પર સંબંધ છે, પરંતુ ભૌતિકવાદને ધ્યેય બનાવવું ન જોઈએ; કારણ કે એને ધ્યેય બનાવવાથી જ આ બધી ગડબડ ઊભી થવા પામી છે. ભૌતિકવાદની સહાયતા લીધા વિના આધ્યાત્મિકવાદને સમજી પણ શકાતો નથી. ઉદાહરણ તરીકે તમે આત્માને શરીરદ્વારા જ જાણી શકો છો. શરીર વિના આત્માને ઓળખી શકતા નથી. આ પ્રમાણે આધ્યાત્મવાદનો પરિચય કરાવનાર ભૌતિકવાદ જ છે પણ કેવળ ભૌતિકવાદને જ પકડી ન બેસતાં આધ્યાત્મવાદને આધારે ભૌતિકવાદ છે કે ભૌતિકવાદને આધારે આધ્યાત્મવાદ છે એ જોવું જોઈએ. સ્થૂલના આધારે સૂક્ષ્મ છે કે સૂક્ષ્મના આધારે સ્થૂલ છે ! કોણ કોના આધારે રહેલ છે ! તે જોવું જોઈએ. જે જોઈ શકાય છે, જેને રૂપ, રંગ, વજન આદિ છે તે સ્થૂલ કહેવાય છે અને જે જોઈ શકાતું નથી તથા જેને રૂપ, રંગ, વજન આદિ નથી તે સૂક્ષ્મ કહેવાય છે. આ સંસાર આ બન્નેમાંથી કોના આધારે ટકી રહ્યો છે ? આના માટે તમે તમારું શરીર જ જુઓ.

તમારા શરીરના બે ભાગ છે. એક તો સ્થૂલ ભાગ છે અને બીજો સૂક્ષ્મ ભાગ છે. રક્ત–માંસ વગેરે જે જોઈ શકાય છે તે સ્થૂલ ભાગ છે અને જે શ્વાસ જોવામાં આવતો નથી તે સૂક્ષ્મ ભાગ છે. હવે એ જુઓ કે, આ શરીર સ્થૂલ ભાગના આધારે ટકી રહ્યું છે કે સૂક્ષ્મ ભાગના આધારે ? શ્વાસના આધારે રક્ત-માંસાદિ શરીર છે કે રક્ત-માંસાદિ શરીરના આધારે શ્વાસ છે ? તમે લોકો એ વાતને સારી રીતે જાણો છો અને કહો પણ છો કેઃ—

'જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ.'

આ પ્રમાણે જ્યાંસુધી આ શરીરમાં શ્વાસ હોય છે ત્યાંસુધી આ શરીરને ભાઈ પણ ઘરમાં રાખવા દે છે પણ શ્વાસ નીકળી જતાં ભાઈ પણ કહેવા લાગે છે કે, આ શરીરને જલ્દી બહાર કાઢો. આ પ્રમાણે સંસારમાં શ્વાસની જ સગાઈ છે અને એ શ્વાસ સૂક્ષ્મ છે.

શાસ્ત્રો શ્વાસને સૂક્ષ્મ કહી અટકી જતાં નથી પરંતુ એમ કહે છે કે, આ સૂક્ષ્મ શ્વાસ પણ સ્વતંત્ર નથી. એ શ્વાસ પ્રાણ છે પણ તે પ્રાણીનો પ્રાણ છે. એટલા માટે એ જુઓ કે, એ શ્વાસ પ્રાણને ધારણ કરનાર પ્રાણી કોણ છે ? આ શ્વાસ પ્રાણને શક્તિ આપનાર કોણ છે ? કોઈ એમ કહે છે કે હું ચાહું તો શ્વાસને જલ્દી જલ્દી લઈ શકું છું; અને હું ચાહું તો શ્વાસને રોકી પણ શકું છું. આ પ્રમાણે શ્વાસને જલ્દી લેનાર અને રોકનાર કોણ છે ? શ્વાસમાં જેની શક્તિ છે અને જે જલ્દી શ્વાસને લઈ શકે છે, તથા રોકી શકે છે તે જ આત્મા છે અને તે પણ સૂક્ષ્મ છે. તે શ્વાસથી પણ વધારે સૂક્ષ્મ છે, તે જોવામાં આવતો નથી. જો તે જોવામાં આવી શકતો હોત તો તે નાશવાન થઈ જાત. જે જોવામાં આવે છે તે તો નાશવાન છે. આ ઉપરથી તમે એવો વિશ્વાસ કરો કે, આત્માની ઉપસ્થિતિમાં જ બધું છે; અને આ સૂક્ષ્મ આત્માના રહેવાથી જ આ સ્થૂલ શરીર ટકેલું છે. સૂક્ષ્મ આત્માના અભાવમાં આ સ્થૂલ શરીર પણ ટકી શકતું નથી પણ નષ્ટ થઈ જાય છે. આત્માના રહેવાથી તો આ શરીર સો વર્ષ સુધી ટકી રહે છે પરંતુ આત્મા ન રહેવાથી આ શરીર થોડા દિવસ પણ ટકી શકતું નથી. આ શરીર જેનું કાર્ય છે તે કારણભૂત આત્માને જુઓ અને એમ માનો કે, સ્થૂલ અને સૂક્ષ્મ બન્નેની આવશ્યકતા છે પણ ધ્યેય સ્થૂલનું નહિ પણ સૂક્ષ્મનું જ છે; કારણ કે સ્થૂલના આધારે સૂક્ષ્મ નથી પરંતુ સૂક્ષ્મના આધારે સ્થૂલ છે. આ પ્રમાણે આધ્યાત્મવાદને સમજવો એ કાંઈ મુશ્કેલ નથી.

જે આત્માના રહેવાથી જ સ્થૂલ સંસાર ચાલી રહ્યો છે એ આત્માને ઓળખવો એ જ ઉત્તમ અર્થ છે. જે ઇન્દ્રિયોના મોહમાં પડી જાય છે અને આત્માને ભૂલી જાય છે તે ઉત્તમાર્થને નષ્ટ કરે છે. કહેવત છે કે, ગયા તો કમાવા પણ પોતાની પૂંજી ગુમાવી આવ્યા. અથવા કરવા ગયા સીધું તો થઈ ગયું ઊલટું. આમ કરવું તે વિપરીત કૃત્ય છે. વિપરીત કૃત્ય કરવું એટલે ઉત્તમાર્થને નષ્ટ કરવો. આ જ પ્રમાણે અનાથી મુનિ કહે છે કે, " હે ! મુનિઓ ! તમે ઉત્તમાર્થને પ્રાપ્ત કરવા માટે સાધુવ્રત ધારણ કર્યું પણ તમે સંસારની ઝંઝટમાં પડી જઈ એ ઉત્તમાર્થને નષ્ટ કરી રહ્યા છો. શું તમે સાધુપણું ઉત્તમાર્થને નષ્ટ કરવા માટે લીધું છે ? ".

કોઈ પણ સાધુને એમ પૂછવામાં આવે કે, શું તમે ભોગોપભોગ માટે સાધુપણું લીધું છે ? તો શું કોઈ સાધુ એમ કહેશે ખરા કે, અમે ભોગોપભોગ માટે સાધુપણું લીધું છે ! કોઈ એમ તો કદાચ કહેશે કે, અમારાથી સાધુપણું પાળી શકાતું નથી પરંતુ એમ તો કોઈ નહિ

કહે કે, અમે સાધુપણું ભોગોપભોગ માટે ધારણ કર્યું છે. આમ હોવા છતાં પણ કેટલાક લોકો અંદરખાનેથી તો ઉત્તમાર્થને નષ્ટ કરે છે અને ઉપરથી આ ઉત્તમાર્થને સાધવાનો ઢોંગ કરે છે. આવા લોકો આ લોકના પણ રહેતા નથી અને પરલોકના પણ રહેતા નથી. તમે કહેશો કે, એ લોકો આ લોકના કેમ રહેતા નથી? તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, ગૃહસ્થ લોકો આ સંસારને જે પ્રમાણે સાધી શકે છે તે પ્રમાણે તે સાધુવેશધારી તો સાધી શકતો નથી. જેમકે, તમે લોકો તમારા શોખ માટે પીત્તળનાં કે ચાંદીનાં વાસણો પણ રાખી શકો છો પરંતુ તે એવાં વાસણો રાખી શકતો નથી. તે તો લાકડાનાં, માટીનાં કે તુંબડાનાં જ વાસણો રાખી શકે છે. છતાં પીત્તળનાં કે ચાંદીના વાસણો પ્રત્યે મમત્વ રાખે તો તેનો આ લોક પણ ક્યાં રહ્યો? તેનો આ લોકનો શોખ પણ પૂરો ન થયો અને તેનો પરલોકનો શોખ પણ પૂરો ન થયો. બલ્કિ એનું કાર્ય તો એના જેવું થયું કે, કોઈ ભીલડી જંગલમાં હાથીના મસ્તકમાંથી નીકળેલું મોતી પામીને પણ તેને કાંકરો માની ફેંકી દે અથવા કોઈને જંગલમાં બાવના ચંદનનું લાકડું મળ્યું પણ તે ચંદનના લાકડાને બાળીને ભોજન બનાવે તો એ જેમ ભયંકર ભૂલ ગણાય છે તેમ જે ઉત્તમાર્થને પામીને પણ સંસારનાં કામોમાં તેને નષ્ટ કરી દે છે તે સાધુ પણ એવી જ ભયંકર ભૂલ કરે છે. તે સાધુ ઉત્તમાર્થને નષ્ટ કરી આ લોકને પણ ગુમાવે છે અને પરલોકને પણ ગુમાવે છે. તમે લોકો ઇચ્છાનુસાર રંગીન કપડાં પહેરી શકો છો પરંતુ સાધુઓ સફેદ જ પહેરી શકે છે, છતાં એ તે સફેદને પણ સજાવે અર્થાત્ તેની દ્વારા પોતાનો શોખ પૂરો કરવા ચાહે અને સંસારની મોજ માણવા ચાહે તો તેણે ઉત્તમાર્થને પણ નષ્ટ કર્યો અને છતાં તેનો સંસારનો શોખ પણ પૂરો ન થયો. આ પ્રમાણે જ્યારે તે ઉત્તમાર્થને નષ્ટ કરી દે છે, ત્યારે તેનો આ લોક અને પરલોક બન્ને બગડે છે. એ તો એના જેવું બને છે કે:—

ન ખુદા હી મિલા ન વિશાલે સનમ;
ન ઇધર કે રહે ન ઉધર કે સનમ.

તેણે તો સાધુપણું પણ પાળ્યું નહિ અને આ લોકનો પણ રહ્યો નહિ. આ પ્રકારના કાર્યથી સાધુ લોકો દૂર રહે એવી સાવચેતી આપવા માટે જ અનાથી મુનિ આમ કહે છે. તેમને કોઈના પ્રતિ દ્વેષ નથી; પણ તેઓ સાધુઓનું હિત દૃષ્ટિમાં રાખી તેમને કહે છે કે, 'હે! મુનિઓ! તમે આવો ઉત્તમ અર્થ પ્રાપ્ત કરીને પણ જો પાછા સંસારની ઝંઝટોમાં પડી જશો તો તમે ત્યાં ક્યાંયના નહિ રહો.'

આ તો સાધુઓની વાત થઈ; પણ તમે લોકો પણ તમારા વિષે જુઓ કે, તમે પણ ઉત્તમાર્થને નષ્ટ તો નથી કરતા ને? કોઈ સાધુ જો ઉત્તમાર્થને નષ્ટ કરવા લાગે તો તેમને માટે તો તમે એમ કહેવા લાગશો કે, એ બહુ જ ખરાબ કરે છે; પણ તમે તમારા શ્રાવકપણા વિષે પણ જુઓ કે, તેમાં તો કાંઈ ખરાબી પેસી ગઈ નથી ને? જો તમે તમારા શ્રાવકવ્રતમાં દૃઢ રહો તો પછી તમારી સામે કોઈ સાધુ આ પ્રકારનો ઢોંગ ચલાવી શકે નહિ પણ તમે લોકો કેવળ બીજાઓને જ જુઓ છો, પોતાને જોતા નથી કે, અમે શ્રાવક થઈને પણ શું કરી રહ્યા છીએ અને ઉત્તમાર્થને કેવી રીતે નષ્ટ કરી રહ્યા છીએ! તમે શ્રાવકો જો ચરબી લાગેલાં કપડાં ન પહેરો તો શું તમારા શ્રાવકપણામાં કાંઈ ખામી આવી જાય! જો નહિ તો પછી તમે તમારા માટે એમ શા માટે વિચારતા નથી કે, અમે તુચ્છ

ખાન-પાન તથા પહેરવેશમાં ઉત્તમાર્થને કેવી રીતે નષ્ટ કરી રહ્યા છીએ ! એક ભાઈએ મને કહ્યું હતું કે, અહીં શાહુકારોને ત્યાં વિવાહમાં ચારસો-પાંચસો રૂપીયાના રેશમી કપડાં લાવવામાં આવે છે. હું એમ નથી કહેતો કે તમે લોકો ગરીબોને ભિખારી બનાવો પણ તમારી આ રૂઢિને કારણે ગરીબોને કેવી રીતે તણાવવું પડે છે એ જુઓ. જો તમે આ પ્રકારની રૂઢિઓને મટાડી દો તો શું ગરીબો ઉપર દયા ન થાય ? આ જ પ્રમાણે વરવિક્રય વિષે પણ વિચારો. મને એમ કહેવામાં આવે છે કે, અહીં કોઈ એકાદ-બે માણસો વરના પૈસા લેતા હશે પરંતુ તેમને કારણે આખા રાજકોટને બદનામ કેમ કરવામાં આવે છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, અહીં જો એક-બે ઘરમાં જ આગ લાગી હોય તો શું એમ ન કહેવાય કે, રાજકોટમાં આગ લાગી છે ! શું એમ કહેવું એ અપમાનજનક છે ! આને કોઈ અપમાન માની શકે નહિ પણ હિત જ માને. આ જ પ્રમાણે ભલે એક જ માણસ વરવિક્રય કરતા હોય પણ એને કારણે આખા શહેરને ઉપાલંભ મળતો હોય તો તેમાં અપમાન નથી. જો કોઈ વરવિક્રય જ કરતું ન હોય તો રાજકોટમાં કોઈ વરના પૈસા લેતું નથી એમ ન કહેવાત ? બલ્કિ રાજકોટનું ઉદાહરણ લઈ બીજે સ્થળે પણ એમ કહી શકાત કે, રાજકોટમાં કોઈ વરવિક્રય કરતું નથી. આ જ પ્રમાણે રેશમી કપડાં કેવી રીતે બને છે અને તે ઉત્તમાર્થને કેવી રીતે નષ્ટ કરે છે એનો ઊંડો વિચાર કરી તેનો પણ ત્યાગ કરો.

## સુદર્શન ચરિત્ર—૬૧

અભયા વ્યંતરી દેવી થઈ પણ વાસ્તવમાં તેનું પતન થયું. જે કામ મનુષ્ય કરી શકે છે તે કામ દેવો પણ કરી શકતા નથી; બલ્કિ દેવદેવી તો મનુષ્યના દાસ છે. દેવદેવી મનુષ્યનાં હાડકાં-ચામડાનાં દાસ નથી પણ મનુષ્યોનાં ગુણોના દાસ છે. અને આ જ કારણે આઠમા દેવલોકના દેવો પણ એમ ચાહે છે કે, 'અમે જ્યારે દેવલોકમાંથી ચવીએ ત્યારે શ્રાવકના ઘરમાં જન્મીએ. શ્રાવકના ઘરમાં જન્મવાથી અમને સહજ જ ધર્મની પ્રાપ્તિ થશે.'

શ્રાવકને ઘેર જન્મેલાને ધર્મની પ્રાપ્તિ સહજ જ કેમ થાય છે ! એ વાત પ્રત્યક્ષ જ જણાય છે. આજે પણ કોઈ શ્રાવકને ત્યાં જન્મેલાને લાખો રૂપિયા આપી માંસ-મદિરા ખાવાનું કહેવામાં આવે તો પણ માંસ-મદિરાને ખાશે નહિ. કોઈ કુસંગમાં પડી ગયો હોય અને તેનો આચાર વિચાર બગડી ગયો હોય તો તે વાત જુદી છે બાકી જે શ્રાવક કુસંગમાં પડ્યો નથી તે તો એવા અભક્ષ્યનો સ્પર્શ પણ નહિ કરે. તમારે રૂપિયાની અત્યાવશ્યકતા પણ હોય એ અવસ્થામાં તમને કોઈ હજારે રૂપિયા આપીને કીડી મારવાનું કહે તો તમે એવું પાપ કરવા માટે તૈયાર ન થાઓ. આ કુલપરંપરાનો જ પ્રતાપ છે. પણ આજે આ પ્રકારની કુલપરંપરાને કુરૂઢિઓનો રોગ લાગુ પડી ગયો છે. પરંતુ આઠમા દેવલોકના દેવો પણ એમ ચાહે છે કે અમે શ્રાવકના ઘેર જન્મીએ પણ જેમના ઘરમાં ધર્મ નથી એવા ચક્રવર્તીને ત્યાં પણ અમારો જન્મ ન થાય. જે લોકો આ મનુષ્યજન્મની મહત્તા સમજે છે તે લોકો તો મનુષ્યજન્મની પ્રશંસા કરે છે અને કોઈ એવા પણ લોકો હોય છે કે જેઓ મનુષ્યની નિંદા પણ કરે છે. આ વિષે કુરાનમાં કહ્યું છે કે, ખુદાએ ફરિશ્તાઓને મનુષ્યોની બંદગી કરવાનું કહ્યું પણ એક ફરિશ્તાએ ખુદાનો આ હુકમ માન્યો નહિ. તેણે ખુદાને કહ્યું કે, "અમે પાક છીએ અને ઇન્સાન નાપાક છે. તે ખાકમાંથી બનેલો છે." આ પ્રમાણે કહી

તેણે ખુદાનો હુકમ માન્યો નહિ. ત્યારે ખુદાએ તેને ધમકાવ્યો અને તે શેતાન બની ગયો. આ કથનનો સાર માત્ર એટલો જ છે કે, ધર્મનું મહત્ત્વ જાણનાર દેવો પણ મનુષ્યને નમસ્કાર કરે છે. જે ધર્મનું મહત્ત્વ જાણે છે તે દેવો પણ મનુષ્યજન્મની પ્રશંસા કરે છે પરંતુ જે દેવો ધર્મનું મહત્ત્વ જાણતા નથી તેઓ મનુષ્યજન્મની નિંદા કરે છે. જે ધર્મને સમજીને ધર્મને કારણે મનુષ્યોને માથું નમાવે છે તેને તો શાસ્ત્ર પણ દેવ કહે છે પણ જે ધર્મનું મહત્ત્વ જાણતો નથી પણ ધર્મનો દ્રોહ કરે છે, શાસ્ત્ર તેને પિશાચ કહે છે.

આ પ્રમાણે અભયાનું પતન થયું. તે વ્યન્તરી થઈ, પિશાચિની થઈ. તેણીએ સુદર્શન મુનિને ધ્યાનમાંથી વિચલિત કરવાનો નિશ્ચય કર્યો. અને એને માટે તેણીએ વિચાર્યું કે, પહેલાં 'મીઠા વિષ'ની જેવો અનુકૂલ પરિષહ આપવો.

કટુ વિષથી બચવું તો સરલ છે પણ મીઠા વિષથી બચવું બહુ જ મુશ્કેલ છે. એટલા માટે વ્યન્તરીએ અનુકૂલ પરિષહ આપવા માટે એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. અને સુદર્શનની પાસે જઈ તે નમ્રતાપૂર્વક કહેવા લાગી કે, 'તમારું તપ ફળ્યું છે. તમે જે સુખને માટે તપઃસાધના કરો છો તે સુખ આપવા માટે હું તમારી સામે હાજર થઈ છું, માટે તમે મારો સ્વીકાર કરો.

આ પ્રમાણે કહીને વ્યન્તરી સ્ત્રીઓના હાવભાવ બતાવવા લાગી અને સુદર્શનને ડગાવવાનો પ્રયત્ન કરવા લાગી; પણ સુદર્શન તો પહેલાંની માફક જ ધ્યાનમાં અડોલ રહ્યા. સુદર્શન મુનિ ધ્યાનમાં વિચારતા હતા કે, આ માતા સત્ય કહી રહી છે. મારી તપઃસાધના ત્યારે જ સફળ થાય કે જ્યારે હું કામ-ક્રોધને જીતી લઉં. જ્યાંસુધી હું કામ-ક્રોધને જીતી ન શકું, ત્યાંસુધી મારી તપઃસાધના સફળ થઈ કહેવાય નહિ. આ પ્રમાણે વિચાર કરતાં કરતાં સુદર્શન મુનિ ધ્યાનમાં વધારે મશગૂલ થઈ ગયા અને વિચારવા લાગ્યા કે, "મેં ગ્રામ નગરનો તો ત્યાગ કર્યો છે પણ આ જંગલમાં પણ મારી પરીક્ષા થવાની બાકી છે. મારી પરીક્ષાનો સાચો સમય તો આ જ છે. આ માતા મારી કાંઈ હાનિ કરતી નથી તેમ કરી પણ ન શકે. હાનિ કે લાભ તો પોતાનો આત્મા જ કરી શકે છે. જ્યારે હું મારા આત્માને જ પતિત થવા નહિ દઉં તો પછી આ માતા મારું શું કરી શકશે ? હું જંગલમાં રહેવા લાગ્યો છું પણ મારે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે, કેવલ અરણ્યવાસથી કાંઈ થઈ શકતું નથી. જે કાંઈ થાય છે તે આત્મતત્ત્વને જાણવાથી જ થાય છે. જંગલમાં રહેવા છતાં પણ જો આત્મતત્ત્વને ન જાણ્યું તો જંગલમાં રહેવું નકામું છે."

અભયા વ્યન્તરી હાવભાવ બતાવતી હતી પણ જ્યારે તેણીએ જોયું કે, તે મુનિ તો અડોલ ધ્યાનમાં બેઠા હતા. આ જોઈ વ્યન્તરી કહેવા લાગી કે, 'આ કેવો પત્થર જેવો છે ! તે તો મારા સામું જોતો પણ નથી અને એ રીતે તે મારા રૂપયૌવનનું પણ અપમાન કરે છે. આમ તે સીધી રીતે નહિ માને એને તો બીજી જ રીતે મનાવવો પડશે.'

આ પ્રમાણે વિચાર કરી વ્યન્તરીએ ભયંકર પિશાચિનીનું રૂપ ધારણ કર્યું. તે હાથમાં તલવાર લઈ અને જીભને બહાર કાઢી સુદર્શન મુનિને કહેવા લાગી કે, હે ! અપથ્યપ્રાર્થી ! તું આ ખોટો ઢોંગ કરી બેઠો છે અને મારી સામે જોતો પણ નથી. કાં તો તું મારા પગમાં પડ અને હું કહું તેમ કર નહિ તો આ મારી તાતી તલવાર જોઈ લે.

વ્યંતરીનું રાક્ષસી રૂપ જોઈને અને તેનું કઠોર કથન સાંભળીને પણ સુદર્શન મુનિ ધ્યાનમાંથી જરાપણ વિચલિત થયા પણ પહેલાંની માફક જ ધ્યાનમગ્ન થઈ બેસી રહ્યા. તે મનમાં વિચારતા હતા કે, માતા પહેલાં તે રૂપમાં પરીક્ષા કરતી હતી પણ હવે તે આ રૂપમાં મારી પરીક્ષા કરી રહી છે. પહેલાં તેણીએ રાગની પરીક્ષા કરી હતી હવે તે દ્વેષની પરીક્ષા કરી રહી છે. પણ જ્યારે હું રાગની પરીક્ષામાંથી પસાર થઈ ગયો છું તો પછી દ્વેષની પરીક્ષામાંથી પસાર થઈ જવું શું મુશ્કેલ છે! જ્યારે સ્ત્રીઓના નેત્રરૂપ સાગરમાંથી નીકળી ગયો તો આ દ્વેષરૂપ ખાડામાંથી નીકળવું શું મુશ્કેલ છે? તેના નેત્રોની તીક્ષ્ણ ધારમાંથી બચવું પહેલાં જેટલું મુશ્કેલ હતું તેટલું તલવારની ધારમાંથી બચવું મુશ્કેલ નથી. એટલા માટે માતાના પ્રયત્નોથી હું પતિત થઈ શકું એમ નથી. આ માતાની મારા ઉપર કેવી કૃપા છે! આ માતા મારા કલ્યાણને માટે જ કેટલો બધો પ્રયત્ન કરી રહી છે અને તે માટે તેને કેવું કેવું રૂપ ધારણ કરવું પડે છે. જો હું આ પરીક્ષામાં નાપાસ થઈ જાઉં તો એમાં મારું પણ અપમાન છે અને આ માતાનું પણ અપમાન છે.

સુદર્શન મુનિ આ પ્રમાણે ઉજ્જવલ વિચાર કરી આત્માને ઉજ્જવલ બનાવી રહ્યા હતા. વ્યંતરી આખરે પ્રયત્ન કરતી થાકી ગઈ. હવે આગળ શું થાય છે તે વિષે યથાવસરે વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ આસો શુદી ૭ ગુરુવાર

### પ્રાર્થના

'પ્રતિષ્ઠસેન' નરેશ્વરકો સુત, 'પૃથ્વી' તુમ મહતારી;
સુગણ સ્નેહી સાહબ સાચો, સેવકને સુખકારી.
શ્રી જિનરાજ સુપાસ, પૂરો આસ હમારી.

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** સુપાર્શ્વનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ પ્રાર્થનાની કડીઓ સરલ છે એટલા માટે કેવલ તેના ભાવને હૃદયમાં ઉતારવાની જ જરૂર છે. આ પ્રાર્થનામાં કહેવામાં આવેલા ભાવો અનેક પ્રકારે હૃદયમાં ઉતારી શકાય છે. જેમની જેવી ભાવના હશે તે તે રીતે આ પ્રાર્થનાના ભાવોને પોતાના હૃદયમાં ઉતારી શકે છે. છતાં હું મારી પોતાની ભાવના પ્રમાણે આ પ્રાર્થનાના ભાવોને તમારી સમક્ષ પ્રગટ કરું છું. જો મારી ભાવના પ્રમાણે કહેવામાં આવેલા ભાવો તમારી ભાવના સાથે મળી જાય તો તો એ ભાવોને તમે તમારા હૃદયમાં સ્થાન આપો. આ વિષે કોઈના ઉપર બળજબરી કરી શકાય નહિ. જે વાતને જે રૂપમાં જાણી છે તે વાતને તે જ રૂપમાં બીજાની સામે પણ મૂકવી એ ધર્મ છે. પછી આ વાતને સ્વીકારે કે ન સ્વીકારે એ પોતપોતાની મરજી ઉપર

આધાર રાખે છે. આ વિષે કોઈની ઉપર કોઈ પ્રકારની બળજબરી કરવી ઉચિત નથી. પ્રત્યેક વ્યક્તિ સ્વતંત્રરૂપે આ વિષે વિચાર કરી શકે છે. આ પ્રાર્થનામાં કહ્યું છે કે:—

શ્રી જિનરાજ સુપાર્શ્વ, પૂરો આશ હમારી

અર્થાત્—હે ! પ્રભો ! અમારી આશા પૂર્ણ કરો. શું પરમાત્મા આશા પૂરી કરે છે? આ વિષયની ચર્ચા અત્રે કરતો નથી પણ અત્યારે એ વિષે કેવળ એટલું જ કહું છું કે, પ્રત્યેક વસ્તુને સ્યાદ્વાદની દૃષ્ટિએ જુઓ. સ્યાદ્વાદની દૃષ્ટિએ જોવાથી જ પ્રત્યેક વસ્તુ બરાબર જોઈ શકાય છે. નહિ તો કોઈ પણ વસ્તુ બરાબર જાણી કે જોઈ શકાતી નથી. પરમાત્માના કર્તૃત્વ વિષે પણ એમ જ સમજો અને જુઓ કે, પરમાત્મા આશા કેવી રીતે પૂર્ણ કરે છે!

પરમાત્મા પૂર્ણ છે. જે અપૂર્ણ છે તે જ પરમાત્માની પાસે આશા પૂરી કરવાની પ્રાર્થના કરે છે પરંતુ પહેલાં એ જોઈ લેવું જોઈએ કે, આપણી આશા શી છે? પોતાની ઇચ્છાનુસાર વસ્તુની પ્રાપ્તિ થવી એ જ આશાની પૂર્તિ થઈ ગણાય છે પરંતુ પરમાત્મા પાસે એવી આશાની પૂર્તિ કરાવવી ઠીક છે કે નહિ તેનો પહેલાં વિચાર કરો. કોઈ સાંસારિક આશા પૂરી કરવા માટે પરમાત્માની પ્રાર્થના કરવી ઠીક છે કે નહિ તેનો પણ વિચાર કરો. માનો કે, કોઈ માણસ પરમાત્મા પાસે પુત્ર વિષયક આશા પૂરી કરાવવા ચાહે છે પણ તે માણસ પરમાત્મા પાસેથી આ આશા વિવાહ કર્યા બાદ પૂરી કરાવવા ચાહે છે કે પહેલાં? જો તે વિવાહ કર્યા પહેલાં જ પુત્ર વિષયક આશા પૂરી કરાવવા ચાહતો હોય તો તો તે મૂર્ખ જ કહેવાશે. એટલા માટે પુત્રની પ્રાપ્તિ માટે સર્વપ્રથમ તે વિવાહ કરશે અને વિવાહ કર્યા બાદ પુત્રવિષયક તેની આશા પૂરી ન થાય તો પરમાત્મા પાસે પુત્રવિષયક લાલસા પૂરી કરવા માટે પ્રાર્થના કરશે. આવી પ્રાર્થના કરનાર માણસ શું પરમાત્માને ઓળખી શક્યો છે? શું આવી આશા પરમાત્મા પાસે પૂરી કરાવવી યોગ્ય છે? આ પ્રકારની આશા તો જીવ અનાદિ કાળથી કરતો આવ્યો છે પણ આવી આશા કરવાથી આત્મા અને પરમાત્માનો સંબંધ બાંધી શકાતો નથી. આ તો મોહજનિત વ્યવહાર છે.

આ ઉપરથી કદાચ તમે એવો પ્રશ્ન કરશો કે, ત્યારે અમારે પરમાત્મા પાસે કઈ આશાની પૂર્તિ કરાવવા માટે પ્રાર્થના કરવી જોઈએ? આ પ્રશ્નના ઉત્તરમાં ભક્તજનો કહે છે કે:—

મમ હૃદય ભવન પ્રભુ તોરા, તહં આય બસે બહુ ચોરા;
અતિ કઠિન કરહિં બલ જોરા, માન હિં નહીં વિનય નિહોરા.

"હે! પ્રભો! મારી આશા એવી છે કે જે આશાને તારા સિવાય બીજો કોઈ પૂરી કરી શકે એમ નથી. એટલા માટે હું તારા શરણે આવ્યો છું. મારી આશાને તું જ પૂરી કરી શકે એમ છે. પુત્રની આશા તો સ્ત્રી પણ પૂરી કરી શકે છે એટલા માટે એવી આશા તારી પાસે શા માટે કરું? હું તો તારી પાસે એવી આશા કરું છું કે જે આશાને બીજો કોઈ પૂરી કરી શકે એમ નથી. મેં તારું સ્વરૂપ જાણી તને મારા હૃદયમંદિરમાં વસાવ્યા છે અને મારા હૃદયને હું તારું મંદિર સમજવા લાગ્યો છું પણ જ્યારે મેં મારું હૃદય તપાસ્યું ત્યારે મને ઘણું જ દુઃખ થયું. મેં જોયું કે, મારા હૃદયમાં અનેક ચોરો ઘુસી બેસી ગયા છે. તેઓને બહાર કાઢવા બહુ જ મુશ્કેલ જણાય છે કારણ કે તેઓ મારો વિનય પણ માનતા નથી તેમ મારી આજ્ઞા પણ માનતા નથી."

તમ લોભ મોહ અહંકારા, મદ ક્રોહ મોહ રિપુ મારા;
અતિ કરહિં ઉપદ્રવ નાથા, મર્દહિં મોહિં જાનિ અનાથા.

"હે ! પ્રભો ! મારા હૃદયમાં ઘુસી ગએલા ચોરોને તો આપ જાણો જ છો છતાં હું આપને તેમનાં નામ બતાવું છું. એ ચોરોમાં એક તો તમ છે કે જેને અજ્ઞાન પણ કહેવામાં આવે છે. તે અનેક ગુણોનો નાશ કરી નાંખે છે. આ સિવાય મોહ, લોભ, અહંકાર વગેરે પણ ચોરો છે કે જે મારા હૃદયમાં ઘુસી બેસી ગયા છે. મેં એ ચોરોને ખૂબ પ્રાર્થના કરી અને ખૂબ ધમકાવ્યા છતાં તેઓ મારું કહ્યું માનતા નથી. એટલું જ નહિ મને અનાથ સમજીને કચડી નાંખે છે એટલા માટે હે ! પ્રભો ! તું મારા હૃદય તરફ નજર કર કે જેથી તારી નજર પડતાં જ તે ચોરોભાગી જાય."

ભક્તજનો પરમાત્માને આ પ્રકારની આશા પૂરી કરવા માટે પ્રાર્થના કરે છે. હવે તમે તમારા વિષે વિચાર કરો કે, તમે પરમાત્માની પ્રાર્થના કઈ આશાએ કરો છો ? અને પરમાત્મા પાસે કઈ આશા પૂરી કરાવવા ચાહો છો ? આ જ પ્રમાણે સાધુઓની પાસે તમે કઈ ભાવનાએ જાઓ છો ? શાસ્ત્ર કહે છે કે, સાધુની પાસે જતાં પહેલાં ઘરમાંથી નીકળતી વખતે 'નિસ્સહી નિસ્સહી' કરીને અર્થાત્ સંસાર વ્યવહારનો નિષેધ કરી રવાના થવાય છે. ત્યારબાદ રસ્તામાં જતાં આવતાં જે ક્રિયા થાય છે તેનો નિષેધ કરવા માટે સાધુના સ્થાને પહોંચી, ફરી 'નિસ્સહી નિસ્સહી' કરી, સાંસારિક કામની ભાવનાનો નિષેધ કરવામાં આવે છે. અને ત્રીજી વાર સાધુઓની સમીપ જઈ 'નિસ્સહી-નિસ્સહી' કરવાનો ઉદ્દેશ એ છે કે, અત્યાર સુધી હું ગમનાગમનમાં હતો પણ હવે ગમનાગમન આદિ સંસારનાં સમસ્ત કામોનો નિષેધ કરું છું. આ પ્રમાણે સાધુઓની પાસે સંસારનાં બધાં કામોનો નિષેધ કરી અવાય છે, આજે આ 'નિસ્સહી-નિસ્સહી' કરવાનો ઉદ્દેશ સમજનારા ઘણા ઓછા લોકો હશે પણ શાસ્ત્ર તો સ્પષ્ટ કહે છે કે, સાધુઓની પાસે સંસારની કોઈ પણ ભાવના લઈને જવું ન જોઈએ.

હવે સાધુઓની પાસે જઈ શું કરવું જોઈએ ? એને માટે કહ્યું છે કે, પરમાત્માની પ્રાર્થના કરવી. પરમાત્માની પ્રાર્થના શા માટે કરવી ? એને માટે મેં પહેલાં ભક્તોનું કથન સંભળાવ્યું છે કે જેમાં તેઓ કહે છે કે, 'હે ! પ્રભો ! મારા હૃદયમંદિરમાં ઘણા ચોરો ઘુસી ગયા છે. તારી કૃપાથી એ ચોરો ભાગી જાય એ જ મારી આશા છે અને આ આશાને પૂરી કરવા માટે હું તારી પ્રાર્થના કરું છું.'

જે તળાવને કાગડા-બગલા આદિ નીચ પક્ષીઓએ ઘેરી લીધું હોય તે તળાવ ઉપર રાજહંસ શું ઉતરે ખરો ? તમારું ઘર ગંદુ હોય તો શું ત્યાં કોઈ રાજાને લાવો ખરા ! આ જ પ્રમાણે આપણા હૃદયને ભગવાનનું મંદિર બનાવવું હોય તો આપણું હૃદય કેવું સ્વચ્છ હોવું જોઈએ એ જુઓ. જ્યારે આપણું હૃદય ગંદુ હોય ત્યારે શું તેમાં પરમાત્માને વસાવી શકાય ખરા ! નહિ. એટલા જ માટે ભક્તો કહે છે કે, "હે ! પ્રભો ! મારા હૃદયમાં કામ-ક્રોધાદિ ચોર ઘુસી ગયા છે. આ ચોરો મારા હૃદયમાંથી નીકળી જાય એ જ તારી પાસેથી હું આશા કરું છું અને આશાની પૂર્તિ કરવા માટે આપની પ્રાર્થના કરું છું."

જ્યાંસુધી હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ છે ત્યાંસુધી આત્મા અનાથ જ છે. જ્યાંસુધી આત્મા એ કામાદિથી પરાજિત થતો રહે છે ત્યાંસુધી તે નાથ નહિ પણ અનાથ જ છે. જ્યારે તે બધાને પરાજિત કરી દે ત્યારે જ તે સનાથ બની શકે. આ કામ-ક્રોધાદિ ચોરો વિનવણી કે ધમકીથી જ્યારે માનતા નથી ત્યારે જ ભક્તો પરમાત્માને પ્રાર્થના કરે છે કે, "હે! પ્રભો! મને મારી એટલી બધી ચિંતા નથી; જેટલી આપના બિરુદની ચિંતા છે કે, તમે મારા નાથ છો છતાં મને આ ચોરો હરાવી રહ્યા છે! તારી એવી કૃપા થાય કે તારા કૃપાકટાક્ષથી જ એ ચોરો ભાગી જાય."

તમે કહેશો કે, આ પ્રકારનો ઉપદેશ તો સાધુઓને માટે જ હોવો જોઈએ. અમે તો ગૃહસ્થ છીએ. અમારી પાછળ તો અનેક ઉપાધિઓ વળગેલી છે. પરંતુ આને માટે પહેલાં જ કહી દેવામાં આવ્યું છે કે, સાધુઓના સ્થાને સંસારની ઉપાધિઓનો નિષેધ કરીને જવું જોઈએ. કદાચ તમે એમ કહો કે, અમે સંસારની ભાવના પૂરી કરાવવા માટે તથા સંસારની ઉપાધિઓ વધારવા માટે આવીએ છીએ. તો તો તમને એમ જ કહેવું પડશે કે, એ કામની પૂર્તિ માટે સાધુઓ પાસે તમારું જવું વ્યર્થ છે. જો તમે સંસારની ભાવના લઈ સન્ત-સતીઓની પાસે આવો છો તો તમે સન્ત-સતીઓનો અપરાધ કરો છો. સાચા સાધુ-સન્ત તો તે છે કે જેઓ સંસારની ઉપાધિઓથી મુક્ત અને આત્મભાવનાથી યુક્ત છે. આવા સાધુ-સન્તોને સંસારની ભાવનામાં ઘસેડવા એ તેમનો અપરાધ કરવા જેવું છે કે નહિ? અનાથી મુનિએ એમ કહ્યું છે કે, જે હાનિ ગળું કાપનાર વૈરી પણ કરતો નથી તે હાનિ દુરાત્મા પોતાની કરે છે. તો પછી સાધુઓના આત્માને દુરાત્મા બનાવવો એ તેમનો અપરાધ નહિ તો બીજું શું? આમ હોવા છતાં કદાચ તમે ન માનો તો અમારે સાધુઓએ તો એ વાતનો વિચાર કરવો જ જોઈએ કે, અમે પોતાના આત્માને દુરાત્મા કેમ બનાવીએ? ગળું કાપનાર વૈરી પણ અમારી એટલી હાનિ કરી શકતા નથી જેટલી હાનિ જ્ઞાન, દર્શન અને ચારિત્રને નષ્ટ કરનાર કુસંગ કરે છે; એટલા માટે અમારે તો એવા કુસંગથી બચવું જ જોઈએ.

હવે તમે કદાચ એમ કહેશો કે, ત્યારે અમારે શું કરવું જોઈએ! અમારામાં જે સંસાર ભાવના છે તેને કેવી રીતે મટાડવી જોઈએ? શું એ માટે અમારે સાધુ થઈ જવું જોઈએ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, તમે સાધુ ન થઈ શકો તોપણ જો તમે આધ્યાત્મિકતાને સમજી લો તો સંસારની ઉપાધિને કારણે જે વૈર વધી રહ્યું છે તથા જે ભૂલો થઈ રહી છે તે વૈર અને ભૂલો બહુ જ ઓછી થઈ જશે. તમે સંસારની ઉપાધિઓનો ત્યાગ ન પણ કરી શકો તોપણ આધ્યાત્મિકતાની સહાયતાથી તેમાં થનારી ત્રુટીઓ તો દૂર કરી દેવી જોઈએ. દામબલ કરતાં રામબલ વધારે ચડિયાતું છે. રામબલની સહાયતાથી ત્રિલોકનું બળ મળી શકે છે. આવા રામબલને સંસારની ભાવનામાં જ ગુમાવી ન દો. પણ એ રામબલને કામ-ક્રોધાદિને જીતવામાં કરો તો તેમાં કલ્યાણ છે. કવિ આનંદઘનજી કહે છે કે:—

'જે તુમ જીત્યા તે મુઝ જીત્યા, પુરુષ કિસો મુઝ નામ'

હે! પ્રભો! હું આપનો ભક્ત કહેવાઉં છું છતાં આપે જે કામ-ક્રોધાદિ શત્રુઓને જીત્યા છે એ શત્રુઓ આપથી પરાજિત થઈ મને જ-તમારા ભક્તને જ-હરાવી રહ્યા છે તો પછી હું તમારો ક્યાં રહ્યો?

સાંભળ્યું છે કે, મેવાડમાં ભીલોનું જોર ઘણું વધવા પામ્યું હતું અને તેઓ જ્યાં ત્યાં લૂંટ ચલાવતા હતા, તે વખતે રાણા ફતેહસિંહ હતા. તેમણે માનસિંહ અને સરદારસિંહને ભીલોનું દમન કરવા માટે નિયુક્ત કર્યા. તેઓએ ભીલોને એવા દબાવ્યા કે, ભીલ લોકો તેમનું નામ સાંભળતાં જ કંપી ઉઠતા. એમની એવી ધાક પડી હતી કે, ચોરો તેમનું નામ સાંભળતાં જ ભાગી જતા.

આ જ પ્રમાણે જો તમે પરમાત્માના ભક્ત છો તો તો કામ–ક્રોધ વગેરે તમને જીતી શકે જ નહિ. અને જો કામ–ક્રોધાદિથી તમે પરાજિત થઈ ગયા તો પછી એમ કહેવું જ પડશે કે, તમે પરમાત્માના સાચા ભક્ત બન્યા નથી.

## અનાથી મુનિનો અધિકાર—૯૨

અનાથી મુનિ પણ રાજા શ્રેણિકને એ જ વાત કહી રહ્યા છે કેઃ—

**एमेव हु छंदकुसीलरूवे, मग्गं विराहित्तु जिणुत्तमाणं ।**
**कुररी वि वा भोगरसाणुगिद्धा, निरट्ठसोया परियावमेइ ॥ ५० ॥**

" હે રાજન્ ! હું અનાથતાનું રૂપ બતાવું છું. કેટલાક લોકો અનાથતામાંથી નીકળવા માટે સાધુપણું તો ધારણ કરે છે પણ સંસારભાવના તેમને પાછા સંસારભાવનામાં ઘસેડી લઈ જાય છે. મેં જે કાંઈ કહ્યું છે તેનો સાર માત્ર એટલો જ છે કે, જે સ્વચ્છંદતાનો ત્યાગ કરતો નથી અને ભગવાનની આજ્ઞામાં વિચરતો નથી તે કુશીલ છે અને એવો કુશીલ ઉત્તમ જિનમાર્ગની વિરાધના કરે છે. " કુશીલ કોને કહેવાય ! એને માટે કહ્યું છે કેઃ—

**कुत्सितं शीलं यस्य इति कुशीलः ।**

જે સાધુતાનું પાલન કરતો નથી પણ કેવળ સાધુનો વેશ જ ધારણ કરી રાખે છે તે કુશીલ છે. એવો કુશીલ જિનમાર્ગની વિરાધના કરનાર હોય છે.

મેં પહેલાં કહ્યું હતું કે, બજારમાં તમે કેળા–નારંગી ખરીદવા ગયા. તમે જોયું કે, કેળાં નારંગી આકાર પ્રકારમાં ઉપરથી તો સારાં છે પરંતુ અંદરથી ખરાબ છે. તો શું તમે એવાં કેળાં–નારંગીને ખરીદશો ? નહિ. શા માટે નહિ ? કેળાં–નારંગીનો આકાર પ્રકાર તો સારાં કેળાં–નારંગી જેવો જ છે છતાં તે કેળાં–નારંગી ન ખરીદવાનું શું કારણ ? આના ઉત્તરમાં તમે એમ જ કહેશો કે, અમારે કેવળ આકાર કે રૂપરંગ જ જોવાં નથી પરંતુ તેની સાથે એ જોવાનું છે કે, તેમાં જીવનદાયક અને શરીરને પોષક તત્ત્વો છે કે નહિ ? જેમાં જીવનદાયક તત્ત્વો જણાશે તે જ નારંગી કે કેળાં અમે ખરીદવા ચાહિએ છીએ.

તમે બે પૈસાની નારંગી કે બે પૈસાનાં કેળાં લેવા માટે તો આટલું જુઓ છો પણ જેમની સાથે આત્માના કલ્યાણ–અકલ્યાણનો સંબંધ રહેલો છે તે સાધુઓ માટે એ નથી જોતા કે, અમે જેમને સાધુ માની રહ્યા છીએ તેમનામાં અમારા આત્માનું કલ્યાણ કરવાનાં ગુણો છે કે નહિ ? સાધુઓના વિષે પણ તમારે કેવળ ઉપરનો વેશ જ જોવો ન જોઈએ કિન્તુ અંદરના ગુણો પણ જોવા જોઈએ. જેમની સંગતિ કરવાથી તમારા આત્મામાં રહેલી સાધુતા જાગ્રત થાય તે સાધુઓની સંગતિ છે પરંતુ જે સંગતિથી સાધુતાની હાનિ થાય તે અસાધુઓની સંગતિ છે. આ પ્રમાણે આત્માનાં ગુણોની હાનિ કરનારાઓને માનવાથી અને

તેમને વંદન–નમસ્કાર કરવાથી કેવી હાનિ થાય છે તે વિષે 'સંબોધ સત્તરી' નામક ગ્રન્થમાં કહ્યું છે કેઃ—

**पासत्थं वन्दमाणस्स, नैव कित्ती न निज्जरा होई ।**
**होई कायकिलेसो, अन्नाणं कम्मं बन्धई ॥**

આ ગાથા ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, પહેલાં પણ પાસત્થા લોકોનું જોર હતું અને તે વખતે પણ તેમની વિરુદ્ધ આંદોલન કરવામાં આવતું હતું. જે સાધુનો વેશ ધારણ કરે છે અને પાંચ મહાવ્રતોનો સ્વીકાર પણ કરે છે પણ તેનું જે સાધુ પાલન કરતો નથી તે 'પાસત્થા' કહેવાય છે. આવા પાસત્થા સાધુને વંદન–નમસ્કાર કરવા તે શોભાસ્પદ નથી એમ આ ગાથામાં કહ્યું છે. કદાચ કોઈ કહે કે, પાસત્થા સાધુને વંદન–નમસ્કાર કરવામાં શોભા ન હોય તો શું વાંધો છે? સંસારમાં અનેક કામો એવાં પણ કરવામાં આવે છે જે શોભનીય હોતાં નથી. આ જ પ્રમાણે પાસત્થા સાધુઓને વંદન નમસ્કાર કરવામાં શોભા ન હોય તો શું વાંધો છે? તો આ પ્રશ્નના ઉત્તરમાં આ ગાથામાં જ આગળ કહેવામાં આવ્યું છે કે, પાસત્થા સાધુને વંદન–નમસ્કાર કરવાથી જરા પણ નિર્જરા થતી નથી. આ ઉપરથી કોઈ એમ પણ કહે કે, સંસારમાં અનેક કામો એવાં પણ હોય છે કે જેમના કરવાથી નિર્જરા થતી નથી. આ જ પ્રમાણે જો પાસત્થા સાધુને વંદન કરવાથી નિર્જરા થતી ન હોય તો શું વાંધો છે? તો આના ઉત્તરમાં કહ્યું છે કે, એમ કરવાથી કાયાને વ્યર્થ કષ્ટ જ થાય છે. કોઈ આ ઉપરથી એમ પણ કહે કે, અમે લોકો કાયાને કલેશ થાય એવાં અનેક કામો કરીએ છીએ; તો એ જ પ્રકારનું આ એક કામ વધારે થાય તો શું વાંધો છે? તો આ પ્રશ્નના ઉત્તરમાં આ ગાથામાં કહ્યું છે કે, એમ કરવાથી અજ્ઞાનકર્મ બંધાય છે. તે પાસત્થા સાધુ જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિરાધના કરે છે એટલા માટે તેને વંદન કરવું એ જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિરાધનામાં સહાયતા આપવા બરાબર છે અને તે કારણે અજ્ઞાનકર્મ બંધાય છે. ભગવાને નિશીથ સૂત્રમાં કહ્યું છે કેઃ—

**जे भिक्खू पासत्थं वन्दइ वन्दन्तं वा साइज्जइ**
**एवं जाव संसत्तं वन्दइ वन्दन्तं वा साइज्जइ ।**

ભગવાને આ કાંઈ કોઈના દ્વેષથી કહ્યું નથી પરંતુ તમારા કલ્યાણને માટે જ કહ્યું છે. જ્યારે તમે એમ કહેશો કે, 'અમે કેવળ હાડ-ચામડાના જ પૂજારી નથી પણ ગુણના પૂજારી છીએ. તમારો અમારી સાથેનો સંબંધ ભગવાનની આજ્ઞા માનવાને લીધે જ છે. જો તમે ભગવાનની આજ્ઞા માનતા ન હો તો પછી અમારો તમારી સાથેનો સંબંધ શું રહી શકે!' આ પ્રમાણે જ્યારે તમે કહેશો ત્યારે તે પાસત્થા સાધુ પણ ઠેકાણે આવશે અને ત્યારે ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં પહેલાં તેમને વિચાર કરવો પડશે. પણ જો તમે તેના પાસત્થાપણાના સહાયક થઈ ગયા અને જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિરાધનામાં તમે સહાયતા આપી તો એ તો પાસત્થાપણાને પોષણ આપવા જેવું અને પાસત્થા સાધુને વધારે બગાડવા જેવું છે કે નહિ?

ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર સાધુઓને માટે અનાથી મુનિ એક પક્ષીનું ઉદાહરણ આપે છે. મહાપુરુષોની એવી ધારણા હોય છે કે, લૌકિક ઉદાહરણ આપી કહેવામાં આવેલી વાત જલ્દી સમજવામાં આવી જાય છે.

કુરરી પક્ષીને માટે એમ કહેવામાં આવે છે કે, જ્યાં તે પાણીના સરોવરોની બહુલતા હોય છે ત્યાં આ પક્ષી રહે છે. તે કાળા રંગનું હોય છે, તે માછલીનું માંસ ખાય છે. તે આખો દિવસ માછલીના માંસના લોભમાં જ રહે છે અને માંસાદિ ખાઈને પણ તે પક્ષી શાન્ત રહેતું નથી પણ તે રોયા જ કરે છે.

આ કારણે કુરરી નામના પક્ષીનું ઉદાહરણ આપી તેઓ કહે છે કે, તે અસાધુઓ કુરરી પક્ષીની માફક ભોગોપભોગોમાં ગૃદ્ધિ રાખે છે અને એ કારણે તેઓ કષ્ટોને પામે છે.

ભગવાન અનાથી મુનિએ કુરરી પક્ષીનું ઉદાહરણ શા માટે આપ્યું છે તેનો વિશેષ વિચાર તો યથાસમયે કરવામાં આવશે પણ આપણે એ સમજવું જોઈએ કે, મહાત્મા લોકોએ પશુ–પક્ષીનું ઉદાહરણ આપી જે નિયમ સિંધુને માટે હોય છે તે જ નિયમ એક જલબિંદુને માટે હોય છે, એ બતાવ્યું છે. આ જ પ્રમાણે જે ઉપદેશ સાધુઓના માટે હોય છે તે જ ઉપદેશ પોતપોતાની યોગ્યતાનુસાર બધાએ સમજવો જોઈએ. તમારે એ પણ સમજવું જોઈએ કે પશુ–પક્ષીઓ જ નહિ પરંતુ આ આખા સંસારની દરેક વસ્તુઓ કાંઈ ને કાંઈ શિક્ષા આપે છે; અને સંસારનાં સારાં કે ખરાબ દરેક પદાર્થો કોઈને કોઈ પ્રકારે આત્માનું ઉત્થાન કરવામાં સહાયક હોય જ છે. આ વાત બતાવવા માટે જ અનાથી મુનિએ કુરરી પક્ષીનું ઉદાહરણ આપી કહ્યું છે કે, જે પ્રમાણે કુરરી પક્ષી માંસની ગૃદ્ધિને કારણે દુઃખ પામે છે તે જ પ્રમાણે જે સાધુ થઈને પણ સંસારભાવનામાં ગૃદ્ધિ રાખે છે તે પણ દુઃખને પામે છે.

જે પ્રમાણે સડેલી નારંગી પોતાની હાનિ તો કરે જ છે પણ સાથે સાથે જે તેની સંગતિ કરે છે તેની પણ હાનિ કરે છે; આ જ પ્રમાણે જે જિનાજ્ઞાનો લોપ કરે છે તે પોતાની હાનિ તો કરે જ છે પણ જે તેનો સંગ કરે છે તેની પણ હાનિ કરે છે.

કદાચ કોઈ કહે કે, અનાથી મુનિને કુશીલો ઉપર દ્વેષ હતો એ કારણે જ તેમણે આ પ્રમાણે તેમની વિરુદ્ધમાં કહ્યું છે, પણ આમ સમજવું એ ભૂલ છે. અનાથી મુનિને તો તે કુશીલો ઉપર પણ પ્રેમભાવ છે અને એ કારણે જ તેઓ આમ કહી રહ્યા છે. પિતા પોતાના પુત્રને કડક શિક્ષા પણ આપે છે પણ એ કારણે પિતાને પુત્રના શત્રુ કહી શકાય નહિ. પિતા પુત્રને કડક શિક્ષા આપીને એમ જ ચાહે છે કે, મારો પુત્ર ખરાબ રસ્તે ન જાય. જો કોઈ પિતાનો પુત્ર ખરાબ રસ્તે જાય તો તેથી પિતાને પણ દુઃખ થાય છે. એટલા જ માટે પિતા પુત્રને કડક શિક્ષા આપે છે અને એ રીતે તેને સુધારવાનો પ્રયત્ન કરે છે. આ જ પ્રમાણે અનાથી મુનિ પણ સાધુઓને શિક્ષા આપે છે. રાજીમતિએ રથનેમિને કહ્યું હતું કે, ‘ હે ! અપયશકામી ! તારા માટે મરણ એ જ શ્રેયસ્કર છે. ’ રાજીમતિએ આમ કહ્યું હતું તો શું રાજીમતિને રથનેમિ ઉપર કોઈ પ્રકારનો દ્વેષ હતો ? ડૉકટર રોગીને ચીરો લગાવે છે તો તે રોગીનો પ્રેમ કરે છે કે દ્વેષ કરે છે ? ડૉકટર કહે છે કે, હું દર્દને ચીરું છું પણ દર્દી ઉપર તો મારો કરુણાભાવ જ છે. આ જ પ્રમાણે અનાથી મુનિ પણ સાધુઓ ઉપર કરુણા રાખીને જ આ પ્રમાણે શિક્ષા આપે છે. તેમને કોઈના પ્રતિ દ્વેષભાવ નથી. તેઓ તો સાધુઓના આત્માને શાન્તિ મળે એ જ શુભાશયથી આમ કહે છે. જો સાધુઓ અનાથી મુનિની શિક્ષા માને તો તેમનું પોતાનું પણ કલ્યાણ થાય અને સાથે સાથે તમારા લોકોનું પણ કલ્યાણ થાય.

## સુદર્શન ચરિત્ર—૬૨

સુદર્શન મુનિ ઉપસર્ગો–પરિષહોને કેવી રીતે સહન કરે છે તે જુઓ. ઉપસર્ગો–પરિષહો સહેવાં એમાં તો સાધુતાની કસોટી રહેલી છે. સાધુઓ અનુકૂલ કે પ્રતિકૂલ ગમે તેવા સંજોગોમાં ગભરાતા નથી પરંતુ સમતાપૂર્વક ઉપસર્ગ–પરિષહોને સહે છે અને સાધુતાની રક્ષા કરે છે.

**અભયા વ્યન્તરી આય મુનિ કો, બહુત કિયા ઉપસર્ગ;**
**પ્રતિકૂલ અનુકૂલ રીતિસે, અહો કર્મકા વર્ગ. ॥ ધન૦ ૧૩૨ ॥**
**સમ્યક્ સહન કિયા મુનિજીને, ધરતા શુક્લ ધ્યાન;**
**ક્ષપક શ્રેણિકો ઉલ્લંઘ કર, પાયા કેવલ જ્ઞાન. ॥ ધન૦ ૧૩૩ ॥**

અભયા વ્યંતરીએ સુદર્શનને અનુકૂલ અને પ્રતિકૂલ એમ બંને પ્રકારના અનેક ઉપસર્ગો આપ્યાં પણ સુદર્શને એ બધાં ઉપસર્ગોને સમતા અને દૃઢતાપૂર્વક સહ્યાં. કોઈ તો અનુકૂલ ઉપસર્ગ સહીને પ્રતિકૂલ ઉપસર્ગથી વિચલિત થઈ જાય છે અને કોઈ પ્રતિકૂલ ઉપસર્ગ સહીને અનુકૂલ ઉપસર્ગથી વિચલિત થઈ જાય છે, પણ સુદર્શન મુનિ અનુકૂલ અને પ્રતિકૂલ એમ બંને પ્રકારનાં ઉપસર્ગો દૃઢતાપૂર્વક સહેતા રહ્યા. શ્રી જ્ઞાતાસૂત્રમાં ભગવાને વૃક્ષનું ઉદાહરણ આપી કહ્યું છે કે, જે પ્રમાણે વૃક્ષ અનુકૂલ અને પ્રતિકૂલ એમ બંને પ્રકારની સ્થિતિને સમાનરૂપે સહન કરીને સ્થિર ઉભું રહે છે, વિચલિત થતું નથી; તે જ પ્રમાણે મુનિઓએ પણ અનુકૂલ અને પ્રતિકૂલ બંને પ્રકારનાં ઉપસર્ગો સહેવાં જોઈએ.

અભયાદ્વારા આપવામાં આવેલાં ઉપસર્ગોને સહેતી વખતે સુદર્શન મુનિની ભાવના કેવી રહી હશે એ કોણ કહી શકે! છાન્દોગ્યોપનિષતમાં એક શ્રુતિ આવી છે. એ શ્રુતિનો અર્થ જો જૈનદૃષ્ટિએ કરવામાં આવે તો તેનો ઘણો સારો અર્થ થઈ શકે. બીજી દૃષ્ટિએ કરવામાં આવેલ એ શ્રુતિનો અર્થ મેં જોએલ છે પણ મારી દૃષ્ટિમાં એ અર્થ બરાબર બંધ બેસતો નથી. તેનો અર્થ તો જૈનદૃષ્ટિએ જ બંધ બેસી શકે છે. તે શ્રુતિ નીચે પ્રમાણે છે:—

**अथ एष सम्प्रसादो अस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरूपं सम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाच ॥**

એક પુરુષે કોઈ મહાત્માને આત્માનું સ્વરૂપ પૂછ્યું. જૈનદૃષ્ટિએ આત્મા તેને જ કહેવામાં આવે છે જે શબ્દાદિ નયથી પોતાનામાં જ તલ્લીન હોય. જે શરીરાદિના ધ્યાસમાં હોય તેને નિશ્ચય નયની દૃષ્ટિએ આત્મા કહી શકાતો નથી. આ જ પ્રમાણે ઉપનિષતમાં ગુરુએ શિષ્યના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, 'હું શરીર નથી એમ માનીને શરીરના ધ્યાસનો ત્યાગ કરે અને પોતાને શરીરથી પૃથક્ માની પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે.' તે આત્મા છે. આ જ પ્રમાણે જૈનગ્રન્થોમાં પણ કહ્યું છે કે:—

**अट्ठकम्मं पासबद्धो जीवो संसारचारए ठाई ।**
**अट्ठकम्मपासमुक्को आया शिवमन्दिरं ठाई ॥**

અર્થાત્—જે આઠ પ્રકારના કર્મના પાશથી મુક્ત છે અને જે શિવમંદિરને પ્રાપ્ત થાય છે, નિશ્ચયમાં તે જ આત્મા છે.

મતલબ કે, જૈનશાસ્ત્ર કહે છે કે, શરીરનો ધ્યાસ છોડી જે પોતાના રૂપમાં આવે છે અને ઉન્નતિ કરી મોક્ષને પ્રાપ્ત થાય છે તે જ શિવ છે અને તે જ આત્મા છે. મારી

સમજમાં ઉપનિષત્‌માં જે શ્રુતિ કહી છે તેનો અર્થ પણ એ જ છે. આ પ્રમાણે પ્રત્યેક વાતને સ્યાદ્‌વાદની દૃષ્ટિએ જોવામાં આવે ત્યારે જ તેનું સ્વરૂપ સમજવામાં આવી શકે છે.

અભયા વ્યન્તરીના કાર્યને પણ સ્યાદ્‌વાદની દૃષ્ટિએ જુઓ. અભયાના કાર્ય વિષે સુદર્શન મુનિ એમ વિચારતા હતા કે, આ માતા મારા ઉત્થાનમાં સહાયિકા થઈ રહી છે. જે પ્રમાણે ગજસુકુમાર મુનિએ પોતાના મસ્તક ઉપર ધગધગતાં અંગારાં મૂકનારને પણ પોતાનો સહાયક માન્યો હતો તે જ પ્રમાણે આ મુનિ પણ અભયાને પોતાના ઉત્થાનમાં સહાયિકા માની રહ્યા છે. મારી જન્મદાત્રી, મારું પાલન-પોષણ કરનારી અને મને નવ માસ સુધી ઉદરમાં રાખનારી માતા કરતાં પણ આ માતાતુલ્યનો ઉપકાર વધારે છે. આ માતાતુલ્યના જ ઉપકારને કારણે શૂળીનું સિંહાસન બન્યું છે અને આ જ માતાએ મને આત્મોન્નતિ સાધવાનો આ અમૂલ્ય અવસર આપ્યો છે. અહીં પણ આ માતા મારા કલ્યાણ માટે જ પ્રયત્ન કરી રહી છે. વાસ્તવમાં આ માતાતુલ્યનો મારી ઉપર પૂર્ણ કૃપાભાવ છે.

આ પ્રમાણે અભયા વ્યન્તરી સુદર્શન મુનિને જેમ જેમ કષ્ટો આપતી જતી હતી તેમ તેમ સુદર્શનની ભાવના ઉન્નત બનતી જતી હતી. આખરે સુદર્શન મુનિ શુભ ભાવના ભાવતાં બારમા ગુણસ્થાને ચડી જઈ મોહનીય કર્મને સંપૂર્ણ નષ્ટ કરી તેરમા ગુણસ્થાને પહોંચી ગયા અને ત્યાં તેમને નિરાબાધ અનંત કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તે મુનિને એમ તો કેવલજ્ઞાન થવામાં ન જાણે કેટલો સમય લાગત પણ અભયાની કૃપાથી થોડા જ સમયમાં તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. ભગવાન નેમિનાથે કૃષ્ણના પૂછવાથી તેમને કહ્યું હતું કે, હે! કૃષ્ણ! જો તમે વૃદ્ધને ઈંટો ઉપડાવવામાં સહાયતા આપત નહિ તો તેને કેટલાં ચક્કર લગાવવા પડત? તમારી કૃપાથી તેને ચક્કર ખાવાં મટી ગયાં. આ જ પ્રમાણે ગજસુકુમાર મુનિને ન જાણે કેટલાં ચક્કર ખાવાં પડત પણ એક પુરુષની સહાયતાથી તેમના ચક્કર મટી ગયાં.

આ જ પ્રમાણે સુદર્શન મુનિ પણ વિચારતા હતા કે, મારું આત્મકલ્યાણ સાધવામાં મને ન જાણે કેટલો સમય લાગત પણ આ માતાએ મારા કાર્યમાં મને ઘણી સહાયતા આપી છે એટલે આ માતાનો મારા ઉપર ઘણો ઉપકાર છે. આ માતાની કૃપાથી જ ઘણા લાંબા દિવસે થઈ શકનારું કામ થોડા જ સમયમાં થઈ ગયું છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે,

**'तीव्रसंवेगात् आसन्नसिद्धिः'**

અર્થાત્—તીવ્ર સંવેગથી-વૈરાગ્યથી જ સિદ્ધિ જલ્દી થાય છે. આ કથનાનુસાર સુદર્શન મુનિએ પણ તીવ્ર સંવેગ વધાર્યો તો તેમને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

આ પ્રમાણે અભયા વ્યન્તરીએ સુદર્શન મુનિને અનેક પ્રકારનાં અનુકૂલ અને પ્રતિકૂલ ઉપસર્ગો આપ્યાં પણ સુદર્શને પોતાના આત્માને ધ્યાનમાં એવો પરોવ્યો કે પરિણામે તેમણે કેવલજ્ઞાન, કેવલદર્શન અને કેવલચારિત્રની પ્રાપ્તિ કરી લીધી. સુદર્શન મુનિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ તેમાં તમારા પુણ્યનો પણ કાંઈ ભાગ છે કે નહિ અને તેથી તમને પણ કાંઈ લાભ છે કે નહિ! શાસ્ત્રમાં કહ્યું છે કે, લવણસમુદ્રના પાણીમાં જે તરંગો ઉઠે છે તેની એક લહેર પણ જંબૂદ્વીપ ઉપર પડે તો આખા જંબૂદ્વીપને પણ તાણી લઈ જઈ શકે. પણ જંબૂદ્વીપમાં અરિહન્ત, કેવલી, સાધુ, શ્રાવક-શ્રાવિકા, સમ્યગ્દષ્ટિ અને ભદ્ર પ્રકૃતિના સૌમ્ય જે લોકો રહે છે તેમના પુણ્ય પ્રતાપથી લવણસમુદ્રનું પાણી મર્યાદા ઉલંઘતું નથી. આ

પ્રમાણે તમારું પુણ્ય ત્યાં પણ કામ કરે છે કે નહિ! શાસ્ત્રમાં કહ્યું છે કે, ઇષ્ટ ગંધ, ઇષ્ટ રૂપ અને ઇષ્ટ રસ આદિ પોતાના પુણ્ય પ્રતાપથી જ મળે છે. હવે વિચારો કે, ક્યાં તો આંબાનો રસ અને ક્યાં તમે! પણ ત્યાં પણ તમારું પુણ્ય કામ કરે છે કે નહિ? આ પ્રમાણે જે કાંઈ થાય છે તે બધું પોતાના આત્માદ્વારા જ થાય છે અને એટલા જ માટે એમ કહ્યું છે કેઃ—

अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य।
अप्पा मित्तममित्तं च दुप्पट्ठियो सुपट्ठियो॥

સુદર્શન મુનિને જે કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ થઈ તેથી તેમને પોતાને તો લાભ થયો પણ સાથે સાથે આપણા બધાને પણ લાભ જ થયો છે. આ લાભ લેવામાં હૃદયનું આકર્ષણ જોઈએ. જેનામાં આકર્ષણ શક્તિ છે તે જ લાભ લઈ શકે છે. જેમકે લોઢું તો છે પણ ચુંબક જ આકર્ષિત કરી શકે છે. આ જ પ્રમાણે જેનામાં આકર્ષણ શક્તિ છે અને જેમનો ઉપાદાન આત્મા સારો છે, તેમને પણ સુદર્શન મુનિને કેવલજ્ઞાન પેદા થવાથી લાભ થવાનો જ.

સુદર્શન મુનિને કેવલજ્ઞાન થયું છે એ વાત દેવોના જાણવામાં આવી. તેઓ વિચારવા લાગ્યા કે, અમે પોતે તો કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ ગુણોની ઉપાસના કરવી એ પણ ગુણોને પ્રાપ્ત કરવાનો માર્ગ છે એટલા માટે અમારે સુદર્શન મુનિની પાસે જઈ કેવલજ્ઞાનની ઉપાસના કરવી જોઈએ.

**આયે દેવતા મહોત્સવ કરને, કરતે જયજયકાર;**
**દેવે દેશના પ્રભુ સુદર્શન, ભવી જીવકે હિતકાર. ॥ ધન૦ ૧૩૪॥**

સુદર્શન મુનિ પહેલાં તો શેઠ કહેવાતા હતા પછી મુનિ થયા અને હવે કેવલી થયા. તેમણે બધી તૃષ્ણાનો નાશ કરી અને કામ–ક્રોધાદિને જીતીને સંસારની બધી પ્રભા–કાન્તિથી આત્માને ઉજ્જવલ બનાવી લીધો. જે આત્માને ઉજ્જવલ બનાવે છે તે બધી કુદરતનો સ્વામી જ બની જાય છે.

દેવો સુદર્શન પ્રભુની પાસે ઉપસ્થિત થઈ કેવલજ્ઞાનની મહિમા ગાવા લાગ્યા કે, "હે! નાથ! આપનો સદા જય જય થાઓ. હે! પ્રભો! અમે આપનો જયકાર એટલા માટે કરીએ છીએ કે, જે વિકારોને આપે જીતી લીધા છે તે વિકારોને જગતના જીવો પણ જીતી લે. તે વિકારો અમને પણ જીતી રહ્યા છે. અમે પણ એ વિકારોને જીતી લઈએ. જો કે એમ કરવાથી એ વિકારો ઉપર અમે વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ. પણ અમારો વિજય થાઓ એમ કહેવું એ અભિમાનનું કારણ છે, એટલા માટે અમે અમારા વિકાર-વિજયને પણ તમારો જ વિજય માનીએ છીએ અને એમ કહીએ છીએ કે, આપનો જય થાઓ. આપ જેવા મહાપુરુષો જ અમારું કલ્યાણ કરો છો."

સુદર્શન ભગવાન દેવોનું આ કથન સાંભળી વિચારવા લાગ્યા કે, આ દેવો આ પ્રમાણે પ્રાર્થના કરી રહ્યા છે તો મારા હૃદયમાં શું છે તે તેમને બતાવવું જોઈએ. હવે તે મહાપુરુષ કેવી રીતે ઉપદેશ આપે છે અને શું કહે છે તે વિષે હવે પછી આગળ વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો શુદી ૧૨ મંગળવાર

### પ્રાર્થના

ચેતન જાણ કલ્યાણ કરન કો, આન મિલ્યો અવસર રે,
શાસ્ત્ર પ્રમાણ પિછાણ પ્રભુગુન, મન ચંચલ થિર કર રે;
શ્રેયાંસ જિણંદ સુમર રે. ॥ ૧ ॥
—વિનયચંદ્રજી કૃત ચોવીશી

શ્રી શ્રેયાંસનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પ્રાર્થનાની કડિઓમાં એવો આદેશ કરવામાં આવ્યો છે કે, "હે ! આત્મા ! તું શ્રેયાંસનાથ ભગવાનની પ્રાર્થના કર." આ આદેશની પ્રાર્થનામાં પુનરુક્તિ પણ કરવામાં આવી છે. મહાપુરુષોદ્વારા કરવામાં આવેલી આ પ્રકારની પુનરુક્તિમાં ઘણું રહસ્ય રહેલું છે. મહાપુરુષો મતલબ વિના કે કારણ વિના એક શબ્દ પણ વધારે બોલતા નથી. પરંતુ જનસમાજને શિક્ષા આપવા માટે તેઓ એક જ વાતને વારંવાર કહે છે અને માતા જેમ પોતાના બાળકને સરળ ભાષામાં શિક્ષા આપે છે, તેમ સરળ ભાષામાં શિક્ષા આપે છે. આ જ પ્રમાણે આ પ્રાર્થનામાં 'હે ! આત્મા ! પરમાત્માનું તું સ્મરણ કર.' એ વાતને વારંવાર કહેવામાં આવી છે.

મહાપુરુષોદ્વારા કરવામાં આવેલા આ આદેશનો શો અર્થ છે એ તો કોઈ પૂર્ણ જ્ઞાની જ કહી શકે ! એક જ શબ્દના અનેક અર્થ થાય છે. એટલા માટે આ આદેશમાં રહેલા પૂર્ણ રહસ્યને કોઈ પૂર્ણ જ્ઞાની જ પ્રગટ કરી શકે છતાં એ વિષે હું થોડુંક કહું છું. જે કાંઈ સમજવામાં આવે છે તેનો બહુ જ થોડો ભાગ કહેવામાં આવે છે. આ કથનાનુસાર હું જે કાંઈ સમજ્યો છું અને સમજેલી વાત જેટલા અંશમાં કહી શકાય તેટલા અંશમાં કહું છું.

આ પ્રાર્થનામાં પરમાત્માનું સ્મરણ કરવા માટે કહેવામાં આવ્યું છે એટલા માટે પહેલાં તો એ જોવાનું છે કે, આત્મા પણ ચૈતન્ય છે અને પરમાત્મા પણ ચૈતન્ય છે તો એવી દશામાં ચૈતન્યનું ભજન ચૈતન્ય શા માટે અને કેવી રીતે કરે ? એમ કહી શકાય કે, ચૈતન્ય ઉપર જડનો ઉપકાર જોવામાં આવે છે, પણ ચૈતન્ય ઉપર ચૈતન્યનો ઉપકાર જોવામાં આવતો નથી. કોઈ કોઈને ત્યાં માંગવા માટે જાય છે તો તે યાચક પણ જડ વસ્તુ જ માંગે છે અને દાતા પણ જડ વસ્તુ જ આપે છે. ભિક્ષુક પણ જડ જ માંગે છે અને દાતા પણ જડ જ આપે છે. જો ચૈતન્ય ચૈતન્ય કહીને જ રહી જાય તો તો બસ કેવળ એ વાત જ રહી. શું લેવું અને શું દેવું ! શ્રેયાંસકુમારે ભગવાનને શેરડીનો જે રસ આપ્યો હતો તે પણ જડ હતો. ચંદનબાળાએ પણ ભગવાન મહાવીરને જે અડદનાં બાકળાં આપ્યાં હતાં તે પણ જડ હતાં. સાધુ લોકો પણ અચિત્ત અર્થાત્ જડ વસ્તુ જ લે છે. જો ચૈતન્ય વસ્તુ હોય તો તેઓ અકલ્પનીય સચિત્ત લેતા નથી. આ પ્રમાણે ચૈતન્ય ઉપર જડનો ઉપકાર છે. આવી દશામાં જડનો ઉપકાર ન માનતાં અને જડની પ્રાર્થના ન કરતાં ચૈતન્ય પરમાત્માની પ્રાર્થના શા માટે કરવામાં આવે છે ?

આ ભૌતિકવાદના જમાનામાં આ પ્રકારની ઘણી ચર્ચા થાય છે. કેટલાક લોકો એમ પણ કહેવા લાગે છે કે, ભગવાનનું સ્મરણ કરવાથી શું મળે છે? પૈસાનું સ્મરણ કરો એમ કહેવામાં આવે તોપણ ઠીક છે. આ જ પ્રકારની અનેક દલીલો આપી એમ કહેવામાં આવે છે કે, ચૈતન્ય ઉપર જડનો તો ઉપકાર છે પણ ચૈતન્ય ઉપર ચૈતન્યનો શો ઉપકાર છે! એટલા માટે ચૈતન્ય પરમાત્માની પ્રાર્થના શા માટે કરવી જોઈએ?

આ પ્રકારનાં પ્રશ્નોનું સમાધાન કરવા માટે સર્વપ્રથમ એ જોવું જોઈએ કે, ચૈતન્ય ઉપર ચૈતન્યનો ઉપકાર થઈ શકે છે કે નહિ અથવા ચૈતન્ય ઉપર જડનો જ ઉપકાર છે કે શું? આને માટે જ્ઞાનીજનો એમ કહે છે કે, ચૈતન્ય ઉપર ચૈતન્યનો જ ઉપકાર છે અને એટલા જ માટે ચૈતન્ય પરમાત્માનું સ્મરણ કરવા માટે કહેવામાં આવે છે. જે લોકો જડના ચક્કરમાં પડી જઈ ચૈતન્ય ઉપર જડનો જ ઉપકાર છે એમ કહે છે તે લોકો જરા ઊંડા ઊતરી વિચાર કરશે તો તેમને જણાશે કે, જેટલાં ઉદાહરણો જડના ઉપકારના વિષયમાં મળી શકે છે તેથી પણ વધારે અને સારાં ઉદાહરણો ચૈતન્યના ઉપકારના વિષયમાં પણ મળી શકે છે. એટલું જ નહિ પણ એવા ઉદાહરણો પણ મળે છે કે, જેમાં ચૈતન્યને મહાન્ અને જડને તુચ્છ માનવામાં આવેલ છે અને ચૈતન્યના ઉપકારની આગળ જડનો ઉપકાર છોડી દેવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે કોઈ માણસ કોર્ટના કોઈ કિસ્સામાં ફસાઈ ગયો. તે વકીલની પાસે ગયો અને તેને કહ્યું કે, આપ એવો કોઈ ઉપાય બતાવો કે જેથી હું આ કિસ્સામાંથી ઉગરી જાઉં. હું સાચો છું. મેં અપરાધ કર્યો નથી છતાં તેમાં હું ફસાઈ ગયો છું એટલા માટે તમે મારી સહાયતા કરો. હવે તે વખતે તે વકીલ જડ વસ્તુ આપશે કે બુદ્ધિ આપશે?

નાનપણમાં મને એવો પ્રશ્ન પૂછવામાં આવતો કે, અક્કલ મોટી કે ભેંસ? તે વખતે તો બાળક હતો પણ અત્યારે બાળક નથી; એટલે આજે બચપણથી પણ વધારે ભૂલ થવી ન જોઈએ. આ કારણે જ જ્ઞાનીજનો કહે છે કે:—

> તૂ અવિકાર વિચાર આતમ ગુણ, મોહ જંજાળમાં ન પડ રે;
> પુદ્ગલ ચાહ મિટાય વિનયચંદ, તે જિન તૂ ન અવર રે.

જ્ઞાનીજનો કહે છે કે, તું પુદ્ગલની લાલસામાં પડી રહ્યો છે એટલા જ માટે તું એમ કહે છે કે, ચૈતન્ય ઉપર જડનો ઉપકાર છે. દાતા જડ વસ્તુ જ આપે છે અને યાચક પણ જડ જ લે છે આ પ્રત્યક્ષ વાત જોઈને જડ વસ્તુને જ પકડી ન બેસો અને ચૈતન્ય ઉપર કેવલ જડનો જ ઉપકાર છે એમ માની ન બેસો. સંસારનું કામ જડથી જ ચાલતું નથી. તે મુકદમામાંથી તે માણસને બચાવવા માટે વકીલે પાંચ દશ રૂપિયા આપી દીધા હોત તો તે ઠીક કહેવાત? આથી વિરુદ્ધ બીજા વકીલે તેને એવી બુદ્ધિ આપી કે તે મુકદમામાંથી બચી ગયો તો તમે આ બંનેમાંથી કોને ઠીક સમજશો? પાંચ રૂપિયા લેવા ઠીક સમજશો કે બુદ્ધિ લેવાનું ઠીક સમજશો? એટલું જ નહિ બુદ્ધિને માટે તો લોકો વકીલને ફી આપે છે. આ પ્રમાણે ચૈતન્યને માટે જડ વસ્તુનો ત્યાગ કરવો પડે છે. માસ્તર ભણાવે છે એટલા માટે તેને પગાર આપવો પડે છે. આ પ્રમાણે જ્ઞાનને માટે પુદ્ગલનો ત્યાગ તો કરવો જ પડે છે. આ જ પ્રમાણે પરમાત્મા વિષે પણ જુઓ કે, પરમાત્મા માટે શેનો ત્યાગ કરવો પડે છે? પરમાત્મા માટે પણ પુદ્ગલોનો ત્યાગ તો કરવો જ પડે છે. પુદ્ગલોના ધ્યાસમાં

પડી જઈ પરમાત્માને ભૂલી જવા એ ઠીક નથી. એમ કરવાથી કામ પણ ચાલી શકતું નથી. તમે આ વિષે વિચાર કરશો તો તમને સ્પષ્ટ જણાશે કે, ચૈતન્ય ઉપર ચૈતન્યનો જ ઉપકાર છે અને એટલા જ માટે પરમાત્માનું સ્મરણ કરવા માટે જ્ઞાનીજનો કહ્યા કરે છે. માટે પુદ્‌ગલોનો ધ્યાસ છોડો અને પરમાત્માનું સ્મરણ કરો અને પરમાત્મા સાથે એવી પ્રીતિ બાંધો કે જેમ લોભી માણસ રૂપિયા સાથે પ્રીતિ બાંધે છે.

હવે અત્રે એક પ્રશ્ન ઉભો થાય છે કે, પરમાત્મા તો અવિકારી છે અને આપણે વિકારી છીએ. એવી દશામાં આપણે વિકારી એ અવિકારી પરમાત્માની સેવા કેવી રીતે કરી શકીએ ? મોટા મોટા આચાર્યોને પણ આવો વિચાર આવ્યો છે અને તેમણે પણ કહ્યું છે કે :—

**बुद्धया विनाऽपि विबुधार्चितपादपीठ ! स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ।**
**बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥**

હે ! પ્રભો ! તું જ્યાં પદાર્પણ કરે છે તે પાદપીઠની ઈન્દ્ર પણ પૂજા કરે છે તો પછી હું બુદ્ધિહીન તારી પ્રાર્થના કરવાને કેમ સમર્થ બની શકું ! પણ તારી ભક્તિવશાત્ જાણે હું પાગલ થઈ ગયો હોઉં તેમ પાગલ થઈને હું તારી પ્રાર્થના કરવાને માટે ઉદ્યત થયો છું. કોઈ મને એમ કહે કે, તું બુદ્ધિહીન છો તો પછી પરમાત્માની પ્રાર્થના શા માટે કરે છે ? તો આ પ્રશ્નના જવાબમાં હું એ જ કહીશ કે, જે પ્રમાણે જલમાં પડેલા ચન્દ્રના બિંબને બાલક પકડી શકતો નથી છતાં તેને પકડવાનો પ્રયત્ન તો કરે જ છે અને પોતાના પ્રયત્નમાં આનંદ માને છે, આ જ પ્રમાણે પરમાત્માના ગુણોનું હું પૂરીરીતે વર્ણન કરી શકતો નથી છતાં પણ નિર્લજ્જ થઈને તેમના ગુણોનું વર્ણન કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરું છું. હું પોતાની બુદ્ધિને જુદી રાખીને બાલભાવથી પરમાત્માની પ્રાર્થના કરું છું.

આ પ્રમાણે પરમાત્માની સન્મુખ પોતાની શક્તિનો વિચાર કરી પૂર્વાચાર્યો પણ પહેલાં તો અસમંજસમાં પડી ગયા હતા પણ આખરે તેઓએ જે માર્ગ પકડ્યો છે તે માર્ગને તમે પણ પકડો. આચાર્યનો કહેવાનો આશય એ જ છે કે, પરમાત્માની ભક્તિમાં પોતાની પૂર્ણ શક્તિને સમર્પિત કરી દેવી. પરમાત્માની ભક્તિ કરવામાં પોતાની અક્કલ ન દોડાવવી તથા એમ પણ વિચાર ન કરવો કે મારામાં ઓછી બુદ્ધિ છે અથવા હું વિકારી છું. આ પ્રકારનો વિચાર દૂર કરી જે પ્રમાણે આચાર્યે બાલભાવે પરમાત્માની પ્રાર્થના કરી છે તે જ પ્રમાણે તમે પણ પરમાત્માની પ્રાર્થના કરો અને પછી જુઓ કે, તેમાં કેવો આનંદ આવે છે ! આ પ્રકારની પ્રાર્થના તમે જો પંદર દિવસ જ કરી જુઓ તો તમને ઘણો જ આનંદ મળશે અને એ આનંદની અનુભૂતિ તમે પોતે જ કરી શકશો. પરમાત્માની ભક્તિ સ્વ–પ્રમાણથી જ સિદ્ધ છે. એને માટે કોઈ બીજા પ્રમાણની આવશ્યકતા નથી. જેમ દીપકને જોવા માટે બીજા દીપકની આવશ્યકતા રહેતી નથી કારણ કે તે દીપક તો સ્વ–પ્રમાણથી જ સિદ્ધ છે. એટલા માટે બુદ્ધિને શાન્ત કરી અને પ્રમાદનો ત્યાગ કરી, પરમાત્માની ભક્તિમાં તલ્લીન થાઓ અને પછી જુઓ કે તેમાં કેવો આનંદ આવે છે !

ભક્તિના માર્ગ ઉપર દરેક વ્યક્તિ ચાલી શકે છે. એ માર્ગે જવામાં બાલક કે વૃદ્ધ, સશક્ત કે અશક્ત, સ્ત્રી કે પુરુષ વગેરેમાંથી કોઈને પ્રતિબંધ નથી. જે કોઈ ચાહે તે ભક્તિના માર્ગે જઈ શકે છે અને પોતાનું કલ્યાણ સાધી શકે છે.

## અનાથી મુનિનો અધિકાર—૬૩

અનાથી મુનિ રાજા શ્રેણિકને કહી રહ્યા છે કે, હે ! રાજન્ ! હવે હું તને એ બતાવું છું કે મેં સાધુના આચારની આ બધી વાતો તને શા માટે સંભળાવી છે ? તમે પણ એમ વિચાર કરો કે, અનાથી મુનિએ રાજાની સમક્ષ સાધુઓના આચાર વિષયક વર્ણન શા માટે કર્યું છે ? જો તમે એમ કહેતા હો કે, અમને સાધુઓના આચારથી શું મતલબ ! તો આ તમારી ભૂલ છે. બલ્કિ જે સાધુ હશે તે તો પોતાનો આચાર પહેલાં બતાવશે. જે સાધુતાનું પાલન કરતો ન હોય તે ભલે એમ વિચારે કે, જો હું સાધુઓનો આચાર ગૃહસ્થોને બતાવીશ તો ગૃહસ્થો મારા કાર્યની ટીકા કરશે પણ જે સાધુતાનું પાલન કરતા હશે તે મુનિઓ તો સાધુઓનો આચાર પહેલાં જ બતાવશે. તેમ કરવામાં તેમનો પોતાનો પણ લાભ છે અને સાથે સાથે તમારો પણ લાભ છે.

**सोच्चाण मेहावि सुभासियं इमं, अणुसासणं नाणगुणोववेयं ।**
**मग्गं कुसीलाण जहाय सव्वं, महानियंठाण वए पहेणं ॥ ५१ ॥**

'હે ! મેધાવી ! હે ! બુદ્ધિમાન રાજા ! આ સુભાષિત કે જેનું મેં તારી સામે વર્ણન કર્યું છે તે સાંભળી તું તે વિષે વિચાર કર. આ સુભાષિત અનુશાસન અર્થાત્ શિક્ષારૂપ છે અને જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણોથી યુક્ત છે. આ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી સુસંસ્કૃત એવી શિક્ષાને સાંભળી તું કુશીલોનો માર્ગ છોડી દઈ મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલ.'

અનાથી મુનિએ રાજા શ્રેણિકને જે કાંઈ કહ્યું છે તે ઉપરથી તો એમ જણાય છે કે, જાણે રાજા શ્રેણિક સાધુ થતો હોય પણ તે સાધુ થતો નથી છતાં મુનિએ તેને આમ કહ્યું છે તો તેનો શો ઉદ્દેશ છે તે અત્રે જોવાનું છે.

રાજા શ્રેણિકને મુનિએ મેધાવી કહ્યા છે. આ ઉપરથી એમ પ્રગટ થાય છે કે, આ સુભાષિત–શિક્ષા બુદ્ધિમાનને જ આપવી જોઈએ, બુદ્ધિહીનને નહિ. પણ આજે તો શ્રેણિક જેવા બુદ્ધિમાન લોકો નથી એટલે શું આ શિક્ષા કોઈને આપવી ન જોઈએ ?

બુદ્ધિમાન માણસો બે પ્રકારના માનવામાં આવે છે. એક તો તે બુદ્ધિમાન છે કે જે કોઈ વાતને સાંભળી તે જ સમયે સત્યાસત્યનો નિર્ણય કરી લે છે અને બીજો તે બુદ્ધિમાન છે કે જે તુરત જ સત્યાસત્યનો નિર્ણય કરી શકતો નથી પણ તેનો પ્રયત્ન તો તે બાજુ જ હોય છે. જેમકે એક તો માસ્તર હોય છે અને બીજો છાત્ર હોય છે. એ બન્નેમાંથી કોને બુદ્ધિમાન કહેવાય ? જો બન્નેમાં બુદ્ધિ ન હોય તો એક માસ્તર અને બીજો છાત્ર હોય એ બની જ ન શકે અને જો બન્ને સમાન બુદ્ધિવાળા હોય તો પછી એકને માસ્તર અને બીજાને છાત્ર બનવાની જરૂર પણ રહેતી નથી. માસ્તર અને છાત્ર બન્નેમાં બુદ્ધિ તો છે પણ એકમાં વધારે છે અને બીજામાં ઓછી છે પણ જેનામાં બુદ્ધિ ઓછી છે તે બુદ્ધિ પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરે છે અને બીજો તેને બુદ્ધિ આપે છે. આ પ્રમાણે જે છાત્રમાં બુદ્ધિ ઓછી છે તે પણ બુદ્ધિમાન જ છે; કારણ કે, તે બુદ્ધિ પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરે છે. આ જ પ્રમાણે જે બુદ્ધિને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તે પણ બુદ્ધિમાન જ છે અને જેનામાં બુદ્ધિ છે તે તો પહેલેથી બુદ્ધિમાન છે જ. તમે જો કોઈ વાતનો નિર્ણય તાત્કાલિક કરી ન શકો તો પણ

સત્યાસત્યનો નિર્ણય કરવાની ઇચ્છા તો રાખો જ. આ પ્રકારની ઇચ્છા રાખવાથી તમે બુદ્ધિહીન નહિ પણ બુદ્ધિમાન જ કહેવાશો.

અમે તમને જે કાંઈ સંભળાવીએ છીએ તે એમ સમજીને જ સંભળાવીએ છીએ કે, તમે સત્યાસત્યનો નિર્ણય કરવાની વિવેકબુદ્ધિ પ્રગટાવો. આમ છતાં કોઈ અમારું કહેવું ન સાંભળે કે ન માને તો તે તેમની ઇચ્છા. પણ એ કારણે અમારે દુઃખ માનવું ન જોઈએ. અમને એવો પણ વિચાર થવો ન જોઈએ કે, અમે તો કહીએ છીએ પણ આ લોકો તો કાંઈ સાંભળતા જ નથી. જો અમને આ પ્રકારનો વિચાર થયો તો એ પોતાના જ્ઞાનને પોતે હલકું બનાવવા જેવું છે. એટલા માટે 'અમારું કહેવું કોઈ સાંભળતું કે માનતું નથી' એ વિચારથી અમને દુઃખ થવું ન જોઈએ પણ એ વાતનો વિચાર તો અવશ્ય કરવો જોઈએ કે, આ શિક્ષા બુદ્ધિમાનને જ આપવી, બુદ્ધિહીનને નહિ. બુદ્ધિહીનને શિક્ષા આપવાથી કાંઈ લાભ થઈ શકતો નથી. ખેડુત પણ બીજ વાવતાં પહેલાં એ જોઈ લે છે કે આ ભૂમિ ઉપજાઉ છે કે નહિ? ભલે તે ભૂમિમાં અન્ન કે વૃક્ષ ઉગેલું ન હોય છતાં તે એ તો જુએ જ છે કે, અહીં ઘાસ ઉગેલું છે કે નહિ! જો ઘાસ ઉગેલ હોય તો તો ખેડુતને એટલી તો આશા રહે છે કે, આ ભૂમિ ઉપર વાવેલું બીજ તો નિરર્થક નહિ જાય, પણ જો ત્યાં ઘાસ પણ ઉગ્યું ન હોય તો એવી નકામી ભૂમિ ઉપર બીજ વાવીને શું લાભ થાય? આ જ પ્રમાણે આ ધર્મશિક્ષા સંભળાવવા માટે અમારે પરિષદ જોવી જોઈએ કે આ પરિષદ કેવી છે! શ્રી નંદીસૂત્રમાં ત્રણ પ્રકારના શ્રોતા બતાવવામાં આવેલ છે. એક તો 'જાણિયા'; બીજા 'અજાણિયા' અને ત્રીજા 'દુહેડા' શાસ્ત્રમાં કહ્યું છે કે, જાણિયા અને અજાણિયા શ્રોતા આગળ તો ઉપદેશ આપવો પણ 'દુહેડા'—અર્ધદગ્ધ શ્રોતા આગળ તો ચૂપ રહેવું એ જ સારું છે.

જાણિયા અને અજાણિયા શ્રોતા આગળ કેવો ઉપદેશ આપવો અને દુહેડા-અર્ધદગ્ધ શ્રોતા આગળ કેવી રીતે ચૂપ રહેવું એ પણ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યું છે. જાણિયા શ્રોતા તે છે કે, જેઓ થોડું કહેવામાં જ ઘણું સમજી જાય. જે પ્રમાણે પાણીમાં પડેલું તેલનું બિંદુ ફેલાઈ જાય છે તે જ પ્રમાણે જે થોડું સાંભળીને વધારે સમજી જાય છે તે જાણિયા શ્રોતા છે. બીજા અજાણિયા નામના શ્રોતા છે અર્થાત્ જેમનામાં આ પ્રકારની બુદ્ધિ હોતી નથી. જાણિયા શ્રોતા તો તેઓ છે કે જેઓ થોડું ઘણું જાણે છે, અને અજાણિયા શ્રોતા તે છે કે, જેઓ કાંઈ પણ જાણતા નથી. જાણિયા શ્રોતા અને અજાણિયા શ્રોતાને કેવો ઉપદેશ આપવો એનો પણ વિચાર કરવાની જરૂર છે. જો અજાણિયા શ્રોતાઓની આગળ જ્ઞાનચર્ચાની મોટી મોટી વાતો કરવામાં આવે તો એ લોકો એ વાતને કેમ સમજી શકે? એટલા માટે અજાણિયા શ્રોતાઓને એવી સરલ શિક્ષા આપવી જોઈએ કે જેથી બાળક પણ એ સરલ શિક્ષાને સમજી શકે. જાણિયા શ્રોતાઓની આગળ કોઈ તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવામાં આવે તો તેઓ તો તર્ક કે દલીલોદ્વારા નિર્ણય કરી શકે, પણ અજાણિયા શ્રોતાઓ તત્ત્વજ્ઞાનને સમજી ન શકવાને કારણે ઊલટા ગડબડમાં પડી જાય. એટલા માટે 'અજાણિયા' શ્રોતા અને 'જાણિયા' શ્રોતાઓની આગળ કેવો ઉપદેશ આપવો તેનો પણ ખ્યાલ રાખવાની જરૂર રહે છે. અજાણિયા પરિષદની સામે એવું ચરિત્રચિત્રણ કરવું ન જોઈએ કે જેથી તેમનું પોતાનું ચરિત્ર નષ્ટ થઈ જાય અથવા તેમના ગાર્હસ્થ્ય જીવનમાં કોઈ પ્રકારની મુશ્કેલી

ઉભી થઈ જાય! સાધુઓનું વ્યાખ્યાન સાંભળી કોઈ સ્ત્રી એમ કહેવા લાગે કે, "હું તો હવે ચૂલો સળગાવીશ નહિ, ઘંટી ફેરવીશ નહિ, બાળકને દૂધ પીવડાવીશ નહિ અને ઘરનાં કામો પણ કરીશ નહિ કારણ કે એ બધામાં પાપ છે." સ્ત્રીનું આ કથન સાંભળી તમે લોકો શું કહેશો? એ જ કહેશો કે, મહારાજ! આપનું વ્યાખ્યાન સાંભળી અમારી સ્ત્રી બગડી ગઈ. એ સ્ત્રીને જો એમ કહેવામાં આવે કે, તારે જો-કામ જ કરવું નથી તો તું દીક્ષા લઈ લે. તો એને માટે તો તે એમ કહે છે કે, મારે દીક્ષા તો લેવી નથી પણ હું ઘરનું કામ કરીશ નહિ. ત્યારે તેને એમ જ કહી શકાય કે, તું સર્વપ્રથમ સ્થૂલ હિંસાનો ત્યાગ કર તથા ક્રોધ કલેશનો ત્યાગ કર. જો સ્થૂલ હિંસાનો ત્યાગ કરીશ તોપણ તને ધર્મ જ થશે. જો તું ઘરમાં શાન્તિથી રહીશ અને ઘરમાં કલેશકંકાસ નહિ કરે તો તારા ઘરના લોકો એમ કહેશે કે, મહારાજ! આપનું વ્યાખ્યાન સાંભળી તે સુધરી ગઈ. આ પ્રમાણે ઘરના વ્યવહારથી જ સાધુઓને પ્રશંસા પણ મળી શકે છે અને બદનામી પણ મળી શકે છે.

કહેવાનો આશય એ છે કે, અજાણિયા શ્રોતાઓની આગળ એવી શિક્ષા આપવી ન જોઈએ કે જેને તેઓ સમજી શકે નહિ અને ઊલટા ગડબડમાં પડી જાય. બાળક અને સ્ત્રીઓના મગજમાં એવી વાત ઘુસેડવી ન જોઈએ કે જેથી તેમનામાં વધારે ખરાબી આવી જાય અથવા ભયમુક્ત થવાને બદલે વધારે ભયગ્રસ્ત થઈ જાય. બાળક અને સ્ત્રીઓની સામે ભૂત-ચૂડેલની વાતો કરવામાં આવે તો તેઓ એમ વિશ્વાસ કરવા લાગશે કે, ભૂત-ચૂડેલ હોય છે. કારણ કે તે દિવસે શાસ્ત્રમાં પણ ભૂત-ચૂડેલની વાત નીકળી હતી. આ પ્રમાણે ભૂત-ચૂડેલની વાતો કરવાથી બાળક અને સ્ત્રીઓમાં વધારે ભય પેદા થવા પામે છે. તેમની સામે તો એવી વાત મૂકવી જોઈએ કે, નવકાર મંત્રમાં એવી શક્તિ હોય છે કે, તે ચૌદ પૂર્વના જ્ઞાનથી પણ ચડિયાતી છે અને તેનો જાપ કરવાથી કોઈ પ્રકારનો ભય પણ રહેતો નથી. ગાંધીજીએ લખ્યું છે કે, 'મારી ધાયમાતાએ મને એવી શિક્ષા આપી હતી કે, રામનું નામ જપવાથી ભૂત આદિનો ભય લાગતો નથી. મારી ધાયમાતાની આ શિક્ષાને કારણે મને કોઈ દિવસ ભૂત-પ્રેતનો ભય લાગ્યો નથી.' હવે તમે એ વિચારી લો કે, નવકારમંત્ર મોટો છે કે રામનામ મોટું છે. તમે એમ કહેશો કે, નવકારમંત્ર મોટો છે. પણ એવો વિશ્વાસ છે કે નહિ? આજે કોઈ સાઠ વર્ષના વૃદ્ધને એમ કહેવામાં આવે કે, તમે રાતના સ્મશાનમાં ચાલ્યા જાઓ. તો શું તે વૃદ્ધ જઈ શકશે? આથી વિરુદ્ધ જાપાનના બાળકો વિષે એવું સાંભળવામાં આવે છે કે, પાંચ વર્ષના બાળકના હાથમાં પણ તલવાર કે બંદુક આપી સ્મશાનમાં જવાનું કહેવામાં આવે છે તો તે પણ સ્મશાનમાં ચાલ્યો જાય છે. આ પ્રમાણે આપણે ત્યાં આવો વિશ્વાસ નથી પણ હૃદયમાં ભય ઘૂસેલો છે. એટલા માટે તેમને એવી શિક્ષા આપવી ન જોઈએ કે જેથી તેમને વધારે ભય થાય; પણ તેમને એવી શિક્ષા આપવી જોઈએ કે જેથી તેમનો ભય દૂર થાય!

આ જમાનામાં જાણિયા પરિષદ્ ઓછી છે અને અજાણિયા પરિષદ્ વધારે છે. એટલા માટે અમારે ઉપદેશ આપવામાં સાવધાની રાખવી જોઈએ.

કદાચ કોઈ કહે કે, અમુક બાઈનું અમુક કામ તે દેવીની પાસે જવાથી પૂરું થઈ ગયું. પણ જ્યારે દેવીમાં શકિત છે તો શું નવકારમંત્રમાં શક્તિ નથી? નવકારમંત્રમાં કેવી શકિત છે. એને માટે કહ્યું છે કે:—

કૃષ્ણ ભૂજંગકો ઘાલ્યો રે ઘટમેં, દિયો મારણકો હાર;
નાગ પીઠ ભઈ ફૂલકી માલા, મન્ત્ર જપ્યો નવકાર.

નવકારમંત્રની શક્તિનાં આવાં અનેક દાખલાઓ પણ મળે છે. કદાચ કોઈ કહે કે, આ દાખલાઓ તો જુનાં છે અને નવાં દાખલાઓ આની વિરુદ્ધના પણ મળે છે. પરંતુ આ વિષે હું મારા અનુભવની વાત કહું છું કે, હું નાનપણમાં ભૂતપ્રેત આદિથી બહુ ભય પામતો હતો પણ જ્યારથી નવકારમંત્રથી ભૂત ભાગી જાય છે એવી મારામાં દઢતા આવી ત્યારથી મારો ભૂતપ્રેતનો ભય ઓછો થઈ ગયો. તમે પણ નવકારમંત્ર ઉપર દઢ વિશ્વાસ રાખો તો પછી ભૂતપ્રેત વગેરે કોઈનો ભય રહેવા ન પામે.

આ વિષે સાધ્વીઓ ઉપર વધારે જવાબદારી રહેલી છે. કારણ કે, સ્ત્રીઓનું આવવું-જવું તેમને ત્યાં વધારે હોય છે. સ્ત્રીઓને એવી ભાવના હોવી ન જોઈએ, તેમ તેમને એવી શિક્ષા પણ મળવી ન જોઈએ કે, આજે કાળી ચૌદશ છે એટલે આ મંત્રનો જાપ કરવાથી આમ થશે અથવા આ મંત્રનો જાપ કરીશું તો આમ થશે.

કેટલાક લોકો સાધુ થઈને પણ આ પ્રકારની શિક્ષા આપે છે. એટલા જ માટે અનાથી મુનિ કહે છે કે, હે! રાજા! તું મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલ. મહાનિર્ગ્રન્થોના માર્ગે એક તો શ્રદ્ધારૂપે ચાલી શકાય છે અને બીજું સ્પર્શનારૂપે ચાલી શકાય છે. સ્પર્શનારૂપે તેમના માર્ગે ચાલી ન શકાય તો તે વાત જુદી છે પણ જે શ્રદ્ધારૂપે પણ ચાલતો નથી તે પતિત થઈ જાય છે. શું તમે કોઈ નિર્ગ્રન્થને જંત્ર-મંત્ર બતાવતા સાંભળ્યા કે જોયા છે? સાચા નિર્ગ્રન્થો જંત્રમંત્રમાં પડતા નથી; તો પછી જંત્રમંત્રમાં પડવું એ કુશીલોના માર્ગે ચાલવા જેવું નથી શું? તમે પણ આ વાતનો વિશ્વાસ રાખી કુશીલોના માર્ગે ન ચાલો પણ મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## સુદર્શન ચરિત્ર—૬૩

કેવલી ભગવાનની વાણી અમોઘ હોય છે. સુદર્શન કેવલી ભગવાન દેવોને ઉપદેશ આપતાં કહેવા લાગ્યા કે, તમે મને અને હું તમને જોઈ રહ્યો છું પણ કેવળ ઉપરથી જ જોઈને અટકી ન જાઓ; પરંતુ અંદરથી એ જુઓ કે, તમે લોકો કોનો ઉત્સવ ઉજવી રહ્યા છો અને કોનો જયકાર બોલી રહ્યા છો.

એક માણસ જે ઊંચે બેઠેલ છે તે જલ્દી અને દૂર જોઈ શકે છે પણ તેનો આધાર તો નીચેનો જ હોય છે. જો તેને નીચેનો આધાર ન હોય તો તે ઉપરથી પડી જાય. આ જ પ્રમાણે તમે લોકો મારો જયકાર તો બોલો છો પણ મારી નીચે કોનો પાયો રહેલો છે તે જુઓ.

સુદર્શન મુનિના ઉપદેશનો સાર, આખા જગતને એક કરવાની ભાવના છે. આજના યુવકો તો કેવલ ત્રણ જ સમ્પ્રદાયોને એક કરવા ચાહે છે પરંતુ અમે તો સકળ સંસારને એક કરવા ચાહિએ છીએ. શાસ્ત્રમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે, સમસ્ત જીવોને પોતાના આત્માની સમાન માનો, પણ આ કથનનો વાસ્તવિક અર્થ શું છે તેને ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે. જ્યારે બધા જીવોને સમાન માનવાનું કહેવામાં આવ્યું છે તો પછી શું મનુષ્ય મનુષ્ય પણ એક થઈ શકે નહિ! શાસ્ત્ર એમ કહેતું નથી કે ક્રમ-વિભાગને જ મટાડી

દો. શાસ્ત્ર તો કહે છે કે, પગની જગ્યાએ પગ રહેશે અને મસ્તકની જગ્યાએ મસ્તક રહેશે. શરીરને તો પગ, નાક, કાન, મસ્તક વગેરે બધાની આવશ્યકતા રહે છે છતાં પગ તો પગની જગ્યાએ જ રહેશે અને મસ્તક, મસ્તકની જગ્યાએ જ રહેશે. બધાં અંગોને સમાન માનવાનો એ અર્થ નથી કે, પગ અને મસ્તકને એક કરી દો. બધાં અંગો યથાસ્થાને ભિન્ન તો રહેશે જ, પણ સાથે સાથે શરીર એક હોવાથી અભિન્ન પણ થઈ શકે છે. અંગની દૃષ્ટિએ તો ભિન્નતા છે પણ શરીરની દૃષ્ટિએ અભિન્નતા છે. આ પ્રકારનો વિવેક રાખીને જો સુધાર કરવામાં આવશે તો તો ઠીક છે નહિ તો સુધાર થવાને બદલે ઊલટો વિગ્રહ થશે.

સુદર્શન ભગવાન કહે છે કે, તમે આ શરીરને આદર આપી રહ્યા નથી પણ ગુણોને આદર આપી રહ્યા છો અને તે ગુણો આત્માનાં છે; એટલા માટે જે આત્માનાં ગુણો છે એ આત્માને તમે ભૂલી ન જાઓ.

સંસારમાં જે કાંઈ પ્રિય લાગે છે તે આત્માને માટે જ પ્રિય લાગે છે. તે એટલે સુધી કે પરમાત્મા પણ આત્માને માટે પ્રિય લાગે છે. એટલા માટે આત્માને ભૂલી ન જાઓ. કાલે કહ્યું હતું કે,

'દેખ સખી યહ બ્રહ્મ બિરાજત, યાકી ગતિ સબ યાહી કો સોહે.'

આત્મા જ બ્રહ્મ છે. એ વાતની સાક્ષી માટે ભગવતી સૂત્રનું પ્રમાણ આપું છું. ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે, 'હે ! ભગવન્ ! જીવનાં કેટલાં નામ છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને કહ્યું કે, 'હે ! ગૌતમ ! જીવનાં વિષ્ણુ, કર્ત્તા, વિકર્ત્તા, પારંગત આદિ અનેક નામો છે. એ બધાં નામોમાં ઉપાધિકૃત ભેદ તો છે પરંતુ ઉપાધિ મટી જવાથી બધાં નામો એક જ છે.'

આ પ્રમાણે આત્માને માટે એમ કહેવામાં આવ્યું છે કે, હે ! સખી ! આ આત્મા જ બ્રહ્મ છે. એને બગાડ નહિ. કોઈ મંદિરના પત્થરને તોડવા લાગે તો એ દેવની અવજ્ઞા માનવામાં આવશે, પણ કોઈ દેવળની તો રક્ષા કરે પણ દેવને બગાડે તો શું એ દેવની અવજ્ઞા થઈ નહિ ગણાય ? આ શરીર દેવળ છે અને એ દેવળમાં રહેનાર આત્મા દેવ છે. આ વાત કેવળ જૈનો જ કહેતા નથી પરંતુ વેદાન્તીઓ પણ એમ જ કહે છે. તેઓ પણ એમ કહે છે કેઃ—

देहो देवालयः प्रोक्तो, जीवो देवः सनातनः ।
त्यजेत् अज्ञाननिर्माल्यं, सोऽहंभावेन पूजयेत् ॥

આ દેહ તે આત્મદેવનું મંદિર છે, જે તેની અંદર રહે છે. એ આત્મદેવની અવજ્ઞા કરવી શું ઉચિત છે ? તમે આડકતરી રીતે તો ગમે તે કહો, પણ એ વિષે ઊંડો વિચાર કરવામાં આવે તો જણાશે કે, આ દેહમાં રહેનાર દેવનો જ દ્રોહ કરવામાં આવે છે. કોઈ મૃત સ્ત્રીને ખરાબ દૃષ્ટિએ જોવામાં આવતી નથી. આ જ પ્રમાણે કોઈ મૃત શરીરને મારવામાં આવતું નથી. જે કાંઈ ખરાબ કામ કરવામાં આવે છે તે જીવિતની સાથે જ કરવામાં આવે છે. આ પ્રમાણે એ આત્મદેવને જ બગાડવાનો-ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

જીવની દશા જીવને માટે જ શોભા આપે છે. એની દશા કોઈ જડ પદાર્થમાં શોભા આપી શકે નહિ. એ જીવ એકમાં તો એક છે અને અનેકમાં અનેક છે. આ વાત સાધારણ રીતે સમજમાં આવી શકશે નહિ પણ કોઈ મહાપુરુષના શરણે જઈ સમજવામાં આવે તો સમજમાં આવી શકે.

જગતમાં શબ્દોનો પાર નથી, પરંતુ–એ શબ્દોનું એ શબ્દોને સાંભળવાનું–સ્થાન તો કાન જ છે. હવે એ જુઓ કે શબ્દો મોટાં કે કાન મોટાં? આ જ પ્રમાણે આંખ પણ બધાં રૂપોનું આયતન છે. આંખની વિના રૂપ નકામું છે. આ પ્રમાણે સંસારનાં બધાં પદાર્થોનું આયતન અર્થાત્ રહેવાનું સ્થાન તો ઇન્દ્રિયો છે, પણ એ જુઓ કે આંખમાં, નાકમાં, કાનમાં અને એ બધી ઇન્દ્રિયોમાં કોણ છે? એ બધી ઇન્દ્રિયોમાં આત્મા જ છે ને? આ પ્રમાણે આત્મા એક પણ છે અને અનેક પણ છે. એકમાં તો એક છે અને અનેકમાં તે અનેક છે. ભગવતી સૂત્રમાં સોમલના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને કહ્યું છે કે, 'હું એક પણ છું અને અનેક પણ છું. આંખ, કાન, નાક વગેરેમાં જો આત્મા ન હોય તો શું એ બધી ઇન્દ્રિયો પોતપોતાનું કામ કરી શકે ખરી? જોકે આંખ, કાન, નાક આદિ ઇન્દ્રિયો ભિન્ન ભિન્ન છે પણ એ બધી એક જ આત્માની સત્તા છે. આ પ્રમાણે આત્મા એક પણ છે અને અનેક પણ છે. જો આત્મા પોતાના રૂપને સમજે તો પોતાના રૂપમાં જ આવી શકે છે અને જ્યારે તે પોતાને ભૂલી જઈ મોહમાં પડી જાય છે ત્યારે તે પોતે જ ચક્કરમાં પડી જાય છે. આ પ્રમાણે આત્મા જ્યારે પોતાનો વિચાર કરે છે ત્યારે તે પોતાના રૂપમાં જ આવી જાય છે અને જ્યારે પોતાને ભૂલી જાય છે ત્યારે મોહમાં પડી જાય છે.

આત્મા પોતાને ભૂલી જઈ મોહમાં કેવી રીતે પડી જાય છે! તો એને માટે એમ માનો કે, કોઈ સ્ત્રી તમારી સામે આવી તે વખતે આત્મા પોતાને મોટો માને છે કે રમણીને મોટી માને છે. બલ્કિ કેટલાકો તો રાવણની જેવા એવા હોય છે કે, જેઓ રમણીની પાછળ પોતાનું સર્વસ્વ–પોતાનાં પ્રાણ સુદ્ધાં પણ સમર્પણ કરી દે છે. શું આજે પણ મોટા મોટા સાધુઓ અને ગોસાઈઓ એક એક રંડીની પાછળ બરબાદ થયા નથી?

આ પ્રમાણે આ આત્મા–બ્રહ્મ પોતાની મેળે જ પોતાના રૂપમાં આવે છે અને પોતાની મેળે જ પોતાને ભૂલી જઈ મોહમાં પડી જાય છે. એટલા જ માટે કવિ આનંદઘનજી કહે કે, 'હે! અવધૂત! આયતન અર્થાત્ મઠમાં શું પડી રહ્યો છે! તારા ઘટને કેમ જોતો નથી? એ ઘટમાં કોણ છે એ જો.'

જ્ઞાનમાં પણ આત્મા જ છે અને અજ્ઞાનમાં પણ આત્મા જ છે. આજે જો તમારામાં અજ્ઞાન પણ હોય તો તેને પણ તમારું સહાયક માનો. અપૂર્ણતા જ પૂર્ણતા આપનાર છે. ન જાણવું કે ઓછું જાણવું એ અપૂર્ણ જ્ઞાન અથવા અજ્ઞાન છે, પણ એની દ્વારા જ પૂર્ણતા અર્થાત્ જ્ઞાનમાં જાઓ.

સુદર્શન ભગવાન આગળ કહેવા લાગ્યા કે, "હે! દેવો! તમે લોકો જે મહિમા ગાઈ રહ્યા છો તે મહિમા શરીરનો નહિ પણ ઉત્કૃષ્ટ સંયમનો છે. એ ઉત્કૃષ્ટ સંયમ બધા આત્મામાં રહેલો છે એટલા માટે તેને ભૂલી ન જાઓ."

જૈનધર્મ કહે છે કે, ઉત્કૃષ્ટ સંયમ હોવાથી જ ઉત્કૃષ્ટ ચારિત્ર આવે છે. એમ બનતું નથી કે, ઉત્કૃષ્ટ સંયમ તો ન હોય અને ઉત્કૃષ્ટ જ્ઞાન પેદા થઈ જાય. જો ઉત્કૃષ્ટ સંયમ પહેલાં ઉત્કૃષ્ટ જ્ઞાન પેદા થઈ જાય તો ગજબ થઈ જાય ને! એ દશામાં સંસાર જ પતિત થઈ જાય. એટલા માટે પહેલાં મોહ નષ્ટ થાય છે ત્યારે જ ઉત્કૃષ્ટ જ્ઞાન પેદા થાય છે. મોહ નષ્ટ થયાં પહેલાં જ્ઞાન પેદા થવાથી સંસાર પતિત થઈ જાય. ઉદાહરણ તરીકે માનો કે,

તમારે ધન જોઈએ છે. તમારો ધનનો મોહ છૂટ્યો નથી છતાં તમને અવધિજ્ઞાન પેદા થઈ જાય તો તમે આ સંસારમાં અનેકોને સાફ કરી નાંખો. આ તો એના જેવી વાત બને કે, બિલાડીને પાંખ આવી ગઈ. બિલાડીને જો પાંખ આવી જાય તો તે કોઈ પણ પક્ષીને ન છોડે. આ જ પ્રમાણે જો તમને ધનનો મોહ છૂટ્યા પહેલાં જ અવધિજ્ઞાન આદિ પેદા થઈ જાય તો તમે પણ સંસારને પલટાવી દો. બિલાડીને પાંખો આવતી નથી એ જ સારું છે. પાંખ ન આવવાના કારણે જ પક્ષીઓની પણ રક્ષા થાય છે અને બિલાડી પણ ઘણા પાપથી બચી જાય છે. આ જ પ્રમાણે મોહ છૂટ્યા પહેલાં જ્ઞાન થતું નથી એ પણ સારું જ છે.

મતલબ કે, પૂર્ણ ચારિત્ર થયા બાદ જ પૂર્ણ જ્ઞાન પેદા થાય છે; પહેલાં થતું નથી. કોઈ કોઈના વિષે એમ કહે કે, તે આધ્યાત્મજ્ઞાની છે તો તેને એમ કહેવું કે, જો આધ્યાત્મજ્ઞાની હશે તેનામાં ચારિત્રપણું પણ સરસ હશે; તે ચારિત્રની અવગણના કરશે નહિ.

સુદર્શન ભગવાન કહે છે કે, હે ! દેવો ! તમે જે ગુણોની મહિમા ગાઓ છો તે ગુણો તમારા આત્મામાં પણ છે. એ વાત સદા ખ્યાલમાં રાખો.

તમે પણ આ વાતને સમજીને આ પ્રકારના ચારિત્રને નમસ્કાર કરશો તો આ ભવમાં નહિ તો અન્ય ભવમાં એ પ્રકારનું ચારિત્ર અવશ્ય પ્રાપ્ત થશે. ગુણોનો સત્કાર કરવો એ સારું જ છે. પણ જે ગુણોની ઘૃણા કરે છે તે ઘૃણા કરનારમાં તે ગુણો છે. કોઈ ક્ષમાની નિંદા કરે છે, તો ક્ષમાશીલ કહે છે કે, તે નિંદા કરનારમાં પણ ક્ષમાનો ગુણ છે, જે કોઈ દિવસે અવશ્ય પ્રગટ થશે. કોઈ શીલની નિંદા કરે છે તો જ્ઞાનીઓ કહે છે કે એ શીલનિંદકમાં પણ શીલનો ગુણ છે. તેનામાં રહેલો તે શીલનો ગુણ પણ કોઈ ને કોઈ દિવસે અવશ્ય પ્રગટ થશે.

એવાં અનેક ઉદાહરણો મળે છે કે, જે પાપીઓએ ધર્મની ઘણી નિંદા કરી હોય છે તે પાપીઓ પણ ધર્માત્મા બની ગયા છે. ભગવાન પાર્શ્વનાથની સાથે કમઠે કેવું વૈર વાળ્યું હતું અને કેવો દુર્વ્યવહાર કર્યો હતો ! પરંતુ આખેરે તે કમઠ જ ભગવાન પાર્શ્વનાથના ગુણગાન કરવાથી સુધરી ગયો કે નહિ ? ગોશાલાએ પણ ભગવાન મહાવીરની સાથે કેવો દુર્વ્યવહાર કર્યો હતો ! તેણે ભગવાનના બે શિષ્યોને પણ બાળી નાંખ્યા હતા અને ભગવાન ઉપર પણ તેજોલેશ્યા ફેંકી હતી. તે ગોશાલક માટે પણ ભગવાને કહ્યું છે કે, તે ગોશાળો પણ અનેક ભવની પશ્ચાત્ મારા આત્માની સમાન બની જશે. આ પ્રમાણે જે ગુણોની નિંદા કરે છે તેમનામાં પણ તે ગુણો હોય છે, જે કોઈ ને કોઈ દિવસે પ્રગટ થાય જ છે. જ્ઞાનીજનો આ પ્રમાણે નિંદા કરનારાએથી ગભરાતા નથી, પરંતુ તેમને પોતાના સહાયક માને છે.

અભયાએ સુદર્શન મુનિને વિચલિત કરવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ તે શેઠ જ્યારે વિચલિત ન થયા ત્યારે તે બહુ ક્રુદ્ધ થઈ; છતાં શેઠ તો એમ જ વિચારતા હતા કે, આ માતાતુલ્ય ક્રોધ કરતી નથી પરંતુ મારા ચારિત્રને ઉત્કૃષ્ટ બનાવે છે. આ માતા મારા ચારિત્રરૂપી અગ્નિ ઉપર ઘી હોમે છે અને મારા ચારિત્રાગ્નિને સતેજ બનાવી રાખે છે. આ પ્રમાણે જ્ઞાનીજનો તો અવગુણમાં પણ ગુણોનું જ દર્શન કરે છે.

ભગવાન સુદર્શને પોતાના ઉપદેશમાં કહ્યું છે કે, જે ગુણોને કારણે તમે લોકો મહિમા ગાઈ રહ્યા છો તે ગુણો તમારામાં પણ છે કારણ કે મારો અને તમારો આત્મા સમાન છે.

ભગવાનનો આ ઉપદેશ સાંભળી અભયા વિચારવા લાગી કે, મેં આવા પ્રભુને પણ કષ્ટ આપ્યું ! તેમને પહેલાં પણ શૂળીએ ચડાવવાનો હુકમ અપાવ્યો અને હવે મુનિ થયા બાદ અહીં પણ કષ્ટો આપ્યાં. આ પ્રમાણે વિચાર કરી તે કહેવા લાગી કે, 'હે ! પ્રભો ! મારા જેવી પાપિણીને આપ ક્ષમા આપો. મેં બહુ પાપ કર્યું છે. મારા પાપને માફ કરો. હું આપના શરણે આવી છું.'

ભૂલો તો તમારાથી પણ થઈ હશે અને પૂર્વભવમાં તો ન જાણે તમે કેવી કેવી ભૂલો કરી હશે ! ન જાણે કયાં કયાં પાપો કર્યા હશે ? અભયાની માફક તમે પણ તમારાં દુષ્કૃત્યો માટે પશ્ચાત્તાપ કરો. ભૂતકાળમાં કરેલાં પાપોને દબાવો કે છુપાવો નહિ. ભક્ત કહે છે કે, 'હું કેવો છું કે હું ઇચ્છાપૂર્વક જે પાપ કૃત્યો કરું છું તે પાપોને તો હું દબાવું છું–છુપાવું છું અને કોઈના કહેવાથી જે થોડું ઘણું સુકૃત કરું છું તેને ચારે બાજુ કહેતો ફરું છું.'

તમે આ પદ્ધતિનો ત્યાગ કરી પોતાનાં દુષ્કૃત્યો માટે પશ્ચાત્તાપ કરો તો તેમાં કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો વદી ૨ રવિવાર

### પ્રાર્થના

**'વિશ્વસેન' નૃપ 'અચલા' પટરાનીજી, તસુ સુત કુલસિણગાર હો, સુભાગી,**
**જન્મતાં શાંતિ થઈ નિજ દેશમેં, મૃગી માર નિવાર હો, સુભાગી;**
**શાન્તિ જિનેશ્વર સાહબ સોલમા. ॥૧॥**

—વિનયચંદ્રજી કૃત ચોવીશી

**શ્રી** શાન્તિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભગવાન શાન્તિનાથ પણ શાન્ત છે અને આત્મા પણ શાન્ત છે; એટલા જ માટે આત્મા ભગવાન શાન્તિનાથની પ્રાર્થના કરે છે. આ વિષે વિવેકપૂર્વક વિચાર કરવામાં આવે તો અતુલ શાન્તિની પ્રાપ્તિ થાય.

અત્રે એક પ્રશ્ન થાય છે કે, જ્યારે હું શાન્ત છું તો પછી મારી પાછળ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક દુઃખો કેમ વળગેલાં છે ? મારી પાછળ આ પ્રકારની અશાન્તિ કેમ વળગેલી છે ? મને રોગ પણ થાય છે અને મારે દુઃખો પણ સહન કરવાં પડે છે. જો હું શાન્ત છું તો પછી મને રોગ અને દુઃખ કેમ થાય છે ? બીજી બાજુ શાસ્ત્ર પણ એમ કહે છે કે, ભગવાન અને ભગવાનનો ધર્મ મંગલમય છે. આ કથનાનુસાર મારામાં પણ મંગલતા હોવી જોઈએ. જ્યારે હું પણ મંગલમય છું, મારામાં પણ મંગલતા છે તો પછી મારું અમંગલ કેમ થાય છે અને મને રોગો અને દુઃખો કેમ સતાવે છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીજનો કહે છે કે, ભગવાન શાન્ત અને મંગલમય છે પણ તું તારા વિષે એ જો કે, તું પોતે શાન્ત અને મંગલમય બન્યો છે કે નહિ? તું પોતે કામવાસનાથી અશાન્ત અને અમંગલ તો બન્યો નથી ને? જો તું કામવાસનાથી ઘેરાઈ ગયો તો તો તું એ કામવાસનાની માફક અશાન્ત અને અમંગલ બની જઈશ. જો કે તું વાસ્તવિક રીતે શાન્ત અને મંગલમય છે પરંતુ કામવાસનાથી ઘેરાઈ જવાને કારણે અશાન્ત અને અમંગલમય બની રહ્યો છે! માટે શાન્ત અને મંગલમય બનવા માટે તું કામવાસનાનો ત્યાગ કર. તું પરમાત્માના વિષે તો એમ જુએ છે કે પરમાત્મા અને તેમનો ધર્મ મંગલમય હોવા છતાં પણ અમંગલમય કેમ છે પણ એમ શા માટે જોતો નથી કે, જે અશાન્તિ અને અમંગલતા છે તે કામવાસનામાંથી આવી છે કે પરમાત્મામાંથી?

આ વિષે ઘણું કહી શકાય એમ છે પરંતુ તમે લોકો સમજદાર હોવાથી સંક્ષેપમાં એટલું જ કહું છું કે, તમે બીજી કોઈ વાત ન જોતાં એટલું જ જુઓ કે તમે પ્રભુમય છો કે પ્રભુથી જુદા છો? 'પ્રભુ સત્યં, શિવં અને સુન્દરં છે.' તે પ્રભુ સત્ય છે, શિવ છે અને સુંદર છે. સત્ કલ્યાણકારી—મંગળકારી હોવા છતાં સુંદર છે. હવે તમે એ જુઓ કે, તું કેવો છે? કદાચ કોઈ કહે કે, હું અસત્ છું; કારણ કે સત્ તો ત્રિકાલમાં એક સરખું જ રહે છે પરંતુ હું તો ક્ષણભંગુર છું. આ જ પ્રમાણે મારી પાછળ અનેક અમંગળ વાતો વળગેલી છે એટલા માટે હું અમંગળ છું. આ પ્રમાણે હું સુંદર પણ નથી; કારણ કે મારી પાછળ અનેક પ્રકારની ઉપાધિઓ વળગેલી છે કે જે ઉપાધિઓને કારણે હું અસુંદર બની રહ્યો છું. આ પ્રમાણે કોઈ ભલે કહે પણ જ્ઞાનીજનો કહે છે કે, આ તારું મૂલ સ્વરૂપ નથી. તું તારા મૂળ સ્વરૂપને જો કે તું કેવો છે? સોનાનો ઘાટ ગમે તેવો હોય પરંતુ સોનું તો સોનું જ રહે છે. આ જ પ્રમાણે તારી પાછળ ઉપાધિઓ વળગેલી છે એ કારણે જ તું આવો થઈ રહ્યો છે પરંતુ તારું મૂળ સ્વરૂપ વાસ્તવમાં આવું નથી. તારું મૂલ સ્વરૂપ તો 'સત્યં શિવં સુંદરં' જ છે. તારું મૂલ સ્વરૂપ સમજવા માટે તું પુદ્‌ગલ અને આત્માનો ભેદ કરી જો. આ પ્રકારના ભેદવિજ્ઞાન વિના મૂલ સ્વરૂપ જાણી શકાતું નથી. તું પોતાને ક્ષણભંગુર અને એ કારણે અસત્ માને છે પરંતુ વાસ્તવમાં ક્ષણભંગુર તું નથી પણ પુદ્‌ગલ છે. આત્મા ક્ષણભંગુર નથી પણ પુદ્‌ગલ ક્ષણભંગુર છે. પુદ્‌ગલને કારણે આત્મા ક્ષણભંગુર બની શકે નહિ. પુદ્‌ગલ અને આત્મા ભિન્ન ભિન્ન છે. પુદ્‌ગલ અને આત્માની ભિન્નતાને માટે એ જુઓ કે, જ્યારે શરીરમાંથી આત્મા નીકળી જાય છે ત્યારે શું શરીર હાલી—ચાલી શકે છે? આંખ, કાન, નાક વગેરે ઇન્દ્રિયો જોઈ, સાંભળી કે સૂંઘી શકે છે? આત્મા વિના શરીર હાલી—ચાલી શકતું નથી તેમ ઇન્દ્રિયો કાંઈ કામ કરી શકતી નથી. આ શરીરને આ રૂપ અને આ સંસ્થાનમાં લાવનાર આત્મા જ છે. આત્માના ચાલ્યા ગયા બાદ શરીર નિશ્ચેતન—મડદું બની જાય છે.

જે શરીરમાંથી આત્મા નીકળી જવાથી નિશ્ચેતન બની ગયું એવાં અનેક મડદાં શરીરોને તમે બાળ્યાં હશે છતાં શું તમને એવું જ્ઞાન પ્રગટયું કે, આત્મા જુદો છે અને શરીર કે પુદ્‌ગલ જુદું છે? ગોંડલ સમ્પ્રદાયની બાલબ્રહ્મચારિણી સતી પાર્વતીજી પોરબંદરમાં આજે કાલધર્મને પામ્યા એ તો તમે સાંભળ્યું જ છે. તેમણે તો અનેક જીવોને ધર્મોપદેશ આપ્યો હશે અને પોતાના આત્માનું પણ કલ્યાણ કર્યું હશે એટલા માટે તેમનું મૃત્યુ તો મહોત્સવરૂપ છે, ચિન્તનીય

નથી. તેમનું મૃત્યુ ચિન્તનીય છે કે જેમણે આત્માના કલ્યાણનાં કામો કર્યા નથી પણ અકલ્યાણનાં કામો કર્યા છે.

કહેવાનો આશય એ છે કે, જ્યારે શરીરમાંથી આત્મા ચાલ્યો જાય છે ત્યારે શું શરીરને રાખી શકાય છે! જો નિશ્ચેતન શરીરને રાખવામાં આવે તો શરીર ગંધાવા માંડશે અને તેમાં કીડા પડી જશે. શરીરનું સડી જવું અને તેમાં કીડાનું પડવું એ જ બતાવે છે કે, આ શરીરમાં જે કોઈ હતું તે બીજો કોઈ હતો અને આ શરીર પણ તેનાથી બીજું છે; પણ લોકો શરીર–પુદ્ગલને જ આત્મા સમજી બેઠા છે એ જ મોટી ભૂલ છે. હું પુદ્ગલ છું એવી લોકોમાં શ્રદ્ધા બેસી ગઈ છે અને પછી જેવી શ્રદ્ધા હોય છે તેવું જ બની જાય છે. કહ્યું પણ છે કેઃ—

**श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव।**

અર્થાત્—પુરુષ શ્રદ્ધામય છે. જે જેવી શ્રદ્ધા કરે છે તે તેવો જ બની જાય છે. આ જ કારણે પુરુષ આત્માના મૂલ સ્વરૂપને ભૂલી જઈ એમ માનવા લાગે છે કે, હું અસત્, અમંગલ અને અસુંદર છું. જો આત્મા પોતાના મૂલ સ્વરૂપને સમજીને પછી ભગવાન શાન્તિનાથનું સ્મરણ કરે તો શાન્ત પણ થઈ જાય અને તેની બધી ઇચ્છા પણ પૂર્ણ થઈ જાય. ભગવાનનું સ્મરણ કરવાથી કોઈ પ્રકારની ઉપાધિ બાકી ન રહે.

કોઈ એમ કહે કે, "ભગવાન શાન્તિનાથનું નામસ્મરણ કરવાથી શાન્તિ મળે છે પરંતુ અનેકવાર એવું બને છે કે, ભગવાન શાન્તિનાથનું નામસ્મરણ કરવા છતાં પણ રોગ શાન્ત થતો નથી. આવી દશામાં ભગવાન શાન્તિનાથના નામસ્મરણ કરવાથી શાન્તિ મળે છે એ કથન ઉપર વિશ્વાસ કેમ બેસી શકે? આ જ પ્રમાણે કેટલાક લોકો એમ પણ કહેશે કે, આ પ્રાર્થનામાં એમ કહેવામાં આવ્યું છે કે, ભગવાન શાન્તિનાથનું નામ જપવાથી બધી આશાઓ પૂરી થઈ જાય છે, પણ અમે નામ જપતાં જપતાં ઘરડાં થઈ ગયા છતાં અમારી આશા પૂરી ન થઈ. તો પછી ભગવાન શાન્તિનાથના નામસ્મરણથી આશા પૂરી થાય છે એ વાત ઉપર વિશ્વાસ કેમ બેસી શકે?"

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, માનો કે કોઈ માણસે બીજા માણસને એમ કહ્યું કે, સાયકલદ્વારા બે ચાર મિનિટમાં જ અહીંથી સ્ટેશને જઈ શકાય છે. જે માણસને આમ કહેવામાં આવ્યું તે માણસ સાયકલ ચલાવવી જાણતો ન હતો, છતાં તે સાયકલ ઉપર બેસી ચાલવા ગયો, પણ તે નીચે પડી ગયો અને તેના હાથે તથા પગે સખ્ત ચોટ લાગી. એટલે તે પે'લા માણસને કહેવા લાગ્યો કે, તમે મને ખોટું કહ્યું કે બે ચાર મિનિટમાં સાયકલદ્વારા સ્ટેશને પહોંચી શકાય છે. હવે તમે એ વિચાર કરી જુઓ કે, પે'લા માણસે જે કાંઈ કહ્યું હતું તે ખોટું હતું કે ઠીક હતું? તે માણસનું કહેવું તો બરાબર હતું કે, બે–ચાર મિનિટમાં અર્થાત્ જલ્દી સાયકલદ્વારા સ્ટેશને પહોંચી શકાય છે, પણ ત્યારે કે જ્યારે સાયકલ બરાબર ચલાવતાં આવડતી હોય. જો સાયકલ ઉપર ચડતાં જ આવડતું ન હોય તો સ્ટેશને પહોંચવાને બદલે હાથ–પગ ભાંગે તો એમાં આશ્ચર્યની વાત શી છે? સાયકલ તો સ્ટેશને પહોંચવાનું એક સાધન છે. આ સાધનનો જે ઉપયોગ કરતાં જાણે છે તે જ સ્ટેશને જલ્દી પહોંચી શકે છે.

ભગવાન શાન્તિનાથના નામસ્મરણ વિષે પણ આ જ ઉદાહરણ લાગુ પડે છે. શાન્તિ પ્રાપ્ત કરવા માટે ભગવાન શાન્તિનાથનું નામ એક સાધન છે; પણ આ સાધનનો ઉપયોગ યોગ્ય રીતિએ કરવો જોઈએ. જ્યારે સાયકલ ચલાવવામાં પણ બરાબર ખ્યાલ રાખવાની જરૂર રહે છે તો પછી ભગવાનના નામમાં ખ્યાલ રાખવાની જરૂર ન હોય ? ભગવાન શાન્તિનાથનું નામ મંગલમય અને શાન્તિ આપનારું છે; પણ જો નામસ્મરણ બરાબર રીતિએ કરવામાં આવે તો. જે કોઈ પરમાત્માનું નામસ્મરણ યોગ્ય રીતિએ કરે છે તેને શાન્તિ અને મંગલતાની પ્રાપ્તિ થાય જ છે.

એક કબુતરની રક્ષા માટે પોતાના શરીરનું બલિદાન આપવાનો સમય મેઘરથ રાજા માટે માંગલિક હતો કે અમાંગલિક ? કોઈ સાધારણ રાજા હોય તો જુદી વાત હતી. પણ મેઘરથ રાજા તો પ્રજાને સુખ આપનાર અને ન્યાયનિપુણ રાજા હતો. ધર્મનો તે સેવક હતો. છતાં એક કબુતરને માટે રાજાના શરીરનું બલિદાન આપવું પડે ! તે વખતે રાણી, પ્રધાન અને પ્રજા વગેરે લોકો દુઃખી થઈ રહ્યા હતા. પ્રધાને રાજાને અનેક રીતે સમજાવ્યા અને વિનવ્યા કે, અલ્પને માટે મહાનની હાનિ કરવી એમાં શું બુદ્ધિમતા છે ? એમ કરવું એ તો મૂર્ખતા છે. આ એક કબુતરને માટે આપ શરીરનો ભોગ ન આપો. આપના જે શરીરથી પ્રજાનું પાલન થાય છે તે આ પ્રમાણે નષ્ટ થઈ જાય એમ અમે ચાહતા નથી. આ પ્રમાણે પ્રધાનોએ રાજાને ઘણા સમજાવ્યા પણ રાજા વાણિયો ન હતો કે એમ માની જાય. તેણે પ્રધાનોને કહ્યું કે, ' હે ! પ્રધાનો ! હું અલ્પ માટે મહાનનો ત્યાગ કરતો નથી પણ મહાનને માટે થોડો ત્યાગ કરું છું. તમે સમજો છો કે, હું કબુતરની રક્ષા માટે શરીર આપું છું પણ વાસ્તવમાં હું ધર્મને માટે શરીરનું બલિદાન આપી રહ્યો છું. તમે એ તો સારી રીતે જાણો જ છો કે, આ શરીર નાશવાન છે તો પછી એ નાશવાન શરીરનું પોતાના હાથે જ દાન કરી દેવું શું ખોટું છે ? '

આ પ્રમાણે અપૂર્વ ત્યાગ કરનાર જ તીર્થંકર કે મહાપુરુષ થાય છે. આ ઉદાહરણ ઉપરથી તમે એ જુઓ કે તમે શાન્તિનાથ ભગવાનને જપો છો કે તેમના નામની ખરીદી કરો છો ! ' જો મારું માથું દુઃખવું બંધ થઈ જાય તો હું શાન્તિનાથ ભગવાનની શક્તિ જાણું '—આ પ્રમાણે કહેવું એ ભગવાનનું નામસ્મરણ નથી પરંતુ તેમના નામની ખરીદી છે. શાન્તિનાથ ભગવાનનું નામસ્મરણ સાચું તો તે છે કે, જ્યારે ભગવાનને માટે તન, ધન અને પ્રાણ સમર્પિત કરી દેવામાં આવે. અર્થાત્ તન, ધન અને પ્રાણનો મોહ છોડી દેવામાં આવે. જો કે તમારાથી મોહ એકદમ છૂટવો મુશ્કેલ છે, પરંતુ ધીરે ધીરે મોહને છોડતા જાઓ અને આગળ વધતા જાઓ તો શાન્તિનાથ ભગવાનને જાણી શકશો. સાચું નામસ્મરણ કરતાં જો માથે કષ્ટો પડે તો પણ એમ માનો કે, એ કષ્ટો નથી પડતાં પણ મહાન્ કર્મોની નિર્જરા થઈ રહી છે. એમ થવું ન જોઈએ કે, ઉપવાસ કરો અને ભૂખ લાગે ત્યારે ખાઈ લો. આ જ પ્રમાણે નામ તો જપો અને ધર્મ પણ કરો, પરંતુ માથે કષ્ટો પડે ત્યારે નામ જપવાનું અને ધર્મ કરવાનું છોડી દો. પરમાત્માનું નામ જપતાં કષ્ટો પડે તો એમ વિચારો કે, એ કષ્ટો મને ઉન્નતિના માર્ગે લઈ જાય છે. જો આત્મા કષ્ટોને પણ મંગળ બનાવી લે અને એમ વિચારે કે, આત્મા મંગલમય છે તો કષ્ટો તેને કષ્ટરૂપ જણાય જ નહિ. આ પ્રમાણે જે યોગ્ય રીતિએ પરમાત્માનું નામસ્મરણ કરે છે તેને અમંગલ કે અશાન્તિ થતી જ

નથી. સંસારમાં જેને અમંગલ કે અશાન્તિ કહેવામાં આવે છે તેને પણ ભગવાનનો ભક્ત શાન્તિ અને મંગલરૂપ બનાવી લે છે.

## અનાથી મુનિનો અધિકાર—૬૪

અનાથી મુનિ પણ આ જ વાત કહે છે. તેઓ કહે છે કે, હું પોતે જ શાન્તિને પામ્યો ન હતો એટલે ભાઈ, બહેન, માતાપિતા વગેરે કોઈને પણ શાન્તિ આપી શક્યો ન હતો. મને શાન્તિ ન મળવાનું કારણ એ જ હતું કે, મને રોગ બીજો હતો અને ઉપાય બીજો કરવામાં આવતો હતો.

તમે શરીરના છો કે શરીર તમારું છે? જો તમે એમ માનતા હો કે, અમે શરીરના નથી અને શરીર અમારું નથી તો તો ઠીક જ છે પણ જો એમ માનતા હો કે, અમે શરીરના નથી પણ શરીર અમારું છે તો પણ ઘણુંખરું કામ થઈ જાય. એ દશામાં એમ થવું ન જોઈએ કે શરીર રોગી હોવાથી પોતાને રોગી માનો અને શરીર સ્વસ્થ હોવાથી પોતાને સ્વસ્થ માનો. જો શરીર રોગી હોવાથી પોતાને રોગી અને શરીર સ્વસ્થ થવાથી પોતાને સ્વસ્થ માનવામાં આવે તો તમે શરીરના થયા કે શરીર તમારું થયું?

અનાથી મુનિ કહે છે કે, જ્યાંસુધી હું શરીરને પોતાનું માની રહ્યો હતો ત્યાંસુધી હું દુ:ખ ભોગવતો રહ્યો; પણ જ્યારે હું શરીર અને આત્માને પૃથક્ માનવા લાગ્યો અને હું શરીર નથી પણ શરીર મારું છે એમ સમજવા લાગ્યો ત્યારે શરીરના રોગો ચાલ્યા ગયા. જો તમે શરીરને આધીન થઈ જશો તો ઘણું દુ:ખ પામશો પણ જો શરીરને પોતાને આધીન કરી લેશો તો એ દશામાં તમારું ખાવું, પીવું, દેખવું, સાંભળવું વગેરે જુદા જ પ્રકારનું થઈ જશે અને ત્યારે દુ:ખ પણ નહિ થાય; તથા ઇન્દ્રિયોને વશ થઈ આજે જે ન ખાવા યોગ્ય ખાવામાં આવે છે, ન જોવા યોગ્ય જોવામાં આવે છે અને ન સાંભળવા યોગ્ય સાંભળવામાં આવે છે તે ખાવામાં, જોવામાં કે સાંભળવામાં આવશે નહિ. જેમકે, સિનેમા–નાટક જોવા કે સાંભળવા યોગ્ય નથી. સીનેમા–નાટકને જોનાર ઘરનો કે ઘાટનો રહેતો નથી. સીનેમાની નટી જેવી તેની સ્ત્રી હોતી નથી એટલે સીનેમા જોયા બાદ ઘરની સ્ત્રી તેને રાક્ષસી જેવી લાગે છે અને સીનેમાની નટી તેને મળતી નથી એટલા માટે તે એકેય બાજુનો રહેતો નથી. આ પ્રમાણે શરીરને આધીન બની જવાથી તો ન જોવા યોગ્યને પણ જોવાનું બને છે, પણ જો શરીર પોતાને આધીન હોય તો એમ થતું નથી.

અનાથી મુનિ કહે છે કે, હે! રાજન્! જે સાધુ થઈને પણ શરીરનો ગુલામ બની જાય છે તે અનાથ જ છે, તે કુશીલ છે. હે! રાજન્! તું એ કુશીલોનો માર્ગ છોડી દઈ મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલ. તું એમ ન સમજ કે, 'મને જે શિક્ષા આપવામાં આવી છે તે સાધુઓને માટે જ હિતકારી છે. તું આ શિક્ષાને પોતાના હિત માટે પણ માન અને કુશીલોનો માર્ગ છોડી દે તો તેમાં તારું કલ્યાણ રહેલું છે.'

કોઈ કુશીલોને તો છોડી દે પણ તેમનો માર્ગ છોડે નહિ તો એથી કાંઈ લાભ થતો નથી. લાભ તો ત્યારે થાય કે જ્યારે કુશીલોનો માર્ગ છોડી દેવામાં આવે. જે વસ્તુ જે કામ માટે મળી છે તે વસ્તુનો વિપરીત કામમાં ઉપયોગ કરવો એ કુશીલોનો માર્ગ છે અને જે એમ કરે છે તે કુશીલ છે. જેમકે કપડાં લજ્જા ઢાંકવા માટે પહેરવામાં આવે છે પણ જો

કપડાં પહેરી બીજાની લજ્જા લૂંટવામાં આવે તો તે કુશીલપણું છે. પૃથ્વી બધાને આધાર આપે છે પણ પૃથ્વીનો આધાર લઈ બીજાને આધાર રહિત કરે છે તે કુશીલ છે. જે ભોજન-પાણી તમારી ભૂખ-તરસ મટાડે છે તે ભોજન-પાણી ખાઈ-પીને બીજાને ભોજન-પાણીથી વંચિત રાખવામાં આવે, બીજાનું ભોજન-પાણી ઝૂંટવી લેવામાં આવે તો એ કુશીલપણું છે. આ પ્રમાણે જે વસ્તુ જે કામને માટે મળી છે તે વસ્તુનો ગેરઉપયોગ કરવો એ કુશીલપણું છે. આ જ પ્રમાણે જે વેશને ઇન્દ્ર પણ નમસ્કાર કરે છે અને જે વેશ સંયમનું પાલન કરવા માટે છે તે વેશને ધારણ કરી વિપરીત કામ કરવું તે પણ કુશીલપણું છે.

અનાથી મુનિ કહે છે કે, " હે ! રાજન્ ! કુશીલોનો તો ત્યાગ કરવો જ પણ સાથે સાથે તેમના માર્ગનો પણ ત્યાગ કરવો; અર્થાત્ જે કારણે તે કુશીલ કહેવાય છે તે કારણનો પણ ત્યાગ કરવો, એ અવગુણોનો પણ ત્યાગ કરવો. જોકે, સાધુ અને ગૃહસ્થ બન્નેના માર્ગો જુદા જુદા છે પણ ગૃહસ્થોમાં જે કુશીલનો માર્ગ હોય તે ગૃહસ્થોએ છોડવો જોઈએ અને સાધુઓમાં જે કુશીલનો માર્ગ હોય તે સાધુઓએ છોડવો જોઈએ. હે ! રાજન્ ! જો તું કુશીલોનો માર્ગ છોડીશ નહિ તો પછી તું કુશીલોની ઘૃણા પણ કરી શકીશ નહિ અને તેમનો સંગ પણ છોડી શકીશ નહિ."

અનાથી મુનિ કહે છે કે હે ! રાજન્ ! તું રાજા છે. તું પ્રજાની રક્ષા માટે રાજા થયો છે. જે રાજા થઈને ગરીબોના ધન-પ્રાણનું હરણ કરે છે અને ગરીબ પ્રજાને દુઃખો આપે છે તે કુશીલ છે. જે આ પ્રકારનો કુશીલ રાજા છે તે ગરીબ પ્રજાની રક્ષાથી વિમુખ થઈ તેમનું ધન હરી લે છે. જે લોકો રાજાને રાજા માને છે અને તેમને નમન કરે છે તે રાજા ઉપર પ્રજાની રક્ષાનો ભાર રહેલો છે. જે રાજા પોતાની આ જવાબદારીને સંભાળતો નથી તે કુશીલોના માર્ગ ઉપર છે એમ સમજવું જોઈએ."

ભવભૂતિ કવિએ રામના મુખે એમ કહેવડાવ્યું છે કે, " હે ! લક્ષ્મણ ! હું નામનો જ રાજા નથી, પણ સાચો રાજા છું. મારી ઉપર પ્રજાની રક્ષાનો ભાર રહેલો છે એટલા માટે પ્રજાના હિતને કારણે જો મારે સીતાનો ત્યાગ કરવો પડે તો હું સીતાનો ત્યાગ પણ કરી શકું છું એટલું જ નહિ પણ પ્રજાના હિત માટે તારા જેવા સાચા ભાઈનો પણ ત્યાગ કરવો પડે તો તારો પણ ત્યાગ કરી શકું છું."

આવા રાજાને કોણ ન ચાહે ? અને આવા રાજા હોય તો સ્વરાજ્યનો પ્રશ્ન પણ કેમ ઉપસ્થિત થાય ? પણ રાજાઓ પોતાની જવાબદારી ભૂલી રહ્યા છે અને કુશીલોના માર્ગે જઈ રહ્યા છે અને તે જ કારણે સ્વરાજ્ય પણ માંગવામાં આવે છે તથા કાળા વાવટા બતાવી તે રાજાઓને ધિક્કારવામાં પણ આવે છે.

આ તો રાજાઓની વાત થઈ. હવે તમે તમારા વિષે પણ જુઓ કે, તમારા માટે કયો કુશીલોનો માર્ગ છે કે જે ત્યાજ્ય છે ? તમે વિવાહના સમયે કઈ પ્રતિજ્ઞા કરી હતી અને અત્યારે ક્યાં જઈ રહ્યા છો તે જુઓ. શું તમે પિતાની સાથે યોગ્ય પુત્ર જેવો, માતાની સાથે યોગ્ય સંતાન જેવો, ભાઈ-બ્હેનની સાથે યોગ્ય ભાઈ જેવો, સ્ત્રીની સાથે યોગ્ય પતિ જેવો અને નોકરની સાથે યોગ્ય સ્વામી જેવો વ્યવહાર રાખો છો ? જો નહિ તો શું તમે કુશીલોના માર્ગ ઉપર નથી ? તમે ધનવાન બન્યા છો પણ જે ગરીબોના ધનથી તમે

ધનવાન બન્યા છો તે ગરીબોનું તમે ધ્યાન રાખો છો? કલમ–ખડીયાની તમે પૂજા કરો છો, પણ શા માટે? કલમ–ખડીયાની પૂજા કરી જો કલમ–ખડીયાથી વિપરીત કામ કરવામાં આવે તો શું તે કામ કુશીલોના માર્ગ ઉપર ચાલવા જેવું નથી? તમે ભારતીય છો, આ જ ભારતમાં તમે જન્મ્યા છો, ઉછર્યા છો અને અહીંના જ પરમાણુઓથી તમારું શરીર બન્યું છે. છતાં જો તમે અહીંના ખાન–પાન તથા અહીંની રહેણીકરણીને પસંદ ન કરો અને તમે વિદેશોનાં ખાનપાન તથા રહેણીકરણીને અપનાવી ભારતને કલંકિત કરો તો શું *એ કુશીલોના માર્ગે જવા જેવું કૃત્ય છે કે નહિ?*

*હવે સાધુઓની વાત કહું છું. સાધુની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે:—*

**साधयन्ति स्व-परकार्याणि इति साधवः**

અર્થાત્—જે પોતાનું અને બીજાનું કલ્યાણ સાધે છે, તે સાધુ છે. આમ હોવા છતાં જે સાધુઓ સાધુતાથી વિપરીત જઈ કુશીલોના માર્ગે ચાલે છે તેઓ બીજા લોકોને સાચો માર્ગ કેવી રીતે બતાવી શકે? એટલા માટે અનાથી મુનિ શ્રેણિક રાજાને કહે છે કે, હે! રાજન્! તું કુશીલોનો માર્ગ છોડી દઈ મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલ.

તમે કહો છો કે, અમે મહાનિર્ગ્રન્થના ભક્તો છીએ, પણ જેઓ મહાનિર્ગ્રન્થ ભગવાન મહાવીરના શિષ્ય હશે તેઓ કુશીલોના માર્ગ ઉપર ચાલશે નહિ પણ ભગવાન મહાવીરના માર્ગ ઉપર જ ચાલશે.

## સુદર્શન ચરિત્ર—૬૪

સુદર્શને નિષ્કામ થઈ વિશ્વાસપૂર્વક પરમાત્માની પ્રાર્થના કરી હતી તો શૂળીનું પણ સિંહાસન થઈ ગયું અને સાથે સાથે અભયાએ કે જેણે અનેક કષ્ટો આપ્યાં હતાં તે પણ વ્યન્તરીના ભવમાં સુધરી ગઈ.

**સુલટ ગઈ અભયા વ્યંતરી ભી, પાઈ સમ્યક્ જ્ઞાન;**
**છુરી છેદને ગઈ પારસકો, કનકરૂપ હુઈ જાન. ॥ ધન૦ ૧૩૫ ॥**

**હાથ જોડ વંદના કર બોલે, ધન્ય ધર્મ અવતાર;**
**ખમો ખમો અપરાધ હમારા, મૈં દુર્ભાગન નાર. ॥ ધન૦ ૧૩૬ ॥**

અભયા વ્યન્તરી હાથ જોડી સુદર્શન ભગવાનને પ્રાર્થના કરવા લાગી કે, "હે! પ્રભો! મને ક્ષમા કરો. હું આપના શરણે આવી છું." સંસારમાં હાથ તો જોડવામાં આવે છે પરંતુ જે વિરોધ રાખે છે તેના હાથ જોડવા કોઈ જુદા જ પ્રકારના હોય છે. જેમકે રાણા પ્રતાપને માટે એમ કહેવામાં આવે છે કે, અકબરે તેને કહેવડાવ્યું હતું કે, 'જો તે મને નમસ્કાર કરતો હોય તો હું મારા રાજ્યનો છઠ્ઠો ભાગ આપવાને માટે તૈયાર છું. આમ કહેવડાવ્યા છતાં રાણાએ માથું ન નમાવ્યું. આ પ્રમાણે વિરોધીઓની સામે માથું નમાવવું બહુ જ મુશ્કેલ હોય છે. અભયા પહેલાં તો ક્ષત્રિયાણી હતી અને વ્યન્તરી હોવાથી તે આસુરી શક્તિવાળી હતી એટલે તે સુદર્શન ભગવાનની આગળ માથું નમાવે એવી કયાં હતી? પણ તે પણ સુદર્શન ભગવાનને હાથ જોડી નમસ્કાર કરવા લાગી. આ બધો તેમની અદશ્ય શક્તિનો જ પ્રતાપ હતો.

પરમાત્માને નમસ્કાર તો તમે પણ કરતા હશો પણ ઉપરથી નમસ્કાર કરો છો કે હૃદયથી નમસ્કાર કરો છો ? આ આત્મા સંસારના પદાર્થોમાં ફસાઈ રહ્યો છે એ કારણે તે પરમાત્માને સાચી રીતે નમસ્કાર કરતો નથી. જો આત્મા એક વાર પણ સાચા હૃદયથી પરમાત્માને નમસ્કાર કરે તો તેનું કલ્યાણ થઈ જાય. પરમાત્માને સાચા હૃદયથી નમસ્કાર કરવાનો એ જ અર્થ છે કે, પરમાત્માને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દેવું. પોતાની શક્તિને ખરાબ કામોમાં ન લગાડવી એ જ પરમાત્માને સર્વસ્વ સમર્પણ કરવા બરાબર છે; અને પોતાની શક્તિને ખરાબ કામોમાં વાપરવી એ પરમાત્મા સાથે વૈર કરવા બરાબર છે.

જે પ્રમાણે કૈકેયીએ જંગલમાં જઈ રામની પાસે ક્ષમાપ્રાર્થના કરી હતી તે જ પ્રમાણે વ્યન્તરી પણ સુદર્શન ભગવાનને ક્ષમાપ્રાર્થના કરવા લાગી કેઃ—

મુનિવર તુમકો મેરી લાજ,
અધમ ઉધારન વિરદ તિહારો શ્રવણ સુની હૈ અવાજ;
હૂં તો અધમ પુરાતન કહિયે પાર લગાઓ જહાજ. મુનિ૦

આ કવિતા એવી છે કે તેનો જ્યાં ઉપયોગ કરવા ચાહો ત્યાં કરી શકાય છે; કૈકેયીએ રામને કહ્યું હતું કે, 'રઘુવર તુમકો મેરી લાજ.' આ જ પ્રમાણે ભક્તો પણ ભગવાનને કહે છે કે, 'પ્રભુજી તુમકો મેરી લાજ.' તે જ પ્રમાણે વ્યન્તરી કહે છે કે, 'હે ! મુનિવર ! તુમકો મેરી લાજ.' તમે પણ પરમાત્મા પ્રત્યે એવી પ્રાર્થના કરો કે, 'હે ! પ્રભો ! તમે અમારી લાજ રાખો.' હું વ્યાખ્યાન સંભળાવું છું તે વખતે મને જે ભાવ આવે છે તે ભાવ જો સદાને માટે ટકી જાય તો મારું કલ્યાણ થઈ જાય.

સ્મશાનમાં અને કાર્યના અન્તમાં જે વિચાર આવે છે તે વિચાર થોડી વાર પણ ટકી શકતા નથી. જો તે વિચાર ટકી જાય તો કલ્યાણ થવામાં વાર ન લાગે. એટલા માટે વ્યાખ્યાન સાંભળતી વખતે જે વિચાર આવે તે વિચારને ટકાવી રાખો અને અભક્ષ્ય–અનીતિથી બચતા રહો તો કલ્યાણ થવામાં વાર ન લાગે.

અભયા સુદર્શન મુનિને પ્રાર્થના કરે છે કે, હે ! પ્રભો ! મને ક્ષમા કરો. હું મારાં પૂર્વ પાપોને યાદ કરું તો હું આપને કાંઈ કહી શકું નહિ. પરંતુ હું આપની સિવાય બીજા કોની પાસે જાઉં ! એટલા માટે હું આપના જ શરણે આવી છું."

ભગવાન સુદર્શનના ઉપદેશ–ઔષધની અસર અભયા વ્યન્તરીને થઈ અને તેથી તેનો મિથ્યાત્વ તાવ ઉતરી જતાં તે કહેવા લાગી કે, " હે ! પ્રભો ! મને ક્ષમા કરો. મેં ઘણું જ પાપ કર્યું છે, અને આપ જેવા મહાપુરુષને ઘણું જ કષ્ટ આપ્યું છે. હવે હું આપના શરણે આવી છું."

અભયાનું આ કથન સાંભળી ભગવાન સુદર્શન ત્યાં ઉપસ્થિત દેવોને કહેવા લાગ્યા કે, "મારી પ્રાર્થના કરવાની અધિકારીણી તમારા બધાં કરતાં આ પહેલી છે. ધર્મને કારણે મને જે અવસ્થા પ્રાપ્ત થઈ છે તે અવસ્થા પ્રાપ્ત કરવામાં આ માતા મારી પરમ સહાયિકા છે."

આ પ્રમાણે કહીને ભગવાન સુદર્શને પોતાનો અને અભયાનો બધો હાલ સંક્ષેપમાં કહી સંભળાવ્યો અને પછી કહ્યું કે, આખરે હું એવા વિચાર પર આવ્યો કે, જે ધર્મના પ્રતાપથી શૂળીનું સિંહાસન બની ગયું છે એ ધર્મની સેવા હવે હું કરીશ. આ પ્રમાણે વિચાર

કરી હું મુનિ થયો. મુનિ થયા બાદ પણ આ અભયા માતાની સહાયિકા પંડિતાએ પણ મારી ધર્મપરીક્ષા કરી મને સહાયતા આપી છે. આ માતા જે પહેલાં અભયા રાણી હતી પણ શૂળી ઉપરથી બચી જવાને કારણે જે ગળે ફાંસો ખાઈ વ્યન્તરી થઈ છે, તેણીએ પણ મારા ઉપર આ જંગલમાં ઉપકાર કર્યો છે. મને આ ઉન્નત અવસ્થાને પ્રાપ્ત કરવામાં જેટલી સહાયતાની આવશ્યક્તા હતી તે બધી સહાયતા આ માતા તુલ્યે મને આપી છે. આ પ્રમાણે આ બધો મહિમા અને દિવ્યજ્ઞાન પ્રાપ્ત કરવામાં આ માતા તુલ્ય જ મારી સહાયિકા છે. એટલા માટે તમારા કરતાં આ માતા તુલ્ય જ મારી પ્રાર્થના કરવાની સર્વપ્રથમ અધિકારીણી છે.

ભગવાનનું આ કથન સાંભળી અભયા કહેવા લાગી કે, 'હે ! પ્રભો ! મેં તો આપને પહેલાં પણ અનેક કષ્ટો આપ્યાં હતાં, અને આ જંગલમાં પણ મુનિ થવા છતાં તમને ઘણાં કષ્ટો આપ્યાં છે છતાં તમે મને ઉપકારિણી કહી મારી પ્રશંસા કેમ કરી રહ્યા છો?' આ પ્રમાણે કહી અભયા દીનતા પ્રગટ કરવા લાગી.

દેવો ભગવાન સુદર્શનને કહેવા લાગ્યા કે, આપ જે કહો છો તે પણ ઠીક છે અને આ વ્યન્તરી જે કહે છે તે પણ ઠીક છે. અમને તો તમારી વાતમાંથી એક તત્ત્વ જાણવા મળ્યું છે કે, પારસને છેદવા માટે જે છરી ગઈ હતી તે છરી પારસના સ્પર્શથી પોતે જ સોનાની બની ગઈ. આ જ પ્રમાણે આ વ્યન્તરીના હાલ બન્યા છે. એટલા માટે આપને પણ ધન્ય છે અને તેને પણ ધન્ય છે. અમે તો તમારા બન્નેના ગુણો ગાઈએ છીએ.

**નીચોમેં અતિ નીચ કર્મ મૈં, કીના પાતિક પૂર,**
**દિયા દુઃખ મૈંને મહામુનિકો, અરે ! અરે ! કર્મ ક્રૂર. ॥ ધન૦ ૧૩૭ ॥**

આ પ્રમાણે અભયા વ્યન્તરી, ભગવાન સુદર્શનની સમક્ષ ક્ષમાપ્રાર્થના કરી રહી છે. ઘણા વર્ષોથી પડેલા ઘાસના ઢગલાને બાળવામાં અગ્નિને કેટલી વાર લાગે ? અગ્નિને એ વાતનો વિચાર હોતો નથી કે આ ઘાસનો ઢગલો આટલાં વર્ષોથી અત્રે પડેલો છે એટલા માટે એને બાળવામાં પણ એટલો જ સમય લગાડવો જોઈએ. પણ તે તો થોડી જ વારમાં ઢગલાને બાળીને ભસ્મ કરી નાંખે છે. આ જ પ્રમાણે અનંતકાળના સંસ્કારો અને અનંત ભવનાં પાપોના સંસ્કારો પણ આવા મહાત્માના શરણે જવાથી થોડીવારમાં જ ભસ્મીભૂત થઈ જાય છે. મહાપુરુષો ઉપર ખોટું આળ ચડાવવું એ કાંઈ ઓછું પાપ નથી. ગૌહત્યા, બ્રાહ્મણહત્યા, સ્ત્રીહત્યા અને બાલહત્યાથી પણ આ પાપ ભયંકર છે. વિશ્વાસઘાતનું પાપ એથી પણ વધારે છે. અભયાએ પણ વિશ્વાસઘાત કરી એવું ભયંકર પાપ કર્યું હતું પણ કહ્યું છે કેઃ—

ગો બ્રાહ્મણ પ્રમદા બાલક કી, મોટી હત્યાચારો;
તેનો કરણહાર પ્રભુ ભજ ને, પાવે ભવનિધિ પારો. પદ્મ૦

કપટરહિત થઈ પરમાત્માના શરણે જવામાં આવે તો એવાં મહાપાપો પણ નષ્ટ થઈ જાય છે.

વ્યન્તરી કહે છે કે, "હે ! પ્રભો ! મેં સાંભળ્યું છે અને પ્રત્યક્ષથી જોઉં છું કે, આપ અધમ ઉદ્ધારક છો. અને તેથી જ તમે આ દેવોને એમ કરી રહ્યા છો કે, 'આ માતા-તુલ્યે મને કેવલજ્ઞાન જલ્દી પ્રાપ્ત કરવાની સહાયતા આપી છે.' આ પ્રમાણે તમે મારા દુષ્કૃત્યને પણ સહાયતારૂપે માની રહ્યા છો. આપ અધમોદ્ધારક છો એ કારણે જ તમે મારા

દુષ્કૃત્યોને પણ સારાં માની રહ્યા છો. હવે હું આપના શરણે આવી છું. આપ મારો અપરાધ માફ કરો અને મારો ઉદ્ધાર કરો.”

આ પ્રમાણે પશ્ચાત્તાપ કરવાથી પાપ નષ્ટ થઈ જાય છે. પાપોને નષ્ટ કરવા માટે ભગવાન તો કેવલ નિમિત્તરૂપ જ છે. સાચી રીતે પાપોને નષ્ટ કરનાર તો પોતાનો પશ્ચાત્તાપ જ છે.

**મંગલ ગાવે દેવી દેવતા, મુનિગુણ અપરંપાર;**
**મહાઘાતકી સુધરી વ્યંતરી, પાઇ સમકિત સાર. ॥ ધન૦ ૧૩૮ ॥**

વ્યન્તરીનો પશ્ચાત્તાપ જોઈ દેવો કહેવા લાગ્યા કે, આ પોતાનાં પાપ માટે કેવો પશ્ચાત્તાપ કરી રહી છે! આપણે દેવ છીએ, આપણું સ્થાન આ વ્યન્તરી કરતાં ઊંચું છે, છતાં પણ જો આપણામાં પાપ દબાએલું રહ્યું તો મહાન્ હાનિ થશે. એટલા માટે આપણે પણ પોતાનાં પાપોનો પશ્ચાત્તાપ કરવો જોઈએ.

ઉપરથી ભલે ગમે તેવાં સુંદર કપડાં પહેરવામાં આવ્યાં હોય પણ કપડાંની નીચે પણ બીમારી–ખરાબી હોય છે. એટલા માટે એમ સમજવું ન જોઈએ કે અમે સાધુ કે શ્રાવક છીએ એટલે નિષ્પાપ છીએ, પણ પોતાનામાં જે કાંઈ પાપ હોય તેને પ્રગટ કરી પશ્ચાત્તાપ કરવો જોઈએ. જો પાપને દબાવી રાખવામાં આવે તો પાપથી ભયંકર હાનિ થશે. જ્યારે નીચ અને આસુરી શક્તિવાળી વ્યન્તરી પણ પોતાનાં પાપોનો આ પ્રમાણે પશ્ચાત્તાપ કરી રહી છે તો પછી વિવેકશક્તિને ધારણ કરનાર મનુષ્યોએ પોતાનાં પાપોનો પશ્ચાત્તાપ કેટલો કરવો જોઈએ તેનો વિચાર કરો. તમે તમારા વિષે વિચાર કરો કે, તમે હમેશાં વ્યાખ્યાન સાંભળો છો છતાં જો તમે પોતાનાં પાપોનો પશ્ચાત્તાપ ન કરો તો ક્યારે પશ્ચાત્તાપ કરશો ? જો રોગને અમૃતથી પણ ન ધોયું તો પછી ક્યારે ધોશો ? સાબુ મળવા છતાં પણ જો કપડાંને સાફ ન કર્યાં તો પછી ક્યારે સાફ કરશો ? દેવો તો વ્યન્તરીને પશ્ચાત્તાપ કરતી જોઈ પોતાનાં પાપોનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા, તેમ તમે પણ તમારા પાપોનો પશ્ચાત્તાપ કરો. તમારે પણ પાપોની આલોચના કરી પશ્ચાત્તાપ કરવો જોઈએ.

કેટલાક લોકો, પોતાનાં પાપ પ્રકટ થઈ જશે તો દુનિયા ખરાબ કહેશે એ વિચારથી પોતાનાં પાપ છુપાવી રાખે છે. પરંતુ પાપોને છુપાવી ભલે થોડા દિવસને માટે દુનિયામાં સારા કહેવાઓ પણ એમ કરવાથી તો અનંતકાળ સુધી ખરાબ બન્યા રહેશો, અને પાપને પ્રકટ કરવાથી દુનિયા તમને ભલે ગમે તે કહે પરંતુ પરમાત્મા તમને ખરાબ નહિ કહે. પાપને પ્રકટ કરવાથી આત્મા ગમે તેવો હોય પણ તે પવિત્ર બની જાય છે. પરમાત્માની સમક્ષ ગમે તેવો પાપી પોતાનાં પાપો રજુ કરી પવિત્ર બની શકે છે. એટલા જ માટે ભક્તજનો કહે છે કે:—

**પ્રભુજી મેરે અવગુણ ચિત્ત ન ધરો,**
**એક લોહા પૂજામેં રાખત એક ઘર બધિક છુરો;**
**પારસ તામે ભેદ ન રાખત કંચન કરત ખરો. પ્રભુ૦**
**એક નદિયા એક નાર કહાવત મૈલો નીર ભરો;**
**દોય મિલ એક રૂપ ભયે તબ સુરસરિ નામ પરો. પ્રભુ૦**

એક તો તે લોઢું છે કે જે પૂજામાં રાખવામાં આવે છે, અને એક તે લોઢું છે કે જે કસાઈના છરાના રૂપમાં છે. જો કસાઈના છરામાં રહેલું લોઢું જો પારસને સ્પર્શે નહિ તો

એ દશામાં તો તે લોઢું જ રહેશે. પણ જો તે લોઢું પારસનો સ્પર્શ કરી લે તો, પારસ તે લોઢામાં અને પૂજામાં રાખવામાં આવતા લોઢામાં કાંઈ ભેદભાવ ન રાખતાં તેને સોનું બનાવી દેશે. પારસને માટે તો લોઢાની દૃષ્ટિએ બન્ને સમાન જ છે. આ જ પ્રમાણે પાપ ન રહેવાથી આત્માની દૃષ્ટિએ બધા સમાન જ છે. ભગવાન મહાવીર ક્ષત્રિય હતા અને હરિકેશી મુનિ ચાંડાલને ત્યાં જન્મ્યા હતા છતાં સિદ્ધ થયા બાદ તેમનામાં કોઈ પ્રકારનો ભેદ ન રહ્યો.

ગંગા અને ગટરમાં કેટલું બધું અંતર હોય છે? પણ ગંગા એ ગટરને પણ પોતાનામાં મેળવી લે છે. જે પ્રમાણે ખુલ્લી પડેલી ગટર એટલી બદબૂ મારતી નથી જેટલી બદબૂ બંધ પડેલી ગટર મારે છે, તે જ પ્રમાણે પ્રકટ કરેલાં પાપોની અપેક્ષા દબાએલાં પાપો અધિક હાનિ કરે છે, એટલા માટે પાપોને ન દબાવતાં પ્રકટ કરી પશ્ચાત્તાપ કરો તો તેમાં કલ્યાણ રહેલું છે.

અભયા વ્યન્તરીની વાતને વધારે ન વિસ્તારતાં એટલું જ કહું છું કે, તે પોતાનાં પાપોનો પશ્ચાત્તાપ કરી સમકિતધારિણી બની ગઈ. હવે સુદર્શન ભગવાનનું શું થાય છે તેનો વિચાર હવે પછી યથાવસરે કરવામાં આવશે.

---

## વ્યાખ્યાનઃ સંવત્ ૧૯૯૨ આસો વદી ૫ મંગળવાર

### પ્રાર્થના

**કુંથુ જિનરાજ તૂ ઐસો, નહિ કોઇ દેવ તો જૈસો;**
**ત્રિલોકીનાથ તૂ કહિયે, હમારી બાંહ દઢ ગહિયે. ॥ કુંથુ૦ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** કુંથુનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના આત્માએ કઈ રીતિએ કરવી જોઈએ એ વાત હું વારંવાર કહું છું, છતાં આ વાત જ એવી છે કે તેનો પાર આવે એમ નથી. પક્ષીઓ પોતાની પાંખોદ્વારા આકાશમાં ગમે તેટલા ઊંચા ઉડે પણ તેઓ અનન્ત આકાશનો પાર પામી શકતા નથી. છતાં જ્યાંસુધી તેમનામાં ચેતના હોય છે ત્યાંસુધી તેઓ આકાશમાં વિચરતા જ રહે છે. આ જ પ્રમાણે પરમાત્માની પ્રાર્થનાનો પાર નથી છતાં પોતાની શક્તિ અનુસાર પરમાત્માની પ્રાર્થના કરતાં જ રહેવી જોઈએ.

પરમાત્માની પ્રાર્થના કરવાથી શો લાભ થાય છે તે અત્રે જોવાનું છે. આને માટે શાસ્ત્રકારો અને યોગાભ્યાસીઓ એમ કહે છે કે, પરમાત્માની પ્રાર્થના કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પાતંજલિ યોગસૂત્રમાં કહ્યું છે કેઃ—

**वीतरागविषयचित्तं वा योगसिद्धिः**

અર્થાત્—વીતરાગમાં ચિત્ત એકાગ્ર કરવાથી–વીતરાગનું ધ્યાન ધરવાથી યોગની સિદ્ધિ થાય છે. પ્રાર્થના વિષે પણ એમ જ સમજો. પાતંજલિ યોગશાસ્ત્રમાં જે કાંઈ કહ્યું છે તે જ વાત જૈનશાસ્ત્રમાં ખરી રીતે જોતાં હૂબહૂ મળે છે. જૈનશાસ્ત્ર કહે છે કે, આપણા

દેવ વીતરાગ જ છે. સરાગી આપણા દેવ નથી એટલા માટે વીતરાગનું ધ્યાન ધરવું. પાતંજલિ યોગસૂત્ર પણ વીતરાગનું ધ્યાન ધરવા વિષે કહે છે. વીતરાગનું ધ્યાન ધરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. માટે બધું ભૂલી જઈ વીતરાગનું જ ધ્યાન ધરવું. આ તો પ્રાર્થના કરવાથી અર્થાત્ વીતરાગનું ધ્યાન ધરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એની વાત થઈ. પણ વીતરાગનું ધ્યાન કેવી રીતે ધરવું જોઈએ એ વાત અત્રે જોવાની છે. કેટલાક લોકો એમ કહે છે કે, રાગીનું ચિત્ત રાગીમાં તો ચોંટી શકે પણ રાગીનું ચિત્ત વીતરાગમાં કેવી રીતે ચોંટી શકે ? જે કોઈ અમારી સાથે પ્રીતિ બાંધે છે તેની સાથે અમે પણ પ્રીતિપૂર્વક વ્યવહાર કરીએ છીએ, પણ જે વીતરાગ છે અને જે અમારા જેવા રાગીઓની સાથે પ્રીતિ જ બાંધતા નથી તેમની સાથે અમે કેવી રીતે પ્રીતિ બાંધીએ ?

આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીજનો કહે છે કે, રાગીઓની સાથે પ્રીતિ તો અનન્તકાળથી બાંધતા આવ્યા છો પણ તેમની સાથે પ્રીતિ બાંધવાથી કાંઈ લાભ થયો નથી. સંસારમાં એ પ્રકારની પ્રીતિ તો બાંધવામાં આવે જ છે. એવી પ્રીતિ તો કીડી-મકોડા આદિ નાના જીવો પણ બાંધે છે. એટલા માટે મનુષ્યો એવી પ્રીતિ બાંધે એમાં આશ્ચર્યની વાત શું છે. સ્ત્રી-પુરુષનું પરસ્પર આકર્ષણ આ જ પ્રકારની પ્રીતિથી થાય છે. આ પ્રકારની રાગપૂર્ણ પ્રીતિ તો સંસારના લોકો કરે જ છે અને તું પણ અનંતકાળથી એવી પ્રીતિ કરતો આવ્યો છો, પણ હે ! ભવ્ય પુરુષ ! એ પ્રકારની પ્રીતિ કામની પણ નથી. જે રાગથી તું બીજાઓની સાથે પ્રીતિ બાંધે છે તે રાગને વશ થવાથી વીતરાગની સાથે પ્રીતિ બાંધી શકાતી નથી. પરમપુરુષ વીતરાગની સાથે પણ પ્રીતિ બાંધી શકાય છે, પણ ત્યારે કે જ્યારે તું આ પ્રકારના રાગમાંથી ચિત્તને પાછું ખેંચી લે.

પાતંજલિ યોગદર્શન વિષે જૈનદૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો બધાં તત્ત્વો આ એક જ સૂત્રમાં ગતાર્થ થઈ જાય છે. પાતંજલિ યોગદર્શન અને જૈનસિદ્ધાન્ત બન્ને વીતરાગનું ધ્યાન ધરવું એમ કહે છે. પણ વીતરાગનું ધ્યાન કેવી રીતે ધરવું અને વીતરાગની સાથે પ્રીતિ કેવી રીતે બાંધવી એને માટે કહ્યું છે કેઃ—

પ્રીતિ અનાદિ પર થકી, જે તોડે હો નર જોડે
પરમ પુરુષથી રાગતા, એક તત્ત્વતા હો રાખી ગુણગેહ.

મહાપુરુષો કહે છે કે, હે ! જીવો ! તમે અનાદિ કાળથી આત્માને ભૂલી જઈ પુદ્ગલોની સાથે પ્રીતિ કરો છો. પુદ્ગલોની સાથેની આ અનાદિની પ્રીતિ જેટલા દરજ્જે તોડવામાં આવશે તેટલા દરજ્જે પરમાત્મા સાથેની પ્રીતિ વધવા પામશે.

આ સંસારમાં એવી કોઈ વસ્તુ જ નથી જે સદાને માટે ટકી રહે. આને માટે તમે તમારા શરીરને જ જુઓ. તમારા મસ્તક ઉપર જે કાળા વાળ ઉગેલા હતાં અને જે તમને ગમતા હતા તે પણ સફેદ થઈ ગયા. આ પ્રમાણે આ સંસાર નાશવાન્ અર્થાત્ પરિવર્તનશીલ છે. તે નવપુરાતનધર્મવાળો છે, તેનો સ્વભાવ જ એવો છે. જ્ઞાનીજનો કહે છે કે, જે સંસારનો આવો સ્વભાવ છે તે સંસાર સાથે પ્રીતિ ન બાંધો પણ પરમપુરુષની સાથે પ્રીતિ બાંધો. આ સંસારની સાથે પ્ર ત બાંધવાથી તું તે પરમપુરુષની સાથે પ્રીતિ બાંધી શકીશ નહિ. જો તું સંસારના આ સ્વભાવને સમજી લઈશ તો પછી તેની સાથેની પ્રીતિ છોડવામાં તને કોઈ પ્રકારની મુશ્કેલી જણાશે નહિ અને સંસારની વસ્તુ દૂર થવાથી તને કોઈ પ્રકારનું

દુઃખ પણ થશે નહિ. જે સંસારના આ સ્વભાવને જાણતો નથી તે તો શરીરને રોગી કે દુઃખી થવાથી રુદન કરે છે પરંતુ જે સંસારના સ્વભાવનો જાણકાર–જ્ઞાની છે તેને એવા સમયે પણ દુઃખ થતું નથી પણ પ્રસન્નતા થાય છે. જ્ઞાનીજનો સંસારને એમ કહે છે કે, "તું તારા સ્વભાવને છોડતો નથી તો પછી અમે અમારો સ્વભાવ કેમ છોડી દઈએ ? તું પરિવર્તનશીલ છે. એ તારો સ્વભાવ જ છે પણ અમારો સ્વભાવ એવો નથી."

સંસારનો પરિવર્તનશીલ સ્વભાવ જોઈને પુદ્‌ગલો સાથેની પ્રીતિ તમે જેમ જેમ તોડતા જશો તેમ તેમ પરમાત્મા સાથે પ્રીતિ વધતી જશે. એટલા માટે સંસાર સાથેની પ્રીતિ તોડી નાંખી અનન્યભાવે પરમપુરુષ પરમાત્માની સાથે પ્રીતિ કરો.

કદાચ કોઈ એમ કહે કે, એક બાજુ તો તમે રાગનો ત્યાગ કરવાનું કહો છો અને બીજી બાજુ પરમાત્માની સાથે પ્રીતિ–રાગ બાંધવાનું કહો છો તો એ બન્ને વાત કેમ બની શકે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ એ ત્રણ પ્રકારના રાગો ત્યાજ્ય છે, પરંતુ દેવ, ગુરુ અને ધર્મ સાથેનો રાગ ત્યાજ્ય નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

**धम्मेण रागेण अट्ठिमिज्जापेमाणुरागरत्ता ।**

આ પ્રમાણે પરમાત્માની સાથે પ્રીતિ બાંધવી ત્યાજ્ય નથી. કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ અપ્રશસ્ત છે અને ધર્મરાગ પ્રશસ્ત છે. પહેલાં અશુભમાંથી નીકળી શુભમાં જવાય છે, બાદ પોતાના સ્વરૂપમાં અવાય છે. આ જ યોગ્ય માર્ગ છે.

કદાચ કોઈ કહે કે, અમે પરમાત્મા સાથે પ્રીતિ બાંધીએ અને એ પ્રીતિના ચિન્હ સ્વરૂપ અમે જે વસ્તુ ખાઈએ-પીઈએ અને પહેરીએ તે પરમાત્માને અર્પણ કરીએ તો એમાં પરમાત્મા સાથેની પ્રીતિ પ્રગટ થાય છે કે નહિ ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, વિવેકદૃષ્ટિએ એ જોવું જોઈએ કે, અમે પરમાત્માની સાથે જે પ્રીતિ પ્રગટ કરીએ છીએ તે પ્રીતિ પરમાત્માની પ્રભુતા વધારવાના ઉદ્દેશથી કરીએ છીએ કે ઘટાડવાના ઉદ્દેશથી ? પ્રત્યેકની સાથે તેની યોગ્યતાનુસાર પ્રીતિ કરવી જોઈએ. ઉદાહરણ તરીકે, તમે લોકો સાધુઓની ભક્તિ કરો છો પણ સાધુઓ પ્રત્યેની પ્રીતિ પ્રગટ કરવા માટે જો તમે તેમના ગળામાં તમારી મોતીની માળા પહેરાવી દો તો શું તે ઠીક કહેવાશે ? શું એમ કરવાથી ભક્તિ કે પ્રીતિ પ્રગટ થશે ? એ ભક્તિ કે પ્રીતિ નથી એ તો તમે જાણો જ છો. એટલા માટે જે વસ્તુથી સાધુના ચારિત્રમાં દોષ ન લાગે તેવી વસ્તુ સાધુઓને સમર્પણ કરવી એમાં જ સાધુઓની ભક્તિ રહેલી છે; પણ જે વસ્તુ આપવાથી સાધુના ચારિત્રમાં દોષ લાગે તે વસ્તુ સાધુઓને આપવી એમાં સાધુઓની ભક્તિ રહેલી નથી. એમ કરવું એ તો અજ્ઞાન છે.

ભગવાન વીતરાગની ભક્તિ વિષે પણ એમ જ સમજો. પરમાત્માની ભક્તિ કરવા માટે વિકારો અને અહંકારનો ત્યાગ કરી દીનભાવે તેમની પ્રાર્થના કરો. પરમાત્મા અહંકારથી દૂર રહે છે અને નમ્રતાની સમીપ રહે છે એટલા માટે વિનમ્ર બની પરમાત્માની સાથે હૃદયપૂર્વક જેમ જેમ પ્રીતિ બાંધતા જશો તેમ તેમ પરમાત્માની સમીપ તમે જતા જશો.

## અનાથી મુનિનો અધિકાર–૬૫

અનાથી મુનિ રાજા શ્રેણિકને એ જ વાત કહી રહ્યા છે કે, "હે ! રાજન્ ! તું કુશીલોના માર્ગનો ત્યાગ કરી મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલ." મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલવાથી શો લાભ થશે તેને માટે અનાથી મુનિ કહે છે કેઃ—

**चरित्तमायारगुणन्निए तओ, अणुत्तरं संजमं पालिया णं ।**
**निरासवे संखवियाणं कम्मं, उवेइ ठाणं विउलुत्तमं धुवं ॥५२॥**

અર્થાત્—હે ! રાજન્ ! જે કુશીલોના માર્ગનો ત્યાગ કરી ભગવાનની આજ્ઞામાં વિચરનારો હશે તે ચારિત્રના આચારગુણોથી યુક્ત હશે.

ચારિત્ર, આચાર અને ગુણ કોને કહેવાં એ અત્રે જોવાનું છે. જે વસ્તુ જે આચારનું પાલન કરવાથી પ્રાપ્ત થઈ શકે છે તે આચારનું પાલન કરવાથી જ તે વસ્તુની પ્રાપ્તિ થાય છે. આ જ પ્રમાણે કોઈ ચારિત્રપ્રાપ્તિનું કહે તો ભગવાન કહે છે કે, પંચવિધ આચારનું પાલન કરવાથી જ ચારિત્રની પ્રાપ્તિ થઈ શકે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય; આ પાંચ પ્રકારના આચારોનું પાલન કરવાથી જ અનુત્તર ચારિત્રની પ્રાપ્તિ થઈ શકે છે. **आचरति इति आचारः** અર્થાત્-જેનું આચરણ કરવામાં આવે અથવા જેને રચનાત્મક કાર્ય કહી શકાય તે આચાર કહેવાય છે. જેમકે જ્ઞાનાચાર અર્થાત્ જે જ્ઞાન છે તેને જ્ઞાનાચાર પ્રમાણે આચરણમાં ઉતારવું. ભલે થોડું જ જ્ઞાન હોય, પણ જેટલું જ્ઞાન હોય તે જ્ઞાન પ્રમાણે વ્યવહાર કરનાર જ્ઞાનાચારનો પાલક છે—આરાધક છે. પરંતુ જેમનામાં જ્ઞાન તો ઘણું છે, કિન્તુ જ્ઞાનાચાર પ્રમાણે તેનું આચરણ કરતો નથી તેને ભગવાન આરાધક નહિ પણ વિરાધક કહે છે.

શ્રી ભગવતી સૂત્રમાં ભગવાને ત્રણ પ્રકારની આરાધના બતાવી છે. જ્ઞાનની આરાધના, દર્શનની આરાધના અને ચારિત્રની આરાધના. આ આરાધનાનાં ઉત્કૃષ્ટ, મધ્યમ અને કનિષ્ટ એમ બીજા ત્રણ ભેદ કરવામાં આવ્યા છે. કોઈને ભલે કનિષ્ટ જ્ઞાન હોય છતાં જો તે જ્ઞાનાનુસાર જ્ઞાનનું બહુમાન કરે તો તે જ્ઞાનનો આરાધક છે, પરંતુ કોઈને ઉત્કૃષ્ટ જ્ઞાન પણ હોય છતાં જો તે જ્ઞાનાનુસાર જ્ઞાનનું બહુમાન કરતો ન હોય તો તે વિરાધક છે.

ચારિત્રમાં જ્ઞાન અને દર્શન બન્નેનો સમાવેશ થઈ જાય છે. મતલબ કે, જે ચારિત્રના આચારમાં સહાયતા આપનાર જ્ઞાનાદિ ગુણોની સાથે ઉત્કૃષ્ટ સંયમનું પાલન કરે છે તે જ કુશીલોના માર્ગથી અળગો છે; તે જ મહાનિર્ગ્રન્થના એ મહામાર્ગ ઉપર ચાલનારો છે અને તે જ વિપુલ, ઉત્તમ અને ધ્રુવ મોક્ષસ્થાનને પહોંચાડે છે. ચારિત્રનું ફલ આ જ છે.

શ્રી. ભગવતી સૂત્રમાં એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે, **संजमेण अज्जो ! किं फलं ?** અર્થાત્-હે ! આર્ય ! સંયમનું શું ફળ છે ? આ જ પ્રમાણે **तवेण अज्जो ! किं फलं ?** અર્થાત્- હે ! આર્ય ! તપનું શું ફળ છે ? આ પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે,

**संजमेण अज्जो ! अनास्सवफलं, तवेण अज्जो ! वोदानफलं ।**

અર્થાત્-હે ! આર્ય ! સંયમનું ફળ અનાશ્રવ છે અને તપનું ફળ પૂર્વકર્મોને નષ્ટ કરવાં એ છે.

જ્યારે સંયમદ્વારા નવાં કર્મો બંધાતાં અટકી જાય છે અને તપદ્વારા પહેલાંનાં કર્મો નષ્ટ થઈ જાય છે તો પછી મોક્ષ સિવાય બીજું બાકી શું રહે ? એ દશામાં મોક્ષ જ મળે છે અને ભગવાને પણ મુક્તિનો આ જ માર્ગ પ્રરૂપ્યો છે. આ પ્રમાણે સંયમથી મુક્તિ જ મળવી જોઈએ. પરંતુ સાધુઓ સ્વર્ગમાં પણ જાય છે તેનું શું કારણ ? પહેલાના શ્રાવકોએ

આ પ્રશ્ન સ્થવિરોની સામે મૂક્યો અને પૂછ્યું કે, જ્યારે તપ અને સંયમનું ફળ મોક્ષ છે તો પછી સાધુઓ કયા કારણે સ્વર્ગમાં જાય છે? સ્થવિરોએ આ પ્રશ્ન વિષે ઘણો વિચાર કર્યો છે અને કોઈએ કાંઈ તથા કોઈએ કાંઈ ઉત્તર આપ્યો છે પણ બધાનો સાર એ જ છે કે, સંયમમાં ઉત્કૃષ્ટ પરાક્રમનું ફળ તો મોક્ષ જ છે, પણ જ્યારે સંયમમાં ઉત્કૃષ્ટ પરાક્રમ હોતો નથી ત્યારે સ્વર્ગમાં-દેવભૂમિમાં વિશ્રામ કરીને મોક્ષે જાય છે.

*માનો કે, બે માણસો મુંબાઈ જવા માટે નીકળ્યા. એકની પાસે ચાલાક ઘોડો હતો.* એટલે તે માર્ગમાં ક્યાંય રોકાયા વિના સીધો મુંબઈ પહોંચી ગયો પણ બીજાની પાસે એવો ચાલાક ઘોડો ન હતો, એટલે તે માર્ગમાં વિસામો લેતો લેતો મુંબઈ પહોંચ્યો; અર્થાત્ માર્ગમાં તેને વિશ્રામ લેવો પડયો. શક્તિ ન હોવાને કારણે માર્ગમાં વિશ્રામ લેવો જ પડે છે. છતાં તે બીજો પથિક પણ મુંબઈનો જ હતો.

આ જ પ્રમાણે ભગવાનનો માર્ગ તો મુક્તિનો જ છે અને ભગવાનનો ઉપદેશ પણ મુક્તિનો જ છે. તેમણે સ્વર્ગને માટે ઉપદેશ આપ્યો નથી; છતાં સાધુઓ સીધા મોક્ષે ન જતાં સ્વર્ગમાં પણ એ કારણે જાય છે કે, તેમનામાં સરાગતા રહી જાય છે; વીતરાગતા આવી હોતી નથી. સરાગતા રહેવાથી શુભ યોગ અને શુભ બંધ થાય છે જેથી તેઓ સ્વર્ગે જાય છે. આ પ્રમાણે સંયમના ફળથી સ્વર્ગે નહિ પણ રાગના રહેવાથી સ્વર્ગે જાય છે; તેમ છતાં આ રાગ અવનતિ કરનારો નહિ પણ ઉન્નતિ કરનારો જ છે.

જ્યારે સાધનમાં અંતર પડી જાય છે ત્યારે સિદ્ધિમાં પણ અંતર પડી જ જાય છે. જેમકે પાતંજલિ યોગદર્શનમાં કહ્યું છે કે, વીતરાગનું ધ્યાન કરવાથી યોગની સિદ્ધિ થાય છે. આમ કહ્યું છે પણ બધા લોકો એકદમ એમ કરી શકતા નથી. એટલા માટે વીતરાગના ધ્યાનના પણ તે જ પ્રમાણે ભેદોપભેદ કરવામાં આવ્યા છે; જે પ્રમાણે જૈન શાસ્ત્રમાં ચારિત્રના આરાધનાદિ ૮૧ ભેદ કરવામાં આવ્યા છે. જે કોઈ જે ભેદથી સાધનનો ઉપયોગ કરે છે તેની સિદ્ધિમાં પણ તેવું જ અંતર પડી જાય છે.

અનાથી મુનિ કહે છે કે, હે! રાજન્! જ્યારે આત્મા કુશીલોનો માર્ગ છોડી દઈ ઉત્કૃષ્ટ સંયમનું પાલન કરે છે ત્યારે તેનામાં જરાપણ આશ્રવ રહેતો નથી. ઈર્યાવહી ક્રિયા પણ તેરમા ગુણસ્થાન સુધી જ રહે છે, ચૌદમા ગુણસ્થાને પહોંચ્યા બાદ તે ક્રિયા પણ છૂટી જાય છે અને તેથી તે અત્યુત્તમ (વિપુલ ઉત્તમ) અને ધ્રુવ સ્થાન મુક્તિને પામે છે અર્થાત્ તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની જાય છે.

મુક્તિને વિપુલ, ઉત્તમ અને ધ્રુવ કહેવામાં આવી છે તેનું શું કારણ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, મુક્તિનું ક્ષેત્ર ૪૫ લાખ યોજનનું અનાદિ કાળથી છે અને આ સંસાર પણ અનાદિ કાળથી છે. આ ઉપરથી કોઈ એમ કહે કે, સિદ્ધિ અને સંસારમાં પહેલાં કોણ છે અને પછી કોણ છે? પ્રશ્ન કરનાર એમ કહે કે, જે મુક્ત થયા છે તેઓ આ સંસારમાંથી જ મુક્ત થયા છે એટલા માટે પહેલાં સંસાર છે અને પછી મુક્તિ છે. પરંતુ આને માટે શાસ્ત્ર એમ કહે છે કે, સંસાર અને મુક્તિ એ બન્ને અનાદિ કાળથી છે અને એ કારણે એમાં આગળ પાછળનો કાંઈ ક્રમ નથી.

કહેવાનું એ છે કે, તે મુક્તિનું સ્થાન ૪૫ લાખ યોજનનું જ છે અને અનન્ત જીવો એ મોક્ષસ્થાને ગયા છે, જાય છે અને જશે છતાં તે સ્થાન નાનું પડતું નથી. તે સ્થાન નાનું કેમ પડતું નથી તો એને માટે એમ સમજો કે, કોઈ એક મકાનમાં એક દીપકનો પ્રકાશ છે પણ જો તે જ મકાનમાં દશ, પચાસ કે હજારો દીપકનો પ્રકાશ કરવામાં આવે તો શું એ અધિક દીપકના પ્રકાશને જગ્યાની સંકડાશ પડશે ખરી? વધારે દીપકના પ્રકાશને સંકડાશ પડી શકે નહિ એટલું જ નહિ પણ સૂર્યના પ્રકાશને પણ એ મકાનમાં જરાપણ સંકડાશ પડી શકે નહિ. આ જ વાત મુક્તિના સ્થાન વિષે પણ સમજો. ૪૫ લાખ યોજનનું સ્થાન હોવા છતાં ગમે તેટલા સિદ્ધો થાય તોપણ તેમને સ્થાનની સંકડાશ પડી શકે નહિ અને એ જ કારણે એ સ્થાનને વિપુલ કહેવામાં આવ્યું છે.

અનાથી મુનિએ રાજા શ્રેણિકને એમ કહ્યું છે કે, હે! રાજન્! કુશીલોનો માર્ગ છોડી તું મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલ. પણ અત્રે પ્રશ્ન એ થાય છે કે, રાજા સાધુ ન હતો તેમ તે સાધુ થતો ન હતો છતાં તેને આમ કેમ કહેવામાં આવ્યું? તેને આ પ્રકારનો ઉપદેશ આપવાથી શો લાભ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, જો આ ઉપદેશ કેવળ સાધુઓને માટે જ ઉપયોગી અને ગૃહસ્થોને માટે ઉપયોગી ન હોત તો અનાથી મુનિ રાજાને આ ઉપદેશ કદાપિ સંભળાવત નહિ. આ ઉપદેશ સાધુઓ અને ગૃહસ્થો બધાને માટે સમાન ઉપયોગી છે. જે મોક્ષે જવાની ઇચ્છા રાખે છે તે મોક્ષનું ભલે થોડું જ સાધન કરી શકે પણ તેનું સાધન ઠીક હોવું જોઈએ, ઊલટું હોવું ન જોઈએ. જેમકે બરાબર રીતે પકડવામાં આવેલા શસ્ત્રદ્વારા તો રક્ષા થઈ શકે છે પણ જો તે જ શસ્ત્રને ઊલટું પકડવામાં આવે તો તે જ શસ્ત્ર સ્વઘાતક બની જાય છે. આ જ પ્રમાણે મોક્ષને માટે ભલે થોડો પરાક્રમ કરવામાં આવે પણ તે પરાક્રમ ઊલટો હોવો ન જોઈએ પણ ભગવાનની આજ્ઞાનુસાર હોવો જોઈએ. એમ કરવાથી આજે તમે જે સ્થિતિએ છો તેથી આગળ વધી શકશો પણ પાછા પડશો નહિ. એટલા માટે તમારે પણ વિચારવું જોઈએ કે, અમે કુશીલોના માર્ગે ન ચાલીએ પણ તે માર્ગનો ત્યાગ કરીએ તો અમારો ગૃહસ્થાશ્રમ સુધરી જશે, બગડશે નહિ.

કેટલાક લોકો એમ કહે છે કે, જો અમે કુશીલોનો માર્ગ છોડી દઈએ તો અમારે ભૂખ્યા જ મરવું પડે. અમે ગૃહસ્થ છીએ અને આજનો જમાનો એવો છે કે જે 'પોલીસી' કરે છે તે જ પોતાનું પેટ ભરી શકે છે. સીધા ઝાડને બધા તોડી નાંખે છે પણ વાંકા ઝાડને કોઈ કાપતું નથી. એટલા માટે આ જમાનામાં તો કુશીલોનો માર્ગ કેમ છોડી શકાય? કહેવત પણ છે કે:—"રોટી ખાની શક્કર સે, દુનિયા ઠગની મક્કર સે." આ જમાનો જ કપટનો છે એટલા માટે કપટ વિના અમારું ભરણપોષણ કેમ થઈ શકે?

આ પ્રશ્નના ઉત્તરમાં શાસ્ત્ર કહે છે કે, તમે લોકો જો વિવેક રાખશો તો તમને આવો વિચાર જ નહિ આવે. જો તમે અદ્રશ્ય શક્તિ ઉપર વિશ્વાસ રાખો અને ધર્મના બળને માનો તો પછી આ પ્રકારનો પ્રશ્ન જ ઉભો નહિ થાય. સંસારનું કામ સરળતાથી જ ચાલી શકે છે; ઉદાહરણ તરીકે પાંચ અને પાંચ દશ થાય છે. આ વાત સરલ છે પરંતુ કોઈ એમ કહે કે, આજના જમાનામાં સરલ વાતથી કામ ચાલી શકતું નથી એટલા માટે પાંચ અને પાંચ દશ ન બતાવતાં અગ્યાર બતાવવામાં આવે તો શું તે ઠીક કહેવાય? શું આ પ્રકારની વાતથી કામ ચાલી શકે છે? નિશાળમાં શું આવી શિક્ષા આપવામાં આવે

છે.? સંસારનો વ્યવહાર સાચા ગણિતથી જ ચાલે છે. ખોટા ગણિતથી ચાલતો નથી. જ્યોતિષના ગણિતમાં થોડી પણ ભૂલ થઈ જાય તો હિસાબ જ ખોટો થઈ જાય. સંસારમાં ભલે અસત્યનો વ્યવહાર પણ થતો હોય છતાં સંસારનું કામ અસત્ય ગણિત કે અસત્ય કામથી જ ચાલે છે એમ કહી શકાય નહિ. આ જ પ્રમાણે સંસારનું કામ પણ કુશીલોના માર્ગે ચાલવાથી જ ચાલી શકે છે એમ માનવું એ પણ ભૂલ છે. ભગવાન કહે છે કે, સંસાર વ્યવહાર સત્ય અને સરલતાથી જ ચાલી શકે છે. આજે તમે સત્ય અને સરલતાના વ્યવહારમાં ભલે કષ્ટો માનતાં હો પણ સત્ય અને સરલતાના વ્યવહારથી તમારો આત્મા કોઈ દિવસ હાનિમાં પડી શકતો નથી. આથી ઊલટું સત્ય અને સરલતાના વ્યવહારથી જ આત્મા પોતાનું કલ્યાણ સાધી શકે છે.

## સુદર્શન ચરિત્ર—૯૫

સુદર્શનના ચરિત્રમાં પણ આ જ વાત બતાવવામાં આવી છે. અભયાએ અસત્ય અને અસરલતાનો વ્યવહાર કર્યો તો આખરે તેને પશ્ચાતાપ કરવો જ પડયો. બીજી બાજુ સુદર્શને સત્ય અને સરલતાનો જ વ્યવહાર કર્યો તો તેમણે પોતાના આત્માનું તો કલ્યાણ કર્યું પણ સાથે સાથે અભયાનો પણ આત્મસુધાર કર્યો. આ પ્રમાણે સત્ય અને સરલતામાં ઘણી શક્તિ રહેલી છે. સત્ય અને સરલતાથી આત્મબલ વધે છે અને આત્મબલની સમાન બીજું કોઈ બલ નથી. સુદર્શનના આત્મબલના પ્રતાપથી શૂળીનું સિંહાસન બની ગયું હતું. અને એ જ ભવમાં મોક્ષની પ્રાપ્તિ થઈ શકી હતી. એટલા માટે સત્ય અને સરલતાની નિંદા અને કૂડકપટની પ્રશંસા ન કરો. દુનિયામાં ભલે કૂટકપટનો ફેલાવો થઈ રહ્યો હોય છતાં કોઈ પણ ધર્મના ગ્રન્થમાં એમ કહેલું નથી કે કૂડકપટ કરવું એ ધર્મ છે અથવા કૂડકપટ કરવું જોઈએ. બધાં ધર્મશાસ્ત્રોએ અને નીતિકારોએ કૂડકપટની નિંદા જ કરેલ છે છતાં જે જેવું કરે છે તે તેવું ફળ પામે છે.

અભયાએ રાણીના ભવમાં તથા વ્યન્તરીના ભવમાં મહાત્મા સુદર્શનને ઘણું કષ્ટ આપ્યું હતું છતાં એ મહાત્માને ધન્ય છે કે તેમણે બધાં કષ્ટોને સમતાપૂર્વક સહન કર્યાં અને કષ્ટ આપનાર અભયાને પણ પવિત્ર કરી દીધી. એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે, વીતરાગમાં ચિત્ત એકાગ્ર કરવાથી ન જાણે કયા વખતે શું થઈ જાય છે? એ વાત જ નિર્વચનીય છે.

વ્યન્તરી કહે છે કે, મેં અનેક પાપો કર્યાં છે પણ હવે હું આપના શરણે આવી છું.

દીન કો દયાલુ દાની દૂસરો ન કોઈ,
તૂ દયાલુ દીન હોં તૂ દાની હોં ભિખારી;
હોં પ્રસિદ્ધ પાતકી તૂ પાપપૂંજહારી. દીન૦
નાથ તૂ અનાથ કો અનાથ કૌન મોસોં,
મો સમાન આરત નાહિં આરતહાર તોસોં. દીન૦

આ વાત જે તમને સંભળાવું છું તે તમારા માટે પણ છે અને મારા આત્મા માટે પણ છે. અભયા પણ આ પ્રકારની પ્રાર્થનાથી સુધરી ગઈ તો આપણે કેમ સુધરી નહિ શકીએ? અભયા મહાપાતકિની હતી પણ તેણીએ પાપ છુપાવ્યું નહિ તો તે પવિત્ર બની

ગઈ. આ ઉપરથી તમે તમારા વિષે જુઓ કે, તમે શું કરો છો? સાધુ–સાધ્વી કે શ્રાવક–શ્રાવિકા કોઈએ પણ પોતાનું પાપ દબાવી કે છુપાવી રાખવું ન જોઈએ કારણ કે, દબાએલું–છુપાવેલું પાપ ભયંકર હાનિ કરનારું હોય છે. તમે અભયાના જેવું ભયંકર પાપ કર્યું નહિ હોય પરંતુ સાધારણ પાપ તો કર્યું જ હશે. એ સાધારણ પાપને પણ દબાવી ન રાખો કિન્તુ પ્રગટ કરી દો.

માનો કે, કોઈ માણસને ભાલું લાગ્યું અને તેની અણી શરીરમાં ખૂંચી ગઈ પરંતુ તે માણસે ઑપરેશન કરાવી તે અણી કઢાવી લીધી. જ્યારે બીજા માણસને જોકે કાંટો જ પગમાં લાગ્યો હતો પરંતુ તેણે તે કાંટાને બહાર કઢાવ્યો નહિ પણ દબાવી રાખ્યો. હવે આ બેમાંથી હાનિ અને કષ્ટ કોને વધારે થશે? આ વાતનો ઊંડો વિચાર કરી, ભલે સાધારણ જ પાપ હોય તે પાપને પણ દબાવી ન રાખો. કારણ કે, દબાવી રાખેલું સાધારણ પાપ ભયંકર પાપથી પણ વધારે હાનિ કરનારું નીવડે છે.

**ગ્રામ નગર પુર પાટન વિચરત, ક્રિયા ધર્મ ઉદ્ધાર;**
**ભવ્ય જીવકો તાર મુનિજી, પહુંચે મોક્ષ મંઝાર રે. ॥ધન૦ ૧૩૯॥**

ભગવાન સુદર્શને જે અંતિમ દેશના આપી હતી તેને દેવોએ હર્ષપૂર્વક સાંભળી. આ દેશના સાંભળવાથી સૌથી વધારે લાભ તો અભયાને થયો. તે જેવી પાપિણી હતી તેવી જ ધર્મિણી બની ગઈ. શાસ્ત્રમાં એવાં અનેક ઉદાહરણો મળે છે કે જેમાં દુરાત્માઓ પણ ઉપદેશ સાંભળ્યા બાદ સુઆત્મા બની ગયા હોય. પ્રભવ ચોર જંબુકુમારને ત્યાં ચોરી કરવા માટે ગયો હતો પણ સુધર્યા બાદ તે જ મહાત્મા બની ગયો. ચિલાયતી ચોરે પોતાના શેઠની સાથે જ અન્યાય કર્યો હતો અને તેની કન્યાનું માથું કાપી લઈ જઈ રહ્યો હતો. માર્ગમાં તેને મુનિ મળ્યા. તેણે મુનિને કહ્યું કે, મને સારો અને જલ્દી કલ્યાણ થાય એવો માર્ગ બતાવો. નહિ તો મારા હાથમાં આ તલવાર છે તે દ્વારા તમારું માથું ઉડાવી દઈશ. મુનિએ કહ્યું કે, હું તને બહુ જ સરલ માર્ગ બતાવું છું, કે જે માર્ગે જવાથી તારું કલ્યાણ જલ્દી થઈ શકે. ચિલાયતીએ કહ્યું કે, મને બહુ જ જિજ્ઞાસા છે એટલા માટે મને જલ્દી કલ્યાણનો માર્ગ બતાવો. મુનિએ કહ્યું કે, કલ્યાણ કરવાનો સરલ માર્ગ તો એ જ છે કે, મન જેમ કહે તેમ ન કરવું, અર્થાત્ મનના કહ્યા પ્રમાણે ન ચાલવું. ચિલાયતીએ કહ્યું કે, ઠીક હવે હું એ જ પ્રમાણે કરીશ. મુનિ તો ઉપદેશ આપી ચાલ્યા ગયા પણ ચિલાયતી ત્યાં જ ધ્યાનસ્થ થઇ ઉભો રહ્યો. જ્યારે મન બીજે ક્યાંય ચાલ્યું જતું ત્યારે ચિલાયતી મનને કાબુમાં રોકી રાખતો અને તેને કહેતો કે, હવે હું તારા બતાવેલ માર્ગે ચાલનાર નથી. તેના શરીર ઉપર લોહીની જે ધાર ચાલી હતી તેના ઉપર કીડીઓ ચોંટી ગઈ છતાં તે પોતાના ધ્યાનમાંથી વિચલિત ન થયો; સ્થિર જ રહ્યો અને એ પ્રમાણે તેણે આત્માનું કલ્યાણ સાધી લીધું.

મતલબ કે, મહાત્માઓના સંગથી ઘોર પાપી પણ પવિત્ર થઈ ગયા છે. એનાં અનેક ઉદાહરણો પણ શાસ્ત્રોમાં ઉલ્લિખિત છે. અભયા વ્યન્તરી પણ મહાપાતકિની હતી પણ ભગવાન સુદર્શનના પ્રતાપથી તે પણ સુધરી ગઈ. અભયા તો સુધરી ગઈ પણ તમે તમારું જુઓ. તમે પણ કપટનો ત્યાગ કરી પવિત્ર બનો. શાસ્ત્રમાં કહ્યું છે કે, **मायी मिच्छादिट्ठी अमायी सम्मदिट्ठी** અર્થાત્–કપટ કરનારો જ પાપી છે અને સરળતા રાખનારો જ સમદૃષ્ટિ છે એટલા માટે છળકપટનો ત્યાગ કરી સરળ બનો.

ભગવાન સુદર્શને વિચાર્યું કે, હજી મારું આયુષ્ય બાકી છે એટલા માટે જગતનું કલ્યાણ કરવું. આ પ્રમાણે વિચાર કરી સુદર્શન ભગવાન ગ્રામ-નગર, પુર-પાટણમાં વિચરવા લાગ્યા અને જનતાને ધર્મનો ઉપદેશ આપી તેમનું કલ્યાણ કરવા લાગ્યા. મહાપુરુષોનો એ તો સ્વભાવ જ હોય છે કે, તેઓ પોતાના શરીરનો ઉપયોગ બીજાઓના કલ્યાણમાં જ કરે છે. આ જ પ્રમાણે ભગવાન સુદર્શન પણ જનપદમાં વિચરતાં જનતાને ધર્મનો ઉપદેશ દેવા લાગ્યા. તેમના ધર્મોપદેશનો પ્રભાવ જનતા ઉપર કેવો પડતો હશે અને તેમના ઉપદેશથી જનતાનું કેવું કલ્યાણ થતું હશે એ કોણ કહી શકે?

આપણે પણ આત્માનું કલ્યાણ કરવા માટે પોતાની શક્તિ ભગવાન સુદર્શનને અનન્ય ભાવે સમર્પી દેવી જોઈએ અર્થાત્ આ સંસાર ઉપર જે મોહ છે તે પરમાત્માને સોંપી દેવો જોઈએ; એમ કરવાથી અપૂર્વ શાન્તિ પ્રાપ્ત થશે અને આત્માનું કલ્યાણ પણ થશે. કેવલી થયા બાદ મોક્ષે જવામાં-મુક્ત થવામાં કોઈ પ્રકારનો સંદેહ રહેતો નથી છતાં પણ કેવલી ભગવાન વિહાર કરે છે. તેઓ જે વિહાર કરે છે તે પરોપકાર કરવા માટે જ કરે છે. પરોપકાર કરવા માટે જ સાધુઓ કોઈ પ્રકારના બંધનમાં રહેતા નથી પણ જનપદમાં વિચરે છે. આ જ પ્રમાણે તમે પણ તમારી શક્તિનો પરોપકારમાં ઉપયોગ કરો.

ભગવાન સુદર્શન તેરમા ગુણસ્થાનનું ઉલ્લંઘન કરી ચૌદમા ગુણસ્થાને પહોંચી મોક્ષે ગયા અને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. આ જ માર્ગે અનંત જીવો મોક્ષે ગયા છે. મોક્ષે જવાનો આ જ માર્ગ છે. તમે પણ આ માર્ગને અપનાવો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૨ આસો વદી ૯ બુધવાર

### પ્રાર્થના

અરહનાથ અવિનાશી, શિવ-સુખ લીધો;
વિમલ વિજ્ઞાન-વિલાસી, સાહબ સીધો.
તૂ ચેતન ભજ અરહનાથને, તે પ્રભુ ત્રિભુવનરાય;
તાત 'સુદર્શન' 'દેવી' માતા, તેહનો નન્દ કહાય. ॥૧॥

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી અરહનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થનાનો માર્ગ ઘણો જ વિકટ છે છતાં એ માર્ગે આત્મા જેટલો જેટલો આગળ વધે છે તેટલો તેટલો આત્માને અધિક આનંદ મળે છે.

આત્માનું સ્વરૂપ જાણવું એ પરમાત્માની પ્રાર્થનાનું સાચું રહસ્ય છે. આત્મા, અજ્ઞાનને કારણે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે અને એમ માનવા લાગ્યો છે કે, હું બહાર જે કાંઈ જોઈ રહ્યો છું તે જ હું છું; પણ આત્મા એટલું વિચારતો નથી કે, તે બહાર જે કાંઈ દૃશ્યરૂપે જોઈ રહ્યો છે તે તો તુચ્છ છે. તેનું સ્વરૂપ આ દૃશ્ય પદાર્થોથી તદ્દન જુદું જ છે. આત્મ-સ્વરૂપ સમજવા માટે જ્ઞાનીજનો આત્માને સંબોધીને કહે છે કેઃ—

ચેતન ભજ તૂ અરહનાથને તે પ્રભુ ત્રિભુવનરાયા.

"હે ! ચૈતન્ય આત્મા ! અત્યાર સુધી પરમાત્માને ભૂલી જઈ તેં ગંભીર ભૂલ કરી છે. હવે અમારી વાતને ધ્યાનમાં લઈ તારી થએલી ભૂલ સુધારી લે અને પરમાત્માનું ભજન કર; કારણ કે, ભગવાન અરહનાથ ત્રિભુવનના સ્વામી છે. તારે તો એ ત્રિભુવનના સ્વામી અરહનાથની જ મુલાકાત કરવી જોઈએ. તારું અને તેમનું સ્વરૂપ એક જ છે એટલા માટે તારે તેમને જ મળવું જોઈએ. તું પોતે જ પોતાનો કર્ત્તા છે અને બહારના બધાં પદાર્થો તારા સહાયક છે. તું તો એ બધા પદાર્થો પાસેથી કામ લેનાર સ્વામી છો. છતાં તું આ વાતને ભૂલી જઈ સ્વામી હોવા છતાં તે પદાર્થોને વશ થઈ રહ્યો છે અને એ પદાર્થોની-સાધનોની સાથે અહીંતહીં ભટકી રહ્યો છે. માટે તું અજ્ઞાનને દૂર કરી જરા જો કે તારાં આ સાધનો તને કઈ બાજુ લઈ જઈ રહ્યાં છે ? વાસ્તવમાં તારે કઈ બાજુ જવું જોઈએ અને તારાં આ સાધનો તને કઈ બાજુ લઈ જઈ રહ્યાં છે તે તું બરાબર જો. આમ બરાબર જોવાથી જ તું પોતાના સ્વરૂપને સમજી ભવિષ્યની ગતિ માટે દિશા પરિવર્તન કરી શકીશ."

આત્મા કોને આધીન થઈ કેવી રીતે કઈ બાજુ જઈ રહ્યો છે એ બતાવવા માટે પૂર્વાચાર્યોએ એક સુંદર કલ્પના કરી છે. તેમની કલ્પના એવી છે કે, એક રથ છે, તેને ઘોડાઓ જોડવામાં આવેલ છે. ઘોડાઓની લગામ સારથીના હાથમાં છે, તે રથનો માલિક રથમાં બેઠેલ છે અને રથને સારથી ચલાવી રહ્યો છે. જો રથમાં બેઠેલો રથનો માલિક સાવધાન હશે તો તે સારથીને એમ જ કહેશે કે, મારે અમુક જગ્યાએ જવું છે માટે રથને તે બાજુ જ હંકારજે. રથના સ્વામીએ આ પ્રમાણે સાવધાન રહેવું જ જોઈએ. સારથીનો પણ એ જ ધર્મ છે કે, રથીની સૂચનાનુસાર રથને ચલાવે અને ઘોડાઓને લગામદ્વારા કાબુમાં રાખી યથેષ્ટ સ્થાને રથને લઈ જાય. આ પ્રમાણે જો રથી સાવધાન હશે, જો સારથી રથીની સૂચનાનુસાર રથને ચલાવતો હશે, જો લગામદ્વારા ઘોડાઓને સારથી કાબુમાં રાખતો હશે અને ઘોડાઓ જો જાતવંત હશે તો તો રથીને યથાસ્થાને લઈ જવામાં કોઈ પ્રકારની મુશ્કેલી આવી શકશે નહિ. આથી વિપરીત જો રથનો સ્વામી અસાવધાન હોય, જો સારથી સ્વચ્છંદ હોય અને મરજી મુજબ રથને ચલાવતો હોય, જો ઘોડાઓની લગામ બરાબર કાબુમાં રાખવામાં આવતી ન હોય અને ઘોડાઓ પણ અડીયલ ટટ્ટુ હોય તો તે રથ અને તેની સાથે જ સારથી તથા તેનો માલિક યથેષ્ટ સ્થાને પહોંચવાને બદલે રસ્તામાં જ પડી જાય.

આ ઉદાહરણ આત્માને પણ લાગુ પડે છે. આત્મા પણ એક રથી છે કે જે આ શરીરરૂપી રથમાં બેઠેલો છે. ઉપનિષત્‌માં કહ્યું છે કે:—

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव च ।
बुद्धिन्तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥
इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥

અર્થાત્—હે ! બુદ્ધિમાનો ! આ શરીર એક રથની સમાન છે. આ શરીરમાં બેઠેલો આત્મા આ શરીરનો રથી છે. નિશ્ચયાત્મક બુદ્ધિ-વિવેક એ આ શરીરરૂપી રથનો સારથિ છે. મન એ આ શરીરરૂપી રથમાં જોડેલા ઘોડાઓની લગામ છે અને ઇન્દ્રિયો આ શરીર-

રૂપી રથના ઘોડાઓ છે. જે પ્રમાણે લગામના ઇશારાથી ઘોડાઓ દોડે છે તે જ પ્રમાણે આ શરીરરથમાં જોડવામાં આવેલા ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ પણ મનરૂપી લગામના ઇશારાથી દોડે છે પણ ઇન્દ્રિયો સ્વચ્છંદ થઈને જે જે વિષયોની તરફ દોડવા લાગે છે તે માર્ગ ઇન્દ્રિયોનો છે, આત્મારૂપી રથીનો તે માર્ગ નથી. આત્મારૂપી રથી વિષયોના માર્ગે જવા ચાહતો નથી પણ મનરૂપી લગામ ઢીલી અને ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ સ્વચ્છંદ છે એટલા માટે એમ થવું સ્વાભાવિક છે.

ઇન્દ્રિયોરૂપી ઘોડાઓ મનરૂપી લગામથી વશ છે અને એ મનરૂપી લગામને કાબુમાં રાખનાર બુદ્ધિ સારથિ છે. એ બુદ્ધિ આત્મારૂપી રથીનો સારથિ છે. એટલા માટે બુદ્ધિને આત્માધીન રાખવી જોઈએ. જો રથી સાવધાન હોય તો તે સારથિને પોતાને અધીન રાખી શકે છે અને એમ કહી શકે છે કે, 'હે ! સારથિ ! મારે અમુક જગ્યાએ જવું છે માટે રથને તે રસ્તે હંકારજે, ઊલટે માર્ગે હંકારીશ નહિ.' જો આત્મા-રથી આ પ્રમાણે સાવધાન હોય, અને બુદ્ધિ-સારથિને પોતાની અધીનતામાં રાખે તો આ શરીરરૂપી રથની સહાયતાથી આત્મા યથેષ્ટ સ્થાનને પ્રાપ્ત થઈ શકે છે અર્થાત્ કલ્યાણ સાધી શકે છે.

આત્માને આ શરીરરૂપી રથ મળ્યો છે. એટલા માટે એ રથને કઈ દિશામાં લઈ જવો જોઈએ એનો તમે વિચાર કરો. આને માટે સર્વપ્રથમ એ વિચારો કે તમારે દુર્ગતિ જોઈએ કે સદ્‌ગતિ ? દુર્ગતિ તો કોઈ પણ ચાહતું નથી. બધા એમ જ કહેશે કે, અમારે સદ્‌ગતિ જ જોઈએ, પણ તમો સદ્‌ગતિ તો ચાહો છો પરંતુ તમે શું કરી રહ્યા છો અને તમારો રથ કઈ બાજુ જઈ રહ્યો છે તેનો વિચાર કરો. તમારો આત્મા અસાવધાન, બુદ્ધિ પાગલ, મન ઇન્દ્રિયોને અધીન અને ઇન્દ્રિયો સ્વચ્છંદ તો થઈ રહી નથી ને ? જો એમ હોય તો એ દશામાં સદ્‌ગતિ કેમ મળી શકે ? જ્યારે આત્માને સાવધાન કરો, બુદ્ધિને નિશ્ચયાત્મક અને આત્માને સ્વાધીન કરો અને ઇન્દ્રિયોને સ્વચ્છંદ ન બનાવતાં મનને વશ કરો ત્યારે જ સદ્‌ગતિ પ્રાપ્ત થઈ શકે; અર્થાત્ આત્મા પોતાનું કલ્યાણ સાધી શકે.

તમે 'નમોત્થુણં' નો પાઠ બોલતાં ભગવાનને માટે એમ કહો છો કે, ભગવાન ધર્મના સારથિ છે. જ્યારે ભગવાનને સારથિ બનાવવામાં આવે ત્યારે આત્માનું કલ્યાણ થવામાં કાંઈ સંદેહ હોઈ શકે ખરો ! અર્જુને કૃષ્ણને કહ્યું હતું કે, હે ! કૃષ્ણ ! આપ મારા સારથિ છો એટલે મારી હાર કેમ થઈ શકે ? આ જ પ્રમાણે જ્યારે ભગવાન સારથિ હોય ત્યારે દુર્ગતિ કેમ થઈ શકે ? પણ સદ્‌ગતિ કે મુક્તિ ત્યારે જ મળી શકે કે, જ્યારે ભગવાનને સારથિ બનાવવામાં આવે અર્થાત્ બુદ્ધિ ભગવાનને સમર્પિત કરી દેવામાં આવે. જે પ્રમાણે વાસુદેવનો ગરુડધ્વજ રથ પ્રસિદ્ધ છે તે જ પ્રમાણે આ મનુષ્ય શરીરરૂપી પ્રસિદ્ધ રથ આત્માને મળ્યો છે. આ રથના સારથિ ભગવાનને બનાવવામાં આવે અર્થાત્ જે સારથિનું કામ કરી રહી છે તે બુદ્ધિને અત્યારથી ભગવાનને સમર્પિત કરી દેવામાં આવે તો કલ્યાણ થવામાં શું વિલંબ લાગે ખરો ? અને આવું મનુષ્યશરીર પ્રાપ્ત થવા છતાં પણ જો આત્માનું કલ્યાણ કરવામાં ન આવે તો પછી કલ્યાણ ક્યારે થઈ શકશે ?

આ સમ્પ્રદાયમાં રઘુનાથજી મહારાજ નામના એક તેજસ્વી મહાત્મા થઈ ગયા છે. તે તપસ્વી હતા. એકવાર જોધપુરમાં રઘુનાથજી મહારાજે ત્યાંના સીંઘીજીને કહ્યું કે, " સીંઘીજી !

ધર્મધ્યાન કાંઈ કરો છો કે નહિ ?" સીંઘીજીએ ઉત્તર આપ્યો કે, "મહારાજ ! પહેલાનાં ભવમાં ખૂબ ધર્મધ્યાન કરી આવ્યા છીએ એટલે જ આ ભવમાં જાગીર મળી છે, ઊંચું કુળ મળ્યું છે અને સારા ઘરની સ્ત્રી પણ મળી છે. તેથી અત્યારે તો આગળના ભવમાં ધર્મધ્યાન કરેલું છે તેનો ઉપભોગ કરીએ છીએ. એટલે હમણાં ધર્મધ્યાન કરવાની શી જરૂર છે ?" ત્યારે રઘુનાથજી મહારાજે કહ્યું કે, "એ તો ઠીક છે કે તમે પહેલાં ધર્મધ્યાન કર્યું છે એનું ફલ અત્યારે મળી રહ્યું છે અને તે બધા જોઈ રહ્યા છે પણ જો હવે ધર્મકરણી ન કરી અને મરીને કુતરા થયા તો આ મકાનમાં આવવા દેશે ?" સીંઘીજીએ જવાબ આપ્યો કે, "ના, એ દશામાં તો આવવા નહિ દે." ત્યારે રઘુનાથજી મહારાજે કહ્યું કે, "અમે એટલા જ માટે ધર્મધ્યાન કરવાનું કહીએ છીએ. પહેલાં ધર્મધ્યાન કર્યું એનું ફળ તો અત્યારે ભોગવી રહ્યા છો, પરંતુ ભવિષ્ય માટે પણ કાંઈક સારી કરણી કરો. આ મનુષ્યજન્મ મળ્યો છે છતાં ધર્મધ્યાન ન કર્યું તો શું પછી કૂતરા કે બિલાડીના ભવમાં ધર્મધ્યાન થઈ શકશે ?"

આ જ વાત તમે તમારા વિષે પણ સમજો. જો આ મનુષ્યજન્મ પામીને પણ આત્માનું કલ્યાણ ન કર્યું તો પછી ક્યારે કરશો ! એટલા માટે આ મનુષ્યશરીરદ્વારા આત્માનું કલ્યાણ કરો.

## અનાથી મુનિનો અધિકાર—૬૯

અનાથી મુનિ રાજા શ્રેણિકને આ જ વાત કહી રહ્યા છે કે, "હે ! રાજન્ ! કુશીલોનો માર્ગ છોડી મહાનિગ્રન્થોના માર્ગે ચાલ."

જો કે રાજા શ્રેણિક સાધુ થતો ન હતો પણ તે મુક્તિનો અભિલાષી તો હતો જ. આત્માને મુક્તિધામમાં પહોંચ્યા વિના શાન્તિ મળી શકિત નથી; એટલા માટે બધાએ મુક્તિની જ અભિલાષા રાખવી જોઈએ. કદાચિત્ આ ભવમાં જ તમે મુક્ત થઈ ન શકો તોપણ જો મુક્તિને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન ચાલુ રહે અને મુક્તિ તરફ જ ગતિ કરવામાં આવે તો મુક્તિ આ ભવમાં નહિ તો અન્યભવમાં મળશે જ. બલ્કિ મુક્તિને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન ચાલુ રાખવાથી મુક્તિને પ્રાપ્ત કરી એમ જ કહેવાશે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—**चलमाणे चलिये कडमाणे कडे** અર્થાત્—જે કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે તે કાર્યને પૂરું થએલું સમજો અને જેણે ચાલવા માંડયું છે તેને પહોંચેલો સમજો.

માનો કે, એક માણસ મુંબઈ ગયો છે અને બીજો માણસ મુંબઈ જવા માટે રવાના થયો છે. જે પહેલો ગયો છે તે તો મુંબઈ પહોંચી ગયો છે પણ બીજો માણસ જે હજી ઘરમાંથી નીકળ્યો જ છે તેને માટે મુંબઈ હજી દૂર છે છતાં કોઈ એ બન્ને ક્યાં ગયા એમ પૂછે તો એ બન્નેને માટે એમ જ કહેવાશે કે તેઓ મુંબઈ ગયા છે. અર્થાત્ જે જ્યાં જવા માટે નીકળ્યો તે તરફ પ્રસ્થાન કરનારને માટે એમ જ કહેવામાં આવશે કે તે યથાસ્થાને પગ મૂકી રહ્યો છે. આ જ પ્રમાણે એક માણસ મુંબઈથી રાજકોટ આવવા માટે નીકળ્યો છે. હજી તે મુંબઈમાં જ છે છતાં તાત્ત્વિક દૃષ્ટિએ તો તેને માટે તો રાજકોટ જ સમીપ કહેવાશે.

શુકલપક્ષની બીજને દિવસે પ્રકાશ ઓછો થાય છે અને કૃષ્ણપક્ષની બીજને દિવસે પ્રકાશ વધારે થાય છે છતાં એકને શુકલપક્ષ અને બીજાને કૃષ્ણપક્ષ એટલા માટે કહેવામાં આવે છે કે, એકમાં પ્રકાશની વૃદ્ધિ થઈ રહી છે અને તે પ્રકાશની સન્મુખ છે અને બીજામાં પ્રકાશ

વધારે હોવા છતાં પ્રકાશની હાનિ થઈ રહી છે અને તે પ્રકાશથી ઉન્મુખ છે. શુકલપક્ષમાં બીજને દિવસે પ્રકાશ ઓછો હોય છે પણ તે ક્રમશઃ વધતો હોય છે અને કૃષ્ણપક્ષમાં બીજને દિવસે પ્રકાશ વધારે હોય છે પણ તે ક્રમશઃ ઓછો થતો જાય છે.

અનાથી મુનિ આ જ વાતને દૃષ્ટિમાં રાખી એમ કહે છે કે, ભલે એક જ પગલું ભરો પણ તે મહાનિર્ગ્રન્થના માર્ગે જ ભરો. આ પ્રમાણે ભલે મહાનિર્ગ્રન્થના માર્ગે એક જ પગલું ભરવામાં આવે છતાં તમારા માટે એમ જ કહેવામાં આવશે કે તમે મુક્તિના માર્ગે જ ચાલી રહ્યા છો!

અનાથી મુનિએ આ વાત જો કે બધાને માટે કહી છે પણ તમારા લોકોની અપેક્ષાએ અમારા-સાધુઓ-ઉપર એ વાતની વધારે જવાબદારી રહેલ છે; કારણ કે અમે ધર્મને માટે જ શિરોમુંડન કરાવ્યું છે અને તમારો અને અમારો જે સંબંધ છે તે સંબંધ પણ ધર્મને કારણે જ છે, છતાં બને છે એવું કે, કોઈ કોઈ સાધુઓ અને ગૃહસ્થોનો સંબંધ સંસારને માટે બની જાય છે. એટલા માટે સાધુઓએ આ વિષે વિશેષ સાવધાની રાખવાની જરૂર છે.

અનાથી મુનિએ જે કાંઈ કહ્યું છે તેનો સાર એ જ છે કે, જ્ઞાન અને ક્રિયા બન્નેને જીવનમાં ઉતારવાં. કેટલાક લોકો તો કેવળ જ્ઞાનને જ માને છે અને કેટલાક લોકો કેવળ ક્રિયાને જ માને છે; પણ જૈનશાસ્ત્ર કહે છે કે, જ્ઞાન અને ક્રિયાના સમન્વયની આવશ્યકતા છે. બન્નેનો સમન્વય થાય તો જ કલ્યાણ થઈ શકે. જ્ઞાન વિનાની ક્રિયા આંધળી છે અને ક્રિયા વિનાનું જ્ઞાન પાંગળું છે. જે પંગુ-લંગડો હોય છે તે જોઈ તો શકે છે પણ ચાલી શકતો નથી પરંતુ જે આંધળો હોય છે તે ચાલી તો શકે છે પણ જોઈ શકતો નથી. પણ જો બન્ને એકબીજાની સહાયતાથી કામ કરે તો બન્ને ચાલી પણ શકે છે અને યથેષ્ટ સ્થાને પહોંચી શકે છે. આ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું:—

માનો કે, એક સંઘે જંગલમાં પડાવ નાંખ્યો. એ સંઘની સાથે એક લંગડો અને એક આંધળો હતો. રાતના સમયે સંઘના બીજા લોકો તો ઉઠીને ચાલ્યા ગયા પણ તે લંગડો અને આંધળો એ બન્ને રહી ગયા. કેવલ એ બે જ માણસો હતા. અને તે સ્થાન જંગલ હોવાથી ભયાનક હતું. સવારે ઉઠીને લંગડાએ જોયું કે, આ બધા લોકો ચાલ્યા ગયા છે અને કેવળ અમે બે જ જણા અહીં રહ્યા છીએ. તે લંગડાએ આંધળાને બધી હકીકત કહી સંભળાવી અને કહ્યું કે હવે શું કરવું! જો આપણે અહીં જ રહીશું તો જંગલના જાનવરો આપણને ફાડી ખાશે. હું સાથીઓ જે માર્ગે ગયા છે તે માર્ગ તો જોઈ શકું છું પણ લંગડો હોવાથી ચાલી શકતો નથી ત્યારે આંધળો કહેવા લાગ્યો કે, હું ચાલી તો શકું છું પણ જોઈ શકતો નથી.

તે વખતે જો તેઓ બન્ને સંપી ન જાય તો તેઓ બન્ને ત્યાં જ રહી જાય અને જંગલી પશુઓ તેમને ફાડી ખાય; પણ બન્નેએ સંપીને એવો વિચાર કર્યો કે, આપણામાં એકને ચાલવાની શક્તિ છે અને એકને જોવાની શક્તિ છે. એટલા માટે આ બન્ને શક્તિનો સમન્વય કરી આપણે જંગલમાંથી બહાર નીકળી જવું જોઈએ. આ પ્રમાણે વિચાર કરી આંધળાએ લંગડાને પોતાની કાંધે બેસાડી દીધો અને લંગડો તેને માર્ગ બતાવવા લાગ્યો. લંગડો માર્ગ બતાવતો જતો હતો અને આંધળો ચાલતો જતો હતો. બન્નેને એક જ સ્થાને જવાનું હતું એટલા માટે બન્ને પોતપોતાની શક્તિનો સમન્વય કરી યથેષ્ટ સ્થાને પહોંચી ગયા.

જ્ઞાન અને ક્રિયા વિષે પણ એમજ સમજો. કોઈ કહે છે કે, જ્ઞાન હોય તો પછી ક્રિયાની શી જરૂર છે અને કોઈ એમ કહે છે કે, બડબડ કરવાથી અને જ્ઞાનને પ્રાપ્ત કરવાથી શો લાભ છે? આપણે તો ક્રિયા જ કરવી. જો કે લક્ષ્ય તો બન્નેનું આત્મકલ્યાણ સાધવાનું છે, પણ બન્નેમાં કુસંપ હોવાથી—કેવલ એક એક શકિત હોવાને કારણે—બન્નેમાંથી કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરી શકતું નથી. લક્ષ્ય તો ત્યારે જ સિદ્ધ થઈ શકે કે જ્યારે બન્નેની શક્તિઓનું એકીકરણ-સમન્વય કરવામાં આવે. શાસ્ત્ર કહે છે કે, જે જ્ઞાન ક્રિયાનું ખંડન કરે છે તે જ્ઞાન નહિ પણ અજ્ઞાન છે અને જ્ઞાન વિનાની જે ક્રિયા કરવામાં આવે છે તે પણ નકામી છે, લાભ તો ત્યારે જ થઈ શકે કે જ્યારે જ્ઞાનની સાથે ક્રિયા કરવામાં આવે.

વ્યવહારમાં પણ જ્ઞાન અને ક્રિયા બન્નેની આવશ્યકતા રહે છે. જેમકે કોઈ માણસ કહે કે, સ્વતંત્રતા પ્રાપ્ત કરવી જોઈએ. પરંતુ સ્વતંત્રતા કેવળ જ્ઞાનથી કે કેવળ ક્રિયાથી પ્રાપ્ત થઈ શકે નહિ. જ્ઞાન અને ક્રિયા બન્ને હોય તો જ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકે. જેમકે કડકડતી ભૂખ લાગી છે અને ભોજન કરવું છે પરંતુ ભોજન કેવી રીતે કરવું એનું પણ જ્ઞાન હોવું જરૂરી છે. આ પ્રમાણે જ્ઞાનપૂર્વક ભોજન કરવાથી જ ભૂખ મટી શકે છે. ભોજન મુખથી જ કરી શકાય છે, કાનદ્વારા ખાઈ શકાતું નથી. આ જ્ઞાન હોય તો જ ભોજન કરી શકાય છે.

તમે લોકો એ તો જાણો જ છો કે, મુખદ્વારા ભોજન થાય છે. એનું જ્ઞાન તો બધાને હોય છે પરંતુ સાથે સાથે જે ભોજન કરવામાં આવે છે તે પથ્ય છે કે અપથ્ય તેનું પણ જ્ઞાન હોવું આવશ્યક છે. જો અપથ્ય ભોજન કરવામાં આવે તો લોકો પરિણામે રોગી અને દુઃખી થતાં જોવામાં નથી આવતા? આ પ્રમાણે વ્યવહારમાં પણ જ્ઞાન અને ક્રિયા બન્નેયની આવશ્યકતા રહે છે, એકથી કામ ચાલી શકતું નથી. જ્ઞાન વિનાની કરવામાં આવેલી ક્રિયા હાનિપ્રદ નીવડે છે. સાથે સાથે ક્રિયાવિહીન જ્ઞાન પણ પોપટીયું જ જ્ઞાન છે. ઉદાહરણને માટે એક માણસે એક પોપટને એમ શીખડાવ્યું કે, 'બિલાડી આવે ત્યારે ડરતા રહેવું.' પોપટ તો 'બિલાડી આવે ત્યારે ડરતા રહેવું' એમ રટતો રહ્યો. એકવાર બિલાડી આવી અને તે પોપટને પંજામાં પકડી પણ લીધો પણ તે તો એમ જ રટતો રહ્યો કે, બિલાડી આવે ત્યારે ડરતા રહેવું. લોકો કહેવા લાગ્યા કે, 'અરે! મૂર્ખ પોપટ! બિલાડી ક્યારે આવશે અને તું ક્યારે ડરતો રહીશ?' આ પ્રમાણે તે પોપટને 'બિલાડી આવે ત્યારે ડરતા રહેવું' એ જ્ઞાન તો હતું પરંતુ તે જ્ઞાન સક્રિય—ક્રિયાત્મક ન હોવાને કારણે તે જ્ઞાન કોઈ કામનું રહ્યું નહિ, નિષ્ફળ નીવડ્યું.

આજની શિક્ષા પણ પોપટીયા શિક્ષણના જેવી બની રહી છે. જે વસ્તુ ઉપર પોતાનો અધિકાર નથી તે વસ્તુને પોતાની માનવી અને જે વસ્તુ પોતે બનાવી શકતા નથી એ વસ્તુ મેળવીને અભિમાન કરવું અને જીવનને પરતંત્ર બનાવવું એ પોપટીયું જ્ઞાન છે. ઉદાહરણ તરીકે જે પાઘડી તમે પહેરો છો તે પાઘડી બનાવવામાં તમે શું કર્યું છે? શું તમે તે પાઘડીને વણી કે રંગી છે? તમે જે ધોતીયું પહેરો છો અને તે પહેરીને અભિમાન કરો છો તે ધોતીયાને તમે કોઈ દિવસ બનાવ્યું છે? જો નહિ તો પછી તેને પહેરવામાં અભિમાન કેમ કરી શકો અને પોતાની કેમ માની શકો?

આજે સાંભળ્યું છે કે, હમણાં એક એવું મશીન નીકળ્યું છે કે જે એક હાથ લાંબો કરવાથી કોટની એક બાંય પહેરાવી દે છે અને બીજો હાથ લાંબો કરવાથી બીજી બાંય પહેરાવી દે છે. આ પ્રમાણે મશીન કોટ પહેરાવી દે છે. માનો કે એ પ્રમાણે કોઈ ધોતીયું પહેરાવી દે એવું મશીન નીકળે અને તે મશીન ધોતીયું પહેરાવી પણ આપે તો તે સ્થિતિમાં લજ્જા બચાવવાનું કામ તમારા હાથમાં રહ્યું કે, પરતંત્ર રહ્યું? મશીન ધોતીયું પહેરાવી આપે પછી ધોતીયું પહેરવાની તમે તકલીફ જ શા માટે લો? પણ જો બજારમાં ધોતીયું ખુલ્લી જાય તો એ દશામાં તમે શું કરશો? આ પ્રમાણે જે વસ્તુને લીધે તમે પરતંત્ર છો, તે વસ્તુ મેળવીને અભિમાન કરવાની શી જરૂર છે! આવા ખોટા અભિમાનને કારણે જ લોકો પરાધીન અને પતિત બન્યાં છે.

શાસ્ત્ર કહે છે કે, શ્રેણિક રાજાના પુત્રે અને પાલિત શ્રાવકના પુત્રે ૭૨ કલાનું શિક્ષણ લીધું હતું. કદાચ શ્રેણિકના પુત્રે રાજ્ય કરવા માટે ૭૨ કલા શીખી હોય એમ કહેતા હો તો શું પાલિતના પુત્રને રાજ્ય કરવું હતું કે તેને ૭૨ કલાઓ શીખડાવવામાં આવી? પાલિત શ્રાવક હતો અને નિર્ગ્રન્થપ્રવચનનો જાણકાર હતો. છતાં તેણે પોતાના પુત્રને રાજાના પુત્રની માફક ૭૨ કલાઓ શીખડાવી હતી. મારી સમજમાં તો એમ કરવાનું કારણ કદાચ એ હશે કે, જીવનને પરતંત્ર ન બનાવવું; પણ સ્વતંત્ર બનાવવું. પરતંત્ર બનવાથી જીવન દુઃખી બની જાય છે. સુખી જીવન તો સ્વતંત્ર બનવાથી જ બને છે. જીવનના ઉપયોગને માટે જે વસ્તુ આવશ્યક છે તે વસ્તુ કઈ છે કે જેનો સમાવેશ ૭૨ કલાઓમાં થતો નથી? ઘર, વસ્ત્ર, ભોજન બનાવવું આદિ બધાં કાર્યો ૭૨ કલામાં અન્તર્ગત થાય છે. આજે એ ચીજોનો ઉપયોગ તો કરવામાં આવે છે પણ તે ચીજોને કેમ બનાવવી એ ન જાણવાને કારણે જ જીવન પરતંત્ર બની રહ્યું છે; જીવન પરતંત્ર હોવા છતાં લોકો ખોટું અભિમાન કરે છે અને એ અભિમાનને કારણે જ લોકો પતિત થઈ રહ્યા છે.

કદાચ કોઈ કહે કે, અમે પુણ્યવાન છીએ અને અમારી સાથે પુણ્ય કમાવી લાવ્યા છીએ એટલા માટે અમે તૈયાર વસ્તુ ખાઈએ છીએ, પહેરીએ છીએ અને આનંદ માણીએ છીએ. પણ જે લોકો પરતંત્રતા ભોગવે છે તે લોકો પુણ્યવાન છે કે જેમનું જીવન પરતંત્ર નથી, પણ સ્વતંત્ર છે તે લોકો પુણ્યવાન છે? પરતંત્રતા ભોગવવી અને પોતાને પુણ્યવાન માની અભિમાન કરવું એ ભૂલ છે. જેમકે મારા હાથે ઑપરેશન કરવામાં આવ્યું છે, એ મારા હાથથી પાત્ર ઉપડતું નથી અને મારા માટે સાધુઓ ગોચરી લઈ આવે છે. જો તૈયાર ખાઈ લેવું એ જ પુણ્યતા છે તો તો હું સાધુઓએ લાવેલી ગોચરી ખાઈને એમ કહી શકું કે હું તૈયાર ખાનારો તો પુણ્યવાન છું અને તમે ગોચરી લાવનારા પાપી છો. બીમાર થવાથી સાધુઓ મારું મલમૂત્ર પણ પરઠવી આવે છે, એટલા માટે હું તેમને કહું કે હું પુણ્યવાન છું અને તમે પાપી છો તો શું આ મારું કથન ઉચિત કહી શકાય ખરું?

લોકો સમ્યગ્જ્ઞાનની વાતો તો કરે છે પણ આજે તેઓ સમ્યગ્ જ્ઞાનથી કેવી રીતે દૂર જઈ રહ્યા છે તે જોતા નથી. પોતાની અશક્તતાને કારણે બીજાઓની સહાયતા લઈને સહાયતા આપનારાઓને પાપી બનાવવા અને પોતાને પુણ્યવાન કહેવડાવવા એ કોઈપણ દૃષ્ટિએ યોગ્ય નથી. મારા માટે ઉચિત તો એ છે કે, પોતાની અશક્તતાને કારણે મુનિઓ પાસેથી હું જે

કાર્ય લઉં છું તેને માટે હું તેમને ધન્યવાદ આપું અને પોતાને માટે એવો પશ્ચાત્તાપ કરું કે, મારામાં આ પ્રકારની અશક્તતા ક્યાંથી આવી ગઈ? મારે મુનિઓને એમ કહેવું જોઈએ કે, તમે લોકો મારા જેવા અશક્તની આ પ્રમાણે સહાયતા કરી ભગવાનની આજ્ઞાનું પાલન કરી રહ્યા છો અને ભગવાનની સમીપ જઈ રહ્યા છો. હું તો પોતાનું કામ કરવામાં પણ અશક્ત છું એટલે મને મારી અશક્તતાને માટે ખેદ છે.

આ પ્રમાણે પોતાની અશક્તતાને માટે પશ્ચાત્તાપ કરવો તો ઠીક છે પણ ખોટું અભિમાન કરવું અને બીજાને ખરાબ બનાવવા એ કોઈપણ રીતે ઠીક નથી. તમે લોકો એમ વિચારો છો કે, અમે તૈયાર ખાઈએ-પહેરીએ છીએ એટલા માટે અમે પુણ્યવાન છીએ પરંતુ પરાધીનતા વહોરવી એ શું પુણ્યતા છે? તમે લોકો બીજાઓનું બનાવેલું ભોજન ખાઓ છો પરંતુ રસોયો એમ કહી દે કે, હું રસોઈ નહિ બનાવું તો તમે શું કરશો? તમે એમ કહેશો કે અમારી સ્ત્રી ભોજન બનાવી લેશે! પણ માનો કે, તમારી સ્ત્રી પણ બિમાર પડી ગઈ હોય અને એ દશામાં પોતાને ભોજન બનાવતાં આવડતું ન હોય તો કેટલી મુશ્કેલી સહેવી પડે? કદાચ તમે કહો કે આખરે હોટલ તો છે ને? પણ હોટલની બોટલ ફોડવા છતાં પણ આખરે પરતંત્ર જ રહ્યા ને?

જે લોકો પાયખાનામાં શૌચ જાય છે તે લોકો પોતાને 'મોટા' માને છે અને જે લોકો અશુચિ સાફ કરે છે તેમને 'નીચ' માને છે. તે લોકો અશુચિ સાફ કરતા હોવાને કારણે 'નીચ' કહેવાય છે. જો માતા પોતાના પુત્રની અશુચિ સાફ કરે નહિ અને તેને અશુચિમાં જ રહેવા દે તો કેવી મુશ્કેલી પડે! તો પછી જે અશુચિ સાફ કરે છે તેમને 'નીચ' કહેવા અને પોતે અશુચિ ફેલાવવા છતાં પોતાને 'ઉચ્ચ' માનવા એ કેવી ભૂલ છે! જેમને તમે નીચ કહો છો તે ભંગીઓ જો ચાહે તો તમો સૌને એક જ દિવસમાં સંકટમાં મૂકી શકે છે. જો તેઓ એક દિવસ પણ અશુચિ સાફ ન કરે તો કેવી મુશ્કેલી ઉભી થાય? ઉદયપુરને વિષે એમ સાંભળ્યું છે કે, ત્યાં ભંગીઓને ચાંદી પહેરવાની મના કરવામાં આવી હતી. આ કારણને લીધે ભંગીઓએ ઝાડુ કાઢવાનું બંધ કરી દીધું. આખરે બધાએ ઠેકાણે આવવું પડ્યું અને ભંગીઓને ચાંદી પહેરવાની છૂટ આપવી પડી.

કહેવાનો આશય એ છે કે, જ્ઞાન અને ક્રિયાનો સમન્વય એ જ સમ્યગ્જ્ઞાન છે. જે ક્રિયારહિત જ્ઞાન છે તે પોપટીયું જ્ઞાન છે અને ક્રિયાનો ત્યાગ કરી પરતંત્રતા ભોગવવી એ સમ્યગ્જ્ઞાન નથી. એ વાત બીજી છે કે, આજે તમે તમારા જીવન સંબંધી બધાં કામો તમારા હાથે કરી શકતાં નથી તો પણ તેનું અભિમાન તો છોડો. અભિમાનનો ત્યાગ કરવાથી પણ ઘણો ખરો લાભ થશે.

## સુદર્શન ચરિત્ર—૬૬

સુદર્શનની કથા પૂરી થઈ ગઈ. હવે એ કથાનો ઉપસંહાર કરવાનો છે. આ ચરિત્ર કથામાંની કઈ વાતો ઉપર તમારું ધ્યાન ખેંચવાનું છે તે અત્રે બતાવવું છે.

સૌથી પહેલાં અર્હદ્દાસી અને જિનદાસને જુઓ કે બન્ને પતિ-પત્નીનાં નિયમોનું કેવી રીતે પાલન કરતા હતા. તેમને ત્યાં રહેતો સુભગ દાસ કેવી રીતે સેવા કરતો હતો અને સુભગની સાથે જિનદાસ અને અર્હદ્દાસી કેવો પ્રેમપૂર્વક વ્યવહાર રાખતા હતાં.

તમારે સેવક પણ જોઈએ અને સંતાન પણ જોઈએ. પણ કેવાં જોઈએ ? જવાબમાં બધા એમ જ કહેશે કે સારાં સંતાન અને સારા સેવકો જોઈએ. પરંતુ તમે પોતે કેવા છો ! તેનો વિચાર કરો. જ્યારે તમે પોતે જ સારા નહિ હો તો પછી સંતાનો સારાં ક્યાંથી થાય ? 'મૂળ જો સારું હશે તો ફળ મીઠાં આવશે.' એ લોકોક્તિ અનુસાર માતાપિતા સારાં હોય તો સંતાનો પણ સારાં થઈ શકે. પોતે સારાં ન હોય તો સંતાનો સારાં ક્યાંથી થઈ શકે ?

સુભગ સેવક જ તેમને ત્યાં સુદર્શન નામનો પુત્ર થયો. પુત્ર કોને કહેવો ! એની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે, **पुनातीति पुत्रः** અર્થાત્—જે પોતાની રહેણીકરણીથી માતાપિતાને તથા વંશકુળને પવિત્ર બનાવે તે જ પુત્ર છે. નીતિમાં પણ કહ્યું છે કેઃ—

**परिवर्त्तिनि संसारे मृतः को वा न जायते ।**
**स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥**

અર્થાત્—આ પરિવર્ત્તનશીલ સંસારમાં બધા જન્મે છે અને મરે છે પણ તેમનું જન્મવું જ સાર્થક છે કે જે પોતાના કુલવંશને પવિત્ર બનાવે છે.

સુદર્શને પોતાના કુલને કેવું પવિત્ર બનાવ્યું હતું તે જુઓ. કેટલાક લોકો વૃદ્ધ થવા છતાં પણ સંસારવ્યવહારમાં જ ફસાઇ જઈ આખરે મરી જાય છે; પણ જિનદાસે સુદર્શનને યોગ્ય સમજી તેના ઉપર સંસારવ્યવહારનો ભાર સોંપી દીધો અને પોતે તથા અર્હદ્દાસીએ આત્માનું કલ્યાણ સાધ્યું. જિનદાસ તથા અર્હદ્દાસીનું આ કાર્ય પણ અનુકરણીય છે. જે લોકો અન્ત સમય સુધી સંસારવ્યવહારમાં જ ફસાએલા રહે છે તેઓ પોતાનું તો અહિત કરે જ છે પણ સંતાનોનું પણ અહિત કરે છે. તેઓ સંતાનોની સામે એવો ખરાબ આદર્શ મૂકી જાય છે કે જેથી સંતાનોનું પણ અહિત થાય છે.

સુદર્શને કપિલની સાથે મિત્રતા બાંધી હતી. મિત્રતા કેવી હોવી જોઈએ એ પણ સુદર્શનના ચરિત્ર ઉપરથી જુઓ. સાચા મિત્ર વચ્ચે છૂપી વાત પણ છુપાવવામાં આવતી નથી અને તેની સાથે ખાનપાનાદિમાં પણ કોઈ પ્રકારનો ભેદ રાખવામાં આવતો નથી. આ જ પ્રમાણે સંકટના સમયે મિત્રની સહાયતા કરવા માટે મિત્રોએ હમેશાં તૈયાર રહેવું જોઈએ એ પણ બોધપાઠ આ ચરિત્રકથામાંથી મળે છે. નીતિમાં જે છ પ્રકારની મિત્રતા બતાવવામાં આવી છે તેમાંની ઉત્તમ મિત્રતા તો સુદર્શનની મિત્રતા જેવી જ હોય છે.

સુદર્શનની મિત્રતા જોવાની સાથે ત્રિયાચરિત્રથી કેટલા સાવધાન રહેવું જોઈએ અને કદાચ ત્રિયાચરિત્રના ફંદામાં ફસાઈ જવાય તો તેમાંથી કેવી રીતે બચવું જોઈએ એ પણ જુઓ. સુદર્શન કપિલાના ફંદામાં ફસાઈ ગયો હતો ત્યારે તેણે કપિલાને સ્પષ્ટ કહી દીધું હતું કે, હું મારી સ્ત્રીના સિવાય બીજા કોઈને માટે પુરુષ નથી. આ પ્રમાણે ત્રિયાચરિત્રના પંજામાં સપડાયા છતાં તે નિષ્કલંક બહાર નીકળી ગયો હતો. તેનું આ કાર્ય પણ અનુકરણીય છે.

અભયા રાણી હતી છતાં કપિલાના કુસંગમાંથી તે કેવી બની ગઈ હતી ! કપિલાએ તેને મશ્કરીમાં જ ખરાબ કામોમાં કેવી રીતે ફસાવી દીધી હતી ? અભયા ભલે ગમે તેવી હોય પણ જો તે કપિલાના કુસંગમાં પડી ન હોત તો તે સુદર્શનને ફસાવવા માટે તૈયાર ન થાત અને આગળની ઘટના પણ ઘટત નહિ. આ વાતને દૃષ્ટિ સમક્ષ રાખી કુસંગતિથી હમેશાં બચવું જોઈએ. સાપ અને વીંછીના સંગથી એટલી હાનિ થતી નથી જેટલી હાનિ કુસંગથી થાય છે. અભયાની જે દુર્ગતિ થઈ તે કુસંગના કારણે જ થઈ હતી.

કદાચ અનાયાસ જ કુસંગમાં ફસાઈ જવું પડે કે પડી જવાય તો ત્યારે પોતાની ઉપર કુસંગનો પ્રભાવ પડવા દેવો ન જોઈએ. જેમકે સુદર્શન અભયાના કુસંગમાં ફસાઈ ગયા હતા પરંતુ કુસંગમાં ન પડવાને કારણે તેઓ કુસંગમાંથી બચી ગયા અને પરિણામે શૂળીનું સિંહાસન થઈ ગયું.

સુદર્શન શેઠ તો અભયાના પંજામાંથી બચી ગયા પણ એ ઉપરથી શિક્ષા એ લેવાની છે કે, કુસંગથી હમેશાં બચતાં રહેવું જોઈએ. કપિલાના કુસંગથી અભયાનું કેટલું બધું અધઃપતન થયું હતું તે આગળ કહી દેવામાં આવ્યું છે.

અભયાએ સુદર્શનને પતિત કરવાની જાળ બિછાવી હતી પણ સુદર્શન અભયાના કૃત્યથી વધારે સાવધાન થઈ ગયા. તેમના ઉપર કુસંગનો પ્રભાવ તો ન જ પડ્યો પણ તેમણે એમ વિચાર્યું કે, આ બધાં અનર્થો ઘરમાં રહેવાને કારણે જ થાય છે એટલા માટે ઘરનો જ ત્યાગ કરી દેવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરી તેમણે ઘરનો પણ ત્યાગ કર્યો અને સાધુ બની ગયા. સાધુ થયા બાદ પણ અભયાની સહાયિકા પંડિતાએ મુનિને વિચલિત કરવા માટે હરિણી વેશ્યાને ભંભેરી. હરિણી શ્રાવિકા બની સુદર્શનને પોતાના ઘેર તેડી આવી અને સુદર્શન પણ માતા ઉપર બાળક જેમ વિશ્વાસ રાખે છે તેમ તેના ઉપર વિશ્વાસ રાખી તેની સાથે ગયા. જેમનામાં કપટ હોતું નથી તેમને સંદેહ પણ હોતો નથી અને તેઓ કોઈ કપટમાં ફસાઈ જતા પણ નથી.

હરિણીએ મુનિને અનુકૂલ-પ્રતિકૂલ અનેક ઉપસર્ગો આપી વિચલિત કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ મુનિ વિચલિત થયા નહિ. આખરે તેણીએ મુનિને જવા દીધા. મુનિ તો ચાલ્યા ગયા પરંતુ એ વેશ્યાનું પાછળથી શું થયું તે અત્રે જોવાનું છે.

**હરિણી વેશ્યા કહે પંડિતા, મુનિ ગુણ અપરંપાર;**
**દંભ મોહ અબ હટા હૈ મેરા, પાઇ તત્ત્વકા સાર.**
**અબ મૈં ઐસા શ્રૃંગાર સજૂંગી, તજ ગહનોંકા ભાર;**
**સોના ચાંદી હીરા મોતી, જિસકા નહીં આધાર.**
**કજ્જલ ટીકી પાન તજૂંગી, મહંદી પ્રેમ ચડાય;**
**સચ્ચા પ્રેમ ચઢા કે તન પર, દિલ મુનિજી મેં લગાય.**
**જગતારક જિસ માર્ગ સે ગયે હૈં, લૂંગી ધૂલ ઉઠાય;**
**તન પર મલકર પાવન બનકર, સજંગી મેરી કાય.**
**મુનિ વિરહ મેં આંસૂ બહાઉં, યે હી મુક્તાહાર;**
**ઐસી સજીલી બનકે રંગીલી, પાઉં ભવોદધિ પાર.**

મુનિ હરિણીને ત્યાંથી નીકળી ચાલ્યા ગયા. હરિણી તેમની તરફ જોતી જ રહી તે મનમાં વિચારતી હતી કે, આ કેવા મહાત્મા છે જે મારી આંખોના કટાક્ષથી પણ ડગ્યા નહિ. હું અત્યાર સુધી મોહને કારણે એવો ગર્વ કરતી હતી કે, મારી આંખોના કટાક્ષની સામે કોણ ઊભો રહી શકે એમ છે! પણ આજે હું સમજી ગઇ કે, જેમના હૃદયમાં પરમાત્માનો વાસ છે તે અપ્સરાથી ડગી શકે નહિ પણ આ મુનિના પ્રતાપથી મને આ વાત સમજવામાં આવી શકી છે.

હરિણીએ પંડિતાને બોલાવી. પંડિતા તેની સામે આવી અને કહેવા લાગી કે, આખરે તમે હારી ગયાને ? વેશ્યાએ જવાબ આપ્યો કે, હા, હવે હું એ મુનિના પ્રતાપથી દુર્ગુણોથી

હારી ગઈ છું. જો મુનિ આવ્યા ન હોત તો હું દુર્ગુણોથી હારી ન જાત. મેં અત્યાર સુધી તો દુર્ગુણોની સેવા કરી છે પણ હવેથી હું સદ્‌ગુણોની સેવા કરીશ. આ બધો પ્રતાપ તે મુનિનો જ છે.

હરિણી આ પ્રમાણે પંડિતાને કહે છે હવે આગળ શું થાય છે તે વિષે યથાવસરે વિચાર કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ આસો વદી ૮ શુક્રવાર

### પ્રાર્થના

**શ્રી મુનિસુવ્રત સાહબા, દીનદયાલ દેવાં તણા દેવ કે;**
**તરણતારણ પ્રભૂ મો ભણી, ઉજ્જવલ ચિત્ત સમરું નિત્યમેવ કે. ॥ શ્રી૦ ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી મુનિસુવ્રત ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ આત્માને અનેક ભાવોની પ્રાર્થનાની આવશ્યકતા છે. હજી આત્મા છદ્મસ્થ હોવાને કારણે તેનું કામ એક જ ભાવનાની પ્રાર્થનાથી ચાલી શકતું નથી. છદ્મસ્થની ભાવના બદલાયા જ કરે છે એટલા જ માટે ભક્તો વિધવિધ ભાવનાથી પરમાત્માની પ્રાર્થના કરે છે.

ભગવાન મુનિસુવ્રતનું નામ તો તમે લોકો જાણો જ છો. 'લોગસ્સ' ના પાઠમાં ભગવાન મુનિસુવ્રતનું નામ આવે જ છે. શાસ્ત્રમાં ભગવાન મુનિસુવ્રતનું ચરિત્ર ઓછું મળે છે; પણ તીર્થંકર મહાપુરુષને માટે જેટલી સત્કલ્પના કરવામાં આવે તે બધી સત્કલ્પનાઓ ભગવાન અર્હન્તને લાગુ પડે છે. ભક્તજનો ભગવાન મુનિસુવ્રતની પ્રાર્થના કરતાં કહે છે કે:—

હું અપરાધી અનાદિ કો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે;
લૂટિયા પ્રાણ છકાયના, સેવિયાં પાપ અઢારહ ક્રૂર કે. શ્રી મુનિ૦
પૂર્વ અશુભ કર કર્ત્તવ્યતા, તેહને પ્રભુ તૂમ ન વિચાર કે;
અધમ ઉધારણ બિરુદ છે, સરન આયો અબ કીજીએ સાર કે. શ્રી મુનિ૦

ભક્તજનોએ આ પ્રમાણે મુનિસુવ્રત ભગવાનની સમક્ષ આત્મનિંદા કરી છે અને પોતાનાં પાપોની આલોચના કરી છે. આ પ્રમાણે આલોચના કરી તેઓ સંસારનાં આઘાતો સહેવાં માટે દૃઢ થઈ રહ્યા છે. જેમકે કોઈ માણસ વ્યાયામશાળામાં જઈ કસરત કરી શરીરને દૃઢ બનાવે છે, મુદગલ ફેરવી હાથને મજબૂત બનાવે છે અને બીજાનાં આઘાતો સહન કરી પોતાના શરીરને આઘાતો સહેવાને યોગ્ય બનાવે છે. તે માણસ વ્યાયામશાળામાં તો આઘાતો સહન કરવાની 'પ્રેક્ટીસ' પાડે છે, પણ વ્યાયામશાળામાંથી બહાર નીકળી જો તે બીજાઓનાં આઘાતો સહી ન શકે તો તેને માટે એમ જ કહી શકાય કે, તેણે બરાબર રીતે વ્યાયામ કરી

નથી. જો તેણે બરાબર રીતે વ્યાયામ કરી હોત તો તેનું શરીર બીજાઓનાં આઘાતો સહી શકે એવું બની શક્યું હોત.

આ વિષે મહાભારતમાં આવેલું આ ઉદાહરણ ભાવિકજનો માટે ઘણું જ ઉપયોગી છે. દુર્યોધનને યુધિષ્ઠિરે કહ્યું કે, "હે! દુર્યોધન! જો તારું શરીર વજ્રનું બની જાય તો ભીમની ગદા તો શું, ઇન્દ્રનું વજ્ર પણ તારા-શરીરની હાનિ કરી શકે નહિ. તારા શરીરને વજ્ર જેવું બનાવવાનો ઉપાય એ છે કે, તું એકવાર તારી ગુણવતી સતી માતાની દૃષ્ટિમાં નીકળી જા. તારા શરીર ઉપર તારી માતાની દૃષ્ટિ પડવાથી તારું શરીર વજ્ર જેવું બની જશે."

આ ક્ષાત્રધર્મનું ઉદાહરણ છે. ક્ષત્રિયો કાયરતા લાવી આગળ પાછળનો વિચાર કરતા નથી કિંતુ વીરતાનાં જ કામો કરે છે. તેઓ કાયરતાના પંથ ઉપર પગલું પણ ભરતા નથી પણ વીરતાના માર્ગે જ આગળ ધપતા જાય છે. દુર્યોધનને શરીર વજ્રમય બનાવવાનો ઉપાય બતાવતી વખતે યુધિષ્ઠિરને એવો વિચાર સરખો પણ ન આવ્યો કે, જો આનું શરીર વજ્રમય બની જશે તો મારા ભાઈઓનું શું થશે અને યુદ્ધનું પરિણામ કેવું આવશે? વીર લોકો આવી આડી અવળી વાતો કરતા નથી; તેઓ તો વીરતાની જ વાતો કરે છે.

યુધિષ્ઠિરે બતાવેલો ઉપાય જાણી દુર્યોધન ત્યાંથી રવાના થયો અને પોતાની માતા ગાંધારી પાસે આવી બધી હકીકત કહી સંભળાવી. ગાંધારીએ બધી વાત સાંભળી દુર્યોધનને કહ્યું કે, "જેમની તારી ઉપર આટલી બધી કૃપા છે તે યુધિષ્ઠિરનો તું દ્રોહ કર નહિ." પણ દુર્યોધને ગાંધારીનું કહ્યું ન માન્યું અને એમ જ કહ્યું કે, "હું જેમ કહું છું તે પ્રમાણે તું કરી દે. તું તો મારા શરીરને જોઈ વજ્રમય જ બનાવી દે."

માતાનું હૃદય કોઈ જુદા જ પ્રકારનું હોય છે. તે પોતાના પુત્રના અવગુણો જોતી નથી પણ તેનું કલ્યાણ જ જુએ છે.

ગાંધારીએ દુર્યોધનની ઇચ્છાનુસાર શરીર ઉપર દૃષ્ટિપાત કરવાની અનુમતિ આપી. જો કે યુધિષ્ઠિરે શરીરને વજ્રમય બનાવવાનો જે ઉપાય બતાવ્યો હતો તેમાં નગ્ન થઈ નીકળવાની શરત કરી હતી પણ દુર્યોધનને માર્ગમાં કૃષ્ણે નગ્ન થઈ ન નીકળવાની સલાહ આપી હતી. એ સલાહાનુસાર તેણે પોતાના ગુપ્તાંગને કોપીનદ્વારા ઢાંકી દીધું અને તે માતાની દૃષ્ટિમાંથી પસાર થયો.

દુર્યોધન પોતાની માતાની દૃષ્ટિમાંથી નીકળ્યો. તેની માતાની દૃષ્ટિ શરીરના જે ભાગ ઉપર પડી, શરીરનો તે ભાગ વજ્રમય બની ગયો. પણ જે ભાગ કોપીનદ્વારા ઢંકાએલો હતો તે તેવો જ રહી ગયો, અર્થાત્ તે ભાગ વજ્રમય બની શક્યો નહિ.

ગદાયુદ્ધના સમયે ભીમ દુર્યોધનના શરીર ઉપર ગદાનો પ્રહાર કરતો હતો પણ દુર્યોધનના શરીર ઉપર તેની કશી અસર પડતી ન હતી. ત્યારે કૃષ્ણે ભીમને કહ્યું કે, તમારી પ્રતિજ્ઞા દુર્યોધનની જાંઘ તોડવાની છે તો પછી તમે તેના શરીરના બીજા ભાગ ઉપર પ્રહાર કેમ કરો છો? ભીમ કૃષ્ણની આજ્ઞા માનતો હતો એટલે તેણે દુર્યોધનની જાંઘ ઉપર ગદાનો પ્રહાર કર્યો. શરીરનો તે ભાગ તો પહેલેથી જ કોમલ હતો એટલે ગદાનો પ્રહાર થતાં જ જાંઘ તૂટી ગઈ અને દુર્યોધન નીચે ઢળી પડ્યો.

કહેવાનો આશય એ છે કે, ભગવાનની પ્રાર્થના ગાંધારીની દૃષ્ટિ જેવી છે. પ્રાર્થનાની દૃષ્ટિમાં નીકળેલાને જગતનો કોઈ પણ આઘાત લાગી શકતો નથી. પરંતુ શરત એ છે કે,

પરમાત્માની સાથે તેણે કોઈ પ્રકારનો પડદો રાખવો ન જોઈએ. તેમની સમક્ષ નગ્ન સત્ય રજુ કરી દેવું જોઈએ અને પોતાનાં અવગુણો પણ પ્રગટ કરી દેવાં જોઈએ; અર્થાત્ તેમની સમક્ષ સાચા હૃદયથી આલોચના કે આત્મનિંદા કરવી જોઈએ. પરમાત્માની પ્રાર્થના આ પ્રમાણે કરવાથી સંસારનો કોઈ પણ આઘાત પ્રાર્થીને લાગી શકતો નથી.

પરમાત્માની પ્રાર્થના કરતી વખતે કોઈ પ્રકારનો પડદો રાખ્યો છે કે નહિ તેનો સાક્ષી કોણ છે? એની સાક્ષીમાં બીજું કોણ હોય? એની સાક્ષી તો આત્મા જ આપી શકે. પરમાત્માની પ્રાર્થનાદ્વારા આત્મામાં એવી શકિતનો સંચાર થવો જોઈએ કે પછી સંસારનાં આઘાતો સહેવામાં કોઈપ્રકારનું કષ્ટ ન થાય. પોતાનામાં એવી શક્તિ આવી છે કે નહિ એ વાતનો નિર્ણય તે જ કરી શકે છે કે જેણે પોતાનું નગ્ન સ્વરૂપ પરમાત્માની સમક્ષ પ્રગટ કરી દીધું હોય. જેમકે તમે પરમાત્માની પ્રાર્થના કરી અહીંથી બહાર નીકળ્યા. બહાર તમને કોઈએ ગાળો ભાંડી. જો ગાળો સાંભળી તમને ગાળો ભાંડનાર ઉપર ક્રોધ થાય તો એમ સમજવું કે, તમે હજી પરમાત્મા સમક્ષ તમારું નગ્નસ્વરૂપ પ્રગટ કર્યું નથી. તમે તેમની આગળ કોઈ વાતનો પડદો રાખો છો. આ પ્રકારનો પડદો પરમાત્માની આગળ રાખવો ન જોઈએ એ બતાવવા માટે ભક્તજનો કહે છે કે:—

> **પુરુષ વચન અતિ કઠિન શ્રવણ સુનિ, તેહિ પાવક ન દહોંગો;**
> **વિગત માન સમ શીતલ મન પર, ગુણ અવગુણ ન ગહોંગો.**

ભક્તો કહે છે કે, 'હે! પ્રભો! અમારામાં એવી શક્તિ આવે કે અમે કઠોરમાં કઠોર વચનબાણો પણ સહી શકીએ. બસ! અમે આપની પાસે એ જ ચાહિએ છીએ.'

વચનનો આઘાત કાંઈ ઓછો હોતો નથી. બાણોથી વધારે વચનનો આઘાત હોય છે. શાસ્ત્ર પણ કહે છે કે, શસ્ત્રનો આઘાત સહેવો તો સરલ છે પરંતુ વચનનો આઘાત સહેવો બહુ જ મુશ્કેલ છે. શસ્ત્રનો ઘા તો મટી પણ શકે છે પણ વચનનો ઘા મટવો બહુ જ મુશ્કેલ હોય છે.

ભક્તો કહે છે કે, "હે! પ્રભો! અમોએ જો આપની સમક્ષ નગ્ન સ્વરૂપ પ્રગટ કર્યું હોય અને આપની સાચા હૃદયથી પ્રાર્થના કરી હોય તો કઠોર વચનબાણો પણ અમારી સામે, જે પ્રમાણે સમુદ્રમાં પડેલી આગ શાન્ત થઈ જાય છે તે પ્રમાણે શાન્ત થઈ જાય. જો અમારો આત્મા સમુદ્ર સમાન ગંભીર બની જાય અને અમારું મન શાન્ત થઈ જાય તો વચનાગ્નિ પણ પોતાની મેળે જ શાન્ત થઈ જશે. અમારું કાંઈ નુકશાન કરી શકશે નહિ."

પરમાત્માની પ્રાર્થના કરવામાં જો કોઈ પ્રકારની કચાશ ન રહે તો એ દશામાં વચનાગ્નિ અવશ્ય શાન્ત થઈ જાય; પણ જો કચાશ રહે તો દુર્યોધનની જે હાલત થઈ તે જ હાલત થાય. એટલા માટે પરમાત્માની પ્રાર્થના કરવામાં કોઈ પ્રકારની કચાશ રાખવી ન જોઈએ.

પરમાત્માની પ્રાર્થના કરી લોકો એમ ચાહે છે કે, અમને કોઈ ગાળો જ ભાંડે નહિ પણ અમે એમ કહીએ છીએ કે, પરમાત્માની પ્રાર્થના કરવાથી એવી શક્તિ આવે કે જેથી બીજાઓએ આપેલી ગાળો શાન્ત થઈ જાય અર્થાત્ અસર જ ન કરે. આ પ્રમાણે પર-

માત્માની પ્રાર્થના કરવામાં આ પ્રકારની સમજનું જ અંતર રહેલું છે. આ સમજને ફેરવવાની જરૂર છે.

ભગવાન મહાવીરને ગોવાળે રાંઢવાથી ( દોરડાંથી ) માર-મારી કહ્યું હતું કે, તેં જ મારા બળદોને ચોર્યા છે. મારા બળદો ક્યાં છે તે બતાવ. આમ કહેવા છતાં જ્યારે ભગવાન બોલતા ન હતા ત્યારે ગોવાળનો ક્રોધ વધતો જતો હતો. કથાનકમાં કહ્યું છે કે, તે વખતે ઇન્દ્રનું આસન ડોલાયમાન થયું. ઇન્દ્ર ત્યાં આવ્યા અને ક્રોધે ભરાઈ તે ગોવાળને કહેવા લાગ્યા કે, "હે! દુષ્ટાત્મા! જે સિદ્ધાર્થ રાજાના પુત્ર છે અને જેમણે રાજ્યનો તૃણવત્ ત્યાગ કર્યો છે તેઓએ શું તારા બળદો ચોર્યા હશે? તું જોતો નથી કે આ કોણ મહાત્મા છે કે તેમને તું ફટકા મારી રહ્યો છે! મને તારા ઉપર એવો ક્રોધ આવે છે કે તારા શરીરને આ વજ્રથી વીંધી નાંખું?"

તે વખતે ભગવાન ગોવાળ અને ઇન્દ્રની વચ્ચે પડ્યા અને ઇન્દ્રને કહેવા લાગ્યા કે, "ઇન્દ્ર! તું આ શું કરે છે? તું આને મારી ભક્તિ કરવાને કારણે જ દંડ આપે છે ને? પણ મારી ભક્તિ મારા ગુણોને અપનાવવાથી થઈ શકે કે દુર્ગુણોને અપનાવવાથી? આને દંડ આપવાને શું હું સમર્થ ન હતો? પરંતુ જો હું એને દંડ આપત તો શું તું મારો ભક્ત રહી શકત? તું ક્ષમાને કારણે જ મારો ભક્ત થયો છે ને? તો પછી મારી ભક્તિ કરવા માટે તું ક્ષમાથી વિપરીત કામ શા માટે કરી રહ્યો છે! આ ગોવાળ તો અજ્ઞાન છે પણ તું તો એનાથી પણ વધારે અજ્ઞાનતાનું કામ કરે છે. આ ગોવાળ મારા વિશ્વાસે બળદોને છોડી ગયો હતો પણ એ શું જાણે કે હું બળદોની ખબર રાખીશ કે નહિ? તે ગોવાળે પાછા આવી બળદો ક્યાં ગયા એમ મને પૂછ્યું અને જ્યારે મેં તેના પ્રશ્નનો જવાબ ન આપ્યો ત્યારે તેને એવી શંકા પડી કે તેના બળદોને મેં જ ચોર્યા છે. આ પ્રમાણે એ તો અજ્ઞાન છે! પણ તું તો અજ્ઞાન નથી. તું તો જ્ઞાની છો છતાં મારી ભક્તિને નામે તું મારા ગુણોથી વિપરીત કામ કેમ કરી રહ્યો છે? તારે મારી ભક્તિ કરવા માટે મારાં લક્ષણ જોવાં જોઈએ કે તેનાં લક્ષણ જોવાં જોઈએ? એને દંડ આપવા માટે હું સશક્ત નથી એમ તો નથી. મેં બાલપણમાં જ મેરુને ડોલાવ્યો હતો તો હવે મારામાં શું એ શક્તિ નથી? શક્તિ છે છતાં મેં તેને દંડ એટલા માટે આપ્યો નહિ કે મારી તેના ઉપર અનન્ત કૃપા છે. એટલા માટે તું એને કોઈ પ્રકારનો દંડ આપવાનો વિચાર છોડી દે."

ભગવાન મહાવીર સાચા ક્ષત્રિય હતા. તેમનામાં બ્રાહ્મણત્વનો ગુણ પણ હતો અને ક્ષાત્રત્વનો ગુણ પણ હતો. તેઓ જાણતા હતા કે કેવળ મસ્તિષ્ક શક્તિથી જ કામ ચાલી શકતું નથી પણ તેની સાથે ક્ષત્રિયોચિત વીરતાની પણ આવશ્યકતા રહે છે.

ભગવાનની અમૃત વાણી સાંભળી ઇન્દ્ર તો શાન્ત થયો જ પણ તે ગોવાળ પણ બોધ પામ્યો. તે ગોવાળ વિચારવા લાગ્યો કે, "મેં તેમને માર માર્યો છે છતાં તેઓ મારો પક્ષ ખેંચી રહ્યા છે અને મને બચાવી રહ્યા છે. ધન્ય છે એ મહા પ્રભુને! આ પ્રમાણે વિચાર કરી તે ગોવાળ ભગવાનના પગે પડ્યો. કહેવત છે કે, 'સાંભરના તળાવમાં ભલે હાડકું પડે કે પત્થર પડે, પણ તે બધું મીઠું જ બની જાય છે.' આ જ પ્રમાણે ભલે કોઈ પ્રેમ કરીને ભગવાનને ભેટે કે ક્રોધ કરીને ભગવાનને ભેટે પણ ભગવાન તો એમને બધાને સમાન જ માને છે અને જે તેમને ભેટે છે તેમને બધાને પોતાના જેવા જ બનાવી દે છે."

કહેવાનો આશય એ છે કે, જ્યારે વચનબાણોને સહેવાની શક્તિ આવી જાય ત્યારે પરમાત્માની પ્રાર્થના સાચી કરી છે એમ માનવું. જેણે બરાબર વ્યાયામ કરી હશે તે બીજાઓની મુક્કીઓથી ડરી જશે નહિ પણ તે મુક્કી મારનારને એમજ કહેશે કે, તું મને ગમે તેટલી મુક્કીઓ માર, મને તારી મુક્કીઓ કાંઈ જણાતી જ નથી. આ જ પ્રમાણે સંસારની ગમે તેટલી આપત્તિઓ માથે તૂટી પડે તોપણ તે આપત્તિઓથી ન ગભરાઓ, ત્યારે જ એમ માનવું કે હવે મારામાં પ્રાર્થનાનું સાચું બળ આવ્યું છે.

ગાળો ભાંડનારો તો 'તું લુચ્ચો છે, દુષ્ટ છે' વગેરે અપશબ્દો કહેશે પણ જેમણે પરમાત્માની સાચા હૃદયથી પ્રાર્થના કરી હશે તે તો આ પ્રકારની ગાળો સાંભળી એમ જ વિચારશે કે, "એ મને ખોટું શું કહે છે! હું પોતે પણ પરમાત્માને એમ જ કહું છું કે, 'હું અનાદિ કાળથી અપરાધી છું-દુષ્ટ છું.' જો હું પરમાત્માને આ પ્રકારની વાત હૃદયથી કહું છું તો પછી જે મને દુષ્ટ કહે છે, તેના ઉપર હું ક્રોધ કેમ કરી શકું? બલ્કિ એ તો મને મારાં પાપો પ્રકટ કરવામાં સહાયતા કરે છે."

કોઈ ગાળો ભાંડે તો ઉપર પ્રમાણે વિચાર કરવો જોઈએ, પણ આવો ઉન્નત વિચાર તો ત્યારે જ આવી શકે કે જ્યારે પરમાત્માની પ્રાર્થના સાચા હૃદયથી કરવામાં આવી હોય; નહિ તો સ્ત્રીઓ જેમ ઉપરથી ગીત ગાય છે તેમ પ્રાર્થના પણ ઉપરની બની જશે. સ્ત્રીઓ ગાય છે કે:—

વાને કેસર ઉડ રહી, કસ્તૂરીકો અન્ત ન પાર.

જો કે કસ્તૂરી કે કેસરની જગ્યાએ ધૂળ ઉડી રહી હોય તો પણ સ્ત્રીઓ તો એમ જ કહેશે કે, ધૂળનું કાંઈ ગીત ગાઈ શકાય? એટલા માટે ધૂળને બદલે કસ્તૂરીનું ગીત ખોટું બતાવવા માટે તેઓ ગાય છે. આ પ્રકારના ખોટા ગીતની માફક પરમાત્માની ખોટી પ્રાર્થના કરી હોય તો તે વાત જુદી છે. પણ જો પરમાત્માની પ્રાર્થના સાચા હૃદયથી કરવામાં આવી હોય તો તો કોઈએ ગાળો ભાંડી હોય તોપણ ગાળો ભાંડનાર ઉપર ક્રોધ આવશે નહિ. જે સાચા ભક્તો છે તેઓ તો પોતાના માટે એમ કહે છે કે:—

મો સમ કૌન કુટિલ ખલ કામી,
તુમસે મૈં કાહ છિપાઉં, દયાનિધિ! તુમ હો અન્તર્યામી. મો સમ૦
ભર ભર ઉદર વિષયરસ, પીવત જૈસે શૂકરગ્રામી,
જો તન દીન તાહિ, બિસરાયો ઐસો નમકહરામી. મો સમ૦

ભક્તો કહે છે કે, 'હે! પ્રભો! અમારા જેવા કુટિલ, દુષ્ટ અને કામી કોણ હશે? બીજા લોકો તો અજ્ઞાન હોવાને કારણે પાપ કરતાં જ હશે પણ અમે જાણતાં છતાં પાપ કરીએ છીએ અને સાથે સાથે તારા ભક્તો પણ કહેવાઈએ છીએ."

આ પ્રમાણે સાચા ભક્તો જ્યારે પોતાને ખરાબ કહે છે તો પછી ગાળો ભાંડનાર ઉપર ક્રોધ કેમ કરી શકે! જો તમે પણ પરમાત્માની સાચી પ્રાર્થના કરતા હશો તો અહીં હો કે બહાર હો, બધેય ઠેકાણે તમે તેને યાદ જ કરતા રહેશો. કોઈ પણ સમયે તેને તમે ભૂલી જશો નહિ. પરમાત્મા 'સત્યં શિવં સુંદરમ્' છે, એટલા માટે જે તેમના ભક્તો છે તેઓ ગાળોને તો શું, ધગધગતાં અંગારાંને પણ 'સત્યં શિવં સુન્દરમ્' બનાવી લેશે.

આ કથનની પુષ્ટિ માટે હું શાસ્ત્રનું પણ પ્રમાણ આપું છું. હું મારા કથનને પ્રમાણભૂત કહેતા નથી પરંતુ શાસ્ત્રના વચનને પ્રમાણભૂત કહું છું. મારા જે કથનની પુષ્ટિ શાસ્ત્રના પ્રમાણથી થઈ શકે તેને તો ઠીક માનો અને જેની પુષ્ટિ થઈ ન શકે તેને ઠીક ન માનો. જો આ વાતનો વિચાર નહિ રાખો તો ધ્વજાની માફક તમે અસ્થિર જ રહેશો.

## અનાથી મુનિનો અધિકાર—૬૭

અનાથી મુનિના કથનનો ઉપસંહાર કરતાં ગણધર મહારાજ કહે છે કેઃ—

**एवुग्गदंते वि महातवोघणे, महामुणी महापइन्ने महायसे ।**
**महानियण्ठिज्जमिणं महासुयं, से कहेई महया वित्थरेणं ॥ ५३ ॥**

નિર્ગ્રન્થોનું કલ્યાણ કરનાર આ મહાસૂત્ર શાસ્ત્રમાં તો મહાપુરુષોએ પોતાના કલ્યાણ માટે થોડામાં જ ગૂંથ્યું છે, પણ ગણધર મહારાજ કહે છે કે, આ નિર્ગ્રન્થોનું કલ્યાણ કરનારી મહાકથાને મહામુનિ અનાથીએ લાંબા વિસ્તારથી મહારાજા શ્રેણિકને સંભળાવી હતી.

તમે કહેશો કે, જ્યારે આ કથા, નિર્ગ્રન્થોનું કલ્યાણ કરનારી છે તો પછી આ કથા સાધુઓ અંદર જ કેમ કરી લેતા નથી? ગૃહસ્થોની સામે આ કથા શા માટે કહેવામાં આવે છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, અનાથી મુનિએ આ કથા નિર્ગ્રન્થોની સામે કહી નથી પરંતુ રાજા શ્રેણિકની સામે કહી છે એટલે શાસ્ત્ર પ્રમાણ મળે છે કે આ કથા ગૃહસ્થોની આગળ કહેવામાં કાંઈપણ વાંધો નથી. બીજું જે વાત નિર્ગ્રન્થોને માટે હિતકારી છે તે વાત તમોને પણ હિતકારી જ હશે. નિર્ગ્રન્થોનો અને તમારો આત્મા સમાન જ છે. નિર્ગ્રન્થો જે મુક્તિ ચાહે છે તે જ મુક્તિ તમે પણ ચાહો છો. બધાને માટે એક જ મુક્તિ છે. આ સિવાય જે દવા રાજાના રોગને મટાડે છે તે દવા ગરીબોના રોગને કેમ મટાડે નહિ? જે સૂર્ય રાજાના મહેલ ઉપર પ્રકાશ પાથરે છે તે જ સૂર્ય ગરીબોના ઝૂંપડા ઉપર પણ પ્રકાશ પાથરે છે. સૂર્ય તો રાજાના મહેલ અને ભંગીના ઝૂંપડા ઉપર સમાનરૂપે પ્રકાશ આપે છે, પછી તો એ પ્રકાશનો જે લાભ લેવા ચાહે તે લઈ શકે છે. એ જ પ્રમાણે આ મહાસૂત્ર પણ બધાને માટે સમાન હિતકારી છે. જો કોઈ પાપી આ મહાસૂત્રનો લાભ લેવા ચાહે તો તેને પણ લાભ મળી શકે છે અને કોઈ નિર્ગ્રન્થ તેનો લાભ લેવા ચાહે તો તે પણ લાભ મેળવી શકે છે.

આ મહાકથા કોણે કહી હતી અને કોણે સાંભળી હતી એ બતાવવા માટે સૂત્રકાર કહે છે કે, આ મહાકથા કહેનાર મહાઉગ્ર, દાન્ત, તપોધની, મહાપ્રજ્ઞાવાન અને મહાન્ યશસ્વી મુનિ છે.

ઉગ્રનો અર્થ વીર થાય છે. તે મુનિ પણ વીર હતા, કોઈને મારવામાં વીર ન હતા પણ ઇન્દ્રિયોનું દમન કરવામાં વીર હતા. અર્થાત્ કર્મશત્રુઓને જીતવામાં વીર હતા.

જ્યારે કોઈ વીરપુરુષ હાથમાં હથિયાર લઈ શત્રુઓને દમન કરવા બહાર નીકળે છે ત્યારે કોઈ તેને એમ કહે કે, તારી સ્ત્રી રુવે છે, તારો છોકરો બિમાર છે અથવા આવી જ બીજી વાતો કહે તો શું તે વીરપુરુષ તેની આવી વાતો સાંભળી પાછો ફરશે? તે વખતે તેને આવી વાતો ગમશે નહિ. તેના મનમાં તો શત્રુઓનું દમન કરવું એની જ ધૂન હશે. તે

કાયરતાપૂર્ણ વાતો સાંભળવાને માટે પણ તૈયાર નહિ હોય. જે સાચો વીર હશે તે આડી-અવળી વાતોપર ધ્યાન પણ નહિ આપે. તેના મનમાં એક જ ધૂન હોય કે, **देहं पातयामि वा कार्यं साधयामि** અર્થાત્ કાં તો મરી જાઉં અથવા કામ પૂરું કરી આવું. સાધુઓ પણ આવા જ ધર્મવીર હોય છે. સાધુઓ સાધુતાનો સ્વીકાર કરી એમ વિચાર કરતા નથી કે 'કદાચિત્ સાધુતાનું પાલન થઈ ન શકે અને સંસારમાં જવું પડે તો તે વખતે સંસારમાં કેવી રીતે ભરણપોષણ થશે? એટલા માટે જંત્ર મંત્ર શીખી લેવાં અને જ્યોતિષ જાણી લેવું જેથી સંસારમાં ભરણપોષણ તો થઈ શકે.' સાચા સાધુઓને આવો વિચાર પેદા થતો જ નથી. તેઓ તો **जीवआसमरणभयविमुक्का** અર્થાત્-જીવનની આશા અને મરણનો ભય પણ રાખતા નથી. તેઓ તો સાધુતામાં જ મસ્ત રહે છે અને કર્મશત્રુઓને જીતવામાં જ પ્રયત્નશીલ રહે છે.

અનાથી મુનિ પણ ઉગ્ર હતા. જેમને માતાપિતા, ભાઈબહેન, પત્ની વગેરે પરિવાર-જનો હોય, જેમની પાસે વિપુલ ધનસંપત્તિ હોય અને જે મરણ પથારીએથી ઉઠયો હોય તેની ઇચ્છા કઈ હોય? એવી દશામાં ભોગોપભોગ કરવાની ઇચ્છા કોની ન હોય? કદાચિત્ સાધુ બનવાનો કોઈ પ્રસંગ પણ તેની સામે આવે તો પણ એકવાર એવો વિચાર તો આવી શકે કે, હજી એક બે વર્ષ તો મોજમઝા માણી લઉં, પછી સાધુ થવા વિષે જોવાઈ જશે. પણ અનાથી મુનિ એવા ઉગ્ર હતા કે તેમણે શરીરનો રોગ શાન્ત થતાં જ પોતાના પરિવાર-જનોને એમ કહ્યું કે, હવે મને દીક્ષા અંગીકાર કરવાની આજ્ઞા આપો, અને કુટુંબીજનોની આજ્ઞા લઈ તેમણે દીક્ષા પણ લઈ લીધી. અનાથી મુનિ એવા ઉગ્ર હતા. ધનસંપત્તિ અને પરિવારનો આ પ્રમાણે ત્યાગ કરી દેવો અને પછી તે તરફ જોવું પણ નહિ એ શું ઓછી વીરતા છે?

ઉગ્ર સાધુનું લક્ષણ શું છે? એ બતાવવા માટે કહ્યું છે કે, અનાથી મુનિ ઇન્દ્રિયોને જીતનાર હતા. ઇન્દ્રિયો અને નોઇન્દ્રિય-મનને પોતાના વશમાં રાખનાર હતા. ઉગ્રપુરુષ જ ઇન્દ્રિયોને વશ થતો નથી. ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખનાર જ દાન્ત છે. અનાથી મુનિ દાન્ત હતા.

ક્ષત્રિયોને હાથની ઉપમા આપવામાં આવી છે. આખા શરીરનો સ્પર્શ કરી શકે અને આખા શરીરને તપાસી શકે એ સુવિધા માત્ર હાથને જ પ્રાપ્ત થએલ છે અને હાથ જ એ યોગ્યતા ધરાવે છે. શરીરનું પાલન કરનાર પણ હાથ જ છે. કમાણીની દૃષ્ટિએ તથા ખાવા-પીવાનું કાર્ય કરવાની દૃષ્ટિએ હાથ જ શરીરનું પાલન કરે છે. લખવું, વાંચવું કે બીજું કોઈ કામ કરવું એ હાથ દ્વારા જ બની શકે છે. જો હાથ ન હોય તો કાંઈ કામ થઈ શકતું નથી. હાથ શરીરના કોઈપણ ભાગની ઘૃણા કરતો નથી. તે મુખને પણ સાફ કરે છે અને પગને પણ સાફ કરે. ક્ષત્રિયોને માટે પણ હાથની ઉપમા આપવામાં આવી છે. ક્ષત્રિયો પણ બધાનું પાલન કરે છે અને કોઈની ઘૃણા કરતા નથી. તેઓ બ્રાહ્મણોનું પણ પાલન કરે છે અને ભંગીઓનું પણ પાલન કરે છે. તેઓ બધાની તપાસ રાખે છે. જે પ્રમાણે હાથ આખા શરીરને પોતાના વશમાં રાખે છે તે જ પ્રમાણે ક્ષત્રિયો પણ બધાને પોતાના વશમાં રાખે છે, વીરતા ક્ષત્રિયોમાં હોય છે.

જે પ્રમાણે ક્ષત્રિયો બધાનું પાલન કરવાની સાથે બધાને પોતાના વશમાં રાખે છે તે જ પ્રમાણે સાધુઓ પણ બધી ઇન્દ્રિયોનું પાલન કરવાની સાથે તે ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખે છે.

અનાથી મુનિ ઇન્દ્રિયોનું દમન કરનારા મહાતપસ્વી હતા. ઇન્દ્રિયો અને કષાયોને જીતવાને કારણે જ તેઓ તપસ્વી હતા. સાચું તપ કરોડ ભવનાં કર્મોને પણ ભસ્મીભૂત કરી નાંખે છે. કેવલ ઉપવાસ કરવાં એ જ તપ નથી. ઉપવાસ એ તો તપનું એક અંગ છે. ભગવાને બાહ્ય અને અભ્યન્તર એમ તપના બાર પ્રકાર બતાવેલ છે. તપોમહિમા સમજવાથી ઘણો લાભ થઈ શકે છે, ગણધર મહારાજ કહે છે કે આવા મહાતપસ્વી અને ઇન્દ્રિયોનું દમન કરનાર દાન્ત મહામુનિએ આ મહાકથા સંભળાવેલ છે. હવે આ મહાકથાનો સાંભળનાર કોણ છે તે બાબતનો વિચાર હવે પછી કરવામાં આવશે.

## સુદર્શન ચરિત્ર—૬૭

મહામુનિનો પ્રતાપ કેવો હોય છે એ વાત સુદર્શન મુનિના ચરિત્ર ઉપરથી જુઓ. હરિણી વેશ્યા પંડિતાની વાતોથી ભરમાઈ ગઈ અને મુનિને વિચલિત કરવાનો નિશ્ચય કરી, તે મુનિને વિચલિત કરવાનો પ્રયત્ન કરવા લાગી. જ્યારે મુનિ તો સામા તેણીને તારવાનો પ્રયત્ન કરવા લાગ્યા. હરિણીનો પ્રયત્ન તો નિષ્ફળ નીવડ્યો પણ મુનિનો પ્રયત્ન સફળ નીવડ્યો. હરિણી ઉપર મુનિની અદશ્ય શક્તિનો પ્રભાવ પડ્યો.

પંડિતા હરિણી પાસે આવી કહેવા લાગી કે, તમને તમારા પ્રયત્નમાં સફળતા મળી કે કેમ ? હરિણીએ જવાબ આપ્યો કે, હા, મને મારા પ્રયત્નમાં સફળતા મળી. પંડિતાએ ફરી પૂછ્યું કે, શું તમે મુનિને ભ્રષ્ટ કર્યા ? હરિણીએ ઉત્તર આપ્યો કે, અરે ! એ તું શું બોલી રહી છે ? શું મુનિઓ કોઈ દિવસ ભ્રષ્ટ થઈ શકે ? શું સૂર્ય કોઈ દિવસ અંધકાર આપી શકે ? આ જ પ્રમાણે કોઈ દિવસ મુનિ ભ્રષ્ટ થઈ શકે ખરા ? મારા જેવી પાપિણીનો ઉદ્ધાર તો એવા મુનિઓ અવશ્ય કરે છે પણ ભ્રષ્ટ થઈ શકતા નથી. પંડિતાએ પૂછ્યું કે, શું તમારો ઉદ્ધાર થયો ? હરિણી આંખમાંથી આંસુઓ પાડતી કહેવા લાગી કે, હા, મારો ઉદ્ધાર થયો. મને હવે મારા પાપોનો પશ્ચાત્તાપ થાય છે. મારા જેવી પાપિણી બીજી કોણ હશે અને મુનિ જેવા બીજા ઉપકારી કોણ હશે ? મુનિ ઉપર ફેંકેલાં મારાં કામબાણો તો નકામાં ગયાં પણ મુનિનો પ્રભાવ મારા ઉપર અવશ્ય પડ્યો. હું તેમનો મહિમા શું વર્ણવું ? હું ગાયિકા છું અને ગાયનો ગાઈ પણ શકું છું. છતાં એ મુનિનો મહિમા વર્ણવવામાં સમર્થ થઈ ન શકી. હું અત્યાર સુધી શેતાનના રાજ્યમાં હતી પરંતુ મુનિની કૃપાથી હવે પરમાત્માના રાજ્યમાં આવી શકી છું. હવે હું દંભ અને મોહના રાજ્યમાંથી બહાર નીકળી આવી છું.

પંડિતા કહેવા લાગી કે, તમે શું કહી રહ્યા છો ? તમે તમારું જીવન વેશ્યાવૃત્તિમાં વ્યતીત કર્યું છે તો હવે શું શ્રૃંગાર સજી લોકોનું ચિત્તરંજન નહિ કરો ? આ વાતને તમે બરાબર વિચારી જુઓ.

હરિણીએ ઉત્તર આપ્યો કે, હવે હું જુદા જ પ્રકારનો શ્રૃંગાર સજીશ અને કોઈ બીજાનું ચિત્તરંજન નહિ કરતાં મુનિનું જ ચિત્તરંજન કરીશ. મેં એ મુનિને મારા હૃદયમાં ધારણ કરી લીધા છે. એ મુનિ મને ભલે તુચ્છ માને પરંતુ હું તો તેમને મારા પ્રભુ માનું છું. હવે

હું તેમને માટે જ એવો શ્રૃંગાર સજીશ કે એ શ્રૃંગારમાં શૈતાન–સોના–ચાંદીને સ્થાન નહિ હોય. હવે હું સાચા પ્રેમનું આભૂષણ, લજ્જાનાં કપડાં, શીલનું અંજન અને બધા જીવો આત્મા સમાન લાગે એવી મેંદી ધારણ કરીશ. જે માર્ગે એ જગતારક મુનિ ગયા છે એ માર્ગની ધૂળને મારા શરીરને માટે ચંદન સમાન ગણી ચોપડીશ. એ મહાત્માના સ્મરણમાં જે આંસુઓ મારી આંખમાંથી ટપકશે તે જ આંસુઓ મારો મુક્તાહાર બનશે. હવે હું મુનિનું ચિત્તરંજન કરવા માટે શ્રૃંગાર સજીશ, બીજા કોઈને માટે નહિ.

પંડિતાએ કહ્યું કે, " એવું જીવન તો સાધ્વીઓનું હોય છે. વેશ્યાનું જીવન એવું હોઈ શકે નહિ.'' હરિણીએ ઉત્તર આપ્યો કે, "લોકો મને હવે વેશ્યા કહે કે ન કહે પણ હવે હું વેશ્યા નથી." હવે હરિણી પંડિતાને પણ પોતાના રંગથી કેવી રીતે રંગી લે છે એનો વિચાર હવે પછી યથાસમયે કરવામાં આવશે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ આસો વદી ૯ શનિવાર

### પ્રાર્થના

**'વિજયસેન' નૃપ 'વિપ્રા' રાણી, નમિનાથ જિન જાયો,**
**ચૌસઠ ઇન્દ્ર કિયો મિલ ઉત્સવ, સુર-નર આનંદ પાયો;**
**સુજ્ઞાની જીવા ભજ લો રે જિન ઈકવીસવાં. ॥૧॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી નમિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થના કરવા માટે જ્ઞાનીજનો સંબોધન કરી વારંવાર કહે છે. આ સંબોધન કોના માટે છે? કોઈ વ્યક્તિવિશેષને માટે આ સંબોધન નથી પણ અભેદ સંબોધન છે. એટલા માટે જે પોતાને માટે માને એને જ માટે એ સંબોધન છે. જ્ઞાનીજનો વારંવાર સંબોધન કરી કહે છે કે, 'હે! સુજ્ઞાનીઓ! પરમાત્માનું ભજન કરો.

પરમાત્માની પ્રાર્થના કરવા માટે આ પ્રમાણે વારંવાર શા માટે કહેવામાં આવે છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, આજે સંસારમાં અનેક પ્રકારની ઉપાધિઓ વધી રહી છે. એ ઉપાધિઓને જોઈ જ્ઞાનીઓએ એક એવો માર્ગ શોધી કાઢયો છે કે જે દ્વારા આત્મા સંસારની ઉપાધિમાંથી નીકળી કલ્યાણ સાધી શકે છે. આજે સંસારમાં પઠન–પાઠન આદિની ઊલટી ક્રિયા વધી રહી છે અને એ ક્રિયાને કારણે બુદ્ધિવાદ એવો ફેલાવા પામ્યો છે કે, બુદ્ધિના પ્રપંચમાં પડી જઈ આત્મા અનેક સારાં તત્ત્વોને પણ ભૂલી રહ્યો છે. વળી તે બીજાને ભૂલ્યો છે એટલું જ નહિ પણ પોતાને પણ ભૂલી રહ્યો છે! આજના લોકો જડવિજ્ઞાનમાં પડી જઈ ત્યાંસુધી કહેવા લાગ્યા છે કે, આત્મા જ નથી. આ પ્રમાણે આજના જડવિજ્ઞાને અનેક ઉપાધિઓને જન્મ આપ્યો છે. આ કારણે જ્ઞાનીજનો એમ કહે છે કે, સંસારમાં તો એવાં તોફાનો ચાલ્યાં જ કરે છે. તમે તો નિશ્ચલ થઈ પરમાત્માનું ભજન કરો. આ ઉપાધિના

સમયે બીજું કાંઈ કરી શકતા ન હો તો પરમાત્માનું ભજન તો બરાબર કરી શકો છો. જ્યારે પ્રચંડ વાવાઝોડું ચડી આવ્યું હોય ત્યારે આંખોમાં ધૂળ ઘુસી જશે એ કારણે શાસ્ત્ર-વાચન આદિ કાર્ય કરી ન શકો, પણ આત્મા તો કલ્યાણ કરવા માટે ત્યારે પણ સ્વતંત્ર છે. જો તે વખતે પણ તમે આત્માનો વિચાર કરો તો તે વાવાઝોડું પણ તમારા માટે અનુકૂલ જ બની જશે. આ જ પ્રમાણે આ ઉપાધિપૂર્ણ જમાનામાં બીજું કાંઈ કરી ન શકો તોપણ પરમાત્માને અવશ્ય ભજો તો બધાં તર્કવિતર્કો સ્વતઃ શાન્ત થઈ જશે અને સંસારની ઉપાધિ તમોને કાંઈ હાનિ કરી શકશે નહિ. પરમાત્માની પ્રાર્થનાદ્વારા જો આત્મા ઉપરનું આવરણ દૂર કરી દેવામાં આવે તો આત્મા પણ પરમાત્માની માફક પ્રકાશમાન થઈ જશે. જો કે આ કામ બીજી રીતે પણ કરી શકાય છે પરંતુ પરમાત્માની પ્રાર્થનાદ્વારા આ કામને કરવું બહુ જ સરલ છે એટલા માટે પરમાત્માનું ભજન કરો.

જે પ્રમાણે આ પ્રાર્થનામાં પરમાત્માની પ્રાર્થના કરવા માટે કહેવામાં આવ્યું છે, તે જ પ્રમાણે પાતંજલિ યોગદર્શનમાં પણ કહેવામાં આવ્યું છે. જો કે, પરમાત્માની પ્રાપ્તિ માટે અષ્ટાંગ યોગની વિધિ બતાવવામાં આવી છે પણ જે વખતે દુનિયામાં તોફાનનું વાવાઝોડું ચડયું હોય તે વખતે પ્રાણાયામ આદિ યોગ સાધવા માટે ક્યાં બેસશો ? એટલા માટે એક એવો સરલ ઉપાય બતાવવામાં આવ્યો છે, જે યોગસાધના જેટલું જ ફળ આપશે. જે પ્રમાણે સમુદ્રમાં તોફાન ચડયું હોય કે નદીમાં પૂર આવ્યું હોય ત્યારે નૌકાનો આધાર લેવામાં આવે છે તે જ પ્રમાણે સંસારમાં તોફાન ચડે ત્યારે જ્ઞાનીજનોએ આત્માને બચાવવા માટે એક સરળ ઉપાય વિચાર્યો છે. એ ઉપાય બતાવતાં પાતંજલિ યોગદર્શનમાં કહ્યું છે કેઃ—

**ईश्वरपरिधानाद्वा।** અર્થાત્—યોગસાધના કરી ન શકો તો ઇશ્વરપરિધાનદ્વારા પણ યોગની સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. સિદ્ધિ તો એક હોય છે પણ તેનાં સાધનો અનેક હોય છે. બીજાં સાધનોનો ઉપયોગ સંસારમાં તોફાન ચડયું હોય ત્યારે કરી શકો કે ન કરી શકો પણ ઇશ્વરપરિધાન તો પ્રત્યેક સમયે કરી શકો છો.

પરિધાનનો સાધારણ અર્થ ધારણ કરવું અને વિશેષ અર્થ અનન્ય અને નિષ્કામ-ભક્તિથી ધારણ કરવું એ થાય છે. કોઈ પણ પ્રકારની પૌદ્ગલિક વાંછા ન રાખી, તન, મન અને ધનને પરમાત્માને સમર્પણ કરી દેવું એ પરમાત્માની અનન્ય ભક્તિ અથવા ઇશ્વરપરિધાન છે. બધા ઉપાયોને છોડી દઈ જો ઇશ્વર ઉપર દૃઢ વિશ્વાસ રાખવામાં આવે તો જે સિદ્ધિ બીજા ઉપાયોથી પ્રાપ્ત થઈ શકે તે જ સિદ્ધિ ઇશ્વરની ભક્તિથી પણ પ્રાપ્ત થઈ શકે છે. બલ્કે બીજા ઉપાયોથી તો સિદ્ધિમાં વિલંબ પણ થાય છે પણ આ ઉપાયથી તો ક્ષણભરમાં જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે એવો જ્ઞાનીઓનો આત્મવિશ્વાસ છે.

હવે અત્રે પ્રશ્ન એ થાય છે કે, ઇશ્વરને સર્વસ્વ સમર્પણ કેવી રીતે કરવું ? ઇશ્વરને તન, મન, ધન કેવી રીતે સમર્પણ કરવું ? શું આજે જ જે કાંઈ હોય તે બધાનો ત્યાગ કરી દેવો અને સાધુ બની જવું ? આ પ્રશ્નના ઉત્તરમાં ભક્તજનો કહે છે કે, ઇશ્વરની ભક્તિ હોવાની સાથે આ સંસાર રહે તો તો ભલે રહે, પણ જો ધન કે ઇશ્વરની ભક્તિમાંથી કોઈ એકને છોડવાનો સમય આવે તો તે વખતે તન-ધન ભલે ચાલ્યાં જાય પણ ઇશ્વરની ભક્તિ તો રહેવી જ જોઈએ. તન, ધન, પ્રાણ સ્ત્રી આદિ સંસારનાં બધાં પદાર્થો જ્યાંસુધી ઇશ્વરની

ભક્તિમાં બાધક નથી ત્યાંસુધી તો ભલે રહે; પણ જો તે ઈશ્વરની ભક્તિમાં બાધક થતાં હોય તો એને માટે ભક્ત કહે છે કે, 'હું આ બધા સાથેની પ્રીતિનો ત્યાગ તો કરી શકું છું પરંતુ પરમાત્માની પ્રીતિનો ત્યાગ કરી શકું નહિ.' આ પ્રમાણે દઢ વિચાર રાખવો એ જ તન–ધન–પ્રાણને ઈશ્વરને સમર્પણ કરવા બરાબર છે. જે કોઈ ઈશ્વરની ભક્તિ વિષે આટલો દઢ વિશ્વાસ રાખી શકતો નથી, તે ઈશ્વરની ભક્તિ ભલે ઉપરછલ્લી કરી શકે, પણ સાચી ભક્તિ કરી શકતો નથી. જેમને ઈશ્વરની સાચી ભક્તિ કરવી છે તેમણે તો આ પ્રકારનો પુરુષાર્થ કરવો જ પડશે. પુરુષાર્થ વિના કોઈ પણ કામ થઈ શકતું નથી તો પછી પરમાત્માની ભક્તિમાં પરમ પુરુષાર્થની આવશ્યકતા હોય એમાં કહેવું જ શું?

કોઈ એમ કહે કે, જો અમે ઈશ્વરની ભક્તિની સામે સંસારનાં પદાર્થોને તુચ્છ સમજીએ તો અમારો સંસારવ્યવહાર કેમ ચાલી શકે? પણ આ પ્રકારનો સંદેહ વ્યર્થ છે. તમે લોકો બેન્કમાં રૂપિયા જમા કરાવ્યા બાદ શું એ રૂપિયાને માટે ચિંતા કરો છો? ઘરનો વીમો ઉતરાવ્યા બાદ શું એવી ચિંતા રહે છે કે, અમારું ઘર બળી જશે તો અમને હાનિ થશે? જો નહિ તો પછી પરમાત્માને જે સમર્પણ કરી દેવામાં આવ્યું છે એ તન–ધનને માટે કોઈ પ્રકારની ચિંતા કે કોઈ પ્રકારનો સંદેહ કરવાની શી જરૂર? તન–ધન પરમાત્માને સમર્પણ કરી દેવું એ વીમો ઉતરાવવા જેવું છે. જ્યારે તમે સર્વસ્વનો વીમો પરમાત્મા પાસે ઉતરાવ્યો છે તો પછી અમારો સંસારવ્યવહાર કેમ ચાલશે એવી ચિંતા જ કરવાની શી જરૂર?

હવે અત્રે પ્રશ્ન એ થાય છે કે, ઈશ્વર કોણ છે? ભિન્ન ભિન્ન દાર્શનિકો ઈશ્વરનું સ્વરૂપ ભિન્ન ભિન્ન માને છે. પણ જૈનદર્શન કહે છે કે, જેમનામાં અઢાર દોષોમાંનો એક પણ દોષ ન હોય તે જ ઈશ્વર છે. કદાચ કોઈ એમ કહે કે, શું આ કથનનું સમર્થન કોઈ બીજાં શાસ્ત્રો કરે છે, તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે પાતંજલિ યોગદર્શનમાં કહ્યું છે કે:—

**क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः।**

અર્થાત્—જે કલેશ, કર્મ, વિપાક તથા આશય આદિથી રહિત છે તે પુરુષવિશેષ જ ઈશ્વર છે.

જો કે ઈશ્વરનું જે સ્વરૂપ ઉપર બતાવવામાં આવ્યું છે તે પૂરી રીતે તો સિદ્ધોમાં જ ઘટે છે પણ ભગવાન અર્હન્તમાં પણ તે ગુણ હોય છે. એ કયા ગુણો છે અને ભગવાન અર્હન્તમાં એ ગુણો કેવી રીતે ઘટે છે એ વિષે હવે વિચાર કરીએ.

પહેલાં કલેશ છે. જેમનામાં એ કલેશ ન હોય તે ઈશ્વર છે. આત્માને જે દ્વારા સંતાપ થાય છે તે અવિદ્યા–કલેશ છે. આત્માને વધારે કલેશ અવિદ્યાથી થાય છે. દુઃખને સુખ, આત્માને અનાત્મા, અનિત્યને નિત્ય અને અશૌચને શૌચ માનવું એ અવિદ્યા છે. આ અવિદ્યાને જૈનશાસ્ત્ર 'મિથ્યાત્વ'ના નામથી ઓળખે છે. એ મિથ્યાત્વ જ કલેશનું કારણ છે. જેમનામાં તે મિથ્યાત્વ નથી તે ઈશ્વર છે. આપણે અઢાર દોષોનું વર્ણન કરતાં કહીએ છીએ કે ભગવાનમાં મિથ્યાત્વ નથી. મિથ્યાત્વ કહો કે અવિદ્યા કહો એ એક જ વાત છે. આત્માને અવિદ્યાને કારણે જ બધાં દુઃખો વળગેલાં છે. શારીરિક, માનસિક, આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક કલેશ અવિદ્યાને લીધે જ પેદા થવા પામે છે. અવિદ્યાને કારણે કલેશ કેવી રીતે પેદા થાય છે અને વિદ્યાને કારણે એ કલેશ કેવી રીતે મટી જાય છે એ વાત એક ઉદાહરણદ્વારા સમજાવું છું.

માનો કે, કોઈ એક અંધારા ઘરમાં એક દોરી પડેલી છે. એ દોરીને સાપ સમજી એક માણસ ભય પામ્યો. આ માણસને જે ભય પેદા થયો તે કેવી રીતે થયો? અવિદ્યાને કારણે જ ભય પેદા થયો ને? એટલા માટે દોરીના વિષે સાપની કલ્પના થવી એ જ અવિદ્યા છે અને આ અવિદ્યાને કારણે જ ભય પેદા થાય છે. ભ્રમ, વિપરીતજ્ઞાન કે અવિદ્યા કહો એ એક જ વાત છે. તે માણસ દોરીને સર્પ માની ભય પામતો હતો એટલામાં જ એક બીજો માણસ આવ્યો. બીજા માણસે તે ભયભીત થએલા માણસને કહ્યું કે, તું ભય કેમ પામે છે? તે ભયભીત થએલા માણસે કહ્યું કે, આ મકાનમાં સાપ છે. ત્યારે બીજા માણસે કહ્યું કે, એ સાપ નથી; પણ દોરી છે. આ પ્રમાણે બન્ને વચ્ચે વિવાદ થવા લાગ્યો. એટલામાં જ કોઈ બત્તી લઈને આવ્યું અને જોયું તો તે સર્પ નહિ પણ દોરી હતી. આ પ્રમાણે દોરી છે એવો નિર્ણય થવાથી સાપનો ભય ચાલ્યો-ગયો.

આ પ્રમાણે અવિદ્યાને કારણે જ ભય પેદા થવા પામે છે અને અવિદ્યા દૂર થતાં જ ભય પણ મટી જાય છે. આ જ પ્રમાણે આત્માને જે દુઃખ છે તે અવિદ્યાને કારણે જ છે. અવિદ્યા દૂર થતાં આત્મામાં કોઈ પ્રકારનો કલેશ રહેવા પામતો નથી.

તેરમા ગુણસ્થાને ચડેલા ભગવાન અર્હન્તે અવિદ્યાને નષ્ટ કરી દીધેલી હોય છે. અવિદ્યા જ કર્મનું મૂળ છે. જ્યારે મૂળ જ નષ્ટ થઈ ચૂકયું હોય ત્યારે કર્મો ક્યાંથી હોય? જો કે તેઓ હાલેચાલે છે પણ કર્મો પેદા કરવા માટે હાલતા ચાલતા નથી, પરંતુ પૂર્વ કર્મોને નષ્ટ કરવા માટે જ હાલે ચાલે છે.

કર્મો ત્રણ પ્રકારનાં છે. વિહિત, અવિહિત અને વિહિતાવિહિત. અર્થાત્ પુણ્ય, પાપ અને મિશ્ર એમ કર્મો ત્રણ પ્રકારનાં હોય છે. ભગવાન અર્હન્ત એ ત્રણેય કર્મોમાંનું એક પણ કર્મ બાંધતા નથી. તેમને કેવળ ઈર્યાવહીની ક્રિયા લાગે છે પણ તે ક્રિયા એક સમયમાં બંધાય છે, બીજા સમયમાં ભોગવાઈ જાય છે અને ત્રીજા સમયમાં તેની નિર્જરા થઈ જાય છે. આ પ્રમાણે ભગવાન અર્હન્તને સંપ્રરાયની અપેક્ષાએ કર્મો લાગતાં જ નથી.

કલેશ અને કર્મ તો ભગવાન અર્હન્તમાં હોતાં જ નથી પણ વિપાક પણ હોતો નથી. વિપાકનો અર્થ કર્મનું ફલ એ થાય છે. કર્મફલરૂપિ જન્મ-મરણ આદિને વિપાક કહેવામાં આવે છે. પણ જ્યારે સંપ્રરાય કર્મો જ હોતાં નથી તો પછી ફલસ્વરૂપ જન્મ-મરણનો વિપાક હોઈ જ કેમ શકે?

ભગવાનમાં આશય અર્થાત્ સંસ્કાર પણ હોતો નથી. જૈન દર્શન જેને સંસ્કાર કહે છે, અન્ય દર્શનો તેને આશય કહે છે. સંસ્કારથી જ કર્મ કે વિપાક થાય છે. સંસ્કાર ન હોય તો કર્મ કે વિપાક થાય જ નહિ. જેમકે વડથી પૃથક્ થએલ વડના ફળમાં અનેક બીજ હોય છે. કોઈ માણસ એ બીજોમાંથી એક બીજ લઈ એમ કહે કે, આ બીજમાં વડનું આખું ઝાડ સમાએલ છે તો શું કોઈ એ વાતને માની શકે? અને જો એમ કહેનારને એમ કહેવામાં આવે કે વૃક્ષ ક્યાં છે એ બતાવો તો શું તે વૃક્ષ બતાવી શકે ખરો? જો કે એ બીજમાં વૃક્ષ પ્રત્યક્ષ દેખાતું નથી તેમ બતાવી પણ શકાતું નથી પણ જો તે જ બીજને માટી-પાણી આદિનો સંયોગ મળે તો શું એ જ બીજમાંથી વૃક્ષ પેદા થઈ ન શકે? અવશ્ય થઈ શકે.

તો પછી એ વૃક્ષ એ બીજમાંથી જ પેદા થયું કે બીજે કયાંયથી ? મોટી મોટી જુની ઈમારતો ઉપર પણ વડનું ઝાડ ઉગી જાય છે. તે વડનું ઝાડ ત્યાં કયાંથી આવી ગયું ? એના ઉત્તરમાં એમ જ કહેવાશે કે, ત્યાં વડનું બી પડયું હશે એ કારણે જ એ બીજમાંથી વૃક્ષ ઉગવા પામ્યું છે.

આ પ્રમાણે જે સંસ્કાર છે તે જ બીજ કહેવાય છે અને બીજનો અર્થ જ સંસ્કાર છે. સંસ્કારથી જ કર્મ થાય છે અને વિપાક પણ થાય છે. જ્યારે સંસ્કાર જ નથી તો પછી કર્મ કે વિપાક ક્યાંથી હોઈ શકે ? ભગવાન અર્હન્તે સંસ્કારોને નષ્ટ કરી મૂકયા છે એટલા માટે તેમનામાં સંસ્કાર પણ નથી.

લડાઈમાં રાજા પોતે લડતો નથી પણ યોદ્ધાઓ જ લડે છે, છતાં યોદ્ધાઓની હારને રાજા પોતાની હાર માને છે અને યોદ્ધાઓની જીતને પોતાની જીત માને છે. કારણ કે રાજા યોદ્ધાઓને પોતાના માને છે. આ પ્રમાણે રાજાનો યોદ્ધાઓમાં અને યોદ્ધાઓનો રાજામાં સંસ્કાર રહેલો છે.

સંસારમાં એમ તો બધા પદાર્થો પુદ્‌ગલ છે. પણ આત્મા જે પદાર્થોને પોતાના માને છે તેમનો જ સંસ્કાર તેનામાં આવે છે. જે લોકો આ પ્રકારના સંસ્કારને આધીન છે, તે સાધારણ પુરુષો છે પણ જેમણે આ પ્રકારના સંસ્કારોનો સંબંધ સર્વથા તોડી નાંખ્યો છે તે પુરુષવિશેષ જ ઈશ્વર છે. એવા ઈશ્વરને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દેવું અને તેમની ભક્તિ કરવી એમાં જ સિદ્ધિ રહેલી છે.

પરમાત્માની ભક્તિ પ્રત્યેક જગ્યાએ કરી શકાય છે. ભક્તિને સ્થાન અને સમયનાં બંધન નથી છતાં પરમાત્માની ભક્તિને માટે થોડો પણ સમય ન કાઢવો એ કેવી ભૂલ છે ! પરમાત્માની ભક્તિ એવી છે કે એને પોતાની સાથે દરેક જગ્યાએ રાખી શકાય છે. જે સમયે સમુદ્રમાં દેવદ્વારા વહાણને તોફાને ચડાવવામાં આવ્યું હતું તેવા વિકટ સમયે પણ અરણક શ્રાવકે પરમાત્માની ભક્તિ પોતાની સાથે રાખી હતી. આવી ભક્તિને છોડીને બીજાં કામોમાં પડ્યા રહેવું એ કેવી ગંભીર ભૂલ છે ! શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે :—

**कणकुंडगं चइत्ता णं विट्ठं भुंजइ सूयरो ।**
**एवं सीलं चइत्ता णं दुस्सीलं रमइ मियो ॥**

પરમાત્માની ભક્તિરૂપી શીલનો ત્યાગ કરી સંસારના પદાર્થોની સાથે પ્રેમ કરનાર એવી ભૂલ કરે છે, જેવી ભૂલ થાળમાં પડેલાં કમોદના ચોખા છોડીને સૂવર વિષ્ટા ખાઈને કરે છે. ભગવાનની ભકિતરૂપી શીલનો ત્યાગ કરનાર પણ સૂવર જેવી જ ભૂલ કરે છે.

ભક્તજનો અને જ્ઞાનીજનો આ પ્રકારનો હિતોપદેશ આપે છે. આથી વધારે બીજો હિતોપદેશ શું આપી શકાય ? તેઓ કહે છે કે, પરમાત્માની ભક્તિનો ત્યાગ કરવો એ પોતાના સ્વરૂપનો ત્યાગ કરવા બરાબર છે. એટલા માટે પુદ્‌ગલોનાં પ્રલોભનમાં ન પડતાં પરમાત્માની ભક્તિમાં સંલગ્ન બનો. જો સૂવર કમોદના ચોખા ખાય તો શું તેનું પેટ નહિ ભરાય ? શું તેનું જીવન તે ચોખાદ્વારા નભી નહિ શકે ? જરૂર નભી શકે. આથી વિપરીત વિષ્ટા તો ચોખાનો નિઃસાર ભાગ છે. એટલા માટે ચોખા ખાવાથી તેનું જીવન સારી રીતે નભી શકે; પણ સૂવર આ વાતને બરાબર સમજતો નથી એટલે તે ભૂલ કરે છે, પણ આત્મા તો સૂવરથી

પણ વધારે ભૂલ કરે છે. કારણ કે તે પુદ્‌ગલોનો સ્વભાવ જાણવા છતાં પણ પુદ્‌ગલોના પ્રલોભનમાં પડે છે. જો આત્મા પરમાત્માની ભક્તિમાં રહે, તો શું તેનું ભરણપોષણ નહિ થાય ? તેનું ભરણપોષણ તો અવશ્ય થઈ શકે અને તે પણ સારી રીતે. પણ પોતાની કાયરતાને કારણે પોતે એમ સમજી રહ્યો છે કે મારું ભરણપોષણ થઈ નહિ શકે. જેનામાં આ પ્રકારની કાયરતા નહિ હોય પણ વીરતા હશે તે જ પરમાત્માની ભક્તિ કરી શકે છે અને પરમાત્માને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી શકે છે. જ્યારે દશ રૂપિયાનો પગારદાર સિપાઈ પણ રાજાની રક્ષા માટે પોતાના પ્રાણનો પણ ભોગ આપી શકે છે તો પછી શું પરમાત્માની ભક્તિ કરનાર અને પરમાત્માને પોતાનું સર્વસ્વ સમર્પણ કરનાર પુદ્‌ગલોના પ્રલોભનનો પણ ભોગ આપી નહિ શકે ? પણ કાયરતા અને તૃષ્ણાએ તમારી સ્થિતિને કઢંગી બનાવી દીધી છે. જો કાયરતા દૂર કરી અને તૃષ્ણાને જીતી પરમાત્માની ભક્તિ કરો તો આત્માનું કલ્યાણ અવશ્ય થાય.

## અનાથી મુનિનો અધિકાર—૬૮

રાજા શ્રેણિકને ઉપદેશ આપનાર મુનિ કેવા હતા એ વિષે કાલે થોડું વર્ણન કરવામાં આવ્યું છે. અમે અનાથી મુનિનું વર્ણન કરીએ, પણ જે ગુણોને કારણે અમે અનાથી મુનિનું વર્ણન કરીએ છીએ તે ગુણોને અમે અપનાવીએ નહિ, તો અમારું એ ગુણવર્ણન કેવળ ચારણ ભાટ જેવું પ્રશંસાત્મક જ બની જશે. વીર લોકો જ્યારે લડાઈ કરવા માટે બહાર નીકળે છે ત્યારે તેમને પ્રોત્સાહિત કરવા માટે ચારણ-ભાટો શૌર્યગીતો ગાઈને તેમની પ્રશંસા કરે છે. ચારણ-ભાટ કેવળ વીરતાની પ્રશંસા જ કરે છે, પણ લડાઈ તો તે વીરલોકો જ કરે છે. વીરતાની પ્રશંસા સાંભળી વીર લોકોને જ જોશ આવે છે, કાયર લોકોને જોશ પણ આવતો નથી. આ જ પ્રમાણે અમે મહાત્માઓના તે ગુણોનું વર્ણન કરીએ પણ તેમનાં ગુણોને જીવનમાં ન ઉતારીએ તો એ ચારણ-ભાટોની માફક વીરોની પ્રશંસા કરવા જેવું ગણાય. એટલા માટે અમારે તેમના ગુણોને પણ જીવનમાં ઉતારવાં જોઈએ.

તે અનાથી મુનિ ઉગ્ર અને તપોધની હતા. તમારી દૃષ્ટિએ તપ મોટું છે કે સંસારની ધનસંપત્તિ મોટી છે ? તમે તપને જ મોટું માનો છો એ તમારા સંસ્કારોનો જ પ્રતાપ છે. વાસ્તવમાં તપનું ધન જ સાચું ધન છે. માનો કે એક ધનીક માણસ લાખો રૂપિયાનું ઝવેરાત લઈ જતો હતો. રસ્તામાં તેને બે માણસો મળ્યા. તે બેમાં એક માણસ સંસારના ધનને જ મોટું માનતો હતો અને બીજો તપોધનને મોટું માનતો હતો. જે સંસારના ધનને જ મોટું માનતો હતો તેણે વિચાર્યું કે, પાપ કર્યા વિના તો ધન આવતું નથી. પેહેલા માણસની પાસે આટલું બધું ધન છે તો તલવાર કે છરીના એક ઘાથી જ તે ધન મારું કરી શકું એમ છું. તો આ અવસર શા માટે ગુમાવું ? આ પ્રમાણે વિચાર કરી તે માણસ જેની પાસે ધન હતું તેને મારી નાંખવા માટે તૈયાર થયો. આ જોઈ તપોધની માણસે ધનવાન માણસને કહ્યું કે, આ સંસારના ધનની સંગતિનું જ પરિણામ છે, કે તેની દાનત બગડી છે અને તને મારવાને માટે પણ તે ધનલોલુપી તૈયાર થયો છે. એટલા માટે જે ધને આ માણસની દાનત બગાડી છે એ ધનનો જ ત્યાગ કેમ કરી દેતો નથી ? તપોધનીના ઉપદેશથી તે ધનિક માણસ સમજી ગયો અને પોતાની પાસેનું બધું ઝવેરાત વગેરે તે મારવા આવનાર ધનલોલુપીની સામે મૂકી દીધું.

તે ધનલોલુપી માણસ ઝવેરાત વગેરે ધન લેવા તૈયાર થયો ત્યારે તે તપોધની મહાત્મા તેને કહેવા લાગ્યા કે, શું તું આ ધન લઈ હવે અમર બની જઈશ? જ્યારે આ ધન આ માણસની પાસે હતું ત્યારે તો તારી દાનત બગડી. હવે તારી પાસે આ ધન છે તો બીજાની દાનત બગડશે. માટે તું ધન પ્રત્યેની મમતા આટલી કેમ રાખે છે? તપોધનીના ઉપદેશથી તેના મનમાં અસર થઈ અને તેણે પણ ધન ઉપરની મમતા ઉતારી નાંખી. હવે કોઈ પ્રકારનો ઝઘડો રહી શકે? ઝઘડો તો ત્યાંસુધી જ હતો કે જ્યાંસુધી ધનને લેવા-દેવાની ખેંચાતાણી હતી. આ પ્રમાણે સંસારનાં પદાર્થરૂપી ધન કરતાં તપોધન ચઢીયાતું છે.

તપોધન શ્રેષ્ઠ ધન છે એ વાત તો ઠીક, પણ તપ શું છે એ અત્રે જોવાનું છે. અનશન પણ એક તપ છે પરંતુ કેવળ અનશન જ તપ નથી છતાં અનશન તપનું મહત્ત્વ કાંઈ ઓછું નથી. મહાભારતમાં પણ કહ્યું છે કે:—**तपो न अनशनात् परम्** અર્થાત્-અનશન-કાંઈ ન ખાવું-જેવું બીજું તપ નથી. પણ અનશન તપમાં જ તપની સમાપ્તિ થતી નથી. ભગવાને બાર પ્રકારનાં તપ વર્ણવ્યાં છે. તેમાં પહેલું તપ અનશન તપ છે. બીજું ઊણોદરી તપ છે. ત્રીજું ભિક્ષાચરી (વૃત્તિસંક્ષેપ) તપ છે. ચોથું રસપરિત્યાગ તપ છે. પાંચમું કાયાકલેશ અને છઠ્ઠું પ્રતિસંલીનતા તપ છે. આ ૭ પ્રકારનાં બાહ્ય તપ છે. સાતમું પ્રાયશ્ચિત્ત, આઠમું વિનય, નવમું વૈયાવૃત્ત્ય, દશમું સ્વાધ્યાય, અગ્યારમું ધ્યાન અને બારમું કાયોત્સર્ગ આ ૭ પ્રકારનાં આભ્યન્તર તપ છે.

જીવનમાં તપની બહુ આવશ્યકતા છે. તપ વિના એક શ્વાસ પણ સુખપૂર્વક લઈ શકાતો નથી. પહેલા અનશન તપની વ્યાપકતા તો એવી છે કે, અમેરિકાના લોકો પણ એ તપ વિષે એમ કહેવા લાગ્યા છે કે, બધી દવાઓમાં શ્રેષ્ઠ દવા અનશન છે. જે રોગોને મટાડવા માટે મોટા મોટા દાક્તરોએ પણ હાથ ધોઈ નાંખ્યા હતા એવા મહાન્ રોગો પણ ઉપવાસ દ્વારા મટાડવામાં આવેલ છે. અનશનના વિષે મારો પણ સ્વાનુભવ છે કે, ઉપવાસ દ્વારા રોગ મટી જાય છે. જેમને આ વાત વિષે અનુભવ નથી તેઓ તો કદાચ આ વાત માની ન શકે કે ઉપવાસદ્વારા આટલો લાભ થાય છે પણ જેમને અનુભવ છે તેઓ તો ઉપવાસદ્વારા લાભ થાય છે એ વાતને તો અવશ્ય માનશે. ગીતામાં કહ્યું છે કે:—

**विषया विनिवर्त्तन्ते निराहारस्य देहिनः ।**
**रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्त्तते ॥**

લોકમાન્ય તિલક વિદ્વાન હતા. પણ વિદ્વતા જુદી વસ્તુ છે અને અનુભવ પણ જુદી વસ્તુ છે. એટલા માટે તેમણે ગીતાના આ શ્લોકનો અર્થ એવો લખ્યો છે કે, ઉપવાસથી વિષયો તો છૂટી જાય છે પણ તેની વાસના છૂટી જતી નથી. એટલા માટે ઉપવાસ કરવો એ એક રીતે આત્માનો ઘાત કરવા બરાબર છે. લોકમાન્યના આ અર્થ ઉપરથી એ વાત પ્રગટ થાય છે કે, તેમને ઉપવાસ વિષે અનુભવ નહિ હોય અને તેમણે કોઈ દિવસ એકાદશીનો પણ ઉપવાસ કર્યો હોય કે ન પણ કર્યો હોય! આથી વિરુદ્ધ ગાંધીજી ઉપવાસના અનુભવી છે. તેમણે એકવીશ એકવીશ દિવસના ઉપવાસ કર્યા છે અને બીજા થોડા થોડા ઉપવાસો પણ આત્મશુદ્ધિ કે અન્ય કારણોને અંગે કર્યા છે. એટલા માટે તેઓ ઉપવાસના અનુભવી હોવાને કારણે તેમણે ગીતાના આ શ્લોકનો અર્થ એવો કર્યો છે કે, શરીરની બાહ્ય શુદ્ધિને માટે ઉપવાસ ઘણો સારો ઉપાય છે. જે પ્રમાણે જંગલી ઘોડાઓને

જ્યારે પકડી લાવવામાં આવે છે ત્યારે તે ઘોડાઓ બહુ તોફાન કરે છે પરંતુ જ્યારે તે ઘોડાઓને બે ત્રણ દિવસ ભૂખ્યા રાખવામાં આવે છે ત્યારે તે વશમાં આવી જાય છે. આ જ પ્રમાણે ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને વશમાં કરવા માટે ઉપવાસની આવશ્યકતા રહે છે. વિધવા સ્ત્રી અને સાધુ બ્રહ્મચારી આદિ લોકો ઉપવાસની સહાયતાથી જ પોતાના નિયમોનું પાલન કરે છે પણ એટલું ધ્યાન રાખવું જોઈએ કે, ઉપવાસો બાહ્ય વિષયોને જ મટાડે છે. વાસનાને મટાડતા નથી; એટલા માટે ઉપવાસની સાથે જ વિષયોની વાસનાને મટાડવાનો પણ પ્રયત્ન કરવો જોઈએ.

જો કે અનશન તપ સારું છે છતાં બળજબરીથી કોઈની પાસે અનશન તપ કરાવી ન શકાય. તમે ઉપવાસ કરો અને તમારી સાથે જ તમારા નોકરો તથા પશુઓને પણ ઉપવાસ કરાવો-તેમને પણ ખાવા ન આપો-તો તમને ભત્તપાનવિચ્છેદનો અતિચાર લાગશે. **उप-समीपे वसति इति उपवासः** અર્થાત્ જ્ઞાન, દર્શન અને ચારિત્રની સમીપ વસવું એ જ ઉપવાસ છે. કોઈને બળજબરીથી ભૂખ્યા રાખવા એ ઉપવાસ નથી. જૈનકુળમાં તો ઉપવાસો એવા પ્રચલિત છે કે, સંવત્સરીને દિવસે નાના બાળકો પણ ઉપવાસ કરે છે.

અનશનની બાદ ઊણોદરી તપ છે. ઉપવાસને વિષે તો કોઈ પ્રકારનો મતભેદ પણ હોઈ શકે પણ ઊણોદરી તપને વિષે તો કોઈ પ્રકારનો મતભેદ હોઈ જ ન શકે. અલ્પાહારની બધા લોકો પ્રશંસા કરે છે અને બધા તેમાં લાભ માને છે. વધારે ખાવાની ઇચ્છા હોવા છતાં ઓછું ખાવું પણ વધારે ન ખાવું એ ઊણોદરી તપ છે.

આ પ્રમાણે છ પ્રકારનાં તપ તો બાહ્ય શુદ્ધિને માટે છે, પણ આન્તરિક શુદ્ધિને માટે આન્તરિક તપ કરવું જોઈએ.

ક્રોધ, માન, માયા, લોભ આદિને જીતવાનું કામ આભ્યંતર તપદ્વારા જ થઈ શકે છે. અનાથી મુનિ આ પ્રકારનાં તપના ધણી હતા. એટલા માટે તેમને તપોધની કહ્યા છે.

## સુદર્શન ચરિત્ર—૬૮

તપ-ત્યાગનો પ્રભાવ હરિણી વેશ્યા ઉપર પણ પડ્યો. તે વેશ્યા પણ સુદર્શન મુનિના તપ-ત્યાગના પ્રભાવથી સુધરી ગઈ. તે પોતે તો સુધરી પણ પોતાની સાથે પંડિતાને પણ સુધારી દીધી. એક સુધરે છે તો બીજાને પણ સુધારે છે અને એક બગડે તો બીજાને પણ બગાડે છે.

હરિણી પંડિતાને કહ્યું કે, મેં દંભ અને મોહને જીતી લીધા છે. પંડિતાએ કહ્યું કે, જ્યારે એમ છે તો પછી તમે શ્રૃંગાર કેવો સજશો અને વેશ્યાવૃત્તિ કેવી રીતે ચલાવશો ? હરિણી વેશ્યાએ ઉત્તર આપ્યો કે, હવે હું એવો શ્રૃંગાર સજી ન શકું કે જે કામી કુતરાઓને પસંદ પડે. કુતરાઓ તો મૃત શરીરને ચૂંથે છે, જીવતું શરીર તેમને ગમતું નથી. અત્યાર સુધી આ શરીર મરેલું હતું એટલા જ માટે કામી કુતરાઓ એને ચૂંથતા હતા પણ હવે હું જીવિત છું અને જાગ્રત છું એટલે એ કામી કુતરાઓ આ શરીરથી દૂર જ ભાગશે. આ કારણે હું એવો શ્રૃંગાર સજીશ નહિ કે જે કામી કુતરાઓને પસંદ પડે પણ એવો શ્રૃંગાર સજીશ કે જે શ્રૃંગારની દેવો પણ સેવા કરે. હવે હું કામીજનોનું ચિત્તરંજન નહિ કરું પણ મુનિનું ચિત્તરંજન કરીશ.

હરિણી વેશ્યાએ પંડિતાને આ પ્રમાણે કહ્યું. હવે આગળ શું થાય છે તે વિષે યથાવસરે વિચાર કરવામાં આવશે.

# વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૨ આસો વદી ૧૩ બુધવાર

## પ્રાર્થના

**ધન ધન જનક 'સિધારથ' રાજા, ધન 'ત્રિશલા' દે માત રે પ્રાણી,**
**જ્યાં સુત જાયો ને ગોદ ખિલાયો, 'બર્દ્ધમાન' વિખ્યાત રે પ્રાણી;**
**શ્રી મહાવીર નમો વરનાણી. ॥૧॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી મહાવીર ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

**આ** પ્રાર્થનામાં પરમાત્માને પ્રાપ્ત કરવાનો સરલ માર્ગ બતાવવામાં આવ્યો છે. પરમાત્માને મળવાની જેમની ઇચ્છા છે એને માટે જ્ઞાનીજનોએ સરળ અને સુંદર માર્ગ બતાવ્યો છે. તેઓ કહે છે કે, પરમાત્માને મળવા માટે પરમાત્માની જ પ્રાર્થના કરો. પરમાત્માની પ્રાર્થના એ પરમાત્માને મળવાનો સુંદર અને સરળ માર્ગ છે.

પરમાત્માની પ્રાર્થના કરવાથી શું લાભ થાય છે, તો એને માટે કહ્યું છે કઃ—

**ततः प्रत्येकचेतनाऽधिगमोऽप्यन्तरायाभावश्च ।**

પરમાત્માની પ્રાર્થના કરવાથી સૌથી મોટો લાભ તો એ થાય છે કે, પ્રત્યેક આત્માનો સાક્ષાત્કાર થાય છે. વિષયભોગના પદાર્થો અર્થાત્ બુદ્ધિકલ્પિત પદાર્થોથી આત્મા અળગો થઈ જાય છે અને પ્રત્યેક આત્માનો બોધ થઈ જાય છે. આત્મા જ્યારે બહાર જોવામાં જ રહી જાય છે ત્યારે તેને પ્રત્યેક આત્માનો બોધ થતો નથી. જો કે આત્મા દૃષ્ટા છે પણ તે દૃષ્ટાભાવમાંથી નીકળી દશ્યભાવમાં ચાલ્યો ગયો છે અને તેથી જ તે ગોથાં ખાઈ રહ્યો છે, અને સંસારમાં ભટકી રહ્યો છે. પરમાત્માની પ્રાર્થના કરવાથી તે દશ્યભાવમાંથી નીકળી દૃષ્ટાભાવને પ્રાપ્ત થાય છે.

ઇન્દ્રિયોદ્વારા ગ્રહીત વિષયો અર્થાત્ જોવામાં, સાંભળવામાં, સુંઘવામાં, ચાખવામાં અને સ્પર્શ કરવામાં જે આવે છે તે પદાર્થો દશ્ય છે અને આ આત્મા તેનો દૃષ્ટા છે. દૃષ્ટાને જ આ દશ્ય પદાર્થોનું ભાન થાય છે. દૃષ્ટાને માટે જ આ પદાર્થો દશ્ય છે. જો દૃષ્ટા—આત્મા જ ન હોય તો આ પદાર્થો દશ્ય કોના થશે ? એટલા માટે જ્યાંસુધી દૃષ્ટા આત્મા છે ત્યાંસુધી જ આ દશ્ય પદાર્થો જોવામાં આવે છે. પણ દૃષ્ટા આત્માથી એ ભૂલ થાય છે કે, તે પોતાને જ ભૂલી જાય છે અને જે દશ્યને તે જુએ છે, તે જ પોતે બની જાય છે. દશ્યમાં જ તે મશગૂલ બની જાય છે. કોઈ સારું ગાયન સાંભળી તે એટલો બધો મુગ્ધ બની જાય છે કે તે પોતાનું જ ભાન ભૂલી જાય છે. પરંતુ એમ ભાન ભૂલી જવાથી આત્માને કેવા પ્રકારની હાનિ થાય છે ! એ વાત જ્ઞાનીઓએ અનેક ઉદાહરણો આપી સમજાવી છે. હરણ જ્યારે ગાયન ઉપર મુગ્ધ બની જાય છે ત્યારે તે પોતાનાં પ્રાણ જ ગુમાવી બેસે છે. તેને એટલું ભાન નથી કે આ ગાયન મને ફસાવનાર છે અને મારા પ્રાણ લેનાર છે. પતંગીયું દીપકના રૂપ ઉપર મુગ્ધ બની જઈ તેમાં પડી મરી જાય છે. તે એટલું જાણતો નથી કે આ દશ્યમાં પડી જઈ

હું પોતાનો જ નાશ કરી રહ્યો છું. આ જ પ્રમાણે પ્રત્યેક વિષયનાં પદાર્થો વિષે ઉદાહરણો આપવામાં આવ્યાં છે અને એ ઉદાહરણોદ્વારા બતાવવામાં આવ્યું છે કે વિષયોના પદાર્થોમાં પડી જવાથી અને દૃશ્યની આગળ દૃષ્ટાને ભૂલી જવાથી આત્માને કેટલી બધી હાનિ થાય છે!

મતલબ કે, આ પ્રમાણે આત્મા દૃશ્યમાં પડી જાય છે અને હું 'દૃષ્ટા' છું એ ભૂલી જાય છે. આ ભૂલને કારણે તે પોતે પણ દૃશ્ય બની જાય છે અને એ જ કારણે મહા અનર્થ પેદા થાય છે. દુનિયામાં જેટલા ઝગડાઓ છે એ બધાં આ ભૂલને લીધે જ પેદા થવા પામ્યાં છે. લોકો કહે છે કે અમારું ધન ચોરાઈ ગયું અને એમ કહી તેઓ રુદન કરે છે. તેઓ એટલું જાણતા નથી કે જો ધન પોતાનું જ હોત તો તે ચોરાઈ કેમ જઈ શકે? અને જે ચોરાઈ ગયું તે પોતાનું કેમ હોઈ શકે? આ વાત ન જાણવાને કારણે જ તેઓ રુવે છે અને કહે છે કે, અમારું ધન ચોરાઈ ગયું. આત્મા જ્યારે પોતાને જ ભૂલી જાય છે અને હું દૃષ્ટા છું એવું તેને ભાન રહેતું નથી ત્યારે તે દૃશ્ય ઉપર આસક્ત બની જાય છે, અને એ આસક્તિને કારણે તે દુઃખ પામે છે.

હવે અત્રે એ પ્રશ્ન થાય છે કે, જ્યારે આત્મા પોતાનું ભાન ભૂલી ગયો છે અને પોતે દૃષ્ટા હોવા છતાં દૃશ્યમાં આસક્ત બની ગયો છે તો હવે તેને શું કરવું? આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીજનો કહે છે કે, પરમાત્માને ભજો તો દૃશ્યમાંથી નીકળી પાછા દૃષ્ટારૂપ બની જશો. પોતાના આત્માનો સાક્ષાત્કાર થવો એને જ આત્મબોધ કે આત્મસાક્ષાત્કાર કહેવામાં આવે છે. પરમાત્માની પ્રાર્થના કરવાથી હું રૂપ, રસ આદિ દૃશ્યરૂપ નથી એવું ભાન થાય છે અને એ ભાન થવાથી જ આત્મા પોતાનું ગુમાવેલું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરી લે છે. અર્થાત્ તે પાછો દૃશ્યમાંથી નીકળી દૃષ્ટા બની જાય છે.

પરમાત્માને મળવાનો આ જ સરલ માર્ગ છે. પછી તો જે આ માર્ગને અપનાવે છે તે જ આત્મસાક્ષાત્કાર કરી શકે છે અને આત્મલાભ મેળવી શકે છે.

પ્રત્યેક આત્માનો બોધ કે સાક્ષાત્કાર થવાથી આત્મા સંસારનાં પદાર્થો પોતાનાં નથી એમ માને છે. આ ભાવના પેદા થવાથી આત્માને કેટલો લાભ થાય છે અને એ ભાવના કેટલી ઉચ્ચ છે એને માટે ગજસુકુમાર વગેરે મુનિનું ચરિત્ર જુઓ.

ગજસુકુમાર મુનિને આ જ ઉચ્ચ ભાવનાએ મોક્ષ અપાવ્યું હતું. મસ્તક ઉપર ધગધગતાં અંગારાં મૂકવામાં આવ્યાં છતાં તેઓ એમ જ વિચારતા હતા કે, મારા મસ્તક ઉપર જે અંગારાં મૂકવામાં આવ્યાં છે તે મારાં નથી અને હું તેનો નથી. કારણ કે, જે મારું છે તે મને બાળી શકે નહિ. પાંચસો મુનિઓને ઘાણીમાં પીલાવવામાં આવ્યા હતા ત્યારે તે મુનિઓ એમ વિચારતા હતા કે, રક્ત, માંસ આદિ જે દૃશ્ય છે તે ઘાણીમાં પીલાય છે, અમે તો દૃષ્ટા છીએ એટલે અમે પીલાઈ શકીએ નહિ. આ ઉચ્ચ ભાવનાને કારણે એ મહાપુરુષોએ તત્કાલ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લીધું અને આત્મકલ્યાણ સાધી લીધું.

શાસ્ત્રમાં આવાં બીજાં અનેક ઉદાહરણો છે. પછી તો જેવી તેમની ભાવના અને શક્તિ હશે તે તેવું કરશે, પરંતુ શ્રદ્ધા તો એ જ હોવી જોઈએ કે, "જે પદાર્થો જોવામાં આવે છે તે દૃશ્ય છે અને હું એ બધાનો દૃષ્ટા છું." આ પ્રકારની શ્રદ્ધા હોવાથી ભેદવિજ્ઞાન જાગ્રત થશે અને પરિણામે કલ્યાણ થશે.

પરમાત્માની પ્રાર્થના અને પરમાત્માના ધ્યાનથી આત્મસાક્ષાત્કાર–આત્મબોધ તો થશે જ પણ સાથે સાથે જે અંતરાય જોવામાં આવે છે તે અંતરાય પણ નષ્ટ થઈ જશે.

અત્રે એક બીજો પ્રશ્ન ઉભો થાય છે કે, ધ્યાન તો પરમાત્માનું કરવામાં આવે છે અને સાક્ષાત્કાર તો આત્માનો થાય છે આ તો એના જેવી વાત થઈ કે ધ્યાન તો આંબાનું કરવામાં આવ્યું અને દર્શન થયું લીંબુનું ! આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીજનો કહે છે કે, આત્માનો સાક્ષાત્કાર થવાથી જ ઈશ્વરનો પણ સાક્ષાત્કાર થશે. પરમાત્મા આત્માથી અળગો નથી. એટલા માટે આત્માનો સાક્ષાત્કાર થવાથી એમ જ માનવામાં આવશે કે, પરમાત્માનો જ સાક્ષાત્કાર થઈ રહ્યો છે. આ વાત ઉપર નિષ્ઠા રાખો અને એમ વિચારો કે, ‘ જે પ્રમાણે પરમાત્મા અવિનાશી છે તે જ પ્રમાણે હું પણ અવિનાશી છું, જે પ્રમાણે તે અનન્ત છે તે જ પ્રમાણે હું પણ અનન્ત છું અને જે પ્રમાણે તે ચૈતન્ય છે તે જ પ્રમાણે હું પણ ચૈતન્ય છું. ’ આ પ્રમાણે વિચાર કરી જો તમે તન–મનથી ઉપાધિરહિત બની જાઓ તો તમારો આત્મા દષ્ટા બની જશે અને આત્માનો તથા પરમાત્માનો સાક્ષાત્કાર જલ્દી થશે.

મતલબ કે, પરમાત્માની પ્રાર્થના કરવાથી આત્મામાં જાગૃતિ આવશે અને આત્મામાં જાગૃતિ આવવાથી બધાં વિઘ્નો મટી જશે, અને જે વિઘ્નો અંતરાય રૂપ હતાં તે જ વિઘ્નો સહાયક બની જશે. કેવી રીતે એ વિઘ્નો સહાયક બની જશે તે એક નાના ઐતિહાસિક ઉદાહરણદ્વારા સમજાવું છું :—

શિવાજીમાં હિંદુધર્મની રક્ષા કરવાની અને ભારતને મુસલમાનોથી બચાવવાની તીવ્ર ભાવના હતી. આ ભાવનાને કારણે શિવાજીએ શું શું કર્યું એ વાત કહેવાનો અત્રે અવકાશ નથી તેમ જરૂર નથી. અહીં તો કેવળ એટલું જ બતાવવાનું છે કે, તીવ્ર ભાવના હોવાના કારણે વિઘ્નો પણ કેવી રીતે સહાયક બની જાય છે !

શિવાજીએ એક વાર કિલ્લા ઉપર ચડાઈ કરી. એ કિલ્લાની રક્ષા માટે બાદશાહના તરફથી દેશપાંડે નામનો એક સરદાર નિયુક્ત કરવામાં આવ્યો હતો. શિવાજી તે કિલ્લાને જીતી ન શકયા અને થાકી ગયા. દેશપાંડે વીર અને ચતુર હતો એટલે શિવાજી કિલ્લાને જીતી ન શક્યા. શિવાજી વિચારવા લાગ્યા કે, હવે શું કરવું ? આખરે તેઓ એ નિશ્ચય ઉપર આવ્યા કે, આ વીરના હાથે મરી જવું એ જ સારું છે. આ પ્રમાણે નિશ્ચય કરી તેઓ એકલા જ રાતના વખતે કિલ્લામાં ઘુસી ગયા. દેશપાંડેને ખબર પડી કે, શિવાજી કિલ્લામાં આવ્યા છે. તે હાથમાં તલવાર લઈ શિવાજી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, તમે મને ઠગવા આવ્યા છો પણ તમારાથી હું ઠગાઈ જાઉં તેમ નથી એટલા માટે તમે પાછા ચાલ્યા જાઓ. કાલે સંગ્રામમાં મળજો. શિવાજીએ દેશપાંડેને કહ્યું કે, હું તમને ઠગવા માટે આવ્યો નથી પણ તમારા હાથે મૃત્યુ પામું એટલા માટે આવ્યો છું. તમે આ તલવારથી મારો શિરોચ્છેદ કરી નાંખો. દેશપાંડે પૂછ્યું કે એમ કેમ ? શિવાજીએ જવાબ આપ્યો કે, હું જે કાંઈ કરી રહ્યો છું તે મારા સ્વાર્થ માટે નહિ પરંતુ હિંદુધર્મ અને હિંદુજાતિની રક્ષા માટે કરી રહ્યો છું; પણ તમારા કારણે મારું તે કાર્ય અટકી રહ્યું છે એટલા માટે મેં વિચાર્યું કે, તમારા જેવા વીરના હાથે મારું મૃત્યુ થાય તો મારું કામ પૂરું થયું સમજું.

દેશપાંડે ક્ષત્રિય ન હતો પણ બ્રાહ્મણ હતો; છતાં તે વીર હતો. વીર ઉપર કોઈ વાતની અસર જલ્દી પડે છે. આ કારણે શિવાજીની વાત સાંભળી દેશપાંડેનું દિલ પીગળી ગયું અને

તે શિવાજીના પગે પડી કહેવા લાગ્યો કે, હું કેવળ સ્વાર્થને માટે જ તમારા આ કાર્યમાં બાધક થઈ રહ્યો હતો. તમે તો દેશધર્મને માટે આટલું કરી રહ્યા છો અને હું દેશધર્મને માટે કાંઈ કરતો નથી. ઊલટો જે દેશધર્મનું કામ કરે છે તેમાં પણ બાધા ઉભી કરું છું. વાસ્તવમાં ગૌબ્રાહ્મણ પ્રતિપાલ તમે જ છો. એટલા માટે હવેથી હું તમારી સાથે જ છું અને જે માર્ગ તમારો છે, તે જ માર્ગ મારો પણ છે.

કહેવાનું અત્રે એ છે કે, શિવાજીની સામે કેવું વિઘ્ન હતું ? પરંતુ જ્યારે શિવાજીએ દઢતા રાખી અને તેઓ પ્રાણ આપવા માટે તૈયાર થઈ ગયા ત્યારે દેશપાંડે તેમનો સેવક બની ગયો અને તે એવો સેવક બન્યો કે શિવાજીની રક્ષા કરવામાં જ તેણે પોતાના પ્રાણ આપી દીધા. આ જ પ્રમાણે જે વિઘ્નો તમારી સામે દેખાય છે, તે વિઘ્નો વિકારરહિત પરમાત્માની પ્રાર્થના કરવાથી શાન્ત થઈ જશે અને તમારા સેવક બની જશે. આ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના કરવાથી વિઘ્નો પણ દૂર થઈ જશે અને આત્માનું ભાન પણ થશે. આત્મા કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે જ્ઞાનીજનોએ પરમાત્માની પ્રાર્થના કરવી એ સરલ માર્ગ બતાવ્યો છે. આ માર્ગને પકડી આગળ વધતા જાઓ તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## અનાથી મુનિનો અધિકાર—૬૯

અનાથી મુનિ રાજા શ્રેણિકને આ જ વાત કરી રહ્યા છે કે, 'દ્રષ્ટા બનો.' આ વાતને વીર લોકો જ સમજી શકે છે અને તેને જીવનમાં ઉતારી શકે છે. જે દ્રશ્ય અને દ્રષ્ટાનો ભેદ સમજી આત્માને દ્રષ્ટારૂપ બનાવે છે તે જ વીર છે. તમે પણ તમારામાં આવી વીરતા પ્રગટાવો અને કાયરતા ઉપર વિજય મેળવો. આવી વીરતા ધારણ કર્યા વિના આત્મકલ્યાણ સાધી શકાતું નથી.

મહામુનિ અનાથીએ રાજા શ્રેણિકની સમક્ષ અનાથતાનું વર્ણન વિસ્તારપૂર્વક કર્યું તે સાંભળી રાજા શ્રેણિક ઉપર તેનો કેવો પ્રભાવ પડ્યો તેનું વર્ણન કરતાં ગણધર સ્વામી કહે છે કેઃ—

**तुट्ठो य सेणियो राया, इणमुदाहु कयंजली ।**
**अनाहयं जहाभूयं, सुट्ठु मे उवदेसियं ॥ ५४ ॥**

અનાથી મુનિદ્વારા સનાથ-અનાથની વ્યાખ્યા સાંભળી રાજા શ્રેણિક ઘણો જ સંતુષ્ટ થયો. આ વર્ણનદ્વારા એ બતાવવાનું છે કે, રાજા શ્રેણિક પહેલાં બીજું વિચારતો હતો અને આ કથન સાંભળ્યા પછી બીજું વિચારવા લાગ્યો. તે વીર હતો, એટલે આ કથા સાંભળી તેણે અનાથી મુનિને હાથ જોડ્યા. તે વાણિયો ન હતો કે સાધારણ વાત માટે પણ હાથ જોડવા માંડે. તે તો ક્ષત્રિય હતો. ક્ષત્રિયોને હાથ જોડાવવા સરલ નથી, બહુ જ મુશ્કેલ હોય છે. એટલા માટે મોટા મોટા રાજા-મહારાજાઓ પણ તેને હાથ જોડાવી શક્યા ન હતા. દેવો પણ તેને વિચલિત કરી શક્યા ન હતા. વીર ક્ષત્રિયો લોભ કે સંકટમાં પડી જઈ કોઈને હાથ જોડતા નથી. રાણા પ્રતાપને બાદશાહ અકબરે રાજ્યનો મોટો ભાગ આપવાનું પ્રલોભન આપ્યું તોપણ રાણા પ્રતાપે અકબરને હાથ જોડ્યા નહિ. આ પ્રમાણે ક્ષત્રિયોને હાથ જોડાવવા સરલ નથી; પણ જ્યારે તેમનું હૃદય પલટી જાય છે ત્યારે ભક્તિવશ થઈ હાથ જોડવામાં ક્ષત્રિયો વાર પણ લગાડતા નથી.

રાજા શ્રેણિક સંતુષ્ટ થયો અને બે હાથ જોડી મુનિને કહેવા લાગ્યો કે, આપે મને અનાથતાનું સ્વરૂપ બહુ જ સારી રીતે સમજાવ્યું.

રાજા જ્યાંસુધી અનાથતાનો ભાવ સમજ્યો ન હતો ત્યાંસુધી તે એમ જ માનતો હતો કે, જેને દુનિયાની સંપત્તિ અધિક મળી હોય તે સનાથ છે અને જે દુનિયાની સંપત્તિથી રહિત છે તે અનાથ છે. રાજા શ્રેણિક તો એમ સમજતો જ હતો પણ તમે લોકો પણ એમ જ સમજો છો ને! તમે અનાથાલયો ખોલ્યાં છે અને તેમાં, જેમને કોઈ ખાવા–પીવાનું આપનાર નથી, જેમની શિક્ષાનો કોઈ પ્રબંધ કરનાર નથી, એવાઓને અનાથ માનવામાં આવે છે, અને એવા અનાથોને જ રાખવામાં આવે છે. આ પ્રમાણે રાજાની પહેલી સમજમાં અને તમારી સમજમાં શું અંતર રહ્યું?

રાજા શ્રેણિક એને જ અનાથ માનતો હતો કે જેની પાસે સંસારની સંપત્તિ નથી; અને તેને જ સનાથ સમજતો હતો કે જેની પાસે સંસારની વધારે સંપત્તિ છે. તે પોતાને સનાથ માનતો હતો અને તેનું કારણ એ હતું કે, તેની પાસે સંસારની સંપત્તિ અધિક હતી. પોતાને સનાથ માનતો હોવાના કારણે જ તેણે અનાથી મુનિને એમ કહ્યું હતું કે, તમે આ ભર-જુવાનીમાં આવા સુંદર અને સ્વરૂપવાન હોવા છતાં સાધુ કેમ થયા? આ પ્રશ્નના જવાબમાં મુનિએ કહ્યું કે, હું અનાથ હતો એ કારણે સાધુ થયો. ત્યારે રાજાએ કહ્યું કે, તમારા જેવા આવા સ્વસ્થ અને સુંદર શરીરવાળા અનાથ હોય એ કેમ બની શકે? ખેર! હું આ વિષે વધારે વિવાદમાં ન પડતાં આપને એટલું જ કહું છું કે, 'આપ અનાથ છો તો હું આપનો નાથ બનું છું. જ્યારે હું રાજા તમારો નાથ બનું છું, તો પછી તમારે બીજું શું જોઈએ! તમે મારી સાથે ચાલો અને ભોગોપભોગ કરો. આ મનુષ્યજન્મને આમ ખરાબ ન કરો. મારા રાજ્યમાં આવા સ્વસ્થ સુંદર શરીરવાળા લોકો આ પ્રમાણે જીવન ખરાબ કરે એ હું જોઈ શકું નહિ.'

શ્રેણિકે આ પ્રમાણે જે કાંઈ કહ્યું હતું તેનું કારણ એ જ હતું કે, તે સનાથ–અનાથનું વાસ્તવિક સ્વરૂપ જાણતો ન હતો. જેની પાસે સંસારની વધારે સંપત્તિ હોય તે સનાથ છે એ તેનું અજ્ઞાન હતું. છતાં તે જેને સુધારો સમજતો હતો તે સુધારો કરવા માટે પણ તૈયાર થયો હતો. આજે પણ જગતમાં એને જ સુધારો માનવામાં આવે છે કે કોઈને પૌદ્ગલિક દૃષ્ટિથી દુઃખી રહેવા ન દેવો. રાજા પણ આ જ સુધારો કરવા માટે તૈયાર થયો હતો અને મુનિને ભોગસામગ્રી આદિ આપી તેમનું દુઃખ મટાડવા ચાહતો હતો. આથી વધારે તો તે કરી પણ શું શકતો હતો? આત્માને ઉપર ચડાવવાનું આ પહેલું પગથિયું છે. કોઈને દુઃખી જોઈ તેનું દુઃખ મટાડવાનો પ્રયત્ન કરવો એ નીતિના પહેલા પગથિએ ચડીને જ આત્મા આગળ વધી શકે છે.

રાજા તો આ પ્રમાણે મુનિનું દુઃખ મટાડવા માટે તૈયાર થઈ નીતિનું પહેલું પગથિયું ચડી ગયો હતો. પણ તમે તમારા માટે જુઓ કે, તમે આ ચરિત્ર તો સાંભળો છો પરંતુ તમે આ પ્રકારનું પહેલું પગથિયું ચડી ગયા છો કે નહિ અને તમે પણ કોઈને દુઃખી જોઈ તેનું દુઃખ દૂર કરો છો કે નહિ? કદાચ તમે એમ કહો કે, રાજા જે દુઃખ મટાડવા માટે તૈયાર થયો હતો તે દુઃખ મટાડવું એ તો સંસારનું કામ છે પણ હું તમને પૂછું છું કે, શું તમે સંસારમાં નથી? તમે પણ સંસારમાં જ બેઠા છો. છતાં જેમની કમાણીથી તમે

ધનવાન બન્યા છો એ ગરીબોનો વિચાર ન કરો અને તેમને દુઃખમાં જોઈ તમારું હૃદય પીગળે નહિ તો એ દશામાં એમ કેમ કહી શકાય કે તમે આ કથા સાંભળવાને પાત્ર બન્યા છો?

દક્ષિણ પ્રાંત વિષે સાંભળ્યું છે કે, ત્યાં દુષ્કાલને કારણે નવ આનામાં સાત ગાયો વેચવામાં આવી છે. સાત ગાયોની શું નવ આના કીંમત છે! પણ ખરીદનારો મફત લેવા ચાહતો નહિ હોય એટલે તેણે આ નામની કીંમત આપી હશે. સાથે એવું પણ સાંભળ્યું છે કે, પાંચ હજાર પશુઓને કસાઈઓ લઈ ગયા છે, કે જેઓ તેમની કત્લ કરશે. તમે લોકો ગાયોની આવી દુર્દશા જોઈ જો સારાં ખાનપાનમાં, ઓઢવા-પહેરવામાં તથા નાટક–સિનેમા જોવામાં જ રહો તો શું એમ કહેવાય કે તમે તમારા ધનનો સદુપયોગ કરો છો? અને શું તમે સનાથ–અનાથનો ભેદ સમજવાના પાત્ર બન્યા છો?

રાજા શ્રેણિકનું પ્રાથમિક કાર્ય કેવું હતું તે જુઓ. તે મુનિને કહેતો હતો કે, હું કોઈને દુઃખી જોઈ શકતો નથી. બીજાઓને દુઃખી જોઈને હું સુખોપભોગ કરું એ મારાથી બની શકતું નથી. રાજા શ્રેણિક આ પ્રકારનો વિચાર કરતો હતો, અને જેમનામાં આ પ્રકારનો વિચાર છે તે જ માણુસ આ સનાથ–અનાથના ઉપદેશનો પાત્ર બની શકે છે.

મુનિએ જ્યારે તેને એમ કહ્યું કે, હું અનાથ હતો એટલે મેં દીક્ષા લીધી. ત્યારે તેણે હસીને કહ્યું કે, એમ છે તો હું તમારો નાથ બનું છું. પણ જ્યારે મુનિએ તેને માટે એમ કહ્યું કે, તું પોતે પણ અનાથ છે તો પછી બીજાનો નાથ કેમ બની શકે? આ સાંભળી તેને ઘણું આશ્ચર્ય થયું. તે વીર હતો, એટલા માટે તે મુનિનું કથન સાંભળી ચૂપ બેસી ન રહ્યો પણ તેણે નિર્ણય કરાવવા ચાહ્યું અને મુનિને કહ્યું કે, હું રાજા છું, મારી પાસે આટલી બધી સંપત્તિ છે અને હું આજ્ઞાનો ઈશ્વર છું તો પછી હું અનાથ કેવી રીતે છું? શું તમારું આ કથન ખોટું નથી?

રાજાએ આ વાત કોઈ બીજાને કહી હોત તો સંભવ છે કે તે નારાજ થઈ જાત પણ આ મુનિ તો ક્ષમાના ભંડારસમા હતા, એટલા માટે રાજાના કથનના જવાબમાં તેમણે એમ કહ્યું કે, "હે! રાજન્! આમ કહેવામાં તારો દોષ નથી પરંતુ તારા અજ્ઞાનનો જ દોષ છે. તું સનાથ અને અનાથનું સ્વરૂપ જાણતો નથી, એટલા જ માટે તું આ પ્રમાણે કહે છે."

આ પ્રમાણે કહી મુનિએ રાજાને સનાથ–અનાથનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજાવ્યું. ત્યારે રાજા હાથ જોડી મુનિની ક્ષમા માંગવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, મેં આપને અનુચિત વાત કહી આપનો અપરાધ કર્યો છે. આપ મારા એ ઘોર અપરાધને ક્ષમા કરો.

## સુદર્શન–ચરિત્ર—૬૯

સુદર્શન મુનિને વિચલિત કરવાનો જેણે પ્રયત્ન કર્યો હતો તે હરિણી વેશ્યા પણ સુધરી ગઈ અને પંડિતાને કહેવા લાગી કે, હું મુનિથી હારી ગઈ. જો હું મુનિદ્વારા પરાજિત થઈ ન હોત અને મારો વિચાર બદલ્યો ન હોત, તો ન જાણે મારી કેવી ગતિ થાત! એ તો બહુ સારું થયું કે, તેં મને મુનિને વિચલિત કરવાનું કહ્યું અને મેં મુનિને વિચલિત કરવાનો પ્રયત્ન કર્યો. મેં મુનિને વિચલિત કરવાનો પ્રયત્ન કર્યો, પણ તે મુનિ પારસમણિની સમાન હોવાથી લોઢા જેવી મને પણ તેમણે સોનાની માફક પવિત્ર બનાવી દીધી. હવે તો હું એ મુનિની શિષ્યા બની ગઈ છું. એટલા માટે જે માર્ગ તેમનો છે તે જ માર્ગ મારો પણ છે.

હરિણીનો પહેરવેશ તો હજી વેશ્યાના જેવો જ છે પણ તેની ભાવના બદલી ગઈ છે એટલા માટે તે પોતાને માટે એમ કહે છે કે હવે હું મુનિની શિષ્યા બની ગઈ છું.

હરિણીનું આ કથન સાંભળી પંડિતા તેને કહેવા લાગી કે, તમે આ શું કહી રહ્યા છો? તમારા પૂર્વ પરિચિત પુરુષો જ્યારે અહીં આવશે અને અનેક પ્રકારનાં પ્રલોભનો આપી તમને કામવાસનાની પૂર્તિનું સાધન બનાવવા ચાહશે ત્યારે તમે શું કરશો તેનો વિચાર કરો!

પંડિતાના આ કથનના ઉત્તરમાં હરિણીએ કહ્યું કે, હવે હું જાગ્રત છું. હવે હું દ્રષ્ટા છું, દશ્ય રહી નથી. એટલા માટે હવે હું એ લોકોના વિષયભોગનું સાધન બની શકું એમ નથી. હવે મારો આ શ્રૃંગાર અને આ કપડાં નહિ રહે પરંતુ કેવલ લજ્જાની રક્ષા માટે આ શરીર ઉપર કપડાં રહેશે અને ભોજન પણ શરીરની રક્ષા માટે જ હશે, રસાસ્વાદ માટે નહિ. આ શરીરની સહાયતા જ્યાંસુધી આવશ્યક છે ત્યાંસુધી તેને રાખી શકું છું, નહિ તો તેનો પણ ત્યાગ કરી શકું છું. મારા માટે હવેથી લજ્જા ઢાંકવા માટે વસ્ત્ર અને શરીર ટકાવવા માટે ભોજન સિવાય બીજું ખાવું-પહેરવું હરામ છે. હવેથી હું સોના-હીરાનો આ શ્રૃંગાર પણ પહેરીશ નહિ. મુનિએ મને જુદા જ પ્રકારનો શ્રૃંગાર પહેરાવી દીધો છે.

પંડિતા હરિણીનું કથન સાંભળી કહેવા લાગી કે, જેની મેં દલાલી કરી હતી તે વેશ્યા પણ સુધરી ગઈ તો પછી હવે હું પણ સુધર્યા વિના કેમ રહી શકું? તે હરિણીને કહેવા લાગી કે, હવે તમારો માર્ગ એ જ મારો માર્ગ છે. તમે મારા માટે આદર્શ-અરીસાની સમાન છો; એટલા માટે તમે જે કરશો તે હું પણ કરીશ.

આ પ્રમાણે હરિણીની સાથે જ પંડિતા પણ પૂરી પંડિતા બની ગઈ. જે લોકો મુનિની સાથે દ્રોહ કરનારા હતા, તે લોકો પણ સુધરી જઈ કલ્યાણના માર્ગે ચડી ગયા અને વહેલા કે મોડા મોક્ષે જશે તો પછી જે લોકો મુનિની સાથે પ્રીતિ રાખતા હતા તે મનોરમા વગેરે પણ આત્મકલ્યાણ સાધી મોક્ષે કેમ નહિ જાય?

આ પ્રમાણે તે બધા લોકોએ આત્માનું કલ્યાણ કર્યું પણ તમે તમારા વિષે વિચારો કે તમે શું કરો છો? તમે સંસાર-સંબંધમાં બદ્ધ થએલા છો અને જો સ્વ-સ્ત્રીનો ત્યાગ કરી શકતા ન હો તો પણ જો પરસ્ત્રીનો ત્યાગ કરો તો પણ તેમાં કલ્યાણ છે. મહાત્મા સુદર્શનનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખી આગળ વધતા જાઓ તો તમે પણ તમારા આત્માનું કલ્યાણ કરી શકશો.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૧ રવિવાર

### પ્રાર્થના

આજ મ્હારા સંભવ જિનકે, હિતચિતસું ગુણ ગાસ્યાં;
મધુર મધુર સ્વર રાગ અલાપી, ગહરે શબ્દ ગુંજાસ્યાં. ॥ ૧ ॥

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** સંભવનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભગવાન સંભવનાથની પ્રાર્થનાદ્વારા આત્માને શું વિશેષ લાભની પ્રાપ્તિ થાય છે એ વાત આ પ્રાર્થનામાં બતાવવામાં આવી છે.

લક્ષ્યબિંદુ દષ્ટિ સમક્ષ રાખીને જ પ્રત્યેક કાર્ય કરવું જોઈએ. લક્ષ્યનો નિર્ધાર કર્યા વિના અર્થાત્ અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલું કોઈ પણ કાર્ય લાભપ્રદ નીવડતું નથી. લક્ષ્યપૂર્વક કાર્ય કરવું એ જ ન્યાયમાર્ગ છે. ભગવાન સંભવનાથની પ્રાર્થના વિષે પણ એ જોવું આવશ્યક છે કે, પ્રાર્થનાદ્વારા આત્માને કયા વિશેષ લાભની પ્રાપ્તિ થાય છે!

જ્ઞાનીજનોનું કથન છે કે, પરમાત્માની પ્રાર્થના આત્માને પરમાત્માની સાથે સંલગ્ન કરી—એકતાર કરી—કરવી જોઈએ અને પરમાત્માનાં ગુણોને હૃદયમાં ઉતારવાં જોઈએ. આ રીતે પ્રાર્થના કરવામાં બાલજીવોનો પણ સમાવેશ થઈ શકે છે. પરંતુ હમેશાં બાલબુદ્ધિથી જ પ્રાર્થના કરતાં રહેવું ન જોઈએ. જેમ જેમ બુદ્ધિનો વિકાસ થતો જાય તેમ તેમ તત્ત્વો ઉપર પણ વિચાર કરવો જોઈએ. બુદ્ધિના વિકાસની સાથે જ તાત્ત્વિક વિકાસ પણ કરવો જોઈએ. અને તાત્ત્વિક વિકાસની સાથે પરમાત્માની પ્રાર્થના કરવી જોઈએ. હમેશાં બાળક જ બન્યા રહેવું ન જોઈએ. જ્ઞાનીઓનું એવું કથન છે કે, બાળજીવો માટે પ્રાર્થના એ જ આગળ વધવાનો માર્ગ છે, પરંતુ બુદ્ધિના વિકાસની સાથે જ પ્રાર્થનાનો વિકાસ કરવો જોઈએ અને આગળ વધવું જોઈએ. આ કથનાનુસાર ભગવાન સંભવનાથની પ્રાર્થના પણ તાત્ત્વિક વિચારની સાથે કરવી જોઈએ. આ પ્રાર્થનામાં કહ્યું છે કેઃ—

આજ મારા સંભવ જિન કે, હિતચિત્તસે ગુણ ગાસ્યાં.

અર્થાત્—આજે હું ભગવાન સંભવનાથની પ્રાર્થનામાં ચિત્ત લગાડી અને તેમાં મારું હિત માની પ્રાર્થના કરીશ. ઉપલક દષ્ટિએ જોવામાં આવે તો આ એક સાધારણ પ્રતિજ્ઞા છે અને બીજી દષ્ટિએ જોવામાં આવે તો તે ઉપદેશ પણ છે. આપણે જો આ પ્રાર્થનાને પ્રતિજ્ઞારૂપ સમજતા હોઈએ તો આ પ્રતિજ્ઞાને પૂરી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને જો તેને ઉપદેશરૂપ માનતા હોઈએ તો આ ઉપદેશને હૃદયમાં ઉતારવો જોઈએ.

જ્ઞાનીઓએ ભગવાન સંભવનાથના ચરિત્ર ઉપર ઘણો પ્રકાશ પાડ્યો છે. જ્ઞાન અને ક્રિયામાં સમર્થ એવા જ્ઞાનીઓએ ભગવાનનાં ગુણો ઉપર પ્રકાશ પાડી તે ગુણોને પોતાના જીવનમાં સ્થાન આપ્યું છે. તેઓએ ભગવાન સંભવનાથનાં ગુણો ઉપર કેવી રીતે પ્રકાશ પાડ્યો

છે એ બધાનું વર્ણન કરવાને માટે તો હું સમર્થ નથી પણ ભગવાન સંભવનાથનું નામ સંભવનાથ કેમ પડયું એ વિષે બરાબર વિચાર કરવામાં આવે તો એ વિચાર સંસારવ્યવહારને માટે અને આત્મકલ્યાણને માટે પણ લાભપ્રદ નીવડી શકે એમ છે.

ભગવાન સંભવનાથનું નામ સંભવનાથ કેમ પડયું એને માટે એમ કહેવામાં આવે છે કે, જે સમયે ભગવાન સંભવનાથ ગર્ભમાં આવ્યા તે પહેલાં દેશમાં મહાન્ દુષ્કાળ પડયો હતો. દુષ્કાળના સમયે સંસારમાં કેવી વિષમતા ફેલાવા પામે છે અને લોકોની સ્થિતિ કેવી કઢંગી બની જાય છે એ વાત કહી કહેવાય એવી નથી! દુકાળના વખતે માતા પણ પોતાનાં સંતાનોને ભૂલી જાય છે એટલું જ નહિ પણ પોતાનાં સંતાનોને પણ મારી ખાઈ જાય છે. આથી વિશેષ વિષમતા અને લોકોની ભયંકર સ્થિતિ બીજી કેવી હોય! દુષ્કાળના આવા મુશ્કેલના સમયે લોકોને ધર્મનો ઉપદેશ આપવામાં આવે કે પરમાત્માનું ભજન કરવાનું કહેવામાં આવે તો સાધારણ લોકોને તે બહુ જ મુશ્કેલ જણાય છે. એવા સમયે તો લોકોને સુધબુધ જ ઠેકાણે રહેતી નથી તો પછી પરમાત્માનું ભજન તો કેવી રીતે કરી શકે?

ભગવાન સંભવનાથ જ્યારે ગર્ભમાં આવ્યા તે વખતે દુષ્કાળને કારણે દેશની દશા એવી જ વિષમ અને ભયંકર થઈ રહી હતી; પણ ભગવાન જેવા ગર્ભમાં આવ્યા તેવો જ દુર્ભિક્ષને બદલે સુભિક્ષ થઈ ગયો. જ્યાં અન્નોત્પત્તિની જરાપણ સંભાવના ન હતી ત્યાં પણ અન્નોત્પત્તિનો સંભવ થયો અને અન્ન પણ ખૂબ પેદા થયું.

માતાના ગર્ભમાં જ્યારે એક મહાત્મા આવે છે તે વખતમાં અને જ્યારે એક પાપી આવે છે તે વખતમાં કેટલું બધું અંતર હોય છે એ વાત બધા લોકો સારી રીતે જાણે છે. એક ધર્માત્માનો જન્મ થવાથી બધી જગ્યાએ આનંદ પ્રવત છે અને એક પાપીના જન્મવાથી બધી જગ્યાએ દુઃખ પ્રવર્તે છે.

રાજા વિચારવા લાગ્યા કે, 'મારા રાજ્યમાં દુર્ભિક્ષને બદલે સુભિક્ષ થઈ ગયો એ બધો ગર્ભસ્થિત મહાપુરુષનો જ પ્રતાપ છે. આ પ્રમાણે વિચાર કરી તે મહારાણીને કહેવા લાગ્યા કે, "હે! મહારાણી! આપણા રાજ્યમાં કેવો દુષ્કાળ હતો! અને એ દુષ્કાળને કારણે રાજ્યમાં કેવો હાહાકાર મચી ગયો હતો. આ દુર્ભિક્ષને કારણે જે થયું તે તો થયું પણ મને એથી એટલું તો જણાયું કે, આ રાજ્ય મારું નથી પરંતુ મેઘરાજાનું છે. જો મેઘરાજા ન પધારે તો કેટલી મુશ્કેલી ઊભી થાય! આ મુશ્કેલીની કલ્પના કરતાં જ મારું અભિમાન ગળી જાય છે. આપણા રાજ્યમાં દુર્ભિક્ષને કારણે મહાન્ હાહાકાર મચી રહ્યો હતો, પરંતુ હવે બધી જગ્યાએ સુભિક્ષ થઈ ગયો છે અને જ્યાં અન્ન ઉત્પન્ન થવાની જરાપણ સંભાવના ન હતી ત્યાં પણ અન્ન પેદા થયું છે! કોઈ મારા પ્રતાપથી આ બધું થયું એમ કહે તો તે વાત ખોટી છે. આ તો કોઈ અલૌકિક શક્તિનો જ પ્રતાપ છે અને મારી સમજમાં તો આ બધો તારો જ પ્રતાપ છે."

રાણી હસી પડી. રાણીને હસતી જોઈ રાજા કહેવા લાગ્યો કે, તારા હસવા ઉપરથી તો એમ જણાય છે, કે તું આ વિષે કાંઈ નવો જ પ્રકાશ પાડવા ચાહે છે! તારી બુદ્ધિ અને શક્તિ કાંઈ ઓછી નથી. એટલા માટે તું શું કહેવા ચાહે છે તે ખુશીથી કહે. માતૃશક્તિ પ્રબળ હોય છે. માતૃશક્તિની આગળ પિતૃશક્તિ તુચ્છ છે. ગ્રન્થોમાં માતાની શક્તિનું ઘણું જ વર્ણન મળે છે. એટલા માટે હે! રાણી! તું જે કહેવા ચાહે છે તે ખુશીથી કહે.

રાણી કહેવા લાગી કે, "હે ! પ્રભો ! જ્યારે મારા પેટમાં ગર્ભ આવ્યો ત્યારે મારા જોવામાં ચૌદ મહાસ્વપ્નો આવ્યાં. વળી ગર્ભના પ્રતાપથી મારામાં ઘણી જ સારી ભાવનાઓ પેદા થવા લાગી છે. જે પ્રમાણે કાચની હાંડીમાં દીપક જ્યાંસુધી કરવામાં આવતો નથી ત્યાંસુધી તે કાચની હાંડી પ્રકાશિત થતી નથી તે જ પ્રમાણે ગર્ભની શક્તિ જ મારામાં આવી છે અને તેથી જ મારામાં ઉત્તમોત્તમ શુભ ભાવનાઓ પેદા થવા લાગી છે. હું તો આપની સેવિકા અને ધર્મસહાયિકા છું. એટલા માટે આપની અને ગર્ભની શક્તિના પ્રતાપથી જ દુર્ભિક્ષ મટી સુભિક્ષ થયો છે અને જ્યાં જરાપણ અન્નોત્પત્તિની સંભાવના ન હતી ત્યાં અન્ન પેદા થયું છે."

રાણીની વાત સાંભળી રાજાએ કહ્યું કે, વાસ્તવમાં તમારા ગર્ભમાં રહેલા મહાપુરુષની શક્તિનો જ આ બધો પ્રતાપ છે. એટલા માટે હું એ મહાપુરુષનો જન્મ થયે તેમનું નામ સંભવનાથ જ પાડીશ.

ભગવાન સંભવનાથનું નામ સંભવનાથ કેમ પાડવામાં આવ્યું એ વાતની ચર્ચા આવશ્યક ભાષ્યમાં કરવામાં આવી છે. તમે લોકો લોગસ્સનો પાઠ બોલો છો તેમાં પણ ભગવાન સંભવનાથનું નામ આવે છે અને ત્યાં પણ આ જ અર્થ બતાવવામાં આવ્યો છે.

ભગવાન સંભવનાથનું નામ સંભવનાથ પાડવાનું બીજું કોઈ કારણ પણ હશે પણ અન્નોત્પત્તિનો સંભવ થવો એ મુખ્ય કારણ છે. અન્નનું ઘણું જ મહત્ત્વ છે. હીરા–મોતીથી પણ અન્નની કીંમત વધારે છે. **अद् भक्षणे** એ ધાતુ ઉપરથી 'અન્ન' શબ્દ બન્યો છે; અને **अन् प्राणने** એ ધાતુ ઉપરથી 'પ્રાણ' શબ્દ બન્યો છે. અન્ન અને પ્રાણનો પારસ્પરિક ઘનિષ્ટ સંબંધ છે. હીરા–મોતી વિના તો પ્રાણ ટકી શકે છે પણ અન્ન વિના પ્રાણ ટકી શકતા નથી. એટલા જ માટે ભગવાને જે નવ પ્રકારનું પુણ્ય બતાવેલ છે તેમાં અન્નપુણ્યને પ્રથમ સ્થાન આપેલ છે.

અન્ન વિના કેવી ભયંકર સ્થિતિ થાય છે એનું કેટલુંક વર્ણન પટ્ટાવલીમાં પણ મળે છે. તેમાં લખ્યું છે કે, પિતાએ પોતાની પુત્રીને સોનામહોરની ટોપલીના બદલામાં પણ અન્નની ટોપલી આપી નહિ. આ પ્રકારની વિષમ પરિસ્થિતિમાં ધર્મની પણ કેવી દશા થઈ હશે તે કોણ કહી શકે? આવા સમયમાં ધર્મ કોણ કહે અને કોણ સાંભળે. એટલા જ માટે પ્રાર્થના કરતાં તુલસીદાસજીએ કહ્યું છે કે:—

તુલસી તબહિં જાનિયો, રામ ગરીબનિવાજ;
મોતીકણ મહંગા કિયા, સસ્તા કિયા અનાજ.

લોકો કહે છે કે, અન્નમાં શું છે? પણ જો મોતીની માફક અન્ન પણ મોઘું હોત તો લોકોની દશા કેવી હોત? અને કદાચિત્ મોતીનો ભાવ આજે જે છે તેથી પણ વધારે મોંઘો હોત તો લોકોને શું હાનિ થાત? પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ કહ્યા કરતા કે, જ્યારે અન્ન સસ્તું હોય અને સોના–ચાંદી વગેરે મોંઘું હોય ત્યારે તે જમાનો પુણ્યનો માનવામાં આવે છે અને જ્યારે અન્ન મોઘું હોય અને સોના–ચાંદી સસ્તા હોય ત્યારે તે જમાનો પાપનો માનવામાં આવે છે. આ પ્રમાણે અન્ન મોતીઓથી વધારે મોંઘું છે. છતાં અન્નની કીંમત જો મોતીની માફક મોંઘી હોત તો દુનિયામાં હાહાકાર મચી જાત. એટલા માટે અન્ન સસ્તું હોય એ જ જમાનો સારો માનવામાં આવે છે, ઇતિહાસ કહે છે કે, ભારતમાં એક સમયે એક રૂપિયાના

આઠ મણ ચોખા અને એક રૂપિયાનું ત્રીશ શેર ઘી મળતું હતું. તે જમાનો કેવો સારો હશે ! તે જમાનામાં આજની માફક વીજળી, રેડિયો, સાઈકલ, મોટર વગેરે ન હતાં છતાં તે જમાનાના લોકો કેવાં સુખી હશે અને તેમનામાં કેવી શક્તિ હશે એ કોણ કહી શકે ?

આજે લોકો કહે છે કે, જમાનો સુધરી રહ્યો છે પણ જમાનો સુધરી રહ્યો છે કે બગડી રહ્યો છે એનો નિર્ણય કોણ કરે ?

કહેવાનો આશય એ છે કે, અન્ન વિના જીવન નભી શકતું નથી. ભગવાન સંભવનાથ જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે અન્નનો સંભવ થવાને કારણે જ તેમનું નામ સંભવનાથ પડયું. જેટલા તીર્થંકરો થયા છે તે બધા દયાળુથી પણ વધારે દયાળુ થયા છે. બધાએ દીક્ષા લીધા પહેલાં એક વર્ષ સુધી હમેશાં ૧૦૮ લાખ સોનામહોરોનું દાન આપ્યું છે અને એ પ્રમાણે પૃથ્વીને સ્વર્ણમયી બનાવ્યા બાદ દીક્ષા લીધી છે. જાણે ભગવાને આ કાર્ય એટલા જ માટે કર્યું ન હોય કે ભવિષ્યની જનતા દયા-દાનમાં પાપ માનવા ન લાગે. આમ હોવા છતાં જો કોઈ માણસ દયા-દાનમાં પાપ માને તો એ તેના મોહનો જ પ્રતાપ છે એમ સમજવું જોઈએ.

ભગવાને દીક્ષા લીધા પહેલાં તો સોનામહોરોનું દાન આપ્યું અને દીક્ષા લીધા બાદ કેવલજ્ઞાન પ્રાપ્ત કરી જનતાને કેવલજ્ઞાનના પ્રકાશનું દાન આપ્યું. તેઓએ જનતાને સદ્બોધ આપ્યો છે કે, "હે ! સંસારના જીવો ! સામાન્ય દુષ્કાળ પડવાને કારણે જ તમારી સ્થિતિ કેવી બની જાય છે તેનો વિચાર કરો કે તમારે આવાં કષ્ટો કેટલીવાર ભોગવવાં પડયાં છે ! તમારે ભવિષ્યમાં આવાં કષ્ટો સહન કરવાં ન પડે એ વાત તમારા હાથમાં જ છે."

આ ઉપદેશ ભગવાન સંભવનાથે આપ્યો છે અને આવો જ ઉપદેશ બધા તીર્થંકરોએ આપ્યો છે. ઉપદેશ તો તે જ હોય છે પણ પાત્રનો ભેદ અવશ્ય હોય છે. એક જ કુવાનું પાણી કાંદાના કયારામાં જઈ કાંદાના રસરૂપે પરિણમે છે અને શેરડીના કયારામાં જઈ શેરડીના રસરૂપે પરિણમે છે. આ જ પ્રમાણે તે પાણી ગુલાબના કયારામાં જઈ ગુલાબરૂપે પરિણમે છે. પાણી તો તે જ છે પણ ઉપાદાનના ભેદને કારણે તેમાં પણ ભેદ પડી જાય છે. કુંભારને ત્યાં એક જ ખાડાની માટી આવે છે પણ તે જ માટીનાં જુદા જુદા પ્રકારનાં વાસણો બને છે. ઉપાદાન માટી તો એક જ પ્રકારની છે પરંતુ નિમિત્ત અને કર્તાના ભેદને કારણે તેનાં વાસણોમાં પણ ભેદ પડી જાય છે. આ પ્રમાણે કોઈવાર તો ઉપાદાનના ભેદથી પણ ભેદ પડી જાય છે અને કોઈવાર કર્તા કે નિમિત્તના ભેદથી ભેદ પડી જાય છે. એટલા માટે કેવલ ઉપાદાનને જ ન જોતાં નિમિત્તને પણ સાથે જોવાની જરૂર રહે છે. જૈનદર્શનનું આ જ રહસ્ય છે. કેવલ એક જ વાતને પકડી બેસવું અને બીજી વાતને ભૂલી જવું એ જૈનદર્શનના રહસ્યને ન જાણવાનું અજ્ઞાનપણું બતાવે છે.

## અનાથી મુનિનો અધિકાર—૭૦

મતલબ કે, ઉપદેશ તો એ જ હોય છે પરંતુ પાત્રાનુસાર ઉપદેશ લાભ કરનારો હોય છે. અનાથી મુનિની સામે શ્રેણિક રાજા ઉપદેશને પાત્ર હતો; એટલા માટે મુનિનો ઉપદેશ સાંભળી તેનો જીવનપલટો થઈ ગયો. રાજા શ્રેણિક પહેલાં તો એમ કહેતો હતો કે, આ આવા સ્વરૂપવાન્, સ્વસ્થ અને ભરયુવાનીમાં હોવા છતાં મુનિ કેમ થયા ? ભોગોનો ઉપભોગ કેમ

કરતા નથી ? પરંતુ મુનિનો ઉપદેશ સાંભળી જ્યારે તેના હૃદયનો પલટો થઈ ગયો ત્યારે તે કહેવા લાગ્યો કેઃ—

**तुब्भे सुलद्धं खु मणुस्सजम्मं, लाभा सुलद्धा य तुमे महेसी ।**
**तुब्भे सणाहा य सबन्धवा य, जं मे ठिया मग्गे जिणुत्तमाणं ॥ ५५ ॥**

રાજા શ્રેણિક, અનાથી મુનિને તેમની દ્વારા પ્રાપ્ત વસ્તુ કેવી રીતે ભેટ ધરે છે એ જુઓ. જે પ્રમાણે કોઈ રાજાએ કોઈ માણસને એક બાગ ભેટમાં આપ્યો. રાજાદ્વારા બાગને ભેટ પામનાર માણસ જો કૃતજ્ઞ હશે તો તે બાગમાં પેદા થતાં ફળફુલને રાજાને ભેટ આપ્યા વગર રહેશે નહિ. આ જ પ્રમાણે ઉપદેશનો પાત્ર જો કૃતજ્ઞ હશે તો તે બોધરૂપી બાગનાં ફળફુલો બોધ આપનાર ગુરુને જે પ્રમાણે રાજા શ્રેણિક અનાથી મુનિને સ્તુતિદ્વારા ભેટ ધરે છે તેમ ભેટ આપ્યા વગર રહેશે નહિ. આમ કરવું એ સુપાત્રનું લક્ષણ છે. ભગવાન મહાવીરે ગોશાલા તથા જમાલિને બોધ આપ્યો હતો. પણ તેઓ કેવા નીવડયા ? આ પ્રમાણે ઉપદેશ તો એક જ પ્રકારનો હોય છે પણ પાત્ર પોતાની યોગ્યતાનુસાર તેને ગ્રહણ કરે છે.

રાજા શ્રેણિક અનાથી મુનિને કહે છે કે, હે ! મુનિ ! આપનો ઉપદેશ સાંભળી મને એ ખાત્રી થઈ છે કે, સુંદર મનુષ્યજન્મ તો તમને જ મળ્યો છે અને તમે જ મનુષ્યજન્મનો લાભ મેળવ્યો છે !

મનુષ્યજન્મ કોનો સુંદર માનવો એ વાતને વ્યવહારદૃષ્ટિએ જુઓ તો પછી નિશ્ચયની-દૃષ્ટિએ પણ તેનો વિચાર કરી શકશો. માનો કે, એક માણસ દેખાવમાં તો સુંદર છે પણ તે બેઠો બેઠો એવું કાર્ય કરે છે અથવા એવું લખે છે કે જેથી તેના ઉપર અભિયોગ કરવામાં આવે છે અને તે પોતે તેમાં ફસાય છે. બીજો માણસ દેખાવમાં તો કુરૂપ છે પણ તે એવું કાર્ય કરે છે અથવા એવું લખે છે કે જેથી તેના ઉપરનો અભિયોગ મટાડી દે છે. તમે આ બન્ને માણસમાંથી કોને સારો કહેશો ? કોને સુંદર માનશો ? આ પ્રશ્નના જવાબમાં તમે એમ જ કહેશો કે, જે દેખાવમાં સારો નથી પરંતુ કાર્ય સારું કરે છે તેનો જ મનુષ્ય-જન્મ સફળ છે.

આ જ વાતને નિશ્ચયને વિષે પણ સમજો. આ જ વાતને દૃષ્ટિમાં રાખી રાજા શ્રેણિક અનાથી મુનિને કહી રહ્યા છે કે, હે ! મુનિ ! આપે જ સુંદર મનુષ્યજન્મને પ્રાપ્ત કર્યો છે અને આપે જ સુંદર મનુષ્યજન્મનો લાભ મેળવ્યો છે.

જે માણસ પોતાનો લાભ કરે છે તે જ માણસ બીજાને પણ લાભ પહોંચાડી શકે છે અને જે પોતાનું અહિત કરે છે તે બીજાઓનું પણ અહિત કરે છે. જે બીજાઓનું કલ્યાણ કરવામાં સંલગ્ન રહે છે, તેના પ્રયત્નથી બીજાનું કલ્યાણ થાય કે ન થાય પરંતુ તેનું પોતાનું તો કલ્યાણ અવશ્ય થાય જ છે.

રાજા શ્રેણિકે પહેલાં કહ્યું હતું કે, આપ આ મનુષ્યજન્મનો સાધુજીવનમાં ઉપયોગ કરી હીરાને પત્થરના બદલામાં આપવા જેવું કાર્ય કરી રહ્યા છો; પણ જ્યારે તે મુનિના ઉપ-દેશથી સદ્બોધ પામ્યો ત્યારે તે જ રાજા શ્રેણિક કહેવા લાગ્યો કે, આપનો મનુષ્યજન્મ સુંદર છે અને આપ જ મનુષ્યજન્મનો ખરો લાભ લઈ રહ્યા છો !

રાજા શ્રેણિકની માફક તમે લોકો પણ આ ધર્મકથા સાંભળી હવે સારાં ખાન-પાનમાં જ મનુષ્યજન્મને સફળ ન માનો પરંતુ તેનો સુલાભ લો. તમે તમારા જીવનને બીજાઓનું કલ્યાણ કરવામાં લગાવી દો. તે વખતે તમે જ માનતા થશો કે, અમારું મનુષ્ય જીવન હવે સુંદર અને સફળ છે. આ પ્રમાણે તમે મનુષ્યજીવનની કીંમત સમજો અને કૃતજ્ઞ બનો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૩ મંગળવાર

### પ્રાર્થના

**શ્રી અભિનંદન દુઃખનિકન્દન, વંદન પૂજન જોગજી;**
**આશા પૂરો ચિંતા ચૂરો, આપો સુખ આરોગજી. ॥૧॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** અભિનંદન ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પ્રાર્થનામાં બતાવેલ ભાવ તો સ્પષ્ટ છે છતાં તે વિષે થોડું કહેવાનું હોવાથી કહું છું.

આ પ્રાર્થનામાં આશા પૂરી કરવાની પ્રાર્થના કરવામાં આવી છે પરંતુ ભગવાનની પાસે કઈ આશા પૂરી કરાવવાની છે એ વાતનો સર્વપ્રથમ નિર્ણય કરવો જોઈએ. 'આશા પૂરી કરો' એ વાત સાધારણ રીતે સરળ અને સ્પષ્ટ જણાય છે, પરંતુ સાંસારિક લોકોની સાંસારિક કામના વધી ગઈ હોવાને કારણે કઈ આશાની પૂર્તિ કરાવવી એ વાતનો નિર્ણય કરવો મુશ્કેલ થઈ રહ્યો છે; પણ મારો આત્મા એમ કહી રહ્યો છે કે, પરમાત્માની પાસે સરળ અને મધુર આશા પૂરી કરાવવી જોઈએ.

મધુર આશા કોને કહેવી એ પણ એક પ્રશ્ન છે. સંસારમાં જે લોકો મોટા ગણાય છે તે લોકો મોટી વસ્તુઓને જ મધુર માને છે; પણ જ્ઞાનીજનો કહે છે કે, તે લોકો જે વસ્તુને મધુર માને છે, વાસ્તવમાં તે વસ્તુ મધુર નથી. ઉદાહરણ તરીકે, કોઈ કહેવાતો મોટો માણસ સો સો રૂપિયાનો એક એક કોળીયો ખાય અને તેને મધુર માને, પણ જ્ઞાનીજનો કહે છે કે, તે મધુર નહિ પણ વિષ છે. મધુર તો તે છે કે જેદ્વારા બધાનું પોષણ થઈ શકે. જેદ્વારા જીવન નભી શકે તે મધુર છે; બાકી તો બધો વિકાર છે. કોઈ તરસ્યા માણસને મોંઘું શરબત પણ પીવડાવવામાં આવે છે પણ વિવેકીજનો કહે છે કે, તે મધુર નથી. મધુર તો પાણી જ છે. આ જ પ્રમાણે જે ભૂખ મટાડે છે તે અન્ન મધુર છે. જે લજ્જાની રક્ષા કરે છે તે વસ્ત્ર મધુર છે. વસ્ત્રો લજ્જાની રક્ષા માટે જ પહેરવામાં આવે છે. એટલા માટે જે લજ્જાની રક્ષા કરે તે જ વસ્ત્ર મધુર છે. બાકી ફેશનેબલ અને ઝીણાં વસ્ત્રો કે જે લજ્જાની રક્ષા કરી શકતાં નથી તે વસ્ત્રો મધુર નથી, પણ વિષ છે.

કહેવાતા મોટા માણસો સાદી વસ્તુને મધુર ન માનતાં મોંઘી ચીજને મધુર માને છે અને એ જ કારણે તેઓએ સંસારને વધારે મુશ્કેલીમાં મૂકી દીધો છે. પરંતુ વિવેકીજનો કહે

છે કે, જે ચીજદ્વારા સાધારણ રીતે બધાનું પોષણ થતું હોય તે જ ચીજ મધુર છે, અને એવી મધુર ચીજની પ્રાપ્તિ માટે જ પરમાત્માની પ્રાર્થના કરવી જોઈએ. મોંઘી ચીજને મધુર માની તેની પ્રાપ્તિ માટે પરમાત્માની પ્રાર્થના કરવી એ તો સંસારને વધારે મુશ્કેલીમાં ઉતારવા જેવું છે. જેમકે, કોઈ માણસ મહાન્ ઋદ્ધિને મધુર માની, તેની પ્રાપ્તિ માટે તે પરમાત્માની પ્રાર્થના કરે છે, પરંતુ તે મહાન્ ઋદ્ધિ મધુર નથી, કારણ કે તે મહાન્ ઋદ્ધિની પ્રાપ્તિમાં અનેક જણાને દબાવવું પડશે. અનેક જણાની ઋદ્ધિ છીનવી લેવાથી જ મહાન્ ઋદ્ધિની પ્રાપ્તિ થઈ શકે છે અને એમ કરવા જતાં અનેક જણને કષ્ટમાં ઉતારવા પડે છે. એટલા માટે મોંઘી ચીજ મધુર નથી અને એવી ચીજની પ્રાપ્તિ માટે પરમાત્માની પ્રાર્થના પણ કરવી ન જોઈએ. આ સિવાય જે વસ્તુમાં જે ગુણ છે તે ગુણ જ મધુરતા છે. જેમકે કોઈ માણસ પાણી પાસેથી ગરમીની આશા રાખે તો પાણી ગરમી ક્યાંથી આપી શકે ? પાણીનો ગુણ તો શીતળતા આપવાનો છે. જે પ્રમાણે પાણીનો ગુણ શીતળતા છે તે જ પ્રમાણે ભગવાનનો ગુણ વીતરાગતા છે. એટલા માટે પરમાત્માની પાસે કઈ વસ્તુની આશા કરવી જોઈએ એનો વિચાર કરો. આને માટે આ જ પ્રાર્થનામાં કહ્યું છે કે:—

જબલગ આવાગમન ન છૂટે, તબલગ યહ અરદાસજી;
સંપત્તિ સહિત જ્ઞાન સમકિત ગુણ, પાઉં દૃઢ વિશ્વાસજી.

હે ! પ્રભો ! બીજા લોકો બીજી કોઈ આશા તો કદાચ પૂરી પણ કરી શકે પરંતુ હું જે તારી પાસેથી આશા કરું છે તે આશા બીજા લોકો પૂરી કરી શકે એમ નથી. જે આશા બીજા લોકો પૂરી કરી શકે એમ નથી તે આશા તું પૂરી કર. મારામાં એ ગુણ પ્રગટાવ કે જેથી મારામાં જ્ઞાન-દર્શન આદિ ગુણો ટકી શકે ! મને એવા ગુણની પ્રાપ્તિ થાય એ જ મારી આંતરિક આશા છે.

આ પ્રકારની આશાએ પરમાત્માની પ્રાર્થના કરવાથી ભલે પ્રાર્થીને મોક્ષની પ્રાપ્તિ વહેલી થાય કે મોડી થાય, પણ જો સંસારમાં રહેવું પડે તો તે જરૂર શાન્તિ અને આનંદપૂર્વક જ રહેશે.

હવે આપણે એ જોઈએ કે, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ શ્રદ્ધા શું છે? આ વિષે હું એટલું જ કહું છું કે, વીતરાગની પ્રાર્થના કરવાથી જે જ્ઞાનપ્રાપ્તિ થશે તે જ્ઞાન સમ્યક્ જ હશે અને જે શ્રદ્ધા હશે તે સમ્યક્ શ્રદ્ધા જ હશે. કોઈ સારા ડૉક્ટરે આપેલી દવા સારી જ માનવામાં આવે છે, ખરાબ માનવામાં આવતી નથી. તે જ પ્રમાણે વીતરાગ ભગવાનદ્વારા મળેલું જ્ઞાન પણ સમ્યક્ જ હશે; અને જે વસ્તુની પ્રાપ્તિ થશે તે પણ કલ્યાણકારી અને સમ્યક્ જ હશે. આ કથનદ્વારા હું જ્ઞાનનો નિષેધ કરતો નથી પણ જ્ઞાનને પ્રાપ્ત કરીને પણ પરમાત્માની પાસે મધુર આશા જ રાખવી જોઈએ. તમને આ અવસર અપૂર્વ મળ્યો છે સાથે નિમિત્ત પણ સારું મળ્યું છે. જો તમે આ અપૂર્વ અવસરને ગુમાવી દીધો તો પછી પશ્ચાત્તાપ જ થશે.

તમારો આત્મા જે ઉપાદાન છે તે તો હંમેશાં રહેશે પણ નિમિત્ત મળ્યા વિના ઉપાદાન પણ એમ જ રહી જાય છે. આપણને અત્યારે વીતરાગ ભગવાનનું નિમિત્ત મળ્યું છે; એટલા માટે આ અવસરનો લાભ લઈ આત્માનું કલ્યાણ કરી લેવું જોઈએ. તમારી પાસે પાણી હોય અને છીપનું મુખ પણ ખુલેલું હોય તે વખતે કોઈ માણસ તમને એમ કહે કે, આવા

અવસરને શા માટે ગુમાવો છો ? પાણીને છીપમાં શા માટે રેડી દેતા નથી કે જેથી મોતી બની જાય ! આમ કોઈ કહે તો શું તમે આવા અવસરને ગુમાવો ખરા ! આ જ પ્રમાણે તમારી પાસે આજે જે શક્તિરૂપી પાણી છે તે પરમાત્મારૂપી છીપમાં રેડી દો. પોતાની શક્તિનો ઉપયોગ કરવાનું આ સારામાં સારું નિમિત્ત છે. જો આ અવસરનો લાભ અત્યારે ન લીધો તો પછી પશ્ચાત્તાપ કરવો જ બાકી રહેશે.

## અનાથી મુનિનો અધિકાર-૭૧

અનાથી મુનિ રાજા શ્રેણિકને આ જ વાત કહી રહ્યા છે. રાજા શ્રેણિકનું હૃદય અનાથી મુનિના ઉપદેશથી થોડા જ સમયમાં પલટાઈ ગયું. જ્ઞાની પુરુષનો સમાગમ થતાં આત્મા કેવી રીતે કેવો બની જાય છે એ વાત શ્રેણિક રાજાના ચરિત્ર ઉપરથી જુઓ. રાજા શ્રેણિકે સંસારમાં અનેક એવાં કામો પહેલાં કર્યાં હતાં કે જેને લીધે તેણે નરકનું કર્મ બાંધી લીધું હતું છતાં અનાથી મુનિના સમાગમથી તેણે તીર્થંકર ગોત્ર બાંધી લીધું. આ ઉપરથી તમારે એમ વિચારવું જોઈએ કે, પહેલાંનાં બાંધેલાં કર્મો તો ભોગવવાં જ પડશે, પરંતુ જે સદ્‌વસ્તુ અત્યારે મળી રહી છે તેને પ્રાપ્ત કરી ભવિષ્યને માટે આત્માનું કલ્યાણ કરવું જોઈએ. એમાં ઢીલ કરવી ન જોઈએ.

આ વીસમું અધ્યયન સાધુઓને લક્ષ્ય કરી કહેવામાં આવ્યું જ છે, પણ એ સાધુ-શ્રાવક બધાને માટે સમાન ઉપયોગી અને કલ્યાણકારી છે. આ અધ્યયનમાં એમ કહેવામાં નથી આવ્યું કે સાધુ થવાથી જ કલ્યાણ સાધી શકાય છે. આમાં તો સાધુઓને સાવધાન કરવામાં આવ્યા છે કે, તમે નાથ થઈને પણ થોડા પ્રલોભનમાં પડી જઈ અનાથ બની ન જાઓ. આ પ્રમાણે સાધુઓને સાવધાન કરવાની સાથે એવો અનુરોધ કરવામાં નથી આવ્યો કે, બધાએ મહાવ્રતોનો સ્વીકાર કરવો જ જોઈએ; પણ એમ કહ્યું છે કે, મહાવ્રતોનો સ્વીકાર થઈ ન શકે તો શ્રદ્ધા તો એવી જ રાખો કે, અમે મહાવ્રતોને પાળનારાઓના ઉપાસક છીએ.

હૃદયપલટો થયા બાદ રાજા શ્રેણિકે અનાથી મુનિને જે કાંઈ કહ્યું તે વાત ગણધરોએ સૂત્રરૂપે ગૂંથી આપણી સામે મૂકી આપણી ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. આ વાતને ધ્યાનમાં રાખી આપણે પણ વિચારવું જોઈએ કે સદ્‌બોધ આપનાર પ્રતિ કેવી રીતે કૃતજ્ઞ બનવું જોઈએ.

રાજા શ્રેણિક કહે છે કે, હે ! મુનિ ! આ શ્રેષ્ઠ મનુષ્યજન્મ તમને જ પ્રાપ્ત થયો છે અને તમે જ આ મનુષ્યજન્મને સફળ બનાવ્યો છે. આ કથન વિષે ટીકાકાર કહે છે કે, મુનિના શરીર ઉપર જે સુલક્ષણો હતાં તે સુલક્ષણો જોઈ રાજા વિચારતો હતો કે, આવાં સુલક્ષણોથી યુક્ત હોવા છતાં તે સાધુ શા માટે થયા !

આજે પણ કોઈના શરીરમાં સુલક્ષણો દેખાતાં હોય તો તે તેના ફળરૂપે એ જ જાણવા ચાહે છે કે, મને કેટલી સ્ત્રીઓ મળશે, પુત્રો કેટલાં થશે અને ધનસંપત્તિ કેટલી મળશે ! આ પ્રમાણે આજે ઘણા લોકો પણ સુલક્ષણોને આ જ દષ્ટિએ માને છે. મારા શરીરમાં આવાં સુલક્ષણો છે તો હું સંયમ ધારણ કરી શકીશ કે નહિ ! એવું તો કોઈક જ વિચારતો હશે. ગ્રન્થોમાં નાક, કાન વગેરેનાં બત્રીશ લક્ષણો બતાવવામાં આવ્યાં છે. આ સુલક્ષણો હોવાથી લોકો પોતાને ઘણી ઋદ્ધિ મળે એમ ચાહે છે. આ જ મોટી ભૂલ છે. સુલક્ષણોનો પણ કેવો દુરુપયોગ કરવામાં આવે છે અને તે દ્વારા પણ કેવી રીતે અકલ્યાણ પોતાના હાથે થાય

છે એ વાત બ્રહ્મદત્ત ચક્રવર્તીના ચરિત્ર ઉપરથી જુઓ. બ્રહ્મદત્ત ચક્રવર્તીના શરીરમાં ઘણાં સુંદર લક્ષણો હતાં અને એ સુંદર લક્ષણોને કારણે તે ચક્રવર્તી પણ થયો, પરંતુ તે જ સુલક્ષણોદ્વારા તેણે સાતમી નરકનું પાપ બાંધ્યું. આવી દશામાં તેનાં લક્ષણો કેવાં ઘાતક નીવડયાં?

માનો કે, એક માણસ સુલક્ષણવાળો છે પણ તે તમને તલવાર લઈ મારવા આવ્યો છે, તો એ વખતે તે માણસ તમને કેવો લાગશે? તમે એ માણસને માટે એમ જ કહેશો કે આ માણસ કેવો ખરાબ લક્ષણવાળો છે!

તમે તમારા માટે આ વાત જુઓ છો પણ આ જ વાત બીજાઓ માટે પણ જુઓ. જે પોતાના સ્વાર્થ માટે બીજા લોકોને કષ્ટ આપે છે તે માણસ ભલે સુલક્ષણવાળો પણ હોય છતાં તે સુલક્ષણવાળો મનાતો નથી. સુલક્ષણવાળો તો તે જ છે કે, જે કોઈને પણ કષ્ટ આપતો નથી પરંતુ બધા ઉપર કૃપાભાવ રાખે છે. આ જ કારણે રાજા શ્રેણિક અનાથી મુનિને માટે એમ કહે છે કે, આપનાં લક્ષણો જ સુલક્ષણો છે; બીજાઓ તો ખરાબ લક્ષણવાળા છે.

કોઈ સ્ત્રી એમ વિચારે કે મારા શરીરમાં આવાં સુલક્ષણો છે અને હું આવી સુંદરી છું. આ પ્રમાણે વિચાર કરનારી સ્ત્રીમાં જો શીલનું લક્ષણ હોય તો તો ઠીક છે, નહિ તો વેશ્યાનાં લક્ષણોને પણ સુંદર સુલક્ષણો કેમ માનવામાં નહિ આવે?

રાજા કહે છે કે, પહેલાં હું એમ કહેતો હતો કે, તમે આવાં સુલક્ષણોથી યુક્ત શરીરને સંયમમાં કેમ લગાડયું? આપે સંયમ શા માટે ધારણ કર્યો પણ હવે હું સમજી શકયો છું કે, આપે આ શરીરને સંયમમાં લગાડી વધારે સુંદર બનાવ્યું છે અને મનુષ્યજન્મને સફળ બનાવ્યું છે.

જે પ્રમાણે રાજા શ્રેણિક પહેલાં કહેતો હતો કે, 'આ ભરયુવાનીમાં તમે સંયમ શા માટે ધારણ કરો છો! તમે તો ભોગોનો ઉપભોગ કરો અને મોજમજા માણો.' તે જ પ્રમાણે આજના યુવકો પણ કહે છે કે, બીજી વાતો તો તમારી પાસે રાખો. અમને તો એવી વાતો સંભળાવો કે જેથી અમને મજા આવે. વળી તેઓ કહે છે કે, ધર્મની વાત રહેવા દો, અમને તો સમાજ–સુધારની વાત કહો. પણ ધર્મથી સમાજનો સુધાર નહિ થાય એમ સમજવું એ ગંભીર ભૂલ છે.'

રાજા શ્રેણિક પણ પોતે એવો સુંદર હતો કે તેને જોઈ સાધ્વીઓ પણ સંયમનું મહત્ત્વ ભૂલી ગઈ હતી અને તેઓએ એવું નિયાણું બાંધ્યું હતું કે, અમને તપ–સંયમના ફલ સ્વરૂપ આગલા જન્મમાં આવો જ સુંદર પતિ મળે. એવો સુંદર રાજા પણ પોતાનો ગર્વ ભૂલી જઈ મુનિને કહે છે કે, 'આપનું જ શરીર સુંદર છે અને આપે જ મનુષ્યજન્મનો સુંદર લાભ લીધો છે.' રાજાના આ કથનમાં કેવી આત્મદીનતા જણાય છે! તમે પણ આ વાતનો વિચાર કરી તમારા આત્માને ઉન્નત બનાવો. આત્મા વસ્તુની વાસ્તવિકતા ઉપર વિચાર કરતો નથી એ જ આત્માની ભૂલ થાય છે. વસ્તુનો વાસ્તવિક વિચાર કરી, સમ્યક્ જ્ઞાન સંપાદન કરી જેટલું આગળ વધવામાં આવે તેટલું સારું જ છે.

રાજા કહે છે કે, 'હું ભોગોનો ઉપભોગ કરવો એમાં જ મનુષ્યજન્મને સફળ માનતો હતો પણ હવે હું સમજી શકયો છું કે મનુષ્યજન્મની સાચી સફળતા સંયમ ધારણ કરવામાં જ છે. આપે સંયમને ધારણ કરી મનુષ્યજન્મને સફળ બનાવ્યું છે; અને અનાથતાને દૂર કરી આપ સનાથ બન્યા છો, તમે તમારા પોતાના જ નાથ બન્યા નથી પણ સમસ્ત, ત્રસ અને

સ્થાવર જીવોના પણ નાથ બન્યા છો.' આ પ્રમાણે તમે તમારા પણ નાથ છો અને જગતના પણ નાથ છો. હવે હું સારી રીતે સમજી શકયો છું કે, વાસ્તવમાં હું તો અનાથ જ છું.

જે યોગક્ષેમ કરે તે જ નાથ છે; અર્થાત્ અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરાવે અને પ્રાપ્ત થએલી વસ્તુની રક્ષા કરે તે જ નાથ છે.

આ ઉપરથી કોઈ એમ કહે કે, આ વાત તો સંસારવ્યવહારને પણ લાગુ પડે છે. જેમકે કોઈ ભૂખ્યા માણુસને કોઈએ રોટલો આપ્યો અને એ રોટલાને ખાવા દોડતા કાગડા–કૂતરાંને ભગાડયા.–આ પ્રમાણે તેણે અપ્રાપ્ત વસ્તુને પ્રાપ્ત કરાવી અને પ્રાપ્ત વસ્તુની રક્ષા કરી; એટલા માટે આમ કરનાર માણુસ બીજા માણુસનો નાથ થયો કે નહિ ?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, રોટલો આપીને અને રોટલાની રક્ષા કરીને તે બીજા માણુસનો નાથ બન્યો કહેવાય નહિ. કારણુ કે, જ્યારે તે પોતાનો જ નાથ બન્યો નથી તો પછી બીજાઓનો નાથ કેમ બની શકે ? તે માણુસે રોટલો આપી દયા કરી છે એમ તો અવસ્ય કહી શકાય પણ એ કારણે એ બીજાનો નાથ બન્યો છે એમ કહી શકાય નહિ. તે માણુસે રોટલો આપી તેના શરીરની તે વખતે સહાયતા અવસ્ય કરી છે પણ એ કારણે કાંઈ તે તેનો નાથ બની જતો નથી. તે કાંઈ હમેશાંને માટે તેના શરીરની રક્ષા કરી શકે નહિ તેમ તેના આત્માની પણ કાંઈ રક્ષા કરી શકે નહિ.

કહેવાનો આશય એ છે કે, જે યોગ-ક્ષેમ કરે તે નાથ છે; પણ સંસારમાં કોઈ પણ એવો નથી કે જે સ્થાયીરૂપે યોગ-ક્ષેમ કરી શકે. યોગ-ક્ષેમ કરનાર તો સંયમ જ છે. એ કારણે જ રાજા શ્રેણિક અનાથી મુનિને કહે છે કે, " હે ! મુનિ ! આપ જ સનાથ છો અને આપ તમારા પોતાના પણ નાથ છો અને સંસારના બીજા બધા જીવોના પણ નાથ છો."

અત્રે એ પ્રશ્ન થાય છે કે, મુનિ પોતાના નાથ થયા એ તો ઠીક છે, પરંતુ બીજાના નાથ કેવી રીતે થયા ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, રાજા શ્રેણિક એમ તો ન જાણે કેટલી-વાર નરકે જાત પણ અનાથી મુનિ તેના નાથ થયા એ કારણે તેણે તીર્થંકર ગોત્ર બાંધી લીધું. આ પ્રમાણે મુનિ બીજાના પણ નાથ થયા. સાધારણુ રીતે પોતાનું ઉપાદાન સારું હોવું આવશ્યક છે, પણ ઉપાદાનની સાથે નિમિત્ત પણ હોવું જોઈએ; અને નિમિત્તની સાથે જ ઉપાદાનનું હોવું પણ આવશ્યક છે. જો પોતાનું ઉપાદાન સારું ન હોય તો નિમિત્તનું મળવું પણ નકામું નીવડે છે. જેમકે સૂર્ય બધાને પ્રકાશ આપે છે પણ કોઈ આંધળો માણુસ કહે કે, મને તો સૂર્ય પ્રકાશ આપતો નથી તો એ માણુસને એમ જ કહેવામાં આવે કે એમાં તારા ઉપાદાનનો જ દોષ છે. આ જ પ્રમાણે અનાથી મુનિ તો બધાના નાથ છે પણ પોતાનું ઉપાદાન સારું હોવું જોઈએ.

રાજા શ્રેણિક કહે છે કે, " હે ! મુનિ ! આપ જ સનાથ છો અને આપ જ સબાંધવ છો. જે સહાયતા કરે તે બાંધવ છે. અંત સમય સુધી સહાયતા આપનાર સાચા બાંધવ પણ આપ જ છો. કારણુ કે આપે જિનોત્તમ માર્ગને પકડયો છે એટલા માટે તમે જ સનાથ, સબાંધવ અને શરીરનો સુલાભ લેનાર છો."

રાજા શ્રેણિકની ભક્તિ જોઈ તમે પણ પરમાત્માને એવી પ્રાર્થના કરો કે, હે ! પ્રભો ! જે પ્રમાણે રાજાને મુનિ તરફ ભક્તિભાવ પ્રગટયો તે જ પ્રમાણે અમને તારા પ્રતિ ભક્તિ-ભાવ પ્રગટ થાઓ. આ પ્રમાણે સાચા હૃદયથી પરમાત્માની પ્રાર્થના કરશો તો તમારું કલ્યાણ થશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૫ ગુરુવાર

### પ્રાર્થના

**પદ્મ પ્રભુ પાવન નામ તિહારો, પ્રતિત ઉધારનહારો,**
**જદપિ ધીવર ભીલ કસાઈ, અતિ પાપીષ્ટ જમારો;**
**તદપિ જીવહિંસા તજ પ્રભુભજ, પાવૈ ભવનિધિ પારો. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** પદ્મનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

**આ** પ્રાર્થનામાં પરમાત્માના નામની મહિમા મુખ્યરૂપે ગાવામાં આવી છે. પરમાત્માના નામનું કેટલું માહાત્મ્ય છે એ તો જેમને પરમાત્માના નામ ઉપર પૂર્ણ વિશ્વાસ છે તેઓ જ જાણી શકે છે. જો કે આ વિષે કહેવું બહુ જ મુશ્કેલ છે પરંતુ જ્યારે તે વિષે બોલવાનો સમય આવે છે ત્યારે હૃદયમાં જે ભાવો આવે તે કહેવા જ પડે છે. એટલા માટે એ વિષે થોડામાં કહું છું.

પરમાત્માના નામનું ઘણું માહાત્મ્ય છે પરંતુ પરમાત્માના નામમાં જેમને પૂર્ણ વિશ્વાસ હોય તેમને જ પરમાત્માના નામથી લાભ થઈ શકે છે. પરમાત્માનું નામ બીજાં મહાન્ કાર્યોની માફક લાભ પહોંચાડનારું છે. જ્યારે જેવો સમય હોય છે તે વખતે આત્માના કલ્યાણ માટે તેવો જ ઉપાય શોધી લેવામાં આવે છે. જ્યારે સંસારમાં શાન્તિ હોય છે અને ખાવા-પીવા વગેરે વિષે કોઈ પ્રકારનું કષ્ટ હોતું નથી તેવા સમયે આત્માના કલ્યાણ માટે બીજા ઉપાયો લેવામાં આવે છે. પણ જ્યારે સમય ઉપાધિમય હોય છે અને સંસારમાં અશાન્તિ વધતી જાય છે ત્યારે મહાન્ ઉપાયો કામમાં લેવામાં આવતાં નથી. ત્યારે તો સરલ અને સાધારણ ઉપાયો જ વિચારવામાં આવે છે. શાસ્ત્રકારના મતે આ પંચમકાળ ઘણો જ દુઃખમય છે. બીજા લોકો પણ આ કાળને કલિયુગ કહે છે અને એવી કોઈ વસ્તુ નથી કે જેના ઉપર કલિયુગનો પ્રભાવ પડયો ન હોય ! એટલું જ નહિ પણ ધર્મ ઉપર પણ કલિયુગની અસર પડી છે એમ કહે છે. ધર્મના નામે પણ અનેક ફાંટાઓ પડી ગયા છે. સદ્ગ્રન્થો પ્રાયઃ લુપ્ત થઈ ગયાં છે અને તેને સ્થાને એવાં એવાં ગ્રન્થો રચવામાં આવ્યાં છે કે જેથી સારાં સિદ્ધાન્તોનો પત્તો લાગવો પણ મુશ્કેલ થઈ રહ્યું છે. આ કાલ આવો વિષમ છે. પણ જ્ઞાનીઓ કહે છે કે, કાળની એ વિષમતાથી ગભરાવવાની જરૂર નથી. એક દૃષ્ટિએ જે સંકટ છે તે જ બીજી દૃષ્ટિએ કલ્યાણનું સાધન પણ છે. એ સંકટમાં પણ કલ્યાણનું કોઈ રહસ્ય છુપાએલું છે. એ સંકટકાળને પણ પોતાને અનુકૂળ બનાવવો એ જ જ્ઞાનનો માર્ગ છે. જ્ઞાન એ સંકટના સમયને પણ પોતાને અનુકૂલ બનાવી દે છે અને તે સંકટકાળ પણ કલ્યાણનું સાધન બની જાય છે.

કોઈ એમ કહે કે, જે સંકટ હોય તેને તો દૂર કરવું જોઈએ. સંકટને પોતાને અનુકૂલ કેમ બનાવી શકાય ? પણ સંકટને દૂર કરવું એ તો એક પ્રકારની દુર્બલતા છે. સાચી વિશેષતા અને વીરતા તો સંકટના સમયે પણ સાર પેદા કરવામાં છે. માનો કે, કોઈ માણસે

એવું રસાયણ બનાવ્યું કે જે રસાયણદ્વારા લોઢાને પણ સોનું બનાવી શકાય. જેની પાસે એવું રસાયણ હશે તે લોઢાને વેચી નહિ નાંખે પણ તે એમ વિચારશે કે, લોઢા ઉપર જ મારા રસાયણની પરીક્ષા થવાની છે અને મારા રસાયણનો ઉપયોગ પણ લોઢામાં જ થવાનો છે. આ જ પ્રમાણે જ્ઞાનીજનો સંકટને પોતાના જ્ઞાનના ઉપયોગ માટે અનુકૂલ અવસરરૂપે માને છે અને એટલા જ માટે તેઓ સંકટને દૂર કરવા ચાહતા નથી પણ જ્ઞાનની સહાયતાથી એ સંકટને પણ પોતાના વિકાસમાં ફેરવી દે છે.

કેટલાક લોકો એમ કહે છે કે, સંકટો પેદા જ કેમ થાય છે! પણ આમ કહેવું એ ભૂલભરેલું છે. સંકટો તમારા હિત માટે જ પેદા થાય છે. સંકટો પેદા થાય ત્યારે એ જુઓ કે, એ સંકટો પેદા ક્યાંથી થયાં ? આત્માના અશુભ પરિણામથી પાપ પેદા થાય છે અને એ પાપથી સંકટ પેદા થાય છે. આ પ્રમાણે સંકટ એ આત્માના અશુભ પરિણામોનું જ પરિણામ છે. જ્ઞાનીજનો આ વાતને સારી રીતે સમજે છે અને એટલા માટે તેઓ સંકટોનું સ્વાગત કરે છે અને કહે છે કેઃ—

સુખ કે માથે શિલા પડો, જો પ્રભુકા છુડાવે સાથ;
બલિહારી વા દુઃખકી, જો પ્રભુસે મિલાવે હાથ.

તે સુખ શા કામનું કે, જે સુખની પથારીમાં સુઈ રહેવાથી પરમાત્મા દૂર જાય છે. અમને તો દુઃખ જ સારું લાગે છે કે જે દુઃખ અમને પરમાત્માની સમીપ લઈ જાય છે.

આ પ્રમાણે વિચાર કરી જ્ઞાની લોકો સંકટોને પણ મંગળમય બનાવી લે છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ— **धम्मो मंगलमुक्किट्ठं ।**

જ્ઞાનીજનો ધર્મને જ ઉત્કૃષ્ટ મંગળ માને છે પણ જ્યારે ખાવા–પીવાનું સારું મળે ત્યારે ધર્મને મંગળમય માનવો એવો જ્ઞાની લોકોનો સિદ્ધાન્ત નથી; પરંતુ જ્ઞાનીઓ તો એમ કહે છે કે, માથા ઉપર ધગધગતાં અંગારાં મૂકવામાં આવે કે, ઘાણીમાં પીલાવવાનો સમય આવે ત્યારે ધર્મને મંગળમય માનવો. તે વખતે જ્ઞાનીઓ એમ વિચારે છે કે, અગ્નિ કે ઘાણી અજ્ઞાનીઓને નષ્ટ કરી શકે છે, પણ અમને નષ્ટ કરી શકે એમ નથી. અમારા માટે તો અગ્નિ કે ઘાણી મંગલરૂપ અને સહાયક છે. સંસારમાં તમને ધર્મનું બલ વધારે જણાય છે કે, પાપનું બલ ! જ્ઞાનીઓ તો એમ કહે છે કે, ધર્મનું બળ જ મોટું છે. ગમે તેટલું પાપ હોય પણ ધર્મ કે પરમાત્માનું સ્મરણ તે પાપને નષ્ટ કરી નાંખે છે. જે પ્રમાણે મેરુપર્વત જેવડા મોટા ઘાસના ગંજને અગ્નિ થોડી જ વારમાં ભસ્મીભૂત કરી નાંખે છે તે જ પ્રમાણે મેરુપર્વત જેવડું મોટું પાપ કર્યું હોય તો પણ જો ધર્મ કે પરમાત્માના નામની સાચા હૃદયથી ઉપાસના કરવામાં આવે તો તે મોટું પાપ પણ નષ્ટ થઈ જાય છે.

કેટલાક લોકો કહે છે કે, અમે શું પાપ કરીએ છીએ ? અમે કોઈને તલવાર મારતા નથી તેમ તેવું બીજું કોઈ પ્રકારનું પાપ પણ કરતા નથી. પણ અમે કાંઈ પાપ કરતા નથી એમ સમજવું એ ભૂલભરેલું છે. પાપ બહુ જ ધીમે પગલે ચાલે છે. એની ચાલ સમજવી બહુ જ મુશ્કેલ છે. જ્ઞાનીજનો આ વાતને બરાબર જાણે છે એટલા જ માટે તેઓ હંમેશાં કહ્યા કરે છે કે, અમે બહુ પાપી છીએ એટલે અમે બીજાને તો શું કહીએ ? હું મારા પોતા વિષે જ કહું છું કે, જ્યારે હું જ્ઞાનીઓના જ્ઞાનના આદર્શમાં–અરીસામાં મારા

આત્માને જોઉં છું ત્યારે મને મારા આત્મામાં ઘણી જ અપૂર્ણતા જોવામાં આવે છે. મારા આત્માની માફક શું તમારામાં અપૂર્ણતા નહિ હોય ? તમે પણ જ્ઞાનીઓના જ્ઞાન-અરીસામાં તમારા આત્માને ઉભો રાખી જુઓ કે, આત્મામાં કેવાં કેવાં પાપો ભરેલાં છે ? જ્ઞાનીઓના જ્ઞાનથી જ આત્મામાં રહેલાં પાપો જોવામાં આવશે. બાકી ઉપરથી કે પોતાની બુદ્ધિથી પાપને જોવાં બહુ જ મુશ્કેલ છે. જો સૂક્ષ્મરીતિએ આત્માનાં પાપો જોવામાં આવે તો આત્માનું કલ્યાણ થવામાં વાર ન લાગે; પણ લોકો પોતાનાં પાપોને જોતાં નથી પણ પાપોને દબાવી પોતાને ધર્મી બનાવવા ચાહે છે, અને તે માટે છળકપટ પણ કરે છે. આ જ ભૂલ થાય છે. તમે જો આત્માનું સાચું કલ્યાણ કરવા ચાહો છો તો એવો ખોટો ઢોંગ ન કરો પણ પાપના બારીક માર્ગને શોધી કાઢો. હું શું પાપ કરું છું ! એમ માની ન લો. જ્ઞાનીઓએ પાપના બારીક માર્ગને શોધવાનો અને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો છે.

આત્માની એ ભૂલ થાય છે કે, તે પોતાની પૂજા તો કરાવવા ચાહે છે પણ પોતે બીજાની પૂજા કરવા ચાહતો નથી. બીજાને પોતે જે ઉપદેશ આપે છે એ ઉપદેશ પ્રમાણે પોતે કરવા ચાહતો નથી. આવાં કાર્યો જ ધર્મનાં કામને પણ વગોવે છે. આત્મા જ્યારે ધર્મ કરવા બેસે છે ત્યારે પણ કામલોલુપી મન આ બાજુ-તે બાજુ દોડવા માંડે છે અને એ રીતે તે ધર્મના કાર્યને પણ ગુમાવી દે છે અને ઊલટો પાપ બાંધે છે. જો આ વાતને સમજી લેવામાં આવે અને મનને અહીંતહીં ભટકવા દેવામાં ન આવે તો આત્મા ઘણાં પાપોમાંથી બચી જાય. એટલા માટે પોતાના આત્મામાં પાપનો પ્રવાહ કેવી રીતે આવે છે તેની તપાસ વારંવાર કરવી જોઈએ.

તમે જાદુગરને વાંદરાને નચાવતો જોયો હશે. જાદુગરનો વાંદરો રોટલાના ટૂકડાના લોભથી અને લાકડીના ભયથી જ નાચે છે. તમે લોકો વાંદરાનો નાચ જોઈ હસો છો પણ તમારા આત્માને પૂછો કે, કામ, ક્રોધ, લોભ, મોહાદિને કારણે તે કેવો નાચી રહ્યો છે ? આ વાત વિષે વિચાર કરશો તો તમારામાં શું ખામી છે તેનો ખ્યાલ આવશે અને એ સમજી શકશો કે તમારું કલ્યાણ તમારા જ હાથમાં રહેલું હોવા છતાં તમે સંસારમાં શા માટે ભ્રમણ કરી રહ્યા છો ?

આત્મા જ્યારે સંકટમાં પડે છે ત્યારે જ તે પરમાત્માને શરણે જાય છે. પરમાત્માના શરણે જવામાં સંકટ પણ એક કારણ છે. આ દૃષ્ટિએ પાપના પરિણામે આવતું દુઃખ જ પરમાત્માના શરણે લઈ જનારું છે. પાપનું દુઃખ જ આત્માને પરમાત્માની સન્મુખ કરે છે. તમારામાં પાપ છે એ વાત સમજીને જ તમે અહીં આવ્યા છો; પરંતુ જો તમને ધર્મ અને પરમાત્માના નામ ઉપર અટલ વિશ્વાસ છે તો ભલે ગમે તેટલું પાપ કર્યું હોય તો પણ ગભરાવું ન જોઈએ પણ એવી દૃઢતા રાખવી જોઈએ કે, જે પ્રમાણે હોશિયાર વૈદ્યના શરણે જવાથી રોગ ચાલ્યો જ જાય છે તે જ પ્રમાણે પરમાત્મા અને ધર્મના શરણે જવાથી પાપ નષ્ટ થઈ જ જાય છે. આ પ્રાર્થનામાં કહ્યું જ છે કેઃ—

પાપ પરાલ કો પૂંજ બન્યો અતિ, માનું મેર આકારો;
તે તુમ નામ હુતાશન સેતી, સહજ હિ પ્રજ્વલત સારો.

જ્ઞાનીજનો કહે છે કે, મનની સહાયતા લીધા વિના મોટામાં મોટું પાપ કે મોટામાં મોટો ધર્મ પણ થઈ શકતો નથી. પાપ કે ધર્મ બન્નેયની બાજુ મનની સહાયતા હોય છે.

પાપમાં મન લગાડવાથી મોટામાં મોટું પાપ થાય છે અને ધર્મમાં મન લગાડવાથી મોટામાં મોટો ધર્મ થાય છે. એટલા માટે મનને પાપની બાજુ જવા ન દેતાં પરમાત્માના નામ-સ્મરણમાં જોડી નામ અને નામીને અભેદ બનાવી દેવા જોઈએ આમ કરવાથી ભલે ગમે તેટલું મોટું પાપ હોય પણ તે એક ક્ષણભરમાં ભસ્મ થઈ જશે; પણ કેવળ ઉપરથી જ નામ ન લેતાં હૃદયમાં નામીનું ધ્યાન પણ હોવું જોઈએ. આમ કરવાથી હૃદયમાં પરમાત્માનાં ગુણોનું ધ્યાન રહે છે અને જ્યારે પરમાત્માનાં ગુણોમાં ધ્યાન રહે છે ત્યારે આત્માનું કલ્યાણ થવામાં વાર પણ કેમ લાગે? પરમાત્માનું નામસ્મરણ કરી નામ અને નામીને અભેદ બનાવવાથી આત્માનું કલ્યાણ અવશ્ય થાય છે. પણ એમાં એક શરત એ છે કે, આત્મા અને પરમાત્માની વચ્ચે કોઈ પ્રકારનો પડદો રાખવો ન જોઈએ, કારણ કે પડદો રાખવાથી આત્માનું કલ્યાણ થઈ શકતું નથી. પરમાત્માની સમક્ષ નગ્ન સ્વરૂપ પ્રકટ કરવાથી જ આત્મકલ્યાણ થાય છે. પારસમણિ લોઢાને સોનું બનાવી દે છે પણ ત્યારે કે જ્યારે તેની વચ્ચે કોઈ પ્રકારનો પડદો ન હોય! જો પારસમણિ અને લોઢાની વચ્ચે પડદો હોય તો એ દશામાં પારસમણિ લોઢાને સોનું કેમ બનાવી શકે? આ જ પ્રમાણે નામ અને નામી વચ્ચે ભેદ રાખવામાં આવે તો પરમાત્માનું નામ પાપને નષ્ટ કેમ કરી શકે? જો નામ અને નામીને અભેદ કરી દેવામાં આવે અને અઢાર ગુણોથી યુક્ત પરમાત્માને ઓળખી હૃદયપૂર્વક તેમની સાથે સંબંધ જોડવામાં આવે તો કલ્યાણ થવામાં વાર ન લાગે. એટલા માટે કેવળ પરમાત્માનું નામ લઈને જ બેસી ન જાઓ પરંતુ નામ અને નામીને અભેદ બનાવો તો અવશ્ય કલ્યાણ થશે. કેવળ નામ લેવાથી કાંઈ થતું નથી. ઉદાહરણ તરીકે કોઈ પાણી–પાણી કહે પરંતુ જ્યાં સુધી પાણીના ગુણને અપનાવે નહિ ત્યાં સુધી તેની તૃષા છીપાતી નથી. કોઈ માણસ ભોજન–ભોજન કહે પરંતુ જ્યાં સુધી ભોજનનો અર્થ ન સમજે અને તેના ગુણને ન અપનાવે ત્યાં સુધી તેની ભૂખ મટી શકતી નથી. આ જ પ્રમાણે કેવળ નામ લેવાથી જ કાંઈ થતું નથી, પરંતુ નામની સાથે પરમાત્માનાં ગુણોને અપનાવવામાં આવે તો જ કલ્યાણ થઈ શકે છે.

નામ અને નામીને અભેદ માની પરમાત્માનું નામ લેવામાં પણ ઘણો આનંદ આવશે. કોઈ કન્યા, કોઈ પુરુષ સાથે સગાઈ કર્યા પહેલાં તો તેનું નામ બોલે છે પણ તે જ પુરુષનું નામ સગાઈ કર્યા બાદ મુખેથી તો બોલતી નથી પણ નામ સાંભળી તેના હૃદયમાં આનંદ આવે છે! આ જ પ્રમાણે કોઈ પુરુષ પણ સ્ત્રીનું સગાઈ કર્યા પહેલાં નામ લે છે અને સગાઈ કર્યા બાદ મુખેથી તે સ્ત્રીનું નામ લેતો નથી પણ તેનું નામ સાંભળી તેના હૃદયમાં આનંદ આવે છે. આ અંતરનું શું કારણ છે? એ જ કે, નામ અને નામીના સંબંધથી આત્માનો સંબંધ બંધાય છે. આ જ પ્રમાણે તમે પણ આત્મા અને પરમાત્માનો સંબંધ જોડી પરમાત્માનું નામ લો તો તમને પણ ઘણો આનંદ આવશે. જે પ્રમાણે જે પુરુષની સાથે પોતાની સગાઈ થઈ છે તે પુરુષનું નામ સાંભળી કન્યાના હૃદયમાં પ્રેમનો ઉમળકો આવે છે, તે જ પ્રમાણે પરમાત્માનું નામ સાંભળી હૃદયમાં પ્રેમનો ઉમળકો આવે એવો પ્રેમ પરમાત્માની સાથે બાંધો તો એ દશામાં તમારા હૃદયમાં પણ અપૂર્વ આનંદનો ઉમળકો આવશે.

સીતાએ રામની સાથે સંબંધ જોડ્યો હતો પણ શા માટે? સીતાએ રામની પાછળ વધારે કષ્ટો જ સહ્યાં હતાં છતાં તેમની વચ્ચે કેવો પ્રેમભાવ હતો! જાણે સીતાએ રામની

સાથે કષ્ટો સહન કરવા માટે જ સંબંધ જોડયો ન હોય! સીતાએ તો રામની સાથે કષ્ટો સહેવા માટે સંબંધ જોડયો હતો પણ આજના લોકો રામની સાથે શા માટે સંબંધ જોડે છે એ જુઓ. શું એટલા માટે તો લોકો રામની સાથે સંબંધ જોડતા નથી કે:—

'મને રોટલો આપો રામ, જહિ લઉં તમારું નામ'

આ પ્રકારની સ્વાર્થસિદ્ધિ માટે પરમાત્માની સાથે સંબંધ જોડો નહિ પણ સીતાએ રામની સાથે જેવો સંબંધ જોડયો હતો તેવો સંબંધ તમે જોડો. સીતા કષ્ટમાં પણ રામને ભૂલી ગઈ ન હતી એવી તેનામાં ધગશ હતી. તમે પણ પરમાત્મા પ્રતિ એવી ધગશ રાખો તો તમારાં બધાં પાપો ભસ્મીભૂત થઈ જશે અને તમને અપૂર્વ આનંદ મળશે.

## અનાથી મુનિનો અધિકાર—૭૨

રાજા શ્રેણિકને પણ અનાથી મુનિ પ્રતિ એવી જ ધગશ હતી. તે અનાથી મુનિની ગુણપ્રશંસા કરી રહ્યો છે. જે મુનિના ગુણોનું વર્ણન કરવામાં શ્રેણિક જેવો રાજા પણ થાકી ગયો એ મુનિના ગુણો વર્ણવવામાં આપણે સમર્થ કેમ બની શકીએ? પણ એ વિચારથી આપણે નિરાશ થવું ન જોઈએ; પણ રાજાએ મુનિની પ્રશંસામાં જે શબ્દો કહ્યા છે એ શબ્દોને હૃદયમાં ઉતારી મુનિની સાથે સંબંધ જોડી લેવો જોઈએ. આમ કરવાથી જે પ્રમાણે રાજા શ્રેણિકે પોતાનું કલ્યાણ સાધ્યું તે પ્રમાણે આપણે પણ આત્માનું કલ્યાણ સાધી શકીએ છીએ. રાજા શ્રેણિક મુનિને કહે છે કે:—

**तं सि नाहो अणाहाणं, सव्वभूयाण संजया!।**
**खामेमि ते महाभाग,! इच्छामि अणुसासिउं ॥ ५६ ॥**
**पुच्छिऊण मए तुब्भं, झाणविग्घो जो कओ।**
**निमंतिया य भोगेहिं, तं सव्वं मरिसेहि मे ॥ ५७ ॥**

આ ગાથાઓની પહેલાંની ગાથામાં જે વર્ણન કરવામાં આવ્યું છે તે જ વર્ણન આ ગાથાઓમાંની પ્રથમ ગાથામાં પણ કરવામાં આવ્યું છે અર્થાત્ પહેલાં વર્ણવવામાં આવેલું વર્ણન જ અત્રે ફરીવાર કહેવામાં આવ્યું છે. આ ઉપરથી કોઈ એમ કહે કે, આમાં પુનરુક્તિ દોષ છે કારણ કે કાવ્યમાં પુનરુક્તિ આવે એ દોષ માનવામાં આવે છે. આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, કાવ્યમાં પુનરુક્તિ દોષ માનવામાં આવે છે છતાં ગુણાનુવાદ, સ્તુતિ કે નિંદામાં એક જ વાત વારંવાર કહેવામાં દોષ નથી. રાજાએ જે કાંઈ કહ્યું છે તે સ્તુતિ કે પ્રશંસારૂપે છે. એક જ વાતને વારંવાર કહેવી એ દોષ નહિ પણ ગુણ છે. એટલા જ માટે રાજાએ '**तुब्भे सणाहा य**' ગાથામાં જે કાંઈ કહ્યું છે તે જ '**तं सि नाहो**' એ ગાથામાં ફરીવાર કહેવામાં આવ્યું છે.

રાજા શ્રેણિક કહે છે કે, "હે! મુનિ! જે અવસ્થાને પામી બીજા લોકો મોહમાં પડી જાય છે એ અવસ્થાને પ્રાપ્ત થવા છતાં પણ તમે મોહમાં ન પડયા પણ જાગ્રત થઈ સંયમમાં સંલગ્ન થઈ ગયા એટલા માટે તમે જ સનાથ છો. તમે અનાથના નાથ છો. સંયમ લીધા પહેલાં તો તમારો આત્મા અનાથ હતો પણ હવે સનાથ છે; અને જે પોતાનો નાથ બની

જાય છે તે બીજાનો પણ નાથ બની જાય છે એટલા માટે તમે અનાથના પણ નાથ છો. આપે પહેલાં મને કહ્યું હતું કે, હું અનાથ હતો એ કારણે મેં દીક્ષા લીધી. હવે આપ દીક્ષિત થઈ સનાથ બની ગયા છો. તમે તમારા આત્માના નાથ બન્યા એટલે બીજા જીવોના પણ નાથ બન્યા છો. તમે પહેલાં તમારી સંપત્તિ વગેરેનું વર્ણન કરી બતાવ્યું છે કે, ' હું પહેલાં આવો શ્રીમંત હતો પણ જ્યારે મારા શરીરમાં રોગ પેદા થયો ત્યારે તે શ્રીમંતાઈ કાંઈ કામમાં ન આવી. આ વર્ણન ઉપરથી હું એ સમજી ગયો કે, આ શ્રીમંતાઈ કાંઈ કામની નથી, ઊલટી તે અનાથતા વધારનારી છે. સાથે સાથે હું એ પણ સમજી શકો છું કે, કોઈ વસ્તુ ઉપર પોતાનો અધિકાર જમાવવાથી આત્મા અનાથ–ગુલામ બની જાય છે. એટલા માટે હું પોતાને અનાથ માનવા લાગ્યો અને મેં માતાપિતા, ધન આદિ ઉપરથી મારો અધિકાર ઉપાડી લીધો. મેં કેવળ મોઢેથી જ અધિકાર ઉપાડી લીધો એમ કહ્યું નહિ પણ હૃદયથી એમ કરી બતાવ્યું. આ પ્રમાણે જ્યારે મેં પરવસ્તુની ગુલામીને છોડી દીધી ત્યારે હું સનાથ બની શક્યો. '

હે ! મુનિ ! તમારું આ કથન મારી સમજમાં આવી ગયું છે. તમે જ સાચા સનાથ છો તથા બધા પ્રાણીઓના નાથ પણ તમે જ છો એ હું હવે બરાબર જાણી શક્યો છું."

રાજા અને મુનિના આ કથનને બરાબર સમજ્યા છો તો તમે એમ માનો કે, જ્યાંસુધી એક પણ પરમાણુ ઉપર ' આ મારું છે ' એવું મમત્વ છે ત્યાંસુધી આત્મા અનાથ જ છે. સંસારનાં બધાં પદાર્થો ઉપરથી મમત્વ ઉતારી નાંખવામાં આવે ત્યારે જ સનાથ બની શકાય છે.

સંસારનાં બધાં પદાર્થો ઉપરથી મમત્વ ઉતારી સાધુ બનવું અને એ રીતે અનાથતામાંથી બહાર નીકળવું એ તો ઠીક છે પણ કેટલાક લોકો સાધુ થઈને પાછા અનાથતામાં પડી જાય છે, એ ઠીક નથી. સાધુ થઈને પણ પાછા અનાથતામાં કેવી રીતે પડી જાય છે એ વાત જો કે સાધુઓએ સમજવાની છે પણ તમારે પણ એ વાત સમજવાની જરૂર છે; કારણ કે તમે શ્રાવકો સાધુઓના રક્ષક છો. ભગવાને સાધુઓને તમારા ખોળામાં મૂક્યા છે. જો તમે આ વાત બરાબર સમજીને સાધુઓને આધાર આપશો તો તમે પોતે પણ સનાથ બની જશો. સનાથ મુનિનાં દર્શન કરવાં એ પણ અનાથતાને દૂર કરે છે; તો પછી જ્યારે તમે આ પ્રકારના સનાથ મુનિને આધાર આપશો તો તમારી અનાથતા કેમ નહિ મટે ? એટલા માટે આવા સાધુઓને આધાર આપો. આધાર આપવામાં થોડું કષ્ટ તો સહેવું પડે છે પરંતુ કષ્ટો સહન કર્યા વિના કોઈ કામ પણ થઈ શકતું નથી.

અમારે સાધુઓએ પણ વિચારવું જોઈએ કે, અમે સનાથ બનવા માટે સાધુ થયા છીએ કે અનાથ રહેવા માટે ? અમે–પગરખાંનો ત્યાગ શા માટે કર્યો છે ? પગરખાં ન પહેરવાને કારણે પગ પણ બળે છે અને કાંટાઓ પણ લાગે છે, છતાં અમે પગરખાં એટલા માટે પહેરતા નથી કે પગરખાં પહેરવાથી અમે અનાથ બનીએ છીએ. માથે સખ્ત તાપ પડે છે અને એવાં જ બીજાં અનેક કષ્ટો માથે પડવા છતાં છત્રી કે એવાં બીજાં પદાર્થો એટલા માટે પોતાની પાસે રાખતાં નથી કે તે પદાર્થો ઉપર મમત્વ થવાથી અમારો આત્મા અનાથ બને છે. ભગવાને બીજી ચીજો વિષે તો શું, પણ મુનિઓએ પોતાના શરીર ઉપર પણ મમત્વભાવ રાખવો ન જોઈએ ત્યાં સુધી કહ્યું છે. જે વસ્તુ કે જે શરીર ધર્મમાં સહાયતા આપે છે તેની સહાયતા તો લઈ લેવી પણ તેના પ્રતિ મમત્વભાવ ન રાખવો.

ભગવાને બતાવેલ આ માર્ગને ભૂલી જઈ, જે ઇન્દ્રિયોના વિષયોમાં પડી જાય છે તે અનાથી મુનિના કથનાનુસાર અનાથ છે. એટલા માટે અમારે સાધુઓએ એ વાતનો વિચાર કરવો જોઈએ કે જ્યારે અમે તાંબા-પિત્તળ કે સોના-ચાંદી આદિના પાત્રોનો ત્યાગ કર્યો છે તો પછી અમે કાષ્ઠના પાત્રો ઉપર મમત્વભાવ શા માટે રાખીએ ? જ્યારે અમે રંગીન વસ્ત્રોનો ત્યાગ કર્યો છે તો પછી સફેદ વસ્ત્રો ઉપર મમત્વ શા માટે રાખીએ અને રેશમી વગેરે વસ્ત્રો શા માટે પહેરીએ ? આ પ્રમાણે સાધુઓએ તો સાદાઈ જ રાખવી જોઈએ. જે સાધુઓ સુખશીલ બની જાય છે તેઓ સાધુ બનવા છતાં અનાથ જ છે. એટલા માટે સાધુઓએ એ વાતની સાવધાની રાખવી જોઈએ કે, અમે સનાથ થઈને પાછા અનાથ શા માટે બનીએ ?

અનાથી મુનિને માટે રાજા શ્રેણિક કહે છે કે, "હે ! મુનિ ! આપ બધા પ્રાણીઓના નાથ છો." અનાથી મુનિ બધા પ્રાણીઓના નાથ કેવી રીતે છે એનો વિચાર હવે પછી યથાવસરે કરવામાં આવશે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૭ શનિવાર

### પ્રાર્થના

જય જય જગત શિરોમણિ, હું સેવક ને તૂં ધણી;
અબ તૌસું ગાઢી બણી, પ્રભુ આશા પૂરો હમ તણી.
મુજ મ્હેર કરો, ચંદ્રપ્રભુ, જગજીવન અંતરજામી;
ભવ દુઃખ હરો, સુનિએ અરજ હમારી ત્રિભુવન સ્વામી. ॥ ૧ ॥

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

ભક્ત લોકો ભગવાનને કેવા રૂપમાં જુએ છે એ આ પ્રાર્થનામાં બતાવવામાં આવ્યું છે. એક દૃષ્ટિએ તો પરમાત્માનું કાંઈ રૂપ જ નથી અને બીજી દૃષ્ટિએ એવો કયો પદાર્થ છે કે જેની દ્વારા પરમાત્માનું રૂપ જાણી ન શકાય ! ભક્તોને પ્રત્યેક પદાર્થમાં પરમાત્માનું રૂપ જોવામાં આવે છે અને એટલા જ માટે તેઓ કહે છે કે:—

'જય જય જગત શિરોમણિ, હું સેવક ને તૂં ધણી.'

ભક્ત કહે છે કે, હે ! પ્રભો ! હું તને જગતશિરોમણિના રૂપમાં જોઈ એમ ચાહું છું કે, હું સેવક રહું અને તું સ્વામી રહે.

ભક્ત લોકો પરમાત્માને જગતશિરોમણિના રૂપમાં જુએ છે એટલા માટે પરમાત્મા જે જગતના શિરોમણિ છે એ જગત શું છે તે જાણવું આવશ્યક છે. જગતનું સ્વરૂપ કેવું છે અને પરમાત્માનો જગતની સાથે કેવો સંબંધ છે એ બતાવવા માટે હું તમને એક પરિચિત વાતનું ઉદાહરણ આપું છું. પરિચિત વાતના ઉદાહરણદ્વારા અપરિચિત વાત પણ જલ્દી સમજમાં આવી જાય છે. એટલા માટે પરિચિત વાતનું ઉદાહરણ આપી તમને સમજાવું છું:—

તમને કોઈ એમ પૂછે કે, તમે કયાં રહો છો ? તો તમે જવાબમાં એમ જ કહેશો કે, અમે રાજકોટમાં રહીએ છીએ. તમારું નિવાસસ્થાન કયાં છે તો એ પ્રશ્નના જવાબમાં એમ જ કહેવામાં આવશે કે, મારું નિવાસસ્થાન રાજકોટ છે. પ્રસંગવશાત્ 'રાજકોટ મારું છે' એમ કહેવામાં આવે છે. રાજકોટના જે લોકો રહેવાશી છે તે બધા રાજકોટને પોતાનું જ માને છે, પણ જ્યારે રાજકોટ કોનું છે એ વિષે વિચાર કરવામાં આવે છે તો રાજકોટ તો રાજાનું છે–રાજકોટના માલીક તો રાજા છે–એમ કહેવામાં આવે છે. આ પ્રમાણે તમારી દષ્ટિએ પણ રાજકોટ રાજાનું છે. તમે રાજકોટના રાજાના રાજ્યમાં રહો છો એમ તમે પોતે પણ માનો છો, પરંતુ રાજકોટનરેશને એમ પૂછવામાં આવે કે, તમે કોના રાજ્યમાં રહો છો ? ત્યારે તેઓ એમ કહેશે કે, અમે ગવર્નમેન્ટના રાજ્યમાં રહીએ છીએ. જ્યારે ગવર્નમેન્ટને પૂછવામાં આવે કે, રાજ્ય તમારું છે તો તેઓ કહેશે કે, અમે તો નોકર છીએ, રાજ્ય તો બાદશાહનું છે. આથી આગળ બાદશાહને પૂછવામાં આવે તો તે બીજું જ કાંઈ કહેશે અને એ પ્રમાણે પરંપરા વધતી જ જશે. એટલા માટે આ વાતને વધારે ન વિસ્તારતાં એટલું જ કહું છું કે, આ વ્યવહારની વાતની માફક જગતને વિષે કોઈ એવો પ્રશ્ન કરે કે, આ જગત કોનું છે ? તો કોઈ એમ કહે છે કે, ધર્માસ્તિકાય કે પંચાસ્તિકાયનું આ જગત છે; કોઈ એમ કહે છે કે, જગત તો જડરૂપ છે એટલા માટે જડ પદાર્થોનું જગત છે, કોઈ ચૈતન્યનું કહે છે, કોઈ જડ–ચૈતન્ય બન્નેનું કહે છે અને કોઈ પંચભૂતનું આ જગત છે એમ કહે છે. આ બધી વાતો યથાસ્થાને બરાબર છે પણ ભક્તજનો આ વાતથી આગળ વધીને કહે છે કે, આ આખું જગત પ્રભુમય છે. પ્રભુ આ જગતના શિરોમણિ છે. આ જગતે જે પ્રભુને મસ્તકના મણિની સમાન મસ્તક ઉપર ધારણ કરી રાખેલ છે તે જ અમારા પ્રભુ છે. જ્યારે મસ્તકનો વિચાર કરવામાં આવે છે ત્યારે ધડનો પણ વિચાર કરવો આવશ્યક છે. એટલા માટે જ્યારે અમે પ્રભુને જગતશિરોમણિ માનીએ છીએ તો જગત કે જે પરમાત્માનું ધડ છે તેને પણ માનવું આવશ્યક છે. એટલા માટે જગત જેમનું ધડ છે અને જે આ જગતના શિરોમણિ છે તે પ્રભુ અમારા સ્વામી છે અને અમે તેમના સેવક છીએ.

ભક્તોને કદાચ કોઈ એમ કહે કે, શું તમે એવા પ્રભુને જોયા છે ? તો આ પ્રશ્નના ઉત્તરમાં તે ભક્તો એમ કહે છે કે, અમે પ્રભુને જોયા નથી. જો પ્રભુને જોયા હોત તો જે પ્રમાણે પાણી મળવાથી સાકરની પુતળી જળમય બની જાય છે તેમ અમે પણ પ્રભુમય બની ગયા હોત. અમે પ્રભુને જોયા નથી પણ પ્રભુને જાણવા લાગ્યા છીએ. જે લોકોએ પરમાત્માને જગતશિરોમણિ માન્યા છે તેમની સહાયતાથી અમે પણ પરમાત્માને ઓળખવા લાગ્યા છીએ અને એમ માનવા લાગ્યા છીએ કે, જગતશિરોમણિ પરમાત્મા અમારા સ્વામી છે અને અમે તેમના સેવક છીએ.

પરમાત્મા જગતના શિરોમણિ છે અને આપણે તેમના સેવક છીએ એ માનવા છતાં ભૂલ કયાં થાય છે તે જુઓ. આપણે જગતશિરોમણિ પરમાત્માના સેવક છીએ એટલા માટે સેવકનું કર્ત્તવ્ય શું છે તે આપણે જોવાની જરૂર છે. શું સેવક સ્વામીનું ઘર લૂંટે ખરો ? નહિ. સાચો સેવક તો તે છે કે, જે સ્વામીનો નિમકહરામ નહિ પણ નિમકહલાલ–વફાદાર હોય. આપણે પણ જો સ્વેચ્છાએ અને સાચા દિલથી પરમાત્માના ભક્ત થયા છીએ

તો આપણું કર્ત્તવ્ય શું હોવું જોઈએ અને આપણો વ્યવહાર કેવો હોવો જોઈએ તે જોવાની જરૂર રહે છે.

પરમાત્માએ પોતાનાં સેવકોનાં કર્ત્તવ્યો બતાવી આપ્યાં છે. તેમણે કહ્યું છે કે, જે સાધુ બનીને મારા સેવક બને છે તેમને માટે પાંચ મહાવ્રતોનું પાલન કરવું આવશ્યક છે અને જે શ્રાવક બનીને મારા સેવક બને છે તેમને માટે પાંચ અણુવ્રતોનું પાલન કરવું આવશ્યક છે. ભગવાનના સેવકોનું તો આ કર્ત્તવ્ય છે પણ કોઈ માણસ પોતાને ભગવાનનો સેવક કહેવડાવે અને હિંસા, અસત્ય, ચોરી, મૈથુન આદિ અકર્ત્તવ્ય કામો કરે તો શું એમ કરવું ઉચિત છે! જે પોતાને પ્રભુનો સેવક સમજતો હશે તે હમેશાં એ વાતનું ધ્યાન રાખશે કે, 'મારા માટે પરસ્ત્રી માતાસમાન અને પરધન ધૂળસમાન છે. હું અસત્ય કદાપિ બોલી શકું નહિ અને પરમાત્માનો સાચા સેવક તરીકે હું મારું કર્ત્તવ્ય કદાપિ ભૂલી શકું નહિ.'

પરમાત્માના સેવકે પોતાના કર્ત્તવ્યપાલનમાં કેવી રીતે દૃઢ રહેવું જોઈએ એ વાતનો વિચાર કરો. પશુપક્ષી પણ જ્યારે પોતાને કોઈના સેવક તરીકે માની લે છે ત્યારે તેઓ પણ પોતાના કર્ત્તવ્યનું પાલન કેવી રીતે કરે છે તે જુઓ. ચન્દ્રે ચકોરને એમ નથી કહ્યું કે, તું મારી સાથે પ્રીતિ બાંધ; પણ ચકોરે ચન્દ્રને સ્વામી માની તેની સાથે પ્રીતિ બાંધી એટલા માટે તે ચન્દ્રની જ તરફ જ જોતો રહે છે અને જ્યારે ચન્દ્ર અસ્ત પામે છે ત્યારે તે દુઃખી થઈ પડી જાય છે.

તમે જ્યારે પોતાને પરમાત્માના સેવક અને પરમાત્માને સ્વામી તરીકે માનો છો તો ચન્દ્ર અસ્ત પામે છે ત્યારે ચકોર જેમ દુઃખ પામે છે તેમ તમે પણ જ્યારે પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કામ થઈ રહ્યું જોતા હો ત્યારે દુઃખ પામો છો? જો નહિ તો તમે એક પક્ષીથી પણ ઊતરતા નથી શું? મોરે મેઘની ધ્વનિ સાથે પ્રીતિ બાંધી છે એટલા માટે તે મેઘની ગર્જના સાંભળી બોલ્યા વિના રહેતો નથી. તે જે કોઈ શબ્દને સાંભળે છે તેને મેઘની ગર્જના જ માની બોલ્યા વગર રહેતો નથી. આ જ પ્રમાણે શું તમે પણ સંસારનાં બધાં પદાર્થોને પ્રભુમય માનો છો? જો નહિ તો પછી તમે શું મોરથી પણ ઊતરતા નથી?

ભક્તો કહે છે કે, હે! પ્રભો! સામાન્ય જીવ પશુ–પક્ષીઓ પણ પ્રીતિ કર્યા બાદ પોતાના ઇષ્ટને ભૂલી જતા નથી તો પછી અમે તારી સાથે પ્રીતિ બાંધી તને કેમ ભૂલી જઈ શકીએ? તને અમે ભૂલી જઈએ એ અમારી ભૂલ છે. ભક્તોની માફક તમે પણ તમારી ભૂલનો સ્વીકાર કરી પરમાત્મા પ્રતિ તમારું શું કર્ત્તવ્ય છે તેનો વિચાર કરો અને કોઈપણ સમયે પરમાત્માને ભૂલી ન જાઓ પણ હમેશાં તેમની ભક્તિ કર્યા કરો. જૈનશાસ્ત્રો એમ કહેતાં નથી કે તમે માળા લઈ બેસી જાઓ તો જ પરમાત્માની ભક્તિ થઈ શકે. પણ જૈનશાસ્ત્રો પરમાત્માની ક્રિયાત્મક ભક્તિ કરો અર્થાત્ જ્યારે તમે કોઈ કાર્ય કરો ત્યારે પરમાત્માની બતાવેલી મર્યાદાનું ધ્યાન રાખો એમ કહે છે. કદાચ તમારાથી પરમાત્માની મર્યાદા ભૂલી જવાય તો રાયસી–દેવસી—દિવસ કે રાત્રિ સંબંધી પ્રતિક્રમણદ્વારા એ ભૂલને માટે પશ્ચાત્તાપ કરો અને ભવિષ્યમાં એવી ભૂલ ન થાય તેની સાવધાની રાખો. કેવળ માળા હાથમાં લઈ બેસી જવું અને ભગવાને બતાવેલી મર્યાદાનું પાલન ન કરવું એ પરમાત્માની સાચી ભક્તિ નથી. રાજ્યના નોકરો માળા હાથમાં લઈ પોતાના સ્વામીનું નામ જપવા

બેસતા નથી પરંતુ પ્રત્યેક કામમાં પોતાના સ્વામીએ બતાવેલી મર્યાદાનું ધ્યાન રાખે છે. આ જ પ્રમાણે તમે પણ પ્રત્યેક કામમાં પરમાત્માએ બતાવેલ મર્યાદાનું ધ્યાન રાખો અને એ મર્યાદાની વિરુદ્ધ કાર્ય ન કરો. તમે જો પરમાત્માના સેવક બનીને પણ પરમાત્માએ બતાવેલી મયાર્દાનું ધ્યાન ન રાખો અને સત્યને બદલે અસત્યથી ધનોપાર્જન કરો તો તમારું એ કાર્ય અમારા સંયમમાં પણ બાધક નીવડશે. ધનોપાર્જન પવિત્રતાપૂર્વક અર્થાત્ પરમાત્માએ બતાવેલ મર્યાદાપૂર્વક કરવામાં આવ્યું હશે તો તમારું ભોજન અમને સંયમમાં સહાયક નીવડશે નહિ તો 'આહાર તેવો ઓડકાર' એ નીતિ અનુસાર અસત્યદ્વારા પ્રાપ્ત થએલ ધનનું ખરીદેલું ધાન અમારા સંયમમાં પણ બાધક નીવડશે. એટલા માટે પ્રત્યેક સમયે પરમાત્માની બતાવેલી મર્યાદાનું પાલન કરો. મર્યાદાનું પાલન કરતાં જો કોઈ વખતે માથે કષ્ટો તૂટી પડે તો એ કષ્ટોથી ન ગભરાતાં ધૈર્ય રાખો તો કષ્ટના સમયે પણ તમારા હૃદયને પરમાત્માની પ્રીતિનો અપૂર્વ આનંદ આવશે. જેઓ પરમાત્માના પૂર્ણ સેવક હતા તે મહાપુરુષોના ચરિત્ર ઉપરથી પ્રકટ જણાય છે કે, તેઓ મહાન્ કષ્ટો માથે પડવા છતાં પણ ડર્યા નહિ પરંતુ તે કષ્ટોને પરમાત્મા પ્રત્યે પોતાના હૃદયમાં પ્રીતિ છે કે નહિ તેની કસોટી રૂપે સમજી તેઓએ કષ્ટોને સમતાપૂર્વક સહન કર્યાં. એ વાત તો તમે લોકો સારી રીતે જાણો છો કે, ધૈર્ય રાખવું એ સારું જ છે; તો શું ધૈર્ય સંકટના સમયે નહિ તો સુખના સમયે રાખવું જોઈએ? સુખના સમયે ધૈર્યની શી આવશ્યક્તા છે? ધૈર્યની આવશ્યકતા તો સંકટના સમયે જ હોય છે. સંકટના સમયે ધૈર્યને ધારણ કરો અને પરમાત્માને ન ભૂલો તો જ પરમાત્મા પ્રત્યે સાચી પ્રીતિ છે એમ કહી શકાય. ધૈર્ય ધારણ કરો અને પરમાત્મા સાથે પ્રીતિ બાંધો એમ કહેવું એ તો મારું કામ છે, પણ જીવનમાં ઉતારવું એ તમારું કામ છે. જો તમે લોકો આ વાતને સમજી કલ્યાણકારી કાર્ય કરવા લાગો તો પછી તમારું અકલ્યાણ કોઈ કરી શકે નહિ.

## અનાથી મુનિનો અધિકાર—૭૩

રાજા શ્રેણિક, અનાથી મુનિના ગુણગ્રામ કરતો કહેવા લાગ્યો કે, હે! મુનિવર! આપ જિનોત્તમ માર્ગે ચઢી પોતાના નાથ તો બન્યા જ છો પરંતુ સંસારમાં જે જીવો અનાથ છે તેમના પણ નાથ બન્યા છો. આપે જે સનાથતા પ્રાપ્ત કરી છે તે સનાથતા જગતની અનાથતા દૂર કરનારી છે.

કોઈ વસ્તુ એવી હોય છે કે, જે પોતાના માટે જ સુખદાયી હોય છે અને કોઈ વસ્તુ એવી હોય છે કે જે પોતાના માટે સુખદાયી હોવાની સાથે જ જગતના માટે પણ સુખદાયી હોય છે! જે વસ્તુ જગતના માટે સુખદાયી હોય તે જ વસ્તુ મોટી અને દૈવી વસ્તુ માનવામાં આવે છે. સૂર્યને એટલા જ માટે મોટો માનવામાં આવે છે કે તેની દ્વારા બધાને સમાનરૂપે પ્રકાશ મળે છે. જો સૂર્ય પોતાનો પ્રકાશ પોતાના માટે જ રાખી લેત તો તે મહાન્ કહેવાત નહિ. જલ–વાયુ વગેરે બધાને માટે સમાન ઉપકારી હોવાથી જ તેની મહત્તા માનવામાં આવે છે. આ જ પ્રમાણે મુનિની સનાથતા પણ બધાને માટે લાભકારી અને કલ્યાણકારી છે. સૂર્યનો પ્રકાશ તો બધાય લોકો ચાહે છે પણ બધા લોકો સૂર્ય બની શકતા નથી; પરંતુ સૂર્યનો પ્રકાશ તો બધાય લે છે. આ જ પ્રમાણે યુવાવસ્થામાં સંપત્તિ, માતા–પિતા, ભાઈ–

બહેન-સ્ત્રી વગેરેનો ત્યાગ કરી સૂર્યની માફક સનાથ બનવાની શક્તિ બધામાં હોતી નથી, પણ જે મુનિ સનાથ બનેલા હોય છે તેમનો લાભ તો બધાય લઈ શકે છે.

રાજા મુનિને કહે છે કે, "હે! મુનિ! આપ મારો અપરાધ ક્ષમા કરો. સંસારમાં અજ્ઞાનના જેવું બીજું એકય પાપ નથી. મનુષ્ય અજ્ઞાનથી જ પાપ કરે છે. મેં પણ અજ્ઞાનતાને કારણે આપનો અપરાધ કર્યો છે તે ક્ષમા કરો."

જે પ્રમાણે રાજાએ અજ્ઞાનતાને કારણે મુનિનો અપરાધ કર્યો હતો તે જ પ્રમાણે અજ્ઞાનતાને કારણે આપણા આત્માએ ન જાણે કેટલાં પાપો કર્યાં હશે! શું આપણા આત્માએ સારી વસ્તુને નરસી અને નરસી વસ્તુને સારી માની નહિ હોય! એટલું જ નહિ પણ આપણા આત્માએ અજ્ઞાનતાને કારણે અપૂજ્ય છે તેને પણ પૂજ્ય માનેલ હશે!

રાજા કહે છે કે, "મેં અજ્ઞાનતાને કારણે આપનો અપરાધ કર્યો હતો. હું અજ્ઞાનતાને કારણે જ આપનું માહાત્મ્ય સમજી શકયો નહિ અને આપ સત્યસ્વરૂપ સમજાવી રહ્યા હતા, છતાં મેં આપની વાતને ખોટી કહી માની નહિ; એ મારો અપરાધ છે. આપ મારો એ અપરાધ માફ કરો. હવે હું આપની શિક્ષાને શિરોધાર્ય કરું છું. હવે આપની શિક્ષાનો કદાપિ અપલાપ કરીશ નહિ."

આજની શિક્ષા કેવી છે તેનો વિચાર કરો. કોઈને વિદ્યા પ્રતિ અરુચિ થઈ ન શકે. વિદ્યા ભણીને આત્માનું સ્વરૂપ સમજવું એ તો સારું છે પણ આજે વિદ્યા કે શિક્ષાને નામે એવું શીખવવામાં આવે છે કે, આત્માનું અસ્તિત્વ જ નથી; અને એમ કહેવામાં આવે છે કે, આત્મા ક્યાં છે? અમે પ્રત્યક્ષ આત્માને જોઈ શકીએ તો જ આત્માને માની શકીએ! પણ કોઈ વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી જાણી શકાય છે અને કોઈ વસ્તુ અનુમાન પ્રમાણથી જાણી શકાય છે. આજના વૈજ્ઞાનિકો પણ એ વાતને માને છે કે કોઈ વસ્તુનો તો પ્રત્યક્ષ અનુભવ થાય છે અને કોઈ વસ્તુને અનુમાનદ્વારા જાણી શકાય છે. આ જ પ્રમાણે આત્માને પણ કેવલ પ્રત્યક્ષથી જ જોવાની ઇચ્છા ન કરો, પરંતુ અનુમાન પ્રમાણદ્વારા એને જાણો.

આ ઉપરથી કોઈ એમ કહે કે, ન જોએલી વસ્તુને માનવાથી માણસ ભુલાવામાં પડી જાય છે! તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, શું દેખેલી વસ્તુ વિષે ભુલાવામાં પડી નથી જવાતું? આ પ્રમાણે ભુલાવામાં પડવાનું તો ત્યારે જ મટી શકે કે જ્યારે પૂર્ણ બની જવાય. અપૂર્ણ અવસ્થામાં ભુલાવામાં પડી જવાય એ સ્વાભાવિક છે એટલા માટે કેવલ પ્રત્યક્ષ જોવાની જ હઠ ન પકડો. પરંતુ એમ માનો કે પ્રત્યક્ષ પ્રમાણની માફક અનુમાન પ્રમાણ પણ માન્ય છે. અનુમાન પ્રમાણ પણ આધારભૂત છે. આ સિવાય જેને તમે પ્રત્યક્ષ માનો છો તે પણ આત્માથી પ્રત્યક્ષ નથી પરંતુ કેવલ ઇન્દ્રિયપ્રત્યક્ષ છે; અને મનુષ્યો ઇન્દ્રિયપ્રત્યક્ષથી પણ ભુલાવામાં પડી જાય છે. એટલા માટે ઇન્દ્રિયપ્રત્યક્ષની સાથે અનુમાનને પણ પ્રમાણ માનવું આવશ્યક છે. જેમકે ઇતિહાસ-ભૂગોળના જાણકાર લોકો પહેલાં તો જેટલું પ્રત્યક્ષ જોયું હોય તેટલું જ માનતા હતા પણ પછી અનુમાન પ્રમાણના આધારે એમ કહેવા લાગ્યા કે, અમે જેટલું કરીએ છીએ તેથી આગળ પણ કાંઈક છે. આ પ્રમાણે ઇન્દ્રિયપ્રત્યક્ષથી પણ વધારે અનુમાન પ્રમાણનો આધાર લેવામાં આવે છે અને અનુમાનને પણ પ્રમાણ માનવું જ પડે છે. જો અનુમાનને પ્રમાણ માનવામાં ન આવે તો મોટી ગડબડ ઊભી થવા પામે. જેમકે તમે તમારા દાદાને પ્રત્યક્ષ જોયા ન હોય તો પણ અનુમાનથી તમારા દાદાને માનવા જ પડે

છે. આ પ્રમાણે જો અનુમાનથી એમ માનવામાં ન આવે તો મોટી ગડબડ ઊભી થઈ જાય ! અનુમાન અને પ્રત્યક્ષ એ બન્નેય એક જ રથના બે ચક્રોની સમાન છે. રથ એક ચક્રથી ચાલી શકતો નથી પરંતુ તેને માટે બન્ને ચક્રોનું હોવું આવશ્યક છે. આ જ પ્રમાણે વસ્તુનો નિર્ણય પણ કેવલ પ્રત્યક્ષથી જ થઈ શકતો નથી પરંતુ તેને માટે પરોક્ષ પ્રમાણની સહાયતા લેવી પણ આવશ્યક છે. પ્રત્યક્ષ અને પરોક્ષ એ બન્ને પ્રકારના જ્ઞાન દ્વારા જ વસ્તુનું સ્વરૂપ જાણી શકાય છે.

જો કે, પ્રત્યક્ષ પ્રમાણની માફક પરોક્ષને પણ પ્રમાણ માનવું આવશ્યક છે પરંતુ આત્માને તો પ્રત્યક્ષ જોઈને પણ ભૂલી રહ્યા છો. પોતાનો આત્મા પોતાને માટે તો પ્રત્યક્ષ જ છે અને આ આત્મા પ્રત્યક્ષને આધારે બીજાના આત્માને અનુમાનદ્વારા જાણી શકે છે. જેમકે એમ કહેવામાં આવે છે કે, 'મેં તે ચીજ આંખથી જોઈ.' આ કથનમાં જોનાર તો કોઈ બીજો જ જણાય છે. આંખ તો કરણ અર્થાત્ સાધન છે. જોનાર તો કોઈ બીજો જ છે અને તે બીજો જ આત્મા છે. આ પ્રમાણે પોતાનો આત્મા તો પ્રત્યક્ષ જ છે છતાં તેને ભૂલી જવામાં આવે છે.

આ ઉપરથી કોઈ એમ કહે કે, અમે તો આત્માને આંખદ્વારા પ્રત્યક્ષ જોવા ચાહીએ છીએ એમ કહેનારાઓને હું એક વાત સંભળાવવા ચાહું છું. ઉદયપુરમાં એક વકીલે પણ મને એવો જ પ્રશ્ન પૂછ્યો હતો કે, આત્મા ક્યાં છે ! તે મને આંખદ્વારા પ્રત્યક્ષ બતાવો. ત્યારે મેં એના પ્રશ્નનો ઉત્તર આપ્યો કે, તમે અંગ્રેજી તો ભણ્યા છો ને ? વકીલે કહ્યું કે, હા, ત્યારે મેં પૂછ્યું કે તે અંગ્રેજી ક્યાં છે તે મને પ્રત્યક્ષ બતાવો. વકીલ હસી પડયા અને કહેવા લાગ્યા કે, અંગ્રેજીને કેવી રીતે બહાર કાઢી બતાવી શકાય ? મેં જવાબ આપ્યો કે, જ્યારે અંગ્રેજીને બહાર કાઢી બતાવી શકાતી નથી તો જે અંગ્રેજી ભણતરનો સ્વામી છે તેને કેમ બતાવી શકાય ?

વકીલને જેમ અંગ્રેજી ભણતર વિષે કહ્યું તે જ પ્રમાણે પોતપોતાની શિક્ષા અને પોતપોતાના વિચાર પ્રમાણે એવો નિશ્ચય કરો કે, આત્મા છે અને તેનું અસ્તિત્વ છે. જો આત્માનું અસ્તિત્વ માનવામાં ન આવે તો આગળ જતાં કદાચ પશ્ચાત્તાપ કરવો પડશે અને તે વખતે રાજા શ્રેણિકની માફક પોતાનો અપરાધ સ્વીકારવો પડશે. રાજા કહે છે કે, હે મુનિ ! આપે મને આત્માનું ભાન કરાવ્યું છે અને સનાથ–અનાથનો ભેદ સમજાવ્યો છે, એટલા માટે જગતના નાથ તો તમે જ છો.

અનાથી મુનિનો ઉપદેશ સાંભળ્યા બાદ રાજાનો હૃદયપલટો કેવી રીતે થયો તેનો કાંઈ ઇતિહાસ નથી; પણ તેનો ઇતિહાસ તો આપણે પોતે જ છીએ. જ્યારે આપણે આ ઉપદેશ ઉપરથી સંસારની ચીજોને માટે એમ સમજવા લાગીશું કે, એ ચીજો આપણને અનાથ બનાવે છે, તે વખતે આપણને માલુમ પડશે કે, રાજા શ્રેણિકનું હૃદય મુનિનો ઉપદેશ સાંભળી કેવી રીતે પલટાઈ ગયું હશે ? તમે પણ મુનિના ઉપદેશને હૃદયમાં ઉતારો ત્યારે જ તમને રાજાના હૃદયપલટાની વાત સમજમાં આવી શકશે, અન્યથા નહિ. એટલા માટે મુનિના ઉપદેશ ઉપર વિચાર કરી પોતાના હૃદયમાં તે ઉપદેશ ઉતારવો જોઈએ.

રાજા શ્રેણિક વીર હતો, એટલા જ માટે મુનિનો ઉપદેશ સાંભળી તેને જે વિચારો આવ્યા તે વિચારોને તે ચિનગારી રૂપે બહાર પ્રગટ કરે છે; તે વિચારોને દબાવી રાખતો

નથી. જે કાયર હોય છે તે પોતાના વિચારોને દબાવી રાખે છે. તમારા લોકોમાં એવી કાયરતા છે, કે તમે લોકો પોતાની ભૂલને જાણવા છતાં દાબી રાખો છો. આમ કરીને તમે પોતાનું અહિત કરો છો, પણ સાથે સાથે બીજાઓનું પણ અહિત કરો છો. જો તમને તમારી ભૂલ જણાય તો તમે તેને પ્રકટ કરી દો, કે જેથી બીજા લોકો પણ એમ સમજવા લાગે, કે આમ કરવું કે આમ માનવું એ ભૂલ છે. આ પ્રમાણે ભૂલને પ્રકટ કરવાથી પોતાનું પણ હિત થાય અને સાથે સાથે બીજાઓનું પણ હિત થાય.

રાજાનું કાર્ય જોઈ તમે પણ તમારો ભૂતકાળ જુઓ અને ભૂતકાળમાં જે પાપો કર્યાં હોય તેને ધોઈ નાંખો તો તેમાં કલ્યાણ જ છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૮ રવિવાર

### પ્રાર્થના

**કાકંદી નગરી ભલી હો, શ્રી સુગ્રીવ નૃપાલ**
**રામા તસુ પટરાયની હો, તસ સુત પરમ કૃપાલ.**
**શ્રી સુવિધિ જિનેશ્વર વંદિએ હો. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** સુવિધિનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્મા ક્યાં છે એવી જિજ્ઞાસા પ્રત્યેક વ્યક્તિને પેદા થાય છે; અને આ જિજ્ઞાસાની પૂર્તિ માટે અનેક પ્રકારનાં તર્કો ચલાવવામાં આવે છે અને અનેક પ્રકારે આ જિજ્ઞાસાનું સમાધાન પણ કરવામાં આવે છે. પણ જૈન સિદ્ધાન્ત કહે છે કે, આ જિજ્ઞાસાનું સમાધાન કરવા માટે અહીંતહીં ન ભટકતાં તમારા આત્માને જ જુઓ. પરમાત્મા ક્યાંય બહાર નથી. એ તો તમારા આત્મામાં જ છે. આજે તમારો આત્મા કર્માવરણોથી ઢંકાઈ ગયો છે અને એ જ કારણે તેનો પરમાત્મત્વનો ગુણ પણ ઢંકાઈ ગયો છે. નહિ તો તમારા આત્મામાં અને પરમાત્મામાં કાંઈ અંતર નથી. કર્માવરણો દૂર થતાં જ પરમાત્મા ક્યાં છે તેની તમને ખબર પડશે. પરમાત્માની પ્રાર્થના પણ એ કર્માવરણોને દૂર કરવા માટે જ કરવામાં આવે છે. પરમાત્માની પ્રાર્થના કર્માવરણોને દૂર કરવાનું સાધન છે અને કર્માવરણોને દૂર કરવાં એ સાધ્ય છે. જો આ સાધનદ્વારા સાધ્યની પૂર્તિ થઈ શકતી ન હોય અને કર્માવરણોને દૂર કરવા છતાં પણ આત્મા પરમાત્મા બની શકતો ન હોય તો પછી ઇશ્વરને એક જુદી અને તટસ્થ વ્યક્તિ માનવી પડશે. તે વ્યક્તિવિશેષ ઇશ્વર કર્માવરણોથી લિપ્ત થએલ છે એમ માનવું પડશે. પણ આમ માનવું કે આવી કલ્પના કરવી એ ઠીક કે કલ્યાણકારી નથી. એટલા માટે જૈન સિદ્ધાન્ત એમ કહે છે કે, આ આત્માનાં કર્માવરણો દૂર થતાં આ આત્મા જ પરમાત્માનાં ગુણોને પ્રકટ કરી લે છે અને એટલા જ માટે પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે છે. સાધનનો ઉપયોગ સાધ્યની પૂર્તિ માટે જ કરવામાં આવે છે પણ જ્યારે સાધ્ય જ ન હોય તો પછી સાધનનો ઉપયોગ જ શા માટે કરવામાં આવે! આ પ્રમાણે પરમાત્માની

પ્રાર્થનાદ્વારા આત્મા ઉપરથી કર્માવરણોને દૂર કરવાં એ સાધન છે અને ઈશ્વરત્વ પ્રગટાવવું એ સાધ્ય છે. આ સાધ્યની પ્રાપ્તિ માટે જ પરમાત્માની પ્રાર્થના રૂપી સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. એટલા માટે આપણે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે, એક દિવસ પરમાત્મા પણ આપણા આત્માની માફક જ કર્માવરણોથી લિપ્ત હતા. આ કર્માવરણોને નષ્ટ કરીને જ પરમાત્મા થયા છે. પરમાત્મા આપણી સામે આદર્શરૂપે છે. જો આપણે પરમાત્માના આદર્શને દૃષ્ટિ સમક્ષ રાખી તેમણે બતાવેલા માર્ગે ચાલીશું તો આપણો આત્મા પણ કર્માવરણોને દૂર કરી નાંખશે. પરમાત્માને જોઈ આપણે એ વાત સમજી શકીએ છીએ કે, કર્માવરણોને દૂર કરવાં એ સંભવ છે, અસંભવ નથી. આ કાર્ય સાધ્ય છે, અસાધ્ય નથી. કર્મોની સ્થિતિ જોવાથી માલુમ પડે છે કે, કર્મો બદલતાં રહે છે. જો કર્મની સ્થિતિ બદલતી નથી એ વાતનો આપણને વિશ્વાસ હોય તો નિરાશ થવું પણ ઠીક છે પણ કર્મોનો ક્ષયોપશમ થવાથી આત્મા પરિવર્તનને પામે છે એ પ્રત્યક્ષ જોવામાં આવે છે. આ પ્રમાણે કર્મો એક સરખાં રહેતાં નથી એટલા માટે નિરાશ થવાનું કાંઈ કારણ નથી. ઉદાહરણ તરીકે એક જંગલી માણસને પણ શિક્ષાદિનાં સાધનોદ્વારા શિક્ષિત અને સંસ્કારી બનાવી શકાય છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, સાધનોદ્વારા કે પ્રાકૃતિક રીતિથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશય થાય છે. આ પ્રમાણે કર્મોની સ્થિતિ હમેશાં એક સરખી રહેતી નથી અને એ કારણે કર્મોને દૂર કરવાં એ અસાધ્ય નહિ પણ સાધ્ય છે. જે તાવ હંમેશાં એક સરખો રહે છે—વધતો ઘટતો નથી તે તાવ અસાધ્ય માનવામાં આવે છે પરંતુ જે તાવ વધતો ઘટતો રહે છે તે અસાધ્ય નહિ પણ સાધ્ય માનવામાં આવે છે. આ જ પ્રમાણે જો કર્મોની સ્થિતિ અને તેનો રસ એક સરખો રહેતો હોત તો તો તે કર્મોને દૂર કરવાં પણ અસાધ્ય માનવામાં આવત; પરંતુ તે વધતો-ઘટતો રહેતો હોવાથી કર્મોને દૂર કરવાં સાધ્ય છે; પણ એને માટે પૂરાં સાધનોની આવશ્યક્તા રહે છે. સાધનો હોય તો જ સિદ્ધિ થઈ શકે છે નહિ તો નહિ. એટલા માટે કર્માવરણોથી ન ગભરાતાં એમ વિચારવું જોઈએ કે:—**अनेकजन्मसंसिद्धिस्ततो याति परां गतिम्** અર્થાત્—અનેક જન્મ-જન્માંતરો બાદ પણ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે માટે પુરુષાર્થ કરતાં રહેવું જોઈએ.

એક જ્ઞાનીને એવો સંદેહ થયો કે મારી ક્યારે મુક્તિ થશે! સંદેહના નિવારણ માટે તેણે બીજા જ્ઞાનીને આ વિષે પૂછયું તો તેણે જવાબ આપ્યો કે, કરોડ જન્મો બાદ તમારી મુક્તિ થશે. આ સાંભળી પહેલો જ્ઞાની બહુ પ્રસન્ન થયો. ત્યારે કોઈએ તેને કહ્યું કે, તમારી મુક્તિ આટલા લાંબા વર્ષો બાદ થશે છતાં તમને પ્રસન્નતા કેમ થાય છે? આ પ્રશ્નના જવાબમાં તેણે કહ્યું કે, અનંતભવની આગળ કરોડ ભવ શું ગણતરીમાં છે? મારી મુક્તિ કરોડ ભવમાં થઈ જશે એ જાણવાથી જ મને પ્રસન્નતા થાય છે. આ સાંભળી બીજા જ્ઞાનીએ કહ્યું કે, હવે તમારી મુક્તિ કરોડ ભવની પહેલાં જ થઈ જશે કારણ કે દૃઢ વિશ્વાસ હોવાને લીધે તારી એ સ્થિતિ પણ ન રહી.

મતલબ કે, કર્મની સ્થિતિ નાશવાન છે એવો દૃઢ વિશ્વાસ રાખીને આગળ વધતા જાઓ તો આત્મા ઉપરનાં કર્માવરણો બહુ જલ્દી નષ્ટ થઈ જશે. શાસ્ત્ર કહે છે કે, કર્મો નાશવાન છે એ વાતનો વિશ્વાસ રાખી જે કર્મોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે તેનાં ગાઢાં

બાંધેલાં કર્મો પણ ઢીલાં થઈ જાય છે. તીવ્ર રસવાળાં કર્મો મન્દ રસવાળાં થઈ જાય છે. આ પ્રમાણે વિશ્વાસ રાખવાથી જ કર્મોનું આવું પરિવર્તન થઈ જાય છે એટલા માટે વિશ્વાસ રાખી આત્મા ઉપરનાં કર્માવરણોને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને એટલા જ માટે પરમાત્માની પ્રાર્થના પણ કરવી જોઈએ. કોઈ દિવસે પરમાત્મા પણ કર્માવરણોથી લિપ્ત હતા પરંતુ તેમણે કર્માવરણોને નષ્ટ કરી નાંખ્યાં તો તેમને આઠ ગુણો પ્રકટ થયાં. પરમાત્માને આઠ ગુણો પ્રકટ થએલાં જોઈ એવો વિશ્વાસ પોતાનામાં પેદા કરવો જોઈએ કે, અમારા આત્મામાં પણ એ આઠ ગુણો પ્રકટ થઈ શકે છે.

'અષ્ટ ગુણા કરી ઓળખ્યો રે, જ્યોતિરૂપ ભગવન્ત.'

હે ! પ્રભો ! મારું અને તારું સામ્ય જોઈને જ જ્ઞાનીઓએ એમ કહ્યું છે કે, આત્મા કર્માવરણોથી મુક્ત થઈ પરમાત્મા બની શકે છે એટલા માટે મારે નિરાશ ન થતાં તારો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખી આગળ વધતા જવું જોઈએ અને કર્માવરણોને દૂર કરવાનો પ્રયત્ન કરતાં રહેવું જોઈએ.

આ તો આગળની વાત થઈ, પણ આ વિષે તાત્કાલિક વિચાર કરવો હોય તો તાત્કાલિક વિચાર પણ કરી શકાય છે. કારણ કે કેટલાક લોકો એમ કહેવા લાગે છે કે, 'મહારાજ ! આપ તો પરલોકની વાત કરો છો પણ આ જમાનો નગદનો છે. ડૉકટર, વકીલ વગેરે બધા લોકો નગદ ફીસ લીધા બાદ જ કામ કરે છે. આવી દશામાં જેનું ફળ જન્માંતરમાં મળે એવી વાત અમારા મગજમાં કેમ ઉતરી શકે ?' આમ કહેનાર લોકોને એ જ કહેવાનું છે કે, કર્માવરણને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો તાત્કાલિક લાભ પણ થાય. જન્માંતરમાં તો અનંતગણું ફળ મળે જ છે, પરંતુ તાત્કાલિક ફળ પણ મળે છે.

કર્માવરણોને દૂર કરવા માટે શાસ્ત્રકારો જે ગુણોનો અભ્યાસ કરવાનું કહે છે તે ગુણોનો અભ્યાસ કરવાથી તાત્કાલિક લાભ પણ મળે છે. ઉદાહરણ તરીકે, શાસ્ત્રકારો કહે છે કે, કર્મોને નષ્ટ કરવા માટે જગજ્જીવોએ ક્ષમાનું અવલંબન લેવું જોઈએ. ક્ષમાથી પારલૌકિક લાભ તો થાય જ છે પરંતુ તેથી તાત્કાલિક લાભ પણ કેવો થાય છે તે જુઓ. જ્યારે ક્રોધ આવે છે ત્યારે આંખો બળવા લાગે છે, માથું ભમવા લાગે છે અને છાતી ધડકવા લાગે છે. આવા સમયે ક્ષમાનો આશરો લેવાથી અપૂર્વ શાન્તિ ન મળે ?

હવે કોઈ એમ કહે કે, એ તો બધું ઠીક; પરંતુ બીજાનાં કટુવચનો સાંભળી શરીર બળતું હોય ત્યારે ક્ષમા ક્યાંથી આવે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, આમ સમજવું એ જ પોતાની નિર્બળતા છે. જો આ નિર્બળતાને દૂર કરવામાં આવે તો ક્ષમા ધારણ કરવી મુશ્કેલ નહિ જણાય. જ્યારે ક્રોધ પેદા થાય ત્યારે વિવેકપૂર્વક વિચારવું જોઈએ કે, એ ક્રોધ પેદા ક્યાંથી અને કેવી રીતે થયો ? આ ક્રોધ આ કટુ શબ્દોમાંથી પેદા થયો છે કે મારામાંથી પેદા થયો છે ? દીવાસળીની પેટીને ઘસવાથી આગ પેદા થાય છે પણ તે આગ તે દીવાસળીમાં જ હતી કે બહાર ઘસવાથી આવી ! આગ તો તે દીવાસળીમાં જ હતી; પણ ઘસવાના નિમિત્ત માત્રથી તે સળગી ઉઠી. આ જ પ્રમાણે ક્રોધ પોતાનામાં હોય છે ત્યારે જ તે કટુ શબ્દોની અથડામણથી એકદમ પેદા થઈ જાય છે. જો પોતાનામાં ક્રોધ જ ન હોય તો ક્રોધ પેદા થાય જ કેવી રીતે ? જેમકે જે દીવાસળીની પેટી ઉપર ગંધક લાગેલો નથી તે પેટીને ગમે તેટલીવાર દીવાસળી ઘસવામાં આવે પણ આગ પેદા થઈ શકશે નહિ. આ જ પ્રમાણે જો પોતાનામાં જ ક્રોધ ન

હોય તો કટુ શબ્દો તેને શું કરી શકે? પોતાનામાં રહેલા ક્રોધને ક્ષમાદ્વારા દબાવી દેવામાં આવે તો ગમે તેવા કટુ શબ્દથી તેને ક્રોધ પેદા નહિ થાય.

આ પ્રમાણે ક્ષમાનો આશરો લેવાથી તાત્કાલિક લાભ થયો કે નહિ? ક્રોધને કારણે પેદા થતી આંખોમાં બળતરા, માથાનું ભમવું અને છાતીનું ધડકવું ક્ષમાથી બંધ થઈ ગયું કે નહિ?

ક્ષમાનો આશરો લેવાથી આ પ્રમાણે તાત્કાલિક લાભ પણ થાય છે. જો ક્ષમાનો આશરો લેવામાં આવે તો માનસિક શાન્તિ પણ રહે અને એ દશામાં ચહેરા ઉપર ફીકાશ પણ ન રહે. તમને લોકોને ખાવાની કાંઈ ખામી નથી પરંતુ માનસિક શાન્તિની ખામી છે અને એ કારણે જ તમારા ચહેરા ઉપર ફીકાશ જોવામાં આવે છે. આ ઉપરથી એ પણ સ્પષ્ટ જણાય છે કે, શારીરિક ખોરાકની સાથે જ માનસિક શાન્તિના ખોરાકની પણ આવશ્યકતા રહે છે. જે લોકોને માનસિક શાન્તિ મળે છે તે લોકોને શારીરિક ખોરાક તમારા જેવો ન મળવા છતાં તેઓ આનંદમાં રહે છે. અને જેમને શારીરિક ખોરાક તો પૂરતો મળે છે પણ માનસિક શાન્તિ તેટલા પ્રમાણમાં મળતી નથી તેઓ હાય–વોય કરતા જ રહે છે અર્થાત્ તેઓ દુઃખી જ રહ્યા કરે છે. ક્ષમા માનસિક શાન્તિ આપે છે. જે પ્રમાણે પવન ન લાગે તો દીપક અખંડરૂપે બળે છે તે જ પ્રમાણે હૃદયમાં જો ક્ષમાનો અખંડ દીપક પ્રજ્વલિત કરવામાં આવે તો તે વખતનો આનંદ અને તે વખતની શાન્તિની વાત જ શી કરવી?

મતલબ કે, ક્રોધ કટુ શબ્દોથી આવતો નથી પરંતુ પોતાનામાં જ ક્રોધ છે, કે જે કટુ શબ્દોની અથડામણથી એકદમ પેદા થઈ જાય છે. પણ આપણે પોતાને જોતા નથી એ જ મોટી ભૂલ થાય છે. જો આપણે પોતાને જોતા રહીએ તો પછી ગમે તેવા કટુ શબ્દો કોઈ કહે તો પણ ક્રોધ પેદા થઈ શકે નહિ. ઉદાહરણ તરીકે કોઈ માણસ ઘરમાં જઈ રહ્યો છે પણ અસાવધાનીને કારણે થાંભલા સાથે તેનું માથું ભટકાયું. થાંભલો લાગવાને કારણે શું તે માણસ થાંભલા ઉપર ક્રોધ કરશે કે તેને મારશે? નહિ. તે તો એમ જ વિચારશે કે એ તો મારી જ ભૂલ થઈ હતી. આ જ પ્રમાણે જ્યારે સંસારનાં જડ પદાર્થો કે શબ્દો વગેરેની અથડામણ થાય છે ત્યારે જ્ઞાનીઓ પોતાની જ ભૂલ માને છે અને એમ વિચારે છે કે, મારા ઉપાદાનની જ ખામી છે. આ જ પ્રમાણે તમે પણ તમારા આત્માને તપાસો અને ક્રોધ પેદા થાય ત્યારે તમારી જ ખામી છે એમ માનો તો તમને ક્રોધ જ પેદા નહિ થાય!

આ ઉપરથી કદાચ કોઈ એમ કહે કે, જો પોતાની જ ભૂલ માનવામાં આવે તો પછી રાજવ્યવસ્થા બગડી જશે! જ્યારે બીજાનો અપરાધ જ માનવામાં ન આવે અને પોતાનો જ અપરાધ માનવામાં આવે તો કોઈને દંડ આપવો પણ નકામો જશે અને જો કોઈ અપરાધીને દંડ જ આપવામાં ન આવે તો તો ગજબ જ થઈ જાય ને!

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે, કોઈને દંડ આપવો એ અપરાધનો બદલો આપવા બરાબર છે. પરંતુ અપરાધનો બદલો બે રીતે આપવામાં આવે છે. એક તો અપરાધનો બદલો અપરાધ કરીને જ આપવામાં આવે છે અને બીજો અપરાધનો બદલો અપરાધને દૂર કરી ક્ષમાદ્વારા આપવામાં આવે છે. એક તો થપ્પડનો બદલો થપ્પડ મારીને આપવામાં આવે છે અને બીજો થપ્પડનો બદલો ક્ષમાદ્વારા આપવામાં આવે છે. અપરાધનો બદલો રાજા દંડ દ્વારા આપી અપરાધનો બદલો અપરાધથી આપે છે પરંતુ જ્ઞાનીજનો અપરાધનો બદલો બીજી જ રીતે આપે છે. જ્ઞાનીજનો અપરાધનો બદલો કેવી

રીતે આપે છે એ જાણવા માટે તમે એમ સમજો કે, પરમાત્માને પતિતપાવન કહેવામાં આવે છે, પતિતનાશક કહેવામાં આવતા નથી. શું પરમાત્મા પતિતોને નષ્ટ કરી ન શકે? તે નષ્ટ તો કરી શકે છે પણ એ તો રાજા પણ કરે છે. જો ઈશ્વર પણ એવું જ કરે તો પછી તેની મહત્તા શી? ઈશ્વર એમ કરે તો તે ઈશ્વર રહી ન શકે. તે ઈશ્વર ત્યારે જ છે કે જ્યારે તે મોટું કામ કરે છે. પતિતોને નષ્ટ કરવા એ કાંઈ મોટું કામ નથી; પરંતુ પતિતોને પાવન કરવા એ જ મોટું કામ છે. આ મોટું કામ કરવાને કારણે જ ઈશ્વર પતિત-પાવન કહેવાય છે. જે સામાન્ય કામો બીજા લોકો કરે છે તે સામાન્ય કામ ઈશ્વર કરે તો એમાં તેનું શું ઈશ્વરત્વ છે? અપરાધનો બદલો દંડ દ્વારા આપવો એ જઘન્ય ઉપાય છે. આ જઘન્ય ઉપાયનો ઉપયોગ કરનાર તો સંસારમાં ઘણા છે, પરંતુ અપરાધનો બદલો ઉત્કૃષ્ટ ઉપાય દ્વારા આપવો અર્થાત્ ક્ષમા દ્વારા આપવો એમાં જ ખરી ખૂબી છે.

આ પ્રમાણે કર્મોને નષ્ટ કરવા માટે શાસ્ત્રકારોએ જે ઉપાયો બતાવ્યાં છે એ ઉપાયો-દ્વારા ક્ષમાની માફક તાત્કાલિક લાભ પણ થાય છે. ક્ષમા, અહિંસા આદિ જે ગુણો કર્મા-વરણોને દૂર કરવા માટે શાસ્ત્રકારોએ બતાવ્યાં છે એ ગુણોથી જગતને પણ ઘણી શાન્તિ મળે છે. જો સંસારમાંથી આ ગુણો એક ક્ષણભરને માટે દૂર કરવામાં આવે તો આ સંસાર તપાવેલા લોઢાની માફક સંતપ્ત બની જાય. અહિંસા-ક્ષમા આદિ ગુણોને કારણે જ સંસારમાં સુખ અને શાન્તિ છે.

## અનાથી મુનિનો અધિકાર—૭૪

ધર્મનો ઉપદેશ સાંભળી રાજા શ્રેણિકનો હૃદયપલટો કેવો થઈ ગયો તે જુઓ. તેણે મુનિની પાસે પોતાનાં અપરાધોની ક્ષમા માગી. મુનિ તો કોઈને અપરાધી માનતા જ ન હતા. જો તેઓ રાજાને અપરાધી માનતા હોત તો તેને ઉપદેશ જ શા માટે સંભળાવત? પરંતુ જે બીજાના અપરાધને માનતા નથી તેમના ભક્તો તેમની ક્ષમાથી પોતાના ઉપર વધારે ભાર સમજે છે અને એમ વિચારે છે કે અમે આ ઋણથી ક્યારે મુક્ત થઈ શકીએ?

અપરાધની ક્ષમા માંગતો રાજા શ્રેણિક પોતાનો શું અપરાધ છે તે બતાવતાં કહે છે કે, "હે! મુનિવર! આપ સમાધિમાં બેસી ધ્યાન કરી રહ્યા હતા ત્યારે મેં આપે દીક્ષા કેમ ધારણ કરી! એવો તુચ્છ પ્રશ્ન કર્યો. મને આપનું ધ્યાન તોડવાનો અને આવો પ્રશ્ન પૂછવાનો શો અધિકાર હતો? પણ મને અધિકાર ન હોવા છતાં મેં આપનું ધ્યાન તોડયું. મારો એ અપરાધ છે. આપ મારા એ અપરાધને માફ કરો."

શું પ્રશ્ન પૂછવો એ પણ અપરાધ છે કે, રાજા શ્રેણિક તેને માટે ક્ષમા માંગે છે? રાજા શ્રેણિક પ્રશ્ન પૂછવાનો અને ધ્યાનભંગ કરવાનો પણ પોતે અપરાધ કર્યો છે, એમ માની પોતાની સીમાતીત નમ્રતાનો પરિચય આપી રહ્યો છે! તે કહે છે કે, મારો પ્રશ્ન તુચ્છ હતો અને આપનું ધ્યાન મોટું હતું. મેં તુચ્છ કામને માટે મોટા કામની હાનિ કરી છે એ મારો અપરાધ છે. રાજા આ પ્રમાણે કહી પોતા ઉપર મુનિના ઉપકારનો વધારે ભાર છે એમ બતાવે છે. આ ઉપકારનું પૂર્ણ રહસ્ય તો કોઈ જ્ઞાની જ બતાવી શકે છતાં હું સ્વબુદ્ધિ અનુસાર તેને સમજાવવાનો પ્રયત્ન કરું છું.

માનો કે એક બાળક છે. તેનો પિતા ડોકટર, વકીલ કે મોટો ન્યાયાધીશ છે. પિતા કોઈ મહાન્ કામમાં મશગૂલ હતો તે વખતે બાળક રોવા લાગ્યો. બાળકનું રુદન પિતાથી જોઈ શકાયું નહિ એટલે તે પોતાનું મહત્ત્વનું કામ છોડી દઈ બાળકની પાસે આવ્યો અને તેને શાન્ત કર્યો. હવે આ બાળક ઉપર પિતાનો ઉપકાર છે કે નહિ? જો બાળક કૃતજ્ઞ હશે તો તે પિતાનો મહાન્ ઉપકાર માનશે. બાળપોથીમાં માતાપિતાનો કેવો ઉપકાર હોય છે એ બતાવવા માટે લખ્યું છે કેઃ—

ટગમગ પગ ટગતાં નહીં, ખાય ન શકતો ખાદ;
ચાલી ન શકતો આપથી, લેશ હતી નહિ લાજ.
તે અવસર આણી દયા, બાળકને મા–બાપ;
પાળે પોષે પ્રેમથી, તે ઉપકાર અમાપ.
કોઇ કરે એવે સમે, બે ઘડી એક બરદાસ;
આખી ઉંમર થઈ રહે, તે નરનો નર દાસ.

માતાપિતાનો આટલો મહાન્ ઉપકાર છે. શું એ ઉપકારને ભૂલી જઈ શકાય? પરંતુ આજે માતાપિતાનો ઉપકાર કેવી રીતે માનવામાં આવે છે અને કેવી રીતે માનવામાં આવતો નથી એ વાત કહેવામાં આવે તો તે વાત ઘણી જ લાંબી છે. આજની કેટલીક શિક્ષા માતાપિતાનો ઉપકાર ભુલાવે છે અને જે શિક્ષા માતાપિતાના ઉપકારને ભુલાવતી હોય તેને શિક્ષા જ કેમ કહી શકાય? માતાપિતા, બાળકો માટે આજની શિક્ષા પાછળ થતો મોટો ખર્ચ ઉપાડે છે. સાંભળવામાં આવે છે કે, મુંબઈમાં વિદ્યાર્થીનું સાધારણ ખર્ચ માસિક પચાસ રૂપિયા થાય છે. માતાપિતા આટલો મોટો ખર્ચ ઉપાડી પોતાના પુત્રોને ભણાવે છે; પણ આજના સુધરેલા પુત્રો અર્ધનગ્ન પોશાકમાં કૉલેજમાંથી નીકળી માતાપિતાને વૃદ્ધ, બુદ્ધિહીન અને જૂના જમાનાના માનવા લાગે છે. શું આ પણ કાંઈ શિક્ષા છે? જૈનશાસ્ત્ર માતાપિતાને કેટલું મહત્ત્વ બતાવે છે એને માટે કહ્યું છે કેઃ—**देवगुरुजणसकासा।** અર્થાત્—માતાપિતા દેવગુરુ સમાન છે. આ પ્રમાણે શાસ્ત્ર તો માતાપિતાનું આટલું મહત્ત્વ બતાવે છે, ત્યારે આજના છોકરાઓ માતાપિતાને આમ કહે છે. હવે આજના છોકરાઓ લાયકાત શીખીને આવ્યા છે કે નાલાયકી શીખીને આવ્યા છે એ વાત તો સાધુઓની સંગતિ કરવામાં આવે તો જાણવામાં આવે.

વિલાયત વિષે સાંભળ્યું છે કે, ત્યાં જો પોતાનો પિતા ઘેર આવે તો તેને હોટલમાં ઉતારવામાં આવે છે. પોતાના પિતાને ઘરમાં ઉતરવાની જગ્યા પણ આપવામાં આવતી નથી. ખાવા–પીવાનો પણ હોટલમાં જ પ્રબંધ કરી દેવામાં આવે છે અને તેનું બીલ ચુકવી આપવામાં આવે છે. બીલ પણ પુત્ર ચુકવી આપે તો તેની મહેરબાની. પિતા પુત્ર ઉપર કાંઈ કલ્યાણ કરતો નથી. *ભારતદેશની સ્થિતિ હજી આવી નથી.* ભારતદેશ આર્યક્ષેત્ર છે. અહીં માતાપિતાને ઘણી જ ઊંચી દૃષ્ટિએ જોવામાં આવે છે; પણ આજે પાશ્ચાત્ય સભ્યતાની અસર ભારતદેશ ઉપર પણ પડવા લાગી છે.

ભારતની પૂર્વ પદ્ધતિ કેવી હતી કે રાજા શ્રેણિક, ધ્યાનભંગ કરવામાં અને પ્રશ્ન પૂછવામાં પણ પોતાનો અપરાધ માની મુનિ પાસે તેની ક્ષમા માંગી રહ્યો છે, જ્યારે આજની

સ્થિતિ એવી છે કે માતાપિતાનો ઉપકાર માનવાને બદલે તેમની અવજ્ઞા કરવામાં આવે છે. માબાપો હજારો રૂપિયાનો ખર્ચ કરી અને પોતે ગરીબ બનીને પણ પુત્રોને ભણાવે-ગણાવે છે પણ પુત્રો આટલો મોટો ખર્ચ કરીને શું ભણ્યા? આવી શિક્ષા વાસ્તવમાં શિક્ષા નથી પણ કુશિક્ષા છે. સાચી શિક્ષા કોને કહેવી એને માટે કહ્યું છે કેઃ—

**'सा विद्या या विमुक्तये ।'**

સાચી શિક્ષા તે છે કે, જે બંધનોને તોડે; પણ આજે તો વિદ્યાને નામે ઊલટું બંધનોમાં પડવામાં આવે છે.

અત્રે કહેવાનું એ છે કે, તે વકીલ પિતા, પુત્રનું રુદન સાંભળી પોતાનું મહત્ત્વનું કામ છોડીને પણ બાળકની પાસે ગયો અને તેને શાન્ત કર્યો. પિતાનું આ કાર્ય બાળકને માટે ઉપકારક છે કે નહિ?

આ જ પ્રમાણે કોઈ મહાત્મા, ધ્યાનનું મહત્ત્વનું કામ છોડી કોઈના મનનો સંશય દૂર કરે અને ધર્મબોધ આપે એ તેમનો ઉપકાર છે કે નહિ? રાજા શ્રેણિક તો મુનિએ ધ્યાન–મૌન તોડી તેને ઉપદેશ આપ્યો એટલા માટે ને મુનિનો ઉપકાર માને છે અને કહે છે કે, "મારો અપરાધ માફ કરો. મેં પહેલો અપરાધ તો એ કર્યો કે, મેં આપનું ધ્યાન તોડયું. અને બીજો અપરાધ એ કર્યો કે આપને ભોગ–ઉપભોગ માટે આમંત્રણ આપ્યું. મેં આપને એમ કહ્યું કે, આપ આ ભરજુવાનીમાં કષ્ટો શા માટે સહન કરો છો! તમે મારી સાથે મારા રાજ્યમાં ચાલો અને સુખેથી ભોગોનો ઉપભોગ કરો. મારો એ અપરાધ હતો કે હું તમને સંયમ ધારણ કરવામાં દુઃખી સમજી રહ્યો હતો. મારો એ અપરાધ તમે માફ કરો."

રાજાએ મુનિને ભોગોપભોગ માટે આમંત્રણ આપી શો અપરાધ કર્યો? તે તો મુનિને માટે દરેક પ્રકારની સગવડતા આપતો હતો તો પછી તેણે અપરાધ કર્યો એમ કેમ કહી શકાય?

આ પ્રશ્નના ઉત્તરમાં એ જ જણાવવાનું છે કે, જો તમે આ વાતને બરાબર સમજી લો તો પછી દેવ–ગુરુ સંબંધી ઘણી વાતોનો નીવેડો એની મેળે જ આવી જાય! રાજાએ મુનિને ભોગોપભોગને માટે આમંત્રણ કર્યું, એને જો તમે રાજાનો અપરાધ માનો છો તો પછી તમે તમારા વિષે પણ એમ જુઓ કે, તમે ક્યાંય અમને સાધુઓને આ જ પ્રકારની સંસારની ધાંધલમાં તો પાડતા નથી ને? તમે કે તમારા પૂર્વજોએ સાધુઓને એવા ધાંધલમાં પાડી દીધા છે કે જેથી સાધુઓનો હ્રાસ થઈ ગયો છે. જેમકે સાધુઓને એમ કહેવામાં આવે છે કે, 'ગમે તે થાય પણ અમને તો ધનપ્રાપ્તિ થાય એવો ઉપાય બતાવો અથવા ફીચર બતાવો. તમે તો દયાળુ છો એટલા માટે અમને તેજી–મંદીના આંક બતાવો.' ઘણી જગ્યાએ આ પ્રકારની તેજી–મંદી બતાવનારા વેશધારીઓને પણ સગવડતા આપવામાં આવે છે પણ આ બધી સગવડતાઓ સાધુતાની સીમા બહારની છે. એટલા માટે જો તમે રાજાના કામને અપરાધરૂપ માનો છો તો તમે પણ સાધુતાથી વિપરીત જે કામ હોય તે ન કરો.

રાજા શ્રેણિક કહે છે કે, "હે! મુનિ! હું આપ જેવા સનાથને પણ અનાથ બનાવવા ચાહતો હતો. હું ભોગનો કીડો આપને પણ ભોગમાં જ પાડવા ચાહતો હતો. મેં અજ્ઞાનતાને કારણે આપનો અપરાધ કર્યો છે માટે મારો અપરાધ માફ કરો."

રાજાએ જે અપરાધ કર્યો હતો તે અજ્ઞાનને કારણે કર્યો હતો પણ તમે જાણી જોઈને તો અપરાધ કરતા નથી ને? તમે જાણીજોઈને એવો અપરાધ ન કરો અને જો કોઈ સાધુ

એવા પાપમાં પડતા હોય તો તેમને કહો કે, અમે તો તમારી પાસેથી સંસાર તરવાની આશા રાખીએ છીએ અને એ જ આશાએ તમારી પાસે આવીએ છીએ; પણ જો તમે પણ આ પ્રમાણે પતિત થઈ જશો અથવા અમે તમને સંસારનાં કામોમાં ફસાવી દઈશું તો પછી અમે ક્યાં જઈશું ?

તમારા ગુરુ નિર્ગ્રન્થ છે અને તમારા દેવ પણ નિર્ગ્રન્થ છે. જો તમે નિર્ગ્રન્થધર્મની વિરુદ્ધ તમારા દેવ–ગુરુને ભોગી બનાવવા ચાહો, તો એ કેવો ભારે અપરાધ થશે તેનો જરા વિચાર કરો. એટલા જ માટે હું એમ કહું છું કે, જો તમે આ ગાથાનો અર્થ બરાબર સમજી લો તો સાચા દેવગુરુનો અને સાચા ધર્મનો સાક્ષાત્કાર તમને અવશ્ય થાય. ત્રાજવામાં એક દાંડી હોય છે અને બે છાબડાં હોય છે. ખૂબી તો દાંડીમાં જ હોય છે. આ જ પ્રમાણે ધર્મ અને દેવ એ બંને ત્રાજવાનાં છાબડાં સમાન છે અને ગુરુ એ ત્રાજવાની દાંડી સમાન છે. જો ગુરુ સારા ન હોય તો તેઓ સાચા ધર્મ અને સાચા દેવનો પણ પત્તો લાગવા ન દે. જે ગુરુઓ અનાથી મુનિની જેવા સનાથ હશે તેઓ જ સાચા દેવ અને સાચા ધર્મનો સાચો પરિચય આપી શકે છે.

આ તો શ્રાવક–શ્રાવિકાને લગતી વાત થઈ; પણ અમારે સાધુઓએ પણ એ વાત બરાબર સમજવી જોઈએ કે, જો અમે ભોગના ત્યાગી બનીને પણ પાછા ભોગમાં પડી જઈશું તો અમે પતિત થઈ જશું. રાજા શ્રેણિક વીર ક્ષત્રિય હતો. તે વાણિયો ન હતો કે, 'વણિક' તુષ્ટ' દેત હસ્તતાલી ' એ કથનાનુસાર તે મુનિને કેવળ કહીને જ રહી જાત. જો મુનિ રાજાના કહેવા પ્રમાણે તેની સાથે જાત તો તે દરેક પ્રકારની સગવડતા કરી આપત અને જીવનપર્યંત તેમનું ભરણપોષણ પણ કરત; પરંતુ મુનિએ રાજાનું આમંત્રણ ન સ્વીકાર્યું અને કહ્યું કે, " તું પોતે પણ અનાથ છે તો પછી મારો નાથ કેમ બની શકે ? " અનાથી મુનિની જેવી ભાવના રાખવી એ આપણું પણ કામ છે. જો અમે આ વાતને ભૂલી જઈ ભોગોપભોગમાં પડી જઈએ તો અમારી તો હાનિ થાય જ પણ સાથે સાથે બીજાઓની પણ હાનિ થાય ! સાધારણ માણસની ભૂલ તો પોતાની જ હાનિ કરે છે, પરંતુ મહાન્ લોકોની ભૂલ આખી સમાજમાં અનેક જણાને હાનિ પહોંચાડે એવી ભયંકર હોય છે. સાધારણ રીતે દુરાચારિણી સ્ત્રીઓ તો અનેક હશે, પણ કૃષ્ણે દ્રૌપદીની કર્ણને ચાહવાની માનસિક કલ્પનાની સામાન્ય ભૂલને પણ કાઢી કારણ કે તેઓ જાણતા હતા કે દ્રૌપદી સતી કહેવાય છે. જો સતી હોવા છતાં આવી ભૂલ રહી તો મહાન્ અનર્થ થશે. આ જ પ્રમાણે અમારી ભૂલ પણ ભયંકર ગણાય છે એટલા માટે અમારે ભૂલ કરવી ન જોઈએ.

ભગવાન અનાથીના ઉપદેશથી રાજાનું જે પરિવર્તન થયું એ ભાવ દયા છે. આ ભાવ દયાને કારણે રાજાને કેટલો લાભ થયો હશે એનું માપ કાઢવું મુશ્કેલ છે. આ ભાવ દયાનું મૂળ તો બધા જીવો પ્રત્યે અનુકંપા રાખવી એ છે. અનુકંપા કોને કહેવાય એને માટે કહ્યું છે કેઃ—**अनुकूलं कम्पनं चेष्टनं इति अनुकम्पा** અર્થાત્–બીજાને જે દુઃખ થાય છે તે મને જ દુઃખ થાય છે એમ સમજીને બીજાનું દુઃખ દૂર કરવું એ અનુકંપા છે.

અમેરિકાના એક ન્યાયાધીશ વિષે સાંભળ્યું છે કે, તેણે એક સુવરને કીચડમાં ફસાએલો અને તરફડીયાં મારતો જોયો. ન્યાયાધીશને અનુકંપા આવી અને તેણે પોતે તેને બહાર કાઢ્યો. બહાર કાઢતાં કીચડનાં છાંટાં તેના બહુમૂલ્ય કપડાં ઉપર પડયાં એટલે તેનો પોશાક બગડી

ગયો. તેનો ગાડીવાળો તેને કહેવા લાગ્યો કે, સાહેબ, આપે મને એને બહાર કાઢવાનું કેમ ન કહ્યું ? ન્યાયાધીશે જવાબ આપ્યો કે, જો હું તને એ કામ સોંપત તો એ કામ ભાડુતી થઈ જાત. મેં આ કામ કાંઈ બીજાનું કર્યું નથી પણ પોતાનું જ કામ કર્યું છે. આ સૂવર દુઃખી થતો હતો એ કારણે મારા હૃદયમાં પણ દુઃખ થયું. એનું દુઃખ દૂર કરી મેં મારું જ દુઃખ દૂર કર્યું છે. એને હવે આનંદિત થતો જોઈ મને પણ આનંદ થાય છે.

લોકો પોતાનો ફોટો ઉતરાવે છે ત્યારે ભાડાનાં દાગીનાં પણ પહેરે છે. પણ આ પ્રમાણે ફોટો ઉતરાવવો એ સાચો ફોટો નથી. સાચો ફોટો તો તે છે કે, જે બીજાને સુખી બનાવી તેની છાપ હમેશાંને માટે હૃદયમાં પડાવી રાખે.

અમેરિકાનો ન્યાયાધીશ તો અનુકંપા માટે આમ કરે અને ભારતના શ્રાવકો જો પોતાનાં ઘરના લોકોની પણ દયા ન કરે તો એ કેટલું બધું અનુચિત કહેવાય ? એટલા માટે તમે કાંઈ નહિ તો તમારા ઘરવાળાઓ પ્રત્યે તો દયાભાવ અવશ્ય રાખો.

આ પ્રમાણે કર્માવરણોને નષ્ટ કરવા માટે અહિંસાદિ જે ઉપાયો બતાવવામાં આવ્યાં છે તે ઉપાયોથી પારલૌકિક લાભ પણ છે અને ઇહલૌકિક તાત્કાલિક લાભ પણ છે એટલા માટે તમે લોકો અહિંસાદિ ગુણોને જીવનમાં અપનાવો તો તેમાં કલ્યાણ રહેલું છે.

# વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૧૦ મંગળવાર

## પ્રાર્થના

**શ્રી ' દઢરથ ' નૃપતિ પિતા, ' નન્દા ' થારી માય;**
**રોમ રોમ પ્રભુ મો ભણી, શીતલ નામ સુહાય.**
**જય જય જિન ત્રિભુવન ધણી. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી શીતલનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્મા પ્રત્યે જેમને અવિચળ શ્રદ્ધા છે તેઓ પરમાત્માને કેવા રૂપમાં જુએ છે એને માટે આ પ્રાર્થનામાં કહ્યું છે કેઃ—

સેવ્યા સુરતરુ જેહવો, વાંછિત સુખ દાતાર.

ભક્તજનો કહે છે કે, ' હે ! પ્રભો ! તું કલ્પવૃક્ષની સમાન છે.' આ કથનને વિષે સાચા ભક્તોને કોઈ પ્રકારનો સંદેહ કે તર્કવિતર્ક થતો નથી. બલ્કિ તેઓ તો ત્યાંસુધી કહે છે કે, ' હે ! પ્રભો ! તારા માટે કલ્પવૃક્ષની ઉપમા પણ યોગ્ય નથી. ' સાચા ભક્તો તો પરમાત્મા વિષે આમ કહે છે પરંતુ જેઓ સાચા ભક્તો નથી અને જેમના મનમાં પરમાત્મા વિષે શંકા છે તેઓ એમ કહે છે કે, " જો પરમાત્મા કલ્પવૃક્ષની સમાન છે તો પછી અમારે કોઈ પ્રકારનાં કષ્ટો સહેવાની જ જરૂર નથી; પછી તો પરમાત્માનું નામમાત્ર લેવાથી બધું કામ પતી જાય. પણ જો વાસ્તવમાં પરમાત્મા કલ્પવૃક્ષની સમાન જ હોય તો અમે પરમાત્માનું

નામ બહુ લઈએ છીએ છતાં અમને ભોજન કેમ મળતું નથી ! અમે પરમાત્માનું નામ ગમે તેટલીવાર લઈએ પણ અમને ભોજન તો પુરુષાર્થ કરવાથી જ મળે છે. આવી અવસ્થામાં પરમાત્મા કલ્પવૃક્ષની સમાન છે એમ કેમ કહી શકાય ? ”

આ પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે, જેમને પરમાત્મા ઉપર વિશ્વાસ નથી, જેમને દિવસ–રાત જડપદાર્થોનું જ ધ્યાન રહે છે અને જેઓ જડપદાર્થોની પ્રાપ્તિ માટે જ પરમાત્માનું સ્મરણ કરે છે તેઓ પરમાત્મા પાસેથી આવી કામના–વાસના રાખે એ સ્વાભાવિક છે; પણ જ્ઞાનીજનો કહે છે કે, સર્વપ્રથમ આત્માને દૃષ્ટા બનાવો અને પછી પરમાત્માને જુઓ તો એ દશામાં તમને પરમાત્મા કલ્પવૃક્ષની સમાન લાગશે. એ માટે સર્વપ્રથમ પરમાત્માને જાણવાની યોગ્યતા પ્રાપ્ત કરો. યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના પરમાત્મા કલ્પવૃક્ષ સમાન છે કે નહિ એ કહી શકાય નહિ. યોગ્યતા મેળવ્યા વિના પરમાત્માને જોવાનો પ્રયત્ન કરવો, નકામો છે. જેમને આંખો નથી તે સૂર્યને જોવાનો પ્રયત્ન કરે તો તેનો પ્રયત્ન નકામો જાય છે. તથા જેમની આંખે મોતીયો હોય તેમણે પણ મોતીયો ઉતરાવીને સૂર્યને જોવાનો પ્રયત્ન કરવો પડે છે. આંખમાંથી મોતીયો કઢાવે નહિ અને તે પહેલાં જ એમ કહે કે, સૂર્ય ક્યાં છે તો એનું એમ કહેવું નકામું છે. પહેલાં સૂર્યને જોવાની યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે અને યોગ્યતા પ્રાપ્ત કર્યા છતાં સૂર્ય જોવામાં ન આવે તો કાંઈપણ કહેવું એ વ્યાજબી છે પણ યોગ્યતા પ્રાપ્ત કર્યા પહેલાં જ એ વિષે કાંઈ કહેવું ઠીક નથી. આ જ પ્રમાણે જ્ઞાનીજનો કહે છે કે, પરમાત્માને જાણવાની યોગ્યતા પ્રાપ્ત કર્યા બાદ પરમાત્માને જાણવાનો પ્રયત્ન કરો. એને માટે સર્વપ્રથમ બુદ્ધિને અન્તર્મુખી બનાવો અને બુદ્ધિને અન્તર્મુખી બનાવી પરમાત્માને જુઓ. સર્વપ્રથમ આત્માને ઓળખો. જ્યારે તમે આત્માને ઓળખી લેશો અને એ પ્રમાણે યોગ્ય બની જશો ત્યારે પરમાત્માને ઓળખવામાં અને પરમાત્માને કલ્પવૃક્ષ સમાન માનવામાં વાર નહિ લાગે. પણ જ્યારે આત્માને જ ઓળખવાનો પ્રયત્ન કરશો નહિ તો પછી પરમાત્માને ઓળખી કેમ શકશો ?

હવે આત્માને કેમ ઓળખવો એ અત્રે પ્રશ્ન ઊભો થાય છે ? આને માટે આત્માએ આત્મદૃષ્ટિ કેવી રીતે ગુમાવી એ જુઓ. જે માર્ગે આત્મદૃષ્ટિ ગુમાવી છે તેથી ઊલટા માર્ગે જવાથી આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરી શકાય છે. આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે સર્વપ્રથમ એ જુઓ કે, હું કોણ છું અને શું કરું છું ? કેટલાક લોકો એમ સમજે છે કે, હું પંચભૂત જ છું અને પંચભૂતના નાશમાં જ મારો નાશ છે. આવું સમજનારા લોકો માતાના ગર્ભસ્થાન સિવાય પોતાની ઉત્પત્તિનું બીજું સ્થાન માનતા નથી. પણ પંચભૂત તો જડ છે, જડ પંચભૂતથી આત્માની ઓળખાણ તો થાય છે પરંતુ આત્મા પોતે જડરૂપ નથી. આત્મા દૃષ્ટા છે અને જડ પદાર્થો દૃશ્ય છે. દૃષ્ટા થઈને પોતાને દૃશ્યરૂપે માનવો એ મોટી ભૂલ છે. જે પ્રમાણે ગાડી અને ગાડીવાળો બન્ને જુદાં જુદાં છે છતાં જો ગાડીવાળો પોતાને ગાડી જ માની લે તો એ જેમ તેની ભૂલ ગણાશે તે જ પ્રમાણે આત્મા અને પંચભૂત બન્ને જુદાં જુદાં છે છતાં આત્માને પંચભૂત માની લેવામાં આવે તો એ પણ ભૂલ ગણાશે. જો કે ગાડી હોવાને કારણે જ ગાડીવાળો કહેવાય છે છતાં ગાડીવાનમાં ગાડીને લઈ જવાની, તોડવા–ફોડવાની શક્તિ છે. આ જ પ્રમાણે આત્મામાં પણ પંચભૂતને તોડવા–ફોડવાની શક્તિ છે. એટલા માટે આત્મા પંચભૂત નથી પણ તે પંચભૂતથી અળગો છે. આ પ્રમાણે આત્માને જ્યારે પંચભૂતથી અળગો, અજરામર અને અવિનાશી માની, આ આત્મા પરલોકમાંથી આવ્યો છે અને પરલોકમાં

જવાનો છે, એમ માનશો ત્યારે તમે પરમાત્માને પણ ઓળખી શકશો અને આ આત્માનું કલ્યાણ પણ જલ્દી સાધી શકશો.

કહેવાનો આશય એ છે કે, આ આત્મા પંચભૂત નથી; પણ તેથી જુદો છે એમ માનશો ત્યારે તમે તમારા આત્માને પણ ઓળખી શકશો. આજે સાંભળ્યું છે કે અહીંના કોઈ પ્રસિદ્ધ ડૉક્ટર મૃત્યુ પામ્યા છે. તે ડૉક્ટર હતા એટલે તેઓએ પોતાના શરીરની બરાબર સંભાળ રાખી હશે. છતાં જો પંચભૂતથી આત્મા ભિન્ન નથી તો તેમનું મૃત્યુ થવાનું શું કારણ ? કારણ કે તેમણે પંચભૂતની તો બરાબર સંભાળ રાખી જ હશે. છતાં તેમનું મૃત્યુ કેમ થયું ? એટલા માટે કેવળ પંચભૂત જ છે, આત્મા છે જ નહિ એમ માની ન બેસો પરંતુ એમ માનો કે, "હું ચૈતન્ય આત્મા આ પંચભૂતનો દ્રષ્ટા છું અને પંચભૂત આદિ જડપદાર્થો મારાં દૃશ્યો છે."

આત્માને દ્રષ્ટા અને જડપદાર્થોને દૃશ્ય માનવાથી પરમાત્મા કલ્પવૃક્ષની સમાન કેવી રીતે છે એ જાણવામાં આવી શકશે. દ્રષ્ટા અને દૃશ્યનો ભેદ સમજવાથી તમે એ સમજી શકશો કે, જડ કલ્પવૃક્ષથી તો જડ વસ્તુ જ મળે છે, જે જડ વસ્તુ આત્માની સાથે જતી નથી. જો જડ કલ્પવૃક્ષથી આત્માનું કલ્યાણ થઈ શકે અથવા મોક્ષે જઈ શકાય એવી ચીજ આપતું હોત તો જુગલ્યા લોકો મોક્ષે ચાલ્યા જાત; પણ કલ્પવૃક્ષમાં એવી શક્તિ નથી. આથી વિપરીત કલ્પવૃક્ષદ્વારા મનવાંછિત વસ્તુ મળે છે એ જમાનામાં તો લોકો વધારે આળસુ બની જાય છે. આ જ કારણે ભગવાને કલ્પવૃક્ષની વ્યવસ્થા તોડી નાંખી. એટલા માટે તમે જડ વસ્તુ આપનાર કલ્પવૃક્ષની ઇચ્છા ન રાખતાં પરમાત્મારૂપી કલ્પવૃક્ષની ઇચ્છા રાખો. આ પ્રમાણે આત્માનું કલ્યાણ કરનાર પરમાત્મારૂપી કલ્પવૃક્ષની ઇચ્છા રાખશો તો તમને કદાપિ દુઃખ નહિ થાય. જો પૂર્ણ રીતિએ પરમાત્મારૂપી કલ્પવૃક્ષની આરાધના કરી ન શકો તો શક્તિ અનુસાર તો આરાધના અવશ્ય કરો. શ્રી. ભગવતી સૂત્રમાં કહ્યું છે કે, ભગવાનની અર્થાત્ ભગવાનના તીર્થની ( જ્ઞાન, દર્શન અને ચારિત્રની ) જઘન્ય આરાધના કરનાર પંદર ભવોથી વધારે ભવ કરતો નથી. અને તે જે પંદર ભવો કરે છે તે પણ દેવલોક કે મનુષ્યના જ ભવો કરે છે. દેવલોકમાં પણ તે નિકૃષ્ટ યોનિનો દેવ થતો નથી પરંતુ પદવીધારી દેવ થાય છે અને ત્યાંથી જ્યારે તે મનુષ્ય ભવમાં જન્મ લે છે, ત્યારે તે એવી જ જગ્યાએ જન્મ લે છે જ્યાં દશ *બોલની સગવડતા હોય છે; તથા મનુષ્ય ભવમાં પણ જડ પદાર્થોમાં લિપ્ત થતો નથી પણ જે પ્રમાણે સાકરનો રસ લઈ માખી ઉડી જાય છે તે જ પ્રમાણે તે સંસારનાં પદાર્થો ઉપરથી મમત્વ ઉતારી આત્માના કલ્યાણમાં સંલગ્ન બની જાય છે. આ પ્રમાણે જે આત્માનું કલ્યાણ કરનાર છે એ ભગવાનરૂપી કલ્પવૃક્ષની સેવા કરવી જોઈએ. જડની સેવા જડ વસ્તુની પ્રાપ્તિ માટે જ કરવામાં આવે છે. જડવસ્તુની પ્રાપ્તિ માટે જ પરમાત્માની સેવા

---

खित्तं वत्थुं हिरण्णं च, पसवो दासपोरूसं ।
चत्तारि कामखन्धाणि, तत्थ से उववज्जई ॥ १७ ॥
मित्तवं नायवं होइ, उच्चगोए य वण्णवं ।
अप्पायंके महापन्ने, अभिजाए जसोबले ॥ १८ ॥–उ० ३, अ० १७–१८

* ૧ ક્ષેત્ર, ૨ વસ્તુ, ૩ સુવર્ણ–ચાંદી, ૪ પશુ–દાસ, ૫ મિત્ર, ૬ જ્ઞાતિવાન, ૭ ઉચ્ચગોત્ર, ૮ સુંદર શરીર, ૯ રોગ રહિતતા, ૧૦ યશબલની પ્રાપ્તિ.

કરવી અને પરમાત્મા પાસેથી જડવસ્તુની કામના કરવી એ કોઈપણ રીતે ઉચિત નથી. પરમાત્માને જડવસ્તુની સાથે કાંઈ સંબંધ નથી. એટલા માટે પરમાત્મા પાસે જડવસ્તુની કામના ન કરો તેમ પરમાત્માને જડવસ્તુ આપનાર કલ્પવૃક્ષની સમાન કલ્પવૃક્ષ પણ ન માનો. પરમાત્મા તો એવા કલ્પવૃક્ષ સમાન છે કે જે વસ્તુ જડ કલ્પવૃક્ષ દ્વારા મળી શકતી નથી તે વસ્તુ તેની દ્વારા મળી શકે છે.

પરમાત્મારૂપી કલ્પવૃક્ષની સેવા કરવા માટે તમે જો તમારાં પાપો અને દુર્ગુણો તેમની સમક્ષ નગ્ન સ્વરૂપમાં પ્રગટ કરી દેશો અને ભવિષ્યમાં પાપાચરણ નહિ કરવાનો નિશ્ચય કરશો તો તમારો આત્મા નિષ્પાપ બની ઉર્ધ્વગામી અવશ્ય બનશે.

## અનાથી મુનિનો અધિકાર—૭૫

રાજા શ્રેણિક, અનાથી મુનિદ્વારા આ વાત સમજવાને કારણે જ, જ્યાં તે સનાથતા જોતો હતો ત્યાં અનાથતા જોવા લાગ્યો અને જ્યાં અનાથતા જોતો હતો ત્યાં સનાથતા જોવા લાગ્યો. પહેલાં તે મુનિને એમ કહેતો હતો કે, હું તમારો નાથ બનું છું પણ જ્યારે તેનું હૃદય નિર્મલ થઈ ગયું ત્યારે તે કહેવા લાગ્યો કે, 'હે! મુનિ! આપ જ સનાથ છો અને બધાં પ્રાણીઓના સ્વામી છો.'

ગુરુને ઓળખવાનું સાધન સનાથતા જ છે. જે જડ વસ્તુઓ સાથે મમતા રાખવામાં આવે છે તે જડ વસ્તુઓ અનાથતા વધારનારી છે, એટલા માટે જે એવી વસ્તુઓ ઉપર મમત્વ રાખે છે તે ગુરુ બનવાને યોગ્ય નથી. ગુરુ બનવાને યોગ્ય તો તે જ છે કે, જેનામાં આવી વસ્તુઓ ઉપર મમત્વ જ નથી.

૩૬ નંબર લખવામાં ૩ અને ૬ નંબરને ઊલટા જ રાખવા પડે છે. જો કોઈ માણસ ૩૬ નંબર લખવા ચાહતો હોય, અને ૩ અને ૬ નંબરને સામે સામે–સન્મુખ લખવા ચાહતો હોય તો તે ૩૩ કે ૬૩ કે ૬૬ નંબર ભલે લખી શકે, પણ ૩૬ નંબર લખવા માટે તો તેણે નંબરોને ઊલટા જ રાખવા પડશે. આ જ પ્રમાણે મુનિ મહાત્મામાં કોણ સનાથ છે એ વાતનો નિર્ણય કરવા માટે જે પ્રમાણે ૩૬ નંબરમાં બન્ને આંકોનું મુખ વિપરીત રહે છે, તે જ પ્રમાણે જે સંસારથી તદ્દન વિમુખ રહે છે તે જ સનાથ છે, એમ સમજવું જોઈએ. સનાથ પણ બનવા ચાહે અને સંસારનાં પદાર્થો ઉપર મમત્વ પણ રાખવા ચાહે તો એ બન્ને વાત બની શકતી નથી. જ્યાંસુધી સંસારનું મમત્વ ન છૂટે અને પુદ્‌ગલોનું મમત્વ રહે ત્યાંસુધી આત્મા અનાથ જ છે, સનાથ નથી.

જે બીજાની ચીજ ઉપર દૃષ્ટિ નાંખે–છે કે તેને લેવા ચાહે છે કે લે છે, તેને સંસાર–વ્યવહારમાં ચોર કે ઉઠાઉગીર કહેવામાં આવે છે. આ જ પ્રમાણે નિશ્ચયમાં પણ જે પરવસ્તુ ઉપર મમત્વ રાખે છે તે અનાથ છે, સનાથ નથી.

આ ઉપરથી કોઈ એમ કહે કે, સાંસારિક પદાર્થો ઉપરથી મમત્વ ઉતારવો એ વાત તો બરાબર છે પણ જો સાંસારિક પદાર્થો ઉપરથી મમત્વ એકદમ છૂટી ન શકે તો એ દશામાં શું કરવું? આ પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાનીજનો કહે છે કે, જો સાંસારિક પદાર્થો ઉપરથી મમત્વ એકદમ છૂટી ન શકે તો તેનું સ્વરૂપ તો જાણો અને એ સંસારનાં પદાર્થો અનાથતામાં પાડનારાં છે પણ સનાથતા લાવનારાં નથી એટલું તો અવશ્ય માનો! જો આ પ્રમાણે સાંસારિક

પદાર્થોનું સ્વરૂપ સમજી મહાપુરુષોના પગલે ચાલશો તો પણ કલ્યાણ થશે. રેલ્વેના ડબ્બાઓમાં પાવર હોતો નથી. પાવર તો કેવળ એન્જીનમાં જ હોય છે, પણ જ્યારે ડબ્બાઓને એન્જીનની સાંકળની સાથે જોડી દેવામાં આવે છે, ત્યારે પાવર ન હોવા છતાં ડબ્બાઓ એન્જીનની સાથે યથાસ્થાને પહોંચી જાય છે. આ જ પ્રમાણે સંસારનાં પદાર્થોનો ત્યાગ કરી પોતે સનાથ ન બનવા છતાં, જે સનાથ બન્યા છે, તેમના આત્માની સાથે પોતાનો સંબંધ જોડી દેવાથી એક દિવસ તમે પણ અવશ્ય સનાથ બની શકશો. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

**दुलहाओ मुहादाई, मुहाजीवी वि दुलहा।**
**मुहादाई मुहाजीवी, दो वि गच्छन्ति सुग्गइं** ॥—શ્રી દશવૈકાલિક સૂત્ર

અર્થાત્—પૂર્ણ પ્રેમથી, સદ્બુદ્ધિથી અને નિસ્પૃહતાથી દાન આપનાર દુર્લભ છે અને શુદ્ધ ભાવથી કેવળ સંયમનું પાલન કરવા માટે દાન લેનાર પણ દુર્લભ છે. જો કે આવું દાન આપનાર અને આવું દાન લેનાર બન્ને મળવાં દુર્લભ છે, પણ જો એવા બન્ને મળી જાય તો બન્ને સદ્ગતિને પામે છે. એટલા માટે સનાથ તો ન બની શકો તો જે મહાત્માઓ સનાથ બન્યા છે તેમની સાથે તમે સંબંધ જોડી લો તો તેમાં કલ્યાણ છે.

રાજા શ્રેણિકે અનાથી મુનિની સાથે પોતાનો સંબંધ જોડ્યો છે અને એટલા જ માટે તેણે મુનિની પ્રાર્થના પણ કરી છે. રાજાએ મુનિની પ્રાર્થના કેવી રીતે કરી છે એ બતાવવા માટે શાસ્ત્રમાં કહ્યું છે કે:—

**एवं थुणित्ताण स रायसीहो, अणगारसीहं परमाइ भत्तीए ।**
**सओरोहो सपरियणो सबन्धवो, धम्माणुरत्तो विमलेण चेयसा ॥ ५८ ॥**

રાજા શ્રેણિકે, મુનિ પાસેથી ધર્મબોધ પામી, પોતાનો અપરાધ તેમની પાસે માફ કરાવ્યો એવો જો કે સ્પષ્ટ પાઠ નથી, જે પાઠ છે તે પણ ઉપરથી એમ જણાય છે કે, રાજા ઘેર ગયો અને પોતાની રાજસંપદા, બંધુ-બાંધવ કર્મચારીઓ વગેરે સહિત તે મુનિની પાસે આવી ક્ષમાપ્રાર્થના કરી અને બધા લોકોની સાથે પણ તે ધર્મનો અનુરાગી થયો. મુનિએ જે સંપદાને મુક્તિમાં અવરોધક બતાવી હતી તે જ સંપદાને લઈ રાજા શ્રેણિક મુનિને ખમાવવા માટે આવ્યો. આ પ્રમાણે રાજાઓમાં સિંહસમાન એવા શ્રેણિક રાજાએ અનગારસિંહ એવા અનાથી મુનિની પાસે ક્ષમાપ્રાર્થના કરી.

રાજા શ્રેણિક રાજસિંહ હતા અને અનાથી મુનિ અનગારસિંહ હતા. શાસ્ત્રકારોએ બન્નેને સિંહની ઉપમા આપી છે. એટલા માટે અત્રે જોવાનું એ છે કે, સિંહ તો પશુ છે છતાં રાજા અને મુનિને માટે સિંહની ઉપમા કેમ આપવામાં આવી છે? સિંહમાં એવી કઈ વિશેષતા છે અને સિંહ તથા શ્વાન વચ્ચે શું અંતર રહેલું છે તે વિષે અત્રે વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે. ઘણા કુતરાઓ એવા પણ હોય છે કે જે આકાર-પ્રકારમાં સિંહની જેવા દેખાય છે. સિંહના જેવો રંગ, તેના જેવું શરીર, અને તેના જેવી જ મુંછ તથા પુંછડી હોય છે, તથા દાંત પણ તેના જેવાં જ લાંબાં હોય છે. આ પ્રમાણે પ્રાયઃ ઘણી સમાનતા સિંહના જેવી હોય છે, છતાં શું તે કુતરો સિંહનું સ્થાન લઈ શકે ખરો? તે કુતરો જ્યાંસુધી ન ભસે ત્યાંસુધી ભલે તે સિંહ જેવો લાગે, પણ જ્યારે તે ભસે ત્યારે શું તે સિંહના જેવી ગર્જના કરી શકે ખરો? જ્યારે તે ભોં-ભોં ભસે ત્યાર તે કુતરો જ છે એવી ખાત્રી થયા વગર

રહેતી નથી. કોઈ કુતરો બહારના દેખાવથી ભલે સિંહ જેવો લાગે પણ તેના ભસવા ઉપરથી તે સિંહ છે કે કુતરો તેની ખબર પડયા વગર રહેતી જ નથી. આ જ પ્રમાણે સાધુઓ પણ બાહ્ય વેશથી ભલે ગમે તે બની જાય પણ તેની બોલચાલથી તે સનાથ છે કે અનાથ તેની ખબર પડયા વગર રહેતી નથી.

ગાંધીજીના એક લેખમાં મેં વાંચ્યું હતું કે, શબ્દની પાછળ જો આત્માની શક્તિ રહેલી હોય તો તે શબ્દ અવશ્ય અસર કરે જ છે. પણ જો શબ્દની પાછળ આત્માની કે ત્યાગની શક્તિ ન હોય તો શબ્દની અસર કાંઈ પડતી નથી.

આ પ્રમાણે શ્વાન અને સિંહની વચ્ચે એક તો શબ્દનું અંતર રહેલું છે. બીજું અંતર એ છે કે, કુતરાને જ્યારે કોઈ લાકડી કે પત્થરથી મારે છે તો તે લાકડીને કે પત્થરને પકડવા દોડે છે, પણ મારનારને પકડતો નથી. પરંતુ સિંહ લાકડી કે પત્થરને પકડવા દોડતો નથી પણ પત્થર કે લાકડી મારનારને પકડવા દોડે છે. સાંભળવામાં આવે છે કે, એટલા જ કારણે સિંહ ઉપર પ્રહાર કરનાર માણસ પ્રહાર કરીને તે સ્થાનથી દૂર ભાગી જાય છે, નહિ તો સિંહ તે સ્થાને પહોંચી જાય છે. કુતરો એ વાત જાણતો નથી પણ સિંહ જાણે છે કે, લાકડી કે પત્થરનો શો દોષ! દોષ તો મારનારનો જ છે. અપરાધી તો લાકડી મારનાર જ છે.

મનુષ્યોમાં પણ શ્વાનપ્રકૃતિ અને સિંહપ્રકૃતિના માણસો હોય છે. કોણ શ્વાનપ્રકૃતિવાળો છે અને કોણ સિંહપ્રકૃતિવાળો છે એની ઓળખાણ એ છે કે, જે સિંહપ્રકૃતિવાળો માણસ હોય છે તે ગાળો કે મારને ન જોતાં, ગાળો કે માર ઉત્પન્ન ક્યાંથી થયાં તે જુએ છે. જે દુઃખ થઈ રહ્યું છે, તે દુઃખ પેદા ક્યાંથી થયું? જેમકે ગજસુકુમાર મુનિના મસ્તક ઉપર ધગધગતાં અંગારાં મૂકવામાં આવ્યાં ત્યારે મુનિ સિંહની સમાન બન્યા કે શ્વાનની જેવા? તેઓ સારી રીતે જાણતા હતા કે, આ સોમલની એટલી શક્તિ નથી કે તે માથા ઉપર અંગારાં મૂકી શકે! અંગારાં મૂકનાર તો મારો આત્મા જ છે. એ તો કેવળ નિમિત્ત છે. ઉપાદાન તો મારો આત્મા જ છે. જો હું ઉપાદાનને ન જોઉં અને નિમિત્તને જોઉં તો તો હું શ્વાનવૃત્તિવાળો કહેવાઉં. આ પ્રમાણે વિચાર કરી તેમણે અંગારાંને દોષ ન આપ્યો, સોમલને પણ દોષ ન આપ્યો, પણ પોતાના આત્માને જ દોષ આપ્યો. આ જ સિંહનો સ્વભાવ છે. આ જ સિંહવૃત્તિ છે. આ જ પ્રમાણે જે પોતાના આત્માને જ જુએ છે, પરપદાર્થોને જોતો નથી તે મનુષ્ય તો સિંહની સમાન છે. અને જે પોતાના આત્માને ન જોતાં પરપદાર્થોને જુએ છે અને બીજાઓને અપરાધી માને છે તે શ્વાનવૃત્તિવાળો છે. જો ગજસુકુમાર મુનિ ચાહત તો સોમલને નસાડી શકતા હતા અથવા પોતે જ નાસી શકતા હતા પણ જો તેઓ એમ કરત તો આજે શાસ્ત્રકારો તેમની મહિમા ગાત નહિ.

આ તો સાધુઓની વાત થઈ; પણ શ્રાવકોને માટે પણ આવાં ઉદાહરણો મળી આવે છે. જ્યારે દેવ પિશાચ બની કામદેવ શ્રાવકને મારવા લાગ્યો ત્યારે કામદેવે એમ ન વિચાર્યું કે, 'હે! પ્રભો! હું તારો શ્રાવક છું છતાં આ પિશાચ મને કેવું કષ્ટ આપી રહ્યો છે!' પણ તેમણે એમ વિચાર્યું કે, "આ પિશાચ મને મારો ધર્મ છોડવાનું કહે છે પણ હું સિંહનો સ્વભાવ છોડી શ્વાનનો સ્વભાવ કેમ ધારણ કરી શકું? આ દેવે ધર્મનો ત્યાગ કર્યો છે એટલે તે મને મારવા માટે તૈયાર થયો છે પણ મારો ધર્મ મને એવી શીખામણ આપે છે કે,

મારનારને પણ ક્ષમા આપ." આ પ્રમાણે વિચાર કરી કામદેવ સ્થિર રહ્યો. આ જ પ્રમાણે તમે પણ સ્થિર રહો તો કદાપિ હાનિ નહિ થાય પણ ગજસુકુમાર મુનિની માફક લાભ જ થશે. એટલા માટે સિંહવૃત્તિવાળા બનો અને શ્વાનવૃત્તિનો ત્યાગ કરો.

તમને હાથે કે પગે ફોલ્લો થાય છે તો તે કેમ થાય છે? કદાચ તમે કહો કે રોગને કારણે થાય છે તો રોગ કેમ થાય છે? આત્માની ભૂલ વિના રોગ પેદા થઈ શકતો નથી. આવી દશામાં રોગનો અપરાધ માનવાને બદલે પોતાના આત્માનો જ અપરાધ કેમ માનવામાં ન આવે?

જેને શક્કરની ( મીઠી પેશાબની ) બિમારી હોય છે તેને મીઠાશવાળી ચીજો હાનિ કરે છે. મને પણ એ બિમારી થઈ હતી પણ તેનો ખ્યાલ ન હતો. મને સાધુઓ મીઠાઈ ખાવાનું કહેતા તો હું ખાઈ લેતો. પરિણામે મને એક ફોલ્લો થયો. મારા સાધુઓએ એ ફોલ્લાને ફોડી નાંખ્યો પણ તે મટયો નહિં. હું જેમ જેમ મીઠી ચીજો ખાતો તેમ તેમ રોગ પણ વધતો જતો હતો. એક ડૉકટરે મને કહ્યું કે, ફોલ્લાનું ઑપરેશન કરવાથી તમારું લોહી બહુ ઓછું થઈ ગયું છે એટલા માટે તમે 'તર' ( માલદાર ) ચીજો ખાધા કરો. મેં કહ્યું કે તર ચીજ વળી શું? ડૉકટરે ઉત્તર આપ્યો કે, જલેબી, કલાકંદ ( મારવાડી મીઠાઈ ) બાસુંદી વગેરે ચીજો ખાધા કરો. આવી બલીષ્ટ ચીજો બહુ ખાઈ શકાતી ન હતી પણ થોડી થોડી હું ખાતો રહેતો હતો અને રોગ વધતો જતો હતો. આખરે જ્યારે એમ માલુમ પડયું કે, આ તો શક્કરની ( મીઠી પેશાબની ) બિમારી છે ત્યારે મીઠાશવાળી ચીજો જ ખાવાનું બંધ કરી દીધું. પછી તો કેવળ પાતળી છાશ જ પીવાની હતી; પણ પહેલાં જે રોગ વધવા પામ્યો તેમાં કોની ભૂલ હતી? મારી જ ભૂલને કારણે રોગ વધવા પામ્યો હતો. આ જ પ્રમાણે જ્ઞાનીજનો કહે છે કે, આત્માની ભૂલથી જ સંકટો માથે પડે છે. જે પ્રમાણે રોગો પેદા ન થાય તે માટે કુપથ્યનો ત્યાગ કરવો આવશ્યક છે, તે પ્રમાણે સંકટો પેદા ન થાય તે માટે ખરાબ કામોનો ત્યાગ કરવો આવશ્યક છે. જ્ઞાનીઓના બતાવેલા માર્ગે ચાલશો અને આત્માના ડૉકટર તમે પોતે બનશો તો તમે સિંહવૃત્તિને કેળવી શકશો અને પરિણામે કલ્યાણ સાધી શકશો.

રાજા ઉપાસક હતો અને મુનિ ઉપાસ્ય હતા. ઉપાસક અને ઉપાસ્ય બન્નેને શાસ્ત્રકારોએ સિંહ કહ્યા છે. વાસ્તવમાં સિંહની સેવા સિંહ જ કરી શકે છે. બીજો કોઈ કરી શકતો નથી. જે શ્વાન હશે તે તો સિંહને જોતાં જ ડરી જઈ ભાગી જશે. જુન્નેરમાં મેં જોયું હતું કે, શિકારી લોકો એક વાઘને પાંજરામાં પૂરી લાવ્યા હતા. તેઓ દુકાને દુકાને વાઘને બતાવી પૈસા માંગતા હતા. એ વાઘને જોઈ કુતરાઓ ભસતા હતા. મેં વિચાર્યું કે, આ વાઘ પાંજરામાં પુરાએલો છે એટલે જ આ કુતરાઓ એને ભસી રહ્યા છે, નહિ તો કુતરાઓની શું તાકાત છે કે તેની પાસે પણ આવે!

સિંહની સેવા સિંહ જ કરી શકે છે. જેનામાં સિંહવૃત્તિ નથી તે સિંહની સેવા કરી શકતો નથી. આ જ પ્રમાણે નિર્ગ્રન્થની સેવા પણ તે જ કરી શકે છે કે જેનામાં સિંહના જેવો સ્વભાવ છે. જે સંસારની ભાવનામાં રચ્યોપચ્યો રહે છે તે શિયાળ અનગારરૂપી સિંહની સેવા કરી શકતો નથી. જે સંસારની ભાવનામાં રચ્યોપચ્યો રહે છે અને એને જ માટે ગુરુ-ગુરુ કહ્યા કરે છે તે નિર્ગ્રન્થની સેવા કેવી રીતે કરી શકે? કદાચિત્ એવા શિયાળ-લોકો અમારા સેવક બનતા પણ હોય તો પણ અમારે તો એમ વિચારવું જોઈએ કે, અમે આ શિયાળ-લોકોની સાથે કયાંય શિયાળ બની ન જઈએ?

મતલબ કે, સિંહની સેવા સિંહ જ કરી શકે છે. શિયાળ સિંહની સેવા કરી શકતો નથી. અહીં તો રાજા પણ સિંહ સમાન છે અને મુનિ પણ સિંહ સમાન છે. બન્ને સિંહવૃત્તિવાળા છે.

જો તમે આવા મુનિસિંહની સેવા કરવા ચાહો છો તો તમે પણ સિંહવૃત્તિવાળા બનો. આ જ પ્રમાણે અમારે સાધુઓએ પણ સિંહ જેવા સ્વભાવવાળા બનવું જોઈએ. જે લોકો સિંહની માફક ગૃહનો ત્યાગ કરી સિંહની જ માફક સંયમનું પાલન કરે છે તેઓ જ સનાથ છે. પરંતુ સ્વભાવ તો સિંહનો જ રાખવો જોઈએ. આ પ્રમાણે સિંહનો સ્વભાવ રાખી સનાથ બનનાર અને સિંહનો સ્વભાવ રાખી સનાથ-સિંહ જેવાની સેવા કરનારનું હમેશાં કલ્યાણ જ થાય છે. તમે પણ સિંહનો સ્વભાવ રાખી સનાથ મુનિ જેવાની સેવા કરો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન : સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૧૧ બુધવાર

### પ્રાર્થના

**ચેતન જાણ કલ્યાણ કરન કો, આન મિલ્યો અવસર રે;**
**શાસ્ત્ર પ્રમાણ પિછાન પ્રભુ ગુન, મન ચંચલ થિર કર રે.**
**શ્રેયાંસ જિણંદ સુમર રે. ॥ ૧ ॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** શ્રેયાંસનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

આ પ્રાર્થનામાં જે ઉપદેશ આપવામાં આવ્યો છે તે સમુચ્ચયરૂપે આપવામાં આવ્યો છે. કોઈ વ્યક્તિવિશેષને સંબોધન કરી આ ઉપદેશ આપવામાં આવ્યો નથી. એટલા માટે આ ઉપદેશને જે કોઈ પોતાના માટે માને તો માની શકે છે. સમુચ્ચયરૂપે કહેવામાં આવેલી વાતને જે બાજુ લઈ જવા ચાહો તે બાજુ લઈ જઈ શકો છો. બચપણમાં બાળકોની સાથે દોડતાં દોડતાં હું એમ કહેતો હતો કે, આ ચાંદો મારી સાથે દોડતો ચાલ્યો આવે છે. બીજા બાળકો પણ મારી જેમ કહેતા હતા. તો હવે ચાંદો કોની સાથે દોડતો હતો ? તો એમ જ કહેવામાં આવશે કે, જે માને તેની પાછળ ચાંદો દોડે છે. આ જ પ્રમાણે આ પ્રાર્થનામાં પણ જે ઉપદેશ આપવામાં આવ્યો છે તે ઉપદેશ જે માને તેને માટે ઉપયોગી નીવડે એવો છે. આ પ્રાર્થનામાં કહ્યું છે કે:—

'સુમર રે શ્રેયાંસ જિનેંદ્ર સુમર રે.'

આ ઉપદેશને બીજા કોઈના વિષે ન માનતાં હું પોતાના વિષે જ માનું છું અને પોતાને સંબોધીને હું કહું છું કે, 'હે ! આત્મા ! સ્મરણ કર, સ્મરણ કર.' આ સ્મરણ કરવાનું કામ જેટલું મોટું છે તેટલી જ તેમાં ભૂલો થાય છે. મોટા કામમાં ભૂલો પણ મોટી થાય છે. એટલા જ માટે આત્માને વારંવાર પ્રેરણા કરવામાં આવે છે કે, 'સ્મરણ કર.' આ આત્મા

પરમાત્માનું સ્મરણ કરવાનું વારંવાર ભૂલી જાય છે એટલા જ માટે તેને વારંવાર પ્રેરણા કરવામાં આવે છે કે, 'હે! આત્મા! તું પરમાત્માનું સ્મરણ કર.'

આ પ્રકારના ઉપદેશને હું મારા આત્માને માટે માનું છું. તમે જો આ ઉપદેશને તમારા આત્માને માટે માનતા હો તો તમે પણ તમારા આત્માને એવી પ્રેરણા કરો કે, 'હે! આત્મા! તું પરમાત્માનું સ્મરણ કર.' પ્રત્યેક વસ્તુ પોતાના આત્માને માટે જ કરવામાં આવે છે. આધ્યાત્મિક ગ્રન્થોમાં કહ્યું છે કે, સંસારમાં જે કોઈ વસ્તુ પ્રિય લાગે છે તે પોતાના આત્માને માટે જ પ્રિય લાગે છે. આંખ, કાન, નાક વગેરે કાંઈ આંખ, કાન, નાક માટે પ્રિય લાગતાં નથી પરંતુ આત્માને માટે જ પ્રિય લાગે છે. જો કોઈ ડૉકટર એમ કહે કે, તમે તમારી આંખને કઢાવી નાંખો, નહિ તો આખા શરીરમાં રોગ ફેલાઈ જશે તો શું તમે આંખ કઢાવી નહિ નાંખો? જો અંગૂઠાને સાપ કરડ્યો હોય તે અંગૂઠાને શું કાપી નાંખવામાં નથી આવતો? કાપવામાં આવે છે. કારણ કે અંગૂઠો કે આંખ આત્માને માટે જ પ્રિય લાગે છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, સંસારની બધી વસ્તુઓ આત્માને માટે જ પ્રિય લાગે છે. આમ હોવા છતાં લોકો આત્માને ભૂલી જાય છે અને પોતાનું અહિત તો કરે છે પણ સાથે બીજાઓનું પણ અહિત કરે છે. એટલા માટે જ્ઞાનીજનો કહે છે અને વારંવાર પ્રેરણા કરે છે કે, "હે! આત્મા! તું ક્યા પ્રપંચમાં પડી રહ્યો છે! તું આ બધો પ્રપંચ છોડી પરમાત્માનું સ્મરણ કર."

આ ઉપદેશ બધાને લાગુ પડતો હોવાથી બધાએ પોતપોતાના આત્માને માટે આ સંબંધી વિચાર કરવો જોઈએ. ઉપદેશ આપનાર તો જેટલું કહી શકે તેટલું જ કહી શકે છે. વસ્તુઓ બે પ્રકારની હોય છે. એક અર્પિત વસ્તુ અને બીજી અનર્પિત વસ્તુ. જે કહી શકાય તે વસ્તુ તો અર્પિત છે અને જે કહી ન શકાય તે અનર્પિત વસ્તુ છે. અર્પિત વસ્તુ કરતાં અનર્પિત વસ્તુ અનંતગણી વધારે છે. એટલા માટે જે કાંઈ કહેવામાં આવે છે તે ઉપરથી આગળનો વિચાર કરી લેવો જોઈએ અર્થાત્ થોડામાં જ ઝાઝું સમજી લેવું જોઈએ.

આત્માનું કલ્યાણ કેવી રીતે થાય એને માટે જ્ઞાનીજનો કહે છે કે:—

તૂ અવિકાર વિચાર આત્મગુન, ભ્રમ જંજાલ ન પર રે;
પુદ્‌ગલ ચાહ મિટાય વિનયચંદ, તૂ જિન તે ન અવર રે.

હે! આત્મા! કલ્યાણ કરવા માટે તારે બીજું કાંઈ કરવાની જરૂર નથી. કેવલ તું એક વાતને પકડી લે કે, 'જે પુદ્‌ગલોનો સ્વભાવ ભળી જવાનો અને વિખરી જવાનો છે તે પુદ્‌ગલો તો છોડી દેવાનાં છે.' જો તું આટલું કરી નાંખ તો તારો બેડો પાર થઈ જાય! જે વસ્તુ જોવામાં આવે છે તે નાશવાન છે. આ પ્રકારની નાશવાન વસ્તુ ઉપરનો પ્રેમ તોડી નાંખી અવિનાશીની સાથે પ્રેમ જોડ તો બધાં પ્રપંચો દૂર થઈ જશે અને તું તારા આત્મામાં સ્થિર બની જઈશ.

આ પ્રમાણે પ્રત્યેક વસ્તુ વિષે વિચાર કરવાથી પુદ્‌ગલોનું મમત્વ છૂટી જશે અને પુદ્‌ગલોનું મમત્વ છૂટી જવાથી જન્મમરણ પણ છૂટી જશે. આ રીતે પુદ્‌ગલો ઉપરથી મમત્વ ઉતારી આત્માને સમદૃષ્ટિ રાખો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે. સમદૃષ્ટિ બનીને આત્માનું કલ્યાણ કેવી રીતે કરી શકાય છે એને માટે રાજા શ્રેણિકની વાત સંભળાવવામાં આવી છે. રાજા શ્રેણિક ઘરબારનો ત્યાગ કરી શક્યો ન હતો છતાં તેણે આત્માનું કલ્યાણ સાધી લીધું.

આ જ પ્રમાણે તમે પણ ઘરબારનો ત્યાગ કરી ન શકો તો પણ સમદષ્ટિ બનીને આત્માનું કલ્યાણ સાધી શકો છો.

## અનાથી મુનિનો અધિકાર—૭૬

રાજા શ્રેણિકને માટે શાસ્ત્રકારો કહે છે કે, તે રાજાઓમાં સિંહની સમાન હતો. રાજા શ્રેણિકનું નામ તો સીધું સાદું હતું. તેના નામની પાછળ આજની પદ્ધતિ પ્રમાણે સિંહ શબ્દ લાગેલો ન હતો પણ તેનામાં સિંહની જેવાં ગુણો હતાં. એટલા જ માટે તેને રાજસિંહ કહેવામાં આવ્યો છે. આ જ પ્રમાણે અનાથી મુનિનું નામ પણ સીધું સાદું હતું પણ તેમનામાં સિંહની સમાન ગુણો હોવાથી તેમને પણ મુનિસિંહ કહેવામાં આવ્યા છે.

રાજસિંહ શ્રેણિકના હૃદયમાં મુનિસિંહ અનાથી મુનિ પ્રતિ પરમ ભક્તિ જાગ્રત થઈ. પરમ ભક્તિ જાગ્રત થવાથી તેણે શું કર્યું એને માટે શાસ્ત્રમાં કહ્યું છે કે, તેણે બાંધવો સહિત મુનિની પ્રાર્થના કરી અને ધર્મનો અનુરાગી બન્યો.

આ સંબંધમાં આવેલી ગાથાના ઉત્તરાર્દ્ધમાં રાજા શ્રેણિકનો પરિચય પણ આપવામાં આવ્યો છે અને તેની વિશેષતા પણ બતાવવામાં આવી છે. રાજાનો પરિચય આપતાં એવું વિશેષણ બતાવવામાં આવ્યું છે કે રાજાને બાંધવો, રાણીઓ આદિનો પરિવાર પણ હતો. વિશેષણ બે પ્રકારનું હોય છે. એક તો સાક્ષાત્કારરૂપ વિશેષણ અને બીજું સંભાવનારૂપ વિશેષણ. અહીં રાજા શ્રેણિક ધર્મશ્રવણ કરી હર્ષિત થયો અને પરિવાર સહિત તેણે મુનિની પ્રાર્થના કરી હોય તો તે વિશેષણ સાક્ષાત્કારરૂપ છે; નહિ તો સંભાવનારૂપ છે. શબ્દનો અર્થ બન્ને બાજુ ઘટાવી શકાય છે પણ સંભવ એવો છે કે, રાજા શ્રેણિક પણ, પરદેશી રાજા જેમ કેશી શ્રમણને નમસ્કાર કરવા આવ્યો હતો, તે જ પ્રમાણે શ્રેણિક પણ પરિવાર સહિત અનાથી મુનિની વંદના કરવા આવ્યો હતો.

રાજા પરદેશી જ્યારે કેશી શ્રમણને વંદન–નમસ્કાર કર્યા વિના જ જવા લાગ્યો ત્યારે કેશી મુનિએ તેને કહ્યું કે, " હે ! રાજન્ ! જો કોઈ માણસ તારું મહેસૂલ ચોરી કરીને ચાલ્યો જાય તો તું તેને શું કહેશે ? " રાજાએ ઉત્તર આપ્યો કે, " હું એ માણસને અપરાધી માની દંડ આપીશ. " મુનિએ કહ્યું કે, આ જ પ્રમાણે તેં મારો ઉપદેશ સાંભળ્યો અને મને આડાઅવળાં પ્રશ્નો કર્યાં તથા મેં તારી શંકાઓનું સમાધાન કર્યું છતાં તું ક્ષમા માંગ્યા વિના જઈ રહ્યો છે તો શું એ તારો અપરાધ નથી ?

શું કેશી મુનિ વંદન–નમસ્કાર અને ક્ષમા મંગાવવાના ભૂખ્યા હતા કે તેમણે રાજાને આમ કહ્યું ? તેઓ વંદન–નમસ્કારના ભૂખ્યા ન હતા પણ તેમણે એ દ્વારા જગતને વિનયનો માર્ગ બતાવ્યો છે અને તેમણે શીખવ્યું છે કે, જેમને પ્રશ્ન પૂછવામાં આવે, તેમની ક્ષમા માંગવી જ જોઈએ. આ વસ્તુ બતાવવા માટે જ મુનિએ રાજાને આમ કહ્યું અને શાસ્ત્રમાં એ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કેશી મુનિની માફક કોઈ સાધારણ સાધુ કોઈને એમ કહેવા ચાહે તો તે કહી શકે નહિ; કારણ કે તે મુનિ ચાર જ્ઞાનના સ્વામી હતા. એટલા માટે સાધારણ સાધુ તેમની બરોબરી કરી શકે નહિ. તે મુનિ બધાને માર્ગ બતાવનાર હતા. તેમનો બતાવેલો માર્ગ, રાજમાર્ગ છે પણ એ રાજમાર્ગ બતાવવા માટે તે મુનિએ જે કાંઈ કર્યું તે પ્રકારનું કાર્ય બીજો કોઈ સાધારણ સાધુ કરી શકે નહિ.

કેશી શ્રમણના ઉત્તરમાં પરદેશી રાજાએ કહ્યું કે, "મહારાજ! વાસ્તવમાં આપે મને એવી વસ્તુ આપી છે કે જે વસ્તુને પામીને હું નાસ્તિકમાંથી આસ્તિક બની ગયો છું અને એ કારણે મારા હૃદયમાં એવી ભાવના પેદા થઈ છે કે હું એકલો જ મુનિને શું વંદન કરું, પણ મારા પોતાના પરિવાર, સેના આદિ સહિત આવીને તમને વંદન–નમસ્કાર કરું અને તમને ખમાવું."

રાજાનું આ કથન સાંભળી મુનિ પછી કાંઈ બોલ્યા નહિ પણ મૌન રહ્યા. મુનિનું આ કાર્ય પણ સાધુઓને માટે અનુકરણીય છે. રાજા પરિવારસહિત આવ્યો અને તેણે મુનિને ખમાવ્યા. જો તે મુનિને એકલો જ ખમાવી આવત તો તેને પોતાને માટે તો સુલભ જ હતું પણ જગતને માટે તે સુલભ ન હતું. જગત એ જાણી ન શકત કે, આ રાજા પહેલાં કેવો હતો અને હવે કેવો છે! જે રાજા નાસ્તિક હતો તે રાજા જ્યારે રાજસંપદાસહિત મુનિને ખમાવવા માટે આવ્યો હશે ત્યારે કેટલાં લોકોનું હૃદય સુધર્યું હશે અને લોકો ઉપર તેના પ્રભાવની છાપ કેવી પડી હશે! જો કે રાજાના પ્રભાવથી કેટલાં લોકો સુધર્યા તેનો ઇતિહાસ મળતો નથી પણ લોકો જરૂર સુધર્યા હશે એવું અનુમાન કરી શકાય છે.

રાજા શ્રેણિક પણ નીતિજ્ઞ હતો. એટલા માટે સંભવ છે કે તેણે પણ પરદેશી રાજાની માફક પરિવારસહિત મુનિની પ્રાર્થના કરી હોય અને મુનિને ખમાવ્યા હોય! સૂત્ર તો ઘણી વાતોનું વર્ણન થોડામાં જ કરે છે એટલા માટે શાસ્ત્રમાં જે કાંઈ સંક્ષેપમાં કહેવામાં આવ્યું છે તે ઉપરથી અનુમાન કરી શકાય છે કે, રાજા શ્રેણિક પણ પરિવાર સહિત મુનિની પ્રાર્થના કરવા માટે આવ્યો હશે! રાજાના આ કાર્યથી બીજાને કેવું અને કેટલું કલ્યાણ થયું હશે! એ કહી શકાય નહિ, પણ રાણી ચેલનાના વિષે તો એટલું કહી શકાય કે રાજાનાં વિચારો બદલી જવાથી તેને તો ઘણો જ આનંદ પ્રાપ્ત થયો હશે. ચેલના ચાહતી હતી કે, મારા પતિ આસ્તિક બને. રાજાને આસ્તિક બનાવવા માટે ચેલના રાણી રાજા સાથે ઘણીવાર વિચારવિનિમય કરતી હતી પણ તે રાજાનું હૃદય બદલાવી શકી નહિ પરંતુ મુનિની કૃપાથી રાજાનું હૃદય બદલાઈ ગયું. આ જોઈ ચેલના રાણીને કેટલો બધો હર્ષ થયો હશે?

રાણી ચેલનાને તો પોતાના પતિ ધર્માત્મા બન્યા તેથી પ્રસન્નતા થઈ પણ આજની શ્રાવિકાઓને પ્રસન્નતા ક્યારે અને કેવી રીતે થાય છે તેનો વિચાર કરો. આજની શ્રાવિકાઓને ઘરેણાં મળવાથી પ્રસન્નતા થાય છે કે પતિ ધર્માત્મા બને તેથી પ્રસન્નતા થાય છે? કોઈ બહેનો એવી પણ હશે કે જેઓ પતિ ધર્માત્મા બને તેથી પ્રસન્નતા પામતી હશે પણ કેટલીક બહેનો એવી પણ હોય છે કે, જેઓ ઘરેણાં–કપડાંની પાછળ ધર્મ–કુળ વગેરેને છોડી દે છે. ધર્માત્માના કુળમાં જન્મવા છતાં ધર્મને તેઓ ભૂલી જાય છે અને સંસારના વિલાસમાં પડી જાય છે. આજે લોકો પોતાની કન્યાઓને પ્રેમથી કૉલેજોમાં મોકલે છે અને એવી આશા રાખે છે કે, અમારી કન્યા શિક્ષા પ્રાપ્ત કરીને આવશે; પણ તેઓ એટલું જોતા નથી કે કૉલેજમાં ભણી-ગણીને કન્યા ધર્મકર્મ તો ભૂલી નહિ જાય ને? કૉલેજની શિક્ષા ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરનારી છે કે તેનું પોષણ કરનારી છે? જે શિક્ષાથી ધર્મ અને સંસ્કૃતિનો નાશ થાય તેવી શિક્ષાને બંધ કરવી એ તમારું કર્ત્તવ્ય છે. હું વિદ્યા ભણવાથી રોકતો નથી પણ વિદ્યાના નામે જે વિલાસ કરવામાં આવે છે તેને રોકવાનું કહું છું. વિદ્યાની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે—'**सा विद्या या विमुक्तये**'–અર્થાત્ જે બંધનોને તોડે તે જ વિદ્યા છે. ગાંધીજીએ વિદ્યાપીઠને વિષે એમ કહ્યું હતું કે, જો ઢીંગલા–ઢીંગલી બનાવવા માટે જ વિદ્યાપીઠનું ઉદ્ઘાટન

કરતા હો તો તો એવા વિદ્યાપીઠની જરૂર નથી. પણ જો સાચા ગ્રામીણ પેદા કરવા માટે વિદ્યાપીઠનું ઉદ્દ્ઘાટન કરતા હો તો તેની અવશ્ય આવશ્યકતા છે. તેમણે કહ્યું હતું કે નગરના લોકો ઢીંગલા-ઢીંગલી જેવા છે. ઢીંગલા-ઢીંગલીને ઘરેણાં વગેરે પહેરાવીએ છીએ પરંતુ શું તેમનામાં જીવન આવે છે? આ જ પ્રમાણે કૉલેજોની શિક્ષાથી સાચું જીવન આવતું નથી પણ વિલાસની શિક્ષા આવે છે. જો આવી જ વિલાસની શિક્ષા મળતી હોય તો તે શિક્ષા ઢીંગલા-ઢીંગલી બનાવવા જેવી જ શિક્ષા છે. આજના યુવકો જેઓ કૉલેજોમાં શિક્ષા લે છે તેઓ બધાં બંધનોને તોડી નાંખવાં અને જુનાં કાયદાને તોડી નાંખી નવાં કાયદા સ્થાપિત કરવાં એમ કહે છે. પ્રાચીન લોકોએ જે જોઈ વિચારીને મર્યાદા બાંધી છે એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું ઉચિત નથી એ વાત યુવકોના ગળે ઉતારવી જોઈએ.

અમારા માટે પણ હવે ગ્રામોમાં જવાનો સમય આવ્યો છે. જે પ્રમાણે કેદી લોકો જેલખાનામાં એકઠા થઈ જાય છે તે જ પ્રમાણે જાણે બધાં પાપો નગરોમાં જ એકઠાં થઈ ગયાં હોય એમ લાગે છે. વેશ્યાગમન, જુગાર, ચોરી વગેરે પાપો જાણે નગરોમાં જ આવી ઘુસ્યાં છે. નગરોમાં બધા લોકો ખરાબ જ હોય છે એવું કાંઈ નથી. કેટલાક લોકો બહુ સારા પણ હોય છે. પણ સામાન્યતઃ ગ્રામોની અપેક્ષા નગરોમાં પાપો વિશેષ પ્રમાણમાં છે. જ્યાં રોગો વધારે હોય છે ત્યાં ડૉક્ટરોને પણ વધારે રહેવું પડે છે. આ જ પ્રમાણે અમારે પણ નગરોમાં વધારે રહેવાનું હોય છે. જ્યાં વધારે પાપ હોય છે ત્યાં ધર્મનો ઉપદેશ વધારે આપવાનો હોય છે. હું અહીં આટલા દિવસ રોકાયો છું એટલા માટે તમને એટલું જ કહું છું કે, ધર્મ અને સંસ્કૃતિના નાશના કારણો જેટલા પ્રમાણમાં બંધ થાય તેટલું સારું જ છે.

રાજાના સુધરવાથી ચેલના રાણીને પણ આનંદ થયો હશે અને સાથે સાથે બીજાઓનો પણ સુધાર થયો હશે. કહેવત છે કે :—**महाजनो येन गतः सः पन्थाः।** અર્થાત્—મોટા લોકો જે માર્ગે ચાલે છે તે જ માર્ગે સાધારણ લોકો પણ ચાલે છે. ગીતામાં પણ કહ્યું છે કે:—**यद्यद् आचरति श्रेष्ठस्तत्तदितरो जनः।** અર્થાત્-શ્રેષ્ઠ લોકો જેવું આચરણ કરે છે તેવું જ આચરણ બીજા લોકો પણ કરે છે. આ કારણે શ્રેષ્ઠ લોકો પોતાનું એવું આચરણ રાખે છે કે જેથી બીજા લોકોને તેમનું અનુકરણ કરવામાં મુશ્કેલી ન પડે. ભલે તે શ્રેષ્ઠ પુરુષોને એવા આચરણની આવશ્યકતા ન પણ હોય છતાં પોતાની દેખાદેખી કરી બીજા લોકો પણ આચરણ છોડી ન દે એ વિચારથી તેઓ પોતાનું આચરણ અણિશુદ્ધ રાખે છે.

ગાંધીજી જ્યારે અહીં મને મળવા આવ્યા હતા ત્યારે મેં જોયું હતું કે, તેમણે એક ટૂંકું પોતીયું પહેર્યું હતું. તેમનું એ પોતીયું અમારા ચોલપટ્ટાને પણ શરમાવતું હતું. ગાંધીજી જેવા આવડું પોતીયું શા માટે પહેરે છે? એટલા માટે કે ઘણા લોકો કેવળ શોખને માટે કપડાં પહેરે છે અને અનાવશ્યક એટલાં બધાં કપડાં ઠાંસી ઠાંસીને પહેરે છે કે જેથી ગરમી થાય છે અને પરસેવો અંદરને અંદર ટપકવા માંડે છે. આ પરસેવો કેટલી બધી હાનિ કરે છે એને લોકો જોતા નથી અને કેવળ શોખને માટે અનાવશ્યક કપડાં પહેરે છે.

મતલબ કે, સાધારણ જનતા શ્રેષ્ઠ લોકોનું અનુકરણ કરવાનું જાણે છે, પણ કાર્યનો વિચાર કરવાનું જાણતી નથી. સારા-ખરાબ કાર્યનો વિવેક કરવાનો ભાર શ્રેષ્ઠ લોકોના માથે હોય છે. એટલા માટે શ્રેષ્ઠ લોકોનું એ કર્ત્તવ્ય છે કે, તેઓએ પોતાનું આચરણ કેવું રાખવું

જોઈએ તેનો ઊંડો વિચાર કરે. ગીતામાં કહ્યું છે કે, સાધારણ લોકોની બુદ્ધિમાં ભેદ ન પાડો. આચરણનો ત્યાગ કરી દેવાથી સાધારણ લોકોની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન થવા પામે છે. જો તું વિદ્વાન્ છે તો આદર્શ કામ કરી બતાવ. પણ કામ જ છોડી દેવું અને સામાયિક–પ્રતિક્રમણમાં શું પડયું છે એમ કહેવું એ ઉચિત નથી. હા, આદર્શ કામ એવું કરી બતાવો કે, જેથી સાધારણ જનતા એ આદર્શ કામને અનુસરે. આમ કરવામાં જ કલ્યાણ રહેલું છે. મેં તમને પાંચ મહિના સુધી જે કાંઈ સંભળાવ્યું છે તેને માટે પરમાત્મા પ્રત્યે હું એ જ પ્રાર્થના કરું છું કે, 'હે ! પ્રભો ! બધા લોકોની બુદ્ધિ તેજસ્વી થાઓ પણ મારી વાત લોકોની બુદ્ધિમાં ભેદ પાડે એવી ન થાઓ.'

મુનિના ઉપદેશથી શ્રેણિક પોતે તો સુધર્યો જ હતો પણ તેણે પરિવાર સહિત આવી મુનિને વંદના કરી. આ પ્રમાણે પરિવારસહિત મુનિને વંદના કરવાનો આશય એ છે કે, બધા લોકો આ આદર્શને અનુસરે. આ વાતને તમે પણ સમજ્યા હો તો તમે એવું કામ કરો કે જે કામને જોઈને બીજા લોકો પણ એ કામને અનુસરે.

રાજા શ્રેણિક અનાથી મુનિની પ્રાર્થના કરે છે. સિંહની પ્રાર્થના સિંહ જ કરી શકે છે, શિયાળ કરી શકતું નથી. સાંભળ્યું છે કે, સિંહની ગર્જના સાંભળી વાંદરાઓ વૃક્ષ ઉપરથી નીચે પડી જાય છે. આ જ પ્રમાણે મુનિનો ઉપદેશ સાંભળી બધાં પાપો નિર્જરી ( ખરી ) જાય તો સમજવું કે, અમે મુનિની સાચી પ્રાર્થના કરી છે. પ્રાર્થના કરવા માટે રાજાએ શું કર્યું તેનું વર્ણન કરતાં શાસ્ત્રમાં કહ્યું છે કે:—

**उस्ससियरोमकूवो काऊण य पयाहिणं ।**
**अभिवन्दिऊण सिरसा अइयाओ नराहिवो ॥ ५९ ॥**

તે નરાધિપ ઘેર ગયો. 'ઘેર ગયો' એ તો સમાપ્તિની ક્રિયા છે પણ શું કરીને ગયો એ અત્રે જોવાનું છે. રાજા શું કરીને ગયો એનું વર્ણન ગાથાના પ્રથમ ત્રણ પદોમાં કરવામાં આવ્યું છે. તેમાં કહ્યું છે કે, રાજાએ પોતાના મસ્તકદ્વારા અનાથી મુનિના ચરણકમલને વંદન કર્યું, વંદનની સાથે જ મુનિની તેમણે પ્રદક્ષિણા કરી.

આજે આવર્તનદ્વારા જ પ્રદક્ષિણાની સમાપ્તિ કરી લેવામાં આવે છે; પરંતુ પ્રદક્ષિણાનું મહત્ત્વ કાંઈ જુદા જ પ્રકારનું છે. લગ્નના સમયે વર–કન્યા અગ્નિની પ્રદક્ષિણા કરે છે. અગ્નિની પ્રદક્ષિણા તો લોકો કરે છે પણ શા માટે અગ્નિની પ્રદક્ષિણા કરવામાં આવે છે એ વાત બહુ ઓછા લોકો સમજતા હશે. આજે ઢીંગલા–ઢીંગલીના જેવા વિવાહ કરવામાં આવે છે અને એમ સમજવામાં આવે છે કે, નાચરંગ કરવો, આતશબાજી કરવી એ જ વિવાહ છે; પણ વાસ્તવમાં એ તો વિવાહના નામે કરવામાં આવતી ધમાલ છે. વિવાહ તો એ છે કે, વર–કન્યા અગ્નિની પ્રદક્ષિણા કરી પોતપોતાનું કર્ત્તવ્ય સમજે અને એ કર્ત્તવ્યના પાલનની પ્રતિજ્ઞા કરે; પરંતુ આજે તો એ બધાં કામોની જવાબદારી વિવાહ કરાવનાર બ્રાહ્મણને સોંપી દેવામાં આવે છે અને જે પ્રમાણે ઢીંગલા–ઢીંગલીનો વિવાહ કરવામાં આવે તેમ વિવાહ કરી દેવામાં આવે છે. પણ જો વિવાહ કે, જે સંસારનો મુખ્ય 'પાયો' છે તેના ચણતરમાં આવી શિથિલતા રાખવામાં આવે તો આગળ જતાં કર્ત્તવ્યનું પાલન થઈ શકશે !

કહેવાનો આશય એ છે કે, પ્રદક્ષિણા કરી કરવામાં આવેલું લગ્ન હિન્દુ બાળાને માટે જીવનપર્યંત સ્વીકાર્ય હોય છે. તે બાળા જીવનપર્યંત વિવાહનાં નિયમોનું પાલન કરે છે, વિવાહનાં તત્ત્વને સમજીને તે લગ્ન કરે છે એ કારણે તે સ્વપ્નમાં પણ બીજા પતિનો વિચાર સરખો પણ કરતી નથી. તમારી દૃષ્ટિએ સાચું લગ્ન હિન્દુ બાળાનું છે કે અમેરિકાનાં લોકોનું લગ્ન સાચું છે કે જ્યાં ૧૦૦ માંથી ૯૫ ટકા લગ્નનો વિચ્છેદ થાય છે. ભારતની લગ્નપ્રથાનું મહત્ત્વ શું છે એ સમજવાથી ભારતદેશ અને અમેરિકા દેશમાં કેટલું અંતર છે એનો પત્તો લાગી જશે.

લગ્નની આ પદ્ધતિને ધર્મકાર્યમાં પણ દાખલ કરવામાં આવી છે. જે પ્રમાણે કન્યા વરને પસંદ કરે છે તે જ પ્રમાણે ગુરુને પણ પસંદ કરવામાં આવે છે. અને જે પ્રમાણે અગ્નિની પ્રદક્ષિણા કરી પતિને વરવામાં આવે છે તે જ પ્રમાણે ગુરુની પ્રદક્ષિણા કરી તેમનાં ગુણોને વરવામાં આવે છે. તે ગુરુ જાણે અગ્નિસ્વરૂપ છે. વેદમાં મહાપુરુષોને અને ઈશ્વર સુદ્ધાંને અગ્નિની પ્રદક્ષિણા કરવી એ તેમનાં ગુણોને વરવા સમાન છે. શ્રી દશવૈકાલિક સૂત્રના ૯ મા અધ્યયનમાં આચાર્યને પણ અગ્નિસ્વરૂપ વર્ણવવામાં આવેલ છે.

રાજાએ મુનિની પ્રદક્ષિણા કરી, તે વખતે તેના રોમેરોમમાં હર્ષ હતો એ કારણે તેનાં રોમ ઊભાં થઈ ગયાં. રોમાંચ થવો એ પણ ભક્તિનું ચિન્હ છે. પ્રિયતમ કે ઇષ્ટનું નામ સાંભળી હર્ષ કે રોમાંચ ન થવો એમાં ભક્તિની અપૂર્ણતા છે. શાસ્ત્રકારોએ રાજાની ભક્તિ બતાવવા માટે જ એમ કહ્યું છે કે, રાજાને એટલો બધો હર્ષ થયો કે તેનાં રોમો પણ ઊભાં થઈ ગયાં. રાજાએ મુનિની પ્રદક્ષિણા કરી અને માથું નમાવી પતિને નમસ્કાર કર્યા. વીર ક્ષત્રિયનું મસ્તક એમ તો કોઈની આગળ નમતું નથી પણ જ્યારે ભક્તિનો આવેગ આવે છે ત્યારે મસ્તક સ્વભાવતઃ નમી જાય છે. તે વખતે મસ્તક નમાવવામાં તેમને જરાપણ સંકોચ થતો નથી. રાજેન્દ્ર શ્રેણિક મુનિની ભક્તિને વશ થએલો હતો એટલા માટે તે મુનિના ચરણમાં પોતાનું માથું નમાવી નમસ્કાર કરે છે. તમે પણ મુનિઓને વંદન કરો છો કે નહિ! જો તમારું હૃદય એમ માનતું હોય કે આ મુનિ-વંદનીય છે તો પછી તેમને વંદન–નમસ્કાર કરવામાં કોઈ પ્રકારનો સંકોચ રાખવો ન જોઈએ.

રાજા શ્રેણિક વિધિસહિત મુનિની પ્રાર્થના કરી ઘેર આવ્યો. તે આવ્યો હતો ત્યારે કેવી રીતે આવ્યો હતો અને ઘેર ગયો ત્યારે કેવી રીતે ગયો તે જુઓ. કોઈ માણસ ભોજન-શાળામાં ભૂખ્યો આવે છે ત્યારે કેવો આવે છે પણ જ્યારે ભોજન કરી જાય છે ત્યારે કેવી રીતે જાય છે! તે વખતે તેના મુખ ઉપર કેવું તેજ હોય છે! આ જ પ્રમાણે રાજાનો ચહેરો પણ ચમકતો હતો. તે પ્રસન્નવદન થયો હતો. તમે પણ બહારથી વ્યાખ્યાન સાંભળવા આવો છો પણ વ્યાખ્યાન સાંભળી તમારો ચહેરો પ્રસન્ન જણાય તો સમજવું કે, તમારામાં ભક્તિ છે. વ્યાખ્યાન સાંભળીને પણ જો મુખ તેજસ્વી ન બને એમાં મારી અપૂર્ણતા છે કે તમારી અપૂર્ણતા છે એ કહેવું મુશ્કેલ છે પણ કોઈની અપૂર્ણતા અવશ્ય છે, એ વાત નક્કી છે. જો પીરસનાર અને જમનાર બન્ને બરાબર ઠીક હોય તો ભોજન કરી મુખ ઉપર તેજ ન આવે એનું કાંઈ કારણ નથી; પણ પીરસનાર બરાબર ન હોય કે જમનાર ઊંઘતો હોય તો એ દશામાં બીજો કોઈ શું કરી શકે? એ દશામાં તૃપ્તિ કેમ થઈ શકે! એટલા માટે

મારે અને તમારે બન્નેએ સાવધાન રહેવું જોઈએ. આ સાવધાની રાખવા માટે જ હું તમને એમ કહું છું કે, વ્યાખ્યાન સાંભળી તમારામાં જે રમણીકતા આવે છે તે રમણીકતાને ધારણ કરી રાખજો. ઘેર જઈ અરમણીક બની જશો નહિ. જો તમે સત્કાર્યમાં રમણીક બન્યા રહેશો તો તેમાં તમારું કલ્યાણ રહેલું છે.

## વ્યાખ્યાન: સંવત્ ૧૯૯૩ કારતક શુદી ૧૪ શુક્રવાર

### પ્રાર્થના

**વિમલ જિનેશ્વર સેવિએ થારી, બુદ્ધિ નિર્મલ હોય જાયરે,**
**જીવા ! વિષય-કષાય નિવારને, તૂ તો મોહની કર્મ ખપાયરે;**
**જીવા ! વિમલ જિનેશ્વર સેવિયે.**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

શ્રી વિમલનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

પરમાત્માની પ્રાર્થનાનો વિચાર કોઈ એવો અદ્દભુત છે કે, જેને શબ્દોદ્વારા વ્યક્ત કરવો બહુ જ મુશ્કેલ છે; છતાં જ્યારે બોલવાનો પ્રસંગ આવે છે ત્યારે હું મારા આત્માને કહું છું કે, "હે ! આત્મા ! તું પ્રપંચમાં પડી જઈ પોતાને ભૂલી ન જા. સંસારમાં ફસાઈ ન જા અને સાધુતાના તત્ત્વને ભૂલી ન જા. તું કોઈપણ કારણે અભિમાન ન કર. તું અભિમાન કરે છે તો કોના ઉપર ? તું તારી પૂર્વ સ્થિતિને જો કે તું ક્યાં ક્યાં રહ્યો છે ? આજે તને જે માન મળી રહ્યું છે તેને જોઈ જો તું તારી પૂર્વ સ્થિતિ વિષે વિચાર કર તો તને ખરી સ્થિતિનું ભાન થશે. હે ! આત્મા ! તું પૃથ્વી, પાણી, અગ્નિ આદિની સ્થિતિમાં અનંતકાળ સુધી રહ્યો છે અને આજે તને જે સન્માન આપે છે તેના હાથે ન જાણે તારી કેવી કેવી અવદશા થઈ છે ! હવે તું આગળ વધતાં વધતાં એ સ્થિતિને પ્રાપ્ત થયો છે કે, જે લોકો તારી અવહેલના કરતા હતા તે લોકો જ તારું સન્માન કરી રહ્યા છે ! એટલા માટે તું આ સન્માનને પામીને તારી પૂર્વ સ્થિતિને ભૂલી ન જા પરંતુ ભગવાન વિમલનાથના ચરણે જા."

આ પ્રમાણે આ ઉપદેશ મારા આત્માને માટે જ છે. આ ઉપદેશ ઘણો જ પ્રેરક છે. સંસારમાં જે કોઈ વસ્તુ પ્રિય લાગે છે તે વસ્તુ આત્માને માટે જ પ્રિય લાગે છે. વસ્તુને માટે વસ્તુ પ્રિય લાગતી નથી. આ જ પ્રમાણે આત્માના માટે જ આ પ્રાર્થના પણ પ્રિય લાગે છે; એટલા માટે આ પ્રાર્થના ઉપરથી આપણે આપણી પૂર્વસ્થિતિનો વિચાર કરવો જોઈએ. આજે આપણે જે સ્થિતિમાં છીએ એ સ્થિતિમાં બીજાની જરા પણ ધમકી સહેવાને પણ તૈયાર રહેતા નથી. પરંતુ પૂર્વ સ્થિતિમાં કેવી કેવી ધમકીઓ સહી છે એનો વિચાર કરવામાં આવે તો કોઈની ધમકી ત્રાસદાયક નહિ લાગે ! આજના વૈજ્ઞાનિકો પણ વિકાસવાદને માને છે. તેઓ જડવાદી છે એટલા માટે જડનો વિકાસ માની એમ કહે છે કે,

એક પરમાણુ વિકાસ પામતો પામતો ત્યાં સુધી વધી જાય છે કે તે બુદ્ધ અને મહાવીરની જેવો બની જાય છે. જો કે જડની અપેક્ષા આ કથન ખોટું છે પણ વિકાસને તેઓ પણ માને છે. વાસ્તવમાં વિકાસ ચૈતન્યનો થાય છે. આ આત્મા વધતાં વધતાં આજે આ સ્થિતિને પામ્યો છે. આ આત્મા અંગુલિના અસંખ્યાતમા ભાગવાળા શરીરમાં પણ અનંતજીવ રહે એવી સ્થિતિમાં રહેલ છે. આવી સ્થિતિમાંથી વિકાસ પામતાં પામતાં તે વર્ત્તમાન સ્થિતિને પામેલ છે; એટલા માટે હવે આ સ્થિતિને પામીને પોતાની પૂર્વ સ્થિતિને ભૂલી ન જા પરંતુ ભગવાન વિમલનાથની સેવા કર. સંસારની ધાંધલ તારું કલ્યાણ કરી શકશે નહિ. ભગવાન વિમલનાથની સેવા કર તો તારી બુદ્ધિ નિર્મલ થઈ જશે અને પછી તું તારી પૂર્વ સ્થિતિનો ખ્યાલ રાખી આત્માનું કલ્યાણ કરી શકીશ. એટલા માટે તમે લોકો બીજાં કામોનો ત્યાગ કરી ભગવાન વિમલનાથની સેવા કરો.

## અનાથી મુનિનો અધિકાર-૭૭

અનાથી મુનિદ્વારા સનાથ-અનાથનો સદ્બોધ પામી રાજા શ્રેણિક કેટલો બધો હર્ષિત થયો હશે! જેટલો હર્ષ તેને રાજ્ય, ધન કે રાણીઓ પામીને થયો નહિ હોય તેટલો હર્ષ મુનિનો ઉપદેશ સાંભળીને થયો હશે! રાજા શ્રેણિકને બધા લોકો નમન કરતા હતા પણ રાજા શ્રેણિક મુનિને નમન કરી રહ્યો છે અને પ્રદક્ષિણા કરી રહ્યો છે. આ ઉપરથી આ વાત સ્પષ્ટ વ્યક્ત થાય છે. જો તેને રાજ્યાદિથી વધારે પ્રસન્નતા મુનિના ઉપદેશશ્રવણથી થઈ ન હોત તો એમ શા માટે કરત?

આ તો રાજાની વાત થઈ. હવે મુનિનું શું થયું તે આપણે જોઈએ. જેનો 'અંત સારો તેનું બધું સારું અને જેનો અંત ખરાબ તેનું બધું ખરાબ' એવી લોકોક્તિ છે એટલા માટે મુનિનું આખરે શું થયું તે જોઈએ. એને માટે કહ્યું છે કે:—

**इयरो वि गुणसमिद्धो तिगुत्तिगुत्तो तिदंडविरओ य ।**
**विहग इव विप्पमुक्को विहरइ वसुहं विगयमोहो ॥ ६० ॥**

આ ગાથાનો વિસ્તારથી અર્થ કહેવાનો તો સમય નથી છતાં થોડામાં કહું છું. બે સિંહોમાંથી એક સિંહ-રાજાની તો વાત કહી. બીજા સિંહ મુનિ કેવા હતા એ બતાવવા માટે આ ગાથામાં કહ્યું છે કે, તેઓ ગુણસમૃદ્ધ હતા. રાજા તો સાંસારિક ઋદ્ધિથી સમૃદ્ધ હતા પણ આ મુનિ તો ગુણસમૃદ્ધિથી સમૃદ્ધ હતા. તેમનામાં કયાં ગુણો હતાં એ બતાવવા માટે કહ્યું છે કે, તેઓ ત્રિગુપ્તિથી ગુપ્ત હતા. તે મન, વચન અને કાયાના સંયમમાં લીન હતા.

બીજાં કામો કરવાં તો સરલ હોઈ શકે પણ ત્રિગુપ્તિનું પાલન કરવું બહુ જ મુશ્કેલ છે. જે પ્રમાણે કોઈ ગમે તે દિશામાં જાય પણ તે કાળથી બચી શકતો નથી તે જ પ્રમાણે કોઈ ગમે ત્યાં જાય અને ભલે જંગલમાં કે ગુફાઓમાં રહે પણ અંતરાત્મામાં રહેલા શત્રુઓથી તે બચી શકતો નથી; પણ મુનિએ ત્રિગુપ્તિદ્વારા આત્માને એવા શત્રુઓથી પણ સુરક્ષિત બનાવી લીધો છે. જો તમને પણ શત્રુઓથી બચવાનું કોઈ સ્થાન મળી જાય તો શું તમે શત્રુઓથી બચવાનો પ્રયત્ન નહિ કરો? જો બચવા ચાહશો તો પછી મન, વચન અને

કાયાદ્વારા આત્માને કેમ બચાવી લેતા નથી ? મન, વચન અને કાયાને સંયમમાં લગાવી દો તો તમારો આત્મા પણ આ પ્રકારનાં શત્રુઓથી સુરક્ષિત બની જશે.

તે મુનિ ત્રિગુપ્તિઓથી ગુપ્ત હતા. સાથે સાથે તેઓ ત્રિદંડથી વિમુક્ત હતા. આત્મા ત્રણ પ્રકારે દંડને પામે છે. કહેવામાં તો એમ આવે છે કે, પરમાધામી દેવ, વૈતરણી નદી કે કૂટશાલ્મલી વૃક્ષ કષ્ટો આપે છે, પણ શાસ્ત્ર કહે છે કે જે ત્રિદંડથી દંડિત નથી તેને કોઈ કષ્ટ આપી શકતું નથી. ત્રિદંડથી વિમુક્ત આત્માને દંડવા માટે શક્રેન્દ્રના વજ્રમાં પણ એવી શક્તિ નથી કે તેમને દંડ આપી શકે !

માનસિક દંડ, વાચિક દંડ અને કાયિક દંડ એમ ત્રણ પ્રકારનાં દંડ હોય છે. આત્મા આ ત્રણ પ્રકારનાં દંડોથી કેવી રીતે દંડાય છે એ વિષે વિચાર કરવામાં આવે તો એ વાત જાણવામાં આવી શકશે. મનથી આત્મા કેવી રીતે દંડાય છે એને માટે કહ્યું છે કે :—

**इमं च मे अत्थि इमं च नत्थि, इमं च मे किच्चं इमं अकिच्चं ।**
**तं एवमेवं लालप्पमाणं, हरा हरन्ति त्ति कहं पमाए ॥**

—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

"આ તો મારી પાસે છે–આ નથી. મારી પાસે કંઈ તો છે પણ કંઈ નથી." આ પ્રમાણે સંકલ્પ–વિકલ્પદ્વારા અને તૃષ્ણાદ્વારા મન દંડાતું રહે છે. સંકલ્પ કરવાથી જ કામના પેદા થાય છે. મેં આ કામ તો કર્યું છે અને હવે આ કામ કરવાનું છે. આ પ્રમાણે કામ કરવાનું બાકી રહેતુ નથી; પણ જ્ઞાનીજનો કહે છે કે, તારા માથા ઉપર કાળ ભમે છે અને તારી ઉપર તેનો હુમલો ક્યારે થશે અને તને ક્યારે ઉખેડી ફેંકી દેશે તેનો તને પત્તો નથી. દેવભદ્ર અને યશોભદ્રે પોતાના પિતાને કહ્યું કે, જ્યારે ચોર ધન હરણ કરી રહ્યા હોય અને તે ચોરો જરા ખોંખારો મારવાથી જ ભાગી જતા હોય તો શું એવા સમયે માલીક સૂતો પડયો રહેશે ? શું તું ચોરોને ભગાવશે નહિ ? પિતાએ ઉત્તર આપ્યો કે, એ સમયે માલિક જરૂર ચોરોને ભગાવશે. પુત્રોએ કહ્યું કે, એ જ પ્રમાણે અમારા ઘટમાં–શરીરમાં ચોર પેઠેલો છે. એટલા માટે અમે નિશ્ચિત સૂઈ શકતા નથી. માટે સંયમ ધારણ કરી એ ચોરને અમે ભગાવીશું. આ પ્રમાણે આપણા શરીરમાં જે ચોર પેસી ગએલો છે એને તો જોતા નથી અને સંકલ્પવિકલ્પ કરતા રહીએ છીએ. આ પ્રમાણે મનદ્વારા દંડિત થવાય છે.

અનાથી મુનિ ત્રિદંડથી વિમુક્ત હતા. તેઓએ મન, વચન અને કાયાને સંયમમાં લઈ લીધા હતાં એટલા માટે તેઓ મન દંડ, વચન દંડ અને કાયા દંડ એ ત્રિવિધ દંડથી વિમુક્ત હતા. આવા મુનિ એક જગ્યાએ બેસી રહેતા નથી પણ જગ્યા–જગ્યાએ વિચરતા રહે છે.

સાધુઓ એક સ્થાને રહેતા નથી પણ નિસ્પૃહ થઈ વિચર્યા કરે છે. સાધુઓને એક સ્થાને રાખવા એ તમારો પણ ધર્મ નથી. અનાથી મુનિને માટે પણ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે, તેઓ મોહરહિત થઈ વિચરતા હતા. અનાથી મુનિને એવો અહંકાર થવો સંભવિત હતો કે રાજા પણ મારા ચરણમાં પડે છે. પણ જો મુનિને એવો અહંકાર આવે તો ગજબ જ થઈ જાય ને ! શાસ્ત્રના વર્ણન ઉપરથી જણાય છે કે, રાજાને મુનિની ભક્તિ કરવાથી જેમ જેમ રોમાંચ થતો હતો તેમ તેમ મુનિ પણ મોહથી સાવધાન બનતા જતા હતા કે ક્યાંય હું મોહમાં પડી ન જાઉં. તેઓ તો મોહરહિત થઈ પૃથ્વી ઉપર પક્ષી વિચરે તેમ વિચરતા હતા.

શાસ્ત્રમાં એમ કેમ કહ્યું છે કે, મુનિ પક્ષીની માફક વિચરતા હતા. આ પ્રમાણે કહેવાનું કારણ છે કે, પક્ષીનો આધાર નિરાવલંબ આકાશ હોય છે. કોઈ કહે કે, અમે પક્ષીઓને વૃક્ષ કે પૃથ્વી ઉપર બેઠેલાં જોઈએ છીએ પણ પક્ષીઓ વૃક્ષ કે પૃથ્વી ઉપર ત્યાંસુધી જ રહે છે જ્યાંસુધી તેમને કોઈ પ્રકારનો ભય હોતો નથી. કોઈ પ્રકારનો ભય ઉપસ્થિત થાય કે તુરત જ પક્ષીઓ પોતાની પાંખોની સહાયતા વડે આકાશનો જ આશ્રય લે છે. આ વાત હું એક ઉદાહરણદ્વારા સમજાવું છું:—

માનો કે, એક વૃક્ષ ઉપર એક બાજુ એક વાંદરો બેઠો છે અને બીજી બાજુ એક પક્ષી બેઠેલ છે. હવે અકસ્માતને કારણે વૃક્ષ નીચે પડવા લાગે તો પક્ષી તો આકાશમાં ઉડી જાય છે પણ બીચારો વાંદરો તો વૃક્ષની સાથે જ નીચે પડી જાય છે. પક્ષી તો એમ વિચારે છે કે, આ વૃક્ષ જ્યાંસુધી મને આશ્રય આપે છે ત્યાંસુધી તો હું તેના ઉપર બેસું છું પણ હું એના જ આશ્રયે રહેલ નથી. મારું સાચું બળ તો મારી પાંખોનું જ માનું છું.

આ સંસારમાં રહેનાર જ્ઞાની અને અજ્ઞાનીમાં પણ પક્ષી અને વાંદરા જેવું અંતર રહેલું છે. અજ્ઞાની તો ધન–ઘર તથા કુટુંબ વગેરેનો આશ્રય પકડી રાખે છે પણ જ્ઞાનીજનો તો આત્માનો જ આશ્રય પકડી રાખે છે.

અનાથી મુનિ સંસારનો આશ્રય લેતા ન હતા પણ આત્માનો જ આશ્રય લેતા હતા; એટલા જ માટે શાસ્ત્રમાં એમના માટે એમ કહ્યું છે કે, તેઓ પક્ષીઓની માફક નિરાવલંબી બની વિચારતા હતા તો પૃથ્વી ઉપર, પણ આત્મામાં મગ્ન બનીને વિચરતા હતા. જે પૃથ્વી ઉપર તેઓ વિચરતા હતા તે ભારતની ભૂમિને ધન્ય છે.

ઉપર્યુક્ત કથાને સમજી પરમાત્મા પ્રત્યે એવી પ્રાર્થના કરવી જોઈએ કે, " હે! પ્રભો! જે પ્રમાણે તે મુનિ મોહરહિત થઈ વિચરતા હતા તે જ પ્રમાણે હું પણ મોહરહિત થઈ વિચરું અને એ મુનિના શરણે જાઉં." આ પ્રકારની ભાવના રાખી પરમાત્માની પ્રાર્થના કરો તો તેમાં કલ્યાણ રહેલું છે. શાસ્ત્રમાં અનાથી મુનિનું વર્ણન શ્રી ઉત્તરાધ્યયનના વીશમા અધ્યયનની સિવાય બીજે ક્યાંય મળતું નથી. પણ રાજા શ્રેણિકનું વર્ણન શાસ્ત્રમાં અનેક જગ્યાએ મળી આવે છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે, રાજા શ્રેણિક એક દિવસ મારી જ માફક પદ્મનાભ નામના તીર્થંકર થશે, મારી જ માફક મોક્ષે જશે અને તેની મારા જેવી જ સ્થિતિ થશે. આ પ્રમાણે અનાથી મુનિના શરણે જવાને લીધે રાજા ભોગોપભોગનો ત્યાગ કરી ન શક્યો છતાં ભવિષ્યમાં તીર્થંકરપદને પામશે. તમે પણ એવા મુનિને શરણે જાઓ તો તમારા આત્માનું પણ કલ્યાણ થશે.

## ઉપસંહાર

આ અધ્યયનનો સાર જ્ઞાન અને ક્રિયાનું મહત્ત્વ બતાવવું એ છે. અનાથી મુનિ જેવા જ્ઞાનવાન હતા તેવા જ ક્રિયાવાન પણ હતા. તમે કેટલાક લોકો કેવળ કાં તો જ્ઞાનને જ પકડી લો છો અથવા ક્રિયાને જ પકડી લો છો અને તેને જ મહત્ત્વ આપો છો. પરંતુ આમ કરવું એ ભૂલ છે. જો જ્ઞાન જ હોય અને ક્રિયા ન હોય, અથવા ક્રિયા જ હોય અને જ્ઞાન ન હોય તો પતન થવું સ્વાભાવિક છે. જે જ્ઞાનવાન હોય છે તેઓ ક્રિયાનો ત્યાગ કરી દેતા નથી પરંતુ એવી ક્રિયા કરે છે કે જે બીજાને માટે આદર્શ રૂપ હોય છે. અનાથી મુનિએ પહેલાં

જ કહ્યું છે કે, જે સંયમ ધારણ કરી સંયમની ક્રિયા કરતો નથી તે અનાથ જ છે. એટલા માટે જ્ઞાનની સાથે જ ક્રિયાની પણ આવશ્યકતા છે.

શ્રી આચારાંગ સૂત્રની નિર્યુક્તિમાં જ્ઞાન અને ક્રિયાનું ઘણું મહત્ત્વ બતાવવામાં આવેલ છે. આ વાતને સમજાવવા માટે એક દૃષ્ટાન્ત આપું છું. કદાચ કોઈ કહે કે, આ દૃષ્ટાન્ત ક્યાં લખ્યું છે તો આનો ઉત્તર એ છે કે, દૃષ્ટાંત લખેલું ન હોવા છતાં કલ્પિત પણ હોય છે. દૃષ્ટાંત દ્વારા મારે તો પોતાનો ભાવ જ સમજાવવો છે. કોઈ કહે કે, શું દૃષ્ટાંતની પણ કલ્પના કરી શકાય છે અને એમ કરવાનો કોઈને અધિકાર છે? તો આ પ્રશ્નનો ઉત્તર એ છે કે શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં નિમ્નોક્ત આશયનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે:—

પાન ઝરંતા દેખ કે, હસી જો કુંપલીયાઁ;
મોય બીતી તોય બીતસી, ધીરી બાપરીયાઁ.

શું કુંપળો પણ હસે છે? નહિ. છતાં ભાવ બતાવવા માટે એની કલ્પના કરવામાં આવી છે. આ દૃષ્ટાંતના વિષયમાં કલ્પના કરવાનો પણ અધિકાર છે છતાં જો હું કોઈ વાત સમભાવની બહારની કહું તો તમે મને સૂચિત કરો અને જે વાત સમભાવની કહું તેને તમે માનો. હું તો એમ જ વિચારું છું કે, જે વાત તમે જાણતા નથી તે વાત મારી પાસેથી લો અને જે વાત હું જાણતો નથી તે વાત હું તમારી પાસેથી લઉં. કેટલીક વાતો તમે જાણો છો અને કેટલીક વાતો હું જાણું છું; એટલા માટે પરસ્પર વિચારનો વિનિમય કરવો જોઈએ.

કહેવાનો આશય એ છે કે, નિર્યુક્તિમાં જ્ઞાન અને ક્રિયાનું ઘણું મહત્ત્વ બતાવવામાં આવેલ છે. એના વિષે એક દૃષ્ટાંત આપવામાં આવ્યું છે જે આ પ્રમાણે છે:—

ઉદયસેન નામનો એક રાજા હતો. તેને વીરસેન અને સૂરસેન નામના બે પુત્રો હતાં. વીરસેન તો બધી ઇન્દ્રિયોથી પૂર્ણ હતો પણ સૂરસેન આંધળો હતો. વિવેકી માણસ જે જે કામને યોગ્ય હોય છે તેને તેવું કામ સોંપે છે. ઉદયસેને પણ પોતાનાં બન્ને પુત્રોને યોગ્યતાનુસાર જુદા જુદા પ્રકારની શિક્ષા આપી. આંધળા માણસો પ્રાયઃ ગાવાનું સારું જાણતા હોય છે. સૂરદાસને વિષે પણ એમ કહેવામાં આવે છે કે, તે અંધકવિ હતા. ઉદયસેને સૂરસેનને તો ગાયનકલા શીખડાવી અને વીરસેનને ક્ષત્રિયોચિત યુદ્ધકલા શીખડાવી. સૂરસેને સાંભળ્યું કે, વીરસેનને તો ક્ષત્રિયોચિત યુદ્ધકલા શીખડાવવામાં આવે છે અને મને તે કલા શીખડાવવામાં આવતી નથી. એટલા માટે તે વિચાર કરવા લાગ્યો કે, હું તો કાયર રહી જઈશ. આ પ્રમાણે વિચાર કરી તે પિતા પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, પિતાજી! હું યુદ્ધકલા શીખવા ચાહું છું. રાજાએ વિચાર્યું કે, જ્યારે તેનું હૃદય યુદ્ધકલા શીખવા ચાહે છે તો તેના હૃદયની વૃત્તિ દબાવી રાખવી યોગ્ય નથી. આ પ્રમાણે વિચાર કરી રાજાએ યુદ્ધકલા શીખડાવનારને તેને સોંપી દીધો. યુદ્ધકલા શીખડાવનાર યોગ્ય અને હોશીયાર હતો એટલા માટે તેણે સૂરસેનને બાણવિદ્યા શીખડાવી દીધી પણ સૂરસેન આંધળો હતો એટલા માટે તે શબ્દના આધારે જ બાણ મારી શકતો હતો.

બન્ને કુમારો યોગ્ય બન્યા. એકવાર યુદ્ધનો અવસર આવ્યો. વીરસેને પોતાના પિતાને કહ્યું કે, 'પિતાજી! આપે અમને યોગ્ય બનાવ્યા છે અને અમે પણ યોગ્ય બન્યા છીએ એટલે તમે હવે યુદ્ધમાં આવો એ ઠીક નથી; એટલા માટે હું યુદ્ધમાં જઈશ.' વીરસેનનું આ

કથન સાંભળી પિતા ઘણો પ્રસન્ન થયો અને મનમાં વિચારવા લાગ્યો કે, આવા સમયમાં પુત્રને ઘેર રાખવો તે ઠીક નથી. આ પ્રમાણે વિચાર કરી તેણે વીરસેનને કહ્યું કે, 'બેટા! ખુશીથી યુદ્ધમાં જાઓ.' સૂરસેન પણ પિતાને કહેવા લાગ્યો કે, 'હું પણ યુદ્ધમાં જઈશ.' પિતાએ તેને કહ્યું કે, 'બેટા! તને આંખો નથી એટલે તું યુદ્ધમાં જા એ ઠીક નથી. તું અત્રે જ રહે.' પણ સૂરસેન વિચારવા લાગ્યો કે, ભાઈ યુદ્ધમાં જશે એટલે તેની પ્રશંસા થશે અને મારો તો કોઈ ભાવ જ નહિ પૂછે. આ પ્રમાણે વિચાર કરી તેણે રાજાને યુદ્ધમાં જવાનો બહુ જ અનુરોધ કર્યો. સૂરસેનનો બહુ અનુરોધ ધ્યાનમાં લઈ રાજાએ યુદ્ધમાં જવાની આજ્ઞા આપી. સૂરસેન યુદ્ધમાં ગયો. તે આંધળો હોવાથી કશું જોઈ તો શકતો ન હતો એટલે તે કેવળ શબ્દો સાંભળી બાણ મારતો હતો. પણ જ્યારે શબ્દો સાંભળતો નહિ ત્યારે બાણ મારી શકતો નહિ. આ ઉપરથી શત્રુઓ સમજી ગયા કે તે આંધળો છે અને શબ્દો સાંભળીને જ બાણ ફેંકે છે. આ સમજણથી તેઓએ વિચાર કર્યો કે, શબ્દો બોલ્યા વિના ચૂપચાપ તેને પકડી લેવો. શત્રુઓએ ચૂપચાપ જઈ સૂરસેનને પકડી લીધો. વીરસેનને માલુમ પડયું કે, સૂરસેન પકડાઈ ગયો છે. એટલે તે શત્રુઓની સામે થયો અને સૂરસેનને છોડાવી લાવ્યો. જ્યારે સૂરસેન પિતાની પાસે આવ્યો ત્યારે પિતાએ તેને પૂછયું કે, 'તું પરાક્રમી તો છે પણ શું તું વીરસેનની બરાબરી કરી શકે ખરો?' સૂરસેને જવાબ આપ્યો કે, 'હવે હું સમજી શક્યો છું કે, પરાક્રમ હોવા છતાં આંખ ન હોવાને કારણે હું વીરસેનની બરાબરી કરી શકતો નથી. જો વીરસેન આવ્યો ન હોત તો હું શત્રુઓનાં બંધનોમાં જ પડયો રહેત!' પિતાએ કહ્યું કે, ઠીક છે. આ ઉદાહરણ જ્ઞાનીઓને સમજાવવા માટે કામમાં આવશે.

આ દૃષ્ટાંત ઉપર શ્રી આચારાંગસૂત્રની નિર્યુક્તિમાં કહ્યું છે કેઃ—

कुणमाणो अवि य किरियं परिच्चयन्तो वि सयणधणभोए ।
दिंतो अवि दुहस्स उरं न जिणइ अन्धो पराणियं ॥
कुणमाणो अवि निव्वि परिच्चयन्तो अवि सयणधणभोए ।
दिंतो अवि दुहस्स उरं मिच्छदिट्ठी न सिज्झइ उ ॥

આ દૃષ્ટાંત અને તેના દાષ્ટાન્તને આ બે ગાથાઓમાં કહેવામાં આવેલ છે. આ ગાથાઓમાં કહ્યું છે કે, તે આંધળો બાણ તો ફેંકતો હતો, પરાક્રમ પણ બતાવતો હતો અને સ્વેચ્છાએ યુદ્ધમાં ગયો હતો છતાં તે શત્રુઓને જીતી શકવામાં સમર્થ બની શકયો નહિ ઊલટો શત્રુઓનાં બંધનમાં પડી ગયો; કારણકે તે આંધળો હોવાથી જોઈ શકતો ન હતો. આ જ પ્રમાણે જેમને જ્ઞાનનેત્રો હોતાં નથી તે ત્યાગ પણ કરે અને ધન-ભોગ આદિથી વિમુખ પણ રહે, છતાં જ્ઞાનનેત્ર ન હોવાને કારણે તે મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી. વીરસેન સનેત્ર હતો પણ જો તે ઘરબાર છોડી યુદ્ધમાં ગયો ન હોત અને પરાક્રમ બતાવ્યું ન હોત તો શું આંખ હોવા છતાં શત્રુઓને તે જીતી શકત ખરો? નહિ. આ જ પ્રમાણે જેને જ્ઞાન તો હોય છે પણ જો તે પ્રમાણે ક્રિયા કરતો નથી તે પણ મોક્ષને પ્રાપ્ત કરી શકતો નથી; એટલા માટે ક્રિયાની સાથે જ્ઞાનની અને જ્ઞાનની સાથે ક્રિયાની જરૂર રહે છે. કેવળ જ્ઞાન કે કેવળ ક્રિયાથી કાંઈ વળતું નથી.

તમે પણ જ્ઞાનયુક્ત ક્રિયા કરો તો તમારા આત્માનું પણ કલ્યાણ થશે અને રોગાદિ

દુઃખોથી પણ મુક્ત થશો. કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું અર્થાત્ જાણી લેવું કે સાંભળી લેવું એ કાંઈ કામનું નથી પણ જ્ઞાનાનુસાર ક્રિયા કરવામાં આવે ત્યારે જ જ્ઞાન સફળ બને છે.

આજે જે રોગ–દુઃખ વગેરે પેદા થાય છે તેનું પ્રધાન કારણ જ્ઞાનયુક્ત ક્રિયા ન કરવી એ છે. કેટલાક લોકો કહે છે કે વેદનીય કર્મોના ઉદયથી રોગો પેદા થાય છે પણ વિચારવાનું અત્રે એ છે કે, વેદનીય કર્મની ક્રિયા કોણ કરે છે! તમે જો ચાહો તો વેદનીય કર્મને પેદા પણ કરી શકો છો અને નષ્ટ પણ કરી શકો છો. એટલા માટે કેવળ વેદનીય કર્મનો દોષ કાઢી બેસી ન જાઓ.

શ્રી સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે કે, રોગ થવાનાં નવ કારણો છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે, હે! જગજ્જીવો! મેં જ્ઞાનદ્વારા જોયું છે કે નવ કારણોથી રોગો પેદા થાય છે. આ નવ કારણો ઉપર સાવધાની રાખવામાં આવે તો રોગોથી બચી શકાય.

પહેલું કારણ અતિ આસન કે અતિ અશન છે. એક જ આસન ઉપર શક્તિથી વધારે બેસવામાં આવે તો પણ રોગ પેદા થાય છે અને બહુ ખાવાથી રોગ પેદા થાય છે. વૈદ્યો કહે છે કે, બહુ બેસવાથી જ હરસ આદિ રોગો પેદા થાય છે. આ જ પ્રમાણે બહુ ખાવાથી પણ રોગ પેદા થાય છે. એક ઉર્દૂ શાયરે ઠીક જ કહ્યું છે કે:— "વિના ભૂખ ખાના ઔર રોગ કો બુલાના." ભૂખ ન હોવા છતાં વધારે ખાવું એ જ રોગનું મુખ્ય કારણ છે. મજુર લોકો લૂખીસૂકી રોટલી જ ખાય છે અને શેઠ–શેઠાણી માલતાલ ઉડાવે છે. પણ રોગી વધારે કોણ હોય છે? મજૂર કે શેઠ? શ્રીમંતો એમ તો એક પૈસો પણ ન આપે પણ ડૉક્ટરોને માટે તો ખીસ્સાં ખાલી જ કરી દે છે. પરંતુ એનું શું કારણ છે? મારા આ કથન ઉપરથી ડૉક્ટરો કદાચ એમ કહેતા હશે કે, અમારા રોજગાર ઉપર કુઠારાઘાત કરે છે પણ એ વિચારથી સત્ય વાતને કેમ દબાવી શકું? એમ તો વેશ્યાગમનનો ત્યાગ કરાવવાથી વેશ્યાઓ પણ એમ કહી શકે કે, અમારો રોજગાર બગાડે છે. આ જ પ્રમાણે શરાબનો નિષેધ કરવાથી કલાલો પણ એમ કહી શકે કે, અમારો રોજગાર બગાડે છે. આ પ્રમાણે સંસારમાં લોકો કહ્યા જ કરે છે પણ જો ભગવાનના વચનાનુસાર વ્યવહાર રાખવામાં આવે તો રોગી થવાનું કે દુઃખી બનવાનું કોઈ કારણ નથી.

અતિ ભોજન પણ રોગનું કારણ છે. કેટલાક ભોજનશૂર લોકો વધારે ખાવા માટે ભાંગ પણ પીએ છે, પણ આ પ્રમાણે વિશેષ ખાવાથી અજીર્ણ–ખાંસી વગેરે રોગો પેદા થવા પામે છે.

રોગ પેદા થવાનું બીજું કારણ અહિતકારી આસન ઉપર બેસવું એ છે. આસન કેવું હોવું જોઈએ એને માટે શાસ્ત્રમાં કહ્યું છે કે, કઠિન અને સ્થિર આસન ઉપર બેસવાથી હાનિ થાય છે અને કોમલ આસન ઉપર બેસવાથી લાભ થાય છે. આજે તો લોકોને પત્થરનાં મકાનો પસંદ છે પણ એટલું વિચારતા નથી કે પત્થરે ઉપર બેસવામાં અને માટી ઉપર બેસવામાં કેટલું બધું અંતર રહેલું છે! આજે મકાન તો પાકું બનાવવામાં આવે છે પણ મકાન પાકું બનાવી શરીર કાચું બનાવવામાં આવે છે. કેવી ખુરશી ઉપર બેસવાથી લાભ થાય છે, અને કેવી ખુરશી ઉપર બેસવાથી હાનિ થાય છે એ વાત યુરોપીય લોકો પણ સમજવા લાગ્યા છે પણ ભારતીય લોકો એ વાત જાણવાનો પ્રયત્ન પણ કરતા નથી કિન્તુ કેવળ અનુકરણ કરવા લાગે છે.

ખૂબ સૂઈ રહેવું કે બહુ જાગતા રહેવું એ પણ રોગનું કારણ છે. કેટલાક લોકો જાગરણ કરવાનો ઢોંગ કરે છે પણ શાસ્ત્ર કહે છે કે વધારે સૂવું કે વધારે જાગવું એ હાનિકર છે.

મલ-મૂત્રને દાબી રાખવું એ પણ રોગનું એક કારણ છે. બહુ ચાલવું અને બહુ બેસી રહેવું એ પણ રોગનું કારણ છે. પ્રકૃતિ વિરુદ્ધ ભોજન કરવું એ પણ રોગનું કારણ છે. કેટલાક લોકો કહે છે કે, માંસ ખાનાર બળવાન હોય છે અને માંસ ન ખાનાર નિર્બળ હોય છે પણ આ એક ભ્રમ છે. આજે ગૌવધને કારણે પ્રકૃતિ વિરુદ્ધ ભોજનની પ્રથા વધારે પ્રચલિત થઈ પડી છે અને હોટલોનું તો પૂછવું જ શું ? આ બધાં કારણોથી પણ રોગો પેદા થાય છે.

ઇન્દ્રિયનું વિસ્ફોટન કરવું એ પણ રોગનું કારણ છે. આજે સંતતિનિયમનનાં જે ઉપાયો બતાવવામાં આવે છે તે ઉપાયો, કોઈ માણસ તિજોરી ખુલ્લી મૂકી સૂઈ રહેવાથી આનંદ માને, એનાં જેવાં છે. આ પણ રોગનું પ્રધાન કારણ છે.

આ નવ કારણોથી રોગો પેદા થાય છે. જે આ નવ કારણોથી બચતો રહે તે જ ધર્મનું પાલન કરી શકે છે. રોગી માણસ ધર્મની સેવા કરી શકતો નથી. તમે પણ નિરોગી બની ધર્મની સેવા કરો તો તેમાં કલ્યાણ રહેલું છે.

# રાજકોટ ચાતુર્માસ: અન્તિમ વ્યાખ્યાન:

## સંવત્ ૧૯૯૩ કારતક વદી ૧ રવિવાર

### પ્રાર્થના

**ધરમ જિનેશ્વર મુઝ હિવડે વસો, પ્યારા પ્રાણ સમાન,**
**કબહું ન વિસરું હો ચિતારું નહીં, સદા અખંડિત ધ્યાન. ॥ ધરમ૦ ૧॥**

—વિનયચંદ્રજી કુંભટ ચોવીશી

**શ્રી** ધર્મનાથ ભગવાનની આ પ્રાર્થના કરવામાં આવી છે.

રાજકોટમાં પાંચ મહિનાથી અધિક કાળ સુધી રહી મેં જે શ્રી સંઘને સાદું ભોજન આપ્યું છે તે પ્રાર્થના સિવાય બીજું કાંઈ નથી. પ્રાર્થના એક સાદી વસ્તુ છે. પ્રાર્થનામાં મોટી મોટી કલ્પનાઓની આવશ્યક્તા નથી, એટલા માટે ગરીબના ભોજનની માફક પ્રાર્થના બધાને માટે સુલભ અને લાભદાયી છે. મેં એક વખતે કહ્યું છે કે મોટા મોટા માણસો ભલે સો સો રૂપિયાનો એક એક ભોજનનો કોળીયો ખાતા હોય, પણ એવા ભોજનના કોળીયા લેવાથી કાંઈ બધાનો નિર્વાહ થતો નથી. બધાને એવું ભોજન મળી નથી શકતું, પણ સાદું ભોજન જ એવું છે કે જેના આધારે આખું જગત નભી રહ્યું છે.

આ જ પ્રમાણે આત્મકલ્યાણ કરવા માટે ભલે ગહન તત્ત્વોનો વિચાર કરવામાં આવે, પણ ગહન તત્ત્વોનો વિચાર કરવો બધા લોકો માટે સંભવિત નથી; પરંતુ બધાના આત્મ-કલ્યાણનો સરલ ઉપાય તો માત્ર પરમાત્માની પ્રાર્થના જ છે. એટલા માટે મને અનેક વર્ષોથી પરમાત્માની પ્રાર્થના કરવાની લગની લાગી છે અને તેથી કોઈને પરમાત્માની પ્રાર્થના ગમે કે ન ગમે તો પણ હું પ્રાર્થના કરું છું અને તે વિષે થોડુંક બોલું પણ છું. હું તો એમ જ માનું છું કે, મને પ્રાર્થના ગમે છે તો બધાને તે ગમતી જ હશે.

આજનો ચાતુર્માસનો અંતિમ દિવસ પણ પરમાત્માની પ્રાર્થના કરવામાં જ વીતાવું છું. પ્રાર્થનાના ક્રમાનુસાર આજે ભગવાન ધર્મનાથની પ્રાર્થના કરવામાં આવી છે. આ પ્રાર્થનામાં પણ ગહન તત્ત્વનો વિચાર કરવામાં આવ્યો છે. તેમાં પરમાત્માની પાસે "હે! પ્રભુ! મારા હૃદયમાં આવી વસો" એવી માગણી કરવામાં આવી છે. આ માંગણી ઉપલક દૃષ્ટિએ બહુ જ સામાન્ય જણાય છે પણ ઊંડો વિચાર કરતાં આ માગણીમાં ઘણું રહસ્ય રહેલું છે. એ રહસ્ય શું છે? એ વાત આજે તમને સંભળાવું છું. તેને તમે ભૂલી જશો નહિ.

હું પ્રાર્થના વિષે જે કાંઈ કહી રહ્યો છું તે મારું નથી પણ પૂર્વ મહાત્માઓનું કહેલું છે. ભક્ત તુકારામના શબ્દોમાં કહું તો "હું જે કાંઈ કહી રહ્યો છું તે બધું પૂર્વ સંત પુરુષોનું ઉચ્છિષ્ટ છે." હું પામર એ વિષે શું કહી શકું! પણ એ સંતપુરુષો અને મહા-પુરુષોની ઉચ્છિષ્ટ વાણી જ તમને બધાને સંભળાવું છું. તમારા બધાના કલ્યાણ માટે મહાપુરુષોની અમર વાણી તમને સંભળાવું તો મારું કહેવું પ્રમાણ છે, પણ જો એ વાણી સંભળાવતાં હું અભિમાન કરું તો તે પ્રમાણ નથી; તેમ તે મારા પોતાના માટે પણ હાનિકર છે.

આ પ્રાર્થનામાં ભક્તોએ પરમાત્મા પાસે માગણી કરી છે કે, "હે! પ્રભુ! તું મારા હૃદયમાં આવી વસી જા. મેં એ માટે અનેક સાધનો કર્યા પણ તેથી મારા સાધ્યની પૂર્તિ થઈ નહિ. મારું સાધ્ય ચિત્તની શુદ્ધિ કરવી એ છે. આ મારું સાધ્ય અનેક સાધનો કરવા છતાં પણ સિદ્ધ થયું નહિ. ત્યારે મને એવો વિચાર આવ્યો કે સાધ્યની સિદ્ધિ માટે મારે બીજા સાધનનો આશ્રય લેવો જોઈએ. કારણ કે મેં અત્યારસુધી જે જે સાધનોનો ઉપયોગ કર્યો તેથી મારા સાધ્યની સિદ્ધિ થઈ નહિ. માટે તે સાધનો અપૂર્ણ છે, સાધ્યની સિદ્ધિ માટે સમર્થ નથી. મારા અંતરમાં રહેલાં કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે દુર્ગુણોને દૂર કરવા માટે મેં અનેક સાધનોનો આશ્રય લીધો, તોપણ મારા અંતરમાં રહેલા કામ–ક્રોધાદિ દુર્ગુણોનો નાશ ન થયો. જ્યારે કોઈ એક વૈદ્યની દવાથી રોગ મટતો નથી ત્યારે બીજા વૈદ્યની પાસે જઈ દવા લેવામાં આવે છે; તેવી રીતે જ્યારે આ સાધનોથી મારા સાધ્યની સિદ્ધિ થઈ નહિ, ત્યારે હે! પ્રભુ! હું હવે તારે શરણે આવ્યો છું. અને એવી પ્રતીતિ થઈ છે કે તારે શરણે આવ્યા વિના મારા કામ-ક્રોધાદિ વગેરેનો રોગ મટશે નહિ. જ્યારે હે! પ્રભુ! તું હૃદયમાં વસી જશે, ત્યારે જ એ રોગ દૂર થશે. એટલા જ માટે હું તારે શરણે આવ્યો છું અને તારી પ્રાર્થના કરું છું."

આ સંસારમાં અનેક ચીજો પ્રકાશ આપનારી છે પણ શું સૂર્યના પ્રકાશ વિના સંસારનું કામ ચાલી શકશે? ભલે આખા રાજકોટમાં સર્ચલાઈટની વ્યવસ્થા કરવામાં આવે તો પણ સૂર્યના પ્રકાશ વિના કામ ચાલી નહિ શકે! અહીં 'ઈલેકટ્રીક પાવર હાઉસ' છે તોપણ સૂર્યની તો આવશ્યક્તા રહે જ છે. આ જ પ્રમાણે ભક્તો કહે છે કે, હે! પ્રભુ! ભલે બીજાં અનેક સાધનો હોય તોપણ જ્યાં સુધી તું હૃદયમાં આવી વસતો નથી ત્યાં સુધી એ બધાં સાધનો સફળ થતાં નથી. માટે જો 'તું હૃદયમાં આવી વસી જા' તો સાધ્યની સિદ્ધિ અવશ્ય થવાની જ છે. ભક્તોની માફક તમે પણ જો પરમાત્માને તમારા હૃદયમાં વસાવવા ચાહતા હો તો હૃદયપૂર્વક પરમાત્માની પ્રાર્થના કરો કેઃ—

**ધર્મ જિનેશ્વર મુઝ હિવડે બસો, પ્યારા પ્રાણ સમાન;**
**કબહૂં ન બિસરો ચિતારું નહીં, સદા અખંડિત ધ્યાન.**

બસ! આ જ એક આશા રાખો તો 'એકને બરાબર સાધવાથી બધું સિદ્ધ થશે' એ કહેવત ચરિતાર્થ થશે. જો 'પ્રભુ હૃદયમાં આવી વસી જાય' તો બધું કામ સિદ્ધ થઈ જાય પછી બીજાં સાધનોની જરૂર રહે નહિ. બીજાના પ્રકાશની આવશ્યક્તા જ્યારે સૂર્યનો પ્રકાશ ન હોય ત્યારે જ રહે છે. આ જ પ્રમાણે જ્યાં સુધી પરમાત્મા હૃદયમાં આવી વસ્યા નથી ત્યાં સુધી બીજાં સાધનોની જરૂર રહે છે. માટે પરમાત્માને હૃદયમાં વસાવો.

પરમાત્માને હૃદયમાં કેમ વસાવી શકાય? એવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો એનો ઉત્તર એ છે કે, ચિત્તને બીજી વસ્તુઓમાંથી હટાવીને, પરમાત્માને પ્રાણ સમાન પ્રિય ગણી, તેમાં જ ચિત્ત પરોવવામાં આવે અને તે માટે પરમાત્માની પ્રાર્થના કરવામાં આવે તો પરમાત્માને હૃદયમાં વસાવવા મુશ્કેલ નથી.

કોઈ માણસ પોતાના પ્રાણનો જાપ કરતો નથી તો પણ તે પોતાના પ્રાણને ભૂલતો નથી. આ જ પ્રમાણે પરમાત્માને પ્રાણસમાન પ્રિય માની તેમને ન ભૂલો તો તમો પરમાત્માને

હૃદયમાં ધારણ કરી શકો છો. ભક્તોની માફક તમે પણ પરમાત્માને તમારા હૃદયમાં વસાવવા ચાહતા હો તો અનન્ય ભાવે તમે પણ પરમાત્માની પ્રાર્થના કરો અને તેમને હૃદયમાં વસાવો.

ભક્તોનું કહેવું છે કે "જો પરમાત્મા ઉપર રાઈ જેટલો પણ વિશ્વાસ હશે તો પહાડ જેટલું કામ પણ સિદ્ધ થઈ જશે." પહાડની તુલનામાં રાઈનો હિસાબ કાંઈ નથી પણ મહાત્માઓનું કહેવું છે કે, "એ રાઈની પાછળ પહાડ જેવા મહાન્ કાર્યોની સિદ્ધિ રહેલી છે"

જો તમને મારા શરીર ઉપર નહિ પણ મારા કથન ઉપર પ્રેમ અને વિશ્વાસ હોય તો તમોને મારો અંતિમ ઉપદેશ એટલો જ છે કેઃ—

**"ભગવાન ઉપર વિશ્વાસ રાખો. ભગવાનની ભક્તિમાં પ્રેમ રાખો અને ભગવાનની પ્રાર્થના કરી તેમને હૃદયમાં ધારણ કરો. જો તમે મારી આ વાતને હૃદયમાં ઉતારશો તો તમારા હૃદયમાં એવી જ્યોતિ પ્રગટશે કે જે જ્યોતિ બધાનું કલ્યાણ કરશે. આ જ્યોતિ આગળ હું તુચ્છ છું. એટલું જ નહિ હું પણ એ જ જ્યોતિનો ઉપાસક છું. તમે પણ એ જ પરમ જ્યોતિના ઉપાસક બની એ જ્યોતિને જગાવો તો તેમાં બધાનું કલ્યાણ જ છે."**

હમણાં કેટલાક જણાએ મારી પ્રશંસા કરી છે અને તેમાં પરમાત્માને શોભા દેનારા શબ્દો મારા જેવા પામરને માટે વાપરવામાં આવ્યાં છે. પણ મારી જે પ્રશંસા કરવામાં આવી છે તે માટે તે પ્રશંસા કરનાર પ્રશંસક ઉપર કેવી જવાબદારી રહેલી છે તેનો ખ્યાલ રાખવો જોઈએ. કોઈ લક્ષાધિપતિ માણસ જ્યારે પોતાના બાળકના ગળામાં મૂલ્યવાન હાર પહેરાવે છે ત્યારે તે હાર પહેરનાર બાળકની સંભાળ પણ બરાબર રાખવી પડે છે, અને એ મૂલ્યવાન હારને કારણે બાળકનું જીવન જોખમમાં આવી ન જાય તેની પણ સાવધાની રાખવી પડે છે. બરાબર આ જ પ્રમાણે તમારે પણ પ્રશંસાનો હાર પહેરાવતી વખતે જવાબદારી અને સાવધાની સમજવાની જરૂર છે. હું પણ બાળકની સમાન છુ. તમે મને પ્રશંસારૂપી હાર તો પહેરાવી દીધો છે પણ તેની જવાબદારી તમારે રાખવાની છે એ ભૂલવું ન જોઈએ અને મારે પણ એ સાવધાની રાખવી જોઈએ કે, "હું આ પ્રશંસાથી ફુલાઈ જઈને પોતાનું કર્ત્તવ્ય પણ ભૂલી ન જાઉં."

આજે સવારે હું ધ્યાન કરી રહ્યો હતો ત્યારે પૌષધવતી શ્રાવકો મને વંદન કરવા આવ્યા હતા. તેમને વંદન કરતા જોઈને મને એવો વિચાર આવ્યો કે, "હે! આત્મા! તું આ પૌષધવતી શ્રાવકોનું વંદન સ્વીકારીને કયાં મુકીશ અને તેના બદલામાં તું શું તેમનો ઉપકાર કરીશ?" કોઈ ઇચ્છા કે કામનાને વશ થઈ જાય તો તે જુદી વાત છે, નહિ તો શ્રાવકો પૌષધવ્રતમાં કોઈ ચક્રવર્તીને પણ વંદન—નમસ્કાર કરી શકતા નથી, ઇન્દ્રને પણ નમી શકતા નથી અને કોઈ જાગીર આપવા આવે તો પણ તે લઈ શકતા નથી. "આવા પૌષધવતી શ્રાવકો તને વંદન કરે છે તો તું તેમનો શો ઉપકાર કરીશ?"

લોકો કોઈને શાહુકાર જાણી તેમની દુકાને રૂપિયા જમા કરે છે. રૂપિયા જમા કરનાર માણસ તો રૂપિયા જમા કરી નિશ્ચિંત થઈ જાય છે પણ જેમને ત્યાં રૂપિયા જમા કરવામાં આવે છે તેમની ઉપર તો મોટી જવાબદારી આવી પડે છે. જો તે શાહુકાર રૂપિયા જમા

તો કરી લે પણ યથાસમયે રૂપિયા પાછા મુકવે નહિ તો તે 'દીવાળીઓ' કહેવાય. આ જ પ્રમાણે અમારે પણ એમ સમજવું જોઈએ કે, હે! પ્રભુ! અમે આ શ્રાવકોનું વંદન તો સ્વીકારીએ છીએ પણ જે ગુણને લીધે શ્રાવકો અમને વંદન-નમસ્કાર કરે છે તે ગુણ અમારામાં ન હોય કે શ્રાવકોને એ ગુણ આપી ન શકીએ તો એ પણ દીવાળું ફૂંકવા જેવું જ ગણાશે.

તમે લોકો અમને પ્રાણસંજીવની જડીબુટ્ટીની મોંઘી દવાની સમાન માનો છો. જો આવી મૂલ્યવાન દવા ઢોળાઈ જાય કે તે દવાની શીશી ફૂટી-ફૂટી જાય તો તે દવાને આધારે જે લોકો સ્વસ્થતા પામતા હોય તે લોકો મુશ્કેલીમાં આવી જાય. આ જ પ્રમાણે પ્રાણસંજીવની જડીબુટ્ટી જેવી મોંઘી દવાની જેમ મોંઘા ગણાતા જો અમે બગડી જઈએ કે ફુટી જઈએ, તો અમારા આધારે જે લોકો કલ્યાણ સાધવા ધારતા હોય તે લોકોની શી દશા થાય? એટલા માટે અમારે પણ અમારી જવાબદારી ધ્યાનમાં રાખવી જોઈએ. અને જે લોકોએ મારી પ્રશંસા કરી છે તે લોકોએ પણ પોતાની જવાબદારીનું ધ્યાન રાખવું જોઈએ.

અહીંના લોકો મને જાણતા ન હતા છતાં પણ તેઓ મારા પ્રત્યે ભક્તિભાવ પ્રદર્શિત કરી મને અહીં ખેંચી લાવ્યા એથી એ સ્પષ્ટ જણાય છે કે એ લોકો કેવળ મારા શરીરની સાથે પ્રેમ કરતા નથી, પણ જે ધર્મનું તેઓ પાલન કરે છે તે ધર્મ પ્રત્યે પ્રેમ છે અને તેથી જ મારા પ્રત્યે પણ પ્રેમભાવ રાખે છે. આ જ કારણે તમે લોકો અમારા ઉપર આટલો બધો વિશ્વાસ રાખો છો. આમ છતાં જો અમે બગડી જઈએ, તમારો વિશ્વાસભંગ કરીએ તો તમારી શી દશા થાય? એટલા માટે અમે બગડી ન જઈએ એનું ધ્યાન અમારે પ્રતિપળ રાખવું જોઈએ.

બીકાનેર શ્રીસંઘની વિનતી હમણાં મેં અને તમે બધાએ સાંભળી. વાસ્તવમાં બીકાનેર શ્રી સંઘનું ભાણું પીરસેલું હતું. કેવળ જમવાની વાર હતી, તેવી મારી તૈયારી બીકાનેર જવાની હતી. વચમાં રાજકોટ શ્રી સંઘને પીરસેલું ભાણું મળી ગયું. હું તો રાજકોટ અને બીકાનેરને એક જ સમજું છું અને ભાવના તથા ભક્તિ હોવાથી મારા માટે તો બન્નેય સ્થળ સમાન જ છે. જે કામ હું બીકાનેર કરત તે કામ અહીં કરી રહ્યો છું. એટલા માટે બીકાનેરવાળાઓએ મારું અત્રે આવવાનું થવાથી અને બીકાનેર આવવાનું ન થવાથી દિલગીર થવાની કાંઈ જરૂર નથી આ સાલ જો હું આ બાજુ આવત નહિ તો મારા માથે જવાબદારીનું ઋણ રહી જાત. એટલે એ ઋણભાર માથા ઉપરથી ઉતારવા માટે મેં વિચાર્યું કે પછી જઈ શકાય કે ન પણ જઈ શકાય; માટે હમણાં ત્યાં જવું ઠીક છે. આ વિચારની પ્રેરણાથી અને શ્રીમલજી, સૂરજમલજી વગેરેનો આગ્રહ થવાથી મેં ઉનાળાનો પણ વિચાર ન કર્યો અને અહીં આવ્યો.* હવે મારું એ જ કહેવું છે કે, મારું આ શરીર બીકાનેર, રાજકોટ કે કોઈ બીજા સ્થળે રહે પણ તમારે તો તમારા કામ તરફ ધ્યાન આપવું જોઈએ.

મેં તો કાંઈ વિચાર્યું ન હતું તોપણ ન જાણે કોઈ ભાવના કે શક્તિની પ્રેરણાથી સકળ શ્રી સંઘે મળીને ગણેશીલાલજીને યુવાચાર્ય ચૂંટયા અને સમ્પ્રદાયના સદ્ભાગ્યે આવા યોગ્ય યુવાચાર્ય સમ્પ્રદાયને મળી ગયા. મારી ઇચ્છા ન હોવા છતાં પણ અજમેરમાં ભારત-

* પૂજ્યશ્રીના વિહારની નોંધ માટે પરિશિષ્ટ પહેલું જુઓ.

ભરના સકળ શ્રી સંઘે મળીને યુવાચાર્યને ચૂંટયા છે. કોઈ એક સમ્પ્રદાયે તેમને ચૂંટયા નથી. મેં વિચાર્યું કે જ્યારે સકળ સંઘને એ પસંદ છે તો પછી એમાં મને શો વાંધો ? એમ વિચાર કરીને મેં પણ તેઓને યુવાચાર્ય તરીકે સ્વીકાર્યા અને તેમને યુવાચાર્યપદ આપ્યું. ગયા વર્ષે મને એવી સદ્બુદ્ધિ સૂઝી કે મેં સમ્પ્રદાયના કાર્યનો બધો ભાર તેમને માથે મૂકી દીધો. આ પ્રમાણે હું સ્વતન્ત્ર થઈ ગયો છું અને હવે હું તો શ્રી સંઘનો રિટાયર્ડ સેવક છું.

પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજશ્રીએ મને કહ્યું હતું કે, બીકાનેર અને ઉદયપુર શ્રી સંઘનું ધ્યાન રાખવું. એટલા માટે બીકાનેરનો ખ્યાલ મારા મનમાં છે અને પૂજ્યશ્રી મહારાજની આજ્ઞાનુસાર મેં બીકાનેર, ગંગાસર અને ભીનાસર એમ ત્રણ ચાતુર્માસ કર્યાં છે. હું રાજકોટ આવ્યો ન હતો એટલે રાજકોટ પણ આવી ગયો. હવે મારી ઉપર કોઈ પ્રકારની ખાસ જવાબદારી નથી. જવાબદારી જે છે તે યુવાચાર્યજી ઉપર છે અને તેઓ સુયોગ્ય હોવાથી પોતાની જવાબદારીને બરાબર પાર ઉતારશે એવો વિશ્વાસ છે. હવે મારે ક્યાં રહેવું, શું કરવું વગેરે વિષે હું સંઘ, યુવાચાર્યજી વગેરેની સલાહ ભલે લઉં, પણ આ વિષે નિર્ણય કરવો તે મારા અધિકારમાં છે. હું ગમે ત્યાં રહું પણ શ્રીસંઘે તો એમ સમજવું જોઈએ કે, એઓ તો સંઘથી રિટાયર્ડ છે.

જો કે શ્રી સંઘે મને જે પૂજ્ય પદવી આપી હતી તે તો યુવાચાર્યજીને આપી દેવામાં આવી છે, તો પણ અત્યારે મને પૂજ્ય કહેવામાં આવે છે અને તે કારણે મારે પણ કોઈને કોઈ રૂપમાં થોડોઘણો ભાર પણ વહન કરવો જ પડે છે.

ભગવાન ધર્મનાથને આપણે ભૂલી ન જઈએ એ આપણું ધ્યેય હોવું જોઈએ. આપણે હજી ઉપાસક છીએ એટલા માટે ઉપાસ્યને ભૂલી જવા ન જોઈએ. જો આપણે ઉપાસ્યને ન ભૂલીએ તો—

> **तीर्थं कुर्वन्ति तीर्थानि ।**
> **सत्शास्त्रं कुर्वन्ति शास्त्राणि ।**
> **सत्कर्म कुर्वन्ति कर्माणि ॥**

જેમના આત્મામાં પરમાત્માની ભક્તિનો પૂર્ણ પ્રકાશ પ્રગટયો હોય તેમનાં ચરણ જ્યાં પડે ત્યાં તીર્થ જ છે. આથી વિપરીત જે લોકો પરમાત્માને ભૂલી જઈ કામ–ક્રોધાદિના પંજામાં સપડાઈ જઈ પૈસાના લોભમાં બીજાનું ગળું રેંસે છે અને ઈશ્વરને પણ ગણકારતા નથી તે કૃતઘ્ની લોકો વિષે શું કહેવું ?

જે પતિતપાવન છે એ ઈશ્વરને, પોતાના નજીવા કામની સિદ્ધિ માટે, તજી દેવા અને હૃદયમાં નીચ લાલસાને સ્થાન આપવું તે ઘણું જ ખરાબ છે. એટલા માટે એ પતિતપાવન કરનાર પરમાત્માને કદાપિ ભૂલો નહિ. જો તમે પરમાત્માને તમારા હૃદયમાં સ્થાન આપવા ચાહતા હો તો તમે જે કાંઈ કામ કરો તે તેમને અનુકૂલ જ કરો અર્થાત્ તમારે તીર્થમય બનવું જોઈએ. કારણ કે તમે પોતે જ તીર્થ છો ભગવાને કહ્યું છે કે :—

**चत्तारि समणसंघे पण्णत्ते तंजहा–समणाए समणिए सावयाए सावियाए वा।**

આ પ્રમાણે તમે શ્રાવકો પણ તીર્થરૂપ છો. તીર્થરૂપ હોવા છતાં જો તમે દુષ્કૃત્યો કરો તો શું તે તમારા માટે અનુચિત નથી ? તમે મને પણ તીર્થરૂપ માનો છો અને

એટલા માટે તમે અહીં આવ્યા છો. નાનાં તીર્થો મોટાં તીર્થો પાસે આવે છે. એટલા માટે મોટાં તીર્થોએ પણ એ વિચારવું જોઈએ કે, આ લોકો મારી પાસે જે વિશ્વાસની સાથે આવ્યા છે તે વિશ્વાસનો ઘાત થવો ન જોઈએ. તમે પણ તીર્થરૂપ છો. તીર્થનાં જ્યાં ચરણ પડે છે તે તીર્થ બની જાય છે. તીર્થના મોઢામાંથી જે શબ્દ નીકળે છે તે પણ તીર્થના શબ્દ છે અને તીર્થ જે વાત કહે છે તે વાત પણ તીર્થની વાત છે. એટલા માટે તમારે એવું એક પણ કામ કરવું ન જોઈએ, એવી એકપણ વાત કરવી ન જોઈએ અને એવો એક પણ વ્યવહાર કરવો ન જોઈએ કે જે તીર્થને યોગ્ય ન હોય.

તમો બહેનો પણ તીર્થરૂપ છો; છતાં જે મુખેથી પરમાત્માનું ભજન કરો તે જ મુખેથી અપશબ્દ કે ગાળાગાળી ભાંડો એ કેટલું બધું ખરાબ કહેવાય! બહેનો પોતે તીર્થરૂપ છે એ વાત સમજતી નથી અને એટલા જ માટે કાલે રોવા કૂટવાની કુપ્રથાને બંધ કરવાની પ્રતિજ્ઞા દેવા માટે મારે પણ ઊભું થવું પડયું હતું. જ્યારે તીર્થને રોવા-કૂટવાનો ત્યાગ કરવા માટે આટલું બધું કહેવું પડે તો બીજાઓને કેટલું કહેવું પડે? અને તીર્થ જ્યારે રોવા-કૂટવાનું છોડી શકે નહિ ત્યારે બીજી ખરાબ વાતો કેમ તજી શકશે? તીર્થે રોવાનો ઢોંગ તો કરવો ન જ જોઈએ. સ્વાભાવિક આંસુ આવી જાય તો તેને કોઈ રોકી શકતું નથી. એવાં સ્વાભાવિક આંસુ તો ભગવાનના વિયોગથી સિંહ અણગાર જેવાની આંખમાંથી પણ નીકળી પડયાં હતાં, પણ વ્યવહારના નામે રોવાનો ઢોંગ કરવો એ પ્રથા ખરાબ છે. લોકોએ રોવાની પ્રથાને પણ વ્યવહારનું નામ આપી દીધું છે; પણ આ વ્યવહાર નથી પણ ભૂલ છે. લગ્ન આદિની પ્રથા વ્યવહાર છે, નિશ્ચય નથી; પણ રોવાની પ્રથા તો વ્યવહાર પણ નથી, એ તો દેખીતી ભૂલ છે. વ્યવહાર તો તે કહેવાય કે જેના વિના સંસારનું કામ અટકી પડે.

આ જ પ્રમાણે પુત્રનું સગપણ તેના ભણતરનો ખર્ચ લઈ કરવું એ પણ કયા પ્રકારનો વ્યવહાર છે! આજકાલ કેટલાક લોકો પોતાની પુત્રીઓને એટલા માટે મેટ્રીક સુધી ભણાવે છે કે મેટ્રીક થયા વિના આજનો ફેશનવાળો તેનો પતિ તેને પસંદ કરતો નથી. આ પ્રમાણે ફેશનના ઢોંગમાં તણાઈ જઈને આજકાલ બહુ જ બળજબરી કરવામાં આવે છે અને દેખીતો વરવિક્રય કરવામાં આવે છે. જ્યાં કન્યાવિક્રયની પ્રથા નથી પણ વરવિક્રયની જે પ્રથા ઘુસતી જાય છે, તેને દૂર કરવામાં આવે તો અન્ય સ્થળે રાજકોટમાં કન્યાવિક્રય કે વરવિક્રયની પ્રથા બંધ થઈ ગઈ છે એવો દાખલો આપી શકાય.

લગ્ન રૂપિયા સાથે કરવામાં આવે છે, કે રૂપિયા માટે કરવામાં આવે છે, કે કન્યાની સાથે કરવામાં આવે છે? જો તીર્થની એવી ભાવના હોય કે, 'હું રૂપિયા માટે લગ્ન કરું છું' તો તે તીર્થને માટે સર્વથા અનુચિત છે. શિક્ષણ કેટલું લીધું છે, શરીર તથા રૂપ કેવાં છે વગેરે જોવું-તપાસ કરવી તે તો ઠીક છે, પણ કેટલા રૂપિયા આપે છે એ જોવું અથવા રૂપિયા માટે લગ્ન કરવા એ તીર્થને માટે કદાપિ યોગ્ય નથી માટે એ કુપ્રથાનો ત્યાગ કરો.

જો રૂપિયા લેવા એ નીતિપક્ષ હોત તો તો એનો ત્યાગ કરવા વિષે હું આગ્રહ કરત નહિ, પણ એ ચોકખી અનીતિ છે. અનીતિના કામને રોકવું મારું કર્ત્તવ્ય છે. એટલું જ નહિ. પણ એ તો મારો ધર્મ છે. હું તમારો ગુરુ છું અને તમે મારા શ્રાવક છો. મારી જાણમાં કોઈ અનીતિનું કામ થતું હોય તો તેને રોકવું એ મારું કર્ત્તવ્ય છે. જો મારી નજર

સામે કોઈ બકરાનો વધ કરતું હોય તો શું હું એ વધ રોકવાનો ઉપદેશ નહિ આપું? બકરાનો વધ કરવો એ તો પ્રત્યક્ષ પાપ છે પણ આ વરવિક્રયથી ગુપ્ત કે પ્રકટરૂપે ન જાણે કેટલી મનુષ્યહત્યા થાય છે? બંગાલને વિષે એવું સાંભળવામાં આવ્યું છે કે, ત્યાંનો એક પિતા પોતાની ભણેલી-ગણેલી પુત્રીઓના વિવાહ કરવા માટે મૂરતીયાઓને રૂપિયા આપી શકે એવી સ્થિતિમાં હતો નહિ, એટલે મૂરતીયાઓએ વિવાહ કર્યો નહિ. આ વાતની જાણ જ્યારે તેની પુત્રીઓને પડી કે, અમારા વિવાહ માટે પિતા દુઃખી થાય છે તો જીવીને શું કરવું છે? આમ વિચાર કરી એ છોકરીઓએ બળીને કે ડુબીને આત્મહત્યા કરી નાંખી. આ પ્રમાણે વરવિક્રયની કુપ્રથાને લીધે સમાજમાં ઘોર કૃત્યો થયાં કરે છે. એટલા માટે એ અનીતિના ઘોર કૃત્યને રોકવું એ મારું કર્ત્તવ્ય છે.

તમે પોતે સ્વેચ્છાએ તમારા ઘરનું બધુંય કન્યાને આપી દો તો તેને કોઈ રોકતું નથી પણ કન્યાવાળાઓ પાસેથી રૂપિયા, મકાન, બંગલો અથવા ભણતરનું ખર્ચ માંગવું અથવા સોનુંરૂપું, કપડાંલત્તાં, ઝવેરાત કે જમીન વગેરે માંગવું એ સર્વથા અનુચિત છે. આમ કરવાથી વ્યવહારનો તો નાશ થાય છે પણ સાથે સાથે સન્તાનપ્રેમ તથા દયાભાવનો પણ નાશ થાય છે, એટલું જ નહિ તેથી મહા અનર્થ પણ થાય છે.

હવે આ કુપ્રથાના ત્યાગ માટે તમો જે ઉભા થયા છો તેઓને આ અનર્થકારી પ્રથાનો તમારી પાસે ત્યાગ કરાવું છું અને કહું છું કે, "વરના બદલામાં રૂપિયા લેવા પણ ન ચાહો તેમ દેવા પણ ન ચાહો. બીજા પાસેથી લ્યો પણ નહિ તેમ આપો પણ નહિ. સ્વેચ્છાએ લેવું-દેવું જુદી વાત છે પણ મોઢે માંગીને લેવું અને ઠરાવીને આપવું એ કુપ્રથાનો ત્યાગ કરો. તમે રૂપિયા ક્યો અને અમારી પુત્રીની સાથે વિવાહ કરો અથવા તમે આટલા રૂપિયા આપો તો વિવાહ કરીએ; આ પ્રમાણે કહીને લેવા-દેવાની પ્રથાનો ત્યાગ કરાવું છું." (પ્રાયઃ બધા લોકોએ ત્યાગ કર્યો.)

તમારા તરફથી મળેલી આ છેલ્લી ભેટ હમેશાં મને યાદ રહેશે. હું તો એ જ ચાહું છું કે, તમારા બધાનું ભલું થાય તથા કલ્યાણ થાય અને એ જ શુભ દૃષ્ટિએ આ કુપ્રથાનો તમારી પાસે ત્યાગ કરાવું છું.

આજે સવારે ધ્યાન કરતાં મને જે વિચાર આવ્યો તેનો ભાવ તમને બતાવવો મને આવશ્યક લાગે છે, એટલે એ વિષે કહું છું. એક ફારસી કવિએ કહ્યું છે કેઃ—

ખૈરકુન અય ફલાં વ ગનીમતે સુમારે ઉમ્ર,
જહાઁ પેશ્તર બામ બરાયદ કે ફલાં ન મૌંદ.

અર્થાત્—"હે મારા મિત્રો! સારાં કામો તમે કરી લો. કારણ કે તમારી આટલી બધી ઉંમર થઈ ગઈ એ તમારાં ભાગ્ય સમજો. તમે આટલા વરસના મોટા થશો એવો વિશ્વાસ કોઈ રાખી શકે નહિ."

મને પણ એવો વિશ્વાસ ન હતો કે હું ૬૨ વર્ષનો થઈશ અને મારી ૬૨મી વર્ષગાંઠ રાજકોટના લોકો ઉજવશે. વાસ્તવમાં શરીરનો વિશ્વાસ જ શું છે! જાડેજા ડૉકટર વિષે કાલે સાંભળ્યું કે તેમને બચાવવા માટે ૧૭ ડોકટરો એકઠા થયા હતા છતાં પણ તેઓ તેમને બચાવી શક્યા નહિ. કવિ કહે છે કે, "આ જીંદગીનો કાંઈ ભરોસો નથી. માટે કોઈ એમ કહે કે,

અમુક માણસ દુનિયામાં ન રહ્યો, એ પહેલાં જ તું સારાં કામો કરી લે." તમારે પણ આ કવિના કથન ઉપર વિચાર કરવો જોઈએ.

સારા કામનો પ્રારંભ કરવામાં વિલંબ કરવો ન જોઈએ. તમે જુઓ છો કે, તમારા સાથી મૂર્ત્તિપૂજક લોકો તીર્થાદિમાં કેટલા રૂપિયા ખર્ચે છે અને તેઓ આગમોદય સમિતિ વગેરે જ્ઞાનખાતામાં કેટલા બધા રૂપિયા ખર્ચી રહ્યા છે. પરંતુ તમો સ્થાનકવાસીને થોડોક પણ ખર્ચ કરવામાં કેટલો વિચાર કરવો પડે છે અને કેટલી મુશ્કેલીઓ વેઠવી પડે છે? તમારું સાહિત્ય પણ એવું ઊંચું છે કે, જે 'નિર્દોષ દેવને દેવ' અને 'દયામય ધર્મને ધર્મ' માને છે. તમારું એ ઉચ્ચ કોટીનું સાહિત્ય પણ આજે કેવી દશામાં પડયું છે તે જુઓ! તમને તમારા સાહિત્ય ઉપર પૂરેપૂરો વિશ્વાસ હોય તો તેનો પ્રચાર કરવામાં જરાપણ વિલંબ કરવો ન જોઈએ અને દરેકે પોતાની શક્તિ અનુસાર સાહિત્ય–પ્રચારમાં સક્રિય સહકાર આપવો જોઈએ. આ પ્રમાણે સાહિત્યોદ્ધાર થાય તો તમારું અને બીજાનું કલ્યાણ જ છે. શાસ્ત્ર તે છે કે જેમાં ઉદારતા હોય. તમારા શાસ્ત્રમાં પૂર્ણ ઉદારતા છે તો પછી તેની પાછળ તમે કેટલા રૂપિયાનો વ્યય કર્યો અને વિવાહ-શાદી વગેરેની ધમાલમાં કેટલા રૂપિયાનો વ્યય કર્યો તેનો પૂર્વાપર વિચાર કરો.

તમે સાધુમાર્ગી હોવા છતાં તમને બીજાઓ કૃપણ–લોભી કહે છે. સમ્યગ્દૃષ્ટિ થઈને કૃપણ રહેવું એ કેટલા આશ્ચર્યની વાત છે? જે કોઈ પુદ્ગલોનું સ્વરૂપ જાણે છે અને જે કોઈ પુણ્ય–પાપનો વિવેક કરી શકે છે તે કૃપણ રહી શકતો નથી. **જે પાપમય કામ તો ત્યાગ કરતો નથી પણ પુણ્યના કામનો ત્યાગ કરી બેસે છે તે સમદૃષ્ટિ કેવા પ્રકારનો છે?** માટે જાતિવિરુદ્ધ હાનિકારક ખાનપાનમાં અને કામકાજમાં પોતાની શક્તિનો દુર્વ્યય ન કરતાં, ભગવાનનો માર્ગ દીપે એવાં શુભ કાર્યોમાં તમારી શક્તિનો સદુપયોગ કરો. જેમનામાં જેટલી શક્તિ હોય તેટલી શક્તિનો ભગવાનના માર્ગને દીપાવવામાં ઉપયોગ કરવો જોઈએ. શારીરિક, માનસિક, વાચિક કે આર્થિક કોઈ પણ પ્રકારની શક્તિ તમારી પાસે હોય તે શક્તિનો ભગવાનનો ધર્મ ફેલાવવામાં ઉપયોગ કરો તો કલ્યાણ છે. કેટલાક લોકો પોતાની શક્તિનો સાહિત્યોદ્ધાર અને સાહિત્યપ્રચાર કરવામાં ઉપયોગ કરવા ચાહે છે, પણ તેઓ એકલા હોવાથી અને બીજાનો સહકાર ન હોવાથી, કાંઈ કરી શકતા નથી. એવા ઉત્સાહી લોકોને તમે સહકાર આપો કે જેથી ભગવાનનો માર્ગ દીપે અને તમારો ધર્મ અને તમારું સાહિત્ય પ્રકાશમાં આવે.

શ્રી સંઘના સેક્રેટરીએ તમારી પાસે ચાતુર્માસ દરમ્યાન થએલ કાર્ય અને દાનની સંક્ષિપ્ત નોંધ* વાંચી સંભળાવી તે બાબતમાં મારે કાંઈ કહેવાનું નથી. તેમ છતાં દયા સંબંધમાં જણાવવાનું કે સદરમાં જે કુતરાઓને મારવામાં આવતાં હતાં તે કુતરાઓને બચાવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને પોલીસના જે ઘોડાઓ મારી નાંખવામાં આવતાં તેમને પણ પ્રયત્ન કરી બચાવી લેવામાં આવ્યા છે. આ પ્રમાણે દયાની પ્રેરણાથી આ બધું થયું છે. પરંતુ દયાનો પહેલો અધિકારી તો તે છે કે જેમનો તમારી ઉપર ઉપકાર છે.

ભારતમાં આજે ગાયોની જે કતલ થાય છે તેમાં સરકારી સત્તાનો પણ હાથ છે. એટલા માટે એ કાર્ય સરકારી સત્તાની સહાયતા વિના અટકાવી ન શકાય. પણ હમણાં

* દાનની સંક્ષિપ્ત નોંધ માટે પરિશિષ્ટ બીજું પાનું ૬૯૮ જુઓ.

એવું સાંભળવામાં આવ્યું છે કે, હિંદના નવા વૉયસરૉય લૉર્ડ લિનલિથગોએ પણ કલકત્તાના કતલ-ખાનામાંથી આઠ ગાયો અને ભેંશોને છોડાવીને દીલ્હીના પાંજરાપોળમાં મોકલી આપેલ છે. આ વાત ૨૪મી નવેમ્બર ૧૯૩૬ના ટાઇમ્સ ઓફ ઈન્ડીયા Times of Indiaમાં છપાએલ છે. વૉયસરૉયે તે જીવોને છોડાવ્યા એ કાંઈ મોટી વાત નથી, પણ ભારતનું જે પશુધન આજે કપાઈ–લૂંટાઈ રહ્યું હતું તેને બચાવવા સરકારી સત્તાનું પણ ધ્યાન ગયું છે એ મોટી વાત છે. જ્યાં આ પ્રમાણે પશુધન દરરોજ લૂંટાતું હોય, જ્યાં આ પ્રકારની અનીતિ ચાલતી હોય ત્યાં કલ્યાણની આશા શી રીતે રાખી શકાય ?

જે રાજસત્તા પશુધનને કાપવામાં–લૂંટવામાં સહાયતા દેતી હતી, તે રાજસત્તા પશુધનને જ્યારે બચાવવાના પક્ષમાં આવી છે ત્યારે જો તમારા તરફથી કાંઈક વિશેષ પ્રયત્ન કરવામાં આવે તો શું પશુઓનો આ રીતે થતો નાશ બંધ થઈ ન શકે ?

મુંબઈના વાંદરા અને કુરલાના કસાઈખાનામાં થતાં પશુવધથી મારા હૃદયમાં જે આઘાત પહોંચ્યો હતો અને આ બાબત મુંબઈ–ઘાટકોપરમાં મેં વ્યાખ્યાનમાં જનતાની સમક્ષ કસાઈખાનામાં કતલ થતાં જીવોની અરેરાટીનું જે ચિત્ર રજુ કરી જીવદયા માટે પ્રયત્ન કર્યો હતો, તેના પરિણામે શ્રોતાઓ ઉપર તેની સારી અસર પડી હતી અને ઘાટકોપર જીવ-દયા સંસ્થા સ્થાપી તેઓએ જીવોને યથાશક્તિ બચાવવાનો સક્રિય પ્રયાસ પણ કર્યો હતો. તેઓ મુંબઈના કતલખાનામાં કપાતાં બધાં જીવોને તો કેમ બચાવી શકે ? પણ હા, તેઓએ શકિત પ્રમાણે જીવોને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો અને હજી કરી રહ્યા છે.

જ્યારે હૃદયમાં સદ્ભાવના જાગે છે ત્યારે નાનું સરખું કામ પણ મોટું રૂપ ધારણ કરી લે છે. આવા સમયમાં કે જ્યારે જીવોને બચાવવામાં વૉયસરૉયની સહાયતા મળી શકે તેમ છે ત્યારે જો વિશેષ સક્રિય પ્રયત્ન કરવામાં આવે તો ઘણા જીવોની રક્ષા થઈ શકે એમ છે. એટલા માટે આ દિશામાં પ્રયત્ન કરવાની જરૂર છે. જે લોકોમાં આ પ્રકારનો પ્રયત્ન કરવાની શક્તિ છે તેઓએ આ વિષે પ્રયત્ન કરવો જોઈએ અને જેઓમાં આવી શક્તિ નથી તેઓએ પરમાત્મા પાસે એવી પ્રાર્થના કરવી જોઈએ કેઃ—

> ધર્મ જિનેશ્વર મુઝ હિવડે બસો, પ્યારા પ્રાણ સમાન;
> કબહૂં ન બિસરું હો ચિતારું નહીં, સદા અખંડિત ધ્યાન.

હે ! પ્રભુ ! જો તમારું તેજ મારા હૃદયમાં આવી જાય તો હું અનંત શકિતશાળી બની જાઉં અને મારી બધી સાંસારિક ભાવના પણ શાન્ત થઈ જાય.

જો કે ચૌમાસી પ્રતિક્રમણ કરતાં મેં બધા જીવોને ખમાવ્યા છે પણ મારો ખાસ સંબંધ તમારી સાથે છે. ઉપદેશનું કામ ઘણું બારીક છે અને ઇચ્છા ન હોવા છતાં પણ એવી કોઈ વાત કહી દેવામાં આવી હોય કે જેથી આ ચાતુર્માસ દરમ્યાન તમારું કોઈનું મન કચવાયું હોય કે દુઃખ થયું હોય, તો હું બધાં સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા બધાંને ફરી ખમાવું છું અને બધાનું કલ્યાણ થાઓ એ જ ચાહું છું.

**સમાપ્ત**

પરિશિષ્ટ પહેલું

# વિહાર નોંધ

## [ જેઠાણા સ્ટેશન (મારવાડ) થી રાજકોટ શહેર સુધી ]

શ્રીમદ્ જૈનાચાર્ય પૂજ્યશ્રી જવાહરલાલજી મહારાજ સાહેબે સંવત્ ૧૯૯૧ નું ચાતુર્માસ શ્રી રતલામમાં કરેલ ત્યાંથી લગભગ ૨૨૫ માઈલનો વિહાર કરી પૂજ્યશ્રી બ્યાવર અને ત્યાંથી જેઠાણા ગામે પધાર્યા હતા. શ્રી જેઠાણા (મારવાડ)માં પૂજ્યશ્રી જવાહરલાલજી મહારાજ સાહેબને ચાતુર્માસ માટે રાજકોટ શ્રીસંઘે, જોધપુર શ્રીસંઘે, બીકાનેર શ્રીસંઘે, અજમેર શ્રીસંઘે, આદિ શ્રીસંઘોએ, વિનંતિ કરી હતી જેના જવાબમાં પૂજ્યશ્રીએ સંવત્ ૧૯૯૨ના ચૈત્ર સુદી ૫ તા. ૨૯–૩–૩૬ ને રવિવારને દિવસે ફરમાવ્યું હતું કેઃ—

"દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને ખુલ્લાં રાખી, સામ્પ્રદાયિક કોઈ કાર્ય આવી પડે અને તે કારણે કોઈ પ્રકારની રોકાણ થઈ જાય તો તે વાત જુદી છે, નહિ તો સુખે–સમાધિએ કાઠિયાવાડ તરફ રાજકોટ–ચાતુર્માસને માટે વિહાર કરવાનો ભાવ છે. રોકાઈ જવાનું કારણ ઉપસ્થિત થાય તો રાજકોટ શ્રીસંઘને તેની સૂચના આપવામાં આવે અને શ્રીસંઘ મને ઉદારતાપૂર્વક મુક્ત કરે."

આ પ્રમાણે રાજકોટ–ચાતુર્માસ માટે પૂજ્યશ્રીએ ફરમાવ્યું હતું અને સંવત્ ૧૯૯૨ ચૈત્ર શુક્લા ૬ ને દિવસે રાજકોટ તરફ જેઠાણાથી વિહાર કર્યો હતો. પૂજ્યશ્રીની સાથે મુનિશ્રી વક્તાવરજી મ૦, મુનિશ્રી સૂરજમલજી મ૦, મુનિશ્રી મોહનલાલજી મ૦, મુનિશ્રી શ્રીમલજી મ૦, મુનિશ્રી ચુનિલાલજી મ૦, મુનિશ્રી મોતીલાલજી મ૦, મુનિશ્રી ગોકુલચંદજી મ૦, મુનિશ્રી ફુલચંદજી મ૦, આદિ સંતો હતા.*

જેઠાણાથી રાજકોટ સુધીના લગભગ ૪૫૦ માઈલના પૂજ્યશ્રીના વિહારની સંક્ષિપ્ત નોંધ આપવી યોગ્ય જણાયાથી નીચે પ્રમાણે આપવામાં આવે છે.

### સંવત્ ૧૯૯૨ ચૈત્ર શુક્લા ૬ ને દિવસે જેઠાણા ( મારવાડ ) થી કાઠિયાવાડ તરફ વિહાર

| માઈલ | ગામ | જૈન ઘર | માઈલ | ગામ | જૈન ઘર |
|---|---|---|---|---|---|
| ૫ | ખરવા | ૩૦ | ૫ | બ્યાવર | ૪૦૦ |
| ૩ | ચોકી (પીપલોદા) | | | | |

**ચૈત્ર શુક્લા ૧૧ ને ગુરુવારને દિવસે બ્યાવરથી વિહાર**

| માઈલ | ગામ | જૈન ઘર | માઈલ | ગામ | જૈન ઘર |
|---|---|---|---|---|---|
| ૩ | જાલિયા | ૪ | ૭ | બર | ૨૫ |
| ૬ | સેંદડા | ૦ | ૬ | રાયપુર | ૬૦ |

* મુનિશ્રી સૂરજમલજી મ. મુનિશ્રી શ્રીમલજી મ. અને મુનિશ્રી ચુનીલાલજી મ. સં. ૧૯૯૧ નું ચાતુર્માસ અહમદનગરનું હોવાથી, તેઓ અહમદનગરથી જેઠાણા સુધી લગભગ ૯૦૦ માઈલનો વિહાર કરીને આવ્યા હતાં. અને ત્યાંથી પૂજ્યશ્રીની સાથે કાઠિઆવાડ તરફ આવેલ હતા.

| માઈલ | ગામ | જૈન ઘર | માઇલ | ગામ | જૈન ઘર |
|---|---|---|---|---|---|
| ૨ | ઝૂંઠા | ૨૦ | ૪॥ | બગડી | ૧૦૦ |
| ૪ | પીપલ્યા | ૩૦ | ૪ | સીયાટ | ૧૨ |
| ૩ | ફરમાસ | ૧૫ | ૬ | સોજત | ૩૦૦ |
| ૩ | ચંડાવલ સ્ટેશન | ૧ (મેસરી) | | | |

(પૂજ્યશ્રી સોજતથી પાલી ગયા હતા. શ્રી મોહનલાલજી મ૦, શ્રી સૂરજમલજી મ૦ તથા શ્રી ગોકુલચંદજી મ૦ આદિએ સોજતથી સીધો વિહાર કર્યો હતો.)

## સોજતથી પાલી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ધેનાવ | ૧૨ | ૫ | જાડણુ | ૧૫ |
| ૧ | ઢાંકડી | ૧૦ | ૨॥ | મઠ | ૦ |
| ૨ | વાધાસ | ૦ | ૮ | પાલી | ૨૫૦ |

## પાલીથી પાલણપુર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | મેસાણા | ૧૫ (તેરાપંથી) | ૬ | એડા | ૧૦૦ (સંવેગી) |
| ૪ | દુધોડ | ૨૫ (સંવેગી તેરાપંથી) | ૬ | નાના | ૧૦૦ ( ,, ) |
| ૪ | ખારચી સ્ટેશન | ૨૦ | ૬ | સાદલવા | ૨૫ (સરદારના) |
| ૪ | બાવરો | | ૫ | પીંડવાડા | ૧૦૦ (સંવેગી) |
| ૪ | ધાબલી | ૨૦ (સંવેગી તેરાપંથી) | ૫ | કોજરા | ૯ ( ,, ) |
| ૪ | વીમાલિયા | ૧૫ | ૨ | પેશવા | ૨૦ ( ,, ) |
| ૪ | શુસી | ૧૦૦ | ૪ | ધનારી | ૨૦ ( ,, ) |
| ૨ | ખાંડ | ૮૦ (સંવેગી) | ૨ | ભાવરી | ૯ |
| ૫ | ફીરવા | ૧૦ ( ,, ) | ૨ | ઓડવાણીયા | |
| ૨॥ | બાલરાઈ | ૨૦ ( ,, ) | ૬ | ભારજા | ૨૫ |
| ૨ | ઢોલારાગામ | ૧૫ ( ,, ) | ૩ | કિરવલી | |
| ૨ | નરહયા | | ૫ | ખરેડી | ૩૦ |
| ૩ | કેનપરા | | ૬ | બીસડા | ૩ |
| ૬ | પામી | ૨૦ (સંવેગી) | ૨ | આચલ | ૬ |
| ૪ | સાંડેરાવ | ૬૦ સ્થાનકવાસી<br>૪૦૦ (સંવેગી) | ૬ | ફીડોતર | ૪ |
| ૨ | સિંદરુ | ૨૦ (સંવેગી) | ૨ | સરોતરા | ૪ |
| ૪ | નેતરા | | ૪ | ઈકિબાલગઢ | ૬ (અગ્રવાલ) |
| ૫ | શીવગંજ | ૫૦૦ (સંવેગી) | ૬॥ | ચીત્રાસણી | ૧૨ |
| ૬ | બાહલુ | | ૭ | પાલણપુર | ૨૫૦ |

## સંવત્ ૧૯૯૨ વૈશાખ વદી ૧૧ ને દિવસે પાલણપુરથી વિહાર

| માઇલ | ગામ | જૈન ઘર | માઇલ | ગામ | જૈન ઘર |
|---|---|---|---|---|---|
| ૩ | જગાણા | ૨૫ | ૬ | ઓરિયાવી | ૧૨ |
| ૫ | મંજાધરુ | ૮ | ૬ | જોટાણા | ૦ |
| ૬ | ધારેવાડ | ૦ | ૪ | બાલસાસણ | ૮ |
| ૪ | સિદ્ધપુર | ૨૫ | ૫ | ભોયણી | ૦ |
| ૪ | કામલી સ્ટેશન | ૨૦ | ૩ | દેતરોજ | ૧૦ |
| ૪ | ઊંઝા | ૧૦૦ | ૩ | કાંજ | ૦ |
| ૩ | એઠાણુ | ૧૦ | ૨ | રામપુરા | ૦ |
| ૬ | ધાઉ | ૮ | ૪॥ | ભંકોડા | ૮૦ |
| ૨ | પૂલનિએ | ૦ | ૫॥ | જકશી સ્ટેશન | ૦ |
| ૩ | મેસાણા | ૪૦૦ | ૬ | વીરમગામ | ૨૦૦ |

## સંવત્ ૧૯૯૨ જેઠ શુદી ૮ ને દિવસે વીરમગામથી વિહાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | વણી | ૩ | ૭ | મુળી | ૧૦૦ |
| ૩ | સાબલી ગામ | ૦ | ૪ | સોમાસર | ૦ |
| ૨ | સાબલીરોડ સ્ટેશન | ૦ | ૬ | ડોલીયા | ૬ |
| ૬॥ | ઢાંકી (લીલાપુર રોડ) | ૧ | ૪ | શાહપર | ૦ |
| ૨ | લીલાપુર | ૧ | ૯ | ચોટીલા | ૧૫૦ |
| ૬ | લખતર | ૧૫૦ | ૫ | ચોરડી | ૦ |
| ૪ | બાપોદરા | ૨ | ૬ | બામણબોર | ૦ |
| ૬ | રાજપરા | ૧૨ | ૪ | કુહાડવા | ૨ |
| ૪ | વઢવાણ | ૪૦૦ | ૪ | માલીયાસણ | ૦ |
| ૪ | વઢવાણ કાંપ | ૪૦૦ | | | |
| ૭ | ગોદાવરી | ૮ | ૫ | રાજકોટ સદર (જેઠ વદ ૧૩ બુધવાર) | |

**સંવત્ ૧૯૯૨ અષાડ શુદી ૩ સોમવારને દિવસે રાજકોટ નગર પ્રવેશ અને ચાતુર્માસ**

## પરિશિષ્ટ બીજું

### [ શ્રી રાજકોટના સંવત્ ૧૯૯૨ ના ચાતુર્માસ દરમિયાન જુદાં જુદાં ખાતાંઓને અંગે ફંડફાળો વગેરે થએલ તેની સંક્ષિપ્ત નોંધ ]

**રૂ. ૫૫૦૩ શ્રીસૂત્રકૃતાંગ સૂત્રના પ્રકાશન માટે.**

૩૦૦૧ શ્રીમાન્ શેઠશ્રી છગનલાલજી મૂથા બલુન્દાવાળા બેંગલોર **પૂજ્યશ્રીના જન્મોત્સવ પ્રસંગે**

૧૦૦૧ શ્રીમાન્ શેઠશ્રી લક્ષ્મીદાસ પીતામ્બરદાસ, પોરબંદર.

૫૦૧ શ્રીમાન્ શેઠશ્રી ચુનીલાલ નાગજી વોરા રાજકોટવાળા.

૧૦૦૦ શ્રી રાજકોટ સંઘના ભાઈઓ તથા બ્હેનો તરફથી.

૫૫૦૩

**રૂ. ૧૮૭૨ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના વ્યાખ્યાનોના પ્રકાશન માટે.**

૧૦૦૧ શ્રીયુત્ ચુનીલાલ નાગજી વોરા—રાજકોટ

૨૫૧ શ્રીમાન્ દુર્લભજી ત્રીભોવનદાસ ઝવેરી—મોરબી.

૨૧૦ શ્રીમાન્ અમૃતલાલ રાયચંદ ઝવેરીના ધર્મપત્ની અ. સૌ. કેસરબ્હેન—મુંબઈ.

૨૧૦ શ્રીમાન્ રતનચંદ ગગલચંદ ઝવેરીના ધર્મપત્ની ગં. સ્વ. ચંપાબાઈ મુંબઈ.

૨૦૦ જુદા જુદા ભાઈઓ તથા બહેનો તરફથી.

૧૮૭૨

**રૂ. ૨૧૫૨ અહમદનગર પ્રાંતના દુષ્કાળ નિવારણ માટે.**

૩૦૧ શ્રીમાન્ વેલજી શામજી વીરાણી—રાજકોટ.

૨૦૧ શ્રીમાન્ ચત્રભજ કચરા લાખાણી—રાજકોટ.

૧૬૫૦ જુદા જુદા ભાઈઓ બ્હેનો તરફથી.

૨૧૫૨

**રૂ. ૨૫૦૦ શ્રીરાજકોટ પાંજરાપોળના જાનવરોના** સામાન્ય ચાલુ **નીભાવ માટે.**

૨૫૦૦ શ્રીપર્યુષણમાં અલગ અલગ ભાઈઓ તથા બ્હેનો તરફથી ફાળો થયો તે.

**રૂ. ૩૮૫૭ શ્રી રાજકોટ પાંજરાપોળના કાયમી નીભાવ અર્થે**

૧૧૦૨ શ્રીયુત્ કાનજી પાનાચંદ ભીમાણી રાજકોટ તરફથી.

૫૫૧ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી જવાહિરલાલજી મહારાજ સાહેબની જન્મતીથિમાટે

૫૫૧ તેમના ધર્મપત્નીના આત્મહિતાર્થે.

૧૧૦૨

૫૫૧ શ્રીયુત્ રેવાશંકર જાદવજી ઉદાણી, રાજકોટ

૫૫૧ શ્રીયુત્ હરીલાલ શીરાજ દોશી, રાજકોટ
૫૫૧ શ્રીયુત્ હરીલાલ રૂઘનાથ ગાંધી, રાજકોટ
૫૫૧ શ્રીયુત્ ભાણજી કાળીદાસ ઓઘાણી, રાજકોટ
૫૫૧ શ્રીયુત્ પ્રાણજીવન નારણજી પારેખ, રાજકોટ

૩૮૫૭

**રૂા. ૧૨૦૦ શ્રી જૈન ગુરુકુળ-બ્યાવરના** નીભાવ માટે પાંચ વરસ સુધીની નવ તિથિ તરીકે

**રૂા. ૧૦૦૦ શ્રી રતલામ હિતેચ્છુ શ્રાવક મંડળ માટે**

૫૦૦ શ્રીમાન્ શેઠ લક્ષ્મીદાસ પીતાંબર, પોરબંદર. પહેલા વર્ગના સભ્ય તરીકેનું લવાજમ
૨૦૦ બીજા વર્ગના બે સભ્યો તરીકેના લવાજમના
૩૦૦ ત્રીજા વર્ગના સભ્યો તરીકેની ફીના તથા ઇનામ માટે

૧૦૦૦

**રૂા. ૧૫૦૨ શ્રી કાઠીઆવાડ નિરાશ્રિત બાળાશ્રમને સહાયતા**

૫૦૧ રાવસાહેબ શેઠ ગંભીરમલજી લક્ષ્મણદાસજી, જલગાંવ
૨૫૧ શ્રીમાન્ શેઠ બરધભાણજી નથમલજી પિત્તલીઆ, રતલામ
૭૫૦ જુદા જુદા મારવાડી મીજબાન ભાઇઓ તથા બહેનો તરફથી

૧૫૦૨

**રૂ. ૨૫૦૦ મીજબાનો તરફથી સહાયતા** પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના દર્શનાર્થે કાઠીઆવાડ તથા રાજપુતાના, મારવાડ વગેરે પ્રદેશમાંથી મીજબાનો આવતાં તેઓના તરફથી રાજકોટની સંસ્થાઓ જેવી કે પાંજરાપોળ, જૈન બોર્ડીંગ, જૈન બાળાશ્રમ, જૈનશાળા, શ્રાવિકાશાળા વિગેરેને સહાયતા મળી તે.

**રૂા. ૫૨૫ શ્રી સંઘના લ્હાણા માટે** શ્રીમાન્ શેઠ તારાચંદજી પુનમચંદજી ગેલડા, મદ્રાસવાળા તરફથી શ્રી રાજકોટના સકળ જૈનસંઘમાં પીત્તળની થાળીનું લ્હાણું કર્યું તેના.

**રૂા. ૧૦૦ શ્રી ઘાટકોપર જીવદયા સંસ્થાને**

**રૂા. ૧૦૦ શ્રી હરિજન ફંડમાં** પૂજ્ય મહાત્મા ગાંધીજી પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની મુલાકાતે પધારતાં તેની ખુશાલીમાં હરિજન ફંડમાં.

**રૂા. ૨૫૦ શ્રી જીવદયા ખાતે** પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અમુલખઋષિજી મહારાજ તથા બાળ બ્રહ્મચારી મહાસતીજી શ્રી પાર્વતીબાઈ સ્વામી કાળધર્મને પામતાં જીવદયા ખાતે.

**રૂા. ૧૩૨૫ શ્રી સ્વામી વાત્સલ્યનાં જમણ માટે ફાળો થએલ તે.**

**રૂા. ૮૬૦૦ શ્રી ચાતુર્માસ સમિતિ-બાબતે મીજબાનોના ભોજન ખર્ચ માટે.**

૧૦૦૦ શ્રીમાન શામજી વેલજી વીરાણી, રાજકોટ
૬૨૫ શ્રીમાન્ રામજી માણેકચંદ દોશી, રાજકોટ.
૫૦૦ રાવસાહેબ ઠાકરશી મકનજી ઘીઆ, રાજકોટ

૫૦૦ શ્રીમાન્ અમૃતલાલ વીરપાળ પારેખ, રાજકોટ

૫૦૦ શ્રીમાન્ તલકશી માણેકચંદ દોશી, રાજકોટ

૫૦૦ શ્રીમાન્ ચુનીલાલ નાગજી વોરા, રાજકોટ

૩૭૫ શ્રીમાન્ કાનજી પાનાચંદ ભીમાણી, રાજકોટ

૨૫૦ ડૉક્ટર નરસીંહદાસ ત્રીકમજી કોઠારી, રાજકોટ

૨૫૦ ડૉક્ટર રાવસાહેબ લલ્લુભાઈ છગનલાલ શાહ, રાજકોટ

૨૫૦ શ્રીમાન્ જગજીવન હેમરાજ મોદી, રાજકોટ

૧૭૫ શ્રીમાન્ ગોપાલજી ભીમજી પારેખ, રાજકોટ

૩૫૨૫ જુદા જુદા ભાઈઓ તરફથી

૮૬૦૦

[ નોટ: આ ફંડમાં જે વધારો રહેવા પામેલ તે ધણીઆર પાછો આપવામાં આવેલ હતો ]

રૂ. ૫૦૦ **શ્રી વધામણાના સ્વામી વત્સલ માટે**—શ્રીમાન્ ન્યાલચંદ સોમચંદ દફતરી રાજકોટવાળા તરફથી.

રૂ. ૨૫૦ **શ્રી જ્ઞાન ખાતા માટે**—શ્રીમાન્ કસ્તુરજી દેવરાજ વકીલ, રાજકોટ તરફથી.

આ ઉપરાંત ચાતુર્માસ દરમ્યાન વખતોવખત પ્રભાવના, તપસ્યાવાળાને લ્હાણા, પોષધવ્રતવાળાને પારણાં, મીજબાનીને પ્રીતિભોજનો, સિજાતા ધર્મભાઈઓને સહાયતા, જૈનશાળાના બાળકોને ઈનામો, મારવાડી તપસ્વી ભાઈ માણેકચંદજીના પારણા ઓચ્છવનો વરઘોડો વગેરે અનેક રીતે ધર્મપ્રભાવના થએલ હતી.

## પરિશિષ્ટ ત્રીજું

### સંવત્ ૧૯૯૨ ના ચાતુર્માસ દરમ્યાન પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પાસે

# સજોડે શીયળવ્રત લેનારાઓની શુભ નામાવલી

૧ મહેતા વાલજી અમુલખ, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. મોતીબાઈ.
૨ શ્રીમાન્ શેઠ તારાચંદજી પુનમચંદજી ગેલડા, મદ્રાસ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. રામસખીકુંવરબાઈ.
૩ કામદાર ડાહ્યાલાલ ગોરધન કંડોરણાવાળા તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. મણીબાઈ.
૪ મહેતા મનસુખલાલ નારણજી બાલંભાવાળા તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. પ્રેમબાઇ.
૫ શ્રીયુત્ ચુનીલાલ નાગજી વોરા, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. સાંકળીબાઈ.
૬ શેઠ ન્યાલચંદ હંસરાજ, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. કેસરબાઇ
૭ મહેતા રેવાશંકર રણછોડ, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. અમૃતબાઇ.
૮ શ્રીયુત્ લક્ષ્મીચંદ નરભેરામ ભીમાણી, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. ડાહીબાઇ.
૯ પારેખ મણીલાલ નાનચંદ, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. અમૃતબાઈ.
૧૦ શાહ ધારશી જેઠાભાઇ, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. રળીઆતબાઇ.
૧૧ શાહ ઠાકરશી ખેતશી, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. છબીબાઇ.
૧૨ કોઠારી મોતીચંદ કાળીદાસ, રાજકોટ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. સમરતબાઇ.
૧૩ શ્રીયુત્ અમૃતલાલ માનસંગ પારેખ, લોધીકાવાળા તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ. જુમખબાઈ.

શીયલવ્રત અંગીકાર કરનારા ઉપરના દરેક ભાઇને શ્રી રાજકોટ સંઘ તરફથી ગરમ સાલ તથા દરેક બહેનને સૌભાગ્યનો સાડલો પોશાક તરીકે આપવામાં આવેલ હતાં

તેમજ

શ્રીયુત્ જેચંદ અજરામર કોઠારી તથા તેમની દીકરી અ. સૌ. મણીબાઈ તરફથી દરેકને ચાંદીના રકાબી પ્યાલાની ભેટ આપવામાં આવી હતી.

પરિશિષ્ટ ચોથું

## સંવત્ ૧૯૯૨ ના ચાતુર્માસ દરમ્યાન રાજકોટમાં થએલી મોટી તપશ્ચર્યાની નોંધ

### શ્રી સન્ત મહાત્માઓએ કરેલી તપશ્ચર્યા

પૂજ્ય આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી જવાહિરલાલજી મહારાજ સાહેબે પહેલાં અઠમ તપ અને પર્યૂષણ બાદ ૭ અપવાસ—છકાઈની તપશ્ચર્યા કરી હતી.

તપસ્વી મુનિશ્રી ફુલચંદજી મહારાજે ૧૫ પંદર ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

મુનિશ્રી સૂરજમલજી મહારાજે ૯ નવ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

મુનિશ્રી મોહનલાલજી મહારાજે છકાઈની તપશ્ચર્યા કરી હતી.

મુનિશ્રી મોતીલાલજી મહારાજે પાંચ અપવાસની તપશ્ચર્યા કરી હતી.

### ભાઈઓ તથા બહેનોએ કરેલ તપશ્ચર્યા

મારવાડી શ્રાવક બંધુ તપસ્વી માણેકચંદભાઈએ ૩૧ ઉપવાસની તપશ્ચર્યા.

અ. સૌ. કસુંબાબાઈ તે દોશી ભગવાનજી ચત્રભુજના ધર્મપત્નીએ માસખમણ–૩૦ ઉપવાસની તપશ્ચર્યા.

પંદર અપવાસની તપશ્ચર્યા: એક બહેને કરી હતી.

અઠાઈ તપ = ૧૩; છકાઈ તપ = ૧૫.

માસખમણ જેવી મોટી તપશ્ચર્યા કરનારાઓને શ્રી સંઘ તરફથી પોષાક આપવાનો રીવાજ હોઈ શ્રી માણેકચંદભાઈ તથા અ. સૌ. કસુંબાબાઈને શ્રી સંઘ તરફથી પોષાક આપવામાં આવેલ હતા.

વસંત પ્રિન્ટિંગ પ્રેસમાં ચીમનલાલ ઈશ્વરલાલ મહેતાએ છાપ્યું.
ઘીકાંટા રોડ—ધેલાભાઈની વાડી—**અમદાવાદ.**

## શુદ્ધિપત્ર

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૭૩ | ૯ | **विबुधार्चित पादपीठ** | **विबुधार्चितपादपीठ !** |
| ૩૭૫ | ૩ | કૂટશાલી | કૂટશાલ્મલી |
| ૩૭૭ | ૩ | જીવ | જીભ |
| ૩૭૭ | ૨૧ | વિચારો | વિકારો |
| ૩૯૨ | ૫-૬-૧૫-૧૬-૨૬ | દોળી | દોરી |
| ૪૦૧ | ૧૩-૧૭ | ક્ષિપ્ર | ક્ષિપ્ત |
| ૪૧૧ | ૧૫ | કવળ | કેવળ |
| ૪૧૨ | ૩૬ | સુદર્શનને શુળી વિષે | સુદર્શનને શુળી ચડાવવા વિષે |
| ૪૩૨ | ૨૦ | તેનું | તેને |
| ૪૪૦ | ૨૦ | કૌરવો | પાંડવો અને કૌરવો |
| ૪૪૧ | ૨૨ | આપી | આપવા દઈ |
| ૪૫૦ | ૨૩ | કાપી | કાંભી |
| ૪૫૩ | ૨૯ | સમાજમાં | સમજમાં |
| ૪૫૬ | ૭ | છે | છું |
| ૪૫૮ | ૩૦ | સુમતિ | સમિતિ |
| ૪૬૦ | ૧૪ | હું | તું |
| ૪૯૬ | ૩૨ | અનિષ્ટ નેમી | અરિષ્ટનેમી |
| ૪૯૮ | ૩૪ | સગરને | સાગરને |
| ૫૦૦ | ૫ | અસારે પોં | અસારે જ્ઞાની પોં |
| ૫૦૮ | ૪ | ચાહવા | મારવા |
| ૫૦૯ | ૨૨ | જા | જો |
| ૫૧૮ | ૨૪ | બનાવાની | બનવાની |
| ૫૧૮ | ૨૪ | સનાથ મટી | અનાથ મટી |
| ૫૫૩ | ૨ | વિચલિત થયા | વિચલિત ન થયા |
| ૫૮૪ | ૩૪ | પ્ર ત | પ્રીતિ |
| ૬૧૦ | ૧૯ | **ईश्वर परिधानाद्वा** | **ईश्वर प्रणिधानाद्वा** |
| ૬૧૦ | ૨૦ | –પરિધાન | –પ્રણિધાન |
| ૬૧૬ | ૨૬ | હરિણી | હરિણીએ |
| ૬૫૨ | ૧૩ | ને મુનિનો | તે મુનિનો |
| ૬૬૧ | ૧૪ | સમુચ્ય રૂપે | સમુચ્ચય રૂપે |
| ૬૬૬ | ૩૪ | શિથિલતા રાખવામાં | શિથિલતા ન રાખવામાં |
| ૬૭૦ | ૨૧ | તું | તે |
| ૬૭૩ | ૨૧ | **पराणिय** | **पराणि य** |